અનુક્રમણિકા

ગ.પ્ર.-૪ નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું - ૨

ગ.પ્ર.-૮ ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું - ૧

ગ.પ્ર.-૮ ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું - ૨

ગ.પ્ર.-૧૦ કૃતઘ્નીનું, સેવકરામનું - ૧

ગ.પ્ર.-૧૦ કૃતઘ્નીનું, સેવકરામનું - ૨

ગ.પ્ર.-૧૫ ધ્યાન કરવામાં કાયર ન થવાનું - ૧

ગ.પ્ર.-૧૫ ધ્યાન કરવામાં કાયર ન થવાનું - ૨

ગ.પ્ર.-૧૬ વિવેકનું - ૧

ગ.પ્ર.-૧૬ વિવેકનું - ૨

ગ.પ્ર.-૧૭ સત્સંગમાં કુસંગનું - મોળી વાત ન કર્યાનું - ૧

ગ.પ્ર.-૧૭ સત્સંગમાં કુસંગનું - મોળી વાત ન કર્યાનું - ૨

ગ.પ્ર.-૨૧ એકાંતિક ધર્મવાળાનું - અક્ષરના બે સ્વરૂપનું - ૧

ગ.પ્ર.-૨૧ એકાંતિક ધર્મવાળાનું - અક્ષરના બે સ્વરૂપનું - ૨

ગ.પ્ર.-૨૩ પાણીનો ઘડો ઢોંડયાનું, સ્થિતિમાં રહેવાનું

ગ.પ્ર.-૨૭ ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું

ગ.પ્ર.-૨૮ અર્ધબળ્યા કાષ્ટનું, વધવા-ઘટવાનું

ગ.પ્ર.-૩૩ મૂઢપણું, પ્રીતિ ને સાંજનનું

ગ.પ્ર.-૩૪ ભગવાને કળ ચઢાવ્યાનું - ૧

ગ.પ્ર.-૩૪ ભગવાને કળ ચઢાવ્યાનું - ૨

ગ.પ્ર.-૩૪ ભગવાને કળ ચઢાવ્યાનું - ૩

ગ.પ્ર.-૩૪ ભગવાને કળ ચઢાવ્યાનું - ૪

ગ.પ્ર.-૩૮ વણિકના નામાનું

ગ.પ્ર.-૪૪ બળબળતા ડામનું-ડગલાનું

ગ.પ્ર.-૫૦ કુશાગ્રબુદ્ધિવાળાનું

ગ.પ્ર.-૫૪ ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું - ૧

ગ.પ્ર.-૫૪ ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું - ૨

ગ.પ્ર.-૫૬ પોલાપાણાનું - ૧

ગ.પ્ર.-૫૬ પોલાપાણાનું - ૨

ગ.પ્ર.-૫૮ દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કારનું - ૧

ગ.પ્ર.-૫૮ દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કારનું - ૨

ગ.પ્ર.-૬૭ સત્પુરુષના ગુણ આવ્યાનું

ગ.પ્ર.-૬૮ અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું - ૧

ગ.પ્ર.-૬૮ અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું - ૨

ગ.પ્ર.-૭૦ કાકાભાઈનું - ચોરને કાંટો વાગ્યાનું - ૧

ગ.પ્ર.-૭૦ કાકાભાઈનું - ચોરને કાંટો વાગ્યાનું - ૨

ગ.પ્ર.-૭૦ કાકાભાઈનું - ચોરને કાંટો વાગ્યાનું - ૩

ગ.પ્ર.-૭૧ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત બિરાજે છે - ૧

ગ.પ્ર.-૭૧ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત બિરાજે છે - ૨

ગ.પ્ર.-૭૬ ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું - ૧

ગ.પ્ર.-૭૬ ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું - ૨

કારિયાણી

કારિયાણી-૫ અવતાર ધાર્યાના પ્રયોજનનું

કારિયાણી-૯ પાડાખારનું

કારિયાણી-૧૧ પ્રેમના લક્ષણનું

કારિયાણી-૧૨ કારણ શરીર ટાળ્યાનું - ૧

કારિયાણી-૧૨ કારણ શરીર ટાળ્યાનું - ૨

લોયા

લોયા-૨ વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું - ૧

લોયા-૨ વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું - ૨

લોયા-૩ માહાતમ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું - ૧

લોયા-૩ માહાતમ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું - ૨

લોયા-૫ ઇન્દ્રિયો-અંત-કરણ જીત્યાનું

લોયા-૧૨ છ પ્રકારના નિશ્ચયનું સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયનું

લોયા-૧૬ વાસના કુંઠિત અને નિર્મૂળ થયાનું

લોયા-૧૭ સ્તુતિનિંદાનું

પંચાળા

પંચાળા-૩ મુનિબાવાનું - મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ તેનું

પંચાળા-૭ નટની માયાનું

સારંગપુર

સારંગપુર-૧ મન જીત્યાનું

સારંગપુર-૨ ભગવાનની મૂર્તિમાં હેત થયાનું

સારંગપુર-૩ શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું - ૧

સારંગપુર-૩ શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું - ૨

સારંગપુર-૫ અન્વયવ્યતિરેકનું-૧

સારંગપુર-૫ અન્વયવ્યતિરેકનું-૨

સારંગપુર-૧૮ ખાર ભૂમિનું

વડતાલ
વડતાલ-૪ ફુવારાનું
વડતાલ-૫ ભગવાનમાં માયા ન સમજવાનું , સરખી સેવાનું
વડતાલ-૧૧ જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ જ આત્મદર્શનનું સાધન તેનું - ૧
વડતાલ-૧૧ જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ જ આત્મદર્શનનું સાધન તેનું - ૨
વડતાલ-૧૯ ભક્ત થાવાનું, અવિવેકનું - ૧
વડતાલ-૧૯ ભક્ત થાવાનું, અવિવેકનું - ૨

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : અમદાવાદ પ્રકરણનું પાંચમું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૨ ના ફાગણ વદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયણના મંદિર થકી ઉત્તરાદી દિશે વેદિકાને વિષે ઢોલિયા ઉપર ગાદીતકિયાનું ઉઠિંગણ દેઈને વિરાજમાન હાત ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલાબનો મોટો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને જમણા હસ્તને વિષે તુલસીની માળાને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે કુબેરસિંહજી છડીદારે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! શ્રીપુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ તે શું છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અનેક જીવનાં પ્રાણ-નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહીં ને લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે તે બીજા કોઈથી થાય નહીં ને અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તે પણ બીજામાં હોય નહીં. એવી રીતે પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે."

ઈતિ વચનામૃત્ એવી રીતે અમદાવાદ પ્રકરણનું પાંચમું વચનામૃત થયું.

(નોંધ : '◎' <u>નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.</u>)

❊ આ વચનામૃતમાં પ્રશ્ન પૂછનાર કુબેરસિંહજી છડીદાર શ્રીજીમહારાજના આશ્રિત ભક્ત છે. તેઓના નામની પાછળ 'સિંહ' લખ્યું છે, પરંતુ તેઓ મૂળ પટેલ છે. તેઓ હાથમાં રૂપાની છડી લઈ મહારાજની આગળ જય-જયકાર બોલી ચાલતા, તેથી તેમનું નામ કુબેરસિંહજી છડીદાર લખ્યું છે. મહારાજ જ્યાં જ્યાં સમૈયો કરે ત્યાં કામ છોડી મહારાજ પાસે પહોંચી જતા, એવા તે પ્રેમી ભક્ત હતા.

શ્રીજમહારાજની વિશેષતા એ હતી કે તેઓ પાસે નાના-મોટા, ત્યાગી-ગૃહી સૌ કોઈ પોતાના પ્રશ્નોનું સમાધાન સરળતાથી મેળવી શકતા, જિજ્ઞાસાને સંતોષ પમાડી શકતા.

❊ વળી, શ્રીજીમહારાજ પણ ગમે તેવા કઠણ પ્રશ્નોના ઉત્તર સહજમાં આપી દેતા. એક વાર ગઢપુરમાં મહારાજને બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, 'આપનામાં કયા ગુણની વિશેષતા છે?' ત્યારે મહારાજ કહે, 'કોઈ છ મહિના સુધી પ્રશ્ન ગોઠવે ને આંટીઘૂંટીવાળો પ્રશ્ન હોય અને એ વખતે અમે માણકી પર સવારી કરવા તેના એક પેગડામાં પગ રાખ્યો હોય ને બીજો પગ પેગડામાં મૂકવા જઈએ, એટલીવારમાં અમે તેનો જવાબ આપી દઈએ.'

જે સ્વયં જ્ઞાનનું સ્વરૂપ હોય, તે જ અન્યનું અજ્ઞાન હરી શકે છે.

❊ કુબેરસિંહજીએ અહીં જ્ઞાનપિપાસાથી પ્રશ્ન પૂછ્યો છે કે, 'શ્રીપુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ તે શું છે?' શબ્દકોશ પ્રમાણે જે અન્યમાં જોવા ન મળે તે અસાધારણ કહેવાય. દા.ત. - ગાયના ગળામાં ગોદડી હોય તે અન્ય કોઈ પશુમાં જોવા ન મળે તે ગાયનું અસાધારણ લક્ષણ છે, તેમ અહીં પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ પૂછ્યું છે, જે અન્ય કોઈમાં જોવા ન મળે.

❊ શ્રીજીમહારાજે અહીં ત્રણ અસાધારણ લક્ષણ બતાવ્યાં છે, જે તેમનામાં સહજ દેખાય છે. આ ત્રણેય લક્ષણને આપણે એક પછી એક સમજવા પ્રયત્ન કરીશું.

૧. અનેક જીવોને તત્કાળ સમાધિ કરાવવી :

❊ સમાધિ એક સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભૂતિનું નામ છે, જેમાં વ્યક્તિ ભૌતિક શરીરથી પર થઈને પરમાત્માના દિવ્ય લોક અને દિવ્ય આનંદનો અકલ્પ્ય અનુભવ કરે.

❊ અષ્ટાંગ યોગના આઠ પગથિયાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણાનાં સાત પગથિયાં ચઢીને સમાધિના આઠમા અને છેલ્લા પગથિયે પહોંચી શકાય. જેને એક એક પગથિયું સિદ્ધ કરવું હોય તો જન્મારો વીતી જાય, એવાં આઠ પગથિયાં ચઢવાં તે કોઈ સામાન્ય ખેલ નથી, અતિ દુર્લભ અને અતિ કઠિન છે.

❊ પરંતુ ૧૯મી સદીના ઈતિહાસમાં શ્રીજીમહારાજે અષ્ટાંગ યોગ વિના હજારો ભક્તોને દિવ્ય સમાધિની અનુભૂતિ કરાવી હતી. ધ્યાનની મુદ્રામાં બેઠા વિના તેમનાં દર્શનમાત્રથી, તેમની ચાખડીના ચટકારથી, ક્યારેક તેમના સ્મરણમાત્રથી, ક્યારેક તેમની પ્રાસાદિક વસ્તુઓનાં દર્શનથી લોકોને સમાધિની દિવ્ય અનુભૂતિ થતી.

❊ સદ્. અક્ષરાનંદ સ્વામી પોતાની વાતોમાં (વાત-૨૩૯)માં નોંધે છે કે એક વખત શ્રીજીમહારાજે એમના પરમહંસ સંતોને પુષ્પહાર આપ્યો હતો. પરમહંસો આ પ્રસાદીનો હાર ગામોગામ લોકોને દર્શન કરાવવા લઈ જતા. તે હાર પણ લોકોને સમાધિ કરાવતો !

❊ સદ્. નિષ્કુળાનંદ સ્વામી સમાધિ પ્રકરણનો નિર્દેશ કરતાં 'ભક્તચિંતામણિ' નામના ગ્રંથમાં સમાધિમાં જનાર વ્યક્તિની અનુભૂતિ લખે છે. તેઓ કહે છે -

'રામ ઉપાસી રામને દેખે, કૃષ્ણ ઉપાસી કૃષ્ણને દેખે,
નૃસિંહ ઉપાસી દેખે નૃસિંગ, દેખે ઈષ્ટ થાયે દિંગ,
શિવ ઉપાસી દેખે શિવને, થાય દર્શન સહુ જીવને'

❊ પૂર્વે અનેક અવતારો થયા, પરંતુ કોઈએ સામાન્ય માણસથી લઈને આધ્યાત્મિક્તાના ધુરંધરો સુધી સૌને કોઈએ સમાધિ કરાવી નથી. કારણ કે આ તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણનું જ અસાધારણ લક્ષણ છે.

❋ એક વખત શ્રીજીમહારાજે માંગરોળ ગામમાં સમાધિ દ્વારા પોતાનો અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો. તેના પ્રતાપે ગામોગામથી લોકો માંગરોળ દર્શન માટે પહોંચતા. દરેકને પોતપોતાની ઉપાસના પ્રમાણે મહારાજમાં પોતાના ઈષ્ટદેવનાં દર્શન થતા. કેટલાકને સમાધિ થતી અને ત્રણ-ચાર દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ સુધી, કેટલાક મહિના સુધી સમાધિમાં દેહનું ભાન ભૂલી પડ્યા રહેતા. તેમના સંબંધીઓ તેમને શોધવા આવે ત્યારે તેમને સૌને એકબાજુએ ઉપરાઉપર ખડકી રાખ્યા હોય, તેમાંથી મહારાજ શોધી લાવવાનું કહેતા. તેઓ ત્યાં જઈ સંબંધીના દેહને શોધી મહારાજ પાસે લાવતા, ત્યારે મહારાજ તેને સોટી અડાડતા અને તે ભક્ત સમાધિમાંથી જાગ્રત થઈ ઊભા થતા.

આ રીતે અનેક મુમુક્ષુઓને મહારાજમાં પરમાત્માનો નિશ્ચય થતો.

❋ અનેકને કોઈ સાધના કે પાત્રતા વિના તાત્કાલિક સમાધિનો અનુભવ કરાવતા એવા ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં સહજાનંદ નામાવલિમાં કહ્યું છે, 'ૐ શ્રીસમાધિકારકાય નમઃ'

૨. લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે :

❋ શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું દર્શાવતું બીજું લક્ષણ એટલે કે લક્ષાવધિ(અસંખ્ય) મનુષ્ય તેમને વશ વર્તતા, તેઓની આજ્ઞામાં રહેતા. આ વાતને સમજવા માટે તેઓ નીલકંઠવર્ણીરૂપે ગુજરાત પધાર્યા તે પૂર્વેની સામાજિક પરિસ્થિતિ કેવી કરુણ હતી, તે પણ સમજવું જરૂરી છે.

❋ ચોર, ડાકુ, ઠગ અને લૂંટારાઓના ત્રાસથી લોક ત્રાહિમામ પોકારતા હતા. પ્રજામાં નૈતિકતાનાં નૂર ઓસરી ગયાં હતાં અને છલ, કપટ અને દગા જેવા દુર્ગુણોની વૃદ્ધિ થઈ રહી હતી. અંધશ્રદ્ધાનાં સામ્રાજ્ય પણ ઠેરઠેર વિસ્તર્યાં હતાં.

❋ અનૈતિકતા સૌને કોઠે પડી ગયેલી તે વખતે શ્રીજીમહારાજે તેઓમાં ફક્ત નૈતિકતા નહીં, પરંતુ આધ્યાત્મિકતાનું પણ સિંચન કરેલું. કાશ્મીરના ઉદ્યાનમાં ગુલાબ ખીલવવું અને કચ્છના રણમાં ગુલાબ ખીલવવું તેમાં ઘણો ફેર છે. શ્રીજીમહારાજનું કાર્ય રણમાં ગુલાબ ખીલવવા જેવું કઠણ હતું.

❋ નાનુભાઈ દવે એક પુસ્તકમાં શ્રીજીમહારાજના આ કાર્યને એક જીવંત દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

સૌરાષ્ટ્રમાં મોણપુર ગામે શાર્દૂલ ખસિયા નામના એક સત્સંગીના ઘરે શ્રીજીમહારાજ અણતેડ્યા પધાર્યા. શાર્દૂલે તો મહારાજને ઘરમાં પધરાવ્યા, પરંતુ શ્રીજીમહારાજે તેમના પર અણગમો ઠાલવતાં કહ્યું, 'તમે લોભ કરો તે અમને ન ગમે. શત્રુંજયનો સંભવનાથનો તિલકમણિ તમે ચોરીનો માલ જાણ્યા છતાં કેમ ઘરમાં રાખ્યો?' શાર્દૂલ કહે, 'મેં તે મણિ મોં માંગ્યું ધન આપીને લીધો છે.' પરંતુ શાર્દૂલે ચોરીનો માલ ખરીદ્યો હતો અને અંગ્રેજ અમલદારો આ મણિને શોધે છે, તે બાબતે મહારાજે તેમનું ધ્યાન દોર્યું. મહારાજે તેમને આ મણિ અંગ્રેજ સાહેબને સોંપી દેવાની કઠણ આજ્ઞા કરી. આમ કરવાથી તેઓને સજા અને સમાજમાં બદનામી થવાની પૂરી શક્યતા હતી.

છતાં મહારાજના એક વચને તેમણે અંગ્રેજ અમલદાર મીલ સાહેબ પાસે જઈ તેમના હાથમાં મણિ મૂક્યો અને વિગતે વાત કરી. તેઓ તો મણિ અને શાર્દૂલને જોઈ આશ્ચર્યમાં પડી ગયા. શાર્દૂલને વશ કરી તેને સાચા માર્ગે દોરનાર શ્રીજીમહારાજને મળવાની ઈચ્છા સાહેબને થઈ. તેઓ શાર્દૂલને સાથે લઈને મહારાજ પાસે પહોંચ્યા. સાહેબ મહારાજની પ્રશંસા કરવા માંડ્યા અને શાર્દૂલની પીઠ થાબડી તેને સજાના ભયથી મુક્ત કર્યો.

શ્રીજીમહારાજે આવા એક-બે નહીં, પરંતુ વીસ લાખ મણિ ત્રીસ વર્ષના ટૂંકા ગાળામાં સર્જેલા. જેઓ નિયમમાં રહ્યાં થકાં તેમને વશ વર્તતા.

❋ જ્યારે વ્યભિચાર એ વ્યવહાર બની ગયેલો, તે વખતે મહારાજે સંયમી ભક્તોનો સમાજ તૈયાર કર્યો હતો. તેમણે આણેલ આ આમૂલ પરિવર્તનને જોઈ બિશપ હેબર નોંધે છે કે 'તેમણે એટલી ઉચ્ચ પવિત્રતા અને સંયમની ભાવના સિંચી કે તેમના શિષ્યો ત્યાંથી

પસાર થતી સ્ત્રીઓ સામે નજર માંડીને જોતા નહીં. તેઓ જે જે ગામોમાં, જિલ્લાઓમાં ગયા, જ્યાં જ્યાં તેમને લોકોએ સ્વીકાર્યા, તે લોકો અને સ્થળો પહેલાં અત્યંત હીન કક્ષાનાં હતાં, આજે પ્રાંતમાં શ્રેષ્ઠ કક્ષાનાં છે.'

આ સંપ્રદાયમાં દેશ-પરદેશના અનેક લોકોને, પરધર્મીઓને, રાજવીઓને કોઇક પ્રચંડ દિવ્ય શક્તિ કાર્યરત હોવાનો અનુભવ થતો.

◎ લીમલીનો સગરામ વાઘરી સત્સંગી બન્યો હતો. તે એક વાર શિયાણીના શિવરામ ભટ્ટ સાથે જઈ રહ્યો હતો. વચ્ચે ભોગાવો નદી આવી. બંનેને તરસ લાગેલી, પરંતુ નદીમાં પાણી નહોતું, તેથી શિવરામ ભટ્ટે નદીના કાંઠે વીરડો ગાળી તેમાં મોઢું નાખી પાણી પી લીધું. સગરામે બાજુમાં બીજો વીરડો ગાળ્યો. ખડિયામાંથી લોટો કાઢી તેના ઉપર ગળણું બાંધી તેમાં પાણી ભર્યું અને પછી ગાળેલું પાણી અધ્ધરથી પીધું. આ જોઈ ભટ્ટજી ભોંઠા પડી ગયા. તેમને તરસની તલપમાં પાણી કેમ પીવું તેનું ભાન રહ્યું નહોતું.

સગરામ ભલે નિમ્ન જ્ઞાતિના હતા, પરંતુ મહારાજના આપેલ નિયમોમાં રહેવાથી તે બ્રાહ્મણથી મુઠ્ઠી ઉંચેરા સાબિત થયા. મહારાજનું આવું જીવન અને કાર્ય જોઈ શિવરામ ભટ્ટને તેઓમાં ભગવાનપણાનો પૂર્ણ ભાવ બેસી ગયો અને મહારાજના ત્યાગીવૃંદમાં અખંડાનંદ બ્રહ્મચારી બની જોડાઈ ગયા હતા.

❋ સર્વત્ર પ્રકાશ પથરાવો એ સૂર્યોદયનું ચિહ્ન છે, ઉદ્યાનમાં સુગંધ પ્રસરવી એ પુષ્પની નિશાની છે, તેમ અનેક લોકોનું આ રીતે વશ થવું એ પુરુષોત્તમપણાનું એંધાણ છે.

૩. અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવા :

❋ શ્રીજીમહારાજ પોતાની સાથે અક્ષરધામમાંથી અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને તો લાવ્યા જ હતા, સાથે સાથે અનંત મુક્તોને લઈને પધાર્યા હતા. મુક્ત હોવા છતાં તેઓ મહારાજની આજ્ઞામાં રહ્યા હતા. તેમની બ્રાહ્મી સ્થિતિ અને સામર્થ્યનું વર્ણન કરવા પાનાંઓનાં પાનાંઓ આરક્ષિત કરવા પડે.

❋ સ્વરૂપાનંદ સ્વામી શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા. ત્રણ દેહને ત્રણ અવસ્થાથી પર વર્તતા હતા. એક પ્રસંગે મહારાજે તેમની ઉચ્ચ સ્થિતિ સંતો આગળ વર્ણવતાં કહેલું કે, 'બીજા તો નિયમ ધરાવીને, વર્તમાન પળાવીને કલ્યાણ કરે, જ્યારે સ્વરૂપાનંદ સ્વામીનાં દર્શને કરીને કલ્યાણ થાય છે.'

એક વાર શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને વાત કરી કે, 'જ્યારે નવો રાજા ગાદીએ બેસે ત્યારે તમામ બંદીવાનને છોડી મૂકે તેમ અમારે અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવાં છે, તે નરકના કુંડના જીવને મુક્ત કરો.' મહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં ધર્મરાજા પાસે ગયા અને નરકના કુંડ બતાવવા કહ્યું. નરકના કુંડ જોતાં જોતાં કુંભીપાક નરક આવ્યું. ત્યાં અનેક જીવોનો અતિશય કકળાટ સાંભળી તેમને દયા આવી અને સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. થોડી જ વારમાં બધા જીવ ચતુર્ભુજ દેહ ધારી ભૂમાપુરુષના લોકમાં પહોંચી ગયા.

દુરાચારી જીવોને સદ્‌ગતિ પમાડવાનું, તેમનું કલ્યાણ કરવાનું સામર્થ્ય સ્વરૂપાનંદ સ્વામીમાં હતું.

◎ એક વર્ષે કાઠિયાવાડમાં દુષ્કાળ પડ્યો. તેથી હરિભક્તોએ શ્રીજીમહારાજને વરસાદ વરસાવવા બહુ વિનંતિ કરી. મહારાજે ના પાડતાં કહ્યું કે, 'આ વર્ષે ઈન્દ્ર કોપ્યો છે તેથી વરસાદ નહીં વરસે.' હરિભક્તો મૂંઝાયા અને સચ્ચિદાનંદ સ્વામી પાસે આ જ વિનંતિ લઈને આવ્યા. સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજની મરજી વિના પોતાનાથી કાંઈ ન થાય તેમ કહી દીધું. પરંતુ હરિભક્તોનો અતિશય આગ્રહ હોવાથી સચ્ચિદાનંદ સ્વામીએ સમાધિમાં જઈને ઈન્દ્રને લાત મારી જગાડ્યો અને વરસવા કહ્યું. તેથી પુષ્કળ વરસાદ પડ્યો.

મહારાજ સાથે તેઓ અતિશય હેતથી જોડાયેલા. તેથી મહારાજના અંતિમ સમયે તેઓ મહારાજની પહેલાં જ નાડી, પ્રાણ છોડીને ધામમાં પહોંચી ગયા. પણ ત્યાં મહારાજે તેમને આજ્ઞા કરી કે 'તમે દેહમાં પાછા જાઓ.' તેઓ ધામમાં મહારાજ પાસે બહુ

કરગર્યા. છેવટે મહારાજે છ માસમાં તેમને તેડી જવા વચન આપ્યું, ત્યારે તેઓ દેહમાં પાછા આવ્યા.

ઈન્દ્રાદિક દેવો પાસે પોતાનું ધાર્યું કરાવી શકે, ધારે ત્યારે દેહ છોડી શકે અને પાછો ગ્રહણ કરી શકે, તેવું સામર્થ્ય ધરાવનારા સચ્ચિદાનંદ સ્વામી હતા!

❋ વડોદરામાં એક સત્સંગી જ્યોતિષીએ ગ્રહણની ગણતરી કરી જાહેર કર્યું કે, 'ગ્રહણ દેખાશે નહીં.' બીજા કેટલાક જ્યોતિષીઓએ પોતાની ગણતરીથી કહ્યું કે, 'ગ્રહણ જરૂર દેખાશે.' સત્સંગી જ્યોતિષીએ તેમની સામે દૃઢતાથી જણાવ્યું કે, 'મારી ગણતરી સાચી જ છે અને જો તે ખોટી પડે તો હું મારું માથું ડૂલ કરું.'

આ વિવાદ ગોપાળાનંદ સ્વામી પાસે પહોંચ્યો. સ્વામી જાણતા હતા કે ગ્રહણ દેખાવાનું છે, પણ પોતાના ભક્તે માથાનો સોદો કર્યો હતો, તેથી સ્વામીએ બીજા જ્યોતિષીઓને કહ્યું કે, 'આ વખતે ગ્રહણ દેખાશે નહીં.' ગોપાળાનંદ સ્વામીનું આ વચન સાંભળી સૌ ગ્રહણની રાહ જોવા લાગ્યા.

ગ્રહણનો દિવસ આવ્યો અને સ્વામીના વચન પ્રમાણે ગ્રહણ ન જ દેખાયું. સૌ વિદ્વાનો દિગ્મૂઢ બની ગયા. પછી સ્વામીએ સત્સંગી જ્યોતિષીને બોલાવીને ફરીવાર ક્યારે એ રીતે માથાનું સાટું કરવાની ના પાડી. પછી કહ્યું, 'ગ્રહણ તો દેખાવાનું જ હતું, પણ તમારે માટે મહારાજે તે અટકાવ્યું.'

ગ્રહોની ગતિ ફેરવવાનો આવો પ્રૌઢ પ્રતાપ વિચારી તે ભક્ત સ્વામીનાં ચરણોમાં નમી પડ્યો.

❋ ગામ માંગરોળના ગોરધનભાઈ શ્રીજીમહારાજના પરમ ભક્ત હતા. મહારાજ પણ તેઓનાં વખાણ કરતા કે 'તેઓ અમારા ખરેખરા સત્સંગી છે.'

એક વાર મહારાજ પાસે એક ભક્ત પેંડા લઈને આવેલા. મહારાજે ગોરધનભાઈને કહ્યું, 'અમને જમાડો.' ત્યારે ગોરધનભાઈ પોતે જમવા લાગ્યા. પેલા ભક્તને આ જોઈ શંકા થઈ કે 'મહારાજને જમાડવા પેંડા લાવ્યા, તે તેઓ ન જમ્યા ને ગોરધનભાઈ જમી ગયા.'

ત્યારે મહારાજે તેમની શંકા દૂર કરતાં કહ્યું કે 'આ ગોરધનભાઈ અમને અંતરમાં ધારીને જમ્યા છે, તે અમે જમ્યા બરાબર છે. આ શેઠ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને અમારું અખંડ ભજન કરે છે. તેમને સાકર ને મીઠું સરખા થઈ ગયાં છે.'

પછી તો સાકર અને મીઠું જુદી જુદી થાળીમાં ગોરધનભાઈને આપ્યા, ત્યારે બંનેને સાકર જાણી તેઓ જમી ગયા. સૌને થયું કે 'ગોરધનભાઈની સ્થિતિ મહારાજના કહેવા પ્રમાણે ખરેખર અલૌકિક છે !'

❋ આવા સમર્થ, સમૃદ્ધ અને શુદ્ધ સંતો-ભક્તો ખરા અર્થમાં અક્ષરધામના મુક્તો જ હતા. તેઓની સામર્થી દર્શાવતાં શ્રીજીમહારાજ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં કહે છે કે, 'અક્ષરધામમાંથી મુક્તોએ પણ અવતાર ધર્યા છે. તે એક એક મુક્ત પલકારે બ્રહ્માંડ ઊભું કરે એવા છે, તેને અમે જ જાણીએ છીએ!'

આવા સમર્થ હોવા છતાં તેઓ મહારાજ પાસે દીન થઈને રહ્યા !

સ્વતંત્ર હોવા છતાં તેઓ મહારાજની આજ્ઞામાં રહ્યા !

સમૃદ્ધ હોવા છતાં તેઓ મહારાજ સમક્ષ રાંક થયા!

કારણ કે તેઓ જાણતા હતા કે, અનંત કોટિ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ જેવા કોઈ ભગવાન નથી. તેઓ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

❋ એક વાર મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, 'અમે જે જે ધામમાં જઈએ છીએ ત્યાં તે તે ધામમાં તમારાં વખાણ થાય છે, તે તમારામાં એવી શી મોટપ છે જે, સર્વે તમારાં વખાણ કરે છે ?' એમ કહીને પૂછ્યું કે, 'આ તુંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?' મુક્તાનંદ સ્વામીએ નકાર ભણી એટલે મહારાજ કહે, 'તમે તમારી મોટપને જાણતા નથી. અહીં અલ્પ જેવો (સામાન્ય) જીવ હોય ને તેને તમે એમ ધારો જે, 'આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય, તો તત્કાળ જાય.'

શ્રીજીમહારાજના સંબંધે મુક્તાનંદ સ્વામી આવું સમર્થપણું ધરાવતા હતા. મહારાજ સ્વયં તેમને તેઓનું સમર્થપણું કહી સંભળાવતા, છતાં તેઓ સદાય મહારાજના દાસ થઈને રહ્યા હતા.

એક વાર મહારાજ સારંગપુરમાં જીવાખાચરના દરબારમાં વિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે વિચરણ કરતાં કરતાં સારંગપુર પહોંચ્યા, પરંતુ થોડા દિવસ પૂર્વે જ મહારાજે સંતોને આજ્ઞા કરી હતી કે 'અમારાં દર્શન કરવાં માટે અમારી આજ્ઞા સિવાય કોઈએ આવવું નહીં.' તેથી મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે સીધા ન પહોંચ્યા, પરંતુ મહારાજને ખબર કહેવરાવ્યા કે, 'આપની આજ્ઞા હોય તો દર્શન કરવાં અમે આવીએ.' આ સાંભળી મહારાજે તરત જ ભગુજી પાસે સંદેશો મોકલાવ્યો કે, 'જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાઓ.'

એક તરફ મુક્તાનંદ સ્વામીની ઉચ્ચ સ્થિતિ અને અપાર સામર્થ્ય, બીજી તરફ મહારાજે કરેલી આવી આકરી કસોટી! આવા સમયે પોતાની સત્તાનું દર્શન કરાવ્યા વિના તેઓ બોલ્યા, 'ભલે જેવી મહારાજની મરજી.' પછી મહારાજને એક સુંદર કીર્તન રચી મોકલ્યું, 'બાળસનેહી રે, મોહન મુજને ગમતા.'

સમર્થ હોવા છતાં મુક્તાનંદ સ્વામી મહારાજ આગળ દીન થઈને રહ્યા, તે મહારાજનો પુરુષોત્તમપણું સિદ્ધ કરે છે.

❋ વળી, મહારાજે **વચનામૃત લોયા-૧૩**માં પણ વાત કરી કે જેમ ચંદ્રમાં ને તારા, રાજા ને રાજાનો ચાકર બંનેમાં ભેદ છે, તેમ પુરુષોત્તમ નારાયણ અને અક્ષરમુક્તોને વિષે ભેદ છે. ભગવાન તો બધા અક્ષરમુક્તોનું તેજ પણ લીન કરી શકે તેવા અતિ સમર્થ છે. આગળ કહ્યું કે, 'એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે, પણ બીજો કોઈ એ જેવો થતો નથી.'

❋ આ વચનામૃતમાં મહારાજે દર્શાવેલા આ ત્રણ મુદ્દાના આધારે સ્પષ્ટ ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

❀ ❀ ❀

સભા : ૨૭ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : અમદાવાદનું વધારાનું-૨

❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૨, વાત : ૬૧

૨. પ્રકરણ : ૫, વાત : ૧૦૬

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

૭. સતત પ્રાર્થના કરવી પડે.

વચનામૃત : અમદાવાદનું વધારાનું બીજું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૮૨ના ફાગણ વદી ૪ ચતુર્થીને દિવસ સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રીઅમદાવાદ મધ્યે શ્રીનરનારાયયણના મંદિર થકી ઉત્તરાદિ દિશે વેદિકાને વિષે ઢોલિયા ઉપર ગાદી તકિયાનું ઉઠિંગણ દેઈને વિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને કંઠને વિષે ગુલાબનો મોટો

હાર વિરાજમાન હતો ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા. ને જમણા હસ્તને વિષે તુલસીની માળાને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે કુબેરસિંહજી છડીદારે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! શ્રીપુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ તે શું છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અનેક જીવનાં પ્રાણ, નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહીં, ને લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે તે બીજા કોઈથી થાય નહિ, અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તે પણ બીજામાં હોય નહિ. એવી રીતે પુરુષોત્તમનારાયણનું અસાધારણ લક્ષણ છે.'

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

- ❋ સર્વોપરી પુરુષોત્તમનારાયણને ઓળખવા માટેનાં અસાધારણ લક્ષણો સ્વયં શ્રીજીમહારાજે આ વચનામૃતમાં બતાવ્યાં છે.
- ❋ કુબેરસિંહનો પ્રશ્ન છે કે પુરુષોત્તમનારાયણનાં અસાધારણ લક્ષણો અર્થાત્ ગુણો ક્યા કયા છે ?

❀ પુરુષોત્તમ નારાયણ કોણ ?

- ❋ વચ.ગ.અં.૩૮ : એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોનાં કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે, અને એવા એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી એ બે એક જ છે.
- ❋ વચ.ગ.પ્ર.૩૧ : 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ' એમ સમજીને (હરિભક્તો) પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા તે ભગવાનની ભક્તિ કરે છે.

આ પ્રકારનાં લક્ષણ આ પૂર્વે કોઈપણ અવતારમાં જોવા મળતાં નથી, ફક્ત શ્રીજીમહારાજમાં જ જોવા મળે છે.

❀ પુરુષોત્તમનારાયણનાં અસાધારણ લક્ષણો :

૧. અનેક જીવોને સમાધિ કરાવવી.
૨. લક્ષાવધિ મનુષ્યો નિયમમાં રહ્યા થકા વશ વર્તે.
૩. અક્ષરાદિક મુક્તને નિયમમાં રાખવાનું સામર્થ્ય.

શ્રીજીમહારાજના જીવન સાથે વણાયેલાં આ લક્ષણોને આપણે વિસ્તારથી જોઈએ.

૧. અનેક જીવોને સમાધિ કરાવવી :

- ❋ યોગશાસ્ત્રના નિયમ મુજબ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - આમ, આઠમું અંગ સમાધિ ગણાવી છે. આ અષ્ટાંગ યોગના પ્રત્યેક પગથિયે પહોંચવું અતિ કઠિન છે. પોતાને જ જ્યાં સમાધિ થવી દુર્લભ હોય ત્યાં બીજાને સમાધિ કરાવવાની વાત જ ક્યાંથી બને ?
- ❋ શ્રીજીમહારાજ નાનપણથી જ અનેક જીવોને સમાધિ કરાવતા આવ્યા છે : ચકલાંને, માછલાંને, માછીમારને, હલવાઈને, કાશીના વિદ્વાનોને ઘનશ્યામે સમાધિ કરાવ્યાનો ઈતિહાસ છે.
- ❋ લોજમાં સ્થિર થયા ને ધર્મધુરા સંભાળી તે પછી તો એમણે 'સમાધિ પ્રકરણ' જોરદાર ચલાવ્યું. કાલવાણી, માંગરોળ, લોજ, પીપલાણામાં મહારાજ સૌને સમાધિ કરાવતા. લાકડાં ગોઠવે

તેમ બધાના દેહની થપ્પી થતી.

* જરણાપરણા નિવાસી શીતલદાસને સમાધિમાં અનંત મુક્તોની પૂજા એક સાથે કરવાનો સંકલ્પ થયો. તેણે રામ, કૃષ્ણ વગેરે અવતારોનું નામ લઈને સંકલ્પ કર્યો કે તે સર્વોપરી હોય તો પોતાનાં અનેક રૂપ થાય... પણ અનેક રૂપ ન થયાં. છેવટે 'સહજાનંદ સ્વામી સર્વોપરી હોય તો...' એમ સંકલ્પ કરતાંની સાથે જ પોતાનાં અનંત રૂપ થયાં, ને પૂજા કરી.
* સરધાર ગામે તળાવમાં માછલાંને સમાધિ કરાવી. આખું તળાવ માછલાંથી ઊભરાયું. મુક્તાનંદ સ્વામીને ચિંતા થઈ કે 'પક્ષીઓ આવીને માછલાં ખાવા લાગશે તો !' મહારાજે કહ્યું, 'સર્વે જીવોનાં નાડી-પ્રાણ અમારા હાથમાં છે, માછલાં સમાધિમાં છે ત્યાં સુધી ચકલું પણ નહિ ફરકે.' અને બન્યું પણ એમ જ.
* સ્વર્ગ-નરકમાં નહિ માનનાર વીસનગરના સૂબાને સમાધિમાં મહારાજે જમનો માર ખવડાવ્યો હતો.
* કચ્છ-ભૂજનો જગજીવન પંડ્યા હિંસા કરતો. તેને મહારાજે સમાધિમાં યમદૂતોનો માર ખવડાવ્યો હતો.
* મહારાજે સહુને સમાધિમાં પોતપોતાનાં ઈષ્ટદેવનાં દર્શન કરાવી તેમને પોતાના સ્વરૂપમાં લીન થતા દર્શાવ્યા હતા.
* શ્રીજીમહારાજ સિવાય ભૂતકાળના ઈતિહાસમાં કોઈ અવતારો કે મહાપુરુષો આવું ઐશ્વર્ય દાખવી શક્યા નથી. એટલે જ સમાધિ એ શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનું અસાધારણ લક્ષણ છે.

૨. લક્ષાવધિ મનુષ્યો નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે :

* શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમપણાનો આ મુદ્દો પણ કોઈ દેવો-અવતારોને સ્પર્શી શક્યો નથી.
* ઈતિહાસ કહે છે કે શ્રીજીમહારાજની હયાતીમાં ૨૦ લાખ સત્સંગીઓ એમના આશ્રિત થયેલાં. અને એમણે બાંધેલી નિયમની મર્યાદામાં વર્તતાં.
* શ્રીજીમહારાજે ચોર, લૂંટારા, દુરાચારી, વ્યભિચારી, દારૂ-માંસમાં રચ્યાં-પચ્યાં રહેનારાં અગણિત જનોને શુદ્ધ માર્ગે વાળ્યા છે, મહાન ભક્તો બનાવ્યા છે, જેવા કે જોબનપગી, તખો પગી, એભલખાચર, વગેરે.
* દુષ્કાળનો કપરો સમય પસાર કરવા સુરત જઈ રહેલા સગરામ વાઘરીએ રસ્તે ચાલતાં બે ભાર રૂપાનો તોડો જોયો. તરત તેના પર ધૂળ વાળી, જેથી પાછળ આવતી પત્નીનું મન રખે લલચાઈ ન જાય ! પણ તેની પત્ની કહે, 'તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ! પારકી વસ્તુને તો હું ધૂળ જ સમજું છું.' આવી કોમમાં પણ શ્રીજીમહારાજે કેવા ઊચ્ચ સંસ્કારો રેડ્યા હશે !
* છાણીના હરિજન તેજાભાઈ બ્રાહ્મણ કરતાં પણ ઊજળા ગણાતા, કારણ કે ગાળ્યા-ચાળ્યા વિનાના જળ-દૂધ-તેલ કે લોટ વાપરતા નહોતા, અભક્ષ્ય ખાતા નહોતા. એકવાર છાણીના મહાજનને ત્યાં જમણવાર હતો ને તે જ દિવસે ન્યાતમાં કોઈનું મરણ થયું. આથી ન્યાતે નક્કી કર્યું કે હરિજનવાસમાં ખાવાનું આપી દઈએ. તેજાભાઈને બોલાવ્યા. તેજાભાઈ કહે : 'આ રસોઈ અમારે ન ખપે. તમે ગાળ્યા-ચાળ્યા વિનાનું વાપર્યું હોય. અમે શ્રીજીમહારાજના આશ્રિત છીએ.' આવી નિયમ-પાલનની દઢતા જોઈ સૌનાં મસ્તક નમી ગયાં !
* દેવાનંદ સ્વામીએ ગાયું છે :

કલિમેં સાચો સતયુગ આયો
ચાર વરન કે ધરમ સનાતન, વેદ પુરાન બતાયો
નેમ સહિત પાલત નરનારી, ભવજલ પાર પમાયો

* શ્રીજીમહારાજ ગાદીએ આવ્યા પછી ઉત્તરપ્રદેશ,

લખનઉ, દક્ષિણ દેશ, મધ્યપ્રદેશ - બધી જગ્યાએથી મોટા મોટા મઠાધિપતિઓ, મહંતો પોતાની ગાદી, શિષ્યવૃંદ વગેરે છોડી મહારાજના આશ્રિત થયા હતા.

* ૨૦૦૦ જેટલા સાધુઓ મહારાજે કરેલા. તેમને નાગડા વૈરાગીઓએ અતિશય દુઃખ દીધાં. કેટલાંકને મારી નાખ્યા. ખૂબ માર-પરેશાનીને અંતે મહારાજે ૫૦૦ સાધુઓને પરમહંસ દીક્ષા આપી. જે બ્રાહ્મણો સાધુ થયેલા તેમને સ્નાન-ધ્યાન, પાઠ-પૂજા, જનોઈ-શિખા ધારણ કરવી - વગેરે છોડાવી 'અલખ નિરંજન' રીતે વર્તવાની કપરી આજ્ઞા પળાવી. ઈતિહાસ કહે છે કે આ સાધુઓ એક એક અવતાર જેટલું ઐશ્વર્ય ધરાવતા હતા. બ્રહ્માંડ લઈને ઊડી જાય ને ભગવાન થઈને પૂજાય એવા હતા, પણ સૌને સામાન્ય જેવા કરી દીધા, ને વર્તાવ્યા.

૩. અક્ષરાદિક જે મુક્ત તેમને નિયમમાં રાખવાનું સામર્થ્ય :

* વચ.ગ.પ્ર.૭૧ : ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે.
* ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ હતા. મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાજય કરવા મહારાજે એમને મોકલ્યા હતા. ત્યારે એમણે ત્યાં જઈ વેદાંતીઓને પોતે બ્રહ્મ છે તેની અનુભૂતિ થાંભલામાં પ્રવેશ કરીને કરાવી હતી. છતાં શ્રીજીમહારાજે એમને પોતાને વશ વર્તાવ્યા છે.
* ગોપાળાનંદ સ્વામી શ્રીકૃષ્ણનો અવતાર ગણાતા. અષ્ટાંગ યોગ સાધેલો. ખુશાલ ભટ્ટ તરીકે ટોડલા ગામે રહેતા ત્યારે શામળાજીની મૂર્તિ તેમની સાથે રાત્રે રમવા આવતી. પોતે બ્રહ્માંડની ગતિને રોકી શકે એવા ઐશ્વર્યવાળા હતા. વડોદરામાં એક સત્સંગી જ્યોતિષી બ્રાહ્મણે અન્ય જ્યોતિષીઓ પાસે 'પૂનમનું ગ્રહણ નહીં દેખાય' એમ ઘોષણા કરી કહ્યું, 'મારી ગણતરી ખોટી પડે તો માથું ડૂલ કરું.' હકીકતે તેની ગણતરી ખોટી હતી. બ્રાહ્મણ ઝંખવાઈ ગયો. સ્વામીએ કહ્યું, 'તમે સત્સંગી છો એટલે મહારાજ લાજ રાખશે' ને પોતે ગ્રહગતિ બદલી નાખી !! ગ્રહણ પૂનમે ન દેખાયું ! આવા ગોપાળાનંદ સ્વામીને મહારાજે પોતાને વશ વર્તાવ્યા.
* બ્રહ્માનંદ સ્વામી-મહાનિષ્કામી, યતિ ગણાતા. બધી વિદ્યામાં કુશળ. શતાવધાની. પિંગળ શાસ્ત્ર તો કંઠસ્થ. રાજરજવાડામાં ફરીને ખૂબ યશ અને લક્ષ્મી મેળવ્યાં હતાં. બુદ્ધિ-પ્રતિભામાં એમને કોઈ ન પહોંચે. મહારાજ સૌને કંતાન પહેરવા આપતા તે એક સરખા માપનાં જ હતાં. બ્રહ્માનંદ સ્વામીનું શરીર સ્થૂળ હતું. એમણે આથી એક હાથ કંતાન વધુ માંગ્યું. મહારાજ કહે : 'શરીર શા માટે વધાર્યું ? સૂકવી નાખો.' સ્વામી વિચક્ષણ હતા. તરત આકાશ સામે જોવા લાગ્યા. મહારાજ કહે, 'શું જુઓ છો ?' તેમણે કહ્યું, 'હું એ જોઉં છું કે ક્યાંય નખ જેટલી જગ્યામાં પણ તમારા સિવાય બીજો ભગવાન છે ? હોય તો ચાલ્યો જાઉં... પણ નથી.' મહારાજ રાજી થયા ને વધુ કંતાન આપ્યું. વળી વરતાલ મંદિર એમણે બાંધીને તૈયાર કર્યું કે તરત એમને ખસેડી લીધા, તો પણ ઝાંખા થયા નહિ.
* વ્યાપકાનંદ સ્વામીએ બોટાદના હમીરખાચરની મરી ગયેલી ઘોડીમાં મચ્છરનો જીવ મૂકી જીવતી કરેલી ! સચ્ચિદાનંદ સ્વામીએ ઈન્દ્રને લાત મારી દુકાળમાં વરસાદ વરસાવેલો. દેવતાઓ અને અવતારોએ આવા પરમહંસો

થઈ જન્મ લીધેલા. એકવાર વિશ્વરૂપાનંદ સ્વામીને તેઓ પૂર્વે દેવતા હતા તેનું જ્ઞાન થયું કે તરત બોલ્યા, 'મહારાજને મુજકો પારેવા કા પીંછ બના દિયા !' આવા ૨૦૦૦ સમર્થ સંતોને શ્રીજીમહારાજે કઠપૂતળીની જેમ નચાવ્યા છે. ૧૧૪ પ્રકરણમાંથી પસાર કર્યા છે. કેવાં પ્રકરણો ! પાંચ જણને વર્તમાન ધરાવ્યા પછી જ મોંમાં અન્નજળ લેવું, સન્માન થાય ત્યાંથી ચાલી નીસરવું, માર-અપમાન થાય ત્યાં રહેવું, ગામમાં ન રહેવું, સીમમાં રહેવું, કોઈ ઝાડ કે ઓઘાનો પણ આશ્રય ન લેવો, ગળ્યું-ચીકણું જમવું નહિ, ભિક્ષા માંગીને ભેગું કરીને પાણીમાં ઝબોળી રસકસ નીતારીને ગોળો વાળીને જમવું... આવાં આવાં પ્રકરણોમાં આ સંતોએ દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણના ચૂરેચૂરા કરી નાખ્યા હતા. તે પણ લાચારીથી નહિ, કેફ, આનંદ ને ઉત્સાહથી...

❀ સચોટ પૂરાવા :

* પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનાં આ ત્રણ અસાધારણ લક્ષણો અન્ય કોઈ અવતારોમાં, અક્ષરબ્રહ્મમાં કે અક્ષરમુક્તોમાં સંભવતાં નથી.
* વચ.લો.૧૩ : 'અને એ નારાયણને લઈને તો જેને વિષે મોટપ કહીએ તેને વિષે સંભવે... હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય, અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાર્તા કહેવી ?' આજે શ્રીજી મહારાજને લઈને અક્ષરબ્રહ્મરૂપ સંતને આપણે આ વચનામૃતની સાખે ભગવાન જેવા કહી શકીએ. કારણ કે પરબ્રહ્મ આ સંતમાં સમ્યક્ પ્રકારે પ્રગટ છે. તેથી વચ.ગ.પ્ર.૨૭ મુજબ આ સંત જગતના આધારરૂપ છે... કારણ કે વચ.ગ.મ. ૨૨ મુજબ જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય-તેમ ભગવાનના પ્રતાપે આ સંતમાં પણ એવું સામર્થ્ય છે. ભગવાન પોતે જ આ સંતમાં સાક્ષાત્ પ્રગટ રહીને પોતાનું ઉપરોક્ત ત્રણ પ્રકારનું સામર્થ્ય બતાવે છે.
* શાસ્ત્રીજી મહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. અનેક ભક્તોને સમાધિમાં અનેક ધામોનાં તથા અક્ષરધામના દર્શન થતાં, અને તેઓ ત્યાંની દિવ્ય પ્રસાદીની સામગ્રી પ્રત્યક્ષરૂપે અહીં લાવતાં. વૈજ્ઞાનક પરીક્ષણ દ્વારા પણ આની સત્યતા પૂરવાર થઈ હતી. વર્તમાનપત્રોએ નોંધ લીધી હતી. સમાજના અનેક સુપ્રતિષ્ઠિતોએ એનો લાભ લીધો હતો.
* ગુણાતીત ગુરુવર્યોએ હમેશાં શ્રીજીમહારાજને જ આગળ કર્યા છે. એમના અંગોઅંગમાં શ્રીજીમહારાજ વસે છે એટલે તો આજે કળિકાળમાં જગતના રંગરાગ છોડી શિક્ષિત યુવાનો સાધુ થાય છે. પ્રમુખસ્વામી મહારાજ જે કાંઈ કરી રહ્યા છે તેની પાછળ શ્રીજીમહારાજનું ઐશ્વર્ય છે. દેશ-વિદેશમાં લાખો હરિભક્તો-બાળકો-યુવાનો-સ્ત્રી-પુરુષો નિયમમાં વર્તે છે. એમની એક હાકલ થતાં કેટલકૅમ્પ, અતિવૃષ્ટિ, ભૂકંપ કે પ્લેગ જેવા રાહત કૅમ્પમાં સેવા માટે જોડાય છે, મહોત્સવોમાં તન-મન-ધન ન્યોચ્છાવર કરે છે. લંડન જેવા પ્રદેશમાં મંદિર નિર્માણમાં સર્વસ્વ સમર્પણ કરે છે... આ બધું જોતા મંડળેશ્વરો-મહાનુભાવો બોલી ઊઠે છે કે, 'ભગવાનની શક્તિ વગર આ કામ અશક્ય છે.'
* પ્રમુખસ્વામી મહારાજ અનંત જીવોને નિયમમાં વર્તાવી રહ્યા છે. ભક્તો માયાથી પરાભવ પામતા નથી. જામનગરના એક હરિભક્તે એક જૂનું મકાન ખરીદી લઈને, એ તોડીને નવું બાંધકામ કરવાની શરૂઆત કરી. ખોદકામ

કરતાં એમાંથી દટાયેલું ધન સારા પ્રમાણમાં મળી આવ્યું. પોતે કાયદેસર રીતે જમીન માલિક હોવા છતાં એમણે એમાંથી એકપણ વસ્તુને હાથ લગાડ્યા સિવાય તમામ વસ્તુ જૂના મુસલમાન મકાન માલિકને અર્પણ કરી અને કોઈ જાતનો પુરસ્કાર પણ ન સ્વીકાર્યો. લોભરૂપી માયાને જીતી.

❊ કોસંબા-ભાગડાના સામાન્ય સ્થિતિના અનિલ રીક્ષાવાળાની રીક્ષામાં એક પેસેન્જર રૂા. ૧૦,૦૦૦/-નું પાકીટ ભૂલી ગયા. અનિલે માલિકને ખૂબ તપાસ કરીને ખોળી કાઢ્યા અને રકમ સુપ્રત કરી. પુરસ્કાર પણ ન લીધો.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : કારિયાણીનું ૫મું : અવતાર ધર્યાના પ્રયોજનનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના આસો વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' પછી મુનિ બોલ્યા જે, 'પૂછો, મહારાજ!' પછી શ્રીજીમહારાજે પૂછ્યું જે, 'ભગવાન જીવના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરે છે, તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી? અને કલ્યાણ તો ભગવાન જેમ ધારે તેમ કરે. ત્યારે અવતાર ધર્યાનું શું પ્રયોજન છે? અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવનાં કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિષે પણ એટલું અસમર્થપણું આવે. માટે ભગવાન તો અવતાર ધરીને પણ કલ્યાણ કરે અને અવતાર ન ધરે તો પણ જીવનાં કલ્યાણ કરવા સમર્થ છે. માટે એવા જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે?

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **<u>અવતારવાદ-હિંદુ ધર્મની પાયાની માન્યતા</u> :**

❋ વિશ્વના જુદા જુદા ધર્મની જુદી જુદી માન્યતાઓ છે. તેમાં હિંદુ ધર્મની ચાર મુખ્ય માન્યતાઓ છે - (૧) અવતારવાદ (૨) મૂર્તિપૂજા (૩) કર્મસિદ્ધાંત અને (૪) પુનર્જન્મ.

❋ અનેક મહાન વૈજ્ઞાનિકો દૃઢપણે માને છે કે કો'ક શક્તિ છે જે જગતનું સંચાલન કરે છે. આલ્બર્ટ આઈનસ્ટાઈનને ભગવાનમાં એટલી શ્રદ્ધા હતી કે તેઓ કહેતા, 'To disbelieve in God is man's monstrosity.' (ભગવાનમાં ન માનવું એ માણસનું રાક્ષસીપણું છે.) વિવિધ ધર્મના અનેક લોકો ભગવાનમાં શ્રદ્ધા ધરાવે છે, પરંતુ ભગવાન પોતે પૃથ્વી પર અવતરે છે તે હિંદુ ધર્મની આગવી વિશેષતા છે. વિશ્વના અન્ય ધર્મોમાં આ સંકલ્પના જ નથી. ભગવાનના સંદેશવાહક, મસીહા કે પયગંબર આવે છે, પણ

ભગવાન પૃથ્વી પર આવતા નથી તેવી માન્યતા તેઓ ધરાવે છે. તેઓના મતે જે ગર્ભમાં આવે તે ભગવાન નહીં, પરંતુ હિંદુધર્મ, ભગવાન પૃથ્વી પર આવે છે, જેવા પોતાના ધામમાં છે તેવા જ ઐશ્વર્યથી યુક્ત આવે છે, તેમ સ્વીકારે છે.

● **અવતારવાદ પાછળનું રહસ્ય :**

❊ અવતારવાદ પાછળનું રહસ્ય સમજાવવા માટે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પ્રશ્નોત્તરીનું માધ્યમ અપનાવે છે. પ્રશ્નોત્તરીનો સાર એટલો છે કે ભગવાન જીવના કલ્યાણ માટે જ પૃથ્વી પર અવતાર નથી ધરતા, કલ્યાણ તો ભગવાન ધામમાં રહ્યા થકા પણ કરી શકે છે. એ એક જ કાર્ય માટે અહીં આવવું પડે તેમ નથી, અને જો કલ્યાણ કરવા પૃથ્વી પર આવવું પડે, તો ભગવાન એટલા અસમર્થ થયા. આ લોકના સત્તાધીશ પણ દૂર રહ્યા થકા પોતાનું કાર્ય બજાવે છે. પોતે કાર્ય કરવા માટે જે તે સ્થાન પર દોડી જતા નથી. દા.ત. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકાએ જાપાન પર બે અણુબોમ્બ ફેંકી વિનાશ સર્જ્યો, પરંતુ આ યુદ્ધ દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપતિ ફ્રેંકલિન રૂઝવેલ્ટ જાપાન ગયા જ નહોતા. તેઓએ અમેરિકામાં રહ્યા થકા આદેશ આપી આ કામ કર્યું. એ જ રીતે ભગવાન પણ પોતાના ધામમાં રહ્યા થકા સંકલ્પમાત્રે જીવોનું કલ્યાણ કરી શકે છે.

❊ જો ભગવાન પોતાના ધામમાં રહ્યા થકા આ કાર્ય ન કરી શકે, તો તેમનામાં એટલું અસમર્થપણું કહેવાય, પરંતુ ભગવાન તો અન્યથાકર્તું શક્તિ ધરાવે છે. તેઓ જે ધારે તે બધું જ કરી શકવા સમર્થ છે. આ લોકમાં **વિના પ્રયોજનેન મન્દોપિ ન પ્રવર્તતે।** મંદ (મૂર્ખ) માણસ પણ કોઈ હેતુ વિના કાંઈ કરતો નથી, તો ભગવાનનો આ લોકમાં પધારવાનો હેતુ શો હોઈ શકે ?

❊ પરમહંસો જવાબ ન આપી શક્યા. એટલે તેમણે મહારાજ આગળ હાથ જોડ્યા. સૂર્યનો અભિપ્રાય પતંગિયું જાણી ન શકે, તેમ ભગવાન અને ગુણાતીત સત્પુરુષનો અભિપ્રાય જાણવા આપણે સમર્થ નથી. તેઓ કૃપા કરી જણાવે ત્યારે આપણે જાણી શકીએ છીએ.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે, ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે. પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે. અને તે ભક્ત હોય તે સ્થૂળભાવે યુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે; અને પોતાની સામર્થીને છપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે અથવા સખાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે અથવા સગાંસંબંધીને ભાવે વર્તે છે, તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે. માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે. હવે એમાં આશંકા થતી હોય તો બોલો.' પછી મુનિએ કહ્યું જે, 'હે મહારાજ! યથાર્થ ઉત્તર થયો.'

ઈતિ વચનામૃતમ્ । એવી રીતે કારિયાણીનું ૫મું વચનામૃત જે તે થયું.

❊ ભગવાન પોતાના ભક્તોના મનોરથ પૂરા કરવા, તેને લાડ લડાવવા, તેને સુખ આપવા માટે સ્વયં પધારે છે.

❊ એક મહાત્મા ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. સામેની સીટ પર એક ઉદ્યોગપતિએ આવી સ્થાન લીધું. સાહજિક વાર્તાલાપમાં તે મહાત્માએ આ ભાઈનો પરિચય મેળવ્યો, પરંતુ સંપત્તિનો મદ હોવાથી મુસાફરી દરમ્યાન પેલા મહાત્માનો તે ઉપહાસ કરવા લાગ્યો. પોતે એક મહાત્મા સાથે વાત કરી રહ્યો છે તેવો વિવેક તે ભૂલી ગયો અને

મન ફાવે તેમ બોલવા લાગ્યો. તેણે મહાત્માને પૂછ્યું, 'ભગવાન ક્યારેય પૃથ્વી પર આવતા જ નથી. તેમને સ્વયં આવવાની શું જરૂર?' તે મહાત્માએ તેને ધીરે ધીરે સમજાવવાનું ચાલુ કર્યું. મહાત્માએ પૂછ્યું, 'તમે મોટા ઉદ્યોગપતિ છો, તો તમે બહુ વ્યસ્ત રહેતા હશો ?' તે ભાઈ કહે, 'હા.'

મહાત્માએ પૂછ્યું, 'તમારા મિત્રો પણ ઘણા હશે?' તે ભાઈ કહે, 'હા.'

મહાત્માએ પૂછ્યું, 'મિત્રને ત્યાં લગ્ન પ્રસંગ હોય તો જાઓ ?' તે ભાઈ કહે, 'ના, મેનેજરને મોકલી દઉં.'

મહાત્માએ પૂછ્યું, 'કોઈ સગાંવહાલાંનાં ઘરે લગ્ન હોય તો જાઓ ?' પેલા ભાઈ કહે, 'ના, દીકરાને મોકલી દઉં તો સંબંધ સચવાઈ જાય.'

મહાત્માએ પૂછ્યું, 'દીકરાના લગ્ન હોય તો જાઓ?' પેલા ભાઈ કહે, 'હા, જવું જ પડે ને!'

મહાત્મા કહે, 'કેમ ? તમારાં ધર્મપત્નીને મોકલી દો તો ન ચાલે ?' પેલા ભાઈ કહે, 'પણ દીકરો તો મારો પણ કહેવાય ને!'

ત્યારે મહાત્માએ કહ્યું, 'ભગવાન અમને પોતાના પુત્ર માને છે અને અમારી સાથે અતૂટ પ્રેમ હોવાથી તેઓ પોતે પધારે છે.'

મહાત્માના શાંતિપૂર્ણ જવાબથી તેની સાન ઠેકાણે આવી ગઈ. ભગવાનને ભક્તો સાથે એવું અતૂટ હેત હોવાથી તેઓ પોતે સુખ આપવા માટે દોડી આવે છે. કૃપાવશ-કરુણાવશ થઈ ભક્તોના મનોરથ પૂરા કરે છે.

❊ મહારાજે **વચનામૃત વરતાલ-૧૯**માં કહ્યું, **'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી પર વિચરતા હોય છે.'**

❊ અક્ષરધામમાં બિરાજમાન એવા ભગવાન પોતે સં.૧૮૩૭ની સાલમાં છપૈયામાં પ્રગટ થયા, અને પોતાની ગુણાતીત ગુરુપરંપરા દ્વારા આજે પણ આપણને સુખ આપવા માટે પ્રગટ છે.

● **ભગવાનની વિશેષ કૃપા :**

❊ ભગવાન પૃથ્વી પર હંમેશાં પ્રગટ રહે છે તે તો તેમની આપણા પર કૃપા છે જ, પરંતુ તેમની વિશેષ કૃપા એ છે કે તેઓ આપણી સાથે આપણા જેવા થઈને રહે છે, તેથી જ આપણને સુખ આવે છે.

❊ 'હરિલીલામૃત'માં કવિ દલપતરામ કહે છે,

'સ્વજાતિ સાથે સુખ થાય જેવું,
વિજાતિ સાથે નવ થાય તેવું.'

ગૌશાળામાં ગાય અને ગાય ભેગાં રહે, પરંતુ ગાય અને ગધેડું ભેગા ન રહે. પાણી જેવી જડ વસ્તુ પણ પાણી સાથે એકમેક થઈ જાય છે. પાણી અને તેલ ભેગા થાય, છતાં તેલ પાણી ઉપર તરે છે, એકમેક થતાં નથી. તેમ ભગવાન મનુષ્યરૂપે ન આવે તો ભક્તને સુખ ન આવે. તેથી કવિ દલપતરામ આગળ કહે છે,

'જો કોઈ દેવ દર્શાય એમ,
તો ભૂત જાણી ડરી જાય તેમ;
મનુષ્યની સાથે મનુષ્ય થાય,
ત્યારે મનુષ્યે સુખ તો પમાય.'

❊ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અગિયારમા અધ્યાયમાં આ વાતને સમજાવવામાં આવેલી છે. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર અર્જુનની ઇચ્છાથી ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે વિશ્વરૂપ ધારણ કર્યું, ત્યારે ભગવાનનું વિરાટ સ્વરૂપ જોઈ તે ખૂબ વ્યાકુળ થઈ ગયો. ભગવાનનું આવું સ્વરૂપ તે ન જોઈ શક્યો. તેથી તેણે ભગવાનને પ્રાર્થના કરી કે, 'હે દેવ! મને તમારું સૌમ્ય રૂપ જ દેખાડો.' પછી જ્યારે ભગવાને મનુષ્ય સ્વરૂપ ધારણ કર્યું ત્યારે અર્જુનને શાતા વળી.

◎ ભગવાન ભક્તોના મનોરથ પૂરા કરવા માટે ભક્તોની જેમ સ્થૂળભાવ ધારણ કરે છે. અહીં સ્થૂળભાવ એટલે ભારે શરીરવાળું (હૃષ્ટપુષ્ટ) નહીં, પરંતુ બહુ ઝાઝું ન સમજનારની વાત છે. જો ભક્ત ઓછી બુદ્ધિ-શક્તિ ધરાવતો હોય,

તો ભગવાન પણ તેની સાથે તેવી જ રીતે વર્તે છે. તે પંડિતો સાથે પંડિત અને જાડી બુદ્ધિવાળા સાથે તેની જેમ વર્તે છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'હું મારા મોભામાં રહું અને તમે તમારા મોભામાં રહો તો કોઈને સુખ ન આવે.' ભગવાન અને ગુણાતીત સત્પુરુષનું આ ભક્તવત્સલપણું છે કે તેઓ પોતાની અપાર સામર્થી છુપાવી ભક્ત જેવા થઈને રહે છે.

* ભક્તને લાડ લડાવવા તેઓ ભક્તની ઇચ્છાનુસાર પિતાભાવે, પુત્રભાવે, સખાભાવે વર્તે છે.

૧. <u>ભક્ત મનોરથ પૂરણકામ - જનનીરૂપે</u> :

* બોટાદના ભાઈચંદ દોશીના અંતિમ મદવાડમાં શ્રીજીમહારાજ તેમને જોવા પધાર્યા હતા. ભાઈચંદને પોતાના દીકરા ભગા દોશીની ચિંતા હતી, તેથી તેમણે મહારાજને કહ્યું, 'આ ઘરનો હું મોભ હતો તે હવે ચાલ્યો. ભગો તો થાંભલાને ઠેકાણે છે. તે મોભ વગર વરવો લાગશે.' ત્યારે મહારાજે તેમને સાંત્વન આપ્યું, 'ભગો તમારા કરતાં સવાયો થશે અને અમે તેના મોભ બનશું.' મહારાજે ભાઈચંદ શેઠને ઠેઠ સુધી તેમના દીકરા ભગા દોશીની સંભાળ રાખવાનું વચન આપ્યું.

ભગા દોશી મહારાજના પરમ ભક્ત હતા. સત્સંગ માટે તેઓ ખૂબ ઘસાતા અને સેવા કરતા. મહારાજ પણ તેમની અનેક પ્રસંગે સંભાળ રાખતા. એક વાર ભગા દોશી બહુ બીમાર પડ્યા, ત્યારે મહારાજ વરસતા વરસાદમાં ભીને વસ્ત્રે તેમની ખબર કાઢવા ગયા હતા. અન્ય લોકોએ ભગા દોશીની બચવાની આશા છોડી દીધી હતી, ત્યારે મહારાજે પોતે દહીં-સાકરની દવા તૈયાર કરાવી પોતાના હાથે તેમને પિવડાવી. પછી તો તે સંપૂર્ણ સાજા થઈ ગયા.

'જેમ પાળે જનની પુત્રને, બહુ બહુ કરી જતન,
એમ જાળવે નિજ જનને, બહુ ભાવે કરી ભગવન.'

* સન ૧૯૭૬માં પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ગુરુપૂનમનો સમૈયો બોચાસણમાં ધામધૂમથી ઊજવાયો. હરિભક્તો સભા બાદ ગુરુપૂજન કરી સ્વામીબાપાના આશીર્વાદ લેવા હરોળમાં આગળ આવવા લાગ્યા. આજથી જ સ્વામીબાપાએ ધારણાં-પારણાંનું વ્રત શરૂ કરેલું. તેથી નિર્જળા ઉપવાસમાં તેઓએ એક પલાંઠીએ આ લાભ વહેંચ્યો.

સ્વામીબાપા સૌને દર્શન આપી રહેલા ત્યારે વસોના બે આગેવાન હરિભક્તો આવી પહોંચ્યા. સંતોએ તેમને કહ્યું, 'સ્વામીબાપાને સભામાંથી ઊઠતાં સમય લાગશે. ત્યાં સુધી આપ બંને જમી લો. ચાલો, અમે થાળી પીરસી દઈએ.' પરંતુ તે બંનેએ 'હમણાં નહીં, સ્વામી સાથે.' એમ કહી સ્વામીબાપા ભેળા જમવાનો આગ્રહ સેવ્યો.

સ્વામીબાપાને આજ ઉપવાસ છે તે વાતથી સંતોએ તેમને માહિતગાર કર્યા, છતાં 'વાંધો નહીં' એમ કહી તેઓ સ્વામીબાપાના ઓરડા આગળ ઊભા રહ્યા.

સળંગ ત્રણ કલાક સુધી હરિભક્તોને મુલાકાત આપીને સ્વામીબાપા પોતાના નિવાસકક્ષ પાસે પધાર્યા ત્યારે તે બે ભક્તોને જોયા. તેઓ કાંઈ બોલે તે પહેલાં તે બંનેના મુખના ભાવ જોઈ બધું કળી ગયા. સ્વામીબાપાએ તેમને જોતાવેંત પૂછ્યું, 'જમ્યા? ચાલો, જમાડી દઈએ.' એમ કહી તેઓએ સ્વયં ભૂખ્યા પેટે રહી પેલા બંને ભક્તોને થાળી પીરસી જમાડ્યા! સ્વામીબાપાની આવી મમતાની ઝડીઓથી હરિભક્તો હંમેશાં તરબતર રહેતા.

૨. <u>ભક્ત મનોરથ પૂરણકામ - પુત્રભાવે</u> :

* એક વાર વરજાંગ જાળિયામાં હીરાભાઈ ઠક્કરના ઘરે શ્રીજીમહારાજ જમતા હતા, ત્યાં તેમના માતુશ્રીને સંકલ્પ થયો કે આવો દીકરો હોય તો નિત્ય નવરાવીએ ને જમાડીએ. આ અશક્ય સંકલ્પને મહારાજ જાણી ગયા. મહારાજને થયું કે 'મારા જેવો દીકરો ક્યાંથી લાવવો ? હું તો એક જ છું અને આ બાઈને ત્યાં ફરી ક્યાં જન્મ લેવો ? આ જ ફેરે તેનો ભાવ પૂરો કરું.' એમ વિચારીને

રિસાઈને ચળું કરી ઊઠી ગયા. મહારાજ આમ અચાનક ઊભા થઈ ગયા એટલે તેમણે આશ્ચર્ય સાથે પૂછ્યું, 'કેમ આમ એકદમ ઊભા થઈ ગયા?' મહારાજ કહે, 'અમારે અહીં રહેવું નથી.' બાઈએ કારણ પૂછ્યું તો મહારાજ કહે, ''તમે 'આવ દીકરા' કહો તો રહું.'' આ સાંભળી બાઈ તો શરમાઈ ગયાં. મહારાજ તો આગળ ચાલવા માંડ્યા. બીજા હરિભક્તો મહારાજને રોકવા રડતાં-રડતાં પાછળ ગયા, પણ મહારાજે હઠ પકડી કે ''હીરાભાઈનાં મા મને 'આવ દીકરા' કહે તો જ આવું.'' પણ બાઈ (હીરાભાઈનાં મા)ને થયું કે ભગવાનને આવું કેવી રીતે કહેવાય ? મહારાજ તો ગામના સીમાડે પહોંચી ગયા અને સૌને થયું કે હવે મહારાજ નહીં રોકાય. તેથી બાઈએ 'આવ દીકરા' કહ્યું, અને મહારાજ પાછા તેમના ઘરે જઈને રહ્યા અને તેમને પુત્રરૂપે સુખ આપ્યું.

◎ છપૈયામાં બાળપ્રભુના ઘરે એક વાર સગાંવહાલાં આવ્યાં હતાં. બાઈઓ એક ઓરડામાં બેસી પરસ્પર વાતો કરતી હતી. એવામાં ઘનશ્યામ આવીને ભાભીના ખોળામાં બેઠા. બધી સ્ત્રીઓને પ્રભુ છ માસના બાળકરૂપે દેખાણા એટલે સૌ પ્રભુને રમાડવાનો સંકલ્પ કરવા લાગ્યાં. પ્રભુ એ જાણી ગયા અને જેટલી બાઈઓ હતી એટલાં રૂપ ધારણ કર્યાં અને સૌનો રમાડવાનો ભાવ પૂરો કર્યો.

૩. <u>**ભક્ત મનોરથ પૂરણકામ - સખાભાવે**</u> :

❋ ગઢડામાં રતો બશિયો નામે કાઠી હતો, જેને ચિત્તભ્રમ થયેલું અને તે ઝાઝું વિચારી શકતો નહીં. શ્રીજીમહારાજે તેને ભક્ત કર્યો અને અનેકવાર તેની સાથે રમૂજ કરતા. પોતાના ભાઈબંધ જેવો મહારાજ તેને માનતા. મોટા-મોટા પરમહંસોને જેટલો અને જેવો લાભ મહારાજે નહીં આપ્યો હોય તેવો તેને આપેલો. મંદબુદ્ધિવાળા સાથે આપણને ચાલવામાં શરમ આવે, પણ મહારાજ અનેકવાર બજારમાં તેને ખભે હાથ મૂકીને ચાલતા. મહારાજ જમતા હોય અને તેને આવતો જુએ તો પ્રેમથી બોલાવીને જમાડતા. તેને મનમાં કંઈ ઇચ્છા ન હતી, છતાં મહારાજ તેને વારંવાર કહેતા, 'જે ઇચ્છા હોય તે કહેજો. અમે તમારા ભાઈબંધ છીએ.'

◎ ભગવાનને ભક્ત સાથે પ્રીતિ વધારવાની કેવી ઉત્કંઠા રહે છે, તેનું એક દૃષ્ટાંત મહાભારતના આદિપર્વમાં આપ્યું છે. એક દિવસ શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુન યમુનાતટ પર જળવિહાર કરવા ગયા. ત્યાં અગ્નિદેવ બ્રાહ્મણરૂપે તેમની પાસે મદદ માંગવા આવ્યા. અગ્નિદેવ કહે, 'મારે ખાંડવવન બાળવું છે, પરંતુ આ વનમાં તક્ષકનાગ પોતાના પરિવાર અને મિત્રો સાથે રહે છે. તેથી ઇન્દ્ર હંમેશાં આ વનની રક્ષા માટે તત્પર રહે છે. જ્યારે જ્યારે હું વન બાળવા પ્રયત્ન કરું છું, ત્યારે ત્યારે તે મારા પર જળની ધારા વરસાવે છે અને બાળવા દેતો નથી.' શરણાર્થી જાણી કૃષ્ણ-અર્જુને અગ્નિને મદદ કરી અને ખાંડવવન બાળી નાંખ્યું.

ઇન્દ્ર પરાસ્ત થયા છતાં કૃષ્ણ-અર્જુનની શૂરવીરતાથી પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું. ત્યારે અર્જુને તમામ પ્રકારના અસ્ત્ર-શસ્ત્ર માંગ્યા. ઇન્દ્ર કહે, 'તને શિવજીની કૃપાથી ભવિષ્યમાં તે પ્રાપ્ત થશે.' પછી શ્રીકૃષ્ણ ભગવાને માંગ્યું, '**પ્રીતિં પાર્થેન શાશ્વતીમ્ ।**' અર્થાત્ મારી અને અર્જુનની મિત્રતા ક્યારેય તૂટે નહીં અને હંમેશાં વૃદ્ધિ પામતી રહે.

❋ **ગુણાતીતાનંદ સ્વામી**એ **૧/૧૯૬**મી વાતમાં કહ્યું કે, **'આપણે જાણીએ છીએ જે, આપણને ભગવાનમાં હેત છે, પણ આપણા કરતાં તો આપણા ઉપર ભગવાનને ને સાધુને ઝાઝું હેત છે.'** ભક્ત ભલે સ્વભાવ-દોષોથી યુક્ત હોય, છતાં ભગવાન તેની સામે જોતા નથી અને તેને સુખ આપે છે. મહંત સ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે, 'અમેરિકાનો રાષ્ટ્રપતિ મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટીમાં આવીને રહે ? તેમ અનંત કોટી બ્રહ્માંડના ધણી ભગવાન આપણને ઉગારવા

આપણી વચ્ચે આવીને રહ્યા છે, તે તેમની કરુણા છે.'

✻ ૨૦૦૩ની સાલમાં નડિયાદમાં કેટલાક પરદેશના યુવકો પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન માટે આવેલા. તેમાં સંદીપ પટેલ નામના યુવકે સ્વામીબાપાને પોતાનો પ્રશ્ન રજૂ કર્યો, 'મને મૂંઝવણ અને ગભરામણ થાય છે કે આપ તો અક્ષરબ્રહ્મ છો અને હું તો સામાન્ય જીવ. તમારી સાથે કેવી રીતે વાત કરું ?'

ત્યારે સ્વામીબાપાએ તેની મૂંઝવણ ટાળતાં કહ્યું, 'આપણે તો મિત્ર છીએ. ભગવાન અને સંત સાથે વાત કરીએ ત્યારે મિત્રભાવે વાત કરવી. અક્ષરબ્રહ્મ છે અને બહુ મહત્ સ્વરૂપ છે, એવું ન વિચારવું. આત્માના મિત્ર છે, એમ માનીને વાત કરવી.'

સ્વામીબાપા ફક્ત આ વચનો બોલ્યા નથી, પરંતુ તેઓ યુવાનો સાથે તેમની રુચિમાં ભળ્યા છે. તેમને રાજી કર્યા છે.

✻ પ્રમુખસ્વામી મહારાજ સન ૧૯૭૭માં ઈંગ્લેન્ડ પધાર્યા હતા, ત્યારે એક દિવસ વિચરણ દરમ્યાન સાથે ફરતા સુરેન્દ્ર પટેલ નામના યુવકની ઈચ્છાથી તેની નવી સ્પોર્ટસ કારમાં બિરાજ્યા. સ્વામીબાપા પાસે ગાડી પ્રસાદીભૂત કરાવવાનો તેનો મનોરથ પૂર્ણ થતાં તે ખૂબ આનંદમાં હતો. ગાડી ચલાવતાં ચલાવતાં તે સ્વામીબાપાને ગાડીની વિશેષતા જણાવવા લાગ્યો. તેમાં તેણે કહ્યું, ''બાપા! હું ગાડી ચલાવતો રહીશ. આપ 'ગીઅર' બદલો.'' તેની ઈચ્છા પૂરી કરવા સ્વામીબાપા થોડી વાર સુધી તે કહેતો જાય એમ 'ગીઅર' પણ બદલતા ગયા.

સત્પુરુષ આવી રીતે આપણી ઈચ્છાઓ પૂરી કરી તેમની સાથેના અંતરાય દૂર કરે છે. ભક્તનું સત્પુરુષ સાથેનું જોડાણ પણ આ રીતે વિશેષ દૃઢ થતું હોય છે, અને મોક્ષમાર્ગે પ્રગતિ થતી હોય છે.

✻ ૨૦૧૫ની સાલમાં મહંત સ્વામી મહારાજ ન્યૂઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ નામના શહેરમાં પધાર્યા હતા. ત્યાંથી આગળ ક્વીન્સ ટાઉન જવાનું હતું. કેટલાક સંતો-ભક્તો અગાઉથી તૈયારી કરવા ક્વીન્સ ટાઉન પહોંચી પણ ગયા. બીજે દિવસે મહંત સ્વામી મહારાજ અને બાકીના સંતો - ભક્તો પણ ક્વીન્સ ટાઉન જવા એરપોર્ટ પહોંચ્યા. પરંતુ એરપોર્ટ પર જાહેરાત થઈ કે વાતાવરણમાં અચાનક ફેરફાર થવાથી ફ્લાઈટ હવે વાતાવરણનો સુધારો થયા બાદ જ ઊપડશે. ભોજનનો સમય થઈ ગયો હોવાથી એવો નિર્ણય લેવાયો કે સ્વામીશ્રીને ઉતારે લઈ જઈ ભોજન કરાવી દેવું ને ફ્લાઈટનો નવો સમય જાહેર થયા બાદ પરત લઈ આવવા. સ્વામીશ્રી ઉતારે પધાર્યા. પણ પછી સ્વામીશ્રીએ ક્રાઈસ્ટ ચર્ચમાં જ રોકાઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી. પછી વાતાવરણમાં સુધારો પણ થઈ ગયો.

કક્ષમાં વાતાવરણના આ નાટકીય ફેરફારની વાત નીકળી. ત્યારે સ્વામીશ્રી કહે, 'શ્રીજીમહારાજે આ બધું કર્યું. કિશનની ભક્તિને લીધે.' સૌના આશ્ચર્યનો અંત લાવતા સ્વામીશ્રી કહે, 'કિશનનો સંકલ્પ હતો કે હું તેના ઘરે ત્રણ રાત રોકાઉં.' કિશનને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, 'મેં માનસી પૂજામાં સંકલ્પ કર્યો હતો કે સ્વામીશ્રી અહીં ત્રણ રાત્રિનું રોકાણ કરે, પરંતુ કોઈને જણાવ્યું નહોતું.'

સ્વામીશ્રીએ અંતર્યામીપણે કિશનનો આ સંકલ્પ પૂરો કર્યો અને ત્રણ દિવસ તેને ઘેર રોકાઈ તેને રાજી કર્યો.

● **<u>સુખ પામવામાં આપણી ખોટ</u> :**

✻ પ્રગટ ભગવાન આપણને અનેક રીતે સુખ આપે છે. દર્શન, પ્રસાદી, વાતો અને મળવાનું સુખ આપે છે, અનેક પ્રકારે સંભાવના રાખતા હોય છે.

✻ તેના માટે તેઓ પોતે ભીડો વેઠે છે, સહન કરે છે, પોતે ઘસાય છે. આપણી લાયકાત, લૌકિક આવડત કે આધ્યાત્મિકતા કરતાં ઘણું વધુ સુખ

આપે છે, છતાં આપણે કેટલીક વાર ખોટ ખાઈએ છીએ. આપણને એમ લાગ્યા કરે કે સ્વામીશ્રી મને યથાર્થ સુખ આપતા નથી. સ્વામીશ્રી આપણા માટે દસ વાર ઘસાયા હોય તે ધ્યાનમાં ન લઈએ અને જો એકાદ વાર ઇચ્છા પૂરી ન કરે તો દુઃખી થઈ જઈએ, પરંતુ મોટેરા સંતો સામે દૃષ્ટિ રાખીએ તો સુખ પામવાની સાચી રીત શીખવા મળે છે.

❊ પૂ. ત્યાગવલ્લભ સ્વામીને પૂછવામાં આવ્યું કે, 'આપે બ્રહ્મોપનિષદ્ નામના ગ્રંથમાં લખ્યું છે કે પ્રમુખસ્વામી મહારાજે મને ગજા બહારનું આપી દીધું છે, તે ગજા બહારનું સ્વામીબાપાએ શું આપ્યું?' ત્યારે તેઓ કહે, 'મારી લાયકાત કરતાં ઘણું આપી દીધું. આપણે એમના માટે શું કરી શકીએ તેમ છીએ? આપણને યાદ કરે, સેવા આપે તે ગજા બહારનું આપ્યું છે.'

❊ શ્રીજીમહારાજ આ પૃથ્વી પર અવતર્યા અને આપણા માટે જ પ્રગટ રહ્યા છે અને સુખ આપે છે, તો આપણે તેમનો યથાર્થ મહિમા સમજી તેમની સાથે કોઈ પ્રકારનો અંતરાય ન રાખીએ, દૃઢ પ્રીતિ અને જોડાણ કરીએ, એ જ આ વચનામૃતનો મર્મ છે, તે મર્મને આપણે પામી શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : કારિયાણીનું ૯મું : પાડાખારનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૫ પાંચમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહીં, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે; એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ?' પછી એ બે બોલ્યા જે, 'જે એવો હોય તેને સાધુ ન કહેવાય.' પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક ભગવદીયનો હૈયામાં અવગુણ આવતો હોય અને તેણે કરીને તે ભગવાનના ભક્ત ઉપર રીસ ચડતી હોય, તો તે અવગુણ ટાળ્યાનો શો ઉપાય છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહીં અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં. જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, 'આ ગોપીઓની ચરણરજનાં અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં.' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાંને બળદેવજી આગળ અતિ મોટાં ભાગ્યવાળાં કહ્યાં છે. અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.' માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે કારિયાણીનું નવમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

- આશ્રિતોને પરસ્પર આંટી ન પડે તે માટે જાણપણું આપે છે.

- ભક્તોએ પરસ્પર મહિમા સમજવાની વાત દૃઢાવે છે.

● **વચનામૃત મહિમા :**

❊ યોગીજી મહારાજે મુંબઈમાં એક વાર કહેલું, 'આ વચનામૃત સિદ્ધ થાય તો દિવ્યભાવ અખંડ રહે.' ગોંડલમાં પણ આ વચનામૃતનો મહિમા કહેતાં તેઓ બોલ્યા હતા કે 'આ વચનામૃત સાંભળે તો હૈયામાં ટાઢું થઈ જાય.'

● **મથાળાનો મર્મ :**

સંપાદક સંતોએ આ વચનામૃતનું મથાળું 'પાડાખારનું' આપ્યું છે.

વડતાલમાં એક પાર્ષદે પાડાને કોઈક પ્રસંગે સારી પેઠે મારેલો, પછી પાડો આ પાર્ષદને જ્યાં જુએ ત્યાં તેની પાછળ પડે. કાળાંતરે તે પાર્ષદનું અવસાન થયું ને અગ્નિસંસ્કાર વિધિ પણ થઈ ગયો. ત્યારે પેલો પાડો સ્મશાનમાં ગયો ને પાર્ષદના પાર્થિવ શરીરની રાખમાં માથું ભરાવી તે ઉડાડવા માંડ્યો. મરતાં સુધી નહીં, પરંતુ મરી ગયા પછી પણ રીસ ન જાય તે પાડાખાર કહેવાય.

ભક્તોને એકબીજા સાથે આવી રીસ ન થાય તે હેતુથી મહારાજે પાડાખારનું દૃષ્ટાંત આપી ઉપદેશ આપ્યો અને સંપાદકોએ મહારાજના આ ઉપદેશ વચનોનું મથાળું 'પાડાખારનું' રાખ્યું છે.

● **ઇતિહાસ :**

આ મથાળું રાખવા પાછળનો ઇતિહાસ કાંઈક આવો છે. બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં વાસુદેવાનંદ મુનિ લહિયા (લેખક) તરીકે સેવા કરતા, પરંતુ બ્રહ્માનંદ સ્વામી સાથે નહીં બનવાથી તેઓ ત્યાગાશ્રમ છોડી ચાલ્યા જવા તૈયાર થયા. મુક્તાનંદ સ્વામીને આ વાતની જાણ થઈ, એટલે તેમણે વાસુદેવાનંદ મુનિને વાત કરી બ્રહ્માનંદ સ્વામીના ગુણો દેખાડ્યા, પણ તેમના માન્યામાં આવ્યું નહીં. તેઓએ ત્યાગાશ્રમ છોડવાની હઠ પકડી. ત્યારે છેવટે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું, 'તમે ઉદાસીનતા છોડીને અમારી પાસે રહો.' વાસુદેવાનંદ મુનિ મુક્તાનંદ સ્વામીના મંડળમાં ચાલ્યા ગયા. મુક્તાનંદ સ્વામીના સાધુતાભર્યા વલણથી તદ્દન અજાણ, બ્રહ્માનંદ સ્વામી એવું સમજી બેઠા કે મુક્તાનંદ સ્વામીએ મારા મંડળના એક સંતને પોતાના મંડળમાં લઈ લીધો, અને તે વિચારથી તેમને ખોટું લાગ્યું.

રિસાઈને બ્રહ્માનંદ સ્વામી સાત દિવસ સુધી મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા કે પગે લાગવા ગયા નહીં ! અબોલા લઈ લીધા !

શ્રીજીમહારાજને આ વાતની જાણ થઈ એટલે તેઓ સભામાં પ્રશ્ન પૂછે છે.

● **શ્રીજીમહારાજનો પ્રશ્ન :**

મહારાજે ખૂબ સુંદર રીતે પ્રશ્ન પૂછ્યો છે. મહારાજ પૂછે છે, 'જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહીં, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે. એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ?' પ્રશ્નનો જવાબ નિશ્ચિત જ હતો, પણ મહારાજને બ્રહ્માનંદ સ્વામીના મુખે બોલાવવું હતું.

❊ મહારાજે ખૂબ વિવેકથી પ્રશ્ન પૂછ્યો છે, ઠપકો નથી આપ્યો. આપણા મંડળમાં કોઈકની મોટી ભૂલ હોય તો વિવેકથી જવાબદાર વ્યક્તિને જણાવી શકાય. પછી તે જવાબદાર વ્યક્તિ જેની ભૂલ હોય તેનું યોગ્ય રીતે ધ્યાન દોરશે. આપણે પછી ભૂલી જવાનું.

❊ મહંત સ્વામી મહારાજ અનેકવાર વાણીવિવેક બાબતે આપણું ધ્યાન દોરતાં કહે છે કે, 'કોઈને કહેવું પડે તેમ હોય તો ચાર કલમ ધ્યાનમાં રાખીને કહેવું -

૧) વિવેકથી ૨) નમ્રતાથી ૩) પોતાના માનીને અને ૪) તેના જીવનું હિત થાય તે રીતે.'

* આ વચનામૃતમાં જે વાત થઈ છે, તે ફક્ત સંતો માટે નથી. હરિભક્તોને પણ એટલા જ અંશે લાગુ પડે છે. ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૩૩૮મી વાતમાં અંબરીષ, પ્રહ્લાદ ને જનક આદિક ભગવાનના ભક્તોને સાધુ કહ્યા છે.
* યોગીજી મહારાજે રાજકોટથી જગજીવનરામ નામના સદ્‌ગૃહસ્થને પત્રમાં લખ્યું 'સાધુ થવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા.' આ વાતો તો ત્યાગી-ગૃહી સર્વેને સિદ્ધ કરવાની છે, કારણ કે સૌએ અંતે એકાંતિક થવાનું છે.

બ્રહ્માનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામીનો અવગુણ આવ્યો, તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે.

● **<u>મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન</u> :**

* મુક્તાનંદ સ્વામી ઉત્કૃષ્ટ મુમુક્ષુતા ધરાવનારા સંત હતા. તેઓ જાણતા હતા કે મહારાજ અભાવ-અવગુણ વિષે અત્યંત અરુચિ ધરાવે છે. મહારાજે અનેકવાર અભાવ-અવગુણનો નિષેધ કર્યો છે.
* વચનામૃતના પરથારા (પ્રસ્તાવના)માં મહારાજની પ્રકૃતિ લખી છે કે 'પોતાની આગળ કોઈ સાધુનું અથવા હરિભક્તનું કંઈ ઘસાતું બોલે તે સાંભળીને તેની ઉપર પોતે કચવાઈ જાય છે ને તેનો અનાદર કરીને ઠપકો આપે છે.'

મહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ ૩૧**માં કહ્યું, **'અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.'**

◎ એક વાર શ્રીજીમહારાજ જસદણ પધાર્યા હતા. વાસુરખાચરે મહારાજને પ્રસન્ન કરવા જમાડ્યા. પછી પ્રાર્થના કરતાં કહ્યું કે, 'અંતકાળે અમારો હાથ ઝાલજો.' ત્યારે મહારાજ કહે, 'અધર્મી લોકો અમારું તથા અમારા સંત-હરિભક્તનું વાંકું બોલે અને અમારા અવગુણ તમને સંભળાવે તેને તમે જીવતા સુધી સાંભળશો નહીં, એટલો નિયમ રાખજો. તો અમે તમારો ઉદ્ધાર કરીશું. અમારા સંત-હરિભક્તના ગુણ બોલે તેનો અમો ઉદ્ધાર કરીએ છીએ.'

* આમ,અનેકપ્રસંગોએમહારાજેઅભાવ-અવગુણનું ખંડન કર્યું હતું, છતાં જીવની સ્વાભાવિક પ્રકૃતિ છે કે તેને અન્યનો અવગુણ આવે છે. મુક્તાનંદ સ્વામી જીવની આ નિર્બળતાને જાણતા હતા, તેથી તેમણે મહારાજ પાસે અવગુણ ટાળવાનો ઉપાય પૂછ્યો છે.

● **<u>શ્રીજીમહારાજનો ઉત્તર</u> :**

* મહારાજે અભાવ-અવગુણને મૂળમાંથી ઉખેડવાનો અક્સીર ઇલાજ 'ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા' દર્શાવ્યો છે.
* મહારાજે શ્રીમદ્‌ભાગવત ગ્રંથના દશમ સ્કંધના પ્રસંગોનો આધાર લઈને ભગવાનના ભક્તનો મહિમા સમજવાની વાત કરી છે.

શ્રીકૃષ્ણ ભગવાને વ્રજ(વૃંદાવન) છોડ્યાના ઘણા સમય બાદ ઉદ્ધવજીને બોલાવી કહ્યું, 'તમે વ્રજમાં જાવ, ગોપીઓને મારો વિરહ લાગ્યો હશે! તમે જ્ઞાન આપી તેમની મનોવ્યથા દૂર કરો.' ઉદ્ધવજી વૃંદાવનમાં ઘણા મહિના સુધી રોકાયા. તેઓ ગોપીઓનો શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેનો પ્રેમ જોઈ અભિભૂત થઈ ગયા, તેમને ગોપીઓનો અત્યંત મહિમા સમજાયો કે અહીં તો રોમ રોમ કૃષ્ણ છે. અને એટલે જ ઉદ્ધવજીએ વૃંદાવનમાં જ્યાં ગોપીઓની નિત્ય ચરણરજ પડતી રહે છે, એવા લતા, તૃણ અથવા વેલીનો અવતાર માંગી લીધો. પોતે જ્ઞાની હોવા છતાં અભણ ગોપીઓના દાસ થવાનું માંગ્યું. વિદ્વત્તા અને સત્તા હોય એટલે સહજે જ વ્યક્તિમાં ગુરુભાવ આવી જાય, પરંતુ ઉદ્ધવજીએ બેય હોવા છતાં દાસભાવ માંગ્યો.

ફક્ત આ વચનામૃતમાં જ નહીં, પરંતુ અનેક વચનામૃતમાં મહારાજે ઉદ્ધવજીને યાદ કર્યા છે.

* મહંત સ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે,

'શ્રીજીમહારાજ ઉદ્ધવજી પર વારી ગયા છે. ઉદ્ધવજી ભગવાનના ભક્તોનો જે રીતે મહિમા સમજે છે, તેથી મહારાજનો રાજીપો તેમના પર થયો છે.'

ઉદ્ધવજીએ જેવો શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો છે, તેવો રાજીપો આપણે પ્રાપ્ત કરવો હોય તો આપણે પણ આ સત્સંગમાં જોડાયેલા, સત્પુરુષના સંબંધને પામેલા તમામ સંતો-ભક્તોનો મહિમા સમજવો જ પડે. બધા સંતો-ભક્તો મારા કરતાં મોટા છે અને વધુ સમજે છે, હું તો બધાનો દાસ છું અને આ સત્સંગમાં હજુ કાંઈ સમજતો નથી. મહારાજની આપેલી આ સમજણ જીવનમાં દૃઢ થાય તો કોઈ ભક્તનો અવગુણ પણ ન આવે અને કોઈની સૂગ પણ ન ચઢે.

❊ ભગતજી મહારાજ જળઝીલણીનો સમૈયો કરવા ગઢપુર પધાર્યા હતા. અહીં એક દિવસ માના ભગત ભગતજી મહારાજને ઉપદેશ આપવા લાગ્યા કે, 'થોડા દિવસ જીવવું અને આ લોકમાં તમારા બાબુલા શિષ્યોમાં બંધાશો નહીં. વળી, જેટલા શિષ્યો કર્યા છે, તેટલાને ધામમાં લઈ જવા પડશે.' ત્યારે ભગતજી કહે, 'હું તો બધા હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજું છું. બાબુલા કહેવાય જ કેમ? બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય, અને આવા ભગવદી ભેળું તો સ્વામિનારાયણ રાખે તો અનંત જન્મ સુધી રહેવું છે.'

ભગતજી મહારાજ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા. અંતર્યામીપણે પણ તેઓ હરિભક્તોના દોષ-સ્વભાવ જાણતા હતા, છતાં તેમને કોઈના પ્રત્યે સૂગ નહોતી. તેઓ દરેકને બ્રહ્મની મૂર્તિ જ માનતા.

અંગ્રેજીમાં કહેવત છે કે 'Too much familiarity breeds contempt.' અતિ પરિચય ઘૃણા ઉત્પન્ન કરે છે. કેટલીક વાર તેવી નિકટની વ્યક્તિઓ માટે ઘૃણા ન ઊપજે, તો દુર્લક્ષ સેવાય. પછી સહેજે સહેજે અવગુણ આવે. ભેગા રહીને અવગુણ ન લેવો અત્યંત કઠણ છે, પણ ભક્તોનો મહિમા સમજાય તો જ તેમનો અવગુણ ન આવે. ભગતજી મહારાજ આવો મહિમા ભક્તોનો સમજતા હતા.

◎ આફ્રિકાના મગનભાઈ શાસ્ત્રીજી મહારાજના શિષ્ય હતા. તેઓ હરિભક્તોનો ખૂબ મહિમા સમજતા. કોઈનોય અભાવ નહીં. હરિભક્તો આવે તો તેમને દંડવત કરે, ભેટે, પ્રેમથી મળે. આવો ભક્તોનો મહિમા જીવમાં દૃઢ થયો હોય તો કોઈનો અભાવ કે અવગુણ ક્યાંથી આવે ?

❊ અંગ્રેજોના રાજ્ય દરમ્યાન એક વાર મુંબઈના વાઈસરોય જામનગર પધાર્યા. જામનગરના મહારાજા જામસાહેબ એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવા ગયા. પ્લેન આવ્યું અને સીડી ગોઠવાઈ, પણ બન્યું એવું કે બારણું ખૂલતાં જ પહેલાં વાઈસરોય સાહેબનો કૂતરો બહાર આવ્યો. જામસાહેબ આ કૂતરાનું સ્વાગત કરતાં તેને ભેટી પડ્યા. વાઈસરોય સાહેબના સંબંધે કૂતરાનો પણ કેટલો બધો મહિમા! એમ ભગવાનના અને સંતના સંબંધે મહિમા સમજવાની દૃષ્ટિ આવે તો સ્વભાવ સામે નજર ન જાય.

❊ યોગીજી મહારાજ બંધિયામાં રાતના સમયે જાગીને સાથે ફરતા યુવકોને દંડવત્ કરવા લાગ્યા. અચાનક વિનુભાઈ (મહંત સ્વામી મહારાજ)જાગી ગયા અને યોગીબાપાને પૂછ્યું કે, 'બાપા! આપ અત્યારે કોને દંડવત્ કરો છો?' ત્યારે યોગીજી મહારાજ કહે, 'યુવકોને. બધા મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરી ભીડો ખમે, સેવા કરે એટલે હેત આવી ગયું. મહિમા સમજવો પડે ને !' શહેરના રંગે રંગાયેલા આ યુવકોમાં સ્વભાવગત ખામીઓ તો હશે, પણ યોગીજી મહારાજની નજરમાં એ ખામી આવતી નહીં.

◎ એક વાર યોગીજી મહારાજ ગોંડલમાં હતા. સાથે ફરતા યુવક ગુણવંતભાઈ દાણીએ અન્ય એક હરિભક્તની ફરિયાદ કરતાં કહ્યું, 'બાપા ! એ

હરિભક્ત સેવા કરતા નથી ને બીડી પણ પીએ છે.' આ સાંભળી પળનાય વિલંબ વિના યોગીજી મહારાજે પૂછ્યું, 'તમે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં છે?' આવો અણધાર્યો પ્રશ્ન સાંભળી ગુણવંતભાઈને આશ્ચર્ય થયું. એમણે ના પાડી ત્યારે યોગીજી મહારાજે એક નવી જ દૃષ્ટિ આપતાં કહ્યું, 'ગુરુ! એમણે તો શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં છે. એ તમારાથી જૂના છે. તમારે એમનો મહિમા સમજવો જોઈએ. તમે આપણી હારે રહ્યા ને અવયવ ન બદલાય તો શું ગુણ આવ્યા? અભાવ-અવગુણ કોઈનો આવવો ન જોઈએ, તો રજકણ બદલાયા કહેવાય.'

બીજું બધું ભૂલીને કેવળ ભગવાનનો સંબંધ જોવાની આ અલૌકિક દૃષ્ટિ અહીં યોગીજી મહારાજે દર્શાવી છે. દાદાખાચરના દરબારના લીમડા નીચે મહારાજ ત્રીસ વરસ બેઠા તોપણ એ લીમડો કડવો જ રહ્યો છે. આમ છતાં, આપણે એનો મહિમા સમજીને દંડવત્પ્રણામ કરીએ છીએ, કારણ કે તેને મહારાજનો સંબંધ થયો છે. એ જ રીતે ભક્તમાં કોઈ સ્વભાવ રહી ગયો હોય, તોપણ ભગવાનના સંબંધથી એનો મહિમા છે.

* સંબંધનો આ મહિમા એ કેવળ સવળો વિચાર નથી, પણ એ વાસ્તવિકતા છે. ભગવાનના સંબંધને પામીને ખરેખર ભક્તની મોટપ વધી જાય છે. શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા અંત્ય-૨**માં કહ્યું છે કે, **'જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો સંતસભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે જે, સર્વેને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે.'** આપણને આ અલૌકિકપણું દેખાતું નથી, એટલે મહારાજ સમ ખાઈને વાત કરે છે કે આ કોઈ સત્સંગી સામાન્ય નથી. ગોલોક, વૈકુંઠના મુક્તો કરતાં પણ અધિક છે, કારણ કે તેમને સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો પ્રગટ સંબંધ થયો છે.
* નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ'માં કહે છે,
'આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણું પ્રગટિયા કોટિ ઈન્દુ છે.'
(ઈન્દુ=ચંદ્ર)
* એક વાર ગુણાતીતાનંદ સ્વામી વંથળીમાં કલ્યાણભાઈને ત્યાં બિરાજ્યા હતા. એ વખતે ફળિયામાં નાના-છોકરાઓને રમતા જોઈ સ્વામી બોલ્યા કે, 'આ સત્સંગીના છોકરા સામે જોઈએ છીએ તો આગળ જે અવતારો થઈ ગયા એના કરતાં કરોડ-કરોડગણું અધિક દૈવત તો આ સત્સંગીના છોકરામાં દેખાય છે. તો મોટા-મોટા હરિભક્તો, મોટા સંતો અને મહારાજના મહિમાની તો શી વાત કહેવી?'

મહિમાની આ દૃષ્ટિ તે સત્સંગમાં આગળ વધવાની સીડી છે અને તે સત્સંગમાં કેટલા આગળ વધ્યા એની પારાશીશી છે.

* યોગીજી મહારાજે મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજને જે પ્રાર્થના કરી, તે શબ્દો 'યોગીગીતા'માં લખ્યા છે. યોગીજી મહારાજ પ્રાર્થના કરતાં કહે છે, 'હે શાસ્ત્રીજી મહારાજ ! તમારા વિષે જે ભાવના છે તેવી તમારા ભક્તમાં પણ રહે. મનુષ્યભાવ ન આવે. તમે સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ છો, પણ તમારા ભક્તો પણ સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ મનાય તેવા આશીર્વાદ આપજો.' તેઓ તો સિદ્ધપુરુષ હતા, પરંતુ તેમણે આપણને આ રીતે પ્રાર્થના કરતાં શીખવ્યું છે.

યોગીજી મહારાજ કહેતા કે, 'મને નાનામાં નાના સત્સંગીનો અભાવ કોઈ દિવસ આવે નહીં. ઈ દેખાય જ નહીં, દેખાવા દઉં નહીં, બ્રહ્મની મૂર્તિ દેખું, માયિકભાવ આવે નહીં, ચૈતન્યમૂર્તિ સમજું.'

યોગીજી મહારાજ રોજના હજારો જાતના,

ભાતભાતના સ્વભાવવાળા ભક્તોના યોગમાં રહેતા થકા આ ભાવના વ્યક્ત કરે છે. પોતે જંગલમાં એકાંત પકડી નહોતા બેઠા, સંપૂર્ણ ક્રિયાવાન હતા. અનેક વિચિત્ર પ્રકૃતિવાળી વ્યક્તિઓના યોગમાં રહેવા છતાંય તેમને કોઈનો અભાવ નહોતો આવ્યો.

❊ કેટલીક વાર કોઈ વાંક વિના આપણને વઢે-ટોકે, આપણી ફરિયાદ કરે, ત્યારે જે તે વ્યક્તિનો અવગુણ આવે, પરંતુ આપણા ગુરુવર્યોને એવી પરિસ્થિતિમાં પણ કોઈને અવગુણ આવ્યો નથી.

સં.૨૦૦૫ની વસંત પંચમીએ શાસ્ત્રીજી મહારાજના ૮૫મા જન્મજયંતી મહોત્સવે તેઓની ભવ્ય સુવર્ણતુલા કરવાનું આયોજન સંતો-હરિભક્તોએ કરેલું. પણ શાસ્ત્રીજી મહારાજે સુવર્ણ સામે ન બેસવાનું મનોમન નક્કી કરી રાખેલું.

આ જ વખતે સારંગપુરથી અટલાદરા પહોંચેલા નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ) શાસ્ત્રીજી મહારાજને મળવા ઓરડામાં ગયેલા. આ મુલાકાત પછી શાસ્ત્રીજી મહારાજે મોટેરા સંતો-ભક્તોને બોલાવ્યા અને પોતાનો નિર્ણય જાહેર કર્યો કે, 'સુવર્ણતુલામાં હું બેસીશ નહીં.'

સૌના મનોરથ ભાંગી ગયા. આગેવાન હરિભક્તો એવા તારણ પર આવ્યા કે, 'નારણદા'એ આવીને શાસ્ત્રીજી મહારાજને વાત કરી, તેથી આમ થયું છે.' સૌએ નારણ'દાને મીટિંગમાં બોલાવી કડક શબ્દોમાં ખૂબ ઠપકો આપ્યો. તેમનો તો કોઈ વાંક જ નહોતો, છતાં બધું સાંભળી રહ્યા. કશું જ બોલ્યા નહીં.

આ પ્રસંગના સંદર્ભમાં એક વાર સ્વામીબાપાને પૂછવામાં આવેલું કે, 'આપનો કોઈ વાંક નહોતો. તોપણ આપ સામે કેમ કાંઈ બોલ્યા નહીં?' ત્યારે સ્વામીબાપાએ જણાવેલું, 'એ સૌ હરિભક્તો જૂના હતા. શાસ્ત્રીજી મહારાજ માટે સૌએ માથું આપેલું. એ સૌને મને ઠપકો આપવાનો અધિકાર હતો.'

પોતાના વાંક ન હોવા છતાં કોઇ ઠપકો આપી જાય છતાં જે-તે વ્યક્તિનો અવગુણ ન લેવો, પણ તેમનો ગુણ જ લેવો જોઈએ. આ વાત આપણને પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દ્વારા શીખવી છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ દરેક ભક્તનો આવો મહિમા સમજતા. સન ૨૦૦૭માં સ્વામીબાપાને એક પાર્ષદે પૂછ્યું કે 'આપ સૌ ભક્તોને કેવી દૃષ્ટિએ જુઓ છો ? (૧) ગુરુ શિષ્યને જુએ તેમ, (૨) માતા-પિતા બાળકને જુએ તેમ, (૩) મિત્ર મિત્રને જુએ તેમ, (૪) ભગવાન ભક્તને જુએ તેમ.' ત્યારે સ્વામીબાપા કહે, 'બધા અક્ષરધામના મુક્તો છે. આ સંતો, હરિભક્તો, યુવકો, બાળકો બધા જ અક્ષરધામના મુક્તો છે. યોગીબાપા પણ એ જ કહેતા.'

સામાન્ય કેમેરા શરીરના ફોટા પાડે, એક્સ-રેના કેમેરા હાડકાંના ફોટા પાડે અને દિવ્યદૃષ્ટિના કેમેરા દેહ, હાડકાં, કારણદેહની પાર બધાને અક્ષરધામના મુક્ત સ્વરૂપે ફોટા પાડે. શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષો આપણને આ દિવ્યદૃષ્ટિનો કેમેરો હાથવગું કરવાનો બોધ આપે છે.

◎ પ્રમુખસ્વામી મહારાજ ૧૯૭૨ની સાલમાં સોરઠમાં પંચતીર્થમાં હતા. પીપલાણાથી આખા ગામમાં સ્વામીબાપા ગાડીમાં બેસીને પધાર્યા. એ વખતે સાથે ફરનારા યુવકો ઓઝત નદી ઓળંગીને ચાલતા પહોંચી ગયા હતા. સ્વામીબાપાએ આ યુવકોને જોયા ને તરત જ પગે લાગી કહે, 'તમે ચાલતા આવ્યા એટલે તમારું પુણ્ય વધારે કહેવાય.' ક્યાં સત્પુરુષ અને ક્યાં આપણે! આમ છતાં, સત્પુરુષ આપણા સ્વભાવને જોયા વિના આપણને નમે, એ એમની દિવ્ય મહિમાદૃષ્ટિ છે.

◎ મહંત સ્વામી મહારાજે એક વાર ભાવનગરમાં આ વચનામૃત નિરૂપતાં વાત કરી કે, 'ભગવાનના સંબંધે ધૂળ, ઢેફાં વગેરે જડ વસ્તુ પણ દિવ્ય થઈ

જાય, તો ભગવાનનો ભક્ત, જે વર્તમાન પાળતો હોય, ભગવાનની સ્મૃતિ કરતો હોય, તે દિવ્ય કેમ ન થાય ? પણ મહિમાની ખામી છે એટલે દિવ્ય નથી મનાતા. ભક્તોનો મહિમા ન સમજાય તેથી અભાવ-અવગુણ આવે, બધું અવળું પડે અને સત્સંગમાં ધડાધડી થાય.'

❊ પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'વિષ્ટા ફેંદવાથી તો દુર્ગંધ જ આવવાની છે, તેમ અભાવ વગેરેની વાતો વિષ્ટા જેવી છે. માટે મહિમાની જ વાતો કરો.'

❊ આપણને કેટલીક વ્યક્તિની સ્વાભાવિક પ્રકૃતિ જોઈને તેનો અભાવ આવે, પરંતુ મહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ ૨૪**માં કહે છે કે, **'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો-તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે. તો આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'**

❊ મહંત સ્વામી મહારાજને શિકાગોમાં કિશોરોએ એક પગલુછણિયું બતાવ્યું, જેની ઉપર કિશોરોએ પોતાનાં નામ અને પોતાને નડતો દોષ લખ્યો હતો. પછી કિશોરોએ સ્વામીશ્રીને આ પગલુછણિયા પર પગ મૂકી આ દોષોને કચડી નાંખવા વિનંતી કરી. સ્વામીશ્રી તો ના-ના પાડતાં તે પગલુછણિયાને પગે લાગ્યા. સ્વામીશ્રી કિશોરોને નડતા દોષો સામે ન જોતાં, તે કિશોરોનો મહિમા સમજતા હતા.

જો ગુણાતીત સત્પુરુષ ભક્તોનો આવો મહિમા સમજી તેમના દોષો સામે ન જોતા હોય, તો આપણે ભક્તોનો મહિમા કેમ ન સમજી શકીએ ?

મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેમણે બતાવેલા માર્ગે આપણે પણ ચાલી શકીએ અને તેમના સંબંધવાળા ભક્તોનો મહિમા સમજી તેમને અતિશય રાજી કરી શકીએ...

❀ ❀ ❀

૮. વચનામૃત : કારિયાણી-૧૧ : પ્રેમના લક્ષણનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત કારિયાણીનું ૧૧મું : પ્રેમના લક્ષણનું...

સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ રાત્રિને સમે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી અને પીળાં ને રાતાં જે ગુલદાવદીનાં પુષ્પ તેના હાર પહેર્યા હતા અને પાઘમાં પીળાં પુષ્પના તોરા લટકતા હતા અને પોતાની આગળ બે કોરે બે વાળંદ મશાલ લઈને ઊભા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજને સચ્ચિદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને વિષે પ્રીતિ હોય તેનાં શાં લક્ષણ છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહીં એ પ્રીતિનું લક્ષણ છે. જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ

હતી, તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનનાં નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહીં, ત્યારે સર્વે ડરીને છેટે રહિયો અને અંતરમાં એમ બીનિયો જે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહીં રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જશે,' એમ વિચારીને કાંઈ કહી શકિયો નહીં. પછી ભગવાન મથુરા પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તો પણ ગોપીઓ કોઈ દિવસ મરજી લોપીને દર્શને ગઈ નહીં; અને ગોપીઓએ એમ જાણ્યું જે, 'ભગવાનની મરજી વિના જો આપણે મથુરા જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે.' માટે હેતનું એ જ રૂપ છે જે, 'જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે.' અને જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહીં એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહીં અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું, પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહીં. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે કારિયાણીનું ૧૧મું વચનામૃત થયું.

● ભગવાનમાં પ્રીતિનું મહત્ત્વ :

❊ સત્સંગિજીવનમાં કહ્યું છે,

બહુજનુર્ભ્રમણોત્તરલમ્ભિતાં,
નરતનું સમવાપ્ય સુરેપ્સિતામ્ ।
મતિમતામિદમેવ મતેઃ ફલં,
વિષયતો વિરતિશ્ચ હરૌ રતિઃ ॥

અર્થાત્ અનેક જન્મમાં ભટક્યા પછી મળતું, અને દેવો પણ જેની ઈચ્છા રાખે છે, એવું માનવશરીર પામીને બુદ્ધિશાળી મનુષ્યોની બુદ્ધિની સાર્થકતા એમાં જ છે કે, જગતના વિષયભોગથી પ્રીતિ તૂટે અને ભગવાનમાં પ્રીતિ થાય.

❊ કારણ કે, આ લોકની પ્રીતિ બંધનકારી છે, દુ:ખકારી છે. એક કવિએ લૌકિક પ્રેમની વાસ્તવિક્તા દર્શાવતાં કહ્યું છે,

જગત તુજ કંઠમાં મૂકે મીઠાઈ જો કદી પ્રેમે,
ગળીશ ના કેમ કે તેમાં વિષમ વિષ મેળવેલું છે.

જગતનો પ્રેમ મીઠો લાગે, પરંતુ તેમાં એવું વિષમ વિષ હોય છે કે, તે આપણને કલ્યાણના માર્ગેથી ભ્રષ્ટ કરી દે છે.

❊ યોગીજી મહારાજ આ સંદર્ભમાં એક વાત કહેતા : કાંધી ગામના બે ભાઈઓ હતા. તેમાં મોટો ભાઈ મુક્તરાજ હતો. નાનો ભાઈ સામાન્ય સત્સંગી હતો. મોટા ભાઈને નાના ભાઈમાં ઘણું હેત. પછી નાનો ભાઈ મરી ગયો પણ વાસનાએ કરીને ભૂતયોનિને પામ્યો. પછી થોડા વરસે મોટા ભાઈને પણ ધામમાં જવાનો વખત આવ્યો. મહારાજ અને સંતો તેને વિમાન લઈ તેડવા આવ્યા. તેણે બધાને કહ્યું, 'મને મહારાજ તેડવા આવ્યા છે ને હું અક્ષરધામમાં જાઉં છું.' મહારાજ એને વિમાનમાં બેસાડી લઈ જતા હતા, પણ નાનો ભાઈ જે ભૂત થયેલો તે રસ્તામાં ઊભો રહ્યો. મોટા ભાઈને નાના ભાઈમાં હેત. તેથી વિમાનમાંથી નાના ભાઈ સામું જોયું. તરત જ મહારાજે એને વિમાનમાંથી ઉતારી મૂક્યો. પછી તો બેય ભૂત થયા. બીજે દી સવારે આ મોટા ભાઈ કો'કમાં રહીને બોલ્યો. બધાને નવાઈ લાગી. કહ્યું કે 'તમે તો અક્ષરધામમાં જતા હતા ને ?'

'હા, પણ મને નાના ભાઈમાં હેત, તેથી મહારાજે મને વિમાનમાંથી ઉતારી મૂક્યો. પણ અમે તમને

કનડશું નહીં. ઘેર સંત આવે તો રસોઈ દ્યો, ત્યારે આ ગોખલામાં અમારા માટે પ્રસાદીના બે લાડવા મૂકજો.' પછી જૂનાગઢથી બાલમુકુંદ સ્વામી અને કૃષ્ણચરણ સ્વામી કાંધી ગયા. બધાએ આ બે ભાઈ ભૂત થયા છે તે વાત કરી. પછી સ્વામીએ ગોખલામાં વર્તમાન ધરાવી પાણી છાટ્યું અને કહ્યું, 'જાવ બદરિકાશ્રમમાં તપ કરવા. બીજે જન્મે સત્સંગમાં આવજો.' જગતમાં પ્રીતિ હતી તો ફેરો ખાવો પડ્યો.

❊ આ લોકનું હેત મોક્ષમાં વિઘ્ન કરે. આધ્યાત્મિક પ્રેમ માણસનું પરિવર્તન કરી તેને કલ્યાણને માર્ગે દોરે છે.

યોગીજી મહારાજની સાથે રજાઓમાં યુવકો ફરતા. યોગી મહારાજ તેમને સાધુ થવાનું કહે. યુવકો કહે, 'બાપા, અમારામાં ત્યાગ-વૈરાગ્ય નથી. અમે શું ત્યાગી થઈએ ?! યોગી મહારાજ કહે, 'તમારામાં બધું જ છે. તમને દેખાતું નથી, મને દેખાય છે. માટે અમારા વચને સાધુ થાવ. જાવ તમને માયા નહિ નડે. લ્યો થાપો.' અને યોગીજી મહારાજના પ્રેમમાં યુવકો સગાં-સ્નેહીઓના સ્નેહ છોડી ત્યાગાશ્રમમાં ઝંપલાવતા. યોગીજી મહારાજમાં અનંત માતાઓ કરતાં વિશેષ પ્રેમનો અનુભવ તેઓ કરતા. ક્ષ-કિરણો કરતાં યોગી મહારાજનાં પ્રેમ-કિરણોની ઊંડી અસર થતી. હૃદયની ગાંઠો ઓગાળી દે એવાં એ કિરણ હતા.

❊ આધ્યાત્મિક માર્ગે અનેકવિધ સાધનાઓ છે, પરંતુ તેમાં પ્રેમલક્ષણા ભક્તિનો ખૂબ મહિમા ગવાયો છે. શ્રીજીમહારાજ અંત્યના ૧૪મા વચનામૃતમાં કહે છે : 'જેનું હેતે કરીને ભગવાનમાં મન જોડાયું તે શ્રેષ્ઠ છે. આવું ભગવાનને વિષે હેત થાય તે ખૂબ જ મોટી વાત છે.'

❊ મુક્તાનંદ સ્વામી તેમના એક પદમાં જણાવે છે,

પ્રેમની આગળ સાધન સર્વે,
રવિ આગળ જેમ તારા રે;
મુક્તાનંદ કહે પ્રેમનો મારગ,
પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે.

❊ સૂર્યના પ્રકાશ આગળ જેમ તારાઓનો પ્રકાશ ઝાંખો છે તેમ પ્રેમ ભક્તિની આગળ તમામ સાધનો ઝાંખાં પડી જાય છે. પ્રેમી ભક્તો ભગવાનને વહાલા છે.

❊ નારદપુરાણમાં શુકદેવજીની કથા આવે છે. શુકજી આત્મનિષ્ઠ હતા. જ્ઞાની હતા. તેઓ વેદોનું અધ્યયન કરતા. એક દિવસ સનત્કુમાર તેમની પાસે આવ્યા. બંને વચ્ચે આત્મજ્ઞાન વિષયક ચર્ચા થઈ. તેનો સાર પામવા શુકજી વૈકુંઠ ધામમાં ભગવાન વિષ્ણુ પાસે ગયા. ત્યારે ભગવાને સ્વયં તેમને આજ્ઞા આપી કે, 'આપના પિતા ભાગવત્ નામે ભગવાનમાં પ્રેમલક્ષણા ભક્તિનો ગ્રંથ રચશે. આપ તે શાસ્ત્રનું અધ્યયન કરો. ભગવાનમાં પ્રીતિ કરો.' પછી શુકદેવજી પોતાના પિતા વ્યાસજી પાસે આવ્યા અને શ્રીમદ્ભાગવત્નું અધ્યયન કર્યું.

❊ ભગવાન પ્રત્યેના પ્રેમનો આવો અદ્ભુત મહિમા છે. એ પ્રેમ એટલે શું ? પ્રિયતમની પાછળ આકળો-આકળો થઈ જાય, મિલન થાય એટલે ઉમળકો બતાવે, વિરહ થાય એટલે વ્યાકુળ થઈ જાય, પાગલ થઈ જાય, કશું જ સૂઝે નહીં. સામાન્યતઃ આ બધાં પ્રેમનાં લક્ષણો ગણાય છે. આ બધાં પ્રેમનાં લક્ષણો છે જ પણ બાહ્ય લક્ષણો છે.

❊ અહીં જેનો લાભ અને મહિમા બતાવ્યો છે તે આવી બાહ્ય પ્રીતિની વાત નથી. મુક્તાનંદ સ્વામી કહે છે,

સતી શૂરકું સુગમ હૈ, એક ઘરી કો કામ,
મુક્ત અંગીઠી પ્રેમ કી, જરત હૈ આઠો જામ.

પ્રેમ લક્ષણા ભક્તિ કો, જાનત વીરલા કોય
મુક્ત કલુષતા ક્યું રહે, જા ઘટ યહ નિધિ હોય.

(ઘરી = ઘડી, અંગીઠી = સગડી)

❊ મુક્તાનંદ સ્વામી અહીં કહે છે, 'સતી અને શૂરવીરને તો એક વાર પ્રાણ ત્યાગ કરવાનો છે. એ તો એક ઘડીનું કામ છે, પણ પ્રેમલક્ષણા ભક્તિ તો સગડી જેવી છે. એમાં તો સતત સળગતા રહેવાનું છે, એટલે કો'ક જ વિરલા આવી કઠિન પ્રેમલક્ષણા ભક્તિનો ખજાનો પ્રાપ્ત કરી શકે છે.

❊ આપણે તો માની લઈએ કે મને ભગવાનમાં પ્રીતિ

છે, પરંતુ ભગવાનની દૃષ્ટિએ પ્રીતિનું લક્ષણ શું છે ? તે જાણવું જરૂરી છે. એટલે સચ્ચિદાનંદ સ્વામી અહીં શ્રીજીમહારાજને પ્રીતિનાં લક્ષણો પૂછે છે.

● **સચ્ચિદાનંદ સ્વામીની પ્રીતિ :**

❊ પ્રશ્ન પૂછનાર સચ્ચિદાનંદ સ્વામીનું પ્રીતિનું અંગ હતું. તેઓને શ્રીજીમહારાજમાં અપાર સ્નેહ હતો.

❊ પૂર્વાશ્રમમાં તેઓ જામનગર પાસે મોડા ગામના વતની હતા. તેઓ રાજપૂત હતા. તેમનું નામ દાજીભાઈ હતું. શ્રીજીમહારાજનાં પ્રથમ દર્શને જ તેમને મહારાજમાં પ્રીતિ થઈ ગઈ હતી. અને સાધુ થવાનો દૃઢ સંકલ્પ કરી દીધો હતો, પરંતુ ઘરેથી માતા-પિતાની સંમતિ ન મળી. તેમણે યુક્તિ કરી. ઘરમાં ઓરડાની અંદર કૂવો ખોદવાનું શરૂ કર્યું. બધાએ રોક્યા તો કહે, 'મારા જેવો દીકરો ઘરમાં હોય અને મારી માતા ભાગોળે પાણી ભરવા જાય એ કેમ બને ?' બધાંએ બહુ સમજાવ્યા પણ તેમણે સાધુ થવાની રઢ ન મૂકી. છેવટે શ્રીજીમહારાજે દિવ્ય દેહે આવી તેમનાં માતા-પિતાને સમજાવ્યા અને તેમને સાધુ કરી સચ્ચિદાનંદ સ્વામી નામ પાડ્યું.

❊ તેઓને શ્રીજીમહારાજમાં અપાર સ્નેહ હતો તેથી અખંડ શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ કર્યા કરતા. જો ક્યારેક કોઈક પ્રવૃત્તિને કારણે સ્મૃતિ ન થાય તો તેમના શરીરે લોહીનાં ટશિયા ફૂટતાં. વળી, શ્રીજીમહારાજ ગઢપુરમાં પ્રત્યક્ષ વિરાજતા હોય તો તેમનાં દર્શન એકતાન થઈ કરતા. તેઓ રાધાવાડીએથી દરરોજ તાજાં ફૂલો ચૂંટી લાવતા. તેમાંથી શ્રીજીમહારાજ માટે ફૂલનો હાર, ગજરા, તોરા વગેરે પ્રેમથી ગૂંથી લાવતા અને શ્રીજીમહારાજને ધરાવતો અને જ્યારે શ્રીજીમહારાજ વિદાય થાય ત્યારે પણ તેઓ વિરહ સહી શકતા નહીં અને મૂર્છિત થઈ જતા.

❊ એક વાર પીઠવડી ગામના ભક્તો બળતણ માટેનાં લાકડાંનાં ગાડાં ભરીને ગઢપુર લઈ આવ્યા. તે વખતે શિયાળો હતો અને સંતોને તાપવા માટે બળતણની જરૂર હતી. તેથી શ્રીજીમહારાજ એ ભક્તો પર રાજી થયા. તેમને ભેટ્યા, છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને પોતાના થાળની પ્રસાદી આપી. આ ભક્તો ખૂબ આનંદિત થયા. તેમણે આ વાત સચ્ચિદાનંદ સ્વામીને કહી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું, 'તમને મહારાજે જેટલું સુખ આપ્યું એટલું મને ન આપે, પણ ફક્ત એમ જ બોલે કે 'આવ્ય સચ્ચિદાનંદ' તોય મહારાજ માટે આકાશ-પાતાળ એક કરી નાખું ! મારું હૈયું હાથ ન રહે !'

આવું અપાર હેત તેમને શ્રીજીમહારાજમાં હતું. છતાં તેઓ તેનાથી સંતોષ નથી માનતા અને પોતાની પ્રીતિને વધુ દૃઢ બનાવવા ઇચ્છે છે. આગળ વધવા ઇચ્છે છે. એટલે તેઓ પ્રીતિનાં લક્ષણો પૂછે છે.

❊ અહીં શ્રીજીમહારાજ ગોપીઓની કથાને આધારે પ્રેમનું લક્ષણ દર્શાવે છે કે...'જેને પોતાના પ્રિયતમ જે ભગવાનને વિશે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહિ. એ પ્રીતિનું લક્ષણ છે.'

● **ગોપીઓની ભગવાનમાં પ્રીતિ :**

❊ અહીં શ્રીજીમહારાજ ગોપીઓની પ્રીતિનું ઉદાહરણ આપે છે, તે પ્રસંગ શ્રીમદ્ ભાગવતમાં આવે છે. ગોપીઓને ભગવાન શ્રીકૃષ્ણમાં અપાર સ્નેહ હતો. એક દિવસ અક્રૂરજી શ્રીકૃષ્ણને મથુરા લઈ જવા માટે ગોકુળ આવ્યા. રાત્રે નંદબાબાએ સમગ્ર ગોકુળમાં ઢંઢેરો પિટાવ્યો કે, કાલે શ્રીકૃષ્ણ અને બલરામ મથુરા જશે. ત્યાંના ઉત્સવમાં ભાગ લેવા નગરજનો પણ જઈ શકશે. ગોપીઓએ આ વાત સાંભળી. આખી રાત તેઓએ શ્રીકૃષ્ણની લીલાઓનું સ્મરણ કર્યું. અને અત્યંત દુઃખ સાથે વિલાપ કર્યો કે આપણા પ્રાણ શ્રીકૃષ્ણ છે. તેમના વિના આપણે કેવી રીતે જીવી શકીશું ? અને કલ્પાંત કરતાં કરતાં ગોપીઓ નક્કી કરે છે કે આપણે આપણા પ્રાણપ્રિય માધવને રોકી લઈશું. આપણાં વડીલો, સગાં સ્નેહીઓની પરવા કર્યા વિના આપણે શ્રીકૃષ્ણને માર્ગે આડાં સૂઈ જઈશું.

એક ભક્ત કવિએ ગોપીઓના આ સંકલ્પને વર્ણન

કરતાં ભક્તિપદમાં લખ્યું છે,

દેહ તજૌ, ગેહ તજૌ, નેહ કહો કૈસે તજૌ
ઘર તજૌ, બન તજૌ, કાહુ પૈ ન લજિહૌ
કહૈયા-સુનૈયા તજૌ, બાપ ઔર ભૈયા તજૌ
દૈયા ! તજો મૈયા, પૈ કન્હૈયા નાહિ તજિહૌ.

અમે ઘર, ગામ, માતા, પિતા, ભાઈ, લોકોના મેણાં-ટોણાં અરે ! અમારો દેહ પણ છોડી દઈશું પણ કનૈયાને નહીં છોડીએ. તેને નહીં જવા દઈએ.

આવો દૃઢ સંકલ્પ કરીને ગોપીઓ સવારે નંદબાબાના ઘર પાસે આવી. શ્રીકૃષ્ણ પ્રભુ અક્રૂરજીના રથ પર ચડીને જવાની તૈયારી કરી રહ્યા હતા. ગોપીઓએ પ્રભુની સામે જોયું અને શ્રીકૃષ્ણની આંખોમાં જોઈને એમની મરજી પામી ગઈ કે પ્રિયતમની ગોકુળમાં રોકાવાની મરજી નથી. સૌએ વિચાર્યું કે જો ભગવાનની મરજી નથી અને આપણે આગ્રહથી રોકીશું તો ભગવાન કુરાજી થશે. એમ વિચારીને ગોપીઓ ભગવાનની નજીક પણ ન ગઈ ! ભગવાન પણ ગોપીઓને મળ્યા નહીં અને એક સેવકને મોકલીને તેમને સાંત્વનાનો સંદેશો મોકલાવ્યો કે, 'હું તમને ભવિષ્યમાં મળીશ.' પોતાના પ્રિયતમ ભગવાનનો વિરહ સહન કરવો દુ:સહ્ય હતો. છતાં ગોપીઓએ ભગવાનની મરજી લોપીને ભગવાનને રોક્યા નહિ.

એટલું જ નહિ, ગોકુળથી ત્રણ જ ગાઉ દૂર મથુરા હતું તો પણ ભગવાનની મરજી લોપીને દર્શને ગઈ નહીં, એમાં પણ એવો વિચાર કે ભગવાને આપણને કહેવડાવ્યું છે કે, 'હું તમને ભવિષ્યમાં મળીશ.' એટલે તેઓ જ્યારે આપણને આજ્ઞા કરે ત્યારે જ મળવું. જો તેમની મરજી લોપીને આપણે સામેથી મળવા જઈશું તો ભગવાનને આપણા ઉપરથી હેત ટળી જશે !'

આમ, ગોપીઓના પ્રેમમાં ભગવાનની મરજી પ્રમાણે રહેવાની તૈયારી છે અને એ જ સાચા પ્રેમનું લક્ષણ છે. એમ શ્રીજીમહારાજ કહે છે.

● **પ્રિયતમની આજ્ઞા અને મરજીનું પાલન :**

❊ લૌકિક માર્ગ હોય કે આધ્યાત્મિક માર્ગ હોય સાચી પ્રીતિનું લક્ષણ એ જ છે કે પ્રિયતમની મરજીને લોપે નહીં અને એની આજ્ઞા તથા મરજી પ્રમાણે રહે.

❊ ગાંધીજી વિલાયત ભણવા માટે ગયા ત્યારે તેમનાં માતાએ તેમની પાસે માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. વિલાયત જતાં સ્ટીમરમાં એક અંગ્રેજે ગાંધીજીની આ વાત સાંભળી હસતાં-હસતાં કહ્યું, 'ઇંગ્લેન્ડમાં તો એટલી ઠંડી પડે છે કે માંસ વિના ન જ ચાલે.' ત્યારે ગાંધીજીએ તેને કહેલું, 'મેં મારાં માતાને વચન આપેલું છે તેથી હું પાછો હિન્દુસ્તાન જઈશ પણ માંસ તો નહિ જ લઉં !' લંડન પહોંચ્યા પછી તેઓ જે મિત્રને ત્યાં રહેતા. તે માંસાહાર કરે તેથી ગાંધીજી માટે જુદું જમવાનું બનાવવું પડે. તે ભોજન સ્વાદિષ્ટ ન બને. એ દિવસોનું વર્ણન કરતાં ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે કે, 'લંડનમાં દેશ ખૂબ યાદ આવે. માંસાહાર સિવાયનો ખાઈ શકાય તેવો ખોરાક લૂખો અને રસ વિનાનો લાગે. રાત પડે એટલે રડવાનું શરૂ થાય.' આવી પરિસ્થિતિમાં પોતે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહેવાનું બળ કેવી રીતે મેળવી શક્યા તે જણાવતાં તેઓ લખે છે, 'માતાનો પ્રેમ મૂર્તિમંત થાય !'

આમ, માતાના પ્રેમના કવચે ગાંધીજીની વિલાયતમાં રક્ષા કરી હતી !

❊ જેના પ્રત્યે પ્રેમ હોય તેની આજ્ઞા લોપી ન શકાય. આ સાચી પ્રીતિનું લક્ષણ છે.

❊ શ્રી રામચંદ્ર ભગવાને લોકાપવાદને કારણે સીતાજીનો ત્યાગ કર્યો. લક્ષ્મણજી સીતાજીને વનમાં મૂકીને પાછા ફરતા હતા ત્યારે સીતાજીએ તેમને કહ્યું, 'રામચંદ્રજીને કહેજો કે મારા માટે પતિ, દેવતા, ગુરુ અને સર્વસ્વ આપ જ છો. આથી પ્રાણની બાજી લગાવીને આપની મરજી પ્રમાણે જ મારે રહેવું છે અને આપ રાજી થાઓ એમ જ મારે કરવું છે.'

❊ સીતાજીને રામચંદ્રજી પ્રત્યે પ્રેમ હતો તો તેઓ ભગવાનની મરજી પ્રમાણે જ રહ્યા. ક્યારેય ભગવાનની મરજી લોપી નહીં.

❋ મહાભારતમાં એક પ્રસંગ આવે છે. પાંડવો વનવાસમાં હતા ત્યારે શ્રીકૃષ્ણભગવાન તેઓને આશ્વાસન આપવા માટે આવ્યા. તે વખતે શ્રીકૃષ્ણનાં પટરાણી સત્યભામા અને દ્રોપદી એકલાં પડ્યાં. સત્યભામાએ દ્રોપદીને પૂછ્યું કે, 'તમારા પતિઓ શૂરવીર અને બળવાન છે, છતાં તેઓ તમારા કહ્યામાં રહે છે. તેનું શું કારણ છે ? તમે કોઈ મંત્ર તંત્રનો પ્રયોગ જાણો છો કે તમે કોઈ વ્રત તપ કરો છો ? મને પણ તે ઉપાય બતાવો જેથી શ્રીકૃષ્ણ અમને વશ રહે.' દ્રોપદીજીએ તેઓને કહ્યું, 'આપ શ્રીકૃષ્ણની પટરાણી થઈ આ શું કહો છો ? સતી સ્ત્રી તો જંત્ર મંત્રથી દૂર જ રહે છે. પતિને વશ કરવા કોઈ યુક્તિની આવશ્યક્તા નથી. હું મારા પતિઓને પ્રેમ કરું છું. હું પાંચેયને વશ થાઉં છું અને તેઓ કહે તેમ કરું છું તેથી તેઓ મને વશ થયા છે.' સત્યભામાને સાચા પ્રેમનું રહસ્ય સમજાઈ ગયું.

જ્યાં સાચો પ્રેમ છે ત્યાં કોઈ બાહ્ય દેખાવ કે આડંબર નહીં, પરંતુ પ્રિયતમની મરજીમાં રહેવાની સંપૂર્ણ તૈયારી હોય છે.

❋ કૃપાનંદ સ્વામીને પણ શ્રીજીમહારાજ વિષે એવો જ પ્રેમ હતો. જો મહારાજનો વિરહ થાય તો તેમના શરીરે લોહીના ટશિયા ફૂટતા. તેઓ મરજીપાલનમાં એટલા જ દઢ હતા કે જો ભગવાનની આજ્ઞા લોપાય તો ગળામાં ઊની કોશ ઘાલે એટલી પીડા થાય એવો એમનો ઠરાવ હતો. એટલે તેઓ ક્યારેય શ્રીજીમહારાજને કહેતા નહોતા કે મને આપની ભેગા રાખો અને ક્યારેય આજ્ઞા વિના શ્રીજીમહારાજનાં દર્શને ન જતા. એક વાર ગુણાતીતાનંદ સ્વામીએ કૃપાનંદ સ્વામીને કહ્યું કે, આપને શ્રીજીમહારાજના વિયોગમાં આટલું દુઃખ થાય છે, તો આપ નાજા જોગિયા પાસે શ્રીજીમહારાજને કહેવડાવો કે તમને પાસે રાખે. ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું, 'શ્રીજીમહારાજ તો અંતર્યામી છે. તે તો મારું દુઃખ જાણે છે. જો એમની મરજી હશે તો મને પાસે રાખશે પણ જો હું સામેથી કહેવડાવું તો મહારાજની મરજી વિરુદ્ધ વર્ત્યો કહેવાઉં. મહારાજને અંતર્યામી જાણ્યા ન કહેવાય. આવા કુસંગી મારે નથી થવું.'

શ્રીજીમહારાજની મરજી પ્રમાણે જ રહેવાનો કેટલો દઢાવ !

❋ એક વાર પ્રિયતમ ભગવાનની મરજી જાણી લીધી હોય કે તેમને આ ગમે છે અને આ નથી ગમતું. પછી પ્રીતિવાળો ભક્ત ક્યારેય મરજી લોપે નહીં. ભગવાનની મરજી પ્રમાણે જ વર્તે. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને મરજી પ્રમાણે નિયમ-ધર્મનું દઢતાથી પાલન કરી શકાય તે સાચી પ્રીતિ કહેવાય.

❋ સન ૨૦૦૫માં વલ્લભ વિદ્યાનગર છાત્રાલયમાં ચતુર્થદશાબ્દી મહોત્સવ ઉપક્રમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન હતું. તા. ૬/૩/૦૬ના દિવસે પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના છાત્રાલય નિવાસની સ્મૃતિ કરી રહ્યા હતા. ત્યારે મુકેશ થાનકી નામનો એક યુવક સ્વરચિત કવિતા રજૂ કરવા લાગ્યો કે,

દિલને ગમી જાય સ્વામી એવા છે,
ને દિલ લઈ જાય સ્વામી એવા છે.
સ્વામી કહે કે આપણે નથી માયાના,
ને માયા લગાડી જાય સ્વામી એવા છે.

તે આગળ બોલે તે પહેલાં જ સ્વામીશ્રીએ તેને રોક્યો અને કહ્યું, 'તને ક્યાં માયા લાગી છે ? જ્યારથી આવ્યો છે ત્યારથી એવોને એવો છે. તારામાં સહેજ પણ ફેરફાર થયો નથી.' તે યુવક કહે, 'બાપા! તમે પણ એવાને એવા જ છો અને અમે પણ એવા ને એવા જ છીએ ! પણ સ્વામી અમે તમારા છીએ !'

સ્વામીશ્રી કહે, 'આમ, સ્વામી...સ્વામી...કરે પણ નિયમ-ધર્મ તો પાળતો નથી. પૂજા, તિલક-ચાંદલો કરતો નથી. જો એ બધું આવે તો તારો પ્રેમ સાચો નહિ તો ખોટો ! પેલો યુવક કહે, 'રોજ ઊઠીને તમને યાદ કરું છું.' સ્વામીશ્રી ઠપકાના સૂરમાં તેને કહે, 'અહીં ભણતો ત્યારે તને જે લાભ આપ્યો' જે હેત કર્યું તે બધું તે ધોઈ નાંખ્યું ! કશું જ રહ્યું નહીં.' વળી તે કહે, 'સ્વામી ! ગમે તેવા તોય તમારા છીએ !'

સ્વામીશ્રી કહે, 'ચેલા તેરા, પણ કહ્યા નહિ કરુંગા એનો શો અર્થ ?'

આમ, સ્વામીશ્રીએ સાચી પ્રીતિનાં લક્ષણ સમજાવ્યાં. સત્પુરુષની મરજી પ્રમાણે નિયમ-ધર્મયુક્ત જીવન બને તે જ તેમના પ્રત્યે સાચી પ્રીતિ કહેવાય.

● **પ્રિયતમને રાજી કરવાનો વિચાર રહે :**

❊ અહીં શ્રીજીમહારાજ પ્રીતિના આ લક્ષણની વિશેષ છણાવટ કરતાં કહે છે કે, પોતાના પ્રિયતમ જેમ રાજી રહે તેમ જ પોતે કરે.

❊ લૌકિક માર્ગે પણ જ્યાં સાચો પ્રેમ છે, ત્યાં પ્રિયતમ રાજી રહે તે માટે પ્રિયતમને ન ગમતું હોય તે ન કરે અને તેને ગમતું હોય તે જ કરે.

❊ જિમિ કાર્ટર (Jimmy Carter) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હતા તેમણે નેવીમાં તાલીમ લીધી હોવાથી સમયની પાબંધીનું ખૂબ ચુસ્તપણે પાલન કરતા, પરંતુ તેમની પત્ની રોઝલીન સ્મિથ (Rosalynn Smith) આ બાબતે એટલી સજાગ ન હતી. તેથી બંને વચ્ચે આ બાબતે હંમેશાં ખટરાગ રહ્યા કરે. લગ્ન પછી ૩૮ વર્ષ સુધી આમ ચાલ્યું. એક વાર ૧૮ ઑગસ્ટ, ૧૯૯૯ના દિવસે જિમિને કોઈ જગ્યાએ પ્રવચન કરવા જવાનું હતું. તેની તૈયારી કરવા તે વહેલા ઊઠ્યા. તારીખ જોતાં જ તેમને યાદ આવ્યું કે આજે તેની પત્નીનો જન્મદિન છે. તેણે વિચાર્યું, 'શું ભેટ આપવી ?' તેણે પત્નીને એક ચિઠ્ઠી લખી જેમાં લખ્યું કે, 'જન્મદિનના અભિનંદન. હું તને ખૂબ ચાહું છું. મને ખ્યાલ છે કે હું સમય માટે તને ટોકું છું તે તને ગમતું નથી. આજ પછી હું તને ક્યારેય સમય માટે ટોકીશ નહીં!' તેઓનાં પત્નીએ વર્ષો પછી આ પ્રસંગને યાદ કરતા કહેલું કે, 'તે મારા માટે જન્મદિવસની સર્વશ્રેષ્ઠ ભેટ હતી.'

❊ અમેરિકાના એક ગરીબ ખેડૂતના છોકરાને શહેરની એક સમૃદ્ધ છોકરી સાથે પ્રેમ થયો. બંનેએ લગ્ન કર્યાં. આ લગ્નને કારણે તે છોકરાની સાસુ હંમેશાં તેનો તિરસ્કાર કરતી અને તેને મહેણાં-ટોણાં મારતી. છતાં લગ્ન બાદ તે પોતાની સાસુ સાથે જ રહેતો હતો. કારણ કે, તેની પત્નીની ઇચ્છા હતી કે પોતાની માતા સાથે રહેવું. ૩૩ વર્ષ સુધી તેઓ સાથે રહ્યાં ! તે પછી એ છોકરો અમેરિકાનો પ્રેસિડેન્ટ થયો. તે વ્હાઇટ હાઉસમાં રહેવા ગયો. ત્યાં પણ સાસુમા સાથે ને સાથે જ. તેઓ રાષ્ટ્રપતિ હોવા છતાં જ્યારે પરિવાર સાથે જમવા બેસે ત્યારે ભોજનના ટેબલ પર સાસુનો જ દબદબો રહેતો.

એ છોકરો એટલે અમેરિકાના પ્રેસિડેન્ટ હેરી ટ્રૂમન. ઘણાં વર્ષો બાદ ટ્રૂમનની દીકરી માર્ગરેટે કહ્યું હતું કે, 'મારા પિતા મારા નાનીને સહન કરતા રહ્યા, કેમ કે પિતાને મારી માતા ઉપર બેહદ પ્યાર હતો.' પત્ની પ્રત્યે પ્રેમ હતો તેને રાજી રાખવા સાસુનો તિરસ્કાર આખી જિંદગી સહન કર્યો.

❊ આધ્યાત્મિક માર્ગે પણ ભગવાન અને સત્પુરુષ સાથેની પ્રીતિનું પણ એ જ લક્ષણ છે કે, તેઓના રાજીપા માટે ગમે તેવાં કષ્ટો સહન કરવાની તૈયારી હોય.

❊ પ્રમુખસ્વામી મહારાજને યોગીજી મહારાજે આજ્ઞા કરી કે, ગઢપુર મંદિરનો વધેલો આરસ મકરાણામાં પડ્યો છે તે વેચી નાંખો. પ્રમુખસ્વામી મહારાજ યોગીજી મહારાજની આજ્ઞાથી મકરાણા ગયા. ભયંકર ઉનાળો, કૂવાનાં પાણી ખૂબ ઊંડાં, અજાણ્યો પ્રદેશ, સખત ગરમી, આરસ વેચવામાં પણ ભાવનો મેળ ન પડે. રોજ પ્લોટે પ્લોટે ફરી આખો દિવસ માથાકૂટ કરવાની. જમવાનું કોરું બનાવીને લઈ ગયેલા એ પણ ખૂટી ગયું. સાથે પ્રગટ ભગત ને દેવચરણ સ્વામી સેવામાં હતા, તેઓ સખત કંટાળી ગયા. તેઓ પાછા જવાની વાત કરે. તેવામાં પ્રગટ ભગતને તાવ આવ્યો. આવા અજાણ્યા ને પાણિયા-પથ્થરિયા પ્રદેશમાં કોણ મદદ કરે ? દેવચરણ સ્વામી તો રીતસર રડે. પાછા જવા તેઓએ હઠ પકડી હતી. પ્રમુખ સ્વામી તેઓને સમજાવતાં કહે, 'દેવ, તમે સમજો. યોગીબાપાએ આ

જવાબદારી સોંપી છે તે પૂરી કર્યા વગર જઈએ તો યોગીબાપાને કેવું લાગે ?'

આ જ સાચા પ્રેમીનું લક્ષણ. હું પ્રિયતમની મરજી પ્રમાણે નહિ વર્તું તો તેમને કેવું લાગશે ? તેઓ રાજી નહિ થાય !

❊ શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા અંત્ય ૨૯માં કહ્યું છે કે, જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે ગુણે સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે એને અતિશય હેત થાય છે ત્યારે તો તે જુએ, સાંભળે, બોલે ઈત્યાદિ જે જે ક્રિયા કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત હોય તેની મરજી પ્રમાણે જ કરે પણ મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહિ અને એ સંતની મરજી બહાર વર્ત્યામાં નિરંતર ભય વર્તે 'જો હું એમની મરજી પ્રમાણે નહિ વર્તું તો એ મારી સાથે હેત નહિ રાખે.'

❊ મુંબઈના એક ધનાઢ્ય પરિવારના હરિભક્તનો ૬ વર્ષનો દીકરો એક દિવસ શાળાએથી આવી કહે, 'મારે ચિકન ખાવું છે.' ઘરમાં સૌને આશ્ચર્ય થયું ! કારણ કે, ઘરમાં સત્સંગના સંસ્કાર પ્રથમથી જ હતા. વળી સૌ દર રવિવારે નિયમિત રવિસભા ભરતા. નાનપણથી જ આ બાળક પ્રમુખસ્વામી મહારાજને જોઈને 'બાપા..બાપા...' કરે. સ્વામીશ્રી પણ તેને સ્મૃતિ આપે. તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે તેનો સહપાઠી વિદ્યાર્થી લંચબોક્સમાં ચિકન લાવ્યો હતો તે તેને આપવા જતો હતો, પણ શિક્ષિકાને ખબર હતી કે આ બાળક માંસાહાર નથી કરતો તેથી શિક્ષિકાએ તેને માંસાહાર ન કરવા દીધો. આથી તે બાળકને ખોટું લાગ્યું હતું. તેથી ઘરે આવીને જીદ લઈ બેઠો. તેને કેવી રીતે સમજાવવો ? તેના પિતાજી કહે છે, 'અમે તેને એટલું જ કહ્યું તું ચિકન ખાઈશ તો તે સ્વામીબાપાને નહીં ગમે !' આ સાંભળીને તેણે તરત જ પોતાની જીદ મૂકી દીધી અને કહે, 'તો મારે નથી ખાવું !'

સત્પુરુષને ન ગમે, તેઓ કુરાજી થાય તેવું વર્તન ન કરીએ તે સાચી પ્રીતિ કહેવાય.

❊ શ્રીજીમહારાજના સમયમાં ભૂજના બે મંદબુદ્ધિના હરિભક્તો ખેતો અને ભીમો શ્રીજીમહારાજનાં દર્શન સમાગમ માટે ગઢડા આવતા. એક વાર શ્રીજીમહારાજે ખેતા અને ભીમાને 'ગાંડા જેવા, જડ જેવા ને કાંઈ સમજતા નથી' એમ કહ્યું. ત્યારે સોમલાખાચરે કહ્યું જે, 'હા મહારાજ ! તેની માએ તો ખોળિયું બગાડ્યું છે.' પછી મહારાજ કહે, 'આ પ્રગટ ભગવાનના સંબંધમાં આવ્યા તે સંસ્કારી તો ખરા જ.' ત્યારે સોમલાખાચરે ફેરવ્યું ને કહે, 'હા, બા, કોઈક મુગતડું (મુકત) હશે ! બદરિકાશ્રમ, શ્વેતદ્વીપના મુક્તો આવ્યા હશે !' પછી મહારાજ કહે, 'તમે તો હમણાં મશ્કરી કરતા હતા ને ?' એટલે સોમલાખાચર કહે, ''મહારાજ ! એક રાજાએ રીંગણાંનાં વખાણ કર્યાં. ત્યારે હજૂરી કહે, 'હા સાહેબ ! બહુ સરસ ને શાક પણ અમૃત જેવું થાય છે.' પછી રાજા કહે, 'એ તો બહુ ખરાબ છે, શાક તો ચરકું ને ગરમ લાય જેવું થાય છે.' ત્યારે હજૂરી કહે, 'હા સાહેબ ! એવું ગરમ લાય ને કાળું મશ જેવું શાક કોણ ખાય ?' ત્યારે રાજા કહે, 'તમે હમણાં વખાણ કરતા હતા ને ઘડીકમાં શું થયું ?' ત્યારે હજૂરી કહે, 'અમે બેંગણકા ચાકર નથી, અમે તો આપના ચાકર છીએ, તે જેમ આપ રાજી થાઓ તેમ અમારે બોલવું.' તેમ મહારાજ ! તમારી મરજી દેખીએ તે પ્રમાણે અમારે બોલવું.'' એ સાંભળી મહારાજ બહુ રાજી થયા.

❊ પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે કે :

જેમ રાજી રહો તેમ કરું હરિ,
ના જોઉં ન્યાય-અન્યાય.

● **પ્રીતિનું ફળ :**

❊ મુક્તાનંદ સ્વામીએ તેમના એક પદમાં ગાયું છે :

પ્રેમ ભક્તિ જેને ઘટ આવે,
તેહને સંગ હરિ રાચે રે;
વ્રજ વનિતા કર તાળી બજાવે,
નટવર થેઈ થેઈ નાચે રે.

❋ જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય તો ભગવાન પણ તેને આધીન થઈ જાય છે. તેની હેતરૂપી દોરીએ કરીને બંધાય છે.

❋ અહીં શ્રીજીમહારાજ કહે છે, 'તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં-જ્યાં જાય છે ત્યાં-ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભક્ત ભેળી જાય છે. જેમ એ ભક્તને ભગવાન વિના નથી રહેવાતું તેમ જ ભગવાનને પણ ભક્ત વિના નથી રહેવાતું.'

❋ સ્થૂળ રીતે ભગવાન ને સત્પુરુષથી દૂર હોય છતાં પણ જો આજ્ઞા પાલનમાં દૃઢ હોય તો ભગવાન અને સત્પુરુષ હંમેશાં તેવા ભક્તની સાથે જ રહે છે.

❋ એક વાર એક યુવકને સ્વામીશ્રીએ તિલક-ચાંદલો કરવાની આજ્ઞા કરી. તે પૂજા કરતો પણ તિલક-ચાંદલો નહોતો કરતો. તેણે સ્વામીશ્રીને કહ્યું, 'પણ બાપા ! માનસીમાં હું આપને બોલાવું ત્યારે હાજર રહેજો.' સ્વામીશ્રી તરત જ કહે, 'તું તિલક-ચાંદલો કર. એ આજ્ઞા પાળીશ તો હું હાજર જ છું.' આમ, સ્વામીશ્રીએ સમજાવ્યું કે, જે આજ્ઞા પાળે છે તેની સાથે સત્પુરુષ હંમેશાં હાજર જ હોય છે.

❋ સન ૧૯૫૮માં ગોંડલ ખાતે અન્નકૂટ પહેલાં શરદપૂનમના સમૈયાની તૈયારી કરવા યોગીજી મહારાજે સાથે ફરતા યુવકોને વહેલા ગોંડલ મોકલ્યા હતા. પછી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા અને બંને સમૈયાનો ખૂબ લાભ આપ્યો. પછી કૉલેજ ખૂલતી હોવાથી ડૉ. રમણભાઈ વગેરે પાછા જઈ રહ્યા હતા. તેમને સ્વામીશ્રીએ પૂછ્યું, 'આપણે કેટલા દિવસ ભેગા રહ્યા ?' ડૉ. રમણભાઈએ સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારથી દિવસો ગણી બતાવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે, 'તમે અહીં વહેલા આવી સેવા કરી તે દિવસો કેમ ન ગણ્યા ?' તેઓ કહે, 'તે વખતે આપ અહીં ન હતા.' સ્વામીશ્રી કહે, 'આજ્ઞાથી સેવા કરી તેથી સાથે જ હતા.'

આમ, આપણે ભગવાન અને સત્પુરુષ સાથે સાચી પ્રીતિ કરીશું, એટલે કે એમની આજ્ઞા અને મરજીનું પાલન કરીશું તો તેઓ અખંડ આપણી ભેગા જ છે !

આવી દૃઢ પ્રીતિ કરી ભગવાન અને સત્પુરુષનું અખંડ સાંનિધ્ય માણી શકીએ એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

સભા : ૧૦ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : કારિયાણી-૧૨ કારણ શરીર ટાળ્યાનું/ આંબલીના કચૂકાનું
- **વિશેષ પ્રવચન** : 'અક્ષરના હસ્તાક્ષર'માંથી
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત કારિયાણીનું બારમું : કારણ શરીર ટાળ્યાનું / આંબલીના કચૂકાનું

સ્વામીનારાયણ હરે...

સંવત્ ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૫ પૂન્યમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને ધોળો ફેંટો બોકાની સહિત બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે 'ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહીં, તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં. અને તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તો પણ જેવું આવી ભગવદવાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે, તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહીં થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું તે નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.'

● વચનામૃતની વિશેષતા :

- કામાદિક દોષ ટાળવાનો, મનને નિર્વિષયી કરવાનો અને મનને સ્થિર કરવાનો અતિ સહેલો ઉપાય શ્રીજીમહારાજ આ વચનામૃતમાં બતાવે છે.
- એ ઉપાય એટલે કથાવાર્તા.
- આ કથાવાર્તા કેવી રીતે સાંભળવી તે અંગેનું માર્ગદર્શન આ વચનામૃતમાં છે.
- વિકાર માત્ર ટાળવાની દવા કથા છે.
  તત્પકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રતે કરને પણ મન નિર્વિકાર થતું નથી.
- વિશ્વામિત્ર ઋષિએ ૧૦,૦૦૦ વર્ષ તપ કર્યું છતાં મેનકામાં ફસાયા.
- સૌભરી ઋષિએ ૬૦,૦૦૦ વર્ષ પાણીમાં બેસીને તપ કર્યું. માછલાનું મૈથુન જોયું. તેમાંથી કામના જાગ્રત થઈ ને માંધાતા રાજાની ૫૦ કન્યા સાથે પરણ્યા.
- ચ્યવનઋષિએ પોતાના ઉપર રાફડો થઈ જાય ત્યાં સુધી તપ કર્યું. પણ કામ પર વિજય ન મેળવી શક્યા.
- ગુણાતીતાનંદ સ્વામી : કેટલાક મનને રમાડે છે, ને કેટલાકને મન રમાડે છે. આ વાત નિત્ય વિચારવા જેવી છે. આ મનને જીતવા માટેનો ઉપાય છે કથાવાર્તા :

● કથાથી મન કેવી રીતે નિર્વિષયી થાય છે ?

- કથાવાર્તાથી ત્રણ પ્રકારની સમજણની દૃઢતા થાય છે :
  ૧. જગતના નાશવંતપણાની, વિષયોની તુચ્છતાની ને દુઃખરૂપપણાની દૃઢતા
  ૨. આત્માના અવિનાશી સુખની દૃઢતા.
  ૩. ભગવાનનો મહિમા સમજાય છે.
  આના ફળસ્વરૂપે મનસ્થિર થાય છે, મન નિર્વિષયી થાય છે ને મન સ્થિર થાય છે.
- આત્મનિષ્ઠા અને ભગવાનનો મહિમા - આ બે થી વિષયોને જીતી શકાય છે. (સા-૧, લો-

૧૦)

- ભગવાનનો મહિમા સમજાય ત્યારે સંપૂર્ણ નિર્વિષયા થવાય છે.

આ સ્વરૂપ જ્યારે ઓળખાશે ત્યારે કામાદિક દોષો ને પંચવિષય જીત્યામાં પ્રયાસ નહીં પડે. સહેજે જીતાઈ જશે - ગ. મ. ૧૩

જેમ એરોપ્લેનમાં બેસે તો તેની દૃષ્ટિ વિશાળ થાય. જમીન પરના ખાડા ટેકરા કે રમણિય સ્થાનો કશામાં તેનું મન મોહ ન પામે. કારણ કે દૃષ્ટિ પૃથ્વી આકારે થઈ ગઈ છે. તેમ પરમાત્માના મહિમામાં જો યથાર્થ દૃષ્ટિ પડે તો વિષયો સહજ રીતે ખોટા થઈ જાય.

- ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણનો સ્પર્શ એક જ વાર કર્યો, ત્યારથી સંસારના સર્વે સુખ ખારા ઝેર જેવા થઈ ગયા.
- હનુમાનજીને નવલાખનો હાર સીતાએ આપ્યો. તો મોતી તોડીને તોડીને નાંખી દીધા. જેમાં રામ નહીં, તેનું મારે કામ નહીં.
- ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજની સેવાથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું, 'તું ઘરે જા તને ૬૦,૦૦૦ રૂપિયા મળશે. તેનાથી ઘર માંડજે ને હું તને અક્ષરધામમાં તો લઈ જઈશ ! ત્યારે ભગતજી મહારાજ કહે : 'સ્ત્રી કે પૈસામાં સુખ છે એવું તો મેં સાંભળ્યું જ નથી.

આમ, આત્મા-પરમાત્માના જ્ઞાન અને જગતના અસારપણાનું જ્ઞાન કથાવાર્તા સાંભળવાથી દૃઢ થાય ને દોષો દૂર થાય છે.

- ગ. અં. ૨૪ જેને કથાવાર્તામાં પ્રીતિ હશે તેને જ જગતની કોરનો અભાવ થશે.
- રઘુવીરજી મહારાજ તીર્થવાસી થઈને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ ગયા, તો સ્વામીએ તેમની તમામ ગ્રંથિઓ ગાળી નાંખી.

સત્સંગનો કૃષ્ણ કથા જ પાયો,
જો તે કદાપિ નબળો જણાયો
સત્સંગરૂપી શુભ તો હવેલી,
પડી જવાની ગણવી જ વહેલી.

● વાતો સાંભળવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

- શરીર કે કપડાં બગડે તો પાણી-સોડા-સાબુનો ઉપયોગ કરવો પડે.
- લોહી બગડે તો ઔષધી-દવા લેવી પડે.
- મન બગડે તો ? ત્યાં દવા કે સાબુ કામ ન લાગે. ત્યાં તો કથા જ જોઈએ.
- એક ઘડી આધી ઘડી, તાકીમેં પુનિ આધ
  તુલસી સંગત સંતકી, કરે કોટિ અપરાધ.
- બોટાદના શિવલાલ શેઠના ઘેર એમના સાળી આવ્યાં. ૬ મહિના સુધી મુખ જોયેલું નહીં.
- વાલીઓ લૂંટારો નારદજી અલ્પ સમાગમમાં પવિત્ર બન્યો.
- તળાજાના રીષુભાવાળા બધી વાતે પૂરા. જોબનપગી જેવા જ. આખો પંથક એમના નામથી થથરે. ગમે તે કરે પણ પણ પોલીસ પણ કઈ કરી ન શકે. પ્રમુખસ્વામીના સંપર્કમાં આવ્યા. થોડાક શબ્દોથી જ એમના જીવનની દિશા બદલાઈ ગઈ. પરમભક્ત બન્યા. હાલ તો માળા એ જ મૂડી માનીને પવિત્ર જીવન જીવે છે. બધાને શાંતિ થઈ ગઈ.

● કથાવાર્તાથી મન સ્થિર થાય છે.

- મન ધજાની પૂંછડી જેવું છે. ચંચળ છે. અતિ સૂક્ષ્મ છે. પકડવું અતિકઠણ છે. તો સ્થિર કેવી રીતે થાય ?
- જીવનમાં - વિષયોનો યોગ કે વિયોગ થાય.
- સુખ આવે કે દુઃખ આવે.
- માન થાય કે અપમાન થાય ત્યારે મનમાં વિક્ષેપ આવે છે.
- ગ.મ. ૨૩ : ઉત્તમ વિષયો હિમ જેવા છે. તેમાં મન પરોવાય તો ઠરી જાય ને જીવને કલ્યાણના માર્ગેથી પાડે. ભૂંડા-નરસા વિષયો

લૂક જેવા છે. તેમાં મન પરોવાય તો મન તપી જાય ને દુઃખી થઈને કલ્યાણના માર્ગેથી પડી જાય .

- કોઈ શબ્દ મારે ને ભડકો થાય ત્યારે શાંતિ થયાનો ઉપાય જ્ઞાન-સમજણ છે. - ગુણાતીતાનંદ સ્વામી
- સમુદ્રમાં મોજાં તો જ બંધ થાય, જો સમુદ્રનું બધું જ પાણી બરફ બની જાય. તેમ જો મન છે તે કથાવાર્તાએ કરીને ભગવાનમાં ઠરે તો જ સ્થિર થાય. ને સંકલ્પ-વિકલ્પ ટળે.
- પરમચૈતન્યાનંદ સ્વામીને ગઢડામાં જલઝીલણી ઉત્સવમાં કોઈએ ન બોલાવ્યા. આનું તેમને ખૂબ ખોટું લાગ્યું. દુઃખી થઈ ગયા. બાલમુકુંદ સ્વામીને વાત કરી. બાલમુકુંદ સ્વામીએ થોડી કથા કરી. વૃત્તિ પાછી વળી. શાંતિ થઈ ગઈ.
- પવિત્રાનંદ સ્વામી આણંદ મંદિરમાં સંધ્યા આરતી પછી ધૂન બોલતા હતા. તેમાં યુવાન સાધુ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા હતા. ત્યારે પવિત્રાનંદ સ્વામીએ કહ્યું : 'નરનારાયણ નરનારાયણ' બોલો. એટલે એક સાધુ બોલ્યા, 'ઊંટ મરે તો ય મારવાડ સામુ જુએ. તમે અમદાવાદના છો એટલે નરનારાયણનું ખેંચો છો.' પવિત્રાનંદ સ્વામી સદ્‌ગુરુ હતા. અતિશય દુઃખ લાગ્યું. તાવ આવી ગયો. અપમાન અસહ્ય - અશાંતિ - પછી કહે : 'કોઈ વાત કરનાર હોય તો બોલાવો.'

  ભગતજીને બોલાવો. ભગતજીએ પંચાળા-૩ સમજાવ્યું. આત્મા-પરમામ્માની વાતો કરી ને શાંતિ પમાડી દીધી.
- વાતોથી બખતર ઘડાયું હોય તો ગમે તેવા માન-અપમાનમાં, સુખદુઃખમાં પ્રસંગોમાં મન વિચલિત ન થાય.
- યોગીજી મહારાજને વિજ્ઞાનદાસે સતત ૧૭ વર્ષ સુધી માર, ગાળો, તિરસ્કાર, અપમાન કર્યા. છતાં ડગ્યા નહીં. તેનું મૂળ કથાવાર્તા હતું.
- પ્રમુખસ્વામીનુ સુર્વણતુલા પછી તરત જ એક ભાઈએ જબરજસ્ત અપમાન કર્યું. છતાં સ્વામીશ્રી સંપૂર્ણ સ્વસ્થ હતા.
- યોગીજી મહારાજ 'વાતનકી વાત બડી કરામત.' કથાવાર્તા કરામત જેવું કામ કરે છે.
- ગુણાતીતાનંદ સ્વામી : 'આ વાતો સાંભળીએ છીએ તો એમ ન સમજવું કે નવરા બેસી રહીએ છીએ. આપણે તો કરોડ કરોડ કામ કરીએ છીએ. કેમ જે ગર્ભવાસ, ચોરાસી ને જન્મમરણ પર લીટા તાણીએ છીએ.
- શબ્દ બહુ બળવાન છે : શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યા રાજ

  જેણે શબ્દ વિચાર્યા, તેના સરિયા કાજ.
- આ રીતે શબ્દ-વાત-કથાથી જીવનમાં અદ્‌ભુત લાભ-ફેરફાર થઈ જાય છે. આવો મહિમા કથાનો છે. છતાં વર્ષોથી કથા સાંભળવા છતાં, રવિસભા-ઘરસભા કરવા છતાં લાભ કેમ થતો નથી ? જગતમાં હજારો પારાયણો થાય છે તોય એકપણ શુકદેવજી કેમ પ્રગટતા નથી ?

  કથા સૂણી સૂણી ફૂટ્યા કાન,

  અખા તો ય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

● કથા કેવી રીતે સાંભળવી જોઈએ ?

- જમીનમાં દાણા નાંખો તો ઉગી જ જશે કે નહીં ઉગે તેનો આધાર ખેતી પહેલાની પૂર્વતૈયારી પર છે. જમીન ખેડવી પડે, જૂનો પાક કાઢવો પડે. માટીમાં ખાતર ભેળવવું પડે, દવા નાંખવી પડે, વાડ કરવી પડે.. આ બધુ કર્યા પછી જો દાણા નાંખે તો વધુ ઉગે. તેમ કથાના શબ્દોરૂપી દાણા પણ થોડી પૂર્વતૈયારી સાથે સાંભળીએ તો ઉગે. કઈ કઈ પૂર્વતૈયારીઓ કરવાની છે એ શરતો શ્રીજીમહારાજ અહીં

બતાવે છે.

૧. આસ્તિક થઈને, ૨. વિશ્વાસ રાખીને, ૩. શ્રદ્ધાએ સહિત, ૪. પ્રીતિએ સહિત

૧. આસ્તિક થઈને :

- જેટલી નાસ્તિકતા એટલો સંદેહ
- ભગવાન, ભગવાનનું ધામ, સ્વર્ગ-નરક અને પાપ-પુણ્ય આ ચાર વસ્તુ અસ્તિત્વ ધરાવે જ છે. આવાં શ્રદ્ધા-વિશ્વાસ હોય તો કથા અસર કરે.
- બાકી તો પાપ-પૂણ્ય જેવું કંઈ છે જ નહીં. જેમ ફાવે તેમ કરો આગળ કોણે જોયું છે ? આવો વિચાર રાખે તો નાસ્તિક ભાવ આવે ને પછી પાછા પડાય.
- બીજો વિચાર એ રાખવો પડે કે આ કથાથી મારા કાન પવિત્ર થાય છે. મારા અનંત જન્મોના બંધન છૂટી રહ્યા છે. ને લાભ થઈ રહ્યો છે. કથામૃતનું અદ્‌ભુત ઔષધ પીને હું અમર બની રહ્યો છું.
- માત્ર કથા જ નહીં પણ ધૂન-કીર્તન શ્રવણ કરીએ ત્યારે પણ આ જ ભાવ રાખવો.
- ભગવાનના એક નામથી અજામિલ જેવો પાપી ઉગરી ગયો તો ધૂન દરમ્યાન હું ૨૫-૫૦ વાર નામ-સ્મરણ કરું છું તો મારા પુણ્ય વધતા જાય છે. આ વિચાર સાથે ધૂન બોલવી. કીર્તનમાં આવતા શબ્દોનો પણ અર્થ સમજીને ભગવાનના મહિમાનો વિચાર કરવો.

૨. વિશ્વાસ રાખીને :

- વિશ્વાસે વહાણ ચાલે
- કથામાં કે શાસ્ત્રમાં જે વાત આવે છે તે સાચી જ છે. ભગવાનનો મહિમા છે તે સાચો જ છે. એવો દૃઢ વિશ્વાસ જોઈએ તો કથા અસર કરે.
- ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કહે, 'અક્ષરને રુંવાડે રુંવાડે અનંત કોટિ બ્રહ્માંડ અણુની જેમ ઉડતા ફરે છે.' આ સાંભળી કેટલાકને સંશય થાય. તો દ્વારપાળને જઈને પૂછે : 'સ્વામીની વાત સાચી ?' દ્વારપાળ પણ એવો જ. કહે, 'સ્વામી ય મોટા ને એમના ગપ્પા ય મોટા.' આવાને કથા શું અસર કરે ? વિશ્વાસ જોઈએ તો કામ થાય.
- રાજા રણજીતસિંહની સવારી નીકળી. એક ગરીબ ડોશી દોડતી આવી. તેની પાસે લોઢાની થાળી હતી. તે રાજાના પગને અડાડી રાજાએ પૂછ્યું કેમ ? ડોશી કહે, 'મેં સાંભળ્યું છે કે રાજા પારસમણિ જેવો હોય છે. પારસમણિને જે સ્પર્શે તે સોનુ થઈ જાય.' રાજા એના વિશ્વાસથી ખુશ થઈ ગયો. એવી જ સોનાની થાળી તરત અપાવી.
- તેમ આપણે સાંભળીએ કે 'આવા સંતના દર્શનથી પંચમહાપાપ બળી જાય છે' આ વાતમાં જો વિશ્વાસ હોય તો પાપ બળે.
- ડૉક્ટર દવા આપે છે એમાં વહેલું સારું કોને થાય ? જેને ડૉક્ટરમાં વિશ્વાસ હોય તેને.
- એક હરિભક્તને વર્તમાનમાં ભૂલ થઈ. શાસ્ત્રીજી મહારાજને વાત કરી. શા.મ. કહે 'એક માળા ફેરવી લેજે.' પેલો કહે, 'સ્વામી, આના માટે તો હું છ મહિના ધારણા-પારણા કરું તોય પાપ બળે તેમ નથી. તો એક માળાથી જાશે ?' શા.મ. સમજાવ્યા. ન માન્યા. ધારણા-પારણા શરૂ કર્યા ને બીજે જ દહાડે ઝાડા શરૂ થઈ ગયા. ફરી શા.મ. પાસે આવ્યો. શા.મ. કહે, 'હવે તો પૂરા જ કર.' સંશયાત્મા વિનશ્યતિ.

૩. શ્રદ્ધાએ સહિત :

શ્રદ્ધાના ગુણમાં વિશ્વાસ, પુરુષાર્થ અને ધીરજ ત્રણે ય આવી જાય છે.

- શાસ્ત્ર કે મોટાપુરુષની વાત સાચી મનાય પણ એ મુજબ પુરુષાર્થ કરવાની તૈયારી ન હોય અથવા લાંબા સમય સુધી એ પ્રમાણે કરવાની

ધીરજ ન હોય તો પણ કામ ન થાય.

- શ્રદ્ધા = વિશ્વાસ + પુરુષાર્થ + ધીરજ
- શ્રીજીમહારાજે એકવાર કહ્યું, 'કોઈ આખી રાત અને આખો દિવસ ભજન કરે તો તેને ભગવાન સાક્ષાત્ દર્શન દે.' એક સાધુએ આ વાત સાંભળીને ભજન શરૂ કર્યું. રાતે ઊંઘ આવી તો દાણા દળીને ભજન કરતા કરતા રાત ગાળી. તો સવારે તેને ભગવાને સાક્ષાત્ દર્શન આપ્યા.
- વચનામૃતના પરથારામાં યોગીજી મહારાજે લખ્યું છે : વચનામૃતગ્રંથની પારાયણ ૧૦૮ વાર કરે તેને શ્રીજીમહારાજ સાક્ષાત્ દર્શન દે.' આપણે બધાએ આ વાંચ્યું છે. ભગવાન દર્શન દે એ ગમે છે ય ખરું. પણ શ્રદ્ધાનો વિષય છે. એટલે કામ સિદ્ધ થતું નથી.
- પૃથુરાજાએ ભગવાનની કથા સાંભળવા ૧૦,૦૦૦ કાન માગ્યા. અર્થાત્ ૧૦ હજાર કાનથી સંભળાય એટલી કથા સાંભળવાની શ્રદ્ધા માંગી. આપણે સભામાં ગયા હોઈએ. ૧૦ મિનિટ કથા જો લાંબી ચાલે કે વક્તા મંગલાચરણમાં બે-ચાર શ્લોક વધુ બોલે તોય આપણે ઊંચાનીચા થઈએ છીએ કે 'ક્યારે પૂરુ કરે ?' આ શ્રદ્ધા ન કહેવાય.
- ગ.મ. ૪૯ 'અમને કથામાં કોઈ કાળે તૃપ્તિ થતી નથી ને તમારે પણ ન પામવી.'
- ગુ.સ્વા. જૂનાગઢ મંદિરમાં ૮-૮ પુરાણી રાખતા ૨૪ કલાક કથા ચાલુ જ.
- શા.મ. મંદિરો બાંધતા ત્યારે કેટલા કારખાના ચાલે ? છતાં કથાવાર્તાનો અખાડો તો ચાલુ જ.
- હાલ પ્ર.સ્વા. મહારાજને શિરે કેટલી જવાબદારી. છતા કથાવાર્તામાં જરાપણ ગૌણતા ન આવવા દે.

  ૮૦માં આંખનું ઓપરેશન કરાવ્યું તે વખતે શ્રીજીમહારાજના દ્વિશતાબ્દીના બધા જ પ્રકાશનો સાંભળી લીધેલા. હાર્ટએટેક વખતે સતત સંતો કથા વાંચતા જ હોય. પોતે માળા ફેરવીને સાંભળ્યા જ કરે. વાંચનાર થાકે પણ પોતે જરાય ન થાકે.

  રોજ ત્રણેય ટાઈમ ભોજન વખતે કથા જ વંચાતી હોય
- આપણે આવી રીતે કથા શ્રવણ કરીએ તો રૂપાંતર થાય જ.

૪. પ્રીતીએ સહિત :

- જેને જેમાં પ્રીતિ હોય તેમાં કંટાળો ન આવે, થાક ન લાગે, બહાના આડા ન આવે, બિમારી અસર ન કરે.
- ક્રિકેટ, રાજકારણ કે સીનેમાનો રસિયો હોય તેને એ વિષયની વાત નીકળે ને કેફ ચડે. તે સાંભળવામાં કે કરવામાં થાકે જ નહીં. એકજ વાર સાંભળે કે જુએ ઈદમ્ યાદ રહી જાય. ક્રિકેટરોની આખી વંશાવલી બોલી જાય. તેનું જીવન ચરિત્ર બોલી જાય.
- ગ.મ. ૨૫ ભગવાનમાં આસક્તિવાળાનું લક્ષણ શું ?

  આમ આ ચાર ગુણે યુક્ત થઈને જગતની નહી, ભગવાન પુરુષોત્તમનારાયણની કથા સાંભળે તો કામ થઈ જાય.

એકવાર કથા સાંભળ્યા પછી બીજી બે ક્રિયા કરવાની છે : મનન, નિદિધ્યાસન તો સાક્ષાત્કાર ને જગતનો અભાવ થાય.

- ગ.અં. ૨૪માં શ્રીજીમહારાજ કહે છે જેને કથાવાર્તામાં આળસ હશે તેની કોરની એમ અટકળ કરવી જે એનામાં રૂડા ગુણ નહીં આવે.
- ગુ.સ્વા. : સોનાના દોરડા વાળીને આ વાતો સાંભળવી. એક હરિભક્ત મંદિરમાં ૫૦૦રૂા. ભેટ મૂકીને ગયા. સ્વામી કહે, 'આના કરતા સમાગમ કર્યો હોત તો વધુ લાભ થાત. ◆

સ્વામિનારાયણ હરે...

વચનામૃત કારિયાણીનું ૧૨મું : કારણ શરીર ટાળ્યાનું, આંબલીના કચૂકાનું...

સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને ધોળો ફેંટો બોકાની સહિત બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે, તો તેના સર્વે વિકાર ટળી જાય છે. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહીં; તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં. અને તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો

દેહને સૂકવી નાંખે તો પણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહીં થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે કારિયાણીનું ૧૨મું વચનામૃત થયું.

● દુઃખનું કારણ મનની અસ્થિરતા :

❋ શ્રીમદ્ ભાગવત્‌માં વ્યાસજી કહે છે, 'મનુષ્યો, ગ્રહો, દેવતાઓ, કર્મ કે કાળ દુઃખનું કારણ નથી. પણ વિદ્વાનો મનને જ દુઃખનું મોટું કારણ માને છે. જેને કારણે સંસાર ચક્રમાં ભમવું પડે છે.'

❋ જેનું મન સ્થિર છે તેને સુખ છે અને જેનું મન અસ્થિર છે તે દુઃખી છે.

❋ મહાભારતનું યુદ્ધ શરૂ થવાની તૈયારી હતી. બંને સેનામાં યુદ્ધના આરંભના શંખનાદ થઈ ચૂક્યા હતા. તે વખતે અર્જુનના હાથમાંથી ગાંડીવ સરી ગયું ! તેનું મુખ સુકાવા લાગ્યું. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું ! અને ઢીલો થઈને રથમાં બેસી ગયો. અર્જુનની આવી દશા શાને લીધે થઈ ? જે અર્જુન સવ્યસાચી એટલે કે ડાબા અને જમણા બેમાંથી ગમે તે હાથે બાણ ચલાવે તો પણ ધાર્યું નિશાન પાર પાડે તેવો હતો. જે અર્જુને બાળપણમાં એકાગ્રતાથી પક્ષીની આંખ વીંધી હતી. જે અર્જુને વિદ્યાર્થી અવસ્થામાં એક ભયંકર મગરમચ્છને એક બાણથી મારીને દ્રોણાચાર્યની રક્ષા કરી હતી. જે અર્જુને એકલે હાથે દેવોના શત્રુઓને હરાવ્યા હતા. વિરાટનગરના યુદ્ધમાં જે અર્જુને ભીષ્મ, દ્રોણ, કર્ણ, દુર્યોધન, શકુનિ વગેરે તમામ કૌરવ યોદ્ધાઓને એકલે હાથે હરાવ્યા હતા. તેવો અર્જુન આજે આમ કાયર થઈને કેમ બેસી ગયો? એનું કારણ જણાવતાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે :

ક્ષુદ્રં હૃદય-દૌર્બલ્યં ત્યક્ત્વા-ઉત્તિષ્ઠ-પરન્તપ:

હે અર્જુન ! તારા મનની આ તુચ્છ દુર્બળતાને છોડીને યુદ્ધ માટે ઊભો થઈ જા !

❋ મનની અસ્થિરતાને કારણે અર્જુન જેવા ભક્તને પણ દુઃખ થયું. પ્રશ્ન આવ્યો. એટલે જ કબીરજી કહે છે :

જ્યાં દેખે સો દુખીયા બાબા,
સુખિયા કોઈ નહિ રે
ધૂત દુખિયા અબધૂત દુખિયા,
દુખિયા હૈ ધની રંકા;
કહત કબીરા વો નહિ દુખીયા,
જિસને મન કો જિંકા.

ધુતારા હોય કે સંન્યાસી હોય, રંક હોય કે ધનવાન હોય દુઃનિયામાં બધા જ દુઃખિયા છે, પણ જેણે મન જીત્યું છે તે સુખિયો છે !

❋ આમ, દુઃખનું કારણ અસ્થિર મન છે અને સુખનું કારણ સ્થિર મન છે. મનને સ્થિર કરવાનો ઉપાય આ વચનામૃતમાં શ્રીજીમહારાજ બતાવે છે.

● દુઃખનું કારણ : સ્વભાવો

❋ એક ભાઈ ડૉક્ટર પાસે ગયા અને કહે, 'મને આખા શરીરે સખત દુઃખે છે !' ડૉક્ટર કહે, 'ક્યાં-ક્યાં દુઃખે છે ? બતાવશો જરા ?' પેલાએ જમણા હાથના અંગૂઠાથી કપાળ દબાવ્યું અને બૂમ પાડી, 'ઓહ ! અહીં દુઃખે છે !' પછી ગાલ દબાવ્યા, છાતી દબાવી, પેટ દબાવ્યું, ડાબો હાથ દબાવ્યો, પગ દબાવ્યો એમ જમણા હાથના અંગૂઠાથી આખા શરીરનાં બધાં અંગો દબાવતો જાય અને સિસકારો પાડી કહેતો જાય, 'ઓ બાપરે બહુ દુઃખે છે !' ડૉક્ટરે ધીરે રહીને તેનો જમણો હાથ પકડ્યો અને અંગૂઠો તપાસી કહ્યું, 'તમારો અંગૂઠો પાક્યો છે એ દુઃખે છે. આખું શરીર નહિ !'

તે માણસને લાગતું હતું કે આખું શરીર દુઃખે છે પણ હકીકતમાં અંગૂઠાને લીધે જ દુઃખાવો થતો હતો!

❋ એમ માણસને લાગે છે કે મારી પાસે પૈસા નથી, સત્તા નથી, રૂપ નથી એટલે હું દુઃખી છું ! મારી

આજુબાજુના લોકો સારા નથી એટલે હું દુઃખી છું ! પરંતુ દુઃખનું કારણ, દુઃખનું મૂળ બીજું જ કંઈક છે.

❋ વચનામૃત ગઢડા અંત્ય - ૩૮માં શ્રીજીમહારાજ તે સમજાવતાં કહે છે, 'જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ વગેરે સ્વભાવો હશે ત્યાં સુધી જીવતે કે મરીને કોઈ જ સુખી નહિ થાય !' એટલે કે દુઃખનું કારણ માણસના સ્વભાવો છે ! આ સ્વભાવો ટાળવાનો ઉપાય આ વચનામૃતમાં શ્રીજીમહારાજ બતાવે છે.

● દુઃખનું કારણ : વિષયોમાં આસક્તિ

❋ રાવણને દુઃખ આવ્યું રૂપમાં આસક્તિને લીધે. દુર્યોધન દુઃખી થયો ધનમાં આસક્તિને લીધે. એકલશૃંગીને સંસારનું બંધન થયું સ્વાદમાં આસક્તિને લીધે. વિષયોમાં આસક્તિ માણસને દુઃખી કરે છે. જો એ આસક્તિ ટળે તો સુખ થાય.

❋ તા. ૧૦-૧-૨૦૧૪ના અખબારોમાં એક કિસ્સો ચમક્યો હતો. રાજકોટના એક પી.એસ.આઈ.એ પોતાની જ સર્વિસ રિવોલ્વરમાંથી લમણામાં ગોળી ધરબી આપઘાત કરી લીધો હતો. મરતાં પહેલા તેઓએ આપઘાતનું કારણ એક ચિઠ્ઠીમાં લખ્યું હતું કે ડાયાબિટીસની બીમારીને કારણે તેમનાથી ભાવતું ભોજન ખાઈ શકાતું નહોતું એનાથી કંટાળીને તેમણે આપઘાત કર્યો હતો !

❋ વિષયો ભોગવવાની ઇચ્છા જ માણસને દુઃખી કરે છે. એટલે જ મહાભારત કહે છે :

નાસ્તિ રાગ સમં દુઃખં, નાસ્તિ ત્યાગ સમં સુખમ્ ।

એટલે કે વિષયો પ્રત્યે રાગ હોય તેના જેવું કોઈ દુઃખ નથી અને વિષયોનો ત્યાગ થાય તેના જેવું કોઈ સુખ નથી !

❋ નિર્વિષયી થવાય તો જ સુખી થવાય છે. આ વચનામૃતમાં શ્રીજીમહારાજ નિર્વિષયી થવાનો ઉપાય બતાવે છે.

❋ માણસ માત્ર સુખ માટે પ્રયત્ન કરે છે. પરંતુ આ ત્રણ કારણોથી મુક્ત થયા વિના કોઈ કાળે સુખ થવાનું નથી. દુઃખનાં આ ત્રણેય કારણોથી મુક્ત થવાનો ઉપાય શ્રીજીમહારાજ આ વચનામૃતમાં બતાવે છે. એ ઉપાય છે - ભગવત્ વાર્તાનું શ્રવણ. એટલે કે ભગવાનની કથાવાર્તા સાંભળવી.

● કથા સાંભળવાથી મનની સ્થિરતા :

❋ ગુજરાતીમાં કહેવત છે : 'મનમાં પરણે ને મનમાં રાંડે' એમાં મનના દુઃખની વાત છે. માણસનું મન બહુ નાજુક છે. બહુ નાની વાતમાં તરત દુઃખ લાગી જાય એવું માણસનું મન છે. ગુણાતીતાનંદ સ્વામી એટલે જ કહે છે કે, 'દેહનાં દુઃખ થોડાં છે ને મનનાં દુઃખ ઝાઝાં છે.' એમાં સ્થિરતા રહે તે માટેનો ઉપાય છે, કથાવાર્તા.

❋ શિકારે નીકળેલા પરીક્ષિત રાજાએ શમિક ઋષિના આશ્રમમાં જઈ પાણી માંગ્યું. પણ ઋષિ ધ્યાનમાં બેઠા હોવાથી કોઈ પ્રતિભાવ ન મળ્યો. તેથી આવેગમાં આવીને રાજાએ શમિક ઋષિના ગળામાં મરેલો સાપ નાંખ્યો અને તેમનું અપમાન કર્યું. તેથી શમિક ઋષિના દીકરા શૃંગી ઋષિએ રાજાને શાપ આપ્યો કે 'સાત દિવસમાં તક્ષક નાગ કરડવાથી તારું મૃત્યુ થશે !' આ વાત સાંભળી પરીક્ષિતનું મન મૃત્યુના ભયથી વ્યથિત થઈ ગયું !

કોઈ રે છોડાવે મુને કાળથી, તેને સોંપું આ શીશજી...

એવી આશા સાથે પરીક્ષિત ગંગા કિનારે શુકદેવજી પાસે ગયા. શુકદેવજીએ ઉપાય બતાવ્યો ભગવાનની કથાવાર્તા. સાત દિવસ સુધી શુકદેવજીએ પરીક્ષિતને શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવી. સાતમે દિવસે તક્ષક આવ્યો. પરીક્ષિતને કરડ્યો અને પરિક્ષિતનું મૃત્યુ થયું. બાહ્ય દૃષ્ટિએ જોતાં લાગે કે સાત દિવસ કથા સાંભળ્યા પછી પણ રાજાનું મૃત્યુ તો થયું જ. શાપ તો ફળ્યો જ ! તો પછી કથા સાંભળવાથી લાભ શો થયો ?

સાત દિવસ પહેલા મૃત્યુ નજીક આવ્યું તે જાણીને રાજાનું મન ભયથી અસ્થિર થઈ ગયું હતું. સાત દિવસને અંતે કથા શ્રવણના પ્રતાપે પરિક્ષિત મૃત્યુથી નિર્ભય થઈ ગયા ! તેમનું વ્યથિત મન સ્થિર થઈ ગયું. તેમણે શુકદેવજીને કહ્યું,

ભગવંસ્તક્ષકાદિભ્યો મૃત્યુભ્યો ન બિભેમ્યહમ્ ।
પ્રવિષ્ટો બ્રહ્મનિર્વાણમ્ અભયં દર્શિતં ત્વયા ॥

હે શુકદેવજી, તક્ષકથી અને મૃત્યુથી હવે હું ડરતો નથી. આપે અભયપદ આપનારી કથા સંભળાવી તેથી હવે મારું કલ્યાણ થયું છે !

❊ પરિસ્થિતિ બદલવા કરતાં મનની સ્થિતિ બદલાય, તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ દુઃખ ન થાય, સ્થિર રહેવાય. જે કથાવાર્તાથી શક્ય બને છે.

❊ અમેરિકાના બ્રાયન વિસ્તારમાં રહેતા મનીષ જનકભાઈ અમીનના પિતા મંદિરમાં સેવા કરતાં કરતાં હાર્ટએટેકથી અચાનક મૃત્યુ પામ્યા. મનીષ તે વખતે કૉલેજમાંથી કાર ડ્રાઈવ કરીને પોતાની હૉસ્ટેલ પર જતો હતો. એક સંતે તેને ફોન કર્યો અને ગાડી ઊભી રાખી વાત સાંભળવા કહ્યું. જ્યારે તે સંતે કહ્યું કે તારા પિતા ધામમાં ગયા છે, ત્યારે મનીષ મૌન થઈ ગયો. ચિંતા થવાથી તે સંતે તેને પૂછ્યું : 'શું થયું ? કેમ બોલતો નથી ?' ત્યારે મનીષ કહે : 'કાંઈ થયું નથી. અત્યાર સુધી જે કથાવાર્તા સાંભળી છે કે ''ભગવાન જે કરે તે સારા માટે'' તે વિચારું છું.' મનીષ કથામાંથી મળેલી સમજણથી સ્થિર રહ્યો.

❊ જેમ કૂવે પડવા જનાર વ્યક્તિને ચાર માણસ પકડી રાખે તો પડવા ન દે. તેમ મુશ્કેલીના સમયમાં હતાશા, નિરાશા આવે ત્યારે કથાવાર્તાના શબ્દો યાદ આવે એટલે હિંમત આવે છે. જેને કારણે મન સ્થિર અને મજબૂત બને છે.

❊ અમદાવાદના કોટ માટે માણેકનાથ બાવાજીની પ્રસિદ્ધ વાત છે કે, 'કડિયાઓ દિવસે આખો ગઢ ચણે, પણ બાવાજી રાત્રે મંત્રેલો એક જ કાંકરો નાંખીને ગઢની દીવાલ તોડી નાંખે !' આમાં થાકે કોણ ? ચણનારો જ થાકવાનો. ગુણાતીતાનંદ સ્વામી આ વાત કરીને કહે છે કે, 'આપણે આખો દિવસ સંસારની ધમાલમાંથી આવ્યા હોઈએ ને સભામાં સંતોની કથામાં વાત આવે કે, 'મરી જાવું મેલીને ધન માલ', 'હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી.' - આવું સાંભળીએ તો આપણા મનમાં આખા દિવસના ઉદ્વેગના પ્રશ્નો ભેગા થયા હોય તે શમી જાય અને મન? શાંત થાય.

❊ એટલા માટે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સર્વ સત્સંગીઓને આજ્ઞા કરી છે કે, 'રોજ સાયંકાળે ભગવાનની કથાવાર્તા સાંભળવી જેથી આખા દિવસના સંતાપ શમી જાય !'

● **ભગવાનની કથા સાંભળવાથી લાભ : સ્વભાવોથી મુક્તિ**

❊ સ્વભાવ માણસને સુખ લેવા દેતા નથી. દુઃખી કરે છે. અમેરિકામાં જનરલ મોટર્સ કંપનીમાં એક વ્યક્તિની નિમણૂક કરવામાં આવી. તેની પાસે આવડત ખૂબ જ હતી. તેની આવડતથી કંપનીને ખૂબ જ ફાયદો થયો. પછી તેને પ્રમાશોન આપ્યું. તેના હાથ નીચે ૫૦ માણસોને મૂકવામાં આવ્યા ! પરંતુ તે વ્યક્તિનો સ્વભાવ વિચિત્ર હતો તેથી તેની હાથ નીચેના માણસો ત્રાસી ગયા અને છેવટે પેલી વ્યક્તિને નોકરી છોડવાનો વારો આવ્યો ! આવડત હતી પણ સ્વભાવે બગાડ્યું !

❊ એક લોકોક્તિ છે કે,

મરતાં સુધી મટે નહીં, પડી ટેવ પ્રખ્યાત,
ફાટે પણ ફીટે નહીં, પડી પટોળે ભાત
વસુધાને વિદ્યા વિશે વિવિધ રસોનો વાસ
આંબો ચૂસે મિષ્ટ રસ, લે આંબલી ખટાશ.

જેમ પાટણના પટોળા તેના પર પાડેલી ભાત (ડીઝાઈન) માટે વખણાય છે કે વસ્ત્ર ફાટી જાય તોપણ ન તેની ભાત ન જાય ! એમ માણસના સ્વભાવ મૃત્યુ સુધી માણસનો પીછો છોડતા નથી.

વળી, પૃથ્વીમાં વિવિધ પ્રકારના રસ છે, પરંતુ આંબો પોતાના સ્વભાવ પ્રમાણે મીઠો રસ લઈને પાકી મીઠી કેરી આપે છે અને આંબલી પોતાના સ્વભાવ પ્રમાણે ખાટો રસ લઈ ખાટા કાતરા જ આપે છે. એમ, જેની પ્રકૃતિ સારી તે સુખ પામે અને જેની પ્રકૃતિ ખરાબ તે દુઃખી થાય !

❊ પગમાં કાંટો, આંખમાં કણું અને કિડનીમાં પથરીનો દુઃખાવો જ્યાં સુધી છે, ત્યાં સુધી માણસને ચેન ન પડે. તેમ જ્યાં સુધી વ્યક્તિમાં સ્વભાવો છે ત્યાં સુધી

તેને સત્સંગના દિવ્ય સુખનો અનુભવ પણ ન થાય.

❊ એટલે જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'સત્સંગને જાણે છે, સાધુને જાણે છે ને ભગવાનનો નિશ્ચય છે, પણ જ્યાં સુધી સ્વભાવ છે ત્યાં સુધી સુખ નહીં આવે. માટે સમાગમે કરીને સ્વભાવ ટાળવા.'

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, 'ભગવાનની કથાવાર્તાના શ્રવણથી ગમે તેવો કામી, ક્રોધી, લંપટ જીવ હોય તો તેના વિકારો ટળી જાય. એવો કથાવાર્તાનો પ્રતાપ છે.'

❊ મહાભારત ગ્રંથના પ્રારંભમાં એક કથા આવે છે. જનમેજય રાજા પરીક્ષિતના પુત્ર હતા. તેમણે જાણ્યું કે પરીક્ષિત રાજાનું મૃત્યુ તક્ષક નાગ કરડવાથી થયું છે. જનમેજયને ખૂબ જ ક્રોધ ઊપજ્યો. અને તેણે નક્કી કર્યું કે મારે પૃથ્વી પરથી બધા જ સર્પોનો વિનાશ કરવો. તેમણે સર્પોનો સંહાર કરવો શરૂ કર્યો. તેવામાં વૈશંપાયન મુનિ ત્યાં આવ્યા અને જનમેજયને કહ્યું, 'આ દ્વેષની ભાવનાનો ત્યાગ કર એને કારણે જ તારા કુળનો વિનાશ થયો હતો. એમ કહીને વૈશંપાયન મુનિએ જનમેજય રાજાને મહાભારતની કથા સંભળાવી. જ્યારે કથા પૂર્ણ થઈ ત્યારે જનમેજયનો ક્રોધ ટળી ગયો, મનમાંથી દ્વેષ ટળી ગયો અને તેણે સર્પોનો સંહાર અટકાવી દીધો.

❊ માણસને જ્યારે વિકારો પીડે ત્યારે કથાવાર્તા તેનાથી મુક્તિ અપાવી શકે છે. આજે પણ કેટલાય હરિભક્તોને અનુભવ થાય છે, કે સત્સંગ અને કથાવાર્તાથી પોતાના સ્વભાવમાં સુધારો થાય છે.

❊ અમદાવાદના ડૉ. હરીશભાઈ ત્રિવેદીનો સ્વભાવ ખૂબ જ આકરો હતો. એક વાર તેઓ ગાડી ચલાવીને શહેરમાં જતા હતા. ટ્રાફિક હતો. તેમની આગળ એક સાઈકલવાળો હતો. હોર્ન વગાડવા છતાં તે બાજુ પર ન ખસે ! થોડી વારે સાઈકલવાળાએ સાઈડ આપી. તેમને ખૂબ જ ગુસ્સો ચડેલો. તેથી ગાડી ચલાવતાં બારીમાંથી હાથ બહાર કાઢી સાઈકલવાળાની બોચી પકડી તેને માર્યો!

તેઓ જ્યારે ઑપરેશન કરતા હોય ત્યારે સાથી નર્સ અને ડૉક્ટરોનો જીવ અધ્ધર હોય. એક વાર ઑપરેશન થિયેટરમાં એક નર્સથી સામાન્ય ભૂલ થઈ અને તેમને એટલો ગુસ્સો આવ્યો કે દર્દીની ચામડી પર કાપો મૂકવાનું સાધન નર્સને માથામાં માર્યું અને નર્સને દાખલ કરવી પડી ! તેઓ કહેતા, 'આ સ્વભાવને લીધે મને સતત પેટમાં એસિડિટીની તકલીફ રહેતી. એક ડૉક્ટર તરીકે મને ખ્યાલ હતો કે આ એસિડિટી મારા ગુસ્સાને કારણે છે ! પણ હું ગુસ્સાને કંટ્રોલ કરી શકતો નહોતો.'

ધીરે-ધીરે તેઓ યોગીજી મહારાજના યોગમાં આવ્યા. યોગીજી મહારાજના સાંનિધ્યમાં તેઓ વચનામૃતની કથા સાંભળે. તેનાથી તેમને શાંતિ થતી તેઓએ રવિસભાનો નિયમ લીધો. છેલ્લા કેટલાંય વર્ષોથી તેઓ અમદાવાદ મંદિરે દરરોજ સવારે કથા સાંભળવા નિયમિત આવે છે. તેઓ કહે છે, 'આ કથાશ્રવણની ટેવને લીધે જ મારો ક્રોધ ઘટ્યો છે. છેલ્લા ૨૦ વર્ષમાં હું ક્યારેય કોઈના પર ગુસ્સે નથી થયો ! તેને કારણે મારી એસિડિટી પણ ગાયબ થઈ ગઈ ! આજે મારા હાથ નીચે ૫૦૦ કર્મચારીઓનો સ્ટાફ છે. તેમને ટોકવાનું થાય તોપણ હું પ્રેમથી કહું છું!'

આમ, જેઓ નિયમિત કથાશ્રવણ કરે છે, તે સૌને વત્તે ઓછે અંશે પોતાના સ્વભાવોમાં સુધારો થયાનો અનુભવ થાય જ છે !

❊ ગોંડલના સત્સંગીબંધુ ભરતભાઈ ભેંસાણ કહે છે, 'સત્સંગમાં આવ્યા પહેલા મારા સ્વભાવને કારણે પરિવારમાં સૌનો જીવ અધ્ધર રહે. રોજ ઘરમાં ઝઘડા થતા, પણ મને સંતોનો યોગ થયો, સભામાં કથાવાર્તા સાંભળવાની ટેવ પડી અને ધીરે ધીરે ગુસ્સો ઓછો થયો. આજે મારો પરિવાર સંપ, સુહૃદભાવથી, હેત-પ્રીતથી એકબીજાની સાથે હળીમળીને રહે છે. તેનું શ્રેય આ સત્સંગને જ જાય છે.'

❊ રાજકોટના લલિતભાઈના ઘરે સાસુ-વહુના કજિયા

રોજ થતા. તેઓએ સંતો પાસે મૂંઝવણ રજૂ કરી. ઉકેલ મળ્યો, સત્સંગ. ઘરે સદ્‌ગ્રંથોનું વાંચન શરૂ કર્યું. ઘરસભા દ્વારા ઘરસત્સંગ શરૂ કર્યો. સાસુ-વહુ બંનેના કાને કથાના શબ્દો પડ્યા. બંનેની પ્રકૃતિ બદલાઈ અને એક વર્ષમાં જ બંનેનો મનમેળ થઈ ગયો. આવા તો કેટલાય પરિવારોને કથાવાર્તાએ ઉગાર્યા છે.

❊ હરિલીલામૃતમાં કહ્યું છે :

શરીરનો મેલ જળેથી જાય,
કથા સુણ્યાથી મન શુદ્ધ થાય,
હતા જનો જે જગમાં કુકર્મી,
કથા સુણ્યાથી જ થયા સુધર્મી.

શરીરના મેલની જેમ અંતરનો મેલ એટલે કે સ્વભાવો ને ધોવા માટે કથાવાર્તાનું જળ કામ લાગે છે. કથા શ્રવણથી કુકર્મીજનો પણ અંતરની મલિનતા ધોઈ સુધર્મી થયા છે.

● **કથા શ્રવણથી લાભ : મન નિર્વિષયી થાય**

❊ મન નિર્વિષયી થાય એટલે કે મનમાં પંચવિષયો ભોગવવાની આસક્તિ હોય તે ટળે ! પંચવિષય પ્રત્યેની આસક્તિ જ મનુષ્યને દુઃખી કરે છે.

❊ હેવી વેઈટ ચેમ્પિયન મોહમ્મદ અલી. એક સમયે દુનિયાનો શ્રેષ્ઠ બોક્સર ગણાતો, પણ તેની વિષયભોગની લાલસાને કારણે તેને જેલમાં જવું પડ્યું. તેણે પોતાનો અફસોસ વ્યક્ત કરતાં કહેલું, 'મેં શરાબ, સુંદરી અને મોજ-મજાનું એકેય પાસું બાકી રાખ્યું નથી. અત્યારે મને તેનો અફસોસ થાય છે. જો આ બધું ના ભોગવ્યું હોત તો મેં પ્રાપ્ત કરેલી સિદ્ધિ કરતાં અનેકગણી સિદ્ધિ પ્રાપ્ત કરી શકત. હું ઇચ્છું છું કે હવે આમાંથી પાછો વળી શકું !'

❊ એટલે જ શ્રીજીમહારાજ કહે છે, 'જ્યાં સુધી વિષયમાં સુખ મનાય છે ત્યાં સુધી બ્રહ્મા જેવો પણ તુચ્છ બુદ્ધિવાળો છે. જેઓ વિષયમાં સુખ માની તેમાં આસક્ત થાય છે તે અપાર દુઃખ જ પામે છે.'

❊ આમ, પંચવિષયની આસક્તિ દુઃખનું કારણ છે, એ ટાળવા માટે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ઉપાય બતાવે છે કે, ભગવાનની કથા સાંભળે તો તેનું મન નિર્વિષયી થાય અને તે વિષય સુખ ભોગવવામાંથી પાછો વળે !

❊ આચાર્ય રઘુવીરજી મહારાજ નિર્વાસનિક થવા માટે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ તીર્થવાસી થઈને રોકાયા હતા અને ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તા સાંભળી નિર્વાસનિક સ્થિતિ પામ્યા હતા.

❊ કવીશ્વર દલપતરામ તેમના મિત્ર અંગ્રેજ અધિકારી ફાર્બર્સને ગુજરાતી ભણાવતા હતા. એક દિવસ દલપતરામના કપાળમાં તિલક-ચાંદલો નહોતો. તેથી ફાર્બર્સે તેમને તેનું કારણ પૂછ્યું. દલપતરામ કહે, 'આજે વાળંદ મોડો આવ્યો તેથી પૂજા કર્યા પછી હજામત કરાવી ને ફરીથી નાહ્યો તેથી તિલક-ચાંદલો ભૂંસાઈ ગયો છે !' ત્યારે ફાર્બર્સ કહે, 'તમે કેટલાંય એવા લોકોને મળો છો કે જેઓ ધર્મમાં નથી માનતા એટલે મને થયું કે તમે જગતનાં આકર્ષણોને કારણે ધર્મશૂન્ય તો નથી થયા ને ?' ત્યારે દલપતરામે તેમને કહ્યું હતું, 'મિત્ર ! સાપ અને નોળિયાની દંતકથા તો જાણો છો ને ? ભર વગડે સાપ અને નોળિયાની લડાઈ જામે, ને નોળિયાને સાપના ઝેરી ડંખ વાગે, ત્યારે નોળિયો દરમાં જઈ નોળવેલ સૂંઘી આવે એટલે ચડ્યાં ઝેર ઊતરી જાય. તેમ હું દરરોજ રાત્રે મંદિરે જાઉં છું ને સંતોની કથા સાંભળું છું, એટલે મારા સંસારના ચડ્યાં ઝેર ઊતરે છે !' આ સાંભળી ફાર્બર્સ સાહેબને અહોભાવ થયો.

❊ વ્યવહારના કામકાજમાં દિવસ દરમ્યાન જગત સંબંધી પંચવિષયના ડંખ મનમાં પેસી જાય. પરંતુ કથાશ્રવણથી એ વિષયનાં ઝેર ઊતરી જાય છે અને મન નિર્વિષયી થાય છે.

❊ અમેરિકાના એક હરિભક્તે સ્વામીશ્રી સમક્ષ એક વાર વાત કરી હતી કે, 'મારી દીકરી બીજા રાજ્યમાં ભણવા માટે ગઈ. તેને ત્યાં હૉસ્ટેલમાં રહેવાનું થયું તેણે નિયમ રાખ્યો હતો કે દરરોજ આપના

આશીર્વાદની સીડી સાંભળવી અને સંતોની કથા સાંભળવી. તે જેટલાં વર્ષ ભણી તે દરમ્યાન દરરોજ કથા સાંભળતી. તેને લીધે તેને મોટો લાભ એ થયો કે વિષય-વિલાસના વાતાવરણમાં પણ એ કશામાં લેવાઈ નહીં અને નિયમ-ધર્મમાં દૃઢ રહી શકી !

❊ આમ, કથાવાર્તા આપણને બળ આપે છે જેનાથી આપણું મન પંચવિષયોમાં આસક્ત ન થાય !

❊ આમ, કથાશ્રવણથી આવો અદ્‌ભુત લાભ થાય છે. પરંતુ ઘણી વાર એવું લાગે છે કે વર્ષો સુધી કથા સાંભળવા છતાં સ્વભાવો કેમ ટળતા નથી ? પંચવિષયમાંથી પ્રીતિ કેમ ટળતી નથી ? આ પ્રશ્નનો જવાબ છે, કથા શ્રવણની રીત યોગ્ય નથી.

● **કથા-શ્રવણની રીત :**

❊ શ્રીમદ્‌ભાગવતમાં એક વાત આવે છે, ધુંધુકારી નામનો એક વાસનિક બ્રાહ્મણપુત્ર ભૂત થયો હતો. તેનો ભાઈ ગોકર્ણ પવિત્ર હતો. પોતાના ભાઈની મુક્તિ માટે ગોકર્ણે ભાગવતનું પારાયણ કર્યું. અનેક શ્રોતાઓ ભાગવત કથા સાંભળવા આવતા. તેનો ભૂત થયેલો ભાઈ પણ એક વાંસના છિદ્રમાં આવીને બેસે અને કથા સાંભળે ! કથાને અંતે સાતમા દિવસે તે પ્રેતયોનિમાંથી મુક્ત થયો અને ભગવાનના વૈકુંઠ ધામમાં ગયો. આ જોઈ કેટલાકે કહ્યું, 'જો કથાનો મહિમા હોય તો અમે બધાએ પણ કથા સાંભળી છે, તો અમારી મુક્તિ કેમ ન થઈ ? તેના જવાબમાં ભગવાનના પાર્ષદોએ કહ્યું :

શ્રવણસ્ય વિભેદેન ફલ ભેદોઽત્ર સંસ્થિતે ।
શ્રવણં તુ કૃતં સર્વૈ, ન તથા મનનં કૃતમ્ ॥

શ્રવણના ભેદથી અહીં ફળનો ભેદ થયો છે. બધાંની શ્રવણની રીત સરખી નહોતી. તેના જેવું મનન કોઈએ નથી કર્યું.

વિશ્વાસો ગુરુવાક્યેષુ સ્વસ્મિન્ દીનત્વભાવના ।
મનોદોષજયશ્ચૈવ કથાયાં નિશ્ચલા મતિઃ ॥

ગુરુવચનમાં વિશ્વાસ રાખી, દીનભાવથી એકાગ્ર મનથી અને નિશ્ચલ મતિથી કથા સાંભળીએ તો કથાનો યથાર્થ લાભ થાય.

❊ અહીં શ્રીજીમહારાજ કહે છે, વિશ્વાસ રાખીને અને પ્રીતિએ સહિત કથા સાંભળવી, તો લાભ થાય.

૧) પ્રીતિએ સહિત કથા સાંભળવી :

❊ કથા-શ્રવણ કેવી રીતે કરવું ? જેમ સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે ને માછલી તેને કૂદીને ગ્રહણ કરે, તો તે સવા લાખનું મોતી થાય. તેમ તત્પરતાથી કથાના શબ્દો ગ્રહણ કરે તેને પ્રીતિએ સહિત કથા શ્રવણ કર્યું કહેવાય.

❊ માત્ર સાંભળવા ખાતર કે સમય પસાર કરવા માટે કે પછી પરાણે સભા ભરે, કથા સાંભળે તેને કથાનો લાભ ન થાય.

❊ યોગીજી મહારાજ કહેતા, કથા ન સંભળાય તો બળતરા થવી જોઈએ. જેમ શ્રેષ્ઠ રસોઈ હોય અને આપણે રહી ગયા હોઈએ તો કેવી બળતરા થાય ! જેમ ઉપવાસ પછીનાં પારણાં હોય, ખાવાનું તૈયાર હોય ને કોઈક આપણી થાળી આંચકી લે તો કેવી બળતરા થાય ! તરસ લાગી હોય ને મોં સુધી આવેલો ગ્લાસ કોઈ ઝૂંટવી લે, તો કેટલી દાઝ થાય ! કે પછી પાણીમાં ડૂબતા હોઈએ, ગૂંગળાતા હોઈએ ને કોઈ બોચી ઝાલીને દબાવી રાખે તો કેવી બળતરા થાય કે 'હું મરી જઈશ!' આમ, વાયુ ને જળ જીવન છે, તે ન મળે તો આકુળ-વ્યાકુળ થઈ જવાય. તે રીતે આત્માના ખોરાક માટે કથાની પણ જરૂર છે. તે વિના આપણે આકુળ-વ્યાકુળ થયા ? જો નથી થયા તો સમજવું કે હજી કથામાં પ્રીતિ નથી !

❊ એક વાર શ્રીજીમહારાજ રાત્રે પરમહંસોને કથાવાર્તા કરતા હતા. રાત્રિના બે પ્રહર વીત્યા ત્યાં સુધી વાતો ચાલી - મોડી રાત થઈ હોવાથી શ્રીજીમહારાજે સંતોને કહ્યું, 'હવે બધા આરામમાં જાઓ !' આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! આપ જો ફક્ત દેહના આરામ માટે જ જવાનું કહેતા હો તો, આપની આવી વાતોથી જ અમને તો શાંતિ અને આરામ બંને મળે છે.!' સ્વામીશ્રીની કથા શ્રવણમાં આવી પ્રીતિ જોઈ શ્રીજીમહારાજ અત્યંત

રાજી થઈ ગયા અને આખી રાત વાતો કરી.

કથા શ્રવણમાં પ્રીતિ હોય તો તેને માટે આવો ભીડો વેઠાય.

૨) વિશ્વાસ અને શ્રદ્ધાથી કથા સાંભળવી :

❊ કથામાં કે શાસ્ત્રમાં જે વાત આવે છે તે સાચી જ છે. ભગવાનનો મહિમા છે તે સાચો જ છે. એવો દઢ વિશ્વાસ જોઈએ તો કથા અસર કરે.

❊ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કહે, 'અક્ષરને રુંવાડે-રુંવાડે અનંત કોટિ બ્રહ્માંડ અણુની જેમ ઊડતા ફરે છે.' આ સાંભળી કેટલાકને સંશય થાય. તો દ્વારપાળને જઈને પૂછે : 'સ્વામીની વાત સાચી ?' દ્વારપાળ પણ એવો જ. કહે, 'સ્વામી પણ મોટા ને એમનાં ગપ્પાં પણ મોટાં.'

આવાને કથા શું અસર કરે ? વિશ્વાસ જોઈએ તો કામ થાય.

❊ વિશ્વાસ ક્યારે આવે ? જો આપણી બુદ્ધિનું ડહાપણ મૂકી દઈએ તો વિશ્વાસ આવે. એટલે યોગીજી મહારાજ કહેતા, 'સમાગમ કરવા જઈએ ત્યારે પોતાની બુદ્ધિનાં અને સમજણનાં બીબાં મૂકીને જવું !'

❊ એક વાર એક ભમરો ગીગાને (વિષ્ટા ખાનાર એક પ્રકારનું ઢાલિયું જીવડું) પોતાની સાથે બગીચામાં ફૂલની સુંગધ માણવા લઈ ગયો. પણ ગીગો તો પોતાના નાકમાં વિષ્ટાની ગોળી ભરીને આવ્યો હતો. તેથી તેને બગીચામાં પણ વિષ્ટાની સુગંધ આવે. ભમરાએ આ જોયું એટલે તેને પાણીના હોજમાં ઝબકોળ્યો. ગીગાના નાકમાંથી વિષ્ટાની ગોળીઓ નીકળી ગઈ. પછી તેને ફૂલોની સુગંધ આવી.

આમ, આપણે બુદ્ધિમાં લૌકિક વિચારો ભરી રાખીએ કે આની સાબિતી શું ? વિજ્ઞાન આમ કહે છે ? આવું તો હોતું હશે ? આ બધું તો વેવલાવેડા કહેવાય. આપણે તો આધુનિક કહેવાઈએ ! આ તો બધી જૂના જમાનાની વાતો...

આવા બધા વિચારોને લીધે કથામાં વિશ્વાસ ન આવે અને પરિણામે કથા શ્રવણનો લાભ ન મળે !

❊ એક વાર એક મુમુક્ષુએ ગુરુને પ્રશ્ન પૂછ્યો કે, 'હું ઘણા દિવસોથી આપની કથા સાંભળું છું. મને કશું જ યાદ નથી રહેતું તો પછી કથા સાંભળવાનો લાભ શો ?' ગુરુ કહે, 'વિશ્વાસ રાખ તને લાભ થાય જ છે !' છતાં તેણે થોડા મહિનાઓ પછી ફરીથી અવિશ્વાસ પ્રગટ કર્યો. ગુરુએ તેને કહ્યું, 'તું ૩૦ વર્ષનો થયો તે દરમ્યાન ૩૨,૮૫૦ વાર ભોજન કર્યું છે. તે દરેક વખતે કઈ વાનગી ખાધી તે તને યાદ છે ?' પેલો કહે, 'ના.' ગુરુ કહે, 'તને તે યાદ નથી. તેમ છતાં એ ભોજનને લીધે તારું પોષણ થયું છે. તારો વિકાસ થયો છે. તેના વિના તું ક્યારનોય મૃત્યુ પામ્યો હોત ! એ જ રીતે કથાથી તારું પોષણ અને વિકાસ થાય જ છે !' ગુરુએ સમજાવ્યો ત્યારે તેને વિશ્વાસ બેઠો.

❊ આમ, કથા સાંભળવા છતાં બાહ્ય રીતે લાભ થયો હોય તેમ ન લાગે તો પણ તેમાં અશ્રદ્ધા ન લાવવી. ભલે લાભ દેખાતો નથી પણ લાભ થાય છે તે નક્કી છે. એવા વિશ્વાસથી કથા સાંભળવી. જો પ્રીતિ અને વિશ્વાસથી નિયમિત કથા સાંભળીએ તો લાભ થાય જ.

❊ એક વાત ખાસ સમજવાની છે કે, કથા-શ્રવણ એટલે માત્ર સત્સંગ સભા ભરવી એટલું જ નથી. એ તો પ્રાથમિક બાબત છે જ, પરંતુ આગળ વધીએ એટલે ઘરસભા અને સત્સંગ શિક્ષણ પરીક્ષા તથા અન્ય ગ્રંથોનું વાંચન પણ કથા-શ્રવણ જ છે. સભામાં જે સાંભળીએ તેનું મનન થાય અને વિશેષ દઢતા થાય તે માટે સત્સંગ શિક્ષણ પરીક્ષા છે.

❊ મોટા સંતો કહેતા કે, વચનામૃત વાંચીએ ત્યારે શ્રીજીમહારાજની કથા સાંભળીએ છીએ, સ્વામીની વાતો વાંચીએ ત્યારે ગુણાતીતાનંદ સ્વામીની કથા સાંભળીએ છીએ ! આમ આવી રીતે સદ્‌ગ્રંથોનું વાંચન કરવું એ પણ કથાશ્રવણ જ છે.

તો આવો, આજે આપણે સૌ સંકલ્પ કરીએ કે, આપણે ક્યારેય સત્સંગસભા ચૂકીએ નહીં અને યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે કથાવાર્તાનું વ્યસન પાડી દઈએ.

સભા : ૩૮ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા અંત્ય - ૨ : સર્વે અર્થ સિદ્ધ થયાનું - પ્રગટ ગુરુરૂપ હરિનું.
❖ **વિશેષ પ્રવચન**: 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું બીજું : સર્વે અર્થ સિદ્ધ થયાનું - પ્રગટ ગુરુરૂપ હરિનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૮૨ના જ્યેષ્ઠ સુદિ ૬ છઠ્યને દિવસ સાંજને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરના ફળિયાને વિષે બાજોઠ ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્યામ છેડાની ધોળી પાઘ બાંધી હતી અને શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પાઘને વિષે મોગરાનાં પુષ્પનો તોરો ખોસ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે...... 'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, 'જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી.' તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. અને આ વાર્તા જે કહી, તે જણાય છે તો જાડી જેવી, પણ એ તો અતિશય ઝીણી છે. તે જે એવી રીતે વર્તતો હોય તેને એમ સમજાય જે, 'એ વાર્તા અતિ ઝીણી છે.' ને બીજાને તો સમજ્યામાં પણ આવે નહિ, એવી અતિશય ઝીણી વાર્તા છે.' એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાના ઉતારામાં પધાર્યા.

ઈતિ વચનામૃતમ્. એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું બીજું વચનામૃત થયું.

● વચનામૃતની વિશેષતા

* યોગીગીતામાં આ વચનામૃત રાત-દિવસ વાંચ્યા કરવાની યોગીજી મહારાજની આજ્ઞા છે.
* આ વચનામૃતમાં શ્રીજીમહારાજ જીવમાંથી જગત કાઢી નાખવાનો કીમિયો બતાવે છે. તથા જે જાણીએ છીએ તે વર્તનમાં લાવવાનો રામબાણ ઈલાજ સમજાવે છે.
* છતી દેહે જ મોક્ષની અનુભૂતિની કરામત દર્શાવે છે.
* અધ્યાત્મમાર્ગમાં સાધકને થતી 'મણમાં આઠ પાંચ શેરી' જેવી ભૂલનો નિર્દેશ કરે છે.

● નિરૂપણ

* વચનામૃતના આરંભમાં શ્રીજીમહારાજ બે પ્રશ્ન પૂછે છે :

૧. જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે. તેને પણ દેખે છે.

છતાં જીવને જગતનું પ્રધાનપણું કેમ મટતું નથી?

૨. પરમેશ્વરને સર્વપ્રકારે સુખના સિંધુ જાણે છે. તો પણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોંટતું નથી. તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થતો નથી. અને ધન-સ્ત્રી આદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી. તેનું શું કારણ હશે ?

* આ વાત શ્રીજીમહારાજે અનુભવી છે.
* પોતાના વન વિચરણ દરમ્યાન અને પછી પણ કેટલાય વિદ્વાનો-પંડિતો-શાસ્ત્રોના જ્ઞાતાઓ તેમણે જોયા છે કે જેઓ આત્મા-પરમાત્માની, જગતના નાશવંતપણાની વાતો જોરશોરથી કરતા હોય પણ જગત અને સ્ત્રી-ધનાદિક પદાર્થોમાંથી વૃત્તિ પાછી વળતી ન હોય. નિયમધર્મ લોપીને વિષયો ભોગવતા હોય.
* રાવણ ચારવેદનો ભણેલો હતો, છતાં પરસ્ત્રીની આસક્તિ ન ટળી.
* દુર્યોધન પોતે કહેતો : 'ધર્મ શું છે એ સારી રીતે જાણું છું, પણ હું તેને આચરી શકતો નથી ને અધર્મ શું છે એ પણ જાણું છું, તેને હું મૂકી શકતો નથી.''
* નારદ, વિશ્વામિત્ર, પરાશર શું અજ્ઞાની હતા ? છતાં સ્ત્રીમાં લેવાયા.
* અર્જુનને ગીતાના અઢાર અધ્યાય સમજાવ્યા. બીજા અધ્યાયમાં દેહ ને દેહના સગાસંબંધી નાશવંત છે. આત્મા અમર છે એ પણ સમજાવ્યું. છતાં અભિમન્યુ હણાયો, તો અર્જુને વિલાપ કરવા માંડ્યો.
* લોઢવામાં લખુચારણ નામે આત્મજ્ઞાની બાઈ રહેતી હતી. છતાં નીલકંઠવર્ણી પાસે શું માગ્યું ? 'મારો દીકરો વીરો અને ૬૦ ભેંસો અમર રહે.'
* ડૉ. રાધાકૃષ્ણન્ ભારતના પ્રખર વિદ્વાન રાષ્ટ્રપતિ હતા. ગીતા-ઉપનિષદો પર તત્ત્વજ્ઞાન સભર પ્રવચન આપે. પુસ્તકો લખે છતાં દીકરીના પુત્રના અવસાનથી આઘાત લાગ્યો ને પાગલ જેવા બની ગયા.
* શ્રીજીમહારાજના પરમહંસ વિજ્ઞાનદાસ સ્વામીને સમાધિ થતી. ને ભગવાનને પ્રત્યક્ષ જોતા, છતાં તેમણે બે ઘર કર્યા.
* વર્તમાનકાળમાં ટી.વી. અને ફિલ્મોથી દુઃખ ને બરબાદી થાય છે, વ્યસનોમાં ખુવારી છે. એ વાતની સૌને ખબર છે, અનુભવ છે, છતાં વૃત્તિ પાછી વળતી નથી. સત્સંગ પ્રધાન થતો નથી. કદાચ થયો છે પણ તેની માત્રા-ટકાવારી ઓછી હશે. રવિસભા, ઘરસભા, સત્સંગ-સમૈયામાં સેવા કરીએ છીએ, પણ શ્રીજીમહારાજની અપેક્ષા પ્રમાણે આ યથાર્થ નથી. તેનું શું કારણ હશે ? - એ જ મણમાં આઠ પાંચ શેરની ભૂલ જેવું અજ્ઞાન છે. કઈ છે એ ભૂલ ?

● **બ્રહ્માદિકને દુર્લભ એવો જે આ સત્સંગ છે.**

* તુલસીદાસ કહે છે :

સુત દારા અરુ લક્ષ્મી, પાપી કો ભી હોય,
સંત સમાગમ હરિ કથા, તુલસી દુર્લભ સોય

* રાજકોટ જતાં યોગીજી મહારાજ એક હરિભક્તના ખેતરમાં ગયા. ત્યાં આંબાને સ્પર્શ કરીને કહે, 'દશ હજાર વર્ષથી તપ કરતો હતો.' સત્પુરુષનો સ્પર્શ પણ કેટલો દુર્લભ છે ?
* લંડનમાં સ્વામીશ્રી સમક્ષ યુવકો અને બાળકો ભોજન દરમ્યાન દર્શન માટે રાહ જોઈને બેઠા હતા. બપોરે ૧૨-૩૦ની બદલે ૧-૩૦ વાગ્યે આવ્યા. યુવકો કહે, 'અમે એક કલાકથી આપની રાહ જોઈએ છીએ.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા, 'એક કલાક શું ? અનંત જન્મો સુધી તપ કરીએ તો ય આ સાધુના દર્શન થાય એમ નથી.'

● **પરોક્ષમાં પ્રતીતિ :**

* જીવ પ્રાણીમાત્રની અવળાઈ અને સ્વાભાવિક પ્રકૃતિ છે કે પ્રગટ કરતા પરોક્ષનો મહિમા જ તેને વધારે હોય.
* 'ઢૂંકડુ એટલે કે નજીકનું હંમેશાં ઢૂં-કડુ-કડવું

લાગે. વેગળું એટલે દૂરનું હંમેશાં વે-ગળું, ગળ્યું લાગે' : - યોગીજી મહારાજ.

* અત્યારે હનુમાન, રામ કે કૃષ્ણ પ્રત્યક્ષ દર્શન દે તો ? પણ પ્રગટ હતા, ત્યારે કેટલાએ ઓળખ્યા ?

* ગોવિંદરામ પોતાના ચંદ્રાવળામાં કહે છે :

પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે, રમાપતિની રીત
હરિકૃપાથી હરિજન જાણે, જગત આંધળું ભીંત
જગત આંધળું ભીંત તે કેવું, નિંદા કરવા માંડે એવું,
કહે ગોવિંદરામ પછે તો સૌ વખાણે,
પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે.

* એક હરિભક્ત પોતાના નાના બાળકને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીને જોઈ બાળક રડવા માંડ્યો. તેથી પિતા બોલ્યા, 'બાપા, ઘેર તો આપનો ફોટો લઈને આખો દિવસ રમ્યા કરે-પગે લાગે. અહીં ખબર નહીં કેમ રડે છે ?' સ્વામીશ્રી કહે, 'સૌને પ્રગટ સાથે જ વાંધો છે. ફોટામાં તો સૌ પૂજે.'

* પ્રગટ વગર પરોક્ષથી કાર્ય સરે જ નહીં.

પરોક્ષથી ભવ તણો પાર આવે નહીં,
વેદ વેદાંત કહે સત્ય વાણી

- મુક્તાનંદ સ્વામી

* અન્નકૂટના ફોટાથી ભૂખ ન જાય, સૂર્યનારાયણના મંત્રજાપથી કે તેના ફોટાથી પ્રકાશ ન થાય. મર્સીડીઝ ગાડીનો ફોટો હાથમાં રાખીને એક ઇંચ પણ મુસાફરી ન થાય. ડૉક્ટરનો ફોટો કે સર્ટીફીકેટ સાથે રાખવાથી રોગ ન ટળે.

* નિષ્કુળાનંદ સ્વામી :

પ્રગટ પ્રભુના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ;
આજકાલના અભાગિયા, દિશ વિના દિયે છે દોટ.
મળે પ્રગટ પ્રભુ પ્રમાણ રે, કાં તો તેના મળેલ કલ્યાણ રે;
તેહ વિના તો કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ નવ થાયે રે.

* કલ્યાણનો મુદ્દો ક્યારે હાથમાં આવ્યો કહેવાય એ વાત શ્રીજીમહારાજ ગ.મ. ૨૧માં આ રીતે કરે છે : 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે. તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નથી.

આ વાર્તા એકવાર કહે સમજો કે લાખવાર કહે સમજો, આ જ સમજો કે લાખ વર્ષ કેડે સમજો, પણ એ વાત સમજે જ છૂટકો છે.'

* ટૂંકમાં, સર્વ અર્થ સિદ્ધ કરવા 'પ્રગટમાં પ્રતીતિ' મહત્ત્વની છે. પ્રત્યક્ષ પ્રાપ્તિ હોય પણ જો પ્રતીતિ ન હોય તો ? પ્રત્યક્ષ ભગવાનનો યોગ તો ઘણાને હતો. પણ પ્રતીતિ નહોતી. રાવણને રામ મળ્યા જ હતા. કંસને કૃષ્ણ નહોતા મળ્યા ? અમદાવાદના સૂબાને, વડોદરાના દિવાનને, ભૂજના દિવાનને શ્રીજીમહારાજ મળ્યા જ હતા. પણ પ્રતીતિ નહોતી, તો કોરા રહી ગયા. દ્રોહ કર્યો, અસુર કહેવાયા.

* ગુણાતીતાનંદ સ્વામી : 'ભગવાનની મૂર્તિ ચિંતામણિ છે. પણ પ્રતીતિ વિના બાળકના હાથમાં જેવી ચિંતામણિની દશા થાય તેવી દશા છે. એક ભરવાડને ચંદ્રકાંત મણિ નામનો અતિ મૂલ્યવાન હીરો મળ્યો. તેણે બકરીના ગળે સારો પથરો જાણીને બાંધી દીધો.'

* અમેરિકામાં એક ભાઈ ૨૦ લાખ ડૉલરના નિલમનો પેપરવેઈટ તરીકે ઉપયોગ કરતા હતા. તેવું જ ભગવાન અને સંતની બાબતમાં છે.

* લંડનમાં એક પ્રેસ રીપોર્ટરે પ્રશ્ન પૂછ્યો : 'ભગવાન કેમ દેખાતા નથી ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'દેખાય છે, પણ મનાતા નથી.'

● **આ પ્રતીતિ વિના :**

૧. સ્વભાવ કે દોષો ટળતા નથી.

* તે સ્વરૂપને તો તમે પણ દેખો છે, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજવામાં આવશે ત્યારે પંચવિષય કે

કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં. (ગ.મ. ૧૩)

૨. ભગવાનમાં વૃત્તિ ચોંટે નહીં :

૩. ભગવાનનો સંબંધ તૂટે : સામાન્ય તુચ્છ-લૌકિક પદાર્થ કે સ્વભાવને કારણે ભગવાનનો સંબંધ તૂટે. કારિયાણીમાં એક બાળકે બે કેરીના બદલામાં પોતાના ગળામાં બાંધેલી સોનાની ઊતરી (ચેઈન) મહારાજને આપી દીધી. આનું મૂળ કારણ મહિમા-પ્રતીતિનો અભાવ છે.

* આના પરિણામે દરિદ્રપણું, કંગાલપણું રહે. આનંદ, કેફ કે ખુમારી ન આવે, પૂર્ણકામપણું ન મનાય.

* જાગા સ્વામીએ એકવાર ગુ.સ્વા.ને કહ્યું, 'થોડો વહેલો જન્મ થયો હોત તો, મહારાજનો યોગ તો થાત, આપણે રહી ગયા.' આવી બળતરા પ્રતીતિ ન હોય તેથી થાય.

• **સર્વ સાધનાનું રહસ્ય : પ્રગટને વિષે પ્રતીતિઃ**

* પરોક્ષ દેવ એટલે તીર્થ, શાસ્ત્ર, પૂર્વ થઈ ગયેલા અવતારો, મૂર્તિ.

* અક્ષરધામમાં રહેલા શ્રીજીમહારાજ અથવા ૨૧૬ વર્ષ પહેલાના શ્રીજીમહારાજ વિશે જે પ્રતીતિ છે તે જ પ્રતીતિ આજે પ્રગટ ગુરુરૂપ હરિને વિષે થવી જોઈએ. પ્રગટ ગુરુ એટલે પરમ એકાંતિક ગુણાતીત સંત.

* જાગા સ્વામીએ ગુ.સ્વા. આગળ પોતાની બળતરા ઠાલવી ત્યારે ગુ.સ્વા. બોલ્યા, 'એ જ શ્રી.મ. આ સાધુ દ્વારા પ્રગટ છે. માત્ર આકાર જ જુદો છે.' અને શિખાથી પગના અંગૂઠા સુધી નિર્દેશ કરીને કહે, 'અક્ષરધામમાં શ્રી.મ. આમ જ બેઠા છે.'

* ગઢડામાં લક્ષ્મીવાડીના મંદિર શતાબ્દી મહોત્સવ વખતે એક હરિભક્તે શા.મ. આગળ 'આજ ૧૦૦-૧૦૦ વરસોનાં વા'ણા વહી ગયા...' એ પરોક્ષભાવનું કીર્તન ગાયું. આખી સભા રડવા લાગી. તે કીર્તન બંધ રખાવીને શા.મ. કહે, 'આપણે આવું ન ગવાય. આપણે તો શ્રી.મ. પ્રગટ જ છે.

* યો.મ. : 'જેવા અક્ષરધામમાં મહારાજ બિરાજે છે, તેવા ને તેવા જ અહીં બિરાજે છે તેમ સમજવું તે શુદ્ધભાવ.'

* પ્ર.સ્વા. મહારાજમાં વર્તમાન કાળે શ્રી.મ. પ્રગટ છે. એના કેટલાક સ્વમુખના પ્રમાણો :

* લંડનમાં સભામાં ગ.અં.૩૧મું વચનામૃત સ્વામીશ્રી સમજાવતા હતા. તેમાં સ્વરૂપનિષ્ઠાની વાત આવી તે સાંભળી એક હરિભક્ત બોલ્યા, 'આ તો શ્રી.મ. તે સમયની વાત કરી હતી. પણ ત્યાર પછીના ગુણાતીત સંત પરંપરામાં આકાર તો જુદો દેખાય છે.' ત્યારે સ્વામી કહે, 'આકાર ભલે જુદા દેખાય, પણ આંખમાં જોનાર કોણ ? બોલનાર કોણ ? અંગોઅંગમાં કોણ ? આકૃતિ ભલે જુદી દેખાય પણ તત્ત્વ તો એક જ છે.'

* મ્વાન્ઝામાં કથા બાદ રસોડાનું નિરીક્ષણ કરવા નીકળ્યા. ત્યાં એક સંત કીર્તન ગાતા હતા.

  'આજ મારે આંગણે સાધુ આવ્યો,
  ભોમિયો વિદેશનો રે લોલ.'

  સ્વામી રસોડા તરફ આવ્યા ને કહે, 'આ આવ્યો... તૈયાર થઈને આવ્યો છે.'

* ભગવાનની જેમ સેવા કરવા યોગ્ય સંતના લક્ષણો (ગ.અં. ૨૬)
  * *ઈન્દ્રિયો-અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેને દાબીને વર્તે.*
  * *ભગવાન સંબંધી ક્રિયાને કરે.*
  * *પંચવર્તમાનમાં દૃઢ રહે.*
  * *પોતાને બ્રહ્મરૂપ માને અને પુરુષોત્તમની ઉપાસના કરે.*

* આવા લક્ષણવાળા સંતનો મહિમા શ્રી.મ. વર્ણવે છે :
  * ગ.પ્ર. ૨૭ : એના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે... માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.

* ગ.પ્ર.૩૭ : 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ... તેના દર્શનને ઈચ્છીએ છીએ... તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે.'

* નિષ્કુળાનંદ સ્વામી :

સંત માનજો મારી મૂરતી રે, તેમાં ફેર નથી એક રતિ રે;
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.

- **જો પ્રગટમાં પ્રતીતિ આવે તો શું લાભ ?**

૧. જીવમાંથી જગત નીકળે, આસક્તિ, વાસના ટળી જાય.

* ગોપીઓએ શ્રીકૃષ્ણના ચરણનો એકવાર સ્પર્શ કર્યો ને જગતના સુખ ખારા ઝેર જેવા થઈ ગયા.
* બ્રહ્માનંદ સ્વામીને વડોદરાના દરબારમાં રાજકવિ બનવાનું માગું આવ્યું. પણ ન ચળ્યા.

૨. જગતમાંથી વૃત્તિ પાછી વળી જાય અને રહે તો જળકમળવત્ -

* પર્વતભાઈ, દાદાખાચર, શિવલાલ શેઠ, નેનપુરના દેવજીભગત કે જનકરાજાની જેમ.

૩. જગતના દુઃખો, દ્વન્દ્વો કે મુશ્કેલીમાં પણ નિર્લેપ રહી અલમસ્ત આનંદમાં રહે. તો પૂર્ણકામપણું મનાય.

* પરમહંસો વિપરિત સંજોગોમાં પણ પ્રાપ્તિ અને કેફના કીર્તનો ગાતા.

સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યારે
- નિષ્કુળાનંદ સ્વામી

શીદને રહીએ રે કંગાલ રે સંતો..
- નિષ્કુળાનંદ સ્વામી

* પ્રમુખસ્વામી : 'શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજ મળ્યા એ જ નોબલ પ્રાઈઝ.'

૪. છતી દેહે મોક્ષની પ્રતીતિ આવે :

* ગ.પ્ર.૭૨ : 'જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ મારું કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તો તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારા કલ્યાણનો શો સંશય છે ! હું તો કૃતાર્થ છું.'

- **સર્વ અર્થ સિદ્ધ થાય છે :**

* સર્વ અર્થ એટલે ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. જેમ ગોળની સાથે ગળપણ આવે જ. એમ પ્રગટની પ્રતીતિ એટલે મોક્ષરૂપી અંતિમ પુરુષાર્થની સાથે સાથે ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ.
* ડૉક્ટર મળે ને મર્યા પછી રોગ ટાળે એમાં શું ? છતી દેહે ટળે તો જ જીવન સાર્થક થાય. એમ પ્રગટની પ્રતીતિથી છતી દેહે જ આવી જીવનમુક્તિની અનુભૂતિ થાય છે.
* ગ.મ. ૨૮ : 'આવો ભક્ત મૃત્યુલોકમાં છે, છતાં તે અક્ષરધામમાં છે.'
* આમ જે સ્થિતિ અનંતવર્ષ સુધી અનંત સાધનો કરવા છતાં સિદ્ધ ન થાય, તે માત્ર પ્રત્યક્ષ ગુરુમાં પ્રતીતિ કરવાથી થાય છે.

- **આ વાર્તા ઝીણી છે :**

* 'પ્રત્યક્ષમાં પ્રતીતિથી મોક્ષ થાય છે.' આ વાર્તા અતિશય ગહન છે, સૂક્ષ્મ છે, ગૂઢ છે, તે બુદ્ધિથી, તર્કથી, યુક્તિથી કે શાસ્ત્રોના પોપટિયા જ્ઞાનથી સમજાતી નથી, સ્વીકારી શકાતી નથી.
* દવા લીધા વગર નિયમિત લેવાની શરૂઆત કર્યા વગર, દવાથી રોગ મટે છે એ કેમ સમજાય ? કેમ મનાય ? તેથી શ્રી.મ. કહે છે કે જે એ પ્રમાણે વર્તતો હશે તેને આ વાત સમજાશે.

- **પ્રતીતિ કરવા માટે :**

૧. વિશ્વાસ : આ સંત દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ જ છે.

૨. પ્રાર્થના :

૩. પુરુષાર્થ :

◆

૧૧. વચનામૃત : ગઢડા અંત્ય-૨ : સર્વે અર્થ સિદ્ધ થયાનું - પ્રગટ ગુરુરૂપ હરિનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા અંત્યનું ૨જું : સર્વે અર્થ સિદ્ધ થયાનું - પ્રગટ ગુરુરૂપ હરિનું...

સંવત ૧૮૮૨ના જ્યેષ્ઠ સુદિ ૬ છઠને દિવસ સાંજને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરના ફળિયાને વિષે બાજોઠ ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્યામ છેડાની ધોળી પાઘ બાંધી હતી અને શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પાઘને વિષે મોગરાનાં પુષ્પનો તોરો ખોસ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દઢપણે પ્રતીતિ થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. અને આ વાર્તા જે કહી, તે જણાય છે તો જાડી જેવી, પણ એ તો અતિશય ઝીણી છે. તે જે એવી રીતે વર્તતો હોય તેને એમ સમજાય જે, 'એ વાર્તા અતિ ઝીણી છે,' ને બીજાને તો સમજ્યામાં પણ આવે નહીં; એવી અતિશય ઝીણી વાર્તા છે.'' એમ વાર્તા કરી શ્રીજીમહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાના ઉતારામાં પધાર્યા.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૨જું વચનામૃત થયું.

૧) આ વચનામૃતની વિશેષતા :

* યોગીજી મહારાજે યોગીગીતામાં કહ્યું છે, 'વચનામૃત છેલ્લા પ્રકરણનું બીજું રાત-દિવસ વાંચ્યા જ કરવું. આટલી કલમ યાદ રાખવી.'
* આ વચનામૃત રાત-દિવસ વાંચવાની આજ્ઞા પાછળ હેતુ એ છે કે, આ વચનામૃતમાં જે વાત છે તે ખૂબ જ મહત્ત્વની છે. તે છે પ્રગટમાં પ્રતીતિની. આમ, પ્રગટની વાત મુદ્દાની વાત છે. તેથી યોગીજી મહારાજે તેને રાત-દિવસ વાંચવાની આજ્ઞા કરી છે. કારણ કે...

૧.૧) નિત્ય અભ્યાસથી દૃઢતા થાય :

* વારંવાર અભ્યાસ કરવાથી વાત દઢ થઈ જાય છે.
* સૈનિકો દરરોજ સવારે ઊઠીને નિત્ય કવાયત કરે. જેથી કટોકટીનો સમય આવે ત્યારે સૈન્યને કામે લઈ શકાય. ત્રણ સમય ખાઈને બેસી રહ્યા હોય તેવા સૈનિકો શું કરી શકે ?
* દેશની શાળાઓમાં 'ભારત મારો દેશ છે...' એ પ્રતિજ્ઞા રોજ બોલાવાય છે. વળી, 'જનગણમન...' એ રાષ્ટ્રગીત પણ રોજ ગવડાવાય છે. તેનું કારણ શું ? રોજના અભ્યાસથી વિદ્યાર્થીને દઢ થતું જાય કે 'હું ભારતવાસી છું, બીજા કોઈ દેશનો નથી.' આમ, નિત્ય અનુસંધાન રાખવાથી તે વાતનું અંગ બંધાઈ જાય. એમ, પ્રગટ ભગવાનમાં પ્રતીતિ માટે નિત્ય અભ્યાસ જરૂરી છે.

૧.૨) નિત્ય અભ્યાસથી તાજું રહે, વીસરાય નહિ :

* સંગીતકારો રોજ રીયાઝ કરે છે. પ્રોગ્રામ તો કોઈક દિવસ જ આપતા હોય છે, પણ રીયાઝ રોજ ત્રણ

ત્રણ કે ચાર ચાર કલાક કરે. સંગીતની દુનિયામાં કહેવાય છે કે, જો એક દિવસ રિયાઝ ન કર્યો હોય તો તેના સાથીદારો જ બોલે કે 'આજ કુછ અચ્છા નહીં લગ રહા હૈ.' બે દિવસ રિયાઝ ન કર્યો હોય તો સંગીતના રસિયાઓને તરત જ ખબર પડી જાય કે 'આજ કુછ ગડબડ હૈ.' પણ જો ત્રણ દિવસ રિયાઝ ન કર્યો હોય તો આપણા જેવા સંગીતમાં ન જાણતા હોય તેવા પણ કહી દે કે 'આ ભાઈ એમ ને એમ સંગીત કૂટ્યા કરે છે.' માટે, એક વાર કળા સિદ્ધ થઈ જાય પછી પણ તેને જાળવી રાખવા નિત્ય અભ્યાસ જરૂરી છે.

એ રીતે સત્સંગમાં અમુક વાત સમજાઈ જાય પછી પણ તેનું નિત્ય પુનરાવર્તન કરવું જરૂરી છે. પ્રગટ ભગવાનના નિશ્ચય અને તેમાં પ્રતીતિની વાત તેમાંની એક છે. તેથી યોગીજી મહારાજ નિત્ય આ વચનામૃત વાંચવાની આજ્ઞા કરે છે.

આ વચનામૃતમાં સૌ પ્રથમ શ્રીજીમહારાજ વાત કરે છે કે...

૨) આ સત્સંગ ભવબ્રહ્માદિકને પણ દુર્લભ છે :

❊ ભવબ્રહ્માદિક દેવોને પણ આ સત્સંગ મળતો નથી. દેવોને પ્રગટની પ્રાપ્તિ થવી, અરે ! તેમનાં દર્શન પણ દુર્લભ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીના વખતની આ વાત છે... માળિયા હાટિનામાં જૂનાગઢ મંદિરનું આંબાવાડિયું સાચવવા ભગવાનદાસ નામે સંત રહેતા. એક વાર રાત્રે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણે દેવો વિમાન લઈ ત્યાં આવ્યા. સંતને ઉઠાડીને કહે, 'અમારે ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવાં છે. અમે અમારે મેળે જઈ શકીએ નહીં. તમે અમારા વિમાનમાં બેસી જાવ ને જૂનાગઢમાં સ્વામીનાં દર્શન કરાવો.' પછી સ્વામી સવારે મંગળા આરતી પછી પ્રદક્ષિણા કરતા હતા, ત્યાં વિમાનમાં આવ્યા. ભગવાનદાસે કહ્યું, 'જુઓ, પેલા પ્રદક્ષિણા ફરે છે તે ગુણાતીતાનંદ સ્વામી ચાલો દર્શને.' આ દેવો કહે, 'અમારે નજીક ન જવાય. બસ, અહીંથી દર્શન થઈ ગયાં. તમારે દર્શન કરવા હોય તો નીચે ઉતારી દઈએ.' એમ કહી જાણે પેરેશૂટથી ઉતારતા હોય તેમ પ્રદક્ષિણામાં ઉતારી દીધા! ભગવાનદાસ ગુણાતાતીનંદ સ્વામીને દંડવત્ કરવા મંડ્યા. સ્વામી કહે, 'ભગવાનદાસ ! અહીં અત્યારે કેવી રીતે આવ્યા ?' ભગવાનદાસ કહે, 'વિમાનથી (By Air.) જુઓ, પેલા દેવો તમારાં દર્શન કરે છે.' સ્વામી કહે, 'બોલ મા, બોલ મા. વરતાલે વાત જશે કે સ્વામી ભગવાન થાય છે.' પછી દેવો તરફ હાથ કર્યો ને તેમને વિદાય આપી. આ જોઈને ભગવાનદાસે કહ્યું, 'સ્વામી ! હવે પાછા કેવી રીતે જવાનું ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'પગરસ્તે (By Road.). બે-ચાર દહાડા સમાગમ કરીને પછી માળિયા જજો.

એટલે જ નિષ્કુળાનંદ સ્વામી સાચું કહે છે :

એવા દેવતાને દર્શન થાતાં નથી થોડી વાતમાં રે,
શિવ બ્રહ્મા ને સુરરાજ એ તો તલખે છે તનમાં રે.

(તલખે = તડપે, સુરરાજ = ઈન્દ્ર)

❊ યોગીજી મહારાજને પૂછ્યું કે 'બાપા ! આ દાદર મંદિરની સામે જ રેલવે સ્ટેશન પરથી હજારો લોકો રોજ પસાર થાય છે. છતાં કોઈ મંદિરે કેમ નથી આવતા ?' યોગીજી મહારાજ કહે, 'દેવો સોપારી પર ઊંધે માથે લાખ વર્ષ સુધી તપ કરે તોય તેમને દાદર મંદિરનાં પગથિયાં ચડવા ન મળે.'

❊ સત્સંગની આવી અલૌકિતતાની વાતો સાંભળીએ, ત્યારે આપણને તે મનાતી નથી અથવા વધુ પડતી લાગે છે, પણ હીરાની પરખ ઝવેરીને પડે તેમ આ અલૌકિતતા મોટાપુરુષોને દેખાય.

જેમ હીરાપારખુના વચનમાં વિશ્વાસ રાખી હીરા ખરીદાય છે. તેમ આ બાબતોમાં મોટાપુરુષોનો વિશ્વાસ રાખીએ તો આ અલૌકિતતા મનાય. નહિ તો ન મનાય.

❊ એટલે જ આ વચનામૃતમાં આ વાત કરતાં પહેલાં શ્રીજીમહારાજ સમ ખાય છે. મહારાજ કહે છે,

'લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે ? જે સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે.'

૩) સત્સંગ છતાં બીજા પદાર્થમાં પ્રીતિ :

❊ આવો અલૌકિક સત્સંગ આપણને મળ્યો તેમ છતાં તેમાં પ્રીતિ થતી નથી અને બીજા પદાર્થમાં પ્રીતિ રહી જાય છે. આ પણ એક વાસ્તવિકતા આપણને અનુભવાય છે.

❊ રવિસભાનો મહિમા જાણતા હોવા છતાં, રવિવારે મહેમાન આવે તો રવિસભામાં જવાનું માંડી વાળીએ છીએ. સત્સંગ કરતાં મહેમાનમાં પ્રીતિ.

❊ ઘરસભાનો મહિમા જાણીએ છીએ, છતાં ટી.વી.માં કોઈક રમૂજી કે રસપ્રદ કાર્યક્રમ ચાલુ થાય તો ઘરસભાનો સમય ચુકાઈ જાય છે. સત્સંગ કરતાં ટી.વી.માં પ્રીતિ.

❊ સત્સંગનો મહિમા જાણતા હોવા છતાં, બિનસત્સંગી સાથે લગ્ન થાય તો સત્સંગ ઘસાઈ જાય છે. સત્સંગ કરતાં સ્ત્રીમાં પ્રીતિ.

❊ આવું ઘણું બધું છે કે, જે જાણવા છતાં આપણે આચરણમાં નથી મૂકી શકતા.

❊ જેમ દુર્યોધન સારું-ખોટું જાણતો હતો પણ તે પ્રમાણે વર્તી શકતો નહોતો.

❊ અલૈયા ખાચર, પૂર્ણાનંદ સ્વામી, જીવા ખાચર વગેરે સત્સંગનો મહિમા જાણતા છતાં સત્સંગ છોડી ગયેલા.

❊ જાણવા છતાં અમલ ન કરી શકાય તેનું કારણ શું ? : શ્રીજીમહારાજ કારણ જણાવે છે કે, જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રગટ ગુરુરૂપ હરિને વિષે નથી.

૪) પરોક્ષમાં પ્રતીતિ હોય તેવી પ્રગટમાં ન હોય :

❊ લોકોને પરોક્ષમાં બહુ ભાવ હોય છે. શ્રીજીમહારાજ સાક્ષાત્ બેઠા હતા ને પોતાના સર્વોપરીપણાની વાત કરતા હતા, ત્યારે જ એક ભાઈ ઊભા થઈને કહેવા લાગ્યા હતા કે 'આમ કહેશો તો સત્સંગીજીવન ગ્રંથ ખોટો થઈ જશે.' મહારાજ કહે, 'હું રૂબરૂ બોલું છું, ને તમને ગ્રંથમાં પ્રતીતિ છે ?'

❊ નાગપાંચમે નાગદેવતાનો લીટો કરી તેની પૂજા કરે, પણ જો નાગ સાક્ષાત્ દેખાય તો લાકડી લઈને ફટકાર્યા વગર છોડે નહિ !

❊ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ હતા ત્યારે કેટલા તેમને ઓળખી શકેલા ? રામચંદ્ર ભગવાન પ્રગટ હતા ત્યારે કેટલા તેમને ઓળખી શકેલા ?

❊ નીલકંઠવર્ણી ગુજરાતમાં આવી કાઠિયાવાડમાં એક ગામે આવ્યા. અહીં તેઓ એક ભરવાડના નેસમાં ઊતર્યા. ભરવાડે નીલકંઠને દૂધ પાયું. રાત્રે ભરવાડના ગુરુ આવ્યા અને ભજન ભક્તિ ખૂબ થઈ. તે રાત્રે વર્ણી અને તે બાવાજી પાસે પાસે જ સૂતા હતા. બાવાજીને એવી ટેવ કે પડખું ફેરવે એટલે 'હે રામ' એવું બોલે. એ ટેવ મુજબ તેઓ પથારીમાં પડખું ફર્યા અને 'હે રામ' એવું બોલ્યા. નીલકંઠ વર્ણીએ તેમને 'હં...' કરી સામો હોંકારો આપ્યો. આમ ત્રણ-ચાર વખત વર્ણીએ હોંકારો દીધો. તે સાંભળી બાવાએ પૂછ્યું, 'તમે હોંકારો દ્યો છો તે તમે કાંઈ રામ છો.' વર્ણીએ હસીને કહ્યું, 'હા. જે રામ હોય તે જ હોંકારો દે ને.' બાવાજીને મનાયું નહિ, પછી વર્ણીએ રામચંદ્રરૂપે દર્શન આપ્યા ત્યારે પગે પડી ગયો.

❊ પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા પણ લખે છે કે 'મનુષ્યની કમજોરી છે તેને ભૂતકાળના મહાપુરુષો, અવતારો, તેમના ગ્રંથ આ બધું જ દિવ્ય અને ભવ્ય લાગે. ભૂતકાળ સુવર્ણયુગ લાગે, વર્તમાનકાળ કળિ લાગે. પોતાના સમયના હોય તેમની મહત્તા તે ઓછી સમજે અથવા તેમને સમજવામાં કચાશ રહી જાય છે, પરંતુ એવા મહાપુરુષના અવસાન પછી સૌ તેમની પૂજા કરે છે. માટે જ કહ્યું છે : 'મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે' આ સાત્ત્વિક જડતાનો સંસ્કાર છે.

આમ, પરોક્ષમાં બધાને પ્રતીતિ આવે છે, પણ પ્રગટમાં આવતી નથી.

❊ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વયં મહારાજે પોતાની

ઓળખ આપી છે અને ગુણાતીતાનંદ સ્વામીની પણ ઓળખ આપી છે. છતાં બધાંને પરોક્ષ દેવોમાં પ્રતીતિ થયેલી. પ્રગટને ઓળખવામાં બધા થાપ ખાઈ ગયા.

❊ ગોરધનદાસ કોઠારીના ભત્રીજા ઠાસરાના વતની ગિરધરભાઈને નાનપણથી ત્યાગી થવાનો ઈશક, પણ ગોરધનભાઈ તેમને કોઠારની સેવામાં રાખતા. ગિરધરભાઈએ વરતાલમાં વચનામૃતની કથા વૃદ્ધ સંતો પાસેથી સાંભળી અને વરતાલ-૪, વરતાલ-૧૯ વગેરે જેવાં વચનામૃતો દ્વારા જાણ્યું કે, ભગવાન પ્રગટ હોય છે અને એ પણ એકાંતિક સત્પુરુષ દ્વારા પ્રગટ હોય છે. તેમના દ્વારા જ મોક્ષ છે. તેથી તેઓ પ્રગટ સત્પુરુષની શોધમાં સમગ્ર સત્સંગમાં ફરી વળ્યા. જૂના જૂના સંતોનો સમાગમ કર્યો, પણ મન ન માન્યું. છેવટે ગોવર્ધનભાઈએ વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં જોડાવા સલાહ આપી. ગિરધરભાઈએ વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઊભા રહી માળા ફેરવવી શરૂ કરી. એક માસ પછી મહારાજે મૂર્તિમાંથી પ્રગટ થઈ દર્શન દીધાં અને કહ્યું, 'તમે જેને શોધો છો તેવા વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે. તે પરમ એકાંતિક સત્પુરુષ છે. હું તેમના દ્વારા સત્સંગમાં પ્રગટ છું. તેમનો આશરો કરશો તો તમારી ઇચ્છા પૂરી થશે.'

સ્વયં મહારાજે પ્રગટને ઓળખાવ્યા છતાં તેમને ન મનાયું. તેમને થયું કે આખા સત્સંગમાં એક પ્રાગજી ભક્ત, સામાન્ય ગૃહસ્થ, વળી દરજી જ્ઞાતિના. તેના દ્વારા મહારાજ પ્રગટ !!. તેમને શંકા થઈ. ફરી મહારાજ સમક્ષ એક પગે માળા ફેરવવી શરૂ કરી. ફરીવાર મહારાજે દર્શન દઈ એ જ આજ્ઞા કરી ત્યારે વાત મનાઈ અને ભગતજીને ગુરુ કર્યા.

આમ, પ્રગટને ઓળખવા અને તેમાં પ્રતીતિ આવવી તેમાં ભલભલા ગોથું ખાઈ ગયા છે.

❊ જાગા સ્વામી જેવાને પણ એક વાર તો એમ થઈ ગયેલું કે 'સ્વામી ! મારો પાછોતરો (મોડો) દેહ આવ્યો એટલે શ્રીજીમહારાજનાં દર્શન ન થયાં.' પણ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને સમજાવ્યા હતા કે 'આ તો આકાર ભેદ છે. બાકી સ્વરૂપ તો એનું એ જ છે.'

❊ આજે પણ સ્વામિનારાયણ ભગવાનને ભજનારા અનેક ભક્તો છે, પણ તેમાં પ્રગટને આવી રીતે યથાર્થ ઓળખનારા કેટલા ?

❊ પણ મહારાજ અહીં શાસ્ત્રનું પ્રમાણ આપીને કહે છે કે, પરોક્ષમાં જેવી પ્રતીતિ છે તેવી જ જો પ્રગટ ભગવાન અને સંતમાં આવે તો આમ ન થાય. એનાથી જીવમાં બળ આવે છે અને બીજા પદાર્થમાંથી પ્રીતિ ટળે છે. સત્સંગ પ્રધાન થાય છે અને કલ્યાણને માર્ગે આગળ વધાય છે.

૫) પ્રગટમાં પ્રતીતિથી જ કલ્યાણ :

❊ અહીં મહારાજે વાત કરી છે તે શ્વેતાશ્વેતર ઉપનિષદ્‌ની છે.

યસ્ય દેવે પરાભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થા, પ્રકાશન્તે મહાત્મનઃ ॥

(૬/૨૩)

જીવને જેવી પરોક્ષને વિશે પ્રતીતિ છે તેવી પ્રગટ ગુરુહરિને વિષે દૃઢપણે પ્રતીતિ થાય તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ પ્રાપ્ત થાય છે. એટલે કે શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો ખુલ્લાં થઈ જાય છે. તેનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રમાણે જીવન બને છે.

❊ એક કીર્તનમાં પણ કહ્યું છે :

પરોક્ષથી ભવતણો પાર પામે નહિ,
વેદ વેદાંત કહે સત્યવાણી.

❊ વચનામૃતનાં પાને પાને 'પ્રગટથી જ કલ્યાણ છે.' તેવો સિદ્ધાંત છે.

❊ વચનામૃત લોયા - ૭ પ્રમાણે, સાધને કરીને સ્થિતિ પામ્યો હોય પણ પ્રત્યક્ષ ભગવાનને ન ઓળખ્યા હોય તો મોક્ષ ન થાય.

❊ વચનામૃત ગઢડા મધ્ય - ૬૨ પ્રમાણે, ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન એટલે કે ઓળખાણ થાય ત્યારે કલ્યાણ થાય.

❋ વચનામૃત ગઢડા મધ્ય-૨૧ પ્રમાણે, પ્રગટની આ વાત આજ સમજો કે લાખ વર્ષ પછી સમજો પણ સમજ્યા વિના છૂટકો જ નથી. એ જ કલ્યાણનો મુદ્દો છે.

આમ, પ્રગટ ભગવાનથી જ કલ્યાણ થાય. પ્રગટ ભગવાનમાં પ્રતીતિ આવે તો જ કામ થાય.

૬) પ્રગટ ભગવાનમાં પ્રતીતિ એટલે શું ? :

❋ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. એ પ્રતીતિ થાય તે જ પ્રગટ ભગવાનમાં પ્રતીતિ કહેવાય ? જવાબ છે, ના.

❋ એક વાર મુક્તાનંદ સ્વામીના પ્રશ્ન પૂછવાથી મહારાજ સૌને ઉપદેશ આપે છે, તે પ્રસંગની નોંધ ભક્તચિંતામણિમાં છે. (રાગ : કૃપા કરો મુજ....)

પછી મુક્તાનંદજીએ, પૂછ્યું પ્રભુને પ્રશન
નાથ તમારું ગમતું, હોય તે કરીએ સાધન
ત્યારે પ્રભુજી બોલિયા, તમે સાંભળો સર્વ જન
જ્યારે પ્રભુને પામીએ, ત્યારે સર્વ થયાં છે સાધન
ત્યાર પછી જે જે કરવું, તેહની તે કહું વાત
ગુરુ સંતને ભજવા, જે શ્રીહરિ સાક્ષાત્...

એટલે કે સર્વોપરી ભગવાન મળ્યા પછી પણ મહારાજ ગુરુને ભજવાની વાત કરે છે અને એ પણ એવી પ્રતીતિ સાથે કે તે સાક્ષાત્ શ્રીહરિનું સ્વરૂપ છે.

૬.૧) પ્રગટની પ્રતીતિ એટલે ગુણાતીત સંતમાં ભગવાન પ્રગટ રહ્યા છે તે પ્રતીતિ

❋ ઘણા ભગવાનને ઓળખે, પ્રતીતિ લાવે પણ જેના દ્વારા ભગવાન પ્રગટ રહે છે તે સંતને ન ઓળખે. તેમનામાં પ્રતીતિ ન લાવે.

❋ જૂના જમાનાની એક વાત છે. એક ડોશીનો દીકરો કમાણી કરવા બર્મા (એક દેશ)માં ગયો. આ બાજુ ઘરે ડોશી એકલાં. દીકરો ત્યાંથી દર મહિને એક કવરમાં ૧૦૦ રૂા.ની નોટ મોકલે. ડોશીના જમાનામાં દેશી રજવાડામાં નોટોનું ચલણ હતું નહિ, માત્ર સિક્કાનું જ ચલણ. ડોશીએ ક્યારેય પૈસાની નોટ જોઈ નહોતી. તેથી ડોશીને થાય કે મારો દીકરો નકામો છે. આ કાગળિયાં શું મોકલે છે. એમ કરી તે નોટ એક પટારામાં મૂકી દે. આવી રીતે દર મહિને ૧૦૦ રૂા. આવતા પણ તેને ડોશી કાગળિયાં ગણી પટારામાં નાખી દેતી અને દીકરો પૈસા મોકલતો નથી તેવી ફરિયાદ બધાને કરતી. એમ કરતાં કરતાં ડોશી બીમાર થઈ. દવાના પૈસા પણ નહોતા. ગામ લોકોએ મદદ કરી. પણ ગામ લોકો દીકરાને ધિક્કારતા કે કેવો નપાવટ પાક્યો. પાંચ વર્ષે દીકરો પાછો આવ્યો ત્યારે વડીલોએ કહ્યું, ‘કેમ તારી માને પૈસા નહોતો મોકલતો ?’ દીકરો કહે, ‘હું તો દર મહિને ૧૦૦ રૂા. મોકલતો.’ પછી ડોશીને પૂછ્યું કે ‘હું મોકલતો તે કાગળિયાં ક્યાં ?’ ડોશીએ પટારામાંથી એ કાગળિયાં કાઢી બતાવ્યાં. ૬૦૦૦ રૂા. નીકળ્યા. ડોશીને દીકરાએ અને ગામડાંના માણસોએ સમજ પાડી કે, હવે સિક્કાને બદલે આવા કાગળિયાંના રૂપિયાનું ચલણ છે. ત્યારે ડોશીને ભૂલ સમજાઈ.

ડોશી સિક્કા ઓળખે પણ નોટો ન ઓળખે. તેમ લોકોને શ્રીજીમહારાજ ઓળખાય પણ ગુણાતીત સત્પુરુષ ન ઓળખાય. કાર્ય તો બંને દ્વારા સરખું જ થાય છે. આજે ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે અને કલ્યાણનો માર્ગ ચાલુ જ છે, પણ આવાને મનાય નહીં !

❋ એટલે વચનામૃત ગઢડા મધ્ય-૨૨માં મહારાજ કહે છે ‘જેટલામાં રાજાનું રાજ તેટલામાં રાણીનું રાજ.’ જેવો ભગવાનનો પ્રતાપ તેવો જ ગુણાતીત સંતનો પ્રતાપ.

❋ એક વાર ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વંથળી જતા હતા. સાથે કાશીરામ તથા લક્ષ્મીરામ કોઠારી નામના હરિભક્તો હતા. સ્વામીએ તેમને વાત કરી કે ‘આ મારગે જ્યારે ચાલીએ છીએ ત્યારે મહારાજ સાંભરી આવે છે.’ આ સાંભળી કાશીરામ કહે, ‘સ્વામી ! જેણે મહારાજને જોયા હોય તેને સાંભરે ને. અમારે તો....’ હજુ વાક્ય પૂરું કરે તે પહેલાં જ સ્વામીએ કહ્યું, ‘તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ, આ સંત દ્વારે મહારાજ પ્રત્યક્ષ જ છે.’

❋ ગઢપુરમાં શતવાર્ષિક પાટોત્સવ વખતે માવદાનજી

કવિએ કીર્તન ગાયું કે 'આજ સો સો વર્ષોનાં વ્હાણાં વહી ગયા.... ગઢપુર જોતાં શ્રીજી સાંભરે.' આ કીર્તન સાંભળી આખી સભા રડી પડી. આ વાતની શાસ્ત્રીજી મહારાજને ખબર પડી, ત્યારે શાસ્ત્રીજી મહારાજ પીરસતા હતા તે ઊભા રહી ગયા અને કહ્યું, 'એ બધા મહારાજ ગયા જાણે છે, પણ મહારાજ આજે પ્રગટ છે. આ સ્વરૂપની ઓળખાણ નથી એટલે અજ્ઞાનમાં સૌ અટવાય છે.'

❇ તા.૨૪/૬/૭૭ના દિવસે લંડનમાં પ્રમુખસ્વામી મહારાજ સભામાં ગઢડા અંત્ય-૩૧મું વચનામૃત સમજાવી રહ્યા હતા. તેમાં સ્વરૂપનિષ્ઠાની વાત આવી કે 'અક્ષરધામના સ્વરૂપમાં ને આ સ્વરૂપમાં રોમનોય ફેર નથી.' આ સાંભળી એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે 'આ તો મહારાજે જે સમયે વાત કરી હતી ત્યારની વાત છે, પણ ત્યાર પછી તો ગુણાતીત સંત દ્વારા પ્રગટ રહ્યા તેમાં તો જુદા જુદા આકાર દેખાય છે.' સ્વામીશ્રી કહે, 'આકાર ભલે જુદા દેખાય, પણ આંખોમાં જોનાર કોણ છે ? બોલનાર કોણ ? અંગો અંગમાં કોણ ? આકાર ભલે જુદો દેખાય પણ તેમાં મહારાજ સિવાય બીજું કાંઈ નથી.'

આમ, પ્રમુખસ્વામી મહારાજમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ નિવાસ કરે છે અને એમના દ્વારા સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણ આપણને મળ્યા છે. એ પ્રતીતિ ન આવી તો બધાં સાધન વ્યર્થ છે.

❇ એટલે જ મહારાજ અહીં કહે છે કે 'આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તે છતે દેહે જ પામ્યો છે.'

❇ આવી પ્રતીતિ પ્રગટ ગુરુરૂપ હરિમાં કરવાની છે. એટલે યોગીજી મહારાજ આ વચનામૃત નિત્ય વાંચવાનું કહે છે.

૬.૨) ભગવાન સદાય પ્રગટ છે તેવી પ્રતીતિ :

❇ 'હરિચરિત્રામૃતસાગર'માં મહારાજ કહે છે : 'પ્રગટ હરિનો નિશ્ચય ન હોય તો શુભ યોનિને પામે, પણ જન્મ-મરણથી છૂટે નહિ. જ્યારે હરિ જે રૂપે પ્રગટ હોય તેને પ્રગટ હરિ જાણવા. સંત દ્વારા શ્રીહરિ જગતનો ઉદ્ધાર કરવા સમર્થ છે.' (૩/૧૫)

❇ તા.૩/૭/૮૧ના રોજ સારંગપુરમાં હર્ષદભાઈ દવેએ સ્વામીશ્રીને કીર્તનના નિરૂપણ દરમ્યાન પ્રશ્ન પૂછ્યો કે 'હરિ મળ્યા મુખોમુખ એટલે શું ?' એ પ્રશ્ન મેં યોગીજી મહારાજને પૂછેલો. ત્યારે તેઓએ પોતાના સ્વરૂપની વાત કરેલી. પરંતુ તેમાં 'હવે શું સમજવું ?' સ્વામીશ્રી કહે, 'એ શબ્દો કાયમ માટે કહ્યા છે. મહારાજ એકાંતિક સંત દ્વારા પ્રગટ છે. આપણને મળ્યા એના દ્વારા સહજાનંદ સ્વામી જ મળ્યા છે. તેમના દ્વારા જ કલ્યાણ થયું છે, એમ સમજાય તો સમજ્યા કહેવાય.'

❇ આમ, ગુરુપરંપરામાં પણ ગુરુ પોતાના અનુગામીની ઓળખ કરાવી, સ્વધામ પધારે ત્યારે પ્રગટ ગુરુમાં જોડાઈ જવું અને એમાં પ્રતીતિ લાવવી તે મહત્ત્વનું છે.

❇ તા.૨૫/૨/૨૦૦૬ને દિવસ સ્વામીશ્રી વિદ્યાનગર છાત્રાલયમાં વિરાજમાન હતા. મુલાકાત દરમ્યાન એક વિદ્યાર્થી સ્વામીશ્રી સમક્ષ આવ્યો. અને કહે, 'આપનાં દર્શન કરતાં કરતાં હું પેન્સિલથી આપનું ચિત્ર બનાવતો હતો, પણ એમાં એક આશ્ચર્ય થયું કે, આપનું ચિત્ર બનાવતાં બનાવતાં આ તો શાસ્ત્રીજી મહારાજનું ચિત્ર બની ગયું. આવું કેમ થયું હશે ?' એમ કહીને તેણે પોતે દોરેલું શાસ્ત્રીજી મહારાજનું ચિત્ર બતાવ્યું. સવામીશ્રી કહે, 'મૂળ તો એ જ છે ને.'

આમ, પ્રત્યેક ગુરુમાં અક્ષરબ્રહ્મ તત્ત્વ તો એક જ છે. વળી, ક્યારેક ભગવાનનું પ્રગટપણું ક્યાં સુધી રહેશે ? એવી શંકા થાય તે પણ પ્રગટની પ્રતીતિમાં ખામી કહેવાય.

❇ તા.૨૩/૧/૨૦૦૦ના દિવસે સ્વામીશ્રી મુંબઈ વિરાજમાન હતા. લંડનથી આવેલો એક યુવક સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કરી રહ્યો હતો. વાતવાતમાં તેણે કહ્યું, 'અંતરમાં એવી બીક લાગ્યા કરે છે, કે આપ છો ત્યાં સુધી વાંધો નથી પણ પછી શું થશે ?'

સ્વામીશ્રી કહે, 'એવો વિચાર જ ન કરવો. શ્રીજીમહારાજનો આશરો છે. નિષ્ઠા છે એટલે લાભ મળ્યા જ કરશે. ભગવાન છે જ. એટલે શું થશે એ ચિંતા ન કરવી.' તે યુવકે પોતાની વાત વધુ લંબાવી.' 'મહારાજના ધામગમન પછી બ્રહ્માનંદ સ્વામીના વલોપાતની વાત સાંભળીએ છીએ ત્યારે પણ એવો વિચાર આવ્યા કરે છે કે આપણું શું થશે ?' આ સાંભળી સ્વામીશ્રી કહે, 'એટલું સમજવું કે સંસ્થામાંથી શ્રીજીમહારાજ ગયા જ નથી ને જવાના પણ નથી. આ લોક છે એટલે મનુષ્ય શરીર ધરીને આવે અને એ શરીર ગમે ત્યારે મૂકી જ દેવાના છે. પણ એકાંતિક સંત દ્વારા એ હંમેશાં પ્રગટ જ છે. બીજા આવશે એમાં પણ આવું જ હેત થશે. એવી જ્ઞાનની સમજણ કરવી.'

❊ આમ, આવી શંકા પણ પ્રગટની પ્રતીતિમાં ખામી કહેવાય. એક વાર આવી શંકાના પ્રત્યુત્તરમાં પ્રમુખસ્વામી મહારાજે કહેલું, 'આવો વિચાર આવે એ છૂપો નાસ્તિકભાવ કહેવાય.'

૭) પ્રગટની દૃઢ પ્રતીતિ થાય તે માટે શું કરવું ? :

❊ પ્રમુખસ્વામી મહારાજ માઉન્ટ આબુ ખાતે એક શિબિરમાં પધાર્યા હતા. તે સમયમાં કેટલાક સંતો સ્વામીશ્રીની સામે ઊભા હતા. હળવી ગમ્મત ચાલતી હતી. સ્વામીશ્રીએ પોતાનું એક રૂંવાડું પકડીને કહ્યું, 'આ એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો દેખાય છે ?' સંતો કહે, 'દેખાતું નથી. પણ મનાય છે ખરું.' ત્યારે કો'ક કહે, 'બાપા દેખાડો ને. તો પાકું મનાઈ જાય.' સ્વામીશ્રી કહે, 'દેખાડું તો હમણાં તમે સૌ નખી તળાવમાં (માઉન્ટ આબુ) જઈને પડો. માટે જોવા જેવું નથી.'

આમ, પ્રગટની પ્રતીતિ માટે કોઈ ચમત્કાર કે ઐશ્વર્ય દર્શનની આશા રાખવાને બદલે વિશ્વાસથી જ પ્રતીતિ આવે તે મહત્ત્વનું છે.

❊ ૨૦૦૬માં મુંબઈમાં, લંડનના યુવક નીરજ તન્નાએ સ્વામીશ્રીને પૂછ્યું હતું કે, 'આપને શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપમાં જેવી પ્રતીતિ હતી, તેવી અમને આપનામાં પ્રતીતિ દૃઢ થાય તેવા આશીર્વાદ આપજો.' સ્વામીશ્રીએ ત્યારે કહેલું, 'ધીરે ધીરે થઈ જશે. સંપ્રદાયના ગ્રંથોનું વાંચન કરવું અને શબ્દોને સમજવા પ્રયત્ન કરવો. પ્રેમ હોય પણ સાથે શાસ્ત્રથી નિશ્ચય કર્યો હોય તો એવા શબ્દોથી પકડાઈ રહેવાય.'

આમ, આવી પ્રતીતિ દૃઢ થાય તે માટે ઉપરોક્ત આશીર્વચનમાં સ્વામીશ્રીએ ઉપાય બતાવ્યો કે (૧) ધીરજ રાખવી. (૨) સંપ્રદાયના ગ્રંથોનું વાંચન (૩) વાંચેલા-સાંભળેલા શબ્દોને સમજવા પ્રયત્ન કરવો (૪) પ્રેમની સાથે સાથે શાસ્ત્ર પ્રમાણે પણ નિશ્ચય કરવો.

❊ આ ચાર મુદ્દાને અનુરૂપ ધીરજ સાથે પુરુષાર્થ કરીએ તો ધીરેધીરે પ્રગટમાં પ્રતીતિ થાય. સાથે સાથે મનુષ્યભાવ અને અભાવ-અવગુણનું વિઘ્ન ન આવે તે માટે સતત પ્રાર્થના પણ કરવી જરૂરી છે.

૮) જાડી છતાં ઝીણી વાર્તા :

❊ મહારાજે આ વચનામૃતમાં કહ્યું છે કે 'આ વાર્તા અતિશય જાડી જણાય છે, પણ અતિશય ઝીણી છે.'

A) ગુરુમાં ભગવાન પ્રગટ છે - આ વાત અતિશય જાડી જણાય છે. કેવી રીતે ? :

❊ આ વાત અને આવી વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે કે

- ગુરુ ગોવિંદ દોનું ખડે...
- ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ વગેરે...

❊ વળી, સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સંતનો અપરંપાર મહિમા વચનામૃત અને અન્ય ગ્રંથોમાં લખેલો છે.

- સંત તે સ્વયં હરિ...
- વચનામૃત ગઢડા પ્રથમ-૫૪, ગઢડા અંત્ય-૭, ગઢડા મધ્ય-૭ વગેરે વગેરે...

❊ આ વાતો પ્રમાણે, ભક્તો ગુરુમાં ભગવાનપણાનો ભાવ લાવી તેમાં જોડાય એ રીતે આ વાત સીધી સાદી જણાય છે.

B) પણ આ વાર્તા અતિશય ઝીણી છે, કારણ કે અહીં

ગમે તેવા ગુરુ કે સંતની વાત નથી. અહીં જે ગુરુ કે સંતની વાત કરી છે તે અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુની વાત કરી છે.

* બધા જ સંત કે ગુરુમાં ભગવાન પ્રગટ હોતા નથી. પણ અક્ષરબ્રહ્મ દ્વારા જ ભગવાન પ્રગટ હોય છે.
* શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મની વાત અને અક્ષરબ્રહ્મસ્વરૂપ સંતનાં લક્ષણો લખેલ છે. વચનામૃતમાં પણ ભગવાન જેના દ્વારા પ્રગટ રહે છે એવા સંતનાં લક્ષણ લખેલા છે. એ લક્ષણો પ્રમાણે સંતની ઓળખ કરવામાં ક્યારેક મુમુક્ષુ ગોથું ખાઈ જાય છે અને ખોટી વ્યક્તિમાં જોડાઈ જાય છે.
* આમ, ગુરુની-સંતની ઓળખ કરવાની દૃષ્ટિએ આ વાત અતિશય ઝીણી છે. કારણ કે વચનામૃત ગઢડા પ્રથમ-૪૧પ્રમાણે, ભગવાન તો જીવપ્રાણીમાત્રમાં રહેલા છે. પણ જેવા અક્ષરમાં રહ્યા છે તેવા પ્રકૃતિપુરુષ આદિમાં નથી રહ્યા. શ્રીજીમહારાજ સમજાવે છે કે, ભગવાન અક્ષર દ્વારા કલ્યાણ કરે છે, પણ મુક્તો કે જીવોમાં અંતર્યામીપણે રહ્યા છે. ભગવાન પાત્રની તારતમ્યતા પ્રમાણે પોતાની સામર્થી પ્રગટ કરે છે તેવું મહારાજે સમજાવ્યું છે.

જેમકે કરંટ તો એનો એ જ છે, પણ બલ્બની વોલ્ટેજ ક્ષમતાને લીધે પ્રકાશમાં ભેદ પડે. ઝીરોના બલ્બ કરતાં ૧૦૦નો બલ્બ વધુ પ્રકાશે. તેના કરતાં હેલોજનનો પ્રકાશ વધુ હોય. તેમ જીવો, ઈશ્વરો કે અક્ષર મુક્તો કરતાં અક્ષરબ્રહ્મની સામર્થી વધુ હોવાથી ભગવાન તેમાં પ્રગટ રહી કલ્યાણ કરવાનું કાર્ય કરે છે.

* એક વાર આપણા ઉત્સવમાં પંડિત શિવકુમાર શર્માએ સંતુર વગાડ્યું ત્યારે તેમની સાથે તબલાં-આર્ટિસ્ટ હતા તેણે જે તબલાં વગાડ્યાં તે સાંભળી બધા ખુશ થઈ ગયા ને વખાણ પણ કર્યાં, પણ જ્યારે તબલાં વગાડનારે બિસમિલ્લાખાનને પૂછ્યું, 'કૈસા બજાયા ?' ત્યારે તે ખિજાયા ને કહે, 'ક્યા બજાયા ? સંતુર કી મજા બિગાડ દી !' જે તબલાં આપણી દૃષ્ટિએ બરાબર હતાં, એ બિસમિલ્લાખાનના સંગીતના જ્ઞાનની દૃષ્ટિએ કાર્યક્રમ બગાડનારાં હતાં.

જેની ઉપરછલ્લી દૃષ્ટિ હોય તેને તો કોઈ પણ સંગીત સારું જ લાગે. પણ સૂક્ષ્મ દૃષ્ટિવાળાને સંગીતની સાચી પરખ હોય. તેમ 'ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ' એ શબ્દો સ્થૂળ દૃષ્ટિવાળાને સીધા સાદા લાગે, પણ શ્રીજીમહારાજની સૂક્ષ્મ દૃષ્ટિએ આ જ્ઞાન ઝીણું છે. કારણ કે તેમાં અક્ષરબ્રહ્મ દ્વારા ભગવાન પ્રગટ છે. તે બાબત સમજવી ઝીણી છે.

પણ આપણાં ભાગ્ય એ છે કે, આપણને આ ઝીણી વાર્તા સમજાઈ છે. અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન મળ્યું છે, અને સાક્ષાત્ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. હવે બસ યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે નિરંતર આ વચનામૃતનું અનુસંધાન રાખી, પ્રગટની પ્રતીતિ દૃઢ કરી શકીએ એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

૧૨. વચનામૃત : ગઢડા અંત્ય - ૭ : વજની ખીલીનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા અંત્યનું ૭મું : વજની ખીલીનું...

સંવત ૧૮૮૩ના ભાદરવા વદિ ૬ છઠને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદી-તકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે મોગરાનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ જે, જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં ને એમનો અભાવ આવવા દેવો નહીં.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૭મું વચનામૃત થયું.

- **શ્રીજીમહારાજના અંતરનો સિદ્ધાંત :**

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ 'સિદ્ધાંત' બતાવે છે. સિદ્ધાંત શાશ્વત હોય છે. દેશ, કાળથી પર હોય છે. જેમ ૧ + ૧ = ૨ થાય એ સિદ્ધાંત છે. અમેરિકાથી લઈ આફ્રિકા સુધી વિશ્વમાં ગમે ત્યાં જાઓ ૧ + ૧ = ૨ થાય. આજે, ગણતરી કરો કે લાખ વર્ષ પછી ગણતરી કરો ૧ + ૧ = ૨ જ થાય. અહીં, શ્રીજીમહારાજ સુખ માટેનો આવો શાશ્વત સિદ્ધાંત બતાવે છે.

- **કલ્યાણની ઇચ્છા :**

❊ આ લોકના સુખ મેળવવા માટે દુનિયામાં લોકોને જાત-જાતની ને ભાત-ભાતની ઇચ્છાઓ થાય છે અને તેની પૂર્તિ માટે તેઓ પુરુષાર્થ પણ કરે છે.

❊ ઈજી બેન્ડો નામના ન્યૂયોર્કના વેપારીને એક દિવસ પોતાના વતન જાપાનના ટોકિયો શહેરમાં બનતા પિઝા ખાવાની ઈચ્છા થઈ. તેણે પોતાનું ચાર્ટર્ડ પ્લેન ન્યૂયોર્કથી છેક ૧૦,૮૬૭ કિલોમીટર દૂર જાપાન મોકલ્યું અને તેમાં પિઝા મંગાવ્યા !

❊ આવી તો અનેક લૌકિક ઇચ્છાઓ માણસને દોડાવે છે, પરંતુ તેનાથી માણસને સુખ પ્રાપ્ત થતું નથી.

❊ સંસ્કૃતિના પ્રસાર માટે તથા ગરીબોની સેવા માટે સખત પુરુષાર્થ કરનાર વિવેકાનંદ સ્વામી પણ જીવનના અંતિમ વર્ષોમાં હતાશા પામ્યા હતા અને તેમણે પોતાના શિષ્યોને પત્રમાં લખ્યું હતું, 'હવે હું મારા આત્માના કલ્યાણ માટે સ્વાર્થી થયો છું !'

❊ અહીં શ્રીજીમહારાજ સુખનું સાચું સરનામું બતાવતાં કહે છે, 'ભગવાન ને સંત વિના કાંઈ જ સુખદાયી નથી.'

- **ભગવાન ને સાધુ સિવાય કશામાં સુખ નથી :**

❊ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સંશોધક ડૉ. ચાર્લ્સ સ્ટાઈનમેને કહ્યું હતું : 'એકવીસમી સદીમાં વિશ્વને એક દિવસ ગમ પડશે કે, ભૌતિક વસ્તુઓ સુખ આપી શકતી નથી. ત્યારે વૈજ્ઞાનિકો તેમની પ્રયોગશાળાઓને ભગવાનના અભ્યાસખંડ અને પ્રાર્થના ખંડોમાં ફેરવશે અને ત્યારે વિશ્વ એક પેઢીમાં ચાર પેઢી જેટલી પ્રગતિ સાધી શકશે !'

❊ પ્રેમાનંદ સ્વામી એટલે જ કહે છે....

તુમ બીના સુખ નાહીં ત્રિભુવન મેં,
બહોત ફિર્યો હું ભુલાનો.

❊ ભગવાન વિના સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ ત્રણેય લોકમાં સુખ મળતું નથી. ભગવાન જ એક માત્ર સુખનું ઠેકાણું છે.

જગતમાં લોકો કીર્તિ, કામિની અને કંચન એટલે કે પ્રસિદ્ધિ, વિષયભોગ અને ધન આ ત્રણમાં સુખ શોધે છે. પરંતુ તેમાં સુખ નથી.

❊ ઈટાલીના પ્રસિદ્ધ શિલ્પી, કવિ અને ચિત્રકાર માઈકલ એંજલો. પોતાની કળાથી અઢળક ધન-સંપત્તિ અને પ્રસિદ્ધિ કમાયા હતા. તેઓએ બનાવેલું ઈસુ અને તેમની માતા મેરીના શિલ્પ તથા ડેવિડનું શિલ્પ અદ્વિતીય છે. આજે પણ આ શિલ્પ જોવા ઠેર-ઠેરથી લોકો આવે છે. તેમણે ખ્રિસ્તી ધર્મનાં પ્રસિદ્ધ સ્થાન 'સેન્ટ પીટર્સ સ્ક્વેર'ની ડિઝાઈન કરી હતી. તેમનાં ધાર્મિક ચિત્રો ખૂબ જ પ્રસિદ્ધ હતાં. છતાં જીવનના અંતે તેઓ નિરાશ થઈને બોલી ઊઠેલા : 'આજે હું જે છું તેના કરતાં બાકસ (માચીસની સળીઓ) બનાવવાના કારખાનામાં કામ કરતો હોત તો વધારે સુખી હોત.' પોતાની ૯૦ વર્ષની વયે તેઓએ પસ્તાવા સાથે કહ્યું હતું કે, 'મને પસ્તાવો થાય છે કે મેં મારા આત્માના કલ્યાણ માટે પૂરતો પ્રયત્ન કર્યો નથી ! હવે મને સમજાયું કે જે પાર્થિવ કલા પાછળ મેં જીવન આપ્યું તે મિથ્યા હતી. હવે હું ભગવાનને સમર્પિત થવા ઇચ્છું છું !'

❊ આખી જિંદગી ભૌતિક ઇચ્છાઓ પાછળ દોડ્યા પછી સુખ-શાંતિ ન મળી અને પસ્તાવાનો વારો આવ્યો કે મેં કલ્યાણ માટે કશું ન કર્યું અને જીવનના અંતે સમજાયું કે ભગવાનમાં જ સુખ છે. મોટા મોટાને જીવનના અંતે જે સત્ય સમજાયું તે આપણે સમયસર સમજી શકીએ, તે માટે શ્રીજીમહારાજ અહીં કહે છે કે ભગવાન અને સંત વિના ક્યાંય સુખ નથી.

❊ અમદાવાદના ડૉ. નાયક ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યા હતા. તેઓ રાષ્ટ્રપતિના અંગત ડૉક્ટર હતા. તેઓ ધર્મમાં ન માને. તેઓને સન ૧૯૯૭માં ભયંકર બીમારી આવી. પથારી વશ થયા. ખૂબ જ ટેન્શનમાં રહેતા. તે વખતે તેમના સંબંધીઓએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું કે, 'એમને આશીર્વાદ આપવા પધારો.' સ્વામીશ્રી ડૉ. સ્વામી તથા ઈશ્વરચરણ સ્વામી સાથે તેમને ઘરે ગયા. સ્વામીશ્રીને જોતાં જ તેઓ રડવા લાગ્યા ! સ્વામીશ્રીનાં દર્શનથી તેઓની બધી ચિંતાં દૂર થઈ ગઈ. શાંતિ થઈ ગઈ.

પૈસો, સત્તા, બુદ્ધિ, મિત્રો, પ્રસિદ્ધિ એ કશું જ જ્યારે તેઓને શાંતિ ન આપી શક્યું. ત્યારે પ્રમુખ સ્વામી જેવા સંતનાં દર્શન માત્રથી તેમને સુખ થયું હતું. આ લોકની સંપત્તિ, સત્તા કે પ્રસિદ્ધિ સુખ નથી આપી શકતી પણ ભગવાન ને સંત જ સુખદાયી છે.

❊ અમેરિકાના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ જહોન ડી. રોકેફેલરે કહ્યું હતું કે, 'I have made millions, but they have brought me no happiness.' 'મેં અબજો રૂપિયા મેળવ્યા છે પરંતુ એનાથી મને સુખ મળ્યું નથી !'

❊ માટે જગતમાં સુખ નથી, પણ દુઃખ જ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં દૃષ્ટાંત આપી આ વાત સમજાવે છે કે 'એક દિવસ એક ગાયનું વાછરું છૂટીને ગૌશાળે દૂધનું સુખ લેવા ગયું, પણ ત્યાં પોઠિયા ઊતરેલ તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટું ખાય. તે પાટું ખાઈ ખાઈને મોઢું સૂજી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહિ. પછી પોતાની મા ત્યાં આવી. પરંતુ પોઠિયાના પાટાં ખાઈ ખાઈને મોઢું સૂજી ગયું હતું એટલે પોતાની માને પણ ધાવવા સમર્થ રહ્યું નહિ.' એ વાત કહી ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે કે, 'તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય તે તો પાટાં ખાધાં જેવું છે.'

❊ લૌકિક માર્ગની જેમ આધ્યાત્મિક માર્ગે આગળ વધેલા મુમુક્ષુને પણ ભગવાન ને સંત સિવાય ક્યાંય સુખ મળતું નથી.

* વ્યાસજીએ વેદોનું જ્ઞાન સરળ કરીને સૌને મળે તે માટે પુરાણો રચ્યાં. અનેકનું હિત થાય તે માટે વેદોની વિદ્યાને સામાન્ય માણસો સુધી મહાભારત ગ્રંથ દ્વારા પહોંચાડી. પરંતુ તે વ્યાસજીને અશાંતિ થઈ ત્યારે નારદજીએ તેમને ભગવાનના મહિમાનો ગ્રંથ રચવા કહ્યું હતું. એ પ્રમાણે વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની રચના કરી પછી તેમને શાંતિ થઈ.
* એ જ રીતે મહર્ષિ વાલ્મીકિને પણ હિંસા કરતા પારધીને જોઈને અશાંતિ થઈ, ત્યારે નારદજીએ તેઓને રામચંદ્ર ભગવાનના મહિમાનું વર્ણન કરતો રામાયણ ગ્રંથ કરવા કહ્યું હતું અને રામાયણ રચીને ભગવાન શ્રીરામના મહિમાનું ગાન કરવાથી તેઓને શાંતિ થઈ હતી.
* આમ, આધ્યાત્મિક માર્ગે ગમે તેટલાં સાધન કરો પણ ભગવાન ને ભગવાનના સંત વિના સુખ થતું નથી.
* તુલસીદાસજી કહે છે :

સંત સંગત મુદ મંગલ મૂલા,
સોઈ ફલ સિદ્ધિ સાધન સબ ફૂલા.

* સંત સમાગમ એ મૂળ છે અને તપ, ધ્યાન, દાન, વ્રત વગેરે સાધનો ફૂલ જેવા છે. સુખ-શાંતિરૂપ સિદ્ધિ એ ફળ છે. કોઈ પણ છોડમાં પ્રથમ ફૂલ આવે અને ફૂલ પરિપક્વ થઈને તેનું ફળ બને. પરંતુ તે માટે તેના મૂળમાં પાણી સિંચવું પડે. તે મૂળ સંત છે. આમ, સંતસમાગમ કરીએ તો જ આધ્યાત્મિક માર્ગના સાધનો ફળદાયી બને અને સુખદાયી બને છે.
* સૌભરી, પરાશર, ચ્યવન વગેરે ઋષિઓએ અનંત સાધનો કર્યા છતાં નિર્વાસનિક થઈ કલ્યાણ પામવારૂપ સિદ્ધિ ન મળી. કારણ કે સંતસમાગરૂપી મૂળ બરાબર ન હતું. જ્યારે પર્વતભાઈ, ગોરધનભાઈ વગેરે.. જેવા ગૃહસ્થ ભક્તો ભગવાન અને સંતમાં જોડાઈ ગયા, તો તેઓ નિર્વાસનિક થઈ કલ્યાણ પામી શક્યા !
* ભગવાન અને સંતનું સહજ સાંનિધ્ય પણ સુખ-શાંતિની અનુભૂતિ કરાવે છે.
* હોલેન્ડના સત્સંગી હનકોપ ગુજરાતી ન સમજે, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદ આનંદથી સાંભળે, તેઓને પૂછ્યું કે તમને આમાં કશું સમજાય છે ? ત્યારે તેમણે કહ્યું હતું : 'તેમની ભાષા નથી સમજાતી પરંતુ તે બોલે છે તે અવાજ સાંભળીને મને આનંદની, શાંતિની અનુભૂતિ થાય છે.'
* સન ૨૦૧૪માં પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર વિરાજમાન હતા ત્યારની આ વાત છે. સુરતમાં અપંગ ભાઈઓની એક ક્લબ ચાલે છે. આ ક્લબમાંથી કેટલાક અપંગ ભાઈઓ તીર્થયાત્રા કરવા નીકળેલા. તેમની આ તીર્થયાત્રા છેલ્લે સારંગપુર વિરામ પામે એવું તેમનું આયોજન હતું. અહીં આવ્યા પછી તેઓને જાણ થઈ કે પ્રમુખસ્વામી મહારાજ અહીં બિરાજે છે. આથી તેઓ દર્શને આવ્યા. રાતના લગભગ ૧૦ વાગ્યા પછીના સમયે સ્વામીશ્રી ઝરૂખામાં પધાર્યા. તેઓ પાસે આ અપંગ ભાઈઓની વાત કરી. સ્વામીશ્રીએ તેમના પર દૃષ્ટિ કરી. સ્વામીશ્રીનાં દર્શન પૂર્ણ થયા બાદ જ્યારે સંતોએ સહેજે જ આ અપંગ ભાઈઓનો સંપર્ક કર્યો ત્યારે તેઓએ કહ્યું, '૩૫૦૦ કિ.મી.ની આ તીર્થયાત્રા દરમ્યાન અમને જે સુખ-શાંતિનો અનુભવ થયો નથી, એવો શાંતિનો અનુભવ આજે અમને આ સ્વામીબાપાનાં દર્શનથી થયો છે.' તેમાંથી એક અપંગભાઈ તો એવું બોલ્યા, 'ભલે અમે શારીરિક રીતે અપંગ છીએ છતાં પણ હવે અમને અપંગપણાનું દુઃખ પણ અનુભવાતું નથી.' તે અપંગ ભાઈઓમાંના ચાર અપંગ ભાઈઓએ તો કંઠી પણ ધારણ કરી.

જે શાંતિ તીર્થયાત્રાથી ન મળી તે શાંતિ સંતના થોડી વારના સાનિધ્યમાં અનુભવાઈ. સંતનાં દર્શનથી એવું સુખ અનુભવાયું કે પોતાની શારીરિક ખામીનું દુઃખ પણ વિસરાઈ ગયું.
* ૨૦૧૩માં પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર હતા. ત્યારે મુંબઈના એક મુમુક્ષુ દર્શને આવ્યા હતા. તેઓ આર્થિક રીતે ખૂબ સુખી છે. તેઓ સત્સંગી નથી,

પણ ખૂબ જ ધાર્મિક વૃત્તિના છે. તેમણે ૩૧ વખત ચાર ધામની યાત્રા કરી છે. ૧૭ વખત અમરનાથની યાત્રા કરી છે. તેઓ એક મિત્રના કહેવાથી સારંગપુર સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં એ સાથે જ તેઓની આંખમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી. જ્યારે દર્શન પૂરાં થયાં ત્યારે એક સંતે તેમને પૂછ્યું કે, 'તમે કેમ રડતા હતા ?' તો તેઓ કહે, 'મેં ૩૧ વખત ચારધામની યાત્રા કરી છે, ૧૭ વખત અમરનાથ-હિમાલયની યાત્રા કરી છે, છતાં પણ જે શાંતિનો અનુભવ નથી થયો તે અનુભવ આજે પ્રમુખ સ્વામીનાં દર્શનથી થયો છે.'

❊ સંતનાં દર્શનથી અનેકને અનુપમ શાંતિ અને દિવ્યસુખની અનુભૂતિ થાય છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી એટલે જ ભક્ત ચિંતામણિ ગ્રંથના મંગલાચરણમાં ભગવાનની સ્તુતિ કરીને સંતની સ્તુતિ કરતાં કહે છે :

સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ
સંત કૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ
સંત કૃપાએ સદમતિ જાગે, સંતકૃપાથી સદ્‌ગુણ
સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ.
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન.

❊ એટલા માટે આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : 'ભગવાન અને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન અને ભગવાનના સંતને વિષે રાખવી જોઈએ.' આ સુખ મેળવવાની ચાવી છે.

૨) દેહમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી ભગવાન અને સંતમાં કરવી.

❊ વ્યક્તિને સગાં-સંબંધીને મિત્રોમાં આત્મબુદ્ધિ છે પરંતુ સૌથી વધુ આત્મબુદ્ધિ પોતાના દેહમાં છે.

❊ પોતાના ભાઈઓ અને સંબંધીઓમાં આત્મબુદ્ધિ હોય, પરંતુ કંઈક પ્રશ્ન થાય તો હેત ટળી જાય છે અને ઝઘડા થાય છે.

❊ પ્રસિદ્ધ શરણાઈવાદક ઉસ્તાદ બિસ્મિલ્લાખાનના મૃત્યુ બાદ તેઓએ વર્ષો સુધી જે શરણાઈ વગાડી હતી, તે શરણાઈ તેઓના વારાણસી ખાતેના ઘરમાં રાખવામાં આવી હતી. આ શરણાઈની ત્યાંથી ચોરી થઈ ગઈ. ત્યારે ઉસ્તાદના દીકરાઓ એકબીજા પર ચોરીનો આક્ષેપ નાંખીને સામ-સામે આવી ગયા. સૌથી નાના દીકરાએ તો પોતાના ભાઈઓમાંથી ચોરને પકડવા માટે સીબીઆઈ ઇન્કવાયરી કરવા કહ્યું હતું. એક ભાઈએ બીજા પર આક્ષેપ નાંખતા કહ્યું હતું, 'આ મૂલ્યવાન શરણાઈ અમારા ભાઈઓમાંથી જ કો'કે ચોર સાથે મળીને ગાયબ કરી છે અને તે તેના કરોડો રૂપિયા મેળવશે !'

❊ સંબંધીઓની આત્મબુદ્ધિ કરતાં વધુ આત્મબુદ્ધિ સંતાનોમાં હોય છે, પરંતુ ઘણી વાર સંતાનો તરફથી સહન કરવાનું આવે તો મા-બાપ તેનાથી કંટાળી જાય છે.

❊ સારંગપુરમાં સંતોને એક વૃદ્ધ મળવા આવેલા. તેમણે વાત કરી હતી કે, 'મેં માતાજીની માનતા રાખી હતી તેને કારણે મને દીકરો થયો છે, પરંતુ આજે એ દીકરાથી હું એટલો ત્રાસી ગયો છું કે માતાજીની ફરી માનતા રાખી છે કે એને પાછો લઈ લો. આવો દીકરો હોય એના કરતાં વાંઝિયા રહેવું સારું હતું!'

❊ પરંતુ શરીરથી કોઈ કંટાળતું નથી. ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'દેહનો અવગુણ કોઈને આવતો નથી. દસ વાર શૌચ જવું પડે તો પણ દેહનો અવગુણ આવતો નથી.'

❊ માણસને પોતાના શરીરમાં સૌથી વધુ આત્મબુદ્ધિ છે. જાપાનમાં એક બહુમાળી મકાનમાં આગ લાગી હતી. તેના એક ફ્લેટમાં એક પિતા તેના પુત્ર સાથે ફસાઈ ગયા હતા. તે વખતે એવી પરિસ્થિતિ સર્જાઈ કે બાપ કે બેટો બેમાંથી એક જ જણ જીવતો બહાર આવી શકે. પિતાએ તરત પુત્રને આગમાં ફેંકી દીધો અને તેના પર પગ મૂકી પોતે મકાનની બહાર કૂદી

પડ્યો.

❋ દેહ માટે વ્યક્તિ ગમે તે કરવા તૈયાર થઈ જાય છે એવો ગાઢ સ્નેહ દેહમાં છે. એટલે શ્રીજીમહારાજ દેહમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી આત્મબુદ્ધિ ભગવાન ને સંતમાં કરવાની આજ્ઞા આ વચનામૃતમાં કરે છે.

● **ભગવાન ને સંતમાં આત્મબુદ્ધિનું ફળ :**

❋ શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા અંત્ય-૧૧માં ભગવાન અને સંતમાં આત્મબુદ્ધિ કરવાથી થતો લાભ જણાવ્યો કે, 'જેવી પોતાના દેહને વિશે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે, તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે.'

❋ ભગવાન ને સંતમાં આત્મબુદ્ધિ કરવાથી કાયમી શાંતિનો અનુભવ થાય છે. ભગવાન અને સંતના અલ્પ યોગમાં આવવાથી જો શાંતિનો અનુભવ થતો હોય તો તેમનામાં આત્મબુદ્ધિ અને દઢ પ્રીતિ થાય તો અખંડ, કાયમી શાંતિનો અનુભવ થાય જ.

❋ વળી, ગઢડા અંત્ય ૧૧માં વચનામૃતમાં શ્રીજીમહારાજ આગળ કહે છે, 'જીવને જેવી દેહને વિશે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. ગમે તેવા દેશ-કાળાદિક ભૂંડા આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં.'

❋ આત્મબુદ્ધિથી સત્સંગમાં અચળ પાળો થાય છે અને આત્મબુદ્ધિના અભાવે સત્સંગમાં વિઘ્ન આવવાનો સંભવ રહે છે અને ફળસ્વરૂપે વિમુખ થવું પડે તેવું પણ બને.

❋ મૂળજી બ્રહ્મચારીને શ્રીજીમહારાજમાં આત્મબુદ્ધિ દઢ હતી તો મહારાજે તેમને વગર વાંકે વિમુખ કર્યા. કપરી કસોટી કરી છતાં સત્સંગ છોડ્યો નહીં.

❋ જાગા સ્વામીનું સત્સંગમાં ઘણું અપમાન થતું. તેમને આસને જવાની બંધી કરવામાં આવી હતી, પરંતુ તેમણે ગુણાતીતાનંદ સ્વામીમાં જીવ જોડ્યો હતો. દઢ આત્મબુદ્ધિ કરી હતી તેથી તેઓને વાંધો ન આવ્યો.

❋ આશાભાઈ, ઈશ્વરભાઈ અને મોતીભાઈને શાસ્ત્રીજી મહારાજમાં આત્મબુદ્ધિ હતી. તેમને માથે વાળ તેટલું દેવું હતું. ખેતીમાં બરકત ન આવે. એમાં વળી શાસ્ત્રીજી મહારાજ કસોટી કરે તો પણ તેઓને સત્સંગમાં કોઈ વિઘ્ન નડ્યું નથી.

❋ જ્યારે ફૈબા, અલૈયા ખાચર, જીવા ખાચર, હરખા પટેલ વગેરેને ભગવાન ને સંતમાં આત્મબુદ્ધિ નહોતી. તેથી તેમને સત્સંગમાં વિઘ્ન લાગ્યાં અને સત્સંગ છૂટી ગયો.

❋ ભગવાન ને સંતમાં આવી દઢ આત્મબુદ્ધિ કેવી રીતે થાય તેના ઉપાયો શ્રીજીમહારાજે વચનામૃતમાં બતાવ્યા છે.

૧) મહિમાએ સહિત નિશ્ચયઃ

❋ વચનામૃત ગઢડા પ્રથમ ૫૯માં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, 'ભગવાનને વિશે અસાધારણ સ્નેહ કેવી રીતે થાય ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, 'એક તો ભગવાનનો વિશ્વાસ હોય કે મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે તથા એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને અંતર્યામી જાણે એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિશે નિશ્ચય તે જ પરમેશ્વરને વિશે અસાધારણ સ્નેહનું કારણ છે.'

❋ બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજ્યા હતા, એટલે જ તેઓને શ્રીજીમહારાજમાં દઢ આત્મબુદ્ધિ હતી.

❋ એક વાર શ્રીજીમહારાજે એક નવીન નિયમ શરૂ કર્યો. દરેક સંતને ત્રણ હાથનું જ ટાટ (કંતાન) પહેરવા આપવું. વારાફરથી સંતો મહારાજ પાસે આવીને કંતાન લઈ ગયા. બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. નિયમ મુજબ મહારાજે એમને ત્રણ હાથ કંતાન માપી આપ્યું. સ્વામીએ મહારાજને

વિનંતી કરી, 'મારું સ્થૂળ શરીર છે. આટલું કંતાન નહીં ચાલે, થોડું વધારે આપો.'

'નિયમમાં ફેરફાર નહિ થાય. તમારું શરીર ઘટાડો. ઉપવાસ કરો.' મહારાજે કહ્યું. 'પણ એકદમ શરીર કેમ ઘટે ?' એમ કહેતાં સ્વામી ઉપર, નીચે એમ ચારેય બાજુ જોવા લાગ્યા. મહારાજે પૂછ્યું, 'શું જુઓ છો ?' ત્યારે તેમણે કહ્યું, 'એક નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા વિના બીજો ભગવાન ભાળતો નથી. એટલે અહીં રહ્યા વગર છૂટકો નથી.' બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠા જોઈ મહારાજ અતિ રાજી થયા. તરત જ વધારે કંતાન આપ્યું.

❊ શ્રીજીમહારાજ સિવાય કોઈ ભગવાન નથી એવો બ્રહ્માનંદ સ્વામીને દૃઢ નિશ્ચય હતો, તો તેમને મહારાજમાં જે આત્મબુદ્ધિ હતી તેમાં રંચ ફેર ન પડ્યો.

❊ બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં પણ લખ્યું છે કે :

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ..

પરંતુ શિર સાટે ભગવાનને વરવા જેવી પ્રીતિ કેવી રીતે આવે તે સમજાવતાં આગળ તેઓ કહે છે...

રે સમજ્યા વિના નવ નીસરીએ,
રે રણ મધ્યે જઈને નવ ડરીએ.

સમજણ વિનાની, મહિમા વિનાની પ્રીતિ ન કરવી. મહિમા સમજીને પ્રીતિ કરીશું તો જ રણ મધ્યે એટલે કે સત્સંગમાં ગમે તેવી કસોટી આવશે તો તેનો ડર નહિ લાગે અને તેમાં સ્થિર રહેવાશે.

❊ શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને વગર વાંકે વરતાલ મંદિરના મહંત પદેથી છૂટા કર્યા, ત્યારે પણ તેમણે ભગવાનનો મહિમા વિચાર્યો.

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા,
બિરુદની બલિહારી રે..
ગ્રહી બાંય છોડો નહિ ગિરિધર,
અવિચળ ટેક તમારી રે..

અહીં પણ શ્રીજીમહારાજ અધમ ઉદ્ધારણ અને અવિનાશી ભગવાન છે, એવો મહિમા બ્રહ્માનંદ સ્વામી વિચારે છે. તેથી જ તેઓએ આવી કસોટીમાં પણ શ્રીજીમહારાજનો અવગુણ ન લીધો અને તેમની આજ્ઞા શિરસાટે પાળી શક્યા.

આમ, મહિમા સમજાયો હોય તો દૃઢ આત્મબુદ્ધિ થાય.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં પોતાની ભગવાન સાથેની પ્રીતિનો ઉલ્લેખ કરી તેનું કારણ જણાવે છે કે,

સંગે રહીશ હું તો સદાય,
સુખકારી શ્યામ જાણી,
જાણી નિષ્કુળાનંદ મનમાંય,
રહું ઉર આનંદ આણી.

મને મળ્યા એ ભગવાન જ સુખકારી છે. એવો મહિમા જાણીને હું ભગવાનને સંગે સદાય રહીશ!

❊ શ્રીજીમહારાજ પણ વચનામૃત સારંગપુર ૧૮માં કહે છે : 'જેમ અગ્નિની મોટી જ્વાળા હોય ને ઉપરથી જળ વરસે તો તત્કાળ ઓલાઈ જાય...તેમ સમજ્યા વિના ગમે તેટલી ભગવાનમાં પ્રીતિ હોય તો પણ અગ્નિની જ્વાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને નાશ થઈ જાય છે અને સમજીને જે પ્રીતિ (કરી) હોય તે તો વીજળીના અગ્નિ જેવી છે, તે થોડી હોય તો પણ નાશ ન પામે.'

❊ આમ, ભગવાન ને સંતનો જેમ-જેમ વધુ મહિમા સમજીએ તેમ-તેમ તેમનામાં વધુ આત્મબુદ્ધિ થતી જાય.

❊ ભગવાન ને ભગવાનના સંતમાં આત્મબુદ્ધિ કરવાની વાત કરીને શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ.'

● ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો :

❊ વચનામૃતમાં શ્રીજીમહારાજે ભગવાનના ભક્તનો પક્ષ રાખવો તેને મહત્ત્વની સાધના બતાવી છે.

❊ વચનામૃત ગઢડા મધ્ય-૬૧ પ્રમાણે પક્ષ રાખે તે પાકો સત્સંગી કહેવાય.

❊ વચનામૃત ગઢડા મધ્ય-૬૦ પ્રમાણે ભગવાનના

ભક્તનો પક્ષ રાખે તેનાં બ્રહ્મહત્યાદિક પાપ નાશ પામી જાય.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૭૮ પ્રમાણે પક્ષ રાખનાર ભક્તનો જ સત્સંગમાં અચળ પાયો છે.

શ્રીજીમહારાજે પક્ષનો આટલો બધો મહિમા અને મહત્ત્વ જણાવ્યું છે.

❊ એક વાર શ્રીજીમહારાજના સંતો વિચરણ કરતાં ગુંદાળી ગામમાં પહોંચ્યા. આ ગામમાં મામૈયો અને મેરામણ નામના બે કાઠી ભાઈઓ રહેતા હતા. તેમનાં માતુશ્રીને સત્સંગ હોવાથી સંતોને ઘેર પધરાવ્યા, પરંતુ ગામના દ્વેષી દરબારે બંને ભાઈઓની ગેરહાજરીમાં સંતોને મારીને કાઢી મૂક્યા. બંને ભાઈઓને ખબર પડી, ત્યારે ગામ વચ્ચે દરબારને મારી નાંખ્યો. વળતા યુદ્ધમાં બંને ભાઈઓ પણ મૃત્યુ પામ્યા. આ સમાચાર જાણીને ભગવાન સ્વામિનારાયણને દુઃખ થયું. પરંતુ પોતાના સંતોનો પક્ષ રાખવા બદલ મહારાજે કહ્યું, 'બંનેનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ. આમ, આ બંને ભાઈઓને અક્ષરધામમાં નિવાસ આપ્યો. વચનામૃત લોયા-૩માં પણ શ્રીજીમહારાજે તેમને યાદ કર્યા છે.

❊ સત્સંગ અને સત્સંગીઓ પ્રત્યે પોતાપણાની ભાવના, એક પરિવારની ભાવના હોય તે દૃઢ પક્ષ રાખ્યો કહેવાય.

❊ પંચાળાના ઝીણાભાઈ દરબારે અત્યંત ગરીબ ને બીમાર એવા ઊતરતી જ્ઞાતિના હરિભક્ત કમળશી વાંઝાની મહિમા સહિત સેવા કરી. ઝીણાભાઈનાં બહેન અદીબાએ જ્યારે ઘરમાં મરી (કાળાં મરી) હોવા છતાં કમળશીભાઈ માટે મરી આપ્યાં નહીં. થોડા દિવસ બાદ ઝીણાભાઈએ પોતાના માટે મરી માંગ્યા તો તુરત જ આપ્યાં. ઝીણાભાઈએ તરત જ મરીના વાટકાનો ઘા કરી દીધો અને બહેન સાથે અબોલા લઈ લીધા. પછી અદીબાને પસ્તાવો થયો અને શ્રીજીમહારાજની માફી માંગી ત્યારે ઝીણાભાઈએ અબોલા તોડ્યાં. ઝીણાભાઈએ સત્સંગી હરિભક્તનો આવો પક્ષ રાખ્યો. એ જોઈ શ્રીજીમહારાજ તેઓ પર ઘણા પ્રસન્ન થયા હતા અને ઝીણાભાઈની નનામીને કાંધ આપી હતી.

ભગવાનના ભક્તો વિશે આવી પોતાપણાની ભાવના શાસ્ત્રીજી મહારાજના સમયમાં પણ અનેક ભક્તોને હતી.

❊ જ્યારે ડાંગરાના ભક્તરાજ પૂંજાજી બાપુની તબિયત ખૂબ જ અસ્વસ્થ હતી, ત્યારે શાસ્ત્રીજી મહારાજ તેમને દવા કરાવવા માટે ગુજરાતમાં ચાણસદ ખાતે મનસુખભાઈ વૈદ્ય પાસે લઈ ગયા હતા. અહીં શાસ્ત્રીજી મહારાજે શૂરવીર ભક્તરાજ ગલભાઈને આજ્ઞા કરી હતી કે 'તમે પૂંજાજી બાપુને તમારા ઘેર રાખજો, અને જે રીતે દવા કરાવવાની હોય તેમ કરાવજો.' શાસ્ત્રીજી મહારાજનું વચન અધ્ધર ઝીલીને ગલભાઈએ પૂંજાજી બાપુની ખૂબ મહિમાપૂર્વક સેવા કરી.

ગલભાઈએ વૈદ્યની સૂચના મુજબ પૂંજાજી બાપુની દવા માટે છ-સાત શેર દૂધ આપતી ગાય પણ ખરીદીને ઘેર રાખી. વળી, પૂંજાજી બાપુની દવા માટે ગલભાઈ દરરોજ પાદરાથી અડધો મણ શેરડી અને બાજરી વગેરેના દાણા પણ લાવતા. પોતાના ઘરનું કામ, વ્યવહાર બધું જ બાજુ પર મૂકીને કોઈ પણ પ્રકારના થાક કે કંટાળા વગર સેવા તેઓ કરતા. આપણે એક -બે કે ત્રણ દિવસ સેવા કરી શકીએ. પણ, સતત છ-છ, સાત-સાત મહિના સુધી સેવા કરવી અને એ પણ પોતાના ઘરે રાખીને, તે તો અશક્ય ! પણ, ભગવાનના ભક્તોનો ખરેખર મહિમા સમજ્યા હોઈએ તો સેવા કરવામાં કોઈ પણ પ્રકારની મોળપ ન આવે.

❊ એક ચિંતકે લખ્યું છે,

આંસુઓનાં પડે પ્રતિબિંબ એવાં દર્પણ ક્યાં છે,
કહ્યા વિના સમજે સઘળું એવાં સગપણ ક્યાં છે ?

આ પંક્તિનો ઉત્તર આપણા સંપ્રદાયના ભક્તોનાં જીવનમાંથી સહેજે જ મળી આવે છે. લોહીનું

સગપણ ન હોવા છતાં પણ એક ભગવાનના ભક્ત તરીકે, અક્ષરપુરુષોત્તમના સંબંધવાળા ભક્તોનો મહિમા સમજી, સુહૃદભાવ રાખી સેવા કરવી, એ બહુ મોટી વાત છે.

● **ભગવાન અને ભક્તનો અભાવ ન આવવા દેવો :**

❋ ભગવાનના ભક્તનો અવગુણ ન આવે તે ખૂબ જ મહત્ત્વનું છે. જો ભગવાનના ભક્તોનો અવગુણ લઈએ, તો આપણે કલ્યાણના માર્ગેથી પડી જઈએ અને દુ:ખી થવાનો વારો આવે એટલે શ્રીજીમહારાજ એનાથી આપણને ચેતવે છે.

❋ અભેસિંહ બાપુ વગેરે હરિભક્તોને ગુણાતીતાનંદ સ્વામીની જમેલી પ્રસાદીનો મહિમા બહુ. જ્યારે જૂનાગઢ તેઓ આવે, ત્યારે સ્વામી પ્રસાદી આપે. એક દિવસે જુદે-જુદે સમયે આવેલા હરિભક્તોના મનોરથ પૂરા કરવા સ્વામીને પાંચ વખત પત્તર પલાળવું પડ્યું, એટલે પાંચ વખત નામ પૂરતું જમવું પડ્યું. તે વખતે જૂનાગઢ મંદિરમાં અમુક લોટિયા સંતો હતા. તેઓ ફક્ત લોટ પલાળીને પીતા, એવા ત્યાગી હતા. તેમને તેમના ગુણનું માન હતું તેથી તેમણે આ જોઈ ગુણાતીતાનંદ સ્વામીનો અવગુણ લીધો. આ કારણે તેઓ સત્સંગમાં રહ્યા નહિ.

❋ દરેક પરિસ્થિતિમાં ભગવાનના ભક્તનો ગુણગ્રહણ કરવો અને અવગુણ ન આવવા દેવો. એવી આજ્ઞા શ્રીજીમહારાજ કરે છે.

❋ જૂનાગઢમાં કેશવ ભગત સાંજે જમતા નહીં પણ હેતવાળા એક સંત આગ્રહ કરી ચોકામાં જમવા લઈ ગયા. ખીચડી પીરસી કઢી લેવા ગયા ત્યાં ભંડારમાં સેવા કરતા સેવકે કેશવ ભગતને પંગતમાં જોઈ ગુસ્સે થઈ કહ્યું : 'તમે સાંજે જમતા નથી ને કેમ આજે જમવા આવ્યા ?' એમ કહી તાંસળીમાં પીરસેલી ખીચડી લઈ લીધી ને ઉઠાડી મૂક્યા. કેશવ ભગતને જરાય ખોટું ન લાગ્યું. ભંડારી સાધુનો અવગુણ પણ ન આવ્યો. તેમણે તો ગુણ જ લીધો કે, હું સાંજે જમતો નહોતો તેથી મહારાજે ભંડારીમાં પ્રવેશ કરી મારો નિયમ પળાવ્યો. હેતવાળા સાધુને આ સમજાવી ગુસ્સે ન થવા કહ્યું.

આમ, આ વચનામૃતમાં શ્રીજીમહારાજે ત્રણ બાબતો બતાવી છે કે, જેને કલ્યાણને ઇચ્છવું તેણે...

૧) ભગવાન અને સંત એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી.

૨) જેવી દેહને વિશે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન અને સંતમાં કરવી.

૩) ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો ને તેમનો અવગુણ આવવા ન દેવો.

આ ત્રણ બાબતોનું ફળ બતાવતાં શ્રીજીમહારાજ જણાવે છે કે, 'આવી રીતે જે વર્તે તેને અતિ બળવાન એવા કામ-ક્રોધાદિક શત્રુ તે પરાભવ કરી શકતા નથી અને તે ભગવાનના ધામને પામે છે.' તો ચાલો, આપણે આ રીતે વર્તવાનો દૃઢ સંકલ્પ કરીએ અને અક્ષરધામના અધિકારી થઈએ.

❀ ❀ ❀

૨૧. વચનામૃત : ગઢડા અંત્ય-૯ : જાણપણારૂપ દરવાજાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા અંત્યનું નવમું : જાણપાણારૂપ દરવાજાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૩ના આસો સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પુષ્પના હાર તથા ગજરા વિરાજમાન હતા અને પાઘ ઉપર પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વ હરિભક્તને કહ્યું જે, 'જે અમારા મોટા મોટા પરમહંસ છે તેની જેવી સ્થિતિ છે ને સમજણ છે તે અમે તમને બાઈ-ભાઈ સર્વને કહીએ. તેને સાંભળીને પછી જેવી રીતે તમે સર્વે વર્તતા હો ને જેવી તમને સ્થિતિ હોય તેવી રીતે તમે કહી દેખાડજ્યો.' એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે. જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં.' એવી રીતે હિંમત સહિત ઢાલ, તરવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી...

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું નવમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **મોટેરા પરમહંસોની સ્થિતિ અને સમજણ જણાવવાનું કારણ :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આપણને મોટેરા પરમહંસોની સ્થિતિ અને સમજણ જણાવે છે. કારણ કે, (૧) મોટેરા પરમહંસો સમજુ છે. મહારાજ તેમનો મહિમા સૌને સમજાવવા માંગે છે. મોટેરા પરમહંસોની અને અન્યની કેટલીક સ્થૂળ ક્રિયા (ખાવું-પીવું, ઊઠવું-બેસવું વગેરે...) સરખી જ લાગે, પરંતુ બંનેમાં ભેદ છે. જેમ, કરોડ રૂપિયાનો હીરો અને સો રૂપિયાનો હીરો કેટલીક વાર સરખા જ લાગે, પરંતુ હીરાપારખુ તેની સાચી કિંમત આંકી શકે. બાકી સામાન્ય માણસને તો તેની કોઈ ગતાગમ જ નથી. (૨) સત્સંગ કરવાની રીત આવા મોટેરા સંતોના જીવનમાંથી શિખાય છે. શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાની કૃપાથી સત્સંગમાં એવા અનેક ગૃહસ્થ ભક્તો પણ છે, જે ઉચ્ચ સ્થિતિ અને સમજણને પામ્યા છે.

આવા મોટેરા સંતો-ભક્તો સાથે આપણી સમજણ અને સ્થિતિ સરખાવીએ ત્યારે આપણી કક્ષા સમજાય છે, અને તેમાં સુધારો કરવાનો અવકાશ મળે છે.

● **જાણપણું રાખવાની આવશ્યકતા :**

❊ જ્યાં સુધી વ્યક્તિ પાસે કોઈ કિંમતી વસ્તુ ન હોય, ત્યાં સુધી જાણપણાની જરૂર નથી, પરંતુ કિંમતી વસ્તુ પ્રાપ્ત કર્યા બાદ જાણપણું રાખવું આવશ્યક છે. ઘરમાં સામાન્ય પલંગની ચોરી થવાનો ભય નથી હોતો, પરંતુ સોનાની વીંટી માટે જાગ્રત રહેવું પડે છે.

લંડનમાં કોહીનૂર હીરાની સલામતી માટે કડક બંદોબસ્ત કરવામાં આવ્યો છે, રસ્તા પર પડેલા પથ્થરનો કોઈ ભાવ પૂછતું નથી.

❊ યોગીજી મહારાજ આ બાબતે એક બોધકથા કહેતા કે, "ભીમદા ને ખીમદા બે નાગા બાવા હતા. બિચારા ફક્કડ ગિરધારી હતા. એક વાર એક ધર્મશાળામાં રાત્રે સૂતા હતા. એક ચોર લૂંટવા આવ્યો. ભીમદા ઉપર હાથ ફેરવવા માંડ્યો. ભીમદા કહે, 'ખીમદા ! કોઈ હાથ ફેરવે છે.' ત્યારે ખીમદા કહે, 'મારી પાસે મોકલજો. મારા ઉપર હાથ ફેરવે તો મારાંય મછરાં ઊડે !' ચોર તો આ સાંભળી નાસી જ ગયો.

નાગા બાવાને શું લૂંટાવાનું હોય ? પણ જેની પાસે જોખમ છે, તેનો એને ભો (ભય) છે. આપણને આવો અમૂલ્ય સત્સંગ પ્રાપ્ત થયો છે, તો આપણે તેને સાચવવો પડે. જો ગાફલાઈ રાખીએ તો ચોર લૂંટી જાય."

❊ નિષ્કુળાનંદ સ્વામીએ પણ ચોસઠપદીમાં કહ્યું,

'જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી,
માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહીં વાત ખરી.
રહેવું નહીં ગાફલ ગમાર, માલ અતોલ મળે,
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે.'

નિષ્કુળાનંદ સ્વામી કલાકે-કલાકે જાણપણું રાખવાનું નથી કહેતા, પરંતુ પળે-પળે રાખવાની વાત કરી રહ્યા છે.

❊ શ્રીજીમહારાજે વચનામૃત **ગઢડા પ્રથમ-૫૦**માં કહ્યું કે, **'પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે.'**

● **જાણપણું ન રાખવાથી ખોટ :**

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં જાણપણું રાખવું અત્યંત આવશ્યક છે. નહીંતર વત્તા-ઓછા અંશે તેનું ભૂંડું પરિણામ ભોગવવું પડે છે.

❊ ગોંડલમાં વીરમજી બાપુ નામના ભક્ત રહેતા હતા. તેઓ ગોંડલ નરેશ ભગવત્‌સિંહજીના દરબારમાં ચોકિયાત તરીકે નોકરી કરતા હતા. દર મહિને પાંચ રૂપિયાનો પગાર હતો. ચોકિયાત તરીકે ફરજ બજાવતાં એક દિવસ તેમને ઝોલું આવ્યું અને એક કૂતરું તેમના ખ્યાલ બહાર દરબારગઢમાં ભગવત્‌સિંહજીના ટેબલ સુધી પહોંચી ગયું.

ભગવત્સિંહજીને ખબર પડી તો તરત વીરમજીને બોલાવ્યા અને તેમને આખા મહિનાના પગારનો દંડ ફટકાર્યો.

વીરમજી સહેજ જાણપણું ચૂક્યા તો મહિનાના પગારનો દંડ થયો, પરંતુ કેટલીક વાર તો વ્યક્તિ જાણપણું ચૂકવાથી પોતાના તેમજ અન્યના જીવ જોખમમાં મૂકે છે.

* ઈ.સ. ૧૯૧૨માં દુનિયાની સૌથી મોટી અને મોંઘી સ્ટીમર 'ટાઈટેનિક'નું નિર્માણ બ્રિટિશરોએ કર્યું હતું. આ સ્ટીમર ૮૮૨ ફૂટ લાંબી અને ૧૦૪ ફૂટ ઊંચી હતી. ગમે તેવો અકસ્માત થાય છતાં 'ટાઈટેનિક' Non-breakable અને Non-sinkable કહેતાં તેને તૂટવાનો અને ડૂબવાનો ભય નથી તેમ બ્રિટિશરો જોરશોરથી કહેતા. કેપ્ટન એડવર્ડ સ્મિથ તો ત્યાં સુધી કહેતા કે, 'સ્વયં ભગવાન પણ આ સ્ટીમરને ડુબાડવા અસમર્થ છે.' તેથી તા. ૧૪/૪/૧૯૧૨ના રોજ ૨૨૦૭ પેસેન્જર અને નાવિકોને લઈ નીકળેલ આ ટાઈટેનિકમાં ફક્ત ૧૬ લાઈફબોટ (બચાવ નૌકાઓ) હતી.

બ્રિટનથી નીકળેલ આ પ્રભાવશાળી અને પડછંદ સ્ટીમરને એટલાન્ટિક મહાસાગર પાર કરી ન્યૂયોર્ક પહોંચવાનું હતું. એટલાન્ટિક મહાસાગરનો ઘણો ખરો માર્ગ કાપ્યા બાદ ટાઈટેનિક કેનેડાના એક ટાપુ પાસે પહોંચી. નાવિકોને આગળ જઈ રહેલી અન્ય એક સ્ટીમર પરથી અચાનક વાયરલેસ સંદેશો મળ્યો કે 'આ વિસ્તારમાં ઘણી હિમશિલાઓ છે, માટે સાવધાન રહેજો.' આ ચેતવણીને લક્ષ્યમાં લીધા વિના કેપ્ટન તો બેફિકર બની બેસી રહ્યો. 'કેલિફોર્નિયન' નામની હજુ એક સ્ટીમર પરથી હિમટેકરીઓથી સાવધ રહેવાનો સંદેશો આવ્યો, પરંતુ કેપ્ટને લક્ષ ન આપ્યું. ટાઈટેનિકના કેપ્ટન એડવર્ડ સ્મિથને આ વાતનો ખ્યાલ આવ્યો ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. જહાજની દિશા બદલવા છતાં એક હિમટેકરીએ જહાજની જમણી બાજુ પર ૩૦૦ ફૂટ લાંબો ચીરો પાડી દીધો.

જાણપણું ચૂકી જવાથી Non-breakable અને Non-sinkable ટાઈટેનિક જોતજોતામાં એટલાન્ટિક મહાસાગરના તળિયે પહોંચી ગઈ અને આશરે ૧૫૦૦ વ્યક્તિના રામ રમી ગયા.

◎ એક શેઠના ઘરે પટારામાં દાગીના હતા. રાતે ચોર આવ્યા. શેઠાણી જાગી ગયાં. પટારો ખોલ્યો એટલે શેઠાણીએ શેઠને કહ્યું, 'જાગો ! જાગો! ચોરે પટારો ખોલ્યો.'

શેઠ સૂતાં સૂતાં આંખ બંધ રાખી બોલ્યા, 'જાગું છું.'

શેઠાણીએ ફરી કહ્યું, 'જાગો, આ તો દાગીનાયે લીધા !' શેઠે કહ્યું, 'જાગું છું.'

શેઠાણીએ બૂમ પાડી કે 'આ તો લઈને ચાલ્યા' તોયે શેઠે કહ્યું, 'જાગું છું.' પછી તો ચોર બધું લઈ ગયા.

જાગ્રત હોવા છતાં ગાફલાઈને કારણે, જાણપણું ચૂકવાને કારણે ચોર શેઠને લૂંટી ગયા.

* શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૧૪**માં કહ્યું કે **'સંતનો સમાગમ (સત્સંગ) મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યા છે.'** જો આપણે આધ્યાત્મિક માર્ગે જાગ્રત ન રહીએ, જાણપણું ન રાખીએ તો આવો અમૂલ્ય સત્સંગ ગુમાવવાનો વારો આવે.

* શરીરમાં કોઈ રોગથી મુક્ત થવું હોય, સાજા થવું હોય તો જેટલી જવાબદારી ડોક્ટરની છે, તેટલી જ દર્દીની હોય છે. ડોક્ટર દવા આપે, ચરી આપે, પણ દર્દી ખટકો રાખી દવા જ ન લે અથવા ડોક્ટરના કહ્યા પ્રમાણે ચરી ન પાળે તો રોગ ટળે જ નહીં.

તેવી જ રીતે જન્મ-મરણનો રોગ ટાળવાની જેટલી જવાબદારી ઇષ્ટદેવ અથવા ગુરુની છે, તેના કરતાં વધુ જવાબદારી શિષ્યની બની રહે છે. છેલ્લો જન્મ કરવા આપણે જ જાણપણારૂપ દરવાજે ઊભા રહી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું પડે.

● **જાણપણારૂપ દરવાજે ઊભેલા સંતો-ભક્તોનાં લક્ષણ :**

※ જે સંતો-ભક્તો જાણપણારૂપ દરવાજે ઊભા છે, તેમનાં બે મુખ્ય લક્ષણ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જણાવે છે.

૧. માયિક પદાર્થને હૃદયમાં પેસવા દેતા નથી :

※ દુનિયાના મોટા ભાગના લોકો રાત-દિવસ સ્ત્રી-ધનની પ્રાપ્તિ માટે ઉધામા કરતા હોય છે. તેમની પ્રવૃત્તિઓનું ચાલકબળ સ્ત્રી-ધનની પ્રાપ્તિ હોય છે. ત્યારે જાણપણારૂપ દરવાજે ઊભેલા ભક્તો ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારી ધન અને સ્ત્રી આદિ માયિક પદાર્થને હૃદયમાં પેસવા દેતા નથી.

※ જૂનાગઢમાં નવાબના બગીચામાં નોકર તરીકે સત્સંગી ગોવિંદભાઈ કામ કરતા હતા. એક દિવસ બગીચામાં ગોવિંદને બેગમનું ઝાંઝર મળી આવ્યું. તે બેગમને પાછું આપવા ગયો ત્યારે બેગમે કહ્યું, 'તું આ ઘરે લઈ ગયો હોત તો મને ક્યાં ખબર પડવાની હતી!' તે સમયે ગોવિંદ બોલ્યો, 'મેં સ્વામિનારાયણની કંઠી પહેરી છે. પારકી વસ્તુ ધૂળ જેવી સમજું છું.' બેગમ તેની ધર્મપરાયણતા જોઈ ચકિત થઈ ગયાં.

※ વર્તમાનકાળે પણ આવા અનેક ભક્તો છે જે જાણપણું રાખી પરધનમાં મોહ પામતા નથી.

અમદાવાદમાં સામાન્ય શિક્ષક તરીકે નોકરી કરતા ધુળાભાઈ પટેલ આપણા નિષ્ઠાવાન સત્સંગી છે. તેમનાં ઘરે દીકરીના લગ્નનો પ્રસંગ થોડા દિવસ બાદ હોવાથી નાણાંની ખૂબ જરૂર હતી. તેવામાં એક દિવસ શાળાએથી ઘર તરફ જતાં તેમને ૫૦,૦૦૦ રૂપિયા ભરેલી એક થેલી મળી. આ રકમ તેમને ઘરના પ્રસંગ માટે ખૂબ ઉપયોગી નીવડે તેમ હતી.

આ પૈસા હાથમાં લેતાં જ ધુળાભાઈને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની છબિ નજર સમક્ષ દેખાવા લાગી. અંતરમાં મંથન ચાલ્યું કે, 'હું પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય છું. આ પૈસા મારાથી ન લેવાય. જો ગુરુને પ્રસન્ન કરવા હોય, તો આ પૈસા એના માલિકને પહોંચાડવા જોઈએ.' ધુળાભાઈએ પૈસાના માલિકને શોધી, તેના ઘરે જઈ તેના પૈસા પરત કર્યા. માતબર રકમ પરત મળતાં જેમના પૈસા હતા, તે તો અભિભૂત થઈ ગયા અને હૃદયથી આભાર માનવા લાગ્યા.

ઈષ્ટદેવ અને ગુરુહરિને પ્રસન્ન કરવા માટે પરધનને ધૂળ સમાન જાણનાર આવા તો અનેક ભક્તો છે, જેઓ વ્યવહારકાર્ય કરવા છતાં જાણપણારૂપ દરવાજે ઊભા રહી ધનના વિકારથી જોજન દૂર રહ્યા છે.

※ ધનની જેમ સ્ત્રીના આકર્ષણથી પણ અનેક સંતો-ભક્તો જાણપણું રાખી દૂર રહ્યા છે. **ગુણાતીતાનંદ સ્વામી**એ **૧/૨૦૫**મી વાતમાં કહ્યું કે, **'ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો દરવાજે રહીને જોયા કરે છે.'**

શ્રીજીમહારાજના દીક્ષિત પરમહંસ અદ્‌ભુતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં કુંજબારી નામના નગર બહાર પહોંચ્યા. અહીં નારસિંગરાવ રાવળ નામના રાજાએ તેમને ધર્મશાળામાં ઉતારો અપાવ્યો. રાજા અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોથી ખૂબ પ્રભાવિત થયા અને પાંચસો રૂપિયા ભેટ ધરી પૂજન કર્યું. અદ્‌ભુતાનંદ સ્વામીએ તેમને સમજાવ્યું કે અમારે ધનનો સ્પર્શ વર્જ્ય છે. પછી તો રાજાને થયું કે મારી દીકરીને આના કરતાં સારો વર નહીં મળે. લગ્ન કરાવી આમને જ રાજગાદીએ બેસાડીએ. તેઓ ઓચિંતા ક્યાંય ચાલ્યા ન જાય તે માટે ચોકી પણ મૂકી, પરંતુ સાધુતાના માર્ગે જાગ્રત આ સંત મળસ્કે ત્રણ વાગ્યે છૂપી રીતે ભાગી છૂટ્યા.

વિચરણ કરતાં કરતાં અદ્‌ભુતાનંદ સ્વામી ધૂલિયા પાસે મેથી નામના ગામે પહોંચ્યા. ત્યાં એક બાવાજીએ તેમને જોયા અને પોતાના ઘેર લઈ ગયા. શ્રીજીમહારાજ અંતર્યામીપણે તેમની પરીક્ષા કરતા હોય તેમ આ બાવાજીએ

અદ્ભુતાનંદ સ્વામીને બે લાખ રૂપિયા, પોતાની જગ્યાની મહંતાઈ અને બંને દીકરીઓ કૃષ્ણાર્પણ કરવાની તૈયારી બતાવી, પરંતુ સ્વામી તો અહીંથી પણ તક જોઈને પલાયન થઈ ગયા.

શ્રીજીમહારાજે આપેલા પંચવર્તમાનનું દૃઢ અનુસંધાન રાખનારા આ સંતને અનેક પ્રલોભનો ડગાવી ન શક્યાં.

❋ બોટાદના શિવલાલ શેઠ નિષ્ઠાવાન ભક્ત હતા. તેમના ઘરે તેમનાં સાળી આવેલાં. તેઓ રોજ શિવલાલને બપોરે જમતી વખતે પીરસતાં. એક દિવસ શિવલાલ જમવા બેઠા હતા ત્યારે ભાતમાં ઘી વધારે પડી ગયું, તેથી શિવલાલે સહેજે ઊંચું જોયું તો સાળી પર નજર પડી. શિવલાલે તેમને પૂછ્યું, 'તમે ક્યારે આવ્યાં ?' ત્યારે સાળી કહે, 'છ મહિનાથી આવી છું અને રોજ હું તમને પીરસું છું.'

પોતાના ઘરે છ મહિનાથી સાળી આવ્યાં હતાં, છતાં શિવલાલને આ બાબતનો ખ્યાલ જ નહોતો.

❋ હોલેન્ડના વતની હન કોપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના શિષ્ય છે. દૂર દેશમાં રહેવા છતાં નિયમિતપણે સત્સંગ કરે છે. તેઓ ફૂરબર્ગમાં યોગના વર્ગો ચલાવતા હતા. તેમાં મહિલાઓ પણ યોગ શીખવા આવતી. હન કોપને જ્યારે ખ્યાલ આવ્યો કે મહિલાઓને યોગ શીખવા કરતાં મારામાં વધારે રસ છે. ત્યારે તેમણે કલાસ લેવાના જ બંધ કરી દીધા !

❋ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત છાત્રાલયમાં રહી એક સત્સંગી યુવક કોલેજમાં અભ્યાસ કરી રહેલો. આ યુવાન કોલેજના વર્ગખંડમાં બેઠો હતો, ત્યારે આજુબાજુ કેટલાક વિદ્યાર્થીઓ મોટેથી વાતો કરી રહ્યા હતા. તેથી આ યુવાને ધીમેથી વાતો કરવા જણાવ્યું. તે વિદ્યાર્થીઓના હાથમાં મોબાઈલ હતો, તે સત્સંગી યુવકના હાથમાં પકડાવી દીધો. યુવકે એક ક્ષણ માટે મોબાઈલ સામું જોયું, તો તેમાં અશ્લીલ ફિલ્મ ચાલતી હતી. યુવકે ધડ દઈને મોબાઈલ ફેંકી દીધો અને ત્યાંથી નીકળી ગયો. પોતાનો વાંક ન હોવા છતાં પ્રાયશ્ચિત્તરૂપે એક ઉપવાસ પણ કરી લીધો.

આજે અનેક યુવાનો મોબાઈલ અને ઈન્ટરનેટના ઉપયોગમાં જાણપણું રાખી તેનાં દૂષણોથી દૂર રહ્યા છે. **ગુણાતીતાનંદ સ્વામી**એ **૨/૧૧૩**મી વાતમાં કહ્યું કે, **'વિષયનો સંબંધ થયા મોર્ય તો બકરાની પેઠે બીવું ને સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું.'** જાણપણારૂપ દરવાજે ઊભા હોઈએ ત્યારે જ સિંહ થઈ શકાય છે.

૨. <u>અનેક વિઘ્નો વચ્ચે સ્થિર રહે છે</u> :

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે જાણપણારૂપ દરવાજે ઊભેલા ભક્તો હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિ અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી, પણ સ્થિર રહે છે. આ ભક્તોની ભગવાનમાં શ્રદ્ધા લેશપણ ઓછી થતી નથી, ઊલટું, વધુ ને વધુ દૃઢ થતી જાય છે.

❋ ઉપલેટાના વેરાભાઈ વ્યસન, ચોરી અને લૂંટફાટમાં પૂરા હતા. એમને ચીભડું વાઢવું ને માણસનું માથું વાઢવું બંને સમાન હતું, પરંતુ સત્સંગના યોગમાં આવવાથી તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. હવે તેઓ શુદ્ધ અને પવિત્ર જીવન વિતાવવા લાગ્યા. પણ ભગવાનની ઈચ્છા એવી હશે કે તેમનું બહોળું કુટુંબ ઓછું થવા લાગ્યું. દર પંદર-વીસ દિવસના અંતરે પરિવારના એક સભ્યનું મૃત્યુ થાય. ફક્ત એક જ વરસમાં કુટુંબની બાવીસ વ્યક્તિઓ દેહ મૂકી ગઈ ! વળી, ઘરની સંપત્તિ પણ ખૂટી ગઈ ને જીવનનિર્વાહનો પ્રશ્ન ઊભો થયો. આવા સમયે ભલભલા સત્સંગીની સમજણ ડગવા લાગે. લોકો તથા અન્ય સંબંધીઓ મેણાં મારે તે જુદાં.

વેરાભાઈ આવી અનેક મુશ્કેલીઓમાં લેશ પણ વિચલિત ન થયા. ઓછું હોય તેમ પોતાનાં ઢોર-ઢાંખર, જર-જમીન ને વાસણ-કૂસણ બધું વેચી ગઢડા જઈ શ્રીજીમહારાજનાં ચરણોમાં પૈસા ધર્યા. મહારાજ પણ આ ભક્તની આવી ઉચ્ચ

સમજણથી ખૂબ પ્રસન્ન થયા.

* અમેરિકામાં ફ્રેઝેનો વિસ્તારમાં આપણા સત્સંગી ચંદ્રકાંતભાઈ પટેલનો કાર વોશ (ગેરેજ)નો બિઝનેસ હતો. સન ૧૯૮૦માં પ્રમુખસ્વામી મહારાજે તેમના કાર ગેરેજ પર મહાપૂજા પણ કરી હતી, પરંતુ પ્રશ્ન એવો થયો કે, ચંદ્રકાંતભાઈએ જે વ્યક્તિ પાસેથી આ ગેરેજની ખરીદી કરી હતી, તેણે કહેલું કે અહીં રોજની ૫૦૦ ગાડીઓનું કામ મળશે. તે પ્રમાણેના જૂના હિસાબના ચોપડાં પણ તેણે બતાવેલા. સમય જતાં ખબર પડી કે અહીં ૫૦ ગાડી પણ આવતી નથી. તપાસ કરતાં જાણવા મળ્યું કે તે વ્યક્તિએ ચંદ્રકાંતભાઈ પાસેથી પૈસા પડાવવા છેતરપીંડી કરી છે. તેના બધા હિસાબના કાગળ પણ ખોટા હતા. તેથી ચંદ્રકાંતભાઈએ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા લઈને તે વ્યક્તિ પર કેસ કર્યો. ચંદ્રકાંતભાઈ કોર્ટમાં કેસ જીતી ગયા, પરંતુ સામેવાળી વ્યક્તિની હાર થતાં, તેના પર આર્થિક સંકટ આવ્યું અને હૃદયરોગનો હુમલો આવવાથી તેનું મૃત્યું થયું. આ બાજુ ચંદ્રકાંતભાઈને ગેરેજમાં ગાડીઓ ઓછી આવવાથી ઘરના પૈસા મૂકવા પડતા હતા. પેલો ભાઈ મૃત્યુ બાદ બ્રહ્મરાક્ષસ થયો અને આ ગેરેજમાં ઊભેલી ગાડીઓને નુકસાન કરતો. આથી ધંધો સાવ ઓછો થઈ ગયો. આ બધી વિગત તેમણે સ્વામીબાપાને જણાવી અને આજ્ઞા લઈને વ્યાપાર છોડી દીધો. આ ધંધામાં આશરે દસ લાખ ડોલરનું નુકસાન થયું. પાયમાલ થવાથી જમવાનો અને રહેવાનો પણ પ્રશ્ન થઈ ગયો. પછી પોતાના ભાઈ સાથે લોસ એન્જેલસ રહેવા ગયા.

આ અરસામાં પૂ. ડોક્ટર સ્વામી લોસ એન્જેલેસના સંસ્કારધામમાં પ્રતિષ્ઠા માટે પધાર્યા હતા. મંદિર માટેની લખણી ચાલુ હતી. ચંદ્રકાંતભાઈ આવી વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા, છતાં સ્વતઃ લખણી માટે આવ્યા. ડોક્ટર સ્વામીએ તેમની પરિસ્થિતિ જાણી સેવા લેવાની સ્પષ્ટ ના પાડી, પરંતુ ચંદ્રકાંતભાઈએ પોતાની પાસે જે પંદર ડોલર બચ્યા હતા, તે પણ મંદિરની સેવામાં આપી દીધા. ડોક્ટર સ્વામી તેમના આ સમર્પણભાવથી ખૂબ પ્રસન્ન થયા.

ચંદ્રકાંતભાઈની વિશેષતા એ કે આટલા વિકટ પ્રશ્ન વચ્ચે પણ તેઓ અત્યંત સ્થિર હતા. જાણપણું હતું એટલે ક્યારેય સત્પુરુષ કે સંસ્થાનો વાંક ન કાઢ્યો. એમની નિષ્ઠા-ભક્તિ લેશ પણ ઓછી ન થઈ. ઊલટું સત્પુરુષ સાથેનું જોડાણ વધ્યું હોય તેવું તેમણે અનુભવ્યું. સમય જતાં તેમની પરિસ્થિતિ સુધરી. આજે પણ તેઓનું કુટુંબ એલ.એ. મંદિરમાં અનેક સેવાઓ કરી કૃતાર્થ થઈ રહ્યું છે.

* નૈરોબીના જીતુભાઈ પટેલ આપણા નિષ્ઠાવાન સત્સંગી છે. તેમણે પોતાના વ્યાપારમાં કમાયેલી તમામ મૂડી બેંકમાં રાખેલી, પણ બેંક ઊઠી જવાથી જીતુભાઈ રાતોરાત સામાન્ય સ્થિતિમાં આવી ગયા. ભગવાન તેમની કસણી કરતા હોય તેમ અધૂરામાં પૂરું તેમના ગોડાઉનમાં આગ લાગી અને બધું રાખ થઈ ગયું. આવી અણધારી આફત આવી છતાં તેઓની ભગવાન અને ગુરુહરિમાંથી લેશ પણ શ્રદ્ધા ડગી નહીં. સંતો તેમને આશ્વાસન આપવા ગયા તો તેઓ કેફથી કહે, 'પ્રમુખસ્વામી મહારાજની ઇચ્છાથી અહીં આવ્યા, એમની ઇચ્છાથી કમાયા અને એમની ઇચ્છાથી જ ગયું છે... હવે એમની ઇચ્છાથી ફરી કમાઈશું.' હજી ઓછું હોય તેમ તેઓ કહે, 'જે કાંઈ પણ સેવા હોય તે વિના સંકોચે કહેજો.'

* જાણપણારૂપ દરવાજે ઊભેલા ભક્તો જીવનમાં આવતાં વિઘ્નોમાં પોતાના મુકામથી ડગતા નથી. ભગવાન નિશ્ચયરૂપી ખીલો હલાવે, પણ તેઓ સ્થિર રહે છે. આવા ભક્તોની ભગવાન-સંતમાંથી શ્રદ્ધા ક્યારેય ઓછી થતી નથી અને તેમને વધુમાં વધુ પ્રસન્ન કરવા માટે તેઓ તત્પર રહે છે. આપણે પણ આ ભક્તોના જીવનમાંથી પ્રેરણા લઈ વિશેષ જાણપણું રાખી શકીએ, તે મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના...

૧૨. વચનામૃત : ગઢડા અંત્ય ૧૧ : સીતાજીના જેવી સમજણનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા અંત્ય પ્રકરણનું ૧૧મું : સીતાજીના જેવી સમજણનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૪ના આષાઢ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે વળી પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'ગમે તેવાં ભૂંડાં દેશકાળાદિક પ્રાપ્ત થાય તો પણ કોઈ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહીં, એવો જે હરિભક્ત હોય તેને કેવી જાતની સમજણ હોય જે, જે સમજણે કરીને એવી રીતની એને દૃઢતા આવે છે જે, તેને વિષે કોઈ રીતનું વિઘ્ન લાગતું નથી?' પછી મોટા મોટા સંત હતા તેમાં જેવું જેને ભાસ્યું તેવો તેણે ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો એમ છે જે, જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. અને ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં.'

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **સમજણનો મહિમા :**

❊ શ્રીજીમહારાજે આધ્યાત્મિક માર્ગમાં સૌથી વધુ ભાર આંતરિક સમજણ ઉપર મૂક્યો છે. સેવા, તપ, વ્રત, દાન વગેરે દરેક ક્રિયા સમજણ સાથે થાય તો તે સુખદાયી નીવડે છે. તેથી **ગુણાતીતાનંદ સ્વામી ૨/૧૮મી વાતમાં** કહે છે, **'એક તો આ બધાંય મંદિર કરે ને સત્સંગમાં ન રહે, ને એક તો એક ઈંટ પણ ન લીધી હોય ને સત્સંગમાં રહે, એમ સમજણમાં રહ્યું છે.'** ટૂંકમાં, જીવનમાં સમજણ ખૂબ જરૂરી છે.

● **શ્રીજીમહારાજનો પ્રશ્ન :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પરમહંસોને પ્રશ્ન પૂછે છે કે એવી કઈ સમજણ છે જેને લઈને ગમે તેવાં ભૂંડા દેશકાળાદિકમાં પણ ભક્ત કલ્યાણના માર્ગમાંથી પાછો ન પડે ? એવી કઈ સમજણ છે જે દૃઢ કરવાથી કલ્યાણના માર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન લાગે નહીં?

❊ પ્રશ્ન એવું સૂચવે છે કે ભૂંડા દેશકાળ જીવનમાં આવવાના તો ખરા. ન આવવાના હોત તો પ્રશ્ન પૂછવાનો અર્થ જ નહોતો. ભૂંડા દેશકાળ એટલે વિપરીત સંજોગો. ફક્ત નરસી પરિસ્થિતિ જ ભૂંડા દેશકાળ નથી. અતિ સારી અને અતિ નરસી પરિસ્થિતિ - બંને સત્સંગમાં વિઘ્નરૂપ છે. અતિ સન્માન, અતિ અપમાન, અતિ સુખ, અતિ દુ:ખ, કુસંગ, મનધાર્યું ન થવું, વગેરે ભૂંડા દેશકાળ છે. આવા ભૂંડા દેશકાળને કારણે સર્જાતા વિપરીત સંજોગો આપણને સત્સંગમાંથી પાછા પાડે છે.

❊ **ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૧૧મી વાત**માં કહ્યું, **'રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય ને સારી મેડી મળી તે સત્સંગીને પણ માયાનું બંધન થયું;'** જીવનમાં બધી વાતે સાનુકૂળતા થઈ જાય, અતિશય સુખ હોય અને જાણપણું ન રાખીએ તો આપણો સત્સંગ ગૌણ થઈ જાય.

◎ કુસંગ પણ આપણા કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ થતો હોય છે. બોસ્ટનના એક બાળકનો ઉછેર સત્સંગી કુટુંબમાં થયો હતો. તે સત્સંગસભામાં નિયમિત જતો હતો, પરંતુ કોલેજમાં અભ્યાસ માટે જોડાયો અને કુસંગના માર્ગે ચડી ગયો. સત્સંગનો રંગ ધીમે ધીમે ઓછો થતો ગયો. વ્યસનો, પાર્ટીઓ અને મોજ - શોખ એટલી હદે વધી ગયા કે અભ્યાસમાંથી પણ એકાગ્રતા ગુમાવી બેઠો અને સત્સંગ પણ છૂટી ગયો.

❊ જીવનમાં અપમાનના પ્રસંગો આવે ત્યારે પણ સત્સંગમાંથી પાછા પડી જવાય છે. પરદેશના એક સત્સંગકેન્દ્રમાં એક ભાઈ નિયમિત રીતે સત્સંગ કરતા હતા. આર્થિક રીતે પણ સેવા કરતા, પરંતુ એક વિશિષ્ટ સભામાં સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં હારતોરા વિધિમાં નામ ન બોલાયું, તો ઉદાસ થઈ ચાલી નીકળ્યા. તેમાં વળી કેટલાક કુસંગી લોકોએ સંતો-કાર્યકરોના અભાવના શબ્દો નાંખ્યા. તેથી સત્સંગમાં આવતા જ બંધ થઈ ગયા. સંતોએ તેમના ઘરે જઈ ખૂબ સમજાવ્યા પણ ખરા, પરંતુ તેઓ ફરીવાર સત્સંગમાં ન જ આવ્યા.

ટૂંકમાં, ભૂંડા દેશકાળ આદિકથી કલ્યાણના માર્ગમાં પાછું પડી જવાય છે.

● <u>કલ્યાણનો માર્ગ નિર્વિઘ્ન થવાનો ઉપાય</u> :

❊ જે જહાજ બીજા દેશમાં જવાનું છે, તેના કેપ્ટન અને નાવિકો દુર્ઘટના થાય તો બચવા માટે લાઈફબોટ જહાજમાં રાખે છે. જે સૈનિકો યુદ્ધના મેદાનમાં શત્રુઓ સામે લડવા તૈયાર થાય છે, તેઓ સુરક્ષા કવચ અગાઉથી પહેરીને જાય છે. કારણ કે સૌ જાણે છે કે વિઘ્નો અનિશ્ચિત સમયે ત્રાટકશે. તેમ કલ્યાણના માર્ગમાં આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુએ ભૂંડા દેશકાળ સામે તૈયારી અગાઉથી કરી લેવી જોઈએ. અંગ્રેજીમાં એક કહેવત છે, 'Prepare for the worst, when you are in the best.' ખરાબમાં ખરાબ પરિસ્થિતિની તૈયારી આપણે સારામાં સારી સ્થિતિમાં કરી લેવી જોઈએ.

❊ શ્રીજીમહારાજનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે, કારણ કે ભૂંડા દેશકાળાદિક સામે કયા પ્રકારની પૂર્વતૈયારી કરવી, તેનું માર્ગદર્શન પણ તેમણે જ આ વચનામૃતમાં આપણને આપ્યું છે. મહારાજ જણાવે છે કે, 'જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે, તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને(સત્પુરુષ) વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં.'

❊ અજ્ઞાનને કારણે આપણે દેહને જ પોતાનું સ્વરૂપ માની લીધું છે. પોતાના સંબંધીઓ કરતાં પણ વધુ હેત પોતાના શરીરમાં છે.

એક બહુમાળી મકાનમાં એક વાર ભયંકર આગ લાગી. તેમાં એક ફ્લેટમાં આગને લીધે પિતા-પુત્ર ફસાઈ ગયા. પિતા અથવા પુત્ર બેમાંથી એક જ વ્યક્તિ બચી શકે તેવી પરિસ્થિતિ આવીને ઊભી રહી. પુત્ર કાંઈ બોલે કે વિચારે તે પહેલાં તો પિતાએ પુત્રને આગમાં ઊંધો પાડ્યો અને તેના પર કૂદી બહાર નીકળી ગયો.

આપણને સૌને પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ છે, તેથી શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે, તેવી પ્રગટ સત્પુરુષને વિષે થાય તો ભૂંડાં દેશકાળાદિક આવવા છતાં કલ્યાણના માર્ગમાં સ્થિર રહેવાય.

❊ ભક્તરાજ આશાભાઈ, ઈશ્વરભાઈ તથા મોતીભાઈ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સાથે દૃઢ આત્મબુદ્ધિ સાથે જોડાયેલા હતા. આ ત્રણેય ભક્તોએ પોતાનું સર્વસ્વ ગુરુહરિનાં ચરણે ન્યોછાવર કર્યું હતું.

એક વાર શાસ્ત્રીજી મહારાજ પુરુષોત્તમપુરા પધાર્યા. અહીં આશાભાઈના ઘરની બહાર એક

ઝાડ નીચે બેઠા. આશાભાઈ, ઈશ્વરભાઈએ ઘરમાં પધારવા વિનંતિ કરી, પણ શાસ્ત્રીજી મહારાજ ન માન્યા. બન્યું એમ હતું કે બોચાસણ મંદિરે મોકલવાની ઘાસની ગાંસડીઓ અહીં બીડમાં ખુલ્લામાં પડી હતી. જો વરસાદ પડે તો ગાંસડીઓનો બગાડ થાય અને મંદિરને નુકસાન ભોગવવું પડે. તેથી શાસ્ત્રીજી મહારાજે આ ભક્તોને તાત્કાલિક ગાડાં જોડાવી તે ગાંસડીઓ રવાના કરવા કહ્યું. પરંતુ આ આજ્ઞા પાળવી સહેલી નહોતી. કારણ કે ત્યારે ખેતીની ખરી મોસમ હોવાથી તમામ બળદ હળ સાથે જોડેલા હતા. ગુરુની આજ્ઞા પાળવા આ ભાઈઓએ પોતાની ખેતીનું નુકસાન વેઠી, મંદિરનું કામ સાચવી લીધું. તાત્કાલિક સોળ બળદની જોડને ગાડાં સાથે જોડી અને ઘાસની ગાંસડીઓ રવાના કરી. આ ભક્તોને શાસ્ત્રીજી મહારાજ સાથે એવું દૃઢ જોડાણ હતું, જાણે ગુરુહરિ માટે શું ન થાય?

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી આશાભાઈ, ઈશ્વરભાઈ તથા મોતીભાઈએ રઢુ-પુરુષોત્તમપુરા અને આસપાસની ઘણી જમીનો ખરીદી. આ જમીન ઉપર અથાગ મહેનત કરી, દેવું કરી સુધારણા કરી, પરંતુ તેમની મહેનતને અંતે કાં તો અતિવૃષ્ટિ, કાં તો અનાવૃષ્ટિ અને છેવટે હિમ, અગ્નિ કે વાયુ આવીને પાકને છિન્નભિન્ન કરી દેતા. આવી આકરી કસોટીમાં પણ તેઓ ધીર અને સ્થિર રહેતા. કપરા સંજોગોમાં પણ સમૈયા-ઉત્સવમાં સેવા માટે તૈયાર રહેતા. ઘરની તમામ સામગ્રી ગીરો મૂકી ધર્માદો આપવામાં પણ એવા જ શૂરવીર ! શાસ્ત્રીજી મહારાજને મંદિર બાંધકામ માટે ગમે ત્યારે પૈસાની જરૂર પડે ત્યારે આ ભક્તો તરફ જ દૃષ્ટિ કરતા. આ ભક્તો પણ સેવા કરવામાં ક્યારેય પાછા પડતા નહીં.

દર વર્ષે આવતી કુદરતી આફતને કારણે તેમને માથેથી દેવું ઊતરતું જ નહીં, છતાં તેઓ ક્યારેય શાસ્ત્રીજી મહારાજને આ બાબતે જાણ કરતા નહીં.

એક પ્રસંગે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ અન્ય ભક્તોએ આ ત્રણેયની પરિસ્થિતિ અંગે વાત કરી, ત્યારે ભૂંડા દેશકાળની જાણે પોતા પર કોઈ અસર જ ન હોય તેમ મોતીભાઈએ શાસ્ત્રીજી મહારાજ આગળ કીર્તન ગાયું -

'સખી જુઓ આ સ્વામી, પુરુષોત્તમ પામી,
રાખી ન ખામી, સૌના એ પૂરણકામ...'

આ ભક્તોને શાસ્ત્રીજી મહારાજ સાથે એવું જોડાણ હતું કે આ લોકના ત્રિવિધ તાપ તેમને દુઃખી કરવા સમર્થ નહોતા.

ગુણાતીત સત્પુરુષને જેણે પોતાનું સર્વસ્વ માન્યા હોય, તેઓ તો આ લોકના સુખ-દુઃખથી પર થઈ પોતાને જે પ્રાપ્તિ થઈ છે, તેમાં જ અલમસ્ત રહે છે.

◎ ૨૦૦૪ની સાલમાં દક્ષિણ ગુજરાતના ખાપરવાડા ગામમાં પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. મંદિર નિર્માણકાર્યમાં જેઓ તન-મન-ધનથી જોડાઈ ગયા હતા, તેવા ઠાકોરભાઈનું નામ પ્રતિષ્ઠાની સભામાં જાહેર કરવાનું આયોજકો શરતચૂકથી ભૂલી ગયા. જોકે, ઠાકોરભાઈને આ વાતનું કોઈ દુઃખ ન હતું, પણ તેમના મિત્રો અને સગાંઓએ સભા પછી ઠાકોરભાઈને ઉશ્કેર્યા, 'તમે આટલું ઘસાયા અને આટલી સેવાઓ કરી છતાં આટલી જ કિંમત ? એના કરતાં સત્સંગ છોડી દો, તો વધારે સુખી થશો.'

મીણે પાયેલ દોરો શિયાળા ને ચોમાસામાં તો અક્કડ રહે, પણ જ્યારે ઉનાળો આવે ત્યારે જરૂર ઢીલો થઈ જાય, તેમ સત્સંગમાં આપણું સન્માન થતું રહે, ત્યારે તો આપણી સેવા-ભક્તિ વિશેષ ખીલે, પરંતુ અપમાનરૂપી ભૂંડાં દેશકાળાદિકનો યોગ થાય, ત્યારે વ્યક્તિ સત્સંગમાંથી પાછી પડતી જાય. ઠાકોરભાઈ સત્સંગ મૂકી દે તેવા

સંજોગો સજાર્યા હતા, પરંતુ તેમને સત્પુરુષમાં દૃઢ આત્મબુદ્ધિ હતી.

ઠાકોરભાઈએ ઉશ્કેરનારા મિત્રો અને સગાંઓને સ્પષ્ટ કહી દીધું કે, 'અત્યારે મારી જે કંઈ કિંમત છે, એ આ પ્રમુખસ્વામી મહારાજને લીધે જ છે. ભગવાનની ઇચ્છાથી નામ ભુલાઈ ગયું હશે, પણ તેના લીધે સત્સંગ ઓછો છોડાય ?'

પ્રમુખસ્વામી મહારાજે જ્યારે ઠાકોરભાઈની આવી દૃઢતાની વાત જાણી ત્યારે સ્વામીબાપા પણ આ ભક્ત પર ખૂબ પ્રસન્ન થતાં કહે, 'સત્સંગ ખરેખર જીવમાં ઊતર્યો છે. બાકી આવા સમયે ગમે તેવો હોય તેને ખોટું લાગી જાય.'

વર્તમાનકાળે આપણા સત્સંગમાં આવા તો હજારો ભક્તો છે, જેમને સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ હોવાથી જીવનમાં અનેક વિઘ્નો આવવા છતાં ક્યારેય પાછા પડતા નથી. તેમની સેવા, ભક્તિ, સમર્પણની જ્યોત અખંડ પ્રજ્વલિત રહ્યા કરે છે.

પછી વળી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, 'હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારુ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી, પણ હવે એમ વિચારતા હશે જે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે. એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા.' એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહીં. એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહીં અને વૈરાગ્ય ને ધર્મ તે તો સામાન્યપણે હોય; એક હરિભક્ત તો એવો છે. અને બીજો હરિભક્ત છે તેને તો વૈરાગ્ય ને ધર્મ તો અતિ આકરા છે પણ સીતાજીના જેવી સમજણ નથી. એ બે પ્રકારના હરિભક્ત છે, તેમાં કયા સંગાથે અતિશય પ્રીતિ રાખીને સોબત કરવી?' પછી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિ કરીને સમાગમ કરવો, પણ અતિશય વૈરાગ્ય ને ધર્મવાળો હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહીં.' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'યથાર્થ ઉત્તર થયો.'

ઇતિ વચનામૃતમ્ । એવી રીતે ગઢડા અંત્યનું ૧૧મું વચનામૃત જે તે થયું.

* ભગવાન શ્રીરામ રાવણનો નાશ કરી, લંકા પર વિજય મેળવી અયોધ્યા પધાર્યા. અયોધ્યામાં તેમનો ગાદી પર અભિષેક થયો.

વાલ્મીકિ રામાયણ મુજબ એક દિવસ શ્રીરામ મિત્રો સાથે બેઠા હતા. ત્યારે તેમણે સાંભળ્યું કે લોકો હજી સીતાની નિંદા કરે છે કે 'રામે આવી પરઘરે રહી આવેલી સ્ત્રી રાખી તો આપણા ઘરે એવો પ્રસંગ થયે આપણે પણ આપણી સ્ત્રીનો સ્વેચ્છાચાર ચલાવી લેવો પડશે.' સીતાજી વિષયક લોકાપવાદ સાંભળી શ્રીરામે સીતાજીનો ત્યાગ કરવા નક્કી કર્યું. તેમણે સીતાજીને વનમાં છોડી દેવા લક્ષ્મણને આજ્ઞા કરી.

બીજા દિવસે લક્ષ્મણજી સીતાજીને રથમાં લઈ વનમાં ગયા, અને શ્રીરામે તેમને વનવાસ આપ્યો છે, તે વાત જણાવી. સીતાજીને વગર વાંકે કાઢ્યા છતાં શ્રીરામનો અવગુણ તેમણે ન લીધો. સીતાજી પોતાના દુઃખે નહીં, પણ શ્રીરામને દુઃખ થશે તેમ વિચારી દુઃખી થયાં.

* શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સીતાજીની પ્રશંસા કરતાં તેમની સમજણ વખાણી છે કે, તેમને વગર વાંકે કાઢ્યાં તોય તેમણે શ્રીરામનો અવગુણ ન લીધો. તેમને તો શ્રીરામની દરેક ક્રિયામાં દિવ્યભાવ હતો. શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોને સીતાજી જેવી દિવ્યભાવની સમજણ દૃઢ કરવાની વાત કરી રહ્યા છે.
* ઈષ્ટદેવ અને ગુરુ આપણા ભક્તપણાની કસોટી કરવા આવા પ્રસંગો ઊભા કરતા હોય છે. આવા પ્રસંગે જે ભક્તને તેમની સાથે આત્મબુદ્ધિ હોય તેની મતિ સ્થિર રહે છે, તેના નિશ્ચયમાં ડગમગાટ થતો નથી.
* બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજે નીમેલા સદ્‌ગુરુ સંતોમાંના એક સંત હતા. સાધુ થયા પૂર્વે તેમણે મેળવેલી 'રાજ્ય કવિરત્ન', 'પિંગળ વિદ્યાચાર્ય', 'સહસ્ર શતાવધાની', 'મહામહોપાધ્યાય' જેવી અનેક પદવીઓ તેમની વિદ્વત્તાનો પરિચય આપે છે. મોટા મોટા રાજાઓ તેમને સોનેથી મઢવા તૈયાર હતા. ૩૨ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજનો યોગ થયો, તે પૂર્વે તેઓ અઢળક સંપત્તિના ધણી હતા. સાધુ થયા પછી પણ મહારાજે બાંધેલાં શિખરબદ્ધ મંદિરોમાં તેમનો ખૂબ મોટો ફાળો હતો.

શ્રીજીમહારાજને વડતાલમાં મંદિર કરવું હતું, ત્યારે બ્રહ્માનંદ સ્વામીને બાંધકામ માટે ફક્ત ૧૨ રૂા. અપાવ્યા હતા, છતાં તેમણે પોતાની બુદ્ધિ-શક્તિ અને કુનેહ વાપરી હરિભક્તો પાસેથી સેવા લઈ ત્રણ શિખરનું કમળાકારનું ભવ્ય મંદિર તૈયાર કરાવ્યું.

આ અરસામાં મારવાડ દેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો. બ્રહ્માનંદ સ્વામીના પૂર્વાશ્રમના જ્ઞાતિજનો, સંબંધીઓ ગુજરાન માટે મારવાડથી ગુજરાત આવેલા. તેમાંના કેટલાક મંદિર બાંધકામના કાર્યમાં જોડાયા. મંદિર પ્રતિષ્ઠાનાં દર્શન કરી આ સંબંધીઓ મારવાડ દેશમાં ચાલ્યા જવાના હતા, પરંતુ કેટલાક દ્વેષીઓએ મહારાજને બ્રહ્માનંદ સ્વામી વિષે તદ્દન ખોટી વાત કરી કે, 'બ્રહ્માનંદ સ્વામી આ દેશમાં ભગવાન થઈ પૂજાય છે. તેમના સંબંધીઓને તેડાવી મંદિરમાં રાખ્યા છે. તો પછીથી મંદિરના ધણી થઈ બેસશે.' મહારાજ અંતર્યામીપણે જાણતા હતા કે બ્રહ્માનંદ સ્વામી સર્વ પ્રકારે નિર્દોષ છે, છતાં મહારાજે તેમની કસોટી કરવા વડતાલ મંદિર છોડાવી ગઢડા જવા કહ્યું. આવી અપમાનજનક પરિસ્થિતિમાં બીજાને તો પ્રશ્ન થાય કે 'આમાં મારો શો વાંક ?' અને મહારાજનો અવગુણ આવે જ, પરંતુ તેઓ મહારાજ સાથે એવા અનન્ય ભાવથી જોડાયેલા કે તેમને મહારાજનો લેશ પણ અવગુણ ન આવ્યો, અને રાજી થકા આજ્ઞા અધ્ધર ઝીલી.

આવા પ્રસંગે પણ તેઓ જાણે પોતાની જ ભૂલ જોતા હોય તેમ તેમણે ગાયું -

'જેવો તેવો તોય પુત્ર તમારો,
અણસમજુ અહંકારી રે,
પેટ પડ્યો તે અવશ્ય પાળવો,
વા'લમ જુઓને વિચારી રે.
અધમ ઉદ્ધારણ અવિનાશી તારા.'

* એક વાર શાસ્ત્રીજી મહારાજની ઉપસ્થિતિમાં પુરુષોત્તમપુરામાં સભા ભરાઈને બેઠી હતી. ભાયલીના નિષ્ઠાવાન હરિભક્ત જીવાભાઈ પણ આ સભામાં આવી બેઠા. જમીનનો વહીવટ જીવાભાઈના હસ્તક હોવાથી કેટલીક રકમ તેમણે ચૂકવવાની હતી. એકાદ મહિનામાં આ રકમ ચૂકવવાનો વાયદો તેમણે આપ્યો હતો, પરંતુ આઠ-દસ મહિના વીતી ગયા છતાં તેઓ આ રકમ ચૂકવી ન શક્યા.

શાસ્ત્રીજી મહારાજને આ વાત યાદ આવતાં સભામાં જ જીવાભાઈ ઉપર પુણ્યપ્રકોપ ઠાલવ્યો. ગમે તેવાની ધીરજ ડગી જાય તેવાં કઠણ વચનો ગુરુએ બધાની વચ્ચે કહ્યાં. આશાભાઈ અને ઈશ્વરભાઈએ શાસ્ત્રીજી મહારાજને વાર્યા ત્યારે તેઓ શાંત થયા. જીવાભાઈ આ પ્રસંગે લેશપણ

વિચલિત ન થયા અને શાસ્ત્રીજી મહારાજ આગળ 'સુણો ચતુર સુજાણ' કીર્તન ગાયું. સભામાં બેઠેલા સૌ તેમનું શાસ્ત્રીજી મહારાજ સાથેનું જોડાણ જોઈ સ્તબ્ધ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ પણ તેમની આવી પ્રીતિથી રાજી થઈ તેમને ભેટી પડ્યા.

* સત્પુરુષ આપણને વઢે-ટોકે, આપણે સાચા હોઈએ છતાં આપણો પક્ષ ન રાખે અને ખોટી વ્યક્તિનો પક્ષ રાખે, આપણી સાથે અન્યાય કરે છે તેવું લાગે; છતાં તેમનામાં સંપૂર્ણ દિવ્યભાવ રાખવો એ જ સાચા ભક્તનું લક્ષણ છે.

* પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે,

'જેમ રાજી રહો તેમ કરું હરિ,
ન જોઉં ન્યાય અન્યાય.'

◎ અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે પોતાના દેહને ઘસી નાંખનાર સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી શાસ્ત્રીજી મહારાજના શિષ્ય હતા. નિર્ગુણદાસ સ્વામીની ધગશ જોઈને સ્વયં શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'સત્સંગ પ્રવર્તનમાં નિર્ગુણ સ્વામીની સેવા ૧૪ આની છે ને બાકી બધાય બે આનીમાં આવી જાય.' આફ્રિકામાં સત્સંગ વધે તે માટે તેમણે પુસ્તક કદના અનેક પત્રો સ્વહસ્તે લખ્યા હતા.

નિર્ગુણદાસ સ્વામીનું આટલું બધું સમર્પણ હોવા છતાં તેઓ શાસ્ત્રીજી મહારાજના દાસ થઈને વર્તતા. એક વાર નિર્ગુણ સ્વામીનું ધોતિયું ફાટી ગયું. તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે નવું ધોતિયું માંગવા ગયા. તો શાસ્ત્રીજી મહારાજે ના પાડી દીધી કે 'નહીં મળે. દાંડિયું (ધોતિયાનો ઘસાયેલો ભાગ વચ્ચેથી કાઢી નાખી બે છેડા સાંધવાની પ્રક્રિયા) કરીને પહેરો.'

નિર્ગુણ સ્વામી ધોતિયાના આખા તાકા સેવા કરાવી મંદિરમાં લાવતા, પરંતુ તેમને જરૂર પડી ત્યારે શાસ્ત્રીજી મહારાજે સ્પષ્ટ ના પાડી દીધી. હજુ થોડી જ વાર થઈ ત્યાં યાત્રામાં નીકળેલા એક સંન્યાસીએ આવીને શાસ્ત્રીજી મહારાજ પાસે ધોતિયું માંગ્યું, તો શાસ્ત્રીજી મહારાજે તરત કાઢી આપ્યું. નિર્ગુણદાસ સ્વામીની હાજરીમાં જ આ પ્રસંગ બન્યો. છતાં તેમના મનમાં રંચમાત્ર એવો વિચાર ન થયો કે શાસ્ત્રીજી મહારાજ માટે મેં આટલું બધું કર્યું, છતાં મને એક ધોતિયું ન આપ્યું. પૂર્વે જે રીતે શાસ્ત્રીજી મહારાજના ગુણો ગાતા તે જ કેફથી તેમનો મહિમા ગાવા લાગ્યા.

◎ યોગીજી મહારાજ 'યોગીવાણી'માં કહે છે કે 'મોટાપુરુષ આટલું ઠીક કરે છે અને આટલું ઠીક નથી કરતા' તેમ જાણવું તે ખોટ કહેવાય. એ તો બીજાને સાચવવા દીર્ઘદૃષ્ટિથી કરતા હોય, તે આપણને સમજ ન પડે.'

* આપણા પ્રાણપ્યારા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પણ આકરી કસોટીઓમાંથી પસાર થયા છે. યોગીજી મહારાજના હસ્તે ૧૯૫૭ની સાલમાં પાર્ષદી દીક્ષા લેતાં પૂર્વે યોગીજી મહારાજ વિનુભાઈને અનેક રીતે લાડ લડાવતા, હેત કરતા. વિનુભાઈને એમ હતું કે દીક્ષા બાદ યોગીજી મહારાજ સાથે મજા આવશે, પરંતુ દીક્ષા પછીના ત્રણ મહિના તો જાણે વિનુભગત માટે કપરી કસણી સમાન બની રહ્યા. યોગીજી મહારાજ તેઓ સાથે એવી રીતે વર્ત્યા જાણે તેઓને ઓળખતા જ ન હોય. છતાં તેઓને ગુરુમાં સંપૂર્ણ દિવ્યભાવ હતો. કોઈ પણ પ્રકારની ભૂલ વિના અનેકવાર યોગીજી મહારાજ તેમને ઉપવાસ આપતા છતાં તેમને દિવ્યભાવ રહેતો.

● **<u>સોબત કોની કરવી?</u>**

* શ્રીજીમહારાજે આ વચનામૃતમાં બે ભક્તો વચ્ચે તુલના કરી છે. જેમાં પ્રથમ ભક્તને સીતાજી જેવી સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને દિવ્યતાની દૃઢતા છે. અને તેને કોઈ દિવસ સત્પુરુષનો અવગુણ આવતો નથી. પરંતુ તેના ધર્મ અને વૈરાગ્ય આકરા નથી, અર્થાત્ સામાન્ય છે.

બીજો ભક્ત છે તેના ધર્મ, વૈરાગ્ય અતિ આકરા છે, પણ તેને સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને

દિવ્યભાવની દૃઢતા નથી. આ ભક્તને સત્પુરુષમાં મનુષ્યભાવ આવે છે, અને તેનો અવગુણ લે છે.

આ બે ભક્તોમાં કોની સોબત કરવી? કોનો સંગ કરવો? તેવો મહારાજનો પ્રશ્ન છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં કેટલાક સંતો-ભક્તો અતિશય ત્યાગ-વૈરાગ્યની વૃત્તિવાળા હતા. તેઓ ફક્ત લોટ પીને રહેતા, બીજું કાંઈ જમતા નહીં.

બીજી બાજુ, ગુણાતીતાનંદ સ્વામી રોજ એક વાર રોટલો-છાશ જમતા, પણ કોઈ અતિશય પ્રેમી હરિભક્ત આવે તો તેને રાજી કરવા અને તે ભક્તને પ્રસાદી આપવા ત્રણવાર થોડું જમતા. તેથી લોટિયા સંતો-ભક્તોને ગુણાતીતાનંદ સ્વામીનો અવગુણ આવ્યો. સ્વામીનો ત્રણવાર જમવાનો હેતુ તેમને ન સમજાયો અને સત્પુરુષમાં અવગુણ પરઠ્યો. તેમનો સંગ જેમણે કર્યો, તે પણ એ દોષમાં પડ્યા. પછી તો આ લોટિયામાંનું કોઈ સત્સંગમાં ન ટકી શક્યું. એટલે આવા જે ભક્ત જેમનામાં ત્યાગ-વૈરાગ્ય દૃઢ હોય પરંતુ સત્પુરુષનો અવગુણ લેતા હોય તે ભક્તનો સંગ ન કરવો જોઈએ. આપણે એવા સંતો-ભક્તોનો સમાગમ કરવો જોઈએ જેના ત્યાગ-વૈરાગ્ય ભલે સામાન્ય હોય, પણ તેમને ભગવાન-સંતનો ક્યારેય અવગુણ ન આવતો હોય, ભગવાન-સંતમાં દૃઢ આત્મબુદ્ધિ અને દિવ્યભાવની સમજણ હોય.

ટૂંકમાં, આ વચનામૃતમાં શ્રીજીમહારાજના સંદેશનો સાર એટલો જ છે કે ભગવાન અને સત્પુરુષમાં દૃઢ આત્મબુદ્ધિ અને દિવ્યભાવ રાખવાં, અને જેને આવી સમજણ હોય તેનો જ સંગ રાખવો.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : ગઢડા અંત્ય પ્રકરણનું ૧૧મું : સીતાજીના જેવી સમજણનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૪ના આષાઢ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે વળી પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''ગમે તેવા ભૂંડા દેશકાળાદિક પ્રાપ્ત થાય તો પણ કોઇ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહિ, એવો જે હરિભક્ત હોય તેને કેવી જાતની સમજણ હોય જે, જે સમજણે કરીને એવી રીતની એને દૃઢતા આવે છે જે તેને વિષે કોઇ રીતનું વિઘ્ન લાગતું નથી ?'' પછી મોટા મોટા સંત હતા તેમાં જેવું જેને ભાસ્યું તેવો તેણે ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એનો ઉત્તર તો એમ છે, જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઇ રીતનું વિઘ્ન લાગે નહિ. અને ગમે તેવા દેશકાળાદિક ભૂંડા આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહિ.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ૧૧મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં
- અધ્યાત્મ સાધનાના પાયા પાતાળે નાખે છે.
- કલ્યાણનો માર્ગ નિર્વિઘ્ન બનાવવાનો ઉપાય સમજાવે છે.
- ભગવાન અને ભક્તથી વિમુખ ન થવાય એવી સમજણ આપે છે.

■ **નિરૂપણ :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પોતે જ પરમહંસોને પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન એ છે કે કોઈ પણ ભક્ત કઇ સમજણથી ગમે તેવાં ભૂંડાં દેશકાળાદિકે કરીને પણ કલ્યાણના માર્ગમાંથી પાછો ન પડે, એટલે કે કલ્યાણના માર્ગમાં કોઇ પ્રકારનું વિઘ્ન ન આવે, એટલે કે તે કદાપિ ભગવાન અને ભગવાનના ભક્ત થકી વિમુખ ન થાય ?

❊ જે ભૂંડાં દેશકાળાદિકથી ભક્તને વિઘ્ન આવે છે તે ભૂંડાં દેશકાળાદિક એટલે શું ?

❊ દેશકાળાદિકમાં દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને દેવતાનું ધ્યાન - આ આઠની ગણના થાય છે.

❊ આ દેશકાળાદિક જો શુભ હોય તો શુભ મતિ થાય છે અને જો અશુભ હોય તો અશુભ મતિ થાય છે, એવું મહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૭૭માં કહે છે.

❊ અહીં મહારાજ ભૂંડાં દેશકાળાદિકનો નિર્દેશ કરે છે. તેનું તાત્પર્ય એટલું સમજીએ કે ભૂંડાં દેશકાળાદિક એટલે ભૂંડાં અર્થાત્ ખરાબ સંજોગો. કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ ખરાબ સંજોગો એટલે એવું કહી શકાય કે -
- અતિશય ઉત્કૃષ્ટ પંચવિષયનો યોગ થવો.
- કંચન, કામિની, કીર્તિનો, સત્તા, સંપત્તિ અને સુંદરીનો યોગ થવો.
- શરીરમાં અતિશય રોગ થવો.

- બહારનો, સત્સંગનો કે ઈન્દ્રિયો - અંતઃકરણનો કુસંગ નડવો.
- કોઈક વડે કોઈક પ્રકારે અપમાન થવું.
- પોતાનું ધાર્યું ન થવું.
- શારીરિક, કૌટુંબિક, સામાજિક, રાજકીય, આર્થિક મુશ્કેલીઓ આવવી.
- આધિ-વ્યાધિ-ઉપાધિ અથવા તો આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક મુશ્કેલીઓ આવવી.

❊ આમાંથી કોઈ પણ એક કે એકથી વધુ ભૂંડાં ખરાબ સંજોગો અર્થાત્ ભૂંડાં દેશકાળાદિકનો કેવો ખરાબ પ્રભાવ પડે છે, કેવું ખરાબ પરિણામ આવે છે અર્થાત્ ભૂંડાં દેશકાળાદિકની કેવી ખરાબ અસર થાય છે તેની વાત શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં કરે છે.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮ :** '...આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે, તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પર સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તક્તા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાના કર્યા હોય, તેમાં નાનાં પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય અને નાનાં પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે.'

❊ વિજ્ઞાનદાસ સ્વામી શ્રીજીમહારાજના સમયના મોટા સમાધિનિષ્ઠ સંત હતા. પણ કુસંગનો યોગ થયો તો સમાધિ બંધ થઈ અને બેવાર લગ્ન કર્યાં.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯ :** જો સિંધ જેવો ભૂંડો દેશ હોય તથા ભૂંડો કાળ હોય તથા પાતર્યો ને ભડવા અથવા દારૂ-માંસના ભક્ષણ કરનારના તેનો સંગ થાય તો ક્રિયા પણ ભૂંડી જ થાય,

❊ નદીમાં હાથ-બે હાથ પાણી હોય ને બળ ઓછું હોય તો કૂતરાં, બકરાં નદી પાર કરી જાય. પણ કેડ સમા પાણી જોરમાં વહેતા હોય, તો નાનાં પશુ તણાઈ જાય ને ભેંસ-ગાય જેવા મોટાં પશુ માંડ માંડ પાર પડે. પણ જ્યારે બેય કાંઠે નદી ગાંડીતૂર ઉછળતી હોય, ત્યારે તો ગાય, ભેંસ, ઘોડા નહીં, હાથી પણ તણાઈ જાય. તેમ દેશકાળ પણ ત્રણ પ્રકારના છે. એમાં અતિ ભૂંડાં દેશકાળનો યોગ થાય તો ગમે તેવી ઉત્તમ દૃઢતા હોય, તોપણ ટળી જાય એવું મહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૫૫માં કહે છે.

■ કુસંગનો પ્રભાવ :

❊ "...જો કુસંગ મળે અને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય. તો ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં ન હોય અને તે જ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે, તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય. પછી કાંપ ભેળાં વડ, પીંપળા આદિક વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. તેમજેના હૃદયને વિષે પૂર્વે વિષય સંબંધી સુખનો અંકુર પણ ઊઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય, તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગતવાર્તાઓ રૂપી કાંપ આવીને ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે બીજ રહ્યા છે તે સર્વે ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો."

(વચનામૃત : સારંગપુર-૧૮)

■ ચાર પ્રકારનો કુસંગ :

❊ એક કુડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્કવેદાંતી અને ચોથા નાસ્તિક. એ ચાર પ્રકારના કુસંગી છે. તેમાં જો **કુડાપંથીનો** સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે. હાલ ટી.વી., સિનેમા અને મેગેઝિનોનો સંગ

આવું જ કરે. અને જો **શક્તિપંથીનો** સંગ થાય તો દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે અને બહારની ખાણીપીણી અને અભક્ષ્ય ખાદ્ય પદાર્થો પણ આપણને ભ્રષ્ટ કરે છે. જો **શુષ્ક વેદાંતીનો** સંગ થાય તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે.

❊ નાવલીના કશિયાભાઇ એક સંન્યાસીનો સંગ થવાથી નિરાકારવાદી થઇ ગયા. પણ જ્યારે ભગવદાનંદ સ્વામીએ સમજાવ્યા ત્યારે પાછા વળ્યા.

❊ અને જો **નાસ્તિકનો** સંગ થાય તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે.

❊ **વચનામૃત લોયા-૧૭ :** 'જુઓને ભગવાનની માયાનું બળ કેવું છે જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે, કેમ જે પ્રથમ કેવો સારો જણાતો હોય ને પછી અતિશય ભૂંડો થઇ જાય છે.'

❊ બુઢા ધાધલે વસ્તા ખાચરને અભાવ-અવગુણની વાતો કરી પાછા પાડ્યા. મહારાજ રાતોરાત સમજાવવા ગયા.

❊ નિર્વિકલ્પાનંદના શબ્દથી દીનાનાથ ભટ્ટને મહારાજમાં મનુષ્યભાવ આવ્યો.

❊ દાદુભાઇના સંગને લીધે ૩૯ સંતો યોગીજી મહારાજને મૂકીને જતા રહ્યા.

❊ વરતાલમાં ભરૂચના ગણપતભાઇને રામચરણદાસનો કુસંગ લાગ્યો. તેણે ભગતજી મહારાજને વિશે અભાવના શબ્દો નાંખ્યા.

❊ જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ એક પાળાને વાડીમાં હળ હાંકવાનું કહ્યું, પણ એના ગુરુએ ના પાડી. મોટા પુરુષની આજ્ઞાની અવજ્ઞા કરી હોવાથી વાસના ઉદય થઇ ને ઘેર ગયો.

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૫૧ :** 'શિવ, બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહિ, એ તો નારદ જેવાના પણ ગુરુ છે. અને એ જેવા બ્રહ્મસ્વરૂપે વર્તે છે, તેવું તો બીજાને વર્તવું કઠણ છે. તોપણ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન એ આઠ જો ભૂંડાં થયાં, તો તેને યોગે કરીને એ શિવ, બ્રહ્મા, જેવાને પણ અંતરમાં અતિશય દુઃખ થયું. માટે ગમે તેટલો નિર્ગુણ હોય ને આત્મસત્તારૂપે રહેતો હોય ને જો તેને ભૂંડાં દેશકાળાદિકનો યોગ થાય, તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય.

❊ આંબાશેઠને મહારાજમાં મનુષ્યભાવ - આવતા બંધ થયા. મુક્તાનંદ સ્વામીએ સમજાવ્યા.

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૫૬ :** 'કાંઈક ભૂંડાં દેશકાળાદિકનો યોગ થાય છે ત્યારે એ સર્વે મોટા છે તોપણ કાંઇક એમની બુદ્ધિને વિષે ફેર પડી જાય છે. ત્યારે એમ જણાય જે, અંતે પાયો કાચો દેખાય છે. તે સારી પેઠે જો કોઇક ભૂંડાં દેશકાળાદિકનો યોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનુ કાંઇ ઠેકાણું રહે નહિ.'

❊ **વચનામૃત ગઢડા અંત્ય-૨૪ :** 'અહીંની મોટેરી ત્રણ બાઇઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલોખાચર, દાદાખાચર એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો તથાપિ જો દેશ, કાળ, સંગ, ક્રિયા એ ચારને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ, એ વાતમાં કાંઇ સંશય નથી.'

❊ **વચનામૃત ગઢડા અંત્ય-૩૩ :** 'એ (મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી) એવા મોટા છે, તોપણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહિ. અને જો એવો યોગ થાય તો આજ

આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે. કેમ જે એ પદાર્થનો તો યોગ જ એવો છે. જેમ આ આપણ સર્વ બેઠા છીએ તે કેવા ડાહ્યા છીએ પણ જો દારૂના શીશાનું પાન કર્યું હોય તો કાંઈ ઠા રહે નહિ. તેમ એ પદાર્થનો સંગ જરૂર લાગ્યા વિના રહે જ નહિ.'

❊ આ રીતે ભૂંડાં દેશકાળાદિકને લીધે સાધના માર્ગમાં ઘણી ખરાબ અસર થાય છે. સાધનામાં વિઘ્ન આવે છે એટલે કે કલ્યાણના માર્ગમાંથી પડી જવાય છે.

■ **કલ્યાણનો માર્ગ એટલે શું ? :**

❊ માર્ગ એટલે રસ્તો અથવા તો ઉપાય. જે રસ્તા વડે સારંગપુર પહોંચી શકાય તેને જેમ સારંગપુરનો માર્ગ કહેવાય તેમજે માર્ગ વડે, જે સાધના, સાધન કે ઉપાય વડે જીવનું કલ્યાણ થાય તે કલ્યાણનો માર્ગ છે. સર્વશાસ્ત્રના સારરૂપ સમગ્ર વચનામૃતના અભિપ્રાય રૂપે એટલું કહી શકાય કે -

❊ કલ્યાણનો માર્ગ એટલે...

૧.ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત યથાર્થ પરિપક્વ નિશ્ચય.

૨.ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનની અસાધારણ ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ.

૩.યથાર્થ નિશ્ચય અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવનાર પ્રગટ ગુણાતીત સત્પુરુષનો મન-કર્મ-વચને સંગ. અથવા તેમાં પ્રીતિ.

❊ સમગ્ર વચનામૃતનું અભ્યાસપૂર્વક વાંચન, મનન, ચિંતન અને નિદિધ્યાસન કરીએ તો ખ્યાલ આવશે કે જીવ માટે કલ્યાણના માર્ગમાં આ ત્રણથી જ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

❊ કલ્યાણના માર્ગના આ ત્રણ મુદ્દાને ગુણાતીતાનંદ સ્વામીએ ફક્ત બે મુદ્દામાં સમજાવ્યા કે - આજ્ઞા અને ઉપાસના. અક્ષરધામમાં જવા માટેની અર્થાત્ કલ્યાણ માટેની આ બે પાંખો છે.

❊ હવે મહારાજ કહે છે કે ભૂંડાં દેશકાળાદિકને લીધે એવું વિઘ્ન આવે છે કે જીવ કલ્યાણના માર્ગેથી પડી જાય છે.

❊ કલ્યાણના માર્ગમાંથી પાછા પડવું એટલે શું ?

❊ કલ્યાણ માર્ગમાંથી પાછા પડવું એટલે કે કલ્યાણની સાધનાનાં ત્રણ સોપાનોમાંથી પડવું.

અર્થાત્

- ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં ડગમગાટ થવો.
- ભગવાનમાં મનુષ્યભાવ આવવો.
- ભગવાનની ઉપાસનાનો ભંગ થવો.
- એકાંતિક ધર્મમાં ક્યાંક, કોઈ પ્રકારની ખોટ આવવી.
- ભગવાનનો નિશ્ચય કે એકાંતિક ધર્મ સિદ્ધ કરાવનાર પ્રગટ ગુણાતીત સત્પુરુષના જોડાણમાં ખામી આવવી. તેમાં કોઈ પ્રકારનો મનુષ્યભાવ આવવો.

❊ ટૂંકમાં કહેવું હોય તો એવું કહેવાય કે કલ્યાણના માર્ગમાંથી પાછા પડવું એટલે કે આજ્ઞા-ઉપાસનાનો ભંગ થવો તેમાં કોઈક પ્રકારની ખોટ આવવી અને અંતે ભગવાન અને સંતથી વિમુખ થવું. અર્થાત્ મોક્ષના માર્ગરૂપ ભગવાન અને સંતનો સંબંધ છૂટી જવો.

❊ શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી સત્સંગમાં ઘણા હરિભક્તો-સંતો સેવા-ભક્તિ કરતા હતા. તેમ છતાં એમનાં જીવનમાં ભૂંડાં દેશકાળાદિકનો યોગ થયો તો તેમનાં જીવનમાં વિઘ્ન આવ્યું છે. તેઓ કલ્યાણના માર્ગમાંથી પાછા પડી ગયા છે. જેમકે,

❊ **અંતરના કુસંગને લીધે** : હઠ, માન, ઈર્ષ્યા, આદિક સ્વભાવને લીધે ફોઈબા, અલૈયા ખાચર, જીવાખાચર, કીડી સખી, રોળાનંદ, નિર્વિકલ્પાનંદ, પૂર્ણાનંદ...

❊ હરખા પટેલ - પગ ધોઈને આવો - આવ્યા નહિ.

■ **કંચન, કામિની, કીર્તિને લીધે :**

❊ શેખજીને ઐશ્વર્ય આપ્યું. પરંતુ માનનો યોગ થતા સ્ત્રી, ધનનો યોગ થયો ને પડ્યા.

❊ આ રીતે અનેક પ્રકારનાં ભૂંડાં દેશકાળાદિકને લીધે કલ્યાણના માર્ગરૂપ - ઉપાયરૂપ ભગવાન અને સંતથી વિમુખ થયા છે. કેટલાક વળી સમજાવટથી પાછા આવ્યા પણ ખરા. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ભૂંડાં દેશકાળાદિકમાં આજ્ઞા-ઉપાસના તથા ભગવાન અને સંતના જોડાણમાં એક સરખો દૃઢાવ રહેતો નથી.

■ **કલ્યાણના માર્ગમાં વિઘ્ન ન આવે તેનો ઉપાય :**

❊ સૌ પ્રથમ જો એ વિચાર આવવો જરૂરી છે કે કલ્યાણના માર્ગમાં વિઘ્ન આવે તો તે પોસાય તેમ નથી. કરોડો જન્મ પછી આવો મનુષ્ય જન્મ મળ્યો, તેમાંય વળી, આવા ભગવાન અને સંતનો યોગ થયો. જો આ સંબંધ છૂટી જશે તો ફરી પાછો આવો યોગ થવો ઘણો દુર્લભ છે. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે,
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે...૧.
સાચો મળ્યો છે સત્સંગ, અંગે અચળ કરી રાખજો રે,
રખે ચડે બીજાનો રંગ, એવું ડા'પણ દૂર નાંખજો રે...૨.
લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે,
નહિ તો દુઃખનો ઊગત ડાભ, માની લેજો એ મર્મને રે...૩.
આજ પામ્યા છો આનંદ, વામ્યા દારુણ દુઃખને રે,
એમ કહે નિષ્કુળાનંદ, રખે મૂકતા એવા સુખને રે...૪.
(ચોસઠપદી -૨૫)

❊ વળી, વિઘ્ન નાખવા માટે અંતઃશત્રુઓ તથા કુસંગ પણ અનેક પ્રકારના કાવાદાવા કરે છે. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

વડું વેર વાળવાને કાજ, સાબદા એ સહુ થયા.
મોટા મોટાની લેવાને લાજ, તાકે છે તેહ રહ્યા...૧.
ઝીણા ઝાલવામાં નહિ જશ, માટે મોટાને જોશે
કરશે દગો દેખજો અવશ્ય, વેર વાળી વગોવશે...૨.
માટે સહુ રે'જો સાવધાન, ખબડદાર થઈને ખરા.
જેનું આગે કર્યું અપમાન, તે જાળવે નહિ જરા...૩.
(ચોસઠપદી -૩૬)

❊ તેથી જ તો શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં કહે છે : 'તમે પણ સુધા સાવધાન રહેજો, જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ.'

❊ માટે કલ્યાણમાં વિઘ્ન ન આવે તેનું જતન કરવું જોઈએ. તેનો ઉપાય શોધીને તે પ્રમાણે ઉપાય અજમાવવો જોઈએ.

❊ યોગીજી મહારાજ કહેતા : 'પ્રાપ્તિ તો બહુ મોટી થઈ છે તેમાં વિઘ્ન ન આવવા દેવું.'

❊ માટે કલ્યાણના માર્ગમાંથી પડી ન જવાય અર્થાત્ ભગવાન અને સંતનો સંબંધ છૂટી ન જાય, તેમનાથી વિમુખ થઈ ન જવાય. આવા પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે શ્રીજીમહારાજ અહીં ઉપાય બતાવે છે.

■ **ભગવાન અને ભક્તમાં આત્મબુદ્ધિ :**

❊ શ્રીજીમહારાજ અહીં સમજાવે છે કે જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભક્તને વિશે આત્મબુદ્ધિ હોય તો...

❊ કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ.

❊ ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન અને ભક્તથી વિમુખ થાય નહિ.

❊ આત્મબુદ્ધિ એટલે પોતાપણાની બુદ્ધિ (જ્ઞાન). તેથી દેહ જેમ પોતાનો મનાણો છે તેમ ભગવાન અને સંત પોતાના મનાય.

❊ દેહને વિષે આત્મબુદ્ધિ છે અર્થાત્ તેના વિશે પોતાપણાની બુદ્ધિ (જ્ઞાન) છે. તેથી

❊ ક્યારેય દેહનો અવગુણ આવતો નથી.

❊ દેહનો જ પક્ષ રહે છે. દેહને કોઈ દુઃખ આવે તો તે નથી ગમતું.

❊ દેહના પાલન, પોષણ, રક્ષણ માટે બધું જ કરી છૂટીએ.

❊ દરેક ક્રિયામાં દેહનું વિસ્મરણ થતું નથી. દેહનું અનુસંધાન રહે છે.

❊ તેમજ જો ભગવાન અને ભક્તને વિશે આત્મ-

બુદ્ધિ અર્થાત્ પોતાપણાનું જ્ઞાન અર્થાત્ ભગવાન શ્રીજીમહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ મારા છે-હું તેમનો છું, આવી દૃઢ સમજણ હોય તો

❊ **<u>ક્યારેય એમના વિષે મનુષ્યભાવ ન આવે કે એમનો અવગુણ ન આવે.</u>**

❊ સીતાજીને રામનો અવગુણ ન આવ્યો, વગર વાંકે કાઢી મૂક્યા હતા.

❊ મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે અપમાનિત - વિમુખ કર્યા છતાં મનુષ્યભાવ ન આવ્યો. શ્રીજીમહારાજને મૂકીને જતા ન રહ્યા.

❊ બ્રહ્માનંદ સ્વામીને ટાટ વધુ ન આપ્યું. વગર વાંકે વરતાલ મંદિર છોડાવ્યું, દર્શને કરવા આવવાની ના. એટલું જ નહિ મારીને કાઢી મૂકવાનું કહ્યું છતાં મનુષ્યભાવ ન આવ્યો. મહારાજને મૂકીને ન ગયા.

❊ દાદાખાચરની કેવી પરીક્ષાઓ કરી, રક્ષા ન કરી, કેટલાં દુઃખો આવ્યાં છતાં મનુષ્યભાવ ન આવ્યો.

❊ શાસ્ત્રીજી મહારાજ અને વિજ્ઞાનદાસના મંડળને ભગતજી મહારાજ ધુત્કારીને કાઢી મૂકે. ઠપકો આપે છતાં ભાવ ફેર નહિ.

❊ શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને બોલાવ્યા - કાઢી મૂક્યા. (અમદાવાદ) શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં યોગીજી મહારાજને ગોંડલથી બોલાવ્યા. યોગીજી મહારાજને જતા રહો કહ્યું છતાં મનુષ્યભાવ નહિ.

❊ **<u>ભગવાન અને સંતનો જ પક્ષ રહે.</u>**

❊ મા-બાપને જેમ દીકરા-દીકરીને વિશે આત્મબુદ્ધિ છે, તો ગામમાં ગમે તેટલી અનીતિ કરી આવે છતાં પક્ષ તો પોતાનાં સંતાનોનો જ રહે. એમને કોઈ દુઃખ આવે તો ન ગમે, એમનું કોઈ અપમાન કરે તોપણ ન ગમે. એમ ભગવાન અને સંતનો પક્ષ રહે તો સત્સંગનો પાયો અચળ રહે છે. એવું સમજાવતાં શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ ૭૮માં કહે છે :

❊ જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ. જેમ પોતાના કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તોય પણ જ્યારે તેનું કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ. એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે.

❊ વળી, આત્મબુદ્ધિને પરિણામે રહેતા પક્ષનો લાભ સમજાવતાં શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય ૭માં કહે છે : 'માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખવો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકા આબરૂ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ. અને ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહનાં સગાં-સંબંધીને વહાલાં રાખવાં નહિ. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ, ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.'

❊ આ રીતે પક્ષ રાખવાથી જો કામાદિક સ્વભાવ પરાભવ કરી શકે તેમ ન હોય તો એ સ્વભાવને લીધે ભગવાન અને સંતથી વિમુખ થવાનું હોય છે તે હવે નહિ થાય. એટલે કે કલ્યાણના માર્ગમાંથી તે નહિ પડે.

❊ મામાના સાધુનો પક્ષ ગુંદાળી ગામના બે કાઠી ભક્તોએ રાખ્યો, ત્યારે શ્રીજીમહારાજ કહે, 'તેનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ.'

❊ દેહ અને દેહના સંબંધીને વિશે આત્મબુદ્ધિ છે તો જીવનભર મહેનત કરીને પાલન-પોષણ કરે છે, તેમ ભગવાન અને ભક્ત માટે શું ન થાય ?

❊ તુલસીદાસ કહે છેઃ

તુલસી જા કે મુખનસે ભૂલે નીકસે રામ,
તાકે પગકી પહનિયાં મેરે તન કી ચામ.

❊ દાદાખાચાર, લાડુબા, જીવુબા, શ્રીજીમહારાજ માટે સમર્પિત થઇ ગયા. સર્વસ્વ સમર્પણ.

❊ ઝીણાભાઇ દરબારે કમળશીભાઇની સેવા કરી.

❊ ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી માટે, શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ માટે અને ભગતજી મહારાજ માટે કેવો પુરુષાર્થ કર્યો ?

❊ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે આ અક્ષરપુરુષોત્તમની સેવા માટે પોતાનો દેહ કૃષ્ણાર્પણ.

❊ જો આ રીતે ભગવાન અને ભક્ત માટે સર્વસ્વ સમર્પણ કરી દે, સેવા કરે, તો તેમના પર ભગવાન અને સંતની કૃપા થાય તો સ્વભાવ-વાસના ટળી જાય, પછી તે ક્યારેય વિમુખ ન થાય.

■ **ભગવાન અને સંતનું સતત અનુસંધાન, સ્મરણ રહે :**

❊ દેહ અને દેહના સંબંધીમાં આત્મબુદ્ધિ હોય તો સહેજે સહેજે તેની સ્મૃતિ રહ્યા કરે. તેની ભૂખ-તરસનો કે મુશ્કેલીનો વિચાર આવે અને તે દૂર કરવાનો પ્રયત્ન થાય.

❊ પર્વતભાઇ - હળ હાંકતાં માનસી પૂજા કરે.

❊ ગઢડા અન્નકૂટ - લાડુબા- જીવુબા - વગેરે સ્ત્રી ભક્તો અન્નકૂટની સેવા વખતે મહારાજની સ્મૃતિ.

❊ યોગીજી મહારાજને પ્રત્યેક પ્રવૃત્તિ - ક્રિયામાં - શ્રીજીમહારાજ અને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનું અનુસંધાન રહેતું.

❊ પ્રમુખસ્વામી મહારાજને દરેક વખતે પોતાના ઈષ્ટદેવ અને ગુરુઓની સ્મૃતિ - સમયે સમયે તેમની પરાભક્તિ, સેવાની વૃત્તિ-રુચિ, ઠાકોરજીની મુશ્કેલીનો વિચાર - ઠંડી - ગરમી, ભૂખ-તરસનો વિચાર આવે - તે દૂર કરવા પ્રત્યનશીલ.

❊ આવી પરાભક્તિથી ભગવાન અને સંતની કૃપા થાય, તો ક્યારેય એમનો સંબંધ ન છૂટે.

❊ ટૂંકમાં, ભગવાન અને સંતને વિશે દૃઢ આત્મબુદ્ધિ-જોડાણ હોય તો ગમે તેવા માન-અપમાન, સુખ-દુઃખના પ્રસંગોમાં નિષ્ઠા-ઉપાસના કે પતિવ્રતાની ભક્તિમાં ફેર ન પડે, ભક્તિ મોળી ન પડે, ઉત્સાહ મંદ ન પડે. શ્રીજીમહારાજ આવી સમજણની વાત નીચેનાં વચનામૃતોમાં કરે છે.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ ૭૪ :** આપણે તો શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ. તે શ્રીકૃષ્ણ નારાયણ ને જેમ ગમે તેમ રાજી રહેવું. અને એ શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે. અને એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું. અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું અને એ ભગવાનનાં ચરણારવિંદના વિના બીજે ક્યાંક પ્રીતિ રાખવી નહિ અને એ ભગવાનની ઈચ્છાએ કરીને જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થતી જાય તેવી રીતે રાજી રહેવું. પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે સત્સંગી મટી જાઓ. પણ કોઇ રીતે હર્ષ-શોક, મનમાં ધારવો નહિ. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઇ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ.

❊ **વચનામૃત ગઢડા અંત્ય-૧૩ :** અને તે ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદી-ખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઇક મોટો રોગ પ્રેરે, પણ કોઇ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમજ આપણને ગમે છે. પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી અને આપણે જ્યારે તન-મન-ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે

હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે. તે વિના બીજું કોઇ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખદુઃખ આવે તેમાં કોઇ રીતે અકળાઇ જવું નહિ. ને જેમ ભગવાન રાજી થાય તેમજ આપણે રાજી રહેવું.

❋ **વચનામૃત વરતાલ ૫ :** અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જો કે પોતાને સુખ જોઇતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

❋ **વચનામૃત ગઢડા મધ્ય ૬૨ :** અને ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઇ નથી. એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે. અને પછી જેમ કોઇક પુરુષ પડદામાં રહીને જુવે, તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ-કર્મ, માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે ? એ તો ભગવાનની જ ઈચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગન રહેવું.

❋ **વચનામૃત ગઢડા પ્રથમ ૬૧ :** એવી રીતે આપણે પણ બીજી સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઇ રહેશું અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણે વશ્ય થઇ જશે. શા માટે જે પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, ને જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઇ જાય છે. પછી તે પ્રેમભક્તિએ યુક્ત જે ભક્તનું મન તે મનરૂપી દોરીએ કરીને બંધનમાં આવે છે. પછી છૂટવાને સમર્થ થતા નથી. માટે જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઇએ જે, ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ્ય થશે અને પલમાત્ર મારાથી છેટે નહિ રહે, એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું પણ કોઇ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહિ.

❋ આવી દૃઢ સમજણવાળા ભક્તની તો એ જ પ્રતિજ્ઞા હોય છે...

❋ **દુઃખોના ડુંગરો તૂટે કે કદી આખું જગત રૂઠે.**
પણ ગુરુજી નહિ ભૂલું તમને.

❋ આવા ભક્તની દૃઢતા વિષે મુક્તાનંદ સ્વામી લખે છે.

તન ધન જાતાં (૨) હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે,
જેમ નાર સતી (૨) સરવે મમતા છોડી પતિ સંગે બળે... ટેક
જુઓ પ્રહ્લાદે પણ નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું,
દૃઢ કરી મોહન સંગ મન જોડ્યું...(૧)
જુઓ હરિચંદ્રે હરિ નવ તજિયા, પર ઘેર વેચાઇ પ્રભુને ભજિયા
ત્યારે મોહનના મનમાં રજિયા...(૨)
જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુ વચન હૃદે નવ ધારિયું.
તન મન ધન પ્રભુ પર વારિયું..(૩)
એવી દૃઢતા ધારે તો મુખિયા, તે કોઇ કાળે નવ હોય દુખિયા.
કહે મુક્તાનંદ તે મહા સુખિયા.(૪)

❋ પર્વતભાઇ, દેવજીભક્ત, દાદાખાચર, પુરુષોત્તમપુરાના આશાભાઇ વગેરેને કેવાં દુઃખો આવ્યા, છતાં ભગવાન અને સંતને મૂક્યા નહિ. આવી દૃઢતાવાળા ભક્ત ગમે તેવાં દુઃખો આવે છતાં પોતાના ઈષ્ટદેવ કે ગુરુને મૂકીને બીજે જ્યાં-ત્યાં ફસાય જ નહિ.

❋ વજીબાને મહારાજે નિશ્ચયમાંથી ડગાવવા પ્રયત્ન કર્યા છતાં તેઓ કહે છે :

અનન્ય હું શ્રી હરિની જ એક, બીજા તણો ભાર ગુણ ન છેક ।
કદી ચમત્કાર ઘણા બતાવે, તથાપિ મારા મનમાં ન આવે ॥
જો કોઇ વૈરાટ સ્વરૂપ ધારી, ભુલાવવાને મનવૃત્તિ મારી ।
માયા રચે જો મુજ પાસ મોટી, તથાપિ હું જાણું ખચિત ખોટી ॥

આકાશમાં જો અતિ ઊડી જાય, તે સૂર્યમાં કે શશીમાં સમાય ।
હું ભાર એનો ઉરમાં ન આણું, માયા તણો તેહ ગુલામ જાણું ॥
શ્રી સ્વામિનારાયણ એક સાચા, બીજા બધા જોગી જરૂર કાચા ।
સિદ્ધાઇ પોતે સતધા બતાવે, એનો મને ભાર જરી ન આવે ॥
કરે કદી પાવકમાં પ્રવેશ, કે વારિધિમાં વિચરે વિશેષ ।
કહે પરાયા મન કેરી વાત, તથાપિ જાણું તુચ્છ જીવજાત ॥
ભ્રમાવતા જોગી ઘણા ભમે છે, ભોળા જનોના મનમાં ગમે છે ।
મેં તો ધરી અંતર એવી ટેક, શ્રીજી વિના અન્ય અસત્ય છેક ॥
શ્રીજી તણો નિશ્ચય નોય જેને, બીજા તણો ભાર જણાય તેને ।
સિદ્ધાઇ સાચો સત્સંગી દેખે, પાખંડી પૂરો ઢગ એમ લેખે ॥
મહેશ કે શેષ સુરેશ રાય, મને ભમાવવા જ કરે ઉપાય ।
તથાપિ હું અંતરમાં ન આણું, શ્રી સ્વામિનારાયણ સત્ય જાણું ॥
(હરિલીલામૃત : ૭/૧૭)

❊ આમ, જેને ભગવાન અને ભક્તમાં દૃઢ આત્મબુદ્ધિ જોડાણી હોય તે તો ગમે તેવાં દુઃખોમાં-અપમાનમાં સ્થિર રહે, વિમુખ થાય નહિ, સત્સંગ મૂકે નહિ, જંત્ર-મંત્ર-તંત્રમાં તેમને ક્યારેય પ્રતીતિ આવે જ નહિ.

❊ આમ, ભગવાન અને ભક્તમાં દૃઢ આત્મબુદ્ધિ હોય તો તેને કલ્યાણના માર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન નડે અને તે ભગવાન તથા સંતથી વિમુખ પણ ન થાય.

❖ **વચનામૃત :** ગઢડા અંત્ય - ૧૬ : પતિવ્રતાની ટેકનું

❖ **સ્વામીની વાત:** ૧. પ્રકરણ : ૪, વાત : ૧૦૧

૨. પ્રકરણ : ૧, વાત : ૨૭૯

❖ **પ્રસંગ કથન :**

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું સોળમું : પતિવ્રતાની ટેકનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૮૪ના આષાઢ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાના પુષ્પહાર પહેર્યા હતા તથા પાઘમાં તોરા અતિશય શોભાયમાન ઝૂકી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ

હોય અથવા રોગી કે વૃદ્ધ હોય, તો પણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહિ. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુવે અથવા હસીને બોલે ત્યારે એનું પતિવ્રતાપણું નાશ પામે. અને તે પતિવ્રતાને ઘેર કોઈક પરુણા આવ્યા હોય તો તેને અન્નજળ આપે તથા પોતાના પતિના જે સંબંધી પુરુષ તેને પણ અન્નજળ આપે તે તો પતિના સંબંધી જાણીને આપે; પણ પોતાના પતિના જેવી બીજા પુરુષ માત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે. તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે... એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.'

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

❊ સમાજમાં ભગવાનની ઉપાસના સંબંધી એક વ્યાપક ગેરસમજ પ્રવર્તે છે - 'અમારે તો બધાય ભગવાન સરખા. બધાય દેવો ને ધર્મો સરખા. બધાય સંતોને અમે તો માનીએ'-આવું માનનારાં ઘણાં છે. આ ગેરસમજ દૂર કરી પોતાને ઈષ્ટદેવને અનન્યભાવે ભજવાની પતિવ્રતાની ભક્તિની રીત અહીં મહારાજ શીખવે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❊ ભારતીય હિન્દુ પરંપરા અનેકેશ્વરવાદ - અનેક દેવદેવીઓમાં માને છે. આનો મુખ્ય આશય એ છે કે મુમુક્ષુજનોની વ્યક્તિગત માન્યતાઓ પ્રમાણે જેને જેમાં શ્રદ્ધા બેસે તેની ભક્તિ તે કરી શકે. પરંતુ આનો હેતુ એવો નથી કે એક જ વ્યક્તિ બધા જ દેવોની ભક્તિ - ઉપાસના કરે.

❊ સમાજમાં સર્વધર્મસમાદર અને 'સર્વે દેવો સરખા'-આવી અજ્ઞાનસભર સમજણ લેખકો, કથાકારો અને પ્રવચનકારો ફેલાવી રહ્યાં છે, એ બાબતનું સાચું માર્ગદર્શન શ્રીજીમહારાજ અહીં આપે છે.

❀ શ્રીજીમહારાજનો પ્રશ્ન :

❊ વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજ પૂછે છે કે અવગુણવાળાનો ત્યાગ થઈ શકે, પણ ગુણવાળાનો ત્યાગ ન થઈ શકે, ને તેણે કરીને તેને વિષે પ્રીતિ પણ થાય. તો ભક્ત શું સમજે તો ભગવાન વિના બીજામાં આવી પ્રીતિ ન થાય ? ભગવાન સિવાય બીજામાં પ્રીતિ ન થાય એવી ભક્તિ કરવી જરૂરી છે. તે કઈ સમજણથી શક્ય બને ? એવો પ્રશ્ન છે.

❊ વચ.ગ.અં.૧૭ : અનંત પ્રકારનાં પાપ છે. તે સર્વે પાપથી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.

ગુણવાન વ્યક્તિમાં બે પ્રકારનાં ગુણોને લઈને હેત થઈ જાય છે :

૧. લૌકિક ગુણો :

❊ રૂપ : શ્રીકૃષ્ણની ૧૬,૦૦૦ રાણીઓને શ્રીકૃષ્ણના પુત્ર સાંબમાં તેના અતિશય સુંદર

રૂપે કરીને મોહ થયો.

* આવડત : સારું ગાવાની, કથા-પ્રવચન કરવાની, સારી લેખનશક્તિની, વગેરે આવડતોથી આકર્ષાઈને પણ જીવ હેત બાંધી બેસે.
* ચમત્કાર બતાવે : પાણી પર ચાલે, મનના સંકલ્પો કહી દે, અંતર્યામીપણું બતાવે, દિવ્યરૂપે દર્શન દે, પરચા આપે, ધન-દીકરા આપે, કે લૌકિક મનોરથો પૂરા કરે - આવું દેખાડે તેના વિષે હેત થઈ જાય.

૨. આધ્યાત્મિક ગુણો :

* જેવા કે સાધુતા, સાત્વિકતા, બ્રહ્મસ્થિતિ દેખાય તેનાથી પણ વ્યક્તિ આકર્ષાય. આવા ગુણો કદાચ પ્રગટ ભગવાન કે સંતમાં સ્થૂળ રીતે ન પણ દેખાય, તેથી તેમને મૂકીને જેમાં આ ગુણો દેખાય ત્યાં બંધાઈ જવાય છે.

આવું ન થાય તે માટે શું કરવું ? એના ઉત્તરરૂપે શ્રીજીમહારાજ પતિવ્રતાની ભક્તિની રીત શીખવે છે.

❀ પતિવ્રતાની ભક્તિ :

* આ વચનમૃતનો મૂળ સાર આ છે.
* વચ.લો.૧૧ : જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય, તેનું જ ધ્યાન કરવું... અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી.
* વચ.ગ.મ.૧૯ : ભગવાન વિના બીજા કોઈ દેવની ઉપાસના કે બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું.
* સ્વા. વાત : સર્વજ્ઞ તો ભગવાન છે ને બીજા તો અલ્પજ્ઞ છે. માટે પતિવ્રતાની ટેક રાખવી.

❀ પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ બતાવે છે :

૧. પોતાનો પતિ કંગાલ, કુરૂપ, રોગી, વૃદ્ધ હોય છતાં બીજા તાલેવર, રૂપવાન ને યૌવનવાન પુરુષોને જોઈને લેશમાત્ર મનમાં ગુણ ન આવે.
૨. પતિના જેવી બીજામાં પ્રીતિ ન રાખે કે ભાવે કરીને જુએ નહિ કે બોલે પણ નહિ.
૩. મહેમાન કે બીજા સંબંધી પુરુષની સેવાચાકરી કરે, તે પણ પતિના સંબંધી જાણીને જ કરે, બીજો કોઈ ભાવ ન લાવે.
૪. પતિની મરજી પ્રમાણે જ વર્તે.
૫. વચ.ગ.મ.૫ અને ગ.મ.૬૨માં પણ પતિવ્રતા-પણાનાં લક્ષણો શ્રીજીમહારાજે બતાવ્યાં છે.

❀ પતિવ્રતા સ્ત્રીઓની ખુમારી :

૧. સીતાજી : સીતાજીને રામ સાથે ૧૪ વર્ષના વનવાસમાં ડગલે ને પગલે કષ્ટો આવ્યાં, જ્યારે રાવણ સાથે જવાથી સીતાને ત્રિલોકની સત્તા અને સંપત્તિ મળતી હતી - તો પણ સીતાજીને સ્વપ્નમાં પણ રાવણનો ગુણ ન આવ્યો. તેમણે રાવણને સ્પષ્ટ જણાવી દીધું કે, ‘ભલે આકાશના તારા તૂટી પડે, પૃથ્વી ફાટી જાય ને અગ્નિ ઠંડો પડી જાય, પણ હું રામને છોડીશ નહિ.’ અંત સમયે પૃથ્વીમાં સમાતાં પહેલાં પણ બોલ્યા, ‘રામ મારા પતિ થાય ને તેમનો વિયોગ ક્યારેય ન થાય.’
૨. રુક્મિણી પણ કહેતાં, ‘વરું તો શ્રીકૃષ્ણને વરું, નહીં તો જીભ કરડીને મરું, પણ દમઘોષના દીકરા શિશુપાળને તો ન જ વરું.’

* હિન્દુધર્મમાં દમયંતી, સાવિત્રી, ગાંધારી, મંદોદરી, વૃંદા, રેણુકા, અનસૂયા, અરુન્ધતી જેવી અનેક પતિવ્રતા નારીઓ પાકી છે.
* સાવિત્રી એના પતિ સત્યવાનને યમરાજા પાસેથી પાછો લાવી.
* માત્ર આ લોકના પુરુષ પ્રત્યેની ટેકથી આટલું સામર્થ્ય પ્રગટતું હોય, તો અનંત બ્રહ્માંડનાં કર્તા-હર્તા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સાથે પતિવ્રતાની ટેક દૃઢ થાય, તો શું બાકી રહે ?
* સ્વા. વાત : શ્રીજીમહારાજને સર્વ અવતારના

અવતારી, સર્વ કારણના કારણ ને સર્વના નિયંતા જાણીને પતિવ્રતાની રીત રાખવી, તો ઠેઠ અક્ષરધામમાં પૂગાશે.

❀ પતિવ્રતાની ભક્તિ એટલે શું ?

૧. પોતાના ઈષ્ટદેવ પ્રત્યે અનન્ય નિષ્ઠા, એક જ આશરો-અનન્ય શરણાગતિ.

૨. પોતાના ઈષ્ટદેવને જ સર્વકર્તાહર્તા માનવા. એ સિવાય અન્ય કોઈ રક્ષક, પાલક કે ઉદ્ધારક નથી.

૩. પોતાના ઈષ્ટદેવ જેવા કે તેથી અધિક બીજાને માનવા નહિ.

૪. આ નિષ્ઠામાં ક્યારેય ફેર પડે નહિ, ભલે ને

- ગમે તેવાં દુઃખો આવે.
- ગમે તેનો સંગ થાય.
- ગમે તેવાં પ્રલોભનો આવે.
- ગમે તેવા ચમત્કારો દેખાડનારા મળી જાય.

❀ પરોક્ષનાં ભક્તોની પતિવ્રતાની ટેક :

❊ કેટલાંક લોકો આપણા પર એવો આક્ષેપ મૂકતાં હોય છે કે સ્વામિનારાયણવાળા બીજા કોઈને નમે નહિ. પણ આ અજ્ઞાનસભર આક્ષેપ છે. કોઈ સ્ત્રી એમ કહે કે, 'મારે તો બધાય પુરુષો સરખા. હું તો બધાને સ્વીકારું' તો એ સ્ત્રીને સમાજ 'ગણિકા' જ કહેશે. આથી જ પૂર્વે થયેલાં ભક્તોએ પતિવ્રતાની જ ટેક રાખી છે.

❊ તુલસીદાસજીને શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધાં. તેઓ તો રામચંદ્રજીના ઉપાસક હતા, તેથી તેમને સુવાણ્ય ન થઈ, અને બોલ્યા :

કહા કહૂઁ છબી આજકી, ભલે બિરાજો નાથ ।
તુલસી મસ્તક તબ નમે, જબ ધનુષ-બાણ લો હાથ ॥

પછી શ્રીકૃષ્ણ ભગવાને એમને રામચંદ્રજી રૂપે દર્શન આપ્યાં, ત્યારે જ એમણે પ્રણામ કર્યા. તો આપણે 'સ્વામિનારાયણીયા બીજાને માનતાં નથી' - એવું કહેનારાને પૂછવું, 'તુલસીદાસ રામને છોડીને શ્રીકૃષ્ણને પગે ન લાગ્યા તો શું શ્રીકૃષ્ણનો તિરસ્કાર હતો ? ના. પરંતુ આ પતિવ્રતાની ભક્તિની પરાકાષ્ઠા સૂચવે છે.'

❊ આ જ પ્રમાણે સૂરદાસ, તુકારામ, નરસિંહ મહેતા, હનુમાનજી કે ગોપીઓ જેવા સેંકડો ભક્તોએ પોતાના ઈષ્ટદેવ સિવાય કોઈની ભક્તિ કરી નથી.

❀ શ્રીજીમહારાજના પરમહંસોની ભક્તિ-ખુમારી :

❊ શ્રીજીમહારાજ પરમહંસોને ફક્ત ત્રણ હાથનું કંતાન પહેરવા આપતા હતા. બ્રહ્માનંદ સ્વામી કહે, 'મારું શરીર જાડું છે. મને થોડું વધારે આપો.' મહારાજ કહે, 'બધાને મળ્યું એ મુજબ જ મળશે. શરીર ઘટાડો.' પણ શરીર તાત્કાલિક તો ક્યાંથી ઘટે ? રાજસાહ્યબી અને ઠાઠ-માઠ છોડીને આવેલા બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કંતાન જેવી મામૂલી વસ્તુ પણ ધરાર ન આપી. ત્યારે તેઓ આજુબાજુ-ઉપરનીચે જોઈને બોલ્યા, 'નખ જેટલી પૃથ્વીમાં પણ આપના સિવાય બીજો ભગવાન હોત, તો હું જતો રહેત, પણ ક્યાંય નથી.'

❊ મુક્તાનંદ સ્વામી :

छांडीके श्री घनश्याम, औरको जपुं जो नाम,
कर ले कटारी मेरी, जीह्वा काटी डारीओ ।
मुक्तानंद कहे मेरी दृढता जो डीगे तेरी,
शूलीपे चढाये, तीखे तीरनसे मारीयो ॥

❊ પ્રેમાનંદ સ્વામી :

हम तो एक सहजानंद सहजानंद गावे,
हमारे मन स्वामिनारायण दूसरो न भावे ।

તથા

'જેમ રાજી રહો, તેમ કરું હરિ, ન જોઉં ન્યાય-અન્યાય.'

❊ નિષ્કુળાનંદ સ્વામી :

પણ જિયાં લગી પ્રાણ રહેશે, જીભા સ્વામિનારાયણ કહેશે,
તેહ વિના કહે બીજું કેમ, પડી આંટી અંતરમાં એમ.

❀ શ્રીજીમહારાજનાં હરિભક્તોની પતિવ્રતાની ટેકની દૃઢતા :

❋ વિજાપુરનાં વજીબાને રામદાસ સ્વામી થકી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા થઈ. પછી તો મહારાજ જાતે પરીક્ષા લેવા ગયા. અંતર્યામીપણું બતાવ્યું. પરચા બતાવ્યા. આંગણાનો પીપળો પગ લાંબા કરીને ખસેડયો. છતાં વજીબાનું મન આકર્ષિત થયું નહિ.

❋ કારિયાણીના દાહાખાચર પાસે એક બાવો મંત્રેલો દોરો લાવ્યો. દાહાખાચર કહે, 'લે, આ ટાંટિએ બાંધ, ગળામાં તો બંધાશે નહિ. ગળામાં તો કંઠી છે.' આવો અનાદર કર્યો.

❋ અભેસિંહ બાપુને તાવ આવેલો. ઉતરે જ નહિ. ગામના ભૂવાએ મંત્રેલો દોરો આપ્યો, તે તેમનાં બહેને ખાટલાને પાયો બાંધ્યો. તાવ ઉતરી ગયો. અભેસિંહને આ વાતની ખબર પડી તેથી બાવાને બોલાવ્યો અને કહે, 'લે તારો દોરો, ને લાવ મારો તાવ પાછો. તારો ઉતારેલો તાવ નથી જોઈતો.'

❀ પતિવ્રતાની ભક્તિમાં આજે આપણે શું સમજવાનું છે ?

૧. પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય, તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ.

❋ વચ.ગ.અં.૩૮ : એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન... તે તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.

❋ વચ.લો.૧૧ : જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું ને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તેનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની ટેક રાખવી.

❋ મહારાજે સંજોગો અને સ્થાનને અનુરૂપ રાધાકૃષ્ણ, ગોપીનાથ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, આદિ દેવોને મંદિરોમાં પધરાવ્યા છે. તેમની સેવાપૂજા કરવાની છે, તે આપણા ઈષ્ટદેવના સંબંધી જાણીને. પણ પતિવ્રતાની ભક્તિ ને ધ્યાન તો શ્રીજીમહારાજનાં જ કરવાનાં હોય. છતાં બીજા દેવોની ઉપેક્ષા કે અનાદર ન કરવાં.

૨. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત પ્રત્યે જ આપણે પતિવ્રતાપણાની નિષ્ઠા રાખવી.

❋ વર્તમાનકાળે આપણને શ્રીજીમહારાજ પ્રમુખસ્વામી મહારાજ રૂપે મળ્યા છે. આપણે ત્યાં અક્ષરબ્રહ્મ તત્ત્વ એક જ છે. તેથી ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામી મહારાજ-આ બધામાં મૂળ સ્વરૂપ એક જ છે. તેથી યોગીજી મહારાજમાં પતિવ્રતાને ભાવે જોડાયેલાં સંતો હરિભક્તોને પ્રમુખસ્વામીમાં પણ એ જ ભાવથી જોડાવાનું હોય છે. આમાં પતિવ્રતાની ભક્તિનો ભંગ થતો નથી.

❋ તેમ છતાં, જે સ્વરૂપ દ્વારા જે વખતે શ્રીજીમહારાજ પોતાનો પૂર્ણ પ્રભાવ દર્શાવીને કાર્ય કરી રહ્યા હોય, તેમાં જ, એટલે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતમાં જ પ્રીતિ ને જોડાણ કરવાનું હોય. જેમ શાસ્ત્રીજી મહારાજના વખતમાં તેઓ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ - આ ત્રણેય એક સાથે હાજર હતા, છતાં શાસ્ત્રીજી મહારાજ હયાત હોય, ત્યારે ભક્તે તેમનામાં જ જોડાવાનું હોય. એ રીતે અત્યારે આપણે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને વિષે જ પતિવ્રતાની ભક્તિ રાખવાની છે.

* અમદાવાદમાં યોગીજી મહારાજ રૂમમાં પૂજા કરતા હતા. રૂમ ભરચક થઈ ગઈ. એ વખતે પ્રભાશંકર પંડ્યા આવ્યા અને ગીરદી જોઈને ત્યાંથી નીકળી ગયા અને મેડા ઉપર પ્રમુખસ્વામી પૂજા કરતા હતા ત્યાં જઈને બેઠા. તરત જ પ્રમુખસ્વામીએ તેમને ઉઠાડ્યા, ને કહ્યું, 'સુખ એ ગીરદીમાં જ આવશે. અહીં નહિ આવે.' આમ પ્રમુખસ્વામીએ યોગીજી મહારાજની હયાતીમાં કોઈને પણ પોતાનામાં જોડાવા દીધા નથી.

૩. શ્રીજીમહારાજ આ જ વચનામૃતમાં કહે છે, 'તેને મોટા મોટા બીજા મુક્ત સાધુ સાથે પણ પ્રીતિ થાય નહિ.'

* શ્રીજીમહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતની કૃપાથી ઘણા સંતો-ભક્તો મુક્તપણાની સ્થિતિને પામી ગયા હોય છે. તે બધા આપણા માથાના મુગટ છે, તેથી તેમના પ્રત્યે પૂજ્યભાવ રાખવો જોઈએ, છતાં અનન્ય નિષ્ઠા, પ્રીતિ, વૃત્તિ અને જોડાણ એમના જેવું અન્ય કોઈમાં ન રાખવું- તો જ પતિવ્રતાની ભક્તિ સાચી.

* શાસ્ત્રીજી મહારાજના વખતમાં અંબારામ ભગત નિરાવરણ દૃષ્ટિવાળા હતા, તેથી હરિકૃષ્ણ સ્વામી તેમના પ્રત્યે આકર્ષાયા હતા. એક વખત સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ નીચે સભામંડપમાં કથા કરતા હતા, ત્યારે હરિકૃષ્ણ સ્વામી પહેલે માળે અંબારામ ભગત પાસે ગયા. પણ અંબારામ ભગતે એમને ઉઠાડ્યા અને કહે, 'નીચે જાવ. લાખો અંબારામ એક શાસ્ત્રીજી મહારાજ તુલ્ય ન થાય.'

૪. 'પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી' એટલે કે વ્યભિચારિણી ભક્તિ ન કરવી.

* વ્યભિચારિણી ભક્તિ એટલે શું ? આપણા ઈષ્ટદેવ સિવાય અન્ય દેવ-દેવીઓ કે મંત્રજંત્રમાં વિશ્વાસ રહેતો હોય. અથવા આપણા પ્રગટ ગુરુહરિ સિવાય આપણા સંપ્રદાયના સદ્‌ગુરુનો કે સાધુનો કે હરિભક્તનો અંતરમાં ભાર રહેતો હોય તો એ ભક્તિ વ્યભિચારિણી છે. અન્ય કોઈનો લેશ માત્ર ભાર ન રહેવો જોઈએ, એ પતિવ્રતાની ભક્તિની પરાકાષ્ઠા છે.

* રેણુકા પતિવ્રતા હતાં. એકવાર નદીમાં ગંધર્વોને સ્નાન કરતા જોયા ને મનમાં સંકલ્પ થયો કે 'ગંધર્વો રૂપાળા બહુ'-આથી એમનું પતિવ્રતાપણું ગયું. તેથી દરરોજ વસ્ત્રમાં પાણી ભરીને લાવતાં હતાં, તે તે દિવસે સ્રવી ગયું. જમદગ્નિ ઋષિને આની ખબર પડી. એમણે પોતાના પુત્ર પરશુરામને આજ્ઞા કરી કે, 'તારી માતાનું માથું કાપી નાખ.' રેણુકાએ માત્ર સંકલ્પ કર્યો એમાં આટલી હાનિ થઈ. એમ આપણને પણ ભગવાન કે પ્રગટ ગુરુહરિ વિના અન્યમાં લેશમાત્ર પ્રતીતિ આવે, તો કલ્યાણમાં વિઘ્ન થાય.

* આવી ભક્તિની ટેક રાખી હોય તો જ ભક્તિનું ફળ મળે. સેવામાં શક્તિ, બળ અને તેજ આવે. ભગવાન ને સંત આપણું રક્ષણ કરે. પતિવ્રતાની ભક્તિ વિના તો 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો' - એવી દશા થાય.

❖ **વચનામૃત** : ગઢડા અંત્ય : ૨૧-સોનાના દોરાનું- ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાનું

❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અને 'નીલકંઠ'ની સૂચના મુજબ

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું એકવીસમું : સોનાના દોરાનું-ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૮૪ના ભાદરવા સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ચમેલીના પુષ્પના હાર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અને જેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ એ અતિશય દૃઢ નહિ હોય તે તો અંતે જાતાં ઢીલો પડ્યા વિના નહિ જ રહે. જેમ મીણે પાયેલ દોરો હોય ને તે શિયાળામાં ને ચોમાસામાં તો અક્કડ રહે, પણ જ્યારે ઉનાળો આવે ત્યારે જરૂર ઢીલો થઈ જાય, તેમ અહીંયાં હરિભક્તને સર્વે પ્રકારે સુખ રહે ને સત્સંગમાં પણ સન્માન થતું રહે તે રૂપ જે ચોમાસું ને શિયાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે સુધાં આકરાં જણાય;પણ જ્યારે સત્સંગમાં અપમાન થાય ને દેહે કરીને પણ દુઃખી થાય તે રૂપ જે ઉનાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે મીણે પાયેલ દોરાની પેઠે ઢીલાં થઈ જાય તો પણ અમે તો તેનો ત્યાગ કરતા નથી. પણ એ જ એની મેળે મનમાં ઓશિયાળો થઈને સત્સંગમાંથી પાછો હઠી જાય છે. પછી તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને અંતરે સત્સંગ સંબંધી સુખ ન રહે. માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દૃઢપણે કરવો. પણ દેહ તથા દેહના સંબંધી તે સંગાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહિ. જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે, એમ અમારો નિર્ણય છે. અને તમારે પણ એમ જ નિર્ણય રાખ્યો જોઈએ. શા માટે જે તમે સર્વે અમારે આશ્રિત થયા છો માટે અમારે તમને હિતની વાત હોય તે કહી જોઈએ ને મિત્ર પણ તેને જ જાણવો જે, 'પોતાના હિતની વાત હોય તે દુઃખ લગાડીને પણ કહે.' એ જ મિત્રનું લક્ષણ છે તે સમજી રાખજ્યો.''

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

- આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આપણને સત્સંગની દૃઢતા કરવાનું કહે છે. જીવનો સત્સંગ કરવાનું નિર્દેશે છે.
- આપણને સૌને શ્રીજીમહારાજ પોતાનાં સગાં-વહાલાં માનીને, એમને અખંડ આપણી સાથે રહેવું ગમે એવા દૃઢ સત્સંગી થવાનું માર્ગદર્શન આપે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

શ્રીજીમહારાજ પોતે વચ. ગ.મ.૪૬માં કહે છે કે : 'ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તે પ્રવર્તાવવાને અર્થે

થાય છે.'

ભગવાનની અતિશય પ્રસન્નતાનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ ગ.પ્ર.૨૧ના વચનામૃતમાં કહે છે કે : 'એકાંતિક ધર્મ-એટલે કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ-આ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે.'

❀ એકાંતિક ધર્મ :

* શ્રીજી મહારાજ આ જ વચનામૃતમાં ચેતવે છે કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એટલે કે એકાંતિક ધર્મ દૃઢ નહિ હોય, તો ચોક્કસ પાછા પડી જવાશે. તો આ એકાંતિક ધર્મના ચારે ય અંગો કઈ રીતે દૃઢ થાય અને એના અભાવે કેવી ખોટ આવે, તે જોઈએ :

૧. ધર્મ :

* ધર્મની વ્યાખ્યા : શિક્ષાપત્રીમાં કહ્યા પ્રમાણે - धर्मो ज्ञेयः सदाचार : श्रुतिस्मृत्युपपादितः -શ્રુતિ-સ્મૃતિએ પ્રતિપાદન કરેલો સદાચાર એને જ ધર્મ જાણવો.
* નિષ્કુળાનંદ સ્વામી : *ધર્મ તે ધર્મસૂતનાં વચન.*
* વચ.ગ.પ્ર.૩૪ : પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે, ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિષે રહે, તો જેવો ભગવાનનો આનંદ છે, તેવા આનંદને પામે છે.
* રાવણે ત્રિલોકીનું રાજ્ય વશ કર્યું હતું. શંકર ભગવાન એના ઉપર રાજી હતા. ગ્રહો અને દેવતાઓ એની ચાકરી કરતા. એવા રાવણે સીતાજી એટલે કે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિરૂપ અધર્મ આચર્યો, તો કૂળે સહિત નાશ પામી ગયો.
* આજના દિવસે સમગ્ર વિશ્વનો સૌથી ભયંકર રોગ - AIDS (એઈડ્સ) એ સ્ત્રી-પુરુષોના અમર્યાદ વ્યભિચારમાંથી જ પ્રગટે છે. આ રોગની કોઈ જ દવા નથી. વિશ્વના ૨ કરોડ અને ભારતના ૧૫,૦૦૦ માણસો આજે એના સકંજામાં આવી ગયાં છે. વિશ્વમાં દર ૨૦ સેકંડે એક વ્યક્તિને એનો ચેપ લાગે છે.

૨. જ્ઞાન :

* જ્ઞાનની વ્યાખ્યા : શિક્ષાપત્રી પ્રમાણે - ज्ञानं च जीवमायेश रुपाणां सुष्ठु वेदनम्-જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એમનાં સ્વરૂપને જાણવું એનું નામ જ્ઞાન.
* જ્ઞાન હોય તો કોઈપણ સંજોગોમાં સુખીયા રહેવાય. રામચંદ્રજીનો રાજ્યાભિષેક થવાનો હતો એના બદલે એમને વનમાં જવાનું થયું, તો પણ એ દુઃખી ન થયા.
* નેનપુરના દેવજીભગતના એકના એક દીકરાને સમાધિ થતી. દેવજીભગતે વિચાર્યું કે, 'આને પરણાવીશું તો સમાધિનું સુખ નહિ લઈ શકે.' આથી એમણે મહારાજને પ્રાર્થના કરી, એટલે મહારાજ દીકરાને ધામમાં લઈ ગયા. ત્યારે ભગતનાં પત્ની ઘીનો ઘાડવો લઈને મહારાજ પાસે ગઢડા ગયાં અને કહ્યું, 'દીકરો સુખીયો હતો અને વધારે સુખીયો થઈ ગયો.'

૩. વૈરાગ્ય :

* વૈરાગ્યની વ્યાખ્યા : શિક્ષા. ૧૦૪ પ્રમાણે- 'वैराग्यम् ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु । ભગવાન વિના અન્ય પદાર્થોમાં પ્રીતિ નહિ એ વૈરાગ્ય.
* જનક ચક્રવર્તી રાજા હતા, પણ સાંખ્યજ્ઞાનને પચાવેલું હતું, તો તેઓ કહેતા, 'મારા અર્ધા શરીરને કોઈ ચંદન ચર્ચે અને અર્ધાને કોઈ તલવારથી કાપે એમાં મારે સમભાવ છે.'

૪. ભક્તિ :

* ભક્તિની વ્યાખ્યા : શિક્ષા ૧૦૩ પ્રમાણે - 'माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ।'- 'ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને યુક્ત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી.'

❊ વચ.ગ.પ્ર.૩૭ : જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.

❊ તુલસીદાસજી :

अर्व खर्व अरू धन मिले, उदय अस्तमें राज,
तुलसी हरिकी भक्ति बीन, सबे नरकको साज.

❊ આપણા જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે, પણ યથાર્થપણે દૃઢ છે તેની ખબર ક્યારે પડે ? તો શ્રીજીમહારાજ વચ.ગ.પ્ર.૭૪માં કહે છે : 'જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહિ.'

❊ આ આપત્કાળ એટલે શું ? અને તેને લીધે આપણા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ઉપર શી અસર થાય ? તેની વાત શ્રીજીમહારાજે આ વચનામૃતમાં કરી છે.

❀ ધર્માદિકની દૃઢતા વગરની સ્થિતિ :

❊ સૂતરનો દોરો હોય તેને મીણ પાવાથી કડક થાય-પણ જ્યારે ઉનાળાનો તાપ આવે ત્યારે ઢીલો ઢસ થઈ જાય. એમ વ્યવહારે સુખી હોય અને સત્સંગમાં પણ સન્માન મળે ત્યાં સુધી તો ધર્માદિકના પાલનમાં વાંધો આવતો નથી, પણ

- સત્સંગમાં અપમાન થાય,
- દેહે કરીને દુઃખી થાય,
- ખૂબ વિષયભોગની પ્રાપ્તિ થાય,

તો જેમ મીણ પાયેલ દોરો ઉનાળામાં ઢીલો પડી જાય તેમ સત્સંગમાં ઢીલો પડી જાય, દેશકાળ લાગી જાય, એટલે કે -

- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ મોળાં પડી જાય
- એની મેળે ઓશિયાળો થઈને સત્સંગમાંથી પાછો પડી જાય
- અંતરમાં સત્સંગ સંબંધી સુખ ન આવે
- વચ.લો.૧૭ મુજબ સ્તુતિ કરતો હોય તે નિંદા કરવા માંડે.

❊ અલૈયા ખાચરે મહારાજની ખૂબ મોટી સેવા કરી હતી. પોતે નિષ્કામી વર્તમાનમાં પણ પાકા હતા. એમણે ૨૦૦૦ માણસોને સત્સંગ કરાવ્યો હતો. પરંતુ એમનું માનખંડન થયું, તો વિમુખ થઈ ગયા અને ૨૦૦૦ માણસોને અભાવની વાતો કરીને પાછા પાડ્યા.

❊ સોખડાના ત્રિભોવનદાસે શાસ્ત્રીજી મહારાજની અતિશય સેવા કરી હતી. બોચાસણ મંદિરના બાંધકામ વખતે રૂા. ૫૦૦૦/-ની સેવા તથા ૬ જોડ બળદ અર્પણ કર્યા હતા. સ્વામીમાં હેત પણ એવું કે '*સ્વામી, તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે*' - એવું કીર્તન ગાતા. પણ એમને એક વખત શાસ્ત્રીજી મહારાજમાં ઈર્ષ્યાનો ભાવ પરઠાઈ ગયો, તો સત્સંગ તો મૂકી દીધો, પણ આણંદ સ્ટેશને શાસ્ત્રીજી મહારાજને લાકડી લઈને મારવા દોડ્યા હતા.

❊ એક ભાઈએ પ્રમુખસ્વામી ઉપર પત્ર મોકલ્યો, જેની સાથે એક કંઠી પણ મોકલી હતી. પત્રમાં લખ્યું હતું, 'તમારા આશીર્વાદ લીધા પછી અમુક વ્યાવહારિક પ્રશ્નો હલ ન થયા હોવાથી તમારી કંઠી પાછી મોકલું છું !'

❀ ધર્માદિકની દૃઢતાવાળાની સ્થિતિ :

❊ જેમ સોનાનો દોરો છયે ઋતુમાં એકસરખો કડક રહે છે તેમ ધર્માદિકની દૃઢતાવાળો ગમે તેવા દેશકાળમાં પણ સત્સંગમાંથી ડગે નહિ. કાળ, કર્મ અને માયા પણ તેને પરાભવ પમાડી શકે નહિ. ચડતો ને ચડતો રંગ રહે એટલે કે રતિવા સારો થાય, એ સાચા ભક્તનું લક્ષણ છે.

❊ વચ.ગ.અં.૨૫ : ભગવાનનો ખરો ભક્ત કોણ કહેવાય ? તો પોતાના દેહમાં કોઈ દીર્ઘ રોગ

આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઈત્યાદિક ગમે તેટલું દુઃખ અથવા સુખ આવી પડે તો પણ ભગવાનની ઉપાસના-ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ.

- ❊ દાદાખાચરને ત્યાં શ્રીજીમહારાજ ૨૮ વર્ષ રહ્યા. દાદાખાચર ઉપર અપાર વ્યાવહારિક દુઃખો આવ્યાં-જેમાં મહારાજે એમની રક્ષા ન કરી, ૫૦૦ પરમહંસો અને અનેક હરિભક્તોની જમવાની સગવડ પૂરી પાડવાની હોવાથી સતત આર્થિક ભીંસ રહેતી, એમાં એમના ગરાસના પ્રશ્નનો નીવેડો જ ન આવ્યો, કાકા જીવાખાચર હેરાનગતિ કરતા, ભાવનગરના રાજાએ એમનાં ખળાં અટકાવ્યાં, એમને બે વરસ પેશાબમાં બળતરાની સખત તકલીફ થઈ, વિગેરે અનેક દુઃખો આવ્યાં, છતાં મહારાજને વિષે એમને ભાવફેર થયો નહિ.
- ❊ ઉપલેટાના વેરાભાઈ સત્સંગી થયા કે તરત જ એક વર્ષમાં એમનાં ૨૨ કુટુંબીઓ મૃત્યુ પામ્યાં, પણ એમને સત્સંગનો અભાવ આવ્યો નહિ.
- ❊ '૮૫ના અનામત આંદોલનમાં બિલીયાના પ્રહલાદભાઈના બે જુવાનજોધ પરિણીત દીકરાઓને પોલીસે ગોળીબારમાં મારી નાખ્યા અને પ્રહલાદભાઈની પણ એક આંખ ગોળીબારમાં ગઈ. આવી કપરી પરિસ્થિતિમાં તેઓ સ્વામીબાપાને મળ્યા ત્યારે બોલ્યા કે, 'દીકરાઓ ગયા ને આંખ ગઈ, એનું મને દુઃખ નથી, પણ ગુણાતીત દ્વિશતાબ્દીની સેવા ગઈ એનું મને દુઃખ છે.'
- ❊ સડબરી (કેનેડા)ના ઉપેન્દ્રભાઈ ઓઝા, જેમણે નિયમધર્મની દૃઢતા રાખવા સારુ ખૂબ ભીડો વેઠ્યો હતો, એમની બંને કીડની ફેઈલ થઈ ગઈ. ખૂબ તકલીફ થઈ. પ્રમુખસ્વામી મહારાજ એમને આશ્વાસન આપવા લાગ્યા, ત્યારે એ કહે, 'સ્વામી, મને ક્યાં કાંઈ તકલીફ છે ? મારા ઉપર તો આપે ખૂબ દયા કરી છે.'

❀ ગુણાતીત સત્પુરુષોની ધર્માદિકની દૃઢતા :

૧. નિયમની દૃઢતા :

- ❊ શાસ્ત્રીજી મહારાજે અનેક શારીરિક તકલીફોની વચ્ચે ૮૫ વર્ષની વૃદ્ધ અવસ્થા સુધી નિર્જળા ઉપવાસો કર્યા હતા.
- ❊ યોગીજી મહારાજ વયોવૃદ્ધ અવસ્થા છતાં મુસાફરી દરમ્યાન કાંઈ જ ખાતા નહિ.
- ❊ ગઢડામાં પધરામણીમાં પ્રમુખસ્વામી બાળકોને વર્તમાન ધરાવતા હતા, ત્યાં ખબર પડી કે બાળકના વેશમાં એક બાલિકા પણ અંદર હતી. સ્વામીબાપાને ઈલેક્ટ્રીકનો શૉક લાગ્યો હોય એમ એમણે હાથ પાછો ખેંચી લીધો અને રોગે ઘેરાયેલા શરીરે પણ ઉપવાસ કરી નાંખ્યો.

૨. જ્ઞાન :

- ❊ કોઈ પણ ક્ષણે સ્વામીબાપા પોતાની સમજણની દૃઢતા મૂકતા નથી. મુંબઈ મંદિરના પાટોત્સવ વખતે કોઈ બોલ્યું, 'મૂર્તિમાંથી ઐશ્વર્ય ઓછું થઈ જાય એટલે પાટોત્સવની વિધિ દાખલ થઈ.' તરત સ્વામીશ્રી કહે, 'ભગવાનની મૂર્તિમાંથી નહિ પણ આપણામાંથી ઓછું થઈ જાય છે. એટલે આપણે મૂર્તિની પૂજા અને અભિષેક કરીએ છીએ.'

૩. વૈરાગ્ય :

- ❊ '૭૨માં સ્પેશિયલ યાત્રા ટ્રેન દ્વારા દિલ્હી પધાર્યા ત્યારે હરિભક્તો પ્રેમથી સ્વામીશ્રી માટે નવો ગાલીચો ખરીદી લાવ્યા. સ્વામીશ્રી આગળ મૂક્યો ત્યારે સ્વામીશ્રીએ ઠપકો આપતાં કહ્યું, 'તમારે મારા માટે કોઈપણ વસ્તુ લાવવી નહિ.' અને ગાલીચો દુકાનમાં પાછો

અપાવી દીધો.

૪. ભક્તિ :

* '૮૦માં લંડનમાં હાથી ઉપર ભવ્ય નગરયાત્રા નીકળી. રસ્તામાં વરસાદ પડ્યો. સ્વામીબાપાને માટે છત્રી ધરી, તો એ એમણે ઠાકોરજીના માથે ધરી દીધી અને પોતે પલળતાં બેઠા.

❀ સોનાના દોરાની સમજણ એટલે શું ?

કોઈપણ સંજોગોમાં ફરે નહિ એવી સોનાના દોરા જેવી સમજણના લક્ષણો આ પ્રમાણે છે :

* શિક્ષા. ૧૧૬ : આપણી સમગ્ર સાધનાના અર્કરૂપ શ્લોક :

निजात्मानं ब्रह्मरुपं देहत्रय विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भज्ति: कृष्णस्य सर्वदा ॥

આ પ્રમાણે આત્મરૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવી.

* વચ.ગ.અં.૩૯ : જો આત્મા પોતાને જાણતા ન હોઈએ તો સાધુનો અવગુણ આવે તેમાંથી એનું બહુ ભૂંડું થાય માટે પોતાને દેહથી પૃથક્ આત્મા માનવો.
* વચ.પં.૩ : કેવળ આત્મારૂપ થયે થકે ભગવાનમાં હેત કરે છે તે અમને ગમે છે.
* પરમહંસો શ્રીજીમહારાજને રાજી કરવા અતિશય આકરાં તપ કરવા તત્પર થયા, જેવાં કે ક્યારેય ખાવું નહિ, પીવું નહિ, સૂવું નહિ, હિમાલયમાં ઉઘાડે અંગે રહેવું વિગેરે. પણ મહારાજ કહે, 'એના કરતાં પણ વધુ અગત્યનું આ છે, તે તમે કરો :

એક વાત કહું માનો તેહ, આપણે આત્મા-નહિ દેહ,
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.'

(ભક્ત ચિંતામણિ)

* સ્વા.વાત-૩/૧૩ : આ વાતમાં સ્વામી ગ.પ્ર. ૨૩, ગ.મ.૩૦ ને ૪૫, અમ.૨ ને ૩-આ પાંચ વચનામૃતો વંચાવીને કહે છે, 'આચાર્ય હોય, કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી.' - તે એ કે આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવી. અને 'આવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.'
* સોનાના દોરા જેવી સમજણવાળા ઉપર મહારાજ કેવા રાજી થાય છે ?
- આ જ વચનામૃતમાં મહારાજ કહે છે, 'એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ તે જ અમારે તો સગાં-વહાલાં છે ને તે જ અમારી નાત છે અને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.'
- દેશના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ, અરે રાજ્યના પ્રધાન કે ધારાસભ્ય પણ આપણને પોતાનાં સગાં માને તો ? કેટલો લાભ થાય ! કેટલો આનંદ થાય ! તો સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન આપણને પોતાના માને છે.

* મહારાજ દાદાખાચરની સમજણથી અતિ પ્રસન્ન હતા ને કહેતા, 'આ દાદાખાચરે મને એવો તો વશ કરી લીધો છે કે એને છોડીને મારાથી ક્યાંય બીજે જવાતું નથી.' 'હું ગઢડાનો ને ગઢડું મારું !'
* સ્વામીબાપા આપણા ઘરે માત્ર બે મીનીટ માટે પધરામણીએ આવી જાય તો ? કેટલો બધો આનંદ થઈ જાય છે ! તો આ પ્રાપ્તિ એવી છે કે સ્વામી મીનીટો/કલાકો/દિવસો નહિ, કાયમી આપણા ઘરમાં; અરે, આપણા અંતરમાં જ બિરાજી જાય છે - આ કેટલી જબરજસ્ત પ્રાપ્તિ છે !

❀ સોનાના દોરાની સ્થિતિ પામવાના ઉપાયો :

* વચ.ગ.પ્ર.૫૪ : સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેમણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક

સાધુ, તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે.

- વચ.વર.૧૧ : સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે.
- વચ.કારિ.૧૧ પ્રમાણે પ્રીતિ કે પ્રસંગ કે આત્મબુદ્ધિનું લક્ષણ શું ? - આજ્ઞા પળાય તે.
- વચ.ગ.મ.૫૧ : સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે, તે જ આત્મસત્તારૂપે વર્તે છે.
- ભગતજી મહારાજ બ્રહ્મસ્થિતિ પામવાનું રહસ્ય બતાવતાં કહેતા, 'ગુણાતીતનું એકેય વચન હેઠું પડવા દીધું નથી.'
- યોગીજી મહારાજની બ્રહ્મસ્થિતિનું રહસ્ય, તેમના જ શબ્દોમાં : 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી વાસણ ઊટક્યા, ૪૦ વર્ષ એમના જ મનનું ધાર્યું કર્યું છે.'
- પ્રમુખસ્વામીની બ્રહ્મસ્થિતિનું રહસ્ય એમના જ શબ્દોમાં : 'સાચા ગુરુ મળ્યા, તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવ્યા તો તેમના આશીર્વાદ-કૃપાથી સહેજે જ પ્રગતિ થાય.'
- વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા શી છે ?

- તિલક-ચાંદલા સહિત નિયમિત વ્યક્તિગત પૂજા કરવી.
- ટી.વી. જોવાનો ત્યાગ કરવો.
- વ્યસનોનો ત્યાગ રાખવો.
- નિયમિત ઘરસભા કરવી.
- નિયમિત અઠવાડિક સત્સંગ સભામાં જવું.
- ઘરમંદિરમાં આરતી અને થાળ કરવાં.
- પ્રસંગે-પ્રસંગે થતી આજ્ઞા પ્રમાણે તન-મન-ધનથી સેવા કરવી.
- સત્સંગ સંબંધી પ્રવૃત્તિની આજ્ઞાઓ પણ મહિમાપૂર્વક પાળવી, જેવી કે મુલાકાતો લેવી, અહેવાલ ભરવા, પ્રવૃત્તિઓમાં ભાગ લેવો વિગેરે.

સ્વામિનારાયણ હરે...

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૨૪મું - સોળ સાધનનું, જ્ઞાનાંશના વૈરાગ્યનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના આસો વદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

...પછી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, 'પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે, તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. જેમ દાદાખાચરના ઘરનાં માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે, તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતાં નથી; તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે. તથા ભયે કરીને પણ ટળે છે પણ તે અતિશય નથી ટળતી. કેમ જે, જ્યારે કોઈ માણસ હોય ત્યારે તેનો ભય રાખે ને માણસ ન હોય તો ન રાખે; જેમ રાજાને ભયે કરીને ચોર પ્રકૃતિનો ત્યાગ કરે છે. **અને જેનો જે સ્વભાવ હોય તેની ઉપર વારંવાર અમે કઠણ વચનના ડંક માર્યા હોય ને કચવાવ્યો હોય તોપણ જે કોઈ રીતે પાછો ન પડ્યો હોય; તે ઉપર તો અમારે એવું હેત રહે છે, તે જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના તે હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી...'**

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ૨૪મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **પ્રકૃતિથી દુઃખ :**

❋ માણસમાત્ર સુખી થવા ઈચ્છે છે, પણ સુખી નથી થઈ શકતો. તેનું કારણ છે - પ્રકૃતિ, સ્વભાવ....

– રાવણના કામના સ્વભાવથી રામાયણ થયું અને રાવણ મૃત્યુના મુખમાં ધકેલાયો.

– દુર્યોધનના લોભથી મહાભારત સર્જાયું અને

દુર્યોધનને મૃત્યુ વહોરવું પડ્યું.

– દક્ષના માનથી તેનું જ મુખ બકરાનું થયું અને સતીને યજ્ઞમાં બળી મરવું પડ્યું.

– હિટલરના અહંકારથી બીજા વિશ્વયુદ્ધમાં કરોડોનો સંહાર થયો.

– મુંબઈમાં ગૌતમ ઘાસ્ટે નામની વ્યક્તિને સ્વાદથી કુટુંબમાં ક્લેશ ઊભો થયો. એટલું જ નહીં પત્ની ગુમાવવાનો પણ વારો આવ્યો.

– નવ યોગેશ્વરમાંના પ્રબુદ્ધ નામના યોગેશ્વરે સારી કથા કરી, તેથી બાકીના આઠ ઝાંખા પડી ગયા. તેમને ઈર્ષ્યા થઈ એટલે સૌ પ્રબુદ્ધને મારવા તૈયાર થઈ ગયેલા.

આમ, પ્રકૃતિ-સ્વભાવથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. દુ:ખ ઊભાં થાય છે.

● **સ્વભાવ-પ્રકૃતિ આપણને સત્સંગમાં પણ અનેક રીતે વિઘ્નરૂપ છે :**

૧)નાસ્તિકપણું આવે :

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૮**માં શ્રીજીમહારાજે કહ્યું કે, 'કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે. કેમ જે, એ માંયેલો એક પણ સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહીં.' આમ, સ્વભાવથી નાસ્તિકપણું આવે છે.

❊ નાસ્તિકપણું એટલે ભગવાન અને સંતના વચનમાં વિશ્વાસ ન આવે...

❊ જૂનાગઢમાં અમરશી પાળો દરવાની હતો. ગુણાતીતાનંદ સ્વામી સભામાં પોતાના અક્ષરપણાના મહિમાની વાતો કરે, ત્યારે જલા ભગત નામે એક હરિભક્ત અમરશી પાળાને પૂછવા જાય કે, 'અક્ષરના એક-એક રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે, એવી મહિમાની સ્વામી વાત કરે છે, તેનું શું સમજવું ?' ત્યારે અમરશી પાળો કહે, 'એ તો સ્વામી મોટા અને એમનાં ગપ્પાં પણ મોટાં.' અને જલા ભગતને અમરશી પાળાની વાત મનાઈ જાય.

ભગવાન અને સંતને સાચાબોલા પણ ન સમજવા તે નાસ્તિકભાવ.

૨)ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે :

❊ જેમ અરીસો તો સ્વચ્છ છે, પરંતુ આપણા ચહેરા પર ડાઘ છે તેથી તેમાં દેખાય છે, તેમ જ ભગવાન અને ગુણાતીત સંત તો નિર્દોષ અને દિવ્ય છે, પરંતુ આપણામાં રહેલા માયિક સ્વભાવ તેમાં જણાય છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૩**માં કહે છે, 'જે પદાર્થમાં પોતાને હેત હોય અને કોઈ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે...'

❊ શાસ્ત્રીજી મહારાજ મંદિરોના બાંધકામ માટે ખરડો કરે ત્યારે ભક્તો યથાશક્તિ સેવા કરતા. સોખડાના મોતીકાકાને પૈસાનો લોભ બહુ તેથી તેઓ સેવા કરતા નહીં. શાસ્ત્રીજી મહારાજ તેમને સેવા કરવા વાતો કરે તો તે કહે, 'શાસ્ત્રી, હો-હા મૂકો. તમે બહુ લોભી. હવે તમારે શું? એક મંદિર કર્યું, જંપીને બેસો ને! માળા, ધ્યાન કરો. આ જોગી બહુ સારા.'

શાસ્ત્રીજી મહારાજ ધામમાં પધાર્યા ત્યારબાદ યોગીજી મહારાજ ખરડો કરે ત્યારે મોતીકાકા કહે, 'મને એમ કે શાસ્ત્રી લોભિયા હશે, પરંતુ યોગી પણ શાસ્ત્રીના સંગે બગડ્યા.'

સત્પુરુષ તો અતિ પવિત્ર છે. પરંતુ પોતામાં સ્વભાવ હોય તો તેઓમાં પણ તેવા સ્વભાવ દેખાય, મનુષ્યભાવ આવે.

૩)સંતો-ભક્તોનો પણ અવગુણ આવે :

❊ દાદાખાચરના પસાયતાને બૂઢા ધાધલ સાથે સહેજ બોલવાનું થયું, તેના પરિણામે બૂઢા ધાધલને દાદાખાચરનો તો અવગુણ આવ્યો, પણ મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુ સંત પણ એમાંથી બાકી ન રહ્યા.

* આમ, સત્સંગમાં કે સમાજમાં સ્વભાવ-પ્રકૃતિને કારણે કોઈને ક્યારેય સુખ થતું નથી. સ્વભાવ-મુક્તિમાં જ સુખ છે. પરંતુ તે કાર્ય નેવાનાં પાણી મોભે ચઢાવ્યા જેવું દુષ્કર છે.

● સ્વભાવ ટાળવા મુશ્કેલ :

* સંસ્કૃતમાં કહ્યું છે, **'સ્વભાવો દુરતિક્રમઃ।'** અર્થાત્ સ્વભાવ ટાળવા ઘણા કઠણ છે.
* એક ગામના ડોશીને જ્યાં જાય ત્યાં ચોરી કરવાની ટેવ હતી. જ્યાં-ત્યાં લખણ ઝળકાવે. એક વખત કુંવરનાં લગ્નમાં સૌ જાનમાં જવા તૈયાર થયાં. તેના દીકરાએ ડોશીમાને કહ્યું, 'તમે જાનમાં આવતાં નહિ.' ડોશીમા કહે, 'ના, મારે તો આવવું પડે.' દીકરાએ કહ્યું, 'કાંઈ આઘુંપાછું કરતાં નહિ.' ડોશીએ હા પાડી.

બધાં ગાડામાં બેસી લગ્નમાં ગયાં. લગ્ન સારી રીતે થઈ ગયાં. પછી ગાડામાં પાછા ફરવાનું હતું. ડોશીમાએ તેમના સ્વભાવ પ્રમાણે કોઈ ન જાણે તેમ છાશનાં કુલડાં ચોરીને ગાડામાં સંતાડી દીધાં.

ગાડું ચાલ્યું ને થોડી વાર થઈ, ત્યાં છલક-છલક થવા માંડ્યું. ત્યારે દીકરાએ પૂછ્યું, 'મા, આ શું છલકે છે ?' ડોશી બોલી, 'કાંઈ નહિ દીકરા, એ તો મારાં લખ્ખણ છલકે છે.' સ્વભાવ પડ્યા તેથી લખ્ખણ ઝળકાવ્યા વગર રહેવાય નહિ.

* દલપતરામે કહ્યું છે,

'મરતાં સુધી મટે નહીં, પડી ટેવ પ્રખ્યાત;
ફાટે પણ ફીટે નહીં, પડી પટોળે ભાત.'

એકવાર પટોળે(કાપડ પર) ભાત(છાપ) પાડવામાં આવે પછી કાપડ ફાટે ત્યારે જ જાય, એને ઘસવાથી જાય નહીં. તેમ પ્રકૃતિ ટાળવી પણ અઘરી પડે છે.

* મોટા મોટા ઋષિઓ, દેવો પણ કામ, ક્રોધ, લોભ જેવા સ્વભાવને વશ વર્ત્યા છે, તે પુરાણપ્રસિદ્ધ વાતો છે. તેઓને ખ્યાલ તો હતો કે આ ખોટું થાય છે, પણ સ્વભાવનું પૂર એવું છે કે તેમાં તણાઈ જવાય.
* સન ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં બેંગ્લોર સત્સંગ મંડળે પાથેય પર્વનું આયોજન કર્યું હતું. અહીં સ્વામીબાપાએ સતત દોઢ કલાક ગઢડા પ્રથમ-૬૦ના વચનામૃત આધારિત વાસના ટાળી એકાંતિક થવાની વાતો કરી હતી. પરંતુ આ કથા બાદ એક આધેડ વયના મુરબ્બી પ્રમુખસ્વામી મહારાજ પાસે આવી બોલ્યા, 'સ્વામી! મારે લગ્ન કરવાં છે.' સ્વામીબાપા કહે, 'દોઢ કલાક વાસના છોડવાની વાત કરી. તમે તે વાત પર પાણી ફેરવ્યું.'

સ્વભાવ-પ્રકૃતિની એવી પ્રબળતા છે કે સામાન્ય વ્યક્તિ તેનો ત્યાગ કરી શકતી નથી.

* ગુણાતીતાનંદ સ્વામીએ ૪/૧૮મી વાતમાં કહ્યું, 'કામ, ક્રોધ આદિક જે શત્રુ છે તે જીવથી જિતાય એવા નથી.'
* આ છે પ્રકૃતિની પ્રબળતા! લોકમાં એવું કહેવાય છે કે, 'પ્રાણ અને પ્રકૃતિ સાથે આવે ને સાથે જાય' અર્થાત્ પ્રકૃતિ ટાળવી અશક્ય છે. પરંતુ શ્રીજીમહારાજના મતે પ્રકૃતિ ટાળવી કઠણ છે, અશક્ય નથી. તેથી મહારાજ આ વચનામૃતમાં પ્રકૃતિ ટાળવાનો ઉપાય દર્શાવે છે.
* જીવ સ્વાભાવિક રીતે તો શુદ્ધ છે. સ્વભાવ તો તેનું વળગણ છે. માટે તે ટળી શકે છે. એવો એક પણ સ્વભાવ નથી કે જેનો નાશ થઈ ન શકે. તે નાશ પમાડવાનો ઉપાય અહીં શ્રીજીમહારાજ કહે છે : કલ્યાણનો સ્વાર્થ.

● સંસારમાં સ્વાર્થ હોય તો પ્રકૃતિ ટાળી શકાય છે :

* સુરત-વાપી-વલસાડથી લોકો મુંબઈ નોકરી કરવા માટે જાય છે. તેના માટે સવારે વહેલા ઊઠવું પડે. ઘણાને મોડા ઊઠવાની ટેવ હોય પરંતુ પૈસાનો સ્વાર્થ હોય એટલે મોડા ઊઠવાની પ્રકૃતિ બદલાઈ જાય. વ્યક્તિને પૈસાનો સ્વાર્થ

છે તો ચાર વાગ્યે ઊઠી જાય અને સ્વાર્થ વિના આરતીમાં સાત વાગ્યે પણ ન આવે. માણસને નોકરીમાં ગમે ત્યાં બદલી થાય તોય જવું પડે છે. કારણ, પૈસાનો સ્વાર્થ.

◎ એકવાર એક પતિ-પત્નીને ઝઘડો થયો. પત્નીએ લાફો માર્યો. પાડોશીએ પુરુષનો પક્ષ લીધો. પતિ કહે : 'રહેવા દ્યો. પહેલાં મારી જીભ હલી પછી એનો હાથ હાલ્યો ને !' પુરુષ સ્વાર્થ ખાતર ગમ ખાઈ ગયો.

◎ દુર્વાસા કોઈનું સહેજ પણ હીણું વચન કે અવહેલના ખમે નહીં તેવી ક્રોધી પ્રકૃતિના હતા. પણ તેમનું મન કદલી નામની સ્ત્રીમાં લાગ્યું. તેની સાથે રહેવાનું મન થયું. કદલી પાસે પ્રસ્તાવ મૂક્યો. કદલી કહે, 'મારે રોજ સો ગાળ આપવાની ટેવ છે.' દુર્વાસાએ કબૂલ કર્યું. કદલી સાથે રહેવાનો સ્વાર્થ હતો તો સો ગાળો રોજ હસતાં હસતાં સહન કરી લેતા.

આ રીતે સત્સંગમાં જો કલ્યાણનો સ્વાર્થ મનાય તો સ્વભાવ ટળે.

● **સત્સંગમાં કલ્યાણનો સ્વાર્થ હોય તો કોઈ પ્રકૃતિ આડી આવે નહીં :**

✻ દાદાખાચરને શ્રીજીમહારાજ પાસે કલ્યાણનો સ્વાર્થ મનાયો હતો, તો મહારાજે કહ્યું તેમ પોતાની પ્રકૃતિ બદલી.

એકવાર શ્રીજીમહારાજે દાદાખાચરને કહ્યું, 'દાદા ! આ ગરાસ તારી બહેનોને લખી દે.' દાદાખાચરે તેમ કરી દીધું. પછી મહારાજ કહે, 'હવે અહીં તારે રહેવાનો હક ન કહેવાય. રહેવું હોય તો નોકર થઈને રહે.' દાદાખાચર તેમ કરવા પણ તૈયાર થઈ ગયા. થોડીવારે મહારાજે જીવુબા-લાડુબાને બોલાવીને કહ્યું, 'તમે આ દરબારનો કારભાર કેવી રીતે ચલાવશો ? માટે દરબાર દાદાને સોંપી દ્યો.' એમ કહી દરબાર દાદાને સોંપી દીધો.

આમ, કઠપૂતળીની જેમ દાદાખાચર નાચ્યા. ત્યારે મહારાજે કહ્યું, 'આ દાદાખાચરે અમને ન ગમે તેવો એકેય સ્વભાવ રાખ્યો નથી.'

✻ જેમ પાકેલું ફળ ઝાડ પરથી આપમેળે ખરી પડે છે, તેમ જેને સંત થકી કલ્યાણનો સ્વાર્થ મનાયો હોય તેની પ્રકૃતિ પણ સહજતાથી ખરી પડે છે.

✻ સેલવાસના લારકુભાઈ સત્સંગ થયા પહેલાં ચોરી સિવાય કશો જ ધંધો કરતા ન હતા, પરંતુ સત્સંગના યોગમાં આવ્યા અને જીવનમાં આમૂલ પરિવર્તન થઈ ગયું.

એકવાર એમને ૧૨૦૦/- રૂપિયા મળ્યા. તપાસ કરતાં કરતાં તેઓ મૂળ માલિક પાસે પહોંચ્યા. આ માલિકે પોતાની દીકરીનાં લગ્નની વસ્તુ ખરીદવા માટે આ પૈસા રાખ્યા હતા. પાછા મળેલા પૈસા જોઈને તેઓ લારકુભાઈને કહે, 'આજે તો મારે તમને બક્ષિસ આપવી છે.'

'અમારે કોઈ બક્ષિસ લેવાની ન હોય. આ તો અમારી ફરજ છે.' લારકુભાઈએ નમ્રતાથી કહ્યું. એટલે પેલા ભાઈએ કહ્યું કે 'આજે તો તમને બારમાં લઈ જઈને દારૂની પાર્ટી આપવી છે. તમારી પ્રામાણિકતા માટે.'

લારકુભાઈ, 'એ તો નહીં જ બને.'

તે કહે, 'કેમ ? હું મારા તરફથી પિવડાવું છું.'

લારકુભાઈ કહે, 'કોઈના પણ તરફથી હોય. મારે તો પ્રમુખસ્વામી મહારાજનો આપેલો નિયમ છે એટલે દારૂ ક્યારનોય છોડી દીધો છે.'

પેલા ભાઈએ હસતાં હસતાં કહ્યું, 'ભાઈ ! આ ઉંમર છે, ખાઈ-પી લે, મોજ કરી લે, પછી ક્યાં કંઈ મળવાનું છે ?'

લારકુભાઈએ કહ્યું, 'આ મનુષ્યદેહ વડે આત્માનું કલ્યાણ કરવું એ એક જ ધ્યેય છે. બાકી ખાવા-પીવાનું તો ચોર્યાસી લાખ યોનિમાં બધે જ હતું.'

આમ, હિંસક, પાશવી, દુરાચારી, અનીતિ ભરેલી પ્રકૃતિ પણ એક કલ્યાણ-મોક્ષનો

સ્વાર્થ હોય તો સાપ જેમ કાંચળી ઉતારે તેમ સરળતાથી ટળી જાય છે. તો સામાન્ય જણાતી ખાવા-પીવાની, જોવાની-બોલવાની... પ્રકૃતિઓ કઈ વિસાતમાં ?

❋ આપણને સમજાયું છે કે જીવવા માટે અન્ન, પાણી અને હવા અનિવાર્ય છે. તો ગમે તેવું થાય તોય આ ત્રણ પર રીસ કરી કોઈ તેનો ત્યાગ કરતું નથી. તેમ ભગવાન અને સંત કલ્યાણ માટે અનિવાર્ય છે, તે સમજાયું હોય તો સત્સંગમાં ગમે તેવા પ્રસંગો બને ત્યારે સ્વભાવનો ત્યાગ કરે પણ સત્સંગનો ત્યાગ ન કરે.

❋ શિવલાલ શેઠને આત્માનંદ સ્વામીએ ભરસભામાં ટોક્યા, 'આ હાડકું કોણ ચાવે છે ?' શિવલાલ શેઠને કલ્યાણનો સ્વાર્થ હતો, તો ખોટું ન લાગ્યું અને સોપારી થૂંકી આવ્યા. નિયમ લીધો કે 'હવેથી સોપારી ખાય તે હરામ.' વ્યસનની સાથે માન મૂકી શકાયું, કારણ કે કલ્યાણનો સ્વાર્થ.

બીજી બાજુ, ગોખરવાળાના હરખા પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ માત્ર 'પટેલ ! પગ ધોઈને આવો.' તેમ કહ્યું, એટલામાં ખોટું લાગી ગયું અને સત્સંગ મૂકી દીધો.

જો કલ્યાણનો સ્વાર્થ નહોતો તો પ્રકૃતિ તજી ન શક્યા.

◎ અમદાવાદના પીતાંબર શેઠ હતા. તેઓ સુરતમાં નોકરી કરે. ખૂબ રંગીલું જીવન. સારાં સારાં કપડાં પહેરવાં, તેમાં અત્તર-ફૂલેલ નાંખવાં, વાળની પણ સારી શોભા કર્યા કરવી, રોજનાં પચીસ પાન ખાવાં વગેરે અનેક રજોગુણી પ્રકૃતિ, પણ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શનથી તેઓને સ્વામીમાં આકર્ષણ થયું અને સ્વામી થકી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગી. આ વાત તેઓએ સ્વામીને કહી ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'આ તારો વેશ્યાના જેવો વેશ અને રજોગુણની મૂર્તિ છે, તે સમાગમ શી રીતે કરીશ ?' પણ પીતાંબરને સ્વામી થકી કલ્યાણની વાત સમજાઈ ગયેલી. તેથી એક ઝાટકે તેઓએ રજોગુણ કાઢી નાંખ્યો અને વિજ્ઞાનદાસ નામે સાધુ બની ગયા. એકધારી સેવા-કથા કરી સ્વામીને રાજી કરી લીધા.

આમ, ગમે તેવી જીવ સાથે જડાયેલી પ્રકૃતિ હોય, પણ કલ્યાણનો સ્વાર્થ મનાય, તો તેનો ત્યાગ થઈ જાય પણ સત્સંગનો ત્યાગ ન થાય.

❋ હરિલીલામૃતમાં કહ્યું છે,

જ્યાં ખાસડાં સંત તણાં પડે છે,
ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ,
કલ્યાણની જો ઉર હોય આશ.

❋ આમ, શ્રીજીમહારાજ સમજાવે છે કે સુખિયા થવા માટે પ્રકૃતિ ટાળવી અનિવાર્ય છે. અને પ્રાણ સાથે જોડાયેલી પ્રકૃતિ પણ કલ્યાણના સ્વાર્થની ભાવના હોય તો ટળી જાય છે.

● **ભગવાનને આપણા પર હેત થવાનું કારણ :**

❋ ભગવાન અને સંત પોતાના ભક્તની પ્રકૃતિ ટાળવા હંમેશાં તત્પર રહે છે. અને તેને માટે કઠણ વચનના ડંખ પણ મારતા હોય છે. આવા કઠણ વચનના ડંખને હસતા મોઢે જે ભક્ત સહન કરે અને સત્સંગમાંથી તેનો પગ સહેજ પણ પાછો ન પડે, તેના ઉપર ભગવાન અને સંતને અત્યંત પ્રેમ થાય છે.

◎ મિલા-રેપા નામે તિબેટમાં એક યોગીપુરુષ થઈ ગયા. તેમણે યોગવિદ્યા સંપાદન કરવા એક ગુરુ શોધી કાઢ્યા.

એકવાર તેમના ગુરુ મારપાએ મિલા-રેપાને કહ્યું, 'મારા દીકરા માટે ગોળ પૂર્વાભિમુખ મકાન બાંધી આપ. એમાં બીજા કોઈની મદદ તારે લેવાની નહીં. લાકડાં કાપવાં, ઘડવાં, જડવાં બધું જ તારે કરવાનું.'

મિલા-રેપા તો મકાન બાંધવા મંડી પડ્યો. અડધું મકાન થયું ત્યારે ગુરુએ કહ્યું, 'છી ! આવું ગોળ મકાન નહીં ચાલે. એ પાડી નાખ.

એક-એક પથરો પાછો હતો ત્યાં મૂકી આવ.' મિલા-રેપાએ મૂંગા મૂંગા એમ કર્યું. પછી ગુરુએ બીજી જગ્યાએ બીજના ચંદ્રના આકારનું મકાન બાંધવા કહ્યું. તે મકાન મિલા-રેપાએ અડધું જેવું બાંધ્યું હશે, ત્યાં ગુરુ કહે, 'કેવું ખરાબ લાગે છે ? તોડી નાંખ.' મિલા-રેપાએ તોડી નાંખ્યું. ગુરુએ ત્રીજી જગ્યાએ નવ માળનું મકાન બાંધવા કહ્યું. તેણે અડધું મકાન બાંધ્યું ત્યારે ગુરુ કહે, 'આની બાજુમાં બાર થાંભલાનું બીજું મકાન બનાવી કાઢ.' મિલા-રેપાને જ્ઞાનપિપાસા હતી, તેથી જોતજોતાંમાં નવું મકાન પૂરું કરી તેણે ગુરુને વિનંતી કરી, 'મને હવે જ્ઞાનદીક્ષા આપો.' ત્યારે ગુરુએ એને માથાના વાળ પકડીને ખેંચ્યો ને લાત મારી કહ્યું, 'ભારતની પવિત્ર વિદ્યા મફતમાં લેવી છે કેમ ?'

કેવળ યોગવિદ્યા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી મિલા-રેપાએ ગુરુની આવી આકરી કસણી ખમી. તેના આવા ઉત્કૃષ્ટ ખપથી રાજી થઈને પોતાના શિષ્યમંડળ સમક્ષ મિલા-રેપાની મુમુક્ષુતા વિશે વાત કરતાં ગુરુ બોલ્યા, 'મેં એને શુદ્ધ કાંચન જેવો બનાવવા આ મકાનો બાંધવા માટે કહ્યું હતું. મારે એનાં પાપ ધોઈ કાઢવાં હતાં, તેથી મેં એની આવી આકરી પરીક્ષા કરી. હવે એનાં પાપ ધોવાઈ ગયાં છે. તે મારો સાચો શિષ્ય છે.'

બેસ કહે તો બેસવું, ઉઠચ કહે તો ઉઠવું વળી,
ચાલ્ય કહે તો ચાલવું, સુણી વચનને જાવું મળી,
બોલ્ય કહે તો બોલવું, રહે મુન્ચ કહે તો રે'વું મુન્ચ,
આગન્યાથી ઉપરાંત બીજું, જાણવું નહિ પાપ પુણ્ય.
(સારસિદ્ધિ : ૨૮/૪)

મિલા-રેપાને જો ગુરુવચનમાં વર્તવાનો દૃઢ નિરધાર હતો, તો પોતાની શારીરિક કે માનસિક કોઈ પ્રકૃતિ તેને આડી આવી નહીં, અને તેને પરિણામે ગુરુનો રાજીપો થયો.

❊ જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં હરિદર્શનાનંદ બ્રહ્મચારી નામે એક વૈદ્ય હતા. તેમની કંઈક વિચિત્ર પ્રકૃતિ હોવાથી એક દિવસે ગુણાતીતાનંદ સ્વામીએ તેમને ખૂબ ઠપકો આપ્યો. ગુણાતીતાનંદ સ્વામીને ગુસ્સો કરવાની કે ઠપકો આપવાની પ્રકૃતિ નહીં. પોતાનો દ્રોહ કરનારને પણ સ્વામીએ જીવનભર નભાવ્યા હતા. પણ એ દિવસ હરિદર્શનાનંદ બ્રહ્મચારી પર ખૂબ ગુસ્સે થયા. દૃશ્ય જોનારાઓને લાગ્યું કે, 'આવતીકાલે આ બ્રહ્મચારી મંદિરમાં રહેશે નહીં. નીકળી જશે.' પણ જેવો ગુણાતીતાનંદ સ્વામીએ ઠપકો આપવો પૂરો કર્યો, બ્રહ્મચારી તો સ્વામીના ચરણોમાં પડી ગયા. તેમણે કહ્યું, 'સ્વામી, તમે કહ્યું તેનાથી હું વધુ ખરાબ છું, પણ તમારો છું. મને તમે સાચવજો, જાળવજો.'

બ્રહ્મચારીની ભાવના જોઈ સ્વામી રાજી થયા. તેમને ભેટી પડ્યા. બ્રહ્મચારીએ જીવનપર્યંત મંદિરમાં સેવા કરી.

વાંક હોય અથવા ન હોય, અને ગુરુ અપમાન કરે, છતાં જેનો પગ પાછો ન પડે તેના પર ગુરુના રાજીપાનો કળશ ઢળે છે.

જો આવી મુમુક્ષુતા ન હોય તો આનું હજારમા ભાગ જેટલું કષ્ટ પડે તેમાં ઘરભેગા થઈ જાય.

❊ શ્રીજીમહારાજે એકવાર જિજ્ઞાસાનંદ સ્વામીને ચીટિયો ભર્યો... બસ, આટલામાં તો જિજ્ઞાસાનંદ સ્વામીને ખોટું લાગ્યું. ત્યાગાશ્રમ છોડી ઘરભેગા થઈ ગયા. મહારાજ બોલ્યા કે, 'નાનો હશે ત્યારે એની માતાએ ચીટિયો નહીં ભર્યો હોય ?'

❊ જો વ્યક્તિને કલ્યાણ કે મોક્ષની ગરજ હોય તો એને કેવી સમજણ હોય ? જેમ ડોક્ટર કડવી દવા પાય કે ઈન્જેક્શન આપે ત્યારે દર્દીને દુઃખ તો થાય છે પણ ડોક્ટર પર ધોખો થતો નથી, કારણ કે દર્દીને ખ્યાલ છે કે આ મને દુખવે છે તે મારા સારા માટે છે. તેમ સંત પણ કટુ વચન કહે તે મુમુક્ષુના હિત માટે જ હોય છે.

* નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે,

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચરૂપ
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ.

સંત તેઓના જેવા સુખિયા કરવા આપણને કઠણ વચન કહે છે તેમ સમજે, તેનાથી તે વચનો સહન થાય અને તો તે ભક્ત ભગવાનનો પ્રીતિપાત્ર બને.

* યોગીજી મહારાજે યોગીગીતામાં કહ્યું છે, 'હે શાસ્ત્રીજી મહારાજ ! તમારી કસણીમાં હંમેશાં રહેવાય, એવું બળ આપજો.'
* દાદાખાચરે મહારાજને ન ગમે તેવી એકેય પ્રકૃતિ ન રાખી તો મહારાજ બોલ્યા, 'હું ગઢડાનો ને ગઢડું મારું, એ કદી નથી મટનારું.'

દાદાખાચર અને પરિવારે ભગવાનની કસણી સહન કરી, તો ભગવાન તેમને વશ થઈ ગયા અને અનેક વર્ષો સુધી તેમના ઘરે નિવાસ કર્યો. તેમ આપણા ઉપર ભગવાનને હેત થાય એવું ઈચ્છતા હોઈએ તો ગુરુહરિ મહંત સ્વામી મહારાજ તો ટોકશે-વઢશે નહીં; પરંતુ કોઈના દ્વારા આ પ્રક્રિયા થાય અને છતાં સત્સંગમાંથી આપણો પગ પાછો ન પડે તો મહંતસ્વામી મહારાજને આપણા ઉપર હેત થશે. એવી રીતે વર્તવાનું બળ મળે તે પ્રાર્થના.

❀ ❀ ❀

૩. વચનામૃત : ગઢડા અંત્ય-૨૪ : સોળ સાધનનું - જ્ઞાનાંશના વૈરાગ્યનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૨૪મું - સોળ સાધનનું - જ્ઞાનાંશના વૈરાગ્યનું સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના આસો સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, 'પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. જેમ દાદા ખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે, તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી; તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે. તથા ભયે કરીને પણ ટળે છે પણ તે અતિશય નથી ટળતી. કેમ જે, જ્યારે કોઈ માણસ હોય ત્યારે તેનો ભય રાખે ને માણસ ન હોય તો ન રાખે; જેમ રાજાને ભયે કરીને ચોર પ્રકૃતિનો ત્યાગ કરે છે. **અને જેનો જે સ્વભાવ હોય તેની ઉપર વારંવાર અમે કઠણ વચનના ડંક માર્યા હોય ને કચવાવ્યો હોય તોપણ જે કોઈ રીતે પાછો ન પડ્યો હોય, તે ઉપર તો અમારે એવું હેત રહે છે તે જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના તે હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી.'**

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૨૪મું વચનામૃત થયું.

- **પ્રકૃતિથી દુઃખ :**

❋ એક મહાન શિલ્પી હતો. એણે ઘડેલી પ્રતિમાઓ હંમેશાં જીવંત લાગતી. તેનો મૃત્યુનો સમય નજીક આવ્યો. એટલે તેણે યમના દૂતોને છેતરવાનો નિર્ણય કર્યો. તેણે આબેહૂબ પોતાના જેવી જ સાત મૂર્તિઓ કંડારીને એમને સુવાડીને બાજુમાં પોતે સૂઈ ગયો. યમના દૂતો શિલ્પીના આત્માને લેવા આવ્યા ત્યારે એકના બદલે એક સરખા આઠ શિલ્પીને જોઈ ભારે વિમાસણમાં પડી ગયા. બહુ ઝીણવટથી નિરીક્ષણ કરવા છતાં સાચો શિલ્પી ઓળખાયો નહિ, એટલે દૂતો યમરાજા પાસે પાછા ગયા અને એમની સમક્ષ પોતાની મૂંઝવણ વ્યક્ત કરી. યમરાજાએ તેમને એક યુક્તિ બતાવી. દૂતો ખુશ ખુશ થતાં પાછા શિલ્પીના ઘેર આવ્યા. આઠે શિલ્પીઓની આસપાસ ફરતાં ફરતાં મુખ્ય દૂતે મોટેથી કહ્યું : 'શિલ્પીએ કારીગરી તો સારી કરી છે, પણ માત્ર એક જ ભૂલ રહી ગઈ છે.' શિલ્પી બોલ્યો : 'ના હોય, મારી ભૂલ હોય કદી ? ક્યાં છે બતાવો ?' એમ કહીને શિલ્પી ઊભો થઈ ગયો. દૂતોએ કહ્યું : 'આજ તારી ભૂલ.' અને એના આત્માને ખેંચીને લઈ ગયા.

❋ માણસ માત્ર સુખી થવા ઇચ્છે છે, પણ સુખી નથી થઈ શકતો. તેનું કારણ છે, પ્રકૃતિ, સ્વભાવ....

– શિલ્પીએ પોતાની અહંમૂલક પ્રકૃતિથી પોતાના મોતને નોતર્યું.

– રાવણના કામના સ્વભાવથી રામાયણ થયું.

– દુર્યોધનના લોભથી મહાભારત સર્જાયું.

– દક્ષના માનથી તેનું જ મુખ બકરાનું થયું અને પાર્વતીને યજ્ઞમાં બળી મરવું પડ્યું.

– હિટલરના અહંકારથી બીજા વિશ્વયુદ્ધમાં કરોડોનો સંહાર થયો.

– લવિયા દરજીને સ્વાદથી કુટુંબમાં ક્લેશ ઊભો થયો.

– ઈર્ષ્યાને કારણે નવ યોગેશ્વરમાંના પ્રબુદ્ધ નામના યોગેશ્વરે સારી કથા કરી, તેથી બાકીના આઠ ઝાંખા પડી ગયા. એટલે સૌ પ્રબુદ્ધને મારવા તૈયાર થઈ ગયેલા.

❊ આમ, પ્રકૃતિ-સ્વભાવથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. દુઃખ ઊભાં થાય છે. પરમાત્માએ તો આ જગતમાં માત્ર સુખનું જ સર્જન કર્યું છે. દુઃખ એ તો માણસની પોતાની પેદાશ છે.

❊ અરે ! મનુષ્યની જેમ પ્રાણીઓ પણ પ્રકૃતિના ફંદામાંથી બચ્યા નથી.

❊ વરતાલમાં એક પાર્ષદે પાડાને કોઈક પ્રસંગે સારી પેઠે મારેલો. પછી પાડો આ પાર્ષદને જ્યાં જુએ ત્યાં તેની પાછળ પડે. કાળાંતરે તે પાર્ષદનું અવસાન થયું ને અગ્નિસંસ્કાર પણ થઈ ગયો. ત્યારે પેલો પાડો સ્મશાનમાં ગયો ને પાર્ષદના પાર્થિવ શરીરની રાખમાં માથું ભરાવી ઉડાડવા માંડ્યો. પાર્ષદના મરતાં સુધી નહીં, પણ મરી ગયા પછીયે પાડાની રીસ પાર્ષદ ઉપરથી ન ગઈ.

❊ એટલે પ્રકૃતિ ને પ્રશ્ન, પ્રકૃતિ ને પીડા, પ્રકૃતિ ને પાપ તે સિક્કાની બે બાજુ છે.

● **સ્વભાવ-પ્રકૃતિ આપણને સત્સંગમાં પણ અનેક રીતે વિઘ્નરૂપ છે :**

૧) નાસ્તિકપણું આવે :

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૮માં** શ્રીજીમહારાજ કહે છે : 'કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે. કેમ જે, એ માંયેલો એક પણ સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહીં.' આમ, સ્વભાવથી નાસ્તિકપણું આવે છે.

❊ નાસ્તિકપણું એટલે ભગવાન અને સંતના વચનમાં વિશ્વાસ ન આવે...

❊ જૂનાગઢમાં અમરશી પાળો દરવાની હતો. ગુણાતીતાનંદ સ્વામી સભામાં પોતાના અક્ષરપણાના મહિમાની વાતો કરે, ત્યારે જલા ભગત નામે એક હરિભક્ત અમરશી પાળાને પૂછવા જાય કે 'અક્ષરના એક-એક રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે, એવી મહિમાની સ્વામી વાત કરે છે, તેનું શું સમજવું ?' ત્યારે અમરશી પાળો કહે : 'એ તો સ્વામી મોટા અને એમનાં ગપ્પાં પણ મોટાં.' અને જલા ભગતને અમરશી પાળાની વાત મનાઈ જાય.

ભગવાન અને સંતને એક સાચા બોલા વ્યક્તિ સરખા પણ ન સમજે તે નાસ્તિકભાવ.

૨) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે :

❊ શ્રીજીમહારાજના ભક્તમંડળમાં એક નરસી દવે નિષ્ઠાવાળા અને નિયમ-ધર્મવાળા હતા. તેઓ તેમના ભાઈ સાથે સંયુક્ત પરિવારમાં રહે. રૂકમાઈબાઈ તેમનાં ભાભી થાય. થોડા વખતમાં નરસી દવેના ભાઈ ધામમાં ગયા. રૂકમાઈબાઈએ પોતાના ભાગની સંપત્તિ આપી દેવા નરસી દવેને વિનંતી કરી. નરસી દવેએ તે આપવાની આનાકાની કરી. રૂકમાઈબાઈએ મહારાજને વિનંતી કરી. મહારાજ કહે : 'આ સંપત્તિ ધર્મમાં વાપરો ને બ્રાહ્મણો જમાડો તો અપાવીએ.' રૂકમાઈબાઈ તો મહારાજ કહે તેમ કરવા તૈયાર જ હતાં.

મહારાજે બીજે દિવસે બ્રાહ્મણોની ચોરાશી કરી. એક દિવસ, બે દિવસ, પાંચ દિવસ... પછી તો બ્રાહ્મણો રાંધી-રાંધીને થાક્યા. મહારાજે ચોરાશી બંધ કરાવી. કાચું સીધું બધું જ નરસી દવેને ત્યાંથી લાવ્યા હતા. નરસી દવેએ મહારાજ પાસે પૈસા માંગ્યા. મહારાજે સભામાં નરસી દવેની જય બોલાવી. નરસી દવે કહે : 'મહારાજ ! મારી કેમ જય બોલાવી ? જે વ્યક્તિએ આ ચોરાશીનો ખર્ચો આપ્યો હોય તેની જય બોલાવાય.' ત્યારે મહારાજ કહે : 'તમારા મોટાભાઈની સંપત્તિ રૂકમાઈબાઈએ અમને અર્પણ

કરી છે. તેમાંથી આ રસોઈ બનાવી છે. તમને ન ગમતું હોય તો રૂકમાઈબાઈની જય બોલાવીએ.'

નરસી દવેની લોભી પ્રકૃતિ હતી એટલે આ પ્રસંગ પછી નરસી દવેને મહારાજનો એટલો અવગુણ આવ્યો કે કદી મહારાજની સામું જ ન જોતા. તેમના દીકરાને સમાધિ થતી તેવી સ્થિતિવાળો હતો, પણ મરતી વખતે દીકરાને છેલ્લી શીખ આપતાં કહેલું : 'કદી મહારાજનો વિશ્વાસ ન કરીશ.'

3) સંતો-ભક્તોનો પણ અવગુણ આવે :

✻ દાદા ખાચરના પસાયતાને બૂઢા ધાધલ સાથે સહેજ બોલવાનું થયું, તેના પરિણામે બૂઢા ધાધલને દાદા ખાચરનો તો અવગુણ આવ્યો, પણ મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુ સંત પણ એમાંથી બાકી ન રહ્યા.

✻ એક ચિંતકે કહ્યું છે : 'The happiness & misery of men depend no less on temper than fortune.'

મનુષ્યનાં સુખ-દુઃખ તેના નસીબ જેટલા જ તેના સ્વભાવ ઉપર આધારિત છે.

✻ આમ, સત્સંગમાં કે સમાજમાં સ્વભાવ-પ્રકૃતિને કારણે કોઈને ક્યારેય સુખ થતું નથી. માટે સર્વ રીતે સુખિયા થવા સ્વભાવ-પ્રકૃતિ ટાળ્યા સિવાય છૂટકો નથી.

● **સ્વભાવ ટાળવા મુશ્કેલ :**

✻ સંસ્કૃતમાં કહ્યું છે :

સર્વાન્ ગુણાન્ અતીત્ય સ્વભાવો મૂર્ધ્નિ વર્તતે ।
શ્વા યદિ ક્રિયતે રાજા કિં ન અશ્નાતિ ઉપાનહમ્ ॥

'કૂતરો રાજા બને તોય જોડા ચાવવાનું છોડે નહીં, તેમ બધા ગુણોને દાબીને સ્વભાવો સર્વાધિકપણે વર્તે છે.'

✻ એક ગામના દરબારનાં માતુશ્રીને જ્યાં જાય ત્યાં ચોરવાની ટેવ હતી. જ્યાં-ત્યાં લખણ ઝળકાવે. એક વખત કુંવરનાં લગ્નમાં સૌ જાનમાં જવા તૈયાર થયાં. દરબારે ડોશીમાને કહ્યું : 'તમે જાનમાં આવતાં નહિ.' ડોશીમાં કહે : 'ના, મારે તો આવવું પડે.' દરબારે કહ્યું : 'કાંઈ આઘુંપાછું કરતાં નહિ.' ડોશીએ હા પાડી.

બધાં ગાડામાં બેસી લગ્નમાં ગયાં. લગ્ન સારી રીતે થઈ ગયાં. પછી ગાડામાં પાછા ફરવાનું હતું. ડોશીમાએ તેમના સ્વભાવ પ્રમાણે કોઈ ન જાણે તેમ છાશનાં કુલડાં ચોરીને ગાડામાં સંતાડી દીધાં.

ગાડું ચાલ્યું ને થોડી વાર થઈ, ત્યાં છલક-છલક થવા માંડ્યું. દરબારે પૂછ્યું : 'મા, આ શું છલકે છે ?' ડોશી બોલી : 'કાંઈ નહિ દીકરા, એ તો મારા લખ્ખણ છલકે છે.' સ્વભાવ પડ્યા તેથી લખ્ખણ ઝળકાવ્યાં વગર રહેવાય નહિ.

✻ દલપતરામે સાચું જ કહ્યું છે :

શિલા શ્વાનની પૂંછડી સાથે સાંધી,
જુઓ જુક્તિથી જાળવી બહુ બંધ બાંધી;
કરી પાંસરી ત્યાં તો વાળી વાંકી વળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી;
અઢારે વળ્યાં ઊંટનાં અંગ વાંકાં,
કહો ઢાંકીએ તો રહે કેમ ઢાંક્યાં;
સૂએ ભૂતળે તો જુએ આભ ભાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.

કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે તેમ સ્વભાવ ટાળવા અઘરા છે.

✻ મોટા મોટા ઋષિઓ કે દેવો-ઈશ્વરો કામ, ક્રોધ, લોભ જેવા સ્વભાવને વશ વર્ત્યા છે, તે પુરાણપ્રસિદ્ધ વાતો છે. તેઓને ખ્યાલ તો હતો કે આ ખોટું થાય છે, પણ સ્વભાવનું પૂર એવું છે કે તેમાં તણાઈ જવાય.

✻ ફ્રાન્સનો ધાર્મિક નેતા રીચુલુ ૩ વખત પરણેલો. ૭૦ વર્ષે બાળક થયેલું. ૭૮ વર્ષે પણ રખાત રાખતો. ૮૪ વર્ષે ચોથી વાર પરણેલો છતાં ૯૨ વર્ષે લફરાબાજી મૂકી નહોતો શક્યો.

✻ આ છે પ્રકૃતિની પ્રબળતા ! કહે છે : 'પ્રાણ અને

પ્રકૃતિ સાથે આવે ને સાથે જાય.' પરંતુ આવી પ્રકૃતિ ટાળવાનો ઉપાય શ્રીજીમહારાજ અહીં બતાવે છે.

- **સ્વભાવ-પ્રકૃતિ ટાળવાનો ઉપાય :**

* પાણીનો સ્વાભાવિક ગુણ શીતળતા છે. તેથી ગમે તેટલું ઉકળેલું પાણી હોય, પણ સમય જતાં ઠંડું પડી જાય છે. તેમ જીવ સ્વાભાવિક રીતે તો શુદ્ધ છે. સ્વભાવ તો તેનું વળગણ છે. માટે તે ટળી શકે છે. એવો એક પણ સ્વભાવ નથી કે જેનો નાશ થઈ ન શકે. તે નાશ પમાડવાનો ઉપાય અહીં શ્રીજીમહારાજ કહે છે : **કલ્યાણનો સ્વાર્થ.**

- **સંસારમાં સ્વાર્થ હોય તો પ્રકૃતિ આડી આવતી નથી :**

* એક ભાઈ અમદાવાદથી સુરેન્દ્રનગર નોકરી કરવા માટે જાય. તેના માટે સવારે વહેલા ઊઠવું પડે. પૈસાનો સ્વાર્થ એટલે મોડા ઊઠવાની પ્રકૃતિ બદલાઈ ગઈ. વ્યક્તિને પૈસાનો સ્વાર્થ છે તો ચાર વાગે ઊઠી જાય અને સ્વાર્થ વિના આરતીમાં છ વાગે પણ ન આવે. માણસને નોકરીમાં ગમે ત્યાં બદલી થાય તોય જવું પડે છે. કારણ, પૈસાનો સ્વાર્થ.
* ઍરોપ્લેનમાં ગમે તેવા વિચિત્ર સ્વભાવવાળા મુસાફરો બેઠાં હોય છતાંય ઍરહૉસ્ટેસ સદાય હસતું જ મોઢું રાખે. શાંતિથી વાત કરે. રિસેપ્શનિસ્ટ પણ આવા જ હોય છે. તેઓને પૈસાનો સ્વાર્થ હોય છે તો ક્રોધ કરતા નથી.
* એક વાર એક પતિ-પત્નીને ઝઘડો થયો. પત્નીએ લાફો માર્યો. પાડોશીએ પુરુષનો પક્ષ લીધો. પતિ કહે : 'રહેવા દ્યો. પહેલાં મારી જીભ હલી પછી એનો હાથ હાલ્યો ને !' પુરુષ સ્વાર્થ ખાતર ગમ ખાઈ ગયો.
* દુર્વાસા કોઈનું સહેજ પણ હીણું વચન ખમે નહીં તેવા ક્રોધી હતા. છતાં સ્વાર્થ હતો તો પત્ની કદલીની સો ગાળો રોજ હસતાં હસતાં સહન કરી લેતા.

આ રીતે સત્સંગમાં જો કલ્યાણનો સ્વાર્થ મનાય તો સ્વભાવ ટળે.

- **સત્સંગમાં કલ્યાણનો સ્વાર્થ હોય તો કોઈ પ્રકૃતિ આડી આવે નહીં :**

* દાદા ખાચરને શ્રીજીમહારાજ પાસે કલ્યાણનો સ્વાર્થ મનાયો હતો, તો મહારાજે કહ્યું તેમ પોતાની પ્રકૃતિ બદલી.

એક વાર શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું : 'દાદા ! આ ગરાસ તારી બહેનોને લખી દે.' દાદા ખાચરે તેમ કરી દીધું. પછી મહારાજ કહે : 'હવે અહીં તારે રહેવાનો હક ન કહેવાય. રહેવું હોય તો નોકર થઈને રહે.' દાદા ખાચર તેમ કરવા પણ તૈયાર થઈ ગયા. થોડી વારે મહારાજે જીવુબા-લાડુબાને બોલાવીને કહ્યું : 'તમે આ દરબારનો કારભાર કેવી રીતે ચલાવશો ? માટે દરબાર દાદાને સોંપી દ્યો.' એમ કહી દરબાર દાદાને સોંપી દીધો.

આમ, કઠપૂતળીની જેમ દાદા ખાચર નાચ્યા. ત્યારે મહારાજે કહ્યું : 'આ દાદા ખાચરે અમને ન ગમે તેવો એકેય સ્વભાવ રાખ્યો નથી.'

* એક વાર ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન થયા હતા. એવામાં કાંઈક કોલાહલ થતો સંભળાયો. મહારાજે નાજા જોગિયાને પૂછ્યું : 'આ કોલાહલ શાનો છે ?' એટલે તેમણે કહ્યું : 'મહારાજ ! આજે દગડા ચોથ છે એટલે લોકરિવાજ પ્રમાણે કોઈ વિઘ્ન ન આવે તેથી લોકો બીજાનાં ખોરડાં ઉપર પથરા નાખે. સોમબા ફુઈના ખોરડાં ઉપર કોઈએ પથરા નાંખ્યા હશે તેથી સોમબા ફુઈ ગાળોનો વરસાદ વરસાવે છે.' 'સોમબા ફુઈ ગાળો બોલે છે ? આટલો આટલો અમારો ઉપદેશ સાંભળ્યા પછી પણ સોમબા ફુઈએ જાતિ સ્વભાવ મૂક્યો નહીં ?' મહારાજ આટલું બોલતા આકળા થઈ 'હવે અહીં રહેવું નથી.' એટલું કહી એકદમ ઉતાવળા ઉતાવળા બહાર નીકળી હરજી

ઠક્કરના ઘરે ચાલ્યા ગયા.

સોમબા ફુઈએ જ્યારે આ જાણ્યું એટલે તે દિલગીર થઈ મહારાજને મનાવવા ગયાં અને માફી માગી ત્યારે મહારાજે કહ્યું : 'તમારી વાણીનો દોષ સાંભળનારના અંતરમાં પાપનાં બીજ પ્રગટાવશે. અમારું કર્યું કારવ્યું બધું ધૂળમાં મળી જશે. અમે નહોતું જાણ્યું કે અમારા આટલા ઉપદેશ પછી પણ તમારા અંતરમાં અમારી વાણીનો પ્રભાવ પડ્યો નથી.' સોમબા ફુઈએ મહારાજને બીતાં બીતાં હાથ જોડી ધ્રૂજતાં સ્વરે કહ્યું : 'મહારાજ ! મારામાં એવો એક પણ ગુણ નથી કે આપની ભક્તિ કરી આપને રાજી કરી શકું ! આપ જો મારો ત્યાગ કરશો તો સૌના ધિક્કારને પાત્ર હું બની જઈશ. જીવવું આકરું થઈ પડશે. એક વખત ભૂલ થઈ, ફરી નહીં થાય. માટે મોઢે આવેલું અમૃત ઝૂંટવી ન લેશો. મહારાજ આપ કહેતા હો તો આ કાળમુખી જીભના હું કટકા કરી નાખીશ, મોઢું સીવી લઈશ.' સોમબા ફુઈનો પશ્ચાત્તાપ તથા મુમુક્ષુતા જોઈને શ્રીજીમહારાજ પીગળ્યા, દરબારમાં આવવા તૈયાર થયા.

આમ, જો કલ્યાણની ઇચ્છા હોય તો સ્વભાવ-પ્રકૃતિ છોડવામાં લેશ પ્રયાસ પડતો નથી.

* જેમ પાકેલું ફળ ઝાડ પરથી આપમેળે ખરી પડે છે, તેમ જેને સંત થકી કલ્યાણનો સ્વાર્થ મનાયો હોય તેની પ્રકૃતિ પણ સહજતાથી ખરી પડે છે.

* સેલવાસના લારકુભાઈ સત્સંગ થયા પહેલાં ચોરી સિવાય કશો જ ધંધો કરતા ન હતા, પરંતુ સત્સંગના યોગમાં આવ્યા અને જીવનમાં આમૂલ પરિવર્તન થઈ ગયું.

એક વાર એમને ૧૨૦૦/- રૂપિયા મળ્યા. તપાસ કરતાં કરતાં તેઓ મૂળ માલિક પાસે પહોંચ્યા. આ માલિકે પોતાની દીકરીનાં લગ્નની વસ્તુ ખરીદવા માટે આ પૈસા રાખ્યા હતા. પાછા મળેલા પૈસા જોઈને તેઓ લારકુભાઈને કહે : 'આજે તો મારે તમને બક્ષિસ આપવી છે.'

'અમારે કોઈ બક્ષિસ લેવાની ન હોય. આ તો અમારી ફરજ છે.' લારકુભાઈએ નમ્રતાથી કહ્યું. એટલે પેલા ભાઈએ કહ્યું કે 'આજે તો તમને બારમાં લઈ જઈને દારૂની પાર્ટી આપવી છે. તમારી પ્રામાણિકતા માટે.'

લારકુભાઈ : 'એ તો નહીં જ બને.'

તે કહે : 'કેમ ? હું મારા તરફથી પીવડાવું છું.'

લારકુભાઈ કહે : 'કોઈના પણ તરફથી હોય. મારે તો પ્રમુખસ્વામી મહારાજનો આપેલો નિયમ છે એટલે દારૂ ક્યારનોય છોડી દીધો છે.'

પેલા ભાઈએ હસતાં હસતાં કહ્યું : 'ભાઈ ! આ ઉંમર છે, ખાઈ-પી લે, મોજ કરી લે, પછી ક્યાં કંઈ મળવાનું છે ?'

લારકુભાઈએ કહ્યું : 'આ મનુષ્યદેહ વડે આત્માનું કલ્યાણ કરવું એ એક જ ધ્યેય છે. બાકી ખાવા-પીવાનું તો ચોર્યાસી લાખ યોનિમાં બધે જ હતું.'

આમ, હિંસક, પાશવી, દુરાચારી, અનીતિ ભરેલી પ્રકૃતિ પણ એક કલ્યાણ-મોક્ષનો સ્વાર્થ હોય તો સાપ જેમ કાંચળી ઉતારે તેમ સરળતાથી ટળી જાય છે. તો સામાન્ય જણાતી ખાવા-પીવાની, જોવાની-બોલવાની... પ્રકૃતિઓ કઈ વિસાતમાં ?

* આપણને સમજાયું છે કે જીવવા માટે અન્ન, પાણી અને હવા અનિવાર્ય છે. તો ગમે તેવું થાય તોય આ ત્રણ પર રીસ કરી કોઈ તેનો ત્યાગ કરતું નથી. તેમ ભગવાન અને સંત કલ્યાણ માટે અનિવાર્ય છે, તે સમજાયું હોય તો સત્સંગમાં ગમે તેવા પ્રસંગો બને ત્યારે સ્વભાવનો ત્યાગ કરે પણ સત્સંગનો ત્યાગ ન કરે.

* શિવલાલ શેઠને આત્માનંદ સ્વામીએ ભરસભામાં ટોક્યા : 'આ હાડકું કોણ ચાવે છે ?' શિવલાલ

શેઠને કલ્યાણનો સ્વાર્થ હતો, તો ખોટું ન લાગ્યું અને સોપારી થૂંકી આવ્યા. નિયમ લીધો કે 'હવેથી સોપારી ખાય તે હરામ.' માન મૂકી શકાયું, કારણ કે કલ્યાણનો સ્વાર્થ.

બીજી બાજુ ગોખરવાળાના હરખા પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ માત્ર 'પટેલ ! પગ ધોઈને આવો.' તેમ કહ્યું, એટલામાં ખોટું લાગી ગયું અને સત્સંગ મૂકી દીધો.

જો કલ્યાણનો સ્વાર્થ નહોતો તો પ્રકૃતિ તજી ન શક્યા.

✻ અમદાવાદના પીતાંબર શેઠ હતા. તેઓ સુરતમાં નોકરી કરે. ખૂબ રંગીલું જીવન. સારાં સારાં કપડાં પહેરવાં, તેમાં અત્તર-ફૂલેલ નાંખવા, વાળની પણ સારી શોભા કર્યા કરવી, રોજનાં પચીસ પાન ખાવાં વગેરે અનેક રજોગુણી પ્રકૃતિ, પણ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શનથી તેઓને સ્વામીમાં આકર્ષણ થયું અને સ્વામી થકી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગી. આ વાત તેઓએ સ્વામીને કહી ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'આ તારો વેશ્યાના જેવો વેશ અને રજોગુણની મૂર્તિ છે, તે સમાગમ શી રીતે કરીશ ?' પણ પીતાંબરને સ્વામી થકી કલ્યાણની વાત સમજાઈ ગયેલી. તેથી એક ઝાટકે તેઓએ રજોગુણ કાઢી નાંખ્યો અને વિજ્ઞાનદાસ નામે સાધુ બની ગયા. એકધારી સેવા-કથા કરી સ્વામીને રાજી કરી લીધા.

આમ, ગમે તેવી જીવ સાથે જડાયેલી પ્રકૃતિ પણ કલ્યાણનો સ્વાર્થ મનાય તો તેનો ત્યાગ થઈ જાય પણ સત્સંગનો ત્યાગ ન થાય.

✻ હરિલીલામૃતમાં કહ્યું છે :

જ્યાં ખાસડાં સંતતણા પડે છે,
ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ,
કલ્યાણની જો ઉર હોય આશ.

✻ આમ, શ્રીજીમહારાજ સમજાવે છે કે સુખિયા થવા માટે પ્રકૃતિ ટાળવી અનિવાર્ય છે. અને પ્રાણ સાથે જોડાયેલી પ્રકૃતિ પણ કલ્યાણના સ્વાર્થની ભાવના હોય તો ટળી જાય છે.

● **અહીં શ્રીજીમહારાજ ભગવાનને આપણામાં હેત થાય તેની બીજી વાત કરે છે. ગમે તેવું અપમાન ભગવાન કે સંત કરે તોપણ જે પાછો ન પડે તે પર ભગવાન ને સંતને હેત થાય છે.**

✻ મિલા-રેપા નામે તિબેટમાં એક યોગીપુરુષ થઈ ગયા. તેમણે યોગવિદ્યા સંપાદન કરવા એક ગુરુ શોધી કાઢ્યા.

એક વાર તેમના ગુરુ મારપાએ મિલા-રેપાને કહ્યું : 'મારા દીકરા માટે ગોળ પૂર્વાભિમુખ મકાન બાંધી આપ. એમાં બીજા કોઈની મદદ તારે લેવાની નહીં. લાકડાં કાપવાં, ઘડવાં, જડવાં બધું જ તારે કરવાનું.'

મિલા-રેપા તો મકાન બાંધવા મંડી પડ્યો. અડધું મકાન થયું ત્યારે ગુરુએ કહ્યું : 'છી ! આવું ગોળ મકાન નહીં ચાલે. એ પાડી નાખ. એક-એક પથરો પાછો હતો ત્યાં મૂકી આવ.' મિલા-રેપાએ મૂંગા મૂંગા એમ કર્યું. પછી ગુરુએ બીજી જગ્યાએ બીજના ચંદ્રના આકારનું મકાન બાંધવા કહ્યું. તે મકાન મિલા-રેપાએ અડધું જેવું બાંધ્યું હશે, ત્યાં ગુરુ કહે : 'કેવું ખરાબ લાગે છે ? તોડી નાંખ.' મિલા-રેપાએ તોડી નાંખ્યું. ગુરુએ ત્રીજી જગ્યાએ નવ માળનું મકાન બાંધવા કહ્યું. તેણે અડધું મકાન બાંધ્યું ત્યારે ગુરુ કહે : 'આની બાજુમાં બાર થાંભલાનું બીજું મકાન બનાવી કાઢ.' મિલા-રેપાને જ્ઞાનપિપાસા હતી, તેથી જોતજોતામાં નવું મકાન પૂરું કરી તેણે ગુરુને વિનંતી કરી : 'મને હવે જ્ઞાન દીક્ષા આપો.' ત્યારે ગુરુએ એને માથાના વાળ પકડીને ખેંચ્યો ને લાત મારી કહ્યું : 'ભારતની પવિત્ર વિદ્યા મફતમાં લેવી છે કેમ ?'

કેવળ યોગવિદ્યા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી મિલા-રેપાએ ગુરુની આવી આકરી કસણી ખમી. તેના આવા ઉત્કૃષ્ટ ખપથી રાજી થઈને પોતાના શિષ્યમંડળ સમક્ષ મિલા-રેપાની મુમુક્ષુતા વિશે વાત કરતાં ગુરુ બોલ્યા : 'મેં એને શુદ્ધ કાંચન જેવો બનાવવા આ મકાનો બાંધવા માટે કહ્યું હતું. મારે એનાં પાપ ધોઈ કાઢવા હતાં, તેથી મેં એની આવી આકરી પરીક્ષા કરી. હવે એનાં પાપ ધોવાઈ ગયાં છે. તે મારો સાચો શિષ્ય છે.'

બેસ કહે તો બેસવું, ઉઠ્ય કહે તો ઉઠવું વળી,
ચાલ્ય કહે તો ચાલવું, સુણી વચનને જાવું મળી,
બોલ્ય કહે તો બોલવું, રહે મુન્ય કહે તો રે'વું મુન્ય,
આગન્યાથી ઉપરાંત બીજું, જાણવું નહિ પાપ પુણ્ય.
(સારસિદ્ધિ : ૨૮/૪)

મિલા-રેપાને જો ગુરુવચનમાં વર્તવાનો દૃઢ નિરધાર હતો, તો પોતાની શારીરિક કે માનસિક કોઈ પ્રકૃતિ તેને આડી આવી નહીં, અને તેને પરિણામે ગુરુનો રાજીપો થયો. જો આવી મુમુક્ષુતા ન હોય તો આનું હજારમાં ભાગ જેટલું કષ્ટ પડે તેમાં ઘરભેગા થઈ જાય.

✻ શ્રીજીમહારાજે એક વાર જિજ્ઞાસાનંદ સ્વામીને ચીટિયો ભર્યો... બસ, આટલામાં તો જિજ્ઞાસાનંદ સ્વામીની વિકેટ પડી ગઈ. ત્યાગાશ્રમ છોડી ઘરભેગા થઈ ગયા. મહારાજ બોલ્યા કે, 'નાનો હશે ત્યારે એની માતાએ ચીટિયો નહીં ભર્યો હોય ?'

✻ જો વ્યક્તિને કલ્યાણ કે મોક્ષની ગરજ હોય તો એને કેવી સમજણ હોય ? જેમ ડૉક્ટર કડવી દવા પાય કે ઇન્જેક્શન આપે ત્યારે દર્દીને દુઃખ તો થાય છે પણ ડૉક્ટર પર ધોખો થતો નથી, કારણ કે દર્દીને ખ્યાલ છે કે આ મને દુઃખવે છે તે મારા સારા માટે છે. તેમ સંત પણ કટુ વચન કહે તે મુમુક્ષુના હિત માટે જ હોય છે.

✻ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે :

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચરૂપ
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ.

સંત તેઓના જેવા સુખિયા કરવા આપણને કઠણ વચન કહે છે તેમ સમજે તેનાથી તે વચનો સહન થાય અને તો તે ભક્ત ભગવાનનો પ્રીતિપાત્ર બને.

✻ બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે :

જૈસે હી હેમ હુતાશમેં ડારકે, ધોય વિકાર સોનાર તપાવે;
વ્યોતત જ્યું દરજી પટ ફારકે, કાષ્ઠકું બાઢ સુતાર બનાવે;
પાત્ર કુલાલ શિલાકર પાહન, લોહ લુહાર સુધારહિ લાવે;
યૂં શિષ્યકું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે.

સોની સોનાને ભઠ્ઠીમાં નાંખી શુદ્ધ કરે છે, દરજી કપડાંને વેતરી અને સુથાર લાકડાને વહેરી તેમાંથી સુંદર ખમીસ કે કલાકૃતિ બનાવે છે. કુંભાર માટીને ચાકડે ઘુમાવી કે લુહાર લોઢાને ટીપી તેમાંથી સુંદર વસ્તુઓ નિપજાવે છે, તેમ ભગવાન અને સંત પણ પોતાના આશ્રિતને કસીને તેને મુક્તકક્ષામાં પહોંચાડે છે. માટે તે કસણી શાંતિથી સહન કરવામાં આપણને લાભ જ થાય છે. તેથી યોગીજી મહારાજે કહ્યું છે : 'હે શાસ્ત્રીજી મહારાજ ! તમારી કસણીમાં હંમેશાં રહેવાય, એવું બળ આપજો.'

✻ દાદા ખાચરે મહારાજને ન ગમે તેવી એકેય પ્રકૃતિ ન રાખી તો મહારાજ બોલ્યા, 'હું ગઢડાનો ને ગઢડું મારું, એ કદી નથી મટનારું.'

બલિ રાજાએ ભગવાનની કસણી સહન કરી, તો ભગવાન તેને વશ થઈ ગયા અને તેના દરવાજે અખંડ ઊભા રહ્યા છે. તેમ આપણા ઉપર ભગવાનને હેત થાય એવું ઇચ્છતા હોઈએ તો ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને ન ગમે તેવો એકેય સ્વભાવ રાખવો નહીં.

૧૮. વચનામૃત : ગઢડા અંત્ય - ૨૬ : મન-ઇન્દ્રિયોને દાબીને વર્તે એવા સંતનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા અંત્ય પ્રકરણનું છવીસમું : મન-ઇન્દ્રિયોને દાબીને વર્તે એવા સંતનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય? તો ઇન્દ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી...'

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું છવીસમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવાના શુભ હેતુ સાથે આ લોકમાં પધાર્યા. તેમણે લાખો મુમુક્ષુઓને પોતાના આશ્રિત કરી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવ્યો અને તેમનું પરમ કલ્યાણ કર્યું. પોતાના સ્વધામગમન બાદ પણ આ કાર્ય ચાલુ રહે, તે માટે તેઓ પોતાની સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીત સંતને લઈ પધાર્યા હતા.

❊ શ્રીજીમહારાજના સમયમાં સંતો-ભક્તો મહારાજમાં એવા જોડાઈ ગયા હતા કે તેમના હૃદયમાં મહારાજ સિવાય કોઈ નહોતું. છતાં મહારાજે ગુણાતીત સંતનો ખૂબ મહિમા ગાયો છે. વચનામૃત, હરિચરિત્રામૃતસાગર વગેરે ગ્રંથો અને પરમહંસોનાં ભજન-કીર્તન વાંચીએ, સાંભળીએ ત્યારે આ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

● **સાંપ્રદાયિક ગ્રંથોમાં નોંધાયેલ સંતમહિમા :**

❊ હરિચરિત્રામૃતસાગર ગ્રંથ શ્રીજીમહારાજનાં ચરિત્રો-ઉપદેશવચનોનો ગ્રંથ છે. મુક્તાનંદ સ્વામીની અનેક નોંધના આધારે તેમના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીએ આ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથમાં સંતનો ખૂબ મહિમા લખાયો છે.

એકવાર શ્રીજીમહારાજ જેતલપુરના મહોલમાં બિરાજમાન હતા. અહીં સભામાં મહારાજે વાત કરી કે, **'મોક્ષદાતા સંત મળે છે ત્યારે તેમની સેવા મન, કર્મ, વચને કરે તો વ્યાવહારિક બુદ્ધિને પણ મોક્ષપરક બનાવી દે છે. ભગવાનને મળવાનું પ્રથમ દ્વાર સંત છે. (એવા) સંતના સમાગમ વિના કોઈ ભવપાર થઈ શકતું નથી.'**

❊ વચનામૃત ગ્રંથમાં શ્રીજીમહારાજનાં ઉપદેશવચનોની નોંધ પાંચ સદ્‌ગુરુ સંતો - મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ

સ્વામી, શુકાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ કરી છે. આ ગ્રંથમાં પણ ગુણાતીત સંતનો અઢળક મહિમા લખ્યો છે. આ ગ્રંથમાં મહારાજે લગભગ ૧૯૧ વખત 'ભગવાન અને સંત', 'પરમેશ્વર તથા સત્પુરુષ', 'પરમેશ્વર અને મોટા સંત' વગેરે શબ્દો સાથે વાપર્યા છે.

વચનામૃત ગઢડા મધ્ય-૫૯માં સર્વ શાસ્ત્રોનો સાર જણાવતાં કહ્યું, **"ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે."**

※ શ્રીજીમહારાજ સંતનો ખૂબ મહિમા કહેતા હશે, તે વાત પરમહંસોનાં પદો પરથી પણ જણાય છે. નિષ્કુળાનંદ સ્વામી 'પુરુષોત્તમ પ્રકાશ'માં કહે છે,

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે,
અતિ અગણિત અપ્રમાણ રે,
પણ સહુથી સરસ સંતમાં રે,
રાખ્યું વા'લમે એની વાતમાં રે.

※ આ વચનામૃતમાં મહારાજના ઉપદેશવચનના જે શબ્દો છે, 'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત..' આ શબ્દો જ સમજાવે છે કે ગુણાતીત સંતની સેવા ભગવાનના ભાવથી કરવાની છે.

● **સંતમહિમા સાથે સંતલક્ષણ :**

※ આપણાં સત્શાસ્ત્રોમાં સંતનો અઢળક મહિમા લખાયો છે. સોય કેડે દોરાની જેમ સંતમહિમા સાથે સંતલક્ષણ પણ જણાવ્યાં છે, જે જાણવાં જરૂરી છે.

※ એક ગામમાં બ્રાહ્મણોની ચોરાશી ચાલતી હતી. રોજ લાડુની રસોઈ થાય. બ્રાહ્મણો અબોટિયાં (રેશમી વસ્ત્ર) પહેરી જમવા આવે. તેમાં એક વ્યક્તિને થયું કે 'આપણે બ્રાહ્મણ જેવો વેશ કાઢી નાતમાં ઘૂસી જવું અને લાડુ જમવા.' આમ વિચારી તે તૈયાર થઈને લાઈનમાં ઊભો રહી ગયો.

ભોજનશાળાના બારણે દ્વારપાળ દરેકને પૂછે, 'તમે કેવા બ્રાહ્મણ છો ?' સૌ પોતાની પેટા જ્ઞાતિનું નામ આપે એટલે દ્વારપાળ અંદર જવા દે. પેલો વ્યક્તિ તો આ જોઈ મૂંઝાયો. પણ આમાં ઔદીચ્ય બ્રાહ્મણ ઘણા હતા, એટલે અવદીચ નામ વારે વારે આવતું હતું. તે વ્યક્તિને અવદીચમાંથી 'ડીચ' યાદ રહી ગયું. જ્યારે તેનો વારો આવ્યો ત્યારે દ્વારપાળ પાસે તે કહે, 'હમ ભી ડીચ.' દ્વારપાળ બુદ્ધિશાળી હતો. તેને ખ્યાલ આવી ગયો કે આ બ્રાહ્મણ નથી. પછી તેને કાઢી મૂક્યો.

દ્વારપાળની જેમ આપણે પણ ગુણાતીત સંતનાં લક્ષણ જાણી રાખ્યાં હોય, તો સંતને ઓળખવામાં થાપ ન ખાઈ જવાય.

※ મુંડક ઉપનિષદમાં 'ગુરુ'ને બ્રહ્મવિદ્યાના સાક્ષાત્કાર માટેનું દ્વાર કહ્યા છે. તેમાં કહ્યું, **'તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમ્ એવ અભિગચ્છેત્'** અર્થાત્ બ્રહ્મવિદ્યાના સાક્ષાત્કાર માટે ગુરુ પાસે જવું જ પડે. સંતનો આશરો અથવા શરણાગતિ કરવાનું અહીં ફક્ત સૂચન નહીં, પરંતુ આદેશ કર્યો છે.

આ આદેશ આપ્યા પછી કેવા સંતના શરણે જવું, તે લક્ષણ પણ જણાવ્યાં. ત્યાં કહ્યું, **'શ્રોત્રિયં બ્રહ્મ નિષ્ઠમ્।'** અર્થાત્ તે સંત શાસ્ત્રજ્ઞાનના અનુભવી, અક્ષરબ્રહ્મસ્વરૂપ અને પરબ્રહ્મની ભક્તિમાં રત હોવા જોઈએ.

※ શાસ્ત્રો પર કેવળ મનના તુક્કા રજૂ કરતા હોય, સંપત્તિ-સંતતિ આપે, રોગ મટાડે, ઐશ્વર્ય બતાવે તેવા સંતના શરણે જવાની કે ભગવાનની પેઠે સેવા કરવાની વાત કોઈ જ શાસ્ત્રોમાં નથી.

※ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણો જણાવ્યાં છે -

૧. <u>ઈન્દ્રિયો-અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે</u> :

※ ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૨૫૭મી વાતમાં કહ્યું, **'લાકડાની ને લોઢાની બેડી કરતાં પણ સ્ત્રી-ધનની બેડી કઠણ છે ને મોટી છે. ને તે બેથી મુકાય તો પછી ઈન્દ્રિયું-અંતઃકરણની બેડી મોટી છે, ને એથી ન દબાય એ તો માયાપરનો**

આવેલો હોય તે ન દબાય, બીજો દબાય.'

ગુણાતીત સત્પુરુષના જીવનમાં તપાસ કરીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેઓ નિરંતર ઇન્દ્રિય-અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે છે.

◎ સં. ૧૮૬૯માં મુક્તાનંદ સ્વામી બસો સંતોના મંડળ સાથે સુરતમાં રહેતા હતા. આ સંતોનો જ્યાં ઉતારો હતો, તે મકાનની સામે એક ખંડિયેર મકાનમાં એક નીલ વાંદરું કોઈએ બાંધેલું હતું. વાંદરાની ચંચળતાથી સહેજે જ સૌની દૃષ્ટિ એ વાંદરા ઉપર પડતી.

એકવાર સભામાં મુક્તાનંદ સ્વામીએ સૌ સંતોને કહ્યું, 'આપણી ઇન્દ્રિય કેટલી બધી ચંચળ છે ! સામેના મકાનમાં એક વાંદરું છે. તે તરફ દૃષ્ટિ કરવાની આપણને કાંઈ જરૂર નથી, છતાં આપણામાંથી કોઈ પણ એ વાંદરું જોયા વગર નહિ રહ્યા હોય. જેમણે એ ન જોયું હોય તે ઊભા થાય.' આ સમયે બસો સંતોમાંથી ફક્ત એક ગુણાતીતાનંદ સ્વામી હાથ જોડીને ઊભા થયા. મુક્તાનંદ સ્વામી રાજી થતાં કહે, 'અહો ! બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક તમે જ નીકળ્યા. મારી પોતાની દૃષ્ટિ પણ તે તરફ ગઈ છે.'

❊ પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોની સુખાકારી માટે પોતાની ઇન્દ્રિયોના ભાવને દાબીને અતિશય ભીડો વેઠ્યો હતો.

સન ૧૯૭૫માં અન્નકૂટોત્સવ ગોંડલમાં ઊજવી પ્રમુખસ્વામી મહારાજે નવા વર્ષના પ્રથમ ચાર દિવસમાં ૨૩ ગામોમાં વિચરણ કર્યું. તેમણે વેઠેલા અતિશય શ્રમને કારણ ભેંસદડમાં તેમના શરીરે તાવ ચઢ્યો. તાવ ઉતારવા ગોળી પણ કારગત ન નીવડી. છેવટે ઇન્જેક્શન આપવામાં આવ્યું. સાથે વિચરણ કરી રહેલા પૂ. ડોક્ટર સ્વામીએ વિનંતી કરી, 'આજે રાત્રે આપે સભામાં આવવાની જરૂર નથી. અમે સભા કરી આવશું.'

આવી પરિસ્થિતિમાં સામાન્ય વ્યક્તિ તો આરામ જ ઝંખે, પરંતુ દેહાતીત સ્વામીબાપા સભામાં આવવા માટે આગ્રહ કરવા લાગ્યા. સંતોએ હજુ એકવાર વિનંતીના સૂરમાં કહ્યું, 'હજુ આવતીકાલે મહિલાઓના મંદિરમાં પ્રતિષ્ઠાનો ભીડો પડવાનો જ છે. અને કાલે સૌને લાભ મળવાનો જ છે. માટે આજે આપ આરામ કરી લો.' પરંતુ સ્વામીબાપા તો સભાના આરંભથી જ પધારી ગયા. સભાસ્થળનું ખુલ્લું પ્રાંગણ, ઊડતી ધૂળ ને વરસતી ઠંડી સ્વામીબાપાની માંદગીને વકરાવે તેમ હતું. તેથી અન્ય સંતોએ પ્રવચનો ટૂંકાવ્યાં. ડોક્ટર સ્વામીએ તો સ્વામીબાપાને કહેવડાવ્યું પણ ખરું કે, 'આપ ટૂંકમાં બોલજો, જેથી આરામ માટે ઉતારે પહોંચી જવાય.' પણ તેઓ સતત સિત્તેર મિનિટ સુધી વરસ્યા.

આપણને અનુભવ છે કે સામાન્ય માથાનો દુખાવો કે તાવ હોય તો આપણે પરાસભા કે રવિસભામાં રજા રાખીએ છીએ. બીજી બાજુ, સતત કળતર અનુભવતા સ્વામીબાપા પરહિત કાજે દેહના ભાવની અવગણના કરતા રહ્યા.

❊ મહંત સ્વામી મહારાજ પણ ઇન્દ્રિયોની વૃત્તિ ભગવાનમાં જોડીને જ ક્રિયા કરતા હોય તેવું અનુભવાય છે.

ભગતજી મહારાજ કહેતા કે, 'રૂપ આવે તો હું આંખની વૃત્તિ ખેંચી લઉં છું, સ્વાદ આવે તો જીભની વૃત્તિ ખેંચી લઉં છું...' તેમ વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ પણ ઇન્દ્રિયોની વૃત્તિ ભગવાનમાં જોડીને જ ક્રિયા કરતા હોય તેવું અનુભવાય છે.

સન ૨૦૧૮માં રાજકોટમાં મહંત સ્વામી મહારાજ અલ્પાહાર કરી રહેલા. શિયાળો હોવાથી તેમના થાળમાં સાલમપાક હતો. સ્વામીશ્રીએ તે પ્રસાદ વિવેકસાગર સ્વામીને આપ્યો. વિવેકસાગર સ્વામીએ પણ તેમાંથી થોડો ટુકડો સ્વામીશ્રીને જમાડ્યો. પછી તરત પૂછ્યું, 'કેવો લાગ્યો ?'

સ્વામીશ્રી કહે, 'પહેલાં ખાધો હોય તો ખબર હોય ને!'

આજદિન સુધી તેમના થાળમાં અનેકવાર સાલમપાક મુકાયો હશે, પરંતુ મહંત સ્વામી મહારાજે તેને ક્યારેય ગ્રહણ કરેલો જ નહીં.

સૌને વિશેષ મહિમા તો ત્યારે સમજાયો જ્યારે વિવેકસાગર સ્વામીએ પૂછ્યું, 'પહેલાં નથી ખાધો, પણ અત્યારે જમાડ્યો તે કેવો લાગ્યો ?' સ્વામીશ્રીના મુખ પર પ્રશ્નાર્થ જ રહ્યો. સંતોએ સ્વામીશ્રીને જણાવ્યું કે હમણાં છેલ્લે જે જમ્યા તે સાલમપાક હતો. સ્વામીશ્રીના મુખે 'હેં!' જેવો આશ્ચર્યભાવ નીકળી આવ્યો.

જમવા છતાં સ્વામીશ્રીને અનુસંધાન નથી કે તેઓ શું જમે છે. અને એથીય વિશેષ, થોડા દિવસો પૂર્વે જ સાલમપાકની વાત નીકળી ત્યારે કોઈને પાકો ખ્યાલ નહોતો કે આમાં કઈ વનસ્પતિ આવે છે ? તે વખતે સ્વામીશ્રીએ કહ્યું હતું કે, 'આમાં સાલમપંજા નામની વનસ્પતિ આવે ને તેનો આકાર પંજા જેવો હોય છે.'

સાલમપાક શેમાંથી બને છે, તે ખ્યાલ હોવા છતાં પૂર્વે ક્યારેય જમ્યા નહોતા તે કેવું આશ્ચર્ય! ને આજે જમ્યા પછી પણ તેની ખબર નથી, તે કેવું મોટું આશ્ચર્ય!! મહંત સ્વામી મહારાજ ઇન્દ્રિયો-અંતઃકરણ દાબીને વર્તે છે, તે સમજવા માટે આ એક જ પ્રસંગ પ્રર્યાપ્ત છે.

* શ્રીજીમહારાજ કહે છે કે આવા સંત અમને ખૂબ પ્રિય છે. મુક્તાનંદ સ્વામી આ વાતને પદમાં લખે છે -

'દેહ ઇન્દ્રિય અરુ મન આદિક કે,
સંગમે નહીં લપટાવે.
સંત જન સોઈ સદા મોહે ભાવે...'

૨. <u>ભગવાન સંબંધી ક્રિયાને જ કરે</u> :

* ગુણાતીત સંતની ક્રિયા મનુષ્ય જેવી જ હોય, પરંતુ તેઓ દરેક ક્રિયામાં ભગવાનનું અનુસંધાન રાખે છે. કોઈ ક્રિયાના ધણી પોતે થતા નથી, 'હું કંઈ કરતો જ નથી, ભગવાન સર્વકર્તા છે' એમ સમજે છે. તેથી જ તેઓની વિચરણ, મુલાકાત વગેરે દરેક ક્રિયા ભજનમાં જ પરિણમે છે.

* સન ૧૯૭૯માં પ્રમુખસ્વામી મહારાજ ભરૂચમાં એક મીટિંગમાં બિરાજેલા. કેટલીક વ્યાવહારિક ગૂંચો આજે તેઓએ ઉકેલવાની હતી. તેમની પાસે જે પ્રશ્નો રજૂ થયા તે પેચીદા હતા, પણ સ્વામીબાપા ખૂબીપૂર્વક તે પ્રશ્નોનો ઉકેલ લાવ્યા.

આ મીટિંગના સાક્ષી ડો. મગનભાઈએ નોંધ્યું કે તનાવભરી પરિસ્થિતિમાં પણ સ્વામીબાપા અત્યંત સ્વસ્થ અને સ્થિર હતા. તેથી તેમણે મીટિંગ બાદ સ્વામીબાપાને એક સાખી સંભળાવી જેનો અર્થ હતો, 'જેને માથે તાજ હોય તેને ઊંઘ ન આવે.' પછી તેમણે બાપાને પૂછ્યું, 'આપને માથે તાજ છે તોય શાંતિ કેવી રીતે રહે છે ?'

સ્વામીબાપાએ રહસ્ય ખોલતાં કહ્યું, 'આપણે તો બોજો ભગવાન પર નાંખ્યો છે. સર્વકર્તાહર્તા એમને જાણીને વાતચીત કરીએ છીએ.' સ્વામીબાપા દરેક કાર્યમાં ભગવાનને આગળ રાખીને કાર્ય કરતા. જેમ દરેક વર્તુળનું એક કેન્દ્રબિંદુ હોય છે, તેમ ગુણાતીત સત્પુરુષોનાં જીવન-વર્તુળમાં કેન્દ્રસ્થાને ભગવાન છે. તેઓ તેમને સંભારીને જ તમામ ક્રિયા કરે છે.

* મહંત સ્વામી મહારાજ એકવાર ભાવનગરમાં નિજકક્ષમાં હરિભક્તોના પત્રો પર સહી કરી રહ્યા હતા. તેમની સમક્ષ પત્રોનો ગંજ ખડકાયો હતો. આ જોઈને સેવક સંતે તેમને પૂછ્યું, 'આપને આટલા બધા પત્રોમાં સહી કરતાં કંટાળો નથી આવતો?' સ્વામીશ્રી સહજતાથી કહે, 'ઠાકોરજીની ભક્તિ થઈ જાય ને!'

સ્વામીશ્રી ગમે તે સ્થળે, ગમે તે સમયે, ગમે તે સેવા-પ્રવૃત્તિ કરતા હોય પણ ભગવાનને સંભારી તેમને પ્રસન્ન કરવા માટે કરે છે. તેથી દરેક ક્રિયા ભગવાન સંબંધી જ થઈ રહે છે.

૩. <u>પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય</u> :

* શ્રીજીમહારાજે ત્યાગી માટે આપેલાં નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માનના પાંચ વર્તમાનમાંથી ગુણાતીત સંત કદીય ચલિત

થતા નથી. તેના પાલનમાં કદીયે ગોબો કે ગાબડું પડવા દેતા નથી.

* સન ૧૯૮૫માં પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં બિરાજમાન હતા. તે વખતે આપણા સંપ્રદાયના સાધુઓના નિયમોથી તદ્દન અજાણ એવા મૂળશંકર ગોર નામના એક ભાવિક દર્શને આવ્યા. દર્શન કરી સંતને ચરણે કંઈક ધરવું જોઈએ, એવા ભાવથી તેમણે ખિસ્સામાંથી એક પાઉન્ડનો સિક્કો કાઢીને પ્રમુખસ્વામી મહારાજના હાથમાં મૂકી દીધો. જાણે વીજળીના કરંટનો સ્પર્શ થઈ ગયો હોય તેવી ત્વરા અને દુઃખ સાથે સ્વામીબાપાએ હાથ પાછો ખેંચી લીધો. સિક્કો નીચે પડી ગયો. સ્વામીશ્રી તરત જ ઊભા થયા અને બાથરૂમમાં જઈ પચીસ વખત ધૂળથી હાથ ધોઈ નાખ્યા. પછી પેલા ભાવિકને પણ સંતોના નિયમો અને પંચવર્તમાન શાંતિથી સમજાવ્યા.

* સન ૧૯૭૪ની સાલમાં મહંત સ્વામી મહારાજ ભાવનગર પધાર્યા હતા. એક સત્સંગી યુવાન જે અહીંના આંબાવાડી વિસ્તારમાં હીરાના કારખાનામાં કામ કરતો હતો. તે સ્વામીશ્રી પાસે પહોંચ્યો. સ્વામીશ્રીને પોતાના કારખાનામાં પધરામણી કરવા વિનંતી કરી. યુવાનની વિનંતી સ્વીકારી સ્વામીશ્રી અન્ય સંત સાથે કારખાને પધાર્યા. સંતોનાં દર્શન કરવા ઘણા લોકો એકત્રિત થવા લાગ્યા. તેમાં ક્યાંકથી અવાજ સંભળાયો, ‘એય છોકરી આવી... સંતોને ઉપવાસ પડશે.’

પધરામણી પૂર્ણ થયા બાદ ભોજન લેવાનું હતું, પણ સ્વામીશ્રી જમવા ન આવ્યા. સત્સંગી યુવાનને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રીએ ઉપવાસ આદર્યો છે, એટલે તેણે ભોજન લેવા ખૂબ વિનંતી કરી. હકીકતમાં સ્વામીશ્રીને બાળકીનો સ્પર્શ તો થયો જ નહોતો, પણ સ્વામીશ્રીને શંકા હતી તેથી ઉપવાસ કરી લીધો.

મહંત સ્વામી મહારાજે નિયમ-ધર્મમાં દૃઢ રહીને ધર્મ વિસ્તાર્યો છે. દેશ-પરદેશમાં ધર્મપ્રચાર માટે વિચરવા છતાં તેમણે ક્યારેય શ્રીજીમહારાજે આપેલ પંચવર્તમાનરૂપી સ્વધર્મનો ત્યાગ કર્યો નથી.

૪. <u>પોતાને બ્રહ્મરૂપ માની પુરુષોત્તમની ઉપાસના કરે</u> :

* શ્રીજીમહારાજે અનેક વચનામૃતોમાં બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. ગુણાતીત સત્પુરુષોએ ઉપાસનાની આ રીતને પોતાની જીવનશૈલી બનાવી છે. તેઓ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોવાથી વિકટ પરિસ્થિતિઓ તેમને વિચલિત કરી શકતી નથી. માન-અપમાન, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતામાં તેઓ સદાય સ્થિર રહે છે. જ્ઞાનની આ ઉચ્ચ સ્થિતિ પર આરૂઢ તેઓએ ક્યારેય ભક્તિને ગૌણ કરી નથી.

* બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે,

‘ચૈતન્યરૂપ આપકું સમજત,
ભક્તિ સદા મન ભાવે.’

પોતાને ચૈતન્યરૂપ (બ્રહ્મરૂપ)માની પુરુષોત્તમની ભક્તિમાં રત રહેવું, તે જ સાચા સંતનું લક્ષણ છે.

◎ પ્રમુખસ્વામી મહારાજ ગુરુપદે આવ્યા બાદ પ્રથમ વખત આફ્રિકા ખાતે વિચરણનું આયોજન સન ૧૯૭૪માં થયું હતું. સ્વામીબાપા અને સંતમંડળ પ્લેનમાં નૈરોબી એરપોર્ટ પહોંચ્યા, ત્યારે સૌના હોશકોશ ઉડાડી દે તેવી પરિસ્થિતિ સર્જાઈ. કંઈક ગેરસમજને લીધે પ્રમુખસ્વામી મહારાજ અને સાથેના સંતો-ભક્તોમાંથી કોઈને નૈરોબીમાં ઊતરવાની પરવાનગી આપવામાં ન આવી. એ જ પ્લેનમાં સૌએ ભારત પરત ફરવું પડ્યું. આવી અપમાનજનક પરિસ્થિતિથી પ્રમુખસ્વામી મહારાજ સિવાય સૌ કોઈ દુઃખી હતા. પાછા વળતાં તેમણે સદ્‌ગુરુ કોઠારી સ્વામી (ભક્તિપ્રિયદાસ સ્વામી)ની ડાયરીમાં લખ્યું, ‘મહારાજ-બાપાની મરજી હોય તેમ થાય, માટે રાજી રહેવું. તેઓ જેમ રાખે તેમ રહેવું. અક્ષરરૂપ થઈ મહારાજની ભક્તિ કરવી એટલે

દુઃખ ન થાય.' તેઓની આ ઉચ્ચ બ્રાહ્મીસ્થિતિને સૌ મનોમન વંદી રહ્યા.

પરત મુસાફરી દરમ્યાન જ સ્વામીબાપાએ સૌને આરતીમાં જોડ્યા. અષ્ટકગાન દરમ્યાન બે હરોળ વચ્ચેના પેસેજમાં દંડવત્ પણ કર્યા. મુંબઈ પહોંચ્યા પછી પણ તેમને પોતાને થયેલ અપમાનની નહીં, પણ ઠાકોરજીની ચિંતા હતી. રાત્રે સાડા ત્રણ વાગ્યે ઠાકોરજીને થાળ કરાવ્યો. વળી, સવારની કથામાં સૌને ખૂબ આનંદ કરાવ્યો.

ભયંકર અપમાન પણ તેમની બ્રાહ્મીસ્થિતિ કે ઠાકોરજી પ્રત્યેની ભક્તિમાં વિક્ષેપ ન કરી શક્યું. આવા ગુણાતીત સંત માટે જ બ્રહ્માનંદ સ્વામી કહે છે,

'બ્રહ્મ હોઈ પરબ્રહ્મ ઉપાસત,
બહત ન વિષય વિકારમેં,
બ્રહ્માનંદ સંત સોઈ સાચા,
સમજત સાર અસારમેં...'

❊ મહંત સ્વામી મહારાજે પણ ગમે તેવી પરિસ્થિતિઓથી પરેશાન થયા વિના, વિપત્તિઓથી વિચલિત થયા વિના, ભગવાનની સેવા-ભક્તિ-ઉપાસનામાં પોતાનો તાર સાંધી રાખ્યો છે.

એક સમયગાળો એવો હતો જ્યારે મહંત સ્વામી મહારાજને પેટમાં પાંસળીના નીચેના ભાગમાં કોઈ ભાલો ભોંકતું હોય તેવો અસહ્ય દુખાવો રહેતો. આ દુખાવો રાત્રે દસ વાગ્યાથી સવાર સુધી રહ્યા કરે. આખી રાત ઊંઘ પણ ન આવે. તે સમયના પ્રત્યક્ષ સાક્ષીઓને યાદ છે કે સ્વામીશ્રી આવા દર્દ વચ્ચે પણ કથાવાર્તા હોંશે હોંશે કરતા. ક્યારેક પોતાનો હાથ પેટ પર દબાવી ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તેની બળભરી વાતો કરતા.

❊ વળી, સ્વામીશ્રીને તપનો પણ અનન્ય ઈશક. મોટી ઉંમરમાં પણ તેમણે ઉપવાસ ચાલુ રાખ્યા. ઉપવાસના દિવસે તેમની ઠાકોરજી પ્રત્યેની ભક્તિ વિશેષ ખીલે ! ૮૩ વર્ષની ઉંમરે તેમણે જન્માષ્ટમીના ઉપવાસને દિવસે આખા દિવસ દરમ્યાન ૭૧ દંડવત કરેલા.

❊ દેહને કષ્ટ પડે ત્યારે દેહભાવને લઈને વ્યક્તિ સહેજે ભગવાનને વીસરી જાય, પરંતુ ગુણાતીત સંતની એ જ વિશેષતા રહી છે કે તેમને ભગવાન ક્યારેય ભુલાતા નથી.

ફેબ્રુઆરી-૨૦૧૯માં મહંત સ્વામી મહારાજ સિંગાપોરથી મેલબર્ન (ઓસ્ટ્રેલિયા) આશરે સાતેક કલાકની લાંબી મુસાફરી કરી પધાર્યા હતા. વળી, જેટ લેગ અને રાત્રે મોડા સૂવાથી થાક પણ સ્વાભાવિકપણે લાગ્યો હતો. બીજે દિવસે સવારે નિત્યપૂજા બાદ તેમની સમક્ષ અલ્પાહારનો થાળ ગોઠવાયો. પણ સ્વામીશ્રીએ અલ્પાહાર પૂર્વે આરતી કરવાનું યાદ કરાવ્યું. સૌ આ બાબત ભૂલી ગયેલા, પણ સ્વામીશ્રી કેમ ભૂલે ? ઠાકોરજીની આરતી બાદ જ તેમણે અલ્પાહાર ગ્રહણ કર્યો.

❊ આવા ગુણાતીત સંત માટે શ્રીજીમહારાજ કહે છે કે, 'એવા સંતને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા. એવા સંતને ભગવાન જેવા (ભગવાનનું સ્વરૂપ) જાણવા.' ભગવાનની પેઠે આવા ગુણાતીત સંતની સેવા કરવાની વાત મહારાજ આ વચનામૃતમાં કરી રહ્યા છે.

❊ ભગવાનની પેઠે આવા ગુણાતીત સંતની સેવા કરવાથી કોઈ કનિષ્ઠ ભક્ત બે જન્મે, ચાર જન્મે, દશ જન્મે કે સો જન્મે ઉત્તમ ભક્ત થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું એ સેવા કરવાનું ફળ છે.

(વચનામૃત : વરતાલ-૫)

શ્રીજીમહારાજે આ વચનામૃતમાં દર્શાવેલાં લક્ષણોવાળા સંત વર્તમાનકાળે પ.પૂ. મહંત સ્વામી મહારાજ છે. તેમની ભગવાનના ભાવથી સેવા કરીને સો જન્મનું કામ આપણે એક જન્મમાં કાઢી લઈએ, તેવી મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના...

૪. વચનામૃત : ગઢડા અંત્ય-૨૬ : મન-ઇંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૨૬મું - મન-ઇંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે : "**ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય ? તો ઇંદ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ.** અને એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી.

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ૨૬મું વચનામૃત થયું.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણો આપણને જણાવે છે. કારણ કે એકાંતિકધર્મ સિદ્ધ કરીને અનેક મુમુક્ષુઓ આત્યંતિક કલ્યાણના અધિકારી બને તેવો ઉદાત્ત હેતુ તેમના પ્રાગટ્યનો હતો. પોતાના સ્વધામગમન બાદ પણ આ આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાય ખુલ્લો રહે તે માટે મહારાજ સંતના લક્ષણો બતાવે છે.

❊ લક્ષણો શા માટે જણાવે છે ? ઘણી વાર લોકો એવું માનતા હોય છે કે ભગવામાં ભગવાન હોય છે. પણ એવું નથી હોતું, ભગવામાં ભવાયા પણ ભટકાઈ જતા હોય છે.

❊ કેટલીક વેશ્યાઓને વિચાર થયો : 'આખી જિંદગી પાપ કર્યું તે સંતોને જમાડીએ તો પાપ જાય.' કેટલાક ભાંડ ચોમાસાના સમયમાં નવરા હતા, તેથી સાધુનો સ્વાંગ લઈ નર્મદાના કિનારે ગોઠવાઈ ગયા હતા. એ જ વખતે આ વેશ્યાઓ ત્યાં આવી ચઢી. સાધુ બનેલા ભાંડ પૂરેપૂરો વેષ ભજવતા હતા. તેથી આ બાઈઓને થયું : 'સાધુ ઉત્તમ મળ્યા છે.' પછી અનુષ્ઠાન કરાવી, દૂધપાક-માલપૂઆ વગેરે રસોઈ જમાડી.

પછી વેશ્યાઓ કહે : 'મહારાજ ! અમે વેશ્યાઓ છીએ. આશીર્વાદ આપો. અમારું કલ્યાણ થાય.'

ત્યારે ભાંડ સાધુ એકબીજાના મોં સામે જોઈને કહેઃ

નવ દાડા નર્મદામાં નાહ્યા, ખાધા ખીર ને ખાંડ,
તમે જાતની વેશ્યા ને અમે જાતના ભાંડ.

આવા સાધુ ભટકાઈ ન જાય તે માટે શ્રીજીમહારાજ લક્ષણો જણાવે છે.

❊ ઘણા લોકો એવું પણ માનતા હોય છે કે ઉપનિષદ-ભાગવત-રામાયણ પર કથા કરે તે સાધુ. તેથી આગળ ચમત્કાર બતાવે, રોગ મટાડે, ધન સંપત્તિ આપે, દીકરા-દીકરી આપે તે સાધુ. પણ શાસ્ત્રોમાં ક્યાંય સાચા સંતના લક્ષણોમાં આવી વાત કરી નથી.

❊ ઘણાં લોકો એવું માને છે કે આપણે તો બધાય સાધુ સરખા ભગવામાં ભેદ ન પડાય. શ્રીજીમહારાજે **ગઢડા મધ્ય-૬૦મા વચનામૃતમાં** આવી સમજણવાળાને સત્સંગી હોય તોપણ વિમુખ કહ્યો છે.

મુમુક્ષુ જીવ જ્યાં-ત્યાં ન ભરાઈ જાય તે માટે તેમણે પોતાની હયાતીમાં એવા ગુણાતીત સંતનાં લક્ષણો જણાવ્યા છે.

● **પ્રથમ લક્ષણ : ઇંદ્રિયો - અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે પણ તેની ક્રિયાએ કરીને દબાય નહિ :**

❊ ભગવાને માણસમાત્રને પાંચ જ્ઞાનેન્દ્રિયો (શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ) અને પાંચ કર્મેન્દ્રિયો (વાક્, પાણિ, પાયુ, પાદ, ઉપસ્થ) તથા ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) આપ્યાં છે.

❊ જોવું, બોલવું, સાંભળવું, ખાવું-પીવું, સ્પર્શવું, સૂંઘવું જેવી અનેક ક્રિયાઓ ઇંદ્રિયો દ્વારા થાય છે અને સંકલ્પ-વિકલ્પ, તર્ક-વિતર્ક, ચિંતવન, અહંકાર આદિ અંતઃકરણ દ્વારા થાય છે.

❊ જેનાથી દેહની સઘળી ક્રિયાઓ થાય છે તે ઇંદ્રિયોનું બળવાનપણું કેટલું છે ?

❊ ગીતામાં કહ્યું છે :

ઇંદ્રિયાણિ પ્રમાથીનિ, હરન્તિ પ્રસભં મનઃ ।

અર્થાત્ 'સાધના કરતા ઉત્કૃષ્ટ સાધકના મનને પણ ઇંદ્રિયો પરાણે હરી લે છે કહેતાં કે ખેંચી લે છે.'

❊ આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયોમાં ચક્ષુ એટલે કે નેત્ર ઇંદ્રિય ખૂબ જ બળવાન છે. તેની ક્રિયાને દબાવીને વર્તવું અતિશય કઠણ છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૩૦માં** કહે છે : 'જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ.'

❊ વિશ્વામિત્ર ઋષિ ૬૦,૦૦૦ વર્ષથી ધ્યાનસ્થ થઈને તપ કરતા હતા, પણ મેનકાના ઝાંઝરનો અવાજ

કાને અથડાયો ને કર્ણ ઇંદ્રિય સતેજ થઈ ગઈ, તો મન એટલું વિવશ થઈ ગયુ કે આંખો ખૂલી ગઈ. મેનકાનું રૂપ જોઈને મોહ ઊપજ્યો ને શકુંતલાનો જન્મ થયો.

❊ જ્યારે ગુણાતીત સંતની 'રીત જગત સે ન્યારી' તેઓ ક્યારેય ઇંદ્રિયોના દોર્યા દોરાતા નથી.

❊ એક વાર મુક્તાનંદ સ્વામીએ સભામાં સૌ સંતોને પૂછ્યું : 'સામેના મકાનમાં રહેલા નીલ વાંદરાને હજુ સુધી જેણે ન જોયું હોય તે સંત ઊભા થાય.' કોઈ ઊભું થયું નહિ, પણ એક ગુણાતીતાનંદ સ્વામી ઊભા થયા ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમના દૃષ્ટિસંયમને બિરદાવીને કહ્યું : 'મારી પણ એક વાર દૃષ્ટિ ગઈ હતી.'

❊ ઈ.સ. ૧૯૯૪માં સ્વામીશ્રી પ્રો. ફીચના આમંત્રણથી યુરોપના પ્રાગ દેશમાં પધાર્યા હતા. પ્રો. ફીચની સાથે સંતો-હરિભક્તો શહેરના એક પ્રખ્યાત સીનેગોગની મુલાકાતે જઈ રહ્યા હતા. સ્વામીશ્રી અને બે-ત્રણ સંતો ઉતારે જ રોકવાના હતા. પત્રલેખનની સેવા સંભાળતા એક સંતને સ્વામીશ્રીએ કહ્યું : 'તમારે જવું હોય તો જજો. ટપાલ અહીં આપતા જજો.'

તે સંત કહે : 'મને ત્યાં જવામાં રસ નથી.'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'આપણનેય કશાયમાં રસ નથી, એક ભગવાન સિવાય.'

જેવી નેત્ર ઇંદ્રિય બળવાન છે તેવી જ કે તેથી અધિક રસના ઇંદ્રિય બળવાન છે. તેની ક્રિયાને દાબવી મહા કઠણ છે.

❊ શ્રીજીમહારાજે સત્સંગિજીવનમાં કહ્યું છે : **જિતં સર્વં જિતે રસે ।** રસના ઇંદ્રિય જેણે જીતી, તેણે બધું જીતી લીધું. શિક્ષાપત્રીમાં પણ મહારાજ કહે છે : **'સર્વેન્દ્રિયાણિ જેયાનિ રસના તુ વિશેષતઃ।'**

❊ એકલશૃંગી જેવા ઋષિ જેને સ્ત્રી-પુરુષ જેવી કાંઈ જ ખબર ન હતી, પણ એનું અધઃપતન થવાના કારણમાં સ્વાદિષ્ટ મનલુભાવન પદાર્થો હતા.

❊ જ્યારે ગુણાતીત સંતને સ્વાદેન્દ્રિય વશ વર્તતી હોય છે.

❊ શાસ્ત્રીજી મહારાજ એક વાર બિલાડા સ્ટેટ પધાર્યા હતા ત્યારે ભોજનના અંતભાગમાં શાસ્ત્રીજી મહારાજે છાશ લઈ લીધી હતી, તે સમયે હરિસિંહ દીવાન મોહનથાળ લઈને પીરસવા આવ્યા. શાસ્ત્રીજી મહારાજે લેવાની ના પાડી. તેમનો અતિ આગ્રહ જોઈને શાસ્ત્રીજી મહારાજ કહે : 'નાંખો આ છાશમાં.' તેમણે છાશમાં મોહનથાળ મૂક્યો, શાસ્ત્રીજી મહારાજ મોહનથાળને ચોળીને છાશ પી ગયા.

❊ એક વાર પ્રમુખસ્વામી મહારાજને પરદેશમાં એક હરિભક્ત કહે : 'સ્વામી પિત્ઝા જમો, પિત્ઝા.' ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'પિત્ઝાના ખાનારા જુદા, અમે તો મમરાના રસિયા.'

સેવક સંતો કહે છે કે આટલાં વર્ષોથી સાથે રહીએ છીએ પણ પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય કોઈ વાનગી બનાવવાનો ઓર્ડર આપ્યો નથી.

❊ તેથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે :

ત્યાગે તીખાં-તમતમાં, રસના ભોગવિલાસ;
મુક્તાનંદ સો સંત કે, સદા રહત હરિ પાસ.

● **શ્રીજીમહારાજ સંતનું લક્ષણ બતાવતાં આગળ કહે છે : 'અંતઃકરણની ક્રિયાએ કરીને પણ દબાય નહિ.'**

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૧૨માં** મનનું લક્ષણ જણાવતાં કહે છે કે 'સ્ત્રીઆદિક પદાર્થની જે સમગ્ર કામના તેની ઉત્પત્તિનું ક્ષેત્ર મન છે.'

❊ દેવાનંદ સ્વામી પોતાના એક કીર્તનમાં કહે છે :

બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરૂર.
ડાહ્યા પીલાયા દાઢમાં, ચાવી કીધા ચકચૂર.

❊ આપણાં શાસ્ત્રો નોંધે છે કે નારદજી ભગવાનનું મન કહેવાતા છતાં પણ તેમને પરણવાનું મન થયું.

❊ બ્રહ્મા-શિવાદિક દેવ, ઇન્દ્ર-ચંદ્ર, ચ્યવન-પરાશર ઋષિ જેવાં માંધાતાઓને પણ મને એક વાર

સ્ત્રીઆદિક વિષયમાં લપટાવી દીધા છે, પણ ગુણાતીત સંતની વાત જ નોખી. તેઓ અંતઃકરણની ક્રિયાએ કરીને ન દબાય.

❊ પ્રમુખસ્વામી મહારાજને તા.૮-૮-૧૯૮૮ના રોજ અમેરિકાના રેસીન શહેરમાં એક અમેરિકન પત્રકારે ઈન્ટરવ્યૂ દરમ્યાન પૂછ્યું : 'તમને સ્ત્રીનો અનુભવ ક્યારેય થયો છે ?' ત્યારે સ્વામીશ્રીએ તત્ક્ષણ જવાબ આપ્યો : 'ત્રિકાળમાં પણ નહીં.'

❊ ઈ.સ. ૧૯૫૯માં ગઢડામાં યુવકે યોગીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો : 'અમને તો બહુ સંકલ્પ થાય છે. આપને સંકલ્પ થાય છે કે નહિ ?'

યોગીજી મહારાજ કહે : 'મન હોય તો સંકલ્પ થાય. પણ સત્પુરુષનું મન તો અમન થઈ ગયું હોય. ઈંદ્રિયો અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ ગયાં હોય પછી સંકલ્પ શેના થાય ?'

❊ એટલે જ મુક્તાનંદ સ્વામી કહે છે :

દેહ ઈંદ્રિય અરુ મન આદિક કે, સંગમેં નહીં લપટાવે...
સંત જન સોઈ સદા મોહે ભાવે...

આમ, આવા ગુણાતીત સંત ક્યારેય ગમે તેવા કઠણ કે ભૂંડા દેશકાળ થાય તોપણ ઈંદ્રિયો-અંતઃકરણની ક્રિયાએ કરીને દબાતા નથી.

❊ ત્યારપછીનું લક્ષણ આવે છે કે એવા સંત ભગવાન સંબંધી જ ક્રિયા કરે, પણ તેને સમજતાં પહેલાં તેના પછીનું લક્ષણ જે પંચવર્તમાનની દૃઢતા વિશે સમજીએ.

● બીજું લક્ષણ : પંચવર્તમાનની દૃઢતા :

❊ ગુણાતીત સંતના જીવનમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિ પણ તેમની નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન આ પંચવર્તમાનની દૃઢતાને વિચલિત કરી શકી નથી.

❊ ગુણાતીત સંતમાં નિઃસ્વાદી વર્તમાનની દૃઢતા કેવી છે તે આપણે આગળ જોઈ ગયા. બાકીના ચાર વર્તમાન અંગે આપણે જોઈએ.

૧) નિષ્કામ :

❊ નિષ્કામી વર્તમાનમાં પણ તેઓને ત્રિકાળમાંય સ્ત્રીનો સંકલ્પ થયો નથી તે જોયું. છતાં પણ દેહે કરીને પણ આ વર્તમાનપાલનમાં તેઓની કેવી દૃઢતા છે તે જોઈએ.

❊ શાસ્ત્રીજી મહારાજે ૮૦ વર્ષે એક બાળકી પાથરણાને અજાણતાંમાં અડી ગઈ, તો તરત જ તેમણે ઉપવાસ કર્યો.

❊ ઈ.સ. ૧૯૮૦માં સ્વામીશ્રીને અમેરિકાના વિચરણ દરમ્યાન બંને આંખે નજીકનું પણ દેખાતું નહોતું તેવો મોતિયો પાકી ગયો હતો. તાત્કાલિક ઑપરેશન કરવું પડે તેવું હતું. પણ જાણવા મળ્યું કે ઑપરેશન દરમ્યાન સ્ત્રી નર્સ હોય છે. સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે દેશમાં જઈ ઑપરેશન કરાવીશું.' પરિસ્થિતિ એવી વિકટ હતી કે ઑપરેશનમાં મોડું થાય તો બંને આંખે ઝામર થાય અને આંખો જાય. હરિભક્તોએ ડૉક્ટરોને જણાવ્યું ત્યારે વચ્ચેનો ઉકેલ લાવતા ડૉક્ટરો કહે : 'તેમને બેભાન કર્યા પછી સ્ત્રી નર્સ આવે તો કાંઈ વાંધો નથી ને ?' સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે કહે : 'હું બેભાન હોઉં કે સુષુપ્તિમાં પણ સ્ત્રી નર્સ તો આસપાસ ક્યાંય ન જ જોઈએ.' સ્વામીશ્રીની આવી અતિશય દૃઢતા જોઈ આખરે ત્યાંના ડૉક્ટરોએ પણ તે મુજબની વ્યવસ્થા કરી દીધી.

આમ, પોતાની આંખો જાય તેવી પરિસ્થિતિ-સંજોગો હતાં છતાં પણ સ્વામીશ્રીએ પોતાના નિયમમાં લેશમાત્ર બાંધછોડ ન કરી.

❊ એટલે જ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે :

નિષ્કામી તે નારાયણરૂપ છે.

૨) નિર્લોભ :

❊ તરણેતરના મહંતને એ સાંભળીને આશ્ચર્ય થયું કે ગુણાતીતાનંદ સ્વામી, પોતે ૪૦ વર્ષથી આ મંદિરના

મહંત છે. તેમણે સ્વામીને આનું કારણ પૂછ્યું ત્યારે સ્વામીએ ખીંટીએ લટકાવેલી પોતાની પૂજા ખોલીને તેમાંથી તિલકિયું કાઢીને બતાવ્યું પછી કહે : 'અમે તો આ તિલકિયું પણ લાકડાનું રાખીએ છીએ, તો પૈસાની તો વાત જ કેવી ?'

❊ ઈ.સ. ૧૯૯૦માં સ્વામીશ્રી લંડન પધારેલા. એક વાર સ્વામીશ્રી ચંદ્રકાન્તભાઈ પૂજારાના સેફ ડિપોઝિટ વોલ્ટ 'બેંક હાઉસ'માં પધરામણીએ ગયા. ડિપોઝિટ વોલ્ટમાં જે વ્યક્તિનું ખાનું હોય તેણે પોતાનો પંજો મશીન પર મૂકવાનો, તો જ દરવાજો ખૂલે. સ્વામીશ્રીને બધાએ તેમના હાથનો પંજો મૂકવા કહ્યું. સ્વામીશ્રીએ પંજો મૂક્યો, પણ દરવાજો ખૂલ્યો નહિ.

આજુબાજુવાળા બધા મૂંઝાયા કે આવું કેમ ? ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'અમારી પાસે પૈસા ક્યાં છે કે ખૂલે ? અમે તો ખાખી બંગાળી જેવા.'

મિની ગવર્મેન્ટ જેવી સંસ્થાના પ્રમુખ હોવા છતાં સ્વામીશ્રીના નામે એક કાણી પાઈ નથી.

3) નિઃસ્નેહી :

❊ ગુણાતીત સંતમાં આ વર્તમાનની દૃઢતા પણ પર્વતપ્રાય જોવા મળે છે. ક્યારેય પોતાના ગામ કે સગા-સંબંધીની સ્પૃહા કરી નથી.

❊ તા.૭-૧૨-૨૦૦૭ના રોજ ચાણસદ ગામમાં નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ હતો. સ્વામીશ્રીને પધારવા માટે સર્વે સદ્‌ગુરુ સંતોએ ખૂબ જ વિનંતી કરી છતાં પણ સ્વામીશ્રી ગયા નહિ. એટલું જ નહિ ઈ.સ. ૨૦૦૯માં જાન્યુઆરી માસમાં સ્વામીશ્રી ભરૂચથી અટલાદરા આવી રહ્યા હતા. તે વખતે ટ્રાફિકની સમસ્યાને લીધે ગાડી જે રસ્તે લીધી તેમાં વચ્ચે ચાણસદ ગામની સીમ આવી. સેવક સંતોએ સ્વામીશ્રીની દૃષ્ટિ મંદિર પર પડે તે માટે જોવા કહ્યું, પરંતુ સ્વામીશ્રીએ તો ઊંચું જોયું જ નહિ. નીચી દૃષ્ટિ રાખીને જ બેસી રહ્યા.

૪) નિર્માન :

❊ તુલસીદાસજીએ લખ્યું છે :

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ ।
તુલસી લઘુ ભોજન કરી જીવે માન કે રંગ ॥

❊ ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યા પછી પણ માનનો ત્યાગ કરવો તે અતિ દુષ્કર છે. ગુણાતીત સંત હંમેશાં નિર્માનીપણે - સેવકભાવે જ વર્ત્યા છે.

❊ ઈ.સ. ૨૦૦૦માં નોટિંગહામ-યુ.કે.માં બાળ શિબિર દરમ્યાન સ્વામીશ્રી શિબિર સ્થળેથી ઉતારે ગાડીમાં પધારતા હતા. જેવી ગાડી ઉતારે આવીને ઊભી રહી કે સ્વામીશ્રીએ પોતાનો સીટ બેલ્ટ જાતે જ છોડી નાંખ્યો. આ જોઈ હરીશ કોલોરામા કહે : 'હું છોડી આપત. આપે કેમ જાતે કર્યું ?' સ્વામીશ્રી કહે : 'ક્યારેક તો સ્વયંસેવક થવું પડે ને !'

હરીશ કહે : 'તમારે સ્વયંસેવક ન થવાય. You are the boss. તમે બૉસ છો.'

સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને આગળ જવા જતા હતા, પણ જ્યારે તેઓએ આ સાંભળ્યું કે તરત જ પાછા વળીને પોતાની છાતી પર આંગળી મૂકતાં કહ્યું : 'I am not boss, I am sevak.' 'હું બૉસ નથી, હું સેવક છું.'

❊ સ્વામીશ્રીની આવી નિર્માનિતા જોઈને મોટા મોટા મંડલેશ્વરો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે.

❊ રામસ્વરૂપ શાસ્ત્રીજીએ કહ્યું હતું : 'અહં ઔર મદ સે ભરે હુએ અહમદાબાદ મેં, અહં ઔર મદ સે મુક્ત એક હી વ્યક્તિ ઉપસ્થિત હૈ, વહ હૈ : પ્રમુખસ્વામી મહારાજ.'

❊ એટલે જ મુક્તાનંદ સ્વામી ગાય છે :

સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે,
નારદ ઐસે સંત સદા મોહે ભાવે.

આમ, ગુણાતીત સત્પુરુષના જીવનમાં પંચવર્તમાનની દૃઢતા પણ પર્વતપ્રાય જોવા મળે છે.

● **ત્રીજું લક્ષણ : ભગવાન સંબંધી જ ક્રિયા કરે :**

❊ શ્રીજીમહારાજે પોતાના સંતોને સમાજ વચ્ચે રાખીને

સેવા-ભક્તિમાં જોડ્યા. તેઓ **વચનામૃત વરતાલ-૧૭માં** કહે છે : 'ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું તેનું નામ જ ભક્તિ છે.' શ્રીહરિના આદેશ અનુસાર ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરનો આખો વ્યવહાર ચલાવતા તેમજ રાત-દિવસ ગામડાંઓમાં વિચરણ કરતા છતાં તેઓને હંમેશાં ભગવાનનું અનુસંધાન રહેતું.

❊ ગુણાતીતાનંદ સ્વામી **૩/૬૫ની વાતમાં** કહે છે : 'અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે, પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વીસરાય તો તાળવું ફાટી જાય.'

❊ એક વાર અટલાદરામાં સ્વામીશ્રીની વિદાય સભા હતી. બીજે જ દિવસે સ્વામીશ્રી મુંબઈ જઈને પરદેશ જવાના હતા. તેથી મળનારા પણ બહુ જ હતા. સભા પછી વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા. પરંતુ બધા એક જ સાથે ઊઠ્યા ને અવ્યવસ્થા સર્જાઈ ગઈ. ધસારો ખૂબ વધી ગયો.

સ્વામીશ્રીની અતિવ્યસ્તતા જોઈને જનમંગલ સ્વામીએ કહ્યું : 'આપને વે'વાર બહુ છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'મારે કોઈ વહેવાર નથી. અમારે તો અખંડ સ્વામિનારાયણનું ભજન છે.'

❊ **શ્વાસોચ્છ્વાસ ભજન ઝડ લાગી, તૂટણ દેત ન દોરા...**

સ્વામીશ્રીને મન હરિભક્તોને મળવું, પત્રવાંચન, વિચરણ બધું જ ભગવાનનું ભજન-ભક્તિ-સેવા છે.

આમ, ગુણાતીત સંતની દરેક ક્રિયા ભગવાનમય હોય છે.

● **ચોથું લક્ષણ : પોતાને બ્રહ્મરૂપ માને :**

❊ બ્રહ્મરૂપ એટલે આત્મારૂપે માને.

❊ ગુણાતીત પુરુષ હંમેશાં દેહભાવથી પર આત્મારૂપે વર્તે છે, પરિણામે દૈહિક દુઃખે કરીને પણ તેઓ ક્યારેય વિક્ષેપ પામતા નથી.

❊ બોચાસણમાં લંડનથી આવેલા યુવક હિતેશભાઈ પટેલે સ્વામીશ્રીને મળતાં જ કહ્યું : 'બાપા ! આપનું શરીર તો સાવ સુકાઈ ગયું છે. આ હાથ ઉપર જુઓને કરચલીઓ પડી ગઈ.' સ્વામીશ્રી એનેય ન સંભળાય એવા ધીરા સ્વરે કહે : 'એ તો કોલ આવે ત્યારે એવું જ થાય.' થોડી વાર રહીને કહે : 'હિતેશ ! આપણે દેહની સામું જોવાનું નહિ. એનું તો આઘુંપાછું થયા જ કરે. આત્માની વાત કર. એમાં ઘડપણ આવે એવું છે જ નહિ. દેહદૃષ્ટિ રાખીએ તો સુખ-દુઃખ બધું આવે ને આત્મા સામી દૃષ્ટિ રાખો તો શાંતિ, શાંતિ ને શાંતિ. સુખિયા થવું હોય તો એ શીખવાનું છે.'

❊ એટલે જ આવા સંત માટે કીર્તનમાં કહ્યું છે :

દેહાતીત નિરંતર ડોલત બોલત બ્રહ્મ ખુમારે !

● **પાંચમું લક્ષણ : પરબ્રહ્મની ઉપાસના કરે :**

❊ પરબ્રહ્મની ઉપાસના એટલે ભગવાનની ભક્તિ કરે એટલે કે 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી.' શ્રીહરિનો આ સનાતન સિદ્ધાંત એ ગુણાતીત સંતનું મુખ્ય લક્ષણ છે.

❊ યોગીજી મહારાજ તો પ્રેમલક્ષણા ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ હતા. શાસ્ત્રીજી મહારાજ પોતે પ્રમાણ આપતા કે વલ્લભાચાર્ય જેવી અરે ! તેથી પણ અધિક ભક્તિ યોગીજી મહારાજની છે.

❊ વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજની પણ પરાભક્તિ અનન્ય છે. તેઓ હરિકૃષ્ણ મહારાજની નાની-નાની દરેક વાતનું હંમેશાં ધ્યાન રાખે છે.

❊ એક વાર એક ભક્તે કહ્યું : 'બાપા ! આપ હરિકૃષ્ણ મહારાજનું બહુ ધ્યાન રાખો છો.' સ્વામીશ્રી કહે : 'આપણે શું ધ્યાન રાખવાના ? તેઓ આપણું ધ્યાન રાખે છે.'

❊ ઈ.સ.૨૦૦૦, મુંબઈ : ઝોળીપર્વની સભામાં આશીર્વાદ આપ્યા બાદ સ્વામીશ્રીનું આસન સ્ટેજની ધાર પર લવાયું. હરિભક્તો વારાફરતી ઝોળીમાં પોતાનું દાન આપવા આવવાના હતા ત્યારે દિવ્યપુરુષ સ્વામી કહે : 'અમે હરિકૃષ્ણ મહારાજને

લઈને થાળ કરવા માટે નીકળીએ ?' સ્વામીશ્રી તરત જ કહે : 'ના, ના, ઊભા રહો. ઝોળી ચાલુ થાય છે. બધા હરિકૃષ્ણ મહારાજને આપે છે. આપણને તો કોઈ ભોજિયો આપતો નથી.'

❊ ઉપાસનામાં બીજી વાત આવે છે કે ભગવાનને કર્તા સમજવા. ગુણાતીત સંતના જીવનમાં આ સમજણ પણ અતિ દૃઢપણે જોવા મળે છે.

❊ એક મહાનુભાવની વિદાય પછી બ્રહ્મવિહારી સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'અહીં જે કોઈ આવે છે એ આપનાં અને અક્ષરધામનાં વખાણ કરતાં થાકતા જ નથી, પરંતુ સૌથી મોટું આશ્ચર્ય તો એ છે કે આ બધાં વખાણ સાંભળ્યા પછી બીજો કોઈ પણ હોય તો છકી જાય, જ્યારે આપને તો જાણે કાંઈ અસર જ નથી !'

સ્વામીશ્રીએ કહ્યું : 'આપણાથી ક્યાં કશું થાય છે ? બધું મહારાજ-સ્વામીના પ્રતાપે થાય છે.'

બ્રહ્મવિહારી સ્વામીએ જરા હળવી રમૂજમાં પૂછ્યું : 'આટલા બધા લોકો આપની સમક્ષ આપના ગુણગાન ગાય છે તે સંભળાય તો છે ને ? કાં તો આપને કાનમાં શું બહેરાશ છે ?'

'ના, ના.' સ્વામીશ્રીએ કહ્યું.

'જો બહેરાશ ન હોય તો વખાણ થાય ત્યારે બીજો કોઈ પ્રતિભાવ તો મળતો નથી !'

સ્વામીશ્રી કહે : 'સાંભળીએ છીએ એ કે મહારાજ સ્વામીનો કેવો અદ્‌ભુત પ્રતાપ છે !'

બસ, આ એમની નિતાંત પર્વતપ્રાય દૃઢતા છે, જે ક્યારેય ચળે નહીં, ક્યારેય ફરે નહીં.'

આમ, આવા લક્ષણવાળા સંતને શ્રીજીમહારાજ કહે છે : મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા, પણ ભગવાન જેવા જ જાણવા.

❊ તો આવા સંત બીજા કોઈ નહીં પણ સાક્ષાત્ ગુણાતીત સત્પુરુષ, વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ છે. એટલે જ કીર્તનમાં કહ્યું છે :

ધન્ય ધન્ય આવા સંતને રે, જેના પૂજને શ્રીહરિ પૂજાય રે
એક પળ ન રહુંહું એથી અળગો, એમ સ્વમુખે શ્રીહરિ ગાય રે.

❊ અંતે શ્રીજીમહારાજ કહે છે : 'કલ્યાણનો ખપ હોય તેમણે એવા સંતની સેવા કરવી.'

કારણ કે : 'ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંતની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે, ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.' (**વચનામૃત વરતાલ-૫**)

તો શ્રીજીમહારાજે આ વચનામૃતમાં દર્શાવેલાં લક્ષણોવાળા સંત વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ છે. તેમની ભગવાનના ભાવથી સેવા કરીને સો જન્મનું કામ આપણે એક જ જન્મમાં કાઢી લઈએ, તેવી મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા અંત્યનું ૨૮મું : ભગવાનના માર્ગમાંથી પડ્યાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના કાર્તિક વદિ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિ તથા સુરો ખાચર એ ત્રણને શ્રીજીમહારાજે પૂછ્યું જે, ''તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?'' ત્યારે એ ત્રણે કહ્યું જે, ''હે મહારાજ ! માનરૂપ દોષ છે; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે પૂછીએ છીએ જે, 'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય ? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહિ. તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?'' પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે ઠીક કહો છો. જો એમ માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ તે સંતની આગળ થાય જ નહિ.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૨૮મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **મધ્યવર્તી વિચાર :**

૧) શ્રીજીમહારાજની અપેક્ષા - સતત વિચાર રહેવો જોઈએ કે કઈ બાબત મને સત્સંગમાંથી પાડશે ?

૨) માનરૂપ દોષે કરીને સત્સંગમાંથી પાછા પડી જવાય છે. તેમાં પણ ખાસ કરીને બરોબરિયાપણાના કારણે આવતું માન સત્સંગમાંથી પાડી દે છે.

૩) બરોબરિયાપણાના કારણે આવતા માનને ટાળવાનો ઉપાય છે - સંબંધનો મહિમા.

● **વિઘ્નો સામે દૃષ્ટિ :**

✻ ગુણાતીતાનંદ સ્વામી ૬/૨૭૮મી વાતમાં કહે છે : 'કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારાં ઘણાં, તેને ઓળખી રાખવાં.'

✻ આપણે કલ્યાણના માર્ગે ચાલ્યા છીએ, તો આ માર્ગમાં આવતાં વિઘ્નો પણ ઓળખી રાખવાં અત્યંત જરૂરી છે.

✻ અહીં શ્રીજીમહારાજ આ પ્રશ્ન પૂછે છે : 'તમે જેણે કરીને સત્સંગમાં પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?'

✻ કેટલીક વાર આપણને આખી દુનિયાનું જ્ઞાન હોય છે, પણ આપણી અંદર શું છે તેની ખબર નથી હોતી.

✻ લાઓત્સેએ એક અદ્ભુત વાત કરી છે :
He who knows others is learned.
He who knows himself is wise.

જે બીજાને જાણે છે તે વિદ્વાન છે, પણ જે પોતાને જાણે છે તે જ્ઞાની છે.

❊ શ્રીજીમહારાજ આપણને આવા જ્ઞાની બનાવવા માંગે છે. એટલે જ વચનામૃતમાં વારંવાર આ વાત પર ભાર મૂક્યો છે. ક્યાંક મહારાજે અંતર્દૃષ્ટિ કે પ્રતિલોમ કરવાની વાત કરી છે, તો ક્યાંક જાણપણું, ખટકો કે નામું રાખવાની વાત કરી છે. ટૂંકમાં, આ બધું કરીને પોતાના કલ્યાણના માર્ગમાં આવતાં વિઘ્નો કહેતાં દોષ જાણી રાખવા જોઈએ.

● **દોષ ઓળખાવાથી :**

૧) દોષને ટાળવાનો ઉપાય થાય :

❊ જો રોગનું નિદાન થાય તો દવા કઈ કરવી, તે ખબર પડે, પણ રોગ જ ન પકડાયો હોય તો કઈ દવા કરવી ?

❊ ૧૯૯૭માં 'પ્રમુખસ્વામી હેલ્થકેર સેન્ટર' -અમદાવાદમાં હૃદયરોગની તપાસ માટે TMT (ટ્રેડ મીલ ટેસ્ટ) મશીન આવ્યું હતું. મહંત સ્વામી મહારાજને તે મશીનના ઉદ્‌ઘાટન માટે બોલાવ્યા હતા. ઉદ્‌ઘાટન કર્યા બાદ સ્વામીશ્રીનો જ પ્રથમ ટેસ્ટ લેવાયો. સ્વામીશ્રીને શરીરમાં કોઈ પણ પ્રકારની તકલીફ અનુભવાતી નહોતી, છતાં રિપોર્ટ abnormal આવ્યો. એ રિપોર્ટના આધારે મુંબઈ જઈ વિશેષ તપાસ કરાવતા જણાયું કે તેમને હૃદયની નળીઓમાં બ્લોકેજ છે અને તેના કારણે તેમને બાયપાસ સર્જરી કરાવવી પડી.

જો બ્લોકેજની ખબર પડી તો તે માટેની સારવાર થઈ શકી, તેમ આપણને દોષ ઓળખાય તો તેને ટાળવાના ઉપાય થાય.

૨) સતત જાણપણું રહે :

❊ ટ્રેઈનમાં જતા હોઈએ અને કોઈ કહે : 'ધ્યાન રાખજો ! ટ્રેઈનમાં ખિસ્સાકાતરુ બહુ ફરે છે અને ગમે ત્યારે ખીસું કાપી જશે !' તો કેટલું જાણપણું આવી જાય ? બધી જ ક્રિયા કરીએ, પણ વૃત્તિ તો ખીસા પર જ હોય. તે જ રીતે જો અંદર રહેલા ચોરની ખબર પડે, તો કેટલું જાણપણું આવી જાય ?

૩)બીજાના અવગુણ ન આવે :

❊ કબીરજીને કોઈએ ખરાબ માણસ શોધી લાવવાનું કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો :

બુરા જો દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોય,
જો દિલ ખોજા અપના, મુઝ સા બુરા ન કોય.

દોષ તો મારામાં જ છે, તો બીજાના શું જોવા ?

❊ પોતાના દોષ ઓળખાય તો તેને ટાળવા પર જ તાન રહે, અન્યના જોવા પર નહીં. આપણાં જીવ સાથે જડાયેલા અનેક દોષો પૈકી સૌથી વધુ હાનિકારક દોષ જો કોઈ હોય તો તે છે, માન.

● **સત્સંગમાંથી પાછો પાડતો દોષ - માન :**

❊ યોગીજી મહારાજ કહેતા : 'માન સુપરિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ છે.'

❊ મોટા સંતો વાત કરે છે કે 'માન ટાળવું ખૂબ જ અઘરું છે. સૌથી છેલ્લે માન ટળે છે.'

❊ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં કહે છે :

સ્વર્ગ, મૃત્યુ, પાતાળ મોઝાર,
માને મારી મૂક્યા નરનાર,
કામ, ક્રોધ, લોભ કે'દિ જાય,
પણ માન તે તો ન મુકાય.

❊ ત્યાગ-વૈરાગ્ય, સેવા-ભક્તિ, સમર્પણ-નિષ્ઠા જેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા કઠણ છે, છતાં તે કેળવી શકાય, પણ નિર્માનીપણે વર્તવું અર્થાત્ માનરૂપી દોષનો ત્યાગ કરવો, તે તો તેથી પણ અતિ કઠિન છે. કારણ કે 'માન મોટો છે અરિ અજીત.'

❊ ભુજના સુંદરજી સુથાર શ્રીજીમહારાજના એક વચને દાઢી-મૂંછ મૂંડાવીને સાધુ થઈ ગયા. મહારાજ તેમની આવી નિષ્ઠાથી અતિશય રાજી થઈ ગયા. પણ સુંદરજી સુથારથી બોલાઈ

ગયું કે, 'મહારાજ ! આવી કસોટી બીજાની ન કરતા. બીજા આવી કસોટીમાંથી પાર નહીં ઊતરે.' એમનો કહેવાનો મર્મ એવો હતો કે, મેં જે કર્યું છે તે બીજાથી થઈ શકે નહીં. પોતાના અહંભાવમાંથી આવેલા એ શબ્દો હતા. એક ઝાટકે સંસારનો ત્યાગ કરી શકાય, પણ માન ત્યાગવું કેટલું કઠણ છે ?

❊ અહીં શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ અને સુરાખાચરને પ્રશ્ન પૂછે છે. ત્રણેય કાંઈ સામાન્ય ન હતા. ઘણાં વર્ષોથી તેઓ સત્સંગમાં હતા. એમની આધ્યાત્મિક સાધના અને સ્થિતિ ઉત્કૃષ્ટ હતી.

❊ બ્રહ્માનંદ સ્વામી : વચનામૃત જેતલપુર-૨માં તેમના યતિપણાની પ્રશંસા મહારાજે કરી છે. દૃઢ નિષ્કામી હતા. શ્રીજીમહારાજનો અનન્ય નિશ્ચય હતો.

❊ શુકમુનિ : વચનામૃત કારિયાણી-૩માં શ્રીજીમહારાજ તેમની પ્રશંસા કરતાં કહે છે કે તેમને તો ચડતો ને ચડતો રંગ છે. શ્રીજીમહારાજના વિષે દિવ્યભાવની અદ્ભુત દૃઢતા હતી.

❊ સુરાખાચર : ઘરબારનો ત્યાગ કરી શ્રીજીમહારાજની અખંડ ભેગા રહેતા હતા. એક પ્રસંગે તેમની પણ શ્રીજીમહારાજે 'યતિ' કહીને પ્રશંસા કરી હતી.

❊ આવા સંપ્રદાયના દિગ્ગજ કહી શકાય તેવા આદર્શરૂપ સંતો-ભક્તો પણ મહારાજના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે : 'મહારાજ ! માનરૂપ દોષ છે.' તો પછી આપણા જેવા સામાન્ય મુમુક્ષુની તો શી વાત કરવી ?

❊ માન એક ભયંકર શત્રુ છે. સત્સંગમાં ગમે તેટલી ઊંચાઈ પ્રાપ્ત કરી હોય, પણ માનનો જો લેશ પણ રહી ગયો હોય, તો ગમે ત્યારે ભોંય-પછડાટ ખાવી પડે.

❊ કબીરજી કહે છે :

લેને કો હરિનામ હૈ, દેને કો અન્નદાન;
તરને કો હૈ દીનતા, બૂડને કો અભિમાન.

● **બરોબરિયાપણું :**

❊ માન અત્યંત ભયંકર અંતઃશત્રુ છે. વળી, અત્યંત સૂક્ષ્મ પણ છે. સાથે સાથે માન બહુરૂપી પણ છે. અનેક સ્વરૂપો ધારણ કરે છે. તેનું એક સ્વરૂપ છે, બરોબરિયાપણું.

❊ આપણે બધા સમૂહમાં રહીને સાધના-ભક્તિ કરીએ છીએ, ત્યારે આપણી અંદર રહેલું માન આપણને એકબીજાના સમોવડિયા થવા પ્રેરે છે. શરૂઆતમાં કદાચ આ ભાવના ન હોય પણ જેમ જેમ દિવસો જતા જાય, તેમ તેમ આ ભાવના પ્રબળ બનતી જાય છે.

❊ 'એ સત્સંગી છે, તો હું પણ આટલાં વર્ષથી સત્સંગી છું', 'તું તો આજકાલનો આવેલો ને કાર્યકર બની ગયો ?', 'અમને પણ વી.આઈ.પી. વ્યવસ્થા મળવી જોઈએ.', 'પૈસાવાળાને બધા બોલાવે છે ને અમારો તો કોઈ ભાવેય નથી પૂછતું !, એ પૈસાથી સેવા કરે છે તો અમે દેહથી સેવા કરીએ છીએ.' આવા પ્રકારની ભાવના એટલે બરોબરિયાપણું.

આવું બરોબરિયાપણું અતિશય વિઘ્નરૂપ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી ૨/૫૪મી વાતમાં કહે છે, 'સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહિ ને બરોબરિયા થાવું નહિ ને બરોબરિયા સમજવા એ જ ખોટ છે.'

● **બરોબરિયાપણું સમજવાથી ખોટ :**

૧)વ્યક્તિગત ખોટ :

❊ જ્યારે પોતાનો સમોવડિયો જેને માન્યો હોય તેનો ઉત્કર્ષ થાય એટલે તેના અંતરમાં એક પ્રકારનું ચેઈન રિએક્શન ચાલુ થઈ જાય. એમાંય એ વ્યક્તિને વધારે માન-પાન મળતું થાય, લોકો એને વધારે માન આપતા થાય એટલે તે વ્યક્તિ

ઉપર ઈર્ષ્યા પ્રગટે, જે માણસને કોરી ખાય છે, દુ:ખી બનાવી દે છે.

* ફોર્ડ કંપનીના માલિક હેન્રી ફોર્ડને પોતાની કંપનીમાં સદ્‌ભાગ્યે એક અત્યંત કુશળ માણસ જેમ્સ કઝન્સ મળી ગયો. તે અત્યંત કાબેલ અને બુદ્ધિશાળી હતો. કહેવાય છે કે તેનો જન્મ કેનેડામાં ન થયો હોત તો તે કદાચ અમેરિકાનો પ્રમુખ થઈ શક્યો હોત. એવા કાબેલ જેમ્સની મેધાવી બુદ્ધિને કારણે ફોર્ડ મોટર કંપનીનો વિકાસ ઝડપથી થઈ રહ્યો હતો.

એની આવી નિપુણતાને કારણે હેન્રી ફોર્ડને જેમ્સ પ્રત્યે ઈર્ષ્યા જાગી. કારણ ? જેમ્સને કેટલાક બનાવોની સૂઝ અગાઉથી પડી જતી હતી. તેણે એક વાર હેન્રી ફોર્ડને સલાહ આપેલી કે ''આપણે મોડેલ 'ટી' મોટરનું સુધારા-વધારા સાથેનું નવું મોડેલ બનાવવાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ.''

હેન્રીને તે પોતાને સલાહ આપે તે જચ્યું નહિ. કારણ કે, હેન્રીને પોતાની જાત માટે બહુ ઊંચો અભિપ્રાય હતો. કોઈ માણસ તેનાથી સરખેસરખા થવાની કોશિશ કરે તે એનાથી ખમાતું નહિ. આવી, ઈર્ષ્યાવૃત્તિથી તેણે જેમ્સની સલાહને અવગણી. આવી સલાહ આપવા બદલ તે એના પર ગુસ્સે થયો. અને થોડા સમય બાદ તેને કંપનીમાંથી બરતરફ કરી દીધો.

અને ખરેખર ! જેમ્સ કઝન્સ ફોર્ડ કંપનીમાં હતો, ત્યાં સુધી કંપનીની પ્રગતિ વેગવંતી હતી. પણ તેના ગયા પછીના થોડા મહિના બાદ કંપનીનાં વળતા પાણી શરૂ થયાં અને એની અસર ૩૦ વર્ષ સુધી રહી.

* સંત તિરુવલ્લુવરે કહ્યું છે : 'ઈર્ષ્યાળુના સુખનો નાશ કરવા માટે બહારના કોઈ દુશ્મનની જરૂર નથી. એની ઈર્ષ્યા જ એ કામ કરશે અને બહુ રૂડી રીતે કરશે.'

* દુર્યોધન દિનપ્રતિદિન પાતળો પડતો જતો હતો. તેનું કારણ તેનાથી યુધિષ્ઠિરની કીર્તિ ખમાતી નહોતી.

* આમોદના સત્સંગી દીનાનાથ ભટ્ટ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા, પણ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં તેમની જગ્યાએ મયારામ ભટ્ટનું નામ લખ્યું, તેથી તેમને શ્રીજીમહારાજનો અભાવ આવ્યો, સત્સંગમાંથી પાછા પડી ગયા.

આમ, બરોબરિયાપણાને કારણે ઉદ્‌ભવતું માન અને માનના કારણે ઉદ્‌ભવતી ઈર્ષ્યા માણસને દુ:ખી-દુ:ખી કરી મૂકે છે.

* બરોબરિયાપણામાંથી પ્રગટતી ઈર્ષ્યાના અગ્નિથી વ્યક્તિ પોતે તો બળે છે, પણ બીજાને પણ દઝાડે છે.

૨) સામૂહિક ખોટ :

* જ્યાં બધા જ પોતાને સમોવડિયા માનવા લાગે છે, ત્યાં 'એકમત' કેવી રીતે થાય ? જ્યાં દરેક બીજાને પાછળ પાડીને પોતાની મહત્તા વધારવાની કોશિશ કરતો હોય ત્યાં 'એક રુચિ' કેવી રીતે થાય ?

* કોઈ પણ રાષ્ટ્ર, સમાજ કે સંસ્થાની એકતા તોડનારા કેટલાક પરિબળોમાંનું એક પરિબળ છે - એકબીજાના સમોવડિયા થવાની ભાવના.

* ૧૭૫૭ની સાલમાં અંગ્રેજોએ પહેલું-વહેલું યુદ્ધ બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા સાથે ખેલ્યું.

આ યુદ્ધમાં અંગ્રેજ અમલદાર રોબર્ટ ક્લાઈવ હતો. તેની પાસે માત્ર ૩૦૦ સૈનિકો હતા, જ્યારે નવાબ પાસે ૧૮,૦૦૦ સૈનિકો હતા.

એ વખતે રોબર્ટ ક્લાઈવે ઇંગ્લેન્ડ કાગળ લખ્યો : 'અમે કેવળ ૩૦૦ સૈનિકો છીએ અને અમારી સામે ૧૮,૦૦૦ સૈનિકો છે, અને ભારતના સૈનિકો કેવા છે ? તો એક ભારતીય સૈનિક અમારા પાંચને પણ ભારે પડે તેવો છે. અમે કોઈ રીતે જીતી શકીએ તેમ નથી તો મદદ

મોકલો.' ઇંગ્લેન્ડથી સ્પષ્ટ ના આવી કે એક પણ સૈનિક મળી શકશે નહીં. યુદ્ધનું પરિણામ સ્પષ્ટ હતું. યુદ્ધ ફક્ત ૪૦ મિનિટમાં પૂરું થઈ ગયું.

આમ તો એવું લાગે કે ૧૮,૦૦૦ સૈનિકો માટે ૩૦૦ સૈનિકોને કચડી નાખવા આટલો સમય પૂરતો છે, પણ ઉલટું થયું. ૩૦૦ અંગ્રેજ સૈનિકોએ ૧૮,૦૦૦ ભારતીય સૈનિકોને કેદ પકડી લીધા અને ૧૦ દિવસ પછી તેમની સામૂહિક કતલ કરી નાંખવામાં આવી અને ભારત પર ૨૦૦ વર્ષની ભયંકર ગુલામીના શ્રીગણેશ મંડાયા.

કારણ શું ? એક વ્યક્તિ મીરઝાફરની પોતાની મહત્તા વધારવાની, નવાબના સમોવડિયા થવાની ભાવના. તો પછી જ્યાં બધા જ એકબીજાના બરોબરિયા થવા મથતા હોય ત્યાં સર્વનાશથી ઓછી કઈ અપેક્ષા રાખી શકાય ?

* બરોબરિયાપણાનું ઝેર એટલું બધું ઝેરીલું વાતાવરણ બનાવી દે છે કે તે વ્યક્તિને પોતાને તો નુકસાન થાય છે, સાથે સાથે મંડળ, સંસ્થા કે સમસ્ત રાષ્ટ્રને પણ ડુબાડે છે. એટલે અહીં શ્રીજીમહારાજ બરોબરિયાપણું ત્યાગવા પર ભાર મૂકે છે.
* શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૨૫**માં બરોબરિયાપણાના ત્યાગને રાજીપાનું સાધન બતાવ્યું. તેમણે ત્યાં વાત કરી કે, ભગવાન જેવાં ઐશ્વર્ય આવે તોપણ કોઈ સાધુ સાથે પિતરાઈદાવો કે બરોબરિયાપણું કરે નહિ ને સૌની ટેલ-ચાકરી કર્યા કરે, એના પર ભગવાન અતિશય રાજી થાય છે.
* **દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;**
  ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.
* આમ, સત્સંગમાં કોઈનાય બરોબરિયા કે સમોવડિયા થવાને બદલે સૌના દાસ થઈને રહેવામાં જ રાજીપો, સુખ અને શાંતિ છે.
* સૌના દાસ કઈ રીતે થવાય ? તો તેનો ઉપાય શ્રીજીમહારાજ બતાવે છે - સંબંધનો મહિમા.

● **સંબંધનો મહિમા :**

* શ્રીજીમહારાજ દૃષ્ટાંત આપે છે કે આખી પૃથ્વીના ગવર્નર સાહેબનો હમેલિયો આવે, તો તેનો હુકમ મોટા રાજા હોય તે પણ માને ને જેમ કહે તેમ કરે. નોકર તો સાવ સામાન્ય હોય તોપણ તેનો હુકમ મોટા રાજાને માનવો પડે. કારણ, તેને ગવર્નરનો મહિમા સમજાયો છે, તો તેના સામાન્ય નોકર આગળ પણ માન રહેતું નથી.

  તેમ જો ભગવાનનો યથાર્થ મહિમા સમજાય તો તેમના ભક્તો આગળ પણ માન ન રહે.

◎ એક વાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'આ તુંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?' મુક્તાનંદ સ્વામી કહે : 'ના, મહારાજ.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે તમારી મોટપને જાણતા નથી. અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો જે આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય તો તત્કાળ જાય, એવું તમારા કાંડાને વિશે બળ છે, પણ તમે જાણતા નથી.' પછી મહારાજ કહે : 'એવી મોટપ તમમાં આવી છે, તેનું કારણ એ છે જે સર્વ થકી પર જે અક્ષરધામ, તેને વિશે બિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ થયો છે.'

પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો સામાન્ય જીવને સંબંધ થાય, તે કેટલી ભાગ્યની વાત કહેવાય ?

ક્યાં જીવ ક્યાં જગદીશ,
જાણો જુજવી એ જાત છે રે,
મર આપિયે સો સો શીશ,
તોએ વણમળ્યાની વાત છે રે.

◎ ખરેખર ! આવા અલૌકિક સત્સંગના યોગમાં આવનાર જીવમાત્રનાં પુણ્ય અને ભાગ્યનો કોઈ પાર નથી. જો આવો દરેકનો મહિમા સમજાય

તો બરોબરિયાપણું કોની સાથે રહે ? અરે ! દરેક પ્રત્યે આદરભાવ, નમ્રભાવ, દાસભાવ રહે.

❋ શ્રીજીમહારાજ સ્વયં ભગવાન હતા, છતાં ભક્તોનો આવો મહિમા સમજતા. મહારાજ વરતાલમાં એક વાર મંદિરનાં પગથિયાં પર બેસીને સંતો-ભક્તોને વાત કરવા લાગ્યા. સેવકો દોડીને આસન લઈ આવ્યા ને મહારાજને તેના ઉપર બેસવા વિનંતી કરી. ત્યારે મહારાજ કહે : 'આ દેહને હજારો હરિભક્તોની ચરણરજનો સ્પર્શ થતો હોય એવો લાભ મૂકી આસન શા માટે રાખવું ?'

❋ યોગીજી મહારાજ તો રોજ રાત્રે અક્ષરદેરીની રજ ભેગી કરીને માથે ચડાવતા. મહારાજ-સ્વામીના ભક્તોની ચરણરજનો આવો મહિમા !

❋ આમ, આપણા સત્સંગના યોગમાં આવનાર કોઈ સામાન્ય જીવ નથી. મહારાજે તો ત્યાં સુધી વર આપી દીધો છે કે 'અમારા સત્સંગીનાં દર્શન કરશે તેનું પણ કલ્યાણ...'

❋ ભગવાનના સંબંધે ભક્તનો આવો મહિમા અંતરમાં દૃઢ થાય તો ઉદ્ધવજીની જેમ પ્રાર્થના થાય : 'હે ભગવન્ ! ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષો, લતા, તૃણ, ગુચ્છ એ માંહેલો હું કાંઈક થાઉં.' કહેતા કે દાસનો દાસ થવાય તેવી કૃપા કરજો.

◎ સંબંધનો ખરેખર મહિમા સમજાયો હોય તો તુલસીદાસની જેમ હૃદયોદ્‌ગાર નીકળે કે,

તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ ।
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ ॥

એમ, જેને ભૂલથી પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચામડાના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામ-સ્મરણ, ભજન-કીર્તન કરતાં હોય ને ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તો તેની આગળ માન રહે ? ન રહે, બરોબરિયાપણું પણ ન રહે. તેમની આગળ તો સદાય દાસભાવ, નિર્માનીભાવ જ રહે.

◎ જાગા ભક્ત ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્યોમાંના એક હતા. જાગા ભક્તને શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેવી દૃઢ નિષ્ઠા હતી. આવી દૃઢ નિષ્ઠાના બળે જ તેઓ માનતા કે મહારાજ-સ્વામીના સંબંધને પામેલા આ તમામ સંતો-ભક્તો પણ દિવ્ય છે, અક્ષરધામના મુક્ત છે. તેથી પોતાની નિત્યપૂજામાં તે ભક્તોની નામાવલિ રાખતા અને તેનો પાઠ કરતા.

❋ ભક્તરાજ મગનભાઈએ આફ્રિકામાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવામાં ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. તેમણે પોતાનું સમગ્ર જીવન શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની સેવામાં સમર્પિત કરી દીધું હતું.

મગનભાઈ પોતાના ઇષ્ટદેવ અને ગુરુહરિની સાથે તેમના સંબંધને પામેલા તમામ ભક્તોનો પણ ખૂબ મહિમા સમજતા. કોઈ ભક્તનું ટ્રેનમાં આગમન થાય ત્યારે તેઓ રેલવે પ્લેટફોર્મ પર ટ્રેનને દંડવત્ કરતા. તે ભક્તને પ્રેમથી મળતા, સરભરા કરતા. નાનો બાળક પણ વિદાય લેવાનો હોય તો તેને કહેતા, 'બસ, હવે તમે જશો?' હરિભક્ત વિદાય લે ત્યારે પોતે ચોધાર આંસુએ રડી પડતા. ટ્રેનમાં બેસી ભક્ત વિદાય લે ત્યારે ફરીવાર ટ્રેનને દંડવત્ કરતા.

આફ્રિકાના સત્સંગના મૂળમાં મગનભાઈ હતા. અનેકને તેમણે સત્સંગ કરાવેલો છતાં ઇષ્ટદેવ અને ગુરુ શાસ્ત્રીજી મહારાજ સાથે નાના-મોટા તમામનો મહિમા સમજતા અને તેથી જ અત્યંત નિર્માનીપણે વર્તી શકતા.

❋ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પણ અનેક પ્રસંગે માનરૂપી શત્રુનો નાશ કરવા મહિમા સમજવાની

વાતો કરે છે. સેલવાસમાં સ્વામીશ્રીએ એક વાર નિર્માનીપણે વર્તવાની વાતો કરી હતી. તેના સંદર્ભમાં એક ભક્તે સ્વામીશ્રીને પૂછ્યું, 'નિર્માની થવાનો સૌથી સરળ માર્ગ કયો છે ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'મહિમા અને સંબંધનો મહિમા. (પછી બધા તરફ નિર્દેશ કરીને કહે) આ બધા જેવા-તેવા નથી, ઈન્દ્રાદિ કરતાં પણ મોટા છે. કેટલું કર્યું હશે ત્યારે આ સત્સંગ પ્રાપ્ત થયો છે! આ મહિમા સમજવો, તો નિર્માની થવાય. આ સામાન્ય વાત નથી.'

આપણે પણ ભગવાન-સંતની સાથે સૌ સંતો-ભક્તોનો મહિમા સમજી તેમની સાથે ક્યારેય બરોબરિયા થવાનો પ્રયત્ન ન કરીએ અને માનનો ત્યાગ કરી શકીએ તે પ્રાર્થના...

❀ ❀ ❀

૭. વચનામૃત : ગઢડા અંત્ય-૨૮ : ભગવાનના માર્ગમાંથી પડ્યાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૨૮મું - ભગવાનના માર્ગમાંથી પડ્યાનું સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના કાર્તિક વદિ પડવાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિ તથા સુરો ખાચર એ ત્રણને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?" ત્યારે એ ત્રણે કહ્યું જે, "હે મહારાજ ! માનરૂપ દોષ છે; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે પૂછીએ છીએ જે, '**દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા**' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય ? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને 'જેથી જે બળિયો તેની આગળ માન રહે નહિ.' તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?" પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે ઠીક કહો છો. જો એમ માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ તે સંતની આગળ થાય જ નહિ.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૨૮મું વચનામૃત થયું.

● **મધ્યવર્તી વિચાર :**

૧) શ્રીજીમહારાજની અપેક્ષા - સતત વિચાર રહેવો જોઈએ કે કઈ બાબત મને સત્સંગમાંથી પાડશે ?

૨) માનરૂપ દોષે કરીને સત્સંગમાંથી પાછા પડી જવાય છે. તેમાં પણ ખાસ કરીને બરોબરિયાપણું સત્સંગમાંથી પાડી દે છે.

૩) બરોબરિયાપણું ટાળવાનો ઉપાય છે - સંબંધનો મહિમા.

● **વિઘ્નો સામે દૃષ્ટિ :**

* ગુણાતીતાનંદ સ્વામી **૬/૨૮૧મી વાતમાં** કહે છે : 'કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારાં ઘણાં, તેને ઓળખી રાખવાં.'
* આપણે કલ્યાણના માર્ગે ચાલ્યા છીએ, તો આ માર્ગમાં આવતાં વિઘ્નો પણ ઓળખી રાખવાં અત્યંત જરૂરી છે.
* નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા;
ત્યારે ખરી કરી જોઈએ ખોળ, વિઘનને વામવા.

* અહીં શ્રીજીમહારાજ આ પ્રશ્ન પૂછે છે : 'તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?'
* કેટલીક વાર આપણને આખી દુનિયાનું જ્ઞાન હોય છે, પણ આપણી અંદર શું છે તેની ખબર નથી હોતી.
* લાઓત્સેએ એક અદ્ભુત વાત કરી છે :
He who knows others is learned.
He who knows himself is wise.

જે બીજાને જાણે છે તે વિદ્વાન છે, પણ જે પોતાને જાણે છે તે જ્ઞાની છે.

✻ શ્રીજીમહારાજ આપણને આવા જ્ઞાની બનાવવા માંગે છે. એટલે જ વચનામૃતમાં વારંવાર આ વાત પર ભાર મૂક્યો છે.

✻ **વચનામૃત સારંગપુર-૧૮ :** ''જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે, તેની પેઠે જે દિવસથી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થયો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે, પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.''

આમ, આવો વિચાર રાખીને પોતાના માર્ગમાં આવતાં વિઘ્નો જાણી રાખવા જોઈએ.

● **દોષ ઓળખાવાથી :**

૧) દોષને ટાળવાનો ઉપાય થાય :

✻ જો રોગનું નિદાન થાય તો દવા કઈ કરવી, તે ખબર પડે, પણ રોગ જ ન પકડાયો હોય તો કઈ દવા કરવી ?

✻ ૧૯૯૭માં 'પ્રમુખસ્વામી હેલ્થકેર સેન્ટર' - અમદાવાદમાં હૃદયરોગની તપાસ માટે TMT (ટ્રેડ મીલ ટેસ્ટ) મશીન આવ્યું હતું. પૂ.મહંત સ્વામીને તે મશીનના ઉદ્‌ઘાટન માટે બોલાવ્યા હતા. ઉદ્‌ઘાટન કર્યા બાદ મહંત સ્વામીનો જ પ્રથમ ટેસ્ટ લેવાયો. મહંત સ્વામીને શરીરમાં કોઈ પણ પ્રકારની તકલીફ અનુભવાતી નહોતી, છતાં રિપોર્ટ abnormal આવ્યો. એ રિપોર્ટના આધારે મુંબઈ જઈ વિશેષ તપાસ કરાવતા જણાયું કે તેમને હૃદયની નળીમાં બ્લોકેજ છે અને તેના કારણે તેમને બાયપાસ સર્જરી કરાવવી પડી.

જો બ્લોકેજની ખબર પડી તો તે માટેની સારવાર થઈ શકી, તેમ આપણને વિઘ્ન ઓળખાય તો તેને ટાળવાના ઉપાય થાય.

૨) સતત જાણપણું રહે :

✻ ટ્રેઈનમાં જતા હોઈએ અને કોઈ કહે : 'ધ્યાન રાખજો ! ટ્રેઈનમાં ખિસ્સાકાતરુ ગમે ત્યારે ખીસું કાપી જશે !' તો કેટલું જાણપણું આવી જાય ? બધી જ ક્રિયા કરીએ, પણ વૃત્તિ તો ખીસા પર જ હોય. તે જ રીતે જો અંદર રહેલા ચોરની ખબર પડે, તો કેટલું જાણપણું આવી જાય ?

✻ જેના માથે શત્રુ બેઠા હોય તેને ઊંઘ કઈ રીતે આવે ?

3) બીજાના અવગુણ ન આવે :

✻ કબીરજીને કોઈએ ખરાબ માણસ શોધી લાવવાનું કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો :

બુરા જો દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોય,
જો દિલ ખોજા આપના, મુઝ સા બુરા ન કોય.

દોષ તો મારામાં જ છે, તો બીજાના શું જોવા ?

✻ સુરદાસજીએ પણ આ જ વાત કરી :

મો સમ કૌન કુટિલ ખલ કામી...

પોતાના દોષ દેખાય તો બીજા પરથી દૃષ્ટિ જ ઊઠી જાય.

૪) સત્સંગનો ખપ રહે :

✻ મારા દોષ અહીં સત્સંગમાં જ ટળવાના છે, એવો ખપ જાગે પછી પોતાના દોષ માટે કોઈ વઢે-ટોકે તો હિતકારી મનાય.

✻ જૂનાગઢ મંદિરમાં એક વખત સભામંડપમાં ગુણાતીતાનંદ સ્વામી અદ્‌ભુત કથા કરી રહ્યા હતા. આ વખતે સભામંડપના બીજા છેડે કેશવ ભગત થાંભલીના ટેકે બેસી શિક્ષાપત્રી વાંચી રહ્યા હતા. રામાનુજાનંદ સ્વામીએ આ જોયું. તેમને થયું કે આ પાર્ષદ ગંગાકિનારે કોરા રહી જાય છે. તેઓ એકદમ ઊઠ્યા ને કેશવ ભગતનું બાવડું ઝાલી ઊંચા સાદે

વઢવા લાગ્યા : 'બેટી કા બાપ ! યહાં બૈઠે પાઠ કરતે હો ? સ્વામી કી બાત નહીં સુણતે ? તેરા બાપ સદા નહીં બૈઠે રેવે ! માટે બાત સુણ લે. પછી ઐસા સમય નહીં મિલેગા તો પસ્ત યેગા !'

કેશવ ભગત તરત ઊઠીને કથામાં ગયા. કથા પછી રામાનુજાનંદ સ્વામી કેશવ ભગતને મળ્યા ને ભગતને કેરી આપીને માફી માંગી. તેથી કેશવ ભગત ગદ્‌ગદ થઈ ગયા ને કહે : 'સ્વામી, તમે તો મારા સારા સારુ વઢ્યા'તા ! મને એમાં કશું ખોટું નથી લાગ્યું. હું તો રાજી જ છું. આપ રોજ મને વઢજો.'

જો પોતાના દોષ દેખાય તો મોટાની વાત તરત જ સ્વીકારી શકીએ, નહીં તો પછી સામે ઝઘડવા બેસીએ.

* મનુષ્યમાત્રમાં રહેલા કામ-ક્રોધાદિક અનેક દોષો પૈકી સૌથી વધુ હાનિકારક દોષ જો કોઈ હોય તો તે છે, માન.

- **સત્સંગમાંથી પાછો પાડતો દોષ : માન-બરોબરિયાપણું :**

* યોગીજી મહારાજ કહેતા : 'માન સુપરિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ છે.'
* મોટા સંતો વાત કરે છે કે 'માન ટાળવું ખૂબ જ અઘરું છે. સૌથી છેલ્લે માન ટળે છે.'
* નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સ્વર્ગ, મૃત્યુ, પાતાળ મોઝાર, માને મારી મૂક્યા નરનાર,
કામ, ક્રોધ, લોભ કે'દિ જાય, પણ માન તે તો ન મુકાય.
(ભક્તચિંતામણિ-૧૧૦)

* ત્યાગ-વૈરાગ્ય, સેવા-ભક્તિ, સમર્પણ-નિષ્ઠા જેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા કઠણ છે, છતાં તે કેળવી શકાય, પણ નિર્માનીપણે વર્તવું અર્થાત્ માનરૂપી દોષનો ત્યાગ કરવો, તે તો તેથી પણ અતિ કઠિન છે. કારણ કે **'માન મોટો છે અરિ અજીત.'**
* ભુજના સુંદરજી સુથાર શ્રીજીમહારાજના એક વચને દાઢી-મૂંછ મૂંડાવીને સાધુ થઈ ગયા. મહારાજ તેમની આવી નિષ્ઠાથી અતિશય રાજી થઈ ગયા. પણ સુંદરજી સુથારથી બોલાઈ ગયું કે, 'મહારાજ ! આવી કસોટી બીજાની ન કરતા. બીજા આવી કસોટીમાંથી પાર નહીં ઊતરે.' એક ઝાટકે સંસારનો ત્યાગ કરી શકાય, પણ માન ત્યાગવું કેટલું કઠણ છે ?
* અહીં શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ અને સુરા ખાચરને પ્રશ્ન પૂછે છે. ત્રણેય કાંઈ સામાન્ય ન હતા. એમની આધ્યાત્મિક સાધના અને સ્થિતિ ઉત્કૃષ્ટ હતી. ઘણાં વર્ષોથી સત્સંગમાં હતા.
* બ્રહ્માનંદ સ્વામી : વચનામૃત જેતલપુર-૨માં તેમના યતિપણાની પ્રશંસા મહારાજે કરી છે. દૃઢ નિષ્કામી હતા. શ્રીજીમહારાજનો અનન્ય નિશ્ચય હતો.
* શુકમુનિ : વચનામૃત કારિયાણી-૩માં શ્રીજીમહારાજ તેમની પ્રશંસા કરતાં કહે છે કે તેમને તો ચડતો ને ચડતો રંગ છે. શ્રીજીમહારાજના વિષે દિવ્યભાવની અદ્‌ભુત દૃઢતા હતી.
* સુરા ખાચર : ઘરબારનો ત્યાગ કરી શ્રીજીમહારાજની સાથે રહેતા હતા. એક પ્રસંગે તેમની પણ શ્રીજીમહારાજે 'યતિ' કહીને પ્રશંસા કરી હતી.
* આવા સંપ્રદાયના દિગ્ગજ કહી શકાય તેવા આદર્શરૂપ સંતો-ભક્તો પણ મહારાજના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે : 'મહારાજ ! માનરૂપ દોષ છે.' તો પછી આપણા જેવા સામાન્ય મુમુક્ષુની તો શી વાત કરવી ?
* માન એક ભયંકર શત્રુ છે. સત્સંગમાં ગમે તેટલી ઊંચાઈ પ્રાપ્ત કરી હોય, પણ માનનો જો લેશ પણ રહી ગયો હોય, તો ગમે ત્યારે ભોંય-પછડાટ ખાવી પડે.
* કબીરજી કહે છે :

લેને કો હરિનામ હૈ, દેને કો અન્નદાન;
તરને કો હૈ દીનતા, બૂડને કો અભિમાન.

● **બરોબરિયાપણું :**

❋ માન અત્યંત ભયંકર અંતઃશત્રુ છે. વળી, અત્યંત સૂક્ષ્મ પણ છે. સાથે સાથે માન બહુરૂપી પણ છે. અનેક સ્વરૂપો ધારણ કરે છે. તેનું એક સ્વરૂપ છે, બરોબરિયાપણું.

❋ આપણે બધા સમૂહમાં રહીને સાધના-ભક્તિ કરીએ છીએ, ત્યારે આપણી અંદર રહેલું માન આપણને એકબીજાના સમોવડિયા થવા પ્રેરે છે. શરૂઆતમાં કદાચ આ ભાવના ન હોય પણ જેમ જેમ દિવસો જતા જાય, તેમ તેમ આ ભાવના પ્રબળ બનતી જાય છે.

❋ 'એ સત્સંગી છે, તો હું પણ આટલાં વર્ષથી સત્સંગી છું', 'તું તો આજકાલનો આવેલો ને કાર્યકર બની ગયો ?', 'અમને પણ વી.આઈ.પી. વ્યવસ્થા મળવી જોઈએ.', 'પૈસાવાળાને બધા બોલાવે છે ને અમારો તો કોઈ ભાવેય નથી પૂછતું !' આવા પ્રકારની ભાવના એટલે બરોબરિયાપણું.

આવું બરોબરિયાપણું અતિશય વિઘ્નરૂપ છે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૫માં** કહે છે : 'માંહોમાંહી બરોબરિયાપણું રહે પણ એકબીજાનો ભાર ન આવે, એ પણ અતિશય ભૂંડું છે.'

❋ ગુણાતીતાનંદ સ્વામી **૨/૫૪મી વાતમાં** કહે છે : 'સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહિ ને બરોબરિયા થાવું નહિ ને બરોબરિયા સમજવા એ જ ખોટ છે.'

● **બરોબરિયાપણું સમજવાથી ખોટ :**

■ **વ્યક્તિગત ખોટ :**

❋ જ્યારે પોતાનો સમોવડિયો જેને માન્યો હોય તેનો ઉત્કર્ષ થાય એટલે તેના અંતરમાં પણ એક પ્રકારનું ચેઈન રિએક્શન ચાલુ થઈ જાય. સૌ પ્રથમ તો તેની સ્પર્ધા થાય કે તેના કરતાં, કેવી રીતે આગળ નીકળી જાઉં.

પછી તેમાંથી ઈર્ષ્યા પ્રગટે, જે માણસને કોરી ખાય છે, દુઃખી બનાવી દે છે.

❋ ફોર્ડ કંપનીના માલિક હેન્રી ફોર્ડને પોતાની કંપનીમાં સદ્‌ભાગ્યે એક અત્યંત કુશળ માણસ જેમ્સ કઝન્સ મળી ગયો. તે અત્યંત કાબેલ અને શક્તિશાળી હતો. કહેવાય છે કે તેનો જન્મ કેનેડામાં ન થયો હોત તો તે કદાચ અમેરિકાનો પ્રમુખ થઈ શક્યો હોત. એવા કાબેલ જેમ્સની મેધાવી બુદ્ધિને કારણે ફોર્ડ મોટર કંપનીનો વિકાસ ઝડપી થયો.

એની આવી નિપુણતાને કારણે હેન્રી ફોર્ડને જેમ્સ પ્રત્યે ઈર્ષ્યા જાગી. કારણ ? જેમ્સને કેટલાક બનાવોની સૂઝ અગાઉથી પડી જતી હતી. તેણે એક વાર હેન્રી ફોર્ડને સલાહ આપેલી કે "આપણે મોડેલ 'ટી' મોટરનું સુધારા-વધારા સાથેનું નવું મોડેલ બનાવવાની તૈયારી શરૂ કરી દેવી જોઈએ."

હેન્રીને તે પોતાને સલાહ આપે તે જચ્યું નહિ. કારણ કે, હેન્રીને પોતાની જાત માટે બહુ ઊંચો અભિપ્રાય હતો. કોઈ માણસ તેનાથી સરખેસરખા થવાની કોશિશ કરે તે એમનાથી ખમાતું નહિ. આવી, ઈર્ષ્યાવૃત્તિથી તેને જેમ્સની સલાહ ગળે ઊતરી નહીં. બલકે, આવી સલાહ આપવા બદલ તે એના પર ગુસ્સે થયો. પછી થોડા સમય બાદ તેને કંપનીમાંથી બરતરફ કરી દીધો.

અને ખરેખર ! જેમ્સ કઝન્સ ફોર્ડ કંપનીમાં હતો, ત્યાં સુધી કંપનીની પ્રગતિ વેગવંતી હતી. પણ તેમના ગયા પછીના થોડા મહિના બાદ કંપનીનાં વળતા પાણી શરૂ થયાં અને એની અસર ૩૦ વર્ષ સુધી રહી.

❋ સંત તિરુવલ્લુવરે કહ્યું છે : 'ઈર્ષ્યાળુના સુખનો નાશ કરવા માટે બહારના કોઈ દુશ્મનની જરૂર નથી. એની ઈર્ષ્યા જ એ કામ કરશે અને બહુ રૂડી રીતે કરશે.'

❋ દુર્યોધન દિનપ્રતિદિન પાતળો પડતો જતો હતો. તેનું કારણ તેનાથી યુધિષ્ઠિરની કીર્તિ ખમાતી નહોતી.

* આમોદના સત્સંગી દીનાનાથ ભટ્ટ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા, પણ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં તેમની જગ્યાએ મયારામ ભટ્ટનું નામ લખ્યું, તેથી તેમને શ્રીજીમહારાજનો અભાવ આવ્યો, સત્સંગમાંથી પાછા પડી ગયા.

આમ, બરોબરિયાપણાને કારણે ઉદ્ભવતી ઈર્ષ્યા માણસને દુઃખી-દુઃખી કરી મૂકે છે.

* **ઈર્ષ્યા આગળ વધતાં સામેની વ્યક્તિનો દ્રોહ કરવા સુધી માણસને મજબૂર બનાવી દે છે.**
* વિદેશમાં બનેલી એક સત્ય હકીકત છે. એક દંપતીએ કૂતરો પાળેલો. તેઓ કૂતરા પ્રત્યે ખૂબ જ પ્રેમ બતાવે, બધી સંભાળ રાખે. થોડા સમય પછી તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. સ્વાભાવિક છે કે માતાની મમતા કૂખના જણ્યા જેટલી કૂતરા પ્રત્યે ન જ હોય ! પહેલાં જે સમય કૂતરા પાછળ આપતા હતા, તે હવે પુત્ર પાછળ આપવા લાગ્યા. કૂતરાને નવજાત બાળક પ્રત્યે બરોબરિયાનો ભાવ ઉત્પન્ન થયો અને ઈર્ષ્યાનો અગ્નિ પ્રજ્વલિત થયો. કૂતરો તેમાં બળવા લાગ્યો. તે કંઈ ખાય નહિ, પીએ નહિ. ડૉક્ટર પણ તેનું નિદાન ન કરી શક્યા.

એક વખત એ સ્ત્રી બાળકને સૂતું મૂકીને કંઈક કામપ્રસંગે ઘર બહાર ગઈ. કૂતરાએ આ લાગ જોઈ બાળકને ચૂંથી નાંખ્યું.

* બરોબરિયાપણામાંથી પ્રગટતી ઈર્ષ્યાના અગ્નિથી વ્યક્તિ પોતે તો બળે છે, પણ બીજાને પણ દઝાડે છે.

આમ, બરોબરિયાપણાને કારણે વ્યક્તિ બધી રીતે ખુવાર થાય છે.

■ **સામૂહિક ખોટ :**

* જ્યાં બધા જ પોતાને સમોવડિયા માનવા લાગે છે, ત્યાં 'એકમત' કેવી રીતે થાય ? જ્યાં દરેક બીજાને પાછળ પાડીને પોતાની મહત્તા વધારવાની કોશિશ કરતો હોય ત્યાં 'એક રુચિ' કેવી રીતે થાય ?
* કોઈ પણ રાષ્ટ્રની, સમાજની કે સંસ્થાની એકતા તોડનારું જો કોઈ મુખ્ય પરિબળ હોય તો તે એ જ છે કે એકબીજાના સમોવડિયા થવાની ભાવના.
* ૧૭૫૭ની સાલમાં અંગ્રેજોએ પહેલું-વહેલું યુદ્ધ બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા સાથે ખેલ્યું.

આ યુદ્ધમાં અંગ્રેજ અમલદાર રોબર્ટ ક્લાઈવ હતો. તેની પાસે માત્ર ૩૦૦ સૈનિકો હતા, જ્યારે નવાબ પાસે ૧૮,૦૦૦ સૈનિકો હતા.

એ વખતે રોબર્ટ ક્લાઈવે ઇંગ્લેન્ડ કાગળ લખ્યો : 'અમે કેવળ ૩૦૦ સૈનિકો છીએ અને અમારી સામે ૧૮,૦૦૦ સૈનિકો છે, અને ભારતના સૈનિકો કેવા છે ? તો એક ભારતીય સૈનિક અમારા પાંચને પણ ભારે પડે તેવો છે. અમે કોઈ રીતે જીતી શકીએ તેમ નથી તો મદદ મોકલો.' ઇંગ્લેન્ડથી સ્પષ્ટ ના આવી કે એક પણ સૈનિક મળી શકશે નહીં. યુદ્ધનું પરિણામ સ્પષ્ટ હતું. યુદ્ધ ફક્ત ૪૦ મિનિટમાં પૂરું થઈ ગયું.

સ્વાભાવિક છે ૧૮,૦૦૦ સૈનિકો માટે ૩૦૦ સૈનિકોને કચડી નાખવા આટલો સમય પૂરતો છે, પણ એમ ન થયું. ૩૦૦ અંગ્રેજ સૈનિકોએ ૧૮,૦૦૦ ભારતીય સૈનિકોને કેદ પકડી લીધા અને ૧૦ દિવસ પછી તેમની સામૂહિક કતલ કરી નાંખવામાં આવી અને ભારત પર ૨૦૦ વર્ષની ભયંકર ગુલામીના શ્રીગણેશ મંડાયા.

કારણ શું ? એક વ્યક્તિ મીરઝાફરની પોતાની મહત્તા વધારવાની, નવાબના સમોવડિયા થવાની ભાવના. તો પછી જ્યાં બધા જ એકબીજાના બરોબરિયા થવા મથતા હોય ત્યાં સર્વનાશથી ઓછી કઈ અપેક્ષા રાખી શકાય ?

* બરોબરિયાપણાનું ઝેર એટલું બધું ઝેરીલું વાતાવરણ બનાવી દે છે કે તે વ્યક્તિને પોતાને તો નુકસાન થાય છે, સાથે સાથે મંડળ, સંસ્થા કે સમસ્ત રાષ્ટ્રને પણ ડુબાડે છે. એટલે અહીં શ્રીજીમહારાજ

બરોબરિયાપણું ત્યાગવા પર ભાર મૂકે છે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૨૫માં** કહે છે : 'ભગવાન જેવાં ઐશ્વર્ય આવે તોપણ કોઈ સાધુ સાથે પિતરાઈદાવો કે બરોબરિયાપણું કરે નહિ ને સૌની ટેલ-ચાકરી કર્યા કરે, એના પર ભગવાન અતિશય રાજી થાય છે.'

❋ **દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;**
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.

❋ આમ, સત્સંગમાં કોઈનાય બરોબરિયા કે સમોવડિયા થવાને બદલે સૌના દાસ થઈને રહેવામાં જ રાજીપો, સુખ અને શાંતિ છે.

❋ સૌના દાસ કઈ રીતે થવાય ? તો તેનો ઉપાય શ્રીજીમહારાજ બતાવે છે - સંબંધનો મહિમા.

● **સંબંધનો મહિમા :**

❋ શ્રીજીમહારાજ દૃષ્ટાંત આપે છે કે આખી પૃથ્વીના ગવર્નર સાહેબનો હમેલિયો આવે, તો તેનો હુકમ મોટા રાજા હોય તે પણ માને ને જેમ કહે તેમ કરે. નોકર તો સાવ સામાન્ય હોય તોપણ તેનો હુકમ મોટા રાજાને માનવો પડે. કારણ, તેને ગવર્નરનો મહિમા સમજાયો છે, તો તેના સામાન્ય નોકર આગળ પણ માન રહેતું નથી.

તેમ જો ભગવાનનો યથાર્થ મહિમા સમજાય તો તેમના ભક્તો આગળ પણ માન ન રહે.

❋ એક વાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'આ તુંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?' મુક્તાનંદ સ્વામી કહે : 'ના, મહારાજ.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે તમારી મોટપને જાણતા નથી. અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો જે આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય તો તત્કાળ જાય, એવું તમારા કાંડાને વિશે બળ છે, પણ તમે જાણતા નથી.' પછી મહારાજ કહે : 'એવી મોટપ તમમાં આવી છે, તેનું કારણ એ છે જે સર્વ થકી પર જે અક્ષરધામ, તેને વિશે બિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ થયો છે.'

પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો સામાન્ય જીવને સંબંધ થાય, તે કેટલી ભાગ્યની વાત કહેવાય ?

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે,
મર આપિયે સો સો શીશ, તોએ વણમળ્યાની વાત છે રે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ એક વાર વંથળીના કલ્યાણભાઈ આગળ વાત કરી જે, 'આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કહેવાય નહિ ને જો કહીએ તો માન્યામાં આવે નહિ. પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ, ત્યાં તો કરોડ કરોડગણું અધિક દૈવત જણાય છે, તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ?'

❋ ખરેખર ! આવા અલૌકિક સત્સંગના યોગમાં આવનાર જીવમાત્રનાં પુણ્ય અને ભાગ્યનો કોઈ પાર નથી. જો આવો દરેકનો મહિમા સમજાય તો બરોબરિયાપણું કોની સાથે રહે ? અરે ! દરેક પ્રત્યે આદરભાવ, નમ્રભાવ, દાસભાવ રહે.

❋ શ્રીજીમહારાજને જો આવી મહિમાદૃષ્ટિ હતી તો મહારાજ વરતાલમાં એક વાર મંદિરનાં પગથિયાં પર બેસીને સંતો-ભક્તોને વાત કરવા લાગ્યા. સેવકો દોડીને આસન લઈ આવ્યા ને મહારાજને તેના ઉપર બેસવા વિનંતી કરી. ત્યારે મહારાજ કહે : 'આ દેહને હજારો હરિભક્તોની ચરણરજનો સ્પર્શ થતો હોય એવો લાભ મૂકી આસન શા માટે રાખવું ?'

❋ યોગીજી મહારાજ તો રોજ રાત્રે અક્ષરદેરીની રજ ભેગી કરીને માથે ચડાવતા. મહારાજ-સ્વામીના ભક્તોની ચરણરજનો આવો મહિમા !

❋ આમ, આપણા સત્સંગના યોગમાં આવનાર કોઈ સામાન્ય જીવ નથી. મહારાજે તો ત્યાં સુધી વર આપી દીધો છે કે 'અમારા સત્સંગીનાં દર્શન કરશે તેનું પણ કલ્યાણ...'

❋ વહેલાલનાં વખતબા અને જેસંગભાઈના ઘરે

શ્રીજીમહારાજે રાજી થઈ તેમને વર આપ્યો હતો કે 'તમારા માઢ હેઠે થઈને જે નીકળશે તેનું કલ્યાણ.'

* ભગવાનના સંબંધે ભક્તનો આવો મહિમા અંતરમાં દૃઢ થાય તો ઉદ્ધવજીની જેમ પ્રાર્થના થાય : 'હે ભગવન્ ! ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષો, લતા, તૃણ, ગુચ્છ એ માંહેલો હું કાંઈક થાઉં.' કહેતા કે દાસનો દાસ થવાય તેવી કૃપા કરજો.

* સંબંધનો ખરેખર મહિમા સમજાયો હોય તો તુલસીદાસની જેમ હૃદયોદ્ગાર નીકળે કે,

તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ ।
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ ॥

એમ, જેને ભૂલથી પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચામડાના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામ-સ્મરણ, ભજન-કીર્તન કરતાં હોય ને ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તો તેની આગળ માન રહે ? ન રહે, બરોબરિયાપણું પણ ન રહે. તેમની આગળ તો સદાય દાસભાવ, નિર્માનીભાવ જ રહે.

* આફ્રિકાના મગનભાઈને શાસ્ત્રીજી મહારાજના ભક્તોનો અપરંપાર મહિમા હતો. તો હરિભક્તો ટ્રેનમાં આવે ત્યારે રેલવે સ્ટેશન પર સૌને દંડવત્ કરે અને જ્યારે તેઓ વિદાય થતા હોય ત્યારે એકદમ ભાવાવેશમાં આવી જાય અને જમીન ઉપર આળોટવા મંડે.

* એટલે મહારાજ-સ્વામીના યોગે મળેલો આ સત્સંગ દિવ્ય છે, સત્સંગીમાત્ર દિવ્ય છે. માટે શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૬૩માં** કહ્યું છે તે મુજબ ભગવાનના ભક્ત છે, તે તો બ્રહ્મની મૂર્તિ જ છે, એને વિશે તો મનુષ્યભાવ લાવવો જ નહિ.

* કેટલીક વાર આપણને પ્રશ્ન થાય કે ભગવાનના ભક્તમાં દોષ દેખાતા હોય ત્યારે સંબંધનો મહિમા કેમ સમજાય ? તો તે માટે આપણે ફરીથી શ્રીજીમહારાજે આપેલું દૃષ્ટાંત યાદ કરીએ.

* ગવર્નરનો હમેલિયો આવે તેને મોટા રાજા પણ સન્માન આપે છે. રાજા હમેલિયાની જાતિ, ગુણ, વર્ણ, ઉંમર, આવડત કશું જ જોતો નથી. રાજા સન્માન આપે છે, એક જ કારણે કે હમેલિયો કોનો છે ? ગવર્નરનો. ફક્ત સંબંધ સામે જોઈને જ સન્માન આપે છે. તેમ સંબંધના મહિમામાં સંબંધ જ અગત્યનો છે કે તે કોનો ભક્ત છે ?

* યોગીજી મહારાજ કહેતા : 'ગુણાતીત બાગના કાંટાનો પણ અવગુણ ન લેવો.' એ કાંટો જ છે, પણ ગુણાતીત બાગનો છે.

* **વચનામૃત ગઢડા પ્રથમ-૨૪માં** પણ શ્રીજીમહારાજ આ જ વાત દૃઢાવે છે : ''જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું, જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે તેવો છે, તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.''

* ભગતજી મહારાજને કોઠારી ગોવર્ધનભાઈએ પૂછ્યું કે 'તમારા જેવો આનંદ મને કેમ નથી રહેતો ?' ત્યારે ભગતજી મહારાજ કહે : 'હું આ બધા સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ દેખું છું, તેથી આનંદ રહે છે.'

* આમ, આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સમગ્ર સત્સંગ-સમાજને દિવ્યદૃષ્ટિથી જોવાની શીખ આપે છે. પોતાના સંબંધે કરીને ભક્તો પણ દિવ્ય છે, એવો મહિમા સમજીને સત્સંગ કરવાનો બોધ આપે છે, જેથી સત્સંગમાં ક્યારેય પાછા પડવાનો વખત ન આવે.

* સંબંધનો મહિમા દૃઢ કરીને એવી દિવ્ય દૃષ્ટિ આપણે જીવનમાં કેળવી શકીએ, એ જ મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા અંત્ય પ્રકરણનું ત્રીસમું : પાંચ વાર્તાના અનુસંધાનનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, '...અને વળી આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે. તેમાં એક તો એમ જે, આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, 'આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે.' ને સુખ-દુઃખ, રાજીપો-કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે, એવો વૈરાગ્ય કહ્યો. અને બીજું એમ જે, આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તે કરવું છે, એવું નિરંતર અનુસંધાન રહે છે. અને ત્રીજું એમ જે, અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી ? અને એમ જાણું છું જે, ટળી તો ગઈ છે ત્યારે તે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે ? ત્યારે રખે ન ટળી હોય ? એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે. અને ચોથું એમ જે, મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વ છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ ? અને આની વાસના ટળી છે ને આને આની નથી ટળી, એમ સર્વેનાં હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે. અને પાંચમું એમ જે, જો હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ જે, 'મનને ઉદાસી ન કરવું.' કેમ જે, ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ, પરમહંસ રાજીપે બેઠાં ભગવદ્‌ભક્તિ કરે છે તો એ ઠીક છે. અને ભગવદ્‌ભક્તિને કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે, મરી તો સર્વેને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે, એમ નિરંતર અનુસંધાન રહે છે.' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ નારાયણ છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ત્રીસમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત એટલે અગમ અને ગહન આધ્યાત્મિક રહસ્યોને સરળ ભાષામાં રજૂ કરતો એક વિરલ ગ્રંથ.

તેઓ વચનામૃત ગઢડા **અંત્ય**-૩૦માં પાંચ વાર્તાનું નિત્ય નિરંતર અનુસંધાન રાખવા કહે છે, જેમાં શરૂઆતની ત્રણ વાર્તાનું અનુસંધાન મુમુક્ષુએ રાખવાનું છે. પછીની બે વાર્તાનું અનુસંધાન ભગવાનનું પોતાનું છે, જેમાં મુમુક્ષુના જીવનને દિવ્ય બનાવવા માટેની તેમની દયા અને કરુણા નીતરે છે.

❊ મોટાપુરુષની વર્તાવવાની રીત 'જગત સે ન્યારી' હોય છે. તેઓ પોતાના આશ્રિતોને પોતાના આચરણ દ્વારા હંમેશાં પ્રેરણા આપતા હોય છે. અંગ્રેજીમાં એટલે જ કહ્યું છે, 'His life is his

message.'

* અહીં પણ શ્રીજીમહારાજ કહે છે કે 'અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે...' એવું કહીને વાતનો પ્રારંભ કરે છે. એનો મતલબ એ થાય કે જો શ્રીજીમહારાજ આવી રીતે વર્તતા હોય તો એક આશ્રિત તરીકે આપણે પણ તેમના પગલે ચાલવું જ રહ્યું.

* શ્રીજીમહારાજ આપણને અનુસંધાન રાખવાની વાત કરે છે. અનુસંધાન એટલે શું ?

કોઈ પણ વિચારનો સતત આલોચ... બીજા શબ્દોમાં કહીએ તો ખાતાં-પીતાં, હરતાં-ફરતાં આદિ દૈહિક ક્રિયામાં જે બાબતમાં મનની સતત વૃત્તિ રહેતી હોય તેને તેનું અનુસંધાન કહેવાય.

* શ્રીજીમહારાજે આ વચનામૃતમાં દર્શાવેલાં પ્રથમ ત્રણ અનુસંધાન વિશે આજે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

● **પ્રથમ અનુસંધાન :**

* શ્રીજીમહારાજ પહેલું અનુસંધાન જણાવતાં કહે છે : 'આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો. એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે.'

* આપણા ભારતવર્ષમાં ભગવાનના અવતારોથી લઈને ગામડા-ગામના ભજનિકોના કંઠે આપણે સાંભળતા આવ્યા છીએ કે :

- 'આ કાયામાંથી હંસલો રે ઓચિંતાનો ઊડી જાશે...'
- 'તારે માથે નગારાં વાગે મોતનાં રે...'

* ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ...' અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે.

* આવી વાતો-ભજનો વાંચવા-સાંભળવા છતાં, કેટલાકની અંતિમયાત્રાને ખભો આપ્યો હોવા છતાં મરવાનું અનુસંધાન રહેતું નથી, એ હકીકત છે, એ જ આશ્ચર્ય છે.

* મહાભારતમાં યક્ષ યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછે છે : 'દુનિયામાં સૌથી મોટું આશ્ચર્ય શું છે ?'

ત્યારે યુધિષ્ઠિર જવાબ આપે છે :

અહનિ અહનિ ભૂતાનિ ગચ્છન્તિ ઈહ યમાલયમ્ ।
શેષાઃસ્થિરત્વમ્ઈચ્છન્તિકિમાશ્ચર્યમ્અતઃપરમ્ ॥

અર્થાત્ રોજબરોજ અનેક માણસો મૃત્યુ પામીને યમલોકને પામે છે, તે જોઈને પણ બાકી રહેલા આપણા જેવા એમ સમજે છે કે આપણા પાયા તો પાતાળે જ છે. આથી મોટું કયું આશ્ચર્ય છે ?

જાણીએ છીએ, જોઈએ છીએ, સમજીએ છીએ પણ મૃત્યુનું અનુસંધાન રહેતું નથી.

◎ એકવાર સ્પેનમાં આંતરવિગ્રહ થયેલો ત્યારે અર્નેસ્ટ હેમિંગ્વે નામના નોબલ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર અમેરિકાથી ત્યાં સૈનિક તરીકે લડવા ગયેલા. યુદ્ધમાં કોઈ મરે એટલે ગામના ચર્ચમાં તેના પ્રથમ ખબર આવે. ચર્ચનો પાદરી આ ખબર આપવા ઘંટ વગાડે એટલે ગામના લોકો કોણ મરી ગયું તે જાણવા ચર્ચમાં ભેગા થાય. આ હકીકત ઉપર હેમિંગ્વેએ એક સાહિત્યિક રચના કરી : 'For whom the bell tolls' - કોના માટે આ ઘંટ વાગે છે? અને ત્યાં તે લખે છે કે, 'It tolls for thee' અરે, આ ઘંટ તો તારો જ મૃત્યુઘંટ છે. તું કો'કના મૃત્યુના સમાચાર સાંભળવા આવ્યો છે, પરંતુ તારું મૃત્યુ પણ નિશ્ચિત જ છે.

* મરવું કોઈને ગમતું નથી, છતાં મરવાનું અનુસંધાન રાખવાની વાત શ્રીજીમહારાજ શા માટે કરે છે ? તેનાં બે કારણ છે : (૧) સંસારમાં વૃત્તિ ન ચોંટે (૨) ખોટું કામ ન થાય.

૧)<u>સંસારમાં વૃત્તિ ન ચોંટે</u> :

* એક બાજંદ રાજા હતો. ૯૯૯ ઊંટ ઉપર તો માત્ર તેનું બબર્ચીખાનું (રસોઈનો સામાન) જતું હતું. એક વખત મુસાફરી દરમ્યાન સાંકડા રસ્તામાં એક ઊંટ મૃત્યુ પામ્યું ને આગળ લાઈન અટકી.

રાજાએ તપાસ કરાવી તો જાણવા મળ્યું, એક ઊંટ મરી ગયું હોવાથી કાફલો અટકી ગયો છે. રાજાએ પાસે જઈ જોયું ને કહ્યું : 'આની આંખો, પગ બધું બરાબર છે, સૂતું હોય એવું જ લાગે છે, તો આમાં મરી શું ગયું ?' ત્યારે સાથેના સિપાહી કહે : 'આમાંથી 'રૂહ' (આત્મા) નીકળી ગયો છે. આપણે બધા પણ આવી જ રીતે એક દિવસ મરી જઈશું.' રાજાને આ વાતની ચોટ લાગી ગઈ. તેને થઈ ગયું, જો એક દિવસ મરી જ જવાનું છે તો પછી આ રસાલો, રાજપાટ શું કામનું ? ને ફકીરી લઈ લીધી ! જગતમાંથી વૃત્તિ પાછી વળી ગઈ.

નિષ્કુળાનંદ સ્વામીએ તેથી જ કહ્યું છે :

ઊઠી ન શકે રે ઊંટિયો,
બહુ બોલાવ્યો બાજંદજી;
તેને રે દેખીને ત્રાસ ઉપન્યો,
લીધી ફકીરી છોડ્યો ફંદજી
જનની જીવો રે...

❊ સન ૨૦૦૭, શિકાગો (અમેરિકા) : પ્રમુખસ્વામી મહારાજની સમક્ષ એક યુવકે જોડકણું ગાયું. જેની છેલ્લી કડી આ મુજબ હતી :

'થયા સીટીજન ને થયું પરમેનન્ટ, પણ તોય હંગામી;
આજ આપો વચન અમને કે ધામમાં રાખશો કાયમી.'

સ્વામીબાપા તરત તેઓને કહે : 'આ લોકમાં બધું જ હંગામી છે એમ સમજી રાખ્યું હોય તો પછી એમાં બંધન થાય નહીં. આ લોકમાં આપણે ગમે તેટલું કરીએ પણ બધું હંગામી છે એ અનુસંધાન કાયમ રાખવું.'

◎ મોતનો ફડકો રહે તો માણસને બધાં સુખ નકારાં થઈ જાય.

કોઈ ડોક્ટર કેન્સર કે એઈડ્સના દર્દીને કહી દે કે હવે માંડ પાંચ-છ મહિના કાઢશો, તો તે દર્દીને દુનિયા ખારી ઝેર જેવી થઈ જાય, જ્યારે અહીં તો શ્રીજીમહારાજ આ જ ક્ષણમાં કે આ ઘડીમાં મરવાના અનુસંધાનની વાત કરે છે. જો આવું હોય તો વૃત્તિ બીજે કશે જાય જ કેમ ?

કહેવાનું તાત્પર્ય એ છે કે માણસને જ્યારે મરવાનું અનુસંધાન રહેવા માંડે ત્યારે તેની બધી વૃત્તિઓ સંસારમાંથી તૂટી જાય છે.

❊ શ્રીજીમહારાજે વચનામૃત **ગઢડા મધ્ય-૫૫**માં આ જ વાત કરતાં જણાવ્યું છે : **'જેમ મનુષ્યને મૂવા ટાણે પથારી ઉપર સુવાર્યો હોય ત્યારે તે મનુષ્યમાંથી સહુને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે.'**

❊ આમ, આ અનુસંધાન રાખીને હંમેશાં મોતથી ડરતા રહીને જીવતા રહેવું કે હંમેશાં ઉદાસ થઈને ફર્યા કરવું, તેવું શ્રીજીમહારાજ કહેવા માંગતા નથી. શ્રીજીમહારાજ આપણને એ સમજાવે છે કે મૃત્યુનું જો અનુસંધાન રહે, તો આ સંસારમાં કોઈ પણ પદાર્થ, વ્યક્તિ કે સ્થાન ભગવાનથી અધિક મનાય નહીં, જીવનમાં ભગવાન જ હંમેશાં પ્રધાનપણે રહે, સત્સંગ-ભક્તિ માટે સમય નીકળે.

૨) <u>ખોટું કામ ન થાય</u> :

❊ સંત એકનાથનું પવિત્ર નિષ્પાપ જીવન જોઈને કોઈ મુમુક્ષુએ તેમને પૂછ્યું : 'મારું જીવન આવું કેમ થતું નથી ?' એકનાથે કહ્યું : 'આ વાત હમણાં રહેવા દે પણ હું તને એક વાત કહું છું તે સાંભળ. સાત દિવસમાં તારું મૃત્યુ છે.' આટલું કહીને સંત તો ચાલી ગયા. છઠ્ઠા દિવસે પેલો મુમુક્ષુ મળ્યો. એકનાથે તેને પૂછ્યું : 'તેં છ દિવસમાં કેટલાં પાપ કર્યાં ?' પેલો કહે : 'અરે, મને માથે મૃત્યુ જ દેખાય છે. તે સિવાય કાંઈ દેખાતું નથી. પછી પાપ કરવાની વાત જ ક્યાં રહી ?' એકનાથે કહ્યું : 'મને પણ હંમેશાં મૃત્યુનું જાણપણું રહે છે. તેથી પાપ થતાં જ નથી. એટલે જ નિષ્પાપ રહી શકીએ છીએ !'

* એક ચિંતકે કહ્યું છે,

'કાળને વિકરાળ જાણે,

તે કામ ખોટાં કેદિ ન આણે.'

જેણે બધું જ કાળનું ભક્ષણ જાણ્યું હોય, તે ખોટાં કામથી હંમેશાં છેટે રહે છે.

◎ એકવાર આકાશવાણી થઈ કે ૭ દિવસ પછી સૃષ્ટિનો પ્રલય થવાનો છે, અને બધા જ પ્રાણીમાત્રનું મૃત્યુ થવાનું છે. આવી આકાશવાણી સાંભળીને બધાને લાગ્યું કે હવે ફક્ત સાત દિવસ જ જીવવાનું હોય તો બધા સાથે આપણે સારો વ્યવહાર કરી લઈએ. એટલે જેઓ ચોરી કરતા હતા, ભ્રષ્ટાચાર કરતા હતા, લોકોને મારતા હતા, પશુઓની હિંસા કરતા હતા, તેઓ બધા સુધરી ગયા. અરે ! વર્ષોથી જેનાં લેણાં બાકી હતાં, તેમના પૈસા પણ બધા સામે ચાલીને આપી ગયા. બધા આ દિવસો દરમ્યાન પૂરેપૂરો ખ્યાલ રાખે કે કોઈ પોતાનાથી દુખાય નહીં. બધા પ્રત્યે પ્રેમ, આદર, માન, સુહૃદભાવ રાખે. જ્યારે સાતમો દિવસ આવ્યો ત્યારે બધા જ પોતપોતાના ભગવાનને સંભારવા માંડ્યા. ત્યાં જ અચાનક આકાશવાણી થઈ : 'સૃષ્ટિના પ્રલયનો કાર્યક્રમ પાછો ઠેલાયો છે, જેની કોઈ નિશ્ચિત તારીખ નથી.' જેવી આકાશવાણી પૂરી થઈ કે તરત જ બધા પોતપોતાના અસલ સ્વરૂપમાં આવી ગયા ને ફરી ધમાચકડી શરૂ થઈ ગઈ.

ખરેખર ! જો મૃત્યુનું સતત અનુસંધાન હોય તો માનવી સહજ સ્વભાવ મુજબ ખોટું કરતાં અટકે.

● **બીજું અનુસંધાન :**

* બીજું અનુસંધાન જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે, તે કરવું છે.'

* મહંત સ્વામી મહારાજે પણ સત્સંગદીક્ષા ગ્રંથના ૧૪૫મા શ્લોકમાં લખ્યું છે,

અન્તર્દૃષ્ટિશ્ચ કર્તવ્યા પ્રત્યહં સ્થિરચેતસા।
કિં કર્તુમાગતોસ્મીહ કિં કુર્વેહમિહેતિ ચ ॥

પ્રતિદિન સ્થિર ચિત્તે અંતર્દૃષ્ટિ કરવી કે હું આ લોકમાં શું કરવા આવ્યો છું? અને શું કરી રહ્યો છું?

* માણસે દુનિયામાં આવીને કયું મુખ્ય કામ કરવાનું હોય છે ? યોગીજી મહારાજ 'યોગીવાણી'માં આ વચનામૃતના બીજા અનુસંધાન અંગે વાત કરતાં કહે છે, 'આટલું કામ બાકી છે... કામ શું? અક્ષરરૂપ થવું ને પુરુષોત્તમમાં જોડાવું તે કામ.' ૧૯૭૦માં આફ્રિકામાં પણ યોગીબાપાએ આ જ અનુસંધાનમાં વાત કરેલી કે, 'આટલી મિલ બંધાવી છે, આટલાં કારખાનાં કરવાં છે, તેનું અનુસંધાન ન રાખવું. મોક્ષમાં શું અટક્યું છે? કેટલા બ્રહ્મરૂપ થયા? સ્વામિનારાયણમાં કેટલા જોડાણા? એ અનુસંધાન રાખવું.'

* 'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમમાં જોડાવું' તે આપણા જીવનનું મુખ્ય ધ્યેય છે. એક સત્સંગી તરીકે હું મારા ધ્યેયથી આટલો દૂર છું, તેમ નામું માંડીએ અને તે ધ્યેય સુધી પહોંચવા માટે પ્રયત્ન કરીએ તે આ દ્વિતીય અનુસંધાનનો મર્મ છે.

◎ વડોદરામાં આયુર્વેદનો અભ્યાસ કરી રહેલા એક યુવાને વચનામૃત ગ્રંથનું નિયમિતપણે વાંચન અને અધ્યયન શરૂ કર્યું. તેના આ પ્રયત્નથી તેને ખ્યાલ આવ્યો કે મને માનરૂપી સ્વભાવ દુઃખી કરે છે. મારી આધ્યાત્મિક પ્રગતિમાં આ દોષ વિઘ્નરૂપ છે. પછી તેને ટાળવા માટે તે પ્રયત્નશીલ થયો.

* ભરૂચના એક હરિભક્તનો ક્રોધી સ્વભાવ હતો. નાની-નાની બાબત પર મારામારી કરવા લાગે. તેમની આસપાસનું વાતાવરણ પણ તંગ રહે. પણ સત્સંગ કરતાં કરતાં અંતર્દૃષ્ટિ થઈ કે શ્રીજીમહારાજ અને આપણા ગુરુવર્યોને ક્રોધ પસંદ નથી. મારે એકાંતિક ભક્ત થઈ તેમને રાજી કરવા છે, તેથી આ સ્વભાવ છોડવો જોઈશે.

તે હરિભક્ત આ ધ્યેય સાથે મંડ્યા તો ઘણા અંશે તેમનો ક્રોધ નાબૂદ થઈ ગયો.

* આપણા એક કાર્યકર ભાઈ અમુક ઘરે સંપર્ક માટે નીકળ્યા. પરંતુ પ્રથમ ઘરમાં જ તેમને કડવો અનુભવ થયો. જે ભાઈને સભામાં આવવા આમંત્રણ આપવા ગયા, તે ગમે તેમ બોલવા લાગ્યા. કાર્યકરને મનમાં દુઃખ થયું કે તમારા માટે દાખડો કરીએ છીએ અને તમે જ અપમાન કરો છો. તેઓ બોલ્યા વિના ત્યાંથી નીકળી ગયા. હજુ અન્ય ઘરોમાં સંપર્ક કરવાનો બાકી હતો. તેમનું મન ચકડોળે ચઢ્યું કે જો અપમાન જ થવાનું હોય તો સંપર્ક નથી કરવો.

હજુ સંપર્ક ન કરવાના વિચાર ચાલતા હતા, ત્યાં તેમને મહંત સ્વામી મહારાજે આપેલ દીક્ષામંત્ર 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ' યાદ આવ્યો. હું અક્ષર છું, બ્રહ્મ છું, આત્મા છું. આત્માને માન શું ને અપમાન શું? ભગવાન કોઈને નિમિત્ત બનાવી મારું માનખંડન કરતા હશે. મારે માન-અપમાનથી પર થઈ સેવા કરવી જોઈએ, તો જ ખરા અર્થમાં અક્ષરરૂપ થયા કહેવાઈએ. અને તે કાર્યકર ફરીવાર સંપર્ક કાર્યમાં જોડાઈ ગયા.

* શ્રીજીમહારાજે આ વચનામૃતના બીજા અનુસંધાનમાં જે વાત કરી છે તેનો આ જ મર્મ છે. આટલો વ્યાપાર કર્યો ને આટલી સંપત્તિ વધારી તેનો વિચાર તો આખું જગત કરે જ છે, પણ ભક્તને અનુસંધાન એ રહે કે અક્ષરરૂપ થવામાં મારે આટલું કામ બાકી છે તે કરવું છે.

● **ત્રીજું અનુસંધાન :**

* ત્રીજું અનુસંધાન જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'વાસના ટળી છે કે નથી ટળી ? અને ટળી હોય તો તે તે વિષયની ક્રિયા કેમ થતી હશે? ત્યારે રખે ને ન ટળી હોય...' એમ નિરંતર અણવિશ્વાસનું અનુસંધાન રાખવું. શ્રીહરિ અહીં અતિ અદ્‌ભુત અને અતિ સૂક્ષ્મ વાત કરે છે. સાધુ-સત્સંગીઓ તમામ માટે આ અનુસંધાન દીવાદાંડી સમાન છે.

* કામ, રસાસ્વાદ, માન, લોભ, સ્નેહ વગેરેની અનંત વાસનાઓ છે, જે મહાચુંબક જેવી છે. જીવને આ જગતમાંથી ઊખડવા દેતી નથી. મહાપ્રલયમાં પણ એ બળી નથી. જન્મોજન્મ ભેગી જ આવે છે. કેટલીક વાર આપણાથી સત્સંગ કરતાં કરતાં આ સ્વભાવ, દોષો અને વાસનાનું પોષણ થતું હોય છે.

* શ્રીજીમહારાજે સં.૧૮૬૬માં ડભાણમાં મહાયજ્ઞ કર્યો. મયારામ ભટ્ટ આ યજ્ઞમાં આવી ન શક્યા, તેથી મહારાજે યજ્ઞનો હિસાબ રાખવાની સેવા અમદાવાદના બાપુભાઈને સોંપી. બાપુભાઈને સારા સત્સંગી જાણી મહારાજે તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. મહારાજ પાસે જે ભેટ આવે, તે તેઓ રાખતા. તેઓ ચોખ્ખો હિસાબ લખતા નહીં અને લોભવશ પૈસા ગાયબ કરતા. છેલ્લે બે હજાર રૂપિયાની ખોટ દેખાડી.

મહારાજ સાથે આવું કપટ કર્યું તેથી મરીને ભૂત થવું પડ્યું. તેઓ પોતાના ભાઈમાં પ્રવેશ કરતા. તેમણે શ્રીજીમહારાજ પાસે ભાઈના દેહમાં રહીને પોતાની બધી ગોલમાલ કબૂલી અને માફી માંગી.

બાપુભાઈ સત્સંગી હતા પણ લોભને કારણે તેમનું પતન થયું. તેથી મહારાજ અહીં વચનામૃતમાં તમામ સત્સંગીઓને વાસના ટળી છે કે નહીં, તેનું અનુસંધાન રાખવાની વાત કરી રહ્યા છે.

◎ ઉમરેઠના ગંગાદત્ત ગઢડા મહારાજનો સમાગમ કરવા આવ્યા હતા. મહારાજની મૂર્તિના સ્વાદ કરતાં તેમને દાળમાં આંબલીની ખટાશનો સ્વાદ ખૂબ પ્રિય લાગતો. તેથી પોતાની સાથે આંબલી લઈને આવેલા. થોડા દિવસમાં આંબલી ખૂટી જતાં તેમણે મહારાજને ઉમરેઠ પાછા જવા માટે

વાત કરી. મહારાજ કહે, 'થોડા દિવસ રોકાવ.' પરંતુ ગંગાદત્ત બહાનું બતાવતાં કહે, 'મહારાજ મારે જવું પડશે. મારે ઘરે કામ છે.' ત્યાં તો તેમનો દીકરો બોલ્યો, 'આંબલી ખૂટી ગઈ છે, તેથી જવા માંગે છે.' મહારાજ કહે, 'આંબલી લાવી આપીએ.' ગંગાદત્ત કહે, 'ગુજરાત જેવી આંબલી કાઠિયાવાડમાં ન મળે.' અંતે તેઓ ન રોકાયા. આમ, આંબલીના સ્વાદે સમાગમ છોડ્યો અને આધ્યાત્મિક પ્રગતિ અટકાવી.

ગંગાદત્ત સમાગમ કરવા મહારાજ પાસે ગયેલા, પણ સ્વાદરૂપી સ્વભાવ ટાળવાનું અનુસંધાન નહીં હોય તેથી જ મહારાજના અલભ્ય સમાગમનો પણ ત્યાગ કરી દીધો.

* સ્વભાવ ટાળવાનું અનુસંધાન ન હોય તો જ્યારે તેનું ખંડન થાય ત્યારે સત્સંગનો અભાવ પણ આવી જાય. સમૈયા-ઉત્સવમાં વી.આઈ.પી. પાસ ન મળે અથવા મનધાર્યું તૂટે તો દર્શન-સમાગમનો આનંદ ન આવે, સંતોનો અભાવ આવે, ધીમે ધીમે સત્સંગમાંથી પાછા પડી જવાય.
* સ્વભાવ માણસને અહોરાત્ર અધ્ધર રાખે છે. સ્વભાવને વશ થઈ વ્યક્તિ ભગવાન અને સંત પાસે પણ તે પ્રકારની જ માંગણી કરતો હોય છે.

એકવાર મહંત સ્વામી મહારાજ પર એક ભાઈએ પત્ર લખ્યો. તેમાં તેમણે કેટલીક પ્રાર્થના સ્વામીશ્રી સમક્ષ કરી હતી. તેમણે લખ્યું હતું કે, 'મારાં બે ગોડાઉન ખાલી થઈ ગયાં છે. હવે ગોડાઉન ભાડે આપવાનાં છે તે ગોઠવાઈ જાય. દીકરાના દીકરાને નોકરી મળી જાય. બીજા દીકરાના દીકરાને છોકરી મળી જાય... અને ઘણા સમયથી મારી પ્રાર્થના છે કે મને ધામમાં લઈ જાવ.'

સ્વામીશ્રી આ સાંભળી કહે, 'આ બધા સંકલ્પોને લીધે જ ધામમાં જતા નથી.'

* વાસના ટાળીએ તો જ ભગવાનની પાસે રહી શકાય, ભગવાનનું સુખ મેળવી શકાય. પ્રેમાનંદ સ્વામી શ્રીમુખના પદમાં કહે છે :

સૌ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ.

* સત્સંગમાં 'Admission to all but passing requires cent(100) percent.' પ્રવેશ બધા માટે છે પણ અક્ષરધામમાં જવા માટે સો ટકા નિર્વાસનિક થવું પડશે. ૯૯.૯૯ ટકા પણ નહિ ચાલે.

તેથી જ સારંગપુરમાં ઉત્તર ગુજરાતનાં સ્ત્રી હરિભક્તોએ શ્રીહરિ પાસે માંગ્યું : 'કેદી દેશો મા સંસારી સુખ.' સંસારીઓ સંસારી સુખ ન માગે તે તેમની વિષયો પ્રત્યેની અનાસક્તિ સૂચવે છે.

* મહંત સ્વામી મહારાજ પાસે પણ ઘણા યુવાનો-હરિભક્તો પત્રરૂપે અથવા મુલાકાત દરમ્યાન આ દેહે એકાંતિક થવાય, નિર્વાસનિક થવાય અને અક્ષરધામમાં બેસી જવાય તેવી જ પ્રાર્થના કરે છે. વાસના ટાળવાનું અનુસંધાન હોય ત્યારે જ આવી પ્રાર્થના થઈ શકે છે. સ્વામીશ્રી પણ આવી પ્રાર્થના સાંભળી વિશેષ રાજી થતા હોય છે.
* શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૪૭**માં કહે છે : **'આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોતા મરવું નહીં.'**
* અક્ષરધામને પામવા આપણે આપણો પૂર્ણ પ્રયત્ન કરવાનો છે. કામ કઠણ છે, પણ સામે ફળ પણ ભારે છે. અનંત જન્મોનો ફેંસલો એક જ જન્મમાં થઈ જાય, અને શાશ્વત પરમ સુખના અધિકારી થઈ જઈએ, જો શ્રીજીમહારાજે દર્શાવેલ અનુસંધાન રાખીને સત્સંગ કરતા રહીએ તો...

મહારાજ-સ્વામી આપણને આવા પ્રકારનું સતત અનુસંધાન રાખીને ભજન-ભક્તિ કરવાનું બળ આપે એ જ પ્રાર્થના.

૬. વચનામૃત : ગઢડા અંત્ય-૩૦ : પાંચ વાર્તાના અનુસંધાનનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૩૦મું પાંચ વાર્તાના અનુસંધાનનું

સ્વામિનારાયણ હરે

સંવત ૧૮૮૫ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **અને વળી આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે.** તેમાં એક તો એમ જે, આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, 'આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે.' ને સુખ-દુઃખ, રાજીપો-કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે, એવો વૈરાગ્ય કહ્યો. અને બીજું એમ જે, આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તે કરવું છે, એવું નિરંતર અનુસંધાન રહે છે. અને ત્રીજું એમ જે, અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી ? અને એમ જાણું છું જે, ટળી તો ગઈ છે ત્યારે તે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે ? ત્યારે રખે ન ટળી હોય ? એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે. અને ચોથું એમ જે, મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વ છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ ? અને આની વાસના ટળી છે ને આને આની નથી ટળી, એમ સર્વેના હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે. અને પાંચમું એમ જે, જો હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ જે, 'મનને ઉદાસી ન કરવું.' કેમ જે, ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ, પરમહંસ રાજીપે બેઠાં ભગવદ્‌ભક્તિ કરે છે તો એ ઠીક છે. અને ભગવદ્‌ભક્તિને કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે જે, મરી તો સર્વેને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે, એમ નિરંતર અનુસંધાન રહે છે.' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ નારાયણ છે.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ૩૦મું વચનામૃત થયું.

- ❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પાંચ વાર્તાનું નિત્ય નિરંતર અનુસંધાન રાખવા કહે છે. જેમાં શરૂઆતની ત્રણ વાર્તાનું અનુસંધાન મુમુક્ષુએ રાખવાનું છે. પછીની બે વાર્તાનું અનુસંધાન ભગવાનનું પોતાનું છે, જેમાં મુમુક્ષુના જીવનને દિવ્ય બનાવવા માટેની તેમની દયા અને કરુણા નીતરે છે.
- ❊ મોટાપુરુષની વર્તાવવાની રીત 'જગત સે ન્યારી' હોય છે. તેઓ પોતાના આશ્રિતોને પોતાના આચરણ દ્વારા હંમેશાં પ્રેરણા આપતા હોય છે.
- ❊ His life is his message.
- ❊ અહીં પણ શ્રીજીમહારાજ કહે છે કે 'અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે...' એવું કહીને વાતનો પ્રારંભ કરે છે. એનો મતલબ એ થાય કે જો શ્રીજીમહારાજ આવી રીતે વર્તતા હોય તો એક આશ્રિત તરીકે આપણે પણ તેમના પગલે ચાલવું જ રહ્યું.

* શ્રીજીમહારાજ આપણને અનુસંધાન રાખવાની વાત કરે છે. અનુસંધાન એટલે શું ?

કોઈ પણ વિચારનો સતત આલોચ... બીજા શબ્દોમાં કહીએ તો ખાતા-પીતાં, હરતાં-ફરતાં આદિ દૈહિક ક્રિયામાં જે બાબતમાં મનની સતત વૃત્તિ રહેતી હોય તેને તેનું અનુસંધાન કહેવાય.

* બેંકમાંથી ૧૦ લાખ રૂપિયા થેલીમાં લઈને ઘરે પહોંચીએ, તે વચ્ચેના સમયમાં મનની બધી જ વૃત્તિ શેમાં હોય ? ભલે સ્કૂટર ચલાવતા હોઈએ, એક્સિડન્ટ ન થાય તેનું ધ્યાન રાખતા હોઈએ, ચાર રસ્તા પર કોઈ સાથે વાત કરતા હોઈએ તોપણ અનુસંધાન તો પૈસાનું જ રહે.

શ્રીજીમહારાજે આ વચનામૃતમાં દર્શાવેલા પ્રથમ ત્રણ અનુસંધાન વિષે આજે આપણે સમજીએ.

● પ્રથમ અનુસંધાન :

* **શ્રીજીમહારાજ પહેલું અનુસંધાન જણાવતાં** કહે છે : 'આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો. એ તો એમ જ નિશ્ચય જણાય છે, આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે.'
* આપણા ભારતવર્ષમાં ભગવાનના અવતારોથી લઈને ગામડા-ગામના ભજનિકોના કંઠે આપણે સાંભળતા આવ્યા છીએ કે :
* **'આ કાયામાંથી હંસલો રે ઓચિંતાનો ઊડી જાશે...'**
* **'તારે માથે નગારાં વાગે મોતના રે...'**
* **'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી...**
  આવ્યા ત્યારે શું લાવ્યા ને શું લઈ જવું સાથે જી...
* **'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ...'** અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે.
* આપણે પણ કેટલાકની અંતિમયાત્રાને ખભો આપ્યો હોવા છતાં મરવાનું અનુસંધાન રહેતું નથી એ હકીકત છે, એ જ આશ્ચર્ય છે.
* મહાભારતમાં યક્ષ યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછે છે : 'દુનિયામાં સૌથી મોટું આશ્ચર્ય શું છે ?' ત્યારે યુધિષ્ઠિર જવાબ આપે છે :

અહનિ અહનિ ભૂતાનિ ગચ્છન્તિ યમાલયમ્ ।
શેષાઃ સ્થિરત્વમ્ ઇચ્છન્તિ કિંમ્ આશ્ચર્યમ્ અતઃપરમ્ ॥

અર્થાત્ રોજબરોજ અનેક માણસો મૃત્યુ પામીને યમલોકને પામે છે, તે જોઈને પણ બાકી રહેલા આપણા જેવા એમ સમજે છે કે આપણા પાયા તો પાતાળે જ છે. આથી મોટું કયું આશ્ચર્ય છે ?

જાણીએ છીએ, જોઈએ છીએ, સમજીએ છીએ પણ મૃત્યુનું અનુસંધાન રહેતું નથી.

* મરવું કોઈને ગમતું નથી, છતાં મરવાનું અનુસંધાન રાખવાની વાત શ્રીજીમહારાજ શા માટે કરે છે ? તેનાં ત્રણ કારણ છે : (૧) સંસારમાં વૃત્તિ ન ચોંટે (૨) ખોટું કામ ન થાય (૩) જીવનની ક્ષણેક્ષણનો ઉપયોગ થાય.

૧) સંસારમાં વૃત્તિ ન ચોંટે :

* નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે :

ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી,
તેને રે દેખીને ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી
જનની જીવો રે.

એક બાજંદરાજા હતો. ૯૯૯ ઊંટ ઉપર તો માત્ર તેનું બબર્ચીખાનું (રસોઈનો સામાન) જતું હતું. એક વખત મુસાફરી દરમ્યાન રણમાં એક ઊંટ મૃત્યુ પામ્યું ને આગળ લાઈન અટકી. રાજાએ તપાસ કરાવી તો જાણવા મળ્યું એક ઊંટ મરી ગયું હોવાથી કાફલો અટકી ગયો છે. રાજાએ પાસે જઈ જોયું ને કહ્યું : 'આની આંખો, પગ બધું બરાબર છે, સૂતું હોય એવું જ લાગે છે, તો આમાં મરી શું ગયું ?' ત્યારે સાથેના સિપાહી કહે : 'આમાંથી 'રૂહ' (આત્મા) નીકળી ગયો છે.' આપણે બધા પણ આવી જ રીતે એક દિવસ મરી જઈશું. રાજાને આ વાતની ચોટ લાગી ગઈ. તેને થઈ ગયું જો એક દિવસ મરી જ જવાનું છે તો પછી આ રસાલો, રાજપાટ શું કામનું ? ને ફકીરી લઈ લીધી !

જગતમાંથી વૃત્તિ પાછી વળી ગઈ.

❋ ઈ.સ. ૨૦૦૭, શિકાગો (અમેરિકા) : સ્વામીશ્રીની સમક્ષ ડેટ્રોઈટ મંડળના સભ્યોએ એક જોડકણું ગાયું. જેની છેલ્લી કડી આ મુજબ હતી :

થયા સીટીજન ને થયું પરમેનન્ટ, પણ તોય હંગામી;
આજ આપો વચન અમને કે અક્ષરધામમાં રાખશો કાયમી.

સ્વામીશ્રી તરત તેઓને કહે : 'આ લોકમાં બધું જ હંગામી છે એમ સમજી રાખ્યું હોય તો પછી એમાં બંધન થાય નહીં. આ લોકમાં આપણે ગમે તેટલું કરીએ પણ હંગામી છીએ એ અનુસંધાન કાયમ રાખવું.

❋ મોતનો ફડકો રહે તો માણસને બધાં સુખ નકારાં થઈ જાય.

૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ મુંબઈમાં તાજ અને ઓબેરોય હોટલમાં આતંકવાદી હુમલો થયો ત્યારે ભારતના તેમજ અન્ય દેશોના ધનિકો હોટલમાં હતા. તેમાં પણ એક કે બે દિવસ પછી જે યાત્રીઓ હોટલમાંથી બહાર નીકળ્યા અને તેમના અનુભવો જાણ્યા ત્યારે સૌને ખબર પડી કે મોતના ઓથાર હેઠળ તેમને હોટલનું સુખ કેવું આવ્યું ?

કહેવાનું તાત્પર્ય એ છે કે માણસને જ્યારે મરવાનું અનુસંધાન રહેવા માંડે ત્યારે તેની બધી વૃત્તિઓ સંસારમાંથી તૂટી જાય છે.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૫૫માં** આ જ વાત કરતાં જણાવ્યું છે : 'જેમ મનુષ્યને મૂવા ટાણે પથારી ઉપર સુવાર્યો હોય ત્યારે તે મનુષ્યમાંથી સહુને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે.'

❋ કોઈ ડૉક્ટર કેન્સર કે એઈડ્સના દર્દીને કહી દે કે હવે માંડ પાંચ-છ મહિના કાઢશો તો તે દર્દીને દુનિયા ખારી ઝેર જેવી થઈ જાય, જ્યારે અહીં તો શ્રીજીમહારાજ આ જ ક્ષણમાં કે આ ઘડીમાં મરવાના અનુસંધાનની વાત કરે છે. જો આવું હોય તો વૃત્તિ બીજે કશે જાય જ કેમ ?

આમ, આ અનુસંધાન રાખીને હંમેશાં મોતથી ડરતાં રહીને જીવતા રહેવું કે હંમેશાં ઉદાસ થઈને ફર્યા કરવું, તેવું શ્રીજીમહારાજ કહેવા માંગતા નથી. શ્રીજીમહારાજ આપણને એ સમજાવે છે કે મૃત્યુનું જો અનુસંધાન રહે તો આ સંસારમાં કોઈ પણ પદાર્થ, વ્યક્તિ કે સ્થાન ભગવાનથી અધિક મનાય નહીં, જીવનમાં ભગવાન જ હંમેશાં પ્રધાનપણે રહે.

૨) ખોટું કામ ન થાય :

❋ એક વાર આકાશવાણી થઈ કે ૭ દિવસ પછી સૃષ્ટિનો પ્રલય થવાનો છે અને બધા જ પ્રાણીમાત્રનું મૃત્યુ થવાનું છે. આવી આકાશવાણી સાંભળીને બધાને લાગ્યું કે હવે ફક્ત સાત દિવસ જ જીવવાનું હોય તો બધા સાથે આપણે સારો વ્યવહાર કરી લઈએ. એટલે જેઓ ચોરી કરતા હતા, ભ્રષ્ટાચાર કરતા હતા, લોકોને મારતા હતા, પશુઓની હિંસા કરતા હતા, તેઓ બધા સુધરી ગયા. અરે ! વર્ષોથી જેના લેણાં બાકી હતા, તેમના પૈસા પણ બધા સામે ચાલીને આપી ગયા. બધા આ દિવસો દરમ્યાન પૂરેપૂરો ખ્યાલ રાખે કે કોઈ પોતાનાથી દુખાય નહીં. બધા પ્રત્યે પ્રેમ, આદર, માન, સુહૃદભાવ રાખે. જ્યારે સાતમો દિવસ આવ્યો ત્યારે બધા જ પોતપોતાના ભગવાનને સંભારવા માંડ્યાં. ત્યાં જ અચાનક આકાશવાણી થઈ : 'સૃષ્ટિના પ્રલયનો કાર્યક્રમ પાછો ઠેલાયો છે, જેની કોઈ નિશ્ચિત તારીખ નથી.' જેવી આકાશવાણી પૂરી થઈ કે તરત જ બધા પોતપોતાના અસલ સ્વરૂપમાં આવી ગયા ને ફરી ધમાચકડી શરૂ થઈ ગઈ.

ખરેખર ! જો મૃત્યુનું સતત અનુસંધાન હોય તો માનવી સહજ સ્વભાવ મુજબ ખોટું કરતાં અટકે.

❋ સંત એકનાથનું પવિત્ર નિષ્પાપ જીવન જોઈને કોઈ મુમુક્ષુએ તેમને પૂછ્યું : 'મારું જીવન આવું કેમ થતું નથી ?' એકનાથે કહ્યું : 'આ વાત હમણાં રહેવા દે

પણ હું તને એક વાત કહું છું તે સાંભળ. સાત દિવસમાં તારું મૃત્યુ છે.' આટલું કહીને સંત તો ચાલી ગયા. છઠ્ઠા દિવસે પેલો મુમુક્ષુ મળ્યો. એકનાથે તેને પૂછ્યું : 'તેં છ દિવસમાં કેટલાં પાપ કર્યાં ?' પેલો કહે : 'અરે, મને માથે મૃત્યુ જ દેખાય છે. તે સિવાય કાંઈ દેખાતું નથી. પછી પાપ કરવાની વાત જ ક્યાં રહી ?' એકનાથે કહ્યું : 'મને પણ હંમેશાં મૃત્યુનું જાણપણું રહે છે તેથી પાપ થતાં જ નથી એટલે જ નિષ્પાપ રહી શકીએ છીએ !'

૩) ક્ષણે ક્ષણનો ઉપયોગ થાય :

❊ નવ યોગેશ્વર જ્યારે રાજા જનકના દરબારમાં આવ્યા ત્યારે જનક બધા જ યોગેશ્વરને એક સાથે જ ભેટ્યા. તેનું કારણ જણાવતા જનક બોલ્યા : 'જો વારાફરતી ભેટવા જાઉં અને તેમાં મારો દેહ પડી જાય તો મારું એટલું પુણ્ય ચાલ્યું જાય.' આમ, એક જ ક્ષણમાં વધુ મેળવવાની વૃત્તિ મૃત્યુના અનુસંધાનથી જાગે છે.

❊ પંચાળાથી અદીબા ગઢડે રસોઈ આપવા આવ્યાં પણ બપોરે મોડાં પહોંચ્યાં. મહારાજ અને સંતોએ જમી લીધું હતું. તેમણે બીજા દિવસ ઉપર ન રાખ્યું. મહારાજને કહ્યું : 'મારી અત્યારે જ રસોઈ લ્યો. કાલની કોને ખબર છે ?' અને તરત ફરી રસોઈ બનાવરાવીને મહારાજ અને સંતોને જમાડ્યા !

● બીજું અનુસંધાન :

❊ **બીજું અનુસંધાન જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :** 'આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે, તે કરવું છે.'

❊ દેહના નાશવંતપણાના પ્રથમ અનુસંધાનમાં જ વિશેષ અંતર્દૃષ્ટિ કરવાની વાત મહારાજે અહીં કરી છે : 'ગમે ત્યારે મરવાનું થાય પણ તે દરમ્યાન આપણે શું કર્યું ? ને શું કરવાનું બાકી છે ? તે વિચાર્યું ખરું ?

❊ માણસે દુનિયામાં આવીને કયું મુખ્ય કામ કરવાનું હોય છે ? આપણાં શાસ્ત્રો અને ઋષિમુનિઓ સમજાવે છે : **'ધ્યેયો નારાયણો હરિઃ'** એટલે કે જીવનનું ધ્યેય ભગવાનની પ્રાપ્તિ કરવી તે છે.

❊ ઈ.સ. ૨૦૦૭, બોચાસણ : સ્વામીશ્રી સમક્ષ અમદાવાદના રશ્મિભાઈ પોતાના શિશુને લઈને આવ્યા. રોસ્ટ્રમ પર સુવાડ્યો. તેઓ કહે : 'બાપા ! આનું નામ પાડવાનું છે. મીન રાશિ છે.' 'ધ્યેય રાખજો.' એમ સ્વામીશ્રીએ કહ્યું. ત્યારપછી નાના શિશુ તરફ દૃષ્ટિ કરતાં તેને સંબોધીને સ્વામીશ્રી કહે : 'ધ્યેય નામ છે, તો ધ્યેય રાખજે ભગવાન ભજવાનું.'

❊ **નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી...**

❊ 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં જોડાવું.' તે આપણા જીવનનું મુખ્ય કામ છે. પણ સંસારની વિટંબણામાં તેમજ મોહમાયાના ચક્કરમાં તે કામ ભૂલી જવાય છે, અને બાકીનાં બધાં કામ થાય છે, પેલા ગાડાવાળા પટેલની જેમ. હટાણું કરવા શહેરમાં ગયા ત્યારે આખા ગામના લાકોનો સામાન લઈને આવ્યા, પણ પોતાનો ભૂલી ગયા.

❊ એક ગામમાં એક ધનાઢ્ય શેઠ હતા. તેમનો વેપાર ધમધોકાર ચાલતો હતો. તે જ ગામમાં એક કથાકાર બ્રાહ્મણ પણ રહેતો હતો. તે બ્રાહ્મણ સમયે સમયે શેઠને કથા સાંભળવા આવવા માટે આમંત્રણ આપવા જતો, પણ દરેક વખતે શેઠ તેને કહે : 'સમય મળશે ત્યારે આવીશ.' આમ ને આમ વર્ષો વીતી ગયા પણ શેઠને કથાવાર્તા સાંભળવાનો સમય ન મળ્યો. એક વાર અચાનક શેઠ ગુજરી ગયા. તેની સ્મશાનયાત્રા કાઢી અને શેઠને સ્મશાનમાં ચિતા પર સુવડાવવામાં આવ્યા. અંતિમવિધિ ચાલતી હતી.

આ બાજુ પેલો બ્રાહ્મણ બીજે ગામથી આવ્યો ત્યારે તેને શેઠના અવસાનની ખબર પડી એટલે તે દોડતો-દોડતો સીધો સ્મશાને પહોંચ્યો. શેઠના દીકરાઓ ચિતાને આગ લગાડવાની તૈયારી જ કરતા હતા, ત્યાં

તો બ્રાહ્મણ પહોંચી ગયો અને મોટેથી કહે : 'રાખો, રાખો. હમણાં શેઠને બાળશો નહિ. મારે એમને હજી કથા સંભળાવવાની બાકી છે.' બધા કહે : 'આખી જિંદગીમાં કશું સાંભળ્યું નથી, તે હવે શું સાંભળશે ?' બ્રાહ્મણ કહે : 'કેમ નહિ સાંભળે ? કારણ કે શેઠને અત્યારે સમય મળ્યો છે.'

❊ એટલે જ ગુણાતીતાનંદ સ્વામી **૨/૧૦૧મી વાતમાં** કહે છે : **'જ્યાંથી અચાનક ઉચાળા ભરવા તે ઠેકાણે ઉદ્યમ કરે છે, ને જ્યાંથી કોટિ કલ્પે પણ ઉચાળા ન ભરવા પડે તેને અર્થે ઉદ્યમ નહીં એ જ અજ્ઞાન છે.'**

❊ ગુજરાતી સાહિત્યમાં મોટું નામ ધરાવતા કવિ નર્મદ પોતાની ષષ્ઠીપૂર્તિ મહોત્સવે બોલી ગયા હતા : 'મેં જેટલો સમાજ સુધારવા પ્રયત્ન કર્યો તેટલો આત્મકલ્યાણ માટે કર્યો હોત તો વધુ સારું થાત. મને લાગે છે કે જિંદગીની ગણતરીમાં કોઈક ઠેકાણે ભૂલ થઈ ગઈ છે.'

❊ આપણા જીવનમાં આવી ભૂલ ન થાય તે માટે શ્રીજીમહારાજ આ અનુસંધાન રાખવા જણાવે છે કે સત્સંગમાં આવ્યા બાદ ભજન-ભક્તિ સેવા કરીને આપણા સ્વભાવ, દોષોને ટાળીને અક્ષરધામના શિખરે પહોંચવાનું છે. પણ આ અનુસંધાન હોય તો અક્ષરધામનો કેટલો પંથ કપાયો ને કેટલો બાકી છે, તેનું જાણપણું રહે.

● **ત્રીજું અનુસંધાન :**

❊ **ત્રીજું અનુસંધાન જણાવતા શ્રીજીમહારાજ કહે છે :** 'વાસના ટળી છે કે નથી ટળી ? અને ટળી હોય તો તે તે વિષયની ક્રિયા કેમ થતી હશે ? ત્યારે રખેને ન ટળી હોય' એમ નિરંતર અણવિશ્વાસનું અનુસંધાન રાખવું. શ્રીહરિ અહીં અતિ અદ્ભુત અને અતિ સૂક્ષ્મ વાતો કરે છે. સાધુ-સત્સંગીઓ તમામ માટે આ અનુસંધાન દીવાદાંડી સમાન છે.

❊ માછલાનું જીવન જળ છે. તેમાંથી બહાર કાઢે તો તરફડવા માંડે અને મરી જાય. જીવપ્રાણીમાત્રને જીવનપણું પંચવિષયમાં મનાઈ ગયું છે. આ પંચવિષયની વાસનાના આધારે જ તે જીવે છે. વિશ્વનું ચાલકબળ પણ આ જ છે. તેનો વિયોગ થાય તો જીવો મરવા જેવા થઈ જાય છે અને કોઈક તો મરી પણ જાય છે.

❊ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં કહ્યું છે : 'પ્રભુ ભજવા દેહ તો ધર્યા છે પણ પંચવિષય દમઘોષના દીકરા જેવા ભૂંડા છે તે ભગવાનને વરવા દેતા નથી.'

❊ એક રાજા નિર્વંશ હતો. તેણે ઢંઢેરો પિટાવ્યો : 'મારે મારી રાજગાદી પ્રજાને સોંપવી છે. મારા સિંહાસનથી એક માઈલને અંતરેથી જે કોઈ ચોવીસ કલાકમાં દોડીને મારા સિંહાસન સુધી પ્રથમ આવશે તેને હું રાજગાદી સોંપી દઈશ.' બધાને તો આકડે મધ જેવું લાગ્યું. નાના મોટા બધા દોડવા તૈયાર થયા. રાજા હોંશિયાર હતો. તેણે વચ્ચે એક અલબેલી મોહક નગરી બનાવી હતી. નગરીના આ રંગરાગમાં બધા મોહ પામી ગયા. તેમને થયું : 'ચોવીસ કલાક છે ને ! પહોંચી જઈશું, પણ આ નગરીના મનોરંજનોનો જરા સ્વાદ તો લઈ લઈએ.' અને મોહક નગરી એવી હતી કે તેના મોહમાંથી કોઈ નીકળી શક્યા જ નહિ. સિંહાસન સુધી કોઈ પહોંચ્યા જ નહિ ! એમ, જીવો ભગવાન જેટલા જ જૂના (સનાતન) છે પણ અનંતકાળથી ભગવાનને પહોંચવા અનંત જન્મો ધરે છે પણ જે તે યોનિઓનાં વિષયસુખોમાં મોહાઈને ભગવાન સુધી પહોંચતા જ નથી.

❊ ભાગવતમાં સાચું જ કહ્યું છે :

વિષ્ણોર્માયા ભગવતી યયા સમ્મોહિતં જગત્ ।

ભગવાનની માયામાં આખું જગત મોહ પામી ગયું છે.

❊ વળી, સ્વામી કહે છે : 'આ જીવને મર્યા સુધી આ લોકના જ મનસૂબા રહે છે.' એક શેઠ મરણપથારીએ હતા. થોડી વારમાં જીવ જાય તેવું થયું હતું એટલે ત્રણે દીકરાઓ દુકાન બંધ કરી પિતા પાસે આવી ગયા હતા. એક સાથે ત્રણેયને પોતાની પાસે જોઈ શેઠને

ચિંતા થઈ ગઈ અને કહેવા લાગ્યા : 'તમે ત્રણે અહીં આવી ગયા તો દુકાને વેપારનું શું થશે ?'

❋ કામ, રસાસ્વાદ, માન, લોભ, સ્નેહ વગેરેની અનંત વાસનાઓ છે, જે મહાચુંબક જેવી છે. જીવને આ જગતમાંથી ઊખડવા દેતી નથી. મહાપ્રલયમાં પણ એ બળી નથી. જન્મોજન્મ ભેગી જ આવે છે.

❋ વાસનાની જાળમાં દેવતાઓથી લઈને જીવપ્રાણી-માત્ર ગૂંચવાયા છે. વાસના માણસ માત્રને અહોરાત્ર અદ્ધર રાખે છે.

❋ વાસના ટાળીએ તો જ ભગવાનની પાસે રહી શકાય, ભગવાનનું સુખ મેળવી શકાય. પ્રેમાનંદ સ્વામી શ્રીમુખના પદમાં કહે છે :

સૌ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ.

❋ સત્સંગમાં 'admission to all but passing requires 100 percent.' પ્રવેશ બધા માટે છે પણ અક્ષરધામમાં જવા માટે પાસ થવું પડશે અને પાસ થવા માટે સો ટકા જોઈશે. ૯૯.૯૯ ટકા પણ નહિ ચાલે.

❋ સારંગપુરમાં ઉત્તર ગુજરાતનાં સ્ત્રી હરિભક્તોએ શ્રીહરિ પાસે માંગ્યું : **'કેદી દેજો મા સંસારી સુખ.'** સંસારીઓ સંસારી સુખ ન માગે તે તેમની વિષયો પ્રત્યેની અનાસક્તિ સૂચવે છે. એક દરજી ભક્તે પણ સ્વામીશ્રી પાસે માગેલું : 'મારો ધંધો ઓછો ચાલે તેમ કરજો. જેથી તેમાં બંધાઈ જવાય નહિ !'

❋ નિષ્કુળાનંદ સ્વામી સાચું જ કહે છે :

આ લોકની જેણે આશા તજી છે, પરલોકના સુખ સારુ રે;
તેણે કરી હરિભક્તિ રજી છે, સંસાર સુખ થયું ખારું રે.

આમ, શ્રીજીમહારાજ આપણને આ ત્રણ અનુસંધાન દ્વારા છતી દેહે ભગવાનનું પરમ સુખ પામવા માટે સતત જાગ્રત રહીને મંડ્યા રહેવાની શીખ આપે છે.

❋ એક વાર એક સાધુ ખૂબ બીમાર પડેલા. શ્રીજીમહારાજ તેમની ખબર કાઢવા ગયા ત્યારે તે સાધુ કહે છે : 'મહારાજ ! જેટલું દુ:ખ આપવું હોય તેટલું આપી દો, પણ હવે બીજો જન્મ લેવો નથી.' મહારાજ તેની આવી હિંમત અને મોક્ષ માટેના અનુસંધાનથી ખૂબ રાજી થયા.

❋ તેથી જ કહ્યું છે : **અર્થં સાધયામિ વા દેહં પાતયામિ ।**

❋ શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય-૬૨ના વચનામૃતમાં** જીવના કલ્યાણ માટેના ત્રણ અંગની વાત કરીને અંતે કહે છે : 'આ ત્રણ અંગમાંથી એકેય અંગ જેને પરિપક્વ ન થયું હોય ને તેને જે મરવું તે ઠીક નથી અને તે તો પાંચ દહાડા વધુ જીવે ને પોતાની અણસમજણ ટાળીને મરે એ જ ઠીક છે.'

થોડા કાળ જીવવું ને આપણો પરલોક ન બગડે તે માટે શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોને સતત અંતિમ લક્ષ તરફ જ દોરતા રહ્યા છે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૪૭માં** કહે છે : 'આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોતા મરવું નહીં.'

❋ **વચનામૃત ગઢડા પ્રથમ-૨૧માં** જણાવે છે કે : 'આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે : 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી.'

❋ **'અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા.'**

❋ પરલોક કહેતાં કે અક્ષરધામને પામવા આપણે આપણો પૂર્ણ પ્રયત્ન કરવાનો છે. કામ કઠણ છે, પણ સામે ફળ પણ ભારી છે. અનંત જન્મોનો ફેંસલો એક જ જન્મમાં થઈ જાય, અને શાશ્વત પરમ સુખના અધિકારી થઈ જઈએ, જો શ્રીજીમહારાજે દર્શાવેલ અનુસંધાન રાખીને સત્સંગ કરતા રહીએ તો...

મહારાજ-સ્વામી આપણને આવા પ્રકારનું સતત અનુસંધાન રાખીને ભજન-ભક્તિ કરવાનું બળ આપે એ જ પ્રાર્થના.

૧. વચનામૃત : ગઢડા મધ્ય - ૩૫ : જારની ખાણનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૩૫મું : જારની ખાણનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિ પાછલી છ ઘડી રહી ત્યારે શ્રીજીમહારાજ સૂતા ઊઠીને શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને શ્યામ છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''...અને વળી જગતમાં એમ વાર્તા છે જે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' એ વાર્તા ખોટી છે. એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહીં; અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહીં, અને એવી રીતે સ્ત્રીપુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહીં. તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહીં. તે માટે ધર્મમાં તો ક્યારે રહેવાય ? તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે તો એણે ધર્મમાં રહેવાય. અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો તેણે ધર્મમાં રહેવાય અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવા અવસ્થાવાળી જે પોતાની મા, બોન ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ, તો એણે ધર્મમાં રહેવાય...''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૩૫મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

- **વચનામૃત શીર્ષક વિશેષતા** : જે સ્થાન પર બેસી શ્રીજીમહારાજે કથા કરી તેના આધારે આ વચનામૃતનું શીર્ષક રાખવામાં આવ્યું છે. આખા ગ્રંથમાં આવાં બે વચનામૃત છે. (૧) ગઢડા મધ્ય ૩૫ : જારની ખાણનું (૨) ગઢડા મધ્ય ૬૭ : ગંગાજળિયા કૂવાનું

ખાણ એટલે ખાડો. આ ખાણમાં જાર ભરેલી તેથી 'જારની ખાણ' નામ રાખ્યું. આ ખાણ દાદા ખાચરના દરબારમાં ઉગમણા દ્વારના ઓરડા અને લીંબડા વચ્ચે હતી, જે હાલ પૂરી દેવામાં આવી છે.

- **તિથિ અને સમયની વિશેષતા** : ભાદરવા સુદિ એકાદશી એટલે કે જળઝીલણી એકાદશી. રાત્રિ પાછલી છ ઘડી બાકી હતી એટલે વહેલી સવારે ૩:૩૬ વાગે, સંતો-ભક્તોને સ્નાન-પૂજા અને એકાદશીનાં પારણાં કરવાનાં બાકી હશે, ત્યારે શ્રીજીમહારાજ કથાવાર્તા કરવા તૈયાર છે.

આપણા ઈષ્ટદેવને કથાવાર્તા કરવાનો અને આપણને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાનો કેવો અનન્ય ઈશક હશે!

- **લોકમાન્યતા** : શ્રીજીમહારાજે આ વચનામૃતમાં એક લોકમાન્યતા 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા'નો ઉલ્લેખ કર્યો છે.

❊ લોકમાં આ સંબંધી એક દૃષ્ટાંત પ્રચલિત છે. એક ગામમાંથી કેટલાક ભક્તોનો સંઘ ઉત્તર ભારતનાં તીર્થસ્થાનોમાં દર્શન કરવા જતો હતો. એક ઘરની વહુએ ગંગાજીનો ખૂબ મહિમા સાંભળેલો,

પણ ક્યારેય ગંગાજીનાં દર્શન-સ્નાનનો યોગ સાંપડ્યો નહોતો. તેથી તેને આ ભક્તોના સંઘ સાથે જવાની ઈચ્છા જાગી, પરંતુ તેનાં સાસુએ ના પાડી અને સાસુ પોતે ગઈ. સંઘ ગંગા કાંઠે પહોંચ્યો. સાસુને ગંગામાં સ્નાન કરતાં ખબર પડી કે કાનનું કુંડળ નદીમાં છૂટી ગયું છે. આ બાજુ ગામમાં વહુને ઘરમાં સ્નાન કરતાં પાણી ભરેલ કથરોટ (વાસણ)માં કાનનું કુંડળ દેખાયું. વહુનો ભક્તિભાવ હતો તો ઘેર બેઠા જ તેને ગંગાનાં દર્શન થઈ ગયાં.

આ દૃષ્ટાંત દ્વારા એવું સમજાવવામાં આવે છે કે, જેનું મન શુદ્ધ હોય તે સ્ત્રી-પુરુષ મર્યાદા ન પાળે તોપણ તેને વિકાર થતો નથી. જેનું મન મજબૂત હોય તેવા સ્ત્રી-પુરુષોએ એકબીજાથી દૂર રહેવાની જરૂર નથી.

● **<u>લોકમાન્યતામાં વાસ્તવિકતાનો અભાવ</u> :**

લોકમાન્યતાઓ હંમેશાં સાચી નથી હોતી. લોકમાન્યતાના આધારે જીવનારી વ્યક્તિનું જીવન દિશાવિહિન બની જાય છે. આપણે આપણું જીવન લોકો શું કહે છે અથવા સમજે છે તેના આધારે નહીં, પરંતુ આપણાં શાસ્ત્રો અને મહાન સંતો શું કહે છે તેના આધારે ઘડવું જોઈએ.

* શુકદેવજીએ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં કહ્યું છે કે 'મન અતિ ચંચળ હોવાથી તેનો વિશ્વાસ ક્યારેય ન કરવો.'

ન કુર્યાત્કર્હિચિત્સખ્યં મનસિ હ્યનવસ્થિતે ।

(૫/૬/૩)

* શ્રીજીમહારાજ પણ કહે છે કે આ લોકમાન્યતા તદ્દન ખોટી છે. મન શુદ્ધ હોય કે અશુદ્ધ, વિકારી હોય કે અવિકારી, ગમે તેવો સમાધિનિષ્ઠ કે વિચારવાન હોય, પણ મહારાજના મત પ્રમાણે સ્ત્રી-પુરુષ મર્યાદા સૌએ પાળવાની છે.
* કેટલાક લોકોને એવું લાગે છે કે આવી મર્યાદાની જરૂર નથી. તેઓ કહે છે કે (૧) વ્યક્તિને પોતાને એટલો આત્મવિશ્વાસ હોવો જોઈએ કે સ્ત્રી સાથે રહીને પણ વાંધો નહીં આવે. નહીં તો તમારી સાધનામાં કાચ્યપ છે. (૨) આવી મર્યાદાથી મહિલાઓનો અનાદર થાય છે.
* વસ્તુતઃ આ મર્યાદાનો નિષેધ કરનારી વ્યક્તિઓ વાસ્તવિકતા તરફ આંખ મિચામણાં કરે છે. જગતને હંફાવનારાઓ કામદોષથી હાંફી ગયા છે. જગત પર રાજ્ય કરનારાઓ મન પર રાજ્ય કરી શક્યા નથી. મનના વિકારોથી ભ્રષ્ટ થયા છે.
* ઈંગ્લેન્ડના ટી.વી., રેડિયો અને છાપાઓમાં સતત ૫૦ વર્ષ સુધી જીમી સેવિલ એક કલાકાર તરીકે ખૂબ પ્રસિદ્ધ થયો હતો. તેણે પોતાના અવાજ, આવડત, બુદ્ધિ અને પ્રસિદ્ધિના બળે અઢળક કમાણી કરી હતી અને ૪૦ મિલિયન પાઉન્ડ ચેરીટીમાં અર્પણ કર્યા હતા. સરકારે તેના વ્યક્તિત્વ બદલ શ્રેષ્ઠ નૈતિકતાનો એવોર્ડ પણ આપેલો. આધ્યાત્મિક ક્ષેત્રે પણ ખ્રિસ્તી ધર્મવડા પોપ જ્હોન પોલ બીજાએ તેને Papal knighthood (પેપલ નાઈટહૂડ)નો ખિતાબ આપેલો. ઈંગ્લેન્ડના નાના-મોટા અનેક લોકોનાં હૃદયમાં તેણે સ્થાન પ્રાપ્ત કરેલું.

૨૦૧૨માં જીમીના મૃત્યુના એક વર્ષ બાદ એક મહિલાએ જીમી વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ નોંધાવી. પછી તો ૪૦૦ મહિલાઓએ આવી ફરિયાદ નોંધાવી, જેમાંથી ૩૦૦ સાચી પુરવાર થઈ. લોકોમાં ઊહાપોહ થયો. એક જ અઠવાડિયામાં તેની બધી ડિગ્રી પાછી ખેંચી લેવામાં આવી. સૌને તેના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ. સંબંધીઓએ પણ તેની કબર ખોદાવી નાંખી.

* અરે, આ તો લૌકિક પુરુષોની વાતો થઈ, પરંતુ અધ્યાત્મમાર્ગે સાધના કરનારાઓનો ઈતિહાસ જાણીએ અને વિચારીએ તો ખ્યાલ આવે. વિશ્વામિત્ર, એકલશૃંગી, સૌભરિ, પરાશર, ચ્યવન ઋષિ, નારદજીની કેવી સાધના ? કેવું તપ ? છતાં, નિયમ લોપ્યો અને પરિણામ શાસ્ત્રકારોએ બતાવ્યું છે.

◎ અમેરિકામાં ટી.વી. દ્વારા ખ્રિસ્તીઓને ધાર્મિક શિક્ષણ આપનાર, જીમ બેકર નામે એક પાદરી, ટી.વી. ઉપર પ્રવચનો કરી પોતાની અદ્‌ભુત વાક્‌છટાથી કરોડો લોકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. પરંતુ ૧૯૮૦માં ન્યૂયોર્કની તેમની પ્રશંસક ૨૧ વર્ષની એક સેક્રેટરી જેસિકા હેન સાથે તેમને સંબંધ થયો. તેમને ભગવાન જેવા માનનારી આ બાઈને ૪૫ વર્ષના જીમ બેકરે ફસાવી. આ કૌભાંડ બહાર આવ્યું અને જીમ બેકરને ઉપદેશક તરીકે રાજીનામું આપી દેવું પડ્યું.

❋ આપણે બીજાની ભૂલમાંથી શીખવું જોઈએ. એક ચિંતકે કહ્યું છે કે, 'If you learn from your mistake you are intelligent. If you learn from somebody's mistake, you are wise.' 'જો તમે પોતાની ભૂલમાંથી શીખો તો તમે બુદ્ધિશાળી છો, અને જો તમે બીજાની ભૂલમાંથી શીખો તો તમે સમજુ છો.' આપણું એટલું મોટું આયુષ્ય નથી કે આપણે મોટી ભૂલ કરીએ ને ફરી તેને સુધારીને આગળ વધી શકીએ.

❋ ગુરુત્વાકર્ષણનો નિયમ છે કે ઉપર નાંખેલી બધી વસ્તુ નીચે જ પડે. કોઈ એવું અભિમાન રાખે કે 'મારે મકાનની અગાસી પરથી ભૂસ્કો મારી નીચે પડવાની જગ્યાએ ઉપર તરફ જવું છે અને ગુરુત્વાકર્ષણનો નિયમ ખોટો પાડવો છે !' આવું બોલવું તે બાળકપણું છે. તે ઉપરથી નીચે જ પડવાનો. તેમ ભગવાનના નિયમ તોડો તો નીચે જ પડાય.

અત્યંત કઠણ સાધના કરનારા ઋષિઓનું જો મર્યાદા તોડવાથી પતન થયું હોય, તો બીજાની ક્યાં વાત કરવી ?

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ ૧૮માં** કહે છે કે, **'અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે, તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે તેવો કોઈ થયો નથી ને થશે પણ નહીં અને હમણાં પણ કોઈએ નથી અને કોટિ કલ્પ સુધી સાધના કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી, માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થશે.'**

◎ શ્રીમદ્‌ભાગવતમાં પુરુષને ઘીના ઘડા અને સ્ત્રીને અગ્નિ સાથે સરખાવ્યા છે. બુદ્ધિશાળી ક્યારેય આ બેયને ભેગા ન કરે, નહીંતર ભડકો થાય.

◎ આપણાં શાસ્ત્રોએ બતાવેલ અને શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ આ મર્યાદાને જેણે ઓળંગી છે, તેવાનાં કેટલાંય કૌભાંડો છાપાંઓમાં બહાર આવે છે. જે બહાર આવે છે તે તો સમુદ્રની હિમશિલા જેવું અત્યંત અલ્પ છે.

તેથી જ ભગવાન સ્વામિનારાયણ આ વચનામૃતમાં કહે છે કે ગમે તેવો સમાધિનિષ્ઠ પુરુષ હોય કે સ્ત્રી હોય, પરંતુ પરસ્પર સહવાસમાં એનો ધર્મ રહે જ નહીં. આ વાતમાં લેશમાત્ર સંશય નથી.

● **<u>ધર્મની આવશ્યક્તા</u> :**

❋ જીવનમાં ધર્મ જરૂરી છે. **ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ।** – ધર્મ વગરનું જીવન પશુ સમાન છે.

❋ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ વખતે બાઈઓને ભક્તિમાતાએ દર્શન આપ્યાં. બાઈઓ દોડીને મહારાજ પાસે ગઈ. મહારાજે કહ્યું, "જાવ, ભક્તિમાતાને પૂછો કે અહીં રહેશો ?" બાઈઓએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે ભક્તિમાતા બોલ્યા, "હું તો પતિવ્રતા છું. મારા પતિ હોય ત્યાં હું રહું છું. મારા પતિ ધર્મ છે. માટે ધર્મ રાખશો તો હું રહીશ." મહારાજ આ સાંભળીને કહે, "ધર્મ અને ભક્તિ જ્યાં રહેશે, ત્યાં તેના પુત્ર ઘનશ્યામ પણ આવી વિરાજશે."

આ રીતે આ લોક અને પરલોકમાં વિજય પ્રાપ્ત કરવા, સુખી થવા અને ભગવાનને કાયમ રાખવા માટે ધર્મ ખૂબ જ જરૂરી છે.

શ્રીજીમહારાજને તો ધર્મ અતિશય વહાલો છે, તે જણાવતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ધર્મ અમને છે બહુ વહાલો રે,
એમ કહે છે ધર્મનો લાલો રે;
ધર્મવાળા સાથે હેત મારે રે,
એમ વા'લો કહે વારે વારે રે.'
(પુરુષોત્તમ પ્રકાશ - ૩૯/૧૨)

* શાસ્ત્રોમાં અનેક પ્રકારના ધર્મો ત્યાગી-ગૃહસ્થ, સ્ત્રી-પુરુષો માટે લખાયેલ છે. તેમાંથી શ્રીજીમહારાજે સાર રૂપ ધર્મો પોતાના આશ્રિતો માટે શિક્ષાપત્રીમાં આપેલા છે. તેનું પાલન આપણે કરવું જોઈએ, પણ તેમાં નિષ્કામધર્મ મુખ્ય છે.

● **<u>નિષ્કામધર્મ પાલન માટે શ્રીજીમહારાજનો આગ્રહ:</u>**

* શાસ્ત્રોમાં પ્રતિપાદિત સર્વ ધર્મમાં મુખ્ય ધર્મ છે - નિષ્કામધર્મ.

શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૬**માં કહ્યું કે **'ધર્મ સંબંધી સાધનમાં એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે.'** શ્રીજીમહારાજ આ વચન ફક્ત બોલી નથી ગયા, પરંતુ આ વાત તેમને તમામ આશ્રિતોનાં જીવનમાં દૃઢ કરાવવી હતી.

શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણી સ્વરૂપે લોજપુરમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં પધાર્યા, તેના થોડા દિવસોમાં જ બે વિશિષ્ટ ઘટના બની :

(૧) આશ્રમની બાજુમાં જ જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામી રોજ કથાવાર્તા કરતા. સર્વ સંતોની સાથે વર્ણી પણ ત્યાં ગયા, પણ સભામાં સ્ત્રી-પુરુષોને ભેગા બેઠેલા જોઈ વર્ણીને ગમ્યું નહીં અને સભાનો ત્યાગ કર્યો. તેથી સૌ શૂન્યમનસ્ક થઈ ગયા.

બીજે દિવસે ફરી સભા શરૂ થઈ. સ્ત્રી-પુરુષોને ફરી ભેગા બેઠેલા જોઈ વર્ણીએ ઊભા થઈ કહ્યું, 'સંતો! હરિભક્તો ! તમે સૌ મંદિરમાં આવો, હું તમને ત્યાં કથા સંભળાવીશ. આમ, સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી તે ધર્મ નથી.' સૌ સંતો-હરિભક્તો ઊભા થઈ નીલકંઠની કથા સાંભળવા ચાલ્યા. માત્ર સ્ત્રીઓ જ મુક્તાનંદ સ્વામીની સભામાં રહી. મુક્તાનંદ સ્વામી સમજી ગયા. તેમણે સ્ત્રીઓને કહ્યું, 'માતાઓ! આ હવે છેલ્લા રામરામ છે. આજથી સ્ત્રીઓ અને પુરુષોની સભા નોખી થશે.' નિષ્કામધર્મ સ્થાપનનું વર્ણીનું આ પ્રથમ સોપાન હતું.

(૨) બીજી વાત એ બની કે રામાનંદ સ્વામીના આશ્રમને અડીને જ એક વાળંદનું ઘર હતું. બંને વચ્ચેની એક દીવાલમાં એક નાનકડો ગોખલો હતો. જ્યારે સાધુને ચૂલો પેટાવવા માટે દેવતા જોઈતો હોય અથવા વાળંદની સ્ત્રીને દેવતા જોઈતો હોય, ત્યારે એ ગોખલામાંથી એકબીજાં પાસેથી દેવતા લેતાં. નીલકંઠે દીવાલમાંનો તે ગોખલો જોયો. થોડીક વારે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું, 'સ્વામી ! આ જે દીવાલમાં છિદ્ર છે, તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે. સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે યોગ્ય નથી.' એટલું કહીને મુક્તાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનો મંગાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. મુક્તાનંદ સ્વામીને પણ લાગ્યું કે વર્ણી કહે છે તે તદ્દન યોગ્ય જ છે. આજે પણ લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં આ ગોખલો દૃશ્યમાન છે.

આ બે પ્રસંગો પરથી ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજ સ્ત્રી-પુરુષ મર્યાદા અને સ્ત્રી-સાધુ મર્યાદા પળાય તે માટે કેટલો ખટકો રખાવતા ?!

* એક સંન્યાસીએ શ્રીજીમહારાજનું આ કાર્ય જોઈ તેમને કહ્યું, 'તમે તો બહુ ભૂંડું કર્યું !' એટલે શ્રીજીમહારાજે પૂછ્યું, 'શું ભૂંડું કર્યું ?' ત્યારે તે બોલ્યો કે 'બાઈ-ભાઈની સભા કોઈએ નોખી નહોતી કરી તે તમે કરી, એ બહુ ભૂંડું કર્યું.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'હું અનિર્દેશથી આવ્યો છું, કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગવાળો (સ્ત્રી-પુરુષની મર્યાદાના આગ્રહવાળો)

છું, તે મારી સૂગ ચડી ગઈ છે, નીકર તો કોઈ નોખાં રહે એવાં નથી.'

શ્રીજીમહારાજે પોતે આ મર્યાદાનો આગ્રહ રાખ્યો અને આ રીતે તેમણે પોતાના આશ્રિતોને એકાંતિક ધર્મના માર્ગે આગળ વધાર્યા.

◎ ભગવાન સ્વામિનારાયણે નાનપણથી સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. વળી, તેમણે લગભગ સાત વર્ષ સુધી સમગ્ર ભારતમાં નીલકંઠવર્ણી રૂપે વિચરણ કર્યું હતું. ભારતનાં અનેક મોટાં મોટાં મંદિર, મઠ, આશ્રમમાં જઈને સૂક્ષ્મદૃષ્ટિથી ઘણું બધું જોયું ને જાણ્યું ને અનુભવ્યું. જ્યાં કોઈ બગાડ દેખાયો તેનું મૂળ કારણ સ્ત્રી, ધન અને સત્તાનો યોગ હતો. એમના આ બહોળા અનુભવને આધારે જ એમણે સાધુ-સ્ત્રી મર્યાદા સ્થાપી, જેથી બંનેના ચારિત્ર્યનું રક્ષણ થાય. એમના મનમાં સ્ત્રી જાતિ પ્રત્યે કોઈ ઉપેક્ષા ન હતી. એમની દૃષ્ટિએ નથી સ્ત્રીનો વાંક કે નથી પુરુષનો વાંક, પરંતુ બંનેનો સહવાસ થાય તો જાતીયવૃત્તિ સળવળે અને બંનેને કલંક લાગે. તેથી સ્ત્રીના શીલની રક્ષા થાય અને કોઈને કલંક ન લાગે એ માટે એમણે આ નિયમની પાળ-મર્યાદા બાંધી છે.

* મૂર્ધન્ય સુધારણાવાદી, ટીકાકાર લેખક, વિવેચક ઈશ્વરભાઈ પેટલીકરે ૧૯૮૧માં પ્રમુખસ્વામી મહારાજને કહ્યું કે 'તમારે સત્સંગનો પ્રચાર કરવો હોય તો સ્ત્રી-પુરુષ મર્યાદામાં છૂટછાટ મૂકવી જોઈએ.' તેનો પ્રતિભાવ આપતાં સ્વામીબાપાએ સ્પષ્ટતાથી કહ્યું, 'ભગવાને આપેલા નિયમોના ભોગે પ્રચાર કરવામાં અમે માનતા જ નથી. સમાસ (પ્રચાર) થવો હોય તો થાય, નહીં તો કાંઈ નહીં. એ તો સ્વામિનારાયણ ભગવાનના હાથમાં છે. ઘણા મોટા માણસો અમને કહે છે કે તમે આટલી કડક મર્યાદાઓ લઈને ફરો છો, માટે તમારું વધારે નહીં ચાલે. કાંઈ વાંધો નહીં. ચાલશે ત્યાં સુધી ચલાવીશું, છેવટે ભગવાનની ઇચ્છા, ખૂણામાં બેસી ભગવાનનું ભજન કરીશું!'

* મહંત સ્વામી મહારાજ પણ નિષ્કામ ધર્મનો ખૂબ આગ્રહ સેવે છે. એક વાર સારંગપુરમાં તેમણે હરિભક્તોને કહેલું, 'સ્ત્રી-પુરુષ મર્યાદામાં આપણે સૌએ રહેવું. એક નારી સદા બ્રહ્મચારીની આજ્ઞા ગૃહસ્થ માટે છે. એ પ્રમાણે રહેશો તો ડંકો વાગશે. નહીંતર ઘણો ક્લેશ થશે.'

● <u>નિષ્કામ વર્તમાનની દૃઢતાવાળા ભક્તો પર રાજીપો</u> :

* શ્રીજીમહારાજે સ્ત્રી-પુરુષ મર્યાદા પળાય તે માટે ન કેવળ આગ્રહ સેવ્યો છે, પરંતુ જે ભક્તો આ મર્યાદા પાળે તેઓ પર રાજીપો પણ દર્શાવ્યો છે.

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય ૩૩માં** કહે છે કે, **'એક નિષ્કામ વર્તમાન દૃઢ હોય તો તેને આ લોક તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહીં...**

જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ... તે જ અમને વહાલો છે.. તેને ને અમારે આ લોક પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.'

* જસદણના વાસુરખાચરને શ્રીજીમહારાજનો અભાવ હતો. વાસુરખાચરે વાત સાંભળી કે લોયાના સુરાખાચર ભરયુવાનીમાં બ્રહ્મચર્ય પાળે છે. તેથી તેને નવાઈ લાગી. તેણે સુરાખાચરની પરીક્ષા કરવા વિચાર્યું. સુરાખાચર જસદણ ગયેલા ત્યારે વાસુર ખાચરે તેમને અલાયદો ઓરડો આપ્યો. પછી એક સ્વરૂપવાન કુલટા સ્ત્રીને સુરાખાચરના ઉતારે અડધી રાતે મોકલી. સ્ત્રીએ બારણું ખખડાવ્યું. સુરાખાચરે પ્રથમ તો દરવાજો ન જ ખોલ્યો, પરંતુ જ્યારે તે સ્ત્રીએ કહ્યું કે, 'મારા દીકરાની દવા અંદર છે' એટલે દરવાજો ખોલ્યો, પરંતુ તે સ્ત્રી અંદર પ્રવેશ કરી સુરાખાચર સાથે ચેનચાળા કરવા લાગી. સુરાખાચરે તરત તલવાર કાઢી સિંહગર્જના કરી કે 'આગળ વધીશ તો આ તલવાર તારી સગી નહીં થાય.' પછી

સુરાખાચર ત્યાંથી તે જ સમયે નીકળી ગયા. તેઓ ગઢડા પહોંચ્યા, ત્યારે સભામાં શ્રીજીમહારાજે તેમની પ્રશંસા કરતા કહ્યું, 'જુઓ, આ અમારા યતિ(બ્રહ્મચારી) આવ્યા.'

◎ એક વાર શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને પોતાની સામે બેસાડીને કહ્યું, 'અહીં બેસો ને અમારાં દર્શન કરો.' પણ એમ કરવાથી સામે સ્ત્રીઓનાં પણ દર્શન થતાં હતાં, તેથી નિષ્કુળાનંદ સ્વામીએ સામા બેસવાની ના પાડી. મહારાજે નિષ્કુળાનંદ સ્વામીની જાણે પરીક્ષા કરતા હોય તેમ કહ્યું, 'મારું વચન નથી માનતા, તો જાવ તમે વિમુખ.' નિષ્કુળાનંદ સ્વામી કહે, 'મહારાજ, સ્ત્રીઓનાં દર્શન કરીને ખુવાર થઈને વિમુખ થવું, તે કરતાં હમણાં જ તમારો કર્યો વિમુખ થાઉં તો ઠીક.' શ્રીજીમહારાજ તેમની સ્ત્રીઓને ન જોવાની દૃઢતા જોઈને રાજી થયા.

◎ મઢડાના જેઠામેર અને તેમનાં પત્ની જેઓ ૧૦૦ જન્મથી બ્રહ્મચર્ય પાળતાં હતાં, તેમના ઘરે નીલકંઠ વર્ણી સામે ચાલીને ગયા, ભોજન અંગીકાર કર્યું અને રાત્રિરોકાણ પણ કર્યું.

● <u>**સ્ત્રી-પુરુષ મર્યાદામાં સ્ત્રીઓનો તિરસ્કાર નથી**</u> :

❋ વૃક્ષનાં મૂળિયાં વૃક્ષનું બંધન નહીં, પરંતુ જીવન છે. તેમ ભગવાન સ્વામિનારાયણે રોપેલાં સ્ત્રી-પુરુષ મર્યાદારૂપી ઊંડાં મૂળિયાં એ સ્ત્રી-પુરુષ માટે બંધનરૂપ નથી, પરંતુ મુક્તિનાં અમોઘ સાધન છે. સંયમનાં બંધન જ મુક્તિનાં સાધન છે.

❋ આ મર્યાદાને સમજ્યા વિના કેટલાક અજ્ઞાનથી કહે છે કે બી.એ.પી.એસ. સંપ્રદાયમાં સંતો સ્ત્રીઓનું અપમાન કરે છે, પરંતુ નિયમને અપમાન કેવી રીતે ગણાવી શકાય ? ડાયાબિટીસના રોગવાળો દર્દી ખાંડ કે મિષ્ટાન્ન કોઈના આગ્રહ છતાં ન ખાય તો એનો અર્થ શું એવો થઈ શકે કે એ વ્યક્તિ આગ્રહ કરનારનું અપમાન કરે છે ?

કોઈ વિદ્યાર્થીને એન્જિનિયર અથવા ડોક્ટર થવું હોય અને તે અભ્યાસમાં એકાગ્ર થવા માટે કોઈના આગ્રહ છતાં ટી.વી. ન જુએ, મોબાઈલમાં ગેમ્સ ન રમે, ગરબા રમવા ન જાય તો શું તેમાં આગ્રહ કરનારનું અપમાન છે ?

એવી જ રીતે સંતો પોતાના માર્ગમાં આગળ વધવા અષ્ટપ્રકારે સ્ત્રીઓથી દૂર રહે તેમાં સ્ત્રીઓનું અપમાન નથી.

❋ નિષ્કામ ધર્મની મર્યાદાથી શ્રીજીમહારાજે હકીકતમાં સ્ત્રીઓના શીલની રક્ષા કરી છે. આ મર્યાદા ખરેખર તો સ્ત્રીઓ માટે સન્માન છે.

❋ વસ્તુતઃ શ્રીજીમહારાજથી લઈને આજ સુધી કોઈ સત્સંગી બહેનોને એવું નથી લાગ્યું કે સંતો અમારું અપમાન કરે છે. જો તેમને અપમાન જેવું લાગતું હોત, તો આ સંપ્રદાયમાં ફક્ત સંતો અને પુરુષ ભક્તો જ હોત.

❋ આપણા સંપ્રદાયમાં મહિલાઓ તન-મન-ધનથી સેવા કરે છે. અનેક માતાઓ એવી છે જેમણે પોતાના એકના એક ભણેલા-ગણેલા દીકરાને સાધુ થવા પ્રેર્યા છે અને ગુરુનાં ચરણે સમર્પિત કર્યા છે. સંપ્રદાયમાં બાલિકા, યુવતી અને મહિલા મંડળ દ્વારા અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સંતો અને પુરુષ ભક્તોની જેમ મહિલાઓને પણ શ્રીહરિ અને ગુરુપરંપરા અંતકાળે તેડવા પધારે છે, તેવા અનેક ભક્તોને દર્શન પણ થયાં છે.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત લોયા**-૩માં માહાત્મ્યજ્ઞાન સહિત નિશ્ચયવાળા ભક્તોની યાદીમાં જીવુબા, લાડુબા, કુશળકુંવરબા, રાજબાઈ તથા મોટાં રામબાઈ જેવા ભક્તોનાં નામ પણ લખ્યાં છે અને છેલ્લે કહ્યું કે આવા લક્ષણવાળા ભક્તની અવળી ગતિ થાય જ નહીં. એ તો ભગવાનના ધામને જ પામે.

અંતમાં, આવાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતો - પ્રસંગોને નજર સમક્ષ રાખીને, આપણા ઇષ્ટદેવ અને ગુરુપરંપરાનાં જીવન અને ઉપદેશનું અનુસંધાન રાખીને, જાણપણારૂપ દરવાજે રહી પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરી ભગવાને બાંધેલ મર્યાદામાં રહી તેમની પ્રસન્નતા મેળવી શકીએ તે જ પ્રાર્થના.

૧૩. વચનામૃત : ગ. અં. - ૩૮ : સાંખ્યાદિનું - સદાય સુખિયાનું

સ્વામિનારાયણ હરે,

વચનામૃત ગઢડા અંત્યનું ૩૮મું : સાંખ્યાદિનું - સદાય સુખિયાનું,...

સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૩૮મું વચનામૃત થયું.

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સ્વમુખે પોતાનો પરિચય આપે છે આપણે જે ઈષ્ટદેવના ધામમાં જવાનું છે. જેમની ભક્તિ કરીએ છીએ તેઓ સ્વયં પોતાનું સ્વરૂપ ઓળખાવે છે.

❊ આ વચનામૃત પ્રમાણે :

૧) શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી સર્વોપરી પરબ્રહ્મ ભગવાન છે.

૨) તેઓ જ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે અને અન્ય અવતારો-દેવો નમસ્કાર કરવા યોગ્ય અને પૂજન કરવા યોગ્ય છે.

❊ કેટલાંક વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાને ઉપદેષ્ટા, ગુરુ, આચાર્ય, સાધુ કે સાધક જેવા કહ્યા છે. વળી, કેટલાંક વચનામૃતોમાં તેઓએ પોતાને શ્રીકૃષ્ણ જેવા કહ્યા છે પણ આ વચનામૃતમાં તેઓ પોતાને શ્રીકૃષ્ણાદિક સર્વ અવતારોના અવતારી સર્વોપરી કહે છે.

❊ શિક્ષાપત્રીના શ્લોક ૧૦૧ અને ૧૦૨માં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે કે પોતાના ઈષ્ટદેવના સ્વરૂપ અંગે શાસ્ત્રોમાં જે વચનો હોય તેમાં જે વચનો ઈષ્ટદેવના સ્વરૂપને સર્વથી શ્રેષ્ઠ કહેતાં હોય તેવાં વચનોને અન્ય વચનો કરતાં પ્રધાનપણે માનવાં.

❊ અહીં સમજી શકાય છે કે, જે તે સમયે શ્રોતાની પાત્રતા મુજબ ભગવાન પોતાના સ્વરૂપનું વર્ણન કરે. જેમ કે, પીએચ.ડી. થયેલ કોઈ વૈજ્ઞાનિક એક સાયન્સ કૉલેજમાં પ્રોફેસર તરીકે ભણાવતા હોય પણ તે જ્યારે બાલમંદિરના બાળકોને મળે ત્યારે કહે કે, 'હું શિક્ષક છું', એ જ વ્યક્તિ કૉલેજના વિદ્યાર્થીને મળે ત્યારે કહે, 'હું પ્રોફેસર છું !' અને જ્યારે પીએચ.ડી.ના વિદ્યાર્થીને મળે તો કહે, 'હું પીએચ.ડી. થયેલો છું.' પણ જ્યારે વૈજ્ઞાનિકોની પરિષદમાં જાય ત્યારે કહે કે, 'હું વૈજ્ઞાનિક છું !' પણ તેઓનો યોગ્ય પરિચય તો તેમનાં ઉત્કૃષ્ટ વચન પ્રમાણે જ ગણાય કે તેઓ વૈજ્ઞાનિક છે. એ જ રીતે શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ વિષે જે ઉત્કૃષ્ટ વાત કરી છે તે જ પ્રધાનપણે માનવી જોઈએ. એ ઉત્કૃષ્ટ વાત વચનામૃત અં. ૩૮માં એટલે કે આ વચનામૃતમાં તેઓ કરે છે.

❋ સર્વોપરી પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને યથાર્થ સમજવા માટે અવતારો અને અવતારી પરબ્રહ્મ એ બંને અંગે કેટલીક પાયાની વાતો સમજવી જરૂરી છે.

● **અવતારો કેવી રીતે થાય છે ?**

❋ રામ-કૃષ્ણાદિક વગેરે પરબ્રહ્મના અવતારો છે અને પરબ્રહ્મ તે સર્વના કારણ અને સર્વથી પર સર્વોપરી છે. તે સમજવા અવતારો કેવી રીતે થાય છે તે સમજવું આવશ્યક છે.

❋ શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૩૧માં ખૂબ જ વિસ્તારથી આ વાત સમજાવી છે. તેનો સાર એ છે કે, પ્રથમ વિરાટપુરુષ (વૈરાજપુરુષ)માં પરબ્રહ્મ ભગવાનનો અનુપ્રવેશ થાય છે. અનુપ્રવેશ એટલે ભગવાનની શક્તિ તથા ઐશ્વર્યનો પ્રવેશ. ત્યારબાદ એ વિરાટપુરુષ દ્વારા ભગવાન ઈશ્વરોમાં અનુપ્રવેશ કરે છે. ત્યારે તે ઈશ્વરો ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારરૂપે પૃથ્વી પર આવે છે. પરંતુ પરબ્રહ્મ ભગવાન પોતે જ એ અવતારોનું રૂપ ધારણ કરીને પૃથ્વી પર આવે છે એવું નથી. તેઓ તો સર્વ અવતારોનાં કારણ છે. તેઓ પોતે જ મત્સ્ય, કૂર્મ, રામ, કૃષ્ણ વગેરે અવતારો રૂપે થતા નથી.

● **અવતારો અને અવતારીનો ભેદ :**

❋ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ તેઓની વાતમાં અવતાર અને અવતારી વચ્ચેનો ભેદ સરળ રીતે સમજાવ્યો છે : ''અવતાર-અવતારીનો ભેદ કેમ સમજવો ?' ત્યારે એક જણે કહ્યું જે, 'ભવાયો ને વેશ.' ત્યારે પોતે કહ્યું કે, 'અવતાર-અવતારીનો ભેદ એમ નહિ. રાજા ને રાજાનો ઉમરાવ, તીર ને તીરનો નાખનારો ને તારા ને ચંદ્રમા, એમ ભેદ જાણવો.''

(સ્વામીની વાત : ૬/૩૪)

❋ અહીં ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે કે ભવાયો ને વેશ એટલે જેમ એક જ એક્ટર જુદા જુદા રોલ ભજવે તેમ નહિ, પરંતુ જેમ તીર અને તીરનો નાખનાર અલગ છે, તેમ અવતારો અને તેના કારણ અવતારી અલગ છે. જેમ રાજા અને રાજાનો ઉમરાવ જુદા છે, તેમ અવતારી અને અવતારો જુદા છે.

❋ અવતારો અને અવતારી એ બંને તત્ત્વો જ જુદાં છે. પાંચ અનાદિ તત્ત્વોમાં અવતારોને ઈશ્વર તત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે અવતારી એવા પરબ્રહ્મ તો ઈશ્વરોથી ભિન્ન, તેમના કારણ અને માયાથી પણ પર એવું સર્વોપરી તત્ત્વ છે.

❋ શ્રીઅવિનાશાનંદ બ્રહ્મચારીએ પણ પોતાના કાવ્યમાં અવતાર-અવતારી વચ્ચેનો ભેદ સમજાવ્યો છે :

અવતાર ને અવતારીનો, જેને વિવેક થાય,
તે જાય અક્ષરધામમાં, મહામુક્ત કે'વાય.
ચક્રવર્તિ ભૂપાલને, કે'વો ખંડીયો રાજા,
તે તો વિવેકિ કહે નહિ, કહે મૂર્ખ સમાજા.
અવતાર ને અવતારીમાં, ભેદ અનંત અપાર,
દૃષ્ટાંત પ્રમાણે જાણજ્યો, ખોટું નથી લગાર.

❋ અવતારો અને અવતારી એકબીજાથી અલગ જ છે, તે દર્શાવતા અનેક પ્રસંગો હરિલીલામૃત ગ્રંથમાં નોંધાયા છે તેમાંથી એક પ્રસંગ સાંભળીએ.

❋ ઉત્તર ભારતના ઝરણાપરણા ગામના શીતળદાસ નામના મુમુક્ષુ રામાનંદ સ્વામીની પ્રશંસા સાંભળીને રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ફણેણી આવી પહોંચ્યા, પણ ત્યારે સ્વામી દેહ મૂકી ગયા હતા. આ સમાચારથી તેમને ઘણો આઘાત થયો. શ્રીજીમહારાજ તેમના મનની વાત જાણી ગયા. રામાનંદ સ્વામીનાં દર્શન કરાવવાનું આશ્વાસન આપી તેમને રોકાઈ જવા આગ્રહ કર્યો. શ્રીજીમહારાજે તેમને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવા આજ્ઞા કરી. એકાએક ચમત્કાર થયો. શીતળદાસને મહારાજની ઈચ્છાથી સમાધિ થઈ. દિવ્ય આનંદનો અનુભવ થયો. થોડા સમય પછી સમાધિમાંથી જાગ્રત થતાં તેમણે દિવ્ય દર્શનની વાત કરી : 'તેજોમય ધામમાં, તેજોમય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ બેઠા છે. રામ, કૃષ્ણ આદિક અવતારો

અને ખુદ રામાનંદ સ્વામી પણ મહારાજની સામે ઊભા છે. મેં મહારાજની પૂજા કરી. પછી બધા મુક્તોની પૂજા મારે કરવી હતી. પણ હું એક અને મુક્તો અનંત.' ત્યારે મહારાજ કહે તમે સંકલ્પ કરો કે, 'રામ-કૃષ્ણાદિક અવતારો અથવા રામાનંદ સ્વામી સર્વોપરી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય અને હું અનેક રૂપે સૌની એક સાથે પૂજા કરું.' મેં તે પ્રમાણે સંકલ્પ કર્યો પણ કંઈ થયું નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું એટલે મેં એમ સંકલ્પ કર્યો કે જો શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય અને હું સૌની પૂજા કરી શકું. તરત જ મારાં અગણિત રૂપ મેં જોયાં ને મેં એક સાથે સૌની પૂજા કરી. ત્યારે રામાનંદ સ્વામીએ મને કહ્યું કે આ સહજાનંદ સ્વામી સર્વ અવતારના કારણ છે અને અમે સૌ એમના દાસ છીએ. શીતળદાસના મુખેથી આ વાત સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. ત્યારે બીજા ઘણા ભક્તોને સમાધિમાં આ જ પ્રમાણે દિવ્ય દર્શન થયાં. આમ, શીતળદાસને સર્વોપરીપણાનો નિશ્ચય દૃઢ થયો અને શ્રીજીમહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી તેમનું નામ 'વ્યાપકાનંદ સ્વામી' પાડ્યું.

❋ શ્રી ઘનશ્યામ લીલામૃતસાગર તથા નિર્ગુણદાસ સ્વામીની વાતોમાં એક પ્રસંગ નોંધાયો છે કે, એક વાર વઢવાણમાં મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી વચ્ચે ચર્ચા થઈ ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, 'શ્રીજીમહારાજ તો વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ સ્વયં છે.' ત્યારે નિત્યાનંદ સ્વામી કહે, 'શ્રીકૃષ્ણ તો અવતાર છે. પણ શ્રીજીમહારાજ તો તેનાથી ભિન્ન અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ છે.' બંનેની ચર્ચાનું સમાધાન ન થયું તેથી નાગડકામાં જ્યારે તેઓ શ્રીજીમહારાજને મળ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને આ વાત જણાવી ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, 'નિત્યાનંદ સ્વામી સમજે છે તેમ સમજો !'

❋ વળી, શ્રીદુર્ગપુર માહાત્મ્ય ગ્રંથમાં રામદાસ સ્વામીની વાત વિગતે આવે છે કે :

એક વાર ગઢડામાં મોટેરા સંતોની સભામાં મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો શ્રીમદ્ ભાગવત અને અન્ય શાસ્ત્રોના આધારે અવતાર અવતારીના ભેદની ચર્ચા કરતા હતા. ત્યારે રામદાસ સ્વામીએ કહ્યું, 'ભગવાન એટલે ભગવાન તેમાં આવો ભેદ ન પાડો. અવતારો અને અવતારીમાં બશેર, પોણોશેર એમ તોલમાપ ન કરો.' આ વાત સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા કે, 'તેઓ હમણાં નહીં સમજે આગળ જતા માનશે.'

પછી, સમયાંતરે રામદાસ સ્વામીને સમાધિમાં શ્રીકૃષ્ણે દર્શન દીધાં અને કહ્યું, 'સર્વ અવતારોના કારણ શ્રીજીમહારાજ છે. અમે તો તેમના અવતાર છીએ.' ત્યારે રામદાસ સ્વામીને અવતાર-અવતારીના ભેદની સમજણ દૃઢ થઈ. જ્યારે રામદાસ સ્વામીની અંતિમ અવસ્થા આવી ત્યારે તેમણે શ્રીજીમહારાજને કહ્યું, 'મારે બધા સંતો, ભક્તોને એક વાત કરવી છે. સૌને અહીં બોલાવો.' સૌ તેમના આસને આવ્યા. ત્યારે રામદાસ સ્વામીએ કહ્યું, 'હું પહેલા અવતાર-અવતારીને એક જ સમજતો. તેના ભેદની વાત માનતો નહીં. પણ મને શ્રીકૃષ્ણે તથા રામાનંદ સ્વામીએ દર્શન આપીને એ ભેદ સમજાવ્યો કે, આ શ્રીહરિ સર્વ અવતારોથી જુદા છે, તેમનાથી પર છે અને સર્વ અવતારોના કારણ છે. જો આ વાતમાં હું લગારેક અસત્ય બોલતો હોઉં તો મને પાંચસો પરમહંસોના સમ છે એટલું જ નહીં પણ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ પણ મને લાગે !

(શ્રીદુર્ગપુરમાહાત્મ્ય, અધ્યાય-૩૭ તથા સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો - ૯૯, ૫૬૯)

❋ આમ, તાત્ત્વિક રીતે જ સર્વે અવતારો અને સર્વે અવતારોના મૂળ કારણરૂપ એવા અવતારી પરબ્રહ્મમાં ભેદ છે. તેમ છતાં, 'અવતારો અને અવતારી સમાન છે' એમ જો સમજાય, તો એ ભગવાનનો દ્રોહ છે,

એમ ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯માં સમજાવતાં કહે છે, 'પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'

❊ શુકાનંદ સ્વામીની વાતોમાં તેઓ જણાવે છે કે, જેને પ્રમાદ અને મોહ છે તેને એકાંતિક ધર્મ આવે જ નહિ, કાં જે એની અવળી સમજણ છે. અવળી સમજણ તે શું ? પુરુષોત્તમને અવતાર જેવા જાણે અને અવતારને પુરુષોત્તમ જેવા જાણે.'

● **ભગવાન સ્વામિનારાયણ સર્વઅવતારના અવતારી :**

❊ ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે તે સમજાય તો જ આધ્યાત્મિક સાધનાનું સાચું ફળ મળે. તેઓના ધામમાં સ્થાન મળે, કલ્યાણ થાય.

❊ વચનામૃત ગઢડા મધ્ય - ૯માં શ્રીજીમહારાજ કહે છે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. એમ જે જાણતો હોય ને તેનાથી કદાચિત સત્સંગમાંથી બહાર નીસરી જવાણું તોપણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિશે ભગવાનની સમીપે જશે અને હમણે સત્સંગમાં રહેતો હશે પણ તેને જો ભગવત્ સ્વરૂપની નિષ્ઠા પાકી નહીં હોય, તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે કાં તો કોઈ બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિશે નહીં જાય.'

❊ પલાણાના ભાઈલાલભાઈએ વસિયતનામું કરીને ઘરના પાટડામાં બાકોરું કરી તેમાં સાચવી મૂકેલું. તેમનો દેહ પડી ગયો અને વસિયતનામું ક્યાં રાખ્યું છે તે કહેવાનું રહી ગયું. તેમના દીકરાઓ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને આ વાત કરી. સ્વામીએ તેમના સમાધિવાળા શિષ્ય કેશવજીવનદાસને ભાઈલાલભાઈને મળી વસિયતનામાનું સ્થાન પૂછવા સમાધિમાં અક્ષરધામમાં મોકલ્યા, પણ ભાઈલાલભાઈ અક્ષરધામમાં મળ્યા નહિ ત્યારે દીકરાઓ કહે : 'અમારા બાપા ધર્મ-નિયમ દૃઢ પાળતા અને નિયમિત સંત-સમાગમ કરતા, છતાં અક્ષરધામમાં કેમ ન દેખાયા ?' ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : 'તેઓ કયા સંતનો સમાગમ વિશેષ કરતા ?' ત્યારે દીકરાઓએ કહ્યું, 'અમોઘાનંદ સ્વામીનો.' ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'અમોઘાનંદ સ્વામી તો મહારાજને રામચંદ્રજીનો અવતાર સમજતા. માટે તેમની સાથે તમારા પિતા સાકેતલોકમાં જ હશે.' પછી કેશવજીનદાસને સમાધિમાં ત્યાં મોકલ્યા, તો ત્યાં અમોઘાનંદ સ્વામી અને ભાઈલાલભાઈ - બંને રામકથા કરતાં દીઠા. તેમની પાસેથી વસિયતનામાની વિગત તો મળી, પણ શ્રીજીમહારાજને સર્વોપરી ન સમજવાને કારણે તેઓ અક્ષરધામમાં મહારાજની સેવાને પામ્યા નહિ તે પણ નક્કી થયું.

❊ આમ, શ્રીજીમહારાજને સર્વોપરી સમજવામાં કચાશ રહી જાય તો કલ્યાણમાં ખામી રહી જાય.

❊ શ્રીજીમહારાજનાં અસાધારણ ઐશ્વર્ય અને સામર્થ્યને આધારે પણ તેઓ સર્વોપરી છે તેની પ્રતીતિ થાય છે.

૧) પ્રાકટ્યનું અસાધારણ પ્રયોજન :

❊ રામ ભગવાન રાવણના, નૃસિંહ ભગવાન હિરણ્યકશિપુના, કૃષ્ણ ભગવાન કંસ આદિ અસુરોના સંહારાર્થે પ્રગટ થયેલા. પરંતુ શ્રીજીમહારાજના પ્રાકટ્યનું પ્રયોજન એનાથી વિશિષ્ટ છે ! જૂના ખરડામાં મહારાજે પોતે લખાવેલું છે કે, 'દૂસરા અવતાર હૈ સૌ કાર્ય કારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યાંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હું.'

મહારાજે કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામીને

એકાંતમાં બોલાવી પોતાના પ્રાકટ્યના છ હેતુઓ કહ્યા હતા. તે પ્રસંગ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. 'શ્રીજીમહારાજની લીલાની વાતુ' નામના ગ્રંથની હસ્તપ્રતમાં આ પ્રસંગ ખૂબ વિસ્તૃત વર્ણન સાથે છે, તેમાં મહારાજ ગોપાળાનંદ સ્વામીને આ પ્રમાણે છ હેતુ કહે છે :

મહારાજે કહ્યું, 'એક તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાનનું જ્ઞાન ને ઉપાસના તે આ પૃથ્વીમાં નથી, તે પ્રવર્તાવવા સારું આવ્યા અને બીજું અવતાર અને અવતારના ભક્તોને અક્ષરધામમાં લઈ જવા અને ત્રીજું પૃથ્વીને વિશે એકાંતિક ધર્મનું સ્થાપન કરવું અને ચોથું ભક્તિ-ધર્મને સુખ દેવું ને પાંચમું કેટલાક કાળથી તીર્થ, વ્રત, દાન વગેરે કરતાં યોગભ્રષ્ટ જીવોને અક્ષરધામમાં લઈ જવા અને છઠ્ઠું અમારા ભક્તના સંબંધે કરીને એવા અનંત યોગભ્રષ્ટ થશે.'

આટલું કહ્યા પછી મહારાજે આગળ વાત કરી હતી તે અગત્યની છે. તેમાં મહારાજે કહેલું, 'આ છ હેતુ પ્રવર્તાવવાની આજ્ઞા અમે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, વૈકુંઠનાથ (રામચંદ્રજી), ગોલોકવાસી (કૃષ્ણ) બધાને કરી પણ તેમના દાખડાથી આ છ હેતુ ન પ્રર્વત્યા ત્યારે તેમણે અમને પ્રાર્થના કરી અને અમે જ આ હેતુ સિદ્ધ કરવા આંહીં આવ્યા !'

આવા, અસાધારણ પ્રયોજન સાથે સર્વાવતારી મહારાજ પૃથ્વી પર પ્રગટ થયા !

૨) અસાધારણ ઐશ્વર્ય-સામર્થ્ય :

❊ આ લોકમાં પધારી શ્રીજીમહારાજે જે ઐશ્વર્ય અને સામર્થ્ય દર્શાવ્યું છે તે અસાધારણ છે. પૂર્વેના અવતારોનાં ચરિત્રોમાં ન મળે તેવાં વિલક્ષણ ઐશ્વર્ય સામર્થ્યના પ્રસંગો શ્રીજીમહારાજનાં ચરિત્રોમાં નોંધાયાં છે.

❊ હરિલીલામૃતમાં જણાવે છે :

એવા પ્રતાપિ પ્રભુ છો અવતારિ આપ,
સર્વાવતારથી વિલક્ષણ છે પ્રતાપ;
માહાત્મય આપ તણું અંતરમાં ધરું છું,
બે હાથ જોડિ વંદન હું કરું છું.

(શ્રીહરિલીલામૃત : ૪/૨૫/૨૯)

❊ શ્રીજીમહારાજનાં દિવ્ય સામર્થ્ય અને ઐશ્વર્યો જાણીએ...

૨.૧ દિવ્ય સમાધિ :

❊ અષ્ટાંગયોગની સાધના વિના માત્ર શ્રીજીમહારાજના દર્શનથી, મહારાજની વાણીથી, અરે ! ચાખડીના ચટકાથી પણ સમાધિ થઈ જતી ! પશુ, પક્ષી, મનુષ્ય સૌને સમાધિ થતી અને સમાધિમાં દરેકને પોતપોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થતાં દેખાતા ! આવું સમાધિ કરાવવાનું ઐશ્વર્ય પૂર્વેના કોઈ પણ શાસ્ત્રોમાં કે અવતારોનાં ચરિત્રોમાં નથી !

❊ નીલકંઠવર્ણી રૂપે શ્રીહરિ પીપલાણામાં નરસિંહ મહેતાને ઘેર જાય છે, ત્યાં તેમને જે અનુભવ થાય છે તે નોંધતાં શ્રીહરિલીલામૃતમાં કવિ કહે છે કે -

દીઠા હરિ પુરુષોત્તમ રૂપ,
કરે સ્તુતિ બ્રહ્માંડોના ભૂપ;
ત્યાં તો દીઠા દશે અવતાર,
થયા લીન શ્રીહરિ મોઝાર.
એથી ઊપજ્યો આનંદ ભારી,
જાણ્યા અવતારના અવતારી.

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫/૭૨-૭૩)

૨.૨ સંતો-ભક્તો દ્વારા ઐશ્વર્ય દર્શન :

❊ આ અંગે એક પ્રસંગને નોંધતાં ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે :

''દીવ ગામનો વાણિયો સંઘ કાઢીને દ્વારકાની જાત્રા કરવા જતો હતો. તેને લોજપુરમાં શ્રી રામાનંદ સ્વામી મળ્યા, તેને ચમત્કાર દેખાડયો, તેણે કરીને તેમને રામાનંદ સ્વામીને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી તે ભક્ત પાછો દીવ ગયો ને પછી ઘણા દિવસે પાછો દર્શને આવ્યો.

ત્યારે રામાનંદ સ્વામી તો દેહ મૂકીને ધામમાં ગયેલા. પછી તે ભક્ત શ્રીજીમહારાજ પાસે આવીને બેઠો, ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમારે કોઈ સંશય હોય તો આ બાળક લખમણ સમાધિવાળા છે તેને પૂછો.' ત્યારે તેમણે જે પ્રશ્ન પૂછ્યા તે પ્રશ્નના ઉત્તર સમાધિવાળા બાળકે કર્યા. એમ બાળક દ્વારા રામાનંદ સ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો, ત્યારે તે ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, 'મહારાજ ! હું પ્રથમ રામાનંદ સ્વામીને ભગવાન જાણતો હતો, પણ તે રામાનંદ સ્વામીના જેવો આ બાળકને વિષે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાણો. ત્યારે તમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તેમનો પ્રતાપ તો ઘણો હશે ને તમારી મૂર્તિનો જે પ્રતાપ ને મહિમા તે તો બહુ અધિક જ હશે. માટે તમારા સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ જ્ઞાન થાય તેમ કૃપા કરીને મુને કહો.' ત્યારે શ્રીજીમહારાજે તે ભક્તને કહ્યું જે, 'અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય ન થાય, તે તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવની વાર્તા જાણે છે. માટે પૂર્વે થયા જે જે અવતાર તેમના જેવું ઐશ્વર્ય તો અમારા સાધુ-સત્સંગીમાં જણાય છે. ને અમે તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમનારાયણ છીએ તે અગણિત જીવોનાં કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ.' તે વાર્તાને સાંભળીને તે ભક્તને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો.

❋ શ્રીજીમહારાજના સંતો-ભક્તોનાં ચરિત્રોમાં પણ પૂર્વેના અવતારો જેવું ઐશ્વર્ય જણાય છે. જેમ કે, સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કરાવ્યા, વ્યાપકાનંદ સ્વામીએ મરેલી ઘોડી જીવતી કરી, ગોપાળાનંદ સ્વામીએ ગ્રહણ અટકાવ્યું...વગેરે અનેક પ્રસંગો ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. તેના આધારે સમજાય છે કે, શ્રીજીમહારાજ સર્વોપરી છે.

૨.૩ આશ્રિતોને કરાવેલી બ્રાહ્મી સ્થિતિ :

❋ શ્રીજીમહારાજે પોતાના સહજ સંપર્ક, સંબંધ અને ઉપદેશથી સેંકડોના આસુરીભાવનાં મૂળ ઉખેડીને તેમને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પમાડી હતી.

શ્રીજીમહારાજનું આ અવતારી કાર્ય વર્ણવતાં માધવતીર્થ સ્વામીએ શ્રીજીબાવનીમાં પણ લખ્યું છે..

રામકૃષ્ણ ચોવીસ અવતાર,
તેણે હણ્યા છે અસુર અપાર,
રાવણ કંસ અસુર તમામ,
કામ ક્રોધ લોભના ગુલામ,
એ કામ ક્રોધને જીત્યા તમે,
કર્યા પરમહંસ સૌને ગમે,
પાપી જે કરતા પંચ પાપ,
તેને તો કીધાં નિષ્પાપ,
સ્વામિનારાયણ જપાવ્યું નામ,
અવતારના અવતારી આપ.

ગોરધનભાઈ, પર્વતભાઈ, લાડુબા, જીવુબા, ઝમકુબા, દાદા ખાચર, સુરાખાચર જેવા અનેક ભક્તો શ્રીજીમહારાજના યોગમાં ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પામ્યા હતા. તેને આધારે સમજી શકાય છે, કે શ્રીજીમહારાજ સર્વોપરી છે.

૨.૪ આશ્રિતોને આત્યંતિક કલ્યાણનો કોલ :

❋ ભગવાન સ્વામિનારાયણનું આ અસાધારણ સામર્થ્ય છે. તેઓએ પોતાના ભક્તોને અંતકાળે તેડવા આવવાનો અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવાનો કોલ આપ્યો છે. વચનામૃત અમદાવાદ - ૭માં તેઓએ કહ્યું છે : 'જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે (મને સર્વોપરી સમજશે) તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ.'

❋ વચનામૃત જેતલપુર - ૫માં તેઓ કહે છે, 'તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું, અને તમે પણ એમ જાણજો જે, અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે.'

❊ નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશમાં ગાય છે :

જેને વા'લિ લાગી સંત વાત રે,
રાખ્યાં નિ'મ થઈ રળિયાત રે;
તેને તન • છૂટે તતકાળ રે,
આવે તેડવા દીનદયાળ રે.
તેને આપે અક્ષરમાં વાસ રે,
મહાસુખ પામે છે તે દાસ રે.
(પુરુષોત્તમપ્રકાશ : ૨૧/૧૬,૧૭)

❊ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પાંચમા પ્રકરણની ૩૯૯મી વાતમાં કહ્યું છે કે, ''આપણે તો એક સ્વામિનારાયણની ઓળખાણ છે ને મહારાજ તેડવા આવે છે, તે ભેળા સાધુ કદાપિ આવે છે, પણ કોઈ અવતાર તો સાથે આવતા નથી.''

❊ શ્રીહરિની આ વિલક્ષણતા ફક્ત શાસ્ત્રો તથા સંતોએ વર્ણવી છે તેટલું નહિ, પરંતુ અંતકાળે તેડવા પધાર્યાના હજારો પ્રસંગો તેમણે સાંભળ્યા છે. તેમાંથી અમુક પ્રસંગો તો પ્રત્યક્ષ નજરે જોઈને લખ્યા છે. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં આવા અનુભવેલા પ્રસંગો નિરૂપ્યા છે તેમાં એક પ્રસંગ આવે છે કે :

''અમદાવાદના પ્રાણવલ્લભ નામે વિપ્ર સ્વામિનારાયણના સત્સંગી થયા. એક વાર ગોદાવરી તીર્થમાં ગયા. અહીં મરકીના રોગમાં પટકાયા. શરીર પડવાની વેળા આવી. શ્રીજીમહારાજ તેડવા પધાર્યા. મહારાજ કહે, 'તારે કાંઈ છેલ્લી ઇચ્છા છે ?' પ્રાણવલ્લભ કહે, 'લોકો એમ જાણશે કે બીજા મરે તેમજ આ મર્યો છે. આપ તેડવા આવ્યા તેનો ખ્યાલ નહીં આવે.' મહારાજ કહે, 'તું દેહમાં પાછો જા, બધાને કહીને આવી જજે.' આ બાજુ ચિતા ખડકાઈ ગઈ હતી, દાહ દેવાની તૈયારી થતી હતી, ત્યાં તેનો દેહ સળવળ્યો. બધાને આશ્ચર્ય થયું. તેઓ બેઠા થયા. બધા વિસ્મય પામતા હતા ત્યારે તેમણે કહ્યું કે, 'મને શ્રીજીમહારાજ ધામમાં તેડવા માટે પધાર્યા છે. તે કહેવા મહારાજે પાછો મોકલ્યો છે માટે બધા સ્વામિનારાયણનું ભજન કરજો.' આમ, કહી દેહ છોડી દીધો.'' **(ભક્તચિંતામણિ : ૧૩૭)**

આમ, અંત સમયે તેડવા આવવું એ શ્રીજીમહારાજનું અસાધારણ સામર્થ્ય છે. તેને આધારે સમજી શકાય છે, કે તેઓ સર્વોપરી છે.

૨.૫ ગુણાતીત સત્પુરુષ દ્વારા પ્રગટપણું :

❊ પૂર્વે થઈ ગયેલા અવતારોએ તેમના પરોક્ષ થયા પછી પોતાના પ્રગટપણાની વ્યવસ્થા કરી નથી. જ્યારે શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ દ્વારા પોતાના પ્રગટપણાનો કોલ આપીને આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ ચાલુ રાખ્યો. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહી અનેકનું આત્યંતિક કલ્યાણ કરી રહ્યા છે.

આમ, શ્રીજીમહારાજનાં આવાં વિરલ ઐશ્વર્ય અને સામર્થ્યના આધારે પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે, કે શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વઅવતારના અવતારી, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

● સર્વોપરી ઇષ્ટદેવની ઉપાસના

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ઉપાસ્ય ઈષ્ટદેવ અને આદરણીય દેવો અંગે સ્પષ્ટતા કરે છે. તે પ્રમાણે આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ છે. પરંતુ નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ વગેરે અવતારો નથી. શ્રીજીમહારાજના સમયના ભક્તોના જીવનમાં પણ આ સમજણ દૃઢ હતી.

❊ આધારાનંદ સ્વામી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં શિયાણીના શિવરામ ભટ્ટનો પ્રસંગ વર્ણવે છે : ''એક વાર શ્રીહરિ શિયાણી પધાર્યા હતા. શિવરામ વિપ્રે શ્રીહરિને બે દિવસ રોક્યા. મહારાજની પૂજા કરી. આ વિપ્રને શ્રીકૃષ્ણ અવતારમાં બહુ પ્રીતિ હતી. શ્રીકૃષ્ણનાં તેમને પ્રત્યક્ષ દર્શન થતાં, પણ

જ્યારે દસ અને ચોવીસ અવતારોને શ્રીહરિમાં લીન થતા જોયા, ત્યારે તેમને શ્રીહરિમાં તમામ અવતારોથી અધિક પ્રીતિ થઈ. તેમને સ્વામિનારાયણ નામમાં જ બધા રસ જણાવા લાગ્યા. સ્વામિનારાયણ નામનો જ તેઓ જાપ કરતા, પણ બીજા અવતારના નામનો નહીં.''

❋ શ્રીહરિચરિત્ર ચિંતામણી નામના ગ્રંથમાં એક પ્રસંગ આવે છે કે, 'ગામ કાલોલ કંજરીમાં લક્ષ્મીદાસને મંદવાડમાં શ્રીનરનારાયણ ભગવાને દર્શન દીધાં. ત્યારે શેઠે પૂછ્યું, 'મહારાજ, તમે કેવા?' ત્યારે નરનારાયણ ભગવાને કહ્યું : 'અમે ભગવાન છીએ ને તમને તેડવા આવ્યા છીએ.' ત્યારે શેઠ કહે, 'મને કયા ધામમાં લઈ જશો?' ત્યારે કહે, 'અમારા બદરિકાશ્રમ ધામમાં.' ત્યારે શેઠ કહે, 'મેં સ્વામિનારાયણની યથાર્થ આજ્ઞા પાળી છે ને ભજન કર્યું છે, ને મને સ્વામિનારાયણના નિશ્ચયમાં ફેર નથી, માટે મને તો સ્વામિનારાયણ ભગવાન તેડવા આવશે તો આવીશ!' ત્યારે તે સાંભળીને નરનારાયણ દેવ અંતર્ધાન થઈ ગયા. પછી બીજે દિવસે શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધાં. ત્યારે શેઠે પૂછ્યું, 'મહારાજ, તમે કેવા છો ?' ત્યારે તે બોલ્યા જે, 'અમે તમને તેડવા આવ્યા છીએ ને તમને અમારા ધામમાં લઈ જાવા છે.' ત્યારે શેઠ કહે, 'મારે મહારાજના નિશ્ચયમાં કસર નથી, ને મહારાજની આજ્ઞા મેં બરોબર પાળી છે, માટે મહારાજ તેડવા આવશે તો આવીશ.' ત્યારે તે અંતર્ધાન થઈ ગયા. પછી ત્રીજે દિવસે શ્રીજીમહારાજ પોતે માણકી ઉપર ચડીને પધાર્યા, ને શેઠને દર્શન દઈને કહ્યું, 'હવે ચાલો.' ત્યારે કહે, 'તૈયાર છું.' પછી શેઠે પોતાના સંબંધીઓને બોલાવ્યા ને કહ્યું, 'આ શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે, તે ભેગો હું અક્ષરધામમાં જાઉં છું.' એમ કહી ખાટલા ઉપરથી ઊતરીને દેહ તજી શ્રીજીમહારાજની સાથે અક્ષરધામમાં ગયા.'

(શ્રીહરિચરિત્ર ચિંતામણી : ભાગ-૩, વાર્તા-૧૮૯)

આમ, ઉપાસના અને નિષ્ઠા તો શ્રીજીમહારાજની જ કરવાની છે. તે વાત આ પ્રસંગો દ્વારા સમજાય છે.

❋ વળી, શ્રીજીમહારાજ અહીં અનન્ય નિષ્ઠાની સાથે અન્ય દેવો અવતારોનો આદર કરવાની રૂડી રીત પણ શીખવે છે.

● **સર્વ અવતારો દેવોનો આદર**

❋ ઘણી વાર કેટલાંક અધૂરિયાઓ સર્વોપરી નિષ્ઠાના ખોટા મદમાં અવતારો અને દેવોનો અનાદર કરી બેસે છે. પરંતુ અહીં શ્રીજીમહારાજ તેમ કરવાની ના પાડે છે. શિક્ષાપત્રીમાં પણ તેઓએ કહ્યું છે, 'કોઇ અવતારો કે દેવોની નિંદા ન કરવી.' કારણ કે તેમાં પણ સર્વોપરી ભગવાનનો અનુપ્રવેશ છે. એટલે પરબ્રહ્મના સંબંધે કરીને તે આદરણીય છે, પૂજનીય છે.

❋ આદર કરવો અને આશરો કરવો એ બંને અલગ છે. જેમ પતિવ્રતા સ્ત્રીને આશરો તો પતિનો જ છે. તેથી પોતાને જે કંઈ વસ્તુ કે પૈસા જોઈએ તે પતિ પાસે જ માંગે, બીજા પાસે ન માંગે વળી તેને પતિ સાથે જે પ્રકારનો સંબંધ છે તેવો સંબંધ અન્ય સાથે ન હોય. તેમ છતાં તે પતિના સંબંધીઓનો તિરસ્કાર કરતી નથી. પતિના સંબંધે કરીને તેનાં સર્વ સંબંધીઓનો આદર કરે છે. પતિના માતા-પિતા, ભાઈ, બહેન વગેરે માટે રસોઈ બનાવવી ઇત્યાદિ સેવા પણ કરે છે. તે જ રીત પતિવ્રતાની ટેકવાળા ભક્તની હોવી જોઈએ. તે સમજાવવા સર્વોપરી ઇષ્ટદેવની અનન્ય નિષ્ઠાની સાથે સર્વ દેવોનો આદર રાખવાનો વિવેક અહીં શ્રીજીમહારાજે શીખવ્યો છે.

❋ તેમ છતાં તેઓ એક વાત સ્પષ્ટપણે કહે છે કે, ઉપાસના તો માત્ર સર્વોપરી ઈષ્ટદેવની. એટલે કે, સ્વામિનારાયણ ભગવાનની જ કરવી. એવી પતિવ્રતાની ભક્તિ આપણે દૃઢ કરી શકીએ એ જ પ્રાર્થના.

૪. વચનામૃત : ગઢડા અંત્ય-૩૮ : સાંખ્યાદિનું - સદાય સુખિયાનું

સ્વામિનારાયણ હરે...

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૩૮મું - સાંખ્યાદિનું - સદાય સુખિયાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

...અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, "**એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ; માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.** ને નિવૃત્તિપર થવું ને બરોબરિયાની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્‌વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું. ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ, ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંતવાર્તા છે."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્ય પ્રકરણનું ૩૮મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ માણસમાત્રની દોટ સુખ તરફ છે. માણસની પ્રત્યેક અગવડ અને મુશ્કેલીને દૂર કરવા અનેકવિધ વૈજ્ઞાનિક સંશોધનો થયા કરે છે, છતાં માણસને સુખ પ્રાપ્ત થતું નથી.

❊ અબજો રૂપિયાના ઘરમાં કરોડો રૂપિયાનું ફર્નિચર હોય અને લાખો રૂપિયાની પથારી હોય છતાં

માણસને ઊંઘ આવતી નથી.

❊ ધીકતો ધંધો હોય, સમાજમાં પ્રતિષ્ઠા હોય, આવક કરોડોની હોય છતાં દુ:ખમુક્ત થવા આત્મહત્યા કરવાનો વારો આવે છે. શા માટે ?

❊ પ્રસિદ્ધ ચિંતક ટોલ્સટોય આનું કારણ બતાવે છે : 'Science is meaningless because it gives no answer to our basic questions.'

'વિજ્ઞાન નિરર્થક છે, કારણ કે તેની પાસે જીવનના મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ નથી.'

❊ માણસે સુખ માટે દોટ મૂકી છે, પરંતુ સુખ પ્રાપ્ત કરવાની દિશા ખોટી છે. માણસને દુ:ખનું સાચું કારણ ખબર નથી. જ્યાં સુધી દુ:ખનું કારણ જાણી દૂર કરવામાં ન આવે, ત્યાં સુધી અખંડ સુખ પ્રાપ્ત થતું નથી. દુ:ખમાત્ર પૈસો નથી, બંગલો નથી, મોટર નથી, એ.સી. નથી, ૩૨ ભાતનાં ભોજન નથી તેનું નથી ! પરંતુ દુ:ખનું કારણ કંઈક જુદું છે.

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ દુ:ખનાં મૂળભૂત છ કારણો બતાવે છે. તે પૈકીનાં પ્રથમ ત્રણ કારણો સમજવા પ્રયત્ન કરીશું.

૧) <u>દ્રવ્યાદિકનો લોભ</u> :

❊ ગૃહસ્થમાત્ર માટે દ્રવ્ય ઉપાર્જન જીવનનું એક અગત્યનું પાસું છે. ઘણીવાર આપણે એક કહેવત સાંભળીએ છીએ, 'નાણાં વિનાનો નાથિયો, ને નાણે નાથાલાલ.' જેની પાસે વધુ સંપત્તિ, તેની આ લોકમાં વધુ પ્રતિષ્ઠા.

❊ સમૃદ્ધ જીવન માટે તો ધન-દ્રવ્યની જરૂર છે જ, પણ રોજબરોજના કાર્યો માટે પણ તેના વિના ક્યાં ચાલે તેવું છે ? બાળકોનું શિક્ષણ હોય કે માંદગીમાં સારવાર, વાહન માટે પેટ્રોલ-ડિઝલ હોય કે મોબાઈલનું રીચાર્જ. દરેક ઠેકાણે ધન-દ્રવ્યની જરૂર છે. છેવટે પેટપૂજા(ભોજન) માટે પણ તેના વિના ચાલે તેમ નથી. એટલે ધન પ્રાપ્ત કરવાની ના નથી કહી, પરંતુ તેના લોભને દુ:ખનું કારણ જણાવ્યું છે. લોભ અનેક રીતે મનુષ્યને દુ:ખદાયી થાય છે.

૧. લોભ અનીતિ માટે પ્રેરે :

❊ ધન અને દ્રવ્યનો લોભ વ્યક્તિને અનીતિ, પાપ અને દુરાચાર માટે પ્રેરે છે. આજે ઠેર ઠેર ભ્રષ્ટાચાર-લાંચ વગેરેની બોલબોલા છે, તેના મૂળમાં લોભ છે. દૂધમાં પાણી ભેળવવાથી માંડી દવામાં બનાવટી કેમિકલ ભેળવી કરોડોનું કૌભાંડ કરનારાઓનું મૂળ છે, લોભ ! આ દરેક ખોટા કર્મનું ફળ વહેલું-મોડું વ્યક્તિએ ભોગવવું તો પડે જ છે.

❊ અમેરિકાની એક બેંકમાં સાઈબર ચોરી થઈ. આશરે ૧૦ લાખ ક્રેડિટ અને ડેબિટ કાર્ડની ચોરી કરવામાં આવી. થોડાં વર્ષો માટે અપરાધીઓ ફાવી ગયેલા. પણ અંતે પોલીસે સૌને પકડ્યા. મુખ્ય અપરાધી આલ્બર્ટને ૨૦ વર્ષની જેલ અને ૧૪૦ મિલિયન ડોલર દંડ ચૂકવવો પડ્યો.

લોભ વ્યક્તિને અનીતિ માટે પ્રેરે છે, જે છેવટે તેને દુ:ખી જ કરે છે.

૨. લોભથી પારિવારિક સંબંધો તૂટે :

❊ પરિવારમાં ભાઈ-ભાઈ, પતિ-પત્ની, પિતા-પુત્ર વચ્ચેના સંબંધો વણસી જઈ કુટુંબ વિચ્છેદ થવાનું એક મોટું કારણ લોભ જણાય છે.

❊ મહાભારતના વિનાશક યુદ્ધનાં અનેક કારણોમાંનું મુખ્ય એક કારણ હતું, દુર્યોધનનો રાજ્યલોભ. પાંડવો પાસેથી યુક્તિ-પ્રયુક્તિથી પડાવી લીધેલું રાજ્ય, દુર્યોધનને પાછું આપવું જ નહોતું. આ માટે ભયાનક યુદ્ધ લડી લેવા પણ એ તૈયાર થઈ ગયો. ભગવાન શ્રીકૃષ્ણે યુદ્ધની ભયાનકતા સમજાવીને માત્ર પાંચ ગામ પાંડવોને આપી દેવા દુર્યોધનને કહ્યું. પણ તે ન જ માન્યો. અંતે લોભમાંથી મહાવિધ્વંસકારી યુદ્ધ સર્જાયું! અને એક દુર્યોધનના લોભને કારણે કૌરવકુળનો તો નાશ થયો, પણ કરોડો લોકો માર્યા ગયા.

૩. લોભ વ્યક્તિને સત્સંગ અને સાચી સમજણથી વંચિત રાખે :

❊ દ્રવ્યનો લોભ એવો છે કે વ્યક્તિ સત્સંગ કરવા માટે નવરી જ ન થાય. પરિણામે સાચી સમજણ પામી શકતી નથી.

એક સત્સંગી યુવાન પોતાની નિત્યપૂજા, સત્સંગસભા વગેરેમાં નિયમિત હતો. પોતાના વ્યવસાયમાં તે ધીમે ધીમે પ્રગતિ કરી રહેલો. પણ સમય જતાં તેના સત્સંગમાં ઢીલાશ આવતી ગઈ. સંતોએ ત્રણ-ચાર વાર આ અંગે તેનું ધ્યાન દોર્યું. છેવટે તે યુવાને ઘટસ્ફોટ કર્યો. 'મારે મારું જીવન સમૃદ્ધ કરવું છે. હવે મારાં સ્વપ્ન સાકાર કરવાનો સમય આવ્યો છે. હું મારા વ્યવસાયમાં વ્યસ્ત રહું છું. તેથી હું મારો કિંમતી સમય સભા-પૂજા વગેરે માટે નહીં ફાળવી શકું.'

ઉતાવળે આંબા પકવવાની લહાયમાં આ યુવાને સત્સંગને ઠોકરે ચઢાવ્યો. પરિણામે જીવન સમૃદ્ધ કરવાનું સ્વપ્નું એક સ્વપ્નું જ બની રહ્યું. અને સત્સંગ પણ છૂટી ગયો. પછી તો જીવનમાં આવતા નાનામોટા પ્રશ્નોમાં સાચી સમજણના અભાવે હતાશ-નિરાશ થઈ જતો.

૪. લોભ ભગવાનને છેતરવા પ્રેરે :

❊ લોભરૂપી સ્વભાવ આપણને કેટલીક વાર ભગવાન પાસે પણ કપટ કરાવે. મહિનાનો પગાર આવે તે પૂર્વે સંકલ્પ કર્યો હોય કે, 'આ વખતે મહિનાનો પગાર આવે ને તરત દશમો ભાગ ધર્માદાનો લખાવી જ દેવો છે.' પરંતુ પગાર હાથમાં આવે પછી મન રમાડે કે આટલા બધા પૈસા ઠાકોરજીને ચરણે ધરવાની ક્યાં જરૂર છે? વીસમો ભાગ આપશું. વળી, બે દિવસ પછી બીજો વિચાર આવે કે 'આ મહિને ઘરમાં ખર્ચો વધારે છે, તો મંદિરે ધર્માદો નહીં આપીએ તોપણ ચાલશે, આમ કરવાથી આપણે ક્યાં સત્સંગી મટી જવાના છીએ? અને જરૂર પડે ત્યારે મંદિરમાં પ્રસાદની સેવા તો લખાવીએ જ છીએ ને! વળી, સંતો શ્રાવણ માસમાં પધરામણી કરે ત્યારે પધરામણીની ભેટ તો અર્પણ કરીએ જ છીએ ને!'

આ રીતે આપણું મન ધનના લોભથી ભગવાન-સંત પાસે પણ કપટ કરાવે છે. અને આ ધનમાં આસક્તિ જન્મ-મરણનું કારણ બને છે. વ્યક્તિ ભગવાનનું સુખ પામી શકતી નથી.

◎ યોગીજી મહારાજે એકવાર એક હરિભક્તને પૂછ્યું, 'તમારો કેટલો પગાર છે?' તે ભાઈનો પગાર તો હજાર રૂપિયા હતો, પણ તેને મનમાં થયું કે કદાચ સ્વામી માગશે તો? એવા લોભથી કપટ રાખી કહ્યું, 'બાપા, પાંચસો.' યોગીબાપા તો મોજમાં આવી ગયા અને કહ્યું, 'જાવ, સાતસો થઈ જશે.' ત્યારબાદ તે ભાઈ શેઠના કંઈક વાંકમાં આવ્યો અને ખરેખર તેનો પગાર હજારમાંથી સાતસો થઈ ગયો.

❊ લોભ ભગવાન અને સંત પાસે કપટ કરાવે છે. પણ તે કપટ અંતે દુ:ખનું કારણ બને છે. શ્રીજીમહારાજ એકવાર આમોદમાં દીનાનાથ ભક્તના ઘરે પધાર્યા હતા. ત્યાં મહારાજે વાત કરી હતી, 'વ્યક્તિ કપટ રાખે તેટલું દુ:ખ તેને મળે જ છે. શરીરમાં તેને એવો વ્યાધિ થાય છે કે જાણીએ જીવ હમણાં નીકળી જશે.'

(પુરુષોત્તમ બોલ્યા પ્રીતે)

● લોભ ટાળવાના ઉપાય :

૧. સંતોષ :

❊ જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય અને તેને પાણીથી ભરવા માંડે તો ક્યારેય ભરી શકાય નહીં, તેમ ગમે તેટલું દ્રવ્ય ભેગું કરીએ પણ શાંતિ નહીં જ થાય. માટે ભગવાને જેટલું આપ્યું છે તેનાથી સંતોષ માનવો. જીવન જરૂરિયાત પૂરતું કમાવું, પણ અમથી દોડાદોડ ન કરવી.

सबही लोककुं ग्रस्त है, पापी लोभ पिशाच,
भक्त कहे संतोष से, संत करत तेही नाश।

૨. ધર્માદો :

❊ અનેક સત્સંગીઓનો અનુભવ છે કે સત્સંગમાં આર્થિક સેવા કરવાથી તેઓની લોભવૃત્તિમાં ઘટાડો થયો છે.

❊ લંડનના સંનિષ્ઠ હરિભક્ત ચતુર્ભુજભાઈ દાલિયાનો આવો અનુભવ છે. સત્સંગ નહોતો ત્યારે તેઓ એક સેન્ટ (પૈસો) પણ મંદિરમાં ન આપે. દીકરો સત્સંગમાં સેવા કરે, તો તેને પણ રોકે. પણ એકવાર પ્રમુખસ્વામી મહારાજે ધર્માદાની સેવા માંગી. તેમણે મને-કમને કરી. પછી તો એવો રંગ લાગ્યો કે જીવ્યા ત્યાં સુધી આર્થિક સેવા કરવામાં પાછી પાની ન કરી. દીકરાને પણ કહેતા ગયા કે 'આ બધું ભગવાનનું છે. એમને અર્થે વાપરવામાં સંકોચ ન રાખતો.' તેઓ કહેતા, 'પ્રમુખસ્વામી મહારાજે મારી પાસેથી ધર્માદો લઈ મારો લોભ અને ધનની આસક્તિ ટાળી નાંખી.'

આમ, નિયમિત રીતે ઠાકોરજીને ધર્માદો આપવાથી આપણો લોભ ટળે છે.

૨) <u>સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના</u> :

❊ અહીં સ્ત્રી નહીં, પરંતુ સ્ત્રી પ્રત્યેની આસક્તિથી દુઃખ થાય છે. જે રીતે પુરુષને માટે સ્ત્રીની વાસના દુઃખદાયી છે, તે રીતે સ્ત્રી માટે પુરુષ પ્રત્યેની આસક્તિ દુઃખદાયી છે.

❊ મહાભારતના આદિપર્વમાં યયાતિ રાજાનું આખ્યાન છે. શુક્રાચાર્યની પુત્રી દેવયાની યયાતિ રાજાની રાણી હતી. એક દિવસ દેવયાનીને ખ્યાલ આવ્યો કે પોતાની દાસી શર્મિષ્ઠાને પોતાના પતિ યયાતિ થકી ગર્ભ રહેલો છે. ક્રોધથી બેશુદ્ધ બની દેવયાની પોતાના પિતા શુક્રાચાર્યના ઘરે જવા તૈયાર થઈ. કામી યયાતિએ પત્ની દેવયાનીને રોકવા ખૂબ પ્રયત્ન કર્યા, પણ તે ન માની. શુક્રાચાર્યએ આ સમાચાર સાંભળી યયાતિને શાપ આપ્યો, 'તું અત્યંત સ્ત્રીલંપટ, મંદબુદ્ધિવાળો અને જુઠ્ઠો છે. જા! તને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય.' આ શાપ સાંભળી યયાતિને ખૂબ દુઃખ થયું. વિષય ભોગવવાની હજુ તેને તૃષ્ણા હતી. તેણે શુક્રાચાર્ય પાસે શાપમાંથી મુક્તિ માંગી. શુક્રાચાર્ય કહે, 'જે વ્યક્તિ પ્રસન્ન થઈ તમને યુવાની આપે તેની પાસે વૃદ્ધાવસ્થા બદલી લો.'

યયાતિને સ્ત્રીવાસના એવી પ્રબળ હતી કે પોતાના પુત્રો પાસે યુવાની માંગી. ચાર પુત્રોએ આ માંગણી ન સ્વીકારી. છેવટે પાંચમો પુત્ર તૈયાર થયો. યયાતિએ નાના પુત્રની યુવાની લઈ અનેક વર્ષો સુધી વિષય ભોગવ્યા. તેમ કરવા છતાં તેમને તૃપ્તિ ન થઈ. છેવટે તેમને અંતર્દૃષ્ટિ થઈ. પોતાની યુવાની પુત્રને પાછી આપી વનમાં ચાલ્યા ગયા.

યયાતિ અજ્ઞાનવશ એવું માની બેઠેલા કે વિષયભોગમાં સુખ છે. અંતે તેમને એ વાત સમજાઈ કે વિષયભોગમાં દુઃખ જ રહેલું છે.

◎ એક સુથાર ફિરંગીના ઘરે લાકડું ઘડવાનું કામ કરી રહેલો. ફિરંગીની પત્ની રૂપવાન હશે. તેથી સુથારનું મન તેના રૂપમાં ચોંટ્યું. સુથાર લાકડું ઘડતાં ઘડતાં તેની સામે વારે વારે જોયા કરે. ફિરંગીને ખ્યાલ આવ્યો. તેણે સુથારને 'મત જોના' કહી ચેતવ્યો. પણ સુથાર ફિરંગીની પત્ની સામું જોયા વિના રહી જ નહોતો શકતો. છેવટે ફિરંગીએ અકળાઈને સુથારની આંખો ફોડી નાંખી.

ટૂંકમાં, સ્ત્રી-પુરુષને પરસ્પર બેઠા-ઊઠ્યાની વાસના દુઃખના દરિયામાં ધકેલે છે.

● **સ્ત્રી સંબંધી વાસના ટાળવાનો ઉપાય :**

❊ મોટા સંતોએ પણ આ મર્યાદાના આધારે ગૃહસ્થ પુરુષ માટે 'એક નારી સદા બ્રહ્મચારી'ની વાત આપણને સમજાવી છે. મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથમાં શ્લોક ૧૮૦ થી ૧૮૮માં સ્ત્રી-પુરુષ મર્યાદા અંગેના નિયમો આપ્યા છે, જે વાસના ટાળવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ શ્લોકો

પૈકીના પ્રથમ જ શ્લોકમાં સ્વામીશ્રી જણાવે છે કે,

कुदृष्ट्या पुरुषैर्नैव स्त्रियो दृश्याः कदाचन।
एवमेव कुदृष्ट्या च स्त्रीभिर्दृश्या न पूरुषाः॥

'પુરુષો ક્યારેય કુદૃષ્ટિએ કરીને સ્ત્રીઓને ન જુએ. તે જ રીતે સ્ત્રીઓ પણ કુદૃષ્ટિએ કરીને પુરુષોને ન જુએ.'

❋ મોબાઈલ, ટી.વી., ચલચિત્રો, પોસ્ટરો, છાપાં તથા મેગેઝિનમાં અયોગ્ય જોવા-વાંચવાથી પણ મનમાં ખરાબ અસર થાય છે. એટલે, એમાં અતિશય વિવેક અને સંયમની જરૂર છે.

ટૂંકમાં, કામ-દોષને ટાળવા માટે સત્પુરુષની આજ્ઞા સામે દૃષ્ટિ રાખી નિયમ અને સંયમના પાલનની અત્યંત જરૂર છે.

3) <u>રસને વિશે જિહ્‌વાની આસક્તિ</u> :

❋ શ્રીજીમહારાજ યુક્ત આહાર-વિહારને દુઃખનું કારણ નથી કહેતા, પરંતુ આહારમાં આસક્તિને દુઃખનું કારણ બતાવે છે. જીવવા માટે ખાવું તો પડે જ, પણ ખાવા માટે જિવાય છે, તેથી વ્યક્તિને દુઃખ ભોગવવું પડે છે.

● **સ્વાદની આસક્તિને કારણે...**

૧. શરીર ખુવાર થાય :

❋ 'શરીર રોગનું ઘર છે.' પરંતુ રોગોનું મૂળ રસને વિષે આસક્તિ છે.

◎ અંગ્રેજીમાં એક કહેવત છે કે 'Eat now, pay later.' અત્યારે ખાઈ લો, વળતર પાછળથી ચૂકવજો. એટલે કે અત્યારે સ્વાદેન્દ્રિયને પુષ્ટિ આપવી હોય તેટલી આપો, તન અને મન પર થતી ભૂંડી અસર પછીથી ભોગવજો.

❋ સ્વાદથી પીડાતો માણસ જમવા બેસે ત્યારે ભાન ભૂલી જઈ દાબી દાબીને ખાય છે. ઓવર ઈટિંગ (વધુ પડતું ભોજન)ને કારણે 'આફરો ચઢવાની' ફરિયાદો મહાભારતકાલીન ભીમના સમયથી આજ પર્યંત ચાલુ છે. યોગીજી મહારાજ કહેતા કે, 'ટાંકા ભરાણા, તળાવ ભરાણાં, પણ પેટ ન ભરાણાં.'

વધુ પડતાં ભોજનથી હૃદયરોગના હુમલાની શક્યતા ચાર ગણી વધી જાય છે. તેમાં પણ વધુ પડતું વજન ધરાવનારા, હાઈ કોલેસ્ટ્રોલ કે હાઈ બ્લડપ્રેશરથી પીડાતા લોકોને હૃદયરોગના હુમલાની શક્યતા અનેકગણી વધુ છે.

❋ બંગાળના ખ્યાતનામ ડોક્ટર બિધાનચંદ્ર રોય કહેતા કે, '૮૦ ટકા કરતાં વધુ માણસો વધુ પડતો ખોરાક લેવાને કારણે બીમાર પડે છે.'

૨. પરિવારમાં કંકાસ થાય :

❋ સારી સ્વાદિષ્ટ વાનગીથી ક્ષણિક આનંદ મળે છે, પરંતુ સ્વાદ ઘરમાં ઝઘડા-કલહ કરાવે. ચા-દૂધમાં ખાંડ કે દાળ-શાકમાં મીઠું-મરચું ઓછું-વધુ નાંખવા માટે પણ પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલી થતી હોય છે. ક્યારેક આ બોલાચાલી ઉગ્ર સ્વરૂપ પણ પકડતી હોય છે.

૩. ભગવાન અને સંતની આજ્ઞા ન પળાય :

❋ શ્રીજીમહારાજે સંતો-ભક્તોને આહાર વિષયક નિયમો આપ્યા છે, તેમાં ડુંગળી-લસણ-હિંગ આદિ વસ્તુનો નિષેધ કરેલો છે, પણ સ્વાદની લોલુપતાના કારણે આ આજ્ઞા પાળી શકાતી નથી.

❋ એકવાર હરિભક્તોએ શ્રીજીમહારાજને કારિયાણીમાં અથાણાંની બરણી મોકલાવી. મહારાજે બરણી ઉઘાડી તો તેમાંથી હિંગના વઘારની ગંધ આવી. એટલે મહારાજ કહે, 'અથાણું ઉકરડે નાંખી આવો.' ત્યારે ત્યાં હાજર પ્રાગજી દવે કહે, 'મહારાજ ! નાખી દેશો મા. અથાણું બહુ સરસ છે. તે હું ધોઈને ખાઈશ.' પછી તે બરણી પ્રાગજી દવેને આપી. પ્રાગજી દવે બરણી લઈ ગયા, પછી એક સંત કહે, 'મહારાજ ! અથાણું ધોશે એટલે સ્વાદ નહિ રહે.' ત્યારે મહારાજ કહે, 'ખાધાના જે સ્વાદિયા હોય તે શું ધોતા હશે ? એ તો ધોયા વિના એમ ને એમ ખાશે.' અને ખરેખર, પ્રાગજી દવેએ હિંગવાળું અથાણું ખાધું જ.

❊ સત્સંગી તરીકે પૂજા-સેવા-સમર્પણ-નિષ્ઠા બધું એકદમ બરાબર હોય, પણ સ્વાદની આસક્તિને કારણે બહારની ખાણી-પીણી તથા ક્યારેક અભક્ષ્ય વસ્તુ પણ ખવાઈ જાય. મહારાજની આજ્ઞા લોપાય.

૪. સત્સંગનો લાભ ન લેવાય :

❊ સ્વાદને લીધે સત્સંગનું સુખ પૂર્ણપણે લઈ શકાતું નથી. ઉમરેઠના ગંગારામ દત્ત શ્રીજીમહારાજના સમાગમ માટે ગઢડા ગયા હતા, પણ આંબલી ખૂટી ત્યારે મહારાજને મૂકીને ઘરભેગા થઈ ગયા.

❊ સમૈયામાં પણ ક્યારેક ખાવાનું જેવું તેવું મળે તો સમૈયાનું સુખ એક ધડાકે ઊડી જાય. તો કેટલાક જમવાનું બરાબર મળશે કે નહિ ? તેની દ્વિધામાં સમૈયાને પણ જતા કરી દે.

● **સ્વાદ ટાળવાના ઉપાય :**

❊ સ્વાદ ટાળવાનો ઉપાય બતાવતાં ગીતા(૨/૫૯)માં કહ્યું છે :

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोप्यस्य परं दृष्ट्वा निवर्तते॥

વિષયનો કેવળ ત્યાગ કરવાથી વિષય પ્રત્યેની વાસના દૂર થતી નથી. તે વાસના તો પરમાત્માનાં દર્શનથી નિવૃત્ત થાય છે અર્થાત્ ભગવાનમાં વૃત્તિ પરોવવાથી વાસના દૂર થાય છે.

❊ સંત ઈસરદાન ભાગવત વિષયક 'હરિરસ' ગ્રંથનું લખાણ કરતા હતા. તેમની પુત્રીએ પીરસ્યું, તે તેઓ જમી ગયા. મા-પુત્રી જમવા બેઠાં. કઢીમાં મીઠું જ ન હતું. એમને એમ કે પિતાને મોળું ભાવે છે. તેથી ૧૦ મહિના સુધી મીઠા વગરનું બનાવ્યું. ભાગવત પૂરું થયું ને ઈસરદાન કહે, 'આજે મીઠું નથી નાખ્યું ?' પત્ની કહે, '૧૦ મહિનાથી આમ ચાલે છે.' જ્યાં સુધી હરિરસ ચાલતો હતો, ત્યાં સુધી સબરસ(મીઠા)ની ખબર ન હતી, જ્યારે હરિરસ પૂરો થયો ત્યારે સબરસ(મીઠા)માં દૃષ્ટિ પહોંચી ગઈ. જે કાયમ હરિરસમાં તરબોળ રહે તેનો જ સ્વાદ ટળે.

◎ પ્રમુખસ્વામી મહારાજ સન ૧૯૮૯માં મહેસાણામાં ડાહ્યાભાઈના ઘરે ભોજન લઈ રહ્યા હતા. જમવામાં કડવી કાકડી આવી. પણ તેઓ શાંતિથી ખાઈ ગયા, કાંઈ બોલ્યા નહીં. સંતોએ પૂછ્યું તો કહે, 'એમાં શું ? ભગવાનને સંભારીને જમી લેવાનું.'

પ્રમુખસ્વામી મહારાજ ભગવાનનો રસ માણતા, તેથી ક્યારેય કોઈ ફરિયાદ કે ફરમાઈશ તેમના મુખે સાંભળવા મળતી નહીં. તેઓને અખંડ આનંદ, આનંદ ને આનંદ રહેતો.

❊ મહંત સ્વામી મહારાજ કોઠીમાં દાણા પૂરે તેમ ભોજન ગ્રહણ કરે છે, પણ સુખ તો મહારાજની મૂર્તિનું લે છે. સન ૨૦૧૭માં હિંમતનગરમાં કડવાં પરવળ ભોજનમાં આવી ગયાં, તેમ છતાં એક પછી એક ત્રણ પરવળ જમી ગયા. સ્વામીશ્રી ત્યારે કંઈ બોલ્યા તો નહીં, પણ મુખની રેખા પણ બદલાઈ નહોતી.

આપણે પણ તેઓની જેમ ભગવાનનો રસ લેતાં શીખીશું તો ભોજનના રસની આસક્તિ સહેજે નીકળી જશે.

❊ આજે આપણે લોભ, કામ અને સ્વાદના દોષો તેમજ તેને ટાળવા અંગેના ઉપાય સમજવા પ્રયત્ન કર્યો. બે ઉપાય એવા છે જે આ ત્રણે દોષોને ટાળવા સમર્થ છે. રામબાણ ઇલાજ સમાન આ ઉપાયોમાં પ્રથમ છે -

૧. ભગવાન અને સંતના અપાર સુખ સામે દૃષ્ટિ :

❊ જીવમાત્રનો એવો સ્વભાવ છે કે સારું પદાર્થ જુએ તો ઊતરતા પદાર્થમાંથી પ્રીતિ સહજે જ ટળી જાય. જેમ એક રૂપિયાનો સિક્કો કોઈના હાથમાં હોય અને તેને કોઈ બે હજાર રૂપિયાની નોટ આપે તો રૂપિયાના સિક્કામાંથી હેત ઊતરી જાય છે, તેમ જેની દૃષ્ટિ ભગવાન સંબંધી અપાર સુખમાં પહોંચી જાય તે આ લોકના માયિક

સુખમાંથી વૈરાગ્ય પામે છે. તેથી તેને ધન-દ્રવ્ય, સ્ત્રી-પુરુષ કે રસાસ્વાદમાં આસક્તિ રહેતી નથી.

૨. સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ :

❊ ભગવાન અને ગુણાતીત સંત અતિશય નિર્દોષ છે. તેમને વિષે દોષ કલ્પવાથી આપણે વિષે દોષ વધશે અને તેમને નિર્દોષ સમજવાથી આપણે નિર્દોષ થઈશું. શ્રીજીમહારાજે અનેક વચનામૃતોમાં આ વાત સમજાવી છે.

વચનામૃત ગઢડા પ્રથમ - ૨૪માં તેઓ કહે છે કે, 'પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.'

❊ જૂનાગઢના એક સદ્‌ગૃહસ્થ જમવાના ખૂબ સ્વાદિયા, પણ ગુણાતીતાનંદ સ્વામીને નિઃસ્વાદી જાણ્યા, તો એમનો સ્વાદ ટળી ગયો.

❊ આમ, સ્વભાવ આપણને ક્યારેય સુખી થવા દે તેમ નથી. પરંતુ ભગવાન અને સંતના અપાર સુખ સામે દૃષ્ટિ રાખીએ અને તેમને નિર્દોષ સમજીએ તો આપણે સુખી થઈ શકીએ છીએ. એ પ્રમાણે વર્તવાનું વિશેષ બળ મહારાજ-સ્વામી આપે એ પ્રાર્થના.

❀ ❀ ❀

૨. વચનામૃત : ગઢડા અંત્ય-૩૮ : સાંખ્યાદિનું - સદાય સુખિયાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૩૮મું - સાંખ્યાદિનું - સદાય સુખિયાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, ''**એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ; માટે જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તે ટાળવા.** ને નિવૃત્તિ પર થવું ને બરોબરીઆની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્‌વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે **ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.** ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ, ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૩૮મું વચનામૃત થયું.

* માણસમાત્રની દોટ સુખ તરફ છે.
– માણસને ગરમી લાગી - વિજ્ઞાને એ.સી. આપ્યાં.
– માણસને ઠંડી લાગી - વિજ્ઞાને હીટર આપ્યાં.
– માણસને વરસાદ નડ્યો - વિજ્ઞાને રેઈનકોટ આપ્યા.
* માણસની પ્રત્યેક અગવડ અને મુશ્કેલીને દૂર કરવા અનેકવિધ વૈજ્ઞાનિક સંશોધનો થયાં કરે છે, છતાં માણસને સુખ પ્રાપ્ત થતું નથી.
* અબજો રૂપિયાના ઘરમાં કરોડો રૂપિયાનું ફર્નિચર હોય અને લાખો રૂપિયાની પથારી હોય છતાં માણસને ઊંઘ આવતી નથી.
* ધીકતો ધંધો હોય, સમાજમાં પ્રતિષ્ઠા હોય, આવક કરોડોની હોય છતાં દુઃખમુક્ત થવા આત્મહત્યા કરવાનો વારો આવે છે. શા માટે ?
* પ્રસિદ્ધ ચિંતક ટોલ્સટોય આનું કારણ બતાવે છે : 'Science is meaningless because it gives no answer to our basic questions.'

'વિજ્ઞાન નિરર્થક છે, કારણ કે તેની પાસે જીવનના મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ નથી.'

* માણસે સુખ માટે દોટ મૂકી છે, પરંતુ ઊંધી દિશામાં..
* માણસને દુઃખનું કારણ ખબર નથી. જ્યાં સુધી દુઃખનું કારણ જાણી દૂર કરવામાં ન આવે, ત્યાં સુધી અખંડ સુખ પ્રાપ્ત થતું નથી. દુઃખમાત્ર ગરમીનું નથી, ઠંડીનું નથી, વરસાદનું નથી, ગરીબીનું નથી, સમાજમાં સ્ટેટસ નથી તેનું નથી ! પરંતુ દુઃખનું કારણ બીજી જ કોઈ વસ્તુ છે.
* અહીં શ્રીજીમહારાજ વચનામૃતમાં દુઃખનાં મૂળભૂત છ કારણો બતાવે છે :
* (૧) દ્રવ્યાદિકનો લોભ (૨) સ્ત્રીને વિશે બેઠા-ઊઠ્યાની વાસના (૩) રસને વિશે જિહ્‌વાની આસક્તિ (૪) દેહાભિમાન (૫) કુસંગીમાં હેત (૬) સંબંધીમાં હેત.

દુઃખનાં આ છ કારણો પૈકી પહેલાં ત્રણ કારણો સમજવા પ્રયત્ન કરીશું.

૧) દ્રવ્યાદિકનો લોભ :

* આ લોકનો વ્યવહાર ધનથી, દ્રવ્યથી ચાલે છે. લોકમાં ધનની બોલબોલા છે.
* સંસ્કૃતમાં એક શ્લોક છે :

ધનૈર્નિષ્કુલીનાઃ કુલીના ભવન્તિ
ધનૈરાપદં માનવા નિસ્તરન્તિ ।
ધનેભ્યઃ પરો બાન્ધવો નાસ્તિ લોકે
ધનાન્યર્જયધ્વં ધનાન્યર્જયધ્વમ્ ॥

ધનથી નિંદાપાત્ર લોકો પણ કુલીન બને છે, ધનથી જ માણસ આપત્તિને તરી જાય છે, આ લોકમાં ધન પરમ મિત્ર છે. માટે ધન કમાઓ, ધન કમાઓ..

આ લોકમાં ધનવાનને જ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે.

ધન-દ્રવ્ય ભલે દુઃખનું કારણ નથી, પરંતુ દ્રવ્યનો લોભ દુઃખનું કારણ જરૂર છે. ધનનો અભાવ નહિ, પરંતુ લોભનો ભાવ માણસને દુઃખી કરે છે. ધનનો લોભ અનેક રીતે દુઃખનું કારણ બને છે.

■ **લોભી વ્યક્તિ ધન મેળવવા અનીતિ - પાપાચાર - દુરાચાર કરતો ખચકાય નહિ :**

* એક બ્રાહ્મણનો પુત્ર વિદ્યા ભણીને આવ્યો. પિતાએ પ્રશ્ન કર્યો : 'પાપનો બાપ કોણ ?' તેનો જવાબ તેને ન આવડ્યો. એક વાર એક ગણિકાએ તેને વિદ્વાન જાણી શાસ્ત્રો ભણાવવા ઘરે બોલાવ્યો. વાતવાતમાં બ્રાહ્મણે પિતાના પ્રશ્નની વાત કરી. ગણિકાએ તેને પોતાને ત્યાં જમવાનું કહ્યું. બ્રાહ્મણ કહે : 'અહીં અપવિત્ર સ્થાનમાં ન જમાય !' ગણિકા કહે : '૧૦૦ રૂપિયા ભેટ ધરીશ.' બ્રાહ્મણ કહે : 'જમીશ, પરંતુ રસોઈ જાતે બનાવીશ.' ગણિકા કહે : 'ના, મારા હાથની રસોઈ જમો તો ૨૦૦ રૂપિયા ભેટ ધરીશ.' બ્રાહ્મણ સંમત થયો, જમવા બેઠો. ગણિકાએ મુખમાં કોળિયો મૂકવા વિનંતી કરી. ત્યારે બ્રાહ્મણે ના પાડતાં કહ્યું : 'તારો સ્પર્શ તો ન જ કરાય !' ગણિકા કહે : 'સ્પર્શ કરવા દો તો ૫૦૦ રૂપિયા ભેટ મૂકીશ.'

બ્રાહ્મણે મોઢું ખોલ્યું કે તરત જ ગણિકાએ તમાચો લગાવી દીધો અને કહ્યું : 'આ તારા પ્રશ્નનો જવાબ છે. પાપનો બાપ લોભ છે. પૈસાના લોભે તું તારો કુળધર્મ ભૂલ્યો. પવિત્રતા જાળવવાને બદલે પાપકર્મ કરવા તૈયાર થયો.'

❊ એટલે, શ્રીજીમહારાજે ધર્મામૃતમાં કહ્યું છે :

અધિષ્ઠાતં હિં પાપસ્ય લોભશ્ચાઘપ્રવર્તકઃ ।

લોભ પાપનો પિતા છે અને પાપ પ્રવર્તાવનારો છે.

■ **લોભી વ્યક્તિ દેવની સંપત્તિ હડપતાં પણ ખચકાતો નથી :**

❊ અમદાવાદના બાપુભાઈ મહારુદ્ર યજ્ઞ વખતે સત્સંગી થયા હતા. સારા સત્સંગી જાણી શ્રીજીમહારાજે તેમને હિસાબ કરવા રાખ્યા હતા. મહારાજ પાસે જે ભેટ આવે તે તેઓ રાખતા. મહારાજને તેમના ઉપર વિશ્વાસ હતો, તેથી મહારાજ તેની તપાસ કરતા નહિ. બાપુભાઈ ચોખ્ખું લખતા નહીં ને કેટલાય પૈસા તેમણે ગાયબ કર્યા.

એક વાર ખર્ચ ચોખ્ખો લખતાં છેલ્લે દસ-બાર હજારની ખોટ આવી. મહારાજે લેણદારોને તે પૈસા ચૂકવી દીધા ને બાપુભાઈને છૂટા કર્યા. પણ બાપુભાઈ મર્યા પછી ભૂત થયા ને તેના ભાઈમાં પ્રવેશી બધી ગોલમાલ કબૂલી ને મહારાજ પાસે આવી માફી માગી. મહારાજ કહે : 'સત્સંગમાં એક જન્મ લઈશ ને પાકો હરિભક્ત થઈ નિષ્કપટપણે સંતનો દાસ થઈશ, ત્યારે તારા દુઃખનો અંત આવશે. હરિભક્ત થઈ કપટ કરે તેને આવું દુઃખ આવે છે.'

❊ આજે ઠેર ઠેર ભ્રષ્ટાચાર-લાંચ વગેરેની બોલબોલા છે, તેના મૂળમાં લોભ છે. દૂધમાં પાણી ભેળવતા ભરવાડથી માંડી દવામાં બનાવટી કેમિકલ ભેળવી કરોડોનું કૌભાંડ કરનારાઓનું મૂળ છે, લોભ !

❊ લાગ મળે તો ટિકિટ વિના બસ, ટ્રેનમાં મુસાફરી કરી લે ! જુગાર રમે ! લૉટરીની ટિકિટ ખરીદે ! દહેજમાં સારો મુદ્દામાલ ન મળે તો પુત્રવધૂને ત્રાસ આપે ! આવા અનીતિનાં કામ માણસને લોભ જ કરાવે છે.

■ **લોભીને કદી સંતોષ ન થાય :**

❊ એક ગરીબ બ્રાહ્મણ વિદ્વાન હતો. તેણે જંગલમાં શંકરના દેરા આગળ ભાગવત પારાયણ કરવાનો સંકલ્પ કર્યો. ત્યાં કોઈ માણસ નહોતો. એક મણિધર નાગ કથા સાંભળતો. સાપ કથાને અંતે તે પુસ્તક પર એક સોનામહોર રોજ મૂકતો. બ્રાહ્મણને અઠવાડિયા માટે કામપ્રસંગે જવું પડ્યું. તેથી તેણે પોતાના છોકરાને તે જગ્યાએ કથા વાંચવા મોકલ્યો. નાગે જોયું કે બીજો બ્રાહ્મણ છે, પણ મારે તો કથાથી કામ છે, એમ વિચારી તેણે કથા સાંભળી અને એક સોનામહોર મૂકી. બ્રાહ્મણના દીકરાને લોભ જાગ્યો કે સાપના મોંમાંથી બધી સોનામહોર લઈ લઈએ. તેણે નાગના મણિ પર ધોકો માર્યો. મણિ ફૂટ્યો ને નાગ ગુસ્સે થઈને છોકરાને કરડ્યો ને છોકરો મરી ગયો.

■ **લોભને લીધે કૌટુંબિક જીવન છિન્ન-ભિન્ન થાય :**

❊ લંડનનો ટીમ ઇલકિન્સ નામનો આર્કિટેક્ટ હતો. તેણે દીવાસળીમાંથી ટાઇટેનિક શિપનું મૉડેલ બનાવ્યું. ૧૫ વર્ષ સુધી દિવસ-રાત એક કરી મહેનત કરી. ૪૭,૦૦૦ દીવાસળીથી ૮ ફૂટ લાંબું મૉડેલ બનાવ્યું. ખૂબ પ્રસિદ્ધિ થઈ, કરોડો રૂપિયા મળ્યા, ઍવોર્ડ મળ્યો. મૉડેલ બનાવ્યા પછી પત્રકારોએ પ્રશ્ન પૂછ્યો, 'હવે શું નવું બનાવવાના છો ?' ટીમ કહે : 'આ કામની પાછળ એટલો વ્યસ્ત થઈ ગયો હતો કે મારી પત્ની માટે સમય ન આપી શક્યો. તેણે છૂટાછેડાની ધમકી આપી છે. હવે કંઈ નહીં, પરિવાર પાછળ સમય આપવો છે.'

મૉડેલ બનાવીને કરોડો રૂપિયા અને પ્રસિદ્ધિ કમાયો, પરંતુ પરિવારનો પ્રેમ ગુમાવ્યો તેથી દુઃખી થયો.

* વધુ કમાણીના લોભમાં બાપ જુદો રહે, માતા બીજે રહે અને દીકરાઓ ત્રીજી જગ્યાએ ભણતા હોય એમાં પરિવાર છિન્ન-ભિન્ન થઈ જાય છે.

■ **લોભી વ્યક્તિ ભગવાનને અર્થે દ્રવ્ય વાપરી ન શકે :**

* એક વાર શ્રીજીમહારાજ સંઘ સાથે રાણપુર પધાર્યા. શ્રીજીમહારાજે તો પોતાની ઘોડી સીધી જ સુખા મહારાજના ઘર તરફ વાળી. સુખા મહારાજે દૂરથી જોયું કે શ્રીજીમહારાજ સંઘ લઈને પોતાના ઘર તરફ જ આવી રહ્યા છે. એટલે તેમણે ખડકી બંધ કરી દીધી અને તેના છોકરાને કહ્યું : 'મહારાજ પૂછે તો કહેજે કે મારા બાપા ગામતરે ગયા છે.' મહારાજ તેની ડેલી પાસે આવ્યા. ત્યાં તેનો છોકરો ઊભો હતો. મહારાજે તેને પૂછ્યું : 'છોકરા ! તારા બાપા ઘરમાં છે ?' છોકરાએ તરત જ કહ્યું : 'ના, મહારાજ ! બાપા તો ગામતરે ગયા છે.' મહારાજ આ સાંભળી હસ્યા. એટલે સુરા ખાચરે મહારાજને કહ્યું : 'મહારાજ ! સુખો મહારાજ આપની સો મણ પ્રસાદીની સાકરી અત્યાર સુધીમાં ખાઈ ગયો હશે, પણ ટાણું આવ્યું ત્યારે જ ગામતરે ગયો. રાણપુર આપને પધરાવવાની તાણ તો બહુ કરતો હતો.' મહારાજે કહ્યું : 'તેનું નામ જ સુખો છે. અમે તો તેને લીલો કરવા આવ્યા હતા, પણ તેના ભાગ્યમાં નહિ એટલે સુખો (સૂકો) જ રહેશે.'

આમ, લોભ આ રીતે દુઃખનું કારણ બને છે.

● **લોભ ટાળવાના ઉપાય :**

■ **સાંખ્યવિચાર - નાશવંતપણાનો વિચાર :**

* જે વસ્તુનો લોભ કરીએ છીએ તે ધન, પદાર્થ આદિ નાશવંત છે અને જે શરીર માટે લોભ કરીએ છીએ, તે પણ નાશવંત છે.

* એટલે જ વારંવાર આપણે ભજન-કીર્તનમાં પણ ગાઈએ છીએ :

જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી,
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી.

આમ, આ દ્રવ્ય આપણી સાથે આવવાનું નથી, તેથી તેના સંગ્રહનો કોઈ જ અર્થ નથી.

■ **ભગવાનના મહિમાનો વિચાર :**

* ભગવાન જેને સર્વસ્વ મનાયા, તેને બીજા ધનમાં લોભ નથી રહ્યો.

* મુક્તાનંદ સ્વામી કહે છે :

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...

* મીરાંબાઈ ગાતાં કે :

પાયોજી મૈંને રામરતન ધન પાયો.

આમ, ભગવાનનો અલૌકિક મહિમા સમજવાથી ધન તુચ્છ થઈ જાય છે.

૨) સ્ત્રીને વિશે બેઠા-ઊઠ્યાની વાસના :

* અહીં સ્ત્રી નહીં, પરંતુ સ્ત્રી પ્રત્યેની આસક્તિથી દુઃખ થાય છે. જે રીતે પુરુષને માટે સ્ત્રીની વાસના દુઃખદાયી છે, તે રીતે સ્ત્રી માટે પુરુષ પ્રત્યેની આસક્તિ દુઃખદાયી છે.

* ચંદ્રવંશના મહાભિષ નામે પ્રતાપી રાજાની વાત મહાભારતમાં છે. તેણે પોતાના પરાક્રમ અને પુણ્યકાર્યથી સ્વર્ગમાં જીવતા સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એક વાર બ્રહ્માજીની સભામાં દેવો સાથે મહાભિષ બેઠો હતો, ત્યાં ગંગાનું આગમન થયું. પવનને લીધે ગંગાનાં વસ્ત્રો ઊડતાં હતાં. તે જોઈ દેવોએ વિવેક જાળવી પોતાનાં મુખ નીચે કરી દીધાં, પરંતુ મહાભિષ ગંગા સામે તાકીને જોઈ રહ્યો, તેનામાં આસક્ત થયો ને બ્રહ્માજી બેઠા છે, તેનુંય ભાન ન રહ્યું. આ જોઈ બ્રહ્માજીએ તેને શાપ આપી પાછો પૃથ્વી પર મોકલી દીધો.

આમ, સ્ત્રી પ્રત્યેની આસક્તિ માણસને સફળતાના સ્વર્ગમાંથી નિષ્ફળતાના નર્કાગારમાં ધકેલી દે છે.

* **કામાતુરાણાં ન ભયં ન લજ્જા ।**

કામાતુર માણસ લાજ-શરમ અને કાયદા કે ધર્મશાસ્ત્રોની મર્યાદાને નેવે મૂકી દે છે અને અનર્થ

કરી બેસે છે, કારણ કે કામી માણસ ભાન ભૂલી જાય છે.

❊ પ્રેમિકાને પામવા પરિવારને પતાવી દેનાર નેપાળના રાજકુંવરની વાત જગજાહેર છે. તેણે જૂન-૨૦૦૧માં માતાપિતા સહિત કુટુંબની સાત વ્યક્તિઓને ડાઈનિંગ ટેબલ પર જ રિવોલ્વરની ગોળીથી વીંધી નાખી હતી.

❊ એક વખત અમદાવાદમાં એક માસમાં એક સરખી ત્રણ ઘટનાઓ નોંધાઈ હતી, જેમાં પત્નીએ પોતાના પ્રેમીને બોલાવી પતિને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

આમ, કામાસક્ત વ્યક્તિ ગમે તેવો દુરાચાર કરી બેસે છે.

❊ એક વાર મદાપરી ગામના બંદરે માણસો વહાણમાં બેસવા ગયા. ત્રીસ માણસો બેસી શકે તેટલું વહાણ હતું. એક સ્વરૂપવાન બાઈ તે વહાણમાં બેસવા આવી. તેમાં આસક્ત થઈ ૬૦ માણસો તે વહાણમાં બેઠાં. દરિયામાં એક ગાઉં વહાણ જ્યાં ગયું, ત્યાં એક કોરે વજન વધારે થવાથી વહાણ ડૂબી ગયું. ૬૦ માણસો અને પેલી સ્ત્રી બધાં યમસદન પહોંચી ગયાં.

આમ, સ્ત્રીની વાસના અપમૃત્યુ કરાવે છે.

❊ મહાત્મા ગાંધી કહેતા : 'વાસના ઉપર વિજય મેળવવો એ મનુષ્ય-જીવનનો સર્વોચ્ચ પુરુષાર્થ છે. વાસનાને નિવાર્યા સિવાય વ્યક્તિ પોતાના ઉપર રાજ્ય કરી શકે નહીં.'

● **સ્ત્રી સંબંધી વાસના ટાળવાનો ઉપાય :**

■ **સ્ત્રી-પુરુષ મર્યાદાના નિયમોનું પાલન :**

❊ આપણાં શાસ્ત્રોમાં આપણને સ્ત્રી-પુરુષ મર્યાદાના નિયમો આપ્યા છે.

– એક નારી સદા બ્રહ્મચારી ।

– પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન ।

– માત્રા સ્વસ્રા દુહિત્રા વા વિજને તુ વયઃસ્થયા ।

(શિક્ષાપત્રી શ્લોક - ૧૩૬)

'યુવાવસ્થાએ યુક્ત બહેન, દીકરી કે પુત્રવધૂ સાથે એકાંતમાં ન રહેવું.'

❊ આ મર્યાદાના પાલનથી જ કામવિકારથી દૂર રહી શકાય. આ મર્યાદાના પાલન વિના મોટા મોટા ઋષિઓનાં મન લોભાયાં છે અને તેઓને કલંક લાગ્યાં છે, પણ જે આ મર્યાદામાં રહ્યા છે, તે જ નિર્વિકાર રહી શક્યા છે.

❊ નારદજી શીલનિધિ રાજાની પુત્રીનો હાથ જોઈ એક વાર વિકાર પામ્યા, પણ પછી તેઓ સ્ત્રીનો સ્પર્શ ન કરવાના નિયમમાં દૃઢ થઈ ગયા. જનક રાજાનાં પત્નીએ નારદજીની પરીક્ષા કરવા તેમને પોતાના દરબારમાં નિમંત્ર્યા. નારદજીએ દૂરથી જ જોયું કે ત્યાં રૂપવતી દાસીઓ સરભરામાં છે. એટલે નારદજી ત્યાં ગયા જ નહીં.

આમ, નિયમપાલન દ્વારા જ વિકારથી મુક્ત રહી શકાય છે, કારણ કે

સંગાત્ સંજાયતે કામઃ । (ગીતા)

પ્રસંગ થવાથી જ કામનો જન્મ થાય છે.

❊ ટી.વી., ચલચિત્રો, પોસ્ટરો, છાપાં તથા મૅગેઝિનના ફોટા જોવાથી પણ મનમાં એની અસર થાય છે. એટલે, એમાં અતિશય વિવેક અને સંયમની જરૂર છે.

❊ અમદાવાદના રૂપેન મહેતા (૨૧ વર્ષ) નામના કિશોરે અશ્લીલ ફિલ્મ જોઈ અને ૫૧ વર્ષની મહિલા પર બળાત્કારનો પ્રયત્ન કર્યો. તેમાં સફળતા ન મળતાં, તેની હત્યા કરી નાખી.

❊ આજે ટી.વી.માં આવતી સિરિયલો, ગીતો અને ફિલ્મો જોઈને, ઇન્ટરનેટ સર્ફીંગ અને મોબાઇલ ચેટિંગમાં કેટલાય યુવાનો, અરે ! વડીલોનાં મન બગડે છે. એટલે જ, સ્વામીશ્રી આપણને એમાં વિવેક રાખવાની ટકોર વારંવાર કરે છે.

એટલે કામ-દોષને ટાળવા માટે નિયમ અને સંયમની જરૂર છે.

❊ કામનું મૂળ ઉખેડવાનો ઉપાય જણાવતાં

શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૫૮માં** કહે છે : 'અતિશય મોટા (પુરુષ) હોય તેને જો અતિશય નિષ્કામી જાણે, તો પોતે કૂતરા જેવો કામી હોય તો નિષ્કામી થાય.'

તે માટે સ્વામીશ્રીના નિષ્કામી વર્તમાનની દૃઢતાના પ્રસંગોનું વારંવાર શ્રવણ-મનન-નિદિધ્યાસન કરવું જોઈએ.

૩) રસને વિશે જિહ્‌વાની આસક્તિ :

❊ શરીરની બધી ઇંદ્રિયો ઉંમર જતાં ક્ષીણ થાય, પણ રસના ઇંદ્રિય-લૂલી-જીભડી એ તો લાંબી ને લાંબી જ થતી જાય. ઘરડા થાય એમ ફરમાઇશો વધતી જાય.

❊ જીવવા માટે ખાવું તો પડે જ, પણ ખાવા માટે જિવાય છે, તેથી દુઃખ થાય છે.

❊ એન્થાંની બ્રિલેટ નામની લેખિકાએ પુસ્તક લખ્યું છે - 'ધ સાઇકોલોજી ઓફ ટેસ્ટ' (સ્વાદનું મનોવિજ્ઞાન) તેમાં તેણે કહ્યું છે : 'એક નવા ગ્રહની શોધ કરતાં નવી વાનગીની શોધ માનવજાતને વધુ આનંદ આપી શકે છે.'

● **સ્વાદની આસક્તિને કારણે...**

■ **પરિવારમાં કંકાસ થાય :**

❊ સારી સ્વાદિષ્ટ વાનગીથી ક્ષણિક આનંદ મળે છે, પરંતુ સ્વાદ ઘરમાં ઝઘડા-કલહ કરાવે. જેના લીધે કેટલાય લવિયા દરજીઓની પત્નીઓએ રોજ રોજ કૂવા પૂરવા પડે છે, કેટલાંય ઘરોમાં આવા સ્વાદિયા ગૌતમ ઘાસ્ટે કઢી કે દાળ માટે પત્નીનું જીવન બદતર બનાવી દે છે.

■ **ભગવાન અને સંતની આજ્ઞા ન પળાય :**

❊ શ્રીજીમહારાજે સંતો-ભક્તોને આહાર વિષયક નિયમો આપ્યા છે, તેમાં ડુંગળી-લસણ-હિંગ આદિ વસ્તુનો નિષેધ કરેલો છે, પણ સ્વાદની લોલુપતાના કારણે આ આજ્ઞા પાળી શકાતી નથી.

❊ એક વાર ગુણાતીતાનંદ સ્વામી સુરતથી અથાણાની બરણી લઈ મહારાજ પાસે કારિયાણી આવ્યા. તેમણે ભક્તોએ મોકલાવેલી બરણી મહારાજ આગળ મૂકી. મહારાજે બરણી ઉઘાડી તો તેમાંથી હિંગના વઘારની ગંધ આવી. એટલે મહારાજ કહે : 'અથાણું ઉકરડે નાંખી આવો.' ત્યારે ત્યાં હાજર પ્રાગજી દવે કહે : 'મહારાજ ! નાખી દેશો મા. અથાણું બહુ સરસ છે. તે હું ધોઈને ખાઈશ.' પછી તે બરણી પ્રાગજી દવેને આપી. પ્રાગજી દવે બરણી લઈ ગયા, પછી એક સંત કહે : 'મહારાજ ! અથાણું ધોશે એટલે સ્વાદ નહિ રહે.' ત્યારે મહારાજ કહે : 'ખાધાના જે સ્વાદિયા હોય તે શું ધોતા હશે ? એ તો ધોયા વિના એમને એમ ખાશે.' અને ખરેખર, પ્રાગજી દવેએ હિંગવાળું અથાણું ખાધું જ.

❊ સત્સંગી તરીકે પાઠ-પૂજા-સેવા-સમર્પણ-નિષ્ઠા બધું એકદમ બરાબર હોય, પણ સ્વાદની આસક્તિને કારણે બહારની ખાણી-પીણી તથા ક્યારેક અભક્ષ્ય વસ્તુ પણ ખવાઈ જાય.. મહારાજની આજ્ઞા લોપાય.

■ **વર્તમાન ચુકાય :**

❊ આપણાં શાસ્ત્રો કહે છે કે કામનું મૂળ રસ છે. જેટલી રસની પ્રબળતા વધે તેટલી કામેચ્છા વધે.

❊ શ્રીજીમહારાજના વખતમાં ધના ભગત મહારાજને સર્વોપરી જાણતા અને જ્ઞાની પણ હતા. છતાં ખાવાની આસક્તિ હોવાથી ઘણું વધારે જમતા. પરિણામે તેમનું શરીર પુષ્ટ થયું. કામવાસના પ્રબળ થઈ અને પરસ્ત્રીગમન કરી નિયમભ્રષ્ટ થયા.

■ **શરીર ખુવાર થાય :**

❊ એક કહેવત છે :

આંખે પાણી દાંતે લૂણ, પેટ ન ભરીએ ચારે ખૂણ.

❊ આજે વધુ પડતા તથા જેવા તેવા આહારને કારણે ઘણા બધા રોગો થાય છે. દુનિયામાં ભૂખમરાથી મરનારા કરતાં અતિ આહારથી મરનારાઓની સંખ્યા અનેકગણી છે.

❊ એક ચટાકેદાર ખાનારને ખાંસી થઈ. તે એક વૈદ્ય પાસે ગયો અને વૈદ્યને કહે : 'પરેજી તો મારાથી

પળાશે નહીં, પણ જે બતાવશો તે દવા ખાતો રહીશ.'

વૈદ્યે કહ્યું : 'જે મનમાં આવે તે ખાજો અને મારી દવા અજમાઓ. તેનાથી ત્રણ લાભ થશે. ઘરમાં ચોર ઘૂસશે નહીં, કૂતરાં કરડશે નહીં, ઘડપણ આવશે નહીં.' તે દવા લેવા લાગ્યો પણ કોઈ લાભ ના થયો. જીભ ઉપર કાબૂ નહોતો એટલે ગમે તે ખાધા કરતો.

એક દિવસ તેણે વૈદ્યને પૂછ્યું : 'ખાંસી તો ઓછી થતી દેખાતી નથી, તો પછી તમે કહેલા ત્રણ લાભ મળશે કઈ રીતે ?'

વૈદ્યે કહ્યું : 'પરેજી નહીં પાળો એટલે ઉધરસ વધતી જશે. આખી રાત ઉધરસ ખાવા જાગવું પડશે તો ચોર આવશે કેવી રીતે ? અશક્તિ વધી જશે, કેડ વાંકી વળી જશે, લાકડી લઈને ચાલવું પડશે. તેથી ડરીને કૂતરો કરડશે નહીં. ત્રીજું જવાનીમાં જ વગર મોતે મરવું પડશે. તેથી ઘડપણ આવતા સુધી જીવવાની જરૂર જ નહીં રહે.'

■ **સત્સંગનો લાભ ન લેવાય :**

❊ સ્વાદને લીધે સત્સંગનું સુખ પૂર્ણપણે લઈ શકાતું નથી. ઉમરેઠના ગંગારામ દત્ત શ્રીજીમહારાજના સમાગમ માટે ગઢડા ગયા હતા, પણ આંબલી ખૂટી ત્યારે મહારાજને મૂકીને ઘરભેગા થઈ ગયા.

❊ સમૈયામાં પણ ક્યારેક ખાવાનું જેવું તેવું મળે તો સમૈયાનું સુખ એક ધડાકે ઊડી જાય. તો કેટલાક જમવાનું બરાબર મળશે કે નહિ ? તેની દ્વિધામાં સમૈયાને પણ જતા કરી દે.

● **સ્વાદ ટાળવાના ઉપાય :**

■ **જેને પરમાત્મામાં રસ જાગે તેની આસક્તિ ટળે :**

❊ સ્વાદ ટાળવાનો ઉપાય બતાવતાં ગીતામાં કહ્યું છે :
વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥(૨/૫૯)

વિષયનો કેવળ ત્યાગ કરવાથી વિષય પ્રત્યેની વાસના દૂર થતી નથી. તે વાસના તો પરમાત્માનાં દર્શનથી નિવૃત્ત થાય છે અર્થાત્ ભગવાનમાં વૃત્તિ પરોવવાથી વાસના દૂર થાય છે.

❊ સંત ઈસરદાન ભાગવત વિષયક 'હરિરસ' ગ્રંથનું લખાણ કરતા હતા. તેમની પુત્રીએ પીરસ્યું, તે તેઓ જમી ગયા. મા-પુત્રી જમવા બેઠાં. કઢીમાં મીઠું જ ન હતું. એમને એમ કે પિતાને મોળું ભાવે છે. તેથી ૧૦ મહિના સુધી મીઠા વગરનું બનાવ્યું. ભાગવત પૂરું થયું ને ઈસરદાન કહે : 'આજે મીઠું નથી નાખ્યું ?' પત્ની કહે : '૧૦ મહિનાથી આમ ચાલે છે.' જ્યાં સુધી હરિરસ ચાલતો હતો, ત્યાં સુધી સબરસ(મીઠા)ની ખબર ન હતી, જ્યારે હરિરસ પૂરો થયો ત્યારે સબરસ(મીઠા)માં દૃષ્ટિ પહોંચી ગઈ. જે કાયમ હરિરસમાં તરબોળ રહે તેનો જ સ્વાદ ટળે.

❊ પ્રમુખસ્વામી મહારાજ તા.૨૬/૧૧/૮૯ના રોજ મહેસાણા હતા. ડાહ્યાભાઈના ઘરે જમવામાં કડવી કાકડી આવી. ખાઈ ગયા, કાંઈ બોલ્યા નહીં. સંતોએ પૂછ્યું તો કહે : 'એમાં શું ? ભગવાનને સંભારીને જમી લેવાનું.'

સ્વામીશ્રીને ભગવાનમાં રસ છે, તેથી કોઈ ફરિયાદ નહિ, ફરમાઈશ નહિ, અખંડ આનંદ, આનંદ ને આનંદ.

■ **મોટાપુરુષને નિઃસ્વાદી સમજે તો સ્વાદ ટળે :**

❊ શ્રીજીમહારાજ સ્વાદ ટાળવાનો ઉપાય બતાવતાં **વચનામૃત ગઢડા પ્રથમ ૨૪, ૫૮, ૭૩માં** કહે છે : મોટાપુરુષને નિઃસ્વાદી સમજે તો સ્વાદ ટળે.

❊ જૂનાગઢના નાગર બ્રાહ્મણ જમવાના ખૂબ સ્વાદિયા, પણ ગુણાતીતાનંદ સ્વામીને નિઃસ્વાદી જાણ્યા, તો એમનો સ્વાદ ટળી ગયો.

આમ, લોભ, કામ, સ્વાદ ઈત્યાદિ દોષો જીવતે કે મરીને ક્યારેય સુખી થવા દે તેમ નથી. પ્રમુખસ્વામી મહારાજ જેવા સત્પુરુષના સમાગમથી આ દોષો ટાળીને આપણે સુખિયા થઈએ એ જ પ્રાર્થના. ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા અંત્યનું ૩૯મું : વિશલ્યકરણી ઔષધીનું...

સંવત ૧૮૮૬ના આષાઢ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી આગળ વાર્તા કરી જે, ''ભગવાનની માયા તે કઈ છે ? તો 'દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ' એ જ માયા છે, તે એ માયાને ટાળવી. અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય. અને 'એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી,' એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. અને હનુમાન, નારદ, પ્રહ્‌લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે, 'અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજ્યો, અને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજ્યો.' માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું અને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા અંત્યનું ૩૯મું વચનામૃત થયું.

❊ આ છેલ્લું વચનામૃત છે. કોઈ પણ ગ્રંથના છેલ્લા પ્રકરણમાં આખા ગ્રંથનો સાર કહેવામાં આવતો હોય છે. કોઈ પણ રહસ્યમય વાર્તાના પુસ્તકના છેલ્લા પ્રકરણમાં અંતિમ રહસ્ય ખોલવામાં આવતું હોય છે. એ દૃષ્ટિએ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના ઉપદેશોના સારરૂપ વાત કરી છે. આ વચનામૃતમાં તેઓએ સાધનાનું અંતિમ રહસ્ય ઉદ્‌ઘાટિત કર્યું છે.

❊ અહીં શ્રીજીમહારાજ માયાનું સ્વરૂપ ઓળખાવી, માયાથી મુક્ત થવાનો આદેશ આપે છે. વળી, માયાને તરીને ભગવાનમાં અને માયાથી પર સત્પુરુષમાં પ્રીતિ કરવી એ જ સર્વશાસ્ત્રનો સિદ્ધાંત છે, એમ જણાવે છે.

❊ શ્રીજીમહારાજે અક્ષરધામ ગમનની દિવ્ય લીલા કરી, એના લગભગ એક વર્ષ પહેલાં એમણે આ વચનામૃતમાં પોતાના શિષ્યોને પોતાનો આ અંતિમ આદેશ આપ્યો છે.

● **માયાનું સ્વરૂપ :**

❊ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

અહો પ્રભુ, અચરજ માયા તુમ્હારી,
જીસે મોહે સકલ નરનારી....
બ્રહ્મા મોહે, શંકર મોહે, મોહે ઈન્દ્ર બલહારી
સનકાદિક નારદમુનિ મોહે, દુનિયા કૌન બિચારી

આ કીર્તનમાં બ્રહ્માનંદ સ્વામી માયાનો પ્રભાવ બતાવી જણાવે છે, કે માયામાં સૌ કોઈ ફસાયા છે. માયા દુઃખકારી છે.

❊ યોગીજી મહારાજ એક વાત કરતા. એક શેઠે માણસની જેમ બોલતો પોપટ પાળ્યો હતો. પોપટ શેઠ સાથે હળીમળી ગયેલો. એટલે શેઠ તેને પાંજરામાં ન રાખે. ઘરમાં ખુલ્લો રાખે. એક દિવસ શેઠે જોયું કે ઘરના આંગણામાં બિલાડી આંટા મારે છે. શેઠે પોપટને વારંવાર કહીને ગોખાવી દીધું કે, 'બિલ્લી આવે તો ભાગ જાના !' પોપટ પણ રટવા લાગ્યો, 'બિલ્લી આવે તો ભાગ જાના.' એક દિવસ શેઠ ઘરે નહોતા. બિલાડી ઘરમાં પેઠી. પોપટ બેઠો હતો ત્યાં નજીક

ગઈ. પોપટ બોલતો હતો, 'બિલ્લી આવે તો ભાગ જાના !' બિલાડી ગભરાઈ પણ ધીરે રહીને પોપટની નજીક ગઈ. પોપટે બિલાડીને જોઈ પણ ઊડ્યો નહીં. બિલાડીને ખબર પડી ગઈ કે, આને માત્ર આટલું જ ખબર છે, કે બિલાડી આવે તો ભાગી જવું, પણ બિલાડી કોને કહેવાય એ તો ખબર નથી. તરત જ બિલાડીએ તરાપ મારી અને પોપટને ખાઈ ગઈ !

આમ, માયા દુઃખકારી છે, માયાથી મુક્ત થવામાં સુખ છે, તે સમજવાની સાથે-સાથે માયાનું સ્વરૂપ ઓળખવું જરૂરી છે.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં માયાનું સ્વરૂપ ઓળખાવતાં જણાવે છે કે, 'માયા એટલે અહં-મમત્વ. એટલે કે 'હું' અને 'મારું'. 'દેહને વિષે અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થોને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે.' એટલે કે આ દેહ હું છું અને આ બધું મારું છે ! એવું મનાઈ ગયું છે એ જ માયા છે.

● **દેહને વિષે અહંબુદ્ધિ :**

❊ પ્રમુખસ્વામી મહારાજ કહે છે : આ દેહ જે હકીકતે આપણું સ્વરૂપ નથી, તેને પોતાનું મનાયું છે એટલે જ દુઃખ આવે છે.

❊ વઢવાણમાં એક બ્રાહ્મણનો દીકરો હતો. તેનું નામ કરસનજી હતું. તેને અભિનિવેશ થયો કે, 'હું વઢવાણના રાજા પથુભાનો દીકરો છું.' કારણ કે, કોઈએ તેને સમજાવેલું કે, 'પથુભાનો ખરેખરો કુંવર તું છે. તને કોઈ મારી ન નાંખે તેથી બ્રાહ્મણને ઘેર રાખ્યો છે.' આને આ બરાબર મનાઈ ગયું. તે જેને તેને કહેતો ફરે કે, 'વઢવાણનો કુંવર હું છું.' પણ કોણ માને ? એક દી તે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યો અને કહે, ''સ્વામી ! હું પથુભાનો દીકરો છું. મને વઢવાણનું રાજ અપાવો.' ગોપાળાનંદ સ્વામીએ તેને સમજાવ્યું કે, 'તું તો બ્રાહ્મણ છું.' પણ તે માન્યો નહીં. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'જુઓ, આનું નામ અભિનિવેશ!'

આ વાત કરી યોગીજી મહારાજ કહેતા કે, આપણે દેહ નથી, પણ દેહ પોતાનું સ્વરૂપ મનાઈ ગયું છે તે અભિનિવેશ. હું ફલાણી જ્ઞાતિનો, આ મારું નામ, આ મારું ગામ, હું કાળો, હું ધોળો, હું રૂપાળો, હું બુદ્ધિશાળી એવું મનાઈ ગયું તે જ દેહને વિષે અહંબુદ્ધિ.

❊ નથી ને મનાઈ જાય એ અજ્ઞાન. જે દુઃખનું કારણ છે. એન્જિનિયર પોતાને ડૉક્ટર માનીને દવા આપવા માંડે તો કેટલાયનાં મોત નીપજે ! એમ આપણે હકીકતે આત્મા છીએ, પણ જન્મ થયો ત્યારથી 'આ તારું નામ, આ તારું ઘર...' વગેરે શબ્દો જીવમાં પડ્યા છે એટલે બધી પ્રવૃત્તિ દેહ ને દેહનાં સગાં માટે થાય છે. દેહનાં સુખ-દુઃખ પોતાનાં મનાઈ ગયાં છે તેથી દુઃખી થવાય છે.

❊ એટલે જ વચનામૃત લોયા-૬માં શ્રીજીમહારાજ કહે છે કે : 'જો દેહાભિમાનરૂપ દોષ છે, તો તેમાં સર્વે દોષ રહ્યા છે, ને તેનો ત્યાગ કરે, તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે.'

❊ દેહાભિમાનને કારણે જ અહંકાર, માન, ઈર્ષ્યા, ક્રોધ વગેરે દોષોનો જન્મ થાય છે અને આ દોષો જ માણસને દુઃખી કરે છે. આ લોકમાં સુખી રહેવા માટે પણ અહંકારરૂપી માયાને ટાળવી પડે છે. કારણ કે, વિશ્વના પ્રશ્નો હોય કે વ્યક્તિના પ્રશ્નો હોય અહંકાર અને દેહભાવ જ તેનું કારણ છે.

❊ ૯/૧૧/૧૯૮૧ - રોમમાં 'ફાઓ' પરિષદમાં ઇન્દિરા ગાંધી બોલેલાં : 'એક દેશ એક મિસાઇલ ન બનાવે તો ૨૦ કરોડ વૃક્ષોનું વાવેતર થાય, ૧૦ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ યોજના કરી શકાય, ૫ કરોડ બાળકોને ભોજન મળી શકે, ૧૦ લાખ ટન ખાતર ઉત્પન્ન થાય, ૧૦ લાખ બાયોગેસ પ્લાન્ટ કરી શકાય, ૬૫,૦૦૦ આરોગ્ય કેન્દ્રો અને ૩,૪૦,૦૦૦ પ્રાથમિક શાળાઓ બની શકે.

❊ દુનિયામાં ગરીબીનો પ્રશ્ન નથી, અહંકારનો પ્રશ્ન છે. અહંકારને કારણે યુદ્ધો થાય છે અને અહંકારને કારણે જ દેશો વચ્ચે શસ્ત્ર બનાવવાની હોડ લાગી છે.

* વ્યક્તિગત પ્રશ્નોનું મૂળ પણ દેહભાવ અને દેહાભિમાન છે. દેહભાવને કારણે જ દેહના લાલનપાલન અને ચિંતામાં માણસ દુઃખી થાય છે.
* મશહૂર અભિનેત્રી મેરેલીન મનરોએ યુવાન વયે આત્મહત્યા કરી હતી ! કારણ કે તે સ્વરૂપવાન હતી. પ્રસિદ્ધ હતી, પૈસાદાર હતી, પણ તેને પોતાના ચહેરા પર કરચલીઓ પડી જશે તો આ બધું જતું રહેશે! એવો ભય સતત રહેતો. તે વૃદ્ધાવસ્થાથી ડરતી. તેથી તેણે ચહેરા પર કરચલીઓ પડે તે પહેલાં જ મરી જવાનો નિર્ણય લીધો !
* રોજબરોજના જીવનમાં કોઈકના શબ્દો લાગી જાય. કોઈ કંઈક કહે તો ખોટું લાગી જાય, પોતાના પરિવારજનોના શબ્દો પણ સહન કરી ન શકાય અને દુઃખ થાય. આ બધાનું કારણ છે દેહભાવ !
* એક વાર મુંબઈના મંદિરમાં દાદર પાસે એક ગાંડો આવીને બેસી ગયો હતો. તેને મનાઈ ગયું હતું કે, 'હું જવાહરલાલ નહેરું છું !' કોઈ તેને ત્યાંથી ઊભો થવા કહે તો કહે, 'હું જવાહરલાલ નહેરુ છું ! આખો દેશ મારો છે ! મારે જ્યાં બેસવું હોય ત્યાં બેસું ! તમે મને કોણ કહેવાવાળા ?' તે બધાને પગથિયાં ચડવામાં નડતો હતો. એક હરિભક્ત હોશિયાર હતા. તે તેની પાસે જઈ કહે, 'મને ઓળખ્યો ?' પેલો કહે, 'તમે કોણ ?' પેલા હરિભક્ત કહે, 'હું મોતીલાલ નહેરું. તારો બાપ ! ચાલ ફરવા જઈએ...' પેલો તરત ઊભો થઈ તેમની સાથે ચાલવા લાગ્યો !

  એને મનાઈ ગયું તું કે, હું જવાહરલાલ છું તો પિતા મોતીલાલના શબ્દો અસર કરી ગયા ! એમ આપણને મનાઈ ગયું છે, કે હું દેહ છું, હું ફલાણી જ્ઞાતિનો છું, હું સારો છું, તેથી કોઈ ટોકે કે વઢે કે મશ્કરી કરે તે શબ્દો અસર કરી જાય છે.
* સદ્. સંત પૂ. સંતવલ્લભ સ્વામી આ વાતને સમજાવતા કહેતાં, ''દેહની વાત આવે તો આપણે તરત સ્વીકારી લઈએ છીએ ! 'તમારે હાઈ બી.પી. છે તો મીઠું ન ખાવું.' એ વાતનો તરત અમલ કરીએ છીએ, પણ હું દેહ નથી એ વાત સમજાતી નથી. કોઈ કહે કે, 'તમે તો પર્વતભાઈ જેવા એકાંતિક ભક્ત છો !' તો તરત કહે કે, 'ના..ના...એ ક્યાં ને આપણે ક્યાં...આપણે તો સામાન્ય ભક્ત છીએ !' પણ કોઈ એમ કહે, 'તું નીચી જ્ઞાતિનો છે કે તું ગધેડો છે તો તરત જ થઈ જાય કે, 'મને આવું કીધું ! મને ગધેડો કીધો.'' એમ મનાઈ જાય છે - કારણ કે દેહભાવ છે. એટલે દેહસંબંધી શબ્દો તરત લાગી જાય છે. પણ જો હું દેહ નથી. એ વિચાર કરીએ તો શબ્દો ન લાગે !'
* વચનામૃત ગઢડા મધ્ય-૫૧માં શ્રીજીમહારાજ કહે છે, 'જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ જીવ સુખી રહે છે.'
* આધ્યાત્મિક માર્ગે ભગવાનના ભક્ત હોય, સાધના કરતા હોય, પણ જો દેહને વિષે 'હું' પણાની બુદ્ધિ-દેહાભિમાન રહી ગયું હોય, તો સત્સંગનું સુખ પણ ન આવે.
* ગુણાતીતાનંદ સ્વામીનો ઉતારો એક વાર ગમાણ સાફ કરીને ત્યાં રાખવામાં આવેલો. ત્યાં તો અત્યંત દુર્ગંધ મારતી હતી. તેથી એક સમાધિનિષ્ઠ સાધુ અકળાઈ ગયા. સ્વામીને તેઓએ આ બાબતે ફરિયાદ કરી. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે : 'તમને દુર્ગંધ લાગતી હોય તો સમાધિમાં ઊતરી જાઓ ને !' ત્યારે તે સાધુ અકળાઈને કહે, 'મૂઈ આ સમાધિ.' દેહભાવને લઈને સમાધિ માટે પણ તે આવા શબ્દો બોલ્યા.
* નિષ્કુળાનંદ સ્વામી એટલે જ કહે છે,

  શરીર સુખને સંભારતાં, નિશદિન નવરા નવ રહીયે,
  મહાસુખ મહારાજનું, કહો તે કઈ રીતે લઈએ.

  શરીરના સુખની પળોજણમાં પ્રગટ ભગવાન કે સત્પુરુષના સાંનિધ્યનું સુખ લઈ શકાતું નથી.
* શ્રીજીમહારાજ વચનામૃત લોયા-૧૭માં કહે છે, 'દેહાભિમાની આ સત્સંગમાંથી વિમુખ થયા વિના રહે નહીં.'
* અલૈયાંખાચર બ્રહ્મચર્ય પાળતા. સત્સંગ કરાવતા,

નિયમ-ધર્મ બરાબર પાળતા, પણ દેહાભિમાન ગયું નહોતું, તેથી શ્રીજીમહારાજે કસોટી કરી તો ખોટું લાગ્યું અને સત્સંગ છૂટી ગયો !

❋ ગોખરવાડાના હરખા પટેલને દેહાભિમાન નહોતું ગયું, તો ગુણાતીતાનંદ સ્વામીએ પગ ધોઈ આવવાનું કહ્યું તો ખોટું લાગ્યું અને સત્સંગ છૂટી ગયો !

❋ આવા તો કેટલાય દાખલા સત્સંગના ઈતિહાસમાં નોંધાયા છે. એટલે જ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૪૪માં કહે છે, 'જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે.'

❋ મુક્તાનંદ સ્વામી પણ કહે છે :

ઊલટા અન્નની સહજ ઈચ્છા ટળે,
દેખતાં ઊબકો સૌને આવે;
તેહને જે ભખે મનુષ્યમાં નવ ખપે,
શ્વાન સૂકર તણી જાત કા'વે.
જ્યાં લગી દેહને હું કરી જાણશે,
ત્યાં લગી ભોગવિલાસ ભાવે;
શ્વાન સૂકર તે મનુષ્યમાંથી ટળ્યો,
હરિતણો જન તે કેમ કા'વે.

ઊલટી કરેલું અન્ન મનુષ્ય ન ખાય પણ કૂતરા અને ભૂંડ ખાય. તેમ જ્યાં લગી દેહભાવ છે, ત્યાં લગી ભગવાનનું સુખ મૂકીને ઊલટીના અન્ન જેવું વિષયનું સુખ ભોગવવામાં આનંદ આવશે. એટલે કે દેહભાવવાળો કૂતરા અને ભૂંડ જેવો છે. તેને ભગવાનનો ભક્ત ન કહેવાય !

દેહભાવ ટળશે, દેહને વિષે અહંબુદ્ધિ ટળશે તો જ આ લોકમાં સુખ થશે, સત્સંગનો આનંદ આવશે અને સત્સંગ અચળ રહેશે ! એટલે એ માયાને ઓળખી તેને ટાળવાનો આદેશ શ્રીજીમહારાજ અહીં સૌને આપે છે.

● **દેહસંબંધી પદાર્થને વિષે મમત્વ (મારું) :**

❋ અહંકાર 'હું' કારની જેમ જ 'મારું' એટલે 'મમત્વ' પણ આ લોકમાં તેમજ મોક્ષમાર્ગમાં નુકસાન કરે છે.

❋ મંદિરમાં બાળકો તોફાન-નુકસાન કરતા હોય, એને અટકાવવા માટે કોઈ બે શબ્દ કહે, તો માત-પિતાને ખોટું લાગતું હોય છે, કે મારા દીકરાને કેમ કહ્યું ?

❋ સમૈયા વખતે મંદિરમાં ઉતારો આપ્યો હોય તે રૂમ તો કોઈની વ્યક્તિગત માલિકીની નથી હોતી, પરંતુ સંજોગોવશાત્ જો બીજાને પણ એ રૂમનો ઉપયોગ કરવા માટે મોકલવામાં આવે તો પણ ખોટું લાગે છે કે 'મારી રૂમમાં કેમ મોકલ્યા ?' હકીકતમાં એ રૂમ આપણી તો હતી જ નહીં.

ઘણી વાર આવું મમત્વ ઝઘડાનું ને અશાંતિનું કારણ બને છે.

❋ ગોપીચંદ રાજા વૈરાગ્ય થવાથી ભગવાન ભજવા પોતાનું વિશાળ રાજ્ય છોડી ત્યાગી થઈ ગયા હતા. ભરથરી (ભર્તૃહરિ) રાજાને પણ આ લોકમાં સાર ન જણાતાં ભગવાન ભજવા તેઓ પણ રાજપાટ છોડી સાધુ થઈ ગયા હતા. આ બંને મહાત્માઓ એક દિવસ ફરતાં-ફરતાં એક ગામના ચોરે આવી પહોંચ્યા. ચોરાની દીવાલમાં એક જ ખીંટી હતી. ખુંટી ઉપર ઝોળી ભરાવવા બંને જણ બાટક્યા. એક જણ કહે, 'હું તારા કરતાં પહેલો આવ્યો છું, ખીંટી ઉપર ઝોળી ટાંગવાનો મારો જ હક્ક છે.' બીજો કહે, 'હું પહેલો આવ્યો છું. ખીંટી ઉપર હું જ ઝોળી ભેરવીશ.' આમ, બેય વચ્ચે ખૂબ બોલાચાલી થઈ અને બથોબથ આવી ગયા. બંને એકબીજાને ઓળખે નહીં. આ ઝઘડો સાંભળી લોકો ભેગા થઈ ગયા. તેમાંથી એક ડોશી પાણી ભરવા જતી હતી. તેણે પણ આ ઝઘડો સાંભળ્યો અને તે મહાત્માઓ પ્રત્યે બોલી : 'બાવાઓ ! એક ખીંટી સારું શું બાટકો છો ? ધન્ય છે ગોપીચંદ રાજાને ! કે ભગવાન ભજવા રાજપાટ ને વૈભવ છોડી ત્યાગી થઈ ગયા અને ધન્ય છે રાજા ભરથરીને ! કે તે પણ ભગવાન ભજવા રાજપાટ, વૈભવ વિલાસ છોડી ત્યાગી થઈ ગયા. તમે શું ત્યાગ્યું છે, તે બાટકો છો ? વળી, આ ખીંટી તો કોકની છે તમારી તો છે નહીં.'

આ સાંભળી બંને સમજી ગયા. ભરથરીને

પશ્ચાત્તાપ થયો : 'આ તો મારી જ વાત કરે છે.' ગોપીચંદને પણ પશ્ચાત્તાપ થયો : 'આ જેની વાત કરે છે તે તો હું જ છું.' પછી બંને એકબીજાને આગ્રહ કરવા મંડી પડ્યા કે, 'ના, ના, તમે ખીંટીએ ઝોળી ભરાવો, તમે ઝોળી ભરાવો...' પછી તો કોઈએ ખીંટીએ ઝોળી ભરાવી નહીં અને ખીંટી વધી પડી.

આ વાત કહીને યોગીબાપા કહેતા, રાજપાટ છોડ્યા પછી પણ કો'કની ખીંટી માટે બાટક્યા. કારણ પોતાનું મનાઈ ગયું ! આપણે પણ વહેવારમાં બાટકી પડીએ કે 'આ મારું છે' પણ આ તો માંગેલ ઘરેણા છે. દેહ જ આપણો નથી તો બીજું બધું ક્યાંથી આપણું હોય એટલે આવું મમત્ત્વ ન રાખવું !

❋ યોગવશિષ્ઠ રામાયણમાં એક પ્રસંગ આવે છે. એક વાર શિખિધ્વજ રાજા સંન્યાસી થઈ ચાલી નીકળ્યો. તેની રાણી ચૂડાલા. તે યોગિની હતી. તેણે જાણ્યું કે 'રાજાએ જે છોડવાનું છે તે છોડ્યું નથી અને જે નથી છોડવાનું તે છોડ્યું છે. તેથી નક્કી વિઘ્ન આવશે.' માટે તેને સાચી વાત સમજાવવા રાજા પર્ણકૂટી બાંધીને જ્યાં રહેલો ત્યાં રૂપ બદલીને ગઈ. ત્યાં જઈ રાજાને પૂછ્યું : 'તમે જ શિખિધ્વજ રાજા?' 'હા.' 'તમે જ રાજપાટ છોડી દીધું છે ?' 'હા.' 'તો આ ઝૂંપડી કોની છે ?' 'તે તો મારી જ હોય ને ! મેં જાતે બાંધી છે અને તેમાં હું રહું છું.' 'હજી 'હું હું' રહ્યા કરે છે તો ત્યાગ્યું શું ?

યોગિની આટલું બોલી ત્યાં તો રાજાએ ઝૂંપડી સળગાવી દીધી. પછી કહ્યું : 'બસ, હવે જોયોને મારો ત્યાગ.' પેલી સ્ત્રી કહે : 'આ તો બરાબર, પણ આ દેહ છે તે કોનો ?' 'તે તો મારો જ હોય ને !' 'તો હજી દેહને વિષેથી અહંબુદ્ધિ છૂટી નથી ત્યાં સુધી ત્યાગ્યું શું ?' રાજા આ સાંભળી ચિતા ખડકી બળવા તૈયાર થયો. ત્યારે તે સ્ત્રીએ પૂછ્યું : 'ઊભા રહો...ઊભા રહો...જરા કહેતાં તો જાઓ કે આ દેહ બળી જાય પછી રાખ વધે તે કોની ?'

રાજા કહે : 'તે તે મારી જ કહેવાય ને !'

આ વખતે રાણીએ અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. રાજા તો રાણીને જોઈ આભો જ બની ગયો. રાણીએ કહ્યું : 'તમારે આ હું...હું...અને મારું...મારું...રહ્યા કરે છે તે છોડવાનું છે. રાજપાટ નહીં. જો અહં-મમત્વ છૂટશે તો રાજ પણ બંધન નહીં કરે. તે નહીં છૂટે તો રાખ પણ બંધન કરશે.' રાજ્ય છોડ્યું પણ મમત્ત્વ નહોતું છોડ્યું. બીજી બાજુ જોઈએ તો જનકરાજા રાજ્યમાં રહેતા, પણ મમત્વ નહોતું તો તેઓ વિદેહી કહેવાયા ! તેમને રાજ્યમાં બંધન નહોતું થયું. આમ, મમત્ત્વ જ બંધનનું અને દુ:ખનું કારણ બને છે.

❋ ઈંગ્લેન્ડના વિશ્વવિખ્યાત શિક્ષણશાસ્ત્રી રુડયાર્ડ કિપલીંગ મૂળ અમેરિકાના જ હતા, પણ એમને પોતાના અહં-મમત્વને કારણે ઈંગ્લેન્ડ જવું પડ્યું. વાત એમ હતી કે, એમનાં લગ્ન અમેરિકામાં થયેલાં અને એમનો સાળો શ્રી. બેટ્ટી, કે જે એમનો સારો મિત્ર પણ હતો. એની ભલામણથી રુડયાર્ડે અમેરિકામાં વરમોન્ટમાં ખેતીવાડીની મોટી જમીન રાખી હતી. જમીન લેતી વખતે બેટ્ટીએ માંગણી કરી કે એને થોડો ભાગ આપવામાં આવે. મિત્રતા અને સગપણને નાતે રુડયાર્ડે થોડી જમીન બેટ્ટીને વાપરવા આપી. બંનેએ આ જમીન ઉપર ફૂલવાડી કરી. એક વખત બેટ્ટીએ પોતાના ભાગમાં ફૂલછોડને બદલે ઘાસચારો ઉગાડ્યો. રુડયાર્ડને એ ન ગમ્યું તેને થયું 'મારી જમીન ઉપર ઘાસચારો કરીને શોભા બગાડી નાખી' અને એમણે બેટ્ટીને પૂછ્યા સિવાય એ ઘાસ ઉખાડીને ફેંકી દીધું. આ મુદ્દે બંને વચ્ચે ઝઘડો થયો. એક વખત રુડયાર્ડે પોતાની ઘોડાગાડીથી સાઈકલ ઉપર જતા બેટ્ટીને ભટકાડી અને પાડી નાંખ્યો. બંને વચ્ચે આ બાબતે કોર્ટમાં કેસ થયો. ઘણો ખર્ચ કરવા છતાં રુડયાર્ડ કેસ હારી ગયા અને બદનામીને લીધે અમેરિકા છોડી ઈંગ્લેન્ડ જતા રહ્યા.

❋ વચનામૃત ગઢડા પ્રથમ-૭૦માં શ્રીજીમહારાજ કહે છે : 'મા-બાપની ઓળખાણ પડી, તે દિવસથી મા-બાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો

બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ... ને આ તારું ઘર... ને આ તારાં ઘરેણાં...' શ્રીજીમહારાજે લોકમાં પ્રચલિત બધા મમત્વદર્શક શબ્દોને અહીં કુસંગીના શબ્દો કહ્યા છે. સત્સંગમાં પણ મમત્વને લીધે વિઘ્ન આવે છે.

❊ મછિયાવના ફઈબા અહં-મમત્વના લીધે શ્રીજીમહારાજની આજ્ઞા છતાં પોતાની પુત્રવધૂને સ્વીકારી ન શક્યાં. એથી શ્રીજીમહારાજ એટલા બધા નારાજ થઈ ગયા કે, જ્યાં તેઓ ૩૨ વખત પધાર્યા હતા અને જ્યાં એમને મોટું મંદિર કરવું હતું, એ મછિયાવનું પાણી પણ હરામ કરી દીધું.

❊ મમત્વને કારણે રૂડાભાઈ મહારાજને બળદ ન દઈ શક્યા અને રૂપરામ ઠાકર ખાંડ ન દઈ શક્યા. એની બળતરા એમને જિંદગીભર રહી, પછીથી એમણે ઘણી સેવા કરી પણ બળતરા મટી નહીં.

❊ લાડુબા-જીવુબા મહારાજ માટે થાળ બનાવતાં અને એ સેવાને પોતાનો અધિકાર ગણતાં, પરંતુ જ્યારે ધર્મકુળ આવ્યું અને સુવાસિની ભાભી વગેરેએ મહારાજ માટે થાળ કરવાનું શરૂ કર્યું ત્યારે લાડુબા-જીવુબાને ખોટું લાગ્યું અને જેની સામે (ઇષ્ટદેવની સામે) ઊંચા સાદે બોલાય નહીં, એવા શ્રીજીમહારાજને મેણું માર્યું અને રીસમાં ઠપકાના શબ્દો કહ્યા. પછીથી અંતર્દૃષ્ટિ થતાં બંને બહેનોએ શ્રીજીમહારાજની માફી માંગી હતી, પણ સમજવાનું એ છે કે આવા મોટા ભક્તોને પણ જો સહેજ મમત્વને લીધે વિઘ્ન આવતું હોય તો આપણને તો મમત્વ રાખવાથી ઘણું મોટું નુકસાન થાય જ !

❊ આવું મમત્વ ટળે તો જ સત્સંગમાં અને વ્યવહારમાર્ગમાં સુખી રહેવાય !

● **એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી :**

દેહ ને દેહનાં સગાંસંબંધી તથા પદાર્થોમાં જીવને સહજ પ્રીતિ છે જ, આવી જ પ્રીતિ ભગવાન અને સત્પુરુષમાં થઈ જાય, તો માયાને તરી જવાય. એટલે શ્રીજીમહારાજ અહીં ભગવાનમાં તથા અહં-મમત્વરૂપી માયાને તરી ગયા હોય તેવા સત્પુરુષમાં પ્રીતિ કરવાની વાત પણ કરે છે.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૫૪ : જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

❊ તુલસીદાસને એમની પત્નીએ ટકોર કરી :

જૈસી પ્રીત હરામ સે, વૈસી હરિ સે હોય ।
ચલા જાય વૈકુંઠ મેં, પલ્લા ન પકડે કોય ॥

❊ આ ટકોરથી તુલસીદાસને ભગવાનમાં પ્રીતિ થઈ ગઈ અને સંસારની આસક્તિ છૂટી ગઈ ! એટલે ભગવાનમાં પ્રીતિ કરીએ તો માયાથી તરી જવાય ! ભગવાન અને સત્પુરુષમાં પ્રીતિ કરવાની વાત કરીને વળી શ્રીજીમહારાજ આપણને પ્રાર્થનામાં શું માંગવું તે પણ સમજાવે છે.

● **આદર્શ પ્રાર્થના :**

જો પ્રાર્થના કરીને ભગવાન પાસે માગતાં ન આવડે તો કરેલી ભક્તિ એળે જાય.

❊ એક બ્રાહ્મણ ઉપર ભગવાન પ્રસન્ન થયા, તો એણે માગ્યું કે, 'હું હાથીની અંબાડીએ બેસીને ભિક્ષા માંગું.' એક વાળંદે માગ્યું કે, 'હું સોનાના અસ્ત્રાથી મુંડન કરું.' ધ્રુવજીએ અવિચળ રાજ્ય માંગ્યું. લોઢવાની લખુ ચારણે 'મારો વીરો દીકરો ને સાંઈઠ ભેંસો અમર રહે' - એ માગ્યું. ઇંગ્લૅન્ડમાં લૉર્ડ મોન્ટેગ્યુએ પ્રમુખ સ્વામીને પ્રાર્થના કરી કે, 'મારે ભગવાનનું સુખ નથી જોઈતું, મારી પત્ની જતી રહી છે, તે પાછી આવે એવું કરી આપો.' - આમ જેણે માયિક માગણીઓ કરી, તેને માગતાં આવડ્યું ન કહેવાય.

❊ સાચી પ્રાર્થના એ છે, કે જેમાં આવી માયા ટળે, એવી પ્રાર્થના કરવામાં આવી હોય.

❊ ઉત્તર ગુજરાતના બાઈ હરિભક્તો, જેમાં ડાંગરવાના જતન ફોઈ આગેવાન હતાં. તેમણે સારંગપુરમાં ફૂલદોલ વખતે મહારાજ પાસે માંગેલ ફગવા આધ્યાત્મિક માર્ગની શ્રેષ્ઠ પ્રાર્થના છે.

મહાબળવંત માયા તમારી,
જેણે આવરિયા નરનારી,
એવું વરદાન દીજીએ આપે,
એહ માયા અમને ન વ્યાપે.
(ભક્તચિંતામણિ, પ્ર. - ૬૪)

❊ પ્રહ્‌લાદજીની પ્રાર્થના પણ આવી જ હતી : 'હે પ્રભુ ! તમે મારી જે રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો. તમે જ્યારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.'

❊ દાદા ખાચરનાં પત્ની જસુબાની પ્રાર્થના પણ ભગવાન સંબંધી જ હતી. તેમણે પોતાનાં લગ્ન વખતે શ્રીજીમહારાજ પાસે માંગ્યું હતું :

મારી અવિચળ ચૂંકને રાખજો......
મારે ઘેર રહો ઘનશ્યામજી,
મારી સંપત્તિ તવ અર્થે થાય.
અમે સૌ મળી તમને સેવીએ,
ધરીએ અખંડ તમારું ધ્યાન.
માગું વર નાથજી.

❊ અહીં મહારાજ શીખવે છે, કે ભગવાન આગળ આ પ્રમાણેની પ્રાર્થના/માગણી આદર્શ ગણાય :

૧. અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજો.
૨. તમારે વિષે પ્રીતિ થજો.
૩. એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા સાધુનો સંગ થજો.
૪. એવા સાધુને વિષે હેત ને મમત્વ થજો.

❊ અહં-મમત્વરૂપ માયાને ટાળવા માટે સૌથી અગત્યની બાબત છે...

'એ માયાને તર્યા હોય અને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજો.'

● **સત્પુરુષને વિષે હેત ને મમત્વ :**

❊ વચનામૃત જેતલપુર-૧ : માયા તરવાનો ઉપાય એ છે જે... ''માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ જે સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે, ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે.''

❊ ગુણાતીત સત્પુરુષ માયા પર છે, અને એમનામાં હેત ને મમત્વ કરવાથી તેઓ આપણને માયા પાર કરાવે છે.

❊ ભક્તોને અહં-મમત્વરૂપી માયાથી મુક્ત કરી, ભગવાનના ધામમાં લઈ જવા માટે જ ગુણાતીત સત્પુરુષ આ પૃથ્વી પર પધાર્યા છે.

❊ સં. ૧૮૪૯માં ભગતજી મહારાજ ગઢડે લક્ષ્મીવાડીમાં મંદિરની મૂર્તિ-પ્રતિષ્ઠાના સમૈયે રોકાયા હતા. તે દિવસોમાં એક વાર માના ભગતે ભગતજીને કહ્યું : 'તમારા શિષ્યોને તમારા પ્રત્યે હેત છે, તેથી તમારે સૌને તમારા જેવા માયાથી પર કરવા પડશે, તો જ શ્રીજીમહારાજ તમને અક્ષરધામમાં આવવા દેશે !' આ વાત કહીને માના ભગતે કહ્યું, 'પૂર્વે વૈકુંઠ ધામનો એક મુક્ત હતો. તે વૈકુંઠપતિની ઇચ્છાએ કરીને પૃથ્વી ઉપર દેહ ધરીને આવ્યો. તે કોઈ સાથે હેત ન રાખે અને અખંડ ભજન કરે. પછી કેટલાંક વર્ષે એક ગામમાં ચાતુર્માસ કરવા રહ્યો. ત્યારે તે ગામમાં એક ગૃહસ્થે તેની બહુ જ સેવા કરી. તેથી તેની ઉપર દયા લાવીને થોડી થોડી વાતો તે રોજ કરે. એમ તેને પોતાનો શિષ્ય કર્યો. પછી તો ગામના બીજા પણ કેટલાક ગૃહસ્થો તેના આધીન થયા અને સર્વને નિયમ આપ્યા. થોડે કાળે તેને દેહ મૂકવાનું થયું, એટલે પોતાના શિષ્યોને પાસે બોલાવી નિયમ-ધર્મમાં રહેવાની શિખામણ આપી, પોતે વૈકુંઠધામમાં ગયો. ત્યારે લક્ષ્મી-નારાયણ ભગવાને તેને કહ્યું : 'જાઓ, તમે પેલા શિષ્ય કર્યા છે, તેને એકાંતિક ધર્મ પમાડી લઈને આવો.' એવી રીતે પાછા મોકલ્યા અને જન્મ લેવો પડ્યો. માટે તમારે પણ જેટલા શિષ્ય કર્યા હશે તે સર્વને દેહભાવ ટાળીને સ્થિતિ પમાડવી પડશે !

ભગતજીએ તે વખતે હસતાં-હસતાં એટલું જ કહ્યું : 'બહુ સારું. એમ કરશું !' બીજે દિવસે પોતાના આસને કથામાં ભગતજી મહારાજે સૌને કહ્યું : 'તમારે

માટે મારે પચ્ચીસ જન્મ ધરવા પડશે તો પણ તમને બધાને ચોખ્ખા કરીને અક્ષરધામમાં લઈ જઈશ, ત્યારે શાંતિ થશે. વળી, શ્રીજીમહારાજે તો વચનામૃતમાં લખ્યું છે : 'કોઈ જન્મ ધરવાનું નિમિત્ત તો નથી, પણ એવું નિમિત્ત ઉત્પન્ન કરીને પણ ભગવદીના મધ્યમાં જન્મ લેવો શ્રેષ્ઠ છે.' એમ અમારે જન્મ લેવાનું કોઈ નિમિત્ત નથી, પણ તમારે મારે વિષે હેત છે, તેથી તમને દેહભાવ ટાળી, એકાંતિક કરવા અમે જન્મ લીધો છે.

ગુણાતીત સત્પુરુષ આપણને માયાથી તારવા માટે જ, આ લોકમાં આવ્યા છે અને આપણને તારશે જ એમાં કોઈ શંકા નથી. કારણ, આજે એવા સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ આપણને મળ્યા છે.

❊ એક વાર વડોદરામાં દિલીપભાઈનો નાનકડો સાતેક વર્ષનો પુત્ર તિલક સ્વામીશ્રીની બરાબર સામે બેસી ગયો. સહસા સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો : 'તું પટેલ છે કે બ્રાહ્મણ ?' 'એકે નહીં.' તેણે તરત જવાબ આપ્યો. 'વાહ !' સ્વામીશ્રીએ કહ્યું, 'એ બરાબર છે. કોઈ પૂછે તો કહેવું - હું બ્રહ્મ છું, આત્મા છું...'

નાના બાળકને પણ સ્વામીશ્રી એ જ સમજાવે છે કે, 'આપણે દેહ નથી આત્મા છીએ !'

❊ તા. ૨૫/૧/૮૭, મુંબઈ. સ્વામીશ્રી ડૉ. સામાણીને સી. કે. પીઠાવાલાની ઓળખાણ કરાવતાં કહે, 'આ પીઠાવાલા સાહેબ છે. તેઓને સંતો પ્રત્યે ખૂબ ભાવ છે. એમને ત્યાં જઈએ એટલે ખૂબ ધ્યાન રાખે છે.' ડૉ. સામાણી કહે, 'ધ્યાન તો એ રાખવાનું કે કોણ કોનું ધ્યાન રાખે છે.' સ્વામીશ્રી કહે, 'એ તો બધું અરસપરસ છે. દેહની રીતે તમે અમારું ધ્યાન રાખો છો અને આત્માનું અમે રાખીએ છીએ.'

આપણે સ્વામીશ્રી સાથે જોડાયા છીએ, તેથી સ્વામીશ્રી સતત આપણા આત્માનું-જીવનું ધ્યાન રાખે છે. આપણને માયાથી તારવાની જવાબદારી તેઓ પોતાને શિરે લે છે ! આમ, આપણે સત્પુરુષમાં હેત કરીએ, તો સત્પુરુષ આપણી અહં-મમત્વરૂપી માયા ટાળી, આપણને ભગવાનની સમીપ ધામમાં લઈ જાય છે.

તો ચાલો, આપણે પ્રાર્થના કરીએ કે, આપણને એવા સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. આપણે તેઓમાં પ્રીતિ કરી, અહંમમત્વરૂપી માયાથી મુક્ત થઈ શકીએ એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

૧૫. સાંખ્ય વિચાર : વિક્ષેપોના રોગનો ઉપચાર

❊ લંડનનું 'હેલ્થ એન્ડ મેડિસિન' સામયિક જણાવે છે કે, એક હૉટેલના એક ઓરડામાં એક કોલેરાનો દર્દી મરણ પામ્યો હતો. આ વાતને ઘણો સમય વીતી ગયો. એક વાર બે ટુરિસ્ટ તે હોટેલમાં ઊતર્યા. તેમાંના એકને કોલેરાના દર્દીવાળી રૂમ મળી પણ તે એ વિષે કંઈ જાણતો ન હતો. બીજાને ખોટી રીતે જણાવવામાં આવ્યું કે 'જે ઓરડામાં તે સૂતો હતો તેમાં જ થોડા દિવસો પહેલાં એક ટુરિસ્ટ કોલેરાથી મરણ પામ્યો હતો.' અને આશ્ચર્ય એ થયું બીજા ટુરિસ્ટને કોલેરાનો રોગ વળગ્યો ! એ ઊલટીઓ કરવા લાગ્યો ને મૃત્યુ પામ્યો !

કેમ આવું થયું ? જે ટુરિસ્ટ સ્વસ્થ રહેવો જોઈએ, તેના બદલે મૃત્યુ પામ્યો અને જેને બીમાર થાય તેવા સંજોગો હતા છતાં પણ તે સ્વસ્થ રહ્યો !

એનું કારણ છે વ્યક્તિએ કરેલ વિચાર. જો ટુરિસ્ટે તે બીમારી ઉપર બહુ વિચાર ન કર્યો હોત તો આવી પરિસ્થિતિ ન સર્જાત. વિચારથી જ માણસ સુખી અને દુઃખી થાય છે.

❊ એટલે જ શેક્સપિયર કહે છે :'There is nothing either good or bad; thinking makes it so.' અર્થાત્ કોઈ જ વસ્તુ સારી કે ખરાબ નથી, વિચાર સારું કે ખરાબ બનાવે છે.

સભા : ૧ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૩ લીલાચરિત્ર સંભારી રાખવાનું
- **સ્વામીની વાત** : ૧ પ્રકરણ : ૧/૩૩
  ૨ પ્રકરણ : ૩/૩૦
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીજું : લીલાચરિત્ર સંભારી રાખવાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને સર્વને સંભારી રાખવા. તે શા સારું જે, કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય, તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.'

● વચનામૃતની વિશેષતા :

અધ્યાત્મમાર્ગની સાધના તલવારની ધાર પર ચાલવા જેવી કઠિન છે. તે માર્ગ પર સરળતાથી ચાલીને પ્રગતિ કરી શકાય, ને ગમે તેવો નવો મુમુક્ષુ પણ પગ માંડી શકે તેવો સહેલો ઉપાય શ્રીજી મહારાજ આ વચનામૃતમાં બતાવે છે.

- ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'કરોડની એક વાત છે : નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું.
- આ વચનામૃતમાં ભગવાનમાં જોડાવાનો રાજમાર્ગ છે.
- વચનામૃતમાં મુખ્યત્વે ત્રણ મુદ્દા પર શ્રીજી મહારાજ આપણું ધ્યાન દોરે છે.

૧. ભગવાન-સંતના લીલાચરિત્ર સંભારી રાખવા

૨. સંતો - હરિભક્તો સાથે હેત રાખવું

૩. સમૈયા : ઉત્સવોનું પ્રયોજન
: ભગવાનના ચરિત્રોની યાદ આપે
: ભક્તો સંતોની સ્મૃતિ થાય
: પાપી જીવોનું પણ રૂડું થાય.

● કોણે અને કેવી સ્થિતિવાળાએ ચરિત્રો સંભારી રાખવા ? શા માટે ?

- જેને મૂર્તિ અંતરમાં દેખાતી હોય તેને પણ આ ચરિત્રો સંભારી રાખવા. મૂર્તિ અખંડ દેખાતી હોય તેને શું બાકી રહે ?
- ભગવાનની મૂર્તિ ચિંતામણિ તુલ્ય છે. (ગ. પ્ર. ૧) ચિંતામણિ એટલે ચિંતવે તે બધું જ પ્રાપ્ત થાય. આનાથી મોટી પ્રાપ્તિ કઈ ?

પરંતુ અહીં ભગવાન મૂર્તિમાં વૃત્તિ રાખવાની નહીં, લીલાચરિત્ર યાદ કરવાની વાત કરે છે.

શા માટે ?

૧. પ્રગટ ભગવાન અને પ્રગટ સંત ગૌણ ન થાય તે માટે.

- જો અંતરમાં બ્રહ્મનો પ્રકાશ દેખાય ને પ્રગટ ભગવાન ગૌણ થઈ જાય તો ઉપાસનાનો ભંગ થઈ જાય. (ગ. પ્ર. ૭૩)
- ગુ.સ્વા.ને શ્રીજી મહારાજની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હતી. છતાં વરસાદમાં અડધી રાતે નેવાની ધાર નીચે ઊભા રહ્યા. મહારાજના દર્શન માટે. શ્રીજી મહારાજ બાઈઓના દરબારમાં ગયા હતા. ત્યાંથી પોતાને ઉતારે જતા હોય ત્યારે ક્ષણ માટેના દર્શન માટે ગુ.સ્વા. કલાકો ઊભા રહ્યા.
- શ્રીજીમહારાજને પોતાની પ્રત્યક્ષ મૂર્તિમાં જોડવા છે. તેથી ગ.પ્ર.-૯માં કહે છે અનન્ય નિષ્ઠાવાળાને પણ પ્રત્યક્ષ ભગવાન વિના કાંઈ ન ઇચ્છવું.
- પરોક્ષથી ભવતણો પાર આવે નહીં.

  વેદવેદાંત કહે સત્યવાણી,
  પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા,
  ગીધ ગણિકા કપિવૃંદ કોટિ
- ગ. મ. ૨૧ જેવો પરોક્ષનો મહિમા છે તેવો પ્રગટનો સમજે તો કલ્યાણના માર્ગમાં મુદો હાથ આવ્યો કહેવાય.
- શ્રીજીમહારાજનો પ્રાગટ્ય હેતુ જીવોના અનાદિ અજ્ઞાનનો નાશ કરવા માટે હતો. છતાં મહારાજ રાસ રમ્યા, નદીમાં-તળાવમાં જળક્રીડા કરતા, પીરસતા દૂધપાક માથે રેડતા, સમૈયા ઉત્સવ કરતા. શા માટે ? જીવોને સ્મૃતિ થાય એ માટે.
- **આ જ હેતુથી જે સ્વામીશ્રીએ મોટા ઉત્સવો કર્યા છે:**

● ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ - ૧૯૮૧
● ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ - ૧૯૮૫
● યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ - ૧૯૯૨
● અમૃત મહોત્સવ - ૧૯૯૫
● આ ઉપરાંત પ્રતિવર્ષ ફૂલદોલ ઉત્સવ કરે છે ને બધાને રંગે છે.

- સત્પુરુષ એંજીન છે. આપણે ડબ્બા છીએ. લીલા ચરિત્રો આંકડો છે. તેના દ્વારા સત્પુરુષ સાથે સંબંધ રહે ને ધામમાં પહોંચાય.
- આનું કારણ શું ? સમૈયામાં થયેલી કથાવાર્તા બધા ભૂલી જાય. જ્ઞાન યાદ રાખવું અઘરું છે પણ ચરિત્રો તરત યાદ આવે.

૨. દેહ મૂક્યા સમે મૂર્તિ ભૂલી જવાય તો સંતો-ભક્તો કે ચરિત્રોની સ્મૃતિથી મૂર્તિમાં મન સ્થિર થાય.

- મૃત્યુ સમય સમુદ્ર જેવો વિકટ છે (ગ.પ્ર. ૬૧.) તે સમયે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થઈ આવે છે. (ગ.મ. ૬૩). પોતે જીવનમાં કરેલા શુભ-અશુભ કાર્યોને કારણે તેવા સમયમાં ભગવાનની મૂર્તિ અવશ્ય ભૂલાઈ જાય.

"અંતે મતિ સા ગતિ," અંતકાળે જેવું ચિંતવન થાય તેવી જ ગતિ થાય છે. પરંતુ અંતકાળે ભગવાન ક્યારે યાદ આવે ? જો રોજ યાદ કર્યા હોય તો, એટલે જો લીલાચરિત્રો

યાદ રાખવાનો મહાવરો કેળવ્યો હોય તો તરત ભગવાન યાદ આવી જાય.

- એક શેઠ હતા. અંતકાળ આવ્યો. પૈસામાં આસક્તિ બહુ. વ્યવહારની બહુ ચિંતા કરે. ચાર છોકરા હતા. આકળા થઈને પૂછે, 'મહેન્દ્ર ક્યાં ?' એ હાજર હતો એમ બીજા, ત્રીજા અને ચોથા - નંબરના પુત્રો માટે પૂછ્યું. ચારે ય હાજર હતા. શેઠે મોટેથી રાડ પાડી કે બધા અહીં મૂઆ છો તો દુકાન કોણ સાચવશે ?' આટલું બોલીને મરી ગયા.

આખી જિંદગી વ્યવહાર સંભારેલો તો અંતઘડીએ એ જ યાદ આવ્યો. તેમ આપણે જો ભગવાન સંભાર્યા હોય તો તે યાદ આવે.

૩. લીલાચરિત્રની સ્મૃતિથી સુખ ઉપજે છે :

- યોગીજી મહારાજ : સમર્તિ દુઃખની હરનારી છે.
- હર્ષદભાઈ દવેને બીમારી આવી. તેનાથી દૈહિક પીડા ખૂબ થતી હતી. અચાનક રેડિયો પર 'રૂડા લાગો છો રાજેન્દ્ર...' એ કીર્તન આવ્યું. તેમની વૃત્તિ તેમાં પરોવાઈ ગઈ. કીર્તનના યોગે શાસ્ત્રીજી મહારાજ ને શ્રીજીમહારાજની મૂર્તિ સાંભરી આવી ને પીડા ટળી ગઈ. શાંતિ થઈ ગઈ.
- મુક્તાનંદ સ્વામીને અંતરમાં અશાંતિ થઈ. શ્રીજીમહારાજને શાંતિનો ઉપાય પૂછ્યો. મહારાજે પોતાના બાળચરિત્રોથી માંડી જીવનની વાતો કરવા માંડી. મુક્તાનંદ સ્વામીએ ફરી શાંતિ માટે પૂછ્યું. મહારાજે ચરિત્રોની વાતો ચાલુ જ રાખી. ત્રીજીવાર પૂછ્યું ત્યારે મહારાજ કહે, 'હવે તમે ગામડે ફરો. શાંતિ થશે.' નિત્યાનંદ સ્વામીને આ વાતની ખબર પડી. તેમણે મુક્તાનંદ સ્વામીને રોક્યા ને કહ્યું, 'શાંતિ તો મહારાજના ચરિત્રોમાં જ છે.'
- સ્વરૂપાનંદ સ્વામીને શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી. તેઓ માંદા પડ્યા ત્યારે શ્રીજીમહારાજે સ્વયં પોતાના ચરિત્રોની વાર્તા શરૂ કરી. તેનાથી તેમને પરમ શાંતિ થઈ ગઈ. (ગ. મ. ૩૫)

૪. અંતઃકરણ શુદ્ધ થાય :

- મન ચંચળ છે. તેનો નિગ્રહ અઘરો છે. મનને સ્થિર કરવા માટેનો સરળ ઉપાય એ છે કે ભગવાનના ચરિત્રોરૂપ જાળામાં મનને ગૂંચવી મેલવું. (ગ. પ્ર. ૩૮)
- એક જણને ભૂત વશ્ય થયો. તે જ્યારે કામ ન બતાવે ત્યારે ભૂત તેને ખાવા તૈયાર થાય. તેમાંથી બચવા તેણે આંગણામાં ૨૫ ફૂટ લાંબો વાંસ રોપ્યો. તે જ્યારે કામ ન હોય ત્યારે ભૂતને કહે, 'આ વાંસ પર ચઢ ને ઉતર.' તેમ મન પણ ભૂત જેવું છે. તેને ભગવાનના ચરિત્રરૂપી વાંસડા પર ચઢ-ઉતર કરાવવું.
- ગુણાતીતાનંદ સ્વામી : આવા સાધુને મનમાં સંભારે તો મનના પાપ બળી જાય.
- શાસ્ત્રીજી મહારાજ કહેતા : ભગતજી મહારાજ અને જાગા સ્વામીના આ ચાર પ્રસંગો જે નિત્ય યાદ કરશે તેના અડધા કામાદિક બળી જાશે.

૧. ભગતજીનું જૂનાગઢમાં સન્માન
૨. ભાદરોડમાં ભગતજીએ આપેલું રોટલાનું સુખ
૩. જાગા સ્વામીની બંધી તોડાવી.
૪. જાગા સ્વામીની અંતિમ સેવા.

- પરિક્ષિતને તક્ષક નાગ કરડ્યો. ૭ દિવસમાં મૃત્યુ નિશ્ચિત હતું. તેણે ભાગવતકથાનું શ્રવણ કર્યું તો મોક્ષગતિને પામ્યા.

ભાગવતમાં તો ભગવાન ને ભક્તનાં ચરિત્રો છે. તેના શ્રવણથી ૭ જ દિવસમાં મોક્ષ થયો.

૫. ધર્મનિયમની દૃઢતા ની પ્રેરણા મળે છે :

- શ્રીજીમહારાજ કહે, 'અમને કોઈ નિષ્કામી વર્તમાન ભંગ કરે તો વાંઝિયાને દીકરો આવે

ને મૃત્યુ પામે ને જે દુઃખ થાય એવું દુઃખ થાય છે.

- પ્રમુખસ્વામીને સાનહોઝેમાં બાળકી સ્પર્શી ગઈ તો આંખોમાં બે વાર આંસુ આવી ગયા. આવા ચરિત્રો સંભારવાથી/સાંભળવાથી આપણામાં પણ ધર્મનિયમની દૃઢતા પ્રગટે છે.

૬. સાંપ્રદાયિક પુષ્ટિ થાય.

- ગ. મ. ૫૮ : પોતાના ઈષ્ટદેવના જન્મથી માંડીને દેહ મૂક્યા પર્યંતના જીવનચરિત્રોથી પુષ્ટિ થાય.
- દા.ત. પ્રમુખસ્વામી મહારાજ વિશે આપણી મહિમા દૃષ્ટિ, દિવ્યભાવ, અહોભાવ તેમનાં જીવનચરિત્રો વાંચીએ તો વૃદ્ધિ પામે. તેમનાં કીર્તનો સાંભળો અને અમૃત મહોત્સવનો 'સંત પરમ હિતકારી' સંવાદ સંભારો ને વીડીઓમાં વાર નિહાળી તેની સ્મૃતિ કરો તો સ્વામી પ્રત્યે હેત-મહિમા અવશ્ય વધે જ.

● આપણી ગુરુ પરંપરા પણ ચરિત્રનું મનન/ચિંતન કરી પ્રેરણા આપે છે.

- જૂનાગઢમાં બાળમુકુંદ સ્વામીએ ચાતુર્માસમાં બપોરે ન સૂવાનો નિયમ લીધો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ તેમના આ વ્રતથી રાજી થઈ તેમને રોજ મહારાજનું એક નવું ચરિત્ર સંભળાવવાનો નિયમ લીધો.
- રોજ એક એટલે ૪ માસમાં ૧૨૦ ચરિત્રો થાય. ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજના લીલાચરિત્રો કેવા સ્મરણ કર્યા હશે ?
- શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજના જીવન પ્રસંગો ૧૦૦થી વધુ વાર હર્ષદભાઈ દવેને કહેલા. એવા ઉત્સાહથી વાત કરે તે વાતો કરતાં કરતાં પલંગની ધારે આવી જાય.
- યોગીજી મહારાજ તો શાસ્ત્રીજી મહારાજની વાત કરતા થાકે જ નહીં.
- ભગવાન અને સંતે એમના તરફથી કંઈ કસર રાખી નથી. આમ તો સામાન્ય જીવને એમનો યોગ થવો દુર્લભ છે.

ક્યિા જીવ ક્યિા જગદીશ
જાણો જૂજવી એ જાત છે રે
ક્યિા કીડી-કરી મેળાપ
ભેળો થાવા ભારે ભેદ છે રે,
ક્યિા પૂર્ણ પુરુષોત્તમ આપ
ક્યિા જીવ જેને બહુ કેદ છેરે

- જેતલપુરમાં શ્રીજીમહારાજ કહે છે. અમે તો આ સમે કોઈ વાતનું કાચુ રાખ્યું નથી. ને જુઓને જેતલપુર ગામમાં અમે કેટલાક યજ્ઞ કર્યા. આ તળાવને વિશે અમે સર્વે સંતે સહિત હજારો વાર નાહ્યા છીએ. જેતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો વાર ફર્યા છીએ. ઘેર ઘેર ભોજન કર્યા છે. આ ગામની સીમ ને ગામને વૃંદાવન કરતા પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે.'
- આ જ પ્રમાણે ગુરુપરંપરાએ પણ અસંખ્ય દિવ્ય ચરિત્રો કર્યા છે તેની સ્મૃતિ કરવી.
- અંતકાળે આવા ચરિત્રોની સ્મૃતિ થાય તો કલ્યાણ થાય.
- પંચાળામાં શ્રીજીમહારાજ શેલણ પીરસતા હતા. શેલણ એટલે ચોખા, ઘી અને ગોળનું મિશ્રણ. શેલણ પીરસતી મહારાજની આ સુંદર મૂર્તિ એક ભરવાડને અંતરમાં વસી ગઈ. અંતકાળે તેને આ મૂર્તિ યાદ આવી. મહારાજ તેને પોતાના ધામમાં લઈ ગયા.
- વડોદરામાં એક બાઈને કાને બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન 'રે સગપણ હરિવરનું સાચું' એ કીર્તન પડ્યું. એને આ પંક્તિ ગમી ગઈ ને રોજ આ કીર્તન ગાયા કરે. અંત સમયે તેને શ્રીજી મહારાજ લેવા આવ્યા. બાઈ ઓળખી ન શકે. શ્રીજી મહારાજ કહે, 'હું હરિવર છું તું રોજ ગાતી હતી ને તે.'

● આ લીલા ચરિત્રો સંભારી રાખવા નીચેના

મુદ્દા પર ધ્યાન રાખવું.

૧. નિત્ય નિયમ રાખીને સંભારવા

૨. મહિમા સહિત સંભારવા.

૩. દિવ્યભાવ રાખીને સંભારવા

અંતકાળે આવા ચરિત્રોની સ્મૃતિ થાય તો કલ્યાણ થાય.

બીજો મુદ્દો આ વચનામૃતનો છે : **સાધુ-હરિભક્તો સાથે હેત રાખવું**

- હેતે કરીને જીવ કૃતાર્થ થાય છે.
- ગુણાતીતાનંદ સ્વામી : સત્સંગમાં બે સારા સાધુ ને ચાર હરિભક્ત સાથે જીવ બાંધી રાખવો. આવું હેત હોય તો કઠણ દેશકાળમાં આપણને આ હેત ટકાવી રાખે. સત્સંગ છોડવાનો વારો ન આવે. સત્સંગમાંથી પડવા ન દે.
- કારિયાણીના વસ્તાખાચરને જીવાખાચરના સંગથી મહારાજનો અભાવ આવ્યો. ને ઘેર જતા રહ્યા. મહારાજ, મુક્તાનંદ સ્વામી અને દાદાખાચરને લઈને એમને ગામ રાતોરાત ગયા. મહારાજે સમજાવ્યા. દાદાખાચર અને મુક્તાનંદ સ્વામીએ પણ મહારાજના દિવ્યચરિત્રોની વાતો કરી. આનાથી વસ્તાખાચરને સાચું જ્ઞાન થયું ને ટકી ગયા.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૩જું : લીલાચરિત્ર સંભારી રાખવાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારુ જે, કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.'

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીજું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **ઉત્સવ - સમૈયા ઊજવવાનો હેતુ :**

કવિ કાલિદાસે કહ્યું છે, '**ઉત્સવપ્રિયાઃ ખલુ માનવાઃ ।**' માણસો ઉત્સવપ્રિય હોય છે. ઉત્સવ એ હિંદુ સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ભારતવર્ષમાં દરેક મહિનામાં કોઈક ઉત્સવ આવતો હોય છે. દા.ત. ભગવાનના અવતારોના પ્રાગટ્ય દિન, ભક્તોની જન્મજયંતીઓ, બદલાતી ઋતુઓના દિવસો, પવિત્ર તિથિઓ આપણે ઊજવીએ છીએ.

❊ આ ઉત્સવો ઊજવવાથી ઘણા લાભ થાય છે.

૧. જુદા-જુદા પ્રાંત અને દેશના માણસો ભેગા થાય, એકબીજાને મળે. એનાથી લોકો એકબીજાની નજીક આવે, સંબંધો ઘનિષ્ઠ થાય.

૨. ઉત્સવોમાં મનને મોકળાશ મળે, નીરસતા ખંખેરાઈ જાય, હતાશ હૈયામાં નવા પ્રાણનો સંચાર થાય.

૩. માણસમાં રહેલી કળા ખીલે. રોજિંદા જીવનમાં કળા ન ખીલે, પરંતુ ઉત્સવોથી સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય.

ઉત્સવોથી આવા પ્રકારના લાભ થાય છે. ઉત્સવોની પ્રણાલી આપનારના મનમાં કદાચ આ વાત હશે, પરંતુ શ્રીજીમહારાજે જે ઉત્સવ-સમૈયા કરાવ્યા તેનો હેતુ માત્ર આ નહોતો.

❊ શ્રીજીમહારાજને ઉત્સવ ઊજવવાનો હેતુ કાંઈક જુદો હતો. ઉત્સવનું મિષ લઈને આપણી વૃત્તિ પ્રગટ ભગવાનમાં ચોંટે તે મુખ્ય હેતુ હતો. તેથી જ મહારાજે મોટા-મોટા ઉત્સવો કરાવ્યા, યજ્ઞો કરાવ્યા અને તેમાં હજારો ભક્તોને તેડાવ્યા. ઉત્સવને સમૈયાનું નામ આપ્યું. ઉત્સવમાં ભગવાન અને સંતનાં દર્શનથી, તેમનું કોઈક

ચરિત્ર જીવને સાંભરી આવે તો તેનાથી તેનું અતિશય રૂડું થાય તેવો મહારાજનો ઉત્સવ ઊજવવાનો હેતુ હતો.

- **લીલાચરિત્રો કોણે સંભારવાં જોઈએ ?**

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે જેને મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેને પણ પ્રગટ ભગવાનનાં ચરિત્રો સંભારવાં. વચનામૃત **ગઢડા પ્રથમ-૧** પ્રમાણે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી તે આપણો ધ્યેય છે. આ ધ્યેય સિદ્ધ થઈ ગયો હોય, તો પણ મહારાજના મત પ્રમાણે ચરિત્રો સંભારવાનાં છે.

સામાન્યતઃ કોઈ જ્ઞાની હોય, આત્મનિષ્ઠ હોય અથવા સમજણવાળો હોય, તેને એમ લાગે કે મારે લીલાચરિત્રો સંભારવાની જરૂર નથી, પરંતુ મહારાજે અહીં નાના-મોટા, જ્ઞાની-અજ્ઞાની, સમજુ-અણસમજુ તમામને લીલાચરિત્રો સંભારવાની વાત કરી છે.

◎ ગુણાતીતાનંદ સ્વામી **૨/૧૨મી વાતમાં** કહે છે, **'એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી, માટે બે ઘડી વૃત્તિ પાછી વાળીને ભગવાનને સંભારવા...'** રસોઈ કરીને કોઈ જમે નહિ, તો રસોઈનો અર્થ સરતો નથી, તેમ જ્ઞાનની વાતો કર્યા-સાંભળ્યા પછી જો ભગવાનનું સ્મરણ ન કરીએ, તો જ્ઞાનનો કોઈ અર્થ સરતો નથી.

❋ આદિ આચાર્ય એવા વ્યાસજીએ વેદોનું વિભાજન કર્યું. મહાભારત અને સત્તર પુરાણો રચ્યાં. મહાભારત માટે તેમણે કહ્યું કે, 'જે આ મહાભારતમાં છે તે જ અન્ય જગ્યાએ છે અને જે વિષય આ મહાભારતમાં નથી, તે અન્ય કોઈ સ્થળે નહીં મળે.' માણસમાત્રના સ્વભાવની વાત વ્યાસજીએ મહાભારતમાં કરી દીધી. વળી શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પણ આ મહાભારતનો જ ભાગ છે અને વ્યાસજીએ જ તેની રચના કરી છે.

વ્યાસજી કેવા જ્ઞાની હશે? છતાં તેમને અશાંતિ અને અપૂર્ણપણાનો અનુભવ થયો. તે સમયે નારદજીએ તેમને પ્રગટ ભગવાનનાં લીલાચરિત્રોનું વર્ણન કરતું શાસ્ત્ર કરવાની વાત કરી. ત્યારે વ્યાસજીએ શ્રીમદ્‌ભાગવતની રચના કરી અને તેમની અશાંતિ દૂર થઈ.

ટૂંકમાં, વ્યાસજી જેવા પ્રખર જ્ઞાનીને પણ લીલાચરિત્ર સંભારવાની જરૂર હોય, તો પછી આપણે તો સંભારવાં જ રહ્યાં !

- **લીલાચરિત્ર સંભારવાથી લાભ :**

૧. <u>શાંતિનો અનુભવ</u> :

સંસારના ત્રિવિધ તાપમાંથી જીવ પસાર થાય ત્યારે તેને દુઃખ, ક્લેશ અને મૂંઝવણનો અનુભવ થાય છે. પરંતુ એ જ જીવ જ્યારે પ્રગટ ભગવાનનાં લીલાચરિત્ર સંભારવા માંડે છે ત્યારે તેને ત્રિવિધ તાપની વચ્ચે શાંતિ અનુભવાય છે.

❋ સ્વરૂપાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના નંદ પંક્તિના સંત હતા. તેમને મહારાજનો સર્વોપરીપણાનો નિશ્ચય હતો. વળી, દેહનો અનાદર, આત્મનિષ્ઠા, વૈરાગ્ય આદિ ગુણો પણ તેમણે કેળવ્યા હતા. મહારાજની આજ્ઞાથી નરકના કુંડ પણ ખાલી કરાવેલા, એવા સમર્થ હતા.

એકવાર સ્વરૂપાનંદ સ્વામી ખૂબ માંદા થયા. તેમને શરીરે ખૂબ બળતરા રહેતી. તેથી સંતો સાકરનાં પાણી પાતા, ચંદન ચર્ચતા. એમ ઠંડક થાય તેવા અનેક ઉપાય કરતા છતાં તેમને ફેર પડતો નહીં. શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું, 'તમે તો સમર્થ છો. ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તો એવા મહાન સિદ્ધ છો. તો શાંતિ કેમ થતી નથી? કેમ આટલો ઉદ્‌વેગ છે?' ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ મહારાજ આગળ હાથ જોડ્યા.

મહારાજે કહ્યું, 'અમે જીવાખાચર તથા દાદાખાચરના દરબારમાં વારંવાર રંગ રમ્યા છીએ અને સંત-હરિભક્તોની સભા કરી છે. તે બધું તમે જોયું છે, તેનું ચિંતવન કરો.' પછી

સ્વરૂપાનંદ સ્વામીએ તે પ્રમાણે ચરિત્રોનું સ્મરણ કર્યું ત્યારે દેહમાં જે મંદવાડનું દુઃખ હતું તે જતું રહ્યું અને પરમ શાંતિ થઈ ગઈ. મહારાજે આ પ્રસંગનો ઉલ્લેખ વચનામૃત **ગઢડા મધ્ય-૩૫**માં કર્યો છે.

◎ સં. ૧૯૫૩ની સાલમાં જન્માષ્ટમીના સમૈયા બાદ સભામાં ભગતજી મહારાજ અને સંતો-ભક્તો બેઠા હતા. ત્યાં કેટલાક ગુણાતીતાનંદ સ્વામીના વખતના સંતો પણ બેઠા હતા. તેથી ભગતજી મહારાજે સભામાં સ્વામીના વખતના જૂના પ્રસંગો યાદ કરી કહેવા માંડ્યા. તેમાં પોતે પણ જૂનાગઢમાં જે જે સેવાઓ કરી હતી તેની ભગતજી મહારાજે વાતો કરી. આ વાતો સાંભળી સૌ રાજી થયા. પછી ભગતજી મહારાજ કહે, 'આમ જ્યારે મોટાના ચરિત્રમાં મનને ગૂંચવી મેલીએ ત્યારે પરમ શાંતિ થાય.'

લીલાચરિત્રો સંભારવાથી અંતરમાં શાંતિ અનુભવાય છે તે ગુણાતીત સત્પુરુષોએ પ્રસંગોપાત્ત સમજાવ્યું છે.

❊ મહંત સ્વામી મહારાજને આવો જ કંઈક અનુભવ બાયપાસ સર્જરી પછી થયેલો. ૧૯૯૮ની સાલમાં બાયપાસ સર્જરી બાદ તેઓ આઈ.સી.યુ.માં હતા. છાતીનો દુઃખાવો તથા આઈ.સી.યુ.માં ૯ એ.સી. ધમધમી રહેલાં. તેના લીધે સ્વામીશ્રી ખૂબ ઠંડી અને અકળામણ અનુભવી રહેલા. સ્વામીશ્રીએ આ પરિસ્થિતિ નિવારવા આત્મવિચાર કરી જોયો, પરંતુ તેનાથી બહુ લાભ ન જણાયો. થોડીવાર પછી તેમને યોગીજી મહારાજની સ્મૃતિ થઈ આવી.

સારંગપુરમાં હાલ જ્યાં શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિ મંદિર છે ત્યાં પૂર્વે ફક્ત સ્મૃતિદેરી હતી. એકવાર યોગીજી મહારાજ ત્યાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. ત્યારે તેમણે મહંતસ્વામીને (અત્યારે પાછલી બાજુ જ્યાં પાણીની ટાંકી છે તે તરફ) ઈશારો કરતાં કહ્યું, 'હું અને શાસ્ત્રીજી મહારાજ ગારો ખૂંદતા ખૂંદતા અહીંથી આવતા.'

મહંત સ્વામી મહારાજને બાયપાસ સર્જરી બાદ આ પ્રસંગની સ્મૃતિ થઈ આવી. પછી તો યોગીજી મહારાજનાં એક પછી એક ચરિત્રોની સ્મૃતિમાં સરી પડ્યા અને એ.સી.ની અકળામણ ક્યાંય જતી રહી તેનો ખ્યાલ જ ન રહ્યો ! નિરાંત થઈ ગઈ !

૨. <u>આનંદ અનુભવાય</u> :

❊ ભગતજી મહારાજના કેટલાક અનન્ય શિષ્યો મહુવા જઈ તેમનાં દર્શન સમાગમનું સુખ લેતા. એક પ્રસંગે આ શિષ્યો ઘરે પરત થવાના હતા ત્યારે ભગતજીએ તેમને કહેલું કે, 'સત્પુરુષ થકી જે જે વાતો સાંભળી હોય, દર્શન-પ્રસાદીનું સુખ લીધું હોય, તે જ્યારે સત્પુરુષના પ્રસંગમાં રહેવાનો જોગ ન રહે ત્યારે સંભારવું અને સુખ લેતા શીખવું, પણ કોઈ દિવસ ઝાંખા તો પડવું જ નહિ.'

સ્થૂળ રીતે સત્પુરુષથી દૂર રહેવાનું થાય છતાં આનંદમાં રહી શકીએ તેનો ઉપાય ભગતજી મહારાજે બતાવ્યો.

❊ નિષ્કુળાનંદ સ્વામી આવો દિવ્ય આનંદ માણવામાં મશગૂલ રહેતા. તેથી જ તેઓ ગાય છે,

'હું તો લીલાચરિત્ર લટકાં રે, વારંવાર વિચારું છું;
મારા અંતરમાં અલબેલો રે, શામળિયો સંભારું છું.'

❊ સંપ્રદાયમાં વર્તમાનકાળે અનેક સંતો-ભક્તો પોતાને જે પ્રગટ ભગવાનનો યોગ થયો, તેની સ્મૃતિ કરી સુખ ભોગવે છે.

સદ્. વિવેકસાગર સ્વામીએ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનો ખૂબ લાભ લીધો છે. તેમણે તે તમામ પ્રસંગોની પોતાની ડાયરીઓમાં નોંધ કરી છે. હવે રોજ સમય કાઢી આ પ્રસંગોની સ્મૃતિ કરે છે અને તેનો આનંદ માણે છે.

૩. <u>સદ્ગુણો આવે અને દોષો ટળે</u> :

❊ લીલાચરિત્રો સંભારવાથી સદ્ગુણો આવે છે

અને દોષો ટળે છે. આ વાતને સમજાવવા માટે શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા પ્રથમ-૩૮**માં 'ફૂલે કરીને તિલ વસાય છે' તેવું દૃષ્ટાંત આપે છે.

યંત્રયુગ પહેલાં ફૂલમાંથી અત્તર બનાવવાની પદ્ધતિ કાંઈક વિશિષ્ટ હતી. દા.ત. મોગરાનું અત્તર બનાવવું હોય તો મોગરાનાં ફૂલ પાથરવામાં આવતા. તેના પર એક થર તલનો, પછી ફરી તેના ઉપર મોગરાનો થર પાથરવામાં આવતો. આમ ઘણા થર બનાવીને થોડા દિવસ દબાવીને રાખતા. આમ કરવાથી મોગરાના ફૂલની સુગંધ તલમાં આવી જતી. થોડા દિવસ બાદ તે તલને પીલવામાં આવતા. તલમાંથી જે તેલ નીકળે તે મોગરાનું અત્તર કહેવાતું.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ કે જેમ ફૂલની વચ્ચે તલને રાખવામાં આવ્યા, તેમ પ્રગટ ભગવાનનાં ચરિત્રો વચ્ચે આપણા મનને રાખવું. તો મનમાં રહેલી વાસનાની ગંધ નીકળી જાય અને પ્રગટ ભગવાનનાં ચરિત્રોની સુગંધ તેમાં વસી જાય. બીજા શબ્દોમાં કહીએ તો દોષો ટળી જાય અને સદ્‌ગુણો ખીલી ઊઠે.

❊ શાસ્ત્રીજી મહારાજ પોતાના ચાર પ્રસંગો સંભારવાની વાત કરતા. તેઓ કહેતા કે આ સંભારવાથી અડધા કામાદિક દોષો બળી જશે. તેમાં ૧) ભગતજી મહારાજનું જૂનાગઢમાં સન્માન, ૨) ભાદરોડમાં ભગતજી મહારાજે આપેલું સુખ, ૩) જાગા સ્વામીની બંધી તોડાવી, ૪) જાગા સ્વામીની અંતિમ સેવા.

◎ શ્રીમદ્‌ભાગવતના છઠ્ઠા સ્કંધમાં કહ્યું છે કે, 'અજાણતાં સ્પર્શ કરવામાં આવે તોપણ અગ્નિ બાળે જ છે, તેમ દુષ્ટ ચિત્તવાળો મનુષ્ય ભગવાનનું સ્મરણ કરે તો પણ ભગવાન તેનાં પાપોને હરી લે છે.'

હરિર્હરતિ પાપાનિ દુષ્ટચિતૈરપિ સ્મૃતઃ ।
ટૂંકમાં, સત્પુરુષનાં લીલાચરિત્રો સંભારે, તેનું મનન-ચિંતન કરે તો સત્પુરુષના સદ્‌ગુણો આપણા હૃદયમાં આવે છે અને દોષો-સ્વભાવો દૂર થાય છે.

૪. <u>ભગવાનના ધામની પ્રાપ્તિ</u> :

❊ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૩૫**માં કહે છે કે **'જેને લીલાચરિત્રોનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.'**

❊ સં. ૧૮૭૯ની સાલમાં શ્રીજીમહારાજે પંચાળામાં ફૂલદોલ અને રાસોત્સવ કર્યો. આ ઉત્સવ પછી મહારાજે ગામના તમામ લોકોને શેલણ(ચોખા, ગોળ અને ઘીનું ભોજન) જમાડવાનો સંકલ્પ કર્યો. નાના-મોટા તમામને મહારાજે નિજ હસ્તે પીરસીને જમાડ્યા. જીવ-હિંસા આચરનારા દેવીપૂજકોને પણ બોલાવીને શેલણમાં સારી રીતે ઘી પીરસીને મહારાજે તૃપ્ત કરી દીધા.

થોડા સમય બાદ તે દેવીપૂજકોમાંનો એક ભાઈ માંદો પડ્યો. તેણે માંદગીમાં ખાવાનું માંગ્યું. કોઈકે જુવારનો રોટલો આપ્યો, પણ તેને તે ન ભાવ્યો. તેને તો શેલણનું જમણ જમ્યો હતો તે યાદ આવી ગયું. સાથે સાથે ઘીની તાંબડી લઈને પીરસતી મહારાજની મૂર્તિ યાદ આવી ગઈ! તેની વૃત્તિ મહારાજના સ્વરૂપમાં ચોંટી ગઈ. મહારાજે તેને ધામમાં તેડી જવા સાક્ષાત્ દર્શન દીધાં. એણે પોતાનાં સગાંઓને કહ્યું, 'પંચાળામાં જેમણે ઘી પીરસ્યું હતું તે મને બોલાવે છે. એટલે હું તેમની સાથે જાઉં છું.' એમ કહી દેહ છોડી દીધો.

મહારાજની કેવળ સ્મૃતિથી પાપીનો પણ મોક્ષ મહારાજે કર્યો.

◎ ઈ.સ.૧૯૭૦ની સાલમાં યોગીજી મહારાજ ઈંગ્લેન્ડ અને આફ્રિકામાં ડંકો મારી આવ્યા હતા. તેથી દેશમાં ઠેર-ઠેર શોભાયાત્રા અને જાહેરસભાનું આયોજન થતું.

અમરેલીમાં નગરયાત્રા પછી જાહેરસભામાં યોગીજી મહારાજ કહે, 'આ નગરયાત્રા અને

આ સભા અંતકાળે સાંભરી આવે તો ભગવાનના ધામમાં જવાય. જેણે જેણે આ નગરયાત્રામાં દર્શન કર્યાં છે તેમનો મોક્ષ થઈ ગયો. શું શોભાયાત્રા ! શું વરઘોડો ! શું અમરેલીના હરિભક્તો ! આમ, અંતકાળે પણ જેમને સ્મૃતિ થઈ આવે, તો ભગવાન તેડવા આવે.'

મહારાજ-સ્વામીનાં લીલાચરિત્ર સંભારવાથી કેવા લાભ થાય છે તે આપણે શ્રીજીમહારાજનાં વચનો તથા પ્રસંગોના આધારે સમજ્યા. હવે તે લીલાચરિત્રોને કેવી રીતે સંભારી શકાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

- **લીલાચરિત્ર કેવી રીતે સંભારવાં ?**

૧. સ્થાન સાથે ભગવાનની સ્મૃતિ કરવી :

* શ્રીજીમહારાજ આ વચનામૃત(ગઢડા પ્રથમ-૩) માં કહે છે કે, '**દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય, તો પણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે.**'

* પ્રેમાનંદ સ્વામી 'લટકાં લટકાળા ઘનશ્યામનાં રે' આ કીર્તન પદમાં મહારાજ આ ઠેકાણે નહાતા, જમતા, બેસતા વગેરે નોંધે છે. તેઓ લખે છે, 'આ ઠેકાણે ન્હાતા નટવરજી રે', 'આ ઠેકાણે જમવા બેસતા રે', 'આ ખળખળીએ ન્હાતા નાથજી રે', 'વા'લો બેસતા જઈ ફૂલબાગમાં રે.' આ રીતે પરમહંસો સ્થાન સાથે મહારાજનાં ચરિત્રો સંભારતા.

* મહંત સ્વામી મહારાજે પોતાના બંને ગુરુ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાથે ખૂબ વિચરણ કર્યું છે. તેથી તેમને જુદાં-જુદાં સ્થાનોમાં સહજપણે ગુરુહરિ સાંભરી આવે છે.

સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિ મંદિર પાસે આવેલો ખીજડો શ્રીજીમહારાજનો પ્રસાદીનો છે. અહીં મહારાજે યજ્ઞ કરેલો. મહંત સ્વામી મહારાજ સ્મૃતિ મંદિર દર્શન માટે પધારે, ત્યારે તે પ્રસાદીના ખીજડાના એક ચોક્કસ સ્થાન પર દર વખતે સ્પર્શ કરે. સેવક સંતોએ જિજ્ઞાસાવશ એકવાર તેમને પૂછ્યું કે, 'આપ ખીજડાના વૃક્ષ પર પેલી એક જ જગ્યાએ કેમ મસ્તકનો સ્પર્શ કરો છો?' ત્યારે સ્વામીશ્રી કહે, 'યોગીબાપા ત્યાં જ માથું અડાડતા.' બીજી બાજુએ સ્પર્શ કરવો સરળ હોવા છતાં યોગીબાપાને સંભારી તે ચોક્કસ સ્થાને સ્પર્શ કરે છે.

આપણે પણ સત્પુરુષનાં જુદાં-જુદાં સ્થાને દર્શન કર્યાં છે. તો તે સ્થાન સાથે જોડાયેલી સ્મૃતિ સંભારી શકાય.

૨. ભક્તો સહિત સંભારવાં :

* શ્રીજીમહારાજ આ વચનામૃત(ગઢડા પ્રથમ-૩)માં જણાવે છે કે, '**બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વેને સંભારી રાખવા.**' કદાચ ભગવાનની મૂર્તિ ભુલાઈ જાય તો સંતો-ભક્તોના યોગે ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે.

* નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યમૂર્તિ હતા. એક શ્રીજીમહારાજ વિના બીજે કોઈ ઠેકાણે બંધન નહિ, છતાં સંતો-ભક્તોનો મહિમા સમજતા. મહારાજ સાથે સંતો-ભક્તોને પણ સંભારતા. એકવાર મહારાજ વરતાલમાં જોબન પગીના ઘરે પધાર્યા. આ વાતને તેઓ 'ભક્તચિંતામણિ'માં આ રીતે નોંધે છે -

'આવ્યા હરિ સખાની હેડીએ(સંગાથે),
ઊતર્યા જોબનની મેડીએ.'

વળી, ભક્તચિંતામણિના ૭૪મા પ્રકરણમાં તેઓ કહે છે,

'નિત્ય નવી લીલા કરે, ભેળા મુનિજનને લહી.'

મહારાજની જુદી-જુદી લીલાની નોંધ કરી સાથે સંતોનો પણ ઉલ્લેખ કર્યો. નિષ્કુળાનંદ સ્વામીએ હદ તો ત્યારે કરી, જ્યારે મહારાજના ચરિત્રગ્રંથ એવા ભક્તચિંતામણિમાં પ્રકરણ ૧૧૨ થી ૧૨૭ સુધી દેશદેશના હરિભક્તોનાં

નામ લખ્યાં.

આ રીતે, સંતો-ભક્તોને સંભારીએ, અને અંતકાળે કોઈક ભક્તની સ્મૃતિ થઈ આવે તો તેને યોગે ભગવાન યાદ આવી જાય અને આપણું રૂડું થાય છે.

૩. <u>ચરિત્રોની નોંધ કરી રાખવી</u> :

* પ્રગટ ભગવાને જે જે સુખ આપ્યું હોય, તેની નોંધ કરી લઈએ, તો આપણે તે સુખને કાયમ માટે માણી શકીએ. આ આપણી મૂડી છે. જો નોંધ્યું જ ન હોય, તો કાળના ઝપાટે ઘણું સુખ વીસરી જવાય.
* હરિકૃષ્ણચરિત્રામૃતસાગરના રચયિતા માધવદાસ સ્વામીએ ખૂબ સારી રીતે મહારાજનાં ચરિત્રોની નોંધ કરી હતી. તેઓ કહેતા કે મેં,
  ૭૦ સમૈયામાં શ્રીહરિનો લાભ લીધો છે,
  ૮ વાર શ્રીહરિને રાસ કરતા દીઠા છે,
  ૬ વાર મુગટ સાથે શ્રીહરિને જોયા છે,
  ૨૨ વાર શ્રીહરિ મને ભેટ્યા છે,
  ૨૨૨ વાર શ્રીહરિનો સ્પર્શ કર્યો છે,
  ૨૫૦ જગ્યાએ વાતો સાંભળી છે,
  ૪૦૦ વાર જમતા જોયા છે,
  ૯૧૩ વાર ઘોડા પર દીઠા છે, વગેરે વગેરે...
* આપણે પણ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો ઘણીવાર લાભ લીધો છે. તેઓને નિત્યપૂજા કરતા જોયા છે, આશીર્વાદ આપતા સાંભળ્યા છે, વ્યક્તિગત મુલાકાત લીધી છે, પ્રસાદ જમ્યા છીએ વગેરે વગેરે... પણ નોંધ્યા વગરનાં ચરિત્રો મોટે ભાગે ભુલાઈ જતાં હોય છે. નોંધેલાં ચરિત્રોને વાગોળવાનું સુખ અનેરું હોય છે.

૪. <u>ચરિત્રો બીજાને કહેવાં</u> :

* સામાન્યતઃ લોકમાં જેને જે વસ્તુ ગમી હોય તે બીજા ચાર-પાંચ જણને કહે. દા.ત. કોઈ ભોજનની વાનગી હોય, કોઈ ફિલ્મ પોતાને ગમી હોય તો અન્યને વાત કરે. તેમ આપણને સત્પુરુષનું જે ચરિત્ર ગમ્યું હોય, તે બીજાને કહેવું જોઈએ. તેનાથી આપણા અંતરમાં તે ચરિત્ર વધુ દૃઢ થાય છે.
* ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદ સ્વામીએ ચાતુર્માસ દરમ્યાન તપ કરવા ઉપરાંત દિવસે ન સૂવાનો વિશેષ નિયમ લીધો. તેમણે લીધેલ આ વિશેષ નિયમની વાત સાંભળી ગુણાતીતાનંદ સ્વામી ખૂબ રાજી થયા. ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તમે જ્યારે આવો આકરો નિયમ લીધો છે, ત્યારે અમે પણ તમને શ્રીજીમહારાજની લીલાની વાતું રોજ કરીશું.'

  'સ્વામીની વાતો' ગ્રંથ વાંચતાં પણ ખ્યાલ આવે છે કે ગુણાતીતાનંદ સ્વામી અનેકવાર શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોને સંભારે છે.
* ભક્તરાજ હર્ષદભાઈ દવે કહેતા કે, 'મને શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજના જીવન પ્રસંગો ૧૦૦ થી વધુ વાર કહેલા છે.' શ્રોતા અને વક્તા -બે માંથી કોઈના ઉત્સાહમાં ઊણપ આવી નથી.

  માટે, આપણે જે ચરિત્રો નિહાળ્યાં હોય, સાંભળ્યાં હોય તેની વાત બીજાને કરવી, તેની ગોષ્ઠિ કરવી.

૫. <u>ચરિત્રો સંભારવાની અન્ય રીત</u> :

* સદ્. ત્યાગવલ્લભ સ્વામીએ એક શિબિરમાં સ્મૃતિ કરવાની રીત જણાવતાં કહેલું કે, 'સત્પુરુષે જે લાભ આપ્યો હોય તેની સ્મૃતિ કરવી, બીજાને લાભ આપ્યો હોય તેની પણ સ્મૃતિ થઈ શકે. આપણી રોજિંદી ક્રિયામાં પણ તેમનાં ચરિત્રો સંભારી શકાય. દા.ત. જમવું, પાણી પીવું, નાહવું વગેરે. ચેષ્ટાગાન વગેરેમાં પણ સત્પુરુષનાં ચરિત્રો સંભારી શકાય.'
* અંતમાં, આપણે મહારાજ-સ્વામી અને ગુરુહરિને એ જ પ્રાર્થના કરીએ કે આપે જે લીલાચરિત્રોનું સુખ આપ્યું છે, તેને અમે પોતાનું બનાવી શકીએ અને આપના ધામને પામીએ.

૧૯. વચનામૃત : ગઢડા પ્રથમ - ૪ : નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમનું ચોથું : નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૭ સપ્તમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.' ત્યારે આનંદાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! ઈર્ષ્યા તો રહે છે.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી. જેમ એક સમયને વિષે નારદજી અને તુંબરુ એ બે વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા. તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું, તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ એ બેય પ્રસન્ન થઈને તુંબરુને પોતાનાં વસ્ત્ર, આભૂષણ આપ્યાં. ત્યારે નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી જે, 'હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું અને ભગવાનને પ્રસન્ન કરું.' પછી નારદજી ગાનવિદ્યા શીખતા હવા અને ભગવાન આગળ ગાતા હવા. ત્યારે ભગવાને કહ્યું જે, 'તમને તુંબરુના જેવું ગાતાં નથી આવડતું.' પછી વળી શિવ ઉપર તપ કરીને શિવ થકી વર પામીને ગાનવિદ્યા શીખીને ભગવાન આગળ ગાવતા હવા, તો પણ ભગવાન એની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાયા, તો પણ ભગવાન પ્રસન્ન ન થયા. પછી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન આગળ દ્વારિકામાં ગાવતા હવા. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્ર, અલંકાર નારદજીને આપ્યાં. ત્યારે નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા મેલી. માટે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા. અને તેવું ન થવાય અને ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ચોથું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો,</u> '◎' <u>નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ વચનામૃત ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીનો ગ્રંથ છે. આ ગ્રંથમાં તેમણે ન કેવળ શાસ્ત્રોની અને તત્ત્વજ્ઞાનની ગહન ચર્ચાઓ કરી છે, પરંતુ ભક્તને સાધનામાર્ગમાં વિક્ષેપરૂપ થતાં આંતર-બાહ્ય વિઘ્નો અને તેનાથી ઊગરવાના વિવિધ ઉપાયોનું પણ નિરૂપણ કર્યું છે.

ગુજરાતી સાહિત્યકાર શ્રી દિલાવરસિંહ જાડેજા કહેતા કે, 'વટવૃક્ષ જે રીતે બળબળતા તાપથી પથિકનું રક્ષણ કરે છે ને શાતા આપે છે, તે રીતે શ્રીજીમહારાજ અનેકવિધ સંઘર્ષો ને વેદનાઓમાંથી વચનામૃતની વાણી દ્વારા અભીપ્સુઓ (ઇચ્છુકો) માટે એક રક્ષાકવચ રચી આપે છે.'

ખરેખર, મનુષ્ય આજે ત્રણ તાપથી પીડાઈ રહ્યો છે. કામ-ક્રોધાદિ સ્વભાવ તેને દુઃખી કરી રહ્યા છે, પણ એ વાતથી તે અજાણ છે. કેટલાકને એ વાતનો ખ્યાલ છે, પણ જે તે સ્વભાવ કેવી રીતે ટાળી શકાય તેનો ખ્યાલ નથી. શ્રીજીમહારાજે

આ ગ્રંથમાં સુખી થવામાં વિઘ્નરૂપ સ્વભાવોનું નિરૂપણ તો કર્યું જ છે, સાથે સાથે તેનાથી મુક્ત થવાની ચાવી પણ બતાવી છે.

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કૃપાવચન ઉચ્ચારે છે. તેઓ કહે છે કે, 'ભગવાનના ભક્તે પરસ્પર ઈર્ષ્યા ન કરવી.'

❋ શ્રીજીમહારાજનું આ વચન સાંભળી સામે બેઠેલા આનંદાનંદ સ્વામી નિષ્કપટભાવે કહે છે કે, 'હે મહારાજ! ઈર્ષ્યા તો રહે છે.'

અહીં શ્રીજીમહારાજ અને શ્રોતાગણ વચ્ચેનો વાર્તાલાપ સહજ છે, વાતાવરણ નિખાલસભર્યું છે, તે જણાઈ આવે છે. મહારાજની સામે આધ્યાત્મિક પ્રગતિને ઝંખતા અને સતત સંઘર્ષ કરનારા અત્યંત પ્રામાણિક સંતો-ભક્તો હતા. તેથી પોતાને નડતા સ્વભાવની વાત જાહેરમાં કરી શકે છે.

❋ પોતાના આશ્રિત ભક્તોમાં ઈર્ષ્યાનો સ્વભાવ ન રહે તેથી તેને ટાળવાનો ઉપાય મહારાજે આગળ જણાવ્યો છે, પણ તે પૂર્વે ઈર્ષ્યાનું રૂપ જાણવાનો થોડો પ્રયત્ન કરીએ.

● **ઈર્ષ્યાનું રૂપ (લક્ષણ) :**

❋ શ્રીજીમહારાજ વચનામૃત **સારંગપુર-૮**માં કહે છે કે, '**યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે કોઈની મોટાઈ દેખી શકે નહિ.**' આપણે આ વાક્યને સમજવા થોડો પ્રયત્ન કરીએ. ઈર્ષ્યાવાળો બરોબરિયાની મોટાઈ તો સહન ન જ કરી શકે, પરંતુ પોતાનાથી નાના અથવા મોટાની પણ સહી ન શકે.

૧. <u>ઈર્ષ્યાવાળો પોતાથી નાનાની પ્રગતિ ખમી શકે નહિ</u> :

❋ જર્મનીમાં એક લેખિકા હતી. તે સારી નવલકથાકાર હતી. તેનો પુત્ર પણ ખૂબ જ તેજસ્વી હતો. તે પુત્ર પણ ગર્ભમાંથી જ લેખક તરીકેનું કૌશલ્ય લઈ જન્મેલો.- સ્કૂલમાં ભણતો ત્યારથી જ તે લખવા માંડેલો ! નાનપણમાં જ બાળકે સારી સારી વાર્તા અને લેખ લખવા માંડેલાં. માતાને આ જોઈને ચિંતા થઈ કે મારા કરતાં મારા પુત્રની પ્રસિદ્ધિ વધશે! મારી નવલકથાનો કોઈ ભાવ નહિ પૂછે! એક દિવસ આ બાબતે માતા-પુત્રમાં ઝઘડો થયો. માતાએ પુત્રને સીડી પરથી ધક્કો મારી નીચે ફેંકી દીધો. પુત્ર જીવતો તો બચી ગયો, પરંતુ જીવ્યો ત્યાં સુધી સ્ત્રી જાતિને તિરસ્કારની ભાવનાથી જોતો રહ્યો. એ પુત્ર એટલે પ્રસિદ્ધ જર્મન તત્ત્વચિંતક શોપન હોવર !

પુત્રની પ્રગતિથી માતા તો રાજી થાય, પરંતુ માનની ભાવનામાંથી જન્મેલી ઈર્ષ્યાથી પુત્ર સાથે પણ સ્પર્ધાની ભાવના જન્મે છે !

૨. <u>ઈર્ષ્યાવાળો સાથેનાની મોટાઈ દેખી શકે નહિ</u> :

❋ નવ યોગેશ્વરો એક રાજાને ત્યાં ગયા. પ્રબુદ્ધ નામના યોગેશ્વરે સારી કથા કરી. બીજા આઠને થયું કે આપણે ઝાંખા પડી ગયા. ઈર્ષ્યાથી તેને મારવા ગાંસડીમાં બાંધી કૂવામાં નાખવા તૈયાર થયા. પ્રબુદ્ધે માફી માગી. ખાતરી આપી કે હવે તે કથા નહિ કરે ત્યારે તેને છોડ્યો.

આવી ઈર્ષ્યા વિદ્યાર્થીઓમાં, નોકરીમાં સહકર્મચારીઓમાં તથા પાડોશીઓ વચ્ચે અને કુટુંબના સભ્યો વચ્ચે જોવા મળે છે.

૩. <u>ઈર્ષ્યાવાળાને પોતાનાથી મોટા હોય તેનું સન્માન દેખી ઈર્ષ્યા થાય</u> :

❋ શ્રીજીમહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી વેદાંતાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરવા વડોદરા ગયા. મુક્તાનંદ સ્વામીની સાધુતાના પ્રભાવ અને વેદના મહાવાક્યોના પ્રશ્નથી વેદાંતાચાર્ય નિરુત્તર બની રહ્યા. મુક્તાનંદ સ્વામીનો વિજય થયો. આ સમાચાર ગઢપુરમાં શ્રીજીમહારાજને મળ્યા. તેમણે રાજી થઈ પોશે પોશે સાકર સૌને વહેંચી.

પણ મુક્તાનંદ સ્વામીની થતી પ્રશસ્તિ ન જીરવી શકવાથી નિર્વિકલ્પાનંદ તેમજ હર્યાનંદ નામના સંતોએ શ્રીજીમહારાજને કહ્યું, 'એમાં

મુક્તાનંદ સ્વામીએ શું મોટી ધાડ મારી દીધી ? અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરી આવત.' આવા ઈર્ષ્યાના શબ્દો સાંભળી મહારાજ ખિન્ન થઈ ગયા. અક્ષરઓરડીમાંથી બહાર આવવાનું બંધ કરી દીધું અને સત્સંગ છોડી વનમાં જવાનો સંકલ્પ પણ કર્યો!

❊ ઈર્ષ્યાવાળો કોઈ પણ વ્યક્તિનો લૌકિક, નૈતિક કે આધ્યાત્મિક ઉત્કર્ષ સહન કરી શકતો નથી. બીજાના ઉત્કર્ષથી એના અંતરમાં અસંતોષ, અજંપો, ઉદ્વેગ, દુઃખ ઉત્પન્ન થાય છે. બીજાના ઉત્કર્ષમાં કંઈક વિઘ્ન આવે, એને કોઈક મુશ્કેલી ઊભી થાય, કોઈક પ્રકારનું દુઃખ થાય, સમાજમાં અપકીર્તિ થાય તો ઈર્ષ્યાળુના અંતરમાં આનંદ થાય છે. ઈર્ષ્યાની જ્યારે પ્રબળતા વધે ત્યારે તે વ્યક્તિ બીજાનો ઉત્કર્ષ ઝાંખો પડે, તેને કંઈક નુકસાન થાય, સમાજમાં તે કલંકિત થાય તે માટે અંતરમાં ઈચ્છા કરે, ભગવાનની માનતા માને, અને ક્યારેક તો બીજા દ્વારે એવી પ્રવૃત્તિ કરાવે અને ક્યારેક તો પોતે જ તે માટે મંડી પડે. ઈર્ષ્યાગ્નિ વૈરાગ્નિમાં પરિણમે છે ત્યારે તેને સત્-અસત, કર્તવ્ય-અકર્તવ્યનો કોઈ વિવેક રહેતો નથી.

❊ ટૂંકમાં, ઈર્ષ્યાનું લક્ષણ કરવું હોય તો આવું કરી શકાય :

- બીજાનું સુખ જોઈને પોતાને દુઃખ થાય, સહન ન કરી શકે.
- બીજાનું દુઃખ જોઈને પોતાને સુખ થાય, અંતરમાં રાજી થાય.

● **<u>ઈર્ષ્યાથી નુકસાન</u> :**

ઈર્ષ્યાનો અગ્નિ પોતાને તો દઝાડે છે પણ બીજાને પણ એની આગ લગાડે છે. જો આ આગ વધુ પ્રજ્વલિત બને તો કુટુંબ, જ્ઞાતિ, સમાજ, દેશ કે વિશ્વનું નુકસાન થવામાં કાંઈ બાકી રહેતું નથી. માનવજાતનો ઈતિહાસ અનેક દૃષ્ટાંતો દ્વારા સાક્ષી પૂરે છે કે ઈર્ષ્યાને લીધે વ્યક્તિએ પોતાનું, બીજાનું, જ્ઞાતિનું, ગામનું, રાજ્યનું, દેશનું કે વિશ્વનું કેટલું નુકસાન કર્યું છે.

૧. <u>દેશને નુકસાન</u> :

❊ સ્વિત્ઝર્લેન્ડ દેશના બ્રિગેડિયર જનરલ જીન લુઈસને પ્રમોશન મેળવી ચીફ બનવાની ખૂબ જ મહત્ત્વાકાંક્ષા હતી, પરંતુ તેને આ તક ન મળી. તેને નિવૃત્ત થવામાં થોડાં જ વર્ષ બાકી હતાં એટલે તેના સમકક્ષ બીજા ઓફિસરને આર્મી ચીફ બનાવવામાં આવ્યો! જીન લુઈસ આ નિર્ણયથી બળી મર્યો! ઈર્ષ્યા જાગી એટલે નવા આર્મી ચીફનું ખોટું દેખાય, તે પાછો પડે, તે માટે તેણે લશ્કરના ખાનગી દસ્તાવેજો રશિયાને આપી દીધા! અને નવા આર્મી ચીફને તકલીફ ઊભી થઈ. તેની અપકીર્તિ થઈ, પરંતુ કપટ ક્યાં સુધી છૂપું રહે?! જીન લુઈસ ૬૭ વર્ષે નિવૃત્ત થયા તેના બીજા જ વર્ષે તેને દેશદ્રોહ બદલ ૧૮ વર્ષની જેલ થઈ! રશિયા એ દસ્તાવેજોને આધારે સ્વિત્ઝર્લેન્ડને બ્લેકમેઈલ કરી દબાવવા લાગ્યું. એક વ્યક્તિની ઈર્ષ્યાને કારણે આખા દેશને સહન કરવું પડ્યું.

૨. <u>વ્યક્તિગત નુકસાન</u> :

❊ અમરેલી પાસેના એક ગામના એક યુવકની વાત છે. તેણે એન્જિનિયરિંગમાં તો અભ્યાસ પૂર્ણ કર્યો, પરંતુ એક વર્ષ સુધી નોકરી ન મળી ! આ યુવક એક કંપનીમાં ઈન્ટરવ્યૂ આપવા બેંગ્લોર ગયો. તેણે મનમાં નક્કી કર્યું હતું કે ૫ હજારનો પગાર મળે તોય આ નોકરી લઈ લેવી છે. ઈન્ટરવ્યૂમાં પાસ થયો. એટલે કંપનીવાળાએ પૂછ્યું, 'તમે કેટલા પગારની આશા રાખો છો ?' પેલો ૪-૫ હજાર બોલવા જતો હતો, પરંતુ એણે સામે પૂછ્યું, 'તમે મને કેટલો પગાર આપી શકશો ?' કંપનીવાળાએ કહ્યું, 'અમારી પરિસ્થિતિ મુજબ અમે તમને રૂ. ૫૦ હજારથી વધારે પગાર નહીં આપી શકીએ!' પેલાએ રાજી થઈને નોકરી સ્વીકારી

લીધી. કારણ કે ૫ હજારની અપેક્ષા હતી અને ૫૦ હજાર મળવાના હતા !

નોકરીના બે મહિના બાદ જ સંતો પાસે આવીને તે યુવક રડવા લાગ્યો, 'સ્વામી, મને ખૂબ જ દુઃખ છે !' સંતોએ દુઃખનું કારણ પૂછ્યું તો તે યુવક કહેવા લાગ્યો કે, ' મારો પગાર ૫૦ હજાર છે, મારી સાથેના કર્મચારીઓનું ભણતર મારા જેટલું જ છે, તેમ છતાં એકનો ૬૫ હજાર પગાર છે અને બીજાનો ૭૨ હજાર પગાર છે. પગારમાં આવો ભેદ મારાથી સહન થતો નથી! મને સતત બળતરા રહ્યા કરે છે!' સંતોએ આવી ઈર્ષ્યા મૂકી દેવા સમજાવ્યો, ત્યારે પોતાની વિટંબણા રજૂ કરતાં તે કહે, 'સ્વામી! મને ખબર છે કે આ ઈર્ષ્યા જ મને દુઃખી કરે છે, છતાં રોજ આ સહકર્મચારીઓને જોઉં ને પ્રથમ વિચાર આ જ આવે છે ને દુઃખી દુઃખી થઈ જવાય છે !'

પોતાને તો અપેક્ષા કરતાં ૧૦ ગણું મળ્યું હતું, છતાં બીજાને વધારે મળ્યું તેનાથી અંતરમાં અજંપો, અશાંતિ થયાં. કારણ ઈર્ષ્યા!

* એટલે જ આવી ઈર્ષ્યા માટે કોઈએ કહ્યું છે :
જલાવીને કરી દે ભસ્મ, એવી આગ છે ઈર્ષ્યા,
અદીઠા ડંખ દઈ પીડ્યા કરે, એ નાગ છે ઈર્ષ્યા.

ઈર્ષ્યા માણસને અંદરથી બાળી નાખે, દુઃખી દુઃખી કરી નાંખે છે! ઈર્ષ્યાવાળો માણસ પોતાનું સુખ પણ ભોગવી શકતો નથી!

* આવી ઈર્ષ્યા ન હોય તેને શાંતિ અને આનંદ વર્તે છે. ભલે ને પછી પોતાની પાસે સંપત્તિ હોય કે ન હોય!

૩. <u>આધ્યાત્મિક નુકસાન</u> :

* આપણે આધ્યાત્મિક માર્ગે ચાલ્યા છીએ, તેથી આપણને તો લૌકિક ઉપરાંત આધ્યાત્મિક નુકસાન પણ ભોગવવું પડે છે. એ નુકસાન લૌકિક નુકસાન કરતાં ઘણું મોટું છે.

i) <u>ભગવાનની અસેવા થાય છે</u> :

* શ્રીજીમહારાજને એક ગામમાં નાની બહેને જમવા તેડ્યા. તે જોઈ મોટી બહેનને ઈર્ષ્યા આવી. બંને બહેનો ખરેખરી સત્સંગી હતી, છતાં નાની બહેન ઉપરની ઈર્ષ્યાને લીધે, તૈયાર રસોઈમાં મોટી બહેને છાની રીતે મીઠું નાખી દીધું. મહારાજ જમ્યા ને નાની બહેનની રસોઈ વખાણી. મોટીથી આ સહન ન થયું. તેણે બીજા દિવસે વધુ મીઠું નાખ્યું. મહારાજ ઓર વખાણતા જાય ને જમતા જાય. સાંભળી મોટી બહેનને રૂંવાડે રૂંવાડે આગ બળે. ત્રણ દિવસ આવું ચાલ્યું. ચોથે દિવસે મહારાજ જવાના થયા ત્યારે મોટી બહેને મહારાજને કહ્યું, 'તમે આજ સુધી નાનીના હાથની રસોઈ જમ્યા, પણ એકવાર મારા હાથની તો જમો.' મહારાજે મર્મમાં કહ્યું, 'કહો ન કહો, આ રસોઈમાં હાથ તો તમારો જ હતો.' આમ, વ્યંગ કરી નાની બહેનની ભક્તિ સ્વીકારી મહારાજ નીકળી ગયા.

આમ, પોતાની ઈર્ષ્યાને લીધે ભગવાન, પોતાના ઈષ્ટદેવને પણ વધારે મીઠાવાળું ખવડાવી દીધું !

ii) <u>ભગવાનનો દ્રોહ થાય</u> :

* સત્સંગ માટે આપણે તન-મન-ધનથી સેવા કરીએ, ઘસાઈ છૂટીએ પણ જો ભક્તો સાથે આંટી કે ઈર્ષ્યા હોય, તેને પાછા પાડવાના સંકલ્પ થતા હોય અથવા એવી ક્રિયા થઈ જતી હોય, તો આપણે ગંભીર ભૂલ કરી રહ્યા છીએ. આપણને જે વ્યક્તિની ઈર્ષ્યા છે, તેનો પક્ષ જો કોઈ હરિભક્ત અથવા સંત રાખે, તો આપણાથી તેમનો પણ દ્રોહ થઈ જતો હોય છે. અને સત્પુરુષ તે વ્યક્તિનો પક્ષ રાખે, તો તેમનો પણ દ્રોહ થઈ જતો હોય છે.

* ઈર્ષ્યા સૌને નુકસાનકારક છે જ, પરંતુ ભક્ત માટે ઈર્ષ્યા વધુ નુકસાનકારક છે. કારણ કે ભક્તને જે પ્રાપ્ત થયું છે અથવા થવાનું છે, તેને તે આવા

સ્વભાવને લીધે ગુમાવી બેસે છે. શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૨૮**માં કહે છે, **'ભક્ત ભગવાનના ધામમાં છે ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે.'** જો કે કોઈ ઈર્ષ્યાવાળો ભક્ત અક્ષરધામમાં તો જઈ જ શકતો નથી, પણ અહીં એમ સમજવાનું કે ઈર્ષ્યાવાળાને ભગવાનનો સંબંધ છૂટી જાય છે. તેથી ભક્તે પરસ્પર ઈર્ષ્યા ન કરવી જોઈએ.

આમ, ઈર્ષ્યાના સ્વભાવથી કોઈ ક્યારેય સુખી થઈ શકે નહિ, માટે જીવનમાંથી આ સ્વભાવને હંમેશને માટે તિલાંજલિ આપી દેવી જોઈએ.

● **ઈર્ષ્યા ટાળવાનો ઉપાય :**

૧. <u>નારદજીના જેવી ઈર્ષ્યા કરવી :</u>

ઈર્ષ્યા ટાળવા માટે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં લિંગમહાપુરાણ નામના શાસ્ત્રના આધારે નારદજીના જેવી ઈર્ષ્યા કરવાની વાત કરી રહ્યા છે. (નારદજી અને તુંબરુના પ્રસંગનું વર્ણન વચનામૃત પ્રમાણે કરવું.)

* જેમ નારદજી નમ્ર થઈ મોટપ મૂકી ને તુંબરુ આગળ નમ્યા અને તેમાંથી ગુણ શીખ્યા, તો ભગવાન રાજી થયા; તેમ જેના પર ઈર્ષ્યા હોય તેની આગળ નમ્ર થઈ, તેની પાસેથી તેના જેવા ગુણ શીખીએ તો પ્રગતિ થાય, અને ઈર્ષ્યાથી અનર્થ ન સર્જાય !

◎ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન અભ્યાસ બાદ તુરત જ વકીલાત કરતા. તેઓના પ્રતિસ્પર્ધી વકીલ મિ. એડવીન સ્ટેનટન, લિંકનનું ખૂબ અપમાન કરતા. એકવાર તો લિંકને લડવા માટે લીધેલો કેસ તેણે લઈ લીધો, અને લિંકને તૈયાર કરેલી માહિતીને પ્રભાવક રીતે રજૂ કરીને કેસ જીત્યો ! લિંકનને આ અંગે કો'કે પૂછ્યું તો તે કહે : 'એના જેવી પ્રભાવક રજૂઆત કરતાં મને નથી ફાવતું. એણે રજૂઆત કરી તેથી કેસ જીત્યો. મારે આગળ વધવા માટે એની પાસેથી એની જેમ રજૂઆત શીખવી જ જોઈશે !'

આમ, લિંકને પ્રતિસ્પર્ધીનો અવગુણ લેવાને બદલે તેનો ગુણ લીધો, અને પોતે ઈર્ષ્યાની આગથી મુક્ત રહ્યા.

૨. <u>રાજીપાનો વિચાર</u> :

* ઈર્ષ્યા ટાળવાનો બીજો મોટો ઉપાય એ છે કે ભગવાનને આ કુસ્વભાવ નથી ગમતો, એટલે ભગવાનને રાજી કરવા માટે પણ આ સ્વભાવનો ત્યાગ આપણે કરવો જોઈએ.

* શ્રીજીમહારાજે **ગઢડા પ્રથમ ૭૬**ના વચનામૃતમાં કહ્યું છે, **'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની આ ચાર પ્રકારના હરિભક્ત સાથે અમારે બને નહિ.'** મહારાજને જેની સાથે ન બને તેના પર મહારાજનો રાજીપો કેવી રીતે થાય ? અને મુક્તિ પણ કેવી રીતે થાય ? માટે શ્રીજીમહારાજનો રાજીપો લેવા સારુ પણ આ સ્વભાવનો ત્યાગ કરવો જોઈએ.

૩. <u>ભગવાનના કર્તૃત્વનો વિચાર :</u>

* કોઈની પ્રગતિ જોઈને ભગવાનના કર્તાપણાનો વિચાર કરીએ કે 'જે કરે છે તે ભગવાન કરે છે.' તો તેની ઉપર ઈર્ષ્યા ન આવે. 'એના દ્વારા ભગવાન ને સંતને એવી સેવા લેવી હશે, તેથી એને એવી આવડત આપી !' આવા વિચારથી ઈર્ષ્યા ત્યાગ થાય છે અને પ્રગતિ થાય છે.

* સદ્.કોઠારી સ્વામી (ભક્તિપ્રિયદાસ સ્વામી)ને સંતોએ પ્રશ્ન પૂછ્યો હતો : 'આપ પૂ. વિવેકસાગર સ્વામી કે પૂ. ડોક્ટર સ્વામી જેવું સારું પ્રવચન કરી શકતા નથી. વિવેકસાગર સ્વામી સારું વચન કરી શકે છે તેથી તેઓ દેશ-વિદેશમાં સભા ડોલાવે છે ! તો આપને ઓછપ અનુભવાતી નથી ?' તેમણે જવાબમાં ઉપરોક્ત વિચાર આપ્યો હતો, 'એમના દ્વારા મહારાજને એ રીતે સેવા લેવી છે તો એમને એવી શક્તિ આપી

છે. તેથી મારે રાજી થવાનું હોય કે એમના દ્વારા સંસ્થાની કેવી સારી સેવા થાય છે!'

૪. <u>ગુણાતીત સત્પુરુષમાંથી પ્રેરણા લેવી :</u>

❊ મહાન પુરુષોએ પોતાના જીવન દ્વારા બોધ આપ્યો છે કે ક્યારેય કોઈના પ્રત્યે ઈર્ષ્યા - અદેખાઈ ન રાખો. તેમના આવા શુદ્ધ અને પવિત્ર આચરણથી જ તેમની મહાનતા આજે પણ આપણે ભૂલી શકતા નથી.

◎ એક વખત એટલાન્ટા (અમેરિકા)ના એક હરિભક્ત ભારત આવ્યા. પ્રમુખસ્વામી મહારાજને મળીને પોતાના સેન્ટરનો રિપોર્ટ આપ્યો. ત્યાર બાદ તેમણે વાત કરી, 'આપણા મંદિરની બાજુમાં જ બીજું અન્ય સંપ્રદાયનું મંદિર થયું છે.' તે હરિભક્તનો કહેવાનો ભાવ એવો હતો કે હવે આપણા મંદિરમાં હરિભક્તોની સંખ્યા ઓછી થઈ જશે. તેમનું વાક્ય જેવું પૂરું થયું કે તરત સ્વામીબાપા બોલ્યા, 'ક્લબ તો નથી થઈ ને ? થિયેટર તો નથી થયું ને ?'

સ્વામીબાપાની કેવી વિરલ ભાવના! સાધુતાના ઉચ્ચ શિખરે બિરાજેલા સ્વામીબાપા એક વખત બોલેલા, 'મને કોઈનું અહિત થાય તેવો વિચાર ક્યારેય આવ્યો નથી.'

❊ તા.૨૯/૨/૧૯૮૦ની સવારે પ્રમુખસ્વામી મહારાજ મહુવામાં ભગતજી મહારાજના સ્મૃતિસ્થાને પધાર્યા હતા. અહીં નદી કાંઠે સંસ્થાને બે એકર જમીન સરકાર દ્વારા ફાળવવામાં આવેલી. તેની બાજુમાં જ એક એકર જમીન જૂના સ્વામિનારાયણ મંદિરની હતી. તત્કાલીન કલેક્ટરે તે એક એકર જમીન પણ બી.એ.પી.એસ. સંસ્થાને ફાળવી કુલ ત્રણ એકર જમીન સંસ્થાના નામે કરી દીધેલી. તેના બદલામાં જૂના મંદિરને પણ અન્ય ચાર એકર જમીન કલેક્ટરે આપી હતી.

આપણી સંસ્થા કરતાં તે સંસ્થાને એક એકર જમીન વધુ ફાળવવાની આ વિગત જાણી પ્રમુખસ્વામી મહારાજ રાજી થયા. તેમણે કહ્યું, "ગોંડલમાં ભગવત્સિંહ બાપુએ નવા મંદિરને પચાસ રૂપિયાનો માસિક થાળ બાંધ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે પૂછેલું, 'જૂના મંદિરે કેટલા આપો છો ?' ત્યારે જવાબ મળ્યો, 'ચાલીસ.' તે વખતે શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'તો તેમને પચાસ આપો અથવા અમારા ચાલીસ કરો; એમ સરખું રાખો.' પછી બંનેના પચાસ રૂપિયા કરેલા ! એમ અહીં પણ આપણા કરતાં એમનું અધિક થયું તે સારું થયું."

સ્વામીબાપાને ક્યારેય કોઈની સાથે સ્પર્ધાનો ભાવ નહોતો. અન્યને વધુ મળે તેમાં તેઓ રાજી જ રહેતા.

❊ ૨૦૧૮ની સાલમાં ગોલ્ડકોસ્ટ (ઓસ્ટ્રેલિયા)માં મહંત સ્વામી મહારાજ સંતો સાથે સહજગોષ્ઠિમાં કહેવા લાગ્યા, 'કોઈ વ્યક્તિ આપણું હિત ઇચ્છે કે ન ઇચ્છે, પણ આપણે બધાનું હિત ઇચ્છવું. તેમાં મજા આવે.' સંતોએ પૂછ્યું કે, 'આપણું અહિત ઇચ્છનારને દંડ આપવો જોઈએ ને?' ત્યારે સ્વામીશ્રી અસંમતિ પુરાવતાં કહે, 'હિત... હિત, હિત... ભગવાન એનું સારું કરે. બસ એ જ વિચારવું.' વિરોધી પ્રત્યે પણ ઈર્ષ્યા નહીં! કેવી ઉચ્ચ ભૂમિકા છે!

❊ આવા સત્પુરુષના પ્રસંગથી આપણે પણ આવા કુસ્વભાવોથી મુક્ત થઈ શકીએ છીએ. મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે અમને સત્સંગ કે વ્યવહારમાં આ ઈર્ષ્યા ક્યારેય બાળે નહિ. આપને ન ગમે તેવો એકેય સ્વભાવ અમે રાખીએ નહિ. આપને ગમે, તેવી રીતે જ નિર્મળ અને પવિત્ર જીવન જીવી, આપનો રાજીપો પ્રાપ્ત કરી અક્ષરધામના અધિકારી બનીએ.

૫. વચનામૃત : ગઢડા પ્રથમ-૪ : નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૪થું - નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૭ સપ્તમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.' ત્યારે આનંદાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! ઈર્ષ્યા તો રહે છે.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી. જેમ એક સમયને વિષે નારદજી અને તુંબરુ એ બે વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા. તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું, તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ એ બેય પ્રસન્ન થઈને તુંબરુને પોતાનાં વસ્ત્ર,આભૂષણ આપ્યાં ત્યારે નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી જે, 'હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું અને ભગવાનને પ્રસન્ન કરું.' પછી નારદજી ગાનવિદ્યા શીખતા હવા અને ભગવાન આગળ ગાતા હવા ત્યારે ભગવાને કહ્યું જે, 'તમને તુંબરુના જેવું ગાતાં નથી આવડતું.' પછી વળી શિવ ઉપર તપ કરીને શિવ થકી વર પામીને ગાનવિદ્યા શીખીને ભગવાન આગળ ગાવતા હવા, તોપણ ભગવાન એની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાયા, તોપણ ભગવાન પ્રસન્ન ન થયા. પછી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણ ભગવાન આગળ દ્વારિકામાં ગાવતા હવા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્ર, અલંકાર નારદજીને આપ્યાં ત્યારે નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા મેલી. માટે **ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા. અને તેવું ન થવાય અને ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો."**

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૪થું વચનામૃત થયું.

❊ આ વચનામૃતમાં મહારાજ ઈર્ષ્યા ત્યાગ કરવાની આજ્ઞા કરી તે ત્યાગવાની વિશિષ્ટ રીત બતાવે છે.

❊ મહારાજ કહે છે ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.

● **ઈર્ષ્યાના લક્ષણો :**

❊ સૌપ્રથમ એ જોઈએ કે ઈર્ષ્યા એટલે શું ?

❊ 'જેની ઉપર ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય એ ઈર્ષ્યાનું લક્ષણ છે.' **વચનામૃત ગઢડા પ્રથમ-૭૧**

❊ આવી ઈર્ષ્યા દુર્યોધનને હતી. પાંડવોએ ઈંદ્રપ્રસ્થમાં રાજસૂય યજ્ઞ આરંભ્યો. દેશદેશથી બધાને આમંત્ર્યા. હસ્તિનાપુરથી કૌરવોને પણ બોલાવ્યા. તમામ પરિવારજનોને યજ્ઞના આયોજન સંબંધી જવાબદારીઓ સોંપી. દુર્યોધનને ભાગે દેશદેશના રાજાઓએ યુધિષ્ઠિરને આપેલ ભેટસોગાદોની વ્યવસ્થા કરવાનું કાર્ય આવ્યું. રાજાઓની કીમતી ભેટ પાંડવોના ખજાનામાં જમા થતી. કૃષ્ણ પણ અનંત રત્નો અને આભૂષણો લાવ્યા હતા. આ બધું તથા ઈંદ્રપ્રસ્થનો વૈભવ જોઈને દુર્યોધનને ઈર્ષ્યા થઈ. આટલી ભેટસોગાદ મને પણ ક્યારેય

મળી નથી ! તેનું શરીર પીળું પડતું. દુઃખમાં ને દુઃખમાં તે ખાતો પણ નહિ ! શકુનિએ આ જોઈ ધૃતરાષ્ટ્ર દ્વારા દુર્યોધનને કારણ પુછાવ્યું. દુર્યોધને પોતાના દગ્ધ અંતઃકરણની વાત કરી : 'આ લોકોની સુખ-સંપત્તિ મને અંદરથી કોરી ખાય છે ! મને ખાવાનુંય ભાવતું નથી ! આનો ઉપાય કરો ! પાંડવો દુઃખી નહિ થાય ત્યાં સુધી મને સુખ થશે નહિ !'

પછી તો શકુનિની સૂચના પ્રમાણે બધાએ ભેગા થઈને જુગાર રમવા યુધિષ્ઠિરને આમંત્રણ આપ્યું. કપટદ્યૂત રમાયો, તેમાં યુધિષ્ઠિરને હરાવ્યા. પાંડવોને વનવાસ મળ્યો. ઇંદ્રપ્રસ્થ કૌરવોનું થયું ! અને પાંડવો વનમાં ઠોકરો ખાતાં ભટકવા લાગ્યા ત્યારે દુર્યોધનને શાંતિ થઈ, આનંદ થયો !

❊ હરિલીલામૃત દુર્યોધનની આ વૃત્તિને આ રીતે વર્ણવે છે :

પરોપકારી જન જેહ હોય, તે સર્વને દે સુખદાન તોય
જ્યારે અદેખો જશ સાંભળે છે બહુ જ તેના દિલમાં બળે છે॥

પરોપકારી જનો સારું કામ કરે તેનો યશ સાંભળી ઈર્ષ્યાવાળાના અંતરમાં બળતરા થાય છે, તે દુઃખી થાય છે. આમ, ઈર્ષ્યા એ દુર્યોધનની વૃત્તિ છે.

❊ માણસમાં રહેલી આવી વૃત્તિ પશ્ચિમ જગતના તત્ત્વચિંતક લેખક શોપન હોવર આ રીતે વર્ણવે છે. 'Naturally and unavoidably a human at the sight of another's pleasure and possessions, would feel his own defficiencies with more bitterness' અર્થાત્ 'કુદરતી જ માણસ બીજાની સંપત્તિ અને સુખને જુએ છે ત્યારે તેને પોતાના જીવનમાં જે ખૂટે છે, તે જ અનુભવાય છે અને તેના જીવનમાં કડવાશ વ્યાપે છે !'

આ કડવાશ, અજંપો, દુઃખ એ જ ઈર્ષ્યા !

❊ **વચનામૃત સારંગપુર-૮** : યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે કોઈની મોટાઈ દેખી શકે નહિ.

(i) પોતાની સાથેનાની મોટાઈ દેખી શકે નહિ.
(ii) પોતાથી મોટા હોય તેની મોટાઈ દેખી શકે નહિ.
(iii) પોતાથી નાના હોય તેની મોટાઈ દેખી શકે નહિ.

(i) સાથે નાની મોટાઈ દેખી શકે નહિ :

❊ નવ યોગેશ્વરો એક રાજાને ત્યાં ગયા. પ્રબુદ્ધ નામના યોગેશ્વરે સારી કથા કરી. બીજા આઠને થયું કે આપણે ઝાંખા પડી ગયા. ઈર્ષ્યાથી તેને મારવા ગાંસડીમાં બાંધી કૂવામાં નાખવા તૈયાર થયા. પ્રબુદ્ધે માફી માગી. ખાતરી આપી કે હવે તે પ્રવચન નહિ કરે ત્યારે તેને છોડ્યો.

આવી ઈર્ષ્યા વિદ્યાર્થીઓમાં, નોકરીમાં, સહકર્મચારીઓમાં તથા પાડોશીઓ વચ્ચે અને કુટુંબના સભ્યો વચ્ચે જોવા મળે છે.

સત્સંગમાંય કોઈ સારું પ્રવચન કરે, કંઈ સારું કાર્ય કરે, તો તેનું સન્માન જોઈ બરોબરિયાને ઈર્ષ્યા થાય છે.

(ii) પોતાનાથી મોટા હોય તેનું સન્માન દેખી ઈર્ષ્યા થાય :

❊ મુક્તાનંદ સ્વામી વડોદરામાં શાસ્ત્રાર્થ જીતી આવ્યા. ત્યારબાદ મહારાજે તેમનું સ્વાગત કર્યું. સભામાં તેમનાં વખાણ કર્યાં, 'અમારા ગુરુ દિગ્વિજય કરીને આવ્યા.' એમ કહી તેમને પ્રસાદીનાં વસ્ત્રાભૂષણ આપ્યાં. આવું તેમનું સન્માન જોઈને નાના સંતો નિર્વિકલ્પાનંદ અને હરિહર્યાનંદને ઈર્ષ્યા થઈ અને તેઓ બોલ્યા : 'એમાં મુક્તાનંદે શું વાઘ માર્યો ? અમે ગયા હોત તો અમેય વેદાંતાચાર્યને હરાવીને પાછા આવત !' આ બંને વિદ્વાન હતા, પણ આવી ઈર્ષ્યા તેમનામાં હતી ! તેથી મહારાજ ઉદાસ થઈ ગયા કે સત્સંગમાં કોઈને નાના-મોટાનો વિવેક નથી !

❊ એટલે જ મુક્તાનંદ સ્વામી આપણને કહે છે :

દાઝીશમાં દેખી કેનું સન્માન જો...
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો.
સાંભળ બેની હરિ રીઝયાની રીતડી...

(iii) પોતાથી નાનાની પ્રગતિ ખમી શકે નહિ :

❊ જર્મનીમાં એક લેખિકા હતી. તે સારી નવલકથાકાર હતી. ઈ.સ. ૧૭૮૮ની ૨૨ ફેબ્રુ.ના દિવસે તેને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્ર પણ ખૂબ જ તેજસ્વી હતો. તે પુત્ર પણ લેખક તરીકેનું કૌશલ્ય લઈ જન્મેલો. સ્કૂલમાં ભણતો ત્યારથી જ તે લખવા માંડેલો ! નાનપણમાં જ બાળકે સારી સારી વાર્તા અને લેખ લખવા માંડેલા. માતાને આ જોઈને ચિંતા થઈ કે મારા કરતાં મારા પુત્રની પ્રસિદ્ધિ વધશે ! મારી નવલકથાનો કોઈ ભાવ નહિ પૂછે ! એક દિવસ આ બાબતે માતા-પુત્રમાં ઝઘડો થયો. માતાએ પુત્રને સીડી પરથી ધક્કો મારી નીચે ફેંકી દીધો. પુત્ર જીવતો તો બચી ગયો, પરંતુ જીવ્યો ત્યાં સુધી સ્ત્રી જાતિને તિરસ્કારની ભાવનાથી જોતો રહ્યો. એ પુત્ર એટલે પ્રસિદ્ધ જર્મન તત્ત્વચિંતક શોપન હોવર !

પુત્રની પ્રગતિથી માતા તો રાજી થાય, પરંતુ મોટપની ભાવનામાંથી જન્મેલી ઈર્ષ્યાથી પુત્ર સાથે પણ સ્પર્ધાની ભાવના જન્મે છે !

● ઈર્ષ્યાથી નુકસાન :

❊ ઈર્ષ્યાથી અનેક પ્રકારે નુકસાન પણ થાય છે.

૧) દેશને નુકસાન :

❊ સ્વિત્ઝર્લેન્ડ દેશના બ્રિગેડિયર જનરલ જીન લુઈસને પ્રમોશન મેળવી ચીફ બનવાની ખૂબ જ મહત્ત્વાકાંક્ષા હતી, પરંતુ તેને આ તક ન મળી. તેને રિટાયર્ડ થવામાં થોડાં જ વર્ષ બાકી હતાં એટલે તેના સમકક્ષ બીજા ઓફિસરને આર્મી ચીફ બનાવવામાં આવ્યો ! જીન લુઈસ બળી મર્યો ! ઈર્ષ્યા જાગી પેલા ચીફનું ખોટું દેખાય, તે પાછો પડે તે માટે તેણે લશ્કરના ખાનગી દસ્તાવેજો રશિયાને આપી દીધા ! અને પેલા ચીફને તકલીફ ઊભી થઈ. તેની અપકીર્તિ થઈ. જીન લુઈસ ૬૭ વર્ષે નિવૃત્ત થયા તેના બીજા વર્ષે ૬૯ વર્ષે તેને દેશદ્રોહ બદલ ૧૮ વર્ષની જેલ થઈ ! રશિયા એ દસ્તાવેજોને આધારે સ્વિત્ઝર્લેન્ડને બ્લેકમેઈલ કરી દબાવે છે, એવું મોટું નુકસાન દેશને સહન કરવું પડ્યું !

આમ, પોતાની ઈર્ષ્યા પોતાના દેશનેય મુસીબતમાં મૂકી દે છે !

૨) કુટુંબમાં નુકસાન :

❊ કુટુંબની વ્યક્તિઓમાં પરસ્પર ઈર્ષ્યા થાય તો સમગ્ર કુટુંબની શાંતિ અને સુખ હણાઈ જાય છે.

❊ રામાયણમાં રામને ગાદી મળશે એ વાતથી સૌ ખુશ હતા. કૈકેયી પણ ખુશ હતી, પરંતુ મંથરા નામની દાસીએ કૈકેયીની અંદર પડેલી ઈર્ષ્યાને જગાડવા કહ્યું : 'રામને ગાદી મળશે તો કૌશલ્યાને રાજમાતાનું પદ મળશે. તમારો કોઈ ભાવ નહિ પૂછે !' પોતે રાજા દશરથની માનીતી રાણી હતી, છતાંય કૌશલ્યાની ઈર્ષ્યા કૈકેયીને આવી. દશરથ પાસેથી રામનો વનવાસ ને ભરતને ગાદી, તે બે વરદાન માંગ્યાં ! પરિણામે

- ૧૪ વર્ષ સુધી રામ-ભરતને જુદા રહેવું પડ્યું.
- લક્ષ્મણને તેની પત્નીથી જુદા રહેવું પડ્યું.
- રામ-સીતાને વનમાં દુઃખ સહન કરવાં પડ્યાં.
- ભરત નંદિગ્રામમાં પર્ણકુટીમાં રહેવા ચાલ્યા ગયા.
- મુખ્ય તો કુટુંબના મોભ સમા વડીલ દશરથનું મૃત્યુ થયું. ત્રણેય રાણીઓ વિધવા થઈ.
- ભરતને જીવનભર પોતાની માતા પ્રત્યે પહેલાં જેવો પ્રેમ રહ્યો નહિ !

આજે પણ સમાજમાં સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ, ભાઈ-ભાઈ, સાળા-બનેવી વગેરે સંબંધીઓમાં એકબીજાની પ્રગતિ જોઈ ઈર્ષ્યા જન્મે છે ત્યારે હત્યા થવા સુધીના બનાવો બની જાય છે !

❊ પતિ-પત્ની બંને ભણેલાં હોય, નોકરી કરતાં હોય પણ પત્નીનો પગાર વધુ હોય તો પતિને ઈર્ષ્યા આવે ! બંને ડૉક્ટર હોય, એકની પ્રેક્ટિસ બહુ ચાલે તો બીજાને ઈર્ષ્યા આવે. પરિણામે ઘરમાં કજિયા કે કંકાસ અને અશાંતિ થાય. છૂટાછેડા સુધી

વાત પહોંચે, બાળકોનું ભવિષ્ય બગડી જાય !

૩) વ્યક્તિગત નુકસાન :

❊ અમરેલી પાસેના એક ગામના એક યુવકની વાત છે. તેણે એન્જિનિયરિંગમાં તો અભ્યાસ પૂર્ણ કર્યો. એક વર્ષ સુધી નોકરી ન મળી ! બેંગલોર એક કંપનીમાં ઈન્ટરવ્યૂ આપવા ગયો. મનમાં નક્કી કર્યું હતું કે ૫ હજારનો પગાર મળે તોય આ નોકરી લઈ લેવી છે. ઈન્ટરવ્યૂમાં પાસ થયો. કંપનીવાળાએ પૂછ્યું : 'તમારે કેટલો પગાર અપેક્ષિત છે ?' પેલો ૪-૫ હજાર બોલવા જતો હતો, પરંતુ એણે સામે પૂછ્યું : 'તમે મને કેટલો પગાર આપી શકશો ?' કંપનીવાળાએ કહ્યું : 'અમારી પરિસ્થિતિ મુજબ અમે તમને રૂ. ૫૦ હજારથી વધારે પગાર નહીં આપી શકીએ !' પેલાએ નોકરી સ્વીકારી. ૫ હજારની અપેક્ષા હતી અને ૫૦ હજાર મળવા લાગ્યા !

નોકરીના બે મહિના બાદ જ સંતો પાસે આવીને તે કિશોર રડવા લાગ્યો : 'સ્વામી, મને ખૂબ જ દુઃખ છે ! સ્વામી, મારો પગાર ૫૦ હજાર છે, મારી બાજુવાળાનું ભણતર મારા જેટલું જ છે, તેમ છતાં તેને ૭૨ હજાર પગાર છે અને બીજાને ૬૫ હજાર પગાર છે. આવું કેમ ? મારાથી સહન થતું નથી ! મને સતત બળતરા રહ્યા કરે છે !' સંતોએ આવી ઈર્ષ્યા મૂકી દેવા સમજાવ્યો, છતાં કહે : 'સ્વામી મને ખબર છે કે આ ઈર્ષ્યા જ મને દુઃખી કરે છે, છતાં રોજ એમને જોઉં ને પ્રથમ વિચાર આ જ આવે છે ને દુઃખી દુઃખી થઈ જવાય છે !'

પોતાને તો અપેક્ષા કરતાં ૧૦ ગણું મળ્યું હતું, છતાં બીજાને વધારે મળ્યું તેનાથી અંતરમાં અજંપો, અશાંતિ થયાં. કારણ ઈર્ષ્યા !

❊ એટલે જ આવી ઈર્ષ્યા માટે કોઈએ કહ્યું છે :

જલાવીને કરી દે ભસ્મ એવી આગ છે ઈર્ષ્યા,
અદીઠા ડંખ દઈ પીડ્યા કરે એ નાગ છે ઈર્ષ્યા.

ઈર્ષ્યા માણસને અંદરથી બાળી નાખે, દુઃખી દુઃખી કરી નાંખે છે ! ઈર્ષ્યાવાળો માણસ પોતાનું સુખ પણ ભોગવી શકતો નથી !

આવી ઈર્ષ્યા ન હોય તેને શાંતિ અને આનંદ વર્તે છે. ભલે ને પછી પોતાની પાસે સંપત્તિ હોય કે ન હોય !

❊ અંગ્રેજીના પ્રસિદ્ધ કવિ C.Mackay સીમેકેઈની એક કવિતા છે : 'The miller of River Dee.' 'ડી નદીનો ઘંટીવાળો' ઇંગ્લેન્ડની ડી નદીને કિનારે નદીના પાણીથી ચાલતી ઘંટી ચલાવીને ગુજરાન કરતો એક ઘંટીવાળો રહેતો હતો. તે હંમેશાં આનંદમાં રહેતો અને એક ગીત લલકારતો

I envy nobody and nobody envies me.

'હું કોઈની ઈર્ષ્યા કરતો નથી અને કોઈ મારી ઈર્ષ્યા કરતું નથી !'

ઇંગ્લેન્ડનો રાજા હેલ એક દિવસ નદીકિનારે ફરવા નીકળ્યો. આનંદથી આ ગીત લલકારતા ઘંટીવાળાને રાજાએ જોયો અને તેને બોલાવ્યો. રાજાએ તેને કહ્યું : 'રાજા હોવા છતાં મને આટલો આનંદ નથી અને તું કઈ રીતે સુખેથી જીવે છે ?' ઘંટીવાળો કહે : 'મને કોઈની ઈર્ષ્યા નથી. મારી પાસે જેટલું છે તેટલું હું સુખેથી ભોગવું છું !' રાજા કહે : 'વાહ ! તારી આ લોટવાળી ટોપી મારા રાજમુગટ કરતાંય મહાન છે. તારા જેવો ઈર્ષ્યા વિનાનો માણસ મારા રાજ્યનું ગૌરવ છે !'

આમ, આ કવિતામાં રજૂ થયેલી ઘટનામાં એક ઘંટીવાળો કોઈની ઈર્ષ્યા ન કરવાને લીધે સુખ અને આનંદથી જીવે છે ! એવા લોકો જ દેશનું, સમાજનું ગૌરવ છે !

૪) આધ્યાત્મિક નુકસાન :

❊ આપણે આધ્યાત્મિક માર્ગે ચાલ્યા છીએ, તેથી આપણને તો લૌકિક ઉપરાંત આધ્યાત્મિક નુકસાન પણ ભોગવવું પડે છે. એ નુકસાન લૌકિક નુકસાન કરતાં ઘણું મોટું છે.

● ભગવાનની અસેવા થાય છે :

❋ શ્રીજીમહારાજના વખતમાં એક ગામમાં બે બાઈ હરિભક્તોને પરસ્પર એકબીજાની ઈર્ષ્યા રહેતી ! એક વાર મહારાજ એક બહેનને ત્યાં જમવા પધારવાના હતા. ગામમાં રહેતાં બીજાં બહેનને તેની ઈર્ષ્યા હતી. બીજાં બહેન પેલીને રસોઈ બનાવવામાં મદદ કરવા ગયાં ! પછી રસોઈ કરતાં બીજાં બહેને દાળમાં-શાકમાં મીઠું વધારે પડતું નાંખી દીધું કારણ પેલાં બહેનનું ખોટું દેખાય તે માટે !

મહારાજ પધાર્યા. જમવા બેઠા. મહારાજ તો બધું જાણે. અંતર્યામી કંઈ બોલે જ નહિ. જમતા જાય. પેલી ઈર્ષ્યાળુ બાઈથી રહેવાયું નહિ. મહારાજને પૂછ્યું : 'મહારાજ ! રસોઈ કેવી થઈ છે ?' મહારાજ કહે : 'સારી થઈ છે. તમારો હાથ પડ્યો લાગે છે !'

આમ, પોતાની ઈર્ષ્યાને લીધે ભગવાન પોતાના ઈષ્ટદેવને પણ વધારે મીઠાવાળું ખવડાવી દીધું !

● ભગવાનનો દ્રોહ થાય :

❋ ઈર્ષ્યાથી ભગવાનનોય દ્રોહ થઈ જાય !

❋ જીવાખાચરે શ્રીજીમહારાજની ટાણાની સેવા કરેલી મહારાજને થૂકવું હતું તો પોતાની પાઘડી ધરી દીધી. મહારાજને તાપવા ઢોલિયો તોડીને તાપણું કરેલ. મહારાજને શૌચવિધિ જવા ઘરનો ચૂલો પાયખાનામાં ફેરવી નાંખ્યો.

પરંતુ જ્યારે મહારાજ દાદાખાચરનાં વખાણ કરે ત્યારે જીવાખાચરને દાદાની ઈર્ષ્યા આવતી. તેથી દાદાખાચરને હેરાન કરવામાં જીવાખાચરે કંઈ બાકી રાખ્યું નહોતું. અને આ ઈર્ષ્યા અંતે જઈ ખુદ મહારાજના દ્રોહ સુધી પહોંચી ગઈ. શ્રીજીમહારાજને મારવા માટે જાજરૂમાં રામખાચરને તલવાર લઈને ઊભા રાખ્યા !

આમ, પોતાને ભક્તની ઈર્ષ્યા આવે, તેથી ભગવાન ને સંતની અસેવા અને તેમનો દ્રોહ થઈ જાય છે ! ઘણી વાર સંતો કોઈ હરિભક્તનું રાખે કે તેનાં વખાણ કરે ત્યારે તે હરિભક્ત સાથેની ઈર્ષ્યાને લીધે સંતોની ઈર્ષ્યા થાય છે. અને છેવટે તેમાંથી સત્સંગ છોડી દેવાના કિસ્સા પણ સત્સંગમાં પ્રસિદ્ધ છે.

● ઈર્ષ્યાનું કારણ :

❋ આટલી બળવાન ઈર્ષ્યા છે તેનું કારણ માન છે !

❋ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૬** : ઈર્ષ્યા માનને આશરે રહે છે, **સારંગપુર-૮** : જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે. **વરતાલ-૧૧** : માન છે તે ઈર્ષ્યાનો આધાર છે. **ગઢડા અંત્ય-૨૭** : માનમાંથી ઈર્ષ્યા ઊપજે છે.

'હું મોટો' આવા પ્રકારની ભાવનાને લીધે અન્ય કોઈની મોટાઈ સહન થતી નથી.

❋ માટે તુલસીદાસ કહે છે :

કંચન ત્યાગવો સહેલ હૈ સહેજ ત્રિયાકો નેહ;
માન બડાઈ ઈર્ષ્યા, તુલસી દુર્લભ તેહ.

❋ સ્ત્રી અને ધનના ત્યાગ પછી પણ માન-મોટપ અને ઈર્ષ્યા ત્યાગવી દુષ્કર છે.

એટલે જ મહારાજ આવી નુકસાનકારક ઈર્ષ્યા મૂકવાનું આપણને કહે છે !

❋ પરંતુ આનંદાનંદ સ્વામી કહે છે, ઈર્ષ્યા તો રહે છે.... ત્યારે આ દુષ્કર ઈર્ષ્યા ત્યાગ કરવા મહારાજ એક વિશિષ્ટ રીત બતાવે છે !

● નારદજી જેવી ઈર્ષ્યા કરવી :

❋ નારદજી અને તુંબરુના પ્રસંગનું વર્ણન કરવું.

❋ જેમ નારદજી નમ્ર થઈ મોટપ મૂકી ને તુંબરુ આગળ નમ્યા અને તેમાંથી ગુણ શીખ્યા, તો ભગવાન રાજી થયા. તેમ, જેના પર ઈર્ષ્યા હોય તેની આગળ નમ્ર થઈ, તેની પાસેથી તેના જેવા ગુણ શીખીએ તો પ્રગતિ થાય અને ઈર્ષ્યાથી અનર્થ ન સર્જાય !

❋ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન અભ્યાસ બાદ તુરત જ વકીલાત કરતા. તેઓના પ્રતિસ્પર્ધી વકીલ મિ. એડવીન સ્ટેનટન, લિંકનનું ખૂબ

અપમાન કરતા. એક વાર તો લિંકને લડવા માટે લીધેલો કેસ તેણે લઈ લીધો અને લિંકને તૈયાર કરેલી માહિતીને પ્રભાવક રીતે રજૂ કરીને કેસ જીત્યો ! લિંકનને આ અંગે કો'કે પૂછ્યું તો તે કહે : 'એના જેવી પ્રભાવક રજૂઆત કરતાં મને નથી ફાવતું. એણે રજૂઆત કરી તેથી કેસ જીત્યો. મારે આગળ વધવા માટે એની પાસેથી એની જેમ રજૂઆત શીખવી જ જોઈશે !'

આમ, લિંકને પ્રતિસ્પર્ધીનો અવગુણ લેવાને બદલે તેનો ગુણ લીધો અને પોતે ઈર્ષ્યાની આગથી મુક્ત રહ્યા.

● **ઈર્ષ્યા ત્યાગના અન્ય ઉપાય :**

❊ **વચનામૃત ગઢા અંત્ય-૨૮ :** ભગવાન અને સંતને યથાર્થ માહાત્મ્ય સહિત જાણ્યા હોય તો ઈર્ષ્યાદિક દોષોનો નાશ થાય છે.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૮ :** સત્સંગનો પક્ષ હોય તો ઈર્ષ્યા ન રહે.

● **રાજીપાનો વિચાર :**

❊ આ ઉપાયો ઉપરાંત ભગવાન ને સંતના રાજીપાનો વિચાર હોય તો ભગવાન ને સંતને જે ન ગમે તેવું આચરણ ન જ થાય !

❊ **શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૮, તરંગ-૧૪માં** મહારાજ કહે છે,

ઈર્ષ્યા સમાન કોઈ બીજો દોષ નથી !
ઈર્ષ્યા રાખે તે અમને ગમતા નથી !

❊ **વચનામૃત ગઢડા પ્રથમ ૭૬, લોયા-૧૪, ગઢડા મધ્ય-૫૨, ગઢડા અંત્ય-૨૭માં** પણ મહારાજ કહે છે : 'અમને ઈર્ષ્યાવાળો ભક્ત ગમતો નથી !'

❊ ઈર્ષ્યાળુના હાથની કરેલી ભક્તિ પણ પોતાને ગમતી નથી, એવું **વચનામૃત ગઢડા મધ્ય-૫૨માં** મહારાજ કહે છે.

આમ, આપણા ઈષ્ટદેવને અને ગુરુને રાજી કરવા માટેનો વિચાર રહે તો ઈર્ષ્યાનો ત્યાગ કરી શકાય છે.

● **ભગવાનના કર્તૃત્વનો વિચાર :**

❊ કોઈની પ્રગતિ જોઈને ભગવાનના કર્તાપણાનો વિચાર કરીએ કે 'જે કરે છે તે ભગવાન કરે છે' તો તેની ઈર્ષ્યા ન આવે. એના દ્વારા 'ભગવાન ને સંતને એવી સેવા લેવી હશે, તેથી એને એવી આવડત આપી !' આવા વિચારથી ઈર્ષ્યા ત્યાગ થાય છે અને પ્રગતિ થાય છે.

❊ કોઠારી ભક્તિપ્રિયસ્વામીને સંતોએ પ્રશ્ન પૂછ્યો હતો : 'આપ વિવેકસાગર સ્વામી કે ડૉ. સ્વામી જેવું સારું પ્રવચન કરી શકતા નથી. વિવેકસાગર સ્વામી સારું પ્રવચન કરી શકે છે તેથી તેઓ દેશ-વિદેશમાં સભા ડોલાવે છે ! તો આપને ઓછપ અનુભવાતી નથી ?' તેમણે જવાબમાં ઉપરોક્ત વિચાર આપ્યો હતો. 'એમના દ્વારા મહારાજને એ રીતે સેવા લેવી છે તો તેમને એવી શક્તિ આપી છે. તેથી મારે રાજી થવાનું હોય કે એમના દ્વારા સંસ્થાની કેવી સારી સેવા થાય છે.'

● **સત્પુરુષના જીવન પ્રસંગોનું મનન-ચિંતન :**

❊ એક હરિભક્તના બાપુજી ધામમાં ગયા. તેઓના પરિવારજનમાંથી એક સભ્ય બી.એ.પી.એસ. સિવાયના એક મંદિરમાં સાધુ હતા. સ્વામીશ્રી પાસે તે હરિભક્ત પોતાના પિતાની સ્મૃતિમાં કયા મંદિરે કેટલી સેવા કરવી તેની આજ્ઞા લેવા આવ્યા. ત્યાં સ્વામીએ તેઓને શાસ્ત્રીજી મહારાજનાં પાંચ મંદિરો તથા તેમનાં સગાં જ્યાં સાધુ હતા ત્યાં સેવા કરવાની વાત કરી. પેલા હરિભક્ત કહે : 'સ્વામી ત્યાં સેવા કરીશ તો તે પૈસામાંથી જ આપના વિરુદ્ધમાં પત્રિકાઓ છપાવશે અને કાવતરાં થશે !' તેમ છતાં સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો !

પોતાને પાછા પાડનારનું પણ ભલું ઇચ્છતા ગુરુના આપણે શિષ્ય છીએ તો આપણાથી કઈ રીતે બીજાની ઈર્ષ્યા કરીને પાછા પાડવા પ્રયત્ન કરાય !

આમ, ઉપરોક્ત ઉપાયો અને વિચારથી આપણે ઈર્ષ્યાથી મુક્ત રહી, સત્પુરુષ અને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકીએ છીએ !

૧૫. વચનામૃત : ગઢડા પ્રથમ - ૮ : ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું આઠમું : ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, '**ઈન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે.** અને જો ઈન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે. માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહીં. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું આઠમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❋ આ વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજ અંતઃકરણની શુદ્ધિનો જે ઉપાય જણાવી રહ્યા છે તેને સમજવા પ્રયત્ન કરીશું. શ્રીજીમહારાજે આ લોકમાં પધારી આંતર-બાહ્ય સ્વચ્છતાનો માર્ગ ખોલ્યો હતો. કવીશ્વર ન્હાનાલાલ લખે છે કે, 'શ્રીજીએ આચાર, વિચાર, વ્યવહાર અને સર્વદેશીય અન્તર્-બહિર્ સ્વચ્છતાનો ધર્મમાર્ગ પ્રવર્તાવેલો.'

● **અંતઃકરણની શુદ્ધિની આવશ્યકતા :**

❋ રોજબરોજના જીવનમાં આંતર-બાહ્ય સ્વચ્છતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

પોતાના ઘર અથવા ઓફિસને સ્વચ્છ રાખવા વ્યક્તિ ખટકો રાખે છે, પણ જો પેટમાં કચરો હોય (કહેતાં બે-ચાર દિવસ સુધી પેટ સાફ જ ન થાય) તો? કદાચ પેટનો કચરો નિયમિતપણે સાફ થતો હોય, પરંતુ કિડનીમાં ક્ષાર ભેગો થઈ પથરી થાય તો? કદાચ કિડનીમાં કોઈ પથરી ન થાય, પણ હૃદયમાં નાનો બ્લોક થાય તો? રૂમમાં પડેલા કચરા કરતાં પેટનો કચરો, પેટના કચરા કરતાં કિડનીમાં પથરી અને કિડનીની પથરી કરતાં હૃદયમાં બ્લોક ઉત્તરોત્તર વધુ દુઃખી કરે છે, હેરાન-પરેશાન કરે છે. આ બધું તો આંખ અથવા મેડિકલ ચેક-અપ દ્વારા જોઈ શકાય છે, પણ મનનો કચરો નરી આંખે અથવા ચેક-અપ દ્વારા જોઈ શકાતો નથી. ઉપરાંત, મનનો કચરો પોતાને તથા અન્યને વધુ પીડાદાયક થાય છે. જર્મન શાસક હિટલરના મનનો કચરો - માન તેને પોતાને તો પીડાદાયક બન્યો જ, પણ લાખો નિર્દોષ લોકો માટે પણ વિનાશક બન્યો. તેથી જ અંતઃકરણની શુદ્ધિ અત્યંત આવશ્યક છે.

✻ ભગવાનને અંતરમાં પધરાવવા માટે પણ હૃદય ચોખ્ખું હોવું જરૂરી છે.

એકવાર શ્રીજીમહારાજ ભુજ પધાર્યા હતા. ત્યાં ફૂલદોલનો ઉત્સવ ધામધૂમપૂર્વક ઊજવ્યો. ઉત્સવ પૂર્ણ થતાં હરિભક્તો મહારાજની વિદાય લેવા આવ્યા ત્યારે એક ગામના હરિભક્તો મહારાજને કહે : 'મહારાજ ! દયા રાખજો.' મહારાજે સામે તેમને કહ્યું : 'તમે પણ દયા રાખજો.' હરિભક્તો ઘરે જવાની ઉતાવળમાં મહારાજનો કહેવાનો મર્મ સમજ્યા નહીં ને ચાલતા થયા. ગામને પાદરે પહોંચ્યા ત્યારે એક હરિભક્તને વિચાર આવ્યો કે આપણે તો મહારાજને કહીએ કે તમે દયા રાખજો, પણ મહારાજે આપણને દયા રાખવાનું શા માટે કીધું હશે ? સંઘ પાછો મહારાજ પાસે આવ્યો અને મહારાજને આનું કારણ પૂછ્યું ત્યારે શ્રીજીમહારાજ કહે : 'જુઓ, તમારી આ સાડા ત્રણ હાથની કાયામાં મુઠ્ઠી જેટલું હૃદય છે, ત્યાં અમારે રહેવાનું સ્થાન છે. માટે દયાએ કરીને તે જગ્યા શુદ્ધ રાખજો.'

આમ, જો શ્રીજીમહારાજને અંતરમાં પધરાવવા હોય તો તે માટે હૃદયની શુદ્ધિ આવશ્યક નહીં, પણ અનિવાર્ય છે.

● **અંતઃકરણ શુદ્ધ કરવાના ઉપાયો :**

✻ દરેક પ્રકારની શુદ્ધિ માટે જુદાં જુદાં સાધનો વપરાતાં હોય છે. જેમ ઘરને વાળવા સાવરણી વપરાય, દાંતને સાફ કરવા ટૂથબ્રશ વપરાય તેમ આપણા અંતઃકરણની શુદ્ધિ માટે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સેવારૂપી સાધન બતાવ્યું છે.

✻ શ્રીજીમહારાજ આ **વચનામૃત ગઢડા પ્રથમ-૮**માં જણાવે છે કે, **'ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે.'** ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન ને સંતની સેવામાં રાખવી, તેના બે અર્થ થાય છે :

૧) આપણી પંચ-જ્ઞાનેન્દ્રિયો અને પંચ-કર્મેન્દ્રિયો છે. તેને ભગવાન તથા સંતની આજ્ઞા મુજબ કહેતાં કે નિયમમાં રાખવી તે. નિયમ-ધર્મથી યુક્ત આપણું વર્તન હોય તો તેને દેખીને મોટાપુરુષ રાજી થાય છે, અને તેમની દૃષ્ટિએ કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે.

૨) ભગવાન અને સંતની જે મન, કર્મ, વચને સેવા કરવી તે.

● **મને કરીને સેવા :**

✻ મને કરીને સેવા એટલે મનથી ભગવાન અને અક્ષરબ્રહ્મ સત્પુરુષને નિર્દોષ જાણવા.

યોગીજી મહારાજ 'યોગીવાણી'માં કહે છે, 'સામે જોઈને બેસી રહેવું એ સેવા નહીં, નિર્દોષબુદ્ધિ એ જ સેવા. નિર્દોષબુદ્ધિ જેવી કોઈ સેવા નથી અને એ જેવી કોઈ ભક્તિ નથી. સત્પુરુષને નિર્વાસનિક(નિર્દોષ) જાણે તો નિર્વાસનિક બનાવી દે.'

✻ સન ૧૯૬૩માં યોગીબાપા મુંબઈ કપોળવાડીમાં બપોરે ભોજન લઈ રહ્યા હતા. ત્યારે કોઈ બોલ્યું, 'શાસ્ત્રીજી મહારાજને વેડમી બહુ ભાવતી.'

યોગીજી મહારાજ એ સાંભળતા જ કહે, 'એમ ન કહેવાય! એમને વેડમી નહોતી ભાવતી. એ તો આપણને ભાવતી, એટલે આપણને બનાવી આપીને જમાડતા. એમને તો સ્વાદ હોય જ નહીં.'

ગુરુની પ્રત્યેક ક્રિયામાં તેમને સંપૂર્ણ નિર્દોષભાવ હતો. એટલે આપણે પણ અંતઃકરણ શુદ્ધ કરવું હોય તો સત્પુરુષને નિર્દોષ જાણવા.

● **વચને કરીને સેવા :**

✻ વચને કરીને સેવા એટલે વાણી દ્વારા ભગવાન અને સત્પુરુષનો મહિમા અન્યને કહેવો.

આફ્રિકાના મગનભાઈ પટેલ રેલવેમાં સ્ટેશન માસ્ટર હતા. તેમના યોગમાં જે કોઈ આવે તેને ભગવાન-સંતના મહિમાની વાતો થાક્યા વિના અચૂક કરે. તેમની પાસે કોઈ કામ માટે આવે તો તેઓ કહે, 'એક કલાક કથા સાંભળ, તો

આજે ને આજે તારું કામ કરી દઉં, નહિતર અઠવાડિયા પછી આવજે.' સામેવાળી વ્યક્તિને ઉતાવળ હોય એટલે એક કલાક કથા સાંભળે. આ રીતે મગનભાઈએ અનેકને સત્સંગ કરાવી મોટી સેવા કરી હતી.

● **કર્મે કરીને સેવા :**

❋ કર્મે કરીને સેવા એટલે દેહે કરીને સેવા. હાથ, પગ આદિ ઈન્દ્રિયોને ભગવાનની સેવામાં જોડી દેવા. કર્મે કરીને સેવા કેવી રીતે કરવી તેને આપણે ત્રણ મુદ્દામાં સમજીશું.

૧. <u>ટાણાની સેવા ઝીલી લેવી</u> :

❋ નિષ્કુળાનંદ સ્વામી 'સારસિદ્ધિ' ગ્રંથમાં ભક્તોને ટાણું સાચવી લેવાનો સદુપદેશ આપતાં કહે છે,

'જે ટાણે ગમે જેમ નાથને, તેહ ટાણે કરવું તેમ;
જે ન ગમે જગદીશને, અણગમ્યું ન કરવું એમ.
એવા અતિ સુતર જન જે, તે કરે પ્રભુને પ્રસન્ન;
નિષ્કુળાનંદ કહે નાથના, કહીએ સાચા સેવક જન.'

(શબ્દાર્થ : સુતર - સરળ)

પ્રસંગોપાત્ત સેવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે જે સેવાને ઝડપી લે તે મોટાપુરુષનો રાજીપો મેળવે છે અને તે જ સાચો સેવક છે.

❋ ૧૧/૮/૧૯૭૯ના રોજ મોરબીમાં મચ્છુ ડેમ તૂટવાથી ભયંકર હોનારત સર્જાઈ, જેમાં અનેક લોકો મૃત્યુ પામ્યા, અનેક બેઘર બન્યા. આપત્તિમાં મદદરૂપ થવા માટે બી.એ.પી.એસ. સંસ્થાના કેટલાક સંતો અને સ્વયંસેવકો તરત દોડી ગયા. નુકસાન મોટા પાયે થવાથી વધુ સ્વયંસેવકોની જરૂર હતી. તેથી પ્રમુખસ્વામી મહારાજે રેડિયો પર યુવકોને રાહતકાર્યમાં જોડાવા માટે અપીલ કરી. સ્વામીબાપાની આજ્ઞા માથે ચઢાવી ૧૫૦૦ યુવકો પોતાનાં નાનાં-મોટાં કામ ઠેલી બીજા જ દિવસે સેવાકાર્યમાં દોડી ગયા. ત્યાં પહોંચ્યા પછી પણ સેવા કરવી કપરી હતી. પશુ-મનુષ્યનાં મૃત શરીર પાણીથી ફૂલી ગયેલાં અને ખૂબ દુર્ગંધ મારતાં. ચેપી રોગ થવાની શક્યતાઓ વચ્ચે પણ આ યુવાનોએ મૃત શરીર, કાટમાળ અને કાદવ કાઢવાની સેવા હોંશભેર કરી. લશ્કરી મેજરશ્રી એબોટ સહિત સૌ નગરજનો તો મનોમન આ યુવાનોને વંદી રહ્યા. ખરા ટાણાની સેવામાં ઝંપલાવનાર આ યુવકો પર સ્વામીબાપા પણ અંતરથી પ્રસન્ન થયા.

❋ મોટેભાગે સેવામાં જોડાવાનું થાય એટલે વ્યક્તિ શરીર અને સમય સામે જુએ છે. પણ જેને સેવાનો મહિમા સમજાયો છે તે શરીર અને સમય સામું જોતાં નથી. જેને કરોડ રૂપિયાનો મહિમા સમજાયો છે, તેને પ્રતિકૂળ સંજોગો રોકી શકતા નથી. નોકરી-ધંધો-અભ્યાસ ચાલુ હોય કે ક્રિકેટ વર્લ્ડકપ મેચ ચાલુ હોય, નાની-મોટી શારીરિક બીમારી હોય કે સગાંસ્નેહીના લગ્નાદિ પ્રસંગ હોય, ભગવાન-સંતની સેવામાં યાહોમ થવા માટે તે હંમેશાં તત્પર રહે છે.

❋ કોલેજનો અભ્યાસ પૂર્ણ થયા બાદ મહદ્ અંશે વિદ્યાર્થીઓને સારી નોકરી મળી જાય તેવી આકાંક્ષા રહે છે. તેમાંય જે યુવકો અમેરિકા જેવા દેશમાં ભણતા હોય, અભ્યાસ માટે લોન લીધી હોય, તેને તો લોનના પૈસા ભરવા પણ ઊંચા પગારવાળી નોકરી શોધવી જરૂરી થઈ પડે. લોસ એન્જેલેસ(અમેરિકા)ના યોગિનભાઈ પટેલનો અભ્યાસ આ રીતે પૂરો થયો, પરંતુ યોગિનભાઈના મનમાં કંઈક જુદા વિચાર ચાલી રહ્યા હતા. વાત એમ હતી કે એ સમયગાળામાં લોસ એન્જેલેસમાં શિખરબદ્ધ મંદિરનું નિર્માણકાર્ય શરૂ થઈ ચૂક્યું હતું.

યોગિનભાઈએ વિચાર્યું કે અત્યારે હું નોકરીમાં લાગી જઈશ તો મંદિર નિર્માણકાર્યમાં સેવાનો લાભ નહીં મળે. આવી તક તો હજારો વર્ષોમાં એકાદ વાર મળતી હોય છે. નોકરી તો બે વર્ષ પછી પણ મળશે, પણ મંદિર ફરી થવાનું નથી. આ વિચાર સાથે તેઓ મંદિર-નિર્માણની સેવામાં સુપરવાઈઝર તરીકે જોડાઈ ગયા. દિવસ-રાત

જોયા વિના ધણીની જેમ મંદિરના બાંધકામ વિભાગમાં સેવા કરી. દોઢ વર્ષ બાદ પ્રમુખસ્વામી મહારાજને આ વાતનો ખ્યાલ આવ્યો ત્યારે તેમણે યોગિનભાઈ પર ખૂબ રાજીપો દર્શાવ્યો અને નોકરી શોધવા કહ્યું. થોડા જ દિવસોમાં કોઈ પણ Job Experience(અનુભવ) વિના તેઓને ઊંચા પગારની નોકરી મળી ગઈ.

જે ભગવાનનું ટાણું સાચવે છે, તેની આ લોક-પરલોકની ખેવના ભગવાન જરૂર કરતા હોય છે.

૨. <u>દાસભાવે સેવા કરવી</u> :

❊ શ્રીજીમહારાજે સંતો-ભક્તોને સેવાનો ફક્ત મહિમા નથી કહ્યો, પરંતુ સેવા કરવાની રીત પણ શીખવી છે. મહારાજ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં કહે છે, 'દાસાનુદાસ થઈને જે ભક્તની સેવા કરે તે સેવાથી જેવા ભગવાન પ્રસન્ન થાય છે તેવા બીજા કોઈ સાધનથી પ્રસન્ન થતા નથી.' કોઈ સેવા નાની કે મોટી નથી હોતી, પણ દાસભાવે સેવા કરીએ તો ભગવાનની પ્રસન્નતા થાય છે અને આપણે આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરીએ છીએ.

❊ દારેસલામના સુભાષભાઈ પટેલ એક અગ્રણી ઉદ્યોગપતિ અને સમાજસેવક હતા. રાષ્ટ્રપ્રમુખ, ઉચ્ચ અધિકારીઓ અને મોટા વેપારીઓથી લઈને આમ આફ્રિકન નાગરિકના હૃદય પર તેમનો પ્રભાવ હતો. આ ઉપરાંત તેઓ પ્રથમ પંક્તિના સત્સંગી હતા. ટાન્ઝાનિયા દેશના સત્સંગ મંડળમાં તેમણે ૧૮ વર્ષ સુધી ચેરમેન તરીકે સેવા બજાવી.

એક પ્રસંગે યુવકોએ તેમનો પરિચય માંગ્યો, ત્યારે તેમણે એક જ શબ્દ 'દાસાનુદાસ' કહી સ્વપરિચય આપ્યો. સત્સંગ સમાજના ચેરમેન હોવાની સાથે તેઓ સૌના દાસ બની સેવા કરતા હતા. રવિસભા બાદ પીરસવાની સેવામાં ઊભા રહી જાય. મંદિરની સાફ-સફાઈ જેવી નાનામાં નાની સેવામાં પણ હોંશે હોંશે જોડાઈ જતા. કેટલીક વાર કચરાપેટી ઊભરાઈ જાય તો હાથ નાંખી બહાર ઊભરાતી એંઠી ડીશોને દબાવતા તેમને ઘણાંએ જોયા હતા. નાના-મોટા સૌનો મહિમા સમજી તેઓ તેમની સેવા માટે તત્પર રહેતા. દેશના સત્સંગવિકાસના સ્તંભ સમાન હોવા છતાં તેમને માન-સન્માનની કોઈ જ અપેક્ષા નહોતી.

૩. <u>સેવાનું વ્યસન પાડી દેવું</u> :

❊ જેને સિગારેટ, તમાકુ કે દારૂનું વ્યસન હોય, તે તેનું સેવન કર્યા વિના રહી ન શકે. તેમ જેણે સેવાનું વ્યસન પાડ્યું હોય, તે સેવા કર્યા વિના રહી ન શકે. તેને આંગળી ચીંધવાની જરૂર જ ન પડે. ગમે ત્યાંથી સેવા શોધી જ કાઢે.

❊ એકવાર દાદાખાચરના દરબારમાં લીંબતરુ નીચે ઓટા ઉપર કૂતરાએ મળ કરી બગાડ્યું હતું. ઘણાંએ આ જોયું, પણ સૌ મોઢું બગાડી ત્યાંથી પસાર થઈ ગયા. ઉકાખાચરને ખ્યાલ આવ્યો ને તરત સાવરણી અને પાણી લઈ ઓટો સાફ કરી નાંખ્યો.

ઉકાખાચર અને તેમનાં ઘરવાળા સવારના વહેલાં ઊઠી સ્નાન-પૂજાથી પરવારી દરરોજ દાદાના દરબારથી તે ઘેલા નદી સુધીનો રસ્તો સાવરણીથી વાળી નાખતાં ને નાના-મોટા કાંકરા વીણી લેતાં, જેથી મહારાજ અને સંતોને પગમાં કાંકરા વાગે નહીં. ઉનાળામાં દરરોજ રસ્તો વાળ્યા બાદ પાણી પણ છાંટી દેતાં, જેથી સૌને ઠંડકનો અનુભવ થાય. ઉકાખાચરને સેવાનું આવું વ્યસન પડ્યું હતું.

તેમની આવી સેવાથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૨૫માં** કહ્યું, **'જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન અને ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે તો એના અંતઃકરણની જે મલિન વાસના**

તે સર્વે નાશ પામી જાય છે.'

* આપણા અનેક મંદિરોમાં હરિભક્તો જુદા-જુદા વિભાગમાં નિયમિતપણે સેવા બજાવતા હોય છે. કેટલાક મંદિરમાં સાફસૂફી કરે છે, કેટલાક રાત્રે મંદિરની સલામતીની સેવામાં જોડાય છે, તો કેટલાક ઠાકોરજીના હાર-તોરાની સેવા પણ રોજ કરતા હોય છે. પરદેશમાં તો શનિ-રવિ બધાં જ બાઈ-ભાઈ, નાનાં-મોટાં બધા જ પ્રકારની સેવામાં જોડાતાં હોય છે.

◎ ડૉ. રાજીવ વ્યાસ, ચેરીહિલ (અમેરિકા)ના સમૃદ્ધ ડૉક્ટર છે. તેમના હાથ નીચે ૮૦૦ માણસો કામ કરે છે, અને ૩૮ ડૉક્ટરો એમના સહાયક તરીકે કામ કરે છે. ઉપરાંત ન્યૂજર્સીની એક પ્રસિદ્ધ હોસ્પિટલના ડાયરેક્ટર છે, પરંતુ ચેરીહિલમાં રોજ સવારે ઠાકોરજીનાં દર્શને આવીને વર્ષોથી ભક્તિભાવપૂર્વક દરરોજ મંદિરનાં સંડાસ-બાથરૂમ સાફ કરે છે.

● **ગુરુપરંપરાના જીવનમાં સેવા :**

* સ્વયં સિદ્ધ હોવા છતાં આપણા ગુણાતીત ગુરુવર્યોએ સેવાનો એક ઉચ્ચ આદર્શ પ્રસ્થાપિત કર્યો છે. તેઓ સામે નજર રાખવાથી આપણને સેવા કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

* પ્રમુખસ્વામી મહારાજે અટલાદરા મંદિરના બાંધકામમાં ખૂબ સેવા કરી હતી. સારંગપુરના કોળી ભક્ત મોહનભાઈ આ સેવાઓના સાક્ષી હતા. મોહનભાઈ કહેતા, 'અટલાદરા મંદિરનું કામ ચાલતું ત્યારે મેં આ નારણ સ્વામીને જોયેલા. પાવડાથી ખાંપે ને પંદર-પંદર ઈંટો માથે લઈને જાય.' સ્વામીબાપા ઉચ્ચ કોટિના સંત હતા, સાથે તે સમયે સંસ્થાના ટ્રસ્ટી પણ હતા. છતાં નીચી ટેલની સેવામાં હંમેશાં આગળ રહેતા.

એક પ્રસંગે સંતોએ આ સેવા અંગે પૂછેલું ત્યારે સ્વામીબાપાએ જણાવેલું, 'ગુણાતીતનો વારસો છે ને કે જે કામ કરે એ ટ્રસ્ટી, ને કામ કરે એ મોટા... પદમાં કાંઈ મહત્તા નથી. સેવા જ કરવાની છે. આપણે પહેલેથી સેવકભાવ જ હતો. મોટા કરો કે નાના એવું નહીં; જે કામ બતાવે તે કરવાનું.'

પોતાના શરીરને કઈ ભાવના સાથે સેવામાં જોડવું, તેનું એક સ્પષ્ટ ચિત્ર સ્વામીબાપાએ રજૂ કર્યું.

* મહંત સ્વામી મહારાજના જીવનમાં પણ આવી જ સેવાભાવનાનાં દર્શન સંતો-ભક્તોએ અનેક પ્રસંગે કર્યાં છે.

યોગીજી મહારાજે નવા સંતોને પ્રશિક્ષણ આપવા માટે તેમને મુંબઈમાં રાખ્યા હતા. અહીં ઠાકોરજી અને સંતો-ભક્તોનાં વાસણ ઊટકવા નાના વિદ્યાર્થી સંતોને સેવા સોંપવામાં આવી હોય. મહંત સ્વામી મહારાજ મુંબઈ મંદિરના મહંત હતા. છતાં તેમની સાથે વાસણ ઊટકવા માટે પહોંચી જતા. આ સેવાનો ક્રમ બે-ચાર દિવસ કે અઠવાડિયા પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ સતત ચૌદ વર્ષ સુધી તેમણે આ સેવા કરેલી. તેમની એક વિશેષતા એ રહેલી કે પોતે મહિમાથી વાસણ ઊટકતા, પરંતુ કોઈક વ્યક્તિ સેવામાં ગેરહાજર હોય તો ક્યારેય તેની ટીકા-નિંદા તેઓ કરતા નહીં.

* આપણે પણ આવા ગુણાતીત સત્પુરુષના તેમજ સેવાધારી સત્સંગી હરિભક્તોનાં જીવનમાંથી બોધપાઠ લઈને સેવાભાવના કેળવવાની છે. ભલે ગમે ત્યાં ધંધો-નોકરી કે વ્યવહાર કરતા હોઈએ, ગમે તેટલી ઉંમર કે ગમે તેટલો અભ્યાસ હોય, ગમે તેવી આવડત, બુદ્ધિ, કળા હોય; પણ મારે મારા જીવનમાં રોજ અથવા બે-ત્રણ દા'ડે અથવા અઠવાડિયે પણ કાંઈક સત્સંગની, મહારાજ-સ્વામીની સેવા કરવી જ છે, એવો નિર્ધાર કરવો જોઈએ.

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૨૮**માં તો એમ કહે છે : **'અમારે તો ભગવાનનો રાજીપો**

થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.'

કારણ કે સેવા કરવાથી જ આપણું અજ્ઞાન ટળવાનું છે. અનંત જન્મોનો કચરો સાફ થવાનો છે.

❋ ગોંડલ મંદિરની જેમણે વર્ષો સુધી સેવા કરી હતી, તેવા દાજી બાપુના સૌથી નાના પુત્ર પૃથ્વીસિંહજી પાલી (રાજસ્થાન)માં રહેતા. દર વર્ષે તેઓ એક-બે મહિના માટે ગોંડલ રહી યોગીબાપાની આજ્ઞા અનુસાર મંદિરમાં નાની-મોટી સેવામાં જોડાઈ જતા. ગૌશાળામાં વાસીદું કરવું, વાસણ ઊટકવાં, પાયખાનાં સાફ કરવાં વગેરે સેવા અન્ય યુવકો-પાર્ષદો સાથે હોંશે હોંશે કરતા. અઠવાડિયે એક-બે દિવસ ગોંડલી નદીના ઘાટ પર યોગીબાપા સભા કરતા, તો તેમની રુચિ સમજી ઘાટ વાળી નાખતા. પૃથ્વીસિંહ આવી સેવા કરતા હોવાથી યોગીબાપા રાજી થઈ આશીર્વાદ પણ આપતા.

ગરાસિયા દરબાર હોવા છતાં આમ નિર્માનીપણે સેવા કરી તેમણે યોગીબાપાનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

એકવાર મંદિરમાં આરસનું કામ ચાલતું હતું ત્યારે યોગીબાપાએ તેમને આરસ ઘસવાની સેવા પણ સોંપેલી અને કહેલું કે, 'આ આરસ ઘસવાથી તમારું અંતર પણ ઘસાઈને ચોખ્ખું થઈ જશે.'

ભગવાન અને સંતની સેવા કરવાથી અંતરમાં અખંડ શાંતિનો અનુભવ થાય છે, તે સમજાવતાં દેવાનંદ સ્વામીએ ગાયું છે કે...

'માટે સેવે તું સાચા સંતને રે,
તારા ટળશે ત્રિવિધના તાપ...'

◎ ઈ.સ. ૨૦૦૭, એડિસન : ચેરીહિલના ત્રણ હરિભક્તો દર્શને આવ્યા. પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ તેઓનો પરિચય કરાવતાં રોહિતભાઈ કહે, 'આ ત્રણેય હરિભક્તો સમૈયામાં કે પ્રત્યેક રવિસભા પછી મંદિરનો ખૂણેખૂણો સાફ કર્યા પછી જ ઘરે જાય છે.'

સ્વામીબાપાએ રાજી થતાં કહ્યું, 'વાહ ! ભગવાનનું મંદિર સાફ કરો છો, તો એનાથી અંતર સાફ થઈ જાય. બહુ સારી સેવા કરો છો ને કરતા રહેજો.'

સ્વામીબાપાએ આપણને અંતર સાફ કરવા માટે સેવાયજ્ઞ સતત કરતા રહેવાનું જણાવ્યું.

❋ તા.૨૨/૧/૨૦૧૮ના રોજ ગોંડલમાં અક્ષરદેરી સાર્ધ શતાબ્દી મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો. કુલ ૧૧ દિવસના આ મહોત્સવમાં કુલ મળીને ૧૫,૦૦૦ સ્વયંસેવકો જોડાયા હતા. મહોત્સવના એક અઠવાડિયા બાદ સ્વયંસેવકોની વિશિષ્ટ સભા રાખવામાં આવેલી.

પ્રવક્તા સંતે સ્વયંસેવકોનો મહિમા ગાઈ તેમના વતી આશીર્વાદ માંગ્યા. તેમાં એક પ્રાર્થના એવી કરી કે, 'સુદામા શ્રીકૃષ્ણ પાસે ગયા ને શ્રીકૃષ્ણએ મુઠ્ઠી તાંદુલ ખાધા, ત્યારે તો સુદામાને કંઈ મળ્યું હોય તેવું ન લાગ્યું, પણ ઘરે ગયા ત્યારે સોનાના મહેલ થઈ ગયા હતા. તેમ અમારે પણ થાય એવા આશીર્વાદ આપો.'

મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'સોનાના મહેલ તો નહીં થાય, પણ સોનાનાં હૈયાં થશે.'

આમ, ઇન્દ્રિયો અને અંતઃકરણને જો ભગવાન અને સંતની સેવામાં રાખીએ તો કદાચ સોનાના મહેલ થાય કે ન થાય, પણ સોનાનાં હૈયાં અવશ્ય થાય છે. કહેતાં, અંતઃકરણ શુદ્ધ થાય છે અને ભગવાનનો ત્યાં નિવાસ થાય છે.

મહારાજ-સ્વામી આપણને સેવા કરવા માટે અખૂટ બળ-બુદ્ધિ આપે એ જ તેમનાં ચરણોમાં પ્રાર્થના.

૨. વચનામૃત : ગ. પ્ર.-૮ : ઇંદ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું.

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૮મું - ઇંદ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું

સ્વામિનારાયણ હરે

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશ-દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે : ''ઇંદ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઇંદ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે, માટે શાસ્ત્રમાં જે રીતે વિષયને ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૮મું વચનામૃત થયું.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ અંતઃકરણની શુદ્ધિની વાત કરે છે. લોકમાં કહે છે : 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' 'Cleanliness is next to godliness'

● **અંતઃકરણની શુદ્ધિની આવશ્યકતા :**

❋ ગંદકી કોઈને ગમતી નથી. શરીર ગંદું થાય એટલે સ્નાન કરીને ચોખ્ખું કરીએ છીએ. કપડાં ગંદાં થાય તો તેને ધોઈ નાંખીએ છીએ. ઘરને રોજ ઝાડુ વાળીને સાફ કરીએ છે. સ્કૂટર/બાઈકને સવારે ઓફિસે જતાં પહેલાં સાફ કરીએ છીએ. ફ્રીઝમાં જામેલા બરફને ૧૫ દિવસે સાફ કરીએ છીએ. દિવાળીએ આખા ઘરના નકામા કચરાને બહાર કાઢીએ છીએ. આમ એક યા બીજી રીતે દરેક જણ સ્વચ્છતા માટે જાગ્રત તો હોય જ છે. પરંતુ જેટલું આ બાહ્યશુદ્ધિ માટે આપણે મથીએ છીએ એટલું આંતરશુદ્ધિ માટે મથતા નથી.

❋ જેમ આપણે રોજ સવારે સ્નાન કરીને શરીરની અશુદ્ધિ દૂર કરીએ છીએ, તેમ રોજ મનની અશુદ્ધિ દૂર કરીએ છીએ ખરા ? શું મનમાં ગંદકી નથી ?

❋ વૅકેશનમાં ૧૫ દિવસના પર્યટન માટે આપણે ઘરનાં બધાં જ બારી-બારણાં બંધ કરીને ગયા હોઈએ અને આવીને જેવો ઘરનો દરવાજો ખોલીએ કે તરત જ ઘરમાં આપણા પગલાં પડે છે. એટલે કે બધું જ બંધ હોવા છતાં જો ધૂળ ઘરમાં પ્રવેશી જતી હોય, તો આપણાં તો બધાં જ દરવાજા ખુલ્લા જ છે. આંખ, કાન, નાક, મોં.. આદિ. તો કેટલો કચરો તેના દ્વારા હૃદયમાં જમા થતો હશે, તેનો આપણે ક્યારેય વિચાર કર્યો છે ?

એટલે શરીરની શુદ્ધિ કરતાં આત્માની શુદ્ધિ વધુ જરૂરી છે. કારણ કે પંચવિષયરૂપી કચરાથી ખદબદતું

હૃદય સ્વભાવરૂપી બ્લોકેજ ઊભા કરે છે અને તે બ્લોકેજ માણસને હેરાન કરે છે, પરિવારને તથા સમાજને પણ શાંતિ લેવા દેતા નથી.

❋ કોટડાસાંગાણી ગામના ૧૭ વર્ષના વિજય દાફડાએ ચાર-ચાર ખૂન ૨૦૦૬ની સાલમાં કર્યા. વિજયે ૧૭ વર્ષની ઉંમરે બે ખૂન કર્યા, પછી તેને બાળઅદાલતમાં લવાયો હતો. તેને જામીન પર છોડવામાં આવ્યો તો તેણે જામીન પર છૂટી ફરી બે ખૂન કર્યા. વિજયને આવું અપકૃત્ય કરવાની પ્રેરણા 'ડોન' ફિલ્મ જોઈને મળી હતી.

એટલે સ્વભાવરૂપી બ્લોકેજના નાશ માટે આત્માની શુદ્ધિ જરૂરી છે.

❋ ભગવાનને અંતરમાં પધરાવવા માટે પણ હૃદય ચોખ્ખું હોવું જરૂરી છે.

❋ એક વાર શ્રીજીમહારાજ હરભમજી સુથાર આદિ હરિભક્તોની વિનંતીથી ભૂજ પધાર્યા હતા. ફૂલદોલનો સમૈયો પૂર્ણ થતાં હરિભક્તો મહારાજની વિદાય લેવા આવ્યા ત્યારે હરિભક્તો મહારાજને કહે : 'મહારાજ ! દયા રાખજો.' મહારાજે સામે તેમને કહ્યું : 'તમે પણ દયા રાખજો.' હરિભક્તો ઘરે જવાની ઉતાવળમાં મહારાજનો કહેવાનો મર્મ સમજયા નહીં ને ચાલતા થયા. ગામને પાદરે પહોંચ્યા ત્યારે એક હરિભક્તને વિચાર આવ્યો કે આપણે તો મહારાજને કહીએ કે તમો દયા રાખજો, પણ મહારાજે આપણને દયા રાખવાનું શા માટે કીધું હશે ? સંઘ પાછો મહારાજ પાસે આવ્યો. અને મહારાજને આનું કારણ પૂછ્યું ત્યારે શ્રીજીમહારાજ કહે : 'જુઓ તમારી આ સાડા ત્રણ હાથની કાયામાં મુઠ્ઠી જેટલું હૃદય છે, ત્યાં અમારે રહેવાનું સ્થાન છે. માટે દયાએ કરીને તે જગ્યા શુદ્ધ રાખજો.'

આમ, જો શ્રીજીમહારાજને અંતરમાં પધરાવવા હોય તો તે માટે હૃદયની શુદ્ધિ આવશ્યક નહીં પણ અનિવાર્ય છે.

● **અંતઃકરણ શુદ્ધ કરવાના ઉપાયો :**

❋ તો અંતઃકરણને શુદ્ધ કરવાનું સાધન શ્રીજીમહારાજ અહીં બતાવે છે.

❋ દરેક પ્રકારની શુદ્ધિ માટે તેનાં જુદાં જુદાં સાધનો વપરાતા હોય છે. જેમ દાંતને સાફ કરવા બ્રશ વપરાય, પણ કપડાંને સાફ કરવા તે બ્રશ કામ ન લાગે, તેનું બ્રશ જુદું હોય. ઘરને વાળવા સાવરણી જોઈએ, તો ચોગાન વાળવા સાવરણો જોઈએ.

તેમ, શ્રીજીમહારાજે વચનામૃતમાં અંતઃકરણ કહેતાં કે આત્માની શુદ્ધિ માટેનાં અલગ-અલગ ઠેકાણે જુદાં-જુદાં સાધનો બતાવ્યાં છે, પણ અહીં મુમુક્ષુમાત્રને સરળ પડે તેવું સાધન શ્રીજીમહારાજ બતાવે છે. એ છે, સેવા.

સેવા એક જબરજસ્ત ડિટર્જન્ટ પાઉડર છે, જે જન્મોજન્મના ડાઘને પળમાં કાઢી નાંખે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૭માં** કહે છે : 'મોટા સંત હોય તેની અતિશય સેવા કરે તો મોટાપુરુષની કૃપાદૃષ્ટિથી સર્વે વિકારો તત્કાળ ટળી જાય.'

❋ **વચનામૃત ગઢડા મધ્ય-૨૫માં** શ્રીજીમહારાજ કહે છે : 'જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન અને ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'

❋ તો ઇંદ્રિયોની ક્રિયાને ભગવાન ને સંતની સેવામાં રાખવી, તેના બે અર્થ થાય છે.

એક તો આપણી પંચ-જ્ઞાનેન્દ્રિયો અને પંચ-કર્મેન્દ્રિયો છે તેને ભગવાન તથા સંતની આજ્ઞા મુજબ કહેતાં કે નિયમમાં રાખવી તે. નિયમ-ધર્મ યુક્તનું આપણું વર્તન હોય તો તેને દેખીને મોટાપુરુષ રાજી થાય છે અને તેની દૃષ્ટિએ કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે.

❋ નવીનભાઈ સ્વામિનારાયણ સન ૧૯૫૮માં યોગીજી મહારાજના આશીર્વાદ લેવા મોજીદડ ગયા. તેઓ

લંડન અભ્યાસ માટે જતા હતા ત્યારે યોગીબાપાએ આશીર્વાદની સાથે શીખ આપતાં કહ્યું : 'તમે પરદેશ જાવ છો તો ત્યાં આપણા નિયમધર્મ પાળવા, પૂજાપાઠ કરવા, દારૂ-માંસ આદિક કાંઈ ન લેવું.' વર્ષો પછી ઈ.સ. ૧૯૭૦માં યોગીબાપા લંડન પધાર્યા ત્યારે તેમની તબિયતને ધ્યાનમાં રાખીને પધરામણી સદંતર બંધ રાખવામાં આવી હતી. છતાં યોગીબાપા કહે : 'આપણે નવીનને ત્યાં પધરામણીએ જવું છે.' નવીનભાઈ સામેથી કહે : 'બાપા ! આપની તબિયત સારી નથી. વળી, હું બિલ્ડિંગમાં ચોથે માળે રહું છું. તેમાં લિફ્ટ નથી, દાદરા પણ એકદમ સાંકડા છે, માટે મારી પધરામણી અહીં જ ગણી લો.' તેમની આવી સમજાવટ છતાં યોગીબાપાએ આગ્રહ રાખ્યો. અને છેવટે નવીનભાઈને ત્યાં ચાર માળના દાદરા ચડીને પધરામણીએ ગયા. ઉતારે આવ્યા પછી સંતોએ બાપાને પૂછ્યું : 'બાપા ! નવીનભાઈને ત્યાં જવાનો આપે આટલો બધો આગ્રહ શા માટે રાખ્યો ?' ત્યારે યોગીબાપા બોલ્યા : 'ગુરુ ! આ નવીન જ્યારે મોજીદડ આશીર્વાદ લેવા આવ્યો હતો ત્યારે અમે તેને નિયમધર્મ પાળવાની આજ્ઞા કરી હતી. આટલાં વર્ષો થયા છતાં તેણે એકેય નિયમ લોપ્યો નથી, તેથી મને ઉત્સાહ આવી ગયો, રાજીપો થઈ ગયો.'

બીજો અર્થ એ છે કે ભગવાન અને સંતની જે મન, કર્મ, વચને સેવા કરવી તે.

● **મને કરીને ભગવાન અને સંતને નિર્દોષ જાણવા :**

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૩માં** કહે છે : 'મુકુંદ બ્રહ્મચારી અમારા સ્વભાવને યથાર્થ જાણે છે કે મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે. તો ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે.

● **કર્મે કરીને તેમની જે આજ્ઞા થાય તે મુજબ સેવા કરવી :**

❊ જેતલપુરની ગણિકાએ શ્રીજીમહારાજની આજ્ઞાથી ઘઉં દળવાની અને ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ગાર લીંપવાની સેવા કરી, તો તેમનો અંતરનો મેલ ધોવાઈ ગયો.

❊ તેથી જ દેવાનંદ સ્વામી કહે છે :

માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધિના તાપ
અંતકાળે સગું નહિ કોઈનું રે...

● **વચને કરીને તેમના ગુણગાન ગાવા :**

❊ આફ્રિકાના મગનભાઈએ રાતદા'ડો જોયા વિના અક્ષરપુરુષોત્તમની તથા શાસ્ત્રીજી મહારાજના મહિમાની અપરંપાર વાતો કરીને સત્સંગની સેવા કરી તો તેવો મુક્ત સ્થિતિને પામ્યા.

આમ, સેવા એ અંતરને સાફ કરવાની સાવરણી છે.

❊ સેવારૂપી સાધન સર્વગ્રાહ્ય અને સુલભ સાધન લાગે છે, પણ આપણાં શાસ્ત્રો કહે છે : **'સેવાધર્મઃ પરમગહનો યોગિનામ્ અપિ અગમ્યઃ'** કહેતાં કે સેવા ધર્મ બજાવવો યોગીઓ માટે પણ પરમ ગહન છે.

❊ તુલસી રામાયણમાં કહ્યું છે :

સેવા ધરમુ કઠિન જગુ જાના ।

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૫૫માં** કહે છે : 'જો મોટાપુરુષની સેવામાં ખબડદાર થઈને રહે તો એનાં પાપ બળીને ભસ્મ થઈ જાય.'

તો ખબડદાર થઈને સેવા કરવી એટલે શું ?

● **ટાણાની સેવા ઝીલી લેવી :**

❊ જૂનાગઢમાં નવી ધર્મશાળા પૂરી થવા આવી ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ધર્મશાળાના દરવાજા સામું જોઈને કૃષ્ણસેવાદાસ સ્વામીને કહ્યું : 'આ દરવાજો આમને આમ રહે ને મોતિયો મળે કે નહિ ?' તેમણે ના પાડી. બીજે દિવસે સ્વામી વતું કરાવતા હતા ત્યારે સવજી કડિયો દર્શને આવ્યો. સ્વામી તેને કહે : 'સવજી ! આ દરવાજો એમને એમ રહે અને મોતિયો મળે કે નહિ ?'

ત્યારે તેણે કહ્યું : 'હા ! સ્વામી, મળે. હું મેળવી દઉં.'

સ્વામી કહે : 'પણ કૃષ્ણસેવાદાસ તો કહે છે કે

નો મળે.'

સવજીએ હાથ જોડી કહ્યું : 'સ્વામી ! એ પણ કડિયા છે ને હું ય કડિયો છું. હું મોતિયો મેળવી દઉં. પછી શું ?'

સવજીની વાત સાંભળીને સ્વામી બહુ જ રાજી થયા અને વાળંદને કહે : 'ઊભા રહો.' એમ અડધું વતું બંધ રખાવીને સ્વામી સવજીને બાથમાં લઈને ભેટ્યાં.

આ વાતની ખબર કૃષ્ણસેવાદાસને પડી એટલે તેઓ તરત જ સ્વામી પાસે આવ્યા અને કહે : 'સ્વામી ! સ્વામી ! એ તો દરવાજો રહે અને મોતિયો મળે, તેમ હું પણ કરી દઉં.'

ત્યારે સ્વામી બોલ્યા : 'એ મોજ તો સવજી કડિયો લઈ ગયો.'

'ટાણે મોતી ભરડી નાંખવા' કહેવત અનુસાર જ્યારે જ્યારે પ્રસંગોપાત્ત સેવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે સેવાને ઝડપી લેવાથી મોટાપુરુષનો રાજીપો થઈ જાય છે.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ **ભક્તિનિધિ ૧૩/૭માં** કહ્યું છે :
નર ન આવ્યા પશુપાડમાં, પશુએ કર્યા પ્રભુ પ્રસન્ન ।
સમો જોઈ જે સેવા કરે, તે સમાન નહિ સાધન ॥

● **અતિશય સેવા :**

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૭માં** શ્રીજીમહારાજ અતિશય સેવા કરે તો મોટાપુરુષની દૃષ્ટિ પડી જાય તેવું જણાવે છે.

❊ મહેસાણાના ચંદુભાઈ પટેલ ૨૦૦૫માં દિલ્હી-અક્ષરધામની સેવામાં ગયા. ત્યાં સાફસૂફીની સેવામાં જોડાયા. ૧૪-૯-૨૦૦૫ના દિવસે ધોધમાર વરસાદ પડતાં અક્ષરધામની બધી ગટરો ઊભરાવા લાગી. મુખ્ય કુંડીની ગટર સિમેન્ટ, કાંકરા, પ્લાસ્ટિકથી બ્લોક થઈ ગઈ હતી. સંતો સાફ કરવાની મહેનત કરતા હતા, તે જોઈને તેઓ કુંડીમાં ઊતરી પડ્યા. ૫ થી ૮ ફૂટ ઊંડી કુંડીમાં ડૂબકી મારીને સાફ કરવા લાગ્યા. ૩ કલાકની આકરી મહેનત બાદ કુંડી સાફ થઈ. પણ પછી અક્ષરધામની બધી ગટરો સાફ કરવાનું નક્કી કર્યું, ત્યાં જ બીમારીએ ભરડો લીધો. છતાં હિંમત હાર્યા સિવાય તેવી પરિસ્થિતિમાં તેમણે ૧૫ દિવસમાં ૨૬૦ ગટરો સાફ કરી. તેમની આવી દેહને ગણકાર્યા વિનાની સેવાથી સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા.

❊ ભાવનગરના મંદિરનિર્માણમાં મહિલા હરિભક્તોએ કોંક્રીટ ભરવાના કામથી લઈને પથ્થર ઘસાઈનું કામ શ્રમપૂર્વક કરીને આપણા સંપ્રદાયમાં સેવાનો એક અજોડ દાખલો બેસાડ્યો. પ્રતિષ્ઠાની પૂર્વસંધ્યાએ યોજાયેલી સભામાં સ્વયંસવેકોની આવી સેવાભક્તિના ગુણો સાંભળીને સ્વામીશ્રી અતિશય રાજી થયા અને આશીર્વાદ આપતાં બોલ્યા : 'સૌએ સેવામાં પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી લીધી.'

● **વિશ્વાસપૂર્વકની સેવા :**

❊ ભગવાન અને સંતનો વિશ્વાસ સંપાદન કરી શકીએ તેવી સેવાભાવના આપણે દૃઢ કરવી જોઈએ.

❊ શ્રીજીમહારાજ જૂનાગઢ મંદિરની સેવા માટે જનાર સંતો-હરિભક્તોની નામાવલિ તૈયાર કરતા હતા. મહારાજ સામે બેઠેલા સંતો-ભક્તોને 'તમે જશો ?' એમ પૂછીને લિસ્ટ બનાવતા હતા. તેમાં મહારાજે જોરા ભગતનું નામ તેઓ સભામાં હાજર નહોતા છતાં લખી નાખ્યું ત્યારે કોઈકે મહારાજને કહ્યું : 'મહારાજ ! પહેલાં એમને પૂછી જુઓ. તે હા પાડે પછી નામ લખજો.' ત્યારે મહારાજ બોલ્યા : 'મને વિશ્વાસ છે કે જોરા ભગત જૂનાગઢ જવાની ના નહીં પાડે.'

❊ એક વાર શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં રાત્રે સૂતા હતા. મધરાતે એક વાગે હરિભક્તોનો સંઘ આવ્યો. શાસ્ત્રીજી મહારાજે ઉતારાની વ્યવસ્થા કરાવી અને પૂછ્યું : 'જમવાનું બાકી છે ?' તેઓએ હા પાડી. એટલે તરત શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ જ્યાં સૂતા હતા ત્યાં ગયા. શાસ્ત્રીજી મહારાજના આવવાથી બાજુમાં સૂતેલા ભગવત્સ્વરૂપ

સ્વામી જાગી ગયા. તેમણે જાણ્યું કે શાસ્ત્રીજી મહારાજ જોગીને ઉઠાડવા આવ્યા છે ત્યારે તેઓ કહે : 'જોગી ! તો હમણાં જ ૧૨.૩૦ વાગે માળા ફેરવીને સૂતા છે, ને પાછા ૩.૩૦ વાગે તો ઊઠી જશે. માટે તેમને ન ઉઠાડો તો સારું.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'જોગી વિના મારું કોણ શોભાડશે ?' આટલી વાતચીતમાં જ હરણફડકો રાખતા યોગીબાપા જાગી ગયા ને સેવામાં જોડાઈ ગયા.

❊ લંડન મંદિરના નિર્માણ સમયે આર્થિક કટોકટીની ગંભીર પરિસ્થિતિમાં મંદિર કેમ પૂરું થશે, એવી સૌને ચિંતા હતી ત્યારે સ્વામીશ્રી બોલ્યા હતા : 'મારો એક-એક હરિભક્ત વેચાઈ જશે, પણ મંદિર પૂરું કરશે જ.'

ભગવાન અને સંતનો આવો વિશ્વાસ આપણે મેળવી શકીએ, એ જ સેવાની પરાકાષ્ઠા છે.

આમ, અંતરને શુદ્ધ કરવાનું સુલભ છતાં પરમ ગહન સાધન આ સેવા છે.

● **સેવાનું વ્યસન :**

❊ વળી, શ્રીજીમહારાજ તો **વચનામૃત ગઢડા મધ્ય-૨૫માં** સેવાનું વ્યસન પાડવાની વાત કરે છે. વ્યસની માણસને જેમ વ્યસનની તલપ લાગે અને તેના વિના રહેવાય નહિ, તેમ આપણને સેવા માટે થવું જોઈએ.

પણ આજે આખા દિવસની દોડધામ-રઝળપાટમાં હૈયામાં રહેલી સેવાભાવના પડી પડી ઘસાતી જાય છે, પણ જો ખરેખરો મહિમા સમજાયો હોય, અંતરમાં જન્મમરણનો રોગ દૂર કરવાની તાલાવેલી લાગી હોય તો વ્યસની માણસ જેમ વ્યસન પાછળ સમય કાઢે છે તેમ સેવા માટે સમય નીકળે, નીકળે ને નીકળે જ.

❊ ડૉ. રાજીવ વ્યાસ, ચેરીહિલ (અમેરિકા)ના સમૃદ્ધ ડૉક્ટર છે. તેમના હાથ નીચે ૮૦૦ માણસો કામ કરે છે અને ૩૮ ડૉક્ટરો એમના સહાયક તરીકે કામ કરે છે. ઉપરાંત ન્યુજર્સીની એક પ્રસિદ્ધ હૉસ્પિટલના ડાયરેક્ટર છે, પરંતુ ચેરીહિલમાં રોજ સવારે ઠાકોરજીનાં દર્શને આવીને વર્ષોથી ભક્તિભાવપૂર્વક દરરોજ મંદિરનાં સંડાસ-બાથરૂમ સાફ કરે છે.

❊ અમદાવાદના ડૉ. મૃદુલભાઈ ઘરે ઘરે જાતે ફરીને પસ્તી ઉઘરાવવાની સેવા કરે છે.

❊ રાજકોટ મંદિર જ્યારથી થયું ત્યારથી સ્થાનિક યુવકો અને મહિલા મંડળ રોજ મંદિરની સાફસૂફી કરે છે. આપણાં ઘણાં મંદિરોમાં હરિભક્તો રાત્રે મંદિરની સલામતીની સેવા બજાવવા મંદિરે આવીને સૂએ છે.

❊ અમદાવાદની ફૂલમંડળીના વડીલ હરિભક્તો રોજ વહેલી સવારે આવીને વર્ષોથી ઠાકોરજીના હાર બનાવવાની સેવા કરી રહ્યા છે.

❊ પરદેશમાં તો શનિ-રવિ બધા જ બાઈ-ભાઈ, નાના-મોટા બધા જ પ્રકારની સેવામાં જોડાતા હોય છે.

આમ, સેવા કરવી હોય તો ગમે તે જગ્યાએ સેવા મળી જાય, પણ આપણને સેવા કરવાની અંતરમાં ઇચ્છા હોવી જોઈએ.

❊ ઈ.સ. ૧૯૮૯, મહેસાણા : સ્વામીશ્રી પોતાના ઉતારેથી સભામંડપ તરફ જઈ રહ્યા હતા ત્યારે સ્વયંસેવકો મંદિરના પાયાનું ખોદકામ કરતા હતા. સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા ને કોઈ કાંઈ સમજાવે તે પહેલાં સ્વયંસેવકોની હરોળમાં ઊભા રહી ગયા ને બોલ્યા : 'લાવો તગારાં' સ્વામીશ્રી જાતે માટી ભરેલાં તગારાં ઊંચકીને બીજા યુવકોને આપવા લાગ્યા. ૩૨ તગારાં સ્વામીશ્રીએ ઊંચક્યા. સંતો-હરિભક્તોએ બહુ આગ્રહ કર્યો ત્યારે અટક્યા.

❊ ઈ.સ. ૧૯૬૭માં ગોંડલમાં યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો. સમૈયાની સભા પૂર્ણ કરીને યોગીબાપા ઉતારે આવ્યા કે તરત જ રસોડામાં નીચે બેસીને તાંદળજાની ભાજી તોડવા લાગ્યા. કોઈએ બાપાને કહ્યું નહોતું પણ સેવાના વ્રતધારી આ પુરુષો હંમેશાં સેવાની તક ઝડપી લે છે.

જો અંતરમાં સેવાભાવના પડી હોય તો ટાણે

તરત જ સેવામાં જોડાઈ જવાય.

- ❊ મંદિરમાં ખૂણેખાંચરે ઘણી-બધી સેવા હોય છે, પણ આપણી ભાવના ન હોય તો એક ખૂણે બેસી રહેવાય અથવા તો તેને સેવાટાણે સેવામાં જોડાવાનો વિચાર ન આવે.
- ❊ આપણે પણ આવા ગુણાતીત સત્પુરુષના તેમજ સેવાધારી સત્સંગી હરિભક્તોનાં જીવનમાંથી બોધપાઠ લઈને સેવાભાવના કેળવવાની છે. ભલે ગમે ત્યાં ધંધો-નોકરી કે વ્યવહાર કરતા હોઈએ, ગમે તેટલી ઉંમર કે ગમે તેટલો અભ્યાસ હોય, ગમે તેવી આવડત, બુદ્ધિ, કળા હોય પણ મારે મારા જીવનમાં રોજ અથવા બે-ત્રણ દા'ડે અથવા અઠવાડિયે પણ કાંઈક સત્સંગની, મહારાજ-સ્વામીની સેવા કરવી જ છે, એવો નિર્ધાર કરવો.
- ❊ શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય-૨૮મા વચનામૃતમાં** તો એમ કહે છે : 'અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમજ તમારે પણ નિશ્ચય કરવો.'

કારણ કે સેવા કરવાથી જ આપણું અજ્ઞાન ટળવાનું છે. અનંત જન્મોનો કચરો સાફ થવાનો છે.

- ❊ ઈ.સ. ૨૦૦૭, એડિસન : ચેરીહિલના ત્રણ હરિભક્તો દર્શને આવ્યા. તેઓનો પરિચય કરાવતા રોહિતભાઈ કહે : 'આ ત્રણેય હરિભક્તો સમૈયામાં કે પ્રત્યેક રવિસભા પછી મંદિરનો ખૂણેખૂણો સાફ કર્યા પછી જ ઘરે જાય છે.'

સ્વામીશ્રીએ રાજી થતાં કહ્યું : 'વાહ ! ભગવાનનું મંદિર સાફ કરો છો, તો એનાથી અંતર સાફ થઈ જાય. બહુ સારી સેવા કરો છો ને કરતા રહેજો.'

સ્વામીશ્રી પણ આપણને અંતર સાફ કરવા માટે સેવાયજ્ઞ સતત કરતા રહેવાનું જણાવે છે.

- ❊ ઈ.સ. ૨૦૦૦, એટલાન્ટા : સ્વામીશ્રી એટલાન્ટા મંદિરમાં એક દિવસ વિવિધ વિભાગોની મુલાકાતે નીકળ્યા. ફરતાં ફરતાં મેડિકલ વિભાગની ઓફિસમાં આવ્યા. ત્યાં સેવા સંભાળતા ડૉક્ટરે સ્વામીશ્રીને હાથમાં સ્ટેથોસ્કોપ આપીને કહ્યું : 'બાપા ! અમે તો દર્દીઓને તપાસીએ છીએ. આપ તો ડૉક્ટરના પણ ડૉક્ટર છો, માટે મને તપાસો.'

સ્વામીશ્રીએ સ્ટેથોસ્કોપ લઈ ડૉક્ટરના હૃદય પર મૂક્યું. ડૉક્ટર કહે : 'અક્ષરધામમાં જાય એવું છે ?' સ્વામીશ્રી ડૉક્ટરની અદાથી કહે : 'હા, બરાબર છે. અક્ષરધામમાં જાય એવું તૈયાર થઈ ગયું છે.'

'બાપા ! પણ અમારું શું ?' આસપાસ ઊભેલા બધા હરિભક્તો એકી સાથે બોલી ઊઠ્યા.

સ્વામીશ્રી હાથ ઊંચો કરીને મોજમાં આવીને કહે : 'જે સેવા કરે છે, તે બધાને અક્ષરધામ.'

- ❊ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે,

મહત્ સેવાં દ્વારમાહુર્વિમુક્તેસ્ ।
તમોદ્વારં યોષિતાં સંગિસંગમ્ ॥

શાસ્ત્રોએ મહાપુરુષોની સેવાને મુક્તિનું દ્વાર અને સ્ત્રીસંગી કામીપુરુષોના સંગને નરકનું દ્વાર કહ્યું છે.

- ❊ આવી અદ્‌ભુત પ્રાપ્તિ આપણે આ ને આ દેહે જ પ્રાપ્ત કરી શકીએ, તેમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે શ્રીજીમહારાજ આપણને ચેતવી દે છે કે જો ઇંદ્રિયોને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવશો તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે અને કલ્યાણના માર્ગ થકી પડી જવાશે.
- ❊ આમ, ઇંદ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં બે રીતે રાખવાની છે. એક તો તેમની આજ્ઞા અનુસાર નિયમ-ધર્મ પાળીને ઇંદ્રિયોનો સંયમ કેળવવો અને બીજું તેમની મન, કર્મ, વચને સેવા કરવી. જો આ સેવા મહિમાપૂર્વક ખરા દિલથી થાય તો અનંત જન્મનું કામ એક જન્મે થઈ જાય, તેવું મહારાજ અને સ્વામીનું વરદાન છે.

મહારાજ-સ્વામી આપણને સેવા કરવા માટે અખૂટ બળ-બુદ્ધિ આપે એ જ તેમનાં ચરણોમાં પ્રાર્થના.

૪. વચનામૃત : ગઢડા પ્રથમ-૧૦ : કૃતઘ્નીનું, સેવકરામનું

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા પ્રથમ-૧૦ : કૃતઘ્નીનું, સેવકરામનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૩ તેરસને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા, ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્‌ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો. તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહીં, માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું જે, 'કાંઈ ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું.' પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી હતી તેમાં એક વડનો વૃક્ષ હતો, તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતાં. પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહીં અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી. અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા. અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો તે અમો લાવીને રાંધી ખવરાવતા, અને અમો વસ્તીમાં જઈને જમી આવતા. અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહીં ત્યારે અમારે ઉપવાસ થતો, તોપણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહીં જે, 'અમ પાસે દ્રવ્ય છે તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.' પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો ભાર મણ એક હતો તે અમારે પાસે ઉપડાવતો, અને પોતે તો એક માળા લઈને ચાલતો. અને દેહે પણ સાજો અને એક શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો તોપણ ભાર અમારી પાસે ઉપડાવે અને પોતે અમથો ચાલે. અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે, 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહીં.' માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો, પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહીં. પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો...''

ઇતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૧૦મું વચનામૃત થયું.

❋ આ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે કહેલ પોતાના વનવિચરણ દરમ્યાનના પ્રસંગને કેન્દ્રમાં રાખીને આપણે તેઓમાંથી સેવાધર્મની પ્રેરણા પ્રાપ્ત કરીશું.

આ વચનામૃત નાનું છે, પણ તેમાં શ્રીજીમહારાજનું વિરાટ વ્યક્તિત્વ સમાયેલું છે. નીલકંઠવર્ણીના જીવનના આ એક પ્રસંગ દ્વારા જ તેમનામાં રહેલા દિવ્ય ગુણોનાં દર્શન આપણને સહજે થાય છે. આટલી તરુણ વયે તેઓએ જે રીતે સેવા કરી, તે જોતાં સેવકધર્મનો આદર્શ નીલકંઠવર્ણીએ પોતાના આ જીવનપ્રસંગ દ્વારા પૂરો પાડ્યો છે.

મહાન પુરુષો હંમેશાં બોલે છે ઓછું, વર્તે છે વધારે. વર્ણી તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હતા. તેમને આવી રીતે જ વર્તવું જરૂરી નથી, પણ અનેક જીવોને સાચા માર્ગે વાળવા, આવા પ્રસંગો ઊભા કરતા હોય છે.

■ આ આખા પ્રસંગને ટૂંકમાં વર્ણવવો હોય તો એમ કહી શકાય કે નીલકંઠવર્ણીએ રસ્તે જતા એક અજાણ્યા માંદા સાધુની સેવા કરીને તેને સાજો કર્યો. પણ તે સેવા કેવી રીતે કરી? કેવા સંજોગોમાં કરી? કેવી ભાવનાથી કરી? ક્યાં સુધી કરી? એ અગત્યનું છે. ચાલો, સેવાભાવનાને કેન્દ્રમાં રાખી શ્રીજીમહારાજના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એક પછી એક જોઈએ.

(૧) દયા :

❋ નીલકંઠવર્ણી દક્ષિણ ભારતના પ્રસિદ્ધ તીર્થ વેંકટાદ્રિ એટલે કે તિરુપતિ બાલાજીથી રામેશ્વરમ્ જતા હતા. રસ્તામાં તેમને સેવકરામ નામે એક સાધુ મળ્યો. સેવકરામની અતિશય માંદગી જોઈને નીલકંઠવર્ણીને દયા આવી.

દયા અને એ પણ જેની સાથે તેમને કોઈ પરિચય નથી, એવી અજાણી વ્યક્તિ માટે? આ જ શ્રીજીમહારાજની વિશેષતા છે.

❋ ચેષ્ટાના પદમાં મહારાજની દયાળુ પ્રકૃતિ વર્ણવતાં પ્રેમાનંદ સ્વામીએ લખ્યું છે:

કોઈને દુખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય;

❋ શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૨૮મા વચનામૃતમાં પણ કહે છે કે 'અમારો દયાળુ સ્વભાવ છે.' નીલકંઠવર્ણી આપણને સમજાવે છે કે કોઈ પણ માણસ દુ:ખી થતો હોય, તો તેને જોઈને આપણા હૃદયમાં તેના પ્રત્યે હમદર્દી જાગવી જોઈએ.

(૨) સેવાની તત્પરતા :

ત્યાર પછી નીલકંઠવર્ણી સેવકરામની પાસે જઈને તેને હૂંફ આપતાં કહે છે, 'તમે ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું.'

વર્ણીની આ તત્પરતા જોઈને જ સેવકરામને નિરાંત થઈ હશે કે 'મારી સેવા કરનાર કોઈક તો છે!' એમાં વળી વર્ણીએ તેને કહ્યું કે, 'તમે ચિંતા ન કરતા.' વર્ણીના આવા પ્રેમાળ અને હૂંફાળા શબ્દો સાંભળીને જ સેવકરામને ધરપત મળી ગઈ.

❋ આવા વૃદ્ધ કે બિમાર જ્યારે કોઈ પાસે પાણીનો પ્યાલો માંગે, ત્યારે એ પાણીનો પ્યાલો નહીં પણ હૂંફ માંગે છે. એ પ્યાલો લાવી આપવામાં આવે તો તેના ગળાની જ નહીં, હૃદયની તરસ પણ સંતોષાય છે.

(૩) પરિસ્થિતિ સમજીને સેવા :

■ સેવા કેવી રીતે કરવી? તો સામેવાળી વ્યક્તિની પરિસ્થિતિને સમજીને કરવી, તેને જે રીતે સુખ થાય તે મુજબ કરવી.

❋ સેવકરામને લોહીખંડ પેટબેસણું કહેતાં કે મરડાનો રોગ થયો હતો. એટલે વારંવાર ઝાડા થતા, વળી તેમાં લોહી પડતું. એટલે દિવસમાં સામાન્યપણે દશ-બાર વખત ઝાડા થાય. તેથી નીચે પાથરેલું કપડું વારંવાર બગડ્યા કરે. તો તે સમયે પોતાની સતેજ બુદ્ધિથી વિચારીને નીલકંઠવર્ણીએ એક હાથ ઊંચી એટલે કે દોઢ-બે ફૂટ ઊંચી કેળનાં પાનની પથારી બનાવી. સેવકરામને એટલી બધી અશક્તિ હતી કે તે ઊભો જ નહોતો થઈ શકતો. એટલે તેને પથારીમાં જ ઝાડા થઈ જતા. એટલે જ્યારે ઝાડા થાય ત્યારે પથારી બગડે. એ વખતે ઉપરનું બગડેલું કેળનું પાન લઈ લેવાનું, એટલે નવી પથારી તૈયાર.

જો સેવાની સાચી ભાવના હોય, તો જ તે સમયે આવું સૂઝે.

❋ શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે માતા-પિતાની સેવા કરવા માટે 'શુશ્રૂષા' કરવી એવો શબ્દ વાપર્યો છે. શુશ્રૂષાનો એક અર્થ વિવેચકો કરે

છે: 'જરૂરિયાત અને આવશ્યકતા સમજીને થતી સેવા.'

■ ગુણાતીત ગુરુવર્યોના જીવનમાં પણ આવી ભાવના દેખાય છે. તેઓએ દરેક વ્યક્તિની પરિસ્થિતિ સમજીને તેની સેવા કરી છે. જરૂરિયાતમંદની જરૂરિયાતો પારખી છે અને તે પ્રમાણે સેવા પણ કરી છે.

❊ તા. ૪-૭-૨૦૧૧ના દિવસે ભરૂચમાં પ્રમુખસ્વામી મહારાજને હૃદયરોગનો હળવો હુમલો આવ્યો હતો. આ ઘટનાના બે દિવસ પછી એક વાતચીતમાં સ્વામીશ્રીને ખબર પડી કે પરદેશમાં રહેતા એક વૃદ્ધ સત્સંગી દંપતીને બીમાર અવસ્થામાં ખૂબ તકલીફ પડે છે. કારણ કે સગાંની મદદ નથી મળતી ને સંતાનો દૂર છે. પરિસ્થિતિ જાણી સ્વામીશ્રીએ તે દંપતી જે વિસ્તારમાં રહે છે, તે વિસ્તારના સંતોને વિગત જણાવી, આ હરિભક્તની સેવાની વ્યવસ્થા કરાવી.

(૪) સૂગ ભૂલીને સેવા :

❊ નીલકંઠવર્ણીની સેવાની પરાકાષ્ઠા એ હતી કે...

શ્રીજીમહારાજ કહે છે, 'તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું, તેને અમે ધોતા અને ચાકરી કરતા.'

બીમાર વ્યક્તિને પથારીમાં જ દૈહિક ક્રિયા (એટલે કે ઝાડા-પેશાબ) કરાવવી, તે અત્યંત કઠણમાં કઠણ સેવા છે. તેની પથારી, તેનાં કપડાં આદિ બધું સાફ કરવાનું, તેમાં ભલભલાને સૂગ ચડી જાય.

નીલકંઠવર્ણીને સેવાનો કેટલો મહિમા હશે, તેમજ તે વ્યક્તિ પ્રત્યે કેટલી હમદર્દી હશે, ત્યારે તેની આવી સેવા કરવામાં જરાય ખચકાટ થયો નહીં, હસતે મોઢે તે સેવા કરી.

તેઓ તો સ્વયં પરમાત્મા હતા. તેઓને આ રીતે વર્તવાની કોઈ આવશ્યકતા નહોતી, પરંતુ તેઓ આ રીતે વર્ત્યા, તે આપણા ઉપદેશ માટે છે.

■ સેવકરામની સેવામાં રત નીલકંઠવર્ણી જાણે આપણને કહી રહ્યા છે કે 'હું પારકાની સેવા સૂગ ભૂલીને કરું છું, તો મારા આશ્રિતો એવા તમે મારામાંથી પ્રેરણા લઈ પોતાનાં મા-બાપ કે વડીલોની સેવામાં તો નાક ન જ ચડાવતા. એમની સેવા પ્રેમથી કરજો, હોંશે હોંશે કરજો!'

સૂગ ભૂલીને સેવા કરવાની પ્રેરણા આપણા ગુરુવર્યોએ આપણને આપી છે.

❊ અડવાળના અગરસંગ બાપુ પોતાના પૌત્ર બળવંતસંગને લઈને ગોંડલ આવેલા. રાત્રે સૌ સભામંડપમાં સૂતેલા. બહાર ઘનઘોર અંધારું હતું. વરસાદ વરસતો હતો. યોગીજી મહારાજ આવા સમયે રાત્રે બાર વાગ્યા પછી સૂવા માટે આસને પધાર્યા, ત્યારે દસ વર્ષનો બળવંતસંગ પથારીમાં બેઠો-બેઠો મૂંઝાતો હતો. હકીકત એ હતી કે તેને શૌચવિધિ (સંડાસ) માટે જવું હતું, પણ વરસાદ અને અંધારાને કારણે મૂંઝાતો હતો.

યોગીજી મહારાજ પરિસ્થિતિ પારખી ગયા. બાળક પાસે આવી પૂછ્યું, 'શું કરો છો?' છોકરાએ વિગત જણાવી કહ્યું, 'દાદાને જગાડો.' યોગીજી મહારાજ કહે, 'અમે છીએ ને! થોડી વાર ખમો.' એમ કહી યોગીજી મહારાજ કમ્પાઉન્ડની પાછળના ભાગમાં આવેલ ઘટાદાર ઝાડ નીચે ગયા. ત્યાં બે ઈંટો અને માટી ભરેલું તગારું મૂકી, એક કોથળો લઈ પાછા આવ્યા. બાળકને કોથળો ઓઢાડી દીધો, તેથી વરસાદમાં તે પલળે નહીં. તેને દોરતાં ઝાડ નીચે લઈ આવ્યા. દેહક્રિયા કરવા બેસાડ્યો. તે દરમ્યાન લોટો ભરી પાણી લઈ આવ્યા. છોકરાએ શૌચવિધિ પૂરી કરી. તેને હાશ થઈ. યોગીજી મહારાજ પુનઃ તેને પથારી પાસે મૂકી આવ્યા. બાદ પોતે પેલા ઝાડ નીચે પહોંચ્યા. છોકરાનું વિષ્ટા ભરેલું તગારું ઉપાડી વિષ્ટા ઉકરડામાં નાંખી આવ્યા. તગારું સ્વચ્છ કર્યું. પોતે સ્નાન કર્યું. ત્યાર બાદ નિદ્રાધીન થયા.

અક્ષરમંદિરના મહંત હોવા છતાં કેવી સેવા?! બાળકની વિષ્ટાનું તગારું ઉપાડવામાં પણ લેશમાત્ર સૂગ નહીં.

* એકવાર સારંગપુરમાં જળઝીલણીના સમૈયા પછી બારસના દિવસે હરિભક્તો વીખરાયા. પ્રમુખસ્વામી મહારાજ બપોરે મંદિરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. જોયું કે સંડાસ બગડેલાં છે, તો જાતે સાફસૂફી કરવા લાગી ગયા.
- સ્વામીશ્રી પ્રમુખ થયા ત્યારે તેમણે હરિભક્તોનાં એંઠાં વાસણ ઊટક્યાં હતાં.
- શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'હરિભક્તોની થાળીઓ ઊટકી નખ ઘસાઈ ગયા છે.'

આમ, આપણા ગુરુવર્યોને આવી સેવામાં કોઈ સૂગ નહોતી.

(૫) ગમે તે પ્રકારની સેવા :

* આનાથી આગળ વધીએ, તો સેવકરામ પોતાને જોઈતું હોય તે અન્ન રૂપિયા આપીને નીલકંઠવર્ણી પાસે મંગાવતો. નીલકંઠવર્ણી તેને રાંધીને જમાડતા, પણ પોતે વસ્તીમાં જઈને ભિક્ષા માગીને જમતા.

યાદ રાખીએ કે નીલકંઠવર્ણી ૧૫ વર્ષના તરુણ છે. તેઓ જે કોઈ અનાજ લાવતા તેને રાંધીને સેવકરામને જમાડતા. એનો મતલબ કે નીલકંઠવર્ણીને આટલી નાની ઉંમરે રસોઈ કરતાં આવડતી હતી, અને તે પણ સેવકરામને રુચે તેવી.

* આજે આપણા સત્સંગી કાર્યકરો-યુવકો વગેરેમાં આવી સેવાભાવના દેખાય છે. મંદિરમાં સેવા કરવા માટેની નાની-મોટી આવડત તેઓ કેળવી લે છે.

ઠાકોરજીને થાળ ધરાવવો, વાઘા પહેરાવવા વગેરે શીખીને કેટલાક યુવકો કે વડીલો હરિમંદિરોમાં પૂજારીની સેવા પણ કરે છે અને પૂજારીને મદદ પણ કરે છે.

■ અરે! સત્સંગ મંડળમાં ભોજન સમારંભ કે ખીચડી ઉત્સવ હોય, ત્યારે હરિભક્તો જાતે રસોઈ બનાવે. (ક્યાંક તો પુરુષ હરિભક્તો પણ ખીચડી વગેરે બનાવવામાં માહેર હોય છે.)

* સામાન્યપણે પુરુષવર્ગ ન કરે તેવાં કાર્યો પણ મંદિરની, ઉત્સવની ને સત્સંગની સેવામાં સૌ હોંશે હોંશે કરે છે. જેમ કે, મંદિરમાં સાફસૂફી, કચરા-પોતું, ઉતારાની ચાદરો ધોવી, ઠાકોરજીના ઉપયોગમાં આવતાં વસ્ત્રો ધોવાં, વાસણ ઊટકવાં, સંડાસ-બાથરૂમની સફાઈ કરવી.

આપણે પણ આપણા ભાગે ગમે તે પ્રકારની સેવા આવે, તો તે શીખી લેવી અને ઉત્સાહથી કરવી જોઈએ, એવી પ્રેરણા નીલકંઠવર્ણીના આ ચરિત્રમાંથી મળે છે.

(૬) નિઃસ્વાર્થ સેવા :

■ હવે જે મુદ્દો આવે છે, તે ભલભલાને સેવાનો ઉત્સાહ ઢીલો પાડી દે તેવો છે, અરે! સામેની વ્યક્તિ પ્રત્યે નફરત ઉપજાવે તેવો છે. આવાની સેવા શું કરવી? ભલે મરે! એવા ભાવ જગાડે તેવો છે.

* નીલકંઠવર્ણી સેવકરામની આટલા મહિમાથી સેવા કરતા, છતાં સેવકરામ તેમને એવું ન કહેતો કે 'આપણા બેની રસોઈ ભેગી બનાવજો.' નીલકંઠવર્ણી વસ્તીમાં જઈને જમતા, અને કેટલીવાર ભિક્ષામાં અન્ન ન મળે તો ઉપવાસ પણ કરતા.

સામાન્યપણે માણસમાત્ર પોતાની સેવા કરનારની થોડી તો કાળજી રાખે. સેવા કરનારની થોડી તો ચિંતા કરે, પરંતુ સેવકરામને તો તેવી કાંઈ પડી જ નહોતી. આવું જ્યારે થાય ત્યારે સેવા કરવામાં ઉદાસી આવી જાય.

પરંતુ નીલકંઠવર્ણી જુદી માટીના હતા. તેમને સેવકરામ પાસેથી એક પાઈની પણ અપેક્ષા નહોતી. 'હું તેની આટલી સેવા કરું છું, તો તેણે મને સમજવો જોઈએ, બીજું તો કાંઈ નહીં, પણ જમવાનું તો પૂછવું જોઈએ ને!

વળી, એની પાસે હજાર રૂપિયાની સોનામહોર પણ છે. એટલે પૈસા પણ ખૂટે તેવા નથી.' આવા કોઈ વિચાર તેમણે મનમાં આવવા દીધા જ નથી. બસ, પોતાનું કર્તવ્ય ચાલુ જ રાખ્યું છે. નિઃસ્વાર્થ ભાવે, એકસરખા ઉત્સાહથી સેવા કર્યે જ રાખી છે.

■ આપણે પણ મંદિરની, સત્સંગ મંડળની કે સંસ્થાની સેવા બદલાની કે સગવડની અપેક્ષા વિના કરવી જોઈએ.

આપણે સેવા કરીએ તેમાં એમ માનીએ છીએ કે 'બીજા માટે આ કરું છું.' તેથી તેમાં અપેક્ષાઓ ભળે છે. જે કાર્ય પોતા માટે હોય તેમાં કોઈ અપેક્ષા રહે છે? તેમ સેવા પોતા માટે જ છે, એવું મનાય તો અપેક્ષા ન રહે.

❊ એક ચિંતકે લખ્યું છેઃ 'It is a biggest mistake that to think, we are working for someone else.' - કોઈ પણ કાર્ય આપણે બીજા માટે કરીએ છીએ, એમ લાગવું તે મોટી ભૂલ છે.

આમ, આપણે જે સેવા કરીએ છીએ તે આપણા કલ્યાણ માટે છે, એ વિચાર રાખીએ તો સેવામાં કોઈ બદલાની અપેક્ષા ન રહે.

(૭) પ્રામાણિકતાપૂર્વક સેવા :

❊ બીજી એક વાત પણ આપણને અહીં દેખાય છે, એ છે નીલકંઠવર્ણીની પ્રામાણિકતા. સેવકરામ નીલકંઠવર્ણીને સીધું લેવા માટે પૈસા આપતો, પણ નીલકંઠવર્ણી તેની પાઈએ પાઈનો હિસાબ આપી દેતા, પોતાને જમવા માટે તેમાંથી એક પૈસો પણ રાખતા નહીં.

આ તો બહુ અઘરું છે. કેટલાકને અનુભવ હશે કે સંતાનોને ઘરેથી કંઈક વસ્તુ લેવા માટે આપેલા પૈસામાંથી બચેલા કેટલા પૈસા ઘરે અપાય છે? ને કેટલા ગજવામાં રખાય છે?

■ નીલકંઠવર્ણી પૈસા બાબતે એકદમ ચોખ્ખા-ચણાક હતા. એટલે નીલકંઠવર્ણી આપણને સમજાવે છે કે સેવામાં ક્યારેય છેતરપિંડી ન કરો, પ્રામાણિક બનો.

❊ આજે બી.એ.પી.એસ.નાં મંદિરોમાં માનદ સેવા આપતા કેટલાય હરિભક્તો ઘરેથી ટિફિન-પાણી લઈને સેવામાં આવે છે. મંદિરનું ભોજન પણ લેતા નથી. આ તો પ્રામાણિકતાની હદ થઈ ગઈ કહેવાય.

(૮) ૧૦૦ ટકા સેવા, છેવટ સુધી સેવા :

❊ નીલકંઠવર્ણીએ સેવકરામની સતત બે મહિના સેવા કરી અને તેને સાજો કર્યો. સાજો ન થાય ત્યાં સુધી સેવા છોડી નહીં.

સામાન્ય રીતે માંદા માણસની માંદગી લાંબી ચાલે તેમ તેમ સેવા કરવાનો કંટાળો આવતો જાય.

❊ કેટલાક સ્વામીશ્રી પાસે આવીને કહે, 'બાપા! મારા પિતા કે માતાને હવે મહારાજ ધામમાં તેડી જાય તેવા આશીર્વાદ આપો.' કેટલીક વાર આ ઉદ્‌ગારોના મૂળમાં મા-બાપની સેવામાંથી ક્યારે છુટાય? એવી વૃત્તિ હોય છે!

સાજાને તો સૌ કોઈ ચાહે, માંદાને ચાહો તો ખરા! અને હા, માંદાને ચાહો, તો એટલા ચાહજો કે તે સાજા થઈ જાય.

■ આમાં સમજવાનું એ છે કે સેવાકાર્યમાં શરૂઆતથી રહીને અંત સુધી મંડ્યા રહેવું, તે પણ જરૂરી છે. એટલે જ નીલકંઠે સેવકરામ સંપૂર્ણ સાજો, શેર ઘી પચાવે તેવો ન થયો, ત્યાં સુધી સેવા છોડી નહીં.

સેવા પૂર્ણ ન થાય ત્યાં સુધી મંડ્યા રહેવું, તે જ યથાર્થ અને ૧૦૦ ટકાની સેવા છે, તે નીલકંઠવર્ણી આપણને સમજાવે છે.

❊ બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજ ઉકરડો ઉથામવાની સેવામાં જોડી પોતે પણ ત્યાં ખુરશી નાંખી બેઠા. જ્યાં સુધી શાસ્ત્રીજી મહારાજ હતા ત્યાં સુધી સૌ સેવા કરતા રહ્યા, પણ જેવા

શાસ્ત્રીજી મહારાજ ઊભા થયા કે ટપોટપ સૌ નીકળવા લાગ્યા. જ્યારે શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં અન્ય સ્થાને નિરીક્ષણ કરી પુનઃ ત્યાં પધાર્યા, ત્યારે એકલા શાંતિ ભગત(પ્રમુખસ્વામી મહારાજ) જ સેવા કરતા હતા.

સભામાંથી જ્યાં સુધી સૌ વિદાય ન લે, અને પાથરણાં-ખુરશી વગેરેનું વાઇન્ડઅપ ન થાય, ત્યાં સુધી સભાવ્યવસ્થાના સ્વયંસેવકની જવાબદારી છે. છેલ્લામાં છેલ્લા હરિભક્ત બૂટ-ચંપલ પહેરી વિદાય ન થાય, ત્યાં સુધી બૂટ-ચંપલ વિભાગના સ્વયંસેવકની જવાબદારી છે. છેલ્લામાં છેલ્લી વ્યક્તિ જમી ન રહે, ભોજનના સામાનનું સંપૂર્ણ વાઇન્ડઅપ ન થાય અને ભોજનાલયની સંપૂર્ણ સ્વચ્છતા ન થાય, ત્યાં સુધી પીરસનાર સ્વયંસેવકની જવાબદારી છે.

(૯) નિઃસ્પૃહીપણું :

■ નીલકંઠવર્ણી પોતાની પ્રકૃતિની વાત કહે છે કે 'ભાર નામે તો એક રૂમાલ પણ અમે રાખતા નહીં.' જગત પ્રત્યે કેટલા નિઃસ્પૃહ હશે નીલકંઠવર્ણી?!

❊ ગૃહત્યાગના પ્રથમ દિવસે અમરપુર ગામના લોકો નીલકંઠવર્ણી પાસે ફળફળાદિ લઈને આવ્યા. નીલકંઠવર્ણીએ તેમાંથી થોડું ગ્રહણ કર્યું, અને બાકીનું ગામલોકોને આપી દીધું. તેથી કેટલાકે કહ્યું, 'બ્રહ્મચારી! સાંજ માટે તો કાંઈક રાખો!' નીલકંઠવર્ણી તેમની સામું હસીને બોલ્યા, 'સાંજ કે સવારનો વિચાર કરવાનો હોત, તો ઘરનો ત્યાગ શું કરવા કરત? ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ.'

નીલકંઠવર્ણી આવા નિઃસ્પૃહી હતા. પોતા માટે કોઈ સંગ્રહ કરતા નહીં. છતાં સેવકરામની સેવામાં રહ્યા ત્યારે તેનો સામાન સાથે રાખીને ફરતા. પરંતુ સેવાકાર્ય પૂરું થયું ત્યારે તેઓએ સેવકરામનો સાથ છોડી દીધો.

■ સેવામાં નીલકંઠવર્ણીને સ્વાર્થ નહોતો, તેમ સ્પૃહા પણ નહોતી. એટલે તેમને સેવકરામમાં બંધન ન થયું.

❊ ભરતજીએ મૃગલીના બચ્ચાની સેવા કરી, સંભાળ રાખી, પણ તે મોટું થઈ ગયું ત્યારે તેને છોડી શક્યા નહીં, તો બંધન થયું.

પરોપકારના કાર્યમાં પણ આવું બંધન થાય, તો તે આધ્યાત્મિક દૃષ્ટિએ વિઘ્ન જ છે, મોક્ષમાર્ગમાં ખામી છે.

❊ વળી, વ્યક્તિની જેમ ક્રિયાનું બંધન પણ વિઘ્નરૂપ જ છે. તેથી સત્સંગમાં આપણને જે સેવાની આજ્ઞા થાય તે કરવી જોઈએ. ક્યારેક આપણે વર્ષોથી કોઈ સેવા કરતા હોઈએ, અને તે છોડાવી બીજી સેવા કરવાની આજ્ઞા થાય, ત્યારે તે સેવાનું મમત્વ ત્યાગી બીજી સેવામાં ઉત્સાહથી જોડાઈ જવું તે ખરી સેવા છે, તે આધ્યાત્મિકતા છે. આવી સેવા જ મોક્ષદાયક બને છે.

સેવા બાબતે આવું ખોટું મમત્વ આધ્યાત્મિક દૃષ્ટિએ યોગ્ય નથી, એ પણ નીલકંઠવર્ણીના જીવનમાંથી શીખવા જેવું છે.

● **સમાપન :**

❊ શાસ્ત્રો કહે છે, **'સેવાધર્મઃ પરમગહનઃ'** અર્થાત્, સેવાધર્મ ખૂબ જ ગહન છે, અટપટો છે.

નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા કરી, અને આ પ્રસંગ દ્વારા ગહન સેવાધર્મને સરળ કરી આપણી સમક્ષ રજૂ કર્યો.

❊ આ એક જ પ્રસંગ દ્વારા સેવાધર્મની લૌકિક રીત, સેવાધર્મમાં હૃદયની ભાવના, અને સેવાધર્મનો આધ્યાત્મિક વિવેક આ ત્રણેય પાસાંઓની પ્રેરણા આપણને મળે છે.

તો ચાલો, આદર્શ સેવક એવા નીલકંઠવર્ણી જ આપણને આ ગુણો આત્મસાત્ કરી શકીએ તેવી બુદ્ધિ-શક્તિ આપે, એવી એમનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા પ્રથમ-૧૦ : કૃતઘ્નીનું, સેવકરામનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૩ તેરસને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા, ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો. તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહીં, માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું જે, 'કાંઈ ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું.' પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી હતી તેમાં એક વડનો વૃક્ષ હતો, તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતાં. પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહીં અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી. અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા. અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો તે અમો લાવીને રાંધી ખવરાવતા, અને અમો વસ્તીમાં જઈને જમી આવતા. અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહીં ત્યારે અમારે ઉપવાસ થતો, તોપણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહીં જે, 'અમ પાસે દ્રવ્ય છે તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.' પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા, ત્યારે તેનો ભાર મણ એક હતો તે અમારે પાસે ઉપડાવતો, અને પોતે તો એક માળા લઈને ચાલતો. અને દેહે પણ સાજો અને એક શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો તોપણ ભાર અમારી પાસે ઉપડાવે અને પોતે અમથો ચાલે. અને અમારી પ્રકૃતિ તો એવી હતી જે, 'ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહીં.' માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો, પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહીં. પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો..."

ઇતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૧૦મું વચનામૃત થયું.

* આ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે કહેલ પોતાના વનવિચરણ દરમ્યાનના પ્રસંગને કેન્દ્રમાં રાખીને આપણે તેઓમાંથી સેવાધર્મની પ્રેરણા પ્રાપ્ત કરીશું.
* આ વચનામૃત નાનું છે, પણ તેમાં શ્રીજીમહારાજનું વિરાટ વ્યક્તિત્વ સમાયેલું છે. નીલકંઠવર્ણીના જીવનના આ એક પ્રસંગ દ્વારા જ તેમનામાં રહેલા દિવ્ય ગુણોનાં દર્શન આપણને સહજે થાય છે. આટલી તરુણ વયે તેઓએ જે રીતે સેવા કરી, તે જોતાં સેવકધર્મનો આદર્શ નીલકંઠવર્ણીએ પોતાના આ જીવનપ્રસંગ દ્વારા પૂરો પાડ્યો છે.

મહાન પુરુષો હંમેશાં બોલે છે ઓછું, વર્તે છે

વધારે. નીલકંઠવર્ણી તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હતા. તેમને આવી રીતે જ વર્તવું જરૂરી નથી, પણ અનેક જીવોને સાચા માર્ગે વાળવા, એક આદર્શ સ્થાપવા માટે તેઓ આવા પ્રસંગો ઊભા કરતા હોય છે.

* આ આખા પ્રસંગને ટૂંકમાં વર્ણવવો હોય તો એમ કહી શકાય કે નીલકંઠવર્ણીએ રસ્તે જતા એક અજાણ્યા માંદા સાધુની સેવા કરીને તેને સાજો કર્યો. પણ તે સેવા કેવી રીતે કરી ? કેવા સંજોગોમાં કરી ? કેવી ભાવનાથી કરી ? ક્યાં સુધી કરી ? એ અગત્યનું છે. ચાલો, સેવાભાવનાને કેન્દ્રમાં રાખી શ્રીજીમહારાજના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એક પછી એક જોઈએ.

(૧) દયા :

* નીલકંઠવર્ણી દક્ષિણ ભારતના પ્રસિદ્ધ તીર્થ વેંકટાદ્રિ એટલે કે તિરુપતિ બાલાજીથી રામેશ્વરમ્ જતા હતા. રસ્તામાં તેમને સેવકરામ નામે એક સાધુ મળ્યો. સેવકરામની અતિશય માંદગી જોઈને નીલકંઠવર્ણીને દયા આવી.

દયા અને એ પણ જેની સાથે તેમને કોઈ પરિચય નથી, એવી અજાણી વ્યક્તિ માટે ? આ જ શ્રીજીમહારાજની વિશેષતા છે.

* નીલકંઠવર્ણીના હૃદયમાં નાનપણથી દયાનો ગુણ વણાયેલો હતો. છપૈયામાં એક વાર ઘનશ્યામ મીન સરોવરે બાળમિત્રો સાથે સ્નાન કરવા પધાર્યા, ત્યારે માછીમારને માછલાં પકડતો જોઈને ઘનશ્યામને માછલાંની દયા આવી. માછીમારને માછલાં પકડતો તો બીજા ઘણાબધાએ જોયો હશે, પણ બાળપ્રભુ જેવી દયા કેટલાનાં હૃદયમાં જન્મી હશે ?
* ચેષ્ટાના પદમાં મહારાજની દયાળુ પ્રકૃતિ વર્ણવતાં પ્રેમાનંદ સ્વામીએ લખ્યું છે :

કોઈને દુખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય;
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે.

* શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૨૮મા વચનામૃતમાં પણ કહે છે કે ‘અમારો દયાળુ સ્વભાવ છે.’
* દયાભાવનાથી અન્યનાં દુઃખ દૂર કરવાનો આનંદ લૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના આનંદ કરતાં વધુ હોય છે.
* ડૉ.અબ્દુલ કલામે જ્યારે અગ્નિ મિસાઈલ બનાવી ત્યારે મિસાઈલનો આગળનો ભાગ વજનમાં ઘણા હલકા કાર્બનના સંયોજનમાંથી બનાવ્યો હતો. નિઝામ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, હૈદરાબાદના એક સર્જન (ડૉક્ટર) તે સમયે ડૉ. કલામની પ્રયોગશાળામાં આવ્યા. તેઓ આ કાર્બનનો એકદમ હલકો છતાં મજબૂત ભાગ જોઈને ખુશ થયા, પણ તેમને વિચાર આવ્યો કે ‘અપંગ બાળકો લાકડાના ભારે વજનવાળા બનાવટી પગ પહેરે છે, તેની જગ્યાએ કાર્બનના હલકા અને કિંમતમાં સસ્તા પડે તેવા પગ બનાવી ન શકાય?’ તેમણે ડૉ. કલામને આ વાત કરી, તેથી ડૉ. કલામને રાત્રે ઊંઘ ન આવી. અડધી રાત્રે તેઓ ઊઠ્યા. તેમને વિચાર આવ્યો કે વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો માણસને રોકેટમાં ઉડાડી શકે, તો જમીન પર સારી રીતે ચાલતા ન કરી શકે ? ડૉ. કલામ આખી રાત જાગ્યા, અને કાગળ પર સ્કેચ તૈયાર કર્યા, અને ૩ કિલોની જગ્યાએ ૩૦૦ ગ્રામના પગની ડિઝાઈન બનાવી. ડૉ. કલામે તે સ્કેચ બીજે દિવસે તે ડૉક્ટરને બતાવ્યા અને કહ્યું, ‘જુઓ ! આ છે ધરતીનું રોકેટ. છે કાંઈ કમી ?’ વર્ષો પછી ડૉ. કલામે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘મને સૌથી વધુ ખુશી થઈ હોય તેવી શોધ એ પગની શોધ હતી.’ જરૂરિયાતમંદને મદદ કરવાનો આનંદ પ્રસિદ્ધિના આનંદ કરતાં વધુ હોય છે.

નીલકંઠવર્ણી આપણને સમજાવે છે કે કોઈ પણ માણસ દુઃખી થતો હોય, તો તેને જોઈને આપણા હૃદયમાં તેના પ્રત્યે હમદર્દી જાગવી જોઈએ.

(૨) સેવાની તત્પરતા :

* ત્યાર પછી નીલકંઠવર્ણી સેવકરામની પાસે જઈને તેને હૂંફ આપતાં કહે છે, 'તમે ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું.'

નીલકંઠવર્ણીના હૈયામાં એક અપરિચિત વ્યક્તિ માટે દયા જાગી, ઘણાને દયા જાગે પણ તે કાર્યમાં ન પરિણમે. જ્યારે નીલકંઠવર્ણી તે સાધુની સેવા કરવા માટે દોડી ગયા, તૈયાર થયા. તત્પર થયા.

* વર્ણીની આ તત્પરતા જોઈને જ સેવકરામને નિરાંત થઈ હશે કે 'મારી સેવા કરનાર કોઈક તો છે !' એમાં વળી વર્ણીએ તેને કહ્યું કે, 'તમે ચિંતા ન કરતા.' વર્ણીના આવા પ્રેમાળ અને હૂંફાળા શબ્દો સાંભળીને જ સેવકરામને ધરપત મળી ગઈ.
* બીમાર વ્યક્તિને સૌપ્રથમ કાંઈ પણ જોઈતું હોય તો તે છે હૂંફ. દુ:ખી વ્યક્તિને જ્યારે અન્યની હૂંફ મળે છે, ત્યારે તેનું અડધું દુ:ખ દૂર થઈ જાય છે. તેમાં પણ બીમારને સેવા કરવાનું કમિટમેન્ટ (વચન) અપાય ત્યારે તેને હાશ થાય છે, નિરાંત થાય છે.
* વડીલો અને વૃદ્ધોને પરિવાર તરફથી આવી જ અપેક્ષા હોય છે. અસહાય દશામાં બીમારીની દવા લેવાના પૈસા માટે પણ હાથ લંબાવવો પડે, તેમાં તેમને લાચારીનો અનુભવ થાય. એવા સમયે તેમના દુ:ખને સાંભળનાર, સાંભળીને સમજનાર, સમજીને નાની-મોટી મદદ કરનાર મળી જાય, એ તેમને મન મોટી રાહત છે.
* આવા વૃદ્ધ જ્યારે કોઈ પાસે પાણીનો પ્યાલો માંગે, ત્યારે એ પાણીનો પ્યાલો નહીં પણ હૂંફ માંગે છે. એ પ્યાલો લાવી આપવામાં આવે તો તેના ગળાની જ નહીં, હૃદયની તરસ પણ સંતોષાય છે.
* વડીલોને હૂંફ આપીને તેમની સેવામાં સદા તત્પર રહેવાના પાઠ નીલકંઠવર્ણી અહીં શીખવે છે. સેવા કરનારની સેવા કરવાની તત્પરતા જોઈને જ વડીલોની મોટા ભાગની ચિંતા દૂર થઈ જાય છે.
* એટલે વડીલોની સેવામાં તત્પર રહેવાના પાઠ, તેમને હૂંફ આપવાના પાઠ, નીલકંઠવર્ણીના આ જીવનપ્રસંગમાંથી શીખવા જેવા છે.
* માત્ર વડીલોની સેવા જ શા માટે? કોઈ પણ સેવાની તત્પરતા હોવી જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહે છે, 'જેને સેવા કરવી જ છે, તેને સેવા મળી જ રહે છે! બસ, મંડી પડવાનું હોય છે!'
* ઈ.સ. ૧૯૭૧, ધર્મજ. પ્રમુખસ્વામી મહારાજ ગુરુપદે આવ્યા બાદ, પોતાની પ્રથમ જન્મજયંતીના દિવસે સવારે ફળિયામાં હરિભક્તોનાં એંઠાં દાતણની ચીરીઓ પડેલી જોઈને તરત ભેગી કરવા લાગ્યા હતા.
* યોગીજી મહારાજ કહેતા, 'સેવા માટે પડાપડી થવી જોઈએ.' સ્વામીશ્રીના જીવનમાં સેવાની આવી તત્પરતા દેખાય છે. તેઓ સેવા ઝડપતા રહ્યા છે.
* એક વાર યોગીજી મહારાજ દારેસલામમાં બાથરૂમમાં લઘુશંકા કરવા ગયા. ત્યાં યુવકોનાં કપડાં જેમતેમ પડેલાં જોયાં, અને યોગીજી મહારાજે બારણું બંધ કરી ધોઈ નાંખ્યાં.

સેવામાં આવી તત્પરતા હોવી જોઈએ.

(૩) પરિસ્થિતિ સમજીને સેવા :

* સેવા કેવી રીતે કરવી ? તો સામેવાળી વ્યક્તિની પરિસ્થિતિને સમજીને કરવી, તેને જે રીતે સુખ થાય તે મુજબ કરવી.
* સેવકરામને લોહીખંડ પેટબેસણું કહેતાં કે મરડાનો રોગ થયો હતો. એટલે વારંવાર ઝાડા થતા, વળી તેમાં લોહી પડતું. એટલે દિવસમાં સામાન્યપણે દશ-બાર વખત ઝાડા થાય. તેથી નીચે પાથરેલું કપડું વારંવાર બગડ્યા કરે. તો તે સમયે પોતાની સતેજ બુદ્ધિથી વિચારીને નીલકંઠવર્ણીએ એક હાથ ઊંચી એટલે કે દોઢ-બે ફૂટ ઊંચી કેળનાં પાનની પથારી બનાવી. સેવકરામને એટલી બધી અશક્તિ હતી કે તે ઊભો જ નહોતો થઈ શકતો. એટલે તેને પથારીમાં જ ઝાડા થઈ જતા. એટલે જ્યારે ઝાડા થાય ત્યારે પથારી બગડે. એ વખતે ઉપરનું બગડેલું કેળનું પાન

લઈ લેવાનું, એટલે નવી પથારી તૈયાર.

જો સેવાની સાચી ભાવના હોય, તો જ તે સમયે આવું સૂઝે.

* જો સાચા દિલથી સેવા કરવાની ભાવના હોય, તો અગવડમાં પણ કઈ સગવડ કરવી, તે ભગવાન આપણને સુઝાડે. દર્દીને ઓછી તકલીફ પડે અને સારી સગવડ મળે તેનો વિચાર હતો, તો નીલકંઠવર્ણીને ૧૫ વર્ષની વયે પણ આવા એકાંત સ્થળે શું કરી શકાય તેની ખબર પડી ગઈ હતી.
* શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે માતા-પિતાની સેવા કરવા માટે 'શુશ્રૂષા' કરવી એવો શબ્દ વાપર્યો છે. શુશ્રૂષાનો એક અર્થ વિવેચકો કરે છે : 'જરૂરિયાત અને આવશ્યકતા સમજીને થતી સેવા.'
* વડીલોની સેવા કરવામાં આ બાબત ખૂબ જરૂરી છે. ઘણી વાર વડીલોની કે વૃદ્ધોની જરૂરિયાતોમાં આપણને તેમના સ્વભાવનું પ્રતિબિંબ દેખાય. દા.ત. કશુંક ખાવાની ઈચ્છા થાય, ક્યાંક હરવા-ફરવાની ઈચ્છા થાય, નાની-નાની બાબતો વારંવાર યાદ અપાવ્યા કરે, બોલ બોલ કર્યા કરે.
* આપણને જે 'વિચિત્ર સ્વભાવ' લાગે છે, તે અવસ્થાનું કારણ છે. અવસ્થા પ્રમાણે માણસમાં અમુક ભાવો પ્રગટતા હોય છે.
* જેમ કે, બાળકને રમત કરવાની વૃત્તિ હોય ! યુવાનોને કંઈક કરી દેખાડવાની વૃત્તિ હોય, તેમ વૃદ્ધપણામાં 'કોઈ મારી નોંધ લે, મને આદર આપે', એવી ભાવના જન્મે છે ! એ દૃષ્ટિએ વડીલોની જરૂરિયાતો તેઓના સ્વભાવ નહીં ,પણ અવસ્થાના ભાવ છે. એ સમજીને શક્ય તેટલી જરૂરિયાત સંતોષાય તે રીતે સેવા કરવી જોઈએ.
* વળી, બીમારીને અનુરૂપ ભોજન, દવા વગેરેની વ્યવસ્થામાં થોડી તકલીફ પડે કે આર્થિક ઘસારો આવે, તોપણ એ જરૂરિયાત સંતોષવી, એ વૃદ્ધ મા-બાપ પ્રત્યે સંતાનોની ફરજ બને છે.
* શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આપેલ શુશ્રૂષાનો ઉપદેશ પ્રથમ તેમણે પોતાના જીવનમાં ઉતાર્યો છે, એ અહીં સેવકરામના પ્રસંગમાં આપણને દેખાય છે.
* ગુણાતીત ગુરુવર્યોના જીવનમાં પણ આવી ભાવના દેખાય છે. તેઓએ દરેક વ્યક્તિની પરિસ્થિતિ સમજીને તેની સેવા કરી છે. જરૂરિયાતમંદની જરૂરિયાતો પારખી છે અને તે પ્રમાણે સેવા પણ કરી છે.
* એક વાર ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને બોટાદનો સંઘ વરસાદમાં પલળીને આવ્યો. સ્વામીએ જોયું કે સૌનાં ધોતિયાં અને અંગરખાંમાંથી પાણી નીતરતું હતું. એટલે સ્વામીએ ત્રિકમદાસ કોઠારી પાસે નવા નકોર કાપડના તાકા ફડાવી સૌને વસ્ત્રરૂપે આપેલા.
* તા.૪-૭-૨૦૧૧ના દિવસે ભરૂચમાં પ્રમુખસ્વામી મહારાજને હૃદયરોગનો હળવો હુમલો આવ્યો હતો. આ ઘટનાના બે દિવસ પછી એક વાતચીતમાં સ્વામીશ્રીને ખબર પડી કે પરદેશમાં રહેતા એક વૃદ્ધ સત્સંગી દંપતીને બીમાર અવસ્થામાં ખૂબ તકલીફ પડે છે. કારણ કે સગાંની મદદ નથી મળતી ને સંતાનો દૂર છે. પરિસ્થિતિ જાણી સ્વામીશ્રીએ તે દંપતી જે વિસ્તારમાં રહે છે, તે વિસ્તારના સંતોને વિગત જણાવી, આ હરિભક્તની સેવાની વ્યવસ્થા કરાવી.
* મુંબઈના એક આશાસ્પદ યુવાનની ઈચ્છા કે આર્કિટેક્ટ બનવું, પણ પિતાની ઈચ્છા કે દીકરો એન્જિનિયર થાય. જો દીકરો એન્જિનિયરિંગમાં ન ભણે, તો તેને કોઈ સહાય ન આપવાની પ્રતિજ્ઞા પિતાએ કરેલી. દીકરો મૂંઝાયો. સ્વામીશ્રી પાસે આવ્યો. વિગત કહેતાં રડી પડ્યો. સ્વામીશ્રીએ તેનાં આંસુ લૂછ્યાં, સાંત્વન આપ્યું અને કહ્યું: 'તું તારી રુચિ અનુસાર ભણ. અમે મુંબઈમાં કોઠારી સ્વામીને કહી દઈએ છીએ. તારી બધી વ્યવસ્થા કરી દેશે.' આમ, તેની રુચિ પ્રમાણે તેની જરૂરિયાતો પૂરી પાડી, ને સ્વામીશ્રીએ તેની કારકિર્દી ઘડી.
* ન હિ ઈંગિતજ્ઞો અવસરે અવસીદતિ ।

મહાન પુરુષો પરિસ્થિતિ પારખવામાં કદી ઊણા

ઊતરતા નથી. સ્વામીશ્રી એવા મહાન સંત છે.

આમ, શ્રીજીમહારાજ અને આપણા ગુરુવર્યો આપણને પ્રેરણા આપે છે કે સામેવાળી વ્યક્તિની જરૂરિયાત સમજીને સેવા કરો.

(૪) સૂગ ભૂલીને સેવા :

* નીલકંઠવર્ણીની સેવાની પરાકાષ્ઠા શી છે ?
* શ્રીજીમહારાજ કહે છે, 'તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું, તેને અમે ધોતા અને ચાકરી કરતા.'
* બીમાર વ્યક્તિને પથારીમાં જ દૈહિક ક્રિયા (એટલે કે ઝાડા-પેશાબ) કરાવવી, તે અત્યંત કઠણમાં કઠણ સેવા છે. તેની પથારી, તેનાં કપડાં આદિ બધું સાફ કરવાનું, તેમાં ભલભલાને સૂગ ચડી જાય.
* નીલકંઠવર્ણીને સેવાનો કેટલો મહિમા હશે, તેમજ તે વ્યક્તિ પ્રત્યે કેટલી હમદર્દી હશે, ત્યારે તેની આવી સેવા કરવામાં નીલકંઠવર્ણીને જરાય ખચકાટ થયો નહીં, હસતે મોઢે તે સેવા કરી.
* તેઓ તો સ્વયં પરમાત્મા હતા. તેઓને આ રીતે વર્તવાની કોઈ આવશ્યકતા નહોતી, પરંતુ તેઓ આ રીતે વર્ત્યા, તે આપણા ઉપદેશ માટે છે.
* સેવકરામની સેવામાં રત નીલકંઠવર્ણી જાણે આપણને કહી રહ્યા છે કે 'હું પારકાની સેવા સૂગ ભૂલીને કરું છું, તો મારા આશ્રિતો એવા તમે મારામાંથી પ્રેરણા લઈ પોતાનાં મા-બાપ કે વડીલોની સેવામાં તો નાક ન ચડાવતા. એમની સેવા પ્રેમથી કરજો, હોંશે હોંશે કરજો !'
* સૂગ ભૂલીને પ્રેમથી સેવા કરવાની પ્રેરણા આપણા ગુરુવર્યોએ પણ આપણને આપી છે.
* અડવાળના અગરસંગ બાપુ પોતાના પૌત્ર બળવંતસંગને લઈને ગોંડલ આવેલા. રાત્રે સૌ સભામંડપમાં સૂતેલા. બહાર ઘનઘોર અંધારું હતું. વરસાદ વરસતો હતો. યોગીજી મહારાજ આવા સમયે રાત્રે બાર વાગ્યા પછી સૂવા માટે આસને પધાર્યા, ત્યારે દસ વર્ષનો બળવંતસંગ પથારીમાં બેઠો-બેઠો મૂંઝાતો હતો. હકીકત એ હતી કે તેને શૌચવિધિ (સંડાસ) માટે જવું હતું, પણ વરસાદ અને અંધારાને કારણે મૂંઝાતો હતો. યોગીજી મહારાજ પરિસ્થિતિ પારખી ગયા. બાળક પાસે આવી પૂછ્યું : 'શું કરો છો ?' છોકરાએ વિગત જણાવી કહ્યું : 'દાદાને જગાડો.' યોગીજી મહારાજ કહે : 'અમે છીએ ને ! થોડી વાર ખમો.' એમ કહી યોગીજી મહારાજ કમ્પાઉન્ડની પાછળના ભાગમાં આવેલ ઘટાદાર ઝાડ નીચે ગયા. ત્યાં બે ઈંટો અને માટી ભરેલું તગારું મૂકી, એક કોથળો લઈ પાછા આવ્યા. બાળકને કોથળો ઓઢાડી દીધો, તેથી વરસાદમાં તે પલળે નહીં. તેને દોરતાં ઝાડ નીચે લઈ આવ્યા. દેહક્રિયા કરવા બેસાડ્યો. તે દરમ્યાન લોટો ભરી પાણી લઈ આવ્યા. છોકરાએ શૌચવિધિ પૂરી કરી. તેને હાશ થઈ. યોગીજી મહારાજ પુનઃ તેને પથારી પાસે મૂકી આવ્યા. બાદ પોતે પેલા ઝાડ નીચે પહોંચ્યા. છોકરાનું વિષ્ટા ભરેલું તગારું ઉપાડી વિષ્ટા ઉકરડામાં નાંખી આવ્યા. તગારું સ્વચ્છ કર્યું. પોતે સ્નાન કર્યું. ત્યાર બાદ નિદ્રાધીન થયા.

અક્ષરમંદિરના મહંત હોવા છતાં કેવી સેવા?! બાળકની વિષ્ટાનું તગારું ઉપાડવામાં પણ લેશમાત્ર સૂગ નહીં.

* એક વાર સારંગપુરમાં જળઝીલણીના સમૈયા પછી બારસના દિવસે હરિભક્તો વીખરાયા. પ્રમુખસ્વામી મહારાજ બપોરે મંદિરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. જોયું કે સંડાસ બગડેલાં છે, તો જાતે સાફસૂફી કરવા લાગી ગયા.
* બોચાસણમાં મંદિરના નિરીક્ષણ માટે પ્રમુખસ્વામી મહારાજ પધારેલા. હરિભક્તોના ઉતારામાં ફરી રહ્યા હતા, ત્યારે મુતરડી ગંધાય છે તે ખ્યાલ આવ્યો, અને સ્વામીશ્રી સ્વયં સ્વચ્છ કરવા લાગ્યા.
* પ્રમુખસ્વામી મહારાજ કોલકાતામાં હતા. સાથેના એક હરિભક્ત ચા પીતા હતા. સ્વામીશ્રી કહે, 'કેવી લાગી ?' હરિભક્ત કહે, 'થોડી મોળી છે.' સ્વામીશ્રીએ ખાંડ મંગાવીને પેલા હરિભક્તની ચામાં

પ્રમાણસર નાંખી, અને તેની એંઠી ચામાં પોતાની આંગળી નાંખી હલાવીને હરિભક્તને આપી.
* સ્વામીશ્રી પ્રમુખ થયા ત્યારે તેમણે હરિભક્તોનાં એંઠાં વાસણ ઊટક્યાં હતાં.
* શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'હરિભક્તોની થાળીઓ ઊટકી નખ ઘસાઈ ગયા છે.'

આમ, આપણા ગુરુવર્યોને આવી સેવામાં કોઈ સૂગ નહોતી.

(૫) ગમે તે પ્રકારની સેવા :

* આનાથી આગળ વધીએ, તો સેવકરામ પોતાને જોઈતું હોય તે અન્ન રૂપિયા આપીને નીલકંઠવર્ણી પાસે મંગાવતો. નીલકંઠવર્ણી તેને રાંધીને જમાડતા, પણ પોતે વસ્તીમાં જઈને ભિક્ષા માગીને જમતા.
* યાદ રાખીએ કે નીલકંઠવર્ણી ૧૫ વર્ષના તરુણ છે. તેઓ જે કોઈ અનાજ લાવતા તેને રાંધીને સેવકરામને જમાડતા. એનો મતલબ કે નીલકંઠવર્ણીને આટલી નાની ઉંમરે રસોઈ કરતાં આવડતી હતી, અને તે પણ સેવકરામને રુચે તેવી, જેવી તેવી નહીં.
* એટલે નીલકંઠવર્ણી સમજાવે છે કે જરૂરિયાત મુજબની રસોઈકળા પણ નાનપણથી શીખી લેવી જોઈએ, જેથી ગમે ત્યાં જઈએ પણ વાંધો ન આવે.
* માત્ર રસોઈકળા જ શા માટે ? સત્સંગની સેવામાં ઉપયોગી થાય એવી વિવિધ પ્રકારની અન્ય કળાઓ પણ શીખવી જોઈએ.
* યોગીજી મહારાજ કહેતા : 'સાત સમેલિયા થાવું.' જેમ જાતવાન બળદ કોશે જોડાય, હળે જોડાય, પૈયે (ઘાણીનું પૈડું) જોડાય, ગાડે જોડાય ... તેમ આપણને જે સેવામાં જોડે તેમાં જોડાઈએ.

– ભગતજી મહારાજે ચૂનો કાલવ્યો, પાયા પૂર્યા - મજૂરનું કામ કર્યું.
– ભગતજી મહારાજે ચંદની સીવી - દરજીનું કામ કર્યું.
– ભગતજી મહારાજે મરેલું કૂતરું ખસેડ્યું - સફાઈ કામદારનું કામ કર્યું.
– ભગતજી મહારાજે સંતોનાં મુંડન કર્યાં - વાળંદનું કામ કર્યું.
– ભગતજી મહારાજે આંબાને પાણી પાયું - માળીનું કામ કર્યું.

આમ, ભગતજી મહારાજે જે સેવા ભાગે આવી, તે માટેની આવડત કેળવી, તે સેવા કરી છે.

* આજે આપણા સત્સંગી કાર્યકરો-યુવકો વગેરેમાં આવી સેવાભાવના દેખાય છે. મંદિરમાં સેવા કરવા માટેની નાની-મોટી આવડત તેઓ કેળવી લે છે.
* ઠાકોરજીને થાળ ધરાવવો, વાઘા પહેરાવવા વગેરે શીખીને કેટલાય યુવકો કે વડીલો હરિમંદિરોમાં પૂજારીની સેવા કરે છે.
* અરે ! સત્સંગ મંડળમાં ભોજન સમારંભ કે ખીચડી ઉત્સવ હોય, ત્યારે હરિભક્તો જાતે રસોઈ બનાવે. (ક્યાંક તો પુરુષ હરિભક્તો પણ ખીચડી વગેરે બનાવવામાં માહેર હોય છે.) પરદેશમાં કેટલાંક નવાં મંડળોમાં યુવકો સભા કરે ત્યારે સભાને અંતે સૌને માટે જાતે રસોઈ બનાવે.
* વળી, સત્સંગની સેવા થાય અને સત્સંગ મંડળ સારી રીતે ચાલે, તેવી ભાવનાથી જ કેટલાક હરિભક્તો-યુવકો વિવિધ પ્રકારની આવડતો કેળવે છે. જેવી કે, માઇક સિસ્ટમ ચલાવવી, પ્રોજેક્ટર ચલાવવું, પ્રવચન કરવું, સભા સંચાલન કરવું, કીર્તન ગાવું, ઢોલ વગાડવું, ડેકોરેશન કરવું...
* સામાન્યપણે પુરુષવર્ગ ન કરે તેવાં કાર્યો પણ મંદિરની, ઉત્સવની ને સત્સંગની સેવામાં સૌ હોંશે હોંશે કરે છે. જેમ કે, મંદિરમાં સાફસૂફી, કચરા-પોતું, ઉતારાની ચાદરો ધોવી, ઠાકોરજીના ઉપયોગમાં આવતાં વસ્ત્રો ધોવાં, વાસણ ઊટકવાં, સંડાસ-બાથરૂમની સફાઈ કરવી.
* આપણે પણ આપણા ભાગે ગમે તે પ્રકારની સેવા આવે, તો તે શીખી લેવી અને ઉત્સાહથી કરવી જોઈએ, એવી પ્રેરણા નીલકંઠવર્ણીના આ ચરિત્રમાંથી મળે છે.

(૬) નિઃસ્વાર્થ સેવા :

* હવે જે મુદ્દો આવે છે, તે ભલભલાને સેવાનો ઉત્સાહ ઢીલો પાડી દે તેવો છે, અરે ! સામેની વ્યક્તિ પ્રત્યે

નફરત ઉપજાવે તેવો છે. આવાની સેવા શું કરવી ? ભલે મરે ! એવા ભાવ જગાડે તેવો છે.

* નીલકંઠવર્ણી સેવકરામની આટલા મહિમાથી સેવા કરતા, છતાં સેવકરામ તેમને એવું ન કહેતો કે 'આપણા બેની રસોઈ ભેગી બનાવજે.' નીલકંઠવર્ણી વસ્તીમાં જઈને જમતા, અને કેટલીવાર ભિક્ષામાં અન્ન ન મળે તો ઉપવાસ પણ કરતા.
* સામાન્યપણે માણસમાત્ર પોતાની સેવા કરનારની થોડી તો કાળજી રાખે. સેવા કરનારની થોડી તો ચિંતા કરે, પરંતુ સેવકરામને તો તેવી કાંઈ પડી જ નહોતી. આવું જ્યારે થાય ત્યારે સેવા કરવામાં ઉદાસી આવી જાય.
* પરંતુ નીલકંઠવર્ણી જુદી માટીના છે. તેમને સેવકરામ પાસેથી એક પાઈની પણ અપેક્ષા નથી. 'હું તેની આટલી સેવા કરું છું, તો તેણે મને સમજવો જોઈએ, બીજું તો કાંઈ નહીં, પણ જમવાનું તો પૂછવું જોઈએ ને! બહાર બધા સદાવ્રત ખોલાવે છે, અને અહીં રાત-દા'ડો સેવા કરનાર પ્રત્યે આવી ઉપેક્ષા ? વળી, એની પાસે હજાર રૂપિયાની સોનામહોર પણ છે. એટલે પૈસા પણ ખૂટે તેવા નથી.' આવા કોઈ વિચાર તેમણે મનમાં આવવા દીધા જ નથી. બસ, પોતાનું કર્તવ્ય ચાલુ જ રાખ્યું છે. નિઃસ્વાર્થ ભાવે, એકસરખા ઉત્સાહથી સેવા કર્યે જ રાખી છે.
* આપણે પણ મંદિરની, સત્સંગ મંડળની કે સંસ્થાની સેવા બદલાની કે સગવડની અપેક્ષા વિના કરવી જોઈએ.
* આપણે સેવા કરીએ તેમાં એમ માનીએ છીએ કે 'બીજા માટે આ કરું છું.' તેથી તેમાં અપેક્ષાઓ ભળે છે. જે કાર્ય પોતા માટે હોય તેમાં કોઈ અપેક્ષા રહે છે ? તેમ સેવા પોતા માટે જ છે, એવું મનાય તો અપેક્ષા ન રહે.
* એક ચિંતકે લખ્યું છે : 'It is a biggest mistake that to think, we are working for someone else.' - કોઈ પણ કાર્ય આપણે બીજા માટે કરીએ છીએ, એમ લાગવું તે મોટી ભૂલ છે.

આમ, આપણે જે સેવા કરીએ છીએ તે આપણા કલ્યાણ માટે છે, એ વિચાર રાખીએ તો સેવામાં કોઈ બદલાની અપેક્ષા ન રહે.

(૭) પ્રામાણિકતાપૂર્વક સેવા :

* બીજી એક વાત પણ આપણને અહીં દેખાય છે, એ છે નીલકંઠવર્ણીની પ્રામાણિકતા. સેવકરામ નીલકંઠવર્ણીને સીધું લેવા માટે પૈસા આપતો, પણ નીલકંઠ તેની પાઈએ પાઈનો હિસાબ આપી દેતા, પોતાને જમવા માટે તેમાંથી એક પૈસો પણ રાખતા નહીં.
* આ તો બહુ જ અઘરું કામ છે. કેટલાકને અનુભવ હશે કે સંતાનોને ઘરેથી કંઈક વસ્તુ લેવા માટે આપેલા પૈસામાંથી બચેલા કેટલા પૈસા ઘરે અપાય છે ? ને કેટલા ગજવામાં રખાય છે ?
* નીલકંઠવર્ણી પૈસા બાબતે એકદમ ચોખ્ખા-ચણાક હતા. એટલે નીલકંઠવર્ણી આપણને સમજાવે છે કે સેવામાં ક્યારેય છેતરપિંડી ન કરો, પ્રામાણિક બનો.
* મુંબઈનો મનીષ નામનો બાળક પસ્તી ઉઘરાવી લાવ્યો. મંદિરે તેને વ્યવસ્થિત કરવા બેઠો, તો અંદરથી ૪૦,૦૦૦ રૂપિયા નીકળ્યા. તેણે મૂળ માલિકની ભાળ કાઢી પરત કરી દીધા.
* દિલ્હી અક્ષરધામમાં સેવા કરતા સ્વયંસેવકોએ અત્યાર સુધી મુલાકાતીઓના મળેલા લાખો રૂપિયા પરત કરી દીધા છે.
* આજે બી.એ.પી.એસ.નાં મંદિરોમાં માનદ સેવા આપતા કેટલાય હરિભક્તો ઘરેથી ટિફિન-પાણી લઈને સેવામાં આવે છે. મંદિરનું ભોજન પણ લેતા નથી. આ તો પ્રામાણિકતાની હદ થઈ ગઈ કહેવાય.
* જો આ પ્રેરણા દેશસેવા કે સમાજસેવા સાથે સંકળાયેલા સૌ કોઈ લે, તો કરોડોના ભ્રષ્ટાચાર અને અબજોનાં કૌભાંડો બંધ થઈ જાય.

(૮) ૧૦૦ ટકા સેવા, છેવટ સુધી સેવા :

* નીલકંઠવર્ણીએ સેવકરામની સતત બે મહિના સેવા કરી અને તેને સાજો કર્યો. સાજો ન થાય ત્યાં સુધી સેવા છોડી નહીં.
* સામાન્ય રીતે માંદા માણસની માંદગી લાંબી ચાલે તેમ તેમ સેવા કરવાનો કંટાળો આવતો જાય.
* કેટલાક સ્વામીશ્રી પાસે આવીને કહે, 'બાપા ! મારા પિતા કે માતાને હવે મહારાજ ધામમાં તેડી જાય તેવા આશીર્વાદ આપો.' કેટલીક વાર આ ઉદ્‌ગારોના મૂળમાં મા-બાપની સેવામાંથી ક્યારે છુટાય ? એવી વૃત્તિ હોય છે!
* સાજાને તો સૌ ચાહે, માંદાને ચાહો તો ખરા ! અને હા, માંદાને ચાહો, તો એટલા ચાહજો કે તે સાજા થઈ જાય.
* આમાં સમજવાનું એ છે કે સેવાકાર્યમાં શરૂઆતથી રહીને અંત સુધી મંડ્યા રહેવું, તે પણ જરૂરી છે. એટલે જ નીલકંઠે સેવકરામ સંપૂર્ણ સાજો, શેર ઘી પચાવે તેવો ન થયો, ત્યાં સુધી સેવા છોડી નહીં.
* સેવા પૂર્ણ ન થાય ત્યાં સુધી મંડ્યા રહેવું, તે જ યથાર્થ અને ૧૦૦ ટકાની સેવા છે, તે નીલકંઠવર્ણી આપણને સમજાવે છે.
* બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજે ઉકરડો ઉથામવાની સેવામાં સૌને જોડ્યા, ને પોતે પણ ત્યાં ખુરશી નાંખી બેઠા. જ્યાં સુધી શાસ્ત્રીજી મહારાજ હતા ત્યાં સુધી સૌ સેવા કરતા રહ્યા, પણ જેવા શાસ્ત્રીજી મહારાજ ઊભા થયા કે ટપોટપ સૌ નીકળવા લાગ્યા. જ્યારે શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં અન્ય સ્થાને નિરીક્ષણ કરી પુનઃ ત્યાં પધાર્યા, ત્યારે એકલા શાંતિ ભગત(પ્રમુખસ્વામી મહારાજ) જ સેવા કરતા હતા.
* સભામાંથી જ્યાં સુધી છેલ્લી વ્યક્તિ વિદાય ન લે, અને પાથરણાં-ખુરશી વગેરેનું વાઇન્ડઅપ ન થાય, ત્યાં સુધી સભાવ્યવસ્થાના સ્વયંસેવકની જવાબદારી છે. છેલ્લામાં છેલ્લા હરિભક્ત બૂટ-ચંપલ પહેરી વિદાય ન થાય, ત્યાં સુધી બૂટ-ચંપલ વિભાગના સ્વયંસેવકની જવાબદારી છે. છેલ્લામાં છેલ્લી વ્યક્તિ જમી ન રહે, ભોજનના સામાનનું સંપૂર્ણ વાઇન્ડઅપ ન થાય અને ભોજનાલયની સંપૂર્ણ સ્વચ્છતા ન થાય, ત્યાં સુધી પીરસનાર સ્વયંસેવકની જવાબદારી છે.
* સ્વામીશ્રીએ એક વાર એક મુમુક્ષુને પત્રમાં લખેલું : 'મારે મજૂર ભેગા નથી કરવા. મારે એક-એકને ભગતજી મહારાજ જેવા કરવા છે. સમય પતે ને રાજી થાય તે મજૂર, સેવા પતે ને રાજી થાય એ ધણી...'

મજૂરની નજર સમય સામે હોય. સમય પૂરો થાય કે તરત જ કામ પડતું મૂકે. ધણી સમયથી ઉપર જઈને પણ સેવા પૂરી થયે કામ છોડે. અહીં નીલકંઠવર્ણી આપણને મજૂરની જેમ નહીં, પરંતુ ધણીની જેમ સેવા કરવાનું શીખવે છે.

(૯) નિઃસ્પૃહીપણું :

* નીલકંઠવર્ણી પોતાની પ્રકૃતિની વાત કહે છે કે 'ભાર નામે તો એક રૂમાલ પણ અમે રાખતા નહીં.' જગત પ્રત્યે કેટલા નિઃસ્પૃહ હશે નીલકંઠવર્ણી ?!
* ગૃહત્યાગના પ્રથમ દિવસે અમરપુર ગામના લોકો નીલકંઠવર્ણી પાસે ફળફળાદિ લઈને આવ્યા. નીલકંઠવર્ણીએ તેમાંથી થોડું ગ્રહણ કર્યું, અને બાકીનું ગામલોકોને આપી દીધું. તેથી કેટલાકે કહ્યું, 'બ્રહ્મચારી ! સાંજ માટે તો કાંઈક રાખો !' નીલકંઠવર્ણી તેમની સામું હસીને બોલ્યા, 'સાંજ કે સવારનો વિચાર કરવાનો હોત, તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ.'

નીલકંઠવર્ણી આવા નિઃસ્પૃહી હતા. પોતા માટે કોઈ સંગ્રહ કરતા નહીં. છતાં સેવકરામની સેવામાં રહ્યા ત્યારે તેનો સામાન સાથે રાખીને ફરતા. પરંતુ સેવાકાર્ય પૂરું થયું ત્યારે તેઓએ સેવકરામનો સાથ છોડી દીધો.

સેવામાં નીલકંઠવર્ણીને સ્વાર્થ નહોતો, તેમ સ્પૃહા પણ નહોતી. એટલે તેમને સેવકરામમાં બંધન ન થયું.

* ભરતજીએ મૃગલીના બચ્ચાની સેવા કરી, સંભાળ રાખી, પણ તે મોટું થઈ ગયું ત્યારે તેને છોડી શક્યા નહીં, તો બંધન થયું.

પરોપકારના કાર્યમાં પણ આવું બંધન થાય, તો તે આધ્યાત્મિક દૃષ્ટિએ વિઘ્ન જ છે, મોક્ષમાર્ગમાં ખામી છે.

* વળી, વ્યક્તિની જેમ ક્રિયાનું બંધન પણ વિઘ્નરૂપ જ છે. તેથી સત્સંગમાં આપણને જે સેવાની આજ્ઞા થાય તે કરવી જોઈએ. ક્યારેક આપણે વર્ષોથી કોઈ સેવા કરતા હોઈએ, અને તે છોડાવી બીજી સેવા કરવાની આજ્ઞા થાય, ત્યારે તે સેવાનું મમત્વ ત્યાગી બીજી સેવામાં ઉત્સાહથી જોડાઈ જવું તે ખરી સેવા છે, તે આધ્યાત્મિકતા છે. આવી સેવા જ મોક્ષદાયક બને છે.
* ઉત્સવમાં પોતાના મંડળને અમુક વિભાગની જ સેવા મળે એવો આગ્રહ રખાય છે, જે ખામી છે. વળી, વ્યક્તિને પોતાને ફાવતી સેવા કરવાનો આગ્રહ હોય કે,

– હું તો પી.આર.માં જ સેવા કરું.
– મને તો સભાવ્યવસ્થા જ ફાવે.
– મારે તો રસોડા સિવાય બીજે સેવા કરવી જ નથી.
– અમે તો યુવક મંડળના સભ્યો, સત્સંગ મંડળમાં મદદ ન કરીએ.
– આ વિભાગમાં બાળમંડળ જ સેવા કરશે. યુવક મંડળમાંથી કોઈને તેમાં પ્રવેશ ન મળવો જોઈએ.

સેવા બાબતે આવું ખોટું મમત્વ આધ્યાત્મિક દૃષ્ટિએ યોગ્ય નથી, એ પણ નીલકંઠવર્ણીના જીવનમાંથી શીખવા જેવું છે.

● **સમાપન :**

* શાસ્ત્રો કહે છે, 'સેવાધર્મઃ પરમગહનઃ' અર્થાત્, સેવાધર્મ ખૂબ જ ગહન છે, અટપટો છે.
* નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા કરી, અને આ પ્રસંગ દ્વારા ગહન સેવાધર્મને સરળ કરી આપણી સમક્ષ રજૂ કર્યો.
* આ એક જ પ્રસંગ દ્વારા સેવાધર્મની લૌકિક રીત, સેવાધર્મમાં હૃદયની ભાવના, અને સેવાધર્મનો આધ્યાત્મિક વિવેક આ ત્રણેય પાસાંઓની પ્રેરણા આપણને મળે છે.
* અહીં, સારરૂપે નીલકંઠવર્ણી આપણને સમજાવે છે કે,

- દુઃખી માણસ પ્રત્યે દયા દાખવો.
- માતા-પિતાની સેવા પ્રેમથી કરો.
- કપરામાં કપરી સેવામાં પણ પાછા ન પડો.
- ગમે તે સેવા આવે તે શીખી લો.
- છેતરપિંડી ન કરો, પ્રામાણિક બનો.
- સેવા પૂર્ણ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.
- નિઃસ્વાર્થભાવે સેવા કરો, બદલાની અપેક્ષા ન રાખો.
- મનગમતી સેવાનું મમત્વ ન રાખો.

તો ચાલો, આદર્શ સેવક એવા નીલકંઠવર્ણી જ આપણને આ ગુણો આત્મસાત્ કરી શકીએ તેવી બુદ્ધિ-શક્તિ આપે, એવી એમનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

સભા : ૨ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૧૫ ધ્યાન કરવામાં કાયર ન થવાનું
- **વિશેષ પ્રવચન** : નિત્યપૂજા, (ધાર્મિક-વિધાનો અને ભાવના પુસ્તક તથા 'પુષ્પ'માંથી)
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું પંદરમું : ધ્યાન કરવામાં કાયર ન થવાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં. અને પોતાના મુખારવિંદની આગળ સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'જેના હઈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે 'ભગવાન તથા સંત તે મને જે વચન કહેશે તેમ જ મારે કરવું છે.' એમ તેના હઈયામાં હિમત્ય રહે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહીં મનાય' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે.

● વચનામૃતની વિશેષતા :

- આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભક્તિની સાચી રીત બતાવે છે. અધ્યાત્મસાધનામાં સાધકે શું કરવાનું છે, સાધના કેવી રીતે કરવાની છે તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ વચનામૃતમાં છે. આખા વચનામૃતમાં શ્રીજીમહારાજ હૃદયની ભક્તિવાળા બે લક્ષણ બતાવે છે :

  ૧. આજ્ઞા પાળવામાં તત્પરતા - હિંમત.

  ૨. મૂર્તિનું ધ્યાન કરવામાં શૂરવીરતા-શ્રદ્ધા.
- શ્રીજીમહારાજને ભક્તવાળો ગમે છે. નારદજી જેવો ગુણવાન હોય, પણ જો તેના હૃદયમાં ભગવાનની ભક્તિ ન હોય તો અમને ન ગમે. (ગ.પ્ર.-૩૭)
- શિક્ષાપત્રી ૧૧૪ : ગુણવાનપણાનું ફળ શું ? ભગવાનને વિશે ભક્તિ અને સત્સંગ. એ બે વગર તો વિદ્વાન પણ અધોગતિને પામે છે.
- ભક્તિ વિના જ્ઞાન, વૈરાગ્ય ને સત્સંગ એ મીઠા વગરના ભોજન જેવા છે. (ગ.મ. ૬૫)
- લોકમાં બધા જ ભક્તિ તો કરે છે જ. પણ એ સ્થૂળ ભક્તિમાં દર્શન, માળા, પૂજા, તિલક, તીર્થ, યજ્ઞ, વ્રત વગેરે કરતા હોય છે. આમાં જો હૃદયની ભક્તિ ન હોય તો ઘણીવાર દંભ-ડોળ-આડંબર- ને લોક રીઝવવા આ બધું થઈ

જતું હોય છે. માટે હૃદયથી ભક્તિ કરવી.

● હૃદયની ભક્તિ એટલે શું ?

- હૃદયની ભક્તિ એટલે પ્રગટ ભગવાનને યથાર્થ માહાત્મ્ય સહિત નિર્દોષ બુદ્ધિસહિત શરણાગત બનીને અતિ દૃઢ પ્રીતિ.
- ભગવાનના મહિમાની સેર હૃદયમાં-અંતરમાં ઊતરવી જોઈએ. પ્રીતિના મૂળ હૃદયના ઊંડાણ સુધી પહોંચવા જોઈએ. ભક્તિના રંગે હૃદય રંગાવું જોઈએ. આવી ભક્તિનો મહિમા શાસ્ત્રોમાં છે.
- અંતરમાં રુચિ-સારી વૃત્તિ એ જ અંતે સહાય કરે છે. જો સારી રુચિથી કાર્ય ન થતું હોય તો લાંબો સમય ટકે નહીં.

ભૂખ લાગે ત્યારે માણસ જમે ને એમનેમ આખો દિવસ ખા ખા કરે એ બેયમાં ફેર છે. શરીરમાં સત્ત્વ ભૂખ વેળા જમેલા આહારમાંથી જ થાય. તેમ હૃદયથી કરેલી ભક્તિથી જ જીવન ઉન્નત બને ને કાયમી પ્રગતિ થાય. દા.ત. આપણને વાસણ ઉટકવાની સેવા સોંપાય ને આપણું તેમાં હૃદય ન ભળે, તો કરીએ ખરા પણ જેવા તેવા, જલદીથી, કંટાળાથી, કોઈ વઢે નહીં એટલે, આપણું ખરાબ ન દેખાય એટલે એ સેવા કરી છૂટીએ. ને લાગ મળે તો ભાગી પણ છૂટીએ.

બીજી બાજુ પ્રમુખ સ્વામીએ પોતાની વરણીના દિવસે વાસણ ઊટક્યા એ હૃદયની સેવા હતી. જ્યાં લાગ મળે ત્યાં કરી છૂટે. આવા ભક્તને કેવી ઇચ્છા રહે ?

● ભગવાન અને સંત જે જે વચન કહે તેમ જ મારે કરવું છે :

આવું ક્યારે મનાય ?

(૧) સ્વાર્થ હોય - ખપ હોય તો.

- ગુણાતીતાનંદ સ્વામી ભીમનાથના રાંકાની વાત કરતા. અગણોતેરા કાળમાં ભીમનાથ મહાદેવ પાસે બધા નિરાશ્રિતો આવતા. ત્યાં એક ડંકો થૂલું અપાતું. મહાદેવના તળમાં જ નદી છે. નદી કિનારેથી પગથિયાં પર બધા લાઈનમાં ધક્કામુક્કી કરે ને ઉપર આવે. આપનારો કંટાળે તે હડસેલો મારે. એટલે બધા નદીમાં પડે. હાથ-પગ, છોલાય. પણ ફરી ઉપર ચઢે. આમ બે-ત્રણવાર થાય ત્યારે ડંકો થૂલુ મેળવે. આનું નામ ખપ
- જન્મટીપ કે ફાંસીની સજા થઈ હોય ને છૂટવાનો કોઈ આરો ન હોય એવા વખતમાં રાષ્ટ્રપતિ દયાની અરજી સ્વીકારે ને શરતો મૂકે કે - રોજ ૪-૩૦ વાગે ઊઠીને પૂજા કરવી - ૧૦૧ દંડવત્ કરવા - નિયમિત ઘરસભા કરવી - રોજ ૫ વચનામૃત વાંચવા - મંદિરના બધા જ સંડાસ-બાથરૂમ સાફ કરવા... કોણ ના પાડે ? બધી જ શરત તત્કાળ મંજૂર થાય. કારણ છૂટવાનો સ્વાર્થ છે. તેમ માયાના બંધનમાંથી આ સંત જ છોડાવી શકશે એવું મનાય તો ગમે તેવું વચન સત્ય મનાય.
- ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને કેવી કપરી આજ્ઞાઓ કરી. ગિરનારને બોલાવી લાવો, ચૂનો પીલો, ચંદની સીવો, સંતોની હજામત કરો, એંઠવાડની કૂંડી... આ બધા પ્રસંગોમાં ભગતજી સારધાર પાર પડ્યા. કારણ કે રાજી કરવાનો ખપ હતો.
- સત્યકામ જાબાલીને એના ગુરુએ કહ્યું : ‘૪૦૦ ગાયમાંથી ૧૦૦૦ થાય ત્યારે બ્રહ્મજ્ઞાન લેવા આવજે. તે મંડી પડ્યો. કારણ ખપ હતો.
- શ્રીજીમહારાજના પરમહંસો કપરા પ્રકરણોમાંથી પસાર થયા. જેવા કે - શિયાળામાં અડધી રાત પછી ઠંડા પાણીમાં બેસવું. કંતાન-ટાટ પહેરવું. ગામની સીમમાં ઝાડ નીચે રહેવું. ગોળા ખાવું - વગેરે.

(૨) હેત-પ્રીતિ હોય તો ગમે તેવું કપરું વચન હોય

તે મનાય છે :

- કારિયાણી-૧૧માં શ્રીજી મહારાજે ગોપીઓની શ્રીકૃષ્ણ પ્રત્યેની પ્રીતિ વર્ણવી છે.
- હેત અને પ્રતિ હોય તો ન કરવાનું પણ કરે. (ગ.અં.૧) ચોરને પોતાના સ્ત્રી-પુત્રાદિકમાં હેત છે તો અન્યને મારીને, ઝૂંટવીને, દુ:ખી કરીને પણ ચોરી કરે છે ને ઘરના સગાને રાજી કરે છે.
- દાદાખાચરને શ્રીજીમહારાજ સાથે પ્રીતિ હતી તો મહારાજે કહ્યું તમારો ગરાસ બહેનોને લખી આપો. તો તત્કાળ લખી આપ્યો.
- ભાદરાથી શ્રીજીમહારાજે સૂરા, સોમલા, માચાં ખાચર આદિ ૧૮ ગામધણીઓને પત્ર લખ્યા કે તમે આ પત્ર મળે કે જ્યાં હો ત્યાંથી બધું છોડીને તત્કાળ સાધુ થઈને અમારી પાસે આવી જજો. સૌ તત્કાળ નીકળ્યા. બાકી ગામ-ગરાસ છોડવા કઠણ પડે.

(૩) માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તો તરત વચન મનાય :

- નીલકંઠવર્ણી લોજમાં હતા. એ વખતે રામાનંદ સ્વામીએ ભૂજથી પત્ર લખ્યો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને પણ રહેવું પડશે. તરત નીલકંઠે થાંભલાને બાથ ભીડી. રામાનંદ સ્વામીનો યથાર્થ મહિમા હતો તો તરત વચન મનાયું.
- શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને મંદિરના કડિયાને રોટલા બનાવીને જમાડવાની આજ્ઞા કરી. સતત ૪૦ વર્ષ સુધી એકધારી આજ્ઞા પાળી છે.
- જૂનાગઢમાં રઘુવીરજી મહારાજ પધાર્યા. મંદિરમાં કથાવાર્તા, ઉત્સવ અને રસોઈઓ ચાલે. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા સ્વામીને મંદિરથી દૂર સાંખડાવદરનું બીડ સાચવવા જવા કહ્યું. જાગા સ્વામી તત્કાળ તૈયાર થયા.

(૪) અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો વચન મનાય :

- ડૉક્ટરના વચનમાં વિશ્વાસ તરત આવે છે. તો તે ઈંજેક્શન મારે, ચીરો મૂકે, ઑપરેશન કરે, કડવી દવા આપે, ચરી આપે, તત્કાળ વાત મનાય છે. કારણ કે શ્રદ્ધા છે કે આના વચનથી જ મને સારું થશે.
- એમ ભગવાન ને સંત જીવના ડૉક્ટર છે.
- ગુણાતીતાનંદ સ્વામી : 'અમને તો એક જન્મમરણનો રોગ ટાળતા આવડે છે.' એટલે તેઓ જે કાંઈ આજ્ઞા કરે છે તેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ એ ટળશે જ' એવો વિશ્વાસ હોય તો જરૂર આજ્ઞા પળાય જ.

(૫) જે કાંઈ વચન માને તેમાં હિંમત રહે જે 'આ થશે જ'

- પરમહંસો મહારાજ પાસે આવ્યા ને બોલ્યા

કહો તો મટકુ ન ભરીએ મીટે,
કહો તો અન્ન ન જમીએ પેટે
કહો તો પીવું તજી દઈએ પાણી,
રહીએ મૌન ન બોલીએ વાણી.
એમ હિંમત રહે છે મન માય,
તમે કહો તે કેમ ન થાય.

- મુક્તાનંદ સ્વામીને સમાચાર મળ્યા જે હવે મહારાજ થોડી અઘરી આજ્ઞાઓ ચાર્તુમાસમાં કરવાના છે. તો તેમણે લીમડો ઘોળીને પીવાનું શરૂ કર્યું.
- ગુણાતીતાનંદ સ્વામી પ્રાગજી ભક્તને કહે : 'માથા વિનાનો થાય તે સત્પુરુષને રાજી કરી શકે. તુ માથા વિનાનો થયો છે. આ પવિત્રાનંદને મારો મહિમા કહીશ ?' તો ભગતજીએ હિંમતભેર વચન ઝીલ્યું.
- શાસ્ત્રીજી મહારાજને જાગા સ્વામીએ કહ્યું : 'અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવાનું કાર્ય તું કરે કે ન કરે ?'
- શાસ્ત્રીજી મહારાજે વાત હિંમતભેર માથે

લીધી. તે ૬ મંદિરો કરી બતાવ્યાં. હૃદયની ભક્તિમાં ઉપરોક્ત પાંચ મુદ્દા આવે છે.

● આવો ભક્ત એમ સમજે

● આજ્ઞા પાળીશ તો જ સ્વામી રાજી થશે.
- ગ.પ્ર. ૨૫ મુજબ

● આજ્ઞા પાળીશ તો જ સાચી મોટપ આવશે.
- ગ.પ્ર. ૩૧ મુજબ

● આજ્ઞા પાળીશ તો જ સુખ આવશે.
- ગ.પ્ર. ૩૪ મુજબ

● આજ્ઞા પાળીશ તો જ કલ્યાણ થાશે.
- ગ.પ્ર. ૬ મુજબ

● આજ્ઞા પાળીશ તો જ આત્મ સત્તારૂપ થઈશ.
- ગ.પ્ર. ૫૧ મુજબ

- ગુણાતીતાનંદ સ્વામી - સંત કહે તેમ કરવું શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું કનિષ્ઠ છે.

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્ગુરુ શબ્દ વિણ સર્વ કાચુ
મેલ મનતાણ ગ્રહ વચન ગુરુદેવનું,
સેવ તું રૂપ એ શુદ્ધ સાચું.

- મુક્તાનંદ સ્વામી

- શ્રીમદ્ રાજચંદ્ર : નિજ છંદે કરીને અનંતકાળ સુધી સાધન કરે તો પણ કેવળ જ્ઞાન ન થાય. જ્ઞાનીનો આરાધક અંત મુહૂર્તમાં કેવળ જ્ઞાન પામે.
- ગુણાતીતાનંદ સ્વામી : કરોડ નિયમ કરતા પ્રગટ ભગવાનની એક આજ્ઞા અધિક છે. મુંબઈના એક ભાવિકે ૧૩ મહિનાના ધારણા-પારણા કર્યાં. યોગીજી મહારાજ ખૂબ રાજી થયા. આશીર્વાદ આપ્યા. એ ગયા પછી યોગીજી મહારાજ કહે : 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી એક ઉપવાસ કરે તેનું ફળ ૧૩ મહિનાના ધારણાં-પારણાં કરતા ચડી જાય.'
- ગણપતિએ પાર્વતીની આજ્ઞાથી ગાયની પ્રદક્ષિણા કરી ને કાર્તિકેયે પૃથ્વીની પ્રદક્ષિણા કરી. પણ ગણપતિ વધી ગયા. કારણ માતાની આજ્ઞા પાળી હતી.
- યોગીજી મહારાજ : 'અમે ૧૯૬૭ની સાલમાં આવ્યા. ત્યારથી આજ ૨૦૦૭ સુધી ૪૦ વરસ સુધી શાસ્ત્રીજી મહારાજના મનનું ધાર્યું જ કર્યું છે.'
- પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો : 'આપની પ્રગતિનું રહસ્ય શું ?
- સ્વામી : 'જેની જેની પ્રગતિ થઈ છે તે ગુરુના રાજીપા - આશીર્વાદ ને કૃપાથી જ થઈ છે. અમને સાચા ગુરુ મળ્યા ને તેમની આજ્ઞા પ્રમાણે જીવન કર્યું તો પ્રગતિ થઈ.
- જેતલપુર-૩જુ વચનામૃત - આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ છે.
- ગુણાતીતાનંદ સ્વામી - જીવે કરોડ જન્મથી મનધાર્યું જ કર્યું છે ને એમાં જ સ્વાદ આવે છે. તેથી ગ.પ્ર. ૭૬ માં શ્રીજીમહારાજ કહે છે :
- પંચવર્તમાનમાં કોઈ વાતે ખામી ન હોય અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ દેહપર્યંત મૂંઝાય નહીં એવા હરિભક્ત પર અમારે વગર કર્યું હેત થાય. એ જ પરિપૂર્ણ ભક્તિ છે.'
- નિષ્કુળાનંદ સ્વામી :

સખી જેમ વાળે તેમ વળજે,
તજી તરત રે તનમનની તાણ.

- શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીને અટલાદરામાં ચૂનો કાલવવાની સેવાની વાત કરી. પ્રમુખસ્વામી એમાં ઝંપલાવ્યું. ચૂનાથી દાઝ્યા. આખા શરીરે લાલ ચકામા ઉપસી આવ્યા. પણ પાછા ન પડ્યા.
- પ્રગટ ભગવાન અને પ્રગટ સંતના વચન જેણે જેણે શ્રદ્ધાપૂર્વક અદ્ધર ઝીલ્યા છે એ સર્વનું કાર્ય થયું છે. સ્વાતિ નક્ષત્રમાં પાણીના બૂંદ વાદળમાંથી પડે. તેમાં ટીપાને જે માછલી

અદ્ધર કૂદીને ઝીલે એ મોતી સવા લાખનું થાય. પડી પડી ઝીલે તે અડધા લાખનું ને પાણીમાં ટીપુ પડ્યા પછી ઝીલે તો ફટાકીયા મોતી થાય.

મોરપત્ની બદ્દિં આવતા,
રતે લીએ છે રસભરેલડા
તેનો મયૂર થાય તદવત્,
થાય પડતા બિંદુના ઢેલડા.

- નિષ્કુળાનંદ સ્વામી

● **આટલું વચન મનાશે ને આટલું નહીં મનાય એવું તો ભૂલ્યે પણ ન કહે :**

ગુલામની માફક રહે. ગુલામને એના શેઠે પૂછ્યું : 'તારું નામ શું ?' તમે જે રાખો તે.' 'તું ખાઈશ શું ?' 'તમે જે આપશો તે.' 'તું રહીશ ક્યાં ?' 'તમે જ્યાં રાખશો ત્યાં.' ગુલામને કોઈ ફરિયાદ, અપેક્ષા, દલીલ, બહાનું, સંશય કે શંકા ન હોય. આવી કુરબાની જો ભક્ત કરે ભગવાન સમક્ષ, તો ન્યાલ થાય.

શીશ અર્પ્યા વિના શ્યામ રીઝે નહીં,
શીશ અર્પે જે કોઈ શરણ ઈચ્છે.
મસ્તક ધડામાં જે જન મેલશે,
તે ઘટ પ્રેમપ્રવાહ પામે.

- મુક્તાનંદ સ્વામી

● **હૃદયની ભક્તિવાળાનું બીજું લક્ષણ છે ધ્યાન કરવામાં કાયર ન થવું.**

- મન અતિ ચંચળ છે. મનને વશ કરવું કઠણ છે.
- આ જીવને અનંત જન્મોના પાશ લાગ્યા છે. તેથી સંકલ્પ-વિકલ્પના પૂર ઊઠે. તેથી જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ધ્યાન કરવું દુષ્કર છે.

તેથી શ્રીજીમહારાજ સમજીને કહે છે :

૧. કાયર ન થવું.
૨. હિંમત રાખવી.
૩. શૂરવીર થવું.
૪. પ્રાપ્તિનો મહિમા સમજીને પૂરણ કામ માનવું.
૫. સતત લડાઈ લીધા કરવી.
૬. ધીરજ-શ્રદ્ધા ન ગુમાવવી. તો ભગવાન સહાય કરે જ.

- બે તપસ્વી તપ કરે. નારદજી નીકળ્યા. 'ભગવાનને પૂછતા આવજો કે અમને દર્શન ક્યારે થશે ?' ભગવાનને પૂછ્યું. ભગવાન કહે : 'જે ઝાડ નીચે બેસીને તપ કરે છે એ ઝાડના જેટલા પાન હશે તેટલા વર્ષ તપ કરશે ત્યારબાદ દર્શન થશે.' આ સાંભળી પીપળાના ઝાડવાળો ઊભો થઈને હાલવા માંડ્યો. આંબલીના ઝાડવાળા પાસે વાત કરી તો તે નાચવા લાગ્યો. ભગવાને તરત દર્શન દીધા.' કેમ ભગવાન કહે 'એની શ્રદ્ધા તો જુઓ.'
- એમ અહીં મહારાજ કહે છે - ૧૦૦ વર્ષ સુધી કાયર ન થવું ને આવો યત્ન કરે તે જ એકાંતિક ભક્ત છે. શ્રદ્ધા જોઈને ભગવાન મદદે દોડે છે.

◆

૫. વચનામૃત : ગઢડા પ્રથમ - ૧૫ : ધ્યાન કરવામાં કાયર ન થવાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૫મું : ધ્યાન કરવામાં કાયર ન થવાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, ''જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે'; એમ તેના હૈયામાં હિંમત્ય રહે. અને, 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહીં મનાય', એવું વચન તો ભૂલ્યે પણ ન કહે...''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૫મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **ભક્તિનો મહિમા :**

❋ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તેને ભક્તિ કહેવાય છે. આ ભક્તિનો મહિમા અપાર છે. સંસારસાગરમાં ડૂબી જવાનો, તણાઈ જવાનો જીવને અખંડ ભય રહે છે. તેમાંથી ઊગરવાનો ઉપાય બતાવતાં ભક્ત નારાયણદાસ કહે છે,

'ભવસાગરમાં ભક્તિ હરિની, ઊગરવાનો આરો જી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારો જી.'

❋ પરમાત્માને પામવાનાં અનંત સાધનોની તુલનામાં ભક્તિ એકમાત્ર અમોઘ સાધન છે. શ્રીમદ્‌ભાગવતમાં નારદજી કહે છે કે,

ન તપોભિર્ન વેદૈશ્ચ ન જ્ઞાનેનાપિ કર્મણા ।
હરિર્હિ સાધ્યતે ભક્ત્યા પ્રમાણં તત્ર ગોપિકાઃ ॥

તપ, વેદાધ્યયન, દાન, કર્મ વગેરે કોઈ પણ સાધનથી ભગવાન વશ કરી શકાતા નથી. તેઓ માત્ર ભક્તિથી જ વશ થાય છે. આ વિષયમાં ગોપીઓ પ્રમાણ છે.(ગોપીઓએ ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનને વશ કર્યા તે પ્રમાણ છે.)

❋ વળી, દેહભાવને બ્રહ્મભાવમાં પલટાવવા માટે ભક્તિ સમર્થ છે. શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૧૬**માં કહે છે કે, **'માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે અને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ એ સર્વે આવે છે, માટે એ સાધન સર્વમાં મોટું છે.'**

ટૂંકમાં, ભવસાગર તરવા માટે, ભગવાનને વશ કરવા માટે અને બ્રહ્મરૂપ થવા માટે ભગવાનની ભક્તિ આપણી સાધનાનું અનિવાર્ય અંગ છે.

● **હૈયાની ભક્તિ :**

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં હૈયાની ભક્તિની વાત કરવા માંગે છે. ફક્ત કાળો કોટ પહેરવાથી કોઈ વ્યક્તિ વકીલ નથી થઈ જતી, ગળામાં સ્ટેથોસ્કોપ(Stethoscope) લટકાવવાથી કોઈ વ્યક્તિ ડોક્ટર નથી થઈ જતી, તેમ હાથમાં માળા રાખવાથી અથવા કપાળમાં તિલક-ચાંદલો કરવાથી કોઈ વ્યક્તિ ભક્ત નથી બની જતી. હાથમાં માળા અને કપાળમાં તિલક-ચાંદલો તો બાહ્ય આચાર છે, જે આપણે કરવાના જ છે, પરંતુ તેનાથી જ સંતોષ માની લેવાની જરૂર નથી.

❊ આપણે જે વાતાવરણમાં રહીએ છીએ, તે વાતાવરણમાં ઓક્સિજન રહેલો જ છે, પરંતુ તે ઓક્સિજન ફેફસાંમાં જાય તો જીવન ચાલે છે.

મર્સિડિસ જેવી મોંઘીદાટ ગાડી હોય, પણ તેના ટાયરની અંદર હવા જાય, ત્યારે ગાડી ચાલે છે. બહાર ગમે તેટલી હવા હોય તેનાથી ગાડી ચાલતી નથી.

તેમ, બહાર ગમે તેટલી ભક્તિ દેખાડવા માટે કરીએ, તેનાથી કોઈ અર્થ સરતો નથી. હૃદયમાં સાચો ભક્તિભાવ હોવો જરૂરી છે.

❊ એક સુપ્રસિદ્ધ ગાયક કૃષ્ણ-ભક્તિનું પદ 'રસિક પિયા બિન આવત નાહિ ચૈન' અદ્‌ભુત રીતે ગાતા, પણ તેઓ દારૂની પ્યાલી પીધા વગર આ ગાઈ શકતા નહિ. એટલે ગુણીજનો તેમને કહેતા, "આપ 'પિયા' બિન નહિ, પણ 'પિયે' બિન આવત નાહિ ચૈન, એમ ગાઓ."

આપણી સાધના બાહ્ય ઓછી, આંતરિક વધુ છે. બોલવામાં, ગાવામાં, લખવામાં ભક્તિ હોય તે બહુ કામ નથી લાગતી, હૈયામાં હોવી જોઈએ.

❊ એક શિબિરમાં પૂ. ડોક્ટર સ્વામી અને પૂ. મહંત સ્વામી મહારાજ કથાવાર્તાનો લાભ આપી રહ્યા હતા. પૂ.ડોક્ટર સ્વામીએ પોતાના પ્રવચનમાં કહ્યું, 'આપણી ૯૦% સાધના આંતરિક છે.' પૂ.મહંત સ્વામી મહારાજે પોતાના પ્રવચનમાં કહ્યું, '૯૯% સાધના આંતરિક છે.'

● **ભક્તિની પારાશીશી :**

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં હૈયાની ભક્તિની પારાશીશી બતાવી છે. જેમ વિદ્યાર્થીની પરીક્ષા લેવાય ત્યારે તેની બૌદ્ધિક ક્ષમતાનો ખ્યાલ આવે છે, તેવી જ રીતે શ્રીજીમહારાજ કહે છે કે, આજ્ઞા થાય ત્યારે ભક્તના હૃદયમાં કેટલી ભક્તિ છે, તે જણાઈ આવે છે. જેને હૈયાની ભક્તિ હોય, તે આજ્ઞા પાળવા માટે હંમેશાં તત્પર રહે.

❊ અર્જુનની શ્રીકૃષ્ણ ભગવાન ભેગી પૂજા થાય છે. પાંડવો પાંચ હતા, પણ અર્જુનની જ પૂજા ભગવાન સાથે કેમ થાય છે ? કારણ કે, તે ખરા અર્થમાં ભક્ત હતા. ભગવાને જે જે આજ્ઞા કરી તે પ્રમાણે તેમણે આચરણ કર્યું.

મહાભારતનું યુદ્ધ શરૂ થતાં પૂર્વે જ અર્જુને લડવા માટે ના પાડી દીધી. પોતાના સગાંસ્નેહીઓને જોઈ તેમણે ધનુષ્ય મૂકી દીધું. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાને તેમને લડવા પ્રેરણા આપી તો તૈયાર થઈ ગયા. તેમણે કહ્યું **'નષ્ટો મોહઃ'** મારો મોહ નાશ પામ્યો છે અને **'કરિષ્યે વચનં તવ ।'** હું તમારા વચન અનુસાર યુદ્ધ કરીશ.

બીજી બાજુ, યુધિષ્ઠિર સંશયરહિત થઈને ભગવાનની આજ્ઞા નહોતા પાળી શકતા. મહાભારતના યુદ્ધમાં દ્રોણાચાર્ય પાંડવસેનાને ખૂબ ત્રાસ પમાડી રહ્યા હતા. દ્રોણાચાર્યને રોકવાનો એક જ ઉપાય હતો. પુત્ર અશ્વત્થામા મરાઈ ગયો છે, તેવા સમાચાર દ્રોણને મળે તો જ તેઓને મારી શકાય તેમ હતું. આ માટે ભીમે અશ્વત્થામા નામના હાથીને મારી નાંખ્યો. શ્રીકૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરને આ સમાચાર દ્રોણને આપવા કહ્યું, પણ યુધિષ્ઠિર ખૂબ સંકોચ સાથે **'અશ્વત્થામા હતઃ'** અશ્વત્થામા મરાયો છે તેમ બોલ્યા, પણ પછી ધીમે રહીને **'નરો વા કુંજરો વા'** બોલ્યા. એટલે કે પુરુષ છે કે હાથી તેનો ખ્યાલ નથી.

ભગવાનની આજ્ઞા પાળવામાં યુધિષ્ઠિરને એટલો સંશય રહી ગયો.

❊ યોગીજી મહારાજે યોગીગીતામાં શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું છે : 'હે શાસ્ત્રીજી મહારાજ ! બુદ્ધિમાં મૂઢપણું ન રહે, પ્રકાશ થાય તેવા ગુણ આપજો.' બુદ્ધિમાં મૂઢપણું સમજાવવા માટે યોગીજી મહારાજે બે ભક્તોનાં દૃષ્ટાંત આપ્યાં છે.

૧. રૂપરામ ઠાકરનું દૃષ્ટાંત : એકવાર શ્રીજીમહારાજ સંતો-ભક્તોના સંઘ સાથે ઉમરેઠ પધાર્યા હતા.

રૂપરામ ઠાકરે આખા સંઘ માટે રસ-રોટલીની રસોઈ તૈયાર કરાવેલી. તેથી મહારાજ તેમના ઘરે પધાર્યા. મહારાજ સંતોને રસ પીરસતા હતા. રસ ખાટો હોવાથી મહારાજે રૂપરામ ઠાકરને કહ્યું, 'ખાંડ લાવો, રસમાં ખાંડ નાંખવી જોશે.' પણ ત્યાં ઊભેલા માણસોએ ના પાડતાં કહ્યું, 'અમારા દેશમાં રસમાં ખાંડ નાખવાનો ચાલ નથી.' રૂપરામ ઠાકરે પણ મહારાજના વચન પર ધ્યાન ન આપ્યું. તેઓ મહારાજના ભક્ત હતા. તિલક-ચાંદલો, પૂજા વગેરે કરતા હતા, છતાં બુદ્ધિમાં એવું મૂઢપણું આવી ગયું કે મહારાજનું વચન અધ્ધર ન ઝીલી શક્યા. પરિણામે જીવનભર તેમને આ વાતની બળતરા રહી ગઈ.

૨. **રૂડાભાઈનું દૃષ્ટાંત** : વેળાવદરના રૂડાભાઈ ભક્તરાજ હતા. શ્રીજીમહારાજ ગઢડામાં મંદિર-નિર્માણ કરાવી રહ્યા હતા, ત્યારે રૂડાભાઈ મહારાજનાં દર્શને પધાર્યા. રૂડાભાઈની ભાવનગરી ગાડી તથા બળદ જોઈ મહારાજ કહે, 'આ તમારાં છે ?' રૂડાભાઈએ હા પાડી. મહારાજે બે-ત્રણ વાર આ જ પ્રશ્ન પૂછ્યો, પરંતુ રૂડાભાઈ દર વખતે હા જ પાડતા રહ્યા. તેઓ પ્રશ્ન પૂછવાનો મર્મ સમજી ન શક્યા. પછી એક પાર્ષદે રૂડાભાઈને સમજાવ્યા કે 'મહારાજને મંદિર-નિર્માણકાર્ય માટે હાલ બળદની જરૂર છે.' છતાં રૂડાભાઈને બુદ્ધિમાં એવું મૂઢપણું આવી ગયું કે તેમને નજર સમક્ષ પોતાનું ખેતર દેખાવા લાગ્યું. પોતાની ખેતી રહી જશે તેવા વિચારથી મહારાજને બળદ ન આપી શક્યા. મહારાજ ધામમાં પધાર્યા બાદ તેમને અંતરમાં ખૂબ દુઃખ થયું.

❋ એક હરિભક્તે લોહીનો રિપોર્ટ કરાવ્યો. તેમાં કોલેસ્ટ્રોલ વધારે આવ્યું. કો'કે આ ભાઈને સલાહ આપી, 'તમે લસણની ચટણી ખાશો તો કોલેસ્ટ્રોલ ઓછું થઈ જશે.' આ ભાઈને સલાહ મગજમાં બરાબર બેસી ગઈ. ડુંગળી-લસણનો નિયમ તોડી ખાવા લાગ્યા. તેમને મિષ્ટાન્ન-ફરસાણ ઓછું કરવાનો અથવા વ્યાયામ-પ્રાણાયામ ચાલુ કરવાનો વિચાર જ ન આવ્યો! આજ્ઞાપાલનમાં આવું મૂઢપણું આવી જાય તો હૈયાની ભક્તિ ક્યાં રહી?

❋ એક ફ્રેન્ચ લેખકે કહ્યું છે, 'Love is not gazing at each other but looking together in the same direction.' બીજા શબ્દોમાં કહીએ તો ભગવાન અને સંતની સામું સ્થૂળ નેત્રોથી જોયા કરવું એ પ્રેમ કે ભક્તિ નથી, પરંતુ તેઓ જે દિશામાં જુએ છે, વિચારે છે, તે દિશામાં જોવું-વિચારવું એ પ્રેમ અને ભક્તિ છે. ભગવાન અને સંતની આજ્ઞા શ્રદ્ધાપૂર્વક પાળવી તે ભક્તિ છે.

◎ ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૬૦મી વાતમાં સમુદ્રમાં રહેતાં છીપનું દૃષ્ટાંત આપી કહ્યું કે, 'સમુદ્રમાં છીપ રહે છે પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી, તે તો જ્યારે સ્વાંતના બુંદ પડે છે, ત્યારે જે ઠેકીને ગ્રહણ કરે છે તે મોતી લાખ રૂપિયાનું થાય છે; ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરે છે તે તો અધલાખનું થાય છે; ને જે પડ્યું પડ્યું ગ્રહણ કરે છે તે તો ફટકિયું થાય છે.'

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ કે જે ભક્ત તીવ્ર શ્રદ્ધા સાથે સત્પુરુષની આજ્ઞા અધ્ધર ઝીલે તે બ્રહ્મરૂપ થાય છે, અને મંદ શ્રદ્ધા સાથે આજ્ઞા ઝીલે તેને બ્રહ્મરૂપ થવામાં તેટલી વાર લાગે છે.

◎ વટામણના બાપુ રતનજીએ શ્રીજીમહારાજની ઘણાં વર્ષો સુધી સેવા કરી તેમને રાજી કર્યા હતા. મહારાજ પણ તેમની માનરહિતની સેવાને વખાણતા. મહારાજ સ્વધામ પધાર્યા બાદ બાપુ રતનજી એકવાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયેલા. મહારાજ વર્તમાનકાળે આ સંત દ્વારા પ્રગટ છે, તેમ તેઓ જાણતા હતા. થોડા દિવસ સ્વામીના સમાગમનો

લાભ લઈ તેઓ પાછા વળતા હતા, ત્યારે જાગા સ્વામી તેમને વળાવવા ગયા. જાગા સ્વામીએ બાપુને હાથ જોડી પૂછ્યું, 'બાપુ, તમે મહારાજ ભેળા બહુ રહ્યા છો અને મહારાજ પાસેથી ઘણી જ્ઞાનવાતો સાંભળી છે, તો મને એવી જૂની રહસ્યની વાત કરો.'

બાપુ રતનજી કહે, 'મહારાજ ઘણી વાર કહેતા કે આ ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સમર્થ સાધુ નથી. આ સ્વામીની મોટપ તો આગળ(ભવિષ્યમાં) જણાશે... માટે એમને તમે કદાપિ ઓશિયાળા કરશો નહીં. એમના દાસના દાસ થઈ એમના ઓશિયાળા થઈ રહેજો...'

ગુણાતીત સત્પુરુષની ગરજ આપણે રાખવી, પણ સ્વામીને આપણી ગરજ રાખવી પડે એવું કોટિ કલ્પે થવા દેવું નહીં - એ તેમના ઉપદેશનો મર્મ હતો.

આપણે સત્સંગમાં નવા હોઈએ ત્યારે સત્પુરુષની ગરજ રહે, તેમની આજ્ઞા ઝીલવામાં તત્પરતા રહે છે, પરંતુ વર્ષો વીતતાં જાય પછી તેવી ગરજ રહેતી નથી, એવી આજ્ઞા ઝીલવાની તત્પરતા રહેતી નથી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું 'સેવા કરવી કે ભગવાનનું ગમતું કરવું તે કઠણ જણાય ત્યારે જાણવું જે, મોક્ષનો પૂરો ખપ નથી.' (**અક્ષરામૃતમ્ - ૩૨/૪**)

- **ગુણાતીત સત્પુરુષોનાં જીવનમાં આજ્ઞાપાલનની દૃઢતા :**

※ ગુણાતીત સત્પુરુષો તો અનાદિ સિદ્ધ છે, તેમ છતાં પોતાના ગુરુની આજ્ઞા પાળી તેમણે સાચી ભક્તિનો આદર્શ પૂરો પાડ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં નવી હવેલીનું કામ ચાલુ કરાવેલું. તેમાં ચૂનાનું કામ કરવા કોઈ તૈયાર નહિ. કારણ કે હાથ-પગ ફાટી જાય અને આંખે પણ ગરમી આવે. વળી આંધળા પણ થવાય, એવી સૌને બીક લાગતી. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને ચૂનાનું કામ સોંપ્યું. ત્યારે ભગતજી કહે, 'સ્વામી ! આપની ઈચ્છા પ્રમાણે બધું કરીશ.' પ્રાગજી ભક્તે ચૂનાના કાર્યમાં ઝંપલાવ્યું, ત્યારે કેટલાકે તેમને વાર્યા, 'આ ચૂનાના છેરથી આંધળો થઈશ, હાથ-પગ ફાટી જશે.' ત્યારે તેઓ કહેતા, 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે. મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી લેવા છે.'

પ્રાગજી ભક્તના હૃદયમાં ભક્તિ હતી તો સ્વામીની તમામ આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન કરતા. તેઓ માટે કહેવાતું કે, 'જેમ સ્વામીની જીભ વળી, તેમ પ્રાગજી ભક્તનો દેહ વળ્યો!' ગુણાતીતાનંદ સ્વામીએ તેમને જ્યારે પોતે મૂળ અક્ષર છે તે સ્વરૂપ સત્સંગમાં સૌને સમજાવવા આજ્ઞા કરી, ત્યારે પ્રાગજી ભક્ત તેમાં પણ તૈયાર થયા. અનેક ઉપાધિ અને વિરોધને આમંત્રણ આપી તેઓ સ્વામીનો મહિમા ગાવા લાગ્યા કે 'આ સૂતું છે તે અક્ષર છે, આ બોલે છે તે અક્ષર છે, આ ચાલે છે તે અક્ષર છે.' આજ્ઞાપાલનની પરાકાષ્ઠા તો ત્યારે આવી, જ્યારે સ્વામીનો મહિમા ગાવવા બદલ તેમને વિમુખ કરવામાં આવ્યા, ઝેર આપવામાં આવ્યું; છતાં તેમણે તે કાર્ય મૂક્યું નહિ.

ગુરુચરણે બે ફૂલ મૂકી 'હું તમારો છું' એમ બોલવું તે ભક્તિ નથી, પરંતુ પ્રાગજી ભક્તની જેમ ડગલે ને પગલે ગુરુમુખી થવું તે જ સાચી ભક્તિ છે.

※ નિષ્કુળાનંદ સ્વામીએ સાચા ભક્તની રીત સમજાવતાં કહ્યું,

'ભક્ત તે જ જે ભક્તિ કરે,
જોઈ મરજી જગદીશની;
મરજી ન લોપે મહારાજની,
એહ રીતિ સમજો શિષ્યની.'

※ યોગીજી મહારાજ વિચરણમાં સાથે ફરતા યુવકોને હેત-પ્રીત કરતા, સાથે સાથે અનેક પ્રકારે

કસણી પણ કરતા. યુવકો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે યોગીબાપાની આજ્ઞાનું પાલન કરતા. વિનુભાઈ(મહંત સ્વામી મહારાજનું પૂર્વાશ્રમનું નામ) તો ગુરુહરિની નાની સરખી આજ્ઞા પણ ગૌણ થવા ન દે.

એકવાર યોગીજી મહારાજે ગોંડલમાં વિનુભાઈને મંદિરની પાછળનો લીંબડો બતાવી કહ્યું કે, 'આ લીંબડાનું પાંદડું નીચે પડે કે તરત સાફ કરી દેવાનું. ત્યાં કચરો ન થવો જોઈએ.' આપણા જેવાને વિચાર આવે કે દિવસમાં એક-બે વાર કચરો વાળી દઈએ તો પણ ક્યાં ખાટું-મોળું થઈ જવાનું છે?! પરંતુ વિનુભાઈ તો યોગીબાપાની આજ્ઞા મુજબ ખૂબ ખટકો રાખતા. જેવું પાંદડું પડે અને તરત ઉઠાવી લે. તેમની આજ્ઞા પાળવાની આવી શ્રદ્ધા જોઈ યોગીબાપાએ સળંગ પાંચ દિવસ સુધી તેમને આશીર્વાદ આપ્યા કે, 'ભગતજી મહારાજ જેવી સ્થિતિ કરવી છે.'

યોગીબાપાની આજ્ઞા પાળવા તેમણે આજીવન પત્તરવેલિયાંનો ત્યાગ કર્યો, તો ક્યારેક તેમણે ત્રણ-ત્રણ, પાંચ-પાંચ ઉપવાસ સળંગ ખેંચ્યા. પોતાના ગુરુના વચનનું ગૌણપણું ક્યારેય તેમણે આવવા દીધું નથી.

● **આજ્ઞાપાલન દઢ કરવાના ઉપાય :**

અનાદિ સિદ્ધ ગુણાતીત સત્પુરુષોની જેમ આપણે પણ આજ્ઞા પાળવાની છે. આપણે ઘણા અંશે આજ્ઞા પાળવા પ્રયત્ન કરીએ છીએ, પરંતુ ક્યાંક તેમાં ખામી રહી જતી હોય છે. તેને દૂર કરવાના ઉપાય શ્રીજીમહારાજ અને ગુણાતીત પરંપરાએ આપણને બતાવ્યા છે.

૧. <u>ધ્યેયની સ્પષ્ટતા</u> :

આપણે પાકો નિરધાર કરવો જોઈએ કે આ દેહે કરીને શ્રીજીમહારાજ અને મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે મારે તેઓની તમામ આજ્ઞા દઢપણે પાળવી જ છે.

❊ પ્રમુખસ્વામી મહારાજને નાનપણથી અંગ્રેજી ભણવાની તીવ્ર ઈચ્છા હતી. શાસ્ત્રીજી મહારાજે તેમને અંગ્રેજી ભણાવવાનું વચન આપીને સાધુ કરવા બોલાવી લીધા હતા, પરંતુ દીક્ષા આપ્યા બાદ શાસ્ત્રીજી મહારાજે અંગ્રેજીના સ્થાને સીધું સંસ્કૃત ગોઠવી દીધું, પણ પ્રમુખસ્વામી મહારાજને તે સમયે મનમાં લેશપણ મૂંઝવણ ન થઈ. તેમણે અંગ્રેજી ભણાવવા કોઈ દલીલ પણ ન કરી. તેનું કારણ આપતાં તેઓ કહેતા કે, 'ભાષાને વળગી રહીએ તો સ્વામીનો રાજીપો ન થાય. આપણે સ્વામી કહે એમ કરવાનું. એટલે બીજી પંચાત જ ન થાય.' અન્ય પ્રસંગે સ્વામીબાપા કહેતા કે, 'ગુરુને આપણે રાજી કરવા જ છે એ ધ્યેય હતું.'

સ્વામીબાપાએ આખું જીવન ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વિતાવ્યું, તેનું રહસ્ય તેમના ધ્યેયની સ્પષ્ટતા હતી.

૨. <u>ભગવાન અને સંતમાં હેત</u> :

ત્યાગ, વૈરાગ્ય, આત્મા-પરમાત્માનું જ્ઞાન જીવનમાં દઢ કરવું બધા માટે સહેલું નથી, પણ ભગવાન અને સંતમાં હેત કરવું એ વધારે સુગમ છે. હેતે કરીને જ આજ્ઞાપાલનની પ્રેરણા અને શક્તિ મળ્યા કરે છે.

ભગવાન અને સંતમાં હેત હોય તો આજ્ઞા સહેજે પળાય છે. શ્રીજીમહારાજ **વચનામૃત કારિયાણી-૧૧**માં કહે છે, **'જેને ભગવાનને વિશે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ.'**

❊ ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે અનહદ પ્રેમ હતો. શ્રીકૃષ્ણ ભગવાન વૃંદાવન છોડી મથુરા ગયા, ત્યારે તેઓ તીવ્ર વેદના અનુભવતી હતી. વૃંદાવનથી મથુરા ફક્ત ૩ ગાઉ (૯ કી.મી.) દૂર હતું, છતાં ભગવાનની મરજી જાણી તેઓ ત્યાં દર્શન કરવા માટે પણ ન ગઈ.

* લંડનના એક પરિવારમાં માતુશ્રી અને મોટા પુત્ર વચ્ચે નજીવી બાબતમાં ઝઘડો થયો. પછી તો ઝઘડાએ મોટું સ્વરૂપ પકડ્યું અને માતા અને પુત્ર- બંનેએ એકબીજા સાથે સંબંધો કાપી નાંખ્યા.

વર્ષો બાદ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તે માતુશ્રીએ પારાયણનું આયોજન કર્યું, પણ તેમણે મોટા પુત્રને આમંત્રણ આપ્યું નહોતું. પ્રમુખસ્વામી મહારાજને આ વાતની જાણ થઈ. તેથી સ્વામીબાપાએ માતુશ્રીને મોટા પુત્ર સાથેની આંટી મૂકી દેવા અન્ય પુત્રો દ્વારા કહેવડાવ્યું. માતુશ્રીને સ્વામીબાપા પ્રત્યે ગાઢ પ્રીતિ હતી. તેથી તેમણે સ્વામીબાપાને કહેવડાવ્યું કે, 'મારે (મછિયાવનાં) ફઈબા નથી બનવું. હું મારા પુત્રને બોલાવીશ.' વર્ષો જૂની આંટી પળવારમાં તેમણે મૂકી દીધી. સામે પક્ષે મોટા પુત્રની પણ એવી તૈયારી હતી.

સ્વામીબાપા સાથે હેત હતું તો તેઓની આજ્ઞાથી આખો પરિવાર એક થઈ ગયો.

૩. <u>શૂરવીરતા</u> :

* શ્રીજીમહારાજ વચનામૃત **લોયા-૨**માં કહે છે, **'શૂરવીર હોય તે થકી તો ઇન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતા રહે અને બીજા કોઈથી પણ ડરે નહીં, માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહીં.'**

* લોધિકાના અભયસિંહ દરબાર ચુસ્ત સત્સંગી હતા. એક વખત રાજકાજ પ્રસંગે જામનગરના જામસાહેબના દરબારમાં જવાનું થયું. કેટલાક દરબારોની ચડવણીથી જામસાહેબે પોતે આગ્રહ કરીને અભયસિંહ આગળ દારૂની પ્યાલી ધરી દીધી. તેમણે કહ્યું, 'મારું માથું આ તલવારથી ઉતારીને ધડમાં જેટલી પ્યાલીઓ રેડવી હોય તેટલી રેડો, પણ જે મોઢે સ્વામિનારાયણનું નામ લઉં છું તે મોઢેથી દારૂ પીશ જ નહીં.' અંતે જામસાહેબ પણ તેમની આવી દૃઢતા જોઈ પ્રસન્ન થયા.

* આપણને મોટે ભાગે મિત્રોનો, સહકર્મચારીઓનો, શેઠ(Boss)નો ભય હોય છે કે પાર્ટીમાં તેમની સાથે દારૂ, માંસ, ઈંડાં વગેરે નહીં લઉં તો હું કેવો દેખાઈશ? પણ જે શૂરવીર થાય છે, તે જ આજ્ઞા પાળી શકે છે.

સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા કે, 'તમે ભલે શરીરથી દૂબળા હો, પણ કાળજું વાઘ-સિંહનું રાખો.' વાઘ-સિંહ જેવા શૂરવીર હોય તેને કોઈ ડગાવી શકતું નથી.

૪. <u>ભય</u> :

* શૂરવીરતા અને ભય - બંને વિરોધાભાસી શબ્દો છે, પણ આ બંને ઉપાય આજ્ઞાપાલનમાં ઉપયોગી છે. શૂરવીરતા આજ્ઞા તોડાવનારાં પરિબળો સામે રાખવાની છે, અને ભય ભગવાન-સંતનો રાખવાનો છે. ભગવાન-સંત અંતર્યામી છે, સર્વજ્ઞ છે, બધું જ હસ્તામલકવત્ જુએ છે, જાણે છે. આજ્ઞાપાલનમાં ઢીલાશ-કચાશ આવે ત્યારે આ વિચાર કરવા.

* યોગીજી મહારાજ 'યોગીવાણી'માં કહે છે, "આપણને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તેની આજ્ઞા પાળવી. પાંચ વર્તમાન પાળવાં. અહીં કરીએ તે કોણ જાણનાર છે? એ ન રાખવું. એ તો **'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્ત કી ચોરી.'** બધું જ પ્રભુ જાણી રહ્યા છે."

* આપણે ગમે તે સમયે, ગમે તે ઠેકાણે, સારી અથવા નરસી ક્રિયા કરતા હોઈશું, તેને મહંત સ્વામી મહારાજ જુએ છે, અને પ્રત્યેક ક્રિયાનું ફળ વહેલા-મોડા ભોગવવું પડશે. આવો વિચાર રહે તો તેમણે બાંધેલી લક્ષ્મણરેખા ઓળંગવાનો વિચાર ન આવે.

અંતમાં, શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ આજ્ઞાપાલન દ્વારા હૈયાની ભક્તિ અદા કરવાનો સીધો અને સરળ માર્ગ આપણને ચીંધ્યો છે. આ માર્ગે આપણે ચાલ્યા જ છીએ, પણ આ માર્ગે ચાલવાનું વિશેષ બળ અને પ્રેરણા મળે તે પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું સોળમું : વિવેકનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, 'જે ભગવાનના ભક્તને સત્-અસતનો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહીં. અને ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિશે સંશય કરે નહીં. અને સંત કહે જે, 'તું દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને દેહાદિક સર્વે અસત્ય છે,' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં. અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહીં. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે, તેને વિવેક છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું સોળમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● વચનામૃત મહિમા :

❊ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને ઘણાં વચનામૃતો મોઢે હતાં. સન ૧૯૬૫માં બોચાસણમાં એક સભામાં તેઓ આ વચનામૃત મોઢે બોલ્યા. પછી વાત કરી, 'આ એક વચનામૃત સિદ્ધ કરશે તેને સત્સંગમાં કોઈ દી' દેશકાળ લાગશે નહીં. થોડું જ્ઞાન કરવું પણ સારધાર નભે એવું કરવું...' યોગીબાપાના આ શબ્દોથી ખ્યાલ આવે છે કે આ વચનામૃત કેટલું અગત્યનું છે.

❊ જેમ ઘરમાં બાળકને આપણે આ લોકનો વિવેક શીખવીએ છીએ કે અભ્યાસમાં ધ્યાન આપવું, મહેમાન આવે ત્યારે તોફાન ન કરવું... તેમ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આપણને આધ્યાત્મિક વિવેક શીખવે છે.

❊ આ વચનામૃતમાં મહારાજે કુલ સાત પ્રકારના વિવેક શીખવ્યા છે, જેમાંથી આજની સભામાં આપણે પ્રથમ બે વિવેકને સમજવા પ્રયત્ન કરીશું.

● પ્રથમ વિવેક :

❊ પ્રથમ વિવેકમાં મહારાજે ત્રણ વાત કરી - પોતાના અવગુણ જાણવા, પછી તેને વિચારવા અને છેલ્લે તેનો ત્યાગ કરવો.

❊ અવગુણ એટલે ખામી, ક્ષતિ, દોષ. સામાન્યતઃ મનુષ્યને પોતાના અવગુણ દેખાતા જ નથી. કારણ કે તે પીઠ પર લખાયેલા હોય છે.

❊ ધૃતરાષ્ટ્રે પાંડવોનું રાજ્ય પડાવી લેવા ખૂબ

કપટ કર્યું. તેના પુત્ર દુર્યોધને જે કંઈ અધર્મનું આચરણ કર્યું, તે દરેક કાર્યમાં તેણે સંમતિ આપી. જેમ કે, ભીમને ઝેર આપવું, લાક્ષાગૃહ દહન, દ્યૂતસભા, પાંડવોને તેમના હકનું રાજ્ય પરત ન કરવું વગેરે પાંડવોને દુ:ખી કરવાના, મારી નાંખવાના આવા તો અનેક દાવ-પેચમાં ધૃતરાષ્ટ્રે મુખ્ય ફાળો ભજવેલો. જો તેણે ધાર્યું હોત તો તે દુર્યોધનને આવા કુકર્મ કરતાં રોકી શકત, પણ તેવું તેણે ન કર્યું.

મહાભારતના યુદ્ધમાં જ્યારે દુર્યોધનનું મૃત્યુ થયું ત્યારે ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે કે, 'હે સંજય! મેં પૂર્વે કોઈ દુષ્કૃત્ય કર્યું હોય, તેવું મને યાદ નથી. છતાં મારા પુત્રો કેમ મરાયા?' આટલું બધું પાપ કરવા છતાં તેને પોતાની ભૂલ ન સૂઝી.

❊ શ્રીજીમહારાજે વચનામૃત **ગઢડા મધ્ય-૫૩**માં કહ્યું, **'પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.'**

❊ કેટલીક વાર વ્યક્તિને પોતાની ભૂલ, દોષ અથવા અવગુણ દેખાય, પરંતુ તેનો સ્વીકાર નથી કરી શકતી. તેનાં સ્વભાવ, દેહાભિમાન, લોકલાજ વગેરે તેને ભૂલ સ્વીકારતાં રોકે છે.

❊ એકવાર કેટલાક મિત્રો ચાલીને બીજે ઠેકાણે જઈ રહ્યા હતા અને ભૂલા પડ્યા. જૂથમાંથી એક યુવાને કહ્યું, 'મને રસ્તો ખબર છે, હું બતાવીશ.' બીજા સૌ એની પાછળ પાછળ ચાલવા લાગ્યા. થોડી વાર પછી જૂથમાંના બીજા યુવાને શંકા કરી કે આ સાચો રસ્તો લાગતો નથી. ત્યારે આગેવાની લેનાર યુવક કહે, 'ના. મને ખાતરી છે. હું બરાબર જાણું છું કે આ સાચો રસ્તો છે.' સૌ આગળ વધ્યા, પણ કંઈ પત્તો લાગ્યો નહીં. ચાર રસ્તા આવ્યા ત્યારે આગેવાન યુવક ઊભો રહ્યો. ત્યારે સૌને પ્રતીતિ થઈ કે આ ભાઈને રસ્તાની ખબર નથી. છેવટે એ આગેવાન બોલ્યો, 'આપણે ખરેખર રસ્તો ચૂકી ગયા.'

આ યુવાનને જ્યારે ખાતરી હતી ત્યારે એકવચનમાં બોલ્યો હતો કે, 'હું બરાબર જાણું છું.' પરંતુ ભૂલા પડ્યા ત્યારે જવાબદારીની વહેંચણી કરી, બધાને ભાગીદાર બનાવ્યા અને કહ્યું 'આપણે રસ્તો ચૂકી ગયા.' ખાતરી હતી ત્યારે 'હું', અને ભૂલા પડ્યા ત્યારે 'આપણે.'

પોતાની ઊણપને સ્વીકારવી, અહંને કચડવું અઘરું કાર્ય છે.

◎ એકવાર એક ભાઈ પોતાના ઘરમાં બેઠા હતા. અચાનક ઉપરના ઘરમાંથી મોટેથી ધબ કરતો અવાજ આવ્યો. એટલે આ ભાઈને થયું કે આપણા ઉપરના મકાનમાં કંઈક મોટી વસ્તુ પડી લાગે છે. મદદરૂપ થવાની ભાવનાથી તે ઉપર ગયા. ત્યાં જઈને પૂછ્યું કે, 'શું થયું? મોટેથી અવાજ આવ્યો તે કંઈ કબાટ પડ્યું કે શું? કંઈ મદદની જરૂર છે?' ઘરમાલિક કહે, 'ના, ના. એ તો મારાં પેન્ટ-શર્ટ પડ્યાં એટલે અવાજ આવ્યો હશે.'

'પણ પેન્ટ-શર્ટ પડવાથી આવો અવાજ થતો હશે?'

'પેન્ટ-શર્ટમાં હું હતો ને!'

હું પડ્યો છું - તેમ કહેવામાં વ્યક્તિને પોતાનો અહં ઘવાતો લાગે છે અથવા શરમ આવે છે.

❊ એક શહેરમાં સંતો શ્રાવણ માસ નિમિત્તે પધરામણી કરી રહ્યા હતા. એક ગૃહસ્થના ઘરે પહોંચ્યા અને સંતોએ ઘરના મુખ્ય સભ્યનો પરિચય મેળવ્યો, ઠાકોરજીનું પૂજન કરાવ્યું. પછી સંતોએ તેમના ઘરથી નજીક હરિમંદિરમાં થતી અઠવાડિક પરાસભામાં આવવા પ્રેરણા આપી. પણ પેલા ભાઈ ન આવવા માટે જુદાં જુદાં બહાનાં બતાવવા લાગ્યા. તે ભાઈને ખ્યાલ નહોતો કે તેમના દીકરાએ અગાઉથી સંતોને જણાવી દીધેલું કે પિતા નોકરીમાંથી ઘરે વહેલા આવી જાય છે. પણ ટી.વી. સિરિયલ અને ક્રિકેટમાં એટલો રસ છે, તેથી સભામાં ગેરહાજર

રહે છે. સંતોએ તે મુરબ્બીને સમજાવ્યા, પરંતુ ટી.વી.નું ઘેલું તેઓ છોડી ન શક્યા.

❊ નિષ્કુળાનંદ સ્વામી આવી વ્યક્તિ માટે કહે છે,

કહો ખોટ્ય ટળે કેમ તારી,
નિજ દોષને ન દેખે રે;
એથી ભૂલ બીજી કઈ ભારી,
સહુથી સરસ આપ લેખે રે.

માટે શ્રીજીમહારાજ પ્રથમ વિવેક સમજાવતાં કહે છે : પોતામાં રહેલા અવગુણને જાણો અને કદાચ ન દેખાય તો અન્ય કોઈ આપણને આપણી ભૂલ બતાવે તે સ્વીકારો.

❊ ભૂલ શા માટે સ્વીકારવી ? યોગીજી મહારાજ કહેતા : 'કોઈ મને મારી ભૂલ દેખાડે તો મને ગમે, કેમ જે આપણે સુધરાય ને !'

❊ દુનિયામાં જે જે વ્યક્તિએ પોતાનાં જીવન અને કાર્યને સુધારવા તરફ દૃષ્ટિ રાખી છે, તેઓ ચોક્કસ આગળ વધ્યા છે.

❊ પેપ્સોડેન્ટ(Pepsodent) કંપનીના અધ્યક્ષ 'બુકમેન'ને તેમની પ્રોડક્ટ વિશે અનેક પત્રો આવતા. તેમાંથી તેઓ પ્રશંસાના પત્રો બાજુ પર રાખીને ફક્ત ટીકાના પત્રો જ વાંચતા જેથી આગળ વધી શકાય.

❊ બીજા વિશ્વયુદ્ધમાં જાપાન દેશ પર બે અણુબોંબ ઝીંકાયા અને તેણે યુદ્ધમાં હાર સ્વીકારી લીધી. આ યુદ્ધ પછી દેશ બરબાદ થઈ જાત, પરંતુ ત્યાંના લોકો દરેક ક્ષેત્રમાં આગળ વધવા મંડ્યા રહ્યા. જાપાનના વેપારીઓના સિદ્ધાંતો કેવા છે?

'No customer is wrong.' કોઈ ઘરાક ખોટો નથી.

'Whatever is wrong is wrong with me.' જે કંઈ ભૂલ છે, તે મારામાં ભૂલ છે.

'I can always improve.' હું હંમેશાં ભૂલ સુધારી પ્રગતિ કરી શકું છું.

● **પોતાના અવગુણ કેવી રીતે જાણી શકાય?**

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૬૬**માં પોતાની ખોટ કાઢવાના બે ઉપાય દર્શાવ્યા છે.

૧. <u>મોટાની સાયદી લેવી</u> - ગુણાતીત સત્પુરુષનાં જીવન અને ઉપદેશ વચનોનું શ્રવણ-મનન કરીએ તો આપણને પોતાના અવગુણ ઓળખાય છે, અને તેને ટાળવા સહેજે પ્રેરણા મળે છે.

❊ સન ૧૯૯૭માં બોચાસણમાં એક વિદ્યાર્થી શિબિરમાં મહંત સ્વામી મહારાજનું પ્રવચન હતું. સ્વામીશ્રી સભાસ્થળે જઈ રહેલા. ત્યાં રસ્તામાં રસોડા અને વાસણ ધોવાની ચોકડી વચ્ચે જમીનમાં એક કોથળો ચોંટેલો હતો. કોથળો ગંદો હતો. તેથી સ્વામીશ્રીએ પોતાના બન્ને હાથનો ઉપયોગ કરી તાકાતથી કોથળો ઉખાડ્યો. તે કોથળા નીચેથી અનેક પ્રકારની જીવાત નીકળી. કોથળાને કચરાપેટીમાં નાંખી, હાથ ધોઈ સ્વામીશ્રી શિબિરમાં પ્રવચન માટે પધાર્યા. તેમના પ્રવચનનો વિષય હતો - આળસ.

મોટાપુરુષના આવા પ્રસંગોનું મનન-ચિંતન જે કોઈ વ્યક્તિ કરે તો તેના જીવનમાં 'આળસ'રૂપી દોષ છે કે નહિ તે દેખાય છે. દોષ દેખાયા બાદ તેને ટાળવા પ્રયત્ન થઈ શકે છે.

૨. <u>પ્રાર્થના કરવી</u> - ભગવાનને નિત્ય પ્રાર્થના અને સ્તુતિ કરવાથી ભગવાન જ આપણને પોતાના અવગુણ સુઝાડે છે. કોઈકે કહ્યું છે, **'પ્રભુ મને થાજે એવો અનુકૂળ,**
જેથી મને સૂઝે મારી ભૂલ.'

● **અવગુણ ઓળખાયા બાદ ટાળવા માટે પ્રયત્ન :**

❊ સત્પુરુષ સાથે પોતાના જીવનને સરખાવવાથી તથા પ્રાર્થના કરતા રહેવાથી આપણને આપણી ભૂલ, અવગુણ ઓળખાય છે. અવગુણ ઓળખાયા બાદ બીજું પગથિયું જણાવતાં શ્રીજીમહારાજ કહે છે કે તેનો વિચારીને ત્યાગ કરે. એટલે રોગનું નિદાન થઈ ગયું, હવે તેનો ઇલાજ કરો, રોગને દૂર કરો.

તો તે વિચાર છે, ભગવાન અને સંતના રાજીપાનો વિચાર.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૨૭માં** મુક્તાનંદ સ્વામીને પૂછે છે : 'તમને સત્સંગમાં સ્વભાવ ટાળવાનું સતત જાણપણું રહે છે તે કયા વિચારના બળે રહે છે ?' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : ''મહારાજ ! ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે : 'જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તેવો કોઈ સ્વભાવ રાખવો નથી.''

❊ હોથિયો પટગર અતિશય ક્રોધી સ્વભાવના હતા. એકવાર રાત્રે લઘુપાણી કરવા ઊઠ્યા ત્યારે રસ્તામાં ગાડા સાથે અથડાયા. તેમને એટલો ક્રોધ આવ્યો કે ગાડાને બચકું ભર્યું ! પરિણામે તેમના આગળના બે દાંત તૂટી ગયા ! સમય જતાં મહારાજે તેમને દીક્ષા આપી અને 'નિર્માનાનંદ' નામ પાડ્યું. તેઓ ગામડે વિચરણ કરવા જતા ત્યારે કેટલાક તેમની મશ્કરી પણ કરતા અને તૂટેલા દાંત વિશે પણ પૂછતા, છતાં નિર્માનાનંદ સ્વામી એકદમ શાંત રહેતા. કોઈએ આનું કારણ પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા : 'હોથિયો પટગર મરી ગયો, હવે હું નિર્માનાનંદ થયો છું. એટલે મારે મહારાજને રાજી કરવા છે, માટે મારાથી હવે ક્રોધ ન થાય.'

આમ, રાજીપાના વિચાર સાથેનો સ્વભાવ-અવગુણનો ત્યાગ તે કાયમ માટેનો બની રહે છે.

● **બીજો વિવેક :**

❊ આપણે આગળ જોયું તે મુજબ માણસમાત્રના અવગુણ તેની પીઠ ઉપર લખેલા હોય છે. એટલે આપણા અવગુણ બીજાને દેખાય અને બીજાના આપણને દેખાય. બીજું, માણસને જન્મજાત કાકદૃષ્ટિ હોય છે. જેમ ભેંસ કે ગાયના શરીરે ચાંદું પડ્યું હોય ત્યાં જ કાગડો બેસે, તેમ માણસની દૃષ્ટિ પણ હંમેશાં બીજાની ખામી કે ભૂલ ઉપર જ હોય છે. એટલે તેને 'આ આવો' ને 'તે આવો' એવું દેખાયા કરે છે.

❊ શ્રીજીમહારાજ અહીં એક શબ્દ વાપરે છે, તે છે 'અવગુણ ભાસતો હોય.' અર્થાત્ વ્યક્તિમાં તે અવગુણ છે નહીં, પણ તેનો આભાસ થાય છે.

❊ ઉનાળામાં જેમ ઝાંઝવાનાં જળ દેખાય છે, ઊભેલી ટ્રેનની બાજુમાંથી ચાલતી ટ્રેન પસાર થાય ત્યારે ઊભેલી ટ્રેન ચાલતી હોય તેવું અનુભવાય છે, તેવી રીતે અવગુણ ન હોય છતાં આભાસ થાય.

❊ યોગીજી મહારાજ નવા દીક્ષિત થયેલા સંતોને મુંબઈમાં વિદ્યાભ્યાસ માટે મોકલતા. મુંબઈના કાંદીવલી વિસ્તારમાં આ સંતોના રોકાણ દરમ્યાન એક વિશિષ્ટ પ્રસંગ બન્યો. એકવાર જમવાના સમયે રૂમની બહાર સામાન્ય ગામઠી વેશ ધરાવતી એક વૃદ્ધ વ્યક્તિ આવીને ઊભી રહી. કેટલાકને મનમાં એમ થયું કે આ ડોસો ખાવા માટે આવ્યો લાગે છે. ભોજન પૂર્ણ કર્યા પછી મહંત સ્વામીએ તે વૃદ્ધ ભાવિકની ઓળખાણ પૂછી. તો તેઓ કહે : 'હું સૌરાષ્ટ્રમાં રહું છું. અહીં મારો દીકરો મોટો વેપારી છે. એટલે તેને ત્યાં રહેવા આવ્યો છું. હું જૂના મંદિરનો સત્સંગી છું. મેં ઘણાં વર્ષો પહેલાં સંતોને પત્તરમાં જમતા જોયેલા. મને ખબર પડી કે યોગીજી મહારાજે દીક્ષા આપેલા સંતો પત્તરમાં જમે છે, એટલે હું દર્શન કરવા આવ્યો હતો.' આ હકીકત જાણી દોષદૃષ્ટિએ જોનારા ક્ષોભ અનુભવવા લાગ્યા કે આપણે આ કાકા માટે કેવું અઘટિત વિચાર્યું હતું.

બહોળા સત્સંગ સમાજમાં અનેક પ્રકૃતિ-સ્વભાવવાળા સત્સંગીઓ સાથે રહેવાનું થવાથી સ્વાભાવિક છે કે ઘણું બધું દેખાય, સંભળાય પણ શ્રીજીમહારાજ આપણને કહે છે કે આપણે કોઈનો પણ અવગુણ લેવો જ નહીં. તો અવગુણ આવવાનાં કયાં કયાં કારણો છે ?

૧) <u>**ધ્યેયની સ્પષ્ટતાનો અભાવ**</u> :

❊ આપણે સત્સંગમાં શું કરવા આવ્યા છીએ ? તેની સ્પષ્ટતા નથી એટલે આડેઅવળે ફંટાઈ જવાય છે.

'હું સત્સંગમાં મારા અવગુણ ટાળીને શુદ્ધ બની, મારું જ કલ્યાણ કરવા આવ્યો છું.' એવું નિશ્ચિત ધ્યેય હોય તો બીજી કોઈ ઝંઝટમાં ન પડાય. સદાય પોતાના સુધારા તરફ જ દૃષ્ટિ રહે.

* જેમ હોસ્પિટલમાં સેંકડો દર્દીઓ સારવાર લેતા હોય, પણ કોઈ કોઈનો ખરખરો કે ઊલટતપાસ કરતા નથી. બધાને એવી જ વૃત્તિ રહે છે કે મને જલદી સારું થવું જોઈએ. એમ સત્સંગ સમાજમાં બધા જ દર્દીઓ છે, પણ મારે મારો ઈલાજ કરી લેવાનો છે, એવી દૃઢતા હોય તો સત્સંગમાં કોઈના અવગુણ તરફ દૃષ્ટિ જાય જ નહીં. પણ ચોક્કસ ધ્યેય ન હોય ત્યારે બીજાના અવગુણ લેવાતા હોય છે.

૨) <u>ઉતાવળિયો નિર્ણય</u> :

* આપણી પાસે દરેકનાં નેગેટિવ સર્ટિફિકેટ તૈયાર જ હોય છે. મોટેભાગે આપણને અવગુણ આવવાનું કારણ આ ઉતાવળિયો નિર્ણય જ હોય છે. તેમાં ન તો આપણે ખાતરીપૂર્વક નજરે જોયું હોય કે ન તો ઊંડી તપાસ કરી હોય છે. કોઈકે કહ્યું ને કોઈકે સાંભળ્યું તેના આધારે આપણે નિર્ણય લઈ લઈએ કે ફલાણો આવો છે. ઘણીવાર તો આપણે સગી આંખે જોયું હોય છતાં સાચું ન પણ હોય.

* એકવાર એક મંદિરમાં એક વ્યક્તિને ફીટ આવી, એટલે કોઈ કહે કે જોડો સૂંઘાડો, કોઈ કહે કે ડુંગળી સૂંઘાડો. તેમાં મંદિરની બહાર જઈને ડુંગળી લેવા એક ભાઈ દોડતો દોડતો નીકળ્યો. રસ્તામાં એક વ્યક્તિએ પૂછ્યું : 'ક્યાં જાય છે ?' તે કહે : 'ડુંગળી લેવા.' 'કેમ?' 'અત્યારે મંદિરમાં જરૂર છે.' ઉતાવળને કારણે આટલું કહીને આગળ વધી ગયો, પણ આ વાક્ય સાંભળનારના મનમાં થઈ ગયું : 'મંદિરમાં કોઈ ઠેકાણે ડુંગળી વપરાતી લાગે છે ખરી !'

આગળ-પાછળના સંદર્ભને તપાસ્યા વિના એક જ વાક્યના આધારે ઉતાવળે ખોટો નિર્ણય લઈ લીધો અને અવગુણની ખાઈમાં પડ્યો.

* એટલે જ કહ્યું છે : 'Believe only half what you see and nothing that you hear.' અર્થાત્ તમે જે જુઓ છો તેને અડધું જ સાચું માનો, અને સાંભળો છો તેને તો જરાપણ માનશો નહિ.

૩) <u>સ્વભાવનું ખંડન</u> :

* સત્સંગમાં આપણું માનભંગ થાય ત્યારે આપણને અવગુણ આવે છે.

* અમેરિકાના એક સેન્ટરમાં પ્રતિષ્ઠા પ્રસંગે હાર પહેરાવવામાં એક અગ્રગણ્ય હરિભક્તનું નામ બોલવાનું રહી ગયું. પરિણામે તેમને એટલું ખોટું લાગ્યું કે સત્સંગમાં આવવાનું બંધ કરી દીધું. એ વાતને ૧૦-૧૫ વર્ષ થયાં પછી તેમને અંતર્દૃષ્ટિ થઈ કે આમાં ખોટ તો મને જ ગઈ. તેઓ જ્યારે પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા ત્યારે સ્વામીબાપાએ તેમને કહ્યું : 'કાર્યકરો વતી હું માફી માંગું છું, પણ તમે હવેથી સત્સંગમાં આવતા રહેજો.'

આમ, સમૈયા પ્રસંગે કે અન્ય કોઈ કારણસર જમવામાં, ઉતારામાં, સભામાં આગળ બેસવા જેવાં નજીવાં કારણોમાં કોઈક વાર અજાણતામાં કોઈ આપણા સ્વભાવનું કે માનનું ખંડન કરે ત્યારે આપણને સામેની વ્યક્તિનો અવગુણ આવે છે.

૪) <u>પોતાના વર્તનનું માન</u> :

* બીજી વ્યક્તિઓ કરતાં પોતે વિશેષ નિયમ-ધર્મ પાળતા હોય, સેવા-ભક્તિ, પાઠપૂજા કરતા હોય ત્યારે જેને આ બાબતે ઢીલાશ હોય તેનો અવગુણ આવે છે.

* આપણે એકાદશી નિર્જળા કે સજળા કરતા હોઈએ, હોટલનું ખાતા ન હોઈએ, આરતી અને અઠવાડિક સભામાં કાયમ સમયસર હોઈએ, ને

આ બધું બીજા સત્સંગી ન કરી શકે તો આપણને તેમનો અવગુણ આવે.

❊ શ્રીજીમહારાજ આપણને વિવેક શીખવે છે કે સત્સંગમાં કોઈનો પણ અવગુણ ન લેવો, દરેકનો ગુણ જ લેવો. કારણ કે જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. **(વચનામૃત : લોયા-૫)**

● **ગુણ ગ્રહણ કરવા :**

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'ભગવાનના ભક્તનો અવગુણ આવે તો તેમાં ગુણ હોય તે વિચારવા તો તે અવગુણ ટળી જાય ! જેમ પાંચ લડવા આવ્યા હોય ને સામા પચાસ આવે તો હઠી જાય, તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા તો દોષ થોડા હોય તે ટળી જાય.'

❊ પ્રમુખસ્વામી મહારાજે સત્સંગમાં આવનાર એક નવા મુમુક્ષુ યુવકને કહેલું કે, 'આ સત્સંગ દરિયા જેવો છે. દરિયામાં છીપલાં પણ હોય ને માછલાં પણ હોય, રેતી પણ હોય ને મોતી પણ હોય. પરંતુ માછીમારની નજર માછલાં ઉપર હોય ને મરજીવાની નજર મોતી ઉપર હોય છે. માછીમાર થવું કે મરજીવા, તે આપણે નક્કી કરવાનું છે. મોતી મેળવવાં છે કે માછલાં, તે નિર્ણય આપણે કરવાનો છે. સત્સંગમાં અને દુનિયામાં માછલાં ને મોતી બધું જ પડેલું છે, પરંતુ આપણે મરજીવા થઈશું તો મોતી હાથ આવશે. એટલે ગુણગ્રહણ એ મરજીવાનો માર્ગ છે.'

❊ તા.૨૬/૪/૨૦૧૭ના રોજ મહંત સ્વામી મહારાજ કોલકાતામાં બિરાજમાન હતા. આ દિવસે અલ્પાહાર દરમ્યાન સ્વામીશ્રી સમક્ષ મંદબુદ્ધિના લોકોની વાતો નીકળી. મુંબઈના દાદર મંદિરમાં એક ગાંડો હતો તેની વાત થઈ ત્યારે સ્વામીશ્રી કહે, 'તે ઠાકોરજીને દંડવત કરતો - ૧૫,૨૦ અને કોઈવાર ૨૫.' સ્વામીશ્રીએ તેનો ગુણ, સારી વાત શોધી કાઢી, સૌને રૂડી રીત શીખવી.

❊ જીવનમાં સુખી રહેવાની આ સૌથી સરળ અને સુગમ ચાવી છે. જે વ્યક્તિના ગુણો ગ્રહણ કરી મહિમા સમજે છે, તે અખંડ આનંદમાં રહે છે.

વરતાલ મંદિરમાં ગોરધનભાઈએ ઘણાં વર્ષો સુધી કોઠારી તરીકે સેવા બજાવી હતી. વરતાલ દેશનો વહીવટ ખૂબ જ ખંત અને કુશળતાપૂર્વક તેમણે સંભાળ્યો હતો. સંતો-ભક્તો પણ તેઓને આદર આપતા. સ્વાભાવિક છે કે આવી મોટી પદવી હોય અને બહોળો વહીવટ હોય ત્યારે ઘણી વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય. એટલે દરેકનાં સ્વભાવ, પ્રકૃતિ, દોષ વગેરે દેખાય. તેથી તેમને સત્સંગનું યથાર્થ સુખ નહોતું આવતું.

એક પ્રસંગે તેમણે ભગતજી મહારાજને જોયા અને અનુભવ કર્યો કે આ પ્રાગજી ભક્ત સામાન્ય દરજી છે. તેમની પાસે કોઈ સત્તા નથી. સત્સંગમાં અનેક વાર તેમનું અપમાન થયું છે, છતાં તેમને અખંડ આનંદ વર્તે છે. ગોરધનભાઈએ ભગતજી મહારાજને આ ઉચ્ચ સ્થિતિનું રહસ્ય પૂછ્યું. ભગતજી મહારાજ કહે, 'તમે બધા સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજો તો તમને પણ કાયમ આનંદ રહેશે.'

સદા આનંદની અનુભૂતિ કરવી હોય તો દરેકના સદ્‌ગુણો તરફ દૃષ્ટિ રાખી મહિમા સમજીએ, તો ભગતજી મહારાજ જેવો આનંદ પામી શકાય.

❊ આ વચનામૃત આપણને સત્સંગમાં સ્વસુધારણા કરીને દરેકનો અંતરથી મહિમા સમજી અખંડ સુખિયા થવાની દિશા ચીંધે છે. એટલે જ યોગીબાપાએ કહ્યું હતું કે આ વચનામૃત જો સિદ્ધ થાય તો બધાંય વચનામૃત સિદ્ધ થાય.

મહારાજ-સ્વામી આપણને સાચા વિવેકી ભક્ત બનવા માટે બળ-બુદ્ધિ આપે, તે જ તેમનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

૧. વચનામૃત : ગઢડા પ્રથમ-૧૬ : વિવેકનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૬મું - વિવેકનું.

સ્વામિનારાયણ હરે

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે : 'જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે. અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ. અને ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહિ. અને સંત કહે જે : 'તું દેહ, ઇંદ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને એ દેહાદિક સર્વે અસત્ય છે,' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ. ***અને જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે*** અને તેના બંધનમાં આવે નહિ. અને સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૬મું વચનામૃત થયું.

❊ બોચાસણમાં ગુરુપૂનમના સમૈયાના બીજા દિવસે યોગીજી મહારાજ આ ગઢડા પ્રથમ-૧૬મા વચનામૃતનું નિરૂપણ કરતાં બોલ્યા : 'આ એક વચનામૃત સિદ્ધ થાય તો બધાં વચનામૃત સિદ્ધ થઈ જાય.' એવું અતિ અગત્યનું, પાયાનું આ વચનામૃત છે.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં છ પ્રકારના વિવેકની વાત કરે છે :

૧) પોતાનામાં જે જે અવગુણ છે, તેને જાણે ને વિચારીને ત્યાગ કરે.

૨) હરિભક્ત કે સંતમાં કાંઈ અવગુણ ભાસતો હોય તો તેનો ત્યાગ કરે અને તેના ગુણનું જ ગ્રહણ કરે.

૩) ભગવાનને વિશે કોઈ કાળે અવગુણ ભાસે જ નહિ.

૪) ભગવાન અને સંત જે જે વચને કહે તેને સત્ય માને - આત્મારૂપે વર્તે.

૫) જેણે કરીને બંધન થાય તેવા પદાર્થ-કુસંગને ઓળખી રાખે, તેથી છેટે રહે.

૬) સવળા વિચારને ગ્રહણ કરે અને અવળા વિચારનો ત્યાગ કરે.

શ્રીજીમહારાજે દર્શાવેલા છ પ્રકારના વિવેકમાંથી આપણે પ્રથમ બે વિવેકને સમજવાનો પ્રયત્ન કરીશું.

● **પ્રથમ વિવેક : પોતાનામાં જે જે અવગુણ હોય તેને જાણે ને વિચારીને ત્યાગ કરે :**

❊ અવગુણ એટલે પોતાની ખામી, ક્ષતિ, દોષ.

❊ માણસમાત્રને પોતાના અવગુણ દેખાતા જ નથી. કારણ કે તે પીઠ પર લખાયેલા હોય છે. એટલે જ તે

હંમેશાં બીજાના અવગુણ જુએ છે.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ તેથી કહ્યું છે :

પરને કે'વા પ્રવીણ છું પૂરો, પોતાનું તો તુ ન પેખે રે.
સામાને શીખ દેવામાં છું શૂરો, નિજ દોષને નવ દેખે રે.

કદાચ અવગુણ દેખાય તો સ્વીકારવાની તૈયારી લેશમાત્ર નથી.

❊ એક વાર એક કાકા ખાટલા પરથી નીચે પડ્યા ને 'ધબ' કરતો અવાજ આવ્યો. આજુબાજુમાંથી બધા દોડી આવ્યા ને પૂછ્યું : 'કાકા ! શું થયું ?' ત્યારે કાકા કહે : 'મારું ધોતિયું પડ્યું.' 'પણ કાકા તેનો આટલો બધો અવાજ થતો હશે ?' ત્યારે કાકા કહે : 'ધોતિયામાં હું હતો.'

❊ માણસનો અહં તેને પોતાની ભૂલ સ્વીકારવા દેતો નથી. મહાભારતના ભીષણ યુદ્ધમાં લાખોની જાનહાનિ થઈ. આ તાંડવનું ઝેરી મૂળ એટલે દુર્યોધન. તે ભીમ સાથેના ગદાયુદ્ધ બાદ કણસતો પડ્યો હતો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં આવ્યા અને તેને તેણે આચરેલી કુનીતિની યાદ અપાવી. આ બધું સાંભળ્યા બાદ પણ દુર્યોધન શ્રીકૃષ્ણ ભગવાન પર ગુસ્સે થઈ જાય છે અને કહે છે : 'પણ ! મારી ભૂલ શું છે ?'

❊ નિષ્કુળાનંદ સ્વામી આવી વ્યક્તિ માટે કહે છે,

કહો ખોટ્ય ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે
એથી ભૂલ બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે રે.

માટે શ્રીજીમહારાજ પ્રથમ વિવેક સમજાવતા કહે છે : પોતામાં રહેલા અવગુણને જાણો અને કદાચ ન દેખાય તો અન્ય કોઈ આપણને આપણી ભૂલ બતાવે તે સ્વીકારો.

❊ ભૂલ શા માટે સ્વીકારવી ? યોગીજી મહારાજ કહેતા : 'કોઈ મને મારી ભૂલ દેખાડે તો મને ગમે, કેમ જે આપણે સુધરાય ને !'

❊ એક શિલ્પકાર પોતાના પુત્રની કલાકૃતિને ક્યારેય વખાણતા નહીં, બલકે કાંઈ ને કાંઈ ભૂલ કાઢ્યા કરતા. આનાથી કંટાળીને તે પુત્રે એક યુક્તિ કરી. પોતાની બનાવેલી એક મૂર્તિ નદીકિનારે જમીનમાં દાટી દીધી. એક વાર નદીએથી સ્નાન કરીને પાછા આવતી વેળાએ તેણે ત્યાં થોડું ખોદવાનું શરૂ કર્યું. આખી મૂર્તિ જમીનમાંથી બહાર કાઢી પિતાને બતાવીને કહે : 'આ મૂર્તિ જમીનમાંથી મળી છે.' ત્યારે તેના પિતા કહે : 'દીકરા ! આવી મૂર્તિ તું બનાવે તો ખરો કહેવાય !' તે પુત્ર કહે : 'પિતાજી, આ મૂર્તિ મેં જ બનાવી છે.' ત્યારે તેના પિતા બોલ્યા : 'હવે તારી પ્રગતિ થઈ રહી !' કારણ : 'હું શ્રેષ્ઠ છું' એવી માન્યતા આવી ગઈ અને તેનાં કારણે એની ભૂલ સ્વીકારવાની વૃત્તિ ખલાસ થઈ ગઈ.

ભૂલનો સ્વીકાર નથી થઈ શકતો તેનું એક કારણ એ પણ છે : 'મારી સમાજમાં શું છાપ પડશે ?' કહે : 'લોકો મારા માટે શું ધારશે ?' આવા વિચારોને કારણે ભૂલ સ્વીકારાતી નથી, પણ વાસ્તવમાં જે ભૂલ સ્વીકારે છે, તેના પ્રત્યે દરેકને આદર ઊપજે છે, સહાનુભૂતિ જન્મે છે.

❊ અમેરિકાના પ્રસિદ્ધ લેખક ડેલ કાર્નેગીએ પોતાના પુસ્તક 'How to win friends and influence people'માં એક પ્રસંગ નોંધ્યો છે. એક વાર એક બગીચામાં ફરવા આવનારાઓ માટે એક નિયમ કરવામાં આવ્યો - 'પોતાનો કૂતરો છૂટો ન રાખવો. તેના માલિકે કૂતરાનો પટ્ટો હાથમાં પકડીને જ બગીચામાં ફરવું.' આ નિયમ કરવાનું કારણ એ હતું કે થોડા દિવસો પહેલાં બે-ત્રણ કૂતરાઓ પાંચ-દશ વ્યક્તિઓને કરડ્યા હતા.

એક વાર જહોન નામની એક વ્યક્તિ પોતાના કૂતરાને છૂટો રાખીને બગીચામાં પ્રવેશી અને ફરવા લાગી. એવામાં અચાનક દૂરથી પોલીસ અફસર ઘોડા પર આવતો દેખાયો. જહોનને પરસેવો વળવા માંડ્યો. આજે નક્કી સજા થવાની જ છે, તે વિચારથી ગભરાઈ ગયો. પણ પછી થોડો સ્વસ્થ થયો, ત્યાં તો પોલીસ નજીક આવી ગયો. જહોને તેમને એકદમ વિનયભાવે કહ્યું : 'મને ખબર છે કે

બગીચામાં કૂતરાને છૂટો રાખીને નહીં ફરવાનો નિયમ છે. મેં તે માટે મારા કૂતરાના ગળે પટ્ટો બાંધેલો, પણ મારા ઘણા પ્રયત્ન કરવા છતાં તેને પટ્ટો સેટ થયો નહીં એટલે આજે નાછૂટકે હું તેને છૂટો રાખીને ફરવા આવ્યો છું.' પોતાની ભૂલનો સહજ સ્વીકાર કર્યો તો કાંઈક જુદું જ પરિણામ આવ્યું, પોલીસ ઓફિસરે તેના પ્રત્યે સહાનુભૂતિ બતાવી દંડ ન કર્યો.

આમ, પોતાની ખામી, અવગુણ કે ભૂલનો જો નિખાલસપણે સ્વીકાર કરવામાં આવે તો સામેવાળી વ્યક્તિને આપણા પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ, આદર જન્મે છે.

❊ અરે ! જે ભૂલ સ્વીકારે છે તેના પર ભગવાન અને સંત પણ કરુણા વરસાવે છે.

ઈ.સ. ૨૦૦૦ની સાલમાં અમેરિકામાં એક બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરાર્થી બાળકોનો ઉતારો હોટલમાં રાખવામાં આવ્યો હતો. બન્યું એવું કે તેમાંનાં ત્રણ બાળકોને રાત્રે ભૂખ લાગવાથી તેમણે હોટલના રેસ્ટોરન્ટમાં જઈને પિત્ઝા ખાધા, પણ બીજે દિવસે સવારે એ ત્રણેય બાળકો મૂંઝાવા માંડ્યા. બહારનું ન ખાવાનો નિયમ લોપાયો તેનું તેમને દુઃખ થયું. સવારે સ્વામીશ્રીના અલ્પાહાર બાદ ત્રણેય બાળકો સ્વામીશ્રીની નજીક આવ્યાં ને એકાએક રડવા માંડ્યાં. સ્વામીશ્રીએ રડવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓ કહે : 'બાપા ! અમને પ્રાયશ્ચિત્ત આપો, અમારી ભૂલ થઈ ગઈ છે.' પછી તેઓએ વાત કરી ત્યારે સ્વામીશ્રી તેમની ભૂલ સ્વીકારવાની નિખાલસતાથી રાજી થઈ કરુણાભાવે બોલ્યા : 'તમને પસ્તાવો થયો એ જ પ્રાયશ્ચિત્ત છે. બીજી વાર ધ્યાન રાખવું.' માટે પોતાની ભૂલ સ્વીકારવી તેમાં ફાયદો છે, પ્રગતિ છે, મોટાપુરુષનો રાજીપો થાય છે.

ખરેખર ! ભૂલ સ્વીકારવી તે શૂરવીરતાનું કામ છે. 'મારી ભૂલ થઈ ગઈ છે.' આટલું વાક્ય મોઢામાંથી બોલતાં ભલભલાને મોંઢેથી ફીણ પડી જાય છે. કદાચ આપણે આપણી અગંત ભૂલો, ખામીઓ અન્યને ન કહી શકીએ તો વાંધો નહિ પણ ભગવાન અને ગુણાતીત સત્પુરુષ સમક્ષ, દિલ ખોલીને આપણી ખામી કે અવગુણનો એકરાર કરીએ તો મોટાપુરુષ અતિશય રાજી થાય છે અને તેમની દૃષ્ટિકૃપાથી આપણા અવગુણનો કાયમી નાશ પણ થઈ જાય છે.

❊ પરંતુ પોતાની ખામી, ભૂલ કે અવગુણ તે ભગવાનની કૃપા થાય તો જ જણાય છે.

હરિકૃપા જબ હોવત, તબ સૂઝત અપના દોષ.

❊ આવી કૃપા માટે જરૂર છે અંતર્દૃષ્ટિની. ગુણાતીતાનંદ સ્વામી **૪/૧૦૬મી વાતમાં** કહે છે : 'નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વળીને જોવું જે આ કરવાનું છે ને હું શું કરવાને આવ્યો છું ને શું થાય છે ?'

❊ અંતર્દૃષ્ટિ વિના પોતાનાં અંતરમાં પડેલા અવગુણ ક્યારેય સ્ક્રીન ઉપર દેખાતા નથી.

એક વાર શ્રીકૃષ્ણ ભગવાને પાંડવોને પોતપોતાની વિશેષતા જણાવવાનું કહ્યું. બધા વારાફરતી બોલવા માંડ્યા. દ્રૌપદીએ કહ્યું : 'મારા પતિવ્રતાપણામાં ક્યારેય ચૂક ન પડી હોય તો આ નીચે પડેલી કેરી આંબાની ડાળી પર જઈને ચોંટી જાય.' તેમણે આવો સંકલ્પ કર્યો કે તરત જ કેરી ઉપર ગઈ ને ડાળીને અડીને પાછી નીચી આવી. દ્રૌપદી નીચું જોઈ ગયા, પછી તરત જ તેમણે શ્રીકૃષ્ણ સામું જોયું. શ્રીકૃષ્ણે કહ્યું : 'મારી સામું નહીં પણ તું તારી સામું જો.' દ્રૌપદીએ પોતાના અંતર સામું જોયું, પણ કાંઈ ન દેખાયું. શ્રીકૃષ્ણે કહ્યું : 'હજું ઊંડાણથી જો.' ભગવાનને ગદ્‌ગદ પ્રાર્થના કરીને અંતર્દૃષ્ટિ કરી ત્યારે પોતાની ભૂલ સ્ક્રીન ઉપર ઊપસી આવી. એક વાર કર્ણ નદીમાં સ્નાન કરતો હતો ત્યારે તેને જોઈને દ્રૌપદીને એવો

વિચાર આવેલો : 'જો કર્ણ પાંડવો સાથે હોત તો તે પણ મારો પતિ થાત.'

પોતાના પતિવ્રતાપણામાં મનથી થયેલી આ ભૂલ ક્યારે ઓળખાઈ ? પ્રાર્થનાપૂર્વક અંતર્દષ્ટિ કરી ત્યારે.

માટે નિત્ય ભગવાન પાસે પ્રાર્થના કરવી : '**હે પ્રભુ ! મને થાજે એવો અનુકૂળ કે મને સૂઝે મારી ભૂલ.**'

❊ આમ, નિરંતર આંતરખોજ કરતા રહેવાથી આપણને આપણી ભૂલ, અવગુણ ઓળખાય અને તે ઓળખાયા બાદ બીજું પગથિયું જણાવતાં શ્રીજીમહારાજ કહે છે કે તેનો વિચારીને ત્યાગ કરે. એટલે રોગનું નિદાન થઈ ગયું, હવે તેનો ઇલાજ કરો, રોગને દૂર કરો.

તો તે વિચાર છે, ભગવાન અને સંતના રાજીપાનો વિચાર.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૨૭માં** મુક્તાનંદ સ્વામીને પૂછે છે : 'તમને સત્સંગમાં સ્વભાવ ટાળવાનું સતત જાણપણું રહે છે તે કયા વિચારના બળે રહે છે ? ' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : 'મહારાજ ! ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે : 'જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તેવો કોઈ સ્વભાવ રાખવો નથી.'

❊ હોથિયો પટગર અતિશય ક્રોધી સ્વભાવના હતા. એક વાર રાત્રે લઘુપાણી કરવા ઊઠ્યા ત્યારે રસ્તામાં ગાડા સાથે અથડાયા. તેમને એટલો ક્રોધ આવ્યો કે ગાડાને બચકું ભર્યું ! પરિણામે તેમના આગળના બે દાંત તૂટી ગયા ! સમય જતાં મહારાજે તેમને દીક્ષા આપી અને 'નિર્માનાનંદ' નામ પાડ્યું. તેઓ ગામડે વિચરણ કરવા જતા ત્યારે કેટલાક તેમની મશ્કરી પણ કરતા અને તૂટેલા દાંત વિશે પણ પૂછતા. છતાં નિર્માનાનંદ સ્વામી એકદમ શાંત રહેતા. કોઈએ આનું કારણ પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા : 'હોથિયો પટગર મરી ગયો, હવે હું નિર્માનાનંદ થયો છું. એટલે મારે મહારાજને રાજી કરવા છે, માટે મારાથી હવે ક્રોધ ન થાય.'

આમ, રાજીપાના વિચાર સાથેનો સ્વભાવ-અવગુણનો ત્યાગ તે કાયમ માટેનો બની રહે છે.

● **બીજો વિવેક : સંતમાં કે સત્સંગીમાં અવગુણ ભાસતો હોય તો તેનો ત્યાગ કરી તેના ગુણનું જ ગ્રહણ કરે :**

❊ આપણે આગળ જોયું તે મુજબ માણસમાત્રના અવગુણ તેની પીઠ ઉપર લખેલા હોય છે એટલે આપણા અવગુણ બીજાને દેખાય અને બીજાના આપણને દેખાય. બીજું માણસને જન્મજાત કાકદૃષ્ટિ હોય છે. જેમ ભેંસ કે ગાયના શરીરે ચાંદું પડ્યું હોય ત્યાં જ કાગડો બેસે, તેમ માણસની દૃષ્ટિ પણ હંમેશાં બીજાની ખામી કે ભૂલ ઉપર જ હોય છે. એટલે તેને 'આ આવો' ને 'તે આવો' એવું દેખાયા કરે છે.

❊ શ્રીજીમહારાજ અહીં એક શબ્દ વાપરે છે, તે છે 'અવગુણ ભાસતો હોય.' મતલબ કે વ્યક્તિમાં તે અવગુણ છે નહીં, પણ તેનો આભાસ થાય છે.

❊ ઉનાળામાં જેમ ઝાંઝવાનાં જળ દેખાય છે, ઊભેલી ટ્રેનની બાજુમાંથી ચાલતી ટ્રેન પસાર થાય ત્યારે ઊભેલી ટ્રેન ચાલતી હોય તેવું અનુભવાય છે, પાણીના ગ્લાસમાં મૂકેલી પેન્સિલ વાંકી દેખાય છે, તેવી રીતે અવગુણ ન હોય છતાં આભાસ થાય.

❊ ઈ.સ. ૧૯૬૦માં યોગીબાપાએ નવ યોગેશ્વરોને દીક્ષા આપીને મુંબઈમાં ઘાટકોપરમાં સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે રાખ્યા હતા. એક વાર જમવાના સમયે રૂમની બહાર ગેલેરીમાં એક વૃદ્ધ વ્યક્તિ સામાન્ય ગામઠી વેશમાં આવીને ઊભી રહી. અમુક સંતોનાં મનમાં એમ થયું કે આ ડોસો ખાવા માટે આવ્યો લાગે છે. ભોજન પૂર્ણ કર્યા પછી મહંત સ્વામીએ તે વૃદ્ધ ભાવિકની ઓળખાણ પૂછી. તો તેઓ કહે : 'હું સૌરાષ્ટ્રમાં રહું છું. અહીં મારો દીકરો મોટો વેપારી છે એટલે તેને ત્યાં રહેવા આવ્યો છું. હું જૂના મંદિરનો સત્સંગી છું. મેં ઘણાં વર્ષો પહેલા સંતોને પત્તરમાં જમતા જોયેલા. મને ખબર પડી કે યોગીજી મહારાજે દીક્ષા આપેલા સંતો પત્તરમાં જમે છે, એટલે હું દર્શન કરવા આવ્યો હતો.' આ હકીકત જાણી સંતો મનમાં ક્ષોભ

અનુભવવા લાગ્યા કે આપણે આ કાકા માટે કેવું અઘટિત વિચાર્યું હતું.

બહોળા સત્સંગ સમાજમાં અનેક પ્રકૃતિ-સ્વભાવવાળા સત્સંગીઓ સાથે રહેવાનું થવાથી સ્વાભાવિક છે કે આવા પ્રસંગો બને, ઘણું બધું દેખાય, સંભળાય પણ શ્રીજીમહારાજ આપણને કહે છે કે આપણે કોઈનો પણ અવગુણ લેવો જ નહીં. તો અવગુણ આવવાનાં કયાં કયાં કારણો છે ?

૧) ધ્યેય નિશ્ચિત નથી એટલે :

❊ આપણે સત્સંગમાં શું કરવા આવ્યા છીએ ? તેની સ્પષ્ટતા નથી એટલે આડેઅવળે ફંટાઈ જવાય છે. 'હું સત્સંગમાં મારા અવગુણ ટાળીને શુદ્ધ બની, મારું જ કલ્યાણ કરવા આવ્યો છું.' એવું નિશ્ચિત ધ્યેય હોય તો બીજી કોઈ ઝંઝટમાં ન પડાય. સદાય પોતાના સુધારા તરફની જ દૃષ્ટિ રહે.

❊ જો અર્જુનની લક્ષ્ય ઉપર જ દૃષ્ટિ હતી તો તેને પક્ષી સિવાય આજુબાજુ કોણ છે, શું કરે છે, તે કાંઈ દેખાયું નહીં.

❊ જેમ હોસ્પિટલમાં સેંકડો દર્દીઓ સારવાર લેતા હોય, પણ કોઈ કોઈનો ખરખરો કે ઊલટતપાસ કરતા નથી. બધાને એવી જ વૃત્તિ રહે છે કે મને જલ્દી સારું થવું જોઈએ. એમ સત્સંગ સમાજમાં બધા જ દર્દીઓ છે, પણ મારે મારો ઈલાજ કરી લેવાનો છે, એવી દૃઢતા હોય તો સત્સંગમાં કોઈના અવગુણ તરફ દૃષ્ટિ જાય જ નહીં.

૨) સ્વભાવનું ખંડન થાય ત્યારે :

❊ સત્સંગમાં આપણું માનભંગ થાય ત્યારે આપણને અવગુણ આવે છે.

❊ અમેરિકાના એક સેન્ટરમાં પ્રતિષ્ઠા પ્રસંગે હાર પહેરાવવામાં અગ્રગણ્ય એક હરિભક્તનું નામ બોલવાનું રહી ગયું. પરિણામે તેમને એટલું ખોટું લાગ્યું કે સત્સંગમાં આવવાનું બંધ કરી દીધું. એ વાતને ૧૦-૧૫ વર્ષ થયા પછી તેમને અંતર્દૃષ્ટિ થઈ કે આમાં ખોટ તો મને જ ગઈ. તેઓ જ્યારે સ્વામીશ્રીને મળવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'કાર્યકરો વતી હું માફી માંગું છું, પણ તમે હવેથી સત્સંગમાં આવતા રહેજો.'

આમ, સમૈયા પ્રસંગે કે અન્ય કોઈ કારણસર જમવામાં, ઉતારામાં, સભામાં આગળ બેસવામાં... જેવા નજીવા કારણોમાં કોઈક વાર અજાણતામાં કોઈ આપણા સ્વભાવનું કે માનનું ખંડન કરે ત્યારે આપણને સામેની વ્યક્તિનો અવગુણ આવે છે.

૩) ઉતાવળિયા નિર્ણય :

❊ આપણી પાસે હંમેશાં દરેકના સર્ટિફિકેટ તૈયાર જ હોય છે તે પણ નેગેટિવ !

મોટે ભાગે આપણને અવગુણ આવવાનું કારણ આ ઉતાવળિયા નિર્ણય જ હોય છે. તેમાં ન તો આપણે ખાતરીપૂર્વક નજરે જોયું હોય કે ન તો ઊંડી તપાસ કરી હોય છે. કોઈકે કહ્યું ને કોઈકે સાંભળ્યું તેના આધારે આપણે નિર્ણય લઈ લઈએ કે ફલાણો આવો છે.

❊ કદાચ આપણે સગી આંખે જોયું હોય તોપણ સાચું ન હોય. એક વાર એક મંદિરમાં એક જણને ફીટ આવી, એટલે કોઈ કહે કે જોડો સૂંઘાડો, કોઈ કહે કે ડુંગળી સૂંઘાડો. બે-ત્રણ જણા દોડ્યા, આ બધું લેવા. તેમાં મંદિરની બહાર જઈને ડુંગળી લેવા એક જણ દોડતો દોડતો નીકળ્યો. રસ્તામાં એક જણે પૂછ્યું : 'ક્યાં જાય છે ?' તે કહે : 'ડુંગળી લેવા.' 'કેમ ?' 'અત્યારે મંદિરમાં જરૂર છે.' ઉતાવળને કારણે આટલું કહીને આગળ વધી ગયો, પણ આ વાક્ય સાંભળનારના મનમાં થઈ ગયું : 'મંદિરમાં કોઈ ઠેકાણે ડુંગળી વપરાતી લાગે છે ખરી !'

આગળ-પાછળના સંદર્ભને તપાસ્યા વિના એક જ વાક્યના આધારે આવો ખોટો નિર્ણય લઈ લીધો, પરિણામે તેને સત્સંગનો અભાવ આવી ગયો.

❊ એટલે જ કહ્યું છે : 'Believe only half what you see and nothing that you hear.' અર્થાત્ તમે જે જુઓ છો તેને અડધું જ સાચું માનો અને સાંભળો છો તેને તો જરાપણ માનશો નહિ.

૪) પોતાના વર્તનનું માન :

❊ બીજા કરતાં પોતે વિશેષ નિયમ-ધર્મ પાળતા હોય, સેવા-ભક્તિ, પાઠપૂજા કરતા હોય ત્યારે જે આ બાબતે ઢીલા હોય તેનો અવગુણ આવે છે.

❊ આપણે એકાદશી નિર્જળા કે સજળા કરતા હોઈએ, હોટલનું ખાતા ન હોઈએ, આરતી અને અઠવાડિક સભામાં કાયમ સમયસર હોઈએ ને આ બધું બીજા સત્સંગી ન કરી શકે તો આપણને તેમનો અવગુણ આવે.

❊ ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીનો ત્યાગ કરીને ભગવાન ભજવા નીકળી ગયા હતા. રસ્તામાં તેમણે પાર્વતીજીને શંકરના ખોળામાં બેઠેલા જોયા ને તેમને થયું : 'મેં કરોડનો ત્યાગ કર્યો ને આ જોગટાને એક પણ છૂટતી નથી.' શંકરનો અભાવ આવ્યો.

એટલે મહારાજ આપણને વિવેક શીખવે છે કે સત્સંગમાં કોઈનો પણ અવગુણ ન લેવો, દરેકનો ગુણ જ લેવો. કારણ કે જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. **(વચનામૃત : લોયા-૫)**

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'ભગવાનના ભક્તનો અવગુણ આવે તો તેમાં ગુણ હોય તે વિચારવા તો તે અવગુણ ટળી જાય ! જેમ પાંચ લડવા આવ્યા હોય ને સામા પચાસ આવે તો હઠી જાય તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા તો દોષ થોડા હોય તે ટળી જાય.'

❊ એટલે જ કોઈ કવિએ કહ્યું છે :

ગૌકે મુખ ન પરસિયે, કામ દુગ્ધ સોં ભાઈ;
તરુકે ન કાંટે દેખિયે, જો દેખોં તો છાંય.

અર્થાત્ ગાયના મુખને અડવાની જરૂર નથી, કારણ કે આપણે તેના દૂધનું કામ છે. ઝાડના કાંટા જોવાની જરૂર નથી, કારણ કે આપણે તેની છાયાનું કામ છે. તે જ રીતે ભગવાનના ભક્તના ગુણો જ ગ્રહણ કરી લેવા, દોષનું આપણે શું કામ છે ?

❊ કદાચ આપણને ગુણો ન દેખાય તો કાંઈ વાંધો નહિ, પણ સંબંધનો જો મહિમા સમજાય તો ક્યારેય તેનો અવગુણ ન આવે.

❊ શ્રીજીમહારાજે બે વચનામૃતમાં આવી વાત કરી છે.

❊ **વચનામૃત કારિયાણી-૯** : 'પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતાં હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ?'

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૨૪** : 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે, તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.

❊ ગોરધનદાસ કોઠારીએ જ્યારે ભગતજીને તેમના અખંડ આનંદનું રહસ્ય પૂછ્યું ત્યારે ભગતજી મહારાજ કહે : 'તમે બધાને બ્રહ્મની મૂર્તિ સમજો તો કાયમ આનંદ રહેશે.' બ્રહ્મની મૂર્તિ એટલે ભગવાન અને આવા ગુણાતીત સત્પુરુષના સંબંધમાં આવનાર ગમે તેવો જીવ અંતે બ્રહ્મભાવને પામીને અક્ષરધામને પામવાનો જ છે.

❊ એટલે આ વચનામૃત આપણને સત્સંગમાં સ્વસુધારણા કરીને દરેકનો અંતરથી મહિમા સમજી અખંડ સુખિયા થવાની દિશા ચીંધે છે. એટલે જ યોગીબાપાએ કહ્યું હતું કે આ વચનામૃત જો સિદ્ધ થાય તો બધાંય વચનામૃત સિદ્ધ થાય.

મહારાજ-સ્વામી આપણને સાચા વિવેકી ભક્ત બનવા માટે બળ-બુદ્ધિ પ્રદાન કરે તે જ તેમનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું : સત્સંગમાં કુસંગનું - મોળી વાત ન કર્યાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૫ પાંચમને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડો છે તેમાં કથા વંચાવતા હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી અને ધોળી પાઘ બાંધી હતી અને પીળાં પુષ્પની માળા પહેરી હતી અને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.

તે સમયને વિષે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક સાધુને તેડાવ્યા અને શ્રીજીમહારાજ તે સર્વે પ્રત્યે બોલ્યા જે, ''આપણા સત્સંગમાં થોડો કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વ પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વ સત્સંગીમાં પ્રવર્તે. તે સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે 'વાતના કરનારા હિંમત્ય વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે તો એમ કહે છે જે, 'ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? અને

વર્તમાનધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ, અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે' અને વળી એમ વાત કરે જે, 'ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે' એવી રીતે મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઇત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન, તેમાંથી બીજાને મોળા પાડે છે. માટે હવે આજ દિનથી **આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિંમત્યરહિત વાત કરશો નહીં. સદા હિંમત્ય સહિત જ વાત કરજ્યો. અને જે એવી હિંમત્યરહિત વાત કરે તેને તો નપુંસક જાણવો અને એવી હિંમત્ય વિનાની વાત જે દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો.**

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું વચનામૃત થયું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

- **સત્સંગમાં કુસંગ એટલે ? :**

❋ સત્સંગમાં કુસંગ એટલે સાધનામાં મોળી વાત કરનાર, તેમજ ભગવાન અને સંતના મનુષ્યભાવની તથા સંતો-ભક્તોના અભાવ-અવગુણની વાત કરનારનો સંગ.

❋ ભગવાન અને સંતની આજ્ઞામાંથી આપણને મોળા પાડે તેવી વ્યક્તિના વિચાર અથવા પોતાના મનના વિચારથી સાવધાન રહેવા શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આગ્રહ સેવે છે.

- **અન્ય પ્રકરણ અને આ પ્રકરણમાં ભેદ :**

❋ ભગવાન સ્વામિનારાયણે ૧૦૮ પ્રકરણ ચલાવ્યા હતા. (દા.ત. ખટરસ ન ખાવું, શિયાળામાં પાણીમાં બેસવું વગેરે...) જે થોડા દિવસોથી માંડીને વર્ષ સુધીના હતાં. જ્યારે આ પ્રકરણ હંમેશ માટેનું છે.

❋ ૧૦૮ પ્રકરણ ફક્ત સંતો માટે હતાં, જ્યારે આ પ્રકરણ સંતો-હરિભક્તો, બાઈ-ભાઈ, બાળક-યુવાન-વૃદ્ધ તમામ માટે છે.

- **મોળી વાત કરનારના પ્રકાર :**

❋ મહંતસ્વામી મહારાજ મોળી વાત કરનારા વ્યક્તિઓના ચાર પ્રકાર જણાવે છે.

૧) મોળી વાત ગમતી નથી અને કરતા પણ નથી

૨) મોળી વાત ગમતી નથી પણ કરે છે.

૩) મોળી વાત ગમે છે, પણ કરતા નથી.

૪) મોળી વાત ગમે છે અને કરે છે.

આ ચાર પ્રકારમાંથી આપણે કયા પ્રકારમાં છીએ, તેના માટે આપણે જ અંતર્દષ્ટિ કરવી પડે અને સુધારો કરવો પડે.

- **સાવધાની સેવવાનું કારણ :**

❋ રસ્તા પર ભલે ગમે તેટલા પત્થર પડ્યા હોય, પણ તે નડતા નથી, જ્યારે કીડનીમાં રહેલી નાની પથરી પણ હેરાન કરી નાંખે છે.

❋ દૂધપાક ગમે તેટલો સારો હોય, પણ પોટેશિયમ સાયનાઈડની અલ્પ માત્રા પણ વ્યક્તિનો પ્રાણ હરી લેવા સમર્થ છે.

❋ તેમ સત્સંગમાં થોડો જ કુસંગ હોય તે પણ આપણને સત્સંગમાં પાછા પાડે છે, જે શ્રીજીમહારાજને પાલવે તેમ નથી.

❋ એક વખત કેટલાક દેડકાઓએ સાથે મળીને એક સ્પર્ધાનું આયોજન કર્યું. સ્પર્ધકે વિજેતા બનવા માટે એક ઊંચા ટાવર ઉપર ચઢવાનું હતું. આ સ્પર્ધા નિહાળવા માટે ટાવરની ફરતે લોકોનું એક મોટું ટોળું જમા થઈ ગયું. સ્પર્ધા શરૂ થઈ. ટાવરની ઊંચાઈ અને નાના દેડકાને જોઈને કોઈને વિશ્વાસ ન હતો કે આ દેડકા ટોચ સુધી પહોંચી શકશે. લોકોનાં મુખમાંથી જુદાં જુદાં વાક્યો સંભળાવવા લાગ્યા કે 'ખરેખર આ બહું અઘરું છે', 'તેઓ કોઈ રીતે ટોચ સુધી નહીં પહોંચી શકે', 'આમાં સફળતા ન મળે. કારણ કે ટાવર બહુ ઊંચો છે', 'આવો પ્રયત્ન જ ન કરાય.' આવાં વાક્યો સાંભળી ધીમે ધીમે કેટલાક દેડકા હારવા લાગ્યા. બીજા કેટલાક ઊંચે સુધી પહોંચવા લાગ્યા. નીચે ઊભેલા લોકો વધુ ઊંચેથી દેકારો કરતા બોલતા હતા કે 'આ અશક્ય છે, કોઈ પહોંચી શકવાનું નથી.' આમ, સમય જતા બધા જ

દેડકા થાકીને પાછા વળી ગયા, પરંતુ એક દેડકો પુરુષાર્થ કરીને છેક ટોચ સુધી પહોંચી ગયો. આ જોઈ સૌને ખૂબ આશ્ચર્ય થયું કે આ એક દેડકો છેક ઉપર કેવી રીતે પહોંચી શક્યો ? જ્યારે તેમણે તપાસ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે દેડકો બહેરો હતો.

તેમ આપણે પણ જો મોળા શબ્દો સાંભળીએ તો નિષ્ફળ થઈએ અને તેથી દૂર રહીએ તો સફળ થઈ શકીએ.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં સત્સંગના કુસંગથી થતી અસર જણાવતાં કહ્યું કે, 'સત્સંગમાં કુસંગનો જોગ થાય ને બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાંખે.' **(સ્વામીની વાત : ૫/૩૧૧)** 'સત્સંગમાં કુસંગ છે તે એનું ભૂડું કરી નાંખે છે, માટે તે ઓળખવો.' **(સ્વામીની વાત : ૫/૩૪૫)**

❊ તુલસી દવે વઢવાણના અગ્રણી હરિભક્ત હતા. તેમણે એક વાર શ્રીજીમહારાજને પોતાની યજ્ઞ કરાવવાની ઈચ્છા દર્શાવેલી. પણ તેઓનો આ સંકલ્પ પૂર્ણ કરવા શ્રીજીમહારાજ વઢવાણ પધાર્યા અને યજ્ઞની તૈયારી કરવા કહ્યું, તો તેઓ મુંઝાઈ ગયા. તેમને થયું કે સંતો-ભક્તો-બ્રાહ્મણો મોટી સંખ્યામાં ઊમટશે અને ખર્ચ ઘણો થશે. તેથી મહારાજ આગળ મોળી વાત કરવા લાગ્યા કે અત્યારે યજ્ઞ કરીએ તો લોકો ખૂબ વિરોધ કરે, તેથી હમણાં મને ઠીક લાગતું નથી. તેઓ ભૂલી ગયા કે શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે. તેથી મહારાજના સમજાવવા છતાં ન માન્યા. પછી મહારાજે જેતલપુરમાં યજ્ઞ કરવા નિરધાર કર્યો.

તુલસી દવે મોળા વિચારોને લીધે સેવાનું ટાણું ચૂકી ગયા અને શ્રીજીમહારાજનો રાજીપો ન લઈ શક્યા.

❊ કેટલીક વાર તો વ્યક્તિ પોતે ભગવાન અને સંતની આજ્ઞામાંથી પાછો પડે છે, પણ સાથે બીજાને પણ અવળી વાતો કરી પાછા પાડે.

જૂનાગઢમાં ગામ બહાર મંદિરની વાડીમાં હળ હાંકવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ એક પાર્ષદને આજ્ઞા કરી. તે પાર્ષદ પોતના ગુરુને પૂછવા ગયો. ગુરુ કહે, 'તું જઈશ મા, નીકર નળ ચડી જશે. (પેટમાં દુઃખાવો થશે)' આવા મોળા શબ્દો કહી જવા ન દીધો, પણ તે પાર્ષદને થોડા દિવસ પછી સંસારની વાસના ઉદય થવાથી ઘરે જવું પડ્યું. ઘરે એ જ કામ કરવું પડ્યું. પછી તેને પસ્તાવો થયો કે 'ગુરુ'ના મોળા શબ્દો આડા પડ્યા અને મારે હળ હાંકવાનો વારો આવ્યો.

❊ જેમ સ્વાઈન ફ્લુનો દર્દી બેદરકાર રહે તો પોતે તો મરે સાથે સાથે પોતાના યોગમાં આવનારને પણ મૃત્યુ તરફ ઢસડી જાય છે, તેમ આવી બળહીન વાતો કરનાર વ્યક્તિ પોતાને અને પોતાના સંગીને કલ્યાણના માર્ગમાંથી પાડી દે છે.

❊ ક્યારેક વ્યક્તિ ભગવાનના મહિમાના ઓથે મોળી વાત કરે છે. ભગવાન તો અધમઉદ્ધારણ છે. તે જેતલપુરની ગણિકા અને મુંજા સુરુ જેવાનાં પાપ ટાળી શકતાં હોય, તો આપણે ક્યાં એવાં મોટાં પાપ કરવાં છે ? નિયમ-ધર્મમાં થોડું આઘું-પાછું તો ચાલે. કેટલાક તો મનથી વિચારી લે કે આપણે તો આ દેહથી પળે તેટલું પાળીએ. દેહને વધારે કારસો આપીએ તો ભવિષ્યમાં સેવા-ભક્તિ નહીં થાય.

❊ એક ભાઈએ સંતો સમક્ષ સત્સંગ સભામાં જવાનો નિયમ લીધો, પણ બીજે અઠવાડિયે સભાના દિવસે વરસાદ પડતો હતો, તો મનમાં વિચાર ચાલુ થઈ ગયા કે વરસાદમાં જઈશું તો શરદી થઈ જશે. મારા વિના સભા ઓછી બંધ થઈ જવાની છે, એમ વિચારી સૂઈ ગયા. બીજે દિવસે નોકરીમાં વરસાદ આડો ન આવ્યો !

❊ મહાભારતના કર્ણપર્વમાં કર્ણ અને શલ્યનો સંવાદ છે. શલ્ય રાજા હતા, પણ આ યુદ્ધમાં તે કર્ણના સારથિ બને છે. શલ્ય કર્ણને અર્જુનની તુલનામાં શક્તિહીન બતાવે છે. યુદ્ધમાં ગાંડવધારી અર્જુનને આવતો જોઈ શલ્ય અનેક પ્રકારના મોળા શબ્દો કર્ણના કાનમાં ફૂંક્યા કરે છે કે 'વરુણ અને વાયુ જેવા અર્જુનને કોણ જીતી શકશે ? અર્જુન અવધ્ય છે. અર્જુનને જીતવાના મનસૂબા તું મૂકી દે.' આ જ મોળા શબ્દો કર્ણના પરાજયનું મુખ્ય કારણ બની રહ્યા.

જ્યારે અર્જુન રણભૂમિમાં પોતાના સંબંધીઓને જોઈને યુદ્ધ પૂર્વે જ હિંમત હારી જાય છે, પોતાનું ગાંડીવ મૂકી દે છે અને લડવાની ના પાડે છે, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન તેને બળભર્યા શબ્દોથી ઊભો કરે છે અને યુદ્ધ માટે પ્રેરણા આપે છે. શ્રીકૃષ્ણ ભગવાન તેને કહે છે,

'क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वा उत्तिष्ठ परन्तप।'

હે અર્જુન ! હૃદયની આ તુચ્છ દુર્બળતાને છોડી ઊભો થઈ જા. બળભર્યા શબ્દો સાંભળી અર્જુનશ્ચયુદ્ધમાં વધુ ઉત્સાહભેર જોડાયો. તેમ સ્વભાવ-દોષો સામે લડવા માટે શલ્ય જેવા કુસંગીના મોળા શબ્દો આવે કે 'સ્વભાવ આજ સુધી કોના ટળ્યા છે ?' તો સ્વભાવ ક્યારેય નહીં જ જિતાય, પણ બળભર્યા શબ્દો સાંભળીશું કે 'ભગવાન અને ગુણાતીત સત્પુરુષ મહંતસ્વામી મહારાજના પ્રતાપે સ્વભાવો ટળશે, બ્રહ્મરૂપ થવાશે જ' તો સ્વભાવ-દોષો પર નિશ્ચિત વિજય મળશે.

❋ 'આપણાથી થાય એટલું કરવું.', 'એક દિવસમાં બ્રહ્મરૂપ થઈ જવાતું હશે', 'સેવા કરીને તૂટી ન મરવું', 'ઊગતી પેઢીને તક આપો', 'મારે તો બાપ-દાદાનો સત્સંગ' વગેરે પણ બળહીન વાક્યોના જ પ્રકાર છે.

આપણને કેટલીક વાર નિષ્ફળ વ્યક્તિઓની વાતો ખૂબ જ કર્ણપ્રિય લાગતી હોય છે.

❋ મોળા અને ટીકાત્મક શબ્દો આપણી અમાપ અને અનંત શક્તિઓને રૂંધનારું મોટું પરિબળ છે. નિષ્ફળ વ્યક્તિઓની કરુણતા એવી હોય છે કે પોતે કાં તો સફળ થવાના પ્રયત્નો જ કર્યા હોતા નથી, ક્યારેક અધકચરા પ્રયત્નો કર્યા બાદ નસીબને દોષ દઈને કંટાળાભર્યું અને ચીલાચાલુ જીવન જીવતા હોય છે. તે પોતે જીવનમાં કશું ન કરી શક્યા હોય, તેથી બીજા પણ ન જ કરી શકે તેવું માની બેસે છે. પોતે નિષ્ફળ ગયા છે, માટે બીજા પણ નિષ્ફળ જશે જ એમાં તેમને કોઈ શંકા હોતી નથી. તેથી આવી વ્યક્તિઓ ઉચ્ચ શિખરે ચઢવાની મહત્ત્વકાંક્ષા રાખતી હોય તેના જુસ્સા પર ટાઢું પાણી રેડવાનો ધંધો કરતા હોય છે, પણ જે બીજાના મોળા શબ્દોની અસર પોતાના હૈયે આડા આવવા ન દે, તે જ સફળ થઈ શકે છે.

◎ એક વાર કેટલાક મનોવૈજ્ઞાનિકોએ હાર્વડ યુનિવર્સિટીમાં એક પ્રયોગ કર્યો. એક વર્ગના ૧૦૦ વિદ્યાર્થીઓને ૫૦-૫૦ના બે ભાગમાં વહેંચી જુદા-જુદા વર્ગખંડમાં બેસાડ્યા. વિદ્યાર્થીઓની વહેંચણી તે રીતે થઈ હતી કે બંને ખંડનો બુદ્ધિ આંક (IQ) સમાન રહે. પછી બંને ખંડમાં એક પ્રશ્ન બ્લેકબોર્ડ પર લખવામાં આવ્યો, પણ એક ખંડમાં કહેવામાં આવ્યું કે 'જે સવાલ લખવામાં આવ્યો છે તે અઘરો છે, તમારામાંથી કોઈ એને હલ નહીં કરી શકે.' તે ખંડના તમામ ૫૦ વિદ્યાર્થીઓએ પ્રયત્ન કર્યો, પણ મોટા ભાગના વિદ્યાર્થીઓને જવાબ શોધતા સાંસા પડી ગયા. ૫૦માંથી માત્ર ૩ સાચો જવાબ મેળવી શક્યા.

બીજા વર્ગમાં આ જ પ્રશ્ન બ્લેકબોર્ડ પર લખાયો હતો, પરંતુ કહેવામાં આવ્યું કે 'આ પ્રશ્નનો જવાબ શોધવો ખૂબ સરળ છે.' તો ૫૦માંથી ૪૭ વિદ્યાર્થીઓને સાચો જવાબ સૂઝી આવ્યો.

મનોવૈજ્ઞાનિકો આ પ્રયોગ પરથી એવા તારણ પર આવ્યા કે 'વ્યક્તિ જેવા શબ્દો સાંભળે છે તેવા તેના ચિત્ત ઉપર સંસ્કાર પડે છે.' માટે આપણે હંમેશાં ઉત્કૃષ્ટ શબ્દો સાંભળવા જોઈએ.

◎ ઓરવિલ અને વિલ્બર રાઈટ, જેઓ ભવિષ્યમાં 'રાઈટ બ્રધર્સ'ના નામે જાણીતા થયા, તેઓ હવામાં ઊડી શકે તેવું વિમાન તૈયાર કરી રહ્યા હતા, પણ લોકો આ બંનેની મશ્કરી કરતા. આ જ સમયગાળામાં એક ખ્યાતનામ અમેરિકન ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીએ આંકડાઓ અને નક્કર વિજ્ઞાની હકીકતો રજૂ કરીને પોતાના વિદ્વત્તાભર્યા નિબંધમાં સાબિત કરી બતાવ્યું હતું કે હવામાં ઉડ્ડયન કરીને માણસ એક સ્થળેથી બીજે સ્થળે કદી પહોંચી શકે જ નહીં !

વળી, રાઈટ બ્રધર્સના પિતા મિલ્ટન રાઈટ જેઓ ચર્ચના પાદરી હતા, તેમણે કહેલું કે 'હવામાં ઉડ્ડયન

એ માત્ર દેવદૂતોનો જ હક છે. તે સિવાય બીજા કોઈએ એવો વિચાર કરવો એ પ્રભુનો ગુનો છે.' પણ ઈતિહાસ સાક્ષી છે કે આ બંને ભાઈઓ મોળા શબ્દોને કાન તળેથી કાઢી પોતાના કાર્યમાં મંડ્યા રહ્યા તો વિશ્વને વિમાનની ભેટ મળી.

❊ તા.૨૧/૧૦/૨૦૧૮, ગઢડા : પ.પૂ. મહંતસ્વામી મહારાજે ગઢડા પ્રથમ ૧૭ના વચનામૃતનું નિરૂપણ કરતાં આવા મોળા શબ્દોની અસરના સંદર્ભમાં કહ્યું કે 'આપણને (મોળી વાત) ફીટ બેસી જાય કે વાત સાચી છે, પણ શ્રીજીમહારાજે આને મોળી વાત કહી, ભારે કુસંગ કહ્યો. એમાં ધીમે ધીમે ઘસાતું જાય. હાથ-પગ વિનાના થઈ જાઓ, ઢીલા ઢસ થઈ જાઓ. આપણને કેવા (સર્વોપરી) ભગવાન મળ્યા છે ! માટે ચઢતો ને ચઢતો રંગ રાખવો જ પડે !'

❊ એકાંતિક ધર્મના પથ પર ચાલનારા પથિક માટે મોળા શબ્દો કાતિલ ઝેર છે અને બળભર્યા શબ્દો પૌષ્ટિક આહાર છે.

● પોતાને મોળા વિચાર આવે તો શું કરવું ? :

❊ આવા સમયે આવા ઉપાયો કરવા.

૧. પ્રાપ્તિનો વિચાર :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૫/૧૧મી વાતમાં કહ્યું કે, 'અજ્ઞાન છે તેથી વિષયમાં લેવાય છે, પણ પ્રગટ ભગવાન તથા આ સાધુનો દૃઢ આશરો છે તો તે અક્ષરધામમાં જ જાશે. ત્યાં દૃષ્ટાંત દીધું જે, ગાયકવાડનો છોકરો મૂળા સારુ રુએ પણ રાજ તેને જ મળશે.'

❊ એનો સાર એ કે ભલે અત્યારે સ્વભાવ નડતા હોય અને વિષય ખેંચી જતા હોય પણ સર્વોપરી ભગવાન અને ગુણાતીત સંતની પ્રાપ્તિ થઈ છે, તો આપણું કલ્યાણ નિશ્ચિત છે. તેથી મોળા વિચાર કે વાતો મનમાં કે જીભે લાવવાં જ નહીં.

❊ યોગીજી મહારાજ ઘણી વાર કહેતા

'બળભરી વાતો મુખે કરવી,
મોળી વાત કેદી ન ઉચ્ચરવી,
મુખોમુખ થઈ ઓળખાણ,
કોઈ વાતની ન રહી તાણ્ય,
આ બ્રહ્માંડમાં આપણ તુલ્ય,
ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય.'

એમ હંમેશાં પ્રાપ્તિની અને બળની જ વાતો કરવી.

૨. શ્રદ્ધા સહિત મંડ્યા રહેવું :

❊ ભગવાન અને સંતના વચનમાં અતિ શ્રદ્ધા અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જવાય. **(વચનામૃત : સારંગપુર-૯)**

❊ ગુણાતીત સત્પુરુષને સાચા બોલા જાણવા. તેમને ખોટું બોલવાનો શો સ્વાર્થ હોય ? એમના વચનમાં અતિ દૃઢ વિશ્વાસ રાખી શ્રદ્ધાપૂર્વક મંડવું. તેમનું વચન હેઠું ન પડવા દેવું.

૩. ધીરજ :

❊ વાસ્તવિકતાનો વિચાર કરીને આકળા - ઉતાવળા ન થવું. અનંત જન્મોની વાસના તરત નિર્મૂળ નહીં થાય. તેના માટે વર્ષો સુધી ધીરજ રાખી એકધારી સાધના કરવી પડે.

❊ શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૧માં કૂવાના પથરાનું દૃષ્ટાંત આપી કહ્યું કે 'જેમ કૂવાના કાંઠા ઉપર પથરો હોય તેમાં પાણી સિંચતા સિંચતા દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન પડે માટે કલ્યાણને અર્થે યત્ન કરવો હોય તેને આકળા થઈને અકળાઈ જવું નહીં.'

૪. પ્રાયશ્ચિત્ત :

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં કહ્યું છે કે જે દિવસ હિંમત વિનાની વાત થઈ જાય, તે દિવસ ઉપવાસ કરવો.

● બીજા તરફથી મોળા શબ્દો આવે તો શું કરવું ?:

૧. કુસંગી વ્યક્તિનો ત્યાગ :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૬**માં કહે છે કે ધર્મમાં રહેતો હોય અને નિશ્ચય હોય, પણ જે હિંમત વિનાની વાત કરતો હોય તે ભેળા ના'વા જવું નહીં ને તેની પાસે પથારી પણ કરવી નહીં ને તેની વાત પણ સાંભળવી નહીં ને તેનો સંગ પણ સર્વ પ્રકારે ત્યાગ કરવો.

❋ પ્રમુખસ્વામી મહારાજના પૂર્વાશ્રમનું નામ શાંતિલાલ હતું. એક વાર શાંતિલાલ બોચાસણ મંદિરમાં શ્રીહરિદાસ નામના સાધુ પાસે સત્સંગ કરવા બેઠા. આ સાધુએ ગુણાતીતાનંદ સ્વામીને રોટલા જમાડેલા. તેથી 'જૂના અને પ્રસાદીના સાધુ છે' તેમ મહિમા સમજીને શાંતિલાલ ગયેલા, પણ તેઓએ તો શાંતિલાલને મોળી વાત કરતાં કહ્યું કે, 'તું સાધુ થવા આવ્યો છે, પણ અહીં તો મહેનત કરવી પડશે. ગામડે ફરવું પડશે. એના કરતાં ઘેર સારું. અહીં માંદો થઈશ તો ખબર કોણ રાખશે ? માટે ઘેર રહીને ભજન કરજે.'

ફૂલદાનીમાંથી ફૂલની જગ્યાએ આમ શૂલ નીકળતાં શાંતિલાલ તો હેબતાઈ ગયા અને ત્યાંથી નીકળી જ ગયા.

શાંતિલાલને આવી મોળી વાતોનાં વિષ ચઢે એમ નહોતાં, પરંતુ જ્યારે શાસ્ત્રીજી મહારાજને આ વિગતની જાણ થઈ ત્યારે તેઓએ શાંતિલાલને સંગ પરીક્ષા અંગે સાવચેત કરતા કહ્યું કે, 'જે મોળી વાત કરે ત્યાં બેસવું નહીં.' ત્યાર પછી શાંતિલાલ તે સંતને પગે લાગવા જતા, પણ વાતો સાંભળવાનું ટાળેલું.

આપણે પણ શ્રીજીમહારાજ અને આપણા ગુરુવર્યોનાં માર્ગદર્શન અનુસાર મોળા વિચારોથી દૂર રહી એકાંતિક ધર્મ સિદ્ધ કરવા વધુ ને વધુ શ્રદ્ધા-ઉમંગથી આગળ વધી શકીએ, તે જ તેઓનાં ચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું : સત્સંગમાં કુસંગનું - મોળી વાત ન કર્યાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૫ પાંચમને દિવસ શ્રીજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડો છે તેમાં કથા વંચાવતા હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી અને ધોળી પાઘ બાંધી હતી અને પીળાં પુષ્પની માળા પહેરી હતી અને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિપ્રસન્ન થકા વિરાજમાન હતા.

તે સમયને વિષે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિ સાધુને તેડાવ્યા અને શ્રીજી મહારાજ તે સર્વે પ્રત્યે બોલ્યા જે, ‘‘આપણા સત્સંગમાં થોડો કુસંગનો ભાગ રહ્યો જાય તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વ સત્સંગીમાં પ્રવર્તે. તે સત્સંગમાં કુસંગ તે શું છે તો જે ‘વાતના કરનારા હિમત્ય વિનાની વાત કરે છે’ તે સત્સંગમાં કુસંગ છે. કેવી રીતે વાત કરે છે તો એમ કહે જે, ‘ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? અને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ અને ભગવાનનો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે’ અને વળી એમ વાત કરે જે, ‘ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એતો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે’ એવી રીતે મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઈત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન, તેમાંથી બીજાને મોળા પાડે છે. માટે હવે આજ દિનથી **આપણા સત્સંગમાં કોઈ પણ હિમત્યરહિત વાત કરશો નહિ. સદા હિમત્ય સહિત જ વાત કરજ્યો અને જે એવી હિમત્ય રહિત વાત કરે તેને તો નપુંસક જાણવો અને જેવી હિમત્ય વિનાની વાત જે દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો.**

... ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

❊ આ વચનામૃતમાં શ્રીજી મહારાજની ભક્તો પર કરૂણા અને જીવોનાં કલ્યાણની ખેવનાનાં દર્શન થાય છે.

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કુસંગનું સ્વરૂપ ઓળખાવીને તેનાથી દૂર રહેવાનું સૂચવે છે.

❊ કેટલાક જીવોની સન્માર્ગે ન ચાલવાની અને અસન્માર્ગે ચાલવાની સાહજીક વૃત્તિ તથા તેને પોષવા માટે વપરાતી વિવિધ યુક્તિઓનો નિર્દેશ કરી તેનાથી બચતા રહેવાનું સમજાવે છે.

● **શ્રીજી મહારાજની કરૂણા :**

❊ શ્રીજી મહારાજ **વચ. મ.૪૫**માં કહે છે, 'તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો. તો જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમો પણ સુધા સાવધાન રહેજ્યો. જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ. અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી.

❊ એકવાર ભૂજમાં હરિભક્તો શ્રીજી મહારાજનો સમાગમ કરવા માટે ગયા. થોડા દિવસ બાદ તેઓ વિદાય થયા. વિદાય વેળાએ મહારાજની પાસે આશીર્વાદ માગ્યા. ત્યારે મહારાજ કહે, 'તમે અમારા પર દયા રાખજો.' હરિભક્તોને આ વાતનો મર્મ ન સમજાયો. તેમણે મહારાજને પૂછ્યું કે આપ ભગવાન થઈને અમારી દયાની યાચના કરો, આ સમજાય એવું નથી.

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા, 'પાંચ હાથની આ તમારી કાયામાં મુઠ્ઠી જેવડું હૃદય છે. એ હૃદયમાં મારો વાસ છે. માટે હું ત્યાં સુખેથી રહી શકુ તેવું એ હૃદય શુદ્ધ રાખજો.' શ્રીજી મહારાજ અને સ્વામીને આપણી પાસેથી હૃદયની શુદ્ધિની અપેક્ષા છે.

❊ વળી તેઓ **વચ. મ.૫૦**માં કહે છે જે અમારી સોબત રાખશે, તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી.

❊ શ્રીજી મહારાજે સૌને પોતાના માન્યા છે, અને આપણે એમનો સંબંધ રાખ્યો છે તેથી આપણામાં કોઈ જાતનો સ્વભાવ કે માયિક લોચો અથવા કોઈ પ્રકારની કસર રહી જાય તે તેમને ગમતું નથી.

❊ માતાને જેમ પોતાનું બાળક બિમાર હોય ત્યાં સુધી ચેન ન પડે. રાતદિવસ ઉજાગરા કરીને અનેક પ્રકારના કડવા ઔષધ પાઈને, વિભિન્ન પ્રકારના પ્રયોગો કરીને બાળકને સાજુ કરવા પ્રયત્ન કરે છે. જ્યારે બાળક સાજુ થાય ત્યારે જ માને નિરાંત થાય છે.

❊ તેમ શ્રીજી મહારાજને પણ આપણાંમાં જ્યાં સુધી કસર છે ત્યાં સુધી ચેન નથી પડતું. તેથી આ કસર ટાળવા તેઓ કટિબદ્ધ છે.

❊ દાદાખાચરના દરબારમાં એક ઘોડીને જે કોઇ તેની આસપાસ આવે તેને તરત લાત મારવાનો સ્વભાવ હતો. એક દિવસ મહારાજ સવારના પહોરમાં એક લાંબો વાંસ લઈને ઘોડીથી દૂર ખાટલા પર બેઠા. ને વારે વારે ઘોડીને વાંસ અડાડે. ઘોડી તરત લાત મારે. ફરી અડાડે. ફરી લાત મારે. આમ બપોર સુધી કાર્યક્રમ ચાલુ રાખ્યો. ઘોડીની અડધી ટેવ આમ નીકળી. મહારાજ બપોરે જમવા ગયા, તો મૂળજી બ્રહ્મચારીને આ સોંપતા ગયા. સાંજ પડી. ત્યાં સુધી ઘોડી થાકી ગઈ ને પોતાની લાત મારવાની ટેવ જ ભૂલી ગઈ.

❊ ઘોડીના સ્વભાવ ટાળવા શ્રીજી મહારાજ તત્પર છે, તેવી રીતે આપણામાં અયોગ્ય સ્વભાવો રહે તે પણ એમને મંજૂર નથી.

❊ તેથી જ આ વચનામૃતમાં મોટેરા મોટેરા સાધુને

બોલાવીને વાત કરે છે. સત્સંગમાં પ્રસરતા કુસંગને નિર્મૂળ કરવાનું સમજાવે છે. કારણ કે કુસંગથી જીવની અધોગતિ થાય છે. મુક્તિની સાધનામાં કુસંગની ખૂબ ખરાબ અસર થાય છે.

❊ જો સારાનો સંગ થાય તો દેહરૂપ હોય, તેને બ્રહ્મરૂપ કરી નાંખે. જેમ ૧૦ મણ લાકડાને સંગે એકમણ લોઢું તરે એમ. ને જો ભૂંડાનો સંગ થાય તો, બ્રહ્મરૂપ હોય તો તેને દેહરૂપ કરી નાંખે, જેમ ૧૦ મણ લોઢા સાથે એક મણ લાકડાને બાંધો, તો લાકડાનો તરવાનો સ્વભાવ છે, તો પણ ડૂબે. આવો સંગનો પ્રભાવ છે.

● **કુસંગની અસર**

❊ શ્રીજી મહારાજ નીચેના વચનામૃતોમાં કુસંગ અર્થાત ખરાબ સોબતની કેવી અસર થાય છે તે સમજાવે છે.

❊ **ગ. પ્ર.૧૮ :** આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડયા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક દારૂના શીશા ભરેલા પડયા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે. અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે; માટે સત્સંગને અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુવે તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી.

❊ **ગ. પ્ર.૪૨ :** ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડુ જ થાય છે.

❊ **સારંગપુર - ૧૮ :** જો કુસંગ મળે ને કુસંગીના વચનને વિશે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્યવિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે. જેમ ખારભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઉગતા ન હોય અને તે જ ખારભૂમિને વિષે જો પાણીની રેલ આવે, તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય પછી તે કાંપ ભેળાં વડ પીંપળા આદિક વૃક્ષના બીજ આવ્યા હોય ને બીજ ઉગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કે કુસંગનો જો જોગ થાય તો સત્સંગને ઘસારો આવી જાય છે. તે સારું કુસંગ ન જ કરવો.

કુસંગની અસરને વિશે હરિલીલામૃતમાં કહ્યું છે કે :

❊ કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ ।
જો ઉજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળ સંગ તોય ॥
❊ પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે ।
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય॥
❊ કુસંગી સંગે સુજનો પીડાય, તે સંગનો દોષ સદા ગણાય ।
લોહી પીને માંકડ નાસી જાય, તે સંગથી માર પલંગ ખાય॥
❊ સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તો રૂપ તેનું બદલાઈ જાય।
જો દૂધમાં સ્વલ્પ પડે છાશ, મીઠાશ જઈને પ્રગટે ખટાશ॥
❊ કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણતાં ગણાય ।
જો અંધમાં દેખક એક હોય, તે અંધટોળી જ ગણાય તોય॥
❊ ચોખાતણું છે નરજાતિ નામ, જો દાળમાં જૈ કરશે વિરામ।
તો તેહનું સૌ પુરુષત્વ જાશે, ખરેખરી તો ખીચડી ગણાશે॥
❊ કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મી તણો ધર્મ રહે ન લેશ ।
જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારી સંગે રમિયા જુગાર॥
(હરિલીલામૃત ૩/૧૫/૧૬ થી ૨૧)

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

❊ પય સાકર સુંદર ત્યાં લગી,
જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની।

તેમ હરિજન સારો ત્યાં લગી,
જ્યાં લગી સોબત થી કુસંગની॥

❊ કરત કુસંગને ચહત કુશળ,
એહી બડો અફસોસ
મહિમા ઘટ્યો સમુદ્રકો,
રાવણ વસ્યો પડોશ.

❊ ભલો ભલો પાવકમાં પ્રવેશ,
ભલો ભલો સર્પતણો જ ડંસ
શત્રુ કરે નાશ કદાપિ અંગ,
તથાપિ સૌથી ભૂંડો કુસંગ

❊ બૈઠીએ ન જહાં તહાં કીજીએ ન કુસંગ સંગ
કાયરકે સંગ શૂર ભાગે હી ભાગે
કાજલકી કોટડીમેં જૈસો હી જતન કરો.
કાજલ કો દાગ તહાં લાગે હી લાગે

❊ દેખી એક બાગન મેં ફુલન કી બાસન મેં.
કામી કે કામ સંગ, જાગે હી જાગે
કહત બિહારીલાલ ઐસો હે હમારો ખ્યાલ,
ઈતને મેં એક ફંદ જાગે હી જાગે.

❊ કૈકેયીને મંથરાનો કુસંગ થયો તો પરિણામ કેવું આવ્યું?

❊ ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરેને દુર્યોધનાદિનો કુસંગ થયો તો ભગવાનની સામે પડ્યા. દુર્યોધનની બુદ્ધિનાં બગાડમાં મામા શકુનિનો ફાળો હતો.

આ રીતે મોક્ષને માર્ગે સાધના કરનાર મુમુક્ષુને કુસંગને લીધે ઘણાં વિઘ્નો આવે છે તેથી જ તો શ્રીજી મહારાજ **વચ. ગ.પ્ર.૮,૧૮,૪૨,૪૮,૭૦** તથા **કા. ૧૦, લોયા-૬** અને **વર. ૨૦**માં કુસંગ કરવાની ના પાડે છે.

❊ શિક્ષાપત્રીમાં પણ મહારાજે કુસંગની સોબત રાખવાની ના પાડી છે.

''અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો. અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિશે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો.''

(શિક્ષાપત્રી શ્લોક-૨૬,૨૭,૨૮)

● કુસંગના પ્રકારો :

❊ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં કુસગંના ત્રણ પ્રકાર જણાવતાં કહે છે.

❊ ભગવાનને ભજવામાં ત્રણ પ્રકારનાં વિઘ્નો એક તો આલોકનો કુસંગ, સત્સંગમાં કુસંગ અને ઈન્દ્રિયો અંતઃકરણનો કુસંગ. (૫/૩૧૩)

❊ તેમાં અંતરનો કુસંગ એટલે મનમાં થતા કામાદિક સ્વભાવના ભૂંડા ઘાટસંકલ્પો તથા ભક્તોમાં અભાવ અવગુણ અને ભગવાન કે સત્પુરુષમાં મનુષ્યભાવ-કુતર્ક- સંશયના થતા સંકલ્પો

❊ બહારનો કુસંગ એટલે (૧) શુષ્ક વેદાંતી (૨) નાસ્તિક (૩) કુડાપંથી (૪) શક્તિપંથી આ ચારનો સંગ (**વચ. ગ.પ્ર. ૪૮**)

❊ અહીં આ વચનામૃતમાં શ્રીજી મહારાજ સત્સંગના કુસંગની વાત કરે છે.

● સત્સંગમાં કુસંગ હોય ?

❊ શ્રીજી મહારાજ **વચ. મ.૮** તથા **મ.૧૩**માં કહે છે કે ભગવાનના સંબંધથી સર્વે નિગુર્ણ છે. જો ભગવાનનો સ્પર્શ થાય તો ચામડું પણ પવિત્ર થઈ જાય છે. ને ભગવાનની પ્રસાદીભૂત મોજડીનો જે સ્પર્શ કરે તે પણ પવિત્ર બને છે.

❊ ભગવાનના સંબંધથી નિર્જીવ પદાર્થો પણ જો આવા દિવ્ય ને નિર્ગુણ બનતા હોય, તો સંબંધવાળા ભક્તો પણ નિર્ગુણ જ હોય. એ બધાને બ્રહ્મની મૂર્તિ સમજવાની શ્રીજી મહારાજે ગ.મ. ૬૩માં આજ્ઞા

કરી છે.

❊ **લો. ૧૮**માં જણાવ્યું છે કે ભગવાનના સંબંધવાળા ભક્તનો પણ અવગુણ ન લેવો.

❊ જો ભગવાનના સંબંધનો આ મહિમા હોય તો મહાવિષ્ણુરૂપ એવા આ દિવ્ય સત્સંગમાં કુસંગ કેવી રીતે હોઈ શકે ?

❊ હા, સત્સંગમાં કુસંગ હોઈ શકે છે. તેની વાત પણ શ્રીજી મહારાજે ઘણા વચનામૃતોમાં કરી છે.

❊ કેટલાક આસુરી તત્ત્વો સત્સંગમાં આવે, ભગવાનનાં સંબંધમાં આવે છતાં તેનો આસુરીભાવ જતો નથી. એવી વાત મહારાજે વચનામૃતોમાં કરી છે, જેમ કે, પ્ર. ૬૨ : જે જીવ આસુરી અને અતિ કુસંગી હોય તે ભગવાનને સમીપે આવે તોય પોતાનાં સ્વભાવ મૂકે નહી.

❊ **મ.૪૪ :** આસુરી જીવ સત્સંગમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેવા કાળનેમી, રાવણ ને રાહું હતા તે સરખો રહે પણ એને સંતનો સંગ લાગે નહિ.

❊ **અં.૧૪ :** આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ જ થાય. જેમ મરચાનું, લીંબડાનું ને શિંગડિયા વછનાગનું બીજ હોય તેને લાવીને નિત્ય સાકરનું પાણી સીંચ્યા કરીએ તો પણ મરચાં તીખા જ થાય, લીંબડો કડવો જ રહે ને વછનાગ ઝેરી જ રહે. શા માટે જે એનું બીજ ભૂંડું છે.

❊ સંપ્રદાયનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવે છે કે સાક્ષાત્ શ્રીજી મહારાજ સાથે રહેલા, છતાં અલૈયા ખાચર, જીવા ખાચર, બુઢો ધાધલ, નિર્વિકલ્પાનંદ, રોળાનંદ વગેરે આસુરી જીવો કુસંગી જ હતા. જેણે ઘણાંના કલ્યાણમાં વિઘ્નો નાખ્યાં.

❊ સત્સંગમાં જે કુસંગી છે તે બધાજ આસુરી જીવો હોય એવું નથી. કેટલાક દેવી જીવો હોય. મુમુક્ષુ હોય, મોક્ષની સાધના કરતાં હોય છતાં અંતરમાં મોળપ હોય, શ્રદ્ધા, ધીરજ, હિંમત, આત્મવિશ્વાસ તથા ભગવાન અને સંતના મહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયમાં કચાશ હોવાથી તથા આળસ-પ્રમાદને લીધે સતત અને સખત પુરુષાર્થ કરી શકતા ન હોવાથી યથાર્થ વર્તી શકતા ન હોય, નિયમધર્મમાં ઢીલાશ હોય, તેથી એના મનમાં મોળા વિચારો આવે. અને તે પછી બીજાને પણ પોતાનાં વિચારો કહે.

❊ સત્સંગમાં આવા કુસંગી ભટકાઈ જાય તો શું થાય તે સમજાવતા ગુણાતીતાનંદ સ્વામી કહે છે. ‘સત્સંગમાં કુસંગનો યોગ થાય તો બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાંખે.’’ (૫/૩૧૩)

● **સત્સંગમાં કુસંગની ઓળખાણ**

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં સત્સંગમાં રહેલા કુસંગની ઓળખાણ કરાવે છે. સિંહ, સિંહરૂપે આવે તો ઓળખી શકાય પણ સિંહ ગાયનું ચામડું ઓઢીને આવે ત્યારે તેને ઓળખવો મુશ્કેલ છે.

❊ શત્રુ શત્રુના રૂપમાં આવે ત્યારે તેને ઓળખીને દૂર રહેવાય. પણ શત્રુ જ્યારે મિત્રના રૂપમાં આવે તો તેને ઓળખવા અને તેનાથી દૂર રહેવું - બચવું ઘણું કઠિન છે. કારણકે તે ગળ્યું ઝેર છે.

❊ એમ કુસંગ કુસંગીના રૂપમાં આવે તો તેને ઓળખી શકાય. પરંતુ જ્યારે સત્સંગી હરિભક્ત કે સાધુનાં રૂપમાં આવે તો તેને ઓળખવા કઠણ છે. અને તેનાથી બચવું પણ કઠણ છે.

❊ શ્રીજી મહારાજ આવા કુસંગની ઓળખાણ આપે છે. આવા કુસંગીઓની વાતો પરથી તેમનું સ્વરૂપ ઓળખાય છે.

❊ શ્રીજી મહારાજ કુસંગીઓની કેવી વાતો હોય તે જણાવતા કહે છે :-

❊ વાતના કરનારા હિમત્ય વિનાની વાતો કરે છે.

❊ ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે ?

❊ વર્તમાન-ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે ?

❊ માટે જેટલું પળે તેટલું પાળીએ.

❊ ભગવાન તો અધમ ઓધારણ છે તો કલ્યાણ કરશે.

❈ ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી અને ભગવાન જેને ઈચ્છા કરીને ધરાવે છે તેને ધરાય છે.

આવી વાતો કરીને ભગવાનની પ્રસન્નતાના સાધનોમાંથી મોળા પડાય છે. આવી મોળી વાતો નીકળે છે. કારણ કે એના અંતરમાં મોળા વિચારો આવે છે. આવા મોળા વિચારો આવવાનું મુખ્ય કારણ તો એ જ છે કે એને યથાર્થ નિશ્ચય નથી. **(પ્ર. ૬૩,૭૨, વર. ૧૨)** એવાને પોતાનાં કલ્યાણની પ્રતીતિ જ ન આવે. જેને મહાત્મ્ય જ્ઞાને સહિત યથાર્થ નિશ્ચય નથી. એને મહારાજ **વચ. વ. ૧૨**માં નપુંસક જેવો કહે છે. તેનાથી કોઈનો ઉદ્ધાર તો ન જ થાય મુળગું ભૂંડું થાય કારણ કે તેમની વાતોથી આજ્ઞા-ઉપાસનામાં ફેર પડી જાય. માટે શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે એવાનો સંગ ન કરવો, એમની વાતો ન સાંભળવી. જેણે એવાનો સંગ કર્યો છે તેનું ભૂંડું થયું છે... જેમ કે,

❈ જુનાગઢમાં છ આંગળિયો સાધુ - પીજના બે ભક્તો - એક સીધો ગુણાતીતાનંદસ્વામી પાસે ગયો. બીજો રોકાઈ ગયો. તેને આ સાધુએ ગુણાતીતાનંદ સ્વામીના અભાવની વાતો કરી. તેને સાચી મનાઈ. સ્વામીના દર્શન કર્યા વિના જ નીકળી ગયો. સ્વામીએ આ વાત જાણી કરી કે તરત બોલ્યા ગયો... ગયો... ને ગયો...

❈ ''શિક્ષાપત્રીમાં તમારૂં નામ નથી'' એમ કહીને દીનાનાથ ભટ્ટને નિર્વિકલ્પાનંદે પાછા પાડ્યા.

❈ બુઢા ધાધલે વસ્તાખાચરનો ભાવ બદલી નાખ્યો. **(ભ. સ્વામિ. ૪/૧૭૦)**

❈ વડતાલમાં ભરૂચના ગણપતરામભાઈ આવેલા. - રામચરણદાસ પોતાનાં આસને લઈ ગયા. - ગુ. સ્વા. તથા ભગતજી મહારાજ વિશે ઝેરના શબ્દો - જતા રહ્યા.

❈ હરિસ્વરૂપદાસના કુસંગથી શુકમુનિને ગુ. સ્વા. પ્રત્યે ભાવેફેર થયો.

❈ જૂનાગઢ ગુ. સ્વાએ એક પાર્ષદને વાડીમાં હળ હાંકવાનું કહ્યું - એના ગુરૂને ગુણાતીતાનંદ સ્વામી વિશે દ્વેષભાવ હતો એટલે ના પાડી - આજ્ઞા ના પાળી શક્યો.

❈ આ રીતે સત્સંગનો કુસંગ - આજ્ઞા - ઉપાસનામાં ફેર પાડી દે, સેવા-ભક્તિ, નિયમ ધર્મમાં, ત્યાગ-વૈરાગ્યમાં મોળા પાડી દે, અભાવ - અવગુણની વાતો કરીને સંપ-સુહૃદયભાવ - એકતાનો ભંગ કરાવે, તેથી ભગવાનને પ્રસન્ન કરવાના આ બધા સાધનોમાંથી આપણે મોળા પડી જઈએ. તો મોક્ષ ગુમાવી બેસીએ, કરેલી કમાણી ખોઈ બેસીએ, કરોડો જન્મો પછી આવા સર્વોપરી ભગવાન શ્રીજી મહારાજ અને એમના અખંડ ધારક ગુણાતીત સત્પુરુષ - પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો છે. તે સંબંધ પણ તૂટી જાય.

❈ તેથી જ મહારાજ આ વચનામૃતમાં મોળી વાત કરનારનો સંગ કરવાની ના પાડે છે. કદાચ ભૂલમાં વાત સંભળાઈ જાય તો ઉપવાસ કરવાની આજ્ઞા કરે છે. જેથી આપણને જાણપણું અને ડર રહે છે.

● **આવું કડક પ્રાયશ્ચિત શા માટે ?**

❈ - કદાચ હાથ પર ગુમડું કે ફોડકી થાય તો દવા ન લો તો ચાલે. બે-ચાર દા'ડામાં મટી જાય.

- કીડનીમાં પથરી થાય તો તાત્કાલિક ઉપાય ના કરો તો વધારે નુકસાન ન થાય.

- પણ હૃદયમાં નળી બ્લોક થાય તો ... મૃત્યુ જ.

ગુમડાની દવા, કીડનીનું ઓપરેશન અને હૃદયની સર્જરી ... એ ત્રણમાં હૃદયની મુશ્કેલી ટાળવા માટે વધારે કષ્ટ, વધારે દવા ને વધારે ખર્ચ કરવો પડે. જેવો રોગ તેવી સારવાર. તેમ કાંઈક આડું અવળું ખવાઈ જાય કે કાંઇ ખોટું જોવાઈ જાય તો, તેનું પ્રાયશ્ચિત હોય. પણ મોળી વાત સાંભળવી તે કેવો ગંભીર ગુનો છે તેની પ્રતીતિ મહારાજ તેના પ્રાયશ્ચિત માટે આપતા ઉપવાસ પરથી જણાઈ આવે

છે.

● આવી મોળી વાતથી સાવચેત રહેવા શું કરવું ?

❊ વાત કરનારાનું પોતાનું જીવન જોવું. જો પોતે પાત્ર હોય પણ બેજવાબદાર વ્યક્તિઓ આગળ જાહેરમાં સત્સંગની કે હરિભક્તોની કે સંતોની ઘસાતી વાતો કરતો હોય તો તેનો સંગ જ ન કરવો. સાપનો જેમ દૂરથી ત્યાગ કરીએ એમ એવાનો દૂરથી ત્યાગ કરવો.

● પોતાને મોળા વિચાર આવે તો શું કરવું ?

❊ કદાચ આપણે બીજાની મોળી વાતો ન સાંભળીએ પણ પોતાને જ મોળા વિચારો આવતા હોય, હિંમત અને ધીરજ ન રહેતી હોય, તો શું કરવું? પોતાનાં આંતરિક સ્વભાવો સામે પોતે હારી જતા હોઈએ. નિયમધર્મમાં ખામી આવી જતી હોય તો મનમાં એમ થઈ જાય કે કાંઈ થાય એવું લાગતું નથી. સ્વભાવ ટળશે કે નહિ ? કલ્યાણ થશે કે નહિ? બ્રહ્મરૂપ થવાની કે નિર્વાસનિક થવાની વાતો સાચી હશે ? જો સાચી હોય તો સત્સંગમાં કેમ બ્રહ્મરૂપ થયેલા ભક્તો સંતો દેખાતા નથી ? અથવા તો કેટલા વર્ષોથી સેવા ભક્તિ કરું છું છતાં હું કેમ બ્રહ્મરૂપ ન થયો ? આવા સંશયાત્મક વિચારોથી સાધના સેવા-ભક્તિ કરવામાં કે નિયમ પાળવામાં પાછા પડી જવાય. આવા સમયે શું કરવું ? આવા સમયે નીચેના ઉપાયો કરવા :-

(૧) મહારાજ સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપનું, એમનાં સામર્થ્યનો, મહિમાનો વિચાર કરવો. પ્રાપ્તિનો મહિમા સમજીએ - વિચારીએ તો જ પૂર્ણકામ પણું - કૃતાર્થપણું મનાય **(પ્ર. ૨૪,૬૩,૭૨ મ. ૧૩, વર.૧૨)**

❊ હું ભલેને ગમે તેવો રહ્યો પણ એ તો સમર્થ છે ને ?

રાજાનો છોકરો ગાંડો હોય, રોગી હોય, મૂળા સારુ રોતો હોય પણ રાજ તો એને જ મળશે. કારણકે તેનો પિતા સમર્થ છે.

(૨) એમના વચનમાં અતિશય શ્રદ્ધા-વિશ્વાસ તો દેહ છતાં બ્રહ્મરૂપ થવાય. **(સારંગપુર - ૯)**

❊ ડોક્ટર તાવ ઉતારવા ગોળી આપે છે, તો જેવો વિશ્વાસ દવામાં રહે છે, તેવો જ વિશ્વાસ ભગવાન અને સંતમાં રાખવો.

એમણે કહ્યું છે તો થશે જ. એમને ખોટું બોલવામાં શો સ્વાર્થ છે ?

(૩) શ્રીજી મહારાજ અને ગુણાતીત પરંપરાના સંબંધે જોબનપગી, મૂંજો સુરુ, માનભા, રામસંગ બાપુ, રિષુભા જેવા પતિત જીવોનું પરિવર્તન થયું છે તેવા પ્રસંગોનું વાંચન-શ્રવણ-કથન-ચિંતન-મનન કરવાથી આવો વિશ્વાસ દૃઢ થાય.

(૪) વાસ્તવિકતાનો વિચાર કરીને આકળા-ઉતાવળા ન થવું. અનંત જન્મોની વાસના, પ્રકૃતિ જીવ સાથે વળગેલી છે તે એક દિવસની ક્રિકેટ મેચની જેમ સાંજે પરિણામ ન આવે. વર્ષોની સાધના અને સંઘર્ષ જરૂરી છે. શ્રીજી મહારાજ વચ. **ગ.મ.૧**માં કહે છે આકળા - ઉતાવળા ન થવું એક દિવસમાં નિર્મોહી થઈ જવાતું નથી માટે ધીરજ રાખવી, હિંમત રાખવી. આજે આંબો વાવે તો સાંજે ને સાંજે ફળ ન આવે.

(૫) જગતમાં જે જે વ્યક્તિઓએ અશક્ય જણાતાં કાર્યો શક્ય કર્યા છે, ભયંકર નિષ્ફળતાઓને પગથિયાં બનાવીને સફળતાના શિખરે પહોંચ્યા છે. તેના પ્રસંગોનું વાંચન, શ્રવણ, કથન, મનન, ચિંતન કરવાથી આપણામાં પણ આત્મવિશ્વાસ પ્રગટ થાય.

- મનુષ્ય ચંદ્ર પર પહોંચ્યો.
- મનુષ્ય એવરેસ્ટ પર, બંન્ને ધ્રુવ પર ગયો.
- મેસ્નર તો એકલો ઓક્સિજન વગર એવરેસ્ટ પર ગયો.
- એક અંધ એવરેસ્ટ પર જઈ આવ્યો.
- ઈંગ્લીશ દરિયાઈ ખાડી નીચે ટનલ.
- પ્લેન, ટેલિફોન, ટીવી, કોમ્પ્યુટર વગેરેની શોધ.

(૬) અધ્યાત્મમાર્ગમાં પણ જે જે ભક્તોએ અનંત પ્રકારના વિઘ્નો વચ્ચે પ્રગતિ કરી છે તેમના પ્રસંગો વિચારવા.

- ધ્રુવ, પ્રહ્લાદ, નરસિંહ, મીરાં, તુકારામ વગેરે ભક્તો

- શ્રીજી મહારાજ અને ગુણાતીત પરંપરા તથા તેમના આશ્રિત સંતો - ભક્તોએ નિષ્કામધર્મ પાળ્યા, આજ્ઞા પાળી, સહન કર્યું, પોતાના ગુરુને રાજી કર્યા હોય એવા પ્રસંગો વિચારવા... તો આપણને પણ બળ મળે.

(૭) આપણા પોતાનો પણ વિચાર કરવો આજ સુધીમાં જે જે કરી શક્યા છીએ. નિયમ-ધર્મ, તપ, સેવા-ભક્તિ, સમર્પણ કરી શક્યા તે વિચારવું. જો આટલું કરી શક્યા તો આ પણ થઈ શકે એવો વિશ્વાસ જાગૃત થાય.

(૮) આળસ, પ્રમાદ, નિર્બળતાનો ત્યાગ કરીને શરૂઆત કરવી, ઘણીવાર શરૂઆત ન કરીએ ત્યાં સુધી બીક રહે - શરૂ કરીએ પછી સરળ થઈ જાય જેમ કે - પૂજાની શરૂઆત કર્યા પછી સંકોચ નીકળી જશે.

❊ તિલક ચાંદલો શરૂ કરશો તો ભય જતો રહેશે.

એ રીતે જે કાંઈ કરવાનું છે તેમાં હિંમત રાખીને,મહારાજ સ્વામી અને પ્રગટ ગુરુહરિના બળે કૂદી પડવું. તો ભય, સંકોચ, નબળાઈ જતા રહેશે.

(૯) મોટેરા સંતો - હરિભક્તોને મળીને ખુલાસા મેળવી લેવા, સમાધાન કરી લેવું. સમજણ અને બળ પ્રાપ્ત કરી લેવા. પોતાને જે નડે છે તે ટાળવાના ઉપાયો પૂછીને તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવો. કદાચ ત્યાંથી સમાધાન ન મળે તો અનુકૂળતાએ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી પણ માર્ગદર્શન મેળવવું તેમાં સંકોચ ન રાખવો.

(૧૦) શુદ્ધભાવે પ્રાર્થના : અનેક સમસ્યાઓનો ઉકેલ પ્રાર્થના દ્વારા મળશે તેઓ તો મદદ કરવા તૈયાર જ છે, જો આપણી પ્રાર્થના હોય તો..

❊ આ રીતે પોતાને આવતા મોળા વિચારોનું સમાધાન કરી લેવું. કદાચ તાત્કાલિક પોતાના મોળા વિચાર ન ટળે તો પણ એને ટાળવાના પ્રયત્નમાં જરૂર રહેવું. જીવનના અંત સુધી પુરૂષાર્થ કર્યા કરવો તો અંતે શ્રીજી મહારાજ અને પ્રગટ ગુરુહરિ આપણા પુરુષાર્થથી પ્રસન્ન થઈને કૃપા કરશે.

(વચ. પ્ર. ૭૦, સા. ૧૧)

❊ અહીં એક ખાસ ખ્યાલ રાખવો કે કદાચ પોતાને મોળા વિચારો આવતા હોય, પોતાનાથી નિયમધર્મ ન પળાતા હોય, મૂર્તિનું ધ્યાન ન થતું હોય તો પણ એવી મોળી વાતો કરીને બીજાના પગ ન ભાંગવા. બીજાને પાછા ન પાડવા. એક જીવને ભગવાનને માર્ગેથી પાછા પાડવાથી એક બ્રહ્માંડને ડૂબાડ્યાનું પાપ લાગે. માટે આવી હિંમતરહિત વાત થઈ જાય તો એક ઉપવાસ કરવાનું મહારાજ કહે છે.

❊ માટે સમર્થ શ્રીજી મહારાજ, સમર્થ ગુરુપરંપરા અને વર્તમાન કાળે સમર્થ પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે તે પ્રાપ્તિના આનંદમાં અલમસ્ત રહેવું અને સાથે સાથે એમના આદેશ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન પણ કરવો. અને બ્રહ્માનંદ સ્વામીના પદો વિચારવા.

❊ હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે.

❊ ટેક ન મેલે રે, તે મરદ ખરાં જગમાંહી

❊ જો હોય હિંમત રે, નરને ઉરમાંહી .....

❊ પેટ કટારી રે, મારીને સન્મુખ ચાલ્યા.

ઉપરોક્ત ચાર પદો વાંચીને વિચરવા તેમાંથી બળ-હિંમત મળશે. ગુરુહરિ રાજી થશે.

• • •

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીસમું : એકાંતિક ધર્મવાળાનું - અક્ષરનાં બે સ્વરૂપનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળી પાઘ માથે બાંધી હતી, ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાની આગળ સાધુ ઝાંઝ, પખાજ લઈને કીર્તન ગાતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના સત્સંગીઓની સભા ભરાઈને બેઠી હતી.

પછી તે સર્વેને શ્રીજીમહારાજે છાના રાખ્યા ને એમ બોલ્યા જે, 'સર્વે સાંભળો, એક વાર્તા કરીએ.' એમ કહીને ઝાઝી વાર સુધી તો નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, 'જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય તે ભગવાનને પ્રસન્ન કરવાનો તો એ ઉપાય છે જે, **પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ.** અને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે.'

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીસમું વચનામૃત થયું.

(નોંધ : '◎' <u>નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.</u>)

● **વચનામૃતની વિશેષતા :**

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભગવાનને અતિશય પ્રસન્ન કરવાનો ઉપાય બતાવે છે.

એકાંતિક ધર્મનાં ચાર અંગો સમજાવે છે.

● **નિરૂપણ :**

❊ **મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય.**

કોઈ પણ કાર્યની સફળતાના વટવૃક્ષનું બીજ છે - વ્યક્તિની પોતાની ઇચ્છા.

જ્યાં સુધી મનમાં કંઈ પણ કરવાની ઇચ્છા ન થાય ત્યાં સુધી કોઈ કાર્ય સિદ્ધ ન થાય.

❊ ધ્યેયની સ્પષ્ટતા અને દઢતા વગર ન કાંઈ કરી શકાય, ન કાંઈ મેળવી શકાય.

જો ઇચ્છા ન હોય તો ગમે તેવી સુવિધા હોવા છતાં વિદ્યાર્થી ભણી ન શકે, પરંતુ જો ઇચ્છા હોય તો ગમે તેવી મુશ્કેલી, ગમે તેવી ઉપાધિ, અગવડ હોય તોપણ ભણી શકાય.

❊ વિશ્વમાં જે કોઈ ક્ષેત્રમાં જે કોઈ વ્યક્તિને સફળતા મળી છે, તેનું કારણ તેની પાસે સારા સંજોગો હતા, એવું નથી. પરંતુ તે સફળતા પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના-તમન્ના હતી. પરિણામે અનેક પ્રકારની મુશ્કેલીમાંથી તેઓ માર્ગ કાઢી શક્યા છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ધ્રુવ, પ્રહ્‌લાદ કે શ્રીજીમહારાજના સંતો-ભક્તોને ભગવાન ભજવા માટે ક્યાં સારા અને સાનુકૂળ સંજોગો હતા? ભગતજી મહારાજને, શાસ્ત્રીજી મહારાજને કે યોગીજી મહારાજને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનમાં ક્યાં સાનુકૂળ સંજોગો હતા ? છતાં દઢ ઇચ્છા હતી, તો કરી શક્યા.

❊ પ્રમુખસ્વામી મહારાજને દઢ ઇચ્છા હતી તો અનેક પ્રકારની મુશ્કેલી છતાં લંડનમાં મંદિર કે દિલ્હીમાં અક્ષરધામ ઊભું કરી શક્યા.

ટૂંકમાં, આપણી પોતાની ઇચ્છા હોય તો કોઈ પણ કાર્ય થઈ શકે.

બીજું, ભગવાનને પ્રસન્ન કરવાનો અધિકાર કોઈ વ્યક્તિ, જ્ઞાતિ કે સમાજ પૂરતો મર્યાદિત નથી. તેમાં ઉંમર, જાતિ, બુદ્ધિ, સત્તા, ધન, આશ્રમનો કોઈ માપદંડ નથી. નાના-મોટા, સ્ત્રી-પુરુષ, ભણેલો-અભણ, ધનવાન-નિર્ધન સૌ કોઈ ભગવાનને પ્રસન્ન કરી શકે છે, એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકે છે.

તેથી મહારાજ અહીં કહે છે કે જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય.....

પરંતુ આપણને અહીં પ્રશ્ન થાય કે ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા શા માટે કરવી ? ભગવાનને રાજી કરવાથી શો લાભ થાય ? કારણ કે એવી કહેવત છે, 'લાલો લાભ વગર લોટે નહીં'.

● **ભગવાનને શા માટે અતિ પ્રસન્ન કરવા ?**

❊ સામાન્ય રીતે આપણામાં સહજવૃત્તિ રહી છે, કોઈકને રાજી કરવાની, કોઈકનો રાજીપો મેળવવાની.

❊ પતિ-પત્ની, માતા-પિતા-સંતાનો, બે ભાઈઓ કે ભાઈ-બહેન, બે મિત્રો એકબીજાને રાજી કરવા પ્રયત્ન કરતા હોય છે. વળી, સરકારી અધિકારી, રાજકીય નેતા કે એવા લોકના પ્રતિષ્ઠિત માણસને રાજી કરવાની વૃત્તિ હોય છે અને એ માટે પ્રયત્ન પણ થતો હોય છે.

❊ આ લોકના જીવોને રાજી કરવાથી જરૂર કંઈક તો લાભ થાય છે. પરંતુ એમનો રાજીપો શાશ્વત નથી, અને એમને રાજી કરવાથી જે કંઈ લાભ થાય છે, તે પણ શાશ્વત નથી. આ લોકના માણસનો ક્ષણભંગુર રાજીપો અને એ ક્ષણભંગુર રાજીપાથી પ્રાપ્ત થનાર ક્ષણભંગુર લાભ માટે આખી જિંદગી હોમવા કરતાં ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવાથી આ લોક અને પરલોકમાં સુખી થવાય છે.

❊ સં. ૧૯૦૭, જૂનાગઢ મંદિરમાં બ્રહ્મચારી નિજ મંદિરમાંથી સુખશય્યામાં જઈ શકે તેવી વ્યવસ્થા કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીએ જામનગરના પમા કડિયાને કહ્યું. સ્વામીએ તેને વાત કરી કે 'આ સુખશય્યાનું બહારનું બારણું બંધ કરી, જો તું અંદર

બારણું મૂકી આપ તો અમે તને અક્ષરધામનું બારણું બતાવીએ.' પમા કડિયાએ બે દિવસ રોકાઈને સ્વામીને પ્રસન્ન કરવા માટે તેમની મરજી મુજબ બારણું ગોઠવી દીધું. સ્વામીએ રાજી થઈ પમા કડિયાને અક્ષરધામ બતાવ્યું તથા તેને સિંહાસનમાં શ્રીજીમહારાજનાં પણ દર્શન થયાં.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૪૫**માં કહ્યું છે કે 'ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે.'

◎ મોમ્બાસામાં પ્રમુખસ્વામી મહારાજને એક સંતે વાત કરી, 'એક ટેલિફોન અધિકારી ૧૯૮૭માં બોચાસણમાં કેટલકેમ્પ જોવા આવેલા. તે બધી વ્યવસ્થા જોઈને ખૂબ પ્રસન્ન થયા. બોચાસણ મંદિરમાં એસ.ટી.ડી. ફોનનું કનેક્શન ઘણા સમયથી પ્રયત્ન કરવા છતાં નહોતું મળતું. આ ટેલિફોન અધિકારી આપણી કેટલકેમ્પની સેવા જોઈ રાજી થયા અને બીજા જ દિવસે એસ.ટી.ડી. ફોન ચાલુ થઈ ગયો.' આ સાંભળી સ્વામીબાપા કહે, 'આ લોકના માણસ રાજી થાય તોય આટલું કામ થઈ ગયું, તો ભગવાન રાજી થાય તો અક્ષરધામનો એસ.ટી.ડી. જોડી આપે, અક્ષરધામ આપી દે. આ લોક અને પરલોક બંનેમાં સુખિયા કરી દે.'

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

કરીએ રાજી ઘનશ્યામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ,
તો સરે સરવે કામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ.

● ભગવાનને પ્રસન્ન કરવાના ઉપાય :

❊ ભગવાનને રાજી કરવા માટે ઘણા લોકો અનેક પ્રકારનાં ઉપાયો-સાધનો કરતા હોય છે. કોઈ જપ કરે, તો કોઈ દાન કરે, કોઈ યજ્ઞ કરે તો કોઈ તીર્થયાત્રા કરે, કોઈ તપ કરે તો કોઈ ધ્યાન કરે. કોઈ હિમાલયમાં હાડ ગાળે, કોઈ સમાજસેવા કરે, કોઈ પ્રવચનો કરે તો કોઈ કીર્તનો ગાય.

❊ આ અને આવા અનેક પ્રકારના ઉપાયો પોતપોતાની રુચિ અને સમજણ પ્રમાણે લોકો કરતા હોય છે.

❊ કેટલીક વાર આવાં સાધનો મનનાં ધારેલાં હોય છે. મનધાર્યું કરવામાં જીવને એક વિશિષ્ટ પ્રકારના માનનો સ્વાદ આવતો હોય છે. પરિણામે અનંત પ્રકારનાં સાધનો કરવા છતાં ભગવાનના રાજીપાની અનુભૂતિ થતી નથી. રાજીપાના પરિણામે થતી શાંતિની અનુભૂતિ થતી હોતી નથી.

❊ આપણે જેમને રાજી કરવા છે એ શ્રીજીમહારાજ પોતે જ અતિશય રાજીપાનો ઉપાય આ વચનામૃતમાં બતાવે છે.

❊ મુખ્યત્વે તો માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ કરવાની છે. એ ભક્તિમાં વિઘ્ન ન આવે તે માટે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને ભક્તિનાં સહાયક અંગો કહ્યાં છે. તેથી ભક્તિ કરવાની છે, તે -

૧. ધર્મે સહિત ૨. આત્મનિષ્ઠા (જ્ઞાને) સહિત
૩. વૈરાગ્યે સહિત
૪. માહાત્મ્યજ્ઞાને સહિત - કરવાની છે.

● હવે આ મુદ્દાને વિગતવાર સમજીશું.

૧. સ્વધર્મને વિશે અચલ નિષ્ઠા

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૫૧**માં કહે છે કે 'મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.'

◎ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૩૪**માં કહે છે કે, 'પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડોઅવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે, અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે, અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે, માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો ક્લેશ થાય છે... ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.'

* નિષ્કુળાનંદ સ્વામીએ વચનવિધિમાં કહ્યું છે :
અલ્પ સુખ સારુ આજ્ઞા, લોપે છે શ્રીહરિ તણી,
પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.
* કવિવર ન્હાનાલાલ કહે છે, 'આ સંપ્રદાય છે આચાર સ્વચ્છતાનો, સર્વદેશીય આંતર્બહિર્ સ્વચ્છતાનો. આ સંપ્રદાયની ઉજળામણ જ અનોખી.' સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રખ્યાતિ 'ઊજળા સંપ્રદાય' તરીકેની છે. કારણ કે ભક્તોએ શુદ્ધ વર્તી પોતાના જીવનને અને સંપ્રદાયને ડાઘ લાગવા દીધો નથી.'
* લંગાળાના માંડણ ભગત અને એની સ્ત્રી ગાડામાં જતાં હતાં. રસ્તામાં તેની સ્ત્રી નીચે ઊતરી અને તેણે રસ્તામાં પડેલું સૂતરનું નાડું લીધું. ભગતે પૂછ્યું, 'શું લીધું ?' બાઈ કહે, 'કાંઈ નહીં.' ભગત કહે, 'બોલ. નીકર પાટુ મારીશ.' ત્યારે બાઈએ કહ્યું કે 'નાડું લીધું છે.' ભગત કહે, 'નાડું નાખી દે, નહીં તો તારા હાથનું અન્નજળ હરામ છે.' તેની સ્ત્રીએ નાડું નાખી દીધું.

'પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ' એ શ્રીહરિના ભક્તોની જીવનશૈલી હતી.
* ધર્મનિષ્ઠામાં સૌથી અગત્યની બાબત છે નિષ્કામધર્મ.

વચનામૃત ગઢડા મધ્ય-૩૩માં કહ્યું, 'જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે.'
* એક વાર કવિ દલપતરામ કિન્લોક ફાર્બસને ભણાવતા હતા. ત્યાં બંને માટે મિજલસમાં (ગાનતાનના જલસામાં) પધારવાનું સુરતના નવાબી કુટુંબનું નિમંત્રણ આવ્યું. નિમંત્રણ આપનાર વ્યક્તિ ગયો એટલે ફાર્બસે દલપતરામને કહ્યું કે 'નવાબ સાહેબના મહેલમાં આપણે સાથે જઈશું.' નિયમ-ધર્મમાં ચુસ્ત સત્સંગી દલપતરામે ફાર્બસને ત્યાં જવાની ના પાડી. દલપતરામ કહે, 'ત્યાં તો રામજણી (ગણિકા)ઓના નાચ હોય. હું તે જોવા જતો નથી.' દલપતરામે તેને સ્વધર્મનિષ્ઠા સમજાવી, જેના પરિણામે ફાર્બસે પણ ક્યારેય આવી મિજલસમાં ન જવાનો નિર્ણય લીધો.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજે આવા તો સેંકડો ધર્મનિષ્ઠ યુવાનોની સેના હળાહળ કળિયુગમાં તૈયાર કરી છે. તેમણે પોતે વર્તીને યુવાનોને આ માર્ગે રાહ ચીંધી છે.
* તા.૮/૮/૧૯૮૮ના રોજ રેસીનમાં એક પત્રકારે સ્વામીબાપાને પૂછ્યું કે, 'તમને સ્ત્રીનો અનુભવ કયારેય થયો છે ?' પળનાય વિલંબ વિના સ્વામીબાપાએ જવાબ આપ્યો, 'ત્રિકાળમાંય નહીં.'

મહંતસ્વામી મહારાજે તો બ્રહ્મચર્ય વ્યવસ્થિત પાળી યોગીબાપાને રાજી કરી શકાય તે માટે કોલેજ બદલી નાંખી ! ભગવાન સ્વામિનારાયણે આપેલા પંચવર્તમાનનું સ્વામીશ્રી અક્ષરશઃ પાલન કરે છે, એમ કહેવા કરતાં વધુ ઉચિત એમ છે કે પંચવર્તમાન એમનું જીવન બની ગયા છે !

૨. દૃઢ આત્મનિષ્ઠા :
* આત્મનિષ્ઠા એટલે શરીરમાં રહેલા અને શરીરને કાર્યરત બનાવનાર ચેતન તત્ત્વ આત્માને પોતાનું સ્વરૂપ માનવું. 'હું દેહમાં રહેલો અને ત્રણ દેહથી જુદો આત્મા છું, અને મારે વિશે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણ અખંડ રહ્યા છે.' આવી નિષ્ઠા દૃઢ થવી તે જ આત્મનિષ્ઠા.

આત્મનિષ્ઠાની મહત્તા શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં સમજાવે છે.
* શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૬**માં કહે છે કે 'આત્મનિષ્ઠારૂપ એક ગુણ આવે તો સર્વ ગુણમાત્ર આવે છે.'
* વળી, શ્રીજીમહારાજે પ્રવર્તાવેલાં ૧૦૮ પ્રકરણોમાંથી હસતાં મુખે પસાર થયેલા પરમહંસોને શ્રીજીમહારાજ કહે છે :-

એક વાત કહું માનો તેહ, આપણે આત્મા નહીં દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.

❊ એક વાર શ્રીજીમહારાજ ઘેલા નદીમાં પૂર આવેલું હતું, તે જોવા માટે રતનજી, ભગુજી સાથે ગયેલા. શ્રીજીમહારાજ કહે, 'આ પૂરમાં હાથી, ઘોડા કે ઊંટ પડ્યાં હોય તો સામે પાર નીકળે કે નહીં ?' ભગુજી કહે, 'તણાઈ જાય.' મહારાજ કહે, 'પૂર ઊતરી જાય તો પાર જવાય કે નહીં ?' ભગુજી કહે, 'નાના છોકરા પાર કરી લે.' મહારાજે આ દૃશ્ય પરથી મનન આપતાં કહ્યું કે, 'જીવના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, સ્નેહ ને માનરૂપી પૂરનો વેગ જબરો છે. તેથી જીવ સંસારસાગર તરતા નથી, પણ જો આત્મનિષ્ઠા હોય ને અમારા સ્વરૂપનું માહાત્મ્ય હોય તો આ પાંચે દોષનાં પૂર સહેજે તરી જવાય.'

❊ જેને જેને આત્મનિષ્ઠા દૃઢ થઈ છે, તેમને ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખ, અગવડ-સગવડમાં સ્થિરતા અને સમતા રહે છે.

❊ તા.૨૩/૧૦/૧૯૯૭, લંડન : ટ્રસ્ટીઓની મીટિંગમાં ડો. આઈ. પી. પટેલે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું, 'આ જીતુભાઈ મંદિરના કાર્ય માટે જાય તો કેટલીક વાર ગાળો પણ ખાવી પડે છે, પણ સેવા છે એટલે સહન કરી લે છે.' ત્યારે સ્વામીબાપા કહે, 'આપણું જ્ઞાન આવા સમયે જ કામ લાગે છે. કોઈ કહી જાય કે ડોક્ટર મૂરખ છે, પણ આપણે વિચાર કરી લેવો કે ક્યાં મૂરખ છીએ? આત્માની દૃષ્ટિ હોય તેને ગાળ લાગે નહીં. આત્મનિષ્ઠાવાળાને શબ્દ આકાશનો જ ભાગ છે. અડે જ નહીં !'

◎ ગુણાતીત સત્પુરુષના કેવાં અપમાનો થયાં છે? કેવી અગવડ! કેવાં વિઘ્નો ! કેવો વિરોધ ! છતાં સ્થિરતા કેમ ? પોતાની એવી બ્રહ્મસ્થિતિ (આત્મસ્થિતિ) પોતાના આત્માનું સતત અનુસંધાન છે તેથી.

◎ ગોંડલમાં એક સંતથી ઘી ઢોળાયું. યોગીજી મહારાજે એ ભૂલ પોતાને માથે લીધી. નિર્ગુણ સ્વામીએ ઠપકો આપ્યો. યોગીજી મહારાજ હકાબાપુને કહે, 'પોતાને અક્ષરરૂપ માને તો બધું જ ફીફાં છે.'

◎ ૭૪ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજને નૈરોબીથી પાછા આવવું પડ્યું. તેમણે પૂ. કોઠારી સ્વામીની ડાયરીમાં લખ્યું : પોતાને અક્ષરરૂપ (આત્મારૂપ) માને તો માન-અપમાન ક્યાં રહ્યાં ?

◎ તા.૬/૧૨/૨૦૧૭, સ્વામીશ્રી જયપુર એરપોર્ટ પર પધાર્યા, પણ કાંઈક કારણોસર એક કલાક એરપોર્ટ પર રાહ જોવી પડી. એક કલાકના અંતે પણ સ્વામીશ્રી સ્થિર, ધીર અને શાંતચિત્ત હતા. કોઈ જ રઘવાટ કે ઉચાટ નહોતો કે 'આવું કેમ થયું? કેમ સમજતા નથી ?'

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે 'માન-અપમાનયોઃ તુલ્યઃ' જેને માન-અપમાનમાં તુલ્યભાવ-સમભાવ વર્તે છે, 'ગુણાતીતઃ સ ઉચ્યતે' તે પુરુષ ગુણાતીત કહેવાય છે.

ગુણાતીતના સંગે અનેક ભક્તો ગુણાતીત થયા છે.

◎ ૧૯૮૫માં કેનેડાના ભગવાનજીભાઈ માંડવિયાને બ્લડ-કેન્સરનું નિદાન થયું ત્યારે તેઓ સહેજ પણ વિચલિત થયા નહોતા. આ જીવલેણ બીમારી દિન-પ્રતિદિન વકરવા લાગી ત્યાં સુધી તેમણે કોઈને જણાવ્યું પણ નહીં. મિત્રોને તેઓ ફોન પર આધ્યાત્મિક જ્ઞાન ઘૂંટાવતા ત્યારે તે મિત્રોને પણ ખ્યાલ નહોતો કે તેઓ ઓફિસ કે ઘરથી નહીં, પરંતુ મૃત્યુના બિછાનેથી વાત કરી રહ્યા છે !

અંતિમ દિવસોમાં તેમણે તેમના ભાઈને પત્ર લખેલો, જેમાં તેમનો જ્ઞાનવૈભવ અને સ્થિરતા દૃશ્યમાન થાય છે : 'શારીરિક દુઃખ બધાને આવે છે. રામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરુષોને પણ કેન્સર થયું હતું. એટલે માંદગી ને મૃત્યુથી કોઈએ ક્યારેય ગભરાવું જોઈએ નહીં. પ્રમુખસ્વામી મહારાજ જેવા ભગવાનના ધારક સંતનું શરણ ક્યારેય છોડવું જોઈએ નહીં.'

આવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ એ જ જ્ઞાનનું લક્ષણ છે.

૩. દૃઢ વૈરાગ્ય :

❊ વૈરાગ્ય એટલે ભગવાન વિના અન્ય કોઈ પણ પદાર્થમાં કે વિષયમાં કોઈ પણ પ્રકારનો રાગ અર્થાત્ આસક્તિ નહીં.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૧૭**માં કહે છે, જ્યાં સુધી જીવને પંચવિષયમાં રાગ અર્થાત્ આસક્તિ છે ત્યાં સુધી તેને વિઘ્ન છે. કારણ કે તુચ્છ પદાર્થને લીધે ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય છે. સમૈયા-ઉત્સવમાં આગળ બેસવા ન મળે, વી.આઈ.પી. ભોજન પાસ, ઉતારો ન મળે તો વ્યક્તિ સત્સંગ છોડવા તૈયાર થઈ જાય છે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૧**માં કહે છે, 'વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે ભગવાનની જેમ બીજા પદાર્થમાં ભગવાન જેવી પ્રીતિ થઈ જાય...'

❋ ભરતજીએ રાજ્યનો ત્યાગ કર્યો, પરંતુ મૃગમાં રાગ રહી ગયો, તો મૃગનો જન્મ લેવો પડ્યો.

◎ ગુરુ જાનકીદાસ અને તેમનો શિષ્ય શીતળદાસ લોજ ગામે એક માસ રોકાયા. પોતાના પુસ્તકનું પોટલું લોજમાં મહારાજ પાસે મૂકી યાત્રા કરવા નીકળ્યા. યાત્રામાં ગુરુ જાનકીદાસ બીમાર પડ્યા અને અંતે દેહ પડી ગયો. શીતળદાસને ગુરુના મૃત્યુથી ઘણું દુઃખ થયું. તે પાછો લોજ આવ્યો. ગુરુના બ્રહ્મલીન થવાથી તેને બહુ દુઃખ થયું હતું. તેમાં વળી શ્રીજીમહારાજે તેને કહ્યું, ''તારા ગુરુ બ્રહ્મલીન થયા નથી, અહીં જ છે.'' તેથી તેને આશ્ચર્ય થયું.

મહારાજે શીતળદાસને કહ્યું, 'તમે તમારી પોથી અહીં મૂકી ગયા હતા. તેમાં શું છે તે જાણો છો?' શીતળદાસે કહ્યું, 'હા મહારાજ ! એ પોથી લેવા જ હું આવ્યો છું. તેમાં ગીતાજીનું પુસ્તક, ચપ્પુ અને કાતર છે. અને ૧ સોનામહોર તથા અર્ધો રૂપિયો છે.' મહારાજે કહ્યું. 'તે પોથી અહીં લાવો અને ખોલો.' મહારાજે સોનામહોરની ડાબલી ખોલાવી. શીતળદાસે જોયું તો ડાબલીમાં સોનામહોર ઉપર સાપનો નાનો કણો ફરતો હતો. મહારાજે કહ્યું, 'આ તારા ગુરુ છે. બ્રહ્મલીન થયા નથી, પણ સોનામહોરમાં વાસના રહી જવાથી સાપનો કણો થયા છે.' શીતળદાસને ગુરુના શબ્દો યાદ આવ્યા. દેહ મૂકતા બોલ્યા હતા કે 'પોથીમાં સોનામહોર છે.'

◎ વળી, પંચવિષયમાં આસક્તિને લીધે જ અનેક પ્રકારનાં વિઘ્નો અને પ્રશ્નો ઊભાં થાય છે.

લવિયો દરજી - રીંગણામાં આસક્તિ તો વિઘ્ન થયું.

રાવણને સીતામાં રાગ - તો પરિણામ ?

કુળ સહિત નાશ.

દુર્યોધનને સત્તામાં રાગ - તો પરિણામ?

કુળ સહિત નાશ.

અને કંચન, કામિની અને કીર્તિમાં રાગને લીધે સમાજમાં કેવા પ્રશ્નો અને ગુનાઓ થાય છે! વ્યસનોમાં રાગને લીધે કેવી બરબાદી ?

❋ વળી, જ્યાં સુધી પંચવિષયમાં રાગ છે ત્યાં સુધી તેને ભગવાનનું સુખ પણ નથી આવતું કારણ કે,

ચિત્ત કી વૃત્તિ એક હૈ, ભાવે તહાં લગાઓ;
ચાહે તો હરિ કી ભક્તિ કરો, ઔર ચાહે તો વિષય કમાઓ.

❋ ૧૯૬૭, મુંબઈમાં યોગીબાપાએ જેઠાભાઈ વગેરેને બોલાવી પૂછ્યું, 'મુંબઈ જોયું ? કેવું લાગ્યું ?' બધા કહે, 'બાપા ! બહુ સારું લાગ્યું.' યોગીબાપા હસતાં હસતાં કહે, 'કંઈ માલ નથી. ખોરડાં ઉપર ખોરડાં છે. ક્યાંય સોનાની ઈંટ જોઈ ! કદાપિ સોનાનાં મકાન હોય, તોપણ માલ નથી. એક ભગવાનની મૂર્તિમાં માલ છે. અક્ષરદેરીમાં શાંતિ છે, તેવી શાંતિ ક્યાંય નથી.'

❋ પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા, 'દેશ-પરદેશ ફરીએ પણ મન તો ભગવાનનાં ચરણારવિંદમાં જ રાખીએ.'

❋ તા.૩૧/૫/૨૦૧૭, સારંગપુર : આજે હરિભક્તોએ ઠાકોરજી અને સંતોને આઇસક્રીમની રસોઈ આપી હતી. મહંતસ્વામી મહારાજે પુષ્પ પધરાવી આઇસક્રીમ પ્રસાદીભૂત કરી આપ્યો. સેવક સંતોએ સ્વામીશ્રીને થોડું ગ્રહણ કરવા વિનંતી કરી તો ના પાડી. અડધી ચમચી લેવા આગ્રહ કર્યો તો કહે, 'કડવું લાગે છે.'

વિશેષતા તો એ છે કે બે મહિના પૂર્વે જ સ્વામીશ્રી બોલેલા કે 'દવા ગમે એવી કડવી હોય તો અમને

કાંઈ નહીં, બધું સરખું લાગે.' સ્વામીશ્રીને દવા કરતાં આઈસક્રીમ વધુ કડવો લાગે છે !

પંચવિષયની છોળો જેમને લલચાવી શકતી નથી, એ જ વૈરાગ્યની પરાકાષ્ઠા છે !

૪. માહાત્મ્યજ્ઞાને સહિત નિષ્કામ ભક્તિ :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૫**માં કહે છે કે 'એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય, અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિશે નિવાસ કરીને રહે.'

❊ ૧૯૭૯, લંડનમાં નગરયાત્રાનું આયોજન હતું. હાથીની અંબાડી પર પ્રમુખસ્વામી મહારાજને બેસવાનું હતું. સ્વામીબાપા ઠાકોરજી સાથે બેઠા. થોડી વારમાં વરસાદ શરૂ થયો. કોઈકે છત્રી આપી, પણ સ્વામીબાપાએ છત્રી ઠાકોરજી પર ધરી. પોતે પલળતા રહ્યા. હજારો લોકો સ્વામીશ્રીની આ ભક્તિનાં દર્શન કરતા રહ્યા.

❊ પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાને બીજમાંથી વટવૃક્ષ બનાવી જગતભરમાં હિન્દુ સંસ્કૃતિનું અભૂતપૂર્વ ગૌરવ વધાર્યું, છતાં પોતે કોઈ કાર્યના ધણી થતાં જ નથી. 'આ મેં કર્યું છે' કે 'હું કરું છું' એવો વિચારમાત્ર નથી ! કરનાર મહારાજ-સ્વામી જ છે, એ તેમનું દૃઢ મંતવ્ય હતું.

ગાંધીનગર ખાતે 'અક્ષરધામ' જોઈને અતિ પ્રભાવિત થયેલા બિહારના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ અજય વર્માએ સ્વામીબાપાને કહ્યું, 'અક્ષરધામ કે સર્જનહાર કો મિલને કી બહોત ઉત્કંઠા થી.' સ્વામીબાપા કહે, 'સર્જનહાર તો સબકા ભગવાન હી હૈ. સબમેં પ્રેરણાદેનેવાલે ભગવાન હૈ.'

વર્તમાનકાળે મહંતસ્વામી મહારાજના જીવનમાં પણ આવી જ ભક્તિનાં દર્શન આપણને થાય છે. ભક્તિના તમામ આયામ તેમને સહજ સિદ્ધ છે. એટલે જ ભગવાનનું કે ગુરુનું લેશ ગૌણપણું ચલાવી લેતા નથી.

❊ તા.૩/૧૦/૧૬, નડિયાદ : વિદ્યાનગરથી સંતો છાત્રાલયના યુવકોએ બનાવેલી સુંદર ભગવી ચાદર સ્વામીશ્રીને પહેરાવવા ગયા, પણ સ્વામીશ્રીએ તેમને પ્રથમ આ ચાદર ઠાકોરજીને ધરાવવા કહ્યું.

રોજ કેટલા બધાં હાર-ચાદર સ્વામીશ્રીને અર્પણ થાય છે, તેમાંથી એકાદ બાકી છે, તેનું અનુસંધાન રહેવું એ પરાભક્તિનું પરિમાણ છે.

❊ આ રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ યુક્ત એકાંતિક ધર્મ જીવનમાં દૃઢ થાય તો ભગવાનની અતિશય પ્રસન્નતા થાય. એ વગર તે સમય પૂરતો રાજીપો થયો હોય તેવું લાગે, પરંતુ તે રાજીપો નથી. અલૈયા ખાચર, જીવા ખાચર, ફઈબા વગેરેએ તે તે સમયે સેવા કરીને રાજીપો મેળવેલો, પરંતુ એકાંતિક ધર્મની સ્થિતિ વગર રાજીપો ટક્યો નહીં.

● **એકાંતિક ધર્મ પામવાનો ઉપાય :**

❊ એકાંતિક ધર્મની પ્રાપ્તિ વિશે શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૦**માં કહે છે કે, 'જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.'

❊ ગુણાતીત સત્પુરુષના પ્રસંગ થકી કેટલાય સંતો-ભક્તોને એવી સ્થિતિ પ્રાપ્ત થઈ છે. તેથી મહારાજ કહે છે કે સત્સંગમાં આવા એકાંતિક ભક્તો ઘણા છે, જેથી આપણને વિશ્વાસ આવે કે આવી સ્થિતિ થઈ શકે છે. આ સ્થિતિ અશક્ય નથી. એક વ્યક્તિ એવરેસ્ટ પર જઈ શકે તો બીજા પણ જઈ શકે છે, એવો વિશ્વાસ પ્રગટ થાય. એમ સત્સંગમાં આવા કેટલાક ભક્તોની સ્થિતિ જોઈએ ત્યારે આપણને પ્રતીતિ થાય કે પ્રગટ સત્પુરુષ મહંતસ્વામી મહારાજના પ્રસંગ થકી જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ દૃઢ થઈ શકે છે. અર્થાત્ છતી દેહે એકાંતિક ધર્મ દૃઢ થઈ શકે છે.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીસમું : એકાંતિક ધર્મવાળાનું - અક્ષરનાં બે સ્વરૂપનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળી પાઘ માથે બાંધી હતી, ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાની આગળ સાધુ ઝાંઝ, પખાજ લઈને કીર્તન ગાતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના સત્સંગીઓની સભા ભરાઈને બેઠી હતી.

પછી તે સર્વેને શ્રીજીમહારાજે છાના રાખ્યા ને એમ બોલ્યા જે, ‘સર્વે સાંભળો, એક વાર્તા કરીએ.’ એમ કહીને ઝાઝી વાર સુધી તો નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, ‘જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય તે ભગવાનને પ્રસન્ન કરવાનો તો એ ઉપાય છે જે, **પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ.** અને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે.’

... ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીસમું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

❊ આ વચનામૃતમાં શ્રીજી મહારાજ ભગવાનને અતિશય પ્રસન્ન કરવાનો ઉપાય બતાવે છે. એકાંતિક ધર્મનાં ચાર અંગો સમજાવે છે.

● **નિરૂપણ :-**

❊ **મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઈચ્છા હોય.**

❊ જ્યાં સુધી મનમાં કંઈ પણ કરવાની ઈચ્છા ન થાય ત્યાં સુધી કોઈ કાર્ય સિદ્ધ ન થાય.

❊ કોઈ પણ કાર્યની સફળતાના વટવૃક્ષનું બીજ છે - વ્યક્તિની પોતાની ઈચ્છા.

❊ ધ્યેયની સ્પષ્ટતા અને દઢતા વગર ન કાંઈ કરી શકાય, ન કાંઈ મેળવી શકાય.

❊ જો ઈચ્છા ન હોય તો ગમે તેવી સુવિધા હોવા છતાં વિદ્યાર્થી ભણી ન શકે પરંતુ જો ઈચ્છા હોય તો ગમે તેવી મુશ્કેલી, ગમે તેવી ઉપાધિ, અગવડ હોય તોપણ ભણી શકાય.

❊ વિશ્વમાં જે કોઈ ક્ષેત્રોમાં જે કોઈ વ્યક્તિને સફળતા મળી છે, તેનું કારણ તેની પાસે સારા સંજોગો હતા, એવું નથી. પરંતુ તે સફળતા પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના-તમન્ના હતી. પરિણામે અનેક પ્રકારની મુશ્કેલીમાંથી તેઓ માર્ગ કાઢી શક્યા છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ધ્રુવ, પ્રહ્‌લાદ કે શ્રીજી મહારાજના સંતો-ભક્તોને ભગવાન ભજવા માટે ક્યાં સારા અને સાનુકૂળ સંજોગો હતા? ભગતજી મહારાજને, શાસ્ત્રીજી મહારાજને કે યોગીજી મહારાજને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનમાં ક્યાં સાનુકૂળ સંજોગો હતા ? છતાં દઢ ઈચ્છા હતી, તો કરી શક્યા.

❊ પ્રમુખસ્વામી મહારાજને દઢ ઈચ્છા હતી તો અનેક પ્રકારની મુશ્કેલી છતાં લંડનમાં મંદિર કે દિલ્હીમાં અક્ષરધામ ઊભું કરી શક્યા.

ટૂંકમાં, આપણી પોતાની ઈચ્છા હોય તો કોઈ પણ કાર્ય થઈ શકે.

તેથી મહારાજ અહીં કહે છે કે જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઈચ્છા હોય.....

પરંતુ આપણને અહીં પ્રશ્ન થાય કે ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઈચ્છા શા માટે કરવી ? ભગવાનને રાજી કરવાથી શો લાભ થાય ? કારણ કે એવી કહેવત છે, 'લાલો લાભ વગર લોટે નહિ'.

● **ભગવાનને શા માટે અતિ પ્રસન્ન કરવા ?**

❊ સામાન્ય રીતે આપણામાં સહજવૃત્તિ રહી છે, કોઈકને રાજી કરવાની, કોઈકનો રાજીપો મેળવવાની.

❊ પતિ-પત્ની, માતા-પિતા-સંતાનો,બે ભાઈઓ, કે ભાઈ-બહેન, બે મિત્રો એકબીજાને રાજી કરવા પ્રયત્ન કરતા હોય છે, વળી, સરકારી અધિકારી, રાજકીય નેતા કે એવા લોકના પ્રતિષ્ઠિત માણસને રાજી કરવાની વૃત્તિ હોય છે. અને એ માટે પ્રયત્ન પણ થતો હોય છે.

❊ આ લોકના જીવોને રાજી કરવાથી જરૂર કંઈક તો લાભ થાય છે. પરંતુ એમનો રાજીપો શાશ્વત નથી, અને એમને રાજી કરવાથી જે કંઈ લાભ થાય છે તે પણ શાશ્વત નથી. આ લોકના માણસનો ક્ષણભંગુર રાજીપો અને એ ક્ષણભંગુર રાજીપાથી પ્રાપ્ત થનાર ક્ષણભંગુર લાભ માટે આખી જિંદગી હોમવા કરતાં ભગવાન અને ગુણાતીત સંતને રાજી કરવાથી આ લોક અને પરલોકમાં સુખી થવાય છે. ભગવાન અને સંતને રાજી કરવાથી શો લાભ થાય છે તે વિશે શ્રીજી મહારાજ નીચેનાં વચનામૃતોમાં જણાવે છે.

❊ **મ. ૨૮ :** ભગવાનનો રાજીપો છે ને જો તે મૃત્યુલોકમાં છે તોપણ ભગવાનના ધામમાં જ છે, કેમ જે, તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે.

❊ **મ. ૪૫ :** ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે.

❊ ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે.

❊ દેવલોક - મૃત્યુલોકને વિશે જે જે સુખિયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે.

❊ **પ્ર. ૫૮ :** અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય, અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય, અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.

❊ બાઉદીન કઠિયારાએ ગુણાતીતાનંદ સ્વામીને ઓલિયા પુરુષ જાણી પોતાના લાકડાનો ભારો ગુણાતીતાનંદ સ્વામીને ઠંડી લાગી હોવાથી તાપણું કરવા માટે આપી દીધો. ગુણાતીતાનંદ સ્વામી રાજી થયા. તે મારી ઠંડી ઉડાડી અમે તારી ઠંડી ઉડાડશું. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી બાઉદીન જૂનાગઢનો દિવાન બન્યો.

❊ માવા ભાઈ તથા મુસા ભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને એક પૈસાના ચણા-મમરા લાવી આપી ટાંણાની સેવા કરી. - ગુણાતીતાનંદ સ્વામી રાજી - માવા ભાઈ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી કરાંચી જઈ ખૂબ કમાયા. - માવા-મુસાની કંપની સ્થાપી. આજે પણ આ કંપનીના વારસદારો અત્યંત સુખી છે.

❊ ચંદ્રશંકરે આખી રાત સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજની કેડ દાબી, પગ ચાંપ્યા. આજ્ઞા આપે પછી જ ઉઠવાનો નિયમ - ત્રણ વાગે શાસ્ત્રીજી મહારાજ જાગ્યા ને કહે, ક્યારે પાછો આવ્યો - ચંદ્ર શંકર : રાતનો જ બેઠો છું - શાસ્ત્રીજી મહારાજ રાજી - જાણે છે તે કોની સેવા કરી - બે હાથ પહોળા - તેજ - મહારાજના દર્શન થયા - તેજ સમાઈ ગયું.

તેથી શ્રીજી મહારાજ ભગવાનને રાજી કરવાનું કહે છે.

❊ **મ.૨૮ :** સર્વ શાસ્ત્રનું પણ એ જ સાર છે જે, ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.

❊ **મ. ૪૫ :** માટે જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ વર્તવું, અને પોતાના સંબંધી જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો જે, 'ભગવાન ને ભગવાનના સંત જે જે પ્રકારે આપણા ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું.'

❊ માટે જે પોતાના આત્માનું રૂડું કરવાને ઈચ્છે તેને તો સદ્‌ગ્રંથને વિષે કહ્યા જે સ્વધર્મ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો.

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

કરીએ રાજી ઘનશ્યામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ,
તો સરે સરવે કામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ.

પ્રસન્ન કરવાના ઉપાયો :

❊ ભગવાનને રાજી કરવા માટે ઘણા લોકો અનેક પ્રકારનાં ઉપાયો-સાધનો કરતા હોય છે. કોઈ જપ

કરે, તો કોઈ દાન કરે, કોઈ યજ્ઞ કરે તો કોઈ તીર્થયાત્રા કરે, કોઈ તપ કરે તો કોઈ ધ્યાન કરે. કોઈ હિમાલયમાં હાડ ગાળે, કોઈ સમાજસેવા કરે, કોઈ પ્રવચનો કરે તો કોઈ કીર્તનો ગાય.

❊ આ અને આવા અનેક પ્રકારના ઉપાયો પોતપોતાની રુચિ અને સમજણ પ્રમાણે લોકો કરતા હોય છે.

❊ કેટલીક વાર આવાં સાધનો મનનાં ધારેલાં હોય છે. મનધાર્યું કરવામાં જીવને એક વિશિષ્ટ પ્રકારના માનનો સ્વાદ આવતો હોય છે. પરિણામે અનંત પ્રકારનાં સાધનો કરવા છતાં ભગવાનના રાજીપાની અનુભૂતિ થતી નથી. રાજીપાના પરિણામે થતી શાંતિની અનુભૂતિ થતી હોતી નથી.

❊ આપણે જેમને રાજી કરવા છે એ શ્રીજી મહારાજ પોતે જ અતિશય રાજીપાનો ઉપાય આ વચનામૃતમાં બતાવે છે.

❊ મુખ્યત્વે તો માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ કરવાની છે. એ ભક્તિમાં વિઘ્ન ન આવે તે માટે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને ભક્તિનાં સહાયક અંગો કહ્યાં છે, તેથી ભક્તિ કરવાની છે. તે -

૧. ધર્મે સહિત ૨. આત્મનિષ્ઠા (જ્ઞાને) સહિત
૩. વૈરાગ્યે સહિત
૪. મહાત્મ્યજ્ઞાને સહિત - કરવાની છે.

● **હવે આ મુદ્દાને વિગતવાર સમજીશું.**

૧. સ્વધર્મને વિશે અચલ નિષ્ઠા

❊ પોતપોતાના વર્ણ અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તથા આશ્રમ અર્થાત્ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમના જે જે ધર્મો શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તેનું પાલન કરવું જોઈએ. કારણકે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે ધર્મપાલનથી જ રક્ષા થાય, સુખ મળે, દુ:ખ દૂર થાય, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય. ધર્મના લોપથી દુ:ખી થવાય, ભગવાનનો કુરાજીપો મળે અને અંતે પાયમાલ થવાય.

❊ શ્રીજી મહારાજ વચનામૃત પ્ર.૩૪માં કહે છે :

❊ પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડોઅવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે, અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે, અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે, માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો ક્લેશ થાય છે... ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુ:ખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.

❊ **મ. ૫૧ :** માટે મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.

❊ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે :

"અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય આ લોક ને પરલોકને વિશે મહાસુખિયા થાય છે." **(શ્લોક - ૮)**

"અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો આ લોક ને પરલોકને વિશે નિશ્ચયે મોટા કષ્ટને પામે છે." **(શ્લોક - ૯)**

❊ નિષ્કુળાનંદ સ્વામી :

અલ્પ સુખ સારુ આજ્ઞા, લોપે છે શ્રીહરિ તણી,
પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.

- વચનવિધિ - ૪/૭

બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન,
લેખે ન આવે દાખડો, વળી થઈ જવાય નિર્ધન.

- વચનવિધિ - ૫/૭

સુધી સહેલ એ વાત છે, ધર્મ પાળવો દૃઢ મને ।
ધર્મ મૂકીને કામ કોઈ, કરવું નહિ કોઈ દને ॥
ધર્મે બોલવું, ધર્મે ડોલવું, ધર્મે જોવું દૃષ્ટે કરી ।
સૂતાં બેઠાં જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી ॥
ધર્મે હાલવું, ધર્મે ચાલવું, ધર્મે લેવું ને દેવું વળી ।
ધર્મે રહેવું, ધર્મે કહેવું, ધર્મે લેવી વાત સાંભળી ॥
ધર્મે ખાવું, ધર્મે પીવું, ધર્મ વિના ન ધરવા પાવ ।
કરે કરવું કામ ધર્મનું, ધર્મે કરવો તન નિભાવ ॥
સર્વે કામ ધર્મે કરવા, ધર્મ મૂકીને ન કરવું કાંઈ ।
સર્વે કાળ એમ સમજી, રે'વું સદાય ધર્મમાંઈ ॥

(સારસિદ્ધિ - ૨૫/૨-૬)

ધર્મ ગયે ધરાધામ મળે, ધર્મ ગયે મળે સુતવામ ।
ધર્મ ગયે ખાનપાન મળે, તે કરવું સર્વે હરામ ॥
ધર્મ ગયે સુખ સંપત્તિ મળે, ધર્મ ગયે મળે રાજપાટ ।
ધર્મ ગયે મોટપ વળી, બળી વળિ સઈ થઈ ખાટ ॥
ધર્મ ગયે વસ્ત્ર મળે, આસન ને વાહન વળી ।
ધર્મ ગયે સનમાન મળે, એહ આદિ સર્વે જાજો બળી ॥
ધર્મ ગયે જો તન રહે, તો તનને પણ ત્યાગવું ।
જીવવાનું જાતું કરીને, હરિ પાસે મરવાનું માગવું ॥
ધર્મ ગયે સર્વે ગયું, ગયું નીર વળી નાક તણું ।
માટે મૂકી નિજ ધર્મને, ન કરવું મુખ લજામણું ॥
ધર્મ વિનાનું ધિક્ જીવવું, જન જાણજો જગમાંઈ ।
દેવ ઈચ્છિત જેહ આવિયો, પણ કામ ન આવિયો કાંઈ ॥

(સારસિદ્ધિ - ૨૬/૨-૭,૯)

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે :
❊ આપણું તો ધર્મે કરીને શોભે છે. (૧/૩૦૭)
❊ ધર્મ સત્સંગમાં રાખે. (૧/૧૫૬)
❊ ધર્મ રાખશો તો ભક્તિ રહેશે. (૬/૭૩)

એકવાર ગઢડામાં અન્નકૂટ વખતે ભક્તિમાતાએ બાઈઓને દર્શન આપ્યા. બાઈઓ કહે, હવે આપ અહીં અખંડ રહો. ત્યારે ભક્તિમાતાએ કહ્યું, ''હું તો પતિવ્રતા છું. મારા પતિ ધર્મદેવ છે. માટે જ્યાં ધર્મ હશે ત્યાં હું રહીશ.''

❊ ધર્માદર્થઃ પ્રભવતિ, ધર્માત્ પ્રભવતિ સુખમ્ ।
ધર્મેણ લભતે સર્વં, ધર્મસારમિદં જગત્ ॥

ધર્મથી અર્થ, સુખ પ્રાપ્ત થાય છે, બધું જ મળે છે. ધર્મના સારરૂપ આ જગત છે.

(વાલ્મીકિ રામાયણ - અરણ્યકાંડ ૯/૩૦)

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।
તસ્માદ્ ધર્મો ન હન્તવ્યો મા નો ધર્મો હતો વધીત્ ॥

ધર્મનો નાશ કરવાથી તે આપણો નાશ કરે છે અને તેનું રક્ષણ કરવાથી તે આપણું રક્ષણ કરે છે, માટે ધર્મનો નાશ ન કરવો.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે,
નાના-મોટા કરી રહે ઘર, કોય ન કાઢી નાખે રે... ૧
પણ જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહે રે,
વણ જીવ રહે નહીં કોય, લે'ર દુર નાખી દહે રે... ૨
હરિજનનું જીવન છે ધર્મ, પોતે પોતાનો પાળે રે,
તજે નહિ ભજે પરબ્રહ્મ, તો રહે તેમાં સદા કાળે રે... ૩
વણ જીવે હોય નહિ વાસ, સત્સંગ સિંધુમાંઈ રે,
કરવો નિષ્કુળાનંદ તપાસ, કહ્યું નથી કૂડું કાંઈ રે... ૪

(ચોસઠપદી - ૪૪)

માટે શ્રીજી મહારાજ **જેત.** ૪માં કહે છે **:** મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી.

❊ **જેત. ૫ :** અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું આવી પડશે તે થકી રક્ષા કરશું, અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો,

ને સત્સંગ રાખશો તો, અને નહિ રાખો તો મહાદુઃખ પામશો.

❊ ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદમાં ચાંદીના થાળમાં ન જમ્યા.

❊ શાસ્ત્રીજી મહારાજે સભાના એક કંતાન પર દૂર બાળકી ઊભી રહેવાથી ૮૬ વર્ષે નિર્જળા ઉપવાસ.

❊ યોગીજી મહારાજ પ્લેનમાંથી સ્ત્રીઓને નીચે ઉતારીને પછી બેઠા.

❊ 'પાણી ગાળીને આપજો. જો જો બાપ, મારી ન નાખતા.' યોગીજી મહારાજ.

❊ પ્રમુખસ્વામી મહારાજની આંખ તથા હૃદયના ઓપરેશન વખતે દૃઢતા કે ઓપરેશનરૂમમાં સ્ત્રીઓ નહીં જ.

❊ સગરામ વાઘરીએ કડું ન લીધું.

❊ અભેસિંહ દરબારે દારૂ ન પીધો - જામનગર.

❊ વડોદરાના અરવિંદભાઈએ દારૂ ન પીધો.

❊ યોગીજી મહારાજ લંડન - નવીનભાઈ સ્વામિનારાયણને ત્યાં સામેથી પધરામણીએ ગયા, કારણ નિયમધર્મની દૃઢતા.

● નિયમધર્મમાં કેવી રીતે દૃઢ રહેવાય ?

(૧) માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય,

મહારાજ-સ્વામી, પ્રગટ ગુરુહરિને સર્વકર્તા અને સર્વજ્ઞ જાણીએ તો.

(૨) ભગવાન અને સંતને વિષે પ્રીતિ-આત્મબુદ્ધિ-તો ગમતું જ થાય, વચન ન લોપાય.

(૩) જેણે નિયમધર્મ પાળ્યા હોય તેમના ઉત્કૃષ્ટ પ્રસંગોનું કથન-વાંચન-શ્રવણ-મનન-ચિંતન કરીએ તો પ્રેરણા મળે.

(૪) અખંડ જાણપણું - ખટકો - ભૂલ થાય તો નિષ્કપટપણું ને પ્રાયશ્ચિત્ત.

(૫) શુદ્ધભાવે પ્રાર્થના.

૨. દૃઢ આત્મનિષ્ઠા

❊ આત્મનિષ્ઠા એટલે શરીરમાં રહેલા અને શરીરને કાર્યરત બનાવનાર ચેતન તત્ત્વ આત્માને પોતાનું સ્વરૂપ માનવું. 'હું દેહમાં રહેલો અને ત્રણ દેહથી જુદો આત્મા છું, અને મારે વિશે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણ અખંડ રહ્યા છે.' આવી નિષ્ઠા દૃઢ થવી તે જ આત્મનિષ્ઠા.

આત્મનિષ્ઠાની મહત્તા શ્રીજી મહારાજ નીચેનાં વચનામૃતોમાં સમજાવે છે.

❊ **પ્ર. ૬૧ :** આત્મનિષ્ઠા દૃઢ થાય તો કામાદિકમાં કોઈ રીતે કરીને ધીરજ ડગે નહિ.

❊ **લો. ૬ :** આત્મનિષ્ઠારૂપ એક ગુણ આવે તો સર્વ ગુણમાત્ર આવે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

૫/૧૫૭ : જ્ઞાને કરીને જે આત્મનિષ્ઠા તેણે કરીને દેહનાં સુખદુઃખમાં ન લેવાય.

❊ ૬/૭૦ : આત્મનિષ્ઠાનો મારગ તે પાણા વિનાનો છે ને બીજા મારગમાં તો પાણા છે.

❊ ૬/૮૨ : આત્મનિષ્ઠા થાય ત્યારે સુખે ભજન થાય છે.

❊ વળી, ગુણાતીતાનંદ સ્વામીએ પાંચ વચનામૃત (**પ્ર.૨૩, મ.૩૦, મ.૪૫, અમ.૨, અમ.૩**) વંચાવીને બોલ્યા કે આમાં કહ્યું છે તેમ કર્યા વગર કોટિ કલ્પે છૂટકો નથી કારણ કે મહારાજનો સિદ્ધાંત છે. આ વચનામૃતોમાં આત્મારૂપ થઈને ભગવાનનું ભજન કરવાની વાત કરી છે. (**સ્વામીની વાતો : ૩/૧૩**)

❊ વળી, શ્રીજી મહારાજે પ્રવર્તાવેલાં ૧૦૮ પ્રકરણોમાંથી હસતા મુખે પસાર થયેલા પરમહંસોને શ્રીજી મહારાજ કહે છે :-

એક વાત કહું માનો તેહ, આપણે આત્મા નહિ દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.

(**ભ.ચિં. પ્રકરણ : ૭૧/૩૭**)

❊ કારણ કે, મુક્તાનંદ સ્વામી કહે છે,

"જ્યાં લગી દેહને હું કરી માનશે,
ત્યાં લગી ભોગવિલાસ ભાવે".

તેથી તો શ્રીજી મહારાજ **વચ. પ્ર. ૪૪**માં કહે છે : **"જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે."**

❊ નરસિંહ મહેતા કહે છે :

"જ્યાં લગી આત્મતત્ત્વ ચિન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વે જૂઠી."

❊ જેને જેને આત્મનિષ્ઠા દૃઢ થઈ છે તેમને ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખ, અગવડ-સગવડમાં સ્થિરતા અને સમતા રહે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં કેવાં અપમાનો થયાં છે. કેવી અગવડ! કેવાં વિઘ્નો ! કેવો વિરોધ ! છતાં સ્થિરતા કેમ ? પોતાની એવી બ્રહ્મસ્થિતિ (આત્મસ્થિતિ) પોતાના આત્માનું સતત અનુસંધાન છે તેથી.

❊ ૭૪ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજને નૈરોબીથી પાછા આવવું પડ્યું. તેમણે પૂ. કોઠારી સ્વામીની ડાયરીમાં લખ્યું : પોતાને અક્ષરરૂપ (આત્મારૂપ) માને તો માન-અપમાન ક્યાં રહ્યાં ?

❊ ગોંડલ : એક સંતથી ઘી ઢોળાયું. યોગીજી મહારાજે એ ભૂલ પોતાને માથે લીધી. નિર્ગુણ સ્વામીએ ઠપકો આપ્યો. યોગીજી મહારાજ હકાબાપુને કહે, 'પોતાને અક્ષરરૂપ માને તો બધું જ ફીફાં છે.'

● **આત્મનિષ્ઠા દૃઢ કઈ રીતે થાય ?**

❊ **પ્ર. ૫૬ :** જેટલી પોતાના ઈષ્ટદેવની નિષ્ઠા એટલો આત્મા-અનાત્માનો વિવેક થાય છે.

❊ **અં. ૩૬ :** ભગવાનની ઉપાસના ને તેમના ધ્યાનથી જ આત્માનું દર્શન થાય છે.

❊ **પ્ર. ૨૦ :** જેને સત્સંગ થયો છે તેને તો પોતાના આત્મસ્વરૂપનું દર્શન પોતાના હાથમાં જ છે.

❊ સત્સંગ એટલે સત્પુરુષમાં દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ. (**પ્ર.૫૪, મ.૫૪**)

❊ **વર. ૧૧ :** સત્પુરુષમાં દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે.

તો **વચ. મ. ૫૧** પ્રમાણે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે તો જ આત્મસત્તા રૂપે વર્તાય.

યોગીજી મહારાજ : 'સત્પુરુષની આજ્ઞાથી ઘંટડી વગાડે તોપણ આત્મસત્તા રૂપે વર્ત્યો કહેવાય.'

૩. દૃઢ વૈરાગ્ય

❊ વૈરાગ્ય એટલે ભગવાન વિના અન્ય કોઈ પણ પદાર્થમાં કે વિષયમાં કોઈ પણ પ્રકારનો રાગ અર્થાત્ આસક્તિ નહિ.

❊ શ્રીજી મહારાજ લો. ૧૭માં કહે છે : જ્યાં સુધી જીવને પંચવિષયમાં રાગ અર્થાત્ આસક્તિ છે ત્યાં સુધી તેને વિઘ્ન છે, કારણ કે તુચ્છ પદાર્થને લીધે ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય છે. 'ચા'ને લીધે સત્સંગ છૂટી જાય. તેથી જ શ્રીજી મહારાજ **વચ.અં.૧**માં કહે છે, 'વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે ભગવાનની જેમ બીજા પદાર્થમાં ભગવાન જેવી પ્રીતિ થઈ જાય... વૈરાગ્યે કરીને તો ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકારમાત્ર ખોટા થઈ જાય છે,

વળી, પંચવિષયની વાસના-આસક્તિને લીધે જ જીવને જન્મ-મરણના ભવચક્રમાં ભટકવું પડે છે. **(અમદાવાદ-૩)**

❊ ભરતજીએ રાજ્યનો ત્યાગ કર્યો, પરંતુ મૃગમાં રાગ રહી ગયો, તો મૃગનો જન્મ લેવો પડ્યો.

❋ ગુરુ જાનકીદાસ અને તેમનો શિષ્ય શીતળદાસ લોજ ગામે એક માસ રોકાયા. પોતાના પુસ્તકનું પોટલું લોજમાં મહારાજ પાસે મૂકી યાત્રા કરવા નીકળ્યા. યાત્રામાં ગુરુ જાનકીદાસ બિમાર પડ્યા. અને અંત દેહ પડી ગયો. શીતળદાસને ગુરુના મૃત્યુથી ઘણું દુઃખ થયું. તે પાછો લોજ આવ્યો. ગુરુના બ્રહ્મલીન થવાથી તેને બહુ દુઃખ થયું હતુ. તેમાં વળી શ્રીજી મહારાજે તેને કહ્યું : ''તારા ગુરુ બ્રહ્મલીન થયા નથી, અહીં જ છે.'' તેથી તેને આશ્ચર્ય થયું. મહારાજે શીતળદાસને કહ્યું : ''તમે તમારી પોથી અહીં મૂકી ગયા હતા. તેમાં શું છે તે જાણો છો ?'' વૈરાગીએ (શીતળદાસે) કહ્યું, ''હા મહારાજ ! એ પોથી લેવા જ હું આવ્યો છું ? તેમાં ગીતાજીનું પુસ્તક, ચપ્પુ અને કાતર છે. અને ૧ સોનામહોર તથા અર્ધો રૂપિયો છે.'' મહારાજે કહ્યું : ''તે પોથી અહીં લાવો અને ખોલો.'' મહારાજે સોનામહોરની ડાબલી ખોલાવી. શીતળદાસે જોયું તો ડાબળીમાં સોનામહોર ઉપર સાપનો નાનો કણો ફરે છે. મહારાજે કહ્યું : ''આ તારા ગુરુ છે. બ્રહ્મલીન થયા નથી પણ સોનામહોરમાં વાસના રહી જવાથી સાપનો કણો થયા છે.'' શીતળદાસને ગુરુના શબ્દો યાદ આવ્યા. દેહ મૂકતા બોલ્યા હતા કે પોથીમાં સોનામહોર છે.

વળી,પંચવિષયમાં આસક્તિને લીધે જ અનેક પ્રકારનાં વિઘ્નો અને પ્રશ્નો ઊભાં થાય છે.

❋ લવિયો દરજી - રીંગણામાં આસક્તિ તો વિઘ્ન થયું.

❋ રાવણને સીતામાં રાગ - તો પરિણામ ?

કુળ સહિત નાશ.

❋ દુર્યોધનને સત્તામાં રાગ - તો પરિણામ?

કુળ સહિત નાશ.

અને કંચન, કામિની અને કીર્તિમાં રાગને લીધે સમાજમાં કેવા પ્રશ્નો અને ગુનાઓ થાય છે ! વ્યસનોમાં રાગને લીધે કેવી બરબાદી ?

વળી, જ્યાં સુધી પંચવિષયમાં રાગ છે ત્યાં સુધી તેને ભગવાનનું સુખ પણ નથી આવતું કારણ કે,

ચિત્ત કી વૃત્તિ એક હૈ,
ભાવે તહાં લગાઓ;
ચાહે તો હરિ કી ભક્તિ કરો,
ઔર ચાહે તો વિષય કમાઓ.

❋ ગીંગાને ગોળીઓને લીધે પુષ્પની સુગંધ ન આવી.

❋ તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

ભોજન તેને કેમ ભાવે, જેણે ખાધાં કોઠાં કરી ખાંત ।
ઉપર ખાધી આંબલી તેણે અંબાઈ ગયા છે દાંત ॥
જેની વિષય-કોઠામાં વૃત્તિ વળગી, અહં-મમતરૂપ ખાધી આંબલી ।
તેને ગોળ સારો કેમ લાગશે કેમ કે'શે સાકરને ભલી ॥
વૈરાગ્ય વિના વિષયસુખનો, અંતરે ન થાય અભાવ
નિષ્કુળાનંદ નિરવેદ વિના, રૂઝે નહિ વિષયના ઘાવ ॥
(સારસિદ્ધિ : ૪/૨,૩,૬,૧૦)

વળી, મહારાજ **વચ. મ.૭**માં કહે છે : વૈરાગ્ય વગર વ્યક્તિ દરિદ્ર છે. વૈરાગ્ય વિના સ્વભાવ ન ટળે.

માટે ભગવાન વિના અન્ય કોઈ પદાર્થ, વ્યક્તિ, સ્થાન કે ક્રિયામાં રાગ, આસક્તિ નહિ.

❋ નચિકેતાએ પ્રલોભનોનો ત્યાગ કર્યો.

❋ મીરાંએ હીરા-માણેક-મોતીની માળાના પ્રલોભનનો ત્યાગ કર્યો.

❋ ગુણાતીતાનંદ સ્વામીના વરદાન છતાં ભગતજી મહારાજ ૬૦,૦૦૦ રૂપિયામાં ન લલચાયા.

❋ સગરામ વાઘરી ચાંદીના કડામાં ન લેવાયા.

● **વૈરાગ્ય કેવી રીતે દૃઢ થાય ?**

❋ જગતના નાશવંતપણાનો - સાંખ્યનો વિચાર દૃઢ

કરવો. (લો. ૯, મ. ૨૪)

* આત્માના સ્વરૂપનો વિચાર કરવો.
* ભગવાનના મહિમાનો વિચાર દૃઢ કરવો.

(સા. ૧૭, પ્ર. ૫૬, ગ.મ. ૧૦)

આ ત્રણેય વિચાર દૃઢ થાય તો જગતમાંથી રાગ ટળે.

* નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

સોના-રૂપામાં સુખ ન માને, જેને મહાપ્રભુ આવિયા પાને;
કીટ બ્રહ્મા લગી દેખે નાશ, એમ સમજે છે હરિના દાસ.
એક સમજાણું હરિમાં સુખ, બીજું સર્વે જણાણું છે દુઃખ;
જેવો જમકિંકર કાળપાશ, એમ સમજે છે હરિના દાસ.
જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સમજાણું છે ખોટું;
પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમજે છે હરિના દાસ.
અહિ વીંછી ને વિષ અંગાર, કાકવિષ્ટા માંહિ શિયું સાર;
એવું જાણી તજે સુખઆશ, એમ સમજે છે હરિના દાસ.
એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં;
રહે છે અંતર સહુથી ઉદાસ એમ સમજે છે હરિના દાસ.

(ભ.ચિં. પ્ર.૧૦૭/૩૮ થી ૪૨)

* ગોપીઓ : જ્યારથી કૃષ્ણના ચરણનો સ્પર્શ કર્યો છે ત્યારથી જગતનાં સુખ ખારાં ઝેર થઈ ગયાં.
* હનુમાનજીએ નવલાખનો હાર ફેંકી દીધો.
* દાદાખાચર, લાડુબા, જીવુબા, પર્વતભાઈને જગતમાં રાગ નહિ.
* ૧૮ સદ્‌ગૃહસ્થો, બંધિયાના ડોસાભાઈ જગતમાં રહેવા છતાં દૃઢ વૈરાગ્ય - પત્રથી સાધુ થવા આવી નીકળ્યા.
* બ્રહ્માનંદ સ્વામી ગાયકવાડના પ્રલોભનમાં ન લેવાયા.
* કડુના કલ્યાણદાસ - અદ્‌ભુતાનંદ સ્વામી બન્યા.

૪. માહાત્મ્યજ્ઞાને સહિત નિષ્કામ ભક્તિ

ભક્તિની મહત્તા દર્શાવતાં શ્રીજી મહારાજ કહે છે :-

* **પ્ર. ૩૭ :** નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.
* **સા. ૫ :** એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય, અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિશે નિવાસ કરીને રહે.
* **મ. ૬૫ :** ભગવાનની ભક્તિ વિના એકલું બ્રહ્મજ્ઞાન તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે ને સદા અકલ્યાણકારી છે.
* **અં. ૧૧ :** ભગવાનની માહાત્મ્ય સહિત નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે.
* ભક્તચિંતામણિમાં કહ્યું છે :

સર્વે ગુણ તો શોભે છે જ્યારે, કૃષ્ણભક્તિ કરે જન ત્યારે,
કૃષ્ણભક્તિ હીણ ગુણ હોય, વણ લુણે વ્યંજન સમ સોય.

(૪૨/૩૧)

* વળી, ભક્તિનિધિમાં કહ્યું છે,

જળચરને જેમ જળ જીવન, વનચરને જીવન વન
તેમ ભક્ત ભગવાનનાને, જાણે ભક્તિ એ જ જીવન.

(૨૯/૮)

* તુલસીદાસ કહે છે,

અર્વ ખર્વ અરુ ધન મીલે, ઉદય અસ્ત મેં રાજ,
તુલસી હરિ કી ભક્તિ બિન, સબે નરક કો સાજ.

આ રીતે ભક્તિનો મહિમા ખૂબ જ કહેવામાં આવે છે. આ ભક્તિ પ્રગટ ભગવાનની કરવાની છે.

* નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ;
ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદે છે ચારે વેદ.

આ રીતે પ્રગટ ભગવાનને ઓળખીને તેમનો યથાર્થ મહિમા સમજીને નિષ્કામ ભક્તિ કરવાની છે. એટલે કે લૌકિક કોઈ પ્રકારની કામનાની સિદ્ધિ

માટે નહિ, પરંતુ કેવળ ભગવાનને પ્રસન્ન કરવા માટે ભક્તિ કરવાની છે.

● **ભક્તિ એટલે શું ?**

❊ શ્રવણં, કીર્તનં, વિષ્ણોઃ સ્મરણં, પાદસેવનમ્ ।
અર્ચનં, વન્દનં, દાસ્યં, સખ્યમાત્મનિવેદનમ્ ॥
(પ્ર.૪૦)

એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ.

❊ **મ. ૧૦ :** ભગવાનના ચરિત્રમાં દિવ્યભાવ એ ભક્તિ છે.

❊ **વર. ૧૭ :** ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એ જ ભક્તિ છે.

❊ જે.૩ : ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ છે.

● **ભક્તિ કેવી રીતે ઉદય થાય ?**

❊ શ્રીજી મહારાજ **વચ. વર. ૩** અને **અં. ૫**માં કહે છે કે મોટાપુરુષની સેવા અને પ્રસંગ થકી માહાત્મ્યે સહિત ભક્તિ જીવના હૃદયમાં ઉદય થાય છે.

❊ આ રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ યુક્ત એકાંતિક ધર્મ જીવનમાં દૃઢ થાય તો ભગવાનની અતિશય પ્રસન્નતા થાય. એ વગર તો તત્કાલ પૂરતો રાજીપો થયો હોય તેવું લાગે પરંતુ તે રાજીપો નથી. અલૈયા ખાચર, જીવા ખાચર, ફઈબા વગેરેએ તે તે સમયે સેવા કરીને રાજીપો મેળવેલો, પરંતુ એકાંતિક ધર્મની સ્થિતિ વગર રાજીપો ટક્યો નહિ.

❊ અહીં શ્રીજી મહારાજ એકાંતિક ધર્મનું સ્થાપન અને પ્રવર્તન કરાવવા પધાર્યા છે, અને આ એકાંતિક ધર્મ જેનાથી સિદ્ધ થાય, જેનાથી એનું પોષણ થાય એવા સત્પુરુષોની પરંપરા દ્વારા પ્રગટ રહીને સત્સંગમાં એવા એકાંતિક ભક્તો બનાવે છે.

❊ આ એકાંતિક ધર્મની દૃઢતા અને પોષણ કેવી રીતે થાય છે તે મહારાજ નીચેનાં બે વચનામૃતોમાં સમજાવે છે.

❊ **પ્ર. ૬૦ :** આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.

❊ **પ્ર. ૫૪ :** સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે.

❊ ગુણાતીત સત્પુરુષના પ્રસંગ થકી, આ ગુણાતીત પરંપરામાંના જેમને જે ગુરુ મળ્યા તેમના થકી કેટલાય સંતો-ભક્તોને એવી સ્થિતિ પ્રાપ્ત થઈ છે. તેથી મહારાજ કહે છે કે સત્સંગમાં આવા એકાંતિક ભક્તો ઘણા છે. જેથી આપણને વિશ્વાસ આવે કે આવી સ્થિતિ થઈ શકે છે. આ સ્થિતિ અશક્ય નથી. એક વ્યક્તિ એવરેસ્ટ પર જઈ શકે તો બીજા પણ જઈ શકે છે, એવો વિશ્વાસ પ્રગટ થાય. એમ સત્સંગમાં આવા કેટલાક ભક્તોની સ્થિતિ જોઈએ ત્યારે આપણને પ્રતીતિ થાય કે પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગ થકી જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ દૃઢ થઈ શકે છે. અર્થાત્ છતી દેહે એકાંતિક ધર્મ દૃઢ થઈ શકે છે.

● ● ●

૧૯. વચનામૃત : ગઢડા પ્રથમ ૨૩ - પાણીનો ઘડો ઢોળ્યાનું, સ્થિતિમાં રહેવાનું.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૩મું : પાણીનો ઘડો ઢોળ્યાનું, સ્થિતિમાં રહેવાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્રીજીમહારાજે માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળું અંગરખું પહેર્યું હતું તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા કેડ્યે કસુંબલ શેલું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી કરુણા કરીને પરમહંસની આગળ શ્રીજીમહારાજ વાત કરવા લાગ્યા જે, 'વાસુદેવમાહાત્મ્ય નામે જે ગ્રંથ તે અમને અતિશય પ્રિય છે; કેમ જે, ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે એ ગ્રંથમાં કહી છે. અને ભગવાનના જે ભક્ત તે બે પ્રકારના છે. તેમાં એકને ભગવાનનો નિશ્ચય તો યથાર્થ છે પણ તે દેહાત્મબુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે. અને બીજો તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે; પછી ત્રણ અવસ્થાથી ને ત્રણ શરીરથી પર જે પોતાનું સ્વરૂપ તેને અતિશય પ્રકાશમાન ભાળે ને તે પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે તેવી અતિશય પ્રકાશે યુક્ત ભાસે, એવી રીતની સ્થિતિવાળો હોય. અને એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તો પણ તેને માથે વિઘ્ન છે. અને જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં. અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી સ્થિતિને ન પામ્યો હોય તો ભગવાનને વિષે પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય છે. જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નો'તો તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સંશય થયો અને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહીં. અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, 'મારે વિષે કોઈ દોષ અડી શકે નહીં તથા તે દોષ કાંઈ બાધ કરી શકે નહીં, તો જેને ભજને કરીને હું આવો થયો એવા જે ભગવાન તેને વિષે તો કોઈ માયિક દોષ હોય જ કેમ?' એમ દૃઢપણે સમજે છે. '

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેવીસમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો,</u> '<u>◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **<u>ઇતિહાસ</u> :**

❊ સંવત ૧૯૧૯ના ચૈત્ર સુદ પૂનમના સમૈયા માટે ગુણાતીતાનંદ સ્વામી વરતાલ જવા નીકળ્યા. રસ્તામાં સ્વામી ઘોઘાવદર પધાર્યા. અહીં નદીના કાંઠે શિવજીના મંદિરમાં બપોરે થોડો આરામ કરતાં કરતાં જાગા ભક્ત પાસે વચનામૃત વંચાવતા હતા. તેમાં જાગા ભક્તે વચનામૃત ગઢડા પ્રથમ-૨૩, ગઢડા મધ્ય-૩૦ અને ૪૫, અમદાવાદનું ૨-૩ એમ પાંચ વચનામૃત વાંચ્યાં. તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામી અતિશય રાજી થયા. પછી સ્વામી બોલ્યા, 'અહો, આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહી ફરીથી વચનામૃત વંચાવ્યાં.

ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં જ એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટાં ભગવાન હોય, તેમને પણ એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે, તે પણ મહારાજનો જ મત છે.' પછી 'નિજાત્માનં બ્રહ્મરૂપં' આદિ શ્લોક બોલીને સ્વામીએ કહ્યું, 'આવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.'

પછી જાગા ભક્ત સામું જોઈને બોલ્યા, 'તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધારવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે.' પછી સ્વામી કહે, 'આ જૂનાગઢનું મંદિર કરાવ્યું ત્યારે અમે સાધુઓને મૂર્તિઓ લેવા ડુંગરપુર મોકલ્યા હતા. ત્યાં સલાટે તેમને પૂછ્યું, 'કેવી મૂર્તિઓ કાઢી આપું?' ત્યારે સાધુઓ કહે, 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' એટલે સલાટે કહ્યું, 'લાખો રૂપિયાનું મંદિર હોય તો આવી મૂર્તિઓ શોભે.' ત્યારે સંતોએ કહ્યું, 'મંદિર પ્રમાણે જ મૂર્તિઓ લેવા આવ્યા છીએ.' ત્યારે સલાટે નકશા પ્રમાણે મૂર્તિયું કાઢી આપી. સલાટ પણ એટલું સમજ્યો કે બહુ ભારે મંદિર કર્યું છે. માટે આ વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે મંદિર કરવા શીખો. માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.''

આખા પ્રસંગનો સાર સ્વામીએ છેલ્લા વાક્યમાં કહ્યો કે હૃદયરૂપી મંદિરમાં પુરુષોત્તમ નારાયણને પધરાવવા હોય તો અક્ષરરૂપ થવું પડે. આ વચનામૃતમાં શ્રીજીમહારાજ અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવાની વાત કરી રહ્યા છે.

● **<u>ભગવાન ભજવાની વાત સૌથી શ્રેષ્ઠ</u> :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતની શરૂઆતમાં કહે છે કે 'વાસુદેવમાહાત્મ્ય નામે જે ગ્રંથ તે અમને અતિશય પ્રિય છે.' કારણ કે વાસુદેવમાહાત્મ્ય ગ્રંથમાં ભગવાન ભજવાની રીત સમજાવી છે. ભગવાન ભજવાથી બીજો મનુષ્ય દેહનો કોઈ મોટો લાભ નથી. દુનિયામાં જેટલાં કામ થતાં હશે તે સર્વેમાં સૌથી મોટું કામ ભગવાન ભજવાનું છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત જેતલપુર-૫માં** કહ્યું કે **'ભગવાનને ભજવા એથી બીજી મોટી વાત નથી.'**

❊ શ્રીમદ્ભાગતના પ્રથમ સ્કંધમાં પરીક્ષિત રાજાનું આખ્યાન આવે છે. પરીક્ષિતને જ્યારે ખબર પડે છે કે શૃંગી ઋષિના શાપથી તેનું સાત દિવસમાં તક્ષક નાગ કરડવાથી મૃત્યુ નિશ્ચિત છે, ત્યારે બધો રાજકારભાર છોડી ગંગા કિનારે જાય છે. ત્યાં શુકદેવજીને પરીક્ષિત પૂછે છે કે જે મનુષ્યનું મૃત્યુ નિશ્ચિત છે તેણે શું કરવું જોઈએ ? ત્યારે શુકદેવજી કહે છે કે,

જન્મલાભ: પર: પુંસામ્ અન્તે નારાયણસ્મૃતિ:॥

મનુષ્યજન્મનો શ્રેષ્ઠ લાભ ભગવાનનું ભજન-સ્મરણ કરવામાં રહ્યો છે.

◎ દુનિયામાં જેની પાસે ધન, સત્તા, આવડત, રૂપ, સદ્ગુણો વધુ હોય તેને ભલે મોટો ગણવામાં આવે, પરંતુ આપણાં શાસ્ત્રો અને મહાન સંતોના મત અનુસાર આવી લૌકિક મોટપની કોઈ કિંમત

નથી. કિંગ સોલોમન હોય કે સમ્રાટ સિકંદર, એલ્વિસ પ્રેસ્લી હોય કે માઈકલ જેક્સન, જેણે ભગવાન નથી ભજ્યા, તે સૌને જીવનના અંતે રડવાનો વારો આવ્યો છે.

● **ભગવાન ભજવાની સાચી રીત :**

❋ શ્રીજીમહારાજ હવે એમ કહે છે કે આપણને ભગવાન મળી ગયા છે અને તેનું ભજન પણ આપણે કરીએ છીએ, પણ જો રીત જાણી ન હોય તો જોઈએ તેવું ફળ પ્રાપ્ત ન થાય, સુખ ન આવે. જેમ ભીંડાનું શાક બનાવતી વખતે પાણી નાંખીએ તો લોંદો થઈ જાય, તેમ ભજનમાં દેહભાવ ભળે તો ભજનનું ફળ પ્રાપ્ત ન થાય, સુખ ન આવે. Method makes the difference.

❋ આ વચનામૃતમાં મહારાજે બે ભક્તો વચ્ચે તુલના કરી આપણને સાધનાની સાચી રીત બતાવી છે. મહારાજની આ રૂડી રીત છે કે તેઓ ઉપદેશ મોઢામોઢ નથી દેતા. હા, ક્યારેક મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા ઉત્કૃષ્ટ મુમુક્ષુતાવાળાને મહારાજ કહેતા પણ ખરા (એમને કહીશું તો વાંધો નહીં આવે તેવા વિચારથી), પણ મોટેભાગે તેઓ ઉપદેશ જાહેરમાં આપી દેતા, પછી જે મુમુક્ષુને જેટલી શ્રદ્ધા હોય તેટલું તે ગ્રહણ કરે.

❋ બે પ્રકારના ભક્તોમાં (૧) ભગવાનનો નિશ્ચય તો છે, પણ દેહભાવ (દેહ હું છું તેવો ભાવ) સાથે ભજન કરે છે અને (૨) ત્રણ દેહથી પર અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરે છે.

આ બે પ્રકારમાં 'હું કેવો ભક્ત છું?' તે પોતે અંતર્દૃષ્ટિ કરી વિચારવાનું છે.. 'શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને મહંત સ્વામી મહારાજ મોક્ષદાતા છે.' એમ નિશ્ચય તો ઘણાને છે, પણ ભજન દેહભાવ સાથે કરીએ છીએ કે દેહભાવથી પર થઈને, તે આપણે અંતર્દૃષ્ટિ કરવાની છે.

◎ અનંત જન્મોના દેહાધ્યાસને કારણે આપણા અંતરમાં દેહભાવ અત્યંત દૃઢ થઈ ગયો છે. મોસ્કો (રશિયા)ના પ્રાણીઘરમાં આફ્રિકાથી નવાં પકડી લાવવામાં આવેલાં બે હરણોને એક મોટા વાડામાં પૂરવામાં આવ્યાં. એ વાડાની આસપાસ ચારેતરફ લોખંડના સળિયાની વાડ હતી. પ્રયોગ કરનારા પ્રાણીશાસ્ત્રીઓએ એ વાડની અંદરના ભાગમાં વાડાની અધવચ્ચે એક છેડાથી બીજા છેડા સુધી બીજી એવી જ વાડ બનાવી દીધી. વાડાના બે ભાગ કરી નાખ્યા. આમાંના એક ભાગમાં હરણોને રાખવામાં આવ્યા અને વાડાનો બીજો ભાગ ખાલી છોડી દેવામાં આવ્યો. હરણોએ બીજી તરફના ખાલી ભાગમાં જવાની કોશિશ કરી, પરંતુ ધીમે ધીમે તેમને લાગ્યું કે વચ્ચેની વાડથી આગળ જવાનું શક્ય નથી. એ વાત એમના મગજમાં ઠસી ગઈ.

પછી એ વચ્ચેની વાડ એક દિવસ દૂર કરી દેવામાં આવી. માણસોને લાગ્યું કે, 'વચ્ચેની વાડ નીકળી જતાં હવે કદાચ હરણો આખી વાડમાં ફરશે. કારણ કે એમ કરવા માટે તેઓ મુક્ત હતાં.' પરંતુ એવું કશું તેમણે કર્યું નહીં. વચ્ચેની વાડની એ કલ્પિત હદને દૂર કરવાનો કોઈ હરણે પ્રયત્ન કર્યો નહીં. તેઓ કૂદતાં-દોડતાં, પણ જ્યાં અગાઉ પેલી વાડ હતી ત્યાં પહોંચીને અટકી જતાં. લોખંડના સળિયાની વાડ કરતાં પણ તેમના ભેજામાં ઠસી ગયેલી વાડ વધુ મજબૂત હતી.

બે હરણોને વાડ ન હોવા છતાં મનાઈ ગયું કે અહીં વાડ છે, તેથી તેને ઓળંગી નહોતાં શકતાં, તેમ આપણે દેહ નથી પણ દેહ પોતાનું સ્વરૂપ મનાઈ ગયું છે અને તે દેહભાવને ઓળંગી શકતા નથી એ જ અજ્ઞાન છે.

❋ દેહને પોતાનું સ્વરૂપ માનવાનું અજ્ઞાન જેને હોય તેને મહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૨૦**માં ચાર ઉપમા આપે છે - **મૂર્ખમાં મૂર્ખ, ઘેલામાં ઘેલો, નીચમાં નીચ અને અજ્ઞાનીમાં અજ્ઞાની.** અનેક જન્મોના દેહાધ્યાસને કારણે આપણે આ દેહને પોતાનું જ સ્વરૂપ માની લઈએ છીએ. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી જુદું આત્મા મારું સાચું સ્વરૂપ છે તે મનાતું જ નથી.

◎ આપણી એક મોટી નબળાઈ એ છે કે કથાવાર્તામાં ભક્તનાં લક્ષણ જ્યારે કહેવામાં આવે ત્યારે આપણે તે શબ્દોને પોતાના માટે ધારણ કરતા નથી. બીજા ઉપર નાંખીએ છીએ કે આ વાત થઈ તે પેલા માટે થઈ. આને 'Throw satsang' (થ્રો સત્સંગ) કહે છે, એટલે કે સત્સંગની વાતો બીજા પર નાંખો, પોતા પર નહીં.

* મહંત સ્વામી મહારાજ કહે છે, 'આપણને કોઈ મૂર્ખ અથવા નીચ કહે તો બહુ લાગી આવે, પણ મહારાજે વચનામૃત ગઢડા પ્રથમ-૨૦માં કહ્યું, તો બહુ લાગતું નથી, કારણ કે 'બધાને કહ્યું છે, મને વ્યક્તિગત રીતે નથી કહ્યું.' પરંતુ જેણે શબ્દોને, કથાવાર્તાને પોતા પર લીધી તેનું કામ સરી ગયું છે.

* સર્વનિવાસાનંદ સ્વામી શ્રીજીમહારાજના દીક્ષિત નંદ પંક્તિના સદ્‌ગુરુ સંત હતા. તેમના મંડળમાં ૫૦ સાધુ અને ૧૦ પાર્ષદ હતા. વળી, તેમની પાસે મહારાજની ૬૦ ચરણારવિંદની જોડ હતી. તેમણે એક વાર ગોપાળાનંદ સ્વામી થકી પ્રથમનું વીસમું વચનામૃત સાંભળ્યું અને તેમને અંતર્દૃષ્ટિ થઈ કે આ વચનામૃતમાં મહારાજે જે ચાર ઉપમા આપી છે, તે તો મને જ લાગુ પડે છે. જ્ઞાનનાં પડળ ખૂલી ગયાં. દેહભાવ ટાળી મોક્ષ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરી તેઓ ગોપાળાનંદ સ્વામી સાથે વરતાલ જવા માટે તૈયાર થયા.

અમદાવાદ દેશના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજને સમાચાર મળ્યા એટલે તેમણે સર્વનિવાસાનંદ સ્વામીને રોક્યા ને કહ્યું કે 'તમને મહારાજનાં વીસ જોડ ચરણારવિંદ આપું ને અમદાવાદ મંદિરના મહંત બનાવું. તમે અહીં રહો. અહીં શી ખોટ છે ?' પણ તેમને સ્પષ્ટતા હતી કે પદવી અથવા પ્રસાદીની વસ્તુઓ મારો દેહભાવ નહીં ટાળી શકે, જે ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સંતના સમાગમથી ટળશે. તેથી બધો જ માન-મરતબો, પદ-પ્રતિષ્ઠા મૂકી ગોપાળાનંદ સ્વામી સાથે રહી પોતાના જીવનું કલ્યાણ સાધી લીધું.

* શ્રીજીમહારાજ બીજા પ્રકારના ભક્તની વાત કરતાં કહે છે કે તે ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર પોતાને ચૈતન્યરૂપ કહેતાં અક્ષરરૂપ માને છે. પછી પુરુષોત્તમ ભગવાનને ધારણ કરી ભક્તિ કરે છે. ભગવાનની ભક્તિ કરવાની આ જ સાચી રીત છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ ૪/૯૯ વાતમાં કહ્યું, **'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું અને બીજું ભગવાનમાં જોડાવું.'**

● <u>**અક્ષરરૂપ થઈ ભક્તિ શા માટે કરવી ?**</u>

* મહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે અક્ષરરૂપ થઈને ભક્તિ ન કરીએ તો ભક્તને પણ ગમે ત્યારે વિઘ્ન આવવાની શક્યતા રહે. જેમ ચરોતરની ભૂમિ ખોદે તો અંદરથી પાણી નીકળે પણ કોઈ પથ્થર ન નીકળે અને સૌરાષ્ટ્રમાં તો પહેલે ઘાએ અર્થાત્ ખોદવાનું ચાલુ કરે ત્યારથી પથ્થર આવે. તેમ અક્ષરરૂપ થઈ સાધના કરે તો કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે, પરંતુ દેહભાવ સાથે ભક્તિ કરે તો પ્રથમથી જ સ્વભાવ નડે.

* પુરુષોત્તમની ભક્તિ અક્ષરરૂપ થઈને ન કરવામાં ચાર મુખ્ય ખોટ દેખાય છે, જે આ પ્રમાણે છે.

૧. <u>પંચવિષયમાં લેવાઈ જવાય</u> :

* આપણને ક્યારેક એવો વિચાર આવે કે કોટિ કલ્પે વિષયનું સુખ ભોગવવું નથી, કેવળ ભગવાનનું સુખ લેવું છે. છતાં અક્ષરરૂપ નથી થયા એટલે સ્વાદને પોષે તેવી વસ્તુ ન ખાવી હોય છતાં ખવાઈ જાય છે, ન જોવા યોગ્ય હોય છતાં જોવાઈ જાય છે, ન બોલવા યોગ્ય હોય છતાં બોલાઈ જાય છે.

* મહારાજે શાસ્ત્રોના આધારે આ વચનામૃતમાં શિવ, નારદ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર વગેરેનાં દૃષ્ટાંત આપી કહ્યું છે કે તેઓ બ્રહ્મરૂપ નહોતા થયા, તેથી તેઓ પંચવિષયમાં લેવાઈ ગયા અને તેમના જીવનમાં વિઘ્ન આવ્યું. આ કોઈ સામાન્ય નહોતા, સમર્થ હતા છતાં તેમને દેશકાળ લાગ્યા.

✻ દેવાનંદ સ્વામીએ કીર્તન ગાયું,
બૃહસ્પતિ જેવાને ભોળવ્યા, માયા મનમાં મગરૂર, ડાહ્યા પીલાયા દાઢમાં, ચાવી કીધા ચકચૂર...

◎ ચ્યવન, પરાશર, સૌભરિ, વિશ્વામિત્ર જેવા ઋષિઓ ખૂબ સાધના કરતા હતા. એકાંતમાં રહી તપશ્ચર્યા કરતા હતા. સૌભરિ ઋષિએ ૬૦ હજાર વર્ષ પાણીમાં બેસી તપ કર્યું. એક જ વખત માછલા-માછલીનું મૈથુન જોયું અને માંધાતા રાજાની પચાસ કુંવરીઓને પરણ્યા.

✻ આ તમામ દેવો અને ઋષિઓ અંતર્દષ્ટિવાળા હતા. પોતાની ભૂલનો તેમને પશ્ચાત્તાપ થયો અને પ્રાયશ્ચિત્ત પણ કર્યું, પણ બ્રહ્મરૂપ થયા હોત તો વાંધો ન આવત.

◎ ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૧૩૦મી વાતમાં કહ્યું, ''મહાપ્રલયના અગ્નિમાં પણ વાસના બળી નહીં. તેને ટાળવાનું કારણ તો ભગવાનની ઉપાસના ને આજ્ઞા છે, તે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, 'નિજાત્માનં બ્રહ્મરૂપં' એમ માનવું એ આજ્ઞા છે.''

✻ તા.૮/૮/૧૯૮૮ના રોજ પ્રમુખસ્વામી મહારાજને રેસીન (અમેરિકા)માં એક પ્રેસ રિપોર્ટરે પૂછ્યું કે 'આપને સ્ત્રીનો કોઈ અનુભવ છે?' કોઈ પણ પ્રકારના વિલંબ વિના સ્વામીબાપા કહે, 'ત્રિકાળમાંય નહીં, એ બાબતનો અમારે કોઈ અનુભવ નથી.'

બ્રાહ્મીસ્થિતિના ઉચ્ચ શિખરે બિરાજમાન પ્રમુખસ્વામી મહારાજને આવો કોઈ અનુભવ ક્યારેય ન હોય તે સ્વભાવિક છે. ભગવાનનું અખંડ સુખ ભોગવનારને પંચવિષયના તુચ્છ સુખની વળી શી અપેક્ષા હોય ? માટે આપણે પણ પંચવિષયની જાળમાં ફસાઈ ન જવાય તે માટે અક્ષરરૂપ થવું જ રહ્યું.

૨. <u>દુઃખ કે અગવડમાં વૃત્તિ ચૂંથાઈ જાય</u> :

✻ મહારાજે **વચનામૃત ગઢડા અંત્ય-૧**માં કહ્યું કે, **'જો આત્મનિષ્ઠા ન હોય તો જ્યારે દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે એ ભક્તની વૃત્તિઓ ચૂંથાઈ જાય.'** દરેક વ્યક્તિના જીવનમાં સુખ-દુઃખ વત્તા-ઓછા અંશે આવતાં જ હોય છે, પણ વ્યક્તિ પોતાને અક્ષરરૂપ ન માને તો દુઃખની પરિસ્થિતિઓમાં હતાશા, નિરાશા, ભય, ડિપ્રેશનમાં ધકેલાઈ જતો હોય છે. આટલેથી મૂંઝવણ ન ટળી તો આત્મહત્યા પણ કરતા હોય છે. દર વર્ષે દુનિયામાં આશરે ૮ લાખ લોકો દુઃખનો અંત લાવવા આત્મહત્યાનો માર્ગ અપનાવે છે.

✻ અમેરિકાના પ્રખ્યાત લેખક અર્નેસ્ટ હેમિંગ્વેને 'The old man and the sea' નવલકથા માટે નોબેલ પારિતોષિક મળ્યું. આ પુસ્તકનો સાર એટલો જ છે કે, 'માણસ પરાજય માટે નિર્માયો નથી. માણસને હરાવી શકાય નહીં. માટે સહન કરતાં શીખો.' થોડાં જ વર્ષો પછી તેમના જીવનમાં નાનો પ્રશ્ન આવ્યો અને તેમને અશાંતિ થઈ અને પોતે આત્મહત્યા કરી.

પુસ્તકો લખવા કે પ્રવચનો કરવાથી નાના-મોટા પ્રશ્નોમાં સ્થિરતા નથી આવતી, પરંતુ અક્ષરરૂપ થવાથી ગમે તેવા પ્રશ્નો વચ્ચે સ્થિર રહી શકાય છે.

✻ સારંગપુરના સદ્ગુરુ સંતવલ્લભ સ્વામી, જેમણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની ખૂબ સેવા કરી તેમને રાજી કર્યા હતા. તેમને પોતાનાં અંતિમ વર્ષોમાં અનેક શારીરિક તકલીફો હતી. ૧૯૯૨ની સાલમાં તેમને હાર્ટ એટેક આવ્યો, પછી પ્રમુખસ્વામી મહારાજ તેમને મળવા ગયા ત્યારે તેઓ ખુમારીથી કહે, 'ટટ્ટુ દુબળા હૈ, અસવાર તાજા હૈ (તકલીફ દેહને છે, આત્માને કાંઈ નથી). દેહમાં રાખો તોય ભલે અને લઈ જાઓ તોય ભલે. આ દેહમાંથી આ દેહમાં જવું છે (પોતાનો દેહ છોડી અક્ષરધામમાં જવું છે).' જીવનની અંતિમ ક્ષણોમાં પણ દુઃખની એક લકીર તેમના મુખ પર નહોતી. કારણ કે ગુણાતીત સંગે તેઓ ગુણાતીત થઈ ચૂક્યા હતા.

૩. <u>અવગુણ આવે</u> :

✻ વર્ષોથી સત્સંગ કરતા હોઈએ, પણ સ્વભાવ ટાળી અક્ષરરૂપ થવાનું, બ્રહ્મરૂપ થવાનું ધ્યેય ન હોય

તો જીવનમાં ગમે ત્યારે વિઘ્ન આવે, આપણું ધાર્યું ન થાય ત્યારે નડતરરૂપ સૌનો અવગુણ આવે. ભગવાન અને સંત આપણા સ્વભાવનું ખંડન કરે તો તેમનો પણ અવગુણ આવે.

❋ સારંગપુરના ફૂલદોલોત્સવ પ્રસંગે એક ભાઈએ ઉતારા ઓફિસનો સંપર્ક કર્યો. આ ભાઈએ ઉતારા માટે અગાઉ કોઈ પણ જાણ કરી નહોતી, છતાં વી.આઈ.પી. ઉતારાની માંગણી કરવા લાગ્યા. ઉત્સવમાં પધારનાર ભક્તોની સંખ્યા અને મર્યાદિત ઉતારાની સંખ્યાને જોતાં તે ભાઈને ઉતારો મળવો શક્ય જ નહોતો. છતાં સંતોએ હોલમાં અન્ય ભક્તો સાથે ઉતારો આપવાની તૈયારી બતાવી, પણ આ ભાઈએ વી.આઈ.પી. ઉતારા માટે હઠ પકડી. સંતોએ સમજાવ્યા છતાં ન જ માન્યા અને ઉત્સવ પડતો મૂકી ઘરે જતા રહ્યા. તેમના વિસ્તારના કોઠારી સ્વામીએ ફોન પર સમજાવ્યા, પણ પાછા ન જ વળ્યા.

❋ મહારાજે **વચનામૃત લોયા-૧૭**માં કહ્યું કે, **'દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે, ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે.'**

❋ આપણા સ્વભાવને જે પંપાળે તે આપણને ગમે, ન પંપાળે તે ન ગમે અને કોઈ ખંડન કરે તેનો તો અવગુણ આવે. આ દેહભાવની નિશાની છે, પણ જે ખરેખર અક્ષરરૂપ થયો હોય તે તો હંમેશાં પોતામાં કાંઈક અલ્પ જેવો દોષ ટાળવા પ્રયત્નશીલ હોય, અને કોઈ ભૂલ બતાવે તો વધુ રાજી થાય.

૪. <u>મનુષ્યભાવ આવે</u> :

❋ મહારાજ આ વચનામૃતમાં કહે છે કે જ્યાં સુધી અક્ષરરૂપ નથી થયા, ત્યાં સુધી તો ભગવાનને વિષે પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય છે.

❋ ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં શરદપૂનમની રાત્રે ગોપીઓ સાથે મહારાસ ખેલ્યો. આ રાસલીલાનું શુકદેવજીએ અદ્‌ભુત વર્ણન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણની એ મનુષ્ય લીલાઓનું શ્રવણ કરીને, રાજા પરીક્ષિતના મનમાં મોટો સંશય થયો કે 'ભગવાને ધર્મની સ્થાપના માટે અવતાર લીધો છે, તો ધર્મથી વિપરીત પરસ્ત્રીનો સ્પર્શ કેમ કર્યો ?' પછી શુકદેવજીએ ભગવાનનો મહિમા કહી તેનો સંશય ટાળી નાંખ્યો.

◎ મુક્તાનંદ સ્વામીએ પદમાં ગાયું છે,

'પ્રેમની વાત સુણી પરીક્ષિત,
સવળી સમજણ નવ લીધી રે;
સમજીને શુકમુનિએ રસને છપાડ્યો,
મોક્ષની રીત કહી દીધી રે.'

❋ યોગીજી મહારાજ કહેતા કે 'ખરેખર પ્રશ્ન થાય તો શુકદેવજીને થાય. કારણ કે, તેઓ બાળ બ્રહ્મચારી હતા, જ્યારે પરીક્ષિતને તો અનંત સ્ત્રીઓ હતી. આ તો પાણોતિયો કૂવામાં પડ્યો.'

પરીક્ષિતને ભગવાનમાં સ્વભાવ દેખાયો. કારણ કે તે પોતે સ્વભાવવશ હતો, પણ જો પોતે સ્વભાવથી મુક્ત થયો હોત કહેતાં અક્ષરરૂપ થયો હોત તો ભગવાનમાં કદાપિ મનુષ્યભાવ ન આવત.

❋ વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ અક્ષરબ્રહ્મ સત્પુરુષ છે, તેમના દ્વારા પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે. તેઓ એવી કોઈ ક્રિયા કરતા જ નથી, જેને લઈને આપણને મનુષ્યભાવ આવે. તેમ છતાં આપણને મનુષ્યભાવ આવે કે તેઓ કેમ મારી સામે જોતા નથી ? મને કેમ બોલાવતા નથી ? અથવા કેમ મારો પક્ષ રાખતા નથી ? કેટલીક વાર આપણે ડહાપણ કરીએ કે સ્વામીશ્રી આટલું ઠીક કરતા નથી, તેમણે આવું ન કરવું જોઈએ. આવો વિચાર કરવામાં ખોટ આપણી જ છે. જો અક્ષરરૂપ થઈએ તો એવો જ વિચાર આવે કે, જેની કૃપાથી હું આવો થયો તો તેમનામાં તો દોષ હોય જ ક્યાંથી ?

- **આ વચનામૃતનો સિદ્ધાંત એ આપણું જીવન કેવી રીતે બને ?**

❊ **આ વચનામૃતનો સિદ્ધાંત એટલે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત,** અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો સિદ્ધાંત. આ સિદ્ધાંતને આપણું જીવન બનાવવા આપણા સાચા સ્વરૂપની દૃઢતા આપણે કરવી જ જોઈએ કે 'હું આત્મા છું, અક્ષર છું, પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજ મારો આત્મા છે. અને મારા આત્માને વિષે પુરુષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે.'

❊ મહંત સ્વામી મહારાજ મારો આત્મા છે, એટલે

- તેઓ જેમ સમજે છે તેમ સમજવું.
- તેઓ જેમ વર્તે છે તેમ વર્તવું.
- તેઓ જે રીતે પુરુષોત્તમની ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરી દે છે, તેમ સમર્પિત થઈ જવું.

આપણે પણ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને પોતાના જીવનમાં દૃઢ કરી સત્પુરુષની રુચિ અનુસાર વર્તી શકીએ તે પ્રાર્થના...

❀ ❀ ❀

૧૦. વચનામૃત : ગઢડા પ્રથમ-૨૭ : ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૭મું - ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ દિવસ ઊગ્યા પહેલાં શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો ચોફાળ ઓઢ્યો હતો તથા ખેસ પહેર્યો હતો ને ઓટા ઉપર આથમણું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ અર્ધ ઘડી સુધી તો પોતાની નાસિકાના અગ્ર સામું જોઈ રહ્યા ને પછી બોલ્યા જે, ‘‘પરમેશ્વરને ભજવાની તો સર્વને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે, જે એમ સમજતો હોય જે, ‘આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યાં જ થાય છે,’ એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, ‘◎’ નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● ઐતિહાસિક પ્રસંગ :

❊ આ વચનામૃત સાથે એક ઐતિહાસિક પ્રસંગ જોડાયેલો છે. પ્રાગજી ભક્તનો સમાગમ કરવાને કારણે સં. ૧૯૫૪માં વિજ્ઞાનદાસ સ્વામી, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ (શાસ્ત્રીજી મહારાજ) અને અન્ય કેટલાક સંતો-પાર્ષદોને વરતાલમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા. તેથી આ સંતમંડળ વરતાલથી નીકળી મહુવા પહોંચ્યું. તે વખતે મહુવાના વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ વગેરે હરિભક્તોને થયું કે, ‘પ્રાગજી ભક્તના મહિમાના પ્રચારથી આ સંતોને વરતાલ છોડવું પડ્યું, તો આ સંતો પ્રાગજી ભક્તને શું સમજે છે ?’ જિજ્ઞાસાથી તેમણે સંતોને પ્રશ્ન પણ પૂછ્યો તે સમયે શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમ-૨૭ના આધારે ભગતજી મહારાજની એકાંતિક સ્થિતિનું અદ્‌ભુત વર્ણન કર્યું હતું. સૌએ સ્વીકાર્યું કે આ સંતો પ્રાગજી ભક્તનો યથાર્થ મહિમા સમજે છે અને એટલે જ તેમના માટે કષ્ટો સહન કરે છે.

શાસ્ત્રીજી મહારાજ અને સંતોની જેમ આપણે પણ આ વચનામૃતના આધારે ગુણાતીત સત્પુરુષની એકાંતિક સ્થિતિ સમજી શકીએ છીએ.

● વચનામૃત પૂર્વભૂમિકા :

❊ શ્રીજીમહારાજ બારસની વહેલી સવારે કથા કરવા તૈયાર છે. હજુ અજવાળું પણ થયું નથી.

❊ શ્રીજીમહારાજે ગઢડા ગામમાં દાદાખાચરના દરબારમાં અનેક ઠેકાણે સંતો-ભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આજે મહારાજ પરમહંસોની જાયગામાં (નિવાસસ્થાને) પધાર્યા છે. સામે પરમહંસો જ બેઠા છે.

● **પરમેશ્વર ભજવામાં જુદી-જુદી સમજણ :**

❊ પરમેશ્વર ભજવા છે તેવી એક વૈશ્વિક ઇચ્છા છે. મહદ્ અંશે લોકો ભગવાન ભજે છે, પરંતુ વ્યક્તિગત સમજણના આધારે ફેર રહે છે. આ વિશ્વમાં ભગવાનને ભજતા લોકોમાં પોતપોતાની સમજણને કારણે ભેદ ઊભા થતા હોય છે. વેદકાળથી ઋષિઓએ કહ્યું, 'एकं सद् विप्राः बहुधा वदन्ति।' પરમ સત્ય કહેતાં ભગવાન એક જ છે. જુદી જુદી સમજણ, માર્ગદર્શનના આધારે જુદા જુદા પંથ, સંપ્રદાય કે ધર્મ ઉત્પન્ન થયા છે. કોઈ કુટુંબના સભ્યોમાં પણ જુદી જુદી સમજણ અને જુદા જુદા અંગના આધારે ભક્તિ થતી હોય છે.

❊ આ પૃથ્વી ઉપર મોટા ભાગના લોકો ભગવાનના અસ્તિત્વને સ્વીકારે છે. તેઓ માને છે કે આ જગતની ઉત્પત્તિ, પાલન, પ્રલયના કર્તા કોઈ એક ભગવાન છે. સમગ્ર વિશ્વ કોઈક કાયદાના આધારે વ્યવસ્થિત ચાલી રહ્યું છે. તેના આધારે કહી શકાય કે -

'Where there is law, there should be a lawgiver.' અને 'Where there is creation, there should be a creator.' કાયદો છે તો કાયદો ઘડનાર કોઈક હોવો જોઈએ. સર્જન છે તો કોઈક સર્જનહાર હોવો જોઈએ. તાજમહાલ જોઈને વિચાર આવે કે 'આ કોણે બનાવ્યો હશે?' તેમ સૃષ્ટિ જોઈને વિચાર આવે કે 'આ કોણે બનાવ્યું હશે ?'

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે,

'જેણે રચ્યું આ જગત,
જોને જૂજવી એ જાત્યનું રે,
જોતાં મૂંઝાઈ જાય મત,
એવું કર્યું ભાત ભાતનું રે,
એણે કર્યું એવું એક,
થાય નહીં જરૂર જાણીએ રે...'

❊ મહાન વૈજ્ઞાનિક સર આઇઝેક ન્યૂટન કહેતા, 'In the absence of any other proof, the thumb alone would convince me of God's existence.' બીજા કોઈ પણ પુરાવાની ગેરહાજરીમાં હાથના પંજામાંના અંગૂઠાની રચના જ મને ભગવાનના અસ્તિત્વની ખાતરી કરાવે છે.'

◎ સન ૧૯૩૦માં જર્મન કવિ જહોન વિવેરિકે વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનને પૂછ્યું, 'કેટલાક લોકો કહે છે કે આપ ભગવાનમાં માનો છો, તો કેટલાક કહે છે કે આપ ભગવાનમાં નથી માનતા. તો હકીકતમાં આપ આસ્તિક છો, નાસ્તિક છો, ભગવાનમાં અથવા તેમની શક્તિમાં માનો છો ?' ત્યારે આઈન્સ્ટાઈને વાત કરી, 'હું નાસ્તિક તો નથી જ. પણ મારી પરિસ્થિતિ કેવી છે ? તો કોઈ એક બાળક એક રૂમમાં જાય છે. એ રૂમમાં લાયબ્રેરી છે ત્યાં છત સુધી ચારે બાજુ પુસ્તકો છે. દરેક પુસ્તક જ્ઞાનથી તરબતર છે. દરેક પુસ્તકનાં મથાળાં જુદી-જુદી ભાષામાં લખાયેલાં છે. પુસ્તકો પદ્ધતિસર ગોઠવાયેલાં છે.

મારી પરિસ્થિતિ પેલા બાળક જેવી છે, જે જાણે છે કે આમાંનું એકપણ પુસ્તક મેં લખ્યું નથી. લખનાર વ્યક્તિ બીજી છે. આ પુસ્તકોની ભાષા મને આવડતી નથી એટલે ભાષા ખોટી છે એમ ન કહેવાય. તેમાં જ્ઞાન ભરેલું છે, તે ભલે મને સમજાતું નથી પણ જ્ઞાન ખોટું છે તેમ ન કહેવાય. પુસ્તકો એટલાં પદ્ધતિસર ગોઠવાયેલાં છે કે તેનો ગોઠવનાર કોઈક તો હોવો જોઈએ. તેમ આ બ્રહ્માંડની વાતો ભલે આપણને સમજાતી નથી, પણ કોઈ એક શક્તિ છે જેના આધારે આ બ્રહ્માંડ ચાલે છે.'

❊ **रचना प्रभु की देखके, ज्ञानी बड़े बड़े;**
पावे न पार, तो नादान क्या करे?

નાના-મોટા સૌએ સ્વીકારવું પડે તેમ છે કે બ્રહ્માંડનાં આશ્ચર્યો, આ સૃષ્ટિ, આપણું શરીર વગેરે સર્વેના કર્તા ભગવાન છે. લોકો આ

ભગવાનને જુદા જુદા નામથી ઓળખે છે. પ્રકૃતિ, કુદરત, ઈશ્વર, પરમેશ્વર, Supreme Power, God વગેરે નામ સર્વકર્તા ભગવાન માટે વાપરે છે.

* શ્રીજીમહારાજ આ વચનામૃતમાં લોકમાં પ્રવર્તેલ સામાન્ય વાતથી કંઈક અધિક વાત કરવા માંગે છે. લોકો એમ માને છે કે કોઈક ભગવાન અથવા શક્તિ છે, જેના આધારે બ્રહ્માંડનું તંત્ર ચાલે છે. જ્યારે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં સ્પષ્ટતાપૂર્વક સમજાવે છે કે, 'અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.'
* વિશ્વમાં લોકો બહુધા ભગવાનને પરોક્ષપણે માને છે કે કોઈક ભગવાન બધું કરે છે. જ્યારે શ્રીજીમહારાજ સમજાવે છે કે કોઈક ભગવાન નહીં, પરંતુ પ્રત્યક્ષ ભગવાન બધું કરે છે.

આમ, પ્રત્યક્ષ ભગવાનને બદલે પરોક્ષ ભગવાનની પ્રતીતિ અને ભક્તિને જ મહારાજ સમજણમાં ફેર કહે છે. અને પ્રગટ ભગવાનની જ પ્રતીતિ અને ભક્તિની રીતને સાચી સમજણ જણાવે છે.

● **પ્રત્યક્ષ ભગવાન એટલે કોણ ? :**

* ત્રણેય કાળમાં (કહેતાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં) અનેકવિધ આશ્ચર્યના કરનારા મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન શ્રીજીમહારાજ છે. તેમના પ્રાગટ્ય પૂર્વે અને અંતર્ધાન થયા પછી પણ સર્વકર્તા શ્રીજીમહારાજ જ છે.

શ્રીજીમહારાજના અંતર્ધાન થયા પછી પણ તેઓ જે અક્ષરબ્રહ્મ સત્પુરુષ દ્વારા પ્રગટ રહે છે, તેમના દ્વારા પણ આશ્ચર્યના કરનાર તો શ્રીજીમહારાજ પોતે જ છે.

* સં. ૧૯૮૫ના વર્ષે એકવાર સારંગપુરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ઉપસ્થિતિમાં આ વચનામૃત વંચાતું હતું. તે સભામાં ભાવનગરના કુબેરભાઈએ શાસ્ત્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'દયાળુ ! આમાં પ્રત્યક્ષ ભગવાન એટલે શું સમજવું ? સૌ પોતપોતાના ગુરુને ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ સમજે છે અને સર્વ તેમને વિષે કર્તાપણું માને છે. તો સર્વકર્તા કોને સમજવા ?'

શાસ્ત્રીજી મહારાજ આ પ્રશ્ન સાંભળી અત્યંત પ્રસન્ન થયા અને કહ્યું, 'સર્વકર્તા તો એક મહારાજ જ છે. પણ પોતાના સાક્ષાત્ સંબંધને પામ્યા જે (ગુણાતીત) સંત તેમના દ્વારા મહારાજ પોતાની શક્તિનો ઉપયોગ કરે છે.'

* આ રીતે પ્રત્યક્ષ ભગવાનને સર્વકર્તા સમજવાની વાત શ્રીજીમહારાજ અહીં સમજાવે છે. પછી શ્રીજીમહારાજ વચનામૃતમાં આગળ વાત કરે છે...

અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે. અને વળી પોતે એમ જ સમજતો હોય જે, 'ચાયે કોઈ મારી ઉપર ધૂડ નાંખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે;' તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે; એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે જે સમર્થ થકા

જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૨૭મું વચનામૃત થયું.

હવે શ્રીજીમહારાજ ગુણાતીત સંતની ઉચ્ચ સમજણ અને મહિમા જણાવે છે.

● ગુણાતીત સત્પુરુષની સમજણ :

૧. પ્રત્યક્ષ ભગવાનને જ સર્વકર્તા સમજે :

❊ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત સત્પુરુષોના જીવન સામે જોઈએ છીએ ત્યારે ભગવાનને સર્વકર્તા સમજવા એટલે શું તે સ્પષ્ટ થાય છે. જ્યારે સૃષ્ટિનો આશ્ચર્યજનક વૈભવ દેખાય કે કોઈ વ્યક્તિની અદ્ભુત પ્રતિભા નજરમાં આવે ત્યારે તેઓની વાણી અને વિચારોમાં - ભગવાનની જ આ સર્જનશક્તિ છે, એ મહિમા પ્રગટ થયો જ હોય.

સન ૧૯૭૪માં ટોરોન્ટો જઈ રહેલા પ્રમુખસ્વામી મહારાજને હરિભક્તો પ્રથમ નાયગ્રા ફૉલ્સ લઈ ગયા. અહીં ભક્તોની વિનંતીથી પ્રમુખસ્વામી મહારાજે વિશ્વની અજાયબી સમાન નાયગ્રા ફૉલ્સ પર દૃષ્ટિ કરી. પછી નિકટવર્તી ઘાસના મેદાનમાં બેસી સ્વામીબાપાએ સૌને વાતો કરવા માંડી કે ‘લાખો માણસ અહીં જોવા આવે છે પણ આ ધોધના બનાવનાર ભગવાન છે... ભગવાનને જ જે સર્વકર્તા માને તેને જગતના કોઈ પદાર્થમાં આશ્ચર્ય થાય નહીં. કારણ, તે ભગવાનનું જ કાર્ય છે.’

અજાયબી સમાન સ્થાનમાં મોહ ન પામતાં, સ્વામીબાપા ભગવાનની જ સર્જનશક્તિનું ગાન કરતા રહ્યા.

❊ જ્યારે કોઈ કાર્ય સંપન્ન કરવાનું હોય ત્યારે આ ગુણાતીત સંતો ઠાકોરજીની પ્રાર્થનામાં અચૂક જોડાયા હોય. તે પ્રાર્થનામાં તેમની ભગવાનના કર્તાપણાની નિષ્ઠાનાં દર્શન થાય.

સન ૨૦૧૮માં કેટલાક સંતોએ માર્કેટમાં ચાલી રહેલી મંદીની વાત મહંત સ્વામી મહારાજ સમક્ષ રજૂ કરી. દસેક મહિનાથી ચાલી રહેલી મંદીની અસર હરિભક્તોના વ્યવહાર - વ્યવસાય પર પડેલી. મંદીની વિગત જાણી મહંત સ્વામી મહારાજે સૌ સંતોને ધૂન કરવા કહ્યું. ધૂન કર્યા બાદ સ્વામીશ્રી કહે, ‘આપણે પ્રાર્થના કરી એટલે મહારાજ-સ્વામી સાંભળશે.’

સન ૨૦૨૦-૨૧માં વિશ્વભરમાં પ્રસરેલી કોરોના મહામારી દૂર થાય તે માટે પણ મહંત સ્વામી મહારાજ દરરોજ ઠાકોરજીને પ્રાર્થના કરતા. એકવાર સ્વામીશ્રીએ કહેલું, ‘મને ટાઈમ મળે એટલે તરત જ કોરોના જાય તેની પ્રાર્થના મહારાજને કરું છું.’

કોઈ પણ કાર્ય શ્રીજીમહારાજ થકી જ સંપન્ન થશે તેવી સત્પુરુષની દૃઢ સમજણ છે.

❊ સન્માન-અપમાન, સફળતા-નિષ્ફળતાના પ્રસંગોમાં પણ ‘ભગવાનની ઇચ્છાથી જ બધું થાય છે’ તેવી તેઓની દૃઢ સમજણ છે.

મહંત સ્વામી મહારાજને અનેક પ્રસંગે અપમાન-દુઃખ સહન કરવાં પડ્યાં છે. આવા સમયે તેઓ શું વિચારે છે, તે જાણવા સંતોએ સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તમામ પ્રશ્નોનો

સારરૂપ ઉત્તર આપતા હોય તેમ સ્વામીશ્રી કહે, 'શ્રીજીમહારાજ સર્વકર્તા છે. મને અપમાન-દુઃખ જેવું લાગ્યું જ નથી.'

જીવનમાં આવનારા સારા-નરસા પ્રત્યેક સંજોગોના સર્જક શ્રીજીમહારાજ છે, તેવી ગુણાતીત સંતની સમજણ છે.

૨. સમભાવ રહે :

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં એ ગુણાતીત સત્પુરુષનું બીજું લક્ષણ જણાવતાં કહે છે કે, તેમને માન-અપમાનમાં, સારા-નરસા પદાર્થમાં, રૂપ-કુરૂપમાં સમભાવ રહે છે.

❊ અનેક વિરોધાભાસી પરિસ્થિતિઓ વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ સ્થિર અને પ્રફુલ્લિત રહી શકતા. ભોજ, ગજેરા કે નવસારીના હરિજનવાસથી લઈ ન્યૂયોર્કમાં યૂનો સુધી, સૌરાષ્ટ્રનાં ધૂળિયાં ગામડાંથી લઈ દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સુધી સૌને સમતાપૂર્વક આધ્યાત્મિક પ્રેરણાઓ આપી શકતા.

◎ ૧૯૮૨માં લંડનના શીતળ વાતાવરણમાંથી ભારત આવીને પ્રમુખસ્વામી મહારાજ સીધા જ મહારાષ્ટ્રમાં ખાનદેશનાં ગામડાંઓમાં વિચરણ કરવા નીકળી ગયા. ખાનદેશની અસહ્ય ગરમીએ સૌને તોબા પોકારાવી દીધી હતી. વળી, ત્યાં જાજરૂ જેવી સામાન્ય સગવડ પણ નહીં ! પરંતુ લંડન અને એ ખાનદેશનાં ગામડાંઓમાં સ્વામીબાપાની સ્વસ્થતા એકસરખી હતી.

❊ મહંત સ્વામી મહારાજ સન ૨૦૧૭માં નૈરોબી પધાર્યા હતા. અહીં સત્સંગસભા બાદ રાત્રે સંતો સાથે એક ગોષ્ઠિમાં સ્વામીશ્રી કહે, 'ખાસડાં (જોડાં)નો હાર આવે તો કેવી મજા આવે ?'

સંતો કહે, 'એમાં શી મજા આવે ?'

સ્વામીશ્રી કહે, 'સાધુને તો બધું સમ જોઈએ.'

પછી મહંત સ્વામી મહારાજે કેવી વિપરીત પરિસ્થિતિઓમાં વિચરણ કર્યું છે તેની વાતો નીકળી. વિચરણ દરમ્યાન ગામમાં કોઈ ઘરે રહેવાની વ્યવસ્થા ન હોય તો સ્વામીશ્રી રેલવે સ્ટેશન પર પણ સૂતા છે. મહારાષ્ટ્રના પાટણા સ્ટેશન પર સ્વામીશ્રી બાકડા પર સૂતા હતા, ત્યાં એક ઉંદર બચકું ભરી ગયું. છતાં સ્વામીશ્રીએ ક્યારેય ફરિયાદ કરી નથી કે કોઈ વ્યવસ્થાની અપેક્ષા રાખી નથી. વિચરણ માટે વાહનની વાત નીકળી ત્યારે સ્વામીશ્રી કહે, 'બધાં વાહનમાં વિચરણ કર્યું છે. ગાડું, બળદગાડું, ઊંટગાડી, ખટારો... કોઈ બાકી નથી.'

ભગવદ્‌ગીતા અને વચનામૃત આદિ શાસ્ત્રોમાં જે સમત્વ યોગની વાતો થઈ છે તેને મહંત સ્વામી મહારાજ જીવી રહ્યા છે.

૩. સમર્થ થકા જરણા કરે :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૬/૨૮મી વાતમાં કહ્યું, 'કોઈ ઐશ્વર્યને ભલા થઈને ઇચ્છશો મા, ને જો આવે તો આપણે કાંઈક કરી નાખીએ એમ છીએ.'

ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં માનવ મનની એક વાસ્તવિકતા રજૂ કરે છે. મનુષ્ય પાસે કંઈક ઐશ્વર્ય-સામર્થ્ય આવે તો ભગવાનને પણ ન ગાંઠે અને ન કરવાનું કરે.

❊ ગોંડલના શેખજી શ્રીજીમહારાજના સત્સંગી હતા. એકવાર તેમણે સિંધમાં સત્સંગ કરાવવાની ઇચ્છા વ્યક્ત કરી, તેથી મહારાજે તેમને ઐશ્વર્ય આપ્યું. સાથે કેટલાક નિયમો પાળવા પણ આજ્ઞા કરી. શેખજીની દાઢીનાં દર્શનથી લોકોને સમાધિ થતી. પરંતુ આવું ઐશ્વર્ય મેળવ્યા પછી તે છકી ગયા અને નિયમોનો ભંગ કર્યો. 'હું ભગવાન છું' એમ પ્રચાર કરવા લાગ્યા. ઐશ્વર્યને જીરવી ન શક્યા.

◎ શ્રીમદ્‌ભાગવતમાં જય-વિજય અને સનકાદિક ઋષિઓની વાત આવે છે. સનકાદિક મહાન હતા પણ વૈકુંઠમાં જય-વિજયે તેમને રોક્યા તો સનકાદિકને ખોટું લાગી ગયું. શાપ આપી દીધો. તેના લીધે જય-વિજયને ત્રણ જન્મ અસુરના લેવા પડ્યા. સામર્થ્ય હોવા છતાં ન વાપરવું તે કંઈક જુદી કક્ષાની વાત છે.

* શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ગુણાતીત સંતની વિશેષતા જણાવે છે કે, તેઓ સામર્થીએ યુક્ત હોવા છતાં અન્ય જીવનાં માન-અપમાન સહન કરે છે. સમર્થ હોવા છતાં સામર્થ્ય વાપરતા નથી.
* ગુણાતીતાનંદ સ્વામી એકવાર સંતો-ભક્તો સાથે લોટકાવદર ગામના પાદરેથી પસાર થતા હતા. અહીં મરેલાં ઢોર ગંધાતાં હતાં. તેથી સૌ ઉતાવળા ચાલવા લાગ્યા. ગુણાતીતાનંદ સ્વામી ત્યાં ઊભા રહી ગયા અને કહે, 'પ્રકૃતિપુરુષ સુધી બધું આવું જ છે. જો અમારી સત્તા (શક્તિ) ખેંચી લઈએ તો બધું ગંધાઈ ઊઠે.' અક્ષરબ્રહ્મનું આ સામર્થ્ય છે, છતાં તેમની વિશેષતા એ છે કે તેઓ આવા સમર્થ હોવા છતાં તુચ્છ જીવનાં અપમાન સહન કરે છે. 'દટ્ટન સો પટ્ટન' કરવાની તેમની રીત નથી.

સાવર ગામના ગરાસદાર ઊગા ખુમાણે ગુણાતીતાનંદ સ્વામી અને સંતો પર ધૂળ, છાણાં અને પથરાનો વરસાદ વરસાવ્યો. કેટલાક સંતોને માર પણ ખવરાવ્યો. છતાં ગુણાતીતાનંદ સ્વામીએ સહન જ કર્યું. પોતાનું ઐશ્વર્ય લેશ પણ ન જણાવ્યું. ઊલટું નિ:સંતાન ઊગા ખુમાણને સંતાન પ્રાપ્ત થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરી.
* પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે પણ દ્વેષીઓ તરફથી ખૂબ સહન કર્યું છે. પરંતુ તેમણે ખાનગીમાં પણ કોઈનું અહિત થાય તેવો સંકલ્પ કર્યો નથી. દ્વેષી હોય, વિરોધી હોય તેનું પણ ભલું થાય તેવી જ તેમની ભાવના રહી છે.

◎ અંગ્રેજીમાં કહ્યું છે, 'The best use of power is its non-use.' સત્તાનો શ્રેષ્ઠ ઉપયોગ તેને ન વાપરવામાં છે. ગુણાતીત સત્પુરુષોએ સમર્થ હોવા છતાં પોતાની ટીકા, નિંદા, અવહેલનાઓ સહન જ કરી છે.
* શ્રીજીમહારાજે આ વચનામૃતમાં બતાવેલાં આ ત્રણ લક્ષણો ગુણાતીત સંતને વિશ્વની આઠ અબજની વસ્તીથી જુદા પાડી દે છે. વળી, આ ગુણાતીત સંત આવા અનંત શુભ ગુણે યુક્ત છે. તેમનો મહિમા શ્રીજીમહારાજે આ વચનામૃતમાં ખૂબ કહ્યો છે.

● **ગુણાતીત સત્પુરુષનો મહિમા :**
* શ્રીજીમહારાજ કહે છે કે,

૧. એવા ભક્ત (ગુણાતીત સત્પુરુષ)ના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે.
૨. સમર્થ થકા જરણા કરવી, તે બીજાથી થાય નહીં. માટે તે ગુણાતીત સત્પુરુષને અતિ મોટા જાણવા.
૩. બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવા તે સમર્થ થાય છે. માટે તે સંત સર્વ જગતના આધારરૂપ છે.

* શ્રીજીમહારાજે આ વચનામૃતમાં જેના દ્વારા તેઓ પ્રગટ રહેવાના છે તેમની સ્પષ્ટ ઓળખાણ આપી દીધી છે. એ ગુણાતીત સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન નિવાસ કરી રહ્યા છે.
* નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે,

જેના શીશમાં શીશ છે શ્યામનું,
જેના નેણમાં નાથનાં નેણ;
જેના મુખમાં મુખ મહારાજનું,
જેના વેણમાં વા'લાનાં વેણ.
સંત તે સ્વયં હરિ...

એ ગુણાતીત સંતમાં સર્વ પ્રકારે ભગવાન રહ્યા છે, તેથી તેઓ ભગવાનનું સ્વરૂપ છે. આજે મહંત સ્વામી મહારાજનાં દર્શનથી શ્રીજીમહારાજનાં દર્શન થાય છે.
* શ્રીજીમહારાજે **વચનામૃત સારંગપુર-૧૦** અને **ગઢડા પ્રથમ-૩૭**માં એટલે જ કહ્યું કે, 'એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.'
* આવી ભગવાન અને સંતના સ્વરૂપની સ્પષ્ટ સમજણ થાય તો આપણા હૃદયમાં પણ ભગવાન અખંડ નિવાસ કરીને રહે, આપણો પણ માયિકભાવ ટળે અને અક્ષરમુક્તની પંક્તિમાં ભળી શકીએ. તો શ્રીજીમહારાજે બતાવેલ સમજણ આપણે પણ દૃઢ કરી શકીએ તે પ્રાર્થના...

સભા : ૪ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૨૮ અર્ધબળ્યા કાષ્ટનું, વધવા-ઘટવાનું.
- **વિશેષ પ્રવચન** : ભક્તરાજ પર્વતભાઈ (સત્સંગ વાચનમાળા ભાગ-૩, પાઠ-૬)
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્ઠાવીસમું : અર્ધબળ્યા કાષ્ટનું વધવા-ઘટવાનું

સ્વામિનારાયણ હરે

સંવત ૧૮૭૬ ના પોષ સુદી ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુને જમવાની પંક્તિ થઈ હતી.

'તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે ને પોતાના હૈયામાં એમ જાણે જે, સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજું છું.' એમ સર્વથી અધિક પોતાને જાણે અને રાત્રિદિવસ પોતાનાં હૈયામાં મૂંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહીં અને રાત્રિમાં સૂવે તો નિદ્રા પણ આવે નહિ અને ક્રોધ તો ક્યારેય મટે જ નહીં અને અર્ધબળેલા કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે 'એ સત્સંગમાંથી પડવાનો થયો છે.' અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ અને અંતે પાછો પડી જાય છે.

અને સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવા લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે, 'શુભ વાસના વૃદ્ધિ પામી છે.' અને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે.' એવી રીતે શ્રીજીમહારાજ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને આસને પધાર્યા.

● વચનામૃતની વિશેષતા :

- ગરમીનો વધારો ઘટાડો થર્મોમીટરથી મપાય. તેમ સત્સંગમાં વધારા કે ઘટાડાનું માપ શું છે એ વાત આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે.

સત્સંગમાં આવ્યા પછી આપણે વધીએ છીએ કે ઘટીએ છીએ તેનો ઘટસ્ફાટે આ વચનામૃતમાં કર્યો છે.

ટૂંકમાં શ્રીજીમહારાજ કહે છે : 'જેમાં અસદ્‌વાસનાની વૃદ્ધિ થાય તે ઘટે છે. જેમાં

સદવાસનાની વૃદ્ધિ થાય છે તે વધે છે.

- સદ્‌વાસના અને અસદ્‌વાસનાની અહીં શ્રીજીમહારાજે વિશિષ્ટ વ્યાખ્યા આપી છે. સામાન્ય રીતે વિષયભોગની કામના ને જ વાસના કહેવાય. પણ અહીં ભગવાન, સત્પુરુષ, ભક્તોમાં દિવ્યભાવ, સહભાવ, ગુણાગ્રાહક દૃષ્ટિ = સદ્‌વાસના ભગવાન સત્પુરુષ, ભક્તોમાં મનુષ્યભાવ, અસદ્‌ભાવ, અવગુણગ્રાહક દૃષ્ટિ = અસદવાસના - ગુણાતીતાનંદ સ્વામી આ મુદ્દાને બીજા શબ્દોમાં કહે છે : મોટા પુરુષને વિશે સદ્‌ભાવ એ જ નિર્વાસનિકપણું અને મોટા પુરુષને વિશે અસદ્‌ભાવ એ જ વાસનિકપણું. એટલે કે સદ્‌ભાવના અને ગુણગ્રાહક દૃષ્ટિ છે એ વધી રહ્યો છે, અવગુણગ્રાહી ઘટી રહ્યો છે .
- અસદ્‌વાસનાની વૃદ્ધિ થાય તેવા ભક્તની મનોદશા કેવી હોય ?
  ૧. સત્સંગી માત્રનો અવગુણ આવે.
  ૨. સર્વથી અધિક-પોતાને જાણે
  ૩. ક્રોધ તો મટે જ નહીં.
  ૪. દિવસે સુખ નહીં, રાતે સૂવે નહીં.
  ૫. રાત દિવસ મૂંઝાયા કરે
  ૬. અર્ધબળેલા કાષ્ટની પૂંઠે ધૂંધવાયા કરે
  ૭. હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહીં.
  ૮. અંતે પાછો પડી જાય.
- ગુણાતીતાનંદ સ્વામી : અહીં અક્ષરધામ જેવું સુખ વર્તે છે તેમાં પણ કેટલાક દુઃખિયા છે, તેમાં દેહનું દુઃખ ઓછું છે, મનનું દુઃખ ઝાઝુ છે. આવો મહાવિષ્ણુરૂપ સત્સંગ મળ્યો તેમાં પણ દુઃખી છીએ તેનું મૂળ કારણ મન છે. પોતાના સ્વભાવો છે. પોતાના દોષો છે.
- વ્યક્તિને પોતાના સ્વભાવો દેખાતા નથી. બીજાના સ્વભાવો જોવા, અવગુણ જોવાની સહજ ટેવ છે.
- ઊંટ કહે આ સમામાં વાંકા વાંકા અંગવાળા,
  ભૂંડા ભૂતળમાં પશુઓ અને પક્ષીઓ અપાર છે.
  બગલાની ડોક વાંકી, વાઘના તે નખ વાંકા,
  ભેંસને તે શિર વાંકા શગિંડાનો ભાર છે.
  પોપટની ચાંચ વાકી, વારણની સૂંઢ વાંકી,
  કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
  સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ,
  અન્યનું તો એક વાંકુ આપના અઢાર છે.

  ઊંટ પોતે અઢારે અંગે વાંકુ, છતાં બીજાનું બધુ જોયા કરે., ધોળી દૂધ જેવી ભીંતમાં કાળો ડાઘ જ પહેલો જોવો એ મનુષ્ય સ્વભાવ છે.

  માણસ પોતાના અવગુણ બરડે લખે છે ને બીજાના અવગુણ છાતી પર લખેલા જુએ છે.
- સત્સંગમાં અસુખ આવવાનું મૂળ કારણ અભાવ અવગુણ છે.

  યોગીજી મહારાજ જૂનાગઢથી વંથળીના માર્ગે જતા હતા. કેસર કેરીની વાડીઓ સામે જોઈને કહે : 'સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું છે. જો તેમાં અભાવ અવગુણ રૂપ ખટાશ ન ભળે તો.'
- એક વાંદરાને માણસની જેમ રંગ, શબ્દો, આકાર વગેરે વિદ્યા ભણાવવાની શરૂઆત કરી. એકવાર પ્રયોગશાળામાં તે કૂદાકૂદ કરતો હતો. બધુ પડ્યું ને તોડફોડ થઈ. બધાએ વાંદરાને પૂછ્યું : 'આ કોણે કર્યું ?'

  વાંદરો એની શિક્ષિકા તરફ નિર્દેશ કરી કહે : 'આણે.' પશુઓ પણ પોતાના દોષ સ્વીકારવા તૈયાર નથી.

- **અવગુણ શા માટે આવે છે :**

  ૧. દેહાભિમાન - માન ૨. પંચવિષયમાં આસક્તિ. (લોયા-૧૭ મુજબ)
- આ બંનેનું ખંડન થાય, પોતાને મનપસંદ સ્થાન, વ્યક્તિ, ક્રિયા કે પદાર્થનો યોગ ન થાય, જે માગો ને તે ન મળે, ઈચ્છા વિરુદ્ધ પ્રસંગ

બને ત્યારે અવગુણ આવે છે.

- કોઈ પોતાના વખાણ ન કરે, કદર ન કરે, ને તેવે સમયે વ્યક્તિનો અવગુણ આવે છે. આ સમયે પોતાની ભૂલ શોધવાની બદલે પારકાનો અવગુણ લે છે.
- નિષ્કુળાનંદ સ્વામી :

  નથી ખોળતો ખોટ માંયલી રે,
  દે છે બીજાને દોષ,
  કહે નિષ્કુળાનંદ ન્યાયની રે,
  અમથો શો અફસોસ.
- શ્રીજીમહારાજે એકવાર સભામાં મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો : સૌથી મોટા હરિભક્ત કોણ ?' દાદાખાચર.'

  અલૈયા ખાચર હાજર હતા. તેને બહુ ખરાબ લાગ્યું કે મારું નામ કે ન બોલ્યા ?' બીજા નંબરમાં તો બોલશેજ.'

  પણ બીજા નંબરે 'સુરાખાચર' ત્રીજા નંબરે માંચા ખાચર... એમ મુક્તાનંદ સ્વામી બોલવા લાગ્યા કે અલૈયાખાચર તરત તરવાર કાઢીને મુક્તાનંદ સ્વામીને મારવા તૈયાર થયા. પોતાનું દેહાભિમાન ખંડન થવાથી.
- માનમાંથી ઈર્ષ્યા પ્રગટ થાય છે. જીવા ખાચરને દાદા ખાચરની ઈર્ષ્યા. મહારાજ દાદાખાચરનું બહુ રાખે. તેથી તે શ્રીજીમહારાજને મારવા તૈયાર થયા.
- આવા ભક્તને સત્સંગમાં અવગુણ જ દેખાયા કરે. વાતે વાતે વાંકુ પડે.
- **અર્ધબળ્યા કાષ્ટનું દૃષ્ટાંત :** અર્ધુ બળેલું લાકડું ચૂલામાં હોય તો - ધૂમાડો થાય - આંખો બળે, નાક બળે.

  રસોઈ પૂરી પાકે નહીં. કાચી રહે. રસોઈ બગડે. જમે તો પેટ બગડે.

  લાકડાની રખ્યા પણ ન થાય કે લાકડું આખું પણ ન રહે. આમ બધી રીતે ગેરફાયદો.

  એવું અવગુણગ્રાહીને મનમાં. ને મનમાં સતત અસંતોષ, ફરિયાદ રહ્યા કરે. બીજા પ્રતિ ક્રોધ કે દ્વેષ તો મટે જ નહીં. ડગલે ને પગલે અવગુણ આવે.
- પરમ ચૈતન્યાનંદ સ્વામીને ગઢડામાં જળઝીલણીના ઉત્સવમાં ન બોલાવ્યા તો ખોટું લાગ્યું.

● **અવગુણગ્રાહી કેવો છે ? -** હડકાયા શ્વાન જેવો - (ગ.અં. ૧૨) જેને તેને અવગુણની વાત કરી ચેપ લગાડે.

- આસુરી મતિવાળો - ગ.પ્ર. ૩૫
- એનું માથુ કપાણું જાણવું (લોયા-૧) અંતે જાતા વિમુખ જ થાય.
- યોગીજી મહારાજ : અવગુણ જોવાનો, ઝેર પીવાનો રસ્તો ક્યારેય ન લેવો.
- લોયા - ૧૭માં આવા ભક્ત માટે મહારાજ કહે છે 'એ ગમે ત્યારે વિમુખ થાશે જ.'
- અવગુણ લેવાની શરૂઆત નાનાથી થાય છે. પણ જો એમાં સાવધાન ન રહે તો ભગવાન સુધી વાર ન લાગે.

  દાદાખાચરના પલંગ પર બુઢો ધાધલ નામે એક કાઠી માથે ઓઢીને સૂતો. વાળંદ આવ્યો ને દાદાખાચર સમજીને પગ દબાવવા માંડ્યો. સાચી ખબર પડી તો વાળંદ કહે : 'ઘેંસમાં હાથ પડ્યો.' બુઢો ગુસ્સે થયો એટલે દાદાએ ઠપકો આપ્યો. બુઢો કહે : 'દાદોય વાળંદ જ છે.' આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ બુઢાને ઠપકો આપ્યો.

  'મુક્તાનંદ સ્વામીય વાળંદ જેવા.' મહારાજે આ સાંભળી બુઢાને ઠપકો, 'મહારાજેય વાળંદ જેવા.'
- આમ અવગુણ લેવાથી આટલી હાનિ થાય છે.

● **જેમાં સદ્‌વાસના વૃદ્ધિ પામે તેનું વર્તન કેવું હોય ?**

૧. સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે.
૨. સર્વ કરતા પોતાને ન્યૂન સમજે
૩. આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ આવે.
૪. વધુ સમાસ થતો જાય ને અતિશય મોટપને પામે.

- લોયા-૫ સત્સંગમાં અચળ પાયો કરવાનું સાધન - ગુણગ્રાહક દૃષ્ટિ છે.
- વરતાલના કોઠારી ગોરધનભાઈ ખૂબ સમર્થ. ત્રણ ત્રણ આચાર્ય સુધી એક જ કોઠારી. સંતો તેમને દંડવત્ કરે.

આદર્શ ગૃહસ્થ સત્સંગી. સેવા-સમર્પણ ખૂબ છતાં અંતરે આનંદ નહીં. ભગતજી મહારાજને પૂછ્યું : 'તમારા જેવો આનંદ મને કેમ નથી ? ભગતજી મહારાજ કહે : 'આ બધાને તમે બ્રહ્મની મૂર્તિ માનો.' એટલે કે દરેકના ગુણ જુઓ. કોઠારીને આ આકરું લાગ્યું. કારણ બધાને તત્ત્વે સહિત ઓળખતા હતા. ભગતજી મહારાજ કહે 'દિવ્યભાવ ને ગુણગ્રાહક દૃષ્ટિ રાખ્યા વગર છૂટકો જ નથી.'

બહાર વિક્ષેપ છતાં ભગતજી અવિરત પ્રસન્નતાનું મૂળ હતુ - ગુણગ્રાહક દૃષ્ટિ.

- યોગીજી મહારાજ અલમસ્ત આનંદમાં રહેતા. ૧૭ વર્ષ સતત કસણી - અપમાન - દૈહિક દુઃખો આવ્યા છતાં. કેમ ? ' મને સત્સંગમાં ૫૦ વરસ થયા. થાથા થાબડા જેવો હોય. કાંઈ સમજતો ન હોય, વિરોધી હોય, તેનો પણ અવગુણ આવ્યો નથી. આવવા દઉં નહીં. બ્રહ્મની મૂર્તિ દેખું.'

પ્રમુખસ્વામી મહારાજ : પોતાને સેવક માને તો કોઈનો ય અવગુણ ન આવે. બીજા સમજે છે ને હું નથી સમજતો એમ માને તો કોનો અવગુણ આવે ?

- દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં.

● અવગુણ ન આવે તે માટે શું કરવું ?

૧. આત્મનિષ્ઠા : લોયા-૧૭, ગ.અં. ૩૯
૨. મહિમા : કારિયાણી -૯, ગ.પ્ર. ૭૮
૩. હેત : વર.૧૧, ગ.અં. ૧

૧. આત્મનિષ્ઠા

- માન અપમાનમાં પોતાને અક્ષર માનવું કે મારાથી બીજો કોઈ મોટો છે જ નહીં, તો કોનો અવગુણ આવે ? - ગુણાતીતાનંદ સ્વામી
- પોતાના સ્વરૂપને આત્મા માનવાથી દેહાભિમાન ટળે છે ને અવગુણ પણ તરત ટળે છે.
- આત્મનિષ્ઠાને શબ્દો પણ ન અડે. નિર્લેપ રહી શકે.
- ગુણાતીતાનંદ સ્વામીનું ૮૨ વર્ષની વયે વરતાલમાં ભયંકર અપમાન થયું. છતાં જાણે સાવ કંઈ બન્યું નથી એમ જ વર્ત્યા.
- પ્રમુખસ્વામી મહારાજને ગોલ બ્લેડરના ઑપરેશન બાદ આરામ વખતે એક ગૃહસ્થ પૂર્વના દ્વેષને કારણે માંદગીના બિછાને આવી, ન બોલવાનું કેટલું ય બોલી ગયા. સ્વામીનું ભયંકર અપમાન કર્યું. બીમાર અવસ્થામાં પણ સ્વામીશ્રી તદ્દન અસ્વસ્થ રહ્યા. કારણ કે આત્મનિષ્ઠા છે.

૨. મહિમા

- ગ.પ્ર. ૨૪ : સત્સંગમાં ગમે તેવા અઘટિત સ્વભાવવાળાને જોઈએ ત્યારે એમ વિચાર આવવો જોઈએ કે આના પૂર્વના સંસ્કાર બળિયા હશે તો જ એને આ સત્સંગનો યોગ થયો છે.
- સંબંધનો મહિમા સમજવો - દાદાખાચરનો લીમડો કડવો જ છે. ભેટો તો શરીર છોલે. માથુ અથડાય તો લોહી કાઢે. પણ તોય તેને દંડવત્ કરીએ છીએ. કારણ કે મહારાજનો સંબંધ થયો છે. તો પ્રસાદીનો ગણાય. તેમ

હરિભક્તોને સ્વામીનો સંબંધ છે. તો મહિમા સમજવો જોઈએ.

તુલસી જ્યોકે મુખનસે ભૂલે નીકસે રામ
તાકે પગકી પેહેનીયા, મેરે તનકી ચામ.

- ઉદ્ધવજી ગોપીઓની ચરણરજને ઈચ્છયા. કારણ કે મહિમા સમજતા હતા.

૩. હેત :

હેત હોય તો અવગુણ આવે પણ ટકે નહીં.

- એક કઠિયારાએ એમનાં પત્ની સાથે ઝઘડો. કુહાડો માથામાં મારીને જતો રહ્યો. બાઈને લોહી નીકળ્યું. થોડીવાર પછી રોટલા ઘડવા બેઠી. કોઈકે પૂછ્યું 'તને આટલું માર્યું તેનું શું ?' બાઈ કહે : 'મારી જીભ હાલી, ત્યારે તેનો હાથ હાલ્યો ને ?' હેત હતુ તો અવગુણ ન આવ્યો.
- સગાસંબંધી જેવું હેત ભગવાન ને સંતમાં કરવું. (ગ.મ. ૫૯)
- આમ આખા વચનામૃતમાં આપણી સામે બે રાજમાર્ગ શ્રીજીમહારાજે મૂક્યા છે : અધોગતિ કે પ્રગતિ. પસંદગી આપણી છે.
- લગભગ ૭૦ વચનામૃતોમાં અવગુણ ટાળીને ગુણગ્રાહક બનવાની વાત પર શ્રીજીમહારાજે ભાર મૂક્યો છે.
- શ્રીજીમહારાજ ગઢડામાં હતા. સંતોની પંગત પીરસાઈ ગઈ હતી. બે સંતો પાછળથી આવ્યા. કંઈ વધ્યું ન હતું. શ્રીજીમહારાજ કહે : 'પત્તર લઈને પંગતમાં ફરો, જો કંઈ મળે તો.' ફર્યા. આખું પત્તર સારી સારી વાનગીથી ભરાઈ ગયું. મહારાજે કહ્યું : 'આપ દરેકમાંથી ગુણગ્રહણ કરો તો તમે પણ સદ્‌ગુણોથી ભરાઈ જાવ.
- એક ગ્લાસમાં અડધું પાણી ભરેલું હતું. સોક્રેટિસ કહે : 'અડધો ગ્લાસ ભરેલો છે.' આ ગુણગ્રાહક દૃષ્ટિ છે. 'અડધો ગ્લાસ ખાલી છે' એ પણ સાચુ છે પણ એ અવગુણ ગ્રાહક દૃષ્ટિ છે.
- ગુણાતીતાનંદ સ્વામી - ભગવાનના ભક્તના ગુણ ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.
- જ્યાં સુધી બીજાનો અવગુણ આવે છે ત્યાં સુધી કોઈ દિવસ આધ્યાત્મિક વિકાસ નહીં થાય. - પ્રમુખસ્વામી મહારાજ
- **માટે સત્સંગમાં ટકવા, આગળ વધવા, અખંડ આનંદમાં રહેવા ગુણગ્રાહક દૃષ્ટિ રાખ્યા સિવાય છૂટકો જ નથી.**
- **ધ્યેય** : હું શું કરવા આવ્યો છું ને શું થઈ રહ્યું છે એ વિચાર રાખવો. હું મારા સ્વભાવ ટાળવા આવ્યો છું. બીજાનો ઈજારો મારે નથી રાખવાનો.
- **સલાટની દૃષ્ટિ કેળવવી** : તો અવગુણ ન આવે. પથ્થર ભલે ગમે તેવો બેડોળ ને અણિવાળો હોય, પણ સલાટ એમાંથી સુંદર શિલ્પ-મૂર્તિ બનાવશે જ. તેમ હાલ હરિભક્તમાં ભલે ગમે તેવો અઘટિત સ્વભાવ દેખાય, પણ તેને જે મળ્યા છે એ સમર્થ છે. તો દોષોનો શો ભાર છે ? આમ ટાળી નાંખશે.
- **અંતર્દૃષ્ટિ:** પોતાના સામે જુઓ. હું નિર્દોષ છું ? તો મને બીજાના દોષો જોવાનો શો અધિકાર ?

કબીરજી :

બુરા જો દેખન મૈં ચલા,
બુરા ન મીલીયા કોઈ,
અંતર ખોજા આપના,
મુજસે બુરા ન કોઈ.

- **હંસ દૃષ્ટિ કેળવવી** : હંસ કેવળ મોતીનો જ ચારો ચરે. કાગડો ચાંદુ જ ગોતે.
- પ્રમુખસ્વામી મહારાજ - ભલે ગમે તેટલા અવગુણ હોય, પણ ૧૦૦ અવગુણમાં એક ગુણ તો હોય કે નહીં?

ગાંધીજીને કોઈએ ગાળોથી ભરેલો ૫-૭ પાનાંનો કાગળ લખ્યો. ગાંધીજીએ કાગળ ફાડી ટાંકણી હતી તે લઈ લીધી.

- ગુણાતાતીનંદ સ્વામી : અવગુણ આવે ત્યારે ગુણનો વિચાર કરવો. કોઈ તેની સામે પચાસ માણસ કૂવે પડવા જતો હોય તેને પચાસ સામા ઊભા રહે તો પડવા દે ?
- ગુરુપરંપરા સામે દૃષ્ટિ ? - એમને શું ગમે છે ? શું નથી ગમતું ?
- ગ.અં. ૨૧.-ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો ય ન ગમે, તેના હાથનું અન્નજળ પણ ન ભાવે.

હવે વિચારો, આપણે અવગુણ લઈને બોલીએ તો મહારાજ આપણી બાજુથી મોઢુ ફેરવી લેતા હશે. આપણો થાળ ગ્રહણ કરતા હશે ?

ગુણાતીતાનંદ સ્વામી : નિત્ય લાખ રૂપિયા લાવે પણ સત્સંગનું ઘસાતુ બોલે એ મને ન ગમે.'

યોગી ગીતા : હે શાસ્ત્રીજી મહારાજ, તમે નિર્દોષબુદ્ધિના ભૂખ્યા છો. જો તમારા ભક્તનો અમે અવગુણ લઈશું તો પાસે બેસવા નહીં દો, કાઢી મૂકશો.'

◆

૬. વચનામૃત : ગઢડા પ્રથમ - ૩૩ : મૂઢપણું, પ્રીતિ ને સમજણનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૩મું : મૂઢપણું, પ્રીતિ ને સમજણનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના પોષ વદિ ૫ પંચમીને દિવસ પાછલો પહોર દિવસ હતો ત્યારે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની જોડે જે ઓરડો તેની ઓસરીએ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે કસુંબી રંગને છેડે રેંટો બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરી ભગવાન રાજી થાય? તે એવો એક ઉપાય કહો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહીં...'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૩મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા **મધ્ય** - ૨૮માં કહે છે કે, **'સર્વ શાસ્ત્રનું એ જ સાર છે જે ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.'** ભગવાનને રાજી કરવા એ ભક્તનું લક્ષણ છે.

❊ તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું,

'કરીએ રાજી ઘનશ્યામ રે સંતો,
કરીએ રાજી ઘનશ્યામ.
તો સરે સરવે કામ રે સંતો,
કરીએ રાજી ઘનશ્યામ.'

◎ મુક્તાનંદ સ્વામીને દરેક ક્રિયામાં શ્રીજીમહારાજ પ્રસન્ન થાય તેવો વિચાર રહેતો હશે. તેથી સ્વયં મહારાજે તેમના આ અંગનાં વખાણ **વચનામૃત ગઢડા અંત્ય-૨૪**માં કર્યાં છે. મુક્તાનંદ સ્વામી મહારાજને પ્રસન્ન કરવા રાત-દિવસ વિચાર કરતા હશે, તેથી જ આજના પ્રસંગે સભામાં તેમણે આ અંગેનો પ્રશ્ન પૂછ્યો છે.

❊ મુક્તાનંદ સ્વામી અનેક શાસ્ત્રોના વિદ્વાન હતા. તેઓ જાણતા હતા કે આપણાં શાસ્ત્રોમાં ભગવાનને પ્રસન્ન કરવા માટે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ આદિ અનેક ઉપાય બતાવવામાં આવ્યા છે. પરંતુ સાધનાની સિદ્ધિ શીઘ્રતા અને સરળતાથી થઈ શકે તે હેતુથી તેમણે અહીં મહારાજને પ્રશ્ન પૂછ્યો છે. પ્રશ્ન આપણે સૌએ સમજવો અગત્યનો છે, કારણ કે તેના આધારે ઉત્તર સ્પષ્ટતાથી સમજાશે.

❊ આપણે પ્રશ્નને બે દૃષ્ટાંત વડે સમજવા પ્રયત્ન કરીએ. ૧) કોઈ પુરુષ ખૂબ પરિશ્રમ કરી ૧૦૦ કામ કરતો હોય અને ૧ લાખ રૂપિયા મેળવતો હોય, તો મુક્તાનંદ સ્વામી પૂછે છે કે એવું કોઈ એક કામ છે જે કરવાથી ૧ લાખ રૂપિયા મળી જાય ?

૨) કોઈક ગામમાં તળાવ કરવું હોય અને કોઈ

કોદાળી, પાવડો, ત્રિકમ વગેરે સાધનો લઈ ખોદવા બેસે તો તળાવ ખોદતાં કેટલો સમય લાગે? પણ તે સાધનોના સ્થાને JCB મશીન લઈને ખોદે તો? મુક્તાનંદ સ્વામી પૂછે છે કે આધ્યાત્મિક માર્ગમાં સાધનો ઘણાં છે, પણ JCB મશીન જેવું કોઈ સાધન છે જેનાથી કાર્ય ઝડપથી અને સરળતાથી થઈ શકે?

❊ સામાન્ય રીતે અનંત સાધન બરાબર કોઈ એક સાધન થાય તે શક્ય ન લાગે. તેથી આવો પ્રશ્ન કોઈ પૂછે પણ નહિ, પણ મુક્તાનંદ સ્વામી જાણે છે કે મહારાજ સર્વોપરી ભગવાન છે અને આ પ્રશ્નનો ઉકેલ તેઓ પાસેથી જ મળશે.

● **શ્રીજીમહારાજનો ઉત્તર :**

❊ શ્રીજીમહારાજ તમામ જીવોનો સાધનામાર્ગ સ્પષ્ટ રીતે જુએ છે. તેથી જેવો પ્રશ્ન પુછાયો ને ક્ષણના વિલંબ વિના સચોટ ઉત્તર આપી દીધો. મહારાજ કહે છે, 'ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને જેવા અનંત સાધને કરીને ભગવાન રાજી થાય છે તેવા એક સાધનથી ભગવાન રાજી થાય છે.'

❊ આશરો એટલે આશ્રય, શરણું, છત્રછાયા, આધાર, આલંબન... ભગવાનને યથાર્થ ઓળખીને તેમને શરણે જવું તે ભગવાનનો આશરો છે.

❊ દૃઢ આશરો એટલે શું? તેને એક બોધકથાના આધારે સમજીએ. એક વહાણ સમુદ્રકિનારે ઊભેલું. વહાણના સઢ પર કાગડો આવી બેસી ગયો. નિર્ધારિત સમયે વહાણ સમુદ્રકિનારેથી ઊપડ્યું. કાગડાને થયું કે થોડી વાર બેસી રહું, પછી ઊડીને કિનારે જતો રહીશ. વહાણ દૂર ચાલ્યું, પણ કાગડો બેસી જ રહેલો. જ્યારે મધદરિયે વહાણ પહોંચ્યું ત્યારે કાગડાને કિનારે જવાનો વિચાર થયો, પણ કાગડાની પાંખમાં કેટલું જોર હોય? કાગડો ગરુડ જેટલું ઊડી શકે નહીં. એટલે ૧૦૦-૨૦૦ મીટરનો ચકરાવો માર્યો, પણ ચારેય બાજુ પાણી જ દેખાય. દૂર દૂર સુધી ભૂમિ, પર્વત કે વૃક્ષ દેખાય નહીં. તેથી પાછો આવ્યો નાવના સઢ ઉપર. ખલાસીઓએ કાગડાને ઉડાડવા પ્રયત્ન કર્યો તો કાગડાએ ફરી લાંબું ચક્કર માર્યું પણ તેને જમીન દેખાઈ નહીં. હવે તેને ખાતરી થઈ ગઈ કે નાવ વિના મારો ઉદ્ધાર નથી. પછીથી તો ખલાસીઓએ કાગડાને ઉડાડવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ કાગડાને નક્કી હતું કે હવે જીવનનો આધાર માત્ર આ સઢ જ છે. એટલે ગમે તેટલું ઉડાડવા છતાં કાગડો ઊડ્યો જ નહીં.

આ બોધકથાનો મર્મ એ છે કે કાગડાની જેમ આપણને ભગવાન એક જ આધાર મનાઈ જવા જોઈએ. ભગવાન વિના આ દુનિયામાં કોઈ આપણું આશ્રયસ્થાન છે જ નહિ. મુક્તાનંદ સ્વામીએ આ બોધકથાને સુંદર પંક્તિનું સ્વરૂપ આપ્યું છે.

'નાવકે કાગકી ગતિ ભઈ મેરી,
જહાં દેખું તહાં જલનિધિ ખારા.
મોહે તો તુમ હી એક આધારા.'

❊ સાધનમાત્રમાં ભગવાનનો દૃઢ આશરો શ્રેષ્ઠ છે. ભગવાનના આશ્રય વિના કેવળ જપ-તપ, યોગ-વ્રત, દાન-સેવા, નિયમ-ધર્મ, આત્મનિષ્ઠા વગેરે વર વિનાના જાનૈયા અને એકડા વિનાનાં મીંડાંને ઠેકાણે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૧૭૨મી વાતમાં કહ્યું, **'તપ કરીને બળી જાય તોપણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે... મોક્ષનું કારણ આશરો છે.'**

❊ આપણાં મનધાર્યાં સાધન કરવાથી મનનું રાજ્ય ન ટળે, પરિણામે મોક્ષ પણ ન થાય. પરંતુ ભગવાનનો આશ્રય દૃઢ કરીને તેમને પ્રસન્ન કરવાના સાધનરૂપે તેમની આજ્ઞા અનુસાર જપ-તપ, યોગ-વ્રત આદિ સાધન કરવાનાં હોય છે.

● આશરો પ્રગટ ભગવાનનો કરવો :

❋ આપણે શાશ્વત સુખ-શાંતિ પામી શકીએ, આપણી સર્વ પ્રકારે રક્ષા થાય તે માટે આપણાં શાસ્ત્રોએ, ઋષિમુનિઓએ બીજા તમામ આશ્રય છોડી પ્રગટ ભગવાનનો આશ્રય ગ્રહણ કરવાનો નિર્દેશ કર્યો છે.

❋ નારદજી બ્રહ્માના માનસપુત્ર અને વિષ્ણુ ભગવાનના પરમ ભક્ત હતા. શાસ્ત્રોમાં વાત આવે છે કે તેમણે ત્રણ જુદા-જુદા પ્રસંગે ત્રણ જુદી-જુદી વ્યક્તિઓને પ્રગટ ભગવાનમાં જોડાવા પ્રેરણા આપી.

૧. વિશ્વરૂપ દેવોના પુરોહિત હતા. છતાં દૈત્યોનો પક્ષ રાખતા. યજ્ઞનું ફળ દૈત્યોને પણ આપતા. ઈન્દ્રએ તેમનું આ કપટ જાણ્યું અને તેમને મારી નાખ્યા. તેથી ઈન્દ્રને ચાર બ્રહ્મહત્યા લાગી. આ પાપનું નિવારણ કરવા માટે નારદજીએ ઈન્દ્રને કહ્યું કે, 'તારા ભાઈ વામનજી છે તે ભગવાનનો અવતાર છે, માટે તેનો તું આશરો કર.' પછી ઈન્દ્રએ વામન ભગવાનનો આશરો કર્યો અને તેનું પાપ ટળી ગયું.

૨. વાલ્મીકિ રામાયણના પ્રારંભમાં જ વાલ્મીકિ ઋષિ જ્યારે નારદજીને પૂછે છે કે, 'કો ન્વસ્મિન્ સામ્પ્રતં લોકે...' વર્તમાનકાળે શું અનંત ગુણોને ધારનાર કોઈ વ્યક્તિ આજે પ્રગટ છે? ત્યારે નારદજીએ દશરથપુત્ર શ્રીરામચંદ્ર ભગવાનને ઓળખાવ્યા.

૩. વેદ વ્યાસજી લોકકલ્યાણનાં કાર્યોમાં રત હતા. તેમણે વેદોનું વિભાજન કર્યું, પુરાણો રચ્યાં, બ્રહ્મચર્યનું પાલન કર્યું, છતાં તેમને અશાંતિનો અનુભવ થયો. ત્યારે નારદજીએ વ્યાસજીને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોનો ગ્રંથ લખવા વાત કરી. વ્યાસજીએ ત્યારપછી શ્રીમદ્ભાગવતની રચના કરી અને તેમને શાંતિ થઈ.

આ ત્રણેય પ્રસંગોમાં નારદજીએ ત્રણ જુદી-જુદી વ્યક્તિઓને ત્રણ જુદા-જુદા અવતાર ઓળખાવ્યા. ઈન્દ્રને વામનજી, વાલ્મીકિજીને શ્રીરામચંદ્ર અને વ્યાસજીને શ્રીકૃષ્ણ ભગવાન. આ પ્રસંગોથી એ ફલિત થાય છે કે જે સમયે ભગવાન જે રૂપે પ્રગટ હોય તેનો આશરો આપણે કરવો જોઈએ. તેમ કરવાથી જ આપણું કલ્યાણ થાય છે.

❋ આજથી અઢી સદી પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણ પૃથ્વી પર પ્રગટ થયા. તેઓ આપણા ઈષ્ટદેવ છે. તેઓ ગુણાતીત સત્પુરુષ દ્વારા સદાય પ્રગટ છે. તેથી આપણે શ્રીજીમહારાજ અને મહંત સ્વામી મહારાજનો આશરો ગ્રહણ કરવો જોઈએ. સત્સંગદીક્ષા ગ્રંથના ૨૦મા શ્લોકમાં પણ આ પ્રમાણેની આજ્ઞા કરવામાં આવી છે.

❋ પ્રગટ ભગવાનનો આશરો કરવાથી કોઈ દેવો-અવતારોનું ખંડન થતું નથી. તમામ દેવો-અવતારોનો આદર કરવાનો છે, પણ આશરો એકનો જ. અંગ્રેજીમાં કહ્યું છે, 'Respect all, follow one, hate none.'

પત્ની પોતાના પતિને જ સર્વશ્રેષ્ઠ માની તેના આશરે રહે છે. પતિના સંબંધી જાણી અન્યની સંભાવના કરે, પણ જેવો સંબંધ પતિ સાથે છે તેવો બીજા સાથે હોય જ નહીં. જે સ્ત્રી બધાને પતિ માની સૌનાં શરણે જાય તો વ્યભિચારિણી કહેવાય, તેમ આપણે આદર સૌનો કરવો, પણ આશ્રય એક ભગવાન અને ગુણાતીત સંતનો જ કરવો.

● આશ્રિત ભક્તનાં લક્ષણો :

❋ જેમ સૂર્યનું લક્ષણ પ્રકાશ છે, પુષ્પનું લક્ષણ સુગંધ છે, તેમ ભગવાનના આશ્રિત ભક્ત પણ કેટલાંક લક્ષણોથી યુક્ત હોય છે. પોલ વિનાનો અતિદૃઢ આશરો કોને કહેવાય, તે આ લક્ષણો પરથી સમજાશે.

૧. <u>કોઈનો ભાર કે ભય નહીં</u> :

* પોતાને જે ભગવાનનો આશરો છે તેનાથી ભક્ત પોતાને પરિપૂર્ણ અને કૃતાર્થ માને. તેથી તેને મૃત્યુનો ભય રહે નહીં અને કોઈનો ભાર પણ હોય નહીં.
* ગુજરાતથી એક બ્રાહ્મણ સૌરાષ્ટ્રમાં બારપટોળી ગામે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત એવા ખીમા વાઘને ત્યાં પહોંચ્યો. તેણે ખીમા વાઘની પત્નીને કહ્યું : 'તારા ધણીને શનિની સાડા સાતની પનોતી લોઢાના પાયે બેસવાની છે. તેમાં ગામતરાં (એક ગામથી બીજે ગામ ભટકવાનું) કરવાં પડશે. માટે વીંટી કરાવો.' ત્યારે તે બાઈ બોલીઃ 'જો સાંભળ, હું તો મારા ધણીને હમણાં જ ભાત-રોટલો આપી આવી છું. તે ખાઈને એ તો નિરાંતે સૂઈ ગયો હશે, ને સાડા સાતની પનોતી તો તને બેઠી લાગે છે, તે ગુજરાતમાં ખાવા ન મળ્યું તે અહીં આવીને બેઠો છે. માટે હાલવા માંડ.' આમ કહી કાઢી મૂકયો.
* સાચા ભક્તને ગ્રહપનોતિ કે જંત્ર-મંત્ર કહેતાં મલિન તાંત્રિક વિદ્યામાં વપરાતાં તાવીજ, દોરા-ધાગામાં પ્રતીતિ ન હોય અને તેનાથી ડરે પણ નહીં. સત્સંગદીક્ષા ગ્રંથનાં ૨૭૭માં શ્લોકમાં મહંત સ્વામી મહારાજે લખ્યું છે,

કાલો વા કર્મ વા માયા પ્રભવેન્નૈવ કર્હિચિત્ ।
અનિષ્ટકરણે નૂનં સત્સંગાશ્રયશાલિનામ્ ॥

જેઓને સત્સંગનો આશ્રય થયો છે તેમનું કાળ, કર્મ કે માયા ક્યારેય અનિષ્ટ કરવા સમર્થ થતાં જ નથી. માટે આશ્રિત ભક્તને તેનો ભાર કે ભય હોય નહીં.

૨. <u>મુશ્કેલીઓમાં સ્થિર રહે</u> :

* ભગવાન-સંતનો આશરો ગ્રહણ કરવાથી મુશ્કેલીઓ ટળી નથી જતી. નાના-મોટા પ્રશ્નો તો આવ્યા કરે. પણ જગતના લોકો જે મુશ્કેલીમાં નાસીપાસ થઈ જાય, તેવી મુશ્કેલીમાં સાચા આશ્રિત ભક્ત સ્થિર રહી શકે છે.

◎ ઉપલેટાના ગરાસિયા વેરાભાઈ તમામ વ્યસન-દૂષણોનો ત્યાગ કરી શ્રીજીમહારાજના આશ્રિત થયા. પણ મહારાજની ઇચ્છા એવી હશે કે વેરાભાઈનું બહોળું કુટુંબ ઓછું થવા લાગ્યું. ફક્ત એક જ વરસમાં કુટુંબની બાવીસ વ્યક્તિઓ દર પંદર-વીસ દિવસના અંતરે એક પછી એક અવસાન પામે. લોકો, અન્ય સંબંધીઓ પણ મેંણા મારતા. આવા સમયે ભલભલાનો આશરો ડગી જાય. વળી, ધામમાં જનાર પ્રત્યેક વ્યક્તિની પાછળ દવા ખર્ચ, સેવા-શુશ્રૂષાને લીધે આર્થિક મુશ્કેલી આવી. તમામ સંપત્તિ ખૂટી ગઈ. છતાં વેરાભાઈનું અંતર લેશ પણ ઝાંખું ન થયું. તેઓ તો બમણા વેગથી ભગવાનની ભક્તિમાં જોડાયેલા રહ્યા.

* વેલિંગ્ટન(ન્યૂઝીલેન્ડ)માં રહેતા છીતુકાકા ખૂબ મહિમા અને ભક્તિભાવવાળા હરિભક્ત છે. સંતો-ભક્તોની ખડે પગે સેવા કરે. એક સમયે ન્યૂઝીલેન્ડમાં તેઓ ટ્રસ્ટી પણ હતા.

૭૪ વર્ષની વયે તેમને બ્રેઈન સ્ટ્રોક આવ્યો. તેના લીધે બે મહિના કોમામાં જતા રહ્યા. બે મહિના પછી જાગ્રત થયા, પરંતુ હાથ-પગ હલાવી શકતા નથી. ખૂબ શારીરિક પીડા સહન કરે છે. પણ અંતરમાં ભગવાનની નિષ્ઠાનું અપાર બળ ધરાવે છે. સંતો તેમની મુલાકાતે ગયા ત્યારે માંદગીના બિછાને પણ ખૂબ આનંદમાં હતા.

સંતો : 'દુઃખ થાય છે?'

છીતુકાકા : 'ક્યારેય નહીં.'

'કેમ નથી થતું?'

'ભગવાનનો ૧૦૦% આશરો છે.'

'એવું નથી લાગતું કે ભગવાને મારી સાથે એવું કેમ કર્યું?'

'ના, બિલકુલ નહીં... ભગવાનની ઇચ્છા. ભગવાનનું બધું કામ આપણા સારા માટે જ હોય છે.'

'જે દુઃખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતા...' એમ વિચારી અનેક દુઃખ અને મુશ્કેલીઓ વચ્ચે આશ્રિત ભક્ત સ્થિર રહે છે, આનંદમાં રહે છે.

૩. <u>અપમાનમાં સ્થિર રહે</u> :

❊ પોતાના આશ્રિત ભક્તની દૃઢતા જોવા ભગવાન અને સંત પોતે ભક્તનું અપમાન કરે, અથવા બીજામાં રહી અપમાન કરાવે, પણ આશ્રિત ભક્ત તેમાં સ્થિર રહે છે.

❊ મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજના અંગત સેવક હતા. ભાદરામાં એકવાર મહારાજે તેમને મોજડીને કૂણી કરવા તેલ ચોપડવા કહ્યું. વશરામ સુથારે આ સેવા પોતાને આપવા બ્રહ્મચારીને આગ્રહ કર્યો. બ્રહ્મચારીએ મોજડી તેમને આપી. તેથી શ્રીજીમહારાજ બ્રહ્મચારી પર ખિજાયા, 'તમને સેવા સોંપી હતી અને તમે તેમને કેમ આપી?' તેમનું અપમાન કરી વિમુખ કર્યા. ગળ્યું-ચીકણું ન ખાવું અને પગરખાં ન પહેરવાનો નિયમ આપ્યો તે વધારાનો. બ્રહ્મચારી ડભાણ પહોંચ્યા અને ત્યાં રહેતા હતા.

રામદાસ સ્વામીને ડભાણથી શ્રીજીમહારાજ માટે કેરીઓ મોકલવી હતી, તે બ્રહ્મચારીને લઈ જવા કહ્યું. બ્રહ્મચારી ભર ઉનાળામાં ઉઘાડે પગે માથે દોઢ મણ કેરીનો ટોપલો લઈ ગઢપુર પહોંચ્યા, પણ મહારાજે તેમની સામું પણ ન જોયું. 'જય સ્વામિનારાયણ' સુધ્ધાં ન કહ્યા. મહારાજે આટલું અપમાન કર્યું, છતાં પોતે સ્થિર રહ્યા. પછી એક મહિલા હરિભક્તના કહેવાથી મહારાજે બ્રહ્મચારીને ફરી સેવામાં લઈ લીધા. બ્રહ્મચારી ફરી સેવામાં જોડાઈ ગયા, પણ તેમને મનમાં વિચાર ન આવ્યો કે, 'આમાં મારો શો વાંક હતો? મને કેમ વગર વાંકે વિમુખ કર્યો?' **'ભૂખે મારું, ભોંય સૂવાડું, તનની પાડું ખાલ; એમ કરતાં મને ન મૂકે, તો તેને કરી દઉં ન્યાલ.'** બ્રહ્મચારીએ મહારાજને અનેક અપમાન થવા છતાં ન છોડ્યા, તો મહારાજે તેમને સુખિયા કરી દીધા.

◎ ભગતજી મહારાજ આ લોકની દૃષ્ટિએ ગૃહસ્થ દરજી હતા. પરંતુ શાસ્ત્રીજી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામી, મહાપુરુષદાસ સ્વામી વગેરે સંતો તેમને એકાંતિક સત્પુરુષ જાણી રાત-દિવસ તેમના ગુણો ગાતા. પોતાના આશ્રમનું માન મૂકી આ સંતો ભગતજી મહારાજનો સમાગમ કરવા માટે ઝંખતા. ત્યારે દ્વેષીઓ આ સંતોનું અપમાન અને વિરોધ કરતા. ભગતજી મહારાજ પોતે પણ આ સંતોને વઢતા, કાઢી મૂકતા. છતાં આ સંતોએ ભગતજી મહારાજને ન છોડ્યા. વિપરીત સંજોગોમાં દૃઢ આશરો ન હોય તો સત્સંગમાંથી પાછા પડી જવાય.

❊ આજે મહંત સ્વામી મહારાજ પોતે આપણું અપમાન કરે તેવી શક્યતા ઘણી ઓછી છે, પરંતુ અન્ય સંતો-હરિભક્તોમાં રહી આપણી પરીક્ષા કરશે. અન્યમાં રહી આપણો સત્સંગનો ખીલો કેટલો દૃઢ છે તે હલાવી જોશે. આપણે સત્સંગ માટે, મંદિર માટે, સંતો માટે ઘણું ઘસાયા હોઈએ છતાં કોઈક વાર આપણી કદર ન થાય, હાર-તોરામાં આપણું નામ ન બોલાય, આપણી વ્યવસ્થા ન સચવાય, આપણા કરતાં નાની અથવા ઓછી આવડતવાળી વ્યક્તિને આગળ કરવામાં આવે, ત્યારે આપણને લાગે કે આ સત્સંગમાં મારી કોઈ કદર નહિ. પરંતુ તે સમયે ભગવાન સર્વકર્તા છે તેમ સમજે તે સાચા આશ્રિત ભક્તનું લક્ષણ છે.

❊ એક હરિભક્તને પોતાના દીકરાને સંસ્થાની એક શાળામાં એડમિશન અપાવવું હતું. તેના માટે પોતાના વિસ્તારના સંતોની ચિઠ્ઠી પણ લાવેલા, છતાં કંઈક કારણોસર એડમિશન ન મળ્યું. ત્યારે તેમને લાગ્યું કે, 'મંદિર માટે હું આટલી સેવા કરું છું અને મારી કોઈ કિંમત નહીં!' પોતે

અપમાનિત થયા હોય તેવું તેમને લાગ્યું અને સત્સંગમાંથી પાછા પડી ગયા.

ઉનાળામાં ફૂલ કરમાઈ જાય તેમ અપમાનમાં મન સ્થિર ન રહે, ત્યારે સમજવું કે મારે ભગવાન સાથેના જોડાણમાં ક્યાંક ખામી રહી ગઈ છે. હજુ તે જોડાણમાં ઘણા સુધારાને અવકાશ છે.

૪. <u>આજ્ઞા પાળવા તત્પર રહે</u> :

* ખરા આશ્રિત ભક્તની જીવનશૈલી કેવી હોય છે?

'તું દિન કહે તો દિન, અને તું રાત કહે તો રાત
મનની ગાંઠો મેલી હવે બસ, તારા ચાંદે ચાંદ.'

ઈષ્ટદેવ અને ગુરુ જે જે આજ્ઞા કરે તે પાળવા માટે ભક્ત તત્પર રહે છે.

* યોગીજી મહારાજ ગોંડલમાં હતા. તે દરમ્યાન અડવાળના ભઈલુભા નવો ખટારો પૂજન કરાવવા માટે લાવેલા. યોગીબાપાને સૌ પાસે ઉકરડો ઉથામવાની સેવા કરાવવી હતી, તેમાં આ ખટારો આવ્યો એટલે રાજી થયા. ઉકરડો ખટારામાં ભરવાનો હતો અને બીજે ઠેકાણે ખાલી કરવાનો હતો. યોગીબાપાએ સંતોને આ સેવામાં જોડ્યા. એવામાં યોગીબાપાએ મહંત સ્વામીને યાદ કર્યા, 'મહંત સ્વામી ક્યાં છે?' કોઈએ કહ્યું, 'એમને અત્યારે ૧૦૩° ડિગ્રી તાવ છે. તેથી આરામમાં છે.' યોગીબાપા કહે, 'બોલાવો એમને. સેવા કરશે તો મટી જશે.' મહંત સ્વામી મહારાજને યોગીબાપાનો સંદેશો મળ્યો અને તરત સેવામાં જોડાઈ ગયા. ગુરુવચન અધ્ધર ઝીલ્યું અને બે કલાક સેવા કરી.

આજ્ઞા પાળવા માટે પોતાને અનુકૂળ દેશકાળ ન જણાતાં હોય, છતાં ગુરુની મરજી પ્રમાણે જે જીવે છે તેને જ સાચો આશરો કહે છે.

૫. <u>ભગવાન અને સંતમાં દિવ્યભાવ</u> :

* ભગવાન અને સંત જે જે લીલા કરે છે તે બધી જ દિવ્ય છે. ભલે તે ક્રિયા લૌકિક દૃષ્ટિએ અયોગ્ય જણાતી હોય, પણ તેઓમાં માયાનો ભાવ કોટિ કલ્પે છે જ નહિ. સાચો આશ્રિત ભક્ત ભગવાનની દરેક લીલાને દિવ્ય જ જાણે છે.

◎ ૧૯૫૦ની સાલમાં શાસ્ત્રીજી મહારાજે એકવાર વિશિષ્ટ લીલા કરી. તેઓ કહેવા લાગ્યા, 'જોગી ક્યાં છે? જોગીને બોલાવો.' યોગીજી મહારાજ આવ્યા તો એકદમ ત્રાડ પાડી કહે, 'એ કોણ છે? શું કામ છે તમારે? ચાલ્યા જાવ!' આવા સમયે ભલભલા ડગી જાય, પણ યોગીબાપા તો ગુરુની પ્રત્યેક લીલા દિવ્ય જ માનતા. ક્ષોભ પામ્યા વિના ત્યાંથી જતા રહ્યા.

* ભગવાન ગમે તેવાં ચરિત્ર કરે અથવા કામ, ક્રોધ, લોભ આદિ સ્વભાવ બતાવે પણ તે દિવ્ય જ છે. જો આવી દૃઢતા ન કરી હોય તો આપણા આશરામાં પોલ રહી જાય છે.

શાસ્ત્રીજી મહારાજ મંદિર માટે એક હરિભક્ત પાસે આર્થિક સેવા માંગતા, ત્યારે તે હરિભક્ત તેમને લોભી જાણતા અને યોગીજી મહારાજ સારા છે તેમ માનતા. થોડાં વર્ષો બાદ શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા અને યોગીજી મહારાજે તેમને આર્થિક સેવા કરવા કહ્યું ત્યારે તે કહે, 'હું તો શાસ્ત્રીજી મહારાજને લોભી જાણતો હતો અને તમે સારા છો એમ માનતો હતો, પણ તમે પણ એમના સંગે રહીને બગડ્યા.'

સત્પુરુષ તો આપણને આગળ લેવા માટે સેવા કરાવતા હોય છે, પણ તેમનામાં મનુષ્યભાવ કલ્પવાથી આપણી પ્રગતિ ન થાય.

* તેથી જ ઉત્તર ગુજરાતના મહિલા ભક્તોએ શ્રીજીમહારાજ પાસે માંગ્યું,

'જે જે લીલા કરો તમે લાલ,
તેને સમજું અલૌકિક ખ્યાલ.'

* અંતમાં, ભગવાન અને સંતનો દૃઢ આશરો સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન છે જેના દ્વારા તેઓ પ્રસન્ન થાય છે. આ આશરાને આપણે અતિશય દૃઢ કરી શકીએ તે તેઓનાં ચરણોમાં પ્રાર્થના.

૧. વચનામૃત : ગઢડા પ્રથમ-૩૪ : ભગવાને કળ ચઢાવ્યાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૪મું, ભગવાને કળ ચઢાવ્યાનું

સ્વામિનારાયણ હરે, સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા.

(માત્ર મથાળું અને મૂર્તિવર્ણન વાંચી નિરૂપણ શરૂ કરવું. વચ્ચે વચ્ચે વચનામૃતનું વાંચન આવશે.)

■ આ વચનામૃતનું મથાળું છે, 'ભગવાને કળ ચઢાવ્યાનું' કળ ચડાવવી એટલે 'યંત્રને ચાવી આપવી' જેથી યંત્ર ચાલ્યા જ કરે.

ભગવાને એક ઉત્તમ એન્જિનિયરની જેમ સૃષ્ટિની રચના કરી છે. સૃષ્ટિમાં એવી કળ ચડાવી દીધી છે કે એમને ફરીવાર સૃષ્ટિ સામે જોવું જ ન પડે.

આપણી પૃથ્વી ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૪.૧ સેકન્ડે પોતાની ધરી પર એક ભ્રમણ પૂરું કરે છે, જેનાથી દિવસ-રાત થાય છે. ક્યારેય રાત પડી પછી દિવસ જ ન થયો હોય, અને ભગવાનને મેન્ટેનન્સ માટે આવવું પડ્યું હોય એવું બન્યું છે ખરું?

■ ભગવાને એવી કળ ચડાવી છે કે બધું સાહજિક ચાલ્યા કરે. એવી જ એક સૃષ્ટિની કળની વાત શ્રીજીમહારાજ અહીં કરી રહ્યા છે.

(વચનામૃત વાંચન)

❋ ***પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો.' પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી, અને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે?'***

■ બ્રહ્માનંદ સ્વામી કહે છે કે ભગવાન સર્વ સુખનું મૂળ છે, ભગવાનનું સુખ અનંત, અપાર છે.

❋ વચનામૃત સારંગપુર-૧માં ભગવાન સ્વામિનારાયણ તુલનાત્મક રીતે ભગવાનનું સુખ કેવું છે તે સમજાવે છે. તે પ્રમાણે સમજીએ તો...

❋ ત્રાજવાના એક પલ્લામાં અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેગાં કરી મૂકવાનાં. અને સામે પલ્લે (બીજા પલ્લામાં) ભગવાનનાં એક નિમિષમાત્રનાં દર્શન (આંખનો એક પલકારો થાય એટલા સમયનાં દર્શનમાં જે સુખ આવે તે) અથવા ભગવાનના એક રૂંવાડામાં જેટલું સુખ સમાય, તેનો કરોડમો ભાગ મૂકવાનો. આ રીતે તોલવામાં આવે તો ભગવાનના સુખવાળું પલ્લું નમી જાય.

આવું અપાર ભગવાનનું સુખ છે, છતાં જીવની વૃત્તિ તેમાં ચોંટતી નથી. સામે પક્ષે સ્ત્રીપુત્રાદિક સગાં-સંબંધીઓ કે જે નાશવંત છે અને તુચ્છ છે, છતાં તેમાં સહેજે સહેજે વૃત્તિ ચોંટી જાય છે. આવું કેમ?

શ્રીજીમહારાજ કારણ જણાવે છે કે...

(વચનામૃત વાંચન)

❋ ***પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ પ્રશ્નનો ઉત્તર સાંભળો અમે કરીએ છીએ જે, જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ(રમકડાંને ચાવી આપે તેમ) ચડાવી***

મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહીં, અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે જ હેત થાય છે. તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે.'

(૧) ભગવાને હેતરૂપી કળ ચડાવી મૂકી છે :

■ શ્રીજીમહારાજ જણાવે છે કે સૃષ્ટિનો વ્યવહાર ચાલે તે માટે ભગવાને હેતરૂપી કળ ચડાવી દીધી છે, જેથી સ્ત્રી-પુરુષને પરસ્પર સહેજે હેત થઈ જાય છે, અને પોતાનાં સંતાનોમાં પણ સહેજે હેત થઈ જાય છે.

(૧.૧) સ્ત્રી-પુરુષને પરસ્પર હેત :

❇ 'ઈમોશનલ ક્વોશન્ટ' (Emotional Quotient) નામના પુસ્તકમાં ડેનિયલ ગોલમેન(Deniel Goleman) નામના પશુપ્રેમીએ પોતાનો એક અનુભવ જણાવ્યો છે કે ચાર્લી અને જોસેફી નામનાં બે નર અને માદા જિરાફ ૩૦ વર્ષથી એકસાથે રહેતાં હતાં. રોજ સાથે જ ખાય-પીએ અને હરે-ફરે. એક વાર એક પોલીસે ગોળી મારી, તે ચાર્લીને વાગી અને તે મરી ગયું. ૧૫ મિનિટમાં જોસેફી પણ તેની બાજુમાં મરી ગયું. આમ, પ્રાણીઓમાં પણ આ હેતરૂપી કળ સાહજિક છે.

આ હેતરૂપી માયાના પ્રવાહમાં અબોલ પશુઓ પણ તણાઈ જાય છે, તો માણસ તણાય તેમાં શી નવાઈ?

(૧.૨) સંતતિમાં હેત :

■ આ કળ એવી છે કે પોતાની પ્રજા એટલે કે સંતતિમાં પણ સહેજે જ હેત થઈ જાય છે. પશુ-પક્ષીથી લઈ માણસ સુધી બધાંમાં આ કળ ચડાવેલી છે.

વાછરડું જન્મે ને તરત જ તેની માતાના આંચળ પર મોઢું વળગાડી દૂધ પીવા લાગે, અને ગાય પણ તેને પોતાની જીભથી પસવાર્યા કરે.

❇ ગુણાતીતાનંદ સ્વામીએ તેમના વખતમાં બનેલી એક ઘટનાનું વર્ણન પોતાની વાતોમાં કર્યું છે: એક ભેંસ પોતાના બચ્ચાને (પાડીને) સિંહથી બચાવવા સિંહની સામે થઈ અને એક ગાઉ પાછે પગલે ચાલી, પણ સિંહને બચ્ચાની નજીક ન જવા દીધો. જીવના જોખમે પણ પોતાના સંતાનની રક્ષા કરી. **(સ્વામીની વાતઃ ૬/૧૩૩)**

❇ યોગીજી મહારાજ જૂનાગઢના નવાબની એક વાત કરતા કે જૂનાગઢમાં મરકી (કોલેરા)નો રોગ થયો હતો. રોગચાળો વધુ ન ફેલાય, તે માટે નવાબે બહારગામથી કોઈ જૂનાગઢમાં ન આવે તે માટે સખત બંધી કરી હતી. તેમાં એક દિવસે ધોરાજીથી એક જાન જૂનાગઢ આવી. ચોકીદારોએ જાનૈયાને શહેરમાં પેસવા ન દીધા. આ બાજુ વેવાઈ પક્ષે ગામમાં મોટો જમણવાર ગોઠવેલો. હવે શું કરવું? બધા મૂંઝાયા. નવાબ સાહેબને અરજ કરવા જવાય એવું નહોતું. તેથી શાહજાદા છોટુમિયાંને અરજ કરી. છોટુમિયાંએ દરવાજે હુકમ આપી દીધો કે 'જાનને આવવા દો.' પછી તો નવાબ સાહેબ પાસે વાત પહોંચી કે કોરન (બંધી) તૂટી. નવાબ સાહેબ ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને વજીરને ધમકાવવા લાગ્યા કે 'કિસને કોરન તોડી?' વજીરે કહ્યું 'છોટુમિયાંએ.' એ સાંભળી નવાબ સાહેબ તરત રાજી થઈને બોલ્યા, 'તબ તો બહુત અચ્છા.'

પોતાના હુકમનો અનાદર કરનાર પોતાનો પુત્ર હતો તો વાંધો ન આવ્યો. આવો હેતરૂપી માયાનો પ્રવાહ સમગ્ર જગતમાં વહે છે.

■ આ હેતરૂપી માયાના પ્રવાહમાં જે તણાય છે, તે જરૂર દુઃખી થાય છે, અને આ હેતરૂપી માયાના પ્રવાહમાં જે ન વહે, તે આ જગબંધનની જેલમાંથી છૂટે, તે જ સુખિયો થાય છે.

❋ એટલે શ્રીજીમહારાજ હવે તેમાંથી છૂટવાનો ઉપાય બતાવે છે કે...

(વચનામૃત વાંચન)

❋ ***'તે એ હેતરૂપી જે ભગવાનની માયા છે, તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે, અને ભગવાનને સર્વસુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે.'***

(૨) ભગવાનમાં વૃત્તિ રહે તેનો ઉપાય :

અહીં શ્રીજીમહારાજ માયાના પ્રવાહમાં સામે પૂર તરવા માટે બે ઉપાય બતાવે છે:

(૧) માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખવી.

(૨) ભગવાનને સર્વસુખમય જાણવા.

પ્રશ્નમાં તો માત્ર કારણ જ પૂછે છે, પણ શ્રીજીમહારાજને ખબર છે કે ભગવાનમાં વૃત્તિ રહેશે તો જ સુખિયા થવાશે. તેથી શ્રીજીમહારાજ ઉપાય પણ બતાવે છે.

(૨.૧) માયિક પદાર્થોને વિષે દોષબુદ્ધિ :

માયિક પદાર્થોમાં દોષબુદ્ધિ કરવા માટે, શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીએ માયિક સુખમાં દોષો રહેલા છે, એ વિષયક આપેલ વિચારોને આપણા અનુભવમાં આવે તે રીતે સમજવા પડે.

■ **માયિક સુખથી ક્યારેય તૃપ્તિ થતી નથી :**

વચનામૃત ગઢડા મધ્ય-૪૭માં શ્રીજીમહારાજ સમજાવે છે કે આપણે વિચાર કરવો કે અનંત જન્મ સુધી વિષયસુખ-માયિક સુખ ભોગવ્યાં છે, પણ હજુ સુધી તૃપ્તિ થઈ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેમાં ગમે તેટલું પાણી નાંખીએ તોય ભરાય નહીં, તેમ માયિક સુખ ગમે તેટલું ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી.

■ માયિક સુખમાત્ર 'ક, કા, કી'માં સમાઈ જાય છે.

- ક = કનક (ધન-સંપત્તિ)
- કા = કાન્તા (સ્ત્રી આદિક વિષય)
- કી = કીર્તિ (પ્રસિદ્ધિ - સત્તા-નામના વગેરે...)

આ ત્રણ પ્રકારનું સુખ ગમે તેટલું મેળવો છતાં તૃપ્તિ થતી નથી.

❋ રામલિંગા રાજુ હૈદરાબાદના સમૃદ્ધ ખેડૂતનો દીકરો હતો. બાગાયતી ધોરણે દ્રાક્ષનું ઉત્પાદન અને વેપાર કરવામાં તેના પિતા આંધ્રપ્રદેશમાં મોખરે હતા. રામલિંગાએ અમેરિકામાં એમ.બી.એ.નો અભ્યાસ કર્યો. ત્યાર બાદ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પણ બિઝનેસને લગતો અભ્યાસ કર્યો હતો. ઈ.સ. ૧૯૭૭માં ભારત આવીને તેણે પિતાની સંપત્તિનો વિસ્તાર કરવા કાપડનું ઉત્પાદન કરવાના વ્યવસાયમાં ઝંપલાવ્યું. તેમાં સારી એવી કમાણી થઈ પણ તે અટક્યો નહીં. તેણે જોયું કે તે સમયે જમીન અને બાંધકામના વ્યવસાયમાં તેજી છે. તેથી તેણે 'સત્યમ્ કન્સ્ટ્રક્શન' નામની કંપની શરૂ કરી, રીઅલ એસ્ટેટના વ્યવસાયમાંથી અઢળક કમાણી કરી. ત્યારબાદ ઈ.સ. ૧૯૮૭માં કમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રમાં ઊજળું ભવિષ્ય જોઈ, વધુ સંપત્તિ મેળવવા 'સત્યમ્ કમ્પ્યુટર સર્વિસીસ' નામની કંપની શરૂ કરી. ઈ.સ. ૨૦૦૧ સુધીમાં તો 'સત્યમ્ કમ્પ્યુટર્સ'ને ભારતની ટોચની કંપનીઓમાં સ્થાન મળી ગયું હતું. રામલિંગા રાજુ સમૃદ્ધ અને સફળ ઉદ્યોગપતિ તરીકે વિશ્વપ્રસિદ્ધિ પામ્યો હતો. અબજોની મિલકત ધરાવતી કંપનીના માલિક હોવા છતાં તેને સંતોષ નહોતો. હજુ વધુ સંપત્તિના સ્વામી બનવા તેણે ધીરે ધીરે અનીતિનો સહારો લેવા માંડ્યો. અબજો રૂપિયાની ગોલમાલ કરી પોતાની તિજોરી ભરી. તે માટે કંપનીના હિસાબમાં ખોટા આંકડા મૂકી શેરધારકો સાથે છેતરપિંડી કરી. અંતે ઈ.સ.૨૦૦૯માં ૭૮૦૦ કરોડ રૂપિયાનું

કૌભાંડ બહાર આવ્યું, અને રામલિંગા રાજુને જેલમાં જવું પડ્યું. પૈસા માટેની આવી આંધળી દોટનું વર્ણન કરતાં રાજુએ લખ્યું હતું કે 'પૈસા મેળવવાની મારી આ દોટ વાઘની પીઠ પર સવારી કરી આગળ વધવા જેવી હતી. હું નહોતો જાણતો કે આમાં અટક્યા પછી વાઘથી બચવું કેવી રીતે?'

આમ, ગમે તેટલી ધન-સંપત્તિ મળે પણ તેનાથી કદી તૃપ્તિ થતી નથી. તેથી જ તો વધુ સંપત્તિ મેળવવા માણસ આવી જોખમી દોડ દોડતો જ રહે છે.

સારામાં સારો મોબાઈલ ફોન વાપરતો હોય છતાં નવો ફોન બહાર પડે તો તે ખરીદવા માટે મન લલચાય. નવાં કપડાં હજુ જૂના પણ ન થયાં હોય અને નવી ફેશનનાં કપડાં આવે તો તે સીવડાવવાની ઇચ્છા થઈ આવે.

આમ, માયિક સુખથી ક્યારેય તૃપ્તિ થતી નથી, એ વિચાર દૃઢ કરીએ તો માયિક સુખમાંથી વૃત્તિ તૂટે.

■ **માયિક સુખ દુઃખદાયી છે :**

માયિક સુખનો બીજો દોષ સમજવા માટે એક દૃષ્ટાંત સાંભળીએ...

❊ એક વખત એક શેઠની દુકાને એક સૂરદાસ (અંધ વ્યક્તિ) આવ્યા. શેઠે કહ્યું, 'તમે મારે ઘરે જમવા આવજો.' પછી શેઠે ગુમાસ્તાને પોતાને ઘેર કહેવા મોકલ્યો ને કહેવડાવ્યું કે 'સૂરદાસ ઘરે જમવા આવવાના છે, તો એક વ્યક્તિનું જમવાનું વધારે બનાવે.' શેઠ ઘરે આવ્યા. સૂરદાસ આવે તે પહેલાં તેમની પત્નીએ બે જણાની રસોઈ વધારે બનાવેલી. શેઠ કહે, 'મેં તો એકની જ રસોઈ વધારે કરવાની કહેલી ને તેં બે જણાની કેમ બનાવી?' ત્યારે શેઠાણી કહે, 'સૂરદાસ આવશે તે કોઈ દેખતા માણસનો હાથ પકડીને જ આવશે ને! એકલા કેવી રીતે આવશે? સાથે આવનારને પણ જમાડવું પડશે કે નહીં?' શેઠ કહે, 'એ વાત સાચી.'

તેમ આપણે આમંત્રણ આપીએ છીએ કેવળ સુખને, પણ સુખ હંમેશાં દુઃખનો હાથ પકડીને આવે છે. એકલું સુખ તો ક્યારેય આવતું નથી. આ જ માયિક સુખનો દોષ છે.

❊ માટે ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે, 'જેટલું કંઈ માયામય સુખ છે, તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં, તે વાત પણ એક જાણી રાખવી.' **(સ્વામીની વાત : ૧/૨૫)**

■ **માયિક સુખની સાથે દુઃખની ભેટ :**

❊ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી રીચાર્ડ ઈસ્ટરલીન(Rechard Esterlin)ને એક સર્વેક્ષણ કરવાની જવાબદારી સોંપાઈ કે સમૃદ્ધિ આવ્યા પછી અમેરિકનો કેટલા સુખી થયા? સર્વેક્ષણ કર્યા પછી રીચાર્ડ કહે છે, '૧૯૪૫ પછી આજ સુધીમાં અમેરિકનો સુખના સાગરમાં નહાતા હોય, તેનો જરા સરખો પણ પુરાવો મને મળ્યો નહીં. 'There were not a shred of evidence.'

અઢળક સમૃદ્ધિ, લેટેસ્ટ ટેક્નોલોજી અને અનેકવિધ સગવડોની સાથે માનસિક તાણ, ડ્રગ્સ, હિંસા-ગુનાખોરી, રોગો, ગ્લોબલ વોર્મિંગ, યુદ્ધ, પારિવારિક મૂલ્યોનું પતન વગેરે જેવાં અનેક દુઃખોએ વણનોતર્યા અમેરિકામાં આવીને ધામા નાંખી દીધા છે.

આમ, માયિક સુખની સાથે દુઃખ જોડાયેલું જ હોય છે. આ રીતે માયિક સુખને દુઃખમય જાણીએ તો ભગવાનમાં વૃત્તિ રહે, તેનો પહેલો ઉપાય સિદ્ધ થાય.

■ હવે, મહારાજે ભગવાનમાં વૃત્તિ રહે તેનો બીજો ઉપાય બતાવ્યો છે, તે છે ભગવાનને સર્વસુખમય જાણવા.

(૨.૨) ભગવાનને સર્વસુખમય જાણવા :

■ ભગવાનના સુખનો વિચાર કરવાથી માયિક સુખમાંથી વૃત્તિ કેવી રીતે પાછી વળે તે સમજીએ...

❊ એક ગરીબ માણસ મહાત્માજી પાસે પોતાની ગરીબી દૂર થાય તેનો ઉપાય જાણવા આવ્યો. મહાત્માજીએ તેને કહ્યું, 'મારી પર્ણકુટિની બહાર નૈઋત્ય ખૂણામાં એક વૃક્ષ છે. તેના મૂળથી એક હાથ દૂર ખોદકામ કર. તને ઉપાય મળશે.' પેલાએ તેમ કર્યું. તેને એક નાનો પથરો મળ્યો. તે લઈને સંત પાસે આવ્યો. સંતે કહ્યું, 'આ પારસમણિ છે. તે અડાડવાથી લોઢાનું સોનું બને છે. આ મણિ આજથી કાયમ માટે તારો. જા, ખુશ થા.' પેલો ગરીબ માણસ મણિ લઈ હરખાતો હરખાતો પાછો ફરતો હતો. ત્યારે તેને મનમાં વિચાર આવ્યો કે 'આ કિંમતી મણિને તે મહાત્માજીએ શા માટે આમ ધૂળમાં દાટી રાખ્યો હશે? જાણે તેમને મન એની જરાય કિંમત ન હોય તેમ સહેજમાં તે મને આપી દીધો. નક્કી તેમની પાસે આથીય વધુ કિંમતી વસ્તુ હશે.' પારસમણિનો ઉપયોગ કરતાં પહેલાં તે પાછો મહાત્મા પાસે આવ્યો અને પોતાની જિજ્ઞાસા રજૂ કરી. તે સાંભળી તે મહાત્મા કહે, ''મેં તને જે વસ્તુ આપી છે તે તો 'પારસ' (પા-રસ, પા ભાગનો જ રસ = ચોથા ભાગનો જ રસ) છે. મારી પાસે તો એનાથીય કિંમતી પૂર્ણરસ છે, એ છે પૂર્ણ એવા ભગવાનનો રસ. એટલે મારા માટે આ પારસ તુચ્છ છે. તેથી મેં તને આપી દીધો.''

પછી તે માણસે પારસમણિનો ઉપયોગ ન કરવાનો નિર્ણય લીધો, અને મહાત્માજી પાસે રહી પૂર્ણરસ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરવા લાગ્યો.

■ **ઝાઝા સુખનો લોભ :**

❊ માયિક વિષયસુખ અતિશય તુચ્છ અને દુઃખમય મનાય, તે માટે શ્રીજીમહારાજે વચનામૃત પંચાળા-૧માં ઉપાય બતાવ્યો છે, 'આ જે વાર્તા છે તે તો જેને ઝાઝી બુદ્ધિ હોય ને ઝાઝાં સુખના લોભને ઇચ્છે તેને સમજાય છે. જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે, ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે. તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અધિક છે. માટે જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે.'

શ્રીજીમહારાજ સમજાવે છે કે જેને ઝાઝાં સુખનો લોભ હોય, તેને માયિક પંચવિષયનાં સુખમાંથી વૃત્તિ તૂટે.

❊ ઝાઝું સુખ એટલે ભગવાનનું સુખ. જો તેમાં દૃષ્ટિ પહોંચે, જો તેનો લોભ જાગે, તો માયિક પદાર્થમાં વૃત્તિ ન ચોંટે. માટે ભગવાનનું સુખ સૌથી વધુ છે, ભગવાન જ સર્વ સુખના નિધિ છે. એ વાતની દૃઢતા કરવી જરૂરી છે. એ દૃઢતા થાય તે માટે ભગવાનના સુખ અને માયિક સુખની સરખામણી કરવી પડે.

■ **ભગવાનના સુખ અને માયિક સુખની સરખામણી :**

❊ ભગવાનના સુખ આગળ માયિક સુખ તો,

- વચનામૃત સારંગપુર-૧ પ્રમાણે નરક તુલ્ય છે.
- વચનામૃત ગઢડા મધ્ય-૧૦ પ્રમાણે અસલ નથી, પણ નકલ (ખોટું) છે.
- વચનામૃત ગઢડા અંત્ય-૩૯ પ્રમાણે ધનાઢ્ય ગૃહસ્થ કૂતરાને બટકું રોટલો નાખે તેવું છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો નાંખ્યું તે પ્રકૃતિપુરુષમાં આવ્યું તેમાંથી પ્રધાનપુરુષમાં આવ્યું, ને ત્યાંથી વૈરાટમાં આવ્યું, ને ત્યાંથી દેવતામાં આવ્યું, ને ત્યાંથી અહીં મનુષ્યમાં આવ્યું. તે સુખમાં જીવમાત્ર સુખિયા છે...'

(સ્વામીની વાતઃ ૧/૧૮૨)

ભગવાનના સુખની એક ટીપુડીનીય ટીપુડીમાં સાત અબજથી વધુ મનુષ્યો સુખ ભોગવે છે. તો ભગવાનનું સુખ કેટલું હશે?

■ આપણે ચંદ્ર ઉપર ગયા નથી, છતાં અમુક લોકો જઈ આવ્યા, તો આપણે માનીએ છીએ કે ચંદ્ર પર માણસ જઈ શકે છે.

તે જ રીતે ભલે આપણે ભગવાનનું સુખ યથાર્થ અનુભવી શકતા નથી, પણ જેને ભગવાનના સુખનો અનુભવ છે તેને જોઈએ, તોપણ સમજાય કે એ સુખ માયિક સુખથી અધિક છે.

■ **ભગવાનના સુખે સુખી સત્પુરુષ તરફ દૃષ્ટિ :**

❊ ઈ.સ. ૧૯૭૦માં યોગીજી મહારાજ લંડન વિચરણમાં હતા, ત્યારે રમેશભાઈ તથા સુરેશભાઈને ઘરે ઠાકોરજી જમાડવા પધારેલા. તે વખતે ટેલિવિઝન ચાલુ હતું અને તેના પર ક્રિકેટ મેચનું જીવંત પ્રસારણ ચાલતું હતું. કો'કે કહ્યું, 'સ્વામી, આ ક્રિકેટ મેચ જુઓ. એમાં બહુ મજા પડે.' ત્યારે યોગીજી મહારાજ બોલ્યા, 'નો જોવાય. આ જગતનું સુખ, આ લંડનનું સુખ તો કૂચા છે. શેરડીનો રસ કાઢી લઈએ પછી વાંહે (બાકી) શું વધે? કૂચા. તે ગધેડા ચાટે. તેમ આ બધું એવું છે.'

❊ આપણી ગુણાતીત ગુરુપરંપરાનાં જીવન સામે દૃષ્ટિ કરીએ તો આ વાત સમજાય. તેઓ અખંડ ભગવાનના સુખે સુખી હતા. તેથી જ...

- ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજી મહારાજ પર ભયંકર અપમાનોની ઝડી વરસી, છતાં તેઓનું સુખ કે આનંદ ઓછો થયો નથી.
- શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ અપાર મુશ્કેલીઓ વચ્ચે પણ અખંડ સુખી રહ્યા છે.
- અને આજે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પણ સદાય સુખિયા છે.

ભલભલાને દુ:ખના દરિયામાં ડુબાડી દે તેવા સંજોગોમાં તેઓ અખંડ કેફ અને આનંદમાં રહે છે.

લોકો જેમાંથી સુખ માને છે તેવું તેમની પાસે કશું જ નથી, છતાં દુનિયાના તમામ લોકો કરતાં તેઓ વધુ સુખી છે.

❊ મહંત સ્વામી મહારાજે ૮૩ વર્ષની ઉંમરે સંસ્થાનું સુકાન સંભાળ્યું. લાખો હરિભક્તો અને ૧૧૦૦ સંતોની જવાબદારી, ૧૨૦૦ મંદિરો તથા વિરાટ બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન, વળી પોતાની શારીરિક તકલીફો તો ખરી જ, છતાં આજે ૯૦ વર્ષે પણ તેઓના મુખ પર ચિંતા કે ટેન્શનની એક લકીર સુધ્ધાં દેખાતી નથી. એટલું જ નહીં, તેમની ઉપસ્થિતિ આસપાસના લોકોને તમામ ચિંતા કે ટેન્શન ભુલાવી આનંદમાં તરબોળ કરી દે છે.

❊ સ્વામીશ્રી ભગવાનનું સુખ ભોગવી રહ્યા છે, એટલે તેમનું સુખ ક્યારેય ઓસરતું નથી.

■ ભગવાનનું સુખ એ જ સર્વ સુખનું મૂળ છે, સૌથી શ્રેષ્ઠ છે, એની મોટામાં મોટી સાબિતી મહંત સ્વામી મહારાજ છે. તેઓ તરફ દૃષ્ટિ રાખીએ તો ભગવાનના સુખનો લોભ જાગે.

- જેમ કોઈનાં સારાં કપડાં જોઈને એવાં કપડાં પહેરવાનું મન થાય,
- કોઈની સારી ગાડી જોઈને એવી ગાડીમાં ફરવાનું મન થાય,
- કોઈનો નવો મોબાઈલ ફોન જોઈને એવો ફોન લેવાનું મન થાય.

❊ તેમ મહંત સ્વામી મહારાજ ભગવાનનું અખંડ સુખ ભોગવી રહ્યા છે, એ જોઈને એમના જેવું સુખ ભોગવવાનું મન કેમ ન થાય?

તો આવો, આપણે ભગવાનના સુખનો લોભ જગાડીએ, અને જગતમાંથી વૃત્તિ તોડી ભગવાનનાં સુખે સુખિયા થઈએ...

❊ **ઈતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૩૪મું વચનામૃત થયું.**

સ્વામિનારાયણ હરે,

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૪મું, ભગવાને કળ ચઢાવ્યાનું

સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજી-મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા.

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ ક્લેશને પામે છે ? એ પ્રશ્ન છે.'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''લ્યો, એનો ઉત્તર અમે કરીએ જે, પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે, અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે. જે જે ત્યાગીને અને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને ક્લેશ થાય છે. અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે, અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૩૪મું વચનામૃત થયું.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ભગવાનના ભક્તને આવતાં સુખો અને દુઃખોનું કારણ સમજાવીને, સુખી થવાની સાચી રીત બતાવે છે.

❊ મુક્તાનંદ સ્વામીનો આ પ્રશ્ન એમની સતત અંતર્દષ્ટિ સૂચવે છે, અને છતી દેહે જ ભગવાનના યથાર્થ સુખનો અનુભવ કરવાની એમની તીવ્ર ઝંખનાનાં દર્શન કરાવે છે.

તેઓ તો ભગવાનના સુખે સુખિયા હતા જ, કારણ કે તેમણે ગાયું છે કે :

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી...'
'આજ અમૃતતણા મેહુલા વરસીયા...,
આજ મુક્તાનંદ અધિક સુખ ઊપજ્યું....

તેથી આ પ્રશ્ન આપણા જેવા મુમુક્ષુઓ માટે એમણે પૂછ્યો છે, એમ કહી શકાય.

● **ભગવાનની પ્રાપ્તિ દુર્લભ છે :**

❊ પૂર્વેનાં ભક્તોએ ભગવાન મેળવવા રાજપાટ, ઘરબાર, કુટુંબ-પરિવાર છોડ્યાં, વનમાં વસ્યા, કષ્ટો સહ્યાં, અનંત કઠણ સાધનો કર્યાં, છેલ્લે રાફડા થયા, પણ ભગવાનનાં દર્શન ન થયાં, કારણ કે એ દુર્લભ છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી :

ક્યિાં જીવ ક્યિાં જગદીશ,
જાણો જૂજવી એ જાત છે રે,
મર આપીએ સો સો શીશ,
તોયે વણમળ્યાની વાત છે રે.

❊ સામુદ્રિક ચિહ્નોના જાણકાર ચાર પાટીદારોએ શ્રીજી મહારાજનાં ચરણારવિંદ જોઈ કહ્યું : 'તમારા શરીર સામે જોતાં તમે મનુષ્ય જણાવ છો અને ચરણારવિંદ સામે જોતાં પુરુષોત્તમ (ભગવાન)

જણાવ છો.' ત્યારે મહારાજે કહ્યું કે 'આ બે ચરણારવિંદની વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વર્ષ અને દોઢ પહોર સુધી સ્તુતિ કરી, ત્યારે આ ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવ્યાં છે.'

❋ ગઢડામાં એક વાર જીવુબા-લાડુબાએ મહારાજને કહ્યું : 'મહારાજ ! જે પ્રાપ્તિ ગોપી-ગોવાળને થઈ હતી એવી અમને થઈ છે.' ત્યારે મહારાજે કહ્યું કે, 'એ ભગવાનને તો આ ભગવાનનાં દર્શન પણ થયાં નથી.'

● **ભગવાનની પ્રાપ્તિથી અધિક લાભ કે આનંદ બીજો નથી :**

❋ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તે કરતાં બીજો કોઈ અધિક લાભ કે આનંદ ન હોઈ શકે. કારણ કે ભગવાન સર્વે સુખના કારણ છે અને સર્વે સુખના નિધિ છે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં લખ્યું છે અક્ષરધામમાંથી એક મચ્છરિયું મૂતર્યું તેની એક ઝણમાં મૃત્યુ લોકના મનુષ્ય સુખ અનુભવે છે. તો અક્ષરધામમાં કેટલું સુખ હશે ? અને એના કરતાં ભગવાનમાં કેટલું સુખ હશે ?

❋ વચનામૃત સારંગપુર-૧ : ભગવાનનું એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડના જે વિષયસુખ તે સર્વેને વારીફેરીને નાખી દઈએ.'

❋ નિષ્કુળાનંદ સ્વામી :

કામદુઘા, કલ્પતરૂ, પારસ, ચિંતામણિ ચાર,
સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર.
અલ્પ સુખ એમાં રહ્યું, મળી ટળી જાય છે એહ,
સંત સેવ્યે સુખ ઉપજે, રહે અખંડ અટલ એહ.

❋ ભગવાન અને સંતની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે અને તેનાથી બીજો અધિક લાભ નથી. તો પછી જીવને દુ:ખ, ક્લેશ, ઉદ્વેગ, અશાંતિ શા માટે ?

❋ સહારાના રણમાં ફસાયેલો માણસ પાણી વિના તરફડતો હોય તે તો સમજી શકાય એવું છે, પણ અમૃતના સરોવરની બાજુમાં જ ઊભેલો માણસ પાણી વિના તરસ્યો રહે એ કેવું કહેવાય !!!

❋ ગરીબ પરિવારના ઘરમાં જન્મેલો માણસ ગરીબાઈથી પીડાતો હોય તે તો સમજાય એમ છે, પરંતુ ચક્રવર્તી રાજાને ત્યાં પાટવી કુંવર થઈને જન્મેલો માણસ કંગાલ રહે, દુ:ખી રહે તે કેવું કહેવાય ??

❋ એવો જ પ્રશ્ન મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને પૂછે છે, કે હે મહારાજ ! જગતના જીવો ત્રિવિધ તાપમાં બળતા હોય એ તો સમજી શકાય એમ છે, પણ જેને અનંત સુખના સિંધુ એવા જે (આપ) ભગવાન મળ્યા છે, તે દુ:ખી થાય છે, ક્લેશને પામે છે, તેનું શું કારણ છે ?

ત્યારે શ્રીજીમહારાજ તેનું કારણ સમજાવતાં કહે છે, કે 'જે ભક્ત ભગવાન અને સંતની આજ્ઞાનું પાલન કરે છે, તે સુખી થાય છે, અને જે ભક્ત આજ્ઞાનો લોપ (ઉલ્લંઘન) કરે છે, તે ક્લેશને પામે છે, દુ:ખી થાય છે.' તેથી જો આપણા જીવનમાં દુ:ખ, અશાંતિ કે કલેશ રહેતો હોય તો તેનું કારણ આપણા જીવનમાં થતી આજ્ઞાનો લોપ છે.

❋ આજ્ઞા બે પ્રકારની હોય છે.

૧) **પ્રસંગોપાત થતી આજ્ઞા :** ભગવાન કે સંત ક્યારેક પ્રસંગોચિત અમુક આદેશ આપતા હોય છે. એવી આજ્ઞાનો લોપ કરવામાં આવે ત્યારે અવશ્ય દુ:ખ આવે છે.

❋ મહારાજની છેલ્લી માંદગી વખતે મહારાજે ગઢડાના કોઠારી વિરક્તાનંદ સ્વામીને બોલાવી શેર-શેર ઘીના સાકરના ચૂરમાના લાડુ કરી સંતોને જમાડવા આજ્ઞા કરી. તેમણે લોભ કરી ગોળના લાડુ ઓછું ઘી નાંખી બનાવરાવ્યા. મહારાજ કુરાજી થઈ ગયા. આ આજ્ઞાલોપથી પાછળથી તેમની સ્થિતિ ફરી ગયેલી અને ગાંડા જેવા થઈ ગયેલા.

❋ સંવત ૧૮૬૮માં શ્રીજી મહરાજ ફણેણી પધાર્યા. એક હરિભક્તે મહારાજને પૂછ્યું, 'આવતું વર્ષ કેવું થશે ?' મહારાજ કહે, 'દુકાળ પડશે માટે દાણા લઈ લેજો.' મહારાજે બજારમાંથી પસાર થતા એક

સોનીની દુકાને જઈ કહ્યું, 'તમે દાણા લઈ લેજો.' સોની કહે, 'મારી પાસે રૂપિયા છે માટે દાણા મળી રહેશે.' એમ રૂપિયાની થેલી ખખડાવીને બતાવી. મહારાજ કહે, 'તું કાંકરાને ખખડાવે છે. તારા રૂપિયા કાંકરા જેવા થઈ જશે.' સોની કહે, 'મારી પાસે પટારામાં પણ પૈસા ઘણા છે માટે રૂપિયા દેતાં દાણા મળશે.' મહારાજ કહે, 'નહીં મળે.' બીજે વરસે સોનીને દાણા ખૂટ્યા. પૈસા આપી જેતપુર માણસ મોકલ્યો પણ દાણા ન મળ્યા. તેથી ભૂખે મૃત્યુ પામ્યો.

❊ બોચાસણમાં ઉત્તમચરણદાસ નામે ગૌશાળાની સેવામાં એક સંત હતા. એક વખત યોગીજી મહારાજે વિનુભાઈ(પૂ. મહંત સ્વામી)ને તેમને બોલાવી લાવવા કહ્યું. યોગીજી મહારાજે તેમને નાસ્તાનો પ્રસાદ આપ્યો અને કહ્યું, 'ગુરુ આઠ દિવસ હાલો, આપણી ભેગા (વિચરણમાં) તમને ખૂબ સુખ આપવું છે, વાતો કરવી છે.' ઉત્તમચરણદાસ સ્વામી કહે, 'સ્વામી ! આ ગાયો મારા વિના દોવા ન દે.' યોગીજી મહારાજ કહે, 'ગુરુ ! કાંઈ ના થાય. મારા વચનમાં વિશ્વાસ રાખો.' તો કહે, 'ના બાપા !' બીજે દિવસે ફરી બોલાવરાવી કહ્યું, 'આઠ દિવસ નહીં ચાર દિવસ આવો.' તોય ના પાડી. પછી સાંજે વલાસણ જતા હતા ત્યારે યોગીજી મહારાજે બોલાવી કહ્યું, 'બે દિવસ આવો.' તો કહે, 'સ્વામી ના થાય.' યોગીજી મહારાજ માથે હાથ ઘસવા લાગ્યા ને કહ્યું, 'કાંઈ નહીં.' પછી યોગીજી મહારાજ ગયા તે જ દિવસે રાત્રે તે સંતને કોઈની સાથે ઝઘડો થયો ને સાધુમાંથી નીકળી ગયા. મહિના પછી અમદાવાદમાં યોગીબાપાને મળ્યા ત્યાં એક હોટલમાં નોકરી કરતા હતા.

❊ આમ, આજ્ઞા લોપે તેના હૈયામાં સુખ ન રહે. જેમ ચણા અને ઘઉં આદિકમાં હિમ પડે તો ઉપરથી હોય એવું જ દેખાય પણ માંહીથી બીજ બળી જાય છે એમ થાય છે.

❊ રૂપરામ ઠાકરને અંતરે બળતરા થઈ તેનું કારણ આજ્ઞાનો લોપ જ હતો ને !

૨) કાયમી આજ્ઞા : કેટલીક આજ્ઞાઓ કાયમી હોય છે. શિક્ષાપત્રીમાં તથા અન્ય શાસ્ત્રોમાં આ આજ્ઞાઓ કરેલી છે.

❊ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરતાં કહ્યું છે કે, વ્યભિચારો ન કર્તવ્યઃ (૧૮ - વ્યભિચાર કરવો નહીં.) સ્તેનકર્મ ન કર્તવ્યમ્ (૧૭ - ચોરી ન કરવી.) દ્યૂતાદિવ્યસનં ત્યાજ્યમ્ (૧૮ - જુગાર રમવો નહીં.) નાદ્યં ભંગાદિમાદકમ્ (૧૮ - ભાંગ આદિ કેફ કરનારી વસ્તુ ખાવી નહીં પીવી નહીં.) આવી અનેક આજ્ઞાઓ શિક્ષાપત્રીમાં કરી છે.

❊ વ્યભિચાર ન કરવો માત્ર આ એક આજ્ઞાના લોપથી મોટા દેવતા હોય તોપણ તેમને દુઃખ આવ્યું છે.

❊ ગૌતમ ઋષિનાં અતિ સ્વરૂપવાન પત્ની અહલ્યા ઉપર ઈન્દ્ર મોહાંધ થયો. ચંદ્ર કૂકડો બન્યો અને મધરાતે બોલ્યો. તેથી મળસ્કું થયું છે એમ જાણી ઋષિ નદીએ સ્નાન કરવા ગયા. ઈન્દ્રે ઘરમાં પેસી ઋષિનું રૂપ લઈ અહલ્યાનો સંગ કર્યો. આથી ઋષિએ શાપ આપ્યો, જેથી ચંદ્ર ઉપર કલંક થયાં, અને ઈન્દ્રના શરીરે હજાર ભગ થયાં.

❊ આજે જગતમાં દેખાય છે કે આ આજ્ઞાઓના લોપથી લોકો કેટલા દુઃખી છે.

❊ 'સમૂહશાસ્ત્ર'ના શોધક ગાલોઆ નામના ફ્રેન્ચ વિદ્વાન પોતાના ગણિતના જ્ઞાનમાં નિપુણ હતા. એમને એકવીસ વરસ પણ પૂરાં થયાં નહોતાં ત્યારે એમનું અવસાન થયું. તેનું કારણ હતું, વ્યભિચાર. નિશાળમાં ઉચ્છૃંખલ, ઘેર કજિયાખોર, સમાજમાં ચારિત્ર્યને લીધે બદનામ. તેઓ બે વખત જેલમાં જઈ આવેલા. પોતાનું ગણિતનું સંશોધન ઘણું ખરું જેલમાં કરેલું. એક વાર જેલમાં માંદગી આવતાં સારવાર માટે એમને હૉસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં એ શરીરે સાજા તો થયા, પણ એક નર્સની સાથે એમનો અઘટિત સંબંધ બંધાયો. નર્સના પતિ સાથે ઝઘડો કર્યો. તેમાં પેટમાં ગોળી વાગતાં ગાલોઆનું બીજે દિવસે મોત નીપજ્યું.

મૃત્યુની આગલી રાત્રે ગાલોઆએ મિત્રો ઉપર બે પત્રો લખ્યા હતા : એકમાં પોતાની અદ્‌ભુત ગણિતક શોધો ટૂંકમાં સમજાવીને એ કોઈ પ્રખ્યાત ગણિતશાસ્ત્રીને પહોંચાડવાની વિનંતી હતી. ઉચ્ચ ગણિતની જે શાખા આજે 'અરૂપ બીજગણિત'ને નામે ઓળખાય છે તેની રૂપરેખા તેમાં હતી. બીજા પત્રમાં ગાલોઆએ પોતાનું હૃદય ઠાલવ્યું હતું કે, 'એક અધમ વેશ્યાના પાપે મારે મરવું પડે છે. મારું જીવન એક કરુણકથા બનીને નષ્ટ થાય છે. આટલી યુવાન વયે મરવું, આટલી તુચ્છ વસ્તુ માટે મરવું. આટલી અદ્‌ભુત શોધો છોડીને મરવું. મને મારી જાત પ્રત્યે તિરસ્કાર છૂટે છે.'

યુવાન વયે માત્ર આ આજ્ઞાલોપને કારણે તેને અને સમાજને પણ મોટું નુકસાન થયું. ગાલોઆ મૃત્યુ પામ્યો ત્યારે આધુનિક ગણિત શાસ્ત્રીઓએ કહેલું, 'આ ગાલોઆ જો બીજાં વીસ વર્ષ જીવ્યો હોત તો ગણિતનાં વહેણ જુદી દિશામાં દોડતાં હોત.'

❊ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા કહે છે :

યઃ શાસ્ત્રવિધિમ્‌ઉત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।
ન સ સિદ્ધિમ્ અવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥

જે શાસ્ત્રની મર્યાદાને લોપીને મનધાર્યું વર્તે છે, તે ક્યારેય સુખને, સિદ્ધિને કે પરમગતિને પામતો નથી. (૧૬/૨૩)

❊ યુધિષ્ઠિર જુગાર રમ્યા તો પાંડવોની જિંદગીનો મોટાભાગનો સમય દુઃખમાં વ્યતીત થયો.

❊ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે,

વચન ઉલ્લંઘી વાલાતણું, જે જે જન કરે છે કામ;
તે લાજ જાશે આ લોકમાં, વળી થાશે જીવિત હરામ.

❊ બીડીં, સિગારેટ અને તમાકુના વ્યસનથી આજે વિશ્વમાં કેટલા પ્રશ્નો ઊભા થયા છે. લાખો માતા-પિતા પુત્ર વિહોણા બન્યાં છે. કેટલીય મહિલાઓ વિધવા બની છે, કરોડો બાળકો નિરાધાર બન્યા છે અને બને છે.

❊ રોજના ત્રણ પેકેટ સિગારેટ પીનારા અમેરિકાના વિખ્યાત ટેલિવિઝન એક્ટર 'વિલિયમ ટોલમેન' ફેફસાંના કેન્સરને લીધે મૃત્યુ પામ્યા. મૃત્યુ પહેલા થોડાક દિવસો પૂર્વે જ તેણે ટેલિવિઝન પર ધૂમ્રપાનની ભયંકરતા વિશે એક મિનિટની જાહેરખબરમાં ભાગ લીધો હતો તેમાં તેણે કહ્યું હતું, 'કદાચ કોર્ટમાં મારે કોઈ કેસમાં લડવાનું હોત અને એમાં હારવાનું થાત તો મને બહુ દુઃખ ન થાત. પરંતુ અત્યારે હું મારી જિંદગી સામે લડી રહ્યો છું, મારે એમાં ગમે તે ભોગે જીતવું છે. કારણ કે, એમાં હું હારી જઈશ તો મારે મારી પ્રિય પત્ની, મારા પ્રિય બાળકોને કાયમ માટે છોડી જવા પડશે, મારી ઇચ્છા ના હોવા છતાં ! કારણ કે મને ફેફસાંનું કેન્સર થયું છે.' આ જાહેરખબરનું શૂટિંગ ચાલી રહ્યું હતું તે વખતે જ તેને એકદમ છાતીમાં જીવલેણ દુઃખાવો ઊપડ્યો. તેણે મૃત્યુ સામે ઝઝૂમતાં છેલ્લે કહ્યું, 'મેં મારા જીવનની તમામ ઉત્તમ તકોને સિગારેટના ધુમાડામાં ફૂંકી મારી છે એ હું કબૂલ કરું છું. તો મારી ખાસ વિનંતી છે કે, જો તમે સિગારેટ પીવાનું શરૂ ન કર્યું હોય તો હવે ન જ કરતા, જો પીતા હો તો છોડી દેજો.'

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૫૧માં કહે છે, 'મોટા પુરુષે બાંધેલી જે ધર્મમર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.'

● **આજ્ઞાલોપથી ભગવાનનો કુરાજીપો થાય છે :**

❊ સં.૧૮૬૯માં સુરતમાં મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને અથાણું, સતીગીતા ગ્રંથ વગેરે વસ્તુઓ મહારાજને અર્પણ કરવા ગઢડે જવા કહ્યું. શાંતાનંદ ગોદડિયા નામે સાધુ હતા તેણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'તમે કહેશો તો પણ ગઢડે જઈશ નહીં કહો તો પણ જઈશ.' મુક્તાનંદ સ્વામી કહે, 'ભલે.' બંને સંતો ચાર દિવસે ગઢડા પહોંચ્યા. મહારાજ કારિયાણી હતા. સંતો ત્યાં પહોંચ્યા. મહારાજને બધી વસ્તુ અર્પણ કરી. મહારાજ રાજી થયા. ગુણાતીતાનંદ સ્વામી જેમ-જેમ સુરતના

હરિભક્તોનાં નામ લીધા લેતા ગયા તેમ-તેમ મહારાજ સ્વામીને ભેટતા ગયા. ગુણાતીતાનંદ સ્વામી સાથે આવેલા શાંતાનંદ સ્વામી કહે, 'મહારાજ ! મને મળો.' મહારાજે કહ્યું, 'તમે ક્યાં મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી આવ્યા છો ? માટે નહીં મળીએ. આજ્ઞા લોપનારને ભેટતાં અમારું શરીર બળે છે.' તે સાંભળી શાંતાનંદ સ્વામી અતિ ઉદાસ થઈ ગયા. પછી ગુણાતીતાનંદ સ્વામીએ વિનંતી કરી, 'આ સાધુએ રસ્તામાં અથાણું ઊંચક્યું હતું અને બહુ મહેનત કરી છે માટે મળો તો, સારું.' મહારાજ ભેટ્યા પણ બોલ્યા, 'આ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર મળતાં (ભેટતાં) કઠણ ન પડ્યું, પણ તમને એક વાર મળતાં કઠણ પડે છે.''

❊ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં લખ્યું છે :

આજ્ઞા વિના જે આવવું, તેમાં રાજી અમે નહિ રતિ;
વચન પ્રમાણે જે વરતે, તેના ઉપર પ્રસન્ન અતિ.

● **આજ્ઞા લોપનાં કારણો :**

૧) **ક્ષણિક સુખ અને આનંદ માટે :** તાત્કાલિક આનંદ મળે, સુખ મળે, મજા આવે, વિષય ભોગવવા મળે તેવી લાલચથી માણસ ભગવાન ને સત્પુરુષની આજ્ઞા લોપે છે, પરંતુ તેને લીધે આજ્ઞા પાળવાથી થતું ઝાઝું અને શાશ્વત સુખ ગુમાવવું પડે છે તે તેને સમજાતું નથી.

● એક રાજાએ ઢંઢેરો પિટાવ્યો, આજે જે પહેલો મારા મહેલ સુધી આવશે તેને મારી રાજગાદી સોંપીશ. પરંતુ રાજાએ રસ્તામાં નાચગાનની અને મનોરંજનની મહેફિલો, ભોજન અને ખાન-પાનની વ્યવસ્થા, સોના-ચાંદીનાં ઘરેણાંઓની ભેટ-સોગાદો વગેરે ગોઠવી રાખેલું. બધા જ લોકો આ બધા સુખમાં અટવાઈ ગયાં. રાજગાદી લેવા નીકળેલા તે વીસરાઈ ગયું. સાંજ પડી ગઈ છતાં કોઈ જ રાજાના મહેલે ન પહોંચ્યું ! આજ પ્રમાણે માણસ અલ્પ સુખમાં લોભાઈ જાય છે અને આજ્ઞા લોપે છે, પરંતુ તે વખતે આજ્ઞાપાલનથી થતું મોટું સુખ વીસરાઈ જાય છે.

❊ વચનવિધિમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

અલ્પ સુખ સારું આગન્યા, લોપે છે શ્રીહરિ તણી,
પરમસુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.

૨) **જ્ઞાન અને મહિમાનો અતિરેક :** ભગવાન તો અધમ ઉદ્ધારણ છે, પતિત પાવન છે, આવા મહિમાના અતિરેકને લીધે એવું માને છે કે ગમે તેવા પાપ કરશું તો તેનો શો ભાર છે ?

૩) **ગાફલાઈ, બેદરકારી, પ્રમાદ :** પ્રમાદને લીધે એમાં શું ? ચાલશે. એવું વિચારીને નાનાં-નાનાં વચન લોપતાં સંકોચ થતો નથી ને પછી એમાંથી મોટાં વચન પણ લોપાઈ જાય છે, પણ જો ખટકો રાખે, આજ્ઞા લોપાય તેનું પ્રાયશ્ચિત્ત કરે તો આજ્ઞા પાલનમાં દૃઢ રહેવાય.

૪) **કુસંગ :** શ્રીજીમહારાજે વ. પ્ર. ૧૮માં લખ્યું છે, 'સાત માળની હવેલી હોય, તકતાઓ જડ્યો હોય, ગાલીચા બિછાવ્યા હોય, વિષયી જન બેઠા હોય, દારૂના શીશા પીવાતા હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર નાચતી હોય, ત્યાં સજ્જન માણસ જઈને બેસે તેનું પણ મન ઠેકાણે ન રહે.' કુસંગનો પ્રભાવ જ એવો છે, એટલે એનાથી છેટે જ રહેવું.

❊ તેથી સો વાતની એક વાત કરતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ,
રાજી કરવાનું રહ્યું પરું, પણ કરાવીએ નહિ હરિનો કોપ.

❊ એટલે શ્રીજીમહારાજ કહે છે, 'તે માટે અમારા શિષ્યોએ શિક્ષાપત્રીને અનુસરીને વર્તવું, પણ મનને જાણે તો ક્યારેય વર્તવું નહિ.'

❊ આજ્ઞા લોપને કારણે જેમ ક્લેશ થાય છે તેમ આજ્ઞા પાળે છે તેને આનંદ અને સુખની પ્રાપ્તિ થાય છે, અને મોટા પુરુષનો રાજીપો મળે છે.

● **આજ્ઞાપાલન :**

❊ રામપુરાના હરિભક્તોને શ્રીજીમહારાજે તાત્કાલિક ગામ ખાલી કરીને બીજે જતા રહેવાની આજ્ઞા કરી. એમણે આજ્ઞા પાળી. બીજે દિવસે ગાયકવાડની

સેનાએ આવીને ગામ લૂંટી લીધું, પણ આ ભક્તોની રક્ષા થઈ.

❁ અચિંત્યાનંદ સ્વામી અમદાવાદમાં ગંભીર રીતે બીમાર થયા. મહારાજે મંદિરની પ્રતિષ્ઠા વખતે કાંકરિયા તળાવે સભા કરી ત્યાં અચિંત્યાનંદ સ્વામીને સભામાં લાવ્યા. મહારાજ મંચ પર ઊભા થઈ તાળી પાડીને કહે, 'આ કારિયાણીના માંચા ખાચરને (અચિંત્યાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ) પહેલેથી નિષ્કામ વર્તમાન દૃઢ છે. ને અમારે વચને સાધુ થયા. તેમનું પ્રારબ્ધ એવું હતું કે રૂંવાડે રૂંવાડે જીવડાં પડે પણ અમારું માન્યા (સાધુ થવાની વાત) તો એ પ્રારબ્ધ ટળી ગયું. આમને લઈને આખા ઝાલાવાડમાં સત્સંગ થયો છે તેનું પુણ્ય તેમને જાય છે.

❁ ૧૯૫૬માં યોગીજી મહારાજની આફ્રિકા યાત્રા વખતે મોમ્બાસામાં માણેકલાલને તીવ્ર હાર્ટ એટેક આવ્યો. યોગીજી મહારાજે તેમને દર્શન દઈ કહ્યું, 'થોડા વખતમાં શરદપૂનમ આવે છે તો મંદિરે જઈ ઠાકોરજીની આરતી ઉતારજો ને સર્વ હરિભક્તોને જમાડજો. મહારાજ સારું કરશે. દવા ચાલુ રાખજો.' માણેકલાલનું સ્વાસ્થ્ય સુધરવા લાગ્યું. પણ શરદપૂનમના ૮ દિવસ પહેલા ફરી તીવ્ર એટેક આવ્યો. તેથી ડૉક્ટરોએ તેમને પગથિયાં ઊતરવાની પણ ના પાડી દીધી. હવે મંદિરે જવાની રજા મળવાની શક્યતા કોઈ ન હતી. સી. ટી. પટલેને ઘરે બોલાવી નિર્ણય કર્યો કે મંદિરે ન જવું. પરંતુ થોડી વારે તેમણે પુત્ર અનિલને બોલાવીને કહ્યું, 'મને દર્શને લઈ જા. સ્વામીશ્રીનું વચન છે કે મને કાંઈ નહીં થાય ને થશે તો જેવી ભગવાનની મરજી.' અનિલ મોટરકાર દ્વારા તેમને મંદિરે લઈ ગયો ને શરદોત્સવની આરતી માણેકલાલભાઈએ જ કરી ને સૌને જમાડવાની સેવા પણ કરી. યોગીજી મહારાજનું વચન પાળ્યું તેથી સ્વાસ્થ્ય સુધરી ગયું. બે વર્ષ પછી વર્ષો સુધી સત્સંગની સેવા કરી.

❁ જેમ સંત કહે તેમ જે સંશય રહિત થકો કરે તે જ જીવને મોક્ષનો હેતુ છે. **(વચનામૃત ગઢડા પ્રથમ-૭૮)**

❁ વિદ્યાનગર છાત્રાલયમાં યોજાયેલ વાલી સંમેલનમાં BE Civil અભ્યાસ પૂર્ણ કરેલા બે વિદ્યાર્થીઓ તેમના વાલી સાથે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યા હતા. એક ગાબાણી હિતેષ, જે ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થયેલો. બીજો નિલય દેસાઈ જે સેકન્ડ ક્લાસમાં પાસ થયો હતો. હિતેષના પિતાજીએ સ્વામીશ્રીને પૂછ્યું, 'હવે હિતેષનું આગળ શું કરવું ?' ત્યારે સ્વામીશ્રીએ નોકરી કરવાનું કહ્યું. નિલય દેસાઈના પિતાશ્રી પોતે સર્વિસ કરતા હતા એટલે એમને નિલયને સર્વિસ કરાવવાની જ ઇચ્છા હતી. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું, 'નિલય હવે શું કરે ?' તો સ્વામીશ્રીએ કહ્યું કે, 'નિલય ધંધો કરે.' તેમણે સ્વામીશ્રીને વાત કરી કે, 'બાપા ! ધંધો થાય એટલા પૈસા નથી.' સ્વામીશ્રી કહે, 'વ્યાજે લાવીને ધંધો કરવો.' સ્વામીશ્રીની આજ્ઞામાં તેમને વિશ્વાસ હતો તેથી પૈસાની ગમે તેમ કરીને વ્યવસ્થા કરીને નિલયને કન્સ્ટ્રક્શનનો ધંધો શરૂ કરાવ્યો તો ધંધામાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત થઈ. આજે એક સારા બિલ્ડર તરીકે નામના મેળવેલી છે અને સુખી-સંપન્ન છે.

❁ શ્રીજીમહારાજે વચનામૃત પ્રથમ-૭૬માં કહ્યું છે, 'જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ એવો હોય તે પાકો સત્સંગી છે, અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.'

❁ તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં-જ્યાં જાય છે ત્યાં-ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. (કારિયાણી-૧૧)

❁ સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે અને એ જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે.

❁ એટલે જે ભક્ત વર્તમાનમાં (આજ્ઞામાં) રહે છે તેના માટે શ્રીજીમહારાજ કહે છે કે, તે જ અમને વહાલો

છે અને તેને ને અમારે આ લોકમાં અને પરલોકમાં દૃઢ મેળાપ છે. આમ, સાચા આજ્ઞાંકિત ભક્ત થકી ભગવાન ઘડીભર દૂર રહી શકતા નથી.

❋ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જાગા ભક્ત સમૈયાનું સુખ મૂકીને સાંખડાવદરના બીડ સાચવવા ગયા તો ત્યાં બેઠા જ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને સમૈયાનું સુખ આપ્યું.

❋ ઈસ્ટ આફ્રિકાના સત્સંગીબંધુ કુમારભાઈ પૂજારા કહે છે, 'સત્સંગ થયો ત્યારે શરૂઆતમાં હું હોટલની ખાણીપીણી ખાતો. પછી એક વાર અમને ફાઈવસ્ટાર હોટલમાં ખરાબ અનુભવ થયો. તેથી મેં અને મારા પત્નીએ બહારનું ન ખાવાનો નિયમ લીધો. આ નિયમ લીધા બાદ એકાદ અઠવાડિયા પછી સન ૨૦૧૩માં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને અમદાવાદ આવ્યો. હું દર વર્ષે દર્શને આવું છું, પરંતુ બાપાએ ક્યારેય મને પૂછ્યું નથી કે 'જમ્યા કે નહીં ?' કે પછી કોઈને ભલામણ પણ કરી નથી કે 'આમને જમાડી દેજો.' મને પણ એને કારણે અનુકૂળતા રહેતી. કારણ કે હું જ્યારે જ્યારે મંદિરે આવું ત્યારે મંદિરમાં ભોજન લેતો નહીં, પણ બહાર હોટલમાં મારી ભાવતી વાનગી જમી આવતો.

આ વખતે હું દર્શને આવ્યો ત્યારે સ્વામીશ્રીએ સેવકસંતોને અને ભંડારી સ્વામીને બોલાવીને કહ્યું, 'કુમારભાઈ આવ્યા છે તેમને જમાડી દેજો !' મેં બહારનું ખાવાનું છોડી દીધું છે તેની વાત મેં કોઈ હરિભક્તને કે સંતને કે બાપાને નહોતી કરી, પણ સ્વામીશ્રી અંતર્યામીપણે મારા નિયમની વાત જાણી ગયા અને આવી વાત કરી.' આ પ્રસંગની સ્મૃતિ કરીને કુમારભાઈ કહે છે, 'આપણે આજ્ઞા પાળીએ તો સત્પુરુષ અંતર્યામીપણે તે જાણે જ છે અને આપણા ઉપર રાજી થાય છે. આ પૂર્વે ઘણી વાર મેં બાપાનાં દર્શન કર્યા છે, પણ તે દિવસે મને અનુભવાયું કે આ નિયમ લીધો તેથી બાપા ખરેખર મારા પર રાજી થયા છે.'

❋ આ અંતરનો રાજીપો છે. આ અંતરના રાજીપાનું ફળ કેટલું છે ? અમૂલ્ય....!! વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં શ્રીજીમહારાજ આ રાજીપાનું ફળ જણાવે છે કે, 'જો ભૂંડા કર્મ કર્યાં હોય તો નાશ પામે છે. અને નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ પરમ પદને પામે.'

❋ જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ કૃષ્ણસેવાદાસ નામના સંતને કહ્યું, 'આ નવી અને જૂની ધર્મશાળાનો મોતિયો મળે કે ન મળે ? તેઓએ ના પાડી.' થોડી વારમાં સવજી કડિયા આવ્યા. સ્વામીએ તેમને પૂછ્યું તો કહે, 'મળે ને.' સ્વામી કહે, 'પણ કૃષ્ણસેવાદાસ તો ના પાડે છે.' સવજી કહે, 'હું મેળવી દઉં.' સ્વામી ખૂબ રાજી થઈ ગયા અને ચાલુ મુંડનક્રિયાએ ઊભા થઈ સવજીને ભેટ્યા. આ ખબર કૃષ્ણસેવાદાસને મળ્યા ને તેઓ સ્વામી પાસે આવી કહે, 'સ્વામી પેલો મોતિયો મેળવી દઉં.' સ્વામી કહે, 'એ મોજ સવજી કડિયો લઈ ગયો.'

❋ યોગીજી મહારાજે રવિસભાની આજ્ઞા કરી છે કે રૂા. ૨૫૦૦૦નો નફો જતો કરીને રવિસભા / અઠવાડિક સભામાં જવું આ એક જ આજ્ઞા પાળવાથી કેટલો લાભ થાય છે ?

❋ લીંબાસીના એક શિક્ષક અત્યંત ક્રોધી સ્વભાવના. નાની-નાની બાબતમાં ગુસ્સો કરે. એક વખત તેમનાં બે સંતાનોએ બપોરે રેડિયો ચાલુ કર્યો. તેમણે બંધ કરવાનું કહ્યું, પણ ન કર્યો. તેમણે છોકરાને તો માર્યો પણ ગુસ્સામાં રેડિયો પછાડીને ભાંગી નાંખ્યો. એક વાર બંને સંતાનો બપોરના સમયે સાઈકલ ફેરવતા હતા. એક વાર ના પાડવા છતાં સાઈકલ ફેરવવાનું ચાલુ રાખ્યું તો એટલો ગુસ્સો આવ્યો કે, છોકરાઓને તો ફટકાર્યા પણ સાઈકલને આડી પાડી એક જાડું લાકડું લઈને એવી ફટકારી કે ફરી સારી ન થઈ શકે. આ શિક્ષકને આપણા કાર્યકર દ્વારા સત્સંગનો યોગ થયો અને સત્સંગસભા ભરતા થયા. તેમના ક્રોધી સ્વભાવમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું. ક્રોધ

શાંત થઈ ગયો, કુટુંબમાં શાંતિ થઈ ગઈ.

❋ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા છે કે, 'ઘરના સભ્યોએ રોજ ભેગા થઈ અડધો કલાક સત્સંગ કરવો.' ઘરસભા કરવાની આ આજ્ઞાનું પાલન કરવાથી ખૂબ જ લાભ થાય છે.

❋ પ્રમુખસ્વામી મહારાજની ઘરસભાની આજ્ઞા એટલે કુટુંબનો સ્થિર પાયો, આપણા સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરતી સત્સંગ ગંગા. દરેક પ્રશ્નોને ઉકેલવાની માસ્ટર કી. એકબીજાના હૃદયમાં રચાયેલી દીવાલોને તોડીને સેતુ બાંધતી કડી એટલે ઘરસભા.

❋ ઘરસભાની આજ્ઞાનું પાલન કરવાથી થતો લાભ જણાવતાં સંજયભાઈ પટેલ નામના હરિભક્ત જણાવે છે, 'અમે બહુ જૂના સત્સંગી, પણ પપ્પાને બીડી તથા દારૂનું વ્યસન. ઘરનું વાતાવરણ તંગ હતું. અમે ઘરસભા શરૂ કરી. પહેલા એકલો બેસતો. દસ દિવસ પછી બહેનને પ્રેરણા થઈ. પંદર દિવસ પછી એક વખત મમ્મીએ આરતી તૈયાર કરી આપી. તેઓ પણ રોજ બેસતા થયા. પપ્પાને બીમારી થવાથી હોસ્પિટલમાં દાખલ કર્યા. ડૉક્ટર પણ સત્સંગી. તેમણે બીડી-દારૂ છોડવા સમજાવ્યા. ઘરે આવ્યા પછી અમેય સમજાવ્યા પણ પિતાએ ના પાડી. મારાથી રહેવાશે નહીં એમ કહ્યું. અમે ઘરસભામાં બેસવાની વાત કરી. ઘરસભામાં બેસતા થયા તેનાથી મનને શાંતિનો અનુભવ થયો, વ્યસન મૂક્યાં, ઘરમાં શાંતિ છવાઈ ગઈ. આ પ્રસંગથી પાડોશીઓને પણ ઘરસભાની પ્રેરણા થઈ ને શરૂ કરી.'

❋ અમદાવાદ એન.આઈ.ડી. કૉલેજના પ્રૉફેસર તેના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને હંમેશાં કહેતા, 'જો તમે હું કહું એમ કરશો તો આ પ્રથમ વર્ષમાં જ ૨૦ વર્ષ આગળ વધારવાની જવાબદારી મારી છે.' કારણ શું હતું કે એમને ૨૦ વર્ષનો અનુભવ હતો. એમ ભગવાન અને સંતના વચનમાં રહેવાથી આપણી તમામ જવાબદારી એમના શિરે આવી જાય છે.

❋ તેથી,

સુખ-દુઃખ આવે સર્વે ભેળુ, તેમાં રાખજો સ્થિર મતિ,
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ.

❋ ગમે તેવા કઠણ સંજોગોમાં પણ જો આજ્ઞાનું પાલન કરીશું, તો રક્ષા કરવાની અને પરમપદ આપવાની જવાબદારી મહારાજના શિરે છે.

❋ **પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સૌ સૌ તણું...**તો મહારાજ જામીન થતા નથી.

❋ મહારાજે સુખી થવાની ચાવી આપણા જ હાથમાં આપી દીધી છે. સુખી થવું એ આપણા જ હાથમાં છે અને દુઃખી થવું એ પણ આપણા જ હાથમાં છે. ગુણાતીતાનંદ સ્વામી કહે, 'રાજાના કુંવરને ગરીબથી મરાય નહીં એમ આપણે તો પુરુષોત્તમનારાયણનાં સંતાનો છીએ. તેથી કાળ, કર્મ અને માયા ભક્તને દુઃખી કરી શકતા નથી. જેટલી આજ્ઞા પાળીશું એટલા સુખી થઈશું અને જેટલી આજ્ઞા લોપીશું એટલા દુઃખી થઈશું.' માટે આજે આપણે પ્રતિજ્ઞા કરીએ કે, ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આદેશ પ્રમાણે જ વર્તવું છે પણ મનધાર્યું કરવું જ નથી.

તુ દિન કહે તો દિન, તુ રાત કહે તો રાત,
મનની ગાંઠો મેલી, હવે બસ તારા ચાંદેચાંદ

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૪મું, ભગવાને કળ ચઢાવ્યાનું

સ્વામિનારાયણ હરે, સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા.

(માત્ર મથાળું અને મૂર્તિવર્ણન વાંચી નિરૂપણ શરૂ કરવું. વચ્ચે વચ્ચે વચનામૃતનું વાંચન આવશે.)

❋ આ વચનામૃતનું મથાળું છે, 'ભગવાને કળ ચઢાવ્યાનું' કળ ચડાવવી એટલે 'યંત્રને ચાવી આપવી' જેથી યંત્ર ચાલ્યા જ કરે.

❋ ભગવાને એક ઉત્તમ એન્જિનિયરની જેમ સૃષ્ટિની રચના કરી છે. સૃષ્ટિમાં એવી કળ ચડાવી દીધી છે કે એમને ફરીવાર સૃષ્ટિ સામે જોવું જ ન પડે.

❋ આપણી પૃથ્વી ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૪.૧ સેકન્ડે પોતાની ધરી પર એક ભ્રમણ પૂરું કરે છે, જેનાથી દિવસ-રાત થાય છે. ક્યારેય રાત પડી પછી દિવસ જ ન થયો હોય, અને ભગવાનને મેન્ટેનન્સ માટે આવવું પડ્યું હોય એવું બન્યું છે ખરું ?

❋ ભગવાને એવી કળ ચડાવી છે કે બધું સાહજિક ચાલ્યા કરે. એવી જ એક સૃષ્ટિની કળની વાત આજે શ્રીજીમહારાજ અહીં કરવાના છે.

❋ (વચનામૃત વાંચન)

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો.' પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી, અને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ?'

❋ બ્રહ્માનંદ સ્વામી કહે છે કે ભગવાન સર્વ સુખનું મૂળ છે, ભગવાનનું સુખ અનંત અને અપાર છે.

❋ વચનામૃત સારંગપુર-૧માં ભગવાન સ્વામિનારાયણ તુલનાત્મક રીતે ભગવાનનું સુખ કેવું છે તે સમજાવે છે. તે પ્રમાણે સમજીએ તો...

❋ ત્રાજવાના એક પલ્લામાં અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેગાં કરી મૂકવાનાં. અને સામે પલ્લે (બીજા પલ્લામાં) ભગવાનનાં એક નિમિષમાત્રનાં દર્શન (આંખનો એક પલકારો થાય એટલા સમયનાં દર્શનમાં જે સુખ આવે તે) અથવા ભગવાનના એક રૂંવાડામાં જેટલું સુખ સમાય, તેનો કરોડમો ભાગ મૂકવાનો. આ રીતે તોલવામાં આવે તો ભગવાનના સુખવાળું પલ્લું નમી જાય.

❋ આવું અપાર ભગવાનનું સુખ છે, છતાં જીવની વૃત્તિ તેમાં ચોંટતી નથી. સામે પક્ષે સ્ત્રીપુત્રાદિક સગાં-સંબંધીઓ કે જે નાશવંત છે અને તુચ્છ છે, છતાં તેમાં સહેજે સહેજે વૃત્તિ ચોંટી જાય છે. આવું કેમ ?

❋ શ્રીજીમહારાજ કારણ જણાવે છે કે...

❋ (વચનામૃત વાંચન)

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ પ્રશ્નનો ઉત્તર સાંભળો અમે કરીએ છીએ જે, જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ(રમકડાંને ચાવી આપે તેમ) ચડાવી મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહીં, અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે

અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે જ હેત થાય છે. તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે.'

(૧) ભગવાને હેતરૂપી કળ ચડાવી મૂકી છે :

❋ શ્રીજીમહારાજ જણાવે છે કે સૃષ્ટિનો વ્યવહાર ચાલે તે માટે ભગવાને હેતરૂપી કળ ચડાવી દીધી છે, જેથી સ્ત્રી-પુરુષને પરસ્પર સહેજે હેત થઈ જાય છે, અને પોતાનાં સંતાનોમાં પણ સહેજે હેત થઈ જાય છે.

(૧.૧) સ્ત્રી-પુરુષને પરસ્પર હેત :

❋ 'ઈમોશનલ ક્વોશન્ટ' (Emotional Quotient) નામના પુસ્તકમાં ડેનિયલ ગોલમેન(Deniel Goleman) નામના પશુપ્રેમીએ પોતાનો એક અનુભવ જણાવ્યો છે કે ચાર્લી અને જોસેફી નામનાં બે નર અને માદા જિરાફ ૩૦ વર્ષથી એકસાથે રહેતાં હતાં. રોજ સાથે જ ખાય-પીએ અને હરે-ફરે. એક વાર એક પોલીસે ગોળી મારી, તે ચાર્લીને વાગી અને તે મરી ગયું. ૧૫ મિનિટમાં જોસેફી પણ તેની બાજુમાં મરી ગયું. આમ, પ્રાણીઓમાં પણ આ હેતરૂપી કળ સાહજિક છે.

❋ આ હેતરૂપી માયાના પ્રવાહમાં અબોલ પશુઓ પણ તણાઈ જાય છે, તો માણસ તણાય તેમાં શી નવાઈ ?

❋ અમેરિકાના જ્હોન હિન્કલી (John Hinkley) નામના એક ભાઈએ ૩૦ માર્ચ, ૧૯૮૧ના રોજ વોશિંગ્ટન ડી.સી.માં અમેરિકાના રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગન પર ૬ ગોળીબાર કર્યા. એનું કારણ શું ? તેને પ્રેસિડન્ટ સાથે કોઈ પ્રશ્ન ન હતો. સરકારની નીતિરીતિ સામે પણ કોઈ પ્રશ્ન ન હતો, પરંતુ તે ભાઈને તે સમયની એક અભિનેત્રી (હીરોઈન) 'જોડી ફોસ્ટર' સાથે પ્રેમ થઈ ગયેલો. ફિલ્મી સ્ટાઈલથી પ્રેમિકા પર વટ પાડવા અને તેને પ્રભાવિત કરવા તેણે આવું પરાક્રમ કરી દેખાડ્યું હતું. ઘટનાના બે કલાક પહેલાં જ તેણે તે અભિનેત્રીને સંબોધીને પત્ર લખ્યો હતો કે, 'જો હું તારું હૃદય જીતી શકું અને આખી જિંદગી તારી સાથે વિતાવી શકું તે માટે તું સંમત થાય, તો પ્રેસિડન્ટ પર ગોળીબાર કરીને તને પ્રભાવિત કરવાનું કાવતરું હમણાં જ પડતું મૂકી દઉં.'

❋ કાયદા-કાનૂન અને નીતિ-નિયમોની પરવા કર્યા વિના આવા તો કેટલાય પ્રેમદીવાનાઓ શાયરીઓ ગાતા ફરે છે કે...

જો કોઈ અમોને પૂછશે, જો કોઈ અમોને વારશે,
તો ઈશ્કની ફૂંકે અમારી, લાખ કિલ્લા તૂટશે.'

❋ આ જ માયાનો પ્રવાહ છે, જેની ભગવાને કળ ચડાવી મૂકી છે.

(૧.૨) સંતતિમાં હેત :

❋ આ કળ એવી છે કે પોતાની પ્રજા એટલે કે સંતતિમાં પણ સહેજે જ હેત થઈ જાય છે. પશુ-પક્ષીથી લઈ માણસ સુધી બધાંમાં આ કળ ચડાવેલી છે.

❋ વાછરડું જન્મે ને તરત જ તેની માતાના આંચળ પર મોઢું વળગાડી દૂધ પીવા લાગે, અને ગાય પણ તેને પોતાની જીભથી પસવાર્યા કરે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ તેમના વખતમાં બનેલી એક ઘટનાનું વર્ણન પોતાની વાતોમાં કર્યું છે : એક ભેંસ પોતાના બચ્ચાને (પાડીને) સિંહથી બચાવવા સિંહની સામે થઈ અને એક ગાઉ પાછે પગલે ચાલી, પણ સિંહને બચ્ચાની નજીક ન જવા દીધો. જીવના જોખમે પણ પોતાના સંતાનની રક્ષા કરી.

(સ્વામીની વાત : ૬/૧૩૩)

❋ યોગીજી મહારાજ જૂનાગઢના નવાબની એક વાત કરતા કે જૂનાગઢમાં મરકી (કોલેરા)નો રોગ થયો હતો. રોગચાળો વધુ ન ફેલાય, તે માટે નવાબે બહારગામથી કોઈ જૂનાગઢમાં ન આવે તે માટે સખત બંધી કરી હતી. તેમાં એક દિવસે ધોરાજીથી એક જાન જૂનાગઢ આવી. ચોકીદારોએ જાનૈયાને શહેરમાં પેસવા ન દીધા. આ બાજુ વેવાઈ પક્ષે ગામમાં મોટો જમણવાર ગોઠવેલો. હવે શું કરવું ? બધા મૂંઝાયા. નવાબ સાહેબને અરજ કરવા જવાય એવું નહોતું. તેથી શાહજાદા છોટુમિયાંને અરજ કરી. છોટુમિયાંએ

દરવાજે હુકમ આપી દીધો કે 'જાનને આવવા દો.' પછી તો નવાબ સાહેબ પાસે વાત પહોંચી કે કોરન (બંધી) તૂટી. નવાબ સાહેબ ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને વજીરને ધમકાવવા લાગ્યા કે 'કિસને કોરન તોડી ?' વજીરે કહ્યું 'છોટુમિયાંએ.' એ સાંભળી નવાબ સાહેબ તરત રાજી થઈને બોલ્યા, 'તબ તો બહુત અચ્છા.'

પોતાના હુકમનો અનાદર કરનાર પોતાનો પુત્ર હતો તો વાંધો ન આવ્યો. આવો હેતરૂપી માયાનો પ્રવાહ સમગ્ર જગતમાં વહે છે.

* સદ્. દેવાનંદ સ્વામીએ આ હેતરૂપી માયાને જ બીજા શબ્દોમાં 'જગબંધનની જેલ' કહી છે.
* દેવાનંદ સ્વામી કીર્તનમાં કહે છે...

જગબંધનની જેલ, જુઓ ને આ જગબંધનની જેલ;
તેને તોડવી છે મુશ્કેલ, જુઓ ને આ જગબંધનની જેલ.
પ્રમદા અને પૈસારૂપી, પગમાં બેડીઓ જડેલ;
સંતાનરૂપી હાથે કડીઓ, ભીંસીને ભીડેલ.
જુઓ ને...
એ જેલને તોડવા સારુ, મોટા મોટા મથેલ;
સૌભરિ જેવા ભાગ્યા હતા, પણ પાછળથી પકડેલ.
જુઓ ને...

* આ હેતરૂપી માયાના પ્રવાહમાં જે તણાય છે, તે જરૂર દુઃખી થાય છે, અને આ હેતરૂપી માયાના પ્રવાહમાં જે ન વહે, તે આ જગબંધનની જેલમાંથી છૂટે, તે જ સુખિયો થાય છે.
* એટલે શ્રીજીમહારાજ હવે તેમાંથી છૂટવાનો ઉપાય બતાવે છે કે...
* **(વચનામૃત વાંચન)**

'તે એ હેતરૂપી જે ભગવાનની માયા છે, તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે, અને ભગવાનને સર્વસુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે.'

(૨) ભગવાનમાં વૃત્તિ રહે તેનો ઉપાય :

* અહીં શ્રીજીમહારાજ માયાના પ્રવાહમાં સામે પૂર તરવા માટે બે ઉપાય બતાવે છે :
  (૧) માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખવી.
  (૨) ભગવાનને સર્વસુખમય જાણવા.

પ્રશ્નમાં તો માત્ર કારણ જ પૂછે છે, પણ શ્રીજીમહારાજને ખબર છે કે ભગવાનમાં વૃત્તિ રહેશે તો જ સુખિયા થવાશે. તેથી શ્રીજીમહારાજ ઉપાય પણ બતાવે છે.

(૨.૧) માયિક પદાર્થોને વિષે દોષબુદ્ધિ :

* માયિક પદાર્થોમાં દોષબુદ્ધિ કરવા માટે, શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીએ માયિક સુખમાં દોષો રહેલા છે, એ વિષયક આપેલ વિચારોને આપણા અનુભવમાં આવે તે રીતે સમજવા પડે.

■ **માયિક સુખથી ક્યારેય તૃપ્તિ થતી નથી :**

* વચનામૃત ગઢડા મધ્ય-૪૭માં શ્રીજીમહારાજ સમજાવે છે કે આપણે વિચાર કરવો કે અનંત જન્મ સુધી વિષયસુખ એટલે કે માયિક સુખ ભોગવ્યાં છે, પણ હજુ સુધી તૃપ્તિ થઈ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેમાં ગમે તેટલું પાણી નાંખીએ તોય ભરાય નહીં, તેમ માયિક સુખ ગમે તેટલું ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી.
* માયિક સુખમાત્ર 'ક, કા, કી'માં સમાઈ જાય છે.

– ક = કનક (ધન-સંપત્તિ)
– કા = કાન્તા (સ્ત્રી આદિક વિષય)
– કી = કીર્તિ (પ્રસિદ્ધિ - સત્તા-નામના વગેરે...)

આ ત્રણ પ્રકારનું સુખ ગમે તેટલું મેળવો છતાં તૃપ્તિ થતી નથી.

* રામલિંગા રાજુ હૈદરાબાદના સમૃદ્ધ ખેડૂતનો દીકરો હતો. બાગાયતી ધોરણે દ્રાક્ષનું ઉત્પાદન અને વેપાર કરવામાં તેના પિતા આંધ્રપ્રદેશમાં મોખરે હતા. રામલિંગાએ અમેરિકામાં એમ.બી.એ.નો અભ્યાસ કર્યો. ત્યાર બાદ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પણ બિઝનેસને લગતો અભ્યાસ કર્યો હતો. ઈ.સ. ૧૯૭૭માં ભારત

આવીને તેણે પિતાની સંપત્તિનો વિસ્તાર કરવા કાપડનું ઉત્પાદન કરવાના વ્યવસાયમાં ઝંપલાવ્યું. તેમાં સારી એવી કમાણી થઈ પણ તે અટક્યો નહીં. તેણે જોયું કે તે સમયે જમીન અને બાંધકામના વ્યવસાયમાં તેજી છે. તેથી તેણે 'સત્યમ્ કન્સ્ટ્રક્શન' નામની કંપની શરૂ કરી રીઅલ એસ્ટેટના વ્યવસાયમાંથી અઢળક કમાણી કરી. ત્યાર બાદ ઈ.સ. ૧૯૮૭માં કમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રમાં ઊજળું ભવિષ્ય જોઈ, વધુ સંપત્તિ મેળવવા 'સત્યમ્ કમ્પ્યુટર સર્વિસીસ' નામની કંપની શરૂ કરી. ઈ.સ. ૨૦૦૧ સુધીમાં તો 'સત્યમ્ કમ્પ્યુટર્સ'ને ભારતની ટોચની કંપનીઓમાં સ્થાન મળી ગયું હતું. રામલિંગા રાજુ સમૃદ્ધ અને સફળ ઉદ્યોગપતિ તરીકે વિશ્વપ્રસિદ્ધિ પામ્યો હતો. અબજોની મિલકત ધરાવતી કંપનીના માલિક હોવા છતાં તેને સંતોષ નહોતો. હજુ વધુ સંપત્તિના સ્વામી બનવા તેણે ધીરે ધીરે અનીતિનો સહારો લેવા માંડ્યો. અબજો રૂપિયાની ગોલમાલ કરી પોતાની તિજોરી ભરી. તે માટે કંપનીના હિસાબમાં ખોટા આંકડા મૂકી શેરધારકો સાથે છેતરપિંડી કરી. અંતે ઈ.સ.૨૦૦૯માં ૭૮૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું, અને રામલિંગા રાજુને જેલમાં જવું પડ્યું. પૈસા માટેની આવી આંધળી દોટનું વર્ણન કરતાં રાજુએ લખ્યું હતું કે 'પૈસા મેળવવાની મારી આ દોટ વાઘની પીઠ પર સવારી કરી આગળ વધવા જેવી હતી. હું નહોતો જાણતો કે આમાં અટક્યા પછી વાઘથી બચવું કેવી રીતે ?'

આમ, ગમે તેટલી ધન-સંપત્તિ મળે પણ તેનાથી કદી તૃપ્તિ થતી નથી. તેથી જ તો વધુ સંપત્તિ મેળવવા માણસ આવી જોખમી દોડ દોડતો જ રહે છે.

* યુરોપના પ્રસિદ્ધ વાર્તાકાર અને લેખક સર કોનન ડોઈલ તેઓની નવલકથાઓ દ્વારા ખૂબ પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમણે સર્જેલ 'શેરલોક હોમ્સ' આજે પણ યુરોપમાં લોકપ્રિય છે. એમની નવલકથાઓ માટે એમને એવોર્ડ પણ ઘણા મળ્યા હતા, છતાં એમને દુઃખ રહેતું. શાનું દુઃખ હતું ? અસંતોષનું.

તેમના સમકાલીન વાર્તાકાર વોલ્ટર સ્કોટ ઇતિહાસ પર આધારિત નવલકથા લખતા. વોલ્ટરની ઐતિહાસિક નવલકથાઓ ખૂબ લોકપ્રિય હતી. કોનનને એવી ઇચ્છા રહેતી કે હું પણ વોલ્ટરની જેમ ઐતિહાસિક નવલકથા લખી લોકપ્રિય થાઉં, પણ તેમણે લખેલી ઐતિહાસિક નવલકથાઓ લોકપ્રિય ન બની. તેથી શેરલોક હોમ્સ નવલકથાઓ દ્વારા પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા પામ્યા હોવા છતાં સતત દુઃખી રહેતા.

* **સબ કા ખુશી સે ફાસલા બસ એક કદમ હૈ,**
  હર ઘર મેં બસ એક હી કમરા કમ હૈ.
* ગમે તેટલું માયિક સુખ મળે પણ તે અપૂરતું જ લાગે. એક ડગલું ચાલશું તો સુખી થઈશું એવું લાગે, પણ પછી થાય કે હજી વધારે મળે તો સારું. એમ વિચારી ફરી એક પગલું આગળ વધવાની ઇચ્છા થાય. એટલે જ દરેકને લાગે છે કે આપણે સુખથી દૂર ને દૂર જ છીએ.
* અત્યાર સુધી આપણે કેટલા કિલો આઇસક્રીમ ખાઈ ગયા હોઈશું ? છતાં આઇસક્રીમની વાત સાંભળીએ તો ખાવાની ઇચ્છા થઈ જાય.
* સારામાં સારો મોબાઈલ ફોન વાપરતો હોય છતાં નવો ફોન બહાર પડે તો તે ખરીદવા માટે મન લલચાય. નવાં સીવડાવેલાં કપડાં હજુ જૂના પણ ન થયાં હોય અને નવી ફેશનનાં કપડાં આવે તો તે સીવડાવવાની ઇચ્છા થઈ આવે.
* આમ, માયિક સુખથી ક્યારેય તૃપ્તિ થતી નથી, એ વિચાર દૃઢ કરીએ તો માયિક સુખમાંથી વૃત્તિ તૂટે.

■ **માયિક સુખ દુઃખદાયી છે :**

* માયિક સુખનો બીજો દોષ સમજવા માટે એક દૃષ્ટાંત સાંભળીએ...
* એક વખત એક શેઠની દુકાને એક સૂરદાસ (અંધ વ્યક્તિ) આવ્યા. શેઠે કહ્યું, 'તમે મારે ઘરે જમવા આવજો.' પછી શેઠે ગુમાસ્તાને પોતાને ઘેર કહેવા

મોકલ્યો ને કહેવડાવ્યું કે 'સૂરદાસ ઘરે જમવા આવવાના છે, તો એક વ્યક્તિનું જમવાનું વધારે બનાવે.' શેઠ ઘરે આવ્યા. સૂરદાસ આવે તે પહેલાં તેમની પત્નીએ બે જણાની રસોઈ વધારે બનાવેલી. શેઠ કહે, 'મેં તો એકની જ રસોઈ વધારે કરવાની કહેલી ને તેં બે જણાની કેમ બનાવી ?' ત્યારે શેઠાણી કહે, 'સૂરદાસ આવશે તે કોઈ દેખતા માણસનો હાથ પકડીને જ આવશે ને ! એકલા કેવી રીતે આવશે ? સાથે આવનારને પણ જમાડવું પડશે કે નહીં ?' શેઠ કહે, 'એ વાત સાચી.'

તેમ આપણે આમંત્રણ આપીએ છીએ કેવળ સુખને કે 'અમારે ત્યાં આવો,' પણ સુખ હંમેશાં દુઃખનો હાથ પકડીને આવે છે. એકલું સુખ તો ક્યારેય આવતું નથી. આ જ માયિક સુખનો બીજો દોષ છે.

* માટે ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે, 'જેટલું કંઈ માયામય સુખ છે, તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં, તે વાત પણ એક જાણી રાખવી.' (૧/૨૫)
* માયિક સુખ કેવું છે ? તલવારની અણી ઉપર ચોંટેલા મધના ટીપા જેવું. તલવારની અણી પરથી મધનું ટીપું ચાટવા જઈએ તો મીઠું તો લાગે, સાથે સાથે જીભ પણ ચોક્કસ કપાય જ. આમ, માયિક સુખ હંમેશાં પોતાની સાથે દુઃખને લઈને જ આવે છે.

■ **માયિક સુખની સાથે દુઃખની ભેટ :**

* અમેરિકાએ અઢળક સમૃદ્ધિ સાથે પ્રગતિ કરીને સુખને આમંત્રણ આપ્યું, તો તેની ભેળું દુઃખ પણ એટલું આવ્યું, જેની કલ્પના ન થઈ શકે.
* અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી રીચાર્ડ ઈસ્ટરલીન(Rechard Esterlin)ને એક સર્વેક્ષણ કરવાની જવાબદારી સોંપાઈ કે સમૃદ્ધિ આવ્યા પછી અમેરિકનો કેટલા સુખી થયા છે ? સર્વેક્ષણ કર્યા પછી રીચાર્ડભાઈ કહે છે : '૧૯૪૫ પછી આજ સુધીમાં અમેરિકનો સુખના સાગરમાં નહાતા હોય, તેનો જરા સરખો પણ પુરાવો મને મળ્યો નહીં. 'There were not a shred of evidence.'
* અઢળક સમૃદ્ધિ, લેટેસ્ટ ટેક્નોલોજી અને અનેકવિધ સગવડોની સાથે માનસિક તાણ, ડ્રગ્સ, હિંસા-ગુનાખોરી, રોગો, ગ્લોબલ વોર્મિંગ, યુદ્ધ, પારિવારિક મૂલ્યોનું પતન વગેરે જેવાં અનેક દુઃખોએ વણનોતર્યા અમેરિકામાં આવીને ધામા નાંખી દીધા છે.

■ **સમૃદ્ધિ હોય કે સત્તા માયિક સુખ ક્યારેય દુઃખ વિનાનું નથી હોતું :**

* સત્તાધીશ હોય, મોટા રાજા હોય, તેને પણ અનંત જાતનાં દુઃખો સહન કરવાં પડતાં હોય છે.
* ભગવાન સ્વામિનારાયણે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડને ઉપદેશ આપ્યો હતો. તેમાં તેઓએ કહેલું, 'રાજાને સુખ કે જીવમાં શાંતિ ન હોય, કારણ કે તેનાથી અજાણ્યા માણસનું જળપાન કરાય નહીં, રાત્રિએ એક ઠેકાણે સુવાય નહીં. માટે સુખ તો એક ભગવાનના ભજનમાં છે.'
* નેપોલિયન, કિંગ સોલોમન, જુલિયસ સીઝર, કિંગ એડવર્ડ, ઔરંગઝેબ વગેરે અનેક વિશ્વપ્રસિદ્ધ રાજાઓ પણ દુઃખમાં ડૂબેલા હતા. એટલું જ નહીં...
* વર્તમાન વિશ્વના નામાંકિત સત્તાધીશો અબ્રાહમ લિંકન, કર્નલ ગદાફી, હિટલર, મુસોલિની વગેરે પણ અનેક પ્રકારનાં ભય, ચિંતા, વ્યગ્રતા અને એકલતાનાં દુઃખોથી ઘેરાયેલા હતા.
* આમ, ક. કા. કી.નું માયિક સુખ ક્યારેય દુઃખ વિનાનું હોતું નથી. એટલે જ કોઈક કવિએ કહ્યું છે :

ખુશી કે સાથ દુનિયા મેં, હજારો ગમ ભી હોતે હૈં,
જહાં બજતી હૈ શહેનાઈ, વહાં માતમ ભી હોતે હૈં.

આ દુનિયામાં સુખની શરણાઈની સંગતમાં ગીત તો દુઃખના મરશિયાનું જ હોય છે.

* આપણે આપણો અનુભવ વિચારીએ તોપણ આપણને સમજાય કે માયિક સુખ કાયમ માટે સુખદાયી નથી હોતું.
* જે આઇસક્રીમ ઉનાળામાં આનંદદાયી હોય, તે જ આઇસક્રીમ કોઈકને શિયાળામાં દુઃખદાયી બને.

શરદી થઈ હોય, તાવ હોય ત્યારે તે જ આઈસક્રીમ નુકસાન કરે. અને વળી ગમે ત્યારે આઈસક્રીમ ખાઈએ તો શરદી થવાની કે ગળું બેસી જવાની બીક તો રહે જ.

* આમ, માયિક સુખની સાથે દુઃખ જોડાયેલું જ હોય છે. આ રીતે માયિક સુખને દુઃખમય જાણીએ તો ભગવાનમાં વૃત્તિ રહે, તેનો પહેલો ઉપાય સિદ્ધ થાય. હવે, મહારાજે ભગવાનમાં વૃત્તિ રહે તેનો બીજો ઉપાય બતાવ્યો છે, તે છે ભગવાનને સર્વસુખમય જાણવા.

(૨.૨) ભગવાનને સર્વસુખમય જાણવા :

* ભગવાનના સુખનો વિચાર કરવાથી માયિક સુખમાંથી વૃત્તિ કેવી રીતે પાછી વળે તે સમજીએ...
* એક ગરીબ માણસ મહાત્માજી પાસે પોતાની ગરીબી દૂર થાય તેનો ઉપાય જાણવા આવ્યો. મહાત્માજીએ તેને કહ્યું, 'મારી પર્ણકુટિની બહાર નૈઋત્ય ખૂણામાં એક વૃક્ષ છે. તેના મૂળથી એક હાથ દૂર ખોદકામ કર. તને ઉપાય મળશે.' પેલાએ તેમ કર્યું. તેને એક નાનો પથરો મળ્યો. તે લઈને સંત પાસે આવ્યો. સંતે કહ્યું, 'આ પારસમણિ છે. તે અડાડવાથી લોઢાનું સોનું બને છે. આ મણિ આજથી કાયમ માટે તારો. જા, ખુશ થા.' પેલો ગરીબ માણસ મણિ લઈ હરખાતો હરખાતો પાછો ફરતો હતો. ત્યારે તેને મનમાં વિચાર આવ્યો કે 'આ કીમતી મણિને તે મહાત્માજીએ શા માટે આમ ધૂળમાં દાટી રાખ્યો હશે ? જાણે તેમને મન એની જરાય કિંમત ન હોય તેમ સહેજમાં તે મને આપી દીધો. નક્કી તેમની પાસે આથીય વધુ કીમતી વસ્તુ હશે.' પારસમણિનો ઉપયોગ કરતાં પહેલાં તે પાછો મહાત્મા પાસે આવ્યો અને પોતાની જિજ્ઞાસા રજૂ કરી. તે સાંભળી તે મહાત્મા કહે, "મેં તને જે વસ્તુ આપી છે તે તો 'પારસ' (પા-રસ, પા ભાગનો જ રસ = ચોથા ભાગનો જ રસ) છે. મારી પાસે તો એનાથીય કીમતી પૂર્ણરસ છે, એ છે પૂર્ણ એવા ભગવાનનો રસ. એટલે મારા માટે આ પારસ તુચ્છ છે. તેથી મેં તને આપી દીધો."

પછી તે માણસે પારસમણિનો ઉપયોગ ન કરવાનો નિર્ણય લીધો, અને મહાત્માજી પાસે રહી પૂર્ણરસ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરવા લાગ્યો.

* માયિક વિષયસુખ અતિશય તુચ્છ અને દુઃખમય મનાય, તે માટે શ્રીજીમહારાજે વચનામૃત પંચાળા-૧માં ઉપાય બતાવ્યો છે, 'આ જે વાર્તા છે તે તો જેને ઝાઝી બુદ્ધિ હોય ને ઝાઝાં સુખના લોભને ઈચ્છે તેને સમજાય છે. જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે, ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે. તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અધિક છે. માટે જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે.'
* શ્રીજીમહારાજ સમજાવે છે કે જેને ઝાઝાં સુખનો લોભ હોય, તેને માયિક પંચવિષયનાં સુખમાંથી વૃત્તિ તૂટે.

■ **ઝાઝા સુખનો લોભ :**

* જીવપ્રાણીમાત્રની આ માનસિકતા છે કે જ્યારે વધુ સુખ પ્રાપ્ત થાય ત્યારે ઓછું સુખ હોય તેમાંથી વૃત્તિ પાછી વળે.
* એકબાજુ સો રૂપિયા પડ્યા હોય અને બીજી બાજુ હજાર રૂપિયા હોય તો શું લઈએ ? હજાર રૂપિયા. કારણ કે તેમાં સો રૂપિયા કરતાં વધુ સુખ છે. પણ એક બાજુ હજાર રૂપિયા હોય અને બીજી બાજુ લાખ રૂપિયા હોય તો શું લઈએ ? લાખ રૂપિયા. હજાર રૂપિયામાં વધારે સુખ હતું તો પછી તેને શા માટે ન લેવા ? કારણ કે હજાર રૂપિયામાં વધારે સુખ હતું તે બરાબર, પણ લાખ રૂપિયામાં તો એથી પણ વધારે સુખ છે.
* આમ, જેમ જેમ ઝાઝા સુખમાં દૃષ્ટિ પડે, તેમ તેમ ઓછા સુખમાંથી વૃત્તિ પાછી વળે અને તેનો ત્યાગ

થાય.

* ઝાઝામાં ઝાઝું સુખ એટલે ભગવાનનું સુખ. જો તેમાં દૃષ્ટિ પહોંચે, જો તેનો લોભ જાગે, તો માયિક પદાર્થમાં વૃત્તિ ન ચોંટે. માટે ભગવાનનું સુખ સૌથી વધુ છે, ભગવાન જ સર્વ સુખના નિધિ છે. એ વાતની દૃઢતા કરવી જરૂરી છે. એ દૃઢતા થાય તે માટે ભગવાનના સુખ અને માયિક સુખની સરખામણી કરવી પડે.

■ **ભગવાનના સુખ અને માયિક સુખની સરખામણી :**

* ભગવાનના સુખ આગળ માયિક સુખ તો,
– વચનામૃત સારંગપુર-૧ પ્રમાણે નરક તુલ્ય છે.
– વચનામૃત ગઢડા મધ્ય-૧૦ પ્રમાણે અસલ નથી, પણ નકલ (ખોટું) છે.
– વચનામૃત ગઢડા અંત્ય-૩૯ પ્રમાણે ધનાઢ્ય ગૃહસ્થ કૂતરાને બટકું રોટલો નાખે તેવું છે.

* વળી, ગુણાતીતાનંદ સ્વામીએ તો ભગવાનના સુખની સરખામણીમાં જગતમાત્રનાં માયિક સુખને રાખનાં પડીકાં, ફૂંસાં (ડાંગરનાં ફોતરાં), શેરડીના કુચ્ચા વગેરે જેવાં ગણાવ્યાં છે.

* ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો નાંખ્યું તે પ્રકૃતિપુરુષમાં આવ્યું તેમાંથી પ્રધાનપુરુષમાં આવ્યું, ને ત્યાંથી વૈરાટમાં આવ્યું, ને ત્યાંથી દેવતામાં આવ્યું, ને ત્યાંથી અહીં મનુષ્યમાં આવ્યું. તે સુખમાં જીવમાત્ર સુખિયા છે...'

(સ્વામીની વાત : ૧/૧૮૨)

* ભગવાનના સુખની એક ટીપુડીમાં અને તેનીય ટીપુડીમાં સાત અબજથી વધુ મનુષ્યો સુખ ભોગવે છે. તો ભગવાનનું સુખ કેટલું હશે ?

* ઈ.સ. ૧૯૭૦માં યોગીજી મહારાજ લંડન વિચરણમાં હતા, ત્યારે રમેશભાઈ તથા સુરેશભાઈને ઘરે ઠાકોરજી જમાડવા પધારેલા. તે વખતે ટેલિવિઝન ચાલુ હતું અને તેના પર ક્રિકેટ મેચનું જીવંત પ્રસારણ ચાલતું હતું. કો'કે કહ્યું, 'સ્વામી, આ ક્રિકેટ મેચ જુઓ. એમાં બહુ મજા પડે.' ત્યારે યોગીજી મહારાજ બોલ્યા, 'નો જોવાય. આ જગતનું સુખ, આ લંડનનું સુખ તો કૂચા છે. શેરડીનો રસ કાઢી લઈએ પછી વાંહે (બાકી) શું વધે ? કૂચા. તે ગધેડા ચાટે. તેમ આ બધું એવું છે.'

* આમ, ભગવાનના સુખ આગળ માયિક સુખ તુચ્છ છે. એવું દરેક મોટા પુરુષો આપણને સમજાવે છે.

■ માયિક સુખનું દુ:ખદાયીપણું તો આપણા અનુભવમાં આવે છે, પણ ભગવાનનું સુખ આપણે યથાર્થ અનુભવી શક્તા નથી. તો પછી ભગવાનનું સુખ શ્રેષ્ઠ છે, એનો અનુભવ કેવી રીતે કરવો ?

* દરેક વાતમાં આપણો અનુભવ ન પણ હોય, પણ બીજાના અનુભવ પરથી આપણે તે સમજી શકીએ છીએ અને સ્વીકારીએ છીએ.

* જેમ કે, આપણને સાપ કરડ્યો નથી, છતાં બીજાના અનુભવ પરથી આપણને મનાઈ ગયું છે કે સાપ કરડે તો મૃત્યુ થાય.

* આપણા કોઈ સ્નેહીને અમુક ડૉક્ટરની દવાથી લાભ થયો હોય, તો તેના અનુભવને આધારે આપણે પણ તે ડૉક્ટર પાસે જઈએ છીએ.

* આપણે ચંદ્ર ઉપર ગયા નથી, છતાં અમુક લોકો જઈ આવ્યા, તો આપણે માનીએ છીએ કે ચંદ્ર પર માણસ જઈ શકે છે.

* તે જ રીતે ભલે આપણે ભગવાનનું સુખ યથાર્થ અનુભવી શકતા નથી, પણ જેને ભગવાનના સુખનો અનુભવ છે તેને જોઈએ, તોપણ સમજાય કે એ સુખ માયિક સુખથી અધિક છે.

■ **ભગવાનના સુખે સુખી સત્પુરુષ તરફ દૃષ્ટિ :**

* આપણી ગુણાતીત ગુરુપરંપરાનાં જીવન સામે દૃષ્ટિ કરીએ તો આ વાત સમજાય. તેઓ અખંડ ભગવાનના સુખે સુખી હતા. તેથી જ...
– ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજી મહારાજ પર ભયંકર અપમાનોની ઝડી વરસી, છતાં તેઓનું સુખ કે આનંદ ઓછો થયો નથી.
– શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અપાર મુશ્કેલીઓ વચ્ચે પણ અખંડ સુખી રહ્યા છે.

* અને આજે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ

પણ સદાય સુખિયા છે.

* ભલભલાને દુઃખના દરિયામાં ડુબાડી દે તેવા સંજોગોમાં તેઓ અખંડ આનંદ અને કેફમાં રહે છે.
* લોકો જેમાંથી સુખ માને છે તેવું તેમની પાસે કશું જ નથી, છતાં દુનિયાના તમામ લોકો કરતાં તેઓ વધુ સુખી છે.
* પ્રમુખસ્વામી મહારાજે માત્ર ૨૮ વર્ષે સંસ્થાનું સુકાન સંભાળ્યું, ત્યારથી તેઓ દુનિયામાં કોઈ પણ વ્યક્તિએ કલ્પ્યા ન હોય તેવા કઠિન અને વિચિત્ર પ્રસંગોમાંથી પસાર થયા છે, છતાં તેઓ કહે છે, 'અમારે તો જીવનના બધા જ પ્રસંગો આનંદના જ છે. દુઃખનો કોઈ જ પ્રસંગ નથી.'
* લાખો હરિભક્તો અને ૯૦૦ સંતોની જવાબદારી, એક હજાર મંદિરો તથા વિરાટ બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન, વળી પોતાની શારીરિક તકલીફો તો ખરી જ, છતાં આજે ૯૨ વર્ષે પણ તેઓના મુખ પર ચિંતા કે ટેન્શનની એક લકીર સુધ્ધાં દેખાતી નથી. એટલું જ નહીં, તેમની ઉપસ્થિતિ આસપાસના લોકોને તમામ ચિંતા કે ટેન્શન ભુલાવી આનંદમાં તરબોળ કરી દે છે.
* સ્વામીશ્રી ભગવાનનું સુખ ભોગવી રહ્યા છે, એટલે તેમનું સુખ ક્યારેય ઓસરતું નથી.
* ભગવાનનું સુખ એ જ સર્વ સુખનું મૂળ છે, સૌથી શ્રેષ્ઠ છે, એની મોટામાં મોટી સાબિતી પ્રમુખસ્વામી મહારાજ છે.
* તેઓ તરફ દૃષ્ટિ રાખીએ તો ભગવાનના સુખનો લોભ જાગે.

– જેમ કોઈનાં સારાં કપડાં જોઈને એવાં કપડાં પહેરવાનું મન થાય,
– કોઈનો દીકરો પહેલો નંબર લાવે, તો આપણો દીકરો પણ પહેલો નંબર લાવે એવી ઇચ્છા થાય,
– કોઈની સારી ગાડી જોઈને એવી ગાડીમાં ફરવાનું મન થાય,
– કોઈનો નવો મોબાઈલ ફોન જોઈને એવો ફોન લેવાનું મન થાય.

તેમ પ્રમુખસ્વામી મહારાજ ભગવાનનું અખંડ સુખ ભોગવી રહ્યા છે, એ જોઈને એમના જેવું સુખ ભોગવવાનું મન ન થાય ?

તો આવો, આપણે ભગવાનના સુખનો લોભ જગાડીએ, અને જગતમાંથી વૃત્તિ તોડી ભગવાનનાં સુખે સુખિયા થઈએ...

* ઇતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૩૪મું વચનામૃત થયું.

❀ ❀ ❀

સભા : ૨૫ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગ.પ્ર.૩૪-ભગવાને કળ ચઢાવ્યાનું
❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ-૩, વાત-૧૩
૨. પ્રકરણ-૧, વાત-૩૪
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.......

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ચોંત્રીસમું : ભગવાને કળ ચઢાવ્યાનું

સ્વામિનારાયણ હરે.......

સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલનાં હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી ને મુનિ વાજિંત્ર લઈને કીર્તન ગાતા હતા.

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ કલેશને પામે છે ?' એ પ્રશ્ન છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો એનો ઉત્તર અમે કરીએ જે, પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને કલેશ થાય છે, માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે. અને ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પૂરું કહેવાય ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેને તેટલો કલેશ થાય છે. અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો, એ આદિક જે જે ત્યાગી અને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખદુ:ખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુ:ખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરી થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.'

॥ ઇતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ભગવાનના ભક્તને આવતાં સુખો અને દુઃખોનું કારણ સમજાવીને, સુખી થવાની સાચી રીત બતાવે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❊ મુક્તાનંદ સ્વામીનો આ પ્રશ્ન એમની સતત અંતર્દષ્ટિ સૂચવે છે, અને છતે દેહે જ ભગવાનના યથાર્થ સુખનો અનુભવ કરવાની એમની તીવ્ર ઝંખનાના દર્શન કરાવે છે.

❊ તેઓ તો ભગવાનના સુખે સુખિયા હતા જ, કારણ કે તેમણે ગાયું છે કે :

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી...'
'આજ અમૃતતણા મેહુલા વરસીયા,
ભવતણી ભાવટ આજ ભાંગી,
આજ મુક્તાનંદ અધિક સુખ ઊપજ્યું,
શ્યામ તવ ચરણે દૃઢ લગની લાગી.'

❊ તેથી આ પ્રશ્ન આપણા જેવા મુમુક્ષુઓ માટે એમણે પૂછ્યો છે, એમ કહી શકાય.

❀ ભગવાનની પ્રાપ્તિ દુર્લભ છે :

❊ પૂર્વેનાં ભક્તોએ ભગવાન મેળવવા રાજપાટ, ઘરબાર, કુટુંબ-પરિવાર છોડ્યાં, વનમાં વસ્યા, કષ્ટો સહ્યાં, અનંત કઠણ સાધનો કર્યાં, છેલ્લે રાફડા થયા, પણ ભગવાનનાં દર્શન ન થયાં, કારણ કે એ દુર્લભ છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી :

'કિયાં જીવ કિંયા જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે,
મર આપીએ સો સો શીશ, તોયે વણમળ્યાની વાત છે રે.'

❊ સામુદ્રિક ચિહ્નોના જાણકાર ચાર પાટીદારોએ મહારાજનાં ચરણારવિંદ જોઈ કહ્યું : 'તમારા શરીર સામે જોતાં તમે મનુષ્ય જણાવ છો અને ચરણારવિંદ સામે જોતાં પુરુષોત્તમ જણાવ છો.' ત્યારે મહારાજે કહ્યું કે 'આ બે ચરણારવિંદની વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વર્ષ અને દોઢ પહોર સુધી સ્તુતિ કરી, ત્યારે આ ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવ્યાં છે.'

❊ ગઢડામાં એકવાર જીવુબા-લાડુબાએ મહારાજને કહ્યું : 'મહારાજ ! જે પ્રાપ્તિ ગોપી-ગોવાળને થઈ હતી એવી અમને થઈ છે.' ત્યારે મહારાજે કહ્યું કે, 'એ ભગવાનને તો આ ભગવાનનાં દર્શન પણ થયાં નથી.'

❀ ભગવાનની પ્રાપ્તિથી અધિક લાભ કે આનંદ બીજો નથી

❊ કારણ કે ભગવાન સર્વે સુખના કારણ છે અને સર્વે સુખના નિધિ છે.

❊ વચ.સા.૧ : ભગવાનનું એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડના જે વિષયસુખ તે સર્વેને વારીફેરીને નાખી દઈએ.'

❊ નિષ્કુળાનંદ સ્વામી :

'કામદુઘા, કલ્પતરૂ, પારસ, ચિંતામણિ ચાર,
સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર.
અલ્પ સુખ એમાં રહ્યું, મળી ટળી જાય છે એહ,
સંત સેવ્યે સુખ ઉપજે, રહે અખંડ અટલ એહ.'

આવા ભગવાન મળ્યા પછી જીવને દુઃખ, કલેશ, ઉદ્વેગ, અશાંતિ શા માટે ? સ્વામીએ એક વાતમાં કહ્યું છે કે, 'અહીં અક્ષરધામ જેવું સુખ વર્તે છે છતાં તેમાંય કેટલાક દુઃખિયા છે.' પાણીમાં રહેતી માછલી જ તરસી રહે એ કેવું આશ્ચર્ય કહેવાય ! એમ સુખના સાગર એવા ભગવાન મળવા છતાં ભક્ત દુઃખી રહે એ આવું ગણાય.

❊ તેનો ઉત્તર : અહીં ભગવાનનો નહિ પણ ભક્તનો વાંક મહારાજ બતાવે છે. ઘરમાં અંધારું છે, કારણ કાં તો વીજળીનું જોડાણ લીધું નથી, અને લીધું છે તો ફયુઝ ઊડી ગયો છે. આમાં પાવરહાઉસનો વાંક નથી, કારણ કે બીજાના ઘરમાં તો પ્રકાશ છે. તેથી વાંક આપણો જ છે. આ જ રીતે ભગવાનના સુખનો

અનુભવ ઘણાં સંતો-હરિભક્તોએ કર્યો છે અને કરી રહ્યાં છે, છતાં કોઈકને નહિ આવતું હોય તો વાંક એનો છે. એ વાંક છે - ભક્ત દ્વારા થતો આજ્ઞાલોપ.

❀ દુઃખનું કારણ : આજ્ઞાલોપ

આજ્ઞાના પ્રકારો :

૧. પ્રસંગોપાત આજ્ઞા :

- ❋ શંકર ભગવાનનું ખોટું દેખાડવા માટે એમના સસરા દક્ષ પ્રજાપતિએ યજ્ઞનું આયોજન કરી એમાં શંકર ભગવાન અને સતી(પાર્વતી)ને આમંત્રણ ન આપ્યું. પિતાને ત્યાં યજ્ઞમાં જવા સતીએ આજ્ઞા માગી. શંકર ભગવાને ના પાડી, છતાં ગયાં. ત્યાં એમનું દક્ષે અપમાન કરતાં તે યજ્ઞમાં બળી ગયાં. આથી ક્રોધિત શિવજીએ વીરભદ્ર દ્વારા યજ્ઞનો ધ્વંસ કરાવ્યો. દક્ષનું માથું ઉડાવી દીધું ને પછી બકરાનું માથું ચોંટાડ્યું. આમ, સતીના એક આજ્ઞાલોપના પરિણામે કેટલી ધાંધલ-ધમાલ થઈ !
- ❋ સીતાજીએ લક્ષ્મણરેખા ન ઓળંગવાની આજ્ઞા લોપી, તો રાવણ એમને ઉપાડી ગયો. આથી રામાયણનું યુદ્ધ થયું, જેમાં લાખોની ખુવારી થઈ.
- ❋ ઉમરેઠના રૂપરામ ઠાકરે પોતાના ઘરે મહારાજ અને ૫૦૦ પરમહંસોને બોલાવી કેરીના રસની રસોઈ આપી. રસ ખૂબ ખાટો હોવાથી મહારાજે ખાંડ માંગી, પણ 'અમારી નાતમાં ખાંડ આપવાનો રિવાજ નથી' - એમ કહીને ન આપી. પછી આખી જિંદગી એમને બળતરા રહી ગઈ કે આવી નાની-શી આજ્ઞા પાળી શકાઈ નહિ.

આવી પ્રસંગોપાત આજ્ઞા પાળવાથી આવનાર દુઃખથી રક્ષા થાય છે :

- ❋ રામપુરાના હરિભક્તોને શ્રીજીમહારાજે તાત્કાલિક ગામ ખાલી કરીને જતા રહેવાની આજ્ઞા કરી. એમણે આજ્ઞા પાળી. બીજે દિવસે ગાયકવાડની સેનાએ આવીને ગામ લૂંટી લીધું, પણ આ ભક્તોની રક્ષા થઈ.
- ❋ યોગીજી મહારાજે વડોદરા જિલ્લાના વાસણાના ચતુરભાઈને 'પત્ર મળે કે તરત જ ગોંડળ આવી જવું' - એવા બે પત્રો લખ્યા. તેમણે વિચાર્યું કે દિવાળી પછી જઈશ. પણ દિવાળીના આગલા દિવસે જ તેમના દુશ્મનોએ તેમને મારી નાખ્યા. જો તેમણે આજ્ઞા પાળી હોત, તો બચી જાત.
- ❋ યોગીજી મહારાજનાં દર્શને આફ્રિકાથી સહુકુટુંબ આવેલા શીખ ભક્ત નારણસિંહે પાછા જવા માટેની વિમાનની ટિકિટ બુક કરાવી હતી. પણ આગલા દિવસે જ યોગીબાપાએ વધુ બે દિવસ રોકાવાની આજ્ઞા કરી. તેમણે આજ્ઞા પાળી. રોકાઈ ગયા. આ બાજુ એમની ટિકિટ જે વિમાનમાં હતી તે ડાકોટા વિમાન તૂટી પડતાં બધાં જ પ્રવાસીઓ માર્યા ગયાં, પણ તેમની સહકુટુંબ રક્ષા થઈ.

૨. નિયમ ધર્મ-પંચવર્તમાન સંબંધી આજ્ઞા :

- ❋ શ્રીજીકૃત શાસ્ત્રોમાં ત્યાગી-ગૃહી બધા માટે આવી આજ્ઞાઓ કાયમી પાલન માટે કરવામાં આવી છે.
- ❋ શિક્ષાપત્રીમાં શ્લોક ૮, ૯માં મહારાજ કહે છે, 'જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિને નિશ્ચે પામશે.
- ❋ વચ.લો.૬ : ધર્મસંબંધી સાધનમાં એક નિષ્કામીપણું હોય તો સર્વે સાધન આવી જાય છે.
- ❋ વચ.ગ.મ.૩૩ : જે નિષ્કામી વર્તમાન રાખે છે, તે જ અમને વહાલો છે અને તેને અને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.
- ❋ બ્રહ્મજ્ઞાની એવી હરબાઈ-વાલબાઈને શ્રીજી મહારાજ સ્થાપિત સ્ત્રી-પુરુષ મર્યાદા માન્ય

નહોતી, તો તેમને મહારાજે વિમુખ કરી.

આવી આજ્ઞાના લોપથી :

- ❊ રાવણનો વિનાશ થયો, કારણ કે એણે પરસ્ત્રી એવી સીતાને વિષે આસક્તિ રાખી.
- ❊ ગૌતમ ઋષિના અતિ સ્વરૂપવાન પત્ની અહલ્યા ઉપર ઈન્દ્ર મોહાંધ થયો. ચંદ્ર કૂકડો બન્યો અને મધરાતે બોલ્યો તેથી મળસ્કું થયું છે એમ જાણી ઋષિ નદીએ સ્નાન કરવા ગયા. ઈન્દ્રે ઘરમાં પેસી ઋષિનું રૂપ લઈ અહલ્યાનો સંગ કર્યો. આથી ઋષિએ શાપ આપ્યો, જેથી ચંદ્ર ઉપર કલંક થયાં, અને ઈન્દ્રના શરીરે હજાર ભગ થયાં.
- ❊ વચ.લો.૧૪ : મનનો વિશ્વાસ ન કરે એવો ત્યાગી અમને ગમે છે.
- ❊ શિક્ષાપત્રી : પોતાની માતા, બહેન અને દીકરી સાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું.
- ❊ શ્રીમદ્ ભાગવત લખાવતાં ઉપરોક્ત બાબતનો શ્લોક મહર્ષિ વેદવ્યાસ જૈમિની ઋષિ પાસે લખાવવા લાગ્યા, ત્યારે જૈમિનીને શંકા થઈ કે 'મા-બહેન કે દીકરી સાથે રહેવાથી શો બાધ આવવાનો છે ?' ત્યારે વ્યાસજીએ એમને એ શ્લોક પછીથી લખવા કહ્યું. પછી પોતે બહારગામ જવાનો દેખાવ કર્યો અને જૈમિનીને સમજ પાડવા માટે એવી માયા રચી કે ભયંકર વાવઝોડું અને વરસાદ થયાં. વ્યાસજીએ જૈમિનીની બહેનનું રૂપ લઈ તમામ વસ્ત્રો પલળી ગયાં હોય એવી હાલતમાં આવી આશ્રમમાં આશ્રય માંગ્યો. જૈમિનીએ બહેનને પર્ણકુટિમાં ઉતારો આપ્યો અને પોતે બહાર સૂતા. પણ પલળેલાં વસ્ત્રોમાં બહેનનું રૂપ જોવાથી રાતે તેઓ એટલા કામાતુર થઈ ગયા કે ભાન ભૂલીને પર્ણકુટિનું છાપરું ફાડીને બહેનને મળવા અંદર પેઠા, પણ ત્યાં તો વ્યાસમુનિ મળ્યા. ત્યારે જૈમિનીને આ વાતની સાર્થકતા સમજાઈ અને તરત શ્લોક લખી નાખ્યો.
- ❊ 'વચનવિધિ' માં નિષ્કુળાનંદ સ્વામીએ આ માટે લખ્યું છે કે :

અલ્પ સુખ સારુ આગન્યા, લોપે છે શ્રી હરિ તણી,
પરમસુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.
મોટપ માનવી કેમ મળે, વાઢી કાઢે વચનના મૂળ,
સુખ થાવાનું શાનું રહ્યું, થયું સામું સોગણું શૂળ.
બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન,
લેખે ન આવે દાખડો, વળી થઈ જવાય નિરધન.
નહીં પામે ઠેકાણું નરકમાં, શીદ કરે ધાંખના ધામની,
ધામ નહીં મળે, ધક્કા મળશે, ત્યારે ઉઘડશે આંખ ગુલામની.

- ❊ વચ.ગ.મ.૬૧ : દેશ-પરદેશ જાય, કંચન કામિનીનો યોગ થાય, છતાં તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ તે સર્વે દૃઢ રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.
- ❊ આવા તો શાસ્ત્રીજી મહારાજ હતા. તેથી વરતાલના ચાર-ચાર આચાર્યોના માર્ગદર્શક, નિયમધર્મમાં કડીતોડ, અત્યંત બુદ્ધિશાળી એવા કોઠારી ગોરધનભાઈએ કહ્યું કે, 'વરતાલના ૨૦૦૦ સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો સ્ત્રી-ધનનો ત્યાગી કોઈ સંત નથી.'
- ❊ બોસ્ટનમાં આંખના મોતીયા ઉતરાવતી વખતે સ્ત્રી નર્સ ન હોય તો જ ઑપરેશનની 'હા' પ્રમુખસ્વામીએ પાડી હતી.
- ❊ લક્ષ્મણજીએ ૧૪ વર્ષના વનવાસ દરમ્યાન સીતાજીનું મુખ નહોતું જોયું.
- ❊ બોટાદના શિવલાલ શેઠને ૬ માસથી પોતાને ઘેર આવેલી સાળી દરરોજ પીરસતી, છતાં ખબર જ નહોતી કે ઘરે કોઈ આવ્યું છે.
- ❊ ઉપલેટાના લાલાભાઈની દીકરી ૧૬ વર્ષની થઈ, પણ એમણે દીકરીના નાકની દાંડી જોઈ નહોતી.

❋ નિષ્કુળાનંદ સ્વામી :

તેથી સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ, રાજી કરવાનું રહ્યું પરું, પણ કરાવીએ નહીં હરિને ક ો પ . ,

❀ આજ્ઞાલોપ થવાનાં કારણો :

૧. પંચવિષયમાં આસક્તિ

૨. જ્ઞાન અને મહિમાનો અતિરેક કે, 'ભગવાન તો અધમ અદ્ધારણ છે, તો પછી ગમે તે પાપ કરીશું તો તેનો શો ભાર છે ?' (વચ.ગ.અં.૨૬)

૩. ગાફલાઈ બેદરકારી અને પ્રમાદ - 'એમાં શું ?' એમ વિચારી નાનાં વચન લોપતાં- લોપતાં મોટા વર્તમાનમાંથી પણ પડી જવાય.

૪. કુસંગ

❀ આજ્ઞા કેવી રીતે પળે ?

૧. વચ.કારિ.૧૧ મુજબ મોટા પુરુષમાં હેત હોય તો મરજી પ્રમાણે વર્તાય.

૨. વચ.લો.૩ મુજબ ભગવાન અને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો એમને અર્થે 'શું ન થાય ?'

૩. વચ.લો.૨ મુજબ ઈન્દ્રિયો-અંતઃકરણ થરથર ધ્રૂજે એવું શૂરવીરપણું હોય તો આજ્ઞા પળે.

૪. કુસંગનો ત્યાગ - એવા મિત્રો, સાધનો, સાહિત્યથી દૂર રહેવાથી આજ્ઞા પળે.

❀ આજ્ઞા પાલનથી કેવી પ્રસન્નતા થાય છે ?

૧. ગ.પ્ર.૫૮ મુજબ મલિન સંસ્કાર નાશ પામે, રાંક હોય તે રાજા થાય, ગમે તેવા ભૂંડાં પ્રારબ્ધ રૂડાં થાય, માથે આવનારું ગમે તેવું વિઘ્ન ટળી જાય.

૨. અંતરે શુભ સંકલ્પ થાય, શાંતિ રહે.

૩. આજ્ઞા ભેળી ભગવાનની મૂર્તિ આવે.

૪. જેટલી આજ્ઞા પળાય એટલા આત્મસત્તારૂપે વર્તાય.

૫. આજ્ઞા પળે એટલી વાસના ટળે.

૬. આ જ વચનામૃત પ્રમાણે ભગવાનના જેવા આનંદને પામે છે.

❋ ભક્તને સુખ-દુઃખ કઈ રીતે આવે છે ?

❋ વચ.ગ.અં.૧૩ મુજબ ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે.

❋ ભક્ત ઉપર આવતાં સુખદુઃખ પ્રારબ્ધ કર્મને આધીન નથી. વિમુખ જીવને પ્રારબ્ધ હોય. આપણે તો ભગવાનની ઈચ્છા એજ પ્રારબ્ધ અને જેટલી આજ્ઞા પળાય કે આજ્ઞાનો લોપ થાય એને આધારે સુખ કે દુઃખ આવે છે.

❋ સ્વા.વાત : જેમ રાજાના કુંવરને હરિજનનો છોકરો મારી ન શકે તેમ ભગવાનના ભક્તને

ઃ 3 વાત ઃ ૧૩

કાળ, કર્મ અને માયા કાંઈ ન કરી શકે.

◆

વધારાની સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર. ૩૮ વણિકના નામાનું
- **સ્વામીની વાત** : ૧. પ્રકરણ ૩/૪
  ૨. પ્રકરણ ૧/૧૭
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૮ : વણિકના નામાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઘોડશાળની ઓસરીએ ગાદલું નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે રાતા છેડાનો ધોળો ફેંટો બાંધ્યો હતો ને દોરિયાનું અંગરખું પહેર્યું હતું ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ સર્વ હરિભક્તોની સામું જોઈને ઝાઝીવાર વિચારી રહ્યા અને પછી એમ બોલ્યા જે, 'સાંભળો વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી, એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો. અને મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે, જેમ ફૂલે કરીને તિલ વસાય છે તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિષે વાસવું. અને ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો, બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહીં.' એમ કહીને પછી ભૂતનું દૃષ્ટાંત વિસ્તારીને કહી દેખાડ્યું.

- **વચનામૃતની વિશેષતા :**

- મુમુક્ષુને સત્સંગમાં પ્રગતિ માટે અદ્‌ભુત માર્ગદર્શન શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આપે છે.
- શ્રીજીમહારાજે સ્વયં સંકલ્પ કર્યો છે :
  જે જે મારા કહેવાયા છે તેમાં તલમાત્ર કસર રહેવા દેવી નથી. (ગ.મ. ૪૫)
  તમે જો અમારો સંબંધ રાખશો તો અમારે તમારામાંથી જગતનો લોચો કાઢી નાંખવો છે. (ગ.મ. ૫૦)
- હવે પ્રશ્ન થાય અનાદિકાળથી જીવને વળગેલી આ કસર કે લોચો છે શું ?

એ છે સ્વભાવ, વાસના અને પ્રકૃતિ, દેહભાવ, અજ્ઞાન...

- આ ટાળવાનો ઉપાય આ વચનામૃતમાં છે.
- જીવનના અંતે આખી જિંદગી સત્સંગ કર્યા પછી પણ દેવાળું ફૂકવું ન પડે તે માટે મુમુક્ષુને મહારાજ અહીં ચેતવણી આપે છે.
- તે સુધા સાવધાન રહેજો, નહીંતર તમારો પગ સત્સંગમાં નહીં ટકે - શ્રીજીમહારાજ. આ ચેતવણી ગ.મ. ૫૫ માં આપે છે.
- ગુણાતીતાનંદ સ્વામી 'ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે જાણપણારૂપ દરવાજે રહેવું. સંગ ઓળખવો. હઠ-માન-ઈર્ષ્યાનો ત્યાગ કરવો.
- જે સાવ નિર્ધન હોય તેને શું સાચવવાનું હોય, પણ સોનીની દુકાનને તાળાની જરૂર પડે. તેમ સત્સંગ થયો હોય તેને સત્સંગ સાચવવાની જરૂર ઊભી થાય.
- જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહીં વાત ખરી રહેવું નહીં ગાફલ ગમાર, માલ અતોલ મળે. કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે.
  - નિષ્કુળાનંદ સ્વામી
- કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે ચોર શરીરમાં રહે છે અને જ્ઞાનાદિક રત્નો ચોરી જાય છે. માટે જાગો જાગો.

  એક ઘરમાં ચોર પેસ્યા. દીવાલ તોડતા હતા. પત્ની પતિને કહે : 'કોઈક દીવાલ તોડે છે.' તો કહે : 'જાગુ છું.' દિવાલ તોડી - બાકોરું પાડ્યું. તો ય કહે : 'જાગુ છું.' અંદર પેઠા - જાગું છું. પટારો ખોલ્યો - જાગું છું. ઘરેણાં-પૈસા ઉપાડીને ભાગ્યા - જાગુ છું.

  આવી જાગૃતિની વાત નથી.
- પ્રમુખ સ્વામી : મુમુક્ષુએ તો સતત જાગૃતિ, સતત વિચાર અને સતત અનુસંધાન રાખવું જોઈએ. તો જ આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે.

  ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,
  અબ રેન કહાં ક્યૂં સોવત હૈ
  જો સોવત હૈ સો ખોવત હૈ,
  જો જાગત હૈ સો પાવત હૈ.
- યોગીજી મહારાજ એક સુંદર દૃષ્ટાંત આપતા જાગૃતિ વિશે :

  બે પટેલની ભેંસો એક સાથે વીયાવાની હતી. બેય રાહ જોતા હતા. એમાંથી એક ઊઠીને સૂવા જતો રહ્યો. અડધી રાતે બેય ભેંસ વીવાઈ. તેમાં જે સૂઈ ગયો હતો તેની ભેંસને પાડી આવી. જે જાગતો હતો તેને પાડો આવ્યો. પાડો તો નકામો જ કહેવાય. એટલે પેલાએ પાડીની જગાએ પાડાની બદલી કરી દીધી. સવારે પેલો જાગ્યો ત્યારે બૂમ પાડી ? 'શું વીયાયું ?' ત્યારે બીજો પટેલ બોલ્યો : 'જાગતાને પાડી ને ઊંઘતાને પાડો.'

  એમ આપણે પણ જો જાગતા રહીએ તો કાર્ય સારું થાય.
- વરસાદ વખતે ખેડૂ સૂવે ને માગશર માસમાં વાવવા જાય તો શું પાકે ?

  આવો અવસર જાય અમૂલ,
  પાછો તે પમાતો નથી.
  તેનો તપાસી કરવો તોલ,
  ઊંડો અતિ અંતરથી.

  - નિષ્કુળાનંદ સ્વામી
- આપણને સર્વોપરિ ભગવાન, સર્વોપરિ ગુરુ અને સર્વોપરિ સત્સંગનો યોગ મળ્યો છે. સ્વભાવં ટાળવાનો આવો બીજો અવસર મળે તેમ નથી.

  ગ.મ. - ૪૭ માં મહારાજ કહે છે : 'આ સભામાં મલિન વાસના નહીં ટળે તો બીજે ટાળવાનું ઠેકાણું ક્યાં મળશે ?'

  તેથી મહારાજ અહીં નામું રાખવાની - સરવૈયું માંડવાની વાત કરે છે.

- વેપારી કે ધંધો કરનાર - દૈનિક રોજ મેળ રાખે. તેમાંથી અઠવાડિક કાઢે. પછી માસિક કાઢે ને છેલ્લે વાર્ષિક હિસાબ કરે ને નફા-નુકસાનનું સરવૈયું કાઢે.

જો આવો હિસાબ ન રાખે તો દેવાળું ફૂંકાય.

તેમ આપણે પણ સત્સંગમાં આવ્યા પછી તપાસ કરવી પડે :

- વર્તમાન ધરાવ્યા ત્યારે મારી પૂજા કેવી હતી ?
- પાંચ વર્ષ પછી પૂજા સુધરી કે બગડી ?
- મેં સત્સંગ પરીક્ષા આપી ?
- ઘરસભા શરૂ કરી ?
- દર્શન-ભજનનો વેગ વધ્યો કે ઘટ્યો ? આવી તપાસ કરવી પડે.
- વકરા અને નફાનો તફાવત :

કુલ આવક-એટલે વકરો. વકરો એ જ નફો નથી. વકરામાંથી વસ્તુની મૂળકિંમત, મજૂરી, ટ્રાન્સપોર્ટ, લાઈટ-ભાડુ વગેરે બાદ કરતા જે વધે તે નફો છે.

તેમ સત્સંગમાં જે કાંઈ સેવા-ભક્તિ-કથા-તપ-પૂજા-કીર્તન કરીએ છીએ તે તો કુલ વકરો છે. પણ તેમાંથી જાવક બાદ કરવી પડે ને તે બાદ વધે તે નફો.

- તો સત્સંગમાં જાવક ક્યાં થાય છે ? જાણે અજાણે કમાયેલું પુણ્ય ક્યાં ખર્ચાઈ જાય છે ?

હઠ-માન-ઈર્ષ્યા-અભાવ-અવગુણ- મનધાર્યું કરવું વગેરે સ્વભાવને લીધે મોટા ભાગની આવક ખર્ચાઈ જાય છે. ઘણીવાર,તો માથે દેવું થઈ જાય છે. તો આમાંથી ઉગરવાના બે રસ્તા છે.

૧. આવક વધારવી જોઈએ

૨. જાવક-ઘટાડવી જોઈએ.

- શાળામાં વિદ્યાર્થીને પ્રથમ નંબર લાવવા ક્યાં ક્યાં માર્કસ કપાય છે તેનો ખ્યાલ રાખવો પડે. તેમ આપણએ પણ ક્યાં માર્ક્સ કપાય છે તે ધ્યાન રાખવું પડે.
- ગુણાતીતાનંદ સ્વામી : આ સત્સંગમાં લાભનો પાર નથી પણ, જો જાળવે નહીં તો ખોટનો ય પાર નથી.

સત્સંગ હીરાના વેપાર જેવો છે. જેમાં જો ફાયદો થાય તો, લાખો રૂપિયાનો થાય અને ખોટ જાય તો, તે પણ લાખોની જાય.

- સત્સંગમાં લાભ કેટલો છે ?

બીજે જે કામ એક કલ્પે થાય, તે આ સત્સંગમાં એક દિવસમાં થાય છે. અર્થાત્ બીજે એક લાખ વર્ષ સુધીની સતત સાધના કરો ને જે કામ થાય છે તે કામ અહીં એક સેકન્ડમાં થાય છે. આવો મોટો લાભ છે.

- પણ જો જાણપણું ન રાખે તો ખોટનો ય પાર નથી.

શ્રીજીમહારાજ - વર. ૧૧માં કહે છે કે જો સત્પુરુષનો અભાવ લે તો સત્સંગી હોય તો ય તેના જીવનો નાશ થઈ જાય છે.

ગ.મ. ૪૬ - સત્પુરુષમાં મનુષ્યભાવ-અભાવ પંચમહાપાપ કરતા પણ અધિક છે.

વરતાલ ૧૨ - જો સત્પુરુષમાં મનુષ્યભાવ આવ્યો તો જીવ પૂર્ણમાસના ચંદ્ર જેવો તેજસ્વી હતો તે અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે.

- ભગવાન અને સંતમાં મનુષ્યભાવ-અભાવ આવવાનું કારણ છે પોતાના સ્વભાવ, દેહાભિમાન, હઠ, ઈર્ષ્યા, વાસના પંચવિષયમાં આસક્તિ.
- તેથી શ્રીજીમહારાજ અહીં કહે છે જે 'તપાસ કરો' સ્વભાવો વધે છે કે ઘટે છે ? ને જાણપણું નહીં હોય તો સ્વભાવો ઘટવાને બદલે વધશે ને અંતે ઘડાકો થશે.

અલૈયા ખાચરનું માન એક જ દિવસમાં વધી નહોતું ગયું. તે તો વર્ષોથી બીજ રોપાયા હશે

ને જાણપણા વિના બીજમાંથી મોટું ઝાડ થઈ ગયું ને અંતે વિમુખ થયા. એવું જ જીવાખાચરની ઈર્ષ્યાનું પણ જાણવું.

- ગુણાતીતાનંદ સ્વામી : 'આપણે નિરંતર તપાસ કરવો કે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે ? એમ વિચારીને પાછું વળવું.'
- તપાસ કરવામાં ત્રણ વિચાર કરવાના છે.

(૧) ભૂતકાળનો - સત્સંગમાં આવ્યા પહેલા

- ગયા વર્ષે
- ગયા મહિને
- ગઈ કાલે
- હું કેવો હતો ?
- મારા સ્વભાવો કેવા હતા ? - વધ્યા કે ઘટ્યા ?

ભૂતકાળથી આજ સુધીમાં આપણે ઘણું બધું કર્યું છે - પૂજા-સેવા-ભજન-ભક્તિ-ઉત્સવ-સમૈયા - આ બધાનો વિચાર કરવાથી આપણામાં બળ પ્રગટે છે કે હું આટલું કરી શક્યો તો હજી પણ સારું કરી શકીશ. અથવા અત્યાર સુધી મેં કંઈ કર્યું નથી, પણ હવે તો કરવું જ છે.

ભૂતકાળ તથા વર્તમાનનો વિચાર કરવાથી વધ-ઘટનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. સરાણિયો જેમ છરીને ધાર કાઢે તો પહેલા મારેલા લહેરખાને પણ તપાસે ને ઘસરકો મારતી વખતે પણ તપાસે ને ઘસ્યા પછી પણ તપાસે.

(૨) વર્તમાનનો :

- આ વર્ષે
- આ મહિને
- આજે
- મારા સ્વભાવો - ગયા વર્ષ કરતા - ગયા મહિના કરતા - ગઈ કાલ કરતા - ઓછા થયા કે વધ્યા ?

(૩) ભવિષ્યનો વિચાર કરવાથી

આળસ-પ્રમાદ ઊડી જાય કે હજી મારે ઘણું કરવાનું બાકી છે. જીંદગીનો કોઈ નિરધાર નથી.

ભવિષ્યનો વિચાર રોડ પર અંતર દર્શાવતા માઈલ સ્ટોન જવો છે કે હજી મારે કેટલા કિ.મીટર મુસાફરી બાકી છે. અંતર વાંચીને ડ્રાઈવર જાગતો રહે છે.

- શ્રીજીમહારાજના સમયમાં પરમચૈતન્યાનંદ સ્વામી મોટા સદ્‌ગુરુ હતા. કંઈ પણ ભેટ સોગાદ આવે તો પહેલા તેમને આપવી પડે. પછી મહારાજને ધરાય. પણ સંતના સમાગમમાંથી જ્યારે અંતર્દષ્ટિ થઈ ને નામું માંડ્યું ત્યારે બોલ્યા : '૧૨ વર્ષ ગુરુ રહ્યો, ૧૨ વર્ષ સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજે થયો.'

તપાસ કેવી રીતે કરવી ?

સત્સંગ સંબંધી પ્રત્યેક ક્રિયાને (મન-કર્મ-વચન દ્વારા થતી) આ રીતે તપાસો

- ક્રિયા કરતા પહેલા : શું આ ક્રિયાથી મહારાજ-સ્વામી રાજી થશે ?
- ક્રિયા વખતે : શું આ ક્રિયાથી મહારાજ-સ્વામી રાજી થાય છે ?
- ક્રિયા પછી : શું આ ક્રિયાથી મહારાજ-સ્વામી રાજી થયા ?

(૧) ક્રિયા કરતા પહેલા :

જે કંઈ આજ્ઞા પાળીએ કે સેવા શરૂ કરીએ એ પહેલા વિચાર કરો કે આ ક્રિયા મારી મનધારી કે મારા વિરુદ્ધ કે અહંકાર પ્રેરિત તો નથી ને ? પ્રાર્થના કરીને વિચાર કરીશું તો ખ્યાલ આવશે. આવી ક્રિયા આરંભ કરો જ નહીં.

દા. ત. ટી.વી. જોવાની ક્રિયા

૨. હૉટલની ખાવાની ક્રિયા

૩ અનીતિથી ધન એકઠું કરવું

૪. અભાવ-અવગુણની વાતો કરવી.

(૨) ક્રિયા વખતે :

પ્રવૃત્તિ દરમ્યાન જો રાગ-દ્વેષ-બરોબરિયાપણું-

ઈર્ષ્યા-માન-દેખાદેખી-દંભ-ડોળ-કંટાળો-વાદ-કજિયો ઉત્પન્ન થતા હોય તો તે ક્રિયાથી ભગવાન રાજી થતા નથી. ભલે ભગવાન સંબંધી જ ક્રિયા હોય.

આવી ક્રિયા મૂકવી નહીં. પણ ભાવના-વિચારો બદલો. તે માટે પ્રાર્થના અને પુરુષાર્થ કરો.

(૩) ક્રિયા પૂરી થયા પછી :

- એક્સીડન્ટમાં કોઈનું મૃત્યુ થાય પછી તેનું પોસ્ટ મોર્ટમ થાય - મૃત્યુનું સાચું કારણ જાણવા.
- હૃદય રોગનો હુમલો થાય તો હૃદયમાં ખરેખર ઈજા ક્યાં પહોંચી છે તે જાણવા કાર્ડિયોગ્રામ કાઢવામાં આવે છે.
- તેમ આપણે પણ દરેક ક્રિયા પછી ક્રિયાનું પોસ્ટમોર્ટમ કરવું - કાર્ડિયોગ્રામ કાઢવો. ને તેમાં વાંચવું કે સ્વામી રાજી થાય એવું કેટલું થયું ? રાજી થાય એવું થયું તો કેટલા ટકા સુધી ? ક્યાં માર્ક કપાયા ? તેની તપાસ કરી દૂર કરવા પ્રયત્ન કરવો.
- આ રીતે દરેક ક્રિયામાં મંડે તો આગળ વધાય.
- જેટલું આજ્ઞા પ્રમાણે વર્તાય તેટલા નિર્વાસનિક. જેટલું રુચિ મુજબ ન વર્તાય તેટલા વાસનિક.
- મનનો ફાળો
- શ્રીજીમહારાજને આપણને નિર્વાસનિક કરવા છે. આ વચનામૃતમાં મહારાજ કહે છે કે દેહે કરીને ભલે વ્યવહાર કરો પણ મન નિર્વાસનિક જોઈએ.
- મન જ બંધનનું કારણ છે. મન જ મોક્ષનું કારણ છે. દરવાજો બંધ કરવા કે ખોલવા માટે બે અલગ ચાવી નથી હોતી. એક ચાવી કઈ દિશામાં ફરે છે એને આધારે દરવાજો ખૂલે કે બંધ થાય.

તેમ મન કઈ બાજુ પરોવાયું છે ? જગત બાજુ કે ભગવાન બાજુ - એને આધારે બંધન કે મોક્ષ થાય છે.

- જગતથી તો મન બંધાયેલું જ છે. જેમ તલમાં ફૂલની સુવાસ પેસી જાય પછી તે તલમાંથી તેલ કાઢો તો તે તેલ પણ સુગંધી વાળું જ હોય. તેમ મનમાં જગત સંબંધી વિષયો તો પેઠેલા છે. હવે તેમાંથી મુક્ત થવા ભગવાનના ચરિત્રરૂપ જાળામાં ગૂંચવી મેલવું.
- આ માટે ઉત્સવ-સમૈયાની સ્મૃતિ, સ્વામીની સ્મૃતિ, સત્સંગ સાહિત્ય વાંચન-ભજન - માળા-કીર્તન ચાલુ જ રાખવા.
- ભૂતના વાંસડાનું દૃષ્ટાંત : એક જણને ભૂત વશ થયો. જે કામ બતાવે તે તરત કરી આપે. પછી નવરુ થાય એટલે માલિકને જ ખાવા આવે. આમાંથી છૂટવા પેલાએ ૨૦ ફૂટનો વાંસડો મેદાનમાં રોપ્યો. ને જ્યારે કામ ન હોય ત્યારે ભૂતને કહે : 'આના પર ચડ ને ઊતર.' એમ તેને ધંધે લગાડી દીધો.

તેમ આપણું મન પણ ભૂત જેવુ છે. નવરું પડે તો અધર્મના ઘાટ ઘડે. તે માટે તેને ચરિત્રોરૂપી વાસંડો આપી દેવો, જેથી શાંતિ થઈ જાય.

સ્વામિનારાયણ હરે,

વચનામૃત ગઢડા પ્રથમનું ૪૪મું : બળબળતા ડામનું-ડગલાનું.

સંવત ૧૮૭૬ના મહા સુદિ ૮ આઠમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સવારના પહોરમાં વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને તે પાઘને એક આંટે કરીને બોકાની વાળી હતી ને તે પાઘ ઉપર ધોળાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી ગામ વસોના વિપ્ર વાલા ધ્રુવ તેણે પ્રશ્ન પૂછ્યું જે, 'હે મહારાજ ! દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય છે તે કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે જે, 'પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે.' અને એ જીવાત્માને વિષે દેહ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, 'દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે,' એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો.'અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૪૪મું વચનામૃત થયું.

❋ આ વચનામૃતમાં વસો ગામના વિપ્ર વાલા ધ્રુવનો પ્રશ્ન છે. અહંમમત્વના ઘાટ કેમ ટળે?

- અહંમમંત્વના કારણે અનેક પ્રશ્નો થતા હોય છે. સંસારી માત્રને દેહને વિષે અહંબુદ્ધિને કારણે પ્રશ્ન થાય છે. કોઈ સન્માન ન આપે તો પ્રશ્ન, વસ્તુ મળ્યા પછી કોઈ લઈ લે તો પ્રશ્ન. અપમાન કરે તો પ્રશ્ન. ઈચ્છા પ્રમાણે વસ્તુ ન મળે તો પ્રશ્ન.

❋ એ જ પ્રમાણે જેને પોતાના માન્યા છે એવા દેહના સંબંધીઓને કારણે પણ ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડે છે તેના કેટલાક કિસ્સાઓ આ રહ્યા.

● **ઘટના-૧ :** એક પિતાને પુત્રએ પટાવીને વસિયતનામું કરાવી લીધું ને બીજે જ દિવસે કહ્યું : 'ગેટ આઉટ.' પિતાને દુઃખ છે કે, 'મારા દીકરાએ જ મારી સાથે વિશ્વાસઘાત કર્યો !'

● **ઘટના-૨ :** એક ગૃહસ્થની પુત્રવધૂ તેમના ભત્રીજા સાથે ભાગી ગઈ. તેમને ચિંતા છે કે લોકમાં હું શું

મોઢું બતાવીશ ?

- **ઘટના-૩ :** પિતાની ફરિયાદ છે કે પુત્ર દારૂડિયો છે ને પત્નીને મારે છે... જુગાર રમે છે. પણ છતાં પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે કાંઈ કરી શકતા નથી. અંદરથી દુ:ખી છે.
- **ઘટના-૪ :** સૌરાષ્ટ્રના એક ઉપનગરમાં ખાનદાન બાપની પુત્રી, એક નિમ્ન જ્ઞાતિના પ્રેમી સાથે ભાગી ગઈ - પિતાએ આપઘાત કર્યો. પુત્રીના સ્નેહને કારણે શરૂઆતમાં કાંઈ કહી શક્યા નહિ અને અંતે વિપરીત પરિણામ આવ્યું.

❋ એક સાખીમાં સાચું કહ્યું છે,

રાજા ભી દુ:ખિયા રંક ભી દુ:ખિયા ધનપતિ દુ:ખિત વિકારમેં,
વિના વિવેક ભેખ સબ દુ:ખિયા, 'ઊધો' સંત સુખી સંસારમેં.

❋ દુ:ખિયા રહેવાના કેટલાક કારણોમાં બે કારણો મુખ્ય છે. એક દેહને વિષે અહંબુદ્ધિ અને બીજું સંબંધીને વિષે મમત્વબુદ્ધિ.

❋ વિપ્ર વાલા ધ્રુવના જીવનમાં પણ આવો જ એક પ્રશ્ન ઊભો થયો હતો. તેમનાં દીકરી જમનાબાઈ ભક્તિભાવવાળાં હતાં. ઘણી વાર તેમણે રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા હતા. એક વાર ગામના કેટલાક દુરાચારીઓએ તેમની સાથે બળજબરીથી અઘટિત વ્યવહાર કર્યો. દીકરીની લાજ લુંટાવાથી વાલા ધ્રુવ દુ:ખી થઈ ગયા. તેમાં વળી સંબંધીઓ અને નાતીલાઓનો તિરસ્કાર અને મેણાં ટોણાં સહન કરવાના ! વાંક ગુના વિના આવી પડેલા આવા દુ:ખથી છુટકારો મેળવવા તેઓ થોડા દિવસ શ્રીજીમહારાજનાં દર્શનનો લાભ લેવા આવ્યા હતા. સત્સંગી હતા તેથી તેમને એટલો તો ખ્યાલ હતો કે મારા મનની અશાંતિનું મૂળ અહં-મમત્ત્વ જ છે. તેથી તેમણે અહીં પ્રશ્ન પૂછ્યો છે, 'દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્ત્વના ઘાટ કેમ ટળે ?'

- **દેહને વિષે અહંબુદ્ધિ :**

❋ સંસ્કૃતમાં એક પંક્તિમાં કહ્યું છે,

કાયઃ કસ્ય ન વલ્લભ:? શરીર કોને પ્રિય નથી ?

❋ બધાને પોતાનો દેહ વહાલામાં વહાલો છે એટલે દેહ માટે બધું જ કરી છૂટે છે. માણસ દેહનું લાલન-પાલન કરવામાં પાછી પાની નથી કરતો. દેહને મોજશોખ કરાવવો, ખવરાવવું, પીવરાવવું, સુવરાવવું, દેહને કોઈ કષ્ટ ન પડે તેની ખેવના કરવી, રમાડવો, જમાડવો, શણગારવો વગેરેમાં માણસ ક્યારેય પાછી પાની નથી કરતો. ઊંઘતાં ને જાગતાં માણસને પોતાના દેહના જ વિચારો આવે છે.

❋ માઈકલ જેકસને સારા દેખાવા માટે ૧૮ વખત પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી.

❋ ફ્રાન્સની લોલો ફરારી નામની અભિનેત્રી સુંદર હતી. પણ તેને પોતાની સુંદરતાથી સંતોષ નહોતો. બહુ સુંદર દેખાવા તે વારંવાર પ્લાસ્ટિક સર્જરી કરાવતી. કોઈની પાંપણ સારી દેખાય તો તેનો ફોટો પાડી લે અને તે લઈને ડોકટર પાસે જાય અને કહે, 'મારી પાંપણ આના જેવી કરી આપો.' કોઈના હોઠ ગમે તો પોતાના હોઠ તેવા કરવા ડોકટર પાસે પહોંચે. ૩૦ વખત ચહેરાની પ્લાસ્ટિક સર્જરી કરાવી. છતાં પોતાના રૂપથી અસંતોષ હતો. અંતે આપઘાત કરીને મરી ગઈ !

❋ વચનામૃત ગઢડા પ્રથમ-૨૦ : 'આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે. એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાનો જોતો નથી અને કેવળ બાહ્ય દૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.'

❋ સદ્. પૂ. સંતસ્વામી કહેતા, 'આપણને પતિવ્રતાની ભક્તિ છે. કોની ? પુરુષોત્તમ નારાયણની તો ઠીક. પણ દેહની જ છે. આ ખાઈશ, આ પીશ, અહીં સૂઈશ, પણ 'દેહ તે હું નહિ' આ વાત સમજાતી નથી. આ સમજણની આપણને એલર્જી છે.

❊ એક વાર જૂનાગઢમાં ગોપાળાનંદ સ્વામી માણસની સ્વાભાવિક પ્રકૃતિ વિષે કથા કરતા હતા. તેમાં સ્વામીએ હળવી ગમ્મત કરતાં કડવા પટેલોની સ્વાભાવિક પ્રકૃતિ વિષે વાત કરી. તેથી સભામાં બેઠેલા એક સાધુ ગુસ્સે થઈ બોલી ઊઠ્યા : 'કડવાએ તમારો શું બાપ માર્યો છે ?' ગોપાળાનંદ સ્વામી કહે, 'મને ખબર નહિ કે તમે ચાલીસ વરસથી સાધુ થયા છતાં કડવા ને કડવા જ રહ્યા છો.' હું કડવો પટેલ એ અહંબુદ્ધિ જવી ઘણી જ કઠણ છે.

❊ જેમને દેહાત્મબુદ્ધિ છે તે ઉપરથી ઘણી વાર દેખાવ કરે કે પોતાને આત્મબુદ્ધિ દૃઢ છે પરંતુ પ્રસંગ આવે ત્યારે દેહભાવ છતો થયા વિના રહેતો નથી.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ રયા ભગતને સેવા માટે બોલાવ્યા. રયા ભગત આવીને કહે, 'કોણ રયો ? હાથ રયો ? પગ રયો ? હું તો આત્મા છું.' સ્વામી કહે, 'કોઈક દિવસ બતાવીશું' એક દિવસ શેરડીના સાંઠા આવ્યા. સ્વામીએ બધાને વહેંચી દીધા. રયા ભગત બહાર ગયેલા. આવ્યા ત્યારે ખબર પડી તો સ્વામીને ઠપકો આપવા લાગ્યા. 'કામ કરાવવું હોય ત્યારે રયો ને ખાવાનું આવે ત્યારે બીજા.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તમે કહેતા હતા ને ? કોણ રયો ? તો આ બોલે છે તે રયો'. એમ કહીને કહ્યું, 'લો તમારા ભાગના સાંઠા.'

❊ જે કાયમ દેહના ભાવમાં રમતા હોય તેમને ખોટું લાગતા વાર નથી લાગતી.

❊ ગોંડલમાં એક હરિભક્ત મંદિરે આવ્યા, તેમણે એક વૃદ્ધ સંત પાસે પાણી માંગ્યું, તે સંત કહે 'સામે નળ છે ત્યાંથી પાણી પી લો.' પેલા હરિભક્તને ખોટું લાગ્યું કે મને નળ બતાવ્યો ?' એ હરિભક્ત ત્યાંથી ઘરે પાછા જવા ચાલતા થયા. નિર્ગુણ સ્વામીએ સમજાવ્યા કે 'એ સાધુ વૃદ્ધ છે, ચાલી શકતા નથી તે તો જુઓ.' ત્યારે તે પાછા વળ્યા.

- દેહભાવ હોય તો ભગવાન અને સંત પાસે પણ અહંભાવ મૂકી શકે નહીં.

❊ શ્રીકૃષ્ણ ભગવાન પાસે દુર્યોધન મદદ માંગવા આવ્યો ત્યારે ભગવાન સૂતા હતા એટલે દુર્યોધન ભગવાનના ઓશીકા બાજુ બેઠો. જ્યારે અર્જુન આવ્યો તો ભગવાનના ચરણ પાસે બેઠો. દુર્યોધનને અહંભાવ હતો કે હું કોઈ સામાન્ય વ્યક્તિ નથી.

❊ મહેમદાવાદના દુર્લભજીભાઈ અને બેચરભાઈ બંને વચ્ચે અણબનાવ હતો. શ્રીજીમહારાજ તેમને કહે, 'અમે કહીએ તેમ તમે કરશો ?' બેચરભાઈ કહે, 'હા મહારાજ.' મહારાજ કહે, 'દુર્લભજી તમારી પાઘડી લે અને તમે દુર્લભજીના જોડા લ્યો. પછી બંને સાથે બજાર વચ્ચે ચાલો.' ત્યારે દુર્લભજી કહે, 'હું બેચરની પાઘડી લઉં તો થઈ રહ્યું ને ? પછી મારી આબરું શી ?' દુર્લભજી ન માન્યા.

ભગવાને કહ્યું છતાં 'હું શેઠિયો' એવી અહંબુદ્ધિ ના મૂકી શક્યા.

❊ નિષ્કુળાનંદ સ્વામી નિષ્કુળાનંદ કાવ્યમાં કહે છે.

તેમ ભક્તિ કરતાં ભગવાનની, આવી અહંમમતની આડ
પ્રભુ પાસળ પોં'ચતાં, આડું દીધું એ લોહ કમાડ

❊ વિજયાત્માનંદ સ્વામીને એક સાધુએ કહ્યું જે 'મારામાં ખોટ દેખાય તો મને કહેજો, નહિ કહો તો તમારો વાંક.' એક દિવસ ગોપાળાનંદ સ્વામી બહુ ભારે વાતો કરતા હતા. વિજયાત્માનંદ સ્વામી જાણે જે, 'આવી વાતું થાય છે ને આ સાધુ મારી પાસે બેઠો બેઠો ઊંઘે છે, તે નહિ જગાડુ તો મારો વાંક ગણશે.' એમ ધારી આંગળી અડાડી. તે એની આંખ ઊઘડી ગઈ, પણ એ તો ફરી ઊંઘી ગયો ત્યારે ફેર જગાડ્યો. ત્યાં તો તેને માથા સુધી રીસ ચડી ગઈ. પછી સભા ઊઠી એટલે વિજયાત્માનંદ સ્વામી લઘુને ખાડે ગયા, ત્યાં તે સાધુ વાંસે ગયો ને ખાસડું ઉગામીને બોલ્યો જે, 'મુને સભામાં ફજેત કર્યો તે મારું કે ?' ત્યારે વિજયાત્માનંદ સ્વામી કહે જે, 'હવે કહું તો મારજો પણ આ ફેરે માફ કરો.'

❊ દેહને વિષે અહંબુદ્ધિવાળાને પોતે શું કરી રહ્યો છે તેનો પણ વિવેક રહેતો નથી.

❋ શ્રીજીમહારાજ પ્રથમ-૧૪માં કહે છે : જે હરિનો દાસ હોય અને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય.

❋ શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામીને કહે છે,

જરત્યપિ શરીરે સ્વે સ્નેહાદાશાસ્તિ જીવને ।
અધર્મિણામપિ સ્વાનાં પક્ષપાતશ્ચ જાયતે ॥

રોગ તથા વૃદ્ધાવસ્થા થકી જીર્ણ થયેલા પોતાના શરીરમાં પણ સ્નેહ થકી જીવવાની આશા રહે છે અને સ્નેહને લીધે અધર્મ પરાયણ એવા સ્વજન માટે પક્ષપાત થાય છે. (સત્સંગિજીવન)

❋ વચનામૃત ગઢડા પ્રથમ-૨૧ : કેવળ દેહાભિમાની ને પ્રાકૃત મતિવાળો છે અને તે જો સત્સંગમાં પડ્યો છે તોપણ એને પશુ જેવો જાણવો.

❋ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં આવે છે. શ્રીજીમહારાજ કહે, 'જ્યારે ભક્ત દેહરૂપે વર્તે છે. ત્યારે તો એ (ભલે) અખંડ ભગવાનની પાસે રહે, છાતીમાં ચરણારવિંદ રાખે અથવા રાધિકા જેવી પદવી પામે તોપણ એને અંતરમાં સુખ થાય નહીં તો એવાને આ લોકમાં તો ક્યાંથી સુખ આવે ?' જયવિજયની જેમ વૈકુંઠમાં જાય, ગોલોકમાં જાય, બ્રહ્મલોકમાં જાય, પણ દેહાભિમાનીને ક્યાંય સુખ થાય નહીં.'

❋ પ્રમુખસ્વામી મહારાજને એક વાર પૂછવામાં આવ્યું, 'સુખનું કારણ શું?' સ્વામીશ્રી : જ્ઞાન થાય તે - આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય તો અહંમમત્વ ટળે. ને અહંમમત્વ ટળે તો જ સુખ થાય. સ્વામીશ્રીને ફરી પૂછ્યું : 'દુ:ખનું કારણ શું છે?' સ્વામીશ્રી કહે, 'દેહાભિમાન છે તે જ દુ:ખનું કારણ છે.'

● **સંબંધીમાં મમત્વબુદ્ધિ :**

❋ શ્રીજીમહારાજ પ્રથમ-૩૪માં કહે છે, 'સ્ત્રીમાં પુરુષને સહેજે જ હેત થાય છે અને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઉપજી પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે.

❋ ૧૯૮૭માં રશિયન વૈજ્ઞાનિક યુરી રોમેનેન્કે, સ્કાયલેબમાં ૩૨૬ દિવસ રહેલો. ત્યાં તેને ખૂબ કંટાળો આવે, કોઈને મળવાનું નહીં. કોઈ આનંદપ્રમોદ નહીં. ત્યારે રોજ એ એનાં પત્ની-પુત્ર-માબાપના ફોટા જોઈ લે અને એને એમાંથી બળ મળી જતું.

❋ યાત્રાળુઓ ડુંગર ચઢતા હતા. સૌના મોં પર થાકનાં ચિહ્ન દેખાતાં હતાં. સૌ બોજા રહિત થઈ ચાલતાં હતાં, છતાં હાંફતાં હતાં. બધાની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો હતો. કોઈને દયા આવી. પૂછ્યું, 'અલી છોડી! આ છોકરાને ઊંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો.' છોકરીએ જવાબ આપ્યો 'ભાર ? ના રે, એ તો મારો ભાઈ છે.' આને કહેવાય સંબંધમાં મમત્વ.

❋ શ્રીજીમહારાજે આણંદજી સંઘેડિયાને પૂછ્યું કે, 'આ ગામમાં કોઈ નગરશેઠનો દીકરો મરી જાય તો તમારે કેમ?' આણંદજી કહે, 'મહારાજ! તો તો ભૂંડું કહેવાય.' શ્રીજીમહારાજ : 'પણ રાજાનો દીકરો મરી જાય તો...?' આણંદજી : 'તો, તો હું બહુ ખરખરો કરું.' શ્રીજીમહારાજ : 'પણ આ તમારો દીકરો મરી જાય તો...?' આણંદજી : 'તો તો મહારાજ! અબઘડી આ સંઘેડો બંધ થઈ જાય ને બહુ દુ:ખ થાય!'

નગરશેઠનો દીકરો તથા રાજાનો દીકરો પોતાના મનાયા નથી એટલે તેના મૃત્યુથી પોતાને દુ:ખ થતું નથી. પણ પોતાનો દીકરો 'મારો છે' એવું દૃઢ છે તેથી તેનાં મૃત્યુથી દુ:ખ થાય છે. આમ, મમત્વબુદ્ધિ છે એ જ દુ:ખનું કારણ છે. એ જ અજ્ઞાન છે.

❋ નારદજીએ એક ડોસાને ભગવાન ભજવાની વાત કરી. પરંતુ કુટુંબમાં મમત્વને લીધે ને વ્યવહારમાં આસક્તિ હોવાથી માન્યો નહિ ને મૃત્યુ પામ્યો. ફરી એ જ કુટુંબમાં ખૂંટિયો થઈને આવ્યો ને એમના ખેતરમાં કોસ હાંકતો ત્યારે ફરી નારદજીએ ભગવાન ભજવાની વાત કરી, પણ માન્યો નહીં. બીજે જન્મે કૂતરો થઈ ઘરની રક્ષા કરતો ત્યારે પણ ન માન્યો.

અંતે સાપ થઈને ત્યાં જ રહેતો. દરેક વખતે નારદજી ભગવાન ભજવાની વાત કરતા. પણ માનતો નહિ. એક વખત આ સાપ પાંચમી પેઢીના નાના દીકરા પર હેત વરસાવવા ઘોડિયા પર ચડી ફેણ ફેરવતો હતો. ઘરના માણસોએ જોયું એટલે સાણસામાં પકડી તેને કાંટાળી વાડમાં નાંખી આવ્યા. શરીરમાં કાંટો ભોંકાવાથી તેને ઘણું દુઃખ થયું. અંતે વાસના તૂટી અને નારદજીએ વર્તમાન ધરાવી મોક્ષ કર્યો.

દેહના સંબંધીને વિષે મમત્વને લીધે જ જીવ વારંવાર જન્મમૃત્યુના ફેરામાં પડે છે અને જીવનું કલ્યાણ પણ બગાડે છે.

❊ ધોળકાના જીવરાજશાને અંતકાળે શ્રીજીમહારાજ તેડવા આવ્યા. જીવરાજશા કહે, 'મહારાજ ! મારે મારી દીકરીની દીકરીને પરણાવવી છે અને કપાસિયાની વખાર ભરી છે તે વેચવી છે. તો મને હમણાં ન તેડી જાઓ.' મહારાજ ચાલ્યા ગયા. તેઓ ૨૨ વર્ષ જીવતા રહ્યા પણ ઘડપણ આવ્યું ત્યારે તેમના દીકરા, દીકરી કે કોઈ સંબંધીઓએ ચાકરી ન કરી તેથી ખૂબ હેરાન થયા. જે સંબંધીના મમત્વને કારણે કલ્યાણ છોડ્યું તેઓએ જ દુઃખમાં સાથ છોડી દીધો !

❊ ગોપાળાનંદ સ્વામી ગામડે વિચરણ કરતાં કરતાં એક ગામમાં પહોંચ્યા. ત્યાં એક સત્સંગી ભાઈ તેના નાના ધાવણા બાળકને લઈને આવ્યા. તેમણે ગોપાળાનંદ સ્વામીને વાત કરી કે, સ્વામી! આ બાળક તેની માતાને ધાવતો નથી. તો આપ કાંઈક દયા કરો. ગોપાળાનંદ સ્વામી તો સિદ્ધ પુરુષ હતા. તેમણે તરત જ કહ્યું, 'આ તમારો બાબો નથી પણ તમારો ભાભો છે.' વાસનાને કારણે તમારો જ બાપ તમારે ત્યાં દીકરો થઈને આવ્યો છે ને દીકરાની વહુની મર્યાદા રાખે છે, તેથી ધાવતો નથી.' ગોપાળાનંદ સ્વામીએ દીકરાના કાનમાં કહ્યું, 'ભાભા હવે સસરાનો ને પુત્રવધૂનો સંબંધ પૂરો થયો. હવે મા-દીકરાનો સંબંધ છે માટે ગયા જન્મના સંબંધી ભૂલી જાવ.' ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી બાબાને ગયા જન્મની વિસ્મૃતિ થઈ ગઈ ને તે ધાવવા લાગ્યો.

❊ મહાભારતના યુદ્ધ સમયે પોતાના પુત્ર અભિમન્યુના મૃત્યુ પછી અર્જુનને ખૂબ જ શોક વ્યાપી ગયો. શ્રીકૃષ્ણ ભગવાને ઘણું સમજાવ્યો પણ શોક ઓછો ન થયો. તેથી શ્રીકૃષ્ણ ભગવાન તેને થોડે દૂર એક ઝાડ પાસે લઈ ગયા. ત્યાં પોપટનું તાજું જન્મેલું બચ્ચું બતાવીને કહે, 'જો આ તારો લાડકવાયો અભિમન્યુ છે.' અર્જુનને મોહને લઈને પોપટના બચ્ચાની જગ્યાએ અભિમન્યુ દેખાયો. અર્જુન તેને બેટા બેટા કરીને ભેટવા જાય છે ત્યાં પોપટના બચ્ચાને વાચા ફૂટી અને તે બોલ્યું, 'કોને બેટા કહે છે? હું તારો હજાર વખત બાપ થઈ ચૂક્યો છું.' આ સાંભળી અર્જુનનો મોહ ઓછો થઈ ગયો.

❊ હરિચરિત્રામૃતસાગરમાં પ્રસંગ નોંધાયો છે કે, ઝીંઝાવદરમાં અલર્ક રાજાના નાનાભાઈ દેહ મૂકી ગયા, તેથી માતા માંગલબાઈ કલ્પાંત કરતાં હતાં. શ્રીહરિએ તેમને ઉપદેશ આપતાં કહ્યું, 'આ જીવને કોઈ સગું-વહાલું નથી, માતા-પિતા, ભાઈ કે પુત્ર બધો સંબંધ દેહનો છે. અને દેહ તો જીવાત્મા નીકળી જાય પછી અહીં જ પડ્યો રહે છે. જો પુત્રમાં સાચું હેત હોય તો જીવાત્મા નીકળી ગયા પછી તેને બાળી શા માટે દે છે ? માટે એ સ્નેહ મિથ્યા છે, કારણ કે દેહ મિથ્યા છે.'

❊ શ્રીજીમહારાજ કહે છે, 'માટે જે એવા(મિથ્યા) સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે?'

❊ આ મારી મા ને આ મારા બાપ, આ મારા ભાઈ અને આ બહેન એવું જે જીવને મનાઈ ગયું છે એનું કારણ જીવને વિપરીત ભાવના થઈ છે.

● **જીવને 'વિપરીત ભાવના' :**

❊ પોતે દેહથી જુદો છે પણ દેહરૂપ થઈ ગયો છે તે વિપરીત ભાવના કહેવાય એને અભિનિવેશ પણ કહેવાય.

❊ એક ભાઈએ નાટકમાં રાણાપ્રતાપનો અભિનય ખૂબ

સુંદર કર્યો. પણ તેને તેનો અભિનિવેશ થઈ ગયો કે હું રાણાપ્રતાપ જ છું. બીજા દિવસે બસમાં મુસાફરી કરવા ગયા એટલે કંડક્ટરે ટિકિટના પૈસા માગ્યા. તો પેલા ભાઈ કહે, 'તું મને ઓળખે છે, હું રાણાપ્રતાપ છું.' કંડક્ટર શાણો હતો તે સમજી ગયો કે ભાઈને અભિનિવેશ થયો છે તેથી કાંઈ બોલ્યો નહિ. પણ આગળનું સ્ટેશન આવ્યું એટલે ઘંટડી મારી બસ ઊભી રાખી મોટેથી બોલ્યો, 'ઓ રાણાપ્રતાપ ચાલો ચિત્તોડગઢ આવી ગયું.' આ સાંભળી રાણાપ્રતાપ અડધે રસ્તે બસમાંથી ઊતરી ગયો. પોતે નાટકના પાત્રથી જુદો છે પણ રાણાપ્રતાપરૂપ થઈ ગયો ! એ જ રીતે પોતે દેહથી જુદો આત્મા છે પણ દેહરૂપ થઈ ગયો અને હું કાળો છું, ધોળો છું, રૂપવાન છું, બુદ્ધિમાન છું, પટેલ છું, વગેરે... માન્યતા દૃઢ થઈ ગઈ છે તે જ વિપરીત ભાવના.

❋ માણસ દરજીને ત્યાં ડગલો સીવડાવે અને એમ માને કે દરજી તે મારો બાપ છે અને દરજણ તે મારી મા છે તો એમ માનનારો મૂર્ખ છે અને એ તેની વિપરીત ભાવના છે.' એ પ્રમાણે જીવને જે મા-બાપ તરફથી દેહ પ્રાપ્ત થયો છે તે મા-બાપને પોતાના માને તે મૂર્ખ છે. કારણ કે, જીવાત્મા અને દેહ જુદા છે. જેમ વસ્ત્ર અને તેનો પહેરનારો જુદા છે. તેમ જીવાત્મા અને દેહ જુદા છે. એ વાત અહીં શ્રીજીમહારાજ સમજાવે છે.

❋ આપણે આત્મા છીએ પણ દેહ નથી, દેહ અને આત્મા બંને જુદા છે. જેમ, તલવાર ને મ્યાન જુદા છે. બૂટ ને બૂટનો પહેરનારો જુદા છે. ગાડી ને ડ્રાઈવર જુદા છે એમ. શ્રીજીમહારાજ કહે છે, 'આ દેહ આપણે નથી તો પછી દેહના સગા સંબંધી આપણા ક્યાંથી હોય? દેહના સંબંધીને પોતાના માને છે એ જ મૂર્ખામી છે.'

❋ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૨૧માં કહે છે : ચોરાશી લાખ જાતના સગપણને આપણે હમણે માનતા નથી તથા ચોરાશી લાખ જાતના દેહને પોતાનું દેહ માનતા નથી, તેમજ આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહિ અને આ દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા નહિ; કેમ જે, ચોરાશી લાખ જાતના દેહ ધર્યા તેનો સંબંધ રહ્યો નહિ તો આ દેહનો સંબંધ પણ નહિ જ રહે. તે માટે દેહગેહાદિક સર્વ પદાર્થને અસત્ય જાણીને તથા દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, તેથી જુદું પોતાનું સ્વરૂપ જાણીને તથા પોતાના ધર્મમાં રહીને ભગવાનની નિષ્કામભક્તિ કરવી.

❋ જેમ, નાટક-પિકચરમાં પિતાનો રોલ ભજવતા અભિનેતાને તેનો પુત્ર નાલાયક-તોફાની-દારૂડિયો-જુગારિયો-કૃતઘ્ની હોય છે તો શું આઘાત લાગે છે? ના. કેમ? કારણ કે તે જાણે છે કે આ એક નાટક છે. એ મારો દીકરો નથી ને હું એનો બાપ નથી. એમ આ સંસાર પણ એક રંગમંચ છે. અને આપણે ઋણસંબંધે કરીને ભેગા થઈ ગયા છીએ. આપણે દેહ નથી પણ આત્મા છીએ તેમ મનાય તો દેહના સંબંધો પણ ખોટા મનાય.

❋ પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે મનાય કે ન મનાય પણ રોજ એક વાર આત્મવિચાર કરો, 'હું આત્મા છું પણ દેહ નથી.'

❋ શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ-૧૬ના વચનામૃતમાં વિવેકી પુરુષનાં લક્ષણો કહ્યાં છે. તેમાં કહ્યું છે કે જેને સત્-અસત્‌નો વિવેક હોય તે તો ભગવાન અને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય માને અને સંત કહે જે, 'તું દેહ, ઇન્દ્રિય, મન અને પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું અને દેહાદિક એટલે કે દેહ, ઘર, પુત્ર-પુત્રી, પતિ-પત્ની, માબાપ, મિત્ર-સંબંધી એ સર્વે અસત્ય છે, એમ માનીને સર્વથી જુદો - આત્મારૂપે વર્તે.'

❋ ભલે આપણે અનુભવી ન શકીએ પણ સંતના વચને માનવાનું છે કે 'હું દેહ નથી પણ આત્મા છું.'

❋ આત્મા આપણને સ્થૂળ આંખથી દેખાતો નથી અને શરીર દેખાય છે. એટલે આપણને થાય કે આત્મવિચારની વાત કઈ રીતે માન્યામાં આવે ? પણ જેમ આપણી આંખથી બેક્ટેરિયા કે વાયરસ

દેખાતા નથી, તેથી એમ ન કહી શકાય કે બેક્ટેરિયા અથવા વાયરસનું અસ્તિત્ત્વ નથી. બેક્ટેરિયા કે વાયરસને જોવા માટે માઈક્રોસ્કોપ વાપરવું પડે છે. તેમ દેહથી ભિન્ન આત્મા છે તે સમજણ દઢ કરવા, અનુભવવા ભગવાન અને સંતના વચનોનો આધાર લેવો પડે.

❋ ભારતીય સંસ્કૃતિના વેદો, ઉપનિષદો, ભાગવત આદિક પુરાણગ્રંથો તથા સ્મૃતિ ગ્રંથો, બ્રહ્મસૂત્ર આદિક સૂત્રગ્રંથો તથા સંતો-ભક્તોના ભજનનાં પદોમાં એવાં હજારો સંદર્ભો છે કે જેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે આત્મા દેહાદિકથી ભિન્ન છે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે, 'મોઢામાં ખાવામાં હેઠલ્યા દાંત સાંબેલા છે ને ઉપલ્યા દાંત ખાંડણિયા છે, પણ તેનો તપાસ કર્યા વિના ગમ પડતી નથી. તેમજ દેહ તથા આત્મા જુદા છે પણ વિચાર્યા વિના ગમ પડતી નથી.'

❋ જો થોડો વિચાર કરીએ તો દેહ અને આત્મા જુદા છે તે સમજી શકાય. પૂ. ડૉક્ટર સ્વામી સમજાવે છે કે માણસનું નામ મહેશ હોય તો કોણ મહેશ ? જો એના વાળ કાપી નાખે તો તે મહેશ જ રહે છે. હાથ, પગ, કપાય તોપણ તે મહેશ રહે છે. અરે ! કીડની નીકળી જાય તોપણ તે મહેશ જ રહે છે. પણ જો જીવ નીકળી જાય તો તે મડદું બની જાય છે. મહેશ જતો રહ્યો. એટલે કે આત્માને કારણે મહેશભાઈનું અસ્તિત્વ છે. આત્મા છે તો આપણે છીએ. આવો વિચાર કરીએ તો પોતે દેહથી જુદો આત્મા છે તે મનાય.

❋ સ્વામીશ્રીના જીવનમાં આ જ્ઞાનની દઢતા કેટલી છે તે અનુભવાય છે. એટલું જ નહિ તેમના આશીર્વચનોમાં પણ એક વખત તો આત્મજ્ઞાનની વાત આવે આવે ને આવે જ. પછી એ ઉત્સવની સભા હોય કે જન્મજયંતીની સભા હોય, જાહેર સભા હોય કે સત્સંગ સભા હોય, દેશમાં હોય કે પરદેશમાં, સત્સંગ શિબિર હોય કે બાળ-યુવક-કિશોર દિન હોય પણ સ્વામીશ્રીના આશીર્વચનમાં 'સોય કેડે દોરો' એ ભાવે આત્મજ્ઞાનની વાત આવે જ. મોટા પુરુષોના અંતરનો આ સિદ્ધાંત છે.

એક વખત પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'દુઃખ માત્ર ટળી જાય તેની માસ્ટર કી હોય તો આપો, જેથી દુઃખ લાગે જ નહીં.' સ્વામીશ્રી કહે, "છે ને - આત્મજ્ઞાન ! હું દેહ નથી પણ આત્મા છું. 'નિજાત્માનં બ્રહ્મરૂપં."

■ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આત્મનિષ્ઠાની અત્યંત દઢતા છે.

❋ અમદાવાદમાં તા.૧૧/૧૦/૨૦૦૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજ મણિનગર સંસ્કાર કેન્દ્રની જમીન પ્રસાદીભૂત કરી શ્રી નરહરિભાઈ અમીન તથા ૧૦/૧૫ મહાનુભાવોને ઊભા ઊભા જ મળ્યા પછી સ્ટેજનો રેમ્પ ચઢવા જતાં સેવકોની નજર સ્વામીશ્રીના ચરણો પર પડી. સેવકોએ ધ્યાનથી જોયું તો સ્વામીશ્રીના બંને ચરણો પર છેક પીંડી સુધી અસંખ્ય લાલ કીડીઓ ચઢી ગઈ હતી. તરત જ સેવકો નીચે બેસી ખંખેરવા માંડ્યા. કેટલીક કીડીઓ ચરણ પર ચામડી સાથે ચોંટી ગઈ હતી. તે ચપટીથી કાઢી. કૃષ્ણવલ્લભ સ્વામી કહે, 'કરડી છે?' સ્વામીશ્રીએ માત્ર માથું હલાવી હા પાડી. મુખ પર જરાપણ અસ્વસ્થતા કે અકળામણ જોવા મળતી ન હતી. પાણી ચોપડીએ તો ચળ ઓછી થાય તેવા વિચારથી કૃષ્ણવલ્લભ સ્વામી વ્યવસ્થા માટે ગયા, સ્વામીશ્રી જણાય નહિ તેમ જમણા ચરણને ડાબા પર ટેકવી પીંડી સુધી વલૂરવા લાગ્યા. તે પરથી લાગતું હતું કે લાલ કીડીઓએ અસહ્ય ચટકા ભર્યા હશે, પરંતુ સ્વામીશ્રી સહન કરી રહ્યા હતા. થોડી વારે કૃષ્ણવલ્લભ સ્વામી આવ્યા ને ઠંડા પાણીમાં પલાળેલા રૂમાલથી ચરણ લૂછ્યા અને યોગીચરણ સ્વામીએ ટ્યૂબ ચોપડી. સંતોએ કીડીઓ ક્યારે કરડી તેમ પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'હું એ લોકો સાથે વાતો કરતો હતો ત્યારે પગમાં સળવળ થતું લાગ્યું એટલે

થયું કે શું છે આ ? ત્યાં તો ચટકા ભરવા માંડી.' વાત એમ હતી કે, સ્ટેજના પગથિયાં પાસે લાલ કીડીઓનો રાફડો હતો પરંતુ અંધારાને કારણે તેનો કોઈને ખ્યાલ ન રહ્યો અને સ્વામીશ્રી ખાતમુહૂર્ત વખતે ત્યાં જ ઊભા રહ્યા હતા.

સ્વામીશ્રી મહાનુભાવો સાથે વાતો કરતા હતા ત્યારે તેમના મુખના ભાવ કે શરીર પરથી કોઈને પણ જરાય અણસાર આવ્યો નહોતો કે સ્વામીશ્રીના પગે કીડીઓ ચટકા ભરે છે. સ્વામીશ્રી અખંડ આત્મારૂપે વર્તે છે તેથી શરીરનાં દુઃખ તેઓને અડતાં નથી.

❊ સન ૨૦૧૪માં ડૉ. તેજસભાઈ પટેલ પ્રમુખસ્વામી મહારાજની તબિયત જોવા સારંગપુર આવ્યા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું, 'બાપા ! પેસમેકર મૂક્યા પછી આપને કોઈ તકલીફ રહે છે ? કોઈ ફરિયાદ છે ?' સ્વામીશ્રીની વય ૯૩ વર્ષની હતી. સામાન્યતઃ કોઈ વૃદ્ધને પૂછીએ કે, 'કાંઈ તકલીફ છે ?' તો તરત જ લાંબું લીસ્ટ આવી જાય કે ઘૂંટણ દુઃખે છે, ખવાતું નથી, થાક લાગે છે. વગેરે... પણ સ્વામીશ્રી તરત જ કહે, 'તકલીફ કેવી ? આત્માને કોઈ જ તકલીફ ના હોય ! અમારે કોઈ જ ફરિયાદ નથી !'

❊ સ્વામીશ્રીની કૃપાથી સત્સંગમાં અનેક સંતો-ભક્તો પણ આત્મનિષ્ઠાની સમજણથી દુઃખના પ્રસંગોમાં પણ સ્થિર રહ્યા છે.

❊ મુંબઈના બાળક મહેશના માતુશ્રીના અવસાન પ્રસંગે આખા ઘરમાં રોકકળ ચાલતી હતી. તેના પિતા પણ પોકેપોકે રડતા હતા. ત્યારે બાળમંડળમાંથી આત્મનિષ્ઠા દૃઢ કરેલ ધર્મેશ બોલ્યો,

મરનારાને શીદ રડો છો, રડનારા નથી રહેવાના,
તોપને મોંઢે તુંબડાં, તે સર્વે ઊડી જવાનાં.

ગુણાતીતાનંદ સ્વામીની આ વાત આવા પ્રસંગે તેના મોઢે સાંભળતા સૌ સ્વજનો તેની સમજણને મનોમન વંદી રહ્યા.

❊ આપણા સત્સંગની તો વાત જ નિરાળી છે. કારણ કે ભગવાન અને સંતનો આશરો થયા બાદ, આપણે ત્યાં તો મૃત્યુ પણ મંગળ અવસર બની જાય છે અને એનું કારણ છે આત્મનિષ્ઠા.

❊ વર્ષ ૨૦૦૩માં જુલાઈ માસમાં સરઈ ગામના મગનભાઈના પુત્ર દિલીપભાઈ અને તેમનાં પત્નીનો અકસ્માતમાં અક્ષરવાસ થયો. પોતાનો એકનો એક દીકરો અને પુત્રવધૂના અવસાનની આવી દુઃખદ ઘટનામાં પણ મગનભાઈ સ્થિર રહ્યા, એક આંસુ પાડ્યું નહિ. ગુરુપૂર્ણિમાના દિવસે સ્વામીશ્રીને મળવા ગયા કે તરત બાપા બોલ્યા, 'જુઓ, દેવજીભગત આવ્યા.' તેમણે ગુરુપૂનમની સભામાં જાહેરમાં કહ્યું, 'મારા દીકરાનો દેહ ગયો છે, તેનો આત્મા તો અક્ષરધામમાં જ બેસી ગયો છે, તેથી એમાં રડવાનું ન હોય, આનંદ મનાવવાનો હોય.' અને તેમણે ગુરુપૂર્ણિમાની સભામાં ૨૦,૦૦૦ ભક્તોને સાકર વહેંચી.

❊ આપણે પણ ભગવાન ને સંતના સમાગમથી સાચી સમજણ દૃઢ કરીએ તો આપણા પણ (દેહ ને દેહના સંબંધીના) અહંમમત્વના ઘાટ ટળે ને સુખિયા થઈએ એ જ પ્રાર્થના !!!

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૦મું : કુશાગ્રબુદ્ધિવાળાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના મહા વદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરી આગળ પ્રાતઃકાળે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે એમ પૂછ્યું જે, 'જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્રબુદ્ધિ તે જે સંસાર-વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહીં? અથવા શાસ્ત્રપુરાણના અર્થને બહુ જાણતો હોય તેની કહેવાય કે નહીં?' પછી એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહીં, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં; માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. એ ઉપર ભગવદ્ગીતાનો શ્લોક છે જે,

'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥'

'એ શ્લોકનો એમ અર્થ છે જે, ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે કહેતાં ભગવાનનું ભજન નથી કરતા; અને જે જે ભગવાનના ભક્ત છે તે તો તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકાં વર્તે છે. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવમાત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે, કહેતાં વિષયને ભોગવતાં થકાં જ વર્તે છે; અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી. માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૦મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **મનુષ્ય - સૌથી બુદ્ધિશાળી જીવ :**

❋ અંગ્રેજીમાં કહ્યું છે, 'Man is a rational animal.' માણસ અતિ બુદ્ધિશાળી પ્રાણી છે. બુદ્ધિ વડે માણસ અનેક પ્રકારનાં પરિવર્તન લાવ્યો છે.

❋ હજાર વર્ષ પહેલાંનો સિંહ ગુફામાં રહેતો અને આજે પણ ગુફામાં રહે છે. હજારો વર્ષ પહેલાંનો માણસ ઝાડ નીચે રહેતો. પછી ગુફામાં રહેતો થયો, પછી ઝૂંપડી બાંધી રહેવા લાગ્યો, પછી નાનાં મકાનોમાં રહેતો. હવે મોટા મોટા

મહેલોમાં રહે છે. ચકલીએ ક્યારેય પાંચ માળની બિલ્ડિંગ બાંધી ?

* હજાર વર્ષ પહેલાંનો સિંહ કાચું માંસ ખાતો હતો, આજે પણ કાચું માંસ જ ખાય છે. હજાર વર્ષ પહેલાં માણસ કાચું અન્ન ખાતો, પછી અગ્નિથી શેકીને, પછી રાંધીને અનાજ ખાતાં શીખ્યો. આજે ૨૦૦૦થી વધુ શાકાહારી વાનગીઓ બનાવી શકાય છે. ક્યારેય ગાય-ભેંસને અન્નકૂટ કરતા જોયા કે સાંભળ્યા છે?

* પહેલાંનો ગધેડો ચાલતો જ જતો હતો, આજે પણ ચાલતો જ જાય છે. પહેલાં માણસ ચાલતાં જતો, પછી બળદગાડું, સાઇકલ, સ્કૂટર, મોટર, વિમાન, રોકેટ વગેરે શોધ્યાં. ક્યારેય કોઈ કબૂતરે રોકેટ શોધ્યું?

* માણસે ટપાલ, ફોન, મોબાઇલ ફોન, ઇન્ટરનેટ, વોટ્સએપ, ફેસબુક શોધ્યાં. ભૂતકાળમાં કોઈ બળદે ફોન શોધ્યો છે? ભૂતકાળ તો ઠીક, ભવિષ્યમાં પણ નહીં જ શોધી શકે. કારણ કે ભગવાને મનુષ્યને જ એ પ્રકારની બુદ્ધિ આપી છે. તેથી જ મનુષ્ય સૌથી બુદ્ધિશાળી જીવ છે.

● <u>બુદ્ધિની સાર્થકતા શેમાં છે?</u>

* નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તિનિધિ' ગ્રંથમાં કહે છે,
જેમ ચિંતામણિ મોંઘી ઘણી, તેણે કાગ કેમ ઉડાડિયે,
શેતખાનાંની સાંકડે, હરિમંદિરને કેમ પાડિયે.

અતિ મૂલ્યવાન ચિંતામણિનો ઉપયોગ કોઈ કાગડા ઉડાડવા કરે? આજના જમાનામાં કહીએ તો કોઈ મૂલ્યવાન હીરાનો ઉપયોગ કાગડા ઉડાડવા કરે તો તે તેનો સાચો ઉપયોગ ન કહેવાય. મંદિરના ભોગે પાયખાનું ન બંધાય, તેમ બુદ્ધિની સાર્થકતા સ્ત્રી-ધન અથવા વ્યસન-દૂષણ પ્રાપ્ત કરવામાં નથી.

* બુદ્ધિની સાર્થકતા શેમાં છે તેને યોગીજી મહારાજ એક બોધકથા દ્વારા સમજાવતા.

એકવાર એક અંધ-વૃદ્ધ રાજાના વાંકમાં આવ્યો. રાજાને દયા આવી કે આને શું સજા કરવી? પછી સામાન્ય સજા આપતાં કહ્યું કે, 'મારા રાજ્ય ફરતે ૧૨ ગાઉનો કિલ્લો છે. તેમાં એક બારણું છે. તે બારણું શોધી તું રાજ્ય બહાર નીકળી જા, તે તારી સજા.' અંધ-વૃદ્ધ હાથના ટેકે કિલ્લાને અઢેલીને ચાલવા લાગ્યો, પણ જ્યાં બારણું આવવાનું થયું, ત્યાં એને માથે ખંજવાળ આવી. એટલે ચાલતો ચાલતો ખણવા માંડ્યો. ત્યાં બારણું પસાર થઈ ગયું અને જ્યાં એણે હાથ મૂક્યો ત્યાં ભીંત આવી. પછી ફરી બાર ગાઉનો ચકરાવો રહ્યો.

આ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે કે બુદ્ધિ બારણાને ઠેકાણે છે અને જીવ એ અંધ-વૃદ્ધ વ્યક્તિને ઠેકાણે છે. માયારૂપી રાજ્યમાંથી મુક્તિ કેવળ કુશાગ્રબુદ્ધિથી પ્રાપ્ત થઈ શકે છે. બુદ્ધિની સાર્થકતા માયામાંથી મુક્તિ મેળવવામાં કહેતાં કલ્યાણના જતનમાં જ રહેલી છે.

* આ વચનામૃતનું મથાળું 'કુશાગ્રબુદ્ધિવાળાનું' છે. મથાળાનો અર્થ સમજીએ. કુશ એટલે દર્ભ. દર્ભનો અગ્રભાગ (આગળનો ભાગ) અણીદાર અને સૂક્ષ્મ હોય છે. તેથી કુશાગ્રબુદ્ધિ એટલે સૂક્ષ્મબુદ્ધિ.

યોગીજી મહારાજ કહેતા કે, 'પોતાના કલ્યાણને અર્થે જે સાવધાનપણે વર્તે છે તે કુશાગ્રબુદ્ધિવાળો છે.'

* શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે, 'કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં, તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં, માટે એને જાડી બુદ્ધિવાળા જાણવા.'

* સામાન્ય રીતે આપણને વ્યવહારમાં અતિ ડાહ્યા હોય એનો ભાર હોય છે. વડાપ્રધાન-રાષ્ટ્રપતિનો ભાર હોય કે તેમણે પોતાની બુદ્ધિથી સત્તા પ્રાપ્ત કરી છે. IAS, IPS ઓફિસર જેવી

વ્યક્તિઓની બુદ્ધિ-શક્તિનો ભાર હોય છે. ધનાઢ્ય વ્યક્તિઓની ધન-સંપત્તિનો ભાર હોય છે.

એની સામે આપણા મંડળમાં કોઈ હરિભક્ત સેવાના અંગવાળા હોય, કોઈ ભક્તિભાવવાળા હોય, કોઈ તપ-વ્રતના ઈશકી હોય, કોઈ નિયમિત સત્સંગ સભામાં આવતા હોય, તેવા ભક્તોનો આપણને મહિમા સમજાતો નથી. તેમનો ભાર પડતો નથી. શ્રીજીમહારાજ આપણને સમજાવે છે કે આ ભક્તો સાચી દિશામાં આગળ વધ્યા છે.

❋ રામાયણમાં રાવણ અને શબરીની વાત આવે છે. રાવણ પાસે ત્રિલોકીનું રાજ્ય હતું, જ્યારે શબરીને એના વિસ્તારમાં પણ કોઈ ઓળખતું નહોતું. રાવણ પાસે સોનાની લંકા હતી, જ્યારે શબરી સામાન્ય તૃણની ઝૂંપડીમાં રહેતી. એમ કહેવાય છે કે રાવણે વેદો ઉપર ભાષ્ય લખ્યું હતું, બીજી બાજુ શબરીએ કોઈ શાસ્ત્રો રચ્યાં નથી. તે સાવ અભણ હતી. લૌકિક દૃષ્ટિએ રાવણ પાસે સત્તા-સંપત્તિ-સમૃદ્ધિ વગેરે બધું જ હતું, જ્યારે શબરી પાસે એવું કાંઈ જ નહોતું, છતાં આજે દરેક હિંદુ શબરીને યાદ કરે છે, જ્યારે રાવણને ધિક્કારે છે. કારણ કે શબરીએ ભગવાન શ્રીરામની પૂજા-સેવા કરી અને રાવણે શ્રીરામનો દ્રોહ કર્યો.

બુદ્ધિશાળી એ છે જેને પોતાનાં બંધન-મુક્તિનો ખ્યાલ હોય. શબરીને આ વાતનો ખ્યાલ હતો. પોતાની મુક્તિ ભગવાન શ્રીરામ થકી થશે તેને તે સારી રીતે જાણતી હતી. બીજી બાજુ રાવણ પોતાના કલ્યાણનું જતન ન કરી શક્યો.

❋ આજથી અઢી સદી પૂર્વે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા. તે સમયે પણ જેમણે ભગવાનને ઓળખી પોતાના કલ્યાણનું જતન કર્યું તે કુશાગ્રબુદ્ધિવાળા કહેવાયા. જે આવું જતન કરી ન શક્યા તે મૂર્ખ ઠર્યા.

વડોદરામાં ગાયકવાડી રાજ્યમાં દીવાનપદે વિઠ્ઠલરાવ દેવાજી હતો. ગાયકવાડ સરકારે તેની નિમણૂક સૌરાષ્ટ્રના ચીફ રેવન્યુ કમિશ્નર તરીકે કરી હતી. લૌકિક દૃષ્ટિએ તે બુદ્ધિશાળી હશે તેથી જ સરકારે તેને આવું કામ સોંપેલું, પરંતુ ભગવાન સ્વામિનારાયણને તે ઓળખી ન શક્યો.

મહારાજ સં. ૧૮૮૨માં વડોદરા પધાર્યા. ત્યારે સયાજીરાવ સરકારે મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું, પરંતુ દીવાનને તે નહોતું ગમ્યું. ઊલટું, તેણે મહારાજને પકડી પાડવા અથવા મારી નાખવા માટે અનેક નિષ્ફળ પ્રયત્નો કર્યા. ક્યારેક મલિન જંત્ર-મંત્રનો પ્રયોગ કરતો, તો ક્યારેક શક્તિશાળી હબસીઓને મોકલતો. દરેક વખતે તેના સંકલ્પો ધૂળધાણી થઈ જતા.

બીજી બાજુ વડોદરામાં રહેતા નાથ ભક્ત શાક-બકાલું વેચવાનો ધંધો કરતા. તેઓની આર્થિક પરિસ્થિતિ સામાન્ય હતી. લૌકિક દૃષ્ટિએ દીવાનજી જેવી બુદ્ધિ-શક્તિ નહીં, પણ શ્રીજીમહારાજ ભગવાન છે તે જાણી લીધું. તેથી જ મહારાજ કહેતા, 'નાથ ભક્ત બુદ્ધિશાળી છે ને દીવાનજી મૂર્ખ છે.' (સ્વામીની વાત : ૨/૨૩)

● **ભક્ત-અભક્તનું વર્ણન :**

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયનો ૬૯મો શ્લોક 'યા નિશા સર્વભૂતાનાં....' ટાંકીને કહે છે કે ભગવાનના ભક્ત (૧) નિરંતર ભજન કરતાં થકાં વર્તે છે અને (૨) વિષયને ભોગવતા નથી. જ્યારે જગતના જીવ (૧) ભજન નથી કરતા અને (૨) વિષયને ભોગવતા ફરે છે.

તેથી જ મહારાજ આવાં લક્ષણવાળા ભક્તને કુશાગ્રબુદ્ધિવાળા કહે છે અને અભક્તને જાડી બુદ્ધિવાળા (મૂર્ખ) કહે છે.

● **ભગવાન ભજવા-ભજાવવાનું તાન :**

❋ શ્રીજીમહારાજ વચનામૃત **જેતલપુર-૫**માં કહે છે

કે, **'સર્વે સાંભળો, આજે તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી.'**

❊ એકવાર શ્રીજીમહારાજ માંગરોળમાં હરિભક્તો સાથે બજારમાં નીકળ્યા. એક માણસ નાળિયેરની કાચલીના ત્રાજવા બનાવી તેમાં છાણ, ધૂળ, પથરા ભરીને બોલે, 'લો એલાયચી, લો લવિંગ.' આમ વેપાર કરે. મહારાજે પૂછ્યું, 'આ કોણ છે?' ત્યારે હરિભક્તો કહે, 'મહારાજ આ કબા શેઠ છે. તેઓ બહુ મોટા વેપારી હતા, પણ વેપારમાં નુકસાન જવાથી મગજ છટકી ગયું. એટલે હવે આવું કરે છે.' મહારાજ કબા શેઠની વાત સાંભળી કહે, 'અમારી નજરમાં તો જે ભગવાન નથી ભજતા, એ સર્વે કબા ગાંડા જ છે.'

❊ શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીરૂપે લોજ ગામમાં પધાર્યા. ત્યારે તેઓ રામાનંદ સ્વામીને પત્રમાં લખે છે કે

'મનુષ્યદેહને ઇચ્છે છે દેવ, તે પામી ન કરી હરિ સેવ;
તે તો પશુ પૂછ શીંગ હીણ, મર હોય ગુણી પરવીણ.'

દેવતાઓ પણ મનુષ્ય શરીર પામી જો ભગવાનને ન સેવે, ન ભજે તો તે શિંગડાં અને પૂંછડા વિનાના પશુ સમાન જ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૫/૪૦૫મી વાતમાં કહ્યું,

'આ લીધું ને આ લેવું છે,
આ દીધું ને આ દેવું છે,
આ કર્યું ને આ કરવું છે,
આ ખાધું ને આ ખાવું છે,
આ જોયું ને આ જોવું છે.

એ આદિક અનેક વાતું ખૂટે તેમ નથી. માટે એમાંથી નિવૃત્તિ પામીને પરમેશ્વરને ભજી લેવા.'

◎ યોગીજી મહારાજ બાવના ચંદન (એક પ્રકારનું ચંદન)નું દૃષ્ટાંત આપી સમજાવતા કે, એક કઠિયારો બાવના ચંદનનું લાકડું કાપી લાવ્યો. પછી ખબર વિના ચૂલામાં સળગાવ્યું, તો તેને કોઈ ફળ પ્રાપ્ત ન થયું. એક શાહુકારને આની સુગંધ આવી તેથી જોવા ગયા. પછી થોડુંક રહ્યું હતું તેના વડે ભગવાનની પૂજા-અર્ચા કરી. અંતકાળે શેઠને ભગવાન તેડવા આવ્યા, જ્યારે કઠિયારાને કોઈ ફળ પ્રાપ્ત ન થયું. ચંદનને ઠેકાણે મનુષ્ય દેહ છે. તેને જો કઠિયારાની જેમ વેડફી દઈએ તો જન્મ વ્યર્થ જાય, પણ શેઠની જેમ ભજન-ભક્તિમાં જોડીએ તો મોક્ષ થાય.

આપણી ગુણાતીત પરંપરાને ભજન-ભક્તિ માટે ફક્ત રુચિ નથી, પરંતુ ભજન-ભક્તિ તેઓનું જીવન છે. જેમ મીન પાણી વિના તડફડે, તેમ તેઓ પણ ભજન-ભક્તિ વિના રહી નથી શકતા.

❊ તા.૨૬/૨/૧૯૮૭ના દિવસે પ્રમુખસ્વામી મહારાજ નડિયાદ મુકામે ધર્મલાભ આપી રહેલા. સાંજે ૭ વાગ્યા એટલે સ્વામીબાપાએ પૂછ્યું, 'સંધ્યા આરતી થઈ?' ત્યારે એક સંત કહે, 'આરતી સંતો કરી લેશે. આપ નહીં આવો તો ચાલશે.' સ્વામીબાપાને આ ન ગમ્યું.

સ્વામીબાપા કહે, 'દર્શને જવાનું હોય ત્યારે કોઈ દિવસ ના ન પાડવી. આ તો બધી વાતમાં બંધી કરે. દર્શન કરવા ન જશો, દંડવત્ ન કરશો. બધે જ બંધી કરી છે, પણ ભજન-ભક્તિ કરવા તો આવ્યા છીએ. એ ન થાય તો બીજું કરવુંય શું ? આવું થાય એમાં કંટાળો આવે છે. જીવવું કેમનું?'

અવિરતપણે ભક્તિરત રહેવા છતાં ભક્તિ અદા કરવાનો એક પણ અવસર સ્વામીબાપા ચૂકતા નહીં.

❊ તા. ૧/૧૨/૨૦૧૯ના રોજ સહજ પ્રશ્નોત્તરીમાં મહંત સ્વામી મહારાજને એક સંતે પૂછ્યું, 'What is your occupation, Swami ?' (સ્વામી, આપનો વ્યવસાય શું છે ?) સ્વામીશ્રી તરત કહે, 'ભજન.'

બીજો પ્રશ્ન પુછાયો, 'Do you enjoy your

occupation?' (આપને આપના વ્યવસાયમાં આનંદ આવે છે?) સ્વામીશ્રી કહે, 'Yes.' (હા.)

છેલ્લે પૂછ્યું, 'Swami, what is important for you? running the sanstha or doing bhajan ' (આપના માટે અગત્યનું શું છે? સંસ્થા ચલાવવી કે ભજન કરવું?) સ્વામીશ્રી કહે, 'Doing bhajan.' (ભજન કરવું.)

સ્વામીશ્રીને મન સંસ્થા ચલાવવા કરતાં પણ ભજન કરવું વધુ મહત્ત્વનું છે.

ગુણાતીત સત્પુરુષો તો અખંડ ભજન કરે જ છે, પણ આપણા જીવનમાં ભજન-ભક્તિ પ્રધાન બને અને તેના દ્વારા કલ્યાણનું જતન થાય, તે માટે તેઓ આપણને પ્રેરણા આપતા રહ્યા છે, આગ્રહ રાખતા આવ્યા છે.

- **કલ્યાણના જતનનો આટલો આગ્રહ શા માટે ?**

૧. મનુષ્ય દેહે કરીને જ કલ્યાણનું જતન શક્ય છે:

❊ શ્રીજીમહારાજ ભૂગોળ-ખગોળના **વચનામૃતમાં** કહે છે કે, **'મોક્ષનું સાધન તો મનુષ્યદેહ પામ્યા થકી થાય, તે વિના કોઈ દેહને વિષે થાતું નથી.'** મહારાજ આ જ વચનામૃતમાં જણાવે છે કે, મનુષ્ય દેહને દેવતાઓ પણ ઇચ્છે છે. કારણ કે તેઓ પાસે વિષય, વૈભવવિલાસ ને આયુષ્ય મનુષ્ય કરતાં ઘણું અધિક છે, પણ ત્યાં મોક્ષનું સાધન નથી થાતું. ટૂંકમાં, કલ્યાણનું જતન કેવળ મનુષ્ય કરી શકે છે.

❊ મનુષ્ય દેહે કરીને ભગવાનનું ભજન અને કલ્યાણનું જતન કરી લેવું જોઈએ. આ વાતને સમજાવતાં દેવાનંદ સ્વામી કહે છે,

'માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી...
માન મરડાઈ મોટપ મેલી, ભજી લો હરિ,
નહીં તો જાશો ચોરાશીમાં જનમ બહુ ધરી.'

૨. સમય મર્યાદિત છે :

❊ મનુષ્ય દેહ પ્રાપ્ત કરવો દુર્લભ છે. સાથે સાથે એક વાસ્તવિકતા એ પણ છે કે આ દેહ ક્ષણભંગુર છે. આ દેહનો નાશ ક્યારે થાય એનો કોઈ નિરધાર નથી.

◎ યોગીજી મહારાજ મોમ્બાસા (આફ્રિકા) પધાર્યા હતા. આપણા સંનિષ્ઠ હરિભક્ત સી.ટી. કાકા તેમના મિત્ર ડૉ. દોશીને ઘણીવાર દર્શને આવવા માટે કહેતા. એકવાર ડૉ. દોશી માની ગયા અને કહ્યું, 'આવતી કાલે મને લેવા આવજો. આપણે સાથે જઈશું.' પરંતુ બીજા દિવસે સવારે સી.ટી. કાકા તેમને લેવા ગયા ત્યારે ખબર પડી કે તેઓ રાત્રે જ ગુજરી ગયા હતા.

❊ અંગ્રેજીમાં કહ્યું છે, 'Life is less than a bubble.' જીવન પાણીના પરપોટા કરતાં પણ ઓછું છે. તે ક્યારે ફૂટે એની કોઈને ખબર નથી. માટે આપણે ભગવાનનું ભજન અને કલ્યાણનું જતન કરી લેવું જોઈએ.

૩. કલ્યાણના જતનમાં જ સુખ છે :

❊ ઇતિહાસ સાક્ષી છે કે જે લોકોએ કલ્યાણનું જતન કર્યું, તે જ સુખી થયા છે. જેમણે પંચવિષયનું સુખ ઇચ્છ્યું અને કલ્યાણનું જતન ન કર્યું, તેઓ અંતે દુ:ખી થયા છે.

◎ શ્રીમદ્‌ભાગવતમાં યયાતિ રાજાનું આખ્યાન આવે છે. યયાતિ રાજાનાં લગ્ન શુક્રાચાર્યની દીકરી દેવયાની સાથે થયાં હતાં, પરંતુ સ્ત્રી સુખની ઇચ્છાને કારણે દેવયાનીની સખી શર્મિષ્ઠા સાથે પણ સંબંધ બાંધ્યો. શુક્રાચાર્યએ યયાતિને અધર્મના આચરણ બદલ શાપ આપ્યો અને યયાતિ યુવાનમાંથી વૃદ્ધ થઈ ગયો. વાસનાની પ્રબળતા હોવાથી યયાતિએ શુક્રાચાર્ય પાસે યુવાની આપવા માટે વિનંતી કરી. શુક્રાચાર્યએ કહ્યું, 'તને જો કોઈ પોતાની યુવાની આપવા તૈયાર હોય તો તું લઈને પાછો યુવાન થઈ શકીશ.'

યયાતિએ દીકરાઓ પાસે યુવાની માંગી, પણ પુત્રોએ ના પાડી. છેવટે નાના દીકરાએ યુવાની આપી અને પિતાની વૃદ્ધાવસ્થા સ્વીકારી. યયાતિ

રાજા ફરી યુવાન થયો. ૧૦૦૦ વર્ષ સુધી વિષય ભોગવ્યા છતાં તૃપ્તિ ન થઈ અને દુઃખને પામ્યો. અંતે થાક્યો, કંટાળ્યો અને રાજ છોડી વનમાં ગયો.

* માઈકલ જેક્સન નામના વિશ્વવિખ્યાત પોપ સંગીતકાર, મ્યુઝિક ડાયરેક્ટર અને ડાન્સર પાસે ૫૫૦ કરોડ ડોલર બેંક બેલેન્સ હતું, ૨૫૦૦ એકર જમીન પોતાના નામે હતી. વિશ્વભરમાં તેના અનેક ચાહકો હતા. આ લોકની તમામ સુખ-સુવિધાનો તે માલિક હતો, પણ પોતાના કલ્યાણ માટે તેણે ડગલું માંડેલું નહીં. તેથી અંતરથી દુઃખી હતો. પોતાની આત્મકથા 'The magic and madness' પુસ્તકમાં તે લખે છે કે, 'લોકોને લાગે છે કે તેઓ મને ઓળખે છે, પણ તેઓ મને ઓળખતા નથી. સાચું કહું તો હું એકલો પડી ગયો છું. દુઃખના કારણે હું રડ્યા કરું છું...'

પોતાના કલ્યાણનો માર્ગ શોધ્યા વિના, ભગવાન અને એકાંતિક સંતના શરણે ગયા વિના જીવનમાં પદ-પ્રતિષ્ઠાની કિંમત કોડીની થઈ જાય છે. જીવનમાં અજંપો-ખાલીપો, દુઃખ-દર્દ સિવાય કાંઈ બચતું નથી. આવા લોકોને શ્રીજીમહારાજે વચનામૃતમાં મૂર્ખ કહ્યા છે.

* બીજી બાજુ, જે લોકો ભગવાન અને સંતના શરણે ગયા છે, પોતાના કલ્યાણનું જતન કર્યું છે, તેઓ ભલે લૌકિક દૃષ્ટિએ સામાન્ય હોય, અપમાન-તિરસ્કાર અથવા શારીરિક રોગોથી ગ્રસ્ત હોય, પણ તેમના અંતરમાં ભગવાનની પ્રાપ્તિનો કેફ છલકે છે અને તેઓ સુખી હોય છે.

આવા ભક્તોને મહારાજે કુશાગ્રબુદ્ધિવાળા કહ્યા છે.

* રાજરાણી મીરાંબાઈને એમના દિયરે મારી નાંખવાના અનેક પ્રયત્નો કરેલા. વિષનો કટોરો મોકલ્યો, પેટીમાં ઝેરી સાપ મોકલ્યો, ઝેરી શૂળો પર સૂવાની પથારી કરાવી. આવાં અનેક દુઃખ વચ્ચે પણ તેઓ અંતરે સુખી હતાં. તેથી જ તેમણે ગાયું,

'પાયોજી મૈંને રામ રતન ધન પાયો...
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર;
હરખ હરખ જશ ગાયો...'

* ભગવાન સ્વામિનારાયણના પરમહંસોને દ્વેષીઓ ખૂબ ત્રાસ આપતા. તેમની રહેવા-જમવાની, વાહન વ્યવહારની કોઈ વ્યવસ્થા નહીં. અધૂરામાં પૂરું, મહારાજે તેમને ૧૧૪ કઠણ પ્રકરણોમાંથી પસાર કર્યા. એક દિવસ પણ સહન કરવાં અઘરાં પડે, એવાં પ્રકરણ વચ્ચે પણ નિષ્કુળાનંદ સ્વામી ગાય છે,

'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'

* યોગીજી મહારાજે ૧૭ વર્ષ સુધી વિજ્ઞાનદાસ સ્વામીનો માર સહન કર્યો. વળી, આર્થિક કટોકટી, શારીરિક બીમારીઓ અને સેવાની ભરમાર વચ્ચે પણ તેઓ આનંદ માણતા. શાસ્ત્રીજી મહારાજની પ્રાપ્તિનો એ આનંદ હતો.

* વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ સંસ્થાની અનેક પ્રવૃત્તિ વચ્ચે, નાના-મોટા અનેક પ્રશ્નો વચ્ચે શાંતચિત્ત છે, પ્રફુલ્લિત છે, ઇષ્ટદેવ અને ગુરુની પ્રાપ્તિમાં મગ્ન છે.

એક દિવસ ભીડાભર્યો કાર્યક્રમ હોવાથી સેવકોએ તેમને શાંતિથી આરામ કરવા પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રી કહે, 'શાંતિ જ છે... ગમે તેવા તોફાન વચ્ચે ખૂબ શાંતિ! બધું મહારાજ-સ્વામીને સોંપ્યું છે. બધું એ જ કરે છે એટલે શાંતિ જ હોય ને!'

* આ ભક્તો કોઈ પ્રશ્નોમાં મૂંઝાયા નથી, તેમને કોઈ આપત્તિમાં અફસોસ નથી. કારણ કે તેમણે ભગવાનને પ્રધાન રાખ્યા છે. એટલે જ તેઓ કુશાગ્રબુદ્ધિવાળા છે.

આપણે પણ પોતાના કલ્યાણનું જતન કરી કુશાગ્રબુદ્ધિવાળા થઈ શકીએ તે પ્રાર્થના...

સભા : 3 સભા કાર્યક્રમ

● **વચનામૃત** : ગ.પ્ર.-૫૪ ભાગવત ધર્મના પોષણનું-મોક્ષના દ્વારનું

● **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૧/૨૩૩
૨. પ્રકરણ : ૧/૧૭૧

● **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ચોપ્પનમું : ભાગવત ધર્મના પોષણનું-મોક્ષના દ્વારનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો. ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો જરિયાની ફેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! શ્રીમદ્‌ભાગવતના એકાદશસ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવતધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।

સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વાર મપાવૃતમ્ ॥

'જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'

● વચનામૃતની વિશેષતા :

- આ વચનામૃત ગુણાતીતાનંદ સ્વામી ૪-૫ વાર વંચાવીને બોલ્યા : 'આ વચનામૃત જેને નહીં સમજાય તેના કર્મ-ભાગ્ય ફૂટ્યા જાણવા. કેમ જે આમાં તો મહારાજે મોક્ષનું દ્વાર જ બતાવી દીધું છે.
- અનંત બંધનોમાંથી મુક્તિનો રામબાણ ઈલાજ, માસ્ટર Key in Spiritual Technology બતાવી દીધી છે. જેથી ઓછામાં ઓછી મહેનતે, ઓછા સમયમાં વધુ સારું કામ થાય.

● વચનામૃતનો પ્રશ્ન :

- મુક્તાનંદ સ્વામીએ અહીં પૂછેલો પ્રશ્ન સમગ્ર માનવજાત માટે છે. કારણ કે પ્રત્યેક જીવપ્રાણીમાત્રને શાશ્વત શાંતિ-મુક્તિ-મોક્ષની જરૂર છે.
- જો ડાયાબિટિશ દૂર કરવા અંગેનો પ્રશ્ન હોય તો, જેને ડાયાબિટિશ હોય તેટલાને જ ઉપયોગી નીવડે. જેલમાંથી છૂટવા અંગેનો પ્રશ્ન હોય તો જે જેલમાં હોય તેને જ લાગુ પડે. પણ આ પ્રશ્ન તો જીવ માત્ર માટે છે. કારણ કે બધા બંધનમાં છે.
- ગમે તે દેશનો હોય, જ્ઞાતિનો હોય, કુળનો હોય, ધર્મનો હોય પણ મુક્ત થવાની- સુખી થવાની તો દરેકને ઝંખના છે.
- પ્રશ્ન છે : ભાગવત્ ધર્મનું પોષણ કેમ થાય ? મોક્ષ કેમ થાય ?
- અહીં ભાગવતના એક પ્રસંગનો સંદર્ભ લીધો છે., જનકરાજા અને નવ યોગેશ્વર વચ્ચે ભાગવત ધર્મની ચર્ચા થાય છે.

- નવ યોગેશ્વરો ઋષભદેવ ભગવાનના પુત્રો હતા. ઋષભદેવ ભગવાને પોતાના ૧૦૦ પુત્રોને ભગવાન ભજવાનો ઉપદેશ આપ્યો. એમાં આ ૯ જણને ચોટ વાગી ને ત્યાગી થયા.
- જનકરાજા મિથીલા નગરીના રાજા હતા. છતાં વિદેહી હતા. રાજકારભાર ચલાવે છતાં જળકમળવત્ નિર્લેપ રહેતા. ગૃહસ્થ હતા છતાં શુકદેવજીના ગુરુ કહેવાયા.
- બહુધા બે-પાંચ માણસો ભેગા થાય એટલે આ લોકની, રાજકારણની, ક્રિકેટની, કોઈની નિંદા-કુથલીની જ વાત કરે. પણ અહીં જનકરાજા અને યોગેશ્વરોએ મહત્ત્વના મુદ્દા પર ચર્ચા કરી, જેની નોંધ વ્યાસજી જેવા આચાર્યએ શ્રેષ્ઠ પુરાણ ભાગવતમાં લીધી છે.
- એ પ્રશ્નના સંદર્ભમાં પ્રશ્ન પૂછનાર મુક્તાનંદ સ્વામી પણ આદર્શ મુમુક્ષુ-સાધક છે. અને ઉત્તર આપનાર શ્રીજીમહારાજ પણ આ માર્ગના ૪૦ વર્ષના અનુભવી છે. કોઈ ડૉક્ટરે ૪૦ વર્ષ સુધી પોતાના વ્યવસાયમાં અનુભવ પ્રાપ્ત કર્યો હોય, ગમે તેવી કઠણ મુશ્કેલીઓનો ઉકેલ આપ્યો હોય તેવા વ્યક્તિ પાસેથી કોઈ રોગ અંગે જે કાંઈ સલાહ મળે તે અમૂલ્ય હોય.
- શ્રીજીમહારાજ ઉત્તરમાં કહે છે : ભાગવત્ ધર્મનું પોષણ અને મોક્ષ સંત દ્વારા થાય છે.

● સંતની આવશ્યકતા :

- લૌકિક જીવનમાં આપણને અનુભવ છે કે આપણે અને આપણી ક્રિયા એ બંને સાધનપ્રધાન નહીં, વ્યક્તિ પ્રધાન હોય છે.
- ગમે તેવી સારી જમીન, સારું બિયારણ, સારું ખાતર કે પાણી હોય, પણ જો ખેડૂત ન હોય તો ?
- આધુનિક સાધનોથી સજ્જ કરોડોની હૉસ્પિટલ હોય પણ ડૉક્ટર ન હોય તો ?
- ગમે તેવી સુંદર કૉલેજ હોય પણ પ્રૉફેસર ન હોય તો ?

  તેમ શાસ્ત્રો, મંદિરો, તીર્થો, મૂર્તિઓ બધુ હોય પણ સંત ન હોય તો કામ ન થાય.
- ગુણાતીતાનંદ સ્વામી : મૂર્તિ, શાસ્ત્ર ને મંદિર એ ત્રણેય મળીને એક સંત ન કરે. જો સંત મળે તો એ ત્રણેય કરે.

  સંત દ્વારા સાચા જીવનની પ્રેરણા-માર્ગદર્શન મળે છે. ચાલતાં ચાલતાં જો કોઈ પડી જાય તો તેને ઊભો કરવાની હિંમત પણ સંત જ આપે છે.
- શ્રીજીમહારાજ : સત્પુરુષ થકી શાસ્ત્રનું શ્રવણ કરવાથી સાચી વાત સમજાય છે. (ગ.મ. ૧૩)

  પોતાની જ દવાની દુકાન હોય, બધી દવાના નામ પણ મોઢે હોય, કઈ દવા ક્યાં છે એ સ્થાન પણ ખબર હોય પણ પોતાના રોગ માટે કઈ દવા લેવી એ માટે ડૉક્ટર જોઈએ જ. એમ શાસ્ત્રોમાંથી પણ મોક્ષની વાત એની મેળે હાથમાં ન આવે.

  ગ.પ્ર. ૬૦ - એકાંતિક થકી જ એકાંતિક ધર્મ સિદ્ધ થાય.
- જે મુક્ત હોય તે જ બીજાને મુક્ત કરી શકે.
- મુક્તાનંદ સ્વામી :

  મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
  સદ્‌ગુરુ શબ્દવિન સર્વ કાચુ.
- શ્રીમદ્ રાજચંદ્ર : 'તારે મોક્ષ જોઈએ છે ? તો બીજુ કાંઈ શોધમાં. કેવળ એક સત્પુરુષને શોધી કાઢીને તેના ગમે તેવા વચનમાં વર્ત્યો જા. પછી તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે.
- ગુરુગોવિંદ દોનું ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવકી જીન્હે ગોવિંદ દિયો બતાય.
- તુલસીદાસ :

રામ મિલન કે કારણે
જો તું ભયો ઉદાસ
તુલસી શોધી લે સંગત સંતકી,
રામ જન્હોંકે પાસ

● ગુરુથી જ કલ્યાણ થાય, પણ પ્રગટ જોઈએ :

- ગુરુના ફોટાથી કલ્યાણ ન થાય. સંસ્કાર થાય. ગુરુની મૂર્તિ આગળ સિગારેટ સળગાવો તો તે અટકાવશે ?
- ગંગા નદીના રંગીન ચિત્ર આગળ સ્નાન કરાય ? તરસ છીપાવાય ?
- સૂર્યના દિવાળીકાર્ડથી અંધારું જાય ?

આ બધુ પ્રત્યક્ષ જોઈએ તો જ કામ થાય. મૂર્તિમાં ભગવાન ને સંત રહેલા છે. પણ તેની ખરાભાવથી જો સેવા કરો તો તે આપણા આંખના પાપ બાળે, મન શુદ્ધ કરે અને પ્રાર્થના કરવાથી પ્રગટ સ્વરૂપ ઓળખાવે.

- ઠાસરાના ગિરધરભાઈ વડતાલના કોઠારી ગોરધનભાઈના ભત્રીજા હતા. તેમને વચનામૃત વાંચતા પ્રતીતિ થઈ કે એકાંતિક સંત વગર મોક્ષ ન થાય. એકાંતિક ધર્મ સિદ્ધ ન થાય. એવા એકાંતિકની શોધમાં નીકળ્યા. ન મળ્યા. તેથી વડતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઊભા રહીને પ્રાર્થના કરે - ૬ મહિને હરિકૃષ્ણ મહારાજે દર્શન દઈ કહ્યું : 'આ પ્રાગજી ભક્ત એકાંતિક છે. તેમના દ્વારા હું પ્રગટ છું.' વિશ્વાસ ન આવ્યો. ફરીવાર દર્શન દઈ એ જ વાત કરી. મૂર્તિ પણ પ્રગટ સંત તરફ જ મોકલે.
- અમદાવાદના ખુશાલકાકા દર પૂનમે ડાકોરના રણછોડરાયનાં દર્શને જતા. એક વખત રણછોડરાયે દર્શન દઈ કહ્યું : 'મોક્ષ જોઈતો હોય તો યોગીજી મહારાજ પાસે જા.'
- નિષ્કુળાનંદ સ્વામી

મળે પ્રગટ પ્રભુ પ્રમાણ રે,
કાં તો તેના મળેલે કલ્યાણ રે,
તેહ વિના તો કોટિ ઉપાયે રે,
આત્યંતિક કલ્યાણ નવ થાય રે.

- ગ.અં.-૨ : જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી પ્રગટ ગુરુરૂપ હરિને વિશે આવે તો શાસ્ત્રમાં જેટલા અર્થ સિદ્ધ કરવાના કહ્યા છે તે સર્વ અર્થ પ્રાપ્ત થાય છે. સર્વ અર્થમાં મોક્ષ પણ આવી જાય.
- શ્રીજીમહારાજ અષ્ટ પ્રકારની પ્રતિમા અને નવમા સંત એમાં અખંડ રહ્યા છે. (ગ.પ્ર. ૬૮)
- આવા સંતનાં દર્શન થાય ત્યારે સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું છે. (સા.૧૦, ગ.પ્ર. ૩૭)

સંત હું ને હું તે વળી સંત રે,
એમ શ્રી મુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.
કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે,
અતિ અગણિત અપ્રમાણ રે,
પણ સહુથી સરસ સંતમાં રે,
રાખ્યું વાલમે એની વાતમાં રે.

ટૂંકમાં પ્રગટ સંત થકી જ એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે.

● એકાંતિક સંત કેવા હોય ?

- શાસ્ત્રમાં સંતનાં લક્ષણ કહ્યા છે. તે મુજબ ઓળખવા નહીંતર દંભી-ધુતારા સાધુ હાથમાં આવે તો આ લોક ને પરલોક બે ય બગાડે.
- એક વાઘરી ઘંટી ટાંકતો હતો. બહુ ફાવ્યું નહીં એટલે સાધુ થયો. ખાવા-પીવાની કમાવાની ચિંતા નહીં. એક ડોશીમાએ સાંભળેલું કે સાધુ જમાડે તો વિમાન આવે. પેલાને બોલાવીને ટાઢો રોટલો ને ખાટી છાશ પીરસી. ને દરવાજા બહાર આકાશમાં જોવા માંડ્યા કે વિમાન આવ્યું ? ત્યાં પેલો સાધુ બહાર આવ્યો ને કહે

: 'અંદર આવ, વિમાન નહીં પથરા પડશે. હું સાધુ જ ક્યાં છું તો તારી સેવા ફળે ?'

- એક વણિકને એક સાધુ સાથે હેત. તેના સેવા કરે. કથા સાંભળે. તેના સાથે જીવ જોડેલો. વણિક કહે : 'તમે ધામમાં જાઓ ત્યારે મને પણ ધામમાં લઈ જજો.' બંને નો અંતકાળ આવ્યો. ગુરુ ભેગો ચેલો ચાલવા લાગ્યો. ગુરુએ જ્યાં નરક આવ્યું ત્યાં કહ્યું : 'આ આપણું ધામ.' ચેલાને ઊલટી થાવા લાગી. 'આવું ધામ ? મારી આવી ગતિ ?' ગુરુ કહે : 'તે મારી સાથે જીવ જોડ્યો તો જ્યાં મારી ગતિ ત્યાં તારી. હું તો બે નંબરનો ઢોંગી ગુરુ છું.'
- મુંબઈ જવું હોય તો ગમે તે ટ્રેનમાં ના બેસી જવાય. બોર્ડ વાંચવું પડે. તેમ ગમે તે સંતના સંગે મોક્ષ ન થાય.
- બ્રહ્માનંદ સ્વામી : 'જડબુદ્ધિ જીવ,
  પ્રભુ પદને ઇચ્છે તો
  કર સંતનું પારખુ
  રંગ પીતપણે, સોનું ને પિત્તળ નવ હોય
  એક સરખું.
  પીળું તો સોનું પણ હોય ને પિત્તળ પણ હોય. બેય સરખા લાગે પણ ચકાસણી કરવી પડે.
- બધા જ ભગવામાં ભગવાન ન હોય. રાવણ પણ સાધુના વેશે જ સીતાને હરણ કરી ગયેલો.
- બધા જ ડૉક્ટર, હૃદયના ઑપરેશન ના કરી શકે. તેમ બધા જ સંત મોક્ષ ન આપી શકે.

● એકાંતિક સંતનાં લક્ષણો : આજે એવા સંત પ્રમુખસ્વામી મહારાજ છે.

- સામાન્ય રીતે લોકમાં પ્રવચનકાર, કથાકાર, ચમત્કાર બતાવનાર કે ભગવાધારીને સંત મનાય છે. પણ એ સાધુના લક્ષણ નથી. એ તો એક આવડત કે કળા છે.
- શ્રીજીમહારાજ અહીં ૪ લક્ષણ બતાવે છે.

૧. **ધર્મ** : પંચવર્તમાન એટલે કે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન ને નિઃસ્નેહ યુક્ત હોય. તેમાં પણ સ્ત્રી- ધનનો ત્યાગ ખાસ જોઈએ :

નારી નયન શર જાહી ન લાગા,
ઘોર ક્રોધ નિશિ તમ જેહી જાગા
લોભ પાશ જીન ગર ન બંધાયા
સો નર આપ સમાન રઘુરાયા.

- ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢના હરિભાઈ દીવાનને કહ્યું : 'તીર્થ કરવા જાવ છો તો સ્ત્રી-ધનના બે ત્યાગી સાધુ લેતા આવજો.' ન મળ્યા. 'સ્વામી, એ તો તમારી પાસે જ છે.'
- આજે ગુણાતીત પરંપરામાં પ્રમુખસ્વામી મહારાજ એવા સંત છે. સ્ત્રી સંબંધમાં કાળો ડાઘ નહીં.
- ૮૮માં સ્વામીશ્રીને પત્રકારે પ્રશ્ન પૂછ્યો : 'આપને સ્ત્રીનો અનુભવ છે ?'
  સ્વામી કહે : 'ત્રિકાળમાંય નહીં.'
- કરોડોની સંસ્થાના ધણી છતાં સ્વામીશ્રીની પાસે એક પૈસો નહીં.

૨. **જ્ઞાન** : આત્મા-પરમાત્માનું યથાર્થ-લક્ષ્યાર્થ જ્ઞાન જેથી માન-અપમાન, સુખદુઃખ, સગવડ અગવડમાં એકતા-જ્ઞાન હોય તો જ આવે.

- ભાવનગરમાં સ્વામીશ્રી પત્રલેખન કરતા હતા. તે વખતે અચાનક ઉપરથી ઇલેક્ટ્રિકનો ધગધગતો બલ્બ પડ્યો. સ્વામીશ્રી જરા પણ વિચલિત ન થયા. સ્થિરચિત્તે લેખન ચાલુ જ.
- ૧૯૭૪ માં નૈરોબી ગયેલા ત્યાંની સરકારે પાછા કાઢ્યા. પણ જરા પણ ક્ષોભ નહીં.

૩. **વૈરાગ્ય** : ઉત્તમ વિષય કે ભોગમાં રાગ જ નહીં. દેશ-પરદેશ જાય પણ ભગવાનની મૂર્તિ સિવાય કશામાં રુચિ નહીં. ને સ્વામીશ્રીને એક હરિભક્તે પૂછ્યું : 'અમેરિકા જઈ આવ્યા. કેવું લાગ્યું ?'

'માથા પર નરકના ખાડામાં પડી ગયા હોય એ તેવું. અક્ષરધામના સુખ આગળ અનંત

અમેરિકા આંટા મારે.'

૪. **ભક્તિ :** ઠાકોરજીની ભક્તિ વિના સ્વામીશ્રી ક્ષણ પણ રહી શકતા નથી. હરિકૃષ્ણ મહારાજ એમનો પ્રાણ છે - તેમના સદાય દાસ બનીને રહે છે. ઠાકોરજીને કર્તાહર્તા માને છે. પોતે સદા સેવકભાવે જ રહે છે.

ક્યારેય ભગવાનને અર્પણ કર્યા વિનાનું કશું જ ગ્રહણ કરતા નથી.

આવા સાચા સંત મળ્યા છે. હવે તેમનો પ્રસંગ કરવાનો છે.

- સંગ અને પ્રસંગમાં તફાવત છે.

પાણીમાં મીઠું ઓગાળો. એ મીઠાને પાણીનો સંગ થયો કહેવાય. કારણ કે જો પાણીને ખૂબ ઉકાળો તો પાણી ઊડી જાય ને મીઠુ છૂટું પડી જાય.

પણ દૂધમાં ખાંડ ઓગાળો તો ખાંડને દૂધનો પ્રસંગ થયો કહેવાય. ખાંડ દૂધ સાથે ઓતપ્રોત થઈ જાય. ઉકાળો તો પેંડો થાય પણ ખાંડ ને દૂધ છૂટા ન પડે.

એ રીતે સંગ એટલે સ્વામીશ્રીની ભેગા રહેવું. ને પ્રસંગ એટલે મન, કર્મ, વચને તેમનો સમાગમ કરવો. તેમનામાં દઢ પ્રીતિ, જોડાણ, આત્મબુદ્ધિ કરવી.

- કાથી બળી જાય પણ વળ ન છૂટે એમ પ્રસંગ કર્યો હોય તો પ્રીતિ ન ટળે.
- આવી દઢતા-સ્થિરતા માટે પતિવ્રતાની દઢ ભક્તિજોઈએ.
- એક ગુરુકા આસરા, એક ગુરુ કી ટેક.

● આપણે પ્રમુખસ્વામી મહારાજનો પ્રસંગ કરીએ છીએ તેના લક્ષણ શું ?

જો પ્રસંગ હોય તો : ૧. મનુષ્યભાવ ન આવે.
: ૨. હેત-આત્મબુદ્ધિ રહે.
: ૩. આજ્ઞા મનાય.

૧. મનુષ્યભાવ ન આવે.

- પ્રસંગ એટલે શું તો ધખાવીને, અપમાન કરીને, તિરસ્કાર કરે છતાં આશરો મૂકે નહીં. -યો.મ.
- આણંદજી સંઘેડિયાએ મહારાજની આજ્ઞા લોપી. તેથી મહારાજે સર્વ-સંત હરિભક્તોને આજ્ઞા કરી કે આણંદજી સભામાં આવે ત્યારે બધાએ 'હડકૂતરી' કહી કહીને તિરસ્કારવા. આ અસહ્ય કહેવાય. પણ આણંદજીભાઈ પાછા ન પડ્યા.
- શાસ્ત્રીજી મહારાજ ભગતજીનો સમાગમ કરવા ઘણી મુશ્કેલીઓ વેઠી. મહુવા પાસે ભાદરોડ આવ્યા. ભગતજીએ ત્યાં શાસ્ત્રીજી મહારાજને ખૂબ ધમકાવ્યા ને ફરી ક્યારેય ન આવવા જણાવ્યું. છતાં શાસ્ત્રીજી મહારાજને એ જ દિવ્યભાવ.

૨. હેત-આત્મબુદ્ધિ રહે :

- આત્મબુદ્ધિ હોય એટલે અવગુણ ન આવે.
- રાજાને ઘડપણમાં દીકરો આવે ને તે દીકરો પછી ભર દરબારમાં રાજાની મૂછો તાણે તોય રાજાને તેનો અભાવ ન આવે કારણ કે પ્રીતિ છે. આવી આત્મબુદ્ધિ સંતમાં કરવાની છે.

૩. આજ્ઞા પળાય

- યોગીજી મહારાજ કહે : શાસ્ત્રીજી મહારાજ બોલાવે તો હું જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં, લખતો હોઉં તો પેન મૂકી દઉં.
- પ્રસંગવાળાને આજ્ઞાપાલનનું પણ આવું તાન રહે.
- આવો પ્રસંગ આપણે પ્રમુખ સ્વામી મહારાજનો કરીએ તો આપણામાં ભાગવત ધર્મ પોષાય ને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય.
- ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજીભક્તને કહ્યું : 'જો વ્યવહાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂજા શેઠ પાસે જજે. વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે.'

૩. વચનામૃત : ગઢડા પ્રથમ-૫૪ : ભાગવત ધર્મના પોષણનું, મોક્ષના દ્વારનું.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું - ભાગવત ધર્મના પોષણનું, મોક્ષના દ્વારનું

સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાની છેડાવાળો કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું જે દ્વારા તે ઉઘાડું કેમ થાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''**સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વારા તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.** તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

'પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમ્ અપાવૃતમ્ ॥'

જેવો એ જીવને પોતાનાં સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વારા ઉઘાડું થાય છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૫૪મું વચનામૃત થયું.

❊ જૂનાગઢના મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી એક દિવસ રાજચંપાના ઝાડ નીચે નિત્ય નિયમ મુજબ ધ્યાન કરવા બેઠા હતા. થોડી વારે સ્વામી ધ્યાનમાંથી જાગ્યા એટલે યોગેશ્વરદાસ સ્વામીને સામે બેઠેલા જોઈ કહ્યું, 'વચનામૃત વાંચો.' તેથી તેમણે ગઢડા પ્રથમ-૫૪મું વચનામૃત વાંચ્યું. તે સાંભળી સ્વામી બોલ્યા, 'ફરી વાંચો.' એમ આ વચનામૃત પાંચ વખત વંચાવ્યું. પછી અત્યંત રાજી થઈને બોલ્યા, 'અહોહો ! આ વચનામૃત તો જાણે દિવસ બધો સાંભળ્યા જ કરીએ. જુઓને, માંહી મહારાજે મોક્ષનું દ્વાર બતાવી દીધું છે. આ વચનામૃત જેને નહિ સમજાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં.' આ પ્રમાણે કહી ગુણાતીતાનંદ સ્વામીએ આ વચનામૃતને આધારે રહસ્યની વાતો કરી.

● **વચનામૃતમાં પૂછાયેલ પ્રશ્ન :**

❊ મુક્તાનંદ સ્વામી અહીં શ્રીમદ્‌ભાગવતને આધારે મોક્ષ માટેનો પ્રશ્ન પૂછે છે. શાસ્ત્ર વાંચ્યા પછી તેમાંથી મોક્ષ માટેની વાત હાથમાં આવે તે જ સાચું શાસ્ત્ર અધ્યયન અને શ્રવણ કહેવાય.

❊ શ્રીમદ્‌ભાગવતમાં વાત આવે છે કે, 'ઉદ્ધત થયેલા યાદવોએ ઋષિમુનિઓની મશ્કરી કરી. ઋષિઓએ શાપ આપ્યો કે 'યદુકૂળનો સંહાર થશે.' આ ઘટના પછીના થોડા સમયમાં નારદજી દ્વારિકા પધાર્યા. ત્યારે વસુદેવ અને દેવકીજીએ નારદજીને કહ્યું, 'બધા પ્રકારના ભયથી મુક્તિ અપાવે એવા ભાગવત ધર્મની વાત અમને કરો. હે નારદમુનિ ! અમે ભગવાનની ઉપાસના તેમને પુત્રરૂપે પ્રાપ્ત કરવા કરી હતી, પરંતુ

મોક્ષ માટે નહોતી કરી. હવે સંસારનાં દુઃખોથી અમે સરળતાથી મુક્ત થઈ શકીએ એવો ઉપાય બતાવો.'

આ સાંભળી નારદજીએ કહ્યું, 'હે રાજન ! તમે પૂછી તે ભાગવત ધર્મની વાત સમગ્ર વિશ્વના કલ્યાણ માટેની વાત છે. પૂર્વકાળમાં વિદેહરાજ જનક અને ઋષભદેવજીના નવ પુત્રો એટલે કે નવ યોગેશ્વરોના સંવાદમાં આ વાત થઈ હતી.'

એમ કહીને નારદજી તેમને નવ યોગેશ્વરો અને જનક રાજાનો સંવાદ સંભળાવે છે કે જનક રાજાએ યોગેશ્વરોને પરમ કલ્યાણ સંબંધી પ્રશ્ન પૂછ્યો અને યોગેશ્વરોએ ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો. આમ, ભાગવત ધર્મ જીવ પ્રાણીમાત્રના મોક્ષ માટેનો ઉપાય છે. અહીં મુક્તાનંદ સ્વામીએ પૂછેલો પ્રશ્ન મનુષ્યમાત્ર માટે મહત્ત્વનો છે. ગમે તે દેશ, ગમે તે જાતિ, ગમે તે વય, ગમે તે કુળ હોય પણ જો મોક્ષ જોઈતો હોય તો આ પ્રશ્નનો ઉત્તર સૌએ અનુસરવો જોઈએ.

❋ મુક્તાનંદ સ્વામી કહે છે, 'જનકરાજા અને યોગેશ્વરો વચ્ચે ચર્ચાયેલ ભાગવત ધર્મનું પોષણ કેવી રીતે થાય અને મોક્ષનું દ્વાર કેવી રીતે ઉઘાડું થાય ?

● ભાગવત ધર્મ એટલે શું ? :

❋ સીધી સરળ રીતે સમજીએ તો ભાગવત ધર્મ એટલે ભગવાન સંબંધી ધર્મ. જેના વડે ભગવાનની પ્રાપ્તિ થાય, જેમાં ભગવાનનો સંબંધ થાય તેવો ધર્મ, તેવું કાર્ય.

❋ જનકરાજા અને યોગેશ્વરના સંવાદના સારરૂપે સંસાર પ્રત્યે વૈરાગ્ય, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, વિશુદ્ધ વ્રત-નિયમો વગેરે સિદ્ધ કરી ભગવાનની અનન્ય ભક્તિ કરવી એ ભાગવત ધર્મ એવું કહી શકાય.

❋ શ્રીજીમહારાજે પણ શાસ્ત્રોના સારરૂપે વચનામૃતમાં ભાગવત ધર્મની આ વિભાવના સરળ શબ્દોમાં આપી છે. ગઢડા અંત્ય-૨૧માં તેઓ ભાગવત ધર્મ એજ એકાંતિક ધર્મ છે તેમ જણાવે છે અને એકાંતિક ધર્મ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિતની ભક્તિ એમ જણાવે છે.

❋ ટૂંકમાં, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત ભગવાનની ભક્તિ સિદ્ધ થાય તે ભાગવત ધર્મની સિદ્ધિ કહેવાય.

● ભાગવત ધર્મનું મહત્ત્વ :

❋ અગાઉ આપણે જોયું તેમ ભાગવત ધર્મ એ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ છે. જનકરાજા અને યોગેશ્વરોના સંવાદમાં કહેવાયું છે કે ભાગવત ધર્મમાં જેની સ્થિતિ હોય તે આ સંસારનાં વિઘ્નોથી પીડા પામતો નથી, સાંસારિક દુઃખોથી વ્યથિત થતો નથી અને પરમ શાંતિ પામે છે.

❋ ભગવાનની ભક્તિ તો સૌ કરે છે પણ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહિતની ભક્તિ જ સુખ આપે છે.

❋ રાવણ ભગવાનની ભક્તિ કરતો. બ્રાહ્મણ હતો. વેદનો જ્ઞાતા હતો. પણ તેના જીવનમાં ધર્મ નહોતો. તેણે સીતાજી સહિત અનેક પરસ્ત્રી પર નજર બગાડી હતી. આ અધર્મને લીધે જ તે દુઃખી થયો.

❋ અર્જુન ભગવાનના ભક્ત હતા, પણ જ્ઞાન નહોતું તેથી યુદ્ધ વખતે સંબંધીને જોઈ મોહ પામ્યા અને દુઃખી થયા. ભગવાનની આજ્ઞા છતાં યુદ્ધ કરવાની ના પાડી. ભગવાને જ્યારે ગીતાનું જ્ઞાન આપ્યું ત્યારે તેઓ યુદ્ધ કરવા તૈયાર થયા. વળી જ્યારે અભિમન્યુનું મૃત્યુ થયું ત્યારે અર્જુનને ખૂબ જ શોક થયો. ત્યારે પણ ભગવાને જ્ઞાન આપ્યું. પછી અર્જુન પુત્રમરણના દુઃખથી મુક્ત થયા.

❋ ઉદ્ધવજીને જ્ઞાન પણ હતું, તેઓ ભક્ત પણ હતા, પરંતુ વૈરાગ્ય નહોતો. તેથી સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને દ્વારિકાનો અને પરિવારજનોનો ત્યાગ કરવા કહ્યું તોપણ ન મનાયું અને દુઃખ આવ્યું.

❋ શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર એકસોને આઠ રાણીઓને ભગવાન પ્રત્યે ભક્તિ હતી પણ વૈરાગ્ય નહોતો. તેથી ભગવાનના પુત્ર સામ્બનું રૂપ જોઈને તેનામાં મોહિત થઈ ગઈ અને દુઃખ આવ્યું.

આમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેયની સિદ્ધિ થાય તે મહત્ત્વનું છે.

● શ્રીજીમહારાજનો ઉત્તર : ભાગવત ધર્મની પુષ્ટિનો ઉપાય :

❋ એકાંતિક ધર્મની સિદ્ધિ કેવી રીતે થાય ? જીવને મોક્ષનું દ્વાર કેવી રીતે ઉઘડે ? તેના જવાબમાં શ્રીજીમહારાજે એકાંતિક સંતનો પ્રસંગ કરવાની વાત કરી છે.

● સંતની આવશ્યકતા :

❋ ગમે તેવી સારી જમીન હોય, સારું બિયારણ હોય, સારું ખાતર હોય, પાણીની ખોટ ન હોય પણ જો ખેડૂત જ ન હોય તો ?

❋ હોસ્પિટલમાં આધુનિક સુવિધા હોય, આધુનિક સાધનો હોય, તમામ પ્રકારની દવાઓ હોય, કરોડો રૂપિયાની હોસ્પિટલ હોય પણ જો તેમાં ડૉક્ટર ન હોય તો ?

❋ કૉલેજનું સારામાં સારું મકાન હોય, બેઠકની વ્યવસ્થા હોય, પ્રયોગશાળા હોય, પુસ્તકો વગેરે બધું જ સર્વશ્રેષ્ઠ હોય પણ જો શિક્ષક-પ્રોફેસર ન હોય તો ?

જેમ લૌકિક માર્ગમાં જે તે ક્ષેત્રની નિષ્ણાત વ્યક્તિ વિના કોઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ ન શકે તેમ આધ્યાત્મિક માર્ગે મોક્ષપ્રાપ્તિ માટે પણ સંત વિના કોઈ સિદ્ધિ ન થઈ શકે.

❋ શાસ્ત્રોમાં ધર્મનો ઉપદેશ કર્યો હોય, લખેલો હોય, પણ જ્યારે સંત મળે ત્યારે તે ધર્મનું પાલન કરાવે.

❋ જેમ લોકમાં કાયદાનાં પુસ્તકો લખેલાં હોય પણ પોલીસ હોય તે કાયદાનું પાલન કરાવે. ચાર રસ્તા પર લાલ લાઇટ જુએ પણ ટ્રાફિક પોલીસ ન ઊભો હોય તો કોઈ ગાડી રોકે નહિ. તેમ ધર્મશાસ્ત્રો તો લાલબત્તી બતાવે પણ તેનું અનુસરણ લોકો ન પણ કરે. તેથી જ કહ્યું છે કે,

જ્યારે મોટા પુરુષ મળે રે,
ત્યારે સહુ સહુના ધર્મ પળે રે..

❋ એવું જ જ્ઞાનની બાબતનું છે. શાસ્ત્રોમાં અગાધ જ્ઞાન છે. તે વાંચી જવાથી કે ગોખી નાખવાથી જ્ઞાન સિદ્ધ થતું નથી. તેના માટે તો સંતની આવશ્યકતા છે.

❋ કહ્યું છે કે,

ગુરુ બીન જ્ઞાન નહિ, ગુરુ બીન ધ્યાન નહિ,
ગુરુ બીન આત્મવિચાર ન લહત હૈ.

સંત દ્વારા જ યથાર્થ જ્ઞાન થાય. એવી જ રીતે વૈરાગ્યની સિદ્ધિ પણ સંત દ્વારા થાય. ગુરુ વિના આપ મેળે ત્યાગ કરે તો વૈરાગ્ય ન થાય.

❋ ભરતજીએ સંસારનો ત્યાગ કર્યો પણ ગુરુ નહોતા તેથી મૃગલીમાં બંધાયા. અને વૈરાગ્ય પાર ન પડ્યો.

❋ સૌભરી, પરાશર વગેરે ઋષિઓએ સંસારનો ત્યાગ કર્યો હતો. તપ કર્યું હતું પણ ગુરુને સેવી વૈરાગ્ય પામ્યા નહોતા તો વિષયમાં લેવાઈ ગયા. એટલે જ કહ્યું છે કે,

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વે કાચું.

❋ યોગેશ્વરો જનકરાજાને કહે છે ભાગવત ધર્મની સિદ્ધિ માટે સંત વિના છૂટકો નથી. શ્રીજીમહારાજ પણ એકાંતિક ધર્મના પોષણ અને કલ્યાણ માટે સંતનો પ્રસંગ કરવો એમ જણાવે છે. પરંતુ શ્રીજીમહારાજ સાથે સાથે સંતના લક્ષણ પણ બતાવે છે. કેવા સંત થકી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય તે લક્ષણ ઓળખવા પડે. ગમે તેવા સંતમાં જોડાઈ જઈએ એવું ન ચાલે.

● સાચા સંત ઓળખવા :

❋ એક સિંહ ઘરડો થયો તેણે વિચાર્યું કે હવે દોડીને શિકારે જઈ શકાશે નહિ માટે બેઠાં બેઠાં મળે એવું કાંઈક કરું. એમ વિચારી એણે પોતાની ચાલ બદલી નાખી. ફૂંક મારે પછી પગલું મૂકે. વળી ફૂંક મારે ને બીજું પગલું ભરે. રસ્તામાં વાંદરો મળ્યો. તેણે આમ ચાલવાનું કારણ પૂછ્યું. સિંહ કહે, 'હું જાત્રા કરવા ગયેલો ત્યાં ગુરુ કર્યા ને અહિંસા ધર્મનો આદેશ લીધો છે એટલે માર્ગમાં કીડી મકોડા કચડાઈ ન જાય તે માટે ફૂંકી ફૂંકીને પગલા ભરું છું.' વાંદરો કહે, 'વાહ ! બહુ સરસ. હું જો તમારે પગે પડું તો મને પણ જાત્રાનું ફળ મળે ?' સિંહ કહે, 'મળે ને.' આ

સાંભળી વાંદરો ઝાડ પરથી નીચે આવી સિંહને પંચાગ પ્રણામ કરવા ગયો કે તરત સિંહે તેને બોચીથી પકડ્યો. વાંદરો હોંશિયાર હતો. તે ખડખડાટ હસવા લાગ્યો. સિંહ કહે, 'હવે મરવાનો થયો છે ને હસે છે કેમ ? વાંદરો કહે, 'એ કહેવાય એવું નથી. મને તો અલભ્ય લાભ મળ્યો છે. મને તમારામાં ભગવાન દેખાય છે. મારે એ વિશે કહેવું છે કે મારા જેવો કોઈ ભાગ્યશાળી નથી, પણ તમે મને પકડ્યો છે તે બોલી શકું એમ નથી, છોડો તો કહું.' સિંહ તો વખાણમાં જ ફુલાઈ ગયો હતો. એણે વાંદરાને છૂટો કર્યો કે તરત એ ઝાડ પર ચઢીને પોકે પોકે રડવા લાગ્યો. સિંહ કહે, 'હવે શીદ રડે છે ? હવે તો તું છૂટો છે.' વાંદરો કહે, 'હું મને રડતો નથી. હું તો તારા પંજામાંથી છટક્યો, પણ આ તારા દંભી સાધુવેશમાં કેટલાય ભોળા ભક્તો ભરમાશે ને ભૂંડે હાલ મરશે, એનું મને રડવું આવે છે.'

આ વાર્તાને આધારે નિષ્કુળાનંદ સ્વામી સારસિદ્ધિ ગ્રંથમાં કહે છે...

જેમ સાવજનું સાધુપણું, મર્કટ મુખે લીધા લગે
તેમ અસાધુ સાધુ થઈ, સાધુને સેવાએ ઠગે.

❊ આવા દંભી સાધુ થકી તો કંઈ જ લાભ ન થાય, પણ જે દંભી ન હોય, ધર્મ નિયમવાળા હોય સારા સાધુ હોય તેમાં પણ ભેદ હોય છે.

❊ વચનામૃત વરતાલ-૩માં શ્રીજીમહારાજે ચાર પ્રકારના મોટાપુરુષની વાત કરી છે. એકાંતિકી ભક્તિ કેવી રીતે દૃઢ થાય તે પ્રશ્નના ઉત્તરમાં મહારાજે કહ્યું કે 'મોટા પુરુષની સેવા થકી એવી ભક્તિ આવે.' પછી મોટાપુરુષના ચાર પ્રકાર મહારાજ જણાવે છે.

૧) **દીવાજેવા :** જે સામાન્ય વિષયરૂપી વાયુએ હોલવાઈ જાય. એટલે પંચવિષયમાં લેવાઈ જાય.

૨) **મશાલ જેવા :** જે સામાન્ય વિષયરૂપી વાયુ કરતાં વધુ વાયુ આવે ત્યારે તેમાં લેવાઈ જાય.

૩) **વીજળી જેવા :** જેમ વીજળીનો અગ્નિ વરસાદના પાણીમાં પણ હોલવાતો નથી. તેમ માયામાં રહ્યા થકા પણ ન લેવાય.

૪) **વડવાનળ અગ્નિ જેવા :** વડવાનળ અગ્નિ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના પાણીથી હોલવાતો નથી અને સમુદ્રના ખારા પાણીને મીઠું કરે છે. તેમ આ પ્રકારના મોટાપુરુષ અનેક ખારા જીવોને મીઠા કરે છે.

આ ચાર પ્રકાર જણાવી શ્રીજીમહારાજ સમજાવે છે કે વીજળી જેવા સંત માયામાં કે વિષયમાં લેવાતા નથી પણ તે સાધનદશાવાળા એકાંતિક સાધુ છે. તેના સંગથી એકાંતિક ધર્મની સિદ્ધિ ન થઈ શકે.

જ્યારે વડવાનળ અગ્નિ જેવા સંત એ સિદ્ધદશાવાળા એકાંતિક સત્પુરુષ છે. તેમની સેવાથી એકાંતિક ધર્મ - ભાગવત ધર્મની સિદ્ધિ થાય છે.

❊ સત્સંગમાં સાધનદશાવાળા, તથા જીવનમુક્ત સ્થિતિ પામેલા ઘણા સંતો-ભક્તો હોય પણ સિદ્ધદશાવાળા પરમ એકાંતિક સત્પુરુષનો પ્રસંગ થાય તો જ એકાંતિક ધર્મની સિદ્ધિ થાય.

● **એકાંતિક સંતનાં લક્ષણો :**

❊ અહીં શ્રીજીમહારાજ એવા સંતના ચાર લક્ષણ બતાવે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. આવા સંતની ઓળખ સમયે સમયે સત્સંગમાં સૌને થઈ છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ આવા સિદ્ધદશાવાળા એકાંતિક સંત છે.

● **સ્વામીશ્રીના જીવનમાં ધર્મ :**

❊ સ્વામીશ્રીને સાધુના ધર્મો સહજ સિદ્ધ છે. પત્તરમાં જમવું એ નિઃસ્વાદ ધર્મ સિદ્ધ કરવા માટેનો નિયમ છે. પરંતુ સ્વાદમાં આસક્તિ નહિ તે નિઃસ્વાદ ધર્મની સ્થિતિ છે. સ્વામીશ્રી નિયમમાં તો દૃઢ છે જ પરંતુ તેઓના જીવનમાં નિઃસ્વાદ ધર્મ પણ સહજ છે. એટલા માટે જ તેઓ કડવી કાકડી હોય કે મીઠાવાળો શીરો હોય, બધું જ ફરિયાદ વિના જમી જાય છે. એટલા માટે જ તેઓએ ક્યારેય ભોજન માટે કોઈ

ફરમાઈશ કે ફરિયાદ કરી નથી.

❋ કલ્યાણદાસ બાવા પિત્તળની કૌપીન પહેરી તાળું વાસેલું રાખતા. નિષ્કામ ધર્મની સિદ્ધિ માટે નિયમ પાળતા. પરંતુ ૪૦ વર્ષ પહેલાનું પણિહારિનું લટકું અંતરમાંથી ગયું નહોતું. નિષ્કામધર્મ સિદ્ધ થયો નહોતો. સ્વામીશ્રીને ત્રિકાળમાંય સ્ત્રીનો સંકલ્પ થયો નથી.

❋ એ જ રીતે નિર્લોભ, નિસ્નેહ, નિર્માન વગેરે ત્યાગીના ધર્મો પણ સ્વામીશ્રીને સહજ સિદ્ધ છે.

● **સ્વામીશ્રીના જીવનમાં જ્ઞાન :**

❋ આત્મા-પરમાત્માના જ્ઞાનનું અધ્યયન કરવું. તેનું મનનચિંતન કરવું એ સાધનદશાનું જ્ઞાન કહેવાય. પણ અખંડ આત્મારૂપે વર્તવું. એ જ્ઞાનની સિદ્ધદશા કહેવાય.

❋ એક વાર સ્વામીશ્રી બોચાસણમાં વિરાજમાન હતા બપોરે ભોજન ગ્રહણ કર્યા બાદ એક ભાઈ સ્વામીશ્રીને મળવા આવ્યા, પરંતુ તેના મનમાં કંઈ દ્વેષ હતો. તેથી જેમ તેમ બોલીને સ્વામીશ્રીનું અપમાન કરી ગયા. તેમના ગયા પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા. ઘસઘસાટ સૂઈ ગયા. આ બાજુ વિવેકસાગર સ્વામી તથા સૌ સંતો ખૂબ વ્યથિત હતા. સ્વામીશ્રી આરામમાંથી જાગ્યા ત્યારે વિવેકસાગર સ્વામીએ પૂછ્યું, 'સ્વામી ! આવા અપમાન પછી પણ આપને ઉંઘ કેવી રીતે આવી ગઈ ?' સ્વામીશ્રી કહે, 'આપણે ક્યાં માથે લીધું ? એણે જે કહ્યું છે તે દેહને કહ્યું છે. આત્માને ક્યાં કહ્યું છે ?'

રોજબરોજના જીવનમાં આવતા નાના-મોટા પ્રસંગોમાં જ્ઞાને કરીને સ્થિર રહેવું. એ જ જ્ઞાનની સિદ્ધ દશા છે. જે સ્વામીશ્રીને સહજ છે.

● **સ્વામીશ્રીના જીવનમાં વૈરાગ્ય :**

❋ નિષ્કુળાનંદ સ્વામી કહે છે... 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...'

❋ સાદાઈ રાખવી, વિષયનો ત્યાગ કરવો એ વૈરાગ્યની સિદ્ધિ માટેની સાધના છે. પણ અંતરથી સહજ અનાસક્તિ વર્તે, પદાર્થો ભોગવે છતાં તેનું બંધન ન થાય. તે વૈરાગ્યની સિદ્ધદશા કહેવાય.

❋ શ્રીમદ્ભગવદગીતામાં ભગવાને વૈરાગ્યની સિદ્ધદશા માટે કાચબાનું દૃષ્ટાંત આપ્યું છે. કે જેમ કાચબો ધારે ત્યારે પોતાના અંગો બહાર કાઢે છે અને ધારે ત્યારે પોતાના અંગો ઢાલની અંદર સમાવી લે છે. તેમ વૈરાગ્યની સિદ્ધદશાવાળા પુરુષ ધારે ત્યારે પંચવિષયમાં ઈન્દ્રિયોને જોડી શકે અને ધારે ત્યારે વિષયમાંથી ઈન્દ્રિયોને પાછી વાળી શકે. એવા પુરુષ વિષયનો યોગ થતાં ક્યારેય તેમાં બંધાઈ જતા નથી.

● મારે આ જ જોઈએ, મને આ જ ફાવે.. આ ન ફાવે એને બંધન કહેવાય. સ્વામીશ્રી આવા બંધનથી મુક્ત છે. તેઓએ ક્યારેય કોઈ સગવડ કે સુવિધાની અપેક્ષા રાખી નથી. જેટલી સહજતાથી મર્સીડીઝ ગાડીમાં બેસે એટલી જ સહજતાથી તેમાંથી ઊતરી રીક્ષામાં બેસીને મુસાફરી કરી શકે. જેટલી સહજતાથી ગાદલાવાળા પલંગમાં સૂઈ શકે તેટલી જ સહજતાથી રેતીના ઢગલા પર ગાતરિયું નાંખીને સૂઈ શકે. જેટલી સહજતાથી હરિભક્તના બંગલામાં રહે એટલી જ સહજતાથી ગારમાટીના ઝૂંપડામાં પણ રહી શકે એ જ સ્વામીશ્રીના વૈરાગ્યની સિદ્ધદશા છે.

● **સ્વામીશ્રીના જીવનમાં ભક્તિ :**

❋ પૂજાવિધિ, આહ્નિક વગેરે ભક્તિની સિદ્ધિ માટેની ક્રિયાઓ છે. પરંતુ ભગવાનનો અપાર મહિમા. સતત ભગવાનનું અનુસંધાન હોવું. અને ભગવાન પ્રત્યેનો અપાર સ્નેહ એ ભક્તિની સિદ્ધદશા છે. સ્વામીશ્રીના જીવનમાં ભગવાન પ્રત્યેની આવી ભક્તિ સહજ સિદ્ધ છે. તેમને દરેક ક્રિયામાં અખંડ ભગવાનનું અનુસંધાન છે. માન સન્માન હોય કે અપમાન સ્વામીશ્રી અખંડ ભગવાનના મહિમાના વિચારથી સ્થિર રહે છે.

❋ કેનેડાની પાર્લામેન્ટમાં સન્માન માટે સ્વામીશ્રીનું નામ જાહેર કરવામાં આવ્યું ત્યારે સ્વામીશ્રીએ ઠાકોરજીને

લઈને સેવક સંતને ઊભા કર્યા અને કહ્યું, 'સન્માન તો ઠાકોરજીનું છે. એમને લઈને આપણે છીએ.' પછી પોતે હાથ જોડી ઊભા થયા.

❋ ૧૯૭૪માં આફ્રિકાથી પાછા ફરવાનું થયું. ભયંકર અપમાનનો એ પ્રસંગ હતો. છતાં રાત્રે અઢી વાગે મુંબઈ પહોંચી સ્વામીશ્રીએ ભંડારી સંતને કહ્યું, 'આજે આખો દિવસ પ્લેનમાં મુસાફરી કરી હોવાથી ઠાકોરજીને જમાડી શક્યા નથી. તો હમણાં જ રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવો. રાત્રે ત્રણ વાગે ઠાકોરજીને શીરા-પૂરીનો થાળ ધરાવ્યો પછી પોતે આરામમાં ગયા.

❋ કોઈ પોતાના વખાણ કરે તોપણ સ્વામીશ્રી બધો યશ ભગવાનને ચરણે ધરે. કહે, 'ભગવાનની કૃપાથી થયું છે.' આને જ ભગવાનની ભક્તિની સિદ્ધિ કહેવાય.

આમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાનેયુક્ત ભક્તિ એ ચારેય સ્વામીશ્રીના જીવનમાં સહજ સિદ્ધ છે. એવા સંત આપણને મળ્યા છે. હવે, આપણા મોક્ષનું દ્વાર ઉઘાડું કરવા માટે તે સંતનો પ્રસંગ કરવાનો છે.

● **સત્પુરુષનો પ્રસંગ કરવો :**

❋ સંતનાં લક્ષણ બતાવ્યા બાદ શ્રીજીમહારાજ શ્રીમદ્ભાગવતનો સારરૂપ શ્લોક ટાંકે છે.

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥

(૩/૨૫/૨૦)

અર્થાત્ જેવો જીવને પોતાના સંબંધીને વિશે દઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એવા એકાંતિક સાધુને વિશે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

❋ આ શ્લોક શ્રીમદ્ભાગવતમાં કપિલજી પોતાની માતા દેવહુતિને કહે છે. શ્રીજીમહારાજે આ શ્લોકને સમગ્ર શ્રીમદ્ ભાગવતના સારરૂપ શ્લોક કહ્યો છે.

❋ દીનાનાથ ભટ્ટ ગુજરાતના મહાવિદ્વાન હતા. તેઓને શ્રીમદ્ ભાગવતના ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ હતા. શ્રીજીમહારાજે એક વાર તેમને પૂછ્યું, 'ભટ્ટજી અઢાર હજાર શ્લોકમાંથી તમારા મોક્ષનો શ્લોક કયો ?' ભટ્ટજીને તે ન મળ્યો. ત્યારે શ્રીજીમહારાજે આ શ્લોક કહ્યો હતો.

❋ એકાંતિક સંતને ઓળખ્યા પછી હવે એવા સંતનો દઢ પ્રસંગ કરીએ તો મોક્ષનું દ્વાર ઉઘાડું થાય.

❋ યોગીજી મહારાજ કહેતા : 'પ્રસંગ એટલે શું ? સત્પુરુષ આપણને ધખાવીને કાઢે, અપમાન કરે તોય ન ખસીએ તે પ્રસંગ.'

❋ સાથે રહેતા હોય પણ આવો દઢ પ્રસંગ હોય તે વધુ મહત્ત્વનું છે.

❋ પાણીમાં ખાંડ ઓગાળો તો ખાંડ ઓગળી જાય. પણ તે ખાંડવાળા પાણીને ગરમ કરવામાં આવે તો પાણી ઊડી જાય ને ખાંડ છૂટી પડી જાય. આમ, સુખ-દુઃખ, માન-અપમાન વગેરેની ગરમીમાં સત્સંગ ઘટી જાય, સત્પુરુષનો સંગ છૂટી જાય. તેને પ્રસંગ કર્યો ન કહેવાય. પરંતુ દૂધમાં ખાંડ ઓગાળો પછી તે દૂધને ગમે તેટલું ગરમ કરો પણ દૂધ અને ખાંડ છૂટા ન પડે. ઉલટું પેંડો થઈ જાય અને તેની કિંમત વધે.

આમ, ગમે તેવી કસોટી સત્સંગમાં થાય પરંતુ સત્પુરુષને છોડી દેવાનો વિચાર સુધ્ધાં ન આવે. ઉલટું સત્પુરુષ સાથેનું જોડાણ વધુ દઢ થાય તે સાચો પ્રસંગ કર્યો કહેવાય.

❋ ટૂંકમાં પ્રસંગ એટલે સત્પુરુષ સાથે અતિશય દઢ પ્રીતિ આત્મબુદ્ધિ અને જોડાણ . જે જે સત્પુરુષ સાથે જોડાયા છે કે તેઓના અલ્પ યોગમાં આવ્યા છે. તેમના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું પોષણ થયું છે, વૃદ્ધિ પામ્યાં છે.

● **સ્વામીશ્રીના યોગથી ધર્મમાં વૃદ્ધિ :**

❋ આજે સત્સંગમાં અનેક બાઈ-ભાઈ સત્સંગીઓ નિયમધર્મમાં દઢ રહે છે.

❋ અમેરિકામાં એટલાન્ટાના યુવક ચિરાગભાઈ હોટલનું

ન ખાવાનો નિયમ દૃઢતાથી પાળે છે. તેઓનાં લગ્ન થયાં. પત્નીને સત્સંગ નહોતો. અને હોટલનું ખાવાનું શોખ હતો. ચિરાગભાઈ પત્નીને હોટલમાં લઈ જાય પત્ની જમે પોતે સાથે બેસીને ફક્ત વાતો કરે, જમે નહીં. ધીરે ધીરે પત્નીને સત્સંગનો યોગ થયો. સ્વામીશ્રીનાં દર્શન થયાં અને પત્નીએ પણ બહારનું ન ખાવાનો નિયમ લઈ લીધો.

❈ ડાલી ગામના સત્સંગી દિનેશભાઈ ખેતરમાં મજૂરી કામ કરીને રોજે રોજ કમાય અને રોજે રોજ ખાય. મજૂરીએ જાય ત્યારે બપોરે માલિક જે જમાડે તે ખાવાનું. ઘરે રાંધવાનો વેંત નહીં. એક સિઝનમાં જે ખેતરમાં કામે જવાનું હતું તે ખેતરનો માલિક રોટલા અને લસણ-ડુંગળીવાળું શાક મજૂરોને જમવા આપે. દિનેશભાઈ સત્સંગી છે તે જાણવા છતાં અગાઉના માલિકોની જેમ તે દિનેશભાઈને અલગ વ્યવસ્થા ન આપે. પણ દિનેશભાઈ રોજ પોતાની સાથે ઘરેથી ગોળનું ઢેફું લાવે. રોટલા અને ગોળ ખાઈ લે. આવી કઠણ પરિસ્થિતિમાં પણ ધર્મ-નિયમની દૃઢતા રહેવી એ સત્પુરુષના યોગનો પ્રતાપ છે.

● **સ્વામીશ્રીના યોગથી જ્ઞાનની દૃઢતા :**

❈ શિકાગોના બી.એ.પી.એસ. મંદિરમાં ઓડિયો-વિડિયો વિભાગમાં સેવા કરતા નીરલના શરીર પર તે ૨૭ વર્ષનો થયો ત્યાં સુધીમાં કુલ ૩૮ સર્જરી કરવામાં આવી છે. જન્મના બીજે જ મહિને તેના શરીરમાં કીડનીની તકલીફ શરૂ થઈ હતી. એક વર્ષનો થયો ત્યારે તેના શરીરની બંને કીડની કાઢી લેવામાં આવી હતી. આ વર્ષો દરમ્યાન રોજની ૨૮ ગોળી ભૂકો કરીને તેને ખવડાવવી પડતી હતી. તેના પિતાની એક કીડની નીરલના શરીરમાં બેસાડવામાં આવી. એક વર્ષમાં તે પણ કામ કરતી બંધ થઈ. બીજી એક ડોનેશનમાં મળેલ કીડની ફીટ કરી જે ૧૯૯૭ સુધી ચાલી અને પાછી ફેઈલ થઈ ગઈ. નવી કીડની નાખવી પડી. ૨૦૦૭માં મંદિર મહોત્સવમાં નીરલ દિવસ-રાત જોયા વિના ઓડિયો-વિડિયો ડીપાર્ટમેન્ટમાં સેવા કરતો. વૅકેશનમાં સવારે ૭ થી રાત્રે ૮ વાગ્યા સુધી સેવા ચાલુ રહે. તે દરમ્યાન સેવા કરતા કરતા પગે સોજા આવી ગયા. આંખમાં ઈન્ફેક્શન થઈ ગયું. તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કરવો પડ્યો. હોસ્પિટલમાંથી સાજો થઈને નીકળ્યો કે તરત મંદિરે સેવામાં પૂર્વવત જોડાઈ ગયો. એ દરમ્યાન એની ત્રીજી કીડની પણ ફેઈલ થઈ ગઈ. ડાયાલીસીસ પર રહેવું પડતું છતાં મંદિરે નિયમિત સેવામાં તો આવતો જ રહે. ત્યારબાદ તેનાં માતાની કીડની ડોનેશનમાં આપી તેના બદલામાં નવી કીડની લીધી અને નીરલના શરીમાં ફીટ કરી અત્યારે તે કીડની ચાલે છે. આટલી તકલીફો વચ્ચે પણ મંદિરની સેવા ન છોડનાર નિરલનો ઉત્સાહ અને સમજણ ખરેખર નિરાળી છે. આજે પણ નિરલ કહે છે, 'યોગીબાપાની મૂર્તિ આગળ રોજ એવી પ્રાર્થના કરું છું કે ચૂંટિયા, સાણસીના ગોદા અને બળબળતા અંગારાનો માર સહન કરવા છતાં આપ સદા હસતાં ને હસતાં જ રહ્યા છો તો હું પણ શરીરમાં ઈન્જેક્શનના ગોદા અને ઑપરેશનોથી આ દેહને થતું દુઃખ સહન કરી આનંદથી સેવામાં જોડાયેલો રહી શકું તેવું બળ આપજો.'

સ્વામીશ્રીના યોગથી અનેક ભક્તોના જીવનમાં જ્ઞાનની દૃઢતા થઈ છે જેના પ્રતાપે તેઓ ગમે તેવા દુઃખને પણ હસતાં હસતાં સહી જાણે છે.

● **સ્વામીશ્રીના યોગથી વૈરાગ્યની દૃઢતા :**

❈ વૈરાગ્યનું લક્ષણ એ છે કે ભગવાનને અર્થે વ્હાલી વસ્તુનો ત્યાગ કરી શકાય.

ધન સૌને વ્હાલું છે. સ્વામીશ્રીના યોગથી અનેક હરિભક્તોમાં એવો વૈરાગ્ય પ્રગટ્યો છે કે તેઓ ભગવાનની સેવા માટે ધનનો ત્યાગ કરતાં જરાય ખચકાતા નથી.

❈ સન ૨૦૦૮માં મુંબઈના ઠાકોરજીના સિંહાસન માટે

ભક્તો સુવર્ણદાન કરી રહ્યા હતા. અમદવાદથી એક સત્સંગી યુવક ૨૫૦૦૦ રૂપિયા લઈ કપડાં ખરીદવા માટે મામાને ત્યાં મુંબઈ આવેલો. તેણે સુવર્ણદાનની વાત સાંભળી કપડાં ખરીદવાને બદલે ૨૫૦૦૦ રૂપિયાનું સુવર્ણ ખરીદી ઠાકોરજીને અર્પણ કર્યું.

❊ મુંબઈના એક હરિભક્ત હસમુખભાઈનો પગાર સામાન્ય. માસિક ધર્માદો નિયમિત કરતા. ભાડાના મકાનમાં રહે. પતિ-પત્નીને માસિક ૫૦૦ રૂપિયાની જ બચત થતી. તેમણે સંકલ્પ કર્યો કે એક વર્ષ સુધી આ સેવા ઠાકોરજીને અર્પણ કરવી. અને બીજે જ મહિને મકાન માલિકે ૫૦૦ રૂપિયા મકાન ભાડુ વધાર્યું. બંનેએ એક ટંક ભોજનનો ત્યાગ કર્યો અને દર મહિને તેમાંથી જે બચત થાય તે ઠાકોરજીને અર્પણ કરવા લાગ્યા.

❊ આજે માતા-પિતા પોતાના ભણેલા ગણેલા પુત્રોને સ્વામીશ્રીના ચરણે સાધુ થવા હર્ષથી અર્પણ કરે છે તે પણ વૈરાગ્યની પરાકાષ્ઠા છે.

● **સ્વામીશ્રીના યોગથી ભક્તિની દૃઢતા :**

❊ માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિની દૃઢતા સ્વામીશ્રીના યોગથી અનેક ભક્તોમાં થાય છે. ભક્તિની દૃઢતા એટલે ભગવાન પ્રત્યે અનન્ય નિષ્ઠા, પતિવ્રતાની ટેક.

❊ પંચમહાલના સુનાટા ગામના આદિવાસી કંચનભાઈ સ્વામીશ્રીના યોગથી સત્સંગી થયા. તેમના દીકરાને ખેંચ-આંચકી આવે. તેઓના સસરા અને બિનસત્સંગી સગાંઓએ આગ્રહ કર્યો કે માતાજીના કોપને લીધે આવું થાય છે. માતાજીને સ્થાનકે જઈ બોકડો (કૂકડો-બકરો) વધેર અને માનતા કર તો સારું થાય.' કંચનભાઈએ સ્પષ્ટ કહી દીધું, 'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે અને પ્રમુખસ્વામી મહારાજ મારા ગુરુ છે. એમની ઇચ્છા હશે તો દીકરાને સારું થશે.'

વહેમ અને અંધશ્રદ્ધામાં સહેજે અટવાતા આદિવાસીઓમાં પણ સ્વામીશ્રીના યોગથી આવી પરિશુદ્ધ ભક્તિ પ્રગટે છે.

આમ, સ્વામીશ્રીના સહજ યોગથી અનેકના જીવનમાં ભાગવત ધર્મની પુષ્ટિ થાય છે. જો તેઓનો દૃઢ પ્રસંગ કરીએ તો આપણા જીવનમાં પણ ભાગવત ધર્મ સિદ્ધ થાય.

વળી, અહીં શ્રીજીમહારાજ કહે છે કે આવા સંત મોક્ષનું દ્વાર છે. તેઓ આપણું આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ છે.

● **પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર :**

❊ પંજાબના મુમુક્ષુ નારણસિંહ મોક્ષ પ્રાપ્તિ માટે સોમનાથમાં મહાદેવની આરાધના કરતા હતા. તેમને મહાદેવે દર્શન દઈ કહ્યું, 'તું મોક્ષ પ્રાપ્તિ માટે પ્રમુખસ્વામી મહારાજનો આશરો કર.' પછી તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા અને જીવનભર સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ગઢડા મંદિરમાં રહી સત્સંગ અને સેવા કરી ધામમાં ગયા.

❊ મુંબઈના યોગેશ મહેતાનાં માતા ધર્મે વૈષ્ણવ હતાં. તેમને સ્વપ્નમાં વિઠ્ઠલનાથજીએ દર્શન દીધાં. સાથે પ્રમુખસ્વામી મહારાજ પણ હતા. વિઠ્ઠલનાથજીએ કહ્યું, 'પ્રમુખ સ્વામી સાચા ગુરુ છે. મોક્ષ કરાવવા સમર્થ છે.' અને તે બહેન સત્સંગી થયા.

આમ, અનેકને આવા અનુભવો થાય છે અને પ્રતીતિ આવી છે કે વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે.

આપણને આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યા તેવા સંત મળ્યા છે. તેમની ઓળખાણ થઈ છે. હવે તેમનો દૃઢ પ્રસંગ કરીને આપણે મોક્ષ પ્રાપ્ત કરવાનો છે.

આપણે સ્વામીશ્રીનો દૃઢ પ્રસંગ કરી શકીએ એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

સભા : ૫ સભા કાર્યક્રમ

● **વચનામૃત** : ગ.પ્ર.-૫૬ પોલાપાણાનું
● **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૧/૨૧૪
૨. પ્રકરણ ૨/૧૧૯
● **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું : પોલા પાણાનું

સ્વામિનારાયણ હરે

સંવત ૧૮૭૬ મહા વદી ૧૨ દ્વાદશીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન. કસુંબલ રેંટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો. ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને નારાયણધૂન્ય કરીને મુનિ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ઇન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે. એવું સત્સંગમાંથી સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે. તો ય પણ ઇન્દ્રિયો-અંતઃકરણાદિક ભેગો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુખિયો કેમ થઈ જાય છે ?'

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઇત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની

ઉપાસનાને બળે પામે છે. પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે 'હું આત્મા-અનાત્માની વિગતિ કરી લઉં.' એમ વિગતિ થતી નથી, એ તો એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વ તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે પણ ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી.

● આ વચનામૃતની વિશેષતા

- આ વચનામૃતમાં શ્રીજીમહારાજે સાધનાનો એકડો બતાવ્યો છે.

સો સો શૂન્ય સારા કરે,
પણ એક ન કરે જો આગળે,.
તો સરવાળો શાનો માંડશો,
તે કરે છે કાળપ કાગળે

- નિષ્કુળાનંદ સ્વામી

- એકડા વિના મીંડાનું મૂલ્ય શૂન્ય છે. તેમ આ વચનામૃતમાં સાધનામાં એકડો શું છે એ વાત શ્રીજીમહારાજ કરે છે. એ એકડો ઉપાસના છે.

● મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન

- પહેલા તો પ્રશ્ન પૂછનાર નો મહિમા વિચારો - વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના ૯૨ પ્રશ્નો છે. તેઓ આદર્શ મુમુક્ષુ સાધક હતા. પોતાની બુદ્ધિ પ્રદર્શિત કરવા કે વિદ્વતા બતાવવા કે કેવળ માહિતી ભેગી કરવા પ્રશ્નો પૂછ્યા નથી. સાધના કરતાં કરતાં જે જે પ્રશ્નો તેમને ઉદ્‌ભવ્યા છે તે પૂછ્યા છે.
- પ્રશ્ન વાંચો ને વિચારો
- દેહ અને આત્મા જુદા છે એવી સ્પષ્ટ સમજણ કેળવ્યા પછીનો પ્રશ્ન છે. એટલે માત્ર શાબ્દીક 'હું આત્મા છું' એવા સાધકનો આ પ્રશ્ન નથી. જૂનાગઢમાં રયા ભગતને સ્વામી કઈ કામ સોંપે તો કહે : 'કોણ રયો ? આ હાથ ? આ પગ ? હું તો આત્મા છું.' માત્ર શાબ્દિક જ્ઞાન હતું. સ્વામી કહે : 'ટાણે બતાવશું.' એકવાર શેરડીનું ગાડું આવ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ બધાને સાંઠા વેચ્યા. રયાના ભાગના સાંઠા પોતાની ગાદી તળે દબાવ્યા. રયા ભગતને ખબર પડી, ગુસ્સે થતા આવ્યા. 'મારો ભાગ ક્યાં ? કામ હોય ત્યારે રયો રયો કરો છો ?' ત્યારે સ્વામી કહે : 'પેલા દા'ડે તું કહેતો હતો ને કોણ રયો ? આ બોલે છે એ રયો. લે આ સાંઠા.'

મુક્તાનંદ સ્વામીને આવું નહોતું. વાત સાંભળી. મનન-નિદિધ્યાસન કર્યા પછી પ્રશ્ન થયો છે. ભજન કરતાં કરતાં સંકલ્પ-વિકલ્પ નો વિક્ષેપ આવે છે.

- મન છે તે ધજાની પૂંછડી જેવું છે. નીલ વાંદરા જેવું છે. નિશ્ચય હોવા છતાં જીતવું કઠણ છે. જૂનાગઢમાં ઘનશ્યામદાસ નામે સાધુ ધ્યાન કરવા બેસે. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે : 'ધ્યાન કરો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?

એક વૈષ્ણવ શેઠ રોજ પૂજા કરે. તેમના પુત્રવધૂ ત્રિકાળજ્ઞાની. કોઈકે આવીને પૂછ્યું, 'શેઠ પૂજામાં બેઠા છે ?' વહુ : 'ના, ચમારવાડે ગયા છે.' હકીકતમાં શેઠનું મન ચામડાની ખરીદ કરવા ચમારવાડે પહોંચી ગયું હતું.

એટલે ભજન દરમ્યાન ઘાટ સંકલ્પ થાય છે એવી પહેલા તો ખબર પડવી જોઈએ. બહુધા તો હાથમાં માળા ને મનમાં ઘોડાપૂર - બે ય ભેગા ચાલતા હોય છે.

શ્રીજીમહારાજે સૂરા ખાચરને પૂછ્યું : 'ઘાટ - સંકલ્પ થાય છે ? એ કહે : 'મહારાજ, તમે મળ્યા પછી હોય ?' મુક્તાનંદ સ્વામીને પૂછ્યું તો મૂઠી ભરીને ધૂળ ઠાલવતા કહે : 'આમાં

જેટલા રજકણ છે એટલા સંકલ્પ થાય છે.'

આનો અર્થ સૂરાખાચર મોટા એમ નથી. સુરાખાચરને ખબર જ નથી કે ઘાટ કોને કહેવાય ?

- મહારાજના સંતો જાણપણારૂપ દરવાજે અખંડ ઊભા રહેતા. (ગ.અં.૯) તેથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર પણ પકડી શકતા.
- તરવાની સ્પર્ધામાં દુનિયામાં પહેલો નંબર લાવવાની ઈચ્છાવાળાને પોતાના શરીર પરની રુંવાટીના વાળ પણ તરણ સ્પર્ધામાં અવરોધ લાગ્યા. ને કઢાવી નાંખ્યા. કેવા સૂક્ષ્મ વિચાર છે ?
- કેટલાક વિદ્યાર્થીઓને ૩૫% આવે તો ય પાર્ટી આપે ને કેટલાકને ૧ માર્ક કપાય તોય દુ:ખ થાય. મુક્તાનંદ સ્વામી આવા ઉત્કૃષ્ટ બ્રહ્મવિદ્યાના વિદ્યાર્થી હતા.
- આવા મુક્તાનંદ સ્વામી મહારાજને કહે : આત્મનિષ્ઠાની દૃઢતા છે છતાં સંકલ્પ કેમ થાય છે ? ભગવાનનું સુખ કેમ આવતું નથી ?

ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : ઉપાસના વિના કાંઈ સિદ્ધ થતું નથી.

● ઉપાસનાની મહત્તા

શ્રીજીમહારાજે બે પ્રકારના સાધનો બનાવ્યાં :

૧. ધર્મ, જ્ઞાન, તપ, સેવા, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે - ભગવાનની પ્રસન્નતા માટે

૨. ઉપાસના (નિશ્ચય, નિષ્ઠા, આશરો) - જીવના આત્યંતિક કલ્યાણ માટે, કારણ શરીર ટાળવા માટે

- ઉપાસનાના બળે જ ભવ સાગર તરાય.
- નાની નદી કે તળાવ તૂંબડા બાંધીને તરાય, પણ એટલાંટિક મહાસાગરમાં ગમે તેવો તરવૈયો હોય તેને વહાણની જરૂર પડે. મૃત્યુ સમય સમુદ્ર જેવો છે. તેમાં આત્મનિષ્ઠાવાળાને કે વગર આત્મનિષ્ઠાવાળાને - બેયને ઉપાસનારૂપી વહાણ જોઈએ જ. (ગ.પ્ર. ૬૧, ગ.મ. ૩૫)
- ગુણાતીતાનંદ સ્વામી - ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને તો માયા ચાવી જાય તેમ છે.
- પૂર્વે ઋષિઓ જેવા કે એકલશૃંગી, પરાશર, વિશ્વામિત્ર, સૌભરી, બ્રહ્મા, શિવ વગેરેને આત્મનિષ્ઠા હતી. તેમ છતાં સ્ત્રી-ધન-માનમાં લેવાયા.

મુનિ મનમધ્ય વિચાર એવો કરે,
મોહ શું લડે તે મર્દ કેવા ?
પાખરિયા નર તે કંઈક પાડ્યા ખરા,
શૃંગીશશી સુરરાજ જેવા.

- મુક્તાનંદ સ્વામી

- એટલે માત્ર શાસ્ત્રમાંથી વાંચીને કે સાંભળીને પોતાની મેળે આત્માનો વિચાર કરવાથી આત્મદર્શન થતું નથી.

લાયબ્રેરીનાં પુસ્તકમાંથી 'ઘોડે સવારી કેમ કરવી' એ શીખીને મેદાનમાં ઘોડા પર ચઢવા જાય તો પડે હેઠો.

- એટલે શ્રીજીમહારાજ કહે છે : ભગવાનની ઉપાસના વિના આત્મદર્શન થાય જ નહીં. જેમ કોઈ ૧૦૦ વર્ષ સુધી જીભે કરીને આકાશને ચાટે પણ તેનો ખાટો-ખારો સ્વાદ આવે નહીં તેમ. નિર્બીજ સાંખ્ય-યોગ (અર્થાત્ ભગવાનની ઉપાસના રહિત શાસ્ત્રોમાં) આત્મદર્શનની વાત કહી છે તે વાત ખોટી છે. (ગ.અં. ૩૬) મહારાજ આ વાત દૃઢતાપૂર્વક કહે છે.
- કોઈ ઢેઢનો છોકરો ૧૦૦ વાર 'હું રાજા છું' બોલે તો થાય ? પણ રાજાને ઘેર અવતરે કે રાજા એને દત્તક લે તો ? એમ ભગવાનના આશરે જવાથી માયાને પાર તરાય.
- શંકરના ગળા રહીને સાપ ગરૂડ સામે ફૂંફાડા મારે. એટલે ગરૂડ કહે : 'ગળાથી છૂટો પડ ને ફૂંફાડો માર તો ખબર પડે.' તેમ આપણે

ભગવાનના બળે જ માયા તરાશે.

- દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે તેણે વિદુર, ભીષ્મ, દ્રોણ બધાની સહાય માગી પણ નિરર્થક. જ્યારે કૃષ્ણને પોકાર્યા તો ઉગરી.
- કીડી સમુદ્ર ક્યારેય ન તરી શકે. પણ લંડનના મુસાફરના સુખડીના ડબ્બામાં બેસે તો મજા કરતી હેમખેમ લંડન પહોંચી જાય.
- ગ. મ. ૯ : જેને ભગવત્સ્વરૂપનું બળ છે તે જ એકાંતિક છે. તે જ પાકો સત્સંગી છે.
- એટલે જેટલી ઈષ્ટદેવના સ્વરૂપની ઉપાસના, યથાર્થ માહાત્મ્ય સહિત જ્ઞાનની દૃઢતા એટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. એના ચાર પગથિયા છે.

(૧) નિશ્ચય કરવો : એટલે ભગવાનનું સ્વરૂપ જીવમાં ઓળખવું. જેમ લીમડાને એકવાર ઓળખ્યો એટલે ગમે તે સમયે, ગમે ત્યાં પૂછે પણ એ દૃઢતા ટળતી નથી.

(૨) આશરો : નિશ્ચય કર્યા પછી આશ્રય કરવો. લીમડો ઓળખ્યા પછી તેના છાંયડે જાય તો ઠંડક થાય. તેમ ભગવાનને ઓળખ્યા પછી તેની છાયામાં-આશરે જાવું પડે.

(૩) ઉપાસના : એટલે ભગવાનનું મન-કર્મ-વચને સેવન, એમની આજ્ઞાનું પાલન. લીમડાંના પાન-છાલનું સેવન કરવાથી, તેનો રસ પીવાથી લીમડાના ગુણો આવે ને નિરોગી થાય તેમ ભગવાનની ઉપાસના કરવાથી નિર્વાસનિક થવાય.

(૪) નિષ્ઠા : ભગવાનના ભાવને પામે ભગવાનના કલ્યાણકારી ગુણો આવે. જેમ ભગવાન માયાથી નિર્બાધ, તેમ ભક્ત પણ થાય. જેમ લીમડો પીવે તેની વાસ પરસેવામાં ને પેશાબમાં આવે તે લીમડાના ભાવને પામ્યો કહેવાય.

● ઈષ્ટદેવની ઉપાસના-નિષ્ઠા-નિશ્ચય કે આશરામાં શું સમજવું ?

૧. ભગવાન શ્રીજીમહારાજ છે - તે કર્તા, સાકાર, સર્વોપરિ પ્રગટ છે.
૨. મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે.
૩. ગુણાતીત સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. વર્તમાનકાળે તે પ્રમુખસ્વામી મહારાજ છે.
૪. આવા પ્રગટ સત્પુરુષમાં પ્રીતિથી જ
   - આત્મદર્શન
   - પરમાત્માનો મહિમા
   - પરમાત્માનું દર્શન શક્ય બને છે

   (વ૨.-૧૧)

૧. શ્રીજીમહારાજ કર્તા હર્તા છે :

- કારિયાણી-૧૦. ભગવાનને કર્તા સમજવા એ જ પરમ કલ્યાણ છે.
- અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ, પાલન, પ્રલય થાય.

  મારી મરજી વિનારે, કોઈથી તરણું નવ તોડાય... ઓરડાના પદમાં શ્રીજીમહારાજ કહે છે.
- મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને એક બાવે પકડ્યા ને નાકકાન કાપવાની તૈયારી કરવા છરાને ધાર કાઢવા બેઠો. બ્રહ્માનંદ સ્વામી ચિંતિત થયા. મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજની ઇચ્છા હશે એમ થશે' કર્તાપણાની આવી દૃઢતા હતી તો એક રાઘવ જત નામે ભક્ત નીકળ્યા ને સંતોને છોડાવ્યા.
- અમૃત મહોત્સવમાં રામાનુજ સંપ્રદાયના આચાર્ય ચિન્નાજીયર સ્વામી નગર નિહાળીને સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામી હળવા ફુલ જણાતા હતા તેમણે કહ્યું, 'આપ તો બિલકુલ સ્વસ્થ ઔર નિશ્ચિંત દિખાઈ દેતે હૈ, ઈતના બડા મહોત્સવ હોતે હુએ ભી ?' સ્વામીશ્રી, : મહાભારતકી લડાઈમેં અર્જુન લેટે રહેતે થે ક્યોંકિ કૃષ્ણ જાગતે થે. વૈસે હમારે ભગવાન

જાગતે હૈ. ઈસ લીયે હમે ચિંતા નહિ.'
કર્તાપણાની દૃઢતા છે.

૨. શ્રીજી મહારાજ સાકાર છે :

- ગ.મ. ૩૯ ભગવાનને સાકાર સમજવા એ જ ઉપાસના
- શ્રીજીમહારાજે ગઢડામાં એકવાર શુષ્કવેદાંતીના શાસ્ત્રો માહિતી માટે જ વાંચ્યા. એમા ભગવાન નિરાકાર છે એવી વાત આવી. મહારાજ ઉદાસ થઈ ગયા નેત્રમાંથી જળ પડવા લાગ્યું. માથાનો સાફો ઢીલો થઈ ગયો. છૂટી ગયો. તેને પણ સંભાળે નહીં. આમ દુ:ખી થઈ ગયા. ભગવાનને નિરાકાર કહે એ પંચમહાપાપીથી વધુ પાપી (ગ.મ. ૧૯)
- તડકો નિરાકાર છે પણ તેનું કારણ સૂર્ય સાકાર છે. તેમ ભગવાનનું તેજ નિરાકાર પણ ભગવાન સાકાર છે.
- એટલે આપણે મૂર્તિપૂજા કરીએ છીએ. ૮ પ્રકારની મૂર્તિ ને નવમા સંતમાં ભગવાન પ્રગટ રહ્યા છે.

૩. શ્રીજીમહારાજ સર્વોપરી છે :

(જુઓ ગ.મ. ૯માનું નિરૂપણ)

૪. પ્રગટ સમજવા :

- ભગવાનના પ્રાગટ્ય વિના પૃથ્વી વાંઝણી રહેતી નથી.
- શ્રીજીમહારાજનાં ધામગમન બાદ ગુણાતીતાનંદ સ્વામી લક્ષ્મીવાડીએ શૌચ માટે ગયા. લીલી ધ્રો જોઈને સ્વામી કહે : 'ધ્રોનું જીવન જળ. તેમ આપણું જીવન મહારાજ હતા. તે ગયા.' આ વિચારથી સ્વામીને મૂર્છા આવી ગઈ. તરત મહારાજે દર્શન દીધા. 'હું ક્યાં ગયો છું. તમારામાં અખંડ રહ્યો છું.'

તે દિવસથી આજ સુધી ભગવાન શ્રીજીમહારાજ પ્રગટ જ છે. વર્તમાનકાળે પ્ર. સ્વામી દ્વારા મહારાજ પ્રગટ છે.

૫. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે.

(જુઓ ગ.પ્ર. ૭૧નું નિરૂપણ)

૬. સત્પુરુષ મોક્ષનું દ્વાર છે.

તેમાં પ્રીતિથી જ ઉપાસના સિદ્ધ થાય છે. એટલે મૂળ ઉપાસના સિદ્ધ કરવા સત્પુરુષમાં પ્રીતિ કરવી પડે. (વર.૧૧)

● ભગવાનમાં પ્રીતિવાળાનું લક્ષણ શું ?

કારિયાણી-૧૧ : પોતાના પ્રિયતમ-ઈષ્ટદેવની મરજી મુજબ વરતે તે જ સાચી પ્રીતિ. શ્રીકૃષ્ણને ગોકુળમાંથી મથુરા લઈ જવા અક્રુર આવ્યા ત્યારે ગોપીઓએ મળીને નક્કી કર્યું કે આપણે રથની આડા સૂઈશું પણ કૃષ્ણને જવા નહીં દઈએ. પણ જવા ટાણે કૃષ્ણની આંખમાં જવાની રૂચિ દેખાઈ. તો કોઈ આગળ વધી નહીં. ને અતિશય પ્રેમ હોવા છતાં વિરહમાં ઝૂરતી રહી. મથુરા તો નજીક જ હતું છતાં ન ગઈ. આનું નામ પ્રીતિ.

- ગ.મ. ૫૧માં શ્રીજીમહારાજ કહે છે આવા સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે એ જ આત્મસત્તારૂપે વર્તેછે.

આત્મસત્તા એટલે દેહરૂપ નગરીમાં આત્માની સત્તા. તેની આગળ દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણ જેનું જરાપણ ન ચાલે.

તો અંતમાં પ્રમુખસ્વામી મહારાજની નાની મોટી આજ્ઞા પાલન કરીશું તો આપણે આત્મસત્તારૂપે વર્ત્યા કહેવાઈશું...

- આજ્ઞા પાળીશું તો એમનામાં પ્રીતિ થશે.

એમનામાં પ્રીતિ થશે તો

- આત્મદર્શન
- પરમાત્માદર્શન
- પરમાત્માનો મહિમા ત્રણેય સિદ્ધ થશે.

- આ થશે એટલે ઉપાસના દૃઢ થઈ જ સમજવી.

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૬મું : પોલા પાણાનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૨ દ્વાદશીને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ આથમણા દ્વારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન કસુંબલ રેટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને નારાયણધૂન્ય કરીને મુનિ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘જેને કોઈ જાતની વાસના ન હોય અને તીવ્ર વૈરાગ્યવાન હોય અને જો તે વૈરાગ્યને યોગે અહંકાર યુકત વર્તે તો એ પણ એને વિષે મોટી ખોટ છે, અથવા અત્યંત આત્મજ્ઞાનનું બળ હોય અથવા ભગવાનને વિષે દૃઢ ભક્તિનું બળ હોય અને તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહિ અથવા તેની આગળ દીનવચન બોલાય નહિ તો એ પણ એને વિષે મોટી ખોટ છે. તે ખોટે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિને ન પામે. જેમ સલાટ કૂવો ખોદતો હોય અને જો હેઠે પાણો પોલો બોલે તો સલાટ એમ કહે જે, ‘પાણી ઘણું થશે,’ અને જો ઉપરથી રણકતો હોય ને માંહી કાપે ત્યારે અગ્નિ ઝરે તો સલાટ એમ કહે જે, ‘કૂવામાં પાણી થશે તો અર્ધા કોશનું કે પા કોશનું થશે પણ વધુ નહિ થાય’, તેમ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે તો એ મોટો તો કહેવાય, પણ જેવું અર્ધા કોશનું કે પા કોશનું પાણી થયું એવો મોટો થાય, પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે. માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ. તો એ પુરુષના હૃદયને વિષે પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે.’

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૬મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજી મહારાજ,

- જીવનું આધ્યાત્મિક નિદાન કરીને જીવના મૂળભૂત રોગનો નિર્દેશ કરે છે.

- માનરૂપ દોષ - રોગનો નિર્દેશ કરીને એને લીધે થતી ભક્તને ખોટ દર્શાવીને એને ટાળવાનો ઉપાય બતાવે છે.

■ **નિરૂપણ :**

■ **માનનો સ્વાદ :**

જીવ સાથે અનાદિથી વળગેલા અનેક પ્રકારના સ્વભાવ - પ્રકૃતિમાં આ માનરૂપ દોષ મુખ્ય સ્વભાવ છે. યોગીબાપા માનને સુપ્રિન્ટેન્ડન્ટ પ્રકૃતિ કહેતા.

ઘણાને કારેલાં, ઘણાને રીંગણા ન ભાવે, ઘણાને શિખંડ તો ઘણાને મિષ્ટાન્ન ન ભાવે. ઘણાને ખાટું તો ઘણાને તીખું ન ફાવે, પરંતુ માનનો સ્વાદ તો બધાને ફાવે અને ભાવે.

❋ શ્રીજી મહારાજ વચનામૃત ગ.મ.૪૧માં માનના સ્વાદ વિશે કહે છે, 'જીવનો તો એવો સ્વભાવ છે જે, જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે. પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ.' અને

કોઈકે સાચે જ કહ્યું છે કે,

"Praise is the best diet for us after all"

વખાણ એ આપણા માટે બધા કરતાં ઉત્તમ ખોરાક છે.

વળી, The deepest Craving of every human being is to be appreciated.

પોતાનાં વખાણ થાય એવી પ્રત્યેક માનવની અંતરની ઈચ્છા - ઝંખના છે. તેથી જ તો માર્ક ટ્વેઈન કહે છે કે,

I can live for two months on a good compliments.

હું બે માસ સુધી માત્ર પ્રશંસા ઉપર જીવી શકું છું ...

તેથી બહુધા તપ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, કથા, કીર્તન, સમાજસેવા વગેરે જે કાંઈ સાધન થતાં હોય છે, તેનું પ્રેરકબળ માન છે. જો માન મળતું બંધ થઈ જાય તો પછી તે સાધન ન કરી શકે. તેને જીવવું ભારે પડી જાય.

❋ નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન એક રાજ્યમાં ગયા. રાજાએ સત્કાર કર્યો. રાજાએ પોતાના ગુરુની વાત કરી ને કહ્યું, ''અમારા ગુરુ નિરાહારી છે. કશું જ જમતા નથી. બહુ તપસ્વી છે.' એમ વખાણ શરૂ કર્યા. નીલકંઠ વર્ણી કહે, ''તેઓ કંઈક તો જમતાં જ હશે.'' રાજા કહે, ''ના, દર વર્ષે એક જ વાર ગુફામાંથી બહાર આવે ને અમે હજારો માણસો તેના દર્શને જઈએ. આ મહિને પૂનમે દર્શન દેવા બહાર આવશે.'' નીલકંઠવર્ણી કહે, ''તેઓ શું જમે છે, તે હું કહી આપું. પણ એક શરત - આ પૂનમે કોઈએ પણ ગુરુનાં દર્શને જવું નહિ.'' પૂનમની સવાર થઈ. ગુરુ બહાર નીકળ્યા. કોઈ ના આવ્યું. ૧૦ વાગ્યા તોપણ કોઈ ન આવ્યું. બપોર થઈ. કોઈના આવ્યું. સાંજ પડી. પછી એ ઝાડ પર જોવા ચડ્યા કે રાજા સવારી લઈને આવે છે કે નહીં ? ને કોઈ ના દેખાયું. અને ''કુછ ભી નહીં ?'' એવો ધક્કો લાગ્યો કે ઝાડ પરથી પડ્યો ને મૃત્યુ પામ્યો.

બીજે દિવસે નીલકંઠને સમાચાર મળ્યા. ત્યારે નીલકંઠે રાજાએ કહ્યું :

''કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ,
તુલસી લઘુભોજન કરી જીવે માન કે રંગ''

'જો રાજા, આ સાધુ શું ખાતો હતો ? એ માન જમતો હતો.'

■ **માનથી નુકસાન :**

જીવને ભલે માનનો સ્વાદ ફાવે અને ભાવે છે, પરંતુ માનરૂપ દોષને લીધે જીવને જ નુકસાન થાય છે, ખોટ જાય છે અને અનંત પ્રકારનાં દુઃખ ઊભાં થાય છે.

'જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય, ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય

છે. પણ મૂર્ખ એમ નથી જાણતો જે, મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું, તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી. અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો.' **(ગ.મ. ૪૧)**

માનને લીધે જગતમાં પણ ઘણા, ઘણું બધું ગુમાવે છે. ઘણાં દુ:ખો ભોગવે છે, હેરાન-પરેશાન થાય છે. ક્યારેક તો પોતાનો વિનાશ નોતરે છે. જેમ કે,

- દક્ષને માનને લીધે હોનારતના ભોગ બનવું પડ્યું, ને તેમનું બકરાનું મોઢું થયું. **(ગ.મ. ૬૧)**
- એક કાગડાના હાથમાં પૂરી આવી. તે ઝાડ પર જઈને બેઠો. ત્યાંથી પસાર થતાં એક શિયાળની દાનત પૂરી જોઈને લલચાઈ. તેણે પૂરી પડાવવા યુક્તિ કરી. ઝાડની નીચે ઊભા ઊભા જ કાગડાના વખાણ કરવા માંડ્યા. ''કાગડાભાઈ, શું તમારું રૂપ ? અહાહાહા ! શું તમારી ચાલ ? તમે ઊડો છો તેવું તો કોઈના ઊડી શકે. ને શું તમારી બોલવાની છટા ? ને તમે જ્યારે ગાવ છો, ત્યારે તો બ્રહ્મા સ્થિર થઈ જાય છે.''

કાગડો માની હતો. ફૂલાવા માંડ્યો.

શિયાળે આગળ ચલાવ્યું. ''તો આજે મારી એક ઈચ્છા પૂરી કરો. મને તમારા મધુર કંઠે એક ગીત સંભળાવો.'' ને તરત કાગડાએ આલાપ શરૂ કર્યો ને પૂરી નીચે પડી શિયાળ લઈને ચાલતું થયું.

જગતમાં માનને લીધે ક્લેશ, કંકાસ, ખૂન થાય છે. એટલું જ નહિ પણ મહાયુદ્ધોનાં મૂળમાં પણ કોઈકનું માન જ છે. દ્રૌપદીએ દુર્યોધનને, ''આંધળાના તો આંધળા જ હોય.'' આટલું કહ્યું ને દુર્યોધનનું માન હણાયું. ને એમાંથી ૪૭ લાખનો કચ્ચરઘાણ બોલાવતું મહાભારતનું યુદ્ધ થયું.

આમ, જગતના જીવોને તો માનને લીધે મોહ છે જ, પરંતુ ભગવાનના ભક્તને વિશેષ ખોટ છે. જેમ શાકભાજીની નાની દુકાનમાં લાખો રૂપિયાની ખોટ ન જાય તેમ જ લાખો રૂપિયાનો નફો પણ ન થાય. પરંતુ હીરાનો વેપારી હોય તેને નફો પણ લાખો રૂપિયાનો, ને ખોટ પણ લાખો રૂપિયાની. તેમ ભગવાનના ભક્તને માનરૂપ દોષથી બહુ જ મોટી ખોટ જાય છે. આ વચનામૃતમાં મહારાજ માનને લીધે શું ખોટ થાય છે તે જણાવે છે.

(૧) મોટા ગુણ ન આવે :

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં પાણાનું દૃષ્ટાંત આપીને કહે છે કે જો પાણો પોલો હોય તો કૂવામાં ઘણું પાણી થાય, પરંતુ જો પાણો રણકતો હોય તો તેમાં પાણી ન થાય, અથવા ઓછું થાય.

એવી રીતે કોઈક જીવ જ્ઞાનના માનમાં અટંટ રહેતો હોય તો તેમાં વિશેષ ગુણ ન આવે. કારણ કે એ પોતાને સર્વશ્રેષ્ઠ માનતો હોય તેથી તે બીજામાંથી કોઈ ગુણની પ્રેરણા લઈ શકે નહિ અને બીજાના કોઈ સારા ગુણો સ્વીકારી શકે નહિ.

જેમ ડુંગરાની ટોચ ઉપર પાણી ન ભરાય, પણ નીચાણવાળી જમીનમાં ખાડો હોય તો તેમાં પાણી એકઠું થાય. એમ જે માનથી ઊંચો રહેતો હોય પણ કોઈને નમતો ન હોય તો તેમાં પાણી અર્થાત્ સદ્‌ગુણો કદાપિ ન આવે.

- નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

કહો ખોટ ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે,
એથી ભૂલ બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે રે.
(ચોસઠપદી-૫૦)

નિર્માની ભક્ત પોતાને સૌથી નાનો માને, તેથી બીજામાંથી ગુણોની પ્રેરણા લઈ શકે. બીજાના સદ્‌ગુણો સ્વીકારી શકે. તેથી તેના મનમાં સદ્‌ગુણોનો પ્રવાહ વહે. ટેકરા ઉપરથી પાણી નીચું જતું રહે. પરંતુ સમુદ્રમાં ચારેય બાજુથી પાણી આવે, કારણ કે સમુદ્ર એ સૌથી નીચો છે. તેમ સૌથી નાના રહીએ તો બધાના ગુણો આવે.

(૨) સદ્‌ગુણોમાં માન ભળે તો કિંમત ઘટે :

શ્રીજી મહારાજ આજ વચનામૃતમાં દૃષ્ટાંત આપીને સમજાવે છે કે સદ્‌ગુણોમાં માન ભળે તો

તેની કિંમત ઘટે.

❊ 'જો માન સહિત જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય તો તે કેવો છે ? તો જેમ સોનું હોય અને તેમાં ભેગ ભળે ત્યારે તે સોનું પનરવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો બારવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો આઠવલું કહેવાય, તેમ એ ભક્તને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો આવે તેમ તેમ એ ત્રણે ઓછાં થતાં જાય છે; માટે માનરહિત જે જ્ઞાન, વૈરાગ્ય, અને ભક્તિ તે તો સોળવલા સોના જેવાં છે. અને માન સહિત હોય તે ઉપરથી તો એને ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.'

જેમ સોળવલા સોનાની પૂરી કિંમત હોય. કારણ કે તે ૧૦૦% શુદ્ધ છે, તેમાં અન્ય કોઈ અશુદ્ધિ ભળી નથી. પરંતુ જેમ જેમ અશુદ્ધિ ભળતી જાય તેમ તેમ તેની કિંમત ઘટતી જાય છે.

એવી રીતે ધર્માદિક સદ્‌ગુણોમાં જેમ જેમ માનની અશુદ્ધિ ભળતી જાય તેમ તેમ તે સદ્‌ગુણોની કિંમત ઘટતી જાય. એવા ગુણોથી ન તો પોતાને લાભ થાય ન તો બીજાને. તેનો સમાજમાં કોઈનેય ભાર કે આદર ન હોય.

(૩) માન સહિતના સદ્‌ગુણોમાં બળ ન હોય :

આ વસ્તુસ્થિતિને સમજાવવા માટે શ્રીજી મહારાજ આકાશનું દૃષ્ટાંત આપે છે. 'જેમ પચાસ કોટિ યોજન પૃથ્વી તે સમુદ્ર, પર્વત અને ભૂત-પ્રાણીમાત્ર તેનો આધાર છે, માટે ઘણી બળવાન જણાય છે. અને તે થકી જળ વળી ઘણું બળવાન જણાય છે. જે જળને વિષે પૃથ્વી છાણાની પેઠે તરે છે. અને જળ થકી તેજમાં ઘણું બળ જણાય છે અને તેજ થકી વાયુમાં ઘણું બળ જણાય છે. અને આકાશનું તો કાંઈ બળ જણાતું નથી પણ આકાશ સર્વથી બળવાન છે કાં જે, એ ચારેનો આકાશ આધારરૂપ છે. તેમ માનરહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે. જેમાં માન-સહિત આ ગુણો હોય તે ઉપરથી બહુ શોભાડે પણ અંતરમાં ખાલી હોય. તેનામાં તાકાત આવે નહિ. તેથી તે માયા સામે ટક્કર ઝીલી ન શકે. તેના વચને કોઈનોય ઉદ્ધાર પણ ન થાય, તેમજ તે ભગવાનને ધારવાનું સામર્થ્ય પણ ન પ્રાપ્ત કરી શકે.'

જેનામાં ધર્માદિક ગુણો માન-રહિત છે તેનામાં એવું બળ પ્રકટે છે, સામર્થ્ય હોય છે. તેનાં વચનમાં, તેની દૃષ્ટિમાં એવી તાકાત હોય છે જેથી એક વચન કે એક દૃષ્ટિથી ગમે તેવી પાપી વ્યક્તિનું પરિવર્તન થઈ શકે. એના વચનથી અનેક પતિત જીવોનો ઉદ્ધાર થઈ શકે. જેમ કે,

❊ ગુણાતીતાનંદ સ્વામીના યોગથી વાલેરો વરુ વગેરે સુધરી ગયા.

❊ ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિથી ઉપેન્દ્રાનંદ સ્વામીનો કામદોષ નાશ પામ્યો.

❊ શાસ્ત્રીજી મહારાજના એક વચનથી હીરામુખીનું પરિવર્તન થયું.

❊ યોગીજી મહારાજે કેટલાય પાપના પર્વતને ઓગાળ્યા અને કેટલાય યુવકોને ત્યાગને માર્ગે ચડાવ્યા. એમની દૃષ્ટિથી કેટલાયના રોગ ગયા, કેટલાયના દોષ ગયા, કેટલાય ભક્તિના રંગે રંગાયા.

❊ પ્રમુખસ્વામીનાં વચને રીશુભા વાળા, રામસંગ બાપુ જેવા કેટલાય બદલાયા, કેટલાયનાં વ્યસનો - દોષો-સ્વભાવ ગયાં, સંસારનો ત્યાગ કરીને સાધુ થયા.

માન-રહિત આ સદ્‌ગુણોથી ભગવાનને ધારવાનું સામર્થ્ય પણ આવા ગુણાતીત પુરુષોમાં જોવા મળે છે. આવું બળ - સામર્થ્ય આવા ગુણાતીત પુરુષો સિવાય કોઈનામાં જોવા મળતું નથી. એવા લોકો ગમે તેટલાં અને ગમે તેવાં પ્રવચનો કરે તેમાં કોઈનુંય પરિવર્તન થતું નથી.

(૪) ભગવાનનો કુરાજીપો થાય.

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે કે અંતર્દૃષ્ટિવાળાને ખબર પડે કે માની ભક્તને ભગવાનની મૂર્તિની દૃષ્ટિમાં વક્રતા દેખાય છે.

અર્થાત્ ભગવાન કુરાજી થાય. નિર્માની ભક્ત પર ભગવાનનો જેવો રાજીપો થાય છે, તેવો રાજીપો માની ભક્ત ઉપર થતો નથી. તેથી જ મહારાજ જણાવે છે કે ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે.

શ્રીજી મહારાજ વચનામૃત અમદાવાદ-૩માં કહે છે, 'જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય. માની પાસે સેવા કરાવવી તે તો કાળમાં કોદરા ખાવા જેવી છે.' કારણ કે, માનીને વાતે વાતે ધોખો થાય. માનને લીધે એ ભક્તમાં ઈર્ષ્યા, મત્સર, રાગ, દ્વેષ, કપટ વગેરે દોષો અને વિકારો ઉત્પન્ન થાય છે. અને ભક્તમાં જો આ દોષો હોય તો ભગવાનને એવા ભક્ત સાથે બનતું નથી, સુવાણ થતી નથી, એવો ભક્ત પણ ગમતો નથી અને એવા ભક્ત ઉપર રાજીપો પણ થતો નથી.

- ❊ ગ.પ્ર.૫૮ : 'પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, અને ઈર્ષ્યા એ સર્વનો ત્યાગ કરે, અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળે ભાવ રહે, પણ દેહે કરીને સર્વેને નમતો રહે, તો એની ઉપર મોટા સંત રાજી થાય છે.'
- ❊ ગ.પ્ર.૭૬ : 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે.'
- ❊ લોયા.૧૪ : 'મોરે તો અમારે કામી ઉપર બહુ અભાવ રહેતો અને હવે તો ક્રોધ, માન, ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે. કાં જે કામી હોય તે તો ગૃહસ્થની પેઠે નિર્માની થઈને સત્સંગમાં પડ્યો રહે છે. અને જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે. માટે એ ત્રણ ઉપર તો બહુ ખેદ રહે છે. તે માન તે શું ? તો જે માની હોય તેને પોતાથી મોટો હોય તેની આગળ પણ સ્તબ્ધપણું રહે, પણ તેની આગળ હલકો થઈને તેની સેવામાં વર્તાય નહિ.'
- ❊ પૂર્ણાનંદ સ્વામીને માન હતું. તેથી એકવાર સભામાં આવ્યા. પોતાના મોભા પ્રમાણે સ્થાન ખાલી ન હતું. પાછળ જગ્યા હતી, પણ બેઠા નહીં ને ઊભા રહ્યા. મહારાજે ટોક્યા ને ખોટું લાગ્યું ને તેથી સત્સંગ છોડીને ચાલી નીકળ્યા.
- ❊ જીવા ખાચર : માન-ઈર્ષ્યાના ભાવથી સેવા વિશેષ કરતા હતા. છતાં દાદા ખાચર પર જેવો મહારાજનો રાજીપો થઈ ગયો તેવો જીવાખાચર પર ન થયો.

(૫) માનને લીધે બીજાનો અવગુણ આવે :

વ્યક્તિને પોતાના જે ગુણોનું માન હોય તે ગુણ બીજામાં ન જણાય તો તેને તેનો અવગુણ આવે. દા.ત. પોતે ધર્માદો આપતો હોય તેનું માન હોય, તો જે વ્યક્તિ ન આપતો હોય તેનો અવગુણ આવવાનો.

પોતે તપ કરતો હોય, પૂજા કરતો હોય, રવિસભામાં નિયમિત આવતો હોય તેનું તેને માન હોય, તો આ ગુણ જેમાં ન હોય તેનો અવગુણ આવવાનો.

વળી, પોતે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે ગુણો કેળવેલા હોય, તે જો માન માટે હોય તો તેની જ્યારે પ્રશંસા ન થાય ત્યારે પણ અવગુણ આવવાનો. પોતે કરેલ સેવા, તપ - ત્યાગની પ્રશંસા ન થાય, સભામાં નામ ન બોલાય તો અવગુણ આવવાનો.

- ❊ મુકતાનંદ સ્વામીએ અલૈયા ખાચરની પ્રશંસા ન કરી તો તેનો અવગુણ આવ્યો અને મુકતાનંદ સ્વામીનું માથું ઉડાડવા તૈયાર થયા.
- ❊ તેથી જ તો શ્રીજી મહારાજ વચ. લો.૧૬માં કહે છે કે જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે. પરિણામે અંતરમાં અશાંતિ રહ્યા કરે.
- ❊ મહારાજ ગ.પ્ર.૨૮માં કહે છે કે તે પછી અર્ધબળેલા

કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે. એને સત્સંગમાં સુખ ન આવે.

(૬) ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય :

શ્રીજી મહારાજ લોયા ૧૪, ગ.અં.૨૭ વચનામૃતોમાં કહે છે કે માનને લીધે જીવ આ સત્સંગ કે ભગવાનને મૂકીને જતો રહે છે. વળી, મહારાજ વચ. લોયા-૧૭માં કહે છે કે જો દેહાભિમાન હશે તો ગમે ત્યારે સત્સંગમાં ધક્કો વાગશે અને સત્સંગ છૂટી જશે.

પોતાના માનને લીધે કરેલી સેવા, સાધના, ભક્તિ ઉપર પાણી ફરી વળશે. કરેલી કમાણી ધૂળધાણી થઈ જાય. તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે,

સાંભળ બેની હરિ રીજ્યાની રીતડી
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિશે,
જેમ ભળિયું પયસાકરમાં અહિઝેર જો.

વળી, નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

'માની કેનું માને નહિ, મર હોયે વાલમ્યનાં વેણ,
આપ ડા'પણમાં દેખે નહિ, રહે અંધધંધ દિનરેણ.'
(વચનવિધિ-૨૩/૭)

❊ માનના સ્વભાવને લીધે જ ફઈબા ન માન્યાં, દુર્યોધન ન માન્યો. અલૈયા ખાચર, કીડી સખી મહારાજને મૂકીને જતા રહ્યા.

❊ જીવા ખાચરે મહારાજને મારી નાંખવાનું કાવતરું કર્યું, તો સોખડાના ત્રિભોવનદાસ શાસ્ત્રીજી મહારાજને મારવા માટે દોડ્યા - કેટલી સેવા બંનેની હતી ? છતાં માન કેવું કરાવે છે ?

❊ વળી, ભક્તચિંતામણિમાં કહ્યું છે,

માને ગયું કૈરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ;
માને સુર અસુર છે દુ:ખી, માન રાખી કોણ થાય સુખી.
સ્વર્ગ મૃત્યુ પાતાળ મોઝાર, માને મારી મૂકયાં નરનાર;
કામ ક્રોધ લોભ કે'દિ જાય, પણ માન તે તો ન મુકાય.
નથી બીજા કોઈનો તે વાંક, માને રોળ્યા છે રાજા ને રાંક;
એવો નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે.
ઘર તજી જાય કોઈ વન, એકાંત્યે બેસી કરે ભજન;
અન્ન મૂકી ફળ ફૂલ ખાય, પણ માન તે તો ન તજાય.
કોઈ જ્ઞાની થઈ કરે જ્ઞાન, કોઈ ધ્યાની થઈ ધરે ધ્યાન;
કોઈ ભક્ત થઈ ગુણ ગાય, પણ માન તે તો ન તજાય.
કવિ કોવિદ પંડિત પીર, યોગી યતિ સતી શૂરવીર;
માન ગયે મરવાને ચાય, પણ માન તે તો ન તજાય.
સર્વે મરે છે માનના માર્યા, માન આગળ્ય કંઈક હાર્યા;
એવા માનને મેલી મહાંત, ભાવે ભજે છે શ્રી ભગવંત.
(ભક્તચિંતામણિ - ૧૧૦)

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે,

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોઈ કામનો રે;
ત્યારે કો'ને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે.
થઈ ગરીબ ને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનો રે;
મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે.
ખોળી ખોટ ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજવવા રે;
એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રીઝવવા રે.
એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;
સરે નિષ્કુળાનંદ કામ, એમ સરવે સંત કહે છે રે.
(ચોસઠપદી-૩૧, ૩૨)

આ રીતે માનને લીધે બહુ જ મોટી ખોટ ભક્તને જાય છે. તેથી શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે કે જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિનું માન હોય તે ભક્તને અતિ ખોટ છે. માટે ભગવાનનો ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદય થવા દેવું નહિ. કારણ કે નિર્માની ભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે.

❊ વળી, મહારાજ વચનામૃત ગઢડા મધ્ય ૪૧માં કહે છે કે, માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો.

■ **માન ટાળવાનો ઉપાય :**

મોક્ષની આ સાધનામાં માનરૂપ દોષ એ ખૂબ જ વિઘ્નકારક છે, એ આપણે જોયું. આ માન ટાળવાનો ઉપાય મુક્તાનંદ સ્વામીએ પૂછ્યો છે. શ્રીજી મહારાજ એનો ઉત્તર આપતાં કહે છે :

૧. ભગવાનના ભક્તનું મહાત્મ્ય સમજવું.
૨. દેહે કરીને તેમને નમસ્કાર કરવા.
૩. તેમની સેવાચાકરી કરવી.
૪. હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખીને વિચારનું બળ રાખીને તે ટાળવાનો પ્રયત્ન કરવો.

આ ચાર ઉપાયોમાં ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા જ મુખ્ય છે. તેથી જ તો મહારાજે વચ. લો. ૧૬, ૧૭, અને ગ.અં.૨૮માં માન ટાળવાના મુખ્ય ઉપાય રૂપે ભગવાન અને ભગવાનના સંતનો મહિમા સમજવાનું કહ્યું છે.

❊ લોયા - ૧૬ : ''જે ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને માન ન આવે, કેમ જે, જુઓ ને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા, તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, 'એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને તુલસીદાસજીએ કહ્યું છે કે,

તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ;
તાકે પગકી પહેનિયાં મેરે તનકી ચામ.

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરનાં ચામડાના જોડાં કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજન, કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે પણ માહાત્મ્ય વિના તો માન જતું નથી. તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું.''

❊ ગ.અં. ૨૮ : ''... બ્રહ્માએ પણ કહ્યું જે,

અહો ભાગ્યમહો ! ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।
યન્મિત્રં પરમાનંદં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ॥''

એવી રીતે બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા તો એવી રીતે બોલ્યા. તે માટે જો ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે, ને ગમે તેટલું અપમાન કરે તોપણ તેના સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે જ નહિ. અને એમ મનમાં થાય નહિ જે, 'હવે તો ક્યાં સુધી ખમીએ ? આપણે તો આપણે ઘેર બેઠાં થકાં જ ભજન કરીશું.' તે માટે એમ માહાત્મ્ય સમજે તો માન ટળે.''

ટૂંકમાં, ભગવાનનો કે સત્પુરુષનો મહિમા યથાર્થ સમજાય તો પોતાનો અહંકાર ઓગળે.

જેમ લાખોપતિ કરોડપતિને જુએ, કરોડપતિ અબજોપતિને જુએ તો પોતાનું માન ન રહે. જેમ નાનો એમ.બી.બી.એસ. ડોકટર, શહેરના મોટા એમ.ડી. કે એમ.એસ. ડોકટરને જુએ તો તેને પોતાનું માન ન રહે.

જેમ ગામડાંનો સરપંચ તાલુકા પંચાયતના પ્રમુખને જુએ, તાલુકા પંચાયતનો પ્રમુખ જિલ્લા પંચાયતના પ્રમુખને, તે વળી ગુજરાતના મુખ્યમંત્રીને અને મુખ્યમંત્રી ભારતના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ સામે નજર રાખે, તો સૌને પોતાની સત્તાનો કેફ કે અહંકાર ન રહે.

તેમ ભગવાનના સામર્થ્ય, શકિત, કાર્ય અને સદ્‌ગુણોનો વિચાર કરીએ તો આપણામાં પણ આપણા સદ્‌ગુણોનો અહંકાર ન રહે.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયે રે;
શીદ ડો'ળીને ડા'પણ, સમજુ શાણા કહાવિયે રે.
જેણે રચ્યું આ જગત, જોને જુજવી એ જાતનું રે;
જોતાં મૂંઝાઈ જાય મત, એવું કર્યું ભાત ભાતનું રે.
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે.
વણ કર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે.

મેલી ડા'પણ ભોળાપણ, રહિયે દાસના દાસ થઈને રે;
કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈને રે.
(ચોસઠપદી - ૨૯)

જેને આવો ભગવાનનો મહિમા સમજાયો છે તેને પોતાના અનંતગુણો અને કરેલા કાર્યનો અહંકાર આવતો નથી. તેનું આદર્શ દૃષ્ટાંત ગુણાતીત-પરંપરા છે.

આમ, મહારાજ - સ્વામી, પ્રગટ ગુરુહરિના સંબંધમાં આવેલા સંતો, ભક્તોનો મહિમા સમજાય તો તેમની આગળ પણ માન ન રખાય, તેમને નમસ્કાર થાય અને તેમની સેવા થાય.

❋ વળી, મહારાજ કહે છે કે જ્યારે માનના સંકલ્પ થાય ત્યારે અંતદૃષ્ટિ કરીને તેને ઓળખવો પડે અને તે સંકલ્પને ટાળવાનો ઉપાય કરવો જોઈએ. જો માનનો અંકુર ફૂટે ને તુરત નાશ કરીએ તો પછી તેનું મોટું વૃક્ષ ન થાય. માનનું વટવૃક્ષ થયા પછી તેનો નાશ કરવો કઠણ પડે. માટે માનનો સંકલ્પ થાય કે તુરત જ તેનો નાશ કરવો જરૂરી છે. માનનો નાશ કરવા માટે સૌ પ્રથમ તેને ઓળખવા માટે અંતદૃષ્ટિની જરૂરિયાત છે.

માનનો સંકલ્પ ઓળખ્યા પછી મહારાજ કહે છે : 'વિચારનું બળ રાખીને તેને ટાળવો.'

બે પ્રકારના વિચાર કરવા.

(૧) માનને વિશે શત્રુભાવ. આ માનને લીધે જ મારું ભૂંડું થાય છે, તેવો વિચાર કરવો.

(૨) ભગવાન અને સંતના મહિમાનો વિચાર કરવો.

❋ જો આ રીતે પ્રયત્ન કરવામાં આવે તો મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિના પ્રતાપે જરૂર માન ટળી જાય.

સભા : ૬ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૫૮ દેહ, કુસંગ ને પૂર્વસંસ્કારનું, મોટાને જાણે તેવો થાય
- **વિશેષ પ્રવચન** : 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી 'પત્રિકા'ની અથવા 'નીલકંઠ'ની સૂચના મૂજબ લેખનું વાંચન
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્ઠાવનમું : દેહ, કુસંગ ને પૂર્વસંસ્કારનું, મોટાને જાણે તેવો થાય

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના ફાગણ સુદિ ૫ પંચમીને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જે પરમહંસની જાયગા ત્યાં વિરાજમાન હતા અને સર્વ ધોળા વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! સત્સંગમાં રહેતે થકે જેટલા અવગુણ હોય તે સર્વે નાશ પામી જાય અને દિનદિન પ્રત્યે ભગવાનની ભક્તિ વૃદ્ધિ પામતી જાય એનો શો ઉપાય છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય; અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય; અને જો મોટા પુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તો ય પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી લોભી થાય; અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.

● આ વચનામૃતની વિશેષતા :

આપણે સત્સંગમાં આવ્યા છીએ. તો તે સત્સંગતનું ફળ શું ? જીવન પરિવર્તન થાય એ. દોષો-સ્વભાવો ટળવા જોઈએ ને હૃદયમાં પરમેશ્વરની ભક્તિ ઉદય થવી જોઈએ.

બાહ્ય કપરી સાધના વિના, કેવળ સમજણની દૃષ્ટિ કેળવવાથી, સ્વભાવરહિત બનીને ભક્તિ ઉદય કરવાનો એક અકસીર કિમીયો મહારાજ આમાં દર્શાવે છે.

● શ્રીજીમહારાજ આ માટે ત્રણ ઉપાય દર્શાવે છે :

૧. અતિશય મોટાપુરુષના ગુણ ગ્રહણ કરવા.

૨. મોટાપુરુષને નિર્દોષ સમજવા

૩. પરમેશ્વરના દાસના ગુલામ થવું.

૧. મોટાપુરુષના ગુણ ગ્રહણ કરવા :

- વ્યક્તિ પોતાને જ શ્રેષ્ઠ માને તો તેના અવગુણ તેને દેખાય નહીં. પરંતુ પોતાનાથી જે શ્રેષ્ઠ હોય તેને જુએ, તેને સમજે, વિચારે તો પોતાની પામરતાનો ખ્યાલ આવે.

- લાખ રૂ.ના ઘમંડમાં ફરતો માનવ કરોડપતિને જુએ, જાણે ત્યારે તેનું અહં ઓગળી જાય.
- પોતાના કરતા કોઈ વિશેષ સારુ અંગ્રેજી બોલતો હોય કે સંગીત જાણતો હોય તેવાને મળતા પોતાના દોષો ટાળવાનો વિચાર આવે.
- શ્રીજીમહારાજે પોતાની ભૂલ ન ઓળખાય તો મોટાની સાઈદી લેવાની વાત ગ.મ. ૬૬માં કરી છે. મોટા કેવી રીતે વર્તે છે તેની સાથે પોતાની તુલના કરવી. તેમાંથી પોતાની ખામીનો ખ્યાલ આવે.
- મોટાપુરુષ એટલે ગુણાતીત સત્પુરુષ. એના ગુણ ગ્રહણ કરવાના છે. આમ તો સામાન્યપણે દરેકમાં ગુણ જ જોવાના છે. પરંતુ મોટાપુરુષમાં જે ગુણો રહેલા છે તે દિવ્ય, શાશ્વત અને કલ્યાણકારી છે. દેશકાળાદિકનો કાટ તેના પર લાગતો નથી. સોનાના દોરા જેવા છે. તે સાધક માટે આદર્શ છે.
- પ્રમુખસ્વામીને પ્રશ્ન પૂછાયો, 'બ્રહ્મરૂપ થવું એટલે શું ?'

  સ્વામીએ તેનો ઉત્તર આપ્યો. 'સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું, જેમ વર્તે છે તેમ વર્તવું ને તેમણે જેમ પોતાનો દેહ ભક્તિમાં વાળ્યો છે તેમ દેહ ભક્તિમાર્ગમાં વાળવો તે બ્રહ્મરૂપ. આમ સત્પુરુષ સાધનારૂપી હવેલીનો નકશો છે. તેની સામે જોઈ જોઈને સાધકે ચણતર-ઘડતર કરવાનું છે.

મોટાપુરુષના ગુણગ્રહણ કેવી રીતે કરવા ?

૧. ગુણ જોવા, સાંભળવા ને જાણવા
૨. ગુણ વિચારવા અને સમજવા
૩. એમના ગુણની સરખામણીમાં પોતાની તપાસ
૪. ગુણો અપનાવવા.

સ્વામીશ્રીની અનેક ક્રિયા આપણે જોઈ છે. દા.ત. પૂજાદર્શન, કથા, ભોજન, પ્રાતઃભ્રમણ, પત્રલેખન, પધરામણી વગેરે.

આમાંથી ગમે તે એક ક્રિયા પર ઉપરના ચાર મુદ્દાનો વિચાર કરવો. દા.ત. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાઃ ઉપરના ચાર મુદ્દા પર વિચારીએ :

૧. આપણે જોઈ તો છે જ. પણ પૂજામાં ખરેખર શું શું વિધિ કરે છે તે પણ જાણવું જોઈએ.
૨. પૂજા કરતા કરતા સ્વામીશ્રી કેવા વિશિષ્ટ સંજોગો, માન-અપમાન, સુખ દુઃખ, સગવડ-અગવડ, દૈહિક રોગ, પ્રવૃત્તિની જવાબદારી, ઉંમર... આ બધામાં એકાગ્રતાથી-મહિમાપૂર્વક સાક્ષાત્‌ભાવે પૂજા કરે છે. આ કેવી રીતે કરે છે તે વિચાર કરવો.
૩. સ્વામીની પૂજા સાથે આપણી પૂજાની પરિસ્થિતિની સરખામણી કરવી અને આપણી ભૂલો શોધવી.
૪. એ ભૂલો કાઢીને સ્વામીશ્રીની જેમ પૂજા કરવાનો દૃઢ સંકલ્પ કરવો. તો પૂજાનો ગુણ ગ્રહણ કર્યો કહેવાય. ને તો જ ભક્તિ વૃદ્ધિ પામે. એ જ પ્રમાણે પ્રત્યેક ગુણ ગ્રહણ કરે તો સ્વભાવ-અવગુણ નાશ પામે ને સદ્‌ગુણ વૃદ્ધિ પામે.

- જૂનાગઢમાં એક નાગર ભક્ત બહુ સ્વાદિયા. ભોજનમાં સહેજ પણ ચલાવી ન લે. ઘરમાં બધાને આનાથી ખૂબ ત્રાસ વર્તતો. એકવાર જૂનાગઢ મંદિરે ગુણાતીતાનંદ સ્વામીને જમતા જોયા. સ્વામી બાજરાના રોટલાનો ભૂકો (ખુરમા) અને છાશ જમતા હતા. એમાં સ્વામીએ મીઠુ નાંખ્યું. પાણી નાંખ્યું. તે હકીકત જાણીને તેને સ્વામીનો બહુ ગુણ આવ્યો. એ દિવસથી એ સાદુ જમતા થઈ ગયા.
- પ્રમુખસ્વામીને પૂછ્યું, 'તમને શાસ્ત્રીજી મહારાજની કઈ ક્રિયા વધુ ગમતી ?' સ્વામીની

બધી જ ગમતી. બધી જ દિવ્ય હતા.'

- આપણે મહારાજ અને ગુરુપરંપરાના જીવનચરિત્રોમાંથી તેઓ જે રીતે સેવા-ભક્તિ-પ્રવૃત્તિ કરે છે તેનું મનન કરી ગુણોને યથાર્થ સમજવા પડે. સત્સંગમાં તેઓ સેવા કરે છે એમાં
  - કોઈ પ્રકારનો કોઈ સાથે રાગદ્વેષ નથી.
  - માન-મત્સર-ઈર્ષ્યા નથી.
  - કોઈ પ્રકારનું અહં નથી.
  - કોઈનો અભાવ-અવગુણ નથી.
  - સતત ભગવાનને કર્તા માને છે.
  - મહિમા ને નિર્દોષતા રાખી સેવા કરે છે.
  - કોઈ અપેક્ષા કે સ્વાર્થ નથી.
  - સુખ દુઃખ-માન અપમાન કે અગવડો ગણકારતા નથી.
  - કોઈનો વાદ લેતા નથી.

આ પ્રમાણે છણાવટ કરીને પોતાની સેવા-ભક્તિની તુલના કરવી. તો ગુણ આવે - નિષ્કુળાનંદ સ્વામી :

કોઈ કહેશે જે આ સંત બહુ સારા રે,
ખરા કલ્યાણના કરનારા રે,
એટલો જ ગુણ જે ગ્રહેશે રે,
તે તો બ્રહ્મમહોલ વાસ લેશે રે.

૨. અતિશય મોટાપુરુષને નિર્દોષ જાણવા :

- સત્પુરુષ સંપૂર્ણ નિર્દોષ, નિર્વિકાર, નિષ્પક્ષ, દિવ્ય સમજાય તો લાભનો પાર નથી ને તેમ ન સમજાય તો ખોટનો પણ પાર નથી.
- જો ભગવાન ને સંતના ચરિત્રમાં દિવ્યભાવ રહે તો બીજના ચંદ્રમાની પેટે વૃદ્ધિ પામતો રહે. - વરતાલ ૧૨
- અહી ભગવાને વરદાન અને શાપ બેય આપ્યા છે. જો દિવ્યભાવ રહે તો આશીર્વાદ, મનુષ્યભાવ આવે તો શાપ
- કામાદિક દોષો ટાળવા ઘણા કઠણ છે.
- વિશ્વામિત્ર - ૬૦,૦૦૦ વર્ષ સુધી તપ કર્યું. - પણ મેનકામાં ફસાયા
- પરાશર ઋષિ મત્સયગંધામાં અટવાયા.
- સૌભરી ઋષીને માછલાનું મૈથુન જોઈને લલચાયા. ને માંધાતાની ૫૦ કુંવરીને પરણ્યા.
- શિવજી મોહીનીમાં મોહ પામ્યા.
- મુક્તાનંદ સ્વામી એટલે જ કહે છે :

કામ ને ક્રોધ મદલોભ દળમાં મુખી,
લડવા તણો નવ લાગ લાગે;
જોગીયા જંગમાં ત્યાગી તપસી ઘણા,
મોરચે ગયે ધર્મદ્વાર માગે.

- આ વિકારો કોઈ કાળે, કોઈ રીતે ટળે એવા નથી. તેને ટાળવાનો સરળ-સુગમ ઉપાય આ વચનામૃતમાં છે.
- સત્પુરુષને નિષ્કામી સમજે તો પોતે કૂતરા જેવો કામી હોય તોય નિષ્કામી થાય.
- ભગવાન અને સંતને માયા સ્પર્શી ન શકે. અગ્નિને ઉધઈ લાગે તો ઉધઈ પણ અગ્નિરૂપ થઈ જાય. એમ ભગવાન ને સંત માયાને ગ્રહણ કરે તો માયા પણ બ્રહ્મરૂપ થઈ જાય. (વર-૭.) જે કાંઈ દેખાય છે તે નટની માયા છે. પણ ભગવાન ને સંત માયિક નથી.
- કમળાવાળા ને બધું પીળું દેખાય. અરીસામાં ડાઘ નથી. પણ આપણા ચહેરા પર ડાઘ હોય તે અરીસામાં દેખાય છે. તેવું સત્પુરુષ માટે છે. આપણા જ દોષોનું પ્રતિબિંબ એમાં દેખાય છે. તે પોતે તો નિર્મળ છે.
- સંતમાં દોષદૃષ્ટિ રાખે તો પંચમહાપાપ કરતા પણ અધિક પાપી છે. (ગ.મ. ૪૬, વર. ૧૪)
- ગુણાતીતાનંદ સ્વામી ભક્તોને રાજી કરવા ત્રણ વાર જમ્યા. આ જોઈને લોટિયા સાધુ (જેઓ દિવસમાં ફક્ત એક જ વાર પાણીમાં લોટ નાંખી પીતા) તેમને સ્વામીનો અભાવ આવ્યો. થોડા જ દિવસ બાદ તેઓ વિમુખ થઈને જતા રહ્યા.
- રઘુનાથદાસને રામાનંદ સ્વામીનો અભાવ

આવ્યો. 'રામાનંદ સ્વામી પૂરબિયામાં મોહ પામી ગયા.' પછી મહારાજનો પણ અભાવ આવ્યો. વિમુખ થયો.

- આ રીતે દોષ પરઠે તો પોતે દોષી થઈ જાય.
- ગુ.સ્વા. સારામાં સારું શું ? ભગવાન ને સંતમાં દિવ્યભાવ. ભૂંડામાં ભૂંડું શું ? ભગવાન ને સંતમાં મનુષ્યભાવ.
- પણ જ્યાં સુધી આપણે નિર્દોષ ન થઈએ ત્યાં સુધી સંત નિર્દોષ મનાય ખરા ? અને જ્યાં સુધી નિર્દોષ ન મનાય ત્યાં સુધી નિર્દોષ થવાય ખરું ?

આ વિરોધાભાસ ટાળવા શ્રીજીમહારાજ શ્રેષ્ઠ ઉકેલ આપે છે - વર-૧૧માં 'સત્પુરુષને વિશે ગાઢ પ્રીતિ.' કારણ કે પ્રીતિએ કરીને અવગુણ ન આવે ને વાત મનાય. તેથી વિશ્વાસ આવે ને તેથી તેમના વચને કરીને નિર્દોષ મનાય ને અંતે નિર્દોષ થવાય.

૩. પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે :

- પરમેશ્વરના દાસ એટલે ગુણાતીત સંત. તેના ગુલામ થવાનું.
- ગુલામ એટલે વેંચ્યો વેચાય. ગુલામને કોઈ ફરિયાદ નહીં, કોઈ દલીલ નહીં, કોઈ શંકા નહીં કોઈ વાદવિવાદ નહીં. કોઈનો અભાવ-અવગુણ નહીં. કોઈ પ્રકારના અહં-મમત્વ નહીં. માન-મોટયપ નહીં.
- નિષ્કુળાનંદ સ્વામી :
  સખી જેમ વાળે તેમ વળજે,
  તજી તરત રે તનમનની તાણ
- ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી પાસે જ્ઞાન લેવા આવ્યા. ગુ.સ્વા.એ પથરા ઉચકાવ્યા. ચૂનો પીસાવ્યો. તપ કરાવ્યું. દેહમનના ભૂક્કા કરી નાંખ્યા.
- બાલમુકુંદ સ્વામી અને યોગેશ્વર સ્વામી જૂનાગઢ સાધુ થવા આવેલા. ગુ.સ્વા. રોજ તડકામાં ૧ કલાક ઉભા રાખે. આમ એક મહિનો કર્યું. પણ બેમાંથી એકેને પ્રશ્ન નહી. કારણ કે નક્કી કરીને આવ્યા હતા કે સ્વામી કહે એમ જ કરવું છે. તો બે ય સાધુગુણે સંપન્ન થઈ સદ્ગુરુ થયા.
- દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં,
  ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં.
- પ્ર.સ્વા.ને પૂછ્યું : આપને શું થવું ગમે ? 'સેવક'
- ભગવાનના દાસ સંત એટલે કે પ્રમુખસ્વામી મહારાજ. તેના ગુલામ થવાનું છે. પરંતુ પ્રમુખસ્વામીના દાસ એટલે કે સંતો-ભક્તોના પણ ગુલામ થવાનું છે.

ઉપરોક્ત ત્રણ ઉપાયથી પાકા ભક્ત થવાય. વિકારમાત્ર ટળી જાય. માહાત્મ્ય સહિત એકાંતિક ભક્તિ ઉદય થાય. ◆

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમનું ૫૮મું : દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કારનું...

સંવત ૧૮૭૬ના ફાગણ સુદિ ૫ પંચમીને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જે પરમહંસની જાયગા ત્યાં વિરાજમાન હતા અને સર્વ ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, "પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."

પછી વળી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, "શો ઉપાય કરે તો મોટા-પુરુષ રાજી થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા એ સર્વનો ત્યાગ કરે અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળેભાવે રહે પણ દેહે કરીને સર્વેને નમતો રહે, તો એની ઉપર મોટા સંત રાજી થાય છે."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૫૮મું વચનામૃત થયું.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ગુણાતીત સંતના રાજીપાનું ફળ બતાવે છે અને એ રાજીપો મેળવવા માટેની સાધના જણાવે છે.

❋ આનંદાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે કે, પૂર્વના સંસ્કાર મલિન હોય તે ક્યારે ટળે ?

● **પૂર્વસંસ્કાર :**

❋ મહાભારતમાં એક વાત આવે છે. માંડવ્ય ઋષિ શાંત સ્વભાવવાળા અને તપસ્વી હતા. તેઓ એક વૃક્ષ નીચે મૌનવ્રત ધરી ધ્યાનમાં બેઠા હતા. તે સમયે કેટલાક લોકો રાજ્યમાં ચોરી કરી તેમના આશ્રમમાં છુપાઈ ગયા. રાજાના સૈનિકોએ ચોરને શોધીને પકડી લીધા, સાથે ઋષિને પણ ચોરોના સરદાર જાણી પકડી લીધા. રાજાએ બધાને શૂળી પર ચડાવવાની સજા કરી. શૂળી પર ચડાવવાથી બધા ચોરો તો મૃત્યુ પામ્યા, પણ ઋષિ ભગવાનનું નામ જપતાં જીવતા રહ્યા. તેથી સૈનિકો અને રાજા ગભરાઈ ગયા. ઋષિને શૂળી કાપીને નીચે ઉતાર્યા. ઋષિએ રાજાને ક્ષમા આપી. પરંતુ માંડવ્ય ઋષિએ યમરાજને પ્રશ્ન પૂછ્યો કે, મને આ શૂળીનું દુઃખ શા માટે આવ્યું ? ત્યારે યમરાજે કહ્યું, 'તમે પૂર્વજન્મમાં નાના હતા, ત્યારે સોયની અણીથી એક કીડાને કાપી નાખ્યો હતો, તેને જેટલું દુઃખ થયું તેટલું દુઃખ તમારે આ જન્મમાં ભોગવવું પડ્યું.'

❋ પૂર્વજન્મમાં કરેલાં પાપ કર્મોના મલિન સંસ્કારો જીવ સાથે વળગે છે અને તેનું ફળ માણસે જન્માંતરે પણ ભોગવવું જ પડે છે.

❋ એટલે જ ગુણાતીતાનંદ સ્વામી તેઓના ઉપદેશમાં કહે છે, 'કોઈ રળી રળીને મરી જાય, તો ય ખાવા ન

મળે ને કોઈને ગાડાં મોઢે રૂપિયા ચાલ્યા આવે, તે પૂર્વનું પ્રારબ્ધ કહેવાય.' **(સ્વામી વાત : ૫/૨૧૩)**

❋ કેટલાકને સહેજે સહેજે ધ્યાન ભજનમાં વૃત્તિ ચોંટે છે અને કેટલાક ધ્યાનુ-ભજનમાં બેસે અને મનને એકાગ્ર કરવા પ્રયત્ન કરે, તોપણ મન એકાગ્ર કરી શકતા નથી. તેનું કારણ પૂર્વના સંસ્કારો હોઈ શકે.

❋ વચનામૃત ગઢડા પ્રથમ-૫૫માં શ્રીજીમહારાજ કહે છે, 'દેશ, કાળ, ક્રિયા અને સંગ અતિ પવિત્ર છે અને તેમાં પણ જો એની બુદ્ધિ મલિન થઈ જાય છે, તો એને પૂર્વજન્મનું તથા આ જન્મનું કોઈ મોટું પાપ નડે છે.'

❋ વળી, કેટલાકનો સ્વભાવ નાનપણથી જ ક્રોધી હોય, કેટલાંકને સાહજિક રીતે અમુક ભોજન પ્રત્યે અણગમો હોય. આવી પ્રકૃતિનું કારણ પણ પૂર્વજન્મમાં પડેલ સંસ્કારો હોઈ શકે છે.

❋ વચનામૃત લોયા-૮માં શ્રીજીમહારાજ કહે છે, 'સારી-નરસી પ્રકૃતિ થાય છે (તે) કેટલાંકને પૂર્વકર્મ અનુસારે પણ થાય છે.'

❋ આમ, પૂર્વના મલિન સંસ્કારોના કારણે મનુષ્યના મલિન સ્વભાવ થાય છે અને તે સ્વભાવ મનુષ્યને દુઃખરૂપ અને પીડાદાયક બને છે.

❋ વળી, ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં કહે છે, 'પૂર્વનો સંસ્કાર એટલે પૂર્વજન્મનું કરેલું હોય તેને જ કહેવાય એમ ન સમજવું, આજે જે ક્રિયા કરીએ તે આવતી કાલે પૂર્વ કહેવાય એમ સમજવું.

(સ્વામી વાત : ૧/૩૩૮)

❋ આ જન્મમાં પણ જે કાંઈ નરસી ક્રિયાઓ કરીએ છીએ, તેના ફળ સ્વરૂપે લાગતા મલિન સંસ્કારો માણસને સત્સંગમાં અને સાધનામાં વિઘ્નરૂપ થઈ શકે છે.

❋ સારંગપુરના દરબાર વાઘાખાચરે સત્સંગ થયા પૂર્વે ઘણાં ધિંગાણા કર્યા હતા. તેથી સત્સંગ થયા પછી પણ તેમને ધિંગાણાના ને હિંસાના સ્વપ્ના આવતા હતા. કમિયાળાના દાજીભાઈ સત્સંગ થયા પૂર્વે ચકલાં મારીને તેની જીભ ખાતા. તાંબાની ભસ્મ ખાતા. તેને કારણે તેમને વિષયભોગના પ્રબળ સંકલ્પો થતા. તેથી તેમણે ગુણાતીતાનંદ સ્વામીને કહેલું, 'મને બ્રહ્મચર્યનું વર્તમાન પાળવું અઘરું પડશે.'

આમ, પૂર્વના મલિન સંસ્કારો-પછી તે પૂર્વ જન્મના હોય કે આ જન્મના હોય, મનુષ્યને વિઘ્ન કરે છે. તે ટાળવા માટેનો ઉપાય અહીં આનંદાનંદ સ્વામી શ્રીજીમહારાજને પૂછે છે.

❋ શ્રીજીમહારાજ ઉત્તર આપતાં કહે છે, 'અતિશય મોટાપુરુષનો રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તે નાશ પામે.'

● **અતિશય મોટાપુરુષ કોણ ?**

❋ અહીં અતિશય મોટાપુરુષ એટલે કોણ ? તે સમજવાનું છે. અતિશય મોટાપુરુષ એટલે ગુણાતીત સંત, અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત. અહીં દરેક સંતની વાત નથી.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે સંત અને મોટાપુરુષની સામર્થીનો ભેદ સ્પષ્ટ કર્યો છે. તેઓ આ વચનામૃતની શરૂઆતમાં કહે છે, કુસંગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય એટલે કે, કુસંગને કારણે બુદ્ધિમાં મલિનતા આવે તે સંતના સંગે કરીને ટળે છે, પણ પૂર્વના ભૂંડા સંસ્કાર ટાળવા ઘણા કઠણ છે. આમ કહીને તે માટેનો ઉપાય બતાવતાં તેઓ કહે છે, 'અતિશય મોટાપુરુષનો રાજીપો થાય તો પૂર્વના મલિન સંસ્કારો ટળે.'

❋ સદ્. દેવાનંદ સ્વામી પણ આ ભેદ પોતાના કીર્તનમાં સમજાવે છે

માટે સેવે તું સાચા સંતને રે
તારા ટળશે ત્રિવિધના તાપ રે...

સાચા સંતને સંગે ત્રણ પ્રકારના તાપ ટળે પણ તેઓ આગળ કહે છે,

અતિ મોટા પુરુષને આશરે રે,
બળે પૂર્વ જનમના પાપ...

પૂર્વજન્મનાં પાપ અને મલિન સંસ્કારો અતિ મોટાપુરુષનો આશરો કરવાથી બળે. આ મોટાપુરુષ એટલે અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત. એમ યોગીજી મહારાજ ઘણી વાર કહેતા.

● સત્પુરુષના રાજીપાનું ફળ : મલિન સંસ્કાર ટળે :

❊ સત્પુરુષની કૃપા અને રાજીપો થવાથી મલિન સંસ્કારો નાશ પામે છે. મલિન સંસ્કારો એટલે અનંત જન્મોથી જીવને વળગેલી વાસના.

❊ એક વાર જૂનાગઢમાં જામનગરના કડિયા હરિભક્ત ભાણાભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી કે 'સ્વામી ! મારાં પત્ની મૃત્યુ પામ્યાં છે. મારા સંબંધીઓ કહે છે કે, બીજાં લગ્ન કરો અને મને પણ અંતરમાં સંકલ્પ થયા કરે છે તેથી બીજું લગ્ન કરું કે ન કરું ?' સ્વામી કહે, 'હવે બીજું લગ્ન કરવાનો સંકલ્પ કરવો નહીં.' એમ કહી તેને નજીક બોલાવી વાંસામાં થાપો માર્યો અને કહે, 'જાઓ હવે તમને સંકલ્પ નહીં થાય.' સ્વામીની આજ્ઞાથી તેમણે બીજા લગ્ન ન કર્યા અને સ્વામીના રાજીપાના ફળ સ્વરૂપે તેમને થતા વાસનાના સંકલ્પ પણ બંધ થઈ ગયા !

❊ અનંત જન્મોના મલિન સંસ્કારોને કારણે ઉદય થયેલી વાસના ટાળવી અઘરી છે, પરંતુ સત્પુરુષનો રાજીપો થાય તો તે પણ ટળી શકે છે.

❊ મુંબઈના એક હરિભક્તને મોટી ઉંમરે પત્ની ધામમાં ગયાં પછી બીજાં લગ્ન કરવાનો સંકલ્પ રહેતો. પરંતુ પ્રમુખસ્વામી મહારાજે તેમને કહ્યું, 'આ ઉંમરે બીજાં લગ્ન ન કરવા.' તેઓ કહે, 'મને વિષયભોગના સંકલ્પ ખૂબ થાય છે.' સ્વામીએ તેઓને પોતાનું પ્રસાદીનું ગાતરિયું આપ્યું અને કહ્યું, 'આ ઓઢીને સૂઈ જજો. કોઈ સંકલ્પ વિકલ્પ નહીં થાય !' આ આજ્ઞા પાળવાથી તે હરિભક્તના સંકલ્પ બંધ થઈ ગયા.

ગુણાતીત સંતનો રાજીપો થાય અને તેઓની કૃપા થાય તો સ્વભાવ દોષો ટળી શકે છે.

❊ સુરતના એક હરિભક્તનો નાનો દીકરો ખૂબ જ તોફાન કરે. જન્મ્યો ત્યારથી પથરા, લાકડું વગેરે જે આવે તે મોંમાં જ નાંખે. એક-બે વર્ષનો થયો ત્યારે તેની માતાને નખ મારે. હેરાન કરે. એક વાર તો એની માતાને ગળે લટકીને એવો ઝાટકો માર્યો કે માતાની ડોક રહી ગઈ. તેની આવી ધમાલથી કંટાળીને તેના પિતા તેને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ આવ્યા. સ્વામીશ્રી સભામાં વિરાજમાન હતા. સ્વામીશ્રીની સામે આ બાળકને ઊભો રાખી અને તેના પિતાએ બધી વાત કરી. સ્વામીશ્રી હસતાં હસતાં તેને જોઈ રહ્યા. પછી તેના આખા શરીરે હાથ ફેરવી આશીર્વાદ આપ્યા અને કહે, 'હવે તોફાન નહીં કરે !' તેના પિતા કહે, 'બાપા ! આપ હસ્યા શા માટે ?' સ્વામીશ્રી કહે, 'યોગીબાપા આફ્રિકામાં ગયા હતા ત્યાં એક ચિમ્પાન્ઝી પર તેઓની દૃષ્ટિ પડી ગઈ હતી તે તમારે ત્યાં દીકરા તરીકે જન્મ્યો છે. હવે તેના ચિમ્પાન્ઝીના સંસ્કાર ટળી જશે અને શાંત થઈ જશે.' ત્યાર પછીથી તે બાળક સામાન્ય બાળક જેવો શાંત થઈ ગયો અને આજે સમર્પિત કાર્યકર તરીકે સેવા કરે છે.

મોટા પુરુષની પ્રસન્નતાથી અને કૃપાથી પૂર્વજન્મના મલિન સંસ્કારો નાશ પામે છે અને જીવ સારો થઈ જાય છે.

❊ આ જન્મના પાપકર્મોના સંસ્કારો પણ સંતનો રાજીપો થવાથી નાશ પામે છે. લીલાખાના મૂંજા સુરુ પાપના પર્વત સમાન હતા. ગુણાતીતાનંદ સ્વામીએ તેમને સત્સંગની વાતો કરી પાપકર્મ છોડવા સમજાવ્યા. પણ તે કહે, 'અત્યાર સુધી મેં ઘોર પાપ કર્યાં છે તેનું શું ?' સ્વામીએ કહ્યું, 'અત્યાર સુધીનાં પાપ નાશ પામ્યાં. હવે નવાં પાપ કરવા નહિ.' એમ કહી સ્વામીશ્રીએ તેમને કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા અને પંચ વર્તમાનના નિયમ આપ્યા. મૂંજો સુરુ કહે, 'મારા પાપ નાશ પામ્યાં તે મને કેવી રીતે ખબર

પડે ?' સ્વામીએ હાથમાં પાણીની અંજલિ ભરીને કહ્યું, 'આમાં તારા પાપ છે.' એમ કહીને કાળમીંઢ પથ્થર પર તે પાણી છાંટ્યું અને પથ્થરની તે શિલાના ચૂરે ચૂરા થઈ ગયા. મૂંજા સુરુને પ્રતીતિ આવી.

❊ વચનામૃત વરતાલ-૧૪માં શ્રીજીમહારાજ કહે છે, 'સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે.'

❊ સત્પુરુષના રાજીપાનો બીજો લાભ જણાવતાં અહીં શ્રીજીમહારાજ કહે છે....

● **રંક હોય તે રાજા થાય :**

❊ જેના પ્રારબ્ધમાં દારિદ્રય લખ્યું હોય, પણ સત્પુરુષનો રાજીપો થાય તો તે રંકમાંથી રાજા થાય.

❊ ગુણાતીતાનંદ સ્વામીને ઠંડીમાં તાપણું કરવા બાઉદ્દીન કઠિયારાએ લાકડાં આપ્યાં. તેણે વળતરમાં માત્ર આશીર્વાદ માંગ્યા. તેથી સ્વામી રાજી થઈ ગયા અને તે કઠિયારામાંથી જૂનાગઢના નવાબનો દીવાન બની ગયો.

❊ મોરબીના જગજીવનભાઈ કોટક વેપાર અર્થે અવારનવાર ગોંડલ આવતા. જ્યારે ગોંડલ આવે ત્યારે અક્ષરમંદિરે દર્શને આવે. એક વાર તેઓને યોગીજી મહારાજે પૂછ્યું, 'તમે ક્યાં જમો છો ?' તેઓ કહે, 'લોજમાં.' યોગીબાપાએ તેમને આગ્રહપૂર્વક મંદિરે જમવા કહ્યું. પછી અચાનક યોગીબાપાએ તેમને પૂછ્યું, 'આ વખતે શેનો વેપાર કર્યો છે ?' તેઓ કહે, 'બાપા અનાજ, ખાંડ, તેલ વગેરે કરિયાણાનો વેપાર કર્યો છે.' યોગીબાપા કહે, 'તમારે તેલનો વેપાર ખાસ કરવો. તમને તેલિયા રાજા કરવા છે.' જગજીવનભાઈએ આ કૃપાવચનો યાદ રાખી, તેલનો વેપાર વિશેષપણે કરવા માંડ્યો અને થોડાંક જ વર્ષોમાં તેઓ તેલના મોટા વેપારી થઈ ગયા.

❊ જિતુભાઈ પટેલ વર્ષો પહેલાં સુરતમાં પાણીની લારી ચલાવતા, પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે ૧૯૮૧ના ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં ગજા ઉપરાંતની મોટી આર્થિક સેવા નોંધાવી. પ્રસન્ન થઈ સ્વામીશ્રીએ તેમને હીરાનો વેપાર કરવા કહ્યું. જિતુભાઈને હીરાના વેપાર અંગે જરા પણ સમજ નહીં, પણ સ્વામીશ્રીના વચનમાં વિશ્વાસ રાખી તેઓ હીરાનું કામ શીખ્યા. અને થોડાં વર્ષોમાં સારા વેપારી થયા. આજે કરોડોની મિલકત ધરાવનાર તેઓ કહે છે, 'મોટા પુરુષનો રાજીપો થાય તો રંક હોય તે રાજા બને આ વચનામૃત પ્રમાણે બાપાએ જ મને રંકમાંથી રાજા બનાવ્યો છે.'

આમ, સત્પુરુષનો રાજીપો થાય તો રંકમાંથી રાજા બને.

● **ભૂંડાં પ્રારબ્ધ રૂડાં થાય :**

❊ જીવનાં પ્રારબ્ધ કર્મનો નાશ થતો નથી. પ્રારબ્ધમાં લખેલાં સુખ-દુઃખ વગેરે ભોગવવાં જ પડે છે, પરંતુ તેમાં એક અપવાદ છે ! તે છે મોટાપુરુષનો રાજીપો. તેની વાત અહીં શ્રીજીમહારાજે કરી છે, કે મોટા પુરુષની કૃપાથી જીવનાં ભૂંડાં પ્રારબ્ધ રૂડાં થાય છે.

❊ મનુષ્ય જન્મે છે ત્યારથી તેના પ્રારબ્ધ પ્રમાણે આયુષ્ય નક્કી થયેલું હોય છે. કેટલાક પ્રખર જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાતો તે જાણી શકે છે.

❊ સને ૧૯૬૬ના મહાસુદ ત્રીજના રોજ પુરુષોત્તમપુરાના ઈશ્વરભાઈ દાજીને હૃદયરોગનો હુમલો આવ્યો. તેઓની ખબર જોવા યોગીજી મહારાજ વડોદરામાં હૉસ્પિટલે ગયા, ત્યારે તેમણે કહ્યું, 'બાપા ! મારી જન્મોત્રી (જન્મપત્રિકા - કુંડળી)માં મહા વદ દશમને દિવસે મારું મૃત્યુ થશે તેમ લખ્યું છે. આજે મહા સુદ ત્રીજ છે. તેથી વદ દશમે આપ જ્યાં હો ત્યાંથી પુરુષોત્તમપુરા મને દર્શન દેવા પધારજો.' યોગીબાપા કહે, 'કાળ આવશે તો પાછો જશે. તમને કાંઈ નહિ થાય. ત્યાર બાદ મહા વદ દશમને દિવસે ઈશ્વરભાઈને બીજો હાર્ટએટેક આવ્યો, પરંતુ તેઓની રક્ષા થઈ. પછી અષાઢ માસમાં

તેઓ યોગીબાપા સાથે વિચરણમાં હતા, ત્યારે યોગીબાપાના સાંનિધ્યમાં તેમણે દેહ છોડ્યો હતો. આમ, સત્પુરુષ વિધિના લેખ પર મેખ મારી શકે છે.

❋ સન ૧૯૧૪માં ગુણાતીતાનંદ સ્વામી વડાળ ગામમાં પધાર્યા હતા. તેઓએ મંદિરમાં જોયું તો મંદિરની ગાર્ય (લીંપણ) ઊખડી ગઈ હતી. તે જોઈને સ્વામીએ ત્યાંના હરિભક્તોને કહ્યું કે, 'અહીં ગાર્ય કેમ કરી નથી ?' ત્યારે હરિભક્તોએ કહ્યું, 'અમને તો ગાર્ય કરતાં આવડતું નથી. એક બાઈ અહીં ગાર્ય કરતી હતી, પણ તેને હવે આંખે દેખાતું નથી અને બીજી કોઈ બાઈઓને સત્સંગ નથી.' આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'એ બાઈને હવે દેખાશે. માટે એને કહેજો કે ગાર્ય કરી જાય.'

ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી એ બાઈને પુનઃ દૃષ્ટિ પ્રાપ્ત થઈ અને જીવતાં સુધી મંદિરની સેવા કરી.

દ્વાર દયા કા જબ તું ખોલે....

અંધા દેખે, લંગડા ચલકર પહુંચે કાશી રે...

એવું સ્વામીએ કરી દીધું.

● **ગમે તેવું વિઘ્ન આવવાનું હોય તો તે નાશ પામે :**

❋ યુ.એ.ઈ.માં રહેતા એક સમયના નાસ્તિક એવા એક ભાઈ આજે સત્સંગી છે. તેઓ સત્સંગી કેવી રીતે થયા તેની વાત તેમણે એક વાર સંતોને કરી હતી... સન ૧૯૯૬માં તે ભાઈની મુલાકાત ભારતના એક પ્રખર જ્યોતિષાચાર્ય સાથે થઈ હતી. તે જ્યોતિષી ભૃગુ સંહિતાને આધારે ભવિષ્ય કથન કરતા. તેમણે આ ભાઈની હસ્તરેખા જોઈ કહ્યું, 'આવતા વર્ષે એટલે કે, ૧૯૯૭માં માર્ચ મહિનામાં તમારું કાર અકસ્માતમાં મૃત્યુ થશે.' અને મૃત્યુનો ચોક્કસ દિવસ પણ જણાવ્યો. આ ભાઈને એટલી ખબર હતી કે, ભૃગુ સંહિતા જ્યોતિષ વિદ્યાનું પ્રાચીન અને શ્રેષ્ઠ શાસ્ત્ર છે. તેના આધારે થયેલી ભવિષ્યવાણી ખોટી ના હોય. પછી તેમણે બીજા ત્રણ-ચાર જાણીતા જ્યોતીષિઓને આ અંગે પૂછ્યું. બધાંએ અગાઉના જ્યોતીષી જેવી જ વાત કરી. તે ભાઈ ચિંતામાં ડૂબી ગયા. તેવામાં તેમના એક પિતરાઈ ભાઈ તેમને મળવા આવ્યા. તે સત્સંગી હતા. તેમણે આ વાત જાણી અને કહ્યું, 'તમે ચિંતા ન કરો, ચાલો, મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ પાસે.' તે ભાઈએ સ્વામીશ્રી પાસે આવી બધી વાત કરી. સ્વામીશ્રી કહે, 'તમે ચિંતા ન કરશો ભગવાન રક્ષા કરશે.' એમ કહી તેમને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. ત્યારબાદ સ્વામીશ્રી ૧૯૯૭માં દુબઈ પધાર્યા. આ ભાઈ પોતાના પિતરાઈ ભાઈના કહેવાથી સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રી કહે, 'તમારે દરરોજ સવારે ગાડી લઈ અહીં આવવું અને સભામાં, પૂજામાં અમારે જ્યાં જવાનું હોય ત્યાં અગાઉથી ઠાકોરજીને તમારી ગાડીમાં લઈ જવા. તમારી સાથે બે સંતો ઠાકોરજી લઈ ગાડીમાં આવશે. અમે રોકાઈએ ત્યાં સુધી દરરોજ તમારે ઠાકોરજી માટે ગાડી લઈ સેવામાં આવવું.' પેલા ભાઈ રજા મૂકી ઠાકોરજીની સેવામાં જોડાયા.

એક અઠવાડિયા પછી બાપા ત્યાંથી વિદાય થતા હતા, ત્યારે તે ભાઈ ઍરપોર્ટ પર સ્વામીશ્રીના ચરણે પડી રડતાં રડતાં કહેવા લાગ્યા, 'બાપા ! આ ૧૯૯૭નું વર્ષ છે. માર્ચ મહિનો ચાલે છે અને કાર એક્સિડન્ટમાં મારા મૃત્યુની જે તારીખ જ્યોતિષીઓએ આપી હતી તે આ અઠવાડિયામાં વીતી ગઈ.' સ્વામીશ્રી કહે, 'તમારી રક્ષા કરવા માટે જ ઠાકોરજી તમારી ગાડીમાં તમારી ભેગા રાખ્યા હતા.' આજે પણ તે હરિભક્ત કહે છે, 'પ્રમુખ સ્વામીએ મારી રક્ષા કરી મને જીવતદાન આપ્યું છે. તેથી જ તેઓને હું મારા ગુરુ માનું છું.'

આમ, મોટાપુરુષનો રાજીપો થાય તો ગમે તેવા સંકટમાંથી ઊગરી જવાય.

❋ નિષ્કુળાનંદ સ્વામી સારસિદ્ધિમાં કહે છે...

રતિ કષ્ટ તેને કેમ રહે, જેને થાય મોટાની મે'ર,

સંત શ્રીહરિ સિંધુની જેને, ઢળી વળી આવી લે'ર.

ભગવાનના અખંડ ધારક સત્પુરુષનો રાજીપો જેના પર થાય છે, તેને રતિ જેટલું કષ્ટ પણ રહેતું નથી.

● રાજીપાનો ઉપાય :

❊ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહે છે, કે વૃક્ષ પર રહેલા ફળને લેવા બાળક કૂદકો મારી પ્રયત્ન કરતો હોય, તો તેને જોઈને મુસાફરને દયા આવે. તે કાં તો પોતે જ તે ફળ તોડીને બાળકને આપી તેનો પુરુષાર્થ સાર્થક કરે. કાં તો પોતાના ખભે બાળકને ઊંચકીને તેના જ હાથે ફળ તોડાવી, તેના પુરુષાર્થને સફળ બનાવે, પણ આવું ત્યારે જ બને જ્યારે બાળક કૂદકા મારી પ્રયત્ન કરી રહ્યો હોય તો !'

❊ ભગવાન ને મોટાપુરુષ પોતાનો રાજીપો વરસાવતાં જ રહે છે, પરંતુ તેઓનો રાજીપો ઝીલવા માટે આપણે પણ થોડીક સાધના, પુરુષાર્થ કરવો પડે.

❊ મોટાપુરુષને રાજી કરવા આપણા તરફથી કેવો પુરુષાર્થ જરૂરી છે તેની વાત અહીં શ્રીજીમહારાજ કહે છે કે (૧) મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે. (૨) કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર-આશા-તૃષ્ણા-અહંકાર-ઈર્ષ્યા એ સર્વેનો ત્યાગ કરે. (૩) સંતનો ગુલામ થઈને રહે. (૪) અંતરમાં માન ટળે ભાવે રહે. પણ દેહે કરીને સર્વને નમતો રહે. તો મોટાપુરુષ રાજી થાય.

૧) નિષ્કપટપણે વર્તે :

❊ આપણા સત્સંગનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, જે જે ભગવાન ને સંત આગળ પોતાનું દિલ ખોલીને નિષ્કપટ થયા, તેના બધાનાં અંતઃશત્રુઓ ટળી ગયા.

❊ કામરોળના દરબાર દાજીભાઈ એક વાર સરકારી કામે જૂનાગઢ આવેલા. મંદિરમાં ઉતારો રાખ્યો હતો. સ્વામીએ તેમની તથા તેમના ચાકર તેમજ ઘોડાની સારી બરદાસ્ત કરી. સ્વામીશ્રીની સરભરાથી દાજીભાઈ રાજી થયા. સવારે સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા. દાજીભાઈ સભામાં આવીને બેઠા.

સ્વામીશ્રીનાં દર્શન અને વાતોથી દરબારનું હૈયું ટાઢું થઈ ગયું. તેમના સંકલ્પો શમી ગયા. અંતર સ્વામીશ્રી પ્રત્યે ખેંચાયું, તેથી તેમણે હાથ જોડી કહ્યું : 'સ્વામી! આજથી આપના વચને હું દારૂ નહિ પીવું, તેમજ માંસ નહિ ખાઉં, ચોરી તો હું કરતો નથી, તેમજ વટલવું-વટલાવવું હું હવે કરીશ નહિ.' પછી આગળ પણ તેમણે પોતાની બધી કરણી સ્પષ્ટ કરી દેતાં કહ્યું, 'સ્વામી! મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ ખાધી છે ને ચકલાંની જીભો કપાવીને ખાધી છે, જેથી એક નિષ્કામધર્મ મારાથી પળે તેમ નથી.'

સ્વામીશ્રી તેમના નિષ્કપટભાવથી રાજી થયા. પછી કહ્યું : 'આ ચાર નિયમો તમે પાળજો. પાંચમો નિષ્કામધર્મ અમે તમને પળાવીશું.' એમ કહી દરબારને વર્તમાન ધરાવ્યા, કંઠી પહેરાવી, પૂજા આપી ને સ્વામિનારાયણની પાંચ માળા પોતા તરફ દૃષ્ટિ રાખીને ફેરવવાની આજ્ઞા કરી. એટલે દરબારે સ્વામીશ્રી તરફ દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવી કે તરત જ સ્વામીશ્રીએ તેમનાં નેત્રમાંથી કામ ખેંચી લીધો. સ્વામીશ્રીની અસાધારણ કૃપાથી દરબાર કૃતકૃત્ય થઈ ગયા. સંકલ્પમાત્ર બંધ થઈ ગયા. ભજનનું જોર વધવા લાગ્યું.

❊ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા મુજબ, મોટેરા સદ્ગુરુ સંતો સમક્ષ વ્યક્તિગત મળીને કે પત્ર કે ફોન દ્વારા નિષ્કપટ થઈએ અને ભગવાન સમક્ષ પ્રાર્થના કરીએ, તો આપણા પર પણ મોટાપુરુષની પ્રસન્નતા થાય.

૨) કામ ક્રોધાદિક દોષોનો ત્યાગ :

અહીં મોટેરા સંતો સમજાવે છે કે સ્વભાવો કંઈ એક દિવસમાં ટળી જતા નથી. સ્વભાવો જડમૂળથી ટળી જાય તે મોટાપુરુષની કૃપા વિના શક્ય નથી, પરંતુ આપણે તે ટાળવા માટે પ્રયત્ન કરીએ, તો તેઓનો રાજીપો થાય છે.

❊ વચનામૃત ગઢડા પ્રથમ ૭૮માં શ્રીજીમહારાજને

વેદાંતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, 'જેણે પ્રથમ કાંઈક ગોબરું વર્તાણું હોય પછી તે શો ઉપાય કરે ત્યારે તેની ઉપર ભગવાન ને ભગવાનના સંત રાજી થાય ?' ત્યારે શ્રીજીમહારાજ કહે છે, જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય, તેને દેખીને ભગવાન ને ભગવાનના સંત કુરાજી થતા હોય, તે સ્વભાવ સાથે જ્યારે વેર કરીએ ત્યારે ભગવાન ને ભગવાનના સંત આપણી ઉપર પૂર્ણ દયા કરે. માટે જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય તે સ્વભાવ સાથે સુધું દૃઢ વૈર બાંધીને તેનું મૂળ ઊખડી જાય એવો ઉપાય કરવો.'

❋ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'જેણે સ્વભાવ મૂક્યો હોય ને મૂકતો હોય ને મૂકવાનો આદર હોય, તે સર્વે ઉપર મોટાની દૃષ્ટિ રહ્યા કરે.'

આમ, સ્વભાવ ન જિતાય ત્યાં સુધી સ્વભાવ સામે શિંગડાં ભરાવતાં રહીએ, એટલે કે સ્વભાવ ટાળવાના પ્રયત્નમાં રત રહીએ, તોય ભગવાન અને સંતનો રાજીપો મળે છે.

૩) સંતનો ગુલામ થઈને રહે :

❋ ગુલામ થવું એટલે શું ? તે સમજાવતાં પ્રમુખસ્વામી મહારાજ એક દૃષ્ટાંત કહે છે, એક શેઠને એક ગુલામ આપવામાં આવ્યો. શેઠે તેને પૂછ્યું, 'તારું નામ શું ?' ગુલામે કહ્યું, 'તમે બોલાવો તે.' 'તને કેવાં કપડાં પહેરવાં ગમે ?' 'તમે આપો તે.' 'તને શું ખાવાનું ગમે ?' 'તમે જે આપો તે.' આવો જવાબ સાંભળી શેઠે પૂછ્યું, 'તારી કોઈ વાતમાં પસંદગી જ નથી ?' ત્યારે તે ગુલામે કહ્યું, 'હું ગુલામ છું. માલિકની મરજી એ જ મારી મરજી હોય.'

❋ સત્પુરુષની મરજી અને આજ્ઞા પ્રમાણે રહે તે સાચો ગુલામ કહેવાય. અને તો જ તેના પર મોટા પુરુષનો રાજીપો થાય.

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આજ્ઞા પાળ્યેથી પ્રસન્નતા થાય છે. આજ્ઞા અને ઉપાસના બે હશે તેના ઉપર મોટાની દૃષ્ટિ થશે.'

❋ સન ૨૦૦૬ના માર્ચ માસમાં પ્રમુખસ્વામી મહારાજ વિદ્યાનગર છાત્રાલયમાં વિરાજમાન હતા. એક યુવકને સ્વામીશ્રીએ તિલક-ચાંદલો ન કરવા બદલ ઠપકો આપ્યો. સ્વામીશ્રીની ટકોર સાંભળી તે યુવકે માફી માંગી. પરંતુ આ વાત સાંભળી ત્યાં બેઠેલા હરપાલ નામના બીજા યુવકે મનોમન એક સંકલ્પ કર્યો. બીજે દિવસે તેણે સ્વામીશ્રીને વાત કરી, ''બાપા ! ગઈ કાલે આપે પેલા યુવકને કહ્યું હતું કે 'તિલક-ચાંદલો નથી કરતો એટલે અમારો દાખડો નિષ્ફળ ગયો.' એ સાંભળી મને પસ્તાવો થયો. કારણ કે, હું સવારે પૂજામાં તિલક-ચાંદલો કરું પણ કૉલેજ જવા નીકળું ત્યારે તિલક-ચાંદલો ભૂંસી નાંખતો હતો. કારણ કે કૉલેજમાં બધા મશ્કરી કરે છે, પણ હવેથી આપની આજ્ઞા પ્રમાણે હંમેશાં તિલક-ચાંદલો કરીશ.'' સ્વામીશ્રી તેના પર પ્રસન્ન થયા અને લટકું કરતાં કહે, 'વાહ ! તે આજ્ઞા ઝીલી લીધી એટલે અમારો દાખડો સફળ થયો.' મનને મારીને આજ્ઞા પાળે તો રાજીપો થાય જ છે.

❋ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

મનગમતું મેલી કરી, રહે આજ્ઞાને અનુસાર
તે જ શિષ્ય સાચા ખરા, બીજા સરવે સંતાપનાર.

જે મનગમતું મૂકીને ગુરુની આજ્ઞા પ્રમાણે રહે છે તે જ સાચા શિષ્ય છે. બીજા તો ગુરુને સંતાપ આપનાર એટલે કે દુઃખ આપનાર છે.

❋ પ્રમુખસ્વામી મહારાજને સન ૨૦૦૩માં એક વાર છાત્રાલયના યુવકોએ એક કાવ્યમાં પ્રશ્ન પૂછ્યો હતો કે,

તમે હો સામે તો સ્વામી, જીવવા જેવું લાગે છે,
ખબર નહીં અમને જોઈને તમને કેવું લાગે છે ?

સ્વામીશ્રીએ જવાબમાં કહ્યું હતું, 'તમે નિયમ-ધર્મ પાળો, યોગીબાપાની આજ્ઞા પ્રમાણે અભ્યાસ અને સત્સંગ કરો તો તમને જોઈને આનંદ થાય !'

❋ આમ, મનની મરજી મૂકી દઈને ગુરુની મરજી પ્રમાણે,

તેઓની આજ્ઞા પાળીએ તો તેઓનો રાજીપો થાય !

૪) માન ટળે ભાવે રહે :

❋ માન ટળે ભાવે રહે એટલે માન ટાળવાની ઇચ્છા સાથે સત્સંગમાં સેવા-ભક્તિ કરે, પણ સત્સંગમાં માન ન રાખે. સત્પુરુષ તથા તેમના સંબંધવાળા ભક્તો આગળ દેહે કરીને નમતો રહે તેના પર મોટાપુરુષ રાજી થાય છે.

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મોટાની દયા તો જે હાથ જોડશે, દીન થાશે, વિનય કરશે તેના ઉપર થાશે, નહીં તો લેણા કે દેણા નથી.'

❋ ગોપાળાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી તેમના શિષ્ય હરિભજનાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી પાસે જૂનાગઢ રહેતા. તેમનો સ્વભાવ જરા આકરો હતો. તેમને અંતિમ મંદવાડ આવ્યો, ત્યારે સ્વામીએ માવા ભગતને તેમની સેવામાં મૂક્યા હતા. અસહ્ય મંદવાડને લીધે એક દિવસ તેમણે માવા ભગતને કહ્યું, 'સ્વામીને મારા વતી પ્રાર્થના કરો કે, જલદી ધામમાં તેડી જાય. મારાથી આ પીડા સહન થતી નથી.' ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત સાંભળી તેમને કહ્યું, 'તમે તમારા આકરા સ્વભાવથી ઘણાંને દુખવ્યા છે. માટે માન મૂકી આસને-આસને જઈ એ બધાને પગે લાગી આવો તો જ મહારાજ તમને ધામમાં તેડી જશે.' પછી તેઓએ આ રીતે બધાને પગે લાગીને માફી માંગી. પછી સ્વામીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા અને થોડા દિવસમાં જ તેઓ અક્ષરધામમાં ગયા.

❋ માન મૂકીને સૌને નમતા રહીએ, તો જ મોટા પુરુષના રાજીપાના અધિકારી થવાય છે.

❋ તા. ૨૭/૫/૨૦૦૪ના રોજ પ્રમુખસ્વામી મહારાજ એડિસન (અમેરિકા) ખાતે વિરાજમાન હતા. રાત્રિ ભોજન દરમ્યાન એક સત્સંગ મંડળના મુખ્ય હરિભક્તોનો પરિચય અપાઈ રહ્યો હતો. મંડળના મુખ્ય કાર્યકરે વાત કરી કે, 'આ હરિભક્તોએ મંદિર કરવા માટે દાન એકત્ર કરવા, નિર્માની થઈને ઘણી સેવા કરી છે. કેટલાકે ઓડોશી-પાડોશીની ગાડીઓ ધોઈને, વાળ કાપીને, કચરામાંથી એલ્યુમિનિયમનાં કેન ભેગા કરીને, લોકોનાં કૂતરાંને ફરવા લઈ જઈને વગેરે કાર્ય કરીને જે પૈસા એકઠાં થયા તે મંદિર માટે દાનમાં આપ્યા છે.' સ્વામીશ્રી તેઓની સેવાની વાત સાંભળી ખૂબ રાજી થયા. અંતે મુખ્ય કાર્યકર કહે, 'બાપા ! અમને બધાને થોડા આશીર્વાદ આપજો!' સ્વામીશ્રી તરત જ કહે, 'થોડા શું કામ આપવા ! માન મૂકીને આવી સરસ સેવા કરો છો તેથી આશીર્વાદ પૂરા જ આપીએ છીએ !' એમ કહી સૌ પર રાજીપો વરસાવ્યો.

❋ માન મૂકીને દાસભાવે સેવા કરનાર પર મોટાપુરુષ અવશ્ય રાજીપાની વૃષ્ટિ કરતા જ હોય છે.

❋ શ્રીજીમહારાજ વચનામૃત અમદાવાદ-૩માં કહે છે, 'ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક પર હોય એવો માની ઉપર ન હોય.'

આમ, માન ટળે ભાવે એટલે કે માન ટાળવાની ઇચ્છા રાખી, દેહે કરીને નમતા રહી, નીચી ટેલને ભાગ્ય માનીને વર્તીએ, તો મોટાપુરુષનો રાજીપો અવશ્ય થાય.

❋ પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુણાતીત સત્પુરુષ, મોટાપુરુષ આપણને મળ્યા છે. તેઓના રાજીપાનું ફળ અનન્ય છે. તો આપણે અહીં શ્રીજીમહારાજે બતાવેલ રાજીપાના ઉપાયો અનુસાર આપણું જીવન બનાવીને, મોટાપુરુષની પ્રસન્નતાના અધિકારી થઈ શકીએ એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

૫. વચનામૃત : પ્રથમ-૬૭ : સત્પુરુષના ગુણ આવ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમનું ૬૭મું : સત્પુરુષના ગુણ આવ્યાનું...

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં મુનિને ઉતારે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તતા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **"કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં.** એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે ? એ પ્રશ્ન છે." પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે; અને જે એવો ન હોય તેમાં ન આવે."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ ઉત્તર ખરો, પણ આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તોપણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, જે પુરુષ એમ સમજે જે, 'આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે.' એવી રીતે સત્પુરુષનાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય, તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહીં."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૬૭મું વચનામૃત થયું.

❊ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પ્રિય વચનામૃતમાંનું એક વચનામૃત એટલે પ્રથમ-૬૭મું વચનામૃત.

❊ યોગીજી મહારાજ ઘણી વાર આ વચનામૃત મોઢે બોલતા અને યુવકોને આ વચનામૃત મુખપાઠ કરાવતા અને કહેતા આ વચનામૃત પોતાનું કરી રાખવું. એટલે કે સમયે-સમયે તે પ્રમાણે વર્તવું. જે વચનામૃતના આધારે સમયે-સમયે આપણે વર્તવાનું છે તે વચનામૃત સમજીએ.

❊ વચનામૃત છે : સત્પુરુષના ગુણ આવ્યાનું.

❊ સત્પુરુષનો યોગ થયા પછી તેઓના ગુણ આવે તેને

માટે સાધના કરવાની છે, પુરુષાર્થ કરવાનો છે.

❊ સંગ હોય પરંતુ સ્વભાવમાં પરિવર્તન સહેજેય ન આવ્યું હોય તો સંગનો કોઈ અર્થ નથી. આવી જ એક પરિસ્થિતિ વર્ણવતાં કવિ પ્રીતમદાસ કહે છે,

મરી કપૂર બેઉ ભેગા રહેતા રે,
નિરંતર કરી એક વાસ;
તોય તીખાસ એની ન ટળી રે,
એની કુબુદ્ધિમાં નાવ્યો બરાસ.
સંગત તેને શું કરે...
મોટા ખર (ગધેડો) એક બાંધીયો રે,
રાજ તણી ઘોડશાળ,
બોલી ઠોલી તો બદલી નહિ રે,
ચંદી ખાતો'તો હારોહાર
સંગત તેને શું કરે...

(બરાસ = સુગંધિત કપૂર)

મરી ને કપૂર ભેગા રહેતા હતા, પણ મરીની તીખાશ ન ટળી તો કપૂરની સંગતનો અર્થ નથી. રાજ્યની ઘોડશાળમાં એક ગધેડો બાંધ્યો હતો, પણ બોલી તેની તે જ રહી તો ઘોડાની સંગતનો અર્થ નથી. તેમ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં વર્ષોથી હોઈએ પણ તેઓના ગુણ આવ્યા ન હોય તો સંગતનો કોઈ અર્થ નથી.

● **સત્પુરુષનાં લક્ષણો :**

❊ ભગવાન સ્વામિનારાયણ આ વચનામૃતમાં, જે સત્પુરુષના ગુણ કેળવવાના છે, તે સત્પુરુષનાં લક્ષણો જણાવે છે. કારણ કે...

❊ પોતાના જીવનમાં કોનું અનુસરણ કરવું. કોની પાસેથી પ્રેરણા મેળવવી એ અંગે સામાન્ય માણસને ઘણી વાર સાચો ખ્યાલ હોતો નથી. યોગીજી મહારાજ એક વાત કહેતા...

જૂનાગઢમાં એક જણ પાર્ષદ થવા આવેલો. તેને એવી સમજણ કે જેની પાછળ ઝાઝા માણસ ફરતા હોય ત્યાં રહેવું. ગુણાતીતાનંદ સ્વામીની સભામાં ઘણા માણસો જોઈ તેમને મોટા જાણી તેમની પાસે બેસતો. પછી સમૈયે વડતાલ ગયો. ત્યાં આચાર્ય મહારાજ પાસે તેથી વધુ માણસો જોઈ તેમને મોટા માની તેમની પાસે રહેવા જતો રહ્યો. એક દિવસ વડોદરા ગયો. ત્યાં દશેરાની સવારી નીકળેલી. હાથી ઉપર ખંડેરાવ મહારાજા હતા. તેમની પાછળ હજારો માણસો જોયા. તેને લાગ્યું કે, 'આ તો બહુ જ મોટા છે.' તેથી તેમાં જોડાઈ ગયો. ત્યાં નોકરી લઈ લીધી. તેને એવી સમજણ કે, 'જેની પાછળ ઘણા માણસ ફરે તે મોટા.' માણસોની ગિરદી જોઈને તે ગયો પણ સાચા સત્પુરુષ કેવા હોય તેનો વિચાર નહિ. સાધુ ઓળખવાની સમજણ ન હોય તો બીજા ગમે તે મહાત્મામાં તણાઈ જવાય.

❊ કેટલીક વખતે લોકો એવું માનતા હોય છે કે, દરેક ભગવા કપડાંવાળામાં ભગવાન હોય છે, પણ એવું નથી હોતું. Everything that looks like gold is not gold, but gold is gold. સોના જેવી લાગતી તમામ વસ્તુ સોનું નથી હોતી, પણ સોનું એ સોનું છે. તેમ સત્પુરુષ જેવા લાગતા સંત સત્પુરુષ નથી. પણ આ વચનામૃતમાં બતાવેલા સત્પુરુષનાં લક્ષણ જે સંતમાં હોય તે સત્પુરુષ છે.

મુમુક્ષુ જીવ જ્યાં ત્યાં ભરાઈ ન જાય તે માટે શ્રીજીમહારાજે લક્ષણ બતાવ્યા છે.

● **પહેલું લક્ષણ : આ લોકના સુખમાં પ્રીતિ ન હોય :**

❊ આ લોકના સુખમાં પ્રીતિ ન હોય તેવા ઉત્તમ વૈરાગ્યવાળાના લક્ષણ બતાવતા ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ -૨માં કહે છે, 'એવા ભક્ત ઉત્તમ વિષય ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકા ભોગવે અને વિષય એને લોપી શકે નહિ. એટલે કે બંધન કરી શકે નહિ.'

❊ તા.૪/૧૦/૧૯૯૪ના રોજ પ્રમુખસ્વામી મહારાજ મુંબઈ વિરાજમાન હતા. ભાવનગરથી કોઠારી સોમપ્રકાશ સ્વામીએ ત્યાંની વાડીનાં સીતાફળ મોકલ્યા હતા. સેવક સંતોએ તેનું મિલ્કશેક બનાવીને સ્વામીશ્રીને આપ્યું. સ્વામીશ્રીએ માંડ ચમચી લીધું.

તેથી જમાડનાર સંતે આગ્રહભરી વિનંતી કરતાં કહ્યું, 'બાપા ઘરની વાડીનાં સીતાફળ છે. ખૂબ જ મીઠાં અને સ્વાદિષ્ટ છે. આપ થોડો વધુ મિલ્કશેક લો. સારું લાગશે...' તે વખતે સામે બેઠેલા બાળકો મુખપાઠ બોલતાં હતાં. એમાં આવ્યું, 'પ્રકૃતિપુરુષ સુધી કશામાં માલ નથી.' સ્વામીશ્રીએ આ સાંભળી કહ્યું, 'આ સાંભળ્યું ને ! કશામાં માલ નથી !' એમ કહીને મિલ્કશેકની વાટકી દૂર કરી અને રોજ જે ખીચડી વગેરે જમતા હતા તે જમવા લાગ્યા ! આ લોકની દૃષ્ટિએ જે સુખદાયી છે તેમાં સ્વામીશ્રીને જરાય માલ મનાતો નથી.

- તા.૧૨/૯/૧૯૯૪ના રોજ સ્વામીશ્રી લંડનમાં વિરાજમાન હતા. રાત્રિ ભોજન બાદ રૂમમાં મોહનભાઈ કોલોરમાના પરિવારના સભ્યોએ સેવા અર્પણ કરી. તેઓ કહે, 'અમારે આપને માટે રોલ્સરોય ગાડી આપવી છે.' બાપા તરત જ બોલી ઊઠ્યા, 'એ નહિ, એ વાત નહિ બને. તમે ભલે રોલ્સરોયની વાત કરો અમારે તો જે છે એ જ સારું છે.'

રોલ્સરોય ગાડી લોકની દૃષ્ટિએ ખૂબ જ મોભાદાર ગણાય, પરંતુ સ્વામીશ્રીને આ લોકના કોઈ પણ પ્રકારના સુખમાં પ્રીતિ નથી તેથી જ તેઓ સામેથી મળતા સુખ-સુવિધાનાં આવાં સાધનોને ઠોકર મારી દે છે.

❊ જેને આ લોકના સુખમાં પ્રીતિ ન હોય તેને લૌકિક સુખનાં સાધનો કે સગવડોમાં બંધન ન થાય. સગવડ કે સુવિધાની કોઈ ટેવ ન પડે.

❊ પહેલા સ્વામીશ્રી જ્યારે પરદેશ વિચરણમાં જતા, ત્યારે સ્વામીશ્રીની અંગત સેવામાં કાયમ માટે રહેનાર સંતો સાથે ન જતા, નવા સંતોને પરદેશ યાત્રા થાય તે માટે સ્વામીશ્રીની અંગત સેવામાં નવા સંતો જોડાતા. હવે સ્વાભાવિક છે કે કાયમી જેની સાથે રહેતા હોય તેને બદલે બીજા સાથે રહેવાનું થાય તો થોડી અગવડ પડે. તે સંતને સ્વામીશ્રીની સગવડ કઈ રીતે સાચવવી, તેનો સંપૂર્ણ ખ્યાલ ન હોય તેથી તકલીફ પડે. એ દૃષ્ટિએ એક વાર સ્વામીશ્રી પરદેશ જવાના હતા, તે પહેલા જનમંગલ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું, 'હવે આપ ૧૦ દિવસ બાદ પરદેશ જશો. આ બધા સંતો-સેવકોને અહીં છોડીને પરદેશ જવાનું છે, તો આપને કંઈ તકલીફ જેવું લાગે ?' સ્વામીશ્રી કહે, 'સત્પુરુષને તો દેશ કે પરદેશ બધું સરખું જ હોય ! એટલે તકલીફ શાની ?' જનમંગલ સ્વામી કહે, 'પણ આ લોકની દૃષ્ટિએ તો બધું બદલાઈ જશે તેથી તકલીફ ન પડે ?' સ્વામીશ્રી કહે, 'મોટાપુરુષ આ લોકમાં રહેતા જ નથી. એ તો પરલોકના છે. આ લોકમાં રહેતા હોય તેને બંધન થાય. આ જ સેવક જોઈએ, આ સ્થાન સારું, આમ જ ફાવે, આમ ન ફાવે, આવા પદાર્થ જોઈએ એવું બધું બંધન આ લોકના માણસોને થાય. અમને એવું કોઈ બંધન નથી !' જનમંગલ સ્વામી ગમ્મત કરતાં કહે, 'અમે પણ આપના યોગે પરલોકના જ કહેવાઈએ ને !' સ્વામીશ્રી પણ હસતાં હસતાં કહે, 'તમને બંધન ન હોય તો પરલોકના અને જો બંધન હોય તો આ લોકના !'

આ લોકના કોઈ પણ પ્રકારના સુખમાં સ્વામીશ્રીને પ્રીતિ નથી. એટલે જ તેઓને કશાનું બંધન નથી. કશાની ટેવ નથી.

❊ એક વાર સ્વામીશ્રી પરદેશ પ્રવાસે ગયા હતા. ત્યારે સતત ૬ માસ સુધી દરરોજ સાંજે ફળની પ્રસાદીમાં જાંબુ આવતા હતા. સ્વામીશ્રી બીજા ફળની સાથે જાંબુ પણ અંગીકાર કરતા હતા. એક પણ દિવસ પડ્યો નહોતો. ૬ માસ બાદ વિદાયના દિવસે જાંબુ આવ્યા નહોતા. સ્વામીશ્રીએ સેવકસંતને પૂછ્યું પણ નહીં કે 'આજે જાંબુ કેમ નથી ?' પરંતુ જે ફળની પ્રસાદી આવી હતી તે દરરોજની જેમ શાંતિથી તેઓએ અંગીકાર કરી લીધી. ત્યાર બાદ દેશમાં આવ્યા પછી પણ ક્યારેય તેઓએ જાંબુ માટે ઇચ્છા વ્યક્ત કરી નથી.

સતત છ મહિના સુધી જે મળે તેની સામાન્ય

માણસને ટેવ પડી જાય, પણ સ્વામીશ્રીને એવી ટેવ ક્યારે પડી નથી. કારણ કે તેઓને આ લોકના સુખમાં જરાય પ્રીતિ નથી.

● **બીજું લક્ષણ : ભગવાનને વિષે જ પ્રીતિ :**

❋ શ્રીજીમહારાજ વચનામૃત કારિયાણી ૧૧માં ભગવાનને વિષે પ્રીતિવાળા ભક્તનાં લક્ષણ જણાવતાં કહે છે, 'એવા ભક્તને ભગવાન વિના રહેવાતું નથી.' સ્વામીશ્રીની આ જ વિશેષતા છે કે તેઓ ઠાકોરજી વિના પળભર રહી શકતા નથી.

❋ કેનેડાની પાર્લામેન્ટમાં અભિવાદન હોય કે બ્રિટિશ પાર્લામેન્ટમાં સન્માન, સુવર્ણતુલાનો ભવ્ય અવસર હોય કે યુનોમાં મિલેનિયમ ધર્મસંસદને સંબોધવાની હોય, પ્રસંગ મોટો હોય કે નાનો હોય એ બધામાં સ્વામીશ્રી ઠાકોરજીનું અનુસંધાન ચૂકતા નથી.

❋ સન ૧૯૭૭માં તા. ૫ જૂનના દિવસે પ્રમુખસ્વામી મહારાજ વિદેશયાત્રા માટે મુંબઈથી વિદાય થવાના હતા. રાત્રે અઢી વાગ્યાનું પ્લેન હતું. ઍરપોર્ટ પર સ્વામીશ્રીને વિદાય આપવા હજારો હરિભક્તો પધાર્યા હતા. સ્વામીશ્રી જે પ્લેનમાં જવાના હતા તે ઍર ઇન્ડિયાનું 'સમ્રાટ અશોક' નામનું પ્લેન હતું. તેના કેપ્ટન તથા ઍરપોર્ટ મેનેજર બંને સ્વામીશ્રીને મળવા આવ્યા. તેઓ સ્વામીશ્રીને પ્લેનની સીડી સુધી મૂકવા માટે સાથે આવ્યા. પ્લેનની સીડી આવી ત્યારે કેપ્ટને સ્વામીશ્રીને પગથિયાં ચઢી અંદર પધારવા વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રી ત્યાં જ ઊભા રહ્યા. મેનેજર તથા કેપ્ટનને આશ્ચર્ય થયું. સ્વામીશ્રી આજુબાજુ જોવા લાગ્યા. સ્વામીશ્રીની પાછળ થોડે દૂર એક સંત ઠાકોરજીને લઈને આવતા હતા. સ્વામીશ્રી ઠાકોરજીની રાહ જોતા ઊભા રહી ગયા. કેપ્ટને ફરીથી સ્વામીશ્રીને અંદર પધારવા વિનંતી કરી. પરંતુ સ્વામીશ્રી ઠાકોરજી પધાર્યા ત્યાં સુધી ઊભા રહ્યા. સ્વામીશ્રીએ કહ્યું, 'ઠાકોરજીને પહેલા પ્લેનમાં પધરાવો. પહેલા ઠાકોરજી હોય પછી આપણે.' ઠાકોરજી લઈ સેવક સંત અંદર પધાર્યા, પછી જ સ્વામીશ્રી પ્લેનમાં અંદર ગયા.

ઍરપોર્ટ મેનેજર અને કેપ્ટન ભલે એક વી.આઈ.પી. મુસાફર તરીકે સ્વામીશ્રીની શુશ્રુષા કરી રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રીને મન તો ઠાકોરજી - ભગવાન જ વી.આઈ.પી. છે. મહત્ત્વના છે. તેથી સ્વામીશ્રી દરેક વખતે ભગવાનને જ આગળ રાખે છે.

❋ ગાંધીનગર અક્ષરધામ માટે મલ્ટીમીડિયા શો બનાવવાનો હતો. ઝેક દેશના નિષ્ણાત પ્રૉફેસર ફ્રીચ એ શો તૈયાર કરવાના હતા. અક્ષરધામના દરવાજા ખૂલે અને તેમાંથી પ્રમુખસ્વામી મહારાજ હાથ જોડતા બહાર આવે એવું એક દૃશ્ય આ શોમાં લેવા માટે પ્રો. ફ્રીચે વાત કરી. સ્વામીશ્રી આ સાંભળી કહે, 'ઠાકોરજીનું શું ? તેમને પૂછો મારી સાથે પૂ. ઈશ્વરચરણ સ્વામી ઠાકોરજી લઈને ચાલે તેવું કરીએ તો ?' પ્રો. ફ્રીચે ના પાડી અને કહે, 'એકલા પ્રમુખસ્વામી મહારાજ જોઈએ.' સ્વામીશ્રી કહે, 'તો હું ઠાકોરજીને હાથમાં લઈ લઉં તેમ કરીએ.' તેઓ કહે, 'તો તમે દરવાજો ખોલીને હાથ જોડતાં ન આવી શકો.' થોડું વિચારીને સ્વામીશ્રી કહે, 'દરવાજો ખૂલે ત્યારે પ્રથમ સામે રહેલી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સ્ક્રીન પર દેખાય પછી મારું આવે તેમ કરીએ.' આ વિચાર ગમી જતાં પ્રો. ફ્રીચ કહે, 'બ્યુટિફૂલ.' સ્વામીશ્રી તરત જ કહે, 'આ સ્વામિનારાયણ ભગવાન છે. તેમને લઈને જ બધું બ્યુટીફૂલ છે.'

સ્વામીશ્રી હંમેશાં ભગવાનને અગ્રસ્થાને રાખે છે.

❋ ગમે તેવી બીમારીમાંય ઠાકોરજીનું અનુસંધાન સ્વામીશ્રીને રહે છે. તે બતાવે છે કે સ્વામીશ્રીને ભગવાન પ્રત્યે અપાર સ્નેહ છે.

- ૧૯૯૮માં ન્યૂયોર્કની લેનોક્સ હિલ હૉસ્પિટલમાં ડૉ. જ્યોફ્રી મોસેસ અને ડૉ. વિલિયમ શ્વોર્ટ્ઝની જોડીએ સ્વામીશ્રીના હૃદયની એન્જિયોગ્રાફી કરી ત્યારે તેમણે કહ્યું, 'હૃદયની તાત્કાલિક બાયપાસ સર્જરી અનિવાર્ય છે અને હમણાં ને હમણાં જ બાયપાસ સર્જરી શરૂ કરવી પડશે. ડૉક્ટરોની સૂચના મુજબ ચક્રો ગતિમાન

થઈ ગયાં. નિષ્ણાત સર્જન ડૉ. વી. એ. સુબ્રહ્મણ્યમે પોતાનું ઑપરેશન થિયેટર સ્વામીશ્રી માટે સજ્જ કરી દીધું. લગભગ સાડા અગિયારનો સમય થઈ ગયો. કહેણ આવ્યું, સ્વામીશ્રીને તાત્કાલિક ઑપરેશન થિયેટરમાં જવાનું છે, પરંતુ તે વખતે સ્વામીશ્રીએ કહ્યું, 'બપોરે ત્રણ વાગે ઠાકોરજી જાગશે ત્યારે ઠાકોરજી સાથે ઑપરેશન થિયેટરમાં જઈશું.' ત્રણ વાગ્યે સ્વામીશ્રી ઑપરેશન થિયેટરમાં પધાર્યા, ત્યારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સાથે લઈને પધાર્યા અને ઑપરેશન થિયેટરમાં ઠાકોરજીને ક્યાં પધરાવવા તે વ્યવસ્થા પણ કરી. આ રીતે સુખના કે દુઃખના પ્રસંગોમાં હરહંમેશ સ્વામીશ્રી ઠાકોરજીને યાદ કરતા રહ્યા છે તે દર્શાવે છે કે સ્વામીશ્રીને ઠાકોરજી પ્રત્યે પ્રાણથીયે વધુ પ્રેમ છે.

- **ત્રીજું લક્ષણ : બીજાને પણ ભગવાનમાં હેત થાય તેવી ભાવના :**

❋ નાત-જાત, દેશ-વિદેશ, સ્વધર્મી કે વિધર્મી એવી કોઈ જ સરહદ વિના સ્વામીશ્રી પોતાના યોગમાં આવેલા તમામને ભગવાનમાં હેત થાય તેવો પ્રયત્ન કરતા હોય છે.

❋ અટલાદરામાં એક વખત જનમંગલ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું હતું, 'ઠાકોરજીનાં દર્શન કરતી વખતે આપ શી પ્રાર્થના કરો છો ?' સ્વામીશ્રીએ સાહજિકપણે ઉત્તર આપ્યો, 'આપણે વળી બીજી શી પ્રાર્થના હોય બધા સુખી થાય, ભગવાન પ્રધાન જીવન સૌના બને એવી પ્રાર્થના કરીએ.' બીજાને ભગવાનમાં હેત થાય તેવી ભાવના હોય તે જ આવું વિચારી શકે અને ઉચ્ચારી શકે.

નાનું બાળક હોય કે મોટા મહાનુભાવ દરેકને ભગવાન પ્રત્યે સ્નેહ વધે, શ્રદ્ધા વધે. દરેક ભગવાનનું ભજન કરે એવું તાન સ્વામીશ્રીને રહે છે.

❋ તા. ૨૮/૧૧/૨૦૦૭ના રોજ સ્વામીશ્રી બોચાસણમાં વિરાજમાન હતા. ત્યારે અમદાવાદના એક હરિભક્ત પોતાના પુત્રને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તેઓ કહે, 'આનું નામ પાડવાનું છે, મીન રાશિ છે.' સ્વામીશ્રી કહે, 'ધ્યેય નામ રાખજો.' પછી ધીરે રહી નાના શિશુ તરફ દૃષ્ટિ કરી. તેને માથે હાથ મૂકી સ્વામીશ્રી કહે, 'તારું નામ ધ્યેય છે. તો એક ધ્યેય રાખજે, ભગવાન ભજવાનો ધ્યેય.'

❋ સન ૧૯૯૦માં સારંગપુરમાં સ્વામીશ્રીની જન્મ જયંતી ઊજવાઈ હતી. આ ઉત્સવમાં જાણીતા ફોટોગ્રાફર શ્રી રઘુરાય આવ્યા હતા. તેઓ સતત સ્વામીશ્રી સાથે રહીને તેઓના ફોટોગ્રાફ્સ લેતા હતા. સાંજે મુખ્ય સભામાં જતાં જતાં રસ્તામાં સ્વામીશ્રી તેઓને કહે, 'તમે અમારી ભેગા રહો છો તો મને થાય છે કે, તમને સાધુ બનાવી દઈએ.' રઘુરાય કહે, 'કર્મ સે તો મેરા જીવન સંન્યાસી જૈસા હી હૈ.' સ્વામીશ્રી કહે, 'ઐસા નહિ, અંદર સે કામ, ક્રોધ, લોભ, ઔર વાસના નિકલ જાયે ઐસા સાધુ બનાના હૈ. એમાં સુખ થાય.'

પોતાના અલ્પ યોગમાં આવનારની વાસના ટાળી એને સુખી કરવાની ઇચ્છા સ્વામીશ્રીને સતત રહે છે.

❋ એક વાર ડૉ. કિરણભાઈ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા હતા. અચાનક સ્વામીશ્રી તેઓને કહે, 'કોઈ એવું ઇન્જેક્શન છે કે, જે આપો ને તે લેનારો ભગવાનની ભક્તિ કરતો થઈ જાય.' કિરણભાઈ કહે, 'એવું તો હજુ શોધાયું નથી.' સ્વામીશ્રી કહે, 'એની શોધ કરો ને.' કિરણભાઈ કહે, 'એ શોધાય તોપણ આવું ઇન્જેક્શન લે કોણ ? શોધ નકામી જાય.' સ્વામીશ્રી કહે, 'એ તો તમારું દવાનું ઇન્જેક્શન આપો એની ભેગું આ પણ આપી દેવાનું. બધા ભગવાન ભજતા થઈ જાય ને.' કેવી ઇચ્છા!

ગમે તેમ કરીને પણ બધા ભગવાન ભજતા થઈ જાય. એ જ એમને તાન છે.

સૌ કોઈને ભગવાન પ્રત્યે સ્નેહ વૃદ્ધિ પામે, ભક્તિ વૃદ્ધિ પામે એ જ સ્વામીશ્રીના અંતરની અભિલાષા છે.

● **ચોથું લક્ષણ : પોતાના સુખને અર્થે કોઈ ક્રિયા કરે જ નહિ.**

❊ સ્વામીશ્રીએ જીવનભર ભૂખ-તરસ, માન-અપમાન, અગવડ-સગવડ બધું વિના ફરિયાદે કે અક્ષર પણ ઉચ્ચાર્યા વગર સહન કરી હરિભક્તોને રાજી કર્યા છે. ક્યારેય પોતાના સુખનો વિચાર કર્યો નથી ! આ સમજવા માટે એક પ્રસંગ પૂરતો છે.

❊ પોતાના સુખને ગણકાર્યા વિના બીજાના સુખ માટે સતત ગામોગામ વિચરણ કરતા સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતમાં તા.૨૮/૯/૭૮ના રોજ કપૂરા પધાર્યા હતા. આગલા દિવસે નિર્જળ ઉપવાસમાં સ્વામીશ્રીને પધરામણીઓને કારણે અનહદ પરિશ્રમ હતો. આજે અહીં સુમનભાઈ નરસિંહભાઈ ભક્તને ત્યાં સત્સંગ સભા ચાલી રહી હતી. વિવેકસાગર સ્વામી પ્રવચન કરી રહ્યા હતા. તે દરમ્યાન તેમની બાજુમાં બિરાજેલા સ્વામીશ્રીનું શરીર એટલું અસ્વસ્થ થવા માંડ્યું કે, તેનો અણસાર સાથેના સંતોને પણ આવવા માંડ્યો. તેઓ ધ્રૂજતા હતા અને તેઓનું શરીર જાણે શ્યામ પડતું જતું હોય તેવું જણાયું છતાં તે બધું સહન કરીને સ્વામીશ્રી પોતાની સ્વાભાવિકતા અનુસાર માળા જ ફેરવ્યે જતા હતા. એવામાં વિવેકસાગર સ્વામીએ ચાલુ પ્રવચને જ સ્વામીશ્રીના હાથનો સ્પર્શ કર્યો અને જોયું તો શરીર તાવથી ધગધગી રહ્યું હતું. વિવેકસાગર સ્વામીએ તાત્કાલિક જય બોલાવી અને સભાનું વિસર્જન કર્યું અને તરત જ ત્યાંથી નીકળી સૌ સ્વામીશ્રી સાથે વ્યારા જિતુભાઈને ત્યાં ઉતારે પધાર્યા.

સ્વામીશ્રીને તાવને કારણે અશક્તિ સખત વધી રહી હતી. સંતો એમને ટેકો આપીને આરામ માટે પહેલે માળે લઈ ગયા, પથારી સુધી માંડ પહોંચ્યા ત્યાં તો સ્વામીશ્રી સુધ-બુધ ખોઈને પથારીમાં ઢળી પડ્યા. સ્વામીશ્રીને ઔષધ આપવામાં આવ્યું, પરંતુ મિનિટે-મિનિટે સ્વામીશ્રીની તબિયત વધુ કથળવા લાગી. તે સમયે સ્વામીશ્રી કંઈક સૂચના આપતા હતા, પરંતુ અશક્તિને લીધે સ્વામીશ્રી અસ્પષ્ટ અને તૂટક તૂટક શબ્દો બોલી રહ્યા હતા. આવા સમયે સ્વામીશ્રી પોતાના દેહની ચિંતા કર્યા વિના ધીમેધીમે બોલતા હતા, 'સુમનના બાપુજીને ખોટું તો નહીં લાગ્યું હોય ને ! મઢીવાળા મહેન્દ્રભાઈને ત્યાં આપણાથી જવાયું નહિ.'

એક બાજુ બારડોલીના ડૉ. રમણભાઈ સ્વામીશ્રીને તપાસી રહ્યા હતા અને બીજી બાજુ સ્વામીશ્રી બીજાની ચિંતા કરતા હતા. ડૉક્ટરે નિદાન કર્યું, ત્યારે ખબર પડી કે સ્વામીશ્રીને કમળાની અસર છે. આવી ભયંકર બીમારીમાં પણ પોતાના સુખનો વિચાર કર્યા વિના, બીજાને રાજી કરવા છેલ્લા બે-ત્રણ દિવસથી સ્વામીશ્રીએ સખત ભીડો વેઠ્યો હતો.

આમ, આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જે લક્ષણ બતાવ્યાં છે તેવા સત્પુરુષ આપણને મળ્યા છે. તેમના ગુણ આપણા જીવનમાં આવે તે માટે શ્રીજીમહારાજ અહીં પ્રશ્ન પૂછે છે...

● **સત્પુરુષના ગુણ કેમ સમજે તો આવે ?**

❊ શ્રીજીમહારાજે પૂછેલા પ્રશ્નનો ઉત્તર મુક્તાનંદ સ્વામી આપતાં જણાવે છે કે, 'સત્પુરુષને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ મુમુક્ષુને વિષે આવે.'

❊ સત્પુરુષને વિષે દેવબુદ્ધિ રાખવાની વાત શ્વેતાશ્વેતરોપનિષદમાં પણ કરેલી છે.

યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ - ૬/૨૩)

જેવી દેવમાં પરાભક્તિ છે તેવી ગુરુમાં થાય તો તેને સર્વે અર્થો સિદ્ધ થાય છે.

❊ મુક્તાનંદ સ્વામીનો ઉત્તર સાચો છે, પરંતુ તેની વિશેષ પુષ્ટિ કરતાં શ્રીજીમહારાજ કહે છે, 'મોટાપુરુષના ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ-પરિતાપ (પશ્ચાત્તાપ) કરે, તો સત્પુરુષના ગુણ આવે.

❋ સંવત ૧૯૧૪ની સાલમાં એક નાગર ભક્ત ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવા દરરોજ મંદિરે આવતા. તેઓ અત્યંત સ્વાદિયા હતા. તેથી તેની માતા અને પત્નીએ કંટાળી આ દુઃખ ગુણાતીતાનંદ સ્વામીને કહેવડાવ્યું. એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને કથામાં બેસાડ્યા. કથા બાદ ગુણાતીતાનંદ સ્વામી જમવા પધાર્યા. નાગર ભક્તને થયું કે આટલા મોટા મંદિરના મહંત તો કેવાં પકવાન જમતાં હશે ? લાવ જોઉં તો ખરો ! ગુણાતીતાનંદ સ્વામીના જમતાં દર્શન કર્યા, તો ચૂરમું, ઘી, ખાંડ પીરસાતા નાગર ભક્તને દેખાયા. ત્યાં તો ભંડારી સંતે છાસ રેડી. નાગર ભક્તને થયું કે હવે દૂધ પીરસાયું. ગુણાતીતાનંદ સ્વામીએ આ ભક્તનો સંકલ્પ જાણી ભંડારી સંતને કહ્યું, 'આમાં મીઠું અને જીરૂ લાવો.' ત્યારે નાગરભક્તે ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું, 'સ્વામી ! આપ શું જમો છો ?' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'અમે તો બાજરાના રોટલાનો ભૂકો અને છાસ જમીએ છીએ.' તરત જ નાગર ભક્તે ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ લીધો, 'મંદિરના મહંત ભક્તોને પકવાન પીરસી પોતે તો રોટલાનો ખુરમો જમે છે અને હું તો અતિશય સ્વાદિયો છું.' ત્યારથી તેઓ પણ ઘરમાં કોઈ પણ પ્રકારની ફરમાઈશ કે ફરિયાદ વિના નિઃસ્વાદપણે જમવા લાગ્યા.

આ રીતે નાગર ભક્તે મોટાપુરુષને અતિશય નિઃસ્વાદી સમજ્યા તો પોતે નિઃસ્વાદી થયા.

❋ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૩૧માં કહે છે, 'આ જીવને દેહ, ઈન્દ્રિયો અને વિષયનો સંગ ઘણો થયો છે માટે સંગદોષે કરીને જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે. (પણ) નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.'

❋ સત્પુરુષના ગુણોનું મનન ચિંતન કરીએ, તેનો વિચાર કરીએ તો એમના ગુણ આવે.

❋ કલકત્તાથી સતીષભાઈ રાવલ નામના હરિભક્ત સન ૨૦૦૯માં સારંગપુરમાં હરિજયંતી ઉત્સવમાં આવ્યા હતા. આમ તો તેઓ સમૃદ્ધ પરિવારના. ઘરે, ઑફિસે બધે જ એ.સી.માં રહેતા.. સંતો પણ તેઓને માટે એ. સી.વાળી રૂમમાં ઉતારાની વ્યવસ્થા કરે, પરંતુ આ વખતે સંજોગોવશાત્ તેમને એ. સી.વાળી રૂમ ન ફાળવી શકાઈ. તેઓ અઠવાડિયું રોકાવાના હતા. તેથી ઉત્સવને બીજે દિવસે સંતોએ તેમને કહ્યું, આજે આપને માટે એ. સી.વાળી રૂમની વ્યવસ્થા થઈ ગઈ છે. આપ તેમાં ઉતારો કરો. ત્યારે તેઓએ ઉતારા વિભાગના સંતોને કહ્યું, 'આજે સવારથી મને સખત ગરમી અને પરસેવો થાય છે, પરંતુ આજે સવારે સ્વામીશ્રીની પૂજા પહેલાં કથામાં બાપાનો પ્રસંગ સાંભળ્યો કે, બાપા ઉનાળામાં બપોરે પંખા વિનાના પતરાંના છાપરાવાળા ઘરમાં આનંદથી સૂઈ ગયા હતા. જ્યારે જ્યારે મને મનમાં થાય કે બહુ ગરમી છે ત્યારે આ પ્રસંગ યાદ કરું છું. સ્વામીશ્રી જેવા પુરુષ આવો ભીડો વેઠે તો મારે એ.સી.ની અપેક્ષા શા માટે રાખવી ? એટલે હું જ્યાં છું ત્યાં જ બરાબર છું, તમે ચિંતા ન કરશો.'

સ્વામીશ્રીના ગુણનો વિચાર કર્યો તો, તેમને પણ તે પ્રમાણે વર્તવાનું બળ મળ્યું.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જાણે વરદાન આપ્યું છે કે સત્પુરુષના ગુણ વિચારશો તો તેમના જેવા ગુણ આવશે.

● સત્પુરુષમાં અવગુણ પરઠે તો ગુણ ન જ આવે :

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે સત્પુરુષના અવગુણ પરઠનારા ભક્તને કુમતિ પુરુષ કહ્યો છે અને તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહીં. એમ કહ્યું છે.

❋ ગોખરવાળાના હરખા પટેલ ચોમાસામાં ગારાવાળા પગ સોતા મંદિરમાં આવતા હતા. ગુણાતીતાનંદ સ્વામીએ વિવેકથી એટલું જ કહેલું કે, 'પટેલ ઓટલે પાણી ભરેલી ડોલ પડી છે, તો પગ ધોઈને આવો.

પટેલને ગુણાતીતાનંદ સ્વામીના આ વિવેકભર્યા શબ્દોમાં અપમાન જેવું લાગ્યું અને ગુણાતીતાનંદ સ્વામીનો અવગુણ આવ્યો તો સત્સંગમાંથી જતા રહ્યા.

❋ તેથી જ તો ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા પ્રથમ-૬માં કહ્યું, 'સંત જ્યારે દોષ દેખાડીને વાત કરે ત્યારે વાતને માને કરીને અવળી લે અને વાતના કરનારાનો અવગુણ લે તે દિવસે દિવસે સત્સંગમાંથી ઘટતો જાય.'

❋ સોખડાના ત્રિભોવનભાઈ ગોપાળભાઈ પટેલ. શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કીર્તનો ગાય અને સેવા પણ સારી કરે. શાસ્ત્રીજી મહારાજ આગળ 'ઘેલડી ડોલું રે....' કીર્તન ગાઈને મુજરા કરે. તેમને પીજના મોતીભાઈ સાથે વધુ પડતો સ્નેહ થઈ ગયો હતો. સત્સંગમાં વિઘ્નરૂપ એવા અતિશય લૌકિક સ્નેહને તોડવો કેવી રીતે ? તે અંગે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું. શાસ્ત્રીજી મહારાજે ઉત્તર આપ્યો, 'તમારે ત્રિભોવનભાઈની ઉપેક્ષા કરવી.' ત્રિભોવનભાઈએ આ વાત જાણી ત્યારે તેમનું માન ઘવાયું. અંતે આણંદ રેલવે સ્ટેશન ઉપર શાસ્ત્રીજી મહારાજને લાકડી લઈને મારવા માટે પાછળ પડ્યા. પછી તો નિર્ગુણ સ્વામીએ તેમને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરી સમજાવ્યા. ત્યારે તેમને પોતાની બૂલ બદલ પસ્તાવો થયો. માફી માગી. શાસ્ત્રીજી મહારાજને શરણે આવ્યા.

❋ આમ, સત્પુરુષમાં અવગુણ પરઠે તો ક્યારેય સત્પુરુષના ગુણ ન આવે. અને જો સત્પુરુષના ગુણ ગ્રહણ કરે, પોતાના અવગુણ પરઠે અને અનુતાપ-પરિતાપ કરે તો સત્પુરુષના ગુણ અવશ્ય આવે.

❋ સ્વામીશ્રીના પ્રસંગોના શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા તેમના ગુણોનું ચિંતન કરીએ અને બ્રહ્મરૂપ થઈ શકીએ, એવાં બળ, બુદ્ધિ, શક્તિ આપણને સૌને મળે તે પ્રાર્થના...

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમનું ૬૮મું : અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું...

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળું હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.'' ત્યારે મુનિએ કહ્યું જે, ''પૂછો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા. અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે અને સર્વ શબ્દને સાંભળે છે. અને શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, 'શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.' માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે; તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન

રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ, અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતૂર કરે છે પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી. એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે.'' ત્યારે પરમહંસ બોલ્યા જે, ''જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો, તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.''

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થશે કે નહીં થાય ?'' પછી સંત બોલ્યા જે, ''એનું કલ્યાણ નહીં થાય.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે અને સંતને વિષે નાસ્તિક-પણું આવે તેને એટલે જ નહીં રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે; અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે; અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે પણ પરમેશ્વર વતે કરીને નહીં માને; એવો પાકો નાસ્તિક થશે.''

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૬૮મું વચનામૃત થયું.

- ❊ આપણા સનાતન હિંદુ સંસ્કૃતિની ચાર માન્યતા પૈકી એક માન્યતા છે, મૂર્તિપૂજા. તેની વાત આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કરે છે.
- ❊ મૂર્તિપૂજા ના હોય તો સાધનાનાં મહત્ત્વનાં અંગો ધ્યાન, ઉપાસના, કીર્તન, ભક્તિ આદિક શેના આધારે થાય ? મન એવી વસ્તુ છે કે એને ચોંટવા માટે આકાર જોઈએ. આંખો બંધ કરીએ ને આકાર ન હોય તો મન સંકલ્પો કર્યા જ કરે, અંધારું દેખાય.
- ❊ દરેક ધર્મે આકાર સ્વીકાર્યો છે. યહૂદીઓએ કબૂતર સ્વીકાર્યું છે. ખ્રિસ્તીઓ ક્રોસ અને મધર મેરીની મૂર્તિ પધરાવે છે.
- ❊ વિજ્ઞાન કહે છે, જડમાં મન પરોવો તો મન જડ જેવું થાય. મનને એકાગ્ર કરવા આલંબનની જરૂર છે. ચૈતન્ય એવા ભગવાનનું આલંબન લઈએ તો મન જલદી એકાગ્ર થાય.
- ❊ ઘણા હિન્દુઓ જ વિરોધ કરતા હોય છે કે કણકણમાં ભગવાન રહ્યા છે, તો મૂર્તિમાં માનવાની શી જરૂર છે ? ભગવાન સર્વવ્યાપક છે તો મૂર્તિમાં કેમ પૂરો છો ? પણ ભાઈ ગોળનું ગળપણ બધા જ ભાગોમાં હોય, એમ ભગવાન કણકણમાં હોય તો મૂર્તિમાં કેમ ન હોય ?
- ❊ આંબાના વૃક્ષનો રસ ડાળમાં-પાંદડામાં કેરીમાં બધે જ જાય છે, છતાં ડાળ અને પાંદડામાંથી કેમ કેરી જેવો સ્વાદ નથી આવતો ? મજા તો કેરીની જ આવે છે, એમ કણકણમાં ભગવાન છે, પણ મૂર્તિમાંથી આનંદ આવે છે. ભક્તિ કરવા, ધ્યાન કરવા આલંબન મૂર્તિ છે. માટે મૂર્તિપૂજાનું સાધનાની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ છે.
- ❊ મૂર્તિમાં ભગવાન સાક્ષાત્ રહે છે, એનું પ્રતિપાદન શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કરે છે.
- ❊ શ્રીજીમહારાજ કેટલાક તર્ક દ્વારા આ વાત સમજાવે છે તેઓ કહે છે કે ...

૧) જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને રહે છે.

❊ સંસારમાં બંધન ન થઈ જાય એવા હેતુથી સંસારનો ત્યાગ કરવા માટે શુકદેવજી જન્મીને તરત જ દોડવા લાગ્યા. તેમને પકડવા વ્યાસજી પણ તેમની પાછળ દોડ્યા. વ્યાસજી તેમને આંબી નહોતા શકતા તેથી વ્યાસજીએ વૃક્ષમાં રહીને શુકદેવજી સાથે વાતો કરી. સામે શુકદેવજી પણ સિદ્ધપુરુષ હતા. તેમણે પણ વૃક્ષમાંથી વ્યાસજીને જવાબ આપ્યો. માટે જો સિદ્ધપુરુષો પણ વૃક્ષમાં પ્રવેશ કરી શકે છે, તો ભગવાન મૂર્તિમાં કેમ નહીં ?

❊ શંકરાચાર્ય એક વખત મંડનમિશ્રના ઘરે શાસ્ત્રચર્ચા કરવા માટે ગયા. શાસ્ત્રચર્ચામાં શંકરાચાર્ય જીતી ગયા. પણ મંડનમિશ્રની પત્નીએ એમને લલકાર્યા કે, હું એમની અર્ધાંગિની છું. મને હરાવો તો જ તમે જીત્યા કહેવાઓ. શંકરાચાર્યે પડકાર સ્વીકાર્યો. મંડનમિશ્રનાં પત્નીએ સ્ત્રીઓના શૃંગારરસ સંબંધી પ્રશ્ન પૂછ્યો. શંકરાચાર્ય તો બાળ બ્રહ્મચારી હતા. તેમને આવા પ્રશ્નોના જવાબ ખબર ન હોય, તેથી તેમણે એક રાજા જે હજુ મૃત્યુ જ પામ્યો હતો, તેના દેહમાં પ્રવેશ કર્યો અને એની રાણી સાથે રહીને એ પ્રશ્નોના જવાબ જાણી લીધા પછી શાસ્ત્રાર્થમાં વિજયી થયા. આમ, સિદ્ધપુરુષો બીજાના દેહમાં પ્રવેશ કરી શકે છે. તો ભગવાન મૂર્તિમાં રહી જ શકે.

૨) ભૂત હોય એ પણ બીજામાં પ્રવેશ કરે છે.

❊ આજે સમાજમાં એવા ઘણા દાખલાઓ જોવા મળે છે, કે ઘરના કોઈ સભ્યના પંડમાં તેના પિતૃઓ આવતા હોય ને ધુણાવતા હોય... અથવા કોઈનો વળગાડ હોય...

૩) શ્રીજીમહારાજ આ અંગે પોતાના પ્રસંગની પણ વાત કરે છે.

❊ સંવત ૧૮૬૯માં ગુજરાતમાં દુષ્કાળ આવ્યો હતો. એ વખતે પોતે એક મહિના સુધી યોગનિદ્રામાં ગયા હતા. એ દરમ્યાન જગન્નાથપુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં પોતે પ્રવેશ કરીને રહ્યા હતા.

૪) ભગવાન મૂર્તિમાં રહે છે, તેની અન્ય પ્રસંગો દ્વારા પ્રતીતિ થાય છે.

❊ સંત નામદેવ નાના હતા ત્યારે, એમના પિતાને બહારગામ જવાનું થતાં એમને કહી ગયા કે, 'ભગવાનને થાળ ધરાવીને પછી જમજે.' બીજે દિવસે નામદેવ રસોઈ બનાવી થાળ જમાડવા બેઠા, તો શાલિગ્રામ જમે નહિ. તેથી પ્રાર્થના કરીને માથું કૂટ્યું કે, 'મારા પિતાના હાથે થાળ જમો તો મારા હાથે કેમ નહીં ?' ત્યારે એની ભક્તિથી વશ થયેલા ભગવાન શાલિગ્રામમાંથી પ્રગટ થઈ સાક્ષાત્ સ્વરૂપે થાળ જમ્યા. એમની સાથે રહ્યા અને એને ખૂબ જ સુખ આપ્યું.

૫) પ્રાસંગિક પ્રતીતિ :

❊ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૫ને દિવસે દિલ્હીમાં એક સામાન્ય માણસે વહેલી સવારે ગણપતિને દૂધની ચમચી ધરી અને આશ્ચર્ય સર્જાયું. દૂધ ગાયબ થઈ ગયું. ત્યાર પછી વીજળી વેગે આ સમાચાર સમગ્ર ભારતમાં ફેલાઈ ગયા. બપોર સુધીમાં તો સમગ્ર વિશ્વમાં સમાચાર ફેલાઈ ગયા. ગણપતિની મૂર્તિ દ્વારા દૂધ પીવાના પ્રસંગોએ ચકચાર જગાવી દીધી હતી. બધાને એક સરખો અનુભવ થયો. દિલ્હીમાં રોજ કરતાં ૩૦% વધારે દૂધ વેચાયું. ઇંગ્લેન્ડના એક ગેટ વે સ્ટોરમાંથી ૧૪,૨૦૦ લિટર દૂધ વેચાઈ ગયું. ગણેશજીએ દૂધ પીધું એ ચમત્કાર તો હતો જ, પરંતુ મૂર્તિપૂજાની સત્યતા વિશેનો પુરાવો પણ હતો.

૬) સાંપ્રદાયિક પ્રસંગો :

❊ શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી મહારાજનો વિરહ પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી માટે અસહ્ય હતો. પોતે દરરોજ મંગળા આરતી કરીને ગોપીનાથજીની મૂર્તિ સામે કીર્તન ભક્તિ કરતા અને રાજભોગ આરતી સુધી તે પ્રમાણે ગાનતાનથી મુજરા કરી મહારાજને રીઝવતા. ગોપીનાથજી સાક્ષાત્ મૂર્તિમાંથી પ્રગટ થઈ પ્રેમાનંદ સ્વામીને પોતાનો હાર રોજ

આપતા.

❊ કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા શ્રી ગિરધરભાઈ ખૂબ જ મુમુક્ષુ હતા. તેઓએ નક્કી કર્યું કે, વચનામૃતમાં લખ્યા છે એવા સત્પુરુષ કોણ છે તેની જાણકારી મેળવવી. તેમણે સત્સંગમાં બધા જ મોટેરા સદ્‌ગુરુઓનો સમાગમ કર્યો, પણ ક્યાંય એવા સત્પુરુષ ન મળ્યા. અંતે સત્પુરુષ મેળવવા વરતાલના હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઊભા રહી માળા ફેરવવાની શરૂ કરી. તેમના તપથી અને નિષ્ઠાથી પ્રસન્ન થઈ મહારાજે મૂર્તિમાંથી દર્શન દીધાં. ગિરધરભાઈએ મહારાજનાં દર્શન કરી સ્તુતિ કરી, 'હે મહારાજ ! આપની મૂર્તિનું અખંડ સુખ આવે અને હૃદયમાં આપ અખંડ બિરાજો એવી સ્થિતિ કરી દ્યો.' મહારાજે તેમની અલૌકિક માંગણીથી પ્રસન્ન થઈ કહ્યું, 'ભક્તરાજ ! એવી સ્થિતિ તો એવા પરમ એકાંતિક સત્પુરુષને સેવો તો થાય. એવા સત્પુરુષ જ જીવમાંથી અનંત જન્મના બડવાળ કાઢી, મૂળ અજ્ઞાનનો નાશ કરી, મારી મૂર્તિ હૃદયમાં સ્થાપી શકે છે. એવા સત્પુરુષ વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો.' એમ કહી મહારાજ અંતર્ધાન થઈ ગયાં.

આ બધા પ્રસંગો ઉપરથી એટલું ચોક્કસ કહી શકાય કે મૂર્તિમાં ભગવાન નિવાસ કરીને રહે છે એ નક્કર સત્ય અને અનુભવસિદ્ધ હકીકત છે. તેથી જ મૂર્તિપૂજા પ્રત્યક્ષ ભાવથી કરવી જોઈએ.

❊ આ મૂર્તિ આઠ પ્રકારની હોય છે :

શૈલી દારુમયી લૌહી લેપ્યા લેખ્યા ચ સૈકતી ।
મનોમયી મણિમયી પ્રતિમાષ્ટવિધા સ્મૃતા ॥

(ભાગવત્ : ૧૧/૨૭/૧૨)

પાષાણ, કાષ્ઠ, ધાતુ, માટી, ચિત્રપ્રતિમા, રેતી, મણિની બનાવેલ, મનની કલ્પનારૂપ - આ આઠ પ્રકારની મૂર્તિ ભાગવતમાં કહી છે.

● **મૂર્તિપૂજાની રીત :**

❊ શ્રીજીમહારાજ કહે છે, 'પ્રત્યક્ષ ભગવાનની મર્યાદા જેવી જ મૂર્તિની મર્યાદા રાખવી.'

❊ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી મૂર્તિપૂજાની આદર્શ રીત શીખવા મળે છે. સ્વામીશ્રીના કેટલાક પ્રસંગો જાણીએ...

❊ તા.૨૮/૬/૭૪ : પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં બિરાજમાન હતા. ત્યાં વિનોદભાઈના ઘરે પધરામણી હતી. ત્યાં હરિભક્તો ઠાકોરજીને હાર પહેરાવવા માટે લાવ્યા. સ્વામીશ્રીએ હાર લઈ લીધો અને પોતાના ગાતરિયાથી લૂછીને પછી ઠાકોરજીને ધરાવવા આપ્યો. કારણ કે લંડનમાં ભેજવાળી ઠંડી હોય તેથી હાર ભીનો હતો ને જો ભીનો હાર ઠાકોરજીને ધરાવે તો ઠાકોરજી ભીના થઈ જાય અને ઠંડી લાગે.

સ્વામીશ્રીને જેવી પ્રત્યક્ષ ભગવાનની મર્યાદા હોય એવી મર્યાદા મૂર્તિની પણ રહે છે.

● **થાળ-આરતી, પોઢાડવા-જગાડવા વગેરે સેવા પ્રત્યક્ષ માનીને કરવી :**

❊ એક વખત એક સંત ઠાકોરજીને પેંડા ને ઉકાળો ધરાવતા હતા. ત્યારે યોગીજી મહારાજે પ્રત્યક્ષ જમાડતા હોય એવા ભાવથી કહ્યું કે, 'ઠાકોરજીને પહેલા ઉકાળો ધરાવો ને પછી પેંડા ધરાવો, નહીં તો ઉકાળો મોળો લાગશે.'

❊ ૨૦૦૩, પ્રમુખસ્વામી મહારાજ ભરૂચમાં હતા. ત્યાં શિક્ષાપત્રીની સાત દિવસની પારાયણ રાખેલી. એ વખતે પૂનમના દિવસ માટે પંકજભાઈ સોની સુવર્ણનો મુગટ બનાવી લાવ્યા હતા. પંકજભાઈ જ્યારે ત્યાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'આ મુગટ રૂમમાં લઈ આવજો.' તેઓ રૂમમાં મુગટ લઈને આવ્યા, મનમાં ઉત્સાહ કે સ્વામીબાપાએ મને બોલાવ્યો. સ્વામીશ્રી કહે, 'આ મુગટ તું પહેર.' તેઓ કહે, 'પણ આ તો ઠાકોરજીનો છે.' સ્વામીશ્રી કહે, 'ના. તું પહેર.' વાત એમ હતી કે એ મુગટ ખૂબ જ વજનદાર હતો અને સ્વામીશ્રીની ભાવના એવી કે આ ભારે મુગટ જો ઠાકોરજી આખો દિવસ પહેરે તો

ઠાકોરજી થાકી જાય. પછી સ્વામીશ્રીએ કહ્યું, 'આ પૂતળાં પધરાવ્યાં છે ? માટે મુગટ વજનમાં હળવા કરો. જેથી ઠાકોરજીને ભાર ન લાગે. ડિઝાઈન બદલો.'

❊ તા.૯/૫/૯૪, પ્રમુખસ્વામી મહારાજ ઇંગ્લેન્ડમાં લેસ્ટરમાં બિરાજમાન હતા. રોજ પૂજામાં થાળ ધરાવતા સમયે અધ્યાત્મજીવન સ્વામીએ ટેકવેલા હાથને સ્વામીશ્રી થાળ ઉપર વજન આપી દબાવે. તેમને ખ્યાલ ન આવે કે આ ભાર ક્યાંથી આવે છે ? આથી સ્વામીશ્રીએ કહ્યું, 'થાળ થોડો નીચે રાખવો. ઠાકોરજી હાથથી જ જમે છે, મોઢેથી નહીં. થાળ નીચે હોય તો ઠાકોરજીને લેતાં ફાવે.' મૂર્તિમાં ભગવાન પ્રત્યક્ષ માનતા હોય ત્યારે જ આવી સૂક્ષ્મ ભક્તિ આવે.

❊ ૧૯૭૫, સ્વામીશ્રી ચોમાસાના દિવસોમાં ભાવનગરનાં ગામડાંઓમાં વિચરણ કરતા હતા. જમીન લપસણી હતી. પધરામણીથી પાછા ફરતાં પૂ. વિનુભગત (ધર્મચરણ સ્વામી) લપસીને પડ્યા. એમના હાથમાં ઠાકોરજી હતા. સ્વામીશ્રી તરત પાછા વળ્યા ને એમને પૂછ્યું, 'વાગ્યું નથી ને ?' પછી ઠાકોરજીને હાથમાં લીધા, સ્નાન કરાવ્યું ને પછી ગદ્‌ગદ થઈ ઠાકોરજીને પૂછ્યું, 'વાગ્યું નથી ને ?' પછી ગળગળા થઈ માફી માગી, દંડવત્ કર્યા.

આમ, સ્વામીશ્રી એમના જીવન દ્વારા આપણને બતાવે છે કે ભગવાનની મૂર્તિમાં હંમેશાં પ્રત્યક્ષ ભાવ રાખીને સેવા-પૂજા કરવી.

❊ ઠાકોરજીને થાળ ધરાવતી વખતે મન બીજે જવા દેવું નહીં, ભગવાન આગળ ઠઠ્ઠા-મશ્કરી ન કરવી, પગ લાંબો કરીને બેસવું નહીં, કેવળ એક જ પ્રદક્ષિણા ન કરવી, વધુ પ્રદક્ષિણા કરવી. ઝડપથી થાળ ધરાવીને લઈ ન લેવો, વગેરે...બાબતોનો અવશ્ય ખ્યાલ રાખવો.

❊ વળી, જેમ આપણા ઘરમાં ઘણા દિવસથી સાફસૂફી ન કરી હોય અને ઘર ગંદુ હોય તો એમાં કોઈને પણ રહેવું કે આવવું ગમે નહીં, એમ ભગવાનનું મંદિર પણ ચોખ્ખું રાખવું જોઈએ તો ભગવાનને તેમાં વસવું ગમે.

❊ મૂર્તિપૂજાની સાથે ભગવાનના સાક્ષાત્ પ્રગટ સ્વરૂપ અંગે શ્રીજીમહારાજ અહીં એક વિશિષ્ટ વાત કરે છે. તેઓ કહે છે, 'અષ્ટ પ્રકારની પ્રતિમા અને નવમા સંતમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.'

● **સંતમાં ભગવાન પ્રગટ :**

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૨૭માં શ્રીજીમહારાજ સંતનો મહિમા સમજાવતાં કહે છે, 'એના નેત્રમાં ભગવાન જોનારા છે... એ સંતની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે.'

❊ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે,

ન હ્યમ્મયાનિ તીર્થાનિ ન દેવા મૃચ્છિલામયાઃ ।
તે પુનન્ત્યુરુકાલેન દર્શનાદેવ સાધવઃ ॥

(૧૦/૮૪/૧૧)

કેવળ જળમયતીર્થો એ જ તીર્થો નથી અને કેવળ માટી અને પત્થરની મૂર્તિઓ એ જ દેવો નથી, તેઓ તો લાંબા સમયે પવિત્ર કરે છે, પણ સત્પુરુષ તો દર્શનમાત્રથી જ પવિત્ર કરે છે.

કારણ કે સંતમાં ભગવાન પ્રગટ રહ્યા છે.

❊ આધ્યાત્મિક માર્ગે મૂર્તિપૂજાની સાથે સાથે ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપ સમા સંતમાં નિષ્ઠા કરવી તેમનો આશરો કરવો તે ખૂબ જ અગત્યનું છે. કારણ કે સંત એ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. આપણને બોલતું ચાલતું ભગવાનનું સ્વરૂપ સંત દ્વારા મળ્યું છે.

❊ એક વાર ગુણાતીતાનંદ સ્વામીને એક સંતે પ્રશ્ન પૂછ્યો કે, 'શું મૂર્તિયું પ્રત્યક્ષ નહિ?' એટલે કે મૂર્તિમાં ભગવાન પ્રગટ છે તો પછી સંતની શી જરૂર છે ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતનાં ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. મૂર્તિયું શું ચરિત્ર કરે, જે તેનો અવગુણ આવે ને ઘટી જાય? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ ભગવાન કહેવાય.'

(સ્વામીની વાત : ૫/૩૯૫)

❊ મૂર્તિને વિશે જે મુમુક્ષુ પરમ શ્રદ્ધાથી જોડાયો હોય તેને પણ ભગવાને મૂર્તિમાંથી પ્રગટ થઈ સંતની જ ઓળખાણ કરાવી તેમનો આશરો કરવા કહ્યું છે.

❊ વરતાલના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ઠાસરાના ગિરધરભાઈ વચનામૃતમાં જણાવ્યા મુજબ એકાંતિક સત્પુરુષની શોધમાં નીકળ્યા. સમગ્ર સંપ્રદાયમાં ફર્યા પણ ક્યાંય મન ન ઠર્યું. છેવટે પાછા વરતાલ આવ્યા. હરિકૃષ્ણ મહારાજ આગળ રોજ એક પગે માળા ફેરવી પ્રાર્થના કરી. તેથી મહારાજે દર્શન દઈ ભગતજી મહારાજની ઓળખાણ કરાવી.

❊ પંજાબના સરદારજી ભગવતસિંહ મોટા ઉદ્યોગપતિ હતા. તેમને ભગવાન મેળવવાની ઇચ્છા થઈ, તેથી ઘરસંસારનો ત્યાગ કરી પ્રભાસ પાટણ પાસે ભાલકા તીર્થમાં શિવમંદિરમાં પૂજારી તરીકે રહ્યા. રોજ શિવલિંગની પૂજા કરે. એક વાર શિવજીએ દર્શન દઈ પૂછ્યું : 'તારે શું જોઈએ છે?' ભગવતસિંહ કહે, 'કલ્યાણ.' શિવજી કહે, 'કલ્યાણ જોઈતું હોય તો પ્રમુખ સ્વામી દ્વારા ભગવાન પ્રગટ છે, તે તારું કલ્યાણ કરશે.' સ્વામીશ્રી ગઢડામાં જ હતા. ભગવતસિંહ ગઢડા ગયા અને સ્વામીશ્રીનાં દર્શન કરી કલ્યાણ માટે વાત કરી. સ્વામીશ્રીએ એમને સેવા કરવાની આજ્ઞા કરી. સ્વામીશ્રીની આજ્ઞાથી જીવ્યા ત્યાં સુધી ગઢડા રહીને તેમણે સેવા કરી.

❊ વચનામૃત વરતાલ ૧૦માં શ્રીજીમહારાજ જણાવે છે કે, '...ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય (એટલે કે એવા સંત કોણ તે ઓળખ ન થઈ હોય ત્યાં સુધી) ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'

❊ વળી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં સમજાવે છે :

એ તો સર્વે વારતા છે સારી રે,
પણ જનને જોવું વિચારી રે;
જ્યારે એમ જ અર્થ જો સરે રે,
ત્યારે હરિ તન શીદ ધરે રે.

❊ અહીં નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે કે 'ભગવાન મૂર્તિમાં સાક્ષાત્ રહ્યા છે એ વાત તો સારી જ છે, પરંતુ જો મૂર્તિમાં રહેલા ભગવાનથી જ જો સર્વ અર્થ સિદ્ધ થતા હોય તો ભગવાન મનુષ્ય સ્વરૂપે પ્રગટ શાથી થાય ? માટે કલ્યાણ માટે ભગવાનના પ્રગટ સ્વરૂપની આવશ્યક્તા છે. તે પ્રગટ સ્વરૂપ એટલે ભગવાનના અખંડ ધારક અક્ષરબ્રહ્મ સ્વરૂપ સંત.

❊ આવા સંતનો વિશેષ મહિમા સમજાવતાં શ્રીજીમહારાજ વચનામૃત સારંગપુર ૧૦માં જણાવે છે કે, ''...એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.''

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન. ' **(સ્વામીની વાત : ૫/૩૯૫)**

- નિષ્કુળાનંદ સ્વામી પણ આવા સંતનો મહિમા જણાવતાં શ્રીજીમહારાજનાં ઉપદેશ વચનો લખે છે...

દેવ વળી કુળ ને કુટુંબ રે,
એહ નહિ સાચા સંત સમ રે
સાચા સંત એમાં અમે રૈયે રે,
મળી જીવને અભયદાન દૈયે રે
જાણો જન્મમરણ ભય ટાળી રે,
જાશું ધામે વજાડતાં તાળી રે,
સંત સમાગમ પરતાપે રે,
જાશું બ્રહ્મમો'લ માંહિ આપે રે.
(પુરુષોત્તમપ્રકાશ - ૪૨)

મૂર્તિઓ કે અમારું કુળ અને કુટુંબ પણ સાચા સંત સમાન ન કહેવાય. કારણ કે, સાચા સંત દ્વારા અમે પ્રગટ રહીએ છીએ અને તેના દ્વારા જીવોનું

કલ્યાણ કરીએ છીએ.

- ❊ આવા સંત એટલે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. કારણ કે ભગવાન સ્થાવર-જંગમ સમગ્ર સૃષ્ટિમાં રહ્યા છે, પણ વચનામૃત ગઢડા પ્રથમ-૪૧માં શ્રીજીમહારાજ કહે છે : '...જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષ-પ્રકૃતિમાં નથી ને જેવા પુરુષ-પ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી...' એટલે જેવા અક્ષરમાં રહ્યા છે તેવા તો મુક્તમાં પણ રહ્યા નથી તો બીજાની ક્યાં વાત રહી?
- ❊ ૧૯૮૮ની વિદેશયાત્રા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ અમેરિકામાં એલ.એ.માં હતા. ત્યાં મંદિરનો પાટોત્સવ હતો. સ્વામીશ્રીએ મૂર્તિઓ ઉપર જળનો અભિષેક કર્યો અને પછી પૂ. આચાર્ય સ્વામીને રૂમાલથી મૂર્તિ લૂછવા કહ્યું. તેઓ એમના શબ્દમાં આ પ્રસંગ કહે છે કે 'મેં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સ્વચ્છ કરવાની શરૂઆત કરી. એવામાં મૂર્તિ વિશે મને સંશય થયો. રૂમાલમાં જ હાથ રાખી મેં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનો અંગૂઠો જરા જોરથી દબાવ્યો. સ્વામીશ્રીનું ધ્યાન તે વખતે બીજે જ હતું. તેમણે એકદમ મારી તરફ જોયું. જાણે એમનો અંગૂઠો દબાવ્યો હોય તેમ મારી સામે જોઈને સ્વામીશ્રી કહે, 'આચાર્ય, આસ્તે !' મેં સ્વામીશ્રીને પૂછ્યું કે, 'આપને કેવી રીતે ખબર પડી ?' સ્વામીશ્રી મંદ સ્મિત કરતાં ધીરેથી બોલ્યા, 'પડે જ ને !'
- ❊ આમ, મૂર્તિમાં જેવી રીતે ભગવાન પ્રગટ છે, એવી જ રીતે સંતમાં પણ એ જ ભગવાન પ્રગટ છે. માટે સંતમાં પણ મનુષ્યભાવ ન લાવવો અને મૂર્તિમાં પણ મનુષ્યભાવ ન લાવવો પણ દિવ્યભાવ રાખવો. અને મૂર્તિની સેવા જેવો જ ઉત્સાહ સંતની સેવામાં રાખવો. જો મૂર્તિમાંથી ભાવ ઓછો થાય તો એને સંતમાં પણ ભાવ ઓછો થઈ જાય છે.

● નાસ્તિકભાવથી ચેતવું :

- ❊ અહીં શ્રીજીમહારાજ આપણને ચેતવતાં કહે છે કે, 'ભગવાન પ્રત્યક્ષ છે એવો ભાવ રાખ્યા વિના, જે ઉપર-ઉપરથી દેખાવ પૂરતી ભક્તિ કરે તેનું કલ્યાણ થતું નથી અને તેને માત્ર સંતમાં કે મૂર્તિમાં જ નહિ, પણ ભગવાનમાં, શાસ્ત્રમાં અને ધર્મમાં પણ નાસ્તિકભાવ આવી જાય. તે પાકો નાસ્તિક થઈ જાય અને તેનું કલ્યાણ ક્યારેય ન થાય !'

આમ, મૂર્તિમાં અને સંતમાં ભગવાન સાક્ષાત્ રહેલા છે. આ વાતમાં જેને શ્રદ્ધા નહિ હોય તો તે પાકો નાસ્તિક થશે. આસ્તિકપણાનો પાયો આ વાત છે. જો પાયારૂપ આ વાતમાં શ્રદ્ધા નહીં હોય, તો આસ્તિકતાની ઈમારત કેવી રીતે ટકી શકે ?

- ❊ શ્રીજીમહારાજ કહે છે, 'અને એવો જે નાસ્તિક હોય તે મૂર્તિપૂજાનો વિરોધ કરે અથવા મૂર્તિને કેવળ પથરા જાણે.'
- ❊ એક ભાઈ અટલાદરા મંદિરમાં આવ્યા ! ઉનાળામાં ભગવાન માટે એ.સી. લગાવેલું હતું. તો કહે, 'પૂતળા માટે એ.સી. અને જીવતા માણસ માટે કાંઈ નહીં.' અરે, આ પૂતળાં નથી ભગવાન છે. આખી દુનિયાને ઠંડક એ આપે છે, પણ મૂર્તિ પ્રત્યે આવી ભાવના રાખે તો કલ્યાણ ન થાય.
- ❊ અત્યારના સમયમાં ઘણી વાર આવી તાર્કિક દલીલો અને કહેવાતા આધુનિકોની વાતોમાં મૂર્તિપૂજાનું તથા સંતનું ખંડન થાય છે. તે વાત મનમાં પેસી જાય અને મૂર્તિમાં કે સંતમાં નાસ્તિકભાવ આવે તો કલ્યાણ ખોવાનો વારો આવે છે. પરંતુ એવા નાસ્તિકોની વાતોમાં ન લેવાતા, પ્રમુખસ્વામી મહારાજ અને મહાન સંતોના જીવન તરફ દૃષ્ટિ રાખવી જોઈએ તો જ આપણે નાસ્તિકભાવથી બચી શકીએ.
- ❊ અલવરના મહારાજા મંગળસિંહને સ્વામી વિવેકાનંદ મળ્યા, ત્યારે તેમણે મૂર્તિપૂજાનું ખંડન કર્યું. સ્વામી વિવેકાનંદે તેમના પિતાજીનું ચિત્ર મંગાવ્યું અને કહ્યું, 'આના ઉપર થૂંકો, પેશાબ કરો.' રાજા કહે, 'મારા પિતાજી છે.' વિવેકાનંદ સ્વામી કહે, 'તમને કાગળના કટકામાં તમારા પિતાજી રહ્યા નથી છતાં દેખાતા હોય, તો મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન કેમ ન રહે ? અને અમે તેની પૂજા શા માટે ન કરીએ ?' વિવેકાનંદ

સ્વામીના ઉપદેશથી મંગળસિંહ મૂર્તિપૂજામાં માનતા થઈ ગયા.

❊ અમદાવાદમાં એક યુવક સંતોને મળવા આવ્યો. તે કહે, 'સ્વામી મારી ઑફિસમાં કામ કરતા એક પરધર્મી મિત્રે મને એક વીડિયો પ્રવચન સંભળાવ્યું - તેમાં એક પ્રવચનકાર કહે છે, ''વેદોમાં મૂર્તિપૂજા કરવાની મનાઈ છે. કારણ કે વેદ ભગવાન વિષે કહે છે, 'ન તસ્ય પ્રતિમાસ્તિ' એટલે કે ભગવાનની કોઈ પ્રતિમા ન હોય, મૂર્તિ ન હોય. તેથી જે હિન્દુઓ મૂર્તિપૂજા કરે છે, તે સાચા હિન્દુ જ નથી.'' એ યુવકનું મન આ સાંભળી દ્વિધામાં પડી ગયું હતું. પછી સંતોએ તેને સમજાવ્યું કે વેદોની ભાષા સંસ્કૃત છે. સંસ્કૃતમાં 'ન તસ્ય પ્રતિમા અસ્તિ'નો અર્થ થાય છે : તેના જેવું બીજું કોઈ નથી. ભગવાન એક અને અદ્વિતીય છે.'

❊ આપણે પ્રતિમા શબ્દ મૂર્તિ માટે વાપરીએ છીએ, પણ પ્રતિમા શબ્દનો મૂળ અર્થ છે, 'એના જેવું.' આપણે ગુજરાતીમાં પણ કહીએ છીએ કે, 'રાજાએ અપ્રતિમ શૌર્ય બતાવ્યું.' એટલે કે બીજા કોઈમાં ન હોય એવી શૂરવીરતા રાજાની છે.

❊ જેમ અંગ્રેજીમાં 'ટોર્ચ' શબ્દ બેટરી કે મશાલ માટે વપરાય છે, પણ મૂળભૂત રીતે ટોર્ચ શબ્દનો અર્થ છે, 'ગૂંચળું'. પહેલાના જમાનામાં કાપડનું કે દોરીનું ગૂંચળું વાળી તેમાંથી મશાલ સળગાવવામાં આવતી. તેથી ધીરેધીરે મશાલ માટે ટોર્ચ શબ્દ વપરાવા લાગ્યો. હવે ઈલેક્ટ્રિક કે એલ.ઈ.ડી લાઈટ આવી ગઈ, તેમાં ગૂંચળું ક્યાંય નથી છતાં તેને માટે ટોર્ચ શબ્દ વપરાય છે.

હવે, ૫૦૦ વર્ષ પહેલાના પુસ્તકમાં એવું લખાણ હોય કે 'મહેશના વાળમાં ટોર્ચ હતું.' તો આજે એનો અર્થ એવો ન કરાય કે મહેશના વાળમાં પ્રકાશ ફેંકતી બેટરી હતી.

એ રીતે પ્રતિમા શબ્દ ભલે મૂર્તિ માટે વપરાય છે, પણ તેનો મૂળ અર્થ અલગ છે. એટલે વેદોના એ વિધાનનો અર્થ કરનાર પ્રવચનકાર પોતાની વાત સાબિત કરવા માટે આવો અવળો અર્થ કરે છે.

❊ વેદોમાં મૂર્તિનું કે મૂર્તિપૂજાનું જરાય ખંડન નથી. મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વખતે બોલાતા મંત્રો વેદોના જ છે.

❊ અથર્વવેદનો મંત્ર છે **'નમસ્તે અસ્તુ અશ્મને'** એટલે કે પથ્થરની મૂર્તિમાં રહેલા હે ભગવાન ! આપને હું નમન કરું છું. (અશ્મન્ એટલે પથ્થર)

❊ અથર્વવેદનો બીજો મંત્ર છે, **'એહ્યશ્માનમા નિષ્ઠાશ્મા ભવતુ તે તનૂઃ'** અર્થાત્ 'હે પરમાત્મા ! આ પથ્થરની મૂર્તિમાં આપ વિરાજમાન થાઓ. તે આપનું શરીર છે.'

આવા તો અનેક પુરાવા પ્રાચીન શાસ્ત્રોમાં જોવા મળે છે, કે જેમાં સ્પષ્ટપણે મૂર્તિપૂજાનું પ્રમાણ કર્યું હોય.

❊ એવી જ રીતે કહેવાતા આધુનિકો, એવું ખંડન કરે છે કે ભગવાનને મેળવવા ભગવાન અને ભક્ત વચ્ચે કોઈ સંત કે ગુરુને લાવવાની જરૂર નથી. જે નાસ્તિકભાવના શબ્દો છે. શાસ્ત્ર વિરુદ્ધ છે.

❊ શાસ્ત્રોક્ત લક્ષણો મુજબ જેમાં ભગવાન અખંડ રહ્યા છે, તેવા સંતનો મહિમા આવા આધુનિકો સમજી શકતા નથી. આપણાં સઘળાં શાસ્ત્રો ભગવાનના માર્ગે આગળ વધવા, આવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ સંતની આવશ્યકતા જણાવે છે.

❊ ઉપનિષદો કહે છે, **'યઃ સેતુરીજાનાનામ્ અક્ષરં બ્રહ્મ યત્ પરમ્.'** - ભગવાન પાસે પહોંચવા માટે અક્ષરબ્રહ્મ સેતુરૂપ છે. **'યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ.'** જેવી રીતે ભગવાનની ભક્તિ-પૂજા વગેરે થાય છે, તેવી જ રીતે તેવા જ ભાવથી અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુરુની ભક્તિ-પૂજા કરવી જોઈએ. કારણ કે આવા સંત દ્વારા ભગવાન જ ભક્તિ-પૂજાનો સ્વીકાર કરે છે.

❊ આમ, એવા કુસંગીના શબ્દો કે એવા શાસ્ત્રોનાં વાંચન-શ્રવણથી મૂર્તિમાં કે સંતમાં નાસ્તિકભાવ ન આવે તે માટે તેનાથી ચેતતા રહેવું જોઈએ...

❊ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'આપણે આપણા ગુરુ

સામે દૃષ્ટિ રાખવી. બીજા જે કહે તે. આપણે તો ભગવાન અને સત્પુરુષની રીતે રીત રાખવી.'

આપણા ગુરુને મૂર્તિમાં અનન્ય શ્રદ્ધા છે, ગુરુમાં સાક્ષાત્ ભગવાનનો ભાવ છે અને એવા ભાવથી જ તેઓ પૂજા કરે છે. તો આપણે પણ એવા સાક્ષાત્ ભાવથી ભગવાન અને ભગવાનના અખંડ ધારક સંતની પૂજા-અર્ચના કરી શકીએ એ પ્રાર્થના..

❀ ❀ ❀

❖ **વચનામૃત :** ❊ગઢડા પ્રથમ : ૬૮-અષ્ટ પ્રકારની
પ્રતિમામાં અને સંતમાં અખંડ રજ્ઞાનું.

❖ **સ્વામીની વાત :** ૧. પ્રકરણ : ૩, વાત : ૩૪

૨. પ્રકરણ : ૧, વાત : ૫૦

❖ **પ્રસંગ કથન :**

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું અડસઠમું : અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળું હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' ત્યારે મુનિએ કહ્યું જે પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય, તે મૂર્તિ અષ્ટ પ્રકારની છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે 'જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ, તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી; અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતુર કરે છે, પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ?' એ પ્રશ્ન છે. ત્યારે પરમહંસ બોલ્યા જે, 'જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાંખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થશે કે નહિ થાય ?' પછી સંત બોલ્યા જે, 'એનું કલ્યાણ નહિ થાય.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે અને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહિ રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને એ ભગવાનનાં જે ગોલોક બ્રહ્મપુર આદિક ધામ છે, તેને વિષે પણ નાસ્તિકપણું આવશે. અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને પણ મેળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે; પણ પરમેશ્વર વતે કરીને નહિ માને એવો પાકો નાસ્તિક થશે.'

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

- ❊ આ વચનામૃત શ્રીજીમહારાજના પ્રાકટ્ય દિન - ચૈ.સુ. ૯નું છે.
- ❊ પોતાના અક્ષરધામગમન પછી પોતે પૃથ્વી ઉપર ૧. અષ્ટપ્રકારની પ્રતિમા તથા ૨. સંત એ બે રીતે પ્રગટ રહી જીવના શ્રેયનો માર્ગ કેવી રીતે ચાલુ રાખશે તે વાત પોતાના પ્રાકટ્ય દિને મહારાજ સમજાવે છે.
- ❊ આ બંનેનો મહિમા અને મર્યાદા રાખવાની રીત સમજાવે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❀ મૂર્તિપૂજાનો આગ્રહ શા માટે ?

- ❊ શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોમાં આસ્તિકભાવ દૃઢાવવા માગે છે.
- ❊ સનાતન હિન્દુ ધર્મના ચાર પાયાના સિદ્ધાંતો છે

: ૧. અવતારવાદ ૨. પુનર્જન્મવાદ ૩. કર્મવાદ ૪. મૂર્તિપૂજા

* હિન્દુ ધર્મ સિવાય વિશ્વના મોટા ભાગના ધર્મોએ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો છે, જેમાં ઈસ્લામ, ખ્રિસ્તી અને યહૂદી ધર્મો મુખ્ય છે. કેટલાંક ધર્મો તો એવા કટ્ટરવાદી છે કે તેઓ મૂર્તિઓને તોડવામાં અને મૂર્તિપૂજાકોની હત્યા કરવામાં પુણ્ય માને છે.
* તેમ છતાં મૂર્તિપૂજાના ખંડનના આગ્રહી ધર્મોએ મૂર્તિને બદલે પ્રતીકોનું પ્રવર્તન તો સારી પેઠે કર્યું જ છે ! દા.ત. ખ્રિસ્તી ધર્મે ક્રોસનું, ઈસ્લામે ચાંદનું પ્રતીક રાખ્યું છે. આ પણ એક પ્રકારની મૂર્તિપૂજા જ છે !
* હિન્દુધર્મમાં પણ નિરાકારવાદીઓ મૂર્તિપૂજામાં માનતા નથી. જૈન અને બૌદ્ધ ધર્મે પણ પ્રથમ મૂર્તિપૂજાનો વિરોધ કરેલો, પણ પાછળથી બંનેમાં પુષ્કળ પ્રમાણમાં મૂર્તિપૂજા ચાલુ થઈ ગઈ. આર્યસમાજ, અદ્વૈતવાદીઓ તથા બ્રહ્મોસમાજના અનુયાયીઓ પણ મૂર્તિપૂજાનું ખંડન કરે છે.

❋ નિરાકારવાદ અને મૂર્તિપૂજાના ખંડનના મત ખોટા છે :

* શિવલિંગ ઉપર ઉંદર ફરતો જોઈને દયાનંદ સરસ્વતીને થયું કે, 'શિવલિંગમાં ભગવાન નથી. અને જો ભગવાન હોય તો નિરાકાર હોય.' આ રીતની સમજણથી એમણે આર્યસમાજની સ્થાપના કરી. પણ એમણે સવળી સમજણ લીધી હોત કે, 'ભગવાન કેવા દયાળુ છે, કે ઉંદર જેવો તુચ્છ જીવ પોતા ઉપર આંટા મારે છતાં કંઈ કરતા નથી. નાનું બાળક જેમ પિતાના ખોળામાં પેશાબ કરે તો શું પિતા બાળકને સજા કરે છે ? ના. તો ભગવાન તો માફ કરે જ ને !' - તો એમનું મન ઉદ્વિગ્ન ન થાત.
* નિરાકારવાદીઓ કહે છે, 'બ્રહ્મ સર્વવ્યાપક છે, અણુ-અણુ પ્રત્યે રહેલો છે.' તો જો ભગવાન અણુ અણુમાં રહેલા હોય, તો મૂર્તિમાં કેમ રહ્યા ન હોય ? હોય જ.
* આપણે માનવો સાકાર છીએ, તો આપણને કોઈ વાત અદ્ધર-પદ્ધર રજૂ થાય એની ગેડ બેસતી નથી, પણ પ્રત્યક્ષ પ્રમાણ દેખાય ત્યારે જ યથાર્થ મનમાં ઊતરે છે. એથી સાકાર મૂર્તિની ભક્તિ એટલે કે મૂર્તિપૂજા - એ જ આપણને સૌથી વધુ અનુકૂળ આવે એમ છે.
* ભારતમાં વૈદિક કાળથી મૂર્તિપૂજા પ્રચલિત છે. દેવદેવીઓની મૂર્તિઓની પૂજા-ભક્તિ વડે કેટલાંય ભક્તોએ પોતપોતાની ઉપાસ્ય મૂર્તિનો સાક્ષાત્કાર ને સિદ્ધિઓ મેળવી છે.

❀ મૂર્તિમાં ભગવાન છે : પ્રમાણભૂત પ્રસંગોઃ

* પ્રહ્લાદને એવી શ્રદ્ધા, વિશ્વાસ અને આસ્તિકભાવ હતો, તો થાંભલામાંથી પણ ભગવાને પ્રગટ થઈને એમની રક્ષા કરી.
* સંત નામદેવ નાના હતા ત્યારે એમના પિતાને બહારગામ જવાનું થતાં એમને કહી ગયા કે, 'ભગવાનને થાળ ધરાવીને પછી જમજે.' બીજે દિવસે નામદેવ રસોઈ બનાવી થાળ જમાડવા બેઠા, તો શાલિગ્રામ જમે નહિ ! તેથી પ્રાર્થના કરીને માથું કૂટ્યું કે, 'જો મારા પિતાના હાથે થાળ જમો છો, તો મારા હાથે કેમ નહિ ?' ત્યારે એની ભક્તિથી વશ થયેલ ભગવાન શાલિગ્રામમાંથી પ્રગટ થઈ સાક્ષાત્ સ્વરૂપે થાળ જમ્યા, એની સાથે રમ્યા અને એને ખૂબ સુખ આપ્યું.
* મીરાંબાઈ સાથે શ્રીનાથજી, વૃંદાવનવિહારીજી, અને દ્વારકાધીશજીની મૂર્તિઓ સાક્ષાત્ વાતચીત કરતી.
* તુલસીદાસજીએ રામચંદ્રજી પ્રત્યેની પતિવ્રતાની ટેકને લીધે વૃંદાવનમાં વૃંદાવનવિહારીજીને રામચંદ્રરૂપે દર્શન આપવાની પ્રાર્થના કરી, ત્યારે

તરત એમણે એ રીતે દર્શન આપ્યાં હતાં.

* શામળાજીની મૂર્તિ છેક ટોરડા ગામે ખુશાલ ભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) સાથે દરરોજ રમવા આવતી.
* એભલખાચરની હાજરીમાં જીવુબાએ લાલજીને ધરાવેલ દૂધનો વાટકો લાલજી પી ગયા, અને તે વાટકાનો લાલજીએ એભલ ખાચર ઉપર ઘા કર્યો. એભલખાચરે પણ લાલજીના હોઠ ઉપર દૂધની રેખા જામી ગયેલી જોઈ.
* વરતાલના હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી શ્રીજીમહારાજ રામપ્રતાપભાઈને દર્શન આપી 'આઓ, બડે ભૈયા' કહીને ભેટતા.
* ગોરધનદાસ કોઠારીના ભત્રીજા ગિરધરભાઈએ 'મહારાજ અત્યારે ક્યાં પ્રગટ હશે' - તે જાણવા વરતાલના હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે ૧ મહિનો એક પગે ઊભા રહી તપની માળા ફેરવી. ત્યારે મહારાજે મૂર્તિમાંથી કહ્યું, 'મહુવાના પ્રાગજી ભક્તમાં હું પ્રગટ છું.' પણ એમને વિશ્વાસ ન આવતાં ફરીથી એવું જ તપ કરતાં, બીજી વાર પણ એ જ ઉત્તર આપી એમને ભગતજી મહારાજમાં સત્પુરુષપણાનો મહારાજે નિશ્ચય કરાવ્યો હતો.
* ભાવનગરમાં જયંતીભાઈ પટેલના ઘરે યોગીજી મહારાજે શ્રીજીમહારાજની મૂર્તિને થાળ ધરાવી પડદો નાખ્યો. પછી પોણો કલાક સુધી થાળ બોલ્યા, ત્યારે એ થાળની ઘણીખરી વાનગીઓ ઠાકોરજી સાક્ષાત્ જમી ગયા હતા.
* પ્રમુખસ્વામી મહારાજને મૂર્તિને વિષે પ્રત્યક્ષ ભગવાનપણાનો ભાવ છે.

- લુસાકામાં ૧૯૮૮માં પત્રકારોએ પ્રમુખસ્વામી મહારાજને ટી.વી. ઇન્ટરવ્યૂમાં એમની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ માટે પૂછ્યું કે, 'આ શાનું પ્રતીક છે ?' તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા કે, 'આ પ્રતીક નથી પણ પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાન છે.'
- લંડનમાં નવો વજન કરવાનો કાંટો પ્રમુખસ્વામી પાસે લાવ્યા. સ્વામીએ પોતાનું વજન કરતાં પહેલાં ઠાકોરજી મંગાવ્યા અને પ્રથમ એમનું વજન કર્યું. પછી સેવક સંતને આજ્ઞા કરી કે 'ઠાકોરજીનું વજન તારીખ-વાર સહિત ડાયરીમાં નોંધી લો.' - આ સ્વામીબાપાની પરાભક્તિ હતી. વજન તો માણસોનું નોંધવાનું હોય, કારણ કે એમાં વધ-ઘટ થાય તો એની ખબર પડે. ઠાકોરજીનું સ્વરૂપ તો ધાતુની પ્રતિમાનું છે, જેના વજનમાં વધ-ઘટ થવાની નથી. તેમ છતાં નોંધવાનું કહ્યું, કારણ કે સ્વામીબાપા ઠાકોરજીને જીવંત વ્યક્તિ કરતાં પણ વિશેષ માને છે.
- ૧૯૭૪માં સ્વામીશ્રી મુંબઈથી નૈરોબી જે પ્લેનમાં ગયા હતા, તેમાં જ નૈરોબી ઊતર્યા સિવાય પાછા મુંબઈ આવવાનું થયું. મુંબઈ પાછા આવ્યા ત્યારે ૧૮ કલાક જેટલો સમય વીતી ગયો હતો. રસ્તામાં થાળના સમયે કોરો નાસ્તો સાથે લીધો હતો તે ધરાવ્યો હતો, પણ સ્વામીબાપાના મનમાં રંજ રહી ગયો કે, 'ઠાકોરજીને થાળ ધરાવાયો નહિ.' એમણે રસ્તામાં ઠાકોરજીની ગદ્ગદ્ભાવે ખૂબ માફી માંગી. રાતે ૧ વાગે દાદર મંદિરે આવીને નવેસરથી શીરો-પૂરી વિગેરે બનાવડાવી ઠાકોરજીને ધરાવ્યાં અને ખૂબ માફી માંગી. જ્યારે પોતાનું આવું અપમાન થયું હોય, થાક હોય, અણધાર્યા સંજોગો ઉપસ્થિત થાય ત્યારે ઠાકોરજી યાદ આવવા જ મુશ્કેલ હોય છે.

❀ મૂર્તિઓનાં આઠ પ્રકારો :

* શ્રીમદ્ ભાગવતના ૧૧મા સ્કંધમાં આઠ પ્રકારની મૂર્તિઓ વર્ણવવામાં આવી છે : પાષાણની, કાષ્ટની, ધાતુની, લેપનની, ચિત્રની, રેતીની, મનોમયી, રત્નમયી. આપણા

સંપ્રદાયમાં શિખરબદ્ધ કે હરિમંદિરોની મૂર્તિઓનું વારેવારે સ્થાપન-ઉત્થાપન થતું નથી. વ્યક્તિગત પૂજામાં રખાતી ચિત્ર-પ્રતિમાઓ કે મહાપૂજા વખતે સોપારી કે અન્ય મૂર્તિમાં ભગવાનનું આહ્‌વાન કરવાનું હોય છે, અને પૂજા પછી વિસર્જનમંત્ર બોલી વિસર્જન કરવાનું હોય છે.

* વચ.વરતાલ.૧૧ : જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.

❀ આ મૂર્તિઓની મર્યાદા કઈ રીતે રાખવી જોઈએ :

* વચ.વર.૮ : જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેણે અતિશય પવિત્રપણે રહેવું. જેમ દેવને પૂજવા તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને પૂજા કરે ત્યારે દેવ તેની પૂજા અંગીકાર કરે છે.

*** આટલી બાબતોનું પાલન કરવું જોઈએઃ**

- આંતર-બાહ્ય શુદ્ધિ રાખવી - જેમાં પવિત્રતા, સુઘડતા અને સ્વચ્છતા આવી જાય છે.
- ઋતુ પ્રમાણે પ્રત્યક્ષ તથા માનસી પૂજા, સેવા, વસ્ત્રો અને થાળ ધરવાં.
- આ મૂર્તિઓ સમક્ષ વિવિધ ઉત્સવો પ્રત્યક્ષ ભાવ લાવીને કરવા, જેવા કે જળઝીલણી, અન્નકૂટ, રથયાત્રા, જન્માષ્ટમી, હરિજયંતી, ફૂલદોલ વિગેરે.
- મૂર્તિનાં દર્શન એકાગ્ર ઇન્દ્રિયો અને મનથી મહિમાપૂર્વક કરવાં.
- મૂર્તિ આગળ ઠઠ્ઠા-મશ્કરી, ગ્રામ્યાવાર્તા, ચર્ચા, વાદવિવાદ કે વ્યસનો કરવાં નહિ.
- ચપળ, ચંચળ કે બાહ્યદૃષ્ટિ રાખવી નહિ.
- ઠાકોરજીને સમયે સમયે જગાડવા, પોઢાડવા, થાળ, આરતી કરવાં.
- સભા, ઉત્સવ, સમૈયામાં ઠાકોરજીનું આસન સંતો-હરિભક્તો કરતાં ઊંચું અને વ્યવસ્થિત, સુશોભિત રાખવું.
- પૂજારીએ પોતાનાં વાણી, વર્તન અને વિચારમાં સંયમ રાખવો અને ઠાકોરજીની ગૌણતા કે ઉપેક્ષા ન થાય તેનું ધ્યાન રાખવું.
- ભગવાનની જેમ મૂર્તિને સર્વજ્ઞ, અંતર્યામી અને સર્વકર્તા માનીને વર્તવું.

*** જેને ઠાકોરજીની મૂર્તિની મર્યાદા ન હોય તે કેવી રીતે વર્તે છે ?**

- દંભી પૂજારીઓ કે ભક્તો ભક્તિભાવનો દેખાવ ને આડંબર કરી પોતાની પેટપૂજા માટે મૂર્તિપૂજા રૂપી એક પ્રકારનો ધંધો જ કરતા હોય છે.
- આવા માણસો ઠાકોરજીની પૂજા, આરતી, થાળ, સ્નાન, વસ્ત્રપરિધાન વિગેરે ક્રિયા યંત્રવત્ કે વેઠની માફક કરે/કરાવે, શુદ્ધિ, પવિત્રતા, સ્વચ્છતા ન જાળવે. એટલું જ નહિ, પણ ઠાકોરજી સમક્ષ બીડી, સિગારેટ, પાન-મસાલા, દારૂ તેમજ પ્રસાદના નામે માંસાહાર પણ કરે.
- એક પૂજારી પોતાના દીકરાને ઠાકોરજીનો થાળ ધરાવવાનું કહી બહાર વ્યાવહારિક કામે ગયો. પાછા આવીને દીકરાને થાળ વિષે પૂછ્યું તો દીકરાએ થાળ ધરાવેલો નહિ. તેથી બોલી ઊઠ્યો, 'આ લપ મારે જ માથે ?'
- એક ગૃહસ્થી બાવાને ઉઘરાણીએ જવાની ઉતાવળ હતી, પણ જતાં પહેલાં ઠાકોરજીને મુગટ પહેરાવીને નીકળવાનું હતું. ઠાકોરજીને માથે મુગટ રહેતો ન હતો. એણે ત્રણ-ચાર પ્રયત્ન કર્યા છતાં મુગટ પડી ગયો, ત્યારે એણે ઠાકોરજીની મૂર્તિને એક ધોલ મારીને બરાડો પાડ્યો, 'તેરા મથ્થા સીધા રાખ.'
- આવા ભક્તો પોતાની વ્યક્તિગત પૂજામાં પાથરેલ મૂર્તિમાં આહ્‌વાન કર્યા પછી ઊઠીને ઘરકામ કરે, પૂજા કરતાં વાતો કરે, છાપું વાંચે,

રેડિયો/ ટી.વી. સાંભળે/ જુએ, ઘરનાં સભ્યો સાથે વાતચીત કરે - આવું બધું કરતાં હોય તો પૂજામાં ઠાકોરજીની મર્યાદા સાચવી ન કહેવાય.

❀ સંતના હૃદયમાં ભગવાન રહ્યા છે :

* જેવી રીતે ભગવાન મૂર્તિમાં રહ્યા છે તેવી રીતે પરમ એકાંતિક ગુણાતીત સંતમાં પણ ભગવાન સમ્યક્‌પણે રહ્યા છે.
* વચ.ગ.પ્ર.૨૭ : જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે... એ સમર્થ તો કેવો જે એના નેત્રમાં ભગવાન જોનારા છે અને તેના પગમાં ચાલનારા ભગવાન છે, એમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે.
* વચ.સા.૧૦ : એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.
* વચ.ગ.અં.૨૬ : ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઈન્દ્રિયો-અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને દબાય નહિ, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા ન જાણવા. કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.
* નિષ્કુળાનંદ સ્વામી :

'સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.'
(પુરુષોત્તમ પ્રકાશ)

'ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેના આપમાં હરિનો વ્યાપ,
સંત તે સ્વયં હરિ.'

* મીરાંબાઈ :

'હાં રે હરિ વસે હરિના જનમાં,
હાં રે તમે શું કરશો જઈ વનમાં.'

* નરસિંહ મહેતા :

'પ્રાણ થકી મુને વૈષ્ણવ વાલા, રાતદિવસ હૃદે ભાવું રે.'

* સંત કબીર :

साहबका घर संतन मांही, संत साहब कछु अंतर नाहीं.

* જૂનાગઢમાં જાગાભક્ત ધ્યાનમાં બેઠા હતા ને વિચાર આવ્યો, 'આપણો જન્મ પાછળથી થયો તેથી શ્રીજીમહારાજનાં દર્શન થયાં નહિ.' તેથી અંતરે ઉદાસીનતા આવી ગઈ. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે, 'તમને ફક્ત શ્રીજીમહારાજનો આકાર દેખાતો નથી, પણ એક રોમનોય ફેર નથી - તે વાત જાણજો. મહારાજ ગુણાતીત સત્પુરુષના અંગોઅંગમાં રહ્યા છે.'
* અમદાવાદમાં સભામાં શાસ્ત્રીજી મહારાજે મનુષ્યદેહની દુર્લભતા અને સત્પુરુષના મહિમાની અદ્‌ભુત વાતો કરી ત્યારે સભા વચ્ચે જ પાસે આવીને ભગતજી મહારાજે 'રંગ છે સ્વામી !' - એમ કહીને પોતાના બે હાથ શાસ્ત્રીજી મહારાજને માથે મૂક્યા અને બહુ જ રાજીપો બતાવ્યો. ત્યારે એક હરિભક્તે કહ્યું, 'તમે ગૃહસ્થ છો તેથી સાધુને માથે હાથ ન મૂકાય.' ત્યારે ભગતજી મહારાજ કહે, 'મેં નથી મૂક્યા, સહજાનંદ સ્વામીએ મૂક્યા છે.' આમ પોતામાં પ્રગટપણું બતાવ્યું.
* ૧૯૮૧માં આબુમાં સંતોના 'સ્વામીશ્રીને ભગવાન કહેવાય ?' - આ પ્રશ્નના જવાબમાં સ્વામીશ્રી કહે, 'એમના હાથમાં ભગવાનનો હાથ, પગમાં ભગવાનનો પગ, મુખમાં ભગવાનનું મુખ એમ અંગોઅંગમાં ભગવાન રહ્યા છે. જેમ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે ને

- સંત તે સ્વયં હરિ.'

❀ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતની મર્યાદા રાખવી :

* આવા સંતનો મહિમા જાણીએ કે આ સંત મનુષ્ય જેવા દેખાય છે પણ ભગવાનનું સ્વરૂપ છે, દિવ્ય અને માયા પરના છે, તો એમની મર્યાદા સચવાય.
* એમની સમક્ષ વિનય, વિવેક, નમ્રતા અને સભ્યતાપૂર્વક વર્તવું.
* એમનાં વચન, આજ્ઞા, મરજી અને અનુવૃત્તિ મન-કર્મ-વચને પાળવાં.
* એમનાં વેણ ઉપર વેણ લાવવાં નહીં.

❀ અને જો મર્યાદા ન રાખે તો :

- આ વચનામૃત મુજબ 'નિશ્ચયમાં કચાશ હોવાથી મર્યાદા રહેતી નથી અને જ્યારે નિશ્ચય જ નથી તો કલ્યાણ પણ થવાનું નથી.'
- જે મર્યાદા નથી પાળતો તેને ભગવાન અને સંતમાં નાસ્તિકભાવ આવે છે.

આ પ્રમાણે આપણા મંદિરોમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ અને ગુણાતીત સત્પુરુષ એવા પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ભગવાન આજે પ્રગટ છે. આવી મહિમાએ યુક્ત સમજણ હોય તો આપણું આત્યંતિક કલ્યાણ નિશ્ચિત જ થઈ જવાનું છે. ◆

સભા : ૭ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૭૦કાકાભાઈનું-ચોરને કાંટો વાગ્યાનું
- **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૧/૨૫
  ૨. પ્રકરણ : ૧/૨૩૭
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું સીત્તેરમું : કાકાભાઈનું ચોરને કાંટો વાગ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૫ પૂન્યમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અન માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને હસ્તકમળમાં તુલસીની માળા લઈને ફેરવતા હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈને નિત્યાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ?' ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'કુસંગીથકી છેટે રહીએ અને સંતનો સમાગમ અતિશય રાખીએ તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય. અને જો કુસંગીનો સંગ કરીએ તો અડગ નિશ્ચય ન થાય.' ત્યારે વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, અમે એનો ઉત્તર કરીએ જે, ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો, જે 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે. એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય. માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહિ, કાં જે ઘરમાં દશ માણસ હોઈએ અને તે દશેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે. ત્યાં એક વાર્તા છે જે -

એક ગામમાં ચોર બહુ રહેતા, તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો. તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો તે પગમાં સોંસરો નીકળ્યો. તેણે કરીને પગ સૂણ્યો તે ચોરીએ ન જવાણું. અને બીજા ચોર તો ચોરી કરવા ગયા. તે એક રાજાનો ખજિનો ફાડીને ઘણુંક ધન લઈ આવ્યા, અને સૌએ માંહોમાંહીં વહેંચી લીધું. તે પૈસા બહુ આવ્યા, તેને સાંભળીને ચોર જે સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો, તેનાં મા-બાપ, સ્ત્રી અને સગાં સર્વે વઢવા લાગ્યા જે, 'તું ચોરી કરવા ન ગયો અને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યા.' એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું લશ્કર આવ્યું ને તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા. ત્યારે તે સર્વે ગામને માણસે તથા સાધુએ સાખ પૂરી જે, આ તો ચોરી કરવા નો'તો ગયો એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે તે ઊગર્યો. એમ સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે

છે, કાં જે અમે રામાનંદસ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુ:ખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુ:ખ થાઓ; પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રાબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુ:ખી ન થાય, એ બે વર મને આપો.' એમ મેં રામાનંદસ્વામી પાસે માગ્યું ત્યારે મને રામાનંદસ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે. માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુ:ખ થવાનું લખ્યું હોય તે થાય નહિ, તો ય પદાર્થ નાશવંત છે. માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો તો અડગ નિશ્ચય થાય, ઈત્યાદિક ઘણીક વાર્તા તો કરી છે પણ આ તો દિશમાત્ર લખી છે.'

● વચનામૃતની વિશેષતા :

આ વચનામૃતમાં સત્સંગમાંથી પડી ન જવાય, ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ ન થાય તે માટેની લાલબત્તી શ્રીજીમહારાજ બતાવે છે.

સત્સંગ કરવાની સાચી રીત, સાચી સમજણ આપણને શીખવે છે.

- જસકાના જીવાભાઈ પૂછે છે : ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ?

સૌ પ્રથમ જોઈએ નિશ્ચયની મહત્તા :

- ભગવાનના નિશ્ચયથી જ જીવ કલ્યાણને પામે છે. ભગવાનના કલ્યાણકારી ગુણોને પામે છે
- ગ.પ્ર. ૬૩ ભગવાનને તત્ત્વે કરીને જાણ્યા પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી. તત્ત્વે કરીને જાણવા એટલે નિશ્ચયની યથાર્થ દઢતા કરવી.
- ગુ.સ્વા. : સ્વરૂપનિષ્ઠા એટલે કે નિશ્ચય તે વરને ઠેકાણે છે, એકડાને ઠેકાણે છે.
- નિશ્ચયથી પ્રાપ્તિ છે ને તેમાં જો કસર રહે તો ખોટ પણ ખૂબ મોટી છે. મોક્ષ બગડી જાય
- નિશ્ચય એટલે શું ? જેમ એકવાર આંબા કે લીમડાનું ઝાડ જોયા પછી ત્રણે અવસ્થામાં ત્રણે ગુણમાં કોઈ ગમે ત્યારે પૂછે તો પણ આપણને એ ઓળખાણની દઢતા ટળતી નથી. તેને આંબા કે લીમડાનો નિશ્ચય થયો કહેવાય.

તેમ 'આ ભગવાન છે અને આનાથી મારો મોક્ષ છે ને મારે એમને છોડવા નથી' આવી જીવમાં દઢતા એનું નામ નિશ્ચય.

- પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ નિત્યાનંદ સ્વામી ઉત્તર આપે છે : કે કુસંગથી છેટે રહીએ ને સંતનો સમાગમ રાખીએ તો નિશ્ચય થાય.'

નિત્યાનંદ સ્વામીએ સત્સંગમાં જોયું છે કે ઘણાને નિશ્ચયમાં ડગમગાટ થયો છે તે કુસંગે કરીને થયો છે.

કારીયાણીના વસ્તાખાચર ગઢડા આવ્યા. શ્રીજીમહારાજે ના પાડી છતાં જીવાખાચરની ડેલીએ ઉતારો કર્યો. ત્યાં જીવાખાચર અને બુઢા ધાધલના શબ્દોથી શ્રીજીમહારાજના ભગવાનપણામાં સંશય થયો ને રાતોરાત મહારાજને મળ્યા વગર કારિયાણી જતા રહ્યા. શ્રીજીમહારાજને તેની પાછળ પરોઢીએ દોડવું પડ્યું ને મનાવ્યા. ત્યારે ખબર પડી કે કુસંગનો શું પ્રભાવ છે. પણ મહારાજ નિશ્ચયની દઢતા માટે બીજો ઉપાય બતાવે છે :

૧. સત્સંગ કોઈ પદાર્થની ઇચ્છાથી નહીં, કેવળ જીવના કલ્યાણ અર્થે જ કરવો.

- સત્સંગ એ સોદો નથી કે હું અમુક નિયમ પાળું કે ધર્માદો આપું કે ભજન કરું તો તેના બદલામાં મને આટલું વળતર મળવું જ જોઈએ. મારા દુ:ખ-રોગ દૂર થવા જ જોઈએ.

● સત્સંગનું ફળ શું ?

- આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય
- ભૂંડા સ્વભાવો-વાસના-પ્રકૃતિ ટળે એ જ સત્સંગનું ફળ છે.

- મુક્તાનંદ સ્વામી કહે :

જીરે સંત સમાગમથી ટળે,
આશા તૃષ્ણા રે,
ઈર્ષ્યા અભિમાન પ્રગટે ઉરમાં રે,
પ્રભુ પ્રગટનું જ્ઞાન...'

એટલે સત્સંગ આ લોકના સુખની આશાથી દુ:ખ ટાળવાની ઈચ્છાથી કર્યો હોય તો જ્યારે એ મનોરથ પૂર્ણ થાય ત્યારે ભગવાન ને સંત સાચા મનાય ને ઈચ્છા પુરી ના થાય તો ખોટા.

- એક હરિભક્તને પુત્ર નહોતો. યોગીજી મહારાજ પાસે વારંવાર આશીર્વાદ માગે. યોગીજી મહારાજ ગોંડલની મહાપૂજા કરવાનું કહે. ઘણા વર્ષો સુધી આશા ન ફળવાથી પત્ર સાથે કંઠી પાછી મોકલી અને મહાપૂજાના પૈસા પાછા આપી દેવા જણાવ્યું.
- વ્યાપકાનંદ સ્વામીએ બોટાદના હમીરખાચરની ઘોડી જીવંત કરી. શ્રીજી મહારાજને ખબર પડી ઠપકો આપ્યો. 'આપણે મરેલાને જીવતા કરવા આવ્યા નથી.' અમારી ઈચ્છાથી ઘોડી સજીવન થઈ. કાલે રાજાનો દીકરો મરી જશે ને સજીવન નહી થાય ત્યારે ફાંસીએ ચડાવશે. માટે મરેલાને જીવતા કરવાનું આપણું કામ નથી. ઘોડી જીવતી થઈ. પણ ફરી વખત નથી મરવાની ? ત્યારે પાછુ તેને દુ:ખ નહીં થાય ? માટે ચમત્કાર બતાવવાને બદલે સમજણ આપો. જેથી ગમે તેવા દુ:ખ આવે છતા સ્થિરતા રહે.'
- યોગીજી મહારાજ ગોંડલમાં હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ કેનેડીની હત્યા થઈ. એક હરિભક્તે કહ્યું 'આપની ઈચ્છા પ્રમાણે આખી દુનિયામાં સત્સંગ કરાવવો હોય તો કેનેડીને જીવતો કરો. યો.મ. 'કેનેડીને જીવતા કરતા ક્યાં વાર છે ? આમ જીવતો થઈ જાય. પણ રોજ કેટલા મરે છે ? પછી અક્ષરદેરીમાં રોજના હજારો મડદા આવશે. કેટલાને જીવતા કરીશું ? એ માથાકૂટમાં ભગવાન ભજવા-ભજાવવાનું રહી જાય.'
- ભગવાનને સંત સમર્થ છે. બધું જ કરી શકે એમ છે. બધુ જ આપી શકે એમ છે. જેનાથી આ લોકના દુ:ખમાત્ર ટળી જાય. પણ એ કાયમી શાશ્વત ઉકેલ નથી. સંસાર દુ:ખરૂપ છે. ક્ષણિક છે. નાશવંત છે. કોઈપણ વસ્તુ મળશે તે દેહના ઉપયોગ માટે છે તે દેહપણ નાશવંત છે. તો એના માટે ભગવાનનો ઉપયોગ શા માટે ?
- સત્સંગ કરીને સમજણ કેળવવાની છે :

(૧) જગતના નાશવંતપણાની - દુ:ખરૂપપણાની
(૨) આત્માના સુખરૂપ - અવિનાશીપણાની
(૩) ભગવાનના કર્તાપણાની

જો આ સમજણ દૃઢ થાય તો ગમે તેવા સુખદુ:ખમાં સ્થિરતા રહે.

● **દૃષ્ટાંતો :**

- યો.મ. કહેતા, 'આ લોક જ ઊંટના બેસણા જેવો છે હેલા આવે જ.'
- શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને એકાંતમાં વાત કરી : આ લોક જ દુ:ખરૂપ છે. વગર વાંકે પણ ભગવાનને દુ:ખ આવ્યા છે માટે સહન જ કરવું.

રામ ભગવાનને રાજ મળવાના આગલા દિવસે જંગલ જવું પડ્યું. સમર્થ હતા. મંથરા-કૈકેયીની મતિ ન ફેરવી શકત ? તેઓ કોઈ જોષી પાસે દોરાધાગા કરાવવા ગયા ? પણ સમજી જ રાખેલું કે લોક દુ:ખરૂપ જ છે.

જેના પુત્ર કૃષ્ણભગવાન એવા વસુદેવ-દેવકીને જેલમાં રહેવું પડેલું.

ભગવાન ભેગા હોવા છતાં પાંડવો ને કેટલા દુ:ખ આવ્યા ?

શ્રીજી મહારાજ સ્વયંને પણ કેવા દુ:ખ આવ્યા?

- અમદાવાદના સૂબાએ મારી નાંખવા સુધીનું

કાવતરુ ઘડ્યું
- કચ્છનો દિવાન મહારાજને મારવા પાછળ ફરે
- વડોદરાનો દિવાન મહારાજને પકડવા સૈનિકો મોકલે
- આણંદમાં ભયંકર અપમાન થયું
- ૪૯ વર્ષમાં છ વખત મોટા મોટા મંદવાડ આવ્યા
- જેના દરબારમાં શ્રીજીમહારાજ ૨૫ વર્ષ રહ્યા તેવા દાદાખાચરને ક્યારેય ઉપાધિઓ મટી જ નહીં. છતાં તે સત્સંગમાંથી પાછા નથી હટ્યા.
- પર્વતભાઈનો દીકરો ધામમાં ગયો. તેઓ મહારાજનો સમાગમ કરવા જતા હતા. રસ્તામાંજ નાહી નાંખ્યું ને સગાને કહે તમે ક્રિયા પતાવી દેજો. જરાય મોળા પડ્યા નહીં.
- મુક્તાનંદ સ્વામી : તન, ધન જાતા, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે. આ કીર્તનમાં પ્રહ્લાદ, હરીશચંદ્ર અને બલીરાજાના દષ્ટાંત આપીને અંતે કહે છે.

  એવી દઢતા ધારે તે મુખિયા,
  તે કોઈ કાળે નવ હોય દુ:ખિયા,
  કહે મુક્તાનંદ તે મહાસુખિયા.

- સાચા ભક્તની પ્રાર્થના કેવી હોય ?: તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો માં.
- સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવમાં શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને બાઈઓને વર માગવાનું કહ્યું : ત્યારે કાઠિયાવાડના બાઈ ભક્તોએ પૈસા માગ્યા જેના દ્વારા મહારાજ માટે વસ્ત્ર-આભૂષણ લાવી શકાય. ને ઉત્તર ગુજરાતના જતન ફોઈબા વગેરે 'ફગવા' માગ્યા. જે આપણી વિદાય પ્રાર્થનામાં આપણે ગાઈએ છીએ.

'મહા બળવંત માયા તમારી જેણે આવરિયા નરનારી કે દી દેશોમાં સંસારી સુખ, દેશોમાં પ્રભુવાસ વિમુખ, દેશોમાં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષ્યા કાંઈ.'

● સાચો ભક્ત હોય તે તો દુ:ખ સામેથી ઈચ્છે :

- કુંતાજી દુ:ખ માગ કે લીનો એ હી ભક્ત કી રીતિવે.
- ગ.પ્ર. ૬૧ બલિરાજાનું દૃષ્ટાંત આપીને મહારાજ કહે છે, 'સાચો ભક્ત તો ભગવાન જેમ જેમ વધુ દુ:ખ દે તેમ રાજી થાય કારણ કે જેટલું દુ:ખ આવશે તેટલા ભગવાન વધુ વશ થશે એમ સમજીને કસણી ખમે.

● નિશ્ચયવાળા ભક્તની સ્થિતિ :

- તેને કાળ-કર્મ કે માયા કોઈ ભૂંડુ કરવા સમર્થ થતા નથી. (ગ.પ્ર. ૬૨, લો. ૧૦, કા. ૮)
- ગુ.સ્વા. : નિશ્ચયના એ લક્ષણ છે જે ઘરમાં ૧૦૦ કરોડ મણ દાણા હોય તથા રૂપિયા હોય તો કાળ પડે મરવાની બીક ન રહે તથા બે હજાર બખતરિયા ભેળા હોય તો લૂંટાવાની બીક ન રહે એમ નિશ્ચયવાળાને કાળ-કર્મ-માયા તેની બીક ન રહે. પૂરણકામ માને બીજાની અપેક્ષા ન રહે.
- આવો ભક્ત એમ સમજે :

  દાસના દુશ્મન હરિ કે'દિ હોય નહિ
  જેમ કરશે તેમ સુખ જ થાશે.

- ભક્તને દુ:ખ દેનારા કાળ-કર્મ-માયા નથી. એ તો ભગવાન પોતે જ પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુ:ખને પ્રેરે છે ને ભક્તના હૃદયમાં રહીને ધીરજને જોયા કરે છે. પણ કાળ-કર્મ કે માયાનો શો ભાર છે કે ભગવાનના ભક્તને પીડી શકે ? એમ જાણીને ભક્ત હોય તેને મગન રહેવું. (ગ.મ. ૬૨)
- નિષ્કુળાનંદ સ્વામી ધીરજ આખ્યાનમાં કહે છે:

  જે દુ:ખે સુખ થાય જનને, તે દે છે દુ:ખ દયા કરી
  જે સુખે દુ:ખ ઉપજે, તે આપે નહી કે'દિ હરિ.

જેમ માતાએ બાળકને પોતાનું માન્યું છે, તો માંદુ પડે ત્યારે રડે તો પણ તેને કડવી દવા કે ઈન્જેક્શન અપાવે. કારણ કે દુ:ખી કરીને સાજુ કરવું છે.

- શ્રીજીમહારાજ ચાલીને જતા હતા. મૂળજી બ્રહ્મચારીના કહેવાથી એક ગાડાવાળા ખેડૂતે ગાડામાં બેસાર્યા. બપોરે વડના ઝાડ નીચે આરામ કરવા બેઠા. ત્યાં વાણિયાની જાન આવી. તેઓનો ઘરેણાનો ડબ્બો ખોવાયો હતો. મહારાજને પૂછ્યું. મહારાજ કહે 'આ ગાડાવાળા પાસે છે.' પેલા બધાએ ગાડાવાળાને ધીબી નાંખ્યો. પણ ડબ્બો ન મળ્યો. જતા રહ્યા. ગાડાવાળો કહે, 'તમે આમ કેમ કર્યું ?' મહારાજ, 'આ તારા ૭ જન્મના વેરી હતા. ૧૫ મિનિટમાં પતાવ્યું.'
- એક હરિભક્તને ભયંકર રોગ. પીડા ખમાય નહીં. અતિશય રીબાય. દુઃખી. તે જોઈને બીજા હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી. 'આનો રોગ દૂર કરો ને ધામમાં લઈ જાવ.' શા.મ. કહે, '૧૭ જન્મ લેવરાવવા છે કે ૧૭ દિવસમાં પતાવવું છે ?' ૧૭ દિવસ પછી ભક્ત ધામમાં ગયા. ૧૭ જન્મનું દુઃખ ૧૭ દિવસમાં પત્યું.
- આવી સમજણ આવ્યા પછી દુઃખ આવે તો તેને ય પ્રસાદ જ સમજીને સહન કરે.

  ગ.અં. ૧૩ : ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો. ને ગમે તો બંદીખાનામાં નંખાવો કે ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી કે હે મહારાજ, તમે મારું આ દુઃખ ટાળો.' હવે તો ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે.'
- કદાચ આવી ઉત્કૃષ્ટ સમજણ ન આવે ને દુઃખ સહન થાય તો શું કરવું ?

  જુઓ વરતાલ-૫. આવા સમયે પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરવી પણ આ દુઃખમાંથી ઉગારનારા મારા ભગવાન સિવાય બીજો કોઈ નથી ને સુખ આપે તો પણ પોતાના ઈષ્ટદેવ થકી જ ઇચ્છે તેને સાચો શરણાગત કહેવાય. પતિવ્રતા સ્ત્રીની જેમ.
- આવી દૃઢતાવાળા ભક્તનું શૂળી જેવું દુઃખ ભગવાન કાંટે મટાડે છે. એટલું Concession ભક્તને મળે છે. (દૃષ્ટાંત આ વચનામૃતમાં જ છે.)
- શ્રીજીમહારાજે આ લોકનું તો માંગીને જ લીધું છે. (રામાનંદ સ્વામીના બે વરદાન)

  જેતલપુર ૫ : અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાળી જેવું દુઃખ આવશે તે થકી તમારી રક્ષા કરશું. ને વિશ્વાસ નહીં રાખો તો તમારે ને અમારે લેણા-દેણા નથી.'
- નિષ્કુળાનંદ સ્વામી :

પછી પ્રભુજી બોલિયા,
તમે સાંભળો હરિજન સહુ
અતિ રહસ્ય એકાંતની,
એક વાલપની વાત કહુ ૧

વળી કહુ એકવારતા,
સર્વે કીધુ આપણું થાય છે
સુખદુઃખ વળી જય પરાજય,
યત્કિચિંત્ જે કહેવાય છે ૨

તે માટે તમે સાંભળો,
સત્સંગી સહુ નરનાર
જેજે થાય છે જક્તમાં,
તેનો બીજો નથી કરનાર ૩

સુખદુઃખ આવે સર્વે ભેળુ,
તેમાં રાખશો સ્થિર મતિ
જાળવીશ મારા જનને,
વળી કરીશ જતન અતિ ૪

એમ કરતા જો પંડ પડશે,
તો આગળ સુખ છે અતિ ઘણું

પણ વ્રત ટેક જો ટાળશો,
તો ભોગવશો સૌ સૌ તણું ૫
નહિ તો તમે નચિંત રહેજો,

કરવું તમારે કાંઈ નથી
જે મળ્યા છે તમને,
તે પાર છે અક્ષરથી. ૬

૨. વચનામૃત : ગઢડા પ્રથમ-૭૦ : કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા પ્રથમ-૭૦મું : કાકાભાઈનું, ચોરને કાંટો વાગ્યાનું

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને હસ્તકમળમાં તુલસીની માળા લઈને ફેરવતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો, તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો.'' ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય?''

(૧) શ્રીજીમહારાજના હરિભક્તોની જ્ઞાનપિપાસા:

❋ આ વચનામૃતમાં ભાલપ્રદેશના ધંધુકા તાલુકા નજીકના, ગામ જસકાના સામાન્ય હરિભક્ત જીવાભાઈ, ચાર વેદના ભણેલા, ગુજરાતના શ્રેષ્ઠ વિદ્વાન એવા નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે. આ ઉપરથી શ્રીજીમહારાજના હરિભક્તોની જ્ઞાનપિપાસા, મુમુક્ષુતા, સમજણનો ખ્યાલ આવે છે.

■ પ્રશ્ન પૂછવા પૂછવામાં ફેર છે. ઘણા પ્રશ્નો પૂછ્યા કરે પણ એના જવાબની પરવા નથી હોતી. કારણ કે એને જીવનમાં આગળ વધવાની તમન્ના નથી હોતી. જવાબને જીવનમાં ઉતારવાની પડી નથી હોતી.

❋ એક શેઠ ટ્રેનમાં જતા હતા. ઠંડું પાણી વેચવાવાળો છોકરો આવ્યો. શેઠે પૂછ્યું, 'કેટલા પૈસા?' છોકરો કહે, '૫૦ પૈસા.' શેઠ કહે, '૨૫ પૈસામાં આપ.' છોકરો હસતો હસતો જતો રહ્યો. એક મુસાફરે પૂછ્યું, 'કેમ જતો રહે છે? પાણી નથી વેચવું?' છોકરો કહે, 'શેઠને તરસ નથી લાગી. તરસ લાગે તો કોઈ ભાવ ન પૂછે. પાણી પી લે.'

એમ ઘણા ગોળાફેંક કરતા હોય તેમ પ્રશ્ન પૂછે, પણ અંતરથી જવાબ મેળવવાની ભૂખ ન હોય. એ જવાબ જાણીને એ પ્રમાણે વર્તવાની તૈયારી ન હોય.

■ અહીં એવું નથી. વચનામૃતનો એકે-એક પ્રશ્ન અંતરના ઊંડાણમાંથી આવેલો છે. હરિભક્તોને જીવનમાં કેમ કરીને આગળ વધવું એ તમન્ના છે.

❋ ગોવર્ધનભાઈ, હરજી ઠક્કર, મયારામ ભટ્ટ, માતરાધાધલ, સુરાખાચર, નાજાભક્ત, સોમલાખાચર, કાશીદાસ મોટા, નાથભક્ત વગેરે જેવા ગામડાંના ભક્તોએ પણ ઉચ્ચ આધ્યાત્મિક જિજ્ઞાસા સાથે વચનામૃતમાં પ્રશ્નો પૂછ્યા છે.

આમ, શ્રીજીમહારાજના સમયમાં ગામડાના સામાન્ય ભક્તોનાં જીવનમાં પણ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પામવાનો તરવરાટ હતો. તેથી જ પ્રશ્નો પુછાયા છે.

■ આ વચનામૃતમાં જીવાભાઈ પ્રશ્ન પૂછે છે કે ભગવાનનો નિશ્ચય અડગ કેવી રીતે રહે?

(૨) ભગવાનનો નિશ્ચય અડગ નથી રહેતો :

■ આ પ્રશ્નનો ઉત્તર જાણતાં પહેલાં એક વાત સમજવી જરૂરી છે કે નિશ્ચય અડગ નથી રહેતો ને તૂટી જાય છે, એ વાસ્તવિકતા છે.

❋ સત્સંગના ઈતિહાસમાં ભક્તોનો નિશ્ચય તૂટી ગયો હોય એવા ઘણા પ્રસંગો જોવા મળે છે. સત્સંગમાં કંઈક એવું બને કે જેને લીધે નિશ્ચય ડગી જાય. પરિણામે સત્સંગ છૂટી જાય કે મન

પાછું પડી જાય છે. જેમ કે,

- અલૈયા ખાચરનું અપમાન થયું ને નિશ્ચય તૂટ્યો.
- હરખા પટેલને પગ ધોવાનું કહ્યું ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને સભા પછી પ્રસાદ ન મળ્યો ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને હાર પહેરાવવામાં નામ ન આવ્યું ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને મનફાવે તેમ પાર્કિંગ ન કરવા દીધું ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને ધર્માદાની માંગણી વધારે લાગી ને નિશ્ચય તૂટ્યો.
- કોઈનો નિર્ણય માન્ય ન રાખ્યો ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને સમૈયા-ઉત્સવમાં ઉતારો કે જમવાનું બરાબર ન મળ્યું ને નિશ્ચય તૂટ્યો.
- કોઈને સંસ્થાની શાળા કે હોસ્ટેલમાં એડમિશન ન મળ્યું ને નિશ્ચય તૂટ્યો.

■ આવું કેમ થાય છે? તે મહારાજના ઉત્તર પરથી સમજાય છે.

(વચનામૃત વાંચન)

❊ ***પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, અમે એનો ઉત્તર કરીએ જે, ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય, અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય."***

❊ નિશ્ચય તૂટવાનું કારણ શ્રીજીમહારાજ જણાવે છે કે પદાર્થની ઈચ્છાથી સત્સંગ કર્યો છે એટલે નિશ્ચય અડગ રહેતો નથી. એટલે કે લૌકિક કામનાથી સત્સંગ અને ભક્તિ થાય છે, ત્યારે તે કામના ન સંતોષાતાં નિશ્ચય ડગી જાય છે. આમ, સકામભાવથી થતી ભક્તિ નિશ્ચય તૂટવાનું મુખ્ય કારણ છે.

(૩) સકામભાવથી થતી ભક્તિ :

■ સકામભાવથી થતી ભક્તિ એટલે, શ્રીજીમહારાજે અહીં જણાવ્યું એવા લૌકિક લાભ મેળવવાની ઈચ્છાથી થતી ભક્તિ. એક કવિએ કહ્યું છે...

ભક્તિ જેવી ભક્તિ કિન્તુ, એમાંય મતલબની વાત,
હાય રે માનવ ક્યાંય ન દીઠી, સ્વાર્થ વિહોણી જાત.

❊ દક્ષિણભારતમાં કેરળ રાજ્યમાં શબરીમાલા યાત્રાધામ છે. ત્યાં કાળાં કપડાં પહેરીને જ દર્શને જવું પડે. જતાં પહેલાં ચાર મહિના બ્રહ્મચર્ય પાળવું પડે. ચાર મહિના ભોંય પથારી કરી સૂવું પડે. એ પૂર્વતૈયારી પછી દર્શન કરવા જઈ શકાય. આ તીર્થમાં દર વર્ષે લાખો લોકો આવે છે. એનું કારણ શું? આ તીર્થયાત્રા વિશે એવી માન્યતા છે કે આ તીર્થયાત્રા કરનારની મનોકામનાઓ ફળે છે. વિશેષ તો ત્યાં પર્વત પર એક દેવીનું મંદિર છે. નારિયેળ ગબડાવતાં ગબડાવતાં તે મંદિરની પ્રદક્ષિણા કરો, તો તરત લગ્ન થાય એવી માન્યતા છે.

પરંતુ આવી કામનાથી ભક્તિ કરનારા લોકો એ સમજતા નથી કે લૌકિક સુખ તો ભક્તિ વિના પણ મળે જ છે. ભક્તિનો હેતુ તો કલ્યાણ થવું તે છે.

પણ કેવળ લૌકિક કામનાથી સકામ ભક્તિ ક્યારેય ન કરવી જોઈએ. કારણ કે...

(૪) સકામ ભક્તિમાં વિઘ્ન :

સકામભાવથી ભક્તિ કરીશું તો નિશ્ચય તૂટશે જ, એ નક્કી વાત છે, એમ શ્રીજીમહારાજનો અભિપ્રાય છે.

કારણ કે એવા ભક્તની ઇચ્છા પૂરી થશે તો તેને ભગવાનમાં શ્રદ્ધા રહેશે એટલે કે નિશ્ચય વૃદ્ધિ પામશે, પણ જ્યારે ઇચ્છા પૂરી નહીં થાય ત્યારે શ્રદ્ધા અને નિશ્ચય ડગી જશે.

■ લોકમાં પણ કોઈની પાસે અપેક્ષા રાખે અને તે પૂરી થાય તો તે માણસ ગમે, અને પૂરી ન થાય તો તે માણસ ન ગમે, એવું બને છે.

❊ ભીમદેવ સોલંકી પાટણના રાજા હતા. ખૂબ દાનવીર હતા. જે યાચક આવે તેને દાન આપે. એક વાર રાજસ્થાનનો એક ચારણ આવ્યો. રાજાનાં વખાણ થાય તેવા દોહા બનાવીને ગાવા લાગ્યો. છતાં ભીમદેવે ઇનામ ન આપ્યું. એક-બે-ત્રણ-દસ-વીસ-ત્રીસ દિવસો સુધી રોજ વખાણ કરે, પણ રાજાએ ઇનામ ન આપ્યું. આમ, એક મહિનો, બે મહિના, ત્રણ મહિના, ચાર મહિના થયા, પણ ઇનામ ન આપ્યું. ચારણ શ્રદ્ધાથી ગાતો, પણ ચોથે મહિને ખિજાયો અને ગાવા લાગ્યો. તેણે એક દોહાનું પહેલું ચરણ ગાયું:

ભીમડા, તું ભાટો વીંઝે, મોટા પહાડમાંહી;

ભીમદેવ, તું પથ્થર થા, મોટા પર્વતમાં.

ઇનામ ન મળ્યું તેથી ભાવ ઊતરી ગયો. વખાણ કરતો હતો તે નિંદા કરવા લાગ્યો. આ સાંભળી હજુ બીજું ચરણ શરૂ કરે, તે પહેલાં જ ભીમદેવ કહે, 'લો ચારણ, લાખ રૂપિયા ઇનામ. હું તમારી પરીક્ષા કરતો હતો.' ઇનામ મળવાથી ચારણ રાજી થયો, અને તરત વખાણ કરવા માટે દોહાનું બીજું ચરણ જોડી દીધું!

શંકર જ્યું સેવા કરું, રાખું હિરદામાંહી.'

શંકરના લિંગની જેમ તમને પૂજું અને હૃદયમાં રાખું.

બંને ચરણ ભેગાં કરીએ તો રાજાનાં વખાણનો ભાવ આવી જાય.

ભીમડા, તું ભાટો વીંઝે, મોટા પહાડમાંહી;
શંકર જ્યું સેવા કરું, રાખું હિરદામાંહી.

ઇચ્છા પૂરી થઈ તો ફરી રાજા પ્રત્યે ભાવ થઈ ગયો.

❊ એ પ્રમાણે ભક્તિ અને સત્સંગમાં પણ ઇચ્છા પૂરી થાય તો નિશ્ચય થાય, અને ઇચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ફરી જાય.

■ વળી, માણસની પ્રકૃતિ જ એવી છે કે એક ઇચ્છા સંતોષાય, તો નવી ને નવી ઇચ્છાઓ થયા જ કરે.

❊ શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૪૭માં કહે છે, 'જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ, તે ક્યારેય ભરાય નહીં; તેમ ઇન્દ્રિયો છે, તેને વિષય થકી તૃપ્તિ થઈ નથી અને થશે પણ નહીં.'

એટલે ક્યારેય એવું તો થવાનું નથી કે બધી જ ઇચ્છાઓ પૂરી થાય.

❊ એક ગામમાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના કુટુંબના એક હરિભક્ત હતા. એમના બીજા બે-ત્રણ ભાઈઓ પણ ગામમાં હતા. એ ગામમાં હરિમંદિરની પ્રતિષ્ઠા થઈ, તેમાં સદ્‌ગુરુ સંત પધારેલા. સભામાં હાર પહેરાવવામાં બીજા ભાઈનું નામ આવ્યું, પણ તે ભાઈનું નામ ન આવ્યું. સંતોને એમ કે પ્રતિષ્ઠાની મહાપૂજા વખતે તેમને હાર પહેરાવવાનો લાભ મળ્યો છે, તો સભામાં તેમના ગુણભાવી ભાઈને હાર પહેરાવીએ તો ભાવ થાય. પણ પેલા ભાઈ તો સંતો પર ખિજાયા, ને કહે, 'પેલાને, ઉકરડામાં નાખી દેવા જેવાને હાર પહેરાવવામાં લીધો ને મને ન લીધો. મારું આટલું સમર્પણ-સેવા એનું આ ફળ?'

સેવા-સમર્પણ-ભક્તિ બધું જ કરતા હતા, પણ હું સારો દેખાઉં, મને આગળ કરે, મને માન આપે, મારી નોંધ બધા લે, એવી ભાવનાથી કરતા હતા. આ પ્રમાણે તેઓની સકામ ભક્તિ હતી તો તેમનો નિશ્ચય ડગી ગયો.

❊ એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

એમ પ્રસન્ન કરી પરબ્રહ્મને,
કરે અલ્પ સુખની આશ;
તે શિશુ સમજણ સેવકની,
ત્યાગી તૂપને માંગી છાશ.

(તૂપ=ઘી)

જે સેવક ભગવાનને ભક્તિથી પ્રસન્ન કરે, ને અલ્પ વસ્તુ માંગે, તે તો અબુધ બાળક જેવી સમજણ છે. ઘીને છોડી છાશ માંગે તેવી વાત છે.

■ **શા માટે સત્સંગીને સકામભાવ રહે છે?**

❊ એકબાજુ શ્રીજીમહારાજની રુચિ એવી છે કે સકામભાવથી સત્સંગ ન કરવો, પણ આપણી વાસ્તવિકતા એ છે કે આપણને લૌકિક સુખ તો જોઈએ જ છે. કારણ કે આપણને ખબર છે કે ભોજન વિના ભજન કેવી રીતે કરવું? વરસાદ ન પડે, ખેતીમાં કાંઈ ન પાકે તો કમાણી વિના ખાવું શું? પહેરવું શું? રહેવું ક્યાં? વળી, શહેરમાં રહેતા હોય તેને એક બાજુ દીકરા-દીકરીઓને ભણાવવાની ફી, મોંઘવારીમાં ઘર ચલાવવાના ખર્ચા, અને બીજી બાજુ પૂરતી આવક ન હોય, સારી નોકરી ન હોય, કે ધંધો ચાલતો ન હોય તેનું ટેન્શન હોય, તેમાં ભજન કેવી રીતે કરવું?

એટલે આપણને થાય કે સુખેથી ભજન થાય એટલું લૌકિક સુખ તો ભગવાન પાસે માગવું કે નહીં?

■ એટલા માટે શ્રીજીમહારાજ આપણને અહીં એક વાત સમજાવે છે કે...

(વચનામૃત વાંચન)

❊ ***"માટે સત્સંગ કરવો તે તો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં. કાં જે, ઘરમાં દસ માણસ હોઈએ અને તે દસેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે; એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે."***

(૫) ભગવાનનો આશરો કર્યો એટલે દુઃખ ટળે જ છે :

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે,

'ભગવાન ને મોટા સાધુને આશરે વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય.'

(સ્વામીની વાતઃ ૧/૧૧૪)

■ ભગવાનને આશરે દુઃખ ઓછું થાય છે, પણ તે ઓછું થયું છે, તેની ખબર પડતી નથી.

❊ 'Footprints'નામના અંગ્રેજી કાવ્યમાં કવિએ જીવનની છાપ દરિયાકિનારાની રેતીમાં પડે છે, તેવી કલ્પના કરી છે. સુંવાળી રેતીમાં પડેલી સુખના પ્રસંગોની છાપમાં કવિને પોતાનાં બે પગલાંની બાજુમાં બીજાં બે પગલાંની છાપ દેખાઈ! તેને આશ્ચર્ય થયું! ભગવાને કહ્યું: 'એ તો મારાં પગલાં છે. હું હંમેશાં તારી સાથે હોઉં છું, પણ તને દેખાતો નથી!' પછી આગળ જતાં કાંકરાવાળી ભૂમિ પર દુઃખના પ્રસંગોની છાપ આવી. તે છાપમાં તેણે જોયું કે તેનાં એકલાનાં જ પગલાં છે. તેણે ભગવાનને પૂછ્યું, 'પ્રભુ! દુઃખના દિવસોમાં આપ કેમ મારી સાથે ન રહ્યા?' ભગવાન કહે, 'આ પગલાં દેખાય છે, તે તારાં નથી! તે તો મારાં છે! દુઃખની કાંકરાવાળી ભૂમિ પર મેં તને ઊંચકી લીધો હતો! તને તો ખૂબ ઓછું દુઃખ પડતું, પણ તારે બદલે આ કાંકરા, કાંટા મારા પગમાં વાગતા!'

આ કવિએ તો માત્ર કલ્પના જ કરી છે કે ભક્તનું દુઃખ ઓછું કરવા ભગવાન પોતે

દુઃખ સહન કરી લે છે, પરંતુ આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે તો આપણાં દુઃખ પોતે માંગી લીધાં છે. આગળ શ્રીજીમહારાજ કહે છે...

(વચનામૃત વાંચન)

✻ ***"અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે."***

■ શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી પાસે આ બે વરદાન માંગ્યાં. તેમાં ભક્તને દુઃખ ન થાય એટલું જ નથી માગ્યું. ભક્તનું દુઃખ મને થાય, એવું માગ્યું છે. આમ, આપણા ઈષ્ટદેવે આપણું દુઃખ પોતે માંગી લીધું છે! આપણને જે દુઃખ જેવું લાગે છે, તે તો શૂળીનું દુઃખ કાંટે મટ્યા જેવું છે.

✻ એક વાર શ્રીજીમહારાજ વિચરણમાં જતા હતા. એક ગાડાવાળાએ મહારાજને ભગવાન જાણીને ગાડામાં બેસાડ્યા. રસ્તામાં એક જગ્યાએ વિસામો ખાવા બેઠા. થોડે દૂર વાણિયાની જાનનો પણ વિસામો હતો. થોડી વારમાં તેમાં બૂમ પડી કે ઘરેણાંનો ડબ્બો ખોવાયો! મહારાજ ઝાડ નીચે બેઠેલા. લોકોએ તેમને પૂછ્યું. મહારાજ કહે, 'પેલા ગાડાવાળાએ લીધો છે.' બધાએ ગાડાવાળાને ખૂબ માર્યો. એટલામાં ફરી બૂમ પડી કે 'ડબ્બો મળી ગયો છે.' પેલા ગાડાવાળાને કળ વળી એટલે પૂછ્યું, 'તમે ભગવાન થઈને જૂઠું કેમ બોલ્યા? આવું કેમ કર્યું?' મહારાજ કહે, 'આ વાણિયાઓ જોડે તારે સાત જનમનું વેર હતું તે સાત મિનિટમાં પતાવ્યું.'

આશરો કર્યો એટલે ભગવાન આપણાં દુઃખ ટાળે જ છે. માટે હરિભક્તોએ ક્યારેય સકામ ભક્તિ કરવી નહીં.

✻ **ભોજને છાદને ચિન્તાં વૃથા કુર્વન્તિ વૈષ્ણવાઃ ।**

અર્થાત્, હરિભક્તો જમવા, રહેવા, પહેરવાની ચિંતા વૃથા કરે છે. આશરો કર્યો એટલે દુઃખ ટળી સુખ મળશે જ. આગળ શ્રીજીમહારાજ કહે છે કે...

(વચનામૃત વાંચન)

✻ ***"માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં. તોય પણ પદાર્થ નાશવંત છે, માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહીં. માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, તો અડગ નિશ્ચય થાય."***

(૬) કેવળ કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કરે તો દૃઢ નિશ્ચય થાય :

■ શ્રીજીમહારાજ સમજાવે છે કે સત્સંગ તો કેવળ કલ્યાણની ઈચ્છાથી કરવો, પરંતુ આ લોકના નાશવંત સુખની ઈચ્છાથી ન કરવો.

✻ એક વાર એક રાજા જેલમાં કેદીઓની મુલાકાતે ગયા. રાજાએ કેદીઓને કહ્યું, 'તમારી જે માંગણી હશે, તે પૂરી કરવામાં આવશે. આજે હું ખુશ છું.' એક કેદી કહે, 'મને અહીં મચ્છરને લીધે ઊંઘ નથી આવતી, તો મચ્છર ભગાડવાની વ્યવસ્થા કરો!' રાજાએ મચ્છરદાની, 'ઓલ આઉટ' વગેરેની વ્યવસ્થા કરાવી દીધી. બીજો કહે, 'અહીં ટાઈમ પાસ થતો નથી તો ટી.વી. જોવાની અને છાપું વાંચવાની વ્યવસ્થા કરી દો!' ત્રીજો કહે, 'મને અહીં જમવાનું ભાવતું નથી. મારી ફેવરેટ હોટલમાંથી રોજ જમવાનું મળે, તે વ્યવસ્થા કરી દો!'

આમ, બધાએ પોતાની માંગણી કહી. રાજાએ બધાને માંગણી પ્રમાણે વ્યવસ્થા કરી

દીધી. છેલ્લે એક કેદી આવ્યો, તે કહે, 'મારે કંઈ જોઈતું નથી. મને કેદમાંથી મુક્ત કરો એ જ જોઈએ છે!' રાજાએ તેને છોડી મૂક્યો!

- આમ, જેલમાંથી છૂટે તો બધા પ્રશ્નો હલ થઈ જાય. બધું મળી જાય. એમ સંસારનાં બંધનોથી મુક્ત થાય અને કલ્યાણ થાય તો બધા પ્રશ્ન હલ થઈ જાય. અને ભગવાનનું અપાર સુખ મળે.

❊ એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

માટે સેવા ખરી હરિની કરી,
માંગીએ નહીં માયિક સુખ;
જે પામી પડે પાછું પડવું,
રહે જેમ હોય તેમ દુઃખ.

ભગવાનની સેવા કરીએ, સત્સંગ કરીએ, પણ માયિક સુખ ન માંગીએ, કેમ કે, તે એક દિવસ જતું રહેવાનું છે! અને ફરી દુઃખ આવવાનું જ છે. જો ભગવાન પાસે માયિક સુખ માંગીએ તો બધા કેદીઓ જેવા મૂરખ કહેવાઈએ! એટલે જ કેવળ કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કરવો, તો જ અડગ નિશ્ચય થશે, તૂટશે નહીં.

(૭) અડગ નિશ્ચયવાળા ભક્તો :

- જેણે જેણે કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કર્યો છે, તેને ગમે તેવાં દુઃખોમાં નિશ્ચય નથી ટળ્યો.

❊ સન ૨૦૦૧, ૨૬ જાન્યુઆરીના ભૂકંપમાં ઊનાના સંનિષ્ઠ અગ્રેસર કાર્યકર પુરુષોત્તમભાઈ વાઢેરનો મોટો દીકરો મૃત્યુ પામ્યો અને પત્નીનો પગ ભાંગ્યો, છતાં તેઓએ સ્થિરતા રાખી. તેમને એવું ન થયું કે હું અગ્રેસર કાર્યકર, ને મારે જ આવું દુઃખ? ઊલટું આભાર માન્યો કે ભગવાને પત્નીની રક્ષા કરી અને દીકરાને ધામમાં લઈ લીધો. ઉપરાંત, સાંકરીમાં અગ્રેસર દિવ્યસંનિધિ પર્વમાં સ્વામીબાપાની હાજરીમાં રસોઈની સેવા કરી. એ પણ એવી સમજણ અને મહિમા સાથે કે દીકરાને પરણાવવાનો ખર્ચ થાત, તો તેની જગ્યાએ સંતો-કાર્યકરોને જમાડવાનો ખર્ચ કરવાથી મોટું પુણ્ય થશે.

❊ સોમલા ખાચરના બે જુવાન દીકરા મૃત્યુ પામ્યા. છતાં આનંદથી કહેતા, 'મહારાજના હતા તે મહારાજે બોલાવી લીધા.'

❊ મીતિયાળાના ભક્ત વીરો શેલડિયો એક વાર ગઢડા સમૈયો કરવા ગયા. દ્વેષીઓએ તેમનું ઘર બાળી દીધું. અને કહ્યું, 'સત્સંગ મૂકી દે. તને સત્સંગ સદ્યો નહીં એટલે આવું થયું.' વીરાભાઈ કહે, 'સત્સંગને લીધે તો ઊલટો અમને લાભ થયો છે. કારણ કે, જો અમે ઘરમાં હોત તો અમેય બળી જાત, ગાડુંય બળત, ઘરેણાં જાત. માટે અમારો જીવ બચ્યો અને ઘરેણાં ને ગાડું પણ બચી ગયું.' આમ, સવળું લીધું પણ સત્સંગ ન મૂક્યો. નિશ્ચય ન તૂટ્યો.

- આ બધા ભક્તોના અડગ નિશ્ચયનું મૂળ એ હતું કે લૌકિક સુખ નહીં, પણ આત્મકલ્યાણ કરવું છે, એવા ધ્યેયથી સત્સંગ કર્યો હતો.

આમ, સત્સંગમાં લૌકિક અપેક્ષા ન રાખે અને કેવળ કલ્યાણની જ આશા રાખે તો નિશ્ચય દૃઢ રહે.

સત્સંગમાં આવ્યા પછી આ લોકની કોઈ અપેક્ષા પૂરી ન થઈ અને સત્સંગ છોડી દેવાય કે નિશ્ચય ડગે, તેમાં આપણી જ મૂર્ખાઈ છે! એક સામાન્ય લૌકિક ઇચ્છાની પૂર્તિ માટે આપણે કલ્યાણનો અમૂલ્ય માર્ગ છોડી દઈએ છીએ.

❊ આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે આપણા માટે અન્ન, વસ્ત્ર અને સુખ રામાનંદ સ્વામી પાસે માગી લીધા છે. માટે આપણે લૌકિક સુખ-દુઃખની આશામાં કલ્યાણનો માર્ગ ન ગુમાવી બેસીએ અને નિશ્ચય અડગ રહે, એવાં બળ-બુદ્ધિ-શક્તિ આપણને મળે તે પ્રાર્થના.

❊ **ઇતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૭૦મું વચનામૃત થયું.**

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા પ્રથમ-૭૦મું : કાકાભાઈનું-ચોરને કાંટો વાગ્યાનું

સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને હસ્તકમળમાં તુલસીની માળા લઈને ફેરવતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો, તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો." ત્યારે ગામ જસકાવાળા જીવાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનો અડગ નિશ્ચય કેમ થાય ?"

(૧) શ્રીજીમહારાજના હરિભક્તોની જ્ઞાનપિપાસા :

* આ વચનામૃતમાં ભાલપ્રદેશના ધંધુકા તાલુકા નજીકના, સામાન્ય ગામ જસકાના સામાન્ય હરિભક્ત જીવાભાઈ, ચાર વેદના ભણેલા, ગુજરાતના શ્રેષ્ઠ વિદ્વાન એવા નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે. આ ઉપરથી શ્રીજીમહારાજના હરિભક્તોની જ્ઞાનપિપાસા, મુમુક્ષુતા, સમજણનો ખ્યાલ આવે છે.
* પ્રશ્ન પૂછવા પૂછવામાં ફેર છે. ઘણા પ્રશ્નો પૂછ્યા કરે પણ એના જવાબની પરવા નથી હોતી. કારણ કે એને જીવનમાં આગળ વધવાની તમન્ના નથી હોતી. જવાબને જીવનમાં ઉતારવાની પડી નથી હોતી.
* એક શેઠ ટ્રેનમાં જતા હતા. ઠંડું પાણી વેચવાવાળો છોકરો આવ્યો. શેઠે પૂછ્યું, 'કેટલા પૈસા?' છોકરો કહે, '૫૦ પૈસા.' શેઠ કહે, '૨૫ પૈસામાં આપ.' છોકરો હસતો હસતો જતો રહ્યો. એક મુસાફરે પૂછ્યું, 'કેમ જતો રહે છે? પાણી નથી વેચવું?' છોકરો કહે, 'શેઠને તરસ નથી લાગી. તરસ લાગે તો કોઈ ભાવ ન પૂછે. પાણી પી લે.'

એમ ઘણા ગોળાફેંક કરતા હોય તેમ પ્રશ્ન પૂછે, પણ અંતરથી જવાબ મેળવવાની ભૂખ ન હોય. એ જવાબ જાણીને એ પ્રમાણે વર્તવાની તૈયારી ન હોય.

* અહીં એવું નથી. વચનામૃતનો એકે-એક પ્રશ્ન અંતરના ઊંડાણમાંથી આવેલો છે. હરિભક્તોને જીવનમાં કેમ કરીને આગળ વધવું એ તમન્ના છે.

– ગોવર્ધનભાઈ, હરજી ઠક્કર, મયારામ ભટ્ટ, માતરાધાધલ, સુરાખાચર, નાજાભક્ત, સોમલાખાચર, કાશીદાસ મોટા, નાથભક્ત વગેરે જેવા ગામડાંના ભક્તોએ પણ ઉચ્ચ આધ્યાત્મિક જિજ્ઞાસા સાથે વચનામૃતમાં પ્રશ્નો પૂછ્યા છે.

આમ, શ્રીજીમહારાજના સમયમાં ગામડાના સામાન્ય ભક્તોનાં જીવનમાં પણ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પામવાનો તરવરાટ હતો. તેથી જ પ્રશ્નો પુછાયા છે.

* આ વચનામૃતમાં જીવાભાઈ પ્રશ્ન પૂછે છે કે ભગવાનનો નિશ્ચય અડગ કેવી રીતે રહે?

(૨) ભગવાનનો નિશ્ચય અડગ નથી રહેતો :

* આ પ્રશ્નનો ઉત્તર જાણતાં પહેલાં એક વાત સમજવી જરૂરી છે કે નિશ્ચય અડગ નથી રહેતો ને તૂટી જાય છે, એ વાસ્તવિકતા છે.
* સત્સંગના ઇતિહાસમાં ભક્તોનો નિશ્ચય તૂટી ગયો હોય એવા ઘણા પ્રસંગો જોવા મળે છે. સત્સંગમાં કંઈક એવું બને કે જેને લીધે નિશ્ચય ડગી જાય. પરિણામે સત્સંગ છૂટી જાય કે મન પાછું પડી જાય છે. જેમ કે,

– અલૈયા ખાચરનું અપમાન થયું ને નિશ્ચય તૂટ્યો.
– હરખા પટેલને પગ ધોવાનું કહ્યું ને નિશ્ચય તૂટ્યો.
– કોઈને સભા પછી પ્રસાદ ન મળ્યો ને નિશ્ચય તૂટ્યો.
– કોઈને હાર પહેરાવવામાં નામ ન આવ્યું ને નિશ્ચય તૂટ્યો.

– કોઈને મનફાવે તેમ પાર્કિંગ ન કરવા દીધું ને નિશ્ચય તૂટ્યો.
– કોઈને ધર્માદાની માંગણી વધારે લાગી ને નિશ્ચય તૂટ્યો.
– કોઈનો નિર્ણય માન્ય ન રાખ્યો ને નિશ્ચય તૂટ્યો.
– કોઈને સમૈયા-ઉત્સવમાં ઉતારો કે જમવાનું બરાબર ન મળ્યું ને નિશ્ચય તૂટ્યો.
– કોઈને સંસ્થાની શાળા કે હોસ્ટેલમાં એડમિશન ન મળ્યું ને નિશ્ચય તૂટ્યો.

* આવું કેમ થાય છે? તે મહારાજના ઉત્તર પરથી સમજાય છે.
* (વચનામૃત વાંચન)

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો,અમે એનો ઉત્તર કરીએ જે, ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય, અથવા વાંઝિયો છું તે દીકરો આવે, કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થઉં, કે ગામગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે,' એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે અને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશય પાકો સત્સંગી થઈ જાય, અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય."

* નિશ્ચય તૂટવાનું કારણ શ્રીજીમહારાજ જણાવે છે કે પદાર્થની ઇચ્છાથી સત્સંગ કર્યો છે એટલે નિશ્ચય અડગ રહેતો નથી. એટલે કે લૌકિક કામનાથી સત્સંગ અને ભક્તિ થાય છે ,ત્યારે તે કામના ન સંતોષાતાં નિશ્ચય ડગી જાય છે. આમ, સકામભાવથી થતી ભક્તિ નિશ્ચય તૂટવાનું મુખ્ય કારણ છે.

(૩) સકામભાવથી થતી ભક્તિ :

* સકામભાવથી થતી ભક્તિ એટલે, શ્રીજીમહારાજે અહીં જણાવ્યું એવા લૌકિક લાભ મેળવવાની ઈચ્છાથી થતી ભક્તિ. એક કવિએ કહ્યું છે...
* **ભક્તિ જેવી ભક્તિ કિન્તુ, એમાંય મતલબની વાત,**
હાય રે માનવ ક્યાંય ન દીઠી, સ્વાર્થ વિહોણી જાત.
* એક ભક્ત હનુમાનજીના શનિવાર કરે. નિત્ય આકડાની માળા ધરે, ધૂપ કરે. એ રીતે કાયમ ભક્તિ કરે, પણ રોજ પ્રાર્થના એવી કરે, 'હે હનુમાન દાદા! મને હોન્ડા સિટી કાર આપો. હું તમને એક તેલનો ડબ્બો ચડાવીશ.'

હાસ્યકારો આવા ભક્તો પર કટાક્ષ કરતાં કહે છે કે હનુમાનજી જો માણસની જેમ ગણતરી માંડે, તો વિચારે કે, 'તેલનો એક ડબ્બો મળે, એના બદલામાં આઠ લાખની ગાડી આપવાની ! એના કરતાં તેલથી છલોછલ ભરેલો આઠ લાખનો સ્વીમિંગપુલ બનાવી, એમાં હું રોજ ધુબાકા ન મારું !'
આમ, ભક્તો ભગવાન સાથે પણ વેપાર કરતા હોય તેમ સાટું કરે તે સકામભક્તિ.

* એક ભાઈએ શ્રાવણ માસમાં નિયમ લીધો કે રોજ એક શિવલિંગને દૂધ ચડાવવું. પડવાને દિવસે એક શિવલિંગને, બીજને દિવસે બે શિવલિંગને; એમ રોજ એક એક વધારતાં પૂનમને દિવસે ૧૫ શિવલિંગને દૂધ ચડાવવું, અને અમાસને દિવસે ૩૦ શિવલિંગને દૂધ ચડાવવું. વળી પાછું તે માટે રોજ ચાલીને જ જવું. કેટલી શ્રદ્ધા હોય ત્યારે આવું કરાય?! તેમને પૂછ્યું કે 'આ નિયમ લેવાની પ્રેરણા કેવી રીતે મળી ?' તેઓ કહે, 'શંકરદાદા સંકલ્પ પૂરા કરે એવું સાંભળ્યું છે એટલે.' ફરી પૂછ્યું કે 'તમારે કયો સંકલ્પ છે?' તો કહે, 'મારે સ્કૂટર છે, તો તેમાંથી ફોર વ્હીલની ગાડી મળે તે સંકલ્પ છે.'
* દક્ષિણભારતમાં કેરળ રાજ્યમાં શબરીમાલા યાત્રાધામ છે. ત્યાં કાળાં કપડાં પહેરીને જ દર્શને જવું પડે. જતાં પહેલાં ચાર મહિના બ્રહ્મચર્ય પાળવું પડે. ચાર મહિના ભોંય પથારી કરી સૂવું પડે. એ પૂર્વતૈયારી પછી દર્શન કરવા જઈ શકાય. આ તીર્થમાં દર વર્ષે લાખો લોકો આવે છે. એનું કારણ શું ? આ

તીર્થયાત્રા વિશે એવી માન્યતા છે કે આ તીર્થયાત્રા કરનારની મનોકામનાઓ ફળે છે. વિશેષ તો ત્યાં પર્વત પર એક દેવીનું મંદિર છે. નારિયેળ ગબડાવતાં ગબડાવતાં તે મંદિરની પ્રદક્ષિણા કરો, તો તરત લગ્ન થાય એવી માન્યતા છે.

* આમ, લૌકિક લાભ અને કામના માટે આવો ભીડો વેઠીને પણ ભક્તિ થઈ શકે. માણસની આ સ્વાર્થવૃત્તિવાળી ભક્તિ અંગે એક શ્લોકમાં વાત કરી છે...

ગણેશં વિઘ્નનાશાય વિદ્યાયૈ શારદાં તથા
કુબેરં ધનલાભાય પૂજયન્તિ જનાઃ સદા ॥

લોકો કેમ ગણેશજીને પૂજે છે ? વિઘ્ન ન થાય તે માટે, સરસ્વતીજીને વિદ્યાપ્રાપ્તિ માટે પૂજે છે, કુબેરને ધનનો લાભ થાય તે માટે પૂજે છે.

* લોકમાં રાંદલમાતા તેડાવે, શા માટે ? દીકરા થાય તે માટે. પુત્રેષ્ટિ યજ્ઞ કરે, શા માટે ? પુત્રપ્રાપ્તિ માટે. રાજસૂયયજ્ઞ કરે, શા માટે ? સુખ-સાહેબી વધે તે માટે.
* આમ, આવી સકામભાવની ભક્તિ કરનારા ક. કા. કી.ના, એટલે કે કનક, કામિની અને કીર્તિના લૌકિક સુખની પ્રાપ્તિના હેતુથી જ ભગવાન કે દેવ-દેવીઓની ભક્તિ કરે છે, અને એ હેતુ સિદ્ધ ન થાય તો તેની શ્રદ્ધા તૂટી જાય છે.
* ભારતમાં ૩૫ લાખ હિન્દુ મંદિરો છે, પણ કલ્યાણની ભાવનાથી ત્યાં જનારા અને ભક્તિ કરનારા કેટલા?
* ક્યારેય કોઈએ એવી માનતા માની કે આ કરવાથી મારું કલ્યાણ થાય? મારો જન્મ-મરણથી છુટકારો થાય? બધા લૌકિક કામના માટે ભક્તિ કરે છે.
* પરંતુ આવી કામનાથી ભક્તિ કરનારા લોકો એ સમજતા નથી કે લૌકિક સુખ તો ભક્તિ વિના પણ મળે જ છે. ભક્તિનો હેતુ તો કલ્યાણ થવું તે છે.
* ડુક્કરને ૧૫ બચ્ચાં થાય છે, તે ક્યાં ધજા ચઢાવવા જાય છે? કૂતરાને ચાર-પાંચ ગલૂડિયાં થાય છે, એ ક્યાં કોઈ માનતા માને છે? માટે એ બધું તો મળે જ છે, પણ આત્યંતિક કલ્યાણ થવું દુર્લભ છે. ભગવાનનું અખંડ સુખ દુર્લભ છે અને એ જ શ્રેષ્ઠ પ્રાપ્તિ છે. માટે ભક્તિ કરીને આ પ્રાપ્તિ સિદ્ધ કરવી છે, એ લક્ષ રાખવું જોઈએ. પણ કેવળ લૌકિક કામનાથી ભક્તિ ક્યારેય ન કરવી જોઈએ. કારણ કે...

(૪) સકામ ભક્તિમાં વિઘ્ન :

* સકામભાવથી ભક્તિ કરવામાં મોટામાં મોટું વિઘ્ન એ છે કે ભગવાનનો નિશ્ચય ડગી જવાની પૂરેપૂરી શક્યતા છે.
* સકામભાવથી ભક્તિ કરીશું તો નિશ્ચય તૂટશે જ, એ નક્કી વાત છે, એમ શ્રીજીમહારાજનો અભિપ્રાય છે.
* કારણ કે એવા ભક્તની ઈચ્છા કે કામના પૂરી થશે તો તેને ભગવાનમાં શ્રદ્ધા રહેશે એટલે કે નિશ્ચય વૃદ્ધિ પામશે, પણ જ્યારે ઈચ્છા પૂરી નહીં થાય ત્યારે શ્રદ્ધા અને નિશ્ચય ડગી જશે.
* લોકમાં પણ કોઈની પાસે અપેક્ષા રાખે અને તે પૂરી થાય તો તે માણસ ગમે, અને પૂરી ન થાય તો તે માણસ ન ગમે, એવું બને છે.
* ભીમદેવ સોલંકી પાટણના રાજા હતા. ખૂબ દાનવીર હતા. જે યાચક આવે તેને દાન આપે. એક વાર રાજસ્થાનનો એક ચારણ આવ્યો. રાજાનાં વખાણ થાય તેવા દોહા બનાવીને ગાવા લાગ્યો. છતાં ભીમદેવે ઈનામ ન આપ્યું. એક-બે-ત્રણ- દસ- વીસ- ત્રીસ દિવસો સુધી રોજ વખાણ કરે, પણ રાજાએ ઈનામ ન આપ્યું. આમ, એક મહિનો, બે મહિના, ત્રણ મહિના, ચાર મહિના થયા, પણ ઈનામ ન આપ્યું. ચારણ શ્રદ્ધાથી ગાતો, પણ ચોથે મહિને ખિજાયો અને ગાવા લાગ્યો. તેણે એક દોહાનું પહેલું ચરણ ગાયું :

ભીમડા, તું ભાટો વીઝે, મોટા પહાડમાંહી.

ભીમદેવ, તું પથ્થર થા, મોટા પર્વતમાં ઈનામ ન મળ્યું તેથી ભાવ ઊતરી ગયો. વખાણ કરતો હતો તે નિંદા કરવા લાગ્યો. આ સાંભળી હજુ બીજું ચરણ શરૂ કરે, તે પહેલાં જ ભીમદેવ કહે, 'લો ચારણ,

લાખ રૂપિયા ઇનામ. હું તમારી પરીક્ષા કરતો હતો.' ઇનામ મળવાથી ચારણ રાજી થયો, અને તરત વખાણ કરવા માટે દોહાનું બીજું ચરણ જોડી દીધું!

શંકર જ્યું સેવા કરું, રાખું હિરદામાંહી.'

શંકરના લિંગની જેમ તમને પૂજું અને હૃદયમાં રાખું.

બંને ચરણ ભેગાં કરીએ તો રાજાનાં વખાણનો ભાવ આવી જાય.

ભીમડા, તું ભાટો વીંઝે, મોટા પહાડમાંહી;
શંકર જ્યું સેવા કરું, રાખું હિરદામાંહી.

ઇચ્છા પૂરી થઈ તો ફરી રાજા પ્રત્યે ભાવ થઈ ગયો.

* એ પ્રમાણે ભક્તિ અને સત્સંગમાં પણ ઇચ્છા પૂરી થાય તો નિશ્ચય થાય, અને ઇચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ફરી જાય.

■ વળી, માણસની પ્રકૃતિ જ એવી છે કે એક ઇચ્છા સંતોષાય, તો નવી ને નવી ઇચ્છાઓ થયા જ કરે.

* શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૪૭માં કહે છે, 'જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ, તે ક્યારેય ભરાય નહીં; તેમ ઇન્દ્રિયો છે, તેને વિષય થકી તૃપ્તિ થઈ નથી અને થશે પણ નહીં.'

એટલે ક્યારેય એવું તો થવાનું નથી કે બધી જ ઇચ્છાઓ પૂરી થાય.

* કદાચ એક ઇચ્છા પૂરી થાય તો નિશ્ચય થાય. પણ બીજી, ત્રીજી, ચોથી કોઈક ઇચ્છા ન પણ પૂરી થાય. અને એમ થતાં નિશ્ચય તૂટી જાય.

* વળી, આ લોકના પદાર્થ તો દુઃખદાયી છે, નાશવંત છે. માટે ફરીથી બીજા સારા પદાર્થની ઇચ્છા થશે જ. માંગણી ચાલુ જ રહેશે, પ્રશ્નો ઊભા જ રહેશે, અને અંતે જતાં કોઈક ઇચ્છા પૂરી નહીં થાય તો નિશ્ચય તૂટી જશે.

* આવું બને છે... વર્ષોથી સત્સંગમાં હોવા છતાં સામાન્ય ઇચ્છા પૂરી ન થાય, ને ભગવાનનો નિશ્ચય તૂટી જાય કે ડગી જાય, અને સત્સંગ છૂટી જાય.

* વિદ્યાનગરમાં સ્વામીબાપા ઉપર એક યુવકનો પત્ર આવ્યો કે 'જ્યારથી કંઠી બાંધી છે, ત્યારથી ધંધામાં નિષ્ફળતા જ મળે છે. હવે મેં કંઠી કાઢી નાંખી છે.'

* એક હરિભક્તે પત્ર લખ્યો કે 'કંઠી બાંધ્યા પછી મારી ભેંસ મરી ગઈ છે. તો કંઠી રાખું કે કાઢી નાખું?'

* એક ગામના હરિભક્તો એક વાર એક મંદિરે આવ્યા હતા. તેમાંના એક હરિભક્ત પરબ આગળ રહેલ પાણીનો ગ્લાસ ભરીને ઉતારામાં લઈ જવા ગયા. ગ્લાસ ખોવાઈ ન જાય તે હેતુથી પરબ સંભાળનાર સ્વયંસેવકે પાણીનો ગ્લાસ ભરીને પરબથી દૂર લઈ જવાની ના પાડી. આટલી જ વાતમાં તે હરિભક્તને ખોટું લાગ્યું કે 'મને ના પાડી! મને એક ગ્લાસ પણ ના લેવા દીધો. એટલીય અમારી કિંમત નથી!' હરિભક્ત સત્સંગ છોડીને જતા રહ્યા, અને પછી ક્યારેય મંદિરમાં કે ગામના સત્સંગ મંડળમાં દેખાયા જ નહીં. નિશ્ચય ડગી ગયો, સત્સંગ છૂટી ગયો. માનની ઇચ્છા પૂરી ન થઈ તો સત્સંગ છૂટી ગયો.

* એક ગામમાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના કુટુંબના એક હરિભક્ત હતા. એમના બીજા બે-ત્રણ ભાઈઓ પણ ગામમાં હતા. એ ગામમાં હરિમંદિરની પ્રતિષ્ઠા થઈ, તેમાં સદ્‌ગુરુ સંત પધારેલા. સભામાં હાર પહેરાવવામાં બીજા ભાઈનું નામ આવ્યું, પણ તે ભાઈનું નામ ન આવ્યું. સંતોને એમ કે પ્રતિષ્ઠાની મહાપૂજા વખતે તેમને હાર પહેરાવવાનો લાભ મળ્યો છે, તો સભામાં તેમના ગુણભાવી ભાઈને હાર પહેરાવીએ તો ભાવ થાય. પણ પેલા ભાઈ તો સંતો પર ખિજાયા, ને કહે, 'પેલાને, ઉકરડામાં નાખી દેવા જેવાને હાર પહેરાવવામાં લીધો ને મને ન લીધો. મારું આટલું સમર્પણ-સેવા એનું આ ફળ?' સેવા-સમર્પણ-ભક્તિ બધું જ કરતા હતા, પણ હું સારો દેખાઉં, મને આગળ કરે, મને માન આપે, મારી નોંધ બધા લે, એવી ભાવનાથી કરતા હતા. આ પ્રમાણે તેઓની સકામ ભક્તિ હતી તો તેમનો નિશ્ચય ડગી ગયો.

* એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

એમ પ્રસન્ન કરી પરબ્રહ્મને, કરે અલ્પ સુખની આશ;
તે શિશુ સમજણ સેવકની, ત્યાગી તુપને માંગી છાશ.
(તુપ=ઘી)

જે સેવક ભગવાનને ભક્તિથી પ્રસન્ન કરે, ને અલ્પ વસ્તુ માંગે, તે તો અબુધ બાળક જેવી સમજણ છે. ઘીને છોડી છાશ માંગે તેવી વાત છે.

■ **શા માટે સત્સંગીને સકામભાવ રહે છે?**

* એકબાજુ શ્રીજીમહારાજની રુચિ આવી છે કે સકામભાવથી સત્સંગ ન કરવો, પણ આપણી વાસ્તવિકતા એ છે કે આપણને લૌકિક સુખ તો જોઈએ જ છે. કારણ કે આપણને ખબર છે કે ભોજન વિના ભજન કેવી રીતે કરવું? વરસાદ ન પડે, ખેતીમાં કાંઈ ન પાકે તો કમાણી વિના ખાવું શું? પહેરવું શું? રહેવું ક્યાં? વળી, શહેરમાં રહેતા હોય તેને એક બાજુ દીકરા-દીકરીઓને ભણાવવાની ફી, મોંઘવારીમાં ઘર ચલાવવાના ખર્ચા, અને બીજી બાજુ પૂરતી આવક ન હોય, સારી નોકરી ન હોય, કે ધંધો ચાલતો ન હોય તેનું ટેન્શન હોય, તેમાં ભજન કેવી રીતે કરવું?
* એટલે આપણને થાય કે સુખેથી ભજન થાય એટલું લૌકિક સુખ તો ભગવાન પાસે માગવું કે નહીં ?
* એટલા માટે શ્રીજીમહારાજ આપણને અહીં એક વાત સમજાવે છે કે...
* **(વચનામૃત વાંચન)**

"માટે સત્સંગ કરવો તે તો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં. કાં જે, ઘરમાં દસ માણસ હોઈએ અને તે દસેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય અને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે; એમ માનવું. એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું, પણ એ જીવને એમ સમજાતું નથી. અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે."

૫) ભગવાનનો આશરો કર્યો એટલે દુઃખ ટળે જ છે :

* ગુણાતીતાનંદ સ્વામી કહે છે,

'ભગવાન ને મોટા સાધુને આશરે વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય.'

(સ્વામીની વાત : ૧/૧૧૪)

* કબીરજી પણ કહે છે,

જનની કહે સુન બેટડા, હરિ કરે સો હોય;
ખૂંટ પકડકર બેઠ જા, બાલ ન બાંકા હોય.

માતા બાળકને સમજાવે તેમ હું તમને કહું છું, ઘંટીમાં ધરીનો ખીલો હોય, તેની આસપાસ રહેલા દાણા પિલાઈ જતા નથી, તેમ સંસારરૂપી ઘંટીમાં ભગવાન ને સંત ખીલા સમાન છે. તેમને આશરે રહેવાથી વાળ પણ વાંકો થતો નથી.

* (વચનામૃતમાંથી શૂળીનું દુઃખ કાંટે ગયું, તે દૃષ્ટાંત કહેવું.)

અભક્ત કે ભક્ત ભલે ગણાય,
કર્મો પ્રમાણે સુખ-દુઃખ થાય;
ભક્તિ કરે કષ્ટ હરિ ઘટાડે
શૂળી લખી સોય વડે મટાડે.

શૂળીનું દુઃખ થવાનું હોય પણ ભગવાન તેને સોય વડે મટાડે છે. હા, સોય જેટલું તો સહન કરવું જ પડે.

* ભગવાનને આશરે દુઃખ ઓછું થાય છે, પણ તે ઓછું થયું છે, તેની ખબર પડતી નથી.
* 'Footprints'નામના અંગ્રેજી કાવ્યમાં કવિએ જીવનની છાપ દરિયાકિનારાની રેતીમાં પડે છે, તેવી કલ્પના કરી છે. સુંવાળી રેતીમાં પડેલી સુખના પ્રસંગોની છાપમાં કવિને પોતાનાં બે પગલાંની બાજુમાં બીજાં બે પગલાંની છાપ દેખાઈ! તેને આશ્ચર્ય થયું! ભગવાને કહ્યું: 'એ તો મારાં પગલાં છે. હું હંમેશાં તારી સાથે હોઉં છું, પણ તને દેખાતો નથી!' પછી આગળ જતાં કાંકરાવાળી ભૂમિ પર દુઃખના પ્રસંગોની છાપ આવી. તે છાપમાં તેણે જોયું કે તેનાં એકલાનાં જ પગલાં છે. તેણે ભગવાનને પૂછ્યું, 'પ્રભુ!

દુઃખના દિવસોમાં આપ કેમ મારી સાથે ન રહ્યા ?' ભગવાન કહે, 'આ પગલાં દેખાય છે, તે તારાં નથી! તે તો મારાં છે! દુઃખની કાંકરાવાળી ભૂમિ પર મેં તને ઊંચકી લીધો હતો! તને તો ખૂબ ઓછું દુઃખ પડતું, પણ તારે બદલે આ કાંકરા, કાંટા મારા પગમાં વાગતા!'

આ કવિએ તો માત્ર કલ્પના જ કરી છે કે ભક્તનું દુઃખ ઓછું કરવા ભગવાન પોતે દુઃખ સહન કરી લે છે, પરંતુ આપણા ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે તો આપણાં દુઃખ પોતે માંગી લીધાં છે. આગળ શ્રીજીમહારાજ કહે છે...

* (વચનામૃત વાંચન)

"અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય; એ બે વર મને આપો.' એમ મેં રામાનંદ સ્વામી પાસે માગ્યું, ત્યારે મને રામાનંદ સ્વામીએ રાજી થઈને એ વર આપ્યો છે."

* શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી પાસે આ બે વરદાન માંગ્યાં. તેમાં ભક્તને દુઃખ ન થાય એટલું જ નથી માગ્યું. ભક્તનું દુઃખ મને થાય, એવું માગ્યું છે. આમ, આપણા ઇષ્ટદેવે આપણું દુઃખ પોતે માંગી લીધું છે! આપણને જે દુઃખ જેવું લાગે છે, તે તો શૂળીનું દુઃખ કાંટે મટ્યા જેવું છે.
* એક વાર શ્રીજીમહારાજ વિચરણમાં જતા હતા. એક ગાડાવાળાએ મહારાજને ભગવાન જાણીને ગાડામાં બેસાડ્યા. રસ્તામાં એક જગ્યાએ વિસામો ખાવા બેઠા. થોડે દૂર વાણિયાની જાનનો પણ વિસામો હતો. થોડી વારમાં તેમાં બૂમ પડી કે ઘરેણાંનો ડબ્બો ખોવાયો! મહારાજ ઝાડ નીચે બેઠેલા. લોકોએ તેમને પૂછ્યું. મહારાજ કહે, 'પેલા ગાડાવાળાએ લીધો છે.' બધાએ ગાડાવાળાને ખૂબ માર્યો. એટલામાં ફરી બૂમ પડી કે 'ડબ્બો મળી ગયો છે.' પેલા ગાડાવાળાને કળ વળી એટલે પૂછ્યું, 'તમે ભગવાન થઈને જૂઠું કેમ બોલ્યા? આવું કેમ કર્યું?' મહારાજ કહે, 'વાણિયાઓ જોડે તારે સાત જનમનું વેર હતું તે સાત મિનિટમાં પતાવ્યું.'
* આશરો કર્યો એટલે ભગવાન આપણાં દુઃખ ટાળે જ છે. માટે હરિભક્તોએ ક્યારેય સકામ ભક્તિ કરવી નહીં.
* ભોજને છાદને ચિન્તાં વૃથા કુર્વન્તિ વૈષ્ણવાઃ ।
* અર્થાત્, હરિભક્તો જમવા, રહેવા, પહેરવાની ચિંતા વૃથા કરે છે. આશરો કર્યો એટલે દુઃખ ટળી સુખ મળશે જ. આગળ શ્રીજીમહારાજ કહે છે કે...
* (વચનામૃત વાંચન)

"માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહીં. તોય પણ પદાર્થ નાશવંત છે, માટે એ પદાર્થની ઇચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહીં. માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, તો અડગ નિશ્ચય થાય."

(૬) કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કરે તો દૃઢ નિશ્ચય થાય :

* શ્રીજીમહારાજ સમજાવે છે કે સત્સંગ તો કલ્યાણની ઇચ્છાથી કરવો, પરંતુ આ લોકના નાશવંત સુખની ઇચ્છાથી ન કરવો.
* કરોડપતિ પાસે આઠ આના ન મંગાય. તેની પાસેથી તો તેની ક્ષમતા પ્રમાણે મંગાય. એ ન્યાયે ભગવાન ને સંત પાસેથી પણ કલ્યાણની ઇચ્છા રાખવી જોઈએ. એટલે કે સ્વભાવ-પ્રકૃતિથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈ ભગવાનના ધામમાં જવું છે એવી ઇચ્છા રાખવી જોઈએ.
* કલ્યાણની ઇચ્છા માસ્ટર કી છે. તેનાથી બધાં તાળાં ખૂલે. આ એક ઇચ્છાથી અનંત સુખ મળશે. કારણ કે અક્ષરધામમાં કોઈ દુઃખ નથી. આ તો 'એક સાધે

સબ સાથે' એવું છે...

* એક વાર એક રાજા જેલમાં કેદીઓની મુલાકાતે ગયા. રાજાએ કેદીઓને કહ્યું, 'તમારી જે માંગણી હશે, તે પૂરી કરવામાં આવશે. આજે હું ખુશ છું.' એક કેદી કહે, 'મને અહીં મચ્છરને લીધે ઊંઘ નથી આવતી, તો મચ્છર ભગાડવાની વ્યવસ્થા કરો!' રાજાએ મચ્છરદાની, 'ઓલ આઉટ' વગેરેની વ્યવસ્થા કરાવી દીધી. બીજો કહે, 'અહીં ટાઈમ પાસ થતો નથી તો ટી.વી. જોવાની અને છાપું વાંચવાની વ્યવસ્થા કરી દો!' ત્રીજો કહે, 'મને અહીં જમવાનું ભાવતું નથી. મારી ફેવરેટ હોટલમાંથી રોજ જમવાનું મળે, તે વ્યવસ્થા કરી દો!'

આમ, બધાએ પોતાની માંગણી કહી. રાજાએ બધાને વ્યવસ્થા કરી દીધી. છેલ્લે એક કેદી આવ્યો, તે કહે, 'મારે કંઈ જોઈતું નથી. મને કેદમાંથી મુક્ત કરો એ જ જોઈએ છે!' રાજાએ તેને છોડી મૂક્યો!

* આમ, જેલમાંથી છૂટે તો બધા પ્રશ્નો હલ થઈ જાય. બધું મળી જાય. એમ સંસારનાં બંધનોથી મુક્ત થાય અને કલ્યાણ થાય તો બધા પ્રશ્ન હલ થઈ જાય. અને ભગવાનનું અપાર સુખ મળે.

* એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

માટે સેવા ખરી હરિની કરી,
માંગીએ નહીં માયિક સુખ;
જે પામી પડે પાછું પડવું,
રહે જેમ હોય તેમ દુઃખ.

ભગવાનની સેવા કરીએ, સત્સંગ કરીએ, પણ માયિક સુખ ન માંગીએ, કેમ કે, તે એક દિવસ જતું રહેવાનું છે! અને ફરી દુઃખ આવવાનું જ છે. જો ભગવાન પાસે માયિક સુખ માંગીએ તો બધા કેદીઓ જેવા મૂરખ કહેવાઈએ! એટલે જ કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કરવો, તો જ અડગ નિશ્ચય થશે, તુટશે નહીં.

(૭) અડગ નિશ્ચયવાળા ભક્તો :

* જેણે જેણે કલ્યાણની ઇચ્છાથી સત્સંગ કર્યો છે, તેને ગમે તેવાં દુઃખોમાં નિશ્ચય નથી ટળ્યો.

* ઠાસરાના ગોવર્ધનદાસ કોઠારીના પિતાશ્રી દયાળજી શેઠ જ્યારે સત્સંગી થયા ત્યારે નાતીલાઓએ વિરોધ કર્યો. તેથી તેમનાં પત્નીએ તેમને કહ્યું કે 'તમે આ કંઠી તથા તિલક ન રાખો. મનમાં સત્સંગ કરો. કંઠી અને તિલક જોઈને બધા વિરોધ કરે છે.' ત્યારે દયાળજી શેઠે તેમને કહ્યું...

સર્વે થકી શ્રીહરિ છે સમર્થ, બીજા તણી બીક બધી જ વ્યર્થ;
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય, તથાપિ સત્સંગ નહીં તજાય.
(શ્રીહરિલીલામૃત-૧/૩/૩૩)

આવી સમજણવાળા કેટલાક ભક્તોના પ્રસંગો જોઈએ,

* લંડનના કૃષ્ણમૂર્તિ પટણીના ઘરે સત્સંગસભા ચાલુ હતી. તે વખતે તેમના પિતાના અવસાનનો ફોન આવ્યો. કોઈને જણાવ્યા વગર તેઓએ સભા ચાલુ રાખી, પણ જરાય સંશય ન થયો કે મારે જ આવું દુઃખ કેમ?!

* ૨૦૦૧, ૨૬ જાન્યુઆરીના ભૂકંપમાં ઊનાના સંનિષ્ઠ અગ્રેસર કાર્યકર પુરુષોત્તમભાઈ વાઢેરનો મોટો દીકરો મૃત્યુ પામ્યો અને પત્નીનો પગ ભાંગ્યો, છતાં તેઓએ સ્થિરતા રાખી. તેમને એવું ન થયું કે હું કાર્યકર, ને મારે જ આવું દુઃખ? ઊલટું આભાર માન્યો કે ભગવાને પત્નીની રક્ષા કરી અને દીકરાને ધામમાં લઈ લીધો. ઉપરાંત, સાંકરીમાં દિવ્યસંનિધિપર્વમાં સ્વામીશ્રીની હાજરીમાં રસોઈની સેવા કરી. એ પણ એવી સમજણ અને મહિમા સાથે કે દીકરાને પરણાવવાનો ખર્ચ થાત, તેના કરતાં તો સંતો-કાર્યકરોને જમાડવાનો ખર્ચ કરવાથી મોટું પુણ્ય થશે.

* સોમલા ખાચરના બે જુવાન દીકરા મૃત્યુ પામ્યા. છતાં આનંદથી કહેતા, 'મહારાજના હતા તે મહારાજે બોલાવી લીધા.'

* મીતિયાળાના ભક્ત વીરો શેલડિયો એક વાર ગઢડા સમૈયો કરવા ગયા. દ્વેષીઓએ તેમનું ઘર બાળી દીધું. અને કહ્યું, 'સત્સંગ મૂકી દે. તને સત્સંગ સધ્યો નહીં એટલે આવું થયું.' વીરાભાઈ કહે, 'સત્સંગને લીધે તો ઊલટો અમને લાભ થયો છે. કારણ કે, જો અમે ઘરમાં હોત તો અમેય બળી જાત, ગાડુંય બળત,

ઘરેણાં જાત. માટે અમારો જીવ બચ્યો અને ઘરેણાં ને ગાડું પણ બચી ગયું.' આમ, સવળું લીધું પણ સત્સંગ ન મૂક્યો. નિશ્ચય ન તૂટ્યો.

* આજના કેન્સર જેવો ક્ષયરોગ મુક્તાનંદ સ્વામીને હતો. અદ્‌ભુતાનંદ સ્વામીનો આંખનો ડોળો બહાર આવી ગયેલો. સંતોને આવાં દુ:ખ હતાં. વળી, શ્રીજીમહારાજ રોગ મટાડે નહીં, છતાં મહારાજનો નિશ્ચય ન ગયો.

* આ બધા ભક્તોના અડગ નિશ્ચયનું મૂળ એ હતું કે લૌકિક સુખ નહીં, પણ આત્મકલ્યાણ કરવું છે, એવા ધ્યેયથી સત્સંગ કર્યો હતો.

આમ, સત્સંગમાં લૌકિક અપેક્ષા ન રાખે અને કલ્યાણની જ આશા રાખે તો નિશ્ચય દૃઢ રહે.

* જો લૌકિક અપેક્ષા સત્સંગમાં રાખે અને એ પૂરી ન થતાં સત્સંગ છોડી દેવાનો વિચાર આવે, તો તેમાં સત્સંગ છોડનારને જ નુકસાન છે, માટે ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે કે...

સત્સંગમાંથી જન કોઈ જાશે,
સત્સંગને શું નુકસાન થાશે?
સમુદ્રથી જો મકરો રિસાય,
સમુદ્રને ખામી કશી ન થાય.
(મકર = મોટી માછલી/મગર)

એટલે કે આપણે સત્સંગ છોડી દઈશું તો આપણને જ નુકસાન છે! દરિયાથી માછલી રિસાઈ જાય તો તેને જીવવું કેમ? એમ સત્સંગ છોડીશું તો આપણું કલ્યાણ કેમ થશે?!

* સત્સંગમાં આવ્યા પછી આ લોકની કોઈ અપેક્ષા પૂરી ન થઈ અને સત્સંગ છોડી દેવાય કે નિશ્ચય ડગે, તેમાં આપણી જ મૂર્ખાઈ છે! એક સામાન્ય લૌકિક ઈચ્છાની પૂર્તિ માટે આપણે કલ્યાણનો અમૂલ્ય માર્ગ છોડી દઈએ છીએ.

* આવી મૂર્ખાઈ ન કરીએ તે માટે ફરીથી હરિલીલામૃતમાં ઠાસરાના દયાળ શેઠની સમજણની પંક્તિ સાંભળીએ, અને તે સદાય નજર સમક્ષ રાખીએ...

જેને જણાણો વ્યવહાર ખોટો,
સત્સંગમાં માલ ગણ્યો જ મોટો;
તે દુ:ખ આવ્યે નહીં કંઠી તોડે,
બદામ માટે મણિ કોણ છોડે!
ધીરાં રહી ધીરજ ચિત્ત ધારો,
સત્સંગ કેરો મહિમા વિચારો;
સારું ચણાવે ઘર શ્રેષ્ઠ ઘાટે,
તજાય શું મચ્છર દુ:ખ માટે!

લૌકિક સુખ-દુ:ખની આશામાં કલ્યાણનો માર્ગ ન ગુમાવી બેસીએ અને નિશ્ચય અડગ રહે, એવાં બળ-બુદ્ધિ- શક્તિ આપણને મળે તે પ્રાર્થના.

* **ઈતિ વચનામૃતમ્, એવી રીતે ગઢડા પ્રથમનું ૭૦મું વચનામૃત થયું.**

સભા : ૮ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.પ્ર.-૭૧ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત બિરાજે છે.
- **વિશેષ પ્રવચન** : 'અક્ષરના હસ્તાક્ષર' પુસ્તિકામાંથી
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ઇકોતેરમું : ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ બિરાજે છે

સ્વામિનારાયણ હરે

સ્વામિનારાયણ હરે સંવત ૧૮૭૬ના ચૈત્ર વદિ ૪ ચતુર્થીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર મેડીની આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે "ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ. અને જ્યારે કોઈક ભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટિ કોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે અને અનંત કોટિ જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે. માટે એ સર્વે ભગવાન ભેળું છે તો ય પણ ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની જ સેવાને અંગીકાર કરે છે અને તે પોતાના ભક્તનાં ગાર્ય, માટી ને પાણાનાં જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે અને તે ભક્ત ધૂપ-દીપ, અન્નવસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે. તે એ મનુષ્ય સેવક છે તેને દિવ્યરૂપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે. અને જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે અને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે. માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી."

- **વચનામૃતની વિશેષતા :**
- આ વચનામૃત આપણા અક્ષરપુરુષોત્તમનો સનાતન સિદ્ધાંત સમજવા માટે ખૂબ જ મહત્ત્વનું છે.
- શાસ્ત્રીજી મહારાજે મંદિરો બાંધ્યા તેના મૂળમાં આ વચનામૃત છે.
- આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ત્રણ વાત કરે છે :

(૧) ભગવાન પોતાના અક્ષરધામ સહિત બિરાજે છે.
(૨) ભગવાન પોતાના ચૈતન્યમૂર્તિ પાર્ષદો અને ઐશ્વર્ય સહિત બિરાજે છે.
(૩) આવું સમજવાની શા માટે જરૂર છે ? બીજાને પણ આ વાત કરવી.
(૧) શરૂઆતમાં આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે અનંત જીવોના કલ્યાણને અર્થે ભગવાન મનુષ્યમૂર્તિ ધારણ કરે છે. એટલે મનુષ્ય દેહે પ્રગટ થાય છે. સાથે અક્ષરધામ, પાર્ષદો અને સમગ્ર ઐશ્વર્ય લઈને જ આવે છે.

- ભગવાન પોતાના ભક્તોને ઉદ્ધારવા, ભવસાગરથી તારવા સ્વયં મનુષ્ય જેવા થાય છે. અકબરે બીરબલને પૂછ્યું, 'તમારા ભગવાન પૃથ્વી પર કેમ આવે છે ?' જવાબમાં બીરબલ બીજા દિવસે અકબરને સરોવરમાં નાવમાં જળવિહાર કરવા લઈ ગયા. સામે બીજી નાવમાં રાજાના પુત્ર જેવું જ મીણનું પૂતળુ બનાવીને દાસીને બેસાડી હતી. થોડે દૂર હતા ત્યાં રાજાનો પુત્ર પાણીમાં પડી જાય છે. ને અકબર જુએ છે ને તરત જ પોતે પાણીમાં કૂદી પડે છે ને પુત્રને ઊંચકીને નાવમાં મૂકી દે છે.

  બીરબલ કહે, 'જેમ તમે તમારા દીકરાને ઉગારવા જળમાં સ્વયં પડો છો એમ અમારા ભગવાન પણ આવે છે.'
- સાથે અક્ષરધામને લાવે છે.

  અક્ષરધામ એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

  (૧) અક્ષરબ્રહ્મને સાથે શા માટે લાવે છે ?

  (૧) જીવોને બ્રહ્મરૂપ કરવા

  (૨) પરબ્રહ્મનો મહિમા સમજાવવા
- જીવ બ્રહ્મરૂપ થાય તો જ પુરુષોત્તમ નારાયણની ભક્તિનો અધિકારી બની શકે. ભગવાનના ધામમાં રહી શકે. (લોયા-૭ પ્રમાણે) જેમ સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં રહી શકે, તેમ બ્રહ્મરૂપ ભક્ત જ ભગવાન ભેગો રહી શકે.
- જો પાત્ર ન થયો હોય, બ્રહ્મરૂપ ન થયો હોય તો ભગવાન સામેથી સુખ આપે તો પણ જીવ ભોગવી શકે નહીં. જીવાખાચર કે અલૈયા ખાચરને શ્રીજીમહારાજે ઘણીવાર લાડ લડાવેલા, પણ તેઓ સુખ લઈ શક્યા નહીં. કારણ કે બ્રહ્મરૂપ થયા નહોતા.
- અસલાલી-૧ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : પ્રજાપતિ આદિક જગતના સર્જનહારોની પણ આત્યંતિક મુક્તિ થતી નથી. તેનું એક કારણ એ છે કે તેઓ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનારાયણની સેવા કરવી એ જ મુક્તિ છે એમ તેઓ માનતા નથી.
- રોજ સંધ્યા આરતીમાં અષ્ટક પછી આપણે પ્રાર્થનામાં 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ' એમ વર માગીએ છીએ. તો આ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ?
- લોયા-૧૨ પ્રમાણે પોતાને અક્ષરરૂપ થઈને ભગવાનની ઉપાસના કરે તેને જ નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો.
- શિક્ષાપત્રી શ્લોક નંબર ૧૧૬માં શ્રીજીમહારાજ કહે છે બ્રહ્મરૂપ થઈને જ પરબ્રહ્મની ભક્તિ કરવી.
- એટલે અક્ષરરૂપ થવા, બ્રહ્મરૂપ થવા અક્ષરબ્રહ્મની જરૂર છે.

(૨) પરબ્રહ્મનો મહિમા સમજવા માટે :

- આપણે જીવો માયિક છીએ. ભગવાન અમાયિક છે. તો માયિક ઇન્દ્રિયો-અંતઃકરણે કરીને અમાયિક એવા ભગવાન કેવી રીતે ઓળખાય ?

- પાણીમાં ૨૪ કલાક રહેવું હોય તો જળતત્ત્વ પ્રધાન દેહ જોઈએ. માછલીનો જળતત્ત્વ પ્રધાન દેહ છે. તો રહી શકે છે. અમાયિક એવા ભગવાનને ઓળખવા હોય તો અમાયિક ઈન્દ્રિયો-અંતઃકરણ જોઈએ. આ રીતે માયિક જીવને અમાયિકનો યોગ કેવી રીતે થાય ?
- આનો ઉત્તર શ્રીજીમહારાજ પંચાળા-૭માં જણાવે છે : જ્યારે જીવ ભગવાનના એકાંતિક સાધુના વચનને વિશે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનને ભજે છે ત્યારે માયિક દૃષ્ટિ મટે છે.

  ગ.પ્ર.૫૧ - સંત સમાગમથી ભગવાનનો મહિમા જણાવવાથી ઈન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થાય છે.

  ગ.મ.૩૧ : ભગવત્સ્વરૂપ સંબંધી આવી વાર્તા તે જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે, ત્યારે જ સમજાય છે.
- આ સત્પુરુષ કે સંત એટલે અક્ષરબ્રહ્મ-અક્ષરધામ.
- જેવો ભગવાનનો મહિમા અક્ષરબ્રહ્મ સમજે છે તેવો કોઈ સમજતા નથી.

● તે અક્ષરબ્રહ્મ કોણ ? તેના પ્રસંગો :

- અક્ષરબ્રહ્મ એટલે ગુણાતીતાનંદ સ્વામી, જૂનાગઢના મહંત, ભાદરાના મૂળજી શર્મા
- સં.૧૮૬૪માં શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા ત્યાર મૂળજી શર્માના માતૃશ્રીને જણાવ્યું, 'આ અમારા મૂળજી છે તે તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.'
- જૂનાગઢની મહંતાઈ ગુ.સ્વા.ને સોંપી ત્યારે કુરજી દવેને શ્રીજીમહારાજે કહ્યું, 'અમારું જે અક્ષરધામ અમે સોરઠના હરિભક્તોને બક્ષિસ આપીએ છીએ.'
- અંત અવસ્થામાં ગોપાળાનંદ સ્વામીએ વડોદરાના હરિભક્તોને જણાવ્યું, 'હવે વડોદરા સામે દૃષ્ટિ ન હોય. હવે તો અક્ષરધામમાં મહારાજ સામી દૃષ્ટિ હોય અથવા જૂનાગઢના જોગી જે સાક્ષાત્ અક્ષરધામ છે તેની સામે દૃષ્ટિ હોય.'
- આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ કીર્તન કૌસ્તુભમાળામાં લખે છે :

  અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી,
  તેણે આપ્યા વર્તમાન,
  પોતે પાળીને પછી પળાવ્યા,
  જતને દઈને ઘણું જ્ઞાન.
- જેતપુરમાં જૂના સંપ્રદાયનું મંદિર છે. તેમાં સુખશૈયામાં ચાંદીના ઉપાડની મૂર્તિ છે, શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની. ગુ.સ્વા.ની મૂર્તિ નીચે લખ્યું છે : 'મૂળ અક્ષરમૂર્તિ.'

  આ ઉપરાંત રાજકોટ, ગોંડલ, પીપલાણા, વંથળી, પંચાળા, ધોરાજી વગેરે મંદિરોમાં અક્ષરપુરુષોત્તમની પટમૂર્તિઓ બાલમુકુંદદાસ સ્વામીએ પધરાવી છે તે દરેક સ્થળે ગુણાતીતાનંદ સ્વામી નીચે 'અનાદિ મૂળ અક્ષર' એમ લખેલું છે.
- ગોંડલમાં ગુણાતીતાનંદ સ્વામીનો અગ્નિ સંસ્કાર કર્યા બાદ જે દેરી બાંધી તે પણ અક્ષરદેરી તરીકે ઓળખાય છે.

  આમ, શાસ્ત્રીજી મહારાજે મંદિરો બાંધી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી તે પહેલાં જ ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે તેના પ્રમાણો ઉપલબ્ધ હતા.
- ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એ વાત છડે ચોક જાહેરમાં કરી તે માટે ઘણા દુઃખો, કષ્ટો, અપમાનો વેઠ્યા. ઝેર ખાવું પડ્યું. વિમુખ થયા. પણ આ વાત છોડી નથી.
- ભગતજી મહારાજ થકી આ વાત શાસ્ત્રીજી મહારાજ સમજ્યા. તેમણે જૂના સંતો-

હરિભક્તોને મળી વાતની સ્પષ્ટતા-ખાત્રી કરી-દૃઢતા કરી.

- આફ્રિકાના હરિભક્તો પર શાસ્ત્રીજી મહારાજે એક આ મુજબ પત્ર લખ્યો હતો :

'વિશેષમાં વડતાલના કોઠારી ગોરધનભાઈને મેં ખાનગીમાં પૂછેલું કે આપ અને બીજા કેટલાક 'સ્વામી અક્ષર છે' તેમાં વિરુદ્ધ છો. પણ રઘુવીરજી મહારાજ સમાગમ કરવા જતા તે સમજ્યા હતા કે નહીં ?

ત્યારે કોઠારીએ ખાસ કહ્યું, 'પ્રથમ જતા ત્યારે નક્કી ન બોલતા પણ સત્તરની સાલે ગયા ત્યારે સ્વામીરૂપ થઈ ગયા હતા. ને સ્વામી અક્ષર છે એમ જાણતા હતા તે હું પ્રતિજ્ઞાપૂર્વક આપને જણાવું છું.'

અંતે એ પત્રમાં શાસ્ત્રીજી મહારાજ લખે છે :

'મને ખોટી વાત ગોઠવણી કરીને, બીજાને સમજાવીને સ્વાર્થ સાધતા આવડતું નથી. ને મારે કોઈ પ્રકારે અસત્ય વાતમાં દુરાગ્રહ કરવો હોય નહિ. માટે મારો ખાસ વિશ્વાસ હોય તો, મને સાચા બોલો ને પ્રામાણિક પુરુષ માનતા હો તો ઉપરની વાત સાચી માની ખરા અંતઃકરણથી સ્વામી અનાદિ અક્ષર છે અને મહારાજ પૂર્ણ પુરુષોત્તમ છે એ વાતની નિષ્ઠા કરશો.'

- ગુણાતીતાનંદ સ્વામી આદર્શ ભક્ત છે ને ભક્તે સહિત ભગવાનની ઉપાસના પ્રવર્તાવવાનો મહારાજનો મત હોવાથી મહારાજે બાંધેલા મંદિરોમાં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધારમણ દેવ વગેરે અવતારોની મૂર્તિઓ પોતાના ભક્ત સાથે પધરાવી.
- શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીના ધામગમન બાદ પોતાનું ભજન શરૂ કરાવ્યું. પોતાના નામ તો સહજાનંદ, નીલકંઠ કે નારાયણમુનિ હતા. પરંતુ 'સ્વામિનારાયણ' એ મહામંત્રનું ભજન શરૂ કરાવ્યું. તેમાં પણ ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનો નિર્દેશ છે. સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી, નારાયણ એટલે સહજાનંદ સ્વામી. એટલે ભગવાન સાથે ભક્તની યુગલ ઉપાસના જ શ્રીજીમહારાજનો હૃદયનો અભિપ્રાય હતો.
- શાસ્ત્રીજી મહારાજે આ સિદ્ધાંત પર મંદિરો બાંધ્યા.

આત્યંતિક કલ્યાણ માટે ભક્તે સહિત ભગવાનની ઉપાસના કરવી ને સમજવી જ પડે.

વરતાલ-૫ સો જન્મની કસર ટાળી ને આ જ જન્મે ઉત્તમ ભક્ત થવાનો 'Short Cut' મહારાજ બતાવે છે. એ છે ભક્તે સહિત ભગવાનની માનસી પૂજા.

● **બીજાને પણ આ વાત કરવી :** વચનામૃતના અંતે શ્રીજીમહારાજ આવી આજ્ઞા કરે છે.

- કરોડ વહાણે કરીને ભરાય તેવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવોનો કલ્યાણ કરવાનો શ્રીજીમહારાજનો સંકલ્પ છે. એટલે કે અનંત જીવોનું કલ્યાણ કરવું છે. તે માટે જ્યાં સુધી ચોખ્ખી ઉપાસના ન સમજાય ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ થવું અતિશય કઠણ છે. તેથી જેટલા વધુ જીવોને આ વાત સમજાય તેટલો મહારાજનો દાખડો સફળ થાય.
- શરૂઆતમાં ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો શરૂ કરી. તેમાં સોંપો જ પડવા ન દીધો.
- પછી ભગતજી મહારાજે ''ગુણાતીતાનંદ એક મૂળ અક્ષર
સહજાનંદ એક પરમેશ્વર'' એ મોરલી વગાડી.
- શાસ્ત્રીજી મહારાજે આ જ્ઞાન પ્રવર્તન માટે કેવી તૈયારી બનાવી ?

'અક્ષરપુરુષોત્તમ માટે શ્વપચને ઘેર વેચાવું પડે તોય ઓછું.' ગંગાના ધરા જેવા સામા પ્રવાહમાં ચાલીને અનેક આપત્તિઓના પૂરમાં

તેમણે અક્ષરેસહિત પુરુષોત્તમનો ડંકો દિગંતમાં જગાવ્યો.

- આ કાર્ય કરવા માટે આચાર્ય વિહારીલાલજી મહારાજ પણ કરતા હતા. જૂનાગઢના મોટા મોટા સદ્‌ગુરુઓએ પણ આ કાર્ય ઉપાડ્યું. પણ જેવું અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન શાસ્ત્રીજી મહારાજે છતરાયુ કર્યું તેવું કોઈએ ન કર્યું.
- આકાશને આંબે એવા પાંચ મંદિરો ઉભા કરી દીધા.
- ત્યારપછી યોગીજી મહારાજે આ જ્ઞાન પ્રવર્તન માટે કંઈ બાકી રાખ્યું નહીં. બાળકો-યુવાનોમાં આ વાત રેડી દીધી.
- વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજે આજે પુરા વિશ્વમાં અક્ષરપુરુષોત્તમનો ઉદ્‌ઘોષ કર્યો. ૪૦૦ જેટલા મંદિરો બનાવી દીધા. ૭૦૦ સાધુ કર્યા. ૫૦૦૦-૬૦૦૦ જેટલા કાર્યકરો તૈયાર કર્યા, જેઓ અક્ષરપુરુષોત્તમના હરતા ફરતા પ્રચારકો છે.

● હવે આપણે શું કરવાનું છે ?

આપણા યોગમાં જે જે આવે તે સર્વને આ વાત સમજાવવી ને તેને જીવમાં સત્સંગ થાય એવો ૧૦૦% પ્રયત્ન કરવો. આનાથી મોટું પુણ્ય બીજુ નથી.

- શ્રીજીમહારાજને આ જ્ઞાન પ્રવર્તનમાં આપણી કોઈની અપેક્ષા નથી. કારણ કે તેઓ સ્વયં કહે છે, 'હું ઐશ્વર્ય ને ચૈતન્યમૂર્તિ પાર્ષદો લઈને જ આવ્યો છું.'

પરંતુ આ સેવામાં જો આપણે ભળીએ તો આપણે ધામના અધિકારી બનીએ એ શુભ હેતુથી આપણને આમાં જોડવા ઈચ્છે છે.

તો આ મહિમાની વાત નિરંતર કરવી ને સાંભળવી. ◆

૪. વચનામૃત : ગઢડા પ્રથમ - ૭૧ : ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા પ્રથમ પ્રકરણનું એકોતેરમું : ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૬ના ચૈત્ર વદિ ૪ ચતુર્થીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર મેડીની આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હતા.

...પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહીં....'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું એકોતેરમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❋ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણ અનેક મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે આ પૃથ્વી પર અવતર્યા હતા. શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે તેઓ આ લોકમાં પોતાની સાથે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ જે પાર્ષદ (અક્ષરધામના મુક્તો)ને સાથે લાવ્યા. મહારાજે જે અક્ષરધામની વાત કરી છે તે અક્ષરધામ શું છે? કોણ છે? તેમની શી જરૂર છે? તે બાબતોને આપણે સમજીશું.

❋ ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને ભગવદ્‌ગીતા જેવા હિંદુ સનાતન શાસ્ત્રોએ વિપુલ પ્રમાણમાં 'અક્ષર' તત્ત્વનું વર્ણન કર્યું છે. ભગવદ્‌ગીતાના આઠમા અધ્યાયના અગિયારમા શ્લોકમાં કહ્યું છે, **'યદક્ષરં વેદવિદો વદન્તિ।'** અર્થાત્ 'વેદાદિક શાસ્ત્રોના જાણનારાઓ જે અક્ષર વિશે ઉચ્ચારે છે' તે અક્ષરબ્રહ્મને ભગવાન સ્વામિનારાયણ પોતાની સાથે આ પૃથ્વી પર લાવ્યા. એ અક્ષરબ્રહ્મ, અક્ષરધામ કે અક્ષરતત્ત્વ બીજું કોઈ નહીં, પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જ છે; એવી સૌ કોઈને ઓળખાણ પણ તેમણે કરાવી.

● **અક્ષરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ જાણવાની આવશ્યકતા :**

❋ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ તત્ત્વો અનાદિના છે. તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે. આત્યંતિક કલ્યાણ માટે પામવા યોગ્ય તત્ત્વ પણ એકમાત્ર પુરુષોત્તમ ભગવાન જ છે. તો અક્ષરબ્રહ્મ તત્ત્વને જાણવાની સાધનામાર્ગમાં શી જરૂર?

૧. <u>પરબ્રહ્મ પુરુષોત્તમનો મહિમા સમજવા</u> :

❋ આ વાતને આપણે દૃષ્ટાંતના આધારે સમજવા પ્રયત્ન કરીએ.

ધારો કે બે મણિ છે. પહેલા મણિની કિંમત વિશ્વની તમામ સંપત્તિ કરતાં અનેકગણી વધુ છે. બીજા મણિની કિંમત પહેલા મણિ કરતાં અનેકગણી વધુ છે. હવે જો પહેલા મણિની કિંમત યથાર્થ સમજ્યા ન હોઈએ, તો બીજા મણિનું મૂલ્ય કેવી રીતે આંકી શકીશું? પહેલા મણિના મૂલ્યથી વધુ આંકી શકીશું જ નહીં.

પરિણામે, બીજા મણિનું અવમૂલ્યન થશે.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજવા અક્ષરબ્રહ્મને પહેલો મણિ અને પરબ્રહ્મ પુરુષોત્તમને બીજો મણિ સમજી લઈએ. અક્ષરબ્રહ્મ તત્ત્વ તમામ તત્ત્વો(જીવ, ઈશ્વર અને માયા)થી પર છે. અને પરબ્રહ્મ તત્ત્વ અક્ષરબ્રહ્મથી અનંતગણા પર છે.

❊ કોઈ વ્યક્તિ અક્ષરબ્રહ્મને યથાર્થ ન સમજે અને અક્ષરને આપવા યોગ્ય ઉપમા અથવા વિશેષણ પરબ્રહ્મને આપે તો પરબ્રહ્મનું અવમૂલ્યન થાય, એક પ્રકારનું અપમાન થાય. પરબ્રહ્મ માટે તો એક જ વિશેષણ ઘટે 'અક્ષરથી પર.' શ્રુતિ પણ કહે છે, **'અક્ષરાત્ પરતઃ પરઃ।'**અર્થાત્ 'સૌથી પર એવા જે અક્ષર, તેનાથી પણ તેઓ પર છે.'

માટે પરબ્રહ્મ પુરુષોત્તમને યથાર્થ જાણવા માટે અક્ષરબ્રહ્મને યથાર્થપણે જાણવા જ રહ્યા.

૨. <u>નિર્વિઘ્ન ભક્તિ માટે</u> :

❊ ભગવાનને પામવા માટે સાધના કરનાર ભક્તની ભક્તિમાં અનેક પ્રકારના વિઘ્નો આવવાની શક્યતા છે. વિઘ્નો આવવાનાં મુખ્ય કારણો તો કામ, ક્રોધ, લોભ, અહં-મમત્વ, પંચવિષયમાં આસક્તિ-વાસના વગેરે દોષો છે.

દા.ત. અલૈયાખાચર માનને કારણે સત્સંગમાં ન ટકી શકયા. ઉમરેઠના ગંગાદત્ત સ્વાદને લીધે શ્રીજીમહારાજનો સમાગમ છોડી ચાલી નીકળ્યા.

આ દોષોથી મુક્ત થઈ નિર્વિઘ્ન ભક્તિ માટે બ્રાહ્મી સ્થિતિ પામવી અનિવાર્ય છે.

◎ ગુણાતીતાનંદ સ્વામીએ **૫/૧૧૦મી વાતમાં** દૃષ્ટાંતના આધારે સમજાવ્યું કે, 'જેમ ભીમનાથની પેલી પાર(ચરોતર પ્રદેશમાં) ખોદે તો પાણી આવે પણ પથ્થર આવે નહિ ને આણી કોર(સૌરાષ્ટ્રમાં) પહેલે ઘાએ પથ્થર આવે.' જેમ ચરોતરની ભૂમિ ખોદીએ તો પથ્થર ન મળે, તેમ બ્રહ્મરૂપ થયા પછી સાધનામાં કોઈ દોષો વિઘ્નરૂપ ન થાય. બીજી તરફ સૌરાષ્ટ્રમાં ખોદીએ તો પ્રથમથી જ પથ્થર આવે, તેમ દેહરૂપે વર્તાય તો પ્રથમથી જ સ્વભાવ નડે.

પોતાને બ્રહ્મરૂપ અથવા અક્ષરરૂપ માનીએ તો જ ભગવાનની નિર્વિઘ્ન ભક્તિ શક્ય બને.

❊ જેમ ડોક્ટર થવા માટે પ્રાધ્યાપક તરીકે ડોક્ટરની, અને એન્જિનિયર થવા માટે પ્રાધ્યાપક તરીકે એન્જિનિયરની જરૂર પડે, તેમ બ્રહ્મરૂપ થવા અથવા અક્ષરરૂપ થવા સાક્ષાત્ અક્ષરબ્રહ્મની જરૂર પડે છે. અક્ષરબ્રહ્મને ઓળખીને એમનો મન-કર્મ-વચને સંગ કરવાથી જ અક્ષરરૂપ થઈ શકાય.

❊ મુંડક ઉપનિષદની શ્રુતિ પણ કહે છે, **'બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ।'**(૩/૨/૯) બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે.

ટૂંકમાં, નિર્વિઘ્ન ભક્તિ કરવા તથા બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ અનિવાર્ય છે.

● **ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ :**

❊ મહારાજે પોતે પોતાની હયાતીમાં આ અક્ષરબ્રહ્મની ઓળખાણ આશ્રિતોને કરાવી છે.

એ અક્ષરબ્રહ્મ એટલે સં. ૧૮૪૧ના આસો સુદ પૂર્ણિમાએ ભાદરા ગામે મૂળજી શર્મા રૂપે પ્રગટેલા ગુણાતીતાનંદ સ્વામી.

❊ સંપ્રદાયના જૂના પ્રકાશિત થયેલ ગ્રંથોમાં ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એ ઉલ્લેખ કરતા અનેક પ્રસંગો છે. આજે આપણે એવા કેટલાક પ્રસંગો દ્વારા ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરમૂર્તિ, અક્ષરબ્રહ્મનો અવતાર છે તે વાત જોઈશું.

● **સાંપ્રદાયિક ગ્રંથોને આધારે :**

૧) <u>ગોપાળાનંદ સ્વામીની વાતો</u> :

❊ ગોપાળાનંદ સ્વામી સંપ્રદાયના પ્રખર વિદ્વાન, અષ્ટાંગયોગી, ઐશ્વર્યસંપન્ન મહાન સંત હતા. શ્રીજીમહારાજે સંપ્રદાયના સુયોગ્ય વહીવટ-સંચાલન માટે તેઓને મોટેરા સ્થાપ્યા હતા. શ્રીજીમહારાજના મુખે તેમણે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા અનેકવાર સાંભળેલો. તેથી તેઓ મહારાજના વચનને ટાંકીને કહે છે,

'અને ગુણાતીતાનંદ સ્વામીની વાત કરી જે, શ્રીજીમહારાજે એકાંતિકમાં ભેદ દેખાડ્યા ને કહ્યું જે એવા તો આ સમે એક જ છે, બીજો એવો કોઈ નથી.'(ગોપાળાનંદ સ્વામીની વાતોની જૂની હસ્તપ્રતમાં આ વાત લખેલી છે.)

૨) <u>શ્રીહરિલીલાકલ્પતરુ</u> :

※ આ ગ્રંથ આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે રચ્યો છે. મહારાજે સં. ૧૮૬૬ના પોષ સુદ પૂનમે ભાદરાના મૂળજી શર્માને દીક્ષા આપી ત્યારે તેમનું નામ ગુણાતીતાનંદ સ્વામી પાડીને સભાજનોને જે વાત કરી હતી તે વાત આ ગ્રંથમાં ૭મા સ્કંધમાં ૧૭મા અધ્યાયમાં ૪૯ અને ૫૦મા શ્લોકમાં છે:

મૂલજીશર્મણે દીક્ષાં દદાનસ્ય પ્રજાયતે ।
ભૂયાન્મેત્ર સમાનન્દો યતો ધામાક્ષરં સ મે ॥
મુક્તૈરનન્તૈઃ સાકં મે યત્રાખણ્ડતયોષ્યતે ॥
ઊર્ધ્વાધોભાગરહિતં તન્મૂલં ધામ ચાક્ષરમ્ ॥

આ મૂળજી શર્મા કે જે મારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે તેને આજે દીક્ષા આપતાં મને ખૂબ જ આનંદ થાય છે. તે મૂળ અક્ષર અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત એવું મારું ધામ છે, જેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું.

આ કહીને મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકે મહિમા કહેલો તેના ૪ શ્લોકો (૫૧ થી ૫૪) તે ગ્રંથમાં આપવામાં આવ્યા છે.

૩) <u>શ્રીપુરુષોત્તમ ચરિત્ર</u> :

※ શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનો આ ગ્રંથ ઠાકોર અભયસિંહજીએ કવીશ્વર દલપતરામના હસ્તે રચાવ્યો છે, જેમાં ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા આ રીતે કહ્યો છે :

વંદું ગુણાતીતાનંદ સ્વામી,
જેહી પર રીઝે અંતર્યામી;
રખે ધર્મ પુનિ ધર્મ રખાવે,
આદિ હી અક્ષર આપ કહાવે.
(અધ્યાય ૨, પંક્તિ ૧૯-૨૦)

૪) <u>શ્રીકીર્તનકૌસ્તુભમાળા</u> :

※ આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે રચેલા આ ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામીએ પોતાને વર્તમાન ધરાવેલાં તે વાત આ રીતે લખી છે :

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી,
તેણે આપ્યાં વર્તમાન..

આવી રીતે સંપ્રદાયના પ્રમાણભૂત અનેક ગ્રંથોમાં ગુણાતીતાનંદ સ્વામીનો મૂળ અક્ષરબ્રહ્મ તરીકે ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

※ વળી, શ્રીજીમહારાજે સ્વયં ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ કરાવી હોય, તથા ગુણાતીતાનંદ સ્વામીએ સ્વયં પોતાને અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા હોય, તથા અન્ય પરમહંસો અને મહારાજના વખતના હરિભક્તો, આચાર્યો પણ સ્વામીને અક્ષરબ્રહ્મ માનતા એવા પ્રસંગો સંપ્રદાયમાં ખૂબ જ પ્રચલિત છે.

આ પ્રસંગોની સત્યતા ચકાસવા માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના સમયમાં ગામોગામ વિચરણ કરી આ પ્રસંગોના સાક્ષી એવા હરિભક્તો પાસેથી જે તે પ્રસંગની ખાતરી કરી હતી. આપણે એવા કેટલાક પ્રસંગો જોઈશું.

● **શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની મૂળ અક્ષર તરીકે કરાવેલી ઓળખાણ :**

※ ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને વાત કરી કે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેમ સમજણ કરો, ત્યારે શાસ્ત્રીજી મહારાજ વિજ્ઞાનાનંદ સ્વામીના મંડળમાં હતા. વિજ્ઞાનાનંદ સ્વામી શ્રીજીમહારાજ ભેગા ૧૨ વર્ષ રહેલા. શાસ્ત્રીજી મહારાજ ચકોર અને સત્યનિષ્ઠ હતા. તેઓએ ભગતજીની વાત તરત ન માની અને કહ્યું : 'મારા ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી કહે તો જ આ વાત સાચી માનું.' બીજે દિવસે ભગતજી વિજ્ઞાનાનંદ સ્વામીને મળવા ગયા. શાસ્ત્રીજી મહારાજ વિજ્ઞાનાનંદ સ્વામીના ઢોલિયા નીચે

સંતાઈ ગયેલા. પછી વિજ્ઞાન સ્વામી સાથે વાત કરતાં ભગતજીએ પૂછ્યું : 'સ્વામી તમારા વખતમાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે તે વાત થતી હતી તે આજે કહો.' ત્યારે કોઈ સાંભળતું નથી એની ખાતરી કરી વિજ્ઞાનાનંદ સ્વામી બોલ્યા : 'સ્વામી મૂળ અક્ષર છે એ વાત ઘણી વાર મેં મહારાજ પાસેથી સાંભળી છે ! વળી, ગોપાળાનંદ સ્વામી પણ આ વાતનું પ્રતિપાદન કરતા.' આ સાંભળીને યજ્ઞપુરુષદાસ ઢોલિયા નીચેથી નીકળ્યા અને પોતાના ગુરુના વચને આ વાતની પ્રતીતિ કરી. (શાસ્ત્રીજી મહારાજના સ્વમુખના વચનની એકમાત્ર રેકર્ડ આજે હયાત છે તેમાં તેઓએ આ પ્રસંગ વર્ણવ્યો છે.)

※ સંવત ૧૮૬૮માં રાઠોડ ધાધલના ઘરે સારંગપુરમાં શ્રીજીમહારાજે સંતો સાથે રાસ લીધો ને કબીરજીનું હોરીનું પદ 'સદ્‌ગુરુ ખેલે વસંત' ગાયું.

આ પદ બોલી શ્રીજીમહારાજે પૂછ્યું : 'એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે સંતોએ કહ્યું : 'એવા સદ્‌ગુરુ તો આપ છો.' ત્યારે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં છડી અડાડી કહ્યું : 'અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે અને **આ ગુણાતીતાનંદ સ્વામી તે ધામરૂપે અમને અને અનંત કોટિ મુક્તોને ધરી રહ્યા છે અને સાકારરૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સાથે અમારી સેવામાં સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ પ્રગટ થયા છે.'** આ વાત રાઠોડ ધાધલ પાસેથી જસાગોરે સાંભળેલી અને જસાગોરે નાગજી શેઠને વાત કરેલી. નાગજી શેઠ પાસેથી શાસ્ત્રીજી મહારાજે અને સંતોએ સાંભળેલી.

※ એકવાર પંચાળામાં પરમહંસોની પંક્તિમાં મુક્તાનંદ સ્વામી અને ભાયાત્માનંદ સ્વામીની વચ્ચે ગુણાતીતાનંદ સ્વામી જમવા બેઠેલા. ત્યાં જઈને વંથલીવાળા કલ્યાણભાઈને મહારાજે કહ્યું: 'બે વાઘ વચ્ચે બકરી !'

એમ, હાસ્ય કરી સ્વામી સામે આંગળી કરી મહારાજે કહ્યું : 'કલ્યાણભાઈ, આ સાધુને ઓળખો છો ? **આ તો અમારું અક્ષરધામ છે ! ઓળખી રાખજો !'**

ઉપરોક્ત પ્રસંગ કલ્યાણભાઈના દીકરા દેવજીભાઈ પાસેથી શાસ્ત્રીજી મહારાજે મુખોમુખ સાંભળેલો.

◎ વળી, મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી હોય તેવા ૪ પ્રસંગો શુકમુનિ સ્વામીએ પોતે ગઢડાના કૃષ્ણચરણદાસને કહેલા. કૃષ્ણચરણદાસે એ ૪ પ્રસંગો મહુવામાં શાસ્ત્રીજી મહારાજને કહેલા. તેમાંનો એક પ્રસંગ આ મુજબ છે.

એક વખત શ્રીજીમહારાજ મોટા મોટા સદ્‌ગુરુની ગોવાળ મંડળી કરી પોતે વચ્ચે રહી પીરસતા હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામીને મહારાજ કહે : 'આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ જમતાં શીખો.' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : 'ઠીક જમનારા છે' એમ કહી મર્મ કર્યો. ત્યારે શ્રીજીમહારાજ કહે, 'એમ નહિ. આ સાધુ જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન જમે છે ને સ્વાદ તો મારી મૂર્તિનો લે છે.' તો બધા કહે, 'હા, મહારાજ ! એમના જેવું થવું કઠણ છે.' તો મહારાજ કહે, **'અખંડ ત્રણ અવસ્થામાં અમને ધરી રહ્યા છે ને મારે રહેવાનું ધામ છે.'**

આમ, સ્વયં શ્રીજીમહારાજે જ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તેવી ઓળખાણ પ્રસંગોપાત્ત સૌ ભક્તોને કરાવેલી. અને ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત નીમી સૌ સંતોને

વર્ષોવર્ષ એક માસ તેમનો સમાગમ કરવા જૂનાગઢ જવા આજ્ઞા કરેલી.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ 'પુરુષોત્તમપ્રકાશ'માં મહારાજની આજ્ઞા જણાવતાં કહ્યું છે કે,

વળી સંતને આપી આગન્યા રે,
રહેવું નહીં અહીં આવ્યા વિના રે;
વરસો વરસ એક માસ રે,
કરવો આ મંદિરમાં નિવાસ રે;

આમ, મહારાજે પોતે ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ કહી પરમહંસોને તેમના સમાગમથી બ્રહ્મરૂપ થવાના કોલ આપ્યા છે.

● **ગુણાતીતાનંદ સ્વામીએ સ્વમુખે પોતાની કરાવેલી ઓળખાણ :**

❊ માયાથી પર એવા જે બ્રહ્મ અને પરબ્રહ્મને માયિક ઈન્દ્રિયો, અંતઃકરણથી ઓળખી ન શકાય. તે બંને કૃપાએ કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવે તો જ ઓળખી શકાય. ગુણાતીતાનંદ સ્વામીએ પણ અતિશય કરુણાએ કરીને પોતાનામાં જેને જેને વિશ્વાસ હતો તેવા સંતો-હરિભક્તોને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે.

❊ સમઢિયાળામાં ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા, ત્યારે ભાયાભાઈએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, 'અક્ષરધામને વિષે મહારાજની સેવામાં જે અક્ષર રહ્યા છે અને આ લોકમાં મહારાજની સાથે જે અક્ષર આવ્યા છે તે અક્ષર કયા?' ત્યારે સ્વામીએ ઉત્તર આપતા કહ્યું : '**તારી આગળ બેઠા છે તે જ અક્ષર મહારાજની સેવામાં રહ્યા** છે અને મહારાજ સાથે આ લોકમાં મનુષ્ય દેહ ધરીને આવ્યા છે. અને આ તારા ગામ આવ્યા તે જ તારું ધન્ય ભાગ્ય માન ને ! નહિ તો ક્યાં અક્ષર અને ક્યાં આ સમઢિયાળું ગામ!'

❊ સં. ૧૯૨૩માં ચૈત્રી પૂનમનો સમૈયો કરવા ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા હતા. સભામાં વિના કારણે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના મોટાભાઈ ગોપાળજીદાદાએ, તમે ભગવાન થઈ પૂજાવ છો તેમ કહી ગુણાતીતાનંદ સ્વામીનું અપમાન કર્યું. એ વખતે સભામાં ઊભા થઈને ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'કોઈ અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. માટે અમને કોઈ ભગવાન કહેશો નહીં. ભગવાન તો એક સર્વોપરી અને સર્વ કારણના કારણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે **અને શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે, તે આજ તમારી સભામાં, તમારી સમક્ષ વાતો કરે છે,** માટે ઓળખી રાખજો.' એવું કહીને બેસી ગયા. આમ, ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત્ત ઘણી વખત પોતાની ઓળખાણ અક્ષરબ્રહ્મ તરીકે આપી છે, કરાવી છે.

❊ આ ઉપરાંત ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં પણ પોતે અક્ષર છે એવો પ્રસંગોપાત્ત નિર્દેશ કરેલો છે. જેમ કે :

❊ 'બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે કે મહારાજને પુરુષોત્તમ જાણવા અને **આ સાધુને અક્ષર જાણવા.** ને આ બધાય અક્ષર(અક્ષરમુક્તો) છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ અહીં દેહ ધરીને આવ્યા છે.' **(સ્વામીની વાત : ૩/૩૮)**

● **ગોપાળાનંદ સ્વામી અને અન્ય પરમહંસે કરાવેલી ઓળખાણ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે વાત ગોપાળાનંદ સ્વામી તેમજ અન્ય પરમહંસોએ પણ કરી છે.

❊ ભોયકાના માલજી સોની વરતાલ ગયા હતા. ત્યાં ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : '**આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે.** મહારાજે ઘણી વાર તેમને અક્ષરધામ તરીકે ઓળખાવ્યા છે, માટે તું ઓળખી લે !' આ વાતની સત્યતાની ખાતરી

કરવા શાસ્ત્રીજી મહારાજ પોતે સંવત ૧૯૬૭ (ઈ.સ. ૧૯૧૧)માં ભોયકા ગયા હતા અને માલજી સોનીના મુખે આ વાત તેમણે સાંભળી હતી. યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી વગેરે સંતો પણ સાથે હતા. બીજા સંતો-ભક્તોને પણ ત્યાં લઈ જઈ તેમના મુખે વાત કહી સંભળાવી હતી.

ગુણાતીતાનંદ સ્વામી મૂળઅક્ષર છે તેવી વાતો ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજી ભક્ત, જાગા સ્વામી, શિવલાલ શેઠ, નથુ પટેલ જેવા અનેક ત્યાગી ગૃહી ભક્તોને કરી હતી. આ સૌને તેમણે ગુણાતીતાનંદ સ્વામીમાં જોડ્યા હતા.

◎ એક વખત ગઢડામાં નૃસિંહાનંદ સ્વામીએ ઈંગોરાળાવાળા કુંવરજી પટેલને કહ્યું : 'કુંવરજી પટેલ ! આ ગઢડા મંદિરના કાંગરા કેટલા છે?' તો કહે : 'ઘણા.' ત્યારે નૃસિંહાનંદ સ્વામી કહે, **'જો ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરબ્રહ્મ છે એ વાત ખોટી હોય તો કાંગરે કાંગરે એક એક બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ મને લાગે.** તારે માનવું હોય તો માન, નહિ તો રહેવા દે.' શાસ્ત્રીજી મહારાજે કુંવરજી પટેલ પાસેથી જ આ પ્રસંગ સાંભળેલો.

- **ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તેના ઐતિહાસિક પુરાવા :**

✻ ગુણાતીતાનંદ સ્વામીના દેહનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે સ્થાને દેરી ચણાવી ત્યાં ચરણારવિંદ પધરાવ્યાં છે, જે 'અક્ષરદેરી' તરીકે જ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. અન્ય પરમહંસોનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે, ત્યાં કોઈ છત્રી / ઓટો / સ્થાન 'અક્ષરદેરી' એ નામે પ્રસિદ્ધિ પામ્યું નથી. ફક્ત ગુણાતીતાનંદ સ્વામીના અગ્નિસંસ્કારનું સ્થાન જ 'અક્ષરદેરી' તરીકે પ્રસિદ્ધ થયું છે.

✻ જૂનાગઢના સદ્ગુરુ બાલમુકુંદદાસજી વગેરે સંતોએ જૂનાગઢ (સોરઠ) દેશના વરતાલ તાબાનાં રાજકોટ, જેતપુર, ગોંડલ, પીપલાણા, વંથલી, પંચાળા, ધોરાજી, ઉપલેટા વગેરે અનેક ગામોના હરિમંદિરોમાં અક્ષરપુરુષોત્તમની પટની મૂર્તિઓ પધરાવી છે અને દરેક જગ્યાએ ગુણાતીતાનંદ સ્વામીના નામ આગળ 'અનાદિ મૂળ અક્ષર' એવા શબ્દો લખેલા છે.

✻ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા : 'શાસ્ત્રીજી મહારાજ ૧૦૦ ગળણે ગાળીને પાણી પીએ તેવા ચકોર હતા. તેઓ ચકાસ્યા વિના કોઈ વાત માની ન લે ! એ શાસ્ત્રીજી મહારાજે ચકાસીને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે મધ્ય મંદિરમાં પધરાવ્યા છે. તેમના માટે અપાર કષ્ટો સહન કર્યાં છે. અપાર દાખડો કર્યો છે. એ દાખડો જોતાં એ વાતમાં શંકા નથી કે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે.'

✻ શાસ્ત્રીજી મહારાજે બધી જ જગ્યાએથી પ્રમાણો એકત્રિત કરી સંપૂર્ણ ચકાસણી કરી બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં ભવ્ય મંદિરો કરી મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવી ઉપાસનાને જગજાહેર કરી દીધી. આ ઉપાસના એટલે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી.

વર્તમાનકાળે એ જ ઉપાસના પ્રવર્તનનું કાર્ય મહંત સ્વામી મહારાજ કરી રહ્યા છે. આ ઉપાસના પ્રવર્તનકાર્યની આજ્ઞા શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૭૧**માં આપણને પણ કરી છે. તેમાં કહ્યું કે, **'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'** આ આજ્ઞા મુજબ આપણે અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવી શકીએ તે પ્રાર્થના.

સભા : ૪૧ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા પ્રથમ - ૭૬, ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું
❖ **સ્વામીની વાત** : પ્રકરણ ૬ , વાત-૧૫૮
: પ્રકરણ ૬, વાત-૧૪૪
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે....

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું છોંતેરમું : ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૬ના પ્રથમ જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા ને તે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.

તેમની આગળ શ્રીજીમહારાજે વાર્તા કરી જે, 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહીં. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, 'એ સત્સંગી છે.' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે. અને જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહીં, એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહજે જ હેત થાય છે. અને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તો ય પણ હેત થાય નહીં અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે.'

ઈતિ વચનામૃતમ્. એવી રીતે ગઢડા પ્રથમ પ્રકરણનું છોંતેરમું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ

૧. પોતાની આધ્યાત્મિક ઉચ્ચ સ્થિતિનો નિર્દેશ કરે છે.

૨. પોતાના માનસપુત્રો સમા આશ્રિત સંતો-ભક્તો કેવા હોવા જોઈએ એ મહેચ્છા રજૂ કરે છે.

૩. પોતાના દિવ્ય હેત અને કૃપાની પ્રાપ્તિ માટેની સાધનાની દિશા દર્શાવે છે.

૪. પાકા સત્સંગીની સાચી વ્યાખ્યા રજૂ કરે છે.

● **વચનામૃતનું નિરૂપણ**

૧. શ્રીજીમહારાજની સ્થિતિનો નિર્દેશ

* વ્યક્તિની પરખ તેની સોબત પરથી થાય છે. પોતાની રુચિ અને સ્થિતિ પ્રમાણે જ પોતાનું મિત્રવર્તુળ પસંદ કરે છે.
* દારૂડિયાને દારૂડિયા પાસે જ ફાવે. ક્રિકેટના રસિયાને એવા શોખવાળા સાથે જ ફાવે. સજાતીય અને સરખી રુચિવાળાનો તરત મેળ બેસે. એમ જે અંતરથી અરોગી અને નિર્વાસનિક હોય તેને તેની જ સોબત ગમે છે.
* શ્રીજીમહારાજ આવા નિર્વાસનિક છે.
* ગ.મ.-૧૩ :- મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે... એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તો પણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે.
* ગ.મ. ૫૦ :- જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહીં. ને જેને મારા જેવો અંતરનો દઢાવ હોય તે સાથે જ અમારે બને છે.
* ગ.મ. ૩૩ : 'જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દઢ મેળાપ રહે છે.'

૨. શ્રીજીમહારાજની પોતાના માનસપુત્રો માટે મહેચ્છા

* કરોડપતિ માબાપને પોતાના સંતાનો કંગાળ દશામાં જીવે એવી ઈચ્છા ન હોય. પોતાના સંતાનો પોતાના જેવું જ કે પોતાથી અધિક સુખ સાહ્યબી ભોગવે એ જ ઝંખના રાખે. સ્વાભાવિક છે.
* શ્રીજીમહારાજે આપણને પોતાના માન્યા છે. (ગ.પ્ર.૧૮, ગ.મ.૪૫). તેથી આપણા માટે તે ઊંચી અપેક્ષાઓ, ઉચ્ચ સુખની ભૂમિકાની ઈચ્છા રાખે એ સ્વાભાવિક છે.
* ગ.મ. ૪૫ : 'તમે મારા કહેવાયા છો તો મારે તમારામાં તલમાત્ર કસર રહેવા દેવી નથી... કોઈ જાતનો માયાનો સંગ રહેવા દેવો નથી.'
* ગ.મ.૫૦ : 'જે અમારી સોબત રાખશે, તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી.'
* ગ.પ્ર. ૩૮માં શ્રીજીમહારાજ કહે છે કે મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે. આથી પોતાનો આશ્રિત ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી, માની, કામી ને વાસનિક ન હોવો જોઈએ. એ એમની અપેક્ષા છે.
* ધરમપુરના કુશળકુંવરબાએ મોકલેલ અણીશુધ્ધ ચોખા શ્રીજીમહારાજે પરમહંસોને બતાવી કહ્યું : 'બધાને આવા ચોખ્ખા કરવા છે. અણીશુદ્ધ અને પવિત્ર.'
* શ્રીજીમહારાજે જૂના ખરડામાં પણ લખાવ્યું : મેરા જો અવતાર હુઆ હૈ સો તો અનાદિ અજ્ઞાનકે નાશકે વાસ્તે હૈ ઓર જીવોં કો બ્રહ્મરૂપ કરને કે વાસ્તે હૈ.
* સ્વભાવો કે દોષો છે ત્યાં સુધી દુઃખ છે જ. જેમ પગમાં કાંટો વાગે, આંખમાં રેતીનું કણ પડે, કીડનીમાં પથરીનો દુખાવો થાય કે ભોજનમાં ઝીણી રેતી આવે તો સુખ ન આવે તેમ સ્વભાવો છે ત્યાં સુધી ભગવાનનું સુખ ન આવે.
* સ્વભાવોને લીધે ભગવાનનો સંબંધ તૂટે છે. અલૈયાખાચર પોતાના માનના સ્વભાવને લીધે મહારાજને તજી ગયા.

● **તે સાથે અમારે ન બને**

* આ ચાર સ્વભાવવાળા સાથે ભગવાનને ન બને.

જગતના જીવની વાત નથી. પણ આવા સ્વભાવે યુક્ત વર્તતા છતાં ભક્તિ-સેવા-નિયમધર્મયુક્ત ભક્તની વાત છે.

* જેની પાસે જઈને બેસવાનું છે, જેનું સુખ લેવાનું છે, જેના આધારે મોક્ષ મેળવવાનો છે. તેને જ આપણી જોડે ન ફાવે તે કેમ બને ? જો આ વિચાર પ્રગટે તો સ્વભાવ ટાળવાનો વિચાર આવે.

● **હવે એ સ્વભાવો કયા છે ?**

૧. ક્રોધ

* 'કામ, ક્રોધ અને લોભ નરકના દ્વાર છે' : ગીતા (૧૮/૨૧)
* ક્રોધથી મનુષ્ય વિરૂપ બને છે. તેને સત્-અસત્‌નું ભાન ન રહે. વિવેક ન રહે. અલ્પ ક્રોધ પણ મોટી હોનારત સર્જી શકે.
* લવિયા દરજીને રીંગણનું શાક ન મળતા ક્રોધ આવ્યો ને બે કડવા શબ્દો બોલ્યો તો તેના પત્નીએ આપઘાત કર્યો.
* દ્રૌપદીના શબ્દ, 'અંધના અંધ જ હોય.' આટલું સાંભળીને દુર્યોધનને ક્રોધ આવ્યો તો શું પરિણામ આવ્યું ? - મહાભારતનું યુદ્ધ થયું.
* આ ક્રોધ ઉત્પન્ન થવાનાં કારણો અને તેનું પ્રાયશ્ચિત શ્રીજીમહારાજ અમદાવાદના ૮મા વચનામૃતમાં જણાવે છે.
* શ્રીજીમહારાજ પોતાના હરિભક્તોને ક્રોધ ટાળવાનો આદેશ આપ્યો છે. કારણ કે તેમને ક્રોધ સાથે અતિશય વેર છે. (લોયા-૧)
* ગ.મ. ૨૭ : 'અમારે તો એકથી લાખ રૂપિયા સુધીનો બગાડ કરે, તો પણ પોતા સારુ તો ક્રોધ આવે જ નહીં.' મહારાજ પોતે આવા છે તો પોતાના ભક્તો પણ આ દોષથી રહિત બને એવી ઇચ્છા હોય જ. એમના યોગમાં જે જે આવ્યા એ આવા થઈ ગયા.
* કુંડળના હોથિયા પટગરનો અતિશય ક્રોધી સ્વભાવ. એક રાત્રે ઊંઘમાંથી ઊઠ્યા ને પગે ગાડું ભટકાયું, તો ગાડા પર ક્રોધે ભરાયા ને બચકું ભરી લીધું. એ જ હોથિયા પટગર સાધુ બન્યા. આ સંતોને બાવા-વેરાગીઓ ખૂબ રંજાડે મારે, ગાળો દે, પણ હોથિયો પટગર એક શબ્દ પણ ન બોલે કે ન ગુસ્સે થાય. કોઈએ આ માટે પૂછ્યું, તો કહે : 'હોથિયો પટગર તો મરી ગયો હવે તો નિર્માનાનંદ બની ગયો.'
* યોગીજી મહારાજને તો ગુસ્સે થતા ફાવે જ નહીં.
* પ્રમુખસ્વામી મહારાજને પણ પોતાના નિમિત્તે ક્યારેય ક્રોધ આવે જ નહીં. દેહની સગવડ સચવાય, ન સચવાય, ભોજનમાં ગરબડ હોય પધરામણી વધી જાય કોઈ પોતાનું માને કે ન માને - સદાય તેઓ શાંત જ હોય. તેમનાં દર્શન કે સ્મરણથી બીજાના ક્રોધ જાય. તો એમનામ હોય જ ક્યાંથી ?
* શાસ્ત્રીજી મહારાજ નંદાજીને કહેતા, "ક્રોધ આ તો સ્વામિનારાયણ ભજન કરવા માંડવું."
* સમજણ પણ કેળવવી કે ક્રોધથી કોઈનેય કો પ્રકારનો લાભ નથી. વ્યક્તિગત અને સામૂહિ નુકશાન જ છે. વળી ભગવાન અને સંત કુરા થાય છે તો શા માટે રાખવો ?

૨. ઈર્ષ્યા

* ઈર્ષ્યાનું લક્ષણ શું ? - જેની ઉપર જેને ઈર્ષ હોય, તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં અ તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય. (ગ.પ્ર. ૭૧)
* એક ભક્ત પર ભગવાન પ્રસન્ન થયા ને વરદા આપ્યું કે તું જે માગીશ તે તને મળશે, પરં તારા પડોશીને એનાથી બમણું મળશે.' ભક્ત ઈર્ષ્યા જાગી. પડોશીનું ભૂંડું કરવા માટે એ માગ્યું, 'હે ભગવાન ! મારી એક આંખ, એ હાથ અને એક પગ લઈ લો.' પડોશીના બે ગયા. ઈર્ષ્યા કોઈનું સારું જોઈ શકે નહીં.
* ઈર્ષ્યાને લીધે ભગવાનનો અને ભક્તનો બેય દ્રોહ થાય છે. તેનું અપમાન થાય છે. આના

જીવનું બગડે છે. ગુણાતીતાનંદ સ્વામીનો અપાર મહિમા ફેલાતો જોઈને સાધુઓએ નક્કી કર્યું કે એમની પ્રસાદીની એક પણ જગા રાખવી નહીં. તેથી જૂનાગઢ મંદિરમાં સ્વામીની પ્રસાદીની ચોકડી ખોદાવી નાખી. આમાં પ્રથમ ઘા આચાર્ય ભગવત્પ્રસાદજીએ માર્યો. તો એમનો હાથ સડ્યો.

* ઈર્ષ્યાને કારણે જ ભગતજીને લાડુમાં ઝેર આપ્યું ને સત્સંગથી વિમુખ કર્યા.
* દાદાખાચર પર ઈર્ષ્યાને કારણે જીવાખાચર શ્રીજીમહારાજને મારવા સુધી તૈયાર થયા.
* ગ.પ્ર. ૫૨ : 'શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરવી.'
* ગ.પ્ર.૪માં નારદજી જેવી ઈર્ષ્યા કરવાનું કહ્યું. એટલે જેના ઉપર ઈર્ષ્યા થતી હોય તેના ગુણ આવે એવી રીતે રહેવું.

૩. કપટ

* 'મહારાજને કપટી-દંભી ગમતો નથી. 'જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, આ તો ઉપરને દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે, પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી તો તેને દેખીને મન રાજી ન થાય. ને તેની સાથે સુવાણ પણ ન થાય.' : ગ.અં. ૨૬

સખી ઉપરને રંગે રાચે નહીં દંભ દેખી રે, રહે દયાળુ દૂર
સખી પ્રપંચે પિયુ નવ પામીએ, સાચે દિલે રે,
હરિ રહે છે હજૂર

- નિષ્કુળાનંદ સ્વામી

* ભગવાન તો અંતર્યામી છે - સર્વજ્ઞ છે. તેની આગળ કપટ રાખવાથી શો લાભ ?

તન કી જાણે, મનકી જાણે, જાણે ચિત્ત કી ચોરી.
ઉસકે આગે કયા છુપાવે, જીસકે હાથ મેં દોરી.

* લોઢાની ડાબલીમાં મૂકેલો પારસમણિ ડબ્બીને સોનાની ન કરી શકે, જો વચ્ચે ચિનાઈ કાગળનું આવરણ આવી જાય તો. એમ કપટ રૂપ આવરણથી પારસમણિ જેવા સત્સંગમાં પણ આપણું પરિવર્તન ન થાય.
* ગુણાતીતાનંદ સ્વામી - સત્સંગમાં જીવને બ્રહ્મરૂપ થવા માટે : પ્રીતિ + વિશ્વાસ + નિષ્કપટપણું જોઈએ.
* શ્રીજીમહારાજે એક બાઈ પાસે પૈસા માગ્યા. પેલી બાઈએ અડધા જ બતાવ્યા ને આપ્યા. રાતે ચોર આવ્યા ને ઘેર હતા તે પૈસા લઈ ગયા. આ કપટનું ફળ છે.

સખી કપટ કૂડને કાઢી કરી,
સાચે મને રે સખી કરજે સનેહ

- નિષ્કુળાનંદ સ્વામી

* બ્રહ્માનંદ સ્વામી : સંત સમાગમ કીજે, અંતરકપટ મેટકે અપનો, લે ઉનકુ મન દીજે...
* કપટ કાઢવા માટે નિષ્કપટ થવાનું સુંદર માર્ગદર્શન લોયાના પાંચમાં વચનામૃતમાં છે. ગુરુ પાસે નીચેની ત્રણ બાબતો માટે રૂબરૂ વાત કરીને, પત્ર લખીને કે પ્રાર્થના દ્વારા મનથી નિષ્કપટ થવું જોઈએ.

૧. નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થાય એટલે કે મનુષ્યભાવ આવે.
૨. પંચવર્તમાનમાં ખોટ આવી હોય ને ટળતી ન હોય.
૩. કોઈ સંતનો અવગુણ આવ્યો હોય.

૪. માન

સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પય સાકરમાં અહિ ઝેર જો

- મુક્તાનંદ સ્વામી

* બધા દોષોનું મૂળ ઉદ્ભવ સ્થાન માન છે- સા.૮
* યોગીજી મહારાજ : 'માન એ સુપરીન્ટેન્ડેન્ટ પ્રકૃતિ છે.'
* માને સહિત થતી ભક્તિ આસુરી બની જાય છે.
* માનથી જ ભગવાન અને સંતનો દ્રોહ થાય છે. મનુષ્યભાવ આવે છે.
* હરખા પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ પગ ધોઈને આવવાનું કહ્યું. તો માન ભંગ થવાથી સત્સંગ છોડીને જતા રહ્યા.

* માન ખંડન થાય તો સ્તુતિ કરતો હોય તે નિંદા કરવા લાગે.

૫. કામી

* તો શ્રીજીમહારાજને દીઠો ય ગમતો નથી. ગ.મ. ૩૩, ગ.મ. ૩૯ વગેરેમાં સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યા છે.
* શ્રીજીમહારાજે આ શુદ્ધ સંપ્રદાય સ્થાપ્યો - સંપ્રદાયને, ગુરુને, ઈષ્ટદેવને કલંક ન લાગે તે માટે તેમણે નિષ્કામધર્મ ઉપર, બ્રહ્મચર્યને લગતા નિયમો ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે.
* શ્રીજીમહારાજ : ''આ સૂરજ સમી ગોદડીને ડાઘ લગાડશો મા.'' કોઈને આ વર્તમાનમાં ફેર થાય તો અતિશય ઉદાસી તે નજીક છતાં લાખો ગાઉ દૂર અને આ વર્તમાન જેમને દ્રઢ તે હજારો ગાઉ દૂર છતાં નજીક તેજ અમને વહાલા, તેમના હાથની જ સેવા ગમે. (ગ.મ. ૩૩)

૩. સાધનાની પ્રક્રિયા

* ભગવાન દિવ્ય સ્નેહની અનુભૂતિ માટે પાત્ર થવાની પ્રક્રિયા અહીં બતાવે છે. જેમાં બે વાત મુખ્ય છે.

૧. પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય.
૨. તેને ગમે તેવા વચનના ભીડામાં લઈએ.
૩. એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ દેહપર્યંત મુંઝાય નહીં.

* સૌ પહેલા પંચવર્તમાન એક પણ ખોટ વિના પાળવા જ અઘરા છે. આમાં દેહ-ઇન્દ્રિયોને ઘણો જ કારસો આવે. કદાચ કોઈ સ્થૂળ રીતે આમાં દઢ રહેતો હોય, છતાં વચનનો ભીડો-મનગમતું મૂકવાનું ઘણું કઠણ પડતું હોય છે.
* પ્રમુખસ્વામી મહારાજ : 'આ જીવે અનંત જન્મોથી મનનું ધાર્યું જ કર્યું છે.'
* મછિયાવના ફઈબાને પંચવર્તમાનમાં શું ખામી હતી ? છતાં પોતાના મનનું ગમતું મૂકીને શ્રીજીમહારાજના મનનું ગમતું કરી શક્યા નહીં. તો શ્રીજીમહારાજ ૩૨ વાર જે ગામમાં ગયા હતા. તે ગામનું પાણી હરામ કર્યું.
* બોટાદના ભગાદોશીને પરમહંસોને રસો[ઈ] જમાડવાની ઇચ્છા. મહારાજ કહે આ કડીયાન[ે] પગાર ચૂકવી દો. એ તમારી રસોઈ ગણી લઈશું પણ ના માન્યા ને રસોઈ જ કરાવી ને અં[ત] ખૂટ્યું.

* **ભગવાન અને સંત જીવનું ગમતું મુકાવે છ[ે] શા માટે ?**

* જીવને બ્રહ્મરૂપ કરવા
* મનને અમન કરવા
* બંધન તોડવા

સખી માનુનીનું માન મોડવા, ટેવ પડી રે, અલબેલાને અં[ગ]

- નિષ્કુળાનંદ સ્વામ[ી]

* શ્રીજીમહારાજ પંચાળા ન ગયા એટલે ઝીણાભાઈએ ટેક લીધી કે 'મહારાજ ન આવ[ે] ત્યાં સુધી માથું ખુલ્લું રાખવું. ''આનાથી લોકમ[ાં] ખોટું દેખાય. ટીકા થાય. આ જાણીન[ે] વેરાભાઈએ ઝીણાભાઈને કહ્યું : 'હું મહારાજન[ે] લાવીશ જ, ને નહીં આવે તો પેટમાં કટાર[ી] મારીને મરીશ.' મહારાજ પાસે ગઢડા ગયા ત્યારે મહારાજ કહે : 'અમને ટેકીલાની ટે[ક] મુકાવવાની ટેવ પડી છે. અમે નહીં આવીએ.''
* એક ગુરુના આશ્રમમાં એક શિષ્ય વિદ્યા શીખવ[ા] માટે ગયો. ગુરુ કહે : 'અહીં બે શરતો છે :
  ૧. તારું ગમતું કરવા દેવામાં નહીં આવે.
  ૨. તને નહીં ગમતું હોય તે જ બધુ કરવા[નું] રહેશે.

* **દેહ પર્યંત મુંઝાય નહીં : આવું ક્યારે થાય ?**

૧. સ્પષ્ટ અને દૃઢ ધ્યેય હોય તો :

* ભગવાન અને સંતને રાજી જ કરવા છે. આ ધ્યે[ય] સ્પષ્ટ હોય ને દઢ હોય તો મૂંઝવણ ન થાય.
* ભગતજી મહારાજ ગમે તેવી આકરી આજ્ઞા[માં] સારધાર પાર પડ્યા એનું મૂળ કારણ આ હતું.

૨. સ્વાર્થ હોય :

* જન્મટીપ ને ફાંસીની સજામાંથી મુક્ત થવ[ા]

સ્વાર્થ હોય તો રાષ્ટ્રપતિની બધી જ શરતો માન્ય થાય છે.

* ભયંકર અને અસાધ્ય રોગ ટાળવાનો ખપ હોય તો વૈદ્ય કે ડૉક્ટરની તમામ ચરી કે કડવી દવા લઈએ જ. એમ ભગવાન પાસેથી જન્મમરણની ફાંસી કે ભવરોગમાંથી મુક્ત થવાનો સ્વાર્થ સમજાય તો મનગમતું મૂકતા કઠણ ન પડે.

૩. વિશ્વાસ અને શ્રદ્ધા :

* એ જે કાંઈ કહે છે કે કરે છે એમાં મારું હિત જ છે. મારો દેહભાવ જ જાય છે. મને બ્રહ્મરૂપ કરવા માટે જ કરે છે. એમાં મારું આ લોક અને પરલોક બંનેનું હિત સમાયું છે.
* યોગી કૃષ્ણપ્રેમ : 'તારા ગુરુ સિંહના મુખમાં માથું મૂકવાનું કહે, મગર ઉપર સવારી કરવાનું કહે તો પણ નિઃસંશય થઈને એમાં ઝંપલાવ.'

આ રીતે વર્તે તેના પર વગર કર્યું સહેજે હેત થાય છે.

* ગુણાતીતાનંદ સ્વામી : 'સંત કહે તેમ કરવું એજ શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું કનિષ્ઠ છે.'

સખી જેમ વાળે તેમ વળજે, તજી તરત રે, તનમનની તાણ.

- નિષ્કુળાનંદ સ્વામી

મેલ મનતાણ ગ્રહ, વચન ગુરુદેવનું, સેવતું રૂપ એ શુદ્ધ સાચું. મનમત્ત થઈને તું, કોટિ સાધન કરે સદ્ગુરુ શબ્દ વિણ સર્વ કાચું.

- મુક્તાનંદ સ્વામી

* જેતલપુર-૩ : 'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું, એથી બીજી કોઈ મોટી વાત નથી.'

● **તે પાકો સત્સંગી છે :**

* કાચાથી પોતાને કે બીજાને કોઈ સુખ ન આવે.
* કાચો ડૉક્ટર કે કાચો એન્જિનિયર શું સારું કરે ?
* કાચા માટલાનો ઉપયોગ શું ? કાચી કેરી ખાટી લાગે. કાચી ભાખરી કે કાચું શાક ખાવાના કામમાં આવે ?
* એમ કાચા નહીં, યથાર્થ પાકા સત્સંગી થઈએ તો જ ભગવાનનું સુખ આવે.
* 'આવા ગુણ જેમાં ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત ન થાય.' - શ્રીજીમહારાજ
* માટે પાકા સત્સંગી થવા, એમનું હેત પામવા આપણું ગમતું મૂકી એમનું ગમતું કરવા મંડી પડીએ.
* **એમને શું ગમે છે** - નિત્યપૂજા, નિયમિત ઘરસભા, સંયમ, મહિમા-ગુણગ્રાહક દૃષ્ટિ.
* **એમને શું નથી ગમતું ?** - ટી.વી., સિનેમા, હૉટલની ખાણી પીણી, ખટપટ, અભાવ, આળસ, પ્રમાદ, રાસ-ગરબા વગેરે... ◆

૭. વચનામૃત ગ. પ્ર. - ૭૬ : ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા પ્રથમનું ૭૬મું : ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માનીનું...

સંવત ૧૮૭૬ના પ્રથમ જયેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.

તેમની આગળ શ્રીજીમહારાજે વાર્તા કરી જે, ''ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહીં. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, એ સત્સંગી છે. અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમનું ૭૬મું વચનામૃત થયું.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતાની રુચિ જણાવે છે. પોતાને કેવા હરિભક્ત નથી ગમતા તેની વાત અહીં શ્રીજીમહારાજ જણાવે છે કે ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી, માની અને કામી આ સ્વભાવ જેનામાં હોય તે હરિભક્ત હોય તો પણ શ્રીજીમહારાજને તેની સાથે બનતું નથી એટલે કે શ્રીજીમહારાજને તે ગમતું નથી.

❋ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૨૮માં પણ કહે છે : ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય, તો તેને હું સારું નથી જાણતો. અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી, તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે.'

❋ યોગીજી મહારાજ એક બોધકથા કહેતા...

❋ કોઈ એક રાજાના ઘોડેસવારો રસ્તે જતા હશે. રસ્તામાં એક ભિખારણ ઊભેલી તે બહુ રૂપાળી હતી. ઘોડેસવારો તેને પકડીને શણગારીને રાજા પાસે લાવ્યા. રાજાને તે ગમી અને તેની સાથે લગ્ન કર્યું. તે રાણી બની ગઈ પરંતુ તે ભિખારણ હતી તેની રાજાને ખબર નહીં. પણ આ રાણી બત્રીસ પ્રકારનાં ભોજન આવે તોય તેમાંથી કાંઈ ખાય-પીએ નહીં. રાજા મૂંઝાણા કે રાણી ખાતાં કેમ નથી ? કંઈક રોગ થયો છે કે શું ? એમ ધારી વૈદ્યને બોલાવ્યા. વૈદ્યે તપાસ કરી પણ કાંઈ રોગ જણાણો નહીં.

વૈદ્ય હોંશિયાર હતો. તે સમજી ગયો. તેણે દાસીને કહ્યું, 'રાણીનો થાળ તમે લઈ જાવ છો ?' દાસીએ કહ્યું, 'હું સોનાના થાળમાં દસ પકવાન, પાપડ, રાયતાં બધું લઈ જાઉં છું અને જમાડવા પાસે બેસું છું, પણ રાણી સાહેબ તો આ બધું જોઈ મૂંઝાય છે અને જમતાં નથી.' વૈદ્યે કહ્યું, 'તમારે થાળ મૂકી ચાલ્યા જવું પણ પાસે બેસવું નહીં.'

બીજે દિવસ દાસી થાળ મૂકીને જતી રહી. આ રાણી થયેલી ભિખારણને તો ઘેર ઘેર દાતણ આપીને બદલામાં રોટલાના ટુકડા કે જે કાંઈ હોય તે માગીને

ખાવાની ટેવ હતી. તેને ભીખવાનાં હેવાં પડ્યાં હતાં. અહીં તૈયાર જમવાનું આવે, તેથી મૂંઝાતી હતી. પણ આજે તો કોઈ હતું નહીં. તેથી તેણે બારણાં બંધ કર્યાં અને લૂગડું ફાડી એક ઝોળી બનાવી, સાવરણી પડી હતી તેના કટકા કરી દાતણ કર્યાં. પછી ઓરડામાં ગોખલે ગોખલે થોડું થોડું જમવાનું મૂકી આવી. પછી ઝોળી ખંભે ભરાવી હાથમાં સાવરણીના કટકા મૂકી ગોખલામાંથી ખાવાનું લઈ ઝોળીમાં નાંખે. આમ, ગોખલે ગોખલેથી ભીખ માગી ઝોળી ભરી દીધી. અને તે ઝોળીમાંનો પાંચ શેર ભાર ખાઈ ગઈ. આમ, મહિનો ગયો ત્યાં તો તે ફૂલીને પબેડા જેવી થઈ ગઈ.

રાજાએ વૈદ્યને બોલાવી કહ્યું, 'રાણી સાહેબનો રોગ જતો રહ્યો છે. તમે શી દવા કરી ? તે કહો,' વૈદ્ય કહે, 'રાજા સાહેબ, એ વાત જવા દ્યો. કહેવા જેવી નથી.' પણ રાજાએ કહ્યું, 'તમે દવા બતાવો. કાલે વળી પાછાં રાણી સાહેબ માંદાં પડે તો શું દવા કરવી તે ખબર પડે ને.' રાજા તો હઠે ચડ્યો. છેવટે વૈદ્યે કહ્યું, 'મને અભયદાન આપો તો હું દવા કહું.' રાજાએ 'હા' કહી.

પછી બીજે દી જ્યારે રાણી સાહેબને થાળ ગયો. ત્યારે તેણે તો હંમેશાંની જેમ ભિખારણવેડા કર્યાં. વૈદ્યે બારણાના ફાંકામાંથી રાજાને આ બતાવ્યું. ત્યારે રાજાને ખબર પડી કે આ તો ભિખારણ છે. નખ્ખોદ કાઢ્યું. આને કાઢો. પછી તો એને ઘર-લજામણી જાણી મારીને કાઢી મૂકી.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું,

રાજાની રાણી ભમી ભીખ માગે હાલે કંગાલને હાલ,
ઘર લજામણી રાણી જાણી રાજા
ખીજી પાડે વળી ખાલ રે સંતો
શીદ ને રહીએ રે કંગાલ...

❊ યોગીજી મહારાજ કહેતા, 'જેના રાજમાં રહેવું તેને ન ગમે તેવા સ્વભાવ રખાય ? એવા સ્વભાવ રાખીએ તો રાજા આપણને કાઢી મૂકે. આપણે અક્ષરધામમાં જવાનું છે. ત્યાં શ્રીજીમહારાજનું રાજ છે. તેથી તેમને ન ગમે તેવા સ્વભાવ રાખશું તો આપણને અક્ષરધામમાં પેસવા નહીં દે.'

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતાને ન ગમતા સ્વભાવો જણાવે છે.

● ક્રોધ, ઈર્ષ્યા અને માન પ્રત્યે મહારાજની અરુચિ :

❊ વચનામૃત લોયા-૧માં શ્રીજીમહારાજ કહે છે, 'ક્રોધી ઉપર તો મારે ઘણું વૈર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મને ગમે જ નહીં.

❊ વળી, તેઓ વચનામૃત ગઢડા મધ્ય-૨૭માં કહે છે, 'જેને ગરીબ ઉપર ક્રોધાદિકનો સંકલ્પ થતો હોય તો તેને મોટા ઉપર પણ થાય અને પોતાના ઈષ્ટદેવ ઉપર પણ ક્રોધાદિકનો મલિન ઘાટ થાય. અને અમારાથી તો એક ગરીબ પણ દુઃખાયો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, ભગવાન સર્વાંતર્યામી છે, તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે. માટે જેને અમે દુખવ્યા તેના અંતરમાં પણ વિરાજમાન હશે ત્યારે અમે ભગવાનનો અપરાધ કર્યો. એમ જાણીને તેને પગે લાગીને તેને કાંઈક જોઈતું હોય તે આપીએ, પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ.'

આમ, શ્રીજીમહારાજને ક્રોધ પર ઘણી ચીડ છે.

❊ એક વાર સભામાં સાપ નીકળ્યો. તેને પકડવાની મથામણ ચાલતી હતી તે વખતે જ એક બાળક આમતેમ દોડાદોડ કરી વિક્ષેપ કરતો હતો. તેથી શ્રીજીમહારાજે તેને અટકાવી ગાલ પર હળવી ટપલી મારી તેમ ન કરવા કહ્યું. આથી બાળક ઉદાસ થઈ ગયો ને ખૂણામાં જઈ બેસી ગયો. તે જોઈ શ્રીજીમહારાજ કહે, 'એના ગાલે અમે ટપલી મારી તે અમારા હાથે ઘણું ચચરે છે માટે તેને બોલાવો.' તે બાળક શ્રીજીમહારાજ પાસે આવ્યો ત્યારે શ્રીજીમહારાજે તેને ગમતી વસ્તુ આપી રાજી કર્યો. છાતીમાં ચરણારવિંદ પણ પાડી આપ્યા.

આ પ્રસંગમાં એવો કોઈ પ્રચંડ ક્રોધ શ્રીજીમહારાજે

કર્યો હોય તેવું પણ નથી. વળી, કદાચ તેઓએ પુણ્યપ્રકોપ કર્યો હોત તો પણ તે જીવનું સારું જ થવાનું હતું. છતાં તેઓએ પોતાના આ ચરિત્રથી સમજાવ્યું કે ક્રોધરહિત જીવનશૈલી તેઓને ગમે છે.

❊ તેથી જ વચનામૃત લોયા-૧૪માં તેઓ કહે છે, 'ક્રોધ, માન, ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર અમને બહુ અભાવ રહે છે.'

❊ આમ, ક્રોધ-ઈર્ષ્યા-માન વગેરે ગંદકી દરેક ભક્તે દૂર કરવી જ રહી. નહિ તો સ્વભાવ આપણને ભગવાનથી દૂર કરી દેશે.

❊ એક વાર મહેમદાવાદના દુર્લભરામ ઘોડી ઉપર બેસી જેતલપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા નીકળેલા. મહારાજ તળાવની પાળ ઉપર વિરાજમાન હતા. જેતલપુર નજીક આવતાં દુર્લભરામ ઘોડીને ગામ ભણી લઈ જવા મથતા હતા. ઘોડી તેથી બીજી દિશામાં જવા મથામણ કરતી હતી. આના ઉપરથી મહારાજે એક દૃષ્ટાંત સભામાં કહ્યું, 'એક વાદી (મદારી) હતો. તે નદીમાં પૂર ઊતરવા ઊતર્યો. માથે સર્પનો કંડિયો હતો. હાથે બકરું ઉપાડેલું. ખભે માંકડું બેસાડેલું. તેને હતું કે ત્રણેયને નદી પાર કરાવી દઉં, પરંતુ જ્યાં કેડ સમું પાણી આવ્યું ત્યાં જ મરકટે પોતાનો સ્વભાવ જણાવ્યો. તેણે કંડિયાનું ઢાંકણું ઉઘાડ્યું. ઢાંકણું ઉઘાડતાં જ સર્પે પણ પોતાનું સ્વરૂપ દેખાડ્યું. તે સીધો મરકટ ઉપર જઈ પડ્યો. માંકડું તેથી બચવા પાણીમાં કૂદ્યું. બુદ્ધિહીન બકરું પણ મદારીને આધીન ન રહ્યું અને તેણે પણ જળમાં ઝંપલાવ્યું. આ રીતે ત્રણેય જણા તણાઈ ગયાં. વાદીએ તો તેઓને તારવા સાથે લીધેલા પણ પોતાના સ્વભાવને લીધે ત્રણેય તણાઈ ગયાં. તેમ ભગવાન તો જીવને ભવસાગર પાર ઉતારવા માટે તૈયાર હોય છે, પણ જીવ પોતે જ પોતાના સ્વભાવે કરીને ભગવાનને છોડી દે છે.'

❊ શ્રીજીમહારાજ વચનામૃત લોયા-૧૪માં કહે છે, 'જેમાં કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા હોય તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે.'

આવા સ્વભાવ મૂકીએ તો ભગવાન આપણા પક્ષમાં રહે.

❊ એક વાર એક ભક્તને એક ધોબીએ ધોલ મારી. તેથી ભગવાન તે ધોલ મારનારાને દંડ કરવા દોડી આવ્યા. ત્યાં તો ભક્તે ગુસ્સે થઈને સામે ધોલ લગાડી દીધી. આ જોઈ ભગવાન પાછા વળી ગયા. કો'કે તેનું કારણ પૂછ્યું તો ભગવાન કહે, 'ધોબીએ ધોબી થયા. ભગતે સામે લાફો ફટકારી દીધો.' સ્વભાવના કારણે ભગવાનની મદદ ગુમાવી દીધી.

❊ માન પણ ભયંકર નુકસાન કરે છે. ડભાણમાં યજ્ઞ પૂરો થયા પછી શ્રીજીમહારાજે અલૈયા ખાચરને પોતે પહેરેલો પોષાક આપ્યો અને કહ્યું, 'આ પોષાક પહેરી થોડાક સેવકોને સાથે લઈને તમે વાળાક દેશમાં જાવ અને ભગવાનની કથા-કીર્તન કરી સત્સંગ કરાવજો.' ભગવાનનાં વસ્ત્ર અને વચનના પ્રતાપે અલૈયા ખાચર જ્યાં જ્યાં જતા હતા, ત્યાં ત્યાં ભગવાનની જેમ પૂજાવા લાગ્યા. પરિણામે 'હું પણ કંઈ છું' એમ નહીં પણ 'હું ભગવાન છું' એવો એમને કેફ ચઢ્યો અને તેના મદમાં મુક્તાનંદ સ્વામી જેવાને પણ 'કેમ છો બંધનાનંદ !' એવા તુચ્છકારથી બોલાવવા લાગ્યા. શ્રીજીમહારાજે આ વાત જાણી ત્યારે તેઓ ખૂબ નારાજ થયા અને બોલ્યા, 'માન, ઈર્ષ્યા વગેરે સ્વભાવ જીત્યા સિવાય જ્ઞાન અને ભક્તિ શોભતાં નથી. એટલું જ નહીં સદતાં પણ નથી.'

મહારાજની દૃષ્ટિ ફરી ગઈ અને અલૈયા ખાચર મૂળ સ્થિતિમાં આવી ગયા. તેઓને રોમેરોમ વીંછીની વેદના થાય તેવું ભયંકર દર્દ થયું અને મહાદુઃખને પામ્યા હતા.

❊ શ્રીજીમહારાજ વચનામૃત અંત્યના ૨૭માં કહે છે, 'માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ દોષ તે અતિશય ભૂંડાં છે. માટે એ માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમારે અતિશય અભાવ રહે છે.

● **કપટી શ્રીજીમહારાજને ગમતો નથી :**

❊ મહારાજને કપટી-દંભી ગમતો નથી. વચનામૃત

ગઢડા અંત્ય ૨૬માં તેઓ કહે છે, 'જે કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ મારે જાણ્યામાં આવે જે, આ તો ઉપરને દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે, પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી તો તેને દેખીને મન રાજી ન થાય. ને તેની સાથે સુવાણ પણ ન થાય.'

❊ નિષ્કુળાનંદ સ્વામીએ પણ કીર્તનમાં કહ્યું છે કે...

સખી ઉપરને રંગે રાચે નહીં, દંભ દેખી રે,

રહે દયાળુ દૂર

સખી પ્રપંચે પિયુ નવ પામીએ, સાચે દિલે રે,

હરિ રહે છે હજૂર

❊ એક પુત્રે માતાને કહ્યું, 'મા, આજે હું મોચીને છેતરીને આવ્યો. પગરખાનું માપ દેતાં મેં મારા પગની આંગળીઓ સંકોચી લીધી, ચામડું ઓછું વપરાશે ને પૈસા ઓછા થશે.' આ સાંભળી તેની માએ કહ્યું, 'તેં કપટ કરી મોચીને છેતર્યો પણ ખરેખર તો તું જ છેતરાયો. એ પગરખાં તને કશા કામમાં નહીં આવે. જેમ છે તેમ ફરી માપ આપી આવ.'

❊ ભગવાન આગળ કપટ રાખીએ તો આપણને જ નુકસાન છે.

❊ એક વાર ગઢડામાં શ્રીજીમહારાજે એક ડોશીમાને કહ્યું, 'તમારી પાસે કેટલા રૂપિયા છે ?' ડોશીમા પાસે પાંચ હજાર રૂપિયા હતા, પણ તેણે વિચાર્યું કે મહારાજ મંદિર કરે છે તેથી વધુ કહીશ તો વધુ માગશે. એમ વિચારી કપટ રાખીને કહ્યું, 'મહારાજ ! બે હજાર રૂપિયા છે.' મહારાજે કહ્યું, 'બધા દઈ દો.' ડોશીને થયું, 'હાશ, ત્રણ હજાર બચી ગયા.' રાત્રે ડોશીને ઘેર ચોર આવ્યા અને બાકી રહેલા ત્રણ હજાર રૂપિયા લઈ ગયા. ડોશી રડતી રડતી મહારાજ પાસે આવી. મહારાજે કહ્યું, 'અમે જાણતા હતા, તેથી જ તમારા રૂપિયા સાચવવા સારુ જ માગ્યા હતા. હવે આ બે હજાર રૂપિયા પાછા લઈ જાવ.'

❊ ભગવાન તો અંતર્યામી છે - સર્વજ્ઞ છે. તેની આગળ કપટ રાખવાથી શો લાભ ?

તન કી જાણે, મનકી જાણે, જાણે ચિત્ત કી ચોરી.

ઉસકે આગે કયા છુપાવે, જીસકે હાથ મેં દોરી.

❊ ગામ બોટાદના કાના સોની પાસે મૂળજી બ્રહ્મચારીએ મહારાજ માટે જળ પીવાનો રૂપાનો આબખોરો (નાનો લોટો) કરાવ્યો. તેણે દોઢ રૂપિયા ભાર રૂપું કાઢી લીધું ને તાંબુ ભેળવ્યું. લોટો તૈયાર કરી ગઢપુર મૂળજી બ્રહ્મચારીને આપીને કહ્યું, 'આજે મારી રસોઈ.' પછી શ્રીજીમહારાજ જમવા બેઠા. મૂળજી બ્રહ્મચારીએ કાના સોનીની સેવાની વાત કરી. શ્રીજીમહારાજ બોલ્યા, 'કાના ! લોટી તો સારી થઈ છે, પણ દોઢ રૂપિયો નોખો નહોતો પાડવો ને ! આમાં રહેવા દેવો હતો ને !' કાનો તરત દિલગીર થઈ ગયો.

❊ સંવત ૧૮૮૦માં મહારાજે વરતાલ મંદિરનો પ્રારંભ કરાવ્યો પાયા બધા ગળાઈ ગયા હતા અને ભક્તિપ્રિયાનંદ સ્વામી પાયા પૂરવી ગારો કરાવતા હતા. બીજા કેટલાક તેમને મદદ કરતા હતા. મહારાજ પણ ત્યાં તેમને દર્શન દેવા ખુરશી નાખીને વિરાજમાન થયા હતા. આ સર્વની સેવાથી પ્રસન્ન થઈ મહારાજે કહ્યું, 'આ બધાને ભેટવું છે. ભક્તિપ્રિયાનંદ સ્વામી કહે, 'બધાનું શરીર ગારાવાળું છે.' મહારાજ કહે, 'એ ગારો નથી, ચંદન છે.' એમ કહી ગારાવાળા ભક્તોને ભેટ્યા. આ જોઈ કેટલાક ભક્તોએ સેવા નહોતી કરી, છતાં શરીરે ગારો લગાડી ભેટવા આવ્યા, ત્યારે મહારાજે તેમને ભેટવાની ના પાડી. દૂર ગુણાતીતાનંદ સ્વામી ઊભા હતા. મહારાજે તેમને ભેટવા બોલાવ્યા. ગુણાતીતાનંદ સ્વામી કહે, 'મારું શરીર ગારાવાળું નથી. મેં સેવા નથી કરી.' મહારાજ કહે, 'બીજા તો અમને છેતરવા આવે છે અને તમે તો અમારી મરજી જાણી આજ્ઞા પાળવામાં તત્પર રહો છો એટલે તમને પરાણે મળવાનું મન થાય છે માટે આવો મળીએ.' આમ, કહી મહારાજ ખૂબ ભાવથી ભેટ્યા.

ભગવાનને છેતરવાથી ભગવાન પ્રસન્ન થતા

નથી.

❋ ડભાણ યજ્ઞમાં અમદાવાદના બાપુભાઈને સારા સત્સંગી જાણી મહારાજે વિશ્વાસ રાખી હિસાબ કરવા રાખ્યા હતા. તેણે હિસાબ માંડ્યો. મહારાજ પાસે જે ભેટ આવે, તે તેઓ રાખતા, બાપુભાઈ આવક પૂરેપૂરી લખતા નહીં ને કેટલાક પૈસા આઘાપાછા કરતા. ખર્ચ ચોખ્ખો લખતાં. છેલ્લે બે હજારની ખોટ દેખાડી ને મહારાજ પાસેથી તે રૂપિયા લીધા. તેણે મહારાજ સાથે કપટ કર્યું હતું, તેથી તેમને મરીને ભૂત થવું પડ્યું ને તેઓ પોતાના ભાઈમાં પ્રવેશ કરતાં. છેવટે તેમનો ભાઈ શ્રીજીમહારાજ પાસે આવ્યો ત્યારે તેમાં રહીને બાપુભાઈએ બધી ગોલમાલ કબૂલી ને માફી માગી. શ્રીજીમહારાજ કહે, 'સત્સંગમાં બીજો જન્મ લઈશ ને પાકો હરિભક્ત થઈ, નિષ્કપટપણે સંતનો દાસ થઈશ ત્યારે તારા દુઃખનો અંત આવશે.'

❋ એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે...

સખી કપટ કૂડને કાઢી કરી,
સાચે મને રે સખી કરજે સનેહ

❋ કપટ કાઢવા માટે નિષ્કપટ થવાનું સુંદર માર્ગદર્શન લોયાના પાંચમાં વચનામૃતમાં છે. ગુરુ પાસે કે ગુરુની આજ્ઞા અનુસાર મોટેરા સંત પાસે નીચેની ત્રણ બાબતો માટે રૂબરૂ વાત કરીને, પત્ર લખીને કે પ્રાર્થના દ્વારા મનથી નિષ્કપટ થવું જોઈએ.

૧. નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થાય એટલે કે મનુષ્યભાવ આવે.
૨. પંચવર્તમાનમાં ખોટ આવી હોય ને ટળતી ન હોય.
૩. કોઈ સંતનો અવગુણ આવ્યો હોય.

● **કામી પ્રત્યે શ્રીજીમહારાજને અરુચિ :**

❋ અહીં શ્રીજીમહારાજ જણાવે છે જે, કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે એ સત્સંગી છે. કામી સત્સંગમાં હોય તો પણ વિમુખ જેવો જાણવો.

❋ શ્રીજીમહારાજને કામી પ્રત્યે કેટલો અણગમો છે, તેનો ખ્યાલ તેઓએ વચનામૃત ગઢડા મધ્ય-૩૩માં કરેલી વાત પરથી આવે છે. તેઓ કહે છે : "સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોવામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહીં, ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશય લાગે છે પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહીં અને વળી સાધુદાવો છે માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે સર્વ મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે, 'સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા. શા માટે જે, જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે, તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે, બધા સત્સંગને મૂકીને જતા રહીએ."

❋ કામી પ્રત્યે શ્રીજીમહારાજને આટલો બધો અણગમો છે. એટલે જ તેમણે શુદ્ધ સંપ્રદાય સ્થાપ્યો છે. બ્રહ્મચર્યને લગતા નિયમધર્મ પર ખૂબ જ ભાર મૂક્યો છે.

❋ જે નિષ્કામ ધર્મ સંબંધી નિયમધર્મમાં દૃઢ રહે છે તેના પર શ્રીજીમહારાજનો રાજીપો થાય છે.

❋ એક વાર શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે, 'આંહી બેસીને અમારાં દર્શન કરો.' ત્યારે તેઓ કહે, 'સામાં સ્ત્રીઓનાં દર્શન થાય છે, માટે ત્યાં નહીં બેસું. હું જ્યાં બેઠો છું ત્યાંથી જ તમારાં દર્શન કરીશ.' પછી મહારાજ કહે, 'અમારું માનતા નથી, માટે જાઓ વિમુખ છો.' એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે, 'મહારાજ ! સ્ત્રીઓનું દર્શન કરીને ખુવાર થઈને વિમુખ થાવું તે કરતાં હમણાં જ તમારો કર્યો વિમુખ થાઉં તે ઠીક !' એમ કહી પગે લાગી ત્યાંથી ઊઠી ગયા. તેમનો આવો આગ્રહ જોઈ શ્રીજીમહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

* સત્સંગી ન હોય તોપણ જો કામ દોષ પર અંકુશ રાખી, નિષ્કામ ધર્મનાં નિયમ પાળતો હોય તો તેના પર શ્રીજીમહારાજ પ્રસન્ન થતા.
* ગઢડામાં જીવાખાચરના કારજમાં આંબરડીના જોગીદાસ ખુમાણ આવ્યા હતા. શ્રીજીમહારાજે તેમને પૂછ્યું, 'તમારે પરસ્ત્રી સામું જોવાય ત્યારે આંખમાં મરચાની ભૂકી ભરો છો તેનું શું કારણ ?' તે કહે, 'મારું નામ જોગીનો દાસ. તે મારાથી પરસ્ત્રી સામું કેમ જોવાય ? જો જોઉં તો મારા ગુરુ લાજે.' એ સાંભળી શ્રીજીમહારાજે તેમના પર પ્રસન્નતા દર્શાવી હતી.
* તુલસીદાસ કહે છે...

જહાં કામ વહાં રામ નહિ, જહાં રામ વહાં નહિ કામ
તુલસી દોનું ના રહે, રવિ-રજની એક ઠામ

જ્યાં કામ દોષ છે ત્યાં ભગવાન ક્યારેય રહેતા નથી. જેમ સૂર્ય અને રાત્રિ એક સાથે ન હોય તેમ કામદોષ અને ભગવાન ક્યારેય એક સાથે ન રહે.

* ભગવાનને કામી પ્રત્યે, કામરૂપી સ્વભાવ પ્રત્યે અત્યંત અણગમો છે, તેથી આપણે નિષ્કામ ધર્મ સંબંધી નિયમોમાં દૃઢ રહેવું જોઈએ. તો જ શ્રીજીમહારાજની પ્રસન્નતા આપણા પર થાય.
* શ્રીજીમહારાજે આપેલો ઉપદેશ પ્રેમાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં વણી લીધો છે. તેમાં શ્રીજીમહારાજ કહે છે...

સૌ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.

આમ, નિષ્કામી ભક્ત જ ભગવાનના ધામમાં જઈ શકે છે.

● સ્વભાવ ટાળવાનો સંકલ્પ :

* કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, કપટ વગેરે સ્વભાવો દોષ યુક્ત હરિભક્ત શ્રીજીમહારાજને ગમતા નથી. તેથી આપણે એ સ્વભાવ-દોષો ટાળવા પડે, તો જ શ્રીજીમહારાજને ગમતા થવાય.
* પ્રથમ તો સ્વભાવો ટળી શકે છે, તેવો વિશ્વાસ રાખીને પુરુષાર્થ કરીએ તો સ્વભાવ ટળે જ. કારણ કે, સ્વભાવ ભલે જીવ સાથે ચોંટી ગયા હોય અર્થાત્ જડાયેલા હોય કે એકરસ થઈ ગયા હોય, તેમ છતાં આ સ્વભાવો કે વિકારો એ જીવના પોતાના જ મૂળભૂત ગુણો કે ધર્મો નથી, પરંતુ તે આગંતુક છે. અર્થાત્ બહારથી આવેલા છે. જે આગંતુક હોય તે છૂટા પડી શકે. જેમ 'ઉષ્ણતા' એ અગ્નિનો સ્વભાવિક મૂળભૂત ધર્મ છે, તેથી તે અગ્નિથી છૂટો ન પડી શકે, પરંતુ પાણીને ગરમ કરવાથી એમાં 'ઉષ્ણતા' આવે છે તે પાણીનો મૂળભૂત ધર્મ નથી પણ તે આગંતુક છે. તેથી તે પાણીથી દૂર થઈ શકે છે. એવી જ રીતે ગમે તેવા ભૂંડા સ્વભાવો જીવમાં હોય પણ તે આગંતુક હોવાથી દૂર થઈ શકે. એવો એક પણ સ્વભાવ નથી કે જેનો નાશ ન કરી શકાય.
* ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મનમાં ધાર્યું નથી, નહીં તો ઉડાડી મૂકીએ. કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર મંડે લોઢાં ઘડવા ને આપણે મંડીએ સુરંગુ દઈને ઉડાડવા, તો ચાર-પાંચ વરસમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ. તેમ કામ-ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ તેમાં સંશય નથી.'

(સ્વામીની વાત : ૩/૪૦)

● સ્વભાવ ટાળવા માટે ઉપાયો :

૧) સમૂહમાં રહીને પ્રવૃત્તિ :

* શ્રીજીમહારાજે સમૂહમાં રહીને ભક્તિ કરવાની વાત કરી છે. કારણ કે પ્રવૃત્તિમાં સ્વભાવ ઘસાય.
* ખંભાતમાં અકીકના પથ્થરોનો ઉદ્યોગ છે. તે પથ્થરોને લીસા કરવા માટે માટલામાં રેતી ભરીને તેમાં ખરબચડા પથ્થરોને મૂકવામાં આવે છે. પછી માટલું હલાવવામાં આવે, તેથી પથ્થરો પરસ્પર ટકરાઈને રેતી દ્વારા ઘસાઈને લીસા બનતા હોય છે. આપણે પોતે ખરબચડા પથ્થર છીએ. આપણને સૌને

સત્સંગરૂપી માટલામાં મૂકીને રેતીરૂપી પ્રવૃત્તિ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ હલાવે છે. જેથી આપણા સ્વભાવની બરછટતા દૂર થઈ જાય છે. માટે પ્રવૃત્તિ એ સ્વભાવ ઘસવાનું કારખાનું છે.

❋ સત્સંગમાં ઘણી વાર આપણને અવ્યવસ્થા જેવું દેખાય, પરંતુ તે જ આપણા સ્વભાવ ટાળવા માટેની સુવ્યવસ્થા છે. થાંભલો હલાવ્યા વગર તેની મજબૂતીની ખબર ન પડે તેમ પ્રવૃત્તિમાં જોડાયા વિના સ્વભાવની ખબર કેમ પડે ? સ્વયંસેવકો દ્વારા પણ સ્વામીશ્રી થાંભલો હલાવે. સ્વયંસેવકો આપણને જમતાં ઉઠાડે, સભામાં આગળ ન જવા દે, પાર્કિંગ દૂર કરાવે, તેવા પ્રસંગે આપણા સ્વભાવની ખબર પડે.

❋ શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા અંત્ય-૩૫માં કહ્યું છે કે 'ભગવાનના ભક્તમાં (ભક્તો સાથે) રહેવું હોય તેમાં કોઈ સ્વભાવ આડો આવે તો તે સ્વભાવને મૂકે પણ ભગવદ્ભક્તના સંગનો ત્યાગ ન કરે. અને તે પોતાના સ્વભાવને સાધુ ખોદે તો સાધુનો અભાવ ન લે ને પોતાના સ્વભાવનો અવગુણ લેતો રહે પણ કચવાઈને ભક્તના સમૂહમાંથી છેટે રહેવાનો કોઈ દિવસ ઘાટ પણ ન કરે, એમ ને એમ ભક્તના સમૂહમાં પડ્યો રહે.'

આમ, સમૂહમાં બધા સાથે ભળીને સેવા, ભક્તિ કરીએ તો સ્વભાવ ટાળવાનો ઉપાય હાથવગો થાય તેમ છે.

૨) ભગવાન અને સંતની કસણી :

❋ કહે છે કે 'No pain, No gain.'

❋ એક વાર વાણિયાના છોકરાને કાંટો વાગ્યો. તે વૈદ્ય પાસે કઢાવવા ગયો અને કહ્યું, 'નયણી અડાડતાં નહીં અને કાંટો કાઢી આપો.' આ વાત કેમ બને ?! ફૂંક માર્યે થોડો કાંટો નીકળે ?!

❋ પરમહંસોએ કેટલાં કષ્ટો સહ્યાં. તેઓને બાવાઓ મારતા, દ્વેષીઓ હેરાન કરતા. ગુણાતીતાનંદ સ્વામી જેવાને પણ દુકાનના પાટિયે સૂઈ રહેવું પડતું. તેમાં પણ પડ્યા ઉપર પાટાની જેમ અને દાઝ્યા ઉપર ડામની જેમ શ્રીજીમહારાજ વિવિધ પ્રકરણોથી સંતોને કસતા. ઓઘાનો પણ આશરો લેવો નહીં, માન થાય ત્યાંથી ચાલી નીકળવું. આવાં અનેક પ્રકરણોની કસણી પરહંસોએ સહી, તો તેઓ સ્વભાવથી મુક્ત થઈ શક્યા.

❋ **'ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચન્દનં ચારુગન્ધમ્ ।'** ઘસવાથી જ ચંદન સુગંધીમાન થાય છે.

❋ એટલે જ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં આગળ વાત કરી છે કે 'અને જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહીં. એવો હોય તે પાકો સત્સંગી છે. અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.' માટે પ્રકૃતિ ટાળવા માટે કસણી ખમવી એ અગત્યનું સાધન છે.

૩) કલ્યાણનો સ્વાર્થ :

❋ એરોપ્લેનમાં ગમે તેવા વિચિત્ર સ્વભાવવાળા મુસાફરો બેઠા હોય છતાંય ઍરહૉસ્ટેસ સદાય હસતું જ મોઢું રાખે. શાંતિથી વાત કરે. રિસેપ્શનિસ્ટ પણ આવા જ હોય છે. તેઓને પૈસાનો સ્વાર્થ હોય છે તો ક્રોધ કરતા નથી. અકળાઈ જતા નથી. તેમ આપણને કલ્યાણનો સ્વાર્થ હોય તો સ્વભાવ ઉપર કાબૂ મેળવી શકીએ.

❋ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૪માં કહે છે કે 'પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે. તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય, તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. જેમ દાદાખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતાં નથી, તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે.

❋ દાદાખાચરને શ્રીજીમહારાજ પાસેથી કલ્યાણનો સ્વાર્થ મનાયો હતો તો તેમણે માન મૂકી દીધું હતું. એક વાર મહારાજ કહે, 'દાદા ! રામાનંદી વેશ ધારણ કર. ટીલાં-ટપકાં કર અને હાથમાં ઢોલક-મંજીરાં લે. પગે ઘૂઘરા બાંધીને નીકળ અને વજેસિંહના દરબારમાં

જા.' દાદાખાચર એવી રીતે નીકળ્યા. ગામના ગલઢેરાઓએ આ જોઈ મહારાજની પાસે જઈ કહ્યું, 'દાદો તો દરબાર કહેવાય. તમે આવી શું આજ્ઞા કરી ? ત્યારે મહારાજ કહે, 'એમ ! અમારી ભૂલ થઈ ગઈ. બોલાવો એમને પાછા. અમે તો બોલી ગયા પણ તેને શરમ આવવી જોઈએ ને !' ત્યારે દાદાખાચરે કહ્યું, 'મહારાજ ! શરમ તો ત્યારે આવવી જોઈએ જ્યારે તમારી આજ્ઞા ન પળાય. આજ્ઞા ન પાળીએ તો કલ્યાણ બગડે.'

❊ એક વાર શ્રીજીમહારાજે દાદાખાચરને કહ્યું, 'દાદા ! આ ગરાસ તમારી બહેનોને લખી દ્યો.' દાદાખાચરે પળનાય વિલંબ વિના સઘળી મિલકત બહેનોના નામે કરી દીધી. ગરાસ ગયો એટલે મહારાજે તેમને કહ્યું, 'તમારો હવે અહીં રહેવાનો હક્ક નથી. રહેવું હોય તો નોકર થઈને રહો.' દાદાખાચર તેમ કરવા પણ તૈયાર થઈ ગયા. થોડીક વાર પછી મહારાજે જીવુબા-લાડુબાને કહ્યું, 'તમે આ કારભાર કેવી રીતે ચલાવી શકશો ? માટે દરબાર દાદાને સોંપી દો.' એમ કહી વળી પાછો દરબાર દાદાખાચરને આપી દીધો. આમ, કઠપૂતળીની જેમ મહારાજે દાદા ખાચરને નચાવ્યા. તોપણ તેમને કોઈ સંશય થયો નહીં. તેથી શ્રીજીમહારાજે કહ્યું, 'આ દાદાખાચરે અમને ન ગમે એવો એકેય સ્વભાવ રાખ્યો નથી.'

❊ સદ્. સંત પૂ. સંતવલ્લભ સ્વામી કહેતા કે 'જેને મોક્ષની ઈચ્છા, કલ્યાણનો સ્વાર્થ છે તેને સત્સંગમાં કોઈ પ્રશ્ન હોય જ નહીં.'

❊ મોક્ષનો સ્વાર્થ ન હોય તો સ્વભાવ ટળતા નથી. આપણી મુમુક્ષુતા પણ વી.આઈ.પી. છે. મંદિરે આવું પણ સારી રૂમ જોઈશે, સભામાં પંખા નીચે બેસાડવો પડશે. ફલાણી સેવા હશે તો જ મને ફાવશે, આનું નામ બોલ્યા ને મારું કેમ રહી ગયું ?, મેં કીર્તન ગાયું ને વાહ વાહ કેમ ન થઈ ? આવી અનેક અપેક્ષાઓ સાથે આપણે સત્સંગ કરીએ છીએ. તેથી સ્વભાવ ટળતા નથી. પણ જો માત્ર કલ્યાણનો સ્વાર્થ રાખી સત્સંગ કરીએ તો સ્વભાવ ટળે.

આમ, આ ઉપાયો નજર સમક્ષ રાખીને સત્સંગ કરીએ તો આપણે સ્વભાવો ટાળી શકીએ અને શ્રીજીમહારાજના ગમતા થઈ શકીએ...

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

સ્વામિનારાયણ હરે, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૧૬મું - સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર પાસે પાટ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

...પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''પંચવિષય જિતાય તે વૈરાગ્યે કરીને જિતાય છે કે કોઈ બીજો ઉપાય છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''વૈરાગ્ય હોય અથવા ન હોય, પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે. અને જો શબ્દ થકી વૈરાગ્યે કરીને વૃત્તિ પાછી વાળે તો ઘણો પ્રયાસ કરે તોપણ શબ્દ સંભળાય ખરો અને કાનને બીડી લે તો સહજે શબ્દ સંભળાય નહિ. તેમ જ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ તો સહજે સ્પર્શ જિતાય. તેમ જ અયોગ્ય વસ્તુ હોય તેને નેત્રે કરીને જુએ નહિ તો સહજે રૂપ જિતાય. તેમ જ જે જે સ્વાદુ ભોજન હોય તેને મેળાવી પાણી નાંખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહજે જ રસના જિતાય. તેમ જ અયોગ્ય ગંધ હોય ત્યાં નાકને બીડી લે તો સહજે ગંધ જિતાય. એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય છે. અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ; માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે. તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઊગર્યાનો ઉપાય છે; જેમ માંદો હોય તે કરી પાળીને ઓષધ ખાય તો જ નીરોગી થાય.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૧૬મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે યોગીગીતાનો પ્રારંભ મોક્ષ માટેના પાંચ મુદ્દાઓથી કર્યો છે. સૂત્રાત્મક શૈલીમાં તેમણે પાંચ મુદ્દાઓ સમજાવ્યા છે. તેમાંના એક મુદ્દામાં તેઓ લખે છે - 'મૂકવું - પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ.'

❊ મુક્તાનંદ સ્વામીએ આ વચનામૃતમાં પંચવિષય જીતવા સંબંધી પ્રશ્ન પૂછ્યો છે. પાંચ પ્રકારના વિષય છે - ૧) શબ્દ, ૨) સ્પર્શ, ૩) રૂપ, ૪) રસ અને ૫) ગંધ. જીવમાત્રને પંચવિષય ભોગવ્યા વિના ચાલે તેમ નથી. જેમ પેટ્રોલ વિના કાર ન ચાલે, તેમ પંચવિષય વિના દેહનો વ્યવહાર ચાલે તેમ નથી. છતાં મુક્તાનંદ સ્વામીએ પંચવિષયને જીતવા અંગેનો પ્રશ્ન પૂછ્યો છે. તેઓના પ્રશ્ન અને શ્રીજીમહારાજના ઉત્તરને બરાબર સમજવા માટે આપણે સૌ પ્રથમ એ સમજવા પ્રયત્ન કરીએ કે પંચવિષય શા માટે જીતવા જોઈએ?

● પંચવિષય શા માટે જીતવા જોઈએ?

૧. પંચવિષય દુ:ખરૂપ છે :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં** કહે છે કે વિષય-સુખ તુચ્છ, નાશવંત અને અંતે અપાર દુ:ખનું કારણ છે.

❊ જેમ બાવળનું બી લાગે સુંવાળું, પણ તે શૂળ(કાંટો) કાઢે અને શૂળ વાગ્યે તે લોહી કાઢે; તેમ પંચવિષય ભોગવવા સારા લાગે પણ તે જીવને દુ:ખરૂપ જ છે. પતંગિયું પ્રકાશથી આકર્ષાઈને હેલોજન લાઈટ તરફ ઝડપું નાંખે છે, પણ તેને મૃત્યુ મળે છે.

◎ મહાભારતમાં પાંડુ રાજાની વાત આવે છે. પાંડુ રોગ સાથે જ જન્મેલા. પાંડુ રાજા માટે પહાડોની સૂકી હવા અને બ્રહ્મચર્ય એ બે રામબાણ ઓસડ હતાં. તેથી પાંડુ પોતાની બંને પત્ની કુંતી તથા માદ્રી સાથે હિમાલયના શાલવનમાં વિશેષ રહેતા.

એકવાર વનમાં મૃગયા કરવા નીકળેલા પાંડુએ વિષય ભોગવી રહેલા કિંદમ ઋષિ પર મૃગ જાણીને બાણ છોડ્યું. કિંદમે મરતાં મરતાં શાપ આપ્યો કે, 'તેં મને જે દશામાં માર્યો છે, તે જ દશામાં તારું મૃત્યુ થશે.'

આ ઘટના પછી પાંડુએ સ્ત્રી-સંગથી દૂર રહેવાના પોતાના સંકલ્પને સવિશેષ દૃઢ બનાવ્યો, પણ એકવાર પાંડુના દેહમાં કામનો દવ ફાટી નીકળ્યો. પત્ની માદ્રીએ તેમને તેમના રોગનું તેમ જ ઋષિના શાપનું સ્મરણ કરાવીને વાર્યા. પણ મૃત્યુના ભય કરતાં કામનો આવેગ પ્રબળ હતો, તેથી માદ્રીના સંગમાં જ પાંડુનું મૃત્યુ થયું.

❊ આજે વિશ્વવ્યાપી Uncurable મહારોગ એઈડ્સથી કોણ અજાણ છે ? છતાં આજે હજારો-લાખો માણસો કામાસક્તિથી મોતના ખપ્પરમાં હોમાય છે.

❊ એક ચિંતકે કહ્યું છે :

વાસનાની દિવાનગી થોડો સમય રહે છે,
પરંતુ એનો પસ્તાવો ઘણો સમય રહે છે.

❊ રસ પ્રત્યેની આસક્તિ પણ એવી જ ખુવારી નોતરે છે. ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ, હાઈ બી.પી. જેવા નાના-મોટા રોગો હોવા છતાં ફાસ્ટફૂડ રૂપી મહા કરોળિયાઓ અનેકને પોતાના જાળામાં એવા ફસાવી દે છે કે વ્યક્તિને તેમાંથી બહાર નીકળવું અશક્ય થઈ પડે છે.

૨. ગમે તેટલા પંચવિષય ભોગવીએ છતાં તૃપ્તિ થવાની નથી :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય- ૪૭માં** કહ્યું છે : 'જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ.'

પંચવિષયની અતૃપ્તિને કારણે માણસને

હંમેશાં ખાલીપો અનુભવાય છે ને આ ખાલીપો જ તેને દુ:ખી દુ:ખી કરી મૂકે છે.

* ગુણાતીતાનંદ સ્વામીએ ૫/૧૯૦મી વાતમાં કહ્યું, 'પડછાયાને પુગાય નહીં તેમ વિષયનો પાર આવે તેમ નથી.'
* જે ધંધામાં આપણે રોકાણ કરતા જ રહીએ, કરતા જ રહીએ; પણ અંતે નફો થવાનો જ ન હોય, તો રોકાણ કોણ કરે? જે જમીનમાં દાણા વાવે જ જઈએ, વાવે જ જઈએ; પણ અંતે કંઈ ઊગવાનું જ ન હોય, તો વાવણીની મહેનત કોણ કરે? તેમ વિષય ભોગવ્યા પછી પણ તૃપ્તિ, સંતોષ કે સુખ થવાનાં જ ન હોય, તો શા માટે તેમાંથી પાછી વૃત્તિ ન વાળવી?

૩. પંચવિષયની આસક્તિ જન્મમરણ, ગર્ભવાસ અને લખચોરાશીનું કારણ બને છે :

* શ્રીજીમહારાજે **વચનામૃત અમદાવાદ-૩**માં, જીવને પોતાના અંતરમાં વિષયનું ચિંતવન થાય છે તેને જ જન્મ-મરણનો હેતુ દર્શાવ્યો છે.
* એકવાર એક ગુરુએ પોતાના શિષ્યને બોલાવી કહ્યું, 'હું ધામમાં જઈશ ત્યારે નગારાં વાગ્યે તો સમજવું કે હું ભગવાનની સેવામાં પહોંચી ગયો છું.' દેહના અંત સમયે તેઓ એક મહાત્માના આશ્રમમાં રહ્યા. એક રાત્રે ગુરુએ દેહ મૂકી દીધો. પણ નગારાં ન વાગ્યાં તેથી શિષ્યને પ્રશ્ન થયો. આશ્રમમાં રહેતા મહાત્મા પાસે તેણે મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ સામે બોરડી પરનું પાકું બોર તોડી બતાવ્યું. તે બોરમાં એક કીડો હતો. મહાત્માએ શિષ્યને કહ્યું, 'આ તારા ગુરુને અંત સમયે આ બોરમાં વૃત્તિ ચોંટી હતી તેથી કીડો થયા છે.'

ભગવાન વિના અન્ય વિષયમાં આસક્તિ હતી તો જન્મ-મરણ ઊભું રહ્યું.

◎ શંકરાચાર્યજી કહે છે :

અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીનં જાતં તુંડમ્ ।
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં તદપિ ન મુંચત્યાશાપિંડમ્॥

અર્થાત્ શરીર ગળી ગયું હોય, માથું સફેદ થઈ ગયું હોય, મોઢું દાંત વગરનું બોખું બની ગયું હોય, અરે ! હાથમાં લાકડી પકડી વૃદ્ધ માંડમાંડ ડગલાં ભરતો હોય, તોપણ પંચવિષયની આશા-તૃષ્ણા માણસથી છૂટી શકતી નથી. અને આ વાસના-તૃષ્ણા માણસને અનેક જન્મ લેવરાવીને દુ:ખી કરે છે.

◎ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ ગઈ, તો અંતકાળે તેમની વૃત્તિ મૃગલામાં ચોંટી ગઈ. પરિણામે તેમને બીજો જન્મ મૃગનો લેવો પડ્યો.

૪. પંચવિષયની આસક્તિ ભગવાન અને સંતનો વિયોગ કરાવે :

* ઉમરેઠના ગંગાદત્તને ભગવાનમાં હેત હતું. તે કારણે જ ઠેઠ ગઢડે શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગયા હતા. પરંતુ સાથે આંબલી લઈ ગયેલા. રોજ થોડી થોડી દાળમાં નાખીને વાપરતા હતા. તે જેવી ખૂટી ગઈ કે પાછા ઉમરેઠ જવા તૈયાર થઈ ગયા. શ્રીજીમહારાજે ગઢડા રોકાવા ઘણો આગ્રહ કર્યો, પણ તેઓ ન જ રોકાયા.
* ઉત્સવ-સમૈયા વખતે આવી પરિસ્થિતિ કેટલાકને સર્જાય છે. જમવાની-ઉતારાની વ્યવસ્થા બરાબર નહીં મળે તેની ચિંતામાં ને ચિંતામાં આવા V.I.P. મુમુક્ષુઓને સમૈયાનો અલૌકિક લાભ જતો કરતાં પણ થડકો થતો નથી. વળી, બધાને એમ કહે કે 'આપણે બાપાને-સંતોને બહુ ભીડો ન આપવો. આસ્થા ચેનલ પર લાભ લેશું. એના પર બાપાનાં દર્શન સારાં થાય.'
* કેટલીક વાર ટી.વી., મોબાઈલ, ફિલ્મ કે પાર્ટી જેવાં આકર્ષણોને કારણે મંદિર કે સભામાં જવાતું નથી. અને એટલા આપણે ભગવાન અને સંતથી દૂર થઈએ છીએ. અંતે મોક્ષ કહેતાં ભગવાનના પરમ સુખથી પણ દૂર રહી જઈએ છીએ.

આમ, પંચવિષય જીવપ્રાણીમાત્રને શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક બધી રીતે દુ:ખી કરે છે, અશાંતિ ઊભી કરે છે, ખુવાર કરે છે.

એટલે સર્વ પ્રકારે સુખી થવા માટે પંચવિષય જીતવા ખૂબ જ આવશ્યક છે.

● **પંચવિષય જીતવાનો ઉપાય :**

❋ મુક્તાનંદ સ્વામી સંપ્રદાયના એક અગ્રગણ્ય સદ્‌ગુરુ પંક્તિના પરમહંસ હતા. મોટા સદ્‌ગુરુ હોવાની સાથે તેઓ અત્યંત મુમુક્ષુ પણ હતા. આ વચનામૃતમાં તેમણે પૂછેલા પ્રશ્નને આધારે ખ્યાલ આવે છે કે પંચવિષય જીતવા જરૂરી છે, તે તેઓ સુપેરે સમજતા હતા. તેથી તેમણે તે જીતવા અંગેનો સરળ અને શ્રેષ્ઠ ઉપાય પૂછ્યો છે.

❋ શ્રીજીમહારાજે જે ઉત્તર આપ્યો છે તે સમજવા માટે પ્રથમ એ સમજીએ કે પંચવિષયો શેનાથી ભોગવાય છે? પંચઇન્દ્રિયોથી. ૧) શબ્દ-કાનથી, ૨) સ્પર્શ-ચામડીથી, ૩) રૂપ-આંખથી, ૪) રસ-જીભથી, ૫) ગંધ-નાકથી.

આંખ, કાન વગેરે ઇન્દ્રિયોના ઘોડા ચારેય દિશામાં દોડતા હોય છે. આંખ સામે યોગ્ય-અયોગ્ય જે દૃશ્ય આવે તે જોઈ લે છે, જીભ યોગ્ય-અયોગ્ય જે ખોરાક આવે તે ખાઈ લે છે. તેવી જ રીતે અન્ય ઇન્દ્રિયો પણ પોતપોતાના વિષયને યોગ્ય-અયોગ્યના વિવેક વિના ભોગવી લે છે. આ ઇન્દ્રિયોના ઘોડાઓને વશ કરવાની જરૂર છે. નિયમરૂપી લગામથી તે વશ થાય છે.

❋ વૈરાગ્યથી વિષય પ્રત્યે અરુચિ થાય છે. પરંતુ વિષયને જીતવા માટે નિયમ શ્રેષ્ઠ સાધન છે. 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'માં શ્રીજીમહારાજ કહે છે કે, 'પ્રગટ હરિના વચને જે જન સત્સંગના નિયમ પાળે છે તે કામાદિક(પંચવિષય)ને સહજે જીતે છે.' ભગવાનના નિયમનો આવો મહિમા છે.

❋ સુરાખાચર શ્રીજીમહારાજના ગૃહસ્થ ભક્ત હતા. એકવાર કંઈક કામ પ્રસંગે તેઓ જસદણ ગયા હતા. અહીં વાસુરખાચર નામના ગામના દરબારે રાત્રે સ્વરૂપવાન કુલટા સ્ત્રી સુરાખાચરના ઉતારે મોકલી. સ્ત્રીએ બારણું ખખડાવ્યું. સુરાખાચરે સ્ત્રી જાણી દરવાજો ન ખોલ્યો. પણ સ્ત્રીએ કહ્યું કે, 'મારા દીકરાની દવા અંદર છે.' તેથી દરવાજો ખોલ્યો. પણ સ્ત્રીએ કુચેષ્ટા કરવી શરૂ કરી. તેથી સુરાખાચરે તલવાર કાઢી તેને રોકી. સુરાખાચર રાત્રે જ ત્યાંથી નીકળી ગયા. શ્રીજીમહારાજે તેમને 'યતિ' કહીને વખાણ્યા.

સુરાખાચરે એકાંતમાં પરસ્ત્રીના પ્રસંગથી દૂર રહેવાનો નિયમ પાળ્યો તો બ્રહ્મચર્ય પાળી શક્યા.

❋ વર્તમાનકાળે પણ આ સત્સંગમાં એવા અનેક હરિભક્તો છે, જેમણે નિયમમાં રહી પંચવિષય જીત્યા છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત છાત્રાલયમાં રહી એક સત્સંગી યુવાન કોલેજમાં અભ્યાસ કરી રહેલો. વર્ગખંડમાં શિક્ષકને આવવાની હજુ વાર હતી. આ સત્સંગી યુવાન પોતાનું કાર્ય કરી રહેલો, પણ આજુબાજુના વિદ્યાર્થીઓ વાતો કરતા હતા. તેથી આ યુવકે તેમને શાંતિ જાળવવા વિનંતી કરી. પણ તે વિદ્યાર્થીઓ તો મોબાઈલમાં અશ્લીલ ફિલ્મ જોઈ રહેલા. તે મોબાઈલ સીધો આના હાથમાં પકડાવ્યો. આ સત્સંગી યુવાનને જેવો ખ્યાલ આવ્યો કે તરત તેણે મોબાઈલ ફેંકી દીધો. પોતાની ભૂલ ન હોવા છતાં ક્ષણમાત્ર અયોગ્ય દૃશ્ય જોવાઈ ગયું તેથી ઉપવાસ કર્યો. આ યુવાને અયોગ્ય દૃશ્ય ન જોવા સંબંધી નિયમ દૃઢ રાખ્યો અને રૂપનો વિષય જીત્યો.

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય, પણ તેનો ઠા કહેતાં ઠેકાણું રહે નહીં.

પરાશર ઋષિ પરાશર સ્મૃતિના પ્રવર્તક હતા. જ્યોતિષમાં મહાસમર્થ હોવાથી એ જ્યોતિષી પણ કહેવાતા. આ ઉપરાંત તેઓ ગણિત, બીજગણિત અને નૌકાશાસ્ત્રમાં ઘણા પ્રવીણ અને તેના શોધક હતા. એકવાર તેમને નદી પાર કરવી હતી. નાવડીવાળો જમતો હતો.

તેથી દીકરી સત્યવતીને મૂકવા જવા કહ્યું. માદક વાતાવરણમાં ઋષિનું મન વિચલિત થયું. તેમણે સત્યવતી સાથે ગંધર્વ વિવાહ કર્યો અને વ્યાસજીનો જન્મ થયો. પરસ્ત્રી સાથે એકાંતમાં ન રહેવાનો નિયમ તોડ્યો, અને પતન થયું!

* સૌભરિ ઋષિ ત્યાગ-વૈરાગ્યમાં કેવા દૃઢ હશે કે જગતની ગંધ ન અડે તે માટે યમુના નદીના તળિયે જઈ ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યું? પણ એક નિયમ લોપી અયોગ્ય દૃશ્ય જોયું અને પાણીમાં કરેલું તપ પાણીમાં ગયું!!

તેથી જ શ્રીજીમહારાજે વૈરાગ્ય કરતાં પણ વિશેષ નિયમપાલન દૃઢ કરવાની વાત કરી છે.

* સમાજમાં કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે જેને શાસ્ત્રોનો અભ્યાસ નથી, આધ્યાત્મિક માર્ગનો અનુભવ નથી, અને આચરણનો છાંટો નથી. તેવી વ્યક્તિઓ ભલે એવું કહેતી કે 'અમને કાંઈ ન નડે', 'મન મજબૂત હોય તો નિયમ પાળવાની જરૂર નહીં.' આપણે આપણું જીવન આવી વ્યક્તિઓ શું કહે છે તેના આધારે નહીં, પણ આપણાં ઈષ્ટદેવ, શાસ્ત્રો અને મહાન સંતો શું કહે છે તેના આધારે ઘડવું જોઈએ.

* શુકદેવજીએ શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં કહ્યું છે કે 'મન અતિ ચંચળ હોવાથી તેનો વિશ્વાસ ક્યારેય ન કરવો.'

ન કુર્યાત્કર્હિચિત્સખ્યં મનસિ હ્યનવસ્થિતે ।
(૫/૬/૩)

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૩૫માં** કહે છે કે 'ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે, તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ. અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય, તો એનો ધર્મ રહે જ નહિ. અને એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહિ. ને આ વાર્તા તો એમ જ છે, પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ.'

સનાતન સત્ય શ્રીજીમહારાજ અહીં ઉચ્ચારે છે કે ગમે તેવા વૈરાગ્યવાન, સમાધિનિષ્ઠ કે જ્ઞાનીને પણ નિયમ-ધર્મ પાળ્યા વિના છૂટકો નથી.

* આ વાતની સાથે સાથે બીજો પણ એક વિચાર કરવા જેવો છે કે આવા મોટા મોટા ઋષિઓ-સંતોને સરતચૂકથી થયેલા નિયમભંગથી આવાં માઠાં પરિણામ ભોગવવાં પડ્યાં, તો રોજબરોજ જાણીજોઈને જોવાતાં ચલચિત્રો કે સંભળાતાં ફિલ્મી ગીતોથી પંચવિષય જિતાશે ખરા?

* અમદાવાદમાં રહેતા ૧૭ વર્ષના એક સગીરે ટી.વી.માં આવતાં અશ્લીલ દૃશ્યો જોઈને તેનાં ૫૧વર્ષનાં માસી પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ નિષ્ફળ જતાં તેનાં માસીને ધારદાર કાતર મારીને હત્યા કરી નાખી.

* ગોલ્ફની રમતમાં અમેરિકાના ટાઈગર વૂડ્ઝના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ૨૧મી સદીના પ્રથમ દાયકાનો આખા વિશ્વમાં તે સર્વશ્રેષ્ઠ કક્ષાનો ગોલ્ફર બની રહ્યો. તેણે ગોલ્ફ ક્ષેત્રે અનેક ખિતાબો જીત્યા છે. પરંતુ પરસ્ત્રીના રૂપે તેને મોહાંધ બનાવ્યો. પરસ્ત્રી સાથેના અયોગ્ય વ્યવહારમાં તે લપસી પડ્યો. સન ૨૦૦૯-૨૦૧૦માં અમેરિકાના સમાચાર પત્રમાં ટાઈગર વૂડ્ઝના પરસ્ત્રી સાથેના સંબંધો વિશે વાત છપાઈ. ત્યારપછીના દિવસોમાં અનેક મહિલાઓએ તેની સાથેના ખોટા સંબંધો હોવાની વાત મિડિયામાં વહેતી કરી. ટાઈગર વૂડ્ઝે આ બધી વાતો સ્વીકારવી પડી. પરિણામે તેની ખૂબ બદનામી થઈ. અનેક મોટી કંપનીઓએ તેની જાહેરાતો બંધ કરી, તેની સાથેના કરાર પણ પડતા મૂક્યા. આ પ્રસંગ બાદ તેની પત્નીએ પણ તેને છૂટાછેડા આપી દીધા.

* ગુણાતીતાનંદ સ્વામી ૫/૯૯મી વાતમાં કહે છે : 'નિયમ વર્તમાનને સાચવે છે, માટે જેટલા નિયમ મોળા પડે એટલાં ફાંકાં પડ્યાં જાણવાં.'

માટે સાધકથી માંડીને સિદ્ધ સૌને માટે નિયમ પાળવા અત્યંત આવશ્યક છે.

❊ પંચવિષયરૂપી માયાનું વાતાવરણ ગમે તેટલી દૃઢ કરેલી સમજણને પળવારમાં પત્તાની જેમ ઉડાડી મૂકે છે.

❊ કેટલાક બડાશ મારતા હોય છે કે અમને કોઈ વાંધો ન આવે. તો સમજવું કે ત્યારથી વાંધો શરૂ થયો, કારણ કે સહેજ સરખી ગાફલાઈ મોટી ખુવારી સર્જી શકે છે.

◎ સન ૧૯૧૨માં નિર્માણ પામેલી ૮૮૨ ફૂટ લાંબી અને ૧૦૪ ફૂટ ઊંચી વિશ્વની સૌથી મોટી અને મોંઘી બ્રિટિશ સ્ટીમર 'ટાઈટેનિક' જેને ગમે તેટલો ગંભીર અકસ્માત નડે, તોપણ ડૂબે નહિ, તે ટાઈટેનિક 'વાંધો નહિ આવે' એ ગાફલાઈના પરિણામે તેના પ્રથમ પ્રવાસમાં જ ૧૫૦૦ મુસાફરો સાથે પાણીને તળિયે ગરકાવ થઈ ગઈ.

◎ એક અઠંગ દારૂડિયાએ દારૂ ન પીવાનો નિયમ લીધો. છ મહિના બાદ પોતાના નિયમની કેટલી દૃઢતા થઈ છે, તે ચકાસવા દારૂના પીઠા પાસે ગયો. પણ તેને દારૂ પીવાની મનમાં ઇચ્છા ન થઈ. એટલે તે અંદર જઈને ટેબલ પર બેઠો, છતાં કાંઈ ન થયું. તેણે સામેથી દારૂ મંગાવ્યો. સામે પડેલા દારૂ ભરેલા ગ્લાસને જોઈને પણ તેને પીવાની ઇચ્છા ન થઈ. પોતાની આવી દૃઢતા જોઈને તે એટલો બધો ખુશ થઈ ગયો કે તે ખુશીના માનમાં ગ્લાસ ગટગટાવી ગયો. હકીકતમાં તેનું મન અંદરથી ડગી ગયેલું તેથી ગ્લાસ ગટગટાવી ગયો.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૮**માં કહે છે, 'વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.'

◎ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૨**માં વિષય જીતવાનો ઉપાય બતાવતાં કૂવાનું દૃષ્ટાંત આપ્યું છે. કોઈ કૂવાને ગાળવો હોય કહેતાં ગંદું પાણી ઉલેચી ચોખ્ખું પાણી ભરવું હોય, તો પ્રથમ તેમાં બહારથી આવતી પાણીની સેરને બંધ કરવી પડે છે. જો તે બંધ ન કરીએ અને કેવળ પાણી ઉલેચીએ તો અંદર પાણી ગંદું જ રહે, કૂવો સાફ પણ ન થાય. બહારથી આવતાં પાણીને જો ગોદડાંના ગાભા ભરી બંધ કરે, ત્યારે તે કૂવો ગળાય. તેમ આપણે નિયમે કરીને સૌ પ્રથમ અયોગ્ય પંચવિષયને ભોગવવું બંધ કરીએ ત્યારપછી જ અંતઃકરણ શુદ્ધ થાય છે.

❊ સન ૨૦૧૯માં બોચાસણ ખાતે યુવા તાલીમ કેન્દ્રના સેવકોનો પદવીદાન સમારોહ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવાયો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશિષ વરસાવતાં કહેલું, 'આપણે ગમે ત્યાં જઈએ, પણ નિયમ-ધર્મ દૃઢ રાખવા. નિયમ તો શ્રીજીમહારાજની પ્રસાદી છે, જેમ બીજી બધી પ્રસાદી ગ્રહણ કરીએ છીએ તેમ નિયમની પ્રસાદી ગ્રહણ કરવાની. નિયમ વિના નારદજીને અને બીજા અનેકને કલંક લાગ્યાં છે. માટે અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓએ ખાસ નિયમ રાખવા.'

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતના ફકરામાં છેલ્લે ઔષધ અને કરી(ચરી)નું દૃષ્ટાંત આપે છે. જેમ કોઈ વ્યક્તિને રોગ થયો હોય, પણ તે વૈદ્યના કહ્યા પ્રમાણે વ્યવસ્થિત કરી ન પાળે તો ભલે આખું વર્ષ ઔષધ લે, છતાં તે સંપૂર્ણ નીરોગી ન થાય. તેમ આપણે ગમે તેટલી સેવા - ભક્તિ વગેરે કરીએ પણ જો નિયમમાં ન રહીએ તો પંચવિષય ન જિતાય, નિર્વાસનિક ન થવાય.

બીજું, આપણામાં એવી શક્તિ નથી કે તીવ્ર વૈરાગ્ય આત્મસાત્ કરી શકીએ. તેથી મહારાજે કહ્યું કે મંદ વૈરાગ્યવાળો હોય તેને તો નિયમ જ ઊગરવાનો ઉપાય છે.

❋ તેથી જ નિષ્કુળાનંદ સ્વામી 'વચનવિધિ'માં કહે છે,

ઠેલી નિયમને કામ ન કરવું,
મર હોય લાભ જો લાખનો;
તોય લલચાવિયે નહિ લેશ મનને,
જાણિયે મવાળો કાખનો.

આપણે દેહ, ઈન્દ્રિયો, સગાંવહાલાં કે મિત્રોને રાજી નથી કરવા, પણ મહારાજ-સ્વામીને રાજી કરવા છે, અક્ષરધામનું સુખ લેવું છે. માટે ગમે તેટલો લાભ થતો હોય તોપણ આપણે નિયમભંગ ક્યારેય થવા દેવો નહિ. એ પ્રકારનું બળ, બુદ્ધિ અને શક્તિ મહારાજ - સ્વામી આપે એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

૪. વચનામૃત : ગઢડા મધ્ય-૧૬ : સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૧૬મું સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠાનું

સ્વામિનારાયણ હરે,

સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર પાસે પાટ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''પંચવિષય જિતાય તે વૈરાગ્યે કરીને જિતાય છે કે કોઈ બીજો ઉપાય છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **''વૈરાગ્ય હોય અથવા ન હોય, પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે.** અને જો શબ્દ થકી વૈરાગ્યે કરીને વૃત્તિ પાછી વાળે તો ઘણો પ્રયાસ કરે તોપણ શબ્દ સંભળાય ખરો અને કાનને બીડી લે તો સહેજે શબ્દ સંભળાય નહિ. તેમ જ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ તો સહજે સ્પર્શ જિતાય. તેમ જ અયોગ્ય વસ્તુ હોય તેને નેત્રે કરીને જુએ નહિ તો સહજે રૂપ જિતાય. તેમ જ જે જે સ્વાદુ ભોજન હોય તેને મેળાવી પાણી નાંખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહજે જ રસના જિતાય. એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય છે. અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ; માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૧૬મું વચનામૃત થયું.

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં પંચવિષય જીતવાનો ઉપાય બતાવે છે, એટલે કે

(૧) શબ્દ (૨) સ્પર્શ (૩) રૂપ (૪) રસ (૫) ગંધ જીતવાનો ઉપાય બતાવે છે.

આપણને પંચભૂતનો દેહ મળ્યો છે. એટલે જીવમાત્રને પંચવિષય ભોગવ્યા વિના ચાલે એમ જ નથી. જેમ પેટ્રોલ વિના કાર ન ચાલી શકે, તેમ પંચવિષય વિના દેહ ટકી ન શકે.

છતાં અનિવાર્ય જણાતા પંચવિષય જીતવા પણ અત્યંત જરૂરી છે, કારણ કે

૧) પંચવિષય દુ:ખરૂપ છે :

❋ પંચવિષયનું સુખ માયિક છે અને જેટલું માયામય સુખ છે, તે સર્વે દુ:ખ વિનાનું હોય નહિ તેમ ગુણાતીતાનંદ સ્વામી **૧/૨૫મી વાતમાં** જણાવે છે.

❋ મહાભારતમાં પાંડુ રાજાની વાત આવે છે. પાંડુ રોગ સાથે જ જન્મેલા પાંડુ રાજા માટે પહાડોની સૂકી હવા અને બ્રહ્મચર્ય એ બે રામબાણ ઓસડ હતાં. તેથી પાંડુ પોતાની બંને પત્ની કુંતી તથા માદ્રી સાથે હિમાલયના શાલવનમાં વિશેષ રહેતા.

એક વાર વનમાં મૃગયા કરવા નીકળેલા પાંડુએ વિષય ભોગવી રહેલા કિંદમ ઋષિ પર મૃગ જાણીને બાણ છોડ્યું. કિંદમે મરતાં મરતાં શાપ આપ્યો કે, 'તેં મને જે દશામાં માર્યો છે, તે જ દશામાં તારું મૃત્યુ થશે.'

આ ઘટના પછી પાંડુએ સ્ત્રી-સંગથી દૂર રહેવાના પોતાના સંકલ્પને સવિશેષ દૃઢ બનાવ્યો, પણ એક વાર પાંડુના દેહમાં કામનો દવ ફાટી નીકળ્યો.

માદ્રીએ તેને તેના રોગનું તેમ જ ઋષિના શાપનું સ્મરણ કરાવી-કરાવીને વાર્યો. પણ મૃત્યુના ભય કરતાં કામનો આવેગ પ્રબળ હતો, તેથી માદ્રીના સંગમાં જ પાંડુ મર્યો.

❊ તત્ત્વચિંતક બ્રૂકે કહ્યું છે : **'T**he worst of slave is the whom passion rules.' જેના પર વાસનાનું સામ્રાજ્ય છે, તે વ્યક્તિ ગુલામોમાં પણ નીચ છે.

❊ આજે વિશ્વવ્યાપી Uncurable મહારોગ એઈડ્સથી કોણ અજાણ છે ? છતાં આજે હજારો-લાખો માણસો કામાસક્તિથી મોતના ખપ્પરમાં હોમાય છે.

❊ રસ પ્રત્યેની આસક્તિ પણ એવી જ ખુવારી નોતરે છે. ડાયાબિટીસ, કોલેસ્ટોરેલ, શરદી, ખાંસી જેવા નાના-મોટા રોગો હોવા છતાં ફાસ્ટફૂડ રૂપી મહા કરોળિયાઓ અનેકને પોતાના જાળામાં એવા ફસાવી દે છે કે વ્યક્તિને તેમાંથી બહાર નીકળવું અશક્ય થઈ પડે છે.

❊ એક ચિંતકે કહ્યું છે :

વાસનાની દિવાનગી થોડો સમય રહે છે,
પરંતુ એનો પસ્તાવો ઘણો સમય રહે છે.

❊ પિત્ઝા, બર્ગર, મેક્સિકન, ચાઈનીઝ જેવી ફાસ્ટફૂડ અને જંકફૂડની પેદાશો આજે વિશ્વમાં દર વર્ષે લાખો લોકોની ચટણી કરી નાખે છે.

૨) પંચવિષય ગમે તેટલા ભોગવો પણ ક્યારેય તેનાથી તૃપ્તિ થતી નથી :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત** ગઢડા મધ્ય- ૪૭માં કહ્યું છે : 'જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ ઇંદ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ.'

પંચવિષયની અતૃપ્તિને કારણે માણસને હંમેશાં ખાલીપો અનુભવાય છે ને આ ખાલીપો જ તેને દુઃખી દુઃખી કરી મૂકે છે.

❊ સામાન્ય ગરીબ પરિવારમાં જન્મેલો નિગ્રો માઈકલ જેક્સન નાની ઉંમરે વિશ્વનો પોપ સિંગર બની ગયો હતો. ઈશ્વરે તેને એટલી બધી ટેલેન્ટ આપી હતી કે તે ગાયક હતો, ડાન્સર હતો, કોરિયોગ્રાફર હતો, ગીતકાર હતો, સંગીતકાર હતો, લેખક હતો, રેકોર્ડ પ્રોડ્યુસરની સાથે સાથે બિઝનેસમેન અને ફાઈનાન્સર પણ હતો.

માઈકલ જેક્સને પ્રસિદ્ધ કરેલાં આલબમ્સની ૭૫ કરોડથી વધુ નકલો વેચાઈ હતી. તે ૧૩ વખત ગ્રેમી ઍવોર્ડ અને ઢગલાબંધ સન્માનોથી છલકાતો હતો. પોતાને રહેવા માટે અઢી હજાર એકરમાં 'નેવરલેન્ડ' ફાર્મ બનાવ્યું હતું. આવી અઢળક સંપત્તિ તથા સન્માનોમાં આળોટતા માઈકલ જેક્સનને અંતરનો ખાલીપો હંમેશાં સતાવતો હતો. તે કહેતો કે 'I feel lonely.' આ ખાલીપો દૂર કરવા માઈકલ નશાકારક દવાઓનો બંધાણી બની ગયો.

પરિણામે, આટઆટલી સુખસમૃદ્ધિ હોવા છતાં માઈકલ જેક્સન પોતાના ગુરુ એલ્વિસ પ્રેસલીના પગલે પગલે ચાલીને નશાકારક દવાઓના ઓવરડોઝથી મોતને ભેટ્યો. ડૉક્ટરોએ જ્યારે તેના શરીરનું પોસ્ટમોર્ટમ કર્યું ત્યારે તેની હોજરીમાં અન્નનો એક દાણો પણ નહોતો. માત્ર એક ગોળી હતી.

❊ ચાણક્યનીતિના એક શ્લોકમાં કહ્યું છે :

ધનેષુ જીવિતવ્યેષુ, સ્ત્રીષુ ભોજનવૃત્તિષુ।
અતૃપ્તા માનવાઃ સર્વે, યાતા યાસ્યન્તિ યાન્તિ ચ॥

અર્થાત્ ધનમાં, જીવનમાં, સ્ત્રીમાં અને ભોજનમાં અતૃપ્ત રહીને બધા મનુષ્યો ગયા, જાય છે અને જશે.

❊ યયાતિ રાજાએ પોતાના પુત્રની આવરદા લઈને સ્ત્રીસુખ ઘણું ભોગવ્યું, પણ તેમને તૃપ્તિ થઈ નહીં. નંદરાજાને આખી પૃથ્વીનું ધન ભેગું કર્યા પછી પણ

શાંતિ ન થઈ.

એમ, પંચવિષયથી ક્યારેય કોઈને તૃપ્તિ થઈ નથી અને થશે પણ નહીં.

૩) પંચવિષયની આસક્તિ જન્મમરણ, ગર્ભવાસ અને લખચોરાશીનું કારણ બને છે :

❋ એક વાર સારંગપુરમાં શ્રીજીમહારાજનાં દર્શનથી એક ઝાંપડીને સમાધિ થઈ. તે સમયે જીવા ખાચરે મહારાજને પૂછ્યું : 'મહારાજ ! ઝાંપડીને આપનાં દર્શનથી સમાધિ થઈ, તે એવા ભારે સંસ્કારવાળી લાગે છે.'

ત્યારે મહારાજ કહે : 'તે પૂર્વજન્મમાં ભારે પુણ્યવતી સ્ત્રી હતી. એક વાર વર્ષાઋતુના સમયે તે પોતાના મકાનના ઝરૂખામાં બેઠી હતી, એટલામાં સામેથી ઝાંપડો આવતો તેણે જોયો. તે વાને ગોરો હતો. વાંસળી વગાડતો વગાડતો આવતો હતો. વર્ષાઋતુ અને વાંસળીના સૂર બંનેએ કામણ કર્યું અને તે સ્ત્રીનું ચિત્ત તે ઝાંપડામાં પરોવાઈ ગયું. આ સ્ત્રીને અંત સમયે તે ઝાંપડાની સ્મૃતિ થઈ આવી અને તેણે દેહ મૂકી દીધો. એટલે આ જન્મ ઝાંપડીનો લેવો પડ્યો.'

❋ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ ગઈ તો અંતકાળે તેમની વૃત્તિ મૃગલામાં ચોંટી ગઈ. પરિણામે તેમણે બીજો જન્મ મૃગનો લેવો પડ્યો.

❋ શંકરાચાર્યજી કહે છે :

અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીનં જાતં તુંડમ્ ।
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં તદપિ ન મુંચત્યાશાપિંડમ્ ॥

અર્થાત્ શરીર ગળી ગયું હોય, માથું જાણે બરફથી છવાઈ ગયું હોય, મોઢું દાંત વગરનું બોખું બની ગયું હોય, અરે ! હાથમાં લાકડી પકડી વૃદ્ધ માંડમાંડ ડગલાં ભરતો હોય તોપણ પંચવિષયની આશા-તૃષ્ણા માણસથી છૂટી શકતી નથી. અને આ વાસના-તૃષ્ણા માણસને અનેક જન્મ લેવરાવીને દુઃખી કરે છે.

૪) પંચવિષયની આસક્તિ ભગવાન અને સંતનો વિયોગ કરાવે :

❋ ઉમરેઠના ગંગાદત્તને ભગવાનમાં હેત હતું. તે કારણે જ ઠેઠ ગઢડે શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગયા હતા. પરંતુ સાથે આંબલી લઈ ગયેલા. રોજ થોડી થોડી વાપરતા હતા. તે જેવી ખૂટી ગઈ કે પાછા ઉમરેઠ જવા તૈયાર થઈ ગયા. શ્રીજીમહારાજે ગઢડા રોકાવા ઘણો આગ્રહ કર્યો, પણ તેઓ ન જ રોકાયા.

❋ ઉત્સવ-સમૈયા વખતે આવી પરિસ્થિતિ ઘણાને સર્જાય છે. જમવાની-ઉતારાની વ્યવસ્થા બરાબર નહીં મળે તેની ચિંતામાં ને ચિંતામાં આવા V.I.P. મુમુક્ષુઓને સમૈયાનો અલૌકિક લાભ જતો કરતાં પણ થડકો થતો નથી. વળી, બધાને એમ કહે કે 'આપણે બાપાને-સંતોને બહુ ભીડો ન આપવો. આસ્થા ચેનલ પર લાભ લેશું. એના પર બાપાનાં દર્શન સારા થાય.'

❋ કેટલીક વાર ટી.વી., ફિલ્મ, નવરાત્રી કે પાર્ટી જેવા આકર્ષણોને કારણે મંદિર કે સભામાં જવાતું નથી. એટલે એટલા આપણે ભગવાન અને સંતથી દૂર થઈએ છીએ.

આમ, પંચવિષય જીવપ્રાણીમાત્રને શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક બધી રીતે દુઃખી કરે છે, અશાંતિ ઊભી કરે છે, ખુવાર કરે છે. એટલે સર્વ પ્રકારે સુખી થવા માટે પંચવિષય જીતવા ખૂબ જ આવશ્યક છે.

● **પંચવિષય જિતાય કઈ રીતે ?**

પંચવિષયો શેનાથી ભોગવાય છે ? તો પંચઇંદ્રિયોથી. (૧) શબ્દ - કાનથી (૨) સ્પર્શ - ત્વચાથી (૩) રૂપ - આંખથી (૪) રસ -જિહ્વાથી (૫) ગંધ - નાસિકાથી.

આ પંચઇંદ્રિયોના ઘોડા પુરપાટ ચારેય દિશાઓમાં દોડતા હોય છે. આ ઘોડાઓને વશ કરવા લગામની જરૂર હોય છે અને તે લગામ એટલે નિયમ.

* નિયમથી જ પંચઇંદ્રિયોની પંચવિષય પાછળની આંધળી દોટ બંધ થઈ શકે.
* ગુણાતીતાનંદ સ્વામી **૫/૧૦૦મી વાતમાં** કહે છે : 'ગામને ગઢ હોય તેમ આપણે પંચવર્તમાનરૂપી ગઢ છે ને તેમાં થાણાને ઠેકાણે નિયમ છે, ને જેમ થાણું ગઢને સાચવે તેમ નિયમ વર્તમાનને સાચવે છે.'
* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૮માં** કહે છે : 'ઇંદ્રિયોની ક્રિયા છે તેને જો ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે.'

  આમ, નિયમનો આવો મહિમા છે. નિયમથી જ મનની તથા અંતરની શુદ્ધિ થાય છે.
* આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ત્યાં સુધી કહે છે કે જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ.
* સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીને શ્રીજીમહારાજ વિષે અનન્ય પ્રીતિ-ભક્તિ હતી. પ્રેમાનંદ સ્વામીએ જ્યારે 'વંદુ સહજાનંદ રસરૂપ' એ ગરબી મહારાજ આગળ ગાઈ ત્યારે મહારાજ અતિ પ્રસન્ન થઈ બોલી ઊઠ્યા કે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્‌પ્રણામ કરીએ.' 'તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા' જેવા કીર્તનની રચના પરથી પ્રેમાનંદ સ્વામીનો મહારાજ પ્રત્યે કેવો અનન્યભાવ હશે તે કલ્પી શકાય છે.

  એવા પ્રેમાનંદ સ્વામી એક વાર શ્રીજીમહારાજ સાથે સુરત ગયા હતા. એક વાર શ્રીજીમહારાજ નવાબ અફજુલ્લદીન અહમદખાનની કચેરીએ તેમના આમંત્રણને માન આપીને સંઘ સાથે સાંજના સમયે પધાર્યા હતા. નવાબની કચેરીએથી પાછા વળતી વખતે સૌ સંતોની સાથે પ્રેમાનંદ સ્વામી પણ કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા. એટલામાં તેમના કાન ઉપર સ્ત્રી દ્વારા ગવાતા સંગીતના મોહક સૂર પડ્યા. સંગીતના રસિયા પ્રેમાનંદ સ્વામીને આ સંગીતના સૂરમાં ઉત્તમ પ્રકારના શાસ્ત્રીય સંગીતની છણાવટ લાગી. તે સાંભળતાં તેમની ગતિ ધીરી પડી ગઈ. તેમને ખ્યાલ ન રહ્યો કે આ સંગીત વ્યવસાયી તવાયફના મુખમાંથી નીકળતું હતું. તેમને એ પણ ખ્યાલ ન રહ્યો કે બધા સંતો આગળ નીકળી ગયા છે અને ફક્ત તેઓ જ ધીમી ગતિએ ચાલતા એકલા પડી ગયા છે.

  જ્યારે સંગીતના સૂરમાંથી વૃત્તિ તૂટી અને મહારાજના સ્વરૂપમાં જોડાણી ત્યારે તેમને ભાન આવ્યું. હવે તેમને અંતરમાં સ્ત્રીના શબ્દો સાંભળવાથી નિષ્કામ વર્તમાન ચૂક્યાનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓ તરત જ દોડ્યા અને સંતોના મંડળ ભેગા થઈ ગયા. ઉતારે પહોંચ્યા ત્યારે મહારાજે ઠપકો આપીને વર્તમાનભંગના પ્રાયશ્ચિત્તરૂપે ચાંદ્રાયણ વ્રત કરવાનું કહ્યું.
* નારદજી ભગવાનનું મન કહેવાતા, પણ શીલનિધિ રાજાની કુંવરી વિશ્વમોહિનીની હસ્તરેખા જોવા હાથ પકડ્યો. 'સાધુએ સ્ત્રીનો સ્પર્શ ન કરાય.' તે નિયમ તેમણે લોપ્યો, તો તરત તેમનું મન ચકરાવે ચડી ગયું ને શીલનિધિ રાજાને નારદજીએ કહ્યું : 'આ કુંવરી મને પરણાવો.'
* સૌભરી, પરાશર, વિશ્વામિત્ર આદિ ઋષિઓ ગબરગંડ નહોતા. અરે ! એક નિશ્ચિત ધ્યેય સિદ્ધ કરવા તપ કરતા હતા, પણ નાનો સરખો નિયમ લોપાયો તો તેમની ૬૦,૦૦૦ વર્ષની સાધના ઉપર પાણી ફરી વળ્યું.
* કેટલાક કહેવાતા આધુનિક ઋષિઓ જેનામાં આવી સાધનાનો એક છાંટોય ન હોય, છતાં એમ કહેતા

ફરે કે 'અમને કાંઈ ન નડે', 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા'.

* શ્રીજીમહારાજ આવા દંભીઓને સણસણતો જવાબ આપતાં **વચનામૃત ગઢડા મધ્ય-૩૫**માં કહે છે કે 'ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ. અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો ધર્મ રહે જ નહિ. અને એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહિ. ને આ વાર્તા તો એમ જ છે, પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ.'

* ત્રિકાલાબાધિત સત્ય શ્રીજીમહારાજ અહીં ઉચ્ચારે છે કે ગમે તેવા વૈરાગ્યવાન, સમાધિનિષ્ઠ કે જ્ઞાનીને પણ નિયમ-ધર્મ પાળ્યા વિના છૂટકો નથી.

* આ વાતની સાથે સાથે બીજો પણ એક વિચાર કરવાનો છે કે આવા મોટા મોટા ઋષિઓ-સંતોને શરતચૂકથી થયેલા નિયમભંગથી આવાં માઠાં પરિણામ ભોગવવાં પડ્યાં, તો રોજબરોજ હેતુપૂર્વક જોવાતાં ચલચિત્રો કે સંભળાતાં ફિલ્મી ગીતો ભગવાનના ધામ સુધી આપણને પહોંચવા દેશે ખરા ? સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કરવા દેશે ખરા ? ભગવાનનું સુખ લેવા દેશે ખરા ?

* નિષ્કુળાનંદ સ્વામી 'સારસિદ્ધિ' માં કહે છે :

જેની વિષય કોઠામાં વૃત્તિ વળગી,
અહંમમત રુપ ખાધી આંબલી;
તેને ગોળ સારો કેમ લાગશે,
કેમ કે'શે સાકરને ભલી.

* ગુણાતીતાનંદ સ્વામી **૫/૧૦૦મી વાતમાં** કહે છે : 'નિયમ વર્તમાનને સાચવે છે, માટે જેટલા નિયમ મોળા પડે એટલા ફાંકાં પડ્યા જાણવાં.'

પછી એવા પાત્રમાં ગમે તેટલી સેવા-ભક્તિનું પુણ્ય ટકે જ નહિ, સ્રવી જાય.

માટે સાધકથી માંડીને સિદ્ધ સૌને માટે નિયમ પાળવા અત્યંત આવશ્યક છે.

* એટલે જ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૧૮માં** કહે છે : 'અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે, તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી. અને કોટિ કલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી.'

* ઉપાધિ એટલે પંચવિષયનો યોગ. પંચવિષયરૂપી માયાનું મોહક અને માદક વાતાવરણ ગમે તેટલી દૃઢ કરેલી સમજણને પળવારમાં પત્તાની જેમ ઉડાડી મૂકે છે.

* પ્રમુખસ્વામી મહારાજ ૧૯૮૭માં અમેરિકાની ધર્મયાત્રાએ હતા. લોસએન્જલસ પાસે લાસવેગાસ સિટી જુગાર માટે પ્રખ્યાત શહેર ગણાય છે. સ્વામીશ્રી સાથે ફરતા યુવકો આ શહેર જોવા સ્વામીશ્રી પાસે સંમતિ લેવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, 'ત્યાં રોશની સારી છે, પણ તમને ખબર છે ને કે તે જુગારી શહેર છે ?' યુવકો કહે : 'બાપા ! અમે બરાબર જાણીએ છીએ ને એમ તો પાકા સત્સંગી છીએ, એટલે જુગારમાં પડવાના નથી. આ તો જરા આંટો મારીને પાછા આવશું.' સ્વામીશ્રીએ ફરી સૂચના આપી કે, 'જો જો, પાછા રમવામાં ચઢી ન જતા.' બે દિવસ પછી જ્યારે યુવકો લાસવેગાસથી એલ.એ. પાછા આવ્યા, ત્યારે જાણ થઈ કે એક પણ યુવક જુગાર રમ્યા વિના પાછો આવી શક્યો ન હતો ! દરેકે સો-બસો ડોલર તો જુગારના મશીનમાં ગુમાવ્યા જ હતા. જ્યારે સ્વામીશ્રીએ પૂછ્યું ત્યારે કહે : 'બાપા ! અમે જોયું, પછી અમારું મન હાથમાં ન રહ્યું.' પછી તો સ્વામીશ્રીએ દરેકને એક-એક નિર્જળ ઉપવાસ કરવા આજ્ઞા કરી.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૧૮માં** કહે છે કે 'સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્ર પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય.' એટલે કે તેનું મન વિકાર પામે જ.

❊ એક અઠંગ દારૂડિયાએ દારૂ ન પીવાનો નિયમ લીધો. છ મહિના બાદ પોતાના નિયમની કેટલી દૃઢતા થઈ છે, તે ચકાસવા દારૂના પીઠા પાસે ગયો. પણ તેને દારૂ પીવાની મનમાં ઇચ્છા ન થઈ. એટલે તે અંદર જઈને ટેબલ પર બેઠો, છતાં કાંઈ ન થયું. તેણે સામેથી દારૂ મંગાવ્યો. સામે પડેલા દારૂ ભરેલા ગ્લાસને જોઈને પણ તેને પીવાની ઇચ્છા ન થઈ. પોતાની આવી દૃઢતા જોઈને તે એટલો બધો ખુશ થઈ ગયો કે તે ખુશીના માનમાં ગ્લાસ ગટગટાવી ગયો.

❊ એટલે શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૮માં** કહે છે : 'વિષયના સંબંધથી તો છેટે જ રહેવું પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થવા દેવો નહિ. ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે.'

❊ કબીરજી કહે છે :

મન ગયા તો જાને દો, ગહિ કે રાખું શરીર,
ઉતરા રોંદ કમાન કા, ક્યોં કર લાગે તીર.

ધનુષ્યની પણછ ઊતરી જાય તો તીર લાગતું નથી, તેમ મન સાથે શરીર નહીં જવાથી પાપ-અનર્થ થતાં નથી.

❊ કેટલાક ફાંકા મારતા હોય છે કે અમને કોઈ વાંધો ન આવે. તો સમજવું કે ત્યારથી વાંધો શરૂ થયો, કારણ કે સહેજ સરખી ગાફલાઈ કેટલી મોટી ખુવારી સર્જી શકે છે ?

❊ ઈ.સ. ૧૯૧૨માં નિર્માણ પામેલી ૮૮૨ ફૂટ લાંબી અને ૧૦૪ ફૂટ ઊંચી વિશ્વની સૌથી મોટી અને મોંઘી બ્રિટિશ સ્ટીમર 'ટાઈટેનિક' જેને ગમે તેટલો ગંભીર અકસ્માત નડે, તોપણ ડૂબે નહિ, તે ટાઈટેનિક 'વાંધો નહિ આવે' એ ગાફલાઇના પરિણામે તેના પ્રથમ પ્રવાસમાં જ ૧૫૦૦ મુસાફરો સાથે પાણીને તળિયે ગરકાવ થઈ ગઈ.

❊ અધ્યાત્મમાર્ગમાં પણ નાની સરખી ગાફલાઈ સાપસીડીની રમતની જેમ ઉપરથી તરત જ હેઠા પાડે. એવું ન થાય તે માટે શ્રીજીમહારાજ **વચનામૃત પંચાળા-૩માં** કહે છે : 'ઇંદ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી. પણ એને વિષે ગુણ ન લેવો. ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન-સ્પર્શનાદિકને વિશે સુખ મનાવતે થકે જો સ્ત્રીઆદિકને વિશે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય. જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે, તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી.'

❊ કાળાતળાવના રવજી સુતારને શ્રીજીમહારાજે જ્યારે રામાનંદ સ્વામી પાસે જોયેલા ત્યારથી તેમનું મન તેને જોઈને ઠરી ગયું હતું. વળી, રામાનંદ સ્વામીએ પ્રમાણ આપ્યું હતું કે રવજી સુતાર બાળબ્રહ્મચારી છે. એટલે મહારાજે પોતાનું ઐશ્વર્ય આપીને રવજીને કચ્છ દેશમાં સત્સંગ કરાવવાની આજ્ઞા કરી. સાથે સાથે કહ્યું કે, 'જેવો અમારો પ્રતાપ છે, તેવો તમારો પ્રતાપ થશે પણ ચાર વાનાં કરશો નહીં. તે ચાર વાનાં એટલે પોતાને ભગવાન માનવું નહીં, ઝીણાં વસ્ત્રો પહેરવા નહીં, કોઈએ રાંધી આપેલ થાળ

જમવો નહીં અને બાઈઓની સભામાં વાતો કરવી નહીં.'

પણ રવજી સુતારે થોડા જ સમયમાં ચારેય આજ્ઞા લોપી. તેથી મહારાજે ઐશ્વર્ય ખેંચી લીધું એટલે બધાને સમાધિ કરાવનાર રવજી સુતાર હળ હાંકતા થઈ ગયા.

❋ એટલે જેમ ટ્રાફિકના નિયમો પાળવા બધા માટે અનિવાર્ય છે. અમેરિકાના પ્રેસિડન્ટ લંડન જાય તો તેઓ પોતાની ગાડી અમેરિકાના નિયમ મુજબ જમણી બાજુ ન ચલાવી શકે, ડાબી બાજુ જ ચલાવવી પડે. તેમ અધ્યાત્મમાર્ગમાં પંચવિષયને જીતવા માટે નાના-મોટા, ત્યાગી-ગૃહી બધાએ નિયમ પાળવા જ પડે.

● **નિયમથી પંચવિષય કેવી રીતે જિતાય છે ?**

❋ નિયમ પાળવાથી આત્મસંયમ પ્રગટે છે, સાર-અસારનો વિવેક આવે છે, ભગવાન અને સંતને રાજી કરવાનો વિચાર રહે છે.

❋ નિયમ પાલનથી સદાય જાણપણું રહે કે 'હું કોનો છું ?, મારાથી આવું ન થાય.'

પરિણામે ધીરેધીરે પંચવિષય પ્રત્યેની આસક્તિ ઘટતી જાય અને શાસ્ત્ર-મર્યાદા મુજબનું જીવન જિવાય.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૧૮માં** કહ્યું છે : 'પંચઈંદ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે, તે આહાર જો શુદ્ધ કરશે (નિયમપૂર્વક કરશે) તો અંતઃકરણ શુદ્ધ થશે અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે.'

એટલે આપણે નિયમ-ધર્મની દઢતા કરવાનો નિર્ધાર કરવાનો છે.

❋ નિષ્કુળાનંદ સ્વામી 'વચનવિધિ'માં કહે છે :

ઠેલી નિયમને કામ ન કરવું,
મર હોય લાભ જો લાખનો;
તોય લલચાવિયે નહિ લેશ મનને,
જાણિયે મવાળો કાખનો.

આપણે દેહ, ઇંદ્રિયો, સગાંવહાલાં, પરિવારને રાજી નથી કરવા, પણ મહારાજ-સ્વામીને રાજી કરવા છે, અક્ષરધામના સુખે સુખિયા થવું છે. માટે ગમે તેટલો લાભ-ફાયદો થતો હોય તોપણ આપણે નિયમભંગ ક્યારેય થવા દેવો નહિ.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૬૧માં** પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણોમાં એક લક્ષણ તરીકે નિયમને સ્થાન આપ્યું છે. નિયમવાળા પાકા ભક્તની દઢતા કેવી હોય ? તો તે ભક્ત પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે.

જો આવી નિયમ-ધર્મની દઢતા આપણે કેળવીશું તો પંચઈંદ્રિયો આપણને વશ થઈ જશે, પછી તે ક્યારેય જગતના વિષયો તરફ દોટ નહીં મૂકે.

❋ અધ્યાત્મમાર્ગે ચાલતા સાધક કે ગમે તેવા વૈરાગ્યવાન, સમાધિનિષ્ઠ કે જ્ઞાની - દરેકને સત્સંગમાં આગળ વધવા માટે તથા સત્સંગમાં નિર્વિઘ્ન પાર પડવા માટે નિયમની જરૂર છે, છે, ને છે જ, એવો શ્રીજીમહારાજનો સ્પષ્ટ મત છે.

તો આપણે પણ મહારાજે દર્શાવેલ માર્ગ ઉપર ચાલીને સુખિયા બનીએ, એ જ મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના...

❀ ❀ ❀

૧૫. વચનામૃત : ગઢડા મધ્ય-૩ : રસિકમાર્ગ અને આત્મજ્ઞાનનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૩જું : રસિકમાર્ગ અને આત્મજ્ઞાનનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પોતાની આગળ પરમહંસ ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ નેત્રકમળની સાને કરીને સૌને છાના રાખીને બોલ્યા જે, '... એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે. ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમ પદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે મધ્યનું ૩જું વચનામૃત થયું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં પોતાનો હૃદગત અભિપ્રાય અને સિદ્ધાંત સમજાવ્યો છે. ઉપાસનાની સાચી રીત મહારાજે આ વાક્યમાં સમજાવી છે.

● **પાંચ તત્ત્વોનો ભેદ :**

❊ શ્રીજીમહારાજને તમામ શાસ્ત્રોનું જ્ઞાન હસ્તામલકવત્ હતું. પોતે જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ હતા, છતાં નીલકંઠ વર્ણીરૂપે ભારતના વનવિચરણ દરમ્યાન જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - આ પાંચ અનાદિ તત્ત્વો વિષે જાણવાના આશયથી અનેક પંડિતો, સંન્યાસીઓ, મઠાધિપતિઓ સાથે ચર્ચા કરી, પણ કોઈના મુખે આ પાંચ તત્ત્વો વિષે સાંભળવા ન મળ્યું. નીલકંઠ વર્ણીને કોઈ સાચો જવાબ આપી ન શક્યા. કારણ કે બ્રહ્મ અને પરબ્રહ્મ પ્રથમ વાર જ આ પૃથ્વી ઉપર પધારેલા. તેથી આ વાતનું જ્ઞાન સામાન્ય જીવોને ક્યાંથી હોઈ શકે ?

❊ પાંચ તત્ત્વનો ભેદ શાસ્ત્રોમાં તો હતો જ, પણ કોઈ તેને સમજી શકેલું નહીં. કોઈએ બ્રહ્મ અને પરબ્રહ્મને એક જ કહ્યા, તો કોઈએ બ્રહ્મ અને જીવને એક કહ્યા, કોઈએ તો બ્રહ્મને માયા સાથે સરખાવ્યા.

પણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ ધરાતલ ઉપર પધાર્યા અને પાંચ તત્ત્વોનો સાચો ભેદ આપણને સમજાવ્યો.

તેમણે **વચનામૃત ગઢડા પ્રથમ-૭** અને **ગઢડા અંત્ય-૧૦**માં કહ્યું કે 'પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે.'

● **અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનો સંબંધ :**

❊ અક્ષરબ્રહ્મ એ જીવો, ઈશ્વરો, માયા તથા માયાના બંધનથી છૂટેલા મુક્તો કરતાં પર તત્ત્વ છે. આ અક્ષરબ્રહ્મ પરબ્રહ્મથી ભિન્ન તત્ત્વ છે. તેનાં સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય વગેરે એકમાત્ર પરબ્રહ્મને જ આધીન છે.

પરબ્રહ્મ તત્ત્વ સદાય અક્ષરબ્રહ્મ તત્ત્વ કરતાં અનંત ગણા સમર્થ છે અને અક્ષરબ્રહ્મના પણ કારણ, આધાર અને પ્રેરક છે. આ પરબ્રહ્મ તત્ત્વ એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ એટલે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી.

❊ શ્રીજીમહારાજ સં. ૧૮૩૭ ચૈત્ર સુદ નોમે આ પૃથ્વી પર પ્રગટ થયા. પોતાની સાથે મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને લઈને આવ્યા.

શ્રીજીમહારાજે પોતાના જીવન દરમ્યાન અનેક પ્રસંગોએ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા અને આ પૃથ્વી પર ગુણાતીત પરંપરા દ્વારા પ્રગટ રહેવાનો કોલ આપ્યો.

- **ઉપાસનાની રીત :**

❋ શ્રીજીમહારાજે બ્રહ્મ-પરબ્રહ્મ અથવા અક્ષર-પુરુષોત્તમની વાતો ફક્ત બુદ્ધિના વિષય તરીકે નથી નિરૂપી, પણ આ જ્ઞાનની વાત આપણા જેવા અનેક જીવ પોતાના જીવનમાં ઉતારી માયા પર કેવી રીતે થઈ શકે, મુક્તિ કેવી રીતે પામી શકે, તેનું સુંદર અને સચોટ માર્ગદર્શન આપ્યું છે.

❋ શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેક ઠેકાણે આ ઉપાસના દ્વારા મુક્તિ પામવાની રીત આપણને સમજાવી છે. તેને ક્રમવાર સમજવાનો પ્રયત્ન કરીએ.

૧. પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન :

❋ અજ્ઞાનવશ થઈ આપણે આ દેહને પોતાનું સ્વરૂપ માની લીધું છે, પરંતુ હકીકતમાં આ દેહ આપણું સ્વરૂપ નથી.

❋ શ્રીજીમહારાજે અગતરાઈમાં પર્વતભાઈના ખેતરે એક ધોળિયો આંબો હતો, તેની નીચે જન્માષ્ટમીનો સમૈયો કર્યો. પછી સભા થઈ. દૂર એક હરિજનનો છોકરો બેઠો બેઠો શ્રીજીમહારાજને પગે લાગતો હતો. શ્રીજીમહારાજે તેને પાસે બોલાવીને કહ્યું, 'તું હરિજન નથી. આત્મા છું એમ બોલ.' ત્યારે તેણે કહ્યું, 'હું હરિજન છું.' શ્રીજીમહારાજે બાળકને 'હું આત્મા છું... હું આત્મા છું' એમ સો વાર બોલવા કહ્યું. છોકરો બોલ્યો પણ ખરો. શ્રીજીમહારાજે અંતિમ વાર તેને પૂછ્યું, 'તું કોણ છું ?' તો કહે, 'મા-બાપ તમે મંડ્યા છો, તેથી કહું છું કે હું આત્મા છું, પણ સાચું પૂછો તો હું હરિજન જ છું.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, 'આ છોકરો અજ્ઞાનથી કેવો દેહ સાથે જડાઈ ગયો છે ? દેહ પ્રત્યેની તેની આત્મબુદ્ધિ મટતી જ નથી. એવી રીતે તમારે પણ જ્યાં સુધી સાધુપણું, કાઠીપણું અને પાટીદારપણું મટશે નહીં ત્યાં સુધી તમે આ છોકરા જેવા છો. તે અજ્ઞાન મટશે ત્યારે તમને આત્મા છું એમ મનાશે.'

❋ શ્રીજીમહારાજે અનેક વચનામૃતોમાં આત્માના સ્વરૂપનાં લક્ષણ જણાવ્યાં છે. તેમાં કહ્યું છે તે પ્રમાણે હું આ દેહથી નોખો આત્મા છું. જેમ તલવાર મ્યાનમાં રહે છે, પણ બંને જુદાં છે. તેમ આત્મા દેહમાં રહે છે પણ બેય જુદાં છે, એક નથી.

હું અનાદિ છું, આ દેહની ઉત્પત્તિ પહેલાં પણ હું હતો.

આ દેહ તો નાશવંત છે, હું તો અવિનાશી છું.

આ દેહ સાધન છે, હું તેનો ચાલક છું.

આ દેહ જડ છે, હું ચૈતન્ય છું.

આ દેહ વિકારી (પરિવર્તનશીલ) છે, હું અવિકારી છું.

આ દેહ દુઃખરૂપ છે, હું પરમ આનંદરૂપ છું.

❋ આ દેહમાંથી આત્મા નીકળી જાય, પછી તેને આઈસક્રીમ ખવડાવો તો સ્વાદ આવશે ? દેહમાંથી આત્મા નીકળી જાય, પછી તેને મર્સીડિસીઝ ગાડીમાં ફેરવો તો તેને ફરવાનું સુખ આવશે ?

કારણ કે, આત્મા હવે દેહમાં નથી રહ્યો.

❋ ઋગ્વેદમાં પણ કહ્યું છે કે **'इदं ज्योतिर् अमृतं मर्त्येषु।'** મરણશીલ શરીરમાં આ અમૃત (આત્મા) જ્યોતિ છે.

◎ યોગીજી મહારાજ એક બોધકથા કહેતા કે એક વાર શિકાર કરવા ગયેલી એક સિંહણ વિયાણી. બચ્ચું કો'ક કારણસર માતાથી વિખૂટું પડી ગયું. એક ભરવાડે સિંહના બચ્ચાને બકરીઓ ભેળું રાખ્યું અને તેનું નામ લિંડિયો પાડ્યું. લિંડિયો બકરીઓ વચ્ચે રહી ઘાસ ખાતું થયું અને બકરીઓની જેમ જ બેં બેં કરે. એક વાર એક સિંહ આ બકરાના ટોળા પર શિકાર કરવા આવ્યો, પણ તેને આશ્ચર્ય એ વાતનું થયું કે બકરીઓના ટોળા વચ્ચે સિંહનું બચ્ચું ક્યાંથી આવ્યું ? તે પણ બકરીઓ વચ્ચે બકરીની જેમ જ બેં બેં કરતું દોડી રહ્યું હતું. સિંહે બકરીઓને ભૂલી લિંડિયાને પકડ્યો. લિંડિયો તો ધ્રૂજવા મંડ્યો કે હવે મોત આવ્યું, પણ પેલા સિંહે તેને બેં બેં કરવાનું બંધ કરવા કહ્યું. લિંડિયો તો માને જ નહીં. કારણ કે લિંડિયાને દૃઢ થઈ ગયું હતું કે હું બકરી જ છું. પછી સિંહ તેને તળાવ પાસે લઈ ગયો અને પાણીમાં બેયનું

પ્રતિબિંબ બતાવ્યું. પછી લિંડિયાને ત્રાડ પાડવા કહ્યું. શરૂઆતમાં લિંડિયાને તકલીફ પડી, પણ પછી તે પણ ત્રાડ પાડતો થઈ ગયો. તેને પોતાના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો કે હું બકરી નહીં, પણ સિંહ છું.

તેમ આપણે પણ કુસંગના શબ્દોથી પોતાને દેહ માની લીધું છે અને લિંડિયો જેમ ઘાસ ખાતું, તેમ વ્યસન-દૂષણ, માંસાહાર, પંચવિષય ભોગવીએ છીએ, પણ પોતાનું સાચું સ્વરૂપ ઓળખાય તો ભગવાન અને સંત વિના ક્યાંય માલ ન મનાય.

❋ પોતાના સ્વરૂપને આત્મા જાણે તો તેને માન-અપમાન લાગે જ નહીં. પાંડવો માટે મય નામના સ્થપતિએ અદ્‌ભુત મહેલ બનાવ્યો હતો. તેમાં રચના એવી કરેલી કે જળને સ્થાને સ્થળ જણાય અને સ્થળને સ્થાને જળ દેખાય. દુર્યોધન ત્યાં આવ્યો ત્યારે જે ઠેકાણે જળ હતું ત્યાં સ્થળ જાણી ચાલવા ગયો. તેથી તેનાં કપડાં પલળી ગયા. આગળ જ્યાં ભૂમિ હતી ત્યાં જળ જાણી કપડાં ઊંચા લીધાં. તેની આ ચેષ્ટા જોઈ ઝરૂખામાં ઊભેલી દ્રૌપદી હસીને બોલી કે 'અંધના તો અંધ જ હોય ને!' આ શબ્દોથી દુર્યોધનને કારમો ઘા વાગ્યો, જે અંતે મહાભારતને તાણી લાવ્યો.

૧૯૯૪માં પ્રમુખસ્વામી મહારાજે દુર્યોધનનો આ પ્રસંગ વર્ણવી કહ્યું હતું કે 'કોઈ આપણને આંધળો કહે તો આપણે માની લેવાની ક્યાં જરૂર છે ?' આપણે ચંદ્રના અજવાળા નીચે છાપાં વાંચીએ એવા છીએ, પણ પોતાને દેહ માની લીધું એટલે ચટકી લાગી જાય છે.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૬૦**માં કહ્યું કે પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન હોય તો કોઈ વિક્ષેપ આડો ન આવે.

❋ ગુણાતીત સત્પુરુષોનાં જીવનમાં દુઃખના પ્રસંગો ક્યાં નથી ઊભા થયા ? શું તેમનાં અપમાન નથી થયાં ? શું તેમને શરીરમાં રોગ નથી આવ્યા ? છતાં તેમને કેમ આવાં દુઃખ, અપમાન કે રોગ વિચલિત કરી શક્યા નથી ? કારણ કે તેઓ આત્મારૂપે વર્ત્યા છે. દેહને પોતાનું સ્વરૂપ માન્યું જ નથી.

માટે આપણે જીવનમાં સુખની અનુભૂતિ કરવી હોય તો પોતાના સ્વરૂપને આત્મા જાણવો આવશ્યક છે.

૨. ગુણાતીત સત્પુરુષ સાથે એકતા (આત્મબુદ્ધિ) કરવી :

શ્રીજીમહારાજે **વચનામૃત જેતલપુર-૧**માં કહ્યું છે કે, 'આત્માનો એમ નિશ્ચય કરવો જે, પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ કરવી અને તેને જ પોતાનું સ્વરૂપ માનવું.'

❋ જ્યારે મુમુક્ષુ ગુણાતીત સત્પુરુષ સાથે અતિશય હેતપૂર્વક પોતાના આત્માને જોડીને દૃઢ આત્મબુદ્ધિ કરે, ત્યારે જ ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ જુદું મનાય છે અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થાય છે. પછી જ તે ભક્ત માયા પર થાય છે અને પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બને છે.

❋ સં. ૨૦૦૩ની સાલમાં એક દિવસ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં વિરાજમાન હતા ત્યારે સનાતન સ્વામીએ તેઓને પ્રશ્ન પૂછ્યો કે, 'જેતલપુરના પહેલા વચનામૃતમાં સત્પુરુષ સાથે આપોપું (આત્મબુદ્ધિ) કરવા કહ્યું તે કેમ કરવું?' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા તે ઊભા થઈને સનાતન સ્વામીના ખોળામાં બેઠા અને કહ્યું, 'તમારો દેહ છે તે ભૂલી જવું અને આ બેઠા છે તેને પોતાનું સ્વરૂપ માનવું.'

❋ તા.૧૨/૬/૨૦૧૭, અમદાવાદ : અક્ષરાતીત સ્વામી આત્મા વિષય ઉપર એક પુસ્તકનું લેખન કરી રહ્યા હતા. આત્માનું ચિત્ર કેવી રીતે દોરવું તેનો વિચાર સંતો કરી રહ્યા હતા. પછી સિદ્ધાંતને યાદ કરતાં સંતોએ સ્વામીશ્રીને વાત કરી કે 'અમારો આત્મા આપ છો, તો આપનું જ ચિત્ર દોરવાનું થયું ને ! અને અમારો આત્મા મહંતસ્વામી મહારાજ છે એવું જ કહેવાનું ને?' સ્વામીશ્રીએ સિદ્ધાંત દૃઢાવતાં કહ્યું કે, 'એ જ સમજવાનું છે!'

પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજને પોતાનો આત્મા માનવો, તેમની સાથે એકતા કરવી એટલે તેઓ જેમ સમજે છે તેમ સમજવું.

- તેઓ જેમ વર્તે છે તેમ વર્તવું.
- તેઓ જે રીતે પુરુષોત્તમની ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરી દે છે, તેમ સમર્પિત થઈ જવું.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં ગાયું છે કે

'એની રીતે રીત આપણી રે, બીજી રીત્યે બાધ,
પરહરો પરી પાપણી રે, વળગી એ વરાધ.'

(પરહરો - ત્યજો, પરી - દૂર, પાપણી - પાપવાળી, વરાધ - એક પ્રકારનો રોગ)

સત્પુરુષની રીત એ જ આપણી રીત, બીજી ખોટી રીતનો ત્યાગ કરવો રહ્યો.

ટૂંકમાં, જીવનના પ્રત્યેક પ્રસંગમાં 'આ પરિસ્થિતિમાં મારા ગુરુહરિની ઉપસ્થિતિ હોય તો શું કરું ?' એમ વિચાર કરવો તે તેમની સાથે એકતા કરી કહેવાય. અથવા સત્પુરુષની મરજી પ્રમાણે વર્તાય તો તેમની સાથે એકતા કરી કહેવાય.

❊ એક વાર યોગીજી મહારાજ ગોંડલમાં હતા. અડવાળના ભઈલુભાઈ નવો ખટારો યોગીબાપાના હસ્તે પૂજન કરવા લાવેલા. પૂજન કર્યા બાદ યોગીબાપાએ તે ખટારો ઉકરડો એક જગ્યાએથી બીજે લઈ જવા માટે સેવામાં જોડ્યો. યોગીબાપાએ ઉકરડો ખટારામાં ભરવાની સેવા માટે સંતોને જોડ્યા. સંતો હોંશે હોંશે સેવામાં જોડાયા પણ ખરા. યોગીબાપાએ સંતોને જોયા, પણ મહંતસ્વામી નહોતા એટલે તેમની પૃચ્છા કરી. કોઈકે કહ્યું, 'તેમને તાવ છે.' તેમને તે સમયે ૧૦૩° તાવ હતો, તેથી આરામમાં હતા, પણ યોગીબાપા કહે, 'બોલાવો, બધું મટી જશે.' સ્વામીશ્રીએ તે સમયે યોગીબાપા સમક્ષ પોતાની બીમારી સંબંધી કોઈ પ્રકારની દલીલ કે ફરિયાદ ન કરી અને સતત બે કલાક સુધી સેવામાં ઉપસ્થિત રહ્યા.

◎ યોગીબાપાએ 'યોગીવાણી'માં સત્પરુષમાં આત્મબુદ્ધિ (સત્પુરુષ સાથે ઐક્ય) હોય તેનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે 'દેહના જેવી આત્મબુદ્ધિ સત્પુરુષ અને ભગવાનમાં કરવી તો શાંતિ. આત્મબુદ્ધિ એટલે 'હાંજી હાંજી.' વચનમાં ટૂક ટૂક થઈ જાય. શંકા ન રહે. દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. સ્વામીની આજ્ઞા કોઈ દિવસ લોપવાની નથી.'

❊ બીજું, જેમ આપણને ભૂખ-તરસ-થાક લાગે છે, તેમ સત્પુરુષને પણ ભૂખ-તરસ-થાક લાગે છે, આવો વિચાર પણ આત્મબુદ્ધિ (એકતા)નો એક પ્રકાર જ છે. જેમ દેહનું લાલન-પોષણ કરીએ છીએ, તે જ પ્રમાણે સ્થૂળ રીતે અથવા માનસીમાં પ્રગટ ગુરુહરિને જમાડવા-સૂવાડવા આત્મબુદ્ધિ જ છે. વળી, તેઓ માંદગી ગ્રહણ કરે ત્યારે તેમના સ્વાસ્થ્યની ચિંતા થાય, તેમના દીર્ઘાયુષ્ય માટે ધૂન-પ્રાર્થના, વ્રત-તપ, પદયાત્રા વગેરે થાય તે તેમની સાથેના જોડાણનું જ લક્ષણ છે.

આ રીતે જીવાત્માને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાની વાત શ્રીજીમહારાજે કરી છે.

- **સત્પુરુષ સાથે એકતા કરવાથી લાભ :**

શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૩૧**માં કહે છે કે, ''જીવ એમ સમજે જે, 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે.' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.''

◎ યોગીજી મહારાજ કહેતા કે, 'જીવની એક્તા બ્રહ્મ સાથે કરવી, પછી બ્રહ્મના ગુણ જીવમાં આવે. બ્રહ્મ સાથે એક્તા ન કરીએ, તો બ્રહ્મના ગુણ ક્યાંથી આવે?'

માટે સત્પુરુષ જેવા ગુણિયલ થવું હોય તો તેમની સાથે એક્તા કરવી આવશ્યક છે.

૩. પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી :

❊ સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી એટલે **વચનામૃત સારંગપુર-૧૭** અને **ગઢડા મધ્ય-૬૭** પ્રમાણે જે ભક્ત ભગવાનની જેટલી સામર્થી, પ્રતાપ, ઐશ્વર્ય વગેરે જાણે છે, તેટલી સામર્થી, પ્રતાપ અને ઐશ્વર્યને પોતે પામે છતાં ભગવાનમાંથી તેનો દાસભાવ ટળે નહીં.

જેમ જેમ ભગવાનની નજીક જવાય, તેમ તેમ ભગવાનની મોટપ વધુ ને વધુ જણાતી જાય અને દાસપણું વધુ દૃઢ થતું જાય

❊ યોગીજી મહારાજ કહેતા કે, 'ઉપાસના સમજ્યા

ક્યારે કહેવાય ? ભગવાન અંધારામાં બેઠા હોય અને આપણે તેજે ભગવાનનાં દર્શન થાય, ત્યારે સમજવું કે એ તો એમનું જ કર્યું થાય છે, ત્યારે ઉપાસના સમજ્યો કહેવાય.'

❋ તા.૧/૪/૧૯૬૧, ગોંડલ : એક મુમુક્ષુ લખનૌથી યોગીબાપાની ખ્યાતિ સાંભળી દર્શને આવ્યા હતા. યોગીબાપાનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થઈ તેમણે પોતાની માતૃભાષા હિંદીમાં યોગીબાપાને સંબોધીને એક સ્તુતિ-કાવ્ય બનાવ્યું હતું. ખૂબ ભાવથી એમણે તે કાવ્ય યોગીબાપા સમક્ષ ગાયું. આ કાવ્યમાં તેણે યોગીબાપાને ભગવાન તરીકે ઉદ્‌બોધ્યા.

તેથી તે કાવ્ય પૂરું થયું કે તરત યોગીજી મહારાજે તેમને ધીરગંભીર સ્વરે કહ્યું, 'હવે કીર્તન બનાના તો (અમને) ભગવાન નહીં લખના, સદ્‌ગુરુ લખના એમાં શાસ્ત્રનો બાધ આવે છે. બધા અમને ભગવાન ઠોકી બેસાડે છે. અમારે તો ભગવાન થાવું નથી. ભગવાન એક સ્વામિનારાયણ છે અને અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમને રહેવાનું ધામ છે. સંતમાં ભગવાન રહ્યા તેમ લખના. આ તો તમે નવા એટલે તમને કહેવું પડે...'

એક નવી જ વ્યક્તિ, વળી પરદેશી, જેને આપણા સંપ્રદાયના તત્ત્વજ્ઞાન કે પ્રણાલી વિષે લેશમાત્ર સમજ નથી, જે યોગીબાપાની પ્રતિભામાં અંજાઈ ભાવવિભોર હૃદયે પોતાની ઉર્મિઓને વાચા આપવા નમ્રભાવે એક કૃતિ તૈયાર કરે છે, તેને પણ સ્વામીશ્રી કેવા નિર્દોષભાવે સ્પષ્ટતા કરતાં સાચી વાત સમજાવે છે. કેવી નિખાલસતા! પોતાના ઈષ્ટદેવ પ્રત્યે કેવો દાસત્વભાવ-સ્વામીસેવકભાવ!

◎ પ્રમુખસ્વામી મહારાજ એક ભાવિક ભક્ત પી. ટી. શાહને ત્યાં ૧૯૭૭માં લંડનમાં પધરામણીએ પધાર્યા હતા. એમણે સ્વામીબાપાના પાદપ્રક્ષાલન માટે ગંગાજળ વગેરે સામગ્રી તૈયાર કરી રાખી હતી. સ્વામીબાપાને આનો ખ્યાલ આવી ગયો. તેમણે શાંતિથી પી. ટી. શાહને ભક્તિની રીત સમજાવી : 'પાદપ્રક્ષાલન એક ભગવાનનું જ હોય, સંત તો એમના સેવક છે, દાસ છે.' આ સમજ આપી. પછી જાતે જ ઠાકોરજીનાં વાઘા-શણગાર ઉતારી તેમને તાસકમાં વિરાજિત કર્યા ને એમનાં ચરણને પખાળવાં લાગ્યાં. પછી તેઓની પાસે ઠાકોરજીનું પૂજન વગેરે વિધિ કરાવ્યો. પી. ટી. શાહને સ્વામીબાપા જ એક એવા પ્રથમ મહાત્મા મળ્યા હતા કે જેમણે ભગવાનને આગળ કર્યા હતા. તેઓ સ્વામીબાપાની દાસત્વભક્તિ જોઈ તેઓને હૃદયપૂર્વક નમી પડ્યા.

❋ **'યહ લોક પરલોક, જહાં રાખો તહાં,**
તુમ સ્વામી હું ચેરો...'

સ્વામીબાપાના જીવનમાં સ્વામી-સેવકભાવની આ ભાવનાનાં અનેક પ્રસંગોએ દર્શન કર્યા છે.

❋ તા.૧૬/૧/૨૦૧૭, અમદાવાદ : મહંતસ્વામી મહારાજના આ વખતના રોકાણમાં જે મહાનુભાવો દર્શનાર્થે પધાર્યા હતા, તેમના અનુભવના વિશેષ પ્રસંગો બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યા, જેમાં સ્વામીશ્રીના અદ્‌ભુત પ્રભાવ તથા મહિમાની વાતો આવતી હતી. સ્વામીશ્રી દાસભાવે કહે, 'મહારાજ-સ્વામી બધું કરે છે, બધું એમનું છે.'

આ રીતે અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સ્વામી-સેવકભાવે ઉપાસના કરીએ તો શ્રીજીમહારાજ કહે છે કે તે પરમપદ પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. આ રીતે પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી એ જ આપણા જીવનનો ધ્યેય છે.

❋ ગુણાતીતાનંદ સ્વામી ૪/૯૯મી વાતમાં કહ્યું કે, 'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું, ને બીજું ભગવાનમાં જોડાવું.'

❋ તા.૨૫/૧/૨૦૧૮ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજે ગોંડલમાં સર્વે સંતો-હરિભક્તોને જીવનનો સાચો ધ્યેય દૃઢાવતો પત્ર લખ્યો. તેમાં દીક્ષામંત્ર આપતાં સ્વામીશ્રીએ લખ્યું કે, 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોઽસ્મિ' (અક્ષર એવો હું પુરુષોત્તમનો દાસ છું.)

❋ બીજી એક ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે આપણે ફક્ત શ્રીજીમહારાજના દાસ નથી થવાનું પરંતુ વર્તમાનકાળે શ્રીજીમહારાજ જેમનાં દ્વારા પ્રગટ છે તેમના પણ દાસ થવાનું છે. કારણ કે, ગુણાતીત સત્પુરુષ શ્રીજીમહારાજને અખંડ ધારી રહ્યાં છે.

૧૯૮૭ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ રઢુમાં બિરાજમાન હતા. રઢુમાં આયોજિત પારાયણમાં સંતોએ પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, 'શાસ્ત્રીજી મહારાજ અને આપની વચ્ચે કેવો સંબંધ હતો? પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય, કે ભગવાન-ભક્તનો?' સ્વામીબાપાએ એક ક્ષણના વિલંબ વિના કહ્યું, 'ભગવાન-ભક્તનો.'

સ્વામીબાપા શાસ્ત્રીજી મહારાજને સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ સમજતા. સ્વામીબાપાએ જીવનમાં જે કોઈ કાર્ય કર્યા- ભલે તે અક્ષરધામ બાંધવાનું હોય કે પછી વિરાટ સંત સમુદાયની ભેટ સમાજને આપવાની હોય. દરેક કાર્યનો યશ ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના ચરણોમાં તેઓ અર્પણ કરી દેતાં. દરેક કાર્ય ગુરુહરિને પ્રસન્ન કરવા માટે જ તેમણે કર્યા હતાં

'गुरुः साक्षात् परं ब्रह्म' એ સ્વામીબાપાના જીવનનો સાર હતો.

આપણે પણ આ રીતે સ્વામી-સેવકભાવે ભક્તિ કરી અક્ષરધામ પામી શકીએ એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

સભા : ૧૧ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.મ. ૭ દરિદ્રિનું
- **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૧/૩૪૨
  ૨. પ્રકરણ : ૨/૧૮૯
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્યનું સાતમું : દરિદ્રિનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૧ને એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે, ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી તોય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રધ્ધા હોય તો ય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઈચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે.'

પછી વળી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુવે જે, 'આ બિચારો વૈરાગ્યરહીન છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે; માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે.'

● વચનામૃતની વિશેષતા :

એકવાર ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ, વિજ્ઞાનદાસ સ્વામી, વગેરે સંતોને પોતપોતાના અંગના વચનામૃત કાઢવાનું કહ્યું, તે વખતે શાસ્ત્રીજી મહારાજે આ વચનામૃત કાઢ્યું. તેથી આ વચનામૃત શાસ્ત્રીજી મહારાજનું પ્રસાદીનું છે. કારણ કે એમાં સત્પુરુષનું પ્રધાનપણું બતાવ્યું છે.

- પ્રમુખસ્વામી : 'આ સત્સંગમાં સત્પુરુષ પ્રધાન છે' એ શબ્દો પડશે તો સત્સંગમાં ટકાશે. અને આગળ વધાશે.
- સ્વભાવ-દોષો ટાળવાનો સહેલો ઉપાય આ વચનામૃતમાં છે.
- મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન છે. તેઓ દૃષ્ટિવાળા સંત છે. એટલે સ્વભાવો ભજનમાં અંતરાયરૂપ

છે એ વિચાર આવે છે.

વ્યક્તિને જ્યાં સુધી પોતાને રોગ થયો છે તેની જ ખબર ન પડે તો ટાળવાનો વિચાર અને ઉપાય ક્યાંથી સૂઝે ?

- અંતરમાં ઊંડા ઉતરીને તપાસ કરે તો જ પોતાના દોષ-સ્વભાવો યથાર્થ સૂઝે.
- હરિકૃપા જબ હોવત, તબ સૂઝત અપના દોષ. ભગવાનની સાચી કૃપા આજ ગણાય તેથી શુદ્ધ મુમુક્ષુને આવો વિચાર આવે કે સ્વભાવો ભજનમાં વિક્ષેપ કરે છે.

સ્વભાવોનું જોર :

- જગતમાં અને સત્સંગમાં બે ય ઠેકાણે સ્વભાવો જ દુઃખનું કારણ છે
- દુનિયામાં દુઃખમાત્રનું કારણ સ્વભાવ જ છે. પૂર્વે જે જે કર્મ કર્યા હોય ને તે પરિપક્વ થઈને જીવ સાથે ચોંટી જાય તે સ્વભાવ કહેવાય. (ગ.અં. ૨૦)
- માણસ પાસે બધુ હોવા છતાં કામ ક્રોધ, લોભ, ઈર્ષ્યા, અહંકાર, વ્યસનો વિગેરે સ્વભાવોથી દુઃખી થાય છે.
- રાવણને શું ખોટ હતી ? વિદ્વાન હતો, બ્રાહ્મણ-ઉચ્ચકુળ, શક્તિ, સત્તા, ધન હતું. પણ પરસ્ત્રીમાં આસક્તિ હતી. તો મોત માગી લીધું.
- દુર્યોધન આ રીતે જુઓ તો સુખી જ હતો. પણ પાંડવો પ્રત્યે ઈર્ષ્યાનો સ્વભાવને લીધે સતત ખટપટ કર્યા કરતો ને તેને લીધે વિનાશ નોતર્યો.
- યુધિષ્ઠિર તો ધર્માત્મા હતા. છતાં જુગાર રમવાની ટેવને લીધે પોતે અને પરિવારને ખુવાર કર્યા.
- હીટલરે અહંકાર વશ થઈને લાખોની હત્યા કરી-કરાવી. બીજુ વિશ્વયુદ્ધ નોતર્યુ. કરોડો મરાયા. ને અંતે આપઘાત કરવો પડ્યો.
- ઘરઘરમાં બાપ-દીકરા, પતિ-પત્ની, ભાઈ-ભાઈ કે સાસુ-વહુના ઝગડાનું-કંકાસનું મારામારીનું ખુનાખરાબી-ચોરી-હિંસા-લૂંટફાટ-વ્યભિચાર કે ભ્રષ્ટાચારનું કારણ શું છે ? સ્વભાવ.
- લવિયા દરજીની પત્નીએ આપઘાત કર્યો, તેનું મૂળ શું ? લવિયાનો સ્વાદનો સ્વભાવ. એના પરિણામે ૧૨ વર્ષે ફરી ઘર મંડાયું.
- ભગવાનના ભજનની વાત જવા દો, પણ આ લોકના સુખ લેવામાંય સ્વભાવ નડે છે.
- જ્યાં સુધી પગમાં કાંટો છે.
  આંખમાં કણું છે,
  કીડનીમાં પથરી છે
  ભોજનમાં રેતી છે ત્યાં સુધી સુખ ન આવે તેમ જ્યાં સુધી સ્વભાવો છે ત્યાં સુધી કોઈ જીવ સુખીયો થાય નહીં.
- ગ.અં. ૩૮ : છ સ્વભાવ-ધનમાં આસક્તિ, સ્ત્રીને વિશે વાસના, રસાસ્વાદ, દેહાભિમાન, સંબંધીમાં હેત અને કુસંગીમાં હેત-આ છ સ્વભાવ છે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો થતો નથી, જીવતા કે મરીને.

ભક્તને સ્વભાવથી શું નુકસાન ?

જગતના જીવોને સ્વભાવો હેરાન-ખુવાર કરે જ છે, પરંતુ ભક્તને એનાથી વધુ નુકસાન છે. કારણ જગતના જીવોને કંઈ મેળવવા-છોડવાનું છે જ નહીં. જ્યારે ભક્તને સ્વભાવની પ્રવૃત્તિ થાય ત્યારે કરોડો જન્મે ન મળે એવો સત્સંગનો યોગ મળ્યો છે, તે છૂટી જાય છે.

- જીવાખાચરને દાદાખાચર પ્રત્યે ઈર્ષ્યાનો સ્વભાવ હતો. મહારાજ દાદાનું સાચવે તેથી મહારાજનો અભાવ આવ્યો ને મહારાજને મારવા માણસો મોકલ્યા ને દ્રોહ કર્યો ને સત્સંગમાંથી પડી ગયા.
- પૂર્ણાનંદ સ્વામીને માનનો સ્વભાવ હતો. એકવાર સભામાં આવ્યા. સભામાં એમને

બેસવા માટે આસન નહોતું. તેથી ઉભા રહી ગયા. મહારાજે જોયું ને સભાને સંબોધીને કહ્યું, 'કોઈએ મૂર્તિમાન 'માન' જોયું છે ? જુઓ આ પૂર્ણાનંદ સ્વામી.' આનાથી એમને જબરજસ્ત ખોટું લાગ્યું ને છોડીને જતા રહ્યા.

- ગુણાતીતાનંદ સ્વામીએ એક હરિભક્તને કહ્યું, 'પગ ધોઈને આવો.' ચોમાસાનો સમય હતો. તેથી પાથરણા ન બગડે એ માટે સ્વામીએ ગારાવાળા પગ ધોઈને આવવાનું કહ્યું. પેલા પટેલને ખોટું લાગ્યું. 'સ્વામીએ ભરસભામાં મને પગ ધોઈને આવવાનું કહ્યું.' સીધા ઘેર ઉપડી ગયા. સ્વામીએ પાછા બોલાવવા માણસને મોકલ્યા, તો કહે 'હવે તો હું પગ ધોઈને જ આવીશ.' માનનો સ્વભાવ છે.
- ઉમરેઠના ગંગાદત્ત મહારાજનો સમાગમ કરવા ગઢડા ગયા. તેમને એવી ટેવ કે આંબલીવાળી દાળ જ ભાવે. તેથી શેર આંબલી ભેગી લઈ ગયેલા. રોજ વાતો સાંભળે ને આંબલી પાણીમાં પલાળી રાખે. જમવા ટાણે દાળમાં નાખીને જમે. જે દા'ડે આંબલી ખૂટી કે કહે, 'મહારાજ હવે મારે જવું પડશે. ઘરે કામ છે.' મહારાજ રોકાવાનો આગ્રહ કરે પણ માને નહીં. કારણ પૂછે તો પણ કહે નહીં. છેવટે એનો છોકરો બોલ્યો, 'મહારાજ આંબલી ખૂટી ગઈ છે.' આંબલીની આસક્તિએ સમાગમ છોડાવ્યો.
- પ્રાગજી પુરાણી કથા વાંચતા હતા. રસોડામાં મૂળજી બ્રહ્મચારીએ કઢી વઘારી. એમાં સાત ઉભરા લાવ્યા. પ્રાગજીએ કથા કરતા કરતા એ ગણી કાઢ્યા.
- સ્વભાવોને લીધેલી વર્ષોથી કરેલી સાધના ધોવાઈ જાય ને ઉલ્ટાનું સામું કલંક લાગે.
- શિવજી મોહીની સ્વરૂપમાં મોહ પામ્યા ને વિહ્વળ થઈને દોડ્યા.
- બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતી પાછળ જ કામાસક્ત થઈને દોડ્યા.
- પરાશરઋષિ કેવા તપસ્વી ? પણ નદીપાર કરવા હોડીમાં બેઠા ને મત્સ્યકન્યામાં મોહ પામ્યા ને તેમનું તપ ભ્રષ્ટ થયું.
- ભર્તુહરી રાજાએ ભગવાન ભજવા રાજપાટ છોડ્યું. ગોપીચંદ રાજા પણ માતાના ઉપદેશથી ભજવાન ભજવા રાજપાટ ત્યાગ કર્યો. એક દિવસ ગોપીચંદ એક ગામમાં ધર્મશામાં ઉતર્યો. ત્યાં ખાલી ખીંટી પર ઝોળી ભરાવી સ્નાન કરવા ગયા. એટલામાં ભર્તુહરી રાજા આવ્યા. તેમણે ગોપીચંદની ઝોળી ઉતારી પોતાની ભરાવી ને સ્નાન કરવા ગયા. ગોપીચંદે આ જોયું. થોડીવાર પછી ભર્તુહરિ રાજા આવ્યા. બેય જણા ખીંટી માટે ઝઘડવા માંડ્યા. ખૂબ મોટો ઝઘડો થયો. ત્યાં એક ડોશીએ ટકોર કરી : ધન્ય છે રાજા ભર્તુહરિને ને ધન્ય છે રાજા ગોપીચંદને કે જેણે રાજપાટ છોટ્યા, ને મુઆ આ બે બાવા ખીંટી સારુ બાઝે છે.' ને બેયને અંતર્દષ્ટિ થઈ. પછી ખીંટી વધી પડી પણ મમત્વના સ્વભાવને લીધે પોત પ્રગટ્યું
- નિષ્કુળાનંદ સ્વામી :

  જેનું કામે કાપી લીધુ નાક,
  લોભે લઈ લાજ લીધી રે
  જેની જીભે રોળી કર્યો રાંક,
  માને તે ફજેતી કીધી રે...
- આ સ્વભાવો કેવા છે : ગિરનાર જેવો કામ, મેરુ જેવું માન, લોકાલોક જેવી વાસના
- બાર કોશે બોલી બદલે, તરુવર બદલે શાખા બુઢાપામાં કેશ બદલે, પણ લખણ ન બદલે લાખા

એક ડોશી રાજમાતા બની તેને ચોરીનો સ્વભાવ. પોતાના દીકરા રાજકુંવરની જાનમાં ગઈ. વળતા કંઈ ન મળ્યું. તો દોણી ભરીને છાશ ચોરી લીધી. રથ ચાલે એમાં હેલા આવે

એટલે ઘરઘરીયા બોલે. કોઈ બોલ્યું આ શું બોલે છે ? 'આ તો મારા લખણ ઝળકે છે.'

- જ્ઞાની પણ પ્રકૃતિ સરખું જ આચરણ કરે છે (ગ.મ. ૩૭)

આવા સ્વભાવો કેમ ટળે ?

શ્રીજી મહારાજ કહે છે : વૈરાગ્યની દુર્બળતા છે:

- શ્રીજીમહારાજને એક જ વિચાર છે : મારા કહેવાયા છે તેમાં મારે તલમાત્ર કસર રહેવા દેવી નથી. (ગ.મ. ૪૫)
- લોયામાં એક ઘોડીને માટુ મારવાનો સ્વભાવ હતો શ્રીજીમહારાજ વાંસડો લઈને બેઠા. વારેવારે ઘોડીને અડાડે. ઘોડી પાટુ મારે. એમ કરતા બપોર સુધીમાં અડધી ટેવ ગઈ. મૂળજી બ્રહ્મચારી મહારાજને જમવા બોલાવવા આવ્યા. મહારાજ કહે, 'મારું કામ સંભાળો તો આવું.' ને સાંજ સુધીમાં એ સ્વભાવ કાઢી નાંખ્યો.

એવા ખટકાવાળા ભગવાન અહીં સ્વભાવનું કારણ વૈરાગ્યની ખામી બતાવે છે :

- વૈરાગ્ય એટલે ભગવાન સિવાય ક્યાંય રાગ નહીં. રાગનું મૂળ છે વિષયમાં આસક્તિ. જ્યાં સુધી વિષય, માન-મોટ્યપ, કંચન, સ્ત્રી, સંપત્તિમાં આસક્તિ છે ત્યાં સુધી સ્વભાવ ટળે નહીં.
- વૈરાગ્ય એ આંતરિક સંપત્તિ છે. તે વગર વ્યક્તિ દરિદ્ર જ છે. ગમે તેટલી સંપત્તિ હોય તો પણ.

સમ્રાટ સિકંદર હિન્દુસ્તાનમાં આગેકૂચ કરી રહ્યો હતો. અડધો મુલક જીતી ગયો હતો. ત્યાં રસ્તામાં એક ફકીર મળે છે. તેની આગળ પોતે સાવ પામર હોય તેવો અનુભવ થાય છે. ફકીર કહે છે : 'સાચો બાદશાહ તો હું છું. તું તો ભિખારી છે. તેથી જ ધન-સંપત્તિ લૂંટવા આ દેશમાં આવ્યો.'

- ભક્તની સાચી સંપત્તિ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ એ છે. એ હોય તો જ ભક્તોમાં અલમસ્તાઈ આવે.

મીરાંબાઈ-પાયોજી મૈને રામરતન ધન પાયો

નિષ્કુળાનંદ સ્વામી : શીદને રહીએ રે કંગાલ રે સંતો જ્યારે મળ્યો મહામોટો માલ રે સંતો

- મુક્તાનંદ સ્વામીને ક્ષયનો રોગ હતો. કેટલીયવાર બાવાઓનો માર ખાધેલો. સેવક પણ સરખી સેવા ન કરે. છતાં અખંડ કેફ રહેતો. તેનું મૂળ છે આંતરવૈભવ.

● જો વૈરાગ્ય ન હોય તો સ્વભાવ ટળે ?

- મુક્તાનંદ સ્વામી સામાન્ય જનસમૂહ માટે બીજો 'Short Cut' પૂછે છે :
- ખિસ્સામાં ૧ પૈસો નથી, પણ કરોડપતિ જેવી મજા કરવી છે. તો તેનો કોઈ ઉપાય છે ?

મહારાજ બે ઉપાય બતાવે છે :

૧. મોટા સંતની અતિશય સેવા

૨. પરમેશ્વરની આજ્ઞા.

(૧) પરમેશ્વરની આજ્ઞા :

- ફૂટેલા ઘડામાં પાણી ન રહે. તેમ આજ્ઞા પાલનમાં કચાશ હોય તો ભગવાનનો રાજીપો ન રહે.
- નિયમધર્મ અને આજ્ઞા એ વાડ છે. સત્સંગના ખેતરમાં સેવાના હળથી રાજીપાની ખેતી કરવાની છે. સત્પુરુષના રાજીપાનો પાક લેવાનો છે. પણ એ પાક ટેક ત્યારે જો આજ્ઞારૂપી વાડ હોય તો.
- સેવા ખૂબ કરે, પણ નિયમધર્મ-આજ્ઞાનું ઠેકાણું ન હોય તો સ્વભાવ ટળવાનો અનુભવ ન થાય.
- એટલે અહીં મહારાજ કહે છે કે પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. મંડ્યા રહેવાનું છે. કરોળિયો જાળુ ગૂંથવામાં કેવો મંડ્યો રહે છે ? તેમ.

(૨) અતિશય મોટા સંતની સેવા :

મુક્તાનંદ સ્વામી સ્વયં મોટા હતા. મહારાજના

ગુરુ હતા. છતાં તેમને મહારાજ અતિ મોટા સંતની વાત કરે છે. તો અતિશય મોટા સંત એટલે ગુણાતીતાનંદ સ્વામી. ગુણાતીત સત્પુરુષ. એવા સંત આજે પ્રમુખસ્વામી મહારાજ છે.

- ગુણાતીત-સ્વભાવ રહિત કરવા ગુણાતીત સંત જ જોઈએ.
- મૂળજી બ્રહ્મચારી મહાનિષ્કામી હતા. મહારાજે ૬ વચનામૃતમાં તેમના વખાણ કર્યા. શાસ્ત્રીજી મહારાજે તેમની મૂર્તિ પધરાવી. તેઓ નિષ્કામી ખરા, પણ બીજાને નિષ્કામી બનાવી ન શકે. (ગુ.સ્વા.)

એ સામર્થ્ય તો ગુણાતીત સંતનું જ છે.

- વર.૩ : વીજળી જેવા સંત એકાંતિક ખરા, પણ વડવાનળ અગ્નિ જેવા સંત જેમ ખારા જીવને મીઠા કરે એવું ન કરી શકે. વડવાનળ સંત સિદ્ધદશાવાળા છે.
- આવા સંતની સેવા કરવાની છે :
- ગ.મ.૨૫ - આવા મોટા સંતની સેવાનું ઉકાખાચરની જેમ વ્યસન પડે તો વાસના બળે. સેવાનું વ્યસન પાડવાનું છે. જેમ અફીણનો બંધાણી છે, તેને તલપ લાગે ત્યારે અફીણ વિના રહેવાય જ નહીં. તેમ સેવા વિના રહેવાય જ નહીં તો કામ થાય.
- ગ.પ્ર.૫૫ - આવા સંતની સેવામાં ખબડદાર થઈને રહે તો પાપ બળી જાય.
- જેતલપુરની વેશ્યા-અતિશય પાપી. આખું ગામ તેનો તિરસ્કાર કરે. મહારાજે ત્યાં યજ્ઞ કર્યો. અને તેને ૧ મણ ઘઉં દળવાની સેવા આખી રાત જાગીને કરી. હાથમાં ફોલ્લા પડી ગયા. તો સેવાના પ્રતાપે ઘઉં ભેગી એની વાસના દબાઈ ગઈ.
- ઉપેન્દ્રાનંદ સ્વામી શ્રીજીમહારાજના વખતના સંત હતા. તેમણે ગુણા. સ્વા.ને કહ્યું, 'સ્વામી, સાધુના ૨૯ લક્ષણ સિદ્ધ છે. ૩૦મું લક્ષણ નિષ્કામીપણાનું બાકી છે. કામ બહુ પીડે છે.' ગુ.સ્વા. કહે, 'જૂનાગઢ આવો તો કામ કાઢી નાંખું.' જૂનાગઢ આવ્યા. સ્વામીએ તેમને સેવામાં જોડી દીધા. એક દિવસ મેડી પર ગાર કરવા ચડ્યા. સ્વામીએ તેમની સામે દૃષ્ટિ કરીને આંખોમાંથી કામ ખેંચી લીધો.
- સત્યકામ જાબાલીએ ગાયોની સેવા કરી. ૪૦૦માંથી ૧૦૦ ગાયો થઈ ત્યાં સુધી. તો જ્ઞાનનો સાક્ષાત્કાર થયો.

મોટા સંતની અતિશય સેવા કરવાની વાત છે : અતિશય સેવા એટલે (૧) ગજા ઉપરાંતની સેવા, (૨) નિર્દોષબુદ્ધિની સેવા

(૧) ગજા ઉપરાંતની સેવા છે

- આનું જીવંત દૃષ્ટાંત છે ભગતજી મહારાજ
- ૨૪ કલાકમાંથી ૨૩ કલાક સેવા કરે એક જ કલાક સૂવે.
- ચંદનની સેવા-જે સેવા ૧૦ દરજી ૨ મહિને પૂરી કરે, તે એમણે એકલે હાથે ૪૧ દિવસમાં કરી.
- દર બે દિવસ ઉપવાસને ત્રીજે દિવસે ૧ વાર જમવું.

આવી સેવા સાડાત્રણ વર્ષ કરી ને ગુ.સ્વા. બોલ્યા, એણે મને એવો રાજી કર્યો કે હાથ છૂટી બલા જેવું થઈ ગયું.

આવા સંત રાજી થાય એટલે રાંક હોય તે રાજા બને. ભૂંડા પ્રારબ્ધ રૂડા થાય. (ગ.પ્ર. ૫૮)

(૨) નિર્દોષબુદ્ધિ

- ગ.પ્ર. ૫૮ મોટાપુરુષને નિષ્કામી, નિર્વિકાર, નિર્દોષ સમજે તો પોતે પણ થઈ જાય.
- ગોપીઓએ કૃષ્ણને નિષ્કામી જાણ્યા હતા. ને પોતે કામભાવથી કૃષ્ણ સાથે જોડાઈ છતાં પોતે ગુણાતીત થઈ.
- યો.મ.ને પૂછ્યું, 'તમારી આવી શક્તિનું રહસ્ય

શું ?' તો કહે, 'શા.મ.ની આજ્ઞાથી વાસણ ઉટક્યા.'

- મોટાપુરુષ જે જે વચન કહે તે પણ દિવ્ય મનાય.
- ભાયલીના નીલકંઠ સ્વામી, સાધુ થયા પહેલા ગૃહસ્થમાં ઘર બરાબર ચલાવતા નહીં. તેથી શાસ્ત્રીજી મહારાજે ભરસભામાં ભયંકર રીતે નૃસિંહ સ્વરૂપ ધારણ કરીને ખખડાવ્યા. પણ નીલકંઠ સ્વામી હાથ જોડીને જ ઊભા. સ્વામી જ્યારે શાંત થયા ત્યારે કીર્તન ગાવા લાગ્યા : સૂણો સતુર સુજાણ, એમ ન ઘટે રે તમને... આ સાંભળી શા.મ. ભેટી પડ્યા.

આ રીતે નિર્દોષબુદ્ધિ રાખી અતિશય સેવા કરી આજ્ઞામાં મંડીએ તો સ્વભાવો ટળે જ.

સભા : ૧૨ સભા કાર્યક્રમ

- **વચનામૃત** : ગ.મ. ૯ સ્વરૂપનિષ્ઠાનું-
  અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યાનું
- **વિશેષ પ્રવચન** : આરતી-થાળ અને ઘરમંદિર
  (ધાર્મિક વિધાનો અને ભાવનામાંથી)
- **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્યનું નવમું : સ્વરૂપનિષ્ઠાનું-અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા.

ને તે સમે આનંદાનંદ સ્વામીએ પૂજા કરી હતી તે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાબની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કુસુંબી રેંટો બાંધ્યો હતો તથા કમરે જરકસી શેલું બાંધ્યું હતું તથા ગૂઢા આસમાની રંગનો રેંટો ખભા ઉપર નાખ્યો હતો અને હાથે રાખડિઓ બાંધી હતી અને પોતાના મુખારવિંદ આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.

● વચનામૃતની વિશેષતા

આ વચનામૃત સર્વોપરિપણાનું છે અને ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીનું છે. વરતાલમાં રઘુવીરજી મહારાજની ઇચ્છાથી ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાની છાવણી નાંખેલ. ત્યારે મોટા મોટા સંતો-હરિભક્તો આવતા. એકવાર રઘુવીરજી મહારાજના આસને ગુણાતીતાનંદ સ્વામીને આ વચનામૃત વંચાવીને શ્રીજીમહારાજના સર્વોપરિપણાની અદ્ભુત વાતો કરી. શુકમુનિ એ વખતે હાજર હતા. આ વચનામૃત સાંભળી તેઓ બોલી ઊઠ્યા : 'આ વચનામૃત શોધ્યું મેં, લખ્યું મેં પણ સમજાયું તો આજે જ.'

સર્વોપરિપણાની નિષ્ઠાની આવશ્યકતા

ગુણાતીતાનં સ્વામી : મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં રહેવાય નહીં.

અમોઘાનંદ સ્વામી રામાયણ બહુ વાંચતા. તેથી અંત સમયે વૈકુંઠલોકમાં ગયા. કારણ કે મહારાજને રામ જેવા જાણતા.

ગઢડામાં એક ભક્તને મહારાજને સમાધિ કરાવી ને ધામમાં મોકલ્યા. તેઓ બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક એ બધે ફરતાં ફરતાં ગયા. બધે જ મહારાજના ભક્તો ને સાધુઓને જોયા. દરેક ધામના ભક્તો તે ધામના ઈષ્ટદેવને

જ શ્રીજીમહારાજ તરીકે ઓળખતા હતા. તો આ પ્રતાપે જે ધામના પતિ મહારાજને જાણ્યા એ ધામમાં એમનો નિવાસ થયો.

- ગ.મ. ૧૩ : જ્યારે એ વાર્તા સમજવામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક-સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં. સહેજે જીતાઈ જશે. પણ ભગવાનનું સ્વરૂપ સમજવામાં જો કોઈ રીતની કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહીં.
- ગોપાળાનંદ સ્વામી જ્યારે અવતાર-અવતારીનો ભેદ સમજાવતા ત્યારે મોટા આત્માનંદ સ્વામીને કહે : 'છોકરા, ભગવાનને તોલ મા.' ગુણાતીતાનંદ સ્વામી હસીને કહેતા : 'સ્વામી, આ વાત આજે નહીં સમજાય. પણ ભવિષ્યમાં સમજાશે.'

આમ એમને એકસો સોળ વર્ષ થયા. પણ આયુષ્યનો અંત ન આવ્યો. તેમને થયું - 'મને વાસના નથી છતાં મહારાજ કેમ તેડવા આવતા નથી ?' પછી જ્યારે ગુણાતીતાનંદ સ્વામીએ એમને સર્વોપરિ ઉપાસનાની વાત કરી ને સમજણની કસર ટાળી ત્યારે ધામમાં મહારાજ તેડી ગયા.

સર્વોપરિપણાની વાત સમજવી કઠણ છે. પણ ન સમજાય તો દૂષણ પણ ઘણા છે. એટલે મહારાજે વચનામૃતમાં જ્યાં જ્યાં નિશ્ચયની વાત કરી છે ત્યાં તેમને બીક લાગે છે. સંકોચ થાય છે.(લો. ૧૮)

- અક્ષરધામમાં જવા માટે બે પાંખ છે : આજ્ઞા અને ઉપાસના. છતાં આ બેમાં વધારે મહત્ત્વની વાત છે ઉપાસનાની. સ્વરૂપનિષ્ઠા અને ધર્મ નિષ્ઠામાં સ્વરૂપનિષ્ઠા હોય તો ધર્મનિષ્ઠા એની મેળે રહે જ. (ગ.મ. ૧૬)
- આ જ વચનામૃતમાં ધર્મનું ગૌણપણું શ્રીજીમહારાજ બતાવે છે. પરંતુ છેલ્લે સ્પષ્ટ કહે છે આવી વાતો ધર્મની મહત્તા ઘટાડવા નથી, પણ ભગવત્સ્વરૂપના બળની મહત્તા જણાવવા છે.

શ્રીજીમહારાજ સર્વોપરિ કઈ રીતે ?

- મહારાજનુ ધામ - અક્ષરધામ સર્વોપરિ છે :
અક્ષરધામ એ શ્રીજીમહારાજનું ધામ છે. તે માયાથી પર છે. અન્ય અવતારો કે દેવોના ધામ માયાની અંદર છે અને તેથી ત્યાં ત્રિવિધ તાપ છે.
- મુક્તાનંદ સ્વામી :
ચૌદ લોક વૈકુંઠ લગી માયાની પાગી રે,
તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે...
- પશુના સુખથી મનુષ્યનું સુખ અધિક છે. તે કરતા રાજાનું સુખ અધિક છે. તેથી દેવતાનું સુખ અધિક છે. તેથી ઈન્દ્રિયનું, તેથી બ્રહ્માનું, તેથી વૈકુંઠનું, તેથી ગોલોકનું સુખ અધિક છે. ને ભગવાનના અક્ષરધામનું સુખ તો અતિ અધિક છે.
- બીજાં ધામો નાશવંત છે. અક્ષરધામ અવિનાશી છે.
- બીજાં ધામોની અવધિ છે. જ્યારે અક્ષરધામ અધો-ઉર્ધ્વ પ્રમાણે રહિત છે.
- શ્રીજીમહારાજ અગણોતેરા કાળમાં બીમાર પડ્યા. પછી અંતર્દષ્ટિ કરી ત્યાં નંદીશ્વર પોઠીઓ આવ્યો. તેના પર બેઠા તે કૈલાસ ગયા. ત્યાં ગરૂડ આવ્યો. તેમાં બેઠા ને વૈકુંઠ ગયા. ત્યાંથી આગળ ગરૂડ ઊડી શક્યો નહીં. મહારાજ એકલા ગયા. ત્યાં એક પછી એક લોક વટાવતા અક્ષરધામમાં ગયા. ત્યાં મહારાજ કહે : 'સર્વ થકી પર એવા પુરુષોત્તમના ધામમાં મેં જોયું કે હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહીં. અને જે જે જીવ મારે શરણે આવ્યા તે સર્વેને હું સર્વોપરી એવું જે

મારું ધામ પમાડીશ. (વચ. અમદાવાદનું ૭)

● **શ્રીજીમહારાજનું સર્વોપરિપણું :**

ગુણાતીતાનંદ સ્વામીની વાતોને આધારે:

- મહારાજ જેવા અક્ષરમાં છે તેવા પ્રકૃતિપુરુષાદિકમાં નથી. એટલે ગુણાતીતાનંદ સ્વામી જેવો ને જેટલો મહારાજનો મહિમા જાણે ને કહી શકે તેવો બીજો કોઈ કહી શકે નહીં.
- ગુણાતીતાનંદ સ્વામીને શાસ્ત્રની તંતી કે લોકલાજ નડી નહીં. કોઈ શાસ્ત્રનું પૂછે તો સ્વામી કહે : 'જન્મ થયા મોર શાદી ક્યાંથી લખાય ? તેમ પુરુષોત્તમ આ બ્રહ્માંડમાં આવ્યા જ નહોતા એટલે તેમની વાત શાસ્ત્રમાં ક્યાંથી હોય ?

  અવતારમાત્ર ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક મણ જેવા ને કેટલાક દશ મણ જેવા ને કેટલાક સો મણ જેવા. પણ આજે તો ચમકનો પર્વત આવ્યો છે. તેથી અનંત ધામના પતિ, મુક્ત તે મહારાજની મૂર્તિને વિશે તણાઈ ગયા છે. જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. (વાતા. ૩-૪)
- ગુણાતીતાનંદ સ્વામી વંથળીમાં કલ્યાણભાઈના ઘેર ગયા. ત્યાં પથારીમાં એમનો દીકરો ડાહ્યો સૂતો હતો. સ્વામી તેની સામુ જોઈને કહે : 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા તે કરતા આ સત્સંગીના છોકરા સામુ જોઈએ છીએ તો કરોડ કરોડગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્ત, સાધુ ને મહારાજનો તો મહિમા કહેવાય જ કેમ ? (૩-૭૨)
- પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભક્તમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વીયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે. (૬-૨૭)

  અવતાર-અવતારીનો ભેદ કઈ રીતે સમજવો ?

● તીર અને તીરનો નાંખનારો એટલે કે તીર એટલે અવતાર ને તીરના નાંખનાર કારણ એટલે મહારાજ.

● ભવાયો ને વેશ

● રાજા ને ઉમરાવ

● ચંદ્રમા અને તારા

- આષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝી બીજા ઝાકળ પુરુષોત્તમ પ્રગટરી રે...
- નિષ્કુળાનંદ સ્વામી

  એટલે કે મહારાજ અષાઢના આનરાધાર મેઘ જેવા છે. જ્યારે અન્ય અવતારો ઝાકળ જેવા છે.
- ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના ૧૩ ઐશ્વર્યો વર્ણવ્યા છે. જેમાનું એક છે; પોતાના પૂર્વે અવતારોને પોતાની મૂર્તિને વિશે લીન થયેલા ઘણા મનુષ્યોને દેખાડે પણ પોતે તે અવતારોમાં લીન ન થાય તે આશ્ચર્યકારક ધર્મસૂતનું લક્ષણ છે.

  અગત્રાઈમાં એકવાર પર્વતભાઈ ખેતી કરતા હતા. તેમાં તેમની વૃત્તિ મહારાજ સાથે જોડાઈ ગઈ. મહારાજની તેજોમય મૂર્તિના તેમને દર્શન થયા ને પછી તે તેજમાંથી એક પછી એક એમ ૨૪ અવતારો પ્રગટ થયા ને પાછા મહારાજમાં લીન થઈ ગયા.
- ગઢડામાં સત્સંગીજીવન ગ્રંથ લખાતો હતો. તેમાં શ્રીજીમહારાજને કેવા લખવા એવો પ્રશ્ન નીકળ્યો. નિત્યાનંદ સ્વામી કહે : 'મહારાજને સર્વોપરિ જ લખાય.' બધા કૃષ્ણ જેવા કહેવા લાગ્યા. મહારાજ પોતે પણ બધા ભેળા ભળી ગયા. પણ નિત્યાનંદ સ્વામી ન માન્યા. તેમને હઠાગ્રહી કહીને વિમુખ કર્યા. ૭ દિવસ સુધી બોલાવ્યા નહીં. પછી મહારાજે એમને બોલાવ્યા. પોતાના ગળાના હાર પહેરાવ્યા ને બોલ્યા : 'ઉપાસક હો તો આવા. સાચી વાત મૂકે જ નહીં.' આમ મહારાજને સર્વોપરિ

સમજીએ તો મહારાજ રાજી થાય.

- શ્રીજીમહારાજે પરમહંસોને પોતાના સ્વરૂપની ઘણી વાતો કરી. પછી બધાને કહ્યું, 'હવે દેશમાં ફરો ને વાતો કરો.' બધા ફરીને આવ્યા. મહારાજને પૂછ્યું, 'અમને કેવા કહ્યા ?' દત્તાત્રેય- કપિલ જેવા' મહારાજ ઉદાસ થઈને બોલ્યા : 'કબૂતરના કબતર રહ્યા. અમારાં ચરિત્રો જોયાં તોય યથાર્થ ન ઓળખ્યા ? મૂળો ખાધો હોય તો પણ બીજા પકવાનના સ્વાદ દબાવીને તેનો ઓડકાર આવે છે. તો તમને અમારા સ્વરૂપનો ઓડકાર નથી આવતો ?'
- ગઢડામાં એક વખત શ્રીજીમહારાજને લાડુબા કહે : 'અમારાં અતિ મોટા ભાગ્ય કે ગોપી-ગોવાળને જે પ્રાપ્તિ થઈ હતી તે અમને થઈ છે.' મહારાજ કહે : 'ગોપી-ગોવાળને જે ભગવાનની પ્રાપ્તિ થઈ હતી તે ભગવાનને તો આ મૂર્તિનાં દર્શન પણ થયા નથી. તમારે તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે.'
- શ્રીજીમહારાજ જ્યારે સૌરાષ્ટ્રમાં બિરાજતા હતા ત્યારે હિંદુસ્તાનમાં ખૂણે ખૂણે તેમની ખ્યાતિ પ્રસરી હતી. પશ્ચિમમાં જીવનમુક્તનો નવો પંથ શરૂ થયો છે. તેવી વાત ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. જે કોઈ 'જીવનમુક્તા' માત્ર આટલો શબ્દ જ બોલે ને ચારેકોર તેજ છવાઈ જતું. આને લીધે દેશના ખૂણે ખૂણેથી મુમુક્ષુઓ ખેંચાઈને સૌરાષ્ટ્રમાં આવતા.
- પરમહંસોને એકવાર મહારાજે પૂછ્યું : 'અમે એકેય અસુરને માર્યો નથી. સમુદ્રમંથન કર્યું નથી. પૃથ્વી નક્ષત્રી કરી નથી. ગોવર્ધન ઉચક્યો નથી કે સેતુબંધ બાંધ્યો નથી. તમે અમને ભગવાન કેમ કહો છો ?'

  પરમહંસો : 'મહારાજ ! આ સૂર્ય કહે કે હું સૂર્ય નથી તો કોઈ માનશે ? તમે ભલે અસુરોનો સંહાર નથી કર્યો, પણ તે અસુરો તો કામક્રોધાદિક દોષોથી હણાયેલા જ હતા. તમે એ દોષો - આસુરી વૃત્તિનો નાશ કર્યો છે. એટલે અમે ભગવાન કહીએ છીએ.'

● ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત સમજાવેલું સર્વોપરિપણું

- જો મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને પૃથ્વી પર ન લાવ્યા હોત તો મહારાજ અવતારો જેવા જ મનાઈ જાત. નરનારાયણ ને લક્ષ્મીનારાયણ એ જ શ્રીજીમહારાજ એમ થઈ જાત. રાજાને ચાકર બે ય એક થઈ જાત. કારણ કે બીજા પરમહંસોને તો શાસ્ત્રની તંતી આડી આવે જ. લોકો શું કહેશે એ ય બીક લાગે.

  પણ ગુણાતીતાનંદ સ્વામીએ તો પાત્ર-કુપાત્ર જોયા વિના વાતો કરવા જ માંડી.
- શ્રીજીમહારાજે ઉમરેઠમાં ગોપાળાનંદ સ્વામીને સ્વપ્રમાં દર્શન દઈ કહ્યું : 'મારું પુરુષોત્તમપણું પ્રર્વતાવો, નહીં તો દેહમાં હજાર વર્ષ સુધી રાખીશ.'

  ને સ્વામીએ વાત શરૂ કરી ત્યાર અખંડાનંદ બ્રહ્મચારીને પચી નહીં. ને તેમને ઝાડા થઈ ગયા. પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વમીને વાર્યા. પણ ગુણાતીતાનંદ સ્વામી તો કોઈની શેહશરમમાં ન આવ્યા. ને જેમ છે તેમ વાતો કરી.
- ઘણા મોટા મોટા પરમહંસોને પણ ગુણાતીતાનંદ સ્વામી વાત કરતા.

  મુક્તાનંદ સ્વામી સ્નાન કરતા તીર્થોના નામ લેતા. ગુણાતીતાનંદ સ્વામીએ એમના શિષ્ય શાંતાનંદ દ્વારા કહેવરાવ્યું કે સ્વામિનારાયણ નામ સર્વોપરિ છે. તેમાં તીર્થમાત્ર આવી જાય છે.' મુક્તાનંદ સ્વામીને ભૂલ સમજાઈ ને સુધારી લીધી.
- પ્રેમાનંદ સ્વામી જૂનાગઢ રહેતા ત્યારે નાગર ભક્તોની સંગીત મંડળીમાં કૃષ્ણલીલાનાં પદો

ગાતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી તેમને વારંવાર કહેતા : 'સ્વામી, હવે થોડો વખત દેહ રહેશે. માટે કુંજગલીની લીલા મૂકી શ્રીજીલીલામાં તાન જોડો.

- ગુણાતીતાનંદ સ્વામીને શાસ્ત્રની તંતી ક્યારેય નડી નથી. તેઓ કહેતા : 'જીવ બીજે ક્યાંય અટકતો નથી. પણ મહારાજને પુરુષોત્તમ કહેવામાં અટકે છે. શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે. તે આમને આમ હોંકારા-પડકારા કરીશું તો મૂકી દેશે.'

એકવાર એક ઘોડાને સ્વપ્નમાં પગ ભાંગ્યો. તે પગ તોળીને ઊભો રહ્યો. વૈદ્યને બતાવ્યો. વૈદ્ય કહે-૨૦૦ ઘોડા સાબદા કરો ને પછી તોપુ-બંદુકોના ધડાકા કરો. બધા ઘોડા દોડશે એ ભેગો આ પણ પગ મૂકી દેશે. એમ સ્વામીના હોંકારા-પડકારાથી ઘણાને તંતી તૂટી ગઈ ને મહારાજ સર્વોપરિ સમજાઈ ગયા.

- ગુણાતીતાનંદ સ્વામીએ અચિંતાનંદ વર્ણી દ્વારા મહારાજના સર્વોપરિપણાનો 'હરિલીલાકલ્પતરુ ગ્રંથ રચાવ્યો.

આ રીતે આપણે આપણા ઈષ્ટદેવને - શ્રીજીમહારાજને જ સર્વોપરિ સમજવા. આપણું સારુ-ખોટુ કરવા અન્ય કોઈ સમર્થ નથી. અને આવું સમજીને દૃઢ આશરો રાખવો.

● **બીજી વાત અહીં સાકાર સમજવાની છે.**

ભગવાન સદાય સાકાર જ છે. સાકાર ભગવાન થકી જ સાકાર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

- ભગવાનને નિરાકાર જાણે તો ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય - વર. ૨
- ભગવાનને નિરાકાર કહે તો પંચમહાપાપીથી વધુ પાપી છે. ગ.મ.-૩૯

આપણાથી આવો દ્રોહ ન થાય એ ખાસ ધ્યાન રાખવાનું છે.

● **એક સામાન્ય ઉઠતો પ્રશ્ન :**

મહારાજ સર્વોપરી છે. તો વચનામૃત, બીજાં ગ્રંથો અને પરમહંસોના કીર્તનોમાં તેમને શ્રીકૃષ્ણ જેવા કહ્યા છે - લખ્યા છે. એનું કેમ સમજવું ?

- શ્રીજીમહારાજના પ્રાગટ્ય સમયે આ ઉગતો સંપ્રદાય હતો. બીજા પંથવાળા એકાએક ભડકી ન ઊઠે ને ઉપાધિ ન થાય તેથી શરૂઆતમાં મહારાજે પોતાને સાધુ જેવા, આચાર્ય જેવા, અવતાર જેવા કહ્યા. દવા પચે તેમ અપાય. જેમ જેમ નિષ્ઠા વધે તેમ તેમ ઉત્કૃષ્ટ ભાવના શબ્દો કહેવાય.
- મુક્તાનંદ સ્વામીએ આરતી બનાવી તેમાં 'જય સદ્ગુરુ સ્વામી' લખ્યું. પછીના કીર્તનોમાં મહારાજને કૃષ્ણ જેવા કહ્યા : 'છાંડી કે શ્રી શ્રીકૃષ્ણ દેવ.' એને પુરુષોત્તમપણું સમજાયું માટે ગાયું : 'માઈ રી મૈંને પુરુષોત્તમ વર પાયો.'
- મહારાજે મંદિરોમાં જ્યાં જ્યાં જે અવતારનું પ્રાધાન્ય હતું તેની મૂર્તિઓ પધરાવી. જેમ કે જૂનાગઢમાં નાગર બ્રાહ્મણો શિવ ઉપાસક હતા. તો સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા. ગઢડામાં કાઠી દરબારોના કુળદેવ સૂર્યનારાયણ કહેવાય તો તેમને પધરાવ્યા.

આને લીધે બધાં દર્શન કરવા આવે. ધીમે ધીમે સંત સમાગમ કરે ને પછી શુદ્ધ નિષ્ઠા થાય.

- શિક્ષાપત્રી : ભગવાનના સ્વરૂપને વિશેના જે વચન શાસ્ત્રમાં હોય, તેમાંથી અતિ ઉત્કૃષ્ટ શબ્દો જ પ્રધાનપણે પામવા. (શ્લોક ૧૦૧-૧૦૨)

એ રીતે મહારાજે વચનામૃતમાં પોતાને માટે ઉપદેષ્ટા, ગુરુ, આચાર્ય, સાધુ કે સાધક એવી ઉપમા આપી છે. પરંતુ સર્વથી પર પોતે છે. એવું પણ વચનામૃતોમાં જણાવ્યું છે. તો આપણે સર્વોપરિપણાના શબ્દો જ ગ્રહણ કરવા જોઈએ. ◆

૨. વચનામૃત : ગઢડા મધ્ય ૯ : સ્વરૂપનિષ્ઠાનું, અવતાર જેવા જાણે તો દ્રોહ થયાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું નવમું : સ્વરૂપનિષ્ઠાનું, અવતાર જેવા જાણે તો દ્રોહ થયાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા ને તે સમે આનંદાનંદ સ્વામીએ પૂજા કરી હતી તે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાબની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો તથા કમરે જરકસી શેલું બાંધ્યું હતું તથા ગૂઢા આસમાની રંગનો રેંટો ખભા ઉપર નાખ્યો હતો અને હાથે રાખડીઓ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''કીર્તન બોલીએ.'' પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ''લ્યો, પરમેશ્વરની વાર્તા કરીએ.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહીં. અને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. અને જો ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહીં. માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'

...પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય......''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા પ્રથમ મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો,</u> '◎' <u>નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **વચનામૃત મહિમા :**

❋ ભગવાન સ્વામિનારાયણ આપણા ઈષ્ટદેવ છે. તેઓ સર્વોપરી અને સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે પોતાનો આવો પરિચય આપણને આ વચનામૃતમાં આપ્યો છે. તેથી આ વચનામૃત આપણા માટે ખૂબ જ અગત્યનું છે.

❋ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુપરંપરાએ શ્રીજીમહારાજનું સાચું સ્વરૂપ સૌને સમજાય તે માટે આ વચનામૃતના આધારે અનેકવાર વાતો કરી છે.

ઈ.સ. ૧૯૫૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અટલાદરા બિરાજ્યા હતા. પોતાના અંતિમ મંદવાડ દરમ્યાન એક રાત્રે ટાઢ આવી અને તકલીફ પણ વધી ગઈ. એ વખતે શાસ્ત્રીજી મહારાજ કહે, 'વચનામૃત ગઢડા મધ્ય-૯ તમામ

વચનામૃતોમાં સર્વોપરી છે.'

● **સમજણથી સુખ :**

❋ વર્તમાનકાળે દુનિયામાં સારું વર્તન રાખનારા સજ્જન પુરુષો ઘણા છે. પણ ગુણાતીતાનંદ સ્વામી ૫/૨૪૬મી વાતમાં કહે છે, **'સારા માણસને વર્તવામાં તો ફેર નથી પણ સમજવામાં ફેર રહે છે.'** ભગવાનનું સ્વરૂપ સમજવામાં સૌ ગોથું ખાઈ જાય છે અને દેહે કરીને સારું વર્તન હોવા છતાં મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી.

❋ નિષ્કુળાનંદ સ્વામી પણ કીર્તનમાં કહે છે,

'સખી સમજણમાં ઘણું સુખ છે,

મોટું મા'તમ રે, જાણજે મનમાંય કે...'

તેઓ કહે છે કે ભગવાનના સ્વરૂપનું વિશેષ માહાત્મ્ય સમજાય તો સુખ પ્રાપ્ત થાય.

● **સ્વરૂપનિષ્ઠાનું પ્રધાનપણું :**

❋ શ્રીજીમહારાજે અનેક પ્રસંગે નિયમ-ધર્મ અને ભગવાનની આજ્ઞાપાલનનો મહિમા સમજાવ્યો છે.

શ્રીજીમહારાજે વરતાલ મંદિરનું ખાત કર્યું. ત્યારપછી મંદિર બાંધકામ માટે તેમણે જોબન પગી પાસે આર્થિક સેવા માંગી. જોબન પગી કહે, 'મહારાજ અમારો (લૂંટફાટનો) ધંધો તો તમે બંધ કર્યો. તો ધનની સેવા અમારાથી કેવી રીતે થાય?' મહારાજ કહે, 'મારી આજ્ઞાથી જે ધર્મ પાળે તે જ મોટો, ધર્મ મારા પિતા છે. તેનો જે લગારેક ભંગ કરશે તે મારા પિતાનો દુશ્મન ગણાશે.'

આ રીતે પોતાના આશ્રિત ભક્તોને સ્વધર્મ પાળવા માટે મહારાજ હિતોપદેશ આપતા. છતાં મહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે, 'કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહીં...' મહારાજ આ વાક્ય ઉચ્ચારી મોટું જોખમ ઉઠાવે છે. કારણ કે, ભક્તોમાં નિયમ-ધર્મના પાલનમાં શિથિલતા આવવાનો સંભવ રહે. મૂળ તો મહારાજ એવું સમજાવવા માંગે છે કે નિયમ-ધર્મ કરતાં સ્વરૂપનિષ્ઠા ઘણી મહત્ત્વની છે.

❋ એકડો આગળ કર્યા વિના ગમે તેટલાં મીંડાં કરીએ પણ સરવાળો શૂન્ય જ રહે છે. તેમ સ્વરૂપનિષ્ઠા વિના ધર્માદિક અનેક સાધન કરીએ પણ ફળ શૂન્ય જ આવે.

ભગવાનના સ્વરૂપની નિષ્ઠા વિનાના વર્ણાશ્રમના ધર્મ કલ્યાણના માર્ગમાં અતિશય દૂબળા છે અને કલ્યાણ કરવા અસમર્થ છે **(વચનામૃત ગઢડા અંત્ય - ૨૧)**. બીજી તરફ, ભગવાનના નિશ્ચય સાથેનો ધર્મ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે.

❋ વળી, મનુષ્યનાં હાથ, પગ, નાક, કાન વગેરે અંગ કપાય તો તે મનુષ્ય મૂવો(મરેલો) ન કહેવાય. પરંતુ ધડમાંથી માથું કપાઈ જાય ત્યારે તેને મૂવો કહેવાય. તેમ નિયમ-ધર્મમાં ફેર પડે તે શરીરનું અંગ કપાયા બરાબર છે, જ્યારે ભગવાનનું સ્વરૂપ સમજવામાં ફેર પડે તે માથું કપાયા બરાબર છે.

શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૩**માં જણાવે છે કે, **'પરિપક્વ નિશ્ચયવાળાને કોઈક દિવસ કોઈક પ્રારબ્ધયોગે કરીને કાંઈક વર્તવામાં ફેર પડી જાય તો પણ તેનું અકલ્યાણ ન થાય. અને એવો નિશ્ચય ન હોય તો તેના કલ્યાણમાં ફેર છે.'**

● **ભગવાનનું સ્વરૂપ કેવી રીતે સમજવું ? :**

❋ મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતા લખ્યું છે,

સર્વકર્તા ચ સાકારઃ સર્વોપરિ સદા હરિઃ ।

મુમુક્ષૂણાં વિમોક્ષાય પ્રકટો વર્તતે સદા ॥૧૦૬॥

ભગવાન સદાય સર્વકર્તા, સાકાર, સર્વોપરિ છે અને મુમુક્ષુઓની મુક્તિ માટે હંમેશાં પ્રગટ રહે છે.

❋ અનેક વચનામૃતોમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ચાર વાત મુખ્યપણે

સમજવાની છે.

૧. ભગવાન સર્વોપરી છે,

૨. ભગવાન સાકાર છે,

૩. ભગવાન સર્વકર્તા છે અને

૪. ભગવાન પ્રગટ છે.

અત્રે આપણે આ વચનામૃતના આધારે શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન કેવી રીતે છે તે સમજવા માટે પ્રયત્ન કરીશું.

● **સર્વોપરી સમજવાની આવશ્યકતા :**

૧. અક્ષરધામની પ્રાપ્તિ માટે :

❊ ગુણાતીતાનંદ સ્વામી ૩/૧૨મી વાતમાં કહે છે, **'મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહીં.'** પછી શિવલાલ શેઠે પુરુષોત્તમપણું કેવી રીતે સમજવું તે અંગે પૂછ્યું ત્યારે સ્વામી કહે, 'મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે.'

ટૂંકમાં, સર્વોપરી સમજવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

❊ આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ રચિત દુર્ગપુરમાહાત્મ્ય ગ્રંથમાં રામદાસ સ્વામીનો એક પ્રસંગ નોંધાયો છે. રામદાસ સ્વામી ઉંમરમાં શ્રીજીમહારાજ કરતા મોટા હતા. મહારાજ તેમને 'ગુરુભાઈ' સમજતા. કોઈ અગત્યનો નિર્ણય લેવો હોય ત્યારે મહારાજ તેમની સાથે વિમર્શ કરતા. રામદાસ સ્વામી પણ મહારાજને ભગવાન સમજતા અને દેહપર્યંત તેમના શિષ્ય બનીને રહ્યા.

સંવત ૧૮૭૬માં રામદાસ સ્વામીએ ગઢડામાં અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો. શ્રીજીમહારાજ તેમની પાસે પધાર્યા એટલે તેમણે મહારાજનું પૂજન કર્યું. પછી સંતો-ભક્તોને સમીપે બોલાવી રામદાસ સ્વામીએ કહ્યું, 'આ શ્રીજીમહારાજ આપણી સમક્ષ મનુષ્ય જેવા દેખાય છે, પરંતુ સાક્ષાત્ પરાત્પર પુરુષોત્તમ નારાયણ સર્વોપરી ભગવાન છે. કાળ અને માયાના નિયંતા છે. તેથી મહારાજને જો તમે સર્વ અવતારના અવતારી સમજશો, તો જ તમારું આત્યંતિક કલ્યાણ થશે. તેમનાથી પર કોઈ નથી એમ હું જાણું છું. આમાં જો હું લગારે પણ અસત્ય બોલતો હોઉં, તો આ પાંચસો પરમહંસોના મને સમ છે. એટલું જ નહિ, પરંતુ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પણ પાપ મારે માથે છે.'

તેમની વાણીમાં નક્કર પ્રતીતિનો રણકાર ઉપસ્થિત સૌએ સાંભળ્યો હતો.

◎ ગોપાળાનંદ સ્વામીની વાત-૧/૧૦૮, ગુણાતીતાનંદ સ્વામીની વાત-૭/૧૫માં એક પ્રસંગ લખાયો છે -

એક હરિભક્તને શ્રીજીમહારાજે કહ્યું, 'અક્ષરધામમાં જઈ આવો.' પછી તે ભક્ત સમાધિ કરીને અનેક ધામ જોઈને અક્ષરધામમાં ગયા. ત્યાં તે ભક્તે મહારાજને પૂછ્યું, 'હે મહારાજ! આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને સત્સંગીઓને અન્ય ધામમાં દીઠા, તો તે અહીં અક્ષરધામમાં કેમ ન આવ્યા?'

શ્રીજીમહારાજ કહે, 'અમને તે તે ધામના પતિ જાણ્યા માટે ત્યાં રહ્યા છે, જેમણે અમને સર્વ અવતારના અવતારી જાણીને અને સર્વ ધામ થકી પર જે બ્રહ્મમહોલ(અક્ષરધામ) તેના પતિ જાણ્યા, તેમને અક્ષર(મુક્ત) જેવા કર્યા છે.'

ટૂંકમાં, જેને અક્ષરધામ પામવું હોય તેણે શ્રીજીમહારાજને સર્વોપરી સમજવા અનિવાર્ય છે.

૨. પતિવ્રતાની ટેક માટે :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૧૬**માં કહે છે કે, **'ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.'**

❊ જો સર્વોપરી ન જાણે તો પતિવ્રતાની ટેક ન રહે તે સ્વાભાવિક છે. જેમ લાખ રૂપિયાના હીરામાં મન લાગેલું હોય પરંતુ તેના કરતાં અધિક

કરોડ રૂપિયાનો હીરો મળે તો તેમાં મન લાગે. એમ, અધિક મૂલ્યવાળી વસ્તુમાં મન લાગે. પરંતુ સર્વોપરી વસ્તુ મળે ત્યારે મન ત્યાં જ સ્થિર થાય. પર્વતભાઈને સમજાઈ ગયું હતું કે શ્રીજીમહારાજ સર્વોપરી છે તો તેમને પતિવ્રતાની દૃઢ ટેક હતી.

❋ આધારાનંદ સ્વામી હરિચરિત્રામૃતસાગરમાં લખે છે: પર્વતભાઈ ભગવાન સ્વામિનારાયણને સર્વાવતારી અને સર્વના કારણ જાણતા હતા. અનેક અવતારોનાં દર્શન થવા છતાં તેમને શ્રીજીમહારાજમાંથી મન બીજે ન ગયું.

એક વખત શ્રીજીમહારાજ પર્વતભાઈની દૃઢતા તપાસવા વઢ્યા ત્યારે તેમણે કહ્યું : 'સર્વેના કારણ તમે મળ્યા છો. તમારા સામર્થ્યનો પાર નથી. અમે તો એક જ મતિ રાખી છે કે કારણમાં બધાં કાર્યો આવી જાય. મારે મન તમારાથી કોઈ વિશેષ નથી.' પર્વતભાઈ મહારાજને સર્વોપરી માનતા તેથી જ તેઓ મહારાજને વિષે પતિવ્રતાની ટેક રાખી શક્યા.

● **અવતાર-અવતારીનો ભેદ :**

❋ એક પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીની ઉપસ્થિતિમાં અવતાર-અવતારીનો ભેદ કેમ સમજવો તે અંગે ચર્ચા થઈ. ત્યારે એક જણે કહ્યું, 'ભવાયો ને વેષ.'(એક જ એક્ટર જુદા જુદા રોલ ભજવે, તેમ એક જ પરબ્રહ્મ જુદા જુદા અવતારો ધારણ કરીને તેનો વેશ ભજવે છે.) ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સાચી વાત સમજાવતાં કહ્યું, 'અવતાર અવતારીનો ભેદ એમ નહીં. રાજા ને રાજાનો ઉમરાવ(અમલદાર), તીર ને તીરનો નાખનારો, ને તારા ને ચંદ્રમા, એમ ભેદ જાણવો.'

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ એટલે કે શ્રીજીમહારાજ સ્વયં અને અન્ય અવતારો એક નથી, જુદા છે. મહારાજ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ તત્ત્વ છે. જ્યારે અવતારો ઈશ્વર તત્ત્વ છે. પુરુષોત્તમ તત્ત્વ સર્વથી ભિન્ન છે, પર છે અને સૌના નિયંતા છે.

શ્રીજીમહારાજને અન્ય અવતારો જેવા કહેવા કે સમજવાથી તેમનો દ્રોહ થાય છે. વડાપ્રધાનને રાજ્યના મુખ્યમંત્રી જેવા કહેવા તે વડાપ્રધાનનું અપમાન છે, દ્રોહ છે; તેમ એવું જ કંઈક પુરુષોત્તમ શ્રીહરિ અને અન્ય અવતારો માટે સમજી શકાય.

● **શ્રીજીમહારાજ સર્વોપરી - સાંપ્રદાયિક ગ્રંથોના આધારે :**

❋ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તે વાત અનેક સાંપ્રદાયિક ગ્રંથોમાં નોંધાયેલી છે. વચનામૃત, ગુણાતીતાનંદ સ્વામીની વાતો, ગોપાળાનંદ સ્વામીની વાતો, દુર્ગપુરમાહાત્મ્ય, હરિલીલામૃત, નિષ્કુળાનંદ કાવ્ય વગેરે અનેક ગ્રંથોમાં આ વાતનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૮માં** કહે છે, '**...અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે...**'

શ્રીજીમહારાજ પોતે જ સર્વોપરી ભગવાન છે, એવું દર્શાવતાં આ વચનો મહારાજના શ્રીમુખનાં છે. તેથી તેમાં કોઈપણ પ્રકારના સંશય કે તર્કને સ્થાન નથી.

● **શ્રીજીમહારાજ સર્વોપરી - તેમના ઐશ્વર્યના આધારે :**

❋ શ્રીજીમહારાજનું સમગ્ર જીવન અનંત પ્રકારના ઐશ્વર્યોથી ભરપૂર છે. તેમાંનાં કેટલાંક વિશિષ્ટ ઐશ્વર્યોનો વિચાર કરીએ...

૧. <u>સમાધિ પ્રકરણ</u> :

અષ્ટાંગયોગનું આઠમું પગથિયું સમાધિ છે.

અષ્ટાંગયોગનું દરેક પગથિયું સિદ્ધ કરવું લોઢાના ચણા ચાવવા જેવું કઠણ છે. જો પોતાને જ સમાધિ સિદ્ધ થવી અશક્ય જેવી બાબત હોય, તો અન્યને સમાધિ કરાવવાની શક્યતા ક્યાંથી સંભવે?

શ્રીજીમહારાજ અનેક જીવોને સહજપણે સમાધિ કરાવતા, જે તેઓને સર્વોપરી સિદ્ધ કરે છે. તેમણે જે રીતે, જેટલા પ્રમાણમાં અને જેવી સમાધિ કરાવી છે, તેવી સમાધિ પૂર્વે કોઈએ કરાવી નથી. તેનું વર્ણન પણ શાસ્ત્રોમાં ક્યાંય જોવા મળતું નથી. શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણની નોંધ સંપ્રદાયના તમામ ચરિત્રગ્રંથોમાં જોવા મળે છે.

◎ એક વખત શ્રીજીમહારાજે માંગરોળ ગામમાં સમાધિ દ્વારા પોતાનો અદ્ભુત પ્રતાપ જણાવ્યો. તેના પ્રતાપે ગામોગામથી લોકો માંગરોળ દર્શન માટે પહોંચતા. દરેકને પોતપોતાની ઉપાસના પ્રમાણે મહારાજમાં પોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં. કેટલાકને સમાધિ થતી અને ત્રણ-ચાર દિવસ સુધી શબવત્ પડ્યા રહેતા. કેટલાક પંદર દિવસ સુધી, કેટલાક મહિના સુધી સમાધિમાં દેહનું ભાન ભૂલી પડ્યા રહેતા. તેમના સંબંધીઓ તેમને શોધવા આવે ત્યારે, તેમને સૌને એકબાજુએ ઉપરાઉપર ખડકી રાખ્યા હોય, તેમાંથી મહારાજ શોધી લાવવાનું કહેતા. તેઓ ત્યાં જઈ સંબંધીના દેહને શોધી મહારાજ પાસે લાવતા, ત્યારે મહારાજ તેને સોટી અડાડતા અને તે ભક્ત સમાધિમાંથી જાગ્રત થઈ ઊભા થતા.

આ રીતે અનેક મુમુક્ષુઓને મહારાજનો પરમાત્મા તરીકે નિશ્ચય થતો.

◎ અનેકને કોઈ સાધના કે પાત્રતા વિના તાત્કાલિક સમાધિનો અનુભવ કરાવતા એવા ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં સહજાનંદ નામાવલિમાં કહ્યું છે, 'ૐ શ્રીસમાધિકારકાય નમઃ ।'

૨. <u>લક્ષાવધિ મનુષ્યોનું નિયમન</u> :

❊ જે સમયે ચોર, ડાકુ, ઠગ અને લૂંટારાઓના ત્રાસથી લોક ત્રાહિમામ પોકારતો હતો, અંધશ્રદ્ધાનાં સામ્રાજ્ય ઠેર ઠેર વિસ્તર્યાં હતાં. વ્યભિચાર વ્યવહાર બની ગયો હતો, તે સમયે શ્રીજીમહારાજે લોકોમાં આધ્યાત્મિકતાનું સિંચન કર્યું હતું. તેમણે અનેકનું સમૂળું પરિવર્તન કરી તેમને ઉત્તમ ભક્ત બનાવ્યા હતા, મોક્ષભાગી બનાવ્યા હતા.

❊ મહારાજે પાપીઓનો નાશ ન કર્યો, પરંતુ પાપીઓની પાપવૃત્તિ-દુઃસ્વભાવોનો નાશ કર્યો હતો; જે એક અજોડ કાર્ય જ કહી શકાય. તેમણે જોબન પગી, મુળજી લુહાણા જેવા અનેક લોકોને નિયમબદ્ધ કરી શુદ્ધ કર્યા હતા.

૩. <u>સમર્થ પરમહંસોનું નિયમન:</u>

❊ શ્રીજીમહારાજ પોતાની સાથે અક્ષરધામમાંથી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને તો લાવ્યા જ હતા, સાથે સાથે અનેક મુક્તોને પણ લઈને પધાર્યા હતા. સમર્થ હોવા છતાં તેઓ મહારાજની આજ્ઞામાં રહ્યા હતા. તેમની બ્રાહ્મી સ્થિતિ અને સામર્થ્યનું વર્ણન કરવા પાનાંઓના પાનાંઓ આરક્ષિત કરવાં પડે.

❊ ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગ-સિદ્ધ હતા, ગ્રહોની ગતિને ફેરવી શકતા.

સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કરાવેલા.

વ્યાપકાનંદ સ્વામીએ મરેલી ઘોડીને જીવતી કરેલી.

સચ્ચિદાનંદ સ્વામીએ ઇન્દ્રને વરસાદ પાડવા વિવશ કરેલા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વિદ્વત્તા-સાધુતાની દૃષ્ટિએ ભગવાન થઈને પૂજાય તેવા હતા.

નિત્યાનંદ સ્વામી વેદ-વેદાંતના પ્રખર જ્ઞાતા હતા.

આવા તો અનેક પરમહંસ-મુક્તો કઠપૂતળીની

જેમ શ્રીહરિની આંગળીના ઇશારે નાચ્યા, અતિ કઠિન એવા ૧૦૮ વિવિધ આદેશોમાંથી પસાર થયા; જે અસંભવ લાગતી હકીકત છે, એક ઐશ્વર્ય જ છે.

આ ત્રણ અદ્વિતીય ઐશ્વર્યો શ્રીહરિને પુરુષોત્તમ પરબ્રહ્મ સિદ્ધ કરે છે.

● **શ્રીજીમહારાજ સર્વોપરી - તેમના અસાધારણ કાર્યના આધારે :**

❊ શ્રીજીમહારાજના અસાધારણ અને વિશિષ્ટ કાર્યો પણ તેઓને અદ્વિતીય અને સર્વોપરી સિદ્ધ કરે છે. દા.ત. - મહારાજે સ્વયં સ્વામિનારાયણ મંત્ર આપ્યો અને તેમની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં જ લાખો ભક્તોએ આ મંત્ર દ્વારા તેમનું ભજન કર્યું.

- પોતાનાં શાસ્ત્રો અને હજારો કીર્તનોની પરમહંસો દ્વારા રચના
- વરતાલ મંદિરમાં પોતાની જ મૂર્તિની સ્વહસ્તે સ્થાપના
- વચનામૃતમાં ઉદ્‌બોધેલી આદર્શ બ્રાહ્મીસ્થિતિની અનેક બાઈ-ભાઈઓના જીવનમાં સિદ્ધિ
- આશ્રિતોને આત્યંતિક કલ્યાણનો કોલ અને તેની પ્રાપ્તિ
- ગુણાતીત સત્પુરુષ દ્વારા અખંડ પ્રાગટ્ય

શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ સંત દ્વારા પોતાના પ્રગટપણાનો કોલ આપીને આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ ચાલુ રાખ્યો છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહી અનેકનું આત્યંતિક કલ્યાણ કરી રહ્યા છે.

આમ, શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય અને કાર્યના આધારે પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજ સર્વોપરી સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

● **આ વચનામૃત સાથે જોડાયેલો ઇતિહાસ અને મર્મ :**

❊ આ વચનામૃત સાથે એક વિશિષ્ટ ઇતિહાસ જોડાયેલો છે.

સં.૧૯૧૧માં ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધારેલા ત્યારે એક દિવસ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના મેડે પધાર્યા. અહીં સભામાં સ્વામીએ આ વચનામૃતના આધારે સ્વરૂપનિષ્ઠાની જોરદાર વાતો કરી. શુકાનંદ સ્વામી પણ આ સભામાં બેઠા હતા. તેઓ શ્રીજીમહારાજની અખંડ ભેગા રહેલા. વળી, આ વચનામૃતનું લેખન પણ તેમણે એકલાએ કર્યું હતું. પરંતુ જ્યારે ગુણાતીતાનંદ સ્વામીના મુખે આ વચનામૃતની કથા સાંભળી ત્યારે તેઓ બોલી ઊઠ્યા, 'આ વચનામૃત લખ્યું મેં, શોધ્યું મેં, પરંતુ તે યથાર્થ તો આજે જ મને સમજાયું.'

શુકાનંદ સ્વામી વચનામૃત સંપાદિત થયાના ૩૩ વર્ષ સુધી તેનો યથાર્થ મર્મ સમજી શક્યા નહોતા. પરંતુ ગુણાતીત સત્પુરુષ થકી તેમને મહારાજનું સર્વોપરીપણું બરાબર સમજાયું.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો સાચો મહિમા પોતાની મેળે સમજાતો નથી. ગુણાતીત સત્પુરુષ થકી જ સમજાય છે. તેથી મોક્ષમાર્ગમાં સત્પુરુષનો સમાગમ અનિવાર્ય છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૧૩માં** કહે છે, **'જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'**

વર્તમાનકાળે એવા સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના સમાગમથી લાખો લોકોને આવી સર્વોપરી નિષ્ઠા થઈ છે. આપણા જીવનમાં પણ આવી સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ થાય એ જ મહારાજ-સ્વામીના ચરણોમાં પ્રાર્થના.

સભા : ૪૮ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા મધ્ય-૧૧ : કર્મમાત્ર ભક્તિરૂપ થયાનું.
❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું અગીયારમું : કર્મમાત્ર ભક્તિરૂપ થયાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેટલા ગ્રંથ છે તે સર્વે ગ્રંથોને સાંભળીને કેટલાક જે જીવ છે તે એ ગ્રંથોને ધર્મ, અર્થ ને કામ પર જાણે છે. પછી એમ જાણીને પોતે પણ ધર્મ, અર્થ ને કામ તેને જ અર્થે યજ્ઞ-વ્રતાદિક શુભ કર્મ કરે છે, પછી તે કર્મનું ફળ દેવલોક અથવા બ્રહ્મલોક અથવા મૃત્યુલોક તેને વિષે ભોગવીને પછી ત્યાંથી પડે છે ને નરક ચોરાશીમાં જાય છે. માટે જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે તે સર્વે સાત્ત્વિકી, રાજસી ને તામસી થાય છે ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે; પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહિ. અને જ્યારે મોક્ષ ન થાય ત્યારે જન્મ-મરણ અને નરકનું દુઃખ તે મટે નહિ. અને જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે. ત્યાં શ્લોક છે જે :-

'આમયો યેન ભૂતાનાં જાયતે યશ્ચ સુવ્રત ।
તદેવ હ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતમ્ ॥
એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ ।
ત એવાત્મવિનાશાય કલ્પન્તે કલ્પિતાઃ પરે ॥

એ શ્લોકનો પૂર્વે વાત કરી એ જ ભાવ છે. માટે એ વાર્તા છે તે સુધી અટપટી છે તે જો પૂરી સમજાણી ન હોય તો ભગવાનના ભક્ત હોય તેનો પણ સર્વ અજ્ઞાની જીવના સરખો દેહનો વ્યવહાર જોઈને તે ભગવાનના ભક્તનો અવગુણ લે; તેણે કરીને અવગુણનો લેનારો નારકી થાય છે. અને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે. કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાની ઇન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. અને જે ભક્તિ છે તે તો નૈષ્કર્મ્ય જે જ્ઞાન તે રૂપ છે. માટે હરિજનની ક્રિયા છે તે તો સર્વે નૈષ્કર્મ્યરૂપ છે.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું અગીયારમું જે તે રીતે થયું

● વચનામૃતની વિશેષતા :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ગીતાનાં પાંચ અધ્યાયો (૨, ૩, ૪, ૫, ૧૨) નો સારાંશ ચાર લીટીમાં આપે છે.

* બંધનમાં નાંખનારા કર્મોને ભક્તિરૂપ બનાવીને મોક્ષદાયક બનાવવા દિવ્ય ઔષધ બતાવે છે.
* ભક્તની અને વિમુખ જીવની ક્રિયા વચ્ચેનો સ્પષ્ટ ભેદ સમજાવે છે.

● નિરૂપણ :

* વચનામૃત એ સર્વશાસ્ત્રનો સાર છે.
* શ્રીજીમહારાજ વચનામૃતમાં પોતે આપેલા ઉપદેશ માટે જણાવે છે :

  'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણાદિક જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે શબ્દમાત્ર છે, તે સર્વનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે. ને સારનું પણ સાર છે.'(વચ.મ.૨૮)
* પૃથ્વી પરના બધા જ શાસ્ત્રો વાંચનારા દુનિયામાં કેટલા? ને વાંચીને સાચી રીતે સમજનારા કેટલા? ને સમજીને પરમ રહસ્ય શોધવાની ક્ષમતાવાળા કેટલા ?
* સો મણ રેતીના ઢગલામાં પાશેર ખાંડ શોધવી જેટલી કપરી છે, તેવું આ કપરું કાર્ય શ્રીજીમહારાજને સહજમાં સિદ્ધ હતું.
* દીનાનાથ ભટ્ટને ૧૮,૦૦૦ શ્લોકો ભાગવતના મોઢે હતા. પણ પોતાના માટે મોક્ષનો શ્લોક કયો છે તે ન શોધી શક્યા. શ્રીજીમહારાજે એમને 'પ્રસંગમજરમ્' શ્લોક સમજાવ્યો ત્યારે ખ્યાલ આવ્યો.
* ગીતાનાં જે પાંચ અધ્યાયો છે :

  બીજો અધ્યાય - સાંખ્યયોગ
  ત્રીજો અધ્યાય - કર્મયોગ
  ચોથો અધ્યાય - કર્મ બ્રહ્માર્પણયોગ
  પાંચમો અધ્યાય - કર્મ સાંખ્યયોગ
  બારમો અધ્યાય - ભક્તિયોગ

આ પાંચેય અધ્યાયોનો સમન્વય કરી તેનો સારાંશ આ વચનામૃતમાં ત્રણ લીટીમાં શ્રીજીમહારાજ સમજાવે છે.

● અવળી સમજણ અને તેનું પ્રતિપાદન :

* જગતમાં કેટલાક લોકો અવળી વાતોનું પ્રતિપાદન કરી મુમુક્ષુઓને ગેરમાર્ગે દોરે છે એ વાત વચનામૃતના આરંભમાં શ્રીજીમહારાજ કહે છે :

  શાસ્ત્રમાં ચાર પુરુષાર્થ કહ્યા છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પરંતુ કેટલાક લોકો ગ્રંથોને ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ માટે જ છે, એવું સમજાવી જે કાંઈ વ્રત-યજ્ઞાદિક સાધનો કરો તે તેના માટે જ કરો. એવી અવળી સમજણ પ્રવર્તાવે છે પરંતુ ચોથો પુરુષાર્થ મોક્ષની દઢતા કે તેનું પ્રતિપાદન કરતા નથી.
* કહેવત : શાસ્ત્ર, દીકરી ને ગાય, દોરે ત્યાં જાય. તે અનુસાર, શાસ્ત્રનો જેવો અર્થ કરવો હોય તેવો નીકળે.
* એક ગામમાં એક બ્રાહ્મણના દીકરાએ ભાગવતની કથામાં દારૂના નિષેધની વાતો કરી કહ્યું કે દારુનું એક ટીપું જોડા પર પડે, તો તે જોડો જે ઢોરના ચામડામાંથી બનાવ્યો હોય તે પણ નરકમાં જાય.' શ્રોતાઓને નવાઈ લાગી કારણ કે બ્રાહ્મણ પોતે દારૂ પીતો ને કથામાંય દારૂનું પ્રતિપાદન કરતો. શ્રોતાઓએ બીજે દિવસે બાપને આ માટે પૂછ્યું. ત્યારે બ્રાહ્મણ કહે, 'હા, ટીપું પીવે તો નરકમાં જાય, પણ ઘડે ઘડા પીવે તો સીધો ભગવાન પાસે જાય.'
* તેથી શ્રીજીમહારાજ કહે છે : 'શાસ્ત્રનું શ્રવણ સત્પુરુષ થકી જ કરવું પરંતુ અસત્પુરુષ થકી ન કરવું. (લોયા-૧૧, ગ.પ્ર. ૬૬, ગ.મ. ૧૩)
* જે અર્થ અને કામમાં આસક્ત હોય ને તેને અર્થે જ બધી ભક્તિ સંબંધી પ્રવૃત્તિ જેવી કે કથા, કીર્તન, વ્રત, પૂજા, આદિક કરતો હોય તેવાના સંગે સાચી વાત જાણવા ન મળે.

* રામાયણ કે ભાગવતની કથા આજીવિકા માટે કરતો હોય, તે સાચું જ્ઞાન ક્યાંથી આપી શકે ?
* નિષ્કુળાનંદ સ્વામીએ આવા અસંતની મનોદશા વર્ણવતા સુંદર પદો લખ્યા છે :

જેના અંતરમાં કામ, ક્રોધ, લોભની લાહ્ય બળે;
એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે.
એવા વિકારી જનની વાત, દેનારી છે દુઃખની;
જેના અંતરમાં દિનરાત, ઈચ્છા વિષય સુખની.
એને અરથે કરે ઉપાય, શોધી સારા ગામને;
પોતે પોતાનું માહાત્મ્ય ગાય, ચહાય દામ વામને.
કરે કથા કીરતન કાવ્ય, અરથ એ સારવા;
ભલો દેખાડે ભક્તિભાવ, પર ઘર મારવા.
એથી કે'દિ ન થાય કલ્યાણ, જિજ્ઞાસુને જાણવું;
કહે નિષ્કુળાનંદ નિરવાણ, પે'ખી પરમાણવું.

* દુનિયાભરમાં અનેક દેવ-દેવીઓની માનતા-પૂજા-પ્રદક્ષિણા-સેવા-ભક્તિ-તીર્થયાત્રા-વ્રત-યજ્ઞાદિક શાના માટે ? અર્થ, કામ, સત્તા, સંપત્તિ, સુંદરી માટે જ. આવા રાજસી-તામસી લોકો કે જેમને વિષયભોગ એ જ તાન છે અને એના માટે જ લૌકિક અને કેટલીક ધાર્મિક પ્રવૃત્તિ કરતા હોય છે. પણ એનું ફળ તો આ મૃત્યુલોક કે પાતાળલોકની પ્રાપ્તિ છે. અનંત જન્મ-મરણના દુઃખો છે. રાવણે અને હિરણ્યાકશ્યપુએ પણ કઠોર તપ કરેલું પણ શા માટે ? લૌકિક કામના માટે. પૂર્વે રાજાઓ અશ્વમેધ-રાજસૂય વગરે યજ્ઞો કરાવતા શા માટે ? લૌકિક કામના માટે જ...
* કેટલાક સાત્ત્વિક લોકો લૌકિક ફળની આશા વિના પણ ધાર્મિક કર્મકાંડ જેવી સાત્ત્વિક ક્રિયાઓ કરતા હોય છે. તેનું ફળ સ્વર્ગાદિક છે. પણ મુક્તિ તો નથી જ.

યજ્ઞયાગે કરી સ્વર્ગસુખ ભોગવે,
પુણ્ય ખૂટ્યે પડે નક્કી પાછો;
તીર્થ ને વ્રત તણું જોર પણ ત્યાં લગી,
ગુરુગમ વિના ઉપાય કાચો.

- મુક્તાનંદ સ્વામી

* આ રીતે લૌકિક કામનાથી થતા તપ, ત્યાગ, યોગ, યજ્ઞ, વ્રતાદિક સાધનોથી મુક્તિ ન થતા જીવ ત્યાંનો ત્યાં જ રહે જ છે.
* એક ચારણ પોતાના ઘરે ભોજન બચાવવા ૧૫ દિવસ બહારગામ યજમાનોના ઘેર પધરામણી કરી આવ્યા. ઘેર પાછા આવ્યા ત્યાં ૧૫ મહેમાનો બે દિવસથી તેમના ઘેર પડ્યા-પાથર્યા હતા. ચારણને જોઈને મહેમાનોએ પૂછ્યું, 'ક્યાં ગયા હતા ?' ચારણ કહે, 'હતા ત્યાંના ત્યાં.' કહેતા જે બચાવ્યું હતું તે બધું સરભર થઈ ગયું. તેમ સત્કર્મ કરે તો સ્વર્ગ મળે. ને પાછું કર્મફળ ખૂટે તો નીચે.
* તેથી મુક્તાનંદ સ્વામી કહે છે :

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્ગુરુ શબ્દ વિણ સર્વે કાચુ.

● આધુનિક હવા

* કેટલાક સત્વગુણી અને બુદ્ધિજીવી માણસો ભાગવત, ગીતા, રામાયણ, ઉપનિષદ્ જેવા ગ્રંથોનું મૂળ તાત્પર્ય સમજ્યા વિના પોતાની બુદ્ધિમાં બેસે એવા તેના અર્થ કરી સૌને મોક્ષ માર્ગથી વિચલિત કરતા હોય છે. પરંતુ આ ગ્રંથોનું પણ મૂળ રહસ્ય તો ભગવાનની શરણાગતિ સ્વીકારી પોતાનો મોક્ષ કરવો એ જ છે. પણ આ સમજ્યા વગર 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'નો ઢોલ વગાડી બધાને સમાજ સેવાને રવાડે ચડાવી દે છે.
* ગરીબોને જમાડો, અન્નદાન કરો, વસ્ત્ર આપો, શાળા-હૉસ્પિટલો બંધાવો... આ જ માનવધર્મ છે. મંદિરોની શું જરૂર ? ભગવાનની પૂજા એ દંભ છે. મોટા ઉત્સવ કે સમૈયા એ ખોટા ખર્ચા છે.' આવી બુદ્ધિપૂર્વકની રજૂઆતથી લોકોને સાચા માર્ગથી ચલિત કરે છે.
* સમાજ સેવા ન કરવી એવું નથી. ભગવાન સ્વામિનારાયણે સમાજ સેવા કરી જ છે - કરાવી જ છે. પણ મુખ્ય ધ્યેય એ નથી. મુખ્ય ધ્યેય ભગવાન છે. જો એ ભૂલાયા તો કેવી દશા થશે

એની વાત નિષ્કુળાનંદ સ્વામી કરે છે :

જેમ સો સો શૂન્ય સારા કરે, પણ એક ન કરે જો આગળે;
તો સરવાળો શાનો મેલશે. તે કરે છે કાળપ કાગળે.
તેમ એક હરિને પરહરે, બીજી કરે ચતુરાઈ કોટ,
તે તો માથાફર ચાલે મારગે, જેમ જેમ ચાલે તેમ ખોટ.

* ભગવાનને મૂકીને કેવળ સમાજસેવાની પીપૂડી જેણે જેણે વગાડી છે, તે સર્વેને અંતે પારાવાર નિરાશા, અફસોસ, પસ્તાવો, ઉદ્વેગ, અશાંતિ અને અપૂર્ણતાનો અનુભવ થયો છે : આ રહ્યા તેના દાખલાઓ :
* **વિવેકાનંદ સ્વામી,** જેમણે દરિદ્રનારાયણની સેવાનો ઝંડો લઈને સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો માર્યો. તેમણે ઈ.સ. ૧૯૦૧માં તેમની શિષ્યા મેરી હેઈસને પત્ર લખ્યો તેનો અમુક અંશ આ મુજબ છે : હું મરણકાંઠે પહોંચેલો માણસ છું. મૂર્ખાઈમાં ગાળવા માટે હવે મારી પાસે વખત નથી. આખું જીવન આ જગત માટે કામ કર્યું છે. છતાં એ જગત જ્યાં સુધી એને એક રતલ માંસ ન આપીએ ત્યાં સુધી બદલામાં એક ટૂકડો રોટી આપતું નથી. હવે મેં ભારત અથવા બીજા કોઈ પણ દેશના બધા વિચાર છોડી દીધા છે. હવે હું સ્વાર્થી બન્યો છું. માત્ર મારો જ ઉદ્ધાર ચાહું છું.'
* ઈ.સ. ૧૯૭૦માં મેરીને ફરી પત્ર લખ્યો : છેલ્લા બે વર્ષ ખાસ ખરાબ ગયા છે. મેં તે દરમ્યાન માનસિક નરકમાં જીવન ગાળ્યું છે. જીવનમાં એક ક્ષણની પણ શાંતિ મેં અનુભવી નથી.
* ને છેવટે સાચી વાત સમજાતા કલકત્તામાં મહાકાળીના ચરણોમાં માથું મૂકીને કરગરતાં, રડતાં કહેલું કે, 'મા, તારો બાળક આજે તારે શરણે પાછો આવ્યો છે. સમાજ સેવા-ગરીબોની સેવા એ મારા અહંકારની ભાષા હતી.'
* **ગાંધીજી :** સમગ્ર જીવન દેશસેવામાં હોમી નાખનાર ગાંધીજીના અંતિમ ઉદ્‌ગારો :
  - હું આ ધરતી પર નિરર્થક બોજો છું. હું હવે ચલણી સિક્કાનો પણ નથી રહ્યો.
  - હું નથી બોલતો મારું મડદું બોલે છે. મારો અવાજ ભારતમાં અરણ્યરુદન છે.
  - હું તો ચિતા પર ભડકે બળું છું. મારા મિત્રો મને કૂતરાની જેમ હડહડ કરે છે. (નવનીત સમર્પણ-૧૯૮૩, ફેબ્રુ.)
* મહાન સમાજ સુધારક **કવિ નર્મદે** પોતાના ષષ્ઠિપૂર્તિ મહોત્સવ વખતે પધારી એમની સમાજસેવાને બિરદાવી ત્યારે કહે છે : 'મેં જેટલું સમાજ સુધરાવા માટે કામ કર્યું એટલો પ્રયત્ન મારા આત્મા માટે કર્યો હોત તો કલ્યાણ થાત.'

  વળી એક વખત નર્મદે કહેલું : 'ઈતિહાસનો જેમ જેમ અભ્યાસ કરતો જાઉં છું એમ ખાત્રી થતી જાય છે કે સુધારો આમ નહીં આવે. ધર્મ તરફ પાછા વળ્યા વિના આરો નથી. આજ સુધી વ્યર્થ વલોપાત કર્યો.'

  તેમના સેવક ગોકળદાસે કહ્યું : 'તમે જે જગત માટે કર્યું, તે કાંઈ ઓછું નથી.'

  નર્મદ : 'પણ એ હવામાં બાચકા હતા. જગતનો ઈતિહાસ જેમ જેમ શીખતો જાઉં છું તેમ તેમ થાય છે કે જીવનની ગણતરી મૂકવામાં ક્યાંક ભૂલ થઈ ગઈ છે. ક્યાંક કશુંક ખોટું થઈ ગયું છે. હવે નવેસરથી ગણ્યા વિના છૂટકો નથી. આજથી જ હું લોકોને કહેવા માંડવાનો છું કે પાછા વળો ભાઈ, પાછા વળો.' સનાતન ધર્મ એ જ સત્ય છે. એમાંથી જેટલા ભ્રષ્ટ થઈશું તેટલી જ અધોગતિ છે.'
* જેમ મીઠું સૌને ખારું જ લાગે, તેમ માત્ર સમાજ સેવા કે માનવસેવામાં આવો ખાલીપો સેંકડોને અનુભવાયો છે, જ્યારે બીજી બાજુ નરસિંહ, મીરાંબાઈ, તુકારામ, સૂરદાસ કે પાંચસો પરમહંસોના જીવનમાં હતાશાનો હરફ સરખો જોવા મળતો નથી. તેમના કીર્તનોમાં આનંદ-કેફ-ખુમારી છલકાતી જોવા મળે છે. કારણ કે તેમની સમગ્ર ક્રિયા, વિચાર કે વાણીનું

કેન્દ્ર ભગવાનની પ્રસન્નતા હતી.

* નિષ્કુળાનંદ સ્વામી :
  - **ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં કોટિ થયાં કલ્યાણ;**
  - **શીદને રહીએ રે કંગાલ રે સંતો, જ્યારે મળ્યો મહા મોટો માલ રે સંતો.**
* મુક્તાનંદ સ્વામી :
  પિયા પાયા તો ફિર ક્યાં સોના.
* યોગીજી મહારાજ : ૫૦ વર્ષથી એક ધારું સુખ ને શાંતિ છે.
* પ્રમુખસ્વામી : ચૌદ લોકના બ્રહ્માંડના સુખ કરતા ભગવાનનું સુખ અધિક આવે છે.

- **ભગવાનની પ્રસન્નતાર્થે કરેલા કર્મનું ફળ :**

* બારણા પર લગાવેલું તાળું બંધ કરવા કે ખોલવા, એક જ ચાવી હોય છે. બંધ કરવાની ચાવી જુદી ને ખોલવાની ચાવી જુદી એવું નથી હોતું. પરંતુ તાળું ખૂલશે કે બંધ થશે તેનો આધાર ચાવી કઈ દિશામાં ફરે છે એના પર છે. જો ચાવી જમણી તરફ ફરે તો તાળું ખૂલે ને ઊલટી દિશામાં ફરે તો બંધ.
* એવી જ વાત શ્રીજીમહારાજ અહીં કહે છે. ફળની ઈચ્છાનો ત્યાગ કરીને એના એ જ શુભ કાર્યો જો ભગવાનની પ્રસન્નતાને અર્થે થાય તો તે કર્મો ભક્તિરૂપ થઈને મોક્ષ અપાવે છે.
* જે કર્મો બંધનમાં નાખે, તે જ કર્મો મુક્તિ અપાવે.
* જે કર્મો વાસના વધારે, તે જ કર્મો વાસના બાળે,
* જે કર્મો જન્મમરણ ઊભા કરે, તે જ કર્મો જન્મમરણ ટાળે.
  જો ફળની અપેક્ષા રાખ્યા વગર કરે તો.
* એક વ્યક્તિને ઘી ખાવાથી રોગ થયો. વૈદ્ય પાસે ગયો. વૈદ્ય ઔષધિ આપીને કહે : 'આને ઘી સાથે લેજો.' દર્દીને સંશય થયો કે ઘી ખાવાથી તો રોગ થયો છે વળી પાછું ઘી ?' ત્યારે વૈદ્ય કહે છે, 'હવે ઘીમાં આ ઔષધિ ભળશે, ત્યારે એ જ ઘી તમારા માટે અમૃત જેવું કાર્ય કરશે.' એમ આપણા દ્વારા થતા કર્મોમાં 'ભગવાનને રાજી કરવા છે' એ ભાવ ભળે તો એ જ કર્મ મુક્તિરૂપ બની જાય છે.
* ગ.મ. ૪૫ : ભગવાન અને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય તો તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ ભૂંડાં કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે.
* શ્રીજીમહારાજ ભક્તિની એક વિસ્તૃત વ્યાખ્યા અહીં આપે છે. સામાન્ય રીતે મંદિરમાં આરતી કરવી, થાળ કરવા, શણગાર કરવા, અર્ચા-પૂજા કરવી, દંડવત્, પ્રદક્ષિણા, માળા, કીર્તન વગેરે ભક્તિ મનાય છે. પરંતુ શ્રીજીમહારાજના અહીં દર્શાવેલા મત પ્રમાણે આ બધું જ જો ભગવાનની પ્રસન્નતા માટે ન થતું હોય ને પોતાના લૌકિક મનોરથો પૂર્ણ કરવાનો ભાવ હોય તો તે ભક્તિ નથી.
  જ્યારે બીજી બાજુ ભગવાન અને સંતની પ્રસન્નતાર્થે ગમે તેવી પ્રવૃત્તિ-બાંધકામ, બાગબગીચા, લેખન, ગાયન, વાંચન, ધર્માદો ઉઘરાવવો, સાફસૂફી કે બીજી કોઈપણ પ્રવૃત્તિ કરો તે ભક્તિ બની જાય છે ને મોક્ષ અપાવે છે. બાહ્ય રીતે આ બધી પ્રવૃત્તિ જણાય, પણ નિવૃત્તિ જ છે અને એ જ ભક્તિરૂપ છે. (મ.૧૪, વ.૧૭, અં. ૨૧)
  એટલું જ નહીં પરંતુ ગૃહસ્થ પોતાના વ્યવહાર સંબંધી પ્રવૃત્તિ (ખેતી-ધંધો-નોકરી વગેરે) એ બધું જ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો તે પણ ભક્તિરૂપ બને છે ને મુક્તિ અપાવે છે.

- **કેવી રીતે કર્મ કરીએ તો ભગવાન પ્રસન્ન થાય ?**

૧. અનન્ય શરણાગતિ પૂર્વક
૨. આજ્ઞા પ્રમાણે અને મનગમતું મૂકીને
૩. માન, ઈર્ષ્યા, દ્વેષ, મત્સર, ક્રોધ આદિક મલિન સ્વભાવો રહિત થઈને

૪. પોત-પોતાના વર્ણાશ્રમના નિયમોમાં અતિ દૃઢ રહીને

૫. અહંતાનો ત્યાગ કરીને : 'આ મેં કર્યું.' એવા કર્તાપણાના **અહંનો** ત્યાગ કરી હું તો આમાં નિમિત્તમાત્ર છું એવો ભાવ રાખીને.

* મનમાં 'આ મેં કર્યું છે તેથી તેના પર મારો અધિકાર છે' આવી **મમત્વ** ભાવનાનો ત્યાગ કરીને.

* **કામનાનો ત્યાગ :** 'મેં કર્યું તેથી મને આટલું ફળ મળવું જોઈએ.' એવી કોઈ પણ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરીને.

* સ્મૃતિ સહિત અર્થાત્ ભજન કરતાં કરતાં કર્મ કરવામાં આવે.

● શરૂઆતમાં આ અશક્ય લાગે પણ, બાળમંદિરમાં જતો બાળક જો પુરૂષાર્થ ચાલુ રાખે તો તે જરૂર Ph.D. સુધી પહોંચી જ શકે.

● શ્રીજીમહારાજના ૫૦૦ પરમહંસો આ રીતે પ્રવૃત્તિમાં જોડાયેલા હતા. શાસ્ત્રીજી મહારાજ કે યોગીજી મહારાજનું જીવન લક્ષ્ય સાથે જ પણ આ સતત પ્રવૃત્તિમય હતું.

* એક મઠધારી ને ૧૦૦ સંસારી-બેયનો વહેવાર સરખો હોય. એ રીતે આજે પ્રમુખસ્વામી મહારાજ સતત પ્રવૃત્તિમાં હોય છે. મંદિરો, છાત્રાલયો, શાળા, કૉલેજો, ૬૦૦ સંતો, લાખો હરિભક્તો, સામાજિક પ્રવૃત્તિઓ વગેરેથી તેઓ તરબતર હોય છે છતાં તેમની પ્રત્યેક ક્રિયા ભક્તિરૂપ છે. કારણ કેવળ ભગવાનને જ કેન્દ્રમાં રાખીને તેઓ ક્રિયા કરે છે.

● **ભક્તનો અવગુણ લેનાર નારકી થાય છે :**

* આ એક મૌલિક વાત શ્રીજીમહારાજ અહીં કરે છે. આ ઉપર સમજાવી એ વાત જો સમજાઈ ન હોય, તો ભક્તનો અન્ય જીવના સરખો વ્યવહાર જોઈને, જો કોઈને અવગુણ આવે તો તે નારકી થાય છે.

* 'પ્રમુખસ્વામી તો સાધુ છે. તેમણે તો નિર્લેપ રહીને જંગલમાં રહેવું જોઈએ. દેશ-પરદેશમાં પ્લેનમાં ફરવું, મર્સીડીઝ વાપરવી. બંગલામાં રહેવું ને ભોગ ભોગવવા, ખાવું-પીવું ને મઝા કરવી.' આ વિચાર જો કોઈને આવે તો તે વિચારનારો નારકી થાય છે. કારણ કે તેને મૂળ હાર્દ સમજાયું નથી કે સ્વામીશ્રી પ્રત્યેક ક્રિયા અનાસક્તિપૂર્વક જ કરે છે.

વળી, કેટલાંક ગૃહસ્થો પણ પોતાના વર્ણાશ્રમની મર્યાદા પ્રમાણે સંસારમાં રહેવા છતાં ભગવાન કે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જ - તેમની જ પ્રસન્નતાને અર્થે સર્વ ક્રિયા કરતા હોય છે. તેથી તેમની સર્વક્રિયા ભક્તિરૂપ થઈને મોક્ષપ્રદ બની શકે છે.

પરંતુ એ ગૃહસ્થના અંતરનો નિર્લેપભાવ સમજતા ન હોય તો અવગુણ લેનારને મહાહાનિ થાય છે.

* બંધિયાના ડોસાભાઈ વેપાર કરે. કાને દાતણ ખોસ્યું હોય, તે ૧૦ વાગે યાદ આવે. આખા ગામમાં તેનો વેપાર સૌથી વધુ. ગામમાં બધાને એવી જ છાપ કે આ ગળા સુધી વ્યવહારમાં ડૂબેલા છે. પરંતુ શ્રીજીમહારાજનો પત્ર આવ્યો કે તરત જ સાધુ બનીને મંદિરમાં બેસી ગયા. સંસારમાં રહે તો જળકમળવત્ રહે.

* જનક રાજા આખા રાજ્યનો વ્યવહાર કરતા, પણ અંતરથી નિર્લેપ રહેતા. આત્મા અને પરમાત્માનું સતત અનુસંધાન રાખતા.

* આવા ભક્તોને ધન-ધામ-પરિવાર કે સામાજિક વિપત્તિઓથી કોઈ વિચલન થતું નથી. આથી સમજ્યા વિના એવાનો અવગુણ લે તે નારકી થાય છે.

● **વિમુખજીવ અને ભક્તની ક્રિયામાં ઘણો ફેર છે :**

* હૉટલમાં રસોઈયો રસોઈ બનાવતો હોય અને ઘરમાં માતા કે બહેન રસોઈ બનાવતા હોય, તે બેમાં ફેર છે. બંનેની ભાવના, આશા, ઉત્સાહ-

બધામાં જ ફેર હોય છે. રસોયાને એ માત્ર નોકરી જ લાગે છે. વેઠ લાગે છે. ગમે તેવું રંધાઈ જાય કે જલદી પુરું થાય એ જ ભાવ રહે છે. જ્યારે માતા કે બહેન અંતરના ભાવથી રસોઈ બનાવે છે.

* એટલો જ ફેર વિમુખ જીવની ક્રિયા અને ભક્તની ક્રિયામાં છે.
* વિમુખ જીવની તમામ ક્રિયાઓ વાસના વશથી થાય છે. અહંમમત્વથી વિષયભોગની પ્રાપ્તિ માટે જ તે નોકરી-ધંધો-વ્યાપાર કે ખેતી કરે છે. જ્યારે ભક્ત જે જે કર્મ કરે છે તે વિમુખ જીવ જેવો જ લાગે, પરંતુ તેની પાછળનો આશય ભગવાનની પ્રસન્નતા અને ભગવાનની સેવા હોય છે. તેનું ધન-ધામ-વૈભવ-સંપત્તિ-ઘર-બંગલા-ગાડી બધું જ ભગવાન અને ભક્તની સેવામાં જ વપરાય છે. તેથી તે નૈષ્કર્મ્ય છે. બંધનરહિત છે.
* દાદાખાચર, પર્વતભાઈ, શિવલાલ શેઠ કે આજે પ્રમુખસ્વામીના અસંખ્ય હરિભક્તો, આ ભાવથી સેવા કરે છે. મોટા મહોત્સવોમાં મહિનાઓ સુધી નોકરી-ધંધા બંધ કરી સેવાઓ કરી છે. તને-મને-ધને હોમાયા છે. શા માટે ? ભગવાન અને ગુરુને રાજી કરવા માટે. માટે તેમના પ્રત્યેક કર્મ ભક્તિરૂપ છે ને મોક્ષગતિ આપનારા છે.
* જેતલપુરની ગણિકાએ ઘઉં દળવા જેવી સામાન્ય ક્રિયા ભગવાન માટે કરી તો તે પરમપદને પામી.
* ભાલની બીબડીએ તો માત્ર દાતણ જ આપ્યું, પણ તે ય મોક્ષપદ પામી.
* ગઢડા મંદિરના પાયામાં એક મુસલમાને માત્ર પથરો નાખ્યો, તો ય ભગવાને તેનું કલ્યાણ કર્યું.
* આવી અલ્પ સેવા ભગવાનને અર્થે જાણતા-અજાણતા થઈ જવાથી તેમનું રૂડું થતું હોય તો પણ સર્વસ્વ ભગવાન અને સંતને અર્થે જ એમને રાજી કરવા માટે જ અર્પણ કરનાર, ભક્તના પ્રત્યેક કર્મ ભક્તિરૂપ જ હોય, મોક્ષદાયક જ હોય તેમાં શું કહેવું ?

● **આપણે શું કરવું ?**

દિવસ દરમ્યાન થતા પ્રત્યેક કાર્યમાં અંતદષ્ટિ કરીને પ્રશ્ન પૂછવો કે મારા આ કાર્યથી મહારાજ-સ્વામી પ્રસન્ન થયા ? થાય છે ? કે થશે ?

જો ઉત્તર 'હા' હોય તો, તે કર્મ ભક્તિરૂપ બનીને મોક્ષ આપશે. ◆

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૧૧મું : કર્મમાત્ર ભક્તિરૂપ થયાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેટલા ગ્રંથ છે તે સર્વે ગ્રંથોને સાંભળીને કેટલાક જે જીવ છે તે એ ગ્રંથોને ધર્મ, અર્થ ને કામ પર જાણે છે. પછી એમ જાણીને પોતે પણ ધર્મ, અર્થ ને કામ તેને જ અર્થે યજ્ઞ-વ્રતાદિક શુભ કર્મ કરે છે. પછી તે કર્મનું ફળ દેવલોક અથવા બ્રહ્મલોક અથવા મૃત્યુલોક, તેને વિષે ભોગવીને પછી ત્યાંથી પડે છે ને નરક-ચોરાસીમાં જાય છે. માટે જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે તે સર્વે સાત્ત્વિકી, રાજસી ને તામસી થાય છે ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે; પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહીં. અને જ્યારે મોક્ષ ન થાય ત્યારે જન્મ-મરણ અને નરકનું દુઃખ તે મટે નહીં. અને જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું અગિયારમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **વચનામૃતનો મહિમા :**

મૂળ અક્ષરમૂર્તિ **ગુણાતીતાનંદ સ્વામી**એ આ વચનામૃતનો મહિમા કહેતા ૪/૬૦મી વાતમાં કહ્યું કે, **'ગૃહસ્થમાત્ર આ વચનામૃત સમજે તો અંતરે શાંતિ રહે.'** અન્ય એક વાતમાં સ્વામી કહે છે કે **'આ (વચનામૃતની) વાત ન સમજ્યા હોય ત્યાં સુધી સંશય મટે જ નહીં.'**

● **ચાર પુરુષાર્થની વિક્તિ :**

❈ આપણાં શાસ્ત્રોમાં ચાર પ્રકારના પુરુષાર્થની વાત આવે છે. પુરુષપ્રયત્ન કરીને જે મેળવવામાં આવે છે, તેને પુરુષાર્થ કહેવાય છે. આ ચાર પુરુષાર્થ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

૧. ધર્મ એટલે શાસ્ત્રોક્ત વિધિનિષેધરૂપ સદાચાર માટે થતો પુરુષાર્થ. આ પ્રમાણે વર્તવું અને આ પ્રમાણે ન વર્તવું. ચોરી ન કરવી, વ્યસન-દૂષણ-વ્યભિચાર ન કરવો, પ્રામાણિક રહેવું.

૨. અર્થ એટલે ધન, આજીવિકા મેળવવા માટે થતો પુરુષાર્થ. સંસારમાં રહેવા માટે અર્થની જરૂર રહે જ છે. તેનાથી જ જીવનનિર્વાહ થાય છે, પરિવારનું ભરણ-પોષણ થાય છે.

૩. કામ એટલે વિવિધ પંચવિષયના ભોગની પ્રાપ્તિ માટે થતો પુરુષાર્થ.

૪. મોક્ષ એટલે આ દેહે કરીને અંતે મેળવવાનું છે, તેના માટેનો પુરુષાર્થ. મોહ (અજ્ઞાન) ટાળી જ્ઞાન મેળવવા માટે થતો પુરુષાર્થ.

● **<u>ભગવાન ભજવાનો હેતુ</u> :**

❊ આજે પૃથ્વી પર ઘણા લોકો પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ભગવાન ભજે છે, પરંતુ ભગવાન ભજવા પાછળનો હેતુ જુદો જુદો હોય છે. આપણાં શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના ભક્તોની વાત આવે છે -

(૧) આસુરી ભક્તો : આ ભક્તો ઐશ્વર્ય અને સિદ્ધિઓ મેળવવા માટે સાધન કરતા હોય છે. જે મળ્યા પછી તેનો દુરુપયોગ કરતા હોય છે.

(૨) દૈવી ભક્તો : આ ભક્તો મુશ્કેલી આવે ત્યારે તેમાંથી ઉગરવા માટે સાધના કરતા હોય છે. આ ભક્તો સકામ ભાવના (લૌકિક ઈચ્છાઓ)ની પરિપૂર્તિ માટે સાધના કરતા હોય છે.

(૩) નિષ્કામ ભક્તો : આ ભક્તો કેવળ ભગવાન અને સંતને પ્રસન્ન કરી મોક્ષ મેળવવા માટે સાધના કરતા હોય છે. આ લોકના પદાર્થોની તેમને કોઈ અપેક્ષા હોતી નથી.

❊ શ્રીમદ્ભાગવતના સાતમા સ્કંધમાં પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુનું આખ્યાન આવે છે. હિરણ્યકશિપુએ ત્રિલોકના સમ્રાટ થવાના સંકલ્પ સાથે, ઋષિઓ જેવું ઐશ્વર્ય મેળવવા માટે મંદરાચલની તળેટીમાં કઠણ તપ કર્યું. તેનું શરીર ઊધઈની માટી, ઘાસ અને વાંસનાં વૃક્ષોથી ઢંકાઈ ગયેલું. કીડીઓ તેનું લોહી ચૂસી ગયેલી, છતાં તે તપમાં અડગ રહ્યો. વર્ષો પછી તેને બ્રહ્માજીએ વરદાન આપ્યું. હિરણ્યકશિપુએ તપ કર્યું, પણ તેની પાછળનો હેતુ ઐશ્વર્ય મેળવવાનો હતો.

આપણે પણ ઘણી વાર વિવિધ પ્રકારનાં કઠણ તપ-વ્રત કરીએ, પરંતુ તેમાં ભગવાન પ્રસન્ન થાય અથવા મારો મોક્ષ થાય તેવો વિચાર રહેતો નથી. કેટલાંક વ્રત સારો પતિ અથવા પત્ની મળે અને કેટલાંક વ્રત સંપત્તિ-સંતતિ પ્રાપ્તિ માટે થતાં હોય છે. કેટલાક વજન ઓછું કરવા તપ-વ્રત કરતા હોય છે.

❊ દાન કરવાની પ્રવૃત્તિ પાછળ આપણી વૃત્તિ કેટલીક વાર કેવી હોય છે ? હું આટલું દાન કરું તો મને આટલો લાભ થવો જ જોઈએ. કદાચ આપણે બોલીએ નહીં, પરંતુ અંતરમાં પોતાની પ્રતિષ્ઠા વધે અથવા આપણી વ્યવસ્થા સચવાય તેવી ભાવના અમુક અંશે રહે છે. તેને લીધે સેવા ભલે મંદિરમાં ઠાકોરજીનાં ચરણે ધરી હોય, પરંતુ તેનું યથાર્થ ફળ મળતું નથી.

❊ કેટલાક ભક્તિ કરે પરંતુ તેની પાછળ તેમનો આશય પંચવિષય મેળવવાનો હોય છે. શ્રીજીમહારાજ બાળ અવસ્થામાં અયોધ્યામાં શિવજીના મંદિરે નિત્ય જતા. ત્યાં એક કાયસ્થ બ્રાહ્મણ પણ શિવજીનું પૂજન કરવા જતો. પણ આ કાયસ્થ શિવજીની પૂજા કરીને ગાલ વગાડી શિવજી પાસે વરદાન માંગતો કે, 'હે શિવજી ! મને કોઈ દિવસ મનુષ્ય અવતાર દેશો મા. શા માટે જે, મનુષ્ય દેહમાં તો તાંબુ (તાંબાની ભસ્મ) ખાઈ ખાઈને મરી ગયો, પણ સ્ત્રીનું સુખ સારી પેઠે ભોગવાતું નથી. મને તો જન્મોજન્મ લંબકર્ણ (ગધેડા)નો જ અવતાર દેજ્યો જે, લાજમર્યાદા મૂકીને સારી પેઠે સ્ત્રીનું સુખ ભોગવીએ!'

ભગવાનની પૂજા-સેવા, ભક્તિ પાછળ આવી કામના આપણને ક્યારેય અક્ષરધામ સુધી ન પહોંચાડી શકે. મહારાજ આ વચનામૃતમાં જણાવે

છે કે આવી રીતે સકામ ભક્તિ કરવાથી દેવલોક, બ્રહ્મલોક અથવા મૃત્યુલોકમાં તેનું ફળ મળે છે, પણ શુભ કર્મ ભોગવી લીધા બાદ નરક-ચોરાસી તો ઊભી જ રહે છે, જન્મ-મરણ ટળતું નથી.

❋ મુક્તાનંદ સ્વામીએ આ જ વાતને કીર્તનમાં લખી છે,

'યજ્ઞ યાગે કરી સ્વર્ગ સુખ ભોગવે,
પુણ્ય ખૂટે પડે નક્કી પાછો;
તીર્થ ને વ્રતતણું જોર પણ ત્યાં લગી,
ગુરુગમ વિના ઊપાય કાચો.'

જેમ વ્યક્તિ પાસે ધન હોય તો પરદેશ ફરવા જઈ શકે, પરંતુ ધન પૂરું થઈ જાય ત્યારે પાછા આવી જવું પડે, તેમ જેટલાં શુભ કર્મ કર્યાં હોય તેટલું સ્વર્ગસુખ ભોગવે, પછી પાછા જન્મ-મરણ અને નરક-ચોરાસીના ચક્કરમાં જોડાવાનું ઊભું જ રહે છે.

● **<u>કર્મ કરવું અનિવાર્ય</u> :**

❋ ક્યારેક એવું લાગે કે પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ સારી. પ્રવૃત્તિમાં તો કોઈક સાથે બોલાચાલી થાય, ક્યારેક સ્વભાવ પણ વધતા દેખાય, અને અંતરમાં અશાંતિ પણ ઊભી થાય. જ્યારે નિવૃત્તિમાં શાંતિનો અનુભવ થાય. પરંતુ શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષ આપણને યથાર્થ સમજણ આપે છે.

❋ શ્રીજીમહારાજે વચનામૃત ગ્રંથમાં ત્યાગી-ગૃહી તમામ માટે પ્રવૃત્તિનું પ્રતિપાદન કર્યું છે. **વચનામૃત ગઢડા પ્રથમ-૩૧**માં તેઓ બે ભક્તોનાં દૃષ્ટાંતે આપણને આ વાત સમજાવે છે.

એક ભક્ત છે તે તો નિવૃત્તિ પકડીને એકાંતમાં બેસી રહે છે અને તે કોઈને કોઈ પણ પ્રકારે દુઃખવતો નથી, જ્યારે બીજો ભક્ત છે તે તો વિવિધ પ્રવૃત્તિમાં જોડાયેલો છે અને તેનાથી ક્યારેક કોઈને વચને કરીને દુખવાય છે.

આ બે ભક્તોની વાત કરીને મહારાજ પૂછે છે કે આ બે ભક્તોમાં કોણ શ્રેષ્ઠ છે ? ત્યારે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ જે જવાબ આપ્યો તેને મહારાજે પણ માન્ય કર્યો. તેઓ કહે છે, **'વચને કરીને કોઈને દુખવે છે, પણ ભગવાન અથવા ભગવાનના સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે. અને નિવૃત્તિને વિષે રહે છે અને કોઈને દુખવતો નથી પણ તેનાથી સેવા થતી નથી. તેથી તેને અસમર્થ સરખો જાણવો. જે ટેલ-ચાકરી કરે તેને તો ભક્તિવાળો કહીએ અને તે ભક્તિવાળો શ્રેષ્ઠ છે.'**

ટૂંકમાં, નિવૃત્તિમાર્ગવાળા કરતાં પ્રવૃત્તિમાર્ગવાળો શ્રેષ્ઠ છે.

❋ કર્મ (ક્રિયા) અથવા પ્રવૃત્તિ કરવાથી બંધન થવાની સંભાવના છે, પણ તેનો અર્થ એમ નથી કે કર્મનો ત્યાગ કરી દેવો. વાસ્તવિકતા એ છે કે કોઈ વ્યક્તિ ક્યારેય સંપૂર્ણપણે કર્મરહિત થઈ શકતી જ નથી. ખાવાની, ન્હાવાની, સૂવાની, શ્વાસોચ્છ્વાસની ક્રિયા તો વ્યક્તિએ કરવી જ પડે છે.

આપણે કર્મનો ત્યાગ કરી શકીએ એમ નથી, પણ કર્મ કેવી રીતે કરવું તેની સાચી રીત અવશ્ય શીખી શકીએ, જેથી તે બંધનરૂપ ન થાય.

દા.ત. કોઈ બાળક સાઈકલ ચલાવતાં પડે, તો સાઈકલનો ત્યાગ નથી કરવાનો, પરંતુ સાઈકલ ચલાવવાની સાચી રીત શીખવાની છે.

કોઈ વ્યક્તિ રસોઈ બનાવતાં હાથ પર દાઝી જાય તો રસોઈ બનાવવાનું છોડી નથી દેવાનું, પરંતુ રસોઈ બનાવતાં શીખવાનું છે.

● **<u>રોજિંદી પ્રવૃત્તિમાં ઉમેરવાનું તત્ત્વ</u> :**

❋ આપણાં શાસ્ત્રો અને મોટા સંતો પ્રવૃત્તિ અને વ્યવહારનો નિષેધ નથી કરતા, પરંતુ તેની સાથે કાંઈક વિશેષ કરવાની વાત સમજાવે છે, જેથી તે બંધનરૂપ ન થાય.

❋ એક ભાઈને લગ્નગાળો ચાલુ હોવાથી રોજ-બરોજ સંબંધીઓના લગ્ન કાર્યક્રમમાં જવાનું થતું. ભોજનમાં ઘીની વાનગીઓ ખૂબ જમવાથી તેને પેટબેસણું (ઝાડા) થઈ ગયું. શરીરમાં ખૂબ અશક્તિ આવી ગઈ અને તે ચાલવા પણ સમર્થ ન

રહ્યો. માંડ માંડ એક વૈદ્ય પાસે પહોંચ્યો. વૈદ્યે તેની બધી વાત સાંભળ્યા બાદ ઔષધ આપ્યું. સાથે એક સૂચન કર્યું કે આ ઔષધ અડધી ચમચી ઘી સાથે લેવાનું છે. દર્દી પેટ પકડી કહે, 'ઘી ખાવાથી તો આ તકલીફ ઊભી થઈ છે, હવે વધુ ખાઈશ તો તકલીફનો પાર નહીં રહે.' વૈદ્ય તેને સમજાવવા લાગ્યા, 'પહેલાં તમે જે ઘી ખાધું તે પોતાની રીતે અપ્રમાણસર લીધું, તેથી તકલીફ ઊભી થઈ, પરંતુ હવે તમે મારી બતાવેલી માત્રા પ્રમાણે ઔષધ લેશો તો રોગ વધશે નહીં, ટળી જશે.' વૈદ્યના કહેવા પ્રમાણે દર્દીએ ઔષધ અને ઘી લીધું તો બે દિવસમાં દોડતો થઈ ગયો.

શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધના પાંચમા અધ્યાયમાં દર્દીનું આ દૃષ્ટાંત આપી સિદ્ધાંત કહ્યો છે કે ઘીની જેમ સાંસારિક ક્રિયાઓ મનુષ્યોનું અધઃપતન કરનારી છે, પરંતુ તે જ સાંસારિક ક્રિયાઓ પરમાત્માની પ્રસન્નતા માટે થાય તો મોક્ષ આપનારી બને છે.

❋ સારંગપુરના સદ્‌ગુરુ સંત પૂ. સંતવલ્લભ સ્વામી કહેતા કે, 'ટ્રેનને નિશ્ચિત સ્ટેશન સુધી પહોંચવું હોય તો યોગ્ય ઠેકાણે પાટો બદલવો પડે છે. તેવી જ રીતે અક્ષરધામરૂપી સ્ટેશન સુધી પહોંચવું હોય તો થોડો પાટો બદલવાનો છે. પ્રવૃત્તિનો ત્યાગ નથી કરવાનો, પરંતુ જે-તે પ્રવૃત્તિ સાથે ઈષ્ટદેવ અને ગુરુને પ્રસન્ન કરવાનો વિચાર ઉમેરવાનો છે.

❋ શ્રીજીમહારાજના આશ્રિત ભક્તો પણ જુદી-જુદી પ્રવૃત્તિમાં જોડાયેલા હતા. સુંદરજી સુથાર ભુજમાં રાજકારભારી હતા, દાદાખાચર અને પર્વતભાઈ જેવા મોટા ખેડૂત હતા, નાથ ભક્ત જેવા શાકબકાલું વેચનારા પણ હતા. આ ભક્તો સાંસારિક-વ્યાવહારિક પ્રવૃત્તિઓ વચ્ચે પોતાનું કલ્યાણ સાધી શક્યા, તેના મૂળમાં પ્રસન્નતાનો વિચાર જ કારણભૂત હતો.

❋ એવા જ એક ભક્ત હતા - બંધિયાના ડોસાભાઈ. ડોસાભાઈ શ્રીજીમહારાજની આજ્ઞાથી સંસારમાં જોડાયા હતા, છતાં તદ્દન અલિપ્ત હતા. એક વાર મહારાજે પૈસાની જરૂર પડવાથી ડોસાભાઈને તમામ મિલકત વેચી નાંખવા કહ્યું. ડોસાભાઈએ મહારાજને પ્રસન્ન કરવાની આ ઉત્તમ તક જાણી ક્ષણના વિલંબ વિના, બધું વેચી ધન મહારાજને ચરણે ધરી દીધું. આગળ જતાં મહારાજે તેમને ખૂબ સુખી કર્યા.

ડોસાભાઈ ગોળના મોટા વ્યાપારી થયા. ખેડૂતો તાજા ગોળનાં ગાડાં ભરી ભરીને બંધિયામાં ડોસાભાઈની વખાર(ગોડાઉન) તરફ મોકલતા. ડોસાભાઈ પણ વહેલી સવારથી તોલમાપ અને લેતી-દેતીની દુનિયામાં ખોવાઈ જતા. ધમધોકાર ચાલતા વ્યાપાર વચ્ચે પણ તેઓ 'કરીએ રાજી ઘનશ્યામ'નો વિચાર ચૂક્યા નહોતા. તેમના કેવળ બાહ્ય વ્યવહારને જોનારા કેટલાક વણિકોને થતું કે આ ડોસાભાઈ સત્સંગી કહેવાય છે, પણ ભગવાન ભજવા નવરા થતા નથી. કેટલાકે તો ગઢડે શ્રીજીમહારાજને પણ ફરિયાદ કરી. મહારાજ જાણતા હતા કે ડોસાભાઈ અમને રાજી કરવાના અનુસંધાન સાથે વ્યાપાર કરે છે. અન્યને આ ખ્યાલ આવે તેના માટે મહારાજે ચિઠ્ઠી મોકલી ડોસાભાઈને તાત્કાલિક તેડાવ્યા અને સાધુ થવા કહ્યું. ડોસાભાઈ તો 'જેમ રાજી રહો તેમ કરું હરિ' એવા વિચાર સાથે ત્યાગી પણ થઈ ગયા. વ્યાપારની કોઈ ચિંતા તેમને માથે હતી જ નહીં. વણિક ભાઈઓ તો તેમને સાધુ સ્વરૂપમાં જોઈ આશ્ચર્ય પામ્યા. મહારાજ ડોસાભાઈની ઉચ્ચ સમજણ પર ખૂબ પ્રસન્ન થયા અને ફરી ગૃહસ્થનાં વસ્ત્રો પહેરી બંધિયા જવા કહ્યું.

ડોસાભાઈ માટે ગોળનો વ્યાપાર ફક્ત ધન ઉપાર્જનની પ્રવૃત્તિ નહોતી, પણ ભક્તિનું સાધન હતું.

❋ શિવ ખેરા નામના પ્રખ્યાત લેખક કહે છે, 'Winners don't do different things, they do things differently.' જીતવાવાળા લોકો જુદું કામ નથી કરતા, પણ જુદી રીતે કામ કરે છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જુદી રીતે કામ કરવું એટલે રાજીપાના વિચાર સાથે કાર્ય કરવાનું કહ્યું છે. કારણ કે, રાજીપાનો એક વિચાર આપણી સાધના અને આપણા વ્યવહારને બદલી શકે તેમ છે. જેમ દૂધપાકમાં પડેલું ચપટી કેસર દૂધપાકના રંગ, સ્વાદ, સુગંધને બદલી દે છે, તેમ જીવનમાં ઉમેરાતો રાજીપો લેવાનો એક વિચાર આપણા જીવનના રંગ, સ્વાદ અને સુગંધને બદલવા સમર્થ છે.

* તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે,

'કરીએ રાજી ઘનશ્યામ રે સંતો,
કરીએ રાજી ઘનશ્યામ;
તો સરે સરવે કામ રે સંતો,
કરીએ રાજી ઘનશ્યામ.'

* રાજીપાના વિચારમાં એટલી શક્તિ છે કે આ વિચાર સાથે જો વિદ્યાર્થી પરીક્ષાખંડમાં જવાબ લખતો હોય, યુવાન કમ્પ્યુટર ઉપર પોતાનું કાર્ય કરી રહ્યો હોય, અથવા ખેડૂત હળ હાંકતો હોય, તોપણ સૌને માળા ફેરવવા તુલ્ય ફળ પ્રાપ્ત થાય. રાજીપાના વિચાર સાથે આપણે અભ્યાસ, વ્યાપાર, ખેતી વગેરે જે કાંઈ કરીએ તે બધું જ મોક્ષદાયી બની જાય છે.
* આપણી ગુરુપરંપરાએ પણ ખૂબ પ્રવૃત્તિ કરી છે, અને આપણને પ્રવૃત્તિ કરવાની સાચી રીત શીખવી છે.

યોગીજી મહારાજ અખંડ ભજનિક સાધુ હતા. સાધુતાનો પર્યાય એટલે યોગીજી મહારાજ. યોગીજી મહારાજના અંતરમાં જગતની લેશ પણ ગંધ ન આવે. ભગવાનમાં વૃત્તિ રાખી ભજન - કીર્તન કરે.

આવા યોગીજી મહારાજને જ્યારે શાસ્ત્રીજી મહારાજે ગોંડલ મંદિરની સેવા સોંપી તો હોંશે-હોંશે જોડાયા. પૈસાની સખત ખેંચ મંદિરના બાંધકામમાં અનુભવાતી. તેઓ શાસ્ત્રીજી મહારાજને જુદા-જુદા પત્રોમાં લખે છે - 'સિલકમાં મહારાજ સ્વામી છે', 'અમાસનાં નગારાં વાગે છે', 'મજૂરો કામ કરતા અટક્યા છે.' મંદિરની આર્થિક કટોકટી વચ્ચે પણ તેમણે ક્યારેય મંદિરની સેવા છોડી નહોતી. ગુરુ શાસ્ત્રીજી મહારાજને પ્રસન્ન કરવાના વિચાર સાથે તેઓ મંડ્યા રહ્યા. વાસણને કલાઈ કરવાનું કામ હોય તોપણ તેઓ વિચારતા કે ગુરુ રાજી થશે ને!

'યોગીગીતા'માં પોતાની જીવનભાવના વ્યક્ત કરતાં તેઓ લખે છે, 'અમે સંવત ૧૯૬૯માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા. સં. ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સ્વામીની એકધારી આજ્ઞા પાળી રાજી કર્યા. બીજી વાતમાં તેઓ લખે છે, 'શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે, પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી. તે સ્વામી અતિશય રાજી થાય છે ને અત્યારે દર્શન દે છે ને સુખ આવે છે.'

સેવા તો ઘણા કરે છે, પરંતુ યોગીબાપાની જેમ રાજીપાના વિચાર સાથે સેવા કરીએ તો ભગવાનની મૂર્તિનું ચહ-ચહ સુખ આવે.

* પ્રમુખસ્વામી મહારાજના પૂર્વાશ્રમનું નામ શાંતિલાલ હતું. નામ પ્રમાણે તેમની પ્રકૃતિ પણ અત્યંત શાંત હતી. સ્વામીબાપા મોટી વયે કહેતા કે 'મારો સ્વભાવ પહેલાંથી શાંત, બહુ બોલવાનું નહીં. ઘનશ્યામ સ્વામી બે-ત્રણ વખત બોલાવે ત્યારે એક વાર ઉં... એમ (ઉંકારો) કરું.'

પોતાની આવી શાંત પ્રકૃતિને તેમણે શાસ્ત્રીજી મહારાજને પ્રસન્ન કરવા બદલી અને મંદિરોની જુદી-જુદી સેવામાં જોડાયા. શાસ્ત્રીજી મહારાજ તો તેમનું હીર અગાઉથી જ જોતા હતા, તેથી ૨૮ વર્ષની નાની વયે નારાયણસ્વરૂપદાસજીને (પ્રમુખસ્વામી મહારાજનું સાધુ તરીકેનું નામ) સંસ્થાનું સુકાન સોંપવાનું તેમણે નક્કી કર્યું. નારણ'દા તો શરૂઆતમાં નમ્રતાથી ના પાડતા રહ્યા, પરંતુ ગુરુહરિની મરજી જાણી તેઓને પ્રસન્ન કરવા સંસ્થાનો કાર્યભાર તેમણે ઉપાડ્યો.

ઇતિહાસ સાક્ષી છે કે પ્રમુખસ્વામી મહારાજે જેટલી પ્રવૃત્તિ કરી છે, તેટલી પૂર્વે કોઈએ નથી કરી. પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાને વિશ્વવ્યાપી બનાવી, પરંતુ ગુરુહરિને પ્રસન્ન કરવાનો વિચાર ચૂક્યા વિના.

ઈ.સ. ૧૯૯૫માં સાગર યાત્રાનું આયોજન થયું હતું. યાત્રા દરમ્યાન સંતોએ સ્વામીબાપા સાથે પ્રશ્નોત્તરી કરી. તેમાં સંતોએ એક પ્રશ્ન પૂછ્યો કે, 'શાસ્ત્રીજી મહારાજનું અનુસંધાન આપ કેવી રીતે રાખો છો ?' સ્વામીબાપાએ તરત જવાબ આપ્યો, 'આપણે જેને રાજી કરવા ક્રિયા કરતા હોઈએ તેનું અનુસંધાન સહેજે રહ્યા કરે.'

❋ દેશ-પરદેશના અનેક ભક્તો પત્ર દ્વારા મહંત સ્વામી મહારાજનું માર્ગદર્શન અને આશીર્વાદ મેળવે છે. એક વાર ભાવનગરમાં સ્વામીશ્રી સમક્ષ પત્રોનો ગંજ ખડકાયો હતો. આ જોઈને યોગવિજય સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું કે, 'આપને આટલા બધા પત્રોમાં સહી કરતાં કંટાળો નથી આવતો ?' સ્વામીશ્રી સહજતાથી કહે, 'ના, મને સહેજે કંટાળો નથી આવતો.' અન્ય એક પ્રસંગે આ જ પ્રશ્ન પૂછાયો ત્યારે તેઓ કહે, 'ઠાકોરજીની ભક્તિ થઈ જાય ને!'

ગમે તે સ્થળે, ગમે તે સમયે, ગમે તે સેવા-પ્રવૃત્તિ કરવાની હોય પણ ઈષ્ટદેવ અને ગુરુને પ્રસન્ન કરવા માટે થતી તે પ્રવૃત્તિ ભક્તિરૂપ થઈ જાય છે, તેમ આપણા ગુરુવર્યોએ આપણને સમજાવ્યું છે.

❋ ગુરુપરંપરાના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ દરેક ક્રિયામાં ભગવાન અને સંતને જ પ્રસન્ન કરવાનો ધ્યેય રાખવો જોઈએ. પૂ. ડોક્ટર સ્વામી આપણને આ વાત દૃઢાવે છે કે, 'મારે તો કોઈ પણ ભોગે, ગમે તે સંજોગે, કેવળ એક શ્રીજીમહારાજને, પ્રમુખસ્વામી મહારાજને, મહંત સ્વામી મહારાજને અતિશય રાજી કરવા જ છે, કરવા જ છે, કરવા જ છે.'

❋ રાજીપાના વિચારની સ્પષ્ટતા અને દૃઢતા અત્યંત જરૂરી છે. આપણે ઘણી વાર ક્રિયા રાજી થાય તેવી કરતા હોઈએ છીએ, પરંતુ આ વિચારની દૃઢતા અને સ્પષ્ટતા વિના રાજી કરી શક્તા નથી.

મછિયાવના ફઈબા શ્રીજીમહારાજનો સેવા-સમાગમ કરતા હતા. મહારાજ પાસે ફૂલદોલ જેવા અનેક ઉત્સવો તેમણે ઘરઆંગણે પોતાના ખર્ચે કરાવ્યા. સંતો-ભક્તો માટે ઉતારા, ભોજન વગેરેમાં ખૂબ સેવા કરતા. તેમની ભક્તિને વશ થઈને મહારાજ બત્રીસ વાર મછિયાવ પધાર્યા હતા.

આ અરસામાં ફઈબાને તેમના પુત્રવધુ ફુલીબા સાથે કોઈ કારણસર મનદુઃખ થયું. સાસુ-વહુ વચ્ચે મતભેદ ધીરે-ધીરે વધતો જ ગયો અને ફઈબાએ ફુલીબાને પિયર મોકલી દીધાં. ફુલીબાને આ બાબતનું દુઃખ હતું અને તેઓ મોઢામાં ખાસડું નાખી માફી માંગવા તૈયાર હતા. તેથી મહારાજ મછિયાવમાં ફઈબાને ઘરે પધાર્યા અને ફઈબાને સમાધાન કરી લેવા સમજાવ્યા પણ ફઈબાએ સ્પષ્ટ ના પાડી દીધી. મહારાજે તેમને ખૂબ સમજાવ્યા, છતાં ફઈબા એકના બે ન જ થયા. મહારાજ આ ગામનું પાણી હરામ કરી ચાલી નીકળ્યા, છતાં ફઈબાએ રોક્યા નહીં. ઉત્સવ-સમૈયામાં જે ફઈબાનો ભક્તિભાવ અનેરો જણાતો હતો, એનાં એ જ ફઈબાનો વિપરિત ભાવ થઈ ગયો. શ્રીજીમહારાજ રાજી થાય તેવી જ ક્રિયા તેઓ પૂર્વે કરતા હતા, પરંતુ રાજીપાના વિચારની સ્પષ્ટતા અને દૃઢતા નહોતી એટલે મહારાજની આજ્ઞા પાળી શક્યા નહીં.

❋ અંગ્રેજીમાં એક કહેવત છે, 'Great men have purposes, other only have wishes.' 'મહાન લોકો પાસે નિશ્ચિત ધ્યેય હોય છે, અન્ય પાસે ફક્ત ઇચ્છા.' તેમ આપણે પ્રસન્નતાનો વિચાર રાખવાની ફક્ત ઇચ્છા ન રાખવી જોઈએ, પરંતુ જીવનનો ધ્યેય બનાવવો જોઈએ. જો તેમ થાય તો આપણી પ્રત્યેક વ્યાવહારિક ક્રિયા ભક્તિ બની જાય છે. આ જ આ વચનામૃતનો મર્મ છે, તમામ શાસ્ત્રોનો સાર છે.

૧૬. વચનામૃત : ગઢડા મધ્ય - ૧૫ : સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું પંદરમું : સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળો નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે : "ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો તે કયો વિચાર છે? તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો." પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું પણ યથાર્થ કોઈથી કહેવાયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે : 'લ્યો અમે કહીએ જે, જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તોપણ અતિશય રાજી થવાય છે, તેમ જે મોક્ષને અર્થે પ્રયત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે. અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ, સામો તે સાધુનો અતિશય ગુણ લે અને એમ જાણે જે : 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે, માટે મારા પરમ હેતુ છે.' આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુમાત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ. માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું પંદરમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● વચનામૃત મહિમા :

❋ સન ૨૦૨૦માં મહંત સ્વામી મહારાજે ગઢપુરમાં ઊજવાયેલ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના દિવસે **વચનામૃત ગઢડા મધ્ય-૧૫**નો મહિમા કહેતા વાત કરી : 'આ વચનામૃત સિદ્ધ થાય તો તમારો રંગ ઊતરે જ નહીં, ચઢતો ને ચઢતો રહે... સ્વભાવ બધાને ડૂલ કરી નાખે છે. મહારાજે અહીં આપેલો ઉપાય આપણને ફીટ બેસી જાય તો કામ થઈ જાય.'

● સ્વભાવ ટાળવાની આવશ્યકતા :

❋ જેમ પગમાં કાંટો, આંખમાં કણું અને કિડનીમાં પથરીનો દુખાવો જ્યાં સુધી છે, ત્યાં સુધી માણસને ચેન ન પડે, સુખ ન આવે. તેમ જ્યાં સુધી વ્યક્તિમાં સ્વભાવો છે, ત્યાં સુધી સત્સંગના

સાચા સુખનો અનુભવ થતો નથી.

* એક પ્રસંગે શ્રીજીમહારાજ કારિયાણી ગામના ચોરામાં સભામાં બિરાજમાન હતા. સભામાં કથાવાર્તા થતી હતી. તે વખતે એક ખેડૂત હળ લઈને જતો હતો. તેને જોઈ ખેતરના માલિક કણબી પટેલે તેને બૂમ પાડીને કહ્યું : 'જોજે, ખેતરમાં બૂડઠૂંઠાં આવે તે સંભાળજે, નહિ તો બળદની કાંધ આવી જશે.'

મહારાજે આ સાંભળ્યું પણ કાંઈ સમજ્યા નહિ. તેથી તેમણે પટેલને પૂછ્યું : 'પટેલ ! તમે આ બૂડઠૂંઠાંનું કહ્યું તે શું ?'

પટેલે કહ્યું : 'મહારાજ ! ખેતરમાં બોરડીનાં ઝાડ ઊગ્યાં હોય તે ઉપરથી કાપી નાખ્યાં હોય, પણ તેનાં મૂળ ખૂબ ઊંડાં હોય, તેને બૂડઠૂંઠાં કહે છે. તેમાં હળની કોશ ભરાઈ જાય તો બળદની કાંધ ખેંચાઈ જાય.'

શ્રીજીમહારાજ સમજી ગયા. આ વાત ઉપરથી મહારાજે સભામાં સૌને કહ્યું : 'તમે સૌએ આ પટેલે કહ્યું તે સાંભળ્યું ? ખેતરમાં બૂડઠૂંઠાં હોય તો તે કોદાળીથી ખોદી કાઢવાં જોઈએ, નહિ તો હળ ચલાવતાં બળદની કાંધ આવી જાય. સ્વભાવ પણ બૂડઠૂંઠાં જેવા છે. તે માંહી પડ્યા છે એટલે દેખાતા નથી. પણ કોઈ સ્વભાવ ઉપર વાત કરે તો તરત તપી ઊઠે અને બહાર દેખાય. માટે તેને ખોદીને કાઢી નાખીએ તો સુખ થાય.'

* જેમ આંબાનું ફળ કેરી છે, તેમ સત્સંગનું ફળ પણ સ્વભાવ ટળે એ જ છે.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા : 'સત્સંગમાં આપણે સ્વભાવ મૂકવા જ આવ્યા છીએ. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવ ઘસાયા નહિ, તો સત્સંગ કર્યો જ નથી. જેટલા સ્વભાવ ઘસાયા તેટલું જ સત્સંગનું ફળ.'

* સત્સંગમાં આવ્યા પછી પણ સ્વભાવમાં ફેર ન પડે તેવી વ્યક્તિ માટે કવિ પ્રીતમ કહે છે :

'પથરો પડ્યો પાણીમાં, કરીને ઊંડો નિવાસ,
પ્રીતમ ટાંકણે તણખા ઝરે,
એને ન લાગ્યો પાણીનો પાસ, સંગત તેને શું કરે.'

* એકવાર એક સંતે હરિભક્તને કહ્યું : 'તમે આ હરિભક્ત સાથેની આંટી મૂકી દ્યો. અક્ષરધામમાં તો સાથે જ રહેવાનું છે ને !'

તેણે કહ્યું : 'અક્ષરધામમાં હું જુદો બેસીશ.' કેવી અવળાઈ ! પણ આવો હોય તે અક્ષરધામમાં જાય તો જુદો બેસે ને !

માટે આ લોકમાં સુખી રહેવા અને પરલોકમાં કહેતાં અક્ષરધામમાં જવા માટે સ્વભાવ ટાળવા આવશ્યક નહિ, પણ અનિવાર્ય છે.

* શ્રીજીમહારાજ ઓરડાના પદમાં જણાવે છે :

સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધભાવે થઈ નિષ્કામ.

* સન ૨૦૦૬માં પ્રમુખસ્વામી મહારાજ દિલ્હીમાં બિરાજતા હતા. ભાવનગરથી હર્ષદભાઈ ચુનીલાલ દર્શને આવ્યા. સ્વામીબાપાને કહે : 'ચોકીઓ બહુ વટાવવી પડી. બહુ અઘરું પડ્યું. લોકોને સમજાવતાં સમજાવતાં ઠેઠ અહીં પુગ્યો છું. ઓલ્યા અક્ષરધામમાં પણ આવું જ હશે ?' સ્વામીબાપા તરત જ કહે : 'ના, ના. ત્યાં તો જવા દેશે.' પછી ધીમે રહી કહે : 'પણ વ્યસન, તમાકુ કે સ્વભાવ હશે તો નહીં જવા દે. માટે એ કાઢજે.'

◎ પ્રમુખસ્વામી મહારાજ ભરૂચમાં એકવાર સાયંસભા બાદ ઉતારે પધારી રહ્યા હતા. તે વેળાએ માયામી (અમેરિકા)થી આવેલ જિજ્ઞેશે સ્વામીબાપાને કહ્યું : 'જેમ આ ભોજનાલયનો દરવાજો ઓપન છે, એમ અમારા સ્વભાવ હોય તોપણ અક્ષરધામનો દરવાજો ઓપન રાખજો.'

સ્વામીબાપા આ સાંભળી તુરત બે વાર બોલ્યા : 'સ્વભાવ તો ટાળવા જ પડશે.'

ટૂંકમાં, સ્વભાવ ટાળ્યા વિના અક્ષરધામ ન જ પામી શકાય.

● **સ્વભાવને વિશે શત્રુપણાનો વિચાર :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ગમે તેવા કઠણ સ્વભાવનો પણ નાશ થઈ શકે તેનો ઉપાય બતાવતાં જણાવે છે : સ્વભાવ ટાળવાના હજારો વિચારોમાં અતિ ઉત્કૃષ્ટ વિચાર જો કોઈ હોય તો તે છે - સ્વભાવને વિશે શત્રુપણું રાખવું.

❊ જેમ સિંહ, વાઘ, વીંછી કે સાપ આપણને શત્રુરૂપ મનાય છે, તો તેને આપણાથી દૂર રાખીએ છીએ, અથવા આપણે તેનાથી દૂર રહીએ છીએ.

❊ જેમ આપણો કોઈ દુશ્મન હોય તેણે આપણા પિતા-ભાઈની હત્યા કરી નાખી હોય અને મા-બહેનને ઉપાડી ગયો હોય, તો તેના પ્રત્યે મનમાં કેવી દાઝ રહે ? આવું શત્રુપણું જો સ્વભાવને વિશે થાય તો સ્વભાવ ટળે.

❊ સ્વભાવને વિશે શત્રુપણું કેવી રીતે થાય ? તો દુઃખમાત્રનું મૂળ સ્વભાવ છે, સ્વભાવને કારણે મને પોતાને, પરિવારને, સમાજને કે મારા વ્યવહારને, એક યા બીજી રીતે નુકસાન થાય છે અને દુઃખ સહન કરવાં પડે છે, સત્સંગ કરવામાં પણ વિઘ્ન આવે છે, સત્પુરુષને રાજી કરવામાં પણ નડતરરૂપ છે એવું સમજાય, મનાય ત્યારે શત્રુભાવ આવે છે.

૧) <u>વ્યક્તિગત નુકસાન</u> :

❊ ક્રિકેટ જગતમાં ફાસ્ટ બોલરોમાં જેની ગણના થતી હતી, જેની બોલિંગ સામે સારા સારા બેટ્સમેનો પણ ગભરાતા હતા, એવા શોએબ અખ્તરનો 'Highly inflammable' અત્યંત જ્વલનશીલ સ્વભાવ હતો. પરિણામે, તે અન્ય દેશોની નિંદા તેમજ હાંસીનું પાત્ર બન્યો. થોડાં વર્ષ પહેલાં પોતાની પાકિસ્તાનની જ ટીમના એક ખેલાડીને ઉગ્ર થઈને બેટ માર્યું, પરિણામે તેની ક્રિકેટ કારકિર્દીમાં ડાઘ લાગી ગયો અને ધિક્કારને પાત્ર ઠર્યો.

૨) <u>પારિવારિક નુકસાન</u> :

❊ મંથરાના ખટપટના સ્વભાવે રઘુકુળને છિન્નભિન્ન કરી નાંખ્યું. મંથરાની ચડવણીથી કૈકયીના અંતરમાં પડેલા અહં-મમત્વરૂપી સ્વભાવોએ જોર પકડ્યું. રાજા દશરથ પાસે તેણે બે વરદાન માંગ્યાં. પ્રથમ મારા પુત્ર ભરતનો રાજ્યાભિષેક થાય, કહેતાં તે રાજા બને. અને બીજું, રામને ચૌદ વર્ષનો વનવાસ થાય. કૈકયીની આવી અનુચિત માંગણીથી આખું રઘુકુળ વેરવિખેર થઈ ગયું. દશરથ મૃત્યુ પામ્યા, કૌશલ્યાને પોતાના પુત્ર-પુત્રવધૂનો વિયોગ થયો, ને કૈકયીને પોતાના પતિનો વિયોગ અને જેના માટે આ બધું કર્યું તે ભરત તરફથી તો પ્રેમની જગ્યાએ ધિક્કાર મળ્યો.

આજે પણ સમાજમાં જોઈએ છીએ કે વિપરીત સ્વભાવને કારણે દિનપ્રતિદિન છૂટાછેડાનો દર વધતો જાય છે, પરિણામે હજારો પરિવાર છિન્નભિન્ન થઈ જાય છે.

૩) <u>વ્યાવહારિક નુકસાન</u> :

❊ મુંબઈમાં એક શેઠ હતા. એકવાર તેમના એક વિશ્વાસુ નોકરે પોતાના વ્યાવહારિક પ્રસંગ માટે શેઠ પાસે લોન પેટે પૈસા માંગ્યા. તો શેઠ અકળાઈ ગયા ને કહે : 'જ્યારે ને ત્યારે પૈસા માંગ-માંગ જ કર્યા કરે છે.' ખરેખર તો નોકરે પહેલી વાર પૈસા માંગેલા, તે પણ લોન તરીકે. છતાં શેઠે નોકરને હડધૂત કરીને કાઢી મૂક્યો, પૈસા ન આપ્યા. તેથી નોકરને એવો ગુસ્સો ચડ્યો કે તેણે પોતે પોતાના જ શેઠને ત્યાં ઈન્કમટેક્સની રેડ પડાવી.

જો થોડું સાચવી લીધું હોત ને શાંતિથી થોડા પૈસા આપી દીધા હોત, તો આટલું મોટું નુકસાન શેઠને વેઠવું ન પડત. પણ ક્રોધના સ્વભાવને લીધે દુઃખના દરિયામાં ખાબકવાનું થયું.

૪) <u>વૈશ્વિક નુકસાન</u> :

❊ વિશ્વસ્તરે પણ સ્વભાવ વિનાશ નોતરે છે.

રાવણ વેદનો ભણેલો, બ્રાહ્મણ, ત્રિલોકીનો રાજા હતો. મંદોદરી જેવી સુશીલ પત્ની હતી. છતાં તેની પરસ્ત્રી પ્રત્યેની આસક્તિએ લંકાનો

નાશ નોતર્યો.

* દુર્યોધનના મનમાં રહેલ લોભ, ઈર્ષ્યા અને અહંકારરૂપી સ્વભાવને કારણે મહાભારતના યુદ્ધમાં ૪૮ લાખ માણસો મરાયા.
* હિટલરે અહંકારને વશ થઈને બીજું વિશ્વયુદ્ધ નોતર્યું, પરિણામે સાડા પાંચ કરોડ માણસો મર્યા અને પોતાને આપઘાત કરવો પડ્યો.

૫) <u>આધ્યાત્મિક નુકસાન</u> :

કમળની આસપાસ ફરતો દેડકો કીચડમાં જ કલબલ કરતો ફરે છે, પણ કમળની સુવાસ માણી શકતો નથી, તેમ સ્વભાવયુક્ત વ્યક્તિ સત્સંગના યોગમાં આવવા છતાં સત્સંગનું યથાર્થ સુખ માણી શકતી નથી. તેના અંતરમાંથી અશાંતિ અને અજંપો ટળતાં નથી.

* શેખમિયાં(શેખજી) વડોદરામાં શ્રીમંત ગાયકવાડ સરકારના મોટા પોલીસ અધિકારી હતા. શ્રીજીમહારાજનાં દર્શન કરતાં તેમને મહારાજમાં ભગવાનપણાનો ભાવ થયો. તેથી સરકારી નોકરી અને પરિવારનો ત્યાગ કરી મહારાજ સાથે રહેવા લાગ્યા.

શેખજીએ મહારાજ સમક્ષ એકવાર પોતાના સિંધ દેશમાં સત્સંગ કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી. મહારાજે તેમને સિંધ મોકલ્યા અને ઐશ્વર્ય આપતાં કહ્યું, 'તમારી દાઢીનું જે ધ્યાન કરશે તેને સમાધિ થશે.' ઐશ્વર્ય સાથે મહારાજે તેમને અમુક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા કહેલું. પણ ઐશ્વર્ય મળ્યા બાદ શેખજીના અહંકારરૂપ સ્વભાવે જોર પકડ્યું. ઐશ્વર્યોથી છકી જઈ મહારાજે આપેલ નિયમોનો ભંગ કર્યો અને 'હું ભગવાન છું.' એમ પ્રચાર કરવા લાગ્યા. ઈષ્ટદેવ ગૌણ થઈ ગયા અને માન-મોટપના સુખમાં રાચવા લાગ્યા. મહારાજે પોતાનું ઐશ્વર્ય પાછું ખેંચી લીધું ત્યારે શેખજીને ખૂબ મૂંઝવણ થઈ.

* શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૧૪**માં કહે છે : **'જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે તે સત્સંગમાંથી પાછા પડી જતા દેખાય છે.'**
* આપણા જો વિચિત્ર સ્વભાવ હોય તો ભગવાન અને સંતને સુવાણ ન થાય, આપણા પ્રત્યે પ્રેમ ન થાય.

એકવાર બે ભક્તો વચ્ચે સ્વભાવના ઘર્ષણને લીધે કુસંપ થયો. યોગીજી મહારાજને આ વાતની જાણ થઈ. યોગીજી મહારાજ ખૂબ વ્યસ્ત હતા, છતાં બેય ભક્તોને બોલાવ્યા, બંનેને સમજાવ્યા. બંને વચ્ચે સમાધાન થાય તે માટે ત્રણ કલાક કાઢ્યા. સમાધાન થયું એટલે યોગીજી મહારાજે બંનેને એકબીજાને દંડવત્ કરવા કહ્યું. બંને એકબીજાને દંડવત્ કરતા હતા ત્યાં એક બોલ્યો, 'આ તો યોગીજી મહારાજ કહે છે એટલે તને દંડવત્ કરું છું, નહીંતર તારા જેવાને કોણ દંડવત્ કરે!' યોગીજી મહારાજે આ સાંભળ્યું અને મહંત સ્વામી મહારાજનો હાથ પકડી ઊભા જ થઈ ગયા, 'ચાલો, તલમાં તેલ નથી.'

યોગીબાપાને હરિભક્તો ખૂબ પ્રિય હતા. અનેક ભક્તોનાં સરનામાં પણ તેમને મોઢે હતાં, પણ ભક્તનો આવો સ્વભાવ જોઈ તેઓ દુ:ખી થઈ જતા.

* શ્રીજીમહારાજ **વચનામૃત લોયા ૧૪**માં કહે છે, **'જેમાં કામ-ક્રોધાદિક સ્વભાવ હોય તે અમારે ભેગો રહેતો હોય તોપણ તેની સાથે સુવાણ થાય નહિ, તેની તો ઉપેક્ષા રહે છે.'**
* સ્વભાવની વિચિત્રતાને કારણે જીવની અધોગતિ એટલે અવગતિ પણ થઈ જાય છે.

લાલા પાળાને શ્રીજીમહારાજે મોઢામોઢ કોલ આપ્યો હતો : 'હું તને સાક્ષાત્ આવીને ધામમાં તેડી જઈશ.' લાલા પાળાનું અક્ષરધામ ૧૦૦ ટકા પાકું હતું, પણ તેના અભાવ-અવગુણ લેવાના સ્વભાવને કારણે તે ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કરી બેઠો, પરિણામે ધામ તો લાખ ગાઉ દૂર રહ્યું, પણ લાલો પાળો ભૂત થયો.

ગુરુત્વાકર્ષણનું બળ દસમા માળેથી ફેંકેલી

વસ્તુને જમીન પર પટકે છે, તેમ સ્વભાવનો પ્રબળ વેગ ઊંચાઈ પર પહોંચેલી વ્યક્તિને વહેલી-મોડી જમીનદોસ્ત કરે છે.

ટૂંકમાં, સ્વભાવ આપણું આ લોક અને પરલોકનું કાર્ય બગાડે છે. આપણને દુઃખી કરે છે. તો પછી તેને ટાળવા પ્રયત્ન શા માટે ન કરવો? તેની સાથે શત્રુભાવ કેમ ન રાખવો?

● **સ્વભાવ ટાળવા માટેનાં પગલાં :**

❋ સ્વભાવને વિશે શત્રુપણાનો વિચાર દૃઢ થાય, પછી તેને ટાળવા માટેનાં પગલાં ભરવાં પડે :

૧) <u>સંકલ્પ કરવો</u> :

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ?' ત્યારે કહ્યું જે : 'ના મહારાજ.' ત્યારે સ્વામી બોલ્યા જે : 'મનમાં ધાર્યું નથી, નહીં તો ઉડાડી મૂકીએ. કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર માંડે લોઢાં ઘડવા ને આપણે માંડીએ સુરંગું દઈને ઉડાડવા, તો ચાર-પાંચ વરસમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ. તેમ કામ-ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ તેમાં કાંઈ સંશય નથી.''

❋ અનાદિથી ઘર કરી ગયેલા સ્વભાવ ટાળવા દુષ્કર જરૂર છે, પણ સબળ અને સુદૃઢ સંકલ્પ સાથે મંડીએ તો સ્વભાવ મૂળમાંથી નાશ કરી શકાય છે.

◎ રિચાર્ડ બાર્કે એક પુસ્તક લખ્યું છે. જેનું નામ છે 'જોનાથન લિવિંગ્સ્ટન સિગલ'. એની કથા કંઈક આવી છે. ગલ પક્ષીઓ સમુદ્રની સપાટીઓ પર રહે. દશ-પંદર ફૂટની ઊંચાઈએ ઊડીને પાણીમાં ડૂબકી મારીને માછલાં પકડી ખાય. આમને આમ જીવન પૂરું કરે. પેઢીઓથી આમ જ ચાલતું હતું. તેમાં જોનાથન નામના એક ગલ પક્ષીને વિચાર આવ્યો કે આપણે માછલીના ટુકડા માટે આખો દિવસ સંઘર્ષ કરવાનો ? આપણને પાંખો મળી છે તેનો ઉપયોગ શો ? મારે ઊંચે ઊડવું છે. આકાશને પામવું છે. તેણે બધાને આ વાત કરી. વડીલોએ કહ્યું : 'જે અજ્ઞેય છે તેની રઢ મૂક. આપણે જે કરીએ છીએ તે બરાબર છે.' છતાં તે ઊડ્યો. પ્રચંડ પુરુષાર્થ પછી એ દિવ્ય આકાશ સુધી પહોંચ્યો અને ચૈતન્યમય સુખનો અનુભવ કરીને પાછો આવ્યો. બધાને આ વાત કરી. તેની ઈચ્છા એ હતી કે 'મારા બધા સંબંધીઓને એ સુખનો અનુભવ કરાવું.' પણ કોઈ તૈયાર થયું નહીં. છેવટે એક પંખી મેનાર્ડ તૈયાર થયું અને તે તેને ત્યાં લઈ ગયો.

સિગલ પંખીઓની જેમ આપણે પણ જ્યાં ગોઠવાઈ ગયા છીએ ત્યાંથી આગળ નીકળવા તૈયાર નથી. ભલે ને મહંત સ્વામી મહારાજ અક્ષરધામના સુખની વાત કરે, પરંતુ જેમ જોનાથને પોતાની મર્યાદાઓ તોડી તો તેને આકાશના અસીમ આનંદનો અનુભવ થયો, તેમ અક્ષરધામનું અતિ અપાર સુખ ભોગવવા માટે સ્વભાવ-પ્રકૃતિનું આવરણ તોડવું જ પડશે. દૃઢ સંકલ્પ કરવો જ પડશે.

૨) <u>સ્વભાવ શાથે શત્રુભાવ રાખવો</u> :

❋ સ્વભાવને ટાળવાનો સંકલ્પ કર્યા પછી તેની સાથે શત્રુભાવ રાખવો પડે. સ્વભાવને દંડ દેવો પડે.

❋ જૂનાગઢના કરમણ ભગત રાત્રે બે વાગે ઊઠી મન સાથે બાટકતા : 'હે મન ! તું મૂરખ છું, લબાડ છું ! તેં જ મને લખચોરાસીમાં ભટકાવ્યો છે. પણ આ જન્મે મારે હવે તારું ધાર્યું કરવું નથી. મારે હવે સ્વામી કહે તેમ કરવું છે.' આમ, મન સાથે સતત વૈરબુદ્ધિ રાખીને આવો વિચાર કરવો પડે. તેને શત્રુપણું રાખ્યું કહેવાય.

❋ જોગીદાસ ખુમાણ તો બહારવટિયા હતા, પણ સિદ્ધાંતવાદી હતા. એકવાર પરસ્ત્રી પર તેનાથી કુદૃષ્ટિ થઈ ગઈ તો તરત જ તેણે આંખમાં મરચાંની ભૂકી નાખી ને બોલ્યા : 'હું જોગીનો દાસ, મારાથી આવું થાય જ કેમ ?'

આમ, ઈન્દ્રિયો-અંતઃકરણને નિર્દય થકો

જ્યારે દંડ દેવાય ત્યારે જાણવું કે સ્વભાવ સાથે શત્રુભાવ થયો છે.

૩) <u>મોટાપુરુષ સ્વભાવનું ખંડન કરે તો ગુણ લેવો</u> :

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૩૭માં** કહે છે કે, **'પરમેશ્વર તિરસ્કાર કરે ને ગમે તેવાં કઠણ વચન કહે તો પણ કોઈ રીતે દુખાવું નહીં ને કહેનારાનો ગુણ જ લેવો, એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ (સ્વભાવ) હોય તોય પણ તે ટળી જાય છે.'**

* બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે,

'સંત પરમ હિતકારી,
જગત માંહી સંત પરમ હિતકારી.'

સત્પુરુષ આપણા પરમ હિતકારી છે. તેઓ આપણું પરમ હિત ઇચ્છે છે, તેથી આપણા સ્વભાવનું ખંડન કરે છે. આ સમયે સત્પુરુષનો અવગુણ ન લેતાં તેમનો ગુણ જ લઈએ અને તેમની રુચિ મુજબ વર્તીએ તો સ્વભાવ નાશ પામે છે.

* અમદાવાદના પીતાંબર ફૂલચંદે એકવાર સદ્. શુકાનંદ સ્વામીના મુખે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સાંભળ્યો. તેથી તેઓ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની ઇચ્છા સાથે જૂનાગઢ પહોંચ્યા. અહીં સ્વામીનાં દર્શન અને વાતોથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.

એક વખતે તેમણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! મારે તમારો સમાગમ કરવો છે.' ત્યારે સ્વામી કહે, 'તારો વેશ્યા જેવો વેશ છે તે તું શું મારો સમાગમ કરવાનો હતો ?'

પીતાંબરભાઈનો રજોગુણી વેશકેશ જોઈ સ્વામીએ આમ કહેલું. પીતાંબરભાઈએ આવા તિરસ્કારભર્યા શબ્દોથી સ્વામીનો અવગુણ ન લીધો, પરંતુ રજોગુણભર્યા વેશકેશનો ત્યાગ કર્યો. પછી સ્વામીના સમાગમથી તેઓની સ્થિતિ પલટાઈ ગઈ. તેમનું અંતર ગુણાતીત રંગે રંગાઈ ગયું.

* નિષ્કુળાનંદ સ્વામીએ પદમાં લખ્યું છે,

'સંત વિના રે સાચી કોણ કહે,
સારા સુખની વાત,
દયા રહી છે જેના દિલમાં,
નથી ઘટમાં ઘાત.'

સંતના હૃદયમાં દયા છે. તે જીવનું ભલું ઇચ્છે છે તેથી કડવી લાગે તેવી વાત પણ આપણને કરતા હોય છે.

* તા.૧/૧/૨૦૧૮ના રોજ હિંમતનગર ખાતે મહંત સ્વામી મહારાજને એક સંતે પ્રશ્ન પૂછ્યો, 'સ્વામી, આપને ક્યારેય ગુસ્સો ચડે ?'

સ્વામીશ્રી કહે, "હા, ગુસ્સો ચડે, પણ એ ગુસ્સો સારો. મહારાજે છેલ્લાના ચોત્રીસમાં વચનામૃત (**ગઢડા અંત્ય-૩૪**)માં કહ્યું છે, 'હજારોનું બગડતું હોય એટલે. પણ અમથા અમથા ગુસ્સો કરતા હોય એ રીતે નહીં. પોતાના કારણે નહીં."

ગુણાતીત સત્પુરુષોની આ અનાદિની રીત છે. તેઓ પોતાના માટે ક્યારેય ગુસ્સો નથી કરતા. પરંતુ પોતાના યોગમાં આવનારા કોઈક ભક્તનો સ્વભાવ જોઈ, તેનો મોક્ષ ન બગડે તેવા શુદ્ધ હેતુથી તેઓ તેને વઢે-ટોકે-સમજાવે, તેના સ્વભાવનું ખંડન કરે. આ સમયે જે ભક્ત મોટાપુરુષનો ગુણ લઈ સ્વભાવ ટાળવા પુરુષપ્રયત્ન કરે છે તે સુખી થઈ જાય છે.

* ટૂંકમાં, લોકો કહે છે કે 'પ્રાણ ને પ્રકૃતિ સાથે આવે ને સાથે જાય', પરંતુ તેવું નથી. ભગવાન અને સંતના પ્રતાપે જો અંતર્દષ્ટિ કરીએ તો સ્વભાવ ઓળખાય, પછી તેને વિષે શત્રુભાવ રાખીએ અને તે માટે પુરુષાર્થ કરીએ તો સ્વભાવ નાશ કરી શકાય.

આપણે પણ સ્વભાવને વિષે શત્રુપણાનો વિચાર દૃઢ કરી, સ્વભાવ ટાળી અખંડ સુખિયા થઈએ એ જ પ્રાર્થના.

૩. વચનામૃત : ગઢડા મધ્ય-૧૫ : સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૧૫મું - સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળો નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે : ''ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો તે કયો વિચાર છે તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો ?'' પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું પણ યથાર્થ કોઈથી કહેવાયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે : 'લ્યો અમે કહીએ જે, જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તોપણ અતિશય રાજી થવાય છે, તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે. અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ, સામો તે સાધુનો અતિશય ગુણ લે અને એમ જાણે જે : 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે, માટે મારા પરમ હેતુ છે.' આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુમાત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ. **માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.''**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ગમે તેવા કઠણ સ્વભાવને ટાળવાનો ઉત્તમ ઉપાય બતાવે છે.

● **સ્વભાવ ટાળવાની આવશ્યકતા :**

❊ જેમ પગમાં કાંટો, આંખમાં કણું અને કીડનીમાં પથરીનો દુખાવો જ્યાં સુધી છે ત્યાં સુધી માણસને ચેન ન પડે, સુખ ન આવે. તેમ જ્યાં સુધી વ્યક્તિમાં સ્વભાવો છે ત્યાં સુધી સત્સંગના સાચા સુખનો અનુભવ થતો નથી.

❊ શ્રીજીમહારાજ કારિયાણીમાં થોડા દિવસ રહ્યા તે દરમ્યાન એક દિવસે મહારાજ ગામના ચોરામાં બિરાજતા હતા. ત્યાં કથાવાર્તા થતી હતી. તે વખતે એક ખેડૂત હળ લઈને જતો હતો. તેને જોઈ ખેતરના માલિક કણબી પટેલે તેને બૂમ પાડીને કહ્યું : 'જોજે, ખેતરમાં બૂડઠૂંઠાં આવે તે સંભાળજે, નહિ તો બળદની કાંધ આવી જશે.'

મહારાજે આ સાંભળ્યું પણ કાંઈ સમજ્યા નહિ.

તેથી તેમણે પટેલને પૂછ્યું : 'પટેલ ! તમે આ બૂડઠૂંઠાંનું કહ્યું તે શું ?'

પટેલે કહ્યું : 'મહારાજ ! ખેતરમાં બોરડીનાં ઝાડ ઊગ્યાં હોય તે ઉપરથી કાપી નાખ્યાં હોય પણ તેનાં મૂળ ખૂબ ઊંડાં હોય. તેમાં હળની કોશ ભરાઈ જાય તો બળદની કાંધ ખેંચાઈ જાય.'

શ્રીજીમહારાજ સમજી ગયા. આ વાત ઉપરથી મહારાજે સભામાં સૌને કહ્યું : 'તમે સૌએ આ પટેલે કહ્યું તે સાંભળ્યું ? ખેતરમાં બૂડઠૂંઠાં હોય તો તે કોદાળીથી ખોદી કાઢવાં જોઈએ નહિ તો હળ ચલાવતાં બળદની કાંધ આવી જાય. તે પ્રમાણે જે સ્વભાવ છે તે બૂડઠૂંઠાં જેવા છે. તે માંહી પડ્યા છે એટલે દેખાતા નથી. પણ કોઈ સ્વભાવ ઉપર વાત કરે તો તરત તપી ઊઠે અને બહાર દેખાય. માટે તેને ખોદીને કાઢી નાખીએ તો જ સુખ થાય.'

❋ જેમ આંબો વાવીએ તેનું ફળ માત્ર ને માત્ર કેરી જ છે તેમ સત્સંગનું ફળ પણ સ્વભાવ ટળે એ જ છે.

❋ પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'સત્સંગમાં આપણે સ્વભાવ મૂકવા જ આવ્યા છીએ. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવ ઘસાયા નહિ, તો સત્સંગ કર્યો જ નથી. જેટલા સ્વભાવ ઘસાયા તેટલું જ સત્સંગનું ફળ.'

❋ સત્સંગમાં આવ્યા પછી પણ સ્વભાવમાં જરા પણ ફેર ન પડે તેવી વ્યક્તિ માટે કવિ પ્રીતમ કહે છે :

પથરો પડ્યો પાણીમાં, કરીને ઊંડો નિવાસ,
પ્રીતમ ટાંકણે તણખાં ઝરે, એને ન લાગ્યો પાણીનો પાસ,
સંગત તેને શું કરે.

❋ એક ગામમાં શ્રોતાઓ બધા કથામાં મોડા આવ્યા. શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું : 'કેમ મોડા પડ્યા ?'

એક જણ કહે : 'સ્વામી ! ચા બાકી હતી.'

શાસ્ત્રીજી મહારાજ આ સાંભળી ઊભા થયા ને ચાનું તપેલું ઢોળી નંખાવ્યું. એક ચા પીવાનો સ્વભાવ પણ વર્ષો સુધી વાત સાભળવા છતાં ટળે એવો નથી. આવા 'આદત સે મજબૂર' ઘણાં હોય છે.

❋ એક વાર એક સંતે હરિભક્તને કહ્યું : 'તમે આ હરિભક્ત સાથેની આંટી મૂકી દ્યો. અક્ષરધામમાં તો સાથે જ રહેવાનું છે ને !'

તેણે કહ્યું : 'અક્ષરધામમાં હું જુદો બેસીશ.' કેવી અવળાઈ ! પણ આવો હોય તે અક્ષરધામમાં જાય તો જુદો બેસે ને !

માટે આ લોકમાં સુખી રહેવા અને પરલોકમાં કહેતા અક્ષરધામમાં જવા માટે સ્વભાવ ટાળવા આવશ્યક નહિ પણ અનિવાર્ય છે.

❋ શ્રીજીમહારાજ ઓરડાના પદમાં જણાવે છે :

સહુ હરિભક્તને રે જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.

❋ તા.૮-૯-૨૦૦૬ના રોજ દિલ્હીમાં સ્વામીશ્રી બિરાજતા હતા. ભાવનગરથી હર્ષદ ચુનીલાલ દર્શને આવ્યો. સ્વામીશ્રીને કહે : 'ચોકીઓ બહુ વટાવવી પડી. બહુ અઘરું પડ્યું. લોકોને સમજાવતાં સમજાવતાં ઠેઠ અહીં પુગ્યો છું. ઓલ્યા અક્ષરધામમાં પણ આવું જ હશે ?' સ્વામીશ્રી તરત જ કહે : 'ના, ના. ત્યાં તો જવા દેશે.' પછી ધીમે રહી કહે : 'પણ વ્યસન, તમાકુ કે સ્વભાવ હશે તો નહીં જવા દે. માટે એ કાઢજે.'

❋ સ્વામીશ્રી ભરૂચમાં એક વાર સાયંસભા બાદ ઉતારે પધારી રહ્યા હતા તે વેળાએ માયામી (અમેરિકા)થી આવેલ જિજ્ઞેશે સ્વામીશ્રીને કહ્યું : 'જેમ આ ભોજનાલયનો દરવાજો ઓપન છે, એમ અમારા સ્વભાવ હોય તોપણ અક્ષરધામનો દરવાજો ઓપન રાખજો.'

સ્વામીશ્રી આ સાંભળી તુરત બે વાર બોલ્યા : 'સ્વભાવ તો ટાળવા જ પડશે.'

❋ એટલે જ ગુણાતીતાનંદ સ્વામીએ **૩/૭૩મી વાતમાં** કહ્યું છે : 'અક્ષરધામમાં રહેવાય એવા સ્વભાવ કરવા શીખો.'

● સ્વભાવને વિશે શત્રુપણાનો વિચાર :

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ગમે તેવા કઠણ સ્વભાવનો પણ નાશ થઈ શકે તેનો ઉપાય બતાવતાં

જણાવે છે : 'સ્વભાવ ટાળવાના હજારો વિચારોમાં અતિ ઉત્કૃષ્ટ વિચાર જો કોઈ હોય તો તે છે - સ્વભાવને વિશે શત્રુપણું રાખવું.'

- જેમ સિંહ, વાઘ, વીંછી કે સાપ આપણને શત્રુરૂપ મનાય છે, તો તેને આપણાથી દૂર રાખીએ છીએ અથવા આપણે તેનાથી દૂર રહીએ છીએ.
- જેમ આપણો કોઈ દુશ્મન હોય તેણે આપણા પિતા-ભાઈની હત્યા કરી નાખી હોય અને મા-બહેનને ઉપાડી ગયો હોય તો તેને પ્રત્યે મનમાં કેવી દાઝ રહે ? આવું શત્રુપણું જો સ્વભાવને વિષે થાય તો સ્વભાવ ટળે.
- સ્વભાવને વિશે શત્રુપણું કેવી રીતે થાય ? તો, દુઃખમાત્રનું મૂળ સ્વભાવ છે, સ્વભાવને કારણે મને પોતાને, પરિવારને, સમાજને કે મારા વ્યવહારને, એક યા બીજી રીતે નુકસાન થાય છે અને દુઃખ સહન કરવા પડે છે, એવું સમજાય, મનાય ત્યારે.

૧) વ્યક્તિગત નુકસાન :

- વિશ્વના ફાસ્ટ બોલરોમાં જેની ગણના થતી હતી, જેની બોલિંગ સામે સારા સારા બેટ્સમેનો પણ ગભરાતા હતા એવા શોએબ અખ્તરનો 'Highly inflammable' અત્યંત જ્વલનશીલ સ્વભાવ હતો. પરિણામે, તે અન્ય દેશોની નિંદા તેમજ હાંસીનું પાત્ર બન્યો. એક વર્ષ પહેલાં પોતાની પાકિસ્તાનની જ ટીમના એક ખેલાડીને ઉગ્ર થઈને બેટ માર્યું, પરિણામે તેની ક્રિકેટ કારકિર્દીમાં ડાઘ લાગી ગયો અને ધિક્કારને પાત્ર ઠર્યો.

૨) પારિવારિક નુકસાન :

- મંથરાના ખટપટના સ્વભાવે રઘુકુળને છિન્નભિન્ન કરી નાંખ્યું. મંથરાની ચડવણીથી કૈકયીના અંતરમાં જાગેલી મમત્વની મધમાખીએ દશરથને એવો ડંખ દીધો કે દશરથ તો મૃત્યુ પામ્યા, પણ આખું રઘુકુળ વેરવિખેર થઈ ગયું. કૌશલ્યાને પોતાના પુત્ર-પુત્રવધૂનો વિયોગ થયો, ને કૈકયીને પોતાના પતિનો વિયોગ અને જેના માટે આ બધું કર્યું તે ભરત તરફથી તો પ્રેમની જગ્યાએ ધિક્કાર મળ્યો.

આજે પણ સમાજમાં જોઈએ છીએ કે વિપરીત સ્વભાવને કારણે દિનપ્રતિદિન છૂટાછેડાનો દર વધતો જાય છે, પરિણામે હજારો પરિવાર છિન્નભિન્ન થઈ જાય છે.

૩) વ્યાવહારિક નુકસાન :

- મુંબઈમાં એક શેઠ હતા. એક વાર તેમના એક વિશ્વાસુ નોકરે પોતાના વ્યવહાર પ્રસંગ માટે શેઠ પાસે લોન પેટે પૈસા માગ્યા. તો શેઠ અકળાઈ ગયા ને કહે : 'જ્યારે ને ત્યારે માગ-માગ જ કર્યા કરે છે.' નોકરે પહેલી વાર પૈસા માગેલા તે પણ લોન તરીકે. શેઠે નોકરને હડધૂત કરીને કાઢી મૂક્યો, પૈસા ન આપ્યા તેથી નોકરને એવો ગુસ્સો ચડ્યો કે રાત્રે જ દિલ્હી ફોન કરી ઈન્કમટેક્સની રેડ પડાવી.

જો થોડું સાચવી લીધું હોત ને શાંતિથી થોડા પૈસા આપી દીધા હોત, તો આટલું મોટું નુકસાન શેઠને વેઠવું ન પડત.

૪) વૈશ્વિક નુકસાન :

- અરે ! વિશ્વસ્તરે પણ સ્વભાવ વિનાશ નોતરે છે.
- રાવણ વેદનો ભણેલો, બ્રાહ્મણ, ત્રિલોકીનો રાજા હતો. મંદોદરી જેવી સુશીલ પત્ની હતી. છતાં તેની પરસ્ત્રી પ્રત્યેની આસક્તિએ લંકાનો નાશ નોતર્યો.
- દુર્યોધનના મનમાં રહેલો લોભ અને અહંકારરૂપી સ્વભાવને કારણે મહાભારતના યુદ્ધમાં ૪૮ લાખ માણસો મરાયા.
- હિટલરે અહંકારને વશ થઈને બીજું વિશ્વયુદ્ધ નોતર્યું, પરિણામે સાડા પાંચ કરોડ માણસો મર્યા અને પોતાને આપઘાત કરવો પડ્યો.
- અમેરિકા-ઈરાકના યુદ્ધમાં પણ લોભ અને અહંમમત્વના સ્વભાવને કારણે છ લાખથી વધુ લોકો યમસદન પહોંચી ચૂક્યા છે.

૫) આધ્યાત્મિક નુકસાન :

- શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૧૪માં** કહે છે : 'જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે તે સત્સંગમાંથી પાછા

પડી જતા દેખાય છે.'

❋ ઉત્સવ-સમૈયા પ્રસંગે વ્યવસ્થા બાબતે થતા સ્વભાવના ઘર્ષણના કારણે કેટલાય હરિભક્તો સત્સંગમાંથી પાછા પડી જાય છે.

❋ શાસ્ત્રીજી મહારાજના વખતમાં એક હરિભક્ત એક વાર ગોંડલ મંદિરે આવ્યા. તેમને તરસ લાગી હતી. તેથી તેમણે એક વૃદ્ધ સાધુ પાસે પાણી માંગ્યું. તે વૃદ્ધ સંતે તેમને પાણીનો નળ બતાવી, ત્યાંથી પાણી પીવા કહ્યું. તેમને અપાર દુઃખ થઈ ગયું, ગુસ્સો આવી ગયો. 'મને પાણીનો નળ બતાવ્યો !' તે હરિભક્તે સીધી જ ઘરની વાટ પકડી.

❋ શાસ્ત્રીજી મહારાજના સમયમાં સોખડાના ત્રિભોવનદાસ ચુસ્ત નિષ્ઠાવાન સત્સંગી હતા. શાસ્ત્રીજી મહારાજ આગળ કીર્તન ગાતાં ગાતાં ડોલતા. પણ શાસ્ત્રીજી મહારાજે એક વાર તેમની પ્રકૃતિ મરોડી તો આણંદ સ્ટેશને તેઓ શાસ્ત્રીજી મહારાજને મારવા દોડ્યા.

❋ આપણા જો વિચિત્ર સ્વભાવ હોય તો ભગવાન અને સંતને સુવાણ ન થાય, આપણા પ્રત્યે પ્રેમ ન થાય.

❋ ઈ.સ. ૨૦૦૫ : વિદ્યાનગરમાં એક યુવકે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! અમે તો બહુ જ ગુસ્સાવાળા છીએ, પણ તમારે અમને અક્ષરધામમાં લઈ જવાના જ છે.'

સ્વામીશ્રી કહે : 'અત્યાર સુધી શું કર્યું ? હજુ ગુસ્સો ઓછો થયો નથી ?'

યુવક કહે : 'અમારા પર દૃષ્ટિ અને પ્રેમ રાખજો.'

સ્વામીશ્રી કહે : 'ગુસ્સો હોય તો પ્રેમ ક્યાંથી રહે ?'

❋ એટલે જ શ્રીજીમહારાજ **વચનામૃત લોયા ૧૪માં** કહે છે : 'જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ ઇત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય તે સાથે જ અમારે બેઠા-ઊઠ્યાની સુવાણ થાય છે. અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તોપણ તેની સાથે સુવાણ થાય નહિ, તેની તો ઉપેક્ષા રહે છે.'

❋ સ્વભાવની વિચિત્રતાને કારણે જીવની અધોગતિ એટલે અવગતિ પણ થઈ જાય છે.

❋ લાલા પાળાને શ્રીજીમહારાજે મોઢામોઢ કોલ આપ્યો હતો : 'લાલા ! હું તને સાક્ષાત્ આવીને ધામમાં તેડી જઈશ.' લાલાપાળાનું અક્ષરધામ ૧૦૦ ટકા પાકું હતું. પણ તેના અભાવ-અવગુણ લેવાના સ્વભાવને કારણે તે ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કરી બેઠો, પરિણામે ધામ તો લાખ ગાઉ દૂર રહ્યું, પણ લાલો પાળો ભૂત થયો.

જો આવું સર્વ પ્રકારનું નુકસાન આપણા સ્વભાવને વિશે મનાય ત્યારે આપણા સ્વભાવને વિશે આપણને શત્રુભાવ જાગે, વૈરબુદ્ધિ જાગે.

● **સ્વભાવને વિશે શત્રુપણાનો વિચાર દૃઢ થાય, પછી તેને ટાળવા માટેનાં પગલાં ભરવાં પડે :**

૧) સંકલ્પ કરવો :

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ?' ત્યારે કહ્યું જે : 'ના મહારાજ.' ત્યારે સ્વામી બોલ્યા જે : 'મનમાં ધાર્યું નથી, નહીં તો ઉડાડી મૂકીએ. કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર માંડે લોઢાં ઘડવા ને આપણે માંડીએ સુરંગુ દઈને ઉડાડવા, તો ચાર-પાંચ વરસમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ. તેમ કામ-ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ તેમાં કાંઈ સંશય નથી.'

❋ રિચાર્ડ બાર્કે એક પુસ્તક લખ્યું છે. જેનું નામ છે 'જોનાથન લિવિંગ્સ્ટન સિગલ'. એની કથા કંઈક આવી છે. ગલ પક્ષીઓ સમુદ્રની સપાટીઓ પર રહે. દશ-પંદર ફૂટની ઊંચાઈએ ઊડીને પાણીમાં ડૂબકી મારીને માછલાં પકડી ખાય. આમને આમ જીવન પૂરું કરે. પેઢીઓથી આમ જ ચાલતું હતું. તેમાં જોનાથન નામના એક ગલ પક્ષીને વિચાર આવ્યો કે આપણે માછલીના ટુકડા માટે આખો દિવસ સંઘર્ષ કરવાનો ? આપણને પાંખો મળી છે

તેનો ઉપયોગ શું ? મારે ઊંચે ઊડવું છે. આકાશને પામવું છે. તેણે બધાને આ વાત કરી. વડીલોએ કહ્યું : 'જે અજ્ઞેય છે તેની રઢ મૂક. આપણે જે કરીએ છીએ તે બરાબર છે.' છતાં તે ઊડ્યો. પ્રચંડ પુરુષાર્થ પછી એ દિવ્ય આકાશ સુધી પહોંચ્યો અને ચૈતન્યમય સુખનો અનુભવ કરીને પાછો આવ્યો. બધાને આ વાત કરી. તેની ઇચ્છા એ હતી કે : 'મારા બધા સંબંધીઓને એ સુખનો અનુભવ કરાવું.' પણ કોઈ તૈયાર થયું નહીં. છેવટે એક પંખી મેનાર્ડ તૈયાર થયું અને તે તેને ત્યાં લઈ ગયો.

સિગલ પંખીઓની જેમ આપણે પણ જ્યાં ગોઠવાઈ ગયા છીએ ત્યાંથી આગળ નીકળવા તૈયાર નથી. ભલે ને પ્રમુખસ્વામી મહારાજ અક્ષરધામના સુખની વાત કરે, પરંતુ જેમ જોનાથને પોતાની મર્યાદાઓ તોડી તો તેને આકાશના અસીમ આનંદનો અનુભવ થયો. તેમ અક્ષરધામનું અતિ અપાર સુખ ભોગવવા માટે સ્વભાવ-પ્રકૃતિનું આવરણ તોડવું જ પડશે.

૨) પુરુષાર્થ કરવો :

❊ સ્વભાવને ટાળવાનો સંકલ્પ કર્યા પછી તે માટેનો પુરુષાર્થ કરવો પડે. સ્વભાવને દંડ દેવો પડે.

❊ જૂનાગઢના કરમણ ભગત રાત્રે બે વાગે ઊઠી મન સાથે બાટકતા : 'હે મન ! તું મૂરખ છું, લબાડ છું ! તેં જ મને લખચોરાસીમાં ભટકાવ્યો છે. પણ આ જન્મે મારે હવે તારું ધાર્યું કરવું નથી. મારે હવે સ્વામી કહે તેમ કરવું છે.' આમ મન સાથે સતત વૈરબુદ્ધિ રાખીને આવો વિચાર કરવો પડે. તેને શત્રુપણું રાખ્યું કહેવાય.

❊ એક વાર પદયાત્રા કરતા નિષ્કુળાનંદ સ્વામીને રસ્તામાં એક મરચાંનું ખેતર આવ્યું ત્યારે મરચાં ખાવાનો સંકલ્પ થયો. પછી તરત જ અંતર્દૃષ્ટિ થઈ કે 'ભગવાન વિના બીજો ઘાટ મને કેમ થયો ? મારે હવે તેને દંડ દેવો જ પડશે.' તેમણે ખેતરના માલિક પાસેથી થોડા મરચા માગીને લૂખા મરચાં ખાવાનું શરૂ કર્યું. ખાતાં ખાતાં બોલતા જાય : 'લે, નિષ્કુળાનંદ ખા.' આંખ-નાકમાંથી પાણી નીકળતા જાય, અસહ્ય બળતરા થાય પણ નિષ્કુળાનંદ સ્વામીએ જીભને અને મનને એવો દંડ દીધો કે ભૂલેચૂકે ભવિષ્યમાં આવો ખોટો સંકલ્પ ન થાય !

❊ જોગીદાસ ખુમાણ તો બહારવટિયા હતા, પણ સિદ્ધાંતવાદી હતા. એક વાર પરસ્ત્રી પર તેનાથી કુદૃષ્ટિ થઈ ગઈ તો તરત જ તેણે આંખમાં મરચાની ભૂકી નાખી ને બોલ્યા : 'તું જોગીનો દાસ, તારાથી આવું થાય જ કેમ ?'

આમ, ઇંદ્રિયો-અંતઃકરણને નિર્દય થકો જ્યારે દંડ દેવાય ત્યારે જાણવું કે સ્વભાવ સાથે શત્રુભાવ થયો છે.

૩) મોટાપુરુષ સ્વભાવનું ખંડન કરે તો ગુણ લેવો :

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે જો સ્વભાવને વિશે શત્રુભાવ હોય તો જ્યારે કોઈ સંત આપણા સ્વભાવનું ખંડન કરે ત્યારે તે સંતનો અભાવ આવે નહિ, પણ સામો ગુણ લે : 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે, માટે મારા પરમ હેતુ છે.'

❊ બોટાદના શિવલાલ શેઠ સભામાં સોપારી ખાતા હતા. તેથી કટ કટ અવાજ થતો હતો ત્યારે ભરસભામાં આત્માનંદ સ્વામીએ તેમને ટોકતાં કહ્યું : 'હાડકું કોણ ચાવે છે ?' શિવલાલ શેઠે આ વાત પોતા ઉપર લીધી અને સોપારી થૂંકી આવ્યા. એટલું જ નહિ પણ સોપારી ન ખાવાનો આજીવન નિયમ લઈ લીધો.

❊ ઈ.સ. ૨૦૦૬, લંડન : લંડનમાં એક સત્સંગી પરિવારમાં કંઈક અણબનાવ બનતાં મોટાપુત્ર સાથે તેનાં માતુશ્રીએ વરસોથી સંબંધ કાપી નાખ્યા હતા. પરિવારનાં સૌથી વડીલ આ માતુશ્રી તરફથી સ્વામીશ્રીની હાજરીમાં પારાયણ હોવા છતાં મોટા પુત્રને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. સ્વામીશ્રીના ધ્યાન ઉપર આ વાત આવતાં સ્વામીશ્રીએ મોટા પુત્રને બોલાવીને પારાયણની પૂજનવિધિમાં બેસાડ્યો. એટલું જ નહિ, અન્ય

દીકરાઓ દ્વારા માતુશ્રીને કહેવડાવ્યું : ‘હવે પારાયણ કરાવો જ છો, જેમાં બીજું બધું મૂકો છો, તો એની સાથે આ પણ મૂકી દો.’ અને સ્વામીશ્રીના આ એક જ વચને તે માતુશ્રીનાં અંતરમાં રહેલી કડવાશ દૂર થઈ ગઈ. તેમણે સ્વામીશ્રીને કહેવડાવ્યું : ‘મારે ફઈબા નથી બનવું. હું મારા પુત્રને બોલાવીશ.’

આવી રીતે સ્વભાવ ટાળવા માટેના પગલાં ભરીએ તો મોટાપુરુષની દૃષ્ટિ આપણા પર થાય અને સ્વભાવ ટળે.

❊ શ્રીજીમહારાજ રાજકોટમાં સર જહોન માલ્કમને મળવા ગયા ત્યારે બોરડીના ઝાડ નીચે બેઠેલા. તે વખતે બોરડીના કાંટામાં ગોપાળાનંદ સ્વામીની પાઘ ભરાઈ. તે જોઈ તેઓ બોલ્યા : ‘તારા નીચે સાક્ષાત્ ભગવાન આવીને બેઠા છતાં તારા સ્વભાવ મૂક્યા નહીં.’ આટલું બોલ્યા ત્યાં તો બોરડીના કાંટા બધા ખરી ગયા. આજે પણ કાંટા વગરની એ બોરડી વિદ્યમાન છે.

સ્વામીશ્રી તા.૧૬-૫-૦૨, ગુરુવારે રાજકોટમાં જૂના મંદિરે પ્રાસાદિક સ્થાને દર્શને ગયા ત્યારે એક ભાવિક આ બોરડી બતાવી કહે : ‘આપણા સંપ્રદાયમાં એક ઐતિહાસિક ઘટના બની ગઈ.’ સ્વામીશ્રી કહે : ‘મોટાપુરુષની દૃષ્ટિ થાય તો કાંટા નીકળી જાય. જડના (ઝાડના) નીકળી જાય તો મનુષ્યના તો નીકળી જ જાય ને !’

❊ ટૂંકમાં, લોકો કહે છે કે પ્રાણ ને પ્રકૃતિ સાથે આવે ને સાથે જાય, પરંતુ તેવું નથી. ભગવાન અને સંતના પ્રતાપે જો અંતર્દૃષ્ટિ કરીએ તો સ્વભાવ ઓળખાય, પછી તેને વિષે શત્રુભાવ થાય અને પછી તે શત્રુનો નાશ કરી શકાય.

આપણે પણ સ્વભાવને વિષે શત્રુપણાનો વિચાર દૃઢ કરી, સ્વભાવ ટાળી અખંડ સુખિયા થઈએ એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૨૧મું : મુદ્દાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ફાગણ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પ્રેમાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ વિષ્ણુપદ બોલતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘કીર્તન રહેવા દ્યો ને સર્વે સૂરત દઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ જે, જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે. અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વર્તે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે. અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **પૂર્વભૂમિકા :**

※ આ વચનામૃત ફાગણ સુદ પૂનમની તિથિએ નિરૂપાયું છે. સંવત ૧૮૮૫ની સાલમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ આ જ તિથિએ પ્રગટ્યા હતા.

※ આ વચનામૃતનું મથાળું 'મુદ્દાનું' છે. મથાળા પરથી જ ખ્યાલ આવે છે કે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં અગત્યની વાત કરી રહ્યા છે.

● **શ્રીજીમહારાજની સૂચના :**

※ ઘણી વાર એકની એક ક્રિયા વારંવાર કરવામાં આવે તો ક્રિયા યાંત્રિક (mechanical) થઈ જાય. દા.ત. પૂજા, આરતી, દંડવતમાં ધ્યાન ન રાખીએ તો દેહે કરીને હાજર હોઈએ, પરંતુ મન તો ક્યાંક ચકડોળે ચઢ્યું હોય. પછી ક્રિયા કરી - ન કરી સરખું થઈ રહે.

જેમ વર્ગખંડમાં શિક્ષક કાંઈક અગત્યની વાત કરવાના હોય, ત્યારે વિદ્યાર્થીઓને કહે છે કે ધ્યાન દઈને સાંભળો, તેમ મહારાજ પણ આ અગત્યની વાત હોવાથી કહે છે કે સૂરત દઈને સાંભળો.

● **શ્રીજીમહારાજે વ્યાસજીના ગ્રંથોનો સાર કાઢી આપ્યો :**

※ શ્રીજીમહારાજ વ્યાસજી અને તેમના ગ્રંથોનો ખૂબ મહિમા કહે છે. મહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૧૦**માં કહે છે કે, **'વ્યાસજીથી બીજા કોઈ મોટા આચાર્ય નથી.'** વ્યાસજીએ વેદોના ચાર ભાગ કરી આપ્યા. વળી, બ્રહ્મસૂત્ર, અઢાર પુરાણ, મહાભારત અને શ્રીમદ્‌ભાગવત જેવા ગ્રંથો પણ રચ્યા. મહારાજે વચનામૃતમાં વ્યાસજીનાં વચનોને પ્રમાણભૂત ગણ્યાં છે.

※ મહારાજની વિશેષતા એ છે કે તેમણે સાત વર્ષની બાળવયમાં આ તમામ ગ્રંથોનો અભ્યાસ ખૂબ સારી રીતે કર્યો. એટલું જ નહીં, તેનો સાર-નિષ્કર્ષ કાઢ્યો.

ભોજનમાં લાડુ, દાળ, ભાત, શાક, સલાડ, પાપડ જેવી દસ જુદી-જુદી વાનગી હોય તો લાડુ સાર છે, મુખ્ય મુદ્દો છે તેમ કહેવું સહેલું છે; પરંતુ ભોજનમાં લાડુ, શીરો, સુખડી, જલેબી, ઘેબર, ગુલાબજાંબુ, મેસુબ જેવાં દસ મિષ્ટાન્ન હોય તો સાર કાઢવો કઠણ પડી જાય. તેવી જ રીતે દસ શાસ્ત્રોમાંથી સાર કાઢવો કેટલો અઘરો થઈ જાય ?

આપણે વેદો-ઉપનિષદોનાં પૂંઠાં જોયાં નથી, પરંતુ મહારાજે આપણને તે તમામ ગ્રંથોનો સાર કાઢી આપ્યો. ગાય વસાવવાની નહીં, દોહવાની નહીં, છાણ-વાસીદું કરવાનું નહીં, દૂધ કાઢવાનું નહીં, સીધે-સીધું કોઈ માખણ મફતમાં કાઢી આપે તો કેવો આનંદ થાય ? તેમ આપણે શાસ્ત્રો ખોલવાનાં નહીં, વાંચવાનાં નહીં, સમજવાનાં નહીં, સીધે-સીધો સાર સાંભળવાનો છે. મહારાજની આપણા ઉપર કેવી કૃપા ?

※ મહારાજે શાસ્ત્રોમાંથી કલ્યાણની જ વાત કાઢી. કારણ કે તેમની દૃષ્ટિ જીવોના કલ્યાણ પર જ હતી. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપર અનેક ટીકાઓ લખાઈ છે, પણ જુદા જુદા લેખકોએ ગીતાનો જુદો જુદો મર્મ કાઢ્યો છે. દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા પર રહીને શાસ્ત્રાભ્યાસ કરે છે, પણ શ્રીજીમહારાજની દૃષ્ટિ કેવળ જીવના કલ્યાણ પર હતી, તેથી તે જ મર્મ આપણને કાઢી આપ્યો છે.

● **આત્યંતિક કલ્યાણ માટે વર્ણાશ્રમના ધર્મનું અસમર્થપણું :**

※ મહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે વર્ણાશ્રમના ધર્મ જીવનું કલ્યાણ કરવા સમર્થ નથી. વર્ણાશ્રમના ધર્મ એટલે સદાચારના ધર્મ. દુનિયામાં એક સજ્જન વર્ગ એવો છે, જે એમ માને છે કે આપણે આચરણ શુદ્ધ રાખીએ, કોઈને નડીએ નહીં, ક્યારેય ચોરી, હિંસા કે વ્યસન ન કરીએ, પરોપકાર અને સમાજસેવા કરીએ, તો આપણું કલ્યાણ થઈ જશે. પરંતુ મહારાજ સ્પષ્ટપણે કહે છે કે કેવળ આ સાત્ત્વિક ક્રિયાઓથી સંસારમાં કીર્તિ મળે અથવા દેહે કરીને સુખિયા

રહેવાય, પરંતુ જીવનું કલ્યાણ ન જ થાય.

✽ કવિ નર્મદે કહ્યું કે, '૬૦ વર્ષની જિંદગી મેં સમાજસેવા માટે કાઢી, તે કરતાં આત્માના કલ્યાણ માટે કાઢી હોત તો સારું હતું.' સમાજસેવા કરી પણ કલ્યાણની પ્રતીતિ ન આવી.

હકીકતમાં તો ભગવાનની સ્વરૂપનિષ્ઠા વિના આવી સાત્ત્વિક ક્રિયાઓથી આપણો અહં પોસાય છે, પરંતુ જન્મ-મરણ ટળતાં નથી.

◎ સામાન્ય તાવ-શરદી હોય તો દવાની ગોળી લઈ શકાય, પણ કોઈ મોટો ભયંકર રોગ થયો હોય તો ગોળી વ્યર્થ સાબિત થાય છે, તેમ અહં-મમત્વરૂપી માયાનો નાશ કરવો હોય તો ફક્ત સાત્ત્વિક ક્રિયાઓ વ્યર્થ અને બિન-અસરકારક સાબિત થતી હોય છે. તો માયાનો નાશ કરી જીવનું કલ્યાણ કરવા મહારાજ કયું સાધન જણાવે છે ?

● **<u>કલ્યાણને અર્થે ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા જરૂરી</u> :**

✽ શ્રીજીમહારાજે **વચનામૃત કારિયાણી-૧૦**માં કહ્યું છે કે, **'ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.'**

✽ આપણને થાય કે મહારાજે શો નવો સિદ્ધાંત આપ્યો? આ તો આપણે જાણીએ જ છીએ. 'ધાર્યું ધણીનું થાય' એવું તો ઘણા બોલે છે, પરંતુ આ સિદ્ધાંત ફક્ત માહિતી કે જાણકારી માટે નથી, પ્રતીતિ માટે છે.

✽ સર્વકર્તા જાણવાથી કેવી રીતે કલ્યાણ થાય? કલ્યાણ થવા માટે એ જરૂરી છે કે આપણો મોહ ટળે, ભય ટળે, સુખ-દુઃખમાં સ્થિરતા રહે, અહંશૂન્ય રહેવાય. કર્તાહર્તા માનવાથી આ શક્ય બને છે.

૧. <u>કર્તાપણાની નિષ્ઠાથી મોહ ન વ્યાપે</u> :

✽ દુનિયામાં જેટલું કાંઈ સારું છે, તે ભગવાને બનાવેલું છે. સૂર્ય-ચંદ્ર, પર્વત, નદી, વૃક્ષ, પશુ, પક્ષી, મનુષ્ય શરીર બધું જ એમની ઇચ્છાથી થયું છે.

'જ્યાં જ્યાં નજર મારી ઠરે,
યાદી ભરી ત્યાં આપની.'

✽ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, 'હું મારી ચૈતન્યશક્તિ ખેંચી લઉં, તો આખું જગત ગંધાઈ ઊઠે.' માટે જે કાંઈ સારું છે, તેમાં ભગવાનની શક્તિ રહેલી છે તેમ દૃઢપણે માનવું જોઈએ. જો આમ માનીએ તો ભગવાન-સંત વિના કોઈ વ્યક્તિ કે વસ્તુમાં મોહ ન વ્યાપે.

✽ પ્રમુખસ્વામી મહારાજ ૧૯૭૪ની સાલમાં અમેરિકાથી કેનેડા પધાર્યા. અહીં હરિભક્તો સ્વામીબાપાને વિશ્વની અજાયબી સમાન નાયગ્રા ધોધ પાસે લઈ ગયા. દેશ-પરદેશના અનેક લોકો પ્રાકૃતિક સૌંદર્ય માણવા માટે ત્યાં જતા હોય છે, પરંતુ સ્વામીબાપાએ ત્યાં શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરાવી. પછી ભજન-કીર્તન કરાવી વાત કરી, 'લાખો માણસ અહીં જોવા આવે છે, પણ આ ધોધના બનાવનાર ભગવાન છે. જ્ઞાન થાય તેને એ સમજાય ને આનંદ આવે... ભગવાનને જ જે સર્વકર્તા માને તેને જગતના કોઈ પદાર્થમાં આશ્ચર્ય (મોહ) થાય નહીં. કારણ, તે ભગવાનનું જ કાર્ય છે. ભગવાનને જોવા થકી જે આનંદ થાય તે બીજાથી ન થાય...'

✽ સ્વામીબાપા જેવી ઉચ્ચ કર્તાપણાની સમજણ હોય તો કોઈનું રૂપ, કળા, આવડત કે મિલકત જોઈને પણ મોહ ન ઊપજે. વળી, આપણે અન્ય કરતાં ન્યૂન છીએ તેવી લઘુતાગ્રંથિ (Inferiority complex) પણ ન બંધાય.

✽ દુનિયામાં જે કાંઈ સારું છે એના કર્તા ભગવાન છે. એ તો બરાબર, પરંતુ મારા જીવનમાં જે કાંઈ સારું થાય છે એના કર્તા પણ ભગવાન જ છે. દા.ત. કોઈ ગંભીર બીમારી અથવા અકસ્માત આપણા જીવનમાં આવી પડે અને આપણે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા હોઈએ, તે સમયે કો'ક ડોક્ટર આપણને બચાવી લે, ત્યારે થાય કે આ ડોક્ટર આપણા જીવનદાતા છે.

૧૯૯૮ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજની બાયપાસ સર્જરી ન્યુયોર્કમાં લેનોક્સ હિલ હોસ્પિટલ ખાતે ડો. સુબ્રહ્મણ્યમ્ દ્વારા થઈ. થોડા દિવસો બાદ સ્વામીબાપા કહે, 'મહારાજ ઘોડા પર બેઠા હોય તો ઘોડો આધાર થયો ? ઘોડામાં રહીને મહારાજ ઘોડો ચલાવે છે.' પછી પોતાના ઓપરેશનની વાત કરવા લાગ્યા. 'આપણા ડોક્ટરનું શું નામ ?' કોઈકે કહ્યું, 'ડો. સુબ્રમણ્યમ્.' બાપા કહે, 'આપણે જાણીએ કે સુબ્રમણ્યમ્ સાહેબે ખરેખરું ઓપરેશન કર્યું. લૌકિક રીતે એ ખોટું નથી, પણ મૂળ તો ભગવાને એમનામાં રહીને ઓપરેશન કર્યું છે. નહીંતર આપણે તો બહાર નીકળીને એમને વળગી પડીએ કે ઓહોહો! તમે મારા જીવનપ્રાણ ! પણ જીવનપ્રાણ તો પેલો અંદર બેઠો એ છે.'

ટૂંકમાં, ભગવાનને કર્તા જાણીએ તો ભગવાન વિના ક્યાંય અંજાઈ ન જવાય, મોહ ન પમાય.

૨. <u>કર્તાપણાની નિષ્ઠાથી ભય ન રહે</u> :

❊ શ્રીમદ્ભાગવતના સાતમા સ્કંધમાં પ્રહ્લાદજીનું આખ્યાન આવે છે. પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુને એકછત્ર સમ્રાટ બનવાનો સંકલ્પ હતો. વળી, ભગવાન સાથે તીવ્ર વૈરભાવ હોવાથી, પ્રહ્લાદ ભગવાનની ભક્તિ કરે તે પિતા હિરણ્યકશિપુને આંખમાં કણાની જેમ ખૂંચતું. હિરણ્યકશિપુએ પ્રથમ તો પ્રહ્લાદને ભગવાનનું ભજન ન કરવા સમજાવ્યા, પરંતુ પ્રહ્લાદ ન માન્યા તો મારી નાંખવા દૈત્યોને જણાવ્યું. દૈત્યોએ શૂળીથી ઘા કર્યા, મોટા હાથી નીચે કચડાવ્યા, ઝેરી સાપના દંશ દેવડાવ્યા, ઝેર પિવડાવ્યું, છતાં પ્રહ્લાદ તો નિર્ભય થકા ભગવાનનું ભજન કરતા રહ્યા.

પ્રહ્લાદ નિશ્ચિંત હતા કે ભગવાનની ઇચ્છા વિના મારો વાળ પણ વાંકો કરવા કોઈ સમર્થ નથી. કર્તાપણાની આવી નિષ્ઠાને કારણે પ્રહ્લાદને કોઈ ભય ન લાગ્યો.

❊ કેટલાકને ગ્રહ-પનોતી, ભૂત-પિશાચની બીક રહે છે. તેથી કલ્પિત જંતર-મંતર, દોરા-ધાગા, ગ્રહોની વીંટીનો આશરો લેતા હોય છે, પરંતુ જેમને કર્તાપણાની નિષ્ઠા હોય તેમને આવો ભય ન લાગે. કારણ કે તેઓ એમ સમજે કે ભગવાનની મરજી વિરુદ્ધ ભૂત-પિશાચ કાંઈ જ કરવા સમર્થ નથી અને ભગવાન કંઈ કરતા હશે તે મારું સારું જ કરતાં હશે. વળી, જે ભક્ત ભગવાનને જ સર્વકર્તા માને, તેને ગમે તેવું દુઃખ આવી પડે તો દુઃખ આપનારા ભગવાનને જાણે અને તે દુઃખ થકી રક્ષા કરનારા પણ ભગવાન વિના બીજાને ન જાણે.

❊ ભગવાનની કર્તાપણાની આવી નિષ્ઠા ભક્તોના જીવનમાં દૃઢ થાય તે માટે શ્રીજીમહારાજે સં.૧૮૬૨ની સાલમાં એક પત્ર લખી ગામોગામ સત્સંગીજનો માટે ફેરવ્યો હતો. પત્રમાં મહારાજે લખ્યું હતું કે, 'ભગવાન સિવાય કોઈ કોઈને મારવા, જિવાડવા કે દુઃખ દેવા સમર્થ નથી. જો મંત્રજંત્રવાળાનું ચાલતું હોય તો રાજા લશ્કર શા માટે રાખે? એક મંત્રવાળાને જ ન રાખે? માટે નિર્ભય રહી ભગવાનને સર્વકર્તા સમજી ભજન કરજો. આ પત્ર તમે એકાગ્ર મન કરીને ધારજો અને વિચારજો.'

◎ તા.૨૩/૪/૧૯૮૫ના રોજ પ્રમુખસ્વામી મહારાજને એરઇન્ડિયા પ્લેન દ્વારા લંડન જવાનું હતું. ખાલિસ્તાનવાદીઓએ થોડા દિવસ પૂર્વે જ એરઇન્ડિયાનું એક પ્લેન તોડેલું, જેમાં ઘણી જાનહાનિ થયેલી. હજુ વધુ નુકસાન પહોંચાડશે તેવી ધમકી પણ તેમણે આપેલી. તેથી લંડનના મુખ્ય હરિભક્તોમાંના સી.એમ. પટેલે સ્વામીબાપાને વિનંતી કરતાં કહ્યું કે, 'પ્લેન બદલી નાંખીએ. પનામા એરલાઈન્સ સીધી અને સસ્તી આવે છે.' પ્લેન બદલવાનું કારણ આતંકવાદીઓની ધમકી છે, તેવું જાણી સ્વામીબાપા સ્પષ્ટપણે કહેવા લાગ્યા, 'આતંકવાદીમાં વિશ્વાસ છે, ભગવાનમાં નથી ? એરઇન્ડિયાના પ્લેનમાં જ આવીશું.'

જ્યાં દુનિયા પણ ભયમાં મુકાઈ જાય, ત્યાં પ્રમુખસ્વામી મહારાજ ભગવાનના કર્તાપણાની નિષ્ઠાથી નિશ્ચિંત હતા.

* જગતના વર્તમાનકાળના પ્રશ્નો સાંભળીને આપણને ક્યારેક ચિંતા થાય, આપણે બીજા સાથે ઘરમાં, ઓફિસમાં તેની ચર્ચાઓ કરીએ, પરંતુ હકીકત એ છે કે જે કાંઈ થાય છે એ ભગવાનની ઈચ્છાથી જ થાય છે. સુખ આપે છે તે પણ સારા માટે છે અને દુઃખ આપે છે તે પણ આપણા સારા માટે જ છે.

૩. **<u>કર્તાપણાની નિષ્ઠાથી સ્થિરતા રહે</u> :**

* માન-અપમાન, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા જીવનનો ક્રમ છે. દરેક વ્યક્તિને વહેલા-મોડા તેનો સામનો કરવો પડે છે, પણ આપણે સમજણરૂપી બખ્તર ઘડ્યું હોય તો આપણને ટોચો વાગે નહીં.
* નરસિંહ મહેતા પરમ ભક્ત હતા. તેમના જીવનમાં પણ ઘણાં દુઃખ આવ્યાં. તેમના જ્ઞાતિજનોએ તેમને વાંક વિના નાત બહાર કર્યા, પત્ની માણેકબા ગુજરી ગયાં, દીકરો ગુજરી ગયો, છતાં તેઓ આનંદથી ગાતા,

'જે ગમે જગતગુરુદેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો.'

* કર્તાપણાની આ સમજણથી નિરંતર પ્રફુલ્લિત રહેતા ગુણાતીત સત્પુરુષો અનેક વિપરીતતાઓ, અપમાનો વચ્ચે સ્થિર રહ્યા છે.
* તા.૨૩/૪/૨૦૧૭, મહંત સ્વામી મહારાજ પ્લેન દ્વારા અમદાવાદથી કોલકાતા એરપોર્ટ પર પધાર્યા. ત્યાંથી મંદિરે હેલિકોપ્ટરમાં જવાનું હતું, પણ હેલિકોપ્ટરની પરવાનગી ન મળતાં સ્વામીશ્રીને કલાકો સુધી રાહ જોવી પડી. અકળાઈ જવાય તેવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી સ્થિર હતા.

સેવક સંત : 'આવું થાય ત્યારે આપને કંટાળો નથી આવતો ?'

સ્વામીશ્રી : 'આનંદ છે, ભગવાનનું ભજન થતું રહે છે.'

સ્વામીશ્રી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. તેમની ત્વચા તડકાને લીધે લાલાશ પકડી રહી હતી.

સેવક સંત : 'આવી પરિસ્થિતિમાં ધીરજ ક્યાંથી રહે?'

સ્વામીશ્રીએ માસ્ટર ચાવી બતાવતાં કહ્યું, 'ભગવાનની ઈચ્છા સમજવાની.'

હજારો લોકો પાસેથી પોતાનો જયજયકાર સાંભળ્યા પછી આવી પરિસ્થિતિમાં ભગવાનના કર્તાપણાના અનુસંધાન વિના સ્થિર રહેવું શક્ય જ નથી !

* તા.૧૪/૨/૨૦૧૯, પૂણે : **સાયંસભામાં** બાળકો દ્વારા **'प्रश्नों की परम्परा'** સંવાદ રજૂ થયો હતો. તેના સંદર્ભમાં મહંત સ્વામી મહારાજ રાત્રિભોજન બાદ હસતાં હસતાં કહેવા લાગ્યા કે ''બાળકો સંવાદમાં પોતાનું દુઃખ વ્યક્ત કરી રહ્યા હતા કે 'હું પાંચ ગોળી લઉં છું અને હું સાત ગોળી લઉં છું' પરંતુ મને વિચાર આવ્યો કે હું તો તેનાથી વધુ ગોળી લઉં છું!'' એક સંત કહે, 'એ તો સ્વામી ! એના પોતાના દુઃખની લેતા હશે, આપ તો બીજાનાં દુઃખ ટાળવા માટે લો છો.' નોંધ કરવા જેવી બાબત એ હતી કે પાંચ-સાત ગોળીવાળા તે દુઃખ સારુ રડતા હતા, જ્યારે એનાથી પણ વધુ ગોળી લેનાર સ્વામીશ્રી હસતા હતા! સ્વામીશ્રીએ જ તે સાયંસભામાં કહેલું કે, 'प्रोब्लेम तो आएँगे, पर भगवान हि सब करते है ऐसी समज हो, वे हसते हसते जीते हैं और दूसरे रोते रोते।'

ભગવાનના કર્તૃત્વના અનુસંધાનથી સ્વામીશ્રી નાના-મોટા અનેક રોગ અને તે માટે લેવી પડતી અનેક દવાઓ વચ્ચે પણ સ્થિર રહે છે. એમ જેને કર્તાપણાની આવી નિષ્ઠા હોય તે ગમે તેવા ઝંઝાવાતોમાં સ્થિર રહી શકે છે.

૪. **<u>કર્તાપણાની નિષ્ઠાથી અહંશૂન્ય રહેવાય</u> :**

* ભગવાન જ બધું કરે છે, મારા વડે કાંઈ થતું નથી, એ જ અહંશૂન્યતા છે. **વચનામૃત ગઢડા અંત્ય-૩૯** પ્રમાણે અહં માયાનું સ્વરૂપ છે. એટલે

અહં ટળવાથી માયા સહેજે ઉલ્લંઘાય છે અને જીવનું કલ્યાણ થાય છે.

* ગુણાતીત સત્પુરુષોએ ભગવાનમાં પોતાનું અસ્તિત્વ ઓગાળી દીધું છે. તેથી જ તેઓ મન-કર્મ-વચને અહંશૂન્ય છે.

પ્રમુખસ્વામી મહારાજ ૧૯૭૧ની સાલમાં ચૂડા ગામે સુંદરભાઈના ઘરે પધાર્યા હતા. સુંદરભાઈએ આ નિમિત્તે મોટી સંખ્યામાં અતિથિઓને જમાડવાનું આયોજન કરેલું અને રસોઈની વ્યવસ્થામાં તેમના જૈન મિત્ર નગીનભાઈને રાખેલા. રસોઈમાં અતિથિઓની અંદાજિત સંખ્યા આપવા છતાં રસોઇયાએ ભૂલથી અધમણનું જ શાક બનાવ્યું અને બીજું અધમણનું શાક ચૂલે ચઢાવવાનું ભૂલી ગયો ! નગીનભાઈને ચિંતા થઈ કે બધા અતિથિઓને શાક કેવી રીતે જમાડી શકાશે, પણ આશ્ચર્યની વાત એ બની કે તબાસરાં ભરી ભરીને શાક કાઢવા છતાં વાસણમાંથી શાક તલભાર ઓછું થાય જ નહીં ! આ જોઈ તેઓને થયું કે 'નક્કી આ પ્રમુખસ્વામી મહારાજનો જ પ્રતાપ છે !'

આ નજરે દીઠેલ વાત તેમણે સ્વામીબાપાને જણાવી ત્યારે આ બાબતે બિલકુલ લક્ષ્ય ન આપતાં સ્વામીબાપા બોલ્યા, 'આ તો બધું ભગવાનનું કર્તવ્ય છે. આપણાથી કશું થતું નથી.' નગીનભાઈનું અંતર કહેવા લાગ્યું કે 'જે વાત લોકો ઢોલ-નગારાં વગડાવીને જાહેર કરાવે તે પર આ સંતે પડદો જ પાડી દીધો!' ભગવાનની આવી નિષ્ઠા જોઈ નગીનભાઈનો સાક્ષી ભેદાઈ ગયો.

* ગુણાતીત સત્પુરુષની વિશેષતા એ છે કે અનેક કાર્યો કરવા છતાં તેમને લેશમાત્ર અહંકાર નથી. જેણે કાંઈ કર્યું જ ન હોય, તેને નિર્માની રહેવું સહેલું છે, પણ સિદ્ધિઓ હાંસલ કર્યા પછી નિર્માની રહેવું કપરું છે. તેઓ એક-બે પ્રસંગે નિર્માની થયા છે તેવું નથી, ભગવાનના કર્તાપણાનો વિચાર અખંડ રહેવાથી તેઓ આજીવન અહંશૂન્ય જ રહ્યા છે.

◎ હ્યુસ્ટનમાં પ્રવીણભાઈ નામના એક મુમુક્ષુએ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે 'આ સંતો આપની હાજરીમાં આપની આટલી બધી પ્રશંસા કરે છે, તેમ છતાં આપ આટલા અહંશૂન્ય કઈ રીતે રહી શકો છો?' સ્વામીબાપા કહે, 'જે કાંઈ થાય છે તે ભગવાનને લીધે છે. આપણે કરીએ છીએ એમ માનીએ તો અહં આવે ને !' પ્રવીણભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'આવો વિચાર ક્યારે આવે છે ?'

સ્વામીબાપા કહે, 'એ વિચાર ટળતો જ નથી.'

મીણ અને પાણી ભેગા હોય છતાં મીણને પાણીની અસર થતી નથી, તેમ સન્માન અને સત્પુરુષ ભેગા રહેવા છતાં સત્પુરુષને સન્માનની કોઈ અસર જ થતી નથી. કારણ કે, સત્પુરુષ માને છે કે જે સન્માન પ્રાપ્ત થયું છે, તે સન્માનના દાતા ભગવાન છે અને સન્માન પણ ભગવાનનું જ છે.

* મહંત સ્વામી મહારાજની સાધુતા અને સામર્થ્યથી પ્રભાવિત થઈ સંતો-ભક્તો હાથ જોડી તેમનાં એકચિત્તે દર્શન કરતા હોય છે. વિવિધ હાર-તોરા, ચાદર, દંડવત્ વગેરે અર્પણ કરતા હોય છે, પરંતુ સ્વામીશ્રી આપણી ભક્તિ કયા વિચારથી સ્વીકારતા હોય છે ?

સુરતમાં મહંત સ્વામી મહારાજ એક વાર સહેજે બોલ્યા હતા કે 'આ બધું ઠાકોરજીને લીધે જ છે. મારી જય બોલાય ત્યારે ઠાકોરજી અને અક્ષરપુરુષોત્તમ મહારાજનું સન્માન છે, એમ ધારીને છૂટા... ડોક્ટર સ્વામી વગેરે દંડવત્ કરે તો ઠાકોરજીને અર્પણ કરી દઉં, નહીં તો ભારે પડી જાય... પા ટકાનોય ભાર નહીં, બધું મહારાજ પર, આપણે છૂટાને છૂટા.'

માન-અપમાન, સુખ-દુ:ખ અને સફળતા-નિષ્ફળતા જેવા પ્રસંગોમાં ભગવાનના કર્તાપણાનો મુદ્દો આપણા જીવનમાં કેવી રીતે ઉપયોગી થાય તેને આપણે સમજવાનો પ્રયાસ કર્યો. જો આના ઉપર ઊંડો વિચાર કરી ભગવાનના કર્તાપણાની સમજણ આપણે જીવનમાં દૃઢ કરીશું તો મહારાજ કહે છે તે પ્રમાણે આપણું કલ્યાણ થવામાં કોઈ કસર ન રહે.

૧૦. વચનામૃત : ગઢડા મધ્ય ૨૧ - મુદ્દાનું (ભાગ - ૨)

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૨૧મું : મુદ્દાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ફાગણ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પ્રેમાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ વિષ્ણુપદ બોલતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, '...જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દ્રઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં...'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું એકવીસમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ મહાભારતના વનપર્વમાં વેદ વ્યાસજી કહે છે,

સુખસ્ય અનન્તરં દુ:ખં, દુ:ખસ્ય અનન્તરં સુખમ્।

સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ, એક પછી એક આવતું રહે છે.

આપણું સાંસારિક જીવન પ્રશ્નોનું ઘર છે. 'બાર સાંધે ત્યાં તેર તૂટે' એવી પરિસ્થિતિ હોય છે. સમુદ્રનાં મોજાં સતત ચાલુ જ હોય, તેમ જીવનમાં પ્રશ્નો સતત આવ્યા જ કરતા હોય છે.

❊ આ તમામ પ્રશ્નોના સમાધાનરૂપે જો કોઈ સમજણ હોય તો તે છે - ભગવાનના કર્તાપણાની સમજણ.

ભગવાનને વત્તા-ઓછા પ્રમાણમાં કર્તાહર્તા તો ઘણા લોકો માને છે, પરંતુ શ્રીજીમહારાજ કહે છે કે તે સર્વકર્તાહર્તા ભગવાન પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ ભગવાનની અનિવાર્યતા દર્શાવતું આ વચનામૃત ઐતિહાસિક અને પ્રસાદીનું છે.

● **<u>આ વચનામૃત સાથે જોડાયેલો ઐતિહાસિક પ્રસંગ</u> :**

❊ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સં. ૧૯૬૨ની સાલમાં વરતાલ છોડ્યું તે ઘણાને સદ્યું નહોતું. તેમાંના એક શાસ્ત્રીજી મહારાજના ખાસ સ્નેહી શ્રી દોલતરામ કૃપાશંકર પંડ્યા હતા, જેઓ ગુજરાતી સાહિત્યના સાક્ષર, સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વરતાલ કમિટીના સભ્ય હતા. દોલતરામભાઈને શાસ્ત્રીજી મહારાજનો એટલો વિશ્વાસ જરૂર હતો કે તેઓ સિદ્ધાંત વિરુદ્ધ કોઈ કાર્ય કરે જ નહીં.

શાસ્ત્રીજી મહારાજ વરતાલથી નીકળ્યા

તેના દસ વર્ષ બાદ દોલતરામભાઈ શાસ્ત્રીજી મહારાજને નડિયાદમાં ભેગા થયા. પોતાના ઘરે શાસ્ત્રીજી મહારાજની પધરામણી-પૂજન કરાવ્યાં પછી તેમણે પૂછ્યું, 'સ્વામી ! આપને ભેગા થવાનો વિચાર છે?'

શાસ્ત્રીજી મહારાજે તરત જ કહ્યું, 'અમારે ભેગા થવાનો વિચાર છે, પરંતુ ગઢડા મધ્ય-૨૧મું વચનામૃત વડતાલવાળા કબૂલ રાખે તો ભેગા થવામાં અમારે કોઈ વાંધો નથી.' તેમને ખાતરી થઈ કે શાસ્ત્રીજી મહારાજ કોઈ અંગત અહં-મમત્વ કે રાગ-દ્વેષથી બહાર નથી નીકળ્યા, પરંતુ સિદ્ધાંત માટે નીકળ્યા છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને આ વચનામૃતનો સિદ્ધાંત સમજાવવા વિનંતી કરી. શાસ્ત્રીજી મહારાજે આ વચનામૃતના આધારે અક્ષરપુરુષોત્તમ ઉપાસના સમજાવી ત્યારે તેઓ બોલ્યા, 'જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરી ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે. આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે, પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવશે એટલી તમારી મોટપ વધી જશે.'

જીવના આત્યંતિક કલ્યાણ માટે પ્રત્યક્ષ ભગવાન અને તેના ઉત્તમ સાધુનો મહિમા સમજવાની વાત શાસ્ત્રીજી મહારાજે દોલતરામભાઈને આ વચનામૃતના આધારે સમજાવી. કલ્યાણના મુદ્દાની વાત સાંભળી તેઓ શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં નમી પડ્યા.

- **<u>પ્રત્યક્ષ ભગવાનનું માહાત્મ્ય ન સમજવાની કઠિનાઈ</u> :**

❋ જીવની સ્વાભાવિક કુટેવ છે કે તેને પ્રત્યક્ષ ભગવાનનું માહાત્મ્ય ન હોય, પરંતુ પરોક્ષ ભગવાનમાં સહેજે પ્રતીતિ આવી જાય.

શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધમાં સ્વર્ગની ઇચ્છાથી અંગિરસ યજ્ઞ કરી રહેલા ઋષિઓની વાત આવે છે. બન્યું એમ કે શ્રીકૃષ્ણ ભગવાન ગોપકુમારો સાથે ગાયો ચરાવવા ખૂબ દૂર નીકળ્યા હતા. ગોપકુમારોને ભૂખ લાગી એટલે તેમણે શ્રીકૃષ્ણને ભોજનની કોઈક વ્યવસ્થા માટે પૂછ્યું. શ્રીકૃષ્ણે તેમને પાસે આવેલી યજ્ઞશાળામાં ઋષિઓ પાસે ભોજન લેવા માટે મોકલ્યા. ગોપકુમારોએ ઋષિઓ પાસે જઈ શ્રીકૃષ્ણ માટે ભોજન માંગ્યું, પરંતુ ઋષિઓએ તેમની વાત પર જરાય લક્ષ્ય ન આપ્યું. તેઓ પોતાના જ કાર્યમાં વ્યસ્ત રહ્યા. પરલોક પામવા જેની આરાધના કરી રહ્યા હતા, તે ભગવાને તેમને ફળ આપવા માટે ભોજન મંગાવ્યું, પણ તે પ્રત્યક્ષ ભગવાનને ઓળખી ન શક્યા. પછી ભગવાનના કહેવાથી ગોપકુમારો ઋષિપત્નીઓ પાસે ગયા ત્યારે તેમણે સ્વયં ભોજન આપવા આવવાની તૈયારી બતાવી. ઋષિઓએ પોતાની પત્નીને રોકી છતાં તેઓ ભગવાનને જમાડવા નીકળી પડી.

ઋષિઓને જ્યારે ખ્યાલ આવ્યો કે શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પરમાત્મા છે ત્યારે તેમને ખૂબ પસ્તાવો થયો અને પોતાને ધિક્કારવા લાગ્યા. ઋષિઓને યજ્ઞોપવીત સંસ્કાર હતા, શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ હતો, તપસ્વી હતા, પવિત્ર હતા અને યજ્ઞાદિક શ્રેષ્ઠ કર્મો કરતા હતા, છતાં પ્રત્યક્ષ ભગવાનને ઓળખી ન શક્યા તો દુઃખી થયા.

◎ નીલકંઠવર્ણી ગુજરાતમાં આવી કાઠિયાવાડમાં એક ગામે આવ્યા. અહીં તેઓ એક ભરવાડના નેસમાં ઊતર્યા. ભરવાડે નીલકંઠને દૂધ પાયું. રાત્રે ભરવાડના ગુરુ આવ્યા અને ભજન-ભક્તિ ખૂબ થઈ. તે રાત્રે વર્ણી અને તે બાવાજી પાસે પાસે જ સૂતા હતા. બાવાજીને એવી ટેવ કે પડખું ફેરવે એટલે 'હે રામ' એવું બોલે. એ ટેવ મુજબ તેઓ પથારીમાં પડખું ફર્યા અને 'હે રામ' એવું બોલ્યા. નીલકંઠ વર્ણીએ તેમને 'હં...' કરી સામો હોંકારો આપ્યો. આમ ત્રણ-ચાર વખત વર્ણીએ

હોંકારો દીધો. તે સાંભળી બાવાએ પૂછ્યું, 'તમે હોંકારો દ્યો છો તે તમે કાંઈ રામ છો ?' વર્ણીએ હસીને કહ્યું, 'હા. જે રામ હોય તે જ હોંકારો દે ને!' બાવાજીને મનાયું નહીં. પ્રત્યક્ષ ભગવાન પોતાની બાજુમાં હતા, પણ ઓળખવા અઘરા હતા. પછી વર્ણીએ રામચંદ્રરૂપે દર્શન આપ્યાં ત્યારે તે બાવાજી પગે પડી ગયા.

❊ મહુધાના મૂળજીભાઈ વડતાલના ટ્રસ્ટી હતા. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, તે તેઓને લેશપણ માન્ય નહોતું. શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને પ્રગટની વાતો તેમને આંખમાં કણાની જેમ ખૂંચતી, તેથી વિરોધ પણ ખૂબ કરતા, પરંતુ નડિયાદના વિઠ્ઠલભાઈ બારોટે વચનામૃત ગ્રંથના આધારે શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવ્યો. પછી તેમને અંતરમાં ખૂબ પસ્તાવો થયો.

૯૦ વર્ષની ઉંમરે તેઓ સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજને મળ્યા. મૂળજીભાઈએ નારાયણસ્વરૂપદાસ (પ્રમુખસ્વામી મહારાજ), પૂજારી, ભંડારી તમામ સંતોને બોલાવી કહ્યું, 'શાસ્ત્રીજી મહારાજને રાજી કરીએ તો શ્રીજીમહારાજને રાજી કર્યા બરાબર છે. તેમને ઓશિયાળા ન કરવા.'

❊ પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા પણ લખે છે કે "મનુષ્યની કમજોરી છે કે તેને ભૂતકાળના મહાપુરુષો, અવતારો, તેમના ગ્રંથ આ બધું જ દિવ્ય અને ભવ્ય લાગે. ભૂતકાળ સુવર્ણયુગ લાગે, વર્તમાનકાળ કળિ લાગે. પોતાના સમયના હોય તેમની મહત્તા તે ઓછી સમજે અથવા તેમને સમજવામાં કચાશ રહી જાય છે, પરંતુ એવા મહાપુરુષના અવસાન પછી સૌ તેમની પૂજા કરે છે. માટે જ કહ્યું છે : 'મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે' આ સાત્ત્વિક જડતાનો સંસ્કાર છે."

આમ, પરોક્ષમાં બધાને પ્રતીતિ આવે છે, પણ પ્રગટમાં આવતી નથી.

◎ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા, 'ઉપર છે તે દેખાતા નથી અને નીચે છે તે મનાતા નથી.' એટલે કે જે ભગવાન પરોક્ષ થઈ ગયા છે તે જોવા માટે જીવ સમર્થ નથી અને તે જ ભગવાન અન્ય સ્વરૂપે પ્રગટ છે, પણ જીવને મનાતું નથી. તેથી જ તે કલ્યાણના માર્ગે આગળ વધી શકતો નથી.

● **<u>પ્રત્યક્ષ ભગવાનનું માહાત્મ્ય સમજવાથી જ કલ્યાણ</u> :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે જેવું પરોક્ષ ભગવાનનું અને ઉત્તમ ભક્તનું માહાત્મ્ય જીવ સમજે છે, તેવું જો પ્રત્યક્ષ ભગવાન અને તેમના ઉત્તમ ભક્ત સાધુનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ પણ સમજવાનું બાકી રહ્યું નથી.

❊ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહ્યું છે -

યસ્ય દેવે પરાભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥

જીવને જેવી પરોક્ષને વિશે પ્રતીતિ છે તેવી પ્રગટ ગુરુહરિને વિષે દૃઢપણે પ્રતીતિ થાય, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ પ્રાપ્ત થાય છે. એટલે કે શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો ખુલ્લાં થઈ જાય છે, તેનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રમાણે જીવન બને છે.

❊ એક કીર્તનમાં પણ કહ્યું છે :

પરોક્ષથી ભવતણો પાર આવે નહીં,
વેદ વેદાંત કહે સત્યવાણી.

❊ ધરમપુરનાં રાણી કુશળકુંવરબાના દરબારમાં પુરાણી શ્રીમદ્‌ભાગવતની કથા વાંચતા હતા. તેમાં રુક્મિણી હરણનો પ્રસંગ આવ્યો ત્યારે રાણીએ પ્રસંગનો મર્મ પકડી પુરાણીને કહ્યું, 'પુરાણી મહારાજ! તમે કથા કર્યા જ કરશો અને હું તે

સાંભળ્યા કરીશ, પરંતુ જ્યાં સુધી રુક્મિણીનું કાંડું ભગવાને પકડ્યું, તેમ મારું કે તમારું કાંડું પ્રગટ ભગવાન આવીને નહીં પકડે ત્યાં સુધી મારું કે તમારું કલ્યાણ થાય તેમ નથી.'

◎ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં શ્રીજીમહારાજ કહે છે, 'સર્વે શાસ્ત્ર પ્રગટમાં આવી મળે છે. પ્રગટ સૂર્ય વિના અંધારું ટળે નહીં, પ્રગટ અન્ન વિના ક્ષુધા (ભૂખ) ટળે નહીં, પ્રગટ જળ વિના તૃષા છીપે નહીં - એમ લોકમાં પણ પ્રગટનું મા'તમ છે. તેમ પ્રગટ ભગવાનના સંબંધ વિના કોટિ ઉપાયે મોક્ષનું કાર્ય સરતું નથી. પ્રગટની વાત પણ શાસ્ત્રમાં છે.'

◎ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'માં કહ્યું,

'જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે,
એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે;
માટે પ્રકટ જોઈએ ભગવંત રે,
એવું સર્વે ગ્રંથનું સિદ્ધાંત રે.'

● **શ્રીજીમહારાજ ગુણાતીત સંત દ્વારા સદાય પ્રગટ :**

આ વચનામૃત ઉદ્‌બોધાયું ત્યારે પ્રત્યક્ષ-પ્રગટ ભગવાન શ્રીજીમહારાજ જ હતા. અહીં તેઓ પોતાના જ ભગવાનપણાનો નિર્દેશ કરે છે.

❊ શ્રીજીમહારાજ આ પૃથ્વી પર અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે આવ્યા હતા. તેમણે પોતાના આશ્રિતોના દોષો-સ્વભાવો ટાળી અક્ષરધામના અધિકારી બનાવ્યા, પરંતુ હજુ અનંત જીવોનું કલ્યાણ કરવાનું બાકી હતું. તે કલ્યાણનું કાર્ય ચાલુ રહે તે હેતુથી મહારાજ ગુણાતીત સંતને મૂકતા ગયા. મહારાજે પોતાના આશ્રિતજનોને આવા ગુણાતીત સંતનો આશ્રય ગ્રહણ કરવા કહ્યું. **વચનામૃત વરતાલ-૧૦માં** મહારાજ કહે છે કે, **'ભગવાન જ્યારે પૃથ્વીને વિશે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'**

❊ યોગીજી મહારાજે આ જ વચનામૃતનું નિરૂપણ ૧૯૬૬માં મુંબઈમાં કર્યું ત્યારે તેમણે કહ્યું, 'શ્રીજીમહારાજના મળેલા કોઈ સાધુ અત્યારે દેખાતા નથી. નંદ સંતો (પરમહંસો) ક્યાં છે ? તો અત્યારે કોનો આશ્રય કરવો ? એમના સાધર્મ્યને પામેલા હોય એ મળેલા. અભિપ્રાયને જાણનારા, એકાત્મભાવને પામેલા. અભિપ્રાયને એ પ્રવર્તાવે.'

આવા આશ્રય કરવા યોગ્ય સંત એટલે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે, જેમના દ્વારા મહારાજે પોતાનું પ્રાગટ્ય અને કલ્યાણનું કાર્ય ચાલુ રાખ્યું. મહારાજે અનેક પ્રસંગોએ ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખાણ કરાવી છે.

❊ એક દિવસ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ ગોમતી સરોવરથી માંદા સાધુઓની ગોદડીઓ ધોઈને આવતા હતા. તેમને જોતાં જ શ્રીજીમહારાજને શરીરે એકદમ ખૂબ પરસેવો વળ્યો ને તેઓએ ભગુજીને કહ્યું, 'આ સાધુના ખભા પર ભાર છે, તે ભાર મને લાગે છે. માટે એ ગોદડીઓ ઉતારો ત્યારે મને શાંતિ થશે.' પછી ભગુજીએ તેમ કર્યું ત્યારે શ્રીહરિને ઠીક લાગ્યું.

ત્યારબાદ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોને સ્વામીનો મહિમા કહેતાં તેમણે કહ્યું, 'જેમ સાણસામાં સાપ પકડ્યો હોય, તેમ આ ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને વિશે અમારી મૂર્તિને અખંડ પકડી છે; અને આજ જેટલા માણસ અમારી કેડે ફરે છે, તેટલા માણસ તેમની કેડે ફરશે; અને તે અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.'

આવા તો અનેક પ્રસંગે શ્રીજીમહારાજે પોતાના અંતર્ધાન થયા બાદ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ રહેવાનો કોલ ભક્તોને આપ્યો.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં કહ્યું,

'દેહ મૂકીને પામવા છે તે જ આ પ્રગટ વાતું કરે છે.' (૧/૨૬૩)

'હમણાં તો મહારાજ પ્રગટ છે તે સત્સંગી હોય તે જાણે, બીજાને જણાય નહીં.' (૪/૩૫)

❋ સન ૧૯૯૭માં સારંગપુરથી કેટલાક વિદ્યાર્થી સંતોએ પ્રમુખસ્વામી મહારાજને સત્પુરુષના સ્વરૂપ અંગે કેટલાક પ્રશ્નો પત્રમાં લખી મોકલ્યા હતા. સ્વામીબાપાએ પત્ર દ્વારા જવાબ લખી મોકલ્યો, 'મહારાજનું પ્રગટપણું અક્ષરબ્રહ્મ દ્વારા છે. વચનામૃતમાં મહારાજે જ્યાં જ્યાં એકાંતિક સંત અથવા ઉત્તમ ભક્તની વાત કરી છે, તે શબ્દો ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરના છે અને રાજાની સત્તા હોય તેટલી રાણીની સત્તા કહેવાય. માટે અક્ષરબ્રહ્મ દ્વારા પ્રગટપણું છે.'

● <u>વર્તમાનકાળે ગુણાતીત સંત એટલે કોણ ?</u>

❋ શ્રીજીમહારાજ જે રીતે ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ રહીને કાર્ય કરી રહ્યા હતા, તે જ રીતે ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ દ્વારા તેમણે અનેક જીવોના કલ્યાણનું કાર્ય કર્યું.

પ્રમુખસ્વામી મહારાજે પોતાના ઉત્તરાધિકારી તરીકે મહંત સ્વામી મહારાજની નિયુક્તિ તા.૨૦/૭/૨૦૧૨ના રોજ પત્ર દ્વારા કરી. તેમણે લખ્યું, 'મારા દેહવિલય પછી બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે એટલે ગુરુપદે હું પૂજ્ય મહંત સ્વામી (સાધુ કેશવજીવનદાસ) ગુરુ જ્ઞાનજીવનદાસની નિમણૂક મારી રાજી ખુશીમાં સંપૂર્ણ સભાન અવસ્થામાં કરું છું.'

❋ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં આપણને આદેશ આપ્યો છે કે જેવો આપણને પરોક્ષ અવતારો અને તેમના ભક્તોનો મહિમા છે, તેવો આપણે મહંત સ્વામી મહારાજનો મહિમા સમજવાનો છે.

પૂજ્ય ડોક્ટર સ્વામી આપણને ઘણી વાર સમજાવે છે કે, 'મહંત સ્વામી મહારાજનું દર્શન અને પૂજન એટલે સ્વામિનારાયણ ભગવાન, ગુરુપરંપરા, સર્વ અવતારો, સર્વ દેવો, સર્વ ગ્રંથો, સર્વ તીર્થોનું દર્શન અને પૂજન.'

❋ મહંત સ્વામી મહારાજે ભગવાન સ્વામિનારાયણને સમ્યક્ પ્રકારે ધારણ કર્યા છે. શ્રીહરિ તેમના રોમરોમમાં અખંડ નિવાસ કરીને રહ્યા છે. શ્રીહરિ તેઓમાં રહી પોતે ક્રિયા કરી રહ્યા છે. જગતમાં જે અનંત આશ્ચર્યો આપણે જોઈ શકીએ છીએ, તે પણ શ્રીહરિ તેમના દ્વારા જ કરી રહ્યા છે.

૧. <u>પ્રકૃતિ ઉપર નિયમન</u> :

❋ બૃહદ્દારણ્યક ઉપનિષદ મહંત સ્વામી મહારાજ જેવા સત્પુરુષનો મહિમા વર્ણવતાં કહે છે,

એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ ।
સૂર્યાચન્દ્રમસૌ વિધૃતૌ તિષ્ઠતઃ ॥

અક્ષરબ્રહ્મનું શાસન સમગ્ર પ્રકૃતિ ઉપર છે.

❋ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ રાજકોટમાં અગિયાર દિવસ સુધી ધામધૂમપૂર્વક ઊજવવાનો હતો. દેશ-પરદેશના લાખો ભક્તો આ ઉત્સવનો લાભ લેવા પધારવાના હતા, પરંતુ મહોત્સવના મુખ્ય દિવસની સવારે ખૂબ ઝડપથી પવન ફૂંકાઈ રહેલો. વાતાવરણ પણ ખૂબ જ ઠંડું હતું. તેથી આયોજક સંતોએ મહંત સ્વામી મહારાજને સાંજે થનાર મુખ્ય સભામાં કોઈ વિઘ્ન ન આવે તે માટે પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ ઠાકોરજીને પ્રાર્થના કરી. પછી સ્વામીશ્રી કહે, 'ઠાકોરજીને પ્રાર્થના કરી છે. કાંઈ નહીં થાય, નહીં નડે.'

સૌના આશ્ચર્ય વચ્ચે સાંજે પવન બિલકુલ બંધ થઈ ગયો અને તાપમાન પણ ૨૪° સેન્ટિગ્રેડ હતું. સભાના અંતમાં સૌ ભક્તો દીવા વડે આરતી પણ ઉતારી શક્યા. સ્વામીશ્રીની પ્રાર્થનાથી પ્રકૃતિ અને દેવો પણ અનુકૂળ થઈ જતા હોય છે.

૨. <u>અસાધ્ય રોગ ટાળે</u> :

❊ જ્યારે શરીરમાં અસાધ્ય રોગને કારણે આયુષ્ય ઘટતું જતું હોય, મૃત્યુની તૈયારી હોય, તે વખતે પણ મહંત સ્વામી મહારાજની પ્રાર્થનાથી રોગ નાબૂદ થયો હોય તેવા અનેક ભક્તોને અનુભવ છે.

અમદાવાદના ઈન્કમટેક્ષના જોઈન્ટ કમિશ્નર શ્રી દિલીપભાઈ ઝૂનઝૂવાલાના યુવા પુત્ર ઉત્કર્ષને એમ્બોલીઝમ (Embolism) નામના ભયંકર રોગે ભરડામાં લીધો. તેનાં ફેફસાં અને હૃદયમાં લોહીની ગાંઠો જામી ગઈ હતી. રોગ છેલ્લી કક્ષામાં પહોંચી જવાથી શહેરના મોટા-મોટા તબીબોએ હાથ ઊંચા કરી દીધા. પરિવારજનોએ મહંત સ્વામી મહારાજને રોગની વિગત જણાવી. સ્વામીશ્રી કહે, 'અમે ઠાકોરજીને પ્રાર્થના કરીશું. સારું થઈ જશે.' ગણતરીના દિવસોમાં જ અસાધ્ય રોગ જડમૂળથી ગાયબ થઈ ગયો. ડોક્ટરો અને પરિવારજનો એક અવાજે બોલી ઊઠ્યાં કે 'આ ખરેખર ચમત્કાર જ છે. બાકી આ શક્ય જ નહોતું.'

❊ **વચનામૃત જેતલપુર-૫**માં શ્રીજીમહારાજ કહે છે કે, '**ભગવાનનું કર્યું સર્વે થાય છે. જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે... અમે ધારીએ કે આને રોગ થાઓ તો તેને રોગ થાય છે અને આને રોગ ન થાઓ તો તેને રોગ થતો નથી.**'

❊ શ્રીજીમહારાજનું આપણા સ્થૂળ શરીર ઉપર તો નિયમન છે, પરંતુ સૂક્ષ્મ અને કારણ શરીર ઉપર પણ તેમનું નિયમન છે. તેમની કૃપાથી જીવના સ્વભાવ નાશ પામે છે અને જીવ અક્ષરધામને પામે છે. તે શ્રીજીમહારાજ આજે મહંત સ્વામી મહારાજને વશ છે. મહંત સ્વામી મહારાજની પ્રાર્થના તેઓ સાંભળે છે.

૩. <u>**આત્યંતિક કલ્યાણનો કોલ**</u> :

❊ શ્રીજીમહારાજે પોતાના આશ્રિતજનોને અંતકાળે તેડવા પધારવાનો કોલ આપ્યો છે. 'ભક્તચિંતામણિ'માં આની નોંધ કરતાં લખ્યું, **મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું, બિરૂદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.'**

❊ શ્રીજીમહારાજે વચનામૃતમાં સત્પુરુષને 'મોક્ષનું દ્વાર' કહીને ઓળખાવ્યા છે. અનંત જીવોને માયા પર અક્ષરધામમાં તેડી જવાની જવાબદારી તેમના દ્વારા પોતે નિભાવી રહ્યા છે. મહંત સ્વામી મહારાજે પણ અનેકવાર સંતો-ભક્તોને છેલ્લો જન્મ કરી આપવાનો કોલ આપ્યો છે.

❊ સન ૨૦૧૭માં મહંત સ્વામી મહારાજ દિલ્હીમાં બિરાજમાન હતા. એક વાર સ્વામીશ્રી સેવકોનો હાથ પકડી અક્ષરધામ સ્મારકનાં પગથિયાં ચઢતા હતા. સંતો કહે, 'સ્વામીશ્રીને તો ટેકાની જરૂર જ નથી. આપણને કૃપા કરીને સેવા આપે છે.' વાત સાચી હતી કારણ કે અનંતકોટિ બ્રહ્માંડોને ટેકો આપનારને આપણા ટેકાની વળી શી જરૂર હોય? પરંતુ સંતોનો હાથ પકડી ચાલતા હતા એટલે પ્રિયવ્રત સ્વામી કહે, 'આમ ને આમ હાથ પકડીને અમને પેલા અક્ષરધામમાં લઈ જજો.' સ્વામીશ્રી તત્ક્ષણ કહે, '(ત્યાં તો) માથે ઊંચકીને લઈ જઈશ.'

આપણી તૈયારી હોય તો સ્વામીશ્રી આપણો છેલ્લો જન્મ કરી અક્ષરધામમાં બેસાડવા તૈયાર બેઠા છે. તેના માટે એટલી જ સમજણ દૃઢ કરવાની રહી કે શ્રીજીમહારાજ વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે, અને તેમના થકી મારું કલ્યાણ નિશ્ચિત છે.

❊ આ વચનામૃતમાં મહારાજ કહે છે કે, '**આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.**' હજાર જન્મ પછી પણ જો આ મુદ્દાની વાત સમજવાની હોય, તો અત્યારે જ આ વાત કેમ ન સમજીએ ?

સભા : ૪૭ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા મધ્ય-૨૨, બે સેનાનું-નરનારાયણ પધરાવ્યાનું

❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ-૬, વાત-૭૯

: ૨. પ્રકરણ-૨, વાત-૫૫

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું બાવીસમું : બે સેનાનું - નરનારાયણ પધરાવ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૮ના ફાગણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ અર્ધરાત્રિને સમે જાગ્યા ને શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને તે સમે સર્વે સાધુ તથા હરિભક્તને તેડાવ્યા. પછી પોતાના મુખારવિંદની આગળ તે સર્વેની સભા ભરાઈને બેઠી.

ત્યારે શ્રીજીમહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે, 'એક વાર્તા કરીએ તે સાંભળો જે, જેમ બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય, પછી બેયના મનમાં એમ હોય જે, 'આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ ને એનું નિશાન લઈ લઈએ' પણ એવો વિચાર નથી થતો જે, 'એના નિશાન લગી જઈશું તેમાં તો કેટલાંકનાં માથાં પડશે ને લોહીની નદી ચાલશે.' તેનો તો એને ભય નથી. કાં જે, શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહિ અને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે. અને એમ પણ વિચાર કરે છે જે, 'આપણી ફોજ જીતશે તો કોઈકનું ધન-હથિયાર હશે તે લૂંટી લઈશું.' અને તે બેય રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી, પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. એ તો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એ છે જે, નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી, એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.' અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે, તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે જે, 'જો કરડાં વર્તમાન થશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.' અને વળી એવો પણ વિચાર કરે જે, 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવાહળવા સત્સંગમાં નભીશું.' એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો અને શૂરવીર જે ભગવાનના દૃઢ ભક્ત હોય તેને તો પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું બાવીસમું વચનામૃત થયું

● વચનામૃતની વિશેષતા

❋ સેનાના દૃષ્ટાંત દ્વારા શૂરવીર અને કાયર ભક્તની મનોદશાનું ચિત્રાત્મક વર્ણન આ વચનામૃતમાં છે.

❋ સાથે સાથે ભક્તનું કયું ધ્યેય હોવું જોઈએ એ સ્પષ્ટ સમજાવે છે.

● સેનાનું દૃષ્ટાંત

❋ રણમેદાનમાં યુદ્ધે ચડનારા સૈનિકોમાં બે જાતના મનોવલણથી સૈનિકો યુદ્ધ કરતા હોય છે.

❋ શૂરવીર સૈનિકને એક જ ધ્યેય હોય છે : વિજય મેળવવો ને નિશાન સર કરવું. તેને મરવાનો ભય કે અન્ય પ્રલોભનો ચળાવી શકતા નથી. કાયર સૈનિકને તો મરવાની સતત બીક હોય છે. તે તરી જવાના હજાર ઉપાયો કરે છે અને કદાચ જીત થઈ જાય તો સામા હારેલા પક્ષમાંથી શું શું લૂટવું એની તૈયારી રાખે છે. એને બસ સ્થૂળ પદાર્થોની પ્રાપ્તિ અને પોતાની સુરક્ષા પર જ તાન હોય છે.

❋ આધ્યાત્મિક માર્ગમાં ચાલનારા સાધકો પણ રણભૂમિ પર રહેનારા સૈનિક જેવું મનોવલણ ધરાવે છે. અહીં લડી રહેલા ભક્તોમાં પણ બે ભાગ પડી જાય છે. બાહ્યયુદ્ધ કરતાં આંતરિક યુદ્ધ કઠણ, સૂક્ષ્મ અને ગહન છે. કારણ કે

૧. બાહ્ય શત્રુઓ દેખાય છે, અંતઃશત્રુઓ જેવા કે કામ, ક્રોધ, લોભાદિક, સ્થૂળદૃષ્ટિથી દેખાતા નથી.

૨. બાહ્ય શત્રુઓ હથિયારથી મારી શકાય છે, અંતઃશત્રુઓ કોઈ પણ હથિયારથી મરતા નથી.

૩. બાહ્ય શત્રુઓ નુકશાન કરે છે એ સ્પષ્ટ દેખાય છે, અંતઃશત્રુથી થતું નુકશાન દેખાતું નથી.

૪. બાહ્ય શત્રુઓ શરીરબળ, બુદ્ધિબળ કે મનોબળથી જીતી શકાય છે, અંતઃશત્રુ આગળ આ બધા બળ નકામાં છે.

તેથી જ બાહ્ય શત્રુઓ સામે જીત મેળવનારા અંતઃશત્રુ સામે હારીને બેઠા છે.

* રાવણે ત્રિલોકીને જીતી હતી, પણ પોતાના કામને ન જીતી શક્યો.
* સમ્રાટ સિકંદરે નાની ઉંમરે કેટલાય રાજ્યો પર વિજય મેળવ્યો, પણ કામ, ક્રોધ અને દારૂના વ્યસનમાં બરબાદ થઈને ફક્ત ૩૨ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો.
* પૃથ્વીરાજ ચૌહાણે ૧૭-૧૭ વખત મહંમદ ગઝનીને હરાવ્યો, પણ સંયુક્તા સામે પોતે હારી ગયો ને છેવટે બાહ્ય રીતે ગઝની સામે પણ હાર્યો.
* કંસ, શિશુપાલ, હીટલર, ઈદી અમીન વગેરે કેવા શૂરવીર હતા, પણ પોતાના જ કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, અહંકારરૂપી શત્રુ સામે કાયર સાબિત થયા.
* મુક્તાનંદ સ્વામી એમના પ્રભાતિયામાં આનું સુંદર વર્ણન કરે છે :

• કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી,
લડવા તણો નવ લાગ લાગે;
જોગિયા જંગમાં ત્યાગી તપસી ઘણા,
મોરચે ગયે ધર્મદ્વાર માગે;
કવિગુણી પંડિત બુદ્ધે બહુ આગવા,
તે દળ દેખતાં સર્વ ભાગે.
• મનશું લડવા કોણ સામો મંડે,
સુર નર અસુર બહુ હાર માને.
મુનિ મનમધ્યે વિચાર એવો કરે, મોહ શું લડે તે મર્દ કેવા,
પાખરિયા નર કે કૈંક પાડ્યા ખરા, શૃંગી શશી સુરરાજ જેવા.

* કવિ પ્રીતમદાસ પણ કહે છે :

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને;
પરથમ પે'લું મસ્તક મૂકી, વરતી લેવું નામ જોને.

* ભગવાનને પામવાના માર્ગે સાધકે કેવી તૈયારી રાખવાની છે તેનું વર્ણન મુક્તાનંદ સ્વામી આ રીતે કરે છે :

પ્રેમ બાગ બગીચે નવ નીપજે, દામ ખરચે નવ પ્રેમ પામે;
મસ્તક ધડામાં જે જન મેલશે, તે ઘટ પ્રેમપ્રવાહ સામે.

* નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

કાલાવાલાનું આ કામ નથી, આ તો શીર સાટાની વાત છે;
તે વિના કોઈ કરે વલખાં, એ તો કાળી કામળીએ ભાત છે.

- ધીરજાખ્યાન.

* આમ અધ્યાત્મમાર્ગે ચાલવું એ બાળપણાની રમત નથી. મન સાથે, સ્વભાવ સામે લડાઈ લેવી એ સુગમ નથી.
* બાહ્યશત્રુ સામે લડે એ વીર કહેવાય. અંતઃશત્રુને જીતે એ મહાવીર કહેવાય.

શૂર ને સંતમાં અંતર અતિ ઘણો, સૂર્ય સંગ ખદ્યોત શોભા;
મુક્તાનંદ એ સંતની આગળે, મોહ ને મન કરે ત્રાય તોભા.

* સૂર્યની સામે આગિયો હોય તે સંતની સામે શૂરવીર છે.

● શૂરવીર દૃઢ ભક્તનાં લક્ષણો

* આવા શૂરવીર દૃઢ ભક્તનું લક્ષણ છે **ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.**
* લૌકિક કે આધ્યાત્મિક સિદ્ધિની સફળતાના મૂળમાં છે ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા.

૧. સ્પષ્ટ અને દૃઢ ધ્યેયવાળા, શૂરવીરો કઠણ સંજોગો, વિકટ પરિસ્થિતિ કે ગમે તેવા વિઘ્નો છતાં પાછા પડતા નથી.

* વીજળીના બલ્બની શોધ કરનાર થોમસ આલ્વા એડીસનને ૧૦,૦૦૦ પ્રયોગો કરવા પડ્યા. છતાં હિંમત ગુમાવ્યા વગર પુરુષાર્થ ચાલુ જ રાખ્યો.
* હેલનકેલર નામની એક બાઈ જન્મથી બહેરી, મૂંગી અને આંધળી હતી પણ તેને ધ્યેય સ્પષ્ટ હતું તો લખતા શીખી, વાંચતા શીખી ને તેણે ૫૦ પુસ્તકો સ્વહસ્તે લખ્યાં.
* એ જ રીતે ભગવાનના માર્ગમાં પણ સ્પષ્ટ ધ્યેયવાળા ભક્તો શૂરવીરતાથી ઝઝૂમી શકે છે.
* નરસિંહ મહેતાને નાત બહાર કર્યા, તેમના દીકરા-દીકરીના સામાજિક પ્રસંગોમાં ઘણા

વિઘ્નો આવ્યા, પત્ની ગુજરી ગયાં, દીકરીને સાસરામાં અપાર દુઃખ આવ્યું - છતાં તેઓ ક્યારેય મોળા પડ્યા નથી.

* એ જ રીતે મીરાંબાઈને શ્રીકૃષ્ણની ભક્તિ કરવાથી રાણાએ ઘણા વિઘ્નો નાખ્યા. રાજમહેલ છોડવો પડ્યો. ઝેરના કટોરા મોકલ્યા. છતાં તેઓ ચળ્યા નહીં.
* શ્રીજીમહારાજના ૫૦૦ પરમહંસોને તો ડગલે ને પગલે દુઃખ, દુઃખ અને દુઃખ જ હતા. રહેવા-જમવા કે નભવાનું ઠામ ન મળે. વળી જ્યાં જાય ત્યાં અપમાન, તિરસ્કાર ને માર. એમાંય શ્રીજીમહારાજે આકરા ૧૧૪ નિયમો કાઢ્યા. એમાં પણ વર્ત્યા. આ જ દર્શાવે છે કે તેઓને ધ્યેય સ્પષ્ટ હતું.
* લંડનમાં મંદિર કરતી વેળાએ અનેક પ્રકારના સામાજિક, આર્થિક, રાજકીય વિરોધ આવ્યા પણ પ્રમુખસ્વામી મહારાજ મંદિર કરીને જ જંપ્યા.
* શાસ્ત્રીજી મહારાજ : ઉત્તમ જનોનું લક્ષણ એ જ છે કે વિઘ્નોની પરંપરા આવે છતાં પોતે નક્કી કરેલું ધ્યેય મૂકી ન દે.

૨. શૂરવીર ભક્ત પ્રલોભનોમાં ન અટવાય કે ન લેવાય.

* નીલકંઠવર્ણીને વનવિચરણ દરમ્યાન મોટા મોટા રાજપાટ અને રાજકુંવરીઓનો યોગ થયો. મોટા મોટા મંદિરોના/મઠોના મહંતપદની પદવી મળતી હતી છતાં ઠોકરે મારી.
* બ્રહ્માનંદ સ્વામીની કવિત્વ શક્તિથી ગાયકવાડ સરકાર પ્રભાવિત થયા. તેમણે બ્રહ્માનંદ સ્વામીને રાજદરબારમાં રાજકવિ તરીકે કાયમી રહેવા પ્રસ્તાવ મૂક્યો. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ સાથે તો રાનરાન ને પાનપાન જ થવાનું હતું. રઝળપાટ જ હતો. છતાં તેઓ કહે : 'જે મુખે પાન ખાધા, તે મુખે હવે કોલસા કોણ ખાય ?'
* ગ.પ્ર. ૨૧માં શ્રીજીમહારાજ આજ્ઞા કરે છે : આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે. અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત અને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઈચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.'

- **આવા સ્પષ્ટ અને દૃઢ ધ્યેયવાળાની સમજણ કેવી હોય ?**

૧. જગતના સુખ નાશવંત, ક્ષણિક અને અંતે અપાર દુઃખનું કારણ છે.

૨. વિષયો અનંતકાળથી ભોગવ્યા છે. તેમાં કોઈ કાળે તૃપ્તિ થઈ નથી ને થશે ય નહીં. (ગ.મ. ૪૭, ગ.અં. ૧૪)

૩. ભગવાનના ધામનું સુખ અખંડ અને અવિનાશી છે.

૪. સારા કાર્યમાં સો વિઘ્ન આવે જ. સિદ્ધિ મેળવવા માટે કષ્ટો સહન કરવા જ પડે.
આરસના પથ્થરમાંથી મૂર્તિ ક્યારે બને ? હથોડા ને ટાંકણાના ઘા ખમે તો ? ફૂલ વીંધાય તો જ ભગવાનના હારમાં પરોવાય છે.

જેમ ઈક્ષુ પામે અમૂલ્યતા, તે તો પ્રથમ પોતે પીલાય છે,
ત્યાર પછી ચડે તાવડે, તેના ગોળ સાકર ખાંડ થાય છે.
તેમ કર્યા વિના કોઈ વસ્તુ, ખરેખર નથી આવતી;
એમ સમજી સંકટ સહો, તો ભજી ભલી જાય ભક્તિ

* ઉપરોક્ત સમજણ રાખી શૂરવીર ભક્ત નીચેની તૈયારી સાથે ભગવાનની ભક્તિ કરે છે :

૧. આ સંસારને વિષે માન થાઓ કે અપમાન થાઓ :
ભગતજી મહારાજ અને યોગીજી મહારાજ આના મૂર્તિમાન દૃષ્ટાંતો છે.

૨. આ દેહને સુખ થાઓ કે દુઃખ થાઓ.

૩. શરીર રોગી રહો કે નિરોગી રહો.

* મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજના ગુરુ જેવા હતા. મહારાજ કરતાં ૨૩ વર્ષ મોટા, અનન્ય સાધક. સાધુતામાં શિરોમણિ. નિયમધર્મમાં ચુસ્ત.

મહારાજ વિશે અનન્ય નિષ્ઠા. છતાં તેમને આજીવન ક્ષય રોગ મટ્યો જ નહીં. તેમાં ખૂબ જ પીડા સહન કરવી પડી પરંતુ તેઓ કોઈ દિવસ મોળા પડ્યા નથી. શરીરના દુઃખ શરીર ભેગા જ કરી રાખ્યા.

* જામનગરમાં સ્વરૂપાનંદ સ્વામીનું મંડળ વિચરણ કરતું હતું. ખાવાનું મળે નહીં. તેથી તળાવમાં બાઝેલી માટીની પોપડી ખાઈને પેટ ભરે. શાકભાજી ધોયા પછી વધેલા પાંદડાં હોય તે ખાઈને પેટ ભરે. સાથે બાવા વૈરાગીઓનો ત્રાસ જ. ભિક્ષામાં જે કાંઈ અન્ન મળે તેને ગોળો વાળી પાણીમાં ઝબકોળીને નિઃસ્વાદી બનાવીને જમવાનું. છતાં આ પરમહંસો સદાય કેફમાં રહેતા.

૪. દેહ જીવો અથવા મરો.

* બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાંદ સ્વામીને એક દ્વેષી બાવાએ પકડ્યા. તેઓને બાંધીને રૂમમાં પૂર્યા. અને છરો લઈને ધાર કાઢવા બેઠો. ધાર કાઢતો જાય ને બોલતો જાય કે 'આજ તો સ્વામિનારાયણના મૂંડિયાના નાકકાન કાપવા છે.' આ સાંભળી મુક્તાનંદ સ્વામી જરા પણ ઝાંખા ન પડ્યા ને કહે : 'અનંત જન્મો સુધી બૈરાંછોકરાં માટે નાકકાન કપાયા છે તો આ જન્મે મહારાજ માટે કપાવવામાં વાંધો નથી.' આ દેહની પરવા ન કરી. પછી તો એક રાજપૂત ભક્ત ત્યાંથી પસાર થયા ને પેલા બાવાને હાંકી કાઢ્યો ને રક્ષા થઈ.

* સત્સંગી બન્યા પછી જ ઉપલેટાના વેરાભાઈના ઘરમાં એક જ વર્ષમાં ૨૨ વ્યક્તિઓ ધામમાં ગયા. તો પણ તે ન ડગ્યા.

* સુંદરિયાણાના શેઠ હિમરાજ શાહને નાત બહાર મૂક્યા. છતાં ન ડગ્યા.

* યોગીજી મહારાજ પોતે કહેતા, '૧૭-૧૭ રોગ લઈને ફરું છું.' કેટલા શારીરિક પ્રશ્ન છતાં અલમસ્ત આનંદ.

* કેનેડાના ભગવાનજીભાઈ માંડવિયાને શરીરમાં કેન્સર અને તેનો ભયંકર દુખાવો. છતાં અંતકાળ સુધી કેફમાં હતા.

* આવા શૂરવીર ભક્તથી ઇન્દ્રિયો-અંતઃકરણ થર થર ધ્રૂજે. તે નિયમધર્મને લોપી શકે નહીં. શ્રીજીમહારાજે લોયાના બીજા વચનામૃતમાં શૂરવીરતાના અંગવાળા ભક્તો પર વિશેષ પ્રસન્નતા દર્શાવી છે.

- **માયા અને પ્રલોભનો સામે લડવાનું આવું બળ ક્યાંથી મળે ?**

* પોતાના બળે ચાલનારા તમામ આમાં હારી ગયા છે. તેથી મુક્તાનંદ સ્વામી શૂરવીર ભક્ત માટે આ મુજબ માર્ગદર્શન આપે છે.

- **'એવા તે કૈંકની લાજ લીધી ખરી,**
  એક ગુરુ દેવથી એહ ભાગે.
- **એવા અરિસૈન્ય શુ અડીખમ આથડે,**
  ગુરુમુખી જોગિયા જુક્તિ જાણે.
- **સુરનર મુનિ તણી ચાંચ ખૂંચે નહીં,**
  ચૌદ લોકમાં એ અગમ સહુને,
  મુક્તાનંદ એ અગમ રસ અતિ ઘણો,
  સદ્‌ગુરુ મોજથી સુગમ બહુને.

* એટલે કે જ્યાં દેવ-દાનવ-માનવ બધા જ હારે છે ત્યાં ગુરુમુખી શિષ્ય જીત મેળવે છે. એવા સાચા ગુરુના સેવનથી શિષ્યમાં અદ્‌ભુત શક્તિ પ્રગટ થાય છે અને અંતે તે વિજયી બને છે.

* શૂર સંગ્રામને દેખતાં નવ ડગે,
ડગે તેને સ્વપ્ને સુખ ન હોય,
હય ગજ ગર્જના, હાક વાગે ઘણી,
મનમાં ધડક નવ ધરે તો ય...
અડગ સંગ્રામને સમે ઊભા રહે,
અર્પવા શીશ આનંદ મનમાં,
ચાકરી સુફળ કરવા તણે કારણે,
વિકસ્યુ વદન ઉમંગ મનમાં.

- મુક્તાનંદ સ્વામી

* આવું કોણ કરી શકે ? અંતઃશત્રુ સામે કોણ જીતી શકે ?

* જે ગુરુને સામી છાતીએ ધાવ્યા હોય તે.

* ગુણાતીતાનંદ સ્વામી : ગુરુ કર્યા હોય તે પંચ વિષયમાં ગુડિયું વાળે જ નહીં.

● **કાયર ભક્તની મનોદશા :**

* નિષ્કુળાનંદ સ્વામી આ કાયર ભક્તનું વલણ સુંદર રીતે વર્ણન કરે છે.

કાયર મનમાં કરે મનસૂબા, રહેશું ઊભા આસપાસ;
એમ કરતા જો ચડી ગયા ચોટે, તો તરત લેશું મુખે ઘાસ.

* એક રાજાએ રાજ્યમાં જે કોઈ વૈષ્ણવ ધર્મ અંગીકાર કરે તેનો વેરો માફ કરવાનું ફરમાન કર્યું. તો આખું નગર વૈષ્ણવ ભક્તોથી ઊભરાઈ ગયું. રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ. દીવાને સાચા વૈષ્ણવની કસોટી કરવા યુક્તિ કરી. રાજાના માંદા ઘોડાને ભગતિયું તેલ લગાવવાનું છે. તેના માટે વૈષ્ણવોને પીલવાના છે. એવો ઢંઢેરો પીટાવ્યો. જ્યાં આ જાહેરાત કરી ત્યાં ખોટા વૈષ્ણવો બધા જ કંઠી આપી ગયા. ૮૪ પાકા વૈષ્ણવો તો તૈયાર રહ્યા, મરવા માટે પણ. એમ સાચા શૂરવીર ભક્ત ટેક ન મેલે ને કાયર તો તરત ઢીલું મૂકી દે.

* અલ્પ જેવો આપત્કાળ આવે તો પણ તે તરત માગ દઈ દે. આજે પણ આવા કાયર લોકોની એક ઉક્તિ પ્રચલિત છે :

સ્વામિનારાયણમાં શીદ ભળીએ, નિત ઊઠીને નાવું,
ભળીએ નહીં ભફાકિયામાં, નાયા વિના ખાવું.

* ભફાકિયા એટલે હલકો પંથ જેમાં કોઈ પ્રકારના નિયમ, વર્તમાન કે વર્તનનું બંધન નથી.

* ઘણા બધા સ્વામિનારાયણ બનતા એટલે જ ગભરાય છે. કારણ કે કંઠી પહેરે એટલે

૧. ટી.વી., સિનેમા છોડવા પડે.
૨. બહારનું ખાવાનું-પીવાનું બંધ થઈ જાય.
૩. વ્યસનો છોડી દેવા પડે.
૪. રજોગુણી ફેલમાત્ર બંધ થઈ જાય.
૫. રોજ નહાવું ને પૂજા કરવી પડે.
૬. સભા, આરતી, ઘરસભા કરવા પડે
૭. ધર્માદો કાઢવો પડે.

* આવા અનેક મોળા વિચારો એ કાયરતાના સૂચક છે આવા માણસો સત્સંગમાં આવે જ નહીં, આવે તો રહે નહીં - કિચડમાં રાચતા ગીંગાને બગીચાની સુગંધ ક્યાંથી ગમે ? અને આવો કાયર ક્યારેય ભગવાનનું સુખ પણ પામે નહીં. પણ જે ખરેખર શૂરવીર છે તેને તો વિષય સુખનો, દેહની સુવિધાનો વિચાર જ ન આવે, તે કોઈ મુશ્કેલીઓ કે અપમાનોથી પાછો ન પડે.

* એટલે જ બ્રહ્માનંદ સ્વામી કહે છે

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછા તે પગલાં નવ ભરીએ.
રે સમજ્યા વિના નવ નીસરીએ;
રે રણ મધ્યે જઈ નવ ડરીએ.
ત્યાં મુખ પાણી રાખી મરીએ;
રે રંગ સહિત હરિને રટીએ.
રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ.

◆

૭. વચનામૃત : ગઢડા મધ્ય-૫૪ : સર્વ સાધનથી સત્સંગ અધિક કહ્યો, તેનું; ગોખરનું, આત્મબુદ્ધિનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૫૪મું - સર્વ સાધનથી સત્સંગ અધિક કહ્યો, તેનું; ગોખરનું, આત્મબુદ્ધિનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના જયેષ્ઠ સુદિ ૭ સપ્તમીને દિવસ ત્રીજા પહોરને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રીલક્ષ્મીવાડીએ પધાર્યા હતા. ત્યાં ઘણીવાર સુધી તો ઘોડી ફેરવી. પછી તે વાડી મધ્યે વેદિ ઉપર વિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું;' એમ ભગવાને કહ્યું છે. માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો. તે જેને સર્વ સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ?'' પછી જેને જેવું સમજાયું તેવું તેણે કહ્યું, પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે. જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે ને મૂછો તાણે તોપણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તોપણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ; શા માટે જે, એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે. એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે...'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૪મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **વચનામૃત મહિમા :**

❊ તા.૩૦/૬/૧૯૬૮ના રોજ ગોંડલમાં યોગીજી મહારાજ આ વચનામૃત વંચાવી કહે, 'ઝાંઝાં વચનામૃત સિદ્ધ થાય અથવા ન થાય, પણ આ

એક સિદ્ધ થાય તો ઘણું.'

યોગીજી મહારાજના મત મુજબ આ વચનામૃત એવું સારભૂત છે જેના સિદ્ધ થવાથી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. 'એક સાધે, સબ સધે.' તેવું આ વચનામૃત છે.

● **વચનામૃત વિશેષતા :**

❊ શ્રીજીમહારાજે આ વચનામૃત ગઢડા ગામમાં આવેલી લક્ષ્મીવાડીએ ઉદ્‌બોધ્યું છે. લક્ષ્મીવાડીમાં મહારાજ ઘણીવાર પધારતા, અનેક લીલા કરતા અને ભક્તોને સુખ આપતા. તેઓ એકધારી કથાવાર્તા જ નહોતા કરતા. તેમની સામે કાઠી ભક્તો હતા. તેમની સાથે હરતા-ફરતા, ઘોડી ખેલવતા, રમાડતા-જમાડતા... એમ અનેક પ્રકારે સૌને રાજી કરતા. ત્યારબાદ કથા કરતા. મહારાજે આજે એ જ રીતે ઘણીવાર ઘોડી ફેરવી કથા કરી છે.

● **શ્રીમદ્‌ભાગવત ગ્રંથના આધારે મહારાજની વાતો :**

❊ શ્રીમદ્‌ભાગવત શ્રીજીમહારાજનો પ્રિય ગ્રંથ હતો. આ ગ્રંથના આધારે મહારાજ અનેકવાર કથાવાર્તા કરતા. મહારાજે આ ગ્રંથનો મહિમા જણાવતાં **વચનામૃત ગઢડા મધ્ય-૩૦**માં કહ્યું, 'શ્રીમદ્‌ભાગવત આદિક જે સચ્છાસ્ત્ર છે તે સત્ય છે અને એ શાસ્ત્રમાં કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી.'

❊ આજે લક્ષ્મીવાડીમાં મહારાજે શ્રીમદ્‌ભાગવતના આધારે કંઈક અગત્યની વાત કરી છે, તેમાં ચાર મુદ્દા મુખ્ય છે -

૧) (અષ્ટાંગયોગ, તપ, ત્યાગ વગેરે) સાધનથી ભગવાન સંપૂર્ણ વશ થતા નથી.

૨) સત્સંગથી ભગવાન સંપૂર્ણ વશ થાય છે.

૩) સર્વ સાધનથી સત્સંગ અધિક છે.

૪) સર્વ સાધનથી સત્સંગ અધિક જણાયો હોય તેવા પુરુષનાં લક્ષણો અહીં બતાવ્યાં છે.

❊ વિશ્વમાં અસંખ્ય મનુષ્યો સ્વકલ્યાણ માટે અષ્ટાંગયોગ, તપ, જપ, તીર્થયાત્રા વગેરે સાધન કરે છે. તે સાધનો દ્વારા તેઓ આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરવાની મહેચ્છા ધરાવે છે. વાસ્તવિક દૃષ્ટિએ આ બધાં સાધનો ઉપયોગી છે, પરંતુ એના દ્વારા આત્યંતિક કલ્યાણ થઈ શકતું નથી.

● **અષ્ટાંગયોગ :**

❊ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - આ આઠ અંગો સિદ્ધ કરવાં અતિ કઠણ છે અને કદાચ કોઈએ સમાધિ સિદ્ધ કરી હોય, છતાં પણ તે વિષયથી પર (નિર્વાસનિક) થઈ શકતો નથી.

❊ શ્રીજીમહારાજના સમયમાં ભાદરાના રત્ના ભક્તને સમાધિ થતી હતી, છતાં પણ તેમણે બે વાર લગ્ન કર્યાં. એટલે, સમાધિ થતી હોવા છતાં વિષયમાંથી આસક્તિ ટળી નહીં, તો પછી ભગવાન વશ ક્યાંથી થાય ?

● **તપ :**

❊ જૂનાગઢના લોટિયા સાધુઓ ફક્ત લોટ પાણીમાં ઘોળીને પી જતા. બીજું કાંઈ ખાતા નહીં. કેટલું અઘરું તપ કરતા ! પણ તપના માનને લીધે ગુણાતીતાનંદ સ્વામીનો અભાવ લીધો. પરિણામે સત્સંગ છોડીને જતા રહ્યા.

❊ શાસ્ત્રો સાક્ષી પૂરે છે કે સૌભરિ, ચ્યવન, પરાશર આદિ અનેક ઋષિઓએ વર્ષો સુધી તપ કર્યું છતાં ભગવાનને વશ ન કરી શક્યા.

● **દાન :**

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૨/૨૫મી વાતમાં કહ્યું, 'એક જણ એક મંદિરમાં પાંચસે રૂપિયા મૂકીને ચાલ્યા ગયા પણ એટલા રૂપિયા બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.'

આજથી બે સદી પૂર્વે કરેલું પાંચસો રૂપિયાનું દાન આજે કદાચ લાખો રૂપિયામાં પરિણમે, પરંતુ ભગવાન તેનાથી વશ થઈ શકતા નથી.

◎ શ્રીજીમહારાજના વખતમાં વૃંદાવનના લક્ષ્મીચંદ

શેઠ હતા. તેઓ ખૂબ જ દાન-પુણ્ય કરતા. શ્રીજીમહારાજના સંતો દ્વારા તેમને મહારાજનો પરિચય થયો. શેઠને મહારાજનાં દર્શન કરવાની અતિ તીવ્ર ઇચ્છા હતી. તેઓ વૃંદાવનથી ગઢડા આવવા નીકળ્યા, પણ એમનાં એટલાં પુણ્ય નહોતાં કે આ જન્મે મહારાજનાં દર્શન થાય. તેઓ ગઢડા આવતાં રસ્તામાં મૃત્યુ પામ્યા. કેવળ દાન કરવાથી પણ ભગવાન વશ થતા નથી.

● **તીર્થ-વ્રતાદિક સાધન :**

❊ તીર્થ, વ્રત અને યજ્ઞે કરીને સ્વર્ગ મળે, પણ ભગવાન વશ થતા નથી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું,

યજ્ઞ યાગે કરી સ્વર્ગસુખ ભોગવે,
પુણ્ય ખૂટ્યે પડે નક્કી પાછો,
તીર્થ ને વ્રતતણું જોર પણ ત્યાં લગી,
ગુરુગમ વિના ઉપાય કાચો.

ટૂંકમાં, કોઈ જીવ પોતાના બળથી અથવા કોઈ સાધનોથી ભગવાનને વશ કરી શકતો નથી.

● **ભગવાન વશ કરવાનો ઉપાય - સત્સંગ :**

❊ શ્રીજીમહારાજે શ્રીમદ્‌ભાગવત ગ્રંથના આધારે શ્રીકૃષ્ણ ભગવાને કરેલી વાત કહી કે ભગવાનને વશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય સત્સંગ છે. ભગવાન જેવા સત્સંગે કરીને વશ થાય છે તેવા અન્ય કોઈ સાધને કરીને વશ થતા નથી. તે સત્સંગ એટલે મન-કર્મ-વચને સત્પુરુષનો સંગ.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૧૭મી વાતમાં કહ્યું, 'સત્સંગ શું જે, મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે.'

❊ આપણાં શાસ્ત્રોમાં અનેક ભક્તોની વાત છે, જેમણે સાચા સંતના સમાગમથી ભગવાન વશ કર્યા હોય. ધ્રુવ અને પ્રહ્‌લાદને નારદજી મળ્યા, રાજા જનકને અષ્ટાવક્ર ઋષિ, રાજા પરીક્ષિતને શુકદેવજી જેવા સંતોનો સુયોગ પ્રાપ્ત થયો તો બધાને ભગવાન વશ થયા.

❊ તુલસીદાસજીને હનુમાનજી જેવા સંતના યોગે ભગવાન શ્રીરામ વશ થયા અને દર્શન પણ થયાં. તેથી પોતાનો અનુભવ લખ્યો કે,

રામ મિલન કે કારણે, જો તું ભયો ઉદાસ,
શોધી લે સંગત સંતકી, રામ જિન્હોં કે પાસ.

એટલે સંત દ્વારા જ ભગવાન મળે.

❊ મહુવાના પ્રાગજી ભક્તે આ વાત સિદ્ધ કરી બતાવી. તેઓ ગૃહસ્થ દરજી હતા. વળી, અભણ હતા, છતાં ગુણાતીતાનંદ સ્વામીનો મન-કર્મ-વચને સમાગમ કર્યો તો સ્વામીએ તેમને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો. શ્રીજીમહારાજ તેમને વશ થઈ ગયા.

શ્રીમદ્‌ભાગવત અને વચનામૃત ગ્રંથના વચન અનુસાર આપણે પણ સત્પુરુષના સંગથી ભગવાન વશ કરી શકીએ છીએ.

● **શ્રીજીમહારાજનો પ્રશ્ન :**

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો કે, 'જેને સર્વ સાધન થકી સત્સંગ અધિક જણાયો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ?'

એટલે જેણે સર્વ સાધન કરતા સત્પુરુષનો સંગ મુખ્ય માન્યો હોય તે ભક્તનાં કેવાં લક્ષણ હોય ? તે ભક્તમાં એવું શું દેખાય ? તેવો મહારાજનો પૂછવાનો આશય છે.

❊ પરમહંસોને પ્રશ્નનો જવાબ આવડતો હશે, છતાં તેઓ ન બોલ્યા. કારણ કે, ભગવાનના મુખેથી જ આ પ્રશ્નનો જવાબ મેળવવો હશે.

● **શ્રીજીમહારાજનો ઉત્તર :**

❊ કોઈને તાવ આવ્યો હોય તો થર્મોમીટર(Thermometer) દ્વારા મપાય, વાહનની ગતિ સ્પીડોમીટર(Speedometer) દ્વારા મપાય, હવાનું દબાણ બેરોમીટર (Barometer) દ્વારા મપાય, તેમ જેણે સત્સંગ સર્વથી અધિક જાણ્યો છે તેને માપવાનું સાધન શું? તેની પારાશીશી કઈ? શ્રીજીમહારાજે કહ્યું, 'ભક્તમાં આત્મબુદ્ધિ.'

જેમ થર્મોમીટરમાં જેટલો પારો ઊંચો, તેટલો તાવ વધુ. તેમ જેને ભક્તમાં આત્મબુદ્ધિ વધુ, તેટલો તેણે સર્વ સાધન થકી સત્સંગ અધિક જાણ્યો છે.

❊ આપણને દેહમાં આત્મબુદ્ધિ સહજે રહે છે. દેહના લાલન-પાલનમાં દેહભાવ ક્યારેય ભુલાતો નથી. શરીરમાં જરા પણ તકલીફ થાય કે તરત તે દૂર કરવાના વિચારો કે પ્રયત્નો ચાલુ થઈ જાય છે. આમ તો આપણને ચોવીસ કલાક દેહની જ ભક્તિ થાય છે. જેટલી સાક્ષાત્ ભગવાનની સેવા ન કરીએ તેટલી દેહની સેવા કરતા રહીએ છીએ.

❊ યોગીજી મહારાજ કહેતા, 'દેહનો અવગુણ આવે છે? દસ વાર ખાડે(શૌચ) જવું પડે તોય ન આવે. દેહ જેવા સાધુને જાણવા.'

❊ એકવાર શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં સભામાં વાતો કરતા હતા. ત્યારે સનાતન સ્વામીએ તેમને પ્રશ્ન પૂછ્યો કે, 'જેતલપુરના પહેલા વચનામૃતમાં આપોપું(આત્મબુદ્ધિ) કરવાનું કહ્યું છે તે કેમ કરવું?' આ પ્રશ્ન સાંભળી શાસ્ત્રીજી મહારાજ પોતાના આસન પરથી ઊભા થયા અને સનાતન સ્વામી પાસે જઈ બેઠા. પછી કહ્યું, 'તમારો દેહ છે તે ભૂલી જવું અને આ બેઠા છે તેને સ્વરૂપ માનવું.'

સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ કેવી રીતે કરવી તે શાસ્ત્રીજી મહારાજે અલૌકિક સ્મૃતિ આપી સમજાવ્યું. ટૂંકમાં, જેવો ભાવ પોતાના દેહ માટે છે તેવો સત્પુરુષ માટે થાય તે સત્પુરુષમાં આત્મબુદ્ધિ.

● **આત્મબુદ્ધિવાળા ભક્તનાં લક્ષણો :**

જેણે સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરી છે, તેનાં લક્ષણો આ પ્રમાણે છે -

૧. સત્પુરુષમાં પોતાપણાનો ભાવ :

❊ આપણા દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે જેવો ભાવ આપણને થાય છે તેવો જ સત્પુરુષ માટે થાય, તે આત્મબુદ્ધિવાળા ભક્તનું લક્ષણ છે.

❊ યોગીજી મહારાજ શારીરિક તકલીફોને કારણે હંમેશાં મોળું જમતા, તેમને તીખું જરાય અનુકૂળ આવતું નહીં. પ્રમુખસ્વામી મહારાજ તેઓની આ તકલીફ જાણતા. તેથી રસોઈ બનાવનાર યુવકનું તેઓ ધ્યાન પણ દોરતા કે, 'જો જો, ધ્યાન રાખજો. યોગીબાપા માટે મોળું કાઢી લેજો.' પ્રમુખસ્વામી મહારાજની આત્મબુદ્ધિ એવી કે ગુરુનું કષ્ટ જાણે પોતે જ ન અનુભવતા હોય!

◎ એકવાર આણંદના નાના અડધની ધર્મશાળામાં યોગીજી મહારાજ અને સંતો-ભક્તો માટે ભોજનનું આમંત્રણ હતું. આ કાર્યક્રમ પૂરો કરી યોગીજી મહારાજ આણંદના આગેવાન હરિભક્ત મણિભાઈની ગાડીમાં બેસવા જઈ રહેલા. પણ પ્રમુખસ્વામી મહારાજે વિચક્ષણ બુદ્ધિએ નોંધ્યું કે, 'ગાડી તડકામાં ઊભી રાખી છે. સૂર્યનો તાપ સીધો બેઠક પર પડવાથી તે તપી ગઈ હશે.' પ્રમુખસ્વામી મહારાજે તે બેઠક પર હાથ મૂકી જોયું તો તેમનું અનુમાન સાચું નીકળ્યું. યોગીજી મહારાજ ત્યાં આવી બેસે તે પહેલાં તરત એક પાર્ષદનું ગાતરિયું લઈ તે બેઠક પર પાથરી દીધું.

પ્રમુખસ્વામી મહારાજની સમયસૂચકતા સાથે તેઓની ગુરુ સાથેની આત્મબુદ્ધિનાં દર્શન સૌને થયા.

❊ વર્તમાનકાળે આપણા સત્સંગમાં અનેક ભક્તો મહંત સ્વામી મહારાજ સાથે આવા ભાવથી જોડાયેલા છે. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ભક્તો ધૂન-પ્રાર્થના કરે છે, કેટલાક ૮૫-૮૭ કલાકના નિર્જળા-પ્રવાહી ઉપવાસ કરે છે. વળી, કેટલાંક મંડળમાં યુવકો સાંકળ ઉપવાસ પણ કરતા હોય છે.

૨. સત્પુરુષનો અવગુણ આવે જ નહીં :

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં આત્મબુદ્ધિનું મુખ્ય લક્ષણ બતાવતાં કહ્યું કે, જેને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ છે તેને કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહીં.

❊ મહારાજે આ વચનામૃત ઉદ્‌બોધ્યું તેની પાછળ આ અરસામાં જ બનેલી ઐતિહાસિક ઘટના છુપાયેલી છે.

કારિયાણીના દરબાર વસ્તાખાચર શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગઢડા ગયેલા. પણ જીવાખાચરના અતિ આગ્રહથી

વસ્તાખાચરે તેમની ડેલીએ ઉતારો કર્યો. અહીં બુઢાધાધલે શ્રીજીમહારાજ વિરુદ્ધના ઝેરના શબ્દો વસ્તાખાચરને સંભળાવ્યા. આ વાતો સાંભળી વસ્તાખાચરને મહારાજનો અભાવ આવી ગયો. તેઓ મહારાજને મળ્યા વિના સીધા જ કારિયાણી પહોંચી ગયા.

બીજે દિવસે સવારે મહારાજ, મુક્તાનંદ સ્વામી અને દાદાખાચરે કારિયાણી જઈ સાચી વાત સમજાવી. તેથી વસ્તાખાચરને મહારાજ પ્રત્યેનો અભાવ ટળી ગયો. પરંતુ ભવિષ્યમાં કોઈ ભગવાન અને સંતનો અભાવ લે જ નહીં, તે હેતુથી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય-૫૩ અને ૫૪માં ભગવાન અને સંતનો અભાવ-અવગુણ ન લેવા પર ભારપૂર્વક વાત કરી છે. અને જે વ્યક્તિ ભગવાન અને સંતમાં દોષબુદ્ધિ ન પરઠે તેને જ ખરેખર આત્મબુદ્ધિ છે તેવી વાત કરી.

❋ માંગરોળના આણંદજીના અંતરમાં શ્રીજીમહારાજનો માહાત્મ્ય સહિત નિશ્ચય હતો. મહારાજ સાથે તેમને દૃઢ આત્મબુદ્ધિ હતી. તેમનાં રાત્રિ-દિવસ મહારાજનાં નામસ્મરણ, કથા ને કીર્તનમાં વીતતા હતા. એનાં લીધે દિવસનું તેમનું સંઘેડાનું કામ અટકતું. ગ્રાહકો પાછા જાય અને આર્થિક નુકસાન થાય, પણ આણંદજીને તેની કંઈ ચિંતા નહોતી. તેમનાં પત્ની રાજબાઈને આવાં ભક્તિનાં ઘેલાં નહોતા ગમતા. મહારાજને આ વાતની ખબર પડી એટલે મહારાજે તેમને સત્સંગમાં આવવવાની બંધી કરી. વળી, મહારાજે સૌને કહ્યું કે આણંદજી આવે તો 'હડ કૂતરી! હડ કૂતરી! કહીને કાઢી મૂકવા.' ચારે બાજુથી લોકો તેમનું અપમાન કરતા. છતાં તેમને અપમાનનું દુઃખ નહોતું. મહારાજે તેમની આકરી કસોટી કરી, છતાં તેઓ સ્થિર રહ્યા. છ-છ મહિના આમ જ વીત્યા, છતાં મહારાજ પ્રત્યે લેશપણ ભાવફેર ન થયો. કોઈ હરિભક્તનો પણ અભાવ ન લીધો. મંદિર બહાર ખડકી પાસે ઊભા રહી, થાય તેવાં દર્શન કરી લે. ધૂન, કીર્તન બોલતા જાય ને હરિભક્તોએ ઉતારેલા જોડા સાફ કરી નાંખે.

છ મહિનાની કઠણ પરીક્ષા બાદ મહારાજે તેમને ફરીવાર સ્વીકાર્યા ત્યારે પણ તેમના મુખે કોઈ દાદ-ફરિયાદ નહોતા. આવી મહારાજ અને સત્સંગ પ્રત્યે તેમને દૃઢ આત્મબુદ્ધિ હતી.

◎ સદ્. બ્રહ્માનંદ સ્વામી અત્યંત વિચક્ષણ અને તેજસ્વી સંત હતા. શ્રીજીમહારાજની આજ્ઞાથી તેઓ અનેક મંદિરના જમીન સંપાદન અને બાંધકામની સેવામાં જોડાયેલા.

વડતાલ મંદિરના બાંધકામ માટે શ્રીજીમહારાજે તેમને ફક્ત ૧૨ રૂપિયા આપી મોકલ્યા હતા. બ્રહ્માનંદ સ્વામીએ તેનો ઉપયોગ કર્યા વિના ત્રણ શિખરના મંદિરનું બાંધકામ શરૂ કર્યું. બીજી બાજુ, મારવાડ દેશમાં ભયંકર દુષ્કાળ પડવાથી એ દેશના કેટલાક લોકો ગુજરાન માટે ગુજરાત આવેલા. તેમાંના કેટલાક તો બ્રહ્માનંદ સ્વામીના જ્ઞાતિજન હતા. તેઓ વડતાલ મંદિરના કામકાજમાં જોડાયા હતા. મંદિર પ્રતિષ્ઠા બાદ તેઓ પોતાના દેશમાં પરત થવાના હતા. કોઈક વિઘ્નસંતોષીએ ઈર્ષ્યાભાવે શ્રીજીમહારાજને બ્રહ્માનંદ સ્વામી વિરુદ્ધ શબ્દો કહ્યા કે, 'બ્રહ્માનંદ સ્વામી આ દેશમાં ભગવાન થઈ પૂજાય છે. તેમના સગાં-સંબંધીઓને તેડાવી મંદિરમાં રાખ્યા છે, તો ભવિષ્યમાં મંદિરના ધણી થઈ બેસશે.'

શ્રીજીમહારાજ અંતર્યામીપણે બધી હકીકત જાણતા હતા, છતાં તેમણે સ્વામીની પરીક્ષા કરી. મહારાજે તેમને વડતાલથી છૂટા કરી ગઢડા જવા કહ્યું. ત્રણ વર્ષમાં હજારો રૂપિયા વાપરી મોટું શિખરબદ્ધ મંદિર તૈયાર કરાવ્યું અને મહારાજે તેમને કોઈકના કહેવાથી છૂટા કર્યા, છતાં બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો લેશપણ અભાવ ન આવ્યો. એ તો ઠીક તેઓ વડતાલથી નીકળ્યા એ જ રાત્રે

કેટલાંક પદો રચ્યાં. એક પદમાં તેઓ કહે છે,
'જેવો તેવો તોયે પુત્ર તમારો,
અણસમજુ અહંકારી રે...'
બ્રહ્માનંદ સ્વામીને મહારાજ પ્રત્યે કેવી આત્મબુદ્ધિ હશે કે તેમનો લેશ પણ અભાવ ન લીધો, અને પોતાને અણસમજુ ગણ્યો.

❋ અંગ્રેજ શાસકોએ વિશ્વના અનેક દેશો પર ઘણાં વર્ષો રાજ કર્યું. પણ સૌ અંગ્રેજોએ પોતાના રાજા વિષે મનમાં એક ગાંઠ વાળેલી કે, 'King does no wrong.' રાજા ક્યારેય ખોટું કરે જ નહીં, તેમાં ક્યારેય દોષ પરઠવાનો જ નહીં. રાજા જે કહે તે બધી વાત સ્વીકારી લેવાની. તેમ આપણે પણ સત્પુરુષ માટે મનમાં દૃઢ ગાંઠ વાળવાની છે કે,
'Satpurush thinks no wrong,
Satpurush speaks no wrong,
Satpurush does no wrong.'
સત્પુરુષ કદી ખોટું વિચારતા નથી, બોલતા નથી કે કોઈ ક્રિયા પણ ખોટી કરતા નથી.

◎ એક રાજા હતો. તેમને એક દીવાન હતો. એક દિવસ રાજા પાસે રીંગણાં આવ્યાં. રાજા દીવાનને કહે, 'રીંગણાં બહુ ખરાબ. ચરકાં બહુ અને કાળાં પણ બહુ. અને તેનું શાક ખાઈએ તો ગરમ પડે.'
ત્યારે દીવાન કહે, 'હાજી... હાજી...'
બીજે દિવસ રાજાએ દીવાનને કહ્યું, 'દીવાનજી! રીંગણાનું શાક તો બહુ સારું થાય હોં...'
દીવાનજી કહે, 'હાજી... હાજી...'
આ સાંભળી રાજા કહે, 'દીવાન! આજે આમ કેમ? કાલે મેં રીંગણાંનો નિષેધ કર્યો, ત્યારે તો તમે હાજી હાજી કરતા હતા.'
દીવાન હાથ જોડી બોલ્યા, 'રાજા સાહેબ! હું રીંગણાંનો ચાકર નથી, પણ તમારો ચાકર છું. તમે જેમાં રાજી તેમાં મારે હાજી હાજી કરવાનું.'
આ સાંભળી રાજા ખુશ થઈ ગયા. અને તેનો પાંચસો રૂપિયા પગાર વધારી દીધો.

રાજા જે કરે તે સાચું જ કરે, તેમ માની દોષ ન આવવા દીધો તો રાજા દીવાન પર રાજી થયા.

❋ એકવાર યોગીજી મહારાજ સારંગપુરમાં પોતાના ઓરડામાં બારી-બારણાં બંધ કરાવીને આરામમાં ગયા. મહંત સ્વામી મહારાજ તેઓની જમણી બાજુએ જ સૂતા હતા, પણ ઉનાળાની બપોર હોવાથી તેમને ગરમી ખૂબ લાગી. ચાદર ઓઢે તો ગરમી વધુ લાગે અને ન ઓઢે તો મચ્છર કરડે. તેથી મહંત સ્વામી મહારાજ સભામંડપમાં જઈ સૂતા. યોગીબાપા તરત બહાર આવી કહે, 'મને એકલાને મૂકીને કેમ જતા રહ્યા ? કાલે ઉપવાસ.' વગર વાંકે ઉપવાસ આપ્યો છતાં મહંત સ્વામી મહારાજે ન તો ઉંકાર કર્યો કે નહીં સ્પષ્ટતા. જેમને ગુરુની બધી જ ક્રિયા દિવ્ય લાગતી હોય ત્યાં દોષબુદ્ધિ તો સંભવે જ ક્યાંથી?

❋ આમ, ભગવાન અને સંતને વિશે આત્મબુદ્ધિ થવાથી એમને વિષે પોતાપણું મનાય, નરી દિવ્યતા દિવ્યતા જ દેખાય. અને જ્યારે ભક્તની આવી આત્મબુદ્ધિ ભગવાન અને સંત જુએ છે, ત્યારે તેઓ તે ભક્તને વશ થઈ જાય છે, એમના થઈ જાય છે.

આવી આત્મબુદ્ધિ કરવી તે જ આપણી સાધનાનું લક્ષ્ય છે, કારણ કે **વચનામૃત વરતાલ-૧૧** પ્રમાણે ભગવાનના અખંડ ધારક પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમાત્માનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

આવી આત્મબુદ્ધિ પ્રગટ ગુરુહરિમાં ન થાય તો મહારાજે તે વ્યક્તિને ગોખરની (ગધેડાની) ઉપમા આપી છે. અને થાય ત્યારે સમજવું કે આપણે સર્વે સાધન કરતાં સત્સંગને અધિક જાણ્યો છે.

સભા : ૩૭ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા મધ્ય : ૨૮, જીવનદોરીનું-દયાળુ પ્રકૃતિનું
❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ-૨, વાત : ૧૭૧
૨. પ્રકરણ-૫, વાત : ૨૫૭
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે....

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૨૮મું જીવન દોરીનું - દયાળુ પ્રકૃતિનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૯ના ફાગણ સુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદી ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે... જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. માટે અમારો તો એ જ સિદ્ધાંત છે જે, 'ભગવાનનો રાજીપો હોય ને ભગવાનના ભક્તનો સંગ હોય તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તો પણ કાંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો.' સર્વ શાસ્ત્રનું પણ એ જ સાર છે જે, 'ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.' અને જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો. અને જેને ભગવાન ને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે. કેમ જે, 'જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે, તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે, તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે. માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમજ તમારે પણ નિશ્ચય કરવો.' પછી મુક્તાનંદ સ્વામી આદિક જે સર્વે હરિભક્ત હતા તેમણે હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! અમારે પણ એ જ નિશ્ચય રાખવો છે.' એમ કહીને સર્વે હરિભક્ત વિનંતીએ સહિત શ્રીજીમહારાજને પગે લાગ્યા. પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું અઠ્યાવીસમું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ

૧. ભગવાનને રાજી તથા કુરાજી કરવાનો ઉપાય બતાવીને રાજીપા કે કુરાજીપાનું ફળ દર્શાવે છે.

૨. અનંતકાળ સુધી ભગવાનથી છેટા રહે છતાં ભગવાનનું સામીપ્ય માણવાનો ઉપાય દર્શાવે છે.

૩. પોતાના હૃદયનો સિદ્ધાંત, સર્વશાસ્ત્રનો સાર અને આધ્યાત્મિક સાધનાની જીવનદોરી બતાવે છે.

● **વચનામૃતનું નિરૂપણ**

● **કોને રાજી કરવા ?**

* સમાજમાં રહેતો મનુષ્ય હંમેશાં કોઈને રાજી કરતો જ હોય છે : બાળક માબાપને, માબાપ પોતાના બાળકોને, પતિ પત્નીને કે પત્ની પતિને, ભાઈ-બહેન પરસ્પરને, મિત્રો એકબીજાને, નોકર શેઠને, પોલીસ પ્રધાનને, પ્રધાન વડાપ્રધાનને...

આમ જેને જ્યારે જે તક મળે ત્યારે રાજી કરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી લે છે.

* જે વસ્તુ કે સિદ્ધિ બાહુબળથી, શસ્ત્રબળથી કે ધનબળથી કે બુદ્ધિબળથી પ્રાપ્ત ન થઈ શકે તે ફક્ત સામી વ્યક્તિના રાજીપાથી પ્રાપ્ત થાય છે.

* પિતા બાળક પર રાજી થઈ જાય તો તરત સાઈકલ કે મોંઘા બૂટ લાવી દે. રાષ્ટ્રપતિ રાજી થઈ જાય તો ફાંસીમાંથી મુક્તિ આપી દે.

* જૂનાગઢના નવાબ પોરબંદર હવા ખાવા ગયા. રાત્રે હોકાની તલપ લાગી. ગોંડલ નરેશે હોકો ભરી આપ્યો. નવાબ રાજી થઈ ગયા ને તેમને ૪૦ ગામનું ધોરાજી પરગણું ભેટ આપી દીધું. ગોંડલ નરેશ બાહુબળથી કે શસ્ત્રબળથી ક્યારેય આ પામી ન શકત.

* મોમ્બાસામાં પ્રમુખસ્વામી મહારાજને એક સંતે વાત કરી, 'એક ટેલિફોન અધિકારી બોચાસણમાં કેટલકેમ્પ જોવા આવેલા. તે બધી વ્યવસ્થા જોઈને ખૂબ પ્રસન્ન થયા. ઘણા લાંબા સમય, અથાગ પ્રયત્ન છતાં બોચાસણ મંદિરમાં એસ.ટી.ડી. ફોનનું કનેક્શન નહોતું મળતું. આ સાહેબ ગયા ને બીજા જ દિવસે એસ.ટી.ડી. ફોન ચાલુ થઈ ગયો.' આ સાંભળી સ્વામીશ્રી કહે : 'આ લોકનો માણસ રાજી થાય તો ય આટલું કામ થઈ ગયું, તો ભગવાન રાજી થાય તો અક્ષરધામનો એસ.ટી.ડી. જોડી આપે. અક્ષરધામ આપી દે. આ લોક અને પરલોક - બંનેમાં સુખિયા કરી દે.''

એક સાધે સબ સધે, એક ગયે સબ જાય,
જો ગ્રહી સેવે મૂલ કો, તો ફૂલે ફાલે અંકાય.

* વૃક્ષના મૂળમાં પાણી નાખો તો પાણી પાંદડે પાંદડે પહોંચી જ જાય. એમ જગતના બધા જ જીવોને રાજી કરી શકાય એમ છે જ નહીં. હંમેશ માટે ક્યારેય કોઈને ય કોઈ વ્યક્તિ રાજી કરી શકતી જ નથી. ને કદાચ આ થાય તો પણ લૌકિક લાભ જ થાય જે તુચ્છ અને નાશવંત છે ને અંતે તો બંધનરૂપ છે.

* પ્રમુખસ્વામી મહારાજ : 'જો ભગવાન કે સંત રાજી થઈ જાય તો અનંતકોટિ બ્રહ્માંડના બધા જ દેવો રાજી રહે., એ રાજી થઈ ગયા પછી કોઈને રાજી કરવાના નથી.'

પારસમણિ જીનકે ઘરમાંહી, સો ધન સંચ કરે ન કરે
નાવ મીલી જીસકો જલ અંદર, બાહુસે નીર તરે ન તરે.
- બ્રહ્માનંદ સ્વામી

● **ભગવાન અને સંતને શા માટે રાજી કરવા ?**

* જ્યાં લાભ કે ફાયદો દેખાય ત્યાં જ આપણે પુરુષાર્થ કરવા ટેવાયેલા છીએ. તો ભગવાન અને સંતને રાજી કરવાથી શું લાભ થાય છે ?

૧. લૌકિક લાભ :

● અણધારી આફત કે મુશ્કેલીમાંથી મુક્તિ થઈ જાય છે. દ્રૌપદીએ કૃષ્ણને પાટો બાંધીને પ્રસન્ન કર્યા અને તે રાજીપાના ફળરૂપે તેની કૌરવ સભામાં રક્ષા થઈ.

● આર્થિક દ્રારિદ્ર્યમાંથી મુક્તિ થાય. સુદામાએ શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા તો કંચનમહોલ થયા.

તમારા પ્રતાપ થકી મૂકો(મૂંગો) મુખે વેદ ભણે,
તમારા પ્રતાપ થકી પાંગળો પર્વત ચડે
તમારા પ્રતાપ થકી અંધને આંખો જડે,
તમારા પ્રતાપ થકી રંક તે રાજા બને.

* ગ.પ્ર. ૫૮ : મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડા પ્રારબ્ધ હોય તો રૂડાં થાય ને તે માથે ગમે તેવું વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.
* ગુણાતીતાનંદ સ્વામીની બાઉદ્દીન કઠિયારા પર દૃષ્ટિ પડી તો તે દીવાન બની ગયો.
* ભયંકર અસાધ્ય - રોગ દૂર થાય, સંતાન ન હોય તો પ્રાપ્ત થાય.
* લૌકિક આવડત, સત્તા, સંપત્તિ, વૈભવ, સમૃદ્ધિ પ્રાપ્ત થાય.
* ગ.મ. ૪૫ : 'ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે.'

૨. આધ્યત્મિક લાભ :

● **સ્વભાવ - દોષો - દેહભાવ અને વાસના ટળે**

* ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે સેવા કરી અને સ્વામી રાજી થયા તો સ્વામીએ નિષ્કામી બનાવી દીધા.
* સારંગપુરમાં ફૂલદોલના ઉત્સવ પછી ફગવાની વધેલી પ્રસાદી-ગાંગડા ભગતજીને ગુણાતીતાનંદ સ્વામીએ આપ્યા. ભગતજીએ પૂછ્યું : 'સ્વામી ! આ રાજીપાની પ્રસાદી છે ?'

  સ્વામી કહે : 'હા, ખરેખરા રાજીપાની.' ને પછી ભગતજી એક એક દાણો મોંમાં મૂકીને પૂછતા ગયા, 'સ્વામી ! કામ બળી ગયો, ક્રોધ બળી ગયો, લોભ ગયો... બધા દોષો ગયા ?' સ્વામી હસીને કહે : 'હા, બધા દોષો બળી ગયા.'

● **માયા - અવિદ્યા અજ્ઞાનનું બંધન છૂટે :**

* ભગવાનના કલ્યાણકારી ગુણોની પ્રાપ્તિ થાય.
* બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય.

કરીએ રાજી ઘનશ્યામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ,
તો સરે સરવે કામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ.

* પ્રમુખસ્વામી મહારાજને એક પ્રશ્ન પૂછ્યો : 'આપ જ્યારથી સાધુ થયા ત્યારથી કયો એક વિચાર સતત રહે છે ?'
* સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજને રાજી કરવા છે એ જ એકમાત્ર વિચાર પહેલેથી આજ સુધી રહ્યો છે.'

● **ભગવાનને રાજી કરવાનો ઉપાય : મન-કર્મ-વચને ભક્તની સેવા**

* બાળકને પેંડો આપવાથી પિતા રાજી થાય છે, એમ ભક્તની સેવા કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે.
* અહીં ભક્ત એટલે મુખ્યત્વે તો ગુણાતીત સત્પુરુષ છે. તેમની યથાર્થ સેવા કરવાની છે. સાથોસાથ આવા સત્પુરુષની આજ્ઞા પ્રમાણે ભગવાનના સંબંધવાળા સંતો-ભક્તોની સેવા કરવાથી પણ ભગવાન રાજી થાય છે.
* સેવાના ત્રણ પ્રકાર છે :

૧. મને કરીને : સત્પુરુષ અને તેના સંબંધવાળામાં નિર્દોષભાવ રાખવો.

* યોગીજી મહારાજ - 'નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ.'
* સંબંધવાળામાં ક્યારેય અભાવ-અવગુણ ન આવે તો તે મન દ્વારા સેવા.

વળી તમારે વિશે જીવન,
ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન.
સત્સંગી જે તમારા કહાવે,
તેનો કે'દિ અભાવ ન આવે.

- નિષ્કુળાનંદ સ્વામી

૨. વચનથી સેવા :

સત્પુરુષ અને સંબંધવાળાના ગુણો કહેવા ને સાંભળવા.

* ગુણાતીતાનંદ સ્વામી - 'ભગવાન અને ભક્તના ગુણ કહેવા. એમાં જીવ બ્રહ્મરૂપ થઈ જાય.'
* સા.૨ - વચનામૃતમાં વચને કરીને કેવી રીતે વર્તવું તેની વિસ્તૃત વિગત છે. આ રીતે

વર્તવાથી ભગવાનને ભક્ત પર સ્નેહ થાય છે. એટલે કે રાજીપો થાય છે. જેમાં નીચેના મુખ્ય મુદ્દા ધ્યાનમાં રાખવાની શ્રીજીમહારાજ વાત કરે છે.

૧. વચને કરીને કોઈ જીવપ્રાણીમાત્રને દુઃખવવા નહીં.
૨. મોટા સંત અથવા પરમેશ્વર આગળ વાદવિવાદમાં હારી જવું.
૩. પરમેશ્વર તથા સંતને પોતાને કોઈ વચન યોગ્ય કહે કે અયોગ્ય કહે, તો તત્કાળ સ્નેહે સહિત માનવું.

* 'ભગવાન અને સંતના મહિમાની વાતો નિરંતર કરવી અને સાંભળવી.' - ગુણાતીતાનંદ સ્વામી

૩. કર્મે કરીને - દેહે કરીને સેવા કરવી-સરભરા કરવી.

* આ ત્રણ પ્રકારે સેવા કરવાથી લૌકિક અને આધ્યત્મિક લાભ પ્રાપ્ત થાય છે કારણ કે આવી સેવાથી ભગવાન અને સંતનો રાજીપો થાય છે.

● **દૃષ્ટાંતો :**

* પંચાળાના ઝીણાભાઈએ નીચી જ્ઞાતિના હરિભક્ત કમળશીભાઈ વાંઝાની સેવા કરી તો શ્રીજીમહારાજ અતિશય રાજી થયા ને ઝીણાભાઈની અંતિમ યાત્રા વખતે તેમની નનામી કાંધે ઉપાડી.
* ઉકાખાચરને સેવાનું અતિશય અંગ. ગઢડા મંદિરથી ઘેલા નદીનો રસ્તો વહેલી સવારે જાગીને સાફ કરે, પાણી છાંટે, દિવસ રાત મહારાજ અને ભક્તોની સેવા કર્યા જ કરે. મહારાજ એમને ઘરધણી કહેતા. ગ.મ. ૨૫માં એમના વખાણ કર્યાં અને વાસના ટાળવા ઉકાખાચરની પેઠે સેવા કરવા સૌને સમજાવ્યું.
* જેતલપુરની ગણિકાએ શ્રીજીમહારાજની આજ્ઞાથી આખી રાત જાગીને ઘઉં દળ્યાં, તો મહારાજે પ્રસન્ન થઈ કહ્યું : 'જા, તારું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ.'
* મોટાપુરુષની અતિશય સેવાથી ભગવાનની કૃપાદૃષ્ટિ થાય છે અને તેથી કામાદિક દોષો-સ્વભાવો તત્કાળ ટળી જાય છે. (ગ.મ. ૭)
* બોટાદમાં ગોપાળાનંદ સ્વામીની એક ભક્તે આખી રાત શરીર દબાવીને સેવા કરી. સ્વામી સૂઈ ગયા છતાં તે ભક્ત થાક્યા નહીં. સવારે સ્વામી જાગ્યા. અતિશય પ્રસન્ન થયા ને કહે : 'તેં મારા દેહની કસર મટાડી, હું તારા જીવની કસર મટાડીશ.'
* ભગતજી મહારાજને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થઈ. એનું મુખ્ય કારણ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસન્નતા. સ્વામી ઘણીવાર કહેતા કે એણે મારી મન-કર્મ-વચને એવી સેવા કરી કે હાથ છૂટી બલા થઈ ગઈ. કેળે તો કેળા આવે, પણ આ તો થોરે કેળા આવે એવો ચમત્કાર થયો છે.
* યોગીજી મહારાજને ટ્રેનમાં એક યુવકે પ્રશ્ન પૂછ્યો : 'આપની આવી અલમસ્ત સ્થિતિનું રહસ્ય શું ?' ત્યારે યોગીજી મહારાજ કહે : 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી વાસણ ઊટક્યાં. તેથી એમની દૃષ્ટિ પડી ગઈ.
* **સંતકૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ;**
  સંતકૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ.

● **સેવા કેવી રીતે કરવી ?**

* પ્લાસ્ટિકની પાઈપ એમનેમ કોઈને વાગે તો બહુ ઈજા ન થાય, પણ અંદર લોઢાનો નક્કર સળિયો ભરાવીએ તો તેની તાકાત વધી જાય. એમ સેવામાં કેવો વિચાર ભળે તો સેવાનું મૂલ્ય વધે ?
* આનું માર્ગદર્શન શ્રીજીમહારાજ ગ.મ. ૪૧માં વચનામૃતમાં આપે છે.

  ૧. પોતાનું મોટું ભાગ્ય માનીને,
  ૨. ભગવાનની પ્રસન્નતાને અર્થે,
  ૩. પોતાના કલ્યાણને અર્થે ભક્તિ માનીને,
  ૪. કોઈ વખાણે તે સારુ નહીં.

* ઉપરોક્ત વિચારો ભળે તો સેવાનું ફળ અનેકગણું વધી જાય. સેવામાં નક્કરતા આવે છે.

* આ રીતે સેવા કરે તે તો મૃત્યુલોકમાં છે, તો પણ ભગવાનના ધામમાં જ છે ને અંતે ભગવાનની સમીપમાં જઈને નિવાસ કરશે.

● **ભગવાનને કુરાજી કરવાથી શું ખોટ ?**

* ભક્તના દ્રોહે કરીને ભગવાન કુરાજી થાય છે.
* સોમલા ખાચરે શ્રીજીમહારાજને પૂછ્યું : 'પોતાના ભક્તનો કયો અપરાધ ભગવાન માફ ન કરે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'બીજા બધા અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધ માફ નથી કરતા.' (ગ.પ્ર. ૭૧)
* શ્રીજીમહારાજ સ્વયં કહેતા : 'હું નારદ અને શુકજી સરખી દયાવાળો છું. તો પણ જો કોઈક ક્રૂરદૃષ્ટિએ કરીને ભગવાનના ભક્તને જોતો હોય ને તે જો પોતાનો સગોવહાલો હોય તો ય પણ જાણીએ જે એની આંખ ફોડી નાખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુખવે તો તે હાથને કાપી નાખીએ એવો અભાવ આવે છે પણ ત્યાં દયા રહેતી નથી.' (ગ.મ. ૬૦)
* અમદાવાદમાં જૂના મંદિરે શાસ્ત્રીજી મહારાજ દર્શન કરવા ગયા. ત્યાંના બ્રહ્મચારીને સ્વામી પ્રત્યે અતિશય દ્વેષ. ઠાકોરજીનો થાળ ધરાવીને જતા હતા. સ્વામીને જોયા ને પાણીનો લોટો છૂટો માર્યો. સ્વામી તો સહેજ નમી જવાથી બચી ગયા પણ એ જ દિવસે એ બ્રહ્મચારીને આખા શરીર પર બળતરા ઊપડી, મટે જ નહીં.

જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે.
રવિ રોષ રાગ મન નવ રાખે...
- મુક્તાનંદ સ્વામી

* આત્માનંદ સ્વામી બીમાર હતા. તેમણે પોતાના સેવક સાધુને અમુક શાક બનાવવા કહ્યું. એ સાધુએ હોહા કરી. મહારાજને આ વાતની ખબર પડી. તો મહારાજ કહે : 'એણે એના જીવનું બહુ ભૂંડું કર્યું.'
* વાલા પટેલ નામના એક હરિભક્ત સાધુ થયા. તેઓ ગઢડાના મહંત વિરક્તાનંદ સ્વામી બન્યા. પરંતુ એક વાર તેમણે કૃપાનંદ સ્વામીનો દ્રોહ કર્યો. તો પાછળથી ગાંડા થઈ ગયા હતા.
* ભક્તનો દ્રોહ કરનાર કે અવગુણ લેનારને કેવો ગેરલાભ છે એ વાત મહારાજે વચનામૃતમાં ઠેર ઠેર કરી છે :
* **લોયા-૧ :** જેને સંતનો અવગુણ આવ્યો તેને કોઈ રીતે પ્રાયશ્ચિતે કરીને પણ શુદ્ધ થવાતું નથી... એનું માથું કપાણું જાણવું.
* **લોયા-૧૮ :** તેનું અંતર દિવસે દિવસે પાછું પડી જાય છે.
* **વર-૧૨ :** (અવગુણ લેવાથી-મનુષ્યભાવ લેવાથી) પૂર્ણમાસીના ચંદ્ર જેવો હોય તે તરત અમાસના ચંદ્ર જેવો થઈ જાય છે.
* **ગ.અં.-૧૨ :** તેને અનંત કલ્પ સુધી અવતરવું પડે ને મરવું પડે.
* યોગીજી મહારાજ : 'અવગુણ લેવાનો રસ્તો એટલે ઝેર પીવાનો રસ્તો.'
* માટે કદાચ ભગવાન રાજી ન થાય એવું ન થાય તો કંઈ નહીં, પણ કુરાજી ન થાય એવું તો કરી શકીએ. એ માટે અવગુણ ન લેવો ને ભગવાનની અને ભક્તની સેવા જ કરવી.

● શ્રીજીમહારાજનો નિશ્ચય : 'અમારે તો જન્મોજન્મ ભગવાનના ભક્તની સેવા જ કરવી છે.' આવો નિશ્ચય કરવાની શ્રીજીમહારાજ ભક્તોને આજ્ઞા કરે છે. કારણ કે નિર્ણય, નિશ્ચય કે ઠરાવ કર્યા વગર કાંઈ થાય નહીં.

* કથા સાંભળીને, કરીને કે વાંચીને ઊભા થઈ જઈએ, પરંતુ તે પ્રમાણે વર્તાય નહીં તો લાભ થાય નહીં.
* ખેડૂતે નક્કી કરવું પડે છે કે ખેતીમાં શું વાવવું છે ? વિદ્યાર્થીએ ઠરાવ કરવો પડે છે કે ભણીને શું થવું છે ? એમ આપણે પણ નિશ્ચય કરવો પડે- કે ભગવાનને રાજી કેવી રીતે કરવા છે ? તેનો ઉપાય છે કે આ દેહે કે જન્મોજન્મ

ભગવાન અને ભક્તની સેવા કરવી.

- **આ વાત મહત્ત્વની છે.**

* સર્વ શાસ્ત્રના સારરૂપ છે. જીવનદોરી રૂપ છે.
* માછલીનું જીવન જળ છે, તેમ મુમુક્ષુનું જીવન એકાંતિક સત્પુરુષ છે, એમની સેવા છે.
* મહારાજ દૃઢતાપૂર્વક કહે છે કે પૂર્વે જે જે કલ્યાણને માર્ગે ચાલ્યા છે, અત્યારે ચાલે છે ને ભવિષ્યમાં ચાલશે, એ સર્વેને આ વાર્તા જીવનદોરી રૂપ છે. કહેતા આ સનાતન સત્ય છે. ત્રિકાલાબાધિત છે.
* મુમુક્ષુને જીવનું કલ્યાણ કરવા આ જ એક ઉપાય છે - ભગવાન અને એમના ભક્તની સેવા. માત્ર સેવા નહીં - એ રાજી થાય એ રીતની સેવા.

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૩૫મું : જારની ખાણનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસે રાત્રિ પાછલી છ ઘડી રહી ત્યારે શ્રીજીમહારાજ સૂતા ઊઠીને શ્રીગઢડા મધ્યે દાદાખારના દરબારમાં જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને શ્યામ છેડાન ધોતલી મસ્તકે બાંધી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘...અને વળી જગતમાં એમ વાર્તા છે જે, ‘મન હોય ચંગા તો કથરોટમાં ગંગા’ એ વાર્તા ખોટી છે. એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ. અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહિ, અને એવી રીતે સ્ત્રીપુરુષનો પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહિ. તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ. તે માટે ધર્મમાં તો ક્યારે રહેવાય ? તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે, તો એણે ધર્મમાં રહેવાય. અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો તેણે ધર્મમાં રહેવાય, અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવા અવસ્થાવાળી જે પોતાની મા, બોન ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુવે, તો એણે ધર્મમાં રહેવાય. એવી રીતે ધર્મમાં રહેવું તથા ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી તથા ભગવાનના અવતાર ચરિત્રનું શ્રવણ-કીર્તન કરવું તથા ભગવાનનું નામસ્મરણ કરવું, એ ચાર વાનાં જ જીવના અતિશય કલ્યાણને અર્થે છે...’’

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૩૫મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં

- લોકમાં પ્રચલિત એક માન્યતાને ખોટી પાડે છે.
- ધર્મની રક્ષા નિયમરૂપ વાડથી થાય છે તે સમજાવે છે.
- સ્ત્રીપુરુષના સહવાસનું વાસ્તવિક પરિણામ દર્શાવે છે.
- સ્ત્રીપુરુષની મર્યાદાનું સ્થાપન કરે છે.
- જીવના અતિશય કલ્યાણનો ઉપાય બતાવે છે.

■ **નિરૂપણ :**

શ્રીજી મહારાજ અહીં ધર્મ કેવી રીતે ટકી રહે તેની વાત સમજાવે છે.

■ **ધર્મની આવશ્યકતા**

જીવનમાં ધર્મ જરૂરી છે. ધર્મ વગરનું જીવન પશુ સમાન છે.

આહારનિદ્રાભયમૈથુનં ચ
સામાન્યમેતત્ પશુભિર્નરાણામ્ ।
ધર્મો હિ તેષામધિકો વિશેષો
ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ ॥

અર્થાત્ આહાર, નિદ્રા, ભય અને મૈથુન તો પશુઓ અને મનુષ્યોમાં સમાન છે. ફક્ત ધર્મ જ મનુષ્યમાં વિશેષ છે. ધર્મ વગરનો માણસ પશુ સમાન છે.

❉ પાંડવો કેમ દુઃખી થયા ? ધર્મનો લોપ્યો તેથી. શાસ્ત્રમાં જુગાર રમવાની ના પાડી છે. પોતાની સ્ત્રીનું દાન કરવાની પણ ના પાડી છે. પણ આ નિયમનું ઉલ્લઘંન થયું, તેમાંથી સર્વનાશ થયો.

‘યતો ધર્મસ્તતો કૃષ્ણો યતઃ કૃષ્ણસ્તતો જયઃ ।’
(ભીષ્મપર્વ)

‘જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ (ભગવાન) છે, જ્યાં

કૃષ્ણ છે ત્યાં જય છે.'

❊ ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવ વખતે બાઈઓને ભક્તિમાતાએ દર્શન આપ્યા. બાઈઓ દોડીને મહારાજ પાસે ગઈ. મહારાજે કહ્યું, ''જાવ, ભક્તિમાતાને પૂછો કે અહીં રહેશો ?'' બાઈઓએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે ભક્તિમાતા બોલ્યા, ''હું તો પતિવ્રતા છું. મારા પતિ હોય ત્યાં હું રહું. મારા પતિ ધર્મ છે. માટે ધર્મ રાખશો તો હું રહીશ.'' મહારાજ આ સાંભળીને કહે, ''ધર્મ અને ભક્તિ જ્યાં રહેશે, ત્યાં તેના પુત્ર ઘનશ્યામ પણ આવી વિરાજશે.''

આ રીતે આ લોક અને પરલોકમાં વિજય પ્રાપ્ત કરવા, સુખી થવા અને ભગવાનને કાયમ રાખવા માટે ધર્મ ખૂબ જ જરૂરી છે.

શ્રીજી મહારાજને તો ધર્મ અતિશય વહાલો છે, તે જણાવતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ધર્મ અમને છે બહુ વહાલો રે, એમ કહે છે ધર્મનો લાલો રે;
ધર્મવાળા સાથે હેત મારે રે, એમ વા'લો કહે વારે વારે રે.'
(પુરુષોત્તમ પ્રકાશ - ૩૯/૧૨)

❊ તેથી જ તો મહારાજે શિક્ષાપત્રીમાં ભક્તિ ધર્મે સહિત જ કરવાનું કહ્યું અને ધર્મે રહિત ભક્તિ કદાપિ ન કરવાનું કહ્યું છે.

ધર્મેણ રહિતા કૃષ્ણભક્તિઃ કાર્યા ન સર્વથા । (૩૯)
ધર્મેણ સહિતા કૃષ્ણભક્તિઃ કાર્યેતિ તદ્રહઃ । (૧૦૨)

જેના જીવનમાં ધર્મ નથી તે સત્સંગમાં ટકી શકતો નથી, એવું નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે;
નાનાં મોટાં કરી રહે ઘર, કોઈને ન કાઢી નાખે રે.
પણ જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહે રે;
વણજીવે રહે નહીં કોય, લે'ર દૂર નાખી દહે રે.
હરિજનનું જીવન છે ધર્મ, પોતે પોતાનો પાળે રે;
તજે નહિ ભજે પરબ્રહ્મ, તો રહે તેમાં સદા કાળે રે.
વણજીવે હોય નહિ વાસ, સતસંગ સિંધુમાંઈ રે;
કરવો નિષ્કુળાનંદ તપાસ, કહ્યું નથી કૂડું કાંઈ રે.
(ચોસઠપદી-૪૪)

સારસિદ્ધિ નામના ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ દૈનિકકર્મમાં ધર્મને ક્યાં ક્યાં પાળવાનો છે, તેનું સુંદર નિરૂપણ આ મુજબ કર્યું છે.

સુધી સહેલ એ વાત છે, ધર્મ પાળવો દૃઢ મને;
ધર્મ મૂકીને કામ કોઈ, કરવું નહિ કોઈ દને.
ધર્મે બોલવું, ધર્મે ડોલવું, ધર્મે જોવું દૃષ્ટે કરી;
સૂતાં બેઠાં જાગતાં, ધર્મનેય રહેવું ધરી.
ધર્મે હાલવું, ધર્મે ચાલવું, ધર્મે લેવું ને દેવું વળી;
ધર્મે રહેવું, ધર્મે કહેવું, ધર્મે લેવી વાત સાંભળી.
ધર્મે ખાવું, ધર્મે પીવું, ધર્મે વિના ન ધરવા પાવ;
કરે કરવું કામ ધર્મનું, ધર્મે કરવો તન નિભાવ.
સર્વે કામ ધર્મે કરવાં, ધર્મ મૂકી ન કરવું કાંઈ;
સર્વે કાળ એમ સમજી, રે'વું સદાય ધર્મમાંઈ.

અને આગળ ધર્મના ભોગે શું શું ન કરવું તેની ચેતવણી પણ આપે છે.

ધર્મ ગયે ધરાધામ મળે, ધર્મ ગયે મળે સુત વામ;
ધર્મ ગયે ખાનપાન મળે, તે કરવું સર્વે હરામ.
ધર્મ ગયે સુખસંપત્તિ મળે, ધર્મ ગયે મળે રાજપાટ;
ધર્મ ગયે મોટ્યપ વળી, લળી વળી સઈ થઈ ખાટ.
ધર્મ ગયે વસ્ત્ર મળે, આસન ને વાહન વળી;
ધર્મ ગયે સનમાન મળે, એહ આદિ સર્વે જાજો બળી.
ધર્મ ગયે જો તન રહે, તો તનને પણ ત્યાગવું;
જીવવાનું જાતું કરીને, હરિ પાસે મરવાનું માગવું.
ધર્મ ગયે સર્વે ગયું, ગયું નૂર વળી નાક તણું;
માટે મૂકી નિજ ધર્મને, ન કરવું મુખ લજામણું.
ધર્મ વિનાનું ધિક્ જીવવું, જન જાણજો જગમાંઈ;
દેવ ઈચ્છિત જેહ આવિયો, પણ કામ ન આવિયો કાંઈ.

તેથી તો ધર્મ પાળવાનો આગ્રહ શ્રીજી મહારાજ પોતાનાં વચનામૃતોમાં કરે છે.

❊ જેતલપુર-૩માં કહે છે, 'પંચવર્તમાન સંબંધી જે પોતાની ધર્મમર્યાદા તેનું જાણીને તો ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ અને જો અજાણે તેનું ઉલ્લંઘન થાય તો તેનું તત્કાળ પ્રાયશ્ચિત્ત કરવું.'

❊ જેતલપુર-૪ : 'મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વે

પ્રકારે પાળવી.'

❊ જેતલપુર-૫ : 'અને અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહાદુઃખ પામશો. તેમાં અમારે લેણાંદેણાં નથી.'

શાસ્ત્રોમાં અનેક પ્રકારના ધર્મો ત્યાગી-ગૃહસ્થ, સ્ત્રી-પુરુષો માટે લખાયેલ છે. તેમાંથી શ્રીજી મહારાજે સાર રૂપે ધર્મો પોતાના આશ્રિતો માટે શિક્ષાપત્રીમાં આપેલા છે. તેનું પાલન આપણે કરવું જોઈએ.

■ **નિષ્કામધર્મની વિશેષ મહત્તા :**

શાસ્ત્રોમાં પ્રતિપાદિત ધર્મોમાં મુખ્ય ધર્મ નિષ્કામધર્મ છે, એવું શ્રીજી મહારાજ વ.ચ.લો.૬માં કહે છે. ધર્મસંબંધી સાધનમાં એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે.

શ્રીજી મહારાજને પોતાને નિષ્કામધર્મ કેટલો વહાલો છે, તેની વિગતે વાત વચ.ગ.મ.૩૩માં કરી છે.

'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ, અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ અને અમે અહીંયાં ટક્યાં છીએ તે પણ અહીંયાના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ. અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઈ સેવાચાકરી કરે તો તે એવી ગમતી નથી. અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે અને અમે જે દિવસથી પ્રકટ થયા છીએ. તે દિવસથી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવીએ છીએ.'

❊ અને આ નિષ્કામ ધર્મમાં જો કંઈ ગરબડ થાય તો મહારાજને કેવું વસમું લાગે છે તેની વાત પણ આ જ વચનામૃતમાં શ્રીજી મહારાજે કહે છે :

❊ ''અને સભા બેઠી હોય ત્યાં કોઈ સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તોપણ અમને જણાયા વિના રહે જ નહિ, ત્યારે અમારો તે મનુષ્ય પર અતિશય કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશય લાગે છે. પણ મહોબત જાણીને ઝાઝું કહેવાય નહિ અને વળી સાધુદાવો છે, માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય. માટે સર્વે મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે, 'સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો 'મા.' શા માટે જે, જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે, તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે, 'બધા સત્સંગને મૂકીને જતા રહીએ.' માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.''

વચનામૃતના આ શબ્દો વાંચતાં, વિચારતાં આપણને પ્રતીતિ થાય છે કે શ્રીજી મહારાજને નિષ્કામધર્મ અત્યંત વહાલો છે. જે નીચેના પ્રસંગો પરથી પણ ખ્યાલ આવે છે.

❊ નીલકંઠવર્ણી વેશે શ્રીજી મહારાજ લોજમાં આવ્યા

ત્યારે પ્રથમ આશ્રમની દીવાલમાં ગોખલો હતો. જેના દ્વારા સાધુઓ બાજુના ઘરમાં વાળંદની સ્ત્રી સાથે દેવતાની આપ-લે કરતા, તે છિદ્ર પૂરાવ્યું. વળી, બાઈ-ભાઈની નોખી સભા કરી.

❊ ગઢડામાં જેઠામેરને ઘેર નીલકંઠવર્ણી સામે ચાલીને ગયા ને રાત રોકાયા. એનું કારણ પૂછ્યું તો કહે, '૧૦૦ જન્મથી આ જેઠા મેર અને તેમના પત્ની બ્રહ્મચર્ય પાળે છે.'

❊ દાદાખાચર શ્રીજી મહારાજને અતિ વહાલા હતા. તેનો દ્રોહ કરનારને મહારાજ સીધો દોર કરી દેતા. દાદાના આવા જ એક દ્રોહી હતા, ભડલીના ભાણખાચર. યુદ્ધમાં તે મૃત્યુ પામ્યા. મહારાજ કહે ''એને અમારી પાસે લાવશો નહીં.'' આવો અણગમો બતાવ્યો. પણ જ્યાં મહારાજને ખબર પડી કે તે અખંડ બ્રહ્મચર્ય પાળતો હતો, તો તરત સામા જઈને એક વાર તેનું મોં જોઈ આવ્યા.

આ પ્રસંગો પરથી સ્પષ્ટ થાય છે કે નિષ્કામ ધર્મ એ મહારાજનું જીવન હતું.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'મહારાજે અનેક પ્રકારનાં સાધન - નિયમ બતાવ્યાં છે તેમાં મુખ્ય બ્રહ્મચર્ય છે.' **(૪/૮૫)**

'નિષ્કામી વર્તમાનમાં ઘસારો લાગે તે મહારાજને ન ગમે.' **(૬/૨૬૬)**

'નિષ્કામી વર્તમાનમાં જેને કસર રહેશે તેનાથી ભગવાનના ધામમાં નહિ જવાય ને નહિ રહેવાય.' **(૬/૨૬૬)**

આ નિષ્કામધર્મ એટલે બ્રહ્મચર્ય. શાસ્ત્રોમાં પણ બ્રહ્મચર્યનો અર્થાત્ નિષ્કામધર્મનો અતિ અપાર મહિમા કહેવાયો છે. જેમ કે,

❊ મહાભારતમાં કહ્યું છે : 'જે જન્મથી મરણ સુધી બ્રહ્મચારી રહે છે, તેને કોઈ વસ્તુ અપ્રાપ્ય નથી.' **(અનુશાસનપર્વ)**

અથર્વવેદમાં કહેવામાં આવ્યું છે કે બ્રહ્મચારી પૃથ્વી તેમજ સ્વર્ગલોકને પોતાને અનુકૂળ બનાવે છે. આથી બધા દેવો એને અનુકૂળ થઈ જાય છે.

મુક્તાનંદ સ્વામી કહે છે,

'નિષ્કામી તે નારાયણરૂપ છે. આશા ને તૃષ્ણા ઉરમાં ન આણે.'

આ રીતે જે નિષ્કામધર્મ અર્થાત્ બ્રહ્મચર્યનો મહિમા શાસ્ત્રમાં કહેવાયો છે. એટલું જ નહિ, પરંતુ આધ્યાત્મિક-પ્રગતિ માટે એક અનિવાર્ય સાધન ગણાવ્યું છે, તેમજ જે નિષ્કામધર્મ શ્રીજી મહારાજને પણ અત્યંત વહાલો છે, તે નિષ્કામધર્મ અર્થાત્ બ્રહ્મચર્ય, જીવનમાં દૃઢ થાય તે માટે શાસ્ત્રમાં નિયમની મર્યાદા મૂકી છે.

તેમાં ત્યાગીઓ માટે અષ્ટપ્રકારે સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમો આપ્યા છે, જેમ કે,

(૧) સ્ત્રીના મુખથી કંઈ પણ સાંભળવું નહિ.
(૨) સ્ત્રીઓના ગુણનું કથન ન કરવું.
(૩) તેની સાથે બાજી વગેરે ન રમવું.
(૪) તેના તરફ દૃષ્ટિ માંડીને જોવું નહિ.
(૫) એકાંતમાં તેની સાથે ગુપ્ત વાર્તાલાપ ન કરવો.
(૬) તેનો સંકલ્પ ન કરવો.
(૭) સ્ત્રીના વિચારો ન કરવા.
(૮) સ્ત્રી સાથે સંભોગ ન કરવો.

ત્યાગી સંતને આ અષ્ટપ્રકારે નિયમ પાળવાના છે. ટૂંકમાં, મન, કર્મ, વચને સ્ત્રીનો ત્યાગ કરવાનો છે. નિષ્કામીધર્મની દૃઢતા માટે શિક્ષાપત્રી, સત્સંગીજીવન વગેરે ગ્રંથમાં ત્યાગીઓ માટે, આ ઉપરાંત નાનામોટા વિશેષ નિયમો પણ આપ્યા છે.

ગૃહસ્થો માટે, સ્ત્રીઓ(સધવા અને વિધવા)ના અને પુરુષના નિયમો શિક્ષાપત્રી, સત્સંગીજીવન અને વચનામૃતમાં આપેલા છે. જેમ કે,

■ **પુરુષો માટે બ્રહ્મચર્યના નિયમો :**

૧. વ્યભિચાર ન કરવો.
૨. પુરુષોએ પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો.
૩. આપત્કાળ પડ્યા વિના પોતાની યુવાન મા, બહેન અને દીકરી સંગાથે પણ પુરુષોએ એકાંતમાં ન બેસવું.
૪. મંદિરમાં સ્ત્રીપુરુષોએ પરસ્પર સ્પર્શ ન કરવો.

૫. પુરુષોએ સ્ત્રીના મુખ થકી જ્ઞાનવાર્તા ન સાંભળવી. સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો.
૬. પોતાની પત્નીનું દાન કોઈને ન કરવું.

■ **સ્ત્રીઓ માટે બ્રહ્મચર્યના નિયમો :**

૧. સ્ત્રીઓએ પોતાના પતિ સિવાય રૂપવાન, યુવાન અને ગુણવાન અન્ય પુરુષોનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો.
૨. પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે આકર્ષક વસ્ત્ર-આભૂષણો ન પહેરવાં. પારકા પુરુષના ઘેર બેસવા ન જવું.
૩. પોતાનાં નાભિ, સાથળ અને છાતી બીજો પુરુષ દેખે એમ ન વર્તવું.
૪. સ્વચ્છંદી, કામિની અને વ્યભિચારિણી જેવી નિર્લજ્જ સ્ત્રીનો સંગ ન કરવો.
૫. વિધવાઓએ મૈથુનાસક્ત પશુ-પક્ષીને ન જોવાં.

ત્યાગીઓ અને ગૃહસ્થ સ્ત્રીઓ તથા પુરુષ માટે ઉપર જણાવ્યા પ્રમાણેના મુખ્ય નિયમો ઉપરાંત અનેક પ્રકારના નાનામોટા સૂક્ષ્મ અને સ્થૂળ નિયમો ઉપરોક્ત શાસ્ત્રોમાં દર્શાવેલા છે. જો આ નિયમોનું યથાર્થ પાલન કરવામાં આવે તો જ નિષ્કામધર્મનું પાલન-પોષણ, રક્ષણ અને સંવર્ધન થાય. જો આ નિયમોમાંથી કોઈપણ નિયમનું ઉલ્લંઘન થાય તો ધીરે ધીરે આ ધર્મમાંથી ભ્રષ્ટ થવાય જ.

■ **લોકમાન્યતા ખોટી છે :**

લોકમાં એક કહેવત છે કે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' એટલે કે મન જો શુદ્ધ હોય, મનમાં શુભ ભાવના હોય તો ઘરની કથરોટ (એક પ્રકારનું નાનું વાસણ) માં પણ ગંગા છે. અર્થાત્ ઘરબેઠા ગંગા છે. ગંગાનદીએ જવાની જરૂરિયાત નથી. આ કહેવતને આધારે કેટલાક લોકો એવું કહે છે કે મનોબળ દૃઢ હોય, મન મજબૂત હોય, મન શુદ્ધ હોય તો સ્ત્રીઓનો અને પુરુષોનો પરસ્પર સંપર્ક થાય તોપણ ધર્મ લોપાય નહિ. જેનું મન મજબૂત નથી તેવાં સ્ત્રી-પુરુષો એકબીજાથી દૂર રહે. એમ જો સંતોનું મન મજબૂત હોય તો તેમને સ્ત્રીઓથી દૂર રહેવાની જરૂરિયાત જ નથી. સ્ત્રીઓનો સંપર્ક રાખે, તેમની સાથે વાર્તાલાપ કરે કે સ્ત્રીઓને જુએ કે સ્પર્શ કરે તેમાં કશો વાંધો આવી જતો નથી.

વસ્તુતઃ આવું બોલનારાને વાસ્તવિકતાનું ભાન નથી. શાસ્ત્રોનો અભ્યાસ નથી. વિચારને પામ્યા નથી, અધ્યાત્મમાર્ગનો કોઈ અનુભવ નથી, મનની વૃત્તિને પાછી વાળવાનો પ્રયત્ન કર્યો નથી. પ્રામાણિકપણે જો જાતીયવૃત્તિને અંકુશમાં લાવવાનો પ્રયત્ન કરે તો ખ્યાલ આવશે કે આ જેટલું ધારીએ એટલું સહેલું નથી.

❋ જગતને હંફાવનારાઓ કામદોષથી હાંફી ગયા છે. જગત પર રાજ્ય કરનારાઓ મન પર રાજ્ય કરી શક્યા નથી. મનના વિકારોથી ભ્રષ્ટ થયા છે. એ પછી રાવણ હોય કે નેપોલિયન, સમ્રાટ સિકંદર હોય કે પછી વિશ્વ પર રાજ્ય કરનાર ઈંગ્લેન્ડના રાજાઓ હોય.

ગ.પ્ર.૮ : 'જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રી આદિકના વિષયમાં પ્રવર્તાવે છે, તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે'. ઇન્દ્ર, ચંદ્ર, બૃહસ્પતિ જેવા દેવતાઓના પ્રસંગો જાણો.

❋ અરે, આ તો લૌકિક પુરુષોની વાતો થઈ, પરંતુ અધ્યાત્મમાર્ગે સાધના કરનારાઓનો ઇતિહાસ જાણીએ અને વિચારીએ તો ખ્યાલ આવે. વિશ્વામિત્ર, એકલશૃંગી, સૌભરિ, પરાશર, ચ્યવન ઋષિ, નારદજીની કેવી સાધના ? કેવું તપ ? છતાં, 'પરસ્ત્રીનો સંપર્ક નહિ' - આ નિયમ લોપ્યો અને પરિણામ શાસ્ત્રકારોએ બતાવ્યું છે.

જો આવી સાધના કરનારાઓનાં જીવનમાં આવા પ્રસંગો બનતા હોય તો બીજાની ક્યાં વાત કરવી? આજે ઘણા પ્રવચનકારો કે કથાકારો અથવા તો આધુનિક ગુરુઓ ડંફાસ મારતા હોય, સ્ત્રીઓના સંપર્કમાં રહેતા હોય અને કહેતા હોય કે અમને કશો જ વાંધો નથી આવતો, આવું કહીને ભગવાન

સ્વામિનારાયણના સંતોના નિયમોની ટીકા કરતા હોય, તો એમને પૂછો કે તમે ઋષિઓ જેવી સાધના કરી છે ? શું એ ઋષિઓ કરતાં પણ તમારું મન વધારે મજબૂત છે ? વધારે શુદ્ધ છે ? મોટા મોટા ઋષિઓએ સહેજ નિયમ લોપ્યો તો કલંક લાગ્યાં છે. તો બીજાની ક્યાં વાત રહી ? તેથી જ શ્રીજી મહારાજ વચ. લો. ૧૪માં કહે છે કે મનનો કોઈ કાળે વિશ્વાસ ન કરવો.

❋ દુનિયાનો પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ વાંચો. આજકાલ પણ મેગેઝીનોમાં, છાપાંઓમાં કથાકારો, પ્રવચનકારો કે ગુરુઓનાં કેટલાંય કૌભાંડો આવે છે. જે બહાર આવે છે તે તો સમુદ્રની હિમશિલા જેવું અત્યંત અલ્પ છે. મોટાભાગનું તો બહાર આવતું જ નથી. કેટલાક પ્રસંગો જોઈએ.

❋ અમેરિકામાં ટી.વી. દ્વારા ખ્રિસ્તીઓને ધાર્મિક શિક્ષણ આપનાર, જીમ બેકર નામે એક પાદરી, ટી.વી. ઉપર પ્રવચનો કરી પોતાની અદ્‌ભુત વાક્‌છટાથી કરોડો લોકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. પરંતુ ૧૯૮૦માં ન્યૂયોર્કની તેમની પ્રશંસક ૨૧ વર્ષની એક સેક્રેટરી જેસિકા હેન સાથે તેમને સંબંધ થયો. તેમને ભગવાન જેવા માનનારી આ બાઈને ૪૫ વર્ષના જીમે ફસાવી. આ કૌભાંડ બહાર આવ્યું અને શ્રી બેકરને ઉપદેશક તરીકે રાજીનામું આપી દેવું પડ્યું.

તેથી જ ભગવાન સ્વામિનારાયણ આ વચનામૃતમાં કહે છે કે ગમે તેવો સમાધિનિષ્ઠ પુરુષ હોય કે સ્ત્રી હોય, પરંતુ પરસ્પર સહવાસમાં એનો ધર્મ રહે જ નહિ. આ વાતમાં લેશમાત્ર સંશય નથી.

વળી, શ્રીજી મહારાજ નીચેનાં વચનામૃતોમાં પણ આ જ હકીકત સમજાવે છે.

❋ ગ.પ્ર.૧૮ : 'અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે, તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે તેવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને કોટિ કલ્પ સુધી સાધના કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી, માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થશે.'

❋ ગ.મ.૩૦ : 'જેવું બંધનકારી સુવર્ણ છે, તેવું જ બંધનકારી રૂપ પણ છે. કેમ જે, જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ. માટે સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે.'

❋ ગ.અં.૩૩ઃ ''એ (મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી) એવા મોટા છે તોપણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહિ. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે, એમાં પણ સંશય છે. કેમ જે એ પદાર્થનો તો યોગ જ એવો છે. જેમ આ આપણ સર્વ બેઠા છીએ તે કેવા ડાહ્યા છીએ ! પણ જો દારૂના શીશાનું પાન કર્યું હોય તો કાંઈ ઠા રહે નહિ, તેમ એ પદાર્થનો સંગ જરૂર લાગ્યા વિના રહે જ નહિ. માટે એ પદાર્થનો યોગ જો ન થવા દે તો, એથી બચે ને એનો યોગ થયા મોર એનો ભય રાખે જે, 'રખે મને એનો યોગ થાય,' અને એ વાર્તા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે જે, 'એનો સંગ તો એક ભગવાનને ન લાગે.''

ભગવાન સ્વામિનારાયણે નાનપણથી સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. વળી, તેમણે લગભગ સાત વર્ષ સુધી સમગ્ર ભારતમાં નીલકંઠવર્ણી રૂપે વિચરણ કર્યું હતું. ભારતનાં મોટાં મોટાં મંદિરો, મઠો, આશ્રમોમાં જઈને સૂક્ષ્મદૃષ્ટિથી ઘણું બધું જોયું ને જાણ્યું ને અનુભવ્યું. જ્યાં કોઈ બગાડ દેખાયો તેનું મૂળ કારણ સ્ત્રી, ધન અને સત્તાનો યોગ હતો. એમના આ બહોળા અનુભવને આધારે જ એમણે સાધુ-સ્ત્રી મર્યાદા સ્થાપી છે. જેથી બંનેના ચારિત્ર્યનું

રક્ષણ થાય. એમના મનમાં સ્ત્રી જાતિ પ્રત્યે કોઈ ઉપેક્ષા ન હતી. એમની દૃષ્ટિએ નથી સ્ત્રીનો વાંક કે નથી પુરુષનો વાંક, પરંતુ બંનેમાં જાતીયવૃત્તિ-કામવાસના પડી જ છે. બંનેનો સહવાસ વધે તો આ જાતીયવૃત્તિ સળવળે અને બંનેને કલંક લાગે. તેથી સ્ત્રીના ચારિત્ર્યની રક્ષા થાય અને સાધુસમાજને કલંક ન લાગે એ માટે એમણે આ નિયમની પાળ-મર્યાદા બાંધી છે.

❋ આ નિયમ કે મર્યાદાને સમજ્યા વગર ઘણા અજ્ઞાનથી કહે છે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો સ્ત્રીઓનું અપમાન કરે છે.

નિયમને અપમાનમાં કેવી રીતે ગણાવી શકાય ? ડાયાબિટિસના રોગવાળો દર્દી ખાંડ કે મિષ્ટાન્ન ન ખાય તો એનો અર્થ શું એવો થઈ શકે કે એ વ્યક્તિ ખાંડનું કે મિષ્ટાન્નનું અપમાન કરે છે ?

ભારતમાં ટ્રાફિકના નિયમ પ્રમાણે ડાબી બાજુ ગાડી ચલાવનાર શું જમણી બાજુનું અપમાન કરે છે, એમ કહી શકાય ?

કોઈ વિદ્યાર્થીને ૧૦મા કે ૧૨મા ધોરણમાં ૯૫ ટકા પરિણામ લાવવું હોય અને તેથી તે ટી.વી. ન જુએ, નવરાત્રિના ગરબામાં ન જાય, તો શું તે તેનું અપમાન કરે છે એમ કહેવાય ?

એવી જ રીતે સંતો અષ્ટપ્રકારે સ્ત્રીઓથી દૂર રહે તો એનો અર્થ એ નથી કે તેઓ સ્ત્રીઓનું અપમાન કરે છે.

❋ વસ્તુતઃ ભગવાન સ્વામિનારાયણથી માંડીને આજ સુધી સત્સંગી બહેનોને લાગતું નથી કે સંતો અમારું અપમાન કરે છે. જો તેમને પોતાનું અપમાન લાગતું હોય તો,

- તેઓ શા માટે સત્સંગી બને ? (સંપ્રદાયમાં ૫૦ ટકા બહેનો સત્સંગી છે.)
- શા માટે મંદિરમાં તન-મન-ધનથી સેવા કરે ? (-તેઓ પુષ્કળ સેવા કરે છે.)
- શા માટે પોતાના દીકરાને કે ભાઈને સાધુ થવાની પ્રેરણા અને રજા આપે ? (૬૮૦ સંતોની માતાએ કે બહેનોએ રજા આપી છે. કેટલીક માતાએ તો એકના એક દીકરાને પ્રેરણા આપી છે.)

આજે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થામાં બાલિકા, કિશોરી, યુવતી અને મહિલા મંડળની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલે છે. તેથી કહી શકાય કે આ સંપ્રદાયમાં સંતો દ્વારા સ્ત્રીઓનું કોઈ પ્રકારનું અપમાન કરવામાં આવતું નથી. પરંતુ સંતો માટે આ મર્યાદા છે. શ્રીજી મહારાજે આ મર્યાદા પળાવવાનો આગ્રહ રાખ્યો છે. ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનમાં આ નિયમ સારધાર પાળ્યો છે અને સંતો પાસે પળાવવાનો આગ્રહ રાખ્યો છે.

❋ ગુણાતીત પરંપરાના ગુરુઓની આદર્શ, નિષ્કલંક સાધુતાથી જ આજ સુધી બી.એ.પી.એસ. સંસ્થાનો વિકાસ વિશ્વભરમાં થયો છે અને ભવિષ્યમાં થશે. લોકોને પણ અન્યત્ર કડવા અનુભવ પછી આ સંસ્થામાં ગુરુના આદર્શ-પવિત્ર જીવનને લીધે વિશ્વાસપૂર્વક શાંતિનો અનુભવ થયો છે.

શ્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા માટે આજે સંતો પણ પોતાના આ નિયમોને પાળવાનો પ્રામાણિક પ્રયત્ન કરી રહ્યા છે.

❋ હવે શ્રીજી મહારાજ ગૃહસ્થોને પણ આ સ્ત્રીપુરુષ મર્યાદાની વાત કરે છે. જેમ સંતો પોતાના નિયમમાં રહે તો જ તેનો ધર્મ રહે, તેમ ગૃહસ્થોને પણ જે મર્યાદા બાંધી આપી છે, તેમાં સ્ત્રી-પુરુષો રહે તો જ તેમનો ધર્મ રહે, નહીંતર ભ્રષ્ટ થવાય છે. જ્યાં જ્યાં આ મર્યાદા લોપાણી છે ત્યાં ત્યાં વ્યભિચારના પ્રસંગો બન્યા છે.

આજે વિશ્વભરમાં એઈડ્સનો મહાભયંકર રોગ લાગુ પડી ચૂક્યો છે. સપ્ટેમ્બર ૨૦૦૨ના 'ટાઈમ્સ' સામયિકમાં વિશ્વના એઈડ્સના આંકડાઓ આપ્યા છે. આજે વિશ્વમાં ૪ કરોડ લોકોને એઈડ્સ લાગુ પડી ચૂક્યો છે. ૨૦૦૧ની સાલમાં વિશ્વમાં ૩૦ લાખ માણસો એઈડ્સને લીધે મર્યા છે. આ આંકડાઓ દિન-પ્રતિદિન વધી

રહ્યા છે. આ રોગ ફેલાવાનું મુખ્ય કારણ હોય તો તે છે વ્યભિચાર.

❋ આજે શાળા - કોલેજોમાં સહશિક્ષણનું પરિણામ ધાર્યા કરતાં વધારે ખરાબ આવ્યું છે. પરિણામે વિશ્વમાં લગ્ન પહેલાં દર વર્ષે કરોડોની સંખ્યામાં ગર્ભપાત થાય છે. આધુનિક સંશોધનોનો ઉપયોગ કરવા છતાં....

- લગ્ન પછી પણ લગ્નેતર સંબંધો વધી રહ્યા છે. પરિણામે છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે.
- નવરાત્રિના ગરબા કે લગ્ન પ્રસંગે ગોઠવાતા ગરબા કે નોકરી-ધંધામાં અન્ય સ્ત્રી-પુરુષોનો પરસ્પરનો સહવાસ કેવાં વિકૃત પરિણામ લાવે છે તેની વાત આજે સૌ કોઈ જાણે છે.
- આજે અશ્લીલ સાહિત્ય (પુસ્તકો, મેગેઝીનો), અશ્લીલ ફિલ્મ કે ઈન્ટરનેટમાં અશ્લીલ વેબસાઈટ દ્વારા ભયંકર પરિણામો સમાજને ભોગવવા પડે છે. ભવિષ્ય વધારે ખરાબ છે.
- આ રીતે જ્યાં જ્યાં કોઈપણ રૂપે સ્ત્રી-પુરુષનો સહવાસ વધ્યો છે, ત્યાં ખરાબ પરિણામો આવ્યાં છે. આવાં પરિણામો ભોગવવાં ન પડે એટલા માટે જ શાસ્ત્રકારોએ મનુષ્ય માટે નિયમની પાળ બાંધી છે.

❋ ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં ગૃહસ્થો માટે નિયમ આપ્યો છે કે પોતાની સગી મા, બહેન કે દીકરી સાથે પણ એકાંત સ્થાનમાં ન બેસવું. આ નિયમ વધુ પડતો કડક લાગે, પરંતુ આ નિયમ સાચો છે.

ભાગવતમાં વ્યાસજીએ આ નિયમ લખ્યો ત્યારે શિષ્ય જૈમિનિને પણ પ્રશ્ન થયેલો. વ્યાસજીએ જૈમિનિને અનુભવ કરાવ્યો. વ્યાસજી તેનાં બહેનનું રૂપ લઈને જૈમિનિની ઝૂંપડીમાં ગયા - જૈમિનિનું મન વિહ્‌વળ થયું - 'શ્લોક સાચો છે. - લખી નાંખો.'

આજે આ નિયમલોપથી વિશ્વભરમાં એવા કેટલાય પ્રસંગો બહાર આવ્યા છે જેમાં પિતા-પુત્રી વચ્ચે, માતા-પુત્ર કે ભાઈ-બહેન વચ્ચે વ્યભિચાર થયા હોય.

માટે શ્રીજી મહારાજ વચ.ગ.મ.૫૧માં કહે છે, 'મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થયો નથી.' માટે આપણા ઈષ્ટદેવ, આપણી ગુણાતીત પરંપરાએ આ ઉચ્ચ સંપ્રદાયમાં આપણને સ્વીકાર્યા છે, અને આપણા જ સુખ માટે મર્યાદા બાંધી આપી છે. તો આપણે આ નિયમ પાળવા માટે શિરસાટે પ્રયત્ન કરવો જોઈએ.

❋ મહારાજ આ વચનામૃતમાં કહે છે કે પોતાની મા, બહેન કે દીકરી સાથે એકાંતમાં ન બેસે કે તેમના સામું દૃષ્ટિ માંડીને ન જુએ. એવી જ રીતે સ્ત્રીઓએ પણ પોતાના પિતા, ભાઈ કે પુત્ર સામે દૃષ્ટિ માંડીને ન જોવાય. જો આપણી આ મર્યાદા હોય તો નીચેના પ્રશ્નો પોતાની જાતને પૂછવા.

- તો ટી.વી. જોવાય ?
- ફિલ્મ જોવાય ?
- ગરબામાં જવાય ? ગરબા રમાય ?

(એકલા પુરુષો કે એકલાં બહેનો ગરબા રમે તો તેમાં વાંધો નહિ. પરંતુ સ્ત્રી-પુરુષોના ભેગા ગરબામાં ન જવાય, ન જ જોવાય.)

- પરસ્ત્રી કે પરપુરુષ સાથે મિત્રતા રખાય ? એમની સાથે એકાંતમાં બેસાય ?

❋ આ અને આવા પ્રશ્નો પૂછીને આ વિશે જ્યાં જ્યાં જે કોઈ પ્રકારની ભૂલ થતી હોય તો તે સુધારવી. એવી ભૂલ ન થાય તે માટે પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ કરવો. અગાઉ જે ભક્તોએ આવા નિયમો દૃઢપણે પાળ્યા છે તેમના પ્રસંગો વિચારવા, તો નિયમપાલનનું બળ મળે. જેમ કે,

- લક્ષ્મણજીએ ૧૪ વર્ષ સુધી સીતાજીના મુખ સામે દૃષ્ટિ નથી કરી. ભેગાં રહેવા છતાં..
- જોગીદાસ ખુમાણે આંખમાં મરચું નાખ્યું - સ્ત્રી સામે દૃષ્ટિ જવાથી.
- જસદણથી સુરાખાચર ભાગી નીકળ્યા. સ્ત્રીના સકંજામાં ન ફસાયા.

- મુકુંદ બ્રહ્મચારી યજમાનની કન્યાના પ્રલોભનમાં ન ફસાયા.
- શિવલાલ શેઠ - છ મહિના સુધી સાળીનું મોઢું જોયેલું નહિ.
- ઉપલેટાના લાલાભાઈએ સોળ વર્ષની પોતાની દીકરીનું નાક પણ જોયેલું નહિ.
- માંચા ખાચર માર્ગીના પંથમાં - છતાં નિષ્કામી રહ્યા.
- શિવાજીએ અહમદ સૂબાને હરાવ્યો. સિપાઈઓ તેની પુત્રવધૂને લઈ આવ્યા. શિવાજીએ તેમને ઠપકો આપ્યો - પુત્રવધૂની માફી માંગી. તેના પતિ પાસે મોકલી આપી.

આવાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતો - પ્રસંગોને નજર સમક્ષ રાખીને, આપણા ઈષ્ટદેવ અને ગુરુપરંપરાનાં જીવન અને ઉપદેશનું અનુસંધાન રાખીને, જાણપણારૂપ દરવાજે રહી પ્રાર્થનાપૂર્વક પુરુષાર્થ સાથે ત્યાગી - ગૃહસ્થો પોતપોતાના નિયમમાં રહે તો ધર્મમાં રહેવાય.

આ રીતે ધર્મનિયમની વાત કર્યા પછી શ્રીજી મહારાજ, અહીં આ વચનામૃતમાં આત્યંતિક કલ્યાણનાં ચાર સાધનો સમજાવે છે.

(૧) પોતપોતાના ધર્મમાં રહેવું.

(૨) ઉપાસના :
- શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.
- તેઓ સદા સાકાર, સર્વકર્તાહર્તા અને પ્રગટ છે.
- ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર બ્રહ્મ છે.
- શ્રીજી મહારાજ અક્ષરબ્રહ્મની પરંપરામાં આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે.
- અક્ષરરૂપ થઈને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા શ્રીજી મહારાજની સેવા - ભક્તિ - ઉપાસના કરવાની છે.

(૩) શ્રીજી મહારાજનાં અને ગુણાતીત પરંપરાનાં લીલાચરિત્રોનું શ્રવણ - કીર્તન કરવું

(૪) મૂર્તિની સ્મૃતિ સહિત ભગવાન સ્વામિનારાયણનું નામસ્મરણ કરવું.

સભા : ૪૦ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા મધ્ય ૩૮, માંચા ભક્તનું - પ્રવેશનું

❖ **વિશેષ પ્રવચન**: 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે....

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું આડત્રીસમું : માંચા ભક્તનું-પ્રવેશનું

સ્વામિનારાયણ હરે....

સંવત ૧૮૮૦ના ભાદરવા વદિ ૬ છઠ્યને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહીં. અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો. અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહીં. યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા. તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહીં. અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા. અને કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો. તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને કહ્યું જે, 'તમે સદાવ્રતી છો માટે તમને આ બૂટી બતાવીને રૂપું કરવા શીખવું.' પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને તેને એમ કહ્યું છે, 'અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઈચ્છા નથી.' પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા.

ઈતિ વચનામૃતમ્. એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું આડત્રીસમું વચનામૃત થયું.

- **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સંસારીજીવ અને સાચા ભક્ત વચ્ચેનો ભેદ સમજાવે છે. માંચા ભક્તનું દૃષ્ટાંત આપીને સાચા ભક્તે કેવી સમજણ રાખવી એ નિર્દેશ કરે છે.

- **સંસારી જીવ અને તેના મનોરથો :**

* સંસારી જીવ એટલે જેને ધન-સત્તા-સ્ત્રી-સંતાન-દેહ ને તેના સંબંધી વગેરે માયિક અને નાશવંત પદાર્થોમાં જ આસક્તિ છે, તેને અર્થે જ ઉદ્યમ છે ને એ જ જીવન છે, એવા તુચ્છ બુદ્ધિવાળા મનુષ્યો.

* સંસારી જીવને આ દેહે કરીને આત્મા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન દૃઢ કરવું કે મોક્ષ પ્રાપ્તિ કરી લેવી એવો કોઈ વિચાર જ હોતો નથી.

* એને તો કોઈ દેહનો રોગ ટાળનાર મળે, દીકરા-દીકરી સંતાન દેનાર મળે, સગા-સંબંધીનું મૃત્યુ થયું હોય ને જીવાડનાર મળે, ધન-સંપત્તિ કે નોકરી આપનાર મળે, ચમત્કાર બતાવે - રાખમાંથી રૂપિયા કાઢે, પીત્તળમાંથી સોનું બનાવે તો તરત તેમાં આસ્થા ને શ્રદ્ધા આવે, તેની શરણાગતિ સ્વીકારે અને અંતે ખુવાર થાય.

* અનેક પ્રકારના જંત્ર-તંત્ર, દોરા-ધાગા, યંત્ર-માદળિયા કરાવીને - માનતા મનાવીને આવા ધૂતારા બધું લૂંટી લે. આટલા રૂપિયાની માનતા માનો તો ગ્રહ ન નડે, પનોતી ન નડે, ગરીબી દૂર થાય. સાજા રહો, વગેરે પ્રલોભનો આપી ધીરેધીરે બધુ લૂંટી જાય.

* એક ભાઈને ધંધામાં મોટી ખોટ ગઈ. એક ભૂવાને બતાવ્યું. ભૂવો કહે : 'તમને શનિ નડે છે, લો આ નંગ. સોનાની વીંટીમાં પહેરવું.' બે મહિના થયા. ભૂવો કહે : 'કંઈ ફેર પડ્યો ?' પેલા ભાઈ કહે : 'દેવું કરીને સોની પાસેથી વીંટી કરાવી. પહેલા શનિ જ નડતો હતો. હવે સોની

ય નડે છે. રોજ ઉઘરાણી કરે છે.'

* કેટલીક વાર 'કાગનું બેસવું ને ડાળનું પડવું.' એવો સંયોગ થઈ જાય. પણ એને આધારે આખા જીવનનું આયોજન કરનાર ખુવાર જ થાય.
* એક દંપતીને મનમેળ તૂટવાથી છૂટા થયાં. ૬ મહિના પછી પત્નીએ પતિને કાગળ લખી જણાવ્યું : 'એક મહારાજે કુંડળી જોઈને કહ્યું છે કે અમુક પાઠ ને હોમ કરો તો મહિનામાં જ સુમેળ થઈ જશે. ૨૦ હજારનો ખર્ચ થશે.' બંને જણાએ આશા સાથે વિધિ કરાવ્યો. ૮ મહિના થઈ ગયા, પણ બેયમાંથી એક પણ નમ્યા નહીં કે ઘર પણ પાછું મંડાયું નહીં.
* ગામડાંમાં ભૂવા ધૂણાવે, દાણા જોવરાવે, રાંદલ તેડાવે, મેલડીમાતા, અંબામાતાનો કોપ ન વહોરવા પાઠ-હોમ કરાવે અને અંતે આમાં ફસાનારને ઘર-ખેતર-ઘરેણાં વેચી બરબાદ થવું પડે.
* આજે વિજ્ઞાનની આટલી પ્રગતિ છે, છતાં મંત્ર-તંત્ર વિદ્યામાં ઘણાને દૃઢ આસ્થા હોય છે. ગામડાના સરપંચથી માંડીને રાષ્ટ્રપતિ સુધી ઘણા ખરા ધારાસભ્ય, સંસદ સભ્ય, પ્રધાન, મુખ્યમંત્રી કે વડાપ્રધાન - સત્તા મેળવવા, જીત મેળવવા, સત્તા ટકાવવા કોઈ ને કોઈ ગુરુ/ભૂવા/તાંત્રિકનો આશરો કરીને બેઠેલા જ હોય છે.
* આમાં ભોળા જનો ફસાય.

● **ભગવાનના સાચા ભક્તનાં લક્ષણો :**

* શ્રીજીમહારાજ અહીં સ્પષ્ટ જણાવે છે કે ભગવાનનો સાચો ભક્ત હોય તેને તો મંત્ર-જંત્ર કે નાટક ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહીં.
* આવા ભક્તની સમજણ કેવી હોય ? એની સમજૂતી શ્રીજીમહારાજ ગ.અં.૩૩મા વચનામૃત માં જણાવે છે : જે એમ સમજતો હોય જે

૧. આ દેહથી નોંખો જે આત્મા તે હું છું ને હું પ્રકાશમાન સત્તારૂપ છું.

૨. મારા સ્વરૂપને વિષે પ્રત્યક્ષ ભગવાન અખંડ વિરાજમાન છે.

તે ભગવાનના આકાર વિના બીજા જે પ્રાકૃત આકારમાત્ર તે અસત્ય છે અને અનંત દોષે યુક્ત છે એવો વૈરાગ્ય હોય.

૩. ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણતો હોય તેને કોઈ જાતનો બુદ્ધિમાં ભ્રમ થાય નહીં.

૧. સાંખ્ય અને વૈરાગ્યની સમજણ :

* આવી સમજણવાળો સંસારને અસાર સમજે. જગતને નાશવંત, મહાદુઃખરૂપ ને બંધનકારી જાણે.
* સંસારને ઝેર સમાન-કાકવિષ્ટા તુલ્ય માને.
* જે ધન, સત્તા, સંપત્તિ, સ્ત્રી કે પુત્રાદિક માટે જંત્ર-મંત્રમાં આસ્થા રાખીએ છીએ. તે કદાચ મળે તો પણ અંતે તો એ નાશવંત જ છે, ક્ષણિક છે. આપણે જતા રહેવાના અથવા એ નથી રહેવાના. જેટલા સમય સુધી એનો યોગ રહે ત્યાં સુધી પણ તે સુખદાયક તો નથી જ ને અંતે ઘોર બંધન વાસનામાં વધારો ને જન્મમરણનો ચક્રાવો ઊભો જ છે.
* ધન પ્રાપ્તિ માટે નંદરાજા એ આખી પૃથ્વી ખાલી કરી પણ અંતે દુઃખ થયું.
* સત્તા માટે રાવણ, કંસ, દુર્યોધન, હીટલર, નેપોલિયન કે સિકંદરે આખી જિંદગી ઉધામા નાખ્યા પણ કમોતે જવું પડ્યું.
* ભર્તુહરિ અને ચિત્રકેતુ રાજા સ્ત્રીથી વૈરાગ્ય પામીને સંસાર છોડીને નીકળી ગયા.
* પુત્ર : ધૃતરાષ્ટ્રને ૧૦૦ પુત્ર અને સગરને સાઠ હજાર પુત્રો - પણ સુખ થયું ?

● ક્યાં ગયું કુળ રાવણ તણું,
સગર સૂત સાઠ હજારથી,
ન રહ્યું નાણું રાજા નંદનું,
સર્વે સુપન વ્યવહારજી.

● એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકીને રાજનજી,
દેવદાનવ માનવ મુનિ, સરવે જાણો સુપનજી.

- નિષ્કુળાનંદ સ્વામી

* આવા ભક્તો સંસારના સાચા વાસ્તવિકરૂપને જાણે છે.
* શાસ્ત્રીજી મહારાજ : સંસાર ઊંટના બેસણા જેવો છે. એમાં હેલા આવે જ, દુઃખ આવે જ.
* રામ અને કૃષ્ણ તો ભગવાનના અવતારો હતા. છતાં કેટલાં દુઃખ આવ્યાં.
* સ્વયં શ્રીજીમહારાજને પણ ઘણાં દુઃખો સહન કરવા પડ્યા. નરસિંહ-મીરાં, તુકારામ, ૫૦૦ પરમહંસો કે ગુણાતીત ગુરુપરંપરામાં પણ દુઃખોની વણઝાર વણથંભી ચાલુ જ રહી છે.
* સંસારમાં બધું જ નાશવંત છે. માટે દીકરા-દીકરી કે દેહના સંબંધીની અમરતા માટે, જીવાડવા માટે પણ બીજામાં પ્રતીતિ કરવી નિરર્થક છે. આ મૃત્યુલોક છે. સાક્ષાત્ ભગવાન કે તેમના અવતારો, કે જેમને કર્મના કોઈ બંધન નથી, તેઓ પણ મૃત્યુલોકની મર્યાદા સ્વીકારીને ચાલ્યા હોય, તો માનવીનું શું ગજું ?
* કુંતાજીએ અભિમન્યુને અમરરાખડી બાંધી, છતાં તે મર્યો કે નહીં ?
* હિરણ્યકશ્યપને રાતે કે દિવસે, અસ્ત્ર કે શસ્ત્ર, માણસ કે પશુ, ઘરમાં કે બહાર ક્યાંય કોઈથી મરું નહીં એવું વરદાન હતું છતાં તેને મારવા ભગવાને વિશિષ્ટ અવતાર-નરસિંહનો ધર્યો.
* વ્યાપકાનંદ સ્વામીએ બોટાદના હમીર ખાચરની ઘોડી સજીવન કરી. તે વખતે શ્રીજીમહારાજે તેમને ઠપકો આપ્યો : 'આપણે મરેલાને જીવાડવા નથી આવ્યા. સજીવન કરીશું તો પણ ફરી એક વાર તો મરશે જ.' આમ, સમજણ આપી.
* કેનેડીની હત્યા થઈ એ વખતે એક ભક્ત યોગી મહારાજ પાસે આવ્યા ને કહે : 'બાપા ! જો આપ કેનેડીને જીવતા કરો તો આખી દુનિયા સત્સંગી બની જાય.' ત્યારે યોગીજી મહારાજ કહે : 'જો આ કરીએ તો ભગવાન ભજવાના રહી જાય ને અહીં દેરીમાં મડદાના ઢગલા થાય.'

૨. આત્માના સ્વરૂપનું જ્ઞાન :

* શરીરમાં ચૈતન્ય તત્ત્વ તો આત્મા છે. શરીર અને આત્મા બંનેના રૂપ યથાર્થ જાણવાથી પણ અન્ય કોઈ પ્રલોભનોમાં વૃત્તિ ન જાય.
* ગમે તેવું રૂપવાન, યૌવનવાન કે ઊંચા કુળમાં જન્મેલું શરીર પણ નાશવંત, ક્ષણિક, રોગનું ઘર ને દુઃખરૂપ છે. તેને કોણ અમર બનાવી શકે ? કાગળના ફૂલોમાં સુગંધ આવી શકે ?
* આત્મા અજર છે, અમર છે, સુખરૂપ છે, જ્ઞાનરૂપ છે. તેને કોઈ મારી શકે એમ નથી. તે આત્મામાં પરમાત્મા સદાય બિરાજમાન છે.
* માટે દેહને જીવાડવાના (આત્માને અવગણીને) તમામ પ્રયત્નો વૃથા છે.

૩. ભગવાનના મહિમાનું જ્ઞાન :

* ભગવાન સર્વ જગતના નહીં, અનંત કોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે - નિયંતા છે. તેમની મરજી વિના સૂકું પાદડું પણ હલી શકે નહીં.

અગણિત વિશ્વની રે ઉત્પત્તિ પાલન પ્રલય થાય,
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.

ઓરડાનાં પદોમાં શ્રીજીમહારાજે આ વાત સ્વમુખે કરી છે.

* સુખ કે દુઃખ આવે છે તે ભગવાનની ઈચ્છાથી જ આવતું હોય, તો તેને ટાળવાનો પ્રયત્ન એટલે ભગવાનના દિવ્ય આયોજનની સામે પડવાનો પ્રયત્ન.
* ભગવાનના ભક્તને ભગવાન દુઃખ આપે છે, કારણ કે તેની વાસના ટાળીને શુદ્ધ કરવો છે, પૂર્વ જન્મોનું ફળ ભોગવવાનું છે. કસોટી કરીને દૃઢ કરવો છે.
* ગાનાના એક હરિભક્ત અંતિમ બીમારીમાં સખત પીડાય. બીજા હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને આ દુઃખ ટાળવા વિનંતી કરી. શાસ્ત્રીજી મહારાજ કહે : '૧૭ જન્મ લેવરાવવા છે કે ૧૭ દિવસમાં દુઃખ ટાળવું છે ? માટે

સહન કરવું પડશે.'

ભગવાન કરે તે ભલા માટે, મન શોક કરે તું શા માટે ?
મોહ વિવશ થઈ માનવ ભૂલે, આથડી મરે અવળી વાટે.
સાચું જ લઈને સાચું જ દેવું, એ જ નિયમ હરિના હાટે.

* ગ.અં. ૧૩ માં શ્રીજીમહારાજ આ માટે ઉત્કૃષ્ટ સમજણ આપે છે :
  આપણે જ્યારે ભગવાનને તન-મન-ધન અર્પણ કર્યું, ત્યારે હવે ભગવાનની ઇચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે... તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈ મોટો રોગ પ્રેરો, પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો.'
* ગ.પ્ર. ૬૧ : 'જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ વધુ રાજી થવું જોઈએ જે, ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ મારે વધુ વશ્ય થશે.'
* સત્સંગ થયા બાદ ઉપલેટાના વેરાભાઈના પરિવારમાં એક જ વર્ષમાં ૨૨ જણના મૃત્યુ થયાં. છતાં તેમને સંશય થયો નહીં.
* સોમલા ખાચરના બે યુવાન દીકરા અકાળે અવસાન પામ્યા. છતાં પાછા ન પડ્યા.

૪. જંત્ર-મંત્ર કે ચમત્કારની પોકળતા :

* એક ગામમાં એક બાવો બધાના પૂર્વજો કયા ધામમાં છે તે જાણી લાવે ને સભામાં બધા ભોળા જનોને ભરમાવે. એક સત્સંગી છોકરો કહે : 'મારા પિતા કયા ધામમાં છે કહો તો ?' બાવો આંખો બંધ કરી ડોળ કરી કહે : 'ગોલોકમાં.' છોકરો કહે : 'એમને બોલાવો તો.' બાવો અકળાયો ને કહે : 'એમ ના બોલે.' છોકરો કહે : 'હું બોલાવું ?' એમ કહીને બૂમ પાડી તો સભામાં જ બેઠેલા એના બાપે હોંકારો દીધો ને બાવાનું પોલ ઉઘડી ગયું. (યોગીજી મહારાજની બોધકથા)
* સાચો ભક્ત સમજે છે કે જંત્ર-મંત્ર જ સાચા હોય ને તેનાથી રોગ મટતા હોય તો આખી દુનિયાના રોગો એક જ ઝપાટે નીકળી જવા જોઈએ પણ એમ થતું નથી.
* જંત્ર-તંત્ર કે માદળિયાથી આવરદા વધતી હોય તો પૃથ્વી પર ૫૦૦ વર્ષનો કો'ક તો હોવો જોઈએ પણ એ ય નથી.
* તાવીજ-પાઠ કે હોમ કે દોરાધાગા કે નંગ-વીંટી કે હાથમાં કડા પહેરવાથી ધન મળતું હોય તો એ ભૂવા ને જાગરિયા જ અબજોપતિ ન બની જાય ? પણ એવું ય બનતું નથી.
* આ બધા ભોળી પ્રજાને છેતરવાના ગોરખધંધા છે.
* રામચંદ્ર તો પોતે ભગવાન હતા. રાજ્યગાદીએ બેઠા ને બીજા જ દિવસે વનમાં જવું પડ્યું. તેમને કયો ગ્રહ નડતો હશે ? તેઓ પનોતી જોવરાવવા ગયા હતા ?
* સીતાજીને વગર વાંકે અગ્નિપ્રવેશ કરવો પડ્યો, ને વનમાં આશ્રમમાં રહેવું પડ્યું. છતાં તેમણે કોઈ જોષી ને બાવાને પોતાનો હાથ બતાવ્યો નથી.

જુઓ રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ,
જન્મ થકી માનો મૂઆ સુધી, ઠરી બેઠા નહીં ઠામ.

- નિષ્કુળાનંદ સ્વામી

* માટે સાચા ભક્ત નિષ્કામભાવે એક ભગવાન સિવાય બીજી કામના ન રાખે. તેથી અન્યનો આશ્રય શું કામ કરે ?
* મુક્તાનંદ સ્વામી આવા ભક્તની સમજણ વર્ણવતા કહે છે :

મોહે તો તુમ હી એક આધારા
નાવ કે કાગકી, ગતિ ભઈ મેરી,
જહાં દેખું તહાં જલનિધિ ખારા.
રસિક શિરોમણિ, તુમ બીન મોકું,
લગત હે જગસુખજરત અંગારા.
માધોજી મેરે તો તુમહીં એક, પાંવ ધરનકો ઠિકાનો.
શુભગતિ-અશુભગતિ તુમહીં મેરે તો, હાથ તિહારે બેચાનો

તુમ બીન સુખ નાહીં ત્રિભુવનમેં મોહે,
બહુત ફિર્યો હું ભૂલાનો.

- પ્રેમાનંદ સ્વામી

* તેમ આપણે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના છીએ. ધન-પુત્ર કે પદાર્થની ઇચ્છા હોય તો એમની પાસે માંગવું. - પ્રાર્થના કરવી. અને સાથે તૈયારી રાખવી : એ આપે કે ન આપે, રાજી જ રહેવું. અને ધીરજ રાખવી.
* દૃઢ વિશ્વાસ : આપણને ગમતું હોય તેવું કરે કે આપણને ન ગમતું હોય તેવું કરે - આ બંને પરિસ્થિતિમાં તેઓ આપણું રૂડું જ કરતા હોય છે.

દાસના દુશ્મન હરિ કે 'દિ હોય નહીં.
જેમ કરશે તેમ, સુખ જ થાશે.

- ગુણાતીતાનંદ સ્વામી

જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયા કરી,
જેહ સુખે દુઃખ ઊપજે, તે આપે નહીં કે'દિ હરિ...

- નિષ્કુળાનંદ સ્વામી

* અંતમાં મહારાજ કડક દંડ દેતા હોય તેમ જંત્ર-તંત્રમાં પ્રતીતિ રાખનારા ભક્તને **'અડધા વિમુખ'**ની ઉપમા આપી દે છે, કારણ કે અંતે તે વિમુખ થશે. બીજે પ્રતીતિ આવશે એટલે ભગવાન અને સંતનો સંબંધ ઘટશે. લખચોરાશી ઊભી જ રહે.
* પ્રમુખસ્વામી મહારાજ : દીકરા-દીકરી આપનાર મળશે, કરોડો રૂપિયા આપનાર મળશે, પણ એ તો ઉલ્ટાના ખાડામાં-બંધનમાં નાંખ્યા. એવા બંધનમાં નાખનાર તો ઘણા મળશે પણ આવા અનંત બંધનોમાંથી છોડાવનાર મહારાજ અને ગુણાતીત સંત સિવાય કોઈ બીજો નથી.
* લોધિકાના અભેસિંહ દરબારને તાવ આવતો હતો. એમના બહેને ભૂવાને બોલાવી ખાટલાના પાયે દોરો બંધાવ્યો. તાવ ઊતરી ગયો. અભેસિંહને આ ખબર પડી. તેમણે ભૂવાને દોરો પાછો આપી કહ્યું : 'મારો તાવ પાછો લાવ.'
* કરિયાણાના દાહાખાચર પાસે એક બાવો આવ્યો ને બધા દુઃખો ટળે એ માટે દોરો બાંધવાની વાત કરી. દાહાખાચર પગ લાંબો કરી કહે : 'અહીં બાંધ. ગળામાં તો સ્વામિનારાયણની કંઠી છે.'
* વિજાપુરના વજીબાને ડગાવવા શ્રીજીમહારાજ સ્વયં ગયા. અંતર્યામી શક્તિના પરચા બતાવ્યા. રાત્રે પીપળાનું ઝાડ ખસેડતાં દર્શન કરાવ્યાં. પણ વજીબા ન ડગ્યાં. ને કહે :

અનન્ય હું શ્રીહરિની જ એક, બીજા તણો ભાર ગણું ન છેક
કદી ચમત્કાર ઘણા બતાવે, તથાપિ મારા જીવમાં ન આવે.
આકાશમાં જો અતિ ઊડી જાય, તે સૂર્યમાં કે શશીમાં સમાય,
હું ભાર એનો ઉરમાં ન આણું, માયા તણો તેને ગુલામ જાણું.

* ચમત્કાર તો કેટલાય જાદુગરો અને મદારી પણ બતાવે છે. પણ તેથી કાંઈ સ્વભાવ ટળે ને મોક્ષ ઓછો થવાનો છે ?
* ગ.મ. ૬૬ માં નિશ્ચયવાળાની વાત મુક્તાનંદ સ્વામી કહે છે જે શ્રીજીમહારાજ માન્ય કરે છે, જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને તો ભગવાન વિના બીજે ક્યાંય પ્રતીતિ આવે જ નહીં.'
* અહીં માંચા ભક્તનો પ્રસંગ શ્રીજીમહારાજ વિસ્તારથી કરે છે.

● **જે આવા ઉત્કૃષ્ટ અને આદર્શ સમજણવાળા ભક્ત ન હોય તેણે શું કરવું ?**

* જેમ બધા જ વૃક્ષો ચંદનના ન હોય ને બધા જ મોતી સાચા ન હોય તેમ સત્સંગમાં બધા જ ભક્તોને આવી ઉત્કૃષ્ટ અને યથાર્થ સમજણ ન હોય તો શું કરવું ?
* આ ભક્તોએ લક્ષ્ય તો ઊંચું રાખવું જ કે મહારાજ અને સ્વામીની માળાના મણકામાં આવીએ એવા શ્રેષ્ઠ ભક્ત બનવું છે. તે માટે અન્ય કોઈ આસ્થા કે આશરો કરવો જ નથી.
* હવે કદાચ જગતના પદાર્થો, સ્ત્રી-ધન-પુત્રાદિકની અતિ તીવ્ર ઇચ્છા રહેતી હોય, દુઃખો સહન ન થઈ શકતા હોય, ધીરજ ડગી જતી હોય તેવા સંજોગોમાં વરતાલ-૫ પ્રમાણે વર્તવું :

ભગવાનનો દૃઢ આશ્રય જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે, તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે. પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ જીવે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. અને એ જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.

❋ જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને ભાતભાતના વસ્ત્ર-અલંકારની અપેક્ષા-ઇચ્છા રહેતી હોય તો તેના પતિ પાસે જ માગે-પતિ આપે તો ભલેને એ ન લાવી આપે તો પણ રાજી રહે. પણ અન્ય પાસે જાય નહીં. ◆

૪. વચનામૃત : ગઢડા મધ્યનું ૪૦ - એક દંડવત્ પ્રણામ અધિક કર્યાનું.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્યનું ૪૦ - એક દંડવત્ પ્રણામ અધિક કર્યાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ ના આસો વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા. પછી સ્નાન કરીને શ્વેત વસ્ત્રનું ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હવા. તે પ્રતિદિને જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યા. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, 'હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો.' અને આજ તો અમને એવો વિચાર થયો જે, 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.' માટે જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો. અને અમે તો એમ જાણ્યું છે જે, ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું; અને ભગવાનના ભક્તની મને, વચને,દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ,માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે, અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને, વચને, અને દેહે કરીને દ્રોહ ન કરવો. અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી, ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા, ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો પણ એક વાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહીં. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા, ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૪૦મું વચનામૃત થયું.

(નોંધ : '◎' <u>નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.</u>)

- **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં...
પોતે પોતાના નિમિત્તે આદર્શ ભક્તને કેવું જાણપણું રાખીને કેવી રીતે વર્તવું જાઈએ તે સમજાવે છે.

❊ જીવનું રૂડું અને ભૂંડું અર્થાત્ જીવને સુખ અને દુઃખ શાને લીધે થાય છે તે સમજાવે છે.

❊ જેનાથી જીવનું ભૂંડું થાય છે તેવી ભૂલ થઈ જાય, તો તે પાપના નિવારણનો ઉપાય દર્શાવે છે.

● **નિરૂપણ :**

❊ આ વચનામૃતની શરૂઆતમાં સંપાદક પરમહંસોએ જે નોંધ કરી છે, તેને આધારે આપણને પરમહંસોની સૂક્ષ્મ ભક્તિનો ખ્યાલ આવે છે.

❊ મહારાજ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં ભક્તોને પ્રેરણા મળે તે હેતુથી દરરોજ પૂજા કરતા, અને તેમાં એક દંડવત્ પ્રણામ વધુ કર્યો છે, તેની નોંધ પરમહંસોએ લીધી. એનો અર્થ એ થાય કે મહારાજ દરરોજ કેટલા દંડવત્ પ્રણામ કરે છે, તેની ગણતરી પરમહંસો રોજ કરતા હશે. તો જ આજે સૌપ્રથમ વાર એક દંડવત્ પ્રણામ વધુ કર્યો છે, તેનો ખ્યાલ આવ્યો અને તેથી જ તે વિષયક પ્રશ્ન પણ શુકમુનિએ પૂછ્યો કે આજે એક દંડવત્ પ્રણામ વધુ કેમ કર્યો ?

● **દરરોજ શી પ્રાર્થના કરવી ?**

❊ શ્રીજીમહારાજ સૌપ્રથમ તો એ હકીકત જણાવે છે કે પોતે દરરોજ ભગવાનને એવી પ્રાર્થના કરતા કે હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેનાથી રક્ષા કરજો.

❊ મહારાજ તો પોતે સાક્ષાત્ ભગવાન છે, તેમને તો દેહાદિકને વિષે અહંમમત્વનો માયિકભાવ કદાપિ હોય જ નહીં. **વચનામૃત ગઢડા પ્રથમ-૭૧, પંચાળા-૭** અને **વરતાલ-૭** પ્રમાણે એમના સંબંધે માયા પણ બ્રહ્મરૂપ થઈ જાય. પરંતુ પોતાના મિષે આપણને સમજાવે છે કે આપણે દરરોજ ભગવાનને આ પ્રકારની પ્રાર્થના કરવી જોઈએ.

● **મહારાજે કરેલ એક અધિક દંડવત્ પ્રણામનું રહસ્ય:**

❊ મહારાજ જણાવે છે કે ભક્તના દ્રોહરૂપી દોષના નિવારણ માટે એક પ્રણામ અધિક કરેલ છે. વસ્તુતઃ મહારાજને તો કોઈનોય કદી પણ અવગુણ આવતો જ નથી. મહારાજ વચનામૃત જેતલપુર-૩માં જણાવે છે, 'અમે તો કોઈનો અવગુણ લેતા જ નથી. અને અમારો સ્વભાવ તો સદા ગુણગ્રાહક જ છે.'

❊ મહારાજને તો કોઈનોય અવગુણ આવતો નથી, પરંતુ કોઈક વ્યક્તિ મહારાજને કોઈક ભક્તનો અવગુણ કહે કે ભક્તનું ઘસાતું બોલે, તે પણ મહારાજને ગમતું નથી.

❊ શ્રીજીમહારાજની આજ્ઞાથી સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી વેદાંતાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરવા વડોદરા ગયા. મુક્તાનંદ સ્વામીની સાધુતાના પ્રભાવ અને વેદનાં મહાવાક્યોના પ્રશ્નથી વેદાંતાચાર્ય નિરુત્તર બની રહ્યા. મુક્તાનંદ સ્વામીનો વિજય થયો. આ સમાચાર ગઢપુરમાં શ્રીજીમહારાજને મળ્યા, તેથી તેમણે રાજી થઈ પોશે પોશે સાકર સૌને વહેંચવાનો સંકલ્પ કર્યો.

પણ મુક્તાનંદ સ્વામીની થતી પ્રશસ્તિ ન જીરવી શકવાથી નિર્વિકલ્પાનંદ તેમજ હર્યાનંદે શ્રીજીમહારાજને કહ્યું, 'એમાં મુક્તાનંદ સ્વામીએ શું મોટી ધાડ મારી દીધી ? અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરી આવત.' આવા અભાવના શબ્દો સાંભળી મહારાજ ખિન્ન થઈ ગયા. અક્ષર ઓરડીમાંથી બહાર આવવાનું બંધ કરી દીધું અને સત્સંગ છોડી વનમાં જવાનો સંકલ્પ પણ કર્યો!

❊ મહારાજને કોઈનોય અવગુણ આવતો જ નથી, પરંતુ પોતાના ભક્તોની સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે મહારાજ કરુણા કરીને પોતે એક દંડવત્ અધિક કરીને પોતાના વર્તન દ્વારા પોતાના આશ્રિતોને ઉપદેશ આપે છે અને ભક્તના દ્રોહથી દૂર રહેવા સમજાવે છે.

❊ હવે શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જીવને જે સુખ થાય છે અને દુઃખ થાય છે, તેનું મૂળ કારણ શું છે તે સમજાવે છે.

● **જીવનું રૂડું થવાનું કારણ :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે અનાદિ સિદ્ધ ગુણાતીત સત્પુરુષ અને એમના સંબંધવાળા સંતો-ભક્તોની મને, વચને, દેહે કરીને સેવા કરવાથી જીવનું રૂડું થાય છે.

❊ **મને કરીને સેવા** એટલે ગુણાતીત સત્પુરુષ અને એમના સંબંધવાળા સંતો-ભક્તોને નિર્દોષ અને દિવ્ય સમજવા.

* **વચને કરીને સેવા** એટલે ગુણાતીત સત્પુરુષ અને તેમના સંબંધવાળા સંતો-ભક્તોના ગુણો કહેવા, મહિમા ગાવો.
* **દેહે કરીને સેવા** એટલે આપણે સ્થૂળ દેહે કરીને ગુણાતીત સત્પુરુષની યથાયોગ્ય સેવા કરવી. એમના સંબંધવાળા સંતો-ભક્તોની પણ સેવા-સરભરા કરવી. વળી, ગુણાતીત સત્પુરુષની આજ્ઞા પ્રમાણે સંસ્થામાં જે કાંઈ સેવા કરીએ તે તેમની જ સેવા છે.

આ રીતે મન-કર્મ-વચને સેવા કરવાથી જીવનું રૂડું થાય છે અને જીવને સુખ થાય છે એવું મહારાજ અહીં સમજાવે છે.

* **સેવા કરવાથી જીવનું રૂડું થાય છે :**
* ભગવાન અને સંતની મન-કર્મ-વચને સેવા કરવાથી અનેક લાભ થાય છે. તન-મન-ધનથી સુખી થવાય છે. સાથે સાથે અંતરના મલિન સંસ્કાર નાશ પામે છે, જીવમાં બળ આવે છે અને ભગવાન અને સંતનો રાજીપો થાય છે.
* શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૬૩**માં કહે છે, 'જીવને બળ પામવાને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા બરાબર બીજો કોઈ ઉપાય નથી. માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન-કર્મ-વચને શુદ્ધભાવે કરીને સેવવા.'
* શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ઋષભદેવજીએ પોતાના ૧૦૦ પુત્રોને સત્પુરુષની સેવાનો મહિમા કહેતાં કહ્યું, **'महत्सेवां द्वारमाहुर्विमुक्तेस्।'** મોટાપુરુષની સેવાને મોક્ષનું દ્વાર કહે છે.
* ગોંડલ મંદિરની જેમણે વર્ષો સુધી સેવા કરી હતી, તેવા દાજી બાપુના સૌથી નાના પુત્ર પૃથ્વીસિંહજી પાલી (રાજસ્થાન)માં રહેતા. દર વર્ષે તેઓ એક-બે મહિના માટે ગોંડલ રહી યોગીબાપાની આજ્ઞા અનુસાર મંદિરમાં નાની-મોટી સેવામાં જોડાઈ જતા. ગૌશાળામાં વાસીદું કરવું, વાસણ ઊટકવાં, પાયખાનાં સાફ કરવાં વગેરે સેવા અન્ય યુવકો-પાર્ષદો સાથે હોંશે હોંશે કરતા. અઠવાડિયે એક-બે દિવસ ગોંડલી નદીના ઘાટ પર યોગીબાપા સભા કરતા, તો તેમની રુચિ સમજી ઘાટ વાળી નાખતા. પૃથ્વીસિંહ આવી સેવા કરતા હોવાથી યોગીબાપા રાજી થઈ આશીર્વાદ પણ આપતા.

ગરાસિયા દરબાર હોવા છતાં આમ નિર્માનીપણે સેવા કરી તેમણે યોગીબાપાનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો.

એક વાર મંદિરમાં આરસનું કામ ચાલતું હતું ત્યારે યોગીબાપાએ તેમને આરસ ઘસવાની સેવા પણ સોંપેલી અને કહેલું કે, 'આ આરસ ઘસવાથી તમારું અંતર પણ ઘસાઈને ચોખ્ખું થઈ જશે.'

ભગવાન અને સંતની સેવા કરવાથી અંતરમાં અખંડ શાંતિનો અનુભવ થાય છે, તે સમજાવતાં દેવાનંદ સ્વામીએ ગાયું છે કે...

'માટે સેવે તું સાચા સંતને રે,
તારા ટળશે ત્રિવિધના તાપ...'

* માટે જ ગુણાતીત સત્પુરુષની પરંપરા તો અનાદિસિદ્ધ છે, છતાં તેમણે પોતાના વર્તન દ્વારા અતિશય સેવાનો આદર્શ સૌને શીખવ્યો છે.

◎ ૧૯૬૯ની સાલમાં ભાદરામાં મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવા માટે પ્રમુખસ્વામી મહારાજે પોતાના પ્રાણ રેડી દીધા હતા. પ્રતિષ્ઠાના દોઢ મહિના પહેલાંથી તેઓ સેવા માટે ભાદરા પહોંચેલા. અહીં પાણીનો પ્રશ્ન અભિમન્યુના સાત કોઠા વીંધવા જેવો કઠણ હતો. એક ચક્રવ્યૂહ ભેદાય ત્યાં બીજો સામે દેખાય. પાણીની વ્યવસ્થા માટે નદીથી ધર્મશાળા સુધી ૪૫૦૦ ફૂટ લાંબી પાઈપલાઇન નાંખવાની હતી. નદીમાં પાઈપલાઇન નાખવા ખાડો કરવામાં આવે, પણ નદીની રેત તરત ધસી આવે. તેથી તેને રોકીને કામ કરતા જવાનું. સ્વામીબાપા સવારના આઠ વાગ્યાથી સેવામાં જોડાતા અને રાતે ત્રણ વાગ્યે પથારી ભેગા થતા. તેમને અથાગ સેવા કરતા જોઈ અન્યને પણ સેવા કરવાની પ્રેરણા મળતી. પણ સ્વામીબાપાએ ફક્ત પાણી વિભાગમાં ભગીરથ પુરુષાર્થ નહોતો કર્યો. તેઓ અનેક મોરચે ઝઝૂમ્યા

હતા. ઉતારા વિભાગમાં હજારો ભક્તોના રોકાણની વ્યવસ્થા કરવાની તથા સમૈયામાં ઈલેક્ટ્રીક અને મંડપની જવાબદારી તેમના શિરે હતી. રસોડા વિભાગ માટે અનાજની વ્યવસ્થા કરવા તેઓ પોતે આસપાસનાં ગામમાં જઈ અનાજનો ખરડો કરતા. દર્શન માટે આવનારા મુમુક્ષુઓને અડચણ ન પડે તેના માટે સ્ટેશનથી ગામ સુધી અને ગામથી ઊંડ નદી સુધીનો રસ્તો કરાવ્યો.

તા.૨૩/૪/૧૯૬૯ના રોજ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ. ત્યારબાદ ત્રણ દિવસ સુધી ઉત્સવની સંકેલણી (વાઈન્ડ અપ)ના કાર્યમાં સ્વામીબાપા પોતે જોડાયા. 'નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો' આ ભાવના તેમના જીવનમાં પળે પળે જોવા મળતી. સગવડ, સામગ્રી અને સ્વયંસેવકોની અછત વચ્ચે પણ સર્વત્ર જયજયકાર થઈ ગયો, તેના મૂળમાં સ્વામીબાપાની અવિરત સેવા હતી.

❊ મહંતસ્વામી મહારાજે પણ મહારાજ-સ્વામી અને પોતાના ગુરુવર્યોની સેવા માટે પોતાના દેહને નિચોવી નાંખ્યો છે.

જૂન, ૨૦૧૫માં ડો. અબ્દુલ કલામ સાહેબે પ્રમુખસ્વામી મહારાજ સાથેની પરાત્પર આધ્યાત્મિક અનુભૂતિઓને વર્ણવતું પુસ્તક 'Transcendence' અર્પણ કર્યું હતું. મહંતસ્વામી મહારાજ દિલ્હીમાં આ પુસ્તકના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હીના રોકાણ દરમ્યાન તા.૧૦/૭/૨૦૧૫ના રોજ સ્વામીશ્રી મંગળા આરતી બાદ મંદિરની પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. પ્રદક્ષિણામાં ભક્તિમાતાએ બાળ ઘનશ્યામને તેડ્યા હોય તેવી મૂર્તિ છે. સ્વામીશ્રી આ મૂર્તિનો ચરણસ્પર્શ કરવા જતા અચાનક લપસી પડ્યા. બન્યું એમ હતું કે આગલી રાત્રે વરસાદ ખૂબ પડવાથી પ્રદક્ષિણા પથમાં પણ પાણી હતું, જેના લીધે સ્વામીશ્રી સંતુલન ગુમાવી બેઠા. સ્વામીશ્રીને મૂઢ માર વાગ્યો હતો, પણ કોઈને આ બાબતે કહ્યા વગર તેઓ નિજકક્ષમાં આવી દૈનિક વિધિમાં જોડાયા.

હવે સ્વામીશ્રીને મુંબઈ 'Transcendence' પુસ્તકના લોકાર્પણ સમારોહ માટે પહોંચવાનું હતું. તેઓ આ ઘટનાના ત્રણ જ કલાક બાદ દુ:ખાવા વચ્ચે મુંબઈ જવા પધાર્યા. પ્રમુખસ્વામી મહારાજના મહિમાના ગાન કરતા આ પુસ્તકના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેવાની સેવા સ્વામીશ્રી કેવી રીતે જતી કરે ? સ્વામીશ્રી દાદર મંદિરે ઠાકોરજીનાં દર્શન કર્યા પછી અક્ષરભુવનમાં નીલકંઠવર્ણીનો અભિષેક કરવા પધાર્યા. સ્વામીશ્રીએ લોટી કરમાં ગ્રહણ કરી, પરંતુ અભિષેક કરવા હાથ ઊંચો નહોતા કરી શકતા. તેઓ અત્યંત અસહ્ય પીડા અનુભવી રહ્યા હતા, પણ મૌન રહીને ! ભોજન બાદ તપાસ માટે સ્વામીશ્રીને ભાટિયા હોસ્પિટલ લઈ ગયા. ડોક્ટરોએ તપાસ બાદ પાંસળીઓમાં ગંભીર ઈજા થવાથી એક મહિનો સંપૂર્ણ આરામ કરવા સૂચવ્યું. સંતોએ સ્વામીશ્રીને સાંજના લોકાર્પણ સમારોહમાં ન પધારવા ખૂબ વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રી એકના બે ન થયા. સ્વામીશ્રી પીડા વચ્ચે સમારોહમાં પધાર્યા તો ખરા, પરંતુ વાંકા વળી દીપ પ્રાગટ્ય પણ કર્યું, આશીર્વાદ પણ આપ્યા અને આખી સભામાં ઉપસ્થિત રહ્યા.

સ્વામીશ્રીએ આ પ્રસંગના એક વર્ષ બાદ કહેલું કે, 'તે સમયે સખત વાગ્યું હતું. એક મહિના સુધી પલંગ પરથી ઊઠવાનું થાય ત્યારે પલંગ ત્રાસો કરવો પડે, તો જ નીચે ઉતરાય.' પછી કહે, 'દિલ્હીથી નીકળ્યા તો સભા સચવાઈ ગઈ, કષ્ટ પડ્યું પણ સેવા થઈ ગઈ.'

બ્રહ્માનંદ સ્વામીએ સંતનું લક્ષણ બતાવતા ગાયું છે,

'પ્રફુલ્લિત વદન પ્રસન્ન ચિત્ત પ્રેમી,

ગોવિંદ કે ગુન ગાવે.'

ગમે તેવાનું મુખ અપ્રફુલ્લિત થઈ જાય તેવી અસહ્ય પીડા વચ્ચે પણ સ્વામીશ્રીએ પ્રફુલ્લિત વદન અને પ્રસન્ન ચિત્ત રાખી ગુરુગોવિંદના ગુણ ગાયા છે.

ગુણાતીત સત્પુરુષોએ કરેલી સેવાને નજર સમક્ષ રાખીએ તો સહજ રીતે આપણને સેવા કરવાની પ્રેરણા મળતી રહે છે.

● **જીવનું ભૂંડું થવાનું કારણ :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું.

❊ **મને કરીને દ્રોહ** એટલે ગુણાતીત સત્પુરુષનાં સ્વરૂપ, વર્તન અને ચરિત્રમાં સંશય થાય, મનુષ્યભાવ આવે. તેમના સંબંધવાળા સંતો-ભક્તોના અભાવ-અવગુણનો વિચાર આવે તે પણ મને કરીને દ્રોહ છે.

❊ **વચને કરીને દ્રોહ** એટલે ગુણાતીત સત્પુરુષના કાર્ય-ચરિત્રમાં જે સંશય થયો હોય તે બીજાને કહેવો તે વચને કરીને દ્રોહ છે. જેમ કે, સ્વામીએ આ ખોટું કર્યું, આમ કરવાની શી જરૂર હતી ? મંદિરોમાં, ઉત્સવોમાં અનેક ખર્ચા કેમ કરે છે ? પક્ષપાત કેમ રાખે છે ? - આવા પ્રકારના અવગુણ કહેવા તે વચને કરીને દ્રોહ છે. સાથે સાથે તેમના સંબંધવાળા સંતો-ભક્તોના અવગુણની વાતો જ્યાં-ત્યાં કરવી તે પણ વચને કરીને દ્રોહ છે.

❊ **દેહે કરીને દ્રોહ** એટલે ગુણાતીત સત્પુરુષ કે તેમના સંબંધવાળા સંતો-ભક્તોનું કંઈક બગડે, કંઈક નુકસાન થાય એવી દેહે કરીને પ્રવૃત્તિ કરવી.

❊ **દ્રોહ કરવાથી જીવનું ભૂંડું થાય છે :** ભગવાન અને સંતના દ્રોહથી જીવનું કેવું ભૂંડું થાય છે.

◎ યોગીજી મહારાજ એક બોધકથા કહેતા.

એક રાજ્યમાં વૃદ્ધ રાજાનું નિધન થતાં નવો રાજા નિમાયો. ગાદી પર આવ્યા પછી તેણે કહ્યું, 'મારે રોજ એક બ્રાહ્મણને મારીને પછી જમવાનો નિયમ છે.' સિપાઈઓ રોજ એક બ્રાહ્મણને શોધી રાજાને સોંપતા. તેમાં એક દિવસ એક ગરીબ બ્રાહ્મણનો છોકરો સિપાઈઓના હાથમાંથી ભાગી છૂટ્યો અને જંગલમાં જઈ ગુફામાં સંતાઈ ગયો.

ગુફામાં એક મહાત્મા ધ્યાનસ્થ બેઠા હતા. ધ્યાનમાંથી જાગી તેણે આ છોકરાને અહીં આવવાનું કારણ પૂછ્યું. ગભરાયેલા છોકરાએ વિગતે વાત કરી. પછી મહાત્માને પૂછ્યું કે, 'છેલ્લા છ મહિનાથી રોજ એક બ્રાહ્મણને મારી નાખે છે, તો હજુ તેનું કેટલું પુણ્ય બાકી છે ?' મહાત્માએ તેને સમાધિ કરાવી, તેમાં તેને એક સોનાનો ડુંગર દેખાડ્યો, જેની નીચે જરાક કાંઈક સળગતું હતું. પછી તેને જગાડી મહાત્મા બોલ્યા, 'આખો ડુંગર તેનું પુણ્ય છે, તેમાં જરાક જ સળગ્યું છે. તે બ્રાહ્મણોને મારે છે તે પાપ છે.'

બ્રાહ્મણ છોકરાએ મહાત્માને પૂછ્યું, 'આ બધું પુણ્ય એકસાથે નાશ પામે તેનો ઉપાય શો?' મહાત્મા કહે, 'કોઈ સંત-મહાત્માનો દ્રોહ થાય તો તેનું બધું પુણ્ય ખાખ થઈ જાય.' એમ કહી મહાત્મા ફરી ધ્યાનસ્થ થઈ ગયા. ત્યાં તો સિપાઈઓ છોકરાને શોધતાં શોધતાં ગુફા પાસે આવ્યા. છોકરાએ પોતાનું ઉપવસ્ત્ર મહાત્માને ઓઢાડી દીધું અને પોતે સંતાઈ ગયો. સિપાઈઓ ગુફામાં અંધારું હોવાથી મહાત્માને ઓળખી ન શક્યા અને પેલો છોકરો જ આ રીતે ઢોંગ કરતો બેઠો છે, તેમ અનુમાન કર્યું. મહાત્માને પાટું માર્યું, 'ઊઠ, ઊભો થા, રાજા બોલાવે છે.' મહાત્મા ખિજાયા અને બોલ્યા, 'બળ્યો તારો રાજા.' એ જ ક્ષણે રાજા બળી ગયો. સિપાઈઓ પાછા આવ્યા ત્યારે તો રાજા મરી ગયો હતો.

તેમ ભગવાનની સેવા-ચાકરી કરી હોય, ભક્તિ કરી હોય, પણ સંતનો દ્રોહ થઈ જાય તો તત્કાળ બધુંય બળી જાય. કાંઈ રહે નહીં.

ભગવાન પોતે નારદજીને કહે છે કે,

'જો મેરે સંતકું રતિ એક દૂવે, તેહી જડ ડારું મૈં ખોઈ,
નારદ મેરે સંતસે અધિક ન કોઈ'

◎ ગઢડામાં લાલો પાળો ખૂબ સેવા કરતો. શ્રીજીમહારાજ તેના પર પ્રસન્ન થયા ને કહ્યું, 'હું તને અક્ષરધામમાં લઈ જઈશ.' સમય જતાં તે લાલા પાળાએ ગોપાળાનંદ સ્વામીનો અભાવ લીધો ને દ્રોહ કર્યો તો તેને ભૂત થવું પડ્યું. અક્ષર ઓરડીની દક્ષિણ પ્રદક્ષિણામાં જે ગંગાજળિયો કૂવો છે, તેમાં તે

રહેતો. કોઈ પાણી ભરવા આવે ત્યારે દેગડો પકડી રડતો ને ભૂલનો એકરાર કરતો. કોઈ કહે, 'તને તો શ્રીજીમહારાજે અક્ષરધામમાં તેડી જવાનો કોલ આપ્યો હતો ને ?' તે કહે, 'કોલ તો આપ્યો હતો, પણ મેં ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કર્યો તે પાપે આ ભૂત થયો છું.'

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૭૧**માં કહ્યું કે 'ભગવાન બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા.'

❊ કાનજીભાઈ અણિશુદ્ધ જીવન વીતાવતા હતા, પરંતુ યોગીજી મહારાજ ૧૯૫૬ની સાલમાં કચ્છની પંચતીર્થી કરવા નીકળેલા ત્યારે તેમણે યોગીબાપાને મંદિરમાં પ્રવેશવા નહોતા દીધા અને અત્યંત કડવાં વચનો કહી અપમાનિત કર્યા હતા. યોગીબાપાનો ભરપૂર દ્રોહ કર્યો હતો. ત્રણ વર્ષ બાદ ૧૯૫૯માં તેઓ સર્પદંશથી અપમૃત્યુને વર્યા પછી ભૂત થયા હતા. પોતાની પુત્રી વેલીબાઈના દેહમાં પ્રવેશ કરી આખું ઘર રંજાડતા. દસ વર્ષ સુધી વળગાડ કાઢવા અનેક પ્રયત્નો કર્યા, પણ કોઈની કારી ફાવતી નહોતી. છેવટે યોગીજી મહારાજને સમાચાર મળ્યા. યોગીબાપાએ આશીર્વાદ આપી તેમને બદરિકાશ્રમ મોકલી દીધા.

● જેને પરમ સુખિયા થવું હોય :

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે ભગવાનનું પરમ સુખ લેવું હોય તેને કોઈ પ્રકારે ક્યારેય કોઈનોય અભાવ-અવગુણ કે દ્રોહ ન કરવો.

❊ ગોવર્ધનભાઈ કોઠારીએ ભગતજી મહારાજને પ્રશ્ન પૂછ્યો : તમને આવું સુખ કેમ આવે છે ? અને મને કેમ નથી આવતું ? ભગતજી મહારાજ કહે : આ બધા સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ માનો તો સુખ આવે.

◎ યોગીજી મહારાજ કહેતા, 'જો કોઈનોય અભાવ-અવગુણ ન આવે તો સત્સંગમાં કેસર કેરી જેવું સુખ આવે.'

◎ મહંતસ્વામી મહારાજ કહે છે, 'આ સત્સંગ દિવ્ય છે. આ દઢ કરીને રાખવું. બધાને દિવ્ય જોવા એ જ બ્રહ્મવિદ્યા.'

● દ્રોહના દોષનું નિવારણ :

❊ આપણે હજુ ગુણાતીત થયા નથી, સ્વભાવથી મુક્ત થયા નથી, તેથી કદાચ જાણતાં કે અજાણતાં દ્રોહ થઈ જાય તો તે દોષનું તુરત જ નિવારણ કરી લેવું જોઈએ. નહીંતર તો એ કીચડમાં ખૂંચી જ જવાય. પછી તો તેમાંથી બહાર જ નીકળાય નહીં.

❊ સૌપ્રથમ તો આપણને આપણી ભૂલ ખટકવી જોઈએ કે મારાથી ભક્તનો મન, કર્મ, વચને દ્રોહ થઈ ગયો છે. પછી તેની વચને કરીને પ્રાર્થના કરવી.

❊ તા.૭/૫/૨૦૧૭, અમદાવાદ : એક મોટા વકીલ જેઓ છેલ્લાં વીસ વર્ષથી સંસ્થાના વિરોધમાં પડેલા. તેઓ પોતાની ભૂલ સમજાતાં માફી માંગવા માટે મહંતસ્વામી મહારાજનાં દર્શને પધાર્યા. તેઓ સીધા સ્વામીશ્રીનાં ચરણોમાં પડી ગયા, આંખો ઊભરાઈ ગઈ. સ્વામીશ્રીએ તેમને સાંત્વન આપ્યું. તેઓ વારંવાર કહેવા લાગ્યા, 'क्षमा करो, गलती हो गई। मेरे पर, मेरे परिवार पर कृपा बनाये रखे।' સંસ્થા અને સત્પુરુષનો દ્રોહ કર્યા બદલ તેને અત્યંત દુઃખ થયું હતું.

સ્વામીશ્રી કહે, 'वह मीठा झगड़ा था... आप अब परिवर्तित हो गए हैं।' જાણે-અજાણે કરેલ દ્રોહને સ્વામીશ્રીએ ઉદાર દિલે માફી આપી. દ્રોહના દોષમાંથી મુક્તિ મેળવ્યાનો, સ્વામીશ્રીના ભક્ત બન્યાનો તેમના મુખ પર સંતોષ હતો !

❊ એક વાર ભૂલ થઈ પછી ફરી ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો.

❊ આ વાર્તા દરરોજ યાદ રહે તે માટે પૂજામાં એક દંડવત્ પ્રણામ અધિક કરવો.

❊ આ પ્રકારની મહારાજની આજ્ઞા છે. તે પ્રમાણે દરરોજ વર્તીએ તો જરૂર એ દ્રોહનું નિવારણ થાય.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્યનું ૪૦ - એક દંડવત્ પ્રણામ અધિક કર્યાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ ના આસો વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા. પછી સ્નાન કરીને શ્વેત વસ્ત્રનું ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હવા. તે પ્રતિદિને જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, 'હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો ?'

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો. અને આજ તો અમને એવો વિચાર થયો જે, ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી. માટે જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો. અને અમે તો એમ જાણ્યું જે, ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું. અને ભગવાનના ભક્તની મને, વચને,દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ,માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે, અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય તેને ભગવાનના ભક્તનો મને, વચને, અને દેહે કરીને દ્રોહ ન કરવો. અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય, એવી રીતે વર્ત્યાનો આદર કરવો; પણ એક વાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા એવી રીતે વર્તવું નહિ. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા, ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૪૦મું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં...
પોતે પોતાના નિમિત્તે આદર્શ ભક્તને કેવું જાણપણું રાખીને કેવી રીતે વર્તવું જાઈએ તે સમજાવે છે.

❊ જીવનું રૂડું અને ભૂંડું અર્થાત્ જીવને સુખ અને દુઃખ શાને લીધે થાય છે તે સમજાવે છે.

❊ જેનાથી જીવનું ભૂંડું થાય છે તેવી ભૂલ થઈ જાય, તો તે પાપના નિવારણનો ઉપાય દર્શાવે છે.

❊ પોતાના આશ્રિત ભક્તમાં લેશમાત્ર કસર ન રહી જાય એવી એમની કરુણાનાં દર્શન પણ કરાવે છે.

● નિરૂપણ :

❊ આ વચનામૃતની શરૂઆતમાં સંપાદક પરમહંસોએ જે નોંધ કરી છે તેને આધારે આપણને પરમહંસોની સૂક્ષ્મ ભક્તિનો ખ્યાલ આવે છે.

❊ મહારાજ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં ભક્તોને પ્રેરણા મળે તે હેતુથી દરરોજ પૂજા કરતા, અને તેમાં એક દંડવત્ પ્રણામ વધુ કર્યો છે તેની નોંધ પરમહંસોએ લીધી. એનો અર્થ એ થાય કે મહારાજ દરરોજ કેટલા દંડવત્ પ્રણામ કરે છે તેની ગણતરી પરમહંસો રોજ કરતા હશે. તો જ આજે સૌપ્રથમ વાર એક દંડવત્ પ્રણામ વધુ કર્યો છે તેનો ખ્યાલ આવ્યો. અને તેથી જ તે વિષયક પ્રશ્ન પણ શુકમુનિએ પૂછ્યો કે આજે એક દંડવત્ પ્રણામ વધુ કેમ કર્યો ?

● દરરોજ શી પ્રાર્થના કરવી ?

❊ શ્રીજી મહારાજ સૌપ્રથમ તો એ હકીકત જણાવે છે કે પોતે દરરોજ ભગવાનને એવી પ્રાર્થના કરતા કે હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેનાથી રક્ષા કરજો.

❊ મહારાજ તો પોતે સાક્ષાત્ ભગવાન છે, તેમને તો દેહાદિકને વિષે અહંમમત્વનો માયિકભાવ કદાપિ હોય જ નહિ. **પ્ર. ૭૧, પં. ૭, અને વર. ૭** પ્રમાણે એમના સંબંધે માયા પણ બ્રહ્મરૂપ થઈ જાય. પરંતુ પોતાના મિષે આપણને સમજાવે છે કે આપણે દરરોજ ભગવાનને આ પ્રકારની પ્રાર્થના કરવી જોઈએ. કારણ કે મહારાજ વચનામૃત અં. ૩૯માં કહે છે, 'દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે એ માયાને ટાળવી. અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય. અને, 'એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે, તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો.'

❊ આમ, જે અહંમમત્વરૂપ માયાથી જીવ અનાદિથી બદ્ધ છે, તે માયા ટાળવા માટે ભગવાનને પ્રાર્થના કરવાની છે. કારણ કે જીવ પોતાના કોઈ પણ સાધનથી પોતે પોતાને વળગેલી માયાને ટાળી શકે તેમ નથી. માટે માયાથી પર એવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને દરરોજ આ જ પ્રાર્થના કરવાની છે. એમની કૃપાથી જ જીવ આ માયા તરી શકે તેમ છે. વળી, જો જીવ આ માયાથી પર થાય તો જ આ લોક અને પરલોકમાં સુખી થઈ શકે તેમ છે. તેથી સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત આ જ રહ્યો છે કે માયા-પર થઈને ભગવાનમાં પ્રીતિ કરવી. માટે મહારાજ પોતાના મિષે આપણને દરરોજ આ પ્રકારની પ્રાર્થના કરવાનું સૂચવે છે.

● મહારાજે કરેલ એક અધિક દંડવત્ પ્રણામનું રહસ્ય:

❊ શ્રીજી મહારાજ પોતે જ એક અધિક દંડવત્ પ્રણામ કર્યાનું રહસ્ય સમજાવતાં કહે છે, 'આજ તો અમને એવો વિચાર થયો જે, ભગવાનના ભક્તનો જો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે, તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.

❊ માટે જાણે-અજાણે મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય, તે દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો.'

❊ શ્રીજી મહારાજ પોતાના મિષે એક આદર્શ સાધકની આદર્શ સાધના કેવી હોવી જોઈએ તે જણાવે છે. આદર્શ સાધક સતત વિચારશીલ અને જાગ્રત

હોવો જોઈએ.

❊ જો સાધકને જાગૃતિ કે જાણપણું સતત ન રહે તો માયિક દોષોનો પ્રવેશ થઈ જાય. ભગવાનમાં મનુષ્યભાવ આવી જાય, કે ભક્તનો અભાવ, અવગુણ આવી જાય, કે તેનો મન-કર્મ-વચને દ્રોહ થઈ જાય. પરિણામે સાધનામાં મોટું વિઘ્ન આવી જાય. ક્યારેક તો કરેલ કમાણી ઉપર પાણી ફરી વળે. કરેલો દાખડો નિષ્ફળ જાય. અનંત જન્મોના સંસ્કાર અને ભગવાનની કૃપાથી મળેલ ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય. તેથી જ મહારાજ કહે છે કે અખંડ જાણપણારૂપ દરવાજે રહેવું.

(ગ. અં - ૯)

❊ શ્રીજી મહારાજ પોતે વિચાર કરીને કહે છે કે ભક્તનો જાણે-અજાણે મન-કર્મ-વચને દ્રોહ થઈ જાય તો જીવને અતિશય દુઃખ થાય છે. જીવને કેવું દુઃખ થાય છે એની વાત આગળ જતાં કરીશું. અહીં મહારાજ જણાવે છે કે પોતે આ દોષના નિવારણ માટે એક પ્રણામ અધિક કરેલ છે. વસ્તુતઃ મહારાજને તો કોઈનોય કદી પણ અવગુણ આવતો જ નથી, એવું મહારાજ પોતે જ નીચેનાં વચનામૃતમાં જણાવે છે.

❊ **મ. ૩૩** - જો ભગવાનના ભક્ત હોય તો તેનો કોઈ રીતે કરીને હૈયામાં અભાવ આવે જ નહિ.

દીનાનાથ ભટ્ટે શ્રીજી મહારાજની પ્રકૃતિ આ મુજબ એક સંસ્કૃત સ્તોત્ર લખી છે.

શરણાગત પાપ પર્વત, ગણયિત્વા ન તદીપ સદ્‌ગુણં
અણુમપ્ય તુલં હી મન્યતે, સહજાનંદ ગુરુ ભજે સદા

પોતાના શરણાગત જીવના પર્વત જેવા ગુનાઓને અવગણીને, અણુ જેટલી સેવાને અતોલ ગણી લે છે. એવા સહજાનંદ સ્વામી છે.

❊ **ગ. અં. ૨૧** - ભગવાનનો જે ભક્ત હોય ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તોપણ અમારે તેનો અવગુણ આવતો નથી. અમે તો એમ જાણીએ છીએ જે ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તોપણ તે જોવા નહિ. અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તોપણ એ હરિજનનો અવગુણ લેવો નહિ.

❊ **જેતલપુર - ૩** : અમે તો કોઈનો અવગુણ લેતા જ નથી. અને અમારો સ્વભાવ તે તો સદા ગુણગ્રાહક જ છે.

❊ આ રીતે મહારાજને તો કોઈનોય અવગુણ આવતો નથી. પરંતુ કોઈક વ્યક્તિ મહારાજને કોઈક ભક્તનો અવગુણ કહે કે ભક્તનું ઘસાતું બોલે, તે પણ મહારાજને ગમતું નથી. એવું મહારાજ **વચ. મ. ૨૮** અને **અં. ૨૧**માં કહે છે.

❊ **મ. ૨૮** - હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય, અને એને જો હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું પણ બોલવાનું મન જ થાય નહિ.

❊ મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી વડોદરામાં શાસ્ત્રાર્થ કરી સભા જીતી આવ્યા. આ વાત નિર્વિકલ્પાનંદ અને હરિહર્યાનંદને ન ગમી. તેથી તેઓ મુક્તાનંદ સ્વામીનું ઘસાતું બોલવા માંડયા. આ સાંભળી મહારાજ ઉદાસ થઈ વરતાલથી ગામ મોટા આદરજ (મહેસાણા જીલ્લાનું) ચાલ્યા ગયા. ઉદાસીનતા ગ્રહણ કરી.

❊ **અં. ૨૧** - જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્નજળ પણ ભાવે નહિ. અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે, તો તે સાથે પણ અતિશય કુહેત થઈ જાય.

❊ આ સંદર્ભો પરથી આપણને પ્રતીતિ થાય છે કે મહારાજને તો કોઈનોય અવગુણ આવતો જ નથી. પરંતુ કોઈક ભક્ત કોઈક ભક્તના અવગુણની વાત કરે તો તે પણ તેમને બિલકુલ પસંદ નથી. તેથી આ વચનામૃતમાં મહારાજ ભક્તના દ્રોહથી થયેલ દોષના નિવારણ માટે જ એક દંડવત્ પ્રણામ અધિક કરે છે. તે વસ્તુ હકીકતમાં પોતાના માટે છે

જ નહિ. પરંતુ પોતે વર્તીને ભક્તોને વર્તાવવા માટે ઉપદેશ આપે છે. પોતાના ભક્તમાં લેશમાત્ર કસર કે ખોટ રહી ન જાય તે માટે મહારાજ કેવી ખેવના રાખે છે ! પોતાના ભક્તોની સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે મહારાજ કરુણા કરીને પોતાના વર્તન દ્વારા પોતાના આશ્રિતોને ઉપદેશ આપે છે.

❊ હવે શ્રીજી મહારાજ આ વચનામૃતમાં, જીવને જે સુખ થાય છે અને દુઃખ થાય છે તેનું મૂળ કારણ શું છે તે સમજાવે છે.

● **જીવનું રૂડું થવાનું કારણ :**

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે, 'ભગવાનના ભક્તની મને, વચને, દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે, તેવું બીજે કોઈ સાધને કરીને થતું નથી.'

❊ ભગવાનના ભક્ત એટલે મુખ્યત્વે તો અનાદિ સિદ્ધ એવા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને એ જ ગુણાતીત સત્પુરુષની પરંપરા-ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, અને વર્તમાન કાળે પ્રમુખસ્વામી મહારાજની વાત છે, કારણ કે તેઓ મહારાજના ઉત્તમ ભક્ત છે. સાથે સાથે શ્રીજી મહારાજ અને આ ગુણાતીત સત્પુરુષના આશ્રિત એવા સંતો-ભક્તોનો પણ નિર્દેશ છે એવું પણ કહી શકાય. કારણ કે એમની સાથે સાથે એમના સંબંધવાળા સંતો-ભક્તોની પણ સેવા કરવાની છે.

❊ **મને કરીને સેવા :** એટલે ગુણાતીત સત્પુરુષને નિર્દોષ, માયાપર, ગુણાતીત સમજવા. તેમનાં સ્વરૂપ, વર્તન અને ચરિત્રોમાં કોઈ પ્રકારનો સંશય ન થવા દેવો. સાથે સાથે એમના સંબંધવાળા સંતો-ભક્તોના ગુણોનો વિચાર કરવો. તેમના માટે શુભ ભાવના અને શુભ પ્રાર્થના કરવી તે પણ મને કરીને સેવા છે.

❊ **વચને કરીને સેવા :** ગુણાતીત સત્પુરુષને યથાર્થ ઓળખાવવા. એમનો મહિમા કહીને એમની નિષ્ઠા સૌને કરાવવી. ભગતજી મહારાજે જેમ ગુણાતીતાનંદ સ્વામીને અને શાસ્ત્રીજી મહારાજે જેમ ભગતજી મહારાજને ઓળખાવ્યા, તેમ. સાથે સાથે તેમના સંબંધવાળા સંતો-ભક્તોના ગુણો કહેવા તે વચને કરીને સેવા છે.

❊ **દેહે કરીને સેવા :** આપણા સ્થૂળ દેહે કરીને ગુણાતીત સત્પુરુષની યથાયોગ્ય સેવા કરવી. એમના સંબંધવાળા સંતો-ભક્તોની પણ સેવા-સરભરા કરવી. વળી, ગુણાતીત સત્પુરુષની આજ્ઞા પ્રમાણે સંસ્થામાં જે કાંઈ સેવા કરીએ તે તેમની જ સેવા છે.

આ રીતે મન-કર્મ-વચને સેવા કરવાથી જીવનું રૂડું થાય છે અને જીવને સુખ થાય છે એવું મહારાજ અહીં સમજાવે છે. આ સેવાથી જીવનું કેવા પ્રકારનું રૂડું થાય છે, તેની વાત મહારાજ અન્ય વચનામૃતમાં કરે છે, જેમ કે,

❊ **પ્ર. ૮ :** ઇન્દ્રિયોની ક્રિયાને શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિશે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય.

- જેતલપુરની ગણિકાએ જેતલપુરમાં યજ્ઞ વખતે શ્રીજી મહારાજની આજ્ઞાથી આખી રાત બેસી જાતે ઘઉં દળ્યા. મહારાજ રાજી થયા. પાપ બળી ગયા. અંતઃકરણ શુદ્ધ થયું.
- ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ગાર લીંપી - ગુ.સ્વા. રાજી - અંતરમાંથી દોષો ટાળી શુદ્ધ કર્યા.
- શા.મ.ની આજ્ઞાથી અક્ષરપુરૂષ સ્વામીએ સેવા કરી - શા.મ. રાજી થઈ કપાળમાં અંગૂઠો અડાડ્યો - અંતર શુદ્ધ થયું - આપોઆપ વચનામૃતનું જ્ઞાન થઈ ગયું.

❊ **મ. ૨૫ :** જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે, ને તે વિના

એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.

❊ પંચાળાના ઝીણાભાઈએ પોતે ગામધણી હોવા છતાં કરમશી વાંઝા નામના એક ગરીબ તથા નિમ્ન જ્ઞાતિના હરિભક્તને પોતાના રાજ દરબારમાં લાવી પોતાની જાતે સેવા કરી. શ્રી.મ. રાજી થયા. અંતકાળે ઝીણાભાઈની નનામી શ્રીજી મહારાજે જાતે ઉપાડી.

❊ શબરી પોતાના ગુરુ માતંગ ઋષિની આજ્ઞાથી ઋષિઓના આશ્રમથી સરોવર સુધીનો રસ્તો રોજ સાફ કરતી - અંતર શુદ્ધ થયુ અને ભગવાન રામે સામે ચાલીને શબરીની સેવા અંગીકાર કરી.

❊ **મ. ૬૩ :** જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી, માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન, કર્મ, વચને શુદ્ધભાવે કરીને સેવવા !

❊ **વર. ૫ :** એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.

❊ બાઉદીન કઠિયારાએ ગુણાતીતાનંદ સ્વામીને ઓલિયા પુરુષ જાણી પોતાના લાકડાનો ભારો ગુણાતીતાનંદ સ્વામીને ઠંડી લાગી હોવાથી તાપણું કરવા માટે આપી દીધો. ગુણાતીતાનંદ સ્વામી રાજી થયા. તે મારી ઠંડી ઉડાડી અમે તારી ઠંડી ઉડાડશું. ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી બાઉદીન જૂનાગઢનો દિવાન બન્યો.

❊ માવા ભાઈ તથા મુસા ભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને એક પૈસાના ચણા-મમરા લાવી આપી ટાંણાની સેવા કરી. - ગુણાતીતાનંદ સ્વામી રાજી - માવા ભાઈ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી કરાંચી જઈ ખૂબ કમાયા. - માવા-મુસાની કંપની સ્થાપી. આજે પણ આ કંપનીના વારસદારો અત્યંત સુખી છે.

❊ ચંદ્રશંકરે આખી રાત સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજની કેડ દાબી, પગ ચાંપ્યા. આજ્ઞા આપે પછી જ ઉઠવાનો નિયમ - ત્રણ વાગે શાસ્ત્રીજી મહારાજ જાગ્યા ને કહે, ક્યારે પાછો આવ્યો - ચંદ્ર શંકર : રાતનો જ બેઠો છું - શાસ્ત્રીજી મહારાજ રાજી - જાણે છે તે કોની સેવા કરી - બે હાથ પહોળા - તેજ - મહારાજના દર્શન થયા - તેજ સમાઈ ગયું.

❊ આ રીતે ભગવાનના ભક્ત કે સંતની સેવા કરવાથી જીવનાં અનંત જન્મનાં પાપ બળી જાય છે. સ્વભાવો-વિકારો ટળી જાય છે. વાસના નાશ પામે છે. અંતઃકરણ શુદ્ધ થાય છે. ભગવાનનો રાજીપો મળે છે. જીવ બળને પામે છે, અને સો જન્મે ઉત્તમ થનારો ભક્ત આ જ જન્મે ઉત્તમ થાય છે. માટે જ શ્રીજી મહારાજ **વચ. મ. ૨૮**માં કહે છે, 'અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે, અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.'

❊ માટે જ ગુણાતીત સત્પુરુષની પરંપરા તો અનાદિસિદ્ધ છે, છતાં તેમણે પોતાના વર્તન દ્વારા અતિશય સેવાનો આદર્શ સૌને શીખવ્યો છે.

❊ નીલકંઠવર્ણી - લોજમાં છાણાં વીણે. સંતોની કૌપીન ધૂવે વગેરે સેવા કરતા.

❊ ગુણાતીતાનંદ સ્વામી - જૂનાગઢ મંદિરના મહંત છતાં રોજ ચોક જાતે વાળતા.

❊ ભગતજી મહારાજ - ગુણાતીતાનંદ સ્વામીની મરજી જાણી આંબાને પાણી પાયું, મરેલું કૂતરું ખસેડ્યું, સંતોનું વતુ કર્યું, ચૂનાની ભઠ્ઠી ભરી વગેરે સેવા કરી.

❊ શાસ્ત્રીજી મહારાજ - અટલાદરા - શાસ્ત્રીજી મહારાજ ૭૯ વર્ષની વયે જાતે કછોટો મારી પાયા ખોદતા.

❊ માંગરોળમાં ડો. અર્જુનભાઇના ઘરે ઉતારો. સાથેના સંતો થાકી ગયા હોવાથી સૂઈ ગયા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે રસોઈ બનાવી સૌને ઉઠાડી જમાડયા.

❊ યોગીજી મહારાજ - ગોંડલમાં રસોઈ કરી કડિયાને જમાડે. વાસણ ધોઈ નાંખે. સંપૂર્ણ સેવામય જીવન.

❊ દાર-એ-સલામમાં મંદિરના બાથરૂમમાં યોગીજી મહારાજ લઘુ કરવા ગયા. અંદર યુવકોના કપડાં પડેલા. યોગીજી મહારાજે અંદરથી બારણું બંધ કરી યુવકોના કપડાં ધોઈ નાંખ્યા.

❊ યોગીજી મહારાજ - ''મને સેવા કરવાનું બહુ મન થાય છે. કોઈ કરવા દેતું નથી.'' - વૃદ્ધાવસ્થાના ઉદ્‌ગાર.

❊ પ્રમુખ સ્વામી મહારાજ - બોચાસણ - વૃદ્ધ સંતોના દર્શન માટે પાછળ તેમના ઉતારામાં ગયા. પાછા વળતા એક બાથરૂમમાં ગંદકી જોઈ. લઘુ કરીને કોઈ સાફ નહોતું કરતું. સ્વામીએ બાથરૂમ બંધ કરી જાતે ઘસીને સાફ કરી નાંખ્યું.

❊ ધર્મજ - ૫૧મી જન્મ જયંતી - દાતણની ચીરી હરિભક્તોએ જ્યાં ત્યાં નાંખેલી. તે ઉપાડીને જાતે સવારના પહોરમાં કચરાપેટીમાં નાંખી.

❊ ૧૯૬૧ - ગઢડા કળશ ઉત્સવ વખતે એક સંત સાથે એંઠા પતરાળાની લારી ખેંચવા લાગ્યા. પ્રમુખ છતાં નાનામાં નાની સેવા.

❊ સારંગપુર - જળઝીલણી ઉત્સવ - બપોરે ૨.૦૦ વાગે સ્વામીશ્રી કૂંડની સામેના જૂના સંડાસ જાતે સાફ કર્યા. સંડાસ બહાર બગાડેલું સાફ કર્યુ.

● **જીવનું ભૂંડું થવાનું કારણ :**

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે, 'આજ તો અમને એવો વિચાર થયો જે, ભગવાનના ભક્તનો મને, વચને, અને દેહે કરીને જે કાંઇક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુ:ખ થાય છે, તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.....

અને અમે તો એમ જાણ્યું છે જે, ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું.'

❊ **મને કરીને દ્રોહ :** એટલે ગુણાતીત સત્પુરુષમાં દોષ, મનુષ્યભાવ પરઠે. તેમનાં સ્વરૂપ, વર્તન અને ચરિત્રમાં સંશય થાય. સાથે સાથે તેમના સંબંધવાળા સંતો-ભક્તોના અભાવ-અવગુણનો વિચાર કરવો, તેમને વિશે અશુભ ભાવના થાય, તેમનું અહિત થાય એવો વિચાર કરવો તે પણ મને કરીને દ્રોહ છે.

❊ **વચને કરીને દ્રોહ :** ગુણાતીત સત્પુરુષના મનુષ્યભાવની વાતો કરવી. એમનાં કાર્ય-ચરિત્રમાં જે સંશય થયો હોય, મૂર્ખાઈએ કરીને પોતે જે અવગુણ પરઠ્યો હોય તે બીજાને કહેવો તે વચને કરીને દ્રોહ છે. જેમ કે, સ્વામીએ આ ખોટું કર્યું, આમ કરવાની શી જરૂર હતી ? મંદિરોમાં, ઉત્સવોમાં અનેક ખર્ચા કેમ કરે છે ? પક્ષપાત કેમ રાખે છે ? - આવા પ્રકારના અવગુણ કહેવા તે વચને કરીને દ્રોહ છે. સાથે સાથે તેમના સંબંધવાળા સંતો-ભક્તોના અવગુણની વાતો જ્યાં-ત્યાં કરવી તે પણ વચને કરીને દ્રોહ છે.

❋ **દેહે કરીને દ્રોહ :** ગુણાતીત સત્પુરુષ કે તેમના સંબંધવાળા સંતો-ભક્તોનું કંઈક બગડે, કંઈક નુકસાન થાય એવી દેહે કરીને પ્રવૃત્તિ કરવી તે દેહે કરીને દ્રોહ છે.

આ ત્રણ પ્રકારે જો ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો જીવનું કેવા પ્રકારનું ભૂંડું થાય છે, તેને કેવું કષ્ટ થાય છે, તેની વાત મહારાજે અન્ય ઘણાં વચનામૃતોમાં કરી છે, જેમ કે,

❋ **વચ. ગ. પ્ર.૧** તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી, અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે, તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે, અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય, અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. તે શાસ્ત્રમાં કહ્યું છે જે,

અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।
તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥

❋ આચાર્ય ભગવતપ્રસાદજી મહારાજે જૂનાગઢડમાં જે ચોકડીમાં ગુણાતીતાનંદ સ્વામી સ્નાન કરતાં તે ઉખેડી નાંખવા ત્રિકમનો પહેલો ટચકો માર્યો. જે હાથથી ત્રિકમનો ટચકો મારેલો તે હાથ સડયો. - રોજ હાથમાંથી ૧ ગ્લાસ ભરીને પરું નીકળતું. - ખૂબ પીડાયા.

❋ **વચ. ગ. પ્ર.૨૮ :** જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે, ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે, ને પોતાના હૈયામાં એમ જાણે જે, સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું, એમ સર્વથી અધિક પોતાને જાણે, અને રાત્રિ-દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે, અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ, અને રાત્રિમાં સૂવે તો નિદ્રા પણ આવે નહિ, અને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ, અને અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે, એ સત્સંગમાંથી પડવાનો થયો છે. અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે, પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ અને અંતે પાછો પડી જાય છે.

❋ **વચ. ગ. પ્ર. ૩૧ :** જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.

❋ **વચ. ગ. પ્ર. ૫૮ :** મોટા પુરુષમાં કામ, ક્રોધ, લોભાદિક દોષ પરઠે તો પોતામાં એ દોષ આવે.

❋ **વચ. ગ. પ્ર. ૭૧ :** બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ.

❋ **વચ. ગ. પ્ર. ૭૩ :** મોટા પુરુષને વિશે દોષ પરઠે છે, તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે.

❋ જૂનાગઢ મંદિરના કારભારી વશરામ ભગતે સારંગપુર મંદિરની સ્તંભ પંક્તિ જોઈને હાથ લાંબો કરી કહ્યું, આ હજીરો ખડક્યો છે તે પૂરો કર્યા વિના શાસ્ત્રી (શા.મ.) ગુજરાત ભાગી જશે. શાસ્ત્રીજી મહારાજનો વાણીથી દ્રોહ કર્યો. જે હાથ લાંબો કર્યો હતો તે હાથ સડ્યો. કપાવ્યો તો પણ ન મટયું. છેવટે મરી ગયો.

❋ **વચ. લોયા ૧ :** જેને સંતનો અવગુણ આવ્યો તે તો નિશ્ચય સત્સંગથી જ્યારે-ત્યારે વિમુખ જ થાય, એ એનું માથું કપાણું જાણવું.

❋ **વર. ૧૪ :** સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચમહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે.

❋ **અં. ૨૨ :** અને સર્વ પાપમાંથી મોટું પાપ એ છે જે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય ને તે દોષબુદ્ધિએ કરીને ભગવાન ને

ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાઈ જાય. માટે કોટિ ગોહત્યા કરી હોય તથા મદ્યમાંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તે એ પાપ થકી તો કોઈ કાળે છૂટકો થાય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય. અને તે પુરુષ હોય તો રાક્ષસ થઈ જાય ને સ્ત્રી હોય તો રાક્ષસી થઈ જાય. પછી તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થતો નથી....

❊ જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે, તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે. માટે જેને પોતાનું રૂડું ઈચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ, ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય, તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.

❊ ઉપરોક્ત વચનામૃતના સંદર્ભોના સારાંશ રૂપે એવું કહી શકાય કે ભક્તનો દ્રોહ કરનારને સત્સંગમાં કોઈ પ્રકારનું સુખ આવતું નથી. તે સત્સંગમાં ઘટતો જાય છે અને અંતે પ્રતિષ્ઠાહીન થઈને પડી જાય છે, એટલે કે સત્સંગથી વિમુખ થાય છે. તેને પંચમહાપાપ કરતાં પણ વધુ પાપ લાગે છે. તેની બુદ્ધિ આસુરી થઈ જાય છે. તેના જીવનો નાશ થઈ જાય છે. પરિણામે તે આ જન્મમાં અને લખચોરાશીમાં અનંત પ્રકારના દુઃખને પામે છે.

❊ જેણે જેણે ભક્તનો દ્રોહ કર્યો છે તેનું ભૂંડું જ થયું છે.

❊ પ્રહ્‌લાદનો દ્રોહ કરનાર હિરણ્યકશિપુ હોય કે સીતાનો દ્રોહ કરનાર રાવણ હોય, વસુદેવ-દેવકીનો દ્રોહ કરનાર કંસ હોય કે પાંડવોનો દ્રોહ કરનાર કૌરવો હોય, અંતે તો તેમનું ભૂંડું જ થયું છે.

❊ લાલો પાળો - શ્રીજી મહારાજના રાજીપાવાળો - મહારાજે વરદાન - અંતકાળે ધામમાં તેડી જઈશ. પણ ગોપાળાનંદ સ્વામીના દ્રોહથી ભૂત થયો. ગંગાજળિયા કૂવામાં રહેતો.

❊ જૂનાગઢનું મંદિર બંધાતુ હતું. ત્યાનો દિવાન રંગીલદાસ મંદિરની કાંકરીએ કાંકરી ઉડાવી દેવા આવતો હતો. રસ્તામાં ઘોડા પરથી પડી ગયો. પોતાની જ કટારી પેટમાં વાગી મરી ગયો.

- **ભગવાનના ભક્તના દ્રોહનું કારણ :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં સમજાવે છે કે ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે.

❊ **માન :** પોતાના અહંકારનું પોષણ ન થાય, માન ન જળવાય, પોતાનું ધાર્યું ન થાય, ક્યારેક માનનું ખંડન થાય કે અપમાન થાય, ત્યારે જરૂર તેને અભાવ-અવગુણ આવે છે. અને તે વ્યક્તિ ભક્તનો મન-કર્મ-વચને દ્રોહ કરવામાં ઊતરી પડે છે. જેમ કે,

❊ મુક્તાનંદ સ્વામીએ અલૈયાની પ્રશંસા ન કરી તો તે માથું કાપવા તૈયાર થયો.

❊ વિજ્ઞાનદાસ માનને લીધે યોગીજી મહારાજનો દ્રોહ કરતા.

❊ **ઈર્ષ્યા :** જીવા ખાચરે ઈર્ષ્યાને લીધે દાદા ખાચરનો દ્રોહ કરવામાં કાંઈ બાકી ન રાખ્યું.

❊ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ઈર્ષ્યાને લીધે જૂના સંપ્રદાયના સંતો-ભક્તોએ કેવો દ્રોહ કર્યો છે !

❊ **લોભ :** દુર્યોધને સત્તા - સંપત્તિના લોભને લીધે જ પાંડવોનો દ્રોહ કર્યો.

❊ **ક્રોધ :** દુર્વાસાએ ક્રોધને લીધે જ અંબરીષ રાજાનો દ્રોહ કર્યો.

❊ ટૂંકમાં, વ્યક્તિ પોતાના સ્વભાવને લીધે જ ભગવાનના ભક્તનો દ્રોહ કરીને પોતાના જ જીવનું ભૂંડું કરે છે.

❊ જેનામાં આવા કોઈ સ્વભાવ નથી તેમને

ક્યારેય કોઈનો અભાવ-અવગુણ આવતો નથી કે કોઈનોય દ્રોહ કરતા નથી. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને આજે પ્રમુખસ્વામી મહારાજમાં આવા કોઈ સ્વભાવ નથી, એટલે જ સૌ સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ, ચૈતન્યની મૂર્તિ, કૈવલ્યમૂર્તિ માનીને તેમની સૌની સેવા-સરભરા કરે છે.

❊ ગઢડામાં માના ભગતે ભગતજી મહારાજને તેમના બાબુલા શિષ્યોમાં બંધન ના થઈ જાય એની વાત કરી. ભગતજી મહારાજ માના ભગતને કહે : ''હું તો બધા હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજું છું. બાબુલા તેમને કેમ કહેવાય?''

❊ શા.મ.ને કોઈએ કહ્યું - આપણને બધા પાપી કહે છે. શા.મ. કહે : ''સારુ, ખોટું નથી કહેતા. આપણે હરિરસ પાઈએ છીએ ને પીએ છીએ તેથી પાપી છીએ. તે બરાબર છે.''

❊ મુંબઈ દાદર અક્ષરભવનમાં એક સાધુ - નગારા નીચે પથારી કરે. શોધ્યો એક પણ ગુણ ન જડે. એક દિવસ તે આરતી ઉતારતો હતો. યો.મ. કહે : ''કેવી સરસ આરતી ઉતારે છે.''

❊ એકવાર ગોંડલથી પ.પૂ. સ્વામીશ્રી અને સંતો જેતપુર મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. મંદિરના સંતોને ખબર પડતાં જ ઠાકોરજીને પોઢવાના સમય કરતાં વહેલા પોઢાડી દીધા. તેથી ઠાકોરજીનાં દર્શન ન થયાં. સંતોએ સ્વામીશ્રીને કહ્યું : ''આપણને દર્શન ન થાય એટલા માટે ઠાકોરજીને વહેલા પોઢાડી દીધા.'' - સ્વામીશ્રી કહે : ''ઠાકોરજીને તો ટાઈમસર જ પોઢાડયા હતા પણ આપણે જરા મોડા પડ્યા.''

● જેને પરમ સુખિયા થવું હોય :

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે કે જેને આ દેહે કરીને અને દેહ મૂક્યા કેડ્યે સુખી થવું હોય તેણે ભગવાનના ભક્તનો મન-કર્મ-વચને દ્રોહ ન કરવો.

❊ સુખી થવા માટે આપણે કેટલો પ્રયત્ન કરીએ છીએ ! છતાં અનુભવ આપણો એ છે કે આપણને સુખ નથી આવતું. તો મહારાજ અહીં સુખી રહેવાનો સરળ ઉપાય બતાવે છે. જેમાં કોઈ ભૌતિક પદાર્થોની કે સગવડની જરૂરિયાત નથી. ફક્ત મનોવલણ બદલવાનું છે.

❊ કોઈ પ્રકારે ક્યારેય કોઈનોય અભાવ-અવગુણ ન લે કે દ્રોહ ન કરે, તો તેને ભગવાનનું પરમ સુખ આવે.

❊ ગોવર્ધનભાઈ કોઠારીએ ભગતજી મહારાજને પ્રશ્ન પૂછ્યો : તમને આવું સુખ કેમ આવે છે ? અને મને કેમ નથી આવતું ? ભગતજી મહારાજ કહે : આ બધા સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ માનો તો સુખ આવે.

❊ યોગીજી મહારાજ કહેતા, 'જો કોઈનોય અભાવ-અવગુણ ન આવે તો સત્સંગમાં કેશર કેરી જેવું સુખ આવે.'

❊ માટે આ શ્રીજી મહારાજનું વચન છે અને ગુણાતીત પુરુષોનો અનુભવ છે કે જે અભાવ-અવગુણ-દ્રોહમાં નથી પડ્યા તે પરમ સુખિયા થયા છે. માટે જો આપણે પરમ સુખિયા થવું હોય તો મહારાજની આ આજ્ઞા અધ્ધર ઝીલવાની છે. ભગવાનના ભક્તનો મન, કર્મ, વચને દ્રોહ ન કરવો.

● દ્રોહના દોષનું નિવારણ :

❊ આપણે હજુ ગુણાતીત થયા નથી, સ્વભાવથી મુક્ત થયા નથી, તેથી કદાચ જાણતાં કે અજાણતાં દ્રોહ થઈ જાય તો તે દોષનું તુરત જ નિવારણ કરી લેવું જોઈએ. નહીંતર તો એ કીચડમાં ખૂંચી જ જવાય. પછી તો તેમાંથી બહાર જ નીકળાય નહિ.

❊ સૌપ્રથમ તો આપણને આપણી ભૂલ ખટકવી જોઈએ કે મારાથી ભક્તનો મન, કર્મ, વચને દ્રોહ થઈ ગયો છે. પગમાં કાંટાની જેમ, આંખમાં કણાંની જેમ આ ભૂલ ખટકે - દુઃખે તો જ તે દૂર કરવાનો

વિચાર અને પ્રયત્ન થવાનો. જો ભૂલ કોઠે પડી જાય તો પછી એવી ભૂલોની પરંપરા થવાની. માટે સૌપ્રથમ તો દરરોજ અંતર્દૃષ્ટિ અને પ્રાર્થના કરીને તપાસવું જોઈએ કે આજે કોઈનોય ક્યારેય દ્રોહ થયો છે ખરો ? કોઈનોય અભાવ-અવગુણ આવ્યો છે ખરો? કોઈનાય અભાવ-અવગુણની વાત કરી કે સાંભળી છે ખરી ? જો મન, કર્મ, વચને કોઈક ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તો તે દ્રોહના નિવારણનો મહારાજ અહીં ઉપાય બતાવે છે.

❊ તેની વચને કરીને પ્રાર્થના કરવી.

❊ મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા.

❊ ફરીને દ્રોહ ન થાય, એવી રીતે વર્ત્યાનો આદર કરવો.

❊ આ વાર્તા દરરોજ યાદ રહે તે માટે પૂજામાં એક દંડવત્ પ્રણામ અધિક કરવો.

❊ આ પ્રકારની મહારાજની આજ્ઞા છે. તે પ્રમાણે દરરોજ વર્તીએ તો જરૂર એ દ્રોહનું નિવારણ થાય. વિશેષ તો ફરી વાર એ પ્રકારનો દ્રોહ ન થાય, એવો જાગ્રતપણે પુરુષાર્થ કરવાનો છે. આવો પુરુષાર્થ હોય તો જ કરેલા પ્રાયશ્ચિત્તનું ફળ મળે, અને અભાવ, અવગુણ અને દ્રોહના પાપમાંથી મુક્તિ મળે.

૧૧. વચનામૃત : ગઢડા મધ્ય- ૪૧ : માનરૂપી હાડકાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૪૧મું : માનરૂપી હાડકાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા ખોસ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ કૃપા કરીને પોતાના ભક્તજનને ઉપદેશ કરતા થકા બોલ્યા જે, 'જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી. તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી...

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું એકતાલીસમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ **<u>વચનામૃત ગ્રંથ : શ્રીજીમહારાજનાં કૃપાવચનોનું સંકલન</u> :**

આ વચનામૃતની શરૂઆતમાં સંપાદકોએ નોંધ્યું છે કે 'શ્રીજીમહારાજ કૃપા કરીને પોતાના ભક્તજનને ઉપદેશ કરતા થકા બોલ્યા', શ્રીજીમહારાજે ફક્ત પ્રવચનો નથી કર્યાં. તેઓ ભક્તોનાં જીવન જોતા, તેમને નડતા પ્રશ્નો જોતા અને તે અનુસાર કૃપા કરી વચન ઉચ્ચારતા. મહંત સ્વામી મહારાજનાં વચનો પણ આપણા માટે કૃપાવચન જ છે.

● **<u>ખરા મુમુક્ષુ માટે આ વચનો</u> :**

❊ 'જેને પરમેશ્વર ભજવા હોય' એવા શબ્દોથી મહારાજ આ વચનામૃતની શરૂઆત કરે છે. અનેક વચનામૃતમાં મહારાજ આવી જ રીતે વાત માંડે છે.-

દા.ત. 'જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તેને...' **(વચનામૃત વરતાલ-૧૫)**

'જેને સુખ ઇચ્છવું હોય તેને...' **(વચનામૃત ગઢડા અંત્ય ૩૮)**

'જેને ભગવાનને રાજી કરવા હોય તેને...' **(વચનામૃત ગઢડા અંત્ય ૬)**

❊ શ્રીજીમહારાજ ઊંચ-નીચ, નાત-જાત, સ્ત્રી-પુરુષ કે ત્યાગી-ગૃહીના કોઈ પણ ભેદભાવ વિના સર્વ માટે વાત કરી રહ્યા છે. કારણ કે મોક્ષનો અધિકાર તો સૌનો છે.

❊ અધ્યાત્મમાર્ગે આગળ વધવું કે ન વધવું તે મહારાજ આપણા પર છોડે છે. તેઓ કોઈને આગ્રહ કરતા નથી. તેઓ લાકડી લઈને ઊભા નથી. અંગ્રેજીમાં એક કહેવત છે, 'Lessons are not given, they are taken.' ઉપદેશ આપવાનો નથી હોતો, ગ્રહણ કરવાનો હોય છે.

● **<u>ભગવાન ભજવાનો વિશિષ્ટ અર્થ</u> :**

❊ કોઈ ભગવાન ભજવાની વાત કરે એટલે સાહજિક આપણા મનમાં માળા, પ્રદક્ષિણા, દંડવત્ વગેરે આવે, પરંતુ ભજનનો અર્થ આટલા પૂરતો સીમિત નથી.

❊ સંસ્કૃતમાં 'ભજ્' ધાતુનો અર્થ સેવા થાય છે. શ્રીજીમહારાજે પણ **વચનામૃત વરતાલ-૧૭**માં

કહ્યું કે, **'ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે.'**

❊ મહારાજને વન, પર્વતમાં રહેવું ગમતું, છતાં તેમણે સમાજ વચ્ચે રહી અનેક પ્રવૃત્તિ કરી. પોતાના પરમહંસોને પણ તેમણે અનેક પ્રવૃત્તિમાં જોડ્યા. કારણ કે સેવાનો તેમને મન ખૂબ મહિમા હતો.

● **<u>સેવાનું માહાત્મ્ય</u> :**

❊ ભગવાન અને ભગવાનના ભક્તની સેવાનું માહાત્મ્ય ખૂબ મોટું છે. શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા પ્રથમ-૮**માં કહે છે કે, **'ઇન્દ્રિયોની જે ક્રિયા છે, તેને જો ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે, તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે, તેનો નાશ થઈ જાય છે.'**

❊ સંવત ૧૮૬૫માં શ્રીજીમહારાજે જેતલપુરમાં યજ્ઞ કરવાનું નક્કી કર્યું. મહાયજ્ઞની પૂર્વતૈયારીરૂપે મહારાજે જેતલપુરના ઘરે ઘરે શ્રદ્ધા પ્રમાણે મણ, બે મણ ઘઉં દળવા આપ્યા. ગામલોકોને ભક્તિભાવપૂર્વક સેવા કરતાં જોઈ ગામની નાથી નામની ગણિકાને પણ સેવા કરવાના કોડ જાગ્યા. હિંમત કરીને તેણે મહારાજ પાસે આવી કાંઈક સેવા આપવા વિનંતિ કરી. મહારાજે એક મણ ઘઉં તેને દળવા માટે આપ્યા. તેણે જાતે આખી રાત જાગીને ઘઉં દળી દીધા. તેની આ સેવાથી મહારાજે તેને પાપમુક્ત કરી તેનું કલ્યાણ કર્યું.

સેવાનું આવું મોટું ફળ આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે.

● **<u>સેવા કરવાની સાચી રીત</u> :**

સેવા તો આપણે પણ કરીએ છીએ, છતાં જેતલપુરની ગણિકાને અંતરની મલિન વાસના નાશ થયાનો જેવો અનુભવ થયો, તેવો આપણને થતો નથી. કારણ કે સેવા કરવાની સાચી રીત આપણે જાણતા નથી.

❊ એક વાર બે ભાઈઓ ગાડી લઈ બીજા શહેરમાં જઈ રહ્યા હતા. રસ્તામાં એક પુલ પર તેમની ગાડી બંધ પડી. પ્રયત્ન કરવા છતાં ગાડી ચાલુ ન થઈ, એટલે આ બે ભાઈઓએ બીજા બે જણાને બોલાવી ધક્કા માર્યા. ચારેય જણા ધક્કા મારતા હતા, છતાં ગાડી જરાય હલતી ન હતી, કારણ કે બે જણા આગળથી ધક્કા મારતા હતા અને બે પાછળથી મારતા હતા.

આપણે પણ ઘણી સેવા કરીએ છીએ, પુરુષાર્થ કરીએ છીએ, છતાં ફળ દેખાતું નથી, કારણ કે સેવાની રીત કેટલીક વાર સાચી નથી હોતી. દુનિયાના લોકો કરતાં તો આપણે ઘણા આગળ છીએ, પણ ૧૦૦% ફળ અનુભવાતું નથી, એ ખોટ છે.

◎ કોઈ વ્યક્તિ ૧અબજ રૂપિયાનું રોકાણ પોતાના વ્યવસાયમાં કરે અને વર્ષના અંતે ફક્ત ૧૦૦ રૂપિયાનો નફો મેળવે, તેને સફળતા કહેવાય? તેમ આપણે ભગવાન અને સંતની સેવા કર્યા પછી અંતરમાં શાંતિ ન અનુભવીએ, તો સેવા કરવાની રીતમાં ક્યાંક ભૂલ છે.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં સેવાની આદર્શ રીત આપણને શીખવે છે, જેનાથી નક્કર પરિણામ પ્રાપ્ત થાય છે.

૧. <u>મોટું ભાગ્ય માનીને સેવા કરવી</u> :

❊ સામાન્યતઃ આપણને સેવા આપવામાં આવે ત્યારે આપણે એમ માની લઈએ છીએ કે, 'અહીં સેવાની જરૂર હતી, એટલે મને બોલાવ્યો.'

❊ એક જહાજ પર બાળકો રમતા હતા. તેમાં એક બાળક દરિયામાં પડ્યો. તેને તરતાં આવડતું નહોતું, એટલે તેની પાછળ એક યુવાન તરવૈયો બચાવવા પડ્યો. યુવાને બાળકને પોતાના પ્રાણના ભોગે બચાવ્યો, એટલે લોકો તેને શાબાશી આપવા લાગ્યા. કોઈકે તેને પૂછ્યું કે, 'બચાવવા માટે કોઈ ન પડ્યું અને તું પડ્યો. ક્યા વિચારથી?' તે યુવાને પોતાનું મૌન તોડ્યું, ''પહેલાં મને તે કહો કે, 'મને ધક્કો કોણે માર્યો?''

આપણને સેવા આપવામાં આવે ત્યારે 'મને ધક્કો કોણે માર્યો?' જેવા પ્રશ્ન મનમાં રમતા

થઈ જાય છે. 'સંતો-કાર્યકરોએ સેવા ઠપકારી', 'બીજું કોઈ હતું નહીં એટલે મારા ભાગે આ સેવા આવી.' વગેરે વાક્યોમાં મહિમાની ઊણપ દેખાય છે. આવા સમયે આપણો પુરુષાર્થ 'સેવા'માં નહીં, પરંતુ 'વેઠ'માં પરિણમે છે.

❋ સેવા દરમ્યાન આ ઊણપ ન આવે તે માટે મહારાજે વચનામૃત ગઢડા મધ્ય ૫૯માં કહ્યું કે, 'ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને મળતી નથી.' આ વાતનો અનુભવ શાસ્ત્રીજી મહારાજના નિષ્ઠાવાન સત્સંગી માધાભાઈને થયો.

એક રાત્રે માધાભાઈ પટેલ સારંગપુર મંદિરમાં ઓરડીમાં આરામ કરી રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે ઓરડીમાં જઈ તેમને જગાડ્યા અને એક સેવા કરવા કહ્યું. માધાભાઈ તો તરત ઊભા થઈ બહાર આવ્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને મંદિરના ચોગાનમાં પડેલું લગભગ ૬૦-૭૦ મણના વજનનું એક મોટું લાકડું ખસેડી બીજે ઠેકાણે મૂકવા કહ્યું. માધાભાઈ તો વિચારમાં પડી ગયા કે 'આટલા ભારે વજનનું લાકડું મારે એકલાએ ખસેડવાનું?' શાસ્ત્રીજી મહારાજે તેમને વિચાર કરતા જોઈ કહ્યું કે, 'તમે હાથ અડાડો એટલે લાકડું તમારી પાછળ પાછળ ચાલશે.'

માધાભાઈએ તેમની આજ્ઞા પ્રમાણે સ્પર્શ કર્યો અને આગળ ચાલ્યા, તો લાકડું પણ તેમની પાછળ પાછળ આવ્યું. લાકડું જ્યાં મૂકવાનું હતું ત્યાં મુકાઈ ગયું. માધાભાઈને ખ્યાલ આવી ગયો કે કાર્ય તો ગુરુના સંકલ્પે થાય છે, આપણને તેઓ નિમિત્ત બનાવે છે, જેના દ્વારા આપણા જીવનું રૂડું થાય.

❋ ભગવાન અને સંતની સેવા મળે તો પોતાનાં મોટાં ભાગ્ય માનવાં જોઈએ, તે જણાવતાં મુક્તાનંદ સ્વામીએ ગાયું છે -

'દાસી થઈ રહેજે તું દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવબ્રહ્માદિકને નિશ્ચય મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.'

◎ યોગીજી મહારાજ 'યોગીગીતા'માં કહે છે, ''મને શાસ્ત્રીજી મહારાજ 'જોગી' કહીને બોલાવે તો એકદમ કાંટો ચઢી જાય કે મને શાસ્ત્રીજી મહારાજે બોલાવ્યો! કાગળ લખતો હોઉં તો પેન મૂકી દઉં અને જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં...''

ગુરુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અધ્ધર ઝીલવા માટે તેઓ સદા તત્પર રહેતા, પોતાનાં મોટાં ભાગ્ય માનતા કે મને ગુરુએ સેવા આપી. ૧૯૪૯ની સાલમાં અમદાવાદમાં બાળવયના પ્રભાશંકર પંડ્યાને શાસ્ત્રીજી મહારાજ કહે, 'પંડ્યા, જાવ જોગી પાસે, (સ્વામીની) વાતો શીખો.' બહાર નીકળતાં ઉંબરામાં જ તેમને યોગીજી મહારાજ મળ્યા. તેમણે વાત કરી કે, 'શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે, વાતો શીખવાડો.' યોગીજી મહારાજ પોતાનાં બધાં કાર્યો પડતાં મૂકી તત્કાળ ઉંબરા પર જ બેસી ગયા ને 'કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો...' એ વાત બોલવા લાગ્યા.

બાળકને સ્વામીની વાત મોઢે કરાવવાની સેવા હોય કે મંદિર બાંધકામમાં તગારાં ઊંચકવાની, દરબારોને દરરોજ રસોઈ કરી જમાડવાની સેવા હોય કે ઘેર-ઘેર પધરામણી કરવાની - દરેક સેવાકાર્યમાં પોતાનાં મોટાં ભાગ્ય માની તેઓ જોડાતા. એટલે જ તેમના મુખ પર ઉદાસીની એક રેખા પણ શોધી નહોતી જડતી.

❋ યોગીજી મહારાજ ગુરુપદે આવ્યા બાદ એક વાર અમદાવાદ પધાર્યા હતા. અમદાવાદ હરિમંદિરમાં રસોડાની નાની ઓરડીમાં યોગીબાપા બપોરે ત્રણ વાગે વાસણ ધોઈ રહ્યા હતા. બબુભાઈ કોઠારી ઓફિસમાંથી બહાર નીકળ્યા ને તિરાડમાંથી જોયું તો યોગીબાપા! લાખો હરિભક્તો જેનાં ચરણમાં આળોટે છે, તેઓ જાતે સેવા કરે છે ?! આ વિચાર સાથે તેઓ યોગીબાપાને વાસણ ધોતાં રોકવા લાગ્યા. ત્યારે યોગીબાપા કહે, 'સૌ સેવા કરનારા ખૂબ થાકીને સૂતા છે, એટલે મને સેવા કરવાનો ખરો લાભ મળ્યો છે. માટે ના પાડશો નહીં.'

યોગીજી મહારાજ સેવા કરવામાં પોતાના મોટાં ભાગ્ય માનતા, તેથી સેવાની તક જ્યારે જ્યારે મળતી ત્યારે એમ માનતા કે, મને સેવા કરવાનો ખરો લાભ મળ્યો છે.

૨. <u>ભગવાનની પ્રસન્નતાને અર્થે સેવા કરવી</u> :

* એક પ્રખ્યાત ગાયકનો સંગીત કાર્યક્રમ એક શહેરમાં ગોઠવાયો હતો. તેના કાર્યક્રમની બધી જ ટિકિટો થોડી જ ક્ષણોમાં વેચાઈ ગઈ. બે દિવસ બાદ કાર્યક્રમ શરૂ થયો ત્યારે ગાયકના પ્રથમ ગીતથી જ લોકો તાળીઓ પાડી ઊઠ્યા, પણ આ ગાયક તો ધીર અને સ્થિર રહ્યા.

બીજું ગીત ગાયું તો લોકોએ Standing ovation (ઉત્સાહભર્યો આવકાર) આપ્યું, છતાં તેના મુખ પર હાસ્ય નહોતું. ત્રીજું ગીત પણ એટલું સરસ ગાયું કે કેટલાંક લોકોએ તો પૈસા ઉડાડ્યા, છતાં આ ગાયકના મુખ પર તેની કોઈ અસર દેખાતી નહોતી.

એક ભાઈએ તેની પાસે જઈ પૂછ્યું, 'લોકો આટલા રાજી થયાં, છતાં તમને આનંદ નથી?' ગાયક કહે, 'બધા રાજી થાય તેનું મારે કામ નથી, પણ પેલી પ્રથમ પંક્તિમાં છેલ્લી બેઠેલ વ્યક્તિ રાજી થતી નથી.' પેલા ભાઈ કહે, 'એક વ્યક્તિ રાજી નથી તો શું થયું ? બીજા બધા તો રાજી છે ને!' ગાયકે ફોડ પાડ્યો, 'મારે તો એકને જ રાજી કરવાનું તાન છે. તે મારા ગુરુ છે.'

આપણી સફળતા કે નિષ્ફળતાનો આધાર લોકો નહીં, પરંતુ ઈષ્ટદેવ અને ગુરુ હોવા જોઈએ. જો આપણા સેવાકાર્યનો ધ્યેય લોકોને રાજી કરવાનો હશે, તો વહેલા-મોડા હતાશા-નિરાશાનો સામનો કરવો પડશે.

* પ્રમુખસ્વામી મહારાજ કહેતા, 'જ્યાં સુધી જગતને રીઝવવાનું તાન હશે, ત્યાં સુધી મૂડ આવશે ને જશે, ભગવાનને રીઝવવાનું તાન હશે તો મૂડ ઊતરશે જ નહીં.'

* વળી, ભગવાનની પ્રસન્નતા માટે સેવા કરીએ તો એકાંતમાં પણ સેવા કરવાનો ઉત્સાહ મંદ પડતો નથી.

સન ૧૯૩૯ની સાલમાં શાંતિ ભગત (પ્રમુખસ્વામી મહારાજનું પાર્ષદ નામ) શાસ્ત્રીજી મહારાજ સાથે બોચાસણ પધાર્યા હતા. તે વખતે બોચાસણ મંદિરની વાડીમાં આવેલી ચૂનાની ભઠ્ઠીને સ્થાને મકાન માટેના પાયા ખોદાઈ ગયેલા. તે પાયા પૂરવાની સેવા શાસ્ત્રીજી મહારાજે સૌ ભક્તોને સોંપેલી. આશરે પચીસેક ભક્તો આ સેવામાં જોડાયેલા. તેમાંના એક હતા - શાંતિ ભગત. શાસ્ત્રીજી મહારાજ પણ સવારે કથા પછી સેવાસ્થળે આવીને બિરાજી ગયા, જેથી સૌને સેવાનો ઉત્સાહ રહે.

પરંતુ થોડીક વાર પછી શાસ્ત્રીજી મહારાજ અન્ય કાર્યો માટે ત્યાંથી ઊભા થયા. તેઓની વિદાય સાથે જ પાયા પૂરવાની સેવામાં 'ગુરુ ગયા ગોકળ ને વાંસે થઈ મોકળ' જેવો ઘાટ થયો. સેવા કરનારા પણ એક પછી એક ગાયબ થઈ ગયા. શાંતિ ભગતની નજર સામે જ આમ થયું, છતાં કોઈના વાદે ન ચઢતાં તેઓ તો સોંપાયેલી સેવા ગુરુહરિને રાજી કરવાના વિચારથી બજાવતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજ થોડા સમય બાદ પોતાનું કાર્ય પતાવી ત્યાં પધાર્યા ત્યારે શાંતિ ભગતને સેવા કરતા જોઈ ખૂબ પ્રસન્ન થયા હતા.

પ્રમુખસ્વામી મહારાજે એક વાર કહેલું પણ ખરું કે 'ગુરુને આપણે રાજી કરવા જ છે એ ધ્યેય હતું.'

૩. <u>પોતાના કલ્યાણને અર્થે જ કરવી</u> :

* ભગવાન અને સંત આ પૃથ્વી પર જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા પધાર્યા છે. તેઓ આ લોકનું પણ સુખ આપવા સમર્થ છે, પરંતુ આપણને બંધન થાય તેથી ન પણ આપે.

તેથી ભક્ત હોવાના નાતે આપણી ફરજ એ છે કે, આપણે સેવા કરી તેમને રાજી કરવા, અને આ લોકનું કાંઈ ન માંગતાં કેવળ જીવના કલ્યાણનો સ્વાર્થ તેમની પાસે રાખીએ.

* લોઢવા ગામની લખુ ચારણે નીલકંઠ વર્ણીની ત્રણ માસ સુધી મહિમાથી સેવા કરેલી. તે રોજ

નીલકંઠ માટે જુદી જુદી રસોઈ તૈયાર કરતી. તેની સેવાથી રાજી થઈ નીલકંઠે વરદાન માંગવા કહ્યું. તો તેણે અજ્ઞાનવશાત્ પોતાનો દીકરો વીરો અને સાઈઠ ભેંસો અમર થાય તેવું માંગ્યું. ભગવાને તેને ત્રણવાર સમજાવી પણ તેણે આ જ માંગ્યું.

◎ એક મોટા છત્રપતિ રાજા ગંભીર માંદગીમાં સપડાયા. ઘણા ઉપચાર કરાવવા છતાં બીમારી મટવાનું નામ લેતી નહોતી. એક ડોશીએ રાજાનું વૈદું કરી ગંભીર રોગ મટાડ્યો. રાજા તેની પર ખૂબ રાજી થયા અને કાંઈક માંગવા માટે કહ્યું. ડોશી કહે, 'આખો દિવસ પોદળા ભેગા કરવામાં મને થાક બહુ લાગે છે, તેથી આખા ગામના પોદળા મારે ઘેર આવી જાય તેવી વ્યવસ્થા કરી આપો.' રાજાને આ સાંભળી હસવું આવ્યું. રાજાને થયું કે આ ડોશી પોતાની સાત પેઢીનું દારિદ્રય ટાળી શકે તેમ હતી, પણ માંગતાં ન આવડ્યું!

❋ આપણે પણ ઘણી વાર સેવા કરીને ભગવાન પાસે આ લોકની તુચ્છ વસ્તુઓ માંગીએ છીએ. કો'ક પરદેશ જવાના આશીર્વાદ માંગે તો કો'ક નીરોગી થવાના, કો'ક સંપત્તિ માંગે તો કો'ક સંતતિ. ભગવાન-સંત તો મોક્ષ આપવા આવ્યા છે, તો તેમની પાસે મોક્ષ જ માંગવાનો હોય. મોક્ષ એટલે ભગવાનનો અપાર અને શાશ્વત આનંદ, પછી બીજું શું મેળવવાનું બાકી રહે ?

◎ કેસર ભગત નામના એક હરિભક્ત મોજીદડ મંદિરમાં રહી સેવા-ભક્તિ કરતા. તેમને પેટમાં ખૂબ દુઃખાવો થતો. ઘણા ઉપચાર કરવા છતાં તે ન મટ્યું. તે દિવસોમાં યોગીજી મહારાજ મોજીદડ પધાર્યા. યોગીજી મહારાજે તેમના સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી, એટલે કેસર ભગતે યોગીજી મહારાજના પગ પકડી કહ્યું, 'આ દરદ મટાડવું આપના હાથમાં છે, પરંતુ મારે તે મટાડવું નથી. મારે રોગ નહીં, ભવરોગ મટાડવો છે. માટે મને ધામમાં લઈ જાવ.'

યોગીજી મહારાજ પણ આ સેવકની આવી ઉચ્ચ સમજણથી રાજી થયા.

❋ ૧૯૯૪માં વિદ્યાનગરમાં એક સંમેલનમાં પ્રમુખસ્વામી મહારાજે જીવનભર કરેલી સેવાના ગુણગાન ગવાયા, ત્યારે સ્વામીબાપા કહે, 'મેં જે કર્યું છે, તે મારા જીવના કલ્યાણ માટે કર્યું છે.'

સત્પુરુષને આપણી માફક સેવા દ્વારા કલ્યાણ સાધવાનું નથી. તેઓ તો અનાદિ સિદ્ધ જ છે, છતાં તેઓ જો આવી ભાવના રાખતા હોય, તો આપણે તો રાખવી જ રહી!

૪. <u>ભક્તિએ કરીને સેવા કરવી</u> :

❋ ભક્તિ એટલે ભગવાનમાં અનન્ય પ્રેમ. પ્રેમભાવથી કરેલી સેવા ભગવાનને મન વસી જાય છે, અને ભાવ વિના કરેલી સેવાનો તેમને મન કોઈ અર્થ નથી. તેવી સેવા ફક્ત દેખાવ બની રહે છે.

◎ એક વાર એક ભક્તને સાત-આઠ શાલિગ્રામ વંશપરંપરાથી મળેલા. રોજ તેને નવરાવે, ભોગ ધરાવે, એમ સેવા-ભક્તિ કરે. એક પ્રસંગે તેને સવારે વહેલા નીકળવાનું હતું. તેથી દીકરાઓને સેવા-પૂજા કરવાનું કહી તે ચાલી નીકળ્યો. કામ પૂરું કરીને પાછો આવ્યો ત્યારે શાલિગ્રામ સેવા-પૂજા કર્યા વગરના એમ ને એમ જ જોયા. તેથી તેણે દીકરાઓને પૂછ્યું, 'અરે તમે ઠાકોરજીની સેવા-પૂજા કરી નથી કે શું ?' છોકરાઓએ ટૂંકો જવાબ વાળ્યો, 'બાપુજી ! ભૂલી ગયા.' પિતા કહે, 'એટલે એ લપ તો મારે માથે જ રહી ને !'

આવી સેવા એકડા વિનાના શૂન્ય જેવી થઈ રહે.

❋ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

'સખી ભૂધર ભૂખ્યો છે ભાવનો,
અવિલોકી રે, જુએ અંતરની આશ કે...'

(ભૂધર = ભગવાન, અવિલોકી = જોનારા ભગવાન)

❋ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને સેવાધર્મનો આદર્શ પૂરો પાડ્યો છે. ફક્ત ઠાકોરજીની સેવા નહીં, પરંતુ કથાવાર્તા, પધરામણી, પત્રલેખન, મુલાકાત, મંદિરોનાં બાંધકામ વગેરે તમામ સેવામાં તેમની

ભક્તિ નીતરતી. તેમની પ્રત્યેક સેવામાં ભક્તિભાવ જોઈ મોટા મોટા દિગ્ગજો પણ પ્રભાવિત થતા.

ગઢડામાં ઊજવાયેલા સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ વખતે, તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા બજાવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી બોલી ઊઠ્યા કે, 'પ્રમુખસ્વામી મહારાજના ભાગ્યમાં મંદિરમાં ચણાતી દીવાલમાં ઈંટ મૂકવાની સેવા આવે, તો તે ઈંટ પણ એવી રીતે મૂકે કે જાણે ભગવાનના મસ્તકે મુગટ પહેરાવતા ન હોય!'

* મહંત સ્વામી મહારાજ પણ એટલા જ પ્રેમથી, એવી જ શ્રદ્ધાથી દરેક પ્રકારની સેવા કરતા હોય છે. રોજ રોજ પત્રવ્યવહાર દ્વારા અનેક પ્રકારના પ્રશ્નો વાંચી-સાંભળી જવાબ આપવામાં, સહી કરવામાં ગમે તેવી વ્યક્તિ આળસી જાય તે સ્વાભાવિક છે.

એક વાર ભાવનગરમાં સ્વામીશ્રી સમક્ષ પત્રોનો ગંજ ખડકાયો હતો. આ જોઈ યોગવિજય સ્વામીએ પૂછ્યું, 'આપને આટલા બધા પત્રોમાં સહી કરતાં કંટાળો નથી આવતો ?' સ્વામીશ્રી ના પાડતાં કહે, 'મને સહેજ પણ કંટાળો નથી આવતો.' થોડા દિવસો પૂર્વે સેવક સંતે આવો જ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેઓ કહે, 'ઠાકોરજીની ભક્તિ થાય ને!'

સ્વામીશ્રીની સર્વ ક્રિયા ભક્તિમય!

૫. <u>માન તજીને સેવા કરવી</u> :

* જીવમાત્રની એક સ્વાભાવિક નબળાઈ એ છે કે તે સેવા કરતાં પણ માનનો સ્વાદ મૂકી શકતો નથી. જેમ કૂતરું સૂકા હાડકાને કરડે છે, તેથી તેનું મોઢું છોલાઈને લોહી નીકળે છે, ત્યારે કૂતરું એ હાડકામાંથી લોહી નીકળ્યું એમ સમજીને સ્વાદ માણે છે, પણ હકીકતમાં પોતાનું જ મોઢું છોલાયું છે. તેમ માનનો સ્વાદ આપણા પોતાના સુખને ભોગે જ આવે છે. તેથી કોઈ વખાણે તેવી અપેક્ષા સાથે સેવા ન કરવી. નહીંતર કોઈ નહીં વખાણે તો મૂંઝવણ થશે. માન માટે કરેલી સેવાનું કોઈ ફળ મળતું નથી.

* નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

'માન મોટો છે અરિ અજિત,
સમજીને સંગ તજો.' (અરિ=દુશ્મન)

* ઝેકોસ્લોવેકિયા દેશના પ્રોફેસર યોરોસ્લાવ ફ્રીચ વિશ્વના અતિ બુદ્ધિશાળી લોકોમાંના એક હતા. રશિયા, ઈરાન વગેરે ૭૦ દેશોમાં તેમણે કાર્ય કરેલું.

ફ્રીચ સાહેબે ગાંધીનગર અક્ષરધામમાં મલ્ટીમિડિયા શો તૈયાર કરવાની સેવા પણ કરેલી. આ શો તૈયાર કરવા નિમિત્તે તેઓ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં પણ આવેલા. આખો મલ્ટીમિડિયા શો તૈયાર થઈ ગયો, પરંતુ ફિલ્મમાં કોઈ ઠેકાણે ફ્રીચ સાહેબે પોતાનું કે પોતાની કંપનીનું નામ મૂક્યું નહોતું. આથી સંતોએ તેમને પૂછ્યું કે 'જગતમાં તો કોઈ માણસ પાંચ મિનિટની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવે, તો એમાં પણ પોતાના ડાયરેક્ટર, એક્ટર, મ્યુઝિશિયન વગેરેનાં નામ રાખે; ને તમે આટલું મોટું કાર્ય કર્યું છતાં તમારું નામ કેમ નથી ?'

ફ્રીચ સાહેબ કહે, 'I am not a fool to write my name.' મારે નામ લખીને મૂરખ નથી થવું. આ આખા અક્ષરધામ સંકુલમાં તેના રચયિતા પ્રમુખસ્વામી મહારાજના નામની એક પણ તકતી મેં જોઈ નથી. વળી, આ સંકુલની રચનામાં ઘણા સંતો-હરિભક્તોનો ફાળો હોવા છતાં કોઈનાય નામની મેં તકતી જોઈ નથી, તેમાંથી હું આટલી તો પ્રેરણા લઉં!'

ગુણાતીત સત્પુરુષોએ પોતે તો આજીવન નિર્માની થઈને સેવા કરી છે, પરંતુ તેમના યોગમાં આવનારા અનેક સંતો-ભક્તો-મુમુક્ષુઓને આ રીતે સેવા કરવા પ્રેરણા આપી છે.

* આપણે પણ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જણાવ્યું તે પ્રમાણે (૧) પોતાનું મોટું ભાગ્ય માનીને (૨) ભગવાનની પ્રસન્નતાને અર્થે (૩) પોતાના કલ્યાણને અર્થે (૪) ભક્તિએ કરીને અને (૫) માન તજીને સેવા કરી શકીએ તે પ્રાર્થના.

૩. વચનામૃત : ગઢડા મધ્ય-૪૯ : ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે, તેનું; કથા-કીર્તનાદિકમાં તૃપ્તિ ન થાવાનું.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૪૯મું : ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે, તેનું; કથા-કીર્તનાદિકમાં તૃપ્તિ ન થાવાનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના ફાગણ સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર મેડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘમાં ધોળાં પુષ્પનો હાર લટકતો મૂક્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **'પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે.** પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે; કેમ જે, માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંત કોટિ કલ્પ સુધી નરક-ચોરાસીને વિષે ભમે છે. અને જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેનાં બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે...'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૪૯મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

- **વચનામૃતનો મહિમા :**

❋ આ વચનામૃત નાનું છે પણ સાધનાની દૃષ્ટિએ બહુ અગત્યનું છે. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ આ વચનામૃત તેમના શિષ્ય યોગેશ્વરદાસ સ્વામી પાસે ૧૧ વખત વંચાવેલું. સ્વામીને આ વચનામૃતનો મર્મ તેમના શિષ્યને

આ રીતે દૃઢ કરાવવો હશે.

● **પ્રગટનો સિદ્ધાંત :**

❊ શ્રીજીમહારાજે આપણને સમજાવ્યું છે કે ભગવાન સદાય પૃથ્વી પર પ્રગટ રહે છે. તેઓ કદી પૃથ્વી પરથી જતા નથી. **વચનામૃત ગઢડા મધ્ય-૨૧**માં કલ્યાણનો મુદ્દો બતાવતાં તેઓ કહે છે કે, 'જેવું પરોક્ષ ભગવાનનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાનનું સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નથી. આ વાર્તા એકવાર કહ્યે સમજો કે લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે.'

લાખ વર્ષ પછી પણ પ્રત્યક્ષ ભગવાનનો મહિમા સમજવાનો છે, એવી વાત શ્રીજીમહારાજે કરી છે. તેનો અર્થ એ છે કે તેઓ લાખ વર્ષ પછી પણ પ્રગટ રહેવાના જ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ પણ ૫/૬૭મી વાતમાં આ જ ભાવની વાત કરતાં કહ્યું કે, 'હું તો ચિરંજીવી છું, ને તમારા બધાના દેહ પાંચ-દસ વરસમાં પડી જશે.'

ટૂંકમાં, શ્રીજીમહારાજ અનંત જીવોના કલ્યાણ માટે ગુણાતીત સંત દ્વારા પૃથ્વી પર પ્રગટ રહેવાના જ છે.

❊ શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં જ્યાં-જ્યાં કલ્યાણ માટે નિષ્ઠા, આશરો કે ઉપાસનાની વાતો કરી ત્યાઁ 'પ્રત્યક્ષ ભગવાન' અથવા 'પ્રગટ ભગવાન' એવા શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેથી જ એવું કહી શકાય કે વચનામૃત પ્રગટના ઉપાસકોનો (પ્રગટ ભગવાનની ઉપાસના કરનારનો) ગ્રંથ છે.

● **પ્રગટ ભગવાનને ઓળખવા કઠણ :**

❊ પ્રગટ ભગવાનનો મહિમા શાસ્ત્રોમાં ખૂબ કહેવાયો છે પરંતુ તેમને ઓળખવા સહેલી બાબત નથી. ઈતિહાસ સાક્ષી છે કે ભલભલા લોકો ભગવાન પ્રગટ હોય ત્યારે તેમને ઓળખવામાં થાપ ખાઈ ગયા છે.

❊ તુલસીદાસજી રચિત રામચરિતમાનસમાં ત્રણ વિશિષ્ટ સંવાદો છે.

૧. શિવજી અને પાર્વતીજીનો સંવાદ -

સીતાજીનું હરણ વનમાં થયું તેથી ભગવાન શ્રીરામચંદ્ર વિરહથી વ્યાકુળ થયા હતા. આના સંદર્ભમાં પાર્વતીજીના મનમાં સંશય થયો કે દશરથપુત્ર રામ, ભગવાન કઈ રીતે હોઈ શકે? સ્ત્રીના વિરહમાં ભગવાનની મતિ બાવરી(વ્યાકુળ) કઈ રીતે થાય? પાર્વતીજી ભગવાન શ્રીરામનાં ચરિત્રોમાં મોહ પામ્યાં. તેઓ ભગવાનને ઓળખી ન શક્યાં. પછી શિવજીએ તેમનો સંશય ટાળ્યો.

૨. યાજ્ઞવલ્ક્ય અને ભારદ્વાજ ઋષિનો સંવાદ -

ભારદ્વાજ ઋષિને પણ પાર્વતીજી જેવો જ પ્રશ્ન થયો કે સ્ત્રીના વિરહમાં દુ:ખી થનાર, ક્રોધમાં આવી રાવણને મારનાર રાજા શું ભગવાન છે? શું ભગવાન મનુષ્યરૂપે આવી શકે? પછી યાજ્ઞવલ્ક્ય ઋષિએ તેમનો સંશય ટાળ્યો.

૩. કાકભુશુંડિ અને ગરુડજી -

રાવણ સાથેના યુદ્ધમાં ભગવાન શ્રીરામ નાગપાશથી બંધાયા હતા. આ સમયે ગરુડજીએ શ્રીરામને નાગપાશથી મુક્ત કર્યા. પણ ગરુડજીને સંશય થયો કે ભગવાન નાગથી બંધાય ખરા? શું શ્રીરામ ભગવાન હોઈ શકે? તેવો તેમને સંશય થયો. પછી કાકભુશુંડિએ તેમનો સંશય ટાળ્યો.

◎ ભગવાન શ્રીકૃષ્ણને જરાસંધ, શિશુપાળ, દુર્યોધન વગેરે ન ઓળખી શક્યા.

શિશુપાળનાં લગ્ન રુક્મિણી સાથે થવાનાં હતાં. પણ શ્રીકૃષ્ણ ભગવાને રુક્મિણીનું હરણ કર્યું, તેથી શિશુપાળને શ્રીકૃષ્ણ સાથે વેર બંધાયું. શ્રીકૃષ્ણ ભગવાન તેની ફોઈના દીકરા હતા, પણ શિશુપાળ ભગવાનને પાખંડી જાણતો. તે ભગવાનને ઓળખી ન શક્યો અને રાજસૂય યજ્ઞ વખતે તેણે ભગવાનનું ખૂબ અપમાન પણ કરેલું.

* ભગવાન સ્વામિનારાયણ અક્ષરધામથી આ લોકમાં પ્રગટ થયા ત્યારે પણ કેટલાક લોકો તેમને ઓળખી નહોતા શક્યા. માયિક બુદ્ધિ ભગવાનને ઓળખવામાં આડી આવતી.

રામાનંદ સ્વામીના આશ્રમમાં રઘુનાથદાસ નામે એક સાધુ હતો. તે ફક્ત નામનો જ સાધુ હતો. તેનું કલ્યાણ બગડે નહીં તેથી રામાનંદ સ્વામી તેને નભાવતા હતા. પણ રઘુનાથદાસને તો એમ જ લાગતું કે હું રામાનંદ સ્વામીનો વારસદાર છું. તે જ અરસામાં ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણીરૂપે લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં પધાર્યા. રામાનંદ સ્વામી જાણતા હતા કે નીલકંઠવર્ણી સાક્ષાત્ ભગવાન છે. તેથી તેમને દીક્ષા આપી અને સંપ્રદાયની ધુરા પણ સોંપી. અનેક પ્રસંગે રામાનંદ સ્વામીએ તેમનો ભગવાન તરીકે મહિમા સમજાવેલો. પણ રઘુનાથદાસ એમ જ સમજતો કે આ તો અયોધ્યાનો આવેલો નાનો છોકરો છે. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી પણ તેણે શ્રીજીમહારાજ માટે ખોટો અપપ્રચાર ચાલુ રાખેલો. અહંકારના મદમાં તે ભગવાનને ક્યારેય ન ઓળખી શક્યો. આગળ જતાં તેને સત્સંગમાંથી વિમુખ થવું પડ્યું.

* એક પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજ પાસે આણંદની ખેતીવાડી કોલેજના એક પ્રોફેસર આવ્યા. તેમણે કેરીની નવી જાત વિકસાવેલી. પ્રમુખસ્વામી મહારાજે તેઓના આ કાર્ય માટે ખૂબ પ્રશંસા કરી. તે પ્રોફેસર કહે, 'સ્વામીજી, મને કોઈ સમજતું જ નથી, આપ એક સમજનારા મળ્યા.'

સ્વામીબાપા કહે, 'સાહેબ, અમારું પણ એવું જ છે. (અમને પણ કોઈ સમજતું નથી.)'

ખરેખર, ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પધારે અથવા ગુણાતીત સત્પુરુષ દ્વારા પ્રગટ હોય, ત્યારે તેમને ઓળખવા ખૂબ કઠણ છે.

* ભગવાન અને સંત પોતાનાં અપાર ઐશ્વર્ય, સામર્થ્ય, તેજ અને દિવ્યતાને છુપાવીને મનુષ્યની જેમ વર્તે છે. આમ કરવું તેઓ માટે ફરજિયાત છે. તેઓ જો પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરે, તો આપણે તેમની નજીક પણ ન જઈ શકીએ. તેમને વિષે હેત પણ ન થાય.

અર્જુન શ્રીકૃષ્ણ ભગવાન સાથે સખાભાવે જોડાયેલા હતા. પણ મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું વિરાટ સ્વરૂપ અર્જુનને બતાવ્યું, ત્યારે અર્જુન તે જોવા માટે સમર્થ ન થયા. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે, 'ભયથી મારું મન વ્યાકુળ થઈ રહ્યું છે. મને તમારું સૌમ્ય રૂપ જ દેખાડો.' ભગવાને મનુષ્યરૂપ ધારણ કર્યું ત્યારપછી તેમને શાંતિ થઈ.

* નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં કહ્યું,

'અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે.'

આપણા જેવા માયિક જીવો માયા-પર(અમાયિક) એવા ભગવાનને કોઈ રીતે મળી ન શકે. પણ ભગવાન જીવનો ઉદ્ધાર કરવા માટે દયા કરીને મનુષ્યદેહ ધારણ કરે છે.

* ભગવાન અને ગુણાતીત સંત મનુષ્યદેહ ધારણ કરે ત્યારે તેઓ મનુષ્યની જેમ જ વર્તે. શ્રીજીમહારાજ **વચનામૃત પંચાળા-૪**માં કહે છે કે, 'એ ભગવાન મનુષ્યનો દેહ ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે.' તેમનું ખાવું-પીવું, ઊઠવું-બેસવું બધું જ મનુષ્ય જેવું જ દેખાય. મનુષ્યની જેમ જ તેઓ ભૂખ-તરસ, ભય-નિર્ભય, પારકું-પોતાનું, કામ-ક્રોધાદિક સ્વભાવ પોતામાં બતાવે. તેમનું જન્મ-મરણ પણ મનુષ્ય જેવું જ હોય, પણ તેઓ મનુષ્ય નથી.

● પ્રત્યક્ષ ભગવાન અને માયિક આકારને વિષે ઘણો ફેર છે :

* ગુણાતીતાનંદ સ્વામી ૧/૮૭મી વાતમાં કહે છે કે, 'ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, તેમ ભગવાન ને સાધુ પણ મનુષ્ય જેવા જ હોય પણ એ દિવ્ય છે ને કલ્યાણકારી છે.'

❊ બ્રહ્માનંદ સ્વામીએ એક પદમાં ગાયું છે,

'રંગ પીતપણે,

સોનું ને પિત્તળ નવ હોયે એક સરખું.'

સોના અને પિત્તળનો રંગ પીળો હોય, પણ બંનેમાં બહુ ભેદ છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૪૨**માં એવા મતનું ખંડન કર્યું છે જે પ્રગટ ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે. શ્રીજીમહારાજે ત્યાં ગોપીઓ અને ભરતજીનું દૃષ્ટાંત આપ્યું. ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાન સાથે પ્રીતિ કરી તો તે માયાને તરી ગઈ.

બીજી તરફ, ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજીની વાત છે. ભરતજી ભારતદેશના પરાક્રમી રાજા હતા. તેમના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. ભગવાનને પામવા તેમણે રાજ્ય અને સગાંવહાલાંનો ત્યાગ કર્યો. પુલહ ઋષિના આશ્રમમાં ગંડકી નદીના કિનારે તપ કરવા ગયા. પણ ભજન કરતાં કરતાં તેમને એક મૃગલીના બચ્ચાને વિષે હેત થયું. મૃગલીના બચ્ચાનું અખંડ ચિંતન થવાથી એમનું મન મૃગલીના બચ્ચામાં ઓતપ્રોત થઈ ગયું. તેને લીધે તેમને બીજો જન્મ મૃગનો લેવો પડ્યો.

શ્રીજીમહારાજ ગોપીઓ અને ભરતજીનાં દૃષ્ટાંત આપી સમજાવે છે કે ગોપીઓ ભગવાન સાથે જોડાઈ તો તેમનું જન્મ-મરણ ટળી ગયું. બીજી તરફ, ભરતજી મૃગમાં જોડાયા તો જન્મ-મરણ ઊભું રહ્યું. જો ભગવાન અને માયિક આકાર સરખા હોય તો બંનેનું પરિણામ સરખું આવવું જોઈએ, પણ તેવું ન થયું. તે જ દર્શાવે છે કે પ્રગટ ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે.

● **પ્રગટ ભગવાન કઈ રીતે અન્યથી જુદા છે?**

❊ પ્રગટ ભગવાન મનુષ્ય જેવા હોવા છતાં દિવ્ય છે, સર્વગુણે સંપન્ન છે, સમર્થ છે, પણ તે જણાય કેવી રીતે?

કોઈ પણ કેમિકલ એસિડિક છે કે બેઝિક, તે કેવી રીતે ઓળખાય? દેખાવમાં તો સરખાં હોઈ શકે, પણ લિટમસ પેપરથી તરત ખ્યાલ આવે છે કે આ તત્ત્વ એસિડિક અને આ બેઝિક. તેવી જ રીતે બુદ્ધિશાળી છે તે અમુક લક્ષણોથી ઓળખી શકે કે આ પ્રગટ ભગવાન છે, માયાપરના પુરુષ છે, દિવ્ય છે.

❊ આપણે ત્રણ મુદ્દાઓના આધારે ભગવાન અને સંત કેવી રીતે માયિક આકારથી નોખા છે તેને સમજવા પ્રયત્ન કરીશું -

૧. સ્વરૂપથી વિલક્ષણ

૨. સત્કાર્યથી વિલક્ષણ

૩. સદ્‌ગુણોથી વિલક્ષણ

૧. સ્વરૂપથી વિલક્ષણ :

❊ શ્રીજીમહારાજે આપણને **વચનામૃત ગઢડા પ્રથમ**-૭માં સમજાવ્યું કે, જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ - આ પાંચ તત્ત્વોના ભેદ અનાદિ છે. તેમાં અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ માયાથી પર છે, જ્યારે જીવો તથા ઈશ્વરો માયાથી બદ્ધ (બંધાયેલા) છે.

બ્રહ્મ-પરબ્રહ્મના યોગથી જીવો-ઈશ્વરોની મુક્તિ થાય છે. આ વાતને જ દૃઢાવતાં મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથના ૧૦૪ નંબરના શ્લોકમાં જણાવ્યું કે,

તેષુ માયાપરૌ નિત્યમ્ અક્ષરપુરુષોત્તમૌ ।
જીવાનામીશ્વરાણાં ચ મુક્તિસ્તદ્યોગતો ભવેત્ ॥

બીજા શબ્દોમાં કહીએ તો પ્રગટ ભગવાન અને જગતના જીવમાં ઘણો ભેદ છે. સ્વરૂપતઃ તેઓ માયા પરના પુરુષ છે, જ્યારે આપણે માયાથી બદ્ધ છીએ. તેઓ અજન્મા છે, સ્વેચ્છાથી જન્મ ધારણ કરે છે; જ્યારે આપણે પૂર્વકર્મ અનુસાર જન્મ લેવો પડે છે.

❊ તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ મહંત સ્વામી મહારાજનો તારીખ પ્રમાણે જન્મદિવસ છે. સન ૨૦૧૮માં આ તારીખના આગલા દિવસે

અમદાવાદમાં એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું, 'સ્વામી! આવતીકાલે આપનો તારીખ પ્રમાણે જન્મદિવસ છે, તો આપની જન્મજયંતી કેવી રીતે ઊજવવી?' તે સંતે સ્વામીશ્રીને બે-ત્રણ વિકલ્પ આપ્યા, 'નિર્દોષબુદ્ધિથી ઊજવીએ, સંપ-સુહૃદભાવ-એકતાથી ઊજવીએ...' તેમના મનમાં હતું કે સ્વામીશ્રી આમાંથી કોઈક ઉત્તર આપશે. પણ સ્વામીશ્રીએ સ્મિત કરતાં અણધાર્યો ઉત્તર આપ્યો, 'તારીખ-તિથિ એ તો અહીંનું છે. અમે અજન્મા છીએ. બીજાને જન્મ-મરણ છે, અમારે નહીં.'

* યોગીજી મહારાજ 'યોગીગીતા'માં કહે છે, 'કર્મે કરીને સત્પુરુષ નથી ઊપજતા. સત્પુરુષનો ભેદ તો અનાદિનો છે. અક્ષરધામમાંથી આવેલા સત્પુરુષ છે તે જ જીવને તેનાં કર્મનું ફળ આપે છે.'

* દૈનિક અખબાર જન્મભૂમિ-પ્રવાસીના પ્રતિનિધિ શ્રી જીતુ સોમપુરાએ બોરસદ ખાતે સન ૧૯૮૫માં પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'આપને ભગવાનનો સર્વપ્રથમ અનુભવ(સાક્ષાત્કાર) ક્યારે થયો હતો?'
સ્વામીબાપાએ કહ્યું, 'પહેલેથી જ એ અનુભૂતિ છે.'

અર્થાત્ પ્રગટ ભગવાન અનાદિ સિદ્ધ હોય છે. તેઓ સાધન કરીને સિદ્ધ નથી થતા. માયિક જીવ ધર્મ, ભક્તિ આદિ સાધન કરે તો ભગવાનની તેના પર કૃપાદૃષ્ટિ થાય, અને તે માયામાંથી મુક્ત થાય છે.

આ રીતે પ્રગટ ભગવાનનું સ્વરૂપ અન્ય કરતાં જુદું છે.

૨. સત્કાર્યથી વિલક્ષણ :

* જીવો-ઈશ્વરોની મુક્તિ માટે જ બ્રહ્મ-પરબ્રહ્મ મનુષ્યદેહ ધારણ કરી પ્રગટ થયા છે. શ્રીજીમહારાજે જૂના ખરડામાં કહ્યું, 'મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેનેકે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં.'

* વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીને એક મોહનદાસ નામે સાધુ મળ્યા. નીલકંઠે તેમને પૂછ્યું : 'સાધુરામ ! તમે કોણ છો અને આ ઘોર જંગલમાં કયા ઉદ્દેશથી ફરો છો ?' ત્યારે મોહનદાસ કહે : 'બ્રહ્મચારીજી ! હું હિમાલયની તળેટીમાં જતાં માર્ગ ભૂલ્યો છું, પણ આપ આવા ભયંકર અને નિર્જન વનમાં આ કિશોરવયમાં શા સારુ નીકળી પડ્યા છો ?' ત્યારે નીલકંઠ બોલ્યા, 'હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.'

પ્રગટ ભગવાન અન્યની મુક્તિ માટે વિચરે છે, જ્યારે જીવો પોતાની મુક્તિ માટે પ્રયત્નશીલ છે.

* સન ૧૯૫૭માં યોગીજી મહારાજ એકવાર ભેંસદડ પધારેલા. અહીં ગામના કૂવે સ્નાન કરવા પધાર્યા ત્યારે યોગીજી મહારાજ યુવકોને કહે, 'જે જે યુવકોને તરતાં આવડતું હોય તે તરી બતાવો.' પછી જેને આવડતું હતું તે બધાએ ઉત્સાહથી કૂવામાં તરી બતાવ્યું. પછી રમેશભાઈ દવે કહે, 'બાપા, આપને તરતાં આવડે ?'

યોગીબાપા કહે, 'ના, મને તરતાં નથી આવડતું, તારતાં આવડે !'

ભવસાગરમાં ડૂબકાં ખાઈ રહેલા અગણિત જીવોને તારતાં, તેમનો મોક્ષ કરતાં સત્પુરુષને આવડે છે. આવું સામર્થ્ય બીજાનું ન હોઈ શકે.

૩. સદ્‌ગુણોથી વિલક્ષણ :

* શ્રીજીમહારાજ અને ગુરુપરંપરા અનેક સદ્‌ગુણોના ધારક છે. તેમણે આ સદ્‌ગુણો કેળવેલા કે મેળવેલા નથી. તેને આત્મસાત્ કરવા માટે તેમને કોઈ પુરુષાર્થ નથી કરવો પડ્યો. એ ગુણો સાધનાસિદ્ધ નથી, સહજસિદ્ધ છે.

શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૧૩માં** પોતાની ઉચ્ચ સ્થિતિ દર્શાવતાં પૂર્વે કહ્યું કે, 'મારે

સહજ સ્વભાવે એમ વર્તે છે...'

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

'ગુણે કરી અધિક છો સૌથી,

ગુણ સ્વાભાવિક છે આવ્યા નથી.'

જેમ પુષ્પમાં સુગંધ સ્વાભાવિક છે, પુષ્પ ખીલે ત્યારથી સુગંધ હોય. જેમ શેરડીમાં મીઠાશ સહજ છે, શેરડી ઊગે ત્યારથી મીઠાશ હોય; તેમ ભગવાન અને સંતમાં સદ્ગુણો સહજ છે.

* બીજું, તેમના જીવનમાં સદ્ગુણો સતત રહ્યા છે. અમુક કલાકો, દિવસો કે મહિનાઓની તેમાં સમય મર્યાદા નથી.

મહંત સ્વામી મહારાજને ઠાકોરજીની સેવા-ભક્તિનો જેવો ઉમંગ યોગીજી મહારાજના યોગમાં હતો, તેવો ને તેવો જ ઇશક આજે છ-છ દાયકા પછી પણ જોવા મળે છે. તેમના જીવનમાં જે તપ, ત્યાગ અને પંચવિષયમાં અનાસક્તિ પૂર્વે હતી, તેવી જ ભાવના આજે પણ દૃશ્યમાન છે.

વજનદાર પથ્થર કદાચ એકાદ કલાક ઊંચકી શકાય, દિવસો કે અઠવાડિયા સુધી નહીં. તેમ આ સદ્ગુણોને કાયમી ટકાવી રાખવા કઠણ છે. પરંતુ એ જ સદ્ગુણો સત્પુરુષને સહજ વરેલા છે, તેથી તે ક્યારેય તેમનાથી છૂટા પડતા નથી.

* ભગવાન અને સંતના સદ્ગુણોમાં અહંનો લેશ નથી, તે દિવ્ય છે, માયાપરના છે. આ વાતને શ્રીજીમહારાજના અતિ પ્રામાણિક અને પવિત્ર સંતોએ પણ કબૂલી હતી. **વચનામૃત ગઢડા મધ્ય-૫૫**માં સંતો મહારાજને કહે છે, 'હે મહારાજ! તમારે વિષે તો માયિક ગુણોનો ભેગ હોય જ નહીં, તમે તો કૈવલ્યમૂર્તિ છો.'

* શ્રીજીમહારાજ અને ગુરુપરંપરામાં એક-બે નહીં, પરંતુ અનેક સદ્ગુણો રહેલા છે. તેઓ સદ્ગુણોનો ભંડાર છે.

સન ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે આફ્રિકા મંડળના હરિભક્તોને કહેલું, 'આ જોગી મહારાજમાં સંતના જે ચોસઠ લક્ષણ કહ્યા છે તે તો છે જ અને એથી ઉપરાંત બીજા પણ અનંત ગુણ છે. અનંતકોટિ બ્રહ્માંડમાં યોગીમહારાજ જેવા સંત નથી.' બીજા એક પ્રસંગે શાસ્ત્રીજી મહારાજે એમ પણ કહેલું કે, 'વ્યાસજીએ ભાગવતમાં જે સંતના ગુણ લખ્યા છે તેમાં ભૂલથી રહી ગયા હોય તે ગુણો પણ યોગીજી મહારાજમાં છે. એ ગુણાતીત પુરુષ છે.'

* છેલ્લે, એમના સદ્ગુણોના ચિંતવનથી અન્ય જીવો પણ ગુણિયલ બને છે. શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૩૧**માં કહે છે કે, 'નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મના ગુણ જીવને વિષે આવે છે.'

આ સત્સંગમાં અનેક ભક્તો છે જે સત્પુરુષના યોગમાં આવ્યા પછી, સત્પુરુષના સદ્ગુણોના મનન-ચિંતનથી પોતાના જીવનમાં પરિવર્તન આણી શક્યા છે. સત્સંગમાં ઉત્તરોત્તર પ્રગતિ થયાનો તેમને અનુભવ છે.

* ઉપરોક્ત તમામ મુદ્દાઓ સ્પષ્ટ કરે છે કે ભગવાન અને સંત મનુષ્યેતર વિભૂતિ છે. જગતના જીવોથી બ્રહ્મ-પરબ્રહ્મ નોખા છે, વિલક્ષણ છે.

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં જણાવે છે કે આવી રીતે જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા કે ચિંતવન કરનારા છે તેને બહુ મોટો લાભ થાય છે. તે કાળ, કર્મ, માયાના બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે.

● **પ્રગટ ભગવાનના નિશ્ચયની દૃઢતા :**

* આપણને પ્રગટ ભગવાનનો નિશ્ચય છે. વર્તમાનકાળે શ્રીજીમહારાજ મહંત સ્વામી મહારાજ દ્વારા કાર્ય કરી રહ્યા છે તે આપણે સ્વીકારીએ છીએ. હવે આ નિશ્ચયને વધુ ને વધુ દૃઢ કરવાનો છે.

* આપણે કેટલીક વાર નિશ્ચયમાં અનિશ્ચયના ઘાટ કરી ભૂલ કરીએ છીએ. એકવાર પ્રગટ ભગવાનનો નિશ્ચય થઈ ગયો, ત્યારપછી તેમને

ફરીથી મૂલવવાની જરૂર નથી. તેમના સ્વરૂપમાં શંકા કરવાની જરૂર જ નથી, પણ ઘણીવાર થઈ જાય છે.

દા.ત. આંબા શેઠે શ્રીજીમહારાજનો ભગવાન તરીકેનો નિશ્ચય કરેલો. મહારાજ માટે 'ન્યાલકરણ, ન્યાલકરણ' શબ્દ પણ બોલતા. પણ મહારાજનું મનુષ્યચરિત્ર જોઈ ફરી તેમની મૂલવણી કરવા લાગ્યા કે 'આ ભગવાન હોઈ શકે?'

ભગવાન અને સત્પુરુષનાં તમામ ચરિત્રો કલ્યાણકારી જ સમજવાં; એટલે કે, તેમની પ્રત્યેક ક્રિયા કોઈ ને કોઈ ભક્તને મોક્ષમાર્ગે પ્રગતિ કરાવવા માટે જ હોય છે (**વચનામૃત ગઢડા પ્રથમ-૭૨**). તેમાં કાંઈ વિચારવા ન બેસવું.

❊ આપણે એકવાર નિર્ણય થઈ ગયો કે આ લીમડો તે લીમડો જ છે, પછી તે લીમડો સુકાઈ જાય છતાં તેનો નિશ્ચય ન ટળે. તેમ પ્રગટ ભગવાનનો નિશ્ચય કરી લીધો, પછી તેઓ ગમે તેવાં ચરિત્ર કરે છતાં તે નિશ્ચય ટળવો ન જોઈએ. સત્સંગ કરીને તે નિશ્ચયને વધુ દૃઢ કરતા જવું.

એ પ્રમાણે કરી શકીએ તે મહારાજ-સ્વામીના ચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

૧. વચનામૃત : ગઢડા મધ્ય-૪૯ : ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે તેનું - કથાકીર્તનાદિકમાં તૃપ્તિ ન પામવાનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૪૯મું - ભગવાન અને માયિક આકારમાં ઘણો ફેર છે તેનું - કથાકીર્તનાદિકમાં તૃપ્તિ ન પામવાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના ફાગણ સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર મેડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પાઘમાં ધોળાં પુષ્પનો હાર લટકતો મૂક્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે. પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે; કેમ જે, માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંત કોટિ કલ્પ સુધી નરક-ચોરાસીને વિષે ભમે છે. અને જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેનાં બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે.'

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૪૯મું વચનામૃત થયું.

❋ ભારતની ભૂમિ એ ભગવાનની ભૂમિ છે. આ ધરતી ઉપર સમયે-સમયે ભગવાન સાક્ષાત્ પ્રગટ થાય છે. ભક્તને લાડ લડાવવા અને ધર્મનું સ્થાપન કરવા ભગવાન પોતે ધામમાં રહ્યા થકા અહીં પૃથ્વી પર સદેહે અવતાર ધારણ કરે છે.

❋ એક વાર અકબરે બિરબલને કહ્યું : 'તમારા હિંદુઓના ભગવાન બહુ સમર્થ નહીં, કારણ કે તેઓને તો આ પૃથ્વી પર જન્મ લેવો પડે છે. પોતાના ધામમાં બેઠાં બેઠાં તેઓ કલ્યાણ કરી શકતા નથી.' બિરબલ તે સમયે કાંઈ ન બોલ્યો.

થોડા દિવસ બાદ અકબર પોતાના પરિવાર સાથે નદીમાં સહેલ કરવા નીકળ્યો. બિરબલ પણ સાથે હતો. બિરબલે અચાનક શાહજાદાને ધક્કો મારીને નદીમાં ફેંકી દીધો. અકબર તરત જ પોતાના દીકરાને બચાવવા નદીમાં કૂદી પડ્યો. થોડી વારમાં પુત્રને લઈને અકબર નાવમાં આવ્યો. ક્રોધાવેશમાં આવીને તેણે બિરબલને કહ્યું : 'તેં આ શું કર્યું ?' બિરબલે ઠંડા કલેજે કહ્યું : 'તમારા પ્રશ્નનો જવાબ આપું, તે પહેલાં મને કહો કે તમારો પુત્ર નદીમાં ડૂબતો હતો, ત્યારે તમે પોતે નદીમાં કેમ પડ્યા ? મને, નાવિકને કે બેગમને કેમ ન કહ્યું ?'

અકબરે વધુ ગુસ્સે થઈ કહ્યું : 'પુત્ર મારો હતો, તે મારે જ બચાવવો પડે ને !' બિરબલ કહે : 'બસ હું પણ એ જ કહેવા માંગું છું. અમારા હિંદુઓના ભગવાને સમસ્ત માનવજાતને પોતાનાં સંતાન માન્યા છે. તેથી જ પોતાનાં સંતાનો સંસાર-સાગરમાં પડ્યા હોય-ડૂબતા હોય, તો તેને બચાવવા તેઓ પોતે જ આવે છે.'

* પ્રેમાનંદ સ્વામીએ પણ ભગવાનના અવતરણના પ્રયોજનને વર્ણવતાં લખ્યું છે :

નરનારી અગણિત અથડાતાં,
ભવસાગરમાં ડૂબકા ખાતાં,
બળવંત બાંહ ગ્રહીને કાઢ્યા બારણે રે..

● **એ ભગવાન કેવા છે ?**

* **યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**

(ગીતા : ૧૫/૧૮)

'ભગવાન ક્ષર-અક્ષરથી પર અને ઉત્તમ છે.'

* **નીલગિરિ તણી શાહી રાખી મોટા સમુદ્રે,**
કલમ સુરતરુની કાગળો પૃથ્વી રૂપે;
સતત લખતી દેવી શારદા સર્વકાલે,
પ્રભુ તુજ ગુણ કેરો પાર તોયે ન આવે.

જેના મહિમાને અગમ-નિગમ (શાસ્ત્રો) પણ 'નેતિ નેતિ' કરીને ગાય છે, એવા અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ ભગવાન આ પૃથ્વી પર મનુષ્યદેહ ધારણ કરે છે, ત્યારે પોતાનું બધું ઐશ્વર્ય - સામર્થ્ય ઢાંકીને સામાન્ય જેવા થઈને રહે છે.

* **વચનામૃત પંચાળા-૪** મુજબ, જેમ મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, મદ, મત્સર ઇત્યાદિક સ્વભાવ છે, તેમ આ સર્વે સ્વભાવ ભગવાન મનુષ્ય દેહને ધારે ત્યારે તેમાં જણાય છે.

રામચંદ્રજી સીતાજીના વિરહમાં રડવા લાગ્યા હતા.

મહાભારતમાં પાંડવો પ્રત્યેના પ્રેમને કારણે શ્રીકૃષ્ણ ભગવાને ધર્મને નેવે મૂકીને કૌરવ યોદ્ધાઓને હણાવ્યા.

* આ રીતે પૃથ્વી પર અવતાર ધારણ કરીને ભગવાન પણ મનુષ્ય જેવા જ સ્વભાવ ગ્રહણ કરતા હોવાથી આપણે ભગવાનને આપણા જેવા જ સમજી બેસીએ છીએ, પણ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે : 'પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિશે ઘણો ફેર છે.'

* ઈલેક્ટ્રિકના વાયર જોવામાં સરખા લાગે, પણ એક વાયર 'Dead' હોય અને બીજામાં ૪૪૦ વોલ્ટનો પાવર વહેતો હોય, જેનાથી આખું ગામ ઝગારા મારતું હોય.

* એટલે જ બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે :

રંગપીતપણે સોનું ને પીત્તળ, ન હોયે એક સરખું...

■ **કેટલીક વસ્તુ દેખાતી હોય, પણ વાસ્તવમાં તે ન હોય :**

જેમકે,

- પાણીના ગ્લાસમાં રાખેલી પેન્સિલ વાંકી લાગે, પણ છે નહિ.

- સૂર્ય અને ચંદ્ર આપણી સગી આંખે કેવડા લાગે છે ? હકીકતમાં એવડા છે ?

- બાજુની ટ્રેન ચાલે ને આપણને લાગે કે આપણી ટ્રેન ચાલુ થઈ.

આવું, કેટલુંય અનુભવાય છે. આપણી આંખ જે જુએ છે, તેના કરતાં હકીકત કાંઈક જુદી હોય છે.

બસ, ભગવાન અને સંતને વિશે પણ આવું જ છે.

■ **ભગવાનની ક્રિયા ભલે મનુષ્ય જેવી દેખાય છતાં એમાં જમીન-આસમાનનો ફરક છે :**

* એક વાર એક મિકેનિક પોતાના ગેરેજમાં એક બગડેલી ગાડીમાંથી તેના ઍન્જિનનું સિલિન્ડર બહાર કાઢી રહ્યો હતો. ત્યારે શહેરના ખ્યાતનામ હૃદયના ડૉક્ટર તેના ગેરેજમાં પોતાની ગાડી રીપેર કરાવવા આવ્યા.

મિકેનિકે દૂરથી બૂમ પાડી કહ્યું : 'અરે ! ડૉક્ટર સાહેબ, જરા અહીં આવશો ?' પ્રખ્યાત ડૉક્ટર, આશ્ચર્ય સાથે મિકેનિક પાસે ગયા.

મિકેનિક એક કપડાના ગાભાથી હાથ લૂછતાં લૂછતાં બોલ્યો, 'જુઓ ડૉક્ટર સાહેબ, હું પણ (બગડેલી ગાડીઓનાં) હૃદય ખોલું છું. વાલ્વ કાઢી નાખું છું. તેમની મરમ્મત કરું છું. નવા ભાગ ફરી પાછા બેસાડું છું અને મારું કામ પત્યા પછી ગાડીને

નવું સ્વરૂપ, નવું જીવન મળે છે. તો આપણા કામ વચ્ચે આટલી બધી સમાનતા હોવા છતાં તમને આટલા બધા રૂપિયા શી રીતે મળે છે ?!'

ડૉક્ટર ફક્ત થોડું ઝૂક્યા અને બોલ્યા, 'ક્યારેક આ બધું તું ગાડીના ચાલુ ઍન્જિને કરવાનો પ્રયત્ન કરી જોજે.' મિકેનિક આ સાંભળીને ચૂપ થઈ ગયો.

ભલે, ક્રિયા બહારથી દેખાય સરખી, પણ તેમાં કેટલો તફાવત છે ? એમ, ભગવાન અને સંતની જાત જ જુદી છે.

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે તે મુજબ જે અજ્ઞાની જીવ છે, તે ભગવાનને તથા માયિક આકારને સરખા જાણે છે.

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥

(ગીતા : ૯/૧૧)

'જે મૂઢ છે તે ભગવાનના એવા પરમભાવને જાણ્યા વિના ભગવાનને વિશે પોતાના જેવા મનુષ્યના ભાવને પરઠે છે.'

❊ શિશુપાળ એવો મૂઢ નર હતો, તેથી તે કહેતો કે, 'કૃષ્ણ તો પાખંડી છે. કેમ જે, જન્મ થયો ત્યાંથી પ્રથમ તો તેણે એક સ્ત્રી મારી, પછી બગલો-વાછરડો માર્યો અને મધના પૂડા ઉખેડ્યા, તેથી એને મધુસૂદન કહે છે, પણ એણે મધુ નામનો દૈત્ય માર્યો નથી, ને વર્ણસંકર એવા જે પાંડવો, તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો ?'

આવા માયાવી જીવની મતિ અવળી જ હોય.

❊ નરસિંહ મહેતા કહે છે :

પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે,
નરસૈંયાના સ્વામીની લીલા, ઓલ્યા મતિયા કહે છે માયા રે.

❊ ઉપનિષદ્ કહે છે : **'એકં અદ્વિતીયં બ્રહ્મ'** ભગવાન જેવા તો ભગવાન એક જ, તેમને કોઈની સાથે સરખાવી શકાય જ નહીં.

પણ મનુષ્ય પોતાની ટૂંકી બુદ્ધિ અને પરખ શક્તિની ઊણપને કારણે ભગવાનને પોતાના જેવા જ માને છે, પણ એ પ્રકારની સમજણથી ખોટનો કોઈ પાર નથી.

❊ ઉદ્ધવજી, વિદુરને કહે છે :

દુર્ભગો બત લોકોઽયં યદવો નિતરામપિ ।
યે સંવસન્તો ન વિદુઃ હરિં મીના ઈવોડુપમ્ ॥

(ભાગવત : ૩/૨/૮)

'ખરેખર આ લોક દુર્ભાગી છે અને એમાં પણ યાદવો તો અત્યંત દુર્ભાગી છે, કારણ કે જે યાદવો શ્રીકૃષ્ણની સમીપમાં રહેવા છતાં માછલાં જેમ નાવને ન જાણે, તેમ તેઓ શ્રીકૃષ્ણને જાણી શક્યા નહિ.'

આમ, ઘણી વાર ભગવાન ભેગા રહેવા છતાં કેટલાક અભાગી જીવો કોરાધાકોડ રહી જાય.

■ **જો ભગવાનને મનુષ્ય જેવા જાણીને આપણામાં જેવા દોષ છે, તેવા દોષ તેમાં પરઠીએ તો આપણી કેવી બૂરી દશા થાય ?**

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૫૮ :** 'જો માટાપુરુષને વિશે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય અને મોટાને વિશે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય.'

❊ ભગવાન અને સંતની ક્રિયામાં જેને મનુષ્યભાવ આવ્યો છે, જેને તેમનો અભાવ આવ્યો છે, તે સૌની દુર્દશા જ થઈ છે.

❊ કચ્છના દીવાન જગજીવન મહેતાએ શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો, તો તેના આખા કુટુંબે સહિત તેનો નાશ થયો.

❊ જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીનો વધતો જતો મહિમા સહન ન થતા, અસંતોષીઓએ આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજને સ્વામી જયાં સ્નાન કરતા હતા, તે પ્રસાદીની ચોકડી ખોદી નાખવાની વાત કરી. આચાર્ય મહારાજ સંમત થયા, અને તેમણે જ કોદાળીનો પહેલો ટચકો માર્યો. પરિણામે, તેમનો તે હાથ સડી ગયો ને તેને લીધે તેમને અપાર દુઃખ

વેઠવું પડ્યું.

જેણે જેણે ભગવાન કે ગુણાતીત સંતને માયિક સમજીને અભાવ લીધો છે, તેની અવદશા જ થઈ છે.

આ વચનામૃતમાં તો શ્રીજીમહારાજ માયિક દૃષ્ટિવાળાની કેટલી ભયંકર અધોગતિ થાય છે, તે જણાવતાં કહે છે કે એવા લોકો તો અનંત કોટિ કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે.

આમ, ભગવાન કે સંતને વિશે માયિક ભાવ પરઠવાથી સર્વાંગે અધોગતિ અને સર્વનાશ થાય છે.

● **ભગવાન અને સંતને કેવા સમજવા ?**

ભગવાન મનુષ્ય જેવા હોવા છતાં દિવ્ય છે, સર્વગુણે સંપન્ન, સામર્થ્યવાન છે, પણ તે જણાય કેવી રીતે ?

કોઈ પણ કેમિકલ એસિડિક છે કે બેઝિક, તે કેવી રીતે ઓળખાય ? દેખવામાં તો બધાં સફેદ જ હોય. પણ લિટમસ પત્રથી તરત ખબર પડી જાય કે આ એસિડિક છે ને આ બેઝિક. તેમ બુદ્ધિમાન હોય તે ઓળખી શકે કે આ સાક્ષાત્ ભગવાન છે, દિવ્ય છે.

૧) ભગવાન અને સંતના પ્રાગટ્યનું પ્રયોજન પરમાર્થિક છે :

❊ જીવને ચોરાશી લાખની યોનિમાં અલગ-અલગ પ્રકારના દેહ પ્રાપ્ત થાય છે, તેનું કારણ તેણે પૂર્વ જન્મમાં કરેલાં કર્મ. પૂર્વ જન્મના સ્વભાવ-વાસનાના આધારે જીવને જે તે પ્રકારના દેહ મળે છે.

❊ જ્યારે શ્રીજીમહારાજે આ લોકમાં મનુષ્ય દેહ ધારણ કર્યો, તેનું પ્રયોજન શું હતું ?

તો જૂના ખરડામાં મહારાજ કહે છે : 'દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેનેકે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં.'

❊ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીને એક મોહનદાસ નામે સાધુ મળ્યો. નીલકંઠે તેમને પૂછ્યું : 'સાધુરામ ! તમે કોણ છો અને આ ઘોર જંગલમાં કયા ઉદ્દેશથી ફરો છો ?' ત્યારે મોહનદાસ કહે : 'બ્રહ્મચારીજી ! હું હિમાલયની તળેટીમાં જતાં માર્ગ ભૂલ્યો છું, પણ આપ આવા ભયંકર અને નિર્જન વનમાં આ કિશોરવયમાં શા સારુ નીકળી પડ્યા છો ?' ત્યારે નીલકંઠ બોલ્યા, 'હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.'

માટે ભગવાન અને સંત આ લોકમાં અવતાર ધરે તેની પાછળ કેવળ પરમાર્થનો જ હેતુ હોય છે.

❊ **સરુવર તરુવર સંતજન, ચોથા બરસે મેહ ।**
પરમારથ કે કારને, ચારોં ધરિયા દેહ ॥

❊ વળી, **વચનામૃત કારિયાણી-૫** મુજબ પોતાના પ્રેમીભક્તોના મનોરથ પૂરા કરવા અને લાડ લડાવવાનો પણ હેતુ હોય છે.

એટલે તેઓ આ લોકમાં આપણી જેમ વર્તે પણ તેમનો હેતુ જુદો છે.

❊ જેમ, એક છોકરાને કો'કે પૂછ્યું : 'તારા પપ્પા ક્યાં ગયા ?' તે કહે : 'સ્કૂલે.' પેલા ભાઈ કહે : 'આટલી ઉંમરે સ્કૂલે ?' છોકરો કહે : 'મારા પપ્પા શિક્ષક છે. ભણવા નહીં પણ ભણાવવા જાય છે.'

આમ, ભગવાન અને સંતના અવતારનું પ્રયોજન કલ્યાણકારી હોય છે, જ્યારે મનુષ્ય પોતાના સ્વભાવ-વાસના આદિક કર્મ મુજબ દેહ ધારણ કરે છે.

૨) ભગવાન અને સંતનું સ્વરૂપ દિવ્ય છે :

❊ ભગવાન અને સંતનું સ્વરૂપ અમાયિક છે. તેમનું ચિંતવન કરવાથી મુમુક્ષુ માયા પાર થઈ જાય, જ્યારે જગતના જીવો માયિક છે, તેથી તેનું ચિંતવન કરવાથી બંધન થાય, જન્મ-મરણ ઊભાં થાય.

❊ એક વાર સારંગપુરમાં શ્રીજીમહારાજનાં દર્શનથી એક ઝાંપડીને સમાધિ થઈ. તે સમયે જીવા ખાચરે મહારાજને પૂછ્યું : 'મહારાજ ! ઝાંપડીને આપનાં દર્શનથી સમાધિ થઈ, તે એવા ભારે સંસ્કારવાળી

લાગે છે.'

ત્યારે મહારાજ કહે : 'તે પૂર્વજન્મમાં ભારે પુણ્યવતી સ્ત્રી હતી. એક વાર વર્ષાઋતુના સમયે તે પોતાના મકાનના ઝરૂખામાં બેઠી હતી. એટલામાં સામેથી ઝાંપડો આવતો તેણે જોયો. તે વાને ગોરો હતો. વાંસળી વગાડતો વગાડતો આવતો હતો. વર્ષાઋતુ અને વાંસળીના સૂર બંનેએ કામણ કર્યું અને તે સ્ત્રીનું ચિત્ત તે ઝાંપડામાં પરોવાઈ ગયું. આ સ્ત્રીને અંત સમયે તે ઝાંપડાની સ્મૃતિ થઈ આવી અને તેણે દેહ મૂકી દીધો એટલે આ જન્મ ઝાંપડીનો લેવો પડ્યો.'

❊ માયિક આકારના ચિંતવનથી કેવું પતન થયું ? જ્યારે ભગવાનના સ્વરૂપમાં જેની વૃત્તિ ચોંટી જાય તે માયા પર થઈ જાય.

❊ નવ-દશ વર્ષની મુસ્લિમ કન્યા ઝુલેખાને પહેલી વાર જૂનાગઢમાં શ્રીજીમહારાજનાં દર્શ ન થયાં હતાં. પ્રથમ દર્શને તેની વૃત્તિ મહારાજમાં ચોંટી ગઈ. ૨૭ વર્ષની ઉંમરે તેને વંથળીમાં શરદપૂનમના ઉત્સવ પ્રસંગે બીજી વાર મહારાજનાં દર્શન થયાં.

શ્રીહરિનાં દર્શનથી પરિતૃપ્ત થયેલ ઝુલેખાએ ઉત્સવના બીજે દિવસે વહેલી સવારે નમાજ માટે મુસલ્લો બિછાવ્યો, અને તે સમયે શ્રીજીમય બની ગયેલ ઝુલેખાના મોઢામાં છેલ્લા બોલ હતા, 'ખુદા....તમારા દિદાર થયા, હવે આ જીસ્મમાં કેમ રહેવું ?!'

આ બાજુ મહારાજ સફાળા જાગી ગયા અને સંતોને કહે : 'સંતો ત્રણે ભુવનમાં ગાજે તેવી ધૂન કરો. આજ સત્તર સત્તર વર્ષથી અમારાં જ દર્શનની લગનીથી દેહ ટકાવી રાખેલ એક જીવને અમારા અક્ષરધામના મુક્તોની પંક્તિમાં દિવ્યદેહે બેસાડી મોક્ષભાગી કરવો છે.'

અને પેલી બાજુ ઝુલેખાનો આત્મા દેહમાંથી મુક્ત થઈ મોક્ષને પામ્યો.

❊ **લે ખેંચી મન લાખનાં, આપોઆપ ઈશ્વર હોય.**

૩) ભગવાન તથા સંતના કેટલાક દિવ્ય ગુણો મનુષ્યમાં ક્યારેય સંભવી જ ન શકે. એ તેમની જ માલિકીના હોય છે :

■ **પંચવર્તમાન આદિક નિયમો :**

❊ શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે :

તત્સૃષ્ટસૃષ્ટસૃષ્ટેષુ કો ન્વખંડિતધીઃ પુમાન્ ।
ઋષિં નારાયણમૃતે યોષિન્મય્યેહ માયયા ॥

(૩/૩૧/૩૭)

'બ્રહ્માએ રચેલી આ સૃષ્ટિમાં ભગવાન સિવાય કયો એવો પુરુષ છે કે જેનું સ્ત્રીરૂપી માયામાં મન ન લોભાય ? સર્વનું મન લોભાય જ.'

❊ શ્રીજીમહારાજ પોતાની આ વિલક્ષણ સ્થિતિની વાત **વચનામૃત ગઢડા મધ્ય-૩૩માં** જણાવે છે કે, 'જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રત અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો સમગ્ર પરમહંસના સમ છે.'

❊ ૧૯૮૮ના વિદેશ પ્રવાસ દરમ્યાન કોઈ પત્રકારે પ્રમુખસ્વામી મહારાજને સહજભાવે પ્રશ્ન પૂછ્યો, 'તમને કદાપિ સ્ત્રીનો અનુભવ થયો છે ?' ત્યારે ક્ષણનો વિલંબ કર્યા વિના સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો, 'ત્રિકાળમાંય નહિ.'

શું આવી સ્થિતિ ભગવાન અને ગુણાતીત સંત વિના સામાન્ય માનવીમાં સંભવી શકે ?

■ **સમર્થ થકા જરણા કરવાની વૃત્તિ :**

❊ શ્રીજીમહારાજ આ વૃત્તિનો ઉલ્લેખ કરતાં **વચનામૃત ગઢડા પ્રથમ-૨૭માં** જણાવે છે કે, '(ભગવાનનો ભક્ત) એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાન સહન કરે છે, એ પણ મોટી સામર્થી છે. કાં જે સમર્થ થકા જરણા કરવા તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.'

આ દુનિયામાં કોઈ કોઈને નમી દે એવું નથી, કારણ કે દરેકને પોતાનો અહં નડે છે.

❊ દુર્યોધનને દ્રૌપદીએ 'અંધના તો અંધ જ હોય'

એવાં વેણ માર્યાં તો તેનો બદલો દુર્યોધને મહાભારતનું યુદ્ધ કરીને લીધો.

* દ્રુપદ રાજાએ દ્રોણને એક વાર હડધૂત કરી નાખ્યો, તો તેનો બદલો દ્રોણે વર્ષો પછી દ્રુપદને હરાવીને લીધો.

* તેની સરખામણીએ અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ એવા શ્રીજીમહારાજ તથા જેના એક રૂંવાડામાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની પેઠે ઊડતાં ફરે છે, એવા ગુણાતીત સત્પુરુષ આવી અલૌકિક સામર્થી ધરાવતા હોવા છતાં તુચ્છ જીવનાં અપમાન-તિરસ્કાર હસતાં મોઢે સહન કરે છે. ક્યારેય બદલો કે વૈર લેવાની ભાવના એમના અંતરમાં જાગી નથી.

* સંવત ૧૮૭૪માં શ્રીજીમહારાજ કાઠી ભક્તોના સંઘ સાથે પ્રથમ વાર આણંદ પધાર્યા, ત્યારે તેમનું દ્વેષીઓએ ધૂળ, ઇંટો, પથ્થર, ગારો, છાણ વગેરે નાખીને હડહડતું અપમાન કર્યું. પોતાની સાથે કાઠી દરબારોની હથિયારોથી સજ્જ સેના હોવા છતાં શ્રીજીમહારાજે શાંત ચિત્તે ખમી ખાધું.

* એક વાર શાસ્ત્રીજી મહારાજ વડોદરા પધારેલા, ત્યારે શાસ્ત્રી કૃષ્ણપ્રિયદાસના મંડળમાંથી છૂટા પડેલા સાધુ પ્રેમવતીદાસ સાથે હતા. પ્રેમવતીદાસને ગુરુને ફક્ત મળવા જવાનો મોહ જાગ્યો, એટલે શાસ્ત્રીજી મહારાજ સાથે વડોદરા જૂના મંદિરે દર્શન કરવા ગયા. ત્યારે શાસ્ત્રી કૃષ્ણપ્રિયદાસે પ્રેમવતીદાસને પાછા આવી જવા આગ્રહ કર્યો, પણ પ્રેમવતીદાસે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ પાસે ખાવા કે ચરણારવિંદની જોડ માટે નહીં, પરંતુ મોક્ષ માટે રહ્યો છું.' ત્યારે ક્રોધાવેશમાં આવી કૃષ્ણપ્રિયદાસે શાસ્ત્રીજી મહારાજના બરડામાં સીસમની લાકડી મારી. લાકડી જોરથી મારવાથી બે કટકા થઈ ગયા.

શાસ્ત્રીજી મહારાજે જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ લાકડીના બે કટકા લઈ પાછા આપ્યા. ત્યાં જ શાસ્ત્રીજી મહારાજના હેતવાળા હરિભક્તો આવી ગયા. તેમણે આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવા કહ્યું ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'એમાં તો સ્વામિનારાયણનું ખોટું દેખાય. સાધુને માર એ તો શણગાર છે.'

સમર્થ થકા જરણા કરવી, તે આનું નામ. ભગવાન અને સંતનું હૈયું તો અતિ વિશાળ છે, ઉદાર છે.

ગાલિદાનં તાડનં ચ કૃતં કુમતિભિર્જનૈઃ ।
ક્ષન્તવ્યમેવ સર્વેષાં ચિન્તનીયં હિતં ચ તૈઃ ॥

(શિક્ષાપત્રી-૨૦૧)

'કોઈ ગાળ દે, મારે કે તિરસ્કાર કરે તેનું પણ હિત થાય તેવું ચિંતવન કરવું' તે શ્રીહરિની આજ્ઞાનું અક્ષરશઃ પાલન ગુણાતીત સત્પુરુષોનાં જીવનમાં જ જોવા મળે, અન્યત્ર નહિ.

શું આવું નિર્વૈરીપણું તથા કરુણા માયાવી મનુષ્યમાં સંભવી શકે ખરી ?

■ **ગુણનું ક્યારેય માન ન આવે :**

* કાર્લ માર્કસે સંપત્તિને તથા સિગમન્ડ ફ્રોઈડે જાતીય વૃત્તિને દુનિયાનું ચાલક બળ કહ્યું છે, પણ જો સમગ્ર દુનિયાના લોકો દ્વારા થતી પ્રવૃત્તિનો અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવે કે, 'Ego is the motivational force of the world.' માન એ તમામ પ્રવૃત્તિનું પ્રેરક બળ છે.

* માર્ક ટ્વેઈને કહ્યું છે : 'I can live for two months on a good compliment.' હું બે માસ સુધી પ્રશંસા ઉપર જીવી શકું.

માનભૂખ્યા માનવોથી ભગવાન અને સંત તો અતિ ન્યારા છે.

* **સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુણ કો માન ન આવે.**

* દિલ્હી અક્ષરધામના નિર્માણ બાદ નાના-મોટા આબાલવૃદ્ધ, દેશી-પરદેશી, સંન્યાસી-રાજકારણી બધા જ બે મોઢે પ્રમુખસ્વામી મહારાજનાં વખાણ કર્યા કરે છે, પણ સ્વામીશ્રીને ક્યારેય એમ નથી થયું કે, 'This is my achievement.'

અરે ! ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ દર્જ

થવા છતાં તેઓ પોતાને શું માને છે ? કાંઈ નહીં.

❊ ૨૦૦૫, રાજકોટ : ઓલ ઇન્ડિયા સ્ટેશનના ડિરેક્ટર તુષારભાઈ શુક્લ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. જ્ઞાનવત્સલ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'તુષારભાઈ હમણાં વાત કરતા હતા કે પ્રમુખસ્વામી મહારાજ માંડ છ-સાત ધોરણ સુધી ભણ્યા છે, છતાં આજે દરેક ક્ષેત્રને આટલું સફળ માર્ગદર્શન પૂરું પાડી શકે છે, એ કઈ રીતે થાય એ મારી કલ્પના બહારનું છે.'

સ્વામીશ્રી આ સાંભળતાં જ બોલ્યા : 'મારી પણ કલ્પના બહારનું જ છે. સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને જોગી બાપાના આશીર્વાદથી જ બધું ચાલે છે, ને એ જ માર્ગદર્શન આપે છે. તમે કહો છો ને કે ઇન્સ્ટ્રુમેન્ટ....કોઈ વાદ્યના વગાડનારા જુદા હોય, એમ હું ખાલી ઇન્સ્ટ્રુમેન્ટ છું, વગાડે છે મહારાજ અને જોગીબાપા.'

આમ, ભગવાન અને સંતને ગમે તેટલું માન-સન્માન પ્રાપ્ત થાય, તોપણ આમ આદમીની જેમ ક્યારેય ફુલાતા નથી કે અપમાન થાય ત્યારે ક્યારેય કરમાતા નથી.

❊ **માનઅપમાનમેં એકતા, સુખદુઃખમેં સમભાવ.**

❊ ભગવાન અને સંતના આવા તો અનેકવિધ ગુણો તથા તેમના કાર્યનો શાંત ચિત્તે આપણે વિચાર કરીએ તો સમજાય છે કે ભગવાન કે સંત મનુષ્ય જેવા નથી, પણ તેનાથી જુદા છે, દિવ્ય છે.

એટલે શ્રીજીમહારાજ આપણને સમજાવે છે કે ભગવાન અને સંતને આપણે મનુષ્ય જેવા ન સમજવા પણ દિવ્ય અને અલૌકિક સમજવા.

આપણે તો હંમેશાં એ જ પ્રાર્થના કરવી કે,

વળી તમારે વિશે જીવન, ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૫૩મું : પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહ - તેનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના વૈશાખ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે, 'જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહીં,' માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. અને વળી જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય પણ એમ વિચારે નહીં જે, 'મને મારા જીવની ખબર નથી, જે આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ? એની કાંઈ ખબર નથી તોપણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ્ય કાઢે' અને એમ સમજે જે, 'આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.' એમ ખોટ્ય કાઢે છે પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે, 'એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે. અને અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે, અને શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને

પામતા નથી અને નિગમ પણ જેના મહિમાને 'નેતિ નેતિ' કહે છે. માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો. અને ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે અને એ ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે મધ્યનું ૫૩મું વચનામૃત થયું.

(નોંધ : '◎' <u>નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.</u>)

- **વચનામૃતની વિશેષતા :**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

- 'મોહ'ની એક મૌલિક વ્યાખ્યા સમજાવે છે.
- જીવની એક સ્વાભાવિક રુચિ-પ્રકૃતિનું ભાન કરાવે છે.
- ભગવાન અને ભક્તનો અવગુણ આવ્યાનું કારણ સમજાવે છે.
- ભગવાન અને સંતની અલૌકિક સ્થિતિ અને સમજણની વાત કરે છે.

- **નિરૂપણ :**

❊ શ્રીજીમહારાજ મોહની એક વ્યાખ્યા **વચનામૃત ગઢડા મધ્ય-૧**માં સમજાવતાં કહે છે : 'મોહનું રૂપ તો મનને વિષે ભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે. અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે. પછી આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી.'

જેમ ઉનાળાના તાપમાં રોડ ઉપર કે રણમાં પાણીનાં તળાવ ઝાંઝવાનાં જળ રૂપે દેખાય, તેને ભ્રાંતિ કહેવાય. ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય તેનું નામ ભ્રાંતિ.

❊ શ્રીજીમહારાજ અહીં આ વચનામૃતમાં મોહની એક વિશિષ્ટ અને મૌલિક વ્યાખ્યા સમજાવતાં કહે છે, 'પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.' મોહને લીધે થતા અંધાપાનું આ પરિણામ છે.

- **જીવની એક સાહજિક કુટેવ :**

❊ જેમ આંબલીના કચૂકા સાથે તેની છાલ સજ્જડ રીતે ચોંટેલી હોય છે, તેમ જીવને વળગેલ અનેક કુટેવોમાંથી એક મોટી કુટેવ એ છે કે એને પોતાનાં દોષો, અવગુણ, સ્વભાવ, કસર, ખામી કે ભૂલ જોવાનો વિચાર નથી. એ માટે એ સમય કાઢતો નથી કે પોતે અંતર્દષ્ટિ કરીને તપાસ પણ કરતો નથી.

પોતાની ખામી જોવાને બદલે એ બીજાની જ ખામી જોયા કરે છે, શોધ્યા કરે છે અને એની જ વાતો કર્યા કરે છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે કે,

પરને કહેવા પ્રવીણ છો પૂરો, પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છો શૂરો, નિજ દોષને નવ દેખે રે.

❊ રોગ થવો એ ગુનો નથી, પણ રોગનું નિદાન ન કરવું કે ન કરાવવું તે ખોટ છે. કદાચ નિદાન કરાવે અને ડોક્ટર રોગ બતાવે તેનો સ્વીકાર ન કરવો એ મોટો ગુનો છે. અને ગુનાની સજા મોત પણ હોઈ શકે. કારણ 'રોગ'ના સ્વીકાર વગર તેનો ઉપચાર ન કરે અને ઉપચાર વગર રોગ ન મટે તો અંતે મોત નિશ્ચિત છે.

❊ યોગીજી મહારાજ કહેતા, 'કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને બહુ ગમે, જેથી આપણે સુધરાય.'

❊ મુક્તાનંદ સ્વામીએ વિવેક ચિંતામણિમાં કહ્યું કે, **'हरिकृपा जब होत, तब सुझत अपना दोष ।'**

❊ ગુણાતીતાનંદ સ્વામી ૨/૬૧મી વાતમાં કહે છે કે, 'જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો

પોતાને સમજવાનો હોય અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહીં.'

જીવનમાં પ્રગતિ કરવા માટે સૌ પ્રથમ પોતાની ભૂલ દેખાવી જોઈએ.

● **પોતાના અવગુણ ન દેખાવાથી નુકસાન :**

(૧) પોતાના અવગુણ ટાળવાનો વિચાર ન આવે.

(૨) બીજાના અવગુણ આવે.

(૩) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે.

(૪) સત્સંગ અર્થાત્ ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય, વિમુખ થાય.

❊ મહાભારતના ભીષણ યુદ્ધને અંતે દુર્યોધન ભીમ સાથેના મહાયુદ્ધ બાદ કણસતો પડ્યો હતો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં આવ્યા. ભગવાને તેને યુદ્ધ પૂર્વે અને યુદ્ધ સમયે તેણે આચરેલી કુનીતિની યાદ અપાવી. આ બધું સાંભળ્યા બાદ પણ દુર્યોધન શ્રીકૃષ્ણ ભગવાન પર ગુસ્સે થઈ ગયો અને બોલ્યો કે, 'મેં ધર્મ પ્રમાણે જ આચરણ કર્યું છે. તમે કપટ કરી અધર્મ કર્યો છે. મારા જેવું શ્રેષ્ઠ મૃત્યુ કોને મળે ?' અનંત ભૂલોથી ભરેલા દુર્યોધનને અંત સમયે પણ પોતાની ભૂલો દેખાતી નહોતી અને ભગવાન પર દોષારોપણ કર્યું, એ જ તેની મોટામાં મોટી ભૂલ હતી.

❊ જીવા ખાચર, અલૈયા ખાચર, ફોઈબા ને કે પછી કીડી સખી, રોળાનંદ, નિર્વિકલ્પાનંદને પોતાનો અવગુણ ન દેખાયો. પરિણામે તેમને મહારાજમાં મનુષ્યભાવ આવ્યો અને સત્સંગ છોડીને જતાં રહ્યાં.

શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી ઘણા ભક્તોને પોતાના સ્વભાવને લીધે જ સત્સંગ છોડવો પડ્યો છે. તેઓ વિમુખ થયા છે એટલું જ નહીં, પરંતુ કેટલાક તો ભગવાન અને સંતના દ્રોહમાં પડ્યા છે.

◎ એક રાજાએ તેના વજીરને જાહેર સભામાં 'ગધેડો' કહીને ઊતારી પાડ્યો. વજીરને આ હાડોહાડ લાગ્યું. તેથી રાજદરબાર છોડી સીધો જંગલમાં ગયો. ઝાડ પર દોરડું બાંધી ફાંસો ખાવા તૈયાર થયો. ત્યાંથી એક સંત પસાર થતા હતા. તેમણે આ દૃશ્ય જોયું. તેમણે વજીરને નીચે ઉતરવા આજ્ઞા કરી. પછી શાંતિથી બેસાડી ફાંસો ખાવાનું કારણ પૂછ્યું. વજીરે ગુસ્સે થઈને કહ્યું, 'મારો રાજા કોડીનો છે. જરા પણ અક્કલ નથી. બધા વચ્ચે મને ગધેડો કહ્યો.' સંત કહે, 'જો તું ગધેડો હોય, તો તારી પૂંછડી બતાવ.' વજીર વિચારમાં પડ્યો. સંત કહે, 'રાજા તને ભલે ગધેડો કહે, ગધેડો બનવું કે ન બનવું , તે તારા હાથમાં છે.'

❊ કોઈક આપણું અપમાન કરે, આપણું ધાર્યું ન થાય, આપણી કદર ન થાય, આપણી ટીકા, નિંદા થાય એ વખતે આપણને ખોટું લાગે તો વાંક કોનો? સામેવાળાનો વાંક હશે, પણ આપણને ખોટું લાગ્યું તેટલો વાંક આપણો નહીં ? આપણા દેહાભિમાનને લીધે અથવા અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-મત્સરને લીધે ન્યાય-અન્યાય અથવા તો પક્ષપાત જેવું લાગે, અને અંતરમાં આપણને બળતરા થાય, ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે તેમાં વાંક આપણો નથી? આપણું ઘડતર આપણે ન કર્યું. આપણે આપણા સ્વભાવ ન ટાળ્યા તેથી જ તો ખોટું લાગે છે, તો આ વાંક આપણો નથી ? જેણે પોતાનું ઘડતર કર્યું છે એવા સંતો - ભક્તોને ખોટું નથી લાગતું. જેનામાં સ્વભાવ નથી અને હતા પણ જેમણે ટાળી નાખ્યા છે, એમને ક્યાં ખોટું લાગ્યું છે ?

❊ શ્રીરામ ભગવાનને વગર વાંકે રાજ્ય છોડીને જંગલમાં જવું પડ્યું, છતાં એમને ક્યાં ખોટું લાગ્યું છે ?

❊ નરસિંહ, મીરાં, તુકારામને વગર વાંકે દુઃખ આવતા, લોકો પણ દુઃખી કરતા, છતાં તેઓ અખંડ આનંદમાં રહેતા હતા.

❊ ભગતજી મહારાજે વિરોધીઓનું ઘણું સહન કર્યું છે. તેમાંથી સારધાર પાર ઊતર્યા છે. વળી, ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેઓની કસોટી કરી છે, પણ એમને સહેજ પણ ટોચો નથી લાગ્યો.

ભગતજીએ જૂનાગઢની હવેલીના બાંધકામમાં તનતોડ સેવા કરી હતી. એક દિવસ માના ભગતે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે, 'પ્રાગજી બિચારો

ઘરબાર છોડીને, તમારી પાસે ધ્યાન શીખવા રહ્યો છે; ત્યારે તમે તો સેવા કરાવો છો અને ઉપવાસ કરાવીને ઠૂસ કાઢી નાખો છો.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે, 'પ્રાગજીને ગરજ હોય તો રહે, નહીં તો રસ્તો મોકળો પડ્યો છે.'

આવા સમયે જેમને ગુણાતીતાનંદ સ્વામી સાથે દ્વેષ હતો, તેવા માના ભગતનો ગુણ આવે કે મારી કેટલી ચિંતા કરે છે અને ગુણાતીતાનંદ સ્વામીનો અવગુણ આવે, પણ પ્રાગજી ભક્ત કાંઈક જુદા હતા. સ્વામીએ આકરાં વચન કહી તેમની પરીક્ષા કરી, પણ તેમને સ્વામીનો અવગુણ ન આવ્યો.

◎ સરદારગઢમાં હરિમંદિર તૈયાર થતું હતું. ગામના હરિભક્તો યોગીજી મહારાજને પ્રતિષ્ઠા નિમિત્તે પધારવા આમંત્રણ આપવા આવેલા. યોગીજી મહારાજને કોઈ પણ કાર્યક્રમ ઘડવો હોય તો પ્રમુખસ્વામી મહારાજને બોલાવીને, તેમની સાથે વિચારણા કરીને નક્કી કરતા, પણ અહીં તો તેમણે પોતે જ કાર્યક્રમ ગોઠવી દીધો. ગુણવંતભાઈ દાણી નામના સેવકે યોગીબાપાને કહ્યું પણ ખરું કે 'પ્રમુખસ્વામીને બોલાવીએ, તેઓની હાજરીમાં કાર્યક્રમ ગોઠવીએ તો સારું.' પરંતુ યોગીજી મહારાજે જણાવ્યું કે, 'આ હરિભક્ત પ્રમુખસ્વામીને મળી લેશે. આપણે તિથિ આપી છે તે બરાબર છે.' અલમસ્ત યોગી આજે કાંઈક જુદી જ કળામાં ખેલી રહ્યા હતા. પ્રમુખસ્વામીને આ સમાચાર મળ્યા ત્યારે તેમને થયું કે તાજેતરમાં વિમુખ કરેલા વિરોધીઓનું વર્ચસ્વ સરદારગઢમાં વધુ છે, તેથી ત્યાં જવામાં જોખમ છે, પણ યોગીબાપાની મરજી વિરુદ્ધનો વિચાર તેઓ સ્વપ્નાવસ્થામાં પણ કરતા નહોતા.

નિશ્ચિત દિવસે પ્રતિષ્ઠા પૂરી કરી, ધમાલની ગંધ આવતા સૌ ફટાફટ કાર્યક્રમ આટોપી નીકળી ગયા. દ્વેષીઓ તો મોં વકાસીને રહી ગયા, પણ કરેલી તૈયારી ફોગટ ન જાય એટલે હરિભક્તોની મોટર ઉપર પથ્થર ફેંક્યા, મોટરનો કાચ ફૂટ્યો પણ કોઈને ઈજા ન થઈ. આ પ્રસંગથી મોટેરા હરિભક્તો આકળા થઈ ગયા. યોગીજી મહારાજ જે મોટરમાં બેઠા હતા, તે અન્ય વાહનોથી જુદી પડી ગઈ. તે મોટરને પંચર પડવાથી યોગીજી મહારાજ રાત્રે ગોંડલ ન પહોંચી શક્યા. આથી ગોંડલમાં હરિભક્તોને ખૂબ ચિંતા થવા લાગી કે યોગીજી મહારાજ ક્યાં હશે? બીજે દિવસે સવારે યોગીજી મહારાજ ગોંડલ પહોંચ્યા ત્યારે સૌને નિરાંત થઈ, પણ સૌએ મિટીંગ કરવાનું નક્કી કર્યું.

મીટિંગમાં મોટેરા હરિભક્તોએ યોગીબાપાને જ પૂછ્યું કે 'આ ગામમાં જવાનું કોણે ગોઠવ્યું હતું?' પ્રમુખસ્વામી મહારાજ બાજુમાં જ બેઠા હતા. યોગીબાપાએ જવાબ આપ્યો કે, 'પ્રમુખસ્વામીએ પ્રોગ્રામ ગોઠવ્યો હતો. હું જાણતો નથી.' પાસે બેઠેલા ગુણવંત દાણી તો આંચકો ખાઈ ગયા ! કારણ કે યોગીજી મહારાજે જ આ ગોઠવ્યું હતું. હરિભક્તો મર્મવેધક વચનોથી પ્રમુખસ્વામીની કડક આલોચના કરવા લાગ્યા. તે સૌ અટક્યા ત્યારે પ્રમુખસ્વામીએ ફક્ત એટલું જ કહ્યું કે, 'મારી ભૂલ થઈ ગઈ, હવે ફરી આવું નહીં બને.' યોગીબાપાની આવી તો અનેક કસોટીઓમાં પ્રમુખસ્વામી મહારાજ મૂંઝાયા નથી કે નથી તેમને ગુરુનો લેશ પણ અવગુણ આવ્યો.

'जन्म कर्म च मे दिव्यम्।' ગીતામાં અર્જુનને ઉદ્‌બોધાયેલા શ્રીકૃષ્ણ ભગવાનના આ શબ્દો પ્રમુખસ્વામી મહારાજ જીવી રહ્યા હતા. ગુરુના પ્રત્યેક કર્મ તેમને દિવ્ય હતા.

❊ એક વાર યોગીજી મહારાજ સારંગપુર પોતાના ઓરડામાં આરામમાં હતા. મહંતસ્વામી મહારાજ તેઓની જમણી બાજુએ જ સૂતા હતા. યોગીજી મહારાજની પ્રકૃતિ પ્રમાણે ઓરડાના તમામ બારી-બારણા બંધ હતાં. ઉનાળાની બપોર હોવાથી મહંતસ્વામીને ગરમી ખૂબ લાગી. ચાદર ઓઢે તો ગરમી વધુ લાગે અને ન ઓઢે તો મચ્છર કરડે. તેથી મહંતસ્વામી સભામંડપમાં જઈને સૂતા. યોગીબાપા તરત બહાર આવી કહે, 'મને એકલાને મૂકીને કેમ જતા રહ્યા ? કાલે ઉપવાસ.' વગર વાંકે ઉપવાસ આપ્યો છતાં તેમનો લેશ પણ અવગુણ નહીં. આ રીતે આપણા ગુરુવર્યોની પણ આકરી કસોટી થઈ છે, પણ તેઓ તેમાં લેશ પણ વિચલિત થયા નથી.

● **મનનું મરોડાય ત્યારે મૂંઝવણ થાય, છતાં પોતાના દોષ જુએ...**

❋ આ સત્સંગમાં અનેક સંતો-હરિભક્તો એકાંતિક ધર્મની સિદ્ધિ માટે કઠિનતમ સાધના કરે છે. ક્યારેક તેમના મનનું મરોડાય તો મૂંઝવણ પણ થાય, છતાં એવા પ્રસંગમાં તેઓ પોતાના દોષ જુએ.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૫**માં કહે છે કે 'પ્રકૃતિ મરોડે (સ્વભાવનું ખંડન કરે) ને મૂંઝાય ત્યારે જે પોતાનો જ અવગુણ લે પણ ભગવાનનો ને સાધુનો અવગુણ ન લે એ સારો.'

પરમચૈતન્યાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી હતી. શ્રીજીમહારાજે તેમને સત્સંગમાં મોટેરા અને 'સદ્‌ગુરુ' તરીકે નીમ્યા હતા. શ્રીજીમહારાજ પાસે કોઈ પણ પદાર્થ કે વસ્ત્ર જાય, તે પ્રથમ તેઓ પાસેથી પસાર થાય. તેમને માનરૂપી સ્વભાવ નડતો હતો. ગર્વગંજક શ્રીહરિએ તેમના આ સ્વભાવનું ખંડન કરવા નક્કી કર્યું.

શ્રીજીમહારાજ ગઢડાથી અમદાવાદ જતાં તાવી ગામે પહોંચ્યા. ત્યાં ઝાડ નીચે સભા ભરી. પરમચૈત્યાનંદ સ્વામી અને પૂર્ણાનંદ સ્વામી ધીમે પગલે આવતા હતા, તેથી સભાની પાછળ આવીને ઊભા રહ્યા. બંને મોટેરા અને જૂના. બંને રાહ જોતા હતા કે કોઈ બોલાવે તો આગળ જઈને બેસીએ, પણ મહારાજે અચાનક સભામાં પૂછ્યું કે 'કોઈએ મૂર્તિમાન માન જોયું છે ? આ બે માનની મૂર્તિઓ ઊભી છે!' પૂર્ણાનંદ સ્વામીને અપમાન હાડોહાડ લાગી આવ્યું તો ઘરભણી ચાલતા થયા, જ્યારે પરમચૈત્યાનંદ સ્વામીને મૂંઝવણ થઈ તો તેમણે દક્ષિણ ગુજરાતમાં જઈ મહારાજનું ભજન કરવા વિચાર્યું. તેઓ નીકળ્યા ત્યારે તેમની પાછળ કેટલાક સંતોપણ જવા તૈયાર થયા. આ જોઈ પરમચૈત્યાનંદ સ્વામીએ તેમને રોક્યા અને કહ્યું કે 'હું તો મારા માનને કારણે જાઉં છું, પણ તમે જો મારી સાથે આવશો ને મહારાજનો અવગુણ લેશો તો તમારા જીવનું ભૂંડું થશે !' એમ કહી સંતોને પાછા વાર્યા. શ્રીજીમહારાજ પણ પરમચૈત્યાનંદ સ્વામી પર પ્રસન્ન થયા.

તેઓ પોતાની ભૂલ નજર સમક્ષ રાખતા. એટલે જ એક પ્રસંગે ગોપાળાનંદ સ્વામીને તેમણે કહ્યું કે, 'બાર વર્ષ ગુરુ રહ્યો, બાર વર્ષ સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી આજે થયો.'

પોતાના સ્વભાવ સામે જોતા હતા તો સત્સંગમાં પાર ઊતરી ગયા.

◎ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા અંત્ય-૨૮**માં બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ અને સુરાખાચરને પૂછ્યું કે, 'તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?' ત્યારે એ ત્રણે માનરૂપ દોષ બતાવ્યો. કોઈક બરોબિરિયા અપમાન કરે તો મૂંઝવણ થાય.

આ ત્રણેને પોતાને નડતરરૂપ માનરૂપી સ્વભાવ વિષે ખ્યાલ હતો. અપમાનથી મૂંઝવણ પણ થતી, છતાં સ્વભાવ નાબૂદ કરવા સામે નજર હતી તો સત્સંગમાં ત્રણેય સારધાર પાર ઊતરી ગયા.

તેમ આપણે પણ પોતાના અવગુણ સામે નજર હોય તો ટાળવા માટે પ્રયત્ન થઈ શકે.

● **શું કરીએ તો પોતાના અવગુણ દેખાય ? :**

ઘરમાં સાપ દેખાય તો તેને કાઢવાનો વિચાર આવે, તેમ પોતામાં અવગુણ દેખાય અને દુઃખરૂપ મનાય તો કાઢવાનો વિચાર આવે. તો એવું શું કરીએ જેથી પોતાના અવગુણ દેખાય અને તેને ટાળવાના ઉપાય થાય ?

૧. ધ્યેયનો વિચાર :

❋ ગુણાતીતાનંદ સ્વામીએ ૪/૯૯ વાતમાં કહ્યું કે, 'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું એમાં દેહ અંતરાયરૂપ છે ને બીજું ભગવાનમાં જોડાવું, તેમાં સંગ અનેક પ્રકારના અંતરાયરૂપ છે. એ બે ખોટ ટાળવી.' આ ધ્યેયની જેટલી સ્પષ્ટતા અને દૃઢતા થશે, એટલા પોતાના અવગુણ દેખાશે. જેટલી પોતાની ખામી દેખાશે તેટલી દૂર કરવાનો વિચાર આવશે અને તે માટે પ્રયત્ન થશે.

૨. અંતર્દૃષ્ટિ અને જાણપણું :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા અંત્ય-૨૮**માં કહ્યું કે ''અવગુણ હમણાં પણ જેમાં જેમાં હશે તે જો વિચારીને અંતર સામું જુએ તો જણાઈ આવે જે, 'આવી રીતને અંગે હું કાચો છું, તે જો મને પાળ્યાનું કહેશે તો હું વિમુખ થઈશ.' એમ યથાર્થ જાણે.''

❊ બેંકમાં રોજ લાખો ને કરોડો રૂપિયાની લેવડદેવડ થતી હોય, પણ ચોકિયાત ન રાખે તો ચોર-લૂંટારા આવી લૂંટી જાય, તેમ આપણે જાણપણું ન રાખીએ તો પરમચિંતામણિ તુલ્ય મહારાજની મૂર્તિ હૃદયમાંથી લૂંટી જાય.

૩. પ્રાર્થના :

❊ ભગવાનની કૃપા થાય ત્યારે જ પોતાના દોષ સૂઝે છે. ગંદા પાણીમાં ફટકડી ફેરવવા માત્રથી કચરો તળિયે બેસી જાય છે, તેમ સ્વભાવ, દોષોથી બચવા પ્રાર્થના અમોઘ શસ્ત્ર બની રહે છે. તેથી દરેક વ્યક્તિએ ભગવાન - સંતને રોજ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવી ઘટે કે પોતાના અવગુણ દેખાય અને તે ટાળવા માટે બળ પ્રાપ્ત થાય.

જો આપણા સ્વભાવ ટળશે, તો પછી સંતો -ભક્તો કે ભગવાન અને ગુણાતીત સત્પુરુષનો અવગુણ ક્યારેય નહીં આવે.

● ભગવાન અને ભક્તના અવગુણ આવ્યાનું કારણઃ

❊ ભગવાન અને ભક્તનો અવગુણ આવવાનું મુખ્ય કારણ તો પોતાના ડહાપણનું માન છે, એવું મહારાજ આ વચનામૃતમાં સમજાવે છે.

અર્થાત્ જેને પોતાની બુદ્ધિનું ડહાપણ હોય, અહંકાર હોય, તે ભગવાન અને સંતનાં ચરિત્ર, તેમની અલૌકિક ક્રિયા અને સમજણને સમજી શકતો નથી. તેથી જ તે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન અને સંતનો અવગુણ લે છે કે ભગવાન અથવા મોટાપુરુષ આટલું ઠીક નથી કરતા, એમ એમની ખોટ કાઢે છે. આવાને મહારાજ અધર્મી અને મૂર્ખનો રાજા કહે છે.

ભગવાન અને ભક્તનો અવગુણ કે મનુષ્યભાવ ન આવે તે માટે શું કરવું જોઈએ, તેનું માર્ગદર્શન પણ મહારાજે આ વચનામૃતમાં આપ્યું છે.

● ભગવાન અને ભક્તનો અવગુણ ન આવે તેના ઉપાયો :

૧. પોતાની વાસ્તવિક્તાનો ખ્યાલ :

❊ જો જીવને પોતાની વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે પોતે કેટલો અલ્પજ્ઞ છે, અસમર્થ છે, અશક્તિમાન છે, તોપણ તે ભગવાનની ક્રિયામાં માથું નહીં મારે.

એક રજકણ, સૂરજ થવાને શમણે;
ઉગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે.

ધૂળના એક રજકણને સૂર્ય થવાની તમન્ના જાગી. તે પૂર્વ તરફ દોડ્યું. પવનની એક થપાટ વાગી એટલે આથમણી દિશામાં પડ્યું. આપણે જીવ આવા અણુ જેવા છીએ.

૨. ભગવાનનાં સ્વરૂપ, જ્ઞાન, સામર્થ્યનો ખ્યાલ :

ભગવાનનો અપાર મહિમા શ્રીજીમહારાજ કેટલાંક વચનામૃતમાં પણ સમજાવે છે :

❊ **ગઢડા પ્રથમ-૨૭**માં શ્રીજીમહારાજ કહે છે, 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે, તથા આ તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધ્ધર જળ રાખી મૂક્યું છે. અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.'

❊ આ રીતે પોતાની અલ્પજ્ઞતા, અસમર્થતાનો ખ્યાલ કરીને ભગવાનનું સર્વજ્ઞપણું ને સામર્થ્ય સમજીને તુલના કરીએ તો પોતાની તુચ્છતાનો ખ્યાલ આવે. પછી ભગવાનની ક્રિયામાં ખોટ કાઢવાનો વિચાર જ નહીં આવે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવીએ રે;
શીદ ડો'ળીને ડા'પણ, સમજુ શિયાણા હસાવીએ રે.
(શિયાણા = શાણા)

૩. ભગવાન અને સંતની અલૌકિક દૃષ્ટિ અને સમજણનું જ્ઞાન :

❊ ભગવાન અને સંતની પ્રત્યેક ક્રિયા પાછળ એક અલૌકિક દૃષ્ટિ અને સમજણ હોય છે, તે સમજવાનો, જાણવાનો પ્રયત્ન કરીએ, અને તેમના પ્રત્યેક ચરિત્રના પ્રયોજનને સમજવા માટે પ્રયત્ન અને પ્રાર્થના કરીએ, તો એમનાં ચરિત્રોમાં મનુષ્યભાવ ન આવે.

ભગવાન અને સંત જે કોઈ ક્રિયા, પ્રવૃત્તિ કે ચરિત્ર કરે છે, તેની પાછળ અતિ શુભ હેતુ અને રહસ્ય સમાયેલ હોય છે. જેમ કે,

(૧) અનંત જીવોનું કલ્યાણ કરવું.

(૨) પ્રેમી ભક્તોના સંકલ્પો પૂરા કરીને, તેમને સ્મૃતિ આપીને સુખ આપવું.

(૩) ભક્તના નિશ્ચયની કોઈક કસર કે ખામી હોય તો દૂર કરવી.

(૪) ભક્તની કસોટી કરવી.

(૫) અધર્મ ઉત્થાપન કરીને ધર્મનું સ્થાપન કરવું.

આમ, એમના પ્રત્યેક ચરિત્ર પાછળ આમાંથી એક કે વધુ શુભ પ્રયોજન હોય છે. તેમના શુભ આશયને આપણે આપણી માયિક બુદ્ધિથી માપી શકતા નથી કે પામી શકતા નથી. તેમ છતાં તેમને પ્રાર્થના કરીને તેમનાં બધાં ચરિત્રોનો મેળ બેસાડવાનો પ્રયત્ન કરીશું તો એમની કૃપાથી એમનું કોઈક રહસ્ય કંઈક અંશે હાથમાં આવશે, તો પછી તેમનામાં મનુષ્યભાવ નહીં આવે.

❊ કારિયાણી ગામના વસ્તાખાચર શ્રીજીમહારાજના નિષ્ઠાવાન ભક્ત હતા, પરંતુ ગઢડાના જીવાખાચર અને બુઢ્ઢા ધાધલના મહારાજ પ્રત્યેના અભાવના શબ્દો સાંભળી તેઓ ઘાયલ થઈ ગયા. બુઢ્ઢા ધાધલે વસ્તાખાચરના અંતરમાં ઝેર રેડતાં કહ્યું કે, 'આ પૂરબિયો બ્રાહ્મણ(શ્રીજીમહારાજ) તમારા વખાણ કરી તમારો ગરાસ પડાવી લેશે. દિવાળી, અન્નકૂટ બધું રંગેચંગે તમારે ત્યાં ઊજવે, ભક્તોને તેડાવે અને જય તેની બોલાય.'

આવા અભાવના શબ્દો સાંભળી વસ્તાખાચરને મહારાજમાં મનુષ્યભાવ આવી ગયો કે, 'ઘસારો હું ખમું અને વાહવાહ એમની થાય! આમ તો તે મારું બધું પડાવી લેશે!'

વસ્તાખાચર ભૂલી ગયેલા કે ધરમપુરના રાજમાતા કુશળકુંવરબા પોતાનું બહોળું રાજ્ય શ્રીજીમહારાજને અર્પણ કરવા તૈયાર હતા, છતાં શ્રીજીમહારાજે તે નહોતું સ્વીકાર્યું. મહારાજને ખરેખર તેમના ગરાસનો લોભ હોત તો કુશળકુંવરબાની વિનંતિ શા માટે ઠુકરાવત?

વસ્તાખાચરને મહારાજે કારિયાણી જઈ આ રીતે સમજાવ્યા તો ફરીથી તેઓ મનુષ્યભાવ ટાળી મહારાજમાં જોડાઈ ગયા હતા.

◎ એક ભાઈ વડલાના ઝાડ નીચે સૂતા હતા. ડહાપણ કરીને ભગવાનમાં ખોટ કાઢી. આવા મોટા ઝાડ પરના ટેટા નાના અને વેલ પરનાં તરબૂચ મોટાં, ભગવાનમાં અક્કલ નથી. ત્યાં જ એક ટેટો કપાળ પર પડ્યો. તમ્મર આવી ગયા. સમજાઈ ગયું. તરબૂચ હોત તો ?

❊ વર્તમાનકાળે મહંતસ્વામી મહારાજની કોઈ ક્રિયામાં ડહાપણ કરવા જેવું નથી. એમની તુલનામાં આપણે તો પામર, તુચ્છ અને વિષયાસક્ત જીવ છીએ? તો શા માટે ડહાપણ ડોળીને તેમનાં ચરિત્રોમાં ખોટ કાઢીને તેમનાથી વિમુખ થવું ? અધર્મી અને મૂર્ખાઓના રાજા થવું?

અંતમાં, ભગવાન કે સંતનાં અલૌકિક જ્ઞાન, સમજણ, શક્તિ, સામર્થ્ય અને દિવ્યદૃષ્ટિનો ખ્યાલ કરી તેમનાં કોઈ ચરિત્રોમાં આપણને મનુષ્યભાવ ન આવે કે કોઈ ક્રિયામાં અવગુણ ન આવે, તેવી સમજણ આપણામાં કેળવાય તે પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૫૩મું : પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહ - તેનું.

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૦ના વૈશાખ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે, 'જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહિ,' માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. અને વળી જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય પણ એમ વિચારે નહિ જે, 'મને મારા જીવની ખબર નથી, જે આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ? એની કાંઈ ખબર નથી તોપણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ્ય કાઢે' અને એમ સમજે જે, 'આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.' એમ ખોટ્ય કાઢે છે પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે, 'એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે. અને અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે, અને શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને પામતા નથી અને નિગમ પણ જેના મહિમાને 'નેતિ નેતિ' કહે છે. માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો. અને ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે અને એ ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું ૫૩મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં

- 'મોહ'ની એક મૌલિક વ્યાખ્યા સમજાવે છે.

- જીવની એક સ્વાભાવિક રુચિ-પ્રકૃતિનું ભાન કરાવે છે.

- ભગવાન અને ભક્તનો અવગુણ આવ્યાનું કારણ સમજાવે છે.

- ભગવાન અને સંતની અલૌકિક સ્થિતિ અને સમજણની વાત કરે છે.

■ **નિરૂપણ :**

■ **મોહની મૌલિક વ્યાખ્યા :**

❊ શ્રીજી મહારાજ મોહની એક વ્યાખ્યા વચ. ગ.મ.૧માં સમજાવતાં કહે છે : 'મોહનું રૂપ તો મનને વિષે ભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે. અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે. પછી આ કરવા યોગ્ય ને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી.'

જેમ ઉનાળાના તાપમાં રોડ ઉપર કે રણમાં પાણીનાં તળાવ ઝાંઝવાનાં જળ રૂપે દેખાય, તેને ભ્રાંતિ કહેવાય. ન હોય તે દેખાય ને હોય તે ન દેખાય તે એનું નામ ભ્રાંતિ.

❊ ટૂંકમાં, કહીએ તો સાચા-ખોટાનો વિવેક ન રહેવો તે મોહ છે. ક્યારેક તો સાચું છે તે ખોટું મનાય અને જે ખોટું છે તે સાચું મનાય, આવી વિભ્રાંતિ થવી તે મોહનું રૂપ છે. આવી વિભ્રાંતિને લીધે જ જીવને સત્ય અને સુખરૂપ એવા ભગવાનને મૂકીને અસત્ય અને દુ:ખરૂપ એવા પંચવિષયમાં આસક્તિ-મોહ થાય છે.

વ્યક્તિ જ્યારે મોહાંધ બને છે, ત્યારે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તેનું પણ ભાન રહેતું નથી. આ પ્રકારનો મોહ થવાનું મૂળ કારણ તો પંચવિષયમાં આસક્તિ જ છે.

❊ શ્રીજી મહારાજ અહીં આ વચનામૃતમાં મોહની એક વિશિષ્ટ અને મૌલિક વ્યાખ્યા સમજાવતાં કહે છે : 'પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.' આ મોહને લીધે થતા અંધાપાનું આ પરિણામ છે.

સામાન્ય રીતે જે આંખથી આંધળો હોય તેને વીંછી પણ ન દેખાય અને લાખ રૂપિયાનો હીરો પણ ન દેખાય, એટલે કે જે નુકશાનકારક છે અને જે લાભકારક છે તે બંને ન દેખાય.

પરંતુ જેને મોહને લીધે અંધાપો આવ્યો છે તેને તો જે નુકશાનકારક છે તે દેખાય છે અને જે લાભકારક છે તે દેખાતું નથી.

મોહાંધ વ્યક્તિને પોતાના અવગુણ દેખાતા નથી, પરંતુ પોતાના ગુણ જ દેખાય છે.

બીજાના ગુણ દેખાતા નથી, પરંતુ અવગુણ જ દેખાય છે.

■ **જીવની એક સાહજિક કુટેવ :**

❊ જેમ આંબલીના કચૂકા સાથે તેની છાલ સજ્જડ રીતે ચોંટેલી હોય છે. તેમ જીવને વળગેલ અનેક કુટેવોમાંથી એક મોટી કુટેવ એ છે કે એને પોતાનાં દોષો, અવગુણ, સ્વભાવ, કસર, ખામી કે ભૂલ જોવાનો વિચાર નથી. એ માટે એ સમય કાઢતો નથી, કે પોતે અંતર્દષ્ટિ કરીને તપાસ પણ કરતો નથી.

પોતાની ખામી જોવાને બદલે એ બીજાની જ ખામી જોયા કરે છે, શોધ્યા કરે છે અને એની જ વાતો કર્યા કરે છે.

❊ એક ઊંટના દૃષ્ટાંતે કવિ દલપતરામ જીવની આ સ્વાભાવિક વૃત્તિની વાત સમજાવતાં કહે છે :

ઊંટ કહે આ સમામાં વાંકાં અંગવાળાં,
ભૂંડાં ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,

ભેંસના તે શિર વાંકાં શિંગડાંનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં આ જ વાત કહે છે :

'જે જે વાત કરી તુજ સાથે તે તો તેં રતિ ન રાખી રે;
ખોટ આવવા ન દીધી માથે, લઈ બીજા પર નાખી રે.
કહો ખોટ ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે;
એથી ભૂલ બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે રે.'
(૫૬-૫૦)

પરને કે'વામાં પ્રવીણ છું પૂરો, પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છું શૂરો, નિજ દોષને નવ દેખે રે.
(૫૬ - ૪૯)

❊ રોગ થવો એ ગુનો નથી પણ રોગનું નિદાન ન કરવું કે ન કરાવવું તે ગુનો છે. કદાચ નિદાન કરાવે અને ડોક્ટર રોગ બતાવે તેનો સ્વીકાર ન કરવો એ મોટો ગુનો છે. અને ગુનાની સજા મોત છે. કારણ 'રોગ'ના સ્વીકાર વગર તેનો ઉપચાર ન કરે અને ઉપચાર વગર રોગ ન મટે તો અંતે મોત નિશ્ચિત છે.

❊ અઠંગ દારૂડિયો શરૂઆતમાં એક ચમચી દારૂ જ પીતો હોય છે. પરંતુ આ એક ચમચી દારૂ એ મોટી ભૂલ છે, એનો અહેસાસ ન થવાથી, ચમચીમાંથી અડધો ગ્લાસ, પછી આખો ગ્લાસ અને પછી બાટલે-બાટલા પીવે છે. માનવમાત્ર ભૂલને પાત્ર છે. જ્યાં સુધી જીવદશા છે, ત્યાં સુધી ભૂલ થવાની શક્યતા છે. જાણતાં કે અજાણતાં ભૂલ તો થઈ જાય, પરંતુ એ ભૂલની તપાસ ન કરવી અને કોઈક બતાવે તો તેનો સ્વીકાર ન કરવો એ દોષ વધારે નુકશાનકારક છે. કારણ કે જ્યાં સુધી પોતાની ભૂલ, ખામી, કસર જણાય જ નહિ ત્યાં સુધી તેને ટાળવાનો વિચાર જ ક્યાંથી આવે ? ઉપાય શાનો શોધે ? અને ઉપાય પણ ક્યાંથી કરવાનો ? તો પછી એ ખામી ક્યાંથી ટળવાની છે ? ઘઉં વીણતી વખતે કાંકરા બહાર કાઢીએ છીએ. કાંકરાના પણ પૈસા તો ચૂકવ્યા જ હોય છે. પરંતુ જ્યારે ઘઉંમાં કાંકરો દેખાય ને ઘઉંનું વજન ઓછું થાય, તોપણ આપણે તેને સ્વીકારીએ છીએ, રાજી થઈએ છીએ. આનું એક જ કારણ છે, આપણા મગજમાં સ્પષ્ટ છે કે ઘઉંના કાંકરા મને નડશે. જેમ ઘઉંમાં કાંકરા હોય જ, તેમ મનુષ્યમાત્રમાં ભૂલ કે ખામી હોય જ. પરંતુ તે બહાર કાઢવાની તૈયારી હોય તો સુધરાય.

❊ યોગીજી મહારાજ કહેતા, ''કોઈ મને મારી ભૂલ દેખાડે તે બહુ ગમે. જેથી આપણે સુધરાય.''

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

'જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહિ.' (૨/૬૧)

માટે સુધારવા માટે કે આગળ પ્રગતિ કરવા માટે સૌ પ્રથમ પોતાની ભૂલ દેખાવી જોઈએ.

❊ **હરિકૃપા જબ હોવત હૈ, તબ સૂઝત અપના દોષ :**

પોતાની ભૂલ ઓળખાય તે જ સ્વામીશ્રીનો રાજીપો સમજવો. પોતાના દોષ ટાળવાનો વિચાર ક્યારે આવે ? તો જ્યારે સૌ પ્રથમ વ્યક્તિને પોતાના દોષ દેખાય, જણાય, સમજાય એ દુઃખદાયક લાગે, ખટકે તો જ તે દોષ, ખામી, કસર કે ભૂલ ટાળવાનો વિચાર આવે અને તે માટે પ્રયત્ન કરે.

અર્થાત્ મોહ ટળે તો પોતાના દોષ ટાળવાનો વિચાર આવે. કારણ કે મોહને લીધે પોતાના અવગુણ દેખાતા નથી.

■ **પોતાના અવગુણ ન દેખાવાથી નુકશાન :**

(૧) પોતાના અવગુણ ટાળવાનો વિચાર જ નહિ આવે.
(૨) બીજાના અવગુણ આવે.
(૩) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે.
(૪) સત્સંગ અર્થાત્ ભગવાન અને સંતનો સંબંધ છૂટી જાય, વિમુખ થાય.

❊ જીવા ખાચર, અલૈયા ખાચર, ફોઈબા ને કે પછી પૂર્ણાનંદ સ્વામી, કીડી સખી, રોળાનંદ, નિર્વિકલ્પાનંદને પોતાનો અવગુણ ન દેખાયો. પરિણામે તેમને મહારાજમાં મનુષ્યભાવ આવ્યો અને સત્સંગ છોડીને જતાં રહ્યાં.

❊ સોખડાના ત્રિભોવનદાસને પોતાનો સ્વભાવ ન ઓળખાયો, તો શાસ્ત્રીજી મહારાજને મારવા તૈયાર થયા.

શ્રીજી મહારાજથી માંડીને આજ સુધી ઘણા ભક્તોને પોતાના સ્વભાવને લીધે જ સત્સંગ છોડવો પડ્યો છે. તેઓ વિમુખ થયા છે એટલું જ નહિ પરંતુ ભગવાન અને સંતના દ્રોહમાં પડ્યા છે.

❊ પરોક્ષમાં પણ હિરણ્યકશિપુ, રાવણ, કંસ, શિશુપાલ, દુર્યોધન વગેરેને પોતાનો અવગુણ ન દેખાયો. તેમને ભગવાન અને ભક્તોમાં અવગુણ દેખાયો, પરિણામે પતન થયું.

❊ એક રાજાએ તેના વજીરને જાહેર સભામાં 'ગધેડો' કહીને ઊતારી પાડ્યો. વજીરને આ હાડોહાડ લાગ્યું. જંગલમાં ગયો. ઝાડ પર દોરડું બાંધી ફાંસો ખાવા તૈયાર થયો. ત્યાં એક સંત નીકળ્યા. તેમણે આ જોયું. તેમણે વજીરને નીચે ઉતાર્યો. બધું પૂછ્યું. વજીરે ગુસ્સે થઈને કહ્યું, ''મારો રાજા કોડીનો છે. જરા પણ અક્કલ નથી. બધા વચ્ચે મને ગધેડો બનાવી દીધો.'' સંત કહે, 'જો તું ગધેડો હોય તો તારી પૂંછડી બતાવ.' વજીર વિચારમાં પડ્યો. સંત કહે, 'રાજા તને ભલે ગધેડો કહે, ગધેડો બનવું કે ન બનવું તે તારા હાથમાં છે.'

❊ કોઈક આપણું અપમાન કરે, આપણું ધાર્યું ન થાય, આપણી કદર ન થાય, આપણી ટીકા, નિંદા થાય એ વખતે આપણને ખોટું લાગે તો વાંક કોનો ? સામે વાળાનો વાંક હશે, પણ આપણને ખોટું લાગ્યું તેટલો વાંક આપણો નહિ ? આપણા દેહાભિમાનને લીધે અથવા અહં-મમત્વ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-મત્સરને લીધે ન્યાય-અન્યાય અથવા તો પક્ષપાત જેવું લાગે, અને અંતરમાં આપણને બળતરા થાય, ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવે તેમાં વાંક આપણો નથી? આપણું ઘડતર આપણે ન કર્યું. આપણે આપણા સ્વભાવ ન ટાળ્યા તેથી જ તો ખોટું લાગે છે, તો આ વાંક આપણો નથી ? જેણે પોતાનું ઘડતર કર્યું છે એવા સંતો - ભક્તોને ખોટું નથી લાગતું. જેનામાં સ્વભાવ નથી અને હતા તો જેમણે ટાળી નાખ્યા છે એમને ક્યાં ખોટું લાગ્યું છે ?

❊ રામ ભગવાનને વગર વાંકે રાજ્ય છોડીને જંગલમાં જવું પડ્યું, છતાં એમને ક્યાં ખોટું લાગ્યું છે ?

❊ નરસિંહ, મીરાં, તુકારામને વગર વાંકે દુઃખ આવતા, લોકો પણ દુઃખી કરતા, છતાં તેઓ અખંડ આનંદમાં રહેતા હતા.

❊ શ્રીજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનાં વગર વાંકે કેવાં અપમાનો થયાં છે ! એમના વિષે કેવું કેવું લખાયું, કહેવાયું છે ! છતાં એમને ખોટું નથી લાગ્યું. કારણ કે એમનામાં સ્વભાવ નથી, દેહાભિમાન નથી તો એમને કોઈનોય અવગુણ આવ્યો નથી. એમણે કોઈનોય વાંક પણ કાઢ્યો નથી. એમણે કોઈનીય ફરિયાદ પણ કરી નથી. એમના મનમાં પણ કોઈ ક્ષોભ થયો નથી.

આવી સ્થિતિ આપણી થઈ નથી, તેથી જો આપણને ખોટું લાગતું હોય તો તે વાંક આપણો છે. આપણામાં જ કાંઈક કસર છે, ખામી છે, તે શોધીને તે દૂર કરવાની સાધના કરવાની છે.

■ **પોતાના અવગુણ ક્યારે દેખાય અને ક્યારે ટળે ? :**

પોતાની ખામી, કસર કે ખોટ અથવા તો પોતાના દોષ ટાળવાની સાધના તો જ થઈ શકે, જ્યારે સ્વભાવ મારામાં છે, અવગુણ આપણા છે તેની પ્રતીતિ થાય. ઘરમાં સાપ કે વીંછી ઘૂસ્યા છે તે પહેલાં દેખાય ને કોઈ કહે તો મનાય તો તેને કાઢવાનો વિચાર આવે. મારામાં અવગુણ છે એવું આપણને દેખાય તો જ ટાળવાનો વિચાર અને

પ્રયત્ન થાય. તો આપણને આપણા અવગુણ ક્યારે દેખાય ?

(૧) ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય તો પોતાના અવગુણ દેખાય :

❊ કપડાં પર સાબુ ઘસતી વેળાએ સ્પષ્ટ ધ્યેય હોય છે કે મેલ નીકળવો જ જોઈએ, તો કપડાં ચોખ્ખાં થાય છે.

તેમ આ સત્સંગમાં હું શુદ્ધ થવા જ આવ્યો છું. એ શુદ્ધિ મેલ ટળે તો જ થાય. તે મેલ મારા અવગુણો છે, સ્વભાવો છે, દોષો છે. તેને ટાળીને હું સુખી થઈ શકીશ. ભગવાન અને ગુરુની કૃપા પ્રાપ્ત કરી શકીશ.

આ ધ્યેયની જેટલી સ્પષ્ટતા અને દૃઢતા એટલા પોતાના દોષો દેખાશે. ગોંડલ જવાનું મગજમાં સ્પષ્ટ હોય તો ગોંડલનો રોડ દેખાશે. એ રોડ પરના ખાડા, ટેકરા, બમ્પ કે અવરોધો દેખાશે ને એ અવરોધ ઓળંગવાના ઉપાય પણ અજમાવાશે. પણ ક્યારે ? ગોંડલ જવાનું સ્પષ્ટ ધ્યેય હોય ત્યારે.

(૨) સાધનામાં ઊંચો આદર્શ હોય તો જ પોતાની ભૂલ પકડાય :

❊ **'નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન.'**

માટે ૧૦૦% વાળા આદર્શ સત્સંગી જ બનવું છે. તો એ આદર્શની આડે શું શું આવી શકે એ ભૂલો પકડાશે.

❊ તરવાની સ્પર્ધામાં ભાગ લેનારને ઊંચો આદર્શ હતો કે મારે પ્રથમ આવવું છે, તો માથાના વાળ કે શરીર પરની રૂંવાટી પણ નડતરરૂપ છે તે દેખાયું અને એ બધું દૂર કર્યું.

❊ જો વિદ્યાર્થીને ૯૦ ટકા ઉપર પરિણામ લાવવાનો ઊંચો આદર્શ હોય તો તેમાં આળસ, ટી.વી., કુસંગ નડતરરૂપ છે તેમ મનાય. પણ જો ૩૫ ટકા જ લાવવાના હોય તો તેમને કશું જ નડતરરૂપ નહીં દેખાય.

❊ આપણે જે રીતે સેવા, કથા, પૂજા, આરતી કરીએ છીએ તેમાં સંતોષ હોય, તે બધું સ્વીકાર્ય હોય તો તેમાં ભૂલ શોધવાનો કદાપિ વિચાર નહિ આવે. તેમાં સુધારો પણ નહિ થાય. પૂજા, સેવા, કથા, રવિસભાનો ઊંચો આદર્શ હોય તો 'મારામાં ખામી છે' તે જાણીને દૂર કરવાનો વિચાર-પ્રયત્ન થાય.

- ૧૦૦% વાળા સત્સંગી બનવું હોય તો પૂજામાં વાતો કરાય ?
- ૧૦૦% વાળા આદર્શ ભક્ત બનવા માટે ટી.વી. ને સિનેમા જોવાય ?
- ૧૦૦ % વાળા ભક્ત બનવા માટે સભામાં કલાક મોડા અવાય ?
- ગરબડવાળી અનિયમિત ઘરસભા મને આદર્શ તરફ લઈ જશે ?

આ વિચાર સતત કરતા રહેવું.

❊ આપણી ગુણાતીત પરંપરાએ સેવા, કથા, તપ, આરતી, પૂજા કેવી રીતે કર્યાં છે ? એમને કેવો ભીડો પડ્યો છે ? એમણે કેવું અને કેટલું સહન કર્યું છે ? માન-અપમાન, સગવડ-અગવડ, પ્રશંસા-નિંદા, જેવા દ્વન્દ્વોમાં કેવા સ્થિર રહ્યા છે ? એ જાણીને પછી પોતાની સાથે તુલના કરે, તો પોતાની ક્યાં ભૂલ થાય છે તે પકડાય. મોટાપુરુષનું જીવન અરીસા જેવું છે. તેમાં ડોકિયું કરીશું તો આપણી ખામીઓનું દર્શન થશે.

(૩) અંતર્દષ્ટિ, જાણપણું, ખટકો હોય તો પોતાના અવગુણ દેખાય :

❊ આપણી પ્રત્યેક પ્રવૃત્તિ, ક્રિયા, ભાવના વખતે અંતર્દષ્ટિ અને જાણપણું ન રાખીએ તો કેટલાંય સ્વભાવો, દોષો, કુટેવો પેસી જાય. માટે અખંડ જાણપણારૂપ દરવાજે રહીને ચોર-લૂંટારા કે આતંકવાદીઓને પકડવાના છે. જો સવારે ઊઠવાનું નિયમિત ને સમયસર નહીં હોય, તો પૂજામાં ગોટાળો જ થવાનો. માનસીપૂજામાં પણ ગરબડ જ રહેવાની. જેની પૂજા બરાબર નથી તે આરતી કરે ? તો પછી અષ્ટક તો ગવાય જ ક્યાંથી ? તો ઘરસભાની વાત ક્યારે મનાય ? ને સત્સંગ સભામાં

પણ કેવો ભલીવાર હોય ?

એક નાની ક્રિયા બરાબર ન થાય, તેની અસર બધે જ પડતી હોય છે.

❊ જે માણસ પોતાના ચંપલ બરાબર લાઈનમાં ન કાઢે, તેનું જીવન પણ લાઈન બહાર જ હોય. કારણ કે ચંપલ અસ્તવ્યવસ્ત, તો ચાવી પણ જ્યાં ત્યાં જ મૂકશે. ને પૈસા ને હિસાબનું પણ એવું જ હોય. ને પછી દુઃખી, દુઃખી ને દુઃખી.

❊ કબીર કહે છે :

'બૂરા દેખન મૈં ચલા, બૂરા મિલા ન કોઈ;
અંતર ખોજા આપકા, તો મુઝસે બૂરા ન કોઈ.'

(૪) પ્રાર્થના :

❊ મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને શુદ્ધભાવે પ્રાર્થના કરીએ, તો જ્યારે જ્યાં જે કંઈ કરતી વખતે જે કંઈ ભૂલ થતી હશે તેનું દર્શન તેઓ કરાવશે. આપણી ખામીઓ સામે નિર્દેશ કરશે. માટે પોતાના અવગુણ શોધવાની 'પ્રાર્થના' એ રામબાણ ઈલાજ છે. ગંદું ને ઘણા કચરાવાળું પાણી હોય તેમાં ફટકડી નાખો કે ફેરવો, તો તરત બધો કચરો બેસી જાય કે તરી આવે ?

ઝીણાં જંતુઓ કે કચરો લોટમાંથી વીણવો ભારે પડે. પરંતુ ચારણી ફેરવીએ તો બધું જ તરી આવે.

તેમ સ્વભાવો, દોષો ને વાસના તો રજકણો કે ઝીણાં જીવજંતુ કરતાં પણ સૂક્ષ્મ છે. તે તારવા માટે, બહાર કાઢવા માટે પ્રાર્થના અમોઘ શસ્ત્ર છે.

❊ આ રીતે આપણા જે અવગુણ દેખાય, તે ટાળવાનો વિચાર, પુરુષાર્થ પણ કરવો પડે, અને તે માટે પણ ભગવાનને પ્રાર્થના કરવાની જરૂરિયાત છે.

જો આપણા સ્વભાવ સંપૂર્ણ ટળી જશે તો પછી ભગવાન અને સંતમાં મનુષ્યભાવ કે અવગુણ નહિ આવે, અને સાથે સાથે બીજા સંતો-ભક્તોનો પણ અવગુણ નહિ આવે.

■ ભગવાન અને ભક્તનો અવગુણ :

❊ શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે કે મોહાંધ વ્યક્તિ પોતાનો અવગુણ જોઈ શકતી નથી, પરંતુ ભગવાન અને ભક્તનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે.

ભગવાન અને ભક્તનો અવગુણ આવવાનું મુખ્ય કારણ તો પોતાના ડહાપણનું માન છે, એવું મહારાજ આ વચનામૃતમાં સમજાવે છે.

અર્થાત્ જેને પોતાની બુદ્ધિનું ડહાપણ હોય, અહંકાર હોય, તે ભગવાન અને સંતનાં ચરિત્ર, તેમની અલૌકિક ક્રિયા અને સમજણને સમજી શકતો નથી. તેથી જ તે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન અને સંતનો અવગુણ લે છે કે ભગવાન અથવા મોટાપુરુષ આટલું ઠીક નથી કરતા, એમ એમની ખોટ કાઢે છે. આવાને મહારાજ અધર્મી અને મૂર્ખનો રાજા કહે છે.

ભગવાન અને ભક્તનો અવગુણ કે મનુષ્યભાવ ન આવે તે માટે શું કરવું જોઈએ, તેનું માર્ગદર્શન પણ મહારાજે આ વચનામૃતમાં આપ્યું છે.

■ ભગવાન અને ભક્તનો અવગુણ ન આવે તેના ઉપાયો :

(૧) પોતાની વાસ્તવિક સામર્થીનો ખ્યાલ :

❊ જો જીવને પોતાની વાસ્તવિકતાનો ખ્યાલ આવે કે પોતે કેટલો અલ્પજ્ઞ છે, અસમર્થ છે, અશક્તિમાન છે, તોપણ તે ભગવાનની ક્રિયામાં માથું નહિ મારે.

એક રજકણ, સૂરજ થવાને શમણે;
ઉગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે.

ધૂળના એક રજકણને સૂર્ય થવાની તમન્ના જાગી. તે પૂર્વ તરફ દોડ્યું. પવનની એક થપાટ વાગી એટલે આથમણી દિશામાં પડ્યું. આપણે જીવ આવા અણુ જેવા છીએ.

❊ જીવને પોતાના સ્વરૂપનું પણ ભાન નથી, પોતે

કેવો છે તેનું પણ તેને જ્ઞાન નથી. પોતે પોતાની મેળે કંઈ જ કરી શકવા સમર્થ નથી. વૃક્ષનું એક પાંદડું કે માથાનો એક વાળ પણ બનાવી શકે તેમ નથી. જીવને આ સમગ્ર વિશ્વના કેટલા વિષયનું જ્ઞાન છે ? આપણી આંખથી આપણને આપણી પીઠ પણ દેખાતી નથી, તો બીજી તો વાત જ ક્યાં? જ્ઞાનના મહાસમુદ્રના એક બિંદુ જેટલું પણ જ્ઞાન નથી. ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્યકાળમાં અનંત જીવો, ઈશ્વરો દ્વારા મન-કર્મ-વચને થયેલ, થતી કે થનાર, સ્થૂળ, સૂક્ષ્મ ક્રિયાઓમાંથી કેટલી ક્રિયાનું જ્ઞાન છે ? અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના આ કાર્યમાં આ જીવ શું કરી શકે તેમ છે ? આવી અલ્પજ્ઞતા, અસમર્થતાનો ખ્યાલ જીવને આવે તો પછી તે ભગવાનનાં કાર્ય કે ચરિત્રમાં ડહાપણ ડોળીને અવગુણ કે ખોટ નહીં કાઢે.

(૨) ભગવાનનાં સ્વરૂપ, જ્ઞાન, સામર્થ્યનો ખ્યાલ :

❋ ભગવાનનું સ્વરૂપ દિવ્ય છે. એમનું જ્ઞાન તથા સામર્થ્ય પણ અનંત અને અપાર છે. શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે :

- એ ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે.
- અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે.
- અનંતકોટિ બ્રહ્માંડના કર્તા-હર્તા છે.
- શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ એના મહિમાના પારને પામતા નથી.
- નિગમ પણ એના મહિમાને 'નેતિ નેતિ' કહે છે.

ભગવાનનો આવો અપાર મહિમા શ્રીજી મહારાજ અન્ય કેટલાંક વચનામૃતોમાં પણ સમજાવે છે :

❋ ગ.પ્ર.૨૭માં શ્રીજી મહારાજ કહે છે, 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે, તથા આ તારામંડળ જેનું રાખ્યું અદ્ધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ,પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અદ્ધર જળ રાખી મૂક્યું છે. અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.'

❋ ગ.અં.૩૯માં શ્રીજી મહારાજે કહ્યું : 'અને ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું ? તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી.

... અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત, તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય તથા અષ્ટ આવરણની રચના હોય, ઈત્યાદિક સામગ્રીએ સહિત જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે. અને જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય, તોપણ તેની કેટલી મોટ્યપ જાણ્યામાં આવે છે ? અને ભગવાનને તો એવાં બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ જ મોટ્યપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઈ નથી, અતિ તુચ્છ છે.

❋ અને વળી એ ભગવાનનાં ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવાં મોટાં છે તે પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે, અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે ! ને તેમાં કેવું ડહાપણ કર્યું છે ! જે, જુઓ ને, 'માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ

થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે, કીડામાંથી કીડો થાય છે, અને માણસનાં અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય તોપણ એ અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય.' ઈત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે.

❊ આ રીતે પોતાની અલ્પજ્ઞતા, અસમર્થતાનો ખ્યાલ કરીને ભગવાનનું સર્વજ્ઞપણું ને સામર્થ્ય સમજીને તુલના કરીએ તો પોતાની તુચ્છતાનો ખ્યાલ આવે. પછી ભગવાનની ક્રિયામાં ખોટ કાઢવાનો વિચાર જ નહિ આવે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયે રે;
શીદ ડો'ળીને ડા'પણ, સમજુ શાણા કહાવિયે રે...
જેણે રચ્યું આ જગત, જોને જુજવી એ જાતનું રે;
જોતાં મૂંઝાઈ જાય મત, એવું કર્યું ભાત ભાતનું રે...
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે...
મેલી ડા'પણ ભોળાપણ, રહિયે દાસના દાસ થઈને રે,
કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈને રે..
(ચોસઠપદી પદ - ૨૯)

(૩)ભગવાન અને સંતની અલૌકિક દૃષ્ટિ અને સમજણનું જ્ઞાન :

❊ ભગવાન અને સંતની પ્રત્યેક ક્રિયા પાછળ એક અલૌકિક દૃષ્ટિ અને સમજણ હોય છે, તે સમજવાનો - જાણવાનો પ્રયત્ન કરીએ, અને તેમના પ્રત્યેક ચરિત્રના પ્રયોજનને સમજવા માટે પ્રયત્ન અને પ્રાર્થના કરીએ, તો એમનાં ચરિત્રોમાં મનુષ્યભાવ ન આવે.

ભગવાન અને સંત જે કોઈ ક્રિયા, પ્રવૃત્તિ કે ચરિત્ર કરે છે તેની પાછળ અતિ શુભ હેતુ અને રહસ્ય સમાયેલ હોય છે, જેમ કે,

(૧) અનંત જીવોનું કલ્યાણ કરવું.
(૨) પ્રેમી ભક્તોના સંકલ્પો પૂરા કરીને, તેમને સ્મૃતિ આપીને સુખ આપવું.
(૩) ભક્તના નિશ્ચયની કોઈક કસર કે ખામી હોય તો દૂર કરવી.
(૪) ભક્તની કસોટી કરવી.
(૫) અધર્મ ઉત્થાપન કરીને ધર્મનું સ્થાપન કરવું.

❊ આમ, એમના પ્રત્યેક ચરિત્ર પાછળ આમાંથી એક કે વધુ શુભ પ્રયોજન હોય છે. તેમના શુભ આશયને આપણે આપણી માયિક બુદ્ધિથી માપી શકતા નથી કે પામી શકતા નથી. તેમ છતાં તેમને પ્રાર્થના કરીને તેમનાં બધાં ચરિત્રોનો મેળ બેસાડવાનો પ્રયત્ન કરીશું તો એમની કૃપાથી એમનું કોઈક રહસ્ય કંઈક અંશે હાથમાં આવશે, તો પછી તેમનામાં મનુષ્યભાવ નહિ આવે.

❊ શ્રીજી મહારાજ અને મૂળજી બ્રહ્મચારી એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એક ગાડાવાળાએ શ્રીજી મહારાજને પોતાના ગાડામાં બેસાડ્યા. થોડે આગળ ગયા. બપોરે ભોજન-આરામ માટે ગાડું છોડ્યું. ત્યાં કેટલાક જાનૈયા આવ્યા અને મહારાજને પૂછ્યું : ''અમારો સોનાનો દાબડો ખોવાયો છે, તે જોવામાં આવ્યો ?'' મહારાજ કહે, ''હા, પેલા ગાડાવાળાએ ચોર્યો છે.'' જાનૈયાઓએ તો ગાડાવાળાને ટીપી કાઢ્યો. પછી ગાડું તપાસ્યું પણ કાંઈ ના મળ્યું તેથી જતા રહ્યા. પછી ગાડાવાળાએ મહારાજને પૂછ્યું, ''તમે મને વગર વાંકે માર કેમ ખવરાવ્યો ?'' મહારાજ કહે, ''આ લોકો સાત જનમનું તારું વેર લેવા પાછળ ફરતા હતા. એ આટલા ગડદાપાટુમાં પતાવી દીધું.''

શ્રીજી મહારાજે જાનૈયા દ્વારા ગાડાવાળાને સાત મિનિટ માર ખવરાવીને સાત જન્મનું વેર ટાળ્યું.

❊ મહારાજે અદીબાના ખભા પર હાથ મૂક્યો, તે ચરિત્રને સમજવાનો અને એ ચરિત્રને પૂર્વેના ચરિત્રો સાથે મેળ બેસાડવાનો આંબા શેઠે પ્રયત્ન કર્યો હોત તો તેમને મનુષ્યભાવ ન આવત. મહારાજને જગતની વાસના હોત તો ઈલા-સુશીલા સાથે લગ્ન કરી લીધાં હોત. અરે ! અદીબા સાથે લગ્ન કરવાનું ચરિત્ર કર્યા પછી, મહારાજની લીલા કેવી હતી ?

* શ્રીજી મહારાજ દાદાની પ્રશંસા કરતા અને જીવાખાચરની કરતા નહિ. એ ચરિત્ર પાછળનું પ્રયોજન જો જીવાખાચર સમજી શક્યા હોત તો તેમને મનુષ્યભાવ ન આવત.
* ઉદ્ધવને કૃષ્ણ ભગવાન કુબ્જાને ઘેર ગયા તોપણ મનુષ્યભાવ ન આવ્યો.
* શ્રીજી મહારાજ જેતલપુરમાં ગણિકાના ઘરમાં ગયા તોપણ મુક્તાનંદ સ્વામીને અવગુણ ન આવ્યો.
* એક ભાઈ વડલાના ઝાડ નીચે સૂતા હતા. ડહાપણ કરીને ભગવાનમાં ખોટ કાઢી. આવા મોટા ઝાડ પરના ટેટા નાના અને વેલ પરનાં તરબૂચ મોટાં, ભગવાનમાં અક્કલ નથી. ત્યાં જ ટેટો કપાળ પર પડ્યો. તમ્મર આવી ગયા. સમજાઈ ગયું. તરબૂચ હોત તો ?

આ રીતે ભગવાન કે સંતનાં અલૌકિક જ્ઞાન, સમજણ, શક્તિ, સામર્થ્ય અને દિવ્યદૃષ્ટિનો ખ્યાલ આવે તો તેમનાં કોઈ ચરિત્રોમાં મનુષ્યભાવ ન આવે કે કોઈ ક્રિયામાં અવગુણ પણ ન આવે.

* વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજનો કેટલો બહોળો અનુભવ સાધુ તરીકે, પ્રમુખ તરીકે, ગુરુ તરીકે ! કેવી જ્વલંત સફળતા ! એમનું વિચરણ, લાખો લોકોને વ્યક્તિગત પત્ર કે ફોન દ્વારા મુલાકાત, આટલી મોટી સંસ્થાનો વિકાસ, લાખો લોકોને વર્તાવી શકે, દરેક સાથેના સફળ માનવીય સંબંધો, સફળ નેતૃત્વ વગેરેનો વિચાર કરીએ તો તેમની કોઈ ક્રિયામાં ડહાપણ કરવા જેવું નથી. એમની તુલનામાં આપણે તો પામર, તુચ્છ અને વિષયાસક્ત જીવ છીએ ? તો શા માટે ડહાપણ ડોળીને તેમનાં ચરિત્રોમાં ખોટ કાઢીને તેમનાથી વિમુખ થવું ? અધર્મી અને મૂર્ખાઓના રાજા થવું ?

૫. વચનામૃત : ગઢડા મધ્ય-૫૪ : સર્વ સાધનથી સત્સંગ અધિક કહ્યો તેનું - ગોખરનું, આત્મબુદ્ધિનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૫૪મું - સર્વ સાધનથી સત્સંગ અધિક કહ્યો તેનું - ગોખરનું, આત્મબુદ્ધિનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૦ના જયેષ્ઠ સુદિ ૭ સપ્તમીને દિવસ ત્રીજા પહોરને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રીલક્ષ્મીવાડીએ પધાર્યા હતા. ત્યાં ઘણી વાર સુધી તો ઘોડી ફેરવી. પછી તે વાડી મધ્યે વેદી ઉપર વિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.' એમ ભગવાને કહ્યું છે. માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો. તે જેને સર્વ સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ?" પછી જેને જેવું સમજાયું તેવું તેણે કહ્યું, પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે. જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે ને મૂછો તાણે તોપણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તોપણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ; શા માટે ? જે, એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે. **એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.'**

ઇતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૪મું વચનામૃત થયું.

❋ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં શ્રીમદ્‌ભાગવતના આધારે વાત કરે છે, જેમાં ચાર વાતો મુખ્ય છે.

(૧) અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ વગેરે સાધનથી ભગવાન વશ થતા નથી.

(૨) સત્સંગે કરીને ભગવાન વશ થાય છે.

(૩) સર્વ સાધનથી સત્સંગ અધિક છે.

(૪) સર્વ સાધનથી સત્સંગ અધિક જણાયો હોય તેવા પુરુષનાં લક્ષણો અહીં બતાવ્યા છે.

❋ શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવને કહે છે : 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ દાનાદિક સાધનોથી ભગવાન વશ થતા નથી.'

❋ વિશ્વમાં અસંખ્ય મનુષ્યો સ્વકલ્યાણ માટે જુદાં જુદાં સાધનો જેવાં કે અષ્ટાંગ યોગ, તપ, જપ, તીર્થયાત્રા વગેરે કરે છે. જેના દ્વારા આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરવાની મહેચ્છા ધરાવે છે. વાસ્તવિક દૃષ્ટિએ આ બધાં સાધનો ઉપયોગી છે, પરંતુ એના

દ્વારા આત્યંતિક કલ્યાણ થઈ શકતું નથી.

- **અષ્ટાંગયોગ :**

❊ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ - આ આઠ અંગો સિદ્ધ કરવા અતિ કઠણ છે અને કદાચ કોઈ કરે છતાં પણ તે વિષયથી પર થઈ શકતો નથી.

❊ શ્રીજીમહારાજના સમયમાં વિજ્ઞાનદાસને સમાધિ થતી હતી, છતાં પણ તેમણે બે ઘર કર્યાં એટલે કે બે વાર લગ્ન કર્યાં. એટલે, સમાધિ થતી હોવા છતાં વિષયમાંથી આસક્તિ ટળી નહીં તો પછી ભગવાન વશ ક્યાંથી થાય ?

- **સાંખ્ય :**

❊ એક દાસી રાજાનો ઓરડો સાફ કરતી હતી. ઓરડો સાફ કરતાં કરતાં રાજાની પથારીમાં સૂઈ ગઈ. રાજાએ આવીને જોયું. દાસીને ફટકા માર્યા. દાસી હસવા લાગી. રાજાને નવાઈ લાગી. રાજાએ પૂછ્યું : 'કેમ હસે છે ?' દાસી કહે : 'થોડી વાર ઊંઘનારને આટલા ફટકા પડે, તો જે કાયમ સૂતો હશે તેને કેટલા ફટકા પડશે ?' રાજાને અંતર્દૃષ્ટિ થઈ, તેથી રાજ્ય છોડી દીધું. જંગલમાં જઈને તપ કર્યું, પરંતુ ત્યાં એને ભગવાન મળ્યા કે નહિ ? એ વાત પ્રસિદ્ધ નથી. બધું છોડીને નીકળવું અઘરું છે, છતાં પણ તેને કરીને ભગવાન વશ થતા નથી.

- **તપ :**

❊ શ્રીજીમહારાજે પોતે કઠિન તપ કર્યું, પણ મોક્ષ માટે તો **વચનામૃત કારિયાણી-૧૦માં** કહ્યું : 'એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું, એ જ કલ્યાણનું પરમ કારણ છે અને જે તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે.'

❊ એક ફરીદ નામના સંત ઝાડની ડાળી પર તપ કરતા હતા. શરીર સાવ સૂકવી નાંખ્યું હતું. નિશ્ચેતન બની ગયા હતા. કાગડાઓ ઋષિને મરેલા જાણી માંસ ખાવા માટે ચાંચો મારતા હતા. એક કાગડાએ ઋષિની આંખ નીચે ચાંચ મારી ત્યારે ઋષિએ આંખો ખોલી અને કાગડાને ઉદ્દેશી બોલ્યા :

કાગા સબ તન ખાઈઓ, ચુન ચુન ખાઈઓ માંસ,
દો નૈના મત ખાઈઓ, પિયા મિલન કી આસ.

આવા તો સેંકડો તપસ્વીઓએ તપે કરીને શરીર સૂકવી નાંખ્યું, પણ ભગવાન વશ ન થયા. અરે ! તેમનાં દર્શનની ઝાંખી પણ નથી થઈ.

❊ તીર્થ, વ્રત અને યજ્ઞે કરીને સ્વર્ગ મળે, પણ ભગવાન વશ થતા નથી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું,

યજ્ઞ યાગે કરી સ્વર્ગસુખ ભોગવે,
પુણ્ય ખૂટ્યે પડે નક્કી પાછો,
તીર્થ ને વ્રતતણું જોર પણ ત્યાં લગી,
ગુરુગમ વિના ઉપાય કાચો.

- **દાન :**

❊ શ્રીજીમહારાજના વખતમાં વૃંદાવનના લક્ષ્મીચંદ શેઠ હતા. તેઓ ખૂબ જ દાન-પુણ્ય કરતા. શ્રીજીમહારાજના સંતો દ્વારા તેમને મહારાજનો પરિચય થયો. શેઠને મહારાજનાં દર્શન કરવાની અતિ તીવ્ર ઇચ્છા હતી. તેઓ વૃંદાવનથી ગઢડા આવવા નીકળ્યા, પણ એમનાં એટલાં પુણ્ય નહોતાં કે આ જન્મે મહારાજનાં દર્શન થાય. તેઓ ગઢડા આવતાં રસ્તામાં મૃત્યુ પામ્યા.

ટૂંકમાં, તપ-ત્યાગ-દાનાદિકથી પણ ભગવાનનાં દર્શન થતાં નથી, તો વશ થવાની વાત દૂર રહી ગઈ.

- **ભગવાન તો સત્સંગે કરીને જ વશ થાય છે :**

❊ સત્સંગ એટલે સત્પુરુષનો સંગ. એમના સંગ કહેતાં કે સમાગમ થકી ભગવાન વશ થઈ જાય. અર્થાત્
- ભગવાન ભક્ત પર અતિ પ્રસન્ન થઈ જાય.
- ભગવાન પોતાનું દિવ્ય ધામ તેને આપે.

❊ આવા સત્પુરુષ આપણને ભગવાનનો ભેટો કરાવી દે છે.

❊ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

બ્રહ્માનંદ કહે સત્ય બારતાકું,
ઐસે સંત મિલાવત રામકુંજી.

* જનક જેવા રાજાને અષ્ટાવક્ર, પરીક્ષિત રાજાને શુકદેવજી, વાલિયા લૂંટારાને, અસુર કુળમાં જન્મેલા પ્રહ્લાદને તથા ધ્રુવને નારદજી જેવા સંતનો સુયોગ પ્રાપ્ત થયો તો બધાને ભગવાન વશ થયા.
* તુલસીદાસને હનુમાન જેવા સંતના યોગે રામ વશ થયા અને દર્શન પણ થયાં. તેથી પોતાનો અનુભવ લખ્યો કે,

રામ મિલન કે કારણે, જો તું ભયો ઉદાસ,
શોધી લે સંગત સંતકી, રામ જિન્હોં કે પાસ.

એટલે સંત દ્વારા જ ભગવાન મળે.

* તેથી કબીરજી કહે છે :

સંત મિલે સાહેબ મિલે, અંતર રહી ન રેખ,
મનસા વાચા કર્મણા, સાધુ સાહેબ એક.

* તેથી કહ્યું :

સત્સંગતિ મહિમા નહિ ગોઈ. (રામાયણ)

સત્સંગનો મહિમા ગાઈ શકાય એવો નથી.

* **બડે ભાગ્ય પાવત સત્સંગા ।**
બિનહિ પ્રયાસ હો હી ભવભંગા ॥ (રામાયણ)

મોટા ભાગ્ય દ્વારા સત્સંગ મળે અને સત્સંગ મળ્યા પછી કોઈ પણ પ્રકારના પ્રયાસ વગર જન્મ-મરણથી પર થઈ શકાય.

* શ્રીજીમહારાજે કહ્યું છે કે બ્રહ્માદિકને પણ દુર્લભ એવો મહા વિષ્ણુરૂપ આ સત્સંગ છે. આવો અલૌકિક સત્સંગ સર્વ સાધન થકી અધિક જેને જણાતો હોય તે પુરુષનાં લક્ષણો કેવાં હોય, તે મહારાજ વાંઝિયા રાજાના એક દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

જેમ વાંઝિયા રાજાને ઘડપણમાં થયેલા પુત્રને વિષે આત્મબુદ્ધિ હોય, તેમ જેને સત્સંગ અધિક જણાતો હોય, તેને ભગવાન અને સંતને વિષે આત્મબુદ્ધિ હોય.

* શ્રીજીમહારાજ કહે છે : 'જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન અને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખવી જોઈએ.'

● **વચનામૃત જેતલપુર-૧ પ્રમાણે સત્પુરુષને વિષે આપોપું એ જ આત્મબુદ્ધિ :**

જેમ દેહના લાલન-પાલનમાં દેહભાવ ક્યારેય ભુલાતો નથી. શરીરમાં જરા પણ તકલીફ થાય કે તરત તે દૂર કરવાના વિચારો કે પ્રયત્નો ચાલુ થઈ જાય છે. આમ તો આપણને ચોવીસ કલાક દેહની જ ભક્તિ થાય છે. જેટલી સાક્ષાત્ ભગવાનની સેવા ન કરીએ તેટલી દેહની સેવા કરતા રહીએ છીએ.

આપણા દેહમાં આપણને એવી આત્મબુદ્ધિ છે કે ગમે તેટલા ઝાડા થયા હોય, વારંવાર નાહવા જવું પડે, તાવ, શરદી કે ટી.બી. જેવા રોગ પણ થયા હોય છતાં દેહનો અભાવ ક્યારેય આવતો નથી.

* એક વાંદરી તેના બચ્ચાને તેડીને જતી હતી. રસ્તામાં નદી આવી. તેમાં ઊતરી તો પાણી વધવા લાગ્યું. તેથી બચ્ચાને જરા ઊંચું લીધું, પણ જેમ જેમ પાણી વધતું ગયું, તેમ તેમ બચ્ચાને ઊંચકીને માથા પર લઈ લીધું, પણ પાણી વધતું જ રહ્યું ત્યારે વાંદરીને થયું : 'હવે તો હું પોતે જ ડૂબી જવાની.' ત્યારે બચ્ચાને પોતાના પગ નીચે નાખીને પોતે તેની પર ચડીને ઊંચી થઈ ને બચ્ચું મરી ગયું. આ છે દેહમાં આત્મબુદ્ધિ.
* આપણને જેમ દેહ વહાલો છે, તેવી રીતે ભગવાન અને સંતને વહાલા કરીને રાખવા.

● **આત્મબુદ્ધિવાળા ભક્તનાં લક્ષણો :**

૧) દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે જેવો ભાવ થાય તેવો ભાવ ભગવાન અને સંતને વિશે થાય :

* ૪-૨-૨૦૦૨, સિડની : સ્વામીશ્રીનો ઉતારો એક હરિભક્તને ઘરે હતો. સ્વામીશ્રી સાયં સભામાં જવા રૂમની બહાર આવ્યા ત્યારે કોઈ બોલ્યું : 'આ ભાવિન રાવલનો દીકરો મયૂર કહેતો હતો કે અહીં ઉપરના માળમાં બધે કારપેટ કરી દેવી જોઈએ, કારણ કે ઉપરના માળમાં રૂમો સિવાયના ભાગમાં લાદી છે. અમે પૂછ્યું : 'કેમ ?' તો તે કહે :

'બાપાના પગમાં ઠંડું ન લાગે ને કંઈ વાગે નહીં એટલે.' સ્વામીશ્રી રાજી થતા કહે : 'વાહ ! સારું કહેવાય અત્યારથી આટલું ધ્યાન રાખે છે !' એમ કહી વહાલથી મયૂરના ગાલે હાથ ફેરવ્યો અને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. સેવક સંતે કહ્યું : 'પ્રગટની ભક્તિ કહેવાય.' સ્વામીશ્રી કહે : 'હા, ખરેખરી ભક્તિ કહેવાય.'

'યથા દેહે તથા દેવે' દેહની જેમ પોતાપણાની ભાવના આવા ભક્તને ભગવાન અને સંતને વિશે રહ્યા કરે.

૨) ભગવાન અને સંતનું હંમેશાં સ્મરણ રહે :

* લૌકિકમાર્ગમાં પિતા-પુત્ર, પતિ-પત્નીને પરસ્પર આવું જોડાણ હોય તો સતત તેનું મન સામેની વ્યક્તિમાં રહ્યા કરે.
* તુલસીદાસને પોતાની પત્નીમાં અતિશય હેત હતું, તો તેમની પત્ની બે-ત્રણ દિવસ માટે પિયર ગયાં તોપણ તેઓ પત્ની વિના રહી ન શક્યા. સતત પત્નીનું ચિંતવન મનમાં થયા જ કરતું.
* કેટલાક પુત્રઘેલા બાપ હોય, તે ઘરેથી નીકળીને ઑફિસ પહોંચે કે તરત ફોન કરે, 'બાબાને કેમ છે ?' કલાક પછી પાછી ખબર કાઢે, 'તેણે શું ખાધું ?' આમ, આખો દિવસ પુત્રમાં જ મન રહ્યા કરતું હોય. તેમ આત્મબુદ્ધિવાળા ભક્તનું મન પણ સદા ભગવાન અને સંતમાં રહ્યા કરે.
* સિદ્ધાનંદ સ્વામીને અખંડ 'સ્વામિનારાયણ' નામનું રટણ થતું. જેમ મોરનો કંઠ લવ લવ થાય તેમ તેમને અખંડ નામ-સ્મરણ થતું.
* હરિકૃષ્ણચરિત્રામૃતસાગરના રચયિતા માધવદાસ સ્વામીને તો મહારાજની સ્મૃતિનું વિશિષ્ટ અંગ હતું. તેઓ કહેતા : 'મેં ૭૦ સમૈયામાં શ્રીહરિનો લાભ લીધો છે. આઠ વાર શ્રીહરિને રાસ કરતા દીઠા છે. છ વાર મુગટ સાથે શ્રીહરિને જોયા છે. ૨૨ વાર મને શ્રીહરિ ભેટ્યા છે. ૨૨ વાર છાતીમાં ચરણ દીધાં છે. દસ વાર માળા દીધી છે. વસ્ત્રો ૧૧ વાર દીધાં છે. ૨૨૨ વાર મેં શ્રીહરિનો સ્પર્શ કર્યો છે. ૨૫૦ જગ્યાએ વાતો સાંભળી છે. ૪૦૦ વાર જમતા જોયા છે. ૨૭૦ વાર નહાતા જોયા છે. ૧૧૦ વાર સંતો સાથે સમુદ્રસ્નાન કરતાં દીઠા છે. ૯૧૩ વાર ઘોડા પર દીઠા છે. ૩૧૦ વાર લાડુ પીરસતા જોયા છે !!'

સતત સ્મરણ સિવાય આવું યાદ ન રહે.

* **નયન નયનમાં હો તવ આસન,**
  હૃદય હૃદયમાં હો તવ શાસન; - સુન્દરમ્

આપણને સત્સંગ થયે ૧૦-૧૫ વર્ષ થયા હોય અને સ્વામીશ્રીએ ઉત્સવ-સમૈયામાં ઘણો બધો લાભ આપ્યો હોય, પણ આપણે તે લાભને આપણા માનસપટ પર કેટલો સાચવ્યો ? તેના આધારે આપણને સ્વામીશ્રીમાં કેટલી પ્રીતિ-જોડાણ છે, તેની ખબર પડે.

3) સંબંધવાળા ભક્તો પ્રત્યે મમત્વભાવ જાગે :

* પૂજાજી બાપુની તબિયત અસ્વસ્થ હતી, તેથી શાસ્ત્રીજી મહારાજ તેમની દવા કરાવવા તેમને ગુજરાતમાં મનસુખભાઈ વૈદ્ય પાસે ચાણસદ લઈ આવ્યા. શાસ્ત્રીજી મહારાજના શૂરવીર હરિભક્ત ગલભાઈને શાસ્ત્રીજી મહારાજે આજ્ઞા કરી કે તમે પૂજાજી બાપુને પોતાના ઘેર રાખજો ને જે દવા કરાવવાની હોય તે કરાવજો. શાસ્ત્રીજી મહારાજના વચને ગલભાઈએ પૂજાજી બાપુની ખૂબ સારી સેવા કરી. વૈદ્યની સૂચના પ્રમાણે ગલભાઈએ છ-સાત શેર દૂધ દેતી ગાય ખાસ દવા માટે રબારી પાસેથી વેચાતી લઈ ઘેર રાખી. પૂજાજી બાપુને શેરડી ચૂસવાની વૈદ્યની સલાહ હતી, તે રોજ પાદરાથી અડધો મણ શેરડી ગલભાઈ લાવતા. આમ, ગલભાઈએ પૂજાજી બાપુની ખૂબ સેવા કરી.
* ગુણાતીતાનંદ સ્વામી **૧/૩૨મી વાતમાં** કહે છે : 'ત્યાગ-વૈરાગ્યને શું કરવા છે ? ગમે તેવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગી છે.'

૪) સંસ્થા-મંદિર પ્રત્યે પણ મમત્વ હોય :

❊ એક વાર દુકાળના વરસમાં હામાપરના કરસન બાંભણિયા પોતાના ઘરમાં જેટલાં ઘરેણાં હતાં, તે તમામ ડબરામાં ભરી જૂનાગઢ આવ્યા. તેમણે તે ઘરેણાંનો ડબરો ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણકમળ આગળ મૂકી હાથ જોડીને કહ્યું : 'સ્વામી ! દયાળુ ! આ વરસ જરા મોળું છે, તેથી સાધુ દેશમાં ફરવા જઈ શકશે નહીં. વળી, હરિભક્તો પણ ઊપજ વિના ધર્માદો આપી શકશે નહીં. માટે ઘરેણાંનો ડબરો આપને અર્પણ કરું છું. આપ તેમાંથી સાધુઓને જમાડજો.'

તેમનો આવો ભક્તિભાવ જોઈ સ્વામીશ્રી અત્યંત રાજી થયા. પછી ધીરે રહીને કહ્યું : 'કરસન ભગત ! મહારાજના પ્રતાપે અહીં તો બાજરાના કોઠાર ભર્યા છે અને કોઈ વાતની ખોટ નથી. માટે ઘરેણાંનો ડબરો ઘેર લઈ જાઓ.'

કરસન બાંભણિયાને લાગ્યું કે મારી સેવા સ્વામીશ્રીએ ન સ્વીકારી. તેની આંખમાં આંસુ આવી ગયાં. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : કરસન ભગત ! ઓછું ન આણશો. તમારી સેવા અમે સ્વીકારીશું.' એમ કહી સ્વામીએ તે ડબરો લઈ કોઠારીને આપ્યો. કરસન ભગત રાજી થયા.

❊ ૧૯-૫-૨૦૦૪, ન્યૂયોર્ક : અલ્પાહાર દરમ્યાન સ્વામીશ્રીને કિશોરમંડળના કાર્યકરોનો પરિચય હિતેશ પટેલે કરાવ્યો. હિતેશ કહે : 'આ હરિવદન છે. એને મંદિરનું મમત્વ બહુ. એક દિવસ ફાયર એલાર્મ વાગ્યું, ત્યારે તે રાતના કોમ્પ્યુટર રૂમમાં હતો, ત્યાંથી એ ડંડો લઈને સીધો ભાગ્યો. અમે બધા બહાર જ હતા, પણ અમને આ વિચાર ન આવ્યો અને એને આવ્યો.' સ્વામીશ્રી કહે : 'આપણે બધાએ એવું મમત્વ રાખવાનું છે.'

૫) ભગવાન તથા સંતનું કોઈ ઘસાતું બોલતો હોય તો ખમી ન શકે :

❊ વઢવાણના ભક્ત કેસરમિયાં, વઢવાણના કારભારી ભાણજી મહેતા સાથે ધ્રાંગધ્રા ગયા હતા. પોતાના ઉતારે ભાણજી મહેતા બેઠા હતા. ત્યાં એક બ્રાહ્મણ, સત્સંગીનો ડોળ કરી બોલ્યો : 'મારે ગઢડે સ્વામિનારાયણનાં દર્શને જવું છે, માટે ખર્ચ સારુ રૂપિયા આપો.' ભાણજી મહેતાને મહારાજને વિષે દ્વેષબુદ્ધિ હતી. તેથી ભાણજી કહે : 'જો તું સ્વામિનારાયણને ગાળ દે તો તને ખૂબ રૂપિયા આપું.' કેસરમિયાં કહે : 'ગાળ દઈશ તો તલવાર મારીશ !' પેલો બ્રાહ્મણ ગાળ બોલ્યો. કેસરમિયાંએ મ્યાન સહિત તલવાર મારી તેને પાડી દીધો. ભાણજી મહેતાએ કેસરમિયાંને બરતરફ કર્યા. કેસરમિયાં રાજમાતા પાસે રજા લેવા ગયા ત્યારે રાજમાતા કહે : 'તું તો ત્રણ પેઢીનો ચાકર છે. તેથી નહીં જવા દઉં.' અને આમ કેસરમિયાંને રાખ્યા. એક વાર શ્રીજીમહારાજ કેસરમિયાંને કહે : 'તારો નોકરી છૂટી જાત તો શું ખાત ?' કેસરમિયાં કહે : 'ભીખ માંગી ખાત, પણ તમને ગાળ દે તે કેમ ખમાય ?' આ સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થયા.

❊ ૨૨-૭-૧૯૮૭, બોચાસણ : હાડેવાવાળા દેસાઈકાકાએ એમના ભાણેજને ભણાવી ગણાવી અમેરિકા મોકલ્યો. ઘણાં વર્ષો પછી ઘરે તે આવ્યો હતો. ત્યાં અમેરિકામાં કુસંગના યોગે કરીને સ્વામીશ્રીનું ઘસાતું બોલવા માંડ્યો. દેસાઈકાકાથી આ સહન ન થયું. તેથી એને કહે : 'ફરીથી જો આવું બોલીશ તો તારા દાંત કાઢી નાખીશ. મારે તારું મોઢું નથી જોવું, જા ! ફરીથી આ ઘરમાં પગ ન મૂકતો.'

૬) ભગવાનની સેવા-ભક્તિમાં અંતરાય કરનારો પોતાનો ગમે તેવો સગો હોય તોપણ તેનો કાયમી છેડો ફાડતાં વાર ન લાગે :

❊ ગઢડા - એક વાર હરજી ઠક્કરે માતા જાનબાઈને કહ્યું : 'દરબારગઢમાં મહારાજ માટે પાણી ગરમ કરવા લોઢાનું કડાયું વાપરે છે. તો આપણે ત્યાં તાંબાનો દેગડો મોટો છે, તે આપીએ તો ?' જાનબાઈ

કહે : 'ભલે.' ત્યાં નાનો દીકરો ધનજી કહે : 'મોટો શું આપવો ? નાનો આપોને !' જાનબાઈ આ સાંભળી ગુસ્સે થયાં કે 'મહારાજની સેવામાં આડો આવે છે ? ચાલ, હમણાં જ ઘર છોડી નીકળી જા.' પેલો નીકળીને ગયો તે ગયો. તે પછી ક્યારેય જાનબાઈએ નાના દીકરાનું મોઢું જોયું નહિ.

❋ **જુવો વિભીષણે તજ્યો ભ્રાત, તેમ તજી ભરતજીએ માત;**
તજી વિદુરે કુળની વિધિ, ઋષિપત્નીએ તજ્યાં સંબંધી.
ગોપીએ તજ્યો પતિનો સંગ, તજ્યો પુત્ર વેનરાજા અંગ;
તજ્યો પ્રહ્‌લાદે પિતાને વળી, તેમ ગુરુ તજ્યો રાજા બળી.

ભગવાનના માર્ગમાં આડા આવતા પોતાનાં સગાંવહાલાંઓને ખરેખરી પ્રીતિવાળા ભક્તોએ તરછોડીને એક ભગવાનને જ વહાલા રાખ્યા છે.

૭) પોતાનું સર્વસ્વ અર્પણ કરવા હંમેશાં તૈયાર હોય :

❋ ૨૧-૧૨-૧૯૮૦ - લંડન : પ્રમુખસ્વામી મહારાજે નવનીતભાઈ પટેલને ઘરે ઠાકોરજી જમાડ્યા. ત્યાર પછી નવનીતભાઈએ પોતાના સૌથી મોટા અને નાના પુત્રને સ્વામીશ્રીનાં ચરણોમાં અર્પણ કર્યા. પછી તેઓ કહે : 'યોગી બાપાનો સંકલ્પ છે કે આપ દ્વારા ૭૦૦ સાધુ થાય. તો જો તેમાં ખૂટે તો મારા વચેટ દીકરાને પણ સાધુ કરજો અને તેમ છતાં જો ૭૦૦ પૂરા ન થાય તો મને પણ સાધુ કરજો.'

❋ **તન, મન, ધન અર્પણ હો કરીએ,**
પ્રાણ માગે તો પ્રાણ પાથરીએ.

આવી ખુમારી આત્મબુદ્ધિવાળા ભક્તોને હોય છે.

૮) પોતાના ઇષ્ટદેવનો વિયોગ થાય ત્યારે તે ભક્તને ભારે દુ:ખ થાય :

❋ એક વાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ બાલમુકુંદદાસ સ્વામીને મંડળધારી બનાવ્યા. બાલમુકુંદદાસ સ્વામીના મનમાં એમ થયું કે સ્વામીશ્રીએ દયા કરીને મંડળ બાંધી આપી મારું ઠેકાણું પાડ્યું. એમ, અંતરમાં તેમને આનંદ થયો. તેથી લગાર હસતાં, મરકતાં સ્વામીશ્રી પાસે રજા લેવા આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'હજુ હેતે કરીને સત્પુરુષમાં જીવ ક્યાં જડ્યો છે ? ને જો જીવ જડ્યો હોય તો નોખા પડીએ ત્યારે નરકમાં પડ્યા જેવું દુ:ખ થવું જોઈએ. જ્યાં સુધી તેવું દુ:ખ ન થાય, ત્યાં સુધી સત્પુરુષમાં જીવ જડ્યો જ નથી.'

❋ નિષ્કુળાનંદ સ્વામી 'સ્નેહગીતા'માં લખે છે :

પ્રિતમ વિના પ્રેમીના પ્રાણ ન રહે,
અને રહે તો પ્રીત ન હોય,
જેમ જળ વિયોગે ઝષ ન જીવે,
(માછલી) **પણ જીવે દાદુર કૂર્મ દોય.**

ભગવાન અને સંતમાં દૃઢ આત્મબુદ્ધિવાળા ભક્તને તો તેમનો વિયોગ એટલો અસહ્ય બની જાય કે તેમને આ લોકમાં રહેવું કઠણ થઈ પડે.

❋ એક વાર નિયમ મુજબ પૂંજા ડોડિયા એકાદશીએ ગઢપુર જવા નીકળ્યા. એ દિવસે સં.૧૮૮૬ની જેઠ સુદ એકાદશી હતી. આગલા જ દિવસે દશમીના રોજ મહારાજ સ્વધામ સિધાવી ગયા છે, તે તેમને ખબર નહોતી. માણકી માટે ચારો લઈને તેઓ તો નીકળ્યા. ગઢડાના પાદરમાં પહોંચતાં કોઈએ કહ્યું કે માણકીના અસવાર મહારાજ તો ગઈ કાલે જ ધામમાં પધાર્યા ! આ સમાચાર તેમને કાને પડ્યા કે તરત તેઓ મૂર્છાવશ થઈને ઢળી પડ્યા ! શરીર કાળું પડી ગયું. માંડ શુદ્ધિમાં આવ્યા. દાદાના દરબારમાં પહોંચ્યા, પણ અન્નજળનો તેમણે ત્યાગ કરી દીધો. મહારાજના તેરમા સુધી ત્યાં જ રોકાયા. સંતો-ભક્તોએ ખૂબ આગ્રહ કર્યો કે તમે કંઈક જમો. પણ પૂંજા ભક્તે કહ્યું : 'મહારાજ વિના મને અન્નજળ નકારું થઈ ગયું છે. મારું ચિત્ત ભૌતિક પદાર્થમાંથી ઊઠી ગયું છે. અન્નજળનો અભાવ થઈ ગયો છે...'

આવા પ્રેમી ભક્ત પૂંજા ડોડિયાને મહારાજે થોડા જ વખત પછી પોતાના દિવ્ય અક્ષરધામમાં લઈ જઈને શાશ્વત સુખિયા કર્યા.

આમ, આવી દૃઢ આત્મબુદ્ધિ ભગવાન અને સંતમાં જેને હોય તેણે સર્વે સાધન થકી સત્સંગ અધિક જાણ્યો ગણાય.

- **જ્યારે આવી આત્મબુદ્ધિ થઈ હોય પછી પોતાના ઇષ્ટદેવ-ગુરુ વઢે, ધખે, ટોકે, તિરસ્કાર કરે તોપણ લેશમાત્ર તેમનો અભાવ ન આવે, તેને બધું દિવ્ય જ લાગે :**

❊ માંગરોળના આણંદજી સંઘેડિયાને શ્રીજીમહારાજે છ મહિના સુધી તાવ્યા. સૌ તેમને 'હડ કૂતરી, હડ કૂતરી' કહી અપમાન કરે. શ્રીજીમહારાજ પણ તેમને નજીક આવવા ન દે. આમ, છતાં મહારાજને વિશે આત્મબુદ્ધિવાળા આણંદજી સંઘેડિયાને સહેજ પણ ભાવફેર થયો નહિ.

❊ મૂળજી બ્રહ્મચારીને શ્રીજીમહારાજે વગર વાંકે વિમુખ કર્યા હતા, છતાં મહારાજને વિશે તેમની પ્રીતિ અકબંધ રહી.

❊ પ્રભુદાસ લાલાજીને શાસ્ત્રીજી મહારાજે એક વાર 'ડોબો' કહેલો. તો તેઓ તેની સ્મૃતિ આનંદપૂર્વક કરતાં સૌને કહેતા : 'હું શાસ્ત્રીજી મહારાજનો ડોબો.'

❊ આમ, ભગવાન અને સંતને વિશે આત્મબુદ્ધિ થવાથી એમને વિષે પોતાપણું મનાય, નરી દિવ્યતા દિવ્યતા જ દેખાય. અને જ્યારે આવી આત્મબુદ્ધિ ભગવાન અને સંત, ભક્તની જુએ છે ત્યારે તેઓ તે ભક્તને વશ થઈ જાય છે, એમના થઈ જાય છે.

અને આવી આત્મબુદ્ધિ કરવી તે જ આપણી સાધનાનું લક્ષ્ય છે, કારણ કે **વચનામૃત વરતાલ-૧૧** પ્રમાણે વર્તમાનકાળે ભગવાનના અખંડ ધારક પ્રગટ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમાત્માનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

તો આવી દૃઢ આત્મબુદ્ધિ આપણને પ્રગટ ગુરુહરિમાં થાય એ જ એમનાં શ્રીચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

૮. વચનામૃત : ગઢડા મધ્ય-૫૭ : ગરોળીના દૃષ્ટાંતનું, મિનડિયા ભક્તનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૫૭મું - ગરોળીના દૃષ્ટાંતનું, મિનડિયા ભક્તનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના અષાઢ સુદિ ૬ છઠને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત પાઘ પુષ્પને તોરે યુક્ત વિરાજમાન હતી અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મશાલનો પ્રકાશ થઈ રહ્યો હતો અને મુનિમંડળ દૂકડ ને સરોદા લઈને ભગવાનનાં કીર્તનનું ગાન કરતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "...એવા જે ભગવાન તે વિના જે બીજા પદાર્થને વિષે પ્રીતિ કરે છે તે તો અતિશય તુચ્છ બુદ્ધિવાળો છે. જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે ને તેમાં સુખ માને છે, તેમ મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિને કરે છે. અને જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં તો હેત વધુ હોય, તે તો કેવળ મિનડિયો ભક્ત છે; અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ. અને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ તેણે યુક્ત એવો જે તે ભગવાનનો ભક્ત તે તો એમ જાણે જે, 'શૂરવીર હોય તે લડવા સમે શત્રુ સન્મુખ ચાલે પણ બીએ નહિ તે શૂરવીર સાચો. અને શૂરવીર હોય ને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાવર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેને આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?' એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈક થોડી-ઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહિ."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૭મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❋ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભગવાનના ખરેખરા એકાંતિક ભક્તનાં લક્ષણો સમજાવે છે.

૧) એકાંતિક ભક્તને ભગવાન વિના કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય.

૨) પરમેશ્વરની વાત કરવામાં ક્યારેય કાયરપણું ન રાખે.

❋ પહેલું લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે કે ભગવાન વિના અન્ય પદાર્થમાં જે પ્રીતિ કરે તે તુચ્છ બુદ્ધિવાળો, મૂર્ખ જીવ છે અને જે પ્રીતિ ન કરે તે ભગવાનનો યથાર્થ ભક્ત છે.

કારણ કે ભગવાનના સુખ આગળ આ લોકના પદાર્થનાં સુખ શી વિસાતમાં ?

● **કેવું છે ભગવાનનું સુખ ?**

❋ તૈત્તિરીય ઉપનિષદની 'આનંદવલ્લી'માં ભગવાનના સુખનું વર્ણન કરવામાં આવ્યું છે :

સારા સ્વભાવવાળો, વેદ ભણેલો, આશાવાદી, દૃઢ, બળવાન નવયુવાન, જેની પાસે ધન-ધાન્યથી ભરેલી આખી પૃથ્વી હોય તેનો જે આનંદ છે, તે એક મનુષ્યનો આનંદ કહેવાય છે.

- એવા મનુષ્યના ૧૦૦ આનંદ = ૧ મનુષ્ય ગંધર્વનો આનંદ

- મનુષ્ય ગંધર્વના ૧૦૦ આનંદ = ૧ દેવગંધર્વનો આનંદ

એમ, આગળ વધતાં વધતાં ઇન્દ્ર, બૃહસ્પતિ તથા પ્રજાપતિનો નિર્દેશ કર્યો. પછી કહ્યું,

પ્રજાપતિના ૧૦૦ આનંદ = અક્ષરબ્રહ્મનો આનંદ.

આ રીતે મનુષ્યથી લઈને અક્ષરબ્રહ્મ સુધી એક એકથી સો ગણા ચઢિયાતા આનંદનો નિર્દેશ કરીને અંતે પરમાત્માના આનંદ માટે કહ્યું,

'यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह'

પરમાત્માના આનંદની તો વાત જ થાય તેમ નથી. ત્યાં મન-વાણી પણ પાછાં પડે છે. પરમાત્માનો આનંદ તો અતિ અપાર છે. 'જેને નિગમ(વેદ) નેતિ નેતિ કરી ગાવે' એવું ભગવાનનું સુખ છે.

* શ્રીજીમહારાજે પણ ભગવાનના સુખની મીમાંસા અનેક વચનામૃતમાં કરી છે. તેના આધારે કહી શકાય કે ભગવાનનું સુખ અખંડ, અપાર અને અવિનાશી છે.
* ભગવાનના સુખની અનુભૂતિ કરનાર ભક્તોના શબ્દો પરથી પણ અનુમાન કરી શકાય કે ભગવાનનું સુખ કેટલું અપાર છે !
* યોગાનંદ સ્વામી કહે છે :

એ સુખની શી કહું વાત, કહી નથી જાતી,
એ સુખ સંભારતાં, આજ ફાટે મારી છાતી.

* વળી, ભગવાનનું સુખ જગતના સુખ કરતાં અધિક હશે તો જ પૂર્વેના ભક્તોએ પોતાની રાજ્યસમૃદ્ધિને ઠોકર મારી હશે ને ?!
* ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો, તો ભરતજી પણ ભારતવર્ષનું રાજ્ય છોડી જંગલમાં ગયા. મીરાંબાઈ અને ઝમકુબા જેવાં રાજરાણીઓ પણ ધન-વૈભવને તિલાંજલિ આપી પ્રભુપ્રાપ્તિ માટે નીકળી પડ્યાં હતાં.

◉ તુચ્છ બુદ્ધિવાળા જીવનું માનસ :

* શ્રીજીમહારાજ સમજાવે છે કે ભગવાનની પ્રાપ્તિ થયા બાદ, આવા અલૌકિક સુખને જાણ્યા બાદ પણ જે મુમુક્ષુ તુચ્છ અને નાશવંત પદાર્થને ભગવાનથી અધિક માનીને તેમાં પ્રીતિ કરે છે, તે તુચ્છ બુદ્ધિવાળો છે.
* જીવનો એવો વિચિત્ર સ્વભાવ છે કે તેને મહા મોટું સુખ પ્રાપ્ત થાય તોપણ મનથી માનેલું તુચ્છ સુખ છોડી શકતો નથી.
* એક મહાત્માએ નદીમાં તણાતી એક ઉંદરડીને બચાવી. તેને તેઓ પોતાના આશ્રમમાં લઈ ગયા. થોડાં વર્ષો પછી ઉંદરડી કહે : 'મારા વિવાહ કરાવો.' મહાત્માએ સૂરજ બતાવીને કહ્યું : 'આ સૂર્ય ખૂબ તેજસ્વી છે, પરણવું છે ?' ઉંદરડી કહે : 'એ તો અગ્નિનો ગોળો છે. કોઈક એનાથી મોટો બતાવો.' મહાત્મા કહે : 'જો આ વાદળ સૂરજને પણ ઢાંકી દે છે. એને પરણવું છે ?' ઉંદરડી કહે : 'એનાથી મોટો જોઈએ.' મહાત્મા કહે : 'આ વાયુ વાદળને પણ ઢસડી જાય છે.' ઉંદરડી કહે : 'એનાથી મોટો જોઈએ.' મહાત્મા કહે : 'પર્વત, તે વાયુને રોકી દે.' ઉંદરડીએ એનાથી પણ મોટો બતાવવા કહ્યું. એટલે મહાત્મા કહે : 'ઉંદર છે, તે પર્વતને પણ કોચીને દર બનાવે છે.' ઉંદરડી કહે : 'હા, બરાબર. તે જ યોગ્ય છે.'

સાવ ક્ષુલ્લક વસ્તુમાં જેણે માલ માન્યો હોય તેને ગમે તેટલું સારું મળે તોપણ શો અર્થ ?

* દૈવની માયાનો મોહ જ એવો છે કે ગમે તેવો સારો, સમજુ, મુમુક્ષુ હોય તોપણ અલ્પ સુખ સારુ ભગવાન અને સંતને પડતા મૂકીને વિષય પાછળ ખેંચાઈ જાય.

વ્યક્તિને જ્યારે મોહ વ્યાપે છે, ત્યારે એને ગમતો વિષય હોય અને તેમાં ચિત્ત તણાતું હોય, ને સંત તથા ગુરુ તથા પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તે નિષેધ કરે તોપણ તેનું વચન મનાય નહિ.

* શ્રીજીમહારાજ એકવાર ઈહરવાડે પધાર્યા. ત્યાં એક હરિભક્તના ઘરે ઊતર્યા. તે હરિભક્તે એક

બાઈ ઘરે રાખેલી. મહારાજ કહે : 'તું આને રજા આપ તો અમે રાત રહીએ.' તે ભક્ત કહે : 'ના મહારાજ, આ મારી બહેન છે.' મહારાજ કહે : 'તારી બહેન નથી. તું એને રજા આપ. તું મને શું જાણે છે ?' તે કહે : 'તમે ભગવાન છો.' મહારાજ કહે : 'જો ભગવાન જાણતો હોય તો તેને રજા આપ. નહિ તો અમે ચાલી નીકળીશું.' તેણે પેલી બાઈને રજા ન આપી. તેથી મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. બીજે દિવસે બંને જણાનો ફજેતો થયો ને તે ગામમાંથી ભાગી ગયો.

❊ લૌકિક ક્ષણિક સુખ માટે જીવ ભગવાનનો પણ ત્યાગ કરતાં અચકાતો નથી, એ જ તુચ્છ બુદ્ધિ. કારણ કે જે માયિક સુખને વ્યક્તિ ઈચ્છે છે, તે કેવું છે ? તો ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૨૫મી વાતમાં કહ્યું છે : 'માયામય સુખ તે દુઃખ વિનાનું હોય નહિ.' દુન્યવી પદાર્થમાં વ્યક્તિને સુખનો આભાસ થાય છે, જેમ કૂતરો હાડકું ચાટીને પોતાના લોહીનું સુખ માણે છે તેમ. વસ્તુતઃ વ્યક્તિ પોતે સુખ મેળવવા જતાં દુઃખી થાય છે.

● **મિનડિયો ભક્ત :**

❊ આવા ભગવાન અને સંતની અલૌકિક પ્રાપ્તિ થયા પછી જગતના તુચ્છ પદાર્થ પ્રત્યેની આસક્તિ આપણને મોક્ષમાર્ગથી પાડી ન નાંખે, તે માટે મહારાજ આપણને ઉપદેશ આપે છે કે,

'જો તમારા સૌની વૃત્તિ અમારા સ્વરૂપમાં જોડાયેલી નહિ રહે તો જગતની કોરે વાસના રહેશે. અને અમે પ્રગટ મળ્યા છતાં પણ અંતરમાં સંસારના ભાવો રહેશે તો એ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરશે. જેમ ભરતજીને થયું તેમ. તે વાસના બળવાન હોવાથી પુણ્યકર્મને પણ દબાવીને અધોગતિમાં નાખી દે છે. માટે મિનડિયા ભક્ત ન થવું.'

(હરિચરિત્રામૃતસાગર)

મિનડિયો ભક્ત એટલે બિલાડી જેવો દંભી ભક્ત. બિલાડી ઉંદર પકડવા માટે એકાગ્ર થઈને બેઠી હોય તો તે ધ્યાન ધરે છે તેમ જણાય, પરંતુ ત્યાંથી ઉંદર પસાર થાય તો તરાપ મારીને પકડી લે. એમ સત્સંગમાં આગળ પડતા સત્સંગી કહેવાતા હોઈએ, અને સમાજમાં સત્સંગની રીત-રસમ વિરુદ્ધનું આચરણ કરતા હોઈએ તો તે દંભ કહેવાય.

પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા, ''અહીં સત્સંગમાં આગળ બેસીને 'હરે, હરે' કરે અને બહાર જાય ત્યાં પણ નાચગાનમાં 'વન્સ મોર, વન્સ મોર' કરે તે ખરો ભક્ત ન કહેવાય.''

● **ભગવાનના ખરા ભક્ત :**

❊ ખરો ભગવાનનો ભક્ત એ કે જેને ભગવાનથી બીજો કોઈ પદાર્થ અધિક હોય જ નહિ.

❊ લંકા વિજય પછી સીતાજીએ હનુમાનજીની સેવાની કદરરૂપે રાજી થઈ પોતાનો નવલખો હાર ભેટ આપ્યો. હનુમાનજી તે હારના મણકાને તોડી-તોડીને તેમાં કંઈક જોવા પ્રયત્ન કરતા હતા. સીતાજીને આશ્ચર્ય થયું કે 'આવા કિંમતી હારને આ કેમ તોડી નાખે છે ?' તેમણે પૂછ્યું : 'હનુમાન ! શું કરે છે ?' હનુમાનજીએ કહ્યું : 'માતાજી ! મણકાઓમાં જોઉં છું કે તેમાં રામ છે કે નહિ. જેમાં રામ ન હોય તેનું મારે કામ નહિ.'

❊ જ્યારે ભક્ત ભગવાન વિના કાંઈ પણ ઈચ્છતો નથી, ત્યારે જ ભગવાન રાજી થઈને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપી દે છે.

❊ જામનગરના રોકાણ દરમ્યાન એક દિવસ પ્રમુખસ્વામી મહારાજ રાત્રિભોજન લઈ રહ્યા હતા. તે સમયે એક બાળક ભગવી ચોરણી, ભગવું કેડિયું ને ભગવી પાઘડી ધારણ કરીને સ્વામીબાપા સમક્ષ આવ્યો. ઘૂંટણિયે બેસી બંને હાથે ભગવી ઝોળી પ્રસારી, સ્વામીબાપા તરફ મલકાતા મુખે જોઈ રહ્યો.

સામે બેસેલાં સૌ બાળકોએ એક સાથે 'નારાયણ

હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક લગાવી. ઝોળી પ્રસારનાર બાળભિક્ષુકે કહ્યું : 'બાપા ! ઝોળીમાં કંઈક આપો.' પ્રમુખસ્વામી મહારાજે થાળમાંથી અડદિયા લઈને ઝોળીમાં પધરાવ્યા. બધાં બાળકો એક સાથે કહે : 'અમારે મીઠાઈ નથી જોઈતી.' સ્વામીબાપા કહે : 'તો આ લો.' એમ કહી સ્વામીબાપાએ તલના લાડુ ઝોળીમાં નાંખ્યા. બાળકો કહે : 'અમારે તલના લાડુય નથી જોઈતા.' સ્વામીબાપા કહે : 'તો આ શેરડી લો.' કહી શેરડીના ટુકડા આપ્યા. બાળકો કહે : 'અમારે શેરડી પણ નથી જોઈતી.' એટલે સ્વામીબાપા થાળમાં હાથ ફેરવવા લાગ્યા. મમરાના લાડુ હાથમાં લીધા અને ઝોળીમાં નાંખ્યા. બાળકો કહે : 'અમારે મમરાના લાડુ પણ નથી જોઈતા.' સ્વામીબાપા થાળ ઉપર નજર ફેરવવા લાગ્યા.

હવે થાળમાં આ બાળભિક્ષુની ઝોળીમાં અપાય એવું કંઈ નથી એવું લાગ્યું. એટલે ભાવમાં આવી હાથ ઊંચો કરી બધાં બાળકોને કહે : 'તો આશીર્વાદ આપ્યા, જાવ અક્ષરધામ આપ્યું.'

આમ, ભગવાન વિના આપણી વૃત્તિ ક્યાંય ન જાય તો ભગવાન પોતાનું અલૌકિક સુખ કૃપાએ કરીને આપી દે છે.

- **ભગવાનના ભક્ત ભગવાનની વાત કરવામાં પાછા ન પડે :**

* શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ખરા ભક્તની બીજી વાત કરે છે કે 'શૂરવીર હોય અને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાપર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેને આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?'
* 'ગમતાનો કરીએ ગુલાલ' એવી વાત આપણે સાંભળી હશે. કોઈ પણ વસ્તુ સસ્તી મળતી હોય, સારી હોય તો આપણે બીજા પાંચને કહીશું કે અહીંથી લેવા જેવી છે. કોઈ સારો ડોક્ટર હોય, કોઈ સારો એકાઉન્ટન્ટ હોય, કોઈ સારો વકીલ હોય તો આપણે પાંચ જણને ભલામણ કરીએ કે ભાઈ ! આની પાસે જવા જેવું છે. તો ભગવાન અને સંત સારા છે, એની વાત કેમ ન કરીએ ?
* આજે દુનિયામાં જોઈએ છીએ કે દરેકને પોતાની કંપનીનો માલ કે વસ્તુ દુનિયાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો વિચાર રહે છે અને તે માટેના પ્રયત્નો પણ ગજબના કરે છે.
* ફોર્ડ કંપનીના પ્રણેતા હેન્રી ફોર્ડને એક ધૂન હતી કે મારા દેશના સામાન્યમાં સામાન્ય માણસને ત્યાં મારી મોટર પહોંચવી જોઈએ. તે માટે ઘણી મહેનત કરીને સારી ક્વોલિટીવાળી સસ્તી, સામાન્ય વર્ગને પરવડે તેવી મોટર તેમણે બનાવી, જેની પ્રસિદ્ધિ આખા અમેરિકામાં થઈ, પણ તે સમયે અમેરિકાના રસ્તા કાચા હતા. એટલે લોકો મોટર વધુ ન ખરીદે. એટલે હેન્રી ફોર્ડ, જનરલ મોટર્સ, વિલીસન ઓવરલેન્ડ, ડ્રાસન, પેકાર્ડ - આ બધી કંપનીઓએ ભેગા થઈ પાકા રસ્તા બનાવવાનું કામ ઉપાડ્યું. રસ્તાની સાથે સાથે ગાડીના ટાયરના ઉત્પાદકો ગુડયર તેમજ લાઇટની બેટરી બનાવનારાનો પણ સહકાર લીધો.

એટલું જ નહિ, લોકો પાસે ફાજલ પૈસા નહોતા કે મોટર ખરીદી શકે. એટલે તે માટે તેમણે શરાફી પેઢીઓ શરૂ કરી, જે મોટર ખરીદવા માટે પૈસા ધીરે અને પગાર થતાં હપ્તે હપ્તે ધિરાણની રકમ પાછી મેળવી લે. આ પ્રકારની કાર્યવાહીથી ફોર્ડ કંપનીની મોટરનું વેચાણ ખૂબ વધી ગયું.

* લૌકિક સમૃદ્ધિ અને કીર્તિ મેળવવા માટે કેટલો ભગીરથ પુરુષાર્થ! તો બીજાને સત્સંગ કરાવવાનું પુણ્ય કાંઈ ઓછું નથી. 'એક જીવને ભગવાનને માર્ગે ચડાવવાથી બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય મળે

છે.' એવું ગુણાતીતાનંદ સ્વામીએ વચન આપ્યું છે.

❋ આ વાત આફ્રિકાના મગનભાઈને સમજાઈ ગઈ હતી. મગનભાઈ રેલવે સ્ટેશન માસ્તર હતા. તેમની પાસે કોઈ કામ માટે આવે તો મગનભાઈ કહે : 'ભાઈ ! એક કલાક કથા સાંભળ, તો આજે ને આજે તારું કામ કરી દઉં, નહીં તો અઠવાડિયા પછી આવજે.' પેલાને તો જલદી કરવું હોય એટલે એક કલાક કથા સાંભળે, સત્સંગ કરે.

❋ કેટલીક વાર આપણું મન જ મોળું હોય છે કે સામેવાળાને આ વાત મનાશે કે નહિ. ત્યારે PMA વાપરવાની જરૂર છે. એટલે કે Positive Mental Attitude - હકારાત્મક વલણ.

❋ પ્રમુખસ્વામી મહારાજ પણ ઘણીવાર કહેતા, 'આપણી વાત સામેવાળાને સમજાય કે ન સમજાય પણ આપણી તો દૃઢતા થાય જ છે.'

'To teach is to learn twice.' બીજાને શીખવવું તે બે વખત શીખવા બરાબર છે.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૭૧**માં સત્સંગીમાત્રને આજ્ઞા કરી છે કે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે, એમ સમજવું અને બીજા આગળ પણ એવી વાર્તા કરવી.'

❋ આપણે આજ્ઞા સમજીને જ્યારથી વાત કરવાની શરૂ કરીએ, ત્યારથી જ મહારાજ-સ્વામીના રાજીપાનું મીટર આપણા માટે તો ચાલુ થઈ જ જાય. સામેની વ્યક્તિ સમજે કે ન સમજે પણ આપણને તો લાભ ચોક્કસ થવાનો છે, તે હકીકત છે.

❋ મૂળ તો અંતરમાં ખુમારી હોવી જોઈએ અને તે હોય તો સામેવાળાને અસર થાય જ.

❋ એકવાર ગાંફના દરબાર તીર્થોમાં દર્શને જતા હતા. રસ્તામાં તેમણે ગઢાળી ગામે રાતવાસો કર્યો. તેમના કારભારી ગગા વ્યાસ આંબાશેઠની દુકાને સીધું લેવા ગયા. આંબા શેઠ સીધું જોખતાં જોખતાં જરા પણ સંકોચ વગર 'ન્યાલકરણ... ન્યાલકરણ...' વારંવાર બોલતા હતા. આંબાશેઠે સમજાવ્યું કે, ગઢડામાં પ્રગટ ભગવાન બિરાજે છે, તેમની પાસે જવાથી કલ્યાણ થશે. શેઠની અલમસ્તાઈ ને પ્રેમ જોઈ ગગા વ્યાસ છક થઈ ગયા. તેઓ યાત્રા કરી પરત ગાંફ આવ્યા ત્યારે તેમને નિત્યાનંદ સ્વામીનો ભેટો થયો. નિત્યાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી પણ થઈ ગયા. પણ ગગા વ્યાસ કહેતા કે, 'ગઢાળીના વાણિયે ૧૦૦ વાર ન્યાલકરણ નામ સંભળાવીને મને વર્તમાન ધરાવી દીધાં.'

❋ જેમ મૂળો ખાધો હોય તો તેનો ઓડકાર આવ્યા વિના રહે નહીં, તેમ જો આ વાત દિલમાં બેસી ગઈ હોય તો બીજાને કહ્યા વિના રહેવાય નહીં.

❋ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ સાહેબને દિલ્હી-અક્ષરધામ દિલમાં બેસી ગયું, તો ઉદ્‌ઘાટન સમારોહ બાદ રાષ્ટ્રપતિભવનમાં જે કોઈ આવે તેને અક્ષરધામ જોવા મોકલે. વિશ્વવિખ્યાત કાર્ટૂનિસ્ટ શ્રી આર.કે. લક્ષ્મણ નાસ્તિક હતા. છતાં તેઓ કલામ સાહેબના કહેવાથી બે દિવસ અક્ષરધામ જોવા આવ્યા, સ્વામીશ્રીનાં દર્શન કર્યાં, આસ્તિક બનીને ગયા.

❋ ખરેખર ! અંતર્દૃષ્ટિ કરવા જેવી છે. સત્સંગી તરીકે શું આપણે આપણા પાડોશી, મિત્રો, સગાં-વહાલાંઓને આવી વાત કરી છે ? આપણા ધંધા-નોકરીના સ્થળે આપણા બોસ કે કારીગરને સત્સંગની વાત કરી છે ?

◎ યોગીબાપા કહેતા, 'ખેતરો ખાલી જ પડ્યા છે, ખેડવા માંડો.' ડોક્ટર સ્વામી પણ ઘણીવાર કહે છે : 'આપણે સૌ BAPSના Ambassador (પ્રતિનિધિ) છીએ.' તો પછી વાત કરવામાં પાછું વળીને જોવાનું જ ન હોય.

❀ તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો, તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.

❀ શ્રીજીમહારાજનો સંકલ્પ છે કે 'કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય, તેવી સો કરોડ મનવાર ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે.'

❀ મહારાજ-સ્વામીના ગોવર્ધન સમ સંકલ્પમાં લાકડીનો ટેકો અડાડીને અનેકગણું પુણ્ય કમાવાનો લહાવો એટલે સત્સંગ-પ્રચાર.

અને સત્સંગની વાતો કરતાં કરતાં કાંઈક થોડી ઘણી ઉપાધિ થાય તોપણ પરમેશ્વરની વાત કરવામાં કાયરપણું રાખે નહિ, તે ખરેખરો ભક્ત છે, તેમ મહારાજ સમજાવે છે.

❀ આપણો ઈતિહાસ સાક્ષી છે કે સત્ય અને સનાતન વાત જગતે ક્યારેય સરળતાથી સ્વીકારી જ નથી. સાચી વાતનો હંમેશાં વિરોધ થયો છે અને થતો રહે જ છે, તેમાં પણ અધ્યાત્મક્ષેત્રમાં તો ખાસ.

❀ શ્રીહરિના હૃદ્‌ગત સિદ્ધાંત એટલે કે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની વાતો શાસ્ત્રીજી મહારાજે જ્યારે છડે ચોક કરવા માંડી ત્યારે ઉપાધિનો વંટોળ શરૂ થયો. દ્વેષીઓ કોશ અને કોદાળો લઈને તેમનું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા હતા. ગોરધનદાસ કોઠારીને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે હેત હતું તેથી તેમને મૂંઝવણ અને અજંપો થવા લાગ્યા.

કોઠારીનો પોતા પ્રત્યેનો ભાવ જોઈ શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : ''આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ 'શ્રીજીમહારાજ કર્તા-હર્તા છે' એમ સમજીશું તો શ્રીજી આપણને કોઈ આંચ આવવા દેશે નહીં. છતાં પણ જો દુઃખ આવશે તો શ્રીજી કસણી કરે છે તેમ જાણી, આપણને શુદ્ધ કંચન જેવા કરવા તાવે છે તેમ માનીશું, પણ મનમાં તો ઉપાધિને દેખીને મૂંઝવણ પામવી જ નથી.''

❀ ''અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું, અમારા અક્ષરપુરુષોત્તમ ગુણાતીત જ્ઞાનને ગાઈશું.''

આવી ખુમારીથી પોતાના તન-મનને યાહોમ કરીને શાસ્ત્રીજી મહારાજે રાતોની રાતો અક્ષરપુરુષોત્તમની વાતો કરી ત્યારે આ સત્સંગની હરિયાળી આપણે માણી રહ્યા છીએ.

❀ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે મહંત સ્વામી મહારાજે સેવામાં જોડાવા માટેના ત્રણ સોનેરી સૂત્રો સૌ ભક્તોને લખી જણાવ્યા હતા, જે સત્સંગ પ્રચારના કાર્ય માટે પણ એટલા જ ઉપયોગી છે.

૧) Prapti > Problems

અર્થાત્, સેવામાં મુશ્કેલીઓ સામે નહીં, પણ પ્રાપ્તિ સામે નજર રાખવી.

૨) Kartapanu > Capacity

અર્થાત્, સેવામાં પોતાની શક્તિ સામે નહીં, પણ ભગવાન અને સંતના કર્તાપણા સામે નજર રાખવી.

૩) Rajipo > Result

અર્થાત્, સેવામાં પરિણામ સામે નહીં, પણ સત્પુરુષના રાજીપા સામે નજર રાખવી.

સત્સંગ પ્રચારની સેવામાં ભગવાન અને સંતની પ્રાપ્તિ, કર્તાપણું અને રાજીપા સામે નજર હોય તો સેવા ઉત્કૃષ્ટ ફળ આપે છે.

❀ આજે દેશવિદેશમાં હજારો ભક્તો શ્રીજીમહારાજની સત્સંગ પ્રસરાવવાની આજ્ઞાને શિરે ચડાવીને સેવા બજાવી રહ્યા છે.

આપણે પણ શ્રીજીમહારાજ અને મહંત સ્વામી મહારાજ સિવાય કોઈ પદાર્થ અધિક ન રાખી, અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને સત્પુરુષની વાત કરવામાં કચાશ ન રાખીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

૬. વચનામૃત : ગઢડા મધ્ય-૫૭ : ગરોળીના દૃષ્ટાંતનું - મીનડિયા ભક્તનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૫૭મું ગરોળીના દૃષ્ટાંતનું - મીનડિયા ભક્તનું સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના અષાઢ સુદિ ૬ છઠને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત પાઘ પુષ્પને તોરે યુક્ત વિરાજમાન હતી અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મશાલનો પ્રકાશ થઈ રહ્યો હતો અને મુનિમંડળ દૂકડ ને સરોદા લઈને ભગવાનનાં કીર્તનનું ગાન કરતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "... એવા જે ભગવાન તે વિના જે બીજા પદાર્થને વિષે પ્રીતિ કરે છે તે તો અતિશય તુચ્છ બુદ્ધિવાળો છે. જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે ને તેમાં સુખ માને છે, તેમ મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિને કરે છે. અને જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં તો હેત વધુ હોય, તે તો કેવળ મીનડિયો ભક્ત છે; અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ. અને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ તેણે યુક્ત એવો જે તે ભગવાનનો ભક્ત તે તો એમ જાણે જે, 'શૂરવીર હોય તે લડવા સમે શત્રુ સન્મુખ ચાલે પણ બીવે નહિ તે શૂરવીર સાચો. અને શૂરવીર હોય ને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાવર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેને આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?' એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈક થોડી-ઘણી ઉપાધિ રહે તોપણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહિ."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૭મું વચનામૃત થયું.

✻ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ભગવાનના ખરેખરા એકાંતિક ભક્તનાં લક્ષણો સમજાવે છે.

૧) એકાંતિક ભક્તને ભગવાન વિના કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય.

૨) પરમેશ્વરની વાત કરવામાં ક્યારેય કાયરપણું ન રાખે.

✻ પહેલું લક્ષણ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે કે ભગવાન વિના અન્ય પદાર્થમાં જે પ્રીતિ કરે તે તુચ્છ બુદ્ધિવાળો, મૂર્ખ જીવ છે અને જે પ્રીતિ ન કરે તે ભગવાનનો યથાર્થ ભક્ત છે.

કારણ કે ભગવાનના સુખ આગળ આ લોકના પદાર્થ શી વિસાતમાં ?

- **કેવું છે ભગવાનનું સુખ ?**

✻ તૈત્તિરીય ઉપનિષદ્‌ની 'આનંદવલ્લી'માં ભગવાનના સુખનું વર્ણન કરવામાં આવ્યું છે :

સારા સ્વભાવવાળો, વેદ ભણેલો, આશાવાદી, દૃઢ, બળવાન નવયુવાન, જેની પાસે ધન-ધાન્યથી ભરેલી આખી પૃથ્વી હોય તેનો જે આનંદ છે, તે એક મનુષ્યનો આનંદ કહેવાય છે.

- એવા ૧૦૦ મનુષ્યનો આનંદ = ૧ ગંધર્વનો આનંદ

- ૧૦૦ મનુષ્ય ગંધર્વનો આનંદ = ૧ દેવગંધર્વનો આનંદ એમ, આગળ વધતા વધતા...

- ૧૦૦ ઇંદ્રનો આનંદ = ૧ બૃહસ્પતિનો આનંદ

- ૧૦૦ બૃહસ્પતિનો આનંદ = ૧ બ્રહ્મનો આનંદ કહેતાં કે ભગવાનનો આનંદ.

એટલે કે એક પૂર્ણ મનુષ્યનું સુખ x $૧૦^{૨૦}$ = ભગવાનનું સુખ...

- 'જેને નિગમ નેતિ નેતિ કરી ગાવે' એવું ભગવાનનું સુખ છે.

❊ શ્રીજીમહારાજ ભગવાનના સુખની મીમાંસા કરતાં **વચનામૃત સારંગપુર-૧માં** કહે છે : 'ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે, તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ.'

❊ ભગવાનના સુખની અનુભૂતિ કરનાર ભક્તોના શબ્દો પરથી પણ અનુમાન કરી શકાય કે ભગવાનનું સુખ કેટલું અપાર છે ?

❊ યોગાનંદ સ્વામી કહે છે :

એ સુખની શી કહું વાત, કહી નથી જાતી,
એ સુખ સંભારતાં, આજ ફાટે મારી છાતી.

❊ ભગવાનના પરમ ધામના સુખનું વર્ણન કરતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા,
રહે છે પ્રભુજીની પાસ રે,
સુખ સુખ જિયાં સુખના દરિયા,
તિયાં વસી રહ્યાં વાસ રે.

❊ વળી, ભગવાનનું સુખ જગતના સુખ કરતાં અધિક હશે તો જ પૂર્વેના ભક્તોએ પોતાની રાજ્યસમૃદ્ધિને ઠોકર મારી હશે ને ?!

❊ ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો તો ભરતજી પણ ભારતવર્ષનું રાજ્ય છોડી જંગલમાં ગયા.

❊ મીરાંબાઈ અને ઝમકુબા જેવાં રાજરાણીઓ પણ ધન-વૈભવને તિલાંજલિ આપી પ્રભુપ્રાપ્તિ માટે નીકળી પડ્યાં હતાં.

● **તુચ્છ બુદ્ધિવાળા જીવનું માનસ :**

❊ શ્રીજીમહારાજ સમજાવે છે કે ભગવાનની પ્રાપ્તિ થયા બાદ, આવા અલૌકિક સુખને જાણ્યા બાદ પણ જે મુમુક્ષુ તુચ્છ અને નાશવંત પદાર્થને ભગવાનથી અધિક માનીને તેમાં પ્રીતિ કરે છે, તે તુચ્છ બુદ્ધિવાળો છે.

❊ જીવનો એવો વિચિત્ર સ્વભાવ છે કે તેને મહા મોટું સુખ પ્રાપ્ત થાય તોપણ મનથી માનેલું તુચ્છ સુખ છોડી શકતો નથી.

❊ એક મહાત્માએ નદીમાં તણાતી એક ઉંદરડીને બચાવી. તેને તેઓ પોતાના આશ્રમમાં લઈ ગયા. થોડાં વર્ષો પછી ઉંદરડી કહે : 'મારા વિવાહ કરાવો.' મહાત્માએ સૂરજ બતાવીને કહ્યું : 'આ સૂર્ય ખૂબ તેજસ્વી છે, પરણવું છે ?' ઉંદરડી કહે : 'એ તો અગ્નિનો ગોળો છે. કોઈક એનાથી મોટો બતાવો.' મહાત્મા કહે : 'જો આ વાદળ સૂરજને પણ ઢાંકી દે છે. એને પરણવું છે ?' ઉંદરડી કહે : 'એનાથી મોટો જોઈએ.' મહાત્મા કહે : 'આ વાયુ વાદળને પણ ઢસડી જાય છે.' ઉંદરડી કહે : 'એનાથી મોટો જોઈએ.' મહાત્મા કહે : 'પર્વત, તે વાયુને રોકી દે.' ઉંદરડીએ એનાથી પણ મોટો બતાવવા કહ્યું. એટલે મહાત્મા કહે : 'ઉંદર છે, તે પર્વતને પણ કોચીને દર બનાવે છે.' ઉંદરડી કહે : 'હા, બરાબર. તે જ યોગ્ય છે.'

તસ્ય હિ તદેવ મધુરં યસ્ય મનો યત્ર સંલગ્નમ્ ।

જેનું મન જ્યાં લાગ્યું હોય, તેને તે જ રમણીય લાગે.

સાવ ક્ષુલ્લક વસ્તુમાં જેણે માલ માન્યો હોય તેને ગમે તેટલું સારું મળે તોપણ શું અર્થ ?

❊ એક વાર મહારાજ પ્રાગજી દવે પાસે કથા વંચાવતા

હતા. કથા વાંચતાં વાંચતાં પ્રાગજી દવેએ મયારામ ભટ્ટે વઘારના સાત છમકારા કર્યા તે ગણ્યા. કથા જ્યારે પૂરી થઈ ત્યારે પ્રાગજી દવે મહારાજને કહે : 'તમે મને સ્વાદિયો કહો છો, પણ આ ભટ્ટજીએ વઘારના સાત છમકારા દીધા. તે સ્વાદિયો એ કે હું ?' ત્યારે ભટ્ટજી કહે : 'હા, મહારાજ ! સાત વઘાર દીધા હતા, તે પ્રાગજી દવેએ કથા વાંચતાં વાંચતાં ગણી નાખ્યું.'

પ્રાગજી દવેની બાજુમાં જ મહારાજ સાક્ષાત્ બેઠા હતા, છતાં પણ પ્રાગજી દવેનું મન હતું, છમકારામાં.

* આવા ભક્તો કાયમ ભગવાન ભેગા રહે, તોપણ તેને ભગવાનનો પાશ ન લાગે.

પથ્થર રહેતો પાણીમાં રે, ઊંડો કરી નિવાસ,
પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ.
સંગત તેને શું કરે..

* દૈવની માયાનો મોહ જ એવો છે ને કે ગમે તેવો સારો, સમજુ, મુમુક્ષુ હોય તોપણ અલ્પ સુખ સારુ ભગવાન અને સંતને પડતા મૂકીને તેની પાછળ ખેંચાઈ જાય.

વ્યક્તિને જ્યારે મોહ વ્યાપે છે, ત્યારે એને ગમતો વિષય હોય અને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે નિષેધ કરે તોપણ તેનું વચન મનાય નહિ.

* શ્રીજીમહારાજ એક વાર ઈહરવાડે પધાર્યા. ત્યાં એક હરિભક્તના ઘરે ઊતર્યા. તે હરિભક્તે એક બાઈ ઘરે રાખેલી. મહારાજ કહે : 'તું આને રજા આપ તો અમે રાત રહીએ.' તે ભક્ત કહે : 'ના મહારાજ, આ મારી બહેન છે.' મહારાજ કહે : 'તારી બહેન નથી. તું એને રજા આપ. તું મને શું જાણે છે ?' તે કહે : 'તમે ભગવાન છો.' મહારાજ કહે : 'જો ભગવાન જાણતો હોય તો તેને રજા આપ. નહિ તો અમે ચાલી નીકળીશું.' તેણે પેલી બાઈને રજા ન આપી. તેથી મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. બીજે દિવસે બંને જણાનો ફજેતો થયો ને તે ગામમાંથી ભાગી ગયો.

આમ, લૌકિક ક્ષણિક સુખ માટે જીવ ભગવાનનો પણ ત્યાગ કરતાં અચકાતો નથી, એ જ તુચ્છ બુદ્ધિ. કારણ કે જે માયિક સુખને વ્યક્તિ ઇચ્છે છે, તે કેવું છે ? તો ગુણાતીતાનંદ સ્વામીએ **૧/૨૫મી વાતમાં** કહ્યું છે : 'માયામય સુખ તે દુઃખ વિનાનું હોય નહિ.' દુન્યવી પદાર્થમાં વ્યક્તિને સુખનો આભાસ થાય છે, જેમ કૂતરો હાડકું ચાટીને લોહીનું સુખ માણે છે તેમ. વસ્તુતઃ વ્યક્તિ પોતે જ દુઃખી થાય છે.

- **મીનડિયો ભક્ત :**

* આવા ભગવાન અને સંતની અલૌકિક પ્રાપ્તિ થયા પછી જગતના તુચ્છ પદાર્થ પ્રત્યેની આસક્તિ આપણને મોક્ષમાર્ગથી પાડી ન નાંખે તથા અલ્પ સુખ સારુ ભગવાન અને સંતનો રાજીપો ગુમાવવાની મૂર્ખાઈ ન કરી બેસીએ, તે માટે મહારાજ આપણને ઉપદેશ આપે છે કે,

'જો તમારા સૌની વૃત્તિ અમારા સ્વરૂપમાં જોડાયેલી નહિ રહે તો જગતની કોરે વાસના રહેશે. અને અમે પ્રગટ મળ્યા છતાં પણ અંતરમાં સંસારના ભાવો રહેશે તો એ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરશે. જેમ ભરતજીને થયું તેમ. તે વાસના બળવાન હોવાથી પુણ્યકર્મને પણ દબાવીને અધોગતિમાં નાખી દે છે. માટે મીનડિયા ભક્ત ન થવું.' (હરિચરિત્રામૃતસાગર)

મીનડિયો ભક્ત એટલે બિલાડી જેવો દંભી ભક્ત. બિલાડી ઉંદર પકડવા માટે એકાગ્ર થઈને બેઠી હોય તો તે ધ્યાન ધરે છે તેમ જણાય, પરંતુ ત્યાંથી ઉંદર પસાર થાય તો તરાપ મારીને પકડી લે. એમ સત્સંગમાં આગળ પડતા સત્સંગી કહેવાતા હોઈએ અને સમાજમાં સત્સંગની રીત-રસમ વિરુદ્ધનું આચરણ કરતા હોઈએ તો તે દંભ કહેવાય.

સ્વામીશ્રી ઘણી વાર કહે છે, ''અહીં સત્સંગમાં આગળ બેસીને 'હરે, હરે' કરે અને બહાર જાય ત્યાં પણ નાચગાનમાં 'વન્સ મોર, વન્સ મોર' કરે

તે ખરો ભક્ત ન કહેવાય.''

● **ભગવાનના ખરા ભક્ત :**

❊ ખરો ભગવાનનો ભક્ત એ કે જેને ભગવાનથી બીજો કોઈ પદાર્થ અધિક હોય જ નહિ.

❊ લંકા વિજય પછી સીતાજીએ હનુમાનજીની સેવાની કદરરૂપે રાજી થઈ પોતાનો નવલખો હાર ભેટ આપ્યો. હનુમાનજી તે હારના મણકાને તોડી-તોડીને તેમાં કંઈક જોવા પ્રયત્ન કરતા હતા. સીતાજીને આશ્ચર્ય થયું કે 'આવા કિંમતી હારને આ કેમ તોડી નાખે છે ?' તેમણે પૂછ્યું : 'હનુમાન ! શું કરે છે ?' હનુમાનજીએ કહ્યું : 'માતાજી ! મણકાઓમાં જોઉં છું કે તેમાં રામ છે કે નહિ. જેમાં રામ ન હોય તેનું મારે કામ નહિ.'

❊ અને જયારે ભક્ત ભગવાન વિના કાંઈ પણ ઈચ્છતો નથી, ત્યારે જ ભગવાન રાજી થઈને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપી દે છે.

❊ જામનગરના રોકાણ દરમ્યાન એક દિવસ સ્વામીશ્રી રાત્રિભોજન લઈ રહ્યા હતા. તે સમયે એક બાળક ભગવી ચોરણી, ભગવું કેડિયું ને ભગવી પાઘડી ધારણ કરીને સ્વામીશ્રી સમક્ષ આવ્યો. ઘૂંટણિયે બેસી બંને હાથે ભગવી ઝોળી પ્રસારી, સ્વામીશ્રી તરફ મલકાતા મુખે જોઈ રહ્યો.

સામે બેસેલાં સૌ બાળકોએ એક સાથે 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક લગાવી. ઝોળી પ્રસારનાર બાળભિક્ષુકે કહ્યું : 'બાપા ! ઝોળીમાં કંઈક આપો.' સ્વામીશ્રીએ થાળમાંથી અડદિયા લઈને ઝોળીમાં પધરાવ્યા. બધાં બાળકો એક સાથે કહે : 'અમારે મીઠાઈ નથી જોઈતી.' સ્વામીશ્રી કહે : 'તો આ લો.' એમ કહી સ્વામીશ્રીએ તલના લાડુ ઝોળીમાં નાંખ્યા. બાળકો કહે : 'અમારે તલના લાડુય નથી જોઈતા.' સ્વામીશ્રી કહે : 'તો આ શેરડી લો.' કહી શેરડીના ટુકડા આપ્યા. બાળકો કહે : 'અમારે શેરડી પણ નથી જોઈતી.' એટલે સ્વામીશ્રી થાળમાં હાથ ફેરવવા લાગ્યા. મમરાના લાડુ હાથમાં લીધા અને ઝોળીમાં નાંખ્યા. બાળકો કહે : 'અમારે મમરાના લાડુ પણ નથી જોઈતા.' સ્વામીશ્રી થાળ ઉપર નજર ફેરવવા લાગ્યા.

હવે થાળમાં આ બાળભિક્ષુની ઝોળીમાં અપાય એવું કંઈ નથી એવું લાગ્યું. એટલે ભાવમાં આવી હાથ ઊંચો કરી બધાં બાળકોને કહે : 'તો આશીર્વાદ આપ્યા, જાવ અક્ષરધામ આપ્યું.'

❊ **અણિમાદિ અષ્ટ સિદ્ધિ મુક્તિકું ન ચા'વે,**
સબકો ફલ સહજાનંદ ચરન ચિત્ત લાવે,
હમ તો એક સહજાનંદ ગાવે...

આમ, ભગવાન વિના આપણી વૃત્તિ ક્યાંય ન જાય તો ભગવાન પોતાનું અલૌકિક સુખ કૃપાએ કરીને આપી દે છે.

● **ભગવાનના ભક્ત ભગવાનની વાત કરવામાં પાછા ન પડે :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ખરા ભક્તની બીજી વાત કરે છે કે 'શૂરવીર હોય અને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાપર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેને આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?'

❊ **તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો,**
તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો.

❊ **ગમતાનો કરીએ ગુલાલ**

કોઈ પણ વસ્તુ સસ્તી મળતી હોય, સારી હોય તો આપણે બીજા પાંચને કહીશું કે અહીંથી લેવા જેવી છે. કોઈ સારો ડૉક્ટર હોય, કોઈ સારો એકાઉન્ટન્ટ હોય, કોઈ સારો વકીલ હોય તો આપણે પાંચ જણને ભલામણ કરીએ કે ભાઈ ! આની પાસે જવા જેવું છે. તો ભગવાન અને સંત સારા છે, એની વાત કેમ ન કરીએ ?

❊ આજે દુનિયામાં જોઈએ છીએ કે દરેકને પોતાની કંપનીનો માલ કે વસ્તુ દુનિયાના પ્રત્યેક માનવી

સુધી પહોંચાડવાનો વિચાર રહે છે અને તે માટેના પ્રયત્નો પણ ગજબના કરે છે.

* ફોર્ડ કંપનીના પ્રણેતા હેન્રી ફોર્ડને એક ધૂન હતી કે મારા દેશના સામાન્યમાં સામાન્ય માણસને ત્યાં મારી મોટર પહોંચવી જોઈએ. તે માટે ઘણી મહેનત કરીને સારી ક્વૉલિટીવાળી સસ્તી, સામાન્ય વર્ગને પરવડે તેવી મોટર તેમણે બનાવી, જેની પ્રસિદ્ધિ આખા અમેરિકામાં થઈ, પણ તે સમયે અમેરિકાના રસ્તા કાચા હતા. એટલે લોકો મોટર વધુ ન ખરીદે. એટલે હેન્રી ફોર્ડ, જનરલ મોટર્સ, વિલીસન ઓવરલેન્ડ, ડ્રાસન, પેકાર્ડ - આ બધી કંપનીઓએ ભેગા થઈ પાકા રસ્તા બનાવવાનું કામ ઉપાડ્યું. રસ્તાની સાથે સાથે ગાડીના ટાયરના ઉત્પાદકો ગુડ્યર તેમજ લાઇટની બેટરી બનાવનારાનો પણ સહકાર લીધો.

એટલું જ નહિ, લોકો પાસે ફાજલ પૈસા નહોતા કે મોટર ખરીદી શકે. એટલે તે માટે તેમણે શરાફી પેઢીઓ શરૂ કરી, જે મોટર ખરીદવા માટે પૈસા ધીરે અને પગાર થતાં હપ્તે હપ્તે ધિરાણની રકમ પાછી મેળવી લે.

* લૌકિક સમૃદ્ધિ અને કીર્તિ મેળવવા માટે કેટલો ભગીરથ પુરુષાર્થ ? તો બીજાને સત્સંગ કરાવવાનું પુણ્ય કાંઈ ઓછું નથી. 'એક જીવને ભગવાનને માર્ગે ચડાવવાથી બ્રહ્માંડ ઊગાર્યાનું પુણ્ય મળે છે.' એવું ગુણાતીતાનંદ સ્વામીએ વચન આપ્યું છે.

* આ વાત આફ્રિકાના મગનભાઈને સમજાઈ ગઈ હતી. મગનભાઈ રેલવે સ્ટેશન માસ્તર હતા. તેમની પાસે કોઈ કામ માટે આવે તો મગનભાઈ કહે : 'ભાઈ ! એક કલાક કથા સાંભળ, તો આજે ને આજે તારું કામ કરી દઉં, નહીં તો અઠવાડિયા પછી આવજે.' પેલાને તો જલદી કરવું હોય એટલે એક કલાક કથા સાંભળે, સત્સંગ કરે.

* કેટલીક વાર આપણું મન જ મોળું હોય છે કે સામેવાળાને આ વાત મનાશે કે નહિ. ત્યારે PMA વાપરવાની જરૂર છે. એટલે કે Positive Mental Attitude - હકારાત્મક વલણ.

* વીમા પોલિસી ક્ષેત્રે ઘણી જ નામના મેળવનાર શ્રી ક્લેમન્ટની સફળતાનું આ સૂત્ર હતું. જ્યારે વીમા પોલિસી સમજાવવા જવા માટે તેમનું મન મોળું પડતું ત્યારે વિચાર કરતા કે, 'જ્યારે મારે ખોવાનું કશું જ ન હોય અને પ્રયત્ન કરવાથી લાભ થવાનો હોય, તો પ્રયત્ન શા માટે ન કરવો ?'

* પ્રમુખસ્વામી મહારાજ પણ ઘણી વાર કહે છે : 'આપણી વાત સામેવાળાને સમજાય કે ન સમજાય પણ આપણી તો દૃઢતા થાય જ છે.'

* 'To teach is to learn twice.' બીજાને શીખવવું તે બે વખત શીખવા બરાબર છે.

* શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ-૭૧માં સત્સંગીમાત્રને આજ્ઞા કરી છે કે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે, એમ સમજવું અને બીજા આગળ પણ એવી વાર્તા કરવી.'

* આપણે આજ્ઞા સમજીને જ્યારથી વાત કરવાની શરૂ કરીએ, ત્યારથી જ મહારાજ-સ્વામીના રાજીપાનું મીટર આપણા માટે તો ચાલુ થઈ જ જાય. સામેની વ્યક્તિ સમજે કે ન સમજે પણ આપણને તો લાભ ચોક્કસ થવાનો છે, તે હકીકત છે.

* મૂળ તો અંતરમાં ખુમારી હોવી જોઈએ અને તે હોય તો સામેવાળાને અસર થાય જ.

* એક વાર ગાંફના દરબાર દ્વારકા દર્શને જતા હતા. રસ્તામાં તેમણે ગઢાળી ગામે રાતવાસો કર્યો. તેમના કારભારી ગગા વ્યાસ આંબાશેઠની દુકાને સીધું લેવા ગયા. આંબા શેઠ સીધું જોખતાં જોખતાં જરા પણ સંકોચ વગર અત્યંત પ્રેમ ને આનંદપૂર્વક 'ન્યાલકરણ... ન્યાલકરણ...' વારંવાર બોલતા હતા. ગગા વ્યાસ કહે : 'વાણિયા, સીધું સમું જોખને !' શેઠ કહે : 'ગઢડામાં ઢીંચણ સમું કલ્યાણ છે !! મૂર્ખ હોય તે વાંઢે જાય. (દુકાળને લીધે પશુઓને

પરમુલકમાં ચરાવાં લઈ જવાં તે) (એટલે કે ગઢડામાં પ્રગટ ભગવાન પાસે કલ્યાણ છે તે દ્વારકા જવું ઠીક નહીં.) ઓ હો હો !!! હું તો ન્યાલ થઈ ગયો. મારો બેડો પાર થઈ ગયો.'

શેઠની અલમસ્તાઈ ને પ્રેમ જોઈ ગગા વ્યાસ છક થઈ ગયા ને પૂછવા લાગ્યા : 'આ ન્યાલકરણ કોણ છે ?' શેઠે બધી વાત કરી. ગગા વ્યાસ યાત્રા કરી પાછા ગાંફ આવ્યા, ત્યારે ગામમાં નિત્યાનંદ સ્વામી આવેલા. તેમની પાસે જઈ ગગા વ્યાસે બધી વાત કરી. નિત્યાનંદ સ્વામીએ મહારાજના મહિમાની વાતો કરીને સત્સંગી થવા કહ્યું. ત્યારે તે કહે : 'તમારે વર્તમાન ધરાવવાં હોય તો ધરાવો, પણ મને તો ગઢાળીના વાણિયે એમની દુકાને હું પા કલાક સીધું લેવા ઊભો રહેલો, ત્યારે જ ૧૦૦ વાર ન્યાલકરણ નામ સંભળાવી વર્તમાન ધરાવી દીધાં છે. એનો પ્રેમ ને કેફ ગજબનો હતો.' પછી નિત્યાનંદ સ્વામી થકી વર્તમાન ધરાવી તેઓ સત્સંગી થયા.

* જેમ મૂળો ખાધો હોય તો તેનો ઓડકાર આવ્યા વિના રહે નહીં, તેમ જો આ વાત દિલમાં બેસી ગઈ હોય તો બીજાને કહ્યા વિના રહેવાય નહીં.
* પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ સાહેબને દિલ્હી-અક્ષરધામ દિલમાં બેસી ગયું, તો ઉદ્‌ઘાટન સમારોહ બાદ રાષ્ટ્રપતિભવનમાં જે કોઈ આવે તેને અક્ષરધામ જોવા મોકલે. વિશ્વવિખ્યાત કાર્ટૂનિસ્ટ શ્રી આર.કે. લક્ષ્મણ નાસ્તિક હતા. છતાં તેઓ કલામ સાહેબના કહેવાથી બે દિવસ અક્ષરધામ જોવા આવ્યા, સ્વામીશ્રીનાં દર્શન કર્યા, આસ્તિક બનીને ગયા.
* ૧૧-૧-૨૦૦૬, ભીમપોર : ડિસ્ટ્રિક્ટ જજ જે.જી.જોષી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. જોષી સાહેબે વાત કરતાં કહ્યું કે, ''હમણાં અહીં માંગરોળની કોર્ટના ઉદ્‌ઘાટનમાં ગુજરાતના ચીફ જસ્ટિસ ભવાનીસિંહ આવ્યા હતા. તેઓએ મને વાત કરતાં કહ્યું : 'હમણાં દિલ્હીમાં દરેક રાજ્યના ચીફ જસ્ટિસ માટેની એક કોન્ફરન્સ હતી. જેમાં રાષ્ટ્રપતિ કલામ આવ્યા હતા. ન્યાય, વિજ્ઞાન અને દૈવીશક્તિની વાત કરતાં તેઓએ પ્રવચનમાં કહ્યું કે વિજ્ઞાન જે નથી કરી શકતું એમ જો લાગતું હોય તો એ પ્રમુખસ્વામીની શક્તિથી થઈ શકે છે, એનો મૂર્તિમાન દાખલો અક્ષરધામ છે. તમે બધાએ ન જોયું હોય તો જોઈ લેજો.''
* ખરેખર ! અંતર્દૃષ્ટિ કરવા જેવી છે. સત્સંગી તરીકે શું આપણે આપણા પાડોશી, મિત્રો, સગાં-વહાંલાઓને આવી વાત કરી છે ? આપણા ધંધા-નોકરીના સ્થળે આપણા બોસ કે કારીગરને સત્સંગની વાત કરી છે ?
* યોગીબાપા કહેતા : 'ખેતરો ખાલી જ પડ્યા છે, ખેડવા માંડો.' ડૉક્ટર સ્વામી પણ ઘણી વાર કહે છે : 'આપણે સૌ BAPSના Ambassador (પ્રતિનિધિ) છીએ.' તો પછી વાત કરવામાં પાછું વળીને જોવાનું જ ન હોય.
* શ્રીજીમહારાજનો સંકલ્પ છે કે 'કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય તેવી સો કરોડ મનવાર ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે.'
* ગુણાતીતાનંદ સ્વામીનો સંકલ્પ છે કે 'પાંચ-દસ વાર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ જાણ્યે-અજાણ્યે લેશે તેનું પણ કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.'
* મહારાજ-સ્વામીના ગોવર્ધન સમ સંકલ્પમાં લાકડીનો ટેકો અડાડીને અનેકગણું પુણ્ય કમાવાનો લહાવો એટલે સત્સંગ-પ્રચાર.

અને સત્સંગની વાતો કરતાં કરતાં કાંઈક થોડી ઘણી ઉપાધિ થાય તોપણ પરમેશ્વરની વાત કરવામાં કાયરપણું રાખે નહિ, તે ખરેખરો ભક્ત છે, તેમ મહારાજ સમજાવે છે.

* કૃષ્ણભક્ત ગોપીઓ ગાતી :

નિંદક જન મર નિંદા કરે, વળી દુરિજન મર દાઝતાં,
કૃષ્ણ ધણી મારો કૃષ્ણ ધણી, એમ કે'શું મુખે ઘણું ગાજતાં.

* આપણો ઇતિહાસ સાક્ષી છે કે સત્ય અને સનાતન

વાત જગતે ક્યારેય સરળતાથી સ્વીકારી જ નથી. સાચી વાતનો હંમેશાં વિરોધ થયો છે અને થતો રહે જ છે, તેમાં પણ અધ્યાત્મક્ષેત્રમાં તો ખાસ.

* શ્રીહરિના હૃદગત સિદ્ધાંત એટલે કે અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતની વાતો શાસ્ત્રીજી મહારાજે જ્યારે છડે ચોક કરવા માંડી ત્યારે ઉપાધિનો વંટોળ શરૂ થયો.

એક વાર ગોવર્ધનભાઈ કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને ખાનગીમાં બોલાવીને વાત કરી : 'તમો જ્યાં જ્યાં જાઓ છો ત્યાં મોટા સમૈયા-ઉત્સવ થાય છે અને લોકો તમારામાં ઘણા જ તણાય છે, તેથી ત્યાગી વર્ગને ઘણો જ રાગદ્વેષ થયો છે અને તમારો પ્રતાપ સહન થતો નથી. ભેખધારી તો કોશ અને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે, તેથી મને મૂંઝવણ અને અજંપો થાય છે.'

કોઠારીનો પોતા પ્રત્યેનો ભાવ જોઈ શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : ''આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ 'શ્રીજીમહારાજ કર્તા-હર્તા છે' એમ સમજીશું તો શ્રીજી આપણને કોઈ આંચ આવવા દેશે નહીં. છતાં પણ જો દુઃખ આવશે તો શ્રીજી કસણી કરે છે તેમ જાણી, આપણને શુદ્ધ કંચન જેવા કરવા તાવે છે તેમ માનીશું, પણ મનમાં તો ઉપાધિને દેખીને મૂંઝવણ પામવી જ નથી.''

* **અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું, અમારા અક્ષરપુરુષોત્તમ ગુણાતીત જ્ઞાનને ગાઈશું.**

આવી ખુમારીથી પોતાના તન-મનને યાહોમ કરીને શાસ્ત્રીજી મહારાજે રાતોની રાતો અક્ષરપુરુષોત્તમની વાતો કરી ત્યારે આ સત્સંગની હરિયાળી આપણે માણી રહ્યા છીએ.

* આજે દેશવિદેશમાં હજારો ભક્તો શ્રીજીમહારાજની સત્સંગ પ્રસરાવવાની આજ્ઞાને શિરે ચડાવીને સેવા બજાવી રહ્યા છે. તેમની આવી ધગશને કારણે જ યોગીજી મહારાજનું ભવિષ્ય કથન સાકારત્વ પામશે.

* યોગીજી મહારાજ ૧૯૬૪માં વિદ્યાનગર છાત્રાલયમાં એક સભાપ્રસંગે સહસા બોલી ઊઠ્યા હતા : 'પાંચસો વર્ષમાં પૃથ્વીનો કોઈ ખૂણો બાકી નહીં હોય કે જ્યાં સ્વામિનારાયણનું ભજન નહીં થતું હોય. પાંદડે પાંદડે ભજન થશે, એ વાત સાચી ઠરશે.'

આપણે પણ શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સિવાય કોઈ પદાર્થ અધિક ન રાખી, અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને સત્પુરુષની વાત કરવામાં કચાશ ન રાખીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

૪. વચનામૃત : ગઢડા મધ્ય - ૫૮ : સંપ્રદાયની પુષ્ટિનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય - ૫૮મું : સંપ્રદાયની પુષ્ટિનું.

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા. અને શ્રીજીમહારાજે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

...પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે..."

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૮મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **<u>વચનામૃત વિશેષતા</u> :**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કોઈ પણ સંપ્રદાયની પુષ્ટિ(પોષણ) કેવી રીતે થાય, તેનું રહસ્ય સમજાવે છે.

● **<u>નિરૂપણ</u> :**

❊ સંપ્રદાયની પુષ્ટિ બે પ્રકારે થાય :

૧. <u>બાહ્ય પોષણ</u> :

❊ એક વાર શ્રીજીમહારાજે ધોરાજી ગામમાં એકાદશીના દિવસે ઉત્સવ કર્યો. પછી આત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું, 'હે મહારાજ! સત્સંગ બહુ થયો(સત્સંગ ખૂબ વિકાસ પામ્યો).' ત્યારે મહારાજે કહ્યું 'હજી ક્યાં સત્સંગ થયો છે? એક એક સાધુ વાંસે લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું. કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવાર્યું ભરવી છે, એટલા જીવનું કલ્યાણ કરવું છે.' એક મનવારમાં ૧૦ કરોડ જીવ ભરાય, એવી ૧૦૦ કરોડ મનવારો ભરાય એટલા જીવોને સત્સંગ કરાવવાનો મહારાજનો શુભ સંકલ્પ છે. આ સંકલ્પ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો છે, એટલે વહેલો-મોડો પણ તે સિદ્ધ થવાનો જ છે.

❊ મહારાજના વખતથી લઈ આજદિન પર્યંત ગુણાતીત સત્પુરુષોએ અને સંતો-પરમહંસોએ અનેક જીવોને સત્સંગનો યોગ થાય, સંપ્રદાયની પુષ્ટિ થાય તે માટે ખૂબ ભીડો વેઠ્યો છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે સંપ્રદાયની પુષ્ટિ માટે લોહી-પાણી એક કર્યાં છે. તેના પ્રતાપે વિશ્વના પાંચેય ખંડોમાં સત્સંગ વિસ્તર્યો છે.

૨. <u>આંતરિક પોષણ</u> :

સંપ્રદાયની પુષ્ટિ આંતરિક રીતે પણ થવી જોઈએ. શ્રીજીમહારાજ ફક્ત Quantity(સંખ્યા) પર નથી ગયા, પરંતુ Quality(ગુણવત્તા) પર પણ તેટલો જ ભાર આપ્યો છે. શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૪૫**માં કહે છે કે, '**જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી.**'

❊ જે સંપ્રદાયના હરિભક્તોનાં અંતરમાં સંપ્રદાયનાં રીતિ-નીતિ, સિદ્ધાંતો, પ્રણાલી-પરંપરા દૃઢ થયાં હોય, સ્વભાવ-દોષ ટળ્યા હોય તે જ સંપ્રદાય બાહ્ય વિકાસ સાધી શકે છે. કહે છે કે, 'Private victories precede public victories' આંતરિક વિજય જ બાહ્ય વિજય અપાવે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજે એક વાર વિદ્યાનગરમાં અધિવેશન પ્રસંગે કહેલું કે, 'યોગીજી મહારાજનો સંકલ્પ છે કે આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે, પણ તે ક્યારે થશે? તો અહીં(હૃદયમાં) થશે તો બ્રહ્માંડમાં થશે.'

◎ તા. ૨૨/૨/૨૦૧૯ના રોજ સાંકરીમાં મહંત સ્વામી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય ૨૮નો સાર આપતાં કહ્યું, 'પોતે પોતાનું જોવું કે હું કેવો ભક્ત છું? ડોળી-દંભી છું કે સાચો છું? આટલું જ જોવાનું, બીજાની કોઈ માથાકૂટ નહીં. બીજા બધાની તપાસ કરીને શું કામ છે? બીજા એકાંતિક થાય ને આપણે ન થયા તો શું કામનું?'

આમ, મારે બ્રહ્મરૂપ થવાનું છે, મારે ભગવાનના અક્ષરધામને પામવું છે, તે વિચાર સાથે આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું છે.

● **<u>અંતરમાં સંપ્રદાયની પુષ્ટિનો ઉપાય</u> :**

❊ આપણા શરીરનું પોષણ ભોજનથી થાય છે, પણ શરીરમાં રહેલા આપણા જીવનું પોષણ કઈ રીતે થાય?

❊ શ્રીજીમહારાજ કહે છે કે પોતાના ઈષ્ટદેવના પ્રાગટ્યથી માંડીને દેહ મૂકવા પર્યંતનાં ચરિત્રોના ગ્રંથોથી જ અંતરમાં સંપ્રદાયની પુષ્ટિ થાય છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૩૮**માં ચરિત્ર સંભારવાની રીત સમજાવતાં કહ્યું કે, "**આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ, ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં.**"

આ વાક્ય પરથી સમજાય છે કે વચનામૃતમાં તેમણે આપેલો ઉપદેશ પણ તેમના ચરિત્રનો ભાગ જ છે. વળી, મહારાજ જેમના દ્વારા પ્રગટ હોય તેવા ગુણાતીત સત્પુરુષનાં ચરિત્રો પણ આપણી આંતરિક પુષ્ટિ કરવા તેટલાં જ ઉપયોગી થાય છે.

❊ શાસ્ત્રીજી મહારાજ તો સ્વયં સિદ્ધ પુરુષ હતા, છતાં તેમણે આપણને પ્રેરણા આપવા ભગતજી મહારાજનાં ચરિત્રોની જુદી નોંધ તૈયાર કરેલી. ભગતજી મહારાજને તે ચરિત્રોની નોંધ વાંચી સંભળાવી પ્રમાણભૂત પણ કરેલી.

આમ, વચનામૃત, સ્વામીની વાતો અને મહારાજ તથા ગુરુપરંપરાનાં જીવનચરિત્રો આપણી આંતરિક પુષ્ટિ માટે ખૂબ ઉપયોગી બની રહે છે. આ ગ્રંથોનાં વાંચન-મનન-અભ્યાસથી અનેક પ્રકારે લાભ થાય છે -

૧. <u>સિદ્ધાંતની સ્પષ્ટતા થાય છે</u> :

❊ સં. ૧૮૬૩માં બ્રહ્માનંદ સ્વામી સંતમંડળ લઈને ધોરાજી જતા હતા. મેવાસામાં તેમને શ્રીજીમહારાજનાં દર્શન થઈ ગયાં. પછી મહારાજે તેમને પૂછ્યું, 'દેશમાં સત્સંગ કેવો થયો છે?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'સત્સંગ તો બહુ થયો છે.' ત્યારે મહારાજે તેમને પૂછ્યું, 'તમે સત્સંગી

કેવા થયા છો?' તેઓ કહે, 'અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ!' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો ને ખરેખરા સત્સંગી થયા હો તો કહો જે, અમે ક્યાં હતા, ને ક્યાંથી આવીએ છીએ?' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, 'ના મહારાજ! એવા સત્સંગી તો નથી થયા.' ત્યારે મહારાજ કહે, 'અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.'

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, 'હે મહારાજ! એવા સત્સંગી કેમ થવાય?' ત્યારે મહારાજ કહે, 'એવા સત્સંગી તો, તો થવાય જો માયિકભાવ ટાળીને પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.'

આમ, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો સિદ્ધાંત આપણને સાંપ્રદાયિક શાસ્ત્રોમાંથી જાણવા મળે છે.

* પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા કે, 'શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વકર્તા, સાકાર અને પ્રગટ છે. ભગવાન આયા અને ચાલ્યા ગયા, પછી એની પછવાડે અંધારું થઈ ગયું એવું નથી.'

◎ તા.૨૨/૫/૧૯૮૪ના રોજ બર્મિંગહામમાં રિપોર્ટર શ્રી ડેવિડ રેઈડે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું, 'આપ એમ માનો છો કે હું ભગવાન છું ? કે પછી ભગવાનના સંદેશાવાહક સમજો છો ?' ત્યારે સ્વામીબાપા કહે, 'ભગવાન એક જ છે અને બીજો કોઈ ભગવાન થઈ શકે તેમ નથી.'

* મહંત સ્વામી મહારાજે પણ તા. ૨૫/૧/૨૦૧૮ના રોજ અક્ષરદેરી સાર્ધશતાબ્દી મહોત્સવ નિમિત્તે સૌને દીક્ષા આપતાં 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ' મંત્ર આપ્યો. આ દીક્ષા પ્રસંગ નિમિત્તે સ્વામીશ્રીએ એક પત્ર લખ્યો હતો, જેમાં લખ્યું હતું કે, 'મહારાજે આપેલ સિદ્ધાંત આમાં સંક્ષેપમાં આવી જાય છે. આ જ આપણું ધ્યેય છે...'

આમ, સૈદ્ધાંતિક સ્પષ્ટતા આપણને જીવનચરિત્રો દ્વારા થાય છે.

૨. <u>સમજણની દૃઢતા થાય છે</u> :

* આપણાં તમામનાં જીવનમાં આવતા નાના-મોટા વિક્ષેપો સામે લડવા માટે મહારાજ અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રો ખૂબ ઉપયોગી છે. જીવનચરિત્રો કર્તાપણાની, પ્રાપ્તિની, રાજીપાના વિચારની ઉચ્ચ સમજણ દ્વારા આપણું બખ્તર એવું ઘડી આપે છે કે પ્રશ્નોમાં આપણે સ્થિર રહી શકીએ.

* શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાની વાતો કથા-પ્રવચનો અને પારાયણોમાં કરવા માંડી ત્યારે દ્વેષીઓએ તેમના પર તિરસ્કારની ઝડી વરસાવી. તેમના પર ખોટા આક્ષેપો નાંખ્યા. કોઈ પણ પ્રકારના વાંક વિના તેમને ખૂબ ત્રાસ સહન કરવો પડ્યો. સમય સાથે આ વિરોધે પ્રચંડ વેગ પકડ્યો, અને તેમને મારી નાંખવા સુધીના પ્રયત્નો થયા.

વરતાલના કોઠારી ગોવર્ધનભાઈને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો. તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજને એકાંતે બોલાવી વાત કરી, 'ભેખધારી કોશ અને કોદાળો લઈને તમારું મૂળ ઉખેડવા કટિબદ્ધ થયા છે, તેથી મને મૂંઝવણ અને અજંપો થાય છે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ અડગપણે બોલ્યા, 'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે, એમ સમજશું તો શ્રીજી આપણને કાંઈ આંચ આવવા દેશે નહીં. છતાં પણ જો દુઃખ આવશે તો શ્રીજી કસણી કરે છે તેમ જાણી, આપણને શુદ્ધ કંચન જેવા કરવા તાવે છે, તેમ માનીશું, પણ મનમાં તો ઉપાધિ દેખીને મૂંઝવણ પામવી જ નથી.'

આપણા ગુરુવર્યોએ માન-અપમાન, સુખ-દુઃખની વિકટ પરિસ્થિતિઓમાં જે રીતે સમજણની દૃઢતા રાખી સ્થિરતા દાખવી છે, તે સમજણ આપણા જીવનમાં આવનારા પ્રશ્નોમાં

તેટલી જ ઉપયોગી બની રહે તેમ છે.

◎ મહંત સ્વામી મહારાજ અનેક પ્રવૃત્તિઓ વચ્ચે મહારાજ-સ્વામીની પ્રાપ્તિનો અખંડ આનંદ માણે છે. હકીકતમાં તેઓ પ્રાપ્તિના આનંદથી પ્રવૃત્તિ કરે છે, જ્યારે આપણે મોટે ભાગે પ્રવૃત્તિનો આનંદ માણીએ છીએ. તેથી જ આપણને કાર્યમાં સફળતા મળે તો આનંદ રહે છે અને નિષ્ફળતા મળે તો હતાશા.

મહંત સ્વામી મહારાજ અવારનવાર કથાવાર્તામાં પ્રાપ્તિની વાત દૃઢાવતા હોય છે. અનેક પ્રસંગોએ તેમણે પ્રાપ્તિનો વિચાર દૃઢ કરવાની વાત કરી છે.

❋ એક વાર મહંત સ્વામી મહારાજ પાસે સેવક સંતે એક હરિભક્તનો પત્ર વાંચી પ્રશ્ન રજૂ કર્યો. તે હરિભક્તને ખૂબ મૂંઝવણ થતી હતી. કોઈ ઉપાય મળતો નહોતો. સ્વામીશ્રી જવાબ આપતાં કહે, 'પ્રાપ્તિનો વિચાર કર્યા કરે. કેવા ભગવાન મળ્યા ! કેવા સ્વામી મળ્યા ! આ ભગવાન ને સંત ક્યારેય મળ્યા નથી, તે મળ્યા. આપણાં ભાગ્ય કે મોક્ષના દાતા મળ્યા. ભવસાગર તારણહાર મળ્યા. વારંવાર વિચાર કરે. એ જ રસ્તો છે ને પ્રાપ્તિ જબરજસ્ત થઈ છે, એ વિચારમાં તો બધું ઊડી જાય, બ્રહ્માંડનું દુઃખ ઊડી જાય. આ વિચારમાંથી કાંઈક નવું બહાર આવશે ને એને શાંતિ શાંતિ કરી દેશે.'

પ્રાપ્તિની સમજણ તે મુમુક્ષુને તો શાંતિ પમાડે તેવી સમર્થ છે જ, પરંતુ આપણને પણ પરમ શાંતિ પમાડે તેવી છે, જે જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.

૩. <u>સાધના સમજાય છે</u> :

શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાને આપણી પાસે કઈ સાધના કરાવવી છે, તેમની રુચિ, તેમનો અભિપ્રાય ચરિત્રોનાં વાંચન-મનનથી જણાય છે.

❋ ૨૦૦૩ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ નડિયાદમાં બિરાજમાન હતા, ત્યારે તેમનું સ્વાસ્થ્ય કથળ્યું. ઝાડા-ઊલટી સાથે તાવ હતો. એકાદશી હોવાથી સવારે ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીબાપાને પૂછ્યું, 'નાસ્તામાં શું લેશો ?' કોઈકે ધીમેથી 'ખીચડી' કહ્યું. એટલે સ્વામીબાપા પ્રશ્નસૂચક દૃષ્ટિએ જોવા લાગ્યા. યોગીચરણ સ્વામી કહે, 'ફરાળી ખીચડીની વાત કરે છે.' બીજા સેવક સંત કહે, 'ધર્મામૃત પ્રમાણે ૮૦ વર્ષ પછી અનાજ જમી શકાય.' સ્વામીબાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છેક સુધી વર્ત્યા છે. ક્યારેય નિયમ લોપ્યો નથી.' ડૉ. કિરણભાઈ કહે, 'આ તો તમારી તબિયતને કારણે...' અધવચ્ચે જ સ્વામીબાપા તેમને અટકાવતાં કહે, 'તબિયત તો ચાલ્યા કરે.'

તેમના જીવનમાં આવી નિયમ-ધર્મની દૃઢતા જોઈ આપણને તે મુજબ વર્તવાનું બળ પ્રાપ્ત થાય છે.

❋ ૨૧/૫/૧૯૫૦ના રોજ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદની આંબલીવાળી પોળમાં પ્રમુખસ્વામી મહારાજને સંસ્થાના પ્રમુખ તરીકેની વરણી કરી. શાસ્ત્રીજી મહારાજે આ પ્રસંગે કહેલું, 'મારી જેમ આજ્ઞા પાળતા હતા, તેમ હવેથી આ સદ્.શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં સૌ રહે.'

પ્રમુખસ્વામી મહારાજને આ દિવસે સત્તા સોંપવામાં આવી હતી, પરંતુ સ્વામીબાપાની દૃષ્ટિ સત્તા સામે નહીં, સેવા સામે હતી. આ પ્રસંગે સ્વામીબાપાએ જે વચનો ઉચ્ચાર્યાં, તે આપણને સાચા અર્થમાં સેવારૂપી સાધનાનો સાચો મર્મ સમજાવે છે. સ્વામીબાપાએ કહેલું, 'હું આજે આપ ગુરુશ્રી તેમજ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ. આપે આ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય તેના માટે હું દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી, સેવા કરી,

સમગ્ર સત્સંગના આશીર્વાદ મેળવવા અભિલાષા રાખું છું તે પણ આપ શ્રી પૂર્ણ કરશો.'

પ્રમુખવરણીના આ અવસરે સૌ હરિભક્તો જમીને વિદાય થયા. સ્વામીબાપાએ પ્રમુખ તરીકેની ભવ્ય કારકિર્દીની શરૂઆત સૌનાં એઠાં વાસણ ઊટકવાથી કરી હતી. ઇતિહાસ સાક્ષી છે કે સ્વામીબાપા સત્તાધીશ નહીં, પરંતુ અદના સેવક બની આજીવન સેવા કરતા રહ્યા.

સ્વામીબાપાના જીવનમાં રહેલી આ સેવાભાવના તેઓના જીવનચરિત્રના વાંચનથી સમજાય અને પછી તે મુજબ અનુસરાય.

* ૨૦૧૮ની સાલમાં લંડનના યુવકોએ મહંત સ્વામી મહારાજને પૂછાવ્યું કે, 'અક્ષરધામમાં જવા કયાં ચાર મૂલ્યો અનિવાર્યપણે જોઈએ, જે હોય તો આપ અક્ષરધામમાં પ્રવેશવાનો સિક્કો મારી દો?' સ્વામીશ્રી રાજી થકા યુવકોને ઉદ્દેશીને કહે, 'એક તો અભાવ-અવગુણ મૂળમાંથી કાઢી નાખવાનું, એને અડાય જ નહીં, પછી દિવ્યભાવ, મહિમા અને દાસના દાસ.'

આમ, વચનામૃત, વાતો, જીવનચરિત્રોના વાંચનથી સિદ્ધાંત, સમજણ અને સાધના જીવનમાં દૃઢ થાય છે.

તેથી જ મહંત સ્વામી મહારાજે ૨૦૧૮ની સાલમાં સારંગપુરમાં આશીર્વાદ આપતાં કહ્યું કે, 'આદર્શજીવન સ્વામી હમણાં પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર લખે છે. એમાં ખૂબ જાણવા મળશે. પ્રમુખસ્વામી સાધુતાની મૂર્તિ! સાધુતામાં નંબર વન... બધાએ ખાસ આ જીવનચરિત્ર વાંચવું. અભ્યાસ કરવો. એ જ બ્રાહ્મી સ્થિતિ. અભ્યાસ કરીને સારી રીતે મનન-ચિંતન કરતાં બ્રહ્મરૂપ થઈ જવાશે.'

* ગુણાતીત સત્પુરુષો આપણને જીવનચરિત્ર વાંચનની ફક્ત પ્રેરણા નથી આપતા, પરંતુ પોતે પાળીને પછી આપણને તે માટે પ્રેરણા આપે છે.

● <u>ગુણાતીત સત્પુરુષોના જીવનમાં સાંપ્રદાયિક શાસ્ત્રોના વાંચનનો ઈશક</u> :

* પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાને વિશ્વસ્તરે પહોંચાડી, તેના માટે અથાગ પુરુષાર્થ કર્યો. પરંતુ સ્વામીબાપાએ શાસ્ત્રપઠન ક્યારેય જીવનમાં ગૌણ થવા નહોતું દીધું. અનેક પ્રવૃત્તિઓ વચ્ચે પણ તેઓ વાંચન શ્રવણ અવશ્ય કરી લેતા.

૧૯૬૦ના દાયકામાં યોગીજી મહારાજની વૃદ્ધાવસ્થા અને અનેક બીમારીઓને કારણે પ્રમુખસ્વામી મહારાજનો કાર્યભાર ઘણો વધી ગયો હતો. વિચરણ પણ ખૂબ રહેતું. તે અરસામાં હર્ષદભાઈ દવે લિખિત શાસ્ત્રીજી મહારાજનું જીવનચરિત્ર પ્રકાશિત થયેલું. તેથી સ્વામીબાપાએ તેનું વાંચન ચાલુ કર્યું. તેઓ પોતાની રોજનીશીમાં નોંધે છે, 'પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું નવું લખાયેલું પુસ્તકનું વાંચન ચાલુ કરેલ. તે દરરોજ સવાર-સાંજનો પાઠ ચાલુ હતો.'

જીવનચરિત્રના વાંચનમાં તેઓ દિવ્યરસ અનુભવતા અને તેથી જ અનેક કાર્યો વચ્ચે પણ વાંચન માટે સમય ફાળવતા.

* મહંત સ્વામી મહારાજ પણ વચનામૃત, સ્વામીની વાતો, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે વગેરે ગ્રંથો વાંચવામાં ખૂબ રસ ધરાવે છે. મુસાફરી દરમ્યાન કારમાં પોતાની સાથે ગ્રંથ રખાવે અને તેનું વાંચન કરે.

* પૂ.ઈશ્વરચરણ સ્વામી દ્વારા લખાયેલું યોગીજી મહારાજના ચરિત્રોનું પુસ્તક 'યોગીચરિતમ્' સંસ્થા દ્વારા પ્રકાશિત થયું. મહંત સ્વામી મહારાજે આ પુસ્તક વિચરણ દરમ્યાન ફક્ત બે દિવસમાં વાંચી લીધું. પછી કહે, 'આ પુસ્તક માટે ઈશ્વરચરણ સ્વામીને હજાર દંડવત્ કરીએ તોપણ ઓછા છે.'

* **'જેમ ઉપવાસી જનને, આવે અમૃતનું નોતરું;**
તે પીવા પળ ખમે નહીં, જાણું કૈ વારે પાન કરું.'
આવી લગની સ્વામીશ્રીને જીવનચરિત્રનાં વાંચન-શ્રવણની રહે છે. પોતાના અતિ વ્યસ્ત

કાર્યક્રમ વચ્ચે સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રના શ્રવણ માટે અડધો કલાક ફાળવ્યો છે. તેમણે આ ગ્રંથના લેખક આદર્શજીવન સ્વામી પર એક પત્રમાં અભિનંદન આપતા લખ્યું કે, 'આ ગ્રંથ સર્વોપરી રીતે લખાયેલો છે... સાચું કહો તો મને તો ખૂબ ગોઠી ગયું છે. રાત્રે નિરાંતે ખૂબ જ સ્વસ્થતાપૂર્વક આ ગ્રંથનું શ્રવણ કરું છું. તેમાં કોઈ વિઘ્ન ન આવે તે સ્વામીબાપાને પ્રાર્થના.'

સ્વામીશ્રીને જીવનચરિત્રમાં શ્રવણમાં એવો ઈશક છે કે તેમાં વિઘ્ન ન આવે તે માટે પ્રાર્થના કરે છે.

- **<u>સાંપ્રદાયિક શાસ્ત્રો જેવું કાર્ય અન્ય પુસ્તકો કદાપિ ન કરી શકે</u> :**

❊ વચનામૃત, સ્વામીની વાતો, શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રો સગી માનું ધાવણ છે. તેનાથી જ આપણું પોષણ થાય. અન્ય પુસ્તકો તે કદાપિ ન કરી શકે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૨૧મી વાતમાં એક સુંદર દૃષ્ટાંત આપતાં કહ્યું કે, એક દિવસ એક ગાયનું વાછરડું છૂટીને ગૌશાળામાં ગયું. તેના મનમાં એમ કે દૂધનું સુખ લઉં. પણ ગૌશાળામાં પોઠિયા (બળદ) હોવાથી તે જ્યાં મોઢું નાખવા જાય ત્યાં પાટુ ખાય. તે પાટુ ખાઈખાઈને મોઢું સૂજી ગયું, પણ દૂધનું સુખ આવ્યું નહીં. પછી વાછરડાની પોતાની મા આવી તોય ધાવવા સમર્થ ન થયું.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ કે આપણા સાંપ્રદાયિક ગ્રંથો સગી માતાનું ધાવણ છે, જેનાથી આપણું પોષણ થવાનું છે, આપણી આધ્યાત્મિક પ્રગતિ થવાની છે. જગતના મહાન વિચારકોના લેખ કે પુસ્તકો વાંચવાથી આપણી પુષ્ટિ ન થાય.

◎ વળી, જગતના લેખકો કરતાં શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષોનું જીવન અતિ શુદ્ધ છે. આપણા સાંપ્રદાયિક સાહિત્યની વિશેષતા એ છે કે તે નક્કર અનુભવ અને સો ટકા સત્યના પાયા પર રચાયેલું સાહિત્ય છે. દર વર્ષે લાખો પુસ્તકો જગતમાં છપાય છે. તેમાંનાં કેટલાંક પુસ્તકો સારાં પણ હશે, પરંતુ જેણે લખ્યું છે તેનો તે બાબતે અનુભવ કેટલો હોય છે? તેમના વર્તનમાં કેટલું હોય છે?

◎ અર્નેસ્ટ હેમિંગ્વે(Ernest Hemingway) નામના પ્રખ્યાત અમેરિકન લેખકને તેના પુસ્તક 'The Old Man and the Sea' માટે નોબલ પ્રાઈઝ મળ્યું હતું. આ પુસ્તકનો સાર એ છે કે 'માણસ પરાજય માટે નિર્માયો નથી. વિકટ પરિસ્થિતિમાં સહન કરતાં શીખો.'

દુનિયાને સદુપદેશ આપનાર આ લેખકને થોડાં વર્ષો બાદ કેટલાક લોકોની ટીકાથી અશાંતિ થઈ અને તેણે આત્મહત્યા કરી.

❊ કામ-ક્રોધાદિક સ્વભાવને વશ થઈને તથા જાત અનુભવ વગર માત્ર બુદ્ધિના બળે લખાયેલાં પુસ્તકો આપણી આંતરિક પુષ્ટિ કરવા અસમર્થ છે. બીજી બાજુ, શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષોનું જીવન અતિશય શુદ્ધ છે.

❊ પ્રમુખસ્વામી મહારાજની સાધુતા જોઈ જૈનાચાર્ય મુનિ પુષ્કરરાજજી કહેતા કે, 'પ્રમુખસ્વામી કયા દેવને માને છે અને તેઓનો કયો સિદ્ધાંત છે એવી બાબતમાં ન જતાં હું એમના આચરણ સામે જોઉં છું. જો કોઈ એક દિવસ પણ બ્રહ્મચર્યનું પાલન કરે તો તેના ઘરે દેવતાઓ પણ શીશ નમાવવા આવે, તો પ્રમુખસ્વામીએ આખું જીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. બ્રહ્મચારીઓમાં જો હું પ્રમુખસ્વામીને પ્રથમ સ્થાન આપું તો તેમાં જરાય અતિશયોક્તિ નથી!'

આજે મહંત સ્વામી મહારાજના ૮૭ વર્ષના જીવનકાળમાં કોઈ કાળો ડાઘ શોધ્યો જડે તેમ નથી! આવા પુરુષોનાં જીવનમાંથી કેટલી બધી પ્રેરણા મળે? તેથી આપણે આવા મહાન ગુણાતીત સત્પુરુષોનાં જીવનચરિત્રોનું વાંચન અને મનન કરવું જોઈએ, જેનાથી આપણા હૃદયમાં ખરા અર્થમાં સંપ્રદાયની પુષ્ટિ થાય છે.

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું ૫૮મું : સંપ્રદાયની પુષ્ટિનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછવાવીને વિરાજમાન હતા. અને શ્રીજીમહારાજે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ‘‘જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણાક કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે ?’’ પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, ‘‘એક તો સંપ્રદાય સંબંધી ગ્રંથ હોય અને બીજો શાસ્ત્રે કહ્યો એવો વર્ણાશ્રમનો ધર્મ હોય અને ત્રીજી પોતાના ઈષ્ટદેવને વિષે અતિશય દ્રઢતા હોય, એ ત્રણને યોગે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ રહે છે.’’ પછી શ્રીજીમહાજે બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને પણ પૂછ્યું ત્યારે તેમણે પણ એવી જ રીતે કહ્યું. પછી શ્રીજી મહારાજ બોલ્યાજે, ‘‘લ્યો, એ પ્રશ્નનો ઉત્તમ અમે કરીએ જે, સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે. જેમ રામચંદ્રના ઉપાસક હોય તેને વાલ્મીકિ રામાયણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેને દશમસ્કંધ અને એકાદશસ્કંધ, એ બે જે ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, પણ રામચંદ્રના ઉપાસક તથા શ્રીકૃષ્ણના ઉપાસક તેને વેદે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન થાય. માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે.’’ એમ કહી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ‘‘તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજ્યો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.’’ પછી એ જે શ્રીજીમહારાજનું વચન તેને મુક્તાનંદસ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું અને શ્રીજીમહારાજને બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૫૮મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમા કોઈપણ સંપ્રદાયની પુષ્ટિ કેવી રીતે થાય તેનું રહસ્ય સમજાવે છે.

■ **નિરૂપણ :**

પુષ્ટિ એટલે પોષણ

જેવી રીતે દેહના પોષણ માટે હવા, પાણી અને અન્નની જરૂર પડે છે, તેમ જીવનું પોષણ સંપ્રદાયમાં કેવી રીતે થાય એ મહારાજના પ્રશ્નનો અભિપ્રાય છે.

મહારાજને વ્યક્તિગત અને સામૂહિક દષ્ટિએ જીવોનું પોષણ કરાવવું છે.

■ **વ્યક્તિગત પોષણ :**

પોતાના આશ્રિત ભક્તમાં તલમાત્ર કસર ન રહે, જગતની કોઇ વાસના ન રહે, કોઇ પ્રકારનો સ્વભાવ, દેહભાવ ન રહે અને જગતના માયિક લોચાથી મુક્ત થઇ બ્રહ્મરૂપે પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના કરે અને જીવનમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરીને અંતે અક્ષરધામમાં અક્ષરમુક્તોની પંક્તિમાં ભળે, ત્યાં સુધી વ્યક્તિગત પોષણ કરાવવાની ઈચ્છા મહારાજની છે.

(ગ.મ.૪૫, ગ.મ.૫૦, ગ.પ્ર.૨૧)

■ **સામૂહિક રીતે પોષણ :**

શ્રીજી મહારાજે ધોરાજીમાં લાલવડ હેઠે સંકલ્પ કર્યો કે કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય, એવી સો કરોડ મનવાર ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે.

મનવાર એટલે મોટું વહાણ. કેટલું મોટું ? તો આવી એક મનવારમાં બીજાં એક કરોડ નાનાં વહાણ આવે તેવું મોટું.

હવે ફક્ત કલ્પના કરીએ કે આ નાના વહાણમાં ફક્ત ૧૦ મુસાફરો બેસે, તો કરોડ વહાણમાં ૧૦ કરોડ મુસાફરો બેસે એટલે કે એક મનવારમાં ૧૦ કરોડ જીવો ભરાય. એવી ૧૦૦ કરોડ મનવારો ભરવાની છે. આવી ૧૦૦ કરોડ મનવારોમાં ભરાય એટલા જીવોને સત્સંગ કરાવવા માટે ૧ કરોડ પૃથ્વીના સમગ્ર જીવોને સત્સંગી કરવા પડે. શ્રીજી મહારાજનો સંકલ્પ કેટલા જીવોનું કલ્યાણ કરવાનો છે, તે વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ‘કરોડ વહાણે કરીને એક મનવાર (મોટું વહાણ) ભરાય એવી સો કરોડ મનવારો ભરવી છે. એટલા જીવનું કલ્યાણ કરવું છે. તે આટલા જીવનું કલ્યાણ કેમ થાય ? પછી અમે વિચાર કર્યો જે, અમારું દર્શન કરે તેનું કલ્યાણ. વળી, એમ વિચાર કર્યો જે, અમારું દર્શન પણ કેટલા જીવને થાશે ? માટે અમારા સાધુનાં દર્શન કરે તેનું પણ કલ્યાણ. પછી વળી તેમાં પણ વિચાર થયો જે, સાધુનું દર્શન પણ કેટલા જીવને થાશે ? માટે અમારા સત્સંગીનું દર્શન કરે તેનું પણ કલ્યાણ, ને સત્સંગીને જમાડે, ને એનું જમે, ને સત્સંગીને પાણી પાય, ને એનું પાણી પીએ એ સર્વેનું કલ્યાણ કરવું છે.’

(સ્વા. વાતો : ૧/૭૨)

આટલા બધા જીવોનું કલ્યાણ કરવાની શુભ ભાવના મહારાજની છે. સામૂહિક રીતે પોષણ દ્વારા અનંત જીવો આ સત્સંગના યોગમાં આવી અંતે વ્યક્તિગત પોષણ દ્વારા જીવનમુક્ત અને છેલ્લે દેહ પડ્યા પછીની વિદેહમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરે, એવી મહારાજની ઈચ્છા છે.

❊ તેથી શ્રીજી મહારાજ અહીં પ્રશ્ન પૂછે છે કે જીવનું આ પ્રકારનું પોષણ કેવી રીતે થાય ?

તેમાં મુક્તાનંદ સ્વામીના ઉત્તરમાં નીચેની પણ ત્રણ બાબતો આવે છે.

(૧) સંપ્રદાય સંબંધી ગ્રંથ.

(૨) વર્ણાશ્રમનો ધર્મ.

(૩) ઈષ્ટદેવને વિષે અતિશય દૃઢતા.

મહારાજને આ ઉત્તરમાં કંઈક ખૂટતું હોય તેમ લાગે છે તેથી પોતે જ ઉત્તર આપે છે. તેનો મુખ્ય ભાવાર્થ એ છે કે પોતાના ઈષ્ટદેવના પ્રાગટ્યથી

માંડીને દેહ મૂક્યા પર્યંતનાં ચરિત્રોના ગ્રંથોથી જ સંપ્રદાયની પુષ્ટિ થાય છે. પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રોના ગ્રંથો દ્વારા ઉપરોક્ત ત્રણેય બાબત સિદ્ધ થઈ શકે તેમ છે.

❊ મહારાજના આ ઉત્તરમાં સંપ્રદાય સંબંધી ગ્રંથોમાં મુખ્યત્વે ઈષ્ટદેવનાં ચરિત્રો સંબંધી ગ્રંથનો નિર્દેશ છે. કારણ કે, મહારાજ સમજાવે છે કે પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રો દ્વારા વર્ણાશ્રમના ધર્મો પાળવાની પ્રેરણા મળે અને ઈષ્ટદેવનાં સ્વરૂપનો મહિમા સમજવાથી તેમના સ્વરૂપ વિશે નિષ્ઠા અને દૃઢતા પણ વધે છે.

મહારાજ અહીં સદૃષ્ટાંત સમજાવે છે કે રામચંદ્ર ભગવાનના ઉપાસકને રામાયણથી અને શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસકને ભાગવતના દશમ સ્કંધથી અને એકાદશ સ્કંધથી પુષ્ટિ મળે છે, પરંતુ તેમને વેદોથી પુષ્ટિ ન મળે. કારણ કે વેદોમાં રામચંદ્ર ભગવાન કે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રો હોતાં નથી.

આ વાત સમજાવીને મહારાજ મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરે છે કે તમે પણ સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે દેહપર્યંત કર્યા કરો, તે તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.

❊ મુક્તાનંદ સ્વામીના નિમિત્તે એવી સૂઝવાળા સર્વે સંતોને આ આદેશ હતો. જેથી મહારાજની હયાતીમાં જ મહારાજના ઉપદેશ સંબંધી 'વચનામૃત' જેવો ગ્રંથ સંપાદિત થયો અને ભક્તચિંતામણિ અને સત્સંગીજીવન જેવા ગ્રંથોનું નિર્માણ થયું. આ ઉપરાંત પણ શ્રીજી મહારાજની હયાતી દરમ્યાન અને પછીથી વિદ્વાન પરમહંસોએ - સંતોએ પુષ્કળ સાંપ્રદાયિક સાહિત્યની રચના કરી છે. મહારાજના અષ્ટકવિ પરમહંસોએ પણ હજારોની સંખ્યામાં મહારાજની મૂર્તિનાં, લીલાનાં અને ઉપદેશનાં પદોની રચના કરી છે.

આ રીતે શ્રીજી મહારાજના સંકલ્પ અનુસાર આજે વિપુલ પ્રમાણમાં સાંપ્રદાયિક સાહિત્ય ઉપલબ્ધ થયું છે.

આજે વિશેષે કરીને તો આપણી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં 'સ્વામિનારાયણ અક્ષરપીઠ' દ્વારા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી મરાઠી ભાષામાં પુષ્કળ સાંપ્રદાયિક સાહિત્ય પ્રકાશિત થઈ ચૂક્યું છે. આ બધા સાહિત્યનાં મુખ્યત્વે બે પ્રકાર છે.

■ **ઉપદેશ સંબંધી સાહિત્ય :**

(૧) વચનામૃત.
(૨) શિક્ષાપત્રી.
(૩) સ્વામીની વાતો.
(૪) યોગીજી મહારાજની દિવ્યવાણી.
(૫) પ્રમુખસ્વામીની દિવ્યવાણી - સંજીવની.
(૬) ઉપાસના અને તત્ત્વજ્ઞાન સંબંધી પુસ્તકો.

■ **ચરિત્ર સંબંધી સાહિત્ય :**

(૧) ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-ચરિત્રોનાં પુસ્તકો.
(૨) શ્રી.મ. અને પછીની ગુરુપરંપરાના વિશિષ્ટ સંતો-ભક્તોનાં ચરિત્રોનાં પુસ્તકો.
(૩) બાળકો, કિશોરો, યુવાનોને સ્પર્શે તેવું સાહિત્ય વિશેષે કરીને સત્સંગ શિક્ષણ પરીક્ષાનાં પુસ્તકો.
(૪) બાળકો, મહિલાઓ, વડીલોને ઉપયોગી થઈ શકે તેવા ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી ભાષામાં સામયિકો.
(૫) સાંસ્કૃતિક સાહિત્ય : સાંસ્કૃતિક અને સંસ્કાર વિષયક પુસ્તકો.

આ રીતે આબાલવૃદ્ધ સર્વને આધ્યાત્મિક અને વિશેષે કરીને સાંપ્રદાયિક દૃષ્ટિએ પોષણ મળી રહે તેવું અદ્‌ભુત સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે અને હજી પ્રકાશિત થઈ રહ્યું છે.

હવે આ પુસ્તકોથી પોષણ ક્યારે મળે ?

સાંપ્રદાયિક ઉપદેશ સંબંધી અને ચરિત્ર સંબંધી ગ્રંથોનાં નિયમિત વાંચન - ચિંતન - મનનથી આપણને પોષણ મળે છે.

૧. જીવનનું અંતિમ ધ્યેય સમજાય, સ્પષ્ટ થાય અને દૃઢ થાય :

શ્રીજી મહારાજ અને ગુણાતીત પરંપરાના ઉપદેશ - વચનો અને એમનાં ચરિત્રોનાં વાંચનથી આપણને સ્પષ્ટપણે સમજાય છે કે જીવનનું અંતિમ ધ્યેય લૌકિક સત્તા, સંપત્તિ, સુંદરી અથવા તો કંચન, કામિની કે કીર્તિ નથી. પરંતુ આ દેહે કરીને ભગવાન અને સંતને રાજી કરીને દેહભાવ ટાળી, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના દ્વારા આત્યંતિક મુક્તિ મેળવવી એ જ છે.

જો ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું નિયમિત વાંચન કરતા હોઈએ તો હું સત્સંગમાં શું કરવા આવ્યો છું ? મારે શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? તે જાણપણું આવ્યા વગર રહે જ નહિ. નીચેની વાતો દૃષ્ટાંતરૂપે ધ્યેય દૃઢ કરાવે છે.

૧. પોતાનું કલ્યાણ કરવામાં દૃષ્ટિ બરાબર રાખવી ને બીજાનું કલ્યાણ તો લોટો-જોટો કરવું.

૨. નવરાશ હોય ત્યારે ભગવાનની મૂર્તિ લઈને બેસવું. ભગવાનની મૂર્તિ એટલે કથાવાર્તા ને ધ્યાન.

૩. આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે. તેમાં એક અક્ષરરૂપ થાવું, તેમાં દેહ અંતરાયરૂપ છે. ને બીજું ભગવાનમાં જોડાવું, તેમાં સંગ અનેક પ્રકારના અંતરાયરૂપ છે.

૨. જીવનના અંતિમ ધ્યેયની સિદ્ધિ માટે સરળ, સુગમ, સર્વસુલભ છતાં સચોટ ઉપાય હાથમાં આવે:

એક આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે ને અશ્વમેધ યજ્ઞ કરાવે ને પછી રાજા થાય તો તેમાં તેને પુરુષાર્થ ઘણો કરવો પડે. પૈસાનો ખર્ચ ઘણો કરવો પડે.

જ્યારે બીજો આંગણામાં જ ઘોડો ફેરવી લે ને યજ્ઞ પૂરો કરે તો કેટલી સરળતા રહે ? શાસ્ત્રવાંચનથી આવો સરળ ઉપાય મળે છે. શાસ્ત્રોમાં તો અનંત સાધનો બતાવ્યા છે પરંતુ વચનામૃત, સ્વામીશ્રીની વાતો અને જીવન-ચરિત્રોના ગ્રંથોનાં વાંચનથી પ્રતીતિ થાય છે કે જીવની આત્યંતિક-મુક્તિ માટે મુખ્યત્વે તો ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની ઉપાસના અને એમની આજ્ઞા છે. આ આજ્ઞા અને ઉપાસનામાં શાસ્ત્રમાત્રના અનંત સાધનોનો સમાવેશ થઈ જાય છે.

૩. શ્રીજી મહારાજ અને ગુણાતીત પરંપરાનો હૃદ્‌ગત અભિપ્રાય, સિદ્ધાંત, રહસ્ય હાથમાં આવે:

❊ એક પ્રોફેસરે પોતાના દીકરાને ડોક્ટર થવા માટે દેશની મોંઘામાં મોઘી ને શ્રેષ્ઠ કોલેજમાં દાખલ કર્યો.

દીકરો પાંચ વર્ષ ત્યાં રહ્યો. પાંચ વર્ષને અંતે ઘેર આવ્યો. સત્કાર સમારંભ કર્યો ને તે શું શું ભણ્યો, તે પૂછ્યું તો કહે : ''હું તબલા વગાડતાં શીખ્યો. તરતાં શીખ્યો, સીવતાં આવડ્યું. ચિત્રકળામાં પહેલો નંબર. રાગ-રાગિણીમાં પારંગત થયો. નૃત્ય ફાવી ગયું....''એનો પિતા કહે, 'પણ ડોક્ટરનું કંઈ શિખ્યો કે નહીં ?'

''ના, એના માટે સમય જ ન મળ્યો. સોરી'' તો પિતા રાજી થાય ?

❊ મહારાજે મને આ સત્સંગમાં શું કરવા મોકલ્યો છે? તે રુચિ વચનામૃત અને વાતો તથા જીવનચરિત્રો વાંચવાથી સ્પષ્ટ થશે.

વળી, તેઓ આપણને કેવા બનાવવા માંગે છે ? એમના આદર્શ પ્રમાણેના સત્સંગી હરિભક્ત કે સાધુ કેવા હોય છે ? એમના આદર્શ સત્સંગી કે સંતનાં લક્ષણો - ગુણો કેવા હોય ? તેઓ આપણને ક્યાંથી ક્યાં પહોંચાડવા માંગે છે ? એમને આપણી કેવી આધ્યાત્મિક-સ્થિતિ કરાવવી છે ? આ બધી હકીકતોનો ખ્યાલ આ ગ્રંથો વાંચવાથી જ પ્રાપ્ત

થઈ શકે તેમ છે.

૪. ઈષ્ટદેવ અને ગુણાતીત ગુરુપરંપરાના સ્વરૂપનો યથાર્થ મહિમા, એમની દૃઢ નિષ્ઠા અને ઉપાસનાની દૃઢતા પણ આ પુસ્તકોનાં વાંચનથી થાય છે :

નાના બાળકને બદામ આપો ને સોનામહોર આપો. તેને મન બદામનો મહિમા વધારે છે. બીજી એક બદામ આપો તો તેના બદલામાં તરત સોનામહોર આપી દેશે. કારણ કે, તેને સોના મહોરનો મહિમા - કિંમત યથાર્થ સમજાઈ નથી.

વસ્તુ કે વ્યક્તિને પ્રાપ્તિનું મૂલ્ય સમજાય તો તે સચવાય. તેમ આપણને આ સત્સંગ, સત્પુરુષ ને ઈષ્ટદેવનો મહિમા જેમ જેમ સમજાય તેમ તેમ વિશેષ સુખ આવે, આજ્ઞા પળે ને તેની જાળવણી થઈ શકે.

૫. નિયમધર્મ અને વિવિધ પ્રકારની આજ્ઞા પાળવાની પ્રેરણા અને દૃઢતા પણ આ પુસ્તકોનાં વાંચનથી જ પ્રાપ્ત થાય છે.

૬. નિર્વિઘ્ન સાધનામાર્ગનું સ્પષ્ટ માર્ગદર્શન મળે છે:

- આપણી સાધનામાં કેવા પ્રકારની ખામી રહી જાય છે ?
- સાધનામાં આપણા કામાદિક સ્વભાવો કેવા અને કેવી રીતે વિઘ્નરૂપ થઇ શકે છે ?
- બહારના, સત્સંગના અને અંતરના કુસંગ દ્વારા સાધનામાંથી કેવી રીતે પથભ્રષ્ટ થવાય છે ?

આ બધાં વિઘ્નોનું સ્વરૂપ, એ વિઘ્નો ટાળવાના વિવિધ ઉપાયોનું માર્ગદર્શન પણ આપણને આ ગ્રંથોમાંથી મળી રહે છે.

❊ કોઈ કૂવે પડવા જાતો હોય ને તેને આડા હજાર માણસ ફરે તો તેને પડવા દે ?! તેમ સત્પુરુષ ને સત્શાસ્ત્રમાંથી બહુ શબ્દ સાંભળ્યા હોય તો તે કઠણ દેશકાળે રક્ષા કરે. **(ગુણાતીતાનંદ સ્વામી)**

દિવસ દરમ્યાન કે જીવન દરમ્યાન થતી નાની-મોટી ભૂલ કે આવતા દુઃખ સામે સમજણથી મોટું શસ્ત્ર કોઈ કામ આવતું નથી. આ સમજણથી મનની વૃત્તિ બદલાય છે ને સાચી દિશા મળે છે.

❊ આ સમજણ સત્સંગમાં ગ્રંથવાંચનથી મળે છે.

૨૪ કલાક કંઈ ભગવાન કે ગુરુ આપણી ભેગા રહેતા નથી. ને સ્થૂળ રીતે મદદ કે માર્ગદર્શન આપતા નથી. પરંતુ એમના શબ્દો, એમની વાણી એ એમનું સ્વરૂપ છે. તો બહુ કાળ સુધી તેનું વાંચન-મનન કર્યું હોય તો એ શબ્દો આવીને ઢાલ બને છે. આપણું રક્ષણ કરે છે.

સ્વામીની વાતો વાંચો ત્યારે ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ આપણો હાથ પકડે છે. ને વચનામૃત વાંચીએ છીએ ત્યારે શ્રીજી મહારાજ આપણી મદદે તરત હાજર થાય છે.

૭. પૂર્વેના સંતો-ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે :

❊ ઉપલેટાના વેરાભાઈના ઘરમાં સત્સંગ થયા પછી ૨૨ જણા એક જ વર્ષમાં ધામમાં ગયા.

❊ અગતરાઈમાં પર્વતભાઈનો ૨૧ વર્ષનો જુવાન દીકરો માંદો હતો. પર્વતભાઈ ગઢડા જતા હતા. ગામના છેડે પહોંચ્યા હશે, ત્યાં સમાચાર આવ્યા કે દીકરાએ દેહ મૂકી દીધો છે. પર્વતભાઈએ એમના સાથીને ૧૦૦ રૂ. આપ્યા ને કહે, 'તેની ક્રિયા પતાવી દેજો. હું પાછો આવીશ તો દીકરો કાંઈ જીવતો નહિ થાય. માટે હું તો મહારાજ પાસે જાઉં છું.'

આવા પ્રસંગો વાંચ્યા હોય તો, સામાન્ય આપત્તિ આવે ત્યારે સત્સંગ ગૌણ ન થાય. સત્સંગ મૂકવાનો વિચાર ન આવે.

❊ શિવલાલ શેઠની દૃષ્ટિ ૬ મહિના સુધી એમની સાળી ઉપર ન ગઈ.

❊ આત્માંદ સ્વામીને પંચવિષય સાથે વેર. જો મહારાજની આજ્ઞા લોપાય તો ગળામાં ઊની ઊની કોશ ઘાલે ને જેટલી પીડા થાય તેટલી પીડા ઊપડે.

❊ ભગતજી મહારાજનું હાડોહાડ અપમાન રોજ થતું.

❊ શાસ્ત્રીજી મહારાજને ઝેર આપ્યું, સોયા ઘોંચતા ને

મારવા બધા પાછળ પડતા. પણ સેવા ને ઉપાસનામાં મોળા પડ્યા નહીં.

શ્રીજી મહારાજના અને પછી ગુણાતીત પરંપરાના સંતો - ભક્તોના આવા પ્રસંગો દ્વારા આપણે પણ ઈષ્ટદેવ અને ગુરુને આજ્ઞા-ઉપાસના તથા સેવા - ભક્તિ દ્વારા કેવી રીતે રાજી કરી શકીએ, તેની અદ્‌ભુત પ્રેરણા મળી શકે સાથે સાથે બળ, ઉત્સાહ, હિંમત, ધીરજ, શ્રદ્ધા, વિશ્વાસ, સહિષ્ણુતા, ખપ, જેવા આવશ્યક ગુણોની પણ પ્રેરણા મેળવી શકાય.

૮. ઈષ્ટદેવ ગુરુપરંપરા અને સંસ્થા પ્રત્યે અસ્મિતા જાગે :

❊ આ પુસ્તકોનાં વાંચનથી ઈષ્ટદેવ અને ગુરુ-પરંપરાનો અપરંપાર મહિમા સમજાય છે. વળી, તેમણે આપણા માટે કરેલ પુરુષાર્થ અને સમર્પણનું જ્ઞાન થવાથી, તથા સંપ્રદાય અને સંસ્થાનો ગૌરવવંતો ઈતિહાસ જાણવાથી આ સંપ્રદાય પ્રત્યે અસ્મિતા પ્રગટે. એકવાર જો જીવનમાં અસ્મિતા પ્રગટે તો ઈષ્ટદેવ, ગુરુ અને સંસ્થા માટે શું ન થાય ? એવી ભાવના પ્રગટે, બલિદાન અને સમર્પણ કરવાનો ઉત્સાહ પ્રગટે.

આ રીતે સાંપ્રદાયિક ગ્રંથોનાં વાંચન-મનન અને ચિંતનથી જીવદશામાંથી સાધનાની યાત્રા આરંભીને બ્રહ્મરૂપ થઈએ ત્યાં સુધીનું ડગલે ને પગલે માર્ગદર્શન અને પોષણ મળે છે.

આમ, ગ્રંથોનાં વાંચન વિના જીવનનું ધ્યેય ન સમજાય, આજ્ઞા ઉપાસના દૃઢ ન થાય, આપણે ક્યાં કેવી રીતે પહોંચવાનું છે તેનું પણ જ્ઞાન ન થાય, નિર્વિઘ્ન સાધના ન થાય અને સંપ્રદાયની અસ્મિતા ન પ્રગટે.

માટે દરેક સત્સંગીએ દૃઢપણે સંકલ્પ કરવો જ જોઈએ કે દરરોજ નિયમિતપણે એક વચનામૃત, ૧૦ સ્વામીની વાતો અને ઓછામાં ઓછું ૧૫ મિનિટ જીવનચરિત્રોનું વાંચન કરીશ જ.

❊ આ પુસ્તકોનાં વાંચન માટે સૌપ્રથમ તો આ પુસ્તકો ઘરમાં વસાવવાં જોઈએ. જીવનજરૂરિયાતની ઘણી મોંઘી વસ્તુઓ ખરીદીએ છીએ. ઘણીવાર તો દેખાદેખીથી પોતાનો મોભો જાળવવા માટે પણ બિનજરૂરી વસ્તુઓ ખરીદીએ છીએ. કેટલાય બિનજરૂરી ખર્ચા કરીએ છીએ. એમાં કરકસર કરીને સંપ્રદાયનાં જેટલાં પુસ્તકો પ્રકાશિત થાય તે ખરીદવા જ જોઈએ.

ઘરમાં પુસ્તકો લાવ્યા પછી તેનું નિયમિત વાંચન કરવું જરૂરી છે. ઘણાને સમયની ફરિયાદ હોય છે કે સમય મળતો નથી. કેટલીકવાર કોઈકને માટે આ ફરિયાદ સાચી હશે, પરંતુ બધાને માટે આવું નથી. સમયનું આયોજન કરીએ તો આખા દિવસમાં ૩૦ મિનિટ તો વાંચનનો સમય મળી જ રહે.

❊ એક સરકારી નોકરને મહિનો પૂરો થયો ને પગાર મળ્યો, રૂ. ૫૦૦૦. એના ઉપરી સાહેબ કહે, ''આ વખતે તને પગારને બદલે ૨ ટોપલા છાણ, અડધું ગાડુ પથરા, ને ૧ ટેક્ટર ભરીને કચરો આપીશું. મંજૂર ?''

નોકરનું મોં પહોળું થઈ ગયું, આવું કેમ ?' ત્યારે સાહેબ કહે, ''જો આવું ન લેવું હોય તો આ પાંચ હજાર રૂપિયા ક્યાં ક્યાં વાપરીશ તે લખીને આપવું પડશે.''

તરત નોકરે રૂપિયે-રૂપિયાનું ક્યાં ખર્ચ કરવો તેની સુંદર ગણતરી કરીને સાહેબને આપી.

રૂપિયાનું શ્રેષ્ઠ વળતર ક્યાં મળે છે, તેનો પૂરેપૂરો વિચાર કરીને રૂપિયા વાપરીએ છીએ. ૧૦ રૂપિયા આપીને સડેલા બટાકા ખરીદતા નથી. તેની સામે સારી વસ્તુની જ અપેક્ષા રહે છે.

આવો પૈસા જેવો જ ખટકો સમય માટે રહે છે ? દિવસના ભગવાને આપેલા ૨૪ કલાક આપણે ક્યાં ક્યાં વાપરીએ છીએ ને ક્યાં વાપરીએ તો શ્રેષ્ઠ વળતર મળે ?

આ વિચાર જેટલો અંદરથી આવે તેટલો

સત્સંગમાં વાંચન માટેનો સમય નીકળે જ.

- ઘણો સમય છાપાં- મેગેઝીનો વાંચવામાં, ટી.વી. જોવામાં, ગપ્પાં મારવામાં, વાદ-વિવાદ અને ખોટી ચર્ચામાં બરબાદ થાય છે. એ સમય બચાવીને વાંચન કરવું જોઈએ.

કેટલાકને બસમાં કે ટ્રેઇનમાં નિયમિતપણે મુસાફરી કરવાની થાય છે. હંમેશાં પુસ્તક સાથે હોય તો સ્ટેશને અને પછી બસ કે ટ્રેઇનમાં વાંચી શકાય.

આ રીતે જો વાંચવાનું નક્કી થશે તો ગમે તે રીતે સમયનું આયોજન થઇ શકશે. અને કદાચ સમય ન મળે તોપણ વાંચન માટે સમય ગમે ત્યાંથી કાઢવો જ જોઈએ. પૂર્વે મોક્ષ માટે કેટલાય મુમુક્ષુઓ કુટુંબ અને રાજ્ય છોડીને જંગલમાં ગયા છે. આપણે ક્યાં જંગલમાં જવાનું છે ?

- ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે કરોડ કામ બગાડીને મોક્ષ સુધારવાનો છે. આપણે ક્યાં કરોડ કામ બગાડવાનાં છે. ફક્ત આયોજન કરીને સમય કાઢવાનો છે.

આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે અને ગુણાતીત પરંપરાએ આપણા માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. તો આપણે આપણા જ માટે દરરોજ થોડોક સમય કાઢીને એમના ગ્રંથો વાંચી ન શકીએ ?

- શ્રીજી મહારાજ પોતે સ્વતઃ સિદ્ધ હોવા છતાં શાસ્ત્રવાંચન અને કથાવાર્તાના કેવા આગ્રહી હતા તે જોઈએ :

સેવાના આગ્રહ સાથે મહારાજને કથાવાર્તામાં પણ અતિશય પ્રીતિ હતી. સ્વયં જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ હોવા છતાં તેઓ સતત અભ્યાસરત રહ્યા છે. શાસ્ત્રોનાં નિગૂઢ રહસ્યોને હસ્તામલક નિહાળતા હોવા છતાં શ્રીજીમહારાજ પરમહંસો પાસેથી શાસ્ત્રકથાનું શ્રવણ કરતા. વચનામૃત ગ.પ્ર.૧૭, સારંગપુર-૭, ગ.મ.પ્ર.૬૩માં તેઓ ભાગવતની કથા વંચાવતા હતા તેવો ઉલ્લેખ થયેલો છે. વચનામૃત ગ.પ્ર.૫૨ તથા પંચાળા-૨ માં મોક્ષધર્મના અધ્યાયોની કથા વંચાવતા, તેવો ઉલ્લેખ થયેલો છે.

- પોતાની કથાવાર્તા પ્રત્યેની લગનીની વાત કરતાં પોતે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૯માં કહે છે, 'અમારે તો ભગવાનની કથા-કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી...' શ્રીજી મહારાજે એકવાર કરિયાણામાં બે માસમાં સાત વખત ભાગવતની સમગ્ર કથાનું પારાયણ પ્રાગજી પુરાણી પાસે કરાવેલું. આ પારાયણ દરમ્યાન રોજ મહારાજ તેને પાકું સીધું, દસ શેર દૂધ અને એક રૂપિયો આપતા. ભાગવત પૂરું કરે એટલે સો રૂપિયા આપતા. એક જ શાસ્ત્રનું પણ આટલી શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાની આ લીલામાં, તેમની કથા પ્રત્યેની અસાધારણ પ્રીતિનાં દર્શન થાય છે, શતાનંદ મુનિએ મહારાજ માટે યથાર્થ લખ્યું છે :

'सद्ग्रंथनित्यपठनश्रवणादिसक्तं...
त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥'

વહેલી સવારે, નમતી બપોરે, મોડી સાંજે કે અડધી રાત્રે - સમય જોયા વિના મહારાજે જે કથાવાર્તા કરી છે, તે પરથી પણ તેમનો કથાવાર્તાનો આગ્રહ સ્પષ્ટ જણાઈ આવે છે. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦માં તો ધગધગતા તાવમાં પણ પોતે કથા કરી રહ્યા છે.

- આજે દેશ-પરદેશમાં એવા ઘણા હરિભક્તો છે કે જેઓ નિયમિતપણે આ ગ્રંથોનું વાંચન કરે છે. કેટલીયવાર વચનામૃત, વાતો અને જીવનચરિત્રોનાં પુસ્તકો વાંચ્યા છે.

કરવું હોય તો થઈ જ શકે છે.

- ધ્રાંગધ્રા પાસે રણમલપુર ગામ છે. તેમાં એક કાર્યકર રહે છે. સામાન્ય સ્થિતિ અને ભણતર પણ ચાર જ ચોપડી. વાંચતાં માંડ માંડ ફાવે. પરંતુ તેમને વાત સમજાણી કે વાંચીએ તો જ જીવમાં બળ આવે.

રોજ વાંચન શરૂ કર્યું. તો આજ સુધીમાં આટલું વાંચી ગયા છે :

(૧) ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર - ૮ વાર.

(૨) શાસ્ત્રીજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર - ૬ વાર.

(૩) યોગીબાપાનું જીવનચરિત્ર (૬-ભાગ) - ૨ વાર.

(૪) વચનામૃતનો સંપૂર્ણપાઠ - ૮ વાર.

(૫) સ્વામીની વાતો સંપૂર્ણ પાઠ - ૮ વાર.

માટે દરેકે શુભ સંકલ્પ કરવો કે મારે સંપ્રદાયનાં પુસ્તકો વાંચવા જ છે.

■ **હવે આ પુસ્તકોના વાંચનથી વિશેષ લાભ થાય તે માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં રાખવા :**

(૧) નિત્ય અને નિયમિત વાંચનનો દૃઢ સંકલ્પ કરવો. વાંચનની નિયમિતતા અને તેનું સાતત્ય જળવાઇ રહેવું જોઇએ.

(૨) શાંતચિત્તે એ એકાગ્રમને સમજીને વાંચવાનો પ્રયત્ન કરવો. જે ન સમજાય તેની જુદી નોંધ કરીને, સંતોને પૂછીને સમાધાન મેળવી લેવું.

(૩) જે કાંઈ વાંચીએ તેની ટૂંકમાં નોંધ કરીએ. તો તેનું પુનરાવર્તન કરવાની અનુકૂળતા રહે.

(૪) જે કાંઈ વાંચ્યું હોય તેમાંથી જે કાંઈ યાદ રહ્યું હોય તે બીજાને કહેવું. ગોષ્ઠિ કરવી. જેથી વધારે યાદ રહેશે અને વધારે સમજતા થવાશે.

(૫) વાંચન પછી મનન, ચિંતન અને નિદિધ્યાસન કરવું. ટેવ પાડીએ તો વાંચ્યા પછી મનન, ચિંતન તો સ્નાન કરતાં, હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં થઇ શકે. અથવા તો અન્ય દૈહિક ક્રિયા વખતે પણ થઇ શકે.

(૬) જે કાંઈ વાંચીએ તેમાંથી પોતાના જીવન માટે કાંઈ ઉપયોગી હોય તે ગ્રહણ કરવું. તેને આધારે જીવનમાં ફેરફાર કરવો. જે તે વસ્તુ જીવનમાં આત્મસાત કરવાનો નિર્ણય અને પ્રયત્ન કરવો. દા.ત. અભાવ - અવગુણ નહીં લઉં...
સેવા કરીશ, ચરિત્રો સંભારીશ... ભગવાનમાં વૃત્તિ રાખવાનો પ્રયત્ન કરીશ... આવા સંકલ્પ સાથે પ્રયત્ન કરવો

(૭) શ્રીજી મહારાજ અને ગુરુ પરંપરાને શુદ્ધભાવે પ્રાર્થના કરવી કે જે કાંઈ વાંચ્યું છે તે યથાર્થ સમજાય અને જીવનમાં આત્મસાત થાય.

આ રીતે ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જો આપણે વચનામૃત, સ્વામીની વાતો, અને જીવન ચરિત્રો તથા અન્ય સાંપ્રદાયિક પુસ્તકો અને સ્વામિનારાયણ પ્રકાશ વગેરે સામયિકોનું વાંચન કરીશું તો સાચા અર્થમાં સાંપ્રદાયિક દૃષ્ટિએ પોષણ થશે. સત્સંગમાં પ્રગતિ થશે તથા શ્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના એક આદર્શ સત્સંગી થઇ શકીશું.

● ● ●

સભા : ૩૦ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : ગઢડા મધ્ય - ૫૯ : પરમ કલ્યાણનું
❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અને 'નીલકંઠ'ની સૂચના મુજબ
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત ગઢડા મધ્યનું ઓગણસાઈઠમું : પરમ કલ્યાણનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-

બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

અને પોતાના જે સ્ત્રી-પુત્રાદિક હોય તે તો કુપાત્ર હોય ને કુલક્ષણવાળાં હોય તો પણ કોઈ રીતે તેનો અવગુણ એ જીવને આવતો નથી. અને જે ભગવાનના ભક્ત હોય તે તો સર્વે રૂડે ગુણે કરીને યુક્ત હોય, પણ જો તેણે લગારેક કઠણ વચન કહ્યું હોય તો તેની આંટી જીવે ત્યાં સુધી મૂકે નહિ. એવી જેની વૃત્તિ છે તેને તો જેવું પોતાના સંબંધી ઉપર હેત છે તેવું તે ભગવાનના ભક્ત ઉપર કહેવાય જ નહિ ત્યારે એનું કલ્યાણ પણ થાય નહિ.'

॥ઈતિ વચનામૃતમ॥

❀ વચનામૃતની વિશેષતા :

❊ શ્રીજી મહારાજનું આ કૃપાવચન છે.

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે શાસ્ત્રોના ગહન સમુદ્રને 'ગાગરમાં સાગર'ની માફક આપણને સુલભ કરી આપ્યો છે.

❊ પરમ કલ્યાણની સ્પષ્ટ વ્યાખ્યા મળે છે.

❊ સાચા સંતનો મહિમા કહી, એમનામાં હેત કરી, છતી દેહે જ કૃતાર્થપણાનો અનુભવ પામવાની સરળ રીત મહારાજ સમજાવે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❊ વચનામૃત - શાસ્ત્રમાત્રનો સાર :

❊ શ્રીજીમહારાજ નાનપણથી જ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. નાનપણમાં એમણે શાસ્ત્રોના સારરૂપ એક ગુટકો બનાવ્યો હતો. આઠ વર્ષની કુમળી વયે એમણે કાશીમાં વિદ્વાનોની સભામાં પોતાના વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું હતું. એક વખત એમણે બે મહિનામાં સાત વખત ભાગવતની પારાયણ કરાવી હતી. ટૂંકમાં, તેઓ શાસ્ત્રોના પ્રકાંડ અભ્યાસી હતા.

❊ દવાની દુકાનના માલિકને પોતાના રોગ ઉપર કઈ દવા જોઈશે એ ન ખબર પડે, એના માટે ડોક્ટર જોઈએ-એમ શાસ્ત્રોમાંથી શ્રીજી મહારાજ જેવા અનુભવી જ સાચી વસ્તુ સમજાવી શકે.

❊ શ્રીજીમહારાજ પોતે શાસ્ત્રમાત્રના સારરૂપે વાત કરે છે, એનો ઉલ્લેખ એમણે વચ.ગ.મ.૮, ગ.મ.૧૩, ગ.મ.૨૧, ગ.મ.૨૮, ગ.અં.૧૦ વગેરે વચનામૃતોમાં કરેલો છે.

❊ આપણને તમામ શાસ્ત્રો વાંચવાનો ક્યાં સમય જ છે ? વાંચીને સમજવાની આપણામાં શક્તિ પણ નથી. કદાચ સમજાય તો પણ સાર તો હાથમાં આવે જ નહિ. આ માટે તો મહારાજે કૃપા કરીને આપણને જે સારરૂપ વાત આપી છે એને જ સ્વીકારી લેવી જોઈએ. તે એ છે કે :

❀ ભગવાન ને ભગવાના સંત એ જ કલ્યાણકારી છે :

❊ વચ.ગ.મ.૨૧ : જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ યે સમજવું બાકી રહ્યું નહિ.

❋ કપિલદેવ ભગવાને માતા દેવહુતિને મોક્ષના દ્વાર તરીકે સંત બતાવ્યા છે.

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥
(ભાગવત - ૩/૨૫/૨૦)

❋ નિષ્કુળાનંદ સ્વામી કલ્યાણનિર્ણયમાં કહે છે :

માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિના મળ્યા રે,
સાચી વાત તું માનજે સહી રે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે.

❋ પણ ભગવાન અને સંત પ્રત્યક્ષ જોઈએ. પરોક્ષથી કામ ન થાય.

પરોક્ષથી ભવતણો પાર આવે નહિ,
વેદવેદાંત કહે સત્ય વાણી.
- મુક્તાનંદ સ્વામી

મળે પ્રભુ પ્રગટ પ્રમાણે રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે,
તેહ વિના કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે.
આત્યંતિક કલ્યાણ કારણે, જાવું પ્રગટ પ્રભુને પાસ,
મોક્ષદાયક એહ મૂરતિ, કે મોક્ષદાતા એના દાસ.
- નિષ્કુળાનંદ સ્વામી

❀ પ્રાપ્તિ એ જ પરમ કલ્યાણ :

આગળ આ વચનામૃતમાં મહારાજ કહે છે 'ભગવાન કે સંતની પ્રાપ્તિ એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે.'

❋ પરમ કલ્યાણ વિષે લોકોમાં અનેક માન્યતાઓ પ્રવર્તે છે, પણ આ વાત તદ્દન વિશિષ્ટ અને એકદમ સત્ય છે. ભગવાન અને સંત મળે, અને જીવે કોઈ સાધન ન કર્યાં હોય છતાં પરમ કલ્યાણ થઈ ગયું ?

હા. જેમ કોઈ દિલ્હી જતી ટ્રેનમાં બેસે, પછી હજુ દિલ્હી પહોંચ્યો ન હોય, પણ એના કુટુંબીઓને પૂછો કે, 'એ ભાઈ ક્યાં ગયા છે ?' તો જવાબ મળશે, 'દિલ્હી ગયા છે.' કારણ કે ટ્રેનમાં બેઠા એટલે દિલ્હી પહોંચશે જ એવી ખાત્રી છે. એમ જેને પ્રગટ ભગવાન કે સંતની પ્રાપ્તિ થઈ એને તેઓ અક્ષરધામને પમાડશે જ- એવી દૃઢ પ્રતીતિ રાખવાની વાત મહારાજ કરે છે.

❋ વચ.ગ.અં.૨ : જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહે જ પામ્યો છે.

❋ સ્વા.વાત-૬/૮૭ : ભગવાન તથા સાધુ ઓળખાણા એ જ મોક્ષનું દ્વાર કહ્યું છે.

❋ ૧૯૮૮માં પ્રમુખસ્વામી મહારાજ લોસ એન્જેલિસમાં હતા. કથા દરમ્યાન મત્સરની વાત આવી. સ્વામીશ્રીએ મિતેશને પૂછ્યું, 'મત્સર એટલે શું ?' 'મચ્છર.' એ સમજ્યો જ નહોતો. સ્વામીશ્રીએ આગળ પૂછ્યું, 'મચ્છર પ્લેનમાં આવી જાય તો પ્લેન જ્યાં જાય ત્યાં મચ્છર પણ પહોંચે ને ?' 'હા.' સ્વામીશ્રી, 'એમ સત્પુરુષ પ્લેન જેવા છે. એમાં બેસી ગયા તો અક્ષરધામમાં લઈ જાય.'

❋ નિષ્કુળાનંદ સ્વામી :

ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.

❋ પ્રેમાનંદ સ્વામી :

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર નરનારી...
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વહાલો તરત ઉતારે ભવપાર નરનારી...
આણો પ્રેમે પ્રતીતિ સાચા સંતમાં રે લોલ,
થાશે મોક્ષ અતિશે અનુપ નરનારી...

❀ સંતનો મહિમા :

જેના સમાગમથી છતે દેહે જ પરમ કલ્યાણ થઈ જાય એવા સંતનો મહિમા કહેતાં આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આવા સંતને ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક કહે છે. શા માટે

?

૧. તાત્ત્વિક રીતે સંતની મોટપ :

❊ આવા સત્પુરુષ અક્ષરબ્રહ્મ છે, માયા પર છે, જ્યારે ભવ-બ્રહ્માદિક દેવો ઈશ્વરકોટિમાં આવતા હોવાથી માયાની અંદર છે. શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે બ્રહ્મા રજોગુણપ્રધાન દેવ છે અને ભવ (શિવ) તમોગુણપ્રધાન દેવ છે.

❊ દેવોમાં ભગવાન અંતર્યામી શક્તિએ કરીને પાત્રની તારતમ્યતાએ રહ્યા છે. (વચ.ગ.પ્ર. ૪૧) જ્યારે સત્પુરુષમાં સમ્યક્પણે રહ્યા છે. આથી મુક્તાનંદસ્વામી કહે છે :

ભવ-બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.

જ્યારે સંત તો સાક્ષાત્ ભગવાન તુલ્ય છે.

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઉલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ.

- નિષ્કુળાનંદ સ્વામી

૨. સામર્થ્યની રીતે સંતની મોટપ :

ક. માયાથી પરાભવ ન પામે :

❊ શ્રીજીમહારાજ વચ.ગ.મ.૪માં કહે છે કે સોનું અને બીજી ધાતુઓને જમીનમાં દાટી હોય, તો બીજી ધાતુઓ ધૂળ ભેગી ધૂળ થઈ જાય, પણ સોનાને અસર થાય નહિ. એમ ભવ-બ્રહ્માદિક માયામાં લેવાઈ જાય, પણ ભગવાનને અસર થાય નહિ, અને નારાયણને નિર્વિકલ્પપણે પામ્યા હોય એવા સંતને પણ માયાથી પરાભવ ન થાય. (વચ.લો.૧૩) ભવ-બ્રહ્માદિક દેવો કેટલીય વાર માયાથી પરાભવ પામ્યા છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ બે મહિના સુધી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં મહારાજની આજ્ઞાથી વાતો કરી, પણ સહેજે ય ઘાટ સંકલ્પ થયો નહિ.

❊ પ્રમુખસ્વામી મહારાજને '૮૮માં રેસીન (અમેરિકા)માં પત્રકારે પૂછ્યું, 'તમને ક્યારેય સ્ત્રીનો સંકલ્પ થયો છે ?' સ્વામીશ્રીએ તુરત નિધડકપણે ઉત્તર આપ્યો, 'સ્વપ્નમાં ય નહિ'

ખ. ભગવાન જેવો જ પ્રતાપ સંતનો :

❊ વચ.ગ.મ.૨૨ : જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાને હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.

❊ વચ.ગ.પ્ર.૨૭ : એ (સંત) સમર્થ તો કેવો જે, એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેના નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે... એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.

❊ અક્ષરબ્રહ્મ અનંત કોટિ બ્રહ્માંડના ધારક અને આધાર છે, જ્યારે ભવ-બ્રહ્માદિક દેવો તો એક જ બ્રહ્માંડના કાર્યકર્તા છે.

ગ. સત્પુરુષ જીવોને માયાપર કરી શકે :

❊ વચ.વ.૩ : એવા જે મોટા પુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે. (માયા વેષ્ટિત જીવોને માયા પર કરી દે છે.)

❊ ગુણાતીતાનંદ સ્વામી પાસે કામરોળના દરબાર દાજીભાઈ નિષ્કામી વર્તમાન ન પાળી શકવાની બાબતે નિષ્કપટ થયા. સ્વામીએ એમને પોતાની સામું જોઈને પાંચ માળા ફેરવાવી અને એમનો કામ ખેંચી લીધો.

❊ પ્રમુખસ્વામી મહારાજ આગળ ઓદરકાના રામસંગબાપુ નિષ્કપટ થયા. સ્વામીએ કૃપાદૃષ્ટિ કરીને એમનાં પૂર્વનાં પાપકર્મોને માફ કરી શુદ્ધ નિષ્ઠાવાન સત્સંગી બનાવી દીધા.

* ગુણાતીત સત્પુરુષોએ કેટલાયને માયાપર કરવાનો કોલ આપ્યો છે. તા. ૨૬-૮-૮૯એ અટલાદરામાં સ્વામીબાપાએ હકાબાપુને વિચરણમાં સાથે લેવાની હા પાડી. આથી ધર્મચરણ સ્વામી કહે, 'બાપુ ! તમારે તો હવે મુંબઈ સુધીનું પાકું થઈ ગયું.' સ્વામીશ્રી કહે, 'મુંબઈ તો શું, ઠેઠ અક્ષરધામ સુધીનું પાકું. ત્યાં શાસ્ત્રીજી મહારાજની પાસે પહોંચાડવા પડશે ને પાછા.'

ઘ. ભગવાન જાતે સંતનો મહિમા વધારે છે :

* વચ.ગ.પ્ર.૩૭ : એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ.
* તુલસીદાસજી (ઉત્તરકાંડ) :

मोरे उर प्रभु अस बिस्वासा, राम ते अधिक राम कर दासा

* શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે એવા સંતની પાછળ હું પણ ફરું છું જેથી એમની ચરણરજ મળી જાય તો પવિત્ર થઈ જાઉં (ભાગવત : ૧૧-૧૪-૧૬)
* નરસિંહ મહેતા :

પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા, રાત દિવસ હૃદે ભાવું રે.
લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે

❀ સંતની સેવા મોટા પુણ્યવાળાને મળે છે

* વડાપ્રધાન કે મોટા ઉદ્યોગપતિ - એવા મોટા માણસોની અંગત સેવામાં રહેવા માટે કેટલી લાયકાત કેળવવી પડે ! એમ સત્પુરુષની સેવા બહુ મોટા પુણ્યવાળાને જ મળે છે.
* મુક્તાનંદ સ્વામી :

દાસી થઈ રહેજે તું દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો.

* જૂનાગઢના સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીએ સારંગપુર મંદિરના બાંધકામની સેવા કરતાં સંતોને કહ્યું, '૫૦૦ પરમહંસોને કે મોટા મોટા અવતારોને જે સેવા નહોતી મળી, એ સેવા તમને મળી છે, તે તમારાં બહુ મોટાં ભાગ્ય છે.'
* વૃંદાવનના લક્ષ્મીચંદ શેઠ મહા દાનવીર હતા. એમણે શ્રીરંગનાથના મંદિરમાં ૨૨ મણ સોનાનો થાંભલો ઊભો કરાવેલો. શ્રીજીમહારાજના બે પરમહંસો ત્યાં ગયા ત્યારે તેમની સાથે એમણે મહારાજ માટે અત્તરની શીશી મોકલી અને વૃંદાવન દર્શન આપવા આવવાનું આમંત્રણ મોકલ્યું, પરંતુ શ્રીજીમહારાજ કહે, 'એમના પૂર્વના અઢળક પુણ્યના પ્રતાપથી પણ એમને આ જન્મે અમારાં દર્શન થાય એમ નથી, પરંતુ આ અત્તરની શીશી પ્રગટ ભગવાન અને સંતોની સેવામાં કામ લાગી - એ પુણ્યના પ્રતાપે એમને આવતા જન્મે સત્સંગ થશે.' આ બાજુ લક્ષ્મીચંદ શેઠ ઘોડી ઉપર મહારાજનાં દર્શને ગુજરાત આવવા નીકળ્યા પણ રસ્તામાં પડી જવાથી મૃત્યુ પામ્યા અને કારિયાણીમાં નથુ પટેલ તરીકે બીજો જન્મ લીધો, ત્યાં તેમને ગુણાતીતાનંદ સ્વામીનો યોગ પ્રાપ્ત થયો. આમ, આ યોગ અતિશય દુર્લભ છે.

❀ સંતમાં હેત કરવું :

* અતિશય દુર્લભ એવી પ્રાપ્તિ-સત્પુરુષ-ને પામ્યા પછી મોક્ષને માટે અનિવાર્ય સાધન એ છે કે એમનામાં હેત કરવું. આપણને તત્વજ્ઞાન સમજવું અઘરું પડે, પણ હેત કરવું એ આપણા માટે એકદમ સહેલી વસ્તુ છે, કારણ કે આપણે એ અનંત જન્મોથી કરતાં જ આવ્યા છીએ. અત્યાર સુધી જેવું હેત દેહ અને દેહનાં સગાંસંબંધીમાં કરતાં હતાં એવું જ, બલ્કે એથી વિશેષ હેત સત્પુરુષને વિષે થાય, તો મોક્ષનાં

સાધન માત્ર એમાં આવી જાય. એમાં પણ આપણે સમજી શકીએ એવાં હેતનાં ઉત્તરોત્તર ચડિયાતાં ચાર પગથિયાંની મહારાજ વાત કરે છે કે - સત્પુરુષમાં સ્ત્રીને વિષે હોય એવું હેત કરવું. એ શક્ય ન બને, તો પુત્રને વિષે હોય એવું કરવું. એ ય ન બને, તો મા-બાપને વિષે હોય એવું, એ ય ન બને તો છેવટે ભાઈને વિષે હોય, એવું હેત તો અવશ્ય રાખવું.

* હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. તુલસીદાસજીને એમની પત્નીમાં અતિશય હેત હતું, પણ એમની પત્નીએ એક વખત ટકોર કરી કે -

  जैसी प्रीत हरामसे, वैसी हरिसे होय ।
  चला जाय वैकुंठमें, पल्ला न पकडे कोय ॥

  આ શબ્દોની તુલસીદાસજીને ચોટ લાગી તો રામચંદ્ર ભગવાનમાં એવું હેત થયું કે તેઓ પ્રથમ કક્ષાના ભક્ત બની ગયા.

* વચ.ગ.પ્ર.૫૪ : જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

* વચ.વર.૧૧ : સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

❀ હેતનાં લક્ષણો :

૧. અભાવ - અવગુણ ન આવે :

* પોતાનાં સંતાનો કુપાત્ર હોય, તેથી કોઈ સાથે ઝઘડે અથવા અનાચાર કરી આવે, તો પણ માણસ એમનો જ પક્ષ રાખે છે કારણ કે એમનામાં હેત છે. એવું હેત સંતમાં હોય, તો સંતમાં તો કોઈ કુલક્ષણ છે જ નહીં, પરંતુ આપણા હિત માટે કોઈક કઠણ વચન કહે, તો આપણને વાંધો આવે નહિ.

* નિષ્કુળાનંદ સ્વામી :

  જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટવા ઈયળનું અંગ;
  તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ.
  સંત વિના રે સાચી કોણ કહે...

* ચોમાસાની ઋતુમાં મોટા ગોખરવાળાના હરખા પટેલ ગારાવાળા પગે મંદિરમાં આવતા હતા, તેથી ગોપાળાનંદ સ્વામીએ એમને કહ્યું કે, 'પટેલ, પગ ધોઈને આવો.' તો એમને ખોટું લાગ્યું અને પછી ક્યારેય મંદિરે ન આવ્યા. જો ઘરમાં એ આવી રીતે ગારાવાળા પગે આવે, તો એને ન ટપારે ? પણ ત્યાં ખોટું ન લાગે અને અહીં લાગે તો સમજવું કે સગાંવહાલાં જેવું સંતમાં હેત નથી.

* આપણને પણ સંતો અથવા કાર્યકરો લાઈનમાં ઊભા રહેવાનું કહે, અમુક જગાએ આવવા-બેસવા - ગાડી પાર્કીંગ કરવાની ના પાડે, તો આપણને જો સાચું હેત હોય, તો ખોટું લાગવું જોઈએ નહિ.

૨. આજ્ઞા પ્રમાણે વર્તાય :

* વચ.કા.૧૧ : જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.

* આપણી પ્રમુખસ્વામી મહારાજને વિષેની પ્રીતિનું શું લક્ષણ છે ? એમની આજ્ઞા - મરજી પ્રમાણે આપણે વ્યક્તિગત પૂજા, ઘરસભા, અઠવાડિક સભા, વ્યસનમુક્તિ, ટી.વી.નો ત્યાગ, સંયમી જીવન, વગેરે પાળી શકીએ.

૩. અખંડ સ્મૃતિ રહે :

* માણસને પત્ની તથા નાના પુત્રમાં હેત હોય છે, તો એ કામકાજ કરવા જાય, ત્યારે મનમાં એ અખંડ એમને યાદ કર્યા જ કરતો હોય છે, એમ સ્વામીબાપાની સ્મૃતિ રહે એ હેતનું લક્ષણ

છે.

૪. એને અર્થે શું ન થાય ?

❊ વચ.લો.૩ પ્રમાણે ભગવાન ને સંતને અર્થે લોકલાજ, દેહાભિમાન, કુટુંબ, સ્ત્રી, પુત્ર, સુખ - તમામનો ત્યાગ કરે.

❊ નગાસરના ભૂદરભાઈને શાસ્ત્રીજી મહારાજને પૈસા આપવા હતા, પણ એમનાં પત્ની આડાં પડ્યાં, અને પટારા ઉપર બેસી ગયાં, જેથી એમાંથી પૈસા કાઢી ન શકાય. તો ભૂદરભાઈએ એમને થાંભલા સાથે બાંધી દીધાં અને શાસ્ત્રીજી મહારાજને પૈસા આપ્યા.

❊ ખોરાસાના રાજાભાઈની પત્નીએ સંતોને સીધું ન આપ્યું, તેથી રાજાભાઈને અતિશય લાગી આવ્યું. એમણે સિફતથી પત્નીને પિયર મોકલી દીધી અને પોતે તમામ ઘરવખરી વેચી-સાટીને કાયમ માટે ગઢડા મહારાજની સેવામાં પહોંચી ગયા.

૧૧. વચનામૃત : ગઢડા મધ્ય ૬૦ (ભાગ-૧) : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે, તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ જે, પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન તથા માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું જે અનુસંધાન એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી....'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન :**

❊ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. વચનામૃત મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્નમાત્રનું સરળ, સચોટ, સર્વોત્તમ અને શાશ્વત સમાધાન આપનારું અજોડ શાસ્ત્ર છે.

❊ આ ગ્રંથમાં સંતો-ભક્તોએ સાધનાલક્ષી તેમજ તાત્ત્વિક પ્રશ્નો પૂછી ભગવાન સ્વામિનારાયણ પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું છે. સંતો-ભક્તોએ પૂછેલા ૩૧૮ પ્રશ્નોમાંથી સૌથી વધુ ૯૧ પ્રશ્નો સદ્. મુક્તાનંદ સ્વામીના છે. તેનો અર્થ એવો નથી કે મુક્તાનંદ સ્વામીને આધ્યાત્મિક માર્ગે અનેક પ્રશ્નો હતા. પરંતુ જીવનમાં વધુ આગળ વધવાની એમની ઉત્કૃષ્ટ મુમુક્ષુતા હતી. સાથે સાથે સત્સંગમાં નાના-મોટા સૌ સંતો-ભક્તોનું હિત થાય તેવી ઉદાત્ત ભાવના પણ તેઓ ધરાવતા હતા. તેથી આપણા પ્રશ્નોને કૃપા કરી આપણા સૌ વતી શ્રીહરિને પૂછ્યા છે.

❊ મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞાથી પ્રશ્ન પૂછ્યો કે આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે, તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?

આ પ્રશ્ન ફક્ત મુક્તાનંદ સ્વામીનો નથી, આપણા સૌનો છે. આપણો અનુભવ છે કે સંસાર એટલે પ્રશ્નોની પરંપરા. કહેવાય છે કે, 'We are living in the age of inventions.' આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં નવા નવા સંશોધનો થયા જ કરે છે. માણસ આકાશમાં ઠેઠ ચંદ્ર સુધી અને સમુદ્રના તળિયે જઈ આવ્યો, પરંતુ સાંસારિક પ્રશ્નો, મૂંઝવણો અને સમસ્યાઓએ તેનો પીછો ન છોડ્યો.

❊ એક પંક્તિમાં કહ્યું છે :

'સંસાર છે શેરડીનો સાંઠો,
તેમાં આવે દુઃખની ગાંઠો.'

જેમ શેરડી ખાઈએ છીએ ત્યારે સુખ આવે, પણ

તેમાં વચ્ચે-વચ્ચે દુ:ખરૂપી ગાંઠો પણ આવે જ છે. તેમ સંસારમાં પણ રંકથી લઈને રાજા સુધી દરેકને દુ:ખ આવે જ છે.

◎ યોગીજી મહારાજ દૃષ્ટાંત આપતા : એક ભરવાડ સો ઢોર લઈને ચરાવવા નીકળેલો. બપોર તપવા માંડી ત્યારે તેણે વિચાર કર્યો : 'હવે ઝાડને છાંયે ટીમણ કરી આરામ કરીએ.' તે માટે તેણે બધા ઢોરને બેસાડવા માંડ્યા. 'બધાને બેસાડી હું નિરાંતે આરામ કરું.' - એવો તેનો વિચાર. એક પછી એક ઢોરને બેસાડતાં ૯૯ ઢોર બેસી ગયાં, પણ એક બાકી રહેલું. તે અકોણું નીકળ્યું કે બેસવાનું નામ જ ન લે. ભરવાડની આંખો ઊંઘથી ભરાયેલી અને ઢોર બેસતું ન હતું. તેથી અકળાયો ને જોરથી તેને બેસાડવા ગયો. તે વખતે તે ઢોર બેઠું તો ખરું, પણ એટલા જોરથી બેઠું કે ધબાક્ કરતાં મોટો અવાજ થયો. તેને લીધે જે ૯૯ ઢોર બેસી ગયેલાં તેય ઊભાં થઈ ગયાં.

તેમ માણસ જાણે કે મેં દીકરાને મોટો કર્યો, ભણાવી દીધો, નોકરી કરવા માંડ્યો, મકાન બાંધી દીધું. બસ, હવે દીકરાને પરણાવી સુખેથી બાકીની જિંદગી કાઢીશું. પણ જ્યાં દીકરાને પરણાવવાનું કામ પૂર્ણ થાય, ત્યાં જ પાછા બીજા ૯૯ પ્રશ્નો ઊભા થાય.

❋ ત્રણ પ્રકારના વિક્ષેપ(દુ:ખ)ની વિક્તિ શાસ્ત્રોમાં દર્શાવેલી છે.

૧. <u>આધિદૈવિક</u> : આધિદૈવિક એટલે દેવ સંબંધી આપત્તિ. અતિવૃષ્ટિ, દુષ્કાળ, ધરતીકંપ, કોરોના જેવા ચેપી રોગ આવે. આવી આફત સામે માણસ લાચાર બની જાય છે.

૨. <u>આધિભૌતિક</u> : આધિભૌતિક એટલે અન્ય મનુષ્ય અથવા પશુ-પક્ષી તરફથી આવતાં દુ:ખ.
દા.ત. - કો'ક દારૂ પીને ટ્રક હાંકતો ડ્રાઈવર આપણને અડફેટે ચઢાવે. કો'ક સત્તાધીશની અનીતિનો ભોગ તેની પ્રજાને બનવું પડે.

૩. <u>આધ્યાત્મિક</u> : આધ્યાત્મિક એટલે પોતાના મનનાં દુ:ખ. મનુષ્ય સ્વભાવયુક્ત પ્રાણી છે. કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા આદિ અનેક સ્વભાવ તેને પીડે છે. કો'કની પ્રગતિ આપણને આંખમાં કણાની જેમ ખટકે તે પણ આધ્યાત્મિક દુ:ખનો પ્રકાર છે. દુર્યોધનને પાંડવો હેરાન નહોતા કરતા, પરંતુ પોતાનો ઈર્ષ્યાનો સ્વભાવ તેને અંદરથી બાળતો હતો.

❋ મુક્તાનંદ સ્વામીએ અહીં મહારાજને એક વાસ્તવિક પ્રશ્ન પૂછ્યો છે. આપણા સૌનો પ્રશ્ન પૂછ્યો છે. તેમણે એવું ન પૂછ્યું કે -

- વિક્ષેપ ન આવે તેનો ઉપાય બતાવો.
- વિક્ષેપ આવે તેને ટાળી દો.

તેમણે પૂછ્યું કે વિક્ષેપ આવવા છતાં એવી કઈ સમજણ રાખવી જેથી અંતરમાં અશાંતિ ઊભી ન થાય.

● **શ્રીજીમહારાજનો ઉત્તર :**

❋ શ્રીજીમહારાજ આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે, 'એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ...' અહીં મહારાજે પૂર્વેના સંતો-ભક્તોના જીવનપ્રસંગના આધારે કે શાસ્ત્રોના આધારે જવાબ ન આપ્યો, કોઈ ચિંતકોના ચિંતનનો પણ તેમણે આધાર ન લીધો. પરંતુ પોતાના પવિત્ર અને પારદર્શક જીવનના આધારે ઉત્તર આપ્યો છે.

❋ આ પ્રશ્નનો મહારાજે જે જવાબ આપ્યો તે પૂર્વે અને પછી પણ તેમના જીવનમાં અનેક વિક્ષેપો આવ્યા છે. સ્વયં ભગવાન હોવા છતાં આ લોકના મનુષ્યની જેમ તેઓ હસતા મુખે અનેક કષ્ટોમાંથી પસાર થયા છે. નીલકંઠવર્ણીરૂપે હિમાલયના પર્વતોમાં હાડકાં ગાળી નાંખે તેવી ઠંડીમાં કૌપીનભર વિચર્યા પણ વિક્ષેપ ન લાગ્યો. ગાઢ જંગલોમાં જંગલી પશુઓ કે પિબૈક, કૃત્યાઓ અને ભૂતોનો વિક્ષેપ તેમને નથી નડ્યો. ભૂખ-તરસ કે અપમાનના પ્રસંગો તેમને

વિચલિત કરી ન શક્યા.

સુરત પહોંચ્યા ત્યારે નીલકંઠવર્ણીને પાંચ દિવસના ઉપવાસ થયેલા. એક અખાડામાં વર્ણીએ ભિક્ષા માંગી તો ત્યાંના લોકોએ તેમને ધમકાવ્યા, કાઢી મૂક્યા, છતાં વર્ણી મૂંગે મોંએ ગમ ખાઈ ગયા.

❋ એક ચિંતકે કહ્યું છે, 'Nothing is given so profusely as advice.' સલાહ સિવાય બીજું કશું વિપુલ પ્રમાણમાં આપી શકાતું નથી. દુનિયામાં અનેક લોકો બોલે છે, લખે છે, પણ એમની વાણી અને વર્તનનો મેળ ખાતો નથી. એમના આચાર અને ઉચ્ચાર વચ્ચે સો ગાઉનું અંતર રહે છે. એવી વ્યર્થ વાણી આપણું શું ભલું કરવાની?

શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષોની વાણી આચરણ, અનુભવ અને સાક્ષાત્કારયુક્ત છે. તેથી તેમના વચનને અનુસરવાથી આપણું જીવન સાર્થક થાય છે.

❋ જીવનમાં આવતા અનેક પ્રકારના વિક્ષેપો વચ્ચે સુખી રહેવા માટે મહારાજ આ વચનામૃતમાં ત્રણ અનુસંધાનની વાત કરે છે.

૧. પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું નિરંતર અનુસંધાન,

૨. માયિક એવા જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું અનુસંધાન,

૩. ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું અનુસંધાન.

આજની સભામાં આપણે પ્રથમ અનુસંધાનને સમજવાનો પ્રયત્ન કરીશું.

● **આત્મવિચારરૂપી પ્રથમ અનુસંધાન :**

❋ વિક્ષેપ નડતરરૂપ ન થાય તે માટેનું પ્રથમ પગથિયું છે - પોતાનું સાચું સ્વરૂપ સમજવાનું. હું કોણ છું? તે વાતને સમજવાનું.

● **દેહ-આત્માની વિક્તિ :**

❋ આત્માનું અનુસંધાન રાખવા માટે પોતાનું સ્વરૂપ દેહ થકી ભિન્ન છે, જુદું છે તે સમજવું મહત્ત્વનું છે. થોડો ઊંડાણપૂર્વક વિચાર કરીએ ત્યારે આ વાત સમજી શકાય તેમ છે.

❋ આ દેહ સાધન છે અને આપણે તેના ચાલક છીએ.

કોઈ પાસે પહેરવા માટે શર્ટ હોય તો એમ ન કહે કે 'હું શર્ટ છું.' કારણ કે શર્ટ અને શર્ટનો પહેરનાર જુદા છે.

જેમ વસ્ત્ર અને વસ્ત્રના પહેરનારા જુદા છે,
વાહન અને વાહનના ચલાવનારા જુદા છે,
મકાન અને મકાનમાં વસનારા જુદા છે,
તેમ શરીર અને શરીરમાં વસનાર આત્મા જુદા છે.

❋ આત્માની ચૈતન્યશક્તિને લીધે દેહ હાલે-ચાલે છે. દેહમાંથી આત્મા નીકળી જાય તો દેહ કાંઈ જ કરવા સમર્થ થતો નથી. પછી તેને સારામાં સારો આઈસ્ક્રીમ ખવડાવો તો સ્વાદ આવતો નથી, સારામાં સારી ગાડીમાં બેસાડો છતાં સુખ આવતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો દેહ જડ છે અને આત્મા ચૈતન્ય છે.

❋ દેહ નાશવંત છે. તેને જન્મ-મરણ છે. જ્યારે આત્મા અવિનાશી છે. તેને જન્મ-મરણ નથી. આત્મા તો અનાદિ છે. (અનાદિ - જેની કોઈ જન્મતારીખ જ નથી.)

કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર અર્જુન જ્યારે સંબંધીઓના મોહમાં શસ્ત્રો મૂકી રડવા લાગે છે, ત્યારે ભગવાન તેને ભગવદ્‌ગીતાનું જ્ઞાન આપે છે. ગીતાના બીજા અધ્યાયમાં આત્મજ્ઞાન આપતાં તેઓ કહે છે, **'ન જાયતે મ્રિયતે વા'**(આત્મા કદી જન્મતો કે મરતો નથી.) પછી કહે છે કે આત્મા કેવો છે? **અજઃ**(અજન્મા), **નિત્યઃ**(નિત્ય), **શાશ્વતોયં**(શાશ્વત), **પુરાણો**(પુરાતન) છે. **'ન હન્યતે હન્યમાને શરીરે'** (શરીર મરાયા છતાં આત્મા મરતો નથી.)

❋ દેહ દુઃખરૂપ છે, નરકરૂપ છે, અનેક રોગોનું ઘર છે. જ્યારે આત્મા સુખરૂપ છે, શુદ્ધ છે.

◎ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૧**માં કહે છે કે, "આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે."

* આ પ્રમાણે દેહ-આત્મા જુદા જાણી પ્રગટ અક્ષરબ્રહ્મ સત્પુરુષને પોતાનો આત્મા માનવો. સત્પુરુષ જેમ દેહથી જુદા આત્મારૂપે વર્તે છે, તેમ વર્તવા પ્રયત્ન કરવો, તેમની મરજી મુજબ વર્તવા પ્રયત્ન કરવો. સત્પુરુષ સાથે એકતા કરવી અને મારા આત્માને વિષે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન અખંડ વિરાજમાન છે એમ સમજવું.

● **આત્મવિચારનું અનુસંધાન ન રાખવાથી ખોટ :**

* મહાકાવ્ય 'શિશુપાલવધ'માં કવિ માઘે કહ્યું, **'સ્ફૂટમ્ આપદાં પદમ્ અનાત્મવેદિતા'** તમામ આપત્તિઓનું મૂળ જન્મસ્થાન પોતાનું સ્વરૂપ ન જાણવું તે છે.

* વર્તમાનકાળે Water crisis (પાણીની અછત), Oil crisis(તેલની અછત), Money crisis(નાણાંની અછત), Grain crisis(દાણાની અછત)થી મનુષ્ય વિટંબણામાં મુકાયો છે. પરંતુ તેના કરતાં પણ Identity crisis (સ્વ-ઓળખની અછત)એ તેને વધુ હેરાન-પરેશાન કરી મૂક્યો છે.

૧. <u>ગુરુતાગ્રંથિ અથવા લઘુતાગ્રંથિ બંધાઈ જાય :</u>

* Forbes Magazine (ફોર્બ્સ મેગેઝિન)ના પ્રકાશક માલ્કમ ફોર્બ્સ કહેતા, 'ઘણા લોકો જે તેઓ નથી તેનું વધુ પડતું મૂલ્ય આંકે છે. અને જે તેઓ છે તેનું ઓછું મૂલ્ય આંકે છે.' કહેતાં પોતાનું સાચું સ્વરૂપ ન સમજવાથી ગુરુતાગ્રંથિ અથવા લઘુતાગ્રંથિમાં સરી પડે છે.

* આજે વ્યક્તિ પોતાને ઓળખે અને ઓળખાવે છે - કાયા અને કળાથી. હું સ્થૂળ કે કૃશ, હું ડોક્ટર કે એન્જિનિયર. મનુષ્ય પોતાને ઓળખે અને ઓળખાવે છે - પ્રાંત અને પ્રદેશથી, પદવીઓ અને પારિતોષિકોથી, ગોળ અને જ્ઞાતિથી. ઓળખના આ માપદંડ કામચલાઉ છે, કાયમી નથી. એને કાયમી માની લેવાથી પ્રશ્ન સર્જાય છે.

* જર્મની દેશની એક પાઠશાળામાં ડો.લિયોપોલ્ડ પુચ્છ વિદ્યાર્થીઓને ઈતિહાસ ભણાવતા હતા. તેઓ તેમના વિદ્યાર્થીઓને વારેવારે એક વાત ઠસાવતા કે આપણે આર્ય જાતિના શ્રેષ્ઠ છીએ અને જર્મનીના વિકાસમાં યહૂદીઓ અવરોધરૂપ છે. પરિણામે વિદ્યાર્થીઓમાં ગુરુતાગ્રંથિ દૃઢ થતી ગઈ. દેશ અને જાતિ પ્રત્યે ગૌરવનું સ્થાન ઘમંડ લેવા માંડ્યું. સમય જતાં તેમાંના એક વિદ્યાર્થી એડોલ્ફ હિટલરે યહૂદીઓનો કચ્ચરઘાણ કાઢવાનું નક્કી કર્યું. ઈતિહાસ સાક્ષી છે કે હિટલરની આ ગુરુતાગ્રંથિ બીજા વિશ્વયુદ્ધનું કારણ બની અને તેમાં ફક્ત યહૂદીઓ જ નહીં, પરંતુ કરોડો લોકો મોતને ભેટ્યા.

પોતાનું સાચું સ્વરૂપ ન સમજનાર વ્યક્તિ વૈશ્વિક સમસ્યાનું કારણ બની!

◎ થોડાં વર્ષો પૂર્વે અમેરિકાથી એક પુસ્તક પ્રકાશિત થયું '100% American' તેમાં લખ્યું હતું કે, 'USમાં ૯૪%' પુરુષોને પોતાના રૂપથી અસંતોષ છે. ૯૯% મહિલાઓને પોતાના રૂપથી અસંતોષ છે.

કેટલાકને મોઢે ખીલ હોવાનું દુઃખ છે, કેટલાકને શ્યામ વર્ણ હોવાનું દુઃખ છે, તો કેટલાકને પોતાનું શરીર સ્થૂળ કે કૃશ હોવાનું દુઃખ છે. કામચલાઉ રંગ, વર્ણ કે કાયાને કાયમી માની લેવાથી ૧૦૦% દુઃખ થવાનું જ.

* જેને આત્માના સુખનું અનુમાન નથી, તેને હંમેશાં અધૂરપ લાગ્યા કરે છે. તે અધૂરપ પૂર્ણ કરવા તે પ્રયત્નશીલ રહે છે. અધૂરપ પૂરી કરવા ખોટા માર્ગનો આશરો પણ લે છે.

દુર્યોધનને અધૂરપ પીડતી હતી કે મારા કરતાં પાંડવોને વધુ સન્માન કેમ? આ અધૂરપ પૂરવા તેણે લાક્ષાગૃહ દહન, દ્યૂતસભા, ચીરહરણ જેવા અનેક હીન પ્રયાસો કર્યા.

◎ ગુણાતીતાનંદ સ્વામી નવ યોગેશ્વરની વાત કરતા. નવ યોગેશ્વરોમાંના પ્રબુદ્ધ નામના યોગેશ્વરે એકવાર જનકની સભામાં સારું પ્રવચન કર્યું. સૌએ પ્રબુદ્ધનાં વખાણ કર્યાં. સાથેના આઠ યોગેશ્વરોને આ ન ગમ્યું. તેમને મનમાં થયું કે, 'પ્રબુદ્ધ ઋષિ આપણાથી સરસ થઈ ગયા ને બધા તેમાં જ તણાય છે. આપણી પાસે કોઈ બેસતું પણ નથી.' તેથી આઠેય જણ પ્રબુદ્ધ ઋષિને ગાંસડીમાં બાંધી કૂવામાં નાખવા ચાલ્યા. પ્રબુદ્ધે ખૂબ આજીજી કરી કે, 'હવે પછી વાતો નહીં કરું' ત્યારે છોડ્યા.

આત્માનું અનુસંધાન ન રહે ત્યારે અન્યની પ્રગતિ જોઈ પોતાને અધૂરપ સાલે છે. અધૂરપને દૂર કરવા વ્યક્તિ વેર-ઝેર, રાગ-દ્વેષ વગેરેમાં પ્રવૃત્ત થાય છે.

૨. <u>પંચવિષયમાં લેવાઈ જવાય</u> :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૧**માં કહે છે કે, **'એવી સમજણ વિના(આત્મા-પરમાત્માના જ્ઞાન વિના)ઝાઝું હેત જણાતું હોય, પણ જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે.'**

આત્માનું અનુસંધાન જેટલું ઓછું અને દેહનું અનુસંધાન જેટલું વધુ, એટલું વ્યક્તિને પંચવિષયનું વધુ આકર્ષણ રહે તે સ્વાભાવિક છે.

❊ મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે,

'જ્યાં લગી દેહને હું કરી જાણશે,
ત્યાં લગી ભોગવિલાસ ભાવે.'

❊ ઉમરેઠના ગંગાદત્તને ભગવાનમાં હેત હતું. એટલે જ ઠેઠ ગઢડે શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગયા હતા. પણ તેમને આંબલી વિના ન ચાલે. તેથી પોતાની સાથે આંબલી પણ લીધી હતી. રોજ થોડી થોડી વાપરતા. જેવી આંબલી ખૂટી ગઈ કે પાછા ઉમરેઠ જવા તૈયાર થયા. મહારાજે વધુ રોકાવા આગ્રહ કર્યો પણ તે ના જ પાડતા રહ્યા. મહારાજે કારણ પૂછ્યું પણ તેઓ ના જ પાડતા રહ્યા. દીકરાએ ફોડ પાડ્યો કે, 'બાપુજીની આંબલી ખૂટી ગઈ છે.'

મહારાજે બીજી આંબલી મંગાવી આપવાની વાત કરી પણ તેઓ ન માન્યા. 'ચરોતર જેવી અહીંની આંબલી નહીં' એમ કહેતાં ઊપડી જ ગયા. દેહનું અનુસંધાન હતું તો ભગવાન ગૌણ થઈ ગયા.

● **આત્મવિચાર કરવાથી લાભ :**

જેમ એક છોડવે અનેક ફૂલ ખીલે તેમ આત્માના અનુસંધાનથી અનેક લાભ થાય છે.

૧. <u>માન-અપમાનમાં એકતા રહે</u> :

❊ ગુણાતીતાનંદ સ્વામી ૬/૮૨મી વાતમાં કહે છે, **'આપણને કો'ક સનકાદિક જેવા કહે તો શું કાંઈ સનકાદિક જેવા થઈ ગયા? ને કો'ક લંબકર્ણ(ગધેડા) જેવા કહે તો શું તેવા થઈ ગયા? એમાં શું? માટે ત્રણ દેહથી નોખું વરતવું...'**

પોતાને ત્રણ દેહથી પર આત્મા માને, તો કોઈ માન આપે કે અપમાન, બંનેમાં સમતા અને સ્થિરતા રહે.

❊ સન ૧૯૭૧માં પ્રમુખસ્વામી મહારાજ બોચાસણ ગામમાં પધરામણી કરી રહ્યા હતા. પધરામણી કરાવનાર યજમાનના નાના ભાઈને સ્વામિનારાયણ સંપ્રદાય માટે અરુચિ. તેથી પોતાને ઘેર પહોંચી સંતોને જોયા એટલે તે જેમ તેમ બોલવા લાગ્યો. 'મારે ઘેર આ ધુતારાઓને કોણે બોલાવ્યા? મારે ઘેર આ લોટિયા જોઈએ જ નહીં.' પછી પ્રમુખસ્વામી મહારાજને કહે, 'લોટિયા! મારે ઘેરથી નીકળી જા! મારા ઘરમાં તારો પગ ન જોઈએ.' વગેરે ઘણું બોલ્યા. સ્વામીબાપા લેશ પણ અકળામણ કે ક્ષોભ વિના ત્યાંથી નીકળી ગયા.

સ્વામીબાપા કથાવાર્તામાં આત્મારૂપે વર્તવાની વાતો અનેકવાર કરતા, પણ તે વાતો તેમના જીવનમાં કેટલી દૃઢ હતી તે આવા પ્રસંગોએ જણાઈ આવતું.

* મહંત સ્વામી મહારાજને પણ ઘણા લોકોની અણસમજણને કારણે અપમાન અને અવહેલનાઓમાંથી પસાર થવું પડ્યું છે. એનો ઘણો મૂઢ માર સહન કરવો પડ્યો છે, પણ પોતાને થયેલ અપમાનોનો તેમણે ક્યારેય ઉલ્લેખ સુધ્ધાં કર્યો નથી.

૨. <u>સાંસારિક પ્રશ્નોમાં સ્થિરતા રહે</u> :

* આપણે સંસારમાં રહીએ છીએ. તેમાં અનેક ઉપાધિઓ આવે છે. તે વખતે પણ આ આત્મજ્ઞાન જ આપણને ધીરજ, હિંમત, બળ તથા શાંતિ પૂરાં પાડે છે, માનસિક સ્થિરતા આપે છે.

* જનકરાજાની મિથિલા નગરીમાં આગ લાગી. બધાને ચિંતા થઈ, પરંતુ જનક સ્થિર હતા. તેમણે કહ્યું :

'મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન ।'

'મિથિલાનગરી બળે છે તેમાં મારું કાંઈ બળતું નથી.' આ દેહ મારો નથી તો મિથિલાનગરી મારી ક્યાંથી હોય? આ વિચારથી તેઓ નિશ્ચલ રહી શક્યા.

* શ્રીજીમહારાજના સમયમાં નેનપુરના દેવજી ભક્ત, પર્વતભાઈ જેવા અનેક હરિભક્તો હતા કે જેઓ આ આત્માની સમજણના બળે પોતાના પુત્રના મરણથી પણ વિચલિત થયા નહોતા.

વળી, કુટુંબમાં કોઈ અઘટિત પ્રસંગ બને, જેમાં કુટુંબનું કે પોતાનું ભૂંડું દેખાય તેવું કૃત્ય આપણા કુટુંબના કોઈ સભ્યથી થઈ ગયું હોય, તો તે વખતે આપણને અંતરમાં દુઃખ, ઉદ્વેગ, અશાંતિ, ચિંતા, અજંપો રહ્યા કરે. પરંતુ તે સમયે પણ આ આત્મનિષ્ઠા શાંતિ અને સ્થિરતા આપે છે.

૩. <u>ભગવાન-સંતમાં નિર્દોષબુદ્ધિ રહે</u> :

* આત્મનિષ્ઠા આપણને દૃઢ હોય તો ભગવાનમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે, નિર્દોષભાવ જ રહે.

કલ્યાણનો મુખ્ય મુદ્દો છે, ભગવાનમાં નિર્દોષભાવ રાખવો તે, ભગવાનમાં માયિકભાવ ન પરઠવો તે.

* શુકદેવજી આત્મનિષ્ઠ હતા તો તેઓને કૃષ્ણ ભગવાનનાં ચરિત્રોમાં સંશય ન થયો, ને પરીક્ષિત દેહભાવવાળા હતા, આત્મભાવ દૃઢ નહોતો થયો, તો પરીક્ષિતને ભગવાનનાં ચરિત્રો સાંભળી સંશય થયો, ને માયિકભાવ પરઠ્યો. તેણે શુકદેવજીને પૂછ્યું, 'ભગવાન તો ધર્મ સ્થાપવા માટે પ્રગટેલા ને તેણે પરસ્ત્રીનો સંગ કેમ કર્યો ? પરસ્ત્રી સાથે રાસ કેમ રમ્યા ?'

જો પરીક્ષિતને આત્મનિષ્ઠા દૃઢ નહોતી તો ભગવાનમાં મનુષ્યભાવ પરઠ્યો, ને શુકદેવજીને આત્મનિષ્ઠા દૃઢ થઈ હતી તો તેમને થયું કે હું જો શુદ્ધ છું ને મારામાં કામક્રોધાદિક શત્રુઓ નથી તો ભગવાનમાં તો હોય જ ક્યાંથી ?

શુકદેવજીને આવો દિવ્યભાવ ભગવાન પ્રત્યે દૃઢ થયેલો, તેનું મૂળ કારણ આત્મનિષ્ઠા હતું.

• નિરંતર આત્માનું અનુસંધાન કેવી રીતે રહે?

* આત્માનું અનુસંધાન પોતાની મેળે થાય તેમ નથી. 'હું આત્મા છું, હું આત્મા છું' એમ મુખે રટણ કરવાથી આત્મારૂપ થવાતું નથી. એ તો હવામાં બાચકા ભરવા જેવો પ્રયાસ છે.

શ્રીજીમહારાજ **વચનામૃત વરતાલ-૧૧**માં આત્મદર્શનની ચાવી બતાવતાં કહે છે, **'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે.'**

* પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને વિષે દૃઢ પ્રીતિ થવાથી સત્પુરુષ જ આપણો આત્મા છે તેનું નિરંતર અનુસંધાન રહે છે, એટલે કે તેઓ વર્તે છે તેમ વર્તવાની પ્રેરણા મળે છે, તેમની મરજી મુજબ વર્તવાની પ્રેરણા મળે છે. આપણે એ રીતે આત્માનું અનુસંધાન રાખી શકીએ તે પ્રાર્થના...

૧૨. વચનામૃત : ગઢડા મધ્ય ૬૦ (ભાગ-૨) : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે, તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ જે, પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન તથા માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું જે અનુસંધાન એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી....'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો,</u> '◎' <u>નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ ભગવાન સ્વામિનારાયણે ઉદ્બોધેલાં અનેક વચનામૃતોમાંથી છેલ્લાં દસ વર્ષના વચનામૃતોનો સંચય એટલે વચનામૃત ગ્રંથ. આ ગ્રંથ સકલ શાસ્ત્રોનો સાર છે. શ્રીજીમહારાજે આ ગ્રંથમાં જે આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું છે તે સૌ કોઈને રોજબરોજના જીવનમાં ખૂબ જ ઉપયોગી છે.

❊ સંસારમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ, ભલે તે વિદ્વાન હોય કે અભણ, રંક હોય કે રાજા, સ્ત્રી હોય કે પુરુષ દરેકના જીવનમાં નાના-મોટા અનેક વિક્ષેપ આવતા જ રહે છે. યુદ્ધભૂમિ પર લડી રહેલા યોદ્ધા પર અસ્ત્ર-શસ્ત્રના પ્રહાર થવાના જ, તેમ સંસારમાં રહેનારી વ્યક્તિ પર વિક્ષેપો આવવાના જ.

યુદ્ધભૂમિ પર લડી રહેલા યોદ્ધા શત્રુના પ્રહારથી રક્ષણ માટે રક્ષાકવચ પહેરે છે જેથી તેની રક્ષા થાય, તેમ સંસારમાં રહેવા છતાં પ્રશ્નોની વચ્ચે ભક્ત કેવી રીતે સુરક્ષિત રહી શકે? રોજબરોજના પ્રશ્નો વચ્ચે પણ તે સ્થિર અને સુખી રહી શકે તે માટેનું રક્ષાકવચ કયું છે? તેવો પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ પૂછ્યો છે.

❊ મહારાજે અનેક વિઘ્નો અને વિક્ષેપો વચ્ચે સુખી અને સ્થિર રહેવા માટે ત્રણ વાતનું અનુસંધાન રાખવાની વાત કરી છે. તેમાંનું પ્રથમ પોતાના આત્માનું નિરંતર અનુસંધાન છે(જેને આપણે અગાઉની સભામાં સમજી ચૂક્યા છીએ.)

બીજું છે, માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું અનુસંધાન એટલે કે સાંખ્યવિચાર.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ **૧/૧૦૮મી વાતમાં** કહ્યું, **'પ્રકૃતિનું કાર્ય સર્વે નાશ કરી નાંખવું, તેનું નામ સાંખ્ય કહેવાય.'**

❊ યોગીજી મહારાજ પણ કહેતા કે, 'દેહ, લોક, ભોગ ખોટા સમજી લેવા.'

ટૂંકમાં, દેહ, દેહના સંબંધી અને જગત નાશવંત છે. તેનું નિરંતર અનુસંધાન રાખીએ

તો જીવનમાં આવતા અનેક વિક્ષેપ વચ્ચે પણ આપણે સુખી રહી શકીએ.

૧. <u>દેહ નાશવંત છે</u> :

❊ મનુષ્ય દેહ અત્યંત દુર્લભ છે. સાથે એક વાસ્તવિકતા એ પણ છે કે આ દેહ ક્ષણભંગુર છે. આ દેહનો ક્યારે નાશ થાય તેનો નિરધાર નથી.

રોજિંદા જીવનમાં ઉપયોગી થનારી ઘડિયાળ, ટી.વી., વોશિંગ મશીન જેવી અનેક વસ્તુઓની ગેરંટી તેની કંપની આપે છે, પરંતુ આ દેહની કોઈ ગેરંટી ભગવાન આપતા નથી.

❊ સમય સાથે વિજ્ઞાને ખૂબ પ્રગતિ કરી, પરંતુ મૃત્યુ તેના માટે અજેય જ રહ્યું છે. દરેકનું મૃત્યુ નિશ્ચિત જ છે. કાપડની દુકાનમાં કાપડ મળે, કરિયાણાની દુકાનમાં કરિયાણું મળે, તેમ મૃત્યુલોકમાં મૃત્યુ મળવાનું જ છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ એકવાર વિદ્યાનગરમાં બિરાજમાન હતા. સભામાં સ્વામીબાપા આશીર્વાદ આપવાના હતા, તેથી તેમની સમક્ષ માઈક મૂકવામાં આવ્યું. સ્વામીબાપા માઈકને સેટ કરવા અડ્યા ત્યાં સ્વીચ બંધ થઈ ગઈ. નાની બાબતને પણ નિમિત્ત બનાવી સ્વામીબાપાએ હસતાં હસતાં વાત કરી કે, 'આવું છે. સ્વીચ ગમે ત્યારે બંધ થઈ જાય એવું છે. એ સમજી રાખવું. જવાનું છે, એ નક્કી છે. કોઈના બાપ-દાદા રહ્યા છે? આ ક્ષણે મરવું છે એ અનુસંધાન રાખવું.'

૨. <u>દેહના સંબંધી નાશવંત છે</u> :

❊ પોતાનો દેહ નાશવંત છે, તેમ આ દેહના સંબંધીઓ પણ નાશવંત છે. માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી આદિ સર્વે સગાંવહાલાં વહેલા-મોડા દેહ છોડી જવાના છે - આ વિચારનું પણ અનુસંધાન રાખવાનું છે.

◎ એકવાર કિસા ગૌતમીના એકના એક પુત્રનું મૃત્યુ થયું. તે પોતાના પુત્રનો મૃતદેહ લઈ કલ્પાંત કરતી ભગવાન બુદ્ધ પાસે પહોંચી. પુત્રને જીવનદાન આપવા ખૂબ આજીજી કરવા લાગી.

ભગવાન બુદ્ધે તેની બધી વાત સાંભળી. પછી તેને કહ્યું, 'ગૌતમી! તારા આ પુત્રને હું જરૂર જીવતો કરીશ. તું માત્ર એક કામ કર, ગામમાં એવા ઘરેથી જવની વાટકી ભરીને લેતી આવ કે જેના ઘરે આજ સુધી કોઈ મૃત્યુ ન પામ્યું હોય!' ગૌતમી તો બુદ્ધના આ આદેશથી હરખઘેલી થઈ ગામના ઘરે ઘરે ફરી વળી. દરેકના ઘરે જઈ એક વાટકી જવ માંગે. સૌ આપવા તૈયાર પણ થાય, પણ જેવી પેલી શરતની વાત કહે, 'તમારા ઘરે આજ સુધી કોઈ મૃત્યુ તો પામ્યું નથી ને!' ત્યારે સૌનો હાથ પાછો પડતો. દરેકના ઘરે કોઈક સગાંવહાલાંના મૃત્યુનો પ્રસંગ અવશ્ય બન્યો જ હોય. ગૌતમીની સાન ઠેકાણે આવી ગઈ. તેને સમજાઈ ગયું કે કોઈ સગું કાયમી નથી રહેતું.

❊ નારાયણદાસ કવિ કહે છે :

'શરીરનાં સંબંધી સર્વે, શરીર સાથે જાશે જી;
ઋણ સંબંધે ભેગાં થઈને, અંતે અળગાં થાશે જી.'

❊ સન ૨૦૦૬માં અટલાદરા મંદિરે એક હરિભક્ત પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યા. તેઓનો ૨૫ વર્ષનો જુવાનજોધ દીકરો અમેરિકા રહેતો હતો, ત્યાં પોતાના મિત્રને બચાવવા જતાં એક અકસ્માતમાં તેનું મૃત્યુ થયું. આ ઘટનાને મહિનાઓ વીત્યા છતાં તે ભાઈથી પુત્રવિયોગ સહન થતો ન હતો. તેમણે પોતાનું દુઃખ સ્વામીબાપા સમક્ષ રજૂ કર્યું, 'બાપા, મેં શો ગુનો કર્યો હતો? મેં જીવનમાં કોઈનું ખોટું કર્યું નથી, છતાં આમ કેમ થયું?'

સ્વામીબાપા અનુકંપા સાથે તેમને સમજાવવા લાગ્યા, 'આપણે કાંઈ ખોટું કરીએ ત્યારે જ આવું થાય, એવું માનવાની જરૂર નથી. પૃથ્વી પર કોઈ અમર રહેતું નથી. આ ગુજરાતમાં(૨૦૦૧ની સાલમાં) ભૂકંપ થયો ત્યારે નાના-નાના છોકરાઓ પણ કેટલા જતા રહ્યા! સૌ પોતપોતાનું નિમિત્ત લઈને આવ્યા હોય છે. પણ આવું નિમિત્ત થયું

એટલે દુઃખ થાય. તેમાં ભગવાનની ઇચ્છા માનવી. જે ભક્ત છે એની અવગતિ થતી નથી. આપણે એના માટે પ્રાર્થના જ કરવાની છે. તો આપણને પણ શાંતિ રહે અને એને પણ શાંતિ થાય.'

સ્વામીબાપાએ તેઓને નાશવંતપણાની સમજણથી સુખી રહેતાં શીખવ્યું.

૩. દેહ સંબંધી ભોગ નાશવંત છે :

* દેહ, દેહનાં સંબંધીની જેમ દેહ સંબંધી વસ્તુઓ પણ નાશવંત છે, તેમ સમજવું તે સાંખ્યવિચાર. જગત નાશવંત છે એટલે તેમાં રહેલા વિવિધ પદાર્થો પણ નાશવંત છે. ગાડી, મોટર, બંગલા આદિ નાશવંત છે.

* અમેરિકાની શાન સમા ૧૧૦ માળના 'વર્લ્ડ ટ્રેડ સેન્ટરની' બે મોટી ઇમારતો ૨૦૦૧ની સાલમાં આતંકવાદી હુમલાથી ઘડીના છઠ્ઠા ભાગમાં ધરાશાયી થઈ ગઈ.

* સંસારનો અર્થ જ એવો છે - **'સંસરતિ ઇતિ સંસારઃ।'** જે સતત સરતો રહે તે સંસાર. સંસારમાં પરિવર્તનનું ચક્ર ચાલતું રહ્યું છે અને આગળ પણ ચાલતું જ રહેશે.

* જનક રાજાને એક રાત્રે સપનું આવ્યું. સપનામાં તેઓ એકદમ ગરીબ ભિખારી બની ગયા હતા. અચાનક આંખ ખૂલી તો ચોકીદારો 'ખમ્મા ખમ્મા' કહીને છડી પોકારતા હતા. જનકને પ્રશ્ન થયો કે આમાં સાચું શું ? તેમના ગુરુ અષ્ટાવક્ર ઋષિએ જવાબ આપ્યો કે, 'સપનામાં જે જોયું તે સાચું માનો તો આ દેખાય છે તે પણ સાચું. ને તેને ખોટું માનો તો આ પણ ખોટું છે. પેલું ૫-૧૦ મિનિટનું સપનું હતું અને આ ૫૦-૬૦ વર્ષનું. સપનાની દુનિયા આંખ ખૂલ્યા પછી નથી, અને આ દુનિયા આંખ મિંચાયા પછી નથી.'

એટલે જગત એક સ્વપ્ન સમાન જ છે. અહીં મેળવેલી સંપત્તિ કાયમી સાથ નથી આપવાની. સંપત્તિ આજે કદાચ સાથે છે, તો આવતીકાલે સાથે નહીં રહે. કદાચ જીવનના છેલ્લા શ્વાસ સુધી હશે, તો છેલ્લો શ્વાસ લીધા પછી સાથે નહીં જ રહે.

● **નાશવંતપણાના અનુસંધાનથી લાભ :**

* આપણો દેહ, દેહના સંબંધી અને દેહના ભોગ નાશવંત સમજવાથી આપણે આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરીએ છીએ, જે સંસારના અનેકવિધ વિક્ષેપો સામે આપણને રક્ષણ પૂરું પાડે છે.

૧. મૃત્યુથી નિર્ભય થઈ જવાય :

* જંગલમાં દવ લાગે ત્યારે ઉંદરને મરણનો ભય રહે છે, પણ જેની પાંખમાં ઊડવાનું જોર હોય તે પંખીને મરણનો ભય હોતો નથી. તેમ જેની પાસે સાંખ્યજ્ઞાનરૂપી પાંખ હોય તે તો મૃત્યુરૂપી વિક્ષેપ વચ્ચે પણ અલમસ્ત રહે છે.

◎ શ્રીમદ્ભાગવતના પંચમ સ્કંધમાં જડભરતનું આખ્યાન આવે છે. રહૂગણ રાજા એકવાર પાલખીમાં બેસીને જતા હતા. રસ્તામાં એક સિપાઈ બીમાર પડ્યો એટલે પાલખી ઉપાડવા માટે જડભરતને જોડ્યા. જડભરતનો દયાળુ સ્વભાવ એટલે રસ્તામાં પગ નીચે કીડી-મંકોડા આવી ન જાય તેની તકેદારી રાખીને ચાલે. પરિણામે, પાલખી ઊંચી-નીચી થાય. આથી રહૂગણ એકદમ ગુસ્સે થયો અને જડભરતને કહ્યું : 'હવે સીધો ચાલજે, નહીં તો તને મારી નાખીશ.' ત્યારે જડભરત બોલ્યા, 'કોણ કોને મારશે ? તારી તલવાર ધૂળની, તું ધૂળનો અને હું પણ ધૂળનો.' જડભરતને મૃત્યુનો ભય જ નહોતો. જડભરતનું આવું સાંખ્યજ્ઞાન સાંભળી રહૂગણની આંખ ખૂલી ગઈ.

* સન ૧૯૮૦ની સાલમાં અમેરિકામાં એક વાતચીતના પ્રસંગમાં કો'કે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું, 'બાપા! એક વૈજ્ઞાનિકે એવી આગાહી કરી છે કે ધૂમકેતુ પૃથ્વી સાથે સન ૧૯૯૦, ૧૯૯૩ અને ૧૯૯૪માં અથડાશે

અને પૃથ્વીનો નાશ થશે.' ત્યારે સ્વામીબાપા કહે, 'આપણે તો જીવતાંય લાખના છીએ અને મરતાંય લાખના છીએ. આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ ને!'

સ્વામીબાપા જ્ઞાનના સર્વોચ્ચ શિખરે બિરાજતા હતા, તેથી તેમને મૃત્યુનો લેશ પણ ભય નહોતો.

૨. <u>વિષમ પરિસ્થિતિમાં સ્થિરતા રહે</u> :

◎ ગોંડળના મહારાજા સંગ્રામસિંહજીના પુત્રનું નામ પથુભા હતું. આઠ વર્ષની નાની વયે પથુભાનું અચાનક અવસાન થયું. આથી રાજા, રાણી અને આખું ગોંડળ રાજ્ય શોકાતુર બની ગયું. રાજાને પણ રાજ્ય કારભારમાંથી રસ ઊડી ગયો. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સમાચાર મળ્યા. તેઓ તો રાજ્યના કુલગુરુપદે વિરાજતા હતા. તેથી સ્વામી રાજમહેલમાં પધાર્યા અને રાજાનો શોક જોઈ કહેવા લાગ્યા, 'રાજન્! શોક કરવાથી પુત્ર પાછો આવવાનો હોય તો જરૂર કલ્પાંત કરો! પણ તે હવે સંભવ નથી. આ લોકમાંથી ભગવાન શ્રીરામ ગયા, ભગવાન શ્રીકૃષ્ણ ગયા! મોટા મોટા મહારથીઓ પણ રહ્યા નથી. માટે શોકને તજી દો.'

ગુણાતીતાનંદ સ્વામીએ સાંખ્યજ્ઞાન આપી રાજા અને રાજ્યને દુઃખના દરિયામાંથી ઉગારી લીધા.

❊ હરિલીલામૃતમાં કહ્યું છે :

'નિજનું કરી જે મનાય છે,
ક્ષય થાતાં દિલદુઃખ થાય છે;
મમત મનમાં ન હોય તો,
દિલદુઃખ ધરે ન કોઈ તો.'

પોતાનું માનવાથી મમત્વ બંધાય છે અને તેનો નાશ થાય ત્યારે દુઃખ થાય છે. પરંતુ નાશવંત જાણી મમત્વ ન બાંધ્યું હોય તો દુઃખ ન થાય.

❊ સરઈના મગનભાઈનાં પુત્ર અને પુત્રવધૂ અકસ્માતમાં ધામમાં ગયાં. તેમના અગ્નિસંસ્કારના દિને જ મગનભાઈ શાંતિથી સંતો સાથે બેસીને ચેષ્ટા બોલ્યા. વળી, તેમના બેસણામાં જે કોઈ આવે તેને મગનભાઈ કહે, 'મારો દીકરો દિલીપ અગિયાર વર્ષમાં પોતાનું કામ કાઢી ગયો. તમારેય અગિયાર વર્ષમાં કામ કાઢવું હોય તો સત્સંગ કરજો.'

❊ નાશવંતપણાનું અનુસંધાન હોય તો વ્યાવહારિક પ્રસંગોમાં પણ સ્થિરતા રહે છે. કંઈક હાણ-વૃદ્ધિથી મન ઉદ્વેગ પામતું નથી.

એક પ્રસંગે શાસ્ત્રીજી મહારાજને બોચાસણમાં કો'ક હરિભક્ત રૂપિયા ૬૦નું કેસર ઠાકોરજીની સેવા માટે આપી ગયા. મંદિરની આર્થિક પરિસ્થિતિ તે વર્ષોમાં સામાન્ય હતી, વાસણ-સાધન પણ ટાંચાં. તેથી શાસ્ત્રીજી મહારાજે કેસરને એક લોટામાં મૂકેલું. બીજે દિવસે વહેલી સવારે ખેંગારજીભાઈ ચૌહાણ નામના હરિભક્ત જાગ્યા અને તેમને શૌચવિધિ માટે જવાનું થયું. આ ભક્તે ઉતાવળમાં તે જ લોટો હાથમાં લીધો. તે લોટામાં પાણી ભરી શૌચવિધિ માટે ઉપયોગ કર્યો. શૌચવિધિના અંતે તેમને કેસરની સુગંધ આવી. ધ્યાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે આ લોટામાં તો કેસર છે. હવે તેઓ મૂંઝાયા કે શાસ્ત્રીજી મહારાજને આ વાત કેવી રીતે કરવી? ગુરુ પોતાને નક્કી વઢશે તેવી બીક સાથે તેઓ તેમની પાસે પહોંચ્યા અને માંફી માંગી.

શાસ્ત્રીજી મહારાજ શાંતિથી કહે, 'ચિંતા ન કર. બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પૃથ્વી રહેતી નથી, તો કેસર રહેવાનું છે?' તે સમયની આર્થિક કટોકટી વચ્ચે પણ શાસ્ત્રીજી મહારાજ કિંમતી કેસર ગુમાવ્યાથી ન તો દુઃખી થયા, ન તો તેમણે શિષ્ય ઉપર પુણ્યપ્રકોપ ઠાલવ્યો.

આપણે પણ પોતાના અથવા અન્ય દ્વારા કંઈક નાનું-મોટું નુકસાન થાય ત્યારે નાશવંતપણાના અનુસંધાનથી શાંત રહી શકીએ છીએ.

૩. <u>ભજનમાં વિક્ષેપ ન આવે</u> :

❊ આપણે સૌ ભગવાનના ભક્ત છીએ. આપણું મન જગતના ઘાટ-સંકલ્પો કરીને ભગવાનના ભજનમાં વિક્ષેપ ઊભો કરે છે. કો'કે કહ્યું છે -

'માળા તો કર મેં ફિરે, જીભ ફિરે મુખમાંહી;
મનવા તો ચહુદિશ ફિરે, ઐસો સુમિરન નાહીં.'

◎ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "એક બાવો ગુલાબગર હતો. તે સૌનું જોઈને માથે ઓઢીને બેઠો. ત્યાં તો રૂપિયા, ઢોરાં ને ઉઘરાણી તે સ્ફુર્યાં. એટલે આકળો થઈને ઊઠી ગયો ને કહે : 'ઊઠો, ઊઠો, શું બેઠા છો ? આટલું આ કરવું છે, તે કરીએ..." (સ્વામીની વાત : ૬/૪૭)

આમ, જ્યાં સુધી જગત સાચું મનાય છે ત્યાં સુધી ભજન કરતાં-કરતાંય તેમાંથી મન ઉખેડવું મુશ્કેલ પડે છે.

❊ એકવાર લોધિકાના અભયસિંહ જૂનાગઢના સભામંડપમાં ધ્યાન કરતા બેઠા હતા. ગુણાતીતાનંદ સ્વામીએ અંતર્યામીપણે તેમના મનના વિચારો જાણીને કહ્યું, 'બાપુ! અહીં બેઠાં કાંઈ લોધિકાનું કામ નહીં થાય. લોધિકાનું કામ તો ત્યાં જશો ત્યારે થશે.'

❊ આપણી પૂજા, આરતી, કથા, માનસી વગેરેમાં આ અનુભવ આપણને અનેકવાર થાય છે. સવારે પથારીમાં બેઠા થઈએ ત્યારે ભગવાનનું સ્મરણ કરવાનું સ્થાન હવે મોબાઈલ ફોને લીધું છે. ઊઠીએ ત્યારથી વોટ્સએપ, ફેસબુક વગેરેમાં લોકો રચ્યા-પચ્યા રહે છે. પરંતુ સાંખ્યજ્ઞાનની દૃઢતા થઈ હોય તો મન ભજનમાં એકાગ્ર થાય છે.

❊ સંપ્રદાયપ્રસિદ્ધ વાત છે કે શિવલાલ શેઠ પૂજા કરવા બેસતા ત્યારે મહારાજ સાક્ષાત્ તેઓની પૂજામાં પધારતા. તેથી મોટા મોટા સંતો પણ શિવલાલ શેઠ પૂજા કરવા બેસે ત્યારે આવીને બેસતા. આનું કારણ હતું, શિવલાલ શેઠની પૂજા દરમ્યાન રહેતી એકાગ્રતા. એકવાર તેઓના પિતા ભગા દોશીએ શિવલાલને પૂછ્યું : 'શિવા ! તારા જેવું ધ્યાન શિખવાડ ને !' ત્યારે શિવલાલ શેઠ બોલ્યા, 'પ્રથમ તો હું આખા બોટાદને આગ ચાંપી દઉં છું. બોટાદ બળ્યું એટલે તેમાં આપણું ઘર, પેઢી, પૈસા બધુંય બળી જ જાય ને ! સગાં-વહાલાં પણ બળી જાય ને ! આ બધું બાળીને તેની રાખ પર ટાઢી વાળીને હું પૂજા કરવા બેસું છું. એટલે પછી વ્યવહાર કે જગતનો બીજો કોઈ સંકલ્પ પૂજા વખતે થતો નથી ને સુખે ધ્યાન થાય છે.'

આજથી આશરે બસો વર્ષ પૂર્વે શિવલાલ શેઠ નવ લાખના આસામી હતા. બોટાદ શહેરના મોટા શાહુકાર હતા. રોજના હજારો રૂપિયાની લેવડ-દેવડ કરતા. પણ ગુણાતીતાનંદ સ્વામીનો નિત્ય સમાગમ કરતા અને તેમની પાસેથી વ્યવહારમાત્ર નાશવંત છે તેમ સમજ્યા હતા, તો ભજનમાં કોઈ વિક્ષેપ રહેતો નહીં.

૪. <u>જગતમાં બંધન ન થાય</u> :

❊ સાંખ્યજ્ઞાનનું અનુસંધાન હોય તો વ્યવહાર કરવા છતાં તેનું બંધન થતું નથી. જેમ ટ્રેનની મુસાફરી દરમ્યાન આપણે આસપાસ બેઠેલા સાથે વાતો કરીએ, નાસ્તાની આપ-લે કરીએ છતાં જયારે તેઓને કે આપણે ઊતરવાનું આવે ત્યારે વાંધો નથી આવતો. કારણ કે પહેલેથી ખ્યાલ જ હતો કે ૮-૧૦ કલાકની મુસાફરી બાદ છૂટા પડવાનું જ છે. ટ્રેનનો ફર્સ્ટકલાસનો ડબ્બો હોય તોય ત્યાગ થઈ જાય છે, કારણ કે ખ્યાલ હોય છે કે સ્ટેશન આવે એટલે ઊતરી જવાનું છે. તેમ આ જગતમાંથી પણ એકવાર બધું છોડીને જવાનું છે, તેનું અનુસંધાન હોય તો વ્યક્તિ, સ્થાન કે પદાર્થમાં બંધન ન થાય.

❊ યમરાજા પાસે પહોંચેલા નચિકેતાની વાત કઠોપનિષદમાં આવે છે. નચિકેતા મૃત્યુંજયી વિદ્યા માંગે છે, ત્યારે તેના બદલામાં યમરાજા કહે છે, 'તું સો સો વર્ષના આયુષ્યવાળા

પુત્ર-પૌત્રો માંગ. અનેક પશુઓ, હાથી, ઘોડા, રથ અને સુવર્ણ માંગ. આ ભૂમિ પર મોટું રાજ્ય માંગ. તારે જેટલું આયુષ્ય જોઈએ તેટલું માંગી લે. મનુષ્યોને દુર્લભ એવા દેવતાના લોકનાં સુખ માંગ. રથ-વાજિંત્ર સહિતની અપ્સરાઓ માંગ. પણ આ વિદ્યા માંગવાનું રહેવા દે.' ભલભલા સાધકની સાધના પર પૂર્ણવિરામ મુકાઈ જાય, તેવાં પ્રલોભનોની પરંપરા યમરાજાએ નચિકેતા સમક્ષ મૂકી, ત્યારે નચિકેતા એટલું જ બોલ્યા, 'આ બધું તો કાલે નાશ પામી જાય તેવું છે. માટે નાશ પામી જનારા આ લોકના સુખ માટે અવિનાશી ભગવાનનું સુખ હું શા માટે છોડી દઉં?'

નચિકેતાને નાશવંતપણાનું અનુસંધાન હતું તો કોઈ ઠેકાણે બંધાયા નહીં.

◎ બંધિયાના ડોસાભાઈ ગોળના મોટા વેપારી હતા. વેપાર એવો ધીકતો કે બપોરે અગિયાર વાગ્યા સુધી દાતણ કાન ઉપર જ રહી જાય. પણ તેઓને મહારાજે કાગળ લખ્યો કે આ પત્ર મળ્યે તરત ગઢડા આવી જજો. અને ડોસાભાઈ પત્ર મળતાં જ ત્રાજવે તોલવાનું મૂકી, કોઈનેય ભલામણ કર્યા વગર સીધા ગઢડા પહોંચી જવા નીકળી ગયા. કોઈએ કહ્યું પણ ખરું કે, 'વેપાર, ઉઘરાણી, માલ-સામાન, ઘર વગેરે તો સગેવગે કરતા જાઓ.' ત્યારે ડોસાભાઈએ કહ્યું : 'કાળની ચિઠ્ઠી આવે ત્યારે ક્યાં ભલામણ કરવા જઈએ છીએ ? જ્યારે આ તો કાળના કાળ મહારાજનો આદેશ છે. તે પાળવામાં વિલંબ શાનો ?' વ્યવહારમાં શિખાડૂબ છતાં તેઓ આટલા નિર્લેપ રહી શકેલા, તેનું કારણ નાશવંતપણાનું અનુસંધાન.

● **નાશવંતપણાનું અનુસંધાન કેવી રીતે દૃઢ થાય?**

❋ નાશવંતપણાનું અનુસંધાન પ્રાસંગિક હોય તો ખરે ટાણે કામમાં આવતું નથી. તે માટે તેનો નિત્ય વિચાર રાખવો પડે.

❋ જેમ સતત તાલીમ લેવાથી ઘડતર થાય છે, તેમ સાંખ્યવિચારનો નિત્ય અભ્યાસ રાખવાથી તેની દૃઢતા થાય છે. એટલે જ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે સાંખ્યવિચાર નિત્ય નિયમ રાખીને કરવો ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય.

◎ ગૌતમ બુદ્ધ કહેતા : 'સ્મશાનમાં બેસીને રોટલો ખાવ.' અર્થાત્ મરણના સ્મરણ સાથે જીવો.

❋ ગુણાતીતાનંદ સ્વામીને કોઈકે પૂછ્યું, 'સાંખ્યની દૃઢતા કેમ થાય?' એ પ્રશ્નનો સ્વામીએ ઉત્તર કર્યો, **'માણસ મરી જાય છે, દેહ ઘરડો થાય છે, તે જોવું. ને નિત્યપ્રલય, નિમિત્તપ્રલય ને પ્રાકૃતપ્રલય તેનો વિચાર કરવો. ને સાંખ્ય ને જોગ સિદ્ધ કરવાનું કારણ આ સમાગમ છે.'**

(સ્વામીની વાત : ૧/૯૭)

આમ, સત્સંગથી સાંખ્યની સમજ આવે છે.

❋ સન ૨૦૧૭માં મહંત સ્વામી મહારાજ પ્લેનમાં દિલ્હી જઈ રહ્યા હતા. સ્વામીશ્રીને કાંઈક વિચારતા જોઈને નારાયણમુનિદાસ સ્વામીએ પૂછ્યું, 'શાનો વિચાર કરો છો?' સ્વામીશ્રી કહે, 'બ્રહ્માંડોનો.' 'એટલે?' નારાયણમુનિદાસ સ્વામીએ પૂછ્યું. સ્વામીશ્રી કહે, 'એકેએક બ્રહ્માંડ નાશવંત છે. ચૌદ લોક ને બધું બંડલ છે. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા એટલે આપણે ધન્ય થયા. બાકી, આ બ્રહ્માંડમાં કોઈ વસ્તુ સાર નથી.'

❋ મહંત સ્વામી મહારાજ જેવા સત્પુરુષના સંગે આ સાંખ્યવિચારની દૃઢતા આજે આપણા સત્સંગ સમાજમાં અનેકને થઈ છે. આ અનુસંધાનથી તેઓ અનેક વિક્ષેપો વચ્ચે સ્થિર-ધીર રહ્યા છે. તો આપણે પણ આ વાતનું અનુસંધાન મહારાજ અને સ્વામીની કૃપાથી સિદ્ધ કરી, અખંડ સુખિયા થઈએ એ જ પ્રાર્થના.

૧૩. વચનામૃત : ગઢડા મધ્ય ૬૦ (ભાગ-૩) : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું : વિક્ષેપ ટાળ્યાનું, પક્ષ રાખ્યાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે, તેમાં કેવી રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ જે, પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન તથા માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું જે અનુસંધાન એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી....'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્ય પ્રકરણનું સાઈઠમું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ વચનામૃત ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીનો દિવ્ય ગ્રંથ છે. મહારાજે આ વચનામૃતમાં જીવનમાં આવતા વિક્ષેપો વચ્ચે સ્થિર અને સુખી રહેવાની રીત તો શીખવી જ છે, સાથે સાથે ધન્યતાનો અનુભવ કરવાની કળા પણ શીખવી છે.

❊ મહારાજે આ વચનામૃતમાં ત્રણ વાતનું અનુસંધાન રાખવાની વાત કરી છે.

૧. આત્મવિચાર - હું દેહથી નોખો આત્મા છું.

૨. સાંખ્યવિચાર - દેહ, દેહના સંબંધી અને જગત નાશવંત છે.

૩. ભગવાનના મહિમાનો વિચાર (પ્રથમ બે અનુસંધાન આપણે અગાઉની સભામાં સમજી ચૂક્યા છીએ.) આજની સભામાં આપણે ત્રીજું અને સૌથી અગત્યનું ભગવાનના માહાત્મ્યજ્ઞાન(મહિમા)નું અનુસંધાન સમજવા પ્રયત્ન કરીશું.

❊ એક મહાત્મા ભિક્ષાટન કરતાં કરતાં એક એવી વ્યક્તિના દરવાજે પહોંચ્યા, જે સ્વયં ભિખારી જ હતો! તે ભિખારી અંદરથી બોલ્યો : 'હું પણ સ્વયં ભિખારી છું, તેથી શું આપું?'

મહાત્માએ કહ્યું: 'ઉદાર દિલ હોય તો માગેલી ભિક્ષામાંથી પણ આપી શકાય!'

ભિખારી કહે : 'પરંતુ કેટલાય દી'થી બીમાર છું, ભીખ માંગવાય ક્યાંય જઈ શકતો નથી, પહેલાંનું ભેગું થયેલું અન્ન પણ વપરાઈ ગયું છે.'

મહાત્માને દયા આવી. તેઓ તેની સેવા માટે અંદર ગયા. ભિખારીની દશા જોઈ આંખમાંથી આંસુ આવી ગયાં. પરંતુ બીજી જ ક્ષણે તેઓ હસવા માંડ્યા!

ભિખારીને આશ્ચર્ય થયું : 'આમ કેમ?!'

મહાત્મા કહે : 'તારા અજ્ઞાન પર હસું છું. તું પોતાને ભિખારી કહે છે, પણ તું તો મોટો

સંપત્તિવાન છે.'

ભિખારીને આ મશ્કરી જેવું લાગ્યું.

મહાત્મા કહે : 'તારી નજર સામે જ છે, તે જો!'

ભિખારીને તેના જ ઘરમાં, તેની જ સામે પડેલો પારસમણિ બતાવ્યો. લોખંડને અડાડી સોનું કરી બતાવ્યું. ભિખારી રાજી થઈ ગયો. મહાત્મા કહે : 'તું આજથી ધનવાન નથી થયો, પહેલેથી ધનવાન જ હતો. કસર એ છે કે તું ઘરમાં રહેલા પારસમણિનો મહિમા જાણી શક્યો નહીં. હવે તું ગરીબી દૂર કર.'

❊ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કહ્યું,

'રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા;

ધનપતિ દુખિત વિકાર મેં...'

દુ:ખ કોઈ પદાર્થના અભાવનું નથી, પરંતુ માહાત્મ્યજ્ઞાનના અભાવનું છે. ભિખારી પાસે પારસમણિ હતો, પણ તેનો મહિમા નહોતો. તેમ આપણને અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ છે, પણ તેનો મહિમા નથી તેથી આપણે દુ:ખી રહીએ છીએ.

❊ જે સંસારમાં આપણે રહીએ છીએ તે સંસારના અનેક પ્રકારના પ્રશ્નો છે, તે વાત ૧૦૦% સાચી છે. દા.ત.- ધંધામાં કોઈને લાખો રૂપિયાની ખોટ જાય, નોકરી છૂટી જાય, ઘરમાં ક્લેશ થાય, દીકરી પરણ્યા બાદ પાછી ઘેર આવે, સગાંવહાલાં હેરાન કરે, શરીરમાં નાના-મોટા રોગ આવે, કામ-ક્રોધાદિક સ્વભાવ હેરાન કરે... આવા તો અનેક વિક્ષેપ આપણને સુખ-શાંતિથી અળગા રાખે છે. એકને દૂર કરીએ ત્યાં બીજો આવે, બીજાને દૂર કરીએ ત્યાં ત્રીજો આવે. કેટલીકવાર અનેક વિક્ષેપો આપણને ઘેરી વળે છે. આ વિક્ષેપોમાં આપણે ખૂબ ગૂંચવાયેલા રહીએ છીએ. અને એ ગૂંચવણ ઉકેલવામાં નિષ્ફળતા મળે ત્યારે હતાશા-નિરાશા તરફ ઢળી પડાય છે.

◎ થોમસ ફુલર નામના એક લેખક કહે છે, 'We are born crying, we live complaining and we die disappointed.' આપણે રડતાં જન્મીએ છીએ, ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ.

◎ World Health Organisation(WHO)ના એક સર્વેક્ષણ મુજબ આશરે ૮ લાખ લોકો દર વર્ષે આત્મહત્યા કરે છે. આ આંકડો આત્મહત્યા કરવામાં સફળતા પ્રાપ્ત કરનારનો છે. આત્મહત્યાનો પ્રયાસ કરનારનો આંકડો તો આ સંખ્યા કરતાં અનેકગણો વધુ હશે.

❊ અમેરિકામાં વર્જિનિયા રાજ્યના રોય સેલવિન નામના વ્યક્તિએ સાત વખત વીજળીના આંચકા ખમેલા. તેથી તેનું નામ ગિનિઝ બૂક વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાયું છે. પણ એ વ્યક્તિએ આપઘાત કર્યો. કારણ? તે પ્રેમિકાને મળવા ગયો પણ પ્રેમિકાએ સામે પણ ન જોયું. આ વાતનો તેને આઘાત લાગ્યો અને આપઘાત કર્યો.

વીજળીના આંચકા ખમી શકે તેવું સુદૃઢ શરીર કરેલું, પરંતુ મન એક નાનો આંચકો સહી શકે તેની કોઈ પૂર્વતૈયારી તેણે કરી નહોતી.

આવા તો અનેક કિસ્સા આપણને સમાજમાં જોવા સાંભળવા મળે છે. જીવનમાં આવતા અલ્પ વિક્ષેપમાત્રથી બાળકથી માંડી વયોવૃદ્ધ સુધી, નોકરથી માંડી નેતા સુધી સૌ અસ્થિર અને અશાંત થાય છે. તેથી જ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં ત્રીજા અનુસંધાનરૂપે ભગવાનના માહાત્મ્યનું અનુસંધાન રાખવાનો ઉપાય બતાવી રહ્યા છે.

● ભગવાનનો મહિમા કેવી રીતે સમજવો?

❊ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનું અતિ શુદ્ધ પવિત્ર જીવન જોઈ તેમના વચનમાં વિશ્વાસ રાખવાથી આપણને ભગવાનનો મહિમા સમજાય છે. સ્વામીશ્રીએ સત્સંગદીક્ષા ગ્રંથના ૧૪૭મા શ્લોકમાં ભગવાનનો મહિમા લખી આપણને સમજાવ્યો છે.

કર્તાયં સર્વહર્તાયં સર્વોપરિ નિયામકઃ।
પ્રત્યક્ષમિહ લબ્ધો મે સ્વામિનારાયણો હરિઃ॥

સ્વામીશ્રી લિખિત આ શ્લોકના આધારે આપણે ભગવાનનો મહિમા બે ભાગમાં સમજવા પ્રયત્ન કરીશું.

૧. ભગવાન સર્વકર્તાહર્તા છે,

૨. ભગવાન સર્વોપરી છે અને મને પ્રગટ મળ્યા છે.

૧. ભગવાન સર્વકર્તાહર્તા છે :

❋ આપણને જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો યોગ થયો છે તેમનું જ ધાર્યું સર્વ થાય છે. આ પ્રમાણે મહિમા સમજાવતાં તેઓ સ્વયં **વચનામૃત લોયા-૧૩**માં જણાવે છે, **'પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વ નિયંતા છે, અતિ સમર્થ છે અને કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તું સમર્થ છે.'**

❋ આપણા જીવનમાં નાના-મોટા વિક્ષેપ આવે ત્યારે આ પ્રકારનો મહિમા સમજવાથી આપણે સ્થિર અને સુખી રહી શકીએ છીએ.

મહંત સ્વામી મહારાજે વિક્ષેપ આવે ત્યારે આ પ્રમાણે જ મહિમા સમજવાની વાત કરી છે. વિક્ષેપ આવે ત્યારે અન્યની હત્યા ન કરવી અથવા આત્મહત્યા ન કરવી, એ વાત જણાવી તેઓ સત્સંગદીક્ષા ગ્રંથના શ્લોક-૪૪માં કહે છે કે -

ભગવાન્ સર્વકર્તાસ્તિ દયાલુઃ સર્વરક્ષકઃ ।
સ એવ નાશકઃ સર્વ-સંકટાનાં સદા મમ ॥

ભગવાન સર્વકર્તા છે, દયાળુ છે, સર્વનું રક્ષણ કરનારા છે અને એ જ સદા મારાં સર્વ સંકટોના ટાળનારા છે.

શ્રીજીમહારાજનો આ પ્રમાણે મહિમા સમજવાથી દુઃખ રહેતું નથી.

❋ નૈરોબીના જીતુભાઈ પટેલ સર્વ પ્રકારે સુખી-સંપન્ન હતા. પરંતુ એકવાર બન્યું એમ કે કમાયેલી મૂડી જે બેંકમાં રાખી હતી, તે બેંક ઊઠી ગઈ. તેઓ રાતોરાત સામાન્ય સ્થિતિમાં આવી ગયા. અધૂરામાં પૂરું થોડા દિવસો બાદ તેમના ગોડાઉનમાં આગ લાગી અને બધું રાખ થઈ ગયું. આવી મુશ્કેલી આવી છતાં તેઓ નિશ્ચિંત હતા. કોઈ તેમને પૂછે તો કેફથી કહે, 'શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની ઈચ્છાથી આફ્રિકા આવ્યો, તેમની ઈચ્છાથી કમાયો અને તેમની ઈચ્છાથી જ ગયું છે. હવે એમની ઈચ્છાથી ફરી કમાઈશું.'

❋ કેટલીકવાર આપણા મનમાં ગડમથલ ઊભી થાય છે કે મહારાજ સર્વકર્તા છે એ વાત સાચી, પણ હું તેમનો આશ્રિત ભક્ત છું, નિયમિત સત્સંગ કરું છું, દાન-ધર્માદો આપું છું છતાં મારા પર જ આવું દુઃખ શા માટે આવ્યું? જો સત્સંગ કર્યા પછી પણ વિક્ષેપ આવવાના હોય, તો સત્સંગ કરવાનો અર્થ શો? ક્યારેક તો સત્સંગને તિલાંજલિ આપવાના વિચાર આવે છે.

આપણી આ ગડમથલનું નિરાકરણ પણ ભગવાનના માહાત્મ્યનું અનુસંધાન રાખવાથી થાય છે. મહંત સ્વામી મહારાજ સત્સંગદીક્ષા ગ્રંથના શ્લોક-૪૫માં કહે છે,

ભગવાન્ કુરુતે યદ્ધિ હિતાર્થમેવ તત્સદા ।
પ્રારબ્ધં મે તદિચ્છૈવ સ એવ તારકો મમ ॥

ભગવાન જે કરે તે સદાય સારા માટે હોય. તેમની ઈચ્છા એ જ મારું પ્રારબ્ધ(નસીબ) છે. તેઓ જ મારા તારક છે.

ભગવાન ક્યારેય કોઈનું અહિત કરતા જ નથી. તેઓ આપણું વધુ સારું થાય તે માટે આપણને દુઃખ આપે છે. આપણે ભવિષ્યનું જોઈ-વિચારી શકતા નથી, તેથી આપણને મનમાં પ્રશ્ન ઊભો થાય છે. પરંતુ જે ભગવાનનો મહિમા વિચારે છે કે ભગવાન હંમેશાં મારું સારું જ કરે છે, તેને અંતરે સુખ રહે છે.

❋ શાસ્ત્રીજી મહારાજના વખતમાં લક્ષ્મીદાસ ગણાત્રા નામના હરિભક્ત હતા. તેઓ એકવાર શાસ્ત્રીજી મહારાજનાં દર્શન-સમાગમનો લાભ

લેવા તેઓની પાસે પહોંચ્યા. પછી લક્ષ્મીદાસ પાછા જવા તૈયાર થયા. શાસ્ત્રીજી મહારાજ તેમને કહે, 'રોકાઈ જાવ.' લક્ષ્મીદાસ કહે, 'હવે વધુ રોકાઈશ તો નોકરી જશે.' પણ ગુરુનો આગ્રહ જોઈ તેઓ રોકાઈ ગયા. અને નોકરી પર ગેરહાજર રહેવાથી તેમની નોકરી ગઈ. તેમના મિત્રોએ તે સમયે મશ્કરી કરી કે 'સ્વામિનારાયણના બાવા પાસે જઈ શું મેળવ્યું? સારી નોકરી હતી તે પણ ગુમાવી.' પણ લક્ષ્મીદાસ એમ સમજતા કે, મારા ઈષ્ટદેવ અને ગુરુ જે કરે તેમાં મારું સારું જ હશે. તેમણે બીજી નોકરી શોધવા પ્રયત્ન કર્યો પણ તેમના પ્રયાસ વ્યર્થ નીવડ્યા.

છેવટે લક્ષ્મીદાસે નાના પાયે ધંધો શરૂ કર્યો અને આગળ જતાં તે એટલો સારો ચાલ્યો કે તેમની ફેક્ટરીમાં પચાસ મજૂરો કામ કરતા. નોકરીમાં જે કમાણી થતી હતી તેના કરતાં અનેકગણી કમાણી તેઓ આ ધંધામાંથી કરી શકયા. તેઓ ઘણીવાર કહેતા કે, 'આપણે ભવિષ્યનું જોઈ શકતા નથી, તેથી દુઃખી થઈએ છીએ. પણ આપણા ભગવાન આપણું સારું જ કરતા હોય છે.'

લક્ષ્મીદાસ શેઠને સફળતા મળી, પણ કદાચ સફળતા ન પણ મળે, તો પણ ભગવાન જે કરે છે તે આપણા સારા માટે જ હોય છે. આપણને ભવિષ્યમાં ક્યાંક બંધન થવાનું હોય, તે બંધન તોડાવી ભગવાનનું મોટું સુખ આપવા સારુ પણ આપણને દુઃખ આપતા હોય.

આ રીતે ભગવાનનો મહિમા સમજવાથી આપણે વિક્ષેપ વચ્ચે સ્થિર અને સુખી રહી શકીએ છીએ.

૨. <u>ભગવાન સર્વોપરી છે અને મને પ્રગટ મળ્યા છે</u> :

અનંત જીવો, અનંત ઈશ્વરો તથા અક્ષરબ્રહ્મ કરતાં શ્રીજીમહારાજનું સુખ, લાવણ્ય, તેજ, ઐશ્વર્ય, સામર્થ્ય વગેરે અધિક છે. તેઓ સર્વથી પર છે, કહેતાં સર્વોપરી છે.

* મહારાજ **વચનામૃત સારંગપુર-૧**માં કહે છે કે, **'ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર થાય નહીં.'** અર્થાત્ ભગવાનમાં અપાર સુખ રહ્યું છે.
* વળી, મહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૫૭**માં કહે છે કે, **'જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહીં જે, તેની કોટીમાં ભાગના પાશંગમાં પણ આવે.'** અર્થાત્ ભગવાનનો મહિમા અપાર છે. તેઓ સર્વોપરી છે.
* શ્રીજીમહારાજના પરમહંસોને અપાર દુઃખોમાંથી પસાર થવું પડેલું. તેમના ભિક્ષાપાત્રમાં સ્વાદિષ્ટ વાનગીઓ નહીં, પરંતુ સૂકા રોટલાના ટુકડા હતા. તેમના શરીરે શાલ-દુશાલા નહીં, અનેક થીંગડાંવાળાં ધોતિયાં-ગાતરિયાં હતાં. તેમના માટે છપરપલંગની વ્યવસ્થા નહોતી, પરંતુ ઘેલા નદીના પથરા જ પથારી હતા. તેમનાં કોઈ શાહી સન્માન નહોતાં થતાં, પરંતુ અપમાન, તિરસ્કાર, હડધૂત અને માર ખાવા પડતા. છતાં એ પરમહંસોને વિક્ષેપ કે દુઃખ નડ્યાં નહોતાં. કારણ કે, પોતાને સર્વોપરી ભગવાનનો યોગ થયો, તેનું સુખ ભોગવતા હતા.
* આવા અનેક કષ્ટોમાંથી પસાર થનાર નિષ્કુળાનંદ સ્વામી ગાય છે -

'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.'

જે પરિસ્થિતિમાં 'ભાગ્ય જાગ્યાં' તેવું મનાય જ નહીં, ઊલટાનું 'ભાગ્ય ફૂટ્યાં આજ જાણવાં' તેમ કહેવાય તે પરિસ્થિતિમાં તેઓ આ ભાવનું પદ લખે છે. પોતાને સાક્ષાત્ સર્વોપરી ભગવાન પ્રાપ્ત થયા તેનો આનંદ, ઉત્સાહ અને કેફ આ પદમાં

છલકાય છે. તેઓ કહે છે કે, આવા સર્વોપરી ભગવાનની પ્રાપ્તિ થવાથી મારું કલ્યાણ નિશ્ચિત થઈ ચૂક્યું છે.

આખી પૃથ્વીનું સામ્રાજ્ય હોય, ઢગલાબંધ સંપત્તિ હોય અને અનંત રૂપવાન સ્ત્રીઓનો સંગ હોય છતાં જે શબ્દો ન નીકળે, તે શબ્દો નિષ્કુળાનંદ સ્વામી સમગ્ર પદમાં લખે છે.

❊ મહંત સ્વામી મહારાજે તા.૧૦/૫/૨૦૨૦ના રોજ એક પત્રમાં પ્રાપ્તિનો વિચાર દૃઢાવતાં લખેલું કે, 'આ લોકનાં સુખ-દુઃખ આવ્યા કરે, પણ ભગવાનના સુખ અને પ્રાપ્તિ સામે નજર રાખીએ તો સુખ-દુઃખ જરાય નજરમાં ન આવે.'

◎ આપણે બારમા ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીની કલ્પના કરીએ, જે આદિવાસી વિસ્તારમાં નાની ઝૂંપડીમાં રહેતો હોય, રોજ બે ટંક જમવા માંડ માંડ મળતું હોય, દીવાના અજવાળા હેઠળ અભ્યાસ કરતો હોય. અનેક કષ્ટ અને દુઃખ વચ્ચે દિવસો પસાર થતા હોય, ત્યાં મોજશોખની વાત જ ક્યાંથી સંભવે?

આ યુવાનને ભલે ગરીબીનું દુઃખ નડે છે, પણ બોર્ડની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાંથી તે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થાય તો? પછી તેને ગરીબીનું દુઃખ યાદ નથી આવતું, કારણ કે રાજ્યમાં સર્વશ્રેષ્ઠ પરિણામ તેણે પ્રાપ્ત કર્યું છે. ભવિષ્યમાં તે ગરીબ નથી રહેવાનો.

તેમ આપણને ભલે સંસારનાં નાનાં-મોટાં દુઃખ નડે, પણ આપણને સર્વોપરી ભગવાન મળ્યા છે અને આપણે તેમના આશ્રિત થયા છીએ, તેથી ભવિષ્યમાં નક્કી અક્ષરધામનું સર્વોપરી સુખ પામવાના છીએ.

❊ ભાદરાના ડોસાભાઈની પરિસ્થિતિ અત્યંત સામાન્ય હતી, પરંતુ તેમની દૃષ્ટિ શ્રીજીમહારાજની પ્રાપ્તિ પર પડી ગઈ હતી. તેથી તેમનો કેફ આભને આંબે તેવો હતો.

એક દિવસ તેઓ સૂકો રોટલો ભૂકો કરી છાશ સાથે જમતા હતા. તેમના શેઠે આ જોઈ તેમને પૂછ્યું, 'ડોસાભાઈ, શું લૂખું લૂખું જમો છો?' ડોસાભાઈ કેફ સાથે કહે, 'લૂખું ખાતા હોય તે હરામ ખાય. અમે તો ભગવાનને સંભારીને ખાઈએ છીએ, કોઈ દિવસ લૂખું જમતા નથી. ને લૂખું તો તમે ખાઓ છો.'

શેઠ રોટલી અને પૂરણપોળી ઘીમાં બોળીને જમતાં પણ જે આનંદ નહોતા લઈ શકતા, તે પ્રાપ્તિનો આનંદ ડોસાભાઈ અખંડ વાગોળતા હતા.

❊ ઉદ્યાનમાં જેની દૃષ્ટિ ગુલાબ પર પડી જાય છે, તેને કાંટા નજરમાં નથી આવતા. તેમ જેની દૃષ્ટિ ભગવાનના મહિમા પર પડી જાય છે, તેને આ લોકના વિક્ષેપ દૃષ્ટિમાં નથી આવતા. તે ભક્તના જીવનમાં વિક્ષેપ ટળી નથી જતા, વિક્ષેપ આવે છે, પણ નડી નથી શકતા.

❊ જે શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસોને મળ્યા હતા, તે જ શ્રીજીમહારાજ સંત સ્વરૂપે, મહંત સ્વામી મહારાજ સ્વરૂપે આજે આપણને પ્રાપ્ત થયા છે. તેઓ મહારાજને રોમરોમમાં ધારીને રહ્યા છે. આવો મહિમા આપણે સમજવાનો છે.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે,

'સંત હું ને હું તે વળી સંત રે,
એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.'

❊ આ રીતે આપણે ભગવાનનો મહિમા સમજવાનો છે અને આ ભગવાનની પ્રાપ્તિ અને મહિમાનું અનુસંધાન નિત્ય રાખવાનું છે. યોગીજી મહારાજ 'યોગીવાણી'માં કહે છે, 'અહોહો! કેવી પ્રાપ્તિ થઈ છે! આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો. ધારણાં-પારણાં કરે, વ્રત કરે, દાન કરે, જપ કરે, ઊંધે માથે લટકે તોપણ ભગવાનની પ્રાપ્તિ ન થાય, પરંતુ આપણને સહેજમાં થઈ! પરાત્પર એવા જે પુરુષોત્તમ

નારાયણ તે આ મને સંતરૂપે પ્રગટ મળ્યા એ જ છે. હું તો પામર હતો. નરક-ચોરાશીમાં જવાનો હતો, તે સત્પુરુષ મને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવી અક્ષરધામમાં લઈ જશે.'

◎ શ્રીજીમહારાજ મને આજે સત્પુરુષ દ્વારા પ્રગટ મળી ગયા છે, તેથી હું અત્યંત ભાગ્યશાળી છું, ધન્ય છું, કૃતાર્થ છું. આવો મહિમા જેને સમજાય છે તે પ્રાપ્તિના અખંડ કેફમાં રહે છે. રાત-દિવસ તે આનંદના સાગરમાં હિલોળા લેતો રહે છે. સાંસારિક વિક્ષેપ તેને વિચલિત કરવા સમર્થ નથી થતા.

❋ ખેરાલુના વીરચંદભાઈ મોદીનો બાળપણથી ક્રોધી સ્વભાવ હતો. ક્રોધના આવેશમાં આવી ઝઘડા કરતા, મારામારી અને તોડફોડ પણ કરતા. પરંતુ યોગીજી મહારાજના યોગમાં આવ્યા અને જેમ જેમ તેમનો મહિમા સમજાતો ગયો તેમ તેમ તેમનું પરિવર્તન થતું ગયું. થોડા જ વર્ષોમાં તેમનો સ્વભાવ ધરમૂળથી બદલાઈ ગયો! એ તો ઠીક, પરંતુ તેમના જીવનમાં અનેક દુઃખ આવવા છતાં તેમનો કેફ ઓછો ન થયો.

૧૯૭૧ની સાલમાં તેમનાં ધર્મપત્ની ગંભીર બીમારીમાં પટકાયાં. અનેક તબીબો પાસે સારવાર કરાવી છતાં તબિયતમાં કોઈ જ સુધારો ન થયો. કેટલાક ગામવાસીઓએ વીરચંદભાઈને દોરા-ધાગા તરફ વળવા કહ્યું. વીરચંદભાઈને આ જરાય માન્ય નહોતું. તેમણે સ્પષ્ટ જણાવી દીધું કે 'મને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુ મળ્યા છે, તેથી મારે કોઈ પ્રકારની અંધશ્રદ્ધા રાખવી જ નથી. બીમારી દૂર કરવી હોય તો મારા ઈષ્ટદેવ અને ગુરુ કરવા સમર્થ છે.' લોકોએ બળજબરી કરવા પ્રયત્ન કર્યો, પણ વીરચંદભાઈ અટલ અને અડગ રહ્યા. તેમની પ્રાપ્તિની ખુમારી જોઈ લોકો જતા રહ્યા.

૧૯૯૭ની સાલમાં તેમનો દીકરો જશુ પૂનામાં એક પેઢીમાં નોકરી કરતો હતો. એક ગુંડાએ રૂપિયાના લોભમાં તેને મારી નાંખ્યો અને ડુંગરની ખીણમાં નાખી દીધો. વીરચંદભાઈએ દીકરાની શોધખોળ કરી, પણ કોઈ જ માહિતી ન મળી. આવા સમયે ભલભલાની ધીરજ ડગી જાય, પરંતુ તેઓ સ્થિર હતા. હજી આ ઘટના સૌ ભૂલવા પ્રયત્ન કરતા હતા, ત્યાં તેમના નવયુવાન જમાઈનો આકસ્મિક અક્ષરવાસ થયો અને જુવાન દીકરી વિધવા થઈ. ઉપરાઉપરી થયેલી આ ઘટનાઓથી સગાં-વહાલાંઓનાં મનમાં ઉચાટ થવા લાગ્યો, પરંતુ વીરચંદભાઈ વિચલિત નહોતા થયા.

તેમને જ્યારે જ્યારે પૂછવામાં આવ્યું કે જીવનમાં આવા અઘટિત પ્રસંગો બન્યા ત્યારે આપ કઈ સમજણથી સ્થિર રહી શક્યા? ત્યારે તેઓ એક જ વાત કરે, 'કોણ મળ્યું છે? ભગવાનના અખંડ ધારક પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ મળ્યા છે. સંસારમાં રહ્યા એટલે પ્રશ્નો તો આવશે ને જશે, પણ આ ગુરુ વિના બીજું કોઈ અક્ષરધામમાં નહીં લઈ જાય. હવે કાંઈ કરવાનું બાકી નથી. હવે આ છેલ્લો જન્મ.' આવી સમજણને લીધે તેઓ અખંડ કેફમાં રહે છે.

પ્રમુખસ્વામી મહારાજ પણ તેમનું પ્રમાણ આપી કહેતા કે, 'વીરચંદભાઈને ભગવાનનો ખરો મહિમા સમજાયો છે. ભગવાન પાછળ ગાંડા થયા છે, પણ જે સમજવાનું છે તે સમજી લીધું છે.'

❋ 'હું પૂર્ણકામ છું, કૃતાર્થ છું, સર્વોપરી ભગવાન આજે મહંત સ્વામી મહારાજ સ્વરૂપે પ્રાપ્ત થયા છે, તેથી મારે હવે કાંઈ જ પામવાનું બાકી નથી.' આવું અનુસંધાન રાખી આપણે પણ વિઘ્નો આવવા છતાં અખંડ આનંદ અને કેફમાં રહી શકીએ તે પ્રાર્થના.

૯. વચનામૃત : ગઢડા મધ્ય-૬૧ : નિયમ, નિશ્ચય અને પક્ષનું

સ્વામિનારાયણ હરે...

સ્વામિનારાયણ હરે... વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૬૧મું - નિયમ, નિશ્ચય અને પક્ષનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત શેલું સોનેરી છેડાનું બાંધ્યું હતું અને એક બીજું શ્વેત શેલું ઓઢ્યું હતું અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં તે કયાં ? તો એક તો પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાંખે તોય પણ સંશય પડે નહિ; એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય. અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ માબાપ દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય...'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૬૧મું વચનામૃત થયું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પાકા સત્સંગીનાં લક્ષણો સમજાવે છે. મુસાફરી શરૂ કરતાં પહેલાં રસ્તાનો નકશો હાથમાં હોય તો ખોટે રસ્તે જતાં અટકી જવાય છે અને સમય, શક્તિ, સંપત્તિ પણ વેડફાતાં બચી જાય છે. તેમ સત્સંગી તરીકે ક્યાં પહોંચવાનું છે, તેનો ખ્યાલ હોય તો આપણો સાધનામાર્ગ પાર કરવો સુગમ બને છે.

❊ કોઈકે કહ્યું છે :

ભટકતા નથી એવા નાવિક કદી પણ;
જે પામી શકે ધ્રુવ તણા ઈશારા.

❊ રાત્રિના કાળાડિબાંગ અંધકારમાં ધ્રુવના તારા ભણી નજર રાખી નાવ ચલાવનાર કદી દિશા ચૂકતો નથી. તેમ શ્રીજીમહારાજે અહીં બતાવેલ સત્સંગીનાં લક્ષણો સામે નજર રાખી સત્સંગ કરનાર પણ જરૂર અક્ષરધામરૂપી કિનારે પહોંચે જ છે. પાકા સત્સંગીનું પ્રથમ લક્ષણ છે - નિયમ.

૧. નિયમ :

❊ જીવનના દરેક ક્ષેત્રમાં નિયમની જરૂર છે. પછી તે અભ્યાસ હોય કે રમત-ગમત, ઓફિસ હોય કે ધર્મસ્થાન. ભારતમાં ઠેર-ઠેર રમાતી ક્રિકેટમેચમાં સૌને રસ પડે છે તેનું મુખ્ય કારણ નિયમ છે. નિયમ વિનાની મેચમાં કંટાળા સિવાય કંઈ ન બચે. આંતરરાષ્ટ્રિય ક્રિકેટ મેચોમાં નિયમભંગ કરવા બદલ લાખો રૂપિયાનો દંડ પણ થતો હોય છે.

◎ ઈ.સ.૧૮૯૧માં બાસ્કેટબોલની રમતની નિયમાવલિમાં ફક્ત બે પાનાં હતાં. વર્તમાનકાળે તેમાં ૧૧૪ પાનાં છે. આયોજકો અને રમતવીરોને

સમજાયું કે રમત વધુ રસપ્રદ બનાવવી હોય તો વધુ નિયમોની જરૂર પડશે.

❋ નિયમ સમાજને તંદુરસ્તી આપે છે. તેના વિના ઠેર-ઠેર પ્રશ્નો સર્જાવાની શક્યતા છે. ભારતમાં વાહન ડાબી બાજુએ ચલાવવાનો નિયમ છે. પણ કોઈ ટ્રકવાળો જમણી બાજુએ ચલાવે તો? કાં તો અકસ્માત થાય કાં તો સરકારનો દંડ થાય. સમજુ અને પીઢ વ્યક્તિ પણ સમજે છે કે નિયમમાં જ સૌની પ્રગતિ, રક્ષા અને સુખાકારી છે.

❋ આપણા સંપ્રદાયની લોકોને ઊડીને આંખે વળગે તેવી વિશેષતા હોય તો તે છે, સંતો-ભક્તોની નિયમપાલનની દૃઢતા.

❋ કવિવર ન્હાનાલાલ કહેતા : 'આ સંપ્રદાય છે આચાર સ્વચ્છતાનો, સર્વદેશીય આન્તર્બહિર્ સ્વચ્છતાનો. આ સંપ્રદાયની ઉજળામણ જ અનોખી.' સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રખ્યાતિ 'ઊજળા સંપ્રદાય' તરીકેની છે, કારણ કે ભક્તોએ શુદ્ધ વર્તી પોતાના જીવનને અને સંપ્રદાયને ડાઘ લાગવા દીધો નથી.

❋ લંગાળાના માંડણ ભગત અને એની સ્ત્રી ગાડીમાં જતાં હતાં. રસ્તામાં તેની સ્ત્રી નીચે ઊતરી અને તેણે રસ્તામાં પડેલું સૂતરનું નાડું લીધું. ભગતે પૂછ્યું : 'શું લીધું ?' બાઈ કહે : 'કાંઈ નહીં.' ભગત કહે : 'બોલ. નીકર પાટુ મારીશ.' ત્યારે બાઈએ કહ્યું કે 'નાડું લીધું છે.' ભગત કહે : 'નાડું નાખી દે. નહીં તો તારા હાથનું અન્નજળ હરામ છે.' તેની સ્ત્રીએ નાડું નાખી દીધું.

'પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ' એ શ્રીહરિના ભક્તોની જીવનશૈલી હતી.

❋ ઓઘડ ખુમાણ, વાજસુર ખુમાણ અને રામ ખુમાણને યોગાનંદ સ્વામી થકી સત્સંગનો રંગ લાગ્યો હતો. ત્રણેયને એકવાર કામ પ્રસંગે ભાવનગર દરબારમાં જવાનું થયું. ભાવનગર નરેશ વજેસિંહ બાપુએ દરબારી રસમ મુજબ આ ત્રણેયને દારૂ પીવાનો આગ્રહ કર્યો. ત્રણેય માટે ધર્મસંકટ આવી ઊભું રહ્યું. એક બાજુ બાપુનો હાથ ઠેલી તેમનો ખોફ વહોરવાની, તો બીજી બાજુ નિયમ-ધર્મમાં ચૂક પાડી ભગવાનને કુરાજી કરવાની નોબત ત્રણેયને આવી પડી. પણ તે વખતે શૂરવીરતાથી છતાં નમ્રતાથી ત્રણેયે વજેસિંહના હાથમાં તલવાર મૂકીને કહ્યું : 'બાપુ! અમે હવે સ્વામિનારાયણના સત્સંગી થયા છીએ. વ્યસન અમારામાં કરાય નહીં. તે છતાંય તમે અમારા મોટેરા ગણાઓ. તમને ના પાડી કચવાવાય કેમ? માટે આ તલવારથી અમારાં માથાં વાઢી, પછી ધડમાં આપ ધરાઈ જાઓ એટલો દારૂ રેડજો. બાકી જે જીભે સ્વામિનારાયણનું નામરટણ કર્યું તે જીભે દારૂ નહીં મુકાય.'

નિયમ-ધર્મ પાળવામાં સાચી શૂરવીરતા છે, એવી સાચી સમજ શ્રીજીમહારાજના ભક્તોમાં દૃશ્યમાન થતી.

◎ શ્રીહરિના પ્રતાપે આવી બે-ચાર વ્યક્તિ નહીં, પણ આખાં ગામનાં ગામ નિયમ-ધર્મની દૃઢતાવાળાં હતાં.

કચ્છ દેશમાં ભારાસર ગામ આખું સત્સંગી હતું. કોઈ ગાંજો, તમાકુ કે ડુંગળી-લસણ ખાય તો તે તેનું પ્રાયશ્ચિત્ત કરે ત્યારે તેને નાતમાં બેસવા દે. જો કોઈને નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો તેને નાત-બહાર કરે અને ગામનો આગેવાન તેને ભુજમાં લઈ જાય અને સાધુ દ્વારા પ્રાયશ્ચિત્ત અપાવે, પછી પ્રાયશ્ચિત્ત થયાનો કાગળ લઈ ચોવીશ ગામમાં ફરે ત્યારે તેને પાછો નાતમાં લે !!

'સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ.' આવી દૃઢતાવાળો એક દિવ્ય સમાજ શ્રીહરિએ તૈયાર કર્યો હતો.

❋ શ્રીજીમહારાજે ડુંગળી, લસણ, હીંગ કે ઈંડાં, માંસ, દારૂ, અફીણ વગેરે અભક્ષ્ય ન ખાવું

અથવા ચોરી, વ્યભિચાર ન કરવા એવા શુદ્ધિના નિયમો તો આપ્યા હતા; પણ શુદ્ધિની સાથે સાથે તેમણે વૃદ્ધિના નિયમો પણ આપ્યા હતા. ભક્ત આધ્યાત્મિક માર્ગે વૃદ્ધિ પામે તે માટે નિત્યપૂજા, સંતસમાગમ, શાસ્ત્રપઠન વગેરે નિયમો પણ આપ્યા હતા.

❊ જોબનપગી એટલે ચોરોના સરદાર. તે અંગ્રેજ સરકારને પણ ઠગીને દૂર-સુદૂરથી ધન લૂંટી લાવતા. પણ શ્રીજીમહારાજના યોગમાં આવવાથી તેમનું જીવન પરિવર્તન થયું. તેઓ મહારાજના ભક્ત બન્યા અને સત્સંગના નિયમો ગ્રહણ કર્યા.

જોબનપગીને પ્રાતઃપૂજા કરવાનો પાકો નિયમ હતો. તે વિના અન્ન-જળ પણ ન લે. એકવાર તેઓ કામ પ્રસંગે પેટલાદ ગયા. રાત્રે ઘરે ભુલાઈ ગયેલી પૂજા સાંભરી તેથી બીજા દિવસે કાંઈ લીધા વગર બોચાસણ કામે ગયા. બોચાસણમાં કાશીદાસે જમવાનો આગ્રહ કર્યો છતાં જોબનપગીએ નિયમ ન છોડ્યો. વળી, ત્યાંથી ત્રીજા દિવસે આણંદ કામ અર્થે ગયા. અહીં પણ જ્ઞાતિજનોએ આગ્રહ કર્યો પણ ન જમ્યા. પછી ત્યાંથી વડતાલ આવી સ્નાન કરી પૂજા કરવા બેઠા. તેમના નિયમપાલનના સમાચાર મળ્યા એટલે ડભાણથી શ્રીજીમહારાજ તેમને દર્શન દેવા પધાર્યા અને રાજી થઈ ચરણારવિંદ આપ્યાં.

◎ બાહરીનના શીખબંધુ શ્રી જસબીરસિંઘજીએ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી સત્સંગના અનેક નિયમોનું પાલન કર્યું. એક વખત તેમને વ્યાવસાયિક કાર્ય નિમિત્તે બાહરીનથી ન્યૂયોર્ક જવાનું થયું. એ સમયે પ્રમુખસ્વામી મહારાજ ન્યૂયોર્કમાં બિરાજતા હતા. જસબીરસિંઘ બાહરીનથી નીકળ્યા ત્યારે જન્માષ્ટમીના દિવસનો નિર્જળા ઉપવાસ હતો. ન્યૂયોર્ક પહોંચ્યા ત્યારે ૫૩ કલાક થઈ ચૂક્યા હતા. પ્રમુખસ્વામી મહારાજે સહજ વાતચીતમાં જમી લેવા માટે જણાવ્યું. ત્યારે તેમણે કહ્યું, 'હજુ મારે પૂજાપાઠ બાકી છે.'

વિમાનની કષ્ટદાયક મુસાફરી અને બે દિવસના ઉપવાસ વચ્ચે પણ નિત્યપૂજાનો નિયમ દૃઢતાપૂર્વક રાખ્યો.

❊ સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે :

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધ તાપે રે, કે'દિ અંતર ડોલે નાહીં.
મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારુ રે, કે'દિ કાયર મન નવ કરવું.

❊ આવી સમજણ જીવનમાં દૃઢ થાય તો શિર સાટે નિયમ પળાય.

૨. નિશ્ચય :

❊ નિશ્ચય અથવા નિષ્ઠા સાધનામાર્ગમાં એકડાને સ્થાને છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે અનેક સાધન મીંડાને સ્થાને છે. એકડો આગળ મૂક્યો હોય તો પાછળ મીંડાની કિંમત થાય. જો એકડો જ ન હોય તો ગમે તેટલાં સાધન કરીએ પણ તેનું ફળ શૂન્ય જ આવે. તેથી પાકા સત્સંગીનું સૌથી મહત્ત્વનું લક્ષણ નિશ્ચય છે.

❊ ભગવાનનો જેને સાક્ષાત્કાર હોય, દૃઢ સંબંધ હોય તેવા સંત થકી નિશ્ચયની વાત સમજાય છે. વર્તમાનકાળે તેવા સંત મહંત સ્વામી મહારાજ છે. તેમણે આપણને નિશ્ચયની બાબતમાં અનેકવાર સમજાવ્યું છે કે, 'શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર છે.'

❊ સત્પુરુષનાં વચને આ વાત જેણે અંતરમાં દૃઢ કરી હોય તેને વિપરીત પરિસ્થિતિઓમાં પણ ડગમગાટ થતો નથી. જેમ લીમડાને એકવાર જાણી લીધો કે આ લીમડો છે પછી તેમાં ક્યારેય સંશય થતો નથી. તેમ નિશ્ચયના આ ત્રણ મુદ્દા એકવાર સમજીને દૃઢ કરી લીધા પછી તેમાં ક્યારેય સંશય ન થાય.

❊ મુંબઈમાં અરવિંદભાઈ કુંભણના ઘરે પ્રમુખસ્વામી

મહારાજના આશીર્વાદથી પુત્ર જન્મ થયો. જન્મ સમયે તે જન્મ-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલો. પરંતુ સ્વામીબાપાના આશીર્વાદથી તેની મૃત્યુથી રક્ષા થઈ. પણ આ બાળક ૫-૬ વર્ષનો થવા છતાં ૧૦% થી વધુ બોલી નહોતો શકતો. પ્રમુખસ્વામી મહારાજે ધીરજ રાખવા અને ડોક્ટરોની સલાહ લેવા જણાવ્યું. બાળક માટે સ્પીચ થેરાપી શરૂ થઈ. કુટુંબીજનો દોરા-ધાગા કરાવવા દબાણ કરવા લાગ્યા, પરંતુ અરવિંદભાઈ અને તેમનાં પત્નીએ દૃઢતા રાખી.

એમના ઘરમાં રોજ દૂધ લઈને આવતો ભૈયો પણ અરવિંદભાઈનાં પત્નીને કહે કે 'અમારા દેશમાં એક બાબા છે. એનો દોરો તમે બંધાવો. તમે કહેતા હો તો એનો ખર્ચ હું આપીશ. હું જાતે જઈને દોરો બંધાવી આપીશ.' પરંતુ તેઓનાં પત્નીએ નિષ્ઠાપૂર્વક તેને કહ્યું : 'મારા દીકરાને જો કોઈ બોલતો કરશે, તો એ પ્રમુખસ્વામી જ. એ સિવાય મારે ક્યાંય દોરોધાગો કરાવવો નથી કે માથું નમાવવું નથી. એમની ઇચ્છા નહીં હોય તો મારા મૂંગા દીકરાને હું જિંદગીભર પાળીશ, પણ આવા વહેમમાં મારે ક્યારેય લેવાવું નથી.'

પોતાના ઇષ્ટદેવ અને ગુરુ વિના ક્યાંય પ્રતીતિ ન આવે એ જ પાકા ભક્તનું લક્ષણ છે.

❊ હરિલીલામૃત (૧/૩)માં કહ્યું છે :

સર્વે થકી શ્રીહરિ છે સમર્થ,
બીજા તણી બીક બધાની વ્યર્થ;
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય,
તથાપિ સત્સંગ નહિ તજાય.

પાકા સત્સંગીની કેવી સમજણ હોય તે કવિ દલપતરામ અહીં જણાવે છે. ગમે તેવું પોતાને કષ્ટ આવી પડે છતાં પોતાના ઇષ્ટદેવને સર્વસમર્થ જાણે. શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય ૨૮માં** ત્યાં સુધી વાત કરે છે કે એ ભક્તને શૂળીનું દુઃખ આવી પડે અને ઇષ્ટદેવ પાસે જ ઊભા હોય છતાં તે પોતાની રક્ષા ન કરે તોપણ તેને શંકા ન થાય.

❊ જામનગર જિલ્લાના જગા પાસે મેડી ગામના બાળકને સત્સંગ થયો, પરંતુ તેના પિતાને આ પસંદ પડ્યું નહીં. તેણે દીકરાને સત્સંગ મૂકી દેવા ઘણું સમજાવ્યો પણ દીકરો અડગ રહ્યો. છેવટે બાપે દીકરાને ગાડાના જોતરે બાંધી ગાડું ઉલાળી મારી નાંખ્યો. પણ મરતાં સુધી દીકરાએ સ્વામિનારાયણનું નામ ન મૂક્યું.

આ કહેવાય નિશ્ચય ! તે બાળકને એમ ન થયું કે, 'ભગવાન મારી રક્ષા કરવા આવતા નથી. તે એ શ્રીજીમહારાજ સાચે જ ભગવાન હશે ?'

❊ દૃઢ નિશ્ચયવાળાને પોતાના ઇષ્ટદેવને વિષે પતિવ્રતાની ટેક હોય. એવા ભક્તનું લક્ષણ જણાવતાં શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૫માં** કહે છે : 'પોતાના ઇષ્ટદેવનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહીં, અતિશય શૂરવીર થઈને જવાબ દેવો, પણ પાજીપળાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહીં.'

❊ સાવરકુંડલા પાસે ઝીંઝોડા ગામમાં ઉગાચાંદુ નામના શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત રહેતા હતા. એકવાર ઉગાચાંદુ પાસે એક વ્યક્તિ ગઢડાથી આવી, તે કહે : 'શ્રીજીમહારાજ તો જાદુગર છે. દાદાખાચરની ચારેય બહેનોને લઈ ગયા છે તેનો પત્તો જડતો નથી.' ઉગાચાંદુએ કેફથી કહ્યું : 'શ્રીકૃષ્ણને સોળ હજાર ને એકસો આઠ સ્ત્રીઓ હતી.' તે તો શ્રીજીમહારાજ માટે વધુ ઘસાતું બોલી રહ્યો હતો, પરંતુ ઉગાચાંદુએ કડક શબ્દોમાં તેને ચેતવણી આપી કે 'હવે વધારે વાંકું બોલીશ તો મસ્તક ઉડાવી દઈશ.' પેલો તો નિરાશ થઈ ચાલી જ નીકળ્યો.

ઉગાચાંદુ મહારાજના પાકા ભક્ત હતા એટલે પેલો મહારાજ વિશે શંકા નાખવા આવ્યો પણ તેમને સંશય ન થયો. તેમણે તેને ત્યાંથી જ

વિદાય આપી દીધી.

◎ શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૩માં** જણાવ્યું છે : 'જેને ભગવાન ને સંતનો નિશ્ચય હોય તેથી ભગવાન અને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે લોકલાજનો ત્યાગ કરે અને સુખનો ત્યાગ કરે.'

◎ શાસ્ત્રીજી મહારાજના સમયમાં આશાભાઈ, ઈશ્વરભાઈ, મોતીભાઈને ખૂબ સહન કરવું પડતું હતું. લોકો તેમને કહેતા, 'શાસ્ત્રીજી મહારાજ ભીખ માગી ખાશે પણ તમે પટેલના છોકરા તે ભીખ નહીં મંગાય. માટે એને મૂકો.' પણ ત્રણે જણા શૂરવીર હતા, તેથી જવાબ આપી દેતા, 'જે થાવાનું હોય તે થાય. અમારું કુટુંબ એમના માટે ન્યોછાવર છે.' તે ભક્તોના માથે વાળ જેટલું દેવું હતું, પણ એમના મોઢા પર દુ:ખની એક લકીર પણ નહોતી ફરકતી. તેનું કારણ હતું, શાસ્ત્રીજી મહારાજનો અચળ અને અડગ નિશ્ચય.

❊ આમ, જેને પોતાનું રૂડું કરવું હોય, તેણે ભગવાનનો નિશ્ચય અતિ દૃઢ કરવો જરૂરી છે.

૩. પક્ષ :

❊ પક્ષ એટલે એકમત કે એકરુચિ કે પરસ્પર મનમેળ. પરસ્પર એકબીજાને સહાયરૂપ થવાની ભાવના. પાકા સત્સંગીને હંમેશાં ભગવાન અને તેમના સંતો-ભક્તોનો પક્ષ રહે. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધે અથવા ઘટે, અથવા માન થાય કે અપમાન થાય, અથવા દેહ જીવે કે મરે, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકે જ નહીં.

(વચનામૃત : ગઢડા અંત્ય-૭)

❊ અગણોતેરા દુષ્કાળમાં(સં. ૧૮૬૯માં આવેલા દુષ્કાળમાં) મેથાણના પૂજાભાઈ અને કાકાભાઈ શ્રીજીમહારાજના કહેવાથી અનાજ લેવા રામદાસ સ્વામી પાસે જેતલપુર ગયા. રામદાસ સ્વામીએ હરિભક્તોને આજ્ઞા કરી કે મહારાજની મરજી છે માટે મદદ કરો. બધા હરિભક્તો એક-એક મણ અનાજ લાવ્યા. પૂજાભાઈ અને કાકાભાઈ તે અનાજના પૈસા ચૂકવવા ગયા તો એક હરિભક્ત કહે : 'તમે મહારાજની આજ્ઞાથી આવ્યા છો, માટે નાણાં લેવાય જ નહિ અને તમે ભક્ત છો માટે તમને મદદ ન કરીએ તો અમારું ભક્તપણું લાજે.' પૂજાભાઈ ભીની આંખે કહે : 'જૂનાગઢ સુધી ફર્યા પણ સોનું દેતાં અનાજ ન મળે, એ તમે અમને એમ ને એમ આપ્યું.' હરિભક્તો પ્રત્યેની આવી હમદર્દી એટલે પક્ષ.

◎ ધારીના સત્સંગી શેઠ રાઘવજીએ ભાગીદારીમાં ગામની માંડવી (મગફળી) રાખી. તેમને વર્ષમાં એક હજાર રૂપિયાની ખોટ ગઈ. ગામના વહીવટદારે કેસ કર્યો. કોર્ટમાં જાહેર ઇજારાના રૂપિયા ભરવાના થયા. રાઘવજી શેઠ કહે : 'મારી પાસે રૂપિયા નથી. માટે ધીરે ધીરે આપીશ.' વહીવટદાર કહે : 'સરકારી રૂપિયા બાકી ન રહે. પૈસા ભરશો ત્યારે અહીંથી ઊઠવાની રજા મળશે.' એમ કહી શેઠ તથા તેમના ભાગીદાર બંનેને ત્યાં બેસાડી રાખ્યા. આ વાતની ગામના લોકોને ખબર પડી. તેઓ બધા કોર્ટમાં ગયા. એક જણે ભાગીદારને પૈસા ભરી છોડાવી દીધો. પછી ગામના લોકો રાઘવજી શેઠને કહે : 'તમે સ્વામિનારાયણની કંઠી કાઢી નાખો, તો તમને છોડાવીએ.' રાઘવજી શેઠ કહે : 'કંઠી નહીં કાઢું.' એક કણબી હરિભક્તે આ વાત સાંભળી એટલે તે ઘરે ગયો. એણે પોતાના મોટાભાઈને વાત કરી કે : 'આપણે બે ભાઈઓ છીએ અને ત્રીજો હોત તો તેના માટે લગ્નના પૈસા થાત. તો રાઘવજી શેઠને ત્રીજો ભાઈ સમજી આપણે છોડાવીએ.' એમના મોટાભાઈ સંમત થયા અને તે કણબી હરિભક્તે પૈસા ભરીને રાઘવજીને છોડાવ્યા.

થોડા માસ પછી તે કણબી હરિભક્ત ગઢડા આવ્યા, ત્યારે મહારાજ ઢોલિયેથી ઊતરી ભેટ્યા, હાર પહેરાવ્યો અને બોલ્યા : 'ધારીમાં આ

હરિજને રાઘવજી શેઠનો પક્ષ રાખ્યો માટે તે પાકા સત્સંગી છે.'

આમ, સત્સંગીને આપત્કાળ આવ્યો હોય, ત્યારે ખરે ટાણે પક્ષ રાખે તે ખરા સત્સંગી કહેવાય.

❋ 'દેહને સુખ થાઓ કે દુઃખ થાઓ અથવા દેહ જીવો કે મરો.' એવી ઉત્કૃષ્ટ ભાવનાથી ભગવાનના ભક્તનો પક્ષ રાખવાની દૃઢતા તે પક્ષ રાખવા માટેની પરાકાષ્ઠારૂપ છે.

❋ ફેબ્રુઆરી-૨૦૦૪માં પ્રમુખસ્વામી મહારાજ ગાંધીનગર પધાર્યા હતા. અહીં ભોજન દરમ્યાન શ્રી નાગરભાઈનો પરિચય આપતાં એક કાર્યકરે કહ્યું : "રાયસણ ગામમાં આઈમેક્સ શૂટિંગ માટે સિંહ લાવ્યા હતા. રાયસણ ગામના લોકો તે સિંહ જોવા માટે આવ્યા. આપણા કાર્યકર્તા દશરથભાઈએ વ્યવસ્થા ખાતર તેમને ના પાડી. ગામના લોકોને આ ન ગમ્યું. ગામના લોકોએ દશરથભાઈને કહ્યું : 'ગામમાં આવજે, તારા ટાંગા ભાંગી નાખીશ.'

થોડા સમય પછી ગાંધીનગરના કાર્યકરો શ્રી ગણપતસિંહ અને શ્રી અશ્વિનભાઈ રાયસણ ગામે સત્સંગ કરાવવા માટે ગયા. ગામના લોકો કહે : 'દશરથભાઈને કેમ ના લાવ્યા ?'

તેમણે પૂછ્યું : 'કેમ ?'

તો ગામના લોકો કહે : 'દશરથભાઈના અમારે ટાંગા ભાંગવા છે.'

આ કાર્યકર્તાઓએ પૂછ્યું : 'કેમ ?'

તો તેઓ કહે : 'અમને સિંહ જોવા ન દીધો.'

ગામના પંદર-વીસ જુવાનિયા ભેગા થઈ ગયા હતા. અશ્વિનભાઈ કંઈક સમજાવવા ગયા તો તેમને કહે : 'તમે અમને સમજાવશો નહીં. નહીંતર તમારા ટાંગા ભાંગી નાખીશું.'

આવી બધી વાતો ચાલતી હતી ત્યારે રાયસણના મંડળસંચાલક શ્રી નાગરભાઈ લાકડી લઈને પોતાના ઘરના મેડેથી નીચે ઊતર્યા ને હાકોટો પાડ્યો : 'કોણ કોના ટાંગા ભાંગવાની વાત કરે છે ? આવી જાવ ! એના ટાંગા હું ભાંગી નાખું. ગામમાં સત્સંગ થશે જ.' એમ કહી તેઓ લાકડી વીંઝવા લાગ્યા.

જુવાનિયા તો ડરી ગયા ને કહે : 'એ તો અમે ગમ્મત કરતા હતા.' અને બધા વીખરાઈ ગયા. આમ, નાગરભાઈએ શૂરવીરતા રાખીને કાર્યકરોનો પક્ષ રાખ્યો.

ત્યારે કોઈ બોલ્યું : 'ગામ લોકોને શૂટિંગ સ્થળે તો સિંહ જોવા ન મળ્યો, પણ ગામમાં જ સિંહ જોવા મળી ગયો.'

આ સાંભળીને પ્રમુખસ્વામી મહારાજે મસ્તક ડોલાવી સમર્થન આપ્યું અને નાગરભાઈની આવી પક્ષની ભાવના બદલ ખૂબ આશીર્વાદ આપ્યા.

વર્તમાનકાળે આવા પ્રસંગો તો જવલ્લે જ બને, પણ યોગીજી મહારાજ કહેતા તેમ સંપ-સુહૃદભાવ-એકતા રાખીએ તે પક્ષ રાખવા તુલ્ય છે.

❋ આમ, નિયમ, નિશ્ચય, પક્ષ - એ ત્રણ વાનાં જેનામાં હોય તો શ્રીજીમહારાજના મતે તે પાકો સત્સંગી કહેવાય. તેને જ સત્સંગનું જેવું છે, તેવું સુખ આવે. કાચી વસ્તુ ક્યારેય સુખદાયી નીવડતી નથી. કાચા માટલામાં પાણી ઠંડું થતું નથી અને આવું માટલું વહેલું ફસકી પણ જાય છે. કાચું ફળ ખાવાથી ગળે ડચૂરો બાઝે છે. કાચી ઈંટોના મકાનમાં સલામતી રહેતી નથી. તેમ આપણે પણ કાચા સત્સંગી રહીએ તો સત્સંગનું સુખ ન આવે અને સત્સંગ ક્યારે ફસકી જાય તે પણ નક્કી ન રહે. માટે પાકા સત્સંગી થવામાં જ માલ છે.

મહારાજ-સ્વામી આપણને આ ત્રણેય લક્ષણો દૃઢ કરવાનું બળ અર્પે એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

૮. વચનામૃત : ગઢડા મધ્ય-૬૧ : નિયમ, નિશ્ચય અને પક્ષનું

સ્વામિનારાયણ હરે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૬૧મું નિયમ, નિશ્ચય અને પક્ષનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણે દ્વાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત શેલું સોનેરી છેડાનું બાંધ્યું હતું અને એક બીજું શ્વેત શેલું ઓઢ્યું હતું અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય. તે ત્રણ વાનાં તે કયાં ? તો એક તો પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાંખે તોય પણ સંશય પડે નહિ; એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય. અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ મા-બાપ દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. **એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.'**

ઈતિ વચનામૃતમ્ એવી રીતે ગઢડા મધ્યનું ૬૧મું વચનામૃત થયું.

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પાકા સત્સંગીનાં લક્ષણો સમજાવે છે. મુસાફરી શરૂ કરતાં પહેલાં રસ્તાનો નકશો હાથમાં હોય તો ખોટે રસ્તે જતાં અટકી જવાય છે અને સમય, શક્તિ, સંપત્તિ પણ વેડફાતાં બચી જાય છે. તેમ સત્સંગી તરીકે ક્યાં પહોંચવાનું છે, તેનો ખ્યાલ હોય તો આપણો સાધનામાર્ગ નિર્વિઘ્ન બની રહે છે.

❊ કહ્યું છે :

ભટકતા નથી એવા નાવિક કદી પણ;
જે પામી શકે ધ્રુવતણા ઈશારા.

❊ રાત્રિના કાળાડિબાંગ અંધકારમાં ધ્રુવના તારા ભણી નજર રાખી નાવ ચલાવનાર કદી દિશા ચૂકતો નથી. તેમ શ્રીજીમહારાજે અહીં કરેલી સત્સંગીની વ્યાખ્યા સામે નજર રાખી સત્સંગ કરનાર પણ જરૂર અક્ષરધામરૂપી કિનારે પહોંચે જ છે.

❊ વિદ્યાર્થી અભ્યાસ શરૂ કરે ત્યારે તેને આખા વર્ષનો અભ્યાસક્રમ બતાવવામાં આવે છે. તે વિષયો તેણે વર્ષ દરમ્યાન ભણીને દઢ કરવાના હોય છે. તેમ શ્રીજીમહારાજ અહીં પણ આપણને સત્સંગનો અભ્યાસક્રમ બતાવે છે. સત્સંગીએ સત્સંગ કરતાં કરતાં આ ત્રણ વિષયો - નિયમ, નિશ્ચય અને પક્ષમાં પારંગત બનવાનું છે.

● **નિયમ :**

❊ આપણા સંપ્રદાયની લોકોને ઊડીને આંખે વળગે તેવી વિશેષતા હોય તો તે છે, સંતો-ભક્તોની નિયમપાલનની દઢતા.

❊ કવિવર ન્હાનાલાલ કહે છે : 'આ સંપ્રદાય છે આચાર સ્વચ્છતાનો, સર્વદેશીય આન્તર્બહિર્ સ્વચ્છતાનો. આ સંપ્રદાયની ઉજળામણ જ અનોખી.' સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રખ્યાતિ

'ઊજળા સંપ્રદાય' તરીકેની છે, કારણ કે ભક્તોએ શુદ્ધ વર્તી પોતાના જીવનને અને સંપ્રદાયને ડાઘ લાગવા દીધો નથી.

* લંગાળાના માંડણ ભગત અને એની સ્ત્રી ગાડીમાં જતાં હતાં. રસ્તામાં તેની સ્ત્રી નીચે ઊતરી અને તેણે રસ્તામાં પડેલું સૂતરનું નાડું લીધું. ભગતે પૂછ્યું : 'શું લીધું ?' બાઈ કહે : 'કાંઈ નહીં.' ભગત કહે : 'બોલ. નીકર પાટુ મારીશ.' ત્યારે બાઈએ કહ્યું કે 'નાડું લીધું છે.' ભગત કહે : 'નાડું નાખી દે. નહીં તો તારા હાથનું અન્નજળ હરામ છે.' તેની સ્ત્રીએ નાડું નાખી દીધું.

* **'પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ'** એ શ્રીહરિના ભક્તોની જીવનશૈલી હતી.

* એક વાર છાણીમાં વાણિયાઓને ત્યાં જમણવાર હતો. તે દરમ્યાન કોઈ નજીકનું સગું ગુજરી જવાથી જમણવાર બંધ રાખવો પડ્યો અને રસોઈ બધી પડી રહી. કોઈકે કહ્યું : 'રસોઈ વણકરવાસે મોકલો.' ત્યારે વણકર ભક્ત તેજાભાઈએ કહ્યું : 'તમારી રસોઈ અમને ન ખપે.'

વાણિયાઓ કહે : 'અરે ! તમે તો અમારી એંઠ ખાનારા, તમને અમારી રસોઈ શા માટે ન ખપે ?'

તેજા ભગત કહે : 'અમે સત્સંગી છીએ, ગાળ્યા વિનાનું પાણી ન પીએ. તમે રસોઈમાં અણગળ પાણી વાપર્યું હોય તો ?'

આમ, અછૂત ગણાતા વણકરોએ વાણિયા જેવી ઉચ્ચ ગણાતી જ્ઞાતિની રસોઈ પાછી ઠેલી.

શ્રીહરિના ભક્તો પોતે તો નાના-મોટા દરેક નિયમમાં દૃઢ રહેતા, પણ પોતાના પરિવારના સભ્યોને પણ તે મુજબ ખટકાપૂર્વક દૃઢ વર્તાવતા.

* ઇંગોરાળા ગામમાં એક વાર વહીવટદાર આવ્યા હશે એટલે ત્યાં ભવાયાનું ટોળું પણ રમવા આવેલું. ભવાયાઓએ સત્સંગી હરિભક્ત ખોડા પટેલને કહ્યું : 'ભાભા ! અમને રમત આપો.' ખોડા પટેલ કહે : 'અમે સત્સંગી છીએ, તેથી નહીં આપીએ.' ત્યારે વહીવટદાર કહે : 'આજની રમત અમે આપીએ છીએ.' રાત્રે ભૂંગળા વાગ્યા અને ઢોલક વાગ્યા. ખોડા પટેલનો દીકરો ભગવાનદાસ બાર વર્ષનો હતો. તેણે ભવાયા જોવા જવા હઠ કરી. ખોડા પટેલે ના પાડી. તોપણ હઠ કરી, ત્યારે ખોડા પટેલ કહે : 'નવાં કપડાં પહેરીને જા.' પછી નવાં કપડાં લેવા તેને પટારામાં ઉતાર્યો અને ખોડા પટેલે ઉપરથી ઢાંકણું બંધ કરી દીધું. છોકરો બૂમો પાડે પણ ઉઘાડે નહીં. વહીવટદાર કહે : 'છોકરો મરી જશે, ઉઘાડો.' પટેલ કહે : 'મરે તો ભલે મરે, પણ સત્સંગીનાં છોકરાં ભવાયા જોવા કેમ જાય ?' વહીવટદાર કહે : 'આજથી હવે ભવાયા જોવે તેના બાપને માથે પસ્તાળ.' ને રમત બંધ રખાવીને કહ્યું : 'હવે છોકરાને બહાર કાઢો.' ત્યારે પટેલે છોકરાને બહાર કાઢ્યો.

* શ્રીહરિના પ્રતાપે આવી એક-બે વ્યક્તિ નહીં, પણ આખા ગામના ગામ નિયમ-ધર્મની દૃઢતાવાળા હતા.

* કચ્છ દેશમાં ભારાસર ગામ આખું સત્સંગી હતું. કોઈ ગાંજો, બજર કે ડુંગળી-લસણ ખાય તો તે તેનું પ્રાયશ્ચિત્ત કરે ત્યારે તેને નાતમાં બેસવા દે. જો કોઈને નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો તેને નાત-બહાર કરે અને ગામનો આગેવાન તેને ભુજમાં લઈ જાય અને સાધુ દ્વારા પ્રાયશ્ચિત્ત અપાવે, પછી પ્રાયશ્ચિત્ત થયાનો કાગળ લઈ ચોવીશ ગામમાં ફરે ત્યારે તેને પાછો નાતમાં લે !!

* **'સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ.'** આવી દૃઢતાવાળો એક દિવ્ય સમાજ શ્રીહરિએ તૈયાર કર્યો હતો.

* રઘુકુળ માટે એવું કહેવાતું :

રઘુકુલ રીત સદા ચલી આઈ,
પ્રાણ જાય અરૂ બચન ન જાઈ.

રઘુકુળના રાજાઓ પ્રાણના ભોગે પણ પોતે આપેલાં વચનો પાળી બતાવતા.

* આજે આપણા સંપ્રદાયમાં પણ એવા અનેક ભક્તો

છે, જે માથું જાવું હોય તો ભલે જાય પણ નિયમપાલન મૂકતા નથી.

* ૧૧-૧૧-૨૦૦૬, લંડન : યશવંતભાઈ અમીને અમેરિકા રહેતી પોતાની ભત્રીજીનો એક પ્રસંગ સ્વામીશ્રી સમક્ષ કહ્યો. તેઓના સાઢુભાઈની દીકરી એન્જલીના અમીન, ઇરાકમાં જઈને યુદ્ધ લડી આવી હતી. આ યુદ્ધ દરમ્યાન પણ એણે છાવણીમાં રોજ સ્નાન કરીને પૂજા કરી હતી. એટલું જ નહીં, પણ માંસાહારની જગ્યાએ કેવળ વેફર અને વિટા ટેબલેટ લઈને શ્રાવણ મહિનાનાં એકટાણાં કર્યાં હતાં. ૫૪ ડિગ્રી તાપમાનની વચ્ચે ૪૦ કિલો વજન લઈને કામ કરવાનું હોવા છતાં આદર્શ સત્સંગી તરીકે બધા જ નિયમો એણે પાળ્યા હતા.

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'લોકો આપણને કહે છે કે અમારે બહાર જવું પડે ને અનેક લોકોને મળવાનું થાય, ધંધા માટે ફરવાનું થાય, એટલે બધું ખાવુંપીવું પડે, પણ આ જુએ તો ખબર પડે. આવી પરિસ્થિતિમાં પણ નિયમધર્મ દૃઢ કરીને રાખ્યા. બહારનું કશું જ ખાધું નહીં.'

આમ, નિયમનું શિર સાટે પાલન કરવું તે સત્સંગીનું લક્ષણ છે. આવી રીતે નિયમ પાળવાથી ભગવાન અને સંતની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

* **વચનામૃત ગઢડા અંત્ય-૧માં** વાત આવે છે કે જે જે ભક્તોએ રોજ શિક્ષાપત્રી વાંચવાનો નિયમ લીધો, તેમને શ્રીજીમહારાજે છાતીમાં ચરણારવિંદ આપ્યાં. જો શિક્ષાપત્રી વાંચવા માત્રથી જ શ્રીજીમહારાજ આટલા રાજી થતા હોય તો તે પાળીએ તો કેટલી પ્રસન્નતા મળે ?

* સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે :

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધ તાપે રે, કે'દિ અંતર ડોલે નાહીં.
મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારુ રે, કે'દિ કાયર મન નવ કરવું.

* આવી સમજણ જીવનમાં દૃઢ થાય તો શિર સાટે નિયમ પળાય.

● **નિશ્ચય :**

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૧૪માં** કહે છે કે લીમડાને એક વાર લીમડો છે, તેમ જાણી લીધું, પછી ગમે તે પરિસ્થિતિ આવે તોય તેમાં કોઈ સંશય થતો નથી કે, 'લીમડો હશે કે નહીં ?' તેમ ભગવાનનો નિશ્ચય પણ દૃઢ રહે તે પાકો સત્સંગી કહેવાય.

* યોગીજી મહારાજે 'યોગી ગીતા'માં લખ્યું છે : 'આંબાના પાન ખરી જાય પણ આંબાનો નિશ્ચય જતો નથી, તેમ ભગવાન અને સંતનો દૃઢ નિશ્ચય હોવો જોઈએ.'

* નિશ્ચયમાં આપણે સમજવાનું કે શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. આ પ્રકારના નિશ્ચયની અંતરમાં દૃઢતા કરી હોય તો સુખ-દુઃખના પ્રસંગોમાં ક્યારેય બીજે ચોખા મૂકવા જવાનું મન ન થાય.

* ૭-૧-૨૦૦૫, મુંબઈ : બોરીવલી રહેતા અરવિંદભાઈ કુંભણના ઘરે સ્વામીશ્રીના આશીર્વાદથી પુત્રનો જન્મ થયો. જોકે, જન્મ-સમયે પણ આ પુત્ર કટોકટીની સ્થિતિમાં હતો. જન્મ-મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. સ્વામીશ્રીને ફોન કરવામાં આવ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને પુત્ર હેમખેમ અવતર્યો, પરંતુ થોડોક મોટો થયા પછી પણ એની વાણી ખુલી નહીં. ૫-૬ વર્ષનો થવા છતાં આ બાળક ૧૦% થી વધારે બોલી શકતો નહોતો. સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપ્યા : 'ધીરજ રાખજો, બોલશે, ડૉક્ટરોની દવા કરાવજો.' સ્વામીશ્રીની આજ્ઞાથી આ કુટુંબે સ્પીચથેરાપી શરૂ કરાવી, પરંતુ આ પરિવારને તેઓના જ કુટુંબીઓ તરફથી દબાણ કરવામાં આવતું કે માતાજી આગળ જઈને તમે નૈવેદ્ય ધરો, બાધા માનો, દોરો બંધાવો, તો જ આ બાળક બોલતો થશે. પરંતુ આ પરિવાર

ટસથી મસ થયો નહીં.

એમના ઘરમાં રોજ દૂધ લઈને આવતો ભૈયો પણ અરવિંદભાઈનાં પત્નીને કહે કે 'અમારા દેશમાં એક બાબા છે. એનો દોરો તમે બંધાવો. તમે કહેતા હોય તો એનો ખર્ચ હું આપીશ. હું જાતે જઈને દોરો બંધાવી આપીશ.' પરંતુ તેઓનાં પત્નીએ નિષ્ઠાપૂર્વક તેને કહ્યું : 'મારા દીકરાને જો કોઈ બોલતો કરશે, તો એ પ્રમુખસ્વામી જ. એ સિવાય મારે ક્યાંય દોરોધાગો કરાવવો નથી કે માથું નમાવવું નથી. એમની ઇચ્છા નહીં હોય તો મારા મૂંગા દીકરાને હું જિંદગીભર પાળીશ, પણ આવા વહેમમાં મારે ક્યારેય લેવાવું નથી.'

❊ **હરિલીલામૃત (૧/૩)**માં કહ્યું છે :

સર્વે થકી શ્રીહરિ છે સમર્થ, બીજા તણી બીક બધાની વ્યર્થ;
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય, તથાપિ સત્સંગ નહિ તજાય.

❊ તા. ૨૦-૧-૨૦૦૫, મુંબઈ : સહજાનંદ સ્ટીલ મિલના નવીનભાઈ દવેએ પોતાના દાદાની નિષ્ઠા અંગેની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'અમારા દાદા નિષ્ઠાવાન સત્સંગી. મુનીશ્વરાનંદ જેવા સમર્થ બ્રહ્મચારીઓ તે વખતે હાજર. અમારા ઘરે એક વખત કોઈક મરણપ્રસંગ થયો. આના કારણે કુટુંબ દુ:ખી હતું. સહેજે સહેજે અમારા દાદાએ મુનીશ્વરાનંદને વાત કરી ત્યારે એમણે કહ્યું કે, 'આવું ન થાય એ માટે મૃત્યુંજયનો જાપ શરૂ કરો.'

આ મૃત્યુંજય જાપની વાત સાંભળ્યા પછી અમારા દાદાએ કાંઈ પ્રતિભાવ આપ્યો નહિ, પરંતુ બીજે દિવસે સભામંડપમાં ૧૦૦૦ માણસો હાજર હતાં. તે વખતે એમણે મુનીશ્વરાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું : 'એકનું મૃત્યુ થયું એ તો ઠીક છે, પરંતુ મારી સામે મારા કુટુંબના ૨૨ જણની ઠાઠડી પણ જો નીકળે તોપણ એ મને મંજૂર છે, પણ મૃત્યુંજય જાપ તો ક્યારેય નહિ કરું. મને સુખ અને દુ:ખ આપનારા એક ભગવાન સ્વામિનારાયણ છે. બીજા કોઈ દેવ - દેવતાઓને હું ક્યારેય નમીશ નહિ. એટલે આવી ભલામણ તમારે મને ન કરવી.'

'શ્રીહરિ એક જ કર્તાહર્તા' એવો અડગ નિશ્ચય અંતરમાં ધારીને ફરતા આવા નિષ્ઠાવાન ભક્તો સંતોને પણ આવું કહી શકતા.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૮માં** કહે છે : ''ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.''

❊ જામનગર જિલ્લાના જગા પાસે મેડી ગામના બાળકને સત્સંગ થયો, પરંતુ તેના પિતાને આ પસંદ પડ્યું નહીં. તેણે દીકરાને સત્સંગ મૂકી દેવા ઘણું સમજાવ્યો પણ દીકરો અડગ રહ્યો. છેવટે બાપે દીકરાને ગાડાના જોતરે બાંધી ગાડું ઉલાળી મારી નાંખ્યો. પણ મરતાં સુધી દીકરાએ સ્વામિનારાયણનું નામ ન મૂક્યું.

હરિગુણ ગાતાં દુરિજનિયાનો ધડક મનમાં ન ધારીએ,
શિરને સાટે શ્વાસોચ્છ્વાસે સુંદરવર સંભારીએ...

આ કહેવાય નિશ્ચય ! તે બાળકને એમ ન થયું કે, 'ભગવાન મારી રક્ષા કરવા આવતા નથી. તે એ શ્રીજીમહારાજ સાચે જ ભગવાન હશે ?'

❊ દૃઢ નિશ્ચયવાળાને પોતાના ઇષ્ટદેવને વિષે પતિવ્રતાની ટેક હોય. એવા ભક્તનું લક્ષણ જણાવતાં શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-પાંચમાં** કહે છે : 'પોતાના ઇષ્ટદેવનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહીં, અતિશય શૂરવીર થઈને જવાબ દેવો, પણ પાજીપળાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહીં.'

❊ સાવરકુંડલા પાસે ઝીંઝોડા ગામ છે. ત્યાં ઉગાચાંદુ નામના શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત રહેતા

હતા. એક વાર તેઓ ગામને ચોરે બેઠા હતા. ત્યાં એક ગઢવી ગઢડાથી આવ્યો, તે નવીન સમાચાર આપવા ઊભો રહ્યો. ગઢવી કહે : 'શ્રીજીમહારાજ તો જાદુગર છે. દાદા ખાચરની ચારેય બહેનોને લઈ ગયા છે તેનો પત્તો જડતો નથી.' ઉગાચાંદુએ કેફથી કહ્યું : 'શ્રીકૃષ્ણને સોળ હજાર ને એકસો આઠ સ્ત્રીઓ હતી. શ્રીજીમહારાજને એટલી સ્ત્રીઓ હશે, ત્યાં સુધી શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા જાણીશ. તેથી અધિક રાખશે તો એથી પર જાણીશ.' ગઢવીએ બીજી વાત કરી કે 'જે સ્વામિનારાયણના સેવક હોય તેને શ્રીજીમહારાજ તેના કંઠમાં રૂદ્રાક્ષનો પારો બંધાવે છે.' ઉગાચાંદુ કહે : 'એ તો પવિત્ર છે. ત્રણે વર્ણના માણસો ધારણ કરી શકે. કદાચ સ્વામિનારાયણ એવી આજ્ઞા કરે કે સૂકું ખાસડું દોરીમાં પરોવી કંઠમાં ધારણ કરો તો તે પણ કરું.' પછી ઉગાચાંદુ થોડા ભાવમાં આવીને બોલ્યા કે 'ગઢવી, હવે વધારે વાંકું બોલીશ તો મસ્તક ઉડાવી દઈશ.'

❊ **હમ તો એક સહજાનંદ ગાવે,**
હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૩માં** જણાવ્યું છે : 'જેને ભગવાન ને સંતનો નિશ્ચય હોય તેથી ભગવાન અને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે લોકલાજનો ત્યાગ કરે અને સુખનો ત્યાગ કરે.'

❊ શાસ્ત્રીજી મહારાજના સમયમાં આશાભાઈ, ઈશ્વરભાઈ, મોતીભાઈને ખૂબ સહન કરવું પડતું હતું. લોકો તેમને કહેતા, 'શાસ્ત્રીજી મહારાજ ભીખ માગી ખાશે પણ તમે પટેલના છોકરા તે ભીખ નહીં મંગાય.. માટે એને મૂકો.' પણ ત્રણે જણા શૂરવીર હતા, તેથી જવાબ આપી દેતા, 'જે થવાનું હોય તે થાય. અમારું કુટુંબ એમના માટે ન્યોછાવર છે.' તે ભક્તોના માથે વાળ જેટલું દેવું હતું, પણ એમના મોઢા પર દુ:ખની એક લકીર પણ નહોતી ફરકતી. તેનું કારણ હતું, શાસ્ત્રીજી મહારાજનો અચળ અને અડગ નિશ્ચય.

● **નિશ્ચયની દૃઢતા કેવી રીતે થાય ?**

❊ ભગવાનનો આવો દૃઢ નિશ્ચય સંતસમાગમથી થાય છે, તે જણાવતાં શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં** કહે છે : 'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિ:સ્વાદ, નિ:સ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. માટે એવા સંતનાં વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.'

❊ આવા દૃઢ નિશ્ચયવાળા ભક્તને વરદાન આપતાં હોય તેમ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૨માં** કહે છે : 'જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તોપણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે, તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી.'

❊ આમ, જેને પોતાનું રૂડું કરવું હોય, તેણે ભગવાનનો નિશ્ચય અતિ દૃઢ કરવો જરૂરી છે.

● **પક્ષ :**

❊ પક્ષ એટલે એક મત કે એક રુચિ કે પરસ્પર મનમેળ. પરસ્પર એકબીજાને સહાયરૂપ થવાની ભાવના.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૬૦માં** પક્ષનો મહિમા સમજાવતાં કહે છે : 'જે ભગવાનના ભક્તની રક્ષા કરતાં મરે કે ઘાયલ થાય તો તેના બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે. એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે.'

❊ વળી, ભગવાનના ભક્તનો આવી રીતે પક્ષ કઈ હદ સુધી રાખવો, તેની વાત કરતાં શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૭માં** કહે છે : 'ભગવાનના ભક્તનો પક્ષ રાખતાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને

ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં.'

- જેને ભગવાનના ભક્તનો આવો પક્ષ ન હોય તો શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૮માં** કહે છે : 'જેને સત્સંગીનો પક્ષ ન હોય અને સત્સંગી ને કુસંગીને વિષે સમભાવ હોય, તો ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય, પણ અંતે જતાં જરૂર વિમુખ થાય.'
- આમ, સત્સંગમાં પક્ષનો મહિમા ઘણો મોટો છે. શ્રીજીમહારાજ સમજાવે છે કે જેવો સગાં-સંબંધીનો પક્ષ રહે છે, તેવો ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. સગાં-સંબંધીમાં ગુણ-અવગુણ જોયા વિના કેવળ 'આ મારા છે.' તેટલા ભાવથી પક્ષ રહે છે, તેમ સત્સંગી વિશે પણ એવો 'મારાપણા'નો ભાવ રાખી, તેના ગુણ-અવગુણ જોયા વગર પક્ષ રાખવો.
- અગણોતરા દુષ્કાળમાં મેથાણના પૂજાભાઈ અને કાકાભાઈ શ્રીજીમહારાજના કહેવાથી અનાજ લેવા રામદાસ સ્વામી પાસે જેતલપુર ગયા. રામદાસ સ્વામીએ હરિભક્તોને આજ્ઞા કરી કે મહારાજની મરજી છે માટે મદદ કરો. બધા હરિભક્તો એક-એક મણ અનાજ લાવ્યા. પૂજાભાઈ અને કાકાભાઈ તે અનાજના પૈસા ચૂકવવા ગયા તો એક હરિભક્ત કહે : 'તમે મહારાજની આજ્ઞાથી આવ્યા છો, માટે નાણાં લેવાય જ નહિ અને તમે ભક્ત છો માટે તમને મદદ ન કરીએ તો અમારું ભક્તપણું લાજે.' પૂજાભાઈ ભીની આંખે કહે : 'જૂનાગઢ સુધી ફર્યો પણ સોનું દેતાં અનાજ ન મળે, એ તમે અમને એમને એમ આપ્યું.' હરિભક્તો પ્રત્યેની આવી હમદર્દી એટલે પક્ષ.
- ધારીના સત્સંગી શેઠ રાઘવજીએ ભાગીદારીમાં ગામની માંડવી (મગફળી) રાખી. તેમને વર્ષમાં એક હજાર રૂપિયાની ખોટ થઈ. ગામના વહીવટદારે કેસ કર્યો. કોર્ટમાં જાહેર ઇજારાના રૂપિયા ભરવાના થયા. રાઘવજી શેઠ કહે : 'મારી પાસે રૂપિયા નથી. માટે ધીરે ધીરે આપીશ.' વહીવટદાર કહે : 'સરકારી રૂપિયા બાકી ન રહે. પૈસા ભરશો ત્યારે અહીંથી ઊઠવાની રજા મળશે.' એમ કહી શેઠ તથા તેમના ભાગીદાર બંનેને ત્યાં બેસાડી રાખ્યા. આ વાતની ગામના લોકોને ખબર પડી. તેઓ બધા કોર્ટમાં ગયા. એક જણે ભાગીદારને પૈસા ભરી છોડાવી દીધો. પછી ગામના લોકો રાઘવજી શેઠને કહે : 'તમે સ્વામિનારાયણની કંઠી કાઢી નાખો, તો તમને છોડાવીએ.' રાઘવજી શેઠ કહે : 'કંઠી નહીં કાઢું.' એક કણબી હરિભક્તે આ વાત સાંભળી એટલે તે ઘરે ગયો. એણે પોતાના મોટાભાઈને વાત કરી કે : 'આપણે બે ભાઈઓ છીએ અને ત્રીજો હોત તો તેના માટે લગ્નના પૈસા થાત. તો રાઘવજી શેઠને ત્રીજો ભાઈ સમજી આપણે છોડાવીએ.' એમના મોટાભાઈ સંમત થયા અને તે કણબી હરિભક્તે પૈસા ભરીને રાઘવજીને છોડાવ્યા.

  થોડા માસ પછી તે કણબી હરિભક્ત ગઢડા આવ્યા, ત્યારે મહારાજ ઢોલિયેથી ઊતરી ભેટ્યા, હાર પહેરાવ્યો અને બોલ્યા : 'ધારીમાં આ હરિજને રાઘવજી શેઠનો પક્ષ રાખ્યો માટે તે પાકા સત્સંગી છે.'

  આમ, સત્સંગીને આપત્કાળ આવ્યો હોય, ત્યારે ખરે ટાણે પક્ષ રાખે તે ખરા સત્સંગી કહેવાય.
- 'દેહને સુખ થાઓ કે દુ:ખ થાઓ અથવા દેહ જીવો કે મરો.' એવી ઉત્કૃષ્ટ ભાવનાથી ભગવાનના ભક્તનો પક્ષ રાખવાની દઢતા તે પક્ષ રાખવા માટેની પરાકાષ્ઠારૂપ છે.
- ૧૨-૨-૨૦૦૪, ગાંધીનગર : સ્વામીશ્રીના ભોજન દરમ્યાન શ્રી નાગરભાઈનો પરિચય આપતા કાર્યકરે કહ્યું : ''રાયસણ ગામમાં આઈમેક્સ શૂટિંગ વખતે સિંહ આવ્યો હતો. રાયસણ ગામના લોકો તે સિંહ જોવા માટે આવ્યા. આપણા કાર્યકર્તા દશરથભાઈએ વ્યવસ્થા ખાતર તેમને ના પાડી. ગામના લોકોને આ ન ગમ્યું. ગામના લોકોએ દશરથભાઈને કહ્યું : 'ગામમાં આવજે, તારા ટાંગા ભાંગી નાખીશ.'

  થોડા સમય પછી ગાંધીનગરના કાર્યકરો શ્રી

ગણપતસિંહ અને શ્રી અશ્વિનભાઈ રાયસણ ગામે સત્સંગ કરાવવા માટે ગયા. ગામના લોકો કહે : 'દશરથભાઈને કેમ ના લાવ્યા ?

તેમણે પૂછ્યું : 'કેમ ?

તો ગામના લોકો કહે : 'દશરથભાઈના અમારે ટાંગા ભાંગવા છે.'

આ કાર્યકર્તાઓએ પૂછ્યું : 'કેમ ?'

તો તેઓ કહે : 'અમને સિંહ જોવા ન દીધો.'

ગામના પંદર-વીસ જુવાનિયા ભેગા થઈ ગયા હતા. અશ્વિનભાઈ કંઈક સમજાવવા ગયા તો તેમને કહે : 'તમે અમને સમજાવશો નહીં. નહીંતર તમારા ટાંગા ભાંગી નાખીશું.'

આવી બધી વાતો ચાલતી હતી ત્યારે રાયસણના મંડળસંચાલક શ્રી નાગરભાઈ લાકડી લઈને પોતાના ઘરના મેડેથી નીચે ઊતર્યા ને હાકોટો પાડ્યો : 'કોણ કોના ટાંગા ભાંગવાની વાત કરે છે ? આવી જાવ ! એના ટાંગા હું ભાંગી નાખું. ગામમાં સત્સંગ થશે જ.' એમ કહી તેઓ લાકડી વીંઝવા લાગ્યા.

જુવાનિયા તો ડરી ગયા ને કહે : 'એ તો અમે ગમ્મત કરતા હતા.' અને બધા વીખરાઈ ગયા. આમ, નાગરભાઇએ શૂરવીરતા રાખીને કાર્યકરોનો પક્ષ રાખ્યો.

ત્યારે કોઈ બોલ્યું : 'ગામ લોકોને ત્યાં તો સિંહ જોવા ન મળ્યો, પણ ગામમાં જ સિંહ જોવા મળી ગયો.'

આ સાંભળીને સ્વામીશ્રીએ મસ્તક ડોલાવી સમર્થન આપ્યું અને નાગરભાઈની આવી પક્ષની ભાવના બદલ ખૂબ આશીર્વાદ આપ્યા.

વર્તમાનકાળે આવા પ્રસંગો તો જવલ્લે જ બને, પણ યોગીજી મહારાજ કહેતા તેમ સંપ-સુહૃદભાવ-એકતા રાખીએ તે પક્ષ રાખવા તુલ્ય છે.

❊ આમ, નિયમ, નિશ્ચય, પક્ષ - એ ત્રણ વાનાં જેનામાં હોય તો શ્રીજીમહારાજના મતે તે પાકો સત્સંગી કહેવાય. તેને જ સત્સંગનું જેવું છે, તેવું સુખ આવે. કાચી વસ્તુ ક્યારેય સુખદાયી નીવડતી નથી. કાચા માટલામાં પાણી ઠંડું થતું નથી અને આવું માટલું વહેલું ફસકી પણ જાય છે. કાચું ફળ ખાવાથી ગળે ડચૂરો બાઝે છે. કાચી ઇંટોના મકાનમાં સલામતી રહેતી નથી. તેમ આપણે પણ કાચા સત્સંગી રહીએ તો સત્સંગનું સુખ ન આવે અને સત્સંગ ક્યારે ફસકી જાય તે પણ નક્કી ન રહે. માટે પાકા સત્સંગી થવામાં જ માલ છે.

❊ જે દૂધ પોતાને જ પીવાનું હોય તેમાં પાણી કોણ ઉમેરે ? જે ઇન્જેક્શન લઈ પોતે જ રોગમુક્ત થવાનું હોય તે ઇન્જેક્શનમાં ભેળસેળ કોણ કરે ? તેમ આપણે પણ નિયમ-નિશ્ચય-પક્ષમાં જેટલી ભેળસેળ કરીશું, તેમાં જેટલું અધકચરું ચલાવીશું, તે ખોટ આપણને જ નડવાની છે. માટે પાકા સત્સંગી બનવાથી જ શાંતિ ને સુખ છે.

મહારાજ-સ્વામી આ ત્રણેય લક્ષણો દૃઢ કરવાનું બળ અર્પે એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

સભા : ૩૯ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : પંચાળા - ૩ મુનિબાવાનું - મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ તેનું.

❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ-૨, વાત-૪૭

: ૨. પ્રકરણ-૫, વાત-૧

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત પંચાળાનું ત્રીજું : મુનિબાવાનું - મોક્ષના કામમાં આવે તેને બુદ્ધિ કહીએ તેનું

સ્વામિનારાણ હરે...

સંવત ૧૮૭૭ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સર્વે પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે તથા સત્સંગનો ખપ છે તો પણ માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે ?' પછી એનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એવો જે છે તેમાં બુદ્ધિ નથી અને જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે અને બીજામાં જે ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહીં અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે. અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે.' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને. માટે એમાં માન-ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહીં અને કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિમૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહીં. અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થયા છે અને એને જ બુદ્ધિવાળો કહીએ. અને જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહીં ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ અને પોતામાં અવગુણ પરઠે તેને બુદ્ધિવાળો કહીએ.'

ઈતિ વચનામૃતમ્. એવી રીતે પંચાળા પ્રકરણનું ત્રીજું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ (૧) સાચા બુદ્ધિવાળાની સમજ આપે છે. (૨) વ્યાવહારિક અને મોક્ષોપયોગી બુદ્ધિ વચ્ચેનો ભેદ દર્શાવે છે.

(૩) પોતાના વિકારો કોણ કેવી રીતે ટાળી શકે તેનું માર્ગદર્શન આપે છે.

● **નિરૂપણ :**

* **મુનિબાવાનું વૃત્તાંત :** સુરતના સંસ્કૃત પાઠશાળાના ષડદર્શનાચાર્ય, વ્યાકરણના મહાપંડિત, આબુ પર્વત ઉપર ૨૫ વર્ષ રહ્યા- મૌનવ્રતપાલન દ્વારા મુનિબાવા તરીકે પ્રખ્યાત- તેમના વચને સુરતના અરદેશર કોટવાલને પુત્ર પ્રાપ્તિ થઈ તેથી અરદેશરને અતિશય ભાવ - મુનિબાવા ચુસ્ત નિરાકારવાદી-સ્વામિનારાયણનું ખંડન કરનારા - શ્રીજીમહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કરવા સંન્યાસી થઈને તેમની પાસે ૬-૮ મહિના રહ્યા - મુનિબાવાને રંગ લગાડ્યો-ગઢડા દર્શને લાવ્યા- શ્રીજીમહારાજ દોઢ મણનો ગોળ તકિયો પોતાની આંગળિયે ઘુમાવી ૨૫ હાથ દૂર લીંબતરુ નીચે બીછાવેલા આસન ઉપર ફેંક્યો - વ્યવસ્થિત ગોઠવાઈ ગયો - આસન ઉપર કરચલી સુદ્ધાં ન પડી - આ પ્રસંગમાં મુનિ બાવાને સુદર્શનચક્ર ઘુમાવતા શ્રીકૃષ્ણનાં દર્શન- શ્રીજીમહારાજને પગે લાગ્યા-વૃત્તિ સ્થિર થતાં સમાધિ-ફકત ૮-૧૦ દિવસ બાદ દીક્ષા લીધી- તેઓ ૧૦૪ વર્ષ જીવ્યા હતા - સુરતમાં તેમના દ્વારા સત્સંગ પ્રચાર થાય એ હેતુથી તેમનું નામ તથા વેશ બદલ્યા નહોતા - કથાવાર્તાના ઈશકવાળા-શાસ્ત્રોના અભ્યાસી હતા. બ્રહ્માનંદ સ્વામી સાથે વધુ હેત તેથી મુનિબાવા તેમને પ્રશ્ન પૂછે છે :

* આવો સત્સંગનો ને ભગવાનનો યોગ થયો છે.
* બીજા વિકાર સર્વે ટળી ગયા છે.
* સત્સંગનો ખપ પણ છે.

  છતાં માન-ઈર્ષ્યા કેમ રહી જાય છે ?

● **આવો સત્સંગનો ને ભગવાનનો યોગ થયો છે : કેવો ?**

* ગ.અં.૨ : ભવબ્રહ્માદિકને પણ દુર્લભ એવો આ સત્સંગ છે.
* ગુણાતીતાનંદ સ્વામી : 'કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને જે ભગવાન અને જે સંતને મેળવવાના હતા, તે આજ આપણને મળ્યા છે.'
* એક વાર લાડુબા-જીવુબાએ શ્રીજીમહારાજને કહ્યું : 'અમારા કેવા ભાગ્ય કે ગોપ-ગોપીઓને જે ભગવાન મળ્યા હતા, તેના જ અમને યોગ-દર્શન પ્રાપ્ત થયા.' ત્યારે મહારાજ કહે : 'ગોપી-ગોવાળને જે ભગવાન મળ્યા હતા, તે ભગવાનને તો આ ભગવાનનાં દર્શન સુદ્ધાં થયા નથી. તમે તો એનાથી વધુ ભાગ્યવાન છો.'
* મુક્તાનંદ સ્વામી આપણી મોટ્યપ વર્ણવતા કહે છે :

  ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી.
  પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો...

* આ સંત્સંગમાં ને સમાગમમાં કેવું કામ થાય છે ? એ વાત સમજાવતા ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'બીજે જે કામ એક કલ્પમાં થાય તે અહીં એક દિવસમાં થાય છે. એટલે કે દાન, વ્રત, તપ, યજ્ઞ, તીર્થ વગેરે જેવાં શુભ કાર્યો એક લાખ વર્ષ સુધી કોઈ કરે, ને જે ફળ થાય તે ફળ અહીં એક સેકન્ડના સમાગમમાં થાય છે.
* તુલસીદાસ પણ કહે છે :

  એક ઘડી આધી ઘડી તાકી પુનિ આધ,
  તુલસી સંગત સંત કી કટે કોટિ અપરાધ.

● **આવા સત્સંગનું ફળ શું ?**

* જેમ આંબાનું ફળ લાકડા, પાંદડાં, છાંયો મળે એ નથી પરંતુ કેરી છે. તેમ આ સત્સંગનું ફળ સારું સારું ખાવાનું મળે, ધન મળે, માન-મોટ્યપ મળે એ નથી પરંતુ સ્વભાવ,, દોષો, વાસના, પ્રકૃતિ ટળે, બ્રહ્મરૂપ થવાય ને ભગવાનના દિવ્યસુખનો અનુભવ થાય એ છે.

● **બીજા વિકાર સર્વે ટળી ગયા છે :**

મુનિબાવા અનુભવે છે અને જણાવે છે કે

સત્સંગના યોગમાં આવવાથી કેટલાક વિકારો જેવા કે કામ, ક્રોધ, લોભ, સ્વાદ વગેરે ટળી ગયા છે. બધા જ દોષોની વાત નથી.

* જેમ કે વાલિયો લૂંટારો-લોભ ટાળ્યો, જોબનપગી - લોભ ટાળ્યો, જેતલપુરની વેશ્યાના કામાદિક વિકાર ટાળ્યા, વાલેરો વરુ-વેરભાવ ભૂલ્યો, બોચાસણના હીરામુખી માથાભારે માણસમાંથી સરળ ભક્ત બન્યા.
* સત્સંગનો ખપ પણ છે ?

ખપ હોય તો,
- ભીડો વેઠાય,
- આજ્ઞા પળાય,
- સેવા થાય,
- દુઃખ, કષ્ટ સહન થાય.

આવો ખપ પણ સંતો હરિભક્તોમાં જોવા મળે છે. પરમહંસોમાં ખપ હતો એટલે તો ૧૧૪ પ્રકરણોમાંથી પસાર થયા. દેહની પરવા વગર માન-અપમાન, કષ્ટો સહ્યાં, ભીડો વેઠ્યો. હરિભક્તોએ પણ ધન-ધામ-કુટુંબનું સમર્પણ કર્યું છે. આજે પણ કરે છે અર્થાત્ ખપ તો છે જ. હવે પ્રશ્ન એ છે કે :

● **છતાં માન-ઈર્ષ્યા કેમ રહી જાય છે ?**

* અલૈયાખાચર, જીવાખાચર, પૂર્ણાનંદ સ્વામી કે નિર્વિકલ્પાનંદ વગેરેમાં કામાદિક - વિકારો તો ટળી જ ગયેલા. સત્સંગનો ખપ પણ હતો. તો જ 'ભીડો વેઠીને સત્સંગ કરતા ને કરાવતા હશે ને ? છતાં એ બધામાં માન-ઈર્ષ્યા રહેલા જોવા મળે છે.
* ગ.પ્ર. ૪ : વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે ભગવાનના ભક્તને ઈર્ષ્યા ન કરવી. ત્યારે આનંદ સ્વામી સ્વાભાવિક રીતે કહે છે : 'હે મહારાજ, ઈર્ષ્યા તો રહે છે.'
* બ્રહ્માનંદ સ્વામી યતિ કહેવાતા. નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. જૂનાગઢમાં કામાસક્ત ઘોડાનો માત્ર સ્પર્શ કર્યો ને તેના વિકારો શાંત પાડી દીધા.
* સુરાખાચરને પણ સ્ત્રીનો યોગ થયો છતાં તેમાં ન લેવાયા. મહારાજે તેમને પણ યતિ કહ્યા.
* શુકમુનિ સ્વામી તો શ્રીજીમહારાજના અંગત સેવક ને શ્રીજીમહારાજે એમના વખાણ વચનામૃતમાં કર્યા છે કે એમને ચડતો ને ચડતો રંગ છે. નિયમધર્મમાં અતિ દૃઢ. છતાં આ ત્રણે જણને શ્રીજીમહારાજ ગ.અં.૨૮માં વચનામૃતમાં પૂછે કે જેણે કરીને તમે પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ? ત્યારે એ ત્રણેય જવાબ આપે છે કે 'માનરૂપ દોષ છે.'
* સત્સંગનો આવો ઉત્કૃષ્ટ ખપ હોવા છતાં આવા દોષો કેમ રહી જાય છે ?
* શ્રી.મ. તેના ઉત્તર આપતાં કહે છે કે એનામાં બુદ્ધિ નથી. બુદ્ધિભેદને લીધે ભક્તના બે ભેદ પડે છે.

● **બે પ્રકારના ભક્તના ભેદ.**

૧. મોક્ષ-ઉપયોગી બુદ્ધિવાળો ૨. વ્યાવહારિક ચોજાળી બુદ્ધિવાળો.

૧. મોક્ષ-ઉપયોગી બુદ્ધિવાળો :

* પોતાના અવગુણ હોય તે જાણે અને ગુણ હોય તે પણ જાણે.
* બીજામાં અવગુણ હોય તે જાણે અને ગુણ હોય તે પણ જાણે.

આ બંને વાત જાણ્યા પછી એ પોતાના તરફ જ દૃષ્ટિ રાખે - પોતાના અવગુણો ટાળવા પુરુષાર્થ કરે, બીજા કોઈ સંત-હરિભક્ત એ અંગે વાત કરે તો તેને પણ હિતકારી માને. તેથી તેના માન ઈર્ષ્યાદિક ટળે છે.

* આવો ભક્ત થોડી બુદ્ધિવાળો હોય, તોય આવ સમજણરૂપી બુદ્ધિ તેનો મોક્ષ કરે.
* અમદાવાદના દામોદર શેઠને એક સંતે વગ વાંકે ધોલ મારી ચાલુ સભામાં અપમાન કર્યું. વખતે દામોદરભાઈએ ઊઠીને સંતની માફ માગી અને કહ્યું : 'સંતો તો આપણાં માબા કહેવાય. માવતર તો છોકરાને તેના ભલા મા

જ મારે.'

* મુક્તાનંદ સ્વામીને તેમના સેવક કાંકરાં વીણ્યા વિનાની ખીચડી રાંધે ને રોજ જમાડે. નિત્યાનંદ સ્વામીને આ વાતની ખબર પડી. તેમણે સેવકને ઠપકો દીધો ત્યારે મુક્તાનંદ સ્વામી કહે : 'એ ભૂલ મારી છે. મારી ભેગો રાખીને હું સુધારી શક્યો નહીં.'
* જૂનાગઢમાં બાલમુકુંદ સ્વામી દિવસમાં એક વાર જ જમે. એક વાર દશમના દિવસે તેઓ સેવકના આગ્રહથી સાંજે જમવા ગયા. ત્યારે ભંડારીને તેમના પ્રત્યે દ્વેષ હોવાથી તેમણે પત્તર આંચકી લીધું. તે વખતે બાલમુકુંદ સ્વામી કહે : 'ભંડારીએ સારું કર્યું. આપણે જમવું જ નહોતું. સાનુકૂળ કરી આપ્યું.'
* ગ.પ્ર. ૫૦ : 'જે પોતાના કલ્યાણનું જતન કરે એ બુદ્ધિશાળી.'
* એટલે પોતામાં અવગુણ પરઠે - પોતાની ભૂલ સ્વીકારે એ બુદ્ધિશાળી.
* યોગીજી મહારાજ : 'કોઈ મને મારી ભૂલ દેખાડે એ બહુ ગમે. જેથી આપણે સુધરાય.'
* ન્યૂયોર્કમાં સ્વામીશ્રી સમક્ષ એક બાળક કીર્તન બોલવા લાગ્યો. સંતો વાતો કરતા હતા. તેથી કોઈનું ધ્યાન ગયું નહીં. યોગી ચૂપ થઈ ગયો ને તે કહે : 'હું બોલ્યો પણ કોઈ સાંભળતું જ નથી ને બધા વાતો જ કર્યા કરે છે. સ્વામીશ્રી તરત યોગીને કહે : 'સોરી, મારી ભૂલ થઈ ગઈ.'
* 'હું ખોટો હતો. મારી ભૂલ થઈ.' આવું બોલતા જે શીખે, તે પ્રગતિના પ્રથમ પગથિયા પર પગ ભરતો થયો જાણવો.
* ગ.મ. ૫૩માં મોહની વિશિષ્ટ વ્યાખ્યા કરતા શ્રીજીમહારાજ કહે છે કે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહ છે.
* પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી ચાલ્યું. જેમાં કુલ ૬ કરોડ સૈનિકો ઊતર્યા હતા. જેમાં ૮૦ લાખ મરાયા, ૨ કરોડ ઘાયલ થયા ને ૭૦ લાખ સૈનિકો લાપતા બન્યા. યુદ્ધમાં લગભગ ૩૬ દેશો સંડોવાયા હતા. જેમાંના ઘણા દેશોમાં યુદ્ધ બાદ ભયંકર વ્યાપક રોગચાળો ફેલાયો. જેમાં ૪૦ લાખ લોકો માર્યા ગયા. આ યુદ્ધમાં ૨૭૦ અબજ ડૉલર ખર્ચ થયો.

  છતાં પણ આ યુદ્ધ માટે ૩૬ દેશોમાંથી જવાબદાર કોણ ? એ સ્વીકારવા હજી પણ કોઈ દેશ તૈયાર નથી. આ જ મોહ. પોતાનો અવગુણ ન સૂઝે એ મોહ.
* ગ.પ્ર. ૫૦ : 'જે પોતાના કલ્યાણનું જતન કરે એ બુદ્ધિશાળી.' તે સિવાય આખા રાજ્યનો કારભાર ચલાવે, વહીવટ કરે, આયોજન કરે, સંશોધનો કરે, શાસ્ત્રજ્ઞાતા હોય, વિદ્વાન હોય પણ તે બુદ્ધિશાળી નહીં.

● **કલ્યાણનું જતન એટલે શું ? અને તે શામાં છે ?**

* કલ્યાણનું જતન એટલે પ્રગટ ભગવાન અને પ્રગટ સંતને ઓળખવા અને તેમાં ક્યારેય મનુષ્યભાવ ન આવવા દેવો.
* પોતાના કલ્યાણદાતા એવા ગુરુરૂપ હરિમાં મનુષ્યભાવ લાવવા માટે મૂળ કારણભૂત કોઈ હોય તો તે છે સ્વભાવો-પ્રકૃતિ-વિકારો. તેને ટાળવાનો સાવધાનપણે પુરુષાર્થ કરે એ કલ્યાણનું જતન. અને એવું જતન કરે તે બુદ્ધિશાળી.
* આવા હોય તેમાં લૌકિક બુદ્ધિ ભલે ઓછી હોય, પણ તે મોટી પ્રાપ્તિને પામે.
* શબરી અભણ ને નીચી જ્ઞાતિની એક અબળા હતી. તેને બીજું કંઈ જ્ઞાન હતું નહીં, પણ રામને ઓળખ્યા ને એમની ભક્તિ કરી તો આધ્યાત્મિક ઇતિહાસમાં અમર બની ગઈ.
* ગોપીઓ, આમ જુઓ તો આજની ભરવાડણો જ કહેવાય. ભાષા, વેશભૂષા, રહેણીકરણી બધું જ તાલ-મેલ વગરનું. બહારની રીતે કશી વિશેષતા ન જણાય. પણ કલ્યાણના જતનમાં તે સજાગ

હતી. પ્રગટ ભગવાન માટે તે દેહ-સ્વભાવો કે દેહની ક્રિયા બધુ જ વિસરી જતી. સગા-સંબંધી કે ઘરનો ધંધો ભૂલી જતી. તો આજે તે અમર બની ગઈ. ઉદ્ધવજી જેવા કુશળ રાજનીતિજ્ઞ તેના ચરણની રજ માથે લેવા ઇચ્છતા. માટે ગોપીઓ બુદ્ધિશાળી હતી.

* શ્રીજીમહારાજ કહેતા નાથ ભક્ત બુદ્ધિશાળીને દીવાનજી મૂર્ખ. દીવાનજી એટલે ગાયકવાડ, સિંધિયા અને હોલકર-એ ત્રણ રાજ્યનો કારભાર ચલાવે. કેટલા બુદ્ધિશાળી હશે ? ને નાથ ભક્તને ૧ થી ૧૦ ગણતા ય ન આવડે. પરંતુ મહારાજને ઓળખવામાં નાથભક્ત સફળ થયા. ને દીવાને દ્રોહ કર્યો, એટલે દીવાનજી મૂર્ખ.

૨. વ્યાવહારિક - ચોજાળી બુદ્ધિવાળો અથવા બુદ્ધિહીન :

મહારાજની દૃષ્ટિએ જે બુદ્ધિવાળો નથી એ

* પોતાનામાં ગુણ જ જાણે, ભલે તે સદ્‌ગુણો હોય કે ન હોય, પણ પોતાને સૌથી ગુણવાન સમજે.
* અવગુણ હોય તેને જાણે નહીં. અવગુણ તરફ આંખ આડા કાન કરે, ભલે ઢગલાબંધ હોય, તો પણ. ઊંટ કહે :

આ સમામાં વાંકા વાંકા અંગવાળા;
ભૂંડા ભૂતળમાં પશુઓને પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી;
કૂતરાની પૂછડીનો વાંકો વિસ્તાર છે.

આમ, ઊંટ બધાની ખોટ કાઢવા લાગ્યું. પણ પોતાના અઢાર અંગ વાંકા હતા તે દેખાયા નહીં.

* મનુષ્યની આ સ્વાભાવિક પ્રકૃતિ છે. આવી પ્રકૃતિવાળાને મહારાજ બે ઉપમા આપે છે. તે મૂર્ખ છે - મહામૂર્ખ છે.
* આવી ચોજાળી બુદ્ધિવાળો કદાચ વ્યવહાર કાર્ય સારું કરતો હોય, બીજાની ખોડખાંપણ કાઢી, આંખો કાઢી ડરાવી શકતો હોય, પણ એની સૌથી મોટી ખોટ છે. એની આ બુદ્ધિ એને મોક્ષમાં ઉપયોગી થાય નહીં. એને સત્સંગનું સુખ ન આવે. તે અર્ધબળ્યા કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે. લોકો એને પૂછે-માને પણ ઉદ્વેગ-અશાંતિ-ફરિયાદ કે અસંતોષ એના તો મટે જ નહીં. અંતે ભગવાન ને સંતનો જ દ્રોહ કરે ને આસુરી જીવ બને.
* રાવણ, કંસ કે શિશુપાલ કેવા બુદ્ધિશાળી હતા. પણ આ સાધનામાં કાચા પડ્યા.
* જીવાખાચરને મહારાજની અનન્ય નિષ્ઠા. ટાણાની ચાર સેવા કોઈથી ન થઈ શકે તે તેમણે કરેલી. (૧) વરસાદની મોસમમાં પોતાના ઘરમાં ચૂલા પર મહારાજને શૌચ માટે બેસાડ્યા. (૨) ઠંડી લાગી તો પોતાનો નવો પલંગ ફાડીને મહારાજને તપાડ્યા. (૩) એક વાર સભામાં મહારાજને થૂંકવાનું થયું તો પોતાની પાઘ ધરી. (૪) એક વાર શેરડી ખાતા ખાતા મહારાજને છરી વાગી, તો પોતાનો નવો સાફો ચીરીને મહારાજને આંગળીએ બાંધ્યો.

તેમ છતાં તેમની બુદ્ધિ મોક્ષના ઉપયોગમાં ન આવી શકી. પોતાના અવગુણ ઓળખી જ ન શક્યા. માટે કલ્યાણમાં વિઘ્નરૂપ એવા પોતાના દોષો-અવગુણો તેને ઓળખે નહીં ને ટાળવાનો પ્રયત્ન ન કરે તો તે બુદ્ધિવાળો નથી.

* **મોક્ષમાં ઉપયોગી થાય એવી બુદ્ધિ કેવી રીતે આવે ?**

૧. સારાસાર વિવેક વિચાર -

* સ્વભાવો જેવા કે માન-ઈર્ષ્યા રાખવાથી થત લાભ, અને એમાંથી મળતા સુખનો વિચાર તથ તેનાથી થતી ખોટનો વિચાર કરવો. બેમાં વ' સારું શું છે ? ભગવાનને શું ગમે છે ? ને ર ભગવાનને ગમતું કરવાથી શું લાભ છે ? તટસ્થ રીતે શાંત ચિત્તે આનો વિચાર કરવો.
* સ્વાભાવિક રીતે જ સ્વભાવોનું સુખ તમોગુણ છે. એ અંતે અપાર દુઃખનું કારણ છે. માટે તે ત્યાગવા જ જોઈએ.
* એક સમડી માંસનો લોચો લઈને ઊડતી હત

તેની પાછળ બીજી ૫-૧૦ સમડીઓ પડી. ને તેને ચાંચો મારવા લાગી. આખરે તેણે માંસનો લોચો મૂકી દીધો, બધી જ સમડીઓ એની ભેગી જતી રહી. એમ આપણે સ્વભાવોના લોચા મૂકીએ તો બીજા પ્રશ્નો એના ભેગા જાય.

૨. ભગવાનનો મહિમા :

* લાખોપતિ માણસ અબજોપતિને જુએ તો તેનું પૈસાનું માન જતું રહે. શાળાનો હેડમાસ્તર યુનિવર્સિટીના કુલપતિને જુએ તો પોતાના હોદ્દાનું માન જતું રહે અને ગામડાનો ભજન ગાનારો ભજનિક, વિશ્વપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક ને જુએ તો પોતાનું માન જતું રહે. તેની ઈર્ષ્યા ન રહે.
* એમ ભગવાનની યથાર્થ મોટપ સમજાય, તેમના ઐશ્વર્ય શક્તિનું જ્ઞાન થાય, તેમાં રહેલા અનંત ગુણોનો પરિચય થાય તો તેમની સાથે અને તેમના સંબંધવાળા સાથે. માન-ઈર્ષ્યા રહે જ નહીં.
* ગ.અં. ૨૮ના વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે 'એ રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય પછી ભગવાનના સંત સાથે માન ને ઈર્ષ્યા કેમ થાય ? અને જો થાય છે તે જાણ્યામાં ફેર છે. જેમ ગવર્નર સાહેબને જાણ્યો છે જે એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે ને જો તેનો ગરીબ સરખો હમૂલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટા મોટા રાજા હોય તે પણ માને ને જેમ કહે તેમ દોર્યા દોરાય. શા માટે જે તે રાજાએ એમ જાણ્યું છે જે બળિયો જે ગવર્નર તેનો એ હમેલિયો છે. અને જેથી જે બળિયો હોય તેની આગળ માન રહે નહીં. તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?

...ઉદ્ધવજી કેવા મોટા ને કેવા ડાહ્યા હતા પણ ભગવાનની મોટાઈ જાણી હતી તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેના ચરણની રજને પામ્યા સારુ વનવેલીનો અવતાર માગ્યો.

◆

❖ **વચનામૃત** : પંચાળા : ૭ - નટની માયાનું.

❖ **સ્વામીની વાત :** ૧. પ્રકરણ : ૧, વાત : ૧૪૮

૨. પ્રકરણ : ૪, વાત : ૩૭

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત પંચાળા પ્રકરણનું સાતમું : નટની માયાનું

આમ ... પંચાળાને પોતાનાં સગાં-

સ્વામિનારાયણ હરે..

સંવત ૧૮૭૭ના ફાગણ વદી ૧૧ એકાદશીને દિવસ છ ઘડી દિવસ ચઢતે શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ઝીણી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

ભગવાન અને સંતને અર્થે ત્યાગ કરવો જરાય કઠણ ન લાગે. પછી એમને અર્થે તન-મ ધનથી ભીડો વેઠાય, થાક, ભૂખ, તરસ વગ

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'એવી રીતે સર્વના

પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મ

ન થાય

મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન-ઉપાસના-ભક્તિ કરવી પણ તેથી કાંઈ ◆ પૃથક્ ન સમજવું. અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો. અને જે આવી રીતે સમજે તેને તે ભગવાનને વિષે કોઈ રીતે મોહ થતો નથી. અને આ વાર્તા છે તે કેને સમજ્યામાં આવે છે તો જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે, 'આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે. ને તે ભગવાનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખાં પ્રકાશે યુક્ત છે' એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે. અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના

કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. અને આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે. અને જેણે પ્રથમ એવો દૃઢ નિશ્ચય કર્યો હોય જે, 'જ્યારે આત્યંતિક પ્રલય થાય છે તેને અંતે પણ ભગવાન સાકાર છે.' એવી દૃઢ ગ્રંથિ હૃદયમાં પડી હોય ને પછી જો તેને તેજોમય અલિંગપણું જે શાસ્ત્રમાં કહ્યું હોય તેનું શ્રવણ થાય તથા એવી વાર્તા કોઈ થકી સાંભળે તો પણ તેને સંશય થાય નહિ. કેમ જે, એ તો એમ સમજ્યો છે જે, 'ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી. અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે.' એવી રીતે જેની દૃઢપણે સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી.' એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પોતાના સ્વરૂપની જે અનન્યનિષ્ઠા તે સંબંધી વાર્તા કરી તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજના સ્વરૂપની એવી જ રીતે વિશેષે દૃઢતા કરતા હવા.

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

- ❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે ભગવાન મનુષ્યરૂપે અવતરે છે - તેમાં દિવ્યતા જોવાની દૃષ્ટિ આપી છે.
- ❊ અક્ષરધામના અધિપતિ એવા સર્વોપરી અને સદા દિવ્ય સાકારમૂર્તિ પોતે જ છે એવો સંકેત કર્યો છે.
- ❊ છતી દેહે જ દિવ્ય થવાની 'માસ્ટર કી' આપી છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❀ ભગવાન દિવ્ય અને સાકાર છે :

શ્રીજીમહારાજ વચનામૃતમાં આપણને વારંવાર ભગવાનના સાકારપણાની દૃઢતા કરાવે છે. કારણ કે જો ભગવાનને સાકાર ન સમજે તો -

૧. ભગવાનનું કર્તાપણું ન રહે (વચ.પં.૧, ગ.મ. ૩૫, ગ.મ.૧૦)
૨. ભગવાનનો દ્રોહ થયો કહેવાય (વચ.ગ.મ.૯, વચ.વ.૨)
૩. પંચમહાપાપ કરતાં વધુ પાપ લાગે (ગ.પ્ર.૭૧, ગ.મ.૩૯)
૪. ગુણમાત્ર દોષરૂપ થઈ જાય. (લો.૧૬)
૫. ઉપાસનામાં ખામી કહેવાય, એટલે માયા પર ન થવાય. (અં.૩૫)

- ❊ ભગવાનના સાકારપણાની સમજણ શ્રીજી મહારાજનો મત, અભિપ્રાય અને સિદ્ધાંત છે (વચ.ગ.પ્ર.૩૭, ગ.પ્ર.૭૧, લો.૧૪, ગ.મ.૧૦, ગ.મ.૩૯, ગ.અં.૩૦)
- ❊ નાવલીના કશિયાભાઈને અદ્વૈતીના યોગે

નિરાકારની સમજણ થયેલી, પછી ભગવદાનંદ સ્વામીએ સાકારપણાની નિષ્ઠા દૃઢ કરાવી. તેથી શ્રીજીમહારાજે શુષ્કવેદાંતીનો સંગ કરવાની ના પાડી છે.

❀ ભગવાન શા માટે મનુષ્ય જેવા થાય છે ?

૧. અનંત જીવોના કલ્યાણને અર્થે (વચ.ગ.પ્ર.૭૮, ગ.પ્ર.૬૩, વ.૧૩, સા.૬, કા.૭, ગ.મ.૧૦)
૨. ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે.
૩. પોતાની મૂર્તિનું સુખ ભક્તોને પ્રાપ્ત થાય તે માટે. (વચ.કા.૫)
૪. મનુષ્યને દર્શન, સ્પર્શ, નવધા ભક્તિ કર્યામાં સુવાણ થાય તે માટે. (વચ.પં.૪)
૫. જીવને સેવા કર્યાનો યોગ આવે તે માટે. (વચ.ગ.પ્ર.૭૨)

૧. જીવોનું કલ્યાણ કરવા મનુષ્ય જેવા થાય છે :

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે :

કિયાં કીડી-કરિ મેળાપ ભેળો થાવા ભારે ભેદ છે રે
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે
અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક-અમાયિકને રે
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે
તૈંયે થાય એનો મેળાપ, જ્યારે નરતનુ ધરે નાથજી રે
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય એને સાથજી રે.

❊ એક નાનું બાળક પથ્થરની બખોલમાં જતું રહ્યું. મા-બાપ ચિંતા કરવા લાગ્યાં. એક બુદ્ધિશાળીએ ઉપાય બતાવ્યો કે એનાં જેવડાં નાનાં-નાનાં બાળકોને બહાર રમતાં મૂકો. બાળકોને રમતાં જોઈ પેલું બાળક પણ આપોઆપ બહાર આવી ગયું. તેમ માયાની બખોલમાં ભરાયેલાં જીવોને બહાર કાઢવા માટે ભગવાન પોતે પણ મનુષ્ય જેવા થાય છે.

❊ ભવસાગરમાં ડૂબતાંને તારવા ભગવાન પોતે પણ ભવસાગરમાં પડે છે. હાથપગ હલાવવાની ક્રિયા, ડૂબનાર-તારનારની સમાન લાગે પણ બંનેમાં ફરક છે. એમ ભગવાન પોતે પૂર્ણકામ છે, પણ જીવોને માયામાંથી છોડાવવા મનુષ્ય જેવાં ચરિત્રો કરે છે.

૨. ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે :

❊ શ્રીજીમહારાજ પ્રગટ થયા તેના છ હેતુમાં એક હેતુ આ હતો કે ભક્તોના મનોરથ પૂર્ણ કરવા.

❊ અદીબાને મનમાં સંકલ્પ રહી ગયેલો કે મહારાજે મને બોલાવી પણ દેખીને ઊલટી કરવા લાગ્યા, સ્પર્શ પણ થઈ શક્યો નહિ. એ સંકલ્પ મહારાજે ગઢડામાં પગથિયાં ઊતરતાં અદીબાના ખભાનો ટેકો લઈ પૂરો કર્યો.

❊ એક ભક્તે સંકલ્પ કર્યો કે શ્રીજીમહારાજ મને ડૂંટી પર રૂપિયો મૂકવા દે તો હું ભગવાન માનું. મહારાજ સભામાં ઢોલિયે બિરાજ્યા હતા. તે ભક્ત દર્શને આવ્યો ત્યારે મહારાજે શરીર લંબાવ્યું ને નાભિ ખુલ્લી કરી કહ્યું, 'લે, મૂક રૂપિયો.'

૩. આપણને સુખ આપવા માટે મનુષ્યચરિત્ર કરે છે :

❊ વરજાંગ જાળિયાના હીરા ઠક્કરને ત્યાં જઈ મહારાજે કહ્યું, 'અમારે તમારે ઘેર માંદા પડવું છે.' તેમણે તો રાજી થકા મહારાજને રાખ્યા. મહારાજે તીવ્ર બીમારી ધારણ કરી. તાવમાં 'આ ચાંદાને કાઢો, અગ્નિ વરસાવે છે, હું દાઝું છું...' એમ બબડતા. વળી અચાનક રાત્રે જલેબી ને આંબલીના કાતરા માંગીને ખાધા. આમ અઠવાડિયા સુધી ભયંકર બીમારી ધારણ કરી. હીરાભાઈ અને તેમનાં પત્નીએ રાત-દિવસ ખડેપગે સેવા કરી, અને હેતપ્રીત અનંત ગણાં વધ્યાં.

❊ શાસ્ત્રીજી મહારાજે અંત અવસ્થાની બીમારી ગ્રહણ કરી ત્યારે એકદમ બોલે, 'સગડી લાવો, મને ઠંડી ચઢે છે...' સગડી આવે કે તરત ખુલ્લા શરીરે કેફથી બેસે ને કહે, 'સગડી લઈ

જાવ, પંખો કરો, ગરમી થાય છે.'

❋ નરસિંહ મહેતાએ કહ્યું છે :

પોતાના સરખી કરીને જાણે પુરુષોત્તમની કાયા રે, નરસૈયાના સ્વામીની લીલા ઓલ્યા મતિયા કહે છે માયા રે.

❋ વચ.લોયા.૧૮ મુજબ ભગવાન અને સંતમાં હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મમરણ, બાળ-યુવાન-વૃદ્ધ વગેરે દેહના ભાવ નથી, તેમ જ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, પક્ષપાત વગેરે અંતઃકરણના ભાવ પણ નથી.

તેથી શ્રીજીમહારાજ આપણને સમજણ આપે છે કે :

❀ એમનો દેહભાવ નટની માયાની પેઠે છે

❋ ભગવાનમાં જણાતો દેહભાવ કર્મવશ નથી પણ નટની માયાની જેમ છે.

❋ એક રાજાને ત્યાં નટે પોતાની વિદ્યા રજૂ કરી. રાજાને કહ્યું, 'હું આકાશમાં ઈન્દ્રની સહાય કરવા અસુરો સાથે લડવા જાઉં છું. હું હેમખેમ પાછો ન આવું ત્યાં સુધી મારા સ્ત્રી-છોકરાંને સાચવજો.' એમ કહી આકાશમાં દોરડું ફેંક્યું. તેને ઝાલી ઝટપટ ચઢી ગયો. આકાશમાં દુદુંભિનાદ થયા. યુદ્ધનું વાતાવરણ સૌએ અનુભવ્યું. થોડીવારમાં તો તે નટનાં હાથ-પગ ને ધડ-માથું નીચે પડ્યાં. તેની સ્ત્રીએ બધું ભેગું કર્યું ને ચિતા ખડકીને ખોળામાં પતિનાં અંગો લઈને તે બળી મરી. ત્યાં તો નટ દોરડેથી ઊતર્યો ને રાજા પાસે સ્ત્રી માગી. રાજા કહે, 'એ તો તારાં અંગોને લઈને સતી થઈ.' નટ કહે, 'અરે રાજા, હું ગરીબ માણસ. મારી સ્ત્રીમાં ક્યાં તમારું મન લાગ્યું, તે એને સંતાડી !' રાજા કહે, 'આ બધા સાક્ષી છે, તારી સ્ત્રી બળી ગઈ છે.' તે કહે, 'હું બોલાવું ?' 'બોલાવ.' નટે ઊંચેથી સાદ કર્યો, 'રૂડકી.... એ રૂડકી...' ત્યાં તો તે પછવાડે મહેલની અટારીએ દેખાઈ ને કહ્યું, 'હું આ રહી !'

આ સમગ્ર દૃશ્ય જોનાર રાજા ને પ્રજા સૌ આશ્ચર્ય અનુભવી રહ્યાં. હકીકતે નટ આકાશમાં ગયો નહોતો, કપાયો નહોતો, તેની સ્ત્રી અંગો લઈ ચિતા પર ચઢી નહોતી... આ એની રમત નટના છોકરા માટે નિત્યનો ખેલ હતો. જો નટની માયા જાણી ન શકાતી હોય, તો નટવર એવા પરબ્રહ્મની લીલા કેમ જાણી શકાય !

❋ પરબ્રહ્મમાં કે તેમના ધારક સંતમાં જે કંઈ દેખાય છે તે આ નટની માયા જેવું છે. દેહ-અંતઃકરણના ભાવ દેખાય છે છતાં નથી, જેમ કે ઝાંઝવાનાં પાણી.

❋ પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહે છે : 'ભગવાન અને સંત અરીસા જેવા છે. અરીસો શુદ્ધ, સ્વચ્છ છે, પણ આપણે તેની સામે ઊભા રહીએ તો આપણામાં રહેલાં દાગ, કાળાશ, આકાર વગેરે દેહભાવ અરીસામાં જણાય છે. હકીકતે તે આપણા છે, અરીસાના નથી.'

❀ પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિમાં ત્યાગ-ભાગ નથી :

❋ ભગવાનની સમગ્ર મૂર્તિ દિવ્ય છે, નખશિખ સુંદર છે - જેમ સાકરની મૂર્તિનાં બધાં જ અંગો મધુર હોય, તેમ. જેમ નાળિયેરનાં છોતરાં, કાચલી, ગર્ભ અને પાણી જુદાં કરી શકીએ છીએ - તેનો ત્યાગ-ભાગ જોઈ શકાય છે, પરંતુ એ જ નાળિયેર સાકરનું બનાવ્યું હોય તો ? બધું જ મધુર. તેમ ભગવાનનું સ્વરૂપ સર્વાંગ દિવ્ય, આનંદમય અને કલ્યાણકારી છે.

❋ વચ.વર.૭ : ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામ રૂપ થઈ જાય છે અને ચોવીસ તત્ત્વને વિષે આવે તો ચોવીસ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે.

❋ ભગવાન અને સંતના યોગમાં, સંબંધમાં કોઈપણ વસ્તુ, પદાર્થ, વસ્ત્ર, અલંકાર, સ્થાન,

વૃક્ષ, સેવક, ગાડી જે કંઈ આવે, તો તે પણ નિર્ગુણ થઈ જાય છે, દેવતુલ્ય થઈ જાય છે, (વચ. ગ.મ.૮, ગ.મ.૧૩. કા.૯, વર.૧૨) તો ભગવાન નિર્ગુણ હોય તેમાં શું કહેવું ?

❋ ગીતા કહે છે : 'जन्म कर्म च मे दिव्यम्...' મારા જન્મ અને કર્મને જે દિવ્ય માને છે, તે દેહ મૂકીને મને પામે છે પણ ફરી જન્મમરણને પામતો નથી.

❋ યોગીજી મહારાજ કહેતા : 'શાસ્ત્રીજી મહારાજની રજે રજ જેટલી ક્રિયા પણ દિવ્ય.'

❀ ધામના સ્વરૂપ અને મનુષ્યસ્વરૂપની એકતા :

❋ જેમ નાટકમાં કોઈ એકટરે ભિખારીનું પાત્ર ભજવ્યું, તે એકટરને ઓળખનાર વ્યક્તિને તેમાં ભિખારીપણું દેખાય છે, પણ તેના વિષેની લાખોપતિ-કરોડોપતિની મૂળ છાપ ભૂંસાતી નથી; તેમ અક્ષરધામમાં રહેલ ભગવાનનું મૂળ સ્વરૂપ છે તે જ મનુષ્યરૂપે અહીં સંસારના તકતા પર આવ્યું છે. મનુષ્ય થયા છે તો બધું જ મનુષ્ય જેવું જ આચરણ કરે છે, પણ ખરેખર તો એ દિવ્ય છે.

❋ વચ.ગ.મ.૧૩ : જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.

❋ વચ.ગ.અં.૩૧ : ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.

❀ જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન - ઉપાસના કરવાં :

❋ શ્રીજીમહારાજ ધ્યાન, ઉપાસના ને ભક્તિ પ્રત્યક્ષ સ્વરૂપની કરવા આદેશ આપે છે. કારણ કે અક્ષરધામમાં વિરાજિત સ્વરૂપ નજરે દેખ્યું નથી તો તેનું ધ્યાન કેવી રીતે શક્ય બને ? તેથી શ્રીજીમહારાજ વચ.ગ.મ.૧૩માં કહે છે કે ભગવાન મનુષ્યદેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે તે ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે ને પરમપદને પામે છે.

❋ વચ.લો.૧૧માં મહારાજે અન્ય અવતારો કે દેવોના પરોક્ષ રૂપનું ધ્યાન કરવાનો નિષેધ કર્યો છે.

❋ શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં પોતાના ધ્યાન-ઉપાસનાનું કહ્યું પણ પોતે અંતર્ધાન થયા પછી કોનું ધ્યાન કરવું ? એમના અખંડ ધારક સત્પુરુષનું. શા માટે ?

❋ સ્વયં શ્રીજીમહારાજ કહે છે :

'સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે,
સંત હું ને હું તે વળી સંત રે, તેમ શ્રીમુખે કહે ભગવંત
ર ` . . '

(નિષ્કુળાનંદ સ્વામી)

❋ વચ.સા.૧૦ : એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.

❋ ગંગાજળ ભરેલી લોટીનું પૂજન એ ગંગાનદીનું પૂજન છે, લોટીનું નહીં. સોપારીમાં ભગવાનનું આવાહન કર્યા પછીનું પૂજન ભગવાનનું પૂજન છે, સોપારીનું નહીં.

❋ લોઢામાં અગ્નિ પ્રવેશે પછી લોઢાનો ઠંડો સ્પર્શ કે શ્યામ રંગ દાબીને અગ્નિ પોતાનો ભાવ જણાવે છે, તેમ ગુણાતીત સંતનો ભાવ દાબીને એમનામાં સ્વયં શ્રીજીમહારાજ પ્રગટ વિચરે છે. તેથી પ્રમુખસ્વામીનું ધ્યાન એ શ્રીજીમહારાજનું જ ધ્યાન છે, કારણ કે -

'આપ ટળી મળ્યા ભગવાનમાં,
જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં
હ િ ર . '

❋ આપણી ભક્તિ પ્રગટની છે. માટે જે વખતે જે દ્વારા ભગવાન પ્રગટ વિચરતા હોય તેમાં મન-કર્મ-વચને જોડાઈ જઈએ તો જ સુખ આવે અને છતી દેહે મોક્ષની પ્રતીતિ થાય.

❀ ધામનું અને પ્રગટ સ્વરૂપ પૃથક્ નથી :

એટલે કે જે સ્વરૂપ મળ્યું છે તેમાં પૂર્ણ

પ્રાપ્તિ સમાયેલી છે. અક્ષરધામમાં રહેલા સ્વરૂપથી પ્રગટ વિચરતું સ્વરૂપ પૃથક્ નથી. પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સુખ તો શ્રીજીમહારાજનું જ આવે છે.

❊ એકવાર જાગા સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'પાછોતરો દેહ આવ્યો, નહીંતર શ્રીજીમહારાજનાં દર્શન-સેવા મળત.' તરત સ્વામીએ તેમને કહ્યું, 'આકાર જુદો જણાય છે, બાકી એ જ મુખોમુખ મળ્યા છે.' એમ કહી પોતે પોતાના શરીરે નખશિખ દર્શાવી કહ્યું, 'શ્રીજીમહારાજ અક્ષરધામમાં આમ જ બેઠા છે.'

❊ ગ.અં.૩૧મું વચનામૃત લંડનમાં નિરૂપતી વખતે પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે, 'જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ આ પ્રત્યક્ષ મળ્યા છે, એમાં લેશમાત્ર ફેર નથી.'

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : લોયા પ્રકરણનું બીજું : વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ નામે અંક્તિ એવો જે કાળો કિનખાબ તેની ડગલી પહેરી હતી અને માથે બુરાનપુરી આસમાની રંગનો ફેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કુસુંબી રંગનો ફેંટો કેડ્યે બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મુક્તાનંદસ્વામી આદિક જે પરમહંસ તે દૂકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા.

પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સર્વે પરમહંસ સાંભળો, હું તમને એક પ્રશ્ન પૂછું છું.'' ત્યારે મુનિ બોલ્યા જે, ''હે મહારાજ ! પૂછો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?'' પછી મુક્તાનંદસ્વામીએ જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો. પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી બીજા પરમહંસ બોલ્યા જે, ''હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે, તે અમારી નજરમાં તો એમ આવ્યું છે જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે; તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિ-એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો, એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો અને દેહ છતે કૃતાર્થપણું મનાય છે. હવે એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ. તેમાં જે વિશ્વાસી હોય તે તો પ્રત્યક્ષ ભગવાન ને તેના સાધુ તેના વચનને વિષે અતિશય વિશ્વાસને પામ્યો છે; માટે તે ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહિ અને એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું.' અને જ્ઞાનીને તો આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે, 'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું.' માટે એને પણ મૃત્યુનો ભય હોય નહિ. અને શૂરવીર હોય તે થકી તો ઈન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ, માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ. માટે પોતાને

કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહિ. અને ચોથો જે પ્રીતિવાળો તેને તો પતિવ્રતાનું અંગ છે. જેમ પવિત્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહિ ને એક પોતાના પતિને વિષે જ પ્રીતિ રાખે, તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહિ. અને એ ચાર અંગ માંહિલું એક પ્રધાન હોય ને બીજાં ત્રણ ગૌણ હોય તોપણ જન્મમૃત્યુનો ભય ટળે નહિ.'' એટલી વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ સર્વ પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, ''એ ચાર માંહિલાં જેને જે વર્તતાં હતાં તે કહ્યાં અને હરિભક્તને પણ જેને જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં, તે સાંભળીને શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો.'' પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતાં હતાં, તે સર્વે શ્રીજી મહારાજના ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યા.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે લોયાનું બીજું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં મૃત્યુનો ભય ટળી જાય અને છતે દેહે કૃતાર્થપણાનો અનુભવ થાય એવો ઉપાય બતાવે છે.

■ **નિરૂપણ :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં મૃત્યુનો ભય કેવી રીતે ટળે એ પ્રશ્ન પૂછે છે. જીવપ્રાણી-માત્રને મૃત્યુનો ભય છે. તેમાંય વિશેષે કરીને મનુષ્યને તો અનેક પ્રકારના ભય છે.

■ **અનેક પ્રકારના ભય :**

❊ ભય એટલે ડર, બીક... આજે આ ભય શબ્દ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ફોબિયા નામે વિશેષ પ્રસિદ્ધ છે. નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી દરેક વ્યક્તિને પછી તે ભણેલ હોય કે અભણ, ગરીબ હોય કે તવંગર, રાજા હોય કે પ્રજા -પરંતુ દરેક વ્યક્તિને કોઈક ને કોઈક પ્રકારનો ભય હોય છે જેમ કે...

- કેટલાંકને પાણીનો ભય હોય છે, તો કેટલાંકને અગ્નિનો ...
- કેટલાકંને ઊંચાઈનો ભય હોય છે, તો કેટલાંકને ઊંડી ખીણનો...
- કેટલાંકને પશુઓનો ભય હોય છે, તો કેટલાંકને જીવડાંનો....
- કેટલાંકને જંગલી પ્રાણીઓનો ભય હોય છે, તો કેટલાંકને ઝેરી જનાવરનો...
- કેટલાંકને નોકરી ન મળવાનો ભય હોય છે, તો કેટલાંકને નોકરી છૂટી જવાનો...
- કેટલાંકને ધંધો ન મળવાનો ભય હોય છે, તો કેટલાંકને ધંધો ભાંગી પડવાનો...
- કેટલાંકને સંતાન ન થવાનો ભય હોય છે, કે કેટલાંકને સંતાનનાં મૃત્યુનો...
- કેટલાંકને પોલીસનો ભય હોય છે, તો કેટલાંકને આતંકવાદનો...
- કેટલાંકને રોગનો ભય હોય છે, તો કેટલાંકને અકસ્માતનો...
- કેટલાંકને રેલ્વેમાં રીઝર્વેશન ન મળવાનો ભય હોય છે, તો કેટલાંકને બસમાં જગ્યા ન મળવાનો...
- કેટલાંકને ઊંઘ નહિ આવે તેનો ભય હોય છે તો કેટલાંકને વહેલાં ઉઠાશે નહિ તેનો...
- કેટલાંકને દીકરો નોખો થઈ જશે તેનો ભય હોય છે, તો કેટલાંકને દીકરી પાછી આવશે તેનો...
- કેટલાંકને કથા-પ્રવચન કરવાનો ભય છે, તો કેટલાંકને ઈન્ટરવ્યુ આપવાનો...

- કેટલાંકને ખાવાનું નહિ મળે તેનો ભય હોય છે, તો કેટલાંકને નહીં પચે તેનો...
- કેટલાંકને સ્વજનોના વિયોગનો ભય છે, તો કેટલાંકને દુર્જનોના યોગનો...
- કેટલાંકને વસ્તુ નહિ મળવાનો ભય હોય છે, તો કેટલાંકને મળેલ વસ્તુ જતી રહેશે તેનો...
- કેટલાંકને ઈન્કમટેક્ષના અધિકારીઓનો ભય હોય છે, તો કેટલાંકને રેડ પડવાનો...

આમ, આ અને આવા અનેક પ્રકારના ભય પ્રત્યેક માણસને સતાવ્યા કરે છે. આવા ભયને લીધે માણસ અનેક પ્રકારના માનસિક રોગોથી પીડાતા હોય છે. હતાશા, નિરાશા, ટેન્શન, ડીપ્રેશનની અસર નીચે પરેશાન થાય છે.

આ બધા ભય કરતા સૌથી મોટો ભય જો કોઈ હોય અને આવા તમામ ભયના મૂળમાં કોઈ ભય હોય, તો તે છે મૃત્યુનો ભય. કારણ કે, આ તમામ સંજોગોની ચરમ સીમા-અંતિમ પરિણામ મૃત્યુ જ હોય છે.

■ **મૃત્યુનો ભય સૌથી મોટો :**

મૃત્યુનો ભય તો કીડીથી માંડીને હાથી સુધી, મચ્છરથી માંડીને સિંહ સુધી, નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી, સામાન્ય નાગરિકથી માંડીને રાજા કે રાષ્ટ્રપતિ સુધી, કહોને કે જીવ-જંતુ- પ્રાણી કે મનુષ્યમાત્રને મૃત્યુનો ભય છે. કારણ કે મરવું કોઈને ગમતું નથી. જીવપ્રાણીમાત્રની એક મહત્ત્વની ઈચ્છા જિજીવિષા એટલે કે વધુમાં વધુ જીવવાની ઈચ્છા છે. અને એ મૃત્યુથી છટકવા માટે મચ્છર, કીડી, હરણા, હાથી, સિંહ કે મનુષ્ય દરેકનો પ્રયત્ન છે.

■ **જીવપ્રાણીમાત્રને સૌથી વ્હાલું શું હશે ? :**

ગુણાતીતાનંદ સ્વામી કહે : 'અમને તો દેહ જણાય છે.'

❊ એક હોજમાં એક વાંદરી અને તેનું બચ્ચું ફસાઈ ગયા. ધીમે ધીમે હોજમાં પાણી ભરાવા માંડ્યું. વાંદરીએ બચ્ચાને પહેલાં તેડ્યું ને ઊભી થઈ. પાણી વધ્યું તો બચ્ચાને ખભે લીધું. તોપણ સપાટી વધી તો બચ્ચાને માથે લીધું. જ્યારે વાંદરી પોતે ડૂબે એટલું પાણી વધ્યું એટલે બચ્ચાને માથેથી ઉતારી પાણીમાં પોતાના પગ નીચે મૂકી દીધું ને તેના પર પોતે ઊભી રહી ગઈ, મૃત્યુથી બચવા.

❊ એક ડોશીમા કંટાળીને કહે 'આના કરતાં મોત આવે તો સારું' - ત્યાં યમરાજા દેખાયા, 'ડોશીમા ચાલો, હું લેવા આવ્યો છું.' ડોશીમાં કહે, 'ના, ના, આ તો અમથા અમથા બોલતી હતી. આ લાકડાનો ભારો ચડાવવો હતો એટલે બોલી જવાયું.' આમ, મરવું કોઈને ગમતું નથી.

❊ એક ડોશીમાએ કથામાં સાંભળેલું કે યમરાજા પાડા પર બેસીને જીવને લેવા આવે છે. રાત્રે ફળિયામાં ખાટલા પર સૂતેલા. કો'કનો પાડો છૂટી ગયેલો, તે આવીને ખાટલાને માથું ભરાવા લાગ્યો. ડોશીમા જાગી ગયાં, ગભરાયા ને બોલ્યાં - 'માંદાનો ખાટલો તો ઘરમાં છે, હું તો સાજી છું.' એનો દીકરો બીમાર હતો. 'દીકરો ભલે મરે હું નહિ.'

❊ એક સંન્યાસીએ એક યુવાનને સાધુ થવાની વાત કરી. એ કહે મારા માતા-પિતા અને પત્નીને મારે વિશે અત્યંત હેત છે. મારા વગર મરી જશે. સંન્યાસીએ તેનું પારખું લેવા એક નાટક શીખવાડ્યું કે તારે ઘરમાં સાંજે આંગણામાં જઈ પડી જવાનું, મરવાનો ઢોંગ કરવાનો. એણે એવું કર્યું. ચત્તા પાટ પડ્યો. સંન્યાસી કહે હું આને જીવતો કરું. એક લોટામાં દૂધ લાવો, એ આના પર ઉતારીશ, એટલે એની ઘાત આ દૂધમાં આવશે, પરંતુ આ દૂધ જે કોઈ પીવે, તે મરે ને દીકરો જીવતો થાય. બોલો કોણ તૈયાર છે ? માતા-પિતા, પત્નીએ ના પાડી, ભેંસને પણ એ દૂધ પાવાની ના પાડી. સંન્યાસી પી ગયા. છોકરો ઊભો થયો. ચાલી નીકળ્યો.

કહેવાનું તાત્પર્ય એ છે કે મૃત્યુ કોઈનેય ગમતું નથી.

❊ યુધિષ્ઠિરને યક્ષે પ્રશ્ન પૂછ્યો, 'આ જગતમાં આશ્ચર્ય શું છે ?'

યુધિષ્ઠિર કહે છે :

'અહન્યહનિ ભૂતાનિ ગચ્છન્તીહ યમાલયમ્ ।
શેષાઃ સ્થિરત્વમિચ્છન્તિ કિમાશ્ચર્યમતઃ પરમ્ ॥'

'અર્થાત્ દરરોજ પ્રાણીઓ મૃત્યુને ભેટે છે. યમરાજાના દરબારમાં જાય છે. છતાં બાકીના પ્રાણીઓ જીવવાની ઈચ્છા રાખે છે, આનાથી મોટું આશ્ચર્ય શું છે ?'

દેવાનંદ સ્વામી કહે છે :

'તારા મનમાં જાણે જે મરવું નથી રે,
એવો નિશ્ચય કર્યો નિરધાર.
તેમાં ભૂલી ગયો ભગવાનને રે...'

■ મૃત્યુ નિશ્ચિત છે :

જીવપ્રાણીમાત્રને મરવાની ઈચ્છા હોય કે ન હોય, મૃત્યુ ગમે કે ન ગમે, પરંતુ આ સંસારનો ક્રમ છે કે મૃત્યુ નિશ્ચિત છે. શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં આ સનાતન સત્ય અર્જુનને સમજાવે છે.

'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ' (૨/૨૭)

'અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ.'

સંતો ભક્તોએ પોતાનાં કીર્તનોમાં આ સૂર વારંવાર ઘુંટાવ્યો છે. જેમ કે,

❊ પ્રેમાનંદ સ્વામી કહે છે :

'ચપેટા કાલ કા ઐસા, ઝપેટા બાજ કા જૈસા;
કડાકા ગાજ કા જાનો, સડાકા બીજુરી માનો.
અચાનક પકરી લે આઈ, મનોરથ રહે મનમાંઈ;
નાહર જ્યું પકરી લે બકરી, બિલાઈ મુસા લે પકરી.
મીન જ્યું બગલે લપકાવે, દાદુર જ્યું સાપ સપકાવે;
એસે તું કાલ મુખ જૈ હો, ફેરી તું પ્રાની પછતૈ હો.'

❊ દેવાનંદ સ્વામી કહે છે :

'તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર,
મોટા મેલીને રાજ મરી ગયા રે, જો ને જાતા ન લાગી વાર.'

'આવું તારું ધન રે જોબન ધૂળ થાશે,
કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે.'

❊ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

'કડા વેઢ વીંટી મોતી પૈર કાને, મહા જોરસે મૂછ મરોડતા હૈ,
ચલે દેખતા અપની છાંયડીકું,ટેડી પાઘ બાંધી તાન તોડતા હૈ.
તન અત્તર તેલ ફુલેલ લગાવત,નેહ ત્રિયા સંગ જોડતા હૈ,
બ્રહ્માનંદ કહે ખબરદાર બંદે, દેખ કાલ કીસે નહિ છોડતા હૈ.'

'આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી,
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી, તારી નજરું આગે જી.'

❊ કબીર કહે છે :

'ફુલ્યા ફાલ્યા ક્યા ફિરતે હૌ, ક્યા બતલાવત અંગા,
એક પલકમેં ફના હો જાયગા, જેસા રંગ પતંગા.
કાલ નગારા નિશદિન બાજૈ, ક્યા બુઢ્ઢા ક્યા જુવાના,
કહત કબીરા સુનો ભાઈ સાધુ, છોડ ચલો અભિમાના.'

વૃક્ષ પર ફૂટેલું નવું પાન, તે વહેલું-મોડું ખરવા માટે જ પ્રગટે છે.

દીવામાં અગ્નિ પ્રગટાવો, પણ તે ગમે ત્યારે બુઝાશે જ.

❊ નારણદાસ કહે છે :

'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી,
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી.
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયે જી,
આજ કાલ કરતા આવરદા, જોને ઓછી થાયે જી.
એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવા જી,
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મે ધરે તે મરવા જી.
સંસાર સઘળો કાળચવાણું, કર્મવશ નરનારી જી,
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારી જી.'

❊ ગોવિંદરામ કહે છે :

'આ તન પાણીનો પરપોટો, તે ક્ષણમાં થાશે ખેહ,
અંતે નામ નારાયણનું રહેશે, નિશ્ચે ટળશે દેહ.
નિશ્ચે ટળશે દેહ તે ટળશે, જેમ ઢેફું ધરતીમાં ગળશે,
કહે ગોવિંદરામ એનો પાયો છે ખોટો, આ તન પાણીનો પરપોટો.'

❊ મીરાંબાઈ કહે છે :

'આ રે કાયાનો ગર્વ ન કીજે, અંતે થાવાની છે ખાખ,
હાથી ને ઘોડા માલ ખજાના, કાંઈ ન આવે સાથ.
કાચી રે કાયા કોટડી જેવી, ઢળતાં ન લાગે વાર,
કાચો રે કૂપો જળ ભર્યો રે, ગળતા ફૂટી જાય.

ગયા બધા પાંડવ કૌરવો યે, જો જાદવો શ્રેષ્ઠ રહ્યા ન કોયે,
આ પિંડ બ્રહ્માંડ વિનાશ થાય, કોઈ ચિરંજીવી નહિ જણાય.'

■ **મૃત્યુની અસર :**

(૧) મૃત્યુ આવતા પહેલાં તેનો ભય
(૨) મૃત્યુ વખતે અનેક પ્રકારનાં દુઃખ, સંતાપ, બળતરા
(૩) સ્વજનના મૃત્યુ પછી દુઃખ

મૃત્યુને લીધે માનવ મન પર થતી આ ત્રણેય અસરોને ટાળી શકાય છે. જેમ ભલે પાણીમાં તરતા ન આવડતું હોય, પણ ડૂબતા હોય ત્યારે હવાની ટ્યૂબ મળે કે તરત સલામતી અનુભવાય છે. - ખિસ્સામાં પાંચ લાખ રૂપિયા હોય, તો બજારમાં નીકળે ત્યારે દરેક વસ્તુને જોઈને મનમાં હિંમત રહે કે આ હું ખરીદી જ શકું. આ પૂર્ણતા ને નિર્ભયતા ભક્તને આવે છે. શ્રીજી મહારાજ અહીં મુખ્યત્વે મૃત્યુનો ભય ટાળવાનો ઉપાય પૂછે છે. શ્રીજી મહારાજ પોતે જ તેનો ઉત્તર આપે છે કે ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય નાશ પામે છે અને દેહ છતે જ કૃતાર્થપણું મનાય છે.

■ **મૃત્યુનો ભય કોને નાશ પામે છે ? :**

❊ (૧) વિશ્વાસી (૨) જ્ઞાની (૩) શૂરવીર
(૪) પ્રીતિવાળો.

આ ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય નાશ પામી જાય છે. આ ભક્તોને આ દેહના મૃત્યુનો ભય તો નથી જ. પરંતુ તેમને હવે જન્મમરણના આ ભવચક્રનો પણ ભય નથી, કારણ કે તેમણે દેહ છતાં જ કૃતાર્થપણું સિદ્ધ કર્યું છે. અર્થાત્ દેહ છતાં જ તેમણે જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરી છે, તેથી હવે લખચોરાશીમાં ભટકવું નહિ પડે. આમ, તેને આ દેહના મૃત્યુનો તો ભય નથી જ, પરંતુ સાથે સાથે લખચોરાશીનો અંત આવી જવાથી હવે એની બીક પણ રહેતી નથી.

હવે આપણે આ ચારેય પ્રકારના ભક્તોની કેવી સમજણ અને સ્થિતિ છે, તેનો વિચાર કરીએ.

(૧) વિશ્વાસી :

❊ તેને પ્રત્યક્ષ ભગવાન અને તેના સાધુના વચનમાં અતિશય વિશ્વાસ છે, માટે તે ભગવાનના નિશ્ચયના બળે કરીને મૃત્યુનો ભય રાખે નહિ. તે એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, માટે હું કૃતાર્થ છું.'

આપણે જાણીએ છીએ કે લૌકિક જીવનમાં પણ વિશ્વાસને આધારે જ જીવન અને જીવન-વ્યવહાર ચાલે છે.

વાળંદ, ડોક્ટર, ડ્રાયવર, પાઈલોટ પર વિશ્વાસ ન હોય તો ?

મનુષ્ય-મનુષ્યના પરસ્પર વિશ્વાસ પર જ ધંધા-રોજગાર ચાલે છે.

જો લૌકિક વ્યવહાર પણ વિશ્વાસ વગર ન ચાલી શકતો હોય, તો આધ્યાત્મિક સાધના વિશ્વાસ વગર કેવી રીતે શક્ય બને ?

પ્રત્યક્ષ ભગવાન અને સંતનો નિશ્ચય અને તેમનાં વચનમાં વિશ્વાસ જરૂરી છે.

❊ આવા ભક્તને માટે શ્રીજી મહારાજ વચનામૃત ગ.અં.૭ માં કહે છે, ''તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, 'હું રખે મરીને ભૂતપ્રેત થઉં કે રખે ઈન્દ્રલોકને જ પામું કે રખે બ્રહ્મલોકને પામું.' એવી આશંકા મનમાં રાખવી નહિ. કેમ જે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ.''

ભગવાનનાં આવાં વચનોમાં વિશ્વાસ છે, તેથી જ તેમને પોતાના આત્યંતિક કલ્યાણની દૃઢ પ્રતીતિ હોય છે. તેની વાત મહારાજ નીચેનાં વચનામૃતોમાં કરે છે.

❊ ગ.પ્ર.૭૨ : ''જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય છે. તો, મારે કલ્યાણનો શો સંશય છે? હું તો કૃતાર્થ છું અને

જે કાંઈ સાધના કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું.''

- વર.૧૨ : ''જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે, મને તો ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદ પામશે.''
- તેથી જ તો શ્રીજી મહારાજ વચ. ગ.પ્ર. ૩૭, ૭૨, કારિ. - ૮,૧૦, ગ.મ.-૧૩,૬૨ વગેરે વચનામૃતોમાં કહે છે કે જેમને યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય છે, તેને તો કાળ, કર્મ, માયાની બીક નથી. કારણ કે એવા ભક્તનું કાળ, કર્મ કે માયા પણ ભૂંડું કરી શકતાં નથી.
- ગુણાતીતાનંદસ્વામી પણ તેમની વાતોમાં કહે છે : 'ભગવાનના તથા એકાંતિકના નિશ્ચયનાં લક્ષણ એ છે જે, ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા રૂપિયા હોય તો કાળ પડ્યે મરવાની બીક ન રહે તથા બે હજાર બખતરિયા ભેળા હોય તો લૂંટાવાની બીક ન રહે એમ નિશ્ચયવાળાને કાળ, કર્મ ને માયા તેની બીક ન રહે.'
- એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ભાગ્ય જાગ્યા રે આજ જાણવાં, કોટિ થયા કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.
અનાથપણાનું મે'ણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ.'

વળી, પ્રત્યક્ષ ભગવાન અને સંતના વચનમાં વિશ્વાસથી જ સ્વભાવ, વાસના ટળે છે, બ્રહ્મરૂપ થવાય છે અને અનંત કલ્યાણકારી ગુણ આવે છે એવી વાત મહારાજે વચ. સા-૯ અને સા-૧૮માં કરી છે.

- ગુરુના વચનમાં વિશ્વાસથી સત્યકામ જાબાલિ બ્રાહ્મીસ્થિતિને પામ્યો.
- શુકદેવજીના વચનમાં વિશ્વાસથી પરીક્ષિતને મૃત્યુનો ભય ટળ્યો.
- ભગતજી મહારાજની સ્થિતિ ગુણાતીતાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસથી થઈ.
- સોમાભગતને શાસ્ત્રીજી મહારાજના વચનમાં વિશ્વાસ હતો, તો પથ્થરને દોરડાં બાંધવા ઉપર ચડ્યા અને કંઈ થયું નહિ.
- સુવર્ણતુલા વખતે પ્રમુખસ્વામી એર ઈન્ડિયાના પ્લેનમાં જવાના હતા. ત્રાસવાદીઓએ ચેતવણી આપી હતી કે પ્રત્યેક પ્લેન ઉડાડી દઈશું. હરિભક્તોએ સ્વામીને સમજાવ્યા, કે એર ઈન્ડિયાના પ્લેનમાં ન આવો. સ્વામી કહે, ''તમને આતંકવાદીઓનાં વચનમાં વિશ્વાસ છે, તો શ્રીજી મહારાજના વચનમાં વિશ્વાસ નથી ?''

■ **જ્ઞાની :**

- જેને આત્મજ્ઞાનનું બળ હોય છે, તે એમ માને જે 'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું.' માટે તેને પણ મૃત્યુનો ભય ન હોય.

મરને આતસકા વરસે મેહા રે,તોય નવ દાઝે મેરા દેહા રે;
મરને બારે મેઘ આવી ઝૂમે રે,તોય ન ભીંજે મેરા રુમે રે.

અગ્નિનો વરસાદ વરસે તોય દઝાય નહીં ને બારે મેઘ વરસે તોય ભીંજાય નહીં, એવી સ્થિતિ આત્માના સ્વરૂપના જ્ઞાનથી થાય.

- શ્રીજી મહારાજનું અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જેને યથાર્થ આત્મજ્ઞાન હોય તેને પણ મૃત્યુનો ભય ન હોય, કારણ કે આવો ભક્ત સમજે છે કે દેહ અને આત્મા બંને જુદા છે. તેથી મૃત્યુ દેહનું છે. આત્મા તો અજન્મા છે. અજર, અમર, અવિનાશી અને શાશ્વત તત્ત્વ છે. તેને કોઈ મારી શકે તેમ નથી, તેનો કદાપિ નાશ થવાનો નથી. અને જે દેહ છે તે તો નાશવંત છે જ, તેનું મૃત્યુ નિશ્ચિત છે. તેનો નાશ કોઈ અટકાવી શકે તેમ નથી.
- જેમ શરીર પર વસ્ત્ર પહેરીએ છીએ, તે જૂનું થશે, ઘસાશે એટલે ફાટી જશે ને તેનો નાશ થશે. એ વાતની અંતરમાં સ્પષ્ટતા હોય છે, એટલે જૂનાં કપડાં કાઢી નાખતાં બીક લાગતી નથી.

તેમ આત્માનું વસ્ત્ર આ શરીર છે. તે પણ જૂનું થશે જ. એટલે પડશે જ. આ શરીર પાછું રોગનું ઘર

છે. એટલે એનો સ્વભાવ છે, એ પ્રમાણે એમાં આવું થશે જ.

આ રીતે દેહ અને આત્માની જુદી વિક્તિ જાણવાથી, આવા ભક્તને કોઈ ભય રહેતો નથી.

❋ તેથી જ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ગીતાના બીજા અધ્યાયમાં દેહના નાશવંતપણા અને આત્માના અવિનાશીપણાનું જ્ઞાન આપે છે.

અન્તવત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।
અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માત્ યુધ્યસ્વ ભારત ॥

અર્થ : નિત્ય અવિનાશી અને અપ્રમેય (પ્રમાણના - અવિષય) શરીરધારી (આત્મા) નાં આ શરીરો નાશવંત કહ્યાં છે. માટે હે ભારત ! તું યુદ્ધ કર.

યં એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।
ઊભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥

અર્થ : જે આ (આત્મા) ને મારનાર જાણે છે અથવા જે આને મરાયેલો માને છે, તેઓ બંને નથી સમજતા. કેમ કે આ (આત્મા) નથી મારતો કે નથી મરાતો.

ન જાયતે મ્રિયતે વા કદાચિન્, નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ।
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો, ન હન્યતે હન્યમાને શરીરે ॥

અર્થ : આ (આત્મા) કદિ જન્મતો કે મરતો નથી, અથવા પૂર્વે નહિ હોઈ, ફરી નહિ હોય, એમ પણ નથી. એ અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. તેથી શરીર મરાયા છતાં મરાતો નથી.

❋ અખંડાનંદસ્વામી સામે વાઘ આવ્યો તોય સ્થિર રહ્યા.

આત્મજ્ઞાનથી માન-અપમાનનો ભય પણ ટળી જાય.

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ દેહ પોતે નથી, તે સાક્ષાત્ દેખાય છે. ને દેહ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે.' જ્યાં અજ્ઞાન હોય ત્યાં ભય ને ડર પ્રગટે જ. ને જ્ઞાન થાય ત્યારે ભય મટે. હું આત્મા છું, આ દેહથી જુદો છું, એવા જ્ઞાનથી ભય ટળે છે.

(3) શૂરવીર :

❋ તે થકી તો ઈન્દ્રિયો અંતઃકરણ એ સર્વે થર થર કંપે, અને બીજા કોઈથી પણ ડરે નહિ.

❋ એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ.

માટે કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં ન હોય.

શૂરવીરને મૃત્યુનો ભય હોય જ નહિ. જે શૂરવીર લશ્કરમાં જોડાયો હોય તેને મૃત્યુની બીક હોય જ નહિ. તે તો માથું હથેળીમાં લઈને જ ફરતો હોય.

❋ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી પગ પરઠે, તેને કેની રહી ત્રાસ રે.'

આવો શૂરવીર ભક્ત ક્યારેય આજ્ઞા ન લોપે.

❋ બ્રહ્માનંદ સ્વામી આવા ભક્તની મનોદશા વર્ણવતા કહે છે :

'ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધ તાપે રે, કે'દિ અંતર ડોલે નાહી.
નિધડક વરતે રે, દૃઢ ધીરજ મનમાં ધારી;
કાળકર્મની રે, શંકા તે દેવે વિસારી.
મોડું વહેલું રે, નિશ્ચે કરી એક દિન મરવું;
જગ સુખ સારું રે, કે'દિ કાયર મન નવ કરવું.
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતા રે, મેલે નહિ તે નર માટી.
કોઈની શંકા રે, કે'દિ મનમાં તે નવ ધારે;
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે.'

❋ તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે :

'શૂર સંગ્રામને દેખતા નવ ડગે,
ડગે તેને સ્વપ્ને સુખ ન હોય;
હય ગજ ગર્જના હાક વાગે ઘણી,
મનમાં ધડક નવ ધરે તોયે.
રણ સંગ્રામને સમે ઊભો રહે,
અર્પવા શીશ આનંદ મનમાં;
ચાકરી સુફળ કરવા તણે કારણે,
વિકસ્યું વદન ઊમંગ તનમાં.

અકથ અલૌકિક રાજને રીઝવે,
જે નર મન તણી તાણ મૂકે;
વચન પ્રમાણે તેની પેઠે વર્તતા,
એક પગભર ઊભા જ સૂકે.
એવાની આગળે મોહદળ નવ ભળે,
ભાગતા ભોમ ભારે જ લાગે;
મુક્તાનંદ તે શૂર સાચા વદે,
જે ચાકરી કરી નવ મોજ માગે.'

❊ શ્રીજી મહારાજે કહ્યું છે : 'જેમ સિંહ બકરાને પકડે એમ અમે અમારા અંતઃકરણને પકડી રાખ્યું છે.' આ રીતે શૂરવીર પ્રકૃતિ હોય તે અંતઃકરણને વશ કરી શકે.

❊ નિષ્કુળાનંદ સ્વામી પરમહંસોને ઈન્દ્રિયો - અંતઃકરણ સામે શૂરવીર થવા આ રીતે ઉપદેશ આપે છે :

નારી નજરે ન જુઓ કોય, વિત્તની તો વાત ભૂંડી;
સ્વાદ સ્નેહ દુઃખદાયી દોય, ઈચ્છા એની ટાળો ઊંડી.

❊ નિષ્કુળાનંદ સ્વામી એક દિવસ વિચરણ કરતા હતા. ત્યાં રસ્તામાં ખેતરમાં લીલાં મરચાં જોયાં. ને તરત જીભ સળવળી. મનમાં સંકલ્પ થયો. પોતે તો શૂરવીર હતા. એટલે તરત એક ધોરિયા પાસે કિલો મરચાં તોડીને બેઠા. એક પછી એક તીખાં મરચાં ખાતાં જાય ને ઈન્દ્રિયોને દંડ દેતા જાય. ''લે ખા, લે ખા...'' એમ બોલતા જાય. પેટ, આંખ, નાક ને ગળામાં લહાય બળે તોય તીખાં મરચાં ખાવાનું ચાલું જ રાખ્યું. આવી શૂરવીરતાથી બીજીવાર સંકલ્પ થયો નહિ.

❊ જોગીદાસ ખુમાણને પરસ્ત્રી જોઈને મનમાં ભૂંડો સંકલ્પ થયો. તરત જ તેણે મરચાંની ભૂકી આંખમાં નાખી ને આંખોને દંડ દીધો.

આ રીતે શિરસાટે ભગવાનની આજ્ઞા પાળવાથી ભગવાન અને સંતની કૃપાથી વાસના ટળી જાય, બ્રહ્મરૂપ થઈ જવાય. તેથી તેને લખચોરાશીમાં જવાનું રહેતું નથી. આમ, તેને મૃત્યુનો કે લખચોરાશીનો ભય રહેતો નથી.

❊ આ રીતની શૂરવીરતા આપણે પણ કેળવવી પડે. જો ઈન્દ્રિયો કુમાર્ગે દોડે તો તેને દંડ દેવો જ પડે.

ફિલ્મ જોવાઈ જાય કે પોસ્ટર જોવાઈ જાય કે ટીવીમાં અઘટિત જોવાય તો તરત પ્રાયશ્ચિત્ત રૂપે આંખને દંડ દેવો પડે.

ઉપવાસ કરવો કે માળા ફેરવવી કે પ્રાર્થના કરવી. કે સંતો આગળ નિષ્કપટ થઈને પ્રાયશ્ચિત્ત લેવું. આમ, પ્રાયશ્ચિતથી ઈન્દ્રિયો - અંતઃકરણ થથરે ને બીવે.

(૪) પ્રીતિવાળો :

❊ તેને પતિવ્રતા સ્ત્રીની જેમ પતિવ્રતાનું અંગ છે. તેથી તે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિશે જ પ્રીતિ રાખે.

માટે તે પણ કૃતાર્થપણું રાખે અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહિ, ગોપીઓની જેમ.

❊ શ્રીજી મહારાજના વખતમાં લાડુબા, જીવુબા, દાદા ખાચર વગેરે ભક્તોને શ્રીજી મહારાજમાં અત્યંત હેત.

❊ જેને હેતનું અંગ હોય તે પણ વચ. કા. ૧૧ પ્રમાણે ભગવાનનું ગમતું જ કરે અને ભગવાનનું ગમતું કરવાથી ભગવાનની પ્રસન્નતા-કૃપા થાય. પરિણામે, એમની જ કૃપાથી એ ભક્ત ભવસાગર તરી જાય છે. તેને મૃત્યુ કે લખચોરાશીની બીક નથી રહેતી.

આ રીતે આ ચાર પ્રકારના ભક્તોને મૃત્યુનો ભય નથી, લખચોરાશીમાં પણ હવે જવાનું નથી. તેથી તેની પણ બીક નથી.

■ **શૂરવીર ભક્ત પર વિશેષ રાજીપો :**

❊ શ્રીજી મહારાજ શૂરવીર ભક્ત પર વિશેષ રાજીપો બતાવે છે. કારણ કે આ અધ્યાત્મનો માર્ગ શૂરવીરતા નો માર્ગ છે. જેમ કે,

- **'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને'**
- **'શીશ અર્પ્યા વિના, શ્યામ રીઝે નહિ.'**

'મસ્તક ધડામાં જે જન મેલશે, તે ઘટ પ્રેમ પ્રવાહ પામે.' માટે આવી ભક્તિ આપણે કરવી. તો ભગવાન રાજી થાય.

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : લોયા પ્રકરણનું બીજું : વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ નામે અંકિત એવો જે કાળો કિનખાબ તેની ડગલી પહેરી હતી અને માથે બુરાનપુરી આસમાની રંગનો ફેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કુસુંબી રંગનો ફેંટો કેડ્યે બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મુક્તાનંદસ્વામી આદિક જે પરમહંસ તે દૂકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા.

પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સર્વે પરમહંસ સાંભળો, હું તમને એક પ્રશ્ન પૂછું છું.'' ત્યારે મુનિ બોલ્યા જે, ''હે મહારાજ ! પૂછો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?'' પછી મુક્તાનંદસ્વામીએ જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો. પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી બીજા પરમહંસ બોલ્યા જે, ''હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે, તે અમારી નજરમાં તો એમ આવ્યું છે જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે; તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિ-એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો, એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો અને દેહ છતે કૃતાર્થપણું મનાય છે. હવે એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ. તેમાં જે વિશ્વાસી હોય તે તો પ્રત્યક્ષ ભગવાન ને તેના સાધુ તેના વચનને વિષે અતિશય વિશ્વાસને પામ્યો છે; માટે તે ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહીં અને એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું.' અને જ્ઞાનીને તો આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે, 'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું.' માટે એને પણ મૃત્યુનો ભય હોય નહીં. અને શૂરવીર હોય તે થકી તો ઇન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહીં, માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહીં. માટે પોતાને કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહીં. અને ચોથો જે પ્રીતિવાળો તેને તો પતિવ્રતાનું અંગ છે. જેમ પવિત્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહીં ને એક પોતાના પતિને વિષે જ પ્રીતિ રાખે, તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહીં. અને એ ચાર અંગ માંહિલું એક પ્રધાન હોય ને બીજાં ત્રણ ગૌણ હોય તોપણ જન્મમૃત્યુનો ભય ટળે નહીં.'' એટલી વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ સર્વ પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, ''એ ચાર માંહિલાં જેને જે વર્તતાં હતાં તે કહ્યાં અને હરિભક્તને પણ જેને જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં, તે સાંભળીને શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો.'' પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતાં હતાં, તે સર્વે શ્રીજીમહારાજના ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યા.

ઈતિ વચનામૃતમ્ એવી રીતે લોયાનું બીજું વચનામૃત થયું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

- **વચનામૃતની વિશેષતા :**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં મૃત્યુનો ભય ટળી જાય અને છતે દેહે કૃતાર્થપણાનો અનુભવ થાય એવો ઉપાય બતાવે છે.

- **નિરૂપણ :**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં મૃત્યુનો ભય કેવી રીતે ટળે એ પ્રશ્ન પૂછે છે. જીવપ્રાણીમાત્રને મૃત્યુનો ભય છે. તેમાંય વિશેષે કરીને મનુષ્યને તો અનેક પ્રકારના ભય છે.

- **અનેક પ્રકારના ભય :**

❋ ભય એટલે ડર, બીક... આજે આ ભય શબ્દ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ફોબિયા નામે વિશેષ પ્રસિદ્ધ છે. નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી દરેક વ્યક્તિને પછી તે ભણેલ હોય કે અભણ, ગરીબ હોય કે તવંગર, રાજા હોય કે પ્રજા -પરંતુ દરેક વ્યક્તિને કોઈક ને કોઈક પ્રકારનો ભય હોય છે જેમ કે...

- કેટલાંકને પાણીનો ભય હોય છે, તો કેટલાંકને અગ્નિનો ...
- કેટલાકંને ઊંચાઈનો ભય હોય છે, તો કેટલાંકને ઊંડી ખીણનો...
- કેટલાંકને નોકરી ન મળવાનો ભય હોય છે, તો કેટલાંકને નોકરી છૂટી જવાનો...
- કેટલાંકને ખાવાનું નહીં મળે તેનો ભય હોય છે, તો કેટલાંકને નહીં પચે તેનો...

આમ, આ અને આવા અનેક પ્રકારના ભય પ્રત્યેક માણસને સતાવ્યા કરે છે. આવા ભયને લીધે માણસ અનેક પ્રકારના માનસિક રોગોથી પીડાતા હોય છે. હતાશા, નિરાશા, ટેન્શન, ડિપ્રેશનની અસર નીચે પરેશાન થાય છે.

આ બધા ભય કરતાં સૌથી મોટો ભય જો કોઈ હોય અને આવા તમામ ભયના મૂળમાં કોઈ ભય હોય, તો તે છે મૃત્યુનો ભય. કારણ કે, આ તમામ સંજોગોની ચરમ સીમા-અંતિમ પરિણામ મૃત્યુ જ હોય છે.

- **મૃત્યુનો ભય સૌથી મોટો :**

❋ એક ભાઈને ચોરી, અનીતિ અને ખૂનના ગુનામાં મૃત્યુદંડની સજા થઈ, પણ તેને સજા વિશિષ્ટ રીતે આપવામાં આવી. એક બંધ કાળી કોટડીમાં તેને રાખવામાં આવ્યો. આંખે પાટા બાંધી દેવામાં આવ્યા. પછી તેને કહેવામાં આવ્યું કે આ કોટડીમાં એક અતિ ઝેરી કોબ્રા સાપ છૂટો મૂકવામાં આવશે. તેના દંશથી તારું મૃત્યુ થશે. કેદી તો કોબ્રાના વિચારમાત્રથી થથરી રહ્યો હતો. તેવામાં તેને ફક્ત એક ટાંકણી પગ પર અડાડવામાં આવી. અને બે જ મિનિટમાં તે મૃત્યુ પામ્યો. તપાસ કરતાં ખબર પડી કે કોબ્રાના દંશથી શરીરમાં જે ઝેર વ્યાપે, તેવું ઝેર ફક્ત ટાંકણી મારવાથી તેના આખા શરીરમાં વ્યાપી ગયું.

મૃત્યુનો ભય આટલો ભયાનક હોય છે.

જીવપ્રાણીમાત્રને સૌથી વહાલું શું હશે તેના જવાબમાં ગુણાતીતાનંદ સ્વામી કહે, 'અમને તો દેહ જણાય છે.'

कायः कस्य न वल्लभः ? દેહ કોને વહાલો નથી ? એટલે કોઈને મરવું ગમતું જ નથી, પરંતુ મૃત્યુને કોઈ હરાવી પણ નથી શકતું.

- **મૃત્યુ નિશ્ચિત છે :**

માણસે બધા ઉપર વિજય મેળવ્યો છે, સિવાય કે મૃત્યુ. આજની મહાસત્તાઓ પાસે મોતના મુખમાં ધકેલે તેવા બોમ્બ છે, પણ અમરત્વ પમાડે તેવી દવા નથી.

❋ લંકાપતિ રાવણે નવ ગ્રહને જીતેલા. નવ ગ્રહને પોતાના પલંગના પાયે બાંધેલા. દેવતાઓ રાવણની સેવામાં હતા. અગ્નિદેવ રસોઈ કરતા, જળદેવતા પાણી ભરતા, વાયુદેવ વીંઝણો વીંઝતા. તેણે દસ હજાર વર્ષ સોપારી પર માથું ટેકવી મૃત્યુંજય તપ કર્યું હતું અને બ્રહ્મા પાસેથી વરદાન મેળવેલું, છતાં મૃત્યુને ભેટ્યો.

◎ નાગાર્જુને સંજીવની ઔષધિ શોધેલી, પણ તેને

જીવનમાં સાર નથી, એમ લાગવાથી આ ઔષધિની વિદ્યા પોતાની સાથે લઈને મર્યા.

✲ અમેરિકાના પોપ સિંગર (ગાયક) માઈકલજેક્સને સંગીત ક્ષેત્રે અનેક ખિતાબો મેળવેલા. જેમાં 'રોક એન્ડ રોલ'ના ખિતાબ બે વાર, ૩૯ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ, ૧૩ ગ્રેમી એવોર્ડ વગેરે છે. વધુ જીવવા તે બધા જ પ્રયત્નો કરી ચૂક્યો હતો, છતાં ફક્ત ૫૦ વર્ષની નાની વયે તેનું મૃત્યું થયેલું.

✲ જિજીવિષાથી દર વર્ષે અબજો રૂપિયાની દવાઓનું ભક્ષણ દુનિયાના લોકો કરી રહ્યા છે, પણ કાળના ભક્ષણને કોઈ રોકી શક્યું નથી. 'काल किसीकुं न छोडता है।'

જીવપ્રાણીમાત્રને મરવાની ઇચ્છા હોય કે ન હોય, મૃત્યુ ગમે કે ન ગમે, પરંતુ આ સંસારનો ક્રમ છે કે મૃત્યુ નિશ્ચિત છે. શ્રીકૃષ્ણ ભગવાન શ્રીમદ્ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૨૭મા શ્લોકમાં આ સનાતન સત્ય અર્જુનને સમજાવે છે - **'जातस्य हि ध्रुवो मृत्युः।'** અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ.

વૃક્ષ પર ફૂટેલું નવું પાન, તે વહેલું-મોડું ખરવા માટે જ ફૂટે છે.

દીવામાં અગ્નિ પ્રગટાવો, પણ તે ગમે ત્યારે બુઝાશે જ.

✲ નારણદાસ કહે છે :

'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી,
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી.'

આમ, મૃત્યુ સૌ કોઈ માટે નિશ્ચિત છે.

● **મૃત્યુની અસર :**

મૃત્યુ નિશ્ચિત છે, તે જાણવા છતાં જ્યારે તેનો સામનો કરવો પડે છે ત્યારે આપણી પ્રતિક્રિયા આવી હોય છે -

(૧) મૃત્યુ આવતા પહેલાં તેનો ભય
(૨) મૃત્યુ વખતે અનેક પ્રકારનાં દુઃખ, સંતાપ, બળતરા
(૩) સ્વજનના મૃત્યુ પછી દુઃખ

મૃત્યુને લીધે માનવ મન પર થતી આ ત્રણેય અસરોને ટાળી શકાય છે. જેમ ભલે પાણીમાં તરતા ન આવડતું હોય, પણ ડૂબતા હોય ત્યારે હવા ભરેલી ટ્યૂબ મળે કે તરત સલામતી અનુભવાય છે. સ્કાય ડાયવિંગ કરનારા સૈનિકો વિમાનમાંથી પૃથ્વી પર કૂદે છે, પણ પેરાશૂટ (હવાઈ છત્રી) સાથે હોવાથી મૃત્યુનો ભય નથી રહેતો. આવી નિર્ભયતા ભક્ત પણ પામી શકે છે. શ્રીજીમહારાજ અહીં મુખ્યત્વે મૃત્યુનો ભય ટાળવાનો ઉપાય પૂછે છે. શ્રીજીમહારાજ પોતે જ તેનો ઉત્તર આપે છે કે ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય નાશ પામે છે અને દેહ છતે જ કૃતાર્થપણું મનાય છે.

● **મૃત્યુનો ભય કોને નાશ પામે છે ? :**

✲ (૧) વિશ્વાસી (૨) જ્ઞાની (૩) શૂરવીર
(૪) પ્રીતિવાળો.

આ ચાર પ્રકારના ભક્તોને દેહના મૃત્યુનો તો ભય નથી જ, સાથે સાથે લખચોરાશીનો અંત આવી જશે તેવી નિશ્ચિતતા અને કૃતાર્થપણું અનુભવાય છે.

હવે આપણે આ ચારેય પ્રકારના ભક્તોની કેવી સમજણ અને સ્થિતિ છે, તેનો વિચાર કરીએ.

૧. વિશ્વાસી :

✲ આ ભક્તને પ્રત્યક્ષ ભગવાન અને તેના સાધુના વચનમાં અતિશય વિશ્વાસ છે, માટે તે ભગવાનના નિશ્ચયના બળે કરીને મૃત્યુનો ભય રાખે નહીં. તે એમ જાણે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, માટે હું કૃતાર્થ છું.'

આપણે જાણીએ છીએ કે લૌકિક જીવનમાં પણ વિશ્વાસને આધારે જ જીવન અને જીવન- વ્યવહાર ચાલે છે.

વાળંદ, ડોક્ટર, ડ્રાયવર, પાઈલટ પર વિશ્વાસ ન હોય તો ? મનુષ્ય-મનુષ્યના પરસ્પર વિશ્વાસ પર જ ધંધા-રોજગાર ચાલે છે. જો લૌકિક વ્યવહાર પણ વિશ્વાસ વગર ન ચાલી શકતો હોય, તો આધ્યાત્મિક સાધના વિશ્વાસ વગર કેવી રીતે શક્ય બને ?

પ્રત્યક્ષ ભગવાન અને સંતનો નિશ્ચય અને તેમનાં વચનમાં વિશ્વાસ જરૂરી છે.

◎ આવા ભક્તને માટે શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૭**માં કહે છે, ''તે ભગવાનનો જેને પ્રત્યક્ષ

પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, 'હું રખે મરીને ભૂતપ્રેત થઉં કે રખે ઇન્દ્રલોકને જ પામું કે રખે બ્રહ્મલોકને પામું.' એવી આશંકા મનમાં રાખવી નહીં. કેમ જે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહીં.''

◎ તેથી જ તો શ્રીજીમહારાજ અનેક વચનામૃતોમાં કહે છે કે જેમને યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય છે, તેને તો કાળ, કર્મ, માયાની બીક નથી. કારણ કે એવા ભક્તનું કાળ, કર્મ કે માયા પણ ભૂંડું કરી શકતાં નથી.

❋ ગુણાતીતાનંદ સ્વામી પણ તેમની વાતોમાં કહે છે : 'ભગવાનના તથા એકાંતિકના નિશ્ચયનાં લક્ષણ એ છે જે, ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા રૂપિયા હોય તો કાળ પડ્યે મરવાની બીક ન રહે તથા બે હજાર બખતરિયા ભેળા હોય તો લૂંટાવાની બીક ન રહે એમ નિશ્ચયવાળાને કાળ, કર્મ ને માયા તેની બીક ન રહે.'

❋ કેનેડાના યુવાન સત્સંગી બંધુ ભગવાનજી માંડવિયા એક કુશળ અને પ્રેમાળ વહીવટકર્તા, રાજકીય અને સામાજિક ક્ષેત્રે જાણીતા અને ઇન્ડો-કેનેડિયન ફેડરેશનના અગ્રણી હતા.૧૯૮૫માં ડોક્ટરોએ ભગવાનજીભાઈને બ્લડ-કેન્સરનું નિદાન કર્યું.

આ જીવલેણ બીમારી દિન-પ્રતિદિન વકરવા લાગી, પરંતુ તેઓ સહેજ પણ વિચલિત થયા નહોતા. હોસ્પિટલના એકાંતમાં પણ તેઓ સંપૂર્ણ પ્રફુલ્લિત હતા. મૃત્યુના થોડા દિવસો પહેલાં એક ધર્મનેતાને તેમણે લખ્યું હતું કે, 'મારી માંદગીમાં મૃત્યુ નિશ્ચિત છે, છતાં મને પૂર્ણ સંતોષ અને આનંદ છે કે મને જીવનમાં પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુણાતીત સંતનો સત્સંગ પ્રાપ્ત થયો અને એમને પ્રસન્ન કરવાની મહાન તક મળી.'

૪૩ વર્ષની નાની વયે તેઓ અક્ષરનિવાસી થયા ત્યારે તેઓ સંપૂર્ણ નિર્ભય અને પૂર્ણકામ હતા.

વર્તમાનકાળે આપણા સત્સંગમાં હજારો હરિભક્તો છે જેઓને શારીરિક, પારિવારિક, સામાજિક, આર્થિક પ્રશ્નો હોવા છતાં તેમને ઈષ્ટદેવ અને ગુરુમાં વિશ્વાસ હોવાને કારણે મૃત્યુનો ભય રહેતો નથી.

આવા નિર્ભય ભક્તો માટે જ ગવાયું છે

'મને પ્રગટ મળ્યા પુરુષોત્તમ આજ,
આનંદ અંતર છાઈ રહ્યો;
મારાં સર્વ જનમનાં સરિયાં કાજ... આનંદ...

◎ અમેરિકામાં મનાસાસ ખાતે રહેતા ધ્રુવ પટેલ નામના યુવકને ૧૧ વર્ષની ઉંમરે મસ્ક્યુલર ડીસ્ટ્રોફી નામનો સ્નાયુઓનો રોગ લાગુ પડ્યો, જેના લીધે તેને વ્હીલચેર આવી ગઈ. સ્વામીશ્રીની કૃપાથી તેને પોતાના કલ્યાણની દૃઢ પ્રતીતિ હતી. બન્યું અવું કે ૨૦ વર્ષની વયે તે ધામમાં ગયો. ધામગમનના એક મહિના પહેલાથી તે પોતાની મમ્મીને રોજ કહેતો કે 'હું ધામમાં જાઉં તો કોઈ રડતાં નહીં, હું તો સીધો અક્ષરધામમાં જ જવાનો છું.' વિશેષતા તો એ હતી કે તેનાં માતા-પિતા અને ભાઈને પણ તે ધામમાં જ ગયો છે, તે વાતનો વિશ્વાસ હતો. ધ્રુવની સાધુ થવાની ખૂબ ઇચ્છા હતી. તેથી પરિવારે વિચાર્યું કે આ પ્રસંગે તો ધ્રુવનાં લગ્ન ભગવાન સાથે થયા છે. તેમણે આ પ્રસંગને માંગલિક અવસર તરીકે ઊજવવાનું નક્કી કર્યું. આ નિમિત્તે આમંત્રણ પત્રિકા છપાવી અને સૌને તે પ્રમાણે રંગીન વસ્ત્રો પહેરી પધારવા વિનંતી કરી. અમે સાધુ થવાની વિદાય આપી રહ્યા છીએ, મહંતસ્વામી મહારાજને આપવા જઈ રહ્યા છીએ. તેવા આનંદ સાથે બધો વિધિ કર્યો, બધાને પેંડાનો પ્રસાદ વહેંચ્યો !

આવા તો અનેક ભક્તોને મહારાજ-સ્વામી પર અટલ વિશ્વાસ હોવાથી તેઓનું મૃત્યુ મહોરી ઊઠ્યું છે!

વળી, પ્રત્યક્ષ ભગવાન અને સંતના વચનમાં વિશ્વાસથી જ સ્વભાવ, વાસના ટળે છે, બ્રહ્મરૂપ થવાય છે અને અનંત કલ્યાણકારી ગુણ આવે છે, એવી વાત મહારાજે **વચનામૃત સારંગપુર-૯ અને સારંગપુર-૧૮**માં કરી છે.

૨. જ્ઞાની :

- ❊ જેને આત્મજ્ઞાનનું બળ હોય છે, તે એમ માને જે 'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું.' માટે તેને પણ મૃત્યુનો ભય ન હોય.
- ❊ શ્રીજીમહારાજનું અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જેને યથાર્થ આત્મજ્ઞાન હોય તેને પણ મૃત્યુનો ભય ન હોય. કારણ કે આવો ભક્ત સમજે છે કે દેહ અને આત્મા બંને જુદા છે. તેથી મૃત્યુ દેહનું છે. આત્મા તો અજન્મા, અજર, અમર, અવિનાશી અને શાશ્વત તત્ત્વ છે. તેને કોઈ મારી શકે તેમ નથી, તેનો કદાપિ નાશ થવાનો નથી. અને જે દેહ છે તે તો નાશવંત છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે. તેનો નાશ કોઈ અટકાવી શકે તેમ નથી.
- ❊ જેમ શરીર પર વસ્ત્ર પહેરીએ છીએ, તે જૂનું થશે, ઘસાશે એટલે ફાટી જશે ને તેનો નાશ થશે. એ વાતની અંતરમાં સ્પષ્ટતા હોય છે, એટલે જૂનાં કપડાં કાઢી નાખતાં બીક લાગતી નથી.

  તેમ આત્માનું વસ્ત્ર આ શરીર છે. તે પણ જૂનું થશે એટલે પડશે જ. આ શરીર પાછું રોગનું ઘર છે એટલે એનો સ્વભાવ છે, એ પ્રમાણે એમાં આવું થશે જ.

  આ રીતે દેહ અને આત્માની જુદી વિક્તિ જાણવાથી, આવા ભક્તને કોઈ ભય રહેતો નથી.
- ❊ પરીક્ષિત રાજાને શૃંગી ઋષિએ શાપ આપ્યો કે 'તક્ષક નાગ આજથી સાતમે દિવસે ડંસશે.' પરીક્ષિત શુકદેવજીને મળ્યા. શુકજીએ તેને જ્ઞાનદૃષ્ટિ આપી કહ્યું,

  'त्वं तु राजन् मरिष्येति पशुबुद्धिम् इमां जहि।'

  (હે રાજા! તું મરવાનો છે એવી પશુબુદ્ધિનો ત્યાગ કર.) શુકજીએ તેને સાત દિવસ ભગવાનની કથા સંભળાવી તેનો દેહભાવ ટાળી દીધો ને આત્મા-પરમાત્માનું જ્ઞાન આપ્યું. પરીક્ષિતને મૃત્યુનો ભય ટળી ગયો.

◎ શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધના દસમા અધ્યાયમાં જડભરતનું આખ્યાન છે. તેઓને પૂર્વજન્મનું જ્ઞાન હોવાથી આ જન્મે દેહભાવથી પર વર્તતા. માન-અપમાન, સુખ-દુઃખ તેઓને વિચલિત ન કરી શકતા. સિંધુસૌવીર દેશનો રાજા રહૂગણ પાલખીમાં જતો હતો. ઈક્ષુમતી નદીના કિનારે પાલખી ઊંચકનાર કહાર(માણસ)ની જરૂર પડી. જડભરતને આ કાર્યમાં યોગ્ય જાણીને જોડ્યા. જડભરત પોતાના પગ નીચે જીવજંતુ ન મરે તેનું જાણપણું રાખતા. તેથી પાલખી વાંકીચૂકી થવા લાગી. આથી અન્ય કહારોએ રાજા સમક્ષ જડભરતને ગુનેગાર ઠરાવ્યા. રાજાએ જડભરતને સીધા ચાલવા ધમકાવ્યા. અંતે મૃત્યુની બીક બતાવી, પણ જડભરત તો જ્ઞાની હોવાથી સ્થિર અને નિર્ભય હતા. તેમણે રાજાને આ સમયે દેહ-આત્માના જ્ઞાનનો ઉપદેશ આપ્યો.

◎ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ દેહ પોતે નથી, તે સાક્ષાત્ દેખાય છે. ને દેહ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે.' જ્યાં અજ્ઞાન હોય ત્યાં ભય ને ડર પ્રગટે જ, ને જ્ઞાન થાય ત્યારે ભય મટે. હું આત્મા છું, આ દેહથી જુદો છું, એવા જ્ઞાનથી ભય ટળે છે.

◎ **મરને આતસકા વરસે મેહા રે,**
તોય નવ દાઝે મેરા દેહા રે;
મરને બારે મેઘ આવી ઝૂમે રે,
તોય ન ભીંજે મેરા રુમે રે.

અગ્નિનો વરસાદ વરસે તોય દઝાય નહીં ને બારે મેઘ વરસે તોય ભીંજાય નહીં, એવી સ્થિતિ આત્માના સ્વરૂપના જ્ઞાનથી થાય.

- ❊ સંપ્રદાયમાં જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ સદ્ગુરુ સંતવલ્લભ સ્વામીને હૃદયરોગનો ગંભીર હુમલો આવ્યો ત્યારે પણ તેમના મુખ પર ભયની રેખા જડતી નહોતી. આત્મા-પરમાત્માનું જ્ઞાન તેમના જીવમાં દૃઢ હતું. તેમણે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું, 'શ્રીજીમહારાજની ઇચ્છા મને લઈ જવાની હોય તો હું તૈયાર છું, હજુ રાખવાની ઇચ્છા હોય તોપણ તૈયાર છું. મારે કોઈ દુઃખ કે ખરખરો નથી, સંપૂર્ણ શાંતિ છે. મેં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને આપની સેવા કરી છે. મારે કોઈ ઇચ્છા નથી, ભય નથી, દિલગીરી નથી. હું પૂર્ણકામ છું.'

* શિકાગોના સંનિષ્ઠ યુવક નિરલ પટેલને ૩૫ વર્ષની ઉંમરમાં ૭૨ મોટી સર્જરી અને અનેક નાની સર્જરીમાંથી પસાર થવું પડ્યું. આવી અકલ્પનીય પરિસ્થિતિમાં પણ આત્મજ્ઞાનના બળે તે શાંત અને સ્થિર રહી અખંડ ભજન કરતો. દેહના દુઃખ અવગણી આખો દિવસ માળા ફેરવે, ગુરુહરિ દર્શન જુએ, મહિમાની વાતો કરે.

શાસ્ત્રોમાં મૃત્યુના ભયથી પર એવા જ્ઞાની ભક્તનાં લક્ષણ કહ્યા છે, તેવી સ્થિતિએ પહોંચેલા અનેક ભક્તો આજે પણ તાદૃશ્ય છે.

૩. શૂરવીર :

* શૂરવીરને મૃત્યુનો ભય હોય જ નહીં. જે શૂરવીર લશ્કરમાં જોડાયો હોય તેને મૃત્યુની બીક હોય જ નહીં. તે તો માથું હથેળીમાં લઈને જ ફરતો હોય. તેમ શૂરવીર ભક્ત થકી તો ઇન્દ્રિયો-અંતઃકરણ થર થર કંપે અને તે ભક્ત પણ બીજા કોઈથી પણ ડરે નહીં. બીજું, એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહીં.

માટે કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં ન હોય.

* નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી પગ પરઠે, તેને કેની રહી ત્રાસ રે.'

આવો શૂરવીર ભક્ત ક્યારેય આજ્ઞા ન લોપે.

* જોગીદાસ ખુમાણને પરસ્ત્રી જોઈને મનમાં ભૂંડો સંકલ્પ થયો. તરત જ તેણે મરચાંની ભૂકી આંખમાં નાખી ને આંખોને દંડ દીધો.
* ૧૯૭૫, અમરેલી : પધરામણી કરીને બહાર નીકળતાં પ્રમુખસ્વામી મહારાજે જોયું કે આશરે ૮૦ વર્ષના એક દરબાર ખલ લઈને તેમાં અફીણ ઘોળતા બેઠા હતા. બાજુમાં એક ગરણું રાખેલું. સ્વામીશ્રીએ તેમનો પરિચય મેળવ્યો અને કહ્યું, 'બાપુ, હજુ આનું આ હાલે છે ? હવે તો ૮૦ થયાં! હવે તો જીવનમાં સુધારો લાવો.' અને બાપુને આ સાંભળતાં જ ચાનક ચઢી ગઈ કે, 'અહોહો, મને સ્વામીએ આવીને હાથોહાથ પકડ્યો ! માટે હવે આ ફેંકી દો !' તેમણે અફીણવાળા ખલનો ઘા કરી દીધો. ૬૦-૬૫ વર્ષ જૂનું ભયંકર વ્યસન તેમણે એકદમ છોડ્યું. તેમની તબિયત બગડી ગઈ. સ્કૂટર ઉપર બેસાડી તેમને હોસ્પિટલ લઈ ગયા. ડોક્ટરે કહ્યું, 'તમારું આવું વ્યસન ને તમે આવો તાત્કાલિક નિર્ણય લીધો! તેથી થોડું લેવાનું રાખો ને અઠવાડિયામાં થોડું થોડું છોડવું. તો જ તમે જીવશો, નહીં તો મરી જશો.!' બાપુ કહે, 'આમેય મને ૮૦ તો થયાં. જીવવાનું હવે કાંઈ બાકી રહ્યું નથી. માટે ભલે મરી જાઉં, પણ મારે સ્વામીનું વચન રાખવું છે!' શૂરવીર થયા તો વ્યસનમુક્ત થયા અને દીર્ઘાયુષ્ય પણ ભોગવ્યું.

આ રીતે શિરસાટે ભગવાનની આજ્ઞા પાળવાથી ભગવાન અને સંતની કૃપાથી વાસના ટળી જાય, બ્રહ્મરૂપ થઈ જવાય. તેથી તેને લખચોરાશીમાં જવાનું રહેતું નથી. આમ, તેને મૃત્યુનો કે લખચોરાશીનો ભય રહેતો નથી.

* આ રીતની શૂરવીરતા આપણે પણ કેળવવી પડે. જો ઇન્દ્રિયો કુમાર્ગે દોડે તો તેને દંડ દેવો જ પડે.

કુસંગના યોગે વ્યસનના માર્ગે ચઢી જવાય તો ઇન્દ્રિયોને દંડ દેવો જ ઘટે.

ટીવી અથવા મોબાઈલમાં અઘટિત જોવાય તો તરત પ્રાયશ્ચિત્ત રૂપે આંખને દંડ દેવો પડે.

સત્પુરુષ અથવા સદ્ગુરુ સંતોને વ્યક્તિગત મળી અથવા પત્ર લખી તેમની પાસે નિષ્કપટ થઈને પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. આમ, પ્રાયશ્ચિતથી ઇન્દ્રિયો - અંતઃકરણ થથરે ને બીવે.

૪. પ્રીતિવાળો :

* જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિને વિષે પ્રીતિ છે, તેમ પ્રીતિવાળા ભક્તને ભગવાન અને ગુણાતીત સત્પુરુષને વિષે પ્રીતિ રહે છે. પ્રીતિવાળા ભક્તને કૃતાર્થપણું અનુભવાય છે અને તેને મૃત્યુનો ભય રહેતો નથી.
* પ્રાગજી ભક્તને ગુણાતીતાનંદ સ્વામીમાં અનન્ય પ્રીતિ હતી. દેહના ચૂરેચૂરા કરીને પણ સ્વામીને

રાજી કરી લેવાનો તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો. તે માટે તેમણે સ્વામીના દરેક વચન અધ્ધર ઝીલ્યા હતા.

જૂનાગઢ મંદિરમાં નવી હવેલીનું કામ ચાલતું હતું ત્યારે ચૂનાની સેવા કોઈ કરવા તૈયાર નહોતું. કારણ કે આ સેવામાં હાથ-પગ ફાટી જાય અને આંખે પણ ગરમી આવે. વળી, આંધળા પણ થવાય, એવી સૌને બીક લાગતી. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવી આ સેવા સોંપી ત્યારે તેમણે રાજીપે સ્વીકારી લીધી. કેટલાક તેમને આ સેવાથી અંધાપો આવશે તે બીકે રોકતા, ત્યારે તેઓ કહેતા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે અને મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી દેવા છે!' સાડા ત્રણ વર્ષ સુધી તેમણે દસ-દસ માણસનું કામ એકલા હાથે કર્યું, પણ દેહની લેશ પણ પરવા ન કરી.

વળી, ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી તેમણે સ્વામીના મૂળ અક્ષર સ્વરૂપનો પ્રચાર ઉપાધિમાત્રને ઠોકર મારીને કરવા માંડ્યું. તે માટે તેમને સ્વામીની જ ઉપસ્થિતિમાં વિમુખ થવું પડ્યું. વિમુખ કર્યા પછી પણ ઝેરના લાડવા ખાવાનો વારો આવ્યો, છતાં દેહના અંત સુધી ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનું ગાન તેમણે ચાલુ રાખ્યું.

ગુણાતીતાનંદ સ્વામીમાં તેમને એવી પ્રીતિ હતી, તેથી તેઓ નિર્ભય થઈને સ્વામીના મહિમાનું ગાન કરતા રહ્યા.

❋ આ રીતે આ ચાર પ્રકારના ભક્તોને મૃત્યુનો ભય નથી, લખચોરાશીમાં પણ હવે જવાનું નથી. તેથી તેની પણ બીક નથી.

● **શૂરવીર ભક્ત પર વિશેષ રાજીપો :**

❋ શ્રીજીમહારાજ શૂરવીર ભક્ત પર વિશેષ રાજીપો બતાવે છે. કારણ કે આ અધ્યાત્મનો માર્ગ શૂરવીરતાનો માર્ગ છે.

- **'હરિનો મારગ છે શૂરાનો,**
  નહીં કાયરનું કામ જો ને'

માટે આવી ભક્તિ આપણે કરવી. તો ભગવાન રાજી થાય.

❀ ❀ ❀

❖ **વચનામૃત :** લોયા-૩ : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું

❖ **સ્વામીની વાત :** ૧. પ્રકરણ : ૩, વાત : ૧૨

૨. પ્રકરણ : ૨, વાત : ૬

❖ **પ્રસંગ કથન :**

◆

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત લોયા પ્રકરણનું ત્રીજું : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૩ તેરશને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદસ્વામી તથા શિવાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.''

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

* ❋ શ્રીજીમહારાજે આમાં સર્વસ્વના સમર્પણનું રહસ્ય સમજાવ્યું છે.
* ❋ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનાં લક્ષણો સદૃષ્ટાંત સમજાવ્યાં છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

ભગવદાનંદ સ્વામીનો પ્રશ્ન છે, 'ભગવાન તથા સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય

તેનાં શાં લક્ષણ છે ?'

* શ્રીજીમહારાજના પરમહંસો સતત અંતર્દષ્ટિવાળા હતા. અધ્યાત્મ સાધનામાં 'નિશ્ચય' એ એકડો છે. એમાં કચાશ હશે તો અક્ષરધામમાં નહિ જવાય-આ વાત પરમહંસો સારી રીતે જાણતા હતા. તેથી ઉત્કૃષ્ટ મહિમાપૂર્વકનો નિશ્ચય જેને હોય તેની સ્થિતિ, સમજણ, વર્તન કેવાં હોય તે અંગે પ્રશ્ન પૂછે છે.
* પરમહંસોની દૃષ્ટિ શ્રીજીમહારાજ સામે હતી. ચિત્રકાર, સંગીતકાર કે શિલ્પકાર પોત-પોતાની કળા અંગે તેના નિષ્ણાતનું માર્ગદર્શન લે છે. શ્રીજીમહારાજ અધ્યાત્મવિદ્યાના નિષ્ણાત છે. એટલે શ્રીજીમહારાજે અહીં આપેલો ઉત્તર અનુભવની એરણ પર ઘડાયેલો છે.

❀ ભગવાન ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય :

* આ વચનામૃત આપણા માટે ખૂબ રહસ્યનું વચનામૃત છે. કારણ કે નિશ્ચય એકલો ભગવાનનો જ નથી કરવાનો, પરંતુ એમના ધારક ગુણાતીત સંતનો પણ નિશ્ચય કરવાનો છે, એમ મહારાજ કહે છે.
* સ્વા.વાત : એકલા શ્રીજીમહારાજને ઓળખ્યા તેનું એક પગલું અક્ષરધામમાં પણ સાથે આ સાધુની જેને ઓળખાણ થઈ તેનાં બે પગલાં અક્ષરધામમાં છે.
* સામાન્ય નિશ્ચય અને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય-બન્નેમાં ઘણો તફાવત છે. ગવર્નર કે રાષ્ટ્રપતિને નામ સહિત સૌ ઓળખે પણ એનું સામર્થ્ય, રાજકીય અધિકાર, સત્તા વગેરેનું જ્ઞાન જેટલું આઈ.એ.એસ. ઑફિસરને છે તેટલું બીજાને નથી. તેમ ભગવાન કે સંતનો નિશ્ચય એટલે એમની યથાર્થ ઓળખાણ, એટલે કે એમના કલ્યાણકારી ગુણો, અપરિમિત ભક્તિ-સામર્થ્ય, સુખ અને વૈભવનું જ્ઞાન - જેને થયું તેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થયો કહેવાય.

*** માહાત્મ્ય વગરના નિશ્ચયથી :**

- પ્રાપ્તિ છતાં સુખ, કેફ, આનંદ, અહોહોપણું ન ટકે.
- પ્રાપ્તિનો યથાર્થ ઉપયોગ કરી જ ન શકીએ. જેમ તેલપળીના વેપારીને મહાત્માએ પારસમણિ આપ્યો પણ ૬ મહિના સુધી ગોખલામાં જ મૂકી રાખ્યો, પાઈ-પાઈના ધંધામાં અમૂલ્ય મણિ તરફ નજર ન ગઈ, તો દરિદ્રી જ રહ્યો.
- ગંગામાં લાખો સ્નાન કરે છે પણ 'મારું પાપ બળી ગયું.' - એવી પ્રતીતિ કેટલાને ? જેણે યથાર્થ મહિમા જાણ્યો તેને જ.
- માટે માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયની જરૂર છે.

❀ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનાં લક્ષણ :

*** ભગવાન અને સંતને અર્થે શું ન થાય ?**

* પૈસાનો, વિદ્યાનો કે સત્તાનો મહિમા છે તો તે મેળવવાને અર્થે લોકો શું નથી કરતા ? દેશ-વિદેશ ભમે, દુઃખો ખમે, કષ્ટો વેઠે, તિરસ્કાર સહે, અરે, સત્તા માટે તો નકટા થાય ! કેટલું સહન કરે છે !
* વૈજ્ઞાનિકો, કલાકારો, રમતવીરો, પ્રસિદ્ધિના શોખીનો પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે ભોગ-વિલાસ, સુખ-સગવડ, ખાવા-પીવાનું, અરે, કુટુંબ-કબીલાનો પણ ત્યાગ કરે છે. પ્રાણની પણ આહુતિ આપી દે છે.
* ઈંગ્લૅન્ડના રાજા એડવર્ડ આઠમાએ એક સ્ત્રી માટે ઈંગ્લૅંડની સત્તા, (અર્ધા વિશ્વની સત્તા) સુખ, સન્માન, રાજવીપદનો ત્યાગ કર્યો.
* આ જ રીતે ભગવાન અને સંતનો મહિમાએ સહિત નિશ્ચય હોય તો શું ન થાય ?

૧. કુટુંબનો ત્યાગ કરે :

* ખોરાસાના રાજાભાઈની ગેરહાજરીમાં એમની પત્નીએ સંતો માટે સીધું ન આપ્યું. આ વાતની ખબર રાજાભાઈને પડી. એમણે યુક્તિપૂર્વક પત્ની તથા છોકરાંને પિયેર મોકલી દીધાં. પછી થોડી જમીન રાખીને બીજી વેચી નાખી, ઢોર પણ વેચી નાંખ્યાં, અને ઘરેણાં વગેરે લઈ મહારાજના ચરણોમાં સમર્પિત થઈ ગયા. માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો જ આમ થાય.
* નગાસરના ભૂધરભાઈ પાસે શાસ્ત્રીજી મહારાજ આર્થિક સેવા લેવા આવ્યા ત્યારે તેમનાં પત્ની આડાં પડ્યાં. પૈસા ન આપી શકાય એ માટે પટારાપર ચઢી બેઠાં. ભૂધરભાઈએ તેમને ખેંચીને ઉતાર્યા, ને થાંભલી સાથે બાંધ્યા. પછી પટારો ખોલી પૈસા આપી ગામ બહાર સુધી શાસ્ત્રીજી મહારાજને વળાવી આવ્યા !
* શ્રીજીમહારાજના સમયથી માંડી અત્યાર સુધી હજારોએ કુટુંબનો ત્યાગ કરીને ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે.
* આપણા મોટા સમૈયાઓમાં કુટુંબીઓનો વિરોધ સહન કરીને કેટલાંય યુવકોએ સેવા કરી છે. અમૃત મહોત્સવ પ્રસંગે સેવા આપનાર ખંભાતના જશવંત રાજપૂતની કથની આપણી આંખો ભીની કરે એવી છે. આ યુવક હીરાનું કામ કરી મહિને માંડ ૧૦૦૦ રૂા. કમાય. ૬ વ્યક્તિનું કુટુંબ. પિતાશ્રીને દમનું દર્દ. ઘર પણ ભાડાનું. આમાં વળી એમનાં બહેનને ગંભીર માંદગીમાં બે વખત ઑપરેશન કરાવવાં પડ્યાં. બધી બચત ખર્ચાઈ ગઈ. ઘરમાં ત્રણ જ દિવસનું અનાજ બચ્યું હતું, છતાં તેઓ ઘરને ભગવાનને સહારે મૂકીને સેવામાં આવી ગયા હતા.

૨. લોકલાજનો ત્યાગ કરે :

* ભૂજના લાધીબા વિધવા હતાં. એકવાર મહારાજે તેમને કહ્યું, 'તમે સધવા જેવો વેષ ધારણ કરી, ઘરેણાં પહેરી, ચાંદલો કરી, ભડના નાકેથી પાણીનું બેડું ભરી, ગામ વચ્ચે થઈને આવો.' લાધીબા એવી રીતે બજારમાંથી નીકળ્યાં. કોઈએ પૂછ્યું, 'લાધી ! કોનું ઘર માંડ્યું ?' તો તેમણે નિધડકપણે કહ્યું, 'પુરુષોત્તમ નારાયણનું.'
* ડડુસરના ગલુજીનાં માતુશ્રી ધામમાં ગયાં ને તે જ વખતે મહારાજ ગામમાં પધાર્યા. ગલુજીએ ઝટપટ માના શબને ગાંસડીમાં બાંધી માળીયાપર મૂકી દીધું. મહારાજ તથા સંતોને ધામધૂમથી પધરાવ્યા. ઘેર રસોઈ કરી જમાડ્યા. પછી મહારાજ કહે, 'હવે અધૂરું કાર્ય પૂરું કરો.' મુક્તાનંદ સ્વામી કહે, 'કયું અધૂરું કાર્ય છે ?' મહારાજ કહે, 'તેમના માતાનું શબ ઘરમાં છે ને આપણને જમાડ્યા ! આવું બીજાથી ન થાય!'
* પ્રમુખસ્વામી મહારાજે જે જે મહોત્સવો કર્યા તેમાં સેવામાં આવનાર કેટલાંય યુવકોએ ગલુજી જેવું જ કર્યું છે.
* કિલ્લાપારડીના બે ભાઈઓ બચુભાઈ અને રમેશભાઈ અમૃત મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં હતા, ત્યારે તેમનાં માતુશ્રી ઘરે ધામમાં ગયા. નગરમાં સંદેશો આવ્યો, એનો બંને ભાઈઓએ કોઈ જ પ્રત્યુત્તર આપ્યો નહિ. આથી સંબંધીઓ તેમને રૂબરૂ તેડવા આવ્યા, ત્યારે તેમણે ના પાડતાં કહ્યું, 'અમે આવીશું તો પણ એ પાછાં આવવાનાં નથી.' સંતોએ પણ જવાની રજા આપી, તો પણ એમણે મક્કમતા રાખી કહ્યું, 'અત્યારે પૂર્વતૈયારીમાં કામ ઘણું છે અને માણસો ઓછા છે. આવા અણીના સમયે જઈએ તો સેવા જતી રહે !'
* આજે લંડન-અમેરીકા જેવા વિલાસી વાતાવરણમાં લોકલાજ છોડીને પાર્ટીમાં ન

જાય, તિલક-ચાંદલો કરે, દારૂ-માંસનો સ્પર્શ પણ ન કરે એવા પ્રમુખસ્વામીના યુવકો છે.

* લંડન મંદિર માટે લબ્ધપ્રતિષ્ઠિત, શ્રીમંત વડીલો, યુવકો અને બાળકોએ લોકલાજનો ત્યાગ કરીને કચરામાંથી ભિખારીની જેમ કેન (પીણાંનાં ડબલાં)વીણ્યાં છે, ઘેર ઘેર સંપર્ક કરવા ગયાં છે, એ વખતે અપમાનો સહન કર્યાં છે.

૩. રાજ્યનો ત્યાગ કરે :

* શ્રીજીમહારાજે ૧૮ જણને પત્ર લખી ત્યાગી થવા તેડાવ્યા. તે બધા જ રાજવી-ગામધણીઓ હતા. સાપ જેમ કાંચળી ઉતારે તેમ કાચી વયે સંસારનો ભાર ઉતારી મહારાજ પાસે પહોંચી ગયા !
* ઝમકુબા ઉદયપુરની રાજ્યસંપત્તિને ઠોકર મારી ભગવાન ભજવા ગઢડા આવીને રહ્યાં. ત્યાં તેઓ હલકી સેવા કરતાં. મહારાજે લાડુબાને કહ્યું, 'આમને ત્યાં તમારા જેવાં તો ગોલા-ગોલી હતાં. ઉદેપુરનાં રાણી છે !'
* આજે પણ કરોડપતિના દીકરાઓ રાજવી વૈભવ છોડીને વિદેશનું વિલાસી જીવન છોડીને સાધુ થઈ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞામાં વર્તે છે.

૪. સુખનો ત્યાગ કરે :

* પરમહંસોથી માંડી આજ સુધી જેને જેને મહિમા સમજાયો છે તેમણે દેહના સુખને ઠોકર મારી છે. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામી મહારાજે સુખ-સગવડ કે સુવિધાનો વિચાર જ કર્યો નથી. મોટી ઉંમર, અનેક રોગો, છતાં સતત વિચરણમાં ભીડો વેઠતા જ રહ્યા છે.
* મહારાજના પરમહંસો કડકડતી ઠંડી, ધોધમાર વર્ષા કે ધોમ તાપમાં પણ ઝાડ, ઓઘા કે ઘરનો આશ્રય લેતા નહિ !
* મોટા ઉત્સવોમાં યુવકો-હરિભક્તો સુખ-સગવડ-સુવિધાને ઇચ્છતા નથી. જ્યાં-ત્યાં, તંબુમાં, મચ્છરમાં કેફથી રહે છે. સમૂહજીવન જીવે છે ! બોરીવલીના ચંદુભાઈ પટેલ અમૃત મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં આવી ગયા હતા. તે વખતે સ્વયંસેવકોએ કરેલ દેહની કુરબાનીનું બયાન એમના જ શબ્દોમાં જોઈએ : 'તે વખતે અહીં છ-છ ફૂટનું ઊંચું ઘાસ હતું. આ જમીન આસપાસના ઝૂંપડાવાસીઓનું જાહેર શૌચાલય હતું એટલે ભયંકર વાસ માર્યા કરે. સખત વરસાદથી બધે જ પાણી ભરાઈ જાય. મચ્છરોનો ત્રાસ અસહ્ય. માથું ફાડી નાંખે એવી ગટરની દુર્ગંધ સતત આવતી. સાપ પણ વારે વારે નીકળે. વરસાદ પડે ત્યારે પાણી ટેન્ટમાં પેસી જાય, એટલે જાગતાં બેસી રહેવું પડે. રાત્રે લાઈટ પણ નહોતી. મંદિરેથી ટીફીન લાવતું વાહન જો ટ્રાફિકમાં અટવાય, તો જમવામાં બે-ત્રણ કલાકનું મોડું થઈ જતું.'
* અમેરીકા જેવા દેશમાં પણ વિપુલ (હાર્વર્ડ) જેવા યુવકો છે કે જેમણે ટી.વી.નો વર્ષોથી ત્યાગ કર્યો છે. ડીસ્કો-ગરબામાં આ યુવકો જતા નથી. નાટારંગ કરતા નથી - કારણ કે પ્રમુખસ્વામીમાં તેમને એવો નિશ્ચય છે.

૫. ધનનો ત્યાગ કરે :

* લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી)શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારે એમના શરીર પર પાંચ શેર સોનાના દાગીના હતા ! વળી રજવાડાં તરફથી બીજી કેટલીયે સંપત્તિ મળેલી, છતાં બધું છોડીને ત્યાગી થયા હતા.
* નિત્યાનંદ સ્વામીની એ વખતે કનોજમાં રૂ. ૮૦,૦૦૦ની મિલકત હતી, તે છોડીને આવ્યા હતા.
* વાળાક દેશના આહીર ભક્ત સામત પટેલને ખબર પડી કે ગઢડાનું મંદિર બંધાય છે તેમાં કડિયાના પગાર ચૂકવવાના પૈસા નથી. તેઓ

જલ્દી ઘેર ગયા. જમીન-જાગીર વેચી પૈસા લાવી મહારાજના ચરણોમાં અર્પણ કર્યા.

* ધનના ત્યાગ માટે લંડન મંદિર આદર્શ ઉદાહરણ છે. ભક્તોએ ગજા બહાર સેવા કરી છે. કળિયુગમાં અશક્ય લાગે, પણ આવો નિશ્ચય હોય તો શું ન થાય ! હરિભક્તોની સમર્પણ ભાવના વિષે સ્વામી બોલ્યા હતા, 'મારા હરિભક્તો વેચાઈ જઈને પણ આ મંદિર પૂરું કરશે. વિશ્વાસ છે. શ્રદ્ધા છે. આ તો એમને રોકી રાખ્યા છે.' લફબરોના ૬૫ વર્ષના રામુભાઈના ઘરમાં ચોરી થઈ. ઘરેણાં ચોર લઈ ગયા, પણ વીમો પાકતાં રકમ મળી, એ તેમણે અર્પણ કરતાં કહ્યું, 'આ ઘરેણાં ગયેલાં જ હતાં, પણ આપની દયાથી પાછાં આવ્યાં, તેથી ઠાકોરજીને અર્પણ.' ઉપરાંતમાં હજુ પણ સેવાની અતૃપ્તિ હોય એમ કહે, 'અમારું મકાન વેચીને તમને અર્પણ કરી દઉં. અમે કાઉન્સિલના (મ્યુનિસિપાલિટીએ બાંધેલ સાવ સામાન્ય, ચાલી સીસ્ટમ જેવા) ઘરમાં રહેવા જઈએ.'
* નરસિંહભાઈ સોલંકી જેવા સરકારી નોકરીમાં વીજચોરી પકડી પાડે, ને સામેની વ્યક્તિ મોટી રકમ લાંચ પેટે આપે તો તે ન લેતાં કાયદેસર દંડ ફટકારી શકે-આ કેવળ નિશ્ચયવાળાથી જ બને !
* બારડોલીના રિક્ષાચાલક વિનોદ ભંડારીને રૂ. ૧,૫૦,૦૦૦/-ની કિંમતનું હીરાનું પડીકું મળે ને મૂળ માલિકને સુપરત કરે - તે પણ ધનનો ત્યાગ જ કહેવાય. કળિયુગમાં પ્રમાણિક રહેવું કઠણ છે. પણ નિશ્ચયવાળાથી શું ન થાય !

૬. સ્ત્રીનો ત્યાગ કરે :

* કડુના કલ્યાણભાઈ લગ્નના મંગળફેરા ફરી રહ્યા હતા. તે વખતે તેમના મામા અજા પટેલના હાથમાં ખેપિયાએ મહારાજનો કાગળ આપ્યો. તેમાં ૧૮નાં નામ લખી - 'વગેરેએ તાત્કાલિક બધું છોડી દઈ ભાઈસ્વામી આગળ જઈ દીક્ષા લઈ લેવી' - એમ લખેલું. અજા પટેલ તો નીકળ્યા પણ કલ્યાણભાઈ 'વગેરે'માં પોતાને ગણીને ત્યાગી થવા નીકળી પડ્યા. લગ્નના માંયરેથી આવ્યા હોઈ 'અદ્‌ભૂત કામ કર્યું' - એમ કહી મહારાજે એમને દીક્ષા દઈ 'અદ્‌ભુતાનંદ સ્વામી' નામ પાડ્યું.
* લાલજી સુથારને શ્રીજીમહારાજે કચ્છ જવા ખેપિયા તરીકે સાથે લીધા. ને રસ્તામાં આધોઈ ગામ આવ્યું ત્યાં કહ્યું, 'આ ગામમાંથી ભિક્ષા માગી આવો.' તે કહે, 'આ તો મારી સાસરી. મને બધા ઓળખે.' 'ન ઓળખે એવા કરી દઈએ તો ?' - એમ કહી મહારાજે તરત દીક્ષા આપી 'નિષ્કુળાનંદ સ્વામી' નામ ધરાવ્યું. પછી સાસરાના ઘરે જ ભિક્ષા લેવા મોકલ્યા.તેમનાં પત્ની કંકુબાઈ ઓળખી ગયાં. તેમણે ત્યાગ ઉતરાવવા ઘણી કોશિશ કરી, પણ નિષ્કુળાનંદ સ્વામીનો ત્યાગ દૃઢ હતો, તો મચક ન આપી.
* માનકૂવાના મૂળજી અને કૃષ્ણજીને સાધુ થવાનો તીવ્ર વેગ લાગ્યો. મહારાજે તેમને તેમની પત્નીઓની રજા લઈ આવવા કહ્યું. પણ સ્ત્રીઓએ રજા ન આપી. મહારાજે પણ દૂર કાઢ્યા. ત્યારે તેમણે બંનેએ પોતાની ઈન્દ્રિયો કાપી નાંખી અને ભજન કરવા માંડ્યા. ત્યારે સ્ત્રીઓએ રજા આપી. પછી મહારાજે ત્યાગી કર્યા.
* કેટલાંય ગૃહસ્થો આજે પણ લગ્ન કર્યા હોવા છતાં છેડા વર્તમાન પાળે છે ! તે પણ અમેરીકા જેવા દેશોમાં !

૭. સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે :

* ઉદેપુરનાં ઝમકુબા, ગઢડાનાં લાડુબા-જીવુબા, રાજબાઈ વગેરે સ્ત્રી ભક્તોએ પરણ્યા ધણીનો ત્યાગ કરી ભગવાન ભજ્યા છે.

❊ જેતપુરના જીવા જોષીના દીકરી કડવીબાનો ધણી એમને ભગવાન ભજવા દેતો નહોતો અને ત્રાસ આપતો. મહારાજનું ભજન તેમણે મૂક્યું નહિ. છેવટે તે કંટાળ્યો કે તરત તેમણે ચૂડી ભાંગીને કહ્યું, 'આજથી તું મારો ભાઈ-બાપ !' અને પછી ગૃહત્યાગ કર્યો.

❀ ઉપસંહાર :

❊ આમ, જેને ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેને આવો ત્યાગ કરવો અઘરો લાગતો નથી. એટલે કે આપણાથી પણ જો આમ થઈ શકે, તો સમજવું કે યથાર્થ નિશ્ચય છે.

૧૦. વચનામૃત : લોયા-૩ : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત લોયાનું ૩જું : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું...

સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૩ તેરસને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.'' એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી. ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી તથા ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈ તથા પર્વતભાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટાં રામબાઈ તથા દાદો ખાચર તથા માંચો ભક્ત તથા મૂળજી બ્રહ્મચારી તથા ભુજવાળાં લાધીબાઈ ને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશનો આહીર પટેલ સામત તથા ગામ માનકૂવાના મૂળજી તથા કૃષ્ણજી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઈત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા. અને વળી એમ કહ્યું જે, ''જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહીં ને જેમ કહે તેમ કરે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે લોયાનું ૩જું વચનામૃત થયું.

❊ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તનાં લક્ષણ બતાવે છે.

● માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય એટલે શું ?

❊ સામાન્ય નિશ્ચય અને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય- બન્નેમાં ઘણો તફાવત છે. ગવર્નર કે રાષ્ટ્રપતિને નામ સહિત સૌ ઓળખે પણ એનું સામર્થ્ય, રાજકીય અધિકાર, સત્તા વગેરેનું જ્ઞાન જેટલું આઈ.એ.એસ. ઑફિસરને છે તેટલું બીજાને નથી. તેમ ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય એટલે એમની યથાર્થ ઓળખાણ, એટલે કે એમના કલ્યાણકારી ગુણો, અપરિમિત ઐશ્વર્ય-સામર્થ્ય, સુખ અને વૈભવનું જ્ઞાન - આ રીતે મહિમા જે સમજ્યા હોય તેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થયો કહેવાય.

● માહાત્મ્ય વગરના નિશ્ચયથી :

❊ પ્રાપ્તિ છતાં સુખ, કેફ, આનંદ, અહોહોપણું ન રહે. પ્રાપ્તિનો યથાર્થ લાભ લઈ ન શકીએ. જેમ તેલપળીના વેપારીને મહાત્માએ પારસમણિ આપ્યો પણ તેને મહિમા નહોતો, એટલે ૬ મહિના સુધી ગોખલામાં જ મૂકી રાખ્યો, પાઈ-પાઈના ધંધામાં અમૂલ્ય મણિ તરફ નજર ન ગઈ, તો દરિદ્રી જ રહ્યો.

❊ ઘરમાં પાંચ અબજ રૂપિયાનું નીલમ પડ્યું હોય, પણ ટેબલ પર પેપરવેઈટ તરીકે પેઢીઓથી વપરાતું આવતું હોય. નીલમના પારખું તેની કિંમત કરે પછી નજર સામે પેપર વેઈટ નથી રહેતું. અમૂલ્ય માણેક બની જાય છે. વસ્તુ તેની તે જ છે પણ યથાર્થ મહિમા

સમજાય તો તેની કિંમત અનેકગણી વધી જાય છે.

❊ માટે માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયની જરૂર છે. તે સમજાવતાં શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૬૨માં કહે છે, ''તે નિશ્ચય કેવો હોય તો જે, 'ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે.' અને એવી રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહિ.''

❊ વચનામૃત વરતાલ-૧૦માં શ્રીજીમહારાજ નિશ્ચયની દૃઢતા અંગે કહે છે કે, ''જેમ આ આંબાનું વૃક્ષ છે તે એક વાર દૃઢ કરીને જાણ્યું, પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તોપણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે, 'આંબાનું વૃક્ષ હશે કે નહિ હોય;' તેમ જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય.''

❊ ભગવદાનંદ સ્વામીનો પ્રશ્ન છે, 'ભગવાન તથા સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે?'

❊ શ્રીજીમહારાજના પરમહંસો સતત અંતર્દૃષ્ટિવાળા હતા. અધ્યાત્મ સાધનામાં 'નિશ્ચય' એ એકડો છે. એમાં કચાશ હશે તો અક્ષરધામમાં નહિ જવાય-આ વાત પરમહંસો સારી રીતે જાણતા હતા. તેથી ઉત્કૃષ્ટ મહિમાપૂર્વકનો નિશ્ચય જેને હોય તેની સ્થિતિ, સમજણ અને વર્તન કેવાં હોય તે અંગે ભગવદાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે.

❊ પરમહંસોની દૃષ્ટિ શ્રીજીમહારાજ સામે હતી. ચિત્રકાર, સંગીતકાર કે શિલ્પકાર પોત-પોતાની કળા અંગે તેના નિષ્ણાતનું માર્ગદર્શન લે છે. શ્રીજીમહારાજ અધ્યાત્મવિદ્યાના નિષ્ણાત છે. એટલે શ્રીજીમહારાજે અહીં આપેલો ઉત્તર અનુભવની એરણ પર ઘડાયેલો છે.

❊ જેમ ઉષ્ણાતામાન માપવા માટેનું સાધન થર્મોમીટર છે. જેમ દૂધમાં ફેટ માપવા માટેનું સાધન લેક્ટોમીટર છે. જેમ ગાડીમાં સ્પીડ માપવા માટેનું સાધન સ્પીડોમીટર છે. તેમ સત્સંગીને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય કેટલો છે ? તે માપવાનું સાધન આ વચનામૃત છે.

● ભગવાન ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય :

❊ અહીં મહારાજ કહે છે, નિશ્ચય એકલો ભગવાનનો જ નથી કરવાનો, પરંતુ એમના ધારક ગુણાતીત સંતનો પણ નિશ્ચય કરવાનો છે.

● ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં કહ્યું છે કે, 'એકલા શ્રીજીમહારાજને ઓળખ્યા તેનું એક પગલું અક્ષરધામમાં પણ સાથે આ સાધુની જેને ઓળખાણ થઈ તેનાં બે પગલાં અક્ષરધામમાં છે.'

● માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનાં લક્ષણ : ભગવાન અને સંતને અર્થે શું ન થાય ?

❊ ધનનો, વિદ્યાનો કે સત્તાનો મહિમા છે તો તે મેળવવાને અર્થે લોકો શું નથી કરતા? દેશ-વિદેશ ભમે, દુઃખો ખમે, કષ્ટો વેઠે, તિરસ્કાર સહે, અરે, સત્તા માટે તો નકટા થાય! કેટલું સહન કરે છે!

❊ વૈજ્ઞાનિકો, કલાકારો, રમતવીરો, પ્રસિદ્ધિના શોખીનો પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે ભોગ-વિલાસ, સુખ-સગવડ, ખાવા-પીવાનું, અરે, કુટુંબ-કબીલાનો પણ ત્યાગ કરે છે. પ્રાણની પણ આહુતિ આપી દે છે.

❊ ઇંગ્લેન્ડના રાજા એડવર્ડ આઠમાએ એક સ્ત્રી માટે ઇંગ્લેન્ડની સત્તા, (અર્ધા વિશ્વની સત્તા) સુખ, સન્માન, રાજવીપદનો ત્યાગ કર્યો.

❊ ભારતને આઝાદી મળી તે પૂર્વેના તરતના કાળમાં કોંગ્રેસ પ્રમુખની વરણીનો મુદ્દો ચર્ચાતો હતો. તે સમયે નક્કી જ હતું કે, જે પ્રમુખ બને તે જ ટૂંક સમયમાં મળનારી સ્વતંત્રતા પછી આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી બને. આ સમયે કોંગ્રેસ પ્રમુખ તરીકે સરદાર પટેલની વરણી થવી જોઈએ તેવો ૯૦ ટકા કોંગ્રેસ કમિટીનો મત હતો. જવાહરલાલ

નેહરુની તરફેણ માત્ર એક કોંગ્રેસ કમિટી તરફથી હતી, પરંતુ ગાંધીજીએ જવાહરલાલ નહેરુ કોંગ્રેસ પ્રમુખ બને તેવો અભિપ્રાય ઉચ્ચાર્યો અને સરદારે કોઈ જ દલીલ વગર તે શિરે ચઢાવી લીધો. ગાંધીજી પ્રત્યેના આદરને કારણે સરદારે વડાપ્રધાન પદ પળવારમાં જતું કર્યું.

❊ આ જ રીતે ભગવાન અને સંતનો મહિમાએ સહિત નિશ્ચય હોય તો તેમને અર્થે શું ન થાય?

૧. કુટુંબનો ત્યાગ કરે :

❊ નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનને અર્થે ભક્તોએ કરેલા ત્યાગનો મહિમા ગાતાં લખ્યું છે કે,

જુઓ વિભિષણે તજ્યો ભ્રાત, તેમ તજી ભરતજીએ માત
તજી વિદૂરે કુળની રીતી, ઋષિ પત્નીએ તજ્યા સંબંધી.
ગોપીએ તજ્યો પતિનો સંગ, ત્યજ્યો પુત્ર વેન રાજા અંગ.

❊ શ્રીરામનો મહિમા હતો તો વિભિષણે પોતાના ભાઈ રાવણનો ત્યાગ કર્યો. ભરતજીએ રામ ભગવાનનો દ્રોહ કરનાર કૈકેયીનો ત્યાગ કર્યો. વિદુરજીએ કુરુકુળની રીતિ પ્રમાણે હસ્તિનાપુરનો પક્ષ ન રાખતાં પાંડવોને મદદ કરી. ઋષિઓની પત્નીએ કૃષ્ણ ભગવાનને જમાડવા માટે સંબંધીઓનો ત્યાગ કર્યો. ગોપીઓ પોતાના ધણીનો ત્યાગ કરી શ્રીકૃષ્ણ સાથે પ્રીતિ કરી. અંગરાજાએ ભગવાનના કહેવાથી દુરાચારી પુત્ર વેનનો ત્યાગ કર્યો.

આમ, ભગવાનનો મહિમા સમજ્યા હોય તે ભગવાન માટે કુળ-કુટુંબ સંબંધીનો ત્યાગ કરવો પડે તો તે પણ કરી શકે.

❊ ખોરાસાના રાજાભાઈની ગેરહાજરીમાં એમની પત્નીએ સંતો માટે સીધું ન આપ્યું. આ વાતની ખબર રાજાભાઈને પડી. એમણે યુક્તિપૂર્વક પત્ની તથા છોકરાંને પિયર મોકલી દીધાં. પછી પત્ની અને સંતાનોનું ભરણપોષણ થાય એટલી જમીન રાખીને બીજી વેચી નાંખી, ઢોર પણ વેચી નાંખ્યાં અને ઘરેણાં વગેરે લઈ મહારાજનાં ચરણોમાં સમર્પિત થઈ ગયા. માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો ભગવાન ભજવામાં, જે વિઘ્ન કરે તે ગમે તેવા અંગત હોય પણ તેનો ત્યાગ કરી શકાય.

❊ આવા ભક્તોને ભગવાન અને સંત સિવાય બીજું કોઈ હિતકારી નથી. એમને સમજાઈ ગયું છે કે,

માતપિતા સુત નારી બાંધવ, નહીં તારા સાથી;
અંત સમે તો એકલા જાવું કાં મરે મથી...
હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી.

❊ નગાસરના ભૂધરભાઈ પાસે શાસ્ત્રીજી મહારાજ આર્થિક સેવા લેવા આવ્યા, ત્યારે તેમનાં પત્ની આડાં પડ્યાં. શાસ્ત્રીજી મહારાજને પૈસા ન આપી શકાય એ માટે પટારા ઉપર ચઢી બેઠાં. ભૂધરભાઈએ તેમને ખેંચીને ઉતાર્યા, ને થાંભલી સાથે બાંધ્યા. પછી પટારો ખોલી; પૈસા આપી; ગામ બહાર સુધી શાસ્ત્રીજી મહારાજને વળાવી આવ્યા!

પછી તો તેમનાં પત્નીને અંતર્દષ્ટિ થઈ અને તેઓ પણ સત્સંગી થયાં, પરંતુ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તોના જીવનમાં ભગવાન અને સંતની જ પ્રધાનતા હોય છે અને તે માટે ગમે તે છોડવાની તૈયારી હોય છે.

❊ આવા ભક્તો દઢપણે માને છે કે ભગવાન અને સંત જ સાચા સગા છે. બાકી બધું માયાની જાળ છે.

❊ **સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે...**
એ છે જૂઠી માયા કેરી જાળ
અંતકાળે સગું નહિ કોઈનું રે.

❊ શ્રીજીમહારાજના સમયથી માંડી, અત્યાર સુધી હજારો યુવાનોએ કુટુંબનો ત્યાગ કરીને ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે. માતાપિતાએ પણ પોતના વહાલસોયા પુત્રોને ત્યાગાશ્રમના પંથે જવા હસતા મુખે વિદાય આપી છે.

❊ શ્રીજીમહારાજે માંગરોળ તાલુકાના સૂત્રેજ ગામમાં કાનુબાઈના ઘરે પધરામણી કરી. શ્રીજીમહારાજે જાતે સંતોને પીરસ્યું ને ખૂબ સુખ આપ્યું. મહારાજ પણ મહેર કરીને જમ્યા. મહારાજનું પૂજન કરી કાનુબાઈએ પ્રાર્થના કરી કે, 'પ્રભુ ! આપ તો

અક્ષરધામના અધિપતિ છો. આપને અમે શું અર્પણ કરીએ ?' શ્રીજીમહારાજે કહ્યું, 'બાઈ ! તમારો ભાવ હતો તે તો અમે સ્વીકાર્યો પણ શાસ્ત્રમાં કહ્યું છે, વહાલી વસ્તુ હોય તે પરમાત્માને આપવી. કાનુબાઈએ શ્રીજીમહારાજનાં ચરણોમાં પોતાનાં ચાર વહાલાં સંતાનો ધર્યાં અને કહ્યું, મહારાજ મારી વહાલી વસ્તુ સ્વીકારો. શ્રીજીમહારાજે એક પંક્તિમાં ઊભેલા ચારે ભાઈઓમાંથી નાના બે ભાઈઓનાં કાંડા ઝાલ્યા ને કહ્યું, 'આ દાહો ને પ્રેમજી મારી સેવામાં રહેશે, ને મોટા બે તમારી સેવા કરશે.' થોડા સમય પછી મહારાજે આ બંને કુંભાર પુત્રોને ભાગવતી દીક્ષા આપી. દાહાનું નામ 'દહરાનંદ સ્વામી' અને પ્રેમજીનું નામ 'પ્રસાદાનંદ સ્વામી' પાડ્યું.

કાનુબાઈને ભગવાન સાથેનું સગપણ જ સાચું મનાયું હતું, બીજું બધું ક્ષણભંગુર છે, એવી એમને દઢ પ્રતિતિ થઈ ગઈ હતી. બ્રહ્માનંદ સ્વામીએ આવા ભક્તો માટે ગાયું છે કે,

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાંગ્યું મન મિથ્યા ભાળી
છે વરવા જેવા એક વનમાળી

૨. લોકલાજનો ત્યાગ કરે :

❊ ભૂજના લાધીમા વિધવા હતાં. એક વાર મહારાજે તેમને કહ્યું, 'તમે સધવા જેવો વેષ ધારણ કરી, ઘરેણાં પહેરી, ચાંદલો કરી, ભડના નાકેથી પાણીનું બેડું ભરી, ગામ વચ્ચે થઈને આવો.' લાધીમા એવી રીતે બજારમાંથી નીકળ્યાં. કોઈએ પૂછ્યું, 'લાધી! કોનું ઘર માંડ્યું?' તો તેમણે નિધડકપણે કહ્યું, 'પુરુષોત્તમ નારાયણનું.'

❊ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે કે,

સરવે માન તજી(૨),
શામળિયા સંગાથે મન દઢ બાંધીએ
તજી લોકલજ્જા(૨),
સાધુ જન સંગાથે પ્રીતિ સાંધીએ

આ વાત લાધીમાએ સિદ્ધ કરી બતાવી.

❊ લીંબડીના મૂળજી શેઠ સત્સંગી થયા, તેથી દ્વેષીઓ બધા રોષે ભરાયા અને મૂળજી શેઠ તથા તેમના થકી થયેલા તમામ સ્વામિનારાયણના સત્સંગીઓનાં નાક-કાન કાપવાનું નક્કી કર્યું. જ્યારે મૂળજી શેઠના નજીકના સગાને આ વાતની ખબર પડી, ત્યારે તેઓએ મૂળજી શેઠને કહ્યું, 'આપણે કંઠી તોડીને સત્સંગ મૂકી દઈએ.' ત્યારે મૂળજી શેઠે કહ્યું, 'કેટલાક માણસો અવળા કર્મ કરે એટલે નાક-કાન કપાય છે, તો આપણે ભગવાન અર્થે કપાવાના છે તેમાં વાંધો શું ? પછી દ્વેષીઓએ મોકલેલા માણસો સવારે નાક-કાન કાપવા આવ્યા. તે મૂળજી શેઠના ઓળખીતા નીકળ્યા તેથી કંઈ કર્યા વિના તેઓ ચાલ્યા ગયા. મૂળજી શેઠની ભગવાનને અર્થે નાક-કાન કપાવવાની તૈયારી હતી. સમાજમાં લોકો અમારા વિષે શું વિચારશે, શું કહેશે એવા કોઈ જાતના ડર વિના મૂળજી શેઠે ભગવાન અને સંત રાજી થાય તેમ કર્યું અને બ્રહ્માનંદ સ્વામીની પંક્તિઓ સાર્થક કરી.

રે ન ડરું હું લોક તણી લાજે, રે શિર ઉપર ગિરિધર રાજે,
આ દેહ ધર્યો નટવર કાજે...

❊ ભગવાન અને સંતની સેવા કરવામાં જો લોકલાજ આડી આવતી હોય તો નિશ્ચયવાળો ભક્ત તેની પરવા ન કરે. લોકલાજ મૂકીને પણ ભગવાન અને સંતની સેવા કરે.

❊ કિલ્લાપારડીના બે ભાઈઓ બચુભાઈ અને રમેશભાઈ. અમૃત મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં હતા, ત્યારે તેમનાં માતુશ્રી ઘરે ધામમાં ગયા. નગરમાં સંદેશો આવ્યો, એનો બંને ભાઈઓએ કોઈ જ પ્રત્યુત્તર આપ્યો નહિ. આથી સંબંધીઓ તેમને રૂબરૂ તેડવા આવ્યા, ત્યારે તેમણે ના પાડતાં કહ્યું, 'અમે આવીશું તો પણ એ પાછાં આવવાનાં નથી.' તેથી સેવાનો લાભ છોડવો નથી. સંબંધીઓ કહે, 'તમે જો નહીં આવો તો સમાજમાં ખોટું દેખાશે. નાતીલા ટીકા કરશે કે દીકરા થઈને માતાની અંતિમવિધિમાં ન આવ્યા.' સંતોએ પણ જવાની રજા આપી, તો પણ

એમણે મક્કમતા રાખી કહ્યું, 'અત્યારે પૂર્વતૈયારીમાં કામ ઘણું છે અને માણસો ઓછા છે. આવા અણીના સમયે જઈએ તો સેવા જતી રહે!' બંને ભાઈઓએ સેવા ચાલુ રાખી.

❋ **લોકલાજ મરજાદ ન માને, રહે હરિને સંગ રાચી રે;** આ મુક્તાનંદ સ્વામીની પંક્તિને આવા મહિમાવાળા ભક્તો સાર્થક કરે છે.

❋ પ્રતિષ્ઠિત, શ્રીમંત વડીલો, યુવકો અને બાળકોએ લંડન મંદિર માટે, લોકલાજનો ત્યાગ કરીને કચરામાંથી ભિખારીની જેમ એલ્યુમિનિયમના કેન (પીણાંનાં ડબલાં) વીણ્યાં છે, ઘેર ઘેર સંપર્ક કરવા ગયાં છે અને અપમાનો પણ સહન કર્યાં છે.

❋ ૨૦૦૭માં અમેરિકામાં લોસ એન્જેલસ મંદિર નિર્માણમાં, સેવા કરવા સાનહોઝેના વીરેન પટેલ નામના યુવકે વિશેષ નુસખો અજમાવ્યો. અમેરિકામાં બહારની દુકાનમાં વાળ કપાવવાના ૧૦ ડોલર તો ઓછામાં ઓછા થાય. વીરેને પોતાના સ્નેહીઓ તથા કૉલેજના મિત્રોને કહી રાખ્યું હતું કે, હું પાંચ ડોલરમાં તમારા વાળ કાપી આપીશ. વીકએન્ડમાં રાત્રે મોડે સુધી રોકાઈને બધાના વાળ કાપી આપે અને જે રકમ ભેગી થાય એ મંદિરમાં સેવારૂપે આપે ! ભગવાન અને સંતની સેવા માટે લોકલાજની પરવા નહીં.

❋ આવા ભક્તો લોકમાં કેવું લાગશે ? સમાજમાં કેવું લાગશે ? તેની પરવા કર્યા વિના ભગવાન અને સંતની આજ્ઞા પ્રમાણે જીવન જીવે છે. આજે દેશ-પરદેશમાં સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ભપકાબંધ તિલક-ચાંદલો કરનારા અનેક ભક્તો છે. લગ્ન વગેરેની પાર્ટીમાં કે ધંધા-વ્યવસાયની મીટિંગોમાં દૃઢતાથી અભક્ષ્ય ખાણીપીણી ત્યાગ કરનારા ઘણા ભક્તો છે. સમાજના લોકોના આધુનિક રિવાજો પ્રમાણે આપણે તેમાં નહીં ભળીએ તો કોઈને ખોટું લાગશે, અવી પરવા વિના અનેક ભક્તો સ્વામિનારાયણીય જીવનશૈલી પ્રમાણે જીવન જીવે છે એ પણ નિશ્ચયની દૃઢતા જ કહેવાય.

૩. રાજ્યનો ત્યાગ કરે :

❋ શ્રીજીમહારાજે ૧૮ જણને પત્ર લખી ત્યાગી થવા તેડાવ્યા. તે બધા જ રાજવી-ગામધણીઓ હતા. સાપ જેમ કાંચળી ઉતારે તેમ કાચી વયે સંસારનો ભાર ઉતારી મહારાજ પાસે પહોંચી ગયા!

❋ ઝમકુબા ઉદયપુરની રાજ્યસંપત્તિને ઠોકર મારી ભગવાન ભજવા ગઢડા આવીને રહ્યાં. ત્યાં તેઓ નીચામાં નીચી સેવા કરતાં. મહારાજે લાડુબાને કહ્યું, 'આમને ઓળખો છો? આમને ત્યાં તમારા જેવાં તો ગોલા-ગોલી હતાં. આ તો ઉદેપુરનાં રાણી છે!'

❋ અયોધ્યાના રામગલોલા આશ્રમના મહંત લક્ષ્મણદાસ. ૫૦ શિષ્યોનું ગુરુપદ, આશ્રમની મહંતાઈનો ત્યાગ કરી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત બન્યા. મહારાજે તેમનું આનંદાનંદ સ્વામી નામ પાડ્યું.

❋ આજે પણ કરોડપતિના દીકરાઓ રાજવી વૈભવ છોડીને, વિદેશનું વિલાસી જીવન છોડીને સાધુ થઈ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞામાં વર્તે છે.

૪. સુખનો ત્યાગ કરે :

❋ પરમહંસોથી માંડી આજ સુધી જેને જેને મહિમા સમજાયો છે તેમણે દેહના સુખને ઠોકર મારી છે. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામી મહારાજે સુખ-સગવડ કે સુવિધાનો વિચાર જ કર્યો નથી. મોટી ઉંમર, અનેક રોગો, છતાં સતત વિચરણમાં ભીડો વેઠતા જ રહ્યા છે.

❋ મહારાજના પરમહંસો કડકડતી ઠંડી, ધોધમાર વર્ષા કે ધોમધખતા તાપમાં પણ ઝાડ, ઓઘા કે ઘરનો આશ્રય લેતા નહિ!

❋ શાસ્ત્રીજી મહારાજના સમયમાં ઉપાસના પ્રવર્તનમાં, જે હરિભક્તો જોડાતા તેઓને સુખનો ત્યાગ તો કરવો જ પડતો, પરંતુ વિરોધીઓથી દુઃખ પણ આવતા છતાં હસતા મોંએ સ્વીકારતા. શાસ્ત્રીજી મહારાજે વરતાલથી મહાપ્રસ્થાન કર્યું, ત્યારે બોચાસણના

ઝવેરભાઈ અને લક્ષ્મીદાસે સ્વામીને બોચાસણ પધારવા આગ્રહ કરેલો. તે વખતે શાસ્ત્રીજી મહારાજે ઝવેરભાઈને કહ્યું, 'મને બોચાસણમાં બોલાવવામાં તમારા માથે ઘણી ઉપાધિ આવશે. તમે સત્સંગના આગેવાન છો એટલે સાધુઓ, બ્રહ્મચારીઓ આવી તમને શરમાવશે. છેવટે નહીં માનો તો તમારા સગાં-સંબંધીને મોકલી શરમાવી મને રજા અપાવશે. માટે પૂરતો વિચાર કરી લેજો.' ત્યારે ઝવેરભાઈએ અત્યંત દઢતાથી કહેલું, 'સ્વામી ! જેને જે કરવું હોય તે ભલે કરે. હું ડગીશ નહિ અને મારા કંઠમાં પ્રાણ હશે ત્યાં સુધી મારી આગળ કોઈનું ચાલશે નહીં.' તેમની આવી શૂરવીરતા ભરી વાણી અને નિશ્ચયની દઢતા જોઈ શાસ્ત્રીજી મહારાજ રાજી થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજના ભક્તો 'જે દુ:ખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતા.' આ પંક્તિ કેવળ ગાતાં જ નહોતા પરંતુ જીવનમાં ચરિતાર્થ કરી જીવતા હતા.

❊ મોટા ઉત્સવોમાં યુવકો-હરિભક્તો સુખ-સગવડનો સહજપણે ત્યાગ કરે છે. જ્યાં-ત્યાં, તંબુમાં, મચ્છરોમાં કેફથી રહે છે. સમૂહજીવન જીવે છે! બોરીવલીના ચંદુભાઈ પટેલ. અમૃત મહોત્સવની પૂર્વતૈયારીની સેવામાં આવી ગયા હતા. તે વખતે સ્વયંસેવકોએ કરેલ દેહની કુરબાનીનું બયાન એમના જ શબ્દોમાં જોઈએ : 'તે વખતે અહીં છ-છ ફૂટનું ઊંચું ઘાસ હતું. આ જમીન આસપાસના ઝૂંપડાવાસીઓનું જાહેર શૌચાલય હતું એટલે ભયંકર વાસ માર્યા કરે. સખત વરસાદથી બધે જ પાણી ભરાઈ જાય. મચ્છરોનો ત્રાસ અસહ્ય. માથું ફાડી નાંખે એવી ગટરની દુર્ગંધ સતત આવતી. સાપ પણ વારે વારે નીકળે. વરસાદ પડે ત્યારે પાણી ટેન્ટમાં પેસી જાય, એટલે જાગતાં બેસી રહેવું પડે. રાત્રે લાઇટ પણ નહોતી. મંદિરેથી ટિફિન લાવતું વાહન જો ટ્રાફિકમાં અટવાય, તો જમવામાં બે-ત્રણ કલાકનું મોડું થઈ જતું.'

❊ ભગવાન અને સંત માટે સુખ-સગવડ છોડી ઉત્સાહથી આવાં કષ્ટ સહન કરવાની તૈયારી હોય એ નિશ્ચયવાળા ભક્તનું લક્ષણ છે.

૫. ધનનો ત્યાગ કરે :

❊ લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી)શ્રીજીમહારાજ પાસે આવ્યા, ત્યારે એમના શરીર પર પાંચ શેર સોનાના દાગીના હતા! વળી, રજવાડાં તરફથી બીજી કેટલીયે સંપત્તિ મળેલી, છતાં બધું છોડીને ત્યાગી થયા હતા.

❊ નિત્યાનંદ સ્વામીની એ વખતે કનોજમાં રૂ. ૮૦,૦૦૦ની મિલકત હતી, તે છોડીને આવ્યા હતા.

❊ વાળાંક દેશના આહીર ભક્ત સામત પટેલને ખબર પડી કે ગઢડાનું મંદિર બંધાય છે, તેમાં કડિયાના પગાર ચૂકવાયા નથી. તેઓ ઘેર ગયા. જમીન-જાગીર વેચી પૈસા લાવી મહારાજનાં ચરણોમાં અર્પણ કર્યા.

❊ દેવાનંદ સ્વામીના આ શબ્દો એમના જીવનમાં દેખાય છે.

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે...

❊ એક વાર શ્રીજીમહારાજ લોયા મધ્યે સૂરાખાચરના દરબારમાં સભા ભરીને બેઠા હતા. એક ઝાલાવાડ દેશનો અતિ વૃદ્ધ કંપવા થયેલો બ્રાહ્મણ, સભાની બહાર આવીને ઊભો રહ્યો. માથે બાંધણાના લૂગડામાં તેણે રૂપિયો બાંધ્યો હતો, પણ લૂગડું ફાટેલું હતું અને તેની ગાંઠો ઘણી હતી. માથે હાથ મૂકીને તે રૂપિયો શોધતો હતો. મહારાજ આ બધું જોતા હતા. અંતે રૂપિયો તેના હાથમાં આવ્યો, પણ મહારાજ પાસે જવા માર્ગ મળતો ન હતો. મહારાજે કહ્યું તેથી માર્ગ થયો. મહારાજે હાથ લાંબો કરી રૂપિયો લીધો. બ્રાહ્મણ પગે લાગ્યો. મહારાજ કહે : 'ડોસા, આ રૂપિયો ક્યાંથી લાવ્યો ?' મેં ઝંઝવાડાનું ટાંપુ કરેલું (ઝંઝવાડા ગામમાં જઈ યજમાનનો સંદેશો પહોંચાડ્યો હતો.) તેનો આ રૂપિયો મળ્યો છે.' મહારાજ કહે, 'માથે બાંધવાનું લૂંગડું ફાટી ગયું છે, તે રૂપિયાનું ના લીધું ?' બ્રાહ્મણ કહે, 'લૂગડું લઉં તો રૂપિયો બીજો ક્યાંથી લાવું ? મારા ઘરમાં કાંઈ નથી. હું ફાટેલ-લૂગડે ચલાવીશ પણ તમે મને ક્યાંથી મળો ? તે સારું મેં રૂપિયો

સંઘરી રાખ્યો હતો તે તમને આજે આપ્યો.' મહારાજ ઘડીક તેની સામું જોઈ રહ્યા. મહારાજ મુક્તાનંદ સ્વામીને કહે, 'આને શું બાકી રહ્યું છે ?' 'સાધન સર્વે એ બ્રાહ્મણને સંપૂર્ણ થઈ રહ્યા.'

આવા ભક્તો પોતાને નિરધનિયા નથી માનતા. એમને જે પ્રાપ્તિ થઈ છે તેનો જ કેફ હોય છે. આવા ભક્તો માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

❋ **રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મા કહેશો કંગાલ;**
નિરધનિયા તો અમે નથી, મહા મળ્યો છે માલ..

આજે સ્વામીશ્રીએ પણ આવા જ સમર્પિત હરિભક્તોની સેના તૈયાર કરી છે.

❋ લંડનમાં મંદિર થતું હતું ત્યારે, ત્યાંના ભક્તોએ ગજા બહાર આર્થિક સેવા કરીને, ધનના ત્યાગનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. કળિયુગમાં અશક્ય લાગે, પણ નિશ્ચય હોય તો શું ન થાય! હરિભક્તોની સમર્પણ ભાવના વિષે સ્વામી બોલ્યા હતા, 'મારા હરિભક્તો વેચાઈ જઈને પણ આ મંદિર પૂરું કરશે. મને વિશ્વાસ છે, શ્રદ્ધા છે. આ તો એમને રોકી રાખ્યા છે.'

❋ લંડનના લફબરો વિસ્તારના ૬૫ વર્ષના રામુભાઈના ઘરમાં ચોરી થઈ. ઘરેણાં ચોર લઈ ગયા, પણ વીમો પાકતાં રકમ મળી, એ તેમણે સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું, 'આ ઘરેણાં ગયેલાં જ હતાં, પણ આપની દયાથી પાછાં આવ્યાં, તેથી ઠાકોરજીને અર્પણ.' ઉપરાંત હજુ પણ સેવાની અતૃપ્તિ હોય એમ કહે, 'અમારું મકાન વેચીને તમને અર્પણ કરી દેવું છે અને અમે કાઉન્સિલના (મ્યુનિસિપાલિટીએ બાંધેલ સાવ સામાન્ય, ચાલી સીસ્ટમ જેવા) મકાનમાં રહેવા જઈશું.'

❋ સન ૨૦૦૮માં મુંબઈમાં ઠાકોરજીના સિંહાસન માટે હરિભક્તોએ સુવર્ણદાન કર્યું. તે પ્રોજેક્ટ પૂરો થયો પછી થોડા મહિનાઓ બાદ એક યુવક ૭૦૦ રૂપિયા લઈ અર્પણ કરવા આવ્યો. સંતોએ કહ્યું કે, તમારા ઘરેથી સુવર્ણ અને રોકડ રકમની સેવા આવી ગઈ છે. આ કયા નિમિત્તે છે ? તેણે કહ્યું કે છેલ્લાં બે વરસથી હું સ્કૂલે જાઉં છું ત્યારે મારી મમ્મી મને ટ્રેનની ટિકિટના પૈસા આપે છે, પણ ઠાકોરજીના સિંહાસનની સેવામાં મારું પ્રદાન થાય તે માટે છેલ્લા કેટલાક મહિનાઓથી હું ચાલતો સ્કૂલે જાઉં છું. તેમાંથી આ ૭૦૦ રૂપિયા ભેગા થયા છે, તે ઠાકોરજીને ચરણે સુવર્ણદાન નિમિત્તે આપવા છે.

❋ મહિલા ભક્તોનું સમર્પણ એવું જ છે. જૂનાગઢમાં શિખરબદ્ધ મંદિર થતું ત્યારની આ વાત છે. જૂનાગઢમાં ૧૧ વર્ષની ઉંમરના ઉમંગ પરમારનાં માતુશ્રી પતિથી જુદાં રહે. લોકોનું ઘરકામ કરી ૧૮૦૦ રૂપિયા કમાય તેમાંથી મકાનના ભાડાની રકમ અને દીકરાને ભણાવવાનો ખર્ચ બંને કાઢે. સભામાં સુવર્ણદાનની જાહેરાત સાંભળી સેવામાં સુવર્ણ આપવા આવ્યા. કાર્યકર કહે, 'ઠાકોરજી ઘરે આવે ત્યારે આપજો.' ત્યારે કહે, 'ત્યાં સુધી કંઈક મુશ્કેલી આવે ને મેં વટાવી લીધું તો મારી સેવા જશે.' એમ કહી સુવર્ણ આપી દીધું.

જેને ભગવાન ને સંતનો માહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચય હોય તે પોતાને કંગાલ માનતા જ નથી.

❋ **કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;**
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ..

❋ ભાવનગરના રાકેશ પટેલે નવી સાઈકલ ખરીદવા રૂા. ૨૧૦૦/- ભેગા કર્યા હતા. તેને થયું સાઈકલ તો ફરી ક્યારેક ખરીદીશ. પણ ઘનશ્યામ મહારાજની મૂર્તિ ફરી ક્યાં બેસવાની છે ? માટે સેવાનો લહાવો લઈ લઈએ.

૬. સ્ત્રીનો ત્યાગ કરે :

❋ લાલજી સુથારને શ્રીજીમહારાજે કચ્છ જવા ખેપિયા તરીકે સાથે લીધા. ને રસ્તામાં આધોઈ ગામ આવ્યું. મહારાજે કહ્યું, 'આ ગામમાંથી ભિક્ષા માગી આવો.' લાલજી સુથાર કહે, 'આ તો મારી સાસરી છે મને બધા ઓળખે.' 'ન ઓળખે એવા કરી દઈએ તો?' - એમ કહી મહારાજે તરત દીક્ષા આપી 'નિષ્કુળાનંદ સ્વામી' નામ ધરાવ્યું. પછી સસરાના ઘરે જ ભિક્ષા

લેવા મોકલ્યા. તેમનાં પત્ની કંકુબાઈ ઓળખી ગયાં. તેમણે ત્યાગ ઉતરાવવા ઘણી કોશિશ કરી, પણ નિષ્કુળાનંદ સ્વામીનો ત્યાગ દઢ હતો, જેથી તેમના બધા પ્રયત્નો વ્યર્થ ગયા.

❊ શ્રીજીમહારાજના સમયની આ વાત છે. પચ્છમના દેવજીનાં લગ્ન થયાં અને લગ્ન બાદ ગાડામાં દેવજી અને તેની પત્ની દેવજીના ઘરે આવ્યાં. દેવજીના ઘરે આંગણમાં જેવું ગાડું આવ્યું અને તેની પત્ની કહે, 'સત્સંગ મૂકે અને સ્વામિનારાયણની કંઠી કાઢે તો હું ગાડેથી ઊતરું.' ત્યારે દેવજીના બાપે દેવજીને કહ્યું, 'તારે સત્સંગ રાખવો છે કે તારી વહુને રાખવી છે ? જો સત્સંગ રાખવો હોય તો આને રજા આપી દે. તને બીજી પરણાવીશ.' પછી દેવજીએ શ્રીજીમહારાજને અર્થે પોતાની પત્નીનો ત્યાગ કર્યો.

❊ કેટલાંય ગૃહસ્થો આજે પણ લગ્ન કર્યા હોવા છતાં છેડા વર્તમાન પાળે છે! તે પણ અમેરિકા જેવા દેશોમાં!

૭. સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે :

❊ ઉદેપુરનાં ઝમકુબા, ગઢડાનાં લાડુબા-જીવુબા, રાજબાઈ વગેરે સ્ત્રી ભક્તોએ પરણ્યા ધણીનો ત્યાગ કરી ભગવાન ભજ્યા છે.

આવા ભક્તો કેવળ ભગવાનને વરવાની જ ઇચ્છા રાખે છે.

રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પર ઘેર પાણી શું ભરીએ,
રે વરીએ તો નટવરને વરીએ...

❊ જેતપુરના જીવા જોષીના દીકરી કડવીબાઈનો ધણી ભગવાન ભજવા દેતો નહોતો અને ત્રાસ આપતો, પણ મહારાજનું ભજન તેમણે મૂક્યું નહિ. છેવટે તે કંટાળ્યો. કડવીબાઈએ ચૂડી ભાંગીને કહ્યું, 'આજથી તું મારો ભાઈ-બાપ!' અને પછી ગૃહત્યાગ કરી મહારાજની સેવામાં આવીને રહ્યા. કડવીબાઈને ભગવાનનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હતો, તો તેમને પતિ સાથે સંબંધ તોડવામાં પળનો વિલંબ ન થયો.

❊ બ્રહ્માનંદ સ્વામીએ એટલે જ ગાયું છે,

રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો.

● ઉપસંહાર :

❊ આમ, જેને ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેને આવો ત્યાગ કરવો અઘરો લાગતો નથી.

❊ જેમાં લાભ જણાય તેમાં કાંઈ પણ કરવું અઘરું નથી લાગતું. જેમ કે, કોઈને ૫૦૦ રૂપિયાના બદલામાં પાંચ કરોડ રૂપિયા મળતા હોય તો ૫૦૦નો ત્યાગ કરવો સહેજ પણ અઘરો પડે નહિ.

❊ એમ જેણે ભગવાન અને સંતના અનંત, શાશ્વત અને દિવ્ય સુખનો મહિમા જાણ્યો છે, તેને આ લોકનાં ધન, દેહસુખ વગેરેમાં મોહ થતો નથી.

❊ શ્રીજીમહારાજ ગઢડા મધ્ય-૬૨માં વચનામૃતમાં કહે છે, 'જેને કલ્યાણની ઇચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ કુટુંબ, પરીવાર એ સર્વે ભગવાનની સેવામાં જોડી દેવા અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામમાં ન આવે તેનો ત્યાગ કરી દેવો.'

❊ આપણા જીવનમાં પણ આવો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થાય તે માટે મહારાજ-સ્વામીને પ્રાર્થના.

❀ ❀ ❀

સભા : ૨૯ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : લોયા ૫ : ઈન્દ્રિયો-અંતઃકરણ જીત્યાનું
❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ
૨. પ્રકરણ : ૨, વાત : ૨૯
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.......

વચનામૃત લોયા પ્રકરણનું પાંચમું : ઇન્દ્રિયો-અંતઃકરણ જીત્યાનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ અમાસને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને વળી શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'સત્સંગમાં દૃઢ પાયો કેનો થાય ને કેનો ન થાય ?' પછી એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો, ત્યારે શ્રીજીમહારાજે કર્યો જે, 'જેમ દત્તાત્રેયે પંચભૂત,

ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એની રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તોપણ એનો દૃઢ પાયો નથી.'

॥ ઈતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ આપણને -

- ❊ સત્સંગમાં આપણો પાયો દ્રઢ કરવાનું શીખવે છે, એટલે કે જીવના સત્સંગની દ્રઢતા કરવાનું શીખવે છે.
- ❊ આપણી સહજ સ્વાભાવિક દોષદષ્ટિ ટાળીને ગુણગ્રાહક દષ્ટિ કેળવવા ઉપર ભાર મૂકે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

શ્રીજી મહારાજ પોતે જ પ્રશ્ન પૂછે છે કે, 'સત્સંગમાં દૃઢ પાયો કેનો થાય ને કેનો ન થાય ?' અને એનો ઉત્તર પણ પોતે જ આપે છે.

❊ સત્સંગમાં દૃઢ પાયો એટલે શું ?

ગમે તેવા સુખ-દુઃખમાં, માન-અપમાનમાં કે વિકટ સંજોગોમાં પણ જીવમાં સત્સંગ દૃઢ રહે, આશરો, નિષ્ઠા, નિશ્ચય, ઉપાસના, ભક્તિ, સેવા, આજ્ઞા, વિગેરેની દૃઢતા અને સ્થિરતા રહે, સત્સંગમાંથી પાછા ન પડી જવાય, ભગવાન, સત્પુરુષ કે સત્સંગનો સંબંધ તૂટી ન જાય, તો સત્સંગમાં દૃઢ પાયો થયો કહેવાય.

❀ સત્સંગમાં દૃઢ પાયાની આવશ્યક્તા :

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે 'મા હારજો રે,
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે.

- ❊ એવી કઈ મોટી વાત મળી છે ? ગુણાતીતાનંદ સ્વામી કહે છે, [સ્વા. વાત] 'દુર્લભમાં દુર્લભ મનુષ્યદેહ, દુર્લભમાં દુર્લભ સત્સંગ ને દુર્લભમાં દુર્લભ સત્પુરુષ - એ આપણને મળ્યા છે.
- ❊ ભૂગોળ-ખગોળના વચનામૃતમાં શ્રીજીમહારાજે સમજાવ્યું છે કે સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય પૂરા થાય, પછી ફરી વખત મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે.
- ❊ આ સત્સંગ દેવોને પણ દુર્લભ છે. (વચ. ગ.અં.૨) આ સંત સમાગમ કલ્પવૃક્ષ અને પરમ ચિંતામણિ તુલ્ય છે. (વચ. ગ.પ્ર.૧૪) તો આવી દુર્લભ વસ્તુ આપણે આપણા સ્વભાવો કે ગાફલાઈને કારણે ખોઈ ન બેસીએ એ માટે આપણે આપણો પાયો સત્સંગમાં દૃઢ કરી રાખવો જરૂરી છે.
- ❊ ૧૦૦ કે ૧૦૦૦ માળનું મકાન બાંધવું હોય, તો તેનો પાયો સામાન્ય કક્ષાનો ચાલે ? એમાં તો કેટલું ઊંડું જવું પડે અને કેટલુ બધું લોખંડ તથા અન્ય સામગ્રી વાપરવી પડે. એમ આપણી સત્સંગરૂપી ઈમારત ટકશે ક્યારે ? આપણો પાયો દૃઢ હશે ત્યારે. નહિ તો અતિશય દુર્લભ એવો આ સત્સંગ મળ્યો, પણ જો તે છૂટી જશે, તો પછી અનંત દુઃખોમાં સબડવું પડશે.
- ❊ એટલે અહીં શ્રીજીમહારાજ દૃઢ પાયો કોનો થાય એ પૂછે છે. એટલે કે એવા દૃઢ પાયાવાળાનું વર્તન-લક્ષણ-વિચારો કેવાં હોય એ પૂછે છે.

❊ દૃઢ પાયો એટલે ગુણગ્રહણનો સ્વભાવ :

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં સમજાવે છે કે, 'સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે.'

❀ દોષદૃષ્ટિ :

- ❊ મનુષ્યમાત્રની આ એક સ્વાભાવિક નબળાઈ છે.
- ❊ વિશ્વની દરેક રચનામાં-જડ કે ચૈતન્યમાં-સારું ને

નરસું બંને હોય છે, પણ જોનાર પોતે પોતાની દૃષ્ટિ પ્રમાણે સામી વસ્તુને સારી કે ખરાબ જુએ છે. દા.ત. આપણે લાલ કાચના ચશ્મા પહેરીએ, તો બધું લાલ રંગનું જ દેખાય. એમ આપણી ગુણ કે દોષ ગ્રહણ કરવાની દૃષ્ટિ હોય, એ મુજબ જ સહુમાં આપણને ગુણ કે દોષ દેખાય છે.

❋ દુર્યોધનને મતે દુનિયામાં બધા જ દુષ્ટ હતા, જ્યારે યુધિષ્ઠિરને બધા જ સારા લાગતા, કારણ દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

❋ એક ભગતે આખી રાત ઉજાગરો કરીને ભજન કર્યું. એક ચોરની આખી રાત ચોરી કરવામાં ગઈ. સવારે બંને ભેગા થઈ ગયા. ઉજાગરાથી બંનેની આંખો લાલ હતી. ચોરે એમ ધાર્યું કે, 'આ મારી જેમ રાતે ચોરી કરવા ગયો હશે.' જ્યારે ભગતને એવું લાગ્યું કે, 'આણે મારી જેમ રાતે ભજન કર્યું હશે.'

❋ એક મનોવૈજ્ઞાનિકે એક મોટું સફેદ પૂંઠું લઈને એમાં એક નાનું કાળું ટપકું કર્યું. પછી એણે બધાંને કહ્યું કે, 'આનું વર્ણન કરો.' તો બધાંએ એમ કહ્યું કે, 'આ કાળુ ટપકું છે.' પણ આટલું મોટું સફેદ પૂંઠું હતું, તેનો કોઈએ ઉલ્લેખ ન કર્યો. માણસને નાની-શી ખામી જ હંમેશા નજરમાં આવતી હોય છે.

❋ **દોષદૃષ્ટિના પણ ઘણા પ્રકારો હોય છે :**

૧. અનેક ગુણોને બદલે એકાદ દોષ જ પકડે : એક ભાઈ ચાંદની રાતે સમુદ્ર કિનારે બગીચામાં પ્રકૃતિનું સૌંદર્ય માણવા ગયા, પણ ત્યાં બોલવા લાગ્યા, 'આ ચંદ્ર કેટલો સુંદર છે, પરંતુ એમાં ડાઘ ન હોત તો ! આ સમુદ્રમાં ખારાશ ન હોત તો ! આ ગુલાબના ફૂલની સાથે કાંટા ન હોત તો !' ત્યારે ત્રણેયે ભેગાં મળીને એને કહ્યું કે, 'ફક્ત એક તારામાં જ દોષદૃષ્ટિ ન હોત તો !'

૨. અલ્પદોષને મોટો કરીને બતાવે : સૂક્ષ્મદર્શક યંત્રની માફક.

૩. દોષ જ ન હોય, છતાં ગુણને પણ દોષ રૂપે જ દેખે.

- દા.ત. કોઈક સેવા/તપ/ભક્તિ કરતો હોય, તો કહે કે એ બીજાને દેખાડવા માટે કરે છે.
- સ્વામીબાપા કોઈને માન-પાન આપે તો કહે કે, સેવા લેવી છે, સ્વાર્થ છે એટલે કરે છે. અને કોઈને ન બોલાવે તો કહે કે, એને ક્યાં કદર છે ?
- મંદિરો, ઉત્સવો માટે કહે કે, ખોટા ખર્ચા છે.
- કોઈ સેવા કરે તો કહે કે, નકામો તૂટી મરે છે.
- કોઈ સેવા ન કરે તો કહે કે, માથે પડેલ છે.

❋ આમ, આવા માણસને કોઈ વાતે સવળું પડતું નથી. આવી દોષદૃષ્ટિવાળાને માટે શ્રીજી મહારાજ કહે છે કે, આવો ભક્ત દિવસે દિવસે ઘટતો જાય છે, પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. (ગ.પ્ર.૬) અર્ધબળ્યા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે છે. (ગ.પ્ર.૨૮) તેના જીવનો નાશ થાય છે. (વ.૧૧) તે દીઠોય ગમતો નથી. (ગ.અં.૨૧)

૪. તટસ્થદૃષ્ટિવાળા હોય. એમને ગુણ પણ ન દેખાય અને દોષ પણ ન દેખાય. એટલે કે, એ અમૃત પણ ન પીવે અને ઝેર પણ ન પીવે.

❋ પરંતુ આવી દૃષ્ટિ પણ યોગ્ય નથી. કારણ કે, એનાથી સત્સંગમાંથી પડાતું નથી, પણ સાથે સાથે, સત્સંગમાં આગળ પણ વધાતું નથી. કારણ કે એને ગુણ લેવાનો સ્વભાવ નથી, તેથી એને સત્સંગનો તથા સત્પુરુષનો મહિમા પણ સમજાવાનો નથી, અને એને આ પ્રાપ્તિ દુર્લભ પણ મનાવાની નથી. આથી જ્યારે કાંઈક માન-અપમાન જેવું થશે, ત્યારે એને સત્સંગ મૂકી દેવામાં ખચકાટ થશે નહિ.

❋ આથી જ દોષદૃષ્ટિ તેમ જ તટસ્થ દૃષ્ટિ-બંને નો ત્યાગ કરીને જે કેવળ ગુણગ્રાહક દૃષ્ટિ રાખશે, તેનો જ પાયો સત્સંગમાં અચળ થશે.

❀ ગુણગ્રાહક દૃષ્ટિ :

એમાં પણ ઘણા ભેદ છે :

૧. અનેક દોષોમાંથી એકાદ ગુણ હોય તો તે ગ્રહણ કરે :

આ જ વચનામૃતમાં આ માટે શ્રીજીમહારાજે દત્તાત્રેય ભગવાનનું દૃષ્ટાંત આપ્યું છે. (શ્રીમદ્ ભાગવત : સ્કંધ-૧૧) તેમણે ૨૪ ગુરુ કર્યાં, જેવાં કે, પૃથ્વી, વાયુ, આકાશ, અગ્નિ, ચંદ્ર, સર્પ, અજગર, ભમરો, મધ લૂંટનાર પારધી, પિંગળા, વેશ્યા, બાળક, બાણ બનાવનાર, વિષ્ટા વિગેરે... આ દરેકમાંથી એમણે કોઈ ને કોઈ ગુણ લીધો દા.ત. : અગ્નિ કોઈના રંગે રંગાતો નથી, અજગર વાયુ ભરખીને રહે છે, વેશ્યા જેવી કામાતુર છે એવા આપણે ભગવાનમાં આસક્ત થવું, સર્પ કાંચળી ઉતારી દે છે એમ આપણે મોહ-માયા મૂકી દેવી, વિષ્ટાનું સ્વરૂપ પહેલાં પંચ પકવાન્નનું હતું, પરંતુ માનવદેહના સંગે એની આવી હાલત થઈ, માટે દેહ જ દુઃખરૂપ છે.

* તત્ત્વચિંતક ઈમર્સનની આંગળી સડી ગઈ હતી, છતાં તેઓ આનંદમાં હતા. કારણ પૂછ્યું તો કહે, 'આખું શરીર તો સારું છે ને !'
* મુંબઈમાં એક સાધુનો સ્વભાવ અતિ વિચિત્ર હતો. બધાને ખૂબ ખટકતો. પણ યોગીજી મહારાજ કહે, 'એ આરતી કેવી સરસ ઉતારે છે !'
* પ્રમુખસ્વામી મહારાજ કહે છે : સત્સંગ સમુદ્ર જેવો છે. એમાં મોતી, છીપ, માછલાં, મડદાં, બધું જ છે. આપણે તો મોતી સામે જ દૃષ્ટિ રાખવી. એટલે કે દરેકમાંથી સારું જ ગ્રહણ કરવું.

૨. સંબંધના મહિમાની દૃષ્ટિ :

* ભગવાનના ભક્તમાં ગુણ અને દોષ બંને દેખાય, પરંતુ ભગવાનના સંબંધે કરીને ફક્ત ગુણોની સામે જ દૃષ્ટિ રહે.
* વચ.ગ.પ્ર.૨૪ : જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે, ત્યારે એમ સમજવું જે, 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે, તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે.
* પથ્થર ગમે તેવો ખરબચડો અને બેડોળ હોય, પણ સલાટ એમાંથી સુંદર મૂર્તિ બનાવે છે. એમ કોઈ ભક્ત અત્યારે સારો નહિ લાગતો હોય પણ સત્પુરુષ એનો સુંદર ઘાટ ઘડશે, એટલે કે એને બ્રહ્મરૂપ કરી દેશે. જેમ જોબનપગી, મૂંજો સુરુ, વાલેરો વરુ, જેતલપુરની ગણિકા વિગેરે કેવાં હતાં, ને એમને કેવાં કરી મૂક્યાં !
* ગોંડલમાં ગુણવંતભાઈ યોગીબાપાને એક હરિભક્તના અઘટિત વર્તનની વાત કરવા લાગ્યા. યોગીબાપાએ એમને વચ્ચેથી અટકાવીને પૂછ્યું, 'તમે શાસ્ત્રીજી મહારાજના દર્શન કરેલા ?' એમણે ના પાડી. તો યોગીબાપા કહે, 'ગુરુ, એમણે કરેલા. માટે એમને દંડવત્ કરવા.'
* આપણે શ્રીજીમહારાજના પ્રસાદીના લીમડાના ઝાડને પ્રદક્ષિણા-દંડવત્ કરીએ છીએ. લીમડાએ પોતાનો કડવાશનો સ્વભાવ મૂક્યો નથી, પણ મહારાજના સંબંધના મહિમાને લીધે આપણને પૂજ્યભાવ રહે છે, તો ભગવાનના કોઈક ભક્તનો પણ સ્વભાવ ટળ્યો ન હોય, તેમ છતાં 'એને સંબંધ કોનો થયો છે ? - ભગવાન તથા સંતનો.'-એમ મહિમા સમજી હેત-પ્રીત રાખવાં.

૩. અવગુણોને-દોષોને પણ ગુણરૂપે જોવાની દૃષ્ટિ :

* મહારાષ્ટ્રના સંત એકનાથ ગોદાવરીમાં સ્નાન

કરીને આવતા હતા, ત્યારે એક વિરોધી એમના ઉપર થૂંક્યો. આથી તેઓ ફરીવાર સ્નાન કરવા ગયા. પેલો ફરી થૂંક્યો. આમ એ ૧૦૮ વખત થૂંક્યો અને એકનાથે ૧૦૮ વખત સ્નાન કર્યું. પછી પેલો થાક્યો, તો એકનાથ કહે, 'મને ૧૦૮ વખત ગોદાવરી-સ્નાન કરાવવા બદલ તારો આભાર.'

❀ ગોંડલમાં મચ્છરો ખૂબ ત્રાસ આપતા. આ વાત નીકળી, ત્યારે યોગીબાપા કહે, 'મચ્છર કરડે તો સારું. એ આપણને જગાડે છે, તો ભજન સારું થાય છે.'

❀ કોઈ સેવા-તપ વિગેરે ન કરતા હોય, એની વાત યોગીબાપા આગળ કોઈ કરે, તો એ કહેતા, 'ગુરુ, એ આગળ કરીને આવ્યા છે, એટલે એમનો અવગુણ ન લેવો.'

❀ યોગીબાપા ટ્રેનમાં કીર્તન ગાતા હતા. તેનાથી પત્તાં રમનાર યુવકોને ખલેલ પહોંચી અને એમણે કીર્તન બંધ કરાવ્યાં. પછી એવું બન્યું કે એ યુવકોને ઉતરવાનું સ્ટેશન ચાલ્યું ગયું, તો પણ પત્તાંની રમતની આડે એમને ખબર ન રહી. આ જોઈને સત્સંગીઓ બોલ્યા, 'એ જ લાગના છે.' પણ યોગીબાપા કહે, 'ગુરુ, આપણે એમનો ગુણ લેવો, કે એ જેવા પત્તામાં લીન થઈ ગયા, એમ આપણે ભજનમાં એકતાર થઈ જવું.'

❀ શાસ્ત્રીજી મહારાજને આચાર્ય લક્ષ્મીપ્રસાદજીએ ગામડે ફરવાની ચિઠ્ઠી ન આપી, એથી એમને વરતાલથી નીકળી જવું પડ્યું અને અતિશય કષ્ટો પડ્યાં. છતાં તેઓ કહેતા, 'આચાર્યનો આપણા ઉપર મોટો ઉપકાર છે. કારણ કે એમના લીધે આપણે બહાર નીકળવું પડ્યું, તો આપણે સર્વોપરી ઉપાસનાનાં મંદિરો કરી શક્યા.'

૪. દિવ્યદૃષ્ટિ-બ્રહ્મમય દૃષ્ટિ :

❀ મોટા પુરુષોને દરેકમાં ભગવાન જોવાની દૃષ્ટિ હોય છે, આથી એમને કોઈનો અવગુણ દેખાતો જ નથી.

❀ યોગીજી મહારાજ 'યોગીગીતા'માં કહે છે, 'મને નાનામાં નાના સત્સંગીમાં અભાવ કોઈ દી' આવે નહીં. ઈ દેખાય જ નહીં. દેખાવા દઉં નહીં. બ્રહ્મની મૂર્તિ દેખું. માયિકભાવ આવે નહીં. ચૈતન્યમૂર્તિ સમજું.'

❀ પાટણાના હરિભક્તે યોગીબાપાને પૂછ્યું, 'તમે બધાને ગુરુ કેમ કહો છો ?' તો યોગીબાપા કહે, 'હું બધામાં ગુણાતીતભાવ લાવીને શ્રીજી-મહારાજ દેખું છું. તેથી બધાને ગુરુ કહું છું.'

❀ ભગતજી મહારાજનું સત્સંગમાં અતિશય અપમાન થતું, છતાં તેઓ અખંડ આનંદમાં રહેતા. જ્યારે ગોરધનદાસ કોઠારી, કે જેમની પાસે ચાર-ચાર આચાર્ય મહારાજ તાલીમ પામ્યા, તમામ સંતો પણ એમને દંડવત્ કરે અને પોતાનાથી ભૂલ થઈ હોય તો એમની પાસે પ્રાયશ્ચિત માંગે - એવી મોટપ ધરાવતાં હોવા છતાં એમને શાંતિનો અનુભવ થતો નહિ. આથી ગોરધનદાસ કોઠારીએ ભગતજીને 'અખંડ આનંદ કઈ રીતે આવે ?' એમ પૂછ્યું, એના જવાબમાં ભગતજીએ કહ્યું, 'તમે તમામ સાધુ-બ્રહ્મચારીને બ્રહ્મની મૂર્તિ સમજો, તો તમને પણ અખંડ આનંદ આવશે.'

❀ યોગીજી મહારાજ તો મચ્છરને, અરે, મંદિરમાં આવેલ ચોરને પણ અક્ષરધામના મુક્ત સમજતા.

❀ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'ભગવાનના સંબંધવાળા બ્રહ્મની મૂર્તિ મનાય તો અખંડ આનંદ રહે.'

❀ ગુણગ્રાહક દૃષ્ટિથી દૃઢ પાયો થાય છે

આપણા સત્સંગની પરાકાષ્ઠારૂપ અંતિમ સ્થિતિ તો ઉપરોક્ત બ્રહ્મમયદૃષ્ટિ જ છે. પરંતુ એ તો બ્રહ્મરૂપ થવાય ત્યારે જ થાય છે.

અત્યારના તબક્કે આપણે અવગુણમય દૃષ્ટિમાંથી ગુણગ્રાહક દૃષ્ટિ અને એમાંથી આગળ વધીને બ્રહ્મમય દૃષ્ટિ કેળવવાનો પુરુષાર્થ કરવાનો છે, જેની સિદ્ધિ સત્પુરુષની કૃપાથી જ થાય છે.

- સ્વા.વાત-૨/૧૮ : ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા તો તે અવગુણ ટળી જાય.
- અવગુણ જ જોવાનો સ્વભાવ પડી જાય તો ભગવાનના ભક્તોમાં અને ત્યાંથી સત્પુરુષમાં પણ અવગુણ દેખાય અને તે પડી જાય, માટે એ સ્વભાવ ટાળ્યે જ છૂટકો છે.
- જ્યારે, ગુણગ્રાહક દૃષ્ટિ હોય તો મોટા પુરુષમાંથી પણ સહેજે ગુણગ્રહણ થાય, તો આપણે નિર્દોષ થઈ જઈએ. (વચ. ગ.પ્ર.૫૮)
- ગુણગ્રાહક દૃષ્ટિથી આપણામાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય. એક વખત બે પરમહંસો ભોજનની પંગતમાં મોડેથી આવ્યા ત્યારે પીરસાઈ ગયું હતું. મહારાજે એમને પંગતમાં પત્તર લઈને ફેરવ્યા. એમનાં પત્તર સારી-સારી વાનગીઓથી છલકાઈ ગયાં. એમ આપણે બધામાંથી સારું-સારું થોડું જ ગ્રહણ કરીએ, તો પણ આપણે સારા ગુણોથી છલકાઈ જઈએ.
- આનાથી પરસ્પર આત્મીયતા-સંપ-સુહૃદભાવ વધે. સત્સંગનું સંગઠન મજબૂત થાય. મંડળના દરેક સભ્યને સત્સંગની અભિરૂચિ જાગે. પરિણામે અધર્મ સર્ગ-માયા પેસી ન શકે. સ્વામીએ વાતઃ૩/૫૮માં 'તીરનો ભાથો ભાંગી શકાયો નહિ' - એ દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે, 'આ તમે સર્વે... આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારો અંતઃશત્રુ હશે તે પણ પરાભવ નહિ કરી શકે. ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાંખશે.'
- આના પરિણામે વચ.ગ.પ્ર.૬, ગ.પ્ર.૨૮ અને ગ.પ્ર.૫૩ પ્રમાણે વૃદ્ધિ પમાય. હૈયામાં સુખ વર્ત્યા કરે.
- સ્વા.વાત-૪/૧૪૦ : ભગવાનના ભક્તના ગુણ કહેવા, તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય, ને એમાં દાખડો કાંઈ પણ ન મળે.
- આમ, ગુણગ્રાહક દૃષ્ટિથી જીવ બ્રહ્મરૂપ થઈ જતો હોય, તો પછી તેનો પાયો શી રીતે હલે ? એટલે સત્સંગમાં અચળ પાયો કરવા માટે આ સાધન ખૂબ અગત્યનું છે.

❀ ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાના ઉપાયો :

૧. જરૂરિયાત લાગવી જોઈએ કે મોટા પુરુષને રાજી કરવા માટે, સુખ-આનંદ મેળવવા માટે, વિઘ્નો ટાળવા માટે, દૃઢ પાયો કરવા માટે, આ જરૂરી છે.

૨. પોતાના ગુણોનું માન મૂકાય તો જ બીજાના ગુણો સ્વીકારાય.

૩. એમાં શૂરવીર થઈને મન-બુદ્ધિની દલીલોને તોડવી પડે. આપણને યોગ્ય ન લાગે તો પણ સ્વીકારવું પડે.

૪. સહનશક્તિ કેળવવી પડે.

૫. પ્રયત્ન કરીને ભગવાનના ભક્તોના ગુણોને સાંભળવા-કહેવા-લખવા-મનન કરવાની ટેવ

૬. મોટા પુરુષોએ કેવા વિકટ સંજોગોમાં, કેવા [illegible] છે, [illegible]. [illegible]

૭. મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને શુદ્ધભાવે પ્રાર્થના કરવી કે, 'મારામાં ગુણગ્રાહક દૃષ્ટિ કેળવાય, હું બીજામાં સારા ગુણો જોઈ શકું અને મારા જીવનમાં અપનાવી શકું એવું બળ આપજો.'

સભા : ૪૪ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : લોયા-૧૨ : છ પ્રકારના નિશ્ચયનું સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયનું.

❖ **વિશેષ પ્રવચન**: 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત લોયા પ્રકરણનું બારમું : છ પ્રકારના નિશ્ચયનું - સવિકલ્પ નિર્વિકલ્પ નિશ્ચયનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના માગશર વદિ ૯ નવમીને દિવસે સ્વામી શ્રી સહજાનંદ મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ભક્તના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને બીજાં સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

સ્વામિનારાયણ હરે...

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુંની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'

ઇતિ વચનામૃતમ્ : એવી રીતે લોયા પ્રકરણનું બારમું વચનામૃત થયું.

● **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં સાચી ઉપાસના તથા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની સચોટ વ્યાખ્યા છે. એ નિશ્ચયની સિદ્ધિ માટે અક્ષરબ્રહ્મ તત્ત્વની અનિવાર્યતા સમજાવે છે.

● **નિરૂપણ :**

* સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે આ વચનામૃત ખૂબ અગત્યનું છે.
* ગ.પ્ર. ૨૭ : 'ભગવાન ભજવાની તો સર્વેને ઈચ્છા છે. પણ સમજણમાં ફેર છે.' શાળામાં બધા જ વિદ્યા સંપાદન કરવા માટે જાય છે. પણ દરેકની સમજણ ને શ્રદ્ધામાં ફેર હોય છે. તેથી વિશેષ યોગ્યતા કે અગ્રનંબરે ૨-૫ જ જણ આવે છે. તેમ સત્સંગ પણ સૌ કોઈ કરે છે, પણ સમજણમાં અનંતપ્રકારના ભેદ હોય છે. જેવી સમજણ તેવી સ્થિતિ અને જેવી સ્થિતિ તેવી પ્રાપ્તિ થાય છે.
* અધ્યાત્મમાર્ગમાં મોક્ષ માટેના અનંત પ્રકારના સાધનો છે ને એ રસ્તે સૌ પોતપોતાની રીતે વળગ્યા છે. તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

  જેને જ્યાં આવ્યું મળતું, ત્યાં ભળી થયા ભગત;
  એવા ભગતે બ્રહ્માંડ ભર્યું, તે પણ જાણવી વિગત.
* આ અનંત સાધનમાં એકડાને ઠેકાણે ભગવાનનો નિશ્ચય છે ને સાધનો મીંડાને ઠેકાણે છે. માટે જો યથાર્થ નિશ્ચય ન થાય તો, બીજા ગમે તેટલા સાધનોની કોઈ કિંમત નથી.

  એક ભૂંસાડીને એકડો રે, વાળ્યા મીંડા વીસ;
  જોતાં સરવાળો ન જડ્યો રે, ત્યારે કરે છે રીસ.

  \- ચોસઠપદી
* માટે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય વિના સ્વભાવો-દોષો ટળતા નથી ને ભગવાનના ધામની પ્રાપ્તિ પણ થતી નથી.
* ગ.મ. ૧૩ : આ સ્વરૂપને સમજ્યા વગર કોઈ રીતે વાંધો ભાંગશે નહીં.
* ગ.મ. ૧૪ : ભગવાનના નિશ્ચય વગર, ત્યાગી હશે, સાવધાનપણે કામાદિક ટાળવા પ્રયત્ન કરતો હશે છતાં, તેના ટાળ્યા કામાદિક નહીં ટળે.
* ગ.પ્ર. ૭૨ : જેને નિશ્ચયમાં (નિષ્ઠામાં) ફેર હશે તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય રૂડું થતું નથી.
* ઘોડો એકવાર કોઈને હાથે કે પગે બચકું ભરે તો, કોઈ કાળે એ છોડે નહીં પરંતુ જો તેની આંખમાં આંગળી ખોસો તો મોંઢું ખોલી દે. એમ ભગવાન પોતાના ભક્તને પકડે તો ક્યારેય મૂકે નહીં, પરંતુ નિશ્ચયમાં કસર કે શંકા હોય તે આંખમાં આંગળી નાખ્યા બરાબર છે.
* જ્યારે બીજી બાજુ યથાર્થ નિશ્ચયવાળાને કેવી મોટી પ્રાપ્તિ થાય છે, એ વાત પણ વચનામૃતમાં જણાવી છે.
* ગ.પ્ર. ૨૪ : યથાર્થ નિશ્ચય-મહિમા સમજાય તો ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે.
* ગ.પ્ર. ૬૩ : જેણે ભગવાનનું સ્વરૂપ તત્ત્વે કરીને જાણ્યું, તેને કરવાનું-જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. આ સ્વરૂપ જાણવું એટલે નિશ્ચય.
* પં. ૭ : આવી રીતે ભગવાનને જાણ્યા તેને માયાની નિવૃત્તિ થઈ જાય છે.
* વર. ૧૨ : ...તે દિવસે દિવસે વધતો જાય છે ને પૂનમના ચંદ્ર જેવો પ્રકાશમાન થાય છે.
* ગુણાતીતાનંદ સ્વામી : નિશ્ચયવાળાને કાળ, કર્મ, માયાની બીક ન લાગે, પૂરણકામ માને અને તેને ભગવાન વિના બીજા કોઈની અપેક્ષા ન રહે.
* આમ, ભગવાનનો નિશ્ચય એ આત્યંતિક કલ્યાણની માસ્ટર ચાવી છે.
* આવા નિશ્ચયના અનેક પ્રકાર છે. એમાં સર્વોત્કૃષ્ટ નિશ્ચય છે : ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય.

● **ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ?**

* છેલ્લા પોણા બસો વર્ષથી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંધ્યા આરતી પછી સાયંપ્રાર્થનામાં રોજ બધા ભગવાન પાસે માગે છે.

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય નવ ઘનશ્યામ.
- પ્રેમાનંદ સ્વામી

* પરંતુ આનો અર્થ કે રહસ્ય સમજવામાં મોટા વિદ્વાનો-સંતો કે હરિભક્તોએ ક્યારેય પુરુષાર્થ કર્યો નથી કે કોઈએ વિચાર્યું નથી.
* સુરતમાં શ્રીજીમહારાજના મળેલા અને ભાગવતના વિદ્વાન સંત વિજ્ઞાનાનંદ સ્વામીને હરિભક્તોએ આ પ્રશ્ન પૂછ્યો. ત્યારે વિજ્ઞાનાનંદ સ્વામી કહે, 'વિકલ્પે રહિત નિશ્ચય એ નિર્વિકલ્પ નિશ્ચય.' એમ કહીને ભાગવતના પ્રમાણો આપી સમજાવ્યું. એ વખતે શાસ્ત્રીજી મહારાજ તેમની બાજુમાં બેઠા હતા. તેમણે તરત લોયા-૧૨મું વચનામૃત કાઢ્યું ને સમજાવ્યું. બધા આશ્ચર્ય પામી ગયા. અક્ષરબ્રહ્મની આવશ્યકતાની વાત સૌને પહેલીવાર જ જાણવા મળી. વિજ્ઞાનાનંદ સ્વામી પણ રાજી થયા. શાસ્ત્રીજી મહારાજ આ વાત પ્રાગજી ભક્ત પાસેથી સમજ્યા હતા.
* શાસ્ત્રની કોઈ વાત પોતાની મેળે સમજાતી નથી. એક શેઠે નોકરને શેરડીના અમુક સાંઠા બાંધીને બાજુના ગામમાં બીજા વેપારીને પહોંચાડવા કહ્યું. ચીઠ્ઠી લખી આપી. નોકર કહે, 'કેટલા સાંઠા છે ?'

  શેઠ કહે, 'ચીઠ્ઠી બોલશે.' રસ્તામાં નોકરને ભૂખ લાગી. ચીઠ્ઠી કાઢીને પૂછ્યું, 'બોલ, કેટલા સાંઠા છે ?'

  ચીઠ્ઠી બોલી નહીં. નોકરે બે સાંઠા ખાઈ લીધા. વેપારીને ત્યાં પહોંચ્યા પછી સાંઠા ને ચીઠ્ઠી આપી.

  વેપારી કહે, 'બે સાંઠા ઓછા થયા છે. આ ચીઠ્ઠી બોલે છે.'

  નોકર કહે, 'મારી આગળ કેમ ન બોલી ?'

  વેપારી કહે, 'જેને વાંચતા આવડતું હોય તેની આગળ બોલે.'

  એમ શાસ્ત્ર પણ સત્પુરુષ આગળ જ બોલે. સાચા સત્પુરુષ થકી જ તેના રહસ્યો સમજાય છે.
* એ જ રીતે ભગતજી મહારાજે આ વચનામૃતના આધારે 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય'ની યથાર્થ વાત શાસ્ત્રીજી મહારાજને સમજાવી. અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા કરાવી. શાસ્ત્રીજી મહારાજે આ વાત સમજ્યા પછી તો તે માટે માથું મૂક્યું ને શુદ્ધ ઉપાસનાનાં મંદિરો બનાવ્યાં. જે કોઈ મુમુક્ષુ શા.મ. પાસે આવતા તેમને આ વચનામૃતને આધારે સાચી વાત સમજાવતા, પૂર્વગ્રહ તથા ખોટી માન્યતાઓ તોડાવીને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવતા.
* મહેમદાવાદમાં વાંઠવાળી ગામમાં શાસ્ત્રીજી મહારાજ કથા કરતા હતા. તે વખતે જૂના મંદિરના ચુસ્ત સત્સંગી નડિયાદના રામચંદ્ર ઠાકર મંદિરે આવ્યા ને આ કથા સાંભળી. એમાં લો-૧૨ના નિરૂપણ દરમ્યાન અક્ષરબ્રહ્મની વાત સમજાવી. રામચંદ્રભાઈને થયું આ લોકો પોતાની મેળે વચનામૃતના અર્થ ગોઠવે છે. માટે આપણે ઘેર જઈ આપણા ચોપડામાં જોવુ. ને આ લોકોને ઉઘાડા પાડવા. પણ જોયું તો શાસ્ત્રીજી મહારાજે જે સમજાવ્યું હતું તે જ શબ્દશઃ હતું. તેમને શાસ્ત્રીજી મહારાજની વાત સાચી લાગી. ગુણ આવ્યો ને આ શુદ્ધ સિદ્ધાંત સ્વીકાર્યો.
* આમ સમગ્ર સત્સંગમાં એ વખતે અને આજે પણ બધા રોજ માગે ખરા, પણ 'ઉત્તમનિર્વિકલ્પ નિશ્ચય' શું છે અને તેની ઘણાખરાને સમજણ નથી. ને આંધળે બહેરું કૂટાય છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આ સાચી વાત સત્પુરુષના યોગે કરીને તરત સમજાણી છે.

● **વચનામૃતના આ ફકરામાં મુખ્ય ત્રણ મુદ્દા છે :**

૧. અક્ષરબ્રહ્મનો મહિમા ૨. અક્ષરરૂપ થવું ૩. પુરુષોત્તમની ઉપાસના કરવી.

૧. અક્ષરબ્રહ્મનો મહિમા :

* ચૌદલોકનું એક બ્રહ્માંડ છે. જેમાં ૭ ઉપર અને ૭ નીચે. એવા ૧૪ લોક છે. આ બ્રહ્માંડની ફરતે

અષ્ટ આવરણ છે : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ, અહંકાર, પ્રધાનપુરુષ. આ આઠે આવરણ એકબીજાથી ઉત્તરોત્તર ૧૦-૧૦ ગણા મોટા છે.

* આવા આઠ આવરણે યુક્ત કરોડ-કરોડ બ્રહ્માંડ અક્ષરબ્રહ્મની આગળ અણુ જેવા સૂક્ષ્મ બની જાય છે. એટલે બ્રહ્માંડ નાના થઈ જતા નથી પણ અક્ષરબ્રહ્મ એવું વિરાટ છે કે તેની આગળ બ્રહ્માંડો અણુ જેવા નાના થઈ જાય છે. આવું અનંત, અપાર અક્ષરધામ પુરુષોત્તમ ભગવાનનું અર્થાત્ શ્રી.મ.નું પોતાનું ધામ છે. એવું શ્રી.મ. ઘણા વચ.માં કહે છે. જેમ કે પં.૧, ગ.પ્ર.૬૩, ગ.મ.૧૩, ગ.અં.૩૧, અમ.૬, ગ.મ.૪૨, ગ.પ્ર.૭૧. આ અક્ષરધામમાં શ્રી.મ. અને અનંત મુક્તો સદૈવ દિવ્યરૂપે વિરાજમાન છે.
* એ અક્ષરના બે સ્વરૂપ છે : ૧. નિરાકાર - જે તેજરૂપે છે ૨. સાકાર - ધામરૂપે જેમાં તે પુરુષોત્તમ અને અનંત મુક્તોને ધારી રહ્યું છે. અક્ષરબ્રહ્મ મનુષ્યાકૃતિ પુરુષાકાર છે. તેને કરચરણાદિક અવયવો છે. તે પુરુષોત્તમના મુખ્ય સેવક છે.
* ભગવાન જ્યારે જીવના કલ્યાણને અર્થે મનુષ્યમૂર્તિ ધારણ કરે છે ત્યારે અક્ષરબ્રહ્મ પણ મનુષ્યાકૃતિ ધારણ કરીને પૃથ્વી પર પધારે છે.
* એ અક્ષરબ્રહ્મ એક જ છે.
* અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મને અખંડ સંબંધ છે. તેમ છતાં પરબ્રહ્મ સ્વતંત્ર છે.

  પરબ્રહ્મ વગર અક્ષરબ્રહ્મની મહત્તા, સુકાન વિનાના નાવ જેવી છે.
* અક્ષર સર્વના સ્વામી છે, પણ પુરુષોત્તમના દાસ છે. અક્ષરબ્રહ્મ પર પુરુષોત્તમ સિવાય કોઈનું શાસન ચાલતું નથી.
* પુરુષોત્તમ સ્વતંત્ર છે. અક્ષર એમનો આધાર નથી, જ્યારે અક્ષરનો આધાર પુરુષોત્તમ છે. પુરુષોત્તમ અક્ષરને પણ લીન કરી શકે.
* જેમ પુરુષોત્તમ માયાથી પર છે, તેમ અક્ષર પણ માયાથી પર છે.

૨. અક્ષરરૂપ-બ્રહ્મરૂપ શા માટે થવું ?

(૧)પરબ્રહ્મ - પુરુષોત્તમનારાયણને યથાર્થ ઓળખવા માટે :

* અવકાશમાં ગતિ કરવી હોય તો, અવકાશમાં ટકી શકાય તેવાં કપડાં, ખોરાક તથા શરીરને કેળવવું પડે નહીંતર મૃત્યુ થાય. એમ ભગવાન અમાયિક છે, જ્યારે આપણા ઈન્દ્રિયો-અંતઃકરણ માયિક છે. તો માયિક વડે અમાયિકને ઓળખી ન શકાય.
* અક્ષરબ્રહ્મ અમાયિક અને દિવ્ય છે. તે પરબ્રહ્મના ઉત્કૃષ્ટ અને નિકટના સેવક છે. તેથી જો આપણે અક્ષરરૂપ થઈએ તો જ પરબ્રહ્મને યથાર્થરૂપે ઓળખી શકીએ. જેમ અતિ સૂક્ષ્મ બેક્ટેરિયાને જોવા માટે માઈક્રોસ્કોપીક દૃષ્ટિ જોઈએ, એમ ભગવાનને જોવા માટે અક્ષરદૃષ્ટિ જોઈએ.
* સા. ૧૭ : 'ભગવાનનાં ભજનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય છે તેમ તેમ તેને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે અને ભગવાનનો મહિમા પણ અધિકને અધિક જણાતો જાય છે.' આ સૂક્ષ્મ દૃષ્ટિ જેમ જેમ અક્ષરરૂપ થતા જઈએ છીએ તેમ તેમ આવતી જાય છે.
* જેમ પિતાની યથાર્થ ઓળખ માતાને જ હોય છે, માતા બાળકને પિતા ઓળખાવે છે, તેમ અક્ષરબ્રહ્મ દ્વારા આપણે અક્ષરરૂપ બનીએ છીએ. ને ત્યાર પછી એ દિવ્ય-અમાયિક દૃષ્ટિ વડે પરબ્રહ્મને યથાર્થ ઓળખી શકીએ છીએ. કારણ કે અક્ષરરૂપ થવાથી માયાનું આવરણ ટળે છે.
* જેમ સૂર્ય માથા પર આવે ત્યારે દશે દિશાઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે, તેમ અક્ષરબ્રહ્મ છે તે તો સૂર્યના મંડળ જેવું છે. તેના યોગે પુરુષોત્તમ ઓળખાય છે. આ સમજણ કૂંચીની સમજણ છે.

(ગ.મ. ૪૨)

* બ્રહ્મવિદ આપ્નોતિ પરમ્ - ઉપનિષદ્ : એટલે કે જે બ્રહ્મને જાણે છે એટલે કે બ્રહ્મરૂપ થાય છે, તે પરબ્રહ્મને પામે છે.

(૨)નિર્વિઘ્ન ભક્તિ માટે :

* શાસ્ત્રના વચનોથી કે શબ્દોથી ભગવાનનું સ્વરૂપ ઓળખ્યું હોય, પણ તે પોતે અક્ષરરૂપ ન થયો હોય તો ભક્તિમાં વિઘ્ન આવવાની શક્યતા છે.
* આમાં બે પ્રકારના વિઘ્નો આવી શકે :

● **પંચવિષય કે ધન-સ્ત્રીમાં ફસાય.**

* ગ.પ્ર. ૨૩ : 'એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું.'
* ગ.મ.૩૦ : 'સોનું અને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે. અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મનું ભજન કરે.'
* ગુણાતીતાનંદ સ્વામી : બ્રહ્માંડમાં કોઈ એવો પુરુષ નથી કે જેને સ્ત્રી ન જોઈએ અને કોઈ એવી સ્ત્રી નથી કે જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોંખા પડવાનો શ્લોક શ્રીજીમહારાજે લખ્યો છે. 'નિજાત્માનં બ્રહ્મરૂપં...'
* જેમ ગુજરાતની ભૂમિમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે - ગુ.સ્વા.
* પોતાના **સ્વભાવો-દોષો-વિકારોનું ખંડન** થાય. માન-અપમાન થાય ત્યારે પણ ભગવાન અને સંતનો મનુષ્યભાવ આવે છે ને સત્સંગનો સંબંધ છૂટી જાય છે.
* લોયા ૧૭ : સ્તુતિ કરતો હોય તે નિંદા કરવા માંડે.
* જીવાખાચર, પૂર્ણાનંદ સ્વામી, અલૈયા ખાચર, આંબા શેઠ, કીડી સખી વગેરેને આ સ્વભાવો જ આડા આવ્યા. એના મૂળમાં હતું પોતાના બ્રહ્મસ્વરૂપપણાનું અજ્ઞાન. તેથી સત્સંગ મૂકવો પડ્યો.

(૩)પરબ્રહ્મની ભક્તિના અધિકારી થવા માટે :

* લોયા ૭ : 'જે બ્રહ્મરૂપ થાય છે, તેને જ પરબ્રહ્મની ભક્તિનો અધિકાર છે.

ગીતા : **બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા, ન શોચતિ ન કાંક્ષતિ ।**
સમઃ સર્વ ભૂતેષુ, મદ્‌ભક્તિં લભતે પરામ્ ॥

જે બ્રહ્મરૂપ થયો છે, પ્રસન્નચિત્તવાળો છે, ક્યારેય હરખ કે શોક કરતો નથી અને સર્વપ્રાણી માત્ર પ્રત્યે સમભાવના વાળો છે, તે મારી ભક્તિનો અધિકારી છે.

● **આત્યંતિકી મુક્તિ માટે બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા :**

* બ્રહ્મા, શિવ, પ્રજાપતિ આદિક દેવો-અવતારો સૃષ્ટિ ભેગા વારંવાર જન્મ ધરે છે અને વારંવાર માયામાં લીન થાય છે. એનું મૂળ કારણ છે તેમની સમજણમાં કેટલીક પાયાની ભૂલો. આ ભૂલોમાંની એક ભૂલ છે 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી તેને મુક્તિ ન માનવી એ.' (અશલાલીનું વચનામૃત)

હવે આવા સમર્થને પણ મુક્તિ મેળવવા માટે બ્રહ્મરૂપ થવું પડે, તો આપણો શો હિસાબ ?

* ગુ.સ્વા.એ ગ.પ્ર. ૨૩, ગ.મ. ૩૦, ગ.મ. ૪૫, અમ. ૨ અને ૩, આ પાંચ વચનામૃતો ૨-૪ વાર વંચાવ્યા ને બોલ્યા, 'આ વચનામૃત સાંભળતા એમ જણાણું જે કોટિકલ્પ સુધી એમ (અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ) કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય પણ એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે

એ મહારાજનો મત છે.'

* જૂનાગઢના મંદિર માટે સંતો મૂર્તિ લેવા ગયા. ત્યારે નકશા જોઈને સલાટ બોલ્યો કે લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે આ મૂર્તિઓ શોભે. સંતે મંદિરનો નકશો બતાવ્યો તો વિશ્વાસ બેઠો ને મૂર્તિઓ કાઢી આપી. તેમ આપણે પણ બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં ? મૂર્તિ તો તૈયાર છે. પણ મંદિર તો જોઈએ ને ? બ્રહ્મરૂપ થવું એટલે મંદિર રચવું. (ગુ.સ્વા.)

● **અક્ષરરૂપ-બ્રહ્મરૂપ થવું કેવી રીતે ?**

* જે વ્યક્તિ કે વસ્તુનું સતત ચિંતવન થાય, એ આકારે મનની વૃત્તિ થઈ જાય છે. એક વિદ્યાર્થી વર્ગની સામે તળાવ પર બેઠેલી ભેંસોને જોયા કરે. એમાં એક ભેંસના મોટા-પહોળા શીંગડા એને ગમી ગયા. એને આ જોઈને વિચાર આવ્યા કરે કે 'મારે આવા શીંગડા ઊગે તો કેવું સારું ?' ધીમે ધીમે તેને દૃઢ થતું ગયું. એક વાર દરવાજામાં આવી ઊભો રહ્યો. સાહેબ કહે, 'અંદર આવ.' તો કહે, 'ના, આ મારા શીંગડા દરવાજામાં અથડાય છે.' તેને મનમાં દૃઢ થઈ જ ગયું કે મારે શીંગડા ઊગી જ ગયા છે.
* ગ.મ.૩૧ : 'નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો, એ બ્રહ્મના ગુણ એ જીવને વિષે આવે છે.' માટે માયાના આવરણ ટાળીને બ્રહ્મરૂપ થવા અક્ષરબ્રહ્મને ઓળખવા, જાણવા અને તેનો સંગ કરવો અનિવાર્ય છે.
* મહારાજે સ્વયં આ તત્ત્વને શોધ્યું છે. વનવિચરણ દરમ્યાન જ્યાં જ્યાં જતાં ત્યાં પાંચ ભેદ કયા એ પ્રશ્ન પૂછતા. આ પાંચ ભેદમાં ચોથો મહત્ત્વનો ભેદ અક્ષરબ્રહ્મ છે.
* આમ અક્ષરબ્રહ્મની વાત એ નવું તૂત કે ઉપજાવી કાઢેલું જ્ઞાન નથી.
* ગ.પ્ર. ૨૧ અને ગ.પ્ર. ૭૧માં અક્ષરબ્રહ્મના સ્વરૂપની વિગતે વાત કરી છે. આ અક્ષરબ્રહ્મ પૃથ્વી પર પ્રગટ જ છે એમ સમજવું અને બીજા આગળ એની વાત કરવી એવી મહારાજની સ્પષ્ટ આજ્ઞા પણ છે.

● **આ અક્ષરબ્રહ્મ કોણ ?**

* આ અક્ષરબ્રહ્મ ગુ.સ્વા. છે. શ્રીજીમહારાજે અનેક પ્રસંગોએ એમની ઓળખાણ કરાવી છે. (જુઓ સત્સંગ સૌરભ : ભાગ : ૧, પાન નં ૬૦ તથા ઉપાસનાની પુસ્તિકા : પાન નં - ૧૧૨)
* આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એ વાત ભગતજી મહારાજ થકી શાસ્ત્રીજી મહારાજ સમજ્યા. તેમણે તેની ખાત્રી કરી. અને પછી એમણે સત્સંગમાં પ્રવર્તાવી.
* શાસ્ત્રીજી મહારાજ ૧૦૦ ગરણે પાણી પીવે એવા વિચક્ષણ પુરુષ હતા. તેમણે આ તત્ત્વજ્ઞાન તથા ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એની તમામ ખાત્રી કર્યા બાદ અક્ષરે સહિત પુરુષોત્તમની ઉપાસનાના મંદિરો પ્રસ્થાપિત કર્યા.

● **વર્તમાનકાળે અક્ષરબ્રહ્મ કોણ ?**

* પ્રમુખસ્વામી મહારાજ. હા, એ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે. તેનો મન-કર્મ-વચને સમાગમ કરવાથી અક્ષરરૂપ થવાય ને તો જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થાય.
* મુંબઈમાં સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન એક અમેરિકન સત્સંગ પ્રત્યે આકર્ષાયો. સંતોએ તેને સમાગમ કરાવ્યો. ને સંસ્કૃત શીખવ્યું. એમાં 'ગુણાતીતોક્ષરં બ્રહ્મ...' એ શ્લોક મોંઢે કરી સુંદર રાગઢાળમાં તેણે સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. આ સાંભળી અત્યંત પ્રસન્ન થયા ને કહે, 'તું આટલું બોલ્યો, એમાં તારું ભવબંધન નીકળી ગયું.' અક્ષરને જાણીને ભગવાનની ભક્તિ કરે તો મોક્ષ થાય જ.

● **ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય માટેની બીજી શરતઃ**

પુરુષોત્તમની ઉપાસના કરે :

* બ્રહ્મરૂપ થયા પછી ભગવાનની ઉપાસના ન કરે એ તો ખોટ છે.

* કોઈક સાધને કરીને બ્રહ્મરૂપપણાને પામ્યો હોય, પણ જો પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે તો તે પૂરો જ્ઞાની ન કહેવાય. (લોયા. ૭)
* આપણે શંકરાચાર્યના અદ્વૈતવાદ જેવો સિદ્ધાંત નથી કે 'અહં બ્રહ્માસ્મિ' બનીને બેસી જવાનું.
* વેદરસ : પોતાના જીવને ને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે તે પુરુષ ધન્ય છે.
* અક્ષરરૂપ થયા પછી પણ પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણું રાખીને ભક્તિ કરવાની જ છે.
* આપણે સંધ્યા આરતીના અષ્ટકોના અંતિમ શ્લોકમાં એટલે જ બોલીએ છીએ

બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ;
એવી જ આશિષ દાસભાવે, હસ્ત જોડી માગીએ

* ગ.મ. ૩ : એ બ્રહ્મ થકી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તે નોંખા છે ને બ્રહ્મના પણ કારણ છે, ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામીસેવકભાવે ઉપાસના કરવી.
* 'ઉપાસના વિના આત્મા કે બ્રહ્મને દેખવાને ઇચ્છવું તે તો કેમ છે, તો જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ, તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહીં. તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહીં. તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય.' (ગ.અં. ૩૬)
* મૃત્યુ સમય મહાસમુદ્ર જેવો છે. ત્યાં આત્મનિષ્ઠાવાળો (અક્ષરરૂપ) કે વગર આત્મ નિષ્ઠાવાળો બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણની જરૂર પડે છે. (ગ.પ્ર.૬૧)

● **પરબ્રહ્મની ઉપાસના એટલે શું ?**

* એ પરબ્રહ્મ એટલે પૂર્ણપુરુષોત્તમ સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ.
* તે સર્વોપરી છે. સદા દિવ્ય સાકાર છે. સર્વકર્તા છે. સદા પ્રગટ છે.
* તેમનું પ્રગટ સ્વરૂપ આજે પ્રમુખસ્વામી મહારાજ છે.
* તેમની સેવા-ભક્તિ કરવી.
* સાથે સાથે મારા ચૈતન્યને વિષે એ શ્રીજી મહારાજ સદાય વિરાજમાન છે. (સા.૧૦.) આ સમજણ સાથે સર્વક્રિયામાં એમના કર્તાપણાનું, સર્વજ્ઞપણાનું, દિવ્યપણાનું અનુસંધાન રાખવું એ પણ ઉપાસના છે.

◆

સભા : ૪૫ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : લોયા ૧૬ - વાસના કુંઠિત અને નિર્મૂળ થયાનું

❖ **સ્વામીની વાત** : ૧. પ્રકરણ-3, વાત 33

: ૨. પ્રકરણ-3, વાત ૨૮

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત લોયા પ્રકરણનું સોળમું - વાસના કુંઠિત અને નિર્મૂળ થયાનું

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૭ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા આરતી થયા કેડે શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો તથા

ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! એ માન કેમ ટળે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જે ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને માન ન આવે, કેમ જે, જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને એમ બોલ્યા જે, 'એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને તુલસીદાસજીએ કહ્યું છે જે :

'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ,
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ.'

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજનકીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે, પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જતું નથી. તે સારું જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું.'

ઈતિ વચનામૃતમ્. એ રીતે લોયા પ્રકરણનું સોળમું વચનામૃત થયું.

- **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ માન ટાળવાનો ઉપાય દર્શાવી ભગવાનનો યથાર્થ મહિમા સમજવાની વાત કરે છે. ગોપીઉદ્ધવનાં દૃષ્ટાંતે સંબંધવાળા ભક્તોનો મહિમા સમજવા પર નિર્દેશ કરે છે.

- **નિરૂપણ :**

મહારાજ કહે છે કે માને કરીને સંતનો અભાવ આવે છે.

- **માન : મહાન શત્રુ :**

* નિષ્કુળાનંદ સ્વામી સર્વ સ્વભાવોમાં જીતી ન શકાય એવો કોઈ મોટો દોષ હોય તો તે માનને ગણાવે છે.

માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ;
માને સુર-અસુર છે દુઃખી, માન રાખી કોણ થયા સુખી.
સ્વર્ગ, મૃત્યુ, પાતાળ મોઝાર, માને મારી મૂક્યા નરનાર;
કામ, ક્રોધ, લોભ કદી જાય, પણ માન તે તો ન મુકાય.
નથી બીજા કોઈનો તે વાંક, માને રાખ્યા છે રાજાને રાંક;
એવા નર નજરે ન આવે, જેના મનને માન ન ભાવે.

- ભક્તચિંતામણિ.

- યોગીજી મહારાજ માનને સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ કહેતા.

* સા. ૮ : માનમાંથી મત્સર, ઈર્ષ્યા - અસૂયા ઉત્પન્ન થાય છે.

* કા. ૬ : 'માન એ જ મત્સરનો હેતુ છે.'

* લોયા-૬ : 'દેહાભિમાનરૂપ દોષમાં સર્વે દોષો રહ્યા છે.'

* શ્રીજીમહારાજને નિષ્કામી ભક્ત અતિશય વહાલા છે. કામ દોષ પર અતિશય અણગમો છે. ગ.પ્ર. ૭૬મા વચનામૃતમાં કહે છે કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી કે એ સત્સંગી છે.

તેમ છતાં જ્યારે માની અને કામી, બે દોષોમાં મહારાજને વધુ ઘાતક દોષ જણાતો હોય તો તે માન છે. આ વાત લોયા-૧૪માં શ્રીજીમહારાજ કહે છે : 'મોરે તો અમારે કામી પર બહુ અભાવ

રહેતો ને હવે તો ક્રોધ, માન અને ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે. કાં જે કામી હોય તે તો ગૃહસ્થની પેઠે નિર્માની થઈને સત્સંગમાં પડ્યો રહે છે. અને જેમાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય છે, તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે. માટે એ ત્રણ ઉપર બહુ ખેદ રહે છે.'

* મહારાજને આ ત્રણ દોષો પર સૂગ છે. એમાં ક્રોધ અને ઈર્ષ્યા એ બેયનું મૂળ માન છે. (ગ.પ્ર. ૭૬)

ગર્વ સર્વ સુખ નાશકાર છે, ગર્વમાંહી દુઃખ તો અપાર છે;
ગર્વવાન તૃણ તુલ્ય થાય છે, ગર્વગંજન હરિ ગણાય છે.
કામ ક્રોધ થકી માન નેષ્ટ છે, માન સર્વ થકી શત્રુ શ્રેષ્ઠ છે;
કામ, ક્રોધ, જીતતા જીતાય છે, માન પાસે જન હારી જાય છે.
(હરિલીલામૃત)

* ભક્તમાં પણ માન હોય તો તેની ભક્તિ કે અન્ય ગુણો શોભતા નથી. જેમ કૂવો ખોદવાનો હોય તો પહેલા સલાટ, જગા પર ટાંકણું મારે ને પથ્થર જો પોલો રણકે તો અનુમાન કરે કે અહીં પાણી ઘણું થશે ને પથ્થરમાં નક્કર અવાજ આવે અને તણખા ઝરે તો કહે અહીં પાણી થશે પણ પા કે અડધા કોસ જેટલું થશે. કાયમી ઝરો નહીં વહે.

  એમ માની ભક્તની ભક્તિ પા કે અડધા કોસના પાણી જેવી છે. ગમે ત્યારે સુકાઈ જાય. તેથી જ હરિલીલામૃતમાં કહ્યું છે :

કાંઈ હોય કદી પાત્રતાપણું, માનરૂપી પણ થાય ઢાંકણું;
તો ન થાય ગુણ, પ્રાપ્ત તે વિષે, હોય માંહી તે નહીં દીસે.

* બીજા કંઈ સમજતા નથી, કોઈને કંઈ આવડતું નથી, મને કોઈ પૂછતું નથી, મારી કોઈને કિંમત નથી, અહીં પક્ષાપક્ષી ચાલે છે, મને અન્યાય થાય છે... આવી ફરિયાદો અને વિચારો માનીના મનમાં સતત ઘુમરાયા જ કરે. ને સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવ્યા જ કરે. તેની દશા અર્ધબળ્યા કાષ્ઠ જેવી રહે ને અંતે ભગવાન ને સત્પુરુષનો અભાવ આવે ને સંબંધ તૂટે.

* શ્રીજીમહારાજે એક વાર સભામાં મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'હરિભક્તોમાં મોટેરો કોણ ?' અલૈયા ખાચર સભામાં બેઠા હતા. તેને એમ કે મારું જ નામ પહેલું આવશે. પણ મુક્તાનંદ સ્વામી તો દાદાખાચર, સૂરા ખાચર, પછી પર્વતભાઈ એમ નામો બોલવા માંડ્યા. અલૈયાખાચરનું માન ઘવાયું ને મુક્તાનંદ સ્વામીને તરવાર લઈને મારવા તૈયાર થયા.

* પૂર્ણાનંદ સ્વામી શ્રીજીમહારાજની ચાલ જોઈને સંસાર ત્યાગીને સંત બનેલા. પરંતુ સત્સંગમાં જેમ જેમ તેમની મોટ્યપ વધવા મંડી તેમ તેમ માન આવવા માંડ્યું. એક વાર સભામાં આવ્યા ને બેસવાનું યોગ્ય આસન ન જોયું તો સભામાંથી મહારાજને છોડીને ચાલી નીકળ્યા.

* તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે :

સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિ ઝેર જો.

* ગોપાળાનંદ સ્વામીની સેવામાં મંગળ નામે એક હરિભક્ત આવે. સ્વામી લાડમાં તેને 'મંગળિયો' કહેતા. સ્વામીના આશીર્વાદથી તેને રાજ્યમાં મોટા હોદ્દાવાળી નોકરી મળી. લોકો તેને મંગળદાસ શેઠ કહેવા લાગ્યા. એક વાર સ્વામીનાં દર્શને મંદિર આવ્યો. ત્યારે સ્વામીએ તેને પ્રેમથી કહ્યું : 'આવ, મંગળિયા, તું તો બહુ મોટો થઈ ગયો.' આમ, બધાની વચ્ચે સ્વામીએ તેને તુંકારે બોલાવ્યો ત્યારે તે જતા જતા કહે : 'સ્વામીને કહેજો કે બોલવામાં કંઈક વિવેક રાખે.' પછી તો તેનો અધિકાર જતો રહ્યો ને પાછો મંગળિયો બની ગયો. પણ આવા ભક્ત માટે નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં વર્ણન કરે છે :

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોઈ કામનો રે;
ત્યારે કહોને વધ્યો કોણ, લેતા આશરો સુંદર શ્યામનો રે.
જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે;
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે.
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે;

તે તો સર્વે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે.

❊ માન કેવા કેવા પ્રકારના હોઈ શકે એ વાત શ્રીજીમહારાજ ગ.અં.૧૨મા વચનામૃતમાં જણાવે છે. કુળનું માન, રૂપનું માન, પંડિતાઈનું માન, ધનનું માન.

● **માનનો ત્યાગ શા માટે કરવો જોઈએ ?**

❊ ગ.મ. ૪૧ : માન તજીને જે ભગવાનને ભજે તે જ સર્વ હરિભક્તમાં મોટેરો જાણવો.

❊ ગ.પ્ર. ૫૬ : જેણે માનનો ત્યાગ કર્યો છે એવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે છે. અભિમાન રહિત ભક્તના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખા બળવાન થાય છે.

❊ મુક્તાનંદ સ્વામી :

'હું' ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે.

❊ પ્રમુખસ્વામી મહારાજની અતિ પ્રિય પંક્તિ :

દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.
આજ્ઞા અમારી પ્રિય જાણી પાળો, તો સંત સર્વ અભિમાન ટાળો;
હું માનથી દૂર સદા ફરું છું, માની જનોથી દિલમાં ડરું છું.

- નિષ્કુળાનંદ કાવ્ય

❊ નિષ્કુળાનંદ સ્વામી વચનવિધિમાં જણાવે છે :

માન મૂકે માન વધે, માન રાખ્યે ઘટી જાય માન;
એમ સમજી સંત શાણા, માન મૂકવા છે તાન.

❊ જેમ કોઈ વ્યક્તિને ટાઈફોઈડ કે ઝેરી મેલેરિયા થયો હોય તો તે ટાળવા માટે તત્પર થાય છે, કારણ કે રોગથી થતા નુકસાન અને તંદુરસ્તીના લાભનું ચિત્ર તેના મગજમાં સ્પષ્ટ છે. એ જ રીતે માનથી થતી હાનિ અને નિર્માનીપણાના લાભ વિચારીને એ ત્યાગ કરવા આપણે કટિબદ્ધ થવું જોઈએ.

● **નિર્માનીપણાની સાક્ષાતમૂર્તિ : શ્રીહરિ**

❊ શ્રીજીમહારાજ સ્વયં સર્વોપરી ભગવાન હોવા છતાં કેટલા નિર્માનીપણે વર્ત્યા ? સંતોને દંડવત્ કરતા, લોજમાં નીચી ટેલની સેવા કરતા, જૂનાગઢમાં જમતાં જમતાં, ૧૭ વાર ઉઠાડ્યા છતાં શાંત, એક નાનો બાળક પણ ન દુખાય તેની સતત ચિંતા તે કરતા.

❊ ગ.મ. ૧૩માં પોતાના નિર્માનીપણાની વાત કરતાં જણાવે છે :

અમારે તો ત્રિલોકીનું રાજ કરવું અને ઠીકરું લઈને માગી ખાવું એ બેમાં સમ વર્તે છે. હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે સમ વર્તે છે. કોઈ ચંદન તથા પુષ્પ નાંખે ને ધૂળ નાંખે એ બેય સમ વર્તે છે.

❊ માન ટાળવાનો ઉપાય બતાવનાર શ્રી.મ. પોતે સાક્ષાત્ નિર્માનીપણાની મૂર્તિ હતા. તેથી તેઓ સ્વાનુભવથી માન ટાળવાનો ઉપાય બતાવે તે યથાર્થ જ હોય.

❊ પ્રમુખસ્વામી મહારાજ એટલે જ કહે છે :

જેના નિર્માની ભગવાન, તેના જનને કેમ જોઈએ માન ?

● **માન ટાળવાનો ઉપાય :**

❊ એ માન કઈ રીતે ટળે એ પ્રશ્ન સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પૂછે છે : મુક્તાનંદ સ્વામી પોતે જ નિર્માનીપણાની મૂર્તિ હતા. શ્રીજીમહારાજ કરતા ૨૩ વર્ષે મોટા હતા. વળી, રામાનંદ સ્વામીના પ્રથમ પંક્તિના શિષ્ય હતા. છતાં નીલકંઠવર્ણીએ લોજમાં આવીને તરત જ જે જે સુધારા કર્યા. (ગોખ પૂર્યો, સભા જુદી કરી.) તે તમામ એમણે તરત સ્વીકાર્યા.

વળી રામાનંદ સ્વામીએ પોતાના સ્થાને નીલકંઠવર્ણીને ગાદી પર બેસાડ્યા એનો હૃદયથી સ્વીકાર કરવો એ જ નિર્માનીપણાની ચરમ સીમા છે. તેઓ પોતે તો અહંશૂન્ય હતા જ છતાં પણ ક્યાંક માનનો સૂક્ષ્મ અંશ રહી ન જાય એ માટે તેઓ પ્રશ્ન પૂછે છે.

❊ માન ટાળવાનો એક માત્ર ઉપાય.

ભગવાનના માહાત્મ્યનું યથાર્થ જ્ઞાન.

● **ભગવાનના માહાત્મ્ય વગર માન ટળવું કઠણ છે :**

❊ ભગવાનના મહિમા વિના માન ટાળવાના ગમે તેટલા સાધન કરે, પણ એ બધામાં બકરું કાઢવા

જતા ઊંટ પેસે એવું થાય છે.

* વિશ્વામિત્ર મહા તપસ્વી. પોતાને બ્રહ્મનિષ્ઠ માને. પોતાના તપનું માન એમને રહે. તેઓ વસિષ્ઠ ઋષિને મળવા જાય. જ્યારે જ્યારે મળે ત્યારે વસિષ્ઠ એમને 'રાજર્ષિ' કહીને જ સંબોધે. આનાથી વિશ્વામિત્રનો અહંકાર ઘવાયો ને વસિષ્ઠના ૧૦૦ દીકરા મારી નાખ્યા. કેટલું તપ કરતા છતાં તપથી માન ન ટળ્યું.
* દુર્વાસા કેવા સમર્થ ? છતાં પોતાના માન તથા માનમાંથી ઉત્પન્ન થતા ક્રોધને ન બાળી શક્યા.
* ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીનો ત્યાગ કર્યો, કામ ત્યાગ્યો. પણ જે ત્યાગ કર્યો એનું માન ન ગયું. તેથી શિવજીના ખોળામાં પાર્વતીને બેઠેલા જોઈને વિચાર આવ્યો કે મેં કરોડ ત્યાગી, આ એક પણ ત્યાગી શકતા નથી.' ને અંતે અસુર થયો.
* તેથી તુલસીદાસ કહે છે :

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ;
તુલસી લઘુ ભોજન કરી, જીવે માન કે રંગ.

* માનમાંથી અદ્‌ભુત સ્વાદ આવે છે. ભલે પોતાને હાનિ થાય તો ય માણસ માન મૂકી શકતો નથી. જે કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતમાં લઈને ખાય ને એનાથી પોતાનું મોંઢું છોલાય, ને લોહી નીકળે. પોતાનું લોહી પીને જ આનંદ માને. એમ માનનું પણ છે. (ગ.મ.૪૧)
* ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી.
* રામાયણના યુદ્ધ દરમ્યાન લક્ષ્મણજીને મૂર્છા આવી. તેને ભાનમાં લાવવા માટેની ઔષધિ માટે હનુમાનજી જે પર્વત પર ઔષધિ હતી તે આખો પર્વત લઈને આકાશમાં ઊડતાં ઊડતાં લંકા તરફ જવા લાગ્યા. રસ્તામાં તેમને આ અંગે માન આવ્યું, 'હું ના હોત તો લક્ષ્મણનું શું થાત ?' ત્યાં ભરતજીએ આકાશમાર્ગે કોઈ રાક્ષસ જતો હશે એમ માનીને તીર મારીને નીચે પાડ્યા.
* તેથી નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણિમાં કહે છે :

ઘર તજી જાય કોઈ વન, એકાંતે બેસી કરે ભજન;
અન્ન મૂકી ફળ ફૂલ ખાય, પણ માન તે તો ન તજાય.
કોઈ જ્ઞાની થઈ કરે જ્ઞાન, કોઈ ધ્યાની થઈ ધરે ધ્યાન;
કોઈ ભકત થઈ ગુણ ગાય, પણ માન તે તો ન તજાય.
સર્વે મરે છે માનના માર્યા, માન આગળ કંઈક હાર્યા;
એવા માનને મેલી મહંત, ભાવે ભજે છે શ્રી ભગવંત.

* તેથી શ્રી.મ. અહીં કહે છે કે, 'ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજ્યા વિના માન ટળતું નથી. મહિમા સમજાય તો જ માન ટળે. તેથી માન ટાળવું હોય તો ભગવાન અને સંતનું માહાત્મ્ય સમજવું.

● **ભગવાનના મહિમામાં શું શું સમજવાનું છે ?**

૧. ભગવાનના સુખ-શક્તિ-સામર્થ્ય-ઐશ્વર્યનું યથાર્થ જ્ઞાન :

● **ભગવાનનું સુખ :**

* સમગ્ર સૃષ્ટિમાં સુખનું શ્રેષ્ઠ ને સાચું સ્થાન ભગવાન છે. ભગવાનનું સુખ શાશ્વત છે. દિવ્ય છે.
* સા.૧ : ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડના વિષય સુખ ભેળા કરીએ તો તેના કોટિમાં ભાગની બરોબર પણ થાય નહીં.
* પ્રાકૃત વિષયનું સુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે. તથા પૃથક્ પૃથક્ છે અને જે ભગવાન છે તે તો સર્વ સુખમાત્રના રાશિ છે ને ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે ને મહા અલૌકિક છે.

જેમ ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય ને તે પોતાના ઘરમાં અનેક પ્રકારના ભોજન જમતો હોય ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે તે અતિશય તુચ્છ કહેવાય તેમ ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે તે તો કૂતરાને બટકું

રોટલો નાખ્યો હોય તેની પેઠે તુચ્છ છે.

- **ભગવાનનું ઐશ્વર્ય :**

ગ.પ્ર. ૨૭ : પૃથ્વી જેની ડોલાવી ડોલે છે, સૂર્ય, ચંદ્ર ઉદય અસ્ત થાય છે, આકાશમાં જળ અદ્ધર રાખી મૂક્યું છે, જળબિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે... વગેરે અનંત પ્રકારના આશ્ચર્યના કરનારા ભગવાન છે.

* ગ.પ્ર. ૭૮. ભગવાનની ઈચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે અને તે બ્રહ્માંડોને પોતાની શક્તિએ કરીને ભગવાન ધરી રહ્યા છે. એ ભગવાન સૂર્ય, ચંદ્ર, અગ્નિ એ સર્વેના પ્રકાશના દાતા છે.

- ભગવાનનું કર્તાહર્તાપણું : ભગવાનના સંકલ્પમાત્રથી અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય થાય છે.

અમદાવાદ-૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજ સ્વયં કહે છે કે, 'હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વી ડગાવું તો, અનંત બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને સર્વ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેનો કર્તા પણ હું જ છું.'

* આવા ભગવાનની તુલનામાં આપણું જ્ઞાન, આપણું બળ, આપણું સુખ, આપણું ડહાપણ કેટલું ? જેમ, લાખોપતિને પોતાના ધનનો અહંકાર હોય, પણ જ્યાં અબજોપતિને જુએ તો તરત અહં ઓગળી જાય.
* ગામડાનો સરપંચ વડાપ્રધાન આગળ નિર્માની થઈ જાય. તેમ ભગવાનના સુખ, ઐશ્વર્યો, કર્તાપણાનો, સામર્થ્યનો વિચાર આવે તો માન ટળી જાય.
* શાસ્ત્રીજી મહારાજ : 'શ્રીજીમહારાજને કર્તા માનીને કાર્ય કરો તો ભાર ન લાગે.'
* યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામી મહારાજને પણ શ્રીજીમહારાજના મહિમાનું યથાર્થ જ્ઞાન હોવાથી સદાય કાળ નિર્માની રહી શકે છે. માનમાં ફુલાતા નથી. અપમાનમાં કરમાતા નથી.
* હ્યુસ્ટનમાં સ્વામીશ્રીની હાજરીમાં એમનો અદ્‌ભુત મહિમા વિવેકસાગર સ્વામીએ ગાયો. તેથી એક ભાવિકે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપની હાજરીમાં આપના આટલા વખાણ કરે છે.' તમને માન નથી આવતું ?' સ્વામીશ્રી : 'આપણે કાંઈ કરતા હોઈએ તો માન આવે ને ? ભગવાન જ કર્તા છે. એમની મરજી વિના આપણે શેકેલો પાપડ પણ ભાંગી ન શકીએ તો માન ક્યાંથી આવે ?'

'આપને આવો વિચાર ક્યારે આવે છે ?'

સ્વામીશ્રીઃ 'એ વિચાર ટળતો જ નથી.'

* સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી : આવા સંત માટે જણાવે છે :

સબગુન પૂરન પરમવિવેકી, ગુન કો માન ન આવે.

* પોતાના રહેલા આવા અનંત ગુણોને સ્વામીશ્રી વિસરી શકે છે. તેનું કારણ છે ભગવાનનો યથાર્થ મહિમા.

૨. ભગવાનની દુર્લભતાનો વિચાર :

* ગુણાતીતાનંદ સ્વામી : દુર્લભમાં દુર્લભ ભગવાન આપણને મળ્યા છે.
* વરતાલમાં ચાર પાટીદારો આવ્યા. મહારાજનાં ચરણારવિંદનાં ૧૬ ચિહ્નો જોઈને કહે : 'તમારા ચરણ સામે જોઈએ છીએ ત્યારે તમે ભગવાન જણાવ છો, પણ મુખારવિંદ સામે જોઈએ છીએ, ત્યારે મનુષ્ય જેવા લાગો છો.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : 'વૈરાટ બ્રહ્માએ આ ચરણની સ્તુતિ ૫૦ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી કરી ત્યારે આ ચરણ પૃથ્વી પર આવ્યા છે.'

હવે વૈરાટ બ્રહ્માના એક દિવસમાં આપણા ૮ અબજ અને ૬૪ કરોડ વર્ષ ચાલ્યા જાય. એટલો મોટો એનો દિવસ છે. તો એના ૫૦ વર્ષમાં આપણા કેટલા વર્ષ જાય ? આવા દુર્લભ શ્રીજીમહારાજ આપણને મળ્યા છે.

* નિષ્કુળાનંદ સ્વામી આ ભગવાનની દુર્લભતા વર્ણવતા કહે છે :

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;
મર આપીએ સો સો શીશ, તોય વણમળ્યાની વાત છે રે.
કિયાં કીડી કરિ મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે.

* ગમે તેટલાં સાધનો કર્યા હોય, પણ આ ભગવાનનો યોગ થવો દુર્લભ છે. વૃંદાવનમાં લક્ષ્મીચંદ શેઠ મહાદાનેશ્વરી તથા મુમુક્ષુ હતા. છતાં શ્રીજીમહારાજ કહે : 'આ જન્મે તેમને અમારો યોગ થાય એવા તેના પુણ્ય નથી.'
* આ રીતે ભગવાનના મહિમાનો વિચાર હોય તો, જેને જેને તેમનો યોગ થયો છે તે પણ મહાભાગ્યવાળા મનાય. એ એમના આવા સંબંધવાળા સંતો-ભક્તો-બાળકોનો પણ મહિમા સમજાય. પછી અટંટાઈ ન રહે. દાસત્વપણું દીનપણું આવે. તેમનો પક્ષ રહે. તેમને અર્થે ઘસાવાની ભાવના પ્રગટ થઈ આવે.
* કા.૯ : જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય એટલે ભગવાનનો યથાર્થ મહિમા હોય તેને ભગવાનના ભક્ત સાથે કોઈ પ્રકારની આંટી કે રીસ બંધાય જ નહીં.
* ઉદ્ધવજી અને ગોપીઓનું દૃષ્ટાંત શ્રીજીમહારાજ પાંચથી છ વચનામૃતોમાં આ હાર્દ સમજાવવા વારંવાર સમજાવે છે. (લો.,૧૬, લો.૧૭, કા.૯, ગ.અં.૨૮)

તુલસી જા કે મુખન સે, ભૂલે નીકસે રામ,
તાકે પગકી પેહેનિયા, મેરે તન કી ચામ.

* યોગીજી મહારાજે બંધિયામાં યુવકોને દંડવત્ કર્યા, પોંડીચેરીમાં હરિભક્તોના સામાનની પ્રદક્ષિણા કરી. આફ્રિકામાં યુવકોનાં કપડાં ધોઈ નાખ્યા.
* પ્રમુખસ્વામી મહારાજને પણ સંતો-હરિભક્તોનો આવો મહિમા છે. દેવચડીના ગામડાના સામાન્ય હરિભક્ત નાનજી આતાને પણ પગે લાગે.
* ૮૬માં બોચાસણમાં પરદેશયાત્રા કરી સંતો આવ્યા, તો સ્વામીશ્રી તેમને દંડવત્ કરવા લાગ્યા.
* ૮૮ની સાલમાં સ્વામીશ્રી એલ્ડોરેટ(આફ્રિકા)માં ડૉક્ટર સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.
* બોચાસણમાં મૂતરડી સાફ કરવામાં નાનપ ન અનુભવી.
* વિશ્વભરમાં સ્વામીશ્રીને કેટલું માન-સન્માન મળે છે, કેવા ભવ્ય મહોત્સવો થાય છે, છતાં ક્યારેય મુખ પર 'હુંકારો' કે 'અહંભાવ' નો છાંટો જોવા ન મળે. આનું મૂળ છે ભગવાનનો યથાર્થ મહિમા. તેથી જ તેઓ નિર્માનીપણે રહી શકે છે.

◆

વધારાની સભા - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : લોયા-૧૭ : સ્તુતિનિંદાનું
❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત લોયા પ્રકરણનું સત્તરમું : સ્તુતિનિંદાનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના માગશર વદિ અમાસને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાનીવાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી માંહેલી કોરે ધોળે અંગરખે સહિત પહેરી

હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ચોફાળ ઓઢીને તે ઉપર પીળી રજાઈ ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. એવી રીતે શ્રીજીમહારાજ પ્રસન્ન થકા રાત્રિને સમે વિરાજમાન હતા.

પછી શ્રીજીમહારાજ પોતાની મેળે બોલ્યા જે, 'જુઓને ભગવાનની માયાનું બળ કેવું છે જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે, કેમ જે પ્રથમ કેવો સારો જણાતો હોય ને પછી અતિશય ભૂંડો થઈ જાય છે.' એમ કહીને પછી વળી પરમહંસ પ્રત્યે બોલ્યા જે, 'આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ.' ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે, માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ, વિષમ થાય તો પણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહીં, તે શાણે કરીને થાય ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેને દેહનો અનાદર હોય ને દૃઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય એવાને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહીં. અને જે દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે. અને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તો પણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મૂકાવી દે એવો દ્રોહ કરે.'

ઈતિ વચનામૃતમ્. એવી રીતે લોયા પ્રકરણનું ૧૭મું વચનામૃત થયું.

● વચનામૃતની વિશેષતા :

✻ આ વચનામૃત ગુણાતીતાનંદ સ્વામીએ સતત સાડા ત્રણ વર્ષ સુધી વંચાવેલું.

✻ યોગીજી મહારાજ આ વચનામૃતની વાત સિદ્ધ કરવાનું કહેતા.

✻ આ વચનામૃતમાં શ્રીજીમહારાજ માયાની પ્રબળતા દર્શાવે છે. સાથે સાથે દુર્લભ પ્રાપ્તિની જાળવણી માટે સાવધાન કરે છે અને સમજણનું બખતર ઘડી આપે છે.

● માયાની પ્રબળતા :

✻ સત્સંગમાં આવ્યા પછી સત્સંગીમાં વિપરીતપણું આવે છે એ જ માયાનું બળ છે. વિપરીતપણું એટલે ઉત્તર તરફ જતી ગાડી, દક્ષિણ તરફ દોડવા માંડે.

✻ પ્રથમ સારો હોય તે ભૂંડો થઈ જાય છે.

● પ્રથમ સારો એટલે કે

✻ નિયમધર્મમાં અતિશય દૃઢ હોય,

✻ ભગવાન અને સંતને વિશે નિર્દોષભાવે યુક્ત હોય,

✻ ભગવાન અને સંતના ગુણગાન ગાતો હોય, સ્તુતિ કરતો હોય,

✻ આશરો-નિશ્ચય દૃઢ હોય,

✻ અભાવ-અવગુણ કે ખટપટમાં પડતો ન હોય,

✻ આજ્ઞા વિરુદ્ધ એક પણ ડગલું ન ભરતો હોય... ટૂંકમાં પૂર્ણમાસીના ચંદ્ર જેવો સોળે કળાએ ખીલેલો ભક્ત હોય

✻ પછી તે અતિશય ભૂંડો થઈ જાય છે. એટલે કે ઉપરોક્ત સારાં લક્ષણોથી તદ્દન વિરુદ્ધ રીતે વર્તવા માંડે. અમાસના ચંદ્ર જેવો થઈ જાય. શ્રીજીમહારાજ આને માયાનું બળ કહે છે.

✻ શ્રીકૃષ્ણ :

દૈવી હ્યેષા ગુણમયી, મમ માયા દુરત્યયા... ॥

ગુણમયી એવી આ મારી માયા તરવી દુષ્કર છે.

✻ બ્રહ્માનંદ સ્વામી :

● **અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી,**
જીસે મોહે સકલ નરનારી.

● **બ્રહ્મા મોહે, શંકર મોહે, મોહે ઈન્દ્ર બલિહારી,**

સનકાદિક નારદમુનિ મોહે, દુનિયા કૌન બેચારી.
- યોગ કરંતે યોગી મોહે, બનમેં મોહે તપધારી;
વેદ પઢંતે પંડિત મોહે, ભૂલ ગયે શુદ્ધ સારી.
- પંચ વિષયકા જાલ બિછાયા, બંધન રચિયા ભારી;
લાલચમેં સબ જીવ ફસાયે, નીકલને કી નહીં બારી.
- મુનિમધ્ય વિચાર એવો કરે, મોહ શું લડે તે મર્દ કેવા;
પાખરિયા નર તે કૈંક પાડ્યા ખરા, શૃંગી-શશી સુરરાજ જેવા.

- મુક્તાનંદ સ્વામી

* આમ માયાએ ભલભલાને થપ્પડ મારીને હેઠા પાડ્યા છે. આ માયાનું મુખ્ય કાર્ય છે. સારાને ભૂંડા બનાવવા, નિષ્કલંકને કલંકિત કરવા, સ્તુતિ કરનારને નિંદા કરતા કરવા.
* માયાનાં વિવિધ રૂપો : શ્રીજીમહારાજ વચનામૃતમાં વર્ણવે છે :
* ગ.પ્ર. ૧ : 'ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા જે પદાર્થ આડું આવીને આવરણ કરે તે જ માયા છે.'
* હેતરૂપી માયા : ભગવાન સિવાય અન્યમાં હેત એ જ માયા છે. (ગ.પ્ર. ૩૫, પં.-૩)

ભરતજીને મૃગલીના બચ્ચામાં હેત થયું એ જ માયા છે.
* ગ.અં. ૩૯ : 'દેહને વિષે અહંબુદ્ધિ અને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે.'
* લોયા ૪ : ભગવાનમાં કુતર્ક થાય એ માયા.
* ગુણાતીતાનંદ સ્વામી : ભગવાનનું સ્વરૂપ ન ઓળખાય એ જ માયા.
- માયાના મુખ્ય બે સ્વરૂપો : જે મુમુક્ષુને કલ્યાણના માર્ગથી વિચલિત કરે છે.

૧. દોષો-વિકારો રૂપી માયા :
* કામ : સ્ત્રી સંબંધી આસક્તિને કારણે શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, વિશ્વામિત્ર, સૌભરી, એકલશૃંગી એવા મોટા મોટાના પતન થયા.
* એક સાધુ ચારધામની યાત્રા કરી કાઠિયાવાડના ઝીંઝરી ગામમાં આવ્યા. રાતે ધર્મશાળામાં ઊતર્યા. એક બાઈ તેમની સેવામાં લાગી. એકાંત સ્થાનમાં બાવાનું મન ચળ્યું ને ભ્રષ્ટ થયો. સવારે ઊઠ્યો ને રડવા લાગ્યો.'

કાશી ડૂબોયા, ગોકુલ ડૂબોયા, બદરીકેદાર ડૂબોયા... ઝીંઝરીમેં સબ ડૂબોયા.'
* ક્રોધ : દુર્વાસાનું ભૂંડું થયું. એનું કારણ ક્રોધ છે. ક્રોધ માણસને વિરૂપ કરી નાખે.
* લોભ : દુર્યોધને કૌરવકુળનો સર્વનાશ કરાવ્યો એના મૂળમાં રાજ્ય માટેનો લોભ હતો.
* આ જ રીતે હઠ, માન, ઈર્ષ્યાએ કરીને પણ કેટલાક ભક્તો સત્સંગના માર્ગેથી પડી ગયા.

૨. કુસંગીરૂપી માયા :
* ગ.પ્ર. ૧૮ : ગમે તેવા મોટા હોય, તેનું પણ કુસંગે કરીને ભૂંડું જ થાય છે.
* સા. ૧૮ : જગત સંબંધી વિષયનો અંકુર પણ ઊઠે એમ ન હોય ને તેને જો કુસંગનો યોગ થાય તો... કામાદિક દોષોરૂપી વૃક્ષો થાય છે.

કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;
જો ઉજળું વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળ સંગ તોય.
પવિત્ર જાયે, અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય.
કુસંગી સંગે સુજનો પીડાય, તે સંગનો દોષ સદા ગણાય;
લોહી પીને માંકડ નાસી જાય, તે સંગથી માર પલંગ ખાય.

* નિષ્કુળાનંદ સ્વામી વચનવિધિ ગ્રંથમાં જણાવે છે :

પય સાકર સુંદર ત્યાં લગી,
જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની(સાપ);
તેમ હરિજન સારો ત્યાં લગી
જ્યાં લગી સોબત નહીં કુસંગની.

* એક મદારી, બકરી અને વાંદરાને ઓરડામાં બંધ કરીને બજારમાં ગયો. ચંચળ વાંદરાએ ઘરમાં બધી શોધાશોધ કરવા માંડી. દહીંનું પાત્ર મળ્યું. બધું દહીં ખાઈ ગયો. પછી 'મદારી મારશે.' એ વિચાર આવતા દહીંનું પાત્ર બકરી આગળ મૂકી બકરીના મોંઢે દહીં ચોપડી ખૂણામાં બેસી ગયો. મદારીએ બારણું ખોલ્યું ને બકરીને સારી પેઠે માર માર્યો. કુસંગની સોબતમાં માર ખાવાનું જ

થાય.

* ગુણાતીતાનંદ સ્વામી : ૧૦૦ મણ લાકડું મણ લોઢાને તારે અને ૧૦૦ મણ લોઢું મણ લાકડાને ડૂબાડે. તરવાનો સ્વભાવ હોય પણ કુસંગ હોય તો ડુબાય.

● **કુસંગના પ્રકાર : ત્રણ પ્રકાર છે :**

૧. **અંતરનો કુસંગ :** ઇન્દ્રિયો-અંતઃકરણનો કુસંગ. એટલે કે દોષો-વિકારો-સ્વભાવો. આ કુસંગ ૨૪ કલાક આપણી સાથે જ હોય છે. (આગળ જણાવેલ સ્વભાવો.)

૨. **સત્સંગનો કુસંગ.**

* ગુણાતીતાનંદ સ્વામી : સત્સંગમાં કુસંગનો યોગ થાય તો બ્રહ્મરૂપ હોય તેને દેહરૂપ કરી નાખે. સત્સંગમાં કુસંગ એટલે અભાવ-અવગુણ કે ઘસાતી વાતો કરવી તે. ખટપટ કરવી તે.

* જૂનાગઢમાં બે મુમુક્ષુઓ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. મંદિરમાં પ્રવેશતા જ એકને ૬ આંગળીવાળો સાધુ ભેટી ગયો ને ગુણાતીતાનંદ સ્વામી વિષે અભાવ-અવગુણ અમહિમાની વાતો કરી. પેલાને સ્વામીમાં મનુષ્યભાવ આવી ગયો. ગુણાતીતાનંદ સ્વામીને આ વાતની ખબર પડી ત્યારે બોલ્યા જે, 'ગયો ગયો... લખ ચોરાશીમાં ગયો.'

* શિવલાલ શેઠને ગઢડામાં ગુણાતીતાનંદ સ્વામીના દ્વેષી સંતોનો યોગ થયો. તે બધાએ યુક્તિપૂર્વક ગુણાતીતાનંદ સ્વામીના અભાવની વાતો શિવલાલ શેઠને કરી. સ્વામીને આ વાતની ખબર પડી ત્યારે દુઃખી થયા ને કહે : 'તારા જીવ સામે જોઉં છું, ત્યારે અડધો સત્સંગ રહ્યો છે. હવે મહિનો સાથે રાખીને આમ ને આમ વાત કરીશ ત્યારે પૂર્વે જેવો હતો તેવો થઈશ.'

૩. **બહારનો કુસંગ :** આમાં ૧. પંચવિષયનો યોગ. ૨. કુસંગી સાહિત્યનો યોગ ગણી શકાય.

૧. **પંચવિષયનો યોગ :**

* પંચવિષય એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. આ દરેક વિષયમાં જે જે લપટાયા તે બધાનું અનિષ્ટ થયું છે.

* રૂપમાં જે ખેંચાયા તે તમામનો કામે કરીને પરાભવ થયો છે. પતંગિયું દીવાનો પ્રકાશ જોઈને રૂપમાં આકર્ષાય છે, તો તેને મૃત્યુ સિવાય કંઈ મળતું નથી.

* ગંધ : અજામિલે વેશ્યાના અંબોડાના પુષ્પની સુગંધ લીધી, તેમાં તેનું પતન થયું.

* રસ : સ્વાદમાં એકલશૃંગી ને લવિયા દરજીને બરબાદ થવું પડ્યું.

* પ્ર.૧૮ : પ્રમાણે વિષયની હવેલી-ગરબા-ડીસ્કો, તથા એવું અશ્લિલ સાહિત્યના વાંચનથી કોનું મન ઠેકાણે રહે ?

૨. **વ્યક્તિનો કુસંગ કે તેનાં લખેલાં પુસ્તકો-લેખોનો કુસંગ.**

* વ૨.૧૧ : જેને ભગવાનનો નિશ્ચય નથી, એવાના મુખ થકી ગીતા-ભાગવત આદિક સદ્‌ગ્રંથની વાત સાંભળે તો પણ અકલ્યાણ થાય.

* બુદ્ધિ અને તર્કથી ભગવાન અને સંતની ક્રિયા, ઉપદેશ કે કાર્યમાં મનુષ્યભાવ લાવી દે.
'પ્રમુખસ્વામી મહારાજ તો વૈરાગી છે, તો મર્સીડીઝની શું કામ જરૂર છે ? પૈસાદારને જ સ્વામીશ્રી બોલાવે છે ને આશીર્વાદ આપે છે...' આવા વિચારો બુદ્ધિના તર્કથી મનમાં ઠસાવી દે. તે પણ કુસંગ છે.

* ભગવાનના આકાર કે ભક્તિમાર્ગની વિધિઓ જેવી કે આરતી, પૂજા, થાળ વગેરેનું યુક્તિપૂર્વક ખંડન કરનારા પણ કુસંગી જ ગણાય.

* આવી વાતોનું પ્રતિપાદન કરનારા પુસ્તકો કે છાપાના લેખો પણ મન પર અવળી અસર પાડે છે. માટે તે પણ કુસંગ છે.

* ખરાબ વ્યક્તિ ગમે તેવા સજ્જન માણસને ભ્રષ્ટ કરી શકે. કૈકેયીને મંથરાનો સંગ થયો તો રામને વિષે અતિશય હેત છતાં કેવું વરદાન માગ્યું ?

* એભલ ખાચર ભક્ત હૃદય હતા છતાં

ભાયાતોના સંગે મન ફર્યું ને તેથી મહારાજને તલવાર લઈને મારવા તૈયાર થયા હતા.

આમ, આ રીતે માયાનું બળ જ્યારે વધે ત્યારે વિપરીતપણું આવે છે. સારો હોય તે ભૂંડો થઈ જાય. સ્તુતિ કરતો તે નિંદા કરવા માંડે. આવા પ્રસંગોમાં આપણી રક્ષા થાય એ જરૂરી છે.

* વરસાદને રોકી નહીં શકાય તો તેનાથી બચવા છત્રી તો લઈ લો. પૃથ્વી પર કાંટા-કાંકરા વીણી નહીં શકાય. તો તેનાથી બચવા પગમાં પગરખાં તો લઈ લો. એમ બાહ્ય સંજોગો, વ્યક્તિઓ કે પંચવિષયો મટવાના નથી. તો આપણે સ્વયં એવું બખતર પહેરી લેવું જોઈએ કે જેનાથી આપણી રક્ષા થાય.
* ગુણાતીતાનંદ સ્વામી : ખરેખરું જ્ઞાન થાય તો માયાના પેચમાં ન આવે. જેમ જળકૂકડી પાણીમાં રહે પણ તેની પાંખને પાણી ભીંજવી શકે નહીં, તેમ આવા જ્ઞાની ભક્તને વિપરીત સંજોગો વિચલિત કરી ન શકે.

- **સમજણનું બખતર : વિપરીત મતિ ન થાય એ માટેનો ઉપાય :**

૧. દેહનો અનાદર :

* દેહમાં આસક્તિ, તેની શુશ્રુષા, તેનો તાલમેલ, તેના જતનની અપેક્ષા જ વિપરીતતાનું જન્મસ્થાન છે.
* મંદિર કે ઉત્સવો કે સત્સંગમાં તેનું ખંડન થાય, ઉતારા-જમવાની વ્યવસ્થા ન સચવાય, તો અભાવ આવે ને સત્સંગ છોડી દે.
* ૪૦-૫૦ વર્ષનો જૂનો સત્સંગ ચાના કપ કે પાણીના પ્યાલા માટે ધોવાઈ જાય.
* આણંદના એક હરિભક્ત ગોંડળ ગયા. એક સંત પાસે પાણી માગ્યું. પેલા સંતને પગે વા હતો. તેથી નળ બતાવ્યો. તો તે ભક્તને ખોટું લાગ્યું કે અમે ધર્માદો આપીએ, સંતોની સેવા-સરભરા કરીએ ને મને પ્યાલો પાણી પણ ન પાયું.
* યોગીજી મહારાજ : 'જ્યાં ત્યાં, જેવું તેવું, જેમ તેમ ચલાવી લેવું.'
* પ્રમુખસ્વામી મહારાજને જેવું તેવું ચલાવી લેવાની અખંડ ઇચ્છા છે. તો ક્યારેય દુઃખી થતા નથી.
* એક ગુરુ પાસે શિષ્ય સમાગમ કરવા ગયો. ગુરુ કહે રોજ એક શેર ચોખા આવે છે. તેનાથી મારું ગુજરાન ચાલે છે. તું કેવી રીતે અહીં રહીશ ?'
શિષ્ય : 'ચોખા રાંધતા પહેલા તમે સાફ કરો છો અને એમાં જે કાંઈ બહાર પડશે તે ખાઈને રહીશ.' બીજો શિષ્ય આવ્યો : 'જમ્યા પછી પહેલા ચોખાને ધોવો છો. તે ધોવરામણ પીને રહીશ.' ત્રીજો શિષ્ય આવ્યો : 'ચોખા રાંધતા તમે હાથ ધોઈને ચળુ કરો છો, તે ચળું પીને ગુજરાન ચલાવીશ.'
દેહનો અનાદર હતો તો સંત સમાગમમાં ટકી શક્યા. તેમ આપણે પણ દેહનો અનાદર હશે તો સત્સંગમાં ટકાશે.

૨. દૃઢ આત્મનિષ્ઠા :

* કોઈ માણસને રોગ ન થયો હોય, તેનો અર્થ એવો નથી કે તે તંદુરસ્ત જ છે. તેમ દેહનો અનાદર હોય એનો અર્થ એવો નથી કે તેને આત્મનિષ્ઠા છે જ. એમ તો કૂતરા-બિલાડા કે પશુઓ જ્યાં ત્યાં જેવું તેવું ચલાવી જ લે છે ને ? એને દેહનો અનાદર ન કહેવાય. સમજણ પૂર્વકનો દેહનો અનાદર એ આત્મનિષ્ઠાથી પ્રગટે છે.
* આત્મનિષ્ઠા એટલે 'હું અને આ દેહ તદન ભિન્ન છીએ. હું દેહથી જુદો આત્મા છું.' એ વાતની જીવમાંથી દૃઢતા.
* મુક્તાનંદ સ્વામી :
  જ્યાં લગી દેહને હું કરી માનશે,
  ત્યાં લગી ભોગ વિલાસ ભાવે.
* ગ.અં. ૨૧ : આત્મસત્તારૂપે રહીને ભક્તિ નહીં કરતો હોય તો તેનું રૂપ ઉઘાડું થયા વિના નહીં રહે.

* આત્મનિષ્ઠા વગર ભક્તિ કે પ્રીતિ કરે તેનું ઠેકાણું પણ ન રહે.
* આત્મનિષ્ઠા હોય તો ગમે તેવા માન-અપમાન, અવગણના, તિરસ્કાર કે અગવડ-સગવડમાં મન સ્થિર રહે. ગમે તેવા વિષયનો યોગ થાય પણ બંધાય નહીં.
* ગુણાતીતાનંદ સ્વામીનું વડતાલમાં પૂનમની સભામાં હજારો હરિભક્તો વચ્ચે અપમાન થયું. છતાં ગુણાતીતાનંદ સ્વામી જરાય ઝાંખા પડ્યા નહીં. કારણ આત્મનિષ્ઠા દૃઢ હતી.
* ભગતજી મહારાજનું સત્સંગમાં જેટલું અપમાન થયું છે, તેવું આજ સુધી કોઈનું નથી થયું. છતાં ભગતજીએ મંદિર કે સત્સંગ છોડ્યો નથી.

૩. પંચવિષયમાં વૈરાગ્ય :

* પંચવિષયમાં રાગ કે આસક્તિને લીધે વિષયનો વિયોગ થાય કે તેમાં કોઈ ભંગ કરે તો તરત અભાવ આવે.
* કોઈ પાડો, ભેંસ પર આસક્ત થયો હોય ને તે વખતે વચ્ચે કોઈ બીજો પાડો આવે તો ક્રોધિત થઈને તેને મારી નાખે છે.
* પંચવિષયની આસક્તિને કારણે ભગવાનનું-સત્સંગનું સુખ ન આવે.
* એક બ્રાહ્મણને એક લગ્નમાં જમવાનું આમંત્રણ મળ્યું. રસ્તો લાંબો હતો. એટલે તે કાપવા તેણે દાળિયા લીધા. તે ખાતો જાય ને ચાલતો જાય. ચણાના દાળિયાથી તરસ લાગે. એટલે પાણી પીવે. આમ કરતા બધા જ દાળિયા ખાઈ ગયો ને ચાર-પાંચ લોટા પાણી પી ગયો જ્યારે લગ્ન સ્થળે પહોંચ્યો ત્યારે લાડુ જોઈને પેટ કૂટવા લાગ્યો. ને 'હાય દાળિયા-હાય દાળિયા' કરવા લાગ્યો. લાડુ ખાવા હતા પણ, દાળિયાએ જગા ન રહેવા દીધી.
* એમ આપણે ભગવાનનું સુખ-સત્સંગનું સુખ પ્રાપ્ત કરવાનું છે. પરંતુ વિષયોરૂપી દાળિયા ભરીને આવીએ એટલે ભગવાનનું સુખ ન આવે. જેને પંચવિષયમાં 'રાગ નહીં' - જેને કાંઈ જોઈએ જ નહીં તે સદાય સુખિયા.
* હનુમાનજીને સીતાજીએ નવ લાખના હાર આપ્યો, પણ તે મોતી તોડી તોડીને નાખી દીધા. કારણ કે એમાં શ્રીરામ નથી. તો મારે કામ નથી.
* પંચવિષયથી દૂર રહે તો જ ઠેકાણું રહે. (ગ.અં. ૩૩, ગ.મ. ૩૫, પ્ર.૧૮, અં.૩૮)

૪. ભગવાનનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય

* મહારાજ અને સ્વામી સાથે મહિમા સહિતના જોડાણથી પણ અખંડ ટકી રહેવાય છે. આવા અચળ આશરાથી ક્યારેય મનુષ્યભાવ ન આવે.
* સાંસારિક વિટંબણાઓ આવે કે મનોરથો પૂરા થાય/ન થાય પણ એનું મન વિચલિત ન થાય.
* શ્રીજીમહારાજ પરમહંસોને ૩ હાથ કંતાન પહેરવા માટે આપતા હતા. તેમાં બ્રહ્માનંદ સ્વામી કહે : 'મહારાજ, મારું શરીર સ્થૂળ છે. જાડું છે. તો થોડું વધુ આપો.' મહારાજે વધારે કંતાન આપવાની ના પાડી. અપાર સમૃદ્ધિનો ત્યાગ કરીને બ્રહ્માનંદ સ્વામી સાધુ બનેલા. તેને અડધા હાથ કંતાન માટે મહારાજ કલપાવે. તે વખતે બ્રહ્માનંદ સ્વામી આજુબાજુ જોઈને કહે : 'નખ જેટલી પૃથ્વીમાં પણ જો તમારા સિવાય બીજો ભગવાન હોત તો હમણાં જતો રહેત.' આનું નામ નિશ્ચય.
* મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે વિમુખ કર્યા છતાં મહારાજમાં મનુષ્યભાવ ન આવ્યો.
* દાદાખાચર, વેરાભાઈ, પર્વતભાઈ, દેવજીભગત વગેરે ભક્તોને સાંસારિક અનેક પ્રકારના દુઃખો આવ્યા. છતાં પણ સત્સંગમાં સારધાર રહ્યા તેનું કારણ ભગવાનનો નિશ્ચય હતો.

● ઉપરોક્ત સમજણ દૃઢ થાય તો માયાનો ટોચો ન લાગે. આવા ભક્તની સ્થિતિ સોનાના દોરા જેવી છે. સોનાનો દોરો છએ ઋતુમાં એક સરખો રહે છે. ઉનાળામાં ઢીલો ન પડે,

શિયાળામાં કડક ન થાય. એવા સ્થિતિવાળા ભક્તોને મહારાજ દૃઢ વૈષ્ણવ કહે છે. એને પોતાના સગાંવહાલાં ગણે છે. (ગ.અં. ૨૧)

* આવો હરિભક્ત જેમ જેમ સત્સંગમાં રહે, તેમ તેમ વધુ ને વધુ તેજસ્વી થાય. જેમ સોનું માટીમાં રહે છતાં રતિવા સરસ થાય, પણ તેને કાટ ન લાગે કે માટીની મલિનતા ન સ્પર્શે તેમ. (ગ.મ.૪)

● **ચાર પ્રકારનાં વાસણો :**

૧. કાચનું વાસણ : ખૂબ સાચવવું પડે- પડી જાય તો ફૂટી જાય - ફૂટે તો તે પોતે તો નકામું થઈ જાય, પણ બીજા કેટલાયના પગમાં વાગે.
આવા હરિભક્ત પોતે પડે ને બીજાને ય પાડે.

૨. માટીનું વાસણ : તેને પણ સાચવવું પડે-પડે તો ફૂટી જાય- તેની કિંમત કોડીની થઈ જાય. પણ આ વાસણ કોઈને વાગે નહીં.
આવા ભક્ત પડે પણ બીજાને ન પાડે.

૩. તાંબા-પિત્તળનું વાસણ : બહુ સાચવવું ન પડે. પડે તો ગોબા પડે. કદાચ કાણું પડે. પણ રિપેર થાય. ભંગારમાં વેચાઈ શકે. ભલે કિંમત થોડી ઓછી આવે.
આવા ભક્તોને બહુ સાચવવા ન પડે. દેહાભિમાન કે વિષયાસક્તિને લીધે ગોબા પડે, પણ સમજાવો તો રિપેર થઈ જાય. પાછા વળી જાય. ભલે બીજા તેને ઓછા આંકે, પણ સત્સંગી તો મટે નહીં.

૪. સોનાનું વાસણ : સાચવવું પડે જ નહીં. સામી વ્યક્તિને તેની ગરજ અને અતિશય મહિમા હોય. તેથી તેનું જતન કરે. કારણ કે તેની કિંમત છએ ઋતુમાં સમગ્ર પૃથ્વી પર એક સરખી જ રહે. કિંમત વધતી જાય. તેના ઘરેણાં બને. બધાં આદરથી પોતાની શોભા વધારવા એને અંગીકાર કરે.
તેમ આવા ભક્તો ગમે તેવા સ્થળ-કાળ કે સંજોગોમાં સ્થિર રહે. માન-અપમાન કે સુખદુઃખ કે અન્ય પ્રલોભનોમાં પસાર થઈને વધુ શુદ્ધ ને તેજવાળા બને.

* ઉપરોક્ત સમજણમાં આપણે સોના જેવા થઈએ તો ક્યારેય સત્સંગમાંથી વિમુખ થવાનો વારો ન આવે. સત્સંગનો ત્યાગ કરવાથી સત્સંગને નુકશાન કોઈ રીતે નથી. પણ છોડનારને જ નુકશાન છે. માટે શિર સાટે સત્સંગ કરવો ને સમજણરૂપી બખતર પહેરી લેવું.

◆

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : વરતાલ પ્રકરણનું ૪થું : કુવારાનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૨ના માગશર સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં વિરાજમાન હતા અને અંગને વિષે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''પ્રશ્ન - ઉત્તર કરો.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''ભક્તિ માર્ગને વિષે પ્રવર્ત્યો એવો જે ભગવાનનો ભક્ત તેને એવું એક સાધન તે કયું છે જે એક સાધનને કર્યા થકી જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે તે એક સાધનને વિષે આવી જાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ત્રીશ લક્ષણે યુક્ત એવા જ સંત તેનો જે સંગ તે મન - કર્મ - વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે વરતાલ પ્રકરણનું ૪થું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

કલ્યાણને અર્થે અનંત સાધનોનો જેમાં સમાવેશ થઈ શકે છે એવું એક સાધન સંત બતાવે છે.

❊ એ સંત થકી કલ્યાણ થઈ શકે છે. તેમનાં લક્ષણો જણાવે છે.

❊ એ સંતનો સંગ કેવી રીતે કરવો તે સમજાવે છે.

■ **નિરૂપણ :**

❊ અહીં મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન જીવના કલ્યાણ માટેનો છે. સૌ પ્રથમ તો એ વિચારવાનું રહે કે કલ્યાણ એટલે શું ? અને કલ્યાણ કરવું શા માટે જરૂરી છે ? જો આ સમજાય તો જ આવો પ્રશ્ન ઊઠે, તો જ એનો ઉત્તર જાણવાની, સમજવાની અને જીવનમાં આત્મસાત કરવાની ઈચ્છા જાગે.

■ **જીવનું બંધન :**

❊ જીવ સ્વરૂપ સ્વભાવે કરીને શુદ્ધ, બુદ્ધ, મુક્ત અને સચ્ચિદાનંદરૂપ હોવા છતાં અનાદિકાળથી તેને અવિદ્યા-અજ્ઞાનરૂપ માયાનું બંધન છે.

(વચનામૃત : ગઢડા મધ્ય-૬૬)

❊ જીવના આ પ્રકારના મૂળ માયારૂપ બંધનને કારણદેહ કહેવામાં આવે છે. તે જ જીવના સૂક્ષ્મ અને સ્થૂળ દેહરૂપે થાય છે. (**કારિયાણી-૧૨**) જીવ પોતાને કારણદેહથી મુક્ત થકા અનાદિકાળથી માયામાં લીન (સુષુપ્તિ અવસ્થામાં) રહે છે. સૃષ્ટિની ઉત્પતિ દરમિયાન જીવો ચોરાશી લાખ જાતની યોનિમાં જન્મમરણની ઘટમાળમાં ભટક્યા કરે છે.

❊ એક હરિભક્તે ગોપાળાનંદ સ્વામીને વિનંતી કરી કે સ્વામી આશીર્વાદ આપો કે મારા દીકરાને ઘરે દીકરો આવ્યો પણ તે તેની માતાને ધાવતો નથી.

ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગી સિદ્ધપુરુષ હતા. તેમણે કહ્યું, 'આ બાબો નથી પણ ભાભો છે. કહેતા કે તારા પિતાને વાસના રહી ગઈ તેથી ફરીથી તારા ઘરમાં જન્મ લઈને આવ્યા છે. પછી ક્યાંથી ધાવે ?'

પ્રસંગ એવો બન્યો હતો કે, દીકરાની વહુ ઘરડા સસરાની (ભાભાની) સેવા-ચાકરી ખૂબ કરતી. તેથી ઘરડા સસરાને એવો વિચાર રહ્યા કરતો કે દીકરાની વહુ સેવાભાવી બહુ છે, તો તેને પેટ જન્મ લીધા જેવો છે. આવી વાસનાને કારણે સસરો (ભાભો) ફરી પુત્રવધુને પેટે જન્મ્યો. પણ પૂર્વજન્મની થોડી સ્મૃતિ હોવાથી તેની માતાને (ગયા જન્મની પૂત્રવધુને) ધાવતો ન હતો.

પછી તો ગોપાળાનંદ સ્વામીએ તે બાળક પર અંજલિ ભરીને પ્રસાદીનું પાણી છાંટ્યું, તેથી તેને પૂર્વજન્મની સ્મૃતિ વિસરાઈ ગઈ અને પોતાની માતાને ધાવવા લાગ્યો.

કહેવાનું શું કે વાસનાને કારણે સસરો બીજા જન્મમાં પોતાની પુત્રવધુને પેટે જન્મ્યો.

❊ એકવાર એક ગુરુ-શિષ્ય શ્રીજીમહારાજ પાસે આવ્યા. શિષ્ય તેના ગુરુના વખાણ કરવા લાગ્યો કે મારા ગુરુ તો બહુ સમર્થ છે. તેમણે અત્યારથી જાહેર કર્યું છે કે મારો દેહ પડ્યા પછી હું સ્વર્ગલોકમાં જવાનો છું અને હું સ્વર્ગલોકમાં જઈશ ત્યારે આકાશમાં નગારાં ને દુંદુભિ વાગશે.

થોડા સમય પછી તે ગુરુ ખૂબ બિમાર પડ્યા અને આઠ-દશ દિવસમાં દેહ છોડી દીધો. પરંતુ ગુરના કહ્યા પ્રમાણે આકાશમાં નગારાં ને દુંદુભિ વાગ્યા નહિ. તેથી શિષ્યને ચિંતા થવા લાગી.

ગુરુના દેહનો અગ્નિસંસ્કાર કરી શિષ્ય મહારાજ પાસે આવ્યો અને દુંદુભિ અને નગારાં ન વાગ્યાં તેથી પોતાના ગુરુની ક્યાં ગતિ થઈ છે તે વિશે પૂછ્યું. શ્રીજીમહારાજે કહ્યું કે તારા ગુરુ દેહ મૂકવા સમે ક્યાં હતા ? તો શિષ્યે કહ્યું કે બોરડીના ઝાડ નીચે. શ્રીજીમહારાજ બોરડીના ઝાડ નીચે ગયા અને એક પાકું બોર તોડ્યું તો તેમાંથી કીડો નીકળ્યો. શ્રીજીમહારાજે શિષ્યને કહ્યું, 'જો, આ તારા ગુરુની ગતિ થઈ છે. દેહ મૂકતાં સમે બોરડીના ઝાડ નીચે સૂતા હતા, તેથી પાકાં મીઠાં બોરમાં વાસના રહી ગઈ તેથી કીડો થયા છે.' શિષ્ય ગુરુની આ અવગતિથી રડવા લાગ્યો. મહારાજે તેને શાંતવન આપી બોરમાં રહેલા કીડા પર અંજલિ ભરી પાણી છાંટ્યું તો કીડો મૃત્યુ પામ્યો અને આકાશમાં નગારાં-દુંદુભિ વાગવાં લાગ્યાં. શ્રીજીમહારાજે કહ્યું, 'હવે તારા ગુરુ સ્વર્ગમાં ગયા.' પણ સ્વતંત્ર થકા સ્વર્ગલોકમાં જવાની સામર્થી હોય પણ સામાન્ય બોરમાં રહેલી વાસના પણ ફરી જન્મ ધરાવે છે. આ છે જીવનું બંધન.

❊ જ્યાં સુધી જીવ સાથે વળગેલ મૂળ માયા દૂર ન થાય, ત્યાં સુધી આ અનાદિથી અનંતકાળ સુધી ચાલતા સૃષ્ટિપ્રવાહમાં જીવને અનંતવાર જન્મવું-મરવું પડે છે, આ જ જીવનું બંધન છે.

■ કલ્યાણ એટલે શું ? :

❊ જીવનું કલ્યાણ એટલે જીવનો મોક્ષ. અનાદિ કાળથી જીવ આ લખચોરાશીના ભવચક્રમાં ભટકે છે. તેમાંથી મુક્તિ થાય, આ છેલ્લો જન્મ થાય અને અંતે ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ થાય એનું નામ છે આત્યંતિક કલ્યાણ એટલે કે આત્યંતિક મોક્ષ.

❊ વળી, મોક્ષ એટલે મોહનો ક્ષય. જેને લીધે જીવને અનાદિકાળથી બંધન છે, જેને લીધે આ જીવને લખચોરાશીમાં ભટકવું પડે છે એ મોહનો નાશ કરવો તેનું નામ છે મોક્ષ.

❊ મોહ એટલે સત્યમાં અસત્યની ભ્રાંતિ અને અસત્યમાં સત્યની ભ્રાંતિ. તેના પરિણામ સ્વરૂપે આ જીવ ભગવાનને મૂકીને જગતના વિષયમાં આસક્ત થાય છે. આ આસક્તિ કે વાસના જ જીવને જન્મ-મરણનું કારણ છે. તેથી જન્મ-મરણની કારણરૂપ આ વાસના-આસક્તિ અને તેના કારણરૂપ કારણ દેહ - અવિદ્યા - અજ્ઞાન કે માયામાંથી મુક્તિ મેળવવી એ જ મોક્ષ કે કલ્યાણ છે.

■ કલ્યાણ કરવું જરૂરી શા માટે છે ? :

❊ જ્યાં સુધી જીવનું આત્યંતિક કલ્યાણ થતું નથી. ત્યાં સુધી જીવને આ લખચોરાશીનાં અનંત પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. જો દુઃખમાત્રમાંથી છુટકારો મેળવવો હોય તો જીવનું કલ્યાણ કરવું અનિવાર્ય છે.

❊ વળી, જીવનું કલ્યાણ કરવાની સાધના આ મનુષ્ય જન્મમાં જ થઈ શકે તેમ છે. બીજી કોઈ યોનિઓમાં મોક્ષની સાધના થઈ શકતી નથી. જે મનુષ્યદેહમાં

મોક્ષની સાધના થઈ શકે છે, તેવો આ મનુષ્યદેહ પણ વારંવાર મળતો નથી. આ મનુષ્ય જન્મ ક્યારે મળે છે, એ વિશે અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન પૂછેલો. તેના ઉત્તરરૂપે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, ''૪૦૦ ગાઉ લાંબી ૪૦૦ ગાઉ પહોળી ૪૦૦ ગાઉ ઊંડી પાણીની વાવ ભરેલી હોય અને તે વાવને આપણા માથાના એક વાળના ઊભા ચાર ભાગ કરીને તેમાંથી એક ભાગ વડે આખી વાવ જ્યારે ખાલી થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે.''

❊ ભગવાન સ્વામિનારાયણ ખગોળ-ભૂગોળના વચનામૃતમાં કહે છે : ''એવા સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય થઈ જાય છે ત્યારે એ જીવ છે તે આવો મનુષ્યદેહ પામ્યો હોય તે દેહ વૃથા ખોટા માયિક સુખ ને મતવાદી ગુરુને આશરે રહીને હારે છે. તે જીવ યમયાતના ને નરકકુંડનાં દુઃખને લખચોરાશી જાતના જે દેહ છે તેનાં દુઃખ ભોગવીને તેમાં ફરીને પાછો સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય કહ્યા એવા થશે ત્યારે પામવાનો વિલંબ છે. માટે હે ભાઈ, સૂઝે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ ને સંત તેનો આશ્રય કરીને તેની આજ્ઞામાં પોતાનો દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામને પહોંચો. ને જો આજ એ વાત નહિ સમજો ને આવો મનુષ્યદેહ મોક્ષના સાધનનું ધામ છે તે વૃથા હારશો તો ફરી પાછો આવો જોગ મળવાનો વિલંબ તો મોરે લખ્યો એટલો છે. તે પ્રમાણે ભોગવીને એ અવધિ પૂરી થાશે તે દિવસ જોગ મોક્ષ થવાનો થાશે. તે દિ' જો વિચારશો તો થાશે ને નહિ વિચારો તો તે દિ' પણ મોક્ષ થાશે નહિ એ સિદ્ધાંત વાર્તા છે. સમજુ હોય તો વિચારજો ને મૂરખને માથે તો શ્રુતિસ્મૃતિની આમન્યા નથી તે તો કોઈ એ વાતને સમજશે નહિ.''

❊ માટે કરોડો જન્મો પછી પ્રાપ્ત થતો આ મનુષ્ય જન્મ મોક્ષની બારીરૂપ છે. એ વખતે ગાફલાઈ રાખી તો ફરીવાર લખચોરાશીનાં ચક્કરમાં ભટકવું પડે.

❊ એક આંધળો રાજાના વાંકમાં આવ્યો. રાજાએ તેને સજા કરી કે આ નગરની ફરતે ૧૨ ગાઉનો કિલ્લો છે ને કિલ્લાને એક દરવાજો છે. તારી જાતે એ દરવાજાની બહાર નીકળી જવાનું. આંધળો કિલ્લાની ભીંતને હાથ અડાડતો અડાડતો ચાલવા લાગ્યો. પણ જ્યાં દરવાજો આવ્યો ત્યાં ચાલતાં ચાલતાં એ જ હાથ વડે માથે ખંજવાળ્યું. એટલીવારમાં દરવાજો જતો રહ્યો. ને ફરી ૧૨ ગાઉનો ચકરાવો ઊભો રહ્યો.

❊ એવી રીતે મોક્ષનો ઉપાય ન કરીએ તો લખચોરાશીમાં ભટકીને અનંત દુઃખો ભોગવવાં પડે.

❊ ભગવાને આ મોક્ષનું કામ કરવા માટે આ મનુષ્ય જન્મ આપ્યો છે. જો આ કામ કરવાનું જ ભૂલી જઈએ અથવા ન કરીએ તો ફરીવાર ધક્કો થાય.

❊ એક પટેલ ગાડું લઈને શહેરમાં હટાણું(ખરીદી) કરવા નીકળ્યા. આડોશી-પાડોશીએ પણ પોતાની વસ્તુ લાવવા માટે પૈસા આપ્યા. પટેલ શહેરમાં પહોંચ્યા ને વિચાર કર્યો કે પહેલાં આડોશી-પાડોશીની વસ્તુ ખરીદી લઉં, પછી શાંતિથી મારું ખરીદીશ. બીજાની વસ્તુ ખરીદવામાં રાત પડી ગઈ અને ગાડું પણ ભરાઈ ગયું. ગામમાં આવી ગાડું ખાલી કર્યું. બધા પોતપોતાની વસ્તુ લઈ ગયા. પટલાણીએ પૂછ્યું, 'આપણી વસ્તુ ક્યાં ?' તો પટેલ કહે, 'આપણું તો ખરીદવાનું જ રહી ગયું.'

❊ જગતમાં કાર્યમાં આપણે એટલા બધા મશગૂલ છીએ, એટલા વ્યસ્ત છીએ કે એના સ્વાદમાં પોતાના મોક્ષનું અગત્યનું કાર્ય રહી જાય છે.

■ **સાધનોથી જીવનું કલ્યાણ થતું નથી :**

❊ કેટલાક લોકો આત્યંતિક મુક્તિની સાધના માટે તપ, ત્યાગ, વ્રત, નિયમ, ધર્મ, અષ્ટાંગયોગ, તીર્થયાત્રા, શાસ્ત્રપઠન, યજ્ઞયાગાદિક અનેક પ્રકારનાં સાધનો કરતા હોય છે. જો કે, આ સાધનો મદદરૂપ તો જરૂર થતાં હોય છે. તેમ છતાં ભગવાનના નિશ્ચય, આશરા વગર ફક્ત આ બધાં સાધનોથી જીવના માયિકભાવ ટળતા નથી. એટલે કે જીવનું કલ્યાણ થતું નથી. શ્રીજીમહારાજ આ હકીકતને અનેક વચનામૃતમાં સમજાવે છે :

❊ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના ગમે તેટલા ત્યાગ કે ઉપવાસથી કોઈ રીતે ખામી ભાંગશે નહીં. **(ગઢડા મધ્ય-૧૩)**. ફક્ત તપ્તકૃચ્છ્ર ચાંદ્રયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તોપણ મન નિર્વિષયી થતું નથી. **(કારિયાણી-૧૨)**. ભગવાનના નિશ્ચય વગર અતિશય ત્યાગી હોય અને પોતાના કામક્રોધાદિક ટાળવા માટે સાવધાન થઈને પ્રયત્ન કરે છતાં એના ટાળ્યા કામાદિક નહીં ટળે અને અંતે નરકમાં જશે. **(ગઢડા મધ્ય-૧૪)**. અષ્ટાંગયોગની નિર્વિકલ્પ સમાધિમાં પણ કામાદિકનાં બીજ નાશ પામતાં નથી. **(વરતાલ-૨૦)**. ભગવાનના સ્વરૂપના યથાર્થ નિશ્ચય વગર શાસ્ત્રોના નિયમોમાં રહેતો હોય કે ગમે તેટલો ત્યાગ રાખતો હોય કે પછી ઉર્ધ્વરેતા બ્રહ્મચારી હોય તોપણ તેનું કલ્યાણ થતું નથી. **(ગઢડા મધ્ય-૯, ગઢડા પ્રથમ-૬૩, પંચાળા-૭)**. ફક્ત આત્મનિષ્ઠા પણ અંતકાળે કાંઈ કામમાં આવતી નથી. **(વચનામૃતઃ ગઢડા પ્રથમ-૬૧)**.

❊ આ રીતે શ્રીજીમહારાજ સ્પષ્ટપણે સમજાવે છે કે ભગવાનના નિશ્ચય, આશ્રય વગર કોઈ પણ સાધનથી જીવના માયિકભાવ ટળતા નથી. ભગવાનના નિશ્ચય વગર સાધનમાત્ર એકડા વગરના મીંડાં જેવાં છે. તેથી જ તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જેમ સો સો શૂન્ય સારાં કરે, પણ એક ન કરે જો આગળે;
તે સરવાળો શાનો મેલશે, જે કરે છે કાળપ કાગળે.
તેમ એક હરિને પરહરી, બીજી કરે ચતુરાઈ કોટ;
તે માથા ફર ચાલે મારગે, જેમ જેમ ચાલે તેમ ખોટ.

■ **સંતની આવશ્યકતા :**

❊ લૌકિક જીવનમાં આપણને અનુભવ છે કે આપણે અને આપણી ક્રિયા, એ બંને સાધનપ્રધાન નહીં, વ્યક્તિપ્રધાન હોય છે.

❊ ગમે તેવી સારી જમીન, સારું બિયારણ, સારું ખાતર કે પાણી હોય, પણ જો ખેડૂત ન હોય તો ?

❊ આધુનિક સાધનોથી સજ્જ કરોડોની હૉસ્પિટલ હોય પણ ડૉક્ટર ન હોય તો ?

❊ ગમે તેવી સુંદર કૉલેજ હોય પણ પ્રૉફેસર ન હોય તો ?

તેમ શાસ્ત્રો, મંદિરો, તીર્થો, મૂર્તિઓ બધું હોય પણ સંત ન હોય તો કામ ન થાય.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે મૂર્તિ, શાસ્ત્ર ને મંદિર - એ ત્રણેય મળીને એક સંત ન કરે. પણ જો એક સંત મળે તો એ ત્રણેય કરે.

❊ સંત દ્વારા સાચા જીવનની પ્રેરણા-માર્ગદર્શન મળે છે. ચાલતાં ચાલતાં જો કોઈ પડી જાય તો તેને ઊભો કરવાની હિંમત પણ સંત જ આપે છે.

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૧૩માં કહે છે : 'સત્પુરુષ થકી શાસ્ત્રનું શ્રવણ કરવાથી સાચી વાત સમજાય છે.' પોતાની જ દવાની દુકાન હોય, બધી દવાનાં નામ પણ મોઢે હોય, કઈ દવા ક્યાં છે એ સ્થાન પણ ખબર હોય, પણ પોતાના રોગ માટે કઈ દવા લેવી એ માટે ડૉક્ટર જોઈએ જ. એમ શાસ્ત્રોમાંથી પણ મોક્ષની વાત એની મેળે હાથમાં ન આવે.

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૬૦માં કહે છે : 'એકાંતિક થકી જ એકાંતિક ધર્મ સિદ્ધ થાય.'

❊ જે મુક્ત હોય તે જ બીજાને મુક્ત કરી શકે.

❊ મુક્તાનંદ સ્વામી :

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વ કાચું.

❊ **શ્રીમદ્ રાજચંદ્ર** : 'તારે મોક્ષ જોઈએ છે ? તો બીજું કાંઈ શોધ મા. કેવળ એક સત્પુરુષને શોધી કાઢ ને તેના ગમે તેવાં વચનમાં વર્ત્યો જા. પછી તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે.'

❊ **ગુરુગોવિંદ દોનું ખડે, કિસકો લાગુ પાય;**
બલિહારી ગુરુદેવ કી જીન્હે ગોવિંદ દિયો બતાય.

❊ તુલસીદાસ :

રામ મિલન કે કારણે જો તું ભયો ઉદાસ;
તુલસી શોધી લે સંગત સંતકી, રામ જિન્હોં કે પાસ.

❊ અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાને શાપ થયો કે સાત દિવસમાં તને તક્ષક નાગ કરડશે અને તારું મૃત્યુ થશે. પરીક્ષિત પાંડવોનો વંશજ હતો એટલે મુમુક્ષુ જીવ હતો. તેણે વિચાર્યું, 'સાત દિવસમાં મરી જવાનું છે તો મોક્ષ-કલ્યાણ માટે કંઈક સાધના કરવી પડશે.'

તેથી તે પોતાના પુત્ર જન્મેજયને રાજપાટ સોંપી ગંગા નદીના કિનારે ઋષિમુનિઓ પાસે પહોંચી ગયા. અને ઋષિમુનિઓને કલ્યાણ-મોક્ષનો ઉપાય પૂછ્યો. તો કોઈએ કહ્યું, 'તું તપ કર;' કોઈએ કહ્યું, 'તું વ્રત કર.' કોઈએ તીર્થ કરવાનું તો કોઈએ યજ્ઞ કરવાનું કહ્યું, વળી કોઈએ દાન કરવાનો ઉપાય બતાવ્યો. પરીક્ષિતે વિચાર્યું કે સાત દિવસમાં વ્રત-તપ-દાન-તીર્થ-યજ્ઞ વગેરે કેટલું કરવું. કોઈ ઉપાયમાં તેમનું મન માન્યું નહીં.

છેવટે સાચા સંત શુકદેવજી મળી ગયા. તેમણે કહ્યું, 'કશું કરવાની જરૂર નથી. મારી સામે બેસ અને ભગવાનની કથાવાર્તા સાંભળ અને જગતમાંથી વૃત્તિ તોડી ભગવાનમાં જોડી દે તો તારો સાત દિવસમાં મોક્ષ નક્કી.' પરીક્ષિતે એ પ્રમાણે કર્યું અને સાત દિવસમાં મોક્ષ થયો.

❊ મિથિલાના રાજા જનકને રાત્રે સ્વપ્ન આવ્યું કે તેમના રાજ્ય પર બીજા રાજાએ ચડાઈ કરી રાજ્ય જીતી લીધું. જનકરાજા હાથે-પગે જંગલમાં જતા રહ્યા. ત્રણ દિવસ સુધી કાંઈ ખાવાનું મળ્યું નથી. ચોથે દિવસે બે કોળિયા ખીચડી મળી, તે માટીના ઠીકરામાં લઈને ખાવા માટે બેઠા. એટલામાં બે સાંઢ લડતાં લડતાં આવ્યા અને ઠીકરા પર પડ્યા. ઠીકરું તૂટી ગયું. ખીચડી માટીમાં ઢોળાઈ ગઈ. આંખ ખુલી તો જોયું કે પોતે રાજમહેલમાં સૂતા છે અને છડીદારો 'મિથિલા નરેશને ઘણી ખમ્મા, ઘણી ખમ્મા' એમ છડી પોકારી રહ્યા છે.

જનકરાજા વિચારે ચઢ્યા કે આ બેમાંથી સાચું કયું ? રાત્રે સ્વપ્નું આવ્યું એ, કે આ છડી પોકારે છે એ.

તેમણે રાજ્યમાં જાહેરાત કરાવડાવી કે મારા પ્રશ્નનો સાચો ઉત્તર આપશે તેને મોં માગ્યું ઈનામ મળશે. પણ કોઈ સાચો ઉત્તર આપી શક્યું નહીં.

આખરે અષ્ટાવક્ર ઋષિ આવ્યા. તેઓ ગર્ભજ્ઞાની હતા. માતાના ગર્ભમાંથી જ જ્ઞાનસિદ્ધ કરેલ હતું. તેમણે જનકરાજાના પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, સ્વપ્નું સાચું અને છડી પોકારે છે એ પણ સાચું. અને સ્વપ્નું પણ ખોટું અને છડી પોકારે એ પણ ખોટું. એટલે બંને સાચા અને બંને ખોટા. રાજા જનકે પૂછ્યું, 'ગુરુદેવ! એ કેવી રીતે ?' અષ્ટાવક્ર બોલ્યા કે જ્યારે તારી આંખ મીંચાયેલીં હતી ત્યારે સ્વપ્નું આવ્યું હતું અને આંખ ઊઘડી ત્યારે રાજસાહ્યબી સાચી હતી. એમ અત્યારે આંખ ખુલી છે ત્યારે રાજસાહ્યબી સાચી લાગે છે, પણ આંખ મીંચાશે ત્યારે બધું ખોટું થઈ જશે.' જનકરાજા અષ્ટાવક્રના ચરણમાં પડી ગયા. તેમને ગુરુ કરી તેમના થકી સાંખ્ય અને યોગ સિદ્ધ કરી જનક વિદેહી કહેવાયા.

■ **ગુરુથી જ કલ્યાણ થાય, પણ પ્રગટ જોઈએ :**

❊ ગુરુના ફોટાથી કલ્યાણ ન થાય. સંસ્કાર થાય. ગુરુની મૂર્તિ આગળ સિગારેટ સળગાવો તો તે અટકાવશે ?

❊ ગંગા નદીના રંગીન ચિત્ર આગળ સ્નાન કરાય ? તરસ છીપાવાય ?

❊ સૂર્યના દિવાળીકાર્ડથી અંધારું જાય ?

❊ આ બધું પ્રત્યક્ષ જોઈએ તો જ કામ થાય. મૂર્તિમાં ભગવાન ને સંત રહેલા છે. પણ તેની ખરાભાવથી જો સેવા કરો તો તે આપણા આંખનાં પાપ બાળે, મન શુદ્ધ કરે અને પ્રાર્થના કરવાથી પ્રગટ સ્વરૂપ ઓળખાવે.

❊ કુશળ કુંવરબા પોતાના રાજમહેલમાં બ્રાહ્મણ પાસે શ્રીમદ્ ભાગવત્‌ની કથા વંચાવતા હતા. તેમાં રુકિમણી વિવાહનો પ્રસંગ આવ્યો. ત્યારે કુશળ કુંવરબાએ બ્રાહ્મણને કથા વાંચતો અટકાવીને વાત કરી કે જેમ પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં રુકિમણીનું કાંડું ઝાલ્યું, તેમ તારું અને મારું કાંડું પણ જો પ્રગટ ભગવાન ઝાલે તો જ આ જન્મે મોક્ષ થાય. નહીંતર તું કથા વાંચી વાંચીને મરી જાય અને હું કથા સાંભળી, સાંભળીને મરી જાઉં પણ પ્રગટ ભગવાન વગર કલ્યાણ થાય નહીં.

❊ ઠાસરાના ગિરધરભાઈ વડતાલના કોઠારી ગોરધનભાઈના ભત્રીજા હતા. તેમને વચનામૃત વાંચતાં પ્રતીતિ થઈ કે એકાંતિક સંત વગર મોક્ષ ન થાય. એકાંતિક ધર્મ સિદ્ધ ન થાય. એવા એકાંતિકની શોધમાં નીકળ્યા પણ ક્યાંય ન મળ્યા. તેથી વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ એક પગે ઊભા રહીને પ્રાર્થના કરી. ૬ મહિને હરિકૃષ્ણ મહારાજે દર્શન દઈ કહ્યું : ‘આ પ્રાગજી ભક્ત એકાંતિક છે. તેમના દ્વારા હું પ્રગટ છું.’ વિશ્વાસ ન આવ્યો. ફરીવાર દર્શન દઈ એ જ વાત કરી. મૂર્તિ પણ પ્રગટ સંત તરફ જ મોકલે.

❊ અમદાવાદના ખુશાલકાકા દર પૂનમે ડાકોરના રણછોડરાયનાં દર્શને જતા. એક વખત રણછોડરાયે દર્શન દઈ કહ્યું : ‘મોક્ષ જોઈતો હોય તો યોગીજી મહારાજ પાસે જા.’

❊ નિષ્કુળાનંદ સ્વામી :

મળે પ્રગટ પ્રભુ પ્રમાણ રે,
કાં તો તેના મળેલે કલ્યાણ રે,
તેહ વિના તો કોટિ ઉપાયે રે,
આત્યંતિક કલ્યાણ નવ થાય રે.

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨માં કહે છે : ‘જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી પ્રગટ ગુરુરૂપ હરિને વિશે આવે તો શાસ્ત્રમાં જેટલા અર્થ સિદ્ધ કરવાના કહ્યા છે તે સર્વ અર્થ પ્રાપ્ત થાય છે.’ સર્વ અર્થમાં મોક્ષ પણ આવી જાય.

❊ શ્રીજીમહારાજ અષ્ટ પ્રકારની પ્રતિમા અને નવમા સંત એમાં અખંડ રહ્યા છે. (**વચનામૃત : ગઢડા પ્રથમ-૬૮**)

❊ આવા સંતનાં દર્શન થાય ત્યારે એમ માનવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું છે.

(વચનામૃત : સારંગપુર-૧૦, ગઢડા પ્રથમ-૩૭)

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.
કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે;
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે.

ટૂંકમાં પ્રગટ સંત થકી જ એકાંતિકધર્મ સિદ્ધ થાય છે.

■ એકાંતિક સંત કેવા હોય ? :

❊ શાસ્ત્રમાં સંતનાં લક્ષણ કહ્યા છે તે મુજબ ઓળખવા. નહીંતર દંભી-ધુતારા સાધુ હાથમાં આવે તો આ લોક ને પરલોક બે ય બગાડે.

❊ એક વાઘરી ઘંટી ટાંકતો હતો. બહુ ફાવ્યું નહીં એટલે સાધુ થયો. ખાવા-પીવાની, કમાવાની ચિંતા નહીં. એક ડોશીમાએ સાંભળેલું કે સાધુને જમાડે તો સ્વર્ગમાંથી વિમાન તેડવા આવે. પેલાને બોલાવીને ટાઢો રોટલો ને ખાટી છાશ પીરસી. ને દરવાજા બહાર આકાશમાં જોવા માંડ્યા કે વિમાન આવ્યું ? ત્યાં પેલો સાધુ બહાર આવ્યો ને કહે : ‘અંદર આવ, વિમાન નહીં પથરા પડશે. કારણ કે હું તો ઘંટી ટાંકતા સાધુ થયો છું, તો તારી સેવા ક્યાંથી ફળે?’

❊ એક વણિકને એક સાધુ સાથે હેત. તેની સેવા કરે. કથા સાંભળે. તેની સાથે જીવ જોડેલો. વણિક કહે : 'તમે ધામમાં જાઓ ત્યારે મને પણ ધામમાં લઈ જજો.' બંનેનો અંતકાળ આવ્યો. ગુરુ ભેગો ચેલો ચાલવા લાગ્યો. ગુરુએ જ્યાં નરક આવ્યું ત્યાં કહ્યું: 'આ આપણું ધામ.' ચેલાને ઊલટી થાવા લાગી. 'આવું ધામ ? મારી આવી ગતિ ?' ગુરુ કહે : 'તે મારી સાથે જીવ જોડ્યો, તો જ્યાં મારી ગતિ ત્યાં તારી. હું તો બે નંબરનો ઢોંગી ગુરુ છું.'

❊ મુંબઈ જવું હોય તો ગમે તે ટ્રેનમાં ના બેસી જવાય. બોર્ડ વાંચવું પડે. તેમ ગમે તે સંતના સંગે મોક્ષ ન થાય.

❊ બ્રહ્માનંદ સ્વામી :

જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે, સોનું ને પિત્તળ નવ હોય એક સરખું.

પીળું તો સોનું પણ હોય ને પિત્તળ પણ હોય. બેય સરખા લાગે પણ ચકાસણી કરવી પડે.

❊ ભગવાં કપડાંમાં બધા જ ભગવાન ન હોય. રાવણ પણ સાધુના વેશે જ સીતાનું હરણ કરી ગયેલો.

❊ બધા જ ડૉક્ટર હૃદયના ઑપરેશન ના કરી શકે. તેમ બધા જ સંત મોક્ષ ન આપી શકે.

■ **એકાંતિક સંતનાં લક્ષણો : આજે એવા સંત પ્રમુખસ્વામી મહારાજ છે. :**

❊ સામાન્ય રીતે લોકમાં પ્રવચનકાર, કથાકાર, ચમત્કાર બતાવનાર કે ભગવાધારીને સંત મનાય છે. પણ એ સાધુનાં લક્ષણ નથી. એ તો એક આવડત કે કળા છે.

❊ શ્રીજીમહારાજ અહીં ચાર લક્ષણ બતાવે છે.

❊ **૧. ધર્મ :** પંચવર્તમાન એટલે કે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન ને નિઃસ્નેહ યુક્ત હોય. તેમાં પણ સ્ત્રી- ધનનો ત્યાગ ખાસ જોઈએ :

નારી નયન શર જાહી ન લાગા, ઘોર ક્રોધ નિશિ તમ જેહી જાગા;
લોભ પાશ જીન નર ન બંધાયા, સો નર આપ સમાન રઘુરાયા.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢના હરિભાઈ દિવાનને કહ્યું : 'તીર્થ કરવા જાવ છો તો સ્ત્રી-ધનના બે ત્યાગી સાધુ લેતા આવજો.' ન મળ્યા. 'સ્વામી, એ તો તમારી પાસે જ છે.'

❊ આજે ગુણાતીત પરંપરામાં પ્રમુખસ્વામી મહારાજ એવા સંત છે. સ્ત્રી સંબંધમાં કાળો ડાઘ નહીં.

❊ ૮૮'માં સ્વામીશ્રીને પત્રકારે પ્રશ્ન પૂછ્યો : 'આપને સ્ત્રીનો અનુભવ છે ?'

સ્વામી કહે : 'ત્રિકાળમાંય નહીં.'

❊ કરોડોની સંસ્થાના ધણી છતાં સ્વામીશ્રીની પાસે એક પૈસો નથી.

❊ **૨. જ્ઞાન :** આત્મા-પરમાત્માનું યથાર્થ-લક્ષ્યાર્થ જ્ઞાન. જેથી માન-અપમાન, સુખદુઃખ, સગવડ-અગવડમાં એકતા જ્ઞાન હોય તો જ આવે.

❊ ભાવનગરમાં સ્વામીશ્રી પત્રલેખન કરતા હતા. તે વખતે અચાનક ઉપરથી ઈલેક્ટ્રિકનો ધગધગતો બલ્બ પડ્યો. સ્વામીશ્રી જરા પણ વિચલિત ન થયા. સ્થિર ચિત્તે લેખન ચાલુ જ રાખ્યું.

❊ ૧૯૭૪ માં નૈરોબી ગયેલા. ત્યાંની સરકારે પાછા કાઢ્યા. પણ જરા પણ ક્ષોભ નહીં.

❊ **૩. વૈરાગ્ય :** ઉત્તમ વિષય કે ભોગમાં રાગ જ નહીં. દેશ-પરદેશ જાય પણ ભગવાનની મૂર્તિ સિવાય કશામાં રુચિ નહીં. ને સ્વામીશ્રીને એક હરિભક્તે પૂછ્યું : 'અમેરિકા જઈ આવ્યા. કેવું લાગ્યું ?'

'માથા ભર નરકના ખાડામાં પડી ગયા હોય તેવું. અક્ષરધામના સુખ આગળ અનંત અમેરિકા આંટા મારે.'

❊ **૪. ભક્તિ :** ઠાકોરજીની ભક્તિ વિના સ્વામીશ્રી ક્ષણ પણ રહી શકતા નથી. હરિકૃષ્ણ મહારાજ એમનો પ્રાણ છે. તેમના સદાય દાસ બનીને રહે છે. ઠાકોરજીને કર્તાહર્તા માને છે. પોતે સદા સેવકભાવે જ રહે છે.

ક્યારેય ભગવાનને અર્પણ કર્યા વિનાનું કશું જ ગ્રહણ કરતા નથી.

❊ આવા સાચા સંત મળ્યા છે. હવે તેમનો મન-કર્મ-વચને સંગ કરવાનો છે.

■ **મન-કર્મ-વચને સંગ કરવો એટલે શું ? :**

❊ મન-કર્મ-વચને સંગ એટલે (૧) મનથી ભગવાન અને સંતને નિર્દોષ સમજવા, તેમનામાં મનુષ્યભાવ ન આવે. (૨) કર્મથી ભગવાન અને સંતની આજ્ઞા પ્રમાણે જીવન થાય. (૩) વચનથી ભગવાન અને સંતના મહિમાની વાતો કરવી.

❊ મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજના હજુરી સેવક હતા. મહારાજનો પડછાયો બનીને સાથે ફરતા અને અંગત સેવા કરતા. એકવાર મહારાજે તેમને મોજડી ચોપડવા આપી. એક ભાવિક હરિભક્તે બ્રહ્મચારી પાસેથી માંગીને મોજડી ચોપડવાની સેવા લઈ લીધી. મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું, 'મેં તમને મોજડી ચોપડવા આપી હતી, તમે હરિભક્તને કેમ આપી ? જાવ, આજથી વિમુખ. ગળ્યું-ચીકણું ખાશો નહીં ને પગમાં જોડા પહેરશો નહીં.' મૂળજી બ્રહ્મચારી મહારાજની આજ્ઞા શિરે ચઢાવી નીકળી પડ્યા. બ્રહ્મચારી ગામડે ગામડે ફરે અને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરે. તેનાથી હરિભક્તોને ખૂબ સમાસ થવા લાગ્યો. ઉનાળાના દિવસો આવ્યા. ડભાણની સરસ મજાની પાકી કેરીઓ આવી. હરિભક્તોએ બ્રહ્મચારીને કહ્યું, 'આ કેરીઓ મહારાજ જમે એવી છે.' વાત સાંભળી બ્રહ્મચારી મહારાજને કેરી પહોંચાડવા તૈયાર થયા. માથે કેરીનો ટોપલો મૂકી ઉનાળાના દિવસોમાં ખુલ્લા પગે ડભાણથી ચાલતાં ચાલતાં ગઢડા પહોંચ્યા. મહારાજના ચરણે કેરીઓ મૂકી. મહારાજે સામું પણ ન જોયું. જય સ્વામિનારાયણ પણ ન કહ્યા. પરંતુ મૂળજી બ્રહ્મચારીને મહારાજ પ્રત્યે જરા પણ ભાવફેર ન થયો.

■ **મને કરીને સંગ :**

❊ મૂળજી બ્રહ્મચારીને મહારાજે વગર વાંકે વિમુખ કર્યા છતાં મહારાજનો મનુષ્યભાવ તો જ ન આવ્યો. પરંતુ મહારાજ પ્રત્યે જરા પણ ભાવફેર ન થયો.

■ **કર્મે કરીને સંગ :**

❊ વિમુખ થયા પછી પણ બ્રહ્મચારીએ 'ગળ્યું-ચીકણું ખાશો નહિ અને પગમાં જોડા પહેરશો નહિ' તે આજ્ઞા સારધાર પાળી.

■ **વચને કરીને સંગ :**

❊ અને વિમુખ હોવા છતાં બ્રહ્મચારીએ ગામડે ગામડે ફરી શ્રીજીમહારાજના મહિમાની જ વાતો કરી સમાસ કરાવ્યો. પણ પોતાને વિમુખ કર્યા સંબંધી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં.

❊ ભગતજી મહારાજને પણ ગુણાતીતાનંદ સ્વામીની હાજરીમાં જ વિમુખ થવું પડ્યું. પ્રશ્ન એવો હતો કે ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી તેમનું સ્વરૂપ સૌને સમજાવવા અક્ષરનો ઉદ્‌ઘોષ કરતા હતા. તે કેટલાક મોવડીઓ પસંદ ન હોવાથી ભગતજી મહારાજને વિમુખ કર્યા હતા.

વિમુખ થયા પછી પણ ભગતજી મહારાજે 'અક્ષર'નો ઉદ્‌ઘોષ ચાલુ જ રાખ્યો હતો. સત્સંગીના નિયમો પણ સારધાર પાળતા હતા.

■ **મને કરીને સંગ :**

ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી અક્ષરનો ઉદ્‌ઘોષ કરતા હતા અને તેને કારણે જ ગુણાતીતાનંદ સ્વામીની હાજરીમાં જ વિમુખ થવું પડ્યું, છતાં ભગતજી મહારાજને મનમાં જરા સરખો સંશય પણ ન થયો કે ગુણાતીતાનંદ સ્વામીએ મને વિમુખ થતાં કેમ ન અટકાવ્યો.

■ **કર્મે કરીને સંગ. :**

વિમુખ થયા પછી પણ સત્સંગના નિયમ-ધર્મમાં લેશમાત્ર ચૂક પડવા દીધી નથી.

■ **વચને કરીને સંગ. :**

અને વિમુખ હોવા છતાં પણ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તેવો ઉદ્‌ઘોષ ચાલુ રાખી અનેકને સ્વામીના મૂળ અક્ષરપણાની ઓળખાણ કરાવી નિઃશંસય કર્યા.

❊ શાસ્ત્રીજી મહારાજે ભગતજીનો સમાગમ કરવા ઘણી મુશ્કેલીઓ વેઠી. મહુવા પાસે ભાદરોડ આવ્યા. ભગતજીએ ત્યાં શાસ્ત્રીજી મહારાજને ખૂબ ધમકાવ્યા ને ફરી ક્યારેય ન આવવા જણાવ્યું. છતાં શાસ્ત્રીજી મહારાજને એ જ દિવ્યભાવ.

❇ યોગીજી મહારાજ કહે : ‘શાસ્ત્રીજી મહારાજ બોલાવે તો હું જમતો હોઉં તો કોળિયો મૂકી દઉં, લખતો હોઉં તો પેન મૂકી દઉં.’

❇ સંગવાળાને આજ્ઞાપાલનનું પણ આવું તાન રહે.

❇ આવો મન-કર્મે-વચને સંગ આપણે પ્રમુખસ્વામી મહારાજનો કરીએ તો કલ્યાણને અર્થે સર્વે સાધન છે, તે સંગમાં આવી જાય.

સભા : ૪૬ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : વરતાલ - ૫ ભગવાનમાં માયા ન સમજવાનું, સરખી સેવાનું.

❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત વરતાલ પ્રકરણનું પાંચમું : ભગવાનમાં માયા ન સમજવાનું, સરખી સેવાનું.

સ્વામિનારાયણ હરે... સંવત ૧૮૮૨ના માગશર વદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તર દિશે ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષ હેઠે વેદી ઉપર ઢોલિયાને વિષે ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને અતિ સૂક્ષ્મ એવાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર ઘણાક ધારણ કર્યા હતા અને શ્રવણ ઉપર મોટા બે બે ગુલાબનાં પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતા અને પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમગ્ર તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી વળી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે; અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ

ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.'

ઈતિ વચનામૃતમ્. એવી રીતે વરતાલ પ્રકરણનું પાંચમું વચનામૃત થયું.

- **વચનામૃતની વિશેષતા :**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ૧. ૧૦૦ જન્મની બદલે આ ને આ જ જન્મે ઉત્તમ ભક્ત થવાનો કીમિયો બતાવે છે. ૨. સાધુની મૂર્તિને વાઘા, થાળ, આરતી, પૂજા શા માટે ? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામીનું ધ્યાન શા માટે ? એવા પ્રશ્નોના સચોટ સમાધાન આપે છે. ૩. ભક્ત-સહિત ભગવાનની યુગલ ઉપાસના-ભક્તિ-સેવાનું ઉત્કૃષ્ટ પ્રતિપાદન કરે છે.

- **નિરૂપણ :**

નિત્યાનંદ સ્વામીના પ્રશ્ન પૂર્વે આશરાના ત્રણ ભેદ સમજાવી, તેને અનુસરતા ભક્તોના પણ શ્રીજીમહારાજ ત્રણ ભેદ પાડે છે : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ.

* આમાં કનિષ્ઠ ભક્ત આ ને આ જન્મે જ ઉત્તમ થાય કે ન થાય ? તેવી નિત્યાનંદ સ્વામીની ઉત્કૃષ્ટ મુમુક્ષુતા આ પ્રશ્નમાં જણાઈ આવે છે.

- **ઉત્કૃષ્ટ મુમુક્ષુની ઝંખના :**

આવા મુમુક્ષુને એક જ ઝંખના હોય છે કે અનંતપ્રકારની કસર ટાળી મુક્તિ પ્રાપ્ત કરી લેવી. કારણ કે તે સમજે છે કે

૧. જ્યાં સુધી સ્વભાવો કે દોષો હશે ત્યાં સુધી શાશ્વત શાંતિ-સુખ મળવાના નથી.

૨. સામાન્ય કનિષ્ઠ ભક્ત કરતાં ઉત્તમ ભક્ત થવામાં જીવનની સાર્થકતા ને ભગવાનનો રાજીપો છે. શ્રીજીમહારાજની માળાના મણકામાં અવાય એવા ભક્ત બનવું છે. ૩૫% લાવે તે પણ વિદ્યાર્થી કહેવાય ને ૯૦% લાવે તો પણ વિદ્યાર્થી કહેવાય. પણ બંનેમાં ફરક છે. તેમ ઉત્તમ ભક્તને તો ૧૦૦% ગુણની ઈચ્છા જ હોય.

૩. આ ને આ જન્મે જ ઉત્તમ ભક્ત થવું છે. બીજા જન્મનો ઉધારો તેને ન પોષાય. એને અખંડ આ વિચાર રહે.

અવસર આવિયો રણ રમવા તણો,
અતિ અમૂલ્ય નવ મળે નાણે;
સમજવું હોય તો સમજજો સાનમાં,
તજી પ્રપંચ તક જોઈ ટાણે.

- મુક્તાનંદ સ્વામી

* વળી આવા ભક્ત માટે નિષ્કુળાનંદ સ્વામી વર્ણવે છે :

આવો અવસર જાય અમૂલ, પાછો તે પમાતો નથી;
તેનો તપાસી કરવો તોલ, ઊંડો અતિ અંતરથી.

* માટે જેને 'માળાના મણકા' જેવા ભક્ત બનવાની ઈચ્છા હોય તેને શ્રીજીમહારાજનો આ પ્રશ્ન માટેનો ઉત્તર સમજાશે, મનાશે અને જીવનમાં આત્મસાત્ થશે.

- **ઉત્તમ ભક્ત થવાનો ઉપાય :**

ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને ભગવાન સાથે સરખી સેવા કરવી; તો આ જ જન્મે ઉત્તમ ભક્ત બનશો.

* શ્રીજીમહારાજનો આ હૃદયગત અભિપ્રાય છે, સિદ્ધાંત છે, રહસ્ય છે, સાર છે.

* શ્રીજીમહારાજે વચનામૃતમાં સર્વ સાધનની સિદ્ધિ માટે ભગવાન અને સંત જ બતાવ્યા છે.

ગ.મ.૫૯ : ચારવેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે, ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.

* ગ.મ.૨૮ : 'આ વાર્તા (ભગવાનના ભક્તની સેવાથી જ ભગવાન રાજી થાય છે) જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે

સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે.'

- **યુગલ ઉપાસના : ભારતીય સનાતન પરંપરા:**

* શિવ-પાર્વતી, સીતારામ, રાધાકૃષ્ણ, લક્ષ્મી-નારાયણ કે નરનારાયણની મૂર્તિપૂજા ભારત અને વિશ્વના અસંખ્ય હિન્દુ મંદિરોમાં થાય છે.
* શ્રીજીમહારાજે આ પરંપરાનો સ્વીકાર કરીને પોતે બનાવેલા મંદિરમાં પણ ભક્તે સહિત ભગવાન જ પધરાવ્યા. જેમ કે,
  અમદાવાદ અને ભૂજમાં નરનારાયણ, વડતાલ : લક્ષ્મીનારાયણ, ધોલેરા : રાધા સાથે મદનમોહન દેવ, જૂનાગઢમાં રાધા સાથે રમણદેવ, ગઢડામાં રાધા સાથે ગોપીનાથ. મહારાજે ક્યાંય એકલા અવતારો પધરાવ્યા નથી.

- **કેટલાક મહત્ત્વના પ્રશ્ન :**

૧. આ મંદિરો બંધાવીને, આ મૂર્તિઓ પધરાવીને શ્રીજીમહારાજ રાધાકૃષ્ણ, નરનારાયણ કે ગોપીનાથનું ભજન કરાવવા આવ્યા હતા ? એ મંદિરો ને ઉપાસના તો મહારાજના અવતાર પહેલા ચાલુ જ હતા. તો મહારાજે નવું શું કર્યું ?

૨. કોઈ પણ ધર્મસ્થાપક ગમે તે એક ઈષ્ટદેવને પોતાના ઉપાસ્ય માનીને તેના જ સર્વત્ર મંદિરો બનાવી પધરાવે. તો શ્રીજીમહારાજે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધારમણ આવા વિવિધ સ્વરૂપો કેમ પધરાવ્યા ?

૩. રામાનંદ સ્વામીને ધામગમન પછી ૧૩મા દિવસે શ્રીજીમહારાજે 'સ્વામિનારાયણ' મંત્રનું ભજન શરૂ કરાવ્યું. રાધાકૃષ્ણ, નરનારાયણ કે લક્ષ્મીનારાયણ ન કરાવ્યું. શા માટે ?

૪. અંબામાતાના મંદિરમાં મધ્યખંડમાં મૂર્તિ કોની હોય ? માતાની. મહાદેવના મધ્ય મંદિરમાં મૂર્તિ કોની હોય - શિવજીની. તેમ મંદિર સ્વામિનારાયણનું, સંતો સ્વામિનારાયણના, કંઠી સ્વામિનારાયણની, આશ્રિતો સ્વામિનારાયણના તો મધ્યખંડમાં નરનારાયણ કે લક્ષ્મીનારાયણ કે ગોપીનાથ હોય એ કેવું કહેવાય ?

૫. કેટલાક એવું કહે છે કે શ્રીજીમહારાજ ગોપીનાથમાં રહીને જ દર્શન આપે છે, સેવા ગ્રહણ કરે છે. કારણ કે પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેને શ્રીજીમહારાજે ગોપીનાથની મૂર્તિમાંથી પ્રગટ થઈને દર્શન આપેલા અથવા તો ગોપીનાથ એ જ શ્રીજી મહારાજ છે. પણ વસ્તુતઃ આ સત્ય હકીકત નથી, શ્રીજીમહારાજનો આ મત, અભિપ્રાય કે સિદ્ધાંત નથી. કારણ કે જો ગોપીનાથમાં જ શ્રીજીમહારાજ પ્રગટ હોય અથવા એ જ શ્રીજીમહારાજ હોય તો બાજુમાં પધરાવેલ રાધાજી કોના ભક્ત ? શ્રીજીમહારાજના કે ગોપીનાથના ? શ્રીજીમહારાજે ક્યાંય કહ્યું છે કે રાધિકા મારા પત્ની/કે મારા ભક્ત છે ? વળી, ગોપીનાથમાં શ્રીજીમહારાજ જ હોય તો એ જ ખંડમાં બાજુમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ કેમ પધરાવી ? (કદાચ બાજુના ખંડમાં પધરાવાય તો વાંધો નહીં - પણ એક જ ખંડમાં એક જ શ્રી.મ.ની બે મૂર્તિઓ ક્યાંય જોઈ છે ?) વળી, હરિકૃષ્ણ મહારાજ અને ગોપીનાથ-રાધિકાના બે થાળ જુદા જુદા શા માટે થાય છે ? જો બન્ને એક જ સ્વરૂપો હોય તો બે થાળ જુદા ન થાય. તેથી ગોપીનાથ એ જ શ્રીજીમહારાજ નથી અથવા ગોપીનાથ દ્વારા જ શ્રીજીમહારાજ સેવા ગ્રહણ કરે છે એવું પણ નથી. જો એવું જ હોત તો બાજુમાં હરિકૃષ્ણ મહારાજને પધરાવવાની જરૂર જ ન હતી.

* આ બધા પ્રશ્નોનો એક જ ઉત્તર છે. શ્રીજીમહારાજ પૃથ્વી પર અવતારો કે અવતારોની મૂર્તિઓ પધરાવી તેમનું ભજન

કરાવવા નહોતા આવ્યા. પરંતુ પોતે અવતારોથી જુદા છે, એવું પોતાનું સ્વરૂપ સમજાવીને પોતાના સ્વરૂપની ઉપાસના પ્રવર્તાવીને અનંત જીવોને પોતાના સર્વોપરી અક્ષરધામમાં લઈ જવા પધારેલા.

પરંતુ સંજોગો એવા હતા કે શ્રીજીમહારાજને સર્વોપરી સમજવામાં ભલભલાને કઠણ પડ્યું.

* સત્સંગીજીવન ગ્રંથના લેખન વખતે મહારાજને એમાં કેવા લખવા ? રામ જેવા કે કૃષ્ણ જેવા... એ પ્રસંગ નીકળતા, એક નિત્યાંદ સ્વામી સિવાય. બધા જ પરમહંસો કૃષ્ણ જેવા જ લખવા એવા મતમાં ભળ્યા.
* ભાયાત્માનંદ સ્વામીને ૧૧૬ વર્ષની ઉંમરે મહારાજનું સર્વોપરીપણું સમજાયું.
* ગોપાળાનંદ સ્વામીને મહારાજે સ્વપ્નમાં દર્શન દઈ આજ્ઞા કરી કે 'મારું સર્વોપરીપણું નહીં પ્રવર્તાવો તો આ દેહમાં હજાર વર્ષ રાખીશ.' ત્યારે તેમણે વાતો શરૂ કરી. એમાં અખંડાનંદ બ્રહ્મચારીને વાતો પચી નહીં ને ઝાડા થઈ ગયા.
* લોયા ૧૮માં નિશ્ચયની વાત અટપટી છે. ને કહેતા બીક લાગે છે. એવું મહારાજ કહે છે.
* તેમ છતાં ગ.મ. ૯, ગ.મ. ૧૩, ગ.અં. ૩૮, અમ. ૭ વગેરે વચનામૃતોમાં મહારાજે પોતે સર્વોપરી અવતારી છે તે વાત સ્પષ્ટ કહી.
* શ્રીજીમહારાજને પોતાની હયાતી દરમ્યાન જ પોતાના ભક્તે સહિત મૂર્તિઓ પધરાવવાની ઈચ્છા હતી.
* બોચાસણના કાશીદાસ તથા સારંગપુરના જીવાખાચરને શ્રીજીમહારાજે સ્વયં કહેલું અહીં તો અમે અમારા ભક્તે સહિત બિરાજીશું.
* તેમ છતાં જ્યાં પોતાની મૂર્તિ પધરાવવામાં પણ બધાનો વિરોધ હોય ત્યાં ભક્તની વાત તો ક્યાં બેસે ? વરતાલમાં શ્રીજીમહારાજને પોતાની મૂર્તિ પધરાવવી હતી. તેમાં મુક્તાનંદ સ્વામી સહતિ અડધા પરમહંસો અસંમત થયા. ગઢડામાં પણ પોતાની મૂર્તિ પધરાવવી હતી. પણ બધાની ઈચ્છા જોઈ ગોપીનાથજી બનાવ્યા. મહારાજને આ વાતનું દુઃખ સતત રહ્યું કે એમને કોઈ સમજી શક્યું નહીં.
* તેથી જે જે દેશમાં જેનું પ્રધાનપણું હતું, ત્યાં તે તે અવતારો ભક્તે સહિત પધરાવી દીધા. એટલે મૂળ તો મહારાજને ભક્તે સહિત ભગવાનની ઉપાસના જ કરાવવી હતી.
* આમ પોતાના ભક્ત સાથે પોતાની જ ઉપાસના પ્રવર્તાવવાનો સ્પષ્ટ નિર્દેશ શ્રી.મ. ગ.મ.૨૧માં ભારપૂર્વક કહેતાં કહે છે કે આ વાત આજે સમજો કે લાખ વર્ષ કેડે સમજો પણ સમજ્યે જ છૂટકો છે.

- **ઉત્તમ લક્ષણવાળા સંત કોણ ?**

* અનેક વચનામૃતોમાં : જે સંતના પ્રસંગથી મોક્ષનું દ્વાર (પ્ર.૫૪), જે સંતની સેવાથી વાસના બળે(મ.૭), તે ઉત્તમ લક્ષણવાળા સંત કોણ ? જે સંતની સેવા કરવાનું શ્રી.મ.ને ગમે છે. (મ.૨૮) જે સંતની ચરણરજ શ્રી.મ. લેવાની ઈચ્છા રાખે છે (પ્ર.૩૭), જે સંતના દર્શનથી સાક્ષાત્ ભગવાનનું દર્શન થાય છે (પ્ર. ૩૭, સા.૧૦), જે સંતની સેવા ભગવાનની પેઠે કરવી જોઈએ (અં.૨૭), જે સંતની સેવાથી ભગવાનની સેવા થાય છે. (અં. ૩૫) અને જે સંતની સેવા ભગવાનની સાથે, ભગવાનની જેમ જ કરવાથી ૧૦૦ જન્મની કસર આ જન્મે ટળી શકે તેમ છે તે ઉત્તમ લક્ષણવાળા સંત કોણ ?

ભગવાનની સાથે, ભગવાનની જેમ જ સંતની સેવા, પૂજા-અર્ચના-વંદના કરવાની છે તે ભક્ત યા સંત ભગવાનની જેમ જ માયા પર, અનાદિથી સિદ્ધ હોય અન ભગવાનના સૌથી વધારે નિકટતમ અને પ્રિયતમ હોય. અનાદિથી માયા પર બે જ તત્ત્વો છે : પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ. તેથી અક્ષરબ્રહ્મ એ ભગવાનના ઉત્તમ અને સૌથી નિકટતમ ભક્ત છે. એ

અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવાનો મહારાજનો મત છે.

* શિક્ષાપત્રી : ૧૧૬ : નિજાત્માનં બ્રહ્મરૂપં, દેહત્રય વિલક્ષણમ્...
* લો : ૭ : બ્રહ્મરૂપ થાય ને તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.
* લોયા : ૧૨ : અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરે એ જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય.
* ગ.પ્ર. : ૬૩ : અક્ષરબ્રહ્મ થકી જ પરબ્રહ્મ ઓળખાય છે. એ અક્ષરબ્રહ્મને સાથે લઈને શ્રીજીમહારાજ આ લોકમાં પધાર્યા છે.

● **એ અક્ષરબ્રહ્મ કોણ ? ગુણાતીતાનંદ સ્વામી.**

* શ્રીજીમહારાજે અનેક પ્રસંગોએ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી છે. (જુઓ સત્સંગ સૌરભ, ભાગ : ૧, પાન નં : ૬૦)
* સત્સંગમાં ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એ વાતની પ્રસિદ્ધિ ભગતજી મહારાજ દ્વારા થઈ.
* શાસ્ત્રીજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એ વાત ભગતજીએ સુરતમાં કરી, સુરતમાં ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજને કહે, 'સાધુરામ, ત્યાગી થયા છો, પણ સ્વામિનારાયણની નિષ્ઠા થઈ છે ?'

  ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'શ્રીજીમહારાજ સર્વોપરી છે, તે નિષ્ઠા કરી છે.' ત્યારે ભગતજી બોલ્યા , 'એ તો એકલી નારાયણની નિષ્ઠા થઈ કહેવાય. ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, તે નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા ન કહેવાય.''
* આજ અભિપ્રાય સાથે શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી (સહજાનંદ) કે (નારાયણમુનિ) એમ ફક્ત પોતાનું જ ભજન કરાવવાને બદલે પોતાના ઉત્તમ ભક્ત - અ.બ્ર. ગુ.સ્વા. સહિત પોતાનું અર્થાત્ સ્વામિનારાયણનું ભજન કરાવેલું.
* શાસ્ત્રીજી મહારાજ પંચતીર્થી કરતા જૂનાગઢ પહોંચ્યા. એ વખતે ગોપાળાનંદસ્વામીના શિષ્ય ૮૫ વર્ષના કેશવજીવનદાસ શાસ્ત્રીજી મહારાજને કહે, 'તમે ગુણાતીતાનંદ સ્વામીની નિષ્ઠાવાળા છો. તો મહારાજ-સ્વામીની જોડે મૂર્તિઓ પધરાવો. અમારે ગોંડલમાં કરવું હતું પણ ન થયું.' શાસ્ત્રીજી મહારાજ, 'જો બાલમુકુંદ સ્વામી કહે તો કરીએ.' ત્યારે બાલમુકુંદ સ્વામી કહે, 'હું તો સ્વામી અને મહારાજની સોનાની મૂર્તિ બેસે એમાં રાજી છું.'
* ભક્તે સહિત ભગવાનની આ ઉપાસનાનું પ્રવર્તન મોટા મોટા સદ્ગુરુઓ પણ ન કરી શક્યા. આચાર્ય વિહારીલાલજી મહારાજને સંતાન ન હતું. તેથી જાગા સ્વામીએ કહ્યું, 'જો અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તિ પધરાવો, તો મહાપુરુષ જેવા બે દીકરા આપું.' ત્યારે વિહારીલાલજી મહારાજ કહે, 'વાત સાચી છે. પણ ભેખ ઉપાધિ કરે.'
* શાસ્ત્રીજી મહારાજે આ બીડું ઝડપ્યું. વડતાલમાં રહીને જ વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. છેવટે ઉપાધિ થતા વડતાલથી છૂટા પડી અનંત કષ્ટો સહન કરી વિઘ્નો વચ્ચે અક્ષરપુરુષોત્તમના ભવ્ય મંદિરો રચ્યા.
* આમ શાસ્ત્રીજી મહારાજે અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તિઓ મધ્યખંડમાં પધરાવીને લાખો-કરોડો મુમુક્ષુઓ માટે ૧૦૦ જન્મની કસર આ જન્મે ટાળવાની ચાવી આપી દીધી. આ કાર્ય જોઈને કૃષ્ણજી અદા કહેતા, 'શુદ્ધ જ્ઞાન છડે ચોકે કરવું હોય તો બોચાસણમાં જાવ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આ સંપ્રદાયની ભારે સેવા કરી છે.'
* નડિયાદના સાક્ષર દોલતરામ કૃપાશંકર પંડ્યા શાસ્ત્રીજી મહારાજનું કાર્ય જોઈને બોલ્યા, 'જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરીને આવવું પડે, તે કામ આપે કર્યું. આજે આપે ધાતુની મૂર્તિઓ મધ્ય મંદિરમાં પધરાવી છે. પણ

ભવિષ્યમાં આપના શિષ્યો આપની સોનાની મૂર્તિ પધરાવશે.'

* શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'સાચે દેવળે ઘંટ વાગશે.' આમ આ સિદ્ધાંત સાચો હતો તો આજે નવખંડ ધરતીમાં ભક્તે સહિત ભગવાનની ઉપાસના ધામધૂમથી થાય છે.

● **સરખી સેવા એટલે શું ?**

* કેટલાક અજ્ઞાની લોકો પ્રશ્ન પૂછે છે કે સાધુને વાઘા-મુગટ-અલંકાર શા માટે ?
સાધુરૂપ ગુરુનું ધ્યાન ન થાય. આ બધા પ્રશ્નોના ઉત્તર શ્રીજીમહારાજ અહીં સરળ-સ્પષ્ટ રીતે આપે છે.

૧. જેમ ભગવાનની માનસી પૂજા કરે, તેમ જ જે ઉત્તમ ભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને માનસી પૂજા કરે.

૨. જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને જમાડે.

૩. જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખર્ચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે.

* જેમ સીતાજી, રાધિકા, લક્ષ્મીજી કે નર એટલે અર્જુન વગેરે ભગવાન નથી. છતાં મંદિરમાં ભગવાન સાથે તેમની ભગવાન જેવી જ સેવાભક્તિ થાય છે. તો મહારાજ સાથે ગુણાતીતાનંદ સ્વામીની કેમ નહીં ?

* હનુમાનજી તો રામચંદ્ર વગર એકલા પૂજાય છે. તો ગુણાતીતાનંદ સ્વામી તો ભગવાનની સાથે પૂજાવાના છે. તેમાં વિરોધ શા માટે ?

* ગુણાતીતાનંદ સ્વામી કે ગોપાળાનંદ સ્વામીમાં સાધુનો ભાવ રાખીને જોવા એ અજ્ઞાન છે. ગુણાતીતાનંદ સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે. તેને સાધુ તરીકે જોતા હો તો, રાધિકા કે લક્ષ્મીજીને સ્ત્રી તરીકે જ જોવી પડે. ને તેની સેવા-પૂજા બ્રહ્મચારી-સાધુ કેવી રીતે કરી શકે ? પરંતુ મૂર્તિમાં જાતિ કે વર્ણાશ્રમનો ભાવ નહીં, માયાપરનો ભાવ લાવવાનો હોય છે.

* ગ.અં. ૨૬મા વચનામૃતમાં ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતના લક્ષણ બતાવી શ્રીજીમહારાજ કહે છે : 'એવા જે સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય તેની એવા જે પુરુષ તેણે સેવા કરવી.'

* શ્રીજીમહારાજ સ્વયં એવા સંતનો મહિમા સમજે છે :

  ● ગ.પ્ર. ૩૭ : 'એવા સંતની ચરણરજને અમે ઈચ્છીએ છીએ.'

  ● ગ.મ. ૨૨ : અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંતપ્રકારની ભેટ સામગ્રી લાવે છે, તેમ સાધુને અર્થે પણ લાવે છે.' જો બ્રહ્માદિક ઈશ્વરો પણ ભગવાનની જેમ જ આવા ઉત્તમ સંતની સેવા ભેટ સામગ્રીએ કરીને કરતા હોય તો, આપણે કેમ ન કરવી ?

* 'બ્રહ્મવેત્તાનું ધ્યાન ન કરવાનું.' શિક્ષાપત્રીમાં ૧૧૪માં શ્લોકમાં કહ્યું છે. આ પણ સમજવાની જરૂર છે. બ્રહ્મવેત્તા એટલે બ્રહ્મને જાણનાર. તેનું ધ્યાન ન થાય. કારણ કે તે સાધકમાંથી સિદ્ધ થયો હોય. પરંતુ જે અનાદિસિદ્ધ જ છે, એવા બ્રહ્મસ્વરૂપ-અક્ષરબ્રહ્મનું ધ્યાન કરવામાં વાંધો નથી.

* શાસ્ત્રમાં કહ્યું છે :
ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ છે.
ગુરુ પરમેશ્વર રે, જે સેવે સાચે મને...

* નિષ્કુળાનંદ સ્વામી : સંત તે સ્વયં હરિ...

* સા. ૧૦ અને ગ.પ્ર. ૩૭ એવા સંતનું દર્શન થાય, ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું છે.

* જેમ કળશમાં ગંગાજળ ભર્યું હોવાથી કળશનું પૂજન કરવાથી ગંગાજળનું પૂજન થાય છે એમ આવા સંતનાં અંગોઅંગમાં ભગવાન રહ્યા

હોવાથી, તેમની પૂજાથી ભગવાન પૂજાય છે.

* ગ.અં.૩૫ એવા સંતની સેવા એ સાક્ષાત્ ભગવાનની સેવા છે. કારણ કે એનામાં ભગવાન અખંડ વાસ કરીને રહ્યા હોય છે.

* કબીર :

ગુરુગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય
બલિહારી ગુરુદેવ કી, જીન્હે ગોવિંદ દિયો બતાય.

* માટે ગુરુની મૂર્તિ, ગુરુની ચિત્ર પ્રતિમાનું પૂજન કે ગુરુની માનસીપૂજા કરવામાં કોઈ બાધ નથી.

* શ્રીજીમહારાજનો હૃદયનો સિદ્ધાંત છે. આ ને આ જન્મે ઉત્તમ ભક્ત થવા આનાથી સરળ બીજો ઉપાય છે જ નહીં ને આ કર્યા વગર છૂટકો પણ નથી.

• **ભક્તે સહિત ભગવાનની સેવાનો મહિમા :**

* સારંગપુર મંદિરના બાંધકામ દરમ્યાન જૂનાગઢના બાલમુકુંદ સ્વામી નારાયણકુંડે નહાવા જતા હતા. રસ્તામાં મંદિર પાસે આવીને કોઠારી શંકર ભગતને કહે, 'જે સેવા ૫૦૦ પરમહંસોને નથી મળી, તે સ્વામી સહિત મહારાજની સેવા તમને મળી છે. માટે તમારા મોટા ભાગ્ય છે.'

* ભાવનગરમાં નિર્ગુણ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને ઝોળી માગવા જવાની ના પાડી ત્યારે સ્વામી બોલ્યા, 'અક્ષરપુરુષોત્તમ માટે શ્વપચને ઘેર વેચાવું પડે તોય ઓછું છે. માટે તન-મન-ધનથી આપણે મહારાજ-સ્વામીની સેવા કરવી.'

* સારંગપુર મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. તેવામાં હરિકૃષ્ણ સ્વામી ધ્યાનમાં બેઠા. શાસ્ત્રીજી મહારાજે તેમને જગાડ્યા ને કહે, 'ઊઠો, સેવામાં લાગી જાવ. કરોડો ધ્યાન કરતા આ સેવા અધિક છે.'

* સારંગપુરમાં યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું, 'વર્તમાનકાળે આપનો રાજીપો શેમાં છે ?' શાસ્ત્રીજી મહારાજ, 'અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવવામાં અને મધ્યમંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવામાં. આ કાર્યમાં જે એક દોકડોય આપશે, તેને શુદ્ધ બ્રહ્મરૂપ કરી મહારાજ અક્ષરધામમાં લઈ જશે.' ◆

૩. વચનામૃત વરતાલ-૧૧ : જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ જ આત્મદર્શનનું સાધન, તેનું...

સ્વામિનારાયણ હરે,

વચનામૃત વરતાલનું ૧૧મું : જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ જ આત્મદર્શનનું સાધન, તેનું...

સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા ને કર્ણની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે દીનાનાથ ભટ્ટ તથા મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ''બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઈન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય, તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહીં. અને જ્યારે એને મોટાપુરુષના સરખી સ્થિતિ થાય ત્યારે એ મોટાપુરુષ જેમ વર્તે છે તે સત્ય મનાય. અને જ્યાં સુધી એ સત્પુરુષનો મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિ પણ ન થાય ને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા પણ ન જણાય. માટે પરસ્પર વિરોધ આવ્યો, તે વિરોધ ટળે તે ઉપાય કહો.'' પછી જેની જેવી નજર પૂગી તેણે તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''લ્યો, અમે ઉત્તર કરીએ. એનો ઉત્તર તો એ છે જે, પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહીં. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહીં અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે. માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.''

ઈતિ વચનામૃતમ્, એવી રીતે વરતાલનું ૧૧મું વચનામૃત થયું.

- અહીં શ્રીજીમહારાજ પ્રારંભમાં એક વિશિષ્ટ વાત કરે છે કે સત્પુરુષનો મહિમા જાણે તો આત્માને વિષે સ્થિતિ થાય, અને આત્માને વિષે સ્થિતિ થાય તો સત્પુરુષનો મહિમા જણાય...

  આમ, અહીં ચક્રદોષ (તર્કશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે.) જેવું છે. ચક્રદોષ એટલે જેમ વર્તુળનો ક્યાંથી પ્રારંભ થાય ને અંત ક્યાં થાય તે ખ્યાલ જ ન આવે, અને ગોળ ગોળ ફર્યા કરે, તેના જેવી પરિસ્થિતિ.

❊ મનુભાઈને પૂછ્યું, 'તમારું ઘર ક્યાં આવ્યું?' તો મનુભાઈ કહે, 'દવાખાનાની સામે.' 'દવાખાનું ક્યાં આવ્યું?' તો કહે, 'તળાવની સામે.' 'તળાવ ક્યાં આવ્યું?' મનુભાઈ કહે, 'મારા ઘરની સામે.' આમ, ફરી ફરીને પાછું ત્યાં જ આવે. એવી વાત અહીં મહારાજ કહે છે.

- આમ કહીને શ્રીજીમહારાજ પૂછે છે કે આવો વિરોધ કેવી રીતે ટળે? એટલે કે બ્રાહ્મીસ્થિતિ માટે શું કરવું?

(૧) બ્રાહ્મીસ્થિતિનો ઉપાય :

શ્રીજીમહારાજ અલગ જ ઉપાય બતાવે છે, એ છે સત્પુરુષમાં દૃઢ પ્રીતિ.

મહારાજ કહે છે, 'જો સત્પુરુષમાં દૃઢ પ્રીતિ થશે, તો સત્પુરુષનો મહિમા સમજાશે અને આત્માને વિષે સ્થિતિ પણ થશે.' સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવાની વાત સીધી સાદી લાગે છે, પણ આ વાતનું ફળ મહારાજે ઘણું મોટું બતાવ્યું છે.

■ અહીં આપણે સૌપ્રથમ જેમાં પ્રીતિ કરવાની છે તે સત્પુરુષ કોણ? તે સમજીશું. ત્યારબાદ દૃઢ પ્રીતિનાં લક્ષણો સમજીશું.

(૨) સત્પુરુષ એટલે ભગવાનને મળેલા સંત :

■ શ્રીજીમહારાજે કહ્યું છે કે પૃથ્વી પર ભગવાનને મળેલા જે સત્પુરુષ તેને વિશે દૃઢ પ્રીતિ કરવી.

❋ યોગીજી મહારાજ યોગીગીતામાં કહે છે, 'ભગવાનને મળેલા એટલે એકાત્મભાવને પામેલા. મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા.'

આમ, ભગવાનને મળેલા એટલે શ્રીજીમહારાજને અંગોઅંગમાં અખંડ ધારી રહેલા સંત. મહારાજનો જેને સાક્ષાત્ સંબંધ છે, તેવા સંત. વચનામૃત ગઢડા પ્રથમ-૨૭, ૩૭, સારંગપુર-૧૦, ગઢડા અંત્ય-૨૬, ૨૭માં બતાવ્યા પ્રમાણેનાં લક્ષણવાળા સંતને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. માટે એવાં લક્ષણે યુક્ત ગુણાતીત સંત જ ભગવાનના મળેલા સંત કહેવાય.

■ આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ એવા સંત છે. તેઓ ભગવાનને મળેલા સંત છે. કારણ કે તેઓને અખંડ ભગવાનનો સાક્ષાત્કાર છે. તેઓ દ્વારા ભગવાન પ્રગટ છે. તેથી સ્વામીશ્રીના યોગમાં આવનારને પણ તેઓમાં ભગવાનની દિવ્યતાનો અનુભવ થાય છે.

❋ તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ મુંબઈમાં અમૃતવદનદાસ સ્વામીએ કહ્યું, 'સ્વામી! આજે મહાનુભાવોમાં ડોક્ટર નિલેશ આવ્યા હતા. જીવનમાં પ્રથમવાર આપનાં દર્શન કરી રહ્યા હતા; પણ જેવા આપ સ્ટેજ પર આવ્યા ને આપનાં દર્શન કરતાં જ તે બોલી ઊઠ્યા, 'આ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે!' સ્ટેજ પર ફરી વાર તેમના મુખેથી આ જ વાક્ય નીકળી પડ્યું ને તે વખતે તો એમ પણ બોલ્યા, 'મારી આંખોમાં આંસુ આવી ગયાં...'

તો, સ્વામી! પહેલીવાર આપનાં દર્શન કરે તેમાં આટલો બધો ભાવ થઈ જાય છે તેનું કારણ શું?' સ્વામીશ્રી સ્મિત કરતાં કહે, 'ભગવાન.'

ભગવાનના સાક્ષાત્કારવાળા ગુણાતીત ગુરુઓને દરેક પળે ને પ્રસંગે ભગવાનનું અનુસંધાન હોય છે. તેથી તેમના યોગમાં આવનાર સૌ કોઈને ભગવાનની દિવ્યતાનો અનુભવ થાય છે.

■ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પૂછેલા પ્રશ્નમાં આવા સત્પુરુષનાં લક્ષણ જણાવતાં મહારાજ કહે છે કે તેઓ ત્રણ શરીરથી પર વર્તતા હોય.

(૨.૧) ત્રણ શરીરથી પર વર્તતા હોય :

❋ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી પર વર્તે. મહંત સ્વામી મહારાજ તો અક્ષરબ્રહ્મ છે. ત્રણ દેહના ભાવ એમને નથી. તેઓ તો દિવ્ય છે. છતાં લૌકિક દૃષ્ટિએ ત્રણ દેહથી પર એટલે કેવા સત્પુરુષ? તે સમજવા ગુણાતીત સત્પુરુષ કેવી રીતે ત્રણ શરીરથી પર વર્તે છે, તે સમજીએ.

■ **સ્થૂળ દેહ :** સ્થૂળ દેહથી પર વર્તવું એટલે સ્થૂળ દેહના ભાવને વશ ન થવું. અર્થાત્, દેહમાં તકલીફ પડે, તે સહન કરી શકે.

❋ તા. ૨૧/૪/૨૦૧૮ના રોજ સિમલામાં મહંત સ્વામી મહારાજની પૂજામાં બે ગેસ હીટરો અને એક જેટફાયર રાખ્યું હોવા છતાં સ્વામીશ્રીને ઠંડી લાગતી હતી. આવું કેમ થયું હશે? તેનું કારણ જણાવતાં જાણકાર સંતોએ કહ્યું કે 'વધુ પડતી ઠંડીને લીધે બોટલમાંનો ગેસ ઠરી જાય.

એટલા માટે જોઈએ તેવી જ્વાળા ઉત્પન્ન થાય નહીં. તેથી 'જેટફાયર ગરમને બદલે ઠંડી હવા ફેંકતું હતું.'

એક તો સ્વામીશ્રીને ઠંડી અનુકૂળ નથી છતાં આવી ઠંડીમાં વિરાજ્યા... અને ઉપરથી જેટ ફાયરની ઠંડી હવા સતત પોતાના પર પડતી રહી, છતાં સ્વામીશ્રીએ કોઈને જણાવ્યું પણ નહીં! આમ, સ્વામીશ્રી સ્થૂળ દેહથી પર છે તેથી તેઓને દેહનો અનાદર સહજ છે!

■ **સૂક્ષ્મ દેહ :** મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ સૂક્ષ્મ દેહ છે. તેનાથી પર વર્તવું એટલે કે ક્યારેય અયોગ્ય ઘાટ ન થાય.

❊ અમેરિકાના રેસિન શહેરમાં એક પત્રકારે પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'તમને સ્ત્રીનો સંકલ્પ થયો છે?' સ્વામીશ્રી કહે, 'ત્રિકાળમાંય નહીં.'

❊ તા.૧૪/૬/૨૦૨૩ના રોજ ટોરન્ટોમાં મહંતસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે ગ્રંથ આપને આટલો બધો કેમ ગમે છે?'

સ્વામીશ્રી કહે, 'એમાં શ્રીજીમહારાજે આજ્ઞા અને ઉપાસનાની સાથે સ્ત્રી-પુરુષ મર્યાદાનો કહેતા બ્રહ્મચર્યનો ખૂબ આગ્રહ રાખ્યો છે. એટલા માટે.'

યોગીબાપાની આજ્ઞાથી સ્ત્રી-પુરુષ મર્યાદાની દૃઢતા મહંત સ્વામી મહારાજમાં યુવકમાંથી જ છે. એટલા માટે જ તેઓએ મેડિકલ કોલેજમાં યુવતીઓ સાથેનું સહશિક્ષણ છોડી એગ્રીકલચર કોલેજમાં જવાનું પસંદ કર્યું.

❊ સ્વામીશ્રીનાં મન, બુદ્ધિ કે ચિત્તમાં ક્યારેય સ્ત્રી-આદિકનો અયોગ્ય સંકલ્પ સુધ્ધાં થયો નથી. તેઓનું અંતઃકરણ પરમપવિત્ર છે. તેથી તેઓ સૂક્ષ્મદેહથી પર છે.

■ **કારણ દેહ :** સમગ્ર વચનામૃતમાં શ્રીજી મહારાજે કારણ શરીર અંગે સમજૂતી આપી છે, તેના સાર રૂપે સમજીએ તો, પંચવિષયમાં આસક્તિ એ કારણ શરીરની અભિવ્યક્તિ છે. જેઓ કારણ શરીરથી પર હોય તેમને માયિક સુખમાં આસક્તિ ન હોય.

❊ પ્રમુખસ્વામી મહારાજની જેમ આજે મહંત સ્વામી મહારાજ પણ અનાસક્ત છે. વર્ષોથી આ બંને સત્પુરુષોને જમાડનાર સંતોનો અનુભવ છે કે તેઓએ ભોજન અંગે કોઈપણ પ્રકારની ફરમાઈશ કે ફરિયાદ કરી નથી.

■ હરિભક્તો એમના માટે નવા નવા પદાર્થો અને સગવડોની વ્યવસ્થા કરે છતાં તેઓ તેનાથી અનાસક્ત રહ્યા છે. એટલે જ તેઓ અમેરિકાના બંગલાઓથી માંડી ધૂળિયા ગામડાંનાં ગાર માટીનાં ઝૂંપડાંઓમાં પણ એક સરખા આનંદથી રહી શકે છે.

❊ મહંત સ્વામી મહારાજને પણ ૨૦૧૬માં જૂના હરિભક્તોએ મોટરહોમ અને હેલિકોપ્ટર લાવી આપવા ઇચ્છા દર્શાવી હતી. પણ સ્વામીશ્રીએ સવિનય ના પાડી દીધી હતી.

■ સત્પુરુષને વિષય સુખની તો સ્પૃહા નથી જ પરંતુ પદ, પ્રતિષ્ઠા, માન, સન્માન વગેરેથી પણ તેઓ અનાસક્ત છે.

❊ ઈ.સ.૧૯૯૭માં એક વાર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ કેટલાંક મહાનુભાવો તથા મોટેરા હરિભક્તોની ઇચ્છા રજૂ થઈ કે 'આપને નોબલ પ્રાઈઝ મળે તેવી એ સૌને ઇચ્છા છે.' સ્વામીશ્રી કહે, 'આપણને ભગવાન ને સંત મળ્યા, ગુરુ મળ્યા એ જ મોટું નોબલ પ્રાઈઝ છે. આ તો દુનિયાને એની વિશેષતા છે. આપણે તો ભજન કરીએ છીએ એ જ બરાબર છે.'

આમ, સન્માન પ્રત્યે નિસ્પૃહીપણું, એમાં સત્પુરુષની અનાસક્તિનાં દર્શન થાય છે.

■ આ પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજ ત્રણ દેહથી પર વર્તતા આજે મહંત સ્વામી મહારાજ પણ વર્તે છે. વળી, શ્રીજીમહારાજ કહે છે કે આવા સત્પુરુષ ત્રણ અવસ્થાથી પણ પર વર્તતા હોય.

(૨.૨) ત્રણ અવસ્થાથી પર વર્તે :

■ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી પર વર્તે તે સ્થૂળ દૃષ્ટિએ કેવી રીતે ઓળખાય?

જાગ્રતમાં, સ્વપ્નમાં તથા સુષુપ્તિમાં અખંડ ભગવાનનું ભજન કરતા હોય, ભગવાનનું ભજન કરવામાં અવસ્થા જેને નડી ન શકે, તે વ્યક્તિ ત્રણ અવસ્થાથી પર કહેવાય.

❊ ગોલ બ્લેડરના ઑપરેશન વખતે પ્રમુખસ્વામી મહારાજ મુંબઈમાં હોસ્પિટલમાં વિરાજમાન હતા. ડૉ. કિરણભાઈ દોશી સ્વામીશ્રીની રૂમમાં હતા. તેમને અચાનક સ્વામિનારાયણ મંત્રનો નાદ સંભળાયો. કિરણભાઈએ આશ્ચર્યથી આજુબાજુ તપાસ કરી કે અવાજ ક્યાંથી આવે છે? તેઓએ આરામ કરી રહેલા સ્વામીશ્રી તરફ જોયું, ત્યારે ખબર પડી કે સ્વામીશ્રીના દિવ્યવિગ્રહમાંથી આ મંત્રનો નાદ સંભળાતો હતો. લૌકિક દૃષ્ટિએ સ્વામીશ્રી આરામમાં હતા. છતાં એ અવસ્થામાં પણ તેઓનું અખંડ ભજન ચાલુ જ હતું.

❊ આમ, સત્પુરુષને ત્રણેય અવસ્થામાં અખંડ ભગવાનનું ભજન થાય છે.

શ્રીજીમહારાજ આગળ કહે છે...

(૨.૩) ચૌદે ઇન્દ્રિયોની ક્રિયાને પોતાને વિષે ન માને, એટલે કે ઇન્દ્રિયોને પોતાને વશ વર્તાવે :

■ સર્વ ઈન્દ્રિયોને વશ વર્તાવે તેવા પુરુષની ઓળખ છે કે, પોતાને અને ઈન્દ્રિયો-અંતઃકરણને જુદા માને છે. તેથી તેઓ સારા-નરસા વિષયને સમાનભાવે ગ્રહણ કરી શકે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ ઈ.સ. ૧૯૯૦માં ઈંગ્લેન્ડમાં કાર્ડિફ શહેરમાં બિરાજમાન હતા. સભા બાદ ઉતાવળમાં સેવક સંતે ભૂલથી દહીંને બદલે થોડી વાસી મલાઈની કઢી બનાવી દીધી. સ્વામીશ્રી બોલ્યા વગર જમી ગયા. બધા જમવા બેઠા ત્યારે જાણ થઈ કે 'કઢીનો સ્વાદ તો ખૂબ વિચિત્ર હતો.'

❊ ડિસેમ્બર ૨૦૧૭માં હિંમતનગરમાં મહંત સ્વામી મહારાજ કડવા પરવળ અને એ જ અરસામાં સુરેન્દ્રનગરમાં ખોરી અખરોટ કંઈ પણ બોલ્યા વગર જમી ગયા હતા.

આમ, સત્પુરુષને રસના ઇન્દ્રિય વશ છે.

■ ઈન્દ્રિયોને પોતાને વશ વર્તાવે તે જ દરેક પ્રકારની પરિસ્થિતિમાં સ્થિરતાથી રહી શકે. સગવડ-અગવડની પરવા કર્યા વિના સમાનભાવે સુખ-દુઃખ ભોગવી લે. દેહના લાલન-પાલનથી દૂર રહી શકે.

❊ સ્વામીશ્રીને ક્યારેક એ.સી.વાળા બંગલામાં ઉતારો, તો ક્યારેક ઝૂંપડામાં પણ રહેવાનું થાય, છતાં એકસરખી જ સ્થિતિ, એકસરખો આનંદ હોય છે.

આમ સાહજિક ઉદ્‌ગારોમાં સત્પુરુષમાં જિતેન્દ્રિય સ્થિતિનાં દર્શન થાય છે.

આમ, શ્રીજીમહારાજે પ્રીતિના સૂત્રમાં જે સત્પુરુષ કહ્યા છે તેવા સત્પુરુષ એટલે આપણા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ. આ વાત સમજ્યા પછી આ સૂત્રનો બીજો વિભાગ છે તેઓમાં દૃઢ પ્રીતિ કરવી. દૃઢ પ્રીતિ એટલે કેવી પ્રીતિ? તેનાં લક્ષણ કેવાં હોય? તે સમજીએ...

(૩) દૃઢ પ્રીતિનું લક્ષણ શું?

લોકમાં અને આધ્યાત્મિક માર્ગમાં દૃઢ પ્રીતિ-સ્નેહનાં લક્ષણ સરખાં જ છે, તે પ્રમાણે આપણે પ્રીતિનાં લક્ષણો ક્રમશઃ સમજીએ...

(૩.૧) પ્રીતિ હોય તો તેઓની સુખાકારીનું અનુસંધાન રહે :

■ આજે સત્સંગમાં પણ બધા સંતો-ભક્તોના મનમાં સતત રહે છે કે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે. આ અનુસંધાન પ્રીતિનું જ લક્ષણ છે.

❊ સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે ઘણા હરિભક્તો વિવિધ વ્રત, તપ, ઉપવાસ વગેરે કરે છે. કેટલાંય સત્સંગ મંડળોમાં ઉપવાસની સાંકળો ચાલે છે. કેટલાય લોકો ૯૮ કલાક, ૧૦૦ કલાકના

નિર્જળ કે સજળ ઉપવાસ કરે છે. કેટલાય ભક્તો વિશેષ માળા, દંડવત, પ્રદક્ષિણા કરે છે. કેટલાય હરિભક્તો મનગમતી વાનગીનો ત્યાગ કરે છે. એ બધાનું કારણ છે, સત્પુરુષ સાથે પ્રીતિ.

(૩.૨) પ્રીતિનું બીજું લક્ષણ છે: ચિંતવન થાય :

■ પ્રીતિની વિશેષતા છે કે દૂર હોય ત્યારે સ્મરણનું સુખ, અને પાસે હોય ત્યારે દર્શનનું સુખ! બંને સુખ લેતાં આવડે, તે જ દૃઢ પ્રીતિનું લક્ષણ છે.

❊ યોગીજી મહારાજને અખંડ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ રહેતી. સ્વપ્ન પણ શાસ્ત્રીજી મહારાજનાં જ આવે, અને એ સ્વપ્નની વાતો યોગીજી મહારાજ આનંદ- ઉમંગથી કરે!

આમ, ભગવાન અને સત્પુરુષની સ્મૃતિ થાય, સ્મૃતિ કરવાની ટેવ પડે, એ દૃઢ પ્રીતિનું લક્ષણ છે.

(૩.૩) પ્રીતિ હોય તો અવગુણ ન આવે, દિવ્યભાવ રહે.

❊ મહંત સ્વામી મહારાજને યોગીજી મહારાજમાં દૃઢ પ્રીતિ હતી, તેથી તેઓને યોગીજી મહારાજમાં કાયમ દિવ્યભાવ રહેતો.

વિનુભગતને (મહંત સ્વામી મહારાજનું પાર્ષદનું નામ) પત્તરવેલિયા ભાવતા હતા. છતાં નડિયાદમાં યોગીજી મહારાજે કહ્યું કે 'વિનુભગતને પત્તરવેલિયા ના આપશો. એમને નથી ભાવતા. એમને તો મમરા ભાવે છે.'

ગુરુ યોગીજી મહારાજની આ આજ્ઞામાં દિવ્યભાવ રાખીને પોતાને ભાવતી આઈટમ મહંત સ્વામી મહારાજે કાયમ માટે ત્યાગ કર્યો.

આપણને આપણી ભાવતી આઈટમ કોઈ મૂકાવે તો સો ટકા તેનો અભાવ આવે, પણ મહંત સ્વામી મહારાજને યોગીજી મહારાજમાં લેશમાત્ર ભાવ ફેર થયો નહીં.

આમ, ગુરુમાં તથા ગુરુની પ્રત્યેક ક્રિયામાં દિવ્યભાવ રાખવો અને ભાવફેર ન થવા દેવો, તે દૃઢ પ્રીતિ કહેવાય.

(૩.૪) પ્રીતિ હોય તો આજ્ઞા પળાય :

■ વચનામૃત કારિયાણી-૧૧ પ્રમાણેઃ 'જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે, એ પ્રીતિનું લક્ષણ છે.'

❊ પ્રમુખસ્વામી મહારાજે ૨૦૧૨માં પત્ર દ્વારા મહંત સ્વામી મહારાજને બી.એ.પી. એસ. સંસ્થાની, સંતોની, હરિભક્તોની સાર-સંભાળની જવાબદારી સોંપી ત્યારે મહંત સ્વામી મહારાજની ઉંમર ૭૯ વર્ષ હતી. મહંત સ્વામી મહારાજની સ્વાભાવિક પ્રકૃતિ જોતા એવું લાગે કે આ આજ્ઞા તેમના માટે 'ઉંદરડી માથે પાટડા' જેવી હતી. છતાં મહંત સ્વામી મહારાજને ગુરુ પ્રમુખસ્વામી મહારાજમાં દૃઢ પ્રીતિ હતી તો આવી પાળવી અશક્ય લાગે એવી આજ્ઞા પણ તેઓએ રાજીપાથી સ્વીકારી અને હાલ આ જવાબદારી સાચા અંતરના ભાવથી નિભાવી પણ રહ્યા છે.

❊ દૃઢ પ્રીતિવાળા ભક્તના મનમાં એક જ દૃઢતા હોય છે કે...

તું દિન કહે તો દિન, અને તું રાત કહે તો રાત;
મનની ગાંઠો મેલી હવે, બસ તારા ચાંદે ચાંદ.

આમ, પ્રીતિનું લક્ષણ એ છે કે સત્પુરુષની આજ્ઞા રાજીપે પળાય.

■ સ્વામીશ્રી આપણને સત્સંગસભા, ઘરસભા, ટી.વી. ત્યાગ, બહારની ખાણીપીણીનો ત્યાગ વગેરે આજ્ઞા કરે છે. તે જેટલી પળાય તેટલી પ્રીતિ વધુ દૃઢ કહેવાય. સત્પુરુષ સાથેની પ્રીતિનો આ ઉત્તમ માપદંડ છે.

❊ જ્યારે સત્પુરુષમાં આવી પ્રીતિ થાય છે, ત્યારે તેનું ફળ પણ બહુ જ મોટું મળે છે.

(૪) પ્રીતિનું ફળ :

❊ અહીં મહારાજે પ્રીતિનાં ત્રણ ફળ બતાવ્યાં છે...

(૧) આત્મદર્શન થાય.

(૨) સત્પુરુષનો મહિમા સમજાય.

(૩) ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય.

વર્ષોની સાધના પછી પણ આવું ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવાથી એ ફળ મળે છે. એવું મહારાજ જણાવે છે.

આ જ આપણા સત્સંગની વિશેષતા છે. એટલે જ સત્પુરુષમાં પ્રીતિ કરવી, જોડાણ કરવું, એ જ આપણી મુખ્ય સાધના છે.

(૪.૧) પ્રીતિથી આત્મદર્શન- આત્મનિષ્ઠાની સ્થિતિ :

❊ સારંગપુરના વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામીમાં પ્રીતિ હતી તો 'સ્વામી અક્ષર છે' એ વાત સત્ય મનાઈ, અને આત્મસાક્ષાત્કાર થઈ ગયો. નિરાવરણ સ્થિતિ થઈ ગઈ.

પ્રીતિ હોય તો આજ્ઞા પળાય, અને વચનામૃત ગઢડા મધ્ય-૫૧ પ્રમાણે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

■ આત્મદર્શન- આત્મનિષ્ઠા કે આત્મસત્તારૂપે વર્તવું એટલે દેહાતીત વર્તવું, દેહના ભાવથી પર થવું.

❊ આજે આપણને સત્પુરુષની આજ્ઞાથી ભીડો વેઠનાર અનેક સંતો-ભક્તો દેખાય છે. કાર્યકરો સેવા માટે દિવસ-રાત પુરુષાર્થ કરે છે. ઉત્સવ-સમૈયાઓમાં ઉજાગરા કરીનેય સ્વયંસેવકો શ્રમભરી સેવા કરે છે. યુવકો અને હરિભક્તો સદા સગવડ-અગવડની ચિંતા કર્યા વિના મંદિરોમાં, ઉત્સવોમાં સેવામાં જોડાઈ જાય છે, અને આત્મનિષ્ઠ વ્યક્તિની જેમ આ બધો ભીડો સહન કરે છે.

(૪.૨) પ્રીતિથી સત્પુરુષનો મહિમા સમજાય :

❊ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સાધુ કેશવજીવનદાસ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી સાથે રહેતા. તેમને કેટલાકે વારંવાર કહેલું કે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર નથી, પરંતુ ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે. તેના સમાધાન માટે ગુણાતીતાનંદ સ્વામીને કેશવજીવનદાસે પૂછ્યું કે 'સ્વામી, મને તમારે વિશે હેત છે. તો સાચી વાત કહો.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'બીજો અક્ષર હશે તો મારે ને એને પંચાત છે. તું મને અક્ષર માન.'

તેમને સ્વામીમાં હેત હતું, તો સ્વામીનો વિશ્વાસ આવ્યો, ને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' તે મહિમા સમજાયો.

(૪.૩) પરમેશ્વરનું સાક્ષાત્કાર દર્શન થાય...

❊ પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'આપને ભગવાનનો સાક્ષાત્કાર ક્યારે થયો?' સ્વામીશ્રી કહે, 'ગુરુ મળ્યા અને તેમનામાં આત્મબુદ્ધિ (દૃઢ પ્રીતિ) કરી ત્યારથી.'

❊ મહંત સ્વામી મહારાજની પ્રથમ જન્મજયંતી યોગીબાપાની હાજરીમાં ૧૯૬૯માં મુંબઈમાં ઉજવાઈ હતી. તેમાં યોગીબાપાએ મહંત સ્વામી મહારાજનો મહિમા કહેતા જણાવ્યું હતું કે 'ભગવાન અને સંતમાં વૃત્તિઓ જોઈન્ટ કરી દઈએ તો એ ભાવને પામી જવાય. ભગતજી મહારાજ જેવી સ્થિતિ થાય. એવી સ્થિતિ અમારા મહંત સ્વામીની છે. બ્રહ્મની સ્થિતિ... મહંત સ્વામીમાં ભગવાન કાયમ રહે છે. આવા સંતથી ભગવાન દૂર ન જાય માટે મહંત સ્વામીનો મહિમા સમજવો.'

❊ આમ, ભગવાનના અખંડ ધારક સત્પુરુષમાં દૃઢ પ્રીતિ થાય તો તેમની કૃપાથી ભગવાનનો સાક્ષાત્કાર સહેજે થઈ જાય.

સત્પુરુષમાં દૃઢ પ્રીતિથી જ તમામ ગુણો આવે છે, એ પ્રીતિનું ફળ આપણે આજે તમામ સદ્‌ગુરુ સંતોના જીવનમાં જોઈ શકીએ છીએ. તો આપણે પણ પ્રગટ સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરી શકીએ એ જ પ્રાર્થના.

સ્વામિનારાયણ હરે,

વચનામૃત વરતાલનું ૧૧મું : જીવના નાશનું, સત્પુરુષમાં હેત એ જ આત્મદર્શનનું સાધન, તેનું...

સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા ને કર્ણની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે દીનાનાથ ભટ્ટ તથા મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય, તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહીં. અને જ્યારે એને મોટાપુરુષના સરખી સ્થિતિ થાય ત્યારે એ મોટાપુરુષ જેમ વર્તે છે તે સત્ય મનાય. અને જ્યાં સુધી એ સત્પુરુષનો મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિ પણ ન થાય ને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા પણ ન જણાય. માટે પરસ્પર વિરોધ આવ્યો, તે વિરોધ ટળે તે ઉપાય કહો." પછી જેની જેવી નજર પૂગી તેણે તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, અમે ઉત્તર કરીએ. એનો ઉત્તર તો એ છે જે, પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સંત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહીં. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહીં અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે. માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે."

ઇતિ વચનામૃતમ્, એવી રીતે વરતાલનું ૧૧મું વચનામૃત થયું.

* અહીં શ્રીજીમહારાજ પ્રારંભમાં એક વિશિષ્ટ વાત કરે છે કે સત્પુરુષનો મહિમા જાણે તો આત્માને વિષે સ્થિતિ થાય, અને આત્માને વિષે સ્થિતિ થાય તો સત્પુરુષનો મહિમા જણાય...
* આમ, અહીં ચક્રદોષ (તર્કશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે.) જેવું છે. ચક્રદોષ એટલે જેમ વર્તુળનો ક્યાંથી પ્રારંભ થાય ને અંત ક્યાં થાય તે ખ્યાલ જ ન આવે, અને ગોળ ગોળ ફર્યા કરે, તેના જેવી પરિસ્થિતિ.
* કોઈ ભાઈએ મનુભાઈને પૂછ્યું, 'તમારું ઘર ક્યાં આવ્યું ?' તો મનુભાઈ કહે, 'દવાખાનાની સામે.' 'દવાખાનું ક્યાં આવ્યું ?' તો કહે, 'તળાવની સામે.' 'તળાવ ક્યાં આવ્યું ?' મનુભાઈ કહે, 'મારા ઘરની સામે.' આમ, ફરી ફરીને પાછું ત્યાં જ આવે. એવી વાત અહીં મહારાજ કહે છે.
* આમ કહીને શ્રીજીમહારાજ પૂછે છે કે આવો વિરોધ કેવી રીતે ટળે? એટલે કે બ્રાહ્મી સ્થિતિ માટે શું કરવું?
* દીનાનાથ ભટ્ટ જેવા ગુજરાતના તે સમયના વિદ્વાન, અને મહારાજના વિદ્વાન સંતોએ પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો પણ સમાધાન ન થયું. પછી મહારાજ ઉત્તર આપે છે.

(૧) બ્રાહ્મી સ્થિતિનો ઉપાય :

* શ્રીજીમહારાજ અલગ જ ઉપાય બતાવે છે, એ છે

સત્પુરુષમાં પ્રીતિ.

* મહારાજ કહે છે, 'જો સત્પુરુષમાં પ્રીતિ થશે, તો સત્પુરુષનો મહિમા સમજાશે અને આત્માને વિષે સ્થિતિ પણ થશે.'
* સત્પુરુષમાં પ્રીતિ કરવાની વાત સીધી સાદી લાગે છે, પણ આ વાતનું ફળ મહારાજે ઘણું મોટું બતાવ્યું છે.
* સામાન્યપણે વિજ્ઞાનનાં ગહન સૂત્રો વાંચવામાં સરળ લાગે, પણ તેનો અર્થ ઊંડાણથી સમજીએ તો તેની મહત્તા સમજાય.
* $E=MC^2$ સૂત્ર આઇન્સ્ટાઇને આપ્યું. પણ આ ત્રણ અક્ષરની અસર કેટલી મોટી છે? આ સૂત્રને આધારે અણુબોમ્બ બને છે, એના આધારે અણુભઠ્ઠી ચાલે છે, વીજળી ઉત્પન્ન થાય છે, સ્ટીમરો ચાલે છે, કેટલુંય કાર્ય થાય છે. આ સૂત્રને સમજવા માટે તેના એક એક અક્ષરને સમજવો પડે. E એટલે શું ? M એટલે શું ? C^2 એટલે શું ? એ સમજાવવા માટે હજારો પાનાંનાં પુસ્તકો લખાયાં છે. એ પુસ્તકોનો અભ્યાસ કર્યા પછી આ સૂત્રને યથાર્થ સમજી શકાય છે.

તેમ મહારાજે પણ અહીં સૂત્ર આપ્યું છે કે 'સત્પુરુષમાં દૃઢ પ્રીતિ'. આ સૂત્રમાં એક એક શબ્દને યથાર્થ સમજવો પડે. તો તેનું ફળ પામી શકાય. મહારાજના આ સૂત્રમાં સત્પુરુષ એટલે કોણ ? દૃઢ પ્રીતિ એટલે કેવી પ્રીતિ ? તેનાં લક્ષણ શાં હોય ? એ બાબતો સમજવી જરૂરી છે. અહીં આપણે સૌપ્રથમ જેમાં પ્રીતિ કરવાની છે તે સત્પુરુષ કોણ ? તે સમજીશું. ત્યારબાદ દૃઢ પ્રીતિનાં લક્ષણો સમજીશું.

(૨) સત્પુરુષ એટલે ભગવાનને મળેલા સંત :

* શ્રીજીમહારાજે કહ્યું છે કે પૃથ્વી પર ભગવાનને મળેલા જે સત્પુરુષ તેને વિશે દૃઢ પ્રીતિ કરવી.
* ભગવાનને મળેલા સંત સાથે જ દૃઢ પ્રીતિ કરાય. એટલું જ નહીં એવા સંત જ આશ્રય કરવા યોગ્ય પણ છે.
* વચનામૃત વરતાલ-૧૦ પ્રમાણે, 'ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પ્રત્યક્ષ ન હોય, ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'
* નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે,

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ નવ થાય રે.

ભગવાન અથવા ભગવાનના મળેલા સંત દ્વારા જ આત્યંતિક કલ્યાણ થાય છે.

* શ્રીજીમહારાજને મળેલા સંતો એટલે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે શ્રીજીમહારાજને પ્રત્યક્ષ મળેલા સંતો ? પરંતુ તેઓ અત્યારે ક્યાં હયાત છે? તો કોની સાથે પ્રીતિ કરવી?
* યોગીજી મહારાજ યોગીગીતામાં કહે છે, 'મહારાજને મળેલા એટલે એકાત્મભાવને પામેલા. બસો વર્ષ પહેલાંના નંદ સંત અત્યારે નથી. મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા. તેઓની હજારો પેઢીઓ હાલે તોય મળેલા કહેવાય.'

આમ, મહારાજને મળેલા એટલે મહારાજને અંગોઅંગમાં અખંડ ધારી રહેલા સંત. મહારાજનો જેને સાક્ષાત્ સંબંધ છે, તેવા સંત. વચનામૃત ગઢડા પ્રથમ-૨૭, ૩૭, સારંગપુર-૧૦, ગઢડા અંત્ય-૨૬, ૨૭માં બતાવ્યા પ્રમાણેનાં લક્ષણવાળા સંતને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. માટે એવાં લક્ષણે યુક્ત સંત જ મહારાજના મળેલા સંત કહેવાય. એવા સંત એટલે ગુણાતીત સંત.

* આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એવા સંત છે. તેઓ ભગવાનને મળેલા સંત છે. કારણ કે તેઓને અખંડ ભગવાનનો સાક્ષાત્કાર છે. તેઓ દ્વારા ભગવાન પ્રગટ છે. સ્વામીશ્રીના સહજ યોગમાં આવનારને પણ તેઓમાં ભગવાનની દિવ્યતાનો અનુભવ થાય છે.
* તા.૧૭-૯-૨૦૦૬ને દિવસે સ્વામીશ્રી મુંબઈમાં

પૂનામાં થનાર મંદિર અંગેની એક મીટિંગમાં વિરાજમાન થયા હતા. તેમાં સોલિસિટર સંદીપ મહેતા સાથે પારસી વકીલ શ્રી સિધવા સાહેબ પણ ઉપસ્થિત હતા. સંદીપ મહેતાના પિતાશ્રી રજનીભાઈ તેઓના મિત્ર હતા. તેઓ અવારનવાર સિધવા સાહેબને સ્વામીશ્રીનો મહિમા કહેતા. આજે સિધવા સાહેબ પ્રથમ વાર સ્વામીશ્રીને પ્રત્યક્ષ મળ્યા હતા. મીટિંગ પૂરી થયા બાદ પાછાં વળતાં સિધવા સાહેબે સંદીપભાઈને કહ્યું, 'તારા પિતા મને વારંવાર કહેતા કે અમારા ગુરુમાં સાક્ષાત્ ભગવાન છે. ત્યારે મને મનાતું નહોતું. પરંતુ આજે પહેલી વખતે હું તેઓની (સ્વામીશ્રીની) સાથે બેઠો. તેઓનાં દર્શન કર્યાં. મને આજે અનેરી દિવ્યતાનો અનુભવ થયો. તેના પરથી મને મનાય છે કે પ્રમુખ સ્વામીમાં ખરેખર ભગવાન છે જ !'

આમ, આવા સંત આપણને આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ રૂપે મળ્યા છે. આપણા માટે એ જ ભગવાનને મળેલા સંત છે. એટલે કે પ્રીતિ કરવા અને આશ્રય કરવા યોગ્ય છે.

* આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પૂછેલા પ્રશ્નમાં આવા સત્પુરુષનાં લક્ષણ જણાવતાં મહારાજ કહે છે કે તેઓ ત્રણ શરીરથી પર વર્તતા હોય.

(૨.૧) ત્રણ શરીરથી પર વર્તતા હોય :

* સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. એ ત્રણ દેહથી પર વર્તે. પ્રમુખસ્વામી મહારાજ તો અક્ષરબ્રહ્મ છે. ત્રણ દેહના ભાવ એમને નથી. તેઓ તો દિવ્ય છે. છતાં લૌકિક દૃષ્ટિએ ત્રણ દેહથી પર એટલે કેવા સત્પુરુષ ? તે સમજવા ગુણાતીત સત્પુરુષ કેવી રીતે ત્રણ શરીરથી પર વર્તે છે, તે સમજીએ.

■ સ્થૂળ દેહ : સ્થૂળ દેહથી પર વર્તવું એટલે સ્થૂળ દેહના ભાવને વશ ન થવું. અર્થાત્, દેહમાં વાગે, કે તકલીફ પડે, તે સહન કરી શકે.

* ઈ.સ.૧૯૭૧માં પાળિયાદ ગાદીના મહંત શ્રી અમરાબાપુના પિતાશ્રી ઉન્નડબાપુનાં અસ્થિના વિસર્જનનો વિધિ કરવાનો હતો. આ નિમિત્તે અમરાબાપુએ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સોમનાથના દરિયામાં આ અસ્થિ પધરાવવા જવાનું નક્કી કર્યું. સ્વામીશ્રી સાથે આ વિધિ માટે તેઓએ સમુદ્રમાં પ્રવેશ કર્યો. સોમનાથના દરિયાનો એક અણીદાર પથ્થર સ્વામીશ્રીના પગમાં વાગ્યો. પગમાં ચીરો પડ્યો. ખારું પાણી અડે એટલે ચીરામાં અસહ્ય વેદના થાય, છતાં સ્વામીશ્રી સ્થિર. જરા પણ થડકારો કે સિસકારો નહીં. એ સમયે ત્યાં હાજર કોઈને પણ અંદાજ સરખો ન આવ્યો કે સ્વામીશ્રીના પગમાં હમણાં જ કંઈક વાગ્યું છે. વિધિ પૂર્ણ કરી, કોઈને જાણ ન થાય તે રીતે સ્વામીશ્રીએ વિચરણ યથાવત્ રાખ્યું. બીજે દિવસે બપોરે સેવક જ્યારે સ્વામીશ્રીનાં ચરણ દબાવવા આવ્યા, ત્યારે તેઓને આ ઘાની જાણ થઈ. ત્યાં સુધી કોઈને ખ્યાલ પણ નહોતો આવ્યો.

આમ, સ્વામીશ્રી સ્થૂળ દેહથી પર છે.

■ સૂક્ષ્મ દેહ : મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ સૂક્ષ્મ દેહ છે. તેનાથી પર વર્તવું એટલે કે ક્યારેય અયોગ્ય ઘાટ ન થાય.

* અમેરિકાના રેસિન શહેરમાં એક પત્રકારે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો, 'તમને સ્ત્રીનો સંકલ્પ થયો છે?' સ્વામીશ્રી કહે, 'ત્રિકાળમાંય નહીં.'

* તેઓનાં મનબુદ્ધિ કે ચિત્તમાં ક્યારેય અયોગ્ય સંકલ્પ સુધ્ધાં થયો નથી. તેઓનું અંતઃકરણ પરમપવિત્ર છે. તેથી તેઓ સૂક્ષ્મદેહથી પર છે.

■ કારણ દેહ : સમગ્ર વચનામૃતમાં શ્રીજી મહારાજે કારણ શરીર અંગે સમજૂતી આપી છે, તેના સાર રૂપે સમજીએ તો, પંચવિષયમાં આસક્તિ એ કારણ શરીરની અભિવ્યક્તિ છે. જેઓ કારણ શરીરથી પર હોય તેમને માયિક સુખમાં આસક્તિ ન હોય.

* પ્રમુખસ્વામી મહારાજ જગતથી અનાસક્ત છે.

* વર્ષોથી સ્વામીશ્રીને જમાડનાર સેવક સંતોનો અનુભવ છે કે સ્વામીશ્રીએ ભોજન અંગે કોઈપણ પ્રકારની

ફરમાઈશ કે ફરિયાદ કરી નથી.

* હરિભક્તો એમના માટે નવા નવા પદાર્થો અને સગવડોની વ્યવસ્થા કરે છતાં તેઓ તેનાથી અનાસક્ત રહ્યા છે. એટલે જ તેઓ મર્સીડીઝમાંથી ઉતરીને મેટાડોરમાં પણ એટલી જ સહજતાથી મુસાફરી કરી શક્યા છે. એટલે જ તેઓ અમેરિકાના બંગલાઓથી માંડી ધૂળિયા ગામડાંનાં ગાર માટીનાં ઝૂંપડાંઓમાં પણ એક સરખા આનંદથી રહી શકે છે. એટલે જ વિશ્વના અનેક દેશોમાં જવા છતાં ત્યાંના રમણીય સ્થળો જોવાની વાત આવે, ત્યારે તેઓ અનાસક્તિપૂર્વક કહે છે, 'અમને કશાયમાં રસ નથી, એક ભગવાનમાં રસ છે.'
* તેઓને વિષય સુખની તો સ્પૃહા નથી જ પરંતુ પદ, પ્રતિષ્ઠા, માન, સન્માન વગેરેથી પણ તેઓ અનાસક્ત છે.
* ઈ.સ.૧૯૯૭માં એક વાર સ્વામીશ્રી સમક્ષ કેટલાંક મહાનુભાવો તથા મોટેરા હરિભક્તોની ઈચ્છા રજૂ થઈ કે આપને નોબલ પ્રાઈઝ મળે તેવી એ સૌને ઈચ્છા છે.' સ્વામીશ્રી કહે, 'આપણને ભગવાન ને સંત મળ્યા, ગુરુ મળ્યા એ જ મોટું નોબલ પ્રાઇઝ છે. આ તો દુનિયાને એની વિશેષતા છે. આપણે તો ભજન કરીએ છીએ એ જ બરાબર છે.'
* આમ, સહજતાથી સન્માનને ઠેલી દેવું, એમાં સ્વામીશ્રીની અનાસક્તિનાં દર્શન થાય છે.
* બ્રહ્માનંદ સ્વામી આવા સંત માટે કહે છે :

  દેહાતીત નિરંતર ડોલત, બોલત બ્રહ્મખુમારે;
  નિપટ નિઃશંક મગન હોય બિચરત, રામ અમલ મતવારે,
  શ્યામસુંદર રંગભીને...

  એટલે કે શ્યામસુંદર ભગવાનના રંગમાં જે મગન થઈ ગયા છે, તેવા સંત એટલે કે ભગવાન સાથે એકાત્મભાવ પામેલ સંત ત્રણ દેહથી પર, કેફમાં મતવાલા થઈ જગતમાં વિચરતા હોય છે.
* એ પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજ ત્રણ દેહથી પર વર્તે છે. વળી, શ્રીજીમહારાજ કહે છે કે આવા સત્પુરુષ ત્રણ અવસ્થાથી પણ પર વર્તતા હોય.

(૨.૧) ત્રણ અવસ્થાથી પર વર્તે :

* જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે.
* ત્રણ અવસ્થાથી પર વર્તે તે સ્થૂળ દૃષ્ટિએ કેવી રીતે ઓળખાય ?
* જાગ્રતમાં, સ્વપ્નમાં તથા સુષુપ્તિમાં અખંડ ભગવાનનું ભજન કરતા હોય, ભગવાનનું ભજન કરવામાં અવસ્થા જેને નડી ન શકે, તે વ્યક્તિ ત્રણ અવસ્થાથી પર કહેવાય.
* ગોલ બ્લેડરના ઑપરેશન વખતે સ્વામીશ્રી મુંબઈમાં હોસ્પિટલમાં વિરાજમાન હતા. ડૉ. કિરણભાઈ દોશી સ્વામીશ્રીની રૂમમાં હતા. તેમને અચાનક સ્વામિનારાયણ મંત્રનો નાદ સંભળાયો. કિરણભાઈએ આશ્ચર્યથી આજુબાજુ તપાસ કરી કે અવાજ ક્યાંથી આવે છે ? તેઓએ આરામ કરી રહેલા સ્વામીશ્રી તરફ જોયું, ત્યારે ખબર પડી કે સ્વામીશ્રીના દિવ્યવિગ્રહમાંથી આ મંત્રનો નાદ સંભળાતો હતો. લૌકિક દૃષ્ટિએ સ્વામીશ્રી આરામમાં હતા. છતાં એ અવસ્થામાં પણ તેઓનું અખંડ ભજન ચાલુ જ હતું.

  આમ, સ્વામીશ્રીને ત્રણેય અવસ્થામાં અખંડ ભગવાનનું ભજન થાય છે.
* શ્રીજીમહારાજ આગળ કહે છે...

(૨.૩) ચૌદે ઇન્દ્રિયોની ક્રિયાને પોતાને વિષે ન માને, એટલે કે ઇન્દ્રિયોને પોતાને વશ વર્તાવે :

* સર્વ ઇન્દ્રિયોને વશ વર્તાવે તેવા પુરુષની ઓળખ છે કે, તેઓ સારા-નરસા વિષયને સમાનભાવે ગ્રહણ કરી શકે છે. પોતાને ને ઇન્દ્રિયો-અંતઃકરણને જુદા માને છે.
* સ્વામીશ્રી ઈ.સ. ૧૯૯૦માં ઇંગ્લેન્ડમાં કાર્ડિફ શહેરમાં બિરાજમાન હતા. સભા બાદ ઉતાવળમાં સેવક સંતે ભૂલથી દહીંને બદલે થોડી વાસી મલાઈની કઢી બનાવી દીધી. સ્વામીશ્રી બોલ્યા વગર જમી ગયા. બધા જમવા બેઠા ત્યારે જાણ થઈ કે 'કઢીનો સ્વાદ તો ખૂબ વિચિત્ર હતો.'

  આમ, સ્વામીશ્રીને રસના ઇન્દ્રિય વશ છે.

* ઇન્દ્રિયોને પોતાને વશ વર્તાવે તે જ દરેક પ્રકારની પરિસ્થિતિમાં સ્થિરતાથી રહી શકે. સગવડ-અગવડની પરવા કર્યા વિના સમાનભાવે સુખ-દુઃખ ભોગવી લે. દેહના લાલન-પાલનથી દૂર રહી શકે.
* સ્વામીશ્રીને ક્યારેક એ.સી.વાળા બંગલામાં ઉતારો, તો ક્યારેક ઝૂંપડામાં પણ રહેવાનું થાય, છતાં એકસરખી જ સ્થિતિ, એકસરખો આનંદ હોય છે.
* વળી, ક્યારેય તેઓએ, 'મારે આવી સગવડ જોઈશે', 'આમ નહી ફાવે' તેવું જણાવ્યું નથી.
* એક વાર સ્વામીશ્રીએ સુરેન્દ્રનગર જવાની ઇચ્છા વ્યક્ત કરી. સંતોએ કહ્યું, 'ત્યાં નાનું મંદિર છે. પતરાંનો શેડ છે. આપનો ઉતારો બનાવ્યો નથી. તેથી સગવડ નથી. ન જઈએ તો સારું.' સ્વામીશ્રી કહે, 'એમાં શું થઈ જવાનું છે? પડી રહીશું પતરાં નીચે!'

આ સાહજિક ઉદ્ગારોમાં સ્વામીશ્રીની જિતેન્દ્રિય સ્થિતિનાં દર્શન થાય છે.

* આમ, શ્રીજીમહારાજે પ્રીતિના સૂત્રમાં જે સત્પુરુષ કહ્યા છે તેવા સત્પુરુષ એટલે આપણા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ. આ વાત સમજ્યા પછી આ સૂત્રનો બીજો વિભાગ સમજીએ. તે છે તેઓમાં દૃઢ પ્રીતિ કરવી. દૃઢ પ્રીતિ એટલે કેવી પ્રીતિ ? તેનાં લક્ષણ કેવાં હોય ? તે સમજીએ...

(૩) દૃઢ પ્રીતિનું લક્ષણ શું ?

* લોકમાં અને આધ્યાત્મિક માર્ગમાં દૃઢ પ્રીતિ-સ્નેહનાં લક્ષણ સરખાં જ છે, તે પ્રમાણે આપણે પ્રીતિનાં લક્ષણો ક્રમશઃ સમજીએ...

(૩.૧) પ્રીતિ હોય તો સુખાકારીનું અનુસંધાન રહે :

* દૃઢ પ્રીતિનું પ્રથમ લક્ષણ છે, જેની સાથે પ્રીતિ હોય તેની સુખાકારીનું અનુસંધાન રહે.
* માતા-પિતાને દીકરા-દીકરીની સુખાકારીનું સતત અનુસંધાન રહે. ક્યાં ગયો હશે? શું કરતો હશે? બહારગામ જાય તો કહે, 'સાચવીને જજે. પહોંચીને ફોન કરજે' વગેરે...
* ઘરેથી કંટાળીને સાધુ થવા આવેલ એક ભાઈ લાડવા જમતાં જમતાં, 'ઘરે ધમલાની મા શું ખાતી હશે?' એમ, વિચારમાં ને વિચારમાં રડી પડ્યા હતા.
* 'ભાઈ હોય તો આવા'એ નામનો પાઠ પહેલાં પ્રાથમિક શાળામાં ભણાવાતો. એક નાનો અને બીજો મોટો એમ બે ભાઈ હતા. બંનેને પરસ્પર પ્રેમ ખૂબ. એક વર્ષે ખેતીની ઊપજ સારી આવી. બંનેય ભાઈઓના ખળામાં ઊપજનું અનાજ સરખે ભાગે રાખ્યું હતું. એક રાત્રે મોટાભાઈએ વિચાર્યું, 'હું મોટો છું. ગમે ત્યાંથી કમાઈશ. પણ નાનો ભાઈ શું કરશે ? ચાલો તેને વધારે અનાજ આપું. જેથી તેને વધુ આવક થાય.' એમ વિચારી રાત્રે ઊઠીને પોતાના ખળામાંથી બે મણ અનાજ લઈને નાના ભાઈના ખળામાં મૂકી આવ્યો. એ જ રાત્રે નાના ભાઈએ વિચાર્યું, 'હું પરણ્યો નથી. મોટો બચરવાળ છે. તેને દીકરા-પત્ની-પરિવાર છે. એને વધુ અનાજ જોઈશે.' એમ વિચારી તે પણ ઊઠ્યો, અને પોતાના ખળામાંથી બે મણ અનાજ મોટાભાઈના ખળામાં મૂકી આવ્યો. આમ, બંને ભાઈને પરસ્પર એકબીજા પ્રત્યે પ્રેમ હતો, તો એક-બીજાની સુખાકારીનું અનુસંધાન રહેતું.
* મૂળજી બ્રહ્મચારીને શ્રીજીમહારાજ સાથે અપાર હેત હતું. ઊંઘતાં-જાગતાં સતત તેઓને મહારાજની સુખાકારીનું અનુસંધાન રહેતું. એક વાર તેઓ સભામાં ઝોલાં ખાતા હતા. શ્રીજીમહારાજે નિયમ કરેલો કે સભામાં ઝોલાં ખાય તેમને બેરખો મારી જગાડવા. મહારાજે બ્રહ્મચારીને બેરખો માર્યો. બ્રહ્મચારી ઝબકીને જાગ્યા અને બોલવા લાગ્યા, 'દોડો, દોડો, મહારાજને બચાવો, આગ લાગી છે. પાણી લાવો.' એમ બોલતાં બોલતાં તેઓએ મહારાજને ગાદી સહિત ઉપાડી લીધા, અને સભાથી દૂર ભાગવા લાગ્યા. મહારાજે તેમને અટકાવીને પૂછ્યું, 'ક્યાં આગ લાગી છે ? અહીંયાં તો કશું નથી.' ત્યારે બ્રહ્મચારીને ખ્યાલ આવ્યો કે આગ તો સ્વપ્નમાં લાગેલી, અને સ્વપ્નમાં તેઓ મહારાજને બચાવવા

જતા હતા, ત્યાં જ મહારાજે બેરખો મારી તેમને જગાડી દીધા.

આમ, મૂળજી બ્રહ્મચારીને મહારાજમાં હેત હતું, તો સ્વપ્નમાં પણ મહારાજની સુખાકારીનું અનુસંધાન રહેતું.

* આજે સત્સંગમાં પણ બધા સંતો-ભક્તોના મનમાં સતત રહે છે કે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે. આ અનુસંધાન પ્રીતિનું જ લક્ષણ છે.
* તા.૧૫-૬-૨૦૧૩ના રોજ અમદાવાદમાં સ્વામીશ્રીના હૃદયમાં પેસમેકર મુકાવ્યું, તે સમાચાર જાણીને એક અજાણ્યા હરિભક્ત થાળભેટ ઑફિસમાં કેટલાક રૂપિયા મૂકી ગયેલા. સાથે ચિઠ્ઠીમાં લખેલું, 'સ્વામીશ્રીની દવા માટે મારી આટલી સેવા સ્વીકારશો!' સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે ઘણા હરિભક્તો વિવિધ વ્રત, તપ, ઉપવાસ વગેરે કરે છે. કેટલાંય સત્સંગ મંડળોમાં ઉપવાસની સાંકળો ચાલે છે. કેટલાય લોકો ૯૦ કલાક, ૧૦૦ કલાકના નિર્જળ કે સજળ ઉપવાસ કરે છે. કેટલાય ભક્તો વિશેષ માળા, દંડવત, પ્રદક્ષિણા કરે છે. કેટલાય હરિભક્તો મનગમતી વાનગીનો ત્યાગ કરે છે. એ બધાનું કારણ છે, સત્પુરુષ સાથે પ્રીતિ.

(૩.૨) પ્રીતિનું બીજું લક્ષણ છે : ચિંતવન થાય :

* પ્રીતિની વિશેષતા છે કે દૂર હોય ત્યારે સ્મરણનું સુખ, અને પાસે હોય ત્યારે દર્શનનું સુખ! બંને સુખ લેતાં આવડે, તે જ દૃઢ પ્રીતિનું લક્ષણ છે.
* ભગવાન શ્રીકૃષ્ણ વ્રજ છોડી મથુરા ગયા. ત્યાર પછી ગોપીઓ અખંડ ભગવાનની સ્મૃતિમાં રમમાણ રહેતી. તેનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ સ્નેહગીતા નામના ગ્રંથમાં કર્યું છે કે...

ખાતાં પીતાં બોલતાં, વળી સ્નેહમાં સુધ વિસરી;
સૂતાં સૂતાં જાગે ઝબકી, ઊઠે કૃષ્ણ કૃષ્ણ મુખે કરી.

ગોપીઓ દરેક ક્રિયામાં ભગવાનને સંભારતી. એટલે સૂતાં સૂતાં પણ ઝબકીને જાગી જતી અને 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ !' એમ બોલતી. ભગવાને પણ ગોપીઓની આવી સ્મરણભક્તિ જોઈ ઉદ્ધવજીને કહેલું,

મને સંભારે છે સ્નેહીજન, તેમ સંભારું હું સ્નેહીને;
અરસ પરસ રહે એકઠાં, જેમ પ્રીતિ છે દેહ દેહીને.

હે ઉદ્ધવ ! મારા ભક્તો જ્યારે મારું સ્મરણ કરે છે, ત્યારે હું પણ તેમને યાદ કરું છું. જીવ અને દેહને જેમ અરસ-પરસ એકબીજા સાથે દૃઢ પ્રીતિ છે, તેમ એવા ભક્તો અને હું અરસપરસ દૃઢ પ્રીતિથી જોડાયેલા છીએ.

* યોગીજી મહારાજને અખંડ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ રહેતી. સ્વપ્ન પણ શાસ્ત્રીજી મહારાજનાં જ આવે, અને એ સ્વપ્નની વાતો યોગીજી મહારાજ આનંદ- ઉમંગથી કરે!

આમ, ભગવાન અને સત્પુરુષની સ્મૃતિ થાય, સ્મૃતિ કરવાની ટેવ પડે, એ દૃઢ પ્રીતિનું લક્ષણ છે.

* મોટેરા સંતો આપણને સ્મૃતિ અંગે જે માર્ગદર્શન આપે છે, તેને આધારે વિવિધ રીતે સ્મૃતિ કરી શકાય.

– પોતાને સ્પર્શેલા કે ગમતા સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિ કરી શકાય.
– આરતી, અષ્ટક વખતે શબ્દોને અનુરૂપ સ્વામીશ્રીના ગુણોની સ્મૃતિ કરતા પ્રસંગો વિચારી શકાય.
– સભામાં ધૂન, મંગલાચરણ, વિદાયશ્લોક, પ્રાર્થના કે કીર્તન સાંભળતાં-સાંભળતાં શબ્દોને અનુરૂપ સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિ કરી શકાય.
– વ્યવસ્થા હોય તો સંસ્થાની વેબસાઇટ પર સ્વામીશ્રીના વિચરણના ફોટા કે વિડિયો-દર્શન દ્વારા સ્મૃતિ કરી શકાય.
– ઊઠતાંની સાથે કે ઘરમાં પ્રવેશતાં જ સ્વામીશ્રીનાં દર્શન થાય તે રીતે ઘરમાં સ્વામીશ્રીના ફોટોગ્રાફ રાખી શકાય.
– સભામાં સાંભળેલ સ્વામીશ્રીના પ્રસંગો અઠવાડિયા દરમ્યાન યાદ કરીએ, ઘરસભામાં તેને ફરી કહીએ. મિત્રો કે સંબંધીઓને પણ તે પ્રસંગો કહીએ; એ રીતે પણ સ્મૃતિ કરી શકાય.

* આમ, જેને જે રીતે અનુકૂળ હોય તે રીતે સ્વામીશ્રીના પ્રસંગોની તથા મૂર્તિની સ્મૃતિ કરી શકાય.

(૩.૩) પ્રીતિ હોય તો અવગુણ ન આવે, દિવ્યભાવ રહે.

* વચનામૃત ગઢડા મધ્ય-૫૯ પ્રમાણે પોતાનાં સ્ત્રી-પુત્રાદિક કુપાત્ર હોય ને કુલક્ષણવાળાં હોય, તોપણ કોઈ રીતે તેનો અવગુણ આવતો નથી. કારણ કે તેમાં પ્રીતિ છે.
* મોહાંધ ધૃતરાષ્ટ્રને પોતાના દુષ્ટ પુત્ર દુર્યોધન પ્રત્યે અત્યંત હેત હતું, તો દુર્યોધન ખોટું કરે છે, તેમ જાણવા છતાં તેનો અવગુણ આવતો નહીં.
* જૂનાગઢ મંદિરમાં 'કંપી' (પથ્થરો ઉપર ચઢાવવા માટે ગરગડી અને દોરડાં વડે કરાતી ચેઈન પુલી જેવી રચના, ચેનકંપો) બાંધવાની હતી. ગુણાતીતાનંદ સ્વામીએ એક સાધુને બાંધવા કહ્યું. તેણે ના પાડી. ગુણાતીતાનંદ સ્વામીએ શિવાનંદ સ્વામીને કહ્યું, 'તમારા મિત્રને કહો કે કંપી બાંધે.' શિવાનંદ સ્વામીએ તેને લાત મારીને કહ્યું કે 'કેમ કંપી બાંધતો નથી?' તેણે તરત ઊઠીને કંપી બાંધી દીધી. મિત્રે લાત મારી તોય અવગુણ ન આવ્યો, કારણ કે પરસ્પર હેત હતું.
* દીકરો ધમાલ કરી આવે, કોઈને મારીને આવે, સામેવાળા ઝઘડો કરવા આવે, તો માતા કહે, 'મારો દીકરો બહુ ડાહ્યો છે. એ તો તારા છોકરાએ પહેલાં માર્યું હશે એટલે આણે માર્યું હશે, નહીં તો મારો દીકરો કોઈને મારે એવો નથી.'
* મા-બાપ દીકરાને છાત્રાલયમાં મૂકવા આવે, ત્યારે ઇન્ટરવ્યૂ લેનાર વ્યવસ્થાપક દીકરાના પિતાને પૂછે, 'કેટલા ટકા આવ્યા?' પિતા કહે, 'આમ તો મારો દીકરો ખૂબ હોશિયાર છે, પણ થોડો રમતિયાળ છે એટલે ૫૦ ટકા આવ્યા છે.' હેત છે તેથી અવગુણ ન જણાવા દે !

આમ, આ રીતે સત્પુરુષમાં દિવ્યભાવ રહે, તેઓના કાર્યમાં પણ દિવ્યભાવ રહે અને અભાવ ન આવે, એ દઢ પ્રીતિનું લક્ષણ છે.

* પ્રમુખસ્વામી મહારાજને યોગીજી મહારાજમાં દઢ પ્રીતિ હતી, તેથી તેઓને યોગીજી મહારાજમાં કાયમ દિવ્યભાવ રહેતો.

એક વાર યોગીજી મહારાજે સરદારગઢ જવાનો કાર્યક્રમ ગોઠવ્યો. ત્યાં થોડી મુશ્કેલી ઊભી થયેલી, વિરોધીઓ દ્વારા થોડો પથ્થરમારો થયેલો, યોગીજી મહારાજ પાછા ગોંડલ આવ્યા, ત્યારે મોટા સ્વામી તથા સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ ખૂબ ગુસ્સે ભરાયા. તેમણે યોગીજી મહારાજને પૂછ્યું, 'આ કાર્યક્રમ કોણે ગોઠવ્યો હતો ? ત્યાં કાંઈ થઈ ગયું હોત તો ?' યોગીજી મહારાજે કહ્યું, 'મને ખબર નથી. પ્રમુખ સ્વામીએ ગોઠવ્યો હતો.' બસ ખલાસ! ટ્રસ્ટીઓ તૂટી પડ્યા. પ્રમુખ સ્વામીને ઠપકાના ઘણા શબ્દો કહ્યા. સ્વામીશ્રી એક શબ્દ બોલ્યા નહીં, માત્ર એટલું જ કહ્યું, 'મારી ભૂલ થઈ. હવે ફરી નહીં ગોઠવું.' યોગીજી મહારાજની રુચિ જાણી દોષનો ટોપલો પોતાને માથે લીધો, અને છતાં યોગીજી મહારાજનો લગીરે અભાવ નહીં.

આમ, ગુરુમાં તથા ગુરુની પ્રત્યેક ક્રિયામાં દિવ્યભાવ રાખવો અને ભાવફેર ન થવા દેવો, તે દઢ પ્રીતિ કહેવાય.

(૩.૪) પ્રીતિ હોય તો આજ્ઞા પળાય :

* વચનામૃત કારિયાણી-૧૧ પ્રમાણે : 'જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે, એ પ્રીતિનું લક્ષણ છે.'
* યોગીજી મહારાજ મુંબઈમાં બિરાજમાન હતા, ત્યારની આ વાત છે. આફ્રિકાથી આવેલ યુવક દિનેશને યોગીબાપામાં હેત બહુ, પણ સિનેમાનો પણ શોખીન. એક વાર તે સિનેમા જોઈ આવ્યો. તે જાણી યોગીજી મહારાજ કહે, 'સિનેમામાં શું આવે?' દિનેશ કહે, 'સંસાર સ્વાર્થી છે. સુખ નથી. લગ્ન પછી છૂટાછેડા લે, એવું આવે.' તેથી યોગીજી મહારાજ પ્રસન્નતાથી બોલ્યા, "ઓ... હો... હો! એવું શીખવાનું દેખાડે ? તો તો નિત

જાજો! સાંજે સભામાં બેસવાનું. પછી ટેમ થાય એટલે જવાનું. અમે પૂછીએ ત્યારે કોલેજમાં જઉં છું', એમ કહેવાનું.'' આમ કળા શીખવી. થોડા દિવસ આમ ચાલ્યું. પછી એક વાર અચાનક જ યોગીજી મહારાજ દિનેશને રાત્રે કહે, 'મને છાતીમાં બહુ દુ:ખે છે. તું દવા કર ને ! બહુ દુ:ખે છે.' આથી દિનેશને કંઈ ને કંઈ થઈ ગયું. તે કહે, 'બાપા, મને ન ફાવે. રમણભાઈને બોલાવું?' સ્વામીશ્રી કહે, 'ના. તું જ દવા કર. બહુ દુ:ખે છે.' દિનેશ કહે, 'બાપા, તમે કહો તે દવા કરું. બાકી મને કાંઈ ખબર ન પડે.'

સ્વામીશ્રી કહે, 'જો દિનેશ, તું ફિલમ જોવાનું બંધ કરે ને તો મને મટી જાય.' દિનેશ તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો. તેણે ત્યાં જ નિયમ લઈ લીધો કે 'હવેથી ક્યારેય, કોઈ પણ ભોગે સિનેમા જોઈશ નહીં.' પહેલાં હેત થયું હતું તો વચન મનાયું.

* દૃઢ પ્રીતિવાળા ભક્તના મનમાં એક જ દૃઢતા હોય છે કે...

  તું દિન કહે તો દિન, અને તું રાત કહે તો રાત;
  મનની ગાંઠો મેલી હવે, બસ તારા ચાંદે ચાંદ.

* આમ, પ્રીતિનું લક્ષણ એ છે કે સત્પુરુષની આજ્ઞા પળાય.
* સ્વામીશ્રી આપણને સત્સંગસભા, ઘરસભા, ટી.વી. ત્યાગ, બહારની ખાણીપીણીનો ત્યાગ વગેરે આજ્ઞા કરે છે. તે જેટલી પળાય તેટલી પ્રીતિ વધુ દૃઢ કહેવાય. સત્પુરુષ સાથેની પ્રીતિનો આ ઉત્તમ માપદંડ છે.
* જ્યારે સત્પુરુષમાં આવી પ્રીતિ થાય છે, ત્યારે તેનું ફળ પણ બહુ જ મોટું મળે છે.

(૪) પ્રીતિનું ફળ :

* અહીં મહારાજે પ્રીતિનાં ત્રણ ફળ બતાવ્યાં છે...
  (૧) આત્મદર્શન થાય.
  (૨) સત્પુરુષનો મહિમા સમજાય.
  (૩) ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય.
* આ ત્રણેય ફળ પામવાનું સાધન આવી દૃઢ પ્રીતિ છે. બાકી આધ્યાત્મિક માર્ગની કઠિન સાધનાઓ કરવા છતાંય વર્ષોની મહેનત પછીય આવું ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવાથી એ ફળ મળે છે. એવું શ્રીજીમહારાજ જણાવે છે.
* આ જ આપણા સત્સંગની વિશેષતા છે. એટલે જ સત્પુરુષમાં પ્રીતિ કરવી, જોડાણ કરવું, એ જ આપણી મુખ્ય સાધના છે.

(૪.૧) પ્રીતિથી આત્મદર્શન- આત્મનિષ્ઠાની સ્થિતિ :

* સારંગપુરના વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામીમાં પ્રીતિ હતી તો 'સ્વામી અક્ષર છે' એ વાત સત્ય મનાઈ, અને આત્મસાક્ષાત્કાર થઈ ગયો. નિરાવરણ સ્થિતિ થઈ ગઈ.
* પ્રીતિ હોય તો આજ્ઞા પળાય, અને વચનામૃત ગઢડા મધ્ય-૫૧ પ્રમાણે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.
* આત્મદર્શન- આત્મનિષ્ઠા કે આત્મસત્તારૂપે વર્તવું એટલે દેહાતીત વર્તવું, દેહના ભાવથી પર થવું.
* આજે આપણને સત્પુરુષની આજ્ઞાથી ભીડો વેઠનાર અનેક સંતો-ભક્તો દેખાય છે. કાર્યકરો સેવા માટે દિવસ-રાત પુરુષાર્થ કરે છે. ઉત્સવ-સમૈયાઓમાં ઉજાગરા કરીનેય સ્વયંસેવકો શ્રમભરી સેવા કરે છે. યુવકો અને હરિભક્તો સદા સગવડ-અગવડની ચિંતા કર્યા વિના મંદિરોમાં, ઉત્સવોમાં સેવામાં જોડાઈ જાય છે, અને આત્મનિષ્ઠ વ્યક્તિની જેમ આ બધો ભીડો સહન કરે છે.

(૪.૨) પ્રીતિથી સત્પુરુષનો મહિમા સમજાય :

* ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સાધુ કેશવજીવનદાસ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી સાથે રહેતા. તેમને ગઢડાના સંતોએ વારંવાર કહેલું કે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર નથી, પરંતુ ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે. તેના સમાધાન માટે ગુણાતીતાનંદ સ્વામીને કેશવજીવનદાસે પૂછ્યું કે 'સ્વામી, મને તમારે વિશે હેત છે. તો સાચી વાત કહો.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'બીજો અક્ષર હશે તો મારે ને એને પંચાત છે. તું મને અક્ષર માન.'

તેમને હેત હતું, તો વિશ્વાસ આવ્યો, ને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' તે મહિમા સમજાયો.

* આમ, હેતે કરીને આપણે ધાર્યું ન હોય તેવું કાર્ય થઈ જતું હોય છે. હેતે કરીને મહિમાની દૃઢતા થઈ જાય છે.
* યોગીજી મહારાજના વખતમાં ભણેલા-ગણેલા, રંગીલા અને વાતે વાતે તર્ક કરતા યુવકોને જોઈને કોઈને પણ એમ ન થાય કે આ બધાને સત્સંગ થશે. એ યુવકો કેવા હતા ?

ડૉ. રમણભાઈ યોગીબાપાને કહેતા, 'તિલક-ચાંદલો ન કરું. એના બદલે એક ઉપવાસ કરીશ.'

વિનુભાઈ તો ઠાકોરજીને કાંકરી મારી મુગટ પાડવાનો પ્રયત્ન કરતા.

મહેન્દ્રભાઈને ત્રણ વાર યોગીજી મહારાજે કહ્યું, 'સાધુ થશો ?' તેમણે ત્રણે વાર ના પાડી.

નારાયણભાઈ વિદ્યાભ્યાસમાં તેજસ્વી છતાં ખૂબ જ શોખીન હતા. સાધુ થવાની વાત આવે કે દૂર તરી જતા.

પણ યોગીજી મહારાજમાં હેત હતું, તો ધીરે ધીરે મહિમા સમજાયો. ડૉ.રમણભાઈ એટલે ડૉક્ટર સ્વામી, વિનુભાઈ એટલે મહંત સ્વામી, મહેન્દ્રભાઈ એટલે ત્યાગવલ્લભ સ્વામી અને નારાયણભાઈ એટલે વિવેકસાગર સ્વામી.

* આમ, સત્પુરુષ સાથે હેત થાય તો એવો મહિમા સમજાય કે આખું જીવન બદલાઈ જાય.

(૪.૩) પરમેશ્વરનું સાક્ષાત્કાર દર્શન થાય...

* પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'આપને ભગવાનનો સાક્ષાત્કાર ક્યારે થયો?' સ્વામીશ્રી કહે, 'ગુરુ મળ્યા અને તેમનામાં આત્મબુદ્ધિ (દૃઢ પ્રીતિ) કરી ત્યારથી.'

સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ કરવાથી ભગવાનનો સાક્ષાત્કાર થાય છે, એવું સ્વામીશ્રીએ જણાવ્યું.

* ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીમાં પ્રીતિ હતી, તો સ્વામીની આજ્ઞા પાળી, ને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થયો.
* પ્રીતિ હોય તો આજ્ઞા પાળે, ને વચનામૃત કારિયાણી - ૧૨ પ્રમાણે આજ્ઞા ભેળી મૂર્તિ આવે. એટલે પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાય.
* રામદાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી વંથળી પત્ર આપવા ગયા, તો કોટને કાંગરે કાંગરે શ્રીજીમહારાજનાં સાક્ષાત્ દર્શન થયાં...

આમ, ભગવાનના અખંડ ધારક સત્પુરુષમાં દૃઢ પ્રીતિ થાય તો તેમની કૃપાથી ભગવાનનો સાક્ષાત્કાર સહેજે થઈ જાય.

● **સમાપન :**

* વચનામૃત ગઢડા અંત્ય-૨ પ્રમાણે, સાચા સત્પુરુષ, ગુણાતીત સત્પુરુષમાં પ્રીતિ- આત્મબુદ્ધિ કરવાથી સર્વે અર્થ સિદ્ધ થાય છે.
* આધ્યાત્મિક માર્ગે સત્પુરુષમાં પ્રીતિથી બધા ગુણો આવે છે. એ માટે સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવી એ જ અગત્યની સાધના છે.
* ઈ.સ. ૧૯૫૬માં કચ્છયાત્રામાં યોગીજી મહારાજ સાથે સેવામાં ગયેલા વિનુભાઈ, અરુણભાઈ, વગેરે યુવકોને સ્વામીશ્રીએ ૫૧ સાધુની મંડળીમાં જોડાવા ખૂબ પ્રેરણા આપી. હર્ષદભાઈ દવેને આ વાતની ખબર પડી, તેથી તેઓ સ્વામીશ્રીને કહે, 'આ યુવકોમાં ત્યાગ-વૈરાગ્ય નથી, તો તેઓ સાધુ થયા પછી નભશે કે કેમ?'

સ્વામીશ્રી કહે, 'અમારી સાથે હેત છે, તેણે કરીને ત્યાગ-વૈરાગ્યના ગુણો આવશે. માટે તમારે બળની વાતો કરવી.'

* આમ, સત્પુરુષમાં દૃઢ પ્રીતિથી જ તમામ ગુણો આવે છે, એ પ્રીતિનું ફળ આપણે આજે તમામ સદ્‌ગુરુ સંતોના જીવનમાં જોઈ શકીએ છીએ. તો આપણે પણ સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરી શકીએ એ જ પ્રાર્થના.

૧૭. વચનામૃત : વરતાલ - ૧૯ : ભક્ત થાવાનું, અવિવેકનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : વરતાલ પ્રકરણનું ૧૯મું : ભક્ત થાવાનું, અવિવેકનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૮૨ના મહા સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ સાંજને સમે શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં ઉગમણી કોરની રૂપચોકી ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી ઠાકોરજીની સંધ્યા આરતી થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ જે, આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહીં. શા માટે જે, ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે. અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુ:ખદાયી જાણે છે. તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનના પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઇચ્છવું નહીં. અને જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથને કરે તે સર્વે સત્ય થાય છે. માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઇચ્છે છે એ જ એને મોટો અવિવેક છે. તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગસુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ અને મન-કર્મ-વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ.'

ઈતિ વચનામૃતમ્ એવી રીતે વરતાલનું ૧૯ મું વચનામૃત થયું.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **<u>વચનામૃતની વિશેષતા :</u>**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

- ભગવાન કે ભગવાનના સંતનું પૃથ્વી પરનું સદૈવ પ્રગટપણું દર્શાવે છે.
- ભક્તની વ્યાખ્યા અને સાચા ભક્તનાં લક્ષણો સમજાવે છે.
- અવિવેકી ભક્તનાં લક્ષણોનો નિર્દેશ કરે છે.
- ભગવાનના સુખની વિશેષતા બતાવે છે.

● **<u>મનુષ્યદેહની દુર્લભતા :</u>**

❊ રામચરિતમાનસના ઉત્તરકાંડમાં ભગવાન શ્રી રામચંદ્રજી અયોધ્યાવાસીઓને કહે છે કે,

'બડે ભાગ માનુષ તનુ પાવા,
સુર દુર્લભ સબ ગ્રંથન્ હિ ગાવા'

એટલે કે મોટાં ભાગ્યથી આ મનુષ્ય શરીર મળ્યું છે. સર્વે ગ્રંથો પણ કહે છે કે આ મનુષ્ય શરીર દેવતાઓને પણ દુર્લભ છે.

આ વાત કેવી અકલ્પ્ય છે ? પ્રશાંત મહાસાગરના પાણીને શરબત પીવાની સ્ટ્રોથી ખાલી કરવો તે જેટલું દુષ્કર છે, તેથી વધુ દુષ્કર મનુષ્યતન પામવું એ છે.

❊ મહંત સ્વામી મહારાજ ઘણી વાર મનુષ્યદેહની દુર્લભતા સમજાવતાં કહે છે કે, 'જીવને ૮૪ લાખ ફેરા પછી એક મનુષ્યદેહ આવે. ૮૪ લાખ ફેરામાં સાતડા ઉપર ૨૫ મીંડાં ચઢાવીએ એટલાં વર્ષો વીતે, ત્યારપછી મનુષ્યદેહ આવે.'

હવે, આ બ્રહ્માંડ ચૌદ લોકનું બન્યું છે. તેમાં મૃત્યુલોકની ઉપર છ લોક છે અને નીચે સાત લોક છે. આ મૃત્યુલોકમાં જન્મ મળવો તે બહુ દુર્લભ અને દુષ્કર છે.

● <u>**ભગવાન અથવા ભગવાનના સંતનું પ્રગટપણું :**</u>

✱ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે, **'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ જરૂર પૃથ્વી પર વિચરતા હોય...'**

✱ શ્રીજીમહારાજનું કહેવાનું તાત્પર્ય એ છે કે પૃથ્વી પર સદૈવ ભગવાન અથવા તો ભગવાનના અખંડ ધારક સંતનું પ્રગટપણું રહેશે. કારણ કે જીવના આત્યંતિક કલ્યાણ માટે તો પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંત અનિવાર્ય છે.

◎ એક ગામમાં અમુક વધુ બુદ્ધિશાળી લોકોએ નક્કી કર્યું કે રોજ અંધારું ઘરમાં પેસી જાય છે, તો ધોકાવીને કાઢી મૂકવું. સમી સાંજે વાળું-પાણી કરી ઘરની બહાર અંધારાની રાહ જોતા બેઠા. થોડીક વાર પછી અંદર જઈ જોયું તો અંધારું. સૌ આખી રાત લાકડી-ધોકા-સૂપડાં લઈ અંધારું કાઢવા મંડ્યા. ઘરનાં માટલાં ફૂટી ગયાં તથા કેટલાકનાં માથાં પણ ભાંગ્યાં. સવાર થતાં સૂર્ય ઊગવાથી અંધારું દૂર થયું, તો બધા મૂછે તાવ દેવા લાગ્યા કે 'કેવું ધોકાવીને કાઢ્યું ?'

આ બોધકથાનો સાર એ કે લોકો પોતાની રીતે કલ્યાણ માની લે છે, પણ તેમ કાંઈ કલ્યાણ થાય નહીં. પ્રગટ ભગવાન કે પ્રગટ સત્પુરુષરૂપી સૂર્ય વિના અજ્ઞાનરૂપી અંધકાર જાય નહીં.

✱ અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આજથી બે સદી પૂર્વે છપૈયા ગામમાં અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે પ્રગટ થયા.

✱ તે જ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ વર્તમાનકાળે ગુણાતીત સત્પુરુષ દ્વારા પૃથ્વી પર પ્રગટ છે, અને રહેશે.

✱ તા. ૨૪/૦૬/૧૯૭૭ના રોજ પ્રમુખસ્વામી મહારાજ લંડનની એક સભામાં વચનામૃત પર નિરૂપણ કરી રહ્યા હતા. તેમાં સ્વરૂપનિષ્ઠાની વાત આવી. સ્વામીબાપા કહે, 'અક્ષરધામના સ્વરૂપમાં ને આ (પ્રત્યક્ષ સ્વરૂપ)માં રોમનોય ફેર નથી.' ત્યારે એક હરિભક્તે વચ્ચે જ પોતાનો પ્રશ્ન રજૂ કરતાં કહ્યું, 'આ તો મહારાજે જે સમયે વાત કરી હતી ત્યારની વાત છે. પણ ત્યારપછી ગુણાતીત સંત દ્વારા પ્રગટ રહ્યા તેમાં તો જુદા જુદા આકાર દેખાય છે, તેનું કેમ સમજવું?' ત્યારે સ્વામીબાપા કહે, 'આકાર ભલે જુદા દેખાય છે, પણ આંખોમાં જોનાર કોણ છે? બોલનાર કોણ છે? અંગોઅંગમાં કોણ છે? આકાર ભલે જુદા દેખાય, પણ મહારાજ સિવાય બીજું કાંઈ નથી. આકૃતિ ભલે જુદી દેખાય, પણ તત્ત્વ તો એક જ છે.'

✱ આજે મહંત સ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે. તેથી એમનાં દર્શન એ શ્રીજીમહારાજનાં દર્શન છે. એમની સેવા એ શ્રીજીમહારાજની સેવા છે, એવું મહારાજ અનેક વચનામૃતોમાં કહે છે.

વચનામૃત ગઢડા અંત્ય-૨૬ માં કહ્યું છે કે, **'એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિશે હોય નહીં. અને એવા સંત મનુષ્ય (રૂપે) છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.'**

✱ આવા સંતમાં ભગવાન રહ્યા છે, તેવું નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

સંત હું ને હું તે વળી સંત રે,
એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.

(પુરુષોત્તમ પ્રકાશ-૪૧)

● <u>**ભક્ત ક્યારે થવાય ?**</u>

સામાન્ય રીતે લોકમાં કોઈ માણસ ભગવાનનું ભજન કરતો હોય, મંદિરમાં જતો હોય, પૂજાપાઠ કરતો હોય, તીર્થયાત્રા-શાસ્ત્રપઠન, ધ્યાનાદિક

કે યજ્ઞયાગાદિક સાધનો કરતો હોય તેને ભક્ત કહેવામાં આવે છે. કંઈક અંશે આ વાત સાચી હશે, પરંતુ શ્રીજીમહારાજ તો આ વચનામૃતમાં એવું કહે છે કે પૃથ્વી પર વિચરતા પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખે ત્યારે જ તે ભક્ત બને છે. એટલે કે, પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંતને ઓળખ્યા પછી જ સાચા ભક્ત થવાની શરૂઆત થાય છે.

* મુક્તાનંદ સ્વામી કીર્તનમાં કહે છે :

કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે,
પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે,
થાશે હરિજન તત્કાળ ત્યારે.

* શ્રીજીમહારાજે વચનામૃત ગ્રંથમાં અનેક ઠેકાણે પ્રત્યક્ષ ભગવાનને જ ઓળખવાનો આગ્રહ સેવ્યો છે. તેઓ **વચનામૃત ગઢડા અંત્ય-૨**માં કહે છે કે, 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો છે, ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'

* નિષ્કુળાનંદ સ્વામી કલ્યાણ નિર્ણયમાં પણ કહે છે :

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે,
કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટિ ઉપાયે રે,
આત્યંતિક કલ્યાણ ન થાયે રે.

માટે મોંઘો મનુષ્ય જન્મ પામ્યા પછી મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખવા આવશ્યક છે.

* શ્રીજીમહારાજના વખતમાં દાદાખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ, લાડુબા, જીવુબા, ઝમકુબા જેવાં હજારો બાઈ-ભાઈ ભક્તો તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક સેંકડો પરમહંસો મહારાજને ઓળખીને સાચા ભક્તો બન્યાં, અને મુક્તિ પામ્યા.

● **<u>પ્રગટ ભગવાનને કેવી રીતે ઓળખવા ?</u>**

* પૃથ્વી પર મનુષ્યદેહ સાથે આવવું ભગવાન અને સંત માટે અગત્યનું છે. મનુષ્યદેહે આવે તો જ તેઓ સાથે ભક્તો હેત કરી શકે છે. અર્જુન શ્રીકૃષ્ણ ભગવાન સાથે સખાભાવે જોડાયેલા હતા. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં પોતાનું વિરાટ તેજસ્વી સ્વરૂપ બતાવ્યું, ત્યારે અર્જુન તે ન જોઈ શક્યા. તેમણે ભગવાનને પોતાના મનુષ્ય સ્વરૂપમાં દર્શન આપવા વિનંતિ કરી. ભગવાને તેમ કર્યું પછી જ અર્જુનને સુખ આવ્યું.

* કમનસીબીની વાત એ છે કે ભગવાન પૃથ્વી પર મનુષ્યદેહ ધારણ કરી પધારે ત્યારે લોકો તેમને પોતા જેવા જ માની લે છે. મુક્તાનંદ સ્વામીએ એક પદમાં લખ્યું છે,

'પોતાના સરખી કરીને જાણે,
પુરુષોત્તમની કાયા રે...'

ભગવાનનો મહિમા ન સમજવો અને તેમને પોતાના જેવા સામાન્ય મનુષ્ય જ જાણવા, તે મનુષ્યની ખામી છે.

રાવણ વિદ્વાન હતો. તેણે અર્કપ્રકાશ, કુમારતંત્ર, રાવણસંહિતા વગેરે અનેક ગ્રંથો તથા વેદો પર ભાષ્ય લખેલાં, છતાં ભગવાન શ્રીરામને ઓળખી ન શક્યો. જરાસંધ, શિશુપાળ, દૂર્યોધન વગેરે પણ શ્રીકૃષ્ણ ભગવાનને ન ઓળખી શક્યા.

ભગવાન સ્વામિનારાયણને પણ તેમના સમયમાં મોટા મોટા ન ઓળખી શક્યા. વડોદરામાં ગાયકવાડી રાજ્યમાં દીવાન પદે પ્રખ્યાત થનાર વિઠ્ઠલરાવ દેવાજી ખૂબ વ્યવહારકુશળ હતો, છતાં શ્રીજીમહારાજને ન ઓળખી શક્યો અને મહારાજ સાથે દ્વેષ કર્યો.

◎ પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા લખે છે કે, ''મનુષ્યની કમજોરી છે કે તેને ભૂતકાળના મહાપુરુષો, અવતારો, તેમના ગ્રંથ આ બધું જ

દિવ્ય અને ભવ્ય લાગે. ભૂતકાળ સુવર્ણયુગ લાગે, વર્તમાનકાળ કળિ લાગે. પોતાના સમયના હોય તેમની મહત્તા તે ઓછી સમજે અથવા તેમને સમજવામાં પાછળ રહી જાય છે, પરંતુ એવા મહાપુરુષના અવસાન પછી સૌ તેમની પૂજા કરે છે. તેથી જ કહ્યું છે, 'મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે.' આ સાત્ત્વિક જડતાના સંસ્કાર છે."

* **ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૮૭ વાતમાં** કહ્યું, **'ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, તેમ ભગવાન ને સાધુ પણ મનુષ્ય જેવા જ હોય...'** માયિક ઇન્દ્રિયો-અંતઃકરણથી તેઓ ઓળખી શકાતા નથી. તેના માટે નિયમિત સત્સંગ, શાસ્ત્રપઠન (વચનામૃત, સ્વામીની વાતો, જીવનચરિત્ર વાંચન) અને શુદ્ધભાવે પ્રાર્થના કરવી, જેથી પ્રગટ ભગવાન ઓળખાય અને પછી તેના વચનમાં વિશ્વાસ રાખવાથી યથાર્થ ભક્ત થઈ શકાય.
* વરતાલ મંદિરના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ શુદ્ધ મુમુક્ષુ હતા. સંત સમાગમ અને વચનામૃત વાંચનથી તેમણે એટલું જાણ્યું હતું કે ભગવાન એકાંતિક સત્પુરુષ દ્વારા પ્રગટ રહે છે, અને તેમનો આશરો કરવાથી જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. તેથી તેમણે એવા સત્પુરુષની શોધ આદરી. સંપ્રદાયમાં અનેક ઠેકાણે ફરી એવા સત્પુરુષની શોધ કરી, પરંતુ તેમનું મન ક્યાંય ઠર્યું નહીં. છેવટે તેમણે વરતાલમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવાની શરૂઆત કરી. શુદ્ધભાવ સાથે થયેલી તેમની પ્રાર્થના ભગવાને સાંભળી, અને દર્શન આપી પ્રાગજી ભક્ત વર્તમાનકાળે પરમ એકાંતિક સત્પુરુષ છે તેવી ઓળખાણ કરાવી. પછી તો તેઓ પ્રાગજી ભક્ત સાથે યથાર્થ રીતે જોડાઈ ગયા.

આમ, પ્રગટ ભગવાનને ઓળખવા માટે નિયમિત સત્સંગ, શાસ્ત્રપઠન અને ગદ્‌ગદ્‌કંઠે પ્રાર્થના કરવી જોઈએ.

● **<u>આવા ભક્તનાં લક્ષણો</u> :**

જેને પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ અને ભગવાનનો ભક્ત થયો તેણે (૧) ભગવાન અને ભગવાનના ધામનું અત્યંત અપાર સુખ જાણવું જોઈએ. (૨) ભગવાન અને ભગવાનના ધામનાં અપાર સુખની તુલનામાં ચૌદલોકનાં જે ભોગ-સુખ છે અર્થાત્ માયિક પંચવિષયનું જે સુખ છે, તેને નરક અને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ.

* જેમ દસ રૂપિયાનો સિક્કો કોઈ વ્યક્તિના હાથમાં હોય, તેને જ્યારે તે રૂપિયા માટે સોનામહોરો કોઈ આપે, ત્યારે રૂપિયાના સિક્કામાંથી હેત ઊતરી જાય છે. એવી રીતે જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે, ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વ થકી વ્યક્તિ વૈરાગ્ય પામે છે અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે.
* યોગીજી મહારાજ અખંડ ભગવાનનું સુખ ભોગવતા હતા, તેથી પંચવિષયના સુખમાં તેમને સહજ વૈરાગ્ય હતો. તેથી અવારનવાર ઉપદેશ આપતા કે જગતનું સુખ તો નરક જેવું, કાકવિષ્ટા જેવું, શેરડીના કૂચા જેવું અને મૃગજળ જેવું છે.
* તા.૨૩/૩/૨૦૧૭ : મહંત સ્વામી મહારાજ નૈરોબીથી લેનેશિયા ચાર્ટર્ડ પ્લેનમાં જઈ રહ્યા હતા. પ્લેનયાત્રામાં આરામ થાય તે માટે સંતોની વિનંતીથી પલંગ પર પધાર્યા ખરા, પણ સૂતા પછી પણ માળા જ ફેરવતા રહ્યા. સેવકોએ વિનંતીના સૂરમાં કહ્યું, 'આપને આરામ મળી રહે તે માટે ચાર્ટર્ડ વિમાન કર્યું હતું. પૈસા તો વસૂલ થવા જોઈએ ને ?' ત્યારે મહંત સ્વામી મહારાજે યોગીબાપાનો પ્રસંગ યાદ કરતાં કહ્યું, 'યોગીબાપાએ સ્પેશિયલ સુવિધાજનક બસમાં બનારસ જતાં અમને કહ્યું હતું કે ભજન થાય તે પૈસા વસૂલ, આરામ કરીએ તે નહીં.'

ગુરુના પગલે પગલે સ્વામીશ્રી સહજભાવે જગતના આધુનિક પદાર્થોથી નિસ્પૃહ રહી પ્રભુમય રહે છે.

✲ એક વાર એટલાન્ટામાં અલ્પાહાર દરમ્યાન મહંત સ્વામી મહારાજ અને સંતો વચ્ચે થોડો વાર્તાલાપ થયો.

સંતોએ પૂછ્યું, 'આપને ભોજનમાં શું ભાવે?'

સ્વામીશ્રી કહે, 'બધું ભાવે, પણ પેટને પૂછીને જમું, જીભને પૂછીને નહીં.'

પછી સંતોએ એક થાળ ગાયો. તેમાં કડી આવી 'વા'લા જમતાં ન થાવું ત્યાગી.' એટલે સંતોએ સ્વામીશ્રીને વિનંતિના સૂરમાં કહ્યું, 'સ્વામી, આપે બરાબર જમવું.'

સ્વામીશ્રી કહે, 'પહેલાં જમતા.'

સંતો કહે, 'તો પછી પહેલેથી શરીર આવું કૃશ કેમ છે?'

જ્ઞાનપ્રિય સ્વામીએ જૂનાં સંસ્મરણો યાદ કરતાં કહ્યું, 'રાત્રે આપ મગનું પાણી જ લેતા. પહેલેથી જ જમતા નહીં.'

સ્વામીશ્રી કહે, 'ભોજનમાં ૭૦% મગ જ લેતો.'

ભોજનમાં આવતી ભાત-ભાતની વાનગીઓનું સ્વામીશ્રીને લેશપણ આકર્ષણ નથી. આમ, તેઓ જગતના પદાર્થોમાં અનાસક્ત અને ભગવાનમાં આસક્ત છે.

● **<u>લૌકિક સુખમાંથી પ્રીતિ ટાળીને ભગવાન અને ગુણાતીત સંતમાં પ્રીતિ કરવી</u> :**

✲ ભગવાનનું સુખ પામવા માટે લૌકિક સુખમાંથી પ્રીતિ ટાળવી આવશ્યક છે.

માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, ક્રીડા કરે ને જળનો વિયોગ થાય ત્યારે તે મરી જાય, તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહીં.

આ દૃષ્ટાંત આપીને શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૮**માં સિદ્ધાંત સમજાવે છે કે **'પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે તે એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે.'**

માટે જેને ભગવાનનું સુખ પામવું હોય તેણે આ લોકના સુખમાંથી પ્રીતિ ટાળવી આવશ્યક છે.

તેથી જ સારંગપુરમાં પુષ્પદોલોત્સવ પ્રસંગે સ્ત્રી-ભક્તોએ જે ફગવા માગ્યા હતા, તેમાં પણ 'કે'દી દેશો મા સંસારી સુખ' એમ કહ્યું.

✲ આધ્યાત્મિક માર્ગે ખેડાણ કરનાર દરેક ભક્ત માટે ભગવાનમાં પ્રીતિ અને પંચવિષયમાં વૈરાગ્ય પાયાની શરત છે, પરંતુ સાધનાના શિખરે પહોંચ્યા પછી પણ આ સદ્‌ગુણ પૂર્ણપણે સિદ્ધ કરવો તે સિંહણને દોહવા જેવું છે, છતાં ગુણાતીત સત્પુરુષોના જીવનમાં આ સદ્‌ગુણ સહજ દેખાય છે.

◎ ૧૯૯૭માં લંડનમાં એક સંતે પ્રમુખસ્વામી મહારાજને કહ્યું, 'કેટલાક હરિભક્તોની બહુ ઇચ્છા છે કે આપને નોબલ પ્રાઈઝ મળે.' તેઓ આગળ કાંઈ વાત કરવા જાય એ પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજ તેમને અટકાવતાં કહે, 'જુઓ, મારે તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા, એ જ મોટામાં મોટું નોબલ છે. બીજા કોઈ પ્રાઈઝની મારે જરૂર નથી. એ પ્રાઈઝ મળ્યું તોય શું અને ના મળ્યું તોય શું? એનાથી વિશેષતા શું છે ?'

'ધ્યેયો નારાયણો હરિઃ' જેમના જીવનનું ધ્યેય જ ભગવાન છે, માળા અને ભજન-ભક્તિ જેમનો ધંધો છે, તેમને આ લોકની પદ-પ્રતિષ્ઠા કે સુવિધાઓમાં સ્પૃહા નથી.

✲ ભગવાન અને સંતના પ્રસંગથી અનેક ભક્તો પણ એવી ઉચ્ચ સમજણને પામ્યા છે કે ભગવાન-સંત સુખરૂપ છે અને જગતના પંચવિષય દુઃખરૂપ છે.

✲ ભગવાન સ્વામિનારાયણના બાઈ હરિભક્તોની આવી ઉચ્ચ સમજણ વિષે હરિચરિત્રામૃતસાગરમાં

સુંદર નોંધ થઈ છે. તેમાં લખ્યું છે, 'પુરાણમાં સાંભળ્યું પણ ન હોય તેવી રીતે ભક્તિ-ધર્મ-વૈરાગ્ય અને જ્ઞાનથી યુક્ત ઉચ્ચ કક્ષાની ઘણી સ્ત્રીઓ હતી. સારાં ભોજન, વસ્ત્ર, આભૂષણો, પલંગ, શૈય્યાનો ત્યાગ કરીને, ભગવાનના ચરિત્રોમાં મનને કરી ધ્યાન-માનસી બહુ પ્રેમથી કરતી. પોતાના પતિ સિવાય બીજા પુરુષને ભાઈ-બાપ જાણતી.'

❋ નિષ્કુળાનંદ સ્વામીએ પણ ભક્તચિંતામણિના ૧૧૨માં પ્રકરણમાં આવી અનેક મહિલા ભક્તોના નામ નોંધ્યા છે. રાજબાઈ અને જીવુબાની ઉચ્ચ સ્થિતિ વિષે તેઓ લખે છે -

'મુખ્ય રાજબાઈની એ રીતિ,
પ્રભુ વિના નહીં કિયાં પ્રીતિ;
જીવુબાઈ જીવનાં ઉદાર,
રાખ્યા પ્રભુ ન રાખ્યો સંસાર.'

◎ આફ્રિકાના આર.યુ.પટેલ(રણછોડભાઈ પટેલ) પણ એવા જ ભક્ત હતા. એક પ્રસંગે અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજ કેટલાક શેઠિયાઓ પાસે બેઠેલા અને તેમને ગઢપુર મંદિર માટે રૂા. ૧૦,૦૦૦ ની સેવા કરવાનું કહી રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે બહુ સમજાવ્યા છતાં કોઈએ મચક ન આપી. આ શેઠિયાઓની પાછળ આર.યુ.પટેલ પણ બેઠેલા. શેઠિયાઓની આ રીત આર.યુ.પટેલને ન ગમી.

સાંજે ફરી આર.યુ.પટેલ આવ્યા અને શાસ્ત્રીજી મહારાજના ઓરડા બહાર ઊભા રહ્યા. અત્યારે પણ શાસ્ત્રીજી મહારાજ તે શેઠિયાઓ પાસે બેઠેલા અને સેવા સંબંધી વાત કરી રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે આર.યુ.પટેલને ઈશારાથી અંદર બોલાવ્યા. તેમણે તરત જ બે ચેક શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં ધર્યા ને હાથ જોડી કહ્યું, 'દયાળુ! આ રકમ ગઢપુર મંદિરની સેવામાં વાપરજો.' શાસ્ત્રીજી મહારાજે તેમને તો સેવા કરવા વાત કરી જ નહોતી, પણ તેમને થયું કે ગુરુહરિને અત્યારે ગઢપુર મંદિર માટે આ રકમની જરૂર છે, તો મારે અર્પણ કરવી. તેઓ આ રકમ આફ્રિકાથી પોતાના ઘરના સમારકામ માટે લાવેલા, પરંતુ ઘરનું કામ ઠેલીને પણ મંદિરનું કામ પ્રથમ કરાવ્યું અને ગુરુને રાજી કર્યા.

જે રકમથી વિવિધ પંચવિષયના ભોગ સુલભ થાય તેમ હતા, તેને તેમણે ભગવાનના ચરણે ધરી દીધા.

❋ વર્તમાનકાળે જગતના રંગ-રાગમાંથી વૃત્તિ ખેંચી ભગવાન અને સંતમાં વૃત્તિ રાખનાર આવા તો અનેક ભક્તો છે. ધન્ય છે આવા ભક્તોને અને ધન્ય છે, એ વિરલ ગુણાતીત સત્પુરુષોને જેમણે આવા ભક્તોને સાચું સુખનું સરનામું બતાવ્યું છે.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે ...

વચનામૃત : વરતાલ પ્રકરણનું ૧૯મું : ભક્ત થાવાનું-અવિવેકનું

સ્વામિનારાયણ હરે ...

સંવત ૧૮૮૨ના મહા સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ સાંજને સમે શ્રીવરતાલ મધ્યે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં ઉગમણી કોરની રૂપચોકી ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી ઠાકોરજીની સંધ્યા આરતી થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સાંભળો ભગવાનની વાર્તા કરીએ છીએ જે, આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે, ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂરી પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ. શા માટે જે, ભગવાનના ધામનું જે સુખ છે, તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે. અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે પણ જે મનુષ્ય હોય તે તો નરકને પરમ દુઃખદાયી જાણે છે. તેમજેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઈચ્છવું નહિ. અને જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથને કરે તે સર્વે સત્ય થાય છે. માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઈચ્છે છે એ જ એને મોટો અવિવેક છે. તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગ-સુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ અને મન-કર્મ-વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ. અને એમ સમજ્યું જોઈએ જે,'જે ભગવાનનો ભક્ત હોય ને તેને જો કદાચિત્ ભગવાન વિના બીજા વાસના રહી ગઈ હોય, તો તે ઈન્દ્રપદવીને પામે, કાં બ્રહ્મલોકને પામે પણ પ્રાકૃત જીવની પેઠે નરકચોરાશીમાં તો જાય જ નહિ. ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમા ને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ આવે?'' માટે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી.''

ઈતિ વચનામૃતમ્ એવી રીતે વરતાલ પ્રકરણનું ૧૯મું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

- ભગવાન કે ભગવાનના સંતનું પૃથ્વી પરનું સદૈવ પ્રગટપણું દર્શાવે છે.
- ભક્તની વ્યાખ્યા અને સાચા ભક્તનાં લક્ષણો સમજાવે છે.
- અવિવેકી ભક્તનાં લક્ષણોનો નિર્દેશ કરે છે.
- ભગવાનના સુખની વિશેષતા બતાવે છે.

■ **નિરૂપણ :**

■ **ભરતખંડમાં મનુષ્ય દેહની દુર્લભતા :**

❊ એકવાર અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને પૂછ્યું, 'મનુષ્ય દેહ ક્યારે પ્રાપ્ત થાય છે ?' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તર કર્યો, ''૪૦૦ ગાઉ લાંબી, ૪૦૦ ગાઉ પહોળી, ૪૦૦ ગાઉ ઊંડી પાણીની વાવ ભરેલી હોય અને તે વાવને આપણા માથાના એક વાળના ઊભા ચાર ભાગ કરીને તેમાંથી એક ભાગ વડે આખી વાવ જ્યારે ખાલી થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે.''

અર્જુન કહે, 'ટૂંકમાં કહોને મળતો જ નથી.'

❊ આ વાત કેવી અકલ્પ્ય છે ? પ્રશાંત મહાસાગરના પાણીને શરબત પીવાની સ્ટ્રોથી ખાલી કરવો તે કેટલું દુષ્કર છે. તેવું જ આ મનુષ્યદેહની પ્રાપ્તિનું છે.

❊ દેવાનંદ સ્વામી : 'મળ્યો મનુષ્યદેહ ચિંતામણિ રે....'

❊ પૃથ્વી પર ત્રણ ભાગ પાણી ને એક ભાગ જમીન છે. પરંતુ આ બધી જમીનમાં ખેતીલાયક જમીન અમુક જ છે. પરંતુ આ સારી ખેતીલાયક જમીનમાં પણ કિમતી ખનીજો નીકળે એવી જમીન બહુ ઓછી. એમાં પણ ખનીજતેલ નીકળે એવી તો એનાથી પણ ઓછી અને સોનું નીકળે એવી જમીન તો સાવ ઓછી. તેમ સમગ્ર પૃથ્વીમાં ૬ અબજ મનુષ્યો વસે છે. ૧૯૧ દેશોમાં તે પથરાયેલા છે. પરંતુ આ દેશોમાં પવિત્ર દેશો અમુક જ છે, જેમાં ભગવાન અને સંતનું પ્રગટપણું હોય છે. એવા પવિત્ર દેશોમાંનો એક દેશ આ ભરતખંડ છે. આપણને આવા દેશમાં જન્મ મળ્યો એ મોટું ભાગ્ય છે.

❊ વળી, ભારતમાં ૧ અબજ મનુષ્યો વસે છે, પણ તેમાંથી સાચા સત્સંગનો યોગ થવો એ કેવી દુર્લભ ઘટના છે ?

❊ એક ભાઈ અમદાવાદમાં ભૂલા પડ્યા. તેણે એક વ્યક્તિને પૂછ્યું, 'ભાઈ અમદાવાદ શહેરનો બાયપાસ રસ્તો ક્યાં છે ? ત્યાં ગુજરાત હાઉસીંગ બોર્ડમાં મારા એક સંબંધી રહે છે.'

પેલાએ વાત ચાલુ કરી, 'અહીંથી સીધા જાવ. પછી ચાર રસ્તા આવશે ત્યાંથી જમણા હાથે વળી જજો. પાંચ મિનિટ ચાલજો. એક આડો રસ્તો આવશે. તેમાં ડાબી બાજુ જજો. આગળ એક પ્રાઈમરી સ્કૂલ આવશે. સ્કૂલનો દરવાજો ખુલ્લો હોય તો એમાં જજો. ત્યાં બસ સ્ટેન્ડ આવશે.' પેલો ખુશ થઈ ગયો. 'વાહ સાચો રસ્તો મળી ગયો.' ત્યાં પેલા ભાઈ કહે, 'ઊભા રહો, ઊભા રહો, હજી તો તમે અડધે જ પહોંચ્યા છો...'

❊ હવે આવા ગુરુ કે સત્સંગનો યોગ થઈ જાય તો ? આપણે ભગવાન પાસે જવું છે એવો નિર્ધાર હોય, પણ સાચો રસ્તો મળવો જોઈએ ને ?

❊ આપણાં મોટાં ભાગ્ય છે કે આપણને મારગ અને મંઝિલ બેય મળી ગયા છે.

❊ મોક્ષ ક્ષેત્રે ભરતખંડમાં મનુષ્યદેહ પામવાનો કેટલો વિલંબ છે તે સમજાવતાં શ્રીજીમહારાજ ભૂગોળ ખગોળના વચનામૃતમાં છેલ્લે કહે છે : ''સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય થઈ જાય છે, ત્યારે એ જીવ છે તે આવો મનુષ્યદેહ પામ્યો હોય તે દેહ વૃથા ખોટા માયિક સુખને મતવાદી ગુરુને આશરે રહીને હારે છે. તે જીવ યમયાતના ને નરકકુંડનાં દુઃખ ને લખચોરાશી જાતના જે દેહ છે, તેમાં દુઃખ ભોગવીને તેમાં ફરીને પાછો, સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય કહ્યા એવા થશે ત્યારે ફરીને મોક્ષ ક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે. એટલો ફરીને મનુષ્ય દેહ પામવાનો વિલંબ છે.''

■ **ભગવાન અથવા ભગવાનના સંતનું પ્રગટપણું :**

❊ શ્રીજીમહારાજ આ વચનામૃતમાં કહે છે કે આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ જરૂર પૃથ્વી પર વિચરતા હોય...

❊ શ્રીજીમહારાજનું કહેવાનું તાત્પર્ય એ છે કે પૃથ્વી પર સદૈવ ભગવાન અથવા તો એમના સાધુનું પ્રગટપણું રહે છે. કારણ કે જીવના આત્યંતિક કલ્યાણ માટે તો પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંતની અનિવાર્યતા છે. શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં પોતાનો આ સિદ્ધાંત સમજાવે છે.

❊ **કારિયાણી-૭ :** ''એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દઢ નિષ્ઠા તેને આંત્યિતક કલ્યાણ કહીએ.''

❊ **ગઢડા મધ્ય-૨૧ :** 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે. તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહે સમજો અથવા લાખ વાર કહે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષે કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.'

❊ **ગઢડા મધ્ય-૩૨ :** ''અને વળી જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ છે. ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનું જે અક્ષરધામ તેને પામે છે.''

❊ **ગઢડા અંત્ય-૨ :** 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો છે, ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમેશ્વર કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'

❊ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે.
તેહ વિના તો કોટિ ઉપાયે રે, આત્યાંતિક કલ્યાણ ન થાયે રે.
જેમ રવિ વિનાની રાત રે, ન જાય ન થાય પ્રભાત રે.
તેમ પ્રગટ પ્રભુ મળ્યા નથી રે, નોય કલ્યાણ લેવું એ લખી રે.
(કલ્યાણ નિર્ણય -૨)

❊ આચાર્ય વિહારીલાલજી મહારાજ કહે છે :

વિવેકી પ્રાણી કર વિચાર મુક્તિ પામવા,
મુક્તિ પામવા સુખેથી ધામમાં જવા...
પ્રગટ અગ્નિથી બને રસોઈ તો નવી,
અંધકાર જાય પ્રગટ થાય જો રવિ...
પ્રગટ અડદથી વડાં બને મળે યદિ,
વાતથી વડાં બની શકે નહિ કે'દી...
તેમ પ્રગટ સંત પ્રગટ શ્રીહરિ મળે,
જન્મ અને મરણ તણું દુ:ખ તો ટળે...

❊ માટે મોંઘો મનુષ્ય જન્મ પામ્યા પછી મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખવાની જરૂરિયાત છે.

■ **ભક્ત ક્યારે થાય ? :**

❊ સામાન્ય રીતે લોકમાં એવું કહેવાય છે અને મનાય છે કે જે કોઈ માણસ ભગવાનનું ભજન કરતો હોય, મંદિરમાં જતો હોય, પૂજાપાઠ કરતો હોય, તીર્થયાત્રા-શાસ્ત્રપઠન, ધ્યાનાદિક કે યજ્ઞયાગાદિક સાધનો કરતો હોય તેને ભક્ત કહેવામાં આવે છે. કંઈક અંશે આ વાત સાચી હશે. પરંતુ શ્રીજીમહારાજ તો આ વચનામૃતમાં એવું કહે છે કે પૃથ્વી પર વિચરતા પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખે ત્યારે જ તે ભક્ત બને છે. એટલે કે પ્રગટ ભગવાન અથવા પ્રગટ સંતને ઓળખ્યા પછી જ સાચા ભક્ત થવાની શરૂઆત થાય છે.

❊ જેમ કોઈ વિદ્યાર્થી ડોક્ટર થયેલ પ્રોફેસરને ઓળખીને એની પાસે ભણવાની શરૂઆત કરે, પછી જ તેના માટે ડોક્ટર થવાની શરૂઆત થઈ કહેવાય.

એન્જિનીયર પ્રોફેસરને ઓળખીને તેની પાસે ભણવાની શરૂઆત કરે, પછી જ તેના માટે એન્જિનીયર થવાની તક મળી કહેવાય. એવી જ રીતે પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખીને તેમની મન-કર્મ-વચને શરણાગતિ સ્વીકારી અને ભક્તિ કરે પછી જ સાચા ભક્ત થવાની શરૂઆત થાય છે.

❊ મુક્તાનંદ સ્વામી કીર્તનમાં કહે છે :
કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે.

❊ મુક્તાનંદ સ્વામીના બીજા એક કીર્તનનો ભાવાર્થ એવો છે કે, 'મંગલરૂપ એવા પ્રગટ ભગવાન અને સંતને મૂકી પરોક્ષને જે ભજે છે, તેના મનની મલિનતા ટળતી નથી.' મંદિરમાં હજારવાર દર્શન કર્યાં હોય કે નાળિયેર વધેર્યા હોય, પણ બીડી-સિગારેટનું વ્યસન કે તમાકુ ન પણ છૂટે.

❊ શ્રીરામચંદ્ર ભગવાનના વખતમાં જેમણે જેમણે એમને ઓળખ્યા તેઓ સાચા ભક્ત બન્યા. જેમ કે, હનુમાનજી, શબરી, વિભીષણ વગેરે...

❊ શ્રીકૃષ્ણ ભગવાનના વખતમાં પણ ગોપીઓ, ઉદ્ધવ, ઋષિપત્નીઓ વગેરે ભક્તોએ ભગવાનને ઓળખ્યા તો સાચા ભક્ત થયાં.

❊ જેમણે ન ઓળખ્યા તેમને પસ્તાવો થયો અને ખોટ પણ રહી ગઈ. તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :
પ્રગટ ભક્તિ વ્રજવાસિયે કરી, પરોક્ષ ભક્ત અજ અમરીશ;
જેવું સુખ ગોપી-ગોપાળ પામિયાં, તેવું ન પામિયા વિધિ - ઈશ.
પ્રગટ ભજી ઋષિ-પત્ની, પરોક્ષ ભજ્યા ઋષિરાય;
ઋષિ-પત્ની હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપ માંય.
પ્રભુ પ્રગટના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ;
આજકાલના અભાગિયા, દિશ વિના દઈએ છે દોટ.
(સારસિદ્ધિ -૨૪)

❊ ભગવાનના અવતારો પછી જેમણે એવા સાચા સંતને કે ગુરુને ઓળખીને સમાગમ કર્યો તો તેઓ પણ સાચા ભક્ત બન્યા, જેમ કે, પરીક્ષિતનું શુકદેવજી થકી કલ્યાણ થયું, મીરાંબાઈએ રોહીદાસને ઓળખ્યા.

❊ શ્રીજીમહારાજના વખતમાં પણ દાદા ખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ, લાડુબા, જીવુબા, ઝમકુબા, જેવાં હજારો બાઈ-ભાઈ ભક્તો તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક સેંકડો પરમહંસો મહારાજને ઓળખીને સાચા ભક્તો બન્યાં.

❊ શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી એવા ગુણાતીત સંત પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે. તેથી એમનાં દર્શન એ શ્રીજીમહારાજનાં દર્શન છે. એમની સેવા એ શ્રીજીમહારાજની સેવા છે, એવું મહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે.

❊ **ગઢડા પ્રથમ-૨૭ :** 'એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનેક શુભ ગુણે યુક્ત જે ભક્ત તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે, ને અનંત જીવના ઉદ્ધારને કરે છે - એ સમર્થ તો કેવા જે, એના નેત્રમાં ભગવાન જોનારા છે, તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે. તે માટે બ્રહ્માંડમાં સર્વજીવના પગને વિશે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોના ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'

❊ **ગઢડા પ્રથમ-૩૭ :** ''જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે, તેનું દર્શન તે તો ભગવાનના દર્શન તુલ્ય છે. અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા એ મોટા છે.''

❊ **સારંગપુર-૧૦ :** 'એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.'

❊ **ગઢડા અંત્ય-૨૬ :** 'એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિશે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.'

❊ આવા સંતમાં ભગવાન રહ્યા છે, તેવું નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે.
સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે.
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છું સાક્ષાત્ રે.
સંત જુએ તેમ ભેળો હું જોવું રે, સંત સૂતા પછી હું સોઉં રે.
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે.
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે.
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફરે નથી એક રતિ રે.
(પુરુષોત્તમ પ્રકાશ-૪૧)

❊ માટે અત્યારે જેમના દ્વારા શ્રીજીમહારાજ અને પૂર્વેના સર્વે અવતારો પ્રગટ છે, એવા પ્રમુખસ્વામી મહારાજને યથાર્થ ઓળખી શકીએ તો જ વાસ્તવિક અર્થમાં સાચા ભક્ત બની શકાય.

■ **પ્રગટ ભગવાન કે પ્રગટ સંત કેવી રીતે ઓળખવા ? :**

❊ ભગવાન કે સંત જ્યારે પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે પોતાનું સમગ્ર સામર્થ્ય, ઐશ્વર્ય, દિવ્યપણું છુપાવીને વર્તતા હોય, આપણા જેવા થઈને જ આપણી સાથે હરતા, ફરતા, સર્વે ક્રિયા કરતા જણાય છે. તેથી આપણે આપણી માયિક દૃષ્ટિ અને બુદ્ધિથી દિવ્ય એવા ભગવાન કે સંતને ઓળખી શકતા નથી. કારણ કે ભગવાનનું સ્વરૂપ ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. (**વચનામૃત ગઢડા પ્રથમ-૭૮, પંચાળા-૪, કારિયાણી-૧**) તેથી ભગવાનનો નિશ્ચય તો ભગવાન થકી જ થાય છે. (**વચનામૃત ગઢડા પ્રથમ-૫૧**) ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે, એમની પ્રસન્નતા માટે મન-કર્મ-વચને સેવા-ભક્તિ કરવી પડે. વળી, ભગવાનું સ્વરૂપ અને તેનો મહિમા સમજવા માટે થોડોક પુરુષાર્થ કરીએ તો તેમની કૃપા થાય અને તો એમનું સ્વરૂપ ઓળખાય.

❊ તો ભગવાન અને સંતની કૃપા મેળવવા અને એમનું સ્વરૂપ સમજવા માટે શું કરવું જોઈએ ?

૧. **શાસ્ત્રોનું વાંચન-ચિંતન-મનન :** - વિશેષે કરીને વચનામૃત-સ્વામીની વાતો અને શ્રીજીમહારાજ તથા ગુરુ-પરંપરાનાં જીવન ચરિત્રોનું નિયમિત વાંચન-મનન ચિંતન. કારણ કે, આ ગ્રંથોમાં ભગવાન અને સંતનો મહિમા, સંતનાં લક્ષણો. વિશેષ કરીને એમનાં જીવન-ચરિત્રોથી સમજાય.

૨. એમનાં જીવન, ઉપદેશ, વર્તન અને કાર્યોનો વિચાર કરવો. એમનાં અસાધારણ ઐશ્વર્ય, સામર્થ્ય અને કાર્યનું ચિંતન-મનન કરવાથી ભગવાન અને સંત આપણા કરતાં જુદાં છે, વિશેષ છે, તેની પ્રતીતિ થશે.

૩. નિયમિત મન-કર્મ-વચને, શુદ્ધ અને નિષ્કપટ ભાવે સત્સંગ કરવો.

૪. **પ્રાર્થના :** એમના સ્વરૂપને યથાર્થ સમજી શકાય તે માટે શુદ્ધ ભાવે પ્રાર્થના.

❊ આ રીતે ભગવાન શ્રીજીમહારાજ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા એ બંનેના પ્રત્યક્ષ સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને જો યથાર્થ ઓળખાય તો તેમના યથાર્થ ભક્ત થવાય.

■ **આવા ભક્તનાં લક્ષણો :**

❊ જે પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખીને ભક્ત થયો છે, તેનાં લક્ષણો કેવાં હોવાં જોઈએ તે મહારાજ અહીં સમજાવે છે. શ્રીજીમહારાજે અહીં જે વાત કરી છે, તેને સારરૂપે મુદ્દાસર જોઈએ તો નીચે પ્રમાણેનાં લક્ષણો આવા ભક્તમાં હોવાં જરૂરી છે.

જેને ભગવાનની ઓળખાણ થઈ અને ભગવાનનો ભક્ત થયો તેણે....

(૧) ભગવાન અને ભગવાનના ધામનું અત્યંત અપાર સુખ જાણવું જોઈએ.

મીરાંએ રાણાના પ્રલોભનો ફગાવ્યાં - હીરામાણેકની માળા નથી જોઈતી - ''પાયોજી મૈંને રામરતન ધન પાયો.''

(૨) ભગવાન અને ભગવાનના ધામનાં સુખની તુલનામાં ચૌદલોકમાં જે ભોગ-સુખ છે, અર્થાત્ માયિક પંચવિષયનું જે સુખ છે, તેને નરક અને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ.

સીતાજીએ હનુમાનજીને રાજી થઈને નવ લાખનો હાર ભેટ આપ્યો. હનુમાનજીએ તેના મોતી તોડી નાંખ્યાં. સીતાજીએ પૂછ્યું, 'આમ કેમ કર્યું', તો હનુમાનજીએ કહ્યું, 'આ હારના મોતીમાં રામ નથી. જેમાં રામ નથી તેનું મારે કામ નથી.'

હનુમાનજીએ ૯ લાખનો હાર ફેંકી દીધો.

(૩) ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ.

ગોપીઓએ જ્યારથી શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કર્યો, ત્યારથી જગતનાં સુખ ઝેર જેવાં થઈ ગયાં.

મન-કર્મ-વચને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરવી જોઈએ.

■ **ભગવાન અને ભગવાનના ધામના સુખની તુલનામાં માયિક પંચવિષયનાં સુખની તુચ્છતા :**

❊ શ્રીજીમહારાજે, ગુણાતીતાનંદ સ્વામીએ અને અનુભવી સંતો- પરમહંસોએ ભગવાનના અનંત, અપાર, દિવ્ય અને શાશ્વત સુખનું નિરૂપણ કરીને જગતના સુખને, ચૌદલોકના સુખને નાશવંત, ક્ષણિક, તુચ્છ અને અત્યંત દુઃખરૂપ કહીને નરક તુલ્ય કે કાકવિષ્ટા સમાન કહ્યું છે. જેમ કે,...

❊ સારંગપુરના પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે - ''અને તે ભગવાનનું એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રગટ મળ્યા છે. તેને મૂકીને નરકનાં કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષય સુખ તો કેવળ દુઃખરૂપ જ છે.''

❊ **લોયા-૧૮ :** ''અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક-પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે.''

❊ **પંચાળા-૧ :** ''પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે. ને તે કરતાં રાજાનું સુખ અધિક છે. ને તેથી દેવતાનું સુખ અધિક છે. ને તેથી ઈંદ્રનું અધિક છે. ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.''

એવી રીતે ભગવાનના સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચવિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે. અને તે ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો, જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું છે.''

❊ **વરતાલ-૧૬ :** ''અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદલોકનાં રાજ્યને વિષે પણ નથી. અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વયંભુવ, મનુ આદિક જે મોટા રાજા તે સર્વે

રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારું જાય ? અને ભગવાનના ભજન એ જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારું મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ ચૌદલોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરકતુલ્ય ભાસે છે. અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે. બીજું સર્વે દુઃખરૂપ જણાય છે.''

❊ **ગઢડા અત્યં-૩૯ :** 'તેમ ભગવાને બ્રહ્માંડને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે ને પોતાને વિષે સુખ છે તે તો મહામોટું છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો નાખ્યું, તે પ્રકૃતિપુરુષમાં આવ્યું ને ત્યાંથી પ્રધાનપુરુષમાં આવ્યું ને ત્યાંથી વૈરાટમાં આવ્યું ને ત્યાંથી દેવતામાં આવ્યું ને ત્યાંથી આંહી મનુષ્યમાં આવ્યું છે, તે સુખમાં જીવમાત્ર સુખિયા છે. માટે સુખમાત્રનું મૂળ કારણ ભગવાન છે, તે સુખે સુખિયા થાવું. **(સ્વામીની વાત : ૧/૧૮૨)**

❊ 'જેટલું કાંઇ માયામય સુખ છે, તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ એ વાત પણ એક જાણી રાખવી.' **(સ્વામીની વાત : ૧/૨૫)**

❊ 'વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.' **(સ્વામીની વાત : ૧/૨૬)**

■ **પરમહંસો કહે છે :**

❊ પ્રેમાનંદ સ્વામી :

'તુમ બિના સુખ નાહી ત્રિભુવનમેં મોયે,
બહુત ફિર્યો હું ભુલાનો.'

❊ દેવાનંદ સ્વામી :

'સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે,
તેને જાતાં ન લાગે વાર'

❊ નિષ્કુળાનંદ સ્વામી -

સહજાનંદ સિંધુ રે, આજ મારે ઊલટ્યા રે;
ભાંગી મારી ભવોભવની ભૂખ,
કંગાલપણું તે રે, બેની મારું કાઢિયું રે;
દૂર કીધું દાળીદર ને દુઃખ...

❊ યોગાનંદ સ્વામી :

એ સુખની શી કહું વાત કહી નથી જાતી રે,
એ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી રે.

❊ બ્રહ્માનંદ સ્વામી :

રાજ મારે દિન દિન દિવાળી રે,
વ્હાલા મળતાં તમને વનમાળી રે...
બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે,
અતિ આનંદ વાધ્યો છે મારે અંગે રે...

❊ યોગીજી મહારાજ અવારનવાર ઉપદેશ આપતા કે જગતનું સુખ તો નરક જેવું, કાકવિષ્ટા જેવું, શેરડીના કૂચા જેવું અને મૃગજળ જેવું છે.

■ **પદાર્થમાંથી પ્રીતિ ટાળીને ભગવાન અને ભક્તમાં પ્રીતિ કરવી :**

❊ આ રીતે ભગવાનનો જે ભક્ત હોય તેણે ભગવાનનું સુખ અધિક છે અને જગતનું સુખ નાશવંત, ક્ષણિક અને દુઃખરૂપ છે, એવું જાણીને જગતનાં સુખમાંથી પાછા વળીને ભગવાનમાં જોડાવું, ભગવાનમાં પ્રીતિ કરવી. આ પ્રકારની વાત શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં કહે છે.

❊ **પંચાળા-૧ :** ''માટે એ ભગવાનના ધામમાં સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે. તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઇ જાય છે. અને સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઈત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરી છે. પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઇને વિષે નથી. જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે, તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી. તેમ બીજે ઠેકાણે તો

કિંચિત્ સુખ છે અને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે. અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે. માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે. માટે મારે ભગવાનનો સંબંધ અતિશ રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ.''

❊ એટલે તો પ્રેમાનંદ સ્વામી કહે છે :

તમારી મૂર્તિ વિના મારા નાથ રે,
બીજું મને આપશો મા.
હું તો એ જ માગું છું જોડી હાથ રે,
બીજું મને આપશો મા.

❊ સારંગપુરમાં પુષ્પદોલોત્સવના ઉત્સવ પ્રસંગે સ્ત્રી-ભક્તોએ જે ફગવા માગ્યા હતા તેમાં પણ 'જગતનું સુખ આપશો મા' એમ કહ્યું છે.

❊ જે જે સાચા ભક્તો થયા છે તેમણે જગતનાં પદાર્થમાં પ્રીતિ રાખી નથી, સામેથી મળે તોપણ તેનો ત્યાગ કર્યો છે.

❊ સીતાજી રાવણની સુવર્ણમયી લંકા અને રાવણના પ્રલોભનમાં ન ફસાયા.

❊ બ્રહ્માનંદ સ્વામી ગાયકવાડના પ્રલોભનમાં ન લેવાયા. કેટલી સાહ્યબી, કંચન, કીર્તિ છોડીને આવી ગયા ! !

❊ અદ્ભુતાનંદ સ્વામી લગ્નના માંડવેથી નીકળી ગયા. પછી વિચરણ દરમિયાન રાજાના પ્રલોભનમાં ન અટવાયા. રાજ્ય-દીકરી આપવા તૈયાર હતા.

❊ લાડુબા, જીવુબા, ઝમકુબા - પરણેલા ધણીનો ત્યાગ.

❊ ભગતજી મહારાજે, ગુણાતીતાનંદ સ્વામીને ૬૦,૦૦૦ રૂ. લેવાની ના પાડી.

❊ યોગીજી મહારાજને પુનઃ જૂનાગઢ બોલાવવા આમંત્રણ - જેતપુરથી સન્માન કરીએ- પણ 'ના'

❊ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજને જગતનાં કંચન કામિની, કીર્તિનો મોહ જ નહિ. ખાવા-પીવાનાં પદાર્થમાં કે અન્ય કોઇ સારાં પદાર્થની અપેક્ષા-ઈચ્છા જ નહિ.

❊ માન-પ્રશંસાનો પણ સ્વાદ નહિ.

❊ સારી સગવડની પણ અપેક્ષા નહિ.

❊ આ રીતે જે સાચો ભક્ત છે, અને જેણે ભગવાનનો યથાર્થ મહિમા સમજાયો છે તેને ભગવાનમાં પ્રીતિ કરવાની મૂકીને જગતનાં પદાર્થો કે પંચવિષયમાં પ્રીતિ કરવી ઘટે નહિ. કારણ કે...

❊ પંચવિષયનું સુખ તુચ્છ, નાશવંત અને અનંત દુઃખનું કારણ છે.

❊ પંચવિષયો અનંત જન્મોથી ભોગવ્યા છે. તેનો પાર આવે તેમ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી છે.

(વચનામૃત : ગઢડા મધ્ય-૪૭)

❊ પંચવિષયના સુખમાં જ્યાં સુધી રાગ છે, ત્યાં સુધી ભગવાનું સુખ નહિ આવે એમ ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં કહે છે.

(સ્વામીની વાત : ૪/૧૨૫)

❊ ગીગો અને ભમરો મિત્ર હતા. ભમરો રોજ બગીચામાં તાજા ફૂલોનો રસ લે. જ્યારે ગીગો વિષ્ટાનો કીડો હતો તેથી વિષ્ટાનું સુખ લેતો. એક વખત ભમરો ગીગાને પોતાની સાથે બગીચામાં ફૂલોનો રસ લેવા માટે લઈ ગયો. પણ ગીગો પોતાની સાથે નાકમાં વિષ્ટાની ગોળીઓ ભરીને ગયો હોવાથી ફૂલના રસનું સુખ ન આવ્યું. જ્યારે ભમરાએ ગીગાને સરોવરના પાણીમાં ઝબકોળી નાકમાંથી વિષ્ટાની ગોળીઓ કાઢી નાંખી પછી ભમરાના જેવું જ ફૂલોના રસનું સુખ ગીગાને પણ આવ્યું.

❊ માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

ભોજન તેને કેમ ભાવે, જેણે ખાધાં કોઠાં કરી ખાંત ।
ઉપર ખાધી આંબલી, તેણે અંબાઈ ગયા છે દાંત ॥
જેની વિષય કોઠામાં વૃત્તિ વળગી, અહંમમતરૂપ ખાધી આંબલી।
તેને ગોળ સારો કેમ લાગશે, કેમ કે'શે સાકરને ભલી ॥
(સારસિદ્ધિ : ૪/૨, ૩)

❊ તેથી જ જ્યાં સુધી જગતના પંચવિષયમાં આસક્તિ છે ત્યાં સુધી ભગવાનનું સુખ નહિ આવે. કારણ કે,

ચિત્તકી વૃત્તિ એક હૈ, ભાવે તહાં લગાવો;
ચાહે તો હરિ કી ભક્તિ કરો, ચાહે તો વિષય કમાવો.

❊ **કીડી ચોખો લે ચલી, બીચ મેં આયી દાલ;**
દોનોં બાતેં ન બને, કાં સેંથો ને કાં ટાલ.

❊ યોગીજી મહારાજ - પ્રમુખસ્વામી મહારાજને અખંડ ભગવાનનું સુખ આવે છે. કારણ કે એને જીવનના કોઇ પણ પ્રકારના સુખની ઈચ્છા નથી.

❊ યોગીજી મહારાજ : '૫૦ વર્ષથી એકધારું સુખ આવ્યા કરે છે.'

❊ પ્રમુખસ્વામી મહારાજ : 'અફસોસનો કોઇ પ્રસંગ જ નથી. બધા આનંદના સુખના જ પ્રસંગો છે.'

❊ શ્રીજીમહારાજ અહીં વચનામૃતમાં કહે છે કે જો ભક્ત ભગવાનના સુખને મૂકીને અણસમજણે કરીને બીજાં સુખને-પદાર્થને ઈચ્છે તો એ એનો અવિવેક છે.

❊ બંગલો મૂકીને ઝૂંપડું કોણ માગે ?

❊ મર્સીડીઝ ગાડીના બદલામાં સાયકલ કોણ લે ?

❊ કરોડ રૂપિયા ને બદલે ૧ રૂા.ની નોટ કોણ લે ?

❊ સોનાની ચેઈનના બદલામાં એક કેરી કોણ લે ?

❊ લાખો રૂપિયાના હીરાના બદલામાં સફરજન કોણ લે ?

❊ જે લે તેને બુદ્ધિશાળી કહેવાય કે મૂર્ખ ?

❊ એ બાળકબુદ્ધિ જ. અવિવેકી જ કહેવાય. માટે ભગવાનને મૂકીને લૌકિક પંચવિષયની ઈચ્છા ન રાખવી.

❊ **હવે પંચવિષય વગરનું જીવન કેવી રીતે ટકે ?**
જીવનના નિર્વાહ માટે લૌકિક પદાર્થો અને પંચવિષયની પણ જરૂર પડે. તો શું કરવું?

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૮માં આનો ઉત્તર આપતાં કહે છે કે પોતપોતાના નિયમમાં રહીને વિષયો ભોગવવા, પરંતુ નિયમને મૂકીને તો પંચવિષયો ન જ ભોગવવા.

❊ જો નિયમમાં રહીને વિષય ભોગવે તો પંચવિષયો જીતાય છે. અર્થાત્ એના પ્રત્યેની આસક્તિ ટળે છે : એવું મહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૧૬માં કહે છે.

સભા : ૯ સભા કાર્યક્રમ

● **વચનામૃત** : સારંગપુર-૧ મન જીત્યાનું
● **સ્વામીની વાત** : ૧. પ્રકરણ : ૧/૧૧૯
૨. પ્રકરણ : ૧/૧૧૭
● **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત સારંગપુરનું પહેલું : 'મન જીત્યાનું'

સ્વામિનારાયણ હરે...

સ્વામિનારાયણ હરે સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અન સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'વિષયની નિવૃત્તિ થયાનું કારણ તે વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે.

તેમાં આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે.' એવી રીતે જ્યારે દેહથકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહીં. એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે.

અને ભગવાનનો મહિમા એમ વિચારે જે 'હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે, અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વના સ્વામી જે શ્રીપુરુષોત્તમ ભગવાન તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે. અને તે ભગવાનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વને વારીફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં. અને જે ભગવાનનું અક્ષરધામ છે, તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે, એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવા જે વિષયનાં સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે,' એવી રીતે ભગવાનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે. અને એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રકટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે.

● વચનામૃતની વિશેષતા :

- આ વચનામૃતમાં શ્રીજીમહારાજ સુખ પ્રાપ્ત કરવાનો ખજાનો બતાવે છે. અખંડ સુખનું સાચુ સરનામું-સાચું સ્થાન દર્શાવે છે.
- મનુષ્ય માત્ર સુખ માટે વલખાં બહાર વલખાં મારે છે. સુખની ઝંખના સાચી છે પણ સુખ મેળવવા માટેની દિશા ખોટી છે.
- આ વચનામૃતમાં મહારાજ સાચી દિશાનો નિર્દેશ કરતા જણાવે છે કે સુખનું ઠેકાણું તારી અંદર જ છે. આંતરતપાસ કર.
- આ વચનામૃતનાં આરંભમાં મુક્તાનંદ સ્વામીએ 'મન જીત્યુ હોય તેવા પુરુષના કેવાં લક્ષણ હોય' એવો પ્રશ્ન પૂછ્યો છે.

  ઉત્તરમાં શ્રીજીમહારાજ જણાવે છે કે જેણે પંચવિષયનો અતિશય ત્યાગ કર્યો હોય તેણે તેનું મન જીત્યું જાણવું.

  ત્યારે મુક્તાનંદ સ્વામી ફરી પ્રશ્ન પૂછે છે પંચવિષયની નિવૃત્તિ કેવી રીતે થાય ? આ મુખ્ય મુદ્દા પર હવે આપણે વિચાર કરીશું :

(૧) પંચવિષય એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

- જીવપ્રાણીમાત્ર વિષય વિના પળભર રહી શકતા નથી. વિષયમાં આ આસક્તિ એ જ જન્મમરણનો હેતુ છે - વચ. અમદાવાદ-૩

(૨) વિષયમાં આસક્તિ એ જ જીવને દુઃખનું કારણ છે. બંધનનું કારણ છે.

દ્દષ્ટાંત : ૧. એક ગામમાં લવિયો નામે દરજી રહે. તેને રીંગણાં બહુ ભાવે. ગામના પટેલની વાડીમાં રીંગણાં પાક્યા. લવિયાને થોડા આપ્યા. લવિયો સીધો ઘેર ગયો. પત્નીને કહે : 'બપોરે જ શાક બનાવજે.' એમ કહીને કમને પાછો ગયો. પત્નીએ દાળ બનાવી કાઢી હતી. તેથી શાક સાંજે બનાવવાનું રાખ્યું. લવિયાને સ્વાદમાં અતિ આસક્તિ. બપોરે થાળીમાં રીંગણાં ના જોયા ને પત્ની પર ગુસ્સે થઈ કહે : 'આના કરતા કૂવામાં પડીને મરી જા તો સારું' પત્નીને લાગી આવ્યું. ખરેખર પડી. લવિયો બેઘર થયો. ૧૨ વર્ષ મુંબઈ જઈ મજૂરી

કરી, ત્યારે ફરી પરણ્યો ને રોટલા ખાવા પામ્યો. ૧૨ વર્ષનું દુઃખ આવ્યું એનું મૂળ રીંગણાના શાકમાં આસક્તિ.

- રાવણને સીતામાં આસક્તિ જાગી ને હરણ કર્યું, તો મોત આવ્યું.
- રૂપની આસક્તિથી પણ દુઃખ આવે છે. પતંગિયું દીવાનો પ્રકાશ જોઈ આકર્ષાય. ને તેને ભેટવા જાય. ને બળીને ભસ્મ થઈ જાય.
- ભમરો ગંધમાં આસક્ત થાય છે. કમળના ફુલ પર બેસે. સુગંધના મોહમાં કમળ છોડે નહીં. રાત્રે કમળ બીડાઈ જાય. ભમરો લાકડું કોતરી નાંખે. પણ આસક્તિને લીધે. કોમળ પાંદડી કોરી ન શકે, છેવટે સવારે હાથી આવીને કમળને તોડીને પગ નીચે કચડી નાંખે ને ભમરો મૃત્યુ પામે.

(૩) વિષય ગમે તેટલા ભોગવો પરંતુ તૃપ્તિ થતી નથી.

- ગ.મ. - ૪૭માં શ્રીજીમહારાજ કહે છે પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તે ક્યારેય પાણી નાંખવાથી ભરાય નહીં. તેમ આ જીવને પણ વિષયથી ક્યારેય તૃપ્તિ થતી નથી.
- આપણી જીભ સો મણ ઘી ખાઈ ગઈ હશે, પણ ક્યારેય ચીકણી થઈ નથી.
- આપણી આંખો આખી જીંદગી રૂપ-કુરુપ જુએ તો પણ જોવાની આસક્તિ મટતી નથી.
- તૃષ્ણા ન જીર્ણા, વયમેવ જીર્ણા : - તુષ્ણા જીર્ણ થતી નથી, આપણે જીર્ણ થઈ જઈએ છીએ. - ભર્તુહરિ
- યયાતિ નામના રાજાને સ્ત્રીની ખૂબ વાસના હતી. આખી જીંદગી સ્ત્રીઓ સાથે રહ્યા. ઘડપણ આવ્યું છતાં ભોગની ઈચ્છા ટળી નહીં. તેથી પોતાના પુત્ર પુરુ પાસે યુવાની ઉછીની લીધી ને ફરી ભોગ માટે પ્રવૃત્ત થયા.
- અગ્નિમાં ઘી નાંખતા અગ્નિ બુઝાતો નથી, વધુ પ્રજ્જવલિત થાય છે. તેમ જેમ જેમ વિષયો વધુ ભોગવીએ તેમ તૃષ્ણા વધુ પ્રબળ થાય છે.
- ગુણાતીતાનંદ સ્વામી - પડછાયાનો જેમ પાર ન આવે, તેમ વિષયને પુગાય એમ નથી.

● વિષયમાંથી નિવૃત્તિ શા માટે જરૂરી છે ?

ભગવાનનું સુખ લેવા માટે ?

ગુણાતીતાનંદ સ્વામી- ભગવાન મળ્યા છતાં અશાંતિ રહે છે. તેનું એક કારણ છે પંચવિષયમાં રાગ. ભગવાનનું સુખ લેવા માટે વિષય ત્યાગ કરવો જરૂરી છે.

- ગુણાતીતાનંદ સ્વામી - ભગવાનનું સુખ આવતું નથી કારણ કે વિષયોએ અદ્ધર ઝાલી રાખ્યા છે.
- એક બ્રાહ્મણ હતો. લગ્નની કંકોત્રી લઈને યજમાનના ઘરે જતો હતો. ઝોળીમાં દાળિયા ભરેલા હતા. રસ્તામાં દાળિયા ખાતો જાય ને પાણી પીતો જાય. ગામ પહોંચ્યો ત્યારે પેટ ભરાઈ ગયું હતું. યજમાનના ઘેર લાડુ હતા. પણ એક ટુકડો પણ મોંમા મૂકી શક્યો નહીં ને પેટ ફૂટવા લાગ્યો, 'હાય દાળિયા, હાય દાળિયા' કરી કરીને. તેમ આપણે પણ જો વિષયરૂપી દાળિયા ભર્યા હશે, તો ભગવાનના સુખના લાડુ જમી શકાશે નહીં.
- ગીગો એક નાનુ જીવડું છે. એના નાકમાં એ છાણની ગોળી ભરાવી રાખે. તેથી બગીચામાં જાય તો ય ફૂલની સુગંધ ન આવે. તેમ આપણે પણ વિષયની ગોળી હોય તો સુખ ન આવે.
- માટે પાછી વૃત્તિ વાળ્યા વગર છૂટકો નથી.
- 'વિષયાન્ વિષવત્ ત્યજેત્'
- વિષયોને ઝેરની માફક તજવા. -શંકરાચાર્ય

● વિષયની નિવૃત્તિ કેવી રીતે થાય ?

અહીં શ્રીજીમહારાજ બે ઉપાય બતાવે છે :

૧. આત્મજ્ઞાન :

- આત્મજ્ઞાન એટલે આત્માના સ્વરૂપનું યથાર્થ

જ્ઞાન.

- લોયા-૬ : દેહાભિમાનરૂપ એક દોષ એવો છે જેમાં સર્વે દોષ રહ્યા છે.
  આત્મનિષ્ઠારૂપ ગુણ એવો છે કે જેમાં બધા જ ગુણો રહ્યા છે.
- વિષયમાં મન તણાય છે એનું મૂળ કારણ છે દેહાભિમાન. 'હું દેહ છું' આ દૃઢતાને લીધે જીવ શરીર દ્વારા વિષયો તરફ ખેંચાય છે.
- 'જ્યાં લગી દેહને હું કરી માનશે, ત્યાં લગી ભોગવિલાસ ભાવે' - મુક્તાનંદ સ્વામી
  તેથી જો દેહભાવ ટળે તો વિષય ટળે. નહીંતર દોડાદોડ થાય.
- કસ્તુરી મૃગની નાભિમાં સુવાસિત કસ્તુરી હોય છે. આ કસ્તુરીની સુગંધ ક્યાંથી આવે છે એ શોધવા મૃગ આખુ જંગલ ખૂંદી વળે. પણ પકડી ન શકે. છેવટે થાકીને પડે ને ગૂંચળું વળે ત્યારે મોં નાભિ પાસે જાય પછી એને ખબર પડે કે સુગંધ તો મારામાં જ છે. એમ પાછી વૃત્તિ વાળે તો ખબર પડે કે સુખ આત્મામાં (પોતાનામાં) જ છે.
- જે પોતે પોતાના સુખને જોતો નથી, ભોગવતો નથી તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે એમ શ્રીજીમહારાજ કહે છે. (ગ.પ્ર. ૨૦)
- જીવ સાથે વળગેલ આ અનાદિ અજ્ઞાન ટાળવા જ શ્રીજીમહારાજ પૃથ્વી પધાર્યા છે : 'મેરા જો અવતાર હુઆ હૈ સો જીવો કે અનાદિ અજ્ઞાન કે નાશકે વાસ્ત હુઆ હૈ'. તેથી જ ગઢડામાં એક હરિજનના છોકરાને તેમણે ૧૦૦ વાર બોલાવ્યું કે 'બોલ, હું આત્મા છું.'
- પરમહંસો શ્રીજીમહારાજ પાસે આવ્યા ને બોલ્યા : 'હે મહારાજ, તમે કહો તો અન્ન ન જમીએ, પાણી ન પીએ, આંખનું મટકું ન મારીએ, હિમાલયમાં ઉઘાડે શરીરે રહીએ.
  આમ આકરી તપસ્યા કરવાની વાત કરી. ત્યારે મહારાજ રાજી થયા. પછી બોલ્યા :

  એક વાત કહુ માનો તેહ,
  આપણે આતમા નહીં દેહ,
  માનો ચૈતન્યરૂપ તમારું,
  દુ:ખરૂપ દેહ તેહ ન્યારું.
- જ્યાં લગી આત્માતત્ત્વ ચિન્યો નહીં,
  ત્યાં લગી સાધના સર્વ જૂઠી - નરસિંહ મહેતા
- શ્રીજીમહારાજ પણ આત્મારૂપ વર્તવાની વાત કરીને કહે છે કે સત્સંગમાં આત્મસત્તારૂપે નહીં વર્તે તેનું રૂપ ઉઘાડુ થયા વિના રહેશે નહીં. - ગ.અં. ૨૧

● આત્મનિષ્ઠાથી વિષયો કેવી રીતે જીતાય ?

- **શબ્દ** : ભગતજી મહારાજનું મહાભયંકર અપમાન થતું. છતાં સ્થિર રહી શકતા સારા-ભૂંડાં શબ્દો ખમી શકતા. કારણ હતું આત્મનિષ્ઠા.
- **સ્પર્શ** : ગુણાતીતાનંદ સ્વામી કાંકરાવાળી ભૂમિ પર વિના સંકોચે સૂતા.
- **સ્વાદ** : સ્વામીશ્રી મીઠાવાળો શિરો જરાપણ ફરિયાદ વિના જમી ગયા.
  આત્મનિષ્ઠા હોય તેને દેહભાવ જ ન હોય :
- ભગતજી મહારાજ બે દિવસ ઉપવાસ-ત્રીજે દિવસે પારણાં કરતા. ને દિવસમાં ૨૩ કલાક સેવા કરતા. આનું મૂળ હતું આત્મનિષ્ઠા.
- ઉમરેઠમાં ખૂબ પેટ ભરીને રસ-રોટલી જમાડ્યા પછી મહારાજે કીર્તનો ગાવા કહ્યું તો આંબા નીચે ઊભા ઊભા ગુણાતીતાનંદ સ્વામીએ ૨ કલાક કીર્તનો ગાયાં.
- યોગીબાપાને મ્વાન્ઝામાં લાલ મકોડા કરડ્યા પણ એક શબ્દ ન બોલ્યા.
- પ્રમુખસ્વામીએ વાસદમાં ૧૦૨° ડીગ્રી તાવમાં ૧૨૨ પધરામણીઓ કરી.
- આત્મારામને કોઈ પદાર્થની ઈચ્છા જ ન હોય. તે તો કોઈનાથી દબાય નહીં. આ રીતે

આત્માના સ્વરૂપના જ્ઞાનથી વિષય તરફ લેવાય નહીં.

દેહ ટકાવી રાખવા વિષય ગ્રહણ કરે ખરો, પણ તેમાં આસક્ત ન થાય.

૨. ભગવાનનું માહાત્મ્ય :

ભગવાનનો મહિમા સમજવા માટે ત્રણ મુદ્દા વિચારવા પડે.

- ભગવાનના સત્તા-સામર્થી-સુખનું અધિકપણું.

- ભગવાન ગોલોક, વૈકુંઠ આદિક અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે.
- બ્રહ્માદિક દેવ તેના પણ સ્વામી છે.

તો આ ધામો માટે દેવતાનું સુખ છે તેના કરતા ભગવાનનું સુખ અનંતગણું અધિક છે.

- પંચાળા-૧ વચનામૃતમાં આનું વર્ણન છે.
- ગરીબો માટે ધર્મશાળા કરે, પાણીની પરબો બનાવે. રસ્તે બે ય કોરે ઝાડ રોપાવે એવો કોઈ શેઠીયો હોય, તો તેના ઘરે કેવું સુખ હશે ? તેમ ભગવાને દેવાદિકને આટલો વૈભવ આપ્યો છે તો પોતાના ધામમાં તો સુખ હશે જ.
- ગુણાતીતાનંદ સ્વામી - અક્ષરધામમાંથી મચ્છરિયું મૂતર્યું, તેમાં ચૌદે લોક સુખી છે.
- એક દેશના વડાપ્રધાનની કેટલી સામર્થી સમજાય છે. તો ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડના માલિક છે. આવો મહિમા સમજાય તો ?
- વળી ભગવાનનું સુખ કેવું છે ?
- અનંતકોટિ બ્રહ્માંડના સારામાં સારા પંચવિષયો ભેગા કરી એક પલ્લામાં મૂકો. બીજા પલ્લામાં ભગવાનના એક રોમના કરોડમા ભાગનું સુખ મૂકો, તો રોમવાળુ પલ્લું નમી જાય.
- અનંત કોટિ બ્રહ્માંડના ઉત્તમ વિષય સુખ-ને એક બાજુ મૂકો ને બીજી બાજુ ભગવાનનું નિમિષ (એક પલકારો) જેટલા દર્શનનું સુખ મૂકો - તો દર્શનનું સુખ ચડી જાય. - દલપતરામ કવિએ ૮ વર્ષની ઉંમરે મહારાજના ક્ષણાર્ધ માટે દર્શન થયા. ૭૮ વર્ષની ઉંમર થઈ, પણ એ દર્શન ભૂલ્યા નહીં.
- મહાભારતમાં એટલે જ દેવતાના સુખને ભગવાનના સુખ આગળ નરક તુલ્ય કહ્યા છે. કારણ કે ભગવાનનું સુખ અનંત છે. અવિનાશી છે, શાશ્વત છે. જ્યારે વિષયનું સુખ અલ્પ, નાશવંત, દુઃખનું કારણ છે.
- આ રીતે ભગવાનના સુખનું અધિકપણું જણાય તો તુચ્છ-દુઃખરૂપ ક્ષણિક વિષયસુખમાં આસક્ત ન થવાય.
- નિષ્કુળાનંદ સ્વામી

  એવી કોણ વસ્તુ છે આ ભૂમાં,
  જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં.'
- હનુમાનને સીતાજીએ નવલખો હાર આપ્યો, તો હનુમાનજી મોતી તોડી તોડીને તપાસીને નાખી દીધો. 'જેમાં મારો રામ નહીં, તેનું મારે કામ નહીં.'
- તુકારામ સાવ ગરીબ ભક્ત. શિવાજીએ એમના ઘેર ધનસંપત્તિ મોકલાવી. તો ભગવાન આગળ જઈ કરગરવા લાગ્યા. 'હે પ્રભુ, મારો શો વાંક.' શિવાજીના માણસોને કહે : 'આને પાછું લઈ જાવ.'
- પ્રેમાનંદ સ્વામી :

  'તુમ બિન સુખ નાહી ત્રિભુવન મેં,
  મોહે, બહુ ફિરયો હું ભુલાનો.'
- મુક્તાનંદ સ્વામી :

  'રસિક શિરોમણિ તુમ બીન મોકુ,
  લગત હૈ જગસુખ ઝરત અંગારા.
- ગોપીઓ : જ્યારથી અમે શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કર્યો ત્યારથી જગતના સુખ ખારા ઝેર થઈ ગયા છે.

આમ, આવા મહિમા વગર કદાચ વિષયનો ત્યાગ ઉપરથી થાય, પણ અંદરથી રાગ ન ટળે. વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ

રસવર્જ્યં રસોપસ્ય, પરંદષ્ટ્વા નિવર્તતે ।

એટલે કે વિષય ન ભોગવનારના વિષયો નિવૃત્ત તો થાય છે પણ તેમાં રસ-આસક્તિ રાગ રહી જાય છે. પણ ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે તો રાગ ટળી જાય.

(૨) એવા ભગવાન મને પ્રગટ મળ્યા છે :

- પરોક્ષ ભગવાનથી યથાર્થ સુખ ન આવે. જેમ પ્રગટ અન્ન ને પાણી મળે તો જ ભૂખ-તરસ જાય એમ પ્રગટ ભગવાન મળેથી જ સુખ થાય છે.
- તો એ ભગવાન આકાશમાં નથી, મને મળેલા શ્રીજીમહારાજ આજે પ્રમુખ સ્વામીમાં છે એમ સમજવું પડે.
- ગ.મ. ૧૩ જે તેજને વિષે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.
- પ્રમુખસ્વામીઃ 'ઉપર છે એ દેખાતા નથી, અહીં છે એ મનાતા નથી. પછી ક્યાંથી સુખ આવે.'
- ગ.અં. ૨ - જેવી પરોક્ષ દેવને વિશે પ્રતીતિ છે, તેવી પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિશે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તે સર્વ અર્થ પ્રાપ્ત થાય.

(૩) એવા પ્રગટ ભગવાન મારા આત્મામાં જ બિરાજમાન છે - આ જ્ઞાનની સ્થિતિ કરવાની છે.

- પ્રમુખસ્વામી ઓળખાયા છતાં હંમેશાં તેમની સાથે રહેવાનો યોગ બહુ ઓછાને મળે છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજરૂપે ભગવાન મારા આત્મામાં અખંડ બિરાજમાન છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે. આ દ્વારા પૂર્ણપણું મનાય છે ને બધી જ વાસના, તૃષ્ણા ટળી જાય છે.
- ગ.મ.-૨૧ 'જેવી પરોક્ષમાં પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષમાં આવે તો કલ્યાણના માર્ગમાં મુદ્દો હાથ આવ્યો કહેવાય.'
- વિષયસુખ પદાર્થમાં નથી, શરીર છે તો પદાર્થનું સુખ આવે છે.

શરીર સુખ ભોગવતું નથી, આત્મા છે તો શરીર સુખ ભોગવી શકે છે તેથી સર્વ સુખ આત્માનું છે. ને આત્માના આત્મા પરમાત્મા છે.

તેથી સર્વ સુખનું મૂળ પરમાત્મા જ છે.

સભા : ૨૬ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : સારંગ. ૨ : ભગવાનની મૂર્તિમાં હેત
શકીએ.
થયાનું

❖ **વિશેષ પ્રવચન** : 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'
અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ

❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે.....

વચનામૃત સારંગપુરનું બીજું : ભગવાનની મૂર્તિમાં હેત થયાનું.

સ્વામિનારાયણ હરે.....

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદી ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી ને શ્વેત પછેડી ઓઢી હતી તથા શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હવે મનને ગુણે જેમ વર્તવું તેની રીત કહીએ છીએ જે, પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુપક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરનાં દર્શનમાંથી વૃત્તિ તોડીને આડીઅવળી, ઊંચીનીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય. પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી. અને એ દર્શન કરે છે તે કેવાં કરે છે, તો જેમ અન્ય મનુષ્ય કરે છે તેમ તે પણ કરે છે. અને એવી લૌકિક દૃષ્ટિવાળો તો જેમ ખિલખોડી બોલે છે તે ભેળે પૂછડું ઊંચું કરે છે તેવો જાણવો. શા સારુ જે પરમેશ્વર ભેળે બીજાં દર્શન કરે છે. અને એવાં લૌકિક દર્શન જ્યારે એ કરવા માંડે ત્યારે જેવો પ્રથમ સારો હોય તેવો રહે નહીં અને તે દિવસે દિવસે ઊતરતો જાય.

તે માટે પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડીઅવળી દૃષ્ટિ કરવી નહીં. પરમેશ્વરનાં દર્શન તો

પ્રથમ પહેલે નવીન થયાં હોય ને તે સમયને વિષે જેવું અંતરમાં અલૌકિકપણું હોય તેવું ને તેવું મનમાં અલૌકિકપણું રહેતું જાય ને એકદૃષ્ટિએ કરીને મૂર્તિને જોતે જવું અને દૃષ્ટિ પલટીને અંતરમાં તેવી ને તેવી તે મૂર્તિને ઉતારવી. જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં, તેમ દર્શન તો મને યુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં પણ જેમ બીજાં દર્શન કરે છે તેમ ન કરવાં. અને જો પરમેશ્વરનાં દર્શન ભેળે બીજાં દર્શન મનુષ્યનાં કે કૂતરા-બલાડાનાં કરે છે, તો તેને જ્યારે સ્વપ્ન થાય ત્યારે પરમેશ્વર પણ દેખાય અને તે અન્ય પદાર્થ પણ ભેળે દેખાય. તે માટે પરમેશ્વરનાં દર્શન તો એક દૃષ્ટિએ કરવાં પણ ચપળ દૃષ્ટિએ ન કરવાં અને પરમેશ્વરનાં દર્શન દૃષ્ટિને નિયમમાં રાખીને કરે છે, તેને એ દર્શન નવીનનાં નવીન રહે છે અને પરમેશ્વરે જે જે વચન કહ્યાં હોય તે પણ તેને નવીનનાં નવીન રહે છે અને લૌકિક બાહ્યદૃષ્ટિએ કરીને દર્શન કર્યાં હોય તેને પરમેશ્વરનાં દર્શન તથા વચન એ સર્વે જૂનાં થઈ જાય છે. તે રોજ દર્શન કર્યા કરે પણ એવાને તો જેમ ન થયાં હોય તેવાં ને તેવાં રહે છે. તે જ્યારે ભજનમાં બેસે ત્યારે તેનું મન સ્થિર રહે નહિ બહુધારાએ યુક્ત થાય અને પરમેશ્વરને ધારે ત્યારે તે ભેળે બીજાં દર્શન જે જે કર્યાં છે તે પણ વગર ધાર્યાં આવીને હૈયામાં સ્ફુરે છે. તે માટે દર્શન તો એક પરમેશ્વરનાં જ કરવાં. અને એમ જે દર્શન કરે છે, તેનું મન ભજન-સ્મરણ કરતે એક પરમેશ્વરમાં જ રહે છે, પણ તેની બહુધારા નથી રહેતી એક રહે છે. અને જે ચપળ દૃષ્ટિએ દર્શન કરે છે, તેને હું જાણું છું અને જેનાં દૃષ્ટિ ને મન નિયમમાં હોય એવા જે મોટા સંત તે પણ જાણે જે, 'આ તો લૌકિક દર્શન કરે છે.' પછી તે લૌકિક દર્શનનો કરનારો આ સમાગમમાંથી દિવસે દિવસે ઊતરતો જાય છે. અને જેમ કોઈક કામી પુરુષ હોય તેની રૂપવંતી સ્ત્રીમાં એકમને કરીને દૃષ્ટિ પ્રોવાણી હોય તે સમે વચમાં કોઈક પશુપક્ષી આવે; જાય કે બોલે પણ તેની તેને ખબર રહે નહિ;' એવી રીતે એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું પણ લૌકિક દર્શન ન કરવાં.'

'એવી રીતે મનને ગુણે કરીને વર્તે ત્યારે તે ભક્તની ઉપર નિત્ય પ્રત્યે ભગવાનને નવીન ને નવીન હેત રહે છે; અને તે ભક્તને પણ ભગવાનને વિષે નિત્ય પ્રત્યે નવીન ને નવીન હેત રહે છે.'

॥ ઇતિ વચનામૃતમ્ ॥

❀ વચનામૃતની વિશેષતા :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ-

- ❊ ભગવાન અને ભક્ત વચ્ચે હેત કેવી રીતે થાય એ અંગેનું માર્ગદર્શન આપે છે.
- ❊ સત્સંગ અને ભક્તિ કરતાં કરતાં મને, વચને અને દેહે કરીને કેવી સાધના કરવાની છે તેની રીત શીખવે છે.

❀ વચનામૃતનું નિરૂપણ :

❀ બંધન અને મોક્ષનું કારણ : હેત

- ❊ જીવપ્રાણીમાત્રને હેતરૂપી માયાનું બંધન વળગ્યું છે, ત્યાં સુધી મોક્ષ થવાનો નથી. પણ એ જ હેત ભગવાન કે સંતને વિષે થાય, તો એ મોક્ષનું સાધન બની જાય છે.
- ❊ વચ.ગ.પ્ર.૩૪ : સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે ને એ સ્ત્રીથી ઉપજી જે પ્રજા તેમાં પણ સહેજે જ હેત થાય છે, તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે.
- ❊ વચ.ગ.મ.૫૯ : ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું - જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે મા-બાપ ને ભાઈ ઉપર છે, એવું હેત રાખવું તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.
- ❊ વચ.વ.૧૧ મુજબ સત્પરુષને વિષે દૃઢ પ્રીતિ હોય તો આત્મદર્શન થાય, મહિમા સમજાય

અને પરમાત્માનું દર્શન થાય છે.

❀ ભગવાનને ભક્ત ઉપર સ્નેહ થવો જરૂરી છે :

❊ વડાપ્રધાન કે રાષ્ટ્રપતિને તમે ઓળખો છો એ મહત્વનું નથી, પરંતુ એ તમને ઓળખે ત્યારે કામ થાય છે. એમ આપણને ભગવાન કે સંત સાથે હેત હોય તે સારું છે, પણ તે હેતનો એટલો લાભ નથી, કારણ કે એ હેત સ્વાર્થ-સભર હોય, દંભી હેત હોય કે હેતનો આભાસ પણ હોય; પરંતુ ભગવાનને આપણા ઉપર હેત હોય ને ભગવાન કહે - 'તું મારો' ત્યારે આપણે કૃતાર્થ થઈએ છીએ.

❊ બહાઉદ્દીન નામના કઠિયારાએ ગુણાતીતાનંદ સ્વામીને ઠંડીમાં તાપવા માટે લાકડાં સેવામાં આપ્યાં. સ્વામીની દૃષ્ટિ એના ઉપર પડી તો તે જૂનાગઢનો દીવાન બન્યો. સંતને એના ઉપર હેત થયું, તો કાર્ય થયું.

❊ વચ.ગ.મ.૪૫ : ભગવાન ને ભગવાનના સંત જે જે પ્રકારે આપણા ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું... દેવલોક-મૃત્યુલોકને વિષે જે જે સુખીયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે.

❊ આમ, ભગવાન અને ભક્તને પરસ્પર હેત થઈ જાય તો છતે દેહેજ ભગવાનના સુખનો અનુભવ થાય ને અલમસ્ત આનંદમાં રહેવાય.

❀ ભગવાન અને ભક્તને પરસ્પર હેત કેવી રીતે થાય ?

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સખી ભૂદર ભૂખ્યો છે ભાવનો,
અવિલોકી રે, જુવે અંતરની આશ.
સખી પછી કરે છે એ પ્રીતડી, પહેલી તાકી રે, જ્યારે કાઢે ત પ ા સ .
સખી ઉપરને રંગે રાચે નહીં, દંભ દેખી રે, રહે દયાળુ દૂર.
સખી પ્રપંચે પિયુ ન પામીએ, સાચે દિલે રે, હરિ રહે છે હજૂર.

અર્થાત્ ભગવાન ઉપરના ગુણો, સત્તા, સંપત્તિ કે લૌકિક આવડતથી રીઝતા નથી. અંતરના ગુણો, શુદ્ધ અને નિષ્કંલક જીવનથી અને નિષ્કામ ભક્તિથી રીઝે છે.

❊ ભક્તકવિ સૂરદાસ :

सबसे ऊँची प्रेम सगाई, दुर्योधन को मेवा त्यागो,
साग विदूर घर खाई

❊ શ્રીજીમહારાજ જેતલપુરમાં જીવણ કોળીનો મઠનો કાચો-પાકો રોટલો જમ્યા.

❊ આ બધાને પ્રભુ પ્રત્યે શુદ્ધ ભાવ હતો તો પ્રભુ રાજી થયા. આપણે પણ એવા ગુણો કેળવવાના છે.

❊ જેમ ભગવાનનું સામર્થ્ય અને ઐશ્વર્ય જોઈને ભક્તને એમના ઉપર હેત થાય છે, એ જ રીતે ભક્તનાં ગુણો અને શુદ્ધ વર્તનથી ભગવાનને ભક્ત ઉપર હેત થાય છે.

❊ આમ, આ વચનામૃતમાં શ્રીજીમહારાજ પરસ્પર હેતની રીત સમજાવે છે.

❊ આ લોકમાં આપણો અનુભવ છે કે દારૂડિયાને દારૂડિયા સાથે ફાવે, જુગારીને જુગારી સાથે, કામીને કામી સાથે, રખડુને રખડુ સાથે ફાવે - એનાથી વિજાતીય મળે તો તેવા સાથે તેને ઊભું રહેવું પણ ગમે નહીં. તેમ અધ્યાત્મમાર્ગમાં પણ એવું જ છે. ભગવાન કે સંતને સજાતીય ન થઈએ, એટલે કે એમને ગમે છે એવા સદ્‌ગુણો ન કેળવીએ, ત્યાં સુધી એ કરુણાવશ આપણને હેત કરે, તો પણ આપણને ફાવશે નહીં, રૂચશે નહીં, પચશે નહીં.

❊ ભગવાનને ભક્તની પાસે કેવી અપેક્ષા રહે છે કે જેથી એમને ભક્ત ઉપર હેત રહે-તેની વાત કરતાં મહારાજ અહીં ભક્તને ત્રણ પ્રકારે વર્તવાની વિસ્તૃત સમજૂતી આપે છે :

૧. દેહે કરીને વર્તન
૨. વચને કરીને વર્તન અને

૩. મને કરીને વર્તન.

❀ મને કરીને કેવી રીતે વર્તવું ?

❋ મનને સદાય ભગવાનમાં જોડી રાખવું અને મને કરીને ભગવાનની ઈચ્છા પ્રમાણે વર્તવું એ માનસિક સાધના છે. દેહે કરીને કે વચને કરીને તો લોકલાજ ખાતર કે સારા દેખાવા માટે પણ માણસ વર્તે, પણ મને કરીને વર્તવું એ અદૃશ્ય સાધના છે. કારણ કે ભગવાન વિષેના આપણા સંકલ્પો, આશયો, ભાવો તો ભગવાન સિવાય અને અંગત પોતાના સિવાય કોઈ જાણી શકતું નથી.

❋ સૂરા ખાચર ૫૦૦ માળા ફેરવતા હતા, જ્યારે મુક્તાનંદ સ્વામી ફક્ત પાંચ જ માળા ફેરવતા હતા. સ્થૂળ દૃષ્ટિએ સૂરા ખાચરની માળા વધારે લાગે, પરંતુ એમને માળા દરમ્યાન ભગવાન સિવાય બીજા સંકલ્પો થાય, ધ્યાન બીજે જતું રહે - એની કોઈ ગતાગમ જ ન હતી. જ્યારે મુક્તાનંદ સ્વામી તો મણકે મણકે મહારાજની સ્મૃતિ કરતા, અન્ય સંકલ્પો ન થાય એનું જાણપણું રાખતા અને તેમ છતાં જો સંકલ્પ થઈ જાય તો માળા રદ ગણતા. આ સૂક્ષ્મ વસ્તુ હતી.

❋ જૂનાગઢના ઘનશ્યામદાસ (નાજા જોગીયા) આંખો બંધ કરી માળા ફેરવતા હતા. ત્યાં ગુણાતીતાનંદ સ્વામીએ એમનું મન પકડ્યું- 'માળા ફેરવો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?' દેહ તો પૂજામાં હતું, પણ મન ?

❋ મન સાથેની લડાઈમાં તો મોટા મોટા ઋષિમુનિઓ પણ હારી ગયા છે.

આવું જે મન તે વશ કેમ થાય ? સ્થિર કેમ થાય ? જો સ્થિર એવા જે ભગવાન કે સંતમાં જોડાય તો. અને તો જ ભગવાન અને સંતને આપણા ઉપર હેત રહે. મનને ભગવાનમાં જોડવા માટેનું પહેલું પગથિયું છે - ભગવાનનાં દર્શન એકાગ્રતાપૂર્વક કરવાં.

❀ ભગવાનનાં દર્શન કરવાની સાચી રીત :

૧. દર્શનનો યોગ ક્યાં ક્યાં પ્રાપ્ત થાય છે ?

❋ શિખરબદ્ધ કે હરિમંદિરમાં ભગવાનની મૂર્તિ આગળ.

❋ અષ્ટ પ્રકારની મૂર્તિમાં કે વ્યક્તિગત પૂજામાં.

❋ ભગવાનનાં પ્રસાદીભૂત તીર્થોમાં અને વસ્તુઓ આગળ

❋ ભગવાન પ્રત્યક્ષરૂપે જેમાં બિરાજે છે એવા પ્રમુખસ્વામી મહારાજમાં

❋ ઘરમંદિરમાં, ઘરસભામાં, સત્સંગ સભામાં

❋ ઉત્સવ-સમૈયાઓમાં

આવા અનેક સુયોગ આપણને પ્રાપ્ત થાય છે, જેમાં દર્શનની તક આપણને મળે છે.

૨. કેવી રીતે દર્શન ન કરવાં ?

❋ ફાટેલ દૃષ્ટિથી દર્શન ન કરવાં. ફાટેલ દૃષ્ટિ એટલે શું ? તો પરમેશ્વરનાં દર્શન કરતો હોય ત્યારે ત્યાં કોઈ મનુષ્ય આવ્યું હોય અથવા કોઈ પશુપક્ષી આવ્યું હોય, ત્યારે દર્શનમાંથી વૃત્તિ તોડીને આડીઅવળી દૃષ્ટિ કરી ભગવાન ભેળા તેનાં પણ દર્શન કરતો જાય.

❋ અહીં શ્રીજીમહારાજ આંખની ચંચળતાની વાત કરે છે. આવું કથા કે પૂજામાં થતું હોય, તો તે પણ ફાટેલ દૃષ્ટિ કહેવાય.

❋ બાજુમાં રેડિયો કે ટી.વી. ચાલુ હોય કે છાપામાં વૃત્તિ હોય કે વચ્ચે વચ્ચે વાતો કરતા રહીએ તો તે પૂજા ફળતી નથી.

૩. આવી રીતે લૌકિક દર્શન કરનારાને મોટી ખોટ જાય છે :

❋ ભગવાન ને સંત રાજી થતા નથી. જેમ આપણે ઘરે વડાપ્રધાન આવે ને આપણી સામે ઊભા રહે, પણ આપણે બીજે જોયા કરીએ કે બીજું

કામ કર્યા કરીએ તો તે રાજી થાય ?

❋ વચ.ગ.અં.૨૫ : અમારાં દર્શન કરતા હોય ને કોઈક બાઈભાઈ આવે અથવા કૂતરું નીસરે કે ઢોર નીસરે કે કાંઈક ખડખડે તેની સામું વારંવાર દર્શન મૂકીને જુએ પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે તેની ઉપર તો એવી રીસ ચડે જે શું કરીએ સાધુ થયા, નહીં તો એનું કાંઈક તાડન કરીએ.

❋ આ રીતે દર્શન કરનારાંને પરમેશ્વરનાં દર્શન અને વચન પણ જૂનાં થઈ જાય છે. રોજ દર્શન કર્યા કરતો હોય તો ય તેને યાદ રહે નહિ, તુરત જ ભૂલી જાય છે. આપણે પણ સ્વામીબાપાની પૂજામાં અનેક વખત દર્શન કર્યાં હોય, પણ જો તેની સ્મૃતિ રહેતી ન હોય, તો જાણવું કે દર્શન કરવામાં ખામી છે.

❋ આવી રીતે દર્શન કરનારાનું મન બહુધારાએ યુક્ત થાય છે. જેમ પ્રાણીનો મોટો ધસમસતો પ્રવાહ હોય એની તાકાત ખૂબ હોય, પણ એ પ્રવાહના ઘણા બધા ફાંટા પડી જાય, તો એકેય ફાંટામાં તાકાત રહે નહિ. એમ આપણી મનોવૃત્તિ અનેક જગ્યાએ ફંટાયેલી હોય, તો ભગવાનનું સુખ આવી શકતું નથી.

❋ આવો ભક્ત દિવસે દિવસે સત્સંગમાંથી ઊતરતો જાય છે. દારૂડિયો અઠંગ વ્યસની બને તેની શરૂઆત તો એક ચમચી જેટલો દારૂ પીવાથી જ થાય છે. જો તેને સમયસર રોકાય નહિ, તો ચમચીમાંથી વાટકી, વાટકીમાંથી પ્યાલો અને પ્યાલામાંથી બોટલો શરૂ થઈ જાય છે. એમ દર્શન કરવાની રીત જો સુધારે નહિ, તો ધીમે ધીમે સત્સંગમાંથી પાછો પડતો જાય ને ઊતરતો થઈ જાય છે, કારણ કે તેનું મન ભગવાનમાં જોડાતું નથી, ને ભગવાનનું સુખ આવતું જ નથી.

૪. કેવી રીતે દર્શન કરવા ?

❋ એકાગ્ર દૃષ્ટિ કરીને : મારી અને ભગવાનની વચ્ચે બીજું કાંઈ છે જ નહિ - એમ ધારીને દર્શન કરવા.

❋ કૌરવો અને પાંડવોની બાણવિદ્યાની પરીક્ષા ગુરુ દ્રોણે લીધી. બધાને વારાફરતી પૂછ્યું કે, 'સામે શું દેખાય છે ?' કોઈ કહે ઝાડ, કોઈ કહે પક્ષી, એમ બધા જુદું જુદું બોલ્યા. પણ અર્જુનને પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'માત્ર પક્ષીનું માથું અને એની આંખ જ દેખાય છે.' ને વધુ એકાગ્ર થવાની દ્રોણની આજ્ઞા પાળતાં તેણે નિશાન પાડ્યું.

❋ સ્વામીની વાતો : એકાગ્ર થયા વિના કાંઈ સિદ્ધ થાય નહિ.

❋ સોય પરોવવી હોય કે ઘઉંમાંથી કાંકરા કાઢવા હોય, તો પણ એકાગ્રતા તો પહેલી જોઈએ.

❋ એક ફકીર શેતરંજી પાથરીને નમાજ પઢતો હતો. એક કામાતુર પુરુષ પોતાની પ્રેમિકાને મળવા વેગમાં દોડતો હતો, તે ફકીરની શેતરંજી ઉપર પગ મૂકીને ચાલ્યો ગયો. ફકીરે એને ધમકાવ્યો, તો પેલો કહે, 'મને તો ખબર જ નહોતી કે તમે રસ્તામાં છો, કારણ કે મારું મન તો મારી પ્રેમકામાં જ લીન હતું. પણ તમે પણ અલ્લા સાથે એકતાર નહીં હો, તો જ તમે મારી નોંધ લીધી ને ?' ફકીર શરમાઈ ગયો.

नाचना कूदना ढोलको पीटना, रांडिया रांडकी भक्ति नाहीं,
रहे रेनदिन एकतार प्रभु संग, कहे कबीर सो भक्ति पाई.

❋ કુશળકુંવરબાનો પ્રસંગ આ વચનામૃતમાં મહારાજે વિસ્તારથી વર્ણવ્યો છે.

૫. એકાગ્ર મને કરીને દર્શન કરવા :

❋ ફક્ત આંખ જ જુએ તે દર્શન નથી, પણ આંખમાં મન ભળે ત્યારે સાચાં દર્શન થાય છે. લૌકિક કે પારલૌકિક બંને ક્રિયા કરતી વખતે આ લાગુ પડે છે. રસ્તા ઉપર પસાર થતાં આપણે ઘણી બધી વસ્તુઓ-વ્યક્તિઓને જોઈએ

છીએ, પણ જો એ જોતી વખતે મન ભળેલું હોતું નથી, તો તેમાંનું કશું જ યાદ રહેતું નથી.

* મોટે ભાગે પૂજા-ધ્યાન-દર્શન કે કથાશ્રવણ કરતી વેળાએ ભૂતકાળના પ્રસંગો કે ભવિષ્યની ચિંતા, આયોજનો અને વિચારો આવ્યા કરતા હોય છે.
* લોધિકાના દરબાર અભેસિંહ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. કથા સાંભળતી વખતે એમનું મન દરબારમાં પહોંચી ગયું. તેથી સ્વામીએ કહ્યું, 'દરબાર, અહીં બેઠાં ઘરનાં કામ નહીં થાય. એ વિચારોમાં કથા જતી રહેશે. ત્યાંનું નહીં થાય અને અહીંનું ય નહીં થાય.'
* પ્લાસ્ટીકની પોલી પાઈપ મારવાથી ખાસ ઈજા ન થાય, પણ એ જ પાઈપમાં લોખંડનો સળિયો ભરાવીને પછી મારવાથી તો હાડકાં ભાંગી નાખે, કારણ કે નક્કરતા આવી. એમ દૃષ્ટિમાં જ્યારે મન પરોવાય ત્યારે એની અસર ઘણી ઊંડી પડે છે.
* આમ દૃષ્ટિ અને મનની એકાગ્રતાથી કરેલાં દર્શન કાયમ નવીન રહે છે. તે ભૂલાતા નથી. તેથી મનનું પરિવર્તન થાય છે. શાંતિનો અનુભવ થાય છે.
* પરમહંસોએ મહારાજની મૂર્તિનાં પદો બનાવ્યાં છે. તેમાં કરેલા સૂક્ષ્મ વર્ણન પરથી તેઓની દર્શનની એકાગ્રતાનો ખ્યાલ આવે છે.
* યોગીજી મહારાજ મુંબઈમાં હતા, ત્યારે એકવાર છેલ્લા સાત દિવસના શણગાર અને હારનું વર્ણન એક સાથે કરી ગયા હતા.
* પ્રમુખસ્વામી જ્યારે પણ ઠાકોરજીનાં દર્શન કરતા હોય છે, ત્યારે સંપૂર્ણ પોતાને ભૂલીને મૂર્તિમાં લીન થઈ જાય છે. મૂર્તિને પ્રત્યક્ષ માનીને જ તેની અગવડ-સગવડ જાતે અનુભવે છે.
* એકવાર સારંગપુરમાં ધર્મકુળના ખંડમાં ઘનશ્યામ મહારાજના હાથમાં ફૂલની છડી આપી હતી. તે મોટી હતી, તેનાથી તેમનું અરધું મુખારવિંદ ઢંકાઈ જતું હતું. તેથી સ્વામીશ્રી કહે, 'આ છડી પકડવામાં નડે છે. તેથી લઈ લો.'
* પૂજારીએ કરેલા શણગારમાં પણ સ્વામીશ્રી સૂક્ષ્મતાથી દર્શન કરી જરૂરી સુધારા સૂચવે. દર્શન કરતાં કરતાં ભગવાનનાં તમામ અંગોનું ભાવપૂર્વક નિરીક્ષણ કરે. આવી જ એમની એકાગ્રતા કથાશ્રવણમાં હોય છે.
* ૧૯૮૬માં સ્વામીશ્રીની તબિયત સારી ન હોવાથી સારંગપુરમાં આરામ માટે આવ્યા હતા. તેઓ દિવસમાં ત્રણવાર સભામાં પધારતા. સંત સ્વામીએ સ્વામીશ્રીને ના પાડી, તો કહે : 'આપણે કથામાં બેસાય એ જ આરામ. ક્યારેક જ આવો લાભ મળે છે.'

❀ દર્શનની સાચી રીત અને એકાગ્રતા કેવી રીતે આવે ?

૧. **આસ્તિકભાવ :** શાસ્ત્ર અને મોટા પુરુષનાં વચનમાં વિશ્વાસ રાખીને એવી દૃઢ પ્રતીતિ કરવી જોઈએ કે, 'અષ્ટ પ્રકારની પ્રતિમા એ પ્રતિમા નથી પણ પ્રત્યક્ષ ભગવાન છે.'

* પ્રમુખસ્વામીને પત્રકારે પૂછ્યું : 'આ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ એ શેનું પ્રતીક છે ?' તરત જ ભાવમાં આવીને સ્વામીશ્રી બોલી ઊઠ્યા, 'આ પ્રતીક નથી, સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. સાક્ષાત્ ભગવાન બિરાજમાન છે. માટે મર્યાદા રાખવી.'

૨. **મહિમા :** ભગવાનનાં દર્શનનું મૂલ્ય સમજવું જોઈએ.

* વચ.સા.૧માં ભગવાનના એક નિમિષ માત્રના દર્શનના સુખની તુલના કરી છે. નિમિષ એટલે આંખનો પલકારો. એટલો સમય ભગવાનનું દર્શન થયું હોય, તે સુખની સામે અનંત કોટિ

બ્રહ્માંડના વિષયસુખને ભેગાં કરો, તો પણ તેની તોલે ન આવે એવું ભગવાનનું સુખ છે.

* વચ. લો.૧૮ મુજબ ભગવાન સુખસ્વરૂપ છે. તેમનાં સુખ આગળ તો અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું સુખ તુચ્છ થઈ જાય છે.
* આપણા ખિસ્સામાં ૨૫ તોલાની સોનાની લગડી પડી હોય, તો ત્યાં ધ્યાન આપવું પડે ? વૃત્તિ ત્યાં સહેજે જ રહે, કારણ કે સોનાનો યથાર્થ મહિમા સમજ્યા છીએ. એમ ભગવાનનો યથાર્થ મહિમા સમજાય તો વૃત્તિ રહે જ.

૩. **અતિશય પ્રીતિ :** જેમાં જેને પ્રીતિ હોય તેમાં વૃત્તિ રહે જ.

* સિનેમા કે ક્રિકેટમાં આસક્તિ હોય તો માત્ર એક જ વાર સાંભળે ને વાત જીવમાં ચોંટી જાય છે.

૪. **ઈન્દ્રિયોનો સંયમ :** આ જ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે આંખ અને કાનને વિશેષ નિયમમાં રાખવા. જગતનો કચરો સૌથી વધુ આ બે ઈન્દ્રિયો દ્વારા હૃદયમાં પેસે છે.

* મુક્તાનંદ સ્વામી સાધુ થતાં પહેલાં એક કલ્યાણદાસ નામના બાવા પાસે ગયા અને તેને બ્રહ્મચર્ય પાળવા માટેની રીત પૂછી, તો બાવો કહે, 'મને ૪૦ વર્ષ પહેલાં ઉજ્જૈનનો રસ્તો બતાવતાં એક બાઈએ હાથનું લટકું કર્યું હતું, તે આજે ૮૦ વર્ષની ઉંમરે પણ ઈદમ્ યાદ આવે છે. તો આપણે રોજ ટી.વી., સિનેમા ને જગતનું રૂપ જોતાં-માણતાં હોઈએ, તો શી દશા થાય ? માટે ઈન્દ્રિયોનો સંયમ અતિ મહત્વનો છે.
* લક્ષ્મણજી ૧૪ વર્ષ રામ-સીતા ભેગાં વનમાં રહ્યા પણ સીતાજીનાં ચરણથી ઉપર એમની દૃષ્ટિ ગઈ નહોતી.
* શિવલાલ શેઠના ઘરમાં છ માસથી આવેલી સાળી રોજ પીરસે, પણ તેમને ખબર હતી નહિ.
* પૂજા કે કથા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજમાં આવી જ એકાગ્રતા જોવા મળે છે.

૫. **આત્મનિષ્ઠાની દૃઢતા**

૬. **સતત અભ્યાસ :**

* વચ.ગ.પ્ર.૨૨ મુજબ દરેક ક્રિયામાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરે તો પૂજા કરતી વખતે પણ મન એકાગ્ર થાય.

સ્વામીની વાતો : જીવ તો બધા સારા જ છે, વન થતું નથી, તેનું કારણ એવો ઢાળો પાડેલ નથી. અભ્યાસ રાખે તો એ પણ થાય. માટે હાલતાં-ચાલતાં, ખાતાંપીતાં સતત મનન-નિદિધ્યાસન કરતાં રહેવું પડે.

૧. વચનામૃત : સારંગપુર-૩ : શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું

સ્વામિનારાયણ હરે...

વચનામૃત સારંગપુર પ્રકરણનું ત્રીજું : શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસે સાંજને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કેને કહેવાય ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ. અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરીને, જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે, તેને મનન કહીએ. અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો, તેને નિદિધ્યાસ કહીએ. અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે, તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય; અને જો ભગવાનનો એવી રીતે શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે; પણ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી. અને જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન અને નિદિધ્યાસ તે ન કર્યો હોય, તો લાખ વર્ષ સુધી દર્શન કરે, તોપણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય અને તે દર્શન તો કેવળ શ્રવણમાત્ર સરખું કહેવાય. અને જેણે ભગવાનના અંગ-અંગનું દર્શન કરીને પછી તે અંગ અંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યો હશે, તો તે અંગ આજે સહજે સાંભરી આવતું હશે અને જે અંગનું દર્શનમાત્ર જ થયું હશે તો તે અંગને સંભારતો હશે તોપણ નહીં સાંભરતું હોય. અને કેટલાક હરિભક્ત કહે છે જે, 'અમે તો મહારાજની મૂર્તિને ધ્યાનમાં બેસીને ઘણાય સંભારીએ છીએ તોપણ એકે અંગ ધાર્યામાં નથી આવતું, તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી આવે ?' તેનું પણ એ જ કારણ છે જે, ભગવાનની મૂર્તિનાં દર્શનમાત્ર કરે છે પણ મનન ને નિદિધ્યાસ નથી કરતો; માટે કેમ ધાર્યામાં આવે? કાં જે, જે માયિક પદાર્થ છે તે પણ કેવળ દૃષ્ટિમાત્રે દેખ્યું હોય ને કેવળ શ્રવણમાત્રે સાંભળ્યું હોય અને તેને જો મનમાં સંભારી ન રાખ્યું હોય તો તે વીસરી જાય છે; તો જે અમાયિક ને દિવ્ય એવું જે ભગવાનનું સ્વરૂપ તે તો મનન ને નિદિધ્યાસ કર્યા વિના ક્યાંથી સાંભરે? **માટે ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહીં તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તોપણ સાક્ષાત્કાર થાય નહીં.''**

ઈતિ વચનામૃતમ્ એવી રીતે સારંગપુર પ્રકરણનું ત્રીજું વચનામૃત થયું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

- **વચનામૃતની વિશેષતા :**
- શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આપણી સાધનાનું ખૂટતું તત્ત્વ ઉમેરી આપે છે.
- આત્મા પરમાત્માના સાક્ષાત્કારની સુગમ રીત શીખવે છે.
- શ્રવણ-દર્શનની સાચી રીત શીખવીને તે વિશેષ

ફળદાયી નીવડે તેવું માર્ગદર્શન આપે છે.

- શ્રવણ-દર્શન પછી મનન અને નિદિધ્યાસ કરવા ઉપર ભાર મૂકે છે.

● **યથાર્થરૂપે કરેલ કથાશ્રવણ અને મૂર્તિદર્શનનો મહિમા :**

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં શ્રોત્ર ઈન્દ્રિય (કાન) દ્વારા કથાવાર્તા અને ચક્ષુ ઈન્દ્રિય (આંખ) દ્વારા દર્શન કર્યા બાદ જો તેનું મનન અને નિદિધ્યાસન કરવામાં આવે તો શ્રવણ અને દર્શનનો સાક્ષાત્કાર થાય છે તેમ જણાવ્યું છે.

❊ શ્રીજીમહારાજે આ વચનામૃતમાં બતાવેલ રીત પ્રમાણે કથા સાંભળવામાં આવે તો શું લાભ થાય છે, તે જણાવતાં શ્રીજીમહારાજ **વચનામૃત કારિયાણી-૧૨**માં કહે છે કે, 'ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે.'

❊ વળી, શ્રીજીમહારાજ યથાર્થ રીતે દર્શન કરવાથી શું લાભ થાય છે, તે જણાવતાં **વચનામૃત ગઢડા મધ્ય- ૪૮**માં કહે છે કે, 'જેને આવી રીતનું (ભગવાનની મૂર્તિનું) ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ ને માયાના પાશ થકી મૂકાયો છે', 'એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી', 'એ તો સર્વે હરિભક્તમાં મુખિયો છે.'

❊ આમ, જો સાચી રીતે કથાશ્રવણ અને મૂર્તિદર્શન કરવામાં આવે તો આપણી જીવદશા ટળી બ્રહ્મદશા પમાય, માયા પર થવાય અને દેહ છતાં જ જીવનમુક્તિનો અનુભવ થાય છે.

● **કથાશ્રવણ અને મૂર્તિદર્શનની રીત :**

❊ આપણે વર્ષોથી કથા શ્રવણ અને ઈષ્ટદેવ તથા ગુરુહરિનાં દર્શન કરીએ છીએ, છતાં આગળ કહેલ સ્થિતિનો અનુભવ આપણને કેમ નથી થતો ? શ્રીજીમહારાજનાં વચન સાચાં હોય તો આપણને લાભ થવો જ જોઈએ, પરંતુ આવી સ્થિતિનો અનુભવ નથી થતો, કારણ કે આપણી શ્રવણ અને દર્શનની રીત સાચી નથી.

❊ વસોના વાઘજીભાઈને અંતરમાં અખંડ શાંતિનો અનુભવ થતો જોઈ તેમના પિતા તુલસીભાઈએ પોતાના અંતરમાં એવી શાંતિનો અનુભવ થાય તે માટે ગુણાતીતાનંદ સ્વામીને પોતાના ગામમાં પધારવા આમંત્રણ આપ્યું. તેમનું આમંત્રણ સ્વીકારી સ્વામી વસો પધાર્યા. સ્વામીએ સભામાં વાતો કરવાનું શરૂ કર્યું. તુલસીભાઈ થોડી વાર સભામાં બેસે અને સીધા-સામગ્રીની વસ્તુ કાંઈક સાંભરે એટલે વસ્તુ લાવવા ઊઠે. વળી, પાછા આવીને સભામાં બેસે અને સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરે, 'સ્વામી ! મારા વાઘજી જેવું ટાઢું મને કરી દ્યો !' આમ બોલે અને વળી સભામાંથી ઊઠે, એમ આવ-જા કર્યા કરે. સ્વામીએ તુલસીભાઈને નિરાંતે બેસી કથા સાંભળવા ટકોર કરી, પણ તેની કોઈ અસર તુલસીભાઈને ન થઈ. તેથી તેમનાં અંતરમાં શાંતિ પામવાના સંકલ્પો અધૂરા જ રહી ગયા.

આપણે પણ શાંતિ અનુભવવા કથા સમયે વ્યવહારના બધા સંકલ્પો બાજુમાં મૂકી એકાગ્રચિત્તે કથા સાંભળીએ તો જ વાઘજીભાઈ જેવી શાંતિ પામી શકીએ.

❊ કથાની જેમ ભગવાનનાં દર્શન પણ એકાગ્રચિત્તે કરવા જોઈએ. જો ભગવાન-સંતનાં દર્શન કરતાં આડી-અવળી દૃષ્ટિ કરી અન્ય મનુષ્ય અથવા પશુ-પક્ષીનાં દર્શન કરીએ તો શ્રીજીમહારાજ તેવા ભક્તને વચનામૃત સારંગપુર-૨માં ફાટેલ દૃષ્ટિવાળો કહે છે. શ્રીજીમહારાજ કહે છે કે, 'એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી.'

❊ આપણે સામાન્યતઃ આપણી ભક્તિ સંબંધી ક્રિયામાં એકાગ્ર નથી હોતા. કંઈક ખડખડે, કૂતરું પસાર થાય, કોઈ વ્યક્તિ બાજુમાંથી પસાર થાય અથવા કોઈ પણ પ્રકારનો અવાજ કે હલચલ થાય ત્યારે આપણું મન તે ઠેકાણે પહોંચી જતું હોય છે.

❊ પૂજા કરવા બેઠા હોઈએ ત્યારે ક્યારેક ટી.વી. જોઈ લેવાય, ક્યારેક છાપામાં ક્રિકેટના સમાચાર પણ

જાણી લેવાય, તો ક્યારેક ચાલુ પૂજામાં ફોન પર ધંધાની વાત પણ થઈ જાય. કથામાં બેઠા હોઈએ ત્યારે પણ ફોન પર વાતો કરવી, મેસેજ કરવા, વોટ્સએપ વાપરીએ તો આગળ કહેલ કથાશ્રવણ કે મૂર્તિદર્શનનો લાભ ક્યારેય નહીં થાય.

❊ મોબાઈલ ફોન દ્વારા આપણે ઘણી વાર ઠાકોરજી અથવા ગુરુહરિના ફોટા પાડી બીજાને ફોરવર્ડ કરીએ છીએ, પણ પોતાના હૃદયમાં આ મૂર્તિ અખંડ રહે તે માટે કોઈ જ વિચાર કે પ્રયાસ થતો નથી. તેવી જ રીતે સંતોની કથા રેકોર્ડ કરી ફોરવર્ડ કરીએ, યુ ટ્યુબ પર મૂકીએ છીએ, પણ તે કથાને પોતાના જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરતા હોતા નથી.

◎ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ ।
પણ નટ ન જુવે કોઈને, જો જુવે તો બગડે કામ ॥

જેમ દોરડા ઉપર ચાલતા નટની દૃષ્ટિ કયાંય આઘીપાછી ન હોય, જેમ ક્રિકેટ રમતા શ્રેષ્ઠ બેટ્સમેનની દૃષ્ટિ કયાંય ન હોય, માત્ર દડા ઉપર જ હોય, તેમ દર્શન કરતી વખતે ભગવાન સિવાય ક્યાંય દૃષ્ટિ ન જવી જોઈએ.

◎ એક મુલ્લાજી નમાઝ પઢી રહ્યા હતા. એ જ વખતે એક પ્રેમી પોતાની પ્રેમિકાને મળવા દોડતો જઈ રહ્યો હતો. તે મુલ્લાજીના મુસલ્લા પરથી પસાર થયો. મુલ્લાજી ધૂંઆ-પૂંઆ થઈ ગયા. જ્યારે એ પ્રેમી પાછો વળ્યો ત્યારે મુલ્લાજીએ તેના ઉપર બરાબર ગુસ્સો ઠાલવ્યો, 'તું મુસલ્લા ઉપરથી ચાલીને ગયો ?' ત્યારે પ્રેમીએ કહ્યું, 'હું તો મારી પ્રેમિકાને મળવા જવામાં એવો એકતાર થઈ ગયો હતો કે મને ખ્યાલ ન રહ્યો, પણ તમે તો નમાઝ પઢવામાં એકતાર નહીં થયા હોય તો જ તમને હું નજરમાં આવ્યો ને!' ભગવાનનાં દર્શનમાં એવા એકતાર થવું પડે !

❊ તા.૨/૩/૨૦૦૭, સારંગપુર : પ્રમુખસ્વામી મહારાજ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી રહ્યા હતા. યુગાન્ડાથી આવેલા હરીશભાઈ ભૂપતાણીએ સ્વામીબાપાને પૂછ્યું, 'અમારે દર્શન કઈ રીતે કરવાં ?'

એક જ વાક્યમાં ઉત્તર આપતાં સ્વામીબાપા કહે, 'પોતાને ભૂલી જઈને ભગવાનનાં દર્શન કરીએ તો સુખ આવે.'

આમ, પોતાને ભૂલીને એકાગ્ર થઈને જો દર્શન - શ્રવણ કરીએ તો તે સાચા અર્થમાં દર્શન-શ્રવણ કહેવાય છે.

❊ આ રીતે દર્શન-શ્રવણ કરીએ તો સાધનાનું પ્રથમ પગથિયું ચઢ્યા કહેવાઈએ.

● **દર્શન-શ્રવણ કર્યા પછીનું પગથિયું એટલે મનન અને નિદિધ્યાસ :**

❊ શાસ્ત્રોમાં કહ્યું છે કે, **'मननात् मनुष्यः'** જે મનન કરી શકે તે મનુષ્ય છે.

❊ શ્રીજીમહારાજ સમજાવે છે કે જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરી જેટલી ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલાનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે, તેને મનન કહીએ અને જે વાર્તા નિશ્ચયે કરીને મનને વિશે ગ્રહણ કરી હોય, તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ.

❊ કથાવાર્તામાં અનેક પ્રકારના લોકોને અનુલક્ષીને વાત થતી હોય છે. બધી જ પોતાના માટે હોય તેવું જરૂરી નથી. દા.ત. (૧) કથામાં એમ વાત આવે કે 'આપણે દરરોજ સવારે ઊઠીને સ્નાન કરવું જોઈએ.' તો જે હરિભક્ત દરરોજ સ્નાન કરે જ છે તેના માટે આ વાત એટલી લાગુ નહીં પડે, જેટલી બીજી નવી વ્યક્તિ જે સ્નાન નથી કરતી તેને લાગુ પડશે. (૨) કથામાં એમ વાત આવે કે 'આપણે અભાવ-અવગુણ ન લેવા' તો જે હરિભક્તને આ બાબતે કાચ્યપ હોય તેને આ વાત ગ્રહણ કરવી જોઈએ.

આ રીતે કથાવાર્તામાંથી પોતાની જે કક્ષા હોય, પોતાનું જે અંગ હોય તેને પુષ્ટ કરતા હોય, તેમાં કંઈક સુધારો કરતા હોય, તેમાં કોઈક રીતે આગળ વધવાની પ્રેરણા મળતી હોય એવા શબ્દોને ગ્રહણ કરવા.

◎ અમેરિકન નિષ્ણાતોએ તાજેતરમાં જ એક કેન્સર અંગેનું તારણ બહાર પાડ્યું છે : ''જે વ્યક્તિની કાનની બૂટ ગાલ સાથે ચોંટેલી હોય, તે તમાકુ ન ખાતો હોય તોપણ તેને કેન્સર થવાની શક્યતાઓ વધુ છે.''

આ વાત વાંચી કે સાંભળીને તરત જ આપણને આપણા કાનનો વિચાર આવ્યો હશે કે મારો કાન કેવો છે ?

❊ આને સ્વલક્ષી વાંચન કે શ્રવણ કહે છે. કથામાં જ્યારે શબ્દો સાંભળીએ ત્યારે આ જ રીતે દરેક ઉપદેશને પોતા પર લઈ મારા જીવનમાં આમાંથી કેટલું છે, એ પ્રકારે વિચારવું. એટલે કે પોતાની જાત સાથે પ્રત્યેક શબ્દો મેળવતા જવું.

આવા શ્રવણ કે વાંચન બાદ લાધેલા શબ્દો મનન માટેનું પહેલું પગથિયું બને છે.

❊ બીજા શબ્દો બીજા માટે છે એમ માનીને, અથવા એ શબ્દો હમણાં પોતાના માટે નથી, પણ એ પ્રકારની કક્ષા આવશે ત્યારે જરૂર પડશે, એમ માનીને એ શબ્દોનો હાલ પૂરતો વિચાર નહીં કરવાનો. એ અર્થમાં મહારાજ અહીં ત્યાગ કરવાનું કહે છે.

❊ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ધુંધુકારીના આખ્યાનનું વર્ણન છે. આત્મદેવ અને ધુંધુલીનો પુત્ર ધુંધુકારી કુકર્મોને લીધે પ્રેત થયો હતો. તેનું ગયાજીમાં પિંડદાન અને શ્રાદ્ધ કરવા છતાં મુક્તિ ન થઈ, ત્યારે તેના ભાઈ ગોકર્ણએ સૂર્યનારાયણની આજ્ઞાથી શ્રીમદ્ ભાગવતની સાત દિવસની પારાયણ ગોઠવી. ધુંધુકારીએ સાત ગાંઠવાળા વાંસના છિદ્રમાં રહી ગોકર્ણના મુખથી સાત દિવસ સુધી કથામૃતનું પાન કર્યું. દિવસ દિવસે એક એક ગાંઠ ફાટતી ગઈ. સાતમા દિવસે ધુંધુકારી પ્રેતયોનિમાંથી મુક્ત થઈ ગયો અને તેને વૈકુંઠના પાર્ષદો તેડવા માટે આવ્યા. ધુંધુકારી દિવ્યરૂપ ધારણ કરી વૈકુંઠ ધામને પામ્યો. તે સમયે અન્ય શ્રોતાઓને પ્રશ્ન થયો કે કથા તો અમે બધાએ પણ સાંભળી છે, પણ અમે કેમ વૈકુંઠ ધામને ન પામી શક્યા ? શ્રોતાઓ વતી ગોકર્ણે આ પ્રશ્ન વૈકુંઠના પાર્ષદોને પૂછ્યો કે 'આ બધાનો મોક્ષ કેમ નહીં ?' ત્યારે પાર્ષદો કહે છે કે, શ્રવણ તો બધાએ સરખું જ કર્યું છે, પરંતુ ધુંધુકારી જેવું મનન-ચિંતન કોઈએ કર્યું નથી.

આપણે પણ દિવ્ય ગતિને પામવું હોય તો કથાશ્રવણ પછી મનન-ચિંતન કરવું અનિવાર્ય છે.

◎ એક મુમુક્ષુને ગોપાળાનંદ સ્વામીએ મહિના સુધી જગત ખોટું છે એમ સાંખ્યની વાતો કરી, પણ તે મુમુક્ષુ અચાનક એક દિવસ ગોપાળાનંદ સ્વામી સભામાં બેઠા હતા, ત્યાં આવી રડવા લાગ્યો. ગોપાળાનંદ સ્વામીએ તેને શાંત પાડ્યો, પણ શાંત થાય નહીં. સ્વામીએ પછી તેને રડવાનું કારણ પૂછ્યું. તો કહે, 'મારી બકરી મરી ગઈ.' આ સાંભળી ગોપાળાનંદ સ્વામીએ પણ સામે માથે ઓઢી પોક મેલી. પેલા મુમુક્ષુએ સ્વામીને પૂછ્યું કે, 'મારી તો બકરી મરી છે, તેથી હું રડું છું, પણ તમે કેમ રડો છો ?' ગોપાળાનંદ સ્વામી કહે, 'મેં તને છ મહિના વાતો કરી, તે મારા દાખડો નકામો ગયો તેથી મને રડવું આવે છે.'

કથા સાંભળ્યા પછી મનન-ચિંતન કરી વાતને હૃદયમાં ધારી ન હોય તો નજીવા નુકસાનમાં પણ દુ:ખી થઈ જવાય છે.

❊ વાંચન અથવા શ્રવણ આરસના પથ્થર જેવું છે, પણ એમાં નકશી પાડવા માટે મનન-ચિંતનરૂપી ટાંકણું અનિવાર્ય છે. જેણે જેણે મનન-નિદિધ્યાસ કરી હૃદયમાં વાત ધારી છે, તેની કિંમત વધી છે.

◎ એક રાજાના દરબારમાં એક પરદેશી વ્યક્તિ સોનાની ત્રણ એકસરખી પૂતળી લઈને આવ્યો અને ત્રણેયની સાચી કિંમત આંકવા વિનંતી કરી. પૂતળી ત્રણેય સુંદર, સોનાની અને વજન, રૂપ તથા આકારમાં એકસમાન હતી. સૌ વિચારમાં પડી ગયા. કોઈ પૂતળીઓ વચ્ચે ભેદ પારખી ન શક્યું, તો મૂલ્ય આંકવાની વાત તો તેઓ માટે ગજા બહારની હતી. અંતે રાજાના સૌથી બુદ્ધિશાળી મંત્રીનો વારો આવ્યો. મંત્રીએ ત્રણેય પૂતળીઓનું સૂક્ષ્મ નિરીક્ષણ

કરી એક ગોટી પ્રથમ પૂતળીના કાનમાં નાખી. તે ગોટી બીજા કાનમાંથી બહાર નીકળી ગઈ. એ જ ગોટી બીજી પૂતળીના કાનમાં નાંખી, તો તે ગોટી મોઢામાંથી નીકળી. એ જ ગોટી ત્રીજી પૂતળીના કાનમાં નાંખી તો ગોટી સીધી અંદર ઊતરી ગઈ. તેથી મંત્રીએ ત્રીજી પૂતળીને અમૂલ્ય ગણાવી. પછી કારણ જણાવતાં કહ્યું કે, 'પહેલી પૂતળી ઉપદેશ સાંભળી બીજા કાને કાઢી નાંખે તેથી તે ન્યૂન છે. બીજી પૂતળી પોતે સાંભળીને બીજાને ઉપદેશ દે છે, પણ સ્વયં હૃદયમાં ઉતારતી નથી, તેથી તે મધ્યમ છે, જ્યારે ત્રીજી પૂતળી બધું જ ગ્રહણ કરે છે તેથી તે સર્વોત્તમ છે.'

તેમ આપણે કથાવાર્તા સાંભળીને વિસરી જઈએ તો કનિષ્ઠ કહેવાઈએ, કથાવાર્તા સાંભળી બીજા માટે વાપરીએ તો મધ્યમ અને પોતાના જીવનમાં કથાવાર્તાને ઉતારીએ તો શ્રેષ્ઠ ભક્ત થઈ શકાય.

❋ વર્તમાન યુગમાં મોટા ભાગના વિદ્યાર્થીઓનો એક પ્રશ્ન એવો રહે છે કે અભ્યાસ કરીએ છીએ પણ યાદ રહેતું નથી. એક વાર બે વિદ્યાર્થીએ પોતાના શહેરના પ્રસિદ્ધ સાઈકિયાટ્રિસ્ટ પાસે પોતાની યાદશક્તિ વિષે ફરિયાદ કરી. પોતાની આ તકલીફને કારણે પોતાનું ભવિષ્ય રગદોળાઈ રહ્યું છે તવું તેમને લાગી રહ્યું હતું. સાઈકિયાટ્રિસ્ટે તેમને કેટલાક સવાલો પૂછ્યા. પ્રથમ યુવાન ઘણી બધી ફિલ્મો જોતો હતો. એ બધી જ ફિલ્મોમાં તે એક્ટરનાં દરેક પાત્ર તેને સારી પેઠે યાદ હતા ! એટલું જ નહીં, ફિલ્મનાં મોટાભાગનાં ગીતો અને ચોટદાર સંવાદો પણ તેને અક્ષરશઃ યાદ હતા !

બીજા વિદ્યાર્થીને ક્રિકેટમાં રસ હતો. વર્ષો પહેલા રમાયેલી ક્રિકેટ મેચના સ્કોર પણ તેને યાદ હતા. બંને વિદ્યાર્થીઓને બે દિવસ પૂર્વે અભ્યાસ વર્ગમાં શિક્ષકે શું શીખવ્યું હતું તે કાંઈ જ યાદ નહોતું. સાઈકિયાટ્રિસ્ટ બંને વિદ્યાર્થીઓને મળ્યા બાદ એવા તારણ પર આવ્યા કે યાદશક્તિ ઓછી નથી, પરંતુ તેમને ભણવામાં રસ નહોતો.

અભ્યાસમાં રુચિ ન હોવાથી કોઈ પ્રકારનું મનન અથવા નિદિધ્યાસ વિદ્યાર્થીઓ કરતાં નહીં, તેથી વર્ગમાં શીખવેલું તેઓ કાંઈ પણ યાદ રાખી શકતા નહીં, જ્યારે ફિલ્મ અને ક્રિકેટમાં રસ હોવાથી તેનું મનન અને નિદિધ્યાસ થવાથી તે યાદ રહેતું હતું.

◎ 'મેમરી નિષ્ણાતો' પણ જણાવે છે કે કોઈ પણ માહિતી દૃષ્ટિ, શ્રવણ અથવા સ્પર્શ દ્વારા ગ્રહણ કર્યામાં આવે પણ જો તેનું મનન કરવામાં ન આવે તો તે માહિતી લાંબા સમય સુધી મગજમાં ટકી શકતી નથી, પરંતુ વધુમાં વધુ દસ મિનિટમાં 'રિવ્યૂ' કરવામાં આવે તો તે સૌથી અસરકારક બને છે.

❋ ઈષ્ટદેવ અથવા ગુરુહરિનાં દર્શન કરીએ ત્યારે પણ જે દર્શન આપણને સ્પર્શતાં હોય, ગમતા હોય, તેનું મનન અને નિદિધ્યાસ કરવું જોઈએ. તે વિના મૂર્તિ ભૂલી જવાય.

❋ ક્રોધ ન કરવો, અભાવ-અવગુણની વાત ન કરવી, ન સાંભળવી, હાલતાં-ચાલતાં ભજન કરવું, ભજન કરતાં કરતાં ક્રિયા કરવી.... આ બધું કથામાં સાંભળીએ, ગ્રંથોમાં વાંચીએ પણ મનન-નિદિધ્યાસ ન કરવાથી જીવમાં દૃઢ થતું નથી, તેથી સમય આવતાં એ પ્રમાણે વર્તવાનું ભૂલી જવાય છે. માટે આ વાતનું વારંવાર ચિંતન જરૂરી છે.

❋ અમેરિકામાં વસતા રજનીભાઈ પટેલ કિચન કો-ઓર્ડિનેટર તરીકે સેવાઓ આપે છે. પણ સારું કાર્ય કરવા-કરાવવા જતાં તેમનાથી ગુસ્સો થઈ જતો હતો. પણ જ્યારથી 'રાજીપો' એ વિષય પર મહંતસ્વામી મહારાજનું ઓડિયો પ્રવચન સાંભળ્યું અને તેમનાં વચનોનું વારંવાર મનન-ચિંતન કર્યું તો સ્વભાવ બદલાવા લાગ્યો. હવે સૌની સાથે ખૂબ શાંતિથી વાત કરે છે, તેવો અનુભવ સૌને થયો છે.

◎ વીટિંગ્ટન નામે કિશોર લંડનના એક બગીચામાં બેઠેલો. ત્યાં બિગબેંગ ટાવરમાં બારના ટકોરા વાગ્યા ત્યારે તેને એમ સંભળાયું કે, 'વીટિંગ્ટન વિલ બી ધ મેયર ઓફ લંડન.' આ વાક્ય તેને રોજ ઘૂંટાયા કરે. રાત-દિવસ આ વાતનું જ ચિંતવન થયા કરે અને

તે માટે તેણે પુરુષાર્થ કર્યો તો વીટિંગ્ટન ખરેખર લંડનનો મેયર થયો.

ટાવરના ટકોરામાંથી સંભળાયેલી વાતનું નિદિધ્યાસ પણ વ્યક્તિને ઉચ્ચ હોદ્દા પર પહોંચાડી શકે છે.

◎ કોઈ પણ કળાનો વારંવાર અભ્યાસ કર્યા વગર આત્મસાત્ ન થાય. ક્રિકેટમાં બોલિંગ કે બેટિંગ માટે, તબલાં કે હાર્મોનિયમ શીખવા માટે, કોમ્પ્યુટર કે રસોઈ શીખવામાં નિષ્ણાત થવા માટે, કેટલી પ્રેક્ટીસ નિયમિતપણે કરવી પડે ? સંગીતની નિત્ય નિયમિત પ્રેક્ટીસ કરે તો તેમાં નિષ્ણાત થવાય.

એક દિવસ પ્રેક્ટીસ કરવાનું ભૂલી જવાય અથવા તો આળસ-પ્રમાદને લીધે ન કરે તો ઘણી ખોટ જાય. ઘણા દિવસની પ્રેક્ટીસ પર પાણી ફરી વળે.

◎ તેમ આ અધ્યાત્મ વાતનો નિત્ય અભ્યાસ કરવો પડે. નિયમિત તેનું ચિંતન કરવું પડે. જો નિયમિત ન કરે તો એક સ્થળે પાણીનો ઘડો ઢોળીએ, પછી પંદર દિવસ કે મહિનો ત્યાં પાણી ન નાંખે તો તે સુકાઈ જાય. પણ જો ધીમે ધીમે પાણીની નાની ધાર પણ નિત્ય વહેતી હોય તો ત્યાં પાણી ભરાય.

(વચનામૃત : ગઢડા પ્રથમ-૨૩)

◎ સત્તરમી સદીના અંગ્રેજી તત્ત્વચિંતક અને વૈજ્ઞાનિક ફ્રેન્સિસ બેકને કહ્યું કે,

'It is not what men eat, but what they digest that makes them strong.' શારીરિક બળનો આધાર શું ખાઈએ છીએ તેના પર નથી, પણ કેટલું પચાવીએ છીએ તેના પર છે.

તેમ આધ્યાત્મિક જ્ઞાનનો સાક્ષાત્કાર કેટલું વાંચીએ કે સાંભળીએ છીએ તેના પર આધાર નથી રાખતો, પરંતુ વાંચન કે શ્રવણ બાદ મનન કરીને કેટલું સંભારીએ છીએ તેના પર આધાર રાખે છે.

● **યથાર્થરૂપે કરેલ મનન-નિદિધ્યાસ સાક્ષાત્કારમાં પરિણમે છે :**

❋ કોઈક શૂરવીર અને આકરો માણસ હોય ને તેનો કોઈક પ્રતિપક્ષી હોય, તેણે તેનો બાપ મારી નાખ્યો હોય તો તેની તેને બહુ દાઝ્ય થાય ને દાઝ્ય થતી હોય ને વળી તેનો દીકરો મારી નાંખે ને વળી ભાઈને મારી નાંખે ને વળી બાયડી લઈ જાય ને વળી માને લઈને મુસલમાનને આપે અને વળી ગામગરાસ લૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ એને બહુ મનમાં દાઝ્ય થાય ને જાગ્રત-સ્વપ્નમાં સર્વકાળે એને એ વાતનો જ આલોચ રહે.

આ દૃષ્ટાંત શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા અંત્ય-૩૯માં આપ્યું, પણ એનો સિદ્ધાંત એ કે આવો આલોચ જો ઈષ્ટદેવ અને ગુરુહરિના વચનનો રહે તો એ જ્ઞાન તરત સિદ્ધ થાય, કહેતાં સાક્ષાત્કાર તત્કાળ થાય.

❋ મિથિલાનગરીમાં રાજા જનક સભામાં આવે પછી જ પુરાણી કથાનો પ્રારંભ કરતા. જનક સિવાય બીજા ઘણા શ્રોતા આવી ગયા હોય તોય પુરાણી કથા શરૂ ન કરે. આથી કેટલાકને થયું : 'શું આપણી કોઈ ગણતરી જ નહીં કે જેથી જનક આવે પછી જ પુરાણી મંગલાચરણ કરે ?' તેથી સૌએ એક વાર તો પુરાણીને કહી જ દીધું કે 'અમે સૌ આવીને બેઠા છીએ તો કથા શરૂ કરી દોને !' પુરાણી કહે : 'જનકને આવવા દો.' થોડી વારે જનક રાજા આવ્યા પછી પુરાણીએ મંગલાચરણ કરી સભાજનોને પ્રશ્ન કર્યો : 'ગઈ કાલે છેલ્લે આપણે કથા ક્યાં વિરામ કરેલી ? જેને યાદ હોય તે કહે. ત્યાંથી આપણે કથા આગળ ચલાવીએ.' પુરાણીની આ વાત સાંભળી સૌ એકમેકના મોં જોવા લાગ્યા. કોઈને ઉત્તર આવડ્યો નહીં. પછી પુરાણીએ જનકને પૂછ્યું : 'તમને યાદ છે કે ગઈ કાલે કથામાં શું વાત આવેલી ?' ત્યારે જનક રાજાએ હાથ જોડી નમ્રતાથી કહ્યું : 'પુરાણી મહારાજ ! કહો તો કાલની કથામાં શું આવેલું તે કહી આપું ને કહો તો અઠવાડિયા પહેલાની કથામાં શું આવેલું તે કહી આપું.' આ સાંભળી બધા શ્રોતા નવાઈ પામી ગયા ને મનમાં ને મનમાં સમજી ગયા કે પૂરાણીનો આગ્રહ જનક માટે શા કારણે

હોય છે ? પૂરાણીએ સૌને બોધ આપ્યો કે 'તમે બધા ટાઈમ પસાર કરવા માટે જ કથામાં બેઠા હો છો, પણ આ ખરા શ્રોતા છે.'

એમ આ વાતનું નિરંતર અનુસંધાન હોય તો આત્મસાત્ થાય અર્થાત્ એ વાતનો સાક્ષાત્કાર થાય.

❊ શ્રીજીમહારાજ કહે છે : તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ.

આપણાં નામ-ગામ-જ્ઞાતિનો જેમ સાક્ષાત્કાર થયો છે, તેમ આ વાતનો પણ સાક્ષાત્કાર થઈ જાય.

વળી, શ્રીજીમહારાજ આ વચનામૃતમાં આગળ વાત કરે છે કે આ રીતે આત્મા-પરમાત્માનું પણ શ્રવણ, મનન, નિદિધ્યાસન કરે તો તેનો પણ સાક્ષાત્કાર થાય.

◎ શંકરાચાર્ય કહે છે કે શ્રવણ કરતાં સો ગણું મનન કરવું જોઈએ, અને મનન કરતાં હજારગણું નિદિધ્યાસ કરવું જરૂરી છે. તે વગર એ વાતનો સાક્ષાત્કાર ન થાય.

❊ શ્રીજીમહારાજ જેમ શ્રવણ પછી મનન અને નિદિધ્યાસ કરવાનું કહે છે, તેમ જ ભગવાનનાં દર્શન પછી પણ મનન-ચિંતન અને નિદિધ્યાસ કરવાનું કહે છે. દર્શન કર્યા પછી પણ જો મનન ચિંતન કે નિદિધ્યાસ ન હોય તો તેનો પણ સાક્ષાત્કાર ન થાય.

◎ રાજમાતા કુશળકુંવરબાના આમંત્રણથી શ્રીજીમહારાજ ધરમપુર પધાર્યા હતા. તેમણે એક વાર શ્રીજીમહારાજને પૂછ્યું કે, 'મહારાજ ! આપ જ્યારે જ્યારે અમને કાગળ લખતા ત્યારે 'અનિર્દેશથી લિખિતંગ' એમ લખતા, તે એ અનિર્દેશ શું છે ?' ત્યારે શ્રીજીમહારાજ તેમને કહે, 'આ તમારો દરબાર નિર્દેશ અને ધરમપુર અનિર્દેશ. ધરમપુર શહેર નિર્દેશ અને આ પૃથ્વી અનિર્દેશ.' એમ સમજાવતાં સમજાવતાં પ્રકૃતિપુરુષ નિર્દેશ અને અક્ષરધામ અનિર્દેશ એમ સમજાવ્યું. શ્રીજીમહારાજે જવાબ આપ્યો ત્યાં સુધી એવી એકાગ્રતાથી તેઓ દર્શન કરતાં રહ્યાં કે શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં જડાઈ ગઈ. શ્રીજીમહારાજે ધરમપુરથી વિદાય લીધા બાદ પંદર જ દિવસમાં મૂર્તિ સંભારતાં સંભારતાં રાજમાતા દેહ ત્યાગ કરી અક્ષરધામમાં બેસી ગયા.

❊ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'પચાસ વર્ષે હજુ ઈદમ્ ભગતજીની વાતો સાંભરે છે.'

❊ એટલા જ માટે મહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૩, ગઢડા પ્રથમ-૩૮, ગઢડા મધ્ય-૩૫** અને **ગઢડા મધ્ય-૫૮**માં પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રોમાં મનને ગૂંચવી મૂકવાની વાત કરે છે. અર્થાત્ જે જે ચરિત્રોનાં દર્શન કર્યાં છે, તેમાં જ મનને નિમગ્ન રાખવું.

❊ આપણા માટે સદ્ભાગ્યની વાત છે કે પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજનાં આપણે પ્રત્યક્ષ દર્શન કર્યા છે. સમૈયા, ઉત્સવમાં અનેકવાર દર્શન થયાં છે. ભવ્ય મહોત્સવોમાં, એમની જન્મજયંતીના મહોત્સવોમાં, ફૂલદોલ ઉત્સવમાં કેવાં દિવ્ય દર્શન થયાં છે ! વળી, પૂજા કરતા, વોકિંગ કરતા, કથા કરતા, ભોજન લેતા, સ્નાન કરતા જોયા છે. આપણે કેટલીય વાર સ્વામીશ્રીને વ્યક્તિગત મળ્યા છીએ. સ્વામીશ્રીએ વ્યક્તિગત અનેક પ્રકારનું સુખ આપ્યું છે. જો આ બધું વારંવાર યાદ ન કરીએ, એનું ચિંતન, મનન ન કરીએ, નિદિધ્યાસન ન કરીએ તો ભૂલી જવાય. વિશેષ મહિમા પણ ન સમજાય.

◎ એમનાં ચરિત્રોમાં એમનો અભિપ્રાય, સિદ્ધાંત હોય, આપણને વર્તાવવાનો આદેશ પણ હોય, ઉપદેશ પણ હોય, પરંતુ જો તેનું ચિંતન ન કરીએ તો તેને ભૂલી જવાય.

◎ શ્રીજીમહારાજ અહીં કહે છે : શ્રવણ અને દર્શન પછી મનન, ચિંતન અને નિદિધ્યાસન વગર લાખ વર્ષ સુધી શ્રવણ કે દર્શન કરે તોપણ તેનો સાક્ષાત્કાર ન થાય, અને સાક્ષાત્કાર વગર શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૭**માં કહે છે કે આત્મા-પરમાત્માનું સુખ ન આવે.

❊ હર્ષદભાઈ દવે કહેતા, 'શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજના એના એ જ પ્રસંગ મને એકલાને ૧૦૦ વખત કહ્યા હશે - તો બીજાને પણ કેટલીવાર કીધા હશે ?'

વળી, શાસ્ત્રીજી મહારાજ ભગતજી મહારાજ પાસેથી કથા સાંભળીને રાતે આસને જઈને જોડના સંતને જગાડીને વાતો કરતા.

◎ યોગીજી મહારાજ કહેતા - શાસ્ત્રીજી મહારાજે પૂરણપોળી જમાડેલી, રીંગણાંનું શાક ખવરાવેલું, કઢી જમાડેલ વગેરે પ્રસંગો ઇદમ્ સાંભરે છે.

❋ મહંતસ્વામી મહારાજ પણ અવાર-નવાર યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનાં ચરિત્રોના પ્રસંગો 'ઇદમ્' સાંભરતા હોય તેમ કહે છે. યોગીબાપાએ પાંચ દિવસ સળંગ ઉપવાસ કરાવ્યા. પછી છઠ્ઠે દિવસે નક્કી કર્યું કે 'હવે લીંબુ પાણી બનાવવું જ નથી.' તો યોગીબાપાએ બનાવી રાખેલું.

વળી, પ્રમુખસ્વામી મહારાજે અમદાવાદમાં પોતાની રોટલીઓ જમાડી દીધી તથા ટ્રેનના બીજા ડબ્બામાંથી સ્વામીબાપા પોતાની થેલી લઈ આવ્યા વગેરે પ્રસંગોની સ્મૃતિઓ ખૂબ કરતા હોય છે.

❋ શ્રીજીમહારાજથી માંડીને આજ સુધી ઘણા સંતો-ભક્તો શ્રવણ-દર્શન પછી મનન-ચિંતન અને નિદિધ્યાસનનો નિયમિત અભ્યાસ કરે છે. તો તેમને કથા અને દર્શનની સહેજે જ સ્મૃતિ રહે છે. આપણે પણ આ માટેનો પ્રયત્ન કરીએ અને ભગવાન-સંતની મૂર્તિનો સાક્ષાત્કાર કરી શકીએ એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત સારંગપુર પ્રકરણનું ત્રીજું : શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસે સાંજને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કેને કહેવાય ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ. અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ. અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ. અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય; અને જો ભગવાનનો એવી રીતે શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે, પણ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી. અને જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન અને નિદિધ્યાસ તે ન કર્યો હોય, તો લાખ વર્ષ સુધી દર્શન કરે, તોપણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય. અને તે દર્શન તો કેવળ શ્રવણમાત્ર સરખું કહેવાય. અને જેણે ભગવાનના અંગઅંગનું દર્શન કરીને પછી તે અંગઅંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યા હશે, તો તે અંગ આજે સહેજે સાંભરી આવતું હશે અને જે અંગનું દર્શનમાત્ર જ થયું હશે તો તે અંગને સંભારતો હશે તોપણ નહિ સાંભરતું હોય. અને કેટલાક હરિભક્ત કહે છે જે, 'અમે તો મહારાજની મૂર્તિને ધ્યાનમાં બેસીને ઘણાય સંભારીએ છીએ તોપણ એક અંગ ધાર્યામાં નથી આવતું તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી આવે ?' તેનું પણ એ જ કારણ છે જે ભગવાનની મૂર્તિનાં દર્શનમાત્ર કરે છે, પણ મનન ને નિદિધ્યાસ નથી કરતો માટે કેમ ધાર્યામાં આવે ? કાં જે, જે માયિક પદાર્થ છે તે પણ કેવળ દષ્ટિમાત્રે દેખ્યું હોય ને કેવળ શ્રવણમાત્રે સાંભળ્યું હોય અને તેને જો મનમાં સંભારી ન રાખ્યું હોય તો તે વીસરી જાય છે. તો જે અમાયિક ને દિવ્ય એવું જે ભગવાનનું સ્વરૂપ તે તો મનન ને નિદિધ્યાસ કર્યા વિના ક્યાંથી સાંભરે? માટે **ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે, તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તોપણ સાક્ષાત્કાર થાય નહિ.''**

... ઈતિ વચનામૃતમ્ એવી રીતે સારંગપુર પ્રકરણનું ત્રીજું વચનામૃત થયું.

- **વચનામૃતની વિશેષતા :**

- શ્રીજી મહારાજ આ વચનામૃતમાં આપણી સાધનાનું ખૂટતું તત્ત્વ ઉમેરી આપે છે.
- આત્મા પરમાત્માના સાક્ષાત્કારની સુગમ રીત શીખવે છે.
- શ્રવણ-દર્શનની સાચી રીત શીખવીને તે વિશેષ

ફળદાયી નીવડે તેવું માર્ગદર્શન આપે છે.

- શ્રવણ-દર્શન પછી મનન અને નિદિધ્યાસ કરવા ઉપર ભાર મૂકે છે.

નિરૂપણ :

● **કથા શ્રવણનો મહિમા :**

શ્રીજી મહારાજ નવધા ભક્તિમાં શ્રવણ ભક્તિની વિશેષતા દર્શાવતાં **વચ. અં. ૨૪**માં કહે છે, ''મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ? તો ભગવાનની કથાવાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક નાશ થાય અને જો કથાવાર્તામાં જેને આળસ હોય, તેની કોરની એમ અટકળ કરવી જે, 'એમાં મોટા ગુણ નહિ આવે'

શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે. તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે. માટે જો શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમ-લક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે.''

❊ કથાવાર્તાનો વિશેષ મહિમા સમજાવતાં શ્રીજી મહારાજ **વચ. કા. ૧૨**માં કહે છે, 'ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી પણ કથાશ્રવણનો મહિમા સમજાવતાં કહે છે :

'આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે.'

❊ આ રીતે કથાશ્રવણથી જીવદશા ટળી જાય છે, સ્વભાવ, દોષો, વાસના ટળી જાય, બ્રાહ્મીસ્થિતિ થાય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય અને દેહ છતાં જ જીવનમુક્તિનો અનુભવ થાય છે.

❊ જનક, પરીક્ષિત, ધુંધુકારીની મુક્તિ કથાશ્રવણથી થઈ છે.

● **કથા શ્રવણની રીત :**

કથાશ્રવણનો આ મહિમા જાણ્યા પછી કે સાંભળ્યા પછી આપણને પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે કે આપણે વર્ષોથી કથા-કીર્તન સાંભળીએ છીએ, છતાં આપણને એવો અનુભવ કેમ થતો નથી ? શું કથાનો જે મહિમા કહેવાયો છે તે ખોટો છે કે પછી આપણે કથા સાંભળીએ છીએ એમાં ખામી છે ?

આ પ્રશ્નોના ઉત્તર રૂપે એ જ કહી શકાય કે કથાનો મહિમા ખોટો નથી, કારણ કે કથાશ્રવણથી આજ સુધી કેટલાય મુમુક્ષુઓની એવી સ્થિતિ થઈ છે. તેથી જે કાંઈ ખામી છે તે આપણી જ છે. આપણી જે ખામી છે તેનો નિર્દેશ મહારાજ આ વચનામૃતમાં કરે છે. કથાશ્રવણ પછી જે કરવાનું છે તે આપણે મોટે ભાગે કરતા નથી. તેથી તેનું જેવું પરિણામ આવવું જોઈએ તેવું આવતું નથી. વસ્તુતઃ તો કથાશ્રવણ કરવામાં પણ ઘણી ખામી છે. કેટલીક વાર આપણે કથા દરમ્યાન સ્થૂળ રીતે જ હાજર હોઈએ છીએ. મન તો બીજે જ ભમતું હોય છે. સભામાં બેસવા ખાતર બેસીએ છીએ. પણ મન કથામાં જોડાતું નથી. મન તો ભૂતકાળ અથવા તો ભવિષ્યકાળના અનેક પ્રકારના વિચારોમાં લીન હોય છે.

❊ એકવાર જૂનાગઢ મંદિરના સભામંડપમાં લોધિકાના અભેસિંહ દરબાર કથામાં બેઠેલા. તેમને ટકોર કરતાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'દરબાર, અહીં બેઠાં બેઠાં લોધિકાનું કામ નહિ થાય. મન અહીં રાખો. નહીંતર બેય બગડે છે. નથી ઘરનું કામ થતું. નથી કથા સંભળાતી.' તેથી સૌ પ્રથમ તો કથાશ્રવણની કળા શીખવા જેવી છે.

● **કથાશ્રવણ એક કળા :**

હાર્મોનિયમ, તબલાં કે વાયોલિન વગાડવાની કળા હોય કે પછી ચિત્રકામ - શિલ્પકામ જેવી કળા

હોય કે વિવિધ પ્રકારની રસોઈ બનાવવાની કળા હોય -તે શીખવી પડે છે. સતત પુરુષાર્થ કરીને એ કળામાં સતત સુધારો કરતા રહેવું જોઈએ. તો જ તેમાં આગળ વધાય. કથાશ્રવણ પણ એક પ્રકારની કળા છે. તે પુરુષાર્થ તથા સતત અભ્યાસ વગર હસ્તગત થતી નથી. અંતર્દષ્ટિ કરીને તેમાં થતી ભૂલો શોધીને સતત સુધારા કરતા રહેવું પડે. તો કથાશ્રવણથી જે લાભ દર્શાવ્યો છે, તેનો કંઈક અનુભવ થાય.

❋ કથાશ્રવણમાં સૌથી મહત્ત્વની વાત જો કોઈ હોય તો તે છે મનની એકાગ્રતા. કારણકે મનની એકાગ્રતા વગર કલાકો સુધી કથામાં બેસીએ તોપણ કશું યાદ નથી રહેતું, કે ગ્રહણ નથી થતું. તેથી મનની એકાગ્રતા વધે તે માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

● મનની એકાગ્રતા કેળવવા માટે :

મનની એકાગ્રતા વધારવા માટે સ્થૂળ અને સૂક્ષ્મ દૃષ્ટિએ પ્રયત્ન કરવો જરૂરી છે. કથાશ્રવણ માટે મનની એકાગ્રતા વધારવા નીચેનાં પગલાં લઈ શકાય.

A : સ્થૂળ પગલાં

(૧) અશુદ્ધિ દૂર કરીને કથામાં બેસવું :

કથામાં આવતાં પહેલાં બિનજરૂરી વાંચન કે ચર્ચામાં ન પડવું. છાપું વાંચીને કે કોઈક બિનજરૂરી ચર્ચા કરીને કથામાં આવીએ તો કથા દરમ્યાન પણ મનમાં એના વિચારો આવ્યા કરે. તેથી શક્ય એટલો પ્રયાસ કરીને કથા પહેલાં એવાં વાંચન કે વાદવિવાદથી મુક્ત રહેવું. નહીંતર ચાલુ પંખાની જેમ જો મન ફરતું હોય તો એકેય શબ્દ ન ટકે, ફેંકાઈ જાય.

(૨) કથામાં સમયસર આવવું :

કથા શરૂ થાય તે પહેલાં કથામાં બેસીને ધૂન-પ્રાર્થના કે સ્તુતિમાં જોડાવું. પંખાની સ્વીચ બંધ કરીએ તોપણ વેગને લીધે થોડીવાર ચાલુ જ રહે છે. તેમ પ્રવૃત્તિમાંથી સીધા જ કથા શરૂ થયા પછી આવીએ તો મનમાં પ્રવૃત્તિના વિચાર ચાલુ રહેવાના. તેથી પણ શબ્દો ગ્રહણ ન થાય. જો કથા શરૂ થતાં પહેલાં આવીને ધૂન-પ્રાર્થનામાં જોડાઈએ તો કથા શરૂ થાય તે પહેલાં મન સ્થિર થઈ જાય.

(૩) કથામાં મૌન અને વૃત્તિઓનો સંયમ :

કથા દરમ્યાન કોઈનીય સાથે કોઈ પ્રકારની વાતચીત ન કરવી. વાદ-વિવાદ અને ચર્ચા ન કરવી. આડા-અવળું પણ ન જોવું. નહીંતર મન પણ બીજા-ત્રીજા વિચાર કરવા લાગે કે એ કેમ મોડો આવ્યો ? પેલો કેમ ઊંઘે છે ? આવા વિચારમાં આપણી કથા જતી રહે.

B : સૂક્ષ્મ પગલાં

(૧) 'કંઈક શીખીને જવું છે' એવો દૃઢાવ :

કથામાં આવતાં પહેલાં માનસિક રીતે તૈયાર થઈને આવવું. આજે કથામાંથી કંઈક નવું યાદ રાખવું છે, કંઈક વધારે સમજવું છે, જીવનમાં ઉતારવું છે, તે આત્મસાત્ કરીને શ્રીજીમહારાજ અને પ્રગટ ગુરુહરિને રાજી કરવા છે. આવા દૃઢ નિશ્ચય સાથે કથામાં આવીએ, બેસીએ ને સાંભળીએ તો જરૂર એકાગ્રતા વધે.

(૨) અજ્ઞાની થઈને બેસવું :

અજ્ઞાની થઈને કથામાં બેસવું. જેમ ખાલી પ્યાલામાં દૂધ ભરાય તેમ ખાલી (જીજ્ઞાસુ) મનમાં શબ્દો ભરાય. ''હું કંઈક જાણું છું.'' આવા અહંકારથી આપણું મન છલોછલ ભરેલું હોય તો તેમાં કથાના શબ્દો ક્યાંથી ભરાય ? ક્યાંથી સમાય ? ક્યાંથી ટકે ? માટે હું કાંઈ જાણતો નથી, અથવા હું કંઈક જાણું છું તેના કરતાં જે નથી જાણતો તે

ઘણું વધારે છે. તો કંઈક નવીન જાણવાની ભૂખ સાથે કથામાં બેસવું.

(૩) 'એનું એ જ છે' એ વિચારધારાનો ત્યાગ :

'કથામાં એનું એ જ આવે છે.' આ વિચારને દૂર કરીને બેસવું. ભલે એનું એ જ આવે છતાં એ હકીકત આપણા જીવનમાં આત્મસાત્ થઈ નથી, જીવન એ પ્રમાણે ઘડાયું નથી તો એ વારંવાર સાંભળવી જ પડે. તો જ ક્યારેક ચોટ લાગે. ભલે એની એ જ કથા, એ જ દૃષ્ટાંતો, શ્લોકો, કડીઓ, વિચારો હોય છતાં એમાંથી લાભ થાય છે.

ખાવા-પીવા-સૂવામાં ક્યાં દરરોજ નવું નવું હોય છે ? એના એ જ દાળભાત, રોટલી, શાક, છાશ, દૂધ, ચા, ફરસાણ, મિષ્ટાન્ન, પાણી હોવા છતાં તે ખાવાથી શરીરને લાભ થાય છે જ. એમ એની એ જ કર્થાવાર્તા હોવા છતાં વારંવાર સાંભળવાથી તે દૃઢ થાય છે.

પ્રાણી પીએ છે પ્રતિદિન પાણી, તો યે અરુચિ ઉપજી ન જાણી,
કથા સૂણે એક જ વારવાર, ભક્ત ન પામે અરુચિ લગાર.

(૪) વક્તામાં પ્રીતિ તથા તેના પ્રત્યેના પૂર્વગ્રહનો ત્યાગ :

સ્વાભાવિક પ્રકૃતિ નાશ કરવા માટેની કેટલીક શરતોમાંની એક શરત છે વક્તા પર પ્રીતિ

ગ.મ. ૩૭માં શ્રીજી મહારાજ કહે છે કે ઉપદેશના કરનારા પર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય તો સ્વભાવ ટળે.

❊ કૃતિ અને તેના સર્જકને સીધો સંબંધ છે. કોઈ કૃતિ દર્શક કે શ્રોતાને પ્રેરણા ક્યારે આપી શકે, જ્યારે એના સર્જકમાં / રચયિતામાં દર્શક કે શ્રોતાને પ્રીતિ-આદર હોય.

❊ આપણને ચિત્રકાર ગમતો હશે, તો તેનું ચિત્ર ગમશે. સ્વામિનારાયણ પ્રકાશનો સારામાં સારો લેખ, જો લેખક પ્રત્યે આપણને આદર હશે, તો સમાસ કરાવશે. રસોઈયો ગમતો હશે, તેની રસોઈ વિના રોકટોક પ્રેમથી જમીશું.

❊ વક્તા-કથાકાર પ્રતિ જો પૂર્વગ્રહ હોય તો તોડીને, દૂર કરીને બેસવું. જો તેના પ્રતિ અભાવ, અવગુણ, આંટી, પૂર્વગ્રહ, રાગ-દ્વેષ, અહં-મમત્વ કે ગુસ્સો હોય તો તે ગમે તેવી સારી કથા કરતો હોય તોપણ મન એકાગ્ર નહીં થાય. મન બળવો પોકારશે કે એના જીવનમાં ક્યાં છે ? માટે વક્તા પ્રતિ અવગુણ જોયા સિવાય વાણી તો શ્રીજીમહારાજની, ગુણાતીતાનંદ સ્વામીની છે. એમના સિદ્ધાંત, અભિપ્રાય પ્રમાણે વાતો થાય છે અને આપણને ઉપયોગી છે એમ માનીને કથા સાંભળવી.

❊ નાનો બાળક અથવા તો કોઈક ઉપવાસી ઠાકોરજીનો પ્રસાદ આપે તો આપણે ન લઈએ ? એ વખતે આપણને એવું નથી થતું કે હું આવો પ્રતિષ્ઠિત અને મોટો માણસ છું તો નાના બાળક પાસેથી પ્રસાદ મારે ન લેવાય, અથવા તો ઉપવાસી પોતે તો પ્રસાદ ખાતો નથી અને બીજાને આપવા શું નીકળી પડ્યો છે? આવો પણ વિચાર આવતો નથી. કારણ કે આપણને એની જરૂરિયાત લાગે છે તો લઈએ છીએ.

(૫) મહિમા સમજવો :

જો કથાવાર્તાનો મહિમા સમજાય તો સહેજે જ મન એકાગ્ર થાય. જો જન્મટીપની સજા થઈ હોય, ઘણા પ્રયત્નો છતાં છૂટી શકાય તેમ ન હોય, એ વખતે એવું કહેવામાં આવે કે ૧ કલાકની કથા પછી એક પરીક્ષા લેવામાં આવશે. તેમાં જો ૫૦ ટકા ઉપર માર્ક આવે તો જેલમાંથી છોડી મૂકવામાં આવશે. તો એકાગ્રતા વધે કે નહિ ?

❊ એવું કહેવામાં આવે કે પ્રત્યેક માર્કના ૧૦૦૦ રૂા. આપવામાં આવશે, તો ?

અથવા ૮૦ ટકા ઉપર માર્ક્સ મળે તો

અમેરિકાના વીઝા આપવામાં આવશે. તો ? એમ કથાનો મહિમા સમજવામાં આવે કે કરોડો રૂપિયા દેતાં આ વાતો ન મળે. વળી, આ વાતોથી અનંત જન્મોની જેલ છૂટી જાય અથવા તો અક્ષરધામના વીઝા મળી જાય, આત્યંતિક મુક્તિ થાય તેમ છે, તો પછી સહેજે જ એકાગ્રતા વધે.

(૬) રસ કેળવવો :

જેમાં આપણને રસ પડે તેમાં સહેજે જ મનની એકાગ્રતા વધે. ઘણાને પિક્ચર-ફિલ્મમાં રસ હોય છે, તેથી એક જ વાર ગાયન કે ફિલ્મના ડાયલોગ સાંભળે તો તુરત યાદ રહી જાય છે. ક્રિકેટની કોમેન્ટ્રીમાં રસ હોવાથી એક જ વાર સાંભળવા છતાં કેટલું બધું યાદ રહી જાય છે ! તેમ જો કથામાં રસ કેળવાય, કથા પ્રતિ પ્રેમ જાગે કે કથાશ્રવણમાં આસક્તિ થાય તો સહેજે જ એકાગ્રતા વધે.

(૭) આસ્તિકભાવ અને વિશ્વાસ :

જે કથા થાય છે, તે કથામાં શંકા, સંશય, સંદેહ કે તર્ક-કુતર્ક થાય તો પછી 'આ બધા ગપ્પા છે, ધતિંગ છે' એવા વિચારો આવવાથી મન કથામાં ચોંટશે જ નહીં. તેથી શ્રીજી મહારાજ અને ગુણાતીત પરંપરા, એમનું જીવન, કાર્ય અને એમણે આપેલો જે કાંઈ ઉપદેશ છે તે ૧૦૦ ટકા સાચો છે, એવા વિશ્વાસ અને આસ્તિકભાવ સાથે કથા સાંભળવી. **(વચ. કા.૧૨)**

આમ, સ્થૂળ અને સૂક્ષ્મ રીતે આપણે પ્રયત્ન કરીએ, જ્યાં ભૂલ થાય ત્યાં અંતર્દષ્ટિ કરીને સુધારવાનો સતત પ્રયત્ન કરીએ તો જરૂર મનની એકાગ્રતા વધે છે. તો કથા યાદ રહે.

❊ જનકરાજા આ રીતે કથા સાંભળતા તો પૂર્વની બધી કથા યાદ રહેતી.

વળી, કથાશ્રવણ વખતે મુખ્ય મુખ્ય મુદ્દાઓની નોંધ કરવાની ટેવ હોય તો પછીથી એનું પુનરાવર્તન કરી શકાય, તેમજ તેનું મનન-ચિંતન કે નિદિધ્યાસન કરવામાં પણ તે મુદ્દા ઉપયોગી થઈ શકે.

● કથા તો સાંભળી પણ પછી શું ?

❊ કદાચ કેટલાક એકાગ્રતાથી કથા સાંભળતા હશે, તેમને મોટા ભાગની કથા યાદ પણ રહેતી હશે, અથવા તો તેના મુદ્દા પણ નોંધતા હશે. પરંતુ કથાશ્રવણ પછી જે કરવાનું છે, તે ઘણીવાર નથી થતું.

❊ કેટલું ખાધું એ મહત્ત્વનું નથી. પરંતુ તેમાંથી કેટલું પચ્યું એ મહત્ત્વનું છે. ખાધેલું પચે તો જ તેમાંથી શરીરને શક્તિ અને સ્ફૂર્તિ મળે. તેમ કેટલી કથા સાંભળી એ મહત્ત્વની વાત નથી, પરંતુ કથા કેટલી આત્મસાત્ થઈ એ વધારે મહત્ત્વનું છે.

❊ દરરોજ કેટલા કલાક ચાલ્યા એ મહત્ત્વનું નથી, પરંતુ સાચી દિશામાં અંતર કેટલું કાપ્યું એ મહત્ત્વનું છે. ઘણીવાર દિશા જ ખોટી હોય અથવા તો દિશા સાચી હોય પણ ત્યાં ને ત્યાં જ જોગિંગ (એક જગ્યા પર ઊભા ઊભા દોડવું.) કરતા હોય તો લક્ષ્યસ્થાને ન પહોંચાય. તેમ કથાશ્રવણ પછી સાચી દિશામાં કેટલા આગળ વધ્યા એ વધારે મહત્ત્વનું છે. તો કથાશ્રવણની સાર્થકતા કહેવાય...

❊ ગોપીચંદ અને તુલસીદાસને એક શબ્દની ચોટ લાગી, અસર થઈ તો જીવન બદલાયું.

શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યા રાજ,
જેણે શબ્દ વિચાર્યા, તેના સર્યા કાજ.

❊ કથાશ્રવણ સાચા અર્થમાં સાર્થક બને એ માટે કથાશ્રવણ પછી જે કરવાનું છે તે આ વચનામૃતમાં મહારાજ સમજાવે છે. (૧) મનન અને (૨) નિદિધ્યાસ.

(૧) મનન : શ્રીજી મહારાજ સમજાવે છે કે જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરી જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલાનો ત્યાગ કરે, અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય

તેટલીનું ગ્રહણ કરે, તેને મનન કહીએ.

❊ કથાશ્રવણ પછી કથાનું વિશ્લેષણ - (એનાલીસીસ) કરવાની જરૂર છે. મહારાજ કહે છે કે કથામાંથી જે ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો. અહીં આપણને પ્રશ્ન થાય કે કથામાં ત્યાગ કરવા યોગ્ય હોય છે ખરું ? તેનો ઉત્તર છે 'હા'. કારણ કે કથા તો અનેક પ્રકારના જીવોને અનુલક્ષીને થતી હોય છે. શ્રોતાઓ બધા એક જ કક્ષાના નથી હોતા.

તેમાં કેટલાક,

(૧) પામર - જેને સત-અસતનો વિવેક જ નથી.

(૨) વિષયી - એટલે કંઈક અંશે વિવેકી છે પણ પંચવિષયમાં આસક્ત છે.

(૩) મુમુક્ષુ - આસક્તિનો ત્યાગ કરીને જેને મોક્ષની ઈચ્છા છે.

(૪) મુક્ત - માયા, સ્વભાવો કે દોષોથી જે મુક્ત થયો છે.

❊ આ બધા પ્રકારના શ્રોતાઓમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ ભેદ છે. વળી, પ્રત્યેકમાં શ્રદ્ધા, ખપ, ઈશક વગેરે વિભિન્ન પ્રકારનાં છે. તેમજ પ્રત્યેકનાં અંગો પણ જુદાં જુદાં છે. કેટલાકને દાસત્વનું, તો કેટલાકને પતિવ્રતાનું, તો કેટલાકને આત્મનિષ્ઠાનું અંગ હોય. એવી જ રીતે નવધા ભક્તિમાંનાં પણ દરેકનાં અંગો જુદાં જુદાં હોઈ શકે.

❊ તેથી કથાવાર્તામાંથી પોતાની જે કક્ષા હોય, પોતાનું જે અંગ હોય તેને પુષ્ટ કરતા હોય, તેમાં કંઈક સુધારો કરતા હોય, તેમાં કોઈક રીતે આગળ વધવાની પ્રેરણા આપતા હોય એવા શબ્દો ગ્રહણ કરવા.

આ વાક્ય વાંચો :

અમેરિકન નિષ્ણાંતોએ તાજેતરમાં જ એક કેન્સર અંગેનું તારણ બહાર પાડ્યું છે : ''જે વ્યક્તિની કાનની બૂટ ગાલ સાથે ચોંટેલી હોય, તે તમાકુ ન ખાતો હોય તો પણ તેને કેન્સર થવાની શક્યતાઓ વધુ છે.''

❊ આ વાત વાંચી કે સાંભળીને તરત જ આપણને આપણા કાનનો વિચાર આવ્યો હશે કે મારો કાન કેવો છે ?

❊ આને સ્વલક્ષી વાંચન કે શ્રવણ કહે છે. કથામાં જ્યારે શબ્દો સાંભળીએ ત્યારે આ જ રીતે દરેક ઉપદેશને પોતા પર લઈ મારા જીવનમાં આમાંથી કેટલું છે એ પ્રકારે વાંચવું કે સાંભળવું. એટલે કે પોતાની જાત સાથે પ્રત્યેક શબ્દો મેળવતા જવું. આવા શ્રવણ કે વાંચન બાદ લાધેલા શબ્દો મનન માટેનું પહેલું પગથિયું બને છે.

❊ બીજા શબ્દો બીજા માટે છે એમ માનીને, અથવા એ શબ્દો હમણાં પોતાના માટે નથી, પણ એ પ્રકારની કક્ષા આવશે ત્યારે જરૂર પડશે, એમ માનીને એ શબ્દોનો હાલ પૂરતો વિચાર નહીં કરવાનો. એ અર્થમાં મહારાજ અહીં ત્યાગ કરવાનું કહે છે.

● કથા બાદ : અંતર્દષ્ટિ

❊ દરેક વ્યક્તિએ પોતાની જાત-તપાસ કરીને એ શોધવાનું રહે કે પોતાની કક્ષા કઈ છે ? પોતાનું અંગ કયું છે ? પોતાના અંગમાં પણ પોતે ક્યાં સુધી ગતિ કરી છે ? કેટલું કામ થયું છે અને કેટલું કામ બાકી છે ? આ અંતર્દષ્ટિપૂર્વક વિચાર કરીને પણ અત્યારે પોતાને કયા શબ્દો, અથવા કઈ વાત પોતાની સાધનામાં કંઈક અંશે આગળ વધવા માટે ઉપયોગી થઈ શકે તેમ છે, તેનો નિર્ણય કરીને એવા મુદ્દાઓને જુદા તારવીને નોંધવા - આ પ્રક્રિયાને મનન કહેવાય.

❊ આ સાધના દરેક મુમુક્ષુ વ્યક્તિએ કરવી જ પડે. તો જ પોતાને કથાના એ શબ્દોની ચોટ લાગે. અર્થાત્ કથાની અસર થાય.

❊ મનન પછી હવે શું કરવાનું છે ? તે મહારાજ સમજાવે છે.

(૨) નિદિધ્યાસ :

❊ શ્રીજી મહારાજ કહે છે, 'જે વાર્તા નિશ્ચયે કરીને મનને વિશે ગ્રહણ કરી હોય, તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ.'

❊ એટલે 'મનન' દ્વારા પોતાના માટે અત્યારે પોતાની આ કક્ષાએ આગળ વધવા માટે જે વાત ઉપયોગી છે એવો જે નિર્ણય કર્યો છે તે વાતનું વારંવાર ચિંતન કરવું, તેનું પુનરાવર્તન કરવું, તેનું નિત્ય અનુસંધાન રાખવું તે નિદિધ્યાસ છે. નિદિધ્યાસ વગર એ વાત આત્મસાત્ ન થાય. જ્યારે કથા સાંભળીએ, અથવા તો કથાશ્રવણ પછી મનન કરીએ, પણ તેનો નિદિધ્યાસ કર્યા વગર ખરા સમયે ભૂલી જવાય છે, તેથી એ વખતે વર્તાતું નથી. કારણ કે એ વાત જીવનમાં દૃઢ થઈ નથી. જેમ કે,

❊ ક્રોધ ન કરવો, અભાવ-અવગુણની વાત ન કરવી, ન સાંભળવી, હાલતાં-ચાલતાં ભજન કરવું, ભજન કરતાં કરતાં ક્રિયા કરવી.... આ બધું સાંભળીએ, વાંચીએ પણ જીવમાં દૃઢ થયું નથી તેથી સમય આવતાં એ પ્રમાણે વર્તવાનું ભૂલી જવાય છે. માટે આ વાતનું વારંવાર ચિંતન જરૂરી છે.

❊ કોઈ પણ કળાનો વારંવાર અધ્યાસ કર્યા વગર આત્મસાત્ ન થાય. ક્રિકેટમાં બોલિંગ કે બેટિંગ માટે, તબલાં કે હાર્મોનિયમ શીખવા માટે, કોમ્પ્યુટર કે રસોઈ શીખવામાં નિષ્ણાત થવા માટે , એ કળા હસ્તગત થાય, આત્મસાત્ થાય તે માટે કેટલી પ્રેક્ટીસ નિયમિતપણે કરવી પડે ? સંગીતની નિત્ય નિયમિત પ્રેક્ટીસ કરે તો તેમાં નિષ્ણાત થવાય.

❊ એક દિવસ પ્રેક્ટીસ કરવાનું ભૂલી જવાય, અથવા તો આળસ-પ્રમાદને લીધે ન કરે તો ઘણી ખોટ જાય. ઘણા દિવસની પ્રેક્ટીસ પર પાણી ફરી વળે.

❊ તેમ આ અધ્યાત્મ વાતનો નિત્ય અભ્યાસ કરવો પડે. નિયમિત દરરોજ તેનું ચિંતન કરવું પડે. જો નિયમિત ન કરે તો એક સ્થળે પાણીનો ઘડો ઢોળીએ. પછી પંદર દિવસ કે મહિનો ત્યાં પાણી ન નાંખે તો તે સુકાઈ જાય. પણ જો ધીમે ધીમે પાણીની નાની ધાર પણ નિત્ય વહેતી હોય તો ત્યાં પાણી ભરાય. (**વચ. પ્ર. ૨૩**)

એમ આ વાતનું નિરંતર અનુસંધાન હોય તો આત્મસાત્ થાય અર્થાત્ એ વાતનો સાક્ષાત્કાર થાય.

(૩) સાક્ષાત્કાર :

❊ શ્રીજી મહારાજ કહે છે : તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ.

આપણાં નામ-ગામ-જ્ઞાતિનો જેમ સાક્ષાત્કાર થયો છે તેમ આ વાતનો પણ સાક્ષાત્કાર થઈ જાય.

વળી, શ્રીજી મહારાજ આ વચનામૃતમાં આગળ વાત કરે છે કે આ રીતે આત્મા-પરમાત્માનું પણ શ્રવણ, મનન, નિદિધ્યાસન કરે તો તેનો પણ સાક્ષાત્કાર થાય.

❊ શંકરાચાર્ય કહે છે કે શ્રવણ કરતાં સો ગણું મનન કરવું જોઈએ, અને મનન કરતાં હજારગણું નિદિધ્યાસન કરવું જરૂરી છે. તે વગર એ વાતનો સાક્ષાત્કાર ન થાય.

❊ શ્રીજી મહારાજ અહીં જેમ શ્રવણ પછી મનન અને નિદિધ્યાસ કરવાનું કહે છે, તેમ જ ભગવાનના દર્શન પછી પણ મનન-ચિંતન અને નિદિધ્યાસન કરવાનું કહે છે. દર્શન કર્યા પછી પણ જો મનન ચિંતન કે નિદિધ્યાસન ન હોય તો તેનો પણ સાક્ષાત્કાર ન થાય.

❊ એટલા જ માટે મહારાજ **વચ. પ્ર.૩, પ્ર.૩૮, મ.૩૫** અને **મ.૫૮**માં પોતાના ઈષ્ટદેવનાં ચરિત્રોમાં મનને ગૂંચવી મૂકવાની વાત કરે છે. અર્થાત્ જે જે ચરિત્રોનાં દર્શન કર્યાં છે, તેમાં જ મનને નિમગ્ન રાખવું.

❋ આપણા માટે સદ્‌ભાગ્યની વાત છે કે શ્રીજી મહારાજ આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે, એમનાં આપણને પ્રત્યક્ષ દર્શન થાય છે. સમૈયા, ઉત્સવમાં અનેકવાર દર્શન થયાં છે. ૮૧,૮૫,૯૨,૯૫ના ભવ્ય મહોત્સવોમાં, એમની જન્મજયંતીના મહોત્સવોમાં, ફૂલદોલ ઉત્સવમાં કેવાં દિવ્ય દર્શન થયાં છે ! વળી, પૂજા કરતા, વોકિંગ કરતા, કથા કરતા, નદી, તળાવ, સમુદ્ર કે સ્વીમિંગ પુલમાં સ્નાન કરતા જોયા છે. આપણે કેટલીય વાર સ્વામીને વ્યક્તિગત મળ્યા છીએ. સ્વામીએ વ્યક્તિગત અનેક પ્રકારનું સુખ આપ્યું છે. જો આ બધું વારંવાર યાદ ન કરીએ, એનું ચિંતન, મનન ન કરીએ, નિદિધ્યાસન ન કરીએ તો ભૂલી જવાય. વિશેષ મહિમા પણ ન સમજાય.

❋ એમનાં ચરિત્રોમાં એમનો અભિપ્રાય, સિદ્ધાંત હોય, આપણને વર્તાવવાનો આદેશ પણ હોય, ઉપદેશ પણ હોય, પરંતુ જો તેનું ચિંતન ન કરીએ તો તેને ભૂલી જવાય.

❋ શ્રીજી મહારાજ અહીં કહે છે : શ્રવણ અને દર્શન પછી મનન, ચિંતન અને નિદિધ્યાસન વગર લાખ વર્ષ સુધી શ્રવણ કે દર્શન કરે તોપણ તેનો સાક્ષાત્કાર ન થાય, અને સાક્ષાત્કાર વગર શ્રીજી મહારાજ **વચ. અં.૨૭**માં કહે છે કે આત્મા-પરમાત્માનું સુખ ન આવે.

❋ શ્રીજી મહારાજના પરમહંસો મહારાજનાં ચરિત્રો કેવી રીતે યાદ રાખીને ચિંતવન કરતા, તેની નોંધ ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રમાણે કરી છે :

એવી લીલા અલૌકિક કીધી, પછી સંતને શીખ જ દીધી;
સંત ચાલ્યા, ગયા ગુજરાત, કરતા લીલાની સુંદર વાત.
ખાતાં,પીતાં સૂતાં, સ્વપ્નામાં, કરે મનન લીલાનું મનમાં;
જ્યારે સૂતા થકી જન જાગે, ધન્ય ધન્ય નાથ કહેવા લાગે.
જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાંય, પ્રભુ વિના સંભારે ના કોય;
જે જે લીલા કીધી ભગવાને, સંત ચિંતવે તે નિત્ય ધ્યાને.
જ્યારે ધ્યાનમાં બેસે છે જન, જોઈ મૂર્તિ થાય છે મગન;
આવ્યો આનંદ માય ન મન, પછી ગાવા લાગ્યા કીરતન.

(ભક્તચિંતામણિ)

❋ ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજના સર્વોપરીપણાના પ્રસંગો યાદ રાખીને વાગડમાં ભાયાત્માનંદ સ્વામીને, અમદાવાદમાં આનંદાનંદ સ્વામીને કહીને સૌને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા.

❋ ભગતજી મહારાજ પણ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગોની વાત કરતા.

❋ હર્ષદભાઈ દવે કહેતા, 'શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજના એના એ જ પ્રસંગ મને એકલાને ૧૦૦ વખત કહ્યા હશે - તો બીજાને એ કેટલીવાર કહેતા હશે ?'

વળી, શાસ્ત્રીજી મહારાજ ભગતજી મહારાજ પાસેથી કથા સાંભળીને રાતે આસને જઈને જોડના સંતને જગાડીને વાતો કરતા.

❋ યોગીજી મહારાજ કહેતા - શાસ્ત્રીજી મહારાજે પૂરણપોળી જમાડેલી, રીંગણાંનું શાક ખવરાવેલું, કઢી જમાડેલ વગેરે પ્રસંગો ઈદમ્ સાંભરે છે.

❋ પ્રમુખસ્વામી પણ અવાર-નવાર શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં ચરિત્રોના પ્રસંગને 'ઈદમ્' સાંભરતા હોય તેમ કહે છે.

❋ શ્રીજી મહારાજથી માંડીને આજ સુધી ઘણા સંતો-ભક્તો શ્રવણ-દર્શન પછી મનન-ચિંતન અને નિદિધ્યાસનનો નિયમિત અભ્યાસ કરે છે. તો તેમને કથા અને દર્શનની સહેજે જ સ્મૃતિ રહે છે. આપણે પણ આ માટેનો પ્રયત્ન કરીએ. કારણ કે પ્રયત્ન વગર લાખ વર્ષે પણ સાક્ષાત્કાર નહીં થાય.

• • •

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : સારંગપુર પ્રકરણનું પાંચમું : અન્વયવ્યતિરેકનું.

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૯ નવમીને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને શ્રદ્ધા તથા હરિ અને હરિજનના વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. તેમાં પણ જો એક માહાત્મ્ય અતિશય દૃઢ હોય તો શ્રદ્ધા તથા વિશ્વાસ તથા પ્રીતિ એ ત્રણ દૂબળાં હોય તોપણ મહાબળવાન થાય છે અને માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તોપણ અંતે નાશ થઈ જાય છે. જેમ દશ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષયરોગ થાય, પછી તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય પણ યુવાન થાય નહીં, તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પરિપક્વ થતી થતી નાશ થઈ જાય છે. અને જેના હૃદામાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય

તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તોપણ એના હૃદામાં સર્વે આવે છે અને જો માહાત્મ્ય સહિત ભક્તિ જેના હૃદામાં નથી તો શમદમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદામાં છે તો ય પણ નહીં જેવા છે, કેમ જે અંતે નાશ પામી જશે. માટે એક માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.''

ઈતિ વચનામૃત્ એવી રીતે સારંગપુર પ્રકરણનું પાંચમું વચનામૃત થયું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

● **વચનામૃતની વિશેષતા :**

શ્રીજીમહારાજ આ વચનામૃતમાં

- વાસના ટાળવાનો ઉપાય બતાવે છે.
- સર્વે ગુણો કરતાં માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિનો વિશેષ મહિમા સમજાવે છે.
- અન્ય કલ્યાણકારી ગુણો પ્રાપ્ત કરવાનો ઉપાય પણ બતાવે છે.

● **નિરૂપણ :**

● **વાસના એટલે શું ? :**

❊ પ્રત્યેક જીવ અનાદિકાળથી જન્મ-મરણના ચક્રમાં ઘૂમે છે. ૮૪ લાખ જાતની યોનિમાં આ જીવે અનંત વાર જન્મ લીધા છે. વાસનાને લીધે જ જીવને વારંવાર આ ભવચક્રમાં આવવું પડે છે. પૂર્વે (આ જન્મમાં પૂર્વે અથવા પૂર્વ જન્મના) જે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય તેની જે અંતઃકરણમાં ઈચ્છા વર્તે તેને વાસના કહેવાય.

(વચનામૃત : ગઢડા પ્રથમ ૧૧)

● **વાસના ટાળવાની આવશ્યકતા :**

૧. ભવચક્રમાંથી આત્યંતિક મુક્તિ માટે :

❊ વાસના આપણા જન્મ-મરણનો હેતુ છે.

બી પડ્યા હોય તો ઊગે.

ઉનાળામાં જમીન પર કોઈ લીલોતરી કે ઘાસપાન દેખાતાં નથી, પણ જેવો વરસાદ આવે કે તરત બધું લીલુંછમ થઈ જાય છે. કોઈ આના બીજ રોપવા કે વાવવા જતું નથી, પણ અંદર હોય છે તો ઊગી નીકળે છે. તેમ જ વાસનાનાં બી અંદર પડેલાં છે. તે ઈચ્છાઓ જ આપણા જન્મ-મરણનું ચક્ર ચલાવે છે.

જ્યાં સુધી વાસના હશે ત્યાં સુધી જન્મ-મરણ અટકશે નહીં અને ભગવાનના ધામની પ્રાપ્તિ પણ નહીં થાય.

❊ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ભરતજીનું આખ્યાન આવે છે. ભરતજી રાજા હતા, પણ ભગવાન ભજવા માટે ઘર અને રાજ્ય છોડી ચાલી નીકળ્યા હતા. ગંડકી નદીના કિનારે આશ્રમમાં ભગવાનની આરાધના કરતા હતા, પણ એક બાળમૃગને વિષે અતિશય હેત થઈ જવાથી તેમાં આસક્ત થયા. ભગવાનનું ભજન બાજુ પર રહી ગયું. રાત-દિવસ મૃગનું જ ચિંતવન થતું રહેતું. તો બીજે જન્મે ઋષિ પોતે મૃગનો દેહ પામ્યા.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૧૧**માં જણાવે છે કે 'ભગવાનનો ભક્ત નિર્વાસનિક થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર બને ને આત્યંતિક મોક્ષને પામે, પણ તે વિના તો ન જ પામે.'

માટે ભવચક્રમાંથી આત્યંતિક મુક્તિ મેળવવી હોય તો નિર્વાસનિક થવું આવશ્યક છે.

૨. ભગવાન અને સંતની પ્રસન્નતા માટે :

❊ જ્યાં સુધી ભગવાન અને ગુણાતીત સંતની કૃપા - પ્રસન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવ ભવચક્રમાંથી છૂટી શકે તેમ નથી, પોતાનાં સાધનોથી આત્યંતિક મુક્તિ મેળવી શકે તેમ નથી. જેમ રાષ્ટ્રપતિની કૃપા થાય તો ગમે તેવી આકરી જન્મટીપ કે ફાંસીની સજા હોય, પણ તેને મુક્તિ મળી શકે, તેમ ભગવાનની કૃપાની પણ જરૂર છે. ભગવાનની કૃપા માટે પણ નિર્વાસનિક થવાની જરૂરિયાત છે.

❊ ભગવાનની કૃપા આપણી ઉપર સ્વભાવ ટાળ્યાનો આદર હોય ત્યારે થાય છે. શ્રીજીમહારાજને જીવના કામ-ક્રોધાદિક સ્વભાવ પ્રત્યે અત્યંત અરુચિ છે.

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૨૭**માં કહે છે કે, 'તે મોટા પુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ કાળે અંતરમાં મલિન વાસના ન રહે.'

આ રીતે અંતર નિર્વાસનિક થાય તો જ ભગવાન અને સંતનો રાજીપો મળે.

* શ્રીજીમહારાજ સુરાખાચરને 'યતિ' કહીને ઊભા થઈને ભેટ્યા, રાજીપો દર્શાવ્યો. કારણ કે સામેથી સ્ત્રીનો યોગ થયો, છતાં સ્ત્રીમાં ન ફસાયા.

૩. ભગવાનના સુખની અનુભૂતિ માટે :

* ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૨૬મી વાતમાં કહ્યું કે 'વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.' કહેતાં ભગવાનનું સુખ અપાર છે. તેમ છતાં જીવને ભગવાનનું સુખ કેમ આવતું નથી?

આંખમાં કણું પડે તો ૧ લાખ રૂપિયાના ચશ્મા પહેર્યા હોય ને વર્લ્ડકપની મેચ ચાલતી હોય પણ જોવાનું સુખ ન આવે.

પગમાં કાંટો વાગ્યો હોય, ને ૫૦,૦૦૦ રૂપિયાના બુટ પહેર્યા હોય, પણ મજા ના આવે.

૨૫ પ્રકારનાં ભોજન, દુનિયાની પ્રથમ નંબરની ફાઈવ સ્ટાર હોટલમાં પીરસાતાં હોય, પણ એ વખતે કીડનીમાં પથરીનો દુઃખાવો ઊપડે તો એકપણ ભોજન માણી શકાય નહીં.

* જેમ કણું, કાંટો કે પથરી દુઃખદાયક છે અને ક્રિકેટ મેચ, મોંઘા જૂતા કે સારાં ભોજનનું સુખ લેવા દેતાં નથી, તેમ સ્વભાવ જીવને ભગવાનનું સુખ અપાર હોવા છતાં તે સુખ લેવા દેતાં નથી

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૮**માં કહે છે, 'એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠ્યા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જીહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં. માટે જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.''

* મુક્તાનંદ સ્વામી કહે છે :

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે...'

અર્થાત્ જેના અંતરમાં વિષયની આસક્તિનો સંગ નથી, તે જ ભગવાનનું સુખ ભોગવે છે.

વર્તમાનકાળે મહંતસ્વામી મહારાજ તમામ આસક્તિથી પર હોવાથી ભગવાનનું અખંડ સુખ ભોગવી રહ્યા છે.

* ૨૦૦૦, બોચાસણ : મહંતસ્વામી મહારાજ સમક્ષ અમેરિકાના બાળકોએ તેમના થાળનું પ્રસાદ પૂરતું પરવરનું શાક ચાખ્યું તો મોંઢામાંથી કાઢી નાખ્યું. કારણ કે તેમાં કોઈ સ્વાદ જ નહોતો. એક બાળકે સ્વામીશ્રીને પૂછ્યું કે, 'આપને આવું સાવ સ્વાદ વિનાનું મોળું કેવી રીતે ભાવે છે ? ' સ્વામીશ્રી કહે કે, 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે એનો કેફ છે એટલે બીજા સ્વાદની જરૂર નથી.'

માટે જેને પંચવિષયમાં કોઈ પ્રકારની આસક્તિ નથી, તેને જ ભગવાનનું સુખ આવ્યું છે.

૪. દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે :

* આજે દુનિયાના લોકોને દુઃખનું કોઈ એક મુખ્ય કારણ હોય તો તે 'વાસના' છે. ઘરમાં કંકાસથી લઈ વિશ્વયુદ્ધો સુધી કારણ એક જ બની રહ્યું છે - વાસના. વ્યભિચાર, ભ્રષ્ટાચાર વગેરે અનેક દુરાચારનું કારણ એક જ બની રહ્યું છે - વાસના. જો આ વાસના ટળી જાય તો દુઃખમાત્રમાંથી મુક્તિ મળી જાય. ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૯મી વાતમાં કહ્યું કે 'વાસના ટળે તેમ તેમ સુખિયો થાય છે.'

માટે જો ચાર લાભ (૧) ભવચક્રમાંથી આત્યંતિક મુક્તિ, (૨) ભગવાન-સંતની પ્રસન્નતા (૩) ભગવાનના સુખની અનુભૂતિ અને (૪) દુઃખમાત્રમાંથી મુક્તિ મેળવવી હોય તો વાસના ટાળવી અનિવાર્ય છે.

* **વાસના ટાળવાનો ઉપાય :**

* નિર્વાસનિક થવું અનિવાર્ય છે, તેથી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને આ વચનામૃતમાં વાસના ટાળવાનો ઉપાય પૂછ્યો છે. વળી, શ્રીજીમહારાજ

પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. તેથી આવા અઘરા પ્રશ્નનું સચોટ માર્ગદર્શન આપી શકે છે. મહારાજનો આ લોકમાં પ્રગટ થવાનો હેતુ પણ આશ્રિતોને બ્રહ્મરૂપ કરવાનો હતો. તેમણે એક પત્રમાં લખ્યું હતું 'મેરા યહ અવતાર હૈ સો તો જીવો કું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હું.'

જેમ શિક્ષકે મનમાં નક્કી કર્યું હોય કે આજે મારે વિદ્યાર્થીઓને આટલો પાઠ વ્યવસ્થિત ભણાવવો જ છે, તો પાઠ ભણાવવાની સાથે પાઠ કેવી રીતે યાદ રાખી શકાય તેની તરકીબ શીખવે છે, તેમ શ્રીજીમહારાજ નિર્વાસનિક થવાનો પાઠ આપી છૂટી નથી જતા, પરંતુ નિર્વાસનિક થવાના ઉપાય અનેક વચનામૃતમાં શીખવે છે. આ વચનામૃતમાં મહારાજે ચાર ઉપાય બતાવ્યા છે, તેને સમજવા પ્રયત્ન કરીએ.

૧. શ્રદ્ધા :

* અહીં શ્રદ્ધાનો વિશિષ્ટ અર્થ છે. સામાન્યતઃ શ્રદ્ધા અને વિશ્વાસ પર્યાયવાચી શબ્દો હોય તેમ જણાય છે, તેમ છતાં બંનેમાં સૂક્ષ્મ તફાવત છે. વિશ્વાસ એટલે કોઈ પણ વ્યક્તિ કે તેનાં વચન અને સામર્થ્યના સત્યપણાની પ્રતીતિ.
* શ્રદ્ધામાં 'વિશ્વાસ + ધીરજ' - આ બે સદ્‌ગુણોનું મિશ્રણ છે. અહીં વિશ્વાસ એટલે પોતાની શક્તિ - સામર્થ્યમાં પ્રતીતિ.
* ધીરજ એટલે વર્ષો સુધી ધારેલું પરિણામ ન મળે છતાં સાધનામાં મંડ્યા રહેવાનો વિશિષ્ટ ગુણ. અહીં આ વચનામૃતમાં શ્રદ્ધાનું આ જ તાત્પર્ય છે. બે સદ્‌ગુણોનું મિશ્રણ

(૧) **આત્મવિશ્વાસ :** SELF CONFIDENCE - હું કરી શકીશ.

(૨) **ધીરજ :** PATIENCE - વર્ષો સુધી મંડ્યા રહેવાનો ગુણ.

આથી શ્રદ્ધા હોય તો જ કોઈ પણ માર્ગમાં પ્રગતિ થઈ શકે. તેથી જ **વચનામૃત ગઢડા અંત્ય-૨૪**માં અક્ષરધામની પ્રાપ્તિનાં સોળ સાધનોમાં પ્રથમ સાધન તરીકે 'શ્રદ્ધા'નો નિર્દેશ કરેલો છે.

* ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' અર્થાત્ શ્રદ્ધાવાળાને ભગવાનની પ્રાપ્તિ થાય છે.

◎ ભૌતિકમાર્ગે કે આધ્યાત્મિકમાર્ગે સફળતા માટે જેને પોતાનામાં જ વિશ્વાસ ન હોય તે કંઈ જ મેળવી ન શકે. અંગ્રેજીમાં બે ઊડતાં પંખીઓને સંબોધીને એક સુવાક્ય છે. He can because, he thinks that he can. - તે કરી શકે છે. કારણ કે તે માને છે કે તે કરી શકે છે.

પોતાનામાં વિશ્વાસની સાથે સાથે ધીરજની પણ જરૂરિયાત છે. ભૌતિક કે આધ્યાત્મિક સફળતા ઉતાવળથી મળતી નથી. રાતોરાત કોઈનેય સફળતા મળી નથી. વર્ષો સુધીના સખત અને સતત શ્રદ્ધાભર્યા પુરુષાર્થથી જ સફળતા મળી છે. આત્મવિશ્વાસ અને ધીરજના બળે જ ભૌતિક તથા આધ્યાત્મિક પંથે પ્રગતિ થાય છે.

● **ભૌતિક માર્ગે :**

વિશ્વની અંદર ચમત્કાર કે ભૌતિક સિદ્ધિઓ મેળવવા અખૂટ શ્રદ્ધા રાખી તો અનેક સફળ થયા છે.

* એડિસને ૧૦,૦૦૦ પ્રયોગો કર્યા હતા, ત્યારપછી તેને ઈલેક્ટ્રીક બલ્બની શોધમાં સફળતા મળી.
* અબ્રાહમ લિંકન ૧૧ વખત નિષ્ફળ થયા, છતાં પુરુષાર્થ ચાલુ રાખ્યો, તો અંતે પ્રમુખપદ મેળવવામાં સફળતા મળી.

● **આધ્યાત્મિક માર્ગે :**

* ધ્રુવ, પ્રહ્‌લાદ, નરસિંહ, શબરી, મીરાંબાઈ જેવા અનેક ભક્તોને શ્રદ્ધાના બળે ભગવાનનાં દર્શન થયા છે.
* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૧૫**માં કહે છે કે 'ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતાં દસ, વીસ, પચીસ, સો વર્ષ થાય તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું મૂકી દે નહીં... એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.' શ્રદ્ધાવાનને શ્રીજીમહારાજ એકાંતિકની ઉપમા આપે છે.

❈ શ્રીજીમહારાજે ગઢપુરમાં જીવાખાચરની ટેકરાવાળી જમીન ઉપર મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો, પણ જીવાખાચરે ના પાડી. તેથી તે સમયે તે શક્ય ન બન્યું અને મહારાજનો સંકલ્પ અધૂરો રહી ગયો.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આ સંકલ્પ પૂરો કરવાનું નક્કી કર્યું. ટેકરાવાળી જમીન મેળવવા માટે ચક્રો ગતિમાન કર્યાં, પણ વિઘ્નસંતોષીઓની કાનભંભેરણીથી ભાવગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ શાસ્ત્રીજી મહારાજની જમીન માટેની અરજી પર લાલ શેરો મારી દીધો હતો અને લખ્યું હતું કે, 'ગઢડાની સીમમાં યજ્ઞપુરુષદાસજી અને મંડળને એક તસુ જમીન પણ આપવી નહીં.'

છેલ્લાં ત્રીસ વર્ષની મહેનત પર આ લાલ શેરાની સહીથી પાણી ફરી વળ્યું હતું. સૌ નિરાશ થઈ ગયા હતા, પણ શ્રદ્ધાનો દીપ જેમના હૃદયમાં સદાય પ્રજ્વલિત રહેતો તેવા શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'જમીન મળશે ને ગઢડાનું મંદિર તો રાજ્યપલટો કરાવીને પણ મહારાજ કરાવશે.' અને આ શ્રદ્ધાના દીપકે એવું અજવાળું પ્રસરાવ્યું કે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત દેશ આઝાદ થયો અને ભાવનગર રાજ્યના લેખ પર મેખ મારી નવા નિમાયેલા કલેક્ટર ગોવિંદસિંહ ચુડાસમાએ ગઢડાની ટેકરાવાળી જમીન મંદિર માટે અર્પણ કરી.

શ્રદ્ધાના બળે આકાશના તારા પૃથ્વી પર લાવી શકાય છે, તેમ શાસ્ત્રીજી મહારાજે આપણને શીખવ્યું છે. તો વાસના ટાળવી ક્યાં અઘરી બાબત છે?

૨. હરિ તથા હરિજનના વચનને વિશે વિશ્વાસ :

❈ અધ્યાત્મમાર્ગે પ્રગતિ માટે ભગવાન અને સંતે જે જે ઉપાયો બતાવ્યા છે, તેમાં પણ સંપૂર્ણ પ્રતીતિ હોય તો છતી દેહે નિર્વાસનિક થઈ શકાય છે.

❈ વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ આવ્યો કે સ્વામી મૂળ અક્ષર છે, તો માયાનાં આવરણ ટળી ગયાં.

❈ ભગવાન અને સંત જે જે આજ્ઞા કરે છે, તેમાં વિશ્વાસ રાખીને મંડ્યો રહે તેને જરૂર સિદ્ધિ મળે.

❈ ડભોઈના ઉપેન્દ્રાનંદ સ્વામીએ વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીને નિષ્કપટભાવે વિનંતી કરતા કહ્યું, 'સ્વામી ! સાધુનાં ત્રીસ લક્ષણોમાંથી ઓગણત્રીસ લક્ષણો આવ્યા છે, એક બાકી છે. સંકલ્પના ઉપવાસ બંધ થતા નથી. તો તેનો શો ઉપાય કરું ?' સ્વામીએ કહ્યું, 'જૂનાગઢ આવો તો બધું મટી જાય.' તેઓ જૂનાગઢ આવ્યા. ત્યાં હવેલીના કારખાનાનું કામ ચાલતું હતું. સ્વામીએ કહ્યું, 'આ છાણની ગારનો ટોપલો લઈ ત્રીજે મેડે થાપ દઈ દ્યો.' તેઓ થાપ દેવા ગયા. થોડી વારે સ્વામી ત્યાં ગયા ને પૂછ્યું, 'થાપ કેટલી દેવાઈ?' એટલે તેમણે સ્વામી સામે જોયું. બંનેનાં ચાર નેત્રો ભેગાં થયાં એટલે સ્વામીએ તેમના અંતરના કામાદિક વિકાર ખેંચી લીધા અને પરમ સુખિયા કરી દીધા.

❈ શ્રીજીમહારાજે **વચનામૃત સારંગપુર-૯**માં કહ્યું છે કે, 'જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે, માટે અતિ સાચા ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'

૩. ભગવાનને વિષે પ્રીતિ :

❈ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૫૯**માં કહે છે કે, 'હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.' કહેતાં તે ભક્ત પૂર્ણકામ થઈ જાય છે અને તેને બીજું કાંઈ પામવાની ઈચ્છા રહેતી નથી. તે ભક્ત ભગવાનની મરજી પ્રમાણે વર્તે છે.

❈ ભક્તરાજ સુરાખાચર એક વાર શ્રીજીમહારાજને કહે, ''મહારાજ ! શાસ્ત્રોમાં અમને લાંબી દિશ પડે નહીં. અમે તો એટલું જાણીએ કે 'અમ તમણા ને તમ અમણા'' આ સાંભળી મહારાજ બોલ્યા કે, 'એટલું જ કરવાનું છે. લાકડીના સંગે લોખંડની ખીલી પણ તરે છે, તેમ અમારે આશરે તમારું કલ્યાણ થશે !'

૪. ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય :

❈ વાસના ટાળવાના ચાર ઉપાયોમાં આ મુખ્ય ઉપાય છે. મહારાજ કહે છે કે જો ભગવાનનું યથાર્થ

માહાત્મ્ય હોય તો બીજા બધા કલ્યાણકારી ગુણો ન હોય તો આવે છે અને જો હોય તો ગુણો વિશેષ બળવાન થાય છે.

તેથી જ મહારાજે વચનામૃતમાં વારંવાર ભગવાનના સ્વરૂપને યથાર્થ ઓળખીને મહિમા સમજવાની વાત કરી છે. અનેકાનેક વચનામૃતમાં મહિમા સમજવાથી લાભ અને જો મહિમા ન સમજાય તો શું ખોટ જાય છે, તેવી સ્પષ્ટતા કરીને ભગવાનના માહાત્મ્યમાં શું સમજવું તે સમજાવ્યું છે.

◎ અહીં મહિમા સમજવાથી વાસના ટળે છે, બીજા કલ્યાણકારી ગુણો આવે છે. અને જો યથાર્થ મહિમા ન હોય તો ક્ષયરોગવાળી કન્યાનું દૃષ્ટાંત આપીને મહારાજ સમજાવે છે કે મહિમા વગરની ભક્તિ ટકતી નથી. સંપ્રદાયનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે ઘણા ભક્તિ, સેવા, પૂજા કરતા હોય પરંતુ યથાર્થ મહિમા ન હોય તો મહારાજ-સ્વામી કે ગુણાતીત-પરંપરાને છોડીને જતા રહ્યા છે. સત્સંગમાં કંઈક અપમાન થાય, સંસારમાં કંઈક દુઃખ આવે તો મહારાજને, આ સત્સંગને છોડીને જતા રહ્યા હોય તેવા ઘણા પ્રસંગો છે, પણ જેને યથાર્થ મહિમા સમજાણો છે, એવા નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ, ધ્રુવ, પ્રહલાદ, પાંડવો વગેરે પરોક્ષનાં ભક્તોને ઘણાં દુઃખ આવ્યા છતાં ભક્તિ મૂકી નથી. મહારાજના વખતમાં દાદાખાચર, પર્વતભાઈ, દેવજીભગત વગેરે ઘણા ભક્તોને અનેક પ્રકારનાં દુઃખ આવ્યાં છતાં ભક્તિ છૂટી નથી.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૧૭**માં કહે છે, 'જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે, તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહીં.'

❋ આશાભાઈ, ઈશ્વરભાઈ તથા મોતીભાઈએ શાસ્ત્રીજી મહારાજના કહેવાથી જેસિંગપુરા, રઢુ, નાયકા વગેરે ગામોમાં ઘણી જમીન રાખી. થોડાં વર્ષો પછી એક વાર એવું બન્યું કે આ સહિયારી જમીન પર સરકારી મહેસૂલ ચઢી ગયું. આ રકમ જો એક માસમાં ન ભરાય તો સરકાર તેને જપ્ત કરી લે.

પ્રશ્ન એવો થયો કે મહેસૂલ ભરવાના પૈસા હતા નહીં અને માથામાં વાળ તેટલું દેવું થઈ ગયેલું. તેમાં વળી લોકો મફતની સલાહ આપી જાય કે તમે શાસ્ત્રીને મૂકી દો, એ તો બાવો છે. તે તો ભીખ માંગીને પૂરું કરશે ને તમે તો પાટીદાર કહેવાઓ. તમારાથી ભીખ નહીં મગાય.' પણ આ ભક્તોને ગુરુનો એટલો બધો મહિમા કે 'શ્રીજીમહારાજ વર્તમાનકાળે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ છે અને તેમનામાં રહી કાર્ય કરી રહ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડમાં આ પુરુષનું ધાર્યું થાય છે.' તેથી તેઓ લોકોને નીડરતાથી જવાબ આપતા કે, 'શાસ્ત્રીજી મહારાજ માટે ભીખ માંગીશું, પણ તેમને મૂકીશું નહીં.' આ ભક્તોનાં મુખ પર એટલો બધો કેફ રહેતો કે દુઃખની એક રેખા શોધી ન જડે !

હવે ગણતરીના દિવસો મહેસૂલ ભરવા માટે બાકી હતા, પણ તેઓ બધી ચિંતા ગુરુ પર છોડી સ્થિર હતા. દયાળુ શાસ્ત્રીજી મહારાજે પણ જમીનના મહેસૂલની રકમની વ્યવસ્થા કરી આપી, પણ આ ભક્તોની આવી નિષ્ઠા અને મહિમા જોઈ શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થયા.

જો આવું ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય સમજાય તો વાસનાનું નામોનિશાન મટી જાય. ભગવાનનું માહાત્મ્ય સમજવા માટે ત્રણ મુદ્દા મુખ્યત્વે સમજવાના છે.

૧. શ્રીજીમહારાજ - અનંત સામર્થ્યવાન અને ઐશ્વર્યવાન :

❋ એક વાર શ્રીજીમહારાજ ગઢડામાં સંતો-ભક્તો સાથે બેઠા હતા. આ વર્ષે વરસાદ ખૂબ ઓછો પડ્યો હોવાથી હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી કે 'દયાળુ ! આપ વરસાદ પાડો તો અમારા ખેતરમાં બાજરી વગેરે પાકે.' ત્યારે મેથાણના પૂંજાજીને જોઈ મહારાજ કહે, 'તમે બધા કહો છો તે ઠીક, પરંતુ પૂંજાજી કહે તો વરસાદ થાય.' આથી બધા કાઠી ભક્તો પૂંજાજીને વરસાદ પાડવા બાબતે બોલવા કહ્યું, પણ પૂંજાજી તો સ્થિર બેઠેલા. કાંઈ જ બોલે

નહીં. બધાએ તેમને ખૂબ આગ્રહ કર્યો કે 'વરસાદ વગર આપણે મરી જઈશું, માટે બોલ.' પણ તેમણે એક શબ્દ ન ઉચ્ચાર્યો. બીજે દિવસે એક કાઠીએ તેમને પૂછ્યું કે, 'કાલે કેમ બોલ્યો નહીં ?' ત્યારે પૂંજાજી કહે, 'મેં તો ઘણુંય બોલવાનું કર્યું, પણ મારાથી બોલાયું જ નહીં.'

આ વાત સૌએ જાણી ત્યારે સૌને થયું કે 'આ પણ શ્રીજીમહારાજની જ લીલા છે.'

❋ પ્રેમાનંદ સ્વામી લિખિત 'ઓરડાના પદ'માં શ્રીજીમહારાજ કહે છે કે,

'જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન,
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'

૨. શ્રીજીમહારાજ - અત્યંત નિર્દોષ :

❋ શ્રીજીમહારાજ **વચનામૃત** ગઢડા **પ્રથમ-પર**માં કહે છે કે, 'ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવા જેવા ચરિત્ર કરે છે તે સર્વે ગાન કરવા યોગ્ય છે, પણ એમ ન સમજવું જે, 'ભગવાન થઈને એમ શું કરતા હશે ?' અને ભગવાનનાં ચરિત્ર તો સર્વે કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે.'

❋ ભગવાન જે કરે છે તે સાચું કરે છે અને સારું કરે છે. તેમનામાં કોઈ દોષ છે જ નહીં, તે સમજણ આપણે દૃઢ કરવાની છે.

૩. શ્રીજીમહારાજ - અસાધારણ, દિવ્ય અને શાશ્વત સુખના ધારક :

❋ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૧**માં કહે છે કે, 'ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર થાય નહીં.' આ વાતનો હાર્દ એ છે કે - ભગવાનમાં અપાર સુખ રહ્યું છે.

૪. શ્રીજીમહારાજ - એકાંતિક સંત દ્વારા સદા પ્રગટ :

❋ જે શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસોને મળ્યા હતા, તે જ શ્રીજીમહારાજ આજે સંત સ્વરૂપે, મહંતસ્વામી મહારાજ સ્વરૂપે આજે આપણને પ્રાપ્ત થયા છે. તેઓ મહારાજને રોમરોમમાં ધારીને રહ્યા છે. આવો મહિમા આપણે સમજવાનો છે.

❋ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે,

'સંત હું ને હું તે વળી સંત રે,
એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.'

આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજી ભગવાનની ભક્તિ કરવી, એ જ વાસના ટાળ્યાનું મહામોટું સરળ સાધન છે.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે...

વચનામૃત : સારંગપુર પ્રકરણનું પાંચમું : અન્વયવ્યતિરેકનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૯ નવમીને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને શ્રદ્ધા તથા હરિ અને હરિજનના વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. તેમાં પણ જો એક માહાત્મ્ય અતિશય દૃઢ હોય તો શ્રદ્ધા તથા વિશ્વાસ તથા પ્રીતિ એ ત્રણ દૂબળાં હોય તો પણ મહાબળવાન થાય છે અને માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે. જેમ દશ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષયરોગ થાય, પછી તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય પણ યુવાન થાય નહિ, તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પરિપક્વ થતી થતી નાશ થઈ જાય છે. અને જેના હૃદામાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તોપણ એના હૃદામાં સર્વે આવે છે અને જો માહાત્મ્ય સહિત ભક્તિ જેના હૃદામાં નથી તો શમદમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદામાં છે તો ય પણ નહિ જેવા છે, કેમ જે અંતે નાશ પામી જશે. માટે એક માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. **તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.''**

ઈતિ વચનામૃત્ એવી રીતે સારંગપુર પ્રકરણનું પાંચમું વચનામૃત થયું.

■ **વચનામૃતની વિશેષતા :**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં

- વાસના ટાળવાનો ઉપાય બતાવે છે.
- સર્વે ગુણો કરતાં માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિનો વિશેષ મહિમા સમજાવે છે.
- અન્ય કલ્યાણકારી ગુણો પ્રાપ્ત કરવાનો ઉપાય પણ બતાવે છે.

■ **નિરૂપણ :**

■ **વાસના ટાળવાની આવશ્યકતા :**

મુક્તાનંદ સ્વામી આ વચનામૃતમાં વાસના ટાળવાનો ઉપાય પૂછે છે, ત્યારે વાસનાનું સ્વરૂપ સમજાવતાં શ્રીજી મહારાજ વચનામૃત ગ.પ્ર.૧૧માં કહે છે, ''પૂર્વે જે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ.'' સૌપ્રથમ તો એ વિચારવું જોઈએ કે વાસના એટલે શું ? વાસના ટાળવાની શી જરૂરિયાત છે ? વાસના ટાળવાની જરૂરિયાત લાગે તો જ આપણે તે ટાળવાનો ઉપાય કરવાના. માટે વાસના શા માટે ટાળવી જોઈએ તે સમજવું જરૂરી છે.

(૧) ભવચક્રમાંથી આત્યંતિક મુક્તિ માટે :

પ્રત્યેક જીવ અનાદિકાળથી જન્મમરણના ભવચક્રમાં ઘૂમે છે. ૮૪ લાખ જાતની યોનિમાં આ જીવે અનંતવાર જન્મ લીધા છે. જીવને આ ભવચક્રમાં શા માટે વારંવાર આવવું પડે છે ? આ પ્રશ્નનો ઉત્તર છે - વાસના. જીવને જેમાં વાસના છે, તે વાસનાની પૂર્તિ માટે તેને જન્મ લેવો પડે છે. શ્રીજી મહારાજ વચનામૃત અમદાવાદ - ૩માં કહે છે, ''અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મમરણનો હેતુ છે.''

બી પડ્યા હોય તો ઊગે.

ઉનાળામાં જમીન પર કોઈ લીલોતરી કે ઘાસપાન દેખાતાં નથી. પણ જેવો વરસાદ આવે કે તરત બધું લીલુંછમ થઈ જાય છે. કોઈ આના બીજ રોપવા કે વાવવા જતું નથી. પણ અંદર હોય છે તો ઊગી નીકળે છે. તેમજ વાસનાના બી અંદર પડેલા છે. તે ઈચ્છાઓ જ આપણા જન્મ-મરણનું ચક્ર ચલાવે છે.

❋ વળી, શ્રીજી મહારાજ ગ.પ્ર.૬૦, સા.૪, ગ.મ. ૨૫ વગેરે વચનામૃતોમાં કહે છે કે જ્યાં સુધી વાસના છે ત્યાં સુધી ભગવાનના ધામની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ જીવની આત્યંતિક મુક્તિ થતી નથી. જો જીવ ભગવાનનો ભક્ત હોય તો તે લખચોરાશીમાં ન જાય. પરંતુ વારંવાર દેવતા કે મનુષ્ય થવું પડે. જ્યારે વિમુખ જીવ તો લખચોરાશીમાં જ જાય.

❋ એક ગુરુ હતા. પોતાના શિષ્યને કહે, 'હું ધામમાં જઈશ ત્યારે નગારાં વાગે તો સમજવું કે હું ભગવાનની સેવા પહોંચી ગયો છું.'

અંત સમયે તેઓ એક મહાત્માના આશ્રમમાં રહ્યા. રાત પડી. ગુરુએ દેહ મૂકી દીધો. નગારાં ન વાગ્યાં. શિષ્યને પ્રશ્ન થયો. ગુરુ તો બહુ સારા હતા, પવિત્ર હતા, ધામમાં કેમ ના ગયા ? મહાત્માને વાત કરી. મહાત્માએ સામે બોરડી પરનું પાકું બોર તોડીને બતાવ્યું. તે બોરમાં એક કીડો હતો. તેને બતાવીને મહાત્મા કહે, ''આ તારા ગુરુને અંત સમે આ બોરમાં વૃત્તિ ચોંટી હતી, તેથી કીડો થયા છે.'' પછી પાણી છાંટીને મોક્ષ કર્યો તો તરત નગારાં વાગ્યાં.

❋ વચનામૃત સા.૧૧માં આ હકીકતને વધારે સ્પષ્ટતા અને દૃઢતાપૂર્વક કહીને નિર્વાસનિક થવા પર ભાર મૂકતાં મહારાજ કહે છે, ''જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરક-ચોરાશીમાં તો ન જાય અને દેવતામાં ને મનુષ્યમાં તો અનંત જન્મ ધરે, પછી જ્યારે પૂર્વે કહ્યા એવા વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય, ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય અને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત

એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યા એવે લક્ષણેયુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે, ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે, ને આત્યંતિક મોક્ષને પામશે, પણ તે વિના તો નહિ જ પામે.''

માટે અક્ષરધામની પ્રાપ્તિ માટે અર્થાત્ જન્મમરણના ભવચક્રમાંથી આત્યંતિક મુક્તિ માટે નિર્વાસનિક થવું અનિવાર્ય છે. નહિતર તો જન્મમરણ નિશ્ચિત છે.

(૨) ભગવાન અને સંતની પ્રસન્નતા માટે :

❊ જ્યાં સુધી ભગવાન અને ગુણાતીત સંતની કૃપા - પ્રસન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવ ભવચક્રમાંથી છૂટી શકે તેમ નથી, પોતાનાં સાધનોથી આત્યંતિક મુક્તિ મેળવી શકે તેમ નથી. જેમ રાષ્ટ્રપતિની કૃપા થાય તો ગમે તેવી આકરી જન્મટીપ કે ફાંસીની સજા હોય, પણ તેને મુક્તિ મળી શકે, તેમ ભગવાનની કૃપાની પણ જરૂર છે. ભગવાનની કૃપા માટે પણ નિર્વાસનિક થવાની જરૂરિયાત છે.

આપણને ગંદાં કે મેલાં કપડાં પહેરવાં ગમતાં નથી. ઉકરડામાં કે ગટરમાં કે કાદવ-કીચડમાં બેસીને ભોજન લેવાનો વિચાર તો શું, સંકલ્પ પણ ઊઠતો નથી. મહિનાઓથી નાહ્યો ના હોય તેવો મેલો ને ગંધાતો ભિખારી કે કોઈ રોગી આપણી પાસે આવે તો તેની જોડે બોલવા-બેસવા કે રહેવાનું પણ આપણને પસંદ પડતું નથી. આ બધી બહારની દેખાતી એવી ગંદકી કે મલિનતા છે તે સાફ અવશ્ય થઈ શકે.

એનાથી વધારે ખતરનાક ગંદકી છે, અંતરની વાસના. મહારાજને વાસના કે સ્વભાવો પ્રત્યે કેવી અરુચિ છે તે જોઈએ.

❊ ગ.પ્ર.૭૬ : 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ. અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે, એ સત્સંગી છે. અને કામી તો સત્સંગમાં હોય તોપણ વિમુખ જેવો છે.'

❊ લો. ૧૪ : ''અને અમારે સુવાણ તો એવા સાથે થાય છે જે, 'જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ, ઇત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય. ' તે સાથે જ અમારે બેઠા -ઊઠ્યાની સુવાણ થાય છે. અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તોપણ તેની સાથે સુવાણ થાય નહિ.''

અહીં કામ, સ્વાદ, લોભ, માન, સ્નેહની વાસના છે. તેને લીધે જ ક્રોધ, ઈર્ષ્યા, કપટ, દંભ જેવા દોષોનો પણ ઉકળાટ થાય છે. તેથી સંપૂર્ણ દોષોમાંથી મુક્ત થાય અર્થાત્ નિર્વાસનિક થાય તો જ મહારાજને તે વ્યક્તિ ગમે છે. વળી, તેઓ વચ. ગ.મ.૫૦માં કહે છે, 'માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. એ અમારા અંતરનું રહસ્ય છે તે કહ્યું.'

મોટાપુરુષનો પણ રાજીપો તો જ થાય જો ભક્ત સર્વે સ્વભાવોથી રહિત અર્થાત્ નિર્વાસનિક થાય. આ હકીકત મહારાજ નીચેના વચનામૃતમાં કહે છે.

સ્વામીજીને રાજી કરવા, તેમની પ્રસન્નતા મેળવવા આપણે સ્થૂળ ઉપાયો ઘણા કરીએ છીએ. પરંતુ મોટાપુરુષને રાજી કરવાનો અક્સીર ઉપાય તો કંઈક જુદો જ છે, જે શ્રીજી મહારાજે વર્ણવ્યો છે.

❊ ગ.મ. ૨૭ : 'અને તે મોટા પુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે.'

આ રીતે અંતર નિર્વાસનિક થાય તો જ ભગવાન અને સંતનો રાજીપો મળે.

શ્રીજી મહારાજ સુરાખાચરને **'યતિ'** કહીને ઊભા થઈને ભેટ્યા, રાજીપો દર્શાવ્યો, કારણ કે સામેથી સ્ત્રીનો યોગ થયો, છતાં સ્ત્રીમાં ન ફસાયા.

દાદાખાચર, પર્વતભાઈ, ગોરધનભાઈ, લાડુબા, જીવુબા પર મહારાજના રાજીપાનું મુખ્ય કારણ આ જ છે, નિર્વાસનિકપણું.

(3) ભગવાનના સુખની અનુભૂતિ માટે :

❋ ભગવાનનું સુખ કેવું છે તે વિષે શ્રીજી મહારાજ વચ.સા.૧માં કહે છે : 'ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરાબર પણ થાય નહિ.'

વર. ૧૬ : 'ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદલોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે.'

❋ ભગવાનમાં આવું સુખ છે તે આપણને કેમ આવતું નથી ? આ પ્રશ્નનો ઉત્તર ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં કહે છે, 'ભગવાનનું સુખ નથી આવતું તેનું શું કારણ છે ? તો એને વિષય અદ્ધર રાખી મૂકે છે.' **(૪/૧૨૫)**

આંખમાં કણું પડે તો ૧ લાખ રૂપિયાના ચશ્મા પહેર્યા હોય ને વર્લ્ડકપની મેચ ચાલતી હોય પણ જોવાનું સુખ ન આવે.

પગમાં કાંટો વાગ્યો હોય, ને ૧૨,૦૦૦ રૂપિયાના બુટ પહેર્યા હોય, પણ મજા ના આવે.

૨૫ પ્રકારનાં ભોજન, દુનિયાની પ્રથમ નંબરની ફાઈવ સ્ટાર હોટલમાં પીરસાતાં હોય, પણ એ વખતે કીડનીમાં પથરીનો દુ:ખાવો ઊપડે તો એકપણ ભોજન માણી શકે નહીં.

જેમ, કણું, કાંટો કે પથરી દુ:ખદાયક છે, તેનાથી વધુ દુ:ખદાયક વિષયની આસક્તિ - વાસના છે.

અર્થાત્ વિષયમાં રાગ છે, આસક્તિ છે, વાસના છે, ત્યાં સુધી સુખ આવે તેમ નથી. શ્રીજી મહારાજ વચ. ગ.અં. ૩૮માં કહે છે, 'એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠ્યા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જીહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાના જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં. માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.''

❋ વળી, શ્રીજી મહારાજ જેતલપુરના વચનામૃતમાં કહે છે, ''જે ભગવાનના ભક્તને દુષ્ટ વાસના છે તે અમારે સમીપે છે, તોપણ તે સુખિયા નથી રહેતા કેમ જે, તેમણે પ્રભુ ભજતાં પ્રથમ એમ માગ્યું હતું જે, 'હે મહારાજ ! તમારી સમીપે રાખજો, પણ દુષ્ટ વાસના ટાળી નહિ તે સારુ દુખિયા છે.''

❋ કેવા ભક્તને ભગવાનનું સુખ આવે ? તે સમજાવતાં શ્રીજી મહારાજ વચ. ગ.અં. ૨૮માં કહે છે, 'ભગવાન સંબંધી સુખને કોણ પામે છે તો તે કહીએ છીએ જે, જેમ માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે, ક્રીડા કરે ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે. એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પામે નહિ અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે, તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે, એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે.'

મુક્તાનંદ સ્વામી કહે છે :

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે...'

અર્થાત્ જેના અંતરમાં વિષયની આસક્તિનો સંગ નથી, તે જ ભગવાનનું સુખ ભોગવે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ભોજન તેને કેમ ભાવે, જેણે ખાધાં કોઠાં કરી ખાંત,
ઉપર ખાધી આંબલી, તેણે અંબાઈ ગયા છે દાંત,
જેની વિષય કોઠામાં વૃત્તિ વળગી, અહંમમતરૂપ ખાધી આંબલી,
તેને ગોળ સારો કેમ લાગશે, કેમ કે'શે સાકરને ભલી.'
(સારસિદ્ધિ : ૪/૩)

❋ માટે જેને પંચવિષયમાં કોઈ પ્રકારની આસક્તિ વાસના નથી એવા સંતો-ભક્તોને ભગવાનનું સુખ આવ્યું છે. નરસિંહ, મીરાં, તુકારામ, શબરી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજને અનંત પ્રકારની અગવડ, અપમાન છતાં અખંડ અલમસ્ત સુખમાં ગરકાવ રહે છે.

(૩) દુઃખમાત્રમાંથી મુક્તિ મેળવવા માટે :

❋ કદાચ કોઈને જન્મમરણના ભવચક્રમાં શ્રદ્ધા ન હોય, સ્વર્ગ-નરક કે ભગવાનના ધામની પ્રાપ્તિમાં વિશ્વાસ ન હોય, ભગવાનને રાજી કરવા ન હોય કે ભગવાનનું સુખ ન અનુભવવું હોય તોપણ નિર્વાસનિક થવાની જરૂરિયાત છે. એ હકીકત છે કે કોઈને દુઃખી, પાયમાલ, હેરાન નથી થવું. આજે કરોડો માણસોના દુઃખનું એક મુખ્ય કારણ 'વાસના' છે. વાસનાને લીધે જ ઘરમાં કંકાસ, ક્લેશ, ઝઘડાથી માંડીને આ પૃથ્વી પર મહાયુદ્ધો થયાં છે. વિશ્વયુદ્ધોમાં લાખોની હત્યા થઈ છે. મહાભારતના યુદ્ધનું મુખ્ય કારણ શું ? દુર્યોધનની સત્તાલાલસા, રામાયણના યુદ્ધનું કારણ - રાવણને સીતાની વાસના. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધો થવાનું મુખ્ય કારણ 'વાસના' જ છે. વ્યસનોની વાસનાને લીધે વિશ્વમાં દર વર્ષે ૩૩ લાખ માણસો મરે છે.

સ્ત્રી-પુરુષની પરસ્પરની વાસનાને લીધે એઈડ્સ થયો. લાખો મરી ગયા. આજે દરરોજના ૧૦,૦૦૦ માણસો મરે છે. વળી, વ્યભિચારને લીધે કુટુંબમાં ક્લેશ-છૂટાછેડાના પ્રસંગો બને છે.

ધનના લોભ-વાસનાને લીધે ભ્રષ્ટાચાર, લાંચ, ભેળસેળ, ચોરી, લૂંટફાટ, હત્યાઓ થાય છે.

'સ્વાદ'ની વાસનાને લીધે માંસાહાર માટે કરોડો જીવોની હત્યા રોજ થાય છે. ઘરમાં ઝઘડા-દુઃખનું એક કારણ આ 'સ્વાદ'માં વાસના છે.

❋ લવિયા દરજીને રીંગણામાં આસક્તિ હતી, તો તેની પત્નીએ આત્મહત્યા કરી.

ટૂંકમાં, જેમ જ્યાં સુધી પગમાંથી કાંટો, આંખમાંથી કણું, કીડનીમાંથી પથરી ન નીકળે ત્યાં સુધી દુઃખ ન ટળે, સુખી ન થવાય, તેમ જ્યાં સુધી વાસના ન ટળે ત્યાં સુધી આ લોકમાં પણ સુખી ન થવાય.

આ રીતે દુષ્ટ વાસના ટાળ્યા વગર આ લોક કે પરલોકમાં સુખી રહેવાય તેમ નથી. કલ્યાણના માર્ગમાં વાસના જ વિઘ્નરૂપ છે. (ગ.પ્ર.૨૧) સમાધિમાંથી વાસના જ બહાર ખેંચી લાવે છે. (ગ.પ્ર. ૬૦, ગ.મ.૧) માટે વાસના ટાળ્યા વગર છૂટકો જ નથી. આથી વાસના ટાળવાનો ઉપાય મુક્તાનંદ સ્વામી પૂછે છે.

વાસના ટાળવા પોતપોતાની મેળે આજ સુધી અનેક મુમુક્ષુઓએ સખત તપ, ત્યાગાદિક અનંત પ્રકારનાં સાધનો કર્યાં છે. વળી, વિશ્વામિત્ર, પરાશર, એકલશૃંગી, સૌભરી, આદિકે કેવાં સાધનો કર્યાં ? છતાં વાસના ટળી નથી. માટે જ

❋ મુક્તાનંદ સ્વામી કહે છે :

કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી,
લડવા તણો નવ લાગ લાગે;
જોગિયા જંગમાં ત્યાગી તપસી ઘણા,
મોરચે ગયે ધર્મદ્વાર માગે.

આથી, વાસના ટાળવાનો સરળ-સુગમ ઉપાય શ્રીજી મહારાજ આ વચનામૃતમાં સમજાવે છે.

■ **વાસના ટાળવાનો ઉપાય :**

(૧) શ્રદ્ધા :

❊ અહીં શ્રદ્ધાનો વિશિષ્ટ અર્થ છે. સામાન્યતઃ શ્રદ્ધા અને વિશ્વાસ પર્યાયવાચી શબ્દો હોય તેમ જણાય છે. તેમ છતાં બન્નેમાં સૂક્ષ્મ તફાવત છે. વિશ્વાસ એટલે કોઈપણ વ્યક્તિ કે તેનાં વચન અને સામર્થ્યના સત્યપણાની પ્રતીતિ.

શ્રદ્ધામાં 'વિશ્વાસ + ધીરજ' - આ બે સદ્‌ગુણોનું મિશ્રણ છે. અહીં વિશ્વાસ એટલે પોતાની શક્તિ - સામર્થ્યમાં પ્રતીતિ.

ધીરજ એટલે વર્ષો સુધી ધારેલું પરિણામ ન મળે છતાં સાધનામાં મંડ્યા રહેવાનો વિશિષ્ટ ગુણ. અહીં આ વચનામૃતમાં શ્રદ્ધાનું આ જ તાત્પર્ય છે. બે સદ્‌ગુણોનું મિશ્રણ

(૧) આત્મવિશ્વાસ : SELF CONFIDENCE - હું કરી શકીશ.

(૨) ધીરજ : PATIENCE - વર્ષો સુધી મંડ્યા રહેવાનો ગુણ.

આથી શ્રદ્ધા હોય તો જ કોઈપણ માર્ગમાં પ્રગતિ થઈ શકે. તેથી જ વચ. ગ.અં. ૨૪માં અક્ષરધામની પ્રાપ્તિનાં સોળ સાધનોમાં પ્રથમ સાધન તરીકે 'શ્રદ્ધા'નો નિર્દેશ કરેલો છે.

ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે : **'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્'** અર્થાત્ શ્રદ્ધાવાળાને ભગવાનની પ્રાપ્તિ થાય છે.

❊ ભૌતિકમાર્ગે કે આધ્યાત્મિકમાર્ગે સફળતા માટે જેને પોતાનામાં જ વિશ્વાસ ન હોય તે કંઈ જ મેળવી ન શકે. અગ્રેજીમાં બે ઊડતા પંખીઓને સંબોધીને એક સુવાક્ય છે. : He can because, he thinks that he can. - તે કરી શકે છે કારણ કે તે માને છે કે તે કરી શકે છે.

પોતાનામાં વિશ્વાસની સાથે સાથે ધીરજની પણ જરૂરિયાત છે. ભૌતિક કે આધ્યાત્મિક સફળતા ઉતાવળથી મળતી નથી. રાતોરાત કોઈનેય સફળતા મળી નથી. વર્ષો સુધીના સખત અને સતત શ્રદ્ધાભર્યા પુરુષાર્થથી જ સફળતા મળી છે. આત્મવિશ્વાસ અને ધીરજના બળે જ આધ્યાત્મિક પંથે પ્રગતિ કરી છે.

વિશ્વની અંદર ચમત્કાર કે ભૌતિક સિદ્ધિઓ પાછળ અખૂટ શ્રદ્ધા રાખી તો સૌ સફળ થયા છે.

❊ એવરેસ્ટ પર માણસ ગયો, મેસ્નર તો એકલો ઓક્સિજન વગર હિમાલય ચડ્યો હતો.

❊ એડિસને બલ્બની શોધ માટે ૧૦,૦૦૦ પ્રયોગો કર્યા.

❊ અબ્રાહમ લિંકને ૧૧ વખત નિષ્ફળ છતાં પુરુષાર્થ ચાલુ રાખ્યો, તો અંતે પ્રમુખપદ મેળવવામાં સફળતા મળી.

■ **આધ્યાત્મિક માર્ગે :**

વચ. ગ.પ્ર.૧૫ : ૧૦૦ વર્ષે મૂર્તિ ન દેખાય છતાં ધ્યાન ધરવામાં શ્રદ્ધા ગુમાવે નહિ તેવા ભક્તને શ્રીજી મહારાજ એકાંતિક કરે છે.

❊ ધ્રુવ, પ્રહ્‌લાદ, નરસિંહ, મીરાંને શ્રદ્ધાના બળે ભગવાનનાં દર્શન.

❊ પ્રાગજી ભક્તને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હૈયામાં જ્ઞાન ઘણું છે. પણ કોઈ પાત્ર નથી. પ્રાગજી ભક્ત કહે, ''એ જ્ઞાન મને આપો.'' સ્વામી કહે, ''એ તો મરણિયો થાય તો મળે.''

ને પછી પ્રાગજી ભક્તે સાધના શરૂ કરી.

સાડા ત્રણ વર્ષ સુધી ૧ કલાક જ સૂતા, ૨૩ કલાક સેવા ને કથા. બે દિવસ પછી ઉપવાસ. ત્રીજે દિવસે પારણામાં એકવાર જમવાનું. આવું તપ સાડા ત્રણ વર્ષ સુધી કર્યું. વાળંદની હલકી ક્રિયા કરી, વાસણ ઉટક્યા. ચંદની સીવી, મરેલું કૂતરું ઉપાડ્યું. ચૂનો પીલ્યો.

શ્રદ્ધાપૂર્વકની તેમની આવી અખૂટ સેવાથી સ્વામીએ ભગવાનનો સાક્ષાત્કાર કરાવ્યો.

* શાસ્ત્રીજી મહારાજે ગઢડાની જમીન અને મંદિર માટે સતત ૩૩ વર્ષ સુધી પુરુષાર્થ ચાલુ રાખ્યો ને ન થઈ શકે એવું કાર્ય કરી બતાવ્યું, શ્રદ્ધાના જોરે.
* યોગીજી મહારાજને શ્રદ્ધા : બાળમંડળ, યુવકમંડળ, અઠવાડિક સભા માટે સતત પુરુષાર્થ કર્યો તો આજે પ્રચંડ ઉદ્‌ઘોષ અનુભવાય છે.
* બે તપસ્વી હતા. એક આંબલીના ઝાડ નીચે - બીજો પીપળા ઝાડ નીચે - નારદજીને બંને જણાએ કહ્યું કે ભગવાનને પૂછજો - કે અમને દર્શન ક્યારે દેશે ? નારદજીએ ભગવાનનો સંદેશ આપ્યો કે જે તપસ્વી જે ઝાડ નીચે તપ કરે છે તે ઝાડના જેટલાં પાંદડાં, તેટલાં વર્ષની સાધના પછી ભગવાન દર્શન દેશે. પીપળાના ઝાડ નીચે બેઠેલો હતો તેની શ્રદ્ધા ખૂટી. તે જતો રહ્યો. આંબલીના ઝાડ નીચે બેઠેલાને શ્રદ્ધા હતી. 'વાહ ! ભગવાન દર્શન દેશે તો ખરાને? નાચવા લાગ્યો. ભગવાને તુરત દર્શન દીધાં. ને નારદજીએ પૂછ્યું, 'ભગવાન કેમ આવું?' ભગવાન કહે ''એની શ્રદ્ધા તો જુઓ, હું શ્રદ્ધાથી પ્રગટ થયો છું.''

■ **હરિ તથા હરિજનના વચનને વિષે વિશ્વાસ :**

વિશ્વાસ એટલે સત્યપણાની પ્રતીતિ : અહીં વચનના બે અર્થો થઈ શકે :

(૧) ઉપદેશ વચન (૨) આજ્ઞારૂપી વચન

(૧) ઉપદેશ વચનોમાં વિશ્વાસ :

ભગવાન અને સંત જે જે ઉપદેશ આપે છે, તે બધા જ ઉપદેશ સત્ય છે. તેમાં લેશમાત્ર સંશય કે સંદેહ ન હોય. તેમાં લેશમાત્ર કુતર્ક ન થાય. અધ્યાત્મમાર્ગે પ્રગતિ માટે જે જે ઉપાયો બતાવ્યા છે, તેમાં પણ સંપૂર્ણ પ્રતીતિ હોય. એમનાં અનેક ઉપદેશ-વચનોમાં એવું પણ વચન છે કે છતે દેહે નિર્વાસનિક થઈ શકાય છે, બ્રહ્મરૂપ થઈ શકાય છે, જીવનમુક્તની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. આવા વચનમાં વિશ્વાસ હોય તો જ સાધક સાધના કરી શકે છે. વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ આવ્યો કે સ્વામી મૂળ અક્ષર છે, તો માયાનાં આવરણ ટળી ગયાં.

(૨) આજ્ઞામાં વિશ્વાસ :

ભગવાન અને સંત જે જે આજ્ઞા કરે છે, તેમાં વિશ્વાસ રાખીને મંડ્યો રહે તેને જરૂર સિદ્ધિ મળે. શિષ્યને એટલો વિશ્વાસ હોવો જરૂરી છે કે ભગવાન અને સંત મને જે આજ્ઞા કરે છે તે આજ્ઞામાં જ હું બ્રહ્મરૂપ થવાનો છું. આ વિશ્વાસથી જો ગુરુનું વચન અધ્ધર ઝીલે તો સવા લાખના મોતીની જેમ કિંમતી બની જાય.

* સત્યકામ જાબાલિ - ગુરુવચને ગાયો ચારવા ગયો તો બ્રહ્મજ્ઞાન થયું.
* ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી હવેલીનું, આંબાને પાણી પાવાનું, ગિરનારને બોલાવવાનું કાર્ય કર્યું.
* ઉપેન્દ્રાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞામાં વિશ્વાસ હતો તો વાસના ટળી ગઈ. - ગાર લીંપી.
* યોગીજી મહારાજની સિદ્ધિનું રહસ્ય - શાસ્ત્રીજી મહારાજના વચને વાસણ ઉટક્યા.
* પ્રમુખસ્વામી મહારાજની પ્રગતિનું રહસ્ય : 'ગુરુની આજ્ઞા'

આમ, શ્રદ્ધા અને વિશ્વાસથી જ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી શકાય છે. તદનુસાર આ વચનામૃતમાં કહે છે કે આ બે ગુણો નિર્વાસનિક થવા માટે ઊપયોગી છે. વળી, મહારાજ વચ. સા.૯માં કહે છે,

'જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશય શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવા તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે, માટે અતિ સાચા ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'

(૩) ભગવાનને વિષે પ્રીતિ :

શ્રીજી મહારાજ ગ.મ. ૫૯માં કહે છે કે હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. વળી વચ. ગ.પ્ર. ૫૬ અને ગ.મ.૯માં શ્રીજી મહારાજ કહે છે કે જેને ગોપીઓની જેમ ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તો તેને બીજા કોઈ સાધન કરવાના રહેતા નથી.

❊ શ્રીજી મહારાજના વખતમાં પણ દાદાખાચર, લાડુબા, જીવુબા, કૃપાનંદ સ્વામી આદિક સંતો-ભક્તો મહારાજને વિષે અતિશય હેતને લીધે ધામને પામ્યા. પ્રીતિનું લક્ષણ મહારાજ વચ. કા.૧૧માં સમજાવે છે કે જેમને વિષે પ્રીતિ હોય તેની આજ્ઞા પ્રમાણે જ વર્તે, તેમનું ગમતું જ કરે. આ રીતે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાથી નિયમ વિરુદ્ધ વિષયો તો ભોગવે જ નહિ. નિયમમાં રહીને વિષયો ભોગવે સાથે સાથે અન્ય આજ્ઞા પાળવાથી ભગવાનની કૃપા અને પ્રસન્નતા થાય. જેથી અંતરમાં રહેલ વાસનાનાં બીજ બળી જાય.

(૪) ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય :

❊ વાસના ટાળવાના ચાર ઉપાયોમાં આ મુખ્ય ઉપાય છે. મહારાજ કહે છે કે જો ભગવાનનું યર્થાથ માહાત્મ્ય હોય તો બીજા બધા કલ્યાણકારી ગુણો ન હોય તો આવે છે. અને જો હોય તો ગુણો વિશેષ બળવાન થાય છે.

તેથી જ મહારાજે વચનામૃતમાં વારંવાર ભગવાનના સ્વરૂપને યથાર્થ ઓળખીને મહિમા સમજવાની વાત કરી છે. અનેકાનેક વચનામૃતમાં મહિમા સમજવાથી લાભ અને જો મહિમા ન સમજાય તો શું ખોટ જાય છે તેવી સ્પષ્ટતા કરીને ભગવાનના માહાત્મ્યમાં શું સમજવું તે સમજાવ્યું છે.

❊ અહીં મહિમા સમજવાથી વાસના ટળે છે, બીજા કલ્યાણકારી ગુણો આવે છે. અને જો યથાર્થ મહિમા ન હોય તો ક્ષયરોગવાળી કન્યાનું દૃષ્ટાંત આપીને મહારાજ સમજાવે છે કે મહિમા વગરની ભક્તિ ટકતી નથી. સંપ્રદાયનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે ઘણા ભક્તિ, સેવા, પૂજા કરતા હોય પરંતુ યથાર્થ મહિમા ન હોય તો મહારાજ-સ્વામી કે ગુણાતીત-પરંપરાને છોડીને જતા રહ્યા છે. સત્સંગમાં કંઈક અપમાન થાય, સંસારમાં કંઈક દુઃખ આવે તો મહારાજને, આ સત્સંગને છોડીને જતા રહ્યા હોય તેવા ઘણા પ્રસંગો છે. પરોક્ષપણે ભક્તિ કરનારામાં પણ જેને ભગવાનનો મહિમા નથી, તેમને કંઈક દુઃખ આવે તો ભક્તિ મૂકી દેતા હોય તેવા ઘણા દેખાય છે. પણ જેને યથાર્થ મહિમા સમજાણો છે, એવા નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ, ધ્રુવ, પ્રહલાદ, પાંડવો વગેરે પરોક્ષનાં ભક્તોને ઘણાં દુઃખ આવ્યા છતાં ભક્તિ મૂકી નથી. મહારાજના વચનમાં દાદાખાચર, પર્વતભાઈ, દેવજીભગત વગેરે ઘણા ભક્તોને અનેક પ્રકારનાં દુઃખ આવ્યા છતાં ભક્તિ છૂટી નથી.

❊ તેથી જ મુક્તાનંદ સ્વામી કહે છે.

તન ધન જાતાં (૨), હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે.
જેમ નાર સતી (૨), સરવે મમતા છોડી પતિ સંગે બળે - ટેક.
જુઓ પ્રહલાદે નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું
દૃઢ કરી મોહન સંગ મન જોડ્યું -૧
જુઓ હરિશ્ચંદ્રે હરિ નવ તજીયા, પર ઘેર વેચાઈ પ્રભુને ભજીયા,
ત્યારે મોહનના મનમાં રજીયા - ૨
જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુ વચન રુદે નવ ધારિયું,
તન મન ધન પ્રભુ પર વારિયું - ૩
એવી દૃઢતા ધારે તે સુખિયા, તે કોઈ કાળે નવ હોય દુઃખિયા
કહે મુક્તાનંદ તે મહાસુખિયા - ૪

વળી

હરિજન થઈને (૨), હાણવરધ સુખ દુઃખ મનમાં નવ ધારીએ,
ટાળ્યાં ન ટળે (૨), ઘટ સાથે ઘડિયા હિંમત નવ હારીએ - ટેક
જુઓ કદરજ મહાદુઃખિયા કહાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા,
ત્યારે મોહનના મનમાં ભાવ્યા - ૧
જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યા, બહુકાળે બંધન દૂર થયા,
હરિ પુત્ર તોય મહા દુઃખ સહ્યા - ૨
જુઓ પાંડવ પ્રભુને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા,

તે વન ભટક્યા લઈ સંગ દારા - ૩
એમ સમજી હરખ શોક તજીએ, થઈ એકમના પ્રભુને ભજીએ,
કહે મુક્તાનંદ હરિને રજીએ - ૪

❊ તેથી શ્રીજી મહારાજ વચ. લો. ૧૭માં કહે છે, 'જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને મહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ.

આ રીતે ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજીને ભગવાન અને સંતનો આશરો કદાપિ છોડવો નહિ. મહારાજ વચ. વર. ૫ માં કહે છે, 'એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તોપણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય, અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય.'

❊ આવો અનન્ય ભક્ત ભગવાનનો યથાર્થ મહિમા સમજે છે, તેથી જ તેની વાસના ટળી જાય છે.

ભગવાનના મહિમામાં મુખ્યત્વે ત્રણ મુદ્દા સમજવાના છે.

(૧) ભગવાનનું અનંત સામર્થ્ય-ઐશ્વર્ય :

વચ. ગ.પ્ર. ૨૭, ૫૬,૭૮ અને ગ.અં. ૩૯માં જણાવ્યા પ્રમાણે ભગવાનના અસાધારણ સામર્થ્યનું જ્ઞાન થાય તો એવા સમર્થ ભગવાન આપણી ગમે તેવી વાસના ટાળી નાખશે, એવી દૃઢ પ્રતીતિ અને શ્રદ્ધા પ્રગટે.

(૨) ભગવાનનું દિવ્યપણું - નિર્દોષપણું :

ભગવાન માયા પર છે, નિર્દોષ છે, સદૈવ દિવ્ય છે એવો મહિમા સમજાય તો આપણામાંથી પણ માયિકભાવ ટળી જાય એવી વાત મહારાજે વચ. ગ.પ્ર. ૨૪, પં. ૭ અને વર. ૫ માં કરી છે.

(૩) ભગવાનનું અસાધારણ, દિવ્ય અને શાશ્વત સુખ :

વચ. સા. ૧, લો. ૧૮, પં. ૧, ગ.મ. ૧, વર. ૯, ૧૬, ગ.અં. ૨૭,૨૮,૩૯ પ્રમાણે ભગવાનના અનંત અપાર દિવ્ય શાશ્વત સુખમાં દૃષ્ટિ જાય તો માયિક સુખમાં વૃત્તિ જાય જ નહીં. એ રીતે વાસના નિર્મૂળ થઈ જાય. તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

સોના રૂપામાં સુખ ન માને, જેને મહાપ્રભુ આવિયા પાને;
કીટ બ્રહ્મા લગી દેખે નાશ, એમ સમજે છે હરિના દાસ.
એક સમજાણું હરિમાં સુખ, બીજું સર્વે જણાણું છે દુ:ખ;
જેવો જમકિંકર કાળપાશ, એમ સમજે છે હરિના દાસ.
જેને મળ્યું છે મહાધન મોટું, બીજું સર્વે સમજાણું છે ખોટું;
પાપ જાણીને ન કરે પ્યાસ, એમ સમજે છે હરિના દાસ.
અહિ, વીંછી ને વિષ અંગાર, કાકવિષ્ટા માંહિ શિયું સાર;
એવું જાણી તજે સુખ આશ, એમ સમજે છે હરિના દાસ.
એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં;
રહે છે અંતરથી સહુથી ઉદાસ, એમ સમજે છે હરિના દાસ.

(ભક્ત ચિંતામણિ-૧૦૭/૩૮-૪૨)

વળી, મહારાજ નીચેનાં વચનામૃતોમાં ભગવાનનું સ્વરૂપ સમજવાથી વાસના ટળે છે તે સમજાવે છે.

❊ ગ.પ્ર.૨૪ : 'જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે, ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટમાત્ર ટળી જાય છે. જેમ લીંબુની એક ચીર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ હળવા હળવા ચણા ચવાય ખરાં, ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહિ ને મગનો દાણો પરાણે ચવાય. અને ઘણા લીંબુ ચૂસ્યા હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ, એમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંત:કરણ ને દશ ઈન્દ્રિયોરૂપ જે દાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.'

❊ ગ.મ.૧૩ : ''જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં

આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ.'

'જ્યારે એ વાર્તા સમજવામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જીતાઈ જશે.'

'એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને સ્વતંત્ર થાય છે.''

આ રીતે જેને જેને ભગવાનનો યથાર્થ મહિમા સમજાણો છે, તેણે જગતના પદાર્થોમાં માલ માન્યો જ નથી. તેમાં લોભાણા નથી.

- ❊ હનુમાને નવ લાખનો હાર ફેંકી દીધો.
- ❊ મીરાંએ હીરા-માણેકની માળા ન સ્વીકારી.
- ❊ ઝમકુબા રાજ્ય છોડીને નીકળી ગયાં.
- ❊ બ્રહ્માનંદ સ્વામીએ વડોદરા ગાયકવાડ સરકારનું પ્રલોભન ન સ્વીકાર્યું.
- ❊ ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીએ આપેલ પ્રલોભનમાં ન લોભાયા.

માટે આવી રીતે માહાત્મ્યસહિત ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું છતાં સરળ સાધન છે.

સભા : ૪૨ - સભા કાર્યક્રમ

❖ **વચનામૃત** : સારંગપુર-૧૮ - ખાર ભૂમિનું
❖ **વિશેષ પ્રવચન** : 'પત્રિકા' અથવા 'નીલકંઠ'ની સૂચના મુજબ
❖ **પ્રસંગ કથન** :

સ્વામિનારાયણ હરે...

વચનામૃત સારંગપુર પ્રકરણનું અઢારમું : ખાર ભૂમિનું

સ્વામિનારાયણ હરે...

સંવત ૧૮૭૭ ના ભાદરવા સુદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. અને જો કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો વૈરાગ્ય વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે. જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં ન હોય અને તે જ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે, તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે

ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય. પછી તે કાંપ ભેળા વડ, પીપળા આદિક વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય અને જગત સંબંધી વિષય સુખનો અંકુર પણ ઊઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય, તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગત-વાર્તારૂપીઓ આવીને કાંપ ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે બીજ રહ્યાં છે તે સર્વે ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.'

ઈતિ વચનામૃતમ્. એ રીતે સારંગપુર પ્રકરણનું અઢારમું વચનામૃત થયું.

● વચનામૃતની વિશેષતા :

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ ૧. શ્રદ્ધાનો પ્રભાવ દર્શાવે છે. ૨. કલ્યાણકારી ગુણોની પ્રાપ્તિ અને દોષોની નિવૃત્તિનો સુગમ ઉપાય બતાવે છે. ૩. કુસંગની અસર વર્ણવે છે.

● નિરૂપણ

● કામાદિક વિકારો ટાળવાની જરૂર શા માટે છે ?

* જીવપ્રાણીમાત્ર અખંડ સુખ અને શાંતિ ઝંખે છે. એ માટે તેની તમામ પ્રવૃત્તિ હોય છે પરંતુ તેને આ સુખ મળી શકતું નથી.
* જેમ પગમાં કાંટો વાગે, આંખમાં કણું પડે કે ભોજનમાં ઝીણી રેતી આવે, તો જરાય પણ ચેન પડે નહીં, તેમ જ્યાં સુધી આપણામાં કામ, ક્રોધ, લોભાદિક વિકારો પડ્યા છે ત્યાં સુધી જીવને શાંતિ કે ચેન પડે નહીં.
* ગ.મ. ૫૧ - જ્યાં સુધી જીવને ગુણનો સંબંધ છે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો થાય નહીં.
* જ્યાં સુધી મનુષ્ય મલીન વૃત્તિઓનો ગુલામ છે, ત્યાં સુધી સુખ ન થાય. ગૌતમ ઋષિનાં પત્ની અહલ્યા પર ઈન્દ્રને કુદૃષ્ટિ થઈ. અને તેનો અંગસંગ કરવા મન લલચાયું. કપટથી વ્યભિચાર કર્યો. ગૌતમ ઋષિને આ ખબર પડી. તેમણે ઈન્દ્રને શાપ આપ્યો કે જા તારા શરીરે હજાર ભગ થશે ને અસહ્ય પીડા થશે. ને ઈન્દ્રને મહાદુઃખ આવ્યું. આનું મૂળ કારણ કામ.
* નંદરાજાને આખી પૃથ્વીનું ધન ભેગું કરવાનો લોભ જાગ્યો ને અંતે એમાંથી દુઃખ થયું.
* રાવણે પરસ્ત્રી પર દૃષ્ટિ કરી તો અંતે એનો વિનાશ થયો.
* લવિયા દરજીને સ્વાદનો દોષ વળગ્યો તો તેને પણ દુઃખ આવ્યું.
* દક્ષરાજા, પરિક્ષિત રાજા, અલૈયા ખાચર કે પૂર્ણાનંદ સ્વામી આદિ ભક્તો માને કરીને સત્સંગમાંથી પડ્યા.
* વ્યક્તિ, કુટુંબ, સમાજ કે રાજ્યમાં થતા નાનામોટા પ્રશ્નો-ઝઘડા કે કલેશ કે યુદ્ધનું મૂળકારણ જો તપાસવામાં આવે તો આ વિકારો જ છે.
* જ્યાં સુધી મૂળ કપાય નહીં ત્યાં સુધી વૃક્ષ સુકાય નહીં, જ્યાં સુધી લોહી શુદ્ધ થાય નહીં ત્યાં સુધી ચામડીના રોગ મટે નહીં. તેમ જ્યાં સુધી આ દોષો ટળે નહીં ત્યાં સુધી અસુખ ને અશાંતિ રહે જ.
* આ દોષોને કારણે સત્સંગનો યોગ હોવા છતાં અંતરમાં સુખ ન આવે.
* ગુણાતીતાનંદ સ્વામી : 'અક્ષરધામ જેવું સુખ અહીં વર્તે છે. તેમાં પણ કેટલાક દુઃખિયા છે. તેમાં દેહનું દુઃખ થોડું ને મનનુ દુઃખ ઝાઝુ છે. આ મનનું દુઃખ એટલે સ્વભાવો.'
* સમુદ્ર તરવા માટે કોઈને વહાણ મળે, ને વહાણમાં રહેવાની તમામ સુવિધા હોય, પરંતુ જો તેના માથા પર મણનો પાણો લઈને ફરે તો સુખ આવે ? સમુદ્ર પાર અવશ્ય થાય, પણ તેને

દુઃખ રહ્યા કરે. એમ આપણે પણ સત્સંગરૂપી વહાણમાં બેઠા છીએ. પણ જો સ્વભાવરૂપી શિલા માથે ઊંચકી હશે તો સુખથી પાર કેમ પમાશે ?

* જેમણે આવા સ્વભાવોનો ત્યાગ કર્યો છે, તેમને અખંડ શાંતિ રહે છે. બાહ્ય ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ તેઓ સ્થિર અને ધીર જ રહે છે. તુકારામને ગામના લોકોએ માથે મુંડન કરી, ચૂનો ચોપડી, ગધેડા પર સવારી કાઢી. ગળામાં ગાજર-રીંગણની માળા પહેરાવી. પણ તેઓ તો માન-અપમાનથી પર હતા. તો જરાય ઝાંખા ન પડ્યા. તેમનાં પત્નીને આનું દુઃખ થયું તો કહે : 'વગર પૈસે મુંડન થયું. ચૂનો ચોપડ્યો તો ખોડો ગયો, રીંગણ-ગાજર શાકના કામમાં આવશે અને લગ્ન વખતે હું ઘોડા પર નહોતો ચડ્યો તો આજે ચડ્યો.'
* આવું જ આપણી ગુરુપરંપરામાં છે.
* ભગતજી મહારાજનું ભારોભાર અપમાન થયું ને વિમુખ કર્યા છતાં તેમનો કેફ અચળ જ રહ્યો. શાસ્ત્રીજી મહારાજને ડગલે ને પગલે કષ્ટો આવ્યા પણ તેઓ ક્યારેય મોળા પડ્યા નથી. યોગીજી મહારાજે ૧૭-૧૭ વર્ષ સુધી વિજ્ઞાનદાસ સ્વામીની કસણી ખમી, પણ મુખ પર અલમસ્ત આનંદ અખંડ રહેતો. આનું કારણ છે - સ્વભાવોમાંથી મુક્તિ.

- **કલ્યાણકારી ગુણોની આવશ્યકતા છે ?**

* જેમ બરફમાં શીતળતાનો ગુણ છે, ફૂલમાં સુગંધ છે - એ સુખદાયી છે તે જ રીતે જીવનમાં અખંડ સુખ અને શાંતિનો અનુભવ કરવા કલ્યાણકારી સદ્‌ગુણોની જરૂર છે.
* નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ કે ૫૦૦ પરમહંસો પાસે શું હતું ? છતાં તેમણે કેવાં કીર્તનો બનાવ્યાં છે ? સદાય આનંદમાં ગરકાવ રહેતા. આનું મૂળ કારણ સદ્‌ગુણો હતા.
* આ ગુણો કયા છે ?

૧. **સ્વધર્મ** : જીવનમાં ધર્મનિયમથી સુખ-શાંતિ રહે.

* ગ.પ્ર.૩૪ : ભગવાનની પ્રાપ્તિ થયા પછી પણ આનંદ કેમ નથી રહેતો તેનું કારણ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે. ને જેટલું સુખ થાય છે, તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.'
* ભગવાનની આજ્ઞા એટલે જ સ્વધર્મ.

૨. **વૈરાગ્ય** : એટલે સારા પદાર્થ કે વ્યક્તિમાં આસક્તિનો અભાવ. સીતાજીને સોનાના મૃગમાં વૃત્તિ ગઈ તો વિઘ્ન આવ્યું. દુર્યોધનને રાજ્યનો લોભ લાગ્યો તો નાશ થયો.

૩. **વિવેક** : વિવેકને દશમો નિધિ કહ્યો છે. આચાર-વિચાર અને વર્તનના વિવેકથી પણ સુખ રહે છે.

૪. **જ્ઞાન** : જ્ઞાન એટલે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનું સાચા સ્વરૂપમાં અર્થઘટન. જ્ઞાની જ સુખિયો છે.

જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધારમેં,
મુક્તાનંદ મુનિવર વિજ્ઞાની, પહોંચે તેજ અંબારમેં...

૫. **ભક્તિ** : આ ગુણોની સમૃદ્ધિ જેની પાસે છે તેને પૂર્ણકામપણું, સંતોષ છે ને આ ગુણો નથી તો કંગાળપણું-દરિદ્રતા છે.

શ્રીજીમહારાજ વિકારો ટાળવા અને ગુણો પ્રગટ કરવા ત્રણ ઉપાયો બતાવે છે.

૧. શ્રદ્ધાવાન પુરુષ હોય, ૨. સાચા સંતનો સંગ મળે અને ૩. સંતના વચનને વિશે શ્રદ્ધાવાન થાય.

૧. શ્રદ્ધાવાન પુરુષ હોય.

* લૌકિક કે પારલૌકિક - બંનેની સિદ્ધિ માટે શ્રદ્ધા એ અનિવાર્ય જરૂરિયાત છે.
* સર્વ સફળતાની જન્મદાત્રી માતા શ્રદ્ધા છે. કહ્યું છે 'શ્રદ્ધા સર્વેષાં માતા.'
* ગીતા : શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્...
* શ્રદ્ધા એટલે વિશ્વાસ + ધીરજ + હિંમત +

પુરુષાર્થ. તેથી શ્રદ્ધાવાન પુરુષ એટલે -

- જેને પોતાનામાં વિશ્વાસ હોય કે હું કંઈક કરી શકીશ.
- જેનામાં ગમે તે વિકટ પરિસ્થિતિમાં ગમે તેવું કઠણ કાર્ય શરૂ કરવાની અને કાર્ય પૂરું પાડવાની હિંમત હોય.
- જેનામાં કાર્ય સંપૂર્ણપણે પૂર્ણ ન થાય, અંતિમ સિદ્ધિ કે સફળતા ન મળે ત્યાં સુધી સતત પુરુષાર્થ કરવાની, સતત મંડ્યા રહેવાની - લાંબા સમયની ધીરજ હોય. અર્થાત્ જે થોડી મુશ્કેલી કે નિષ્ફળતાથી નાસીપાસ યા નિરાશ થઈને પુરુષાર્થ કરવાનું બંધ ન કરી દે.

* લિંકન ૧૭-૧૭ વખત ચૂંટણીમાં કઠોર રીતે હાર્યા છતાં પુરુષાર્થ ન મૂક્યો. તો અમેરિકાના સારા રાષ્ટ્રપ્રમુખોમાં તે મોખરે રહ્યા.
* તલતુંબડિયા શાસ્ત્રીની વાત યોગીજી મહારાજ કરતા. તેને કશું યાદ જ ન રહે. સંસ્કૃતના રૂપો અને શ્લોકો યાદ કરવા તેણે એક ઉપાય અજમાવ્યો. તુંબડું ભરીને તલ લીધા. જે શ્લોક બોલવાનો હોય તે એકવાર બોલે ને એક તલ તુંબડીમાં નાખે. આ રીતે આખું તુંબડું ભરાઈ જાય ત્યાં સુધી એ શ્લોક બોલ્યા જ કરે. આ રીતે શ્લોક કંઠસ્થ થાય પછી બીજો શરૂ કરે. આવી પ્રચંડ શ્રદ્ધાથી તેની બુદ્ધિ સતેજ બનવા માંડી. ને અંતે ભણીગણીને શાસ્ત્રી બન્યા. સૌ તેને તલતુંબડિયા શાસ્ત્રી તરીકે ઓળખતા.
* પોતાના પૂર્વજોનો મોક્ષ કરાવવા ભગીરથે ગંગાને સ્વર્ગમાંથી નીચે લાવવા અથાગ પ્રયત્ન ધીરજપૂર્વક કર્યા. માર્ગમાં અનેક વિઘ્નો આવ્યા. છતાં તે ડગ્યા નહીં. તો તેમના નામ પરથી ગંગાનું એક નામ ભાગીરથી પડ્યું ને આવો પુરુષાર્થ કરનારને ''ભગીરથ પુરુષાર્થી'' એવી ઉપમા અપાય છે.
* આ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ શ્રદ્ધાની આવશ્યકતા છે.
* શબરીને એના બાળપણમાં એમના ગુરુ માતંગ ઋષિએ કહ્યું હતું : 'તારે નદી તરફનો ઋષિઓનો અવરજવરનો રસ્તો રોજ સાફ કરી નાખવો. તારી ઝૂંપડીમાં એક દિવસ રામ પધારશે.' શબરીએ આ રામની પ્રતિક્ષામાં ૭૦ વર્ષ કાઢી નાખ્યા. ને શ્રદ્ધાના ફળસ્વરૂપે રામ પ્રત્યક્ષ તેમની ઝૂંપડીએ પધાર્યા.
* ગ.અં.૨૪માં ભગવાનના ધામની પ્રાપ્તિ માટે સોળ સાધન દર્શાવ્યા છે. તેમાં પ્રથમ શ્રદ્ધા છે.
* લૌકિક માર્ગ કરતા ભગવાનનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેટલો કઠણ છે. એમાં શ્રદ્ધાની પળે પળે જરૂર પડે છે.
* ગ.મ. ૧૬ : 'જે અતિશય શ્રદ્ધાવાન હોય, તેને સાધનની સમાપ્તિ વહેલી થાય છે. અને જેને મંદ શ્રદ્ધા હોય તેને તો અનેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય, તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે, અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે, તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે.'
* એ જ રીતે અંતઃશત્રુઓ - ઈન્દ્રિયો-અંતઃકરણ સામે લડવાનું કાર્ય સરળ અને સુગમ નથી. તેમાં સતત સંઘર્ષ કરવાનો રહે છે. એ માટે સતત શ્રદ્ધાની જરૂર છે.
* આમ આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે પ્રથમ શ્રદ્ધાની જરૂરિયાત રહે છે. કારણ કે શ્રદ્ધાવાન પુરુષ જ
  - આ ગહન માર્ગે ચાલી શકે,
  - ગમે તેવી નિષ્ફળતામાં મંડ્યો રહે,
  - ગમે તેવા વિઘ્નોને પાર કરે,
  - અંતે સિદ્ધિને મેળવે.
* ૫૦૦ પરમહંસોના ૧૧૪ પ્રકરણ એ શ્રદ્ધાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. ભગતજી મહારાજની સાધના શ્રદ્ધાનું સર્વોપરી પ્રમાણ છે.
* ૩૩ વર્ષ સુધીની શાસ્ત્રીજી મહારાજની શ્રદ્ધાના

બળે જ ગઢડા મંદિર સાકાર થયું છે.

૨. સાચા સંતનો સંગ મળે

* શ્રદ્ધાવાન પુરુષ જગતમાં ઘણા હોય છે પરંતુ સાચા સંતના સમાગમ વગર જીવનનું સાચું ધ્યેય સમજાતું નથી. તેથી પોતાની શક્તિ અને શ્રદ્ધાનો ઉપયોગ લૌકિક સિદ્ધિઓ મેળવવા પાછળ કરે છે અને અંતે પસ્તાય છે.
* કીંગ સોલોમન : આખી પૃથ્વીમાં સૌથી ધનવાન, બુદ્ધિવાન અને શક્તિશાળી રાજા હતો. ૭૦૦ રાણીઓ હતી. સોનાનાં પાત્રો, મોટા મહેલો... બધું જ હતું. તમામ પ્રકારના સુખો વચ્ચે તે બોલ્યા : 'સુખ માટેના મારા પ્રયત્નો કેવળ હવામાં બાચકા હતા.'
* માઈકલ એંજલો વિશ્વવિખ્યાત શિલ્પકાર અને ચિત્રકાર બન્યો છતાં મરણ પથારીએ તેના ઉદ્‌ગારો હતા : 'મને પારાવાર પસ્તાવો થાય છે કે મેં મારા આત્માના કલ્યાણ માટે કંઈ જ ન કર્યું.'
* ટોલસ્ટોય : 'હું હવામાં લટકતો હોય તેવું મને લાગે છે.'
* નેપોલિયન : 'મારા જીવનમાં મેં સુખના ૬ દિવસ જોયા નથી.'
* કેટલાકને પૂર્વના સંસ્કાર કે શાસ્ત્ર વાંચનથી જીવનનું સાચું ધ્યેય સમજાય છે. પણ સંત સમાગમ વિના ભગવાનને ભજવાની રીત, સ્વભાવો ટાળવાની જરૂર, બ્રહ્મરૂપ થવાની સાચી વાત હાથમાં આવતી નથી ને છેવટે નિરાશ થાય છે.
* સત્યાનંદજી નામે એક સંન્યાસી ૩૬ વર્ષની ઉંમરે સાધુ બન્યા. વૈરાગ્યશતક, વિચારમાળા, ગીતા-રામાયણ વાંચ્યું, પચાવ્યું. ડોંગરેજી મહારાજનું ભાગવત ૭૦ થી ૮૦ વાર વાંચ્યું. ઈષ્ટદેવનો મંત્રજાપ રોજ એક લાખ વાર કરતા. વિષ્ણુસહસ્રનામનો રોજ ૧૦૮ વાર પાઠ કરતા. ૧૦-૧૧ વર્ષ નિયમિત ગંગાના અતિ ઠંડા જળમાં સ્નાન કરતા. હિમાલયમાં રહેતા છતાં ૫૬ વર્ષની ઉંમરે, ૨૦ વર્ષ સુધી આવી કઠોર સાધના પછી પણ કહે છે : 'મનમેં બહુત ડર લગતા હૈં કિ જીવન શાયદ પ્રભુ પ્રાપ્તિ કે બિના તો નહીં ચલા જાયગા ?'

ગુરુબીન જ્ઞાન નહીં, ગુરુબીન ધ્યાન નહીં,
ગુરુબીન આત્મવિચાર, ન લહત હૈં.

* ગુણાતીતાનંદ સ્વામી - એકલશ્રૃંગીને સ્ત્રીપુરુષનું ભાન નહીં છતાં વિષયમાં બંધાયા.
* સૌભરીએ પાણીમાં ૬૦ હજાર વર્ષ તપ કર્યું. કેટલી શ્રદ્ધા કહેવાય છતાં વિઘ્ન આવ્યું તેથી મુક્તાનંદ સ્વામીએ લખ્યું -

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વ કાચું.

* સાચા સંતના સમાગમ વગર પ્રગટ ભગવાન પણ ન ઓળખાય ને તેનો નિશ્ચય પણ ન થાય.

- **રામ મિલન કે કારણે, જો તુ ભયા ઉદાસ**
  તુલસી શોધી લે સંગત સંતકી, રામ જીન્હો કે પાસ
- **કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે,**
  પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે તેની વાતમાં રે

- નિષ્કુળાનંદ સ્વામી

* અહીં સાચા સંતની વાત છે. ખોટા સાધુ મળી જાય તો ફેરો ફોગટ જાય. ખોટી બસ પકડાય તો, અમદાવાદને બદલે રાજકોટ પહોંચી જાય, ખોટા ડૉક્ટર ભટકાય તો રોગ મટાડવાને બદલે વધારી દે.
* ગીએનામાં ૭૮ની સાલમાં જોહ્‌ન નામે એક ખોટો ગુરુ પાક્યો. એણે અવળું જ્ઞાન આપીને ૯૦૦ શિષ્યોને ઝેર પીવડાવીને આપઘાત કરાવી દીધો.

માટે સાચા સંત મળવા જોઈએ.

* બ્રહ્માનંદ સ્વામી :

સાચે સંત મીલે કમી કાહુ રહી,
સાચી શીખવે રામકી રીતકુંજી;
પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ,
તામેં ઠેરાવે જીવકે ચિત્તકુંજી.